।। ચદ્રવંશ પ્રકાશ

અને

જામનગરનો ઇતિહાસ



।। શ્રેયસ્ કરી પ્રકાશક ।।
પ્રાપ્તિસ્થાન
ભાનુપ્રસાદ ચીમનલાલ રત્નું
મુ. જામનગર-(સૌરાષ્ટ્ર)

રૂા-૪-૦

॥ શ્રીજી ॥

શ્રીયદુવંશપ્રકાશ

અને

જામનગરનો ઇતિહાસ.



—: કર્ત્તા અને પ્રકાશક :—

કવિ માવદાનજી ભીમજીભાઇ રતનું

કાલાવડ—(શીતળાનું)—નવાનગર સ્ટેટ.

(વામનજયંતિ)
વિ. સં. ૧૯૯૧ (હાલારી)
ઇ. સ. ૧૯૩૪

આવૃત્તિ ૧ લી
પ્રત ૧૦૦૦

સર્વહક્ક પ્રસિદ્ધકર્ત્તાને સ્વાધીન છે

શ્રી જૈન ભાસ્કરોદયપ્રિન્ટિંગ પ્રેસમાં મેનેજર બાલચંદ હીરાલાલે
કવિરાજ માવદાનજી ભીમજીભાઇ રતનું માટે છાપ્યું—જામનગર

અર્પણ—પત્રિકા.

યાદવકુળ શિરોમણી, ક્ષત્રિય શિરચ્છત્ર, તેમજ ઔદાર્યાદિ અનેક ગુણ સંપન્ન કૃપાળુ રાજન્! ક્રિકેટકિર્ત્તી મેળવવામાં કીરીટરૂપ. સાહિત્યવિલાસી, અખંડ બ્રહ્મચારી, પ્રાતઃસ્મરણીય

મહારાજા જામ શ્રી ૭ રણજીતસિંહજીસાહેબ

જી. સી. એસ. આઇ. જી. બી. ઇ સાહેબ બહાદુર!

આપ નામદારશ્રીની આજ્ઞાનુસાર આ "યદુવંશપ્રકાશ અને જામનગરનો ઇતિહાસ" સંપૂર્ણ કરેલ છે. પરંતુ તે સંપૂર્ણ થયા પહેલાંજ આપ નામદાર સ્વર્ગવાસી થયા, જેથી આપની સમક્ષ રજુ કરવા હું ભાગ્યશાળી ન થયો, તો પણ સદાને માટે આપનો આત્મા અમર વારી જામનગરની જવલંત કિર્તિને વિસ્તારનારો આ ઇતિહાસ આપ નામદારશ્રીના અમર આત્માને સમર્પણ કરી યત્કિંચિત આપની સેવા કરવા કૃતકૃત્ય થયો છું.

કાલાવડ (રાતળાનું)
(વામન જયંતી)
સ. ૧૯૬૬ (કારતકી)

લી. આપનો કૃપાપાત્ર
કવિ ભાવદાનજી ભીમજીભાઇ
રતનું



સ્વ. જામશ્રી ૭ રણજીતસિંહજી સાહેબ બહાદુર.

જી. સી. એસ. આઇ. જી. બી. ઇ.

શ્રીજી

પ્રસ્તાવના.

શ્રીયદુવંશપ્રકાશનો મારા પુજ્ય પિતાશ્રી ભીમજીભાઇ બનાભાઇ રતનુંએ વિ. સં. ૧૯૫૫માં આરંભ કરેલો. અમારા વડીલ હમીરજી રતનુંએ 'યાદવવંશ ઔર રતનુંબારટાંરી ઉત્પત્તિ' એ નામનો ચારણી ભાષામાં એક ગ્રંથ વિ. સં. ૧૭૯૬માં રચેલો તેની એક પ્રત કે જે વિ. સં. ૧૮૦૯માં લખાએલી છે, તે પ્રાચિન હસ્ત લેખિત પ્રત કચ્છમાં જઇ, મ્હારા પિતાશ્રી લઇ આવેલા. તેના આધારે તથા બીજા અમારા ઘરમાં હસ્તલેખિત વિક્રમના સોળ, સત્તર અને અઢારના સૈકાઓના કાવ્યના ચોપડાઓ ઉપરથી શરૂઆત કરેલી, પરંતુ કહેવત છે કે **"श्रेयांसि बहु विघ्नानी"** એ પ્રમાણે તેઓશ્રીનો વિ. સં. ૧૯૫૭ માં અક્ષરનિવાસ થતાં, આરંભેલું કામ અટકી ગયું. એ સમયે મારી ઉમર માત્ર આઠ વર્ષની હતી. એ ભકતકવિશ્રીએ તીવવેગથી કરેલો શુભ સંકલ્પ પૂર્ણ કરવા ઇશ્વરે મને પ્રેરણા કરી પરંતુ એ પ્રેરણાને પ્રોત્સાહનની જરૂર હતી, તેવામાં વિદ્યાવિલાસી યદુકુળમણિ આપણા લોકપ્રિય મહારાજા જામશ્રી જી સર રણજીતસિંહજી જી. સી. એસ. આઇ. જી. બી. ઇ. સાહેબ બહાદુર કાલાવડ પધાર્યા. તેઓ નામદારશ્રી જ્યારે જ્યારે કાલાવડ પધારી રાત્રી રહેતા તથા સમાણા કેમ્પમાં પણ રાત્રી વખતે મને શયનગૃહમાં બોલાવી મારી કનેથી વાર્તાઓ સાંભળતા. એ પ્રથાએ કાલાવડ મુકામે રાત્રીના સમયે ઐતિહાસિક વાતોની ચર્ચામાં મેં, મારા પિતાએ આરંભેલ કાર્યની હકિકત નિવેદન કરી. વિદ્વાનો, કવિઓ અને સંગીત સાહિત્ય વગેરેના કાર્ય કર્તાઓને ઉત્તેજન આપનાર એ ઉદાર રાજવીએ મારી પાસેનું ઇતિહાસિક સાહિત્ય જોઇ, એ આરંભેલું કાર્ય જલદી પુરૂં કરવા મને ફરમાવ્યું, તેથી તેજ સાલમાં મેં એ કાર્ય પૂર્ણ કરવા તૈયારી કરી (વિ. સં. ૧૯૮૭)

અમારા ચારણી સાહિત્ય ઉપરાંત બીજા ઐતિહાસિક ગ્રંથો મેળવી, વાંચી મેં "શ્રીયદુવંશપ્રકાશ" લખવો શરૂ કર્યો. એ વખતે મર્હૂમ જામશ્રી સર રણજીતસિંહજી સાહેબ વિલાયત બીરાજતા હોવાથી તેઓ જામનગર પાછા પધારે ત્યારે તેઓ નામદારે મને ફરમાવેલ હુકમનો અમલ થયો છે તેમ બતાવવા, મેં આ ઇતિહાસનો પ્રથમખંડ છપાવવો શરૂ કર્યો. હજી તો ખંડના સવાસો પાના છપાયા નહતાં, ત્યાં તેઓ નામદારશ્રી ઓચિંતા સ્વર્ગે સીધાવ્યા. એ આઘાતથી આરંભેલું કાર્ય અટકવાની અણી ઉપર હતું. પરંતુ દૈવી ઇચ્છા એ કાર્ય પૂર્ણ કરવાની હોઇ, મને આત્મબળ મળતાં આરંભેલું કાર્ય આગળ વધારી ઇશ્વરની કૃપાથી આજે પૂર્ણ થતાં, જન સમાજ સમક્ષ રજુ કરવા હું ભાગ્યશાળી થયો છું. એ મારા વડીલનો શુભ સંકલ્પનો અને ભીષ્મતુલ્ય જામશ્રી રણજીતસિંહજીની અડગ આજ્ઞાનોજ પ્રતાપ છે.

નવાનગર (જામનગર) સ્ટેટનો સળંગ ઇતિહાસ ગુજરાતી ભાષામાં આજસુધી નહિં લખાયેલો હોવાથી તેમજ હિન્દી ભાષામાં માત્ર એક "વિભા વિલાસ" નામનો ગ્રંથ જે લખાયેલો તેમાં કેટલીક અપૂર્ણતા હોવાથી આ ઇતિહાસમાં તે ખામીઓ પુરવામાં આવી છે.

(૧) શ્રી કૃષ્ણ પરમાત્માના પુત્ર શામ્બનો વંશ ચાલું હોવાનું ઘણાં ઇતિહાસકારો, પ્રાચિન શાસ્ત્રો નહિં જોતાં, એક ઉપરથી બીજાએ લીટે લીટો લખી નાખેલ. જે મહાન ભુલ શાસ્ત્રોથી સાબિત કરી, શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નનો વંશ ચાલુ હોવાનું સિદ્ધ કરેલ છે. જુઓ પ્રથમ ખંડ પ્રથમકલા પેજ ૨૧ થી ૨૪.

૨ વિભા વિલાસમાં મીઠોઇના પાધરનું મહાનયુદ્ધ જ્યારે ખંભાળીયે જામશ્રીની ગાદી હતી, ત્યારે થયાનું જણાવી, પછી જામનગર વસાવ્યાનું લખે છે. પરંતુ એ યુદ્ધ જામનગર વસ્યા પછી લગભગ ૧૦ વર્ષે થયું હતું. ધ્રોળના ઠાકોરશ્રી હરધોળજી તે લડાઇમાં કામ આવ્યા હતા, તેવું વિભા વિલાસમાં લખે છે, જ્યારે ધ્રોળ રાજસ્થાનથી લખાઇ આવેલ ઇતિહાસમાં પણ વિ. સ. ૧૬૦૬ માં ઠાકોરશ્રી હરધોળજી એ લડાઇમાં કામ આવ્યાનું લખાઇ આવેલ છે. જ્યારે જામનગર વિ. સ. ૧૫૯૬માં વસ્યું અને આ લડાઇ વિ. સ. ૧૬૦૬ માં થઇ તો તે ઉપરથી ચોકખું જણાઇ આવે છે કે એ લડાઇ જામનગર વસ્યા પછીજ થઇ છે. જુઓ પ્રથમ ખંડ અષ્ટમી કળા પૃષ્ટ ૧૨૪ થી૧૩૯.

૩ વિભા વિલાસમાં ભૂચરમોરીના યુદ્ધ વખતે આજમ, કોકો, અને બાબી એ નામના ત્રણ બાદશાહી સુબાઓ ચઢી આવ્યાનું લખેલ છે. પરંતુ તે વાત ગળિત છે. જુઓ પ્ર. ખં. ૧૦ મી કળા પૃષ્ટ ૧૯૧ ની ૨૦૨ સુધી.

૪ કેટલાક ઇતિહાસકારો જામશ્રી સત્તાજીના કુમારશ્રી વિભાજીથી રાજકોટ ગોંડળનો 'વિભાણી વંશ' ચાલ્યો હોવાનું લખે છે. પણ તેમ નહિ હોતાં, જામ સત્તાજીના કુમારશ્રી અજાજી જે ભૂચરમોરીમાં કામ આવ્યા, તેમને લાખાજી તથા વિભાજી નામના બે કુમારો હતા, તેમાં મોટા લાખાજી ગાદીએ આવ્યા અને નાના કુમારશ્રી વિભાજી કાલાવડ પરગણું લઇ ઉતર્યા, કે જેઓએ પાછળથી રાજકોટ સર કર્યું. તેઓનાથી 'વિભાણી વંશ' ચાલેલ છે. જુઓ પ્ર. ખં. દ્વાદશી કળા પાને ૨૨૪.

૫ જામશ્રી રાયસિંહજી બીજા અને તમાચીજી બીજાના રાજ્ય કાળવિષે કોઇક ઇતિહાસકારોને મતભેદ છે, પરંતુ જામશ્રી તમાચીજીના હસ્તાક્ષરની સહી અને મોરબાપવાળો એક લેખ અમોને મળતાં, તે લેખમાં લખાયેલ સંવતના આધારે તેઓશ્રીનો રાજ્યકાળ નક્કી કરેલ છે. જુઓ પ્ર. ખં. ત્રયોદશી કળા પૃષ્ટ ૨૫૪ અને ૨૫૮.

૬ ખાસ મુદ્દાની વાત તો એ છે કે "વિભા વિલાસ" ગ્રંથમાં જામશ્રી વિભાજીએ મહુમ જામશ્રી રણજીતસિંહજી સાહેબને દત્તક લીધા વિગેરેની કે સડોદર શાખાની (કુલાણી વંશની) હકિકતનો લેશ માત્ર પણ ઉલ્લેખ કરેલો નથી. પરંતુ જામશ્રી રાવળજીની પવિત્ર ગાદિ ઉપર શુદ્ધ ક્ષત્રિય રાજબીજ બીરાજવાનું ઇશ્વરથીજ નિર્માણ થયેલું હોઇ, ગાદિના સાચા

વારસદારરૂપી સત્ય સૂર્યનો ઉદય થયો. એ સઘળી બીના આ ઇતિહાસમાં વિસ્તાર પૂર્વક વર્ણવી છે. જુઓ પ્રથમ ખંડ પંચદશી કળા પૃષ્ટ ૩૩૨ થી ૩૩૮ સુધી.

૭ આ ઇતિહાસના બીજા ખંડમાં ધ્રોળ સ્ટેટથી આરંભી ૨૩ યદુવંશી રાજ્યોનો ટુંકો ઇતિહાસ તેઓના વંશવૃક્ષો સાથે આપવામાં આવેલ છે, તેમાં તથા પ્રથમખંડમાં જે કાવ્યો આપેલાં છે, તે સઘળાં વૃદ્ધ ચારણ દેવોના કંઠસ્થ સાહિત્યનાં તથા હસ્ત લેખિત ચોપડાઓમાંના પ્રાચિન છે. તેમાં કેટલાંએક વિભા વિલાસનાં પણ છે. બીજા ભાગમાં લખાએલા રાજસ્થાનોના ઇતિહાસમાં ધ્રોળ વીરપુર, લોધીકા, ગવરીદડ, વગેરે રાજ્યોથી લખાઇ આવેલા ઇતિહાસો સિવાઇની હકિકત વેસ્ટર્ન ઇન્ડીઆ સ્ટેટસમાંના "રૂલીંગ પ્રીન્સીસ, ચીફ્સ એન્ડ લીડીંગ પરસનેજીસ" (ઇ. સં. ૧૯૨૮) નામના અંગ્રેજી પુસ્તકના આધારે ઇતિહાસ તથા વંશવૃક્ષો આપેલાં છે.

૮ તૃતિય ખંડમાંની 'હકિકત–આ ઇતિહાસ ખાસ જામનગરનોજ હોઇ, નવાનગર સ્ટેટનો હુન્નર ઉદ્યોગ, તાલુકાના ગામો, વસ્તિની સંખ્યા, પ્રાચિન ઐતિહાસિક સ્થળો, ધાર્મિક સંસ્થાઓ અને મહાન પુરૂષોના જીવન પ્રસંગો વર્ણવામાં આવેલ છે.

સાથેના લીસ્ટમાં લખાએલા પુસ્તકોના આધારે આ ઇતિહાસ લખવામાં આવેલ છે. જેથી તે સર્વ ગ્રંથકારોનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

હું નથી મહાન કવિ, કે નથી મહાન વિદ્વાન, સાક્ષર કે લેખક. તો આ ઇતિહાસમાં જે કોઇ દોષ વાચક વર્ગને જણાય તે દોષ આ મારો ગ્રંથ લખવાનોજ પ્રથમનોજ પ્રયાસ હોઇ, દરગુજર કરશે એવી આશા છે. તેમજ જે જે સુચનાઓ મળશે તે યોગ્ય સુચનાઓ બીજી આવૃત્તિમાં સુધારા સાથે બહાર પાડીશ.

કાઠિયાવાડ ટાઇમ્સના અધિપતિ મી. વજીરાણીએ આ ઇતિહાસની જાહેર ખબર પોતાના પેપરમાં લાંબો વખત કંઇપણ રકમ લીધા વિના છાપી આપેલ છે તેનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

જામનગર ફોટો કું.ના માલીક શ્રીયુત ભાઇશ્રી પંચાણભાઇએ, બ્લોકો માટે ફોટાઓ આપેલ છે તથા ગુજરાત ટાઇમ્સના અધિપતિ મી. શાહે પોતાના ૬ બ્લોકો મને આ ઇતિહાસમાં વાપરવા આપેલ છે તેના માટે તેમજ પોતાના પેપરમાં જાહેર ખબર છાપી છે તેના માટે હું તે શ્રીમાનોનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આ ઇતિહાસ યદુવંશી રાજ્યોને ગામડે ગામડે વંચાય તેમજ થોડું ભણેલા તથા અભણ વર્ગના લોકો પણ સંપૂર્ણ સમજી શકે તેવી ભાવનાથી આ ગ્રંથની ભાષા તદ્દન સાદી અને સરલ (ગ્રામ્ય ભાષા) વાપરી. વિદ્વદ્ ભોગ્ય નહિં કરતાં લોકભોગ્ય કરેલ છે, એજ વિનંતિ ઇશ્વર સહુનું મંગળ કરે!!!

વામનજ્યંતિ (જામજ્યંતિ)
વિ. સં. ૧૯૯૧ (હાલારી)
સ્વામિનારાયણ–બીલ્ડીંગ
જામનગર.

લી. યદુવંશ આશ્રિત,
કવિ. માવદાનજી ભીમજીભાઇ રતનું.

ઉપયોગમાં લીધેલાં ગ્રંથોની યાદી

ગ્રંથનું નામ	પ્રસિદ્ધ થયાની સાલ
શ્રી મહાભારત શ્રીમદ્ ભાગવત્	પ્રાચીન
કચ્છનો ઇતિહાસ	ઇ. સ. ૧૮૭૬
વિજ્ઞાન વિલાસ (માસિક)	,, ૧૮૮૦–૮૧
ગુજરાત રાજસ્થાન	,, ૧૮૮૪
ટોડ રાજસ્થાન	,,
કાઠિયાવાડ સર્વસંગ્રહ	,, ૧૮૮૬
ચારિત્રમાળા (કાઠિયાવાડના સોળ રાજાઓનો–	,, ૧૮૯૦
સોરઠી તવારીખ ઇતિહાસ)	,, ૧૮૯૧
વિભા વિલાસ	,, ૧૮૯૩
જામનગરની ઉદ્યોગિક સંપત્તિ	,, ૧૮૯૫
જામનગરનો ભોમિયો	,, ૧૮૯૬
રાસમાળા ભાગ ૧–૨	,, ૧૮૯૯
વંશસુધારક	,, ૧૯૦૩
ભગવતસિંહજી જીવન ચરિત્ર	,, ૧૯૨૭
રૂલીંગ પ્રીન્સીઝ એન્ડ ચીફ્સ એન્ડ લીડીંગ– પરસનેજીઝ ઇન વે. ઇ. સ્ટેટસ.	,, ૧૯૨૮
લેન્ડ ઓફ રનજી એન્ડ દુલીપ	,, ૧૯૨૯
નવાનગર સ્ટેટનો રિપોર્ટ તથા સ્ટેટ ગેઝીટો	,, ૧૯૩૨–૩૩

ચરિત્ર ચંદ્રિકા, ઝંડુભટ્ટજી જીવનચરિત્ર, સંગીતાદિત્ય, સમાજ સેવક, જામનગરી અંક, ઉપરાંત હસ્તલેખિત જુના ચોપડાઓના પ્રાચીન લેખો અને કાવ્યો, હમીરજી રતનું કૃત "યદુવંશ ઉત્પત્તિ" (વિ. સં. ૧૭૯૬) તથા વૃદ્ધ ચારણદેવોના કંઠસ્થ સાહિત્યો અને લોક કથાઓ વિગેરેના આધારે આ ઇતિહાસ લખાએલ છે.

કવિ માવદાનજી

નિવેદન-પત્રિકા.

અખંડપ્રૌઢપ્રતાપ ગૌબ્રાહ્મણ ચારણ પ્રતિપાલ
ખુદાવિંદ નેકનામદાર મહારાજાધિરાજ
જામશ્રી ૭ દિગ્વિજયસિંહજી
સાહેબ બહાદુર!

આપ નામદાર જામનગરની ગાદી ઉપર બીરાજી તુરતમાંજ પ્રજાહિતના કાર્યો કરી આપ પ્રજાપ્રેમી થયા, તે સાથે બાપુશ્રીના સાહિત્યના વારસાને આપે અનેક ઠેકાણે ભાષણો આપી આપની મધુર વાચા દ્વારા તે વારસાને પણ દિપાવ્યો છે, આવા અનેક ગુણો ટુંક સમયમાં આપે સંપાદન કરી જામનગરના રાજ્યને દિપાવ્યું છે, તો તે ગુણોથી આકર્ષાઇ આપશ્રીના રાજ્યની અને આપશ્રીની સેવા અર્થે આ "યદુવંશ પ્રકાશ અને જામનગરનો ઇતિહાસ" સ્વ. બાપુશ્રી (જામરણજીત)ના અમર આત્માને અર્પણ કરી આજના આ મંગલમય દિવસે આપ નામદારશ્રીના કરકમલમાં ભેટ ધરી આશ્રિત કવિ તરીકેની ફરજ અદા કરૂં છું. ઇશ્વર આપ નામદારશ્રીને તંદુરસ્તી સાથ દીર્ઘાયુષ બક્ષે, એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરી વિરમું છું.

જામનગર.
ચંદ્રમહેલ કચેરી
(વામનજયંતિ)
(જામજયંતિ)
(સં. ૧૯૬૧ દાબારી)

લી. આપનો કૃપાકાંક્ષી
કવિ માવદાનજી ભીમજીભાઇ રતનું
(કાલાવડવાલા)



સ્વસ્થાન શ્રી નવાનગરના નેકનામદાર બુદ્ધવિંદ મહારાજા ધિરાજ
નામશ્રી ૭ દિગ્વિજયસિંહજી સાહેબ બહાદુર.

॥ શ્રીજી ॥

—: વિષયાનુક્રમણિકા :—

—પ્રથમખંડ—

વિષય	પૃષ્ટ
શ્રીમંગલાચરણ ...	...૧
શ્રીહમીરજી રત્નુ કૃત યદુવંશવર્ણન કાવ્ય...	૨
સૌરાષ્ટ્રમાં સાર્વભૌમ સત્તાનું પુર્વદર્શન...	૮
ચંદ્રરાજાની પહેલાના ચક્રવર્ત્તિ રાજાઓનો સમય ..	૧૧
સતયુગ તથા ત્રેતાયુગના ચક્રવર્તિ રાજાઓનાં નામો...	૧૨
ચંદ્રવંશ વિસ્તાર ...	...૧૩
શ્રીકૃષ્ણાવતાર ...	...૧૬
શ્રીરાધારમણદેવનો છંદ ...	...૧૭
વજ્રનાભના રાજ્યાભિષેકના પ્રમાણો.....	૨૨
રાજા દેવેન્દ્રના આર કુમારો...	૨૫
પહેલા જામ નરપતિનો વંશ વિસ્તાર.....	૨૭
જામ લાખો ધુરારો ...	...૭૯
માતંગદેવની ઉત્પત્તિ તથા જામ ઉનડ...	૩૫
જામ લાખો કુલાણી ...	...૪૭
,, પુંઅરો ...	...૬૯
,, લાખો જાડેજો ...	...૭૫
,, રાયધણજી તથા તેના ચાર કુમારો...	૭૮
અબડો અણભંગ (અણનમી)...	...૮૧
જામશ્રી રાવળજી ...	...૯૪
,, રાવળજીનું ધસરદાસજી કૃત કાવ્ય...	૯૯
,, હાલાર ભુમિમાં આવવું...	૧૦૫
જામનગર વસાવ્યા વિષેની હકિકત.....	૧૦૮
ત્રીકાળદર્શી પંજુભટ્ટ અને જામ રાવળજીનું પૂર્વ વૃત્તાંત...	૧૧૫
રાવળજીનું અશ્વદાન ...	...૧૨૧
ધસરદાસજીકૃત જામ રાવળજીના રેણકી છંદ...	...૧૨૩
મીઠોઇના પાદરનું મહાન યુદ્ધ...	...૧૨૪

વિષય	પૃષ્ટ
રાવળ જામનો દરબાર અને કાવ્યની પાદપુર્તી...	૧૪૧
ગેડી (ગામ) ન વસવા દેવાની જામ રાવળજીની પ્રતિજ્ઞા...	૧૪૬
જામશ્રી રાવળજીએ શિતળાનું કાળાવડ મેળવ્યું તે વિષે હકિકત...	૧૫૩
રોઝીમાતામાં યોગીરાજનું ભવિષ્ય કથન...	૧૫૫
જામશ્રી રાવળજીની દ્વારીકાની યાત્રા...	૧૫૬
કામઇના કેકાણ ...	...૧૫૭
પ્રતિજ્ઞાનું પાલન ...	...૧૬૩
જામ રાવળજીની હોકો ન પીવાની પ્રતિજ્ઞા...	૧૬૯
જામશ્રી રાવળજીનું અવસાન ...	૧૭૦
જામશ્રી વિભાજી (પહેલા) ...	૧૭૫
જામશ્રી સત્રસાલજી ઉર્ફે સતાજી તથા જામમાહી કોરી...	૧૭૯
જુનાગઢના નવાબને કરેલી મદદ...	૧૮૩
બાદશાહી સુબા ખુરમ સાથેનું યુદ્ધ...	૧૮૫
નાગેશ્વરમહાદેવની આજ્ઞાથી જામ સતાજીએ આપેલી ખેરાત...	...૧૮૯
ભૂચ્ચરમોરી વિષેની ઐતિહાસિક હકિકત...	૧૯૧
જામશ્રી અજાજીનાં રાણી સતિ થયાં એ વિષેનું પ્રાચિન કાવ્ય...	...૧૯૬
ભૂચ્ચરમોરી યુદ્ધનાં ચારણી ભાષાનાં કાવ્યો..	૨૦૩
શહેનશાહ અકબરના રાજ્યકવિ દર્શાજીઆઢા કૃત અજાજામની ગજગત...	૨૨૪
જામશ્રી જશાજી (પહેલા)...	...૨૨૯
જામશ્રી લાખાજી (પહેલા)...	...૨૩૪
,, રણમલજી (પહેલા)...	...૨૩૬
ગોવર્ધનરાઠોડનું કાવ્યું	...૨૩૯
જામશ્રી રાયસિંહજી(પહેલા)	...૨૪૧
ધરમામનગર વિષેની હકિકત	...૨૪૩

વિષય	પૃષ્ઠ
જામશ્રી તમાચીજી તગડ (પહેલા)	...૨૪૩
જામશ્રી લાખાજી (બીજા)	...૨૫૩
,, રાયસિંહજી (બીજા)	...૨૫૪
,, તમાચીજી (બીજા)	...૨૫૮
,, લાખાજી (ત્રીજા)	...૨૬૩
,, જશાજી (બીજા) અને મેરખવાસ	...૨૬૭
ભેટાળી ભાંગ્યાનું ચારણી ભાષાનું ગીત	...૨૭૧
જામશ્રી સત્તાજી (બીજા)	...૨૯૭
જોડીયાબંદર બવાસો પાસેથી કબજે કર્યાનું ચારણી ભાષાનું ગીત (કાવ્ય)	...૨૯૯
મેતા મોતી શામળજી બુચ વિષે કાવ્ય	...૩૦૨
જામશ્રી રણમલજી (બીજા)	...૩૦૩
,, વિભાજી (બીજા)	...૩૧૨
ઈશ્વરાવતારો તથા ચક્રવર્તિ રાજાઓની ગૃહ કુંડલીયો	...૩૧૪
જામશ્રી રણમલજીનાં કુંવરીશ્રી પ્રતાપબા વિષેની હકિકત	...૩૧૬
,, વિભાજી યાત્રા વર્ણન કાવ્ય	...૩૨૩
શ્રીવિષ્ણું પ્રતિષ્ઠા	...૩૪૧
જામશ્રી વિભાજીની દિનચર્યા અને અવસાન.	૩૪૪
જામશ્રી રણજીતસિંહજી	...૩૫૦
ક્રીકેટની હકિકત તથા કવિતો	...૩૫૩
રાજ્યાભિષેક તથા યુદ્ધ સેવા	...૩૫૬
ખીતાબો, જાહેર હાજરી વગેરે	...૩૫૮
સીલ્વરજ્યુબીલી	...૩૬૧
અવસાન	...૩૬૬
રણજીતવિરહ કાવ્ય	...૩૬૮
જામશ્રી દિગ્વિજયસિંહજી સાહેબ	...૩૭૨
રાજ્યાભિષેકનું ભાષણ	...૩૭૩
ચેમ્બર ઓફ કોમર્સની ઉદઘાટન ક્રિયા	...૩૭૮
બ્રુ. હજુરશ્રીને મુંબઇમાં મળેલું માનપત્ર	...૩૮૧
,, કલકતામાં મળેલા માનની હકીકત	...૩૮૪
સંસ્કૃત રાજકીય પાઠશાળામાં બુદાવિંદ હજુરશ્રીએ આપેલું ભાષણ	...૩૮૮
રાજ્યકુટુંબ પરીચય	...૩૯૦
નવાનગર સ્ટેટની વંશાવળી	...૩૯૨

—શ્રીદ્વિતીયખંડ—

વિષય	પૃષ્ઠ
ધ્રોલ સ્ટેટનો ઇતિહાસ	...૩
જસા હરધોળાણીના દુહા	...૭
કુમારશ્રી કેસરીસિંહજીનાં કાવ્યો	...૧૪
ઠાકોરશ્રી જેસંગજીનું કાવ્ય	...૧૫
,, હરિસિંહજીનું કાવ્ય	...૧૬
ધ્રોલસ્ટેટની વંશાવળી	...૧૮
ખીરસરા રાજ્યનો ઇતિહાસ	...૨૧
જળીયાદેવાણી તાલુકાનો ઇતિહાસ	...૨૮
ખરેડી વીરપુર સ્ટેટનો ઇતિહાસ	...૩૧
રાજકોટ સ્ટેટનો ઇતિહાસ	...૩૬
ઠાકોરશ્રી મેહેરામણજી કૃત કટારીનું ગીત	...૪૩
રાજકોટની સદરની જમીનનો દસ્તાવેજ	...૪૯
રાજકોટ સ્ટેટની વંશાવળી	...૫૫
ગવરીદડ તાલુકાનો ઇતિહાસ	...૫૬
સાપુર તાલુકાનો ઇતિહાસ	...૬૦
પાળ તાલુકાનો ઇતિહાસ	...૬૨
ઝાઝરીઆ તાલુકાનો ઇતિહાસ	...૬૩
લોધીકા (સિનીયર) તાલુકાનો ઇતિહાસ	...૬૬
શ્રીસ્વામિનારાયણનું સંક્ષિપ્ત જીવનચરિત્ર	...૭૦
શ્રીઅભયસિંહજી ઉપદેશમાળા કાવ્ય	...૭૨
લોધીકા (જુનીયર) તાલુકાનો ઇતિહાસ	...૯૫
ગઢકા તાલુકાનો ઇતિહાસ	...૯૮
શ્રીગોંડળ સ્ટેટનો ઇતિહાસ	...૧૦૧
ગોંડળની તોપો વિષેનું ચારણીભાષાનું કાવ્ય	...૧૨૦
ઠાકોરશ્રી સગ્રામજીનું મૌનવ્રત છોડાવ્યાનું તથા વીરરસ વર્ણન કાવ્ય	...૧૨૧
મહારાજશ્રી ભગવતસિંહજી સાહેબ	...૧૨૮
ગોંડળ સ્ટેટની વંશાવળી	...૧૩
કોટડાસાંગાણી સ્ટેટનો ઇતિહાસ	...૧૩૨
મેંગણી તાલુકાનો ઇતિહાસ	...૧૩૫
મેંગણી ઠાકોરશ્રી માનસિંહજીના બાણીદાસ કૃત ચારણી ભાષાના દુહાઓ	...૧૩૭

વિષય	પૃષ્ટ
રાજપરા તાલુકાનો ઇતિહાસ	...૧૪૪
ભાડવા તાલુકાનો ઇતિહાસ	...૧૪૫
શ્રીયદુવંશી બીનઅખત્યારી તાલુકાઓનો ઇતિહાસ... ...	...૧૪૭
શ્રીકચ્છ (ભુજ) સ્ટેટનો ઇતિહાસ	...૧૫૨
મામઇયા માતંગ વિષેની હકીકત	...૧૫૫
મામઇયા માતંગનું કચ્છીભાષામાં ભવિષ્ય કથન (દુહાઓ)	...૧૫૭
રાઓશ્રી ખેંગારજી (પહેલા)	...૧૬૨
મહારાઓશ્રી દેશળજી (પહેલા)	...૧૭૫
જમાદાર ફતેહમહમદ	...૧૮૩
સુંદર સોદાગર	...૧૮૫
મીરઝાં મહારાઓશ્રી ખેંગારજી સવાઈ બહાદુર	...૧૯૪
કચ્છ સ્ટેટની વંશાવળી	...૧૯૮
મોરબી સ્ટેટનો ઇતિહાસ	...૨૦૧
મોરબી સ્ટેટની વંશાવળી	...૨૧૭
માળીયા સ્ટેટનો ઇતિહાસ	...૨૧૮
પોસ્ત પચીશીનાં કવિત	...૨૨૧
જેસલમેર રાજ્યનો ઇતિહાસ	...૨૨૫
ચુડાસમા વંશનો ઇતિહાસ	...૨૨૯
રા'માંડલીક અને નાગબાઈના દુહાઓ તથા ચારણી ભાષાનું કાવ્ય (ગીત)	...૨૩૪
સાંતલપુર તાલુકો	...૨૪૦
શ્રીયદુવંશી રાજપૂત રાજયોનું લીસ્ટ	...૨૪૧

—તૃતીયખંડ—

વિષય	પૃષ્ટ
નવાનગર સ્ટેટનું વર્ણન	...૨
પ્રાચિન હુન્નર તથા હસ્તકળા ઉદ્યોગ	...૧૩
શહેરવર્ણન	...૧૬
દેવાલયો	...૧૮
નવાનગર સ્ટેટના તાલુકાઓની હકિકત	...૨૦
દરેક તાલુકાનું ગામવાર વસ્તિ પત્રક	...૨૫

—ઐતિહાસિક પ્રખ્યાત સ્થળો—

નામ	પૃષ્ટ
ગાંધવી	...૪૨
ધુંમલી	...૪૬
બરડો	...૪૮
કીલેશ્વર	...૫૦
ભાણવડ	...૫૧
આમરણ–બાલંભા	...૫૪
બાલાચડી–પિંડારા	...૫૫
માછરડા	...૫૬
સડોદર	...૫૮
જાડેજાશ્રી જલમસિંહજી સાહેબ અને વાઘેરોના યુદ્ધ વર્ણનનું ચારણીભાષાનું ઝમાળ કાવ્ય	...૫૯
જાડેજાશ્રી જલમસિંહજી સાહેબના વીશીના દુહાઓ તથા ગીત	...૬૩
જાડેજાશ્રી જીવણસિંહજીસાહેબની બંદુકના વર્ણનનું ગીત	...૬૫
શીતળાના કાળાવડની હકિકત	...૬૬
ગનીપીરની હકિકત	...૭૦
દાણીધારની હકિકત	...૭૧
સતિ માતાઓ	...૭૨
પ્રકટેશ્વર મહાદેવ	...૭૩
બ્રહ્મક્ષત્રિયના સુરાપુરા	...૭૪
રાવળ મહાલની હકિકત	...૭૫
ખીમરા તથા લોહણના દુહાઓ	...૭૮
જામનગરના જૈનમંદીરોનો ઇતિહાસ	...૮૦
જામનગર ની હવેલીનો ઇતિહાસ	...૮૨
,, સ્વામિનારાયણનો ઇતિહાસ	...૮૪
,, મુલ્લાંસરકારની ગાદીનો ઇતિહાસ	...૮૭
,, પારસીનીઅગીઆરીનો ઇતિહાસ	...૮૯
,, ખીજડામંદીરનો ઇતિહાસ (નિજાનંદ સંપ્રદાય)	...૯૧
ધનવન્તરી અવતાર મહાત્મા ઝંડુ ભટજીનું જીવન વૃત્તાંત	...૯૬

વિષય પૃ. ખં. પૃષ્ટ
કેશવજી શાસ્ત્રીનું જીવન વૃત્તાંત ...૧૦૯
સંગિતાચાર્ય આદિત્યરામજીનું જીવનવૃતાંત...૧૧૧
અન્નદગુરૂ (આણુદા બાવા) નું જીવન વૃતાંત...૧૧૫
ધમર બારોટ (ઇસરાકાં પરમેશ્વરા) નું જીવન વૃતાંત...૧૨૨
ચારણ ઉત્પત્તિ અને કવિકુલ પરિચય...૧૨૯
-મહાન પુરૂષોના ગૃહોની જન્મકુંડલીયો-
—પ્રથમખંડ— પૃષ્ટ
જામશ્રી રણમલજી નીગૃહકુંડળી...૩૦૩
,, વિભાજી ,, ...૩૧૩
શ્રીરામચંદ્રજી ,, ...૩૧૪
શ્રીકૃષ્ણ ,, ...૩૧૪
શ્રીસ્વામિનારાયણ ,, ...૩૧૫
શ્રીયુધિષ્ઠિર ,, ...૩૧૫
શ્રીવિક્રમાદિત્ય (રાજા વીરવીક્રમ),, ...૩૧૬
છત્રપતિ શિવાજી મહારાજ ,, ...૩૧૬
શહેનશાહ અકબર ,, ...૩૧૭
મહારાણી વિક્ટોરીઆ ,, ...૩૧૭
જામશ્રી રણજીતસિંહજી સા. ,, ...૩૫૦
જામનગર શહેર વસાવ્યાની ,, ...૧૧૦
—તૃતિયખંડ— પૃષ્ટ
મહાત્મા ઝંડુ ભટજીની ગૃહકુંડલી ...૯૬
—ચિત્રપરિચય—પ્ર. ખં. પૃષ્ટ
૧ સદ. જામશ્રી રણજીતસિંહજી સાહેબ
૨ જામશ્રી ૭ દિગ્વિજયસિંહજી સાહેબ
૩ કવિ માવદાનજી (૪૦ કર્તા) મુખ પૃષ્ટ
૪ જામશ્રી ૭ રાવળજી
૫ ,, ૭ વિભાજી (૧) ૧૭૪
૬ ,, ૭ સતાજી
૭ ભુચ્ચરમોરીનું યુદ્ધ ૧૭૫
૮ જામશ્રી ૭ જશાજી (૧)
૯ ,, ૭ લાખાજી (૧) ૨૨૮
—ચિત્રપરિચય—પ્ર. ખં. પૃષ્ટ
૧૦ જામશ્રી ૭ રણમલજી (૧)
૧૧ ,, ૭ રાયસિંહજી (૧) ૨૩૬
૧૨ ગોવર્ધન રાઠોડ વહ
૧૩ સેખપાટનાં બાદશનું યુદ્ધ ૨૪૦
૧૪ જામશ્રી ૭ તમાચીજી તગડ
૧૫ બાદશાહી સુબાને શહેર બહારકાઢવો ૨૪૨
૧૬ ધરલામનગરનો ઉદ્ધલેખ ૨૪૪
૧૭ જામશ્રી ૭ લાખાજી (૨) તથા
૧૮ ગોસ્વામી શ્રીવીઠલનાથજી ૨૫૨
૧૯ જામશ્રી વિભાજી (બીજા) ...૩૧૩
૨૦ ભવિષ્ય કથન કાવ્ય ...૩૫૧
૨૧ જામશ્રી રણજીત ક્રીકેટ ...૩૫૪
૨૨ સીલ્વરજ્યુબીલી અભિષેક
૨૩ ,, તુલા ચીત્ર ૩૬૩
૨૪ મહારાજશ્રી જુવાનસિંહજી સાહેબ
૨૫ ,, મોહનસિંહજી સાહેબ ૩૯૧
૨૬ રાજકુમારશ્રી પ્રતાપસિંહજી સાહેબ
૨૭ ,, હિંમતસિંહજી સાહેબ
૨૮ ,, દીલીપસિંહજી સાહેબ ૪૬૧
૨૯ ખાનબહાદુર દીવાનજી સાહેબ
૩૦ રેવન્યુસેક્રેટરી શ્રીગોકળભાઇ સાહેબ ૩૬૧
—દ્વિતિય ખંડ— પૃષ્ટ
૩૧ લોધીકા-તાલુકદાર શ્રીઅભયસિંહજી સા૦...૬૯
૩૨ ,, મુળવાજી સાહેબ...૯૦
—તૃતિયખંડ— પૃષ્ટ
૩૩ પ્રતાપવિલાસ પેલેસ ...૧૮
૩૪ જૈનમંદિરો ...૮૧
૩૫ બીજડામંદીર ...૬૪
૩૬ રાજકવિ ભીમજીભાઇ બનાભાઇ રતનું...૧૩૬
૩૭ ૪૦ કર્તા તથા તેમના મિત્ર ...૧૪૬

—: જામધણી કાં રામધણી :—

રામ અને જામની સરખામણીના દુહા.

અવધપુરી નવીના પુરી, દસરથ વીભો જામ ॥
તખત મેળવે તપ કરી, કાં રણજીત કાં રામ ॥ ૧ ॥
બેટ ધનુષ બરાબરી, વસુધા વિજય તમામ ॥
કિરતી રૂપ સીતા વરે, કાં રણજીત કાં રામ ॥ ૨ ॥
એક પત્નિવ્રતમાં અડગ, સૂરધીર સંગ્રામ ॥
કળીમાં જીતે કામને, કાં રણજીત કાં રામ ॥ ૩ ॥
પીતુ વચનને પાળવા; હરદમ રાખે હામ ॥
પિતુ ભકત આ પૃથ્વીપર, કાં રણજીત કાં રામ ॥ ૪ ॥
વિચરી વિલાત વનવિસે, કરે અલૌકિક કામ ॥
વસુધામાં વિજય કરે, કાં રણજીત કાં રામ ॥ ૫ ॥
બાંધકામ કરીને કરે, શત્રુદળ સંગ્રામ ॥
પ્લેગરૂપ રાવણ હણે, કાં રણજીત કાં રામ ॥ ૬ ॥
ફરતા ચોર ડફેર જ્યાં (ત્યાં) નહીં ચોરનું નામ ॥
હઠથી અસુરને હણે, કાં રણજીત કાં રામ ॥ ૭ ॥
લીગ ઓફ નેશન મહીં; કરે જગતનાં કામ ॥
જગ ઉદ્ધારક જનમિયા, કાં રણજીત કાં રામ ॥ ૮ ॥
ભુરા ગોરા વાંદરા, ભજતા સિતા રામ ॥
ભુરા ગોરા વશ કરે, કાં રણજીત કાં રામ ॥ ૯ ॥
કળે નહિં કોઇ કળા, સઘળા ભરે સલામ ॥
ભુરા ગોરામાં ભળે, કાં રણજીત કાં રામ ॥ ૧૦ ॥
દાન વિભીષણનું દિયો, ધન લંકાગઢ ધામ ॥
સેવાનું ફળ શુભ દીયે, કાં રણજીત કાં રામ ॥ ૧૧ ॥
અંતર પ્રેમ ધરી અતિ, જપતિ રૈયત જામ ॥
રામ રાજ્ય વરતાવતા, કાં રણજીત કાં રામ ॥ ૧૨ ॥
ભાવદાનના મનતણી, હરદમ પુરત હામ ॥
ભજને રીઝે ભાવથી; કાં રણજીત કાં રામ ॥ ૧૩ ॥

વિ. સં. ૧૯૮૫
પ્રીતી ભોજન પાર્ટી
વિભાવીલાસ પેલેસ
જામનગર.

કર્તા કવિ,
ભાવદાનજી ભીમજીભાઇ રત્નું
(કાલાવડ વાળા)



(૪ કર્તા) કવિ માવદાનજી ભીમજીભાઇ રતનું (કાલાવડ વાળા)

॥ श्रीजी ॥

॥ श्रीब्रह्मानंदाय नमोनमः ॥

श्रीयदुवंशप्रकाश

અને

જામનગરનો ઇતિહાસ.

॥ प्रथम खंडे प्रथम कळा प्रारंभः ॥

श्रीमंगलाचरण—श्लोक

वामे यस्य स्थिता राधा, श्रीश्च यस्यास्ति वक्षसि ॥
वृंदावन विहारंतं, श्रीकृष्णं हृदि चिंतये ॥ १ ॥
श्रीवासुदेव विमलामृत धामवासं, नारायणं नरकतारणनाम धेयम् ॥
श्यामं सितं द्विभुजमेव चतुर्भुजञ्च, त्वां भक्ति धर्म तनयं शरणं प्रपद्ये॥२॥

॥ कवित ॥

गोकुल विहारी व्रजचंद नंदनंदन हो, भक्तभयहारी भयकारी अरि कंसके ।
कवि मावदान जान शोषन पुतनाके प्रान, शोषनकर विघ्न गृंथ विघ्नसंतुषके॥
महा आद्यशक्ति आशपूर्न कर आशापुरी, हरीकें अमंगल रु विघ्न अरि डंशके ।
जाम रणजित दीये आयश नृपनित मीत, वरनुं चरित्त कृष्ण अंश यदुवंशके॥१॥

॥ દોહા ॥

શ્રી શ્રીજી મહારાજકે, ચરન કમલ શિરનાય ॥
કર જોરી વિનતી કરું, સમરથ હોહુ સહાય ॥ ૧ ॥
કૃષ્ન વંશકી કીરતી, હૃદિયે ધરિ હુલ્લાસ ॥
અલ્પ બુદ્ધિસેં આદરું, શ્રી યદુવંસ પ્રકાશ ॥ ૨ ॥
*સોદા અને શીશોદીયા, રોહડ ને રાઠોડ ॥
દર્સાઓત ને દેવડા, જાદવ રતનું જોડ ॥ ૩ ॥
મેં ચારન રતનું કુલે, યદુકુલકો આશ્રીત ॥
શ્યામધર્મિ રહેણો સદા, રુડી કુળરી રીત ॥ ૪ ॥
ઓહી ફરજ કરનેં અદા, શ્રી યદુવંશ પ્રકાશ ॥
માવકવિ રચીયો મહા, જામનગર ઇતિહાસ. ॥ ૫ ॥

શ્રી હમીરજી રતનું કૃત યદુવંશ વર્ણન કાવ્ય.

(જાંગડી ભાષા)

॥ દોહા ॥

દે શુભ અષર શારદા, મુંજ મહેર કર માઇ ॥
જાદવ વંશ વખાણી જે, હુ સુરરાઇ સહાઇ ॥ ૧ ॥
અંતર જામિ ઇશવરં, આદિ અનાદિ અનંત ॥
જગ કરતા હરતા જગત, જોતીવંત જેવંત ॥ ૨ ॥
પ્રભુ શેષ શિર પોઢીયા, જળશાઇ જગદીશ ॥
ઉંચો જળ વધીઓ અકળ, બ્રહમંડ લગ ઇકવિશ ॥ ૩ ॥
કમળ નાભિ સું નિકળે, જળ સિર પ્રગટો જાઇ ॥
વડાં પાન કરી વિકસીયો, વિધ વિધ ફુલ વણાઇ॥ ૪ ॥

---

*એ પ્રાચીન દુહો છે કે સોદા ઓળખના માડ ચારણો શિશોદીયા રાણાના દસોંદિ (અજાચી) છે, રોહડીયા ઓળખના માડ ચારણો રાઠોડ રજપુતોના દશોંદી (અજાચી) છે, દર્સાજી આઢાના વંશજો દેવડા રાજપુતોના દસોંદી (અજાચી) છે. તેવીજરીતે યદુવંશના રતનું ઓળખના માડ ચારણો દસોંદી (અજાચી) છે. અને સંસ્થાન જેસલમેર તથા કચ્છ ભુજમાં સાસણગ્રાસ ખાય છે.

ऊणमे ब्रह्मा उपनो, चत्रमुख वेद चिआरी ॥
श्रष्टिकरण हरि सँरजीयो, वडो प्रमाण वधारी ॥ ५ ॥
अंगज ब्रह्मारो अत्री, रिष उदयौ रिषराज ॥
पिता भगत मोटी पहौची, करन सकळ सिध काज॥ ६ ॥

॥ छद जाति भुजंग प्रयात ॥

आत्रिको हुवो चंद्रमा[१] देवअंशी । वंचाणा जीकेरा क्षत्री शोम वंशी ॥
करामाती धारी वडोजाग कीधो । लडे तीनलोकां तणौ राज लीधो ॥१॥
कळा निधीरो बुद्ध[२] बेटो कहाणो । घणी वात प्रख्यात मोटो घराणो ॥
प्रघट्टो घरे बुद्धरे छात्रपति । वडो भुप पुरुरवा[३] चक्रवत्ति ॥२॥
तिकेरे हुवो पुत्र आयुति[४] आगि । भडां रुप धुमेधडै वडभागी ॥
नरां नहरां जाण तेरो निहुषं[५] । सत्रां दुःख दीना प्रजा दिध सुखं ॥३॥
जीके सो असमेध किधा जीगनं । महामेर माझी इसो मोट मनं ॥
जयाति[६] तिकेरे घरे पुत्र जायो । करमी वडो देवराजा कहायो ॥४॥
जदु[७] भुप ते गेह लिधो जनमं । धरा धारीआ लाज क्षत्रि धरमं ॥
जमी शीश जादवपोत्रा जदुरा । प्रजापाल राजा धजाबंध पुरा ॥५॥
इलामां जदु अवतारी अनमिं । कहां कोष्टा[८] पुत्र तेरो करमिं ॥
वृजीवान[९] स्वाहि[१०] रुषेकु[११] विजेता । हुवो चित्ररथं[१२] शशीबींदु[१३] हेता ॥६॥
प्रथुरो[१४] हुवो धमराजा[१५] प्रघटो । उषेणं[१६] रुचकं[१७] अहावं अटंको ॥
जयामेघ[१८] विद्रभ[१९] को कुथ[२०] पुतं। करमी हूवो है जदुभुप कुंतं[२१] ॥७॥
धृष्टि[२२] निरवृति[२३] से दषारुक[२४] दाखों। भलो व्योम[२५] जीमुत[२६] विकृत[२७] भाखों॥
भडं भिमरथं[२८] घरं नवरथं[२९] । हुवो दसरथं[३०] सु आजान हथं ॥८॥
सकुनी[३१] घरे सुत कुरंभशाणं[३२] । महा देवरथं[३३] भरे मृगडाणं ॥
हुवा देवक्षत्रं[३४] मधुरुप[३५] हामं । नरांरुप कुरु[३६] नवेखंड नामं ॥९॥
अनु[३७] पुरहुतं[३८] घरेसुत आयु[३९] । हुवो सातवतं[४०] अजीतं रहायु ॥
वडो भुप वृष्णिक[४१] भो चकवृति । छोगाळा नमाये वडे छात्रपति ॥१०॥

महा तेजवंतो पराक्रम पुरो । वृष्णिकगोत्रं कहायो वडेरो ॥
जदु घेर सुतं सुमित्रं ४२ सुनायो । अजोडं सीनीराज ४३ ओनाड आयो ॥११॥
अनमित्र ४४ वृष्णि ४५ सुतं चित्ररथं ४६ । वडो ता घरे सुत विदुररथं ४७ ॥
सुतंसूर ४८ भजमान ४९ ता घेर शीनी ५० । स्वयंभोज ५१ हृदिक ५२ राजासुकंनी॥१२॥
पणां देवमीढं ५३ पराक्रम पुरो । सुतं ता धीरे कुलदीपं सु सुरो ५४ ॥
वसुदेव ५५ तैरो सुतं सक्रवति । महा जोध जालीम उत्तिम मत्ति ॥१३॥
वसुदेवरो श्रीकृषनं ५६ वखाणं । प्रघट्टो अवत्तार मोटो प्रमाणं ॥
कोपे कंसरो वंशको नाश किधेा । दया कीध उग्रसेनं राज दीधेा ॥१४॥
व्रिंदावनं गाय चारी विहारी । भडेदैत भागा लीआ व्रिद भारी ॥
हुवो कानरो मधुमनं ५७ विहदं । महाजेत्रवादी मरद्दा मरदं ॥१५॥
अनिरुद्ध ५८ तैरो सुतं अवतारी । वडी लाज संसारमांहि वधारी ॥
महा वज्रनाभं ५९ हुवो मोटमनं । पवाडा लीया जैकीया दानपंनं ॥१६॥
प्रतिवाह६० तैरो सुतं जश प्राणो । राजा मीढ तेरी नको रावराणो ॥
प्रतिवाहरो सु सुबाहु ६१ पवित्रं । चहु खंड चाहं हुवो वडचितं ॥१७॥
तठे शांतशेनं ६२ हुवो ताश तंनं । कहाणो अठे भुप दुजो कीसंनं ॥
महा सत्तसेनं ६३ हुवो जगमांही । तीके पुजवी कीर्ती सामुद्र ताही ॥१८॥
उणिरो सुखेनं ६४ गुणीरो उजासं । प्रीथी उपरे जसवासं प्रकाशं ॥
महा जाण तैरो हुवो मोजमेहं । अडा भिड गोविन्द ६५ मल्लं अरेहं ॥१९॥
धरा रुप तेरे घरे सुर धीरं । हुवो मक्र सुरीज ६६ हेळां हमीरं ॥
सकं सालीवाहण ६७ तिकेरो सुंभेदं । विधोगती जाणंग सासीत्रवेदं ॥२०॥
तैरो सुतसो सतविजय ६८ सतोलं । वहु दान दे खाटणो जश बोलं ॥
वडो पुत्र तैरो विसवं वराहं ६९ । अधीको खगं त्याग वेळा अथाहं ॥२१॥
खत्रीवट पुरो तिकैरो खेंगारं ७० । धरां उपरां खट वर्णां सुधारं ॥
हरीराज ७१ तैरो हुवो वडहथं । सीरे सार दातार हीन्दु समथं ॥२२॥
वले सोम ७२ तैरो सुतं सत्रवादी । जीके भीम ७३ जायो क्षत्री नामजादी ॥
भडं भिमरो भोज ७४ लीलाभुआलं । घरे तास माणीक ७५ बेटो सींधालं ॥२३॥

तपें पाटी दादां महीपाल७७ तैरो । जसं वास संसार माथे जीकेरो ॥
सुतं मैगळं७७ तास भुपं सकाजं । रीमां राह तैरो हुवो मुलराजं७८ ॥ २४ ॥
वले तै महीपाल७९ बेटो वंचाणो । जीकेरो सु तनं सीलाजीत८० जाणो ॥
दलां भंजणो जुंज८१ तैरो दुवाहं । गुणां जाण प्रमाण माझीसगाहं ॥ २५ ॥
देवेंइन्द्र ८२ तैरो समो बृह्मदाखां । लीआं ब्रीद मोटां दीयांदान लाखां ॥
उएरो हुवो पुत्र उतीम अंगं । चावो नाम जै चंद्रचुडं८३ सु चगं ॥ २६ ॥
दुर्गाख्य८४ बेटों तीकेरो वदीजे । कीसो भुपती मीढ बीजो करीजे ॥
विसवं वराहं८५ सुतं ते विसेखं । दीखायां अदेखां खगं त्याग देखं ॥ २७ ॥
सुतं मुलराजं८६ तिकेरो सप्राणं । वडी मतियां सत्री जाणं विनाणं ॥
पणां कांहीओ८७ तास बेटो प्रधटं । गढां गंजणो मेळी थटं गरटं ॥ २८ ॥
तैरो पुत्र गोविंदमलं८८ रतनं । कहाणो जीसो भोज विक्रम क्रनं ॥
बैटो तास आणंद८९ क्षत्री दुवाहं । नरां नाह मोटां बिरदां निबाहं ॥ २९ ॥
प्रजापाल चामंड९० तैरो प्रचंडं । खरो नाम प्राझो प्रथी नवखंडं ॥
सरवल्लहं९१ पूत्र तैरो सुरीदं । वडो सुर सामंत वाकीम विन्दं ॥ ३० ॥
दुर्गाखि९२ तैरो हुवो वडदाता । तुरी सज दीधा कवि मोज ताता ॥
तैरे सालीवाहन९३ लीओ अवतारं । भुजे झालीआं सार आचार भारं ॥ ३१ ॥
सुतं विक्रमंभोज९४ तैरो सुजाणं । वडा आपीआ दान लीधां वखाणं ॥
महीपाल९५ तेरे घरे मन्न मोटं । कीयां वढ केवी लीआं गढ कोटं ॥ ३२ ॥
सीरे सार खेंगार९६ तेरो सवाइ । वणी जे भुजे जादवांरी वडाइ ॥
दणी देवरथं९७ दयापाल९८ दाखो । भलो जगदेवं९९ जंडां भुप भांखो ॥ ३३ ॥
वडो विक्रमं१०० है अनंपाल१०१ वंको । तीकेरो हुवो भोजराजा१०२ अटंको ॥
धरां उपरे भुपती धमदेवा१०३ । लखो अंबरीसं१०४ दतां जसलेवा ॥ ३४ ॥
अळां उपरे अंगीरा१०५ उग्रसेनं१०६ । लखां फोज अरीयां तणां प्राणलेनं ॥
उणीरो हुवो बालकर्ण१०७ सु बैटो । सहपाल१०८ सुतं महा दुख मेटो ॥ ३५ ॥
अनिरुद्ध१०९ जयसिंह११० अठे पाट आयो। कवांपाल सांबे१११ सु जेठी११२ कहायो॥
हुवो लछरायं११३ प्रतापं११४ इठाळो । पटाधर वडं गर्बगोडं११५ पटाळो॥३६॥

महा भाणजी[११६] रो हुवो मुलराजं[११७]। दणी दान दोढो दीयो देवराजं[११८]॥
कळांदीप कल्याण[११९] रो सुत केडो। जगमालजी[१२०] सो-जदुभूप जेडो॥ ३७॥
भयो भीमजी[१२१] रो सुतं संगरामं[१२२]। प्रथीसींग[१२३] अर्जुन[१२४] चंद्रंसीनामं[१२५]॥
सोहे सोहडां रुप सरदार[१२६] साणो। पणां भगवतं[१२७] मानसींहं[१२८] प्रमाणो॥३८॥
सदा रायसींहं[१२९] रखें भुप सर्णं। करमी हुवो ता घरे आशकर्णं[१३०]॥
तिणीरो हुवो सामळो[१३१] छत्र धारी। वरती गजेसींह[१३२] री रामवारी॥ ३९॥
सुभटं हुवो सेरसिंहं[१३३] सुखाळं। दखां देवीसीहं[१३४] सु दाता दयाळं॥
सजी तेग देगं सदा सुरसेनं[१३५]। महा तेजवंतो सु विक्रमसेनं[१३६]॥ ४०॥
तिणीरे घरे सुत तालां बीलंदं। चवां चोगणीख्यात देवेंन्द्र[१३७] चंदं॥
तपं धारी सुतं हुवा चारी तेणां। लखु नीज बाहु बळे राज लेणां॥ ४१॥
असपत् गजपत् भुपत आखां। दणी उपरे बंस नरपत[१३८] दाखां॥
समो[१३९] ते तणो जे त्रवादी सक्कजो। गणंता गीरी मेर सारीख गजो॥ ४२॥
जगं उपरें भुप जाहीर जेसो[१४०]। दीये लाखपासां क्रीतं देश देशो॥
नरांनाह तैरो हुवो पुत्र नैतो[१४१]। दाने दुथीआं असी लाखीक देतो॥ ४३॥
नखत्रैत तैरो सुतं नोतीयारं[१४२]। वसुधा शीरे आंकणो जस वारं॥
गहगीर[१४३] तैरे घरे वड गात्रं। छतो अबडो[१४४] उपन्यो वंश छात्रं॥ ४४॥
रीधुनाम तैरो समो ब्रह्मराहु[१४५]। अरि भांजणो खागी बैरां उग्राहु॥
नरं ओढरं[१४६] राहुआणी नगेमं। नाकारो मुखां भांखीवां जासनेमं॥ ४५॥
वले अबडो[१४७] ओढराणी वंचाणो। प्रजापाल वैगाल सत्रांस प्राणो॥
लखलुट तैरो हुवो लाखीयारं[१४८]। पुत्रं तास लाखो[१४९] बीरदां अगारं॥४६॥
भडं उनडं[१५०] सुत तैरो भुजाळो। अदुं रीत दादा तणी अजु पाळो॥
समौ[१५१] उनडाणी सत्रांनाट सलं। महां जोध ओनाड आखाड मलं॥ ४७॥
समैरो समो ब्रह्म काकुस[१५२] कस्सं। जीके राखीओ जगमांहे सुजस्सं॥
सुतं तास रायघणं[१५३] सज गीसं। विनै क्रन विक्रम मोजां वरीसं॥ ४८॥
प्रतपे[१५४] तिके पाटी दातार पल्ली। पखां सारीखो रीती राखी पहीली॥
बैठो सोहडं[१५५] पाटी तैरे अबीहं। सुतनं तिकेरो जडो वैरसीहं[१५६]॥ ४९॥

લાખો[૧૫૭] બૈરસી સો થયો લખ લુટં । ઇલા રુપ ભૂપાલ દાને અખુટં ॥
રીમારાહ તૈરો સમો બ્રહ્મરાધૌ[૧૫૮] । બિરંદા તણો મોડ જે સીંશ બાંધૌ ॥ ૫૦ ॥
તિકેરા હુવા ચાર પુતં કરંમી । ધરા ઉપરે ગજરાજં[૧૫૯] ધરંમી ॥
દળાં ભંજણં દેદલં હોથી દાતા । વડે પાટ(૧૫૬)ઓઠો સુ આયો વિધાતા ॥૫૧॥
સજે પાટ ઓઠો સુ આયો સુઠાહો । ગણા જાણ ઓઠા તણો પુત્ર ગાહો[૧૬૦]॥
સુતં વેહણં[૧૬૧] તાસ મોટા સહજં । લીઆં ખાગ ને ત્યાગ સોભાગ લજં ॥૫૨॥
પણાં મુલુવો[૧૬૨] પુત્ર તૈરો પવિત્રં । કરાં માતી ધારી કીયો જૈમુક્રીતં ॥
કહું મુલુવેરો યહં કાંહી[૧૬૩] અલં । આંકલં દુઝલં હીસલં અયલં ॥ ૫૩ ॥
તીકે કાંહી યેરે ઘરે વિગ તાલં । ક્ષત્રી ઉપન્યો આમરં[૧૬૪] સયખાલં ॥
ભણાં ભિમ[૧૬૫] તૈરો સુતં સાવ ભલં । આપે મોજ કેકાણ પાત્રાં અલલં ॥ ૫૪ ॥
હુવો ભિમરો પુત્ર હામુ[૧૬૬] હઠાલો । સત્રાં સાજીયાં સાથ લીધાં સ્ચાલો ॥
ખલાં કાલ હમીર તૈરો ખંગારં[૧૬૭] । જમં જાલ ભુપાલ જૈતં જુવારં ॥ ૫૫ ॥
ભુજે પાટી ખેંગારરો રાઉ ભારો[૧૬૮]। વસુદ્ધા વરતાવીઓ રામવારો ॥
હુવો મેઘ ભારે તણો તેગ હથં । રખપાલ આદુછલાં સમરથં ॥ ૫૬ ॥
તિકે મેઘરે મેર માજી તમાચી[૧૬૯] । જીકે જાચણા ત્રણ કીધાં અજાચી ॥
રતનું અજાચી કિઓ ભલ્લભૂપં । રહે જાદવાં ભટ્ટીઆં એક રૂપં ॥ ૫૭ ॥

॥ છપ્પય કવિત ॥

* વિગતી એહ જદવંશ, કહી ધુરલગે અનુક્રમ ॥
વડાં તણાં વાખાણ, તીકારો વડો મહાતમ ॥
દેવરાજ રો રાજ, જેમ જમીઓ જેસાણે ॥
કરી છલ બલ કલ વિકલ, ધરા લીધી ધીંગાણે ॥
ભાટી પ્રસિદ્ધિ ખાટી ભલી, દલ વરીઆ આંનીર દલે ॥
કીણ ભાંતી વિપ્રાં ચારણ કીઆં, વાત તીકાં સુણીજો વલેં ॥ ૧ ॥

* વિક્રમ સં. ૧૭૬૧માં કચ્છના રાજકવિ હમીરજી રતનું અન્વયીએ આ ગ્રંથ રચેલ તે સંવત્ ૧૮૦૬ની સાલનો હસ્તલખિત ગ્રંથ અમારી આગળ હોવાથી તે અસલ કાવ્ય અક્ષરસઃ અહિં દાખલ કરેલ છે. બીજા ઇતિહાસોથી મેળવણી કરતાં માત્ર કોઇકોઇ નામમાં નહિ જેવો તફાવત આવે છે. એકંદર આ કાવ્યનું પેઢીનામું ખરૂં છે. રતનું બારહજારીની ઉત્પત્તિ આ ગ્રંથમાં જેસલમેરના ઇતિહાસમાં આપવામાં આવેલ છે.

"સૌરાષ્ટ્રમાં સાર્વભૌમ સત્તાનું પૂર્વ દર્શન"

* (૧) જાદવવંશ.

શ્રીસૌરાષ્ટ્રપ્રદેશમાં પ્રાચીનકાળમાં પ્રથમ "જાદવવંશ"ની સાર્વભૌમ સત્તા હતી, તેની મુખ્ય રાજધાની "પ્રયાગ"માં હતી, અને ત્યાંથી જે જે સ્થળે રાજ્યગાદી ગઇ તેનો ઇતિહાસ જણાવ્યા પહેલાં જાદવવંશ પછી સૌરાષ્ટ્રની સાર્વભૌમ સત્તા જે જે વંશોમાં ગઇ તેના નામો સાથે ટુંક હકીકત નીચે પ્રમાણે છે.

(૨) મૌર્યવંશ.

મૌર્યવંશના રાજ્યનો વિસ્તાર ઉત્તરમાં હિમાલયથી તે દક્ષિણમાં કન્યાકુમારી સુધી, ને પૂર્વમાં મગધથી તે પશ્ચિમે સૌરાષ્ટ્ર સુધી હતો, એ વંશનો જગપ્રસિદ્ધ રાજા અશોક ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં થઇ ગયો.

(૩) ક્ષત્રપવંશ.

સૌરાષ્ટ્ર બાકિતયાના ગ્રીક રાજાના તાબામાં ગયું, ક્ષત્રપો એમના સુબા હતા, પણ કેટલેક કાળે તેઓ સ્વતંત્ર રાજા થઇ બેઠા, એમની સત્તા કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાતમાં ખંભાત સુધીનો ભાગ તથા માળવાના થોડા ભાગ ઉપર હતી. એ વંશનું શાહવંશ એવું ઉપનામ છે તેમાં ૨૪ રાજાઓ થયાનાં નામો જણાયાં છે; રૂદ્રદામાના લેખો ઉપરથી જણાય છેકે એ વંશના રાજાઓ ઘણા બળવાન અને પરાક્રમી હતા, એમના સિક્કા ઉપર એક તરફ રાજાનું ચિત્ર ને બીજી તરફ એક અગ્નિકુંડ તથા સૂર્ય ચંદ્રની મૂર્તિ છે.

(૪) ગુપ્તવંશ.

ક્ષત્રપવંશ પછી ગુપ્તવંશ થયો, તેઓનું રાજ્ય ગંગા તથા બ્રહ્મપુત્રા વચ્ચેના પ્રદેશમાં હતું, કુમારગુપ્તે, સૌરાષ્ટ્ર જીતી લીધું અને તે સૌરાષ્ટ્રમાંથી પોતાની રાજધાનીમાં પાછો ગયો ત્યારે વામનસ્થલી (સોરઠવણથલી)માં એક સુબો રાખતો ગયો હતો, તેના પછી થયેલા સ્કન્દગુપ્તના લેખો ગિરનારમાં છે, ગુપ્તવંશના સિક્કા સોરઠમાં ઘણા મળી આવે છે તે સિક્કાઓ ઉપરથી એમ જણાય છે કે એ રાજાઓ મહારાજાધિરાજ કહેવાતા. સિક્કા ઉપર પાર્વતીનું તથા મોરનું ચિત્ર તથા એક ત્રિશૂલ પાડેલું હોય છે.

* કાઠીઆવાડ સર્વસંગ્રહ પાને ૨૦૪મે જાદવવંશ પ્રથમ લખેલ છે.

(૫) વલ્લભીવંશ.

તે પછી ગુપ્તવંશના સુબાઓ વલ્લભીવંશી સ્વતંત્ર રાજા થયા, તેમાં શાલીવાહને પોતાનો શક લખ્યો તે અદ્યાપી સુધી જ્યોતિષશાસ્ત્રમાં લખાય છે. તે વંશમાં ૧૯ રાજાઓ થયા હતા, તેઓની રાજધાની વલ્લભીપૂર (હાલના વળાની આસપાસના ખંડીઓર)માં હતી, તેમાં છઠ્ઠો રાજા શીલાદિત્ય થયો, તેના વખતમાં એક કાકુ નામના મારવાડી વણીકે ઇરાનના બાદશાહ નોશરવાનના કોઈ ખંડીઆ રાજાને ઉશ્કેરી લડાઇ કરાવી રાજ્યનો અંત આણ્યો. (વિ. સ. ૩૮૫)

(૬) ચાવડાવંશ.

વલ્લભીપુરનો નાશ થયાપછી ચાવડાવંશના રજપુતોએ સૌરાષ્ટ્ર દેશમાં સોમનાથનીપાસે પાટણ શહેર વસાવી ગુજરાતની રાજધાની પાટણમાં બાંધી, વિ. સં. ૩૮૬ થી સં. ૯૪૨ સુધી ચાવડાવંશની સત્તા રહી, તેમાં વનરાજચાવડો મહા પરાક્રમી રાજા થયો હતો, છેલારાજા સામન્તસિંહને પુત્ર નહીં હોવાથી ચાવડાવંશની સમાપ્તિ થઇ.

(૭) સોલંકીવંશ.

વિ. સં. ૯૪૨ માં મુળરાજ ગાદીએ આવ્યો તે ૫૫ વર્ષ રાજ્યકરી વાનપ્રસ્થ થયો ત્યારે તેને કાશીથી પંડિતોને તેડાવી સિંહપુર કિલ્લે સીહોર તથા સિદ્ધપુરને લગતાં ઘણાં ગામો બ્રાહ્મણોને ખેરાત આપ્યાં હતાં. તે પછી છઠ્ઠો રાજા સિદ્ધરાજજયસિંહ થયો, તેણે સૌરાષ્ટ્ર જીતવાનું ધારી લશ્કરને કુચ કરવી સહેલી પડે માટે એક મોટી સડક અણહીલવાડથી જુનાગઢ સુધી બંધાવી અને આખે રસ્તે ઝાડો રોપાવી તળાવ, વાવ, કુવા તથા કિલ્લાઓ બંધાવેલા હતા, લશ્કરની છાવણી નાખવામાટે વઢવાણ, સાયલા, હડાળા, ધાંધલપુર, ચોબારી, આણંદપુર, સરધાર, ગોંડલ, વીરપુર અને જેત્તપુરમાં કિલ્લાબંધી થાણાંઓ રાખ્યાં હતાં. તે વંશનો છઠ્ઠોરાજા ભીમદેવ વિ. સં. ૧૨૨૫ માં અપુત્ર ગુજરી ગયો. સોલંકી વંશમાં ૨૫૦ વર્ષ રાજ્ય રહ્યું હતું.

(૮) વાઘેલાવંશ.

કુમારપાળના વખતમાં સોલંકીવંશમાં લવણપ્રસાદ જન્મ્યો હતો તેને ગરાસમાં વાઘેલા ગામનું પરગણું આપ્યું હતું, તેથી તેની અટક વાઘેલા કહેવાણી તેનો પુત્ર અનવલમુળદેવ ઉર્ફે વીરધવળ વિ. સં. ૧૨૨૫ માં ગાદીએ બેઠો. તે પછીના વીશળદેવ, વાઘેલાએ વીશળનગર અને વીજાપોર વસાવ્યાં. ડભોઇનો કિલ્લો બાંધ્યો અને સોમનાથના દેવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. એ વંશના છેલા રાજા કરણવાઘેલા પાસેથી વિ. સં. ૧૩૫૦ માં દિલ્હીના બાદશાહ અલાઉદ્દીને સૌરાષ્ટ્ર જીતી લીધું હતું તે પછી ખીલજીવંશ તઘલખવંશ અને મોગલવંશ એમ મુસલમાનોનો અમલ ચારેક સૈકા રહ્યો હતો તેપછી મરાઠા રાજ્યનો અમલ

થતાં પેશ્વા અને ગાયકવાડના હાથમાં સાર્વભોમ સત્તા આવી અને દામાજી ગાયકવાડ ગુજરાતની રાજધાનીના મુખી થયા અને પેશ્વાપાસેથી તેના ભાગનો ઈજારો લીધો, પહેલા ગાયકવાડ પીલાજી વિ. સં. ૧૭૮૮ માં ગાદીએ આવ્યા, ગાયકવાડના વંશના છઠ્ઠા રાજા આણંદરાવ ગાયકવાડના વખતમાં કાઠીઆવાડમાં ગાયકવાડ ખંડણી ઉઘરાવતા. ઇ. સ. ૧૮૦૭ વિ. સં. ૧૮૬૪ ની સાલમાં કરનલ વૉકર કાઠીઆવાડમાં આવ્યા અને વિ. સ. ૧૮૬૫ની સાલમાં ગાયકવાડના ભાગની ખંડણી અંગ્રેજ સરકાર ઉઘરાવી આપે અને મુલકગીરીની હકુમત અંગ્રેજ સરકારના તાબામાં રહે એવા કરારના દસ્તાવેજો થયા, ત્યાંથી પેશ્વા અને ગાયકવાડ એ દોભાગા ખંડણીના ધણી અંગ્રેજ સરકાર થયા, તે દિવસથી અંગ્રેજ સરકારનું રાજ્ય સૌરાષ્ટ્ર, ગુજરાત અને કુલ હિંદુસ્તાનમાં થયું. એટલી હકીકત પૂર્વદર્શનથી જાણી હવે યદુવંશની હકીકત ચંદ્રરાજા પૂર્વેની તથા તેના પછીની કહેવામાં આવશે.



ચંદ્રરાજની પહેલાના ચક્રવર્તિ રાજાઓનો સમય

શ્રી આદિ નારાયણથી ચોથી* પેઢીએ ચંદ્ર થયા ત્યાંથી લઇ સાઠક પેઢીએ શ્રી કૃષ્ણનો અવતાર ગણાવી કેટલાક વહીવંચા ભાટો અને અન્ય ઇતિહાસકારો સૃષ્ટિની ઉત્પત્તિ. જાણે કેમ શ્રીકૃષ્ણ પહેલાં પાંચ સાત હજાર વર્ષજ થઇ હોય એવું જણાવી જગતકર્ત્તાની અલૌકિક સૃષ્ટિને ક્ષુદ્રરૂપ આપે છે, એમ એક અત્યારના વિદ્વાન ઇતિહાસકાર જણાવે છે. અને એ અમોને પણ વ્યાજબી જણતાં તેનો ઉત્પત્તિ ક્રમ અહિં લેવામાં આવેલ છે.

આર્ય જ્યોતિષશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિને@ ૧,૯૫,૫૮ ૮૫,૦૩૧. એકઅબજ પંચાણું કરોડ અઠાવન લાખ પંચ્યાસી હજાર અને એકત્રીસ વર્ષ થયાં છે ખરીરીતે સીત્યાવીસ વખત ચાર ચાર યુગ આવી ગયા છે. હાલનો અઠ્ઠાવીસમો યુગ ચાલે છે. તેમાં સત્યુગના વર્ષ ૧૭.૨૮.૦૦૦ ત્રેતા યુગનાં ૧૨.૯૬૦૦૦ દ્વાપર યુગનાં. ૮.૬૪૦૦૦ અને કલયુગનાં ૪.૩૨.૦૦૦ માંથી ૫,૦૩૧ વર્ષો ગયાં છે.

પ્રલયકાળ સુધી અઠ્ઠાવીસમા સત્યુગમાં આદિ બ્રહ્માજી પછી વૈવસ્વત મનુથી સુરથ સુધીના રાજાઓએ આર્ય શાસ્ત્રના અન્તવ્ય પ્રમાણે ૨૨લાખ વર્ષ પૃથ્વિનું રાજ્ય કર્યું. પ્રત્યેક રાજા પૈકી કોઇએ ૪૦ હજાર કોઇએ ૩૫ હજાર કોઇએ ૨૫-૧૦-૫ હજાર વર્ષ સુધી રાજ્ય કરેલ હતું. એક રાજાની આવડી લાંબી આયુમર્યાદા એ અત્યારના અલ્પ આયુષીઓને અસંભવિત લાગશે. પરંતુ અનેક યોગ વિદ્યા અને વિચિત્ર રસ વિદ્યાના ચમત્કારિક પ્રયોગોથી હજારો વર્ષ જીવ્યા હોય તો તેમાં અતિષયોક્તિ નથી, યુગોના પ્રમાણમાં આયુમર્યાદાનું પણ વધતું ઓછું પ્રમાણ હોય. અત્યારે ગ્રામ્ય જનતામાં કહેવત છેકે:-"સતયુગમાં હજાર વર્ષ નો ખાટલો અને સો વર્ષના ડચકાં થતાં ત્યારે મૃત્યુ થતું." તો જ્યાં હજાર વર્ષ અશકિત ભોગવાય ત્યાં આયુષ્ય પણ હજારો વર્ષોનું હોયજ કલિના પ્રારંભમાં પિતામહ ભિષ્માચાર્યે ૪૫૦ સાડા ચારસો. વર્ષની ઉમરે ભારતમાં પ્રચંડ યુદ્ધ કરી હજારો યોદ્ધાઓને ધારાસાઇ કરી પોતે પડ્યા હતા. તો વૈવસ્વતમનુના વખતના અને તેપછીના રાજાઓએ હજારો વર્ષ રાજ્ય કરી લાંબુ આયુષ્ય ભોગવેલ હોય તે સંભવિતજ છે.

વૈવસ્વતમનુ અઠ્ઠાવીસના સત્યુગમાં શ્વેતવારાહકલ્પમાં બ્રહ્માના વર્ષના ત્રીજે દિવસે સાતમા મુહૂર્તમાં થયા છે. એ વૈવસ્વત મનુની વંશાવળી નીચે પ્રમાણે જણાવેલ છે અને તે રાજાઓ ક્રમવાર એક પછી બીજા જેનું નામ આવે તે તેઓના પુત્ર સમજવા.

---

* ૧ નારાયણ ૨ બ્રહ્મા ૩ અત્રી ૪ ચંદ્ર.

@ આર્યસમાજ આર્યસંવત્ ૧,૯૭,૨૯,૪૯,૦૩૪ વર્ષ માને છે.

સત્યુગના ૫૮ ચક્રવર્તિ રાજાઓ.

૧ બ્રહ્મા ૨ વૈવસ્વતમનુ ૩ ઇક્ષ્વાકુ ૪ વિકુક્ષી ૫ રિપુંજય ૬ કુકુસ્થ ૭ અંશ ૮ પૃથુ ૯ વિશ્વગશ્વ ૧૦ આર્દ્ર ૧૧ ભદ્રાશ્વ ૧૨ યુવનાશ્વ ૧૩ શ્રવસ્થ ૧૪ બ્રહદશ્વ ૧૫ કુવલયાશ્વ ૧૬ દ્રઢા ૧૭ નિકુંભક ૧૮ સંકટાશ્વ ૧૯ પ્રસેનજીત ૨૦ મવણાશ્વ ૨૧ માંધાતા ૨૨ પુરૂકુત્સ ૨૩ ત્રિસદશ્વ ૨૪ અનરણ્ય ૨૫ પૃષદશ્વ ૨૬ હર્યશ્વ ૨૭ વસુમાન ૨૮ ત્રિધન્વા ૨૯ ત્રપારણ્ય ૩૦ ત્રીસંકુ ૩૧ હરિશ્ચંદ્ર ૩૨ રોહીત ૩૩ હારીત ૩૪ ચંચુભુપ ૩૫ વિજય ૩૬ સરૂક ૩૭ સગર ૩૮ અસમંજસ ૩૯ અંસુમાન ૪૦ દીલીપ ૪૧ ભગીરથ ૪૨ તેનુત્સેન ૪૩ નાભાગ ૪૪ અંબરીષ ૪૫ સિંહુદ્રિપ ૪૬ અયુતાશ્વ ૪૭ રૂતુપર્ણ ૪૮ સર્વકામ ૪૯ કલ્માષપાદ ૫૦ સુદાસ ૫૧ અશ્મક ૫૨ હરિવર્મ ૫૩ દશરથ ૫૪ દિલીપ ૫૫ વિશ્વાસહ ૫૬ ખટવાંગ ૫૭ દીર્ઘબાહુ ૫૮ સુદર્શન આ રાજાઓના અંતમાં સત્યુગ સમાપ્ત થયો.

ત્રેતાયુગના ૬૦ ચક્રવર્તિ રાજાઓ.

૧ દીલીપ ૨ રઘુ ૩ અજ ૪ દશરથ ૫ રામ ૬ કુશ ૭ અતિથી ૮ નીષધ ૯ નક્ષ ૧૦ નાભ ૧૧ પુંડરીક ૧૨ ક્ષેમધન્વા ૧૩ દ્રારક ૧૪ અહીનજ ૧૫ કુરૂ ૧૬ પારીયાત્ર ૧૭ દલપાલ ૧૮ છગ્રકારી ૧૯ ઉક્થ ૨૦ વજ્રનાભિ ૨૧ સંખનાભિ ૨૨ વ્યુત્થનાભિ ૨૩ વિશ્વપાલ ૨૪ ધૃણુનાભિ ૨૫ પુષ્પસેન ૨૬ ધ્રુવસંધી ૨૭ અપવર્મા ૨૮ સિઘ્રગન્તા ૨૯ મરૂપાળ ૩૦ પ્રસુવશ્રુત ૩૧ મામર્ષ ૩૨ મહાશ્વ ૩૩ બ્રહદબાળ ૩૪ બ્રહદૈશાન ૩૫ મુરૂક્ષેપ ૩૬ વત્સપાળ ૩૭ વત્સવ્યુહ ૩૮ પ્રતિવ્યોમા ૩૯ દેવકર ૪૦ સહદેવ ૪૧ બ્રહદશ્વ ૪૨ ભાનુરત્ન ૪૩ સુપ્રતિક ૪૪ મરૂદેવ ૪૫ સુનક્ષત્ર ૪૬ કસીનર ૪૭ અંતરીક્ષ ૪૮ સુવર્ણાંગ ૪૯ અચિત્ર જીત ૫૦ બ્રહદ્રાજ ૫૧ ધર્મરાજ ૫૨ કૃતંજય ૫૩ રણંજય ૫૪ સંજય ૫૫ સાકયવર્ધન ૫૬ ક્રોધદાન ૫૭ અતુલવિક્રમ ૫૮ પ્રસેનજીત ૫૯ સુદ્રક ૬૦ સુરથ.

સુરથ રાજાના વખતમાં ત્રેતા યુગનો ત્રીજો ચરણ ચાલતો હતો સુરથને સંતાન ન હતું. તેથી ઇંદ્રે ચંદ્ર નામનો રાજા ઉત્પન્ન કર્યો ત્યાંથી ચંદ્રવંશ ચાલ્યો.

૧ ચંદ્રરાજા.

ત્રેતાયુગના ત્રીજા ચરણમાં સુરથ રાજા પછી પ્રજામાં રાજા ન હોવાથી રાજ્યની અવ્યવસ્થા થઇ ગઇ. તેથી અરાજક જગત નાશ પામવા લાગ્યું. તેથી ઇન્દ્રે ચંદ્રને પૃથ્વિ ઉપર અવતરવા સુચવ્યું. તેથી ચંદ્રે પૃથ્વિ ઉપર અવતાર લીધો. અને તે ચંદ્રરાજાથી "ચંદ્રવંશ" ચાલ્યો કૌરવો અને પાંડવો પણ ચંદ્રવંશી હતા. ચંદ્રરાજાએ અઢાર હજાર વર્ષ રાજ્ય ભોગવ્યું હતું. અને તે પછીના રાજાઓએ પણ હજારો વર્ષ રાજ્ય કર્યાં હતાં. ચંદ્રથી શ્રી કૃષ્ણ સુધીના ચંદ્રવંશી રાજાઓએ લાખો વર્ષ પૃથ્વિનું રાજ્ય કરેલ છે. અને તેમાં ચંદ્રથી શ્રીકૃષ્ણ સુધીમાં ૫૬ ચક્રવર્તિ રાજાઓ થયેલા છે.

૨ બુધ (ચંદ્રથી ૨ જો)

ચંદ્રે બૃહસ્પતિની સ્ત્રી તારાનું બળાત્કારે હરણ કરી જવાથી બૃહસ્પતીના પક્ષમાં દેવતાઓ અને ચંદ્રના પક્ષમાં શુક્રાચાર્યની પ્રેરણાથી દૈત્યો થયા. આ બન્ને વચ્ચે ઘોર રણસંગ્રામ થયો અને છવટે સમાધાન થયું ચંદ્રથી તારાને બુદ્ધ નામનો પુત્ર થયો. બુદ્ધ ઋષિદેવ નામના મુનીની પુત્રી ઇલા સાથે પરણ્યો. અને તેનો પુરૂરવા નામે પ્રતાપી પુત્ર થયો.

૩ પુરૂરવા (ચંદ્રથી ૩ જો)

પુરૂરવાની રાજ્યધાની પ્રયાગની સામે પ્રતિષ્ઠાનપુર જેને હાલ ઝુસી કહે છે તેમાં હતી રૂપ ગુણ વિદ્યા કલા શૌર્યમાં અદ્વિતીય એવા પુરૂરવાના ગુણગાન ઇન્દ્રની સભામાં નારદ મુનીના મુખથી ગવાયેલ સાંભળી ઉર્વશી નામની અપ્સરા પૃથ્વિપર આવી પુરૂરવા સાથે લગ્નથી જોડાણી તેનાથી આયુ, ક્ષતાયુ સત્યાયુ, રય, વિજય અને જય એમ છ પુત્રો થયા.

૪ આયુ (ચંદ્રથી ૪ થોથો)

આયુ પરાક્રમી રાજા થયો. આયુને નહુષ ક્ષત્રવૃદ્ધ, વિર્યવાન, રજીરંભ, તથા અનેના એમ પાંચ પુત્ર થયા.

૫ નહુષ (ચંદ્રથી ૫ મો)

નહુષ રાજા મહા પ્રતાપી હતો. અને તેને સો અશ્વમેધ યજ્ઞ કરેલ હતા. ઇન્દ્રાણી સાથે સુખભોગની યાચના કરતાં તેણીએ જવાબ આપ્યો કે સપ્તર્ષિઓની પાસે પાલખી ઉપડાવી તેમાં બેસીને આવો તો હું તમારી સાથે આવું એટલે નહુષે તેમ કર્યું સપ્તરષિઓએ પાલખી ઉપાડી છતાં જલદી ચાલવા માટે પગથી

ઠેણું મારી સર્પ સર્પ (જલદી ચાલ જલદી ચાલ) એમ કહ્યું તેથી ઋષિઓએ ક્રોધ કરી શાપ આપ્યો કે સર્પ થા તેથી નહુષ અજગર (સર્પ) થયો.

૬ યયાતિ (ચંદ્રથી ૬ ઠો)

નહુષને યતી, યયાતિ, શંયાતી, આપતી, વિપતી અને કૃતિ, એમ છ પુત્રો હતા. તેમાં યયાતિને રાજ્ય મલ્યું વ્રસપર્વા નામના દાનવ રાજાની પુત્રી સર્મિષ્ઠા અને શુક્રાચાર્યની પુત્રી દેવયાની વચ્ચે કજીયો થતાં સર્મિષ્ઠાએ દેવયાનીને કુવામાં નાખી દીધેલ, યયાતિ રાજા મૃગીયા કરવા નીકળેલ તેણે કુવામાંથી આર્ત-નાદ સાંભળતાં ત્યાં ગયો અને પોતાનું વસ્ત્ર પહેરવા આપી તેનો હાથ ઝાલી બહાર કાઢી તેથી દેવયાનીએ પોતા સાથે લગ્ન કરવા માગણી કરી. યયાતીએ બ્રાહ્મણ પુત્રી સાથે લગ્ન કરવાં એ પાપ માન્યું. પરંતુ દેવયાનીએ કહ્યું કે બૃહસ્પતીના પુત્ર કચ્ચનો મને શ્રાપ છે કે "તુને બ્રાહ્મણ નહિ પરણે" વળી જમણો હાથ પકડી મને કુવામાંથી કાઢીછે અને તમોએ આપેલ વસ્ત્ર મેં માથે ઓઢેલ છે આજ દિવસ સુધી કોઇપણ પુરૂષનો સ્પર્શ મને થયો નથી આજે તમારો સ્પર્શ થતાં હું તમારી થઇ ચુકી માટે તમોનેજ પરણીશ. આમહ જોઇ યયાતી દેવયાનીને પરણ્યા અને સર્મિષ્ઠા દાસી થઇને રહી. દેવયાનીને યદુ અને તુર્વસુ બે પુત્રો થયા. અને સર્મિષ્ઠાને દ્રુહ્યુ, અનુ અને પુરૂ ત્રણ પુત્રો થયા. સર્મિષ્ઠા સાથે યયાતિનો અતિ સ્નેહ બંધાતા દેવયાની ક્રોધ પામી પોતાના પિતાને ઘેર ચાલી-ગઈ. યયાતી કામ વિહ્વળ થઇ તેડવા ગયો શુક્રાચાર્યે શ્રાપ આપ્યો કે તેં મારી દીકરીનો અપરાધ કર્યો છે. માટે "વૃદ્ધ થઇજા" ઘણી વિનંતી રાજાએ કરી એટલે શુક્રાચાર્યે કહ્યું કે "તારો કોઇ પુત્ર તારી વૃદ્ધા અવસ્થા લેશે તો તેટલો વખત તું યૈાવન પામી સંસારમાં સુખ ભોગવી શકીશ" પોતાની વૃદ્ધઅવસ્થા સ્વી-કારવા યદુને કહ્યું તેણે ના પાડી તેથી સર્મિષ્ઠાના પુત્ર પુરૂએ પિતાનું ગઢપણ સ્વીકારી પોતાનું યૈાવન આપ્યું યયાતિ કેટલોક કાળ સંસારસુખ ભોગવી સ્વર્ગે ગયા. તે પુરૂના વંશમાં પાંડવ કૌરવો વિગેરે થયા. પુરૂરવાથી ૪૧ મી પેઢીએ ધર્મ રાજા (યુધિષ્ઠર) થયા હતા.

૭ યદુ (ચંદ્રથી ૭ મો)

આ યદુ રાજા મહા પરાક્રમી ચક્રવર્તિ રાજા હતા. આ રાજાથી એના કુલમાં થયેલા રાજાઓ યદુવંશી કહેવાયા અને તે પછીના ૩૩ રાજાઓની ખાસ જાણવા યોગ્ય હકીકત નહી મલતાં નીચે મુજબ ફક્ત નામો આપવામાં આવેલ છે અને એમાં આપેલા આંકડા ચંદ્રથી તેટલામો પુરૂષ છે તેમ સમજાવનારા છે.

ચંદ્રથી ૮મો કોષ્ટા ૧૬ ઉષ્ણુ ૨૪ દાસાર્હ ૩૨ કુરંભી
૯ પ્રજીનવાન ૧૭ રૂચક ૨૫ વ્યોમ ૩૩ દેવરાત
૧૦ સ્વાહી ૧૮ જયામેઘ ૨૬ જીમુતક ૩૪ દેવક્ષત્ર
૧૧ રૂષેકુ ૧૯ વિદર્ભ ૨૭ વિકૃતિ ૩૫ મધુ
૧૨ ચિત્રરથ ૨૦ કથ ૨૮ ભિમરથ *૩૬ કુરૂ
૧૩ શશબીન્દુ ૨૧ કુંતિ ૨૯ નવરથ ૩૭ અનુ
૧૪ પ્રથુસવા ૨૨ ધૃષ્ટિ ૩૦ દશરથ ૩૮ પુરૂહોત્ર
૧૫ ધર્મ ૨૩ નિવૃતિ ૩૧ સકુની ૩૯ આયુ
૪૦ સાત્વત

એ સાત્વતને સાત પુત્રો હતા તેમાંથી વૃષ્ણિ ગાદીએ બેઠો.

૪૧ વૃષ્ણિ (ચંદ્રથી ૪૧મો ચક્રવર્તિરાજા)

વૃષ્ણિરાજા મહા તેજસ્વી અને પરાક્રમી થયા, તેણે અનેકવાર પૃથ્વીના રાજાઓને જીતી પોતે ચક્રવર્તિ થયા હતા તેણે વેદધર્મને ફરજીયાત પૃથ્વીમાં ફેલાવેલ હતો. આવા ધર્મિષ્ટ અને પ્રતાપી રાજાના નામથી યાદવો વૃષ્ણિક 'કે' વૃષ્ણિય (વૃષ્ણિક ગોત્ર) કહેવાયા તે પછી

ચંદ્રથી ૪૨ સુમીત્ર ૪૫ વૃષ્ણિ ૪૮ સુર ૫૧ સ્વયંભોજ
૪૩ શિની ૪૬ ચિત્રરથ ૪૯ ભજમાન ૫૨ હૃદીક
૪૪ અનમિત્ર ૪૭ વિદુરથ ૫૦ શિની ૫૩ દેવમીઢ
૫૪ સુરસેન

સુરસેનને નવ દીકરા અને પાંચ દીકરીઓ હતી તેમાં મોટા વસુદેવ હતા અને તેની મોટી પુત્રી વૃદ્ધશર્મા રાજાને આપી તેનો દંતવક્ર થયો હતો તેથી નાની પૃથાને કુંતીભોજ રાજાએ દીકરી કરી ઉછરી મોટીકરી તેથી તેનું નામ કુંતી પડયું તે પાંડુ રાજાને પરણાવી તેના પાંચ પાંડવો થયા સૂતસવા સૌથી નાની હતી તેને ચૈદય રાજાને પરણાવી હતી તેનો શીશુપાલ થયો.

૫૫ વસુદેવ (ચંદ્રથી ૫૫ મા થયા)

વસુદેવને ૧૪ સ્ત્રીઓ હતી તેમાંની સાતતો મથુરાના રાજા કંસની બેનો હતી કંસની બેન દેવકીજી સાથે લગ્ન કરતી વખતે કંસે આકાશવાણીથી સાંભળેલ

* કોઇ ઇતિહાસમાં નં. ૩૬ મે નવરથ લખેલ છે પરંતુ શ્રી. ભા. માં તે નામ નથી પણ કુરૂનું નામ આવેછે તેથી અમે પણ શ્રી. ભા. પ્રમાણેજ પેઢી નામું રાખેલ છે.

કોઈ ઇતિહાસકાર સુમીત્ર પછી યુદ્ધાજીતને તેનાં પુત્ર તરીકે લેખ્યો છે પણ શ્રી. ભા. માં તેનો ભાઈ હતો.

શ્રી. ભા. માં હૃદીક લખેલ છે.

કે "દેવકીનો આઠમો ગર્ભ તુંને મારશે" તેથી કંસે પોતાની બેન દેવકી તથા વસુદેવને કારાગૃહમાં કેદ કર્યાં અને એક પછી એક છ પુત્રોને શીલાપર પછાડી ઠાર કર્યા સાતમા ગર્ભે રોહિણીના ઉદરમાં પ્રવેશ કર્યો (જે બળભદ્ર નામે પ્રસિદ્ધ થયા) દેવકીનો સાતમો ગર્ભ સ્રવીગયો એમ બહાર પડતાં કંસ આઠમા ગર્ભની રાહ જોતો રહ્યો આઠમી વખતે પ્રસવ થતાંજ વસુદેવે તે બાળક *(શ્રીકૃષ્ણ) ને લઇ યમુનાજી ઓળંગી પોતાના મિત્ર નંદરાજાને ત્યાં ગોકુળમાં લઇ ગયા અને યશોદાને ત્યાં અવતરેલી કન્યાને લઇ આવી દેવકીના પડખામાં મેલી તેને સવારે કંસે મારી નાખી.

કન્યાને શીલા ઉપર પછાડતાં તે મહામાયા હોવાથી વિજળીરૂપે આકાશમાં ઉડી ગઇ અને કહેતી ગઇ કે "તને મારનારો તો ગોકુળમાં ઉછરે છે." ત્યારથી કંસે શ્રીકૃષ્ણને મારવા અનેક યુક્તિઓ રચી દૈત્યોને ત્યાં મોકલેલ પણ તેમાં તે નિષ્ફળ ગયો. વસુદેવને આઠ કુંવરો ઉત્પન્ન થયા, ૧ કીર્તિમાન ૨ સુસેણ ૩ ભદ્રસેન ૪ રજી ૫ સમર્દન ૬ ભદ્ર ૭ બળભદ્ર અને ૮ શ્રીકૃષ્ણ

૫૬ શ્રીકૃષ્ણ (વિક્રમ સંવત્ પૂર્વે ૨૫૨૫)

પૃથ્વીનો ભાર ઉતારવા વાસ્તે વર્ષાઋતુમાં શ્રાવણ વદી આઠમને બુધવારને દિવસે રોહીણી નક્ષત્રમાં મધ્ય રાત્રે શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. તે વખતે શુભ નામનો યોગ હતો અને સૂર્ય સિંહરાસીના હતા પૂર્ણ પુરૂષ યદુકુલના શણગાર રૂપ ત્રણે પ્રકારના તાપને મટાડનાર જગતની ઉત્પત્તિ સ્થિતી અને પ્રલયના કરનાર પ્રચંડ પરાક્રમવાળા વિરોમાં વિરતાનું કિરણ પ્રેરનાર ને ઘણા વિદ્વાનો માત્ર વીર પુરૂષજ કહીને સંબોધે છે તે દેખીતો ધર્મપક્ષપાત છે.

જેના આજે અનેક ભાષામાં ભાષાંતરો થયાં છે અને જે ઘેર ઘેર દેવની પેઠે પૂજાય છે. તે ગીતારૂપી અમૃતપાન પાનારા વિદ્વાનોના પ્રોફેસર વીરોમાં વીર શ્રેષ્ટ અને યોગીના યોગેંદ્ર સાક્ષાત્ વિષ્ણુભગવાનરૂપેજ શ્રીકૃષ્ણચંદ્રનો અવતાર હતો. જેના કાવ્યો કવિશ્વર વ્યાસજીથી લઈ આજ દિવસસુધી અનેક કવિઓ તથા સંત મહાત્માઓએ રચી જગતને તે અવતારી પૂર્ણપુરૂષોત્તમ પ્રભુનું જ્ઞાન કરાવેલ છે.

એટલી નાની વય (૧૧ વર્ષ અને ૫૨ દિવસો)માં વિસ્મય પમાડે તેવાં

* બેડીઓનું તુટવું, કારાગૃહના બંધીખાનનાં દ્વારો ઉઘડવાં અને વર્ષાઋતુના શ્રાવણ માસમાં બે કાંઠામાં વહેતી યમુનાજી ઓળંગી ગોકુલના દ્વારોમાં પ્રવેશી કોઇના જોવામાં ન આવે તેમ ત્યાંથી કન્યાનો અદલો બદલો કરી મથુરામાં પાછું આવવું તેમજ કન્યાનું આકાશ-માર્ગે ઉડીજવું એ બધું સાક્ષાત્ પરમાત્માના અવતારરૂપ શ્રીકૃષ્ણચંદ્રની માયા કે યોગબળ વડેજ થયું હતું.

કાર્યો શ્રીકૃષ્ણ પરમાત્માએ કર્યાં છે. તેવાં કાર્યો ગમે તેવા મહાન્ પુરૂષે આખી જીંદગીમાં પણ નહિં કર્યા હોય તેઓશ્રીના લીલા ચરિત્રોના ગ્રંથોના ગ્રંથો લખાયેલા છે, જેથી વિશેષ વર્ણન નહિ કરતાં માત્ર સંક્ષેપમાં તેઓના ચરિત્રોનું એક કાવ્ય આ નીચે આપેલ છે;

જે કાવ્ય શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાન કવિશ્વર શ્રી બ્રહ્માનંદ સ્વામિએ વિ. સં. ૧૮૮૪ ના વૈશાખ વદ બીજના રોજ જુનાગઢ મંદિરમાં રાધારમણ દેવની પ્રતિષ્ઠાને સમયે રચેલું છે, જે નીચે મુજબ છે.

॥ શ્રી રાધા રમણ દેવનો છંદ ॥

॥ દોહા ॥

રહોઅંતર રાધારમન, સુંદરવર ઘનશ્યામ ॥
ભવજલપાર ઉતારહી, નીગમસાર જેહીનામ ॥ ૧ ॥

॥ છંદ જાતી ગીયા માલતી–હરીગીત ॥

જેહીનામઆધા ગયંદસાધા જલઅગાધા અંતરે ॥
જબજૂડખાધા કરીહાધા સરણલાધા અનુસરે ॥
મીટગઇઉપાધા ચેનબાધા બંધદાધા ધાકરી ॥
જય રમનરાધા મીત્રમાધા હરનબાધા શ્રી હરી ॥ જય રમનરાધા ॥ ૧ ॥
વસુદેવદ્વારે દેહધારે ભારટારે ભોમકે ॥
સુર કાજસારે સંતતારે દ્વેષીમારે હોમકે ॥
સુરપતીહંકારે મેઘવારે બ્રજઉગારે ગીરિધરી ॥ જય રમનરાધા ॥ ૨ ॥
બકલીનપ્રાના સકટભાના જગતજાના જોરહે ॥
બ્રજહોતુફાના વ્યોમતાના કંઠઠાના દોરહે ॥
અતિસેમુંજાના મૃત્યુમાના કરિબીછાના સિલપરી ॥ જય રમનરાધા ॥ ૩ ॥
રાધાસુગોરી વયકીસોરી સાંજભોરી નીસરે ॥
તબ આતદોરી અંગખોરી દાનચોરી સિરધરે ॥
કરીદ્રગકઠોરી જોરજોરી બાંહમોરી બલકરી ॥ જય રમનરાધા ॥ ૪ ॥
નટવરતરંગી ચાલચંગી નવલરંગી નાથજ્યું ॥
લટકેકલંગી માનતંગી જીતજંગી હાથજ્યું ॥
તનતંત્રીભંગી ગોપસંગી ત્રીયઉમંગી ઇક્ષરી ॥ જય રમનરાધા ॥ ૫ ॥
મુરલીબજૈયા ગોપરૈયા લારગૈયા બનફીરે ॥

बलदेवभैया संगलैया ब्रजकनैया बीचरे ॥
बलीजातभैया नृतकरैया कहतथैया फरीफरी ॥ जय रमनराधा ॥ ६ ॥
पुतनां ज्युंमारी नथ्योकारी धेनुचारी प्रीतसे ॥
त्रियगोपतारी वृजबीहारी रमनन्यारी रीतसे ॥
द्विजदेवनारी समजसारी अचलयारी अनुसरी ॥ जय रमनराधा ॥ ७ ॥
अहीनथ्योकाला जहरबाला सहीतताला नृत्य करे ॥
विषतोयटाला जीयतबाला हरीकृपाला नज्जरे ॥
गलफूलमाला संगग्वाला बातलाला बांसरी ॥ जय रमनराधा ॥ ८ ॥
वृजकेवीलासी प्रेमपासी वदनहासी मंदज्युं ॥
जुधकेअध्यासी दुष्टनासी जनप्रकासी चंदज्युं ॥
रसरुपरासी नीतहुलासी अरण्यवासी श्रीयतरी ॥ जय रमनराधा ॥ ९ ॥
प्रेमीखजीना रंगभीना तिलकदीना भालज्युं ॥
वसुकोपकीना जानदीना राखलीना ग्वालज्युं ॥
ज्याकेअधीना लोकतीना प्रविना सर्वोपरी ॥ जय रमनराधा ॥ १० ॥
वृजनारवाली मुक्तमाली नयनलाली रेखहे ॥
फनीदम्योकाली करीबेहाली श्रीयउताली देखहे ॥
द्रहकीनखाली पीरटाली चरीत्रभाली श्रीवरी ॥ जय रमनराधा ॥ ११ ॥
वनमेविलासा होहुलासा रमतरासा रंगमे ॥
कुलदैत्यनासा करीतमासा अतिउजासा अंगमे ॥
मुनीब्रह्मदासा रखोपासा दर्सआशा उरखरी ॥ जय रमनराधा ॥ १२ ॥

॥ छप्पय ॥

बाधा हरन ब्रजेश, वेशनर कुंजविहारी ॥
ले मुरली नीजहाथ, नाथतारे नरनारी ॥
दिनदिन चरीत्र उदार, भारमही हरण भुजाकर ॥
मनहर नंदकुमार, नारकर प्यार निरंतर ॥
रसरूप भूप राधारमन, अजबछबी बनी आजकी ॥
कहे **ब्रह्ममुनी** ममउरसदा, रहोमूर्ति ब्रजराजकी ॥ १ ॥'

॥ सोळ चिन्ह वर्णन छप्पय ॥

स्वस्ति[1] अष्टकोण[2] वज्र,[3] व्योम[4] जव[5] धनुष[6] विराजत ॥
गौपद[7] इंन्दु[8] अडोल, ध्वजा[9] अरु मीन[10] चपल अत ॥
अंबु[11] जंबु[12] शुभ कुंभ,[13] धरतजन ध्यान निरंतर ॥
तीनकोन[14] अंकुश[15] हरीजन दोष दुःखहर ॥
शुभ सोल चीन्ह है चरनमें, ऊर्ध्वरेख[16] मन आत हे ॥
तेही चित्त देत भवजल तरत, **भीमभक्त** गुन गात हे ॥ १ ॥

ચર્ણારવિન્દમાં સોળ ચિન્હો શોભી રહ્યાં છે. તેવા શ્રીકૃષ્ણપરમાત્મા ગોકુળમાં ઉછરવા લાગ્યા ત્યાં ગાયો ચારી. વૃંદાવનમાં લીલાકરી કાળીનાગ નાથ્યો અને બગાસુર, સકટાસુર, વૃષભાસુર, કેષી, પુતના, વિગેરે રાક્ષસોને માર્યા, ગોવર્ધન તોલ્યો, પછી અક્રુર અને બલભદ્રની સાથે મથુરાં ગયા ત્યાં ચાણુર મુદ્રિકને મલ્લ યુદ્ધમાં મારી પોતાના મામા કંસને સિંહાસન ઉપરથી ચોટલો ઝાલી ખેંચી પછાડ્યો અને તલવારના પટ્ટાયુદ્ધથી તેને ઠાર માર્યો, ઉગ્રસેનને મથુરાની ગાદી ઉપર બેસાર્યા, પછી કંસના ભાઇ સુનામા નામના રાજાને લડાઇમાં હરાવી માર્યો.

જરાસંધને પોતાનો જમાઇ કંસ મરાયાના ખબર થતાં મથુરાં ઉપર ૧૭ વખત ચડી આવ્યો અને હારપામી પાછા ગયો, તેથી અઢારમી વખત પ્રચંડ સૈન્ય લઇ આવવાની તૈયારી કરતો હતો, તેમજ કાળયવન ત્રણ કરોડ મ્લેચ્છાને લઇ આવેછે તેવા ખબર કૃષ્ણને મલતાં, બન્ને બાજુના ધસારા સામી લાખોની કત્લ નિરર્થક નહિં ચલાવતાં, તેમજ વખતો વખત આવી ઉપાધીઓ થતાં તેથી રહિત રહેવાનું ધારી, આનર્ત દેશમાં આવી "દ્વારિકાં" નામની પુરી વસાવી ત્યાં ગાદી સ્થાપી રહ્યા.

દ્વારિકાં નગરીને ફરતો ૯૬ માઇલનો કિલ્લો બાંધ્યો આ નગરીમાં શીલ્પ શાસ્ત્રને અનુસારે ચોટા, ચોક, રાજમાર્ગ, નાનીમોટી શેરીઓ, ઉઘાનો, ગામ વચ્ચેના બગીચા, ઉપવનો, શહેરબહારના બગીચાઓ, આકાશસાથે વાતો કરનારા મહેલો, સભાસ્થાનો હવેલીઓ રાજમહાલયો ત્રાંબાપિત્તળ અને રૂપાના કોઠાઓથી સુશોભીત દુશ્મનોથી દુર્ગમ્ય એવી નગરી વસાવી રહ્યા.

એ નગરી કઇ જગ્યાએ હતી એ વિષે ઘણા મત ભેદો છે. કોઇ ઇતિહાસકાર કહેછે કે ગિરનાર અને કોડીનારના પાસે હતી, અને વેરાવળ, પોરબંદર, તેના પસાં હતાં, ત્યારે બીજો ઇતિહાસકાર કહેછેકે સંખોદ્ધાર બેટમાં અમુક વખત રહી હાલની દ્વારકાની બાજુમાં મૂળ દ્વારકા જે દરીઆમાં ડુબી ગઇછે તે ત્યાં હતી. અને હાલ જે બાલાચડી (જે જામનગર સ્ટેટમાં દરીઆ કીનારે) છે તે જગ્યાએ દ્વારકાનાં મૃત છોકરાંઓને દાટતા, હાલ પણ ત્યાં બાલશ્રાદ્ધ થાય છે. એ બાલાચડીથી

ઉત્તરે દરીઆની ખાડી છે. ત્યાં દર વર્ષે અખાત્રીજનારોજ મોટા ભરતીઓટ થતાં મુળ દ્વારકાનાં ખંડેરો હાલ પણ દરીઆમાં નજરે પડેછે તે દરવર્ષે માત્ર ત્રણજ કલાક દર્શન થાયછે. તેમ તે તરફના રહેનારાઓ કહેછે.

ગમે ત્યાં હોય પણ એ શહેર અવર્ણનીય બાંધણીનું અને વિશાળ હતું એ નક્કી છે. કેટલાક જુના ગ્રંથોમાં એ દ્વારીકાપુરીનો ૮૦૦ આઠસો માઇલમાં ઘેરાવો હતો એમ લખેલ છે, તેમજ તેમાં ૧૫ થી ૧૬ લાખ માણસની વસ્તી હતી. યાદવાસ્થળી વખતે નાશ પામેલા યાદવોની ચારલાખ સ્ત્રીઓ દ્વારકામાં હતી. એવું મહાભારતમાં લખેલ છે. તો તેટલાજ યાદવો પણ હશે અને તેથી બમણી ઇતર વર્ણની પ્રજા (વસ્તી) હોવી જોઇએ એ વખતે દ્વારકાપુરી આર્યાવર્તમાં મોટામાં મોટી નગરી ગણાતી.

શ્રીકૃષ્ણને આઠ પટરાણીઓ હતી, તેમાં કંદહારમાં આવેલ કુંદનપુરનારાજા ભીમકરાજાની કન્યા રૂક્ષ્મણીને હરણકરી લાવેલ તે મુખ્ય હતાં, તેમજ ભોમાસુરને મારી તેના બંદીખાનામાંથી છોડાવી લાવેલી હજારો રાજ્યકન્યાઓ સાથે પોતે પરણેલ હતા.

આઠ પટરાણીઓને નીચેમુજબ સંતાનો હતાં.

૧ રૂક્ષ્મણીને—પ્રદ્યુમ્ન, ચારૂદેષ્ણ, ચારૂદેહ, સુચારૂ, ચારૂગુપ્ત, ભદ્રચારૂ, ચારૂચંદ્ર, વિચાર, ચાર, અને ચારૂમતી, કન્યા હતી. ૨ જાંબુવતીને–શાંબ, સુમિત્ર, પુરૂજીત, સતજીત, સહસ્રવિજય, ચિત્રકેતુ, વસુમાન; દ્રવિડ, ઋતુ, અને એક કન્યા હતી. ૩ સત્યભામાને—ભાનુ, સુભાનુ, પ્રભાનુ, શ્રીભાનુ, પ્રતિભાનુ, અને એક કન્યા હતી. ૪ ભદ્રાને-સંગ્રામજીત, બૃહતશેન, સૂર, પ્રહર્ણ, અરીજીત,જય,સુભદ્ર,વાયુ, આયુ, સત્યક, અને એક કન્યા હતી. ૫ મિત્રવિન્દાને—વ્રક, હર્ષ, અનિલ, ગૃધ્ર, વર્ધન, ઉન્નાદ, મહાશ, પાવન, વહ્નિન, ક્ષુધીન, અને ૧ કન્યા હતી. ૬ સત્યાને વિર, ચંદ્ર, અશ્વસેન, ચિત્રગુપ્ત, વેગવાન, વૃષ, આમ, શંકુ, વસુ, અને કુંતિ નામની કન્યા હતી. ૭ કાલિંદીને—શ્રુત, કવિ, વૃષ, વરી, સુબાહુ, ભદ્ર, શાંન્તિ, દર્સ, પુર્ણમાસ. સોમક, અને એક કન્યા હતી. ૮ લક્ષ્મણાને—પ્રઘોષ, ગાયવાન, સિંહ, બલ, પ્રબલ, ઉર્ધ્વગ, મહાસકતી, સહ, ઓજ, અપરાજીત, અને ૧ કન્યા હતી. એ પ્રમાણે સંતાનો હતાં.

દ્વારકામાં શ્રીકૃષ્ણ વસવા આવ્યા ત્યારે કાળયવન પાછળ આવ્યો કૃષ્ણ એકલા ગિરનાર ઉપર ચડીગયા પાછળ યવન ચાલ્યો ત્યાં એક મોટી ગુફામાં કાળાંતરથી સુતેલ મુચકંદ રાજા ઉપર કૃષ્ણે પોતાનું વસ્ત્ર (પીતાંબર) ઓઢાડી દઇ પોતે એક બાજુ છુપાઇ રહ્યા. કાળયવને પાછળ પાછળ આવી. તે વસ્ત્ર ઉપરથી ધારેલ કે કૃષ્ણ સુતેલ છે, તેથી ઉઠાડવા પાટુ મારી (મુચકંદને દેવો તરફથી વર હતો કે જે તને "નિદ્રામાંથી જગાડશે તેમજ જેના ઉપર તારી પ્રથમ દ્રષ્ટી પડશે તે બળીને ભસ્મ થઇ જશે.")

એથી મુચકંદની દ્રષ્ટીથી કાળયવન બળવા લાગ્યો. એ વખતે શ્રી કૃષ્ણ પરમાત્માએ પ્રગટ થઇ દર્શન આપ્યું મુચકંદનો ઉદ્ધાર કરી તેને તેના સ્થાનકે મોકલ્યો પ્રભુના ચર્ણારવિન્દમાં મૃત્યુ પામેલો કાળયવન હાલ ગિરનારમાં'દાતારપીર'થઇ પૂજાય છે.

દ્વારિકામાં નિવાસ કર્યા પછી કૃષ્ણે અનેક કામો કર્યાં છે. પાતાળમાં જઇ પંચજન્ય રાક્ષસોનો વધ કરી પંચજન્ય શંખ મેળવ્યો. ખાંડવ વનમાં અર્જુનની સાથે રહી સુદર્શન ચક્ર મેળવ્યું; ગુરૂ ઉપર બેસી ઇન્દ્રની રાજધાની અમરાવતીમાં જઇ પારિજાતક વૃક્ષ લઈ આવ્યા, નાગજીતના પુત્રોને જીતી સુદર્શન રાજાને બંધન મુક્ત કર્યો એકલવ્ય અને જંભનામના દૈત્યોને માર્યા, સાલ્વ રાજાને જીતી સતઘ્ન નામનું શસ્ત્ર મેળવ્યું.

કૃષ્ણને મળવા માટે અર્જુન દ્વારિકામાં ગયો હતો. ત્યાં ખાનગીમાં કૃષ્ણની સમતિ લઇ સુભદ્રાનું હરણ કરી તે સાથે અર્જુને લગ્ન કરેલ હતું. યુધિષ્ઠિરને રાજસુયજ્ઞ કરવાની ઇચ્છા થતાં શ્રીકૃષ્ણે પ્રથમ ભીમસેન પાસે જરાસંધનો વધ કરાવ્યો; રાજસુયજ્ઞ વખતે શીશુપાળે કૃષ્ણને એકસો એક ગાળો દીધી તેથી કૃષ્ણે સુદર્શન ચક્ર મુકી શીશુપાળનું માથું કાપી નાખ્યું. એવીરીતે જરાસંધ અને શીશુપાલનો વધ કર્યા પછી અંગ બંગ વિગેરે દેશ કૃષ્ણે તાબે કર્યા. પાંડવો જુગારમાં દ્રૌપદીને હારી જતાં સભામાં દુશાસન તેને નગ્ન કરવા લાગ્યો એ વખતે યોગબળથી હદ્દ વસ્ત્ર પુર્યાં પાંડવનો વનવાસ પુરો થયા પછી રાજ્ય પાછું આપવા અને યુદ્ધ ન કરવા માટે પોતે કૌરવો પાસે વષ્ટી કરવા લાગ્યા. પણ કૌરવોએ એકે વાત કબુલ રાખી નહિં, છેવટ મહાભારતનું યુદ્ધ થયું; તેમાં યાદવોનું કેટલુંક સૈન્ય કૌરવોને મદદમાં આપ્યું પોતે તથા કેટલાક યોદ્ધાઓ પાંડવોના પક્ષમાં રહ્યા રણક્ષેત્રમાં અર્જુન પોતાના સગાવ્હાલાઓ અને ગુરૂ વડીલોને જોઇ ગોત્રહત્યા (યુદ્ધ) નહિં કરવા કહેતાં શ્રી કૃષ્ણે એ વખતે તેને ગીતાનો બોધ આપી લડવા તૈયાર કર્યો, તેનો વ્યામોહ નષ્ટ થયો, અને ભયંકર યુધ્ધને અંતે પાંડવોનો વિજય થયો. આ યુધ્ધમાં અઢાર અક્ષોહણી સૈન્યનો નાશ થયો હતો.

શ્રી કૃષ્ણને અષ્ટ પટરાણીઓમાં શ્રી રૂક્ષમણીજી મુખ્ય પટરાણી હતાં, અને તે થકી પાટવી કુમારશ્રી પ્રદ્યુમ્નનો જન્મ થયો હતો, એપ્રદ્યુમ્નના પાટવી કુમારશ્રી અનિરૂધ્ધજી મીસરદેશના સોણીતપુર શહેરના રાજા બાણાસુરની કુંવરી ઉષા (ઓખા)નું હરણ કરી લાવ્યા હતા. એ યુધ્ધમાં બાણાસુરના બંને હાથો શ્રી કૃષ્ણપરમાત્માએ કાપી નાખ્યા હતા. (એ સવિસ્તર હકીકત શ્રી. ભા. ના. દસમ ઉત્તરાર્ધમાં અ.-૬૨-૬૩માં છે)

કેટલોક સમય વીત્યે 'વિનાશ કાળે વિપરીત બુધ્ધિ' એ સુત્ર પ્રમાણે યાદવોના કુમારોએ મળી જાંબુવતીજીના પુત્ર 'શાંબ' ખુબસુરત હોવાથી તેને સ્ત્રીના વેશ પહેરાવી સર્વ દુર્વાશાઋષિ આગળ ગયા અને ઋષિને પ્રશ્ન પુછયો કે આ સ્ત્રીને-પુત્ર આવશે? કે પુત્રી? દુર્વાશાએ યોગસામાધીથી તેઓનું કપટ જાણી

×શાંબના સામું જોઇ શ્રાપ આપ્યો કે 'તું જે વસ્તુને જન્મ આપીશ તે તારા સર્વ કુળ (યાદવકુળ)નો નાશ કરશે' એ સાંભળી સર્વ યાદવો શરમીંદા થયા, ઋષિરાજના શ્રાપ મુજબ શાંબે બાંધેલા ડાબરીઆનો આકાર કંઇ જુદીજ રીતનો ભયાનક થતાં તે ઘસાવી તેનો ભુકો ઠેઠ પ્રભાસ કિનારે દરીયામાં નખાવ્યો કેટલેક કાળે શ્રી કૃષ્ણપરમાત્માની ઇચ્છાથી સહુ પ્રભાસક્ષેત્રમાં ગયા ત્યાં મદીરા પી અને સહુ યાદવો ઉન્મત થતાં પરસ્પર યાદવોએ નાખેલા ભુકાની પાન ઉગતાં તેની કુંડીઓથી તેજ લડી મુવા,એ અંદર અંદરનો સંહાર 'યાદવાસ્થલી'ના નામે ઓળખાય છે. જ્યારે તે શોકજનક બનાવ બન્યો ત્યારે શ્રી કૃષ્ણપરમાત્માએ પણ ત્યાં પીપળાના વૃક્ષનીચે આ ભૌતિક શરીરનો ત્યાગ કર્યો. એ વખતે પોતાના સારથી* દારૂક તથા સખા ઉધ્ધવજીને કહ્યું કે 'મારા સ્વધામ ગયા પછી દ્વારીકાંનગરીને સમુદ્ર આઠ દિવસમાં (મારા નીવાસ સ્થાન સીવાયને) બોળી દેસે માટે તમો જલદી દ્વારીકાં જઇ આ યાદવોના નાશની સર્વ હકીકત સર્વને કહેજો અને ત્યાં રહેલું મારૂં સર્વ કુટુંબ અર્જુનની સાથે ઇન્દ્રપ્રસ્થ જાય ને ત્યાં વજ્રનાભનો રાજ્યાભિષેક કરે' એથી તેઓ બન્ને દ્વારીકાં આવ્યા અને ત્યાં સર્વ હકીકત કહી, તે પછી, કેટલીએક સ્ત્રીયોને સત ચડતાં સર્વ પ્રભાસક્ષેત્રમાં આવ્યાં. ત્યાં સતિઓ થવાની ક્રિયામાંથી બચેલી સ્ત્રીઓ વૃધ્ધો અને બાલકોને લઇ અર્જુન ઇન્દ્રપ્રસ્થ તરફ જતા હતા, ત્યાં રસ્તામાં જંગલી કાબા લોકો મળ્યા. અને સર્વેને લુંટવા લાગ્યા. અર્જુન સમર્થ બાણાવળી છતાં શ્રી કૃષ્ણના મરણ પછી એટલા બધા દુઃખીત થયેલ કે કાબાઓને મારવા માટે ક્રોધ ઉત્પન્ન થયો નહીં અને એ શોકાતુરદશામાં મારેલાં બાણોથી+ કાબા ઉપર વિજય મેળવી શકયા નહિં. ત્યાંથી સર્વને લઇ તેઓ ઇન્દ્રપ્રસ્થ આવ્યા અને ત્યાં અનિરૂધ્ધના પાટવી કુમારશ્રી 'વજ્રનાભ' નો રાજ્યાભિષેક કર્યો એ વજ્રનાભે પોતાની જુની રાજધાની (દ્વારીકાંપુરી)માં ‖ એક વિશાળ મંદીર બંધાવી તેમાં પિતામહ શ્રીકૃષ્ણપરમાત્માની મૂર્તિ પધરાવી હતી, જે મંદિર હાલ પણ હજારો વર્ષની સાક્ષી પુરતું શ્રી કૃષ્ણના નિવાસસ્થાનમાં વિદ્યમાન છે, વજ્રનાભના મોશાળ પક્ષમાં બાણાસુરના મરણ પછી (તેનો પુત્ર સગીરવયનો હતો, તે પણ થોડા કાળે મરણ પામતા) સોણીતપુર (ભીસર)ની રાજ્યગાદી §વજ્રનાભને મળી તેથી તેણે સહ કુટુંબે ત્યાં જઇ નિવાસ કર્યો. વજ્રનાભ

× શ્રી.ભા. એકાદશ સ્કંધ અધ્યાય ૧માં શાંબે કપટવેશ પેર્યો અને શ્રાપ થયો તે સર્વ હકીકત છે.
* શ્રી. ભા. એકાદશ સ્કંધ અધ્યાય ૩૦માં પ્રભાસક્ષેત્રમાં સર્વ યાદવોના નાશની હકીકત છે.
* શ્રી. ભા. એકાદશ સ્કંધ અધ્યાય ૧૧માં સ્વધામ પધાર્યાની તથા વજ્રનાભના રાજ્યાભિષેક કર્યાની સર્વ હકીકત છે. +તે વિશે પ્રાચીન દુહો છે કે,–સમય બોત બળવાન હૈ, નાંહી પુરૂષ બલવાન ॥ કાબે અર્જુન લુંટીઓ, ઓહી ધનુષ ઓહી બાણ ॥ ૧ ॥ ‖ સ્કંધપુરાણ દ્વારિકા મહાત્મ્ય અધ્યાય ૧ શ્લોક ૧૬મે એ દેવાલય વજ્રનાભે ચણાવ્યાનું લખેલ છે.
§ ઘણા ઇતિહાસકારોએ વજ્રનાભને બદલે શાંબના પુત્ર ઉષ્ણીકને યાદવાસ્થળીમાં જીવતો રાખી બાણાસુરનો પ્રધાન કૌભાંડ અપુત્ર ગુજરી જતાં સોણીતપુરની ગાદી ઉષ્ણીકને મળી.

પછી જે રાજાઓ ગાદીએ આવ્યા તેની ખાસ જાણવા યોગ્ય હકીકત નહીં મળતાં ફકત આ નીચે તેઓના નામો આપવામાં આવેલાં છે. એ નામો વિ સંવત્ પૂર્વે ૨૨૭૨થી વિ. સંવત્ શરૂ થયો ત્યાર સુધીના રાજાઓના નામ છે. અને તે ચંદ્રથી તથા શ્રીકૃષ્ણથી કેટલામી પેઢીએ થયા તે જાણવા માટે તેઓના નામો આગળ નંબર આપેલા છે

અને તેનો વંશ ચાલ્યો, તેમ લખે છે. પરંતુ કૌભાંડનું તો ખાસ (કોઇ વહીવંચાઓએ) કૌભાંડજ રચેલું છે. કારણ કે ખાણાસુરનો દોહીત્ર વજ્રનાભ હતો, નહીં કે ઉષ્ણીક, વળી ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત તો એ છે કે યાદવોના નાશનો શ્રાપ મેળવવામાં મુખ્યપાત્ર શાંબજ હતો, અને ઋષીરાજે તે શાંબના કપટને કળી લઇ તેનેજ સંબોધી શ્રાપ આપેલ હતો, અને જેના પરીણામે યાદવાસ્થળી થઇ તો શ્રાપીત એવો જે શાંબ તેનો વંશ તે કયાંથીજ ચાલે? કારણ કે તેનેજ મુખ્ય પાઠ ભજવી ઋષીને છેડયા હતા, કદાચ ઘડીભર માનો કે તેના વંશમાં ઉષ્ણીક થયો હોય તો પણ તે રાજ્યગાદીને યોગ્ય ન હતો કેમ કે જાંબુવંતી એ એક રખાયત રાણી હતી, હાલ પણ દ્વારીકામાં અષ્ટપટરાણીઓને મંદિરેથી શ્રીકૃષ્ણપરમાત્મા માટે રાજ-ભોગના થાળો ધરાવા આવે છે, તેમાં જાંબુવતીજીના મંદિરેથી જે થાળ આવે છે તેમાં જરા પણ 'અનસખડી' આવતી નથી. માત્ર 'સખડી'જ પીરસાય છે(એટલે રાંધેલું કંઇ પણ અનાજ નહીં હોતાં માત્ર ચોખું ન અભડાય તેવું મિષ્ટાન આવે છે.) તો જેના હાથની રસોઇ નથી ખપતી ત્યાં તેના પુત્રને ગાદીનો વારસો કયાંથી મળે? માટે એવાત ગલીત છે વ્યાસમુખથી રચાયેલું મહાભારત અને શ્રીમદ્‌ભાગવત વજ્રનાભને ગાદી મળ્યાનું સ્પષ્ટ કહે છે જેના પ્રમાણો નીચે મુજબ છે,શ્રી મહાભારતના મુશલપર્વમાં અધ્યાય ૭ માં વજ્રનાભનો ઇન્દ્રપ્રસ્થમાં રાજ્યા-ભિષેક કર્યાનું લખે છે,જ્યારે પાંડવોએ સ્વર્ગમાં જવા પ્રયાણ કર્યું. ત્યારે ધર્મરાજા (યુધિષ્ઠીર) એ સુભદ્રાને ભલામણ કરી હતી કે 'તમારા પુત્રનો પુત્ર કુરવંશનો રાજા થશે તથા યાદવોના શેષ રહેલા વજ્રને રાજા કર્યો છે. તો તમારે હસ્તિનાપુરમાં રહેલા રાજા પરિક્ષીતની અને ઇન્દ્રપ્રસ્થમાં રહેલા રાજા યાદવ એવા વજ્રની રક્ષા કરવી, (શ્રી મહાભારત મહાપ્રસ્થાનીકપર્વ-અધ્યાય ૧લો) શ્રી. ભા. એ. સ્કં. અ. ૩૧ શ્લોક ૨૫ સ્ત્રીબાલ અને વૃદ્ધ જે હણાતાં બાકી રહેલાં તેને લઇને અર્જુને ઇન્દ્રપ્રસ્થમાં આવી વજ્રનાભનો રાજ્યાભિષેક કર્યો, શહેનશાહ અકબરના રાજકવિ નરહરદાસજી બારહટે 'અવતાર ચરિત્ર'નામના ગ્રંથમાં પાને ૫૫૪મેં વજ્રનાભના વંશવિસ્તારની નામાવળી આપી તે વંશથીજ યાદવનો વંશ ચાલ્યો છે. તેમ સ્પષ્ટ કહેલ છે જે કાવ્ય નીચે મુજબ છે.(પદ્ધરી છંદ) (પેં વડો પ્રદ્યુમન ધર્મધામ) અનિરૂદ્ધભયો તાકે અજીત ॥ ભો વજ્રનાભ સુતતિહિવિનીતા॥૧॥ સો વજ્રનાભ વજ્રમાંઝવીર। ધર હતે કૃષ્ણ રાખ્યો સધીર॥૨॥ પ્રતિવાહ ભયો તાકો પ્રસિદ્ધ। તાકો–સુસાહુ–ભયો સમર સીદ્ધ॥ સુત ઉપજ્યો તાકે શાંત સેન। સત સેન ભયો તાકે સુખેન॥૩॥યહીં ક્રમ ભયો વિસ્તાર વંશ। પૃથ્વી પ્રસિદ્ધ જાદવ પ્રસંસ ॥૪ (અ. ૬૦) આવા વ્યાસમુનીના પુરાણનાં સર્વ માન્ય પ્રમાણો છે છતાં એક ઇતિહાસકાર પછી બીજાને ઇતિહાસકાર થયો. તેને એવિષે પુરાણાં શાસ્ત્રોનાં પ્રમાણો નહીં જોતાં એક ઉપરથી બીજાએ લીટેલીટો લખી નાખ્યું, પરંતુ જામનગર અને કચ્છભુજના રાજ્યદફતરમાં પ્રદ્યુમ્નનોજ વંશ ચાલેલ છે તેવું સ્પષ્ટ પેઢીનામું છે. અને તે અમારા વિદ્યાવિલાસી મર્હુમ મહારાજા જામ-શ્રીરણજીતસિંહજી સાહેબે સને. ૧૮૩૧માં ચાર્લ્સ બ, એ. કીનકેડ (આઇ. સી. એસ) સાહેબ જ્યારે નવાનગરની હીસ્ટ્રી લખવા આવ્યા ત્યારે તેઓને તે પેઢીનામું બતાવવામાં આવ્યું હતું. અન્ય ઇતિહાસકારોની પેઠે એ મહાન ભુલ મારા ઇતિહાસમાં પણ થવાની અણી ઉપર હતી, પરંતુ અમોને સ્ટેટ તરફથી એ સત્ય પેઢીનામું મળતાં હું એ મહાન ભૂલથી બચવા પામ્યો છું. તે બાતે નામદાર મહારાજ શ્રી મોહનસીંહજી સાહેબ (વિદ્યમાન જામશ્રીના કાકાશ્રી મનુભા-સાહેબ)નો આભાર માની ઋણ મુકત થાઉં છું.

ચં.થી	શ્રીકૃ.થી,	ચં.થી	શ્રીકૃ.થી	ચં.થી	શ્રી. કૃ. થી
૫૭ પ્રદ્યમ્ન	૨	૭૭ મેંગળ	૨૨	૯૭ દેવરથ	૪૨
૫૮ અનિરૂદ્ધ	૩	૭૮ મુલરાજ	૨૩	૯૮ દયાપાલ	૪૩
૫૯ વજ્રનાભ	૪	૭૯ મહિપાલ	૨૪	૯૯ જગદેવ	૪૪
૬૦ પ્રતિવાહુ	૫	૮૦ સીલાજીત	૨૫	૧૦૦ વિક્રમાર્ક	૪૫
૬૧ સુબાહુ	૬	૮૧ જુંજ	૨૬	૧૦૧ અનંપાલ	૪૬
૬૨ શાંતસેન	૭	૮૨ દેવેન્દ્ર	૨૭	૧૦૨ ભોજરાજ	૪૭
૬૩ સત્યસેન	૮	૮૩ ચુડચંદ્ર	૨૮	૧૦૩ ધર્મદેવ	૪૮
૬૪ સુષેન	૯	૮૪ દુર્ગાખ્ય	૨૯	૧૦૪ અંબરીષ	૪૯
૬૫ ગોવિન્દભદ્ર	૧૦	૮૫ વિશ્વધરાહુ	૩૦	૧૦૫ અગ્નિવર્ણ	૫૦
૬૬ સૂર્યમલ	૧૧	૮૬ મુળરાજ	૩૧	૧૦૬ ઉગ્રસેન	૫૧
૬૭ શાલિવાહન	૧૨	૮૭ કાંયોજી	૩૨	૧૦૭ બલકર્ણ	૫૨
૬૮ સતવિજય	૧૩	૮૮ ગોવિન્દમલ	૩૩	૧૦૮ સહસ્રપાલ	૫૩
૬૯ વિશ્વધરાહુ	૧૪	૮૯ આનંદદ	૩૪	૧૦૯ અનીરૂદ્ધ	૫૪
૭૦ ખેંગાર	૧૫	૯૦ ચામુંડ	૩૫	૧૧૦ જયસીંહ	૫૫
૭૧ હરીરાજ	૧૬	૯૧ સર્વલહ	૩૬	૧૧૧ શાંબજી	૫૬
૭૨ સોમ	૧૭	૯૨ દુર્ગાખ્ય	૩૭	૧૧૨ જેઠીજી	૫૭
૭૩ ભીમ	૧૮	૯૩ સાલીવાહન	૩૮	૧૧૩ લક્ષરાય	૫૮
૭૪ ભોજ	૧૯	૯૪ વિક્રમભોજ	૩૯	(આરાજીથી વિક્રમ સંવત્ શરૂ થયો.)	
૭૫ રાજમાણિક	૨૦	૯૫ મહીપાલ	૪૦	૧૧૪ પ્રતાપજી	૫૯
૭૬ મહિપાલ	૨૧	૯૬ ખેંગાર	૪૧	૧૧૫ ગર્વગોડ	૬૦

ઉપર પ્રમાણે વજ્રનાભ સહીત ૫૭ રાજાઓએ ઇજીપ્તમાં (શોણિતપુરમાં) તથા આસપાસના દેશોમાં રાજ્યધાની રાખી હતી. તેઓએ યુધિષ્ઠિર સંવત્ ૩૨૦૦ ત્રણ હજારને બસો વર્ષ રાજ્ય કર્યું, તે પછી રોમનલોકોએ હરાવી ઇજીપ્ત લીધું ત્યારે ગર્વગોડ ઇજીપ્ત છોડી કાબુલ જતી ત્યાં રાજ્યધાની સ્થાપી. તે પછીના રાજાઓ ૧૬ થયા તેણે વિ.સં.૧૧૧થી ૬૦૩ સુધી રાજ્ય ભોગવ્યું તેઓના નામો નીચે મુજબ છે

ચં. થી	શ્રી કૃ. મો	ચં. થી	શ્રી કૃ. મો	ચં. થી	શ્રી કૃ. મો
૧૧૬ ભાણજી	૬૧	૧૨૨ સંગ્રામજી	૬૭	૧૨૮ માનસિંહજી	૭૩
૧૧૭ મુળરાજ	૬૨	૧૨૩ પૃથ્વીસીંહજી	૬૮	૧૨૯ રાયસિંહજી	૭૪
૧૧૮ દેવરાજ	૬૩	૧૨૪ અર્જુનજી	૬૯	૧૩૦ આસ્કરણજી	૭૫
૧૧૯ કલ્યાણજી	૬૪	૧૨૫ ચંદ્રસીંહજી	૭૦	૧૩૧ સામળસિંહજી	૭૬
૧૨૦ જગમાલજી	૬૫	૧૨૬ સરદારસિંહજી	૭૧	૧૩૨ ગજસિંહજી	૭૭
૧૨૧ ભિમજી	૬૬	૧૨૭ ભગવતસિંહજી	૭૨	૧૩૩ સેરસિંહજી	૭૮
				૧૩૪ દેવિસિંહજી	૭૯

૧૩૫ સુરસેનજી (શ્રી ફ્રૂ. થી ૮૦ મો)

(વિ. સં. ૬૦૩ થી ૬૧૩ સુધી)

આ રાજાના વખતમાં યવનોએ ભયંકર કત્લ ચલાવી કાબુલ દેશ લઇ લીધો, પાછળથી સુરસેનજીએ સામા હુમલાઓ કરી યવનોને હાંકી કાઢી કાબુલ દેશ જીતી લીધો હતો, આના વખતમાં મીશ્ર કાબુલ અને આસપાસનો મુલક તેઓના તાબામાં હતો. તે શિવાય સિંધમાં લોહારી શહેરમાં પણ પોતાના રાજ્યની એક શાખા કાઢી ગાદી સ્થાપી હતી તેને વિક્રમસેન નામનો પુત્ર હતો.

૧૩૬ વિક્રમસેન (શ્રી ફ્રૂ. થી ૮૧ મો)

(વિ. સં. ૬૧૩ થી ૬૨૮ સુધી)

ઉપર મુજબ વિક્રમસેન સુધીના ચંદ્રવંસી રાજાઓએ સમય અને સંજોગો પ્રમાણે જુદે જુદે સ્થળે રાજ્ય કર્યું હતું, આના વખતમાં મીશ્રમાંજ ગાદી હતી. તેને દેવેન્દ્ર નામનો પ્રતાપી પુત્ર હતો. એ દેવેન્દ્રથી જામવંશ, ચુડાસમાવંશ અને ભટ્ટીવંશની શાખાઓ જુદી પડી હતી.

૧૩૭ રાજા દેવેન્દ્ર (શ્રી ફ્રૂ. થી ૮૨ મો)

(વિ. સં. ૬૨૮ થી ૬૮૩ સુધી)

આ રાજાએ મિશ્રમાં રાજ્ય કર્યું હતું, તેના વખતમાં નબી મહમદે દુનીયામાં ઇસ્લામી ધર્મ ફેલાવવા માંડ્યો હતો, પરંતુ દેવેન્દ્રની હૈયાતી સુધી નબી-મહમદે મીશ્ર તરફ જોયું નહતું, પણ તે મરણ પામતાં શોણીતપુર ઉપર ચડાઇ કરી જીતીલીધું હતું. રાજા દેવેન્દ્રને ચાર પુત્રો હતા, તેઓના નામનો પ્રાચીન દુહો છે કેઃ—

પુત્રહુવા દેન્વેદ્રજા, ચોખા મા વડચાર ॥
[૧]અસપત, [૨]નરપત, [૩]ગજપત, નેં [૪]ભૂપત્ત ભૂપાર ॥ ૧ ॥

રાજા દેવેન્દ્ર પછી યુવરાજ કુંવર અસપત મીશ્રની ગાદીએ બેઠો, અને બીજા ત્રણ કુંવરો સીરીયા, ઇરાન, થઇ અફ્ગાનીસ્તાનમાં આવ્યા, ત્યાં ગજપતે સંવત *૭૦૮ ના વૈશાક સુદ ૩ શનીવારે રોહિણી નક્ષત્રમાં "ગજની" નામે શહેર વસાવી કિલ્લો બાંધ્યો, અને નરપતને "જામ" પદવી સાથે ગાદીએ બેસાર્યો, અને ગજપત પોતાના ૧૫ કુંવરો@ સાથે હિંદમાં (સોરાષ્ટ્ર તરફ) આવ્યો, તેના વંશમાં ચુડચંદ્ર યાદવ થયા તે પરથી તેના વંશજો ચુડાસમા કહેવાયા.

* રાસમાળા ભા. ૧ પા. ૬૬

@ સાલબાહન, બલંદ, રીસાળુ, ધર્મગંધ, બાચા, રૂપ, સુંદર, લેખ, જસકર્ણ, નેમા, માત, નિમક, ગંગેવ, જગેવ, અને જયપાળ નામના પંદર કુંવરો હતા.

ગીઝની અને ખુરાશાન વચ્ચેના પ્રદેશપર ભૂપત રાજ્ય ચલાવા લાગ્યો. તેના વંશજો ભટ્ટી કહેવાયા એ ચુડાસમા વંશનો તથા ભટ્ટી વંશનો ઇતિહાસ આ ગ્રંથમાં દ્વિતિયખંડમાં કહેવામાં આવશે.

જામનરપતનો વંશવિસ્તાર કહ્યા પહેલાં એ સાખાઓ કેમ જુદીપડી તે વિષેના બે મતો છે તે નીચે પ્રમાણે જણાવવામાં આવેલ છે.

કર્નલ વોકર સાહેબ રાજપુતોની સાખા વિષે એવી દંતકથા લખેછે કે "યાદવાસ્થળીમાંથી ચાર યાદવો નીકળી હીંગળાજમાતાને શરણ ગયા. માતાજીએ તેમાંના એકને પોતાના જાડામાં (મોઢામાં) સંતાડ્યો તે જાડેજો કહેવાણો બીજાને ચુડામાં, તે ચુડાસમો કહેવાણો ત્રીજાને ચાકળાનીચે તે ચગદો કહેવાયો અને ચોથાને ભઠ્ઠીમાં સંઘર્યો તે ભટ્ટી કહેવાયો અને પાછળથી આ ચારેને માતાજીએ મોટાં રાજ્યો આપ્યાં.

કચ્છદેશનો ઇ. અને વંશસુધાકર એ નામના ઇતિહાસોમાં લખેલ છે કે "ઇ.સ. ની આઠમી સદીની શરૂઆતમાં નબીમહમદે ઇસ્લામી ધર્મ સ્વીકારવા આ થારે ભાઇઓને ફરજપાડી તેથી તેઓ ચારેજણા ભાગી હીંગળાજ માતા (કોઈ લખેછે કે ઓસમના ડુંગરમાં માત્રી માતા) ને શરણ ગયા ને માતાજીએ શરણ આપી છુપાડ્યા, પાછળથી નબીમહમદ આવતાં ચારેને સોંપવાનુ કહેતાં નબી-મહમદનું વચન રાખવા મોટા કુંવર અસપતને ચાકળા નીચેથી કાઢી આપ્યો. તેણે ઇસ્લામી ધર્મ કબુલ્યો તેથી તે ચગદો મુગલ કહેવાયો. (તેના વંશમાં અકબર બાદશાહ થયા) બાકીના ત્રણે કુંવરોને નબીમહમદના ગયા પછી નરપતને જાડા-માંથી ગજપતને ચુડામાંથી ને ભુપત્તનેં ભઠ્ઠીમાંથી કાઢતાં તેઓ જાડેજા, ચૂડાસમા અને ભટ્ટી નામની શાખાઓના રાજપૂતો કહેવાયા" રાજા દેવેન્દ્રના ચાર પુત્રમાં પહેલા અસપતે ઇસ્લામી ધર્મ સ્વીકારતાં તેના વંશજો મુગલ કહેવાયા.

એ પ્રમાણે ચંદ્રરાજાથી ૫૬ મા શ્રીકૃષ્ણ થયા, અને શ્રીકૃષ્ણથી ૮૨ મા રાજા દેવેન્દ્ર થયા તે દેવેન્દ્રના પાટવી કુમાર અસપત મુસલમાન ધર્મ સ્વીકારતાં જામ નરપતે જામ પદવી મેળવી તેથી પ્રથમ તેઓના વંશનો વિસ્તાર દ્વિત્યકળામાં હવે કહેવામાં આવશે.

ઇતિશ્રી યદુવંશપ્રકાશે પ્રથમકળા સમાપ્તઃ



॥ દ્વિતીયકળા પ્રારંભઃ ॥



(૧૩૮) ૧ જામ નરપત (શ્રી કૃ. થી ૮૩ મો)

(વિ. સં. ૬૮૩ થી ૭૦૧ સુધી)

બાદશાહ ફીરોજશાહને હરાવી પોતાના વડવાઓની ગાદી (ગીઝની શહેરની) પાછી લીધી. એણે અફ્ગાનીસ્તાનમાં પોતાની પ્રબળ સત્તા જમાવી હતી. નરપત ગુજરી ગયા પછી તેનો પુત્ર સામત (સમો) ગાદીએ બેઠો.

(૧૩૯) ૨ જામ સામત ઉર્ફે સમો (શ્રીકૃ. થી ૮૪ મો)

(વિ. સં. ૭૦૧ થી ૭૫૭ સુધી)

બાદશાહ ફીરોજશાહના શાહજાદા સુલતાનશાહે તુરકસ્તાન વિગેરેમાંથી મુસલમાન રાજાઓની મોટી મદદ લઇ ગીઝનીપર ચડાઈ કરી. જામ સામત વિલાસી હોવાથી લડાઇની જોઇએ તેવી તૈયારી કરી શક્યો નહિં. તેથી હારી જતાં જનાના સાથે કેટલાક ઉપયોગી માણસો અને થોડું ઘણું લશ્કર લઈ તે પ્રદેશ કાયમને માટે છોડી દઇ સિંધ પ્રદેશમાં આવી લોહારી શહેરમાં ગાદી સ્થાપી સિંધમાં પોતાનું રાજ્ય વધારવા લાગ્યો, એ જામ સામતથી તેના વંશજો "સમા રાજપુત" કહેવાવા લાગ્યા.

(૧૪૦) ૩ જામ જેહો (શ્રી કૃ. થી ૮૫ મો)

(વિ. સં. ૭૫૭ થી ૮૩૧ સુધી)

આ જામ જેહાના વખતમાં મહમદ પેગંબર ગુજરી ગયા, તેના પછી બીજો ખલીફો ઉમર, ઈરાન જીતી હિંદુસ્તાન ઉપર ચડી આવ્યો, પરંતુ તે ફાવ્યો નહિં જામ જેહાના વખતમાં રાજધાની સિંધ લોહારીમાંજ રહી હતી.

(૧૪૧) ૪ જામ નેતો (શ્રીકૃ. થી ૮૬મો)

(વિ. સં. ૮૩૧ થી ૮૫૫ સુધી)

જામ નેતાના વખતમાં ખલીફો વલીફે મોટું લશ્કર લઇ સિંધ ઉપર ચડાઇ કરી, ભયંકર જુલમો કરી, સિંધપર પોતાની સત્તા બેસાડી, તમામ રાજાઓ પાસેથી ખંડણી લીધી. પરંતુ જામ નેતો તેઓની સામે ભયંકર લડાઈ લડ્યો અને ખંડણી આપી નહિં, ખલીફો ગયા પછી તેના થાણાદારોને સિંધમાંથી મારી કાઢી મેલ્યા. અને પોતે પાછો તમામ સિંધ મુલક તાબે કરી સ્વતંત્ર રાજ્ય ચલાવવા લાગ્યો.

(૧૪૨) ૫—જામ નોતીયાર (શ્રીકૃ. થી ૮૭મો)

(વિ. સં. ૮૫૫ થી ૮૭૦ સુધી)

સંવત ૮૬૮માં ઇરાનના બાદશાહ હારૂંરસીદનો શાહજાદો મામુરસીદ ચિતોડગઢ લેવા ગયેલ ત્યાંથી તે હાર ખાઇ પાછો ફરતાં સિંધમાં જામ નોતીયારે તેને અટકાવી લુંટ્યો, તેમાં કેટલાક હથીયારો, ઝવેરાત, સમીયાણા તંબુઓ, ઘોડાઓ અને કેટલાક માણસો હાથ કર્યા હતા.

(૧૪૩) ૬ જામ ઓઢાર (ઉર્ફે ગહગીર) (શ્રીકૃ.થી ૮૮મો)

(વિ. સં. ૮૭૦ થી ૮૮૧ સુધી)

ધટાલીના રોમ શહેરમાં ત્રીજા લીઓએ લોબાર્ડ રાજા રાજ્ય કરતો હતો. ત્યાં જામ ઓઢારનો એલચી રોમમાં રહેતો, અને તે સિંધ સાથેના ચાલતા વેપારમાં સિંધના વેપારીઓને મદદ કરતો હતો.

(૧૪૪) ૭ જામ ઓઠો (ઉર્ફે અબડો) (શ્રી કૃ. થી ૮૯ મો)

(વિ. સં. ૮૮૧ થી ૮૯૮ સુધી)

કાશ્મીરના રાજા જયાપીડ સાથે જામ ઓઠાને સારો સંબંધ હતો કેમકે તે રાજાની કે તેના ભાયાતની પુત્રી જામ ઓઠાને કે તેના પુત્રને આપી હતી. જેથી કરીને કાશ્મીરના રાજકુટુંબને સાથે જામકુટુંબને સારો સંબંધ જોડાયો હતો. કાશ્મીરનો રાજા જયાપીડ એ વખતે કાશ્મીરની ગાદીપર નવમો રાજા હતો.*

(૧૪૫) ૮ જામ રાહુ (શ્રી કૃ. થી ૯૦ મો)

(વિ. સં. ૮૯૮ થી ૯૧૮ સુધી)

આ રાજાએ પણ કાશ્મીરના રાજા જયાપીડ પછી અનંગપીડ ગાદી ઉપર બેઠો તેની સાથે સંબંધ ચાલુ રાખ્યો હતો તેમજ કનોજનો મહીરભોજ રાજા કે જેણે આગ્રા, અયોધ્યા, રજપુતાના, પંજાબ અને કાઠીઆવાડ વિગેરે દેશો જીતી પોતે ચક્રવર્તિ રાજા બન્યો હતો. તેની સાથે પણ જામ રાહુને ઘણીજ સારી મિત્રાચારી હતી. આ રીતે કાશ્મીર અને કનોજના સંબંધથી જામરાહુને સારી મદદ મળી હતી.

*(કાશ્મીરની ગાદીનો મુળ પુરૂષ દુર્લભસેન વિ. સં. ૬૫૮ માં થયો હતો.) તે પછી ૧ પ્રતાપાદીત્ય, ૨ ચંદ્રાપીડ, ૩ તારાપીડ ૪ મુક્તાપીડ, ૫ લલીતાદીત્ય, ૬ કુવલયાપીડ, ૭ વજ્રાપીડ. ૮ સંગ્રામપીડ, અને ૯ જયાપીડ. થયો હતો.

(૧૪૬) ૯ જામ ઓઢાર (શ્રી કૃ. થી ૯૧ મો)

(વિ. સં. ૯૧૮ થી ૯૩૧ સુધી)

જામ ઓઢાર ઘણો પરાક્રમી અને શિવભક્ત રાજા હતો. તેણે કાશીની જાત્રા કરી હતી. એ વખતે બંગલામાં રાજા વિગ્રહપાલ રાજ્ય કરતો હતો. તેના પુત્ર નારાયણપાલની સાથે જામ ઓઢારને મૈત્રી થવાથી જાત્રાએથી પાછા વળતાં યુવરાજ નારાયણપાલને સિંધમાં તેડી જઇ તેનું ભારે સન્માન કર્યું હતું.

(૧૪૭) ૧૦ જામ અબડો (શ્રીકૃ. થી ૯૨મો)

(વિ. સં. ૯૩૧ થી ૯૪૨ સુધી)

આ રાજાને રાજપુતાનાના રાજ્યો સાથે વધુ ગાઢ સંબંધ હતો. ઉત્તર હિંદુસ્તાનમાં કામરૂદેશમાં, કાબુલમાં, કંદહારમાં, પેશાવરમાં, બધે હિંદુ રાજ્યો ફેલાએલાં હતાં અને દક્ષિણ હિન્દમાં ચાલુક્ય વંશનો નાશ કરી, રાષ્ટ્રકુશ વંશ અસ્તિત્વમાં આવેલ. આના સમયમાં બીજો કૃષ્ણનામનો રાજા મહારાષ્ટ્રમાં સત્તાધારી હતો. આ રાષ્ટ્રકુશ રજાના પરાક્રમોવડેજ આરબ અને મુસલમાનો દક્ષિણ હિન્દમાં ફાવી શકયા નહોતા જેના સિક્કાઓ હાલમાં મળ્યા છે.

(૧૪૮) ૧૧ જામ લાખીયાર ભડ (શ્રીકૃ. થી ૯૩મો)

(વિ. સં. ૯૪૨ થી ૯૫૬ સુધી)

આ રાજા ઘણો પરાક્રમી હતો, તેણે પોતાના વડવા જામ સમાનું નામ ચીરસ્થાયી રહેવા "નગરસામે" નામનું શહેર વસાવી ત્યાં પોતાની રાજગાદી સ્થાપી હતી. જે શહેર હાલ સિંધમાં "નગરઠઠ્ઠા" ના નામથી ઓળખાયછે. એ વખતે મહારાષ્ટ્રમાં ચૌલ વંશનો રાજા આદીત્યસિંહ નામે હતો, તે જામ લાખીયારભડનો મિત્ર હતો.

(૧૪૯) ૧૨ જામ લાખો ધુરારો (શ્રી કૃ. થી ૯૪ મો)

(વિ. સં ૯૫૬ થી ૯૮૬ સુધી)

જામ લાખીયાર પછી તેનો પુત્ર લખપત કે જેનું પાછળથી લાખો ધુરારો નામ પડયું તે ગાદીએ આવ્યો અને શરીરે કદાવર મજબુત અને ઘણોજ બળવાન પુરૂષ હતો, તેણે નાનપણમાંજ અખાડામાં જઈ મલ્લ સાથે કુસ્તીના દાવપેચ બેલી શરીરને વજ્ર જેવું બનાવેલ હતું તે સિવાય તરવારોના પટ્ટા બેલવા તથા નિશાન બાજી વિગેરેના પ્રયોગોમાં પણ તે કુશળ હતો સવારે વહેલો પોતાના શામકર્ણ ઘોડા ઉપર સ્વારી કરી દરરોજ શિકારે જતો અને શિકારમાંથી પાછો વળતાં નગરસમેથી બે ત્રણ માઇલ ઉપર એક "ધ્રાર" (ટેકરી-હીલ્સ) છે જે હાલ

પણ ઘોડાઘોડી નામે જાહેર છે. ત્યાંથી ઘોડાને એકદમ સખત પુર જોસમાં દોડાવી મેલતો રસ્તામાં એક મોટું વડનું વૃક્ષ આવતું તે નીચેથી રસ્તો ચાલતો હોવાથી જ્યારે ઘોડો બરોબર વડ નીચે આવતો ત્યારે લાખો ધુરારો એ વડની ડાળને પોતાના બન્ને હાથે વળગી રહી સાથળની ભીંસથી ઘોડાને અધર ઉંચકી લેતો દોડતો ઘોડો એકદમ ઉચકાવાથી એક સેલારો (હીંચકો) ખાઇ પછી હાથ છુટા થતાં પાછો રસ્તા ઉપર દોડતો જતો આવી રીતે દરરોજ સવારે જ્યારે શિકારેથી વળતો ત્યારે વડ નીચે ઘોડો દોડાવી ડાળીયે વળગી એક હિંચકો ઘોડા સીએ ખાઈ પછી શહેરમાં જતો શહેરના ઘણા લોકો આ તમાસો જોવા તે વડ આગળ અગાઉથી આવી જતા લાખાને તમામ હથીયારોથી સજ્જ થયેલો અને બખતર તથા પાખર સીએ દોડતે ઘોડે વડલાની મજબુત ડાળે હિંચકતો જોઇ લોકો ઘણુંજ આશ્ચર્ય પામતા અને એ વાત કર્ણોપકર્ણ અન્ય દેશોમાં પણ ફેલાઇ જતાં દરરોજ દેશ દેશાવરના માણસો પણ જોવા આવતા એ કબીરવડ સરખા વડે હિંચકો ખાઇ લાખો જ્યારે ઓંખારો મારતો ત્યારે તેની ધુર (ગર્જના) ઘણે દૂર સંભળાતી અને તેથી વર્ષાદની ગર્જના સમજી મોરલાઓ બોલી ઉઠતા જેમ કેસરી સિંહની ધુર ઘણે દૂર સંભળાય તેમ જામ લાખાની ધુર પણ ઘણે દૂર સંભળાતી હોવાથી લોકો તેને "લાખો ધુરારો" કહેવા લાગ્યા અને એ વડને "લાખાવડ" કહેતા ઘોડો પણ પહાડી પંજાબી હતો અને દરરોજની પ્રેકટીસથી હાલ જેમ સરકસમાં જાનવરો કામ કરે છે તેમ તે કામ આપતો.*

કચ્છમાં આવેલા ગરડા પ્રાન્તમાં પાટગઢના રાજા વિરમ ચાવડાની કુંવરી બોધી ચાવડી (ઉર્ફે બોધીબા) સાથે જામ લાખે લગ્ન કરેલ હતાં, ને તેનાથી તેને મોડ, વરૈયા, સાંધ, અને ઓઠો એમ ચાર કુંવરો થયા હતા. એ ચારે કુંવરો મોટી ઉમરના થયા પછી સંવત્ ૯૫૬માં લાખીયારબડ ગુજરી જતાં જામ લાખો ધુરારો "સમૈ" નગરની ગાદીએ બેઠો, એ વખતે તેની ઉમર ૬૫ થી ૭૦ વરસની હતી કેટલાક વરસો પછી લાખો વૃદ્ધ થવાથી રાજ્યનો તમામ કારભાર તેનો પાટવી કુંવર મોડ કરતો એ વખતે ખેરગઢના રાજા સૂર્યસિંહ (ઉર્ફે સારવાન) ગોહેલની કુંવરી ચંદ્રકુંવરબા (ઉર્ફે ગોડબા)નું સગપણ શેહકોટના રાજા કનોજ ચાવડા સાથે કરેલું હતું, પરંતુ દૈવયોગે ચંદ્રકુંવરબાની નાની ઉમરે એક એવો બનાવ બન્યો કે એક દિવસ રાજભુવનના રા આંગણમાં એક ભેંસ વીયાણી અને તેને

*લાખા ધુરારાની પેઠે ઝાલાડમાં લીંબડી ભાયાતના ગામ મોજે કંથારીઆના રાણાશ્રી ડોસાભાઇ વરસાજી પણ માથળની ભીંસથી દોડતો ઘોડો ઉંચકી વડની ડાળીએ સેલારો ખાતા તે ડોસાભાઇ વિ. સં. ૧૮૮૦ માં કાઠીના ધીંગાણામાં નાગનેશ ગામની સીમમાં કામ આવ્યા હતા આ હકીકત તેના વંશજો આગળથી સાંભળેલ છે એકસો વર્ષ પહેલાં રાણાશ્રી ડોસાભાઇ તે પ્રમાણે સેલારો ખાતા તો એક હજાર વર્ષ પહેલાં લાખા ધુરારા વિષેની હકીકતમાં કંઈ પણ શંકાની દૃષ્ટિએ જોવા જેવું નથી.

નવચાંદ્રી* પાડી આવી. એક તો સુકોમળ બચ્ચું અને તેમાં વળી નવચાંદ્રી હોવાથી ચંદ્રકુંવરબાને તેના ઉપર કુદરતી પ્રેમ થયો, તેથી રાત્રી થતાં તે પાડીને પોતે ઉપાડી લઇ જનાનાના ઉંચા અવાસે લઇજઇ પોતાપાસે સુવાડી. સવાર થતાં પોતે પાડીને ઉપાડી પગથીયાં ઉતરી નીચે લાવી, ભેંસને ઘવરાવી અને રાત્રેપણ પાડીને ઉચકી પગથીયાંચડી પોતા આગળ રાખી, આમ એક માસ સુધી દિવસમાં બે વખત પાડીને ઉપાડી ઉપર લઇ જાય અને નીચે લાવે, તેમના પિતાએ તેમજ ભાઇએ તેમ ન કરવા ઘણું કહ્યું પરંતુ તેણે હઠ છોડી નહિ, આમ હંમેશની પ્રેક-ટીસથી પાડી લગભગ છ માસની થઇ ત્યાંસુધી કુંવરી રોજ ઉપાડતાં, એક દહાડો માતા વિનાની કુંવરીને ભાભીએ મ્હેણું માર્યું કે "ચંદ્રકુંવરબાને તો સિંધપતી લાખાધુરારાને વરવું છે કેમકે લાખો ધુરારો ઘોડો ઉપાડે છે ને બાઈ ભેંસ જેવડી પાડી ઉપાડે છે" ચંદ્રકુંવરબાએ ફરી પુછયું કે ભાભીશ્રી આપ એ શું કહો છો? ભાભી કહે "લાખા ધુરારાને પરણેને"? બસ, એ મ્હેણું સાંભળતાંજ લાખાને વરવાની મનથી પ્રતિજ્ઞા કરી ભાભીને કહ્યું કેઃ—

॥ દોહા ॥

ભાભી ભલો મીયણું, કુડ ભલેંરી કાંણ ॥
ગોઇલ મીડી ગીનધી, (સે) લાખે સંધી લ્હાણ ॥ ૧ ॥

અર્થ—હે ભાભી, તેં મને ભલે મ્હેણું માર્યું તેમજ કુળને કલંક લાગે તોપણ ભલે લાગે પણ ગોહીલ પુત્રીએ સિંધપતી લાખાધુરારાને વરવા, પણ લીધું છે તે છોડસે નહિ.

કારણકે—

લાખા બીયા લખ, પણ ધુરારો ગુણ હીકડે
ઘોડા પવે પરખ, સમૈ જો સીરધાર ઇ ॥ ૨ ॥

અર્થ—લાખા નામના બીજા લાખો જણાછે પણ ધુર દેનાર ગુણવાળો તો ધુરારો એકજ છે કે જે સામે નગરનો સરદાર ઘોડાને (જાણે કેમ પાંખો હોય તેમ અધર) પગે તોળી હીંચકે છે. વળી કહ્યું કેઃ—

લાખે ધારાં લખ્ખ, જુડે બીયા જુવાણ તઇ ॥
મુકે મીડૈ કમખ, ધુરારાસેં ગડ બીયાસ ॥ ૩ ॥

અર્થ—લાખા જેવા લાખો જુવાન બીજા જડે પણ મને તો તે બધાઇ (કમખા) ખરાબ મોઢાવાળા અપ્રિય છે કારણકે ધુરારાથીજ મારે પ્રિતિ છે.

*ચારપગ ધોયેલ (સફેદ) હોય પુંછડાના છેડાનો ભાગપણ સફેદ હોય કપાળમાં સફેદ ચાંદલો હોય ને બે આંખોમાં ફરીઓ હોય અને ગળે સફેદ કાંડલો હોય તે નવચાંદ્રી કહેવાય.

સોળ વર્ષની ઉંમરે તેમના લગ્ન કનોજ ચાવડા સાથે કરવાની તૈયારી થતાં કુંવરી ચંદ્રકુંવરબાએ પોતાના પિતાને તેમજ ભાઇને ઉપરની બધી વાત જણાવી, પણ તેઓએ કબુલ રાખી નહિ. છેવટ કનોજ ચાવડાની સાથે લગ્ન કરસો તો મરણ પામી સ્ત્રીહત્યા આપીશ. આમ કુંવરીનો દૃઢ વિચાર જાણી તેને રથમાં બેસાડી, એક કવિ તથા કેટલાક અમીરો સાથે થોડું લશ્કર આપી સિંધ તરફ વોળાવી દીધી, એ વખતે પહેલી નવચાંદ્રી પાડી હતી, તે પણ સાથે હતી, મજલ દર મજલ કરતાં સિંધ લગભગ આવ્યા ત્યારે એ નવચાંદ્રી વીયાણી, અને ભેંસ થઇ.

કુંવરીએ સિંધ પ્રદેશમાં પ્રવેશ કર્યો ત્યારે જામ લાખાધુરારાના વખાણ ગમેગામ સાંભળવામાં આવ્યાં, અને એ કિર્તીગાનથી તેઓને અતિ આનંદ થયો પરંતુ જ્યારે નગર સઘે શહેરને પાદર આવી, ડેરા તંબુ નખાવી ઉતારો કર્યો ત્યારે કવિ તથા અમીરોની મારફત પોતાનું સામૈયું કરી તેડી જવા લાખા ધુરારાને કહેવરાવ્યું, એ વખતે જામ લાખો લગભગ ૯૧ વરસની અવસ્થાએ અશક્ત થઇ બીછાનામાં પડ્યો હતો, અમીરોએ નજરે જોઈ જાણ્યું કે આ બીમારીના મરણ બીછાનેથી લાખો બચશે નહિ તો પણ સઘળી બીના લાખાને કહી, લાખે પાટવી કુંવર મોડને બોલાવી આવેલ કુંવરી સાથે મોડનું લગ્ન કરવાની સુચના કરી. અમીરો પણ તે વાતમાં સંમત થતાં, મોડ સામૈયું લઇ ગામ બહાર આવ્યો. ચંદ્રકુંવરબાને એ બધા ખબર થતાં મોડને પોતાના રથ આગળ બોલાવ્યો અને મોડને ઉદ્દેશી કહ્યું કે:—

॥ દુહા ॥

કીરત સંધા કોટ, લાખે લખું અડેઆ ॥
ઉજ અસાંજો ગોઠ, મોડ ગમરુ ગડેઆ ॥ ૧ ॥

અર્થ—લાખે કિર્તી રૂપી લાખો કોટ ચણાવ્યા છે, અને તેથીજ એ મારો મનનો માનેલ (ગોઠી) મિત્ર (પતિ) છે મોડ તો મારો (ગભરૂ) બાળક છે તેમ માનું છું.

એમ કહેતાં પધારો કુમાર કહી મોડનાં દુઃખણાં (ઓવારણાં) લઇ અને જણાવ્યું કે હું મન કર્મ વચને જામ લાખાને વરીછું તેથી તેના હાડમાં પ્રાણ હોય ત્યાંસુધી પણ હું તેની સાથે ફેરા ફરીસ, તમો તો મારા પુત્ર છો માટે મને જામ લાખા આગળ લઈ જાવ.

અમીરો વગેરે કહે જામ લાખો પથારીવશ પડ્યાછે તો તેવી સ્થિતીમાં ત્યાં કેમ જઇ શકાય?

કુંવરી કહે—

॥ દોહા ॥

નગર સમૈ જે નાકે, ઘુરારો પીયો ગજ્જે ॥
જીત સીં ડીએ સેલા, તિત સેંણ્યું કિત લજે ॥ ૧ ॥

અર્થ—નગર સામૈના દરવાજામાં હજુ ઘુરારેા પડયેા પડયેા ગરજે (જીવે)છે ત્યાં સુધી મને ત્યાં જવામાં અડચણ નથી જેમકે જ્યાં સિંહ સેલાણી કરે ત્યાં સિંહણને જવામાં કસી શરમ ન હેાય.

ઉપર પ્રમાણે કુંવરીના અતિ આગ્રહથી અમીરેા શહેરમાં સામૈયું કરી લાવ્યા, અને અશક્ત લાખાને પલંગ ઉપરજ સુતેા રહેવા દઇ ગાન્ધર્વ લગ્નના રીવાજે મહેલમાંજ ચાર મંગળ વર્તાવ્યા. એ મંગળ વર્તતી વખતે મેાડ પાસે ચંદ્રકુંવરબાએ વચન માગી લીધું કે "જો જામ લાખાથી મને પુત્ર થાય તેા તે સિંધની ગાદીએ બેસે." ભિષ્મપિતા તુલ્ય પિતૃભક્ત મેાડે તે વખતે તેને માગ્યું વચન આપ્યું આ વચનથી અન્ય સભાસદેા અને રાજકુંટુંબ સર્વ મેાડ રાણીનેા ઉપહાસ કરવા લાગ્યા કે લાખાની આવી આખર સ્થિતિમાં કયાં પુત્રેાત્પત્તિ થશે?

પરંતુ સુંદર ક્ષત્રિયાણી પતિવ્રતા મેાડરાણી તેજ દિવસથી જામલાખાની સારવાર ચેાવીસે કલાક કરવા લાગી લાખેા ઘુરારેા પુષ્ટીને માટે અનેક વૈદ્યના ઔષધેા ખાતેા હતેા તે જોઇ મેાડ રાણીએ કહ્યું કે—

॥ દોહો ॥ (પ્રાચીન)

ધાતુબઢાવન બલકરન, જોપીય પૂછો મોઇ ॥
પયસમાન નહિ ઔષધી, તીન લોકમેં કોઇ ॥ ૧ ॥

હે પતિ, જો મારૂં માનો તો ધાતુને વધારનાર અને પુષ્ટી આપનારૂં ઔષધ સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં દુધ સમાન બીજું એકે નથી, માટે જો ગયેલી તાકાદ પાછી મેળવવી હેાયતો મને દુધનો પ્રયેાગ કરવા આપ રજા આપેા, લાખે તે વાત કબુલ કરી એટલે રાણીએ પેાતાના કારભારી મારફત આઠ નવચાંદ્રી દુઝણી ભેંસેા મંગાવી, તે એક ભેંસને દેાહ તેનું તમામ દુધ બીજી ભેંસને પાઇ દીએ, બીજીનું ત્રીજીને, ત્રીજીનું ચેાથીને, એમ આઠમી, ભેંસનું દુધ પેાતાની જે નવચાંદ્રી ભેંસ સાથે લાવેલ તેને પાઇદીએ, દરેક ભેંસેાને ખેારાકમાં ચુરમાના લાડુ, કપાસીયા સેરડીના અને લીલા ઘાસના ભારાએા, સાથે સાકરના પાણી પાવા શરૂ કર્યા, પેાતાની દેખરેખ નીચે એ ભેંસેાની માવજત થતી હતી તેમજ દેાવાતી વખતે જાતે હાજરી આપી એ તમામ દુધ અનુક્રમે પાઈ દેવામાં આવતું ઐરાવત હાથી જેવી (પદ્મણી-કુંઢીયું) અસલ સિંધણી ભેંસેાનાદુધ પેાતાની ભેંસને પાવામાં આવતું છેવટ પેાતાની નવચાંદ્રીને સેાનાની દેગડીમાં દેાઈ તેના દુધની અંદર અનેક

પ્રકારના મસાલાઓ નાખી ખુબ કઢી પોતાના હાથથી લાખાધુરારાને અનુકૂળ આવે તેટલું દરરોજ પાવું શરૂ કર્યું. આમ ધીમે ધીમે લાખો એ તમામ દુધ, ચોવીસ કલાકમાં પી જતો અને તે પછી શાન્તિથી ઉંઘ લેતો. રાણી સિવાય બીજું કોઈ પાસે જતું નહિં રાજનુ તમામ કામ મોડ ચલાવતો જેથી લાખાને લેશ પણ ચિંતા ન હતી, અને રાણી સાથે વાર્તાવિનોદમાં કાળક્ષેપ કરતો આમ ચાલીસ દિવસના પ્રયોગે લાખો પલંગમાંથી ઉઠી મહેલમાં ફરવા લાગ્યો દીવામાં દીવેલ પુરવાથી જેમ જ્યોતીમાં તેજ વધે તેમ ધીમે ધીમે શકતી આવવા લાગી રાણી બહુજ પ્રવીણ હતી જેથી છ માસે એજ દુધના પ્રયોગે જામ લાખાને નવયૌવન પ્રાપ્ત કરાવ્યું; એટલુંજનહિં પરંતુ તમામ ધોળાવાળ ખરી જતાં કાળા વાળો આવ્યા, ચામડીમાં લાલાસ આવી, નવું લોહી ભરાતાં લાખો પ્રથમ હતો તેવોજ તાકાદવાળો થતાં મહેલમાં ખોખારો માર્યો (ધુરમારી) તે તમામ શહેરમાં સંભળાઇ તેથી વસ્તી મહેલ નીચે દર્શને આવી, તે દહાડે દશેરા હોવાથી યુવરાજકુંવર મોડ, સ્વારી સજી સમી પૂજનમાં જતો હતો એ જોઇ લાખે પોતાનો ઘોડો માગ્યો, ઘોડો આવતાં હથીયાર કપડાં સજ્જ કરી ઘોડાપર સ્વાર થઇ સાથે સ્વારીમાં ગયા, રાણીગોડ, પણ રથમાં બેસી સાથે ગયાં, પૂજન કરી પાછા વળતાં, જામ લાખાને ઘોડાને દોડાવી વડની ડાળે હીંચકો ખાવા મન થયું; ગોડરાણીએ એ બનાવ નજરે જોયા પછીજ ગ્રહસ્થાશ્રમનો આરંભ કરવા નક્કી કરેલું હોવાથી લાખો દોડતે ઘોડે વડનીડાળી ઝાલી એક હીંચકો ખાઇ જુવાનની માફક સ્વારીમાં આવી મળી ગયો, રાણીએ તે નજરે જોઇ સાંભળેલી કિર્તી આજ સત્ય જાણી, તેના હર્ષનોપાર રહ્યો નહિં, અને એ દિવસથી લાખા સાથે આનંદ, વૈભવ. ભોગવવા લાગી એ ગોડરાણીથી જામ લાખાને ઉનડ, જેહો, ફુલ, અને મનાઇ, એમ ચાર કુંવરો ઉત્પન્ન થયા હતા.

પોતાની ભાવી જીવન સખીનો જામ લાખો પતિ થયો, એથી કનોજ-ચાવડાની વૈર વૃત્તિ ઉદીપ્ત થઇ, અને તેને શાંત કરી વેર વાળવા કાબુલના બાદશાહની મદદ લેવા ગયો, તેથી બાદશાહ સુલતાનશાહ મોટું લશ્કર લઇ સિંધ ઉપર ચડી આવ્યો, પણ લાખે ધુરારે તેને હરાવી કાઢયો, આ યુદ્ધ પ્રસંગે એક મેઘવાળ-બ્રાહ્મણે તેને એક "જંત્ર" બનાવી આપેલ તે તેણે નિશાનમાં બાંધ્યું અને તેથી તેને વિજય મળ્યો એવી શ્રદ્ધાથી એ બ્રાહ્મણને તે દેવ તરીકે માનવા લાગ્યો અને તેનું પૂજન કરી કહ્યું કે "મારા વંશજો પણ તમારા વંશજોને દેવ તરીકે માનશે" તેમજ ગોડરાણીના કહેવાથી 'ઉન્નડના વંશજોજ ગાદીપતી થાય" એવું વરદાન તે બ્રાહ્મણ (માતંગદેવ) આગળ માગ્યું, ત્યારે તેણે કહ્યું કે, "ગાદીએ બેસતી વખતે જો મારા વંશજોના હાથથી ટીલું, કરાવશે તો જામ ઉન્નડના વંશ-માંથી ગાદી જશે નહિ." ગોડરાણીએ તે વાત કબુલ કરી. લાખા ધુરારાની હૈયા-તીમાંજ ઉન્નડજીને નગર સામૈની ગાદીએ બેસાર્યા, અને એ માતંગદેવને હાથેજ ટીલું કરાવ્યું હજી પણ કચ્છના રાવશ્રીને, એ માતંગદેવના વંશજો ભર કચેરીમાં

(નાગર બ્રાહ્મણો વગેરે) બેઠા હોય, ત્યાં તખ્ત ઉપર બીરાજેલા રાજાને પોતાના જમણા હાથની ટચલી આંગળીના લોહીનું ટીલું કરી જાય છે.

માતંગદેવની ઉત્પતિ

એ માતંગદેવ વિષે એક એવી કથા છે કે એક મંત્ર શાસ્ત્રમાં કુશળ બ્રાહ્મણને ચાર પુત્રો હતા તેઓએ તેના પિતાની હૈયાતીમાં થોડો ઘણો અભ્યાસ કરેલો હતો તેના પિતાના મૃત્યુ પછી એક છોકરો મંત્ર અને જ્યોતિષ વગેરેના તમામ પુસ્તકોની ચોરી કરી ભાગ્યો, તેના ત્રણ ભાઇઓને તે ખબર થતાં, તેની પાછળ દોડ્યા તેથી તે છોકરો કોઇ એક ગામની બહાર આવેલા ઢેઢવાડામાં ગયો. ત્યાં "શરણે આવ્યો છું સંતાડો" એમ કહેતાં એક મેઘવાળે ઘરમાં તેની કુંવારી દીકરી સુતી હતી, તેના સાથે જઇ સુઈ જવા કહ્યું, તેણે તેમ કર્યું, મેઘવાળ બહાર સુતો અર્ધીક રાત્રી વિતતાં તેના ત્રણે ભાઇઓ પગેરૂં લઇ ત્યાં આવી તપાસ કરવા લાગ્યા, અને તે મેઘવાળને પુછતાં તેણે જણાવ્યું કે આંહી કોઇ અજાણ્યું માણસ નથી માત્ર ઘરમાં તેની દીકરી અને જમાઇ બન્ને સુતાં છે, એમ કહેતાં તેઓ ચાલ્યા ગયા, સવારે ઉઠી બ્રાહ્મણ ચાલવા લાગ્યો, ત્યારે તે મેઘવાળે તે બ્રાહ્મણને કહ્યું કે, "કુંવારી દીકરીને તેં આળ ચડાવ્યું, માટે તેને પરણતો જા" તેથી તે બ્રાહ્મણે તેમ કર્યું, થોડા સમય વિતતાં તે મેઘવાળકન્યાને ગર્ભ રહ્યો, અને પ્રસવનો સમય થતાં બ્રાહ્મણે પોતાના પુસ્તકમાં જોયું, તો પુત્ર આવશે તેમ જણાયું; પણ ચાર ઘડી પછી પુત્ર જન્મે તો મહા પ્રતાપી ભવિષ્ય વેત્તા થાય, તેવું જણાયાથી તેને દાઇને બોલાવી સ્ત્રીના બન્ને પગોને તંગ બાંધાવી (રસીથી બાંધાવી), ચાર ઘડી ગયા પછી એ તંગ છોડ્યો એટલે પુત્રનો પ્રસવ થયો, તે પુત્રની માને તંગ બાંધ્યો હતો તેથી તેનુ નામ "માતંગ" પાડ્યું, અને એજ માતંગ દેવે. જામ ઉન્નડજીને ગાદીએ બેસારી ટીલું કરી વચન આપ્યું કે "મારા વંશજોના હાથથી તમારા વંશજો જ્યાંસુધી ટીલું કરાવશે ત્યાંસુધી તમારા વંશમાંથી રાજ્યગાદી જશે નહિ" ત્યારથી જામ ઉન્નડના વંશજો તેને દેવ તરીકે માનવા લાગ્યા.

(૧૫૦) ૧૩ જામ ઉન્નડ (શ્રી ૬. થી ૯૫મો)

(વિ. સં. ૯૮૬ થી ૯૯૧)

જામ ઉન્નડ ધર્માત્મા તેમજ મહા દાનેશ્વરી અને પરાક્રમી રાજા હતા, અત્યારે કોઇ દાનેશ્વરી રાજાને કવિ ઉપમા આપે ત્યારે "ઉન્નડજીનો અવતાર" કહી બીરદાવે છે ઉન્નડજીએ સિંધ સામની ગાદીએ બેસી ઘણાં પરમાર્થ કાર્યો કરેલાં છે, એકતો જામ લાખાધુરારાનો પરાક્રમી અંશ અને મહા પતિવ્રતા શુદ્ધ ક્ષાત્રાણી ગોડરાણીની બાળ કેળવણીથી ઉન્નડજી નાનપણથીજ પ્રજાપ્રિય થયા

હતા. એને માત્ર પાંચજ વર્ષ રાજ્ય ચલાવ્યું, ત્યાં એક બનાવ તેની જીંદગીને અમર રાખે તેવો બન્યો હતો. અને તેથીજ આજે ઉન્નડ જામ પ્રાતઃસ્મરણીય થયા છે એ હકીકત નીચે મુજબ છે.

ઉન્નડજીના પાટવી કુંવર તથા તેના દસોંદી ચારણનો દીકરો એ બન્ને જણા એકજ નિશાળે ભણતા હતા તેમાં ચારણનો દીકરો પ્રથમ આવી કુંવરની બેઠકે બેસી ગયો કુંવરે નિશાળમાં આવી પોતાની ગાદીપર તેને બેઠેલો જોઈ ત્યાંથી ઉઠી જવા કહ્યું; પરંતુ ચારણના દીકરાએ કહ્યું કે હું તમારા પહેલાં આવ્યો છું માટે તમારાથી નીચે નંબરે નહિં બેસું; કુંવરે તેનો હાથ ઝાલી ઉઠાડવા માંડયું, આ લડાલડીમાં ચારણના દીકરાએ કુંવરના માથા ઉપર લાકડાની પાટી (સ્લેટ) નો ઘા કર્યો, તે ઘા મર્મસ્થાનમાં લાગવાથી રાજકુંવર ત્યાંજ મૃત્યુ પામ્યા. આ વાતની જામશ્રી ઉન્નડજીને ખબર થતાં સર્વે અમીરઉમરાવો ભેગા થયા કોઇકહે કે એ ચારણના દીકરાને (તલવારની) ધાર તળે કાઢી નાખો, કોઇએ મત આપ્યો કે તેના કુટુંબને ઘાણીમાં ઘાલીને પીલો; ત્યારે જામશ્રી ઉન્નડજીએ કહ્યું કે "કોઇએ ન કર્યું હોય તેવું મારે એ ચારણ માથે કરવું છે" તમો સહુ આ કુંવરની દાહ ક્રિયા કરી આવો. સર્વે દાહ ક્રિયા કરી આવ્યા પછી જામે કચેરી ભરી હુકમ કર્યો કે," ચારણના દીકરાને તેનો બાપ દાગીના કપડાં પહેરાવી આહીં તેડી લાવે" હુકમ મુજબ માણસે જઇને તે ચારણને કહ્યું, ચારણે છોકરાને "પાંછોટીએ" બાંધી (પછવાડે હાથ બાંધવા તે) તેના મોઢામાં ઘાસનું તરણું દઇ કચેરીમાં તેડી આવ્યો એ જોઈ જામ શ્રી ઉન્નડ ઉઠી તેના મોઢામાંથી ઘાસ કઢાવી નાખી બાંધેલ હાથ છોડાવી પોતાના હાથથી સિંહાસન ઉપર બેસાડી પોતે પોટલીયો (પાણીની સીંધી બતક) ઝાલી સિંહાસન વાંસે ઉભા રહી સર્વ અમીર ઉમરાવોને કહ્યું કે. "આની સલામ કરો આજથી સીંધનો ધણી આ છે. આ છોકરા સાથે મારા કુંવરને ગાદી-એથી નહિ ઉઠવા તકરાર હતી તેથી મારે સિંધની રાજ્ય ગાદી હવે અગ્રાહ્ય છે" આ હકીકત વીસે એક પુરાતની દુહો છે કે.

॥ દુહો ॥

પાણ પોટલીયો ઝલીયો, ચારણ કીયો દીવાન
ઉન્નડ મોહલેં આવીયો, સામોઇરો સુલતાન ॥ ૧ ॥

ઉપરના બનાવથી સમગ્ર કચેરી આશ્ચર્ય પામી, પરંતુ તે દીકરાના બાપે (દસોંદી ચારણે) જામ ઉન્નડજીને વિનવીને કહ્યું કે "અમોને રાજ્ય ન જોઇએ, કોઇપણ સમયે ચારણો એ સ્વતંત્ર થઈ રાજ્ય કર્યું નથી. સદાકાળ રાજપુતોના શાસકધર્મી રહ્યા છે, વળી આવા ગોઝારા કામમાં અમો એવું દાન લઇ રાજા થવા ઇચ્છતા નથી, છોકરબુદ્ધિમાં તેના હાથના નિમિતે તેમ થયું એના બદલામાં આપશ્રીએ ખુનનો બદલો ખુનથી નહિ લેતાં મારા દીકરાને જે જીવિતદાન

આપ્યું છે તે કાંઇ ઓછી રહેમી ન કહેવાય. "આપ આપનું રાજ્ય ખુશીથી ભોગવો આપનો ગાદીએ બેસાડવાનો સંકલ્પ પૂરો થયો" ઉપર મુજબ કહી ચારણે પોતાના દીકરાને તખ્ત ઉપરથી ઉતાર્યો, પણ એક વચની ઉન્નડજીએ એ તખ્ત ઉપર ફરી કોઇ દિવસ બેઠક લીધી નહિ આ બનાવ વખતે કચેરીમાં પડદા પાછળ ગોડરાણીની હાજરી હતી, તેથી ત્યાં પણ તે ચારણે અરજ કરતાં તેના અતિ આગ્રહથી જામશ્રી ઉન્નડજીને રાજ સંભાળવા માતુશ્રીએ કહેવરાવ્યું પણ "હું દીધેલ દાન પાછું નહિં લઉં" એવું ઉચારી કચેરી બરખાસ્ત કરી, ચારણે રાજ્ય સંભાળ્યું નહિં, બીજે દિવસે ચારણે જામશ્રી ઉન્નડજીના સગીર કુમારશ્રી "સમા"ને તે સિંહાસન ઉપર બેસાડવા અને માતંગદેવનું વચન પાળવા માતાજીને વિનવી દેવને બોલાવી જામસમાને ગાદીએ બેસાડી માતંગદેવના હાથથી ટીલું કરાવી જામસમાની નક્કી (છડી) પોકરાવી. તે સગીર ઉમરનો હોવાથી ગોડરાણીની સલાહથી લાખા ધુરારાના મોટા પુત્ર મોડકુંવર રાજ્યનો તમામ કારભાર કરતા અને ચારણના દીકરાને આજીવિકામાં બારગાઉનું પરગણું આપી લખપસાવ કર્યા હતા.

આ બનાવ પછી જામશ્રી ઉન્નડજી હમેશાં ચોરાસીઓ અને બ્રહ્મભોજના કરાવી અનેક ગાયોના દાનો આપી ભક્તિજ્ઞાનમાં કાળક્ષેપ કરતા હતા, ઘણા વખતે પોતાની તુલ્લા દરેક ધાતુથી કરાવી દાન પુન્ય કર્તા એક વખત કચ્છમાં આવેલા નારાયણસર-કોટેશ્વરની યાત્રાએ જવા ઈચ્છા થતાં મોડ તથા મનાઇને સાથે લઇ કચ્છમાં આવ્યા. ત્યાં યાત્રા કરી પાછા વળતાં સેરોગઢ (લખપત) પાસેના ગાઢ જંગલોમાં સહુ મૃગીયા કરવા લાગ્યા. શિકારની સહેલગાહે બધા એક બીજાથી વીખુટા પડી ગયા, મધ્યાહ્નકાળે જામ ઉન્નડજી એક વૃક્ષનીચે ઘોડાને બાંધી છાંયે આરામ લેતા હતા, તેવામાં દોડતે ઘોડે "મનાઇ" આવી પહોંચ્યો.

મનાઇ સિંધમાંથી નીકળ્યો ત્યારે સગીર ઉમરના જામ સમા (ઉન્નડજીના કુંવર)ને, દગાથી મારી નાખવાની જાળ પાથરતો આવ્યો હતો, અને એ રાજ્ય તૃષ્ણાને વશ વર્તી સ્વાર્થાન્ધ બની કાંઇપણ બોલ્યા ચાલ્યા વિના જામ ઉન્નડજીને એકલા જોઇ તરવારના એકજ ઝાટકે જામ ઉન્નડજીના બે કટકા કરી નાખ્યા. થોડી વારે મોડ તથા તેના બીજા સાથીઓ પગેરૂ લેતા ત્યાં આવી પહોંચ્યા. જામ ઉન્નડનું મૃત શરીર અને મનાઇના હાથમાની રક્તવર્ણી તલવાર જોઈ સહુ સ્તબ્ધ બની ગયા, કંઇપણ બોલવા કોઇની જીભ ઉપડી નહિં, સર્વેની આંખે અશ્રુ ટપકવા લાગ્યા. થોડીવાર પછી મનાઇએ મોડને ઉદ્દેશી કહ્યું કે "હવે જુઓ છો શું? આજથી સિંધનું અર્ધું રાજ્ય તમારું અને અર્ધું મારું છે આડખીલીનો મેં સહેલાઇથી અંત આણ્યો છે."

જામ ઉન્નડના અકાળ મૃત્યુથી મોડના હૃદયપર વજ્રઘાત થયો; કેમકે તે પોતે નિર્દોષ હતો, છતાંપણ આ કાવત્રામાં મોડે અવશ્ય ભાગ લીધો હશે, તેવી ગોડ-

રાણી અને સર્વ સિંધી પ્રજા શંકા લીએ એ નિર્વિવાદ વાત હતી, તેથી સિંધના અન્ન પાણી અગ્રાહ્ય કરી મોડે, કચ્છમાંજ રહેવાનો નિશ્ચય કરી લીધો.

મનાઇની રાજ્ય તૃષ્ણાને મોડે સંતોષી નહિં પણ ઉલટો ભારે કઠણ વચનોથી તેને ઠપકો આપ્યો. અને કલંકિત મોઢું લઇ સિંધમાં ન જવા સલાહ આપી, મનાઇએ વિચાર્યું કે, જો મોડ સિંધમાં ન આવે, તો ગોડરાણીની હૈયાતીમાં મારાથી સિંધમાં પ્રવેશ પણ ન કરી શકાય તો રાજ્ય તો કયાંથી ભોગવાય, એમ ધારી તેણે મોડની સલાહ માની લઇ, સિંધમાં નહિં જતાં કચ્છમાંજ રહેવાનો નિશ્ચય કર્યો.

જામ ઉન્નડના મૃત્યુ સમાચાર પવનવેગે "નગર સમૈ"માં ફેલાઇ ગયા; પુત્રના અકાળમરણથી ગોડરાણીને આકાશ તુટી પડયા જેટલું દુઃખ થયું; તેમજ નાના કુંવર મનાઇએ ત્યાં પણ દગાનું કાવતું કરેલ, તે પણ ખુલ્લું પડતાં, એજ વખતે મોડ તથા મનાઈ ઉપર અત્યન્ત ક્રોધ ઉત્પન્ન થયો. અને તેને પકડાવવા અનતી તજવીજ કરી; જામસમાના નામથી એ રાજ્યકુશળ માતાએ નગર સમૈનું રાજ્ય ચલાવવું શરૂ કર્યું અને કચ્છમાં, ઠેકઠેકાણે તેની તપાસ શરૂ કરાવી.

એ વખતે કચ્છમાં વાઘમ ચાવડાનું રાજ્ય પાટગઢમાં હતું અને તે મોડનો મામો થતો હોવાથી બન્ને કુંવરો ત્યાં જઇ રહેવા લાગ્યા. ચાવડા દરબારીઓએ વાઘમને કહ્યું કે "મોડ અને મનાઇ પોતાના બંધુ જામ ઉન્નડજીનું ખુન કરી આંહી નાશી આવ્યા છે, આવા વિશ્વાસઘાતીઓને આશ્રય આપી સિંધના સમર્થ સમા રાજ્ય સાથે દુશ્મનાવટ વોરી લેવામાં માલ નથી" પરંતુ આશ્રયે આવેલા ભાણેજોના સ્નેહથી આકર્ષાઇ વાઘમ ચાવડે એ ચેતવણી ગ્રહણ કરી નહિં તોપણ છેવટ દરબારીઓના અતિ આગ્રહથી મોડ અને મનાઇ પાસે સોગન લેવરાવ્યા કે "કે આફત આવ્યે દેહાન્ત લગી ચાવડા સત્તાના વફાદાર રહેસુ" તેવા માતા આશાપુરાજીની સાક્ષીએ સપથ લેતાં એ ચર્ચાનો અંત આવ્યો.

પાટગઢમાં વાઘમ ચાવડાના આશ્રયે મોડ મનાઇ રહેછે? તેવું ગોડરાણીને જણાતાં પોતાના કુંવર કુલને મોટા લાવ લશ્કર સાથે કચ્છ તરફ રવાના કર્યો. તેને કચ્છની સરહદે પડાવ નાખી, ગુન્હેગારોને સોંપી આપવા અથવા લડવા તૈયાર થવાના સંદેસા સાથે એક રાજપ્રતિનીધીને પાટગઢ મોકલાવ્યો.

ઉપરના ખબરથી ડરીજઇ ચાવડાઓએ ક્ષાત્ર ધર્મ કરતાં સ્નેહ સંબંધને વધારે મહત્તા આપી પોતાની હુદમાંથી ચાલ્યા જવાની ભાણેજડાઓને સલાહ આપી, એ સલાહને માન આપી ચાવડાદરબાર છોડતી વેળાએ મોડ અને મનાઇએ મામાને સંબોધીને કહ્યું કે "તમે તમારૂં વચન પાળેલ નથી માટે લીધેલા સોગનથી અમોને મુક્ત કરો" એટલે સમયવર્તી વાઘમે તેમ કર્યું અને બન્ને ભાઇઓએ ઘોડા દોડાવી મેલ્યા, ત્યાર પછી વાઘમ ચાવડે આવેલા સિંધ પ્રતિનિધિને કહ્યું કે આપના આવ્યા પહેલાં અહિંથી સિંધના ગુન્હેગારો નાશી છુટ્યા

છ માટે બીજે કયાંઇ તેમને શોધી લ્યો, પ્રતિનિધીએ ઉપરના ખબર કુલને આપતાં કચ્છમાં ઠેકઠેકાણે દરેક રાજ્યોને કહેણ મોકલી તપાસ કરાવ્યો, પણ કયાંઇ તેનો પત્તો લાગ્યો નહિ, એટલે નીરાશમની કેટલેક દહાડે સિંધ પાછા ફર્યો.

કેટલીક મુદ્દતે વાઘમ ચાવડા કોટેશ્વર મહાદેવને મંદિરે (કોઇ કહેછે કે કાળીકા માતાના મંદીરે)દર્શન કરવા આવેલ ત્યાં કુંડમાંનાહી માળા ફેરવતો હતો તે વખતે કુંવર મનાઇએ ઓચીંતા આવી તેનું માથું કાપી નાખ્યું, અને કાળીકા માતાની સ્તુતિ કરી કહ્યું કે—

॥ દુહા ॥

માર્યો વાઘમ ચાવડો, અસીં અસાંજે હથ્થ ॥
જેડો ચડાયો હિકડો, એડા ચડાઇંધા સત ॥ ૧ ॥

અર્થ—હે માતાજી જો અમને કચ્છના સ્વતંત્ર માલીક કરીશ તો વાઘમ-ચાવડાની માફક બીજા સાત જણને અમે અમારા હાથથી મારી તને બલીદાન ચડાવશું.

મનાઇને તરવાર એવી હાથ હતી કે તે એક ઘાએ બે ટુકડા કરતો તે વિષે કૂહો છે કે,

॥ દુહો ॥

સમે સટકાઇ, તડેં એડી તરાર ॥
મથો પેલે પાર, ધડ વીઝીપ્યો ધુડમેં ॥ ૧ ॥

ઉપર મુજબ વાઘમચાવડાને મારી પાટનગર કબજે કરી યુવરાજ કુંવર મોડને ગાદીએ બેસાડ્યો,

ઇતિશ્રી યદુવંશ પ્રકાશે દ્વિતીય કળા સમાપ્તા



તૃતીય કળા પ્રારંભઃ

૧ જામમોડ.

કચ્છમાં પાટગઢની ગાદીએ જામ મોડ બેઠો ત્યારે કચ્છના પાવર પરગણામાં સોલંકીઓ રાજ્ય કરતા હતા. ૧ વેરો ૨ વેરડો ૩ વૈરસીંહ ૪ કાંયો ૫ કરૂપાલ ૬ રાણો અને ૭ રાજપાલ એ સાત ભાઇ "સાતસાંધ" ને નામે ઓળખાતા, તેમની રાજધાની ગુંતળી ગામમાં હતી અને કચ્છમાં સહુથી બળવાન સત્તા અને મોટી રાજ્યગાદી તેમની હતી, તેમજ વાઘમચ્યાવડો તેનો ખંડીયો રાજા હોવાથી તેણે મનાઇને કહી મોકલ્યું કે "વાઘમ અમારો ખંડીયો રાજા હતો, માટે તમે પણ તાબે થાઓ. અથવા તો લડાઇ કરો" એ ખબર આવતાં મોડ વિચાર કર્યો કે–રાજ્યના પાયા સ્થિર નથી, વળી સિંધનું વૈર છે માટે હાલ તાબે થવું ઠીકછે, એમ ધારી વૃષ્ટિ કરાવી કે "વાઘમચ્યાવડો ખંડણીમાં દિવસ ઉગ્યે નવ ગાડાં ઘાસ ગુંતળીએ પહોંચાડતો, આજથી અમો અઢાર ગાડાં ઘાસ દિવસ ઉગ્યે ગુંતળીએ પહોંચાડશું" તેમ કહી નાનાભાઈ મનાઇને ઓળમાં આપી સાત સાંધ સાથે સંધી કરી.

મનાઇ ગુંતળીમાં ગયો, પણ ત્યાં તે શાન્ત બેઠો નહિં તેણે સર્વત્ર ફેરી લોકવાયકા અને પ્રજાલાગણી જાણી લીધી. તેમજ અંદરના કુટુંબકલેશથી પણ વાકેફ થયો, અને તેથી નબળી પડેલી સોલંકી સત્તાનો અંત આણવા યોજના યોજી મોડને પાટનગર કાગળ લખ્યો કેઃ—

॥ દોહો ॥

लखी मुंकइ मोडके, गडे बगतरीया पाय ॥
हीत पण हेडी आप, जेडी वाघम कुंडते ॥ १ ॥

મોડને લખ્યું કે ઘાસના ગાડાં દરરોજ અઢાર અહીં આવેછે તેમાં બખતરીયા મોકલ, કાળીકાના કુંડ ઉપર જેવું વાઘમ ચાવડા વાસ્તે હતું તેવુંજ અહીં છે. મોડ એ વખતે ૧ એક ગાડામાં ૬ છ બખતરીયા સુવાડી માથે ઘાસના ભર ભરાવી અઢાર ગાડાં ગુંતળી ગામે મોકલ્યાં. તે ગાડાંઓ ગુંતળીના ગઢ આગળ પહોંચતા ગડગડાતનો અવાજ સાંભળી ચાડ નામના અંધ દરવાણીએ પોતાના જોડીયા ગુજર નામના રજપુતને કહ્યું કેઃ—

॥ દોહા ॥

च ए चाड दरवान, अज न गडे घा ॥
कांतो मुंग सुफरेल, कांतो आलोमा ॥ १ ।

ચાડ દરવાણીયે કહ્યું કે, આજે ગાડાંમાં એકલું ઘાસ નથી, કાંતો સડેલ મગ છે, કાંતો આળું માંસ છે, તેથી તે ગુજર રજપુતે ગાડાં ઉભા રખાવી ખાત્રી કરવા એક ગાડામાં સાંગનો ઘા કર્યો. તે સાંગ ધુરર નામના લડવૈયાને સાથળમાં વાગી પણ તેણે પોતાના કપડાથી પકડી, જેથી લોહી લુવાઇ ગયું ને તે સાંગ બારી કાઢી દરવાને જોયું તો લોહી વિનાની લાગતાં તે ગાડાં લઇ જવાની રજા આપી, દરબારગઢમાં ગાડાં પહોંચતા એકસો આઠ બખતરીયા હુથીયારબંધ ગુંતળીના રાજમહેલ પાસે આવી ઉતર્યા, એટલે કુંવર મનાઈ તેમની સરદારી લઇ સાત સાંબેલાપર એંચીતો હલ્લો કરી તે સાતેને કાપી નાખી ગુંતળી કબજે કરી રાજ્ય વ્યવસ્થા માટે યુવરાજ મોડને પાટનગરથી બોલાવ્યો.

ઉપરની રીતે ચાવડા અને સોલંકિ સત્તાનો નાશ કરી મોડ અને મનાઇની વાઘેલાપર દૃષ્ટિ પડી, ને તેને યુવરાજ કુંવર સાડને વાગડ મુકયો ત્યાં તેણે જઇ એક પછી એક ટેકલાએક ગામડાંઓ જીતી લઇ સમા સત્તા વિસ્તારી એ વખતે ગેડીમાં ધરણ વાઘેલા રાજ્ય કરતો હતો, વાઘેલા સત્તાનો સર્વનાશ અટકાવવા ધરણ વાઘેલે મોડના યુવરાજ કુંવર સાડને પોતાની દીકરી પરણાવી વાગડના થોડાક ભાગ ઉપર પોતાની સત્તા રાખી, કચ્છના ત્રણ મોટાં રાજ્યો જીતી લઇ, મોડ અને મનાઇએ મળી તેના ચાર ભાગ કર્યા તેમાં મોડ પાટવી હોવાથી બે ભાગ તેણે લીધા, એક ભાગ મનાઇને આપ્યો અને એક ભાગ પોતે કરેલાં પાપનાં પ્રાયશ્ચિત અર્થે ધર્માદામાં કાઢયો. આ ભાગ પણ મનાઇએ લઇ લીધો અને તેની પેદાશમાંથી મહાદેવશ્રી કોટેશ્વરજીની પ્રતિષ્ઠા વધારવા ત્યાં ગયા. કોઠા નામે કુંડ બંધાવ્યો અને તે સીવાય સરણેશ્વર અથવા નીલકંઠ મહાદેવનું એક સુંદર મંદિર બંધાવ્યું. તેમજ એ મંદિર અને કુંડ સિંધુસાગર સરોવરના મધ્યમાં હોવાથી ત્યાં જવા આવવા માટે પાજ-(પુલ) બાંધી જવા આવવાની સુગમ કરી આપી બાદ પોતાની ગાદી ગુલાઇગઢમાં રાખી. અને મોડ પાટનગરમાં રાજ્યકર્તા થયો મનાઇના હાથથી ગોત્રહત્યા આદિ ઘણા પાપો થયા હતા. એવા જુલમને કચ્છી ભાષામાં "કેર" કહે છે જેથી મનાઇના વંશજો ઠેર કહેવાય.

સિંધ અને બીજા પરદેશી રાજ્યોના આક્રમણથી કચ્છને રક્ષવા માટે મોડે કચ્છની પૂર્વ દિશાએ વાગડ પરગણામાં એક ડુંગરી કિલ્લો બાંધવા એક ડુંગર પસંદ કર્યો, ત્યાં કંથડનાથ નામનો એક તપસ્વી (સિદ્ધ) તપ કરતો હતો, તેણે ત્યાંથી ઉઠીજવા કહેતાં તે ઉઠયો નહિ, અને કહ્યું કે "અચ્ચા દુશરા બોત ડુંગર હે ઉધર તુમ કિલ્લા બનાવ, ઇધર હમેરા આશ્રમ હૈ ઉસસે તેરેસે કિલ્લા નહિ બનેગા" પરંતુ મોડે નહિ માનતા રાજહઠથી બળાત્કારે તેને ઉઠાડી કિલ્લો બાંધવો શરૂ કર્યો. તપસ્વી કંથડનાથે ત્યાંથી થોડે દૂર જઈ આશ્રમ કર્યું. એકાદ વર્ષ જતાં કિલ્લો પુરો થતાં કંથડનાથે પોતાની કંથામાંથી એકજ દોરો ખેંચી કાઢતાં કિલ્લો જમીનદોસ્ત થયો. બેપછી ફરી મોડે કિલ્લો ચણાવ્યો અને બે પુરો થતાં કંથડનાથે

બીજીવાર કંથામાંથી દારો ખેંચતા તે કિલ્લો પણ જમીનદોસ્ત થયો, આમ પાંચ વખત મોડે કિલ્લો ચણાવ્યો અને પાંચ વખત કંથડનાથે પાડ્યો, તેથી મોડે કંટાળીજઈ કિલ્લો બાંધવો બંધ કર્યો, ત્યારપછી મોડ વિ. સ. ૯૫૪માં સ્વર્ગે ગયો.

૨ જામસાડ.

પિતાનો મનોરથ પાર પાડવા માટે જામસાડે કુંથડનાથના ચેલા ભસ્મનાથની મૈત્રી લીધી, અને સાથે જઇ કંથડનાથની ક્ષમા યાચી તેને રાજી કરી ફરી કિલ્લો બાંધવાની આજ્ઞા મેળવી કિલ્લો પુરો કરી તે કિલ્લાનું નામ તે ચેાગીના નામ ઉપરથી કંથકેાટ પાડી ત્યાંજ રાજ્યગાદી સ્થાપી. આવો મજબુત કિલ્લો બાંધી જામ સાડ સમા-સત્તા વધારે છે એથી તેના સાળા ધરણ વાઘેલાને ઇર્ષા થઇ અને તેનો ઘાટ ઘડવા નિશ્ચય કરી એક દિવસ મીજમાનીને બાને જામસાડને પેાતાને ત્યાં નોતરી દગાથી મારી નાખી તેનું રાજ્ય કબજે કર્યું. પેાતાની બેન ને પેટે જન્મેલ જામસાડનો કુંવર કુલ નામનો માસ છનો હતેા. તે જો જીવતો રહેશે તેા ભવિષ્યમાં રાજ્ય લેવા તજવીજ કરશે માટે તેને પણ મારી નાખવાનું ધારી કેટલાક સ્વારેા લઇ ધરણ વાઘેલેા કંથકેાટ તરફ રવાના થયેા.

જામ સાડના મરણના ખબર તેની સ્ત્રીને થતાં તેને પણ દહેસત લાગી કે કદાચ કુંવર કુલને પણ મારશે તેથી સમયસૂચક વાઘેલીએ "ફારક" નામની દાસીને કુલકુંવર સોંપી કેાઇ નિર્ભય સ્થળે લઇજવા કહ્યું. આ વફાદાર રાજ્ય ભક્ત દાસીને પણ છ માસનેા પેાતાનેા છેાકરેા હતેા તેને સાથે લઇ બન્ને બાળકેાને મેાટા સુંડલામાં સુવાડી સિંધ તરફ ચાલવા માંડી.

ધરણે કુલની તપાસ કરાવતાં "ફારક" નામની દાસી તે બાળ કુંવરને લઇ સિંધ તરફ નાસી ગઇ છે, તેવા ખબર મળતાં પાછળથી તાબડતેાબ સ્વારેા સાથે મારાઓને મેાકલ્યા. દાસી રણમાં ભાગતાં ભાગતાં પાછવાળ કરતી જતી હતી તેથી તેને ધુડની ડમરી પેાતા પાછળ ઘણેદૂર ભાળી, ચાલાક દાસીએ ચેતીજઈ પેાતા પાછળ વાર આવેછે તેમ જાણી રાજકુંવરનો બચાવ કરવા યુક્તિ શેાધવા લાગી. બુદ્ધિશાળી દાસીએ પેાતાના પુત્રના લુગડાં રાજકુંવરને પહેરાવ્યાં ને રાજ-કુંવરનાં લુગડાં પેાતાના પુત્રને પહેરાવી ચાલવા લાગી, થેાડે દૂરજતાં સ્વારેા આવી પહેાંચ્યા. સણગારેલ દાસીપુત્રને રાજપુત્ર ધારી ફારક પાસેથી લઇલીધેા અને વીજળીના એક ઝબકારા વારમાં તેનું માથું ઉડાવી તેઓ પાછા ગેડી તરફ ચાલતા થયા, ત્યાંજઇ કુંવરને મારી નાખ્યાના ખબર ધરણ વાઘેલાને આપ્યા એથી તે કચ્છનું નિષ્કંટક રાજ્ય ચલાવવા લાગ્યેા.

સાભત્રમી દાસી પેાતાના એકનાએક પુત્રનું બલીદાન આપી લાખુના પાલ-ણહાર જામકુલને બચાવી ચાલતાં ચાલતાં આંભણાસર (બજાણાસર-સિંધ) માં

આવી પહોંચી ત્યાંના રાજા દુલારા (ધુલારા)ના કારભારી અજા અને અણગોર નામના વણીકને ઘેર એક જુદી ઓરડીમાં રહી તેના ઘરનું કામકાજ કરવા લાગી. રાજકુંવર કુલ મોટો થતાં તે કારભારીના તથા આડોસપાડોસના વાછડાંઓ ભેળાં કરી વાછડાંવેલ ચારવા લાગ્યો, તેમાં એક લુહારનું પણ વાછરૂં હતું તેથી તે લુહાર પાસેથી ચરામણી નહિ લેતાં તેના બદલામાં એક "સાંગ" ઘડાવી અને તે સાંગ લઈ હંમેશાં જંગલમાં જઈ નિશાનબાજી કરવા લાગ્યો, તેમ કરતાં જ્યારે તે ઉંમર લાયક થયો ત્યારે તે બહુજ નિશાનબાજ કુશળ લડવૈયો બન્યો.

આમણાસરની સીમમાં એક વિકાળ વાઘ ઘણુંજ નુકસાન કરતો હતો, તેથી તેને મારવા માટે એક દિવસ રાજા ધુલારો મોટું લશ્કર લઇ ચડ્યો. એ તમાસો જોવા કુલ પણ સાથે ગયો, રાજાની સ્વારીના માણસોએ વાઘને ઘેરી હાંકો કરી છંછેડતા વાઘે રાજાના હાથી ઉપર તરાપ મારી કે તુરતજ તમામ માણસો ભયને લીધે રાજાને જોખમમાં મેલી ભાગ્યા, એ તકનો લાભ લઇ કુંવરકુલે વાઘ-માથે સાંગનો ઘા કરતાં તે આરપાર નીકળી ગઇ, એ જોઇ એની બહાદુરીથી રાજા ધુલારો ખુશી થયો. અને તેની હકીકત પુછતાં દાસી ફરાકે જઇ કહ્યું કે "કચ્છના સમારાજા જામ સાડનો કુંવર છે શત્રુઓએ સાડને મારી નાખતાં કુંવરને લઇ હું અહીં નાશી આવેલછું. અને આપના કારભારીને ત્યાં રહી તેઓનું કામ કાજ કરી કુંવરનુ ભરણપોષણ કરૂં છું.

રાજા ધુલારો એ વાત સાંભળી ઘણોજ ખુશી થયો એટલુંજ નહિ પરંતુ પોતાનો જાન બચાવનાર વીરનો ઉપકાર માનવા પોતાની કુંવરી કુંવરકુલને પરણાવી.

એક દિવસ દાસી ફરાકે કહ્યું કે "હે કુલ જ્યાંસુધી તેં તારા પિતાના શત્રુને માર્યો નથી, ત્યાંસુધી તારી બહાદુરી શું કામની?" તેથી કુલે યોગ્ય તક લઇ રાજા ધુલારાને સઘળી વાત કરી એક મોટું લશ્કર લઈ તેના કારભારી અજા તથા અણગોરને સાથે લઇ પિતાનુ વૈર વાળવા કચ્છમાં આવી હલાઇ કુંગરપર એક કિલ્લો ચણાવ્યો અને તેનું નામ ધુલારાના કારભારીની બ્હેન "બોલાડી" ના નામ ઉપરથી "બોલાડીગઢ" પાડયું તેમજ સ્વામિભક્ત જીવતદાન દેનાર માતા તુલ્ય દાસી ફરાક ઉર્ફે જીંકણીનું નામ કાયમ રાખવા એક ગામ વસાવી તેનું નામ જીંકણી પાડયું.

કુંવર કુલે બોલાડી ગઢથી ધરણ વઘેલાને ગેડીએ ખબર મોકલ્યા કે "હું જામ સાડનો પુત્ર કુલ ઇશ્વર કૃપાએ જીવતો છું અને મારા પિતાના વૈરનો બદલો વાળવા આવેલછું માટે લડવા અથવા શરણે થવા તૈયાર થાવ" કુલને મારી નાખવામાં સ્વારો (મારાઓની) ભુલ થયેલી જાણી ધરણ વઘેલો પસ્તાયો પણ આ વખતે તેને મહાન રાજા ધુલારાની મદદ જાણી કોઇરીતે જીતી શકાય તેમ નહિ હોવાથી વિષ્ટી ચલાવી પોતાની પુત્રી ધરણ વાઘેલી કુલને પરણાવી સમા રાજ્ય પાછું સોંપ્યું.

૩ જામકુલ

પિતાનું રાજ્ય હસ્તગત કરીને બોલાડીગઢમાંજ રાજ્યાભિષેકની ક્રિયા કરાવી જામકુલ ગાદીનસીન થયો. એક દિવસ પ્રભાતને સમયે બોલાડીગઢના રમણિય જરૂખામાં બેસી રાજમાર્ગપર આવતાજતા લોકોને જોતો હતો, તેવામાં એક મનોહર ચ્હેરાવાળી નવયૌવન કુમારીકા જોઇ. તેના માથે દૂધની બે મટુકી હતી અને બન્ને હાથમાં ૫ પાંચ (ભેંસના) પાડાઓની મોરીયું (રસી) લઇ ચાલી આવતી હતી. તેવામાં એવું બન્યું કે જામની ઘોડારમાંથી એક ઘોડો સરક તોડાવી મસ્તીમાં આવી જઇ તોફાન કરતો કરતો સામેના રસ્તા ઉપરથી પૂર જોસમાં દોડતો આવતો હતો, રસ્તો સાંકડો હતો તેથી તે કન્યાએ સમય સૂચકતા વાપરી બન્ને હાથમાંના પાડાની દસે મોરીઓને પગતળે દબાવી એક હાથે મટુકીયો ઝાલી, અને ઘોડો નજીક આવતાં ઘોડાના જડબા ઉપર બીજા હાથની એવા જોરથી એક થપાટ લગાવી કે ઘોડો ચક્કર ખાઇ પાછો ઘોડાર તરફ વળી ગયો. આમ માર્ગ નિર્ભય બનતા બન્ને હાથમાં પાડાઓને ઠારી, તે કુમારીકા ચાલી નીકળી આ બનાવ જામકુલે નજરે જોતાં વિચાર કર્યો કે આ સ્ત્રીની કુખે જે પુત્ર જન્મે તે ઘણોજ બહાદુર થાય. તપાસ કરાવતાં તે કન્યા કુડવર નામના રબારીને ત્યા ઉછરતી હોવાનું જાણી તેને ત્યાં રાજગોરને સગપણ માટે માગું લઇ મોકલ્યો.

કોઈ એક અપ્સરા ઇન્દ્રના શ્રાપથી પૃથ્વી ઉપર પડી તે પછી જંગલમાં આવેલા એક શિવાલયમાં તે અપ્સરા પોતાના અપરાધની માફી માગતાં ગદ્‌ગદ કંઠે થઇ સ્તુતિ કરતી હતી. તેવામાં વીકીઓ સંધાર અને કુડવર રબારી પોતાની આઠ ગાયો અને ભેંસો ચારતાં ચારતાં ત્યાં આવ્યા તે સ્ત્રીનું રૂદન સાંભળી શિવાલયમાં જઇ તેને આશ્વાસન આપી ગામમાં લાવી કુડવરને ઘરે રાખી તેનું નામ સોનલ હતું, સોનલની ખુબસુરતીથી મોહિત થઈ વીકીઓ સંધારે પોતાની તમામ આથ કુડવરને આપી તે કન્યા પોતાને ત્યાં લઇગયો, રાત્રે સોનલના ઓરડામાં જતાં તેને વિકરાલ સિંહણરૂપે જોઇ વીકીઓ પાછો વળ્યો અને સવારે કુડવરને સોનલ પાછી સોંપી પોતાની આથ પાછી લાવ્યો, કુડવર પોતાની પુત્રીથી પણ અધિકગણી તેની સંભાળ રાખતો હતો.

એ કન્યાનું માગુ રાજા તરફથી આવતાં તે યોગ્ય જાણીને તેના લગ્ન જામ કુલ સાથે કરી આપ્યા.

વિ. સ. ૬૭૬ ના કારતક સુદ બીજની પ્રભાતે એ સોનલ રાણીને પેટે એક પ્રતાપી પુત્રનો જન્મ થયો, તેનું નામ લાખો પાડયું. કે જે પાછળથી કુલનો પુત્ર હોઇને લાખોકુલાણી એ નામે પ્રસિદ્ધ થયો. લાખાકુલાણીના જન્મ વખતે જામકુલ પોતાના સાસરા રાજા ધુલારાસાથે બાંભણાસર હતો. તેથી ત્યાં પુત્ર

જન્મની વધાઈ મળતાં તે પાછો કચ્છ આવ્યો. કેટલાક દિવસો વિત્યાપછી પટરાણી સોનલની ઈર્ષાથી કેટલીક રાણીઓએ જામકુલના કાન ભંભેરી સોનલના સતિત્વપણા માટે વ્હેમ પાડ્યો. ભોળા રાજાએ વ્હેમમાં વ્હેમાઈ જઈ સતી સોનલને સતીત્વપણાની ખાત્રી કરી આપવા જણાવ્યું, તેથી સતીએ પતિની શંકાનું નિવારણ કરવા ચંદન કાષ્ટની ચીતા રચાવી રાજકુટુંબ તથા નગરજનો સમક્ષ પોતાના યુવરાજ કુંવર લાખાને તેડી ચીતામાં પ્રવેશ કર્યો અને અગ્નિસ્નાન કરી પોતાની પવિત્રતા સિદ્ધ કરી બતાવી.

બોલાડીગઢના દરબારમાં સતી સોનલે અગ્નિસ્નાન કર્યું તેથી જામકુલે તે કિલ્લાનો ત્યાગકરી, મીયાણીમાં બીજો કિલ્લો બંધાવી કારભારી અણગોરના નામથી તેનું અણગોરગઢ નામ પાડી ત્યાં ગાદી સ્થાપી. સતી સોનલ તથા કુંવર લાખા અને અન્ય રાજ્યકુટુંબની સાથે રહી ત્યાં રાજ્ય કરવા લાગ્યો.

જામકુલને છ કુંવરો હતા, પરંતુ લાખો મહા તેજસ્વી ઉદાર, પ્રતાપી, તેમજ બુદ્ધિશાળી દેવના અવતાર જેવો દેદિપ્યમાન હતો. એવા સદ્‌ગુણોથી પ્રજા તેને ઘણું ચાહી જામ લાખો કહી બોલાવતી. આ પ્રજાપ્રિય કુમારની સાવકી (ઓરમાન) માતાઓને એથી ઇર્ષા વધી અને કોઇપણ ઉપાયે લાખાનું કાસળ કાઢવા યુક્તિઓ રચવા લાગી. એક સમય હુતાશનીના તહેવારોમાં ધરણ વાઘેલીએ પોતાની તથા બીજી રાણીની પુત્રવધુઓને બોલાવી કહ્યું કે "જામલાખો તમારો દેર થાય, માટે લાખાને રંગની પીચકારીઓ છાંટી હુતાશણીની ગોઠલ્યો "તેથી લાખો દાતણ કરતો હતો ત્યાં સહુ રાજવધુઓ આવી પછવાડેથી રંગની પીચકારીઓ છાંટી ઓરડામાં ચાલી ગયાં, લાખે તે જોયું ત્યારે ધરણ વાઘેલીએ કહ્યું કે" તેની હરકત નહિ, આજે હુતાશની છે માટે તમે પણ તમારી ભાભીઓને ઓરડામાં જઇ રંગ છાંટો, એમ કહી પોતે ઓરડામાં જઇ બીજું ઓઢવાનુ બદલી (ઓઢી) વહુરૂઓને સંકેતથી ત્યાંથી રવાના કરી પોતે વાંસોવાળી ઉભીરહી. તેવામાં લાખે આવી રંગની પીચકારી તેના ઉપર મારી કે તુરતજ મોટો કોલાહુલ મચાવી જનાનામાં રમખાણ કરી મેલી અને જામકુલને બોલાવી ધરણ વાઘેલીએ કહ્યું કે "તમારો લાખો બહુજ ઉદ્ધત છે, હું તેની મા થાઉ છતાં મને આ પીચકારીથી રંગછાંટી મારી બેઅદબી કરી, એટલુંજ નહિં પણ કેટલાક ન બોલાય તેવાં વચનો બોલી મારી મશ્કરી કરી" અન્ય રાણીઓએ પણ એ પ્રપંચ જળમાં સામેલ હોઈ સાક્ષી આપી ? તેથી જામ કુલને તે હકીકત સત્ય જણાતાં તુરતજ લાખાને બોલાવી તેનો કાંઇપણ ખુલાસો સાંભળ્યા વગર દેશવટો આપ્યો. લાખે પણ જાણ્યું કે આ બધો પ્રપંચ ધરણ વાઘેલીનો છે. તેથી તુરતજ કાળો પોશાક પહેરી કાળા ઘોડાપર સ્વાર થઇ કચ્છેશ્વરને છેલ્લા સલામ કરી ચાલી નીકળ્યો અને કહેતો ગયોકે જામકુલ તથા ધેણરાણી મરીગયાની અને સીયાણ તળાવનો બંધ તુટી ગયાની વાત કોઇ આવી મને જાહેર કરશે તો તેને હું જાનથી મારી નાખીશ.

જામકુલ પોતાની રાણી ધેણ વાઘેલી સાથે દરરોજ રાત્રે ચોપાટે રમતો ત્યારે તે મિથ્યાભિમાની રાણી પાસા નાખતા બોલતી કે "ઢળ પાસા જેમ ધરણના ઢળ્યા" આ શબ્દો દરરોજ બોલતાં સાંભળી જામકુલને ઘણુંજ માઠું લાગતું પરંતુ કાંઇ ન બોલતાં મનમાં વિચાર કર્યો કે પિતાનું વૈર ન વાળતાં ધરણ વાઘેલાને જીવતો રહેવા દીધો ત્યારે આવું સાંભળવું પડે છે. માટે હવે તો પિતાનું વૈર વાળી આ રાણીનું અભિમાન ઉતારવું. ધરણ વાઘેલો શ્રાવણમાસમાં દરરોજ પોતાના રત્નાકર નામના ઘોડાપર બેસી કાગેશ્વર મહાદેવના દર્શન કરવા સીક્કે જતો. જામકુલ પણ કેટલાક સ્વારો સાથે તેની પાછળ જતો પણ વઘેલો ચેતી જતા તુરતજ રત્નાકર ઘોડાની સહાયથી તેના દાવમાં આવતો નહિ. એમ કેટલાક દિવસ બનતા જામકુલે વિચાર્યું કે તેનો ઘોડો ઘણોજ સારો છે, તેથી તેને પહોંચાશે નહિ. એમ ધારી એક દિવસ ઓઢાણે (ઢાણમાં) આવેલી ઘોડીઓ સાથે લઇ કુલ સીક્કે ગયો ધરણે તેને જોઇ નાશી જવા પ્રયત્ન કર્યો પણ ઘોડો ઓઢાણે આવેલી ઘોડીઓની ઘાણથી હાવળો કરતો તે તરફ વળ્યો તેથી તે નાશી શક્યો નહિ. એટલે નિરાશ બની ધરણ વાઘેલો બોલ્યો કે 'રત્નાકરને ગમી તે વાઘેલાને વીસવાર" એમ કહી સામો ચાલી સીક્કાને સીમાડે કુલ સાથે દ્વંદ યુદ્ધ કરી મરણ પામ્યો. કુલે ધરણના ચહેરાનો ભાગ કાયમ રહે તેવીરીતે શરીરની ચામડી ઉતરાવી તેનો ચાકળો સીવડાવી પોતાના દીવાનખાનામાં ચોપાટ રમવાની જગ્યાએ (વાઘેલી રાણીને બેસવાની જગ્યા ઉપરના) ગલીચા નીચે રખાવી દીધો. રાત્રે ચોપાટ રમતા પાસા નાખતી વખતે રાણી બોલીકે "ઢળ પાસા જેમ ધરણના ઢળ્યા" એ સાંભળી કુલે ઉત્તર આપ્યો કે "ગલીચો ઉપાડી જુઓ તો ખબર પડે કે કોના પાસા સવળા પડ્યા? ધરણના કે કુલના? રાણીએ ગલીચો ઉપાડી જોયું તો પોતાના પિતાની ચામડીનો ચાકળો જોયો તેથી દીલગીરી સાથે બોલી ઉઠી કે બાપદાદાનું વૈર વાળવું એ ક્ષત્રીઓનો ધર્મ છે પણ તમે મને મારા પિતાના મૃત દેહની ચામડીપર બેસાડી તે ઘણુંજ ખોટું કર્યું. હવે મારાથી જીવાય કેમ? આટલું બોલી કટાર લઇ પોતાના આઠ માસના ગર્ભને પેટચીરી જામકુલને કાઢી આપ્યો, ને પોતે તુરતજ મરણ પામી. આ દીકરાને પેટમાંથી "ઘા" મારી કાઢયો માટે "ઘાઓ" (ઘાઓજી) કહેવાયો.

ઉપરનો બનાવ બન્યો ત્યારે લાખો દેશવટે હતો ધેણ રાણીના મરી ગયા પછી જામકુલ પણ થોડે ઘણે વરસે ગુજરી જતાં ગાદી માટે ભાઇઓમાં અંદર અંદર તકરાર પડી દેશ પાયમાલ થયો, અને ચારે બાજુ અંધાધુંધી ચાલી.

શ્રીયદુવંશપ્રકાશે તૃતીયકળા સમાપ્તા.

ચતુર્થ કળા પ્રારંભઃ



૪ જામલાખો ફુલાણી

॥ દુહા ॥

શાકે સાત સતોતરે, સુદ સાતમ શ્રાવણ માસ ।
સોનલ લાખો જનમીયો, સુરજ જોત પ્રકાશ ॥ ૧ ॥
લાખા પુત્ર સમુદ્રસા, ફુલઘરે અવતાર ॥
પારેવાં મોતી ચુગે, લાખારે દરબાર. ॥ ૨ ॥
પાલાણી હીરે જડી, સુરત પંચાણી ॥
પચ્છમ ઇંદો પાદસાહ, લાખો ફુલાણી ॥ ૩ ॥

જામલાખો શાલીવાહન સક ૭૭૭ માં શ્રાવણ સુદ ૭ ના રોજ સોનલ રાણીથી જન્મ્યો હતો એ હકીકત ઉપર આવી ગઇ છે.

દેશવટો મલ્યા પછી લાખો ગુજરાતમાં (અણહીલવાડ પાટણમાં) પોતાના સાસરા સામતસિંહ ચાવડાને ત્યાં પોતાના થોડાઘણા અનુચરો સાથે ગયો એ વખતે ગુજરાતમાં સામતસિંહના પ્રમાદથી અવ્યવસ્થા ચાલતાં બધે અંધાધુંધી ચાલતી હતી તેથી ત્યાં કાર્યદક્ષ રાજનિતિજ્ઞ પુરૂષની જરૂર હતી. કેમકે ચોર લુંટારા અને અન્ય શત્રુઓથી પ્રજા ત્રાસી રહી હતી. તેવા સમયમાં લાખો ત્યાં જતાં રાજા અને પ્રજાએ તેને વધાવી લીધો અને રાજ્યનો તમામ કારભાર લાખાના હાથમાં સોંપ્યો જામલાખાની અસાધારણ બુદ્ધિથી ગુજરાતમાં સુખશાંતિ સ્થપાઇ અને રાજા પ્રજા ઉભયનો માનીતો થતાં અદ્યાપિ પર્યન્ત લાખો ગુજરાતમાં પ્રસિદ્ધ છે.

એ વખતે કલ્યાણીના ભુવનાદીત્ય સોલંકી રાજાના ત્રણ કુંવર રાજસિંહ, બીજસિંહ, અને દંડકસિંહ સૌરાષ્ટ્રમાં સોમનાથ મહાદેવની યાત્રા કરી પાછા ફરતાં અણહીલવાડ પાટણમાં સામતસીંહ ચાવડાના મેમાન થયા, તેણે તેની ઘણીજ બરદાસ કરી, તેમજ યુવરાજ કુમાર રાજસીંહ ચાવડાના મેમાન થયા. તેણે તેની ઘણીજ બરદાસ કરી, તેમજ યુવરાજ કુમાર રાજસીંહની અગાધ બુદ્ધિ જોઇ પોતાની બેન લીલાવતીને તેની સાથે પરણાવી અને તેણીને પેટે પુત્ર જન્મ્યો એ વખતે મુળ નક્ષત્ર હોવાથી તેનું નામ મુળરાજ પાડયું. રાજજોષિએ ભવિષ્ય ભાંખેલ કે "આ બાળક મામાના કુળનો નાશ કરશે."

લીલાવતીને પરણાવ્યા વિષેની એવી એક દંત કથા છે કે સોલંકી કુમાર રાજબીજ અને દંડકની છાવણી અણહીલપુર પાટણના તળાવને કિનારે પડી હતી. ત્યાં સામતસિંહ ચાવડાના ઘોડાઓને પાણી પાવા માણસો આવ્યા તેમાના એક સ્વારે ઘોડીને ચાબુક માર્યો. તેનો અવાજ સાંભળી રાજથી નાનોભાઈ બીજ જે સુરદાસ હતો તેણે કહ્યું કે "આ ચાબુક મારવાથી ઘોડીના પેટમાં પંચકલ્યાણી વછેરો છે તેની ડાબી આંખ ફુટી ગઇ" માણસોએ તે વાત રાજાને જઈ કહી તેથી રાજાએ ખાત્રી કરવા એ ત્રણે ભાઇઓને રોકી શરત કરી કે જો વછેરાની ડાબી આંખ ફુટલ નહિ હોય તો તમારૂં સર્વસ્વ લુંટી લઇશ પાટવી કુંવર રાજ કહે છે કે જો અમારી વાત સાચી ઠરે તો તમારી બ્હેન લીલાદેવીનું સગપણ આપો ઉપરનો કરાર બન્નેએ કબુલ કરતાં ત્રણે રાજ કુમારો તે ઘોડીને ઠાણ આવતાં સુધી ત્યાં રોકાયા બીજકની પરિક્ષા મુજબ ઘોડીને પંચકલ્યાણી વછેરો ડાબી આંખે ફુટલ આવ્યો. એથી શરત મુજબ સામતસિંહ ચાવડે પોતાની બ્હેન લીલાદેવી રાજાને પરણાવી આપી. અને તેને પુત્ર જનમ્યો તેનું નામ મુળરાજ પાડયું.

કચ્છમાં જામફુલના મરણ પછી તેના કુંવરોમાં અંદર અંદર કુસંપ થવાથી બહુજ અવ્યવસ્થા અને અશાન્તિથી પ્રજા અકળાઇ ગઇ હતી. રાજ્ય તરફથી પ્રજાને જરાપણ આશ્વાસન નહોતું પરંતુ અનેક પ્રકારના કર વેરાઓ અને ચોર લુંટારાના ત્રાસથી પ્રજા અત્યંત પીડાતી હતી. એથી પ્રજાએ એકમત થઇ ગુજરાતમાંથી લાખા કુલાણીને બોલાવી ગાદીએ બેસારવા નક્કી કર્યું. પણ કોઇએ કહ્યું કે જ્યારે લાખો દેશવટે ગયો ત્યારે પ્રતિજ્ઞા કરી કહેતો ગયો છે કે "કોઇ મારી પાસે આવી જામ કુલ તથા ઘેણરાણી મરી ગયાની તેમજ સીણાઈ તળાવનો બંધ તુટી ગયાની વાત જાહેર કરશે. તેને હું જાનથી મારી નાખીશ. અત્યારે એ ત્રણે બાબત બની હતી તેથી તેને તેડવા જવાની કોઇએ હિમત કરી નહિ છેવટે સર્વ પ્રજાના અતિ આગ્રહથી લાખાની બાળસખી ડાહી (ડુમની) ડમરીએ તેડવા જવાનુ બીડું ઝીલ્યું, તે દાસીના નામ પ્રમાણેજ ગુણ હોવાથી તેણે અણહીલપુર પાટણ જઇ જોગણનો વેશ લઇ રાત્રિને વખતે લાખાની મેડી હેઠે બેસી જન્તર વગાડી દુહા બોલવા લાગી કેઃ—

॥ સોરઠા-દુહા ॥

વળને લાખા મેરાણ, તો વણ કાજો કરાયો ॥
સુરત ગીન સુજાણ, માડુએં પ્યો મામલો ॥ ૧ ॥
મઠ્ઠી મથે ધાંણ, ફુલણના પસા વાડીએ ॥
બેઇ તાણા તાણ, સજન સીણાય બંધજી ॥ ૨ ॥

ઉપરના દુહાઓ સાંભળતાં લાખે ચમકી ઝરૂખેથી જોયું તો એક જોગણને જંતર વગાડતી જોઇ, તેને ઉપર બોલાવતાં દુહાઓ બોલવા કહ્યું તે દુહાઓ

સાંભળતાં તેના અવાજ ઉપરથી જોગણને ઓળખી ગયો, અને દુહાનો ભાવાર્થ સમજ્યો કે, જામકુલ તથા ધરણ વાઘેલી મરણ પામેલા છે, તેમજ સીણાયનો બંધ તુટ્યોછે. માણસો ઉપર મામલો મચ્યેછે, કચ્છદેશ દુઃખમાં અકળાયો છે તેથી મને ત્યાં સંભાળ લેવા પ્રજા બોલાવે છે.

ઉપરનો અર્થ મનમાં સમજી લાખે જોગણને પુછ્યું કે હે ડાઈ, અહીં તું કેમ આવી? ડાઇએ કહ્યું કે રાજના અને પ્રજાના લોકોએ આપને બોલાવ્યા છે લાખે પુછ્યું કે શું જામકુલ અને ધણ બન્ને ગુજરી ગયા? શું શીયાણનો બંધ તુટી ગયો? સાચું બોલ તારા દુહાનો ભાવાર્થ એવો જણાય છે. દાસીયે જવાબ આપ્યો કે ગરીબ પરવર, આપ આપના મુખથીજ તેમ કહોછો. પ્રથમ આપેજ તેમ કહ્યું માટે હવે મારે કહેવામાં વાંધો નથી "એ વાત ખરી છે" અને ગાદી ઉપર અભિષેક કરવા રાજની દરેક પ્રજાનો મત આપની તરફેણમાં છે તેમજ આપના બીજા ભાઇઓમાં રાજ્ય ચલાવવા જેટલું શૌર્ય નથી માટે આપ કૃપા-કરી જલદી સ્વદેશ પધારો.

બીજેજ દિવસે જામલાખો મહારાજા સામતસિંહજીની રજા લઈ કેટલુંક લશ્કર તથા સમૃદ્ધી લઇ દાસી સાથે કચ્છમાં અણગોરગઢ આવ્યો. પ્રજાએ સામૈયું કરી રાજ્યગાદી ઉપર અભિષેક કર્યો, પરંતુ અણગોરગઢમાંથી પોતાને દેશવટો મળેલ તેથી ત્યાં નહિં રહેતાં કેરા ગામે અજીત કિલ્લો બાંધી "કેરા કોટ" માં રાજ્યધાની સ્થાપી. પ્રજાને સુખ આપ્યું. લાખાની દાનવીરતા આજે કચ્છ કાઠી-આવાડમાં સેંકડો વર્ષો વિત્યા છતાં, જેવી ને તેવી ઉજવળ ઝળહળી રહી છે. ગાદીએ બેસી તેને લાખાસાગર નામનું તળાવ અંજારથી અઢી કોસ ઉપર આવેલ સીણાય ગામ પાસે બંધાવ્યું, તેમજ ચારણોને દરરોજ લાખ પસાવ દાન આપતો તેમજ બ્રાહ્મણોને મોટાં દાનો (એટલેજ દરરોજ ૬૦ ભાર સોનુ કરણની માફક) આપી અક્ષય કિર્તિ મેળવી હતી, સારો દરબાર આપી કેટલુંક લશ્કર રાખ્યું, અને અન્ય દેશો જીતવા દરસાલ દશેરાને દહાડે જે દિશામાં મુહૂર્ત આવે તે દિશામાં તે કુચ કરતો અને ત્યાં વિજય કરી રાજ્યમાં પાછો આવતો.

ગુજરાતના રાજા સામતસિંહ ચાવડાનો કુમાર અહિપત કેટલેક વર્ષે લાખા-કુલાણીને શરણે કચ્છમાં આવ્યો, તેથી તેને મોરગઢ ગામ તથા તેની આસપાસની જમીન તેના નિર્વાહ અર્થે આપી હતી. મુળરાજ અને લાખાકુલાણીના વૈરનું આ પણ કારણ હોય એવો સંભવ છે. મુળરાજના જન્મ પછી તેની માતા લીલા-દેવી તુરતજ ગુજરીગઇ હતી. તે પછી મુળરાજનો પિતા રાજસિંહ આત્માની શાન્તિ અર્થે યાત્રા કરવા નિકળ્યો. દ્વારકાથી નારાયણસર, કોટેશ્વર, વગેરે તીર્થ સ્થળે જઈ યાત્રા કરી પાછા ફરતી વખતે કચ્છનો કેરાકોટ જોવા આવ્યો કચ્છ નરેશ લાખાકુલાણીએ તેનો અતિશય આદરસત્કાર કર્યો. લાખાનો પ્યારો ઘોડો પ્રભુયસર એ વખતે માંદો હતો, તેના માટે દેશપરદેશથી વૈદ્યો અને હકીમો આવ્યા

હુતા છતાં કોઇ તેનું દર્દ પારખી શકયું નહિ. પરંતુ સોલંકી રાજા રાજસિંહે ઘોડો તપાસી કહ્યું કે "આ ઘોડો સ્વપ્નઘાતથી પગ માંડતો નથી" (ઘોડાને સ્વપ્ન આવે કે લડાઇમાં પગને ઇજા થઇછે. અથવા કપાઇ ગયોછે એમધારી પગતોળી (ઉંચોકરી) ઉભો રહે તેનું નામ સ્વપ્નઘાત કહેવાય) માટે લશ્કરની બે ટુકડી શહેર બહાર મેદાનમાં ઉભીકરી તેમાંની એક ટુકડી સાથે આ ઘોડા ઉપર ચડી લાખાએ પોતે જવું અને સિંધુડા રાગમાં સરણાઇઓ અને બુબ્બીઆ ઠોલો બજાવી એકદમ હાકલ પડકાર સાથે હાકરણ (હલ્લો) કરી એકદમ બીજી ટુકડી ઉપર હુમલો કરવાનો દેખાવ કરવો, તે જોઇ ઘોડાને શુર પ્રગટતાં સ્વપ્નની વાત ભુલી જશે અને પગ જમીન ઉપર માંડી દોડવા માંડશે. લાખાએ તે પ્રમાણે કરતાં ઘોડે જમીન ઉપર પગ માંડ્યો, તેથી જામલાખો બહુજ ખુશ થયો, અને રાજસોલંકીને પોતાની બ્હેન "રાયાં" પરણાવી અને તેના ઉદરથી અવતરેલ કુંવરનું નામ "રાખાયત" રાખ્યું. એક દિવસ લાખોફુલાણી અને રાજસોલંકી બન્નેએ કાઠીઆવાડમાં આવી ભાદર નદીને કિનારે ડુંગરાળ પ્રદેશમાં સાત કિલ્લાઓ બાંધ્યા. તેમજ એક ટેકરી ઉપર આઠમો દુર્ગ બાંધી તેની અંદર મહેલ ચણાવી ગામ વસાવી ત્યાં તેઓ રહેવા લાગ્યા. એ આઠમો દુર્ગ હોવાથી "આઠકોટ" અને પાછળથી આટકોટ કહેવાવા લાગ્યું, એ કિલ્લાથી થોડે દુર દક્ષિણ બાજુની ટેકરી ઉપર પોતાની બાળ સખી ડાહી ડુમરીને રહેવા મેડી ચણાવી આપી. હાલ તે જગ્યાને ડાહી ડુંગરીના નામથી લોકો ઓળખે છે, તેમજ ત્યાં લાખા ફુલાણીએ હનુમાનજીની સ્થાપના કરતાં એ હનુમાનજી ફુલીયાહનુમાન નામે પ્રસિદ્ધ છે. આટકોટના રાજમહેલમાં જામલાખો અને રાજ સોલંકી એક દિવસ ચોપાટ રમતાં એક બીજાના કુળની શ્રેષ્ટતા વિષે વાદે ચડ્યા. અને તેમાં તકરાર વધી પડી રાજ સોલંકીએ જામલાખાને મરમમાં કાંઇક મેણું માર્યું. તે મેણાથી જામલાખે ક્રોધ કરીને એકજ તલવારના ઝાટકે રાજનું માથું ઉડાડી દેતાં લાખાની બ્હેન રાયાંજી તેના પતિ પાછળ સતી થઇ. બાણેજ રાખાયતને જામલાખાએ ઉછરી મોટો કર્યો, પણ માતાપિતાનો આમ અકાળે વિયોગ થવાથી રાખાયતને બહુ લાગી આવ્યું. પણ અવસર આવ્યે પિતાનું વૈર વાળવાનો નિશ્ચય કરી શાન્ત થયો.

રાખાયતને જામલાખો પુત્રની પેઠે રાખતા હતા. પણ તે પ્રેમમાં ન લોભાતાં પોતાના ભાઇ મુળરાજ આગળ અણહીલવાડ પાટણ ગયો, ત્યાં સામંતસિંહ ચાવડો મુળરાજને ગાદી આપવાની પેરવીમાં હતો, પણ તેના ભાયાતો (ચાવડા સરદારો) કચ્છમાંથી તેના પુત્ર અહિયતને ગાદીએ લાવવાના મતમાં હતા. તેથી મુળરાજ તથા રાખાયત કનોજ જઇ તેના કાકા બીજકને તેડી લાવ્યા, બીજકે પાટણમાં આવી રાજા તથા ભાયાતોને કહેલ કે મુળરાજના પિતા રાજને તમે લીંબુ ઉછાળ રાજ આપવા વચન (લીલાદેવીના હસ્ત મેળાપ વખતે) આપેલ હતું. પરંતુ તેનો અમલ થયો નથી, રાજ મરી જતાં હવે તેના પુત્ર મુળરાજને લીંબુ ઉછાળ રાજ્ય કરવા દેવું જોઇએ, કચેરીએ તથા રાજાએ એ વાત કબુલ રાખી

અને લીંબુ ઉછાળ એટલે હંમેશાં લીંબુ ઉછાળતાં નીચે પડે તેટલો વખત મૂળરાજ રાજ ચલાવવા લાગ્યો. તેના કાકાની સલાહથી તેણે હંમેશાં એક ભાયાતને જાગીર પોશાક પેરામણી આપી અમીર બનાવવા હુકમ કરતો, ત્યાં લીંબુ નીચે પડે. આમ કેટલોક વખત જતાં ઘણાં ભાયાતોને મોટા જાગીરદારો બનાવી લાખોની નવાજેસો કરી. ભંડાર ખાલી કર્યા, અને તેથી સર્વ ભાયાતો તથા અમીરો મુળરાજની ચાહના કરવા લાગ્યા, તેના કાકા બીજે એક બીજી યુક્તિ પણ સુચવી હતી કે "તારે હંમેશાં માંસના ટુકડા ઉંચે ફેંકવા એથી સમળાઓ તે ટુકડાઓ લેવા હરી જશે, અને તારા માથા ઉપરજ હંમેશાં ફર્યા કરશે" એ પ્રમાણે કરતાં સમળાઓનો ઘેરો કાયમ મુળરાજના માથા ઉપર ભમ્યા કરતો, એક દિવસ સવારના દરબારમાં જ્યારે લીંબુ ઉછાળવા મુળરાજને હુકમ થયો ત્યારે તેના કાકા બીજની સુચના મુજબ લીંબુ લોહીવાળું કરી ઉછાળ્યું કે તુરતજ લોહીવાળા લીંબુને માંસનો ટુકડો ધારી સમળા ઉપાડી ગઇ. મુળરાજને ગાદી ઉપરથી ઉતરવા સામતસિંહે કહ્યું પણ "લીંબુ નીચે પડે ત્યારેને?" એમ કહી મુળરાજ ઉતર્યો નહિ. બાદ કેટલાક આડખીલી રૂપે આવતા ભાયાતો અને સામતસિંહ ચાવડાનો અંત લાવી મુળરાજ સ્વતંત્ર થઈ અણહીલવાડ પાટણની ગાદી ઉપર બેઠો.

સંવત ૧૦૩૫માં ગીરનારની તળેટીમાં વામનાસ્થળી (વણથલી)માં ગ્રહરીપુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે જામ લાખાનો મીત્ર હતો. તેના ઉપર મુળરાજ સોલંકી ચડી આવતાં તેની મદદે આવવા ગ્રહરીપુએ જામલાખાને નોતર્યો જામલાખાને કાંઈ સંતતી નહિ હોવાથી પોતાના ભાઈના કુંવર પુઅરાને રાજલગામ સોંપી મોટું લશ્કર લઇ પોતાના મિત્ર ગૃહરીપુની મદદે ચડી ગયો અને પોતે વસાવેલા આઠકોટ (આટકોટ) ના કિલ્લામાં પડાવ નાખી ગુર્જર નરેશનો માર્ગ રોકી બેઠો, ત્યાં ગૃહરીપુ પણ પોતાના લશ્કર સાથે તેને આવી મળ્યો, એ કિલ્લાની થોડે દુર ભાદર નદિને મળતો જાંબવા નામના વોંકળા નજદીક મુળરાજ અને ગૃહરીપુના સૈન્યનો સામસામો ભેટો થતાં ભયંકર કાપાકાપી ચાલી ગૃહરીપુનો હાથી મરતાં ગૃહરીપુ નીચે ઉતરી લડવા લાગ્યો અને દુશ્મનોના હાથમાં સપડાયો આ વખતે જામલાખો પોતાના મિત્ર માટે જીવ સાટે લડતો લડતો મુળરાજ સમીપ જઇ તેના ઉપર તલવારનો ઘા કરતાં પાછળથી તેના ભાણેજ રખાપતે આવી સાંગ મારી અને મુળરાજે તલવારના એકજ ઝાટકે લાખાફુલાણીનું માથું ધડથી જુદું કરી નાખ્યું. મધ્યાન કાળે માથું પડયું છતાં હાથમાં તલવાર લઇ લાખો "કુબંધ" થયો અને સાંજ પડતાં સુધીમાં તો હજારો માણસોની સેનાને કાપી નાખી. સાંજરે કોઇએ ગળીયલ કપડું માથે નાખતાં ધડ પડયું. આવી રીતે લાખો ૧૨૫ સવાસો વરસનું આયુષ્ય ભોગવી દુનિયામાં અક્ષય કિર્તિ ભોગવી સ્વર્ગે સીધાવ્યો. એ વખતનું એક પુરાતની કાવ્ય છે. તેમાં એ લડાઈમાં મરનારની સંખ્યા તિથી વાર અને સન બતાવેલ છે.

॥ છપ્પય ॥

साके नवसो एक, मास कार्तिक नीरंतर ॥
पिता वेर छल ग्रहे, सोड दाखे अत सद्धर ॥
पडे समा सो पनर, पडे सोलंकि सो खट ॥
सो ओगणीस चावडा, मुवा रज्य रक्षणवट ॥
वरमाळ गळे मंगळधरी, सुर पुरां अपछर वरे ॥
आठम पक्ष सुकल सुकर, मुळराज हाथ लाखो मरे ॥ १ ॥

ભાવાર્થ—શાલીવાહન સક ૯૦૧ નવસો એકના કાર્તિક સુદ આઠમને શુક્રવાર ૧૬૦૦ ચાવડા રજપુત અને ૬૦૦ સોલંકિ રજપુતોને કાપી ૧૫૦૦ સમા રજપુત સીંધે જામલાખો ફુલાણી મુળરાજ સોલંકિના હાથથી કામ આવતાં અપ્સરાઓને વરી સ્વર્ગે ગયેા.

આજે પણ આટકોટ પાસેની ભાદર નદિ તથા ભુઠણપરી નદિ તેમજ જાખવા વોંકળાના સંગમ વચ્ચે જામલાખા ફુલાણીનેા પાળીયેા અંબાજી માતાના દેવળ પાસે સેંકડેા વર્ષની સાક્ષી પુરતેા ઉભેા છે, તેમજ દરવર્ષે ત્યાં અષ્ટમીનેા મેાટેા મેળેા ભરાય છે. ભરવાડ અને રબારણેા તે પાળીયાને દુધથી નવરાવે છે, કારણકે લાખેા સેાનલ અપ્સરાને પેટે જન્મ્યેા હતેા, અને સેાનલ કુડવર રબારીને ત્યાં ઉછરી હતી, તેથી રબારણેા અને ભરવારણેા તેને દુધે નવરાવી પુજે છે, અને અશાડીબીજે ગામના રહેતા કાઠી રજપુતેા જામલાખાના પાળીયાને કસુંબેા પીવરાવેછે, એ દેવાંસી રાજા લાખા વિષે કહેવત છે કેઃ—"લાખા લખ પણ ફુલાણી એ ફેર."

ઇતીશ્રી યદુવંશપ્રકાશે ચતુર્થકળા સમાપ્તા.



પંચમકળા પ્રારંભઃ

લાખાપુલાણી વિષેની કંઠસ્થ કથા

કાઠીઆવાડમાં લાખા પુલાણી વિષેની અનેક દંતકથાઓ છે. અને એ દંતકથામાં વીરતા નિતિ અને કેટલીક વહેવારૂ ઉપયોગીતા હોઇ જન સમાજને ઉપયોગી જાણી આ નીચે લખવામાં આવી. છે,

જામપુલનું બીજું નામ જામભારો હતું, એ જામભારે પીરાનપટણના બાદશાહ સાથે લડવા માટે મોટા સૈન્યની તૈયારી કરી એ વખતે પોતાનીરાણી સોનલ (અપ્સરા) પાસે કામલ નામની ડુમની સ્ત્રીને વડારણ તરીકે રાખી તેમજ પોતાના દસોંદી ચારણ સાંબા બારોટની સ્ત્રી ઝાંસી બાઇને સલાહકાર તરીકે સોંપી જામ-કુલ સાંબા બારોટને તથા ડુમને સાથે લઈ પીરાણપટણ ઉપર કુચ કરી ગયો.

પીરાણ પટણ ડુંગરી પ્રદેશમાં હોવાથી ત્યાં પહોંચવું તેને ઘણુંજ મુશીબત ભરેલું લાગ્યું તેમજ તેના બાદશાહને ખબર પડતાંજ ડુંગરી કિલ્લામાંના આવવાના બારાં (રસ્તા) બંધ કર્યા. જેથી બાર બાર વરસ સુધી ગાઢ જંગલમાં તેનો ઘેરો રહ્યો જરાપણ આગળ વધવાનો કે પાછા જવાનો અવકાશ રહ્યો નહિ.

કચ્છમાં એક વખત સોનલરાણી પ્રભાતના પ્રહરમાં સ્નાનકરી પોતાના સલાહકાર ઝાંસીબાઈ અને દાસી કામલ સાથે રાજમહેલની અગાસીમાં સૂર્યને વધાવતાં હતાં, એવામાં આકાશ માર્ગેથી એક પુષ્પ અગાસીમાં પડયું. પડતાંજ તે દૈવી પુષ્પની ખુશબો મહેલમાં ફેલાઇગઇ. સોનલને તે પુષ્પ સુંઘવા મન થતાં તે લઇ સુંઘ્યું. પણ સુંઘતાંજ તેના હૃદયમાં કંઇક ન સમજાય તેવું કુતુહુલ થતાં તે ફુલ ઝાંસીબાઇ તરફ ફેંકયું, તેનેપણ સુંઘતા તેમજ થવાથી કામલને આપ્યું. કામલે પણ સુંઘી હૃદય અકળામણ થતાં તે પુષ્પ મહેલ નીચે ફેંકયું મહેલ નીચે ઘોડાર હતી તેમાં નેત્રાંગ નામની ઘોડી બાંધી હતી, ત્યાં ફુલ પડતાં ઘોડી તે ફુલ ખાઈ ગઇ. ઇશ્વર ઇચ્છાથી એ પુષ્પના પ્રભાવે રાણી સોનલને પેટે લાખા પુલાણીનો જન્મ થયો. અને ચારણ દેવી ઝાંસીને ત્યાં માવલ નામનો પુત્ર જન્મ્યો. અને દાસી કામલને ડાઇ નામની કન્યા જન્મી તેમજ નેત્રાંગ ઘોડીને વછેરો આવ્યો તેનું નામ માંગીડો પાડયું. તે વિષે પુરાતની દુહો છે કે—

॥ દુહો ॥

સોને લાખણ જન્મીયો, ઝાંસી માવલ પુત ॥
માંગીડો નેત્રાંગને, ડાઇ કામલ કુંખ ॥ ૧ ॥

ઉપર મુજબ જે રાત્રે તેઓનો જન્મ થયો તેજ રાત્રે પીરાણ પટણના ગાઢ જંગલમાં જામપુલ (ભારા) ની છાવણીમાં સામેા બારોટ પોતાના તંબુમાં સુતા

હતા. ત્યાં માતાજી રવેચીજીએ સ્વપ્નમાં દર્શન આપ્યા, સાબે બારોટે જાણ્યું કે મારાં માતુશ્રી આવ્યાં છે એથી કહેવા લાગ્યા કે "અરે મા, તમે આંહી કેમ આવ્યા?" હું હવે નાનો નથી કે મારા માટે તમે આટલી ફીકર રાખો છો. વળી જામકુલ સાથે છે એટલે મને શું અડચણ હોય? મા, આટલે બધે દુર આપ રાત્રિમાં શી રીતે આવ્યા? "સાંભળી માતાજી રવેચીજી બોલ્યા કે" બાપ હું તારી કુલદેવી રવેચી છું અને તને વધામણી દેવા આવી છું. કે એક દિવસ આકાશ માર્ગે મારો રથ જતો હતો. તેમાંથી એક પુષ્પ જામના જનાનાની અગાશીમાં ખરી પડયું. તેને રાણી સોનલ તથા જાંશી અને કામલે સુંઘી નીચે નાખતાં ઘોડી ખાઈ ગઇ. એથી તારે ત્યાં આજે માવલ નામનો પુત્ર અને જામને ત્યાં લાખો કુંવર કામલને ડાઈ નામની કન્યા અને ઘોડીને માંગીડા વછેરો જન્મ્યા છે. તેમાં કાંઈ શંકા લાવીશનહિં અને આ વધામણી જામકુલ (ભાર)ને આપજે, તેમજ આજ સવારે જામ ભારો પીરાણ પટણ સર (કબજે) કરશે, અને જામકુલની જીત થશે."

ઉપર મુજબ કહી માતાજી અદૃશ્ય થતાં પ્રભાત થતાં સાબે બારોટે કચેરીમાં જઇ જામશ્રી આગળ વધાઇ ખાઇ ઉપરની વાત કહી સંભળાવી એ વાત સાંભળી જામકુલે કહ્યું કે "બાર બાર વર્ષથી આપણે અહીં છીએ અને પંછવારેથી પુત્ર જન્મે એવી વધામણી દેવીના બાળકવિના બીજો કોણ આપે?" બારોટે કહ્યું કે માતાજીએ કહ્યું છે તે હું કહું છું. તેમજ આજે જો આપણી ફતેહ થાય, અને પીરાણ પટણ કબજે થાય તો સર્વવાત સાચી માનજો. સવાપોર દિવસ ચડતાં બાદશાહ (કંટાળીજઇ સામે પગલે ચાલી લડવા વિચાર થતાં) મોટું લશ્કર લઇ ચડી આવ્યો, તે ખબર જામકુલને થતાં બન્ને લશ્કરે સામસામું દ્વન્દ યુદ્ધ કર્યું. સાંજસુધીમાં અસંખ્ય માણસોની કતલ થઇ, અને બાદશાહ પણ રણક્ષેત્રમાં પડતાં જામકુલે પીરાણ પટણનો કિલ્લો સર કરી જીતના ડંકા વગડાવી, ફતેહ કરી, પોતાનો વાવટો ફરકાવ્યો. જે દિવસે જામલાખાનો જન્મ થયો, તેજ દિવસ પીરાણ પટણનો કિલ્લો ત્રોડ્યો, એ વિષેનો એક પુરાતની દુહો છે કેઃ—

॥ દુહો ॥

જે દણ લાખો જનમીયો, ધરપત કાછ ધરે ॥
પીરાણી પટણ તણાં, કોઠા લોટ કરે ॥ ૧ ॥

ભાવાર્થ— કચ્છ ભૂમિમાં પૃથ્વીપતિ લાખો જે દિવસ જન્મ્યો તે દિવસ તેના પિતાએ પીરાણ પટણનો કિલ્લો સર કર્યો.

પીરાણ પટણમાં થાણું રાખી બીજે દિવસ જામકુલે દેશ તરફ કુચ કરી, કચ્છમાં આવી કચેરી ભરતાં સોનલની દાસી લાખાને કચેરીમાં તેડીલાવી, પુત્રને જોતાંજ જામકુલને ક્રોધ ઉત્પન્ન થયો, તેથી કહ્યું કે "જા જા લોંડી એ કુંવરને પાછો

લઇજા, ભીંતમાંથી કે ઢોલણીના પાયામાંથી જે કુંવર જન્મે તે પરાક્રમી કે દાતાર ન થાય. તેથી તેને ખોળામાં ન બેસારાય અને એવો કુંવર જામભારાનો ન હોય".

દાસી પાછી વળતાં તેડેલા કીસોર કુંવર લાખાને વાચા આવી અને જામ ભારાને ભર કચેરીમાં કહ્યું કે "હું ભારાનો નહિ કહેવાઉં પણ કુલનો કહેવાઇસ તેમ દરરોજ લાખ પસાવ દાનમાં આપીશ, અને પરાક્રમ એવું કરીશ કે સૂર્યની સખાયતે (મદદમાં) જઇશ, તેમજ સહુ કચેરીમંડળને એવી સુચના કરું છું કે મને કોઇએ ભારાનો કુંવર કહેવો નહિ. પરંતુ કુલનો કુંવર કહેવો, તેમજ હું તમારૂં કે કોઇપણ વૃદ્ધ પુરૂષનું મોઢું હું આજથી નહિ જોઉં, કેમકે તેમાં (પાકલ હોવાથી) અકલ ઓછી હોય છે."

આવી નાની ઉમરના બાળકની વાણી સાંભળી સર્વ કચેરી દિગ્મુઢ બની ગઇ, અને જામભારાને પણ સાબા બારોટે યાદી આપતાં માતાજીના રથના પુષ્પની વાત યાદ આવી, અને લાખો દેવતાઇ અંશ છે તેવી તેને ખાત્રી થઇ.

લાખાનું પરાક્રમ, સૂર્યની સખાયત

જામલાખો ગાદીએ બેઠા પછી દરરોજ પોતાના દસોંદી ચારણ માવલ સાખાણીને લાખ પસાવનું દાન આપતો, તેમજ પોતાની કચેરીમાં તમામ અમીર ઉમરાવ અને લશ્કરના માણસો પોતાની હેડીનાજ રાખતો, કોઇપણ વૃદ્ધ પુરૂષને લાખા પાસે આવવા હુકમ નહોતો, સહુ તેને લાખોકુલાણી કહી બોલાવતા ઉપર પ્રમાણે બાલ્યાવસ્થામાં લીધેલી પ્રતિજ્ઞા લાખે પૂર્ણ કરીહતી.

એક વખત પોતે અમીર ઉમરાવોને સાથે લઇ મોટા લશ્કર સાથે સૂર્યની સખાયતે ચડ્યો, (એટલે મુસલમાન બાદશાહ સુરન્દેવળને તોળવા આવતો હતો, તેને અટકાવવા ચડ્યો હતો.

જામલાખાના લશ્કરમાં રત્નસિંહ નામના રજપુત અંગરક્ષક (એ. ડી. સી.) હતા, તેને સાથે જવામાં ધર્મ સંકટ થયું કેમકે તેને હંમેશા નાહીધોઇ નિત્યકર્મ કરી તેના પિતાનું પુજનકરી પછી અનાજ જમવું એવું નીમ હતું, તેના પિતા વૃદ્ધ હતા, અને વૃદ્ધ માણસને સાથે લેવા મનાઇ હતી, એથી રત્નસિંહ ઉદાસ થતાં તેના પિતાએ તેને રસ્તો બતાવ્યો કે ગુપ્ત રીતે કોઇ પેટી પટારામાં રાખી મને સાથે લઇજા રત્નસિંગે તેમ કર્યું અને હંમેશાં પોતાના તંબુમાં તેને લાંબી સંદૂક (પેટી)માં રાખી તેની સેવા કરતો અને કુચ કરતી વખતે તે સંદૂક સાંઢણી સ્વારને પોતાના બીજા સામાન સાથે આપતો અને રાત્રી પડતાં તે સંભાળી લઇ પિતાની સેવા કરતો આવી રીતે ઘણાએક દિવસ લશ્કર ચાલ્યું ચાલતાં ચાલતાં બહુ દૂર પ્રદેશમાં લાખો પહોંચ્યો. તેની હિમત અને મનોબળથી ખુશ થઇ સૂર્ય તથા ઇંદ્રદેવે લાખાને બાવીસ અપ્સરાઓ મોકલી તેની સાથે કહાવ્યું કે "તમારી સખાયત પહોંચી અને તેના બદલામાં આ એક અમૂલ્ય હાર અને

અપ્સરાઓ મોકલી છે, તે લઇ તમારા દેશમાં પાછા જાવ, દેવલોકમાં મનુષ્યથી અવાય નહિ, તમે દૈવી અંશછો જેથી તમોને આટલો માનભરતબો અમે આપીયે છીએ.

લાખાની જુવાની અને તેમાં આટલો સત્કાર દેવતાઓએ કર્યો એથી વિશેષ પરાક્રમ કરવા અને દુનીયામાં અમર કિર્તિ રાખવા તે પાછો નહિ ફરતાં તેને તો આગળ વધવું ચાલું રાખ્યું. ચાલતા ચાલતાં એક વિશાળ નદિ આવી જેનાં કાંઠા ઉપર મોતીના દાણા જેવા ઝગમગતા દાણાવાળું ઘાંસ ઉભેલ છે તેમજ આસપાસની સૃષ્ટિ સૌંદર્યની રમણીયતા મનને આકર્શે તેવી હતી. લાખે તથા સૌ લશ્કરે તે નદિમાં નાહીધોઇ કપડાં કિનારા ઉપર સુકાવ્યાં એકતો એ રમણિય ભૂમિ અને તેના કાંઠા ઉપર અપ્સરાઓના હીર ચીર તથા અમીર ઉમરાવોના રંગબેરંગી સાલ દુસાલાઓ સુકવતાં નદી ખલમલી હાલી તે જોઇ લાખે હુકમ કર્યો કે આ કપડાં જે સુકાય છે, તેમાંથી કોઇએ લેવા નહિ. સૌએ બીજા કપડાં પહેરવાં એ હુકમથી લાખે ત્યાંજ કપડાં રહેવા દીધા તેથી કહેવાયછે કેઃ—

॥ લાખે વન ઓઢાડીયા, પીળી પામડીયા ॥

લાખાના મનમાં ગર્વ થયો કે આવા હીર ચીરના વસ્ત્રો નદીમાં આસપાસના પ્રદેશપર મારા સીવાય બીજા કોણ ઓઢાડી શકે? એ ઉપરથી નદીમાંથી જળ ગીરાહુ (વાણી)થઇ કેઃ—

॥ દોહા ॥

લાખા જેડા લખ વીયા, ઉન્નડ જેડા અટ્ઠ ॥
હેમ હેડાઉ હલવીયો, (એડો) અચ્ચોન ઇણી વટ । ૧॥

હે લાખા, તારાજેવા ઉદાર દીલના તો લાખો જણાઓ અને ઉન્નડ જેવા આઠ દાતારો આ રસ્તેથી ચાલ્યા ગયા છે, પણ હેમ હેડાઉ નામનો સોદાગર જે વખતે આંહી આવેલ તે વખતે તેણે મારા કાંઠા ઉપર હેમના લાટાની હારડીયું વચ્ચે મોતીના સાથીયાઓ પુરી મારી અપૂર્વ શોભા વધારી હતી, તેવો મુસાફર ફરી કોઇ વખત અહીં પાછો આવેલ નથી.

ઉપર મુજબ સાંભળી લાખાનો ગર્વ ગળી ગયો, ત્યાંથી આગળ વધતાં એક એવું ગાઢ જંગલ આવ્યું કે તેમાં સૂર્યનું કિરણ પણ પડે નહિ, અને દેવોએ ના પાડ્યા છતાં પણ તે આગળ વધતો હોવથી દૈવી કોપથી ત્યાં ગાઢ અંધકાર થઈ ગયો, અને અપ્સરાઓ પણ પાછી દેવલોકમાં ઉડી ગઇ. કેટલાક દિવસો રાત્રિની પેઠે ત્યાં સહુએ ગુજાર્યા, પરંતુ કયાં અને કઇ દિશામાં આપણે છીએ તે કોઇને સુજ્યું નહિ, તેથી અકળાઇજઇ પાછું ફરવા વિચાર કર્યો, પરંતુ દશ કઇ દિશામાં આવ્યો, તેનું પણ ભાન નહિ થતાં સહુ મુંઝાયા, તેથી મસાલો પ્રગટાવી તેના અજવાળે લાખે કચેરી ભરી સર્વ સામંતોના મત લીધા કે હવે

આપણે દેશમાં શીરીતે જવું? સહુએ કહેલકે અમોને કાંઇપણ દિશા સુજતી નથી. આવી મુશીબતમાં આવતાં સહુ ઇશ્વર પ્રાર્થના કરવા લાગ્યા. ત્યાં ગગનગીરાહ (આકાશવાણી) થઇકે "વૃદ્ધ માણસની સલાહ લ્યો" એ સાંભળી સહુ વિચારવા લાગ્યા કે આવા અગમ્ય અરણ્યમાં વૃદ્ધ માણસ કયાંથી મળે, અને કદાચ મળેતો જામલાખો વૃદ્ધનું મોઢું જોશે નહિ, એ પ્રતિજ્ઞાને લીધે સહુ વીમાસણમાં પડતાં લાખો પણ અકળાયો પોતાના સ્વામી ઉપર મુસીબત જાણી અંગરક્ષક રત્નસિંહજીએ હાથ જોડી અરજ કરી કે મારો ગુનો માફ થાય તો હું એક વૃદ્ધ પુરૂષને સભામાં લાવું. લાખે માફી આપી ને તુરતજ તેણે તેના પિતાને કચેરીમાં રજુ કરી સઘળી વાત જાહેર કરી વૃદ્ધ રજપૂતે જામ લાખાની સલામ લઇ બેઠક લીધી. અને જામલાખે દેશમાં પાછા શી રીતે જવું તે વિષે પ્રશ્ન કર્યો. વૃદ્ધે જણાવ્યું કે આવા ગાઢ અંધકારમાં કોઇ રીતે દિશા પારખી શકાય નહિ. પરંતુ "આપણા લશ્કરમાં કોઇની ઘોડીએ દેશમાંથી ચાલતી વખતે ઠાણ આપેલ હોય તો તેવી ઘોડીના સ્વારને આગળ ચલાવવો સ્વારે તે ઘોડીની લગામ છુટી મેલવી જે તરફ તે ઘોડી ચાલે તે પાછળ તમામ લશ્કરે ચાલવું જેથી તે ઠાણવાળી ઘોડી ગમે તે રસ્તે થઇ પોતે ઠાણ આપેલ ભૂમિમાં લઇ જશે કેમકે તે દેવંગી છે."

તપાસ કરતાં તેવી ઘોડી મલતાં તેના પાછળ સહુ ચાલ્યાં કેટલેક દહાડે તે અંધકારમાંથી બહાર નીકળતાં નદિના કિનારા ઉપર આવી ચઢયા એ વખતે વૃદ્ધ રજપુતે ફરીથી કહ્યું કે આ કિનારા ઉપર મોતિના જેવા દાણા વાળું ઘાસ ઉભું છે તેના દાણા ઘણાંજ પુષ્ટિકારક છે જતી વખતે તે દાણાઓ અમારા તંબુમાં લાવતાં આજ દિવસ સુધી હું દરરોજ તે ખાઉં છું અને તેથી મને નવું લોહી અને તાકાદ આવેલ હોય તેમ જણાય છે. માટે આ દાણાઓના દરેક સ્વારો તેના પાવરાઓ ભરી લ્યો કે જેથી આપણા કચ્છ દેશમાં તે અનાજ ઉત્પન્ન થાય વૃદ્ધના કહેવા મુજબ સહુએ તે દાણાના પાવરાઓ ભરી લીધા અને દેશમાં આવ્યા પછી તેનું વાવેતર કરતાં તે અનાજ કચ્છદેશમાં બાજરીના નામથી પ્રસિદ્ધ થયું જે હાલ કચ્છ કાઠીઆવાડમાં બાજરાના નામે જગ જાહેર છે તેના ગુણ વિષે કહ્યો છે કે—

॥ દુહો ॥

બલીહારી તુજ બાજરી, જેના લાંબા પાન ॥
ઘોડે પાંખુ આવીયું, બુઢા થયા જુવાન ॥ ૧ ॥

જામ લાખા ફુલાણીએ બાજરાનું બીજ આ દેશમાં લાવી વવરાવેલ એ મુલક મશહુર વાત છે.

લાખા પુલાણીની દૈવી શક્તિ

અને

(ડાઇ ડુમનીનું ડહાપણ)

એક રાત્રે અંધારી ગલીમાં લાખો નગર ચર્યા જુવે છે તેવામાં તેણે એક પુરૂષને ઉતાવળે પગલે ચાલતો જોયો. કિલ્લાના ગરનારા નજદિક આવતાં જામ લાખે પડકાર્યો કે તું કોણ છો? પુરૂષે જણાવ્યું કે "હું કોણ છું તે પુછવામાં સાર નથી" લાખે કહ્યું કે હું જામ લાખો છું મારામાં બાવન પીરની કરામત છે તેથી હું બીઉં તેમ નથી માટે તું તારી ઓળખાણ આપ "સાંભળી પેલા સક્ષે કહ્યું કે હું યમરાજાનો દુત છું અને આ શહેરમાં રહેતા એક માણસનો જીવ લેવા આવેલ છું આપ રાજા છો એ હું જાણતો નહોતો" એમ કહેતાં બન્નેને દોસ્તી થઇ અને ત્યાર પછી જ્યારે જ્યારે કોઇ દૂત આવે ત્યારે લાખાને મળે એક વખત એક ધનાઢય વાણીયાનો જીવ લેવા તે દૂત આવતાં લાખાને સાથે તેડી ગયો ત્યાં છુપી રીતે ઉભી લાખે નીચે મુજબ તમાસો જોયો" યમના દૂતને જોતાંજ તે શેઠીઓ પોતાના હાથથી પોતાનેજ તમાચા મારવા લાગ્યો તેમજ ઉઠી ઉઠી છેટે પડેલાં પગરખાં લઈ પોતાના મોઢાને હાથને પગને છાતીને ધડાધડ મારવા લાગ્યો વાચા બંધ થઇ ગઇ હતી તેથી બોલી શકાયું નહિ. આસપાસના લોકો શેઠને સન્નેપાત થયો છે એથી આમ કરે છે. એમ ધારી તેને ખાટલા સાથે બાંધી રાખ્યો એટલામાં જમદૂત જીવ લઇ ચાલ્યો રસ્તે ચાલતાં જામલાખે શેઠને તેમ કરવાનું કારણ પુછયું શેઠે કહ્યું કે મેં કોડો રૂપીઆની માયા મોકલી પણ પરમાર્થમાં એક પાઇપણ હું આ હાથે ખરચી ન શકયો તેમ આ મોઢેથી પરમાર્થ કરવાનું કહી પણ ન શકયો તેમ પ્રભુનું નામ પણ ન લેવાણું પગે ચાલી તીર્થ પણ ન કરી શકયો એથી એ મોઢું હાથ પગ વગેરે જોડા ખાવા યોગ્ય છે તેમ ધારી હું કુટતો પીટતો હતો પણ લોકો તે ચાળો સમજી મને બાંધતા હતા. વાચા બંધ હોવાથી મનની મનમાં રહી ગઇ ઉપર મુજબ સાંભળી દૂત તેને સ્થાનકે જતાં લાખો પોતાને મહેલે આવ્યો મહેલમાં પોતાની રાણી કુંવરી અને ડાઇ ડુમનીને આનંદ કરતાં જોયાં પણ પોતે પેલા શેઠનો બનાવ નજરે જોયેલ હોવાથી ચહેરા ઉપર ઘણીજ ગમગીની હતી એ ચહેરા ઉપરથી મનની ઉદાસીનતા ડાઇ ડુમની કળી ગઈ કારણ વિદ્વાનો કહી ગયા છે કે—

॥ દોહો ॥

હરખ શોક આળસ વીષાદ, સુખ દુઃખ હેત કહેત ॥
મન મહીપકો આચરન, દ્રગ દીવાન કહી દેત ॥ ૧ ॥

આનંદ, અફશોષ, પ્રમાદ, ક્રોધ, સુખ, દુઃખ, પ્રેમ, અને અભાવ એ તમામ મનની અંદરના ભાવો છે. પરંતુ તે આંખો જોતા જણાઇ આવેછે જેમ

રાજાનું આચરણ (આજ્ઞા) દીવાન જણાવે છે તેમ મનરૂપી રાજાનું આચરણ ચક્ષુ રૂપી દીવાનથી જણ્યામાં આવેછે.

લાખાનો ચહેરો ઉદાસ જોઇ ડાઈ કુમનીના કહેવાથી રાણીએ ઉદાસીનું કારણ પુછ્યું તેથી જામલાખે તે સઘળી વાત જણાવી નીચેનો દુહો કહ્યો કેઃ—

॥ દુહો ॥

મેળે ને માણે નહિ, (તેં કે) લાખો ચણ ફઠ ॥
જાવુ થોડે દાડલે , દીન દસ કાં અઠ ॥ ૧ ॥

અર્થ—લાખોફુલાણી કહેછે કે જેણે ધન મેળવ્યું, અને તેનો સદુઉપયોગ ન કર્યો તેને ધિક્કાર છે કારણકે આંહિથી થોડે ઘણે દહાડે-એટલે આઠ દસ દિવસમાં જવું (મરવું) છે, તે નક્કી છે.

રાણી બહુ પ્રવીણ હતી તેથી તેણે સાંભળીને નીચે મુજબ કહ્યું કેઃ—

॥ દુહો ॥

ફુલાણી ભુલ્યો ફેરતું, દસ આઠ દાડા દૂર ॥
સાંજે દીઠા માલતા, ગીયા ઉગમતે સુર ॥ ૧ ॥

અર્થ—હે ફુલાણી તું ભુલ્યો તારા બોલવામાં ઝાઝો તફાવત છે, આઠ દસ દહાડાતો ઘણા દૂર કહેવાય, પણ રાત્રે જે પુરૂષને આનંદ કરતા જોયાં છે, તે સૂર્ય ઉગતામાં તો મરીગયા જણાય છે. લાખાની કુંવરી બહુજ ચતુર હતી, ઉપરનો સંવાદ સાંભળી તેણે લાખાને તેમજ રાણીને કહ્યું કે તમારી બન્નેની ભૂલ થાય છે કેમકેઃ—

॥ દુહો ॥

લાખો ભુલ્યો લખપતી, અમાં ભુલી એમ ॥
હકડી અંખજી ફરકડી, કો જાણે કે કેમ? ॥ ૧ ॥

હે લખપતી લાખા તથા માતાજી તમે આટલું બધું કેમ ભૂલોછો એક આંખના પલકારામાં (મટકું મારતાં) તો કોણ જાણે કે શું થશે?

જામલાખાની બેન જન્મેલી ડાઘુમની ત્યાં હાજર હતી, એના નામ પ્રમાણેજ ગુણ હતા તેણે આ ચર્ચા સાંભળી તુરતજ જવાબ આપ્યો કેઃ—

॥ દુહો ॥

લાખો અમાને સતવેડી, ઘટ ભુલ્યાં સબ કોઇ ॥
શ્વાસ વલુંધો પરુણલો, આવણ હોય કે નોઇ ॥ ૧ ॥

અર્થ—હે જામલાખા તથા માતાજી તથા કુમારીશ્રી આપ ત્રણે જણ તમારા મનમાંથીજ ભુલ્યાં છો કેમકે એક આંખના પલકારામાં તો લાખોનો

ધર્માદા અને પરમાર્થ થાય પણ આ દેહમાંથી જે શ્વાસોશ્વાસ ઓહું, સોહું'ના ચાલે છે તે ઓહું કેતાં ઉપડી શ્વાસ બારો જાય છે. ને સોહું કેતાં ઘટમાં વાસ કરે છે એવો આ મુસાફર ઓહું કરતો બાહેર નીકળ્યો તે પાછો આવે કે ન આવે? તેટલા વખતનો પણ ભરૂંસો નથી, જેથી દેહ ક્ષણભંગુર છે માટે જે પરમાર્થ દાન પુન્ય કંઇ થયું તેજ થયું.

ઉપરનું ડાહી ડમનીનું ડહાપણ અવર્ણનીય હતું. આવીરીતેએ સાહિત્ય પ્રેમી મુન્ન રાજવી પોતાના સહકુટુંબ સાથે વાર્તાવિનોદ કરી જ્ઞાનચર્ચા કરતો

માવલ સાબાણી થકી જામ લાખાને —ઉં પરસો મળ્યો તે હકીકત ઉં—

ઝાંસી બાઇને પુષ્પ સુંઘવાથી માવલના જન્મ થયો; એ માવલને જામ લાખો દરરોજ લાખપસા દાનમાં આપતો, માવલ સબાણીનો નાનો ભાઈ મેંદ નામનો નીંગાળનેહુમાં પોતાની આથ ચારનો, મેંદ પાસે એક "રામચાળી" (બકરી વીયાય નહિં છતાં હંમેશાં દુઝે તે) હતી કહેવાય છે કે તે બકરીનું દુધ છ માસ જમે તે બત્રીસો થાય, મેંદ હંમેશાં તેજ બકરીનું દુધ જમતો એક દિવસ રામગીરજી નામનો એક અબધુત યોગી ફરતો ફરતો મેંદના નેહુમાં આવી ચઢ્યો. મેંદે તેનું સ્વાગત કર્યું, યોગી માત્ર દુધ ઉપરજ રહેતો હોવાથી મેંદે રામચાળી દોહી તે દિવસનું તમામ દુધ તેને આપ્યું, દુધ પીતાંજ યોગીએ તે દુધ પારખી લીધું તેમજ દુધ પીનાર મેંદનીં પણ બત્રીસો છે તેવી ખાત્રી કરી લીધી. એ યોગીને "પરસો" બનાવવો હતો, તેથી હવે તેને માત્ર અમરવેલ મેળવવી રહી, યોગીયે મેંદને પુછ્યું કે તેં જે બકરીનું દુધ મને આપ્યું તે બકરી બતાવ તેથી મેંદે બતાવી, એટલે યોગીયે પોતાની ભગવી કંથામાંથી એક લીર ફાડી તે રામચાળીને સીંગડે બાંધી અને ચાલતો થયો. મેંદ પણ પોતાની આથ સામેના ડુંગર તરફ ચારવા હાંકી એ ડુંગરની આસપાસ બીજાં બકરાં ચરવા લાગ્યાં, અને મેંદ એક ઝાડની છાંયાતળે સુતો એટલામાં રામચાળી એ ડુંગરની ગુફા તરફ ચાલી, બકરાંઓથી જુદી પડી ચાલતાં તેમજ ભગવી ચીથરીની નિશાની હોવાથી યોગી પણ (એ ડુંગરાની આસપાસ હોવાથી) એ બકરી પાછળ ચાલ્યો, બકરી ડુંગરની ગુફામાં જઇ અમરવેલ ચરવા લાગી, યોગીયે તે જોયું તો બકરી ચરતાં ચરતાં વેલાને છેડે જાય ત્યાં થડીયે નવાં પાન હતાં તેવાજ થઈ રહે, આમ તે બકરી ધ્રાઈ રહેતાં સુધી ખાઇ પાછી વળી નિકળી અને અમરવેલીનો વેલો જેવો હતો તેવોજ નવપલ્લવ થઇ રહ્યો યોગીનેં હવે તમામ વાત મળી, તેમાંથી થોડો વેલો કાપી લીધો. સાંજરે ઝોકમાં આવતાં મેંદ પાસે રામચાળીનું દુધ દોવરાવી મેંદને કહ્યું કે " બચા તેરેકું મેં એક અચ્છીચીજ બનાદઉં તુમ એક બડી કડાઇ ઔર તેલ લાવ" એ ઉપરથી મેંદ ગામમાંથી કડા અને

તેલના કુડલા લાવી હાજર કર્યા. બાવે તેલ નાખી તપાવ્યું તેમાં રામચાળીનું દૂધ તથા અમરવેલનો રસ નાખી મેંદને કહ્યું કે "બચ્ચા અસ્નાન કર આવ." મેંદ કહે કે અસ્નાન કેમ કરાય (મેંદ જંગલમાં રહેતો હોવાથી બાવાની ભાષામાં સમજ્યો નહિ) તેથી બાવે સમજાવ્યું કે નદીમાં જઈ નાહી આંહી જલદી આવ તે સાંભળી મેંદ નદીમાં નવા ગયો, નાતા નાતા મેંદ પોતાની ધષ્ટ દેવીને સંભારી હે જોગમાયા? હે નવલાખ લોબડીઆળી ગંગા? જમના, ગોદાવરી, સરસ્વતિ, હરહર મહાદેવ વિગરે બોલી નહાવા લાગ્યો. શુદ્ધ હૃદયનો ભોળો દેવાંસી ચારણ દેવીચાને સંભારી નહાવા લાગ્યો ત્યાં તો નવ લક્ષ ચંડીઓએ હાજર થઇ દર્શન દઈ ચેતવણી આપી કે " બાપ એ યોગી તારો પરસો બનાવા માગે છે, તને એ તેલની ફણફણતી ઉળકતી કડાને સાત પ્રદીક્ષણા દેવરાવી તેમાં નાખી દેશે માટે તારે તેને કહેવું કે તમો પ્રદીક્ષણા ફરો હું તમારી પાછળ ફરીશ એટલે બાવો પ્રદીક્ષણા ફરશે અને તું તેની પાછળ ફરજે સાત આંટા પુરા થયે તું બાવાને ઉપાડી કડામાં નાખી દેજે, તેથી તે બાવાનો પરસો* થશે કેમકે તે પણ બત્રીસો છે.

મેંદ કહે માતાજી તે બાવો ઘણોજ મજબુત અને કરામત વાળોછે તેથી તેને હું કેમ પહોંચીશ? ચંડી કહે તું અમોને સંભારજે અમો સહુ તારી ભેળે (સહાય) છીયે.

મેંદ નાહીને આવતાં રામગીરજીએ કહ્યું કે "બચ્ચા તુંમ એ કડાકું સાત પ્રદક્ષિણા કરો" મેંદ કહે મને તે સમજાતું નથી કેમ કરવુ તમે કરો તેમ હું કરું બાવે જાણ્યું કે આ જંગલમાં રહેનાર જંગલી છે, અસ્નાનમાં નહોતો સમજતો તેમ આમાં પણ છે, માટે હું આગળ ફરું એટલે તે મારી પાછળ ફરસે અને સાત આંટે ઉપાડી કડામાં નાખી દઇશ તેથી બાવો આગળ અને મેંદ પાછળ ફરવા લાગ્યો, સાત આંટા થતાં મેંદે બાવાને ઉપાડ્યો બાવે તેને ઉપાડ્યો અરસ પરસ ખુબ બાથમબાથા થતાં મેંદે નવલક્ષ દેવીચાને સંભારી, સંભારતાં મેંદમાં તાકાત આવી અને બાવાના બન્ને હાથ પોતાની કમરેથી છોડાવી બાવાને ઉપાડી કડામાં નાખી દીધો, બાવો એ ફણફણતા તેલમાં પડતાં બોલ્યો કે, "હમેરા શીર મત કાટના" મેંદે થોડીવારે જોયું તો બાવાના આકારનું સવા હાથનું સોનાનું પુતળું કડામાં દેખાવા લાગ્યું.

એ પરસાને ઘેર લઇ જઇ મેંદે પોતાના મોટા ભાઇ માવલને આપ્યું. માવલ પરસાનો ચમત્કાર જાણતો હોવાથી તેના મસ્તક સીવાયના અંગો કાપી તેના દ્રવ્યમાંથી નીંગાળનેહ આગળ એક "નીંગાળસાગર" નામનું તળાવ બંધાવ્યું. માવલને એકતો હંમેશાં જામ લાખકુલાણીથી લાખ કોરી મળતી, અને વળી પરસો મળ્યો તેથી તેની સમૃદ્ધિનો પાર રહ્યો નહિ.

*પરસો એટલે–સવા હાથનું માણસના આકારનુ સોનાનું પુત્તળું, એ પુતળાને પટારામાં રાખી માથે વસ્ત્ર ઓઢાડી પ્રભાતના પહોરમાં તેનો હાથ અથવા પગ ગમે તે એક અંગ કાપે તે બીજેદી સવારે પાછું હતું તેવુંજ થાય, માથું કાપ્યા પછી એ પરસાનો નાસ થાય છે.

માવલને બે બ્હેનો હતી, તેમાં નાની બ્હેનનું વાગડ પ્રદેશમાં રહેતા ચારણ મેર બાટી (મેર નામ બાટી ઓડખ) વેરે સગપણ કરેલું હતું, મેર બાટીને ત્યાં સાતસો ભેંસો હતી તેથી કાયમ ગામને પાદર દુધના ચરૂડાં ચડતાં, કોઇપણ માણસ નીકળે તે મેર બાટીની મીજબાની ખાધા પછીજ જઇ શકે, આવું તેનું ભલપણ હતું તેનો પિતા નાનપણમાં ગુજરી ગયો હતો, એકતો યુવાન અવસ્થા અને સાતસો ભેંસોની સમૃદ્ધિ તેથી તેની કચ્છ દેશમાં બહુજ નામના હતી.

એક દિવસ દિલ્હીનો કાલેખાં પઠાણ કે જે બાદશાહી વીશ લાખ માણસની ફોજનો સુબેદાર હતો તે રણક્ષેત્રમાં કામ આવી જતાં વાસના રહેતાં તે જીન થયો હતો તે કાલેખાંને બહુજ ક્ષુધા વ્યાપતાં મેર બાટીને આંગણે સાધારણ મનુષ્યનું રૂપ લઈ આવ્યો. એ વખતે મેર બાટી પોતાના યુવાનો સાથે ગેડી દડે રમતો હતો. તેથી તેનો દડો લઇ કાલેખાં પઠાણ ભાગ્યો તેની પાછળ મેર બાટી પણ કેટલાક માઇલ ગયો. દુર જતાં મેરે પડકાર્યો કે એલા ઉભો રેજે નહિં તો હુવે એક ગેબી (લાકડી) ભેગો ઉંધો કરી નાખીશ. કાલેખાં ઉભો રહ્યો અને એકાંત હોવાથી પોતાની તમામ વાત કહી સંભળાવી મેર આગળ માંગણી કરી કે મને ઘણીજ ક્ષુધા છે માટે મને સંપૂર્ણ જમાડી સંતુષ્ટ કરો મેરે ઘેર તેડી લાવી જીનના કહેવા મુજબ ખોરાડાના નેવા ઉપર દુધની ધાર કરી અને જીન ખોબો ધરી પીવા માંડયો. પીતાં પીતાં અનેક ચરૂડાઓ ખાલી કર્યા એમ સાતસોએ ભેંસોનું દૂધ જીન પીવાથી તૃપ્ત થયો. તેથી કહ્યું કે "મેરભાઈ દેખ મેં આજસે તેરા દીલોજાન દોસ્ત હું. હમેરાં કામ પડે જબ દિલ્હી આના ઓર ઉત્તર બાજુકા કબ્રસ્તાનમેં વાડી નીચે હમેરી દરગા હે ઓહી કબર પર પડી પાનડી છાંટ લોબાન કરના ઓહી બખ્ત મેં મીલુંગા ઓર દૂસરા મેં કહેતા હું કે યે સબ ભેંસા બેચ ડાલો કયું કે સાત દુકાલી પડેગી ઉસ લીયે સબ માલ બેચકે પૈસા કર લેા સલામ આલેકું. ઉપર મુજબ કહી તે અદૃશ્ય થઇ ગયો.

થોડા માસ પછી મેરે ભેંસો વેંચવા તેની માતુશ્રીની સલાહ પુછી પણ તેમણે ભેંસો વેંચવા આપી નહિ તેથી દુષ્કાળ પડતાં કેટલીક ભેંસો મરી ગઇ બીજે વરસ પણ તેમજ થયું તેથી તેને નભાવવા મેરની માતાએ પોતાની તમામ દોલત વેંચી ભેંસોને નભાવી પરંતુ ત્રીજો દુષ્કાળ પડતાં તો મેરને ઘેર એક બાંડી બકરી પણ ન રહી જેને ઘેર હજારો માણસો જમતાં જ્યાં રંગરાગ આનંદ ઉત્સવો થતા ત્યાં કાળો કાગડો પણ નહિ આવતાં નેહ સુનકાર થયો, મેરભાઇને પહેરવા કપડું કે ખાવા અનાજ મળતું નહિ તેની મા ગામના દળણા દળવા લાગી મેર પણ જ્યાં ત્યાં રખડી રઝળી ગુજરાન ચલાવવા લાગ્યો માથે બાબરકાં ફગફગતાં ઉઘાડે ડીલે માત્ર એક લંગોટ ભર જંગલમાં રહેવા લાગ્યો.

માવલ સાબાણીની બન્ને બ્હેનો ઉમર લાયક થવાથી તેણે લગ્ન કરવા તૈયારી કરી અને મેર બાટી ઉપર કાગળ લખી મોકલ્યો કે જો તમો આ વરસની

અંદર લગ્ન નહિ કરો તો અમો બીજે સગપણ કરી પરણાવી આપશું, આવો પત્ર આવતાં મેરની મા રોવાલાગી, અને મેરને બોલાવી સઘળી હકીકત કહી બતાવી, મેરે તેની માને કહ્યું કે મારા ભાઇબંધ આગળ જાઉછું બે ત્રણ માસમાં પાછા આવીશ, એમ કહી ઘરમાંથી રોટલાના ટાઢા ખુરમાઓ ખાઈ દિલ્હીને માર્ગે રવાના થયો, ચાલતાં ચાલતાં કેટલેક દહાડે દિલ્હીના ઉત્તરદા કબ્રસ્તાનના વડનીચે પહોંચ્યો ત્યાંથી થોડે દૂર નેસાઇ ચારણનો એક નેહ હતો, એ લોકોએ વડનીચે બેઠેલા મેર બાટીને કહ્યું કે તમો કેવા છો? તે કહે હું ચારણ છું. નાતીલો જાણી તેણે નેહમાં આવી રાત્રિ રહેવા આગ્રહ કર્યો, પણ મેરે ના પાડી તેઓએ તેને કહ્યું કે આંહી રાત્રે ભુતાવળ જાગેછે, તેથી કોઇ માણસ કે ઢોર આંહી રાત્રી રહે તે મરણ પામે છે, માટે દિવસ આથમ્યો છે તો નેહમાં આવો, મેર બાટી કહેકે જો જીવતો હઇશતો સવારે નેહમાં આવીશ નહિતો તમો મને અગ્નિ સંસ્કાર કરી દેજો ઘણા આગ્રહને અંતે તે ચારણો નેહમાં પાછા ગયા, અને મેર બાટીએ રાત્રી પડતાં કબર આગળ જઇ લોબાન કરી પડી છાંટી કાલેખાં પઠાણનું સ્મરણ કર્યું. પણ તેને દર્શન આપ્યાં નહિ તેથી નિરાશ થઇ મેર તે વડ ઉપર ચડી સુતો.

કાલેખાં પઠાણે પોતાના વીસલાખ માણસોને હુકમ કરી દીધો કે "દેખો હમેરા દિલોજાન દોસ્ત મેરભાઇ આયા હે કોઇએ ઉસકું ડરાના નહિ." સહુએ એ હુકમને માન આપ્યું અર્ધરાત્રી થતાં વડનીચે એક મસાલ થઈ એક માણસે આવી ઝાડુ કાઢી ચોક સાફ કર્યો ત્યાં બીજો માણસ બખાલેથી પાણી છાંટી ગયો થોડા વખત જતાં કેટલાક માણસોએ ત્યાં આવી જાજમું ઝીલ્લા ગલીચા ગાદીતકીયા બીછાવી વચ્ચે મોટુ સિંહાસન મેલી ગયા, અને હજારો મસાલોનો પ્રકાશ થઇ ગયો, મેરભાઇ તે રજવાડા જેવી કચેરીનો ઠાઠ ભાળી બેચકાઇ (આશ્ચર્યથઇ) રહ્યો થોડીવાર જતાંતો કાલેખાં પઠાણ બાદશાહી ઠાઠથી વસ્ત્ર અલંકાર સજી છતર, ચમર અને નકીબોની હાકલો વચે કચેરીમાં આવ્યો, આવતાં લાખો માણસોએ (ભૂત, પ્રેત, જીનાતે) ઉભાથઈ સલામ ભરી, સહુની સલામો ઝીલતો કાલેખાં સિંહાસન નજદિક આવતાં વડ ઉપર બેઠેલા મેરભાઇને નીચે બોલાવ્યો, મેરભાઇ આવતાં કાલેખા બહુજ ભાવપૂર્વક પ્રેમથી બથમાં લઈ મળ્યો અને કહેવા લાગ્યો કે "મેરા દોસ્ત આયા, મેરા ભાઈ આયા" એમ કહી ઘણા સત્કારથી પોતાની બાજુમા સિંહાસન ઉપર બેસાડ્યો, સહુ જીનાતે તેની સલામ લીધી, કાલેખાંએ આવી હાલત થવાનું કારણ પુછતાં, મેરભાઇએ સર્વ હકીકત કહેતાંની સાથે પોતાના વિવાહ થવા વિષેની પણ વાત જણાવી, કાલેખાં બોલ્યો કે "કયું હમેરા કયા નહિ કીયા? સબ બેંસાં મરગઇ? અચ્છા તેરી સાદી હોતીહે તો હમ જાનમેં આયગેં કયું સાથ લે જાયગેં કે નહિ? "

મેરભાઇએ હા કહી અને પોતાની દુર્બળ સ્થિતિ જણાવી. કાલેખાંએ એ વખતેજ દરેક જીનોને હુકમ કર્યો કે "તુમે એક એક સુનેકી અસરફી મેરભાઇકું ભેટ કરો ઔર સાદી કે બખ્ત દુસરા હાથઘરેકુમેં દેંગે" જીનાતના બાદશાહના

હુકમો મુજબ વીશ લાખ અસરફીઓનો ઢગલો કર્યો ગાન તાન રંગ રાગ થયા. પછી કાલેખાંએ મેરભાઇને કહ્યું કે 'તુમ હુમેરી ચીઠી લેકે અજમેર જાઓ ઔર ઉધર ખાજાહિંદવલી પીરકી દરગાપર પુડી છાંટ લોબાન કરના ઔર ઉસીકું યે ચીઠી દેના ફીરજબ સાદી કરનેકું જાવ તબ મેરેકું લોબાનકર યાદ કરના હુમસબ આદમી સાથ લેકે આયગે ઔર યહ અસરફીબી તુમકું ઉધર દેંગે.' એમ કહી સલામ કરી પ્રભાત થતાં સૌ અદૃશ્ય થયા, મેરભાઈ વડનીચે સુતો રહ્યો. સવારે નેહવાળા ચારણો આવ્યા, ત્યાં મેરભાઇને જીવતો જોઈ સહુ આશ્ચર્ય પામ્યા, અને નેહમાં લાવી જમાડ્યો જમીને મેરભાઇ અજમેરને રસ્તે પડ્યો, અજમેર પહોંચી પીરની જગ્યાએ લોબાન કરી પડી છાંટતાં પીરે દર્શન આપ્યાં, તેથી મેરભાઇએ સલામ કરી ચીઠી આપી ખાજા હીન્દ વલીસાહે કાલેખાની ચીઠી વાંચી મેરભાઇને કહ્યુંકે "હુમથી તુમેરી સાદીમેં હુમેરા એકલાખ, એંસીહુજાર, ઓલીયા હાથીકી સવારીસેં સાથ આયંગે ઔર લોબાન કર હુમેરેકું યાદ કરના. ઉસ બખ્ત કાલેખાંકી સાથ આયગે" મેરભાઇએ વાગડમાં પોતાને જલદી જવાનું જણાવતાં પીરે આંખો મીચી જવા કહેતાં તેમ કરતાં એક ફીરસ્તો મેરભાઇને લઈ તેના ગામને પાદર મેલી ગયો, મેરભાઇએ ઘેરઆવી તેના સાળા માવલસાબાણી ઉપર પત્ર લખ્યો કે "અમે તમારી "ત્રીઠ" જાણી આટલા દિવસ લગ્નની ઉતાવળ નહોતા કરતા હવે તમારી ઇચ્છા હોયતો લગ્ન લખી મોકલજો એટલે અમે જાન લઇને આવશું, પણ જાનમાં આવનાર હાથી, ઘોડા, માણસો, વગેરેની બરદાસ્ત કરવા તમામ તૈયારી રાખજો"

ઉપરનો પત્ર માવલ સાબાણીએ વાંચી જામ લાખાકુલાણીને વંચાવી કહ્યું કે જુઓ અમારી ચારણની જાતીનો ખોટો "પડાશે" ખાવા લોટ કે પહેરવા લુગડું નથી છતાં કેવું લખે છે?"

જામ લાખે પત્ર વાંચી વિચારી કહ્યું કે "કવિરાજ ભલે સ્થિતિ ગમેતેવી હોય પણ સારે સ્થળે જાન આવે તેમાં સહુ આવવા કહે અને એથી કોઇ રાજા મહારાજા વિગેરેને લાવે તો તે પણ ચારણછે માટે ગફલતમાં ન રહેવું પણ એક રસ્તો છે કે આપને જે મદદ જોઇએ તે અહીંથી લઇ જાવ અને એક વર્ષની લાંબી વરધુ (મુદત) ના લગ્ન લખી મોકલી માંડવે તમામ મલકને નોતરો એટલુંજ નહિ પણ એક વર્ષ દિવસ સુધીનો મહાયજ્ઞ કરી તેમાં આવેલા તમામ માણસોને તે જેટલું બાર માસમાં કમાય તેટલું દ્રવ્ય આપો, આવી જાહેરાત થવાથી તમામ દેશાવરના માણસો આહિં તમારે માંડવે આવશે એટલે તેની જાનમાં આવનાર વાંસે કોઇ રહેશે નહિ, અને તમે લગ્ન સાથે લખોકે ખુશીથી જાડી જાન જોડીને આવજો"

ઉપર મુજબ લાખા કુલાણીએ તથા કવિરાજ માવલે પરીયાણ કરી તમામ પ્રદેશોમાં આમંત્રણો મોકલી બરદાસી સામાનનો બંદોબસ્ત કર્યો. મહાયજ્ઞના ખબર થતાં મેદનીમાંથી લાખો મનુષ્યો આવી મળ્યા, બ્રાહ્મણોએ યજ્ઞમાં આહુ-

તીઓ આપવી શરૂ કરી, જામ લાખાકુલાણીએ પણ તમામ રયાસતથી ત્યાં છાવણી નાખી એક વર્ષ સુધી જેજેકાર વર્તાવ્યો લગ્નનો દિવસ આવતાં મોટી દીકરીની જાન પહેલાં આવી, મેરભાઇની જાનની વાટ જોવાય છે, પણ સાંજ પડતાં સુધીમાં તે જાનના કાંઈ ખબર આવ્યા નહિં, જામલાખાની સલાહથી માવલ સાખાણીએ "પડગમ" (પડઝન) સામાં મોકલ્યા, (એ પડગમ એટલે જાનમાં કેટલાં માણસો વિગેરે છે તેની ગમ પડે તેટલાસારૂં ચાલાક ઘોડસ્વારો સામા જાય, આ રીવાજ હજી ચારણોની જ્ઞાતીમાં છે, અને કોઇક સ્વાર જાનમાં જનૈયાની ગફલત જુએ તો કાંઇપણ કપડું અથવા તો પાઘડીની ઝડ (ઝુંટી) કરી લાવે.)

સ્વારો જાન સામા ગયા, બે ચાર માઇલ જતાં મેરભાઇને એક ધાર આગળ પગપાળો ચાલી આવતાં જોયો પાસે જઈ પુછયું કે "જાન કેટલેક દૂર છે? (હાથમાં મીંઢાળ બાંધેલ જોતાં) તમે વર જણાવ છો તેથી એકલા કેમ ચાલ્યા આવોછો?" પણ મેરભાઇએ કાંઇ જવાબજ આપ્યો નહિ તેથી આવેલ સ્વારો વીસ્મીત થયા, અને વાટ જોવા થોડા વખત ધારડી ઉપર સહુ બેઠા. પણ જાનનાં ગાડાં કે માણસો જોવામાં આવ્યાં નહિં, તેથી સર્વે સ્વારો પાછા ગયા, અને ખબર આપ્યા કે "જાનમાં કોઇ માણસો છે નહિ માત્ર એક વરજ ચાલીને આવે છે."

સ્વારોના ગયા પછી રાત્રી પડતાં મેરભાઇએ લોબાન કરી પીરનું સ્મરણ કરતાં એકલાખ, એંસીહજાર ઓલીયા હાથી ઉપર બેસી પીર ખાળા હીન્દ વલી શાહ સાથે આવ્યા; ત્યાં કાલેખાં પઠાણ પણ હાથી ઉપર બેસી પોતાના વીસ લાખ સૈનિકો સાથે આવ્યો મેરભાઇને વસ્ત્ર અલંકાર પહેરાવી હમેલ, કલંગી, તોરા, સેહરા, વગેરે ધારણ કરાવી હાથીની અંબાડી ઉપર બેસાડી ચુવાની બતીયો સળગાવી અને એ લાખો માણસોનું લશ્કર જનૈયા થઈ ચાલ્યું;

લાખો કુલાણી માવલસાખાણી સાથે એક ઉંચી મેડી ઉપર જાન આવવાના રસ્તા ઉપર જોવા લાગ્યો. ત્યાં તો હજારો મસાલોનો પ્રકાશ એક માઇલ દૂર દેખાતાં તેઓએ કહ્યું કે "આ જાન તો દળવાદળ જેવી છે. જ્યાં આટલી બત્તીઓ છે તે સાથે હાથી ઘોડા અને માણસોનો પાર નહિ હોય" જેમ જેમ જાન નજીક આવવા લાગી તેમ તેમ પ્રકાશમાં હાથીઓ ઘોડાઓ અને માણસોને જોતાંજ બન્નેનો ગર્વ ઓગળી ગયો. જાન આવતાં સામૈયું કરી ગામ બહાર છાવણીમાં ઉતારો આપ્યો. હાથીને બાંધવાના "ખોડાં" આપતાં આપતાં સ્ટોર ખુટયો. તેથી મકાનોનાં આડી આડસરો કાઢી કાઢી કપાવી તેના "ખોડાં" અને ઘોડા બાંધવાની "મેખો" બનાવી આપી, તોપણ પુરી થઈ નહિ જેથી માવતો અને ઘોડસ્વારો માંડવે જઈ કહેવા લાગ્યા કે "અમારે ખોડાં અને મેખો વિના હાથી ઘોડાઓ કયાં બાંધવા! આમ ખુટા જનવરો કેટલો વખત રાખવાં? તેથી છેવટ મેરભાઇને કહેવરાવ્યું કે અમારા આગળ હવે સીલક નથી તો માફ કરો પછી મેરભાઇના હુકમથી કેટલાક હાથીઓ છુટા ઉભા રાખ્યા જમવામાં પણ

અનાજ પુરૂં થયું નહિ (કારણ કે એ બધી જીનાત અને ભૂતાવળ હતી) આમ એકજ દિવસમાં ત્રાસ પડી ગયો સવારે કસુંબો પીવા માંડવે બોલાવ્યા પણ મેરભાઇએ જવા ના પાડી અને પોતાને જાનીવાસે ભાવલ સાખાની અને જામલાખાકુલાણીને કચેરી સહીત કસુંબો પીવા તેડાવ્યા, તેથી તેઓ બધા જાનીવાસે ગયા. જાનૈયામાં આવેલ મોટા મજબુત બાંધાના પઠાણો અને શુરવીર યોદ્ધાઓ જોઈ લાખાકુલાણી વિગેરે આશ્ચર્ય પામ્યા, જાનને રોકવાની વાતચીત ચાલતાં મેરભાઇએ જણાવ્યું કે "આપ બાર માસ સુધી જાનને રોકી જમાડો તો મારે તેર માસ સુધીજો યાચક લોકોને પરવાહ (દાન–ત્યાગ) આપવો અને એક માસતો જાનીવાસે તમામ માંડવીયાને જમાડવા એ સાંભળી મેરભાઇની ઉદારતા વિષે સહુ આશ્ચર્ય પામ્યા.

સવાપોર દિવસ ચડયા સુધી યાચકોને દરરોજ એક એક સોના મહોર દાનમાં મેરભાઇ આપવા લાગ્યો. પાસે જામલાખોકુલાણી અને ભાવલસાખાણી બેઠા હોય ને મેરભાઇ દાન આપે. આ દાન લેવા માટે ઘણા ઘણા અન્ય જાતિના માણસો પણ યાચક બન્યા એ વખતે લાખાકુલાણીએ નીચેનો દુહો કહેલ છે.

॥ सोरठो ॥

मंगो मंगणहार; कुरोज खेंदा कुरमें ॥
आगे अइंदी वार; दान न दींदो दोकडो ॥ १ ॥

અર્થ—હે! યાચકો તમે માગો માગો કારણ કે ભવિષ્યમાં આગળ ઉપર એવો વખત આવશે કે કોઇ તમોને દોકડો એક પણ દાનમાં નહિ આપે તેથી તમારા કુળના વારસો શું ખાશે? માટે માગો માગો.

ખરેખર જામલાખાના વાકયો કળીયુગમાં સત્ય નીવડ્યાં છે.

ઉપરના દુહાથી તે દિવસથી ત્રણ જાતી યાચકોની નવી ઉત્પન્ન થઇ અને તે માતાજીના હુકમથી ચારણોને યાચવા લાગી ૧ રાવળ ૨ વીરમ અને ૩ મોતીસર.

રજપુતોને જેમ મીર, લંધા, અને ભાંડ એ ત્રણ મુખ્ય જાચક છે તેવીજ રીતે ચારણોના પણ ત્રણ જાચક ભાવલ સાખાણીના યજ્ઞમાં થયા અને મેરભાઇએ તેને દાન આપી યાચક સ્થાપ્યા, તે વિષે પ્રાચીન દુહો છે કે:—

॥ दोहो ॥

जुं रावळ[1] वीरम[2] जुवा, मोतीसर[3] खटमल ॥
शक्ति चारण समपीओ, एतो अचो अवल ॥ १ ॥

અર્થ—જુ, જુવા, અને ભાકડ જેમ વળગે તેમ ચારણોને યાદશકિત એ રાવળ વીરમ અને મોતીસર ૩થી યાચકો વડગાડ્યા.

હાલ પણ એ ત્રણે યાચક કોમને ચારણો નીભાવે છે.

કેટલાક દિવસ આ પ્રમાણે દાન દેવાણા પછી એક વખત મોટી દીકરીના સાસરાને મેરભાઇએ મશ્કરી કરી કહ્યું કે "તમારી જાન મોટી કહેવાય માટે તમારે દાન વિશેષ આપવું જોઇએ" એ મેણું સાંભળી તે ચારણને ક્રોધ ચઢ્યો, પણ તુરતજ તર્ક આવતાં લાખાકુલાણી અને માવલસાબાણી રૂબરૂ મેરભાઇ પાસેથી વચન લીધું કે "હું જે દાન આપું તેથી મેરભાઇ ડબલ (બમણી) દાન આપે તો તે નાને મોટા સમજું" મેરભાઇએ તે કબુલ કર્યું, તુરતજ પેલા ચારણે ભેઠમાંથી કટાર કાઢી પોતાની "એક આંખ કાઢી" દાનમાં આપી અને મેરભાઇને કહ્યું કે હવે આપ બમણું દાન (બેય આંખો કાઢી) આપો, ત્યારે કરાર પુરો થાય" મેરભાઇએ જાણ્યું કે આંખો જતાં આંધળા થશું તેથી "હું નાનો અને આપ મોટા" એમ કહી માફી માગી, આવીરીતે અઘટીત બનાવ બનતાં તેજ દહાડે યજ્ઞ પુરો કરી જનને શીખ આપી સહુ પોતપોતાને ઘેર ગયા. આ યજ્ઞ વિષે માવલ સાબાણીના ઘણા કાવ્યો થયાં છે. પણ તે નહિ મળતાં આ સ્થળે લખવામાં આવેલ નથી, માવલ સાબાણીને એ બધો પ્રતાપ "પરસા"નો હતો, અને એ શુભ કાર્ય પૂર્ણ કર્યા પછી એ 'પરસો' તેણે જામ લાખાકુલાણીને ભેટ આપ્યો.

'પરસો' મળ્યા પછી લાખા કુલાણીએ અંજરથી સાત કોષ ઉપર આવેલા સીણાઇ ગામે છ માઇલના ઘેરાવાવાળું 'લાખાસાગર' નામનું એક મોટું તળાવ બંધાવ્યું હતું, તેમજ દરરોજ સવાભાર સોનાનું વિપ્રોને દાન આપી કિર્તિ ફેલાવી હતી. (*સવાભારનું પ્રમાણ)

લાખો કુલાણી મુળરાજ સામે જ્યારે લડવા ગયો ત્યારે તે 'પરસો' તેના વંશમાં કોઈ નહિ હોવાથી ભુજથી દાઢ કોષ ઉપર આવેલા પાણીના મોટા 'ઝુંડક' (ધ્રો) માં નાખી દીધો, પાછળથી સિંધના મીર ગુલામશાહ કચ્છપર ચડી આવ્યો, ત્યારે તેને 'પરસા'ની ખબર મળતાં તે ઝુડક ઉપર હાથીના કોસ જોડાવ્યા, પણ પાણી અખુટ હોવાથી તળીયું દેખાયું નહિ. કોઈ કહેછે કે કેટલાક દિવસ પાણી ઉલેચ્યા પછી માત્ર એકજ દિવસનું ઉલેચી ખાલી કરાય તેટલું પાણી હતું ઉલેચવાનું કામ ધમધોકાર ચાલતું હતું, પરંતુ રાત્રિ પડતાં એ નદીમાં એકાએક મોટું પુર ઉપરવાસથી આવતાં એ ઝુંડક (ધ્રો) જેવો હતો તેવો ભરપુર ભરાઇ ગયો, સવારે એ બનાવ જોતાં મિર ગુલામહુસેન નિરાશ થઈ સિંધમાં પાછો ગયો.

ત્યારપછી એ 'પરસા' માટે એક લંઘા સરદ્ધ પુનમની અંજવાળી રાત્રે એ ઝુંડકને કિનારે બેસી સરણાઇમાં અનેક પ્રકારના સુરો ગાઇ રાગ રાગણી અલાપતો હતો તેથી તેના ઉપર પ્રસન્ન થઇ તે 'પરસે' પોતાનો હાથ ઉંચો કરીને

---

* ચાર ચાવલ તથા દોય જવકી ગુંજ એક. પાંચ ગુંજકો પણ, તથા માસો, એક. ચારપણ તથા માસા ચારકો ધરણ, એક તથા ટાંક એક. ચાર ટાંક તથા ધરણકો કર્ષ* એક. ચાર કર્ષ કો, પલ એક. ૧૦૦ પલકી તુલા એક. એસી ૨૦ તુલાકો ભાર એક.

*એક કર્ષકા વ્યવહારી તોલા એક હોતા હૈ. (અવતાર ચરિત્ર)

પાણી ઉપર એક આંગળી (ટચલી આંગળી) બહાર કાઢી કિનારાપાસે લંઘા નજદીક આવ્યો લંઘે તેને પ્રસન્ન થયો જાણી એ આંગળી કાપી ઘેરલઇ ગયો, કેટલેક દહાડે એ દ્રવ્ય થઇ રહેતાં પાછો આવી તે પ્રમાણે સરણાઇ બજાવતાં "પરસે" ફરીને પણ ટચલી આંગળી આપી, આ બનાવથી તેની સ્ત્રીને એ 'પરસો' લઇ આવવાનો મોહ થયો તેથી લંઘાને કહ્યું કે "તે એક આંગળી બતાવે તો તમારે કાપવી નહિ પણ સરણાઈ બજાવતાજ રહેજો જ્યારે તેનું આખું કાંડું બહાર દેખાડે ત્યારે તેને તમારે બહાર ખેંચી લઈ ઘેર લાવવો" બીજે દિવસે લંઘા 'ડુંડક કાંઠે' બેસી સરણાઇ બજાવવા લાગ્યો ત્યાં 'પરસે' નજીક આવી ટચલી આંગળી બહાર કાઢી પણ પણ લંઘા તે નહિં કાપતાં સરણાઇ બજાવવા લાગ્યો તેથી "પરસે" બીજી આંગળી બ્હાર કાઢી એમ કરતાં કરતાં "પરસે" પાંચે આંગળીનો પ્રેંચો બ્હાર કાઢયો છતાં પણ સરણાઇ વાગતી બંધ ન પડી છેવટ "પરસે" ખુબ પ્રસન્ન થઇ પોતાના હાથનું કાંડુ લગભગ કોણી સુધીનું બહાર કાઢયું, છતાં મૂર્ખ લાલચુ લંઘાએ તે નહિ કાપતાં કાંડુ ઝાલી "પરસા"ને બ્હાર ખેંચવા લાગ્યો; એટલામાં "પરસો" એકદમ તળીયે જતાં લંઘો પણ પાણીમાં ડુબવા લાગ્યો. પાછળથી કોઇના કાઢવાથી કે પોતાની મેળે તરીને માંડમાંડ બહાર નિકળ્યો અને બીજી રાત્રે ત્યાં જઇ ખુબ સરણાઇ બજાવી પણ ફરીને તે "પરસે" તેને કે બીજાને કોઇ વખત દર્શન આપ્યું નહિ.

અંબાજીની સ્થાપના

જ્યમ લાખા કુલાણીને અંબાજીનું ઇષ્ટ હતું તેથી તે મુળરાજ સામો લડવા ગયો ત્યારે આટકોટના કિલ્લામાં તે રહેતો. અને દરરોજ પોતાના માંગીડા નામના ઘોડા ઉપર બેસી ગીરનાર ઉપર અંબાજીના દર્શને જતો. પોતાને આમ ઘણો પ્રયાસ પડતો તો પણ પોતાની ટેક જાળવવા તે કાયમ દર્શને જતો એક વખત અંબાજીએ પ્રસન્ન થઈ વર માગવા કહ્યું તેથી લાખે "પોતાની સાથે આવવા કહ્યું" માતાજીએ કહેલ કે 'જા હું તારી પાછળજ ચાલી આવું છું. પણ તું પાછવાળ કરજેમાં (પાછું વાળી જોજે માં)' લાખો ઘોડા પર સ્વાર થઈ આટકોટ આવતાં ભાદરનો કિનારો ઉતરતાં પહેલાં તેને શંકા થઇ કે હવે ગામ લગભગ આવ્યો છું તો જોઉંતો ખરો માતાજી આવેછે કે નહિં એમ વિચારી પાછું જોતાં માતાજીતો તેના ઘોડાની પાછળ સાવ નજદીક દેખાણાં લાખે દર્શન કર્યાં ત્યાં અંબાજી બોલ્યાં કે 'હવે આહિંથી હું એક કદમ પણ આગળ નહિં ચાલું, આહિં મારી સ્થાપના કરજે' તેથી લાખે ત્યાં દેવાલય ચણાવી સ્થાપના કરી જે હાલમાં આટકોટની પાસે બુઢણપરી, ને ભાદરને કિનારે છે.

મુળરાજની સાથે લડતાં દગાથી લાખાનું મૃત્યુ થયું અને જ્યાં તેનું માથું પડયું ત્યાં હાલ ખાંભીછે ને અશાડ શુદ બીજને દિવસે કાઠી દરબારો તે ખાંભી (લાખાકુલાણી) ને કસુંબો પાવા આજે પણ જાયછે. માથું પડ્યા પછી

ધરૂ મુળરાજના લશ્કરમાં ખુબ કચડઘાણ કાઢયો. ને લશ્કરમાં ભંગાણ પડતાં ધડ તેના પાછળ પડયું ને માતાજીના મંદિર આગળ પહોંચ્યું ત્યાં કોઇએ ગળીના ત્રાગડા નાખતાં તે પડયું, તેમજ તેની સાથેના બુમીયો ઢોલ વગાડનાર ભંગી પણ ત્યાં કામ આવ્યો, હાલત્યાં બન્નેની ખાંભીયો છે અને દરવર્ષે ત્યાં મેળો ભરાય છે.

લાખાના મરણ વિષે એક એવી પણ વાત છે કે–લાખો અંબાજી માતાની પૂજા કરતો હતો, અને પાછળથી તેના ભાણેજે આવી દગાથી તેનું માથું કાપી નાખ્યુ, તેથી તેની ખાંભી ડરા આગળ ઉભી કરીછે ને ધરૂ મુળરાજના સૈન્યમાં જઇ મારામારી ચલાવી, ત્યાં પડતાં ખાંભી ઉભી કરીછે. આ બન્ને ખાંભીઓ હાલ મોજુદ છે.

આમ અક્ષય કિર્તિ મેળવી લગભગ સવાસો વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી જામ લખોકુલાણી સ્વર્ગે ગયો.

લાખોકુલાણી પોતાના માંગીડા ઉર્ફે પાબુસર નામના ઘોડા ઉપર ચડી દેશ સર કરવા જતો ત્યારે તેના સાથે કેટલું કે લશ્કર ચડતું તે વિષેનો એક પ્રાચિન છપ્પય છે કે:—

॥ છપ્પય ॥

सत्तर क्रोड राजंद्र, क्रोड उमराव गणीजे ॥
सहस एक सामंत, भूप दसलाख भणींजे ॥
काठी और अधलाख, लाख नीशाण बजाइ ॥
वेपारी पंच लाख, लाख भट चारणभाइ ॥
नरबीयां अंत्त सूजे नहीं, पनर फेर जोजन पडे ॥
सत्तर क्रोड पडनमंधे, पाबुसर लाखो चडे ॥ १ ॥

આ દંતકથા કેટલાક વૃદ્ધોના મોઢે સાંભળી કંઠસ્થ સાહિત્ય હોઇ દાખ કરેલ છે, કોઇ ઇતિહાસમાં આ વાત નથી.

જામપુંઅરો

લાખા કુલાણીને સંતાન નહિ હોવાથી તેનો ભત્રિજો જામપુંઅરો કેરાકોટની (કચ્છની) ગાદીએ આવ્યો.

એક દિવસ કેરાકોટનો કિલ્લો જોઇ પુંઅરો બોલ્યો કે "એકેક પત્થરનો થર ઓછા છે" એ માર્મિક વચન સાંભળી જામ લાખાકુલાણીની સ્ત્રી બોલી ઉઠી કે

॥ દોહો ॥

લાખે ખરચી લખ, કેરેકોટ અડાયો,
ગઠમેં હુવે ગરથ, પદ્ધર ન અડાયે પુંઅરા ॥૧ ॥

લાખે લાખો ખરચી કેરાકોટનો કિલ્લો ચણાવ્યો. "તારી ગાઠમાં પૈસા હોય તો હે પુંઅરા! તું પદ્ધરગઢ ચણાવ" એ ઉપરથી જામપુંઅરે પદ્ધરગઢનો કિલ્લો બંધાવી ત્યાં રાજધાનિ સ્થાપી. એ પદ્ધરગઢનો કિલ્લા કચ્છી કળા કૌશલ્યનો એક નમુનો હતો. એના નાશ વિષે ઐતિહાસિક એવી દંતકથા છે કે–"પદ્ધરગઢના નજીક રોમદેશના ચાર ઋષિઓ તપશ્ચર્યા કરતા હતા, તેમણે એક મચ્છીમારને પુત્રઆપી જીંદગી પર્યંત જીવહત્યા ન કરવાના સોગન લેવરાવ્યા પુંઅરાને પુત્ર ન હતો તેથી ઉપરની વાતની પુંઅરાની રાણી રાજેને ખબર પડતાં તેણે ઋષિઓ આગળ જઇ અને પુત્રની યાચના કરી, એટલે ઋષિયોએ વિચાર કર્યો કે–આવા દુનિયાદારીના પ્રપંચમાં પડીશું તો આપણા જપતપમાં હાનિ પહોંચશે એમ વિચારી કહ્યું કે:—

॥ દુહો ॥

અસિં ન એડા ઓલીયા, જે ડીયું બી એ કે વાર ॥
ઉ નીયા ઉતેથીયે, સાદેબ જે દરબાર ॥ ૧ ॥

અમે એવા મોટા ઓલીયા (મહાત્મા પુરૂષ) નથી કે બીજાને બાળક આપીયે 'એ વાતનો ઇન્સાફ તો જગત્નિયંતાના હાથમાં છે' ઉપરનો જવાબ સાંભળી રાણી ક્રોધયુકત થઈ રાજ્યમહેલમાં રાત્રે દિવાબત્તી નહિ કરતાં શોકાતુર બેઠી; જામપુંઅરે હકીકતનું કારણ પૂછતાં તેને સઘળું કહ્યું. તેથી પુંઅરાએ તે ઋષિઓને બોલાવીને કેદમાં નાખી સખત દુઃખ દેવું શરૂ કર્યું. એક તરફ 'યોગહઠ' તેમ બીજી તરફ 'રાજહઠ' હોવાથી, અને પુંઅરાનું તેમ ભાવિ હોવાથી તેને ઋષિરાજ ઉપર અસહ્ય જુલ્મો ગુજાર્યા, જ્યારે લોઢાના ધગધગતાં પતરાં ઉપર ઋષિઓને ચલાવવામાં આવ્યા ત્યારે પ્રજામાં પણ જબરો કોલાહલ થઇ રહ્યો. અને સૌ એકી અવાજે આવા નિર્દય રાજા પ્રત્યે તિરસ્કારભરી દ્રષ્ટિએ જોવા લાગ્યા, તેમજ ઋષિઓનું દુઃખ દૂર કરવા પ્રભુપાસે પ્રાર્થના કરવા લાગ્યા, યોગસિદ્ધ પુરૂષોએ લોઢાનાં ધગધગતા પતરાંપર ચાલવું શરૂ કર્યું, પણ જેમ લાલ રંગની સુંવાળી બિછાત ઉપર માણસો આનંદથી ચાલે તેમ તેઓ યોગ બળથી ચાલવા લાગ્યા, પરંતુ એ અપરાધને જગન્નિયંતા સહન ન કરી શકયા, ઋષિઓના તપોબળે અંતરિક્ષમાં ૭૨ યક્ષો તેના રક્ષણ માટે આવી પહોંચ્યા, અને જામ પુંઅરાને મારવાના ઘણા પ્રયોગો કર્યા, પરંતુ તેના ઉપર એકે પ્રયોગ ચાલ્યો નહિ. છેવટ ૭૨ જણાઓ ઘોડે સ્વાર થઈ સામા લડવા આવ્યા, તેમાં પણ તેઓ ફાવ્યા નહિ. અને પુંઅરોતો ઋષિઓપર જેવાને તેવા જુલ્મો કરતો રહ્યો, ત્યારે યક્ષોએ એક ડુંગરી (ટેકરી) પર બેસી 'જડીઓ' તથા 'કકલ' એ નામના મુખી જક્ષો માથે

હવે શું ઉપાય કરવો? એ વિષે ચર્ચા કરવા લાગ્યા, તે પરથી જડીઆ યક્ષે તપસ કર્યો તો પુંઅરાના હાથ પર એક જંત્રનું માદળીયું બાંધેલ હતું તેથી તેને જણાયું કે આ જંત્રના પ્રભાવે અમારૂં જોર કાંઇ કામ આવતું નથી, જેથી તેણે ઝીણામાં ઝીણા મચ્છરનું રૂપ લઇ તે જંત્રના માદળીયાં નીચે જઇ એક ઝેરી ચટકો ભરી ત્યાંથી ઉડી ગયો, એકદમ સખ્ત ખંજોળ (ચળ) આવતાં પુંઅરે તે માદળીયું છોડી નાખ્યું પણ ઝેરી દંશથી ખંજોળતાં ખંજોળતાં પસીનો વળીગયો. તેથી આખે શરીરે ચળ આવતાં હમામખાનામાં ન્હાવા ગયો કરડ ઉપર ખૂબ પાણી રેડી ન્હાય છે ત્યાં યક્ષોએ ડુંગરી ઉપરથી પ્રયોગ ચલાવ્યો અને તેથી હમામખાનાની દિવાલ તેનાપર તૂટી પડતાં તે નીચે ચગદાઇ મરણ પામ્યો. યક્ષો ઋષિઓને છોડાવી અંતરધ્યાન થયા, એ ગીરનારની ગીરીમાં આજે પણ પ્રતિવર્ષે ભાદરવા માસના પહેલા સોમવારે ત્યાં મોટો મેળો ભરાય છે, અને યક્ષોની પૂજા થાય છે, એ વિષે કચ્છમાં ઘણું કાવ્યો છે, તેમજ જે લોકો શ્રદ્ધાથી યક્ષોને માનેછે તેનાં આજે પણ તે યક્ષદેવો ધાર્યાં કામો કરી આપેછે.

કોઇ ઇતિહાસકાર કહેછે કે—એ ઋષિયો સવાર લોકોના 'પીર' હતા તેને પીડવાથી કચ્છમાંના તમામ સંઘારો ઉશ્કેરાઇ અહિવનરાજની મદદ માગવા ગયા ને તેને ૭૨ વીર પુરૂષો મદદમાં મોકલ્યા, તે ૭૨ જણાએ બહારવટીઆની માફક છુપા હુમલાઓ કર્યા. છેવટ કિલ્લાની દિવાલ તૂટી પડતાં જામપુંઅરો તે તળે કચરાઇ મૂઓ, અને રાજ્યના સૈનિકો સાથે લડાઇ કરતાં તે ૭૨ જણાઓ પણ ત્યાંજ કામ આવ્યા, જે હાલ રક્ષક (યક્ષ) તરીકે પુજાય છે, ગમેતેમ હો પણ એવા અધર્મી અને પ્રજાપીડક રાજાના અમલનો જલ્દી નાશ થયો, અને કચ્છ દેશની સત્તા ચાવડા વંશમાં ગઇ.

અહિવનરાજની સત્તા કચ્છમાં થતાં તેણે પદ્ધરગઢનો નાશકરી ભોરગઢમાં રાજગાદી સ્થાપી, અને નવસો ગામ કબજેકરી ગુર્જર નરેશ મુળરાજ સોલંકીને ખંડણીઆપી પાટણની સર્વોપરી સત્તા સ્વીકારી.

ગુજરાતના રાજાઓની સર્વોપરી સત્તા ઉપરાંત કચ્છમાં થોડો ખાલસા ભાગ પણ હશે એમ ગુર્જરપતિના કરી આપેલા તામ્રપટ પરથી સિદ્ધ થાયછે જે રાસમાળાના પ્રથમ ખંડ પૃ. ૧૩૫ે છે. તે નીચે પ્રમાણે છે.

"તામ્રપત્ર"

"(સોલંકી શક) સંવત ૯૩ ચૈત્રશુદિ ૧૧ રવેઉના દિવસે અણહિલવાડ પાટણ મધ્યે સ્વરાજ મંડળથી શોભાયમાન મહારાજાધિરાજ શ્રી ભીમદેવ પોતાના ભોગવટાના કચ્છ દેશમાં રહેનાર સર્વ રાજપુરૂષોને તથા તે દેશમાં વસનાર બ્રાહ્મણાદિ સર્વ માણસોને ખબર આપેછે કે આજ સંક્રાંતિ પર્વણી દિવસે સૂર્યની રાશિ બદલે છે તે વખતે ચરાચર ચેતન જડના પેદા કરનાર ભગવાન જે પર્વતિ-

પતિ મહાદેવ જેને પૂજી સંસારનાશી મિથ્યા અસત્ છે, એમ વિચારી પ્રસન્નપુરના રહેવાશી કવિ, બ્રાહ્મણ, વ્યાસ દામોદર સુત ગોવિંદને વાવ બેની જમીન બેડવાણ ધાનના પાકને લાયક એક સાંતીની દાનમાં આપી, તેનો માલિક બ્રાહ્મણ દામોદર છે, વાવની દક્ષિણ તરફ વેકરીઆ ક્ષેત્ર, આથમણી બાજુ મહુકેશર, પૂર્વે સમાણા ગામ, ઉત્તર દિશાએ માર્ગ. એ રીતે ચતુર્દિશા સહિત આ ભૂમિને જાણી અમારા વંશવાળાઓએ તથા આગળ થનારા બીજા રાજાઓએ અમારી આપેલી પાણી આપવી તે વિષે ધર્મ શાસ્ત્રનું વચન છે. ભૂમિદાનનો આપનાર સાઠ હજાર વર્ષ સ્વર્ગમાં વસેછે તેમજ તેને ઉત્તેજન આપનાર અને પાણી આપનાર પણ સ્વર્ગમાં વસેછે લખીતંગ કાયસ્થ કાચામન સુત્ ટકેશ્વર કોતરનાર સંધિ વિગ્રહિક-ચંદશર્મા."

અહિવનરાજના વંશમાં સંવત્ ૧૦૬૫ થી ૧૨૦૩ સુધી એટલે ૧૩૮ વર્ષ સુધી કચ્છનું રાજ્ય રહ્યું. તે ચાવડા વંશના છેલ્લા રાજા પુંજજી ચાવડા પાસેથી 'જામલાખા જાડેજા'એ સિંધમાંથી આવી કચ્છનું રાજ્ય કબજે કર્યું હતું.

ઉપરની રીતે જામલાખા હુરારાના પાટવી પુત્ર "જામ મોડથી લાખા ફુલાણીના ભત્રીજા પુંઅરા" સુધીના કચ્છના ઇતિહાસની સત્તા ચાવડાવંશના હાથમાં સોંપી, આપણે હવે સિંધતરફ નજર કરીએ અને ધર્માત્મા જામઉનડજીવા અનુક્રમે જે રાજાઓ થયા તેની હકીકતથી વાકેફ થઇએ.

શ્રીયદુવંશપ્રકાશે પંચમકળા સમાપ્તઃ

❀ શ્રીષષ્ઠીકળા પ્રારંભ: ❀

(૧૫૧) ૧૪ જામસામત ઉર્ફે સમો (શ્રી ફૃ. થી ૯૬ મો)

(વિ. સં. ૯૯૧ થી ૧૦૪૧)

જામ ઉનડના મરણ પછી નગર સમૈ (નગર ઠઠ્ઠા) માં જામસમો અને તેમની દાદી ગોડરાણીએ રાજ્ય ચલાવ્યું. મોટીવયે તે રાજા હિંદુસ્તાનમાં પ્રસિધ્ધ થયો અને સિંધમાં મોટીસત્તા જમાવી.

ખુરાસાનનો બાદશાહ નસીરૂદીન મોટું લશ્કર લઇ સિંધપર ચડી આવેલ પણ જામ સમાએ તેને હરાવી પંજાબ તરફ હાંકી કાઢયો હતો.

આ જામ સમાના વખતમાં ગુજરાતની ગાદીપર મૂળરાજ સોલંકી હતો જેણે રૂદ્રમાળ નામનું દેવાલય સિધ્ધપુરમાં ચણાવ્યું હતું તે પછી ચામુંડ ગાદીએ બેઠો. તે પછી સં. ૧૦૧૦ માં વલ્લભ ગાદીએ બેસી ગુજરી જતાં તેજ સાલમાં દુર્લભસેન ગાદીએ બેઠો તે પછી ૧૦૨૩ માં ભીમદેવ ગાદીએ આવ્યો જેની સત્તા કચ્છમાં હતી એપર આવેલા તામ્રપત્રથી સિધ્ધ થાય છે.

આ જામ સમાના નામ પરથી યદુવંશ સમાવંશના નામે પ્રસિધ્ધ થયો. એમ એક ઇતિહાસકાર લખે છે. પરંતુ–ના. ૨ ના જામસમાથી સમાવંશ ચાલેલ છે. એ વાત સત્ય છે. વળી મનાઇની તલવારના વખાણમાં "સમે સટકાઇ તરૂં એડી તરાર" એ આપણે આગળ વાંચી ગયા તો કહેવત છે કે 'દુવેગાલુંસચિઊં—કાંગીતરૂ–કાંભીતરૂ' એપ્રમાણે કાવ્યથી તથા જામ લાખીઆર ભરૂં સમૈનગર વસાવ્યું તે બન્ને હકીકત આ જામસમાના પહેલાંની છે. તો જામ નાં. ૨ ના સમાજામથી સમાવંશ કહેવાયો એ સત્ય છે.

(૧૫૨) ૧૫ જામકાકુ (શ્રી ફૃ. થી ૯૭ મો)

(વિ. સં. ૧૦૪૧ થી ૧૦૪૨)

જામ કાકુ ધર્મશાલી હતો તેમણે દક્ષિણમાં રામેશ્વરની યાત્રા કરી હતી આ રાજાના વખતમાં દેશમાં લડાઇઓ અવાર નવાર ચાલતી પરંતુ ખેડુત વેપારીવર્ગ વિગેરે સૌ પોત પોતાનો ધંધો નિર્વિઘ્ને અને નિર્ભયતાથી ચલાવતા હતા તેવિષે બોધ્ધ મતના ચિનાઇ મુસાફેર 'મેગે સ્થિનિસ' લખે છે કે સમાજનો મોટો ભાગ ખેડુત વર્ગનો હોઇને અત્યંત શાંતિને ચાહનાર હતો તે વર્ગને લશ્કરી નોકરીની માફી હતી એટલું જ નહી પણ તેના ખેડના ધંધાને લડાયક વર્ગો તરફથી બીલકુલ હરકત પહોંચતી નહોતી એક બાજુ ભયંકર લડાઇ ચાલતી હોય ત્યારે બીજી બાજુ ખેડુતો પોતાની ખેતીનુ કામ ધમધોકાર ચલાવત, નજરે પડ્યા હતા.

ઉપરની રીતે રાજ્યનો બંદોબસ્ત રાખવામાં જામ કાકુ ઘણો કુશળ રાજા હતો.

(૧૫૩) ૧૬ જામરાયધણ (શ્રી ફૂ. થી ૯૮ મો)

(વિ. સં. ૧૦૧૨ થી ૧૦૬૨)

જામ રાયધણના વખતમાં તુર્કી વંશનો મહમદ ગીજની હતો તેણે ગીજનીમાં પોતાની સ્વતંત્ર સત્તા જમાવી મુસલમાનોના મોટા લશ્કરથી હિંદપર ૧૭ સત્તર સવારીઓ કરી હતી અને હિંદના રજપુત રાજાઓએ તેના સામી સખ્ત લડાઈઓ ચલાવી હતી તેમાં સિંધના જામ રાયધણજી પણ મોટું સૈન્ય લઇ લડવા આવેલ વતા. મહમદે વિ. સં. ૧૦૮૬ માં સોમનાથ મહાદેવનું દેવળ તોડયું હતું તેમાં પ૬ થાંભલા જવાહીરથી જડેલા હતા, ૨૦૦ મણ વજનની સોનાની સાંકળથી ઘંટા લટકતી હતી. બે હજાર ગામ તેના ખર્ચ માટે જુદા જુદા રાજાઓથી મળેલાં હતાં બે હજાર બ્રાહ્મણો તેના પૂજારી હતા. ત્રણ દિવસ ભયંકર લડાઇ ચાલી તેમાં દેશદેશના તમામ રાજપુતો લશ્કર સાથે આવ્યા હતા પાંચ છ હજાર રાજપુતો કામ આવ્યા બાદ મહમદે એકભારે ગદા મૂર્તિપર મારી કટકે કટકા કરી નાખ્યા તેમાંથી અમૂલ્ય હીરા, માણેક, મોતી, જવાહીર, સોનું, ચાંદી, નીકલ્યાં હતાં, લીંગના ટુકડા મક્કા મદિના મોકલી દઇ તેની મસ્જીદના પગથીયામાં જડાવ્યા ને બે ટુકડા ગીજનીમાં પોતાની કચેરીની સીડીમાં જડાવ્યા. સોમનાથના મંદિરમાંથી દશ પંદર કરોડ રૂપીઆનો માલ મહમદ લઇ ગયો વળતાં સિંધમાં આવતાં જામ રાયધણે રસ્તામાંનાં જળાશયોમાં સિંધની સરહદ સુધી ઝેર નખાવેલું હોવાથી તેનું લશ્કર (તથા પોતે) પાણીવિના દુઃખ ભોગવી મરણને તોલ થઇ મહા મુશીબતે ગીજની પહોંચ્યું હતું.

(૧૫૪) ૧૭ જામપ્રતાપ ઉર્ફે પલ્લી (શ્રી ફૂ. થી ૯૯ મો)

(વિ. સં. ૧૦૬૨ થી ૧૧૧૨)

*જામ પ્રતાપ પણ પંજાબના રાજા અંનગપાળ ઉપર વિ. સં. ૧૦૬૪માં મહમદ ચઢી આવ્યો, ત્યારે તેની મદદે ગયો હતો, તેમજ ઉજૈન, ગ્વાલિયર, કલિંજર, કનોજ, અજમેર, દિલ્હી, વિગેરેના રાજાઓ પણ આવેલ હતા. પેશાવર પાસે લડાઇ થઇ તેમાં માનંગપાળ બધા રાજાઓનો સેન્યાધિપતિ થયો પરંતુ તેનો હાથી એકદમ રણક્ષેત્રમાંથી ભડકી ભાગતાં ઉન્મતથઈ દોડાદોડી કરતાં લશ્કરમાં મોટું ભંગાણ પડયું તેથી મહમદે નગરકોટમાં દાખલ થઇ જબરી લુંટ કરી સાત લાખ સોનામહોર, ચારસો મણ સોનું,

* આ રાજા ૨૫ વર્ષની ઊમરેજ ગાદીએ બેસાડી પોતે શીવપૂજન વિગેરેમાં કાળ ગુજારતા હતા.

ચૌદસો મણ સોનાચાંદીના દાગીના, ચાર હજાર મણ ચાંદી અને ચાલીશ મણ જવાહીર લુંટી ગયો તેમજ સ્થાનેશ્વરની લુંટમાંથી એક મોટું માણેક તોલા સાઠના વજનનું મળેલ હતું મહમદ જ્યારે કનોજપર ચડી આવ્યો ત્યારે તેના લશ્કર-માં એકલાખ ઘોડેસ્વાર અને વીસ હજાર પ્યાદલ સિપાહીઓ હતા, તે ઓચિંતો આવતાં કનોજના રાજા કુંવરરાયથી બીલકુલ તૈયારી થઇ શકી ન હતી તેથી કેટલીક સોના-મહોરો ભેટ આપી મહમદને વળાવ્યો આ વખતે કનોજ શહેર ૩૦ માઇલના ઘેરાવમાં હતું તેમાં ૩૦ હજારતો તંબોળીઓની દુકાનો હતી રાજા કુંવરરાયની ફોજમાં એવખતે પાંચલાખ પ્યાદલ સિપાહી અને ૩૦ હજાર ઘોડેસ્વાર હતા. કનોજથી વળતાં મહમદે ૨૦ દિવસ મથુરાં લુંટયું અને તેમાંથી સો ઉંટ ચાંદી ને પાંચ ઉંટ સોનાના ભરી લઇ ગયો તેમજ ૫૩૦૦ માણસોને પકડી ગુલામ બનાવી સાથે લઇગયો.

(૧૫૫) ૧૮ જામ સાંઘભડ (શ્રી ફ. થી ૧૦૦મો)

(વિ. સં. ૧૧૧૨ થી ૧૧૮૨)

જામ સાંઘભડના વખતમાં ઘણીજ શાન્તિ હોવાથી ખાસ કાંઇ જાણવા જોગ બનાવ બન્યો ન હતો, તેને બે દીકરાઓ હતા, જાડો અને વૈરજી જામ સાંઘભડના ગુજરી ગયાપછી નગરસઐની ગાદીએ જામ જાડો આવ્યો.

(૧૫૬) ૧૯ જામ જાડો (શ્રી ફ. થી ૧૦૧મો)

(વિ. સં. ૧૧૮૨ થી ૧૨૦૩)

જામ જાડો ઘણોજ પ્રજાપ્રિય રજા હતો, તેનો જન્મ સંવત્ ૧૧૬૦માં થયો હતો, અને સંવત્ ૧૧૮૨માં ગાદીએ આવ્યો હતો. તેને પુત્ર નહિં હોવાથી પોતાના નાના ભાઇ વૈરજીના બે પુત્ર (એક લાખો અને બીજો લાખીયાર નામના બેલડાના જન્મેલા) હતા, તેમાંથી લાખાને દત્તક લઇ નગરસઐની ગાદીએ બેસાર્યો હતો, પણ પાછળથી જામ જાડાને એક પુત્ર થયો, તેનું નામ 'ઘાયોજી' પાડયું હતું.

(૧૫૭) ૨૦ જામ લાખો જાડેજો (શ્રી ફ. થી ૧૦૨જો)

(વિ. સં. ૧૨૦૩ થી ૧૨૩૧)

જામ જાડાના સ્વર્ગે ગયાપછી ગાદી માટે જામ લાખા તથા તેના ઓરમાન ભાઇ ઘાયાજી સાથે મોટી તકરાર થઇ અને તે તકરારથી કંટાળીજઇને તેમજ ઘાયાજીનો પક્ષ વધુ બળવાન જોઇને લાખો પોતાના જોડીઆ ભાઇ લાખીયારને લઇ કચ્છમાં આવ્યો, એ વખતે કચ્છમાં અહિવનરાજ ચાવડાના વંશજો મોટાભાગ ઉપર રાજ્ય કરતા હતા, તે સિવાય પઢીયાર, વાઘેલા, સોઢા, વગેરે નાનાં નાનાં રાજ્યો પણ કચ્છમાં હતાં, ચાવડા વંશનો પંદરમો રાજા પુંજેજી વધો નબળો

હતો, તેથી તેનીસાથે લડી તેનું રાજ્ય જામ લાખે જીતી લીધું, અને કચ્છમાં બીજી સત્તાઓને નબળી પાડી સમા સત્તા દાખલ કરી અને મિયાણી પરગણામાં ધાણેટી ગામ વસાવી ત્યાં રાજ્ય ચલાવવા લાગ્યો. પરંતુ પાછળથી પદ્ધરગઢની બાજુમાં સારા પાણીનો ધરો (વીરડો) જોઇ પોતાના ભાઇ લાખીયારનું નામ કાયમ રાખવા તેના નામે 'લાખીયાર વીયરો' નામનું ગામ વસાવી ત્યાં જાડેજા વંશની ગાદી વિ. સં. ૧૨૦૪માં સ્થાપી.

જામ લાખાને જામ જાડે દત્તક લીધો તેથી તે વૈરજીનો મટી જાડાનો થયો, કચ્છી ભાષામાં જાડેજે એટલે જાડાનો (પુત્ર) થયો કહેવાય તેમજ લાખો અને લાખીયાર બન્ને બેલડાના હોવાથી સિંધી અને કચ્છી ભાષામાં બેલડાને જાડા કહેછે તેથી તે રાજાના વખતથી તે વંશ 'જાડેજા વંશ' કહેવાયો એવિષે કચ્છના ઇતિહાસમાં દોહો છે કે:—

॥ દુહો ॥

લાખોને લખધીર, બોય જનમ્યા જાડા ॥ ✗
વૈરેં ઘર લાખો વડો, જેથુ જાડેજા. ॥૧॥

લાખોને લખધીર બેઉ બેલડાના જનમ્યા વૈરજીનો લાખો મોટો દીકરો. જેનાથી જાડેજા કહેવાયા.

જામ લાખો પુરોહિત વાસુદેવના કહેવા ઉપર લાખીયાર વીયરા વસાવી જામ પદવી ધારણ કરી કચ્છનું રાજ્ય ચલાવતો હતો, એ પુરોહિત વાસુદેવ શ્રીકૃષ્ણના ગુરૂ ગર્ગાચાર્યના વંશમાં આશરે ૮૦ પેઢી પછી થયા હતા. તેનાપુત્ર હરદાસજી ઘણાજ વિદ્વાન અને બુદ્ધિશાળી હતા, તેને જામલાખાયે પોતાની સાતે કુંવરીઓનો સંબંધ કરવા અન્ય રાજ્યોમાં મોકલ્યા હતા, જામ લાખાની સાતે કુંવરીઓના નામનો દુહો છે કે:—

॥ દુહો ॥

[1]રુપાળી, [2]રજબુબા, અરુ, [3]દેવકુંવરબા, [4]પાન; ॥
[5]રાજકુંવરબા, [6]હમજીબા, [7]સોનાબા અભિધાન ॥

એ સાતે કુંવરીઓનો સંબંધ પોતાના સમાન રાજાઓમાં રૂપ ગુણે સંપન્ન તેજસ્વી રાજકુમારોથી કરવા પુરોહિત વાસુદેવના પુત્ર હરદાસજીને દેશાવરમાં મોકલ્યા, હરદાસજી પાંચ વરસ સુધી અનેક રાજા રજવાડાઓમાં ફર્યા પણ જામ લાખે કરેલી ભલામણ મુજબ કુંવરીઓના યોગ્ય વરો નહિં મળતાં પાછા ફરી લાખીયાર વીયરે આવી સઘળી હકીકત જાહેર કરી, જામલાખાને થયું કે આપણા યોગ્ય રાજ્યો ન મળતાં સાધારણ ખંડીયા જાગીર દારોના આપણે સસરાકે સાળા થવું એતો કેમ થવાય ? આથીતો મરવું સારૂં અને કાં દીકરીઓ ન હોય તો સારૂં.

આવાં વચન બોલતાં સાતે કુંવરીઓને કુળાભિમાન ઝળકી ઊઠ્યું અને બળી મરવા તૈયાર થઇ તે વખતે પુરોહિત હરદાસે પણ વિચાર્યું કે મારાથી બનતો પ્રયાસ નથયો, જેથી આ બનાવ બને છે. એટલે હું તેનું નિમિત્ત છું એમ માની પોતે પણ બળવા તૈયાર થયા. તેની સ્ત્રી પોપાંબાઈ મહા સાધ્વી પતિવ્રતા હતાં તે પણ પોતાના પતિ પાછળ બળવા તૈયાર થયાં.

કુંવરીઓને તેમ ન કરવા અનેકરીતે જામ લાખાએ સમજાવવા ઉપાયો રચ્યા પણ તે નિરર્થક જતાં ચંદન કાષ્ટની એક ચિતા કુંવરીઓ માટે અને બીજી પુરોહિત માટે તૈયાર કરાવી જામ લાખે પુરોહિત હરદાસજીને પૂછયું કે આપની પાછળ પુત્ર નથી તો આપના બળી મૂવા પછી અમારા પુરોહિત કોણ થશે ? સાંભળી હરદાસે કહ્યું કે મારી મોટી પુત્રી લક્ષ્મીબાઇના પતિ કરણજી તથા નાની પુત્રી નેમાબાઈના પતિ નારણજી જેઓ કાઠિયાવાડમાં ગોહેલવાડ તરફ રહે છે. ત્યાંથી તેને આદર સત્કાર સહિત બોલાવી તેના પગ પખાળી પૂજજો અનેગોર પદવીના તમામ હકો તેને આપી ગોર માની તેનાથી ગુરૂ મંત્ર લઈ અચળ ગુરૂ પદવી આપજો અને જો તેમ નહિ કરો તો આ સાતપુત્રીઓ અને અમારો 'ખુવો' તમોને નડશે આમ કહી સાતેપુત્રીઓ તથા ગોરગોરાણી ચંદનની ચિત્તાઓમાં બળી ભસ્મ થયાં તે વિષે દુહાઓ છેકે:—

॥ દુહો ॥

संवत् बारह सप्त महीं, माघ मास शुद सार,
तिथि पंचमी चढते दिवस, सवा पहोर शशिवार ॥ १ ॥
मोहित अरु मोहित वधु, सुमरन करी महेश ॥
सप्त कुमारी सहित तीन अनल में कीयो प्रवेश ॥ २ ॥
वचन मानी हरदासको लखपत जुं भूपाल ॥
मोत जमाइकों दीयो गुरुपद पाउंपखाल ॥ ३ ॥

પુરોહિતની મોટી પુત્રી લક્ષ્મીબાઇના પતિ કરણજી તે ભારદ્વાજ ગોત્રનો ઔદિચ્ય સહસ્ત્ર શિહોરનો રહિશ વિપ્ર હતો તેની શાખા માધ્યાંદિની 'વેદ યજુર' ત્રિપ્રવર તથા મોમાયા (મહામાયા) કુળદેવી હતી.

પુરોહિતની નાની પુત્રી નેમાબાઇના પતિ નારાયણજી કૌશિક ગોત્રનો ધસા-મલીપુરનો રહીશ વિપ્ર હતો, તેની શાખા પણ મધ્યાંદિની વેદ યજુર, ત્રિપ્રવર, અને હિંગળાજ કુળદેવી હતી.

દંતકથા એવી છે કે—પુરોહિત અને કુંવરીઓના બળીમૂવા પછી જામ લાખાએ પુરોહિતના જમાઇને કેટલાક વર્ષોસુધી બોલાવ્યા નહિ. તેથી ગોરના શાપ મુજબ દેશમાં વરસાદ તથા વંશવૃદ્ધિ પણ નહિ થતાં કેટલીક અડચણો અને વિઘ્નો આવવાં લાગ્યાં, જેથી વિદ્વાનોને બોલાવી તેનું કારણ પૂછતાં જવાબ મળ્યો

કે ગોર તથા બળી મરેલ કન્યાઓની બનડત્તર છે તેથી જામ લાખે પોતાના સરદારો અને અમીરોને કાઠીઆવાડમાં મોકલી પોતાના પુરોહિતના જમાઇઓ (ગોર) ને બોલાવ્યા ગોર જ્યાં લાખાની હદમાં (કચ્છમાં) આવ્યા ત્યાં પાણી કે વનસ્પતિ કાંઇપણ નજરે નહિ પડવાથી કારણ પૂછતાં અમીરોએ સાત દકાળી પડવાનું કહેતાં ગોરને દયા ઉપજી અને તેથી તે મહર્ષિઓએ પોતાની બ્રહ્મવિદ્યાના કર્મથી દરેક કુવા, વાવ, તળાવો, પાણીથી છલકાવી લાખીયાર વિગેરે આવેલ હતા, લાખે પુરોહિતના કહેવા મુજબ તેના પગ પખાળી ગોરપદાના તમામ હકો આપી પુરોહિતને પાટલે બેસાર્યા. અને ગોરે અશિર્વાદ આપ્યો કે:—

॥ સોરઠો ॥

જ્યોં લગ શશિ દીવેશ, ત્યોં લગ અવિચળ રાખહી ॥
આશાપુરા મહેશ વંશ, સદા લાખાજીકો ॥ ૧ ॥

આજે પણ તે ગોરને મળેલા તમામ હકો જાડેજા રજપુતો નભાવી રહ્યાછે.

ઉપરનીરીતે વિ. સં. ૧૨૩૧માં ૨૮ વર્ષ રાજ્યકરી કચ્છમાં સમા સતાનો મજબુત પાયો નાખી પોતાના પુત્ર રાયધણજીને લાખીયાર વીયરાની ગાદીએ બેસારી જામ લાખો સ્વર્ગે સીધાવ્યા.

(૧૫૮) ૨૧ જામ રાયધણજી (શ્રી ફુ. થી ૧૦૩)

(વિ. સં. ૧૨૩૧ થી ૧૨૭૧)

જામ રાયધણજી ગાદીએ આવ્યા ત્યારે કચ્છમાં જત લોકોનું ઘણુંજ જોર હતું; તેથી તેના ઉપર મોટી સ્વારી લઇ જઇ તેને હરાવી રાજ્ય નિષ્કંટક કર્યું.

જામ રાયધણજીના વખતમાં કનોજના રાજા જયચંદે રાજસૂર્યયજ્ઞ કરેલ તેની સાથે પોતાની પુત્રી સંયુક્તાનો પણ સ્વયંવર કરતાં મોટા મોટા રાજાઓને પણ બોલાવેલ હતા, એ વખતે જામ રાયધણજી પણ કનોજ ગએલ હતા. એ વિષે પૃથુરાજરાસામાં માત્ર એટલોજ ઉલ્લેખ છે કે 'કચ્છના રાજા પણ આવેલ હતા.'

રાજસુયયજ્ઞ અને સ્વયંવર ત્યારપછી હિંદુસ્તાનમાં થયો નથી, એ છેલ્લોજ હતો.

એ સ્વયંવરમાં પૃથ્વીરાજની સોનાની મૂર્તિ બનાવી દ્વારપાળની જગ્યાએ રાખવામાં આવેલ હતી, તેથી કોણ ચડતાં પૃથ્વીરાજે સંયુક્તાનું હરણ કર્યું હતું, અને એ અંદર અંદરની ઇર્ષાને પરિણામે હિંદપર શાહબુદ્દીનઘોરીએ અનેક વખત આક્રમણ કર્યું હતું. છેલ્લી વખત જ્યારે શાહબુદ્દીન ઘોરી પોતાનું અપૂર્વ લશ્કર લઈ દિલ્હી ચડી આવ્યો ત્યારે પૃથ્વીરાજની મદદમાં આખા હિંદુસ્તાનમાંથી ૧૫૦ ઉપરાંત રાજાઓ પોતાના સૈન્ય સાથે લડવા આવેલા હતા, તેમાં કચ્છમાંથી જામ રાયધણજીએ પણ પાંચ હજારનું લશ્કર આપી પોતાના પાટવી

કુંવર ગજણજી તથા હોથીજીને દિલ્હી મોકલેલ હતા, આ લડાઈમાં પૃથ્વીરાજ ચૌહાણ પાસે ત્રણ હજાર હાથી, ત્રણ લાખ ઘોડેસ્વાર અને દશ લાખ પાયદળ હશ્કર હતું. ભયંકર યુદ્ધને અંતે શાહબુદ્દીને દગાથી પૃથ્વીરાજને પકડ્યો જોકે શાહબુદ્દીન ઘોરીને અનેકવાર હરાવી જીવતો પકડી ઉદાર દિલથી પૃથ્વીરાજે છોડી મૂકેલ હતો. છતાં એ નરપિશાચ, વિશ્વાસઘાતી, અધર્મી દુષ્ટ મ્લેચ્છ હિંદના છેલ્લા મહાન ચક્રવર્તી રાજાને નહિ છોડતાં બૂરીરીતે માર્યા. જે સમ્રાટે એ નરાધમ ઉપર ઉપકારોજ કર્યા હતા, તેના બદલામાં એ મ્લેચ્છે અપકારજ કર્યો.

પૃથ્વીરાજ પકડાયા પછી અજમેરમાં હજારો સ્ત્રીઓ તથા બાળકોની કતલ કરી ૨૦ હજાર સ્ત્રી, પુરુષ તથા બાળકોને ગુલામ બનાવી ગીજની લઈ ગયો. વિ સં. ૧૨૫૦ માં એજ્યારે હિંદપર ચડી આવેલ ત્યારે તેણે કનોજના રાજા જયચંદ રાઠોડને માર્યો હતો. કાશીમાં ૧૦૦૦ મંદિરો તોડ્યાં હતાં અને બંગાળામાં ઠેકઠેકાણે મુસલમાનોની સત્તાસ્થાપી હતી, વિ. સં. ૧૨૬૨ માં શાહબુદ્દીન ઘોરી સિંધુ નદિને કિનારે પોતાના તંબુમાં આરામ લેતો હતો, ત્યાં દુશ્મનોએ આવી તેના ટુકડે ટુકડા કરી નાખી પૃથ્વીરાજનું વેર લીધું, આ વખતે તેના આગળ અઢળક ખજાનો હતો, કેવળ હીરાઓજ ૧૦ મણ હતા.

શાહબુદ્દીનના મરણ વિષે પૃથ્વીરાજ રાસામાં લખેલું છે કે તેનું મરણ પૃથ્વીરાજના હાથથી થશે એમ વીરામહનું વચન નીચે પ્રમાણે છે. 'નૃપશાહ ચંદ સુ તીન ય',' 'રહે એક ઠોર સુ લીન ય'.' એટલે રાજા, બાદશાહ અને ચંદ એકજ જગ્યેએ કામ આવશે, અને એ પ્રમાણેજ સાતતવા પર બેઠેલા શાહબુદ્દીન પૃથ્વીરાજના હાથનું તીર વાગવાથી મરણ પામ્યો, અને ચંદ તથા પૃથ્વીરાજ પણ અન્યોન્યના શસ્ત્ર પ્રહારથી કામ આવ્યા એ વાત સત્ય છે.

આ પ્રમાણેજ જામ રાયધણજીના વખતમાં હિંદમાં કેટલીક ઉથલપાથલ થઈ હતી, જામ રાયધણજીને ૧ ગજણજી, ૨ દેદાજી, ૩ હોથીજી અને ૪ ઓઠોજી એમ ચાર પુત્રો હતા.

કેટલેક વર્ષે માતંગ દેવના વંશમાં એક 'માતૈં' નામનો પ્રખ્યાત પુરૂષ થયો, તે રાયધણજીના દરબારમાં આવ્યો પોતાના વંશમાં એ માનીતો (દેવ) હોવાથી જામ રાયધણે તેની ઘણીજ આગતાસ્વાગતા કરી, કેટલાક દિવસ રહીને તે જ્યારે ચાલ્યો ત્યારે જામ રાયધણજી પોતાના ચારે કુંવરો સાથે પોતાની હદ (ત્રિજળ) સુધી તેને વળાવવા ગયા, દેવનું ચિત્ત પ્રસન્ન જોઇ જામે કુંવરો માટે આશીર્વચન માગ્યું, દેવે કહ્યું કે 'તેઓ ચારે જણા જામ કહેવાશે' તેથી જામ રાયધણજી કહેકે 'તેઓ ચારે જણા સરખા થાય તે ઠીક નહિ' ત્યારે દેવ કહેકે 'મારૂં વચન ખાલી ન જાય' એમ કહી સમાપ્તિ કરી જોયું તો 'દેદાનું મન ઉંચક, ગજણના મનમાં દગો, હોથીના મનમાં અવિશ્વાસ, અને ઓઠાનું દિલ નિષ્કપટ દીઠું" તેથી ગજણને બારા પરગણું (જે વ્યાર નામના કુંગરથી પશ્ચિમ બાજુનો પ્રદેશ) આપ્યું. હોથીને ગજોડ પરગણાના બંદરો વગેરે ગામોની આસપાસનો પ્રદેશ આપ્યો.

દેદાને કંથકોટનું પરગણું જે કચ્છ સિકાથી પૂર્વ ભાગ વાગડ, અચ્છુકાંઠો અને અંજાર ચોવીશી વગેરે આપ્યું. અને ઓઠાને રાજધાની લાખીયાર વીયરા આપી રાજનીહદ મુકરર કરીઆપી તે વિષે દુહો છે કેઃ—

॥ દુહો ॥

વીયાર વાંઇઆં ગજણી, હોથીય બારો ગામ ॥
શીકરે પર્યા દેદો ઘણી, વીયરે ઓઠો જામ ॥ ૧ ॥

અર્થ—વ્યાર ડુંગરથી પશ્ચિમે ગજણજી, હોથીને બાર ગામ, અને શીકારથી પરા (પાછળ) દેદાજી, અને લાખીયારવીયરા ઓઠાજામને.

ગજણજી, દેદાજી અને હોથીજીએ જાણ્યું કે ઓઠાજીને કચ્છની ગાદી આપી અને અમને મોટા છતાં કૂટાયા કર્યા, તેથી તેણે હઠ લઇ પુકિત કરી કહ્યું કે 'હે દેવ! તમે અમોને રાજધાનીથી દૂર કાઢો છો પણ અમારે દર આઠમ અને ચૌદશે ઇદ્રમાતાનાં દર્શન કરવાનો નિયમ છે તેમાં હરકત પહોંચશે' દેવ કહે 'તેનીકાંઈ હરકત નહિ મારા વચનથી ગજણ આશાપુરાની, દેદા રવેચીની, અને હોથી મહામાયા (મોમાઇ)ની પૂજા કરશો તો હુંમેશાં આબાદ રહેશો' વળી ઓઠાને કહ્યું કે 'તું આ જગ્યાએ (ત્રેજળે) દર વર્ષે પાડો ચડાવજે તથા જંધરીઆ ડુંગરમાંથી ઘંટીઓ અને હબાના ડુંગરમાંથી કોયલા કરવા દેશો નહિ તો તમારા વંશમાં હુંમેશાં કચ્છનું રાજ્ય આબાદ રહેશે,' એટલું કહી વિ. સં. ૧૨૫૬ના માહા શુદી ૪ને દિવસે માર્તંડ-(માતંગઋષિ)-દેવ ગીરનાર તરફ ચાલતા થયા, તે પછી જામ રાયધણજીએ એ ચારે કુંવરોને દેવના કહેવા પ્રમાણે સોંપેલા ગામ ગરાસો સ્વાધીન કર્યાં અને તે પછી પંદર વર્ષે એટલે સંવત ૧૨૭૧માં જામ રાયધણજી સ્વર્ગે ગયા.

કચ્છની ગાદી ઓઠાજીને મળી તે વિષે બીજા ભાઇઓના દિલમાં તો કાંઇ ન થયું પરંતુ ગજણજી પાટવી કુંવર હોવા છતાં ગાદી ન મળી અને પોતાનો હક્ક માર્યો જતાં એ બાબતનું વેર બન્નેના (જામગજણ તથા ઓઠાના) વંશમાં બાર પેઢી ચાલ્યું; એટલે સોળમાં સૈકા સુધી જામ રાવળજી અને હમીરજી સુધી ચાલ્યું.

પાટવી કુમારશ્રી જામગજણજી હોવાથી તેમજ આ ઇતિહાસ ખાસ જામનગરનો હોવાથી પ્રથમ વીસ્તાર પૂર્વક જામશ્રી ગજણજીનો વંશ વર્ણવી પછી જામઓઠાજીનો વંશવિસ્તાર આ ગ્રંથના દ્વિતીયખંડમાં કહીશ.

(૧૫૮) ૨૨ જામશ્રી ગજણજી ઉર્ફે ગજોજી

(વિ. સં. ૧૨૭૧ થી ૧૩૦૧) (શ્રી કૃ. થી ૧૦૪ થો)

જામશ્રી રાયધણજીના પાટવી પુત્ર ગજણજીને લાખીયાર વીયરાની ગાદી નહિં મળતાં સૌથી નાના કુંવર ઓઠાજીને ગાદી આપી અને ગજણજીને બારા

પરગણામાં ગરાશ મલ્યો. ત્યારથી ગાદીના ખરા હકદાર તરીકેનો દાવો જામ-ગજણના વંશમાં રહ્યો, કહેવત છે કે "વેર અને વ્હાલ વારશામાં ઉતરે" તે પ્રમાણે છેક ૧૨ બારમી પેઢીએ જામશ્રી રાવળજી થયા ત્યાં સુધી ગાદી માટેની તકરારો ચાલી હતી,

જામશ્રીગજણજીના વખતમાં દિલ્હિના તખ્ત ઉપર ગુલામ વંશનો બાદશાહ કુતબુદીન હતો. તેણે લાલ રંગના પત્થરનો ઘણોજ ઉંચો મીનારો ચણાવ્યો હતો કે જે હાલપણ "કુતુબમીનારા" નામે પ્રસિદ્ધ છે.

જામશ્રી ગજણજીને હાલોજી, જીઓજી (ઉર્ફે જેશોજી) અને લાખોજી એમ ત્રણ કુંવરો હતા, તેમાં હાલોજી ગાદીએ આવ્યા, અને લાખાજીના વંશમાં આમર શાખાના રજપુતો થયા હતા, અને જીયાજીના વંશમાં અબડા અને મોડ શાખાના રજપુતો થયા.

આ અબડાજી મહાધર્માત્મા અને વીરપુરૂષ હોવાથી તેની હકીકત આ સ્થાને આપવી યોગ્ય જણાતાં નીચે પ્રમાણે લખવામાં આવેલ છે.

"અબડો–અણભંગ અબડો–અનર્મી" વગેરે ઉપનામોથી તે ક્ષત્રીયવીર કચ્છ ધરામાં પ્રસિદ્ધિ પામેલ હતો, તેના સમયમાં સિંધ ઉમરકોટમાં હમીર સુમ-રાના વંશમાં ધોધો અને ચનેશર નામના બને ભાઇઓ થયા હતા, તેઓ બનેને અંદર અંદર કુસંપ થતાં ચનેસર દિલ્હીપતી અલાઉદ્દીન બાદશાહ આગળ ગયો, અને કહ્યું કે:–"આપના પાયતખ્તના જનાનાને શોભાવે તેવી સુંદર સુમરીઓ મેં આપમાટે રાખીહતી તે તથા મારૂં સર્વ રાજ્ય ધોધાએ ખુંચવી લીધાં છે, અને તે સિંધમાં મસ્તથૈ ફરેછે, તો આપ મારૂં રક્ષણકરો. એટલુંજ નહિ પણ આપ જાતે પધારી તે સુમરીઓ કબજે કરી તેને લઇ દિલ્હી પધારો" એ ઉપરથી બાદશાહ અલાઉદ્દીન મોટું લશ્કર લઇ સિંધ ઉપર ચડી આવ્યો, નેં ત્યાંજઇ હુશે-નખાન નામના સરદારને ધોધા આગળ મોકલી કહેવરાવ્યું કે તમે બાદશાહી મોભાને જાળવી સુમરીઓને બાદશાહ સાથે નીકાહક કરાવી આપો,' પરંતુ ધોધાએ તે વાત માની નહીં અને લડાઇ કરવા તૈયાર થયો, ધોધે લડાઇમાં જતાં પહેલાં પોતાના ભાગ નામના વિશ્વાસુ નોકરને કહેલકે કચ્છમાં જામઅબડો અણ-ભંગ બહાદુર પુરૂષછે તે મોટા મદોંની મુછોના વાળને નમાવી મલ્યાને માથું દે તેવો છે જેથી ગોવાળ નહીં છતાં તે ગાયજેવી ગરીબ સુંમરીઓને ધર્મબંધુ થઇ આધાર આપશે, માટે ખપ પડેતો તમો તેનીજ મદદ લેજો, ઉપરની ભલામણ કરી પોતાના સામંત સુરાઓને સાથે રાખી બાદશાહ અલાઉદ્દીનના લશ્કર સામે જઇ દ્વંદ યુદ્ધ કર્યું, અને ઘણા મુસલમાનોનો ઘાણ કાઢયો, પરંતુ બાદશાહના સરદાર હુશેનખાંએ તેને મારી નાખ્યો, એટલુંજ નહીં પણ તેના મૃત શરીર (શબ) ને તે સરદારે ખુંટે સોતી લાતમારી આ બનાવ ધોધાના ભાઇ ચનેશરે નજરો નજર જોયો, તેથી તેનું ક્ષત્રિ લોહી ઉકળી જતાં અને ભાતૃભાવ ઉત્પન્ન થતાં

તલવારના એકજ ઝાટકે તેણે સરદાર હુશેનખાનનું માથું ઉડાવી દીધું. તે વખતે પાછળના એક સિપાહુ સાલરે ચનેસરનો પણ પ્રાણ લીધો, આમ અન્ને ભાઇઓનો અંત આવતાં બાદશાહે ઉમરકોટ કબજે કર્યું, અને તપાસ કરતાં જનાનામાં એક પણ 'સુંમરી'કન્યા જોવામાં આવી નહીં જેથી પગેરૂં લઈ પાછળ જવા નિશ્ચય કરી પોતાના સરદારો અને સૈન્યને સાથેલઈ બાતમી મળતાં અબડાઅણભંગ તરફ કુચ કરી.

ઘોઘો મરાણા પછી સાતવીસું ને સાત (૧૪૭) સુંમરી કન્યાઓને સાથેલઇ ભાગ નામનો વિશ્વાસુ નોકર ઘોઘાની ભલામણ ઉપરથી કચ્છમાં જુણેચા ગામે આવ્યો, અને ત્યાંના અબડાને મળતાં તે અબડા બીજે નીકળતાં ત્યાંથી 'વડસર ગામે (હાલ નળીયા તાલુકામાં છે ત્યાં) આવ્યો, વડસરમાં જામઅબડા ડાયરો જમાવી બેઠા હતા ત્યાં 'ભાગે' આવી વાત જણાવી કે ઘોઘા રાજાએ બાદશાહી લશ્કર સામે લડતાં એટલો સંદેશો કહાવ્યો છે કે, કુળની લાજ જાળવવા અમે અલાઉદ્દીન સામે લડીએ છીએ પણ જીતવાની આશા નથી તેથી નિરાધાર નીયાણી બ્હેનોને તારીપાસે મોકલું છું એ થાકી લોથજેવી તારે આશરે આવેછે માટે તું તેમને વિશ્રાંતિ આપજે, લડાઇમાં એના ભર્તાર માર્યા ગયાછે, ઘરબાર લુંટાઇ ગયાંછે, કેડે બાળક ધાંવણાં છે, અને પતિના વિયોગે વિલાપ કરેછે તેથી હે વીર અબડા તું તેમને તારે આંગણે આશરો આપજે" આમ કહી ઘોઘો મરણ પામ્યાની વાત "ભાગે" અથ ઇતિ સંભળાવી સંદેશો કહ્યો,

ઉપરના વાકયો સાંભળી અબડે કહ્યું કે—

"ભાઇભલીકરી બહુ સારૂં થયું મારાં અહોભાગ્ય કે સુમરી બ્હેનો મારે ઘેર આવી તે સર્વે મારી ધર્મની બ્હેનો છે. હું વગર ઓળખાણે પણ કોઇના ઉપર જુલમ થતો જાણી આડા પડી રક્ષા કરૂં છું તો પછી મારે ઘેર આવેલ બ્હેનોને બાદશાહી લશ્કરનો ભોગ કેમ થવા દઇશ, નિર્ભય રહો અને કહો કે એ બ્હેનો કયાં છે? ભાગ કહે ઘણી ઝડપથી દોડતાં થાકી જવાથી તેઓને "રોહાના ડુંગર" ઉપર બેસારી હું અહીં આવ્યો છું. આ સાંભળી અબડાએ તે થાકેલી કન્યાઓના માટે સાતવીસુંને સાત વછેરી ઘોડીઓ લઇ કેટલાક માણસોને સાથે લઇ પોતે જાતે ત્યાં તેડવા ગયો.

રોહાના ડુંગર ઉપર રહેલી સુમરીઓએ આવતો રસાલો દુશ્મનોનો છે તેમ ધારી એટલી બધી ગભરાઇ ગઇ કે તેમાંની સાત બ્હેનોએ તો પોતાના પ્રાણ છોડી દીધાં ત્યાં અબડા તથા ભાગ આવી પહોંચ્યા ને સહુને ધીરજ આપી મૃત્યુ કન્યાઓની અંત ક્રિયા કરી બાકીની સાતવીસું સુમરીઓને પોતાના દરબારમાં તેડી લાવ્યો.

બાદશાહી લશ્કર પગેરૂં લેતું જુણેચે આવ્યું, ત્યાંના અબડાએ તેણે રોકયું અને બાદશાહને કહ્યું કે "મારા અબડાના નામથી સુંમરીઓ પ્રથમ આહીં આવી હતી. માટે હું પણ મારૂં નામ દીપાવું" એમ કહી તેની સાથે લડતાં તે સ્વર્ગે ગયો.

બાદશાહ અલાઉદ્દિન વડસર ઉપર ચડયો એ વાતની જાણ અબડા અણભંગને થતાં તે હર્ષમાં આવીને બોલ્યો કે. "રાત્રી પડવા આવી છે, તેથી બાદશાહી લશ્કર ડુંગરાઓમાં અથડાસે માટે તેને વડસર ગોતતાં મુશ્કેલી ન પડે તેટલા માટે એક ઉંચા ટેકરા ઉપર ચડી કપાસના છોડને તેલમાં ઝબોળી શળગાવીને રોશની કરો" એ મુજબ અમલ કરતાં લશ્કરને આવવું સુગમ થયું. અને રાત્રે છાવણી નાખી વડસરની સરહદમાં મુકામ કર્યો.

વડસરમાં એક ઓરસા નામનો મેઘવાળ રહેતો હતો, તે મહા તેજસ્વી હતો ને પોતાની મુંછોને વળદઈ ત્રણ આંકડા વાળતો અને દરબારી ડાયરામાં બેસવા જતો ત્યારે પણ ઉતારતો નહીં એથી કેટલાક અદેખા ગીરાશીયાઓ અબડા આગળ તેની નિંદા કરતા ત્યારે અબડો કહેતો કે 'એ વાંકી મુછોવાળો ખરેખર બચ્ચો છે, કોઇ દિવસ તે પણ કામ આવશે' ખરેખર તેમજ થયું લશ્કર આવ્યાની તેણે વાત સાંભળી કે તુરતજ અબડા અણભંગ આગળ આવી ઓરસે કહ્યું કે 'હુકમ આપો તો અલાઉદ્દીનનું માથું કાપીઆવું અને ત્યારેજ મારી મુછોનું પાણી દુનીઆ જાણે' અબડે કહ્યું કે 'ભલેતારી હોંશ છે તો આ લડાઇનું સર્વમાન તનેજ આપું છું પણ તે બાદશાહ લાખોનો ખાવીંદ અને પાળક છે માટે દગાથી તેનો શિરચ્છેદ કરીશ નહીં' ઓરસે એ આજ્ઞાને માથે ચડાવી અર્ધરાત્રી વીત્યે મોટા સિંધી કુતરાની ખાળ (ચામડી) પહેરી હથીયારબંધી બાદશાહી છાવણીમાં ચાર-પગે ચાલતો ગયો અને ત્યાં ચોકીદારની નજર ચુકાવી અલાઉદ્દીનના તંબુમાં દાખલ થયો, અહિં તેને નિદ્રાવશ જોઇ અબડાનું વચન યાદ આવતાં શાહનું મસ્તક છેદવાનો વિચાર બંધ રાખ્યો, અને તેને કમરે બાંધવાનું રત્નજડીત બાદ-શાહી ખંજર (પેશકબજ) કાઢીલઇ તેની જગ્યોએ ચામડાં ચીરવાની પોતાની 'રાંપડી' બાંધી ચાલતો થયો.

સવારે અબડાની હજુરમાં તે ખંજર મેલી સઘળી હકીકત કહી, તેથી સહુ આશ્ચર્ય પામ્યા અને અબડે ઓરશાને ઘણીજ શાબાશી આપી.

અબડા અણભંગે પોતાના એક સરદાર સાથે તે ખંજર અલાઉદ્દિનને મોકલી સંદેશો કહાવ્યો કે. "દિલ્હીપતિ સાવધ રહેજે નહિં તો નિદ્રાવસ્થામાં તારૂં મસ્તક કોઇ કાપી જશે. આ વાતની ખાત્રીને માટે તારૂં ખંજર તને પાછું મોકલ્યું છું તે લાવનાર બીજો કોઇ નહિં પણ એક લડવૈયો મેઘવાળજ છે, મેં તેને તારૂં માથું કાપવાની ના કહેલી તેથી ખંજર લઇ તેની જગ્યોએ પોતાની ચામડાં ચીરવાની "રાંપડી" નિશાની દાખલ મૂકી આવેલ છે."

ઉપરના ખબર સાંભળતાં અને ખંજર પાછું મળતાં પોતાના પ્રાણ ઉગાર-નાર અબડા સાથે લડાઇ કરવા અલાઉદ્દીનને યોગ્ય લાગ્યું નહિં તેથી એકાદ સુમરી કન્યા આપે તો તેને લઇ દિલ્હી પાછા જવાનો વિચાર જણાવવા મહમદશાહ નામના સરદારને અબડા પાસે વિષ્ટિએ મોકલ્યો, પરંતુ અબડે એવો જવાબ આપ્યો કે—

"જ્યાં લગી મારા ધડ ઉપર મસ્તક સલામત છે ત્યાં સુધી તમારે એ બ્હેનોના એક રૂંવાડાની પણ આશા રાખવી નહિં" એ સમાચાર જાણી બાદશાહે બીજે દહાડે લડાઈ શરૂ કરી અને અબડા અણભંગના નાના ભાઇ *"સપડા"એ કેસરીઆં કરી કેટલાક વીર યોદ્ધાઓ અને અત્યંજ વીર ઓરસાને સાથે લઇ બાદશાહ સામે દ્વંદ યુદ્ધ કર્યું; અને છેક બાદશાહના હાથી સુધી હજારો માણસોની કતલ કરી પહોંચતા તે તથા ઓરસો ત્યાં કામ આવ્યા.

આ બન્ને વીરોનું પરાક્રમ જોઈ બાદશાહ આશ્ચર્ય પામ્યો, અને ફરી સુલેહનાં કેણ મોકલ્યાં, પરંતુ અબડો એકનો બે ન થયો ને પહેલાંની માફકજ જવાબ આપ્યો તેથી બાદશાહે વડસરની ચોતરફ તોપોના મોરચા મોઠવી કેટલાએક ખાલી અવાજો કર્યા. પણ અબડે તેથી જરાપણ મચક ખાધી નહીં, આમ ૭૨ બોંતેર દિવસો નીકળી ગયા તેમાં છુટક છુટક લડાઇમાં અબડાના ઘણા સૈનીકો મરાયા, છેવટે કેસરીઆં કરવાનો વખત આવ્યો ત્યારે અબડા અણભંગે સુમરી બાઇઓને પોતાના સમીપે બોલાવી કહ્યું કે 'બ્હેનો હવે છલી લડાઈ છે હું જ્યાંસુધી જીવતો છું ત્યાંસુધી તમારો એક વાળ પણ વાંકો થવા નહિં દઉં પણ મારા પડ્યા પછી તમારૂં રક્ષણ તમારે પોતેજ કરવું પડશે' એમ કહી દરેકને એક એક દુધનો કટોરો ભરીઆપી કહ્યું કે–'જ્યાંલગી આ કટોરામાં દુધનોરંગ સફેદ રહે ત્યાંસુધી મારી હૈયાતી છે. તેમ સમજજો પણ જ્યારે તે દુધનો રંગ લાલ થઇ જાય ત્યારે જાણજો કે અબડો આ દુનીઆમાં નથી.' એમ કહી વડસરથી અર્ધકોશ ઉપર એક નિર્ભય સ્થળે તેઓને બેસાડી પોતે તથા પોતાના મોટાભાઇ મોડજી તથા તેઓના બે યુવરાજ કુમારો વગેરે કેસરીઆ વાઘા પહેરી હથીયારોથી સજ્જ થઇ લડવા જવા તૈયાર થયા. તે વખતે પોતાના જનાનામાંની રાણીઓને માટે દરબારગઢના વિશાળ ચોકમાં ચંદન, કાષ્ટ, શ્રીફળ, ઘૃત આદી ચિતાની સામગ્રી તૈયાર કરાવતાં તમામ જનાનાની રાણીઓએ તેમાં @'જૌહાર' વ્રતો લીધાં એ ક્રિયા પૂર્ણ થતાંજ 'હરહર મહાદેવ'ના પોકારોસાથે માત્ર ગણ્યાગાંઠ્યા પણ મહાન કેસરીસિંહ જેવા વીર ક્ષત્રિયોએ અબડા અણભંગ તથા મહાત્મા મોડજી સાથે રહી બાદશાહના લશ્કર ઉપર સખ્ત મારો ચલાવ્યો. ઘણાજ પરાક્રમોને અંતે વિ. સં. ૧૩૫૬ના ફાગણ વદ ૧ નારોજ (કોઈ કહેછે કે શ્રાવણ સુદ ૧૨ના દિને) અબડો અણભંગ તથા તેઓના વડીલ બંધુ મોડ (મહાત્મા) અને એક કુમાર સ્વર્ગે સીધાવ્યા.

સુમરીબાઇઓના હાથમાના દુધના કટોરાઓમાં જ્યારે લાલરંગ થયો ત્યારે તેઓએ અબડો અણભંગ મરાયાનું જાણી પોતાનું શિયળવૃત્ત જાળવવા ધરણી-

---

* કોઇ તેના કુમારનું નામ સપડાજી લખેછે.

@ કેશરીઆં કરેલાં પતીઓને નજરે ભાળે તો તેઓના રૂબરૂ જીવતાં બળી મરવાનું વ્રત લેવું તે 'જૌહારવ્રત' રાજપુતાનાના ઇતિહાસમાં તેવા ઘણા દાખલાઓ છે.

માતાની સ્તુતિ કરતાં તે જગ્યાએ પૃથ્વી ફાટી અને એ સાતસોસું સુમરીકન્યાઓ તેમાં સમાઇગઇ, તેઓની તહેનાતમાં લંઘા જાતની એક સ્ત્રી હતી તે પણ તેઓની સાથે સમાતાં તેની ચુંદડીનો છેડો અપવિત્ર (કોઇ દુષ્ટ પુરૂષે ઝાલેલ) હોવાથી માત્ર તે છેડો બહાર રહ્યો હતો તેથી અલાઉદ્દીને તે જગ્યા ખોદાવીને સુમરીકન્યાઓનો તપાસ કરાવ્યો, પણ તેઓની કશી નિશાની મળી નહીં તેથી તે પશ્ચાતાપ કરતો લુણાના રણમાર્ગે હજારો માણસોનાં જાન ગુમાવી દિલ્હી પાછો ગયો.

અબડાની ગાદીએ તેનો પુત્ર ડુંગરસિંહ કે જે લડાઈ વખતે તેને મોશાળ હતો તે આવ્યો.

હાલ વડસર ગામે નદીને કાંઠે અબડાઅણનમી અને મોડ મહાત્માની સમાધીઓ સાક્ષી પુરી રહી છે, અને આજે પણ લોકો તેને અબડાપીર, મોડપીરનાં ઉપનામો આપી પૂજે છે.

ફાગણ વદી ૧ના રોજ ત્યાં મેળો ભરાય છે, ત્યાં સહુ સમાવંડી જાડજાઓ કસુંબો કરીને તેઓની સમાધીની ખાંભીઓને ચડાવી પછી સહુ પીએછે, તેમજ દર શ્રાવણ માસની જન્માષ્ટમીએ પણ ત્યાં મેળો ભરાય છે. અને ત્યાં કુસ્તીબાજી, દાવપેચ, પટા અને નિશાનબાજી વગેરેના ખેલો લોકો કરે છે.

કેટલાએક ઇતિહાસકારો અબડાઅણભંગ ઇસ્લામી ધર્મ સ્વીકાર્યો હતો તેમ કહે છે. પરંતુ ગુજરાતીની ભેટના લેખક કુકુર નારાયણજી વીસનજીએ "કચ્છનો કેશરી" એ નામની બુક સને ૧૯૨૯ માં રચી છે, તેમાં ચોકખું લખે છે કે—

"અમોએ પણ જામઅબડાજી અબડાણી અથવા અબડા અણભંગ જેવા એક હિમાચળ સમાન અચળ તથા દઢાત્મ હિંદુત્વાભિમાની સમાવંશભૂષણ રાજવીને ધર્મભ્રષ્ટ અથવા મુસલમાન થયેલો દર્શાવવા અક્ષમ્ય પાત્તકથી સર્વથા અલીપ્ત રહેવાનુ યોગ્ય ધાર્યું છે, જામઅબડાજી તથા મહાત્મા મોડજીને "પીર" નામથી ઓળખાવામાં આવે છે. તેનું કારણ એ છે કે કચ્છમાં મુસલમાનોના સંસર્ગ પછી મુસ્લીમ ઓલીયા પ્રમાણે હિંદુ મહાત્માઓને પણ "પીર" નામથી ઓળખવાની એક સામાન્ય પ્રથા થઈ ગઇ છે. હિંદુ મહાત્મા "રામદેવ" તથા "જેશળ જાડેજો" વિગેરે 'પીર' નામથીજ ઓળખાય છે.

(કચ્છનો કેસરી પૃષ્ટ ૨૧૯–૨૩૦–૨૩૧)

ઉપરના અભિપ્રાય મુજબ વાંચકવર્ગને જણાશે કે અબડાજી મુસલમાન થયાની અસત્ય અને કાલ્પનીક ઘટના છે, હવે અટલેથી વીરમી, ચાલતા ઇતિહાસ ઉપર નજર કરીએ.

શ્રીયદુવંશપ્રકાશે ષષ્ઠીકળા સમાપ્તા.



શ્રીસમીકળા પ્રારંભ:

(૧૬૦) ૨૩ જામશ્રી હાલોજી (શ્રા કૃ. થી ૧૦૫)

(વિ. સં. ૧૩૦૧ થી ૧૩૩૧)

જામહાલો મહા પ્રતાપી અને ધર્મિષ્ટ રાજા હતા, પોતાના રાજ્યની પ્રજાને રામરાજ્ય જેવું સુખ આપવા માંડયું, તેથી પ્રજાજનોએ એ ધર્માત્મા રાજાનું નામ કાયમ રાખવાને એ પ્રદેશનું નામ 'હાલાર' પાડયું જે ભાગ હાલપણ કચ્છમાં એ નામે ઓળખાય છે. અને જામશ્રી રાવળજીએ પણ કાઠીઆવાડમાંનો પ્રદેશ જીત્યો તેનું નામ પણ જામશ્રી હાલાજીના નામ ઉપરથીજ 'હાલાર' રાખ્યું હતું. જામશ્રી હાલાજીને કાઠીઆવાડના રાજાઓ સાથે સારો સંબંધ હતો, અને તેથી કચ્છ કાઠીઆવાડમાં તેઓની અપૂર્વ કિર્તિ હતી.

જામ હાલાજીના નાનાભાઈ જેહોજી ઉર્ફે (જીયોજી) લાખીઆરવીયરે જામ ઓઠા આગળ જતાં ઓઠાજીએ તેના કાન ભંભેરી જામ લાખાજી સાથે અણબનાવ કરાવ્યો, અને તેથી તે ત્યાંજ રહેવા લાગ્યો ત્યાં તે જીયાજીને અબડો અને મોડ નામના પ્રતાપી પુત્રો થયા, અને તેના વંશજો અબડાણી અને મોડ શાખાના રજપુતો કહેવાવા લાગ્યા, તે હકીકત આગળ આવી ગઈ.

જામ લાખાજીને રાયધણજી અને દેશળજી નામના બે કુંવરો થયા, તેમાં રાયધણજી ગાદીએ આવ્યા અને દેશળજીના વંશમાં નાગડા શાખાના રજપુતો થયા.

(૧૬૧) ૨૪ જામશ્રીરાયધણજી (શ્રા કૃ. થી ૧૦૬)

(વિ. સં. ૧૩૩૧ થી ૧૩૭૭ સુધી)

જામરાયધણજી ગાદીએ આવ્યા પછી લાખીઆરવીયરા સાથેનું વેરઝેર ભુલ્યા નહોતા, તેથી તેને જત. બોરીચા અને કાઠીઓને ભેળા કરી લાખીઆરવીયરે જામઘાઓજી ઉપર ચડાઈ કરી હતી, અને "ચોયણી"ની સરહદનો મોટો ટંટો ઉપાડી ખુબ લડત ચલાવી હતી, ઘાઓજી સ્વર્ગે જતાં તેની ગાદીએ જામવેહણજી આવ્યા તે વખતે પણ તેજ બાબતની તકરાર ઉપાડી જત વિગેરેનું લશ્કર લઇ ચડાઇ કરી હતી, પરંતુ પોતાના કાકા જેહાજીના પુત્ર 'અબડો અને મોડ' લાખીયારવીયરે હોવાથી તેઓ લડવાને સામા આવ્યા તેથી તેમને સમજાવી બારા પરગણામાંથી તેમને ગીરાશ આપી કુટુંબકલેશ દૂર કર્યો. અબડાજી તથા મોડજીને ગીરાશ મળેલ તે ભાગનો પ્રદેશ હાલ પણ કચ્છના નળીયા પરગણામાં અબડાસા અને મોડાસાના નામથી પ્રસિદ્ધ છે,

કાકાના દીકરા અબડાજી તથા મોડજીને મનાવી જામરાયધણજીએ ફરી જામવેહણજી ઉપર ચડાઈ કરી પરંતુ તે મહાન યુદ્ધમાં તેઓ શ્રી "વડસર" પાસે કામ આવ્યા હતા.

જામરાયધણજીને કુંવરજી, રાઉજી અને લાખોજી એ નામના ત્રણ કુંવરો હતા, તેમાં કુંવરજી ગાદીએ આવ્યા, અને રાઉજીના "રાઉ" શાખાના રજપુતો થયા, અને લાખાજીના વંશમાં "દલ" શાખાના રજપુતો થયા.

(૧૬૨) ૨૫ જામશ્રીકુંવરજી (શ્રી કૃ. થી ૧૦૭ મો)

(વિ. સં. ૧૩૭૭ થી ૧૩૯૨)

જામશ્રી કુંવરજીએ ખારાની ગાદીએ બીરાજી સમય આવ્યે કાઠીઓની મદદથી લાખીયારવીયરા ઉપર મોટી તૈયારી કરી ચડયા, અને તે લડાઈમાં લાખીઆરવીયરાના જામ વેહણજીને ઘણીજ ધાસ્તી લાગવાથી ત્યાં રાજધાની રાખવી ભારે થઈ પડવાથી તેણે પોતાના રક્ષણ માટે "હુબાય ડુંગર" ઉપર રાજ્ય-ગાદી સ્થાપી. તેજ સાલમાં જામ વેહણજી ગુજરી ગયા હતા. જામકુંવરજીએ લાખીઆર વીયરામાંથી તેઓની ગાદી ફેરવાવી તેટલેા સંતોષ માની પોતાની ભૂમિમાં શાંતિથી રાજ્ય ચલાવવા લાગ્યા.

જામશ્રી કુંવરજીને હરધોળજી અને જીયોજી નામના બે પ્રતાપી કુમારો થયા હરધોળજી ગાદી ઉપર આવેલ અને જીયાજીના વંશજો જીયા શાખાના રજપુતો થયા. કુંવરશ્રી જીયોજી લાખોની ફોજને આડા દેવાય તેવા અડગ વીર હતા.

(૧૬૩) ૨૬ જામશ્રી હરધોળજી (શ્રી કૃ. થી ૧૦૮ મો)

(વિ. સં. ૧૩૯૨ થી ૧૪૧૪)

જામશ્રી હરધોળજીએ પણ ગાદીએ બીરાજી વડીલોના વખતનું વેર લેવાનું ધારી કાઠી, જત અને બોરીચાના મોટા લશ્કરથી હુબાય ઉપર ચડાઇ કરી તે વખતે હુબાયની ગાદી ઉપર જામ મુળવાજી હતા. તે શરીરમાં ઘણાજ અશક્ત હતા, એટલુંજ નહીં પણ બન્ને હાથમાં રોગને લીધે તલવાર પકડી શકતા નહીં એવા અસાધ્ય રોગના પરીણામે જામ હરધોળજીએ હુબાયપ્રદેશના કેટલાંક ગામો અને કિલ્લાઓનો કબજો મેળવેલ હતો, છેવટ હુબાયની ગાદી કબજે કરવા લશ્કરની મોટી તૈયારીઓ કરતા હતા, તેવામાં દૈવયોગે "મામૈમાતંગદેવ" જામ મુળવાજી આગળ હુબાય આવ્યો, અને તેના ચમત્કારથી જામ મુળવાજીના શરીરનો *રોગ ગયેા હતો, ને તે દેવની સહાયતાથી જામ મુળવાજીએ જત તથા કાઠી ઉપર ચડાઇ કરી તેનો પરાજય કર્યો હતો, આમ એકાએક મુળવાજીની સ્થિતિ સુધરતાં જામ હરધોળજીએ હુબાય ઉપર ચડાઇ કરવાનો વિચાર માંડીવાળ્યો હતો.

ઉપરની હકીકત જાણતાં તેમજ મામૈમાતંગ પોતાના દેવ છે તેમ માની જામ હરધોળજીએ તેને બારામાં તેડાવી તેનું ઘણુંજ સન્માન કર્યું હતું, અને તેને

* આ હકીકત કચ્છના ઇતિહાસમાં જામ મુળવાજીની કાર્કિર્દીમાં સવિસ્તર આપેલી છે, ને તેમાં મામૈમાતંગના કચ્છીભાષાના દુહાઓ દ્વિતીયખંડમાં છે.

દિલમાં ખુશી જોઇને અરજ કરીકે 'આપના વડીલ ભાતૈદેવે, અમારા વડીલ ગજણજી ટીલાત હોવાથી લાખીઆરવીયરાની ગાદીનો હક છતાં બારાપરગણું લેવા આજ્ઞા કરી, તે મુજબ અમોએ આજ દિવસસુધી તે આજ્ઞા પાળી હવે આપ અહીં પધાર્યાછો તો અમારો કાંઇક અનુગ્રહ કરો, અમારાથી ફટાયા તે રાજ અને અમે મોટા તે ખંડીયારૂપે હોવાથી અમારાવંશમાં ઉત્તરોત્તર એ બાબત ઘણીજ મુંઝવણ રહે છે, પણ શું ઉપાય? આપના વચનો માથે ચડાવ્યાં છે તો હવે તમે નજર રાખજો"

ઉપરના હરધોળજીનાં વચનોથી અને તેના દીલના સ્વાગતથી મહાન ભવિષ્યવેત્તા માભૈમાતંગે ભવિષ્યવાણીમાં નીચેના બે દુહાઓ કચ્છી ભાષામાં કહ્યા કે-

॥ દુહા ॥

સમરકર સમા, થીંણ વારો થીંધો ॥
સત પેઢી પોય શા, ડીંધણ વારો ડીંધો ॥ ૧ ॥
મેદી થીંધા મા, કુડ રચીંધા કુરતેં ॥
રાવર થીંધો રા, તોજો નામેરી તડે ॥ ૨ ॥

ભાવાર્થ—હે સમારાજા તું સબુરકર, થવાનું હોય તે થયાજ કરે છે. તારાથી સાતમી પેઢી પછી તારા કુળમાં રાજ દેવા વાળો દેશે (૧)

જે દિવસે તારા કુળમાં જન્મેલા ભાઇઓ મોટા ભેદના જાણવાવાળા થશે. ત્યારે તે પોતાના કુળમાં કુડ રચશે, તે દિવસે રાવળ નામનો તથા તારો નામેરી (હરધોળજી) નામના રાજાઓ થશે. (૨)

ઉપરના વચનોને માથે ચડાવી હરધોળજી ઘણા પ્રસન્ન થયા અને માતંગદેવ ત્યાંથી સિંધ તરફ ગયા.

હરધોળજીને હરપાળજી અને હાપાજી નામના બે કુંવરો થયા તેમાં હરપાળજી ગાદીએ આવ્યા અને હાપાજીના વંશજો હાપા શાખાના રજપૂતો કહેવાયા.

(૧૬૪) ૨૭ જામશ્રી હરપાળજી (શ્રી કૃ. થી ૧૦૯)

(વિ, સં. ૧૪૧૪ થી ૧૪૨૯)

જામશ્રી હરપાળજીને કાઠીઆવાડના રાજાઓ સાથે સારો સંબંધ હતો. તેમના વખતમાં જેઠવા રાજ્યના ઉત્તરભાગમાં સિંધ તરફથી વારંવાર હુમલાઓ થતા, તેમાં ઘણો વખત જેઠવાઓની મદદ માટે પોતે લશ્કર મોકલી મિત્રાચારી જાળવી હતી.

માતંગદેવની ભવિષ્યવાણી ઉપર શ્રદ્ધા રાખી હુબાઈ ઉપર ચડાઇ કરવાનું તેમણે મુલતવી રાખેલ હતું.

જામશ્રી હરપાળજીને ઉનડજી, કબરજી, મોડજી, અને દેદોજી એ નામના

ચાર કુમારો હતા તેમાં ઉનડજી ગાદીએ આવ્યા, અને કબરજીના વંશજો *વડારીયા રજપુત કહેવાયા, અને મોડજીના તથા દેદાજીના વંશજો કબર રજપુતો કહેવાયા.

(૧૬૫) ૨૮ જામશ્રી ઉનડજી (શ્રી કૃ. થી ૧૧૦)

(વિ. સં. ૧૪૨૬ થી ૧૪૭૮)

જામશ્રી ઉનડજી દાતારોમાં અગ્રણી હતા તેમજ મહા વીરશિરોમણી હતા. ઇ. સ. ના ચૌદમાં સૈકામાં જામઉનડે ધુમલી ઉપર ચડાઇ કરેલી હતી પરંતુ કેટલાક સંયોગોમાં તે ન ફાવતાં તેના દીકરા બામની (બાભણીઆજી)એ ચડાઇ કરી શીયાજેઠવાને મારી ધુમલીનો નાશ કર્યો હતો, રાત્રે માતાજી હીંગળાજે સ્વપ્નમાં દર્શન દઇ કહ્યું કે તું આ સ્થળે મારી સ્થાપના કર. તેથી બાભણીયાજીએ ત્યાં માતાજીની સ્થાપના કરી દેવળ ચણાવી માતાજીનું નામ "આશાપુરા" રાખ્યું (કારણ કે જે આશાથી તેમના પિતા ઉનડે ધુમલી ઉપર ચડાઈ કરી હતી તે આશા માતાજીએ તેના પુત્રથી પુરી પાડી) તેમજ કચ્છમાં ગયા પછી તે પ્રદેશમાં પણ મોટું દેવાલય બાંધી આશાપુરા પધરાવ્યાં હાલ તેને કચ્છમાં લોકો "માતાનો મઢ" કહે છે હીંગળાજ જનારા લોકે તે મૂર્તિ આગળથી "છડી" ઉપાડે છે,

જામ ઉનડજીને ત્રણ કુંવરો હતા, તેમાં યુવરાજ તમાચીજી ગાદીએ આવ્યા અને બાંભણીઆજીના વંશજો કવાચ શાખાના તથા બાલાચજીના વંશજો બાલાચ શાખાના રજપુતો કહેવાયા.

(૧૬૬) ૨૯ જામશ્રી તમાચીજી (શ્રી કૃ. થી ૧૧૧)

(વિ. સં. ૧૪૭૮ થી ૧૫૧૮)

જામશ્રી તમાચીજીના સમયમાં કંઇ જાણવાયોગ્ય લડાયક બનાવ બન્યો નથી, માત્ર એક સિંધિભાષાની કાફી ઉપરથી જણાય છે કે તેઓ એક "નુરી" નામની મછીમારની કન્યા ઉપર મોહીત થયા હતા ને તે કન્યા ઘણીજ ખુબસુરત હતી સદાય શાદા પોષાકમાંજ રહેતી અને મરણ પર્યંત તે જામતમાચીજીને ખરા દિલથી ચાહતી તેના ગાંધર્વલગ્ન થયા પછી જામતમાચીજી પણ તેની સાથેજ રહેતા અને તેના પ્રેમમાં તેઓ તલ્લીન હતા. એ પ્રેમી જોડાંને આજે પણ કચ્છના કેટલાક લોકો તેની કાફીઓ ગાઈ યાદ કરેછે નુરીથી તેઓને જે પુત્રો ઉત્પન્ન થયા તેને 'ઝાંઝહર સરોવર' નામની જાગીર આપી હતી.

જામશ્રી તમાચીજીને રજપુત રાણી જાયા માત્ર એકજ કુમાર હતા, જેનું નામ હરભમજી હતું અને તે તમાચીજી પછી ગાદીએ આવ્યા.

---

* चोपाइ—कबरजीरा वडारीया कणींजे ॥ मोड तीहारा कबर मणी जे ॥
देदाजीरा कबर दरशावे ॥ कुंवर चार हरपाळ रा कावे ॥१॥ (वि.वि.)

(૧૬૭) ૩૦ જામશ્રી હરભમજી (શ્રી ફૂ. થી ૧૧૨)

(વિ. સં. ૧૫૧૮ થી ૧૫૨૫)

જામશ્રી હરભમજી વિ. સં. ૧૫૨૧ માં સોમનાથની યાત્રાએ મોટા રસાલાથી ગયા હતા, તેઓશ્રી અનન્ય શિવભક્ત હતા સોરઠથી પાછા વળતાં હળવદમાં રાજધીભસિંહજી ગાદી ઉપર હતા ત્યાં રોકાણા હતા ત્યારથી કચ્છ અને હળવદ (ધ્રાંગધ્રા)ના રાજયોનેં સારો સંબંધ જોડાયેા હતેા. વિષેશ કંઇ જાણવા યેાગ્ય બનાવ બન્યેા નહતેા.

જામશ્રી હરભમજીને હરધમળજી, કાનેાજી, તેાગેાજી, ઉનડજી, દુદેાજી, અને કબરજી નામના છ કુમારેા હતા, તેમાં હરધમળજી ગાદીએ આવ્યા અને કાનાજીના વંશના કાના શાખાના રજપુતેા કહેવાયા તે સિવાઈ સઘળા જાડેજાએા કહેવાયા. તે જાડેજાએા શત્રુઓના ઘણાઘણા સીમાડાઓ દબાવનારા થયા.

(૧૬૮) ૩૧ જામશ્રી હરધમળજી (શ્રી ફૂ. થી ૧૧૩)

(વિ. સં. ૧૫૨૫ થી ૧૫૩૮)

આ જામના વખતમાં કંઇ ખાસ જાણવા યેાગ્ય બનાવ બન્યાનું મળતું નથી, તેઓશ્રીને લાખેાજી, અજેાજી, જગેાજી, અને હુકેાજી એ ચાર પરાક્રમી કર્માં કુંવરેા થયા હતા, તેમાં ભાગ્યશાળી લાખેાજી છત્રપતિ થયા, અને અજાજીના વંશજો ડુંગરાણી કહેવાયા અને તેઓને ભદ્રેસર અને ખાખરડા ગામનેા ગીરાશ મળ્યેા જગાજીને ગીરાશમાં વીસેાતરી નામનું ગામ મળ્યું અને હકાજીને કચ્છમાં હટડી નામનું ગામ ગીરાશમાં મળ્યું.

(૧૬૯) ૩૨ જામશ્રી લાખાજી (શ્રી ફૂ. થી ૧૧૪)

(વિ. સં. ૧૫૩૮ થી ૧૫૬૧)

જામશ્રીલાખાજીએ ગાદીએ બીરાજ્યા પછી ગુજરાતના બાદશાહને મદદ કરી હતી.

વંસમુદ્ધાકર (મેારબીના ઇતિહાસ) તથા ગેાંડલના ઇતિહાસકાર લખેછેકે "જામલાખે બહાદુરશાહ બાદશાહને પાવાગઢનેા કિલ્લેા જીતવામાં મદદ કરી હતી, અને તેના સ્મરણ તરીકે બાદશાહે જામલાખાજીને ગેાંડલ આમરણનાં પરગણાનાં ૪૮ ગામેા તથા છત્ર, ચામર, પેાશાક, સિક્કા વગેરે આપ્યું હતું.

ત્યારે વિભાવિલાસના કર્ત્તા પાને ૩૮મે નીચેનું કાવ્ય હુમાયુ બાદશાહને મદદ કર્યાનું લખેછે કે:—

॥ દોહા ॥

લખપત ફોજાં લાખસો, શાકીની સખીયાત ॥
અમલ જમાયો શાહરો, ધરબાણી ગુજરાત ॥ ૧ ॥

राज दिल्ली पत रीझीओ, पोह दीनो पोशाक ॥
माइ मुरातब मोरछल, सको मोर सलाक ॥ २ ॥
चोवीशी आमरणरी, बळ कुंनड चोवीस ॥
शाहनशाहे समपिया, गंजा अडतालीश ॥ ३ ॥
प्रथमे पावो पलटीओ, वाळी अमदावाद ॥
फेरीआण *हुमायुरी, वेरी कीना बाद ॥४॥ (वि. वि. पा.३८)

ઉપર મુજબ હુમાયુ બાદશાહે આમરણ તથા કુંનડના પરગણાં જામલાખા-જીને આપ્યાં તેમ વિ. વિ. નાપાને ૩૮મે લખેલ છે.

ઉપરની બહાદુરશાહની તથા હુમાયુ શાહની વાત હિંદુસ્તાનનો ઇતિહાસ જોતાં બેટી ઠરેછે કેમકે હુમાયુ બાદશાહે ગુજરાત ઉપર સ્વારીકરી બહાદુરશાહને હરાવી ગુજરાત જીત્યું, ઇ. સ. ૧૫૩૪ (વિ. સં. ૧૫૯૦) (વાંચો હિંદુસ્તાનનો ઇતિહાસ ગ્રેકર. પા. ૯૨) જામલાખો તો વિ. સં. ૧૫૬૧માં દેવથયા, ત્યારે હુમાયુ કે બહાદુરશાહ એકે ગાદી ઉપર નહતા તેપછી ૩૧ વર્ષે હુમાયુએ ગુજરાત જીત્યું તેથી જામલાખાજી તેના સમકાલીન ન હોવાથી તેને મદદ કર્યાનું માની શકાય નહીં.

જામલાખાજીનો સમકાલીન બાદશાહ મહમદ બેગડા હતો કે જે તે ઇ. સ. ૧૫૧૧ (વિ. સં. ૧૫૬૭)માં ગુજરી ગયો એટલે જામલાખાજી પછી છ વર્ષે ગુજર્યો એ મહમદશાહે રા. માંડલીકને વટલાવી જુનાગઢ જીત્યું હતું ને તે પછી ચાંપાનેર (પાવાગઢ-ડુંગર ઉપર કાળીકામાતાનું દેવળ છે તે)ને દોઢ વર્ષ ઘેરો રાખી @પતાઇ રાવળને હરાવી પાવાગઢ જીત્યું હતું. તે વખતે જામજલાખાજીએ બાદશાહની સખાયત કરી હોવાથી મહમદશાહે આમરણ તથા ગોંડલનાં પરગણા એ આપ્યાં હતાં. (જુવો કચ્છદેશનો ઇતિહાસ પાને ૭૭) મહમદશાહે જુનાગઢ અને પાવાગઢ એમ બે ગઢો જીત્યા પછી તેનું નામ *મહમદ બેગડા કહેવાયું—

---

* આ કાવ્યમાં હુમાયુ બાદશાહ અને કુંનડ પરગણું એ બે વાત બીજા ઇતિહાસોથી જુદી પડેછે, કદાચ કુંનડ પરગણું આમરણને નજીક હોવાથી સંભવીત છે, પણ હુમાયુશાહ સમકાલીન નથી.

@ ૧ પાવાગઢને મથાળે વસેલાં કાળીકામાતાજી એકવાર નવરાત્રીમાં ગરબા ગાવા મનુષ્યરૂપે ફરતાં હતાં ત્યારે રાજાએ ખરાબ નજર કરવાથી માતાજીએ પતાઇ રાવળને આપ આપેલ તે વિષે ગરબો છે કે.

(ફટ ફટ પાવાના રાજન કે, પાવો તારા પાપે જશે રેલોલ)

તેથી પાવાગઢ ગયો ને મહમદે તેનું નામ મહેમદાવાદ પાડયું તે પતાઇ રાવળના વંશજો હાલ દેવગઢબારીઆ તથા છોટા ઉદેપુરમાં રાજ કરે છે.

* ૨ કોષ કહે છે કે તેની મુછો બળદનાં સીંગડાની પેઠે ઉંચી વળેલી હતી ને હિંદી ભાષામાં તેવા બળદને "બેગડા" કહે છે તેથી તે "બેગડો" કહેવાયો.

બાદશાહનું સન્માન પામી જામ લાખાજી જ્યારે કચ્છ દેશમાં આવ્યા ત્યારે હુબાયની ગાદી ઉપર જામ હમીરજી હતા તેનાથી તે સન્માન સહન થયું નહિં તેથી નીચે મુજબ યુક્તિ રચી.

॥ દુહા ॥

ઇનામ લે ઘર આવીયા, હુવો સખેધ હમીર ॥
ત્તમાચસોં મત બાંધીયો, વધવો લખપત વીર ॥ ૧ ॥

તમાચી દેદાનું રાજ્ય આમરણમાં હતું અને તે ચોવીશી બાદશાહે જામલાખાજીને આપી હતી, તેથી તમાચી દેદા ઉપર હમીરજીએ પત્ર લખી સુચના કરી કે "જ્યારે તમારા તરફ જામલાખો આમરણ ચોવીશીના સીમાડાની ચોખ કરવા આવે ત્યારે જરૂર દગાથી તેને મારી નાખવા" ઉપરના ખબર મળતાં દેદા વિગેરે અન્ય ગીરાશીયાઓના મનમાં એમ થયું કે "પોતાનાપર પરદેશી રાજ્ય હુકમ ચલાવે તે ઠીક નહિં એમ વિચારી હમીરજીના મતમાં સહુ મળતા થયા. અને એક બીજાનો કોલ લઇ એવો ઠરાવ કર્યો કે "એ કામ પૂર્ણ થાય ત્યારેજ જાહેરમાં આવવા દેવું." "એવો ઠરાવ કરી દગો ગોઠવી રાખ્યો હતો. કેટલોક સમય વિત્યા પછી જામલાખોજી અમદાવાદ જવાના હોવાથી પોતાના યુવરાજ કુમારશ્રી રાવળજી (કે જેઓ ઉમરમાં ઘણાજ મોટા હતા, તે)ને બોલાવી પોતાના હાથથીજ બારાની ગાદી સુપરત કરી. મોર સીક્કો આપી પોતે કેટલીક ફોજ સાથે અમદાવાદ ગયા ત્યાં કેટલોક વખત રહી પાછા ફરતાં આમરણ કુનડના ગામોના સીમાડાની ચોખ કરવા પોતાના પરગણામાં રહ્યા. અને પોતાને મળેલાં પરગણાના ગામોના પ્રદેશનું નામ પિતામહ હાલાજીનું નામ કાયમ રાખવા "હાલાવાડ પાડયું. કે જે પ્રદેશ પાછળથી ટુંકા રૂપમાં "હાલાર" કહેવાવા લાગ્યો જામ લાખાજીએ ત્યાં કેટલોક વખત મુકામ રાખી સીમાડાઓ નક્કી કર્યા તેઓના પ્રચંડ સૈન્ય બળ આગળ દેદા તમાચી વિગેરેની હીંમત ચાલી નહીં. પરંતુ જ્યારે તેઓ કચ્છદેશ તરફ રવાના થયા ત્યારે તેમના પાછળ છુપીરીતે દેદાતમાચીએ પ્રયાણ કર્યું. છેક કચ્છમાં હુબાય ડુંગર નજીક સંઘારની વાંઢ પડીહતી ત્યાં તેઓના અતિ આગ્રહથી જામશ્રી લાખાજી ત્યાં રાત્રિ રહ્યા રાત્રે ત્યાં સહુ જમી રમી આનંદ ઉત્સવ કરી સુતા.

દેદો તમાચી તો તકની રાહ જોતો હતો, અને હવે જો વીલંબ કરીશ તો માત્ર એકજ મજલ પછી તેઓ તેની રાજધાનીમાં સહી સલામત પહોંચીજશે, આમ ધારી અર્ધરાત્રિ વીત્યા પછી છુપેવેશે બહુજ ચાલાકી વાપરી જામલાખાજીના તંબુમાં ગયો, ત્યાં જામલાખાજીને ભરનિંદ્રામાં સુતેલા જોઇ બરોબર સમય છે તેમ જાણી તલવારને એકજ ઝાટકે જામલાખાનાં પ્રાણ લીધાં.

ઉપરના ખબર દેદાતમાચીએ જાસુસ મારફત જામહમીરજી ઉપર લખી મોકલ્યા કે "સદાને માટેની આડખીલીનો અંત આંણ્યો છે" એ ખબર જાણી

જામહમીરજી ઘણુજ ખુશી થયા અને દેદાતમાચીએ ધાર્યું કાર્ય કરીઆપ્યું એ જાણી પોતાની ખુશાલીનો પાર રહ્યો નહિં તે દિવસથી જામઓઠાજીના વંશજો સાથે જામગજણજીના વંશજોને વધુ અણબનાવ થયાનું કારણ ઉત્પન્ન થયું.

જામલાખાજીના અકાળ મૃત્યુ થયાના ખબર જામ રાવળજીને થતાંજ અત્યંત ખેદ થયો. અને તપાસ કરતાં તે ઘાત હમીરજીએ દેદાતમાચીને મળી કરાવેલ છે" તેવી ચોક્કસ બાતમી મળતાં રૂદ્રરૂપ ધારણ કરી બોલ્યા કે.

॥ છંદ પદ્ધરી ॥

ક્રોધીયો જાણ, રુદ્રહ કરુર, જે ખબર ગઇ રાવળ હજુર ॥
જખમું પ્રથમ હામો જરુર, સીખવે તમાયચ, કીયો સુર ॥
વાઢહું વંશ, દેદા બરોળ, હું કરું જેહ, શાત્રવાં હોળ ॥ વિ. વિ.

અર્થ—જામલાખો ધારાતીર્થ પામ્યા તેવા ખબર જામરાવળજીને થતાં તેણે રૂદ્રનાજેવો કોપકરી નિશ્ચય કર્યોકે "હમીરજીએ તમાચીદેદાને શીખવી શુરબનાવીને આ કામ કરાવ્યું માટે મારે પ્રથમ હમીરજીનેજ મારવો, અને પછી દેદાના વંશનેં વાઢી નાખવો તે સીવાય બીજા શત્રુઓને પણ જેર કરવા. ઉપર મુજબ કહી પ્રતિજ્ઞા કરીકે પિતાના મારનારને માર્યા પછીજ *માથે મંદીલ બાંધવું"

રાવળજીએ જામલાખાજીની ઉત્તરક્રિયામાં કચ્છ, કાઠીઆવાડના રાજાઓ તથા ભાયાતો વિગેરેને બોલાવતાં ઘણા દેશી વીદેશી રાજાઓ આવ્યા હતા, પણ જામ હમીરજી+ આવ્યા નહોતા એ ઉપરથી જામલાખાજીના વધનો શક હમીરજી ઉપર પુરેપુરો આવ્યો હતો.

જામલાખાજીને રાવળજી, હરધોળજી, રવોજી, અને મોડજી, એમ ચાર પરાક્રમી કુમારો હતા તેમાં અશ્વાનક્ષત્રમાં અવતરેલ જામશ્રી રાવળજી કચ્છની ગાદીએ બીરાજ્યા.

શ્રીયદુવંશપ્રકાશે સપ્તમીકળા સમાપ્તા.



* મદીલ સાચી પાઘડી.

+ એક ઇતિહાસકાર લખેછે કે લાખાજીની ઉત્તરક્રિયામાં જામહમીરજીના પિતા ભીમજીએ ભાગ લીધો ન હતો પરંતુ જામભીમજી વિ. સં. ૧૫૨૮માં ગુજરી ગયા હતા, અને જામલાખો વિ. સં. ૧૫૬૧માં ગુજર્યા, તો તે ક્યાંથી કારજમાં આવે? માટે તે અસંભવીત છે.

શ્રીઅષ્ટમી કળા પ્રારંભઃ

પશ્ચિમના પાદશાહ

(૩૩) ૧ જામશ્રી રાવળજી

(ચંદ્ર થી ૧૭૦ શ્રી કૃ.થી ૧૧૫) (વિ. સં. ૧૫૬૧ થી ૧૬૧૮)

(કચ્છમાં ૭ વર્ષ, હાલારમાં ૫૦ વર્ષ મળી ૫૭ વર્ષ રાજ્ય કર્યું.)

જામશ્રી રવળજીનો જન્મ કચ્છદેશમાં બારાગામે વિ. સં. ૧૪૯૪ના ચૈત્ર શુદ ૯ (રામનોમી)ના દિવસે થયો હતો, ને વિષે એક પુરાતની દોહો છે કે—

॥ દોહા ॥

ચૌદસેં ને ચોરણવે; ધર કચ્છ લાખા ધામ ॥
જે દણ "રામો" જનમીઓ, તે દણ રાવળ જામ ॥ ૧ ॥

અર્થ—ચૌદસેંને ચોરાણું'માં કચ્છધરામાં લાખાજીને ઘેર (જે દિવસ શ્રીરામચંદ્રજી જનમ્યા તે દિવસ) રાવળજામનો જન્મ થયો હતો (ચૈત્ર સુદ ૯ મી).

ગુણવર્ણન સોરઠા

જનમે રાવળ જામ; જાદવકુળ ચાદણસુજળ ॥
કૈક સુધારણ કામ, તખત ભુપ લખપત તણે ॥ ૧ ॥

જનમત પ્રાક્રમ જોર; પૃથ્વી માલમ પરવરે ॥
કૈક શત્રુ ચહુકોર; ધર સર નર માને ધડક ॥ ૨ ॥

ભૂપત મદ અવરેહ; રાવળ નિત છકીઓ રહે ॥
કીરત પંખ કરેહ; જણ જણ મુખ ફેલી જગત ॥ ૩ ॥

રાવળ દલ દરીઆવ; ત્રહર દાનવટ ઉછળે ॥
કવ કેતા કરીયાવ; જામ ખટણ સુ દ્રવસુજસ ॥ ૪ ॥

(વિ. વિ.)

ભાવાર્થ—યાદવકુળને પાણી ચડાવનારા અને ઘણાઘણા કામોને સુધારનારા રાવળ જામલાખાજીના તખ્ત પર આવ્યા જન્મતાંજ એમના પ્રરાક્રમ તથા શૂરવીરપણું પૃથ્વીમાં પ્રખ્યાત થયાં. એટલુંજ નહિં પરંતુ પૃથ્વીપર ચો તરફ શત્રુઓ એમના પરાક્રમથી ભય પામવા લાગ્યા બંકા જામરાવળજી હુંમેશાં મદમસ્ત રહેવા લાગ્યા. એમની કિર્તિએ જાણે પાંખો ધરી ન હોય! તેમ જગતમાં ફેલાઇ ગઇ, તેમજ પ્રત્યેક જણના મોઢેથી તેમના યશોગાન ગવાવા લાગ્યા. પોતે

સમુદ્ર જેવા ગંભીર દિલવાળા દાનોની લહેરો ઉછાળવાવાળા, કવિઓની ઉપર પ્રેમ રાખવાવાળા, અને ઘણા દ્રવ્યને તથા ઘણી કિર્તિને ખાટનારા હતા.

જામશ્રી લાખાજી જ્યારે હુમીરજીના પ્રપંચી અને ઘાતકી કાવત્રાંના ભોગે દેદાતમાચીના હાથથી ધારાતીર્થ થયા, તે વખતે જામશ્રી રાવળજીની ઉંમર લગભગ ૬૬-૬૭ વર્ષની હતી, વાંચનારને તે નવાઇ લાગશે! પરંતુ અત્યારે પણ પિતા ગાદી ઉપર હોય અને યુવરાજ કુમાર લગભગ પચાસ વર્ષની મોટી ઉમરના જોવામાં આવેછે, તો આ લગભગ ચારશો વર્ષની વાતછે તે વખતે ૬૭ વર્ષની ઉમર હોય તે નવાઈનીવાત નથી, જામશ્રી રાવળજીએ ૧૨૪ વર્ષનું ઘણુંજ લાંબુ આયુષ્ય ભોગવેલું હતું, તેના સમકાલીન ચારણકુળદીપક મહાત્માશ્રી ઇશરદાસજીએ (ઇસરા કાં પરમેશ્વરા કહેવાયા એણે) પણ ૧૦૭ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવેલું હતું, અને જેશોવજીર કે જે મોટી ઉમરે જામશ્રી રાવળજી સાથેજ કચ્છમાંથી આવેલ તે પણ ઠેઠ ભુચ્ચરમોરીના મહાન યુદ્ધમાં કામ આવ્યો હતો, વિગેરે પ્રમાણોથી એ વીરપુરૂષ એ વખતે લાંબાં આયુષ્યો ભોગવતા હતા એમ નક્કી થાયછે.

પિતાના અકાળ મરણથી જામરાવળજી અહર્નિશ ઉદાસ રહેતા હતા, અને ગમેતે ભોગે પણ વેરવાળવું એવા ઉપાયો યોજતા હતા, પરંતુ ગોત્રહત્યાનો સવાલ આડો આવતો પરંતુ વેરની વસુલાત લેવી એટલે ખુંનનો બદલો ખૂનથીજ લેવો વળી આતતાયીને મારવો એવાં રાજનિતિનાં વાકયો વિચારી જુની કહેવત પ્રમાણે "ચાયતે રજપુત કરેચાડે" (ચાડ-ખટકો રાખી રજપુત ચાયતે ધારેલી વાત પૂર્ણ કરે.) વળી ક્ષત્રીઓનો ધર્મછે કે "પિતાના અને બંધુના મારને કંઇપણ યોગ્યાયોગ્ય નહિં જોતાં મારવો"; ભયંકર લડાઇઓમાં બંધુઓ અને વડીલોની લોથોના શબો ઉપર પગદઈ રજપુતો કિલ્લાઓ સર કરતા હતા એવા કઠીન સમયમાં યોગ્યાયોગ્ય જોવાયજ નહિં.

સને ૧૯૨૨ની ગુજરાતીની ભેટ (કચ્છનો કિર્તિકેય અને જાડેજા વીરખેંગાર) માં લેખકે પક્ષપાત રાખી જામરાવળજીના માટે એવાતો આક્ષેપો (હુમીરજીને દગાથી મારવા માટેના) તુચ્છભાષામાં લખ્યા છેકે એ બુક ખરેા રાજભક્ત થાંચી શકે નહિં હુમીરજીએ જો જામલાખાજીનો વધ ન કરાવ્યો હોતતો જામરાવળજીને દગો રચવા જરૂર ન રહેત; પિતાનું વૈર પુત્ર લીએ તેમાં નવાઇ જેવું કે અઘટીત કર્યું તેમ ન કહેવાય વેર અને ઝાલ વારશામાં ઉતરે છે અને આટલી પુખ્તવયે જામરાવળજી વેર ન લીએ તે કેમ બને? વાંચક! આ ઇતિહાસ લખતાં અમે તે બુક વાંચી અને તેમાં મહાન પરાક્રમી રાવળજી પ્રત્યેના તિરસ્કારવચનો વાંચતાં ઉપર પ્રમાણે લખવા ફરજ પડીછે હવે જામશ્રી રાવળજીનાં પરાક્રમો અને જીવનવૃત્તાંત જે મળેલ છે તે લખુ છું.

જામરાવળજીની યુકિત

હુબાયમાં જામહુમીરજીના કાકા આમર આમરાણી ગુજરી જતાં તેની ઉત્તરક્રિયામાં જામરાવળજી હુબાય ગયા. ત્યાં ગુડો વળાવી તેના કારજમાં સત્તર

દિવસ રોકાણા હતા તેમજ ભાયાતોઆદિ મીજમાનોના બરદાસી કામમાં પોતે આગળ પડતો ભાગ લીધો હતો. અને છેવટ પોતાવટ દાખવી જામહમીરજીને કહ્યું કે "આપણા વડીલોથી ચાલતી આવતી પોયણીની સરહદ સંબંધેની તકરાર હું આજથી છોડી આપું છું. તેથી હવે આપશ્રી નિશ્ચિત પણે લાખીઆરવીયરે પધારી ત્યાંની જુની રાજ્યગાદી સંભાળો."

રાવળજીનાં ઉપરનાં વાકયોથી તથા સત્તર દિવસ રોકાઇ પોતે જાતે કરેલી મીજમાનોની ખાત્રી બરદાસથી જામહમીરજીને ઘણોજ સંતોષ થયો. અને આજથી કુટુંબ કલેશ દૂર થયાનું જાણી પોતે પોતાની જુની રાજધાનીમાં લાખીઆરવીયરે ગયા, અને જામશ્રી રાવળજી પોતાની યુકિત પાર પાડી 'બારે' પધાર્યા.

ઉપરની હકીકતને એકાદ વર્ષ વીત્યા પછી જામહમીરજીના પાટવી કુમાર ખેંગારજીનો જન્મદિવસ ઉજવતાં જામહમીરે જામશ્રી રાવળજીને આમંત્રણ (તેડું) મોકલ્યું. અને તે તકનો લાભ લેવાનું ધારી જામરાવળજી લાખીયારવીયરે ગયા. અને એ મંગળ મહોત્સવ પણ આનંદથી ઉજવ્યો.

આવા શુભ પ્રસંગે પણ જામરાવળજીએ મંદીલ (જામની પાંઘડી) બાંધેલું નહોતું વાતચીતનો પ્રસંગ નીકળતાં સમયજાણી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા વિનયપૂર્વક અરજ કરીકે "આપ ઉમરમાં મોટાછો તો બારે પધારી આપના હાથેજ મને જામલાખાની પાઘડી બંધાવો અને મારો દરબાર પવિત્રે કરો." એ સાંભળી કેટલાક અમીર ઉમરાવોએ જામરાવળજી દગો કરશે તેવો વ્હેમ નાખ્યો એ ઉપરથી જામહમીરજીએ દગો ન કરવા આશાપુરાને વચે જાણી જીવના સોગન ખાવા ફરમાવ્યું, રાવળજીજામે તે વ્હેમ દૂરકરવા જામહમીરજીને કહ્યું કે "હું માતાજીને હાજર જાણી આ જીવના સોગન *ખાઇ કહું છું કે કંઇ પણ દગો નહિ કરું" ઉપરના સોગનથી હમીરજીએ "બારા" જવા નક્કી કર્યું. અને વચન આપ્યું. તેમ વીંઝાણે કાકાશ્રી અજાજીને ત્યાં મળવા દિવસ નક્કી કર્યો. જામરાવળજી યુક્તિરૂપી સેંત્રંજનો દાવ પોતાની ધારણા પ્રમાણે જીતી બારે ગયા.

હવે નક્કી કરેલ દિવસે જામહમીરજી પોતના ખેંગારજી અને સાહેબજી નામના બન્ને કુમારો તથા જુજ અંગરક્ષકો સાથે લઈ પોતે વીંઝાણે આવ્યા, તે વિષેનું કાવ્ય છે કે:—

॥ દોહા ॥

રાવળ દગોસ રચીયો, કુડી વસટી કીન ।।
દે દેવી આશાપુરા, જગદંબે જામીન ॥ ૧ ॥

* હંતકથા છેકે રાવળજીએ જીવના સોગન લેતી વખતે ભેડમાં એક ચકલાનું બચ્ચું છુપાડી રાખેલ હતું તેના ઉપર હાથમેલી તે જીવના સોગન લીધા હતા.

વીંઝાણે મેળા હુવા, કાકા અજમલ પાસ ॥
રાવળજામ હમીરનેં, વેવેકીયા વિલાસ ॥ ૨ ॥ (વિ. વિ.)

અર્થ—રાવળજીએ દગો રચી કુડી વિષ્ટિ કરાવી જગદંબા આશાપુરાજીને જમીન આપી વીંઝાણ ગામમાં અજાજી નામના કાકાની પાસે હમીરજીને મેળા થયા રાવળજીએ હમીરજી સાથે મળીને અનેક વૈભવ વિલાસવાળી બરદાસ શરૂ કરી.

રાવળજી વીંઝાણસુધી હમીરજીને સામા લેવા માટે આવ્યા હતા ત્યાંથી સહુ બારે આવ્યા. પરંતુ વીંઝાણના અજાજીનાં સ્ત્રી જામહમીરજીના કુંવરોનાં સગાંમાસી થતાં હતાં. તે બાઇને કોઇ બાત્તમીદારોથી ખબર હતા કે "બારામાં રાવળજીએ દગો રચ્યો છે." તેથી તે દગાના ભોગ કુંવરો ન થઇ પડે તેટલા માટે તેણે બન્ને કુમારો (એંગારજી અને સાહેબજી)ને પોતા પાસે (વીંઝાણમાં)જ રાખી લીધા, રાવળજીએ કહ્યું કે વળતી, "વખત કુમારોને ખુશીથી રોકજો" તેમજ હમીરજીએ પણ કુમારોને સાથે લઇ જવા ખુબ કહ્યું પરતુ ચતુર ક્ષાત્રાણીએંતો–

॥ દુહો ॥

દુશ્મનકો આદર બુરો, ભલો હેતુકો ત્રાસ ।
જબ સુરજ ગરમી કરે, તબ બરષનકી આસ ॥ ૧ ॥ (પ્રાચીન)

એ દુહાને અનુસરી અનેક યુક્તિ પ્રયુક્તિથી સમજાવી અતિ આગ્રહે બન્ને કુમારોને બારે ન જવા દેતાં પોતા પાસે રાખી લીધાં.

જામહમીરજી બારે જતાં 'બારા' ને ધજા પતાકાથી શણગારેલું જોયું તેમજ પોતાના ઉતારાને પણ રાજરીતથી શણગારેલો જોયો તેમજ રાજપ્રજામાં પોતાની પધરામણીથી અતિ આનંદ ઉભરાતો જોયો વગેરે બનાવોથી પોતે ઘણુંજ ખુશી થયા અને બાર બાર પેઢીથી ચાલ્યા આવતા કુટુંબ કલહને તેઓ વીસરી ગયા.

જામશ્રી રાવળજીની ગોઠવણથી નીચે મુજબ બનાવ તેપછી બન્યો.

॥ દુહા ॥

રચીયો ભોજન રાજસી, પ્યાલા મદછક પાય ॥
અંધ ધંધ હોકેં રહે, ચત્ત વત્ત તેગ ચલાય ॥ ૧ ॥
કેકે ખળ દળ કાપીયા, નાઠા કેકે નીહાર ॥
રાણી શરણે રાખીયા, પુત્ર હમીર પ્રચાર ॥ ૨ ॥ (વિ. વિ.)

અર્થ—રાજવંશી ખાણાઓ તૈયાર કર્યા, અને દારૂના પ્યાલાઓ પાયા, દારૂના કેફમાં અંધધંધા થઇગયા કે તુરતજ તલવાર ચલાવી હમીરજીનું કાપી નાખ્યા, (વિ. સં. ૫૬૨) એ જોઇ કેટલાકતો ત્યાંથી ભાગી છુટ્યા અને કેટલાક દુષ્ટલોકોને કાપી નાખ્યા, પરંતુ હમીરજીના પુત્રો અજાજીનાં રાણીપાસે હોવાથી

તે બન્ને બચવા પામ્યા, પાછળથી તેની શું સ્થિતિ થઇ તે હકીકત દ્વિતીય ખંડમાં કચ્છના ઇતિહાસમાં રાવશ્રી પહેલા ખેંગારજીના વૃત્તાંતમાં સવિસ્તર આપવામાં આવેલ છે.

ઉપરનીરીતે પિતાનું વેરવાળીને પોતાના બાહુબળના પ્રભાવે જામશ્રી રાવળજી ચૌદચાળા કચ્છ પ્રદેશને તાબે કરી લાખીઆરવીયરામાં પોતાની આણ ફેરવી લાખાફુલાણીના બંધાવેલા "કેરાકોટ"માં રાજધાની સ્થાપી રાજ્યકરવા લાગ્યા તે વિષેનું કાવ્ય છે કે:—

॥ છપય ॥

આય ગાદી ઉપરે, અનાહદ પ્રાક્રમ કરીઓ ॥
મારે જામ હમીર, રાજછત્ર "કેરે" કરીઓ ॥
ચૌદે ચાળ નમાય, સબળ અધકો સોહે ॥
એમ જમાય અમલ્લ, દવન કરિયા અર દ્રોહે ॥
સુકવિસ મડાં પંડિત સુબધ, છહરત્ત દિયેસુ એણછક ॥
શુભ પ્રભાવ રાવળ છભા, ઇંદ્રહુંસે દીસે અધક ॥

(૨)

રાવળ ભુજબળ રુંક, ધક્ક કેતાં દાબી ધર ॥
રાવળ ભુજબળ રુંક, રખો છત્ર ધક કર કીંકર ॥
રાવળ ભુજબળ રુંક, શંક માને પતશાહાં ॥
રાવળ ભુજબળ રુંક, રખે ગલ્લાં દુવરીહાં ॥
રાવળ જામ બળ રુંકરે, ભૂપ કેતા પેસાં ભરે ॥
રાખીયો નહીં આવે નજર, શત્રૂહર અવ સેખરે ॥

(૩)

દાળદ્ર, અધ જીણ દરસ, સરસ સંકટ મટે નર ॥
રાવળ જીણ રીઝીયો, ધરાપે રંક છત્ર ધર ॥
રાખે જે પર રોશ, રયણ અર અંશ ન રાખે ॥
અંગ પ્રાક્રમ અણપાર, દોહુ વિધ ભુજબળ દાખે ॥
દશરથ નરેશ લખપત સદય, અવધ તખત કચ્છ ઉધરે ॥
હરધોળ અનુજ લખમણ હુવોરે, રાવળ રુપસુ રામરે ॥ (વિ. વી.)

અર્થ—જામહમીરજીને ભારી ગાદીઉપર બીરાજી અનહદ પરાક્રમો કર્યા. કેરામાં રાજછત્ર કર્યું ચૌદચાલનો કચ્છદેશ નમ્યો અને સાજ તથા બળ અધિક

મેળવ્યાં, એમ અમલ જમાવીને દ્રોહી શત્રુઓને નષ્ટ કરી નાખ્યા, સારાકવિઓને યોદ્ધાને, પંડિતોને તથા વિદ્વાનોને છએઋતુમાં ઘણાંઘણાં દાનો દેવા લાગ્યા, તેથી સારા પ્રભાવવાળા જામશ્રી રાવળજીની સભા ઇંદ્રસભાથી અધિક શોભાવા લાગી.

જામશ્રી રાવળજીએ પોતાના ભુજબળથી તલવારના જોરે ઘણાઘણા રાજાઓની ધરતી દાબીલીધી, છત્રપતિઓને પણ કિંકર કરી રાખ્યા બાદશાહને પણ ડરાવીદીધા સર્વત્ર તેની કિર્તિની વાતો થવાલાગી કેટલાએક રાજાઓને પેસકેરી ભટકતા કર્યા અને કોઇપણ શત્રુ આવશેષ જેટલો નજરે આવે એમ રાખ્યું નહિં.

રાવળજામનું દર્શન થતાંજ યાચકલોકોનાં દારિદ્ર તથા સંકટરૂપી દોષો દૂર થવા લાગ્યા, રાવળજી જેઓના ઉપર રાજીથાય તેઓ રાંકહોય તોપણ પૃથ્વી ઉપર છત્રપતિ થવા લાગ્યા અને જેના ઉપર ક્રોધકરે તેનો એક અંશપણ પૃથ્વી ઉપર ન રહેવા લાગ્યો, અંગમાં અપાર પરાક્રમવાળા રાવળજી પોતાની ભુજાઓના બળથી રંકને રાજા અને રાજાને રંક બનાવવા લાગ્યા, કચ્છના તખ્તરૂપી અયોધ્યામાં જામલાખાજીરૂપી દશરથરાજાને ઘેર ચૈરીતે જામરાવળજી રામરૂપે દીપવા લાગ્યા અને તેથી નાના હરધોળજી તે લક્ષ્મણજીની પેઠે શોભાવા લાગ્યા.

॥ દોહો ॥

રાવળ રૂપ સુ રામરે, તપીઓ કચ્છ છત્ર તામ ॥
દીનુંગણ ઝુંઝાર દત, વરણ છવે વીસરામ ॥ ૧ ॥ વિ. વિ.

અર્થ—રામચંદ્રરૂપી રાવળજી કચ્છની ધરામાં તપવા લાગ્યા શુરપણું અને ઉદારતા એ બન્ને ગુણો તેઓમાં હતા અને પોતે છએ વર્ણના વિશ્રામ રૂપે હતા.

ઉપર મુજબ જામશ્રી રાવળજી કચ્છની રાજ્યગાદી ઉપર આનંદ ઉછવથી રામરાજ્ય કરતા હતા તેવામાં એક દિવસ હેમંતઋતુમાં સવારની કચેરીમાં જામ રાવળજી સર્વ અમીરઉમરાવો સાથે બીરાજી "સાલમપાક" જમતા હતા, તેવામાં ચોપદારે આવી જાહેર કર્યું કે કોઇ બે મારવાડી ચારણ કવિરાજો આપશ્રી હજુર આવવાની રજા માગેછે; એ ઉપરથી અંદર આવવાની રજા આપતાં તેઓ બન્ને વિદ્વાનો કચેરીમાં દાખલ થયા, રાજરીત મુજબ તેઓએ આવી બીરદાવળી બોલતાં જામરાવળજી સામાચાલી અને મળ્યા ને યોગ્ય આસને બેસારી કુશળ સમાચાર પૂછયા રાવળજામના હુકમ મુજબ હજુરીએ બંને કવિઓને સાલમપાકના લાડુઓ આપ્યા, તે સહુ કચેરી જમીરહ્યા પછી એ આવનાર કવિશ્રી ઇચ્છરદાસજીએ (ઇસર બારેટે) જામશ્રી રાવળજીના ગુણવર્ણનનું નીચેનું કાવ્ય સુકંઠ સ્વરે સંભળાવ્યું હતું.

॥ ગીત ॥

નસદીહ નવાણ નબળદાય નાવે, સદા વસે તટજકે સમંદ ॥
મન દૂજા ઠાકરાં ન માને, રાવળ ઓળગિઓ રાજંદ ॥ ૧ ॥

મેટયો જેણ ધણા, ભાદ્રેસર, ચક્રપત દૂજા ચડે ન ચીત્ત ॥
મલયાચલ તરુ પરમળ માણી, પરમળ દૂજી કરે ન પ્રીત ॥ ૨ ॥'

સેવક થારા લખી સમા ભ્રમ , અધપત દૂજા થયા અધૂપ ॥
રે કિમ કરે અવર નૃપ રાવળ, રેવા નદી તણા ગજ રુપ ॥ ૩ ॥

કવ્ય તોરાતો ધમળ કળોધર, ભાવઠ ભંજણ લીળ ભૂવાળ ॥
લઘુ સરોવર વસતાં લાજે, માન સરોવર તણા મરાળ ॥ ૪ ॥

પાંથુ માછ મનગ ગજ પંખી કદિય ન દૂજે શેવ કરંત ॥
રાવળ સમંદ મલયત્તર રેવા, માન સરોવર મન માનંત ॥ ૫ ॥

ઉપરનું કાવ્ય સાંભળી જામશ્રીરાવળજી ઘણાંજ ખુશી થયા, અને તેથી તેજ કચેરીમાં લાખપશાવકરી 'ચડાપરી' નામનું ગામ આપી પોતાના રાજકવિ સ્થાપ્યા, ઇસરદાસજી તે દિવસથી ત્યાંજ રહ્યા અને તેઓની સાથે આવેલા તેમના કાકા આશો બારોટ મારવાડમાં પાછા ગયા એ ઇશ્વરદાસજીનું જીવન વૃત્તાંત આ ઇતિહાસના તૃતીયખંડમાં મહાન પુરૂષોના જીવન વૃત્તાંત સાથે અથકતી આપવામાં આવેલ છે.

વિ. સં. ૧૫૬૬ના આરસામાં હમીરજીના કુમારો બેંગારજી તથા સાહેબજીએ પોતાના બેરમાનભાઈ અલીઆજીની સાથે અમદાવાદના બાદશાહ મહમદ બેગડાની મોટીફોજની મદદ લઇ કચ્છદેશ ઉપર ચડાઇકરી પોતાનું રાજ્ય પાછું મેળવવા કેવીરીતે પ્રયાસ કર્યો તે હકીકત રાઉશ્રી બેંગારજીના વૃત્તાંતમાં દ્વિતીયખંડમાં (કચ્છના ઇતિહાસમાં) સવીસ્તર આપવામાં આવેલ છે.

બેંગારજી મોટું બાદશાહી દળ લઇને પોતાનું રાજ્ય પાછું મેળવવા આવે છે તેવા ખબર જામરાવળજીને થતાં તેણે પણ લશ્કરની તૈયારી કરી સામા જઈ યુદ્ધ કરવા છાવણી નાખી અને બન્ને સૈન્યોમાંથી છુટા છવાયા હુમલાઓ થવા લાગ્યા અને તેમ કરતાં કરતાં લગભગ ત્રણેક માસ વીત્યા તે વિષે કાવ્ય છે કે—

॥ દોહા ॥

એક પ્રહર દળ આકુઝે, તોપાં કળહ સુતાસ ॥
યું પાછા ફીર ઉતરે, મહ બીતે ત્રણ માસ ॥ ૧ ।

પ્રથમે કળહજ ઊપનો, કરમ દાવ શું કોય ॥
શો નિહવારી કુંણશકે, ભાવિ પ્રબળ સુહોય ॥ ૨ ॥

અર્થ—દરરોજ એક પ્રહર સુધી તોપોની લડાઇ ચલાવીને બન્ને સૈન્યે પોત પોતાને મુકામે પાછા આવશે એમ કરતાં કરતાં ત્રણ માસ વિતી ગયા. પ્રથમજ

કર્મયોગથી ભાવિની પ્રબળતાને લીધે એવો ક્રોધ કજીયો ઉત્પન્ન થયો કે તે ક્રોધથી અટકાવી શકાયો નહિં.

આમ ત્રણ માસ સુધી કુટુંબ કલહ થતાં રાજા પ્રજા બન્ને મુંઝાવા લાગ્યા તેથી તે કલહનો અંત લાવવા જામશ્રી રાવળજી એક દિવસ પોતાના અમીરો સાથે મંત્રી વિચાર કરવા લાગ્યા. એ વખતે પોતાના સાચા સલાહકાર રાજ્ય કવિશ્રી ઇસરદાસજીએ નીચેના વાક્યો કહ્યા છે કે—

॥ દોહા ॥

કળહ બળ્યો તિણ કારણે, લખદળ લાય ખેંગાર ॥
બારટ ઇસર બોલીયા, રાવળ વેર વિચાર ॥ ૧ ॥
વંશ વિરોધ કરવો નહિં, જો નર હોય સુજાણ ॥
કૂડી માયા કારણે, એતો લડે અજાણ ॥ ૨ ॥
કૌરવ અરુ પાંડવ કીયો, કળહ મહાધર કાજ ॥
ભોમી કીંણી ન ભોગવી, રહિયા અધ વિચરાજ ॥ ૩ ॥
ગોત્રહ હત્યા જે કરે, પડે સુ કુંભી પાક ॥
વેદ પુરાણ શાસ્ત્રવદે, સૂરનર પૂરે સાક ॥ ૪ ॥ (વિ. વિ.)

ઉપર પ્રમાણે બારોટજીનાં સત્યવચનો સાંભળી મંત્ર વિચારણા કરતાં અર્ધ રાત્રિ વિતી હોવાથી જામશ્રી રાવળજી પોઢવા પધાર્યા ત્યાં પ્રભાતે સ્વપ્નમાં કુળદેવી આશાપુરાજીએ દર્શનઆપી નીચે મુજબ કહ્યું કે:—

॥ દોહા ॥

કીંનો રાવળ કુડતેં, મુંસાથે કરમાન ॥
મદપી હામો મારીઓ, માંને દહી જમાન ॥ ૧ ॥
દુજો હોયતો દાખવું, મમલોપે મરજાદ ॥
રાવળ તું રહીઓ શરણ, ઓમન આવે યાદ ॥ ૨ ॥
ચીંતામકર ન ચીંતરે, ઉતર દરીયાપાર ॥
કછધર હુકમ ન તાહરો, હુંતો દીયું હલાર ॥ ૩ ॥
અરજી રાવળ ઓચરે, મા કિમ સાચ મનાય ॥
સોનાંણી દીજેં સકત, રાજીથી રવરાય ॥ ૪ ॥

॥ આશાપુરાવચન ॥

ઓ આવે દધિ ઉતરી ત્રંભે જોગવડ નામ ॥
તો છૌં ભેરે તાહરી, જાણે રાવળ જામ ॥ ૫ ॥ (વિ. વિ.)

અર્થ "હું રાવળ તેં મારીસાથે માન કરીને કુડ કર્યું, અને મને જભાનદઈ દારૂપાઇને હુમીરજીને માર્યા, બીજા કોઇએ મારી મરજાદા લોપી હોયતો હું તેનું ફળ દેખાડી દઉં પણ તું મારી શર્ણે રહ્યો છે એ મને યાદ આવેછે, તેથી તું નિશ્ચિત રહે અને હવે તું દરીઆપાર જા, કચ્છની ધરામાં તારો હુકમ નહિં રહે પણ હું તને હાલાર આપું છું."

ઉપરનાં વચનો સાંભળી રાવળજીએ અરજ કરીકે આ વાત કેમ સાચી મનાય? રાજીથઇને મને કંઇક નિશાની આપો ત્યારે માતાજી બોલ્યા કે જભરાવળ–*આવડ છે તે દરીઓ ઉતરીને આવે તો હું તારી ભેળીછું એમ જાણજે."

સવારથતાં જભરાવળજીએ જોયું તો સ્વપ્નમાં કહેલી નિશાની પ્રમાણે થયેલું જોવામાં આવ્યું તેથી સર્વ અમીરો અને ધસરદારજીને માતાજીની આજ્ઞા સંભળાવી સહુએ એકમત થઇ માતાજીની આજ્ઞા શીર ચઢાવી કચ્છધરાને છેલ્લા પ્રણામકરી ચાલવાની તૈયારીઓ કરી કચ્છધરા છોડતી વખત કેટલાંએક ગામો ચરણો તથા બ્રાહ્મણો અને બાવાઓને ખેરાતમાં આપ્યાં જે ખેરાત હાલપણ તે લોકો ખાય છે.

રાવળજીએ કચ્છદેશનું રાજ્ય લગભગ ૪ ચારેકવર્ષ ભોગવ્યું એ રામરાજના સુખથી કેટલીએક પ્રજા જભરાવળજી સાથે પોતાની જન્મભૂમિનો ત્યાગકરી ચાલી નીકળી હતી ચારણી ભાષામાં રાવળજીસાથે કોણકોણ ચાલ્યા અને તે વખતની કોજનું કેવું સ્વરૂપ હતું તેનું આબેહુબ વર્ણન નીચેના કાવ્યમાં છે.

॥ દોહા ॥

વંસ છતીસ ચારુ વરણ, સહ વૈભવહ સમેત ॥
ઉચાળા સહસા અસી, હલીયા રાવળ હેત ॥ ૧ ॥

॥ છંદ ભુજંગ પ્રયાત ॥

સથં રાવળં સેન હલ્લે સમથ્થં, કહં એક લખ્ખં મડં સૂર કથ્થં ।
કેતા રાડ દલ્લં હલં મોડ કેતા, જીયા ધુંધણં ધમણં સોડ જેતા ॥ ૧ ॥
હયા કાન બાલાચ સિંધી હજારં, લિયા લાડકં સુમરં થોકલારં ।
વજીરં ચવાણં સુમટ્ટી અહીરં, મોહારં પમારં સુ વાઘેલ મીરં ॥ ૨ ॥

* એ વડ દીવસ ઉગ્યા પહેલાં માતાજીની ઇચ્છાથી આકાશ માર્ગે ઉડયો હતો, તે ઉપર રજપૂતના બે દીકરાઓ ટેટા ખાવા ચડયા હતા તે પણ સાથે ઉડી આ કિનારે આવ્યા જે જગ્યાએ વડ ઉતર્યો તેનાં બાજુએ માતાજીનું હાલ દેવાલય છે. એ વડ ઉતર્યો ત્યાં જોગમાયા સાથે આવ્યાં એમ જાણી તે સ્થળે ગામ વસાવી "જોગવડ" એવું નામ પાડયું. વડ ઉપર આવેલા રજપુતોનો વંશ હાલપણ જોગવડ ગામે છે અને તે અંબર શાખાના રજપુતો કહેવાય છે.

सजे कवरं सोढ झाला समंधं, वणे आवीया सोहडं चत्रबंधं ।
जडे जोध बंका अणं बीह जोरं ठवे हेमरं गेमरं ठोरठोरं ॥ ३ ॥

गुरुराज तुंबेल पतं सुगेहं, लखं लाखपति कोटी द्धजलेहं ।
अरं प्रजसर्वे सवर्णे अढारं, धनं थोक जेता तिता लार धारं ॥ ४ ॥

इतीराज श्रीसाथ हल्ले उछाहं, मनो उमटे दध राहं न माहं ।
मदंमत्त गजं तहां साजमंडे, पहाडं मनो सोह पंडे मचंडे ॥ ५ ॥

वडं होड झुल्लं जरं रुहवाये, सदं वीरघंटं ठवंते सवाये ।
केता पीठ नोबत अंबाडीकेतं, नजं अग्रसो कोतलं रेत नेतं ॥ ६ ॥

खरा आरबी कछ घाटी खंधारी, भलं साज एराकिंयं सोजभारी ।
दुवं पंच सालं बिसालं दराजं, कचेताग बागें फरे चक्क काजं ॥ ७ ॥

प्रतं रीछरी पंखरं से प्रकारं, हवे ताछ ताछं हजारं हजारं ।
असा बाज आरुढ समंत आये, कळं छत्र छत्रीस साखं कहाये ॥ ८ ॥

जते आवधं धार अंगं जरद्धं, सही खाटसां भोग आखे शबदं ।
कतारं गडंगे समानं सुकस्से, कठं कठं त हल्ले उसस्से ॥ ९ ॥

सुखंपाल रथं रजं राजशोभा, लखुं राजसी रावळं इन्द्र लोभा ।
नजं अस्सवारी रथं हाल नोखं, जते बंधु पुत्रं ससाथं सजोखं ॥ १० ॥

धणं लक्ष लक्षं सबें मोरधारे, सना चतरंगीय पूठं सचारे ।
सहस्राय अेसी उचाळा समेतं, जडे जुद्ध पेदाल हल्ले सजेतं ॥ ११ ॥

त्रहु बंधवा हूंत श्रीजाम तेमं, अरुढं गंजहोय रामंस एमं ।
छत्रं चमरं चोसरं एणछाजे, विबुद्धं महीं जांण इन्द्रं बीराजे ॥ १२ ॥

नदं नोबतं डंक हाकं नकीबं, हूवे सामता लक्षफोजं हकीबं ॥
वसूधा चले खेह ढंकेसु व्योमं, जकां शीशदेदा लगी धंखजोमं ॥१३॥

(वि. वि.)

અર્થ—જામરાવળજી ઉપર પ્રેમને લીધે છત્રીસે વંશના રજપુતો અને ચારે વર્ણો મળી એંશીહજાર ઉચ્ચળા પોતપોતાના વૈભવોને ભેળાલઇને સાથે ચાલ્યા, તેમજ જામરાવળજી સાથે એકલાખ સુભટોની સેના ચાલી, તેમાં કેટલાક રાઉ, દલ, મોડ. જીઆ, ધુંધણ, વમણ, હાપા, કાના, બાલાચ, લાડક, સિંધી, સુમરા, વજીર, ચવાણ, ભટ્ટી, આહેર, મોહાર, પરમાર, વાઘેલા, મીર, કબર, સોઢા,

ઝાલા, વગેરે અનેક શુરવીરો તથા ભાયાતો, સંબંધીઓ તથા બીજાઓ કે જેઓ મોટા વીર, બંકા નીર્ભય અને જોરાના હતા, તેઓ સજ્જ થયા, હાથીઓ તથા ઘોડાઓ ઠેકાણે ઠેકાણે તૈયાર થયા, ઘરના માનીતા, તુંબેલ, રાજગર, કોટીધ્વજ તથા લાખો શાહુકારો અને અઢારે વર્ણની સઘળી પ્રજા પોતપોતાની સઘળી માલ મીલકત લઇને સાથે આવવા તૈયાર થઇ. એટલી બધી રાજ્યલક્ષ્મી ઉત્સાહથી સાથે ચાલી કે જાણે દરીઓ ઉછળ્યો હોય તેમ રસ્તામાં માય નહિં એવી દેખાવા લાગી. પહાડ જેવા કદાવર મદોન્મત પ્રચંડ હાથીઓની ઉપર જરીની ઝુલો સાજ તથા હોદા ચડાવવામાં આવ્યા, વીર લોકના હાથીઓની ઘંટાઓના તથા હાથીઓ ઉપરની નોબતોના શબ્દો થવા લાગ્યા; હાથીઓની અંબાડીઓ શોભવા લાગી, પોતાની આગળ હંમેશ કોંત્તલમાં રહેનારા આરબી, કચ્છી, ઘાટી તથા બંધારી ઘોડાઓ ચાલ્યા, સાજથી શોભી રહેલા, જેથી પાંચ વર્ષની ઉમરના માથાં ગજાંવાળા, કામ પડે ત્યારે કાચા તાગડાની વાધે ચક્કર ફરે તેવાં, રીછડી પાખરો વાળા અનેક ઘોડાઓ ઉપર ચડીને સામંતો તથા છત્રીસે કુળના રજપુતો આવ્યા, એ સુરાઓ બખતરો પહેરી, સઘળા આયુધોધરી "પૃથ્વીને ખાટશું પૃથ્વીને ખાટીશું" એવા શબ્દો બોલવા લાગ્યા, જેઓના ઉપર કસી કસીને સામાનો ભર્યા હતા, એવા ઉંટોની કતારો ઉત્કર્ષથી કઠ્ઠ-કઠ્ઠ ચાલવા લાગી. સુખપાળ તથા રથો વગેરેથી રાવળજીની રાજ્યલક્ષ્મી એવી શોભાવા લાગી કે જેને જોઇને ઇંદ્ર પણ લોભાઇ જાય, રાવળજીનાં રાણીની અસ્વારીના રથ નોખો ચાલતો હતો, અને તેની સાથે સઘળા ભાઇ બેટાઓ ચાલતા હતા. લાખો ગાયોનું ધણ આગળથી ચલાવીને તેની પછવાડે બેંશી હજાર ઉચાળા સહીત ચતરંગીણી સેના ચાલી, સઘળા પ્યાદલો જાણે જીત મેળવવા યુદ્ધમાં લળવા ચાલતા હોય એવા જણાતા હતા, જામરાવળજી પોતાના ત્રણે ભાઇઓ સહીત હતા, અને હાથી ઉપર બીરાજ્યા હતા. તેથી રામચંદ્રજીની પેઠે શોભતા હતા. છત્ર ધર્યું હતું. અને ચોસરા ચમર ઢોળાતાં હતા. તેથી જાણે ઇંદ્ર ધરણી ઉપર આવેલો હોય એમ દેખાતું હતું, નોબતોના ડંકા થતા હતા. નકીબોની હાકલો પડતી હતી. અને સામટી લાખ ફોજનો હુંગામો હતો. તેથી ધરતી ધ્રુજવા લાગી રજથી આકાશ ઢંકાઈ ગયું અને જાણે "તમાચી દેદાને માથે બલા જઈ પડતી હોય" તેમ જણાવા લાગ્યું.

ઉપરના વર્ણન પ્રમાણે બેંશીહજાર ઉચાળા અને પ્રબળ સૈન્ય લઇ જામશ્રી કચ્છધરાને ત્યાગી માતાજીના વચનમાં વિશ્વાસરાખી સૌરાષ્ટ્ર ભુમીમાં આવ્યા (વિ. સં. ૧૫૭૫) *

* કોઇ ઇતીહાસકાર ૧૫૮૫ મા આવ્યાનું કહે છે પરંતુ અમને એક હસ્ત લખીત પ્રતમાં ૧૫૭૦ થી ૭૫ સુધીમાં આવ્યાનું મળેલ છે કેમકે વિ. સં. ૧૫૬૬-૬૭ માં રાઉબેંગારજી બાદશાહી મદદ લઇ આવ્યાનું કચ્છના ઇતીહાસમાં લખેલ છે તે પછી ત્રણ વર્ષથી વધુ કચ્છમાં રહેવું અસંભવીત છે.

જામની મુખ્યગાદી સિંધમાં હતી, ત્યાં જામ લાખાજી સાથે ઘાયાજીયે તકરાર કરી હતી તેથી જામ લાખોજી સિંધ પ્રદેશ છોડી કચ્છમાં આવી લાખીયાર વીયરે રાજધાની સ્થાપી. તે આપણે ઉપર વાંચી ગયા. તેવીજરીતે કચ્છની ગાદીની તકરારથી જામશ્રી રાવળજીએ કચ્છવરા છોડી સૌરાષ્ટ્રમાં આવી જામની ગાદી સ્થાપી એ હકીકત હવે કહીશ.

જામશ્રી રાવળજીનું હાલાર ભૂમિમાં આવવું

જામશ્રી "સાતસેરડાને" મારગે થઇ રણ ઉતરી અને સૌરાષ્ટ્ર ભુમિમાં પ્રથમ વવાણીઆ બંદર નજીક આવેલા "મોરાણા" ગામને કબજે કરી. આજીનદીના કીનારા ઉપર આવેલા દેદાતમાચીના પ્રદેશને ઊજ્જડ વેરાન કરતા કરતા આમરણ નજીક આવ્યા, ત્યારે દેદાતમાચી આગળથી રાવળજામે પોતાના લશ્કર માટે અનાજ મંગાવ્યું. દેદાતમાચીએ અનાજને બદલે "ધુળ" ના પોઠીઆ ભરીને મોકલ્યા. એ જોઇ બારોટજી ધસરદાસજી બોલ્યા કે "હે જામ રાવળજી દેદાએ તો સામી પૃથ્વી, મોકલી. માટે આપણે તે પોઠીઆ ઉપરની ધુળની છાંટો ઉતરાવીલ્યો" પૃથ્વી ચાલીને તમારા સામી આવી છે. તે ઘણંજ સારૂં શુકન છે, એ સારાં શુકનની નીશાની જાણી, છાંટુ ઉતારો લીધી અને તુરતજ દેદાતમાચી ઉપર ચડાઇ કરી, તે વખતે દેદાતમાચીની મદદ માટે ઘણા કાઠીઓ આવ્યા હતા, એ કાઠીઓને જોઈ, જામ રાવળજીએ પોતાના અમીરોને કહ્યું કે "કાઠીઓ યુધ્ધની રીતી જાણે નહી પણ ગાયોવાળવાની રીતી જાણે છે, વળી સખાયતે આવેલા લોકો કેવળ લાલચુજ હોય, તેથી માલ મીલ્કત ઉપર પહેલી ઝડપ નાખે માટે આપણે એવી યુક્તિ ગોઠવો કે, ગાયોનાં ટોળાંઓને આગળ રાખવાં અને ઘોડાઓને પાછળ રાખવા જેવા કાઠીઓ ગાયો વાળવા આવે કે, તુરતજ આપણે ઘોડાંઓની વાઘો ઉપાડવી અને સેળભેળ થઇ જવું."

ઉપર પ્રમાણે પરીઆણ કરી જામ સાહેબની સેના ચાલી તેમજ દેદાતમાચીની સેનાપણ સામી આવી બન્ને ફોજ નજરોનજર થતાં નગારાનાં ઘોંસ થવા લાગ્યા. અને લડાઈ શરૂ થતાં જામશ્રીની અટકળ પ્રમાણે કાઠીઓ ગાયોને વાળવા તમાચીની સેનાથી જુદા પડયા, કે તુરતજ દેદાતમાચી ઉપર જામના લશ્કરે છાપો માર્યો, અને તમાચીદેદાનાં પ્રાણ લીધાં તે વિષે કાવ્ય (ચારણી ભાષાનું)

॥ કુંડળીઆ દોહા ॥

સહસ્ત્ર સાત પડીઆ તહાં, તમાયચ રણતાળ ॥
રાવળ રી જેતસ રહી, લીધો વેર લંકાળ ॥
લીધો વેર લંકાળ, ધરા ખાટી ખગ ધારાં ॥
દલે તમાયચદેદ સંકમાને નૃપ સારા ॥
ઉચ્છવ આમ્રણ આય, બજત ત્રંબ ગાદી બેસહ ॥
ઉચાળા ભડ આય, સહિત ચત્રબીસ સદસ્ત્રહ ॥ ૧ ॥

૨

રાવળ પણ વ્રત રાખીયો, બાંધી પાઘ વીશેષ ॥
હણીયા અરહર હાથશું ઇળા જમાઇ અસેષ ॥
ઇળા જમાઇ અસેષ બસે યહ માસમુ બારહ ॥
થાણો તિત થળવાય, વળે પરીયાણ બિચારહ ॥
દેદાસકરી સખીયાત જીણ, વાહીહણું ખગધાર બળ ॥
લખહલે જામ કટકાં લીએ. અગત સોહડ એહા અચળ ॥ ૨ ॥

॥ દુહા સોરઠા ॥

રાવળ કર કર રોસ, રણે તમાચી રાખીયો ॥
સહમન લાગો સોષ. ખાટણ ધર દૂજી ખગાં ॥ ૧ ॥

॥ દોહા ॥

રાખે થાણો આમરણ, સંચરીઆ વહસેન ॥
સહત ઉચાળા ધણસહે, મરદ ખાટવા મેન ॥ ૧ ॥ વિ. વિ.

અર્થ–દેદાતમાચીનું સાતહુજાર માણસ કામ આવ્યું. અને જામરાવળની ફતેહ થઈ. રાવળજીએ પોતાના પિતાને મારનું વેર લઇ. દેદાની પૃથ્વી સર કરી, આ સાંભળી કેટલાએક રાજાઓને શક લાગ્યો. એવી રીતે ફતેહનો ઊત્સવ કરીને પોતાના સુર સામંત અને રૈયતના એંશીહુજાર ઊચાળા સહીત રાવળજી આમરણ આવ્યા. અને દેદાતમાચીને મારી પછી પાઘડી બાંધવાની પ્રતીજ્ઞા પાર ઉતારી. (માથે જામલાખાની પાઘડી બાંધી) (જામની પાઘડી મંદીલ બાંધ્યું) શત્રુઓનો નાશ કરી પોતાનો અમલ જમાવી બારમાસ આમરણમાં રહી થાણાં બેસાડી દેદાઓની સહાયતા કરનારાઓને મારવાનું પરીયાણ કર્યું. જામને બીજી પૃથ્વી ખાટવાનો શોખ થવાથી તે ઘણા ઊચાળા સહીત અને સેના સહીત આગળ વધ્યા,

જામશ્રી રાવળજી પોતાનું સૈન્ય લઇ બીજી પૃથ્વી લેવા ચડયા ત્યારે કેટલા એક રાજાઓને ડર લાગતા શરણે આવ્યા પરંતુ ધમલપુર, (હાલનું ધ્રોળ,) નો રાજા હરધમન ચાવડો કે જે દેદાતમાચીનો મીત્ર હતો તે તાબે ન થતાં ત્યાં જઇ મોટું યુદ્ધ કરી તેને મારીને જામશ્રી રાવળજીએ ધમલપુરની ગાદી ઉપર પોતાના બંધુ હરધોળજીને બેસાર્યા (વિ. સં. ૧૫૭૫) અને તેઓના નામ ઉપરથી ગામનું નામ બદલી "ધ્રોળ" નામ પાડયું ધ્રોળમાં કેટલાક ઊચાળા રાખી પોતે મુલક સર કરતા કરતા "ખીલોશ" ગામે આવ્યા ત્યાંના હવાપાણી અનુકુળ આવતાં આમરણ ન જતાં ત્યાંજ કેટલાક વર્ષો રહીને વિશ્રાંતી લીધી.

નાગના બંદરનો રાજા નાગ જેઠવો તથા રાણપુરના જેઠવા તથા રામદેવજી તથા ખીમાજી વગેરે વખતો વખત મામીંક વાકયો બોલતા હતા કે "રાવળજી વગેરે તો કચ્છમાંથી ભાગી આવ્યા છે અને તેઓ તો વાંઢીઆર ભાલધારીની માફક

જ્યાં ત્યાં વર્તી ખાય છે તે બિચારા શું કહેવાના હતા" ઉપરનાં વાકયો તેઓ સત્તાના મદમાં અંધ બની "વિનાશકાળે વિપરીત બુધ્ધિ" એ કહેવત પ્રમાણે તેનો વીનાશકાળ હોવાથી વખતો વખત બોલવા લાગ્યા એ વાતની ખબર જામશ્રી રાવળજીને ખીલોસમાં પડી, અને ત્યારથી તે જેઠવાઓનો નાશ કરવાનું વિચારવા લાગ્યા.

દિવાળીના પડવાને દહાડે મનમાં નાગેશ્વર મહાદેવનું ધ્યાન ધરી આશાપુરાજીને યાદ કરી તે રાત્રિએ ખીલોશ આવી જમવાનું આમંત્રણ જેઠવાઓના સહકુટુંબને મોકલ્યું. માતાજીને ગીરાશ આપવો હતો તેથી જેઠવા રાજાઓએ તે આમંત્રણ ખુશીથી સ્વીકાર્યું, અને માલવારી કચ્છી ઢગાઓ આપણી રાજની શું મીજમાની કરશે. તેમ ખરાબ વચનો બોલવા લાગ્યા.

નાગના બંદર ખીલોસથી નજીક છે એટલે રાત્રે જમવાને ટાઇમે તમામ જેઠવા, કુટુંબ ખીલોસ આવ્યું જામ રાવળજીએ ઘણીજ આગતાસ્વાગતા કરી અને એટલો બધો વિવેક બતાવી તમામને દારૂ પાયો કે તેઓ નીશામાં ચકચુર થઇ ગયા અને પછી અરસ પરસ વાકય યુધ્ધ કરવા લાગ્યા, એ તકનો લાભ લઇ, રાવળજીએ સમસેર ચલાવી કેટલાક મુખ્ય મુખ્યને કતલ કર્યા. બીજાઓ અંદર અંદર કપાઇ મુવા કેટલાક નાશી છુપ્યા જામરાવળે બેસતે વર્ષે નાગના બંદર કબજે કર્યું ત્યાં થાણું બેસાડી "બકોટા" જેને બકોટ (કીલ્લાઓ) હતા તે ગામમાં રાજધાની સ્થાપી. અને ત્યાં લડાયક શસ્ત્રો નવાં તૈયારક રાવ્યાં;" જામગરી" બંધુકો ત્યાં નવી બનાવી કેટલાક કટારો, બરછીઓ, ભાલાં, સાંગુ, ફરશી, સત્રનાળો, ખંજરો, ગુપ્તીઓ, બખ્તરો, તોપ; તથા ઘોડાઓની પાખરો, વગેરે તૈયાર કરાવ્યું. ત્યાં ચાર પાંચ વર્ષ ગાદી રાખી, પછી "બેડ" નામના ગામમાં અનુકુળતા જોઇ ત્યાં નિવાસ કર્યો, અને આસપાસનો મુલક કબજે કર્યો, તેમજ ઘોડાઓની સંખ્યામાં ઘણો વધારો કર્યો તેમજ દારૂ ગોળા આદિ એટલું બધું સૈન્ય તૈયાર કર્યું કે મોટા દેશને જીતી કોઇ બાદશાહી સ્થાપવા જેટલો સરંજામ એકઠો કર્યો.

આસપાસનો મુલક કબજે કર્યા પછી કોઈ સારૂં સ્થળ જોઇ ત્યાં કાયમની ગાદી સ્થાપવા જામરાવળજીએ વિચાર કર્યો, અને તેથી "ખંભાળીઆ" નામનું ગામ પસંદ પડતાં તે કબજે કરી તે નાનું ગામ હોવાથી શહેરના રૂપમાં વસાવી. જગદંબા આશાપુરાની સ્થાપના કરી, ત્યાં ગાદી સ્થાપી તે કાવ્ય છે કે

॥ છપ્પય ॥

વાઢે બળ ઇમ બેડ, વસે રાવળ કેતાત્રસ ॥
વિધ ઇક સહર વસાય, દ્રઢ સુથાનક ઓખીદસ ॥
નીમે બાગ નવાણ, કીયે અડગાણ સુકારણ ॥
વહાંસુ રાખ દીવાણ, ધાર પરજાકજ ધારણ ॥
જગ જાગકીયે દેવીજજન, પ્રતનીતી ધ્રમ પાળીયો ॥
વાસીયો જામ રાવળ સહર, ખીતસર નામ ખંભાળીયો ॥ ૧ ॥ વિ. વિ.

અર્થ—બેડમાં કેટલાએક વર્ષ રહી, બાહુબળે દુશ્મનોનો પરાજય કરી ઓખાની સરહદે અવિચળ સ્થાનક જોઇ ત્યાં ખંભાળીયા નામનું શહેર વસાવી. બાગ તથા નવાણ વગેરેથી સુશોભિત કરી સારો દીવાન રાખી દેવા (આશાપુરાજી) પધરાવી કેટલાક યજ્ઞો કરી, પ્રજાનું પાલન કરવા ત્યાં રહ્યા (વિ. સં, ૧૫૮૫)

જામશ્રી રાવળજીએ એ પ્રમાણે આમરણ, ખીલોસ, બકોટા, બેડ, વગેરે સ્થળોમાં ફરતી ગાદી લગભગ દશ બાર વર્ષ રાખી હતી, તે પછી ખંભાળીઆમાં પોતે કાયમની રાજગાદી સ્થાપી ત્યાં શાન્તિથી નિવાસ કર્યો હતો, પરંતુ તે પછી લગભગ દશેક વર્ષે જામનગર (નવાનગર) શહેર શુકનાવળી (જ્યોતીષ શાસ્ત્રીઓ) ના કહેવાથી વસાવીને ત્યાં ગાદી સ્થાપી હતી. તે વાત વિસ્તાર પૂર્વક હવે કહેવામાં આવશે મૂળ જુની ગાદી તરીકે હાલપણ "ખંભાળીઆ" મનાય છે તે ગામ હાલ જામનગરનો મોટો તાલુકો છે અને જામખંભાળીઆના નામે ઓળખાય છે ગામને ફરતો કિલ્લો છે અંદર દરબારગઢ (ફરતા કીલ્લાવાળો) છે તેમાં ચાર મજલાની પુરાતની "મેડી" છે, તે હાલ 'ટીલામેડી' ના નામે પ્રસિદ્ધ છે. અને જામનગરના જામ જામનગરની ગાદીએ બીરાજ્યા પછી ખંભાળીઆની ટીબામેડીની (જામશ્રી રાવળજીની) ગાદીએ બીરાજી રાજ્યતીલક કરાવે ત્યારેજ ગાદીના તાજની ક્રિયા સંપૂર્ણ થઈ કહેવાય હજી સુધી પણ તે પ્રબંધ ચાલ્યો આવે છે.*

શ્રી જામનગર વસાવ્યા વિષેની હકીકત

જામશ્રી રાવળજી એક સમય વર્ષાઋતુમાં પોતાના સુર સામંતો સાથે પોતાના પ્રદેશનું નિરક્ષણ કરતાં કરતાં જામખંભાળીઆથી પૂર્વની ભૂમિમાં નાગના બંદર તરફ પધારતા હતા રસ્તામાં ચાલતાં (હાલ જ્યાં જામનગરમાં જુની થાંભલી છે તે સ્થળની આસપાસ) નાગના બંદરની નજદીક આવતાં "ડબ" જળામાંથી એક સસલો ઉઠ્યો, તેની પાછળ શીકારી કુતરાઓ દોડતાં સસલો પાછો વળી કુતરાઓની સામે થયો, તે વિષેનાં કહ્યો છે કે

॥ છપ્પય ॥

एकसमे असवार, चढे भूपत आखेटह ॥
लीओ सुभट अतलार, त्रंबक बाजंत नत्रीठह ॥
नदी नागने नाम, नाग बंदर तित नोडे ॥
उठे ससो अचंक, देख कूकर पिछ दोडे ॥

*વિદ્યમાન મહારાજા જામશ્રી ૭ રણજીતસિંહજી સાહેબ બહાદુરે પણ ત્યાંની ગાદીએ બીરાજી ત્યાં ચોરાશીઓ વીગેરે કરી જુની પ્રથા જાળવી હતી. તે ટીલા મેડીમાં જામશ્રી રાવળજીની ગાદી આગળ સાંજે ધુપ દીવો, મશાલ વિગેરે થાય છે. અને ત્યાં દોઢી આંગળ કારેદાર રહે છે. વિશેષ હકીકત જુઓ તૃતીય ખંડમાં (ખંભાળીઆ તાલુકામાં)

સો ઉલટ હુવો સામો સસો, સો અચરજ અવ સેખીયો ॥
રાવળહ મન્નધારી રહસ, મવળ સુથાનક પેખીયો ॥ ૧ ॥ વિ. વિ.

અર્થ—એક વખત રાજા પોતાના સુભટો સાથે શીકારે જતાં નાગ નદીના કીનારા ઉપર નાગના બંદર નજીક ડુંગરમાંથી એક સસલો ઊઠતાં તેના પાછળ શીકારી કુતરાઓ થતાં સસલો પાછો વળી કુતરાઓની સામો થયો તેથી કુતરાઓ તેનાથી ડરી પાછા દોડયા, આવું અદ્‌ભુત આશ્ચર્ય જોઇ જામ રાવળજીએ આ સ્થળ પ્રબળ છે, એવું રહસ્ય મનમાં ધાર્યું.

શુકનશાસ્ત્રીઓએ પણ એ બનાવ જોઇ અને તે વખતની વેળા વગેરે જોઇ નીચે મુજબ કહ્યું કે—

॥ દોહા ॥

સુકની સુકન સુદેખીયા, વે ભોમી બળવાન ॥
બાંધો તોરણ ઇણ બખત, સોભહી સહર સુથાન ॥ ૧ ॥
ધર જોપમ હોસી સધર, ઓપમ નગર ઉદાર ॥
સુણહો રાજા શ્રવણદે, બોલે ગણક બિચાર ॥ ૨ ॥ (વિ. વિ.

અર્થ—શુકનાવળીઓએ શુકન જોઇ કહ્યું કે આ ભૂમિ બહુજ બળવાન છે જો આ વખતેજ (આ ઘડી પળમાંજ) આંહી તોરણ બાંધો તો આ સ્થળે ભવિષ્યમાં મોટું શહેર થાય આ પૃથ્વી અનુપમ બળવાન છે. જેથી અહીંયા જે નગર વસે તે પણ અનુપમ (ઉપમા નજીપાય તેવું) અને એટલુંજ નાહુ પણ ઉદાર (ત્યાંના વાશીયેાને પૈસો ગળે ન વળગે તેવા ઉદાર) વતનીઓ થાય. માટે હે રાજા અમે ગણિતની રીતે વિચાર કરીને ઉપરનું ભવિષ્ય કહેલ છે તે સાંભળો.

ઉપર મુજબ જોષીના વાકયો સાંભળી જામશ્રી રાવળજીએ તે સ્થળે થાંભલી રોપી; તે વિષેના શ્લોકો છે કે—

जामनगर वस्युं तेनो श्लोक

ऋतु[૬] ग्रह[૯] सर[૫] भूमि[૧] श्रावणे शुक्ल पक्षे ।
तिथि जलनिधि[૭] वारे चंद्र पुत्रे मरुद्‌भे ॥
नृपति बर वरिष्टो रावलः क्षत्रियोऽसौ ।
नविननगर मध्ये वास्तु कर्म चकार ॥ १ ॥

રાજાઓમાં શ્રેષ્ટ એવા રાવલ જામે સંવત્ ૧૫૬૬ ના શ્રાવણ શુદ ૭ બુધવારે સ્વાતિ નક્ષત્રમાં નવાનગરનું વાસ્તુકર્મ કર્યું.

आचार्य तरफथी महाराजाश्रीने आशिर्वादनो श्लोक

यावत्तिष्ठति मेदिनी हि सनगा यावद्‌ग्रहा स्तारकाः ।
यावद्वेद पुराण संभव कथा यावच्च रत्नाकरः ॥

तावद्रावल वंश संभव नृपा धर्मैक निष्ठाः सदा ।
श्रीमत्पश्चिम मंडले शुभतमे कुर्वंतु राज्यं ध्रुवम् ॥ २ ॥

જ્યાં સુધી પર્વતો સહિત પૃથ્વીનું અસ્તિત્વ રહે, જ્યાં સુધી ગ્રહો અને તારાઓ રહે, જ્યાં સુધી વેદ અને પુરાણની કથાઓ રહે, જ્યાં સુધી સમુદ્ર રહે, ત્યાં સુધી શોભાયમાન તથા લક્ષ્મીવાન્ પશ્ચિમ દેશમાં ધર્મની અંદર એક નિષ્ઠાવાળા રાવલજીના વંશના રાજાઓ હંમેશાં અવિચળ રાજ્ય કરો.


❀ જામનગર વસાવનાર આચાર્ય સંબંધી હકીકત નો શ્લોક

द्विजवर कुलभूतः कान्यकुब्जाख्य विप्रः ।
शम दम तप युक्तो ज्योतिः शास्त्रेप्रवीणः ॥
हरनगर निवासी गोमतीस्नान कांक्षी ।
स्वजन जन समेतो रावलेंद्रं ददर्श ॥ ३ ॥

શ્રીકાશીનિવાસી ઉત્તમ બ્રાહ્મણ કુલમાં ઉત્પન્ન થયેલા કાન્યકુબ્જ જ્ઞાતિના શમ, દમ, અને તપના ગુણોથી યુક્ત જ્યોતિષ શાસ્ત્રમાં પારંગત તથા પોતાનાં કુટુમ્બ સહિત ગોમતી સ્નાન (દ્વારિકાની યાત્રા) ની ઇચ્છાવાળા બ્રાહ્મણે શ્રી રાવલ જામને જોયા.

એ વિદ્વાન આચાર્યે સ્થંભ રોપાવી તે સમયના ચાલતા ગ્રહોનું ગણિત કરી શ્રીજામનગર (નવાનગર) ની જન્મકુંડલી બનાવી તે નીચે મુજબ છે.

❀॥ શ્રી જામનગરની જન્મ કુંડલી ॥



(સિંહ સંક્રાંતિ)

આ જન્મ કુંડલીમાં પહેલા ભુવનમાં સૂર્ય શુક્ર અને બુધ એમ ત્રણ ગ્રહો આવેલા છે. અને ત્રીજા ભુવનમાં શની અને ચંદ્ર આવેલ છે, અને છઠા ભુવનમાં મંગળ તથા રાહુ છે. તેમજ ગુરૂ અગીયારમા ભુવનમાં અને કેતુ બારમે ભુવને છે. આવા ઉત્તમ ગ્રહો આવતાં સર્વને ખાત્રી થઇ કે આ સ્થળે મહાન નગર થશે અને તેના રાજવીઓ પણ મહા પરાક્રમી થશે.

* ઉપરના શ્લોકો બનાવનાર વિદ્વાન જ્યોતિષ શાસ્ત્રી શ્રીકાશીપુરથી દ્વારિકા જતાં હતા તેને જામખંભાળીએ જામશ્રી રાવળજીની મુલાકાત લીધી, અને જામશ્રીએ તેને વિદ્વાન વિપ્ર જાણી આશ્રય આપ્યો તેઓ કુટુંબ સહીત દ્વારિકા જઇ ખંભાળીએ આવી વસ્યા તે સંબંધનો એ શ્લોક છે.

* આ ગ્રહ કુંડલી પ્રમાણે બીજી એક કુંડલી પણ અમોને મળેલ તેમાં ચંદ્ર ચોથા ભુવનમાં છે. માત્ર એટલોજ તફાવત હતો પણ એક જોશીએ ગણીતથી આ કુંડળી સાચી ઠરાવી છે.

—: जामनगर वसाव्या विशेनुं चारणी भाषानुं काव्य :—

॥ छंद बेताल ॥

नृप जाम रावळ सुणो निश्चय, एम सुगन उचारहे ॥
यह उपर खीली आंण अणडग, बिसद लगन बिचारहे ॥
परकास संवत कहे पनरह, साल छीनवे शोधीयो ॥
सत चउद शाका नृपह इकसठ, प्लवंग छमछर पेखीयो ॥ १ ॥
रतपावसह फिरगोळ उत्तर, मास श्रावण मानीयें ॥
पख शुकल सपतम घटी इकपर, ताय चाळीशपळत्रीये ॥
बुधवार लगनह सींह देखहु, नखत्र स्वांत अनुपकं ॥
पह घटी सतरा पळह चोपन, जोग शुकलं जोपकं ॥ २ ॥
चालीश नव घटीका बीचातह, पळह चोपन पेखीये ॥
कर करण वाणीज एक घटीका, दोय विस मुर देखीयें ॥
उदीयात घटीका एक पळ, अरु त्रीस आठह तो लहु ॥
दुडीयंद आये जदह दःखण, विवध तिणगत बोलहु ॥ ३ ॥
नामं जयंद्र समाज नामा, अरुण अग्र अरुढीयं ॥
रथ जुवण श्रोता जक्ष राजत, अंगीरा रुषी अग्रयं ॥
अहिराज वीटह अलापत्रह, बिरज आसुर ठेलवं ।
गंधरव विश्वावसु गावण, रुयाल नाटीक खेलवं ॥ ४ ॥
प्रमलोच नामा अच्छर ततपत, शोभसिंह संक्रांतियं ॥
उदीयात श्रावण एम आखे, भाण विध विध भाखियं ॥
यहजोग खीली लगी सरयह, अधक सुगण सुआयहे ॥
एतखत क्रोऽह वरस अविचळ, कथा पंडीत काय हे ॥ ५ ॥
पळ आय तोरण सार परठहुं, अमर अभय अजीत्तीयं ॥
यह ठोर भूपत अधक अधका, करणव्हे जीम क्रित्तीयं ॥
पतशाह उथपण थपण प्राक्रम, आयहे धर एहीयं ॥
सरमोड राया तणा सर सब, जाग ठावण जेहीयं ॥ ६ ॥
पतशाह पदवीधर पछमरी, जाम जदुकुळ जोहीयं ।
तत परज आगे लगनतोळह, हुकम अधको होहीयं ॥

પ્રજ બાસસી વહુ દ્રવ્ય પૂરણ. રાજ નવનિધ રુપકં ॥
કા પ્રસણ સામ્રથ કરણ પાક્રમ, જામ જહિધર જૂપકં ॥ ૭ ॥
યો સહત પંડીત સુણત રાવળ, હોમ વિધ જુત હોહીયં ॥
ધનુ બેદ શાખા ઉચર ધારણ. જદન ઉછરંગ જોહીયં ॥
પૂજેસ ભોમી કર પ્રતીષ્ઠા. જનમ પત્રહ પૂજીયં ॥
વરણીજું સંક્લપ મંત્ર સરબસ, દીયે દખણા દૂજીયં ॥ ૮ ॥
પ્રથપતી દરગહ જનમ પત્રી, કરે માલમ સહકીયં ।
નામ સહરં નવીનગરં, સદા પૂરણ રહશ્રીયં ॥
વહમાંતિ પંડીત બદત વાણી સત્ય સત્ય સુધારીયં ॥
વરતાય ધનધન વાર રાવળ અખિલ સબદ ઉચારીયં । ૯ ॥

॥ દોહા ॥

સંવત પનર છનવે, શ્રાવણ માસ સુધાર ॥
નગર રચ્યો રાવળ નૃપત, સુદ સાતમ બુધવાર ॥ ૧ ॥
પૂજે રાજા પ્રેમસું, નાગેશ્વર મહાદેવ ॥
વિધ કીધી બિસોતરી, સાચે દીલ સું સેવ ॥ ૨ ॥
આદિશક્ત આશાપુરી, મા, પુજી મહમાય ॥
વિધવિધ દેવ મનાવીયા, ચિત્ત ઋત રાવળચાય ॥ ૩ ॥

અર્થ—શુકનાવળીઓએ જોઇને કહ્યું કે જો આ સ્થાને શહેર વસાવો તો મોટું અવિચળ ને અજીત નગર થાય, એ ઉપરથી વિ. સં. ૧૫૯૬ શાલીવાહન શક ૧૪૬૧ પ્લવંગ નામના સંવત્સરમાં વર્ષા ઋતુમાં દક્ષિણાયનમાં શ્રાવણ માસની શુકલ પક્ષની ૭ સાતમ બુધવારને રોજ કે જે દિવસે સાતમ એક ઘડી ૪૦ પળ હતી સ્વાતી નક્ષત્ર ૧૭ ઘડી ૫૪ પળ હતુ શુકલ નામનો યોગ ૪૯ ઘડીને ૫૪ પળ હતો, અને વાણીજકરણ ૧ ઘડી હતું તે દિવસે ઉઘાત ઘડી ૧ને ૩૮ પળના સમયમાં શહેર વસાવવાનો નિશ્ચય કર્યો કારણ કે શ્રાવણ માસમાં "ઇંદ્ર નામના સૂર્ય" જગતને પ્રકાશીત કરે છે "વિશ્વાવસુ" નામના ગંધર્વ તેની પાસે ગાયન કરે છે "શ્રેતા" નામનો યક્ષ સૂર્યના રથને જોરે છે "એલાપત્ર" નામનો નાગ વીટાઇને રથને દૃઢ રાખે છે, અંગિરા નામના ઋષિ સૂર્યની સ્તુતી કરે છે "પ્રમલોચા" નામની અપ્સરા સૂર્યની આગળ નૃત્ય કરે છે અને "વર્ય" નામનો રાક્ષસ રથને ઠેલે છે. તેથી શ્રાવણ માસ સર્વોત્તમ છે. સિંહસંક્રાતિમાં ઉદય કાળે, શહેર વસાવવાની ખીલી નાખી. તેથી શુભ શુકન પ્રમાણે આ રાજ્યતખ્ત કરોડો વર્ષ સુધી અવિચળ રહેશે, શુરવિરોને તથા વિદ્વાન કવિ પંડિતોને પાળનાર થશે,

અને તે ગાદી ઉપર જે રાજાઓ થશે તેઓ નિર્ભય અજીત એકએકથી અધિક કરણના જેવા દાતાર બાદશાહોને થાપવા ઉથાપવાસમર્થ સર્વ રાજાઓના શિરોમણી થઇ "પશ્ચિમના પાદશાહ"ની પદવી ધારણ કરી પ્રજાને પાળવામાં તત્પર અને જેઓના હુકમ ન ફરે એવા સમર્થથશે.અને આ શહેરની રૈયત પણ બહુજ દ્રવ્યવાન નવનિધિ સહિત તથા બહુજ હુન્નર ઉદ્યોગને કળાકુશળવાળી સુખી રહેશે. એમ શુકન જોનારાઓએ ભવિષ્ય કહ્યું પછી તે વખતે વિધિ સહ હોમ કરાવી વેદ મંત્રોના, ઉચ્ચાર કરાવી, પૃથ્વીની પ્રતિષ્ઠા કરાવી બ્રાહ્મણોને વરોણીમાં વરાવી, જન્મપત્રીની પૂજા કરી, સર્વે ઉમરાવોને ભેળા કરી વાંચી સંભળાવી અને શહેરનું નામ "નવાનગર" પાડયું સર્વેએ ધન્ય ધન્ય શબ્દો ઉચ્ચાર્યા, ત્યારપછી ઘણા પ્રેમથી નાગેશ્વર મહાદેવને તથા વીસોત માતાને પુજ્યાં, આશાપુરાજીનું સ્થાનક બનાવી તેમાં માતાજીની પ્રતીમા સ્થાપી તથા મામઈ માતાનું પણ સ્થાનક બાંધી મન, વચન, અને ક્રિયાથી જામ રાવળજીએ પૂજન કર્યું"

ઉપર પ્રમાણે નવાનગર (જામનું નગર એટલે લોકો "જામનગર" પણ કહેવા લાગ્યા, તે) વસાવ્યા વિષેના સંસ્કૃત શ્લોકો તથા તેની જન્મકુંડળી અને ચારણી ભાષાનું કાવ્ય ઉપર લખવામાં આવેલ છે. હવે તે શહેર વસાવ્યા વિષેની લોકીક "દંતકથા" જે વૃદ્ધો આગળથી સાંભળવામાં આવેલ છે તેનો ટુંકસાર પણ જાણવા યોગ્ય હોવાથી નીચે મુજબ લખવામાં આવેલ છે.

"જુની થાંભલી રોપી તે વિષેની દંતકથા"

શુભ શુકન અને વેળા જોઇ, જોષીએ જામશ્રી રાવળજીના શુભ હસ્તકે સ્થંભ રોપતાં કહ્યું કે "બરોબર શેષનાગના માથા ઉપરજ ખીલ્લી મારી છે" તેથી આ સ્થળ ચક્રવર્તી રાજાનું મહાન ગાદીસ્થળ થશે, આ વાક્યો સાંભળી કેટલાએક અશ્રદ્ધાળુઓએ જામશ્રી સામું જોઇ, જોશીની મશ્કરી કરી કહ્યું કે,

"આખી પૃથ્વીમાં બરોબર આ ખીલી નીચેજ શેષનાગનું માથું આવ્યું? એ વાક્ય સાંભળી જામ રાવળજી પણ જરા મંદ મંદ હસ્યા, એથી જોશીએ જરા ક્રોધના આવેશમાં આવી ખીલી પૃથ્વીમાંથી ખેંચી કાઢી ત્યાં અંદરથી લોહીની સેડ થતાં આ દૈવી ચમત્કારથી સહુ આશ્ચર્ય પામ્યા અને જલદી એજ જગ્યાએ ખીલી પાછી નાખી, એટલે જોષીએ કહ્યું કે એ પળ ગઈ, હવે તો ખીલી મસ્તક આધું જતાં પુંછડાના ભાગ તરફ પડી, એથી આ રાજગાદી ઉપર નહીં ધારેલો રાજા ગાદીએ આવશે. કદાચ કોઇ પાટવીકુમાર ગાદીએ આવશે તો તેના વખતમાં નધારેલી આફતો આવશે. અને હાથમાંથી રાજ્ય ગાદી જવાનો વખત આવશે. પણ આ ભુમી બળવાન હોઇ ગાદી જશે નહીં તેમજ અત્યારની મહાન સંક્રાંતીના યોગે આપશ્રીના વંશમાં આ તખ્ત ઉપર ઘણાજ પ્રતાપી, વીર, બુદ્ધિશાળી અને મહાન ઉદાર રાજાઓ થશે.

ઉપરના સ્થંભની પ્રતીષ્ઠા કરી તે વખતે બાજુમાં બીજી બે થાંભલીઓ

પણ રોપી હુતી. પહેલી થાંભલીએ, જામશ્રી રાવળજીએ પોતાનો ઉચ્ચૈશ્રવા નામનો દેવાંગી (ઘોડો) બાંધ્યો, (પાછળથી ત્યાં દરબારગઢ બંધાવ્યો) બીજી થાંભલીએ નોંવણ વજીરે ઘોડો બાંધ્યો પાછળથી ત્યાં ભાંડવી (કસ્ટમ ઓફીસ) બનાવી, ત્રીજી થાંભલીએ નગર શેઠે ઘોડો બાંધ્યો, (પાછળથી ત્યાં નગર શેઠનાં મકાનો થયાં) ઉપરની રીતે પહેલી થાંભલી તે હાલ પણ જામનગરમાં " જુની થાંભલી " ના નામે પ્રખ્યાત છે. હાલ તે થાંભલી દરબારગઢની બાજુના ' રાજેન્દ્ર-રોડ " ઉપર આવેલી દક્ષણાદા બારની લાઇન વાળી દુકાનોમાંની એક દુકાનમાં છે. દુકાનની ભરતી થવાથી એ થાંભલી હાલમાં માત્ર એકજ કુંટને આશરે બહાર દેખાય છે. તેને સીંદુર ચડાવેલ છે અને પાસે ધુપદીવાનાં પાત્રો અને વજ છે અને રાજ તરફથી તેનું કાયમ પૂજન કરાવાય છે.

ઉપરની થાંભલી રોપી તોરણ બાંધીને " નવાનગર " એવું નામ આપ્યું કે જે હાલ જામનગરના નામે પણ ઓળખાય છે.

જામનગર વસાવ્યા પછી જામશ્રીએ જામખંભાળીએ પોતાનું " ટીલું " રાખી જામનગરમાં નવી રાજગાદી સ્થાપી અને વિશાળ દરબારગઢ બાંધી તેને ફરતો કીલ્લો બનાવી ત્યાંજ શાંન્તિથી રહેવા લાગ્યા એ જામનગર (નવાનગર) વસ્યા પછીની શોભાનું વર્ણન ચારણી ભાષામાં નીચે મુજબ છે.

॥ દોહા ॥

વરનું શોભા નગરકી, યથામતી અનુસાર ॥
એક એક બાનક અધક, કહત ન લહીયેં પાર ॥ ૧ ॥
કોટી ધ્વજ કેતા મંહી; વેપારી અણપાર ॥
લખ લખ માંહી લખપતી, નૌતમપુરી મુઝાર ॥ ૨ ॥
અધર ઝરુખા ઝુક રહે, બવળી થાટ બજાર ॥
થોક થોક વજણા નવલ, નૌત્તમપુરી મુઝાર ॥ ૩ ॥
ચંદ મુખી મદસેં ભરી, નેંણ કુરંગી નાર ॥
શ્રોવણ કળશેં જળ ભરેં, નોતમપુરી મુઝાર ॥ ૪ ॥
અત્તર સોંઘા ધમ ધમે, ફહરે તેલ ફુલેલ ॥
મદમાતા રાતા કહી, છકીયા ફરે મુ, છેલ ॥ ૫ ॥
નેક ઝવેરી પારખી, જડીયાં મઝ સોનાર ॥
ઘડીયા ઘાટ સુઘાટરા, નોતમપુરી મુઝાર ॥ ૬ ॥
કારીગર કેતા, કહી, હકમત કરે હજાર ॥
જરી કોર પટ રેશમી, ઉપજાવે અણપાર ॥ ૭ ॥

દુઃખ દાળીદ્ર દીસે નહી, ઘર ઘર મંગળ ચાર ॥
વરણ અઢાર સુખીયાં સદા, વરતે રાવળ વાર ॥ ૮ ॥
સુંદર મંદીર સોહીયા, હરીહર પ્રતમા માય ॥
જે થાનક જગતંબરા, ચખ દેખી ભળચાય ॥ ૯ ॥
ધનસ નગર રાવળ ધણી, નતનત પ્રભા નવલ્લ ॥
વણી છટા દરબારકી, માણક જોત મહલ્લ ॥ ૧૦ ॥ વિ. વિ.

અર્થ—કવિ કહે છે કે નવાનગરની શોભા યથામતી વર્ણવું છું. કે જે કેતાં પાર આવે તેમ નથી, ભાત ભાતની મહેલાતો બનાવી સર્વ લોકો તેમાં રહેવા લાગ્યા, કોટી ધ્વજ વેપારીઓ લાખોના વેપાર કરવા લાગ્યા, બવણી બજારોમાં અધર ઝરખાઓમાં બેસી સંગીત ગાનારાઓ નવાનવા વાંજીત્રો લઇ ગાવા બજાવવા લાગ્યા, ચંદ્રમુખી જોબનના મદથી ભરપુર હરણના જેવાં નેત્રોવાળી સ્ત્રીયો સોના રૂપાના કળશોથી પાણી ભરવા લાગી શહેરમાં કેટલાક પુવાનો અત્તર સોંઘા લગાવી કુલેલ તેલ નાખી મદમસ્ત બની ફરવા લાગ્યા, ઠામોઠામ ઝવેરીની દુકાનો તથા જડીયા અને ઘાટ ઘડીયા સોનીની દુકાનો શોભવા લાગી, તે સિવાય જુદા જુદા કારીગરો, રેસમી તથા સુતરૂ કપડાંઓ બનાવી તૈયાર કરવા લાગ્યા, કોઇ દુઃખી કે દરીદ્ર રહ્યું નહીં, ઘર ઘર મંગળાચાર વર્તાઇ રહ્યા, અઢારે વર્ણ સુખી રહેવા લાગ્યા, ઠેકાણે ઠેકાણે વિષ્ણુ, શિવ, અને દેવીઓનાં મંદીરો શોભવા લાગ્યાં, અને મણી માણકની જ્યોતિ સમાન રાજમહેલ પણ શોભવા લાગ્યો, એવી રીતે નીતનીત નવી પ્રભાવાળા નવાનગરમાં જામ રાવળજીની રામવારી વર્તાવા લાગી.

ત્રિકાળદર્શી પંજુભટજી અને જામશ્રી રાવળજીનું પુર્વ વૃત્તાંત

જામશ્રી રાવળજીનું મસ્તક વખતો વખત કાયમ દુખ્યાજ કરતું હતું, તેથી એ વ્યાધીને મટાડવા અનેક વૈદો, હકીમો, તથા જંત્ર મંત્રાદી ક્રિયાઓના અનેક ઇલાજો કર્યા પરંતુ તે સઘળા ઇલાજો નીરર્થક જતાં, એ ઉપાધી દીવસે દીવસ વધવા લાગી, એક વખત મહામાસમાં સખત પવનના તોફાનમાં માવઠું (વરસાદ) થતાં જામ સાહેબના માથામાં અસહ્ય વેદના થવા લાગી. એ વખતે કોઇએ કહ્યું કે, "ધ્રોળ" ગામમાં "ત્રિકાળદર્શી પંજુભટજી" છે, એજો આવે તો આ રોગ કયારે મટશે? તે વીષે બરોબર બરેખરૂ જ કહી ઇલાજ બતાવશે, એ સાંભળી જામશ્રીએ ભટજીને બોલાવવા માટે કારભારીને વેલ આપી, ચાર પાંચ સ્વારો સાથે ધ્રોળ મોકલ્યા,

આ પ્રસિદ્ધ વિદ્વાન પુરૂષ જ્ઞાતિએ સારસ્વત બ્રાહ્મણ હતા, ભૂત, ભવિષ્ય અને

વર્તમાન, એ ત્રણે કાળની વાત તેઓ જાણતા હોવાથી, તેઓ "ત્રિકાળદર્શી" ના નામે દેશમાં પ્રખ્યાત હતા, એ સમયમાં તેનું દેશ દેશાવરના રાજા મહારાજાઓમાં અને પ્રજામાં ઘણુંજ માન હતું;

જામશ્રી રાવળજીના કારભારી તથા માણસો ખોળમાં આવી તે ત્રિકાળદર્શીને ઘેર ઊતર્યા અને સર્વ હકીકત કહી, રાત્રે વાળુ કરી ઓસરીમાં સુતા અને ત્રીકાળદર્શી ઓરડામાં સુતા, ઓરડામાં જે વાત થાય તે ઓસરીમાં સંભળાતી હતી, રાત્રે સુતાં સ્ત્રીએ પૂછયું કે "તમે જામનગર કેટલા રોજ રોકાશો?" ત્રીકાળદર્શીએ કહ્યું કે, "પંદર દીવસ થશે" ત્યારે સ્ત્રીએ કહ્યું કે, નિત્યના પાંચ શેખે પીચોતેર ખાસડાં મારવા આપો, ત્રીકાળદર્શીએ હા, પાડી અને સ્ત્રીએ પોણોસો ખાસડાં માર્યા, ઓસરીમાં સુતેલા કારભારી વગેરે સર્વ માણસો આ સર્વ બનાવથી આશ્ચર્ય પામ્યાં. અને તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે, જે બ્રાહ્મણ સ્ત્રીના હાથથી જોડાઓનો માર ખાય છે, તે રાવળજામનું શું ઝલેલ કરશે? પણ આપણે તેને તેડી ન જઇએ તો રાજા ગુસ્સે થાય, રાજા જે વહેમે ચડયો તે ચડયો, તેને કોણ કહે? માટે આપણે તેડી તો જઇએ પછી થવું હશે તે થાશે, એમ વિચારી સવાર થતાં ત્રીકાળદર્શીને રથમાં બેસાડી નવાનગર તેડી ગયા, ત્યાં રાવળ જામે તેનો ઘણોજ સત્કાર કર્યો, બીજે દિવસ થયો વિદ્વાનોની સભા ભરાણી, બ્રાહ્મણોની રાજાએ પુજા કરી ત્રીકાળદર્શીને અધ્યક્ષ સ્થાને બેસાર્યા. પછી જામરાવળજીએ પોતાના દર્દનું કારણ અને ઉપાય પૂછયો. એ ઉપરથી ત્રીકાળદર્શીએ પોતાના ત્રીકાળ જ્ઞાનથી વિચારીને સર્વ વિદ્વાનો સમક્ષ નીચે પ્રમાણે કહ્યું કે. કર્તા હર્તા ઇશ્વર છે. પણ જામરાવળજીના રોગનું કારણ નીચે પ્રમાણે છે.

"અહિંથી પૂર્વમાં આશરે ૨૫-૩૦ ગાઉ ઉપર જંગલમાં એક મોટો ટેકરો (ધાર) છે તે ઉપર "અરણી"નું ઝાડ છે, તેને પવનના ઝપાટાથી જ્યારે આંચકો લાગે છે ત્યારે તમારા માથામાં દરદ થાય છે. જો તે બંધ પડે તો તુરત તમારૂં દરદ મટી જાય" આ સાંભળી સહુ સભા અતિ આશ્ચર્ય પામી. અને સર્વને એ વાત અસંભવિત લાગી, પણ પછી જાતે જઇને તપાસ કરવાનો નિશ્ચય કર્યો. રાવળજામ પોતાની સ્વારી સાથે ઘણા વિદ્વાનો અને "ત્રિકાળદર્શી" ને સાથે લઈ તે સ્થળે ગયા, ત્યાં જઇ ત્રીકાળદર્શીએ તે ટેકરી ઉપર ચડીને સર્વને "અરણીનું ઝાડ" દેખાડયું, એ વખતે આંચકાનો પવન ન હતો, તેથી જામશ્રીરાવળજીને માથામાં દરદ થતું ન હતું. ત્રિકાળદર્શીને ખાત્રી કરી આપવાનું કહેતાં તેણે તુરત ઉભા થઇને તે અરણીના ઝાડની ડાળ ઝાલી જોરથી આંચકો માર્યો કે "રાવળજામ અસહ્ય માથાની પીડાથી રાડ પાડી ઉભા થઈ ગયા." તેથી સર્વને પૂર્ણ ખાત્રી થઇ. પછી જામશ્રીએ આમ થવાનું કારણ પૂછયું તેથી ત્રિકાળદર્શીએ કહ્યું કે "અહીંથી થોડે દૂર "અરણીટીંબા" એ નામનું ગામ છે ત્યાં એક સોની રહેતો હતો. તેની ગાય ત્યાંનો ભરવાડ જે એક મોટો માલધારી અને ગાયોના મોટા ટોળાં વાળો હતો. તેના સાથે તે ચારવા મૂકતો. ભરવાડે પોતાની ગાયો

ચારવા એક છોકરો રાખ્યો હતો, તે છોકરો જાતે "રજપુત" હતો પણ તેનાં માબાપો નાનપણમાં ગુજરી ગયા હોવાથી આ ભરવાડનું ધણચારી ગુજરાન ચલાવતો.

સોનીની ગાય તુરતમાંજ વીયાણી હતી. અને બન્ને વખત પુષ્કળ દુધ આપતી હતી. એક દિવસે, સવારમાં તે ગાયને દોઈ ભરવાડના ટોળામાં ચરવા મેલી અને સાંજે ઘેર આવતાં ગાયે દોવા દીધું નહી, તેથી કંઈ આંદી હશે તેવો વ્હેમ આવ્યો, સવારમાં બીજે દહાડે ગાયે દોવા આપ્યું, ને ધણમાં ચરવા મેલી રાત્રે પાછું દોવા ન આપ્યું આમ દરરોજ થતાં, સોનીને વ્હેમ પડયો કે "ગાય સોજી છે. માટે નકી ધણ ચારનાર દોઇ લેતો હશે" એમ ધારી રાત્રે ભરવાડને ઘેર જઇ બધી બીના કહી સંભળાવી, ભરવાડે ધણ ચારનાર છોકરાને પુછયું તે નિર્દોષ હતો તેથી તેણે તુરતજ સોગન ખાઇ, કહ્યું કે "હું કશું જાણતો નથી" બીજે દહાડે ભરવાડનાં ભલામણ ઉપરથી અને વળી પોતા ઉપર જુઠું કલંક આવતું હોવાથી તે છોકરે બરોબર તે ગાય ઉપર ધ્યાન રાખ્યું, જંગલમાં ચરતાં ચરતાં ગાયોના ટોળાથી તે ગાય જુદી પડી, આ ટેકરા ઉપર ચડી, ગોવાળ તેની પાછળ છુપી રીતે ચડયો, જઇને જોયું તો એક ખાડો હતો, ત્યાં ગાય આવીને ઉભી રહી, કે તુરતજ ચારે આંચળોમાંથી દુધની ધારાઓ પડવા લાગી, તમામ દૂધ, વપીઈ (ખાલી થઇ) રહ્યા પછી ગાય ચાલી નીકળી અને ટોળા સાથે ભળી ચરવા લાગી, આવી ખાત્રી થયા પછી, તેણે પોતાના માલીકને વાત કરી, ને સોનીને બોલાવી કહ્યું કે, ભાઇ "હું તારી ગાયના દુધનો ચોર નથી, પણ એ ગાય પોતેજ છે" પછી સોનીને પણ ત્રણ ચાર દિવસ સાથે જંગલમાં તેડી જઇ, ખાત્રી કરાવી.

તે જોઇ સોની ઘણુંજ આશ્ચર્ય પામ્યો, અને તે પછી તે દરરોજ તે ખાડામાં પુજા કરવા આવતો, "રજપુતને છોકરે (ગોવાળે) તેનું કારણ પુછતાં સોનીએ કહ્યું કે" અહીં કોઇક ચમત્કારિક દેવનું સ્થાન જણાય છે, એ ઉપરથી બીજે દિવસે તે છોકરે ત્યાં થોડું ખોદ્યું. ત્યાં 'જળાધારી સહીત મહાદેવનું બાણ જડયું' સોની પુજા કરવા આવતા તેણે તે છોકરાને કહ્યું કે, આ શંભુ-સ્વયંભુ, (જ્યોતીર્લીંગ) કહેવાય, કેમકે પોતાની ઇચ્છાએ પ્રગટ થયા છે. અને આના ઉપર કોઇ આસ્તા રાખે તો ધાર્યું ફળ મળે, આ વાકયો તે ચાલાક છોકરે સમજી લીધાં અને બીજે દહાડે મધ્યાનકાળે નાહી ધોઇ, સ્વચ્છ થઇને 'કમળપુજા' કરવાનો વિચાર કરી મહાદેવ સન્મુખ, બેસી પોતાનાજ હાથે માથું કાપીને મહાદેવને (માથારૂપી) કમળ ચડાવી પૂજન કર્યું, આમ માથું કપાણા પછી ધડ પુજન કર્યું. એ વીર પુરૂષ ઉપર મહાદેવ રીઝયા. અને તે જીવનો તમારી માતાજીને પેટે અવતાર ધરાવ્યો, ને આપ રાવળજામના નામે પ્રસિદ્ધ થયા,

આ હકીકત સાંભળી સહુ આશ્ચર્ય પામ્યા, અને જામ રાવળજીના પૂર્વ જન્મની વીરતા સાંભળી સહુ તેને ધન્યવાદ આપવા લાગ્યા.

તે પછી અરણીના ઝાડ વિષે કહ્યું કે કમળ પુજા કર્યા પછી તે માથું મહાદેવજીની જળાધારી ઉપરથી રડતાં રડતાં આ જગ્યાએ ખાડો હતો તેમાં આવ્યું. અને ત્યાં વર્ષો જતાં એ તુંબલીમાં 'અરણીનું ઝાડ' ઊગ્યું, હવે એ 'સોટો' હલે ત્યારે જામશ્રીના માથામાં (આ તુંબલીનો પૂર્વાશ્રમનો સંબંધ હોવાથી) વેદના થાય છે. પછી તેનો ઉપાય પુછવાથી ત્રિકાળદર્શીએ કહ્યું કે, હવે તમે નીચેની તુંબલીને કાંઇ આડચણ ન આવે તેમ આ ઝાડના સોટાને કાપી નાખો એટલે તમારૂં દરદ મટી જશે. પછી જામ રાવળજીએ તે ઝાડને કાપી નાખ્યું પછી જોષીના કહેવા પ્રમાણે આસપાસની જગ્યો ખોદાવી, તુંબલીને ઇજા નથાય તેમ તે તુંબલીને પણ પવિત્ર બ્રાહ્મણોના હાથે કઢાવી, ને જોશીએ તેને મશરૂમાં વીંટી એક કરંડીઆમાં રૂના પોલ મેલી તેમાં રખાવી તેનું રક્ષણ કરવાનું કહી, જામશ્રીના તંબુમાં મેલાવી, તે વખતથીજ જામરાવળના માથાનું દરદ મટી ગયું.

જામનગર આવી જોશીના કહેવા મુજબ તે તુંબલીનો કરંડીઓ એક ઓરડાના આળીઆમાં રખાવ્યો, અને ત્યાં ધુપ દીવો કરી તેની પુજા હંમેશાં કરવા લાગ્યા. અને ત્રિકાળદર્શીને પુષ્કળ દ્રવ્ય આપી વિદાય કર્યા.

મોસમમાં દાણા તૈયાર થતાં ખેડુતો દરબારી ભાગના વજેના દાણાઓનાં ગાડાંઓ ભરી આવવા લાગ્યા. એ વખતે એક ખેડુતે તુંબલીવાળા ઓરડા પાસે બળદ બાંધ્યા, પછી દાણા ઉતારી બળદને ગારે જોડી ચાલતો થયો, તે પછી જામ રાવળજી ત્યાંથી નીકળ્યા અને એ ઓરડા આગળ બે બળદ બાંધેલા દીઠા જાણ્યું કે ખેડુત બળદ ભુલી ગયો હશે તેથી સિપાઈ સાથે તે બળદો ખેડુતને મોકલાવી આપ્યા. ખેડુતે કહ્યું કે "મારા બળદો તો આ બાંધ્યા" તેથી સિપાઈ તે ખેડુતને તેડી તેના બળદ સાથે પાછા આવ્યો, ત્યાં ઓરડા પાસે બીજા તેવાજ બળદ બાંધેલા દીઠા એમ એકજ રંગની ત્રણ જોડો બળદની થવાથી રાવળ જામ ઘણંજ આશ્ચર્ય પામ્યા. તેથી ક્રોળથી ત્રિકાળદર્શીને પાછા બોલાવી કારણ પૂછતાં ત્રિકાળદર્શીએ કહ્યું કે "મહાદેવ તમોને સહાય થયા છે. માટે તમો તેની સ્થાપના કરો" અને તુંબલીને પણ સાથે લઇ ત્યાં વિધીપૂર્વક તેનો અગ્નિસંસ્કાર કરો "પછી જામશ્રી રાવળજી સર્વ અમીર ઉમરાવ અને કેટલાક બ્રાહ્મણોને સાથે લઇ મોટા રસાલા સાથે તે જંગલમાં આવ્યા, પછી ત્યાં ત્રિકાળદર્શી પાસે અરણીના ઝાડની જડ ઉપર મહાદેવની પ્રતિષ્ઠા કરાવી અને પોતાને તે પૂર્વાશ્રમમાં જંગલમાંથી જડયા હતા. તેથી 'જડેશ્વર' એવું નામ પાડયું. અને એ મહાદેવથી પશ્ચિમે જરા થોડે દૂર તે તુંબલીનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરાવ્યો. અને ત્યાં **'રાવળેશ્વર'** એ નામના મહાદેવની પ્રતિષ્ઠા કરી એ જગ્યાએ અનેક ચોરાશીઓ તથા બ્રહ્મભોજ કરાવી વિપ્રોને ખુબ દક્ષીણાઓ આપી સંતુષ્ટ કર્યા. અને ત્યાં બન્ને સ્થળે દેવળો ચણાવી તેની આજીવિકા ચલાવવા પ્રબંધ કર્યો. તે પછી ત્રિકાળદર્શીએ કહ્યું કે તમારા બે સારા ઘોડાઓ લાવી આંહી બાંધો, અને તે એક પ્રહોર પછી છોડી લેજો જામશ્રીએ તેમ કર્યું તો તેજ જગ્યાએ બીજા બે ઘોડાઓ બાંધેલા

દીઠા ફરી એ ઘોડાઓ છોડી લીધા તોપણ ત્યાં તેવાજ બે ઘોડાઓ બાંધેલા દીઠા જેમ જેમ ઘોડા છોડતા જાય તેમ તેમ ત્યાં ઘોડા તૈયાર હોયજ તે જોઇ ત્રિકાળદર્શી બોલ્યા કે "આ મહાદેવની કૃપાથી તમારો ઘણો મોટો પ્રતાપ વર્તશે. અને આખો હાલાર દેશ તમારે કબજે થશે, વળી મહાદેવજીની આજ્ઞા છે કે, જે ઓરડામાં તે તુંબલી રહેતી હતી. તે ઓરડામાં ઘોડાઓ બાંધજો, અને સવારે છોડી દાન દેવાથી ત્યાં તેટલાજ બીજા ઘોડાઓ થશે સવારે ઘોડાઓ છોડી દાન કરજો અને સાંજરે ઘોડાઓ છોડો તે સ્વારીમાં (લશ્કરમાં) રાખજો મહાદેવ તમારા ઉપર અતિ પ્રસન્ન છે–" એમ કહી સહુ જામનગર ગયા અને ત્રિકાળદર્શીનો યોગ્ય સત્કાર કર્યો.

ત્રિકાળદર્શીના કહેવા મુજબ તે ઓરડામાં ઘોડાઓ બાંધી સવાર થતાં તે ઘોડાઓ છોડી લઇ ચારણ બ્રાહ્મણ ભાટ વગેરેને દાનમાં આપતાં જામશ્રીની દેશ વિદેશમાં અતિ કિર્તિ પ્રસરી ગઈ, તેમજ સાંજે ઘોડાઓ છોડાતા તેની એક જબરી ફોજ એકઠી કરીને આખો હાલાર દેશ જીતી લીધો તે ઉપરથી પ્રાચીન દૂહો છે કે

॥ દુહો ॥

* જડીયો જંગલમાં વસે, ઘોડાનો દાતાર ॥
તૂઠો રાવળ જામને, હાંકી દીધો હાલાર ॥ ૧ ॥

ઉપર પ્રમાણે એ મહાદેવજી અને ત્રિકાળદર્શી બ્રાહ્મણના પ્રતાપે જામ રાવળજીની ઊન્નતિ થઇ હતી, રાવળજામ ભટ્ટને પુજનીક ગણી તેનો ઘણો સત્કાર કરતા હતા. એક વખતે જામરાવળજીના સાંભળવામાં આવ્યું કે "ત્રિકાળદર્શી પોતાની સ્ત્રીના હાથથી નિત્ય જોડાનો મારખાય છે" આ વાત જાણી તેને ઘોળથી તેડાવ્યા, અને એકાંતમાં તેડી જઇને કહ્યું કે "મારે એક અગત્યની વાત

* એ પ્રતાપી જડેશ્વર મહાદેવની જગ્યા હાલપણ ઘણીજ પ્રસિદ્ધ છે તે મોરબીથી ૫–૬ ગાઉ ઉપર દક્ષિણે અને વાંકાનેરથી ત્રણ ગાઉ ઉપર પશ્ચિમે છે તેનું રક્ષણ વાંકાનેરના રાજા કરે છે. વાંકાનેરથી ત્યાં સુધી સડક બાંધેલી છે. દેશ દેશાવરના હજારો યાત્રાળુ લોકો ત્યાં દર્શને માનતાએ જાય છે. એ મહાદેવની ટેકરી અને દેવળ ઘણે છેટેથી દેખાય છે. તેવી ઉંચાઇ ઉપર છે. અને મોટો વિસ્તાર હોઇ ત્યાં ધર્મશાળા અને બંગલા બાંધેલા છે ફરતો કિલ્લો છે ને ત્યાં સિધી મોટર ઉપર જાય છે ત્યાં સાધુ બ્રાહ્મણો હર હંમેશ રહે છે. બે ત્રણ સદાવતો પણ અપાય છે. શ્રાવણ માસમાં દેશ દેશાવરના રાજા મહારાજાઓ અને શ્રીમંતો તરફથી ત્યાં સેંકડો બ્રાહ્મણો પુજા માટે આવી રહે છે. અને [શ્રાવણ માસના] દર સોમવારે ત્યાં મોટા મેળાઓ ભરાય છે. જામશ્રી રાવળજીના વખતથી કાયમ ઘી નો દીવો અને પુજન માટે પ્રબંધ બાંધેલ તે હજી પણ ચાલુ છે એટલું નહિં પણ વિદ્યમાન મહારાજા જામશ્રી ૭ રણજીતસિંહજી સાહેબ બહાદુરે ત્યાં પધારી ચોરાશી કરી કાયમના માટે મોટી રકમ બાંધી આપી છે.

પાસે રમનારા હજી પણ "દેજે રાવળજામનો ઘોડો" એમ કહી પાસાઓ નાખેછે. અને તે મહાદેવજીના પ્રતાપે પાસા સવળા પડે છે.

પુછવાની છે, જો મારો અપરાધ ક્ષમા કરો તો પુછું" તેથી ત્રિકાળદર્શીએ અભય વચન આપ્યું, એટલે જામ રાવળજીએ કહ્યું કે "તમે નિત્ય તમારી સ્ત્રીના હાથથી ખાસડાંઓનો માર ખાઓ છો તે વાત સાચી છે?" ત્રિકાળદર્શીએ હા પાડી પછી જામ રાવળજીએ તેનું કારણ અને ઉપાય પુછયો, તેથી ત્રિકાળદર્શીએ કહ્યું કે "હું પૂર્વ જન્મમાં કાગડો હતો, મારી સ્ત્રી, ઘોડી, હતી તે ઘોડીને મોટું ભાડું હતું, અને ગંગા કિનારે ચરતી હતી, કાગડાના સ્વભાવ પ્રમાણે હું નિત્ય તે ઠોલતે હતો, તેથી ઘોડીને ઘણુંજ દુઃખ થતું એક દિવસે ઘણુંજ ઠોલ્યું, તેથી ઘણું લોહી નીકળવા લાગ્યું, તેમ તેમ મને ઘણીજ લીજત પડી, પણ ઘોડી અતી પીડાથી ઘણી ગભરાણી તેણે પુંછડા વડે મને ઉડાડી મેલવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ તેનું કાંઇ વળ્યું નહિ., અંતે દૈવ્ય યોગથી તેનું પુછડું મને વીંટાઇ ગયું, હું ઘણું તરફડ્યો, તેથી તે ઘોડી ચમકી અને કિનારા પરથી ગંગામાં પડી ગઇ, મારાં અને ઘોડીનાં પ્રાણ સાથે નીકળી ગયા, મેં ઘોડીને ઘણું દુઃખ દીધું, તેથી મને મરતી વખતે ઘણો પસ્તાવો થયો હતો, કે જો હું હવે આમાંથી બચું તો કોઇ પ્રાણીને હવેથી દુઃખ ન દવું, એવી મેં મારા અંતરથી પ્રતિજ્ઞા કરેલી તેણે કરી મારૂં અંતઃકરણ નિર્દોષ થયેલું, એવી દશામાં ગંગામાં પ્રાણ મુક્ત થયો, તેથી ગંગા પ્રતાપે હું બ્રાહ્મણને ત્યાં જન્મીને ત્રિકાળદર્શી થયો, અને ઘોડી મારી સ્ત્રી થઇ, મેં પુર્વ જન્મમાં તેને દુઃખ દીધું હતું તેના બદલામાં હવે હું તેના હાથથી નિત્ય ખાસડાંનો માર ખાઉં છું. કર્યાં કર્મો ભોગવવા પડે છે, અને તે ભોગવે છુટકો થશે.

જામ રાવળજીએ તેનો ઉપાય પૂછયો ત્યારે ત્રિકાળદર્શીએ કહ્યું કે એ ઘોડીનું લોહી જેટલું મેં પીધું હતું, તેમાં હવે 'સવાપાસેર' લોહીનો બદલો આપવો બાકી રહ્યો છે, કેમકે અમારો બહુ સંસાર શરૂ થયો ત્યારથી દરરોજ તે મને પાંચ ખાસડાં મારે છે, ગામતરે જવું પડે તો તેટલા દિવસનાં તેને હિસાબે ખાસડાં ખાવા પડે છે, આ બનાવથી મારૂં દીલ હંમેશાં બળ્યા કરે છે, અને તેથી અમુક પ્રમાણમાં મારૂં લોહી ઓછું થાય છે, એ હિસાબે આટલી ઊંમરે પહોંચ્યા પછી હવે માત્ર શવાપાસેર લોહી બળવું બાકી રહેલ છે, તે ધીમે ધીમે જીંદગી પુરી થતાં લેણું ભરાઈ જશે. એ સાંભળી જામ રાવળજીએ કહ્યું કે—

"તમે મારૂં દરદ મટાડ્યું, તે કોઇ પણ ભોગે આપનું આ દરદ મટાડવું છે, માટે આપ જે ઇલાજ બતાવો તે હું તન, મનને, ધનથી કરૂં" ત્રિકાળદર્શી બોલ્યા કે કોઇપણ પ્રકારે બાકીનું લોહી આ સ્ત્રીના પેટમાં જાય, તો પછી તેની મારા પ્રત્યે પૂજ્ય બુદ્ધિ થાય, જો હવે આપને તેમ કરવાનો આગ્રહ હોય તો મારા શરીરમાં 'રૂંબડી' મુકાવી શવાપાસેર લોહી કઢાવો, પછી તે લોહીમાં ચોખા ભીંજવી રાખીને હરકોઇ યુકિતથી તેને ખવરાવો, રાવળજામને આ વાત પસંદ પડી, તેથી 'રૂંબડી' મુકાવી ભટજીનું લોહી કઢાવ્યું, તેમાં ચોખા ભીંજવી સુકાવ્યા પછી બ્રોળ તે સ્ત્રીને તેડવા રથ મોકલ્યો, અને કહાવ્યું કે "તમને જામનગરમાં રાણીઓએ તેડાવ્યાં છે, કારણ કે ત્યાં તમોને પહેરામણી કરી ઘર આપી

ઘણા સત્કારથી રાખવા ઇચ્છે છે" અને ત્રિકાળદર્શીએ પણ તેવોજ કાગળ લખી આપ્યો, તેથી તે સ્ત્રીએ રથમાં બેસી જામનગર આવી દરબારમાંજ ઉતારો કર્યો, એક બ્રાહ્મણ રસોઇ કરવા રાખ્યો, અને ત્રિકાળદર્શીને (વરૂણીને બાને) જરૂર બોલાવ્યા છે. તે થોડા દિવસમાં આવશે. તેમ કહેવરાવ્યું રસોયાને ભલામણ કરવાથી સુકવેલા ચોકખા નિત્ય તે સ્ત્રીને રસોઇમાં રાંધી બરાવતો, ચોકખા પુરા બવાઇ રહ્યા કે. બીજેજ દિવસે તે સ્ત્રી નિત્ય નિયમ પ્રમાણે પ્રાતઃકાળમાં સ્નાન કરી પૂજા કરવા બેઠી તેવામાં તે એકાએક ત્રાસ પામી, પશ્ચાતાપ કરવા લાગી કે. "અરે મારા પ્રાણપતિને મારે સર્વ પ્રકારે માન આપવું જોઇએ. સ્ત્રીને પતિ એજ સર્વ પ્રકારે પૂજ્ય અને સેવ્ય છે જે સ્ત્રી સ્વામિભક્તિ ન કરે, તેના દાન, વ્રત, તપ, વિગેરે સર્વ વ્યર્થજાય છે, માટે મારા મેં આજ સુધીના સર્વ ધર્મો વ્યર્થ ગયા, અરેરે નીચ સ્ત્રી પણ કૃત્યન કરે એવું અકૃત્ય કર્યું છે, હું નર્કમાં પડીશ." એમ બોલતી રૂદન કરતી મુર્ચ્છા બાઇ પડી. રાણીઓએ દોડી આવી. ઘણી મહેનતે શુદ્ધિમાં આણી, પરંતુ જામરાવળજીને તે વાતની બબર પડતાં તેઓ તો તેનું કારણ સમજી ગયા હતા. તેમણે તેની પાસે બે ત્રણ સ્ત્રીઓને રાખી ત્રિકાળદર્શીની સ્ત્રી પોતાના દુષ્ટકૃત્યથી પસ્તાવો કરતી, "અનશનવ્રત" (બાવું પીવું છોડી દેવું તે) લઇને પ્રાણ મુક્ત કરવાને તૈયાર થઈ, તેથી જામરાવળે ત્રિકાળદર્શીને તુરત તેડાવ્યા તેથી તેઓ આવ્યા અને ઘણીજ મહેનતે તેને સમજાવી શાન્ત કરી, તેનું અંતઃકરણ શુદ્ધ થયું હતું. તેથી પતિની આજ્ઞા પાળી અનશન વ્રત મૂકી દીધું. તે દિવસથી એ સ્વામિભક્તિ કરીને પતિવ્રતાનો ધર્મ પાળવા લાગી, એ રીતે તે ત્રિકાળદર્શીએ જામરાવળનું દર્દ મટાડી તેની ઊન્નતિ કરી અને પોતાનું પણ સંકટ દૂર કર્યું તે પછી જામશ્રી રાવળજીએ તે ત્રિકાળદર્શીને જામનગરમાં રહેવાનાં ઘરો આપ્યાં અને ઘણાંજ માનથી પોતા આગળ રાખ્યા, આ ત્રિકાળદર્શી પંજુભટ્ટે 'જામનગરમાં એક' 'વાવ' બોદાવી, તે એવી તો મોટી છે, અને તેમાં એટલું તો આજે પણ પાણી છે કે, તે મહાન દુષ્કાળના પ્રસંગમાં પણ ખુટતું નથી, એટલું જ નહીં પણ આખા શહેરમાં નળ વડે, એ વાવનું પાણી પુરૂં પાડવામાં આવે છે, તો પણ તે વાવમાં જરાપણ પાણીની બાંચ આવતી નથી, એવો એ વાવમાં પાણીનો પ્રવાહ આવે છે, હાલ તે વાવ "પંજુભટ્ટની વાવ" ના નામે જામનગરમાં પ્રસિદ્ધ છે, ને તે ઘણી જોવા લાયક છે, એ રીતે ત્રિકાળદર્શીએ પોતાની સમર્થતા બતાવી. જામરાવળજીના નામ સાથે પોતાની પણ અમર નામના વાવગળાવીને રાખી છે.

(ચારિત્ર ચંદ્રિકા પાને. ૫૧૩)

રાવળજીનું અશ્વદાન

નીચેના ત્રણ દુહાઓથી જણાશે કે, જરૂર મહાદેવની કૃપા થયા પછી જામશ્રીએ અગણિત ઘોડાઓ, યાચકોને આપ્યા હતા.

॥ દોહા ॥

સોઢા ઘરેસુ માંડવો, પારીનગર સુરંગ ॥
રાવળ વ્યાહ પરણતાં, બાવન સહસ બડંગ ॥ ૧ ॥
સાતવીસ સાસણદીયા, અણગણ દૂજી આથ ॥
અઢીલાખ અસઆપીયા, રાવળ હેકણ હાથ ॥ ૨ ॥
ક્રોડપસા ઇસરકીયા, દિયા સચાંણા ગામ ॥
દતા શિરોમણ દેખીયો, જગસર રાવળજામ ॥ ૩ ॥ વિ. વિ.

અર્થ–કવિ કહે છે કે જ્યારે પારકરમાં પારીનગર નામના શહેરમાં શોઢાઓ ને ઘેર * પરણવા પધાર્યા, તે વખતે ચારણોને બાવનહજાર ઘોડાઓ અને પહેરામણીની બક્ષીસ કરી હતી.

તેમજ જામરાવળજીએ પોતાના હાથથી કુલ ઘોડાઓ અઢીલાખ, ચારણોને આપ્યા હતા, અને તે સિવાય ૧૪૦ શાસણો, (ગામો) અગણીત મીલ્કત વગેરે પણ આપ્યું હતું.

કવિશ્વર ઇસરદાસજીને 'ક્રોડપસા' કરી, 'સચાણા' નામનું ગામ જગતમાં દાતારોના શિરોમણી શ્રી રાવળજીએ આપ્યું હતું.

જામશ્રી રાવળજીના કવિશ્વર ઇસરદાસજીએ અનેક કાવ્યો રચ્યાં હશે પણ અમોને બે, કાવ્યો મળતાં નીચે આપવામાં આવેલ છે.

॥ છંદ ॥

આયા કચ્છતેં અવીકાર ॥ લીના હાથમે હાલાર ॥
દીના દુષ્ટ જન કું દંડ ॥ પ્રાક્રમ બતાયા પર ચંડ ॥ ૧ ॥
યાદવ બંસકા અવતંસ ॥ ઓપત હલા યુદ્ધકા અંસ ॥
કચ્છી અરબી કેકાન ॥ ઉડત તાકતા અસમાન ॥ ૨ ॥
સિંહલદ્વિપકા સિરતાજ ॥ ગિરિવર તુંગસાગજરાજ ॥
તોપાં બાજ બંદુક તીર ॥ દેખત રીપુમન દીલગીર ॥ ૩ ॥
તેરી તીવ્ર તડીતા તેગ ॥ દેખી અન્નપુરન દેગ ॥
કીના કવિજનકા કામ ॥ જુગજુગ જીયો રાવળજામ ॥ ૪ ॥
નીકા બીછાયાતેં નગ્ર ॥ ઓપે ઇંદ્ર પુરસેં અગ્ર ।

* જામરાવળજીની ઉમર એ વખતે લગભગ એકસો વર્ષ ઉપરની હતી. તેથી પોતે પરણવા પધાર્યા હશે? કે કેમ? તે શંકા રહે છે, કદાચ પાટવીકુમારનાં લગ્ન કરી ઉપરની બેરાત કરી હોય, તેમ સંભવે છે.

वसियो चार जुगां वास ॥ बारट जपे इसरदास ॥ ५ ॥

(हरीरस भावनगरनी प्रत.)

ઉપરનો છંદ સરળ અને જામરાવળજી વિષેનો ટુંકી હકીકતનો છે. પરંતુ તેની ભાષા ઝડઝમક વગેરે જોતાં ક્ષેપક લાગે છે. જુના ચોપડાઓમાં કયાંય નીકળતો નથી. માત્ર એક "રેણુકીછંદ" મળેલો છે. તે પણ અપૂર્ણ છે, પરંતુ તેનાં વાકયો જોતાં વાંચકોને જણાશે જે તે છંદ કવિશ્વર ઇશ્વરદાસજીનોજ બનાવેલ છે. એ છંદ સાથે ઉપરના છંદની સરખામણી કરતાં જરૂર વિદ્વાનોને તફાવત નજરે પડશે.

જામશ્રી રાવળજીના યશોગાનનું વર્ણન

॥ छंद रेणकी ॥

कच्छधर तजीआय सधर सोरठधर; नरवर तखत अमर नगरं ॥
हरहर कर प्रसन जडेश्वर शंकर, छत्रचमर शिरपाघ धरं ॥
डरडर रिपु भाज गये तजी धरधर; जबर पटाधर भूप जठे ॥
अणकळबळ, प्रबळ कमळ मुख निरमळ; अविचळ रावळजाम अठे ॥ टेक ॥

(१)

जळवट थट झुंगवहत दळ थळवट; दहुंवट शासन प्रगट दणीं ॥
रजवट थट सुभट सभाथट चहुंवट; मरद प्रगट घट सुगट मणीं ॥
नटखट नट करत झपट गुणिकानृत; तडीतट धीनकट अदंगतठे ॥ अणकळ ॥

(२)

वरण मगण सुगणं चारण व्रत; श्रवण सुणी दत घन वरसे ॥
परखण गणगीत विचिक्षण पंडित; दुरजण अभण नको दरसे ॥
नीतीपण ग्रहण शरण पालण वृत; हाकण फोज कदी न हठे ॥ अणकळ ॥

(३)

करकर धर आशपुरी रक्षणकर; कुळदेवी कर अभय क्रति ॥
भरभर अनकोष रिधिसघधिभर; वंशसुधाकर अडर व्रति ॥
पवितर उत्तरोत्तर वृष्णिक गोतर; परवरत्रय * इशर परठे ॥
अणकळबळ, प्रबळ कमळ मुख निरमळ, अविचळ रावळजाम अठे ॥

(४)

* ઉપરનો છંદ સાંભળી જામનગરના પ્રસિદ્ધ પંડિત પિતાંબર શાસ્ત્રીએ મસ્તક હલાવ્યું. હતું તે વાત આ ગ્રંથના તૃતીય ખંડમાં "ઇશ્વરદાસજી"ના જીવન વૃત્તાંતમાં કહેવામાં આવી છે.

મીઠોઇના પાધરનું મહાન યુદ્ધ

જામશ્રી રાવળજીએ જામનગર વસાવ્યા પછી નોદશ વર્ષે સૌરાષ્ટ્ર ભુમીમાં રહેતા, જેઠવા, વાળા અને વાઢેર રાજાઓએ એકત્ર થઇ, નક્કી કર્યું કે જામરાવળજીએ દ્વારકામાંથી હરઘમળ ચાવડાને અને નાગ જેઠવા વગેરેને મારી તેનાં રાજ્યો લઇ લીધાં હવે જો આપણે એકત્ર થઇ કંઈ ઉપાય નહિં કરીએ તો આપણી પણ એજ દશા છે, માટે આપણે પૃથ્વી અને ઇજત રાખવા સારૂં આપણે તોપો, અને બીજા હથીયારો વિગેરેની તૈયારી કરીએ. આમ મુંગે મોઢે બેસી રહેવામાં માલ નથી, આવો વિચાર કરી તેઓ સહુ એકમત થતાં પોતાના સગાસંબંધીઓમાં સાંઢીઓ ફેરવી ખબર મોકલ્યા કે " જેનાથી જેટલી ફોજ તૈયાર થાય, તેટલી લઇને અહીં ધરતી દબાવતા આવતા જારેજાઓની સામે લડવા મદદ કરવા આવો.

ઉપરના સમાચારથી વાળા, જેઠવા, વાઢેર, ચહુવાણ, પરમાર, ઝાલા વાઘેલા ગોહેલ, કાઠી. તથા જુનાગઢનો ગોરી વગેરે, પોતપોતાનાં સૈન્યો લઇ, જામરાવળજી સામે ચડી આવ્યા, એ ચતરંગી ફોજમાં બાંણુ, જંબુરા, સત્રનાળો, અને તોપો, વગેરે ભયંકર, અસ્ત્ર, શસ્ત્રો હતાં, તેમાં મોટી તોપોને સીંદૂર ચડાવી રેંકડાઓમાં બળદો જોડી, નિશાન ચુકે નહી તેવા 'ગોલમદારો' ને તોપો પર બેસાડી ચાલતાં ચાલતાં મીઠોઇને પાધર એ ફોજે પડાવ નાખ્યો.

જામશ્રી રાવળજીના સાંભળવામાં આવ્યું કે "દ્વારકામાંથી હરઘમળ ચાવડા અને નાગ જેઠવા નું વેર અમારે લેવું છે. એટલુંજ નહી પરંતુ જામરાવળની સર્વ માલ મીલ્કત, લુંટી ખાટી, તેને આ ભુમીમાંથી તગડી મેલવા છે. " આમ દુશ્મનો બોલે છે, ઉપરના ખબર સાંભળતાંજ જામરાવળજી અત્યંત ક્રોધ કરી બોલ્યા કે " આ પૃથ્વી તો મને જગતમાએ આગળથીજ દીધી છે, તેથી શત્રુની સેના કાળનો કોળીઓ થઇ આવી છે. મારા મનમાં આ પૃથ્વી ધીમે ધીમે લેવાનો ઇરાદો હતો પણ શત્રુઓ તુરતજ દેવા આવ્યા તે ઠીક છે "

એમ કહી પોતાના થાણાના માણસોને તમામ સ્થળેથી તુરતજ બોલાવી એકઠા કર્યા. તેમજ સગા સંબંધીઓમાં પણ સાંઢડી સ્વારો મોકલી, તમામને સખાયતે તેડાવ્યા, તેમાં ભ્રદ્રેસરના અજાજીએ જાતે નહીં આવતાં પોતાના કુંવર મહેરામણજીને લડાયક માણસો સાથે મદદે મોકલ્યા, મહેરામણજીએ આવી જામરાવળજીની સલામ કરી, જામે તેની નાની ઉંમર જોઇ, મશ્કરી કરી કે "તમારા બાપુ કેમ ન આવ્યા? ને તમોને મોકલ્યા? આંધ માશીને ઘાવવું નથી, આતો લડાઇના મામલા છે " એટલું કહી તેઓના ઉતારાનીગોઠવણ કરાવી, કુમારશ્રી મહેરામણજી ઘણાજ બુદ્ધિશાળી હતા. તેથી તેણે સામો જવાબ આપવા મર્યાદા ઓળંગી નહીં. પરંતુ સમય આવ્યે આપણે આપણી વટ જાળવી, હાથ બતા-

વવા, આવો મનમાં નિશ્ચય કરી પોતાને ઉતારે ગયા, ત્યાં ધ્રોળથી જામશ્રી રાવળજીના બંધુશ્રી ઠાકોરશ્રી હરધોળજી પણ પોતાની તમામ ફોજ લઇ અને આવ્યા, અને જામશ્રીને કહ્યું કે ભાઇ હવે યુદ્ધની ઢીલ કેમ કરો છો? આ વચનો સાંભળી જામશ્રી રાવળજીએ ફોજને તૈયાર થવાનો હુકમ આપ્યો, અને હુકમ મળતાંજ, હાથી, ઘોડા, ઊંટસ્વાર, પાયદળ, વિગેરે તમામ સેના હાજર થઇ, તેમજ જામરાવળજીના શુરવીર સામંતો કે જેઓ લડાઇમાં ભુજ્યા હાથવાળા તથા શંકરનેં રૂંઢમાળા દેનારા અપ્સરાઓને વરવાની ઉત્કંઠાવાળા વીરભદ્ર જેવા મહાન ક્રોધાળ દુશ્મનોનું અકાળ મૃત્યુ લાવનારા પોતાના ધણીની આગળ લોઢાના કોટ સરખા, અને કદી પણ રણમાં પીઠ ન દેખારે એવા નીચેના નામવાળા શુરવીર સામંતોએ આવી સલામ કરી.

॥ છપ્પય ॥

જોધો નોંઘણ જાણ, ભાર વજીર તણા ભજ ॥
લાડક જેસો લધુ, સાચ ધણીયાં કારજસજ ॥
મહેરામણ હદ મરદ, સત્રાં સ્દ કરણ અજાસુત ॥
કાનો રણમલ કહાં, ભાણ દલ ભાક્રમ અદ્‌ભૂત ॥
સુમરો અજો હમીરસુત, સાથ મોડ કેહર સુહડ ॥
અણભંગ જોધ એતા ઉરડ, ચતરંગ યહ આદી ચહડ ॥

(૧)

બંધવ નિજ બરદાળ, જામ લખપત સુતજાણું ॥
હેક અખાં હરધોળ, બીયો મોડસ બાખાણું ॥
સૂરધીર રવશાહ, નાહ ત્રહું શત્ર નીકંદણ ॥
જશો લધુ પણ જાણ, ભૂપ હરધોળ નંદ ભણ ॥
તોગડો સોઢ, પરવત સતણ, સલહ કસે સમર થરા ॥
ઇ આદી ચઢે, લખ આવીયા, સેના અપ અપ સાથરા ॥ વિ. વિ.

(૨)

અર્થ—ધણીનું કામ સત્યતાથી (નીમકહલાલીથી) કરવાવાળા ભારાવજીરના પુત્રો યોદ્ધાઓમાં મુખ્ય એવા મોટા નોંઘણ વજીર અને નાના જેશો વજીર તથા શત્રુઓનો નાશ કરનાર અજાજીના કુંવર મહામરદ મહેરામણજી તથા અદ્‌ભૂત પરાક્રમો કરનારા કાનોજી, રણમલજી અને ભાણજીદલ, તથા હમીરસુત, સુમરોજી નેં અજોજી, તથા કેસરજીમોડ, આદી અણભંગ યોદ્ધાઓ, કે જેઓ ચતરંગી સેના આગળ ચાલનારાઓ હાજર થયા તેમજ જામશ્રી લખપતજીના કુમારો અને

જામ રાવળજીના બંધુશ્રી હરધોળજી તથા મોડજી તથા રવાજી, કે જેઓ શત્રુઓના દળનું નિકંદન કરનારા મહાન્ શૂરવીર ત્રણે બંધુઓ પધાર્યા તેમજ ઠાકોરશ્રી હરધોળજીના કુમારશ્રી જશોજી પણ નાની વયના હતા. છતાં સાથે પધાર્યા હતા. અને સોઢા પરબતજીના પુત્ર તેગોજી સોઢો વિગેરે પોતપોતાનાં સૈન્ય સાથે આવ્યા હતા.

ઉપર લખ્યા કેટલાક અમીરો, રથમાં તથા કેટલાએક સુખપાલમાં બીરાજી, ફરકતે નિશાને અત્યંત હર્ષથી તૈયાર થઇ, જામશ્રીના આગળ આવ્યા, એ વખતે જામશ્રી રાવળજીએ અખ્તર બીડી માથે ટોપ પહેરી, છત્રીસે આયુદ્ધો ધારણ કરી મુછે વળ દઇ, ઘણાક કસુંબા પાઇ, (પી) જગદંબા આશાપુરાજીનું નામ લઇ, પીતામહઃ કૃષ્ણને યાદ કરી, 'ઊચૈશ્રવા' નામના પોતાના ઘોડા ઉપર સ્વાર થયા. એ વખતે નકીબોએ ઘણી બમાં કહી, હાકલોકરી, બંદીજનો બીરદાવળી બોલવા લાગ્યા, મેઘાડંબરછત્ર ધારણ કરેલા જામશ્રી રાવળજી 'ઊચૈશ્રવા' અશ્વ ઉપર ઇંદ્ર માફક શોભવા લાગ્યા, અને ફોજ વાદળાઓની માફક શોભવા લાગી, પુષ્પ ઉપર જેમ ભ્રમર કાયમ પ્રીતી રાખે છે. તેમ યુદ્ધમાં કાયમ પ્રીતી રાખનારા, પ્રતાપી, વીર જામરાવળે શત્રુની સેના સામી કુચ કરી, એ વખતે જયનાદો થતાં, નગારા ઉપર ઘોંસાઓ અને સીંધુડા રાગનાં વાજીંત્રોની ગર્જનાઓ થવા લાગી એ વિષે કાવ્ય.

॥ છપ્પય ॥

શેશ શીષ સળસળે, હલત હલ હલે ધરા હુવ ॥
કમઠ પીઠ કળમળે, દાઢ વારાહ લળે દુવ ॥
ચત્ર દૂણ ચલવળે, ધ્યાન સિદ્ધ ટળે સભ્રમધર ॥
અરક તુરંગ આફળે, પેખ આતંક આપંપર ॥
નરકેક આય અનમિ નમે, ભરણ પેસ કારણ ભળે ॥
કરચડે જામરાવળ કટક, ગરવ દહળ અરીહાં ગળે ॥ ૧ ॥ વિ. વિ.

અર્થ—શેષનાગનું માથું હલવા લાગ્યું, પૃથ્વીને ધારણ કરનાર કાચબાની પીઠપણ કળમળવા લાગી, વારાહની દાઢપણ દુઃખવા લાગી, કુળ પર્વતો પણ ડગવા લાગ્યા, મહા જોગેશ્વરની સમાધી ખુલી ગઇ, અને સૂર્યને સંભ્રમ થવાથી તેનો ઘોડો પણ અથડાઇ ગયો, ભય લાગતાં કેટલાક અનમી રાજાઓ પણ શરણે આવી પેસકસી કબુલ કરી. જામશ્રીના તાબેદાર થઇ રહ્યા. આ પ્રમાણે જામશ્રી રાવળજીનું કટક જોઇ, શત્રુઓના પણ ગર્વ ગળી ગયા.

એ પ્રમાણે જામનગરથી કુચકરી, મીઠોઇ નામના ગામે જઇ શત્રુઓની ફોજથી એક ગાઉને અંતરે જામરાવળજીએ દોઢલાખની ફોજથી પડાવ નાખ્યો, અને ત્યાં રાત્રિ રહી બીજે દિવસે સૂર્ય પ્રકાશતાં સૈન્યના નગારચીને હુકમ કર્યો

કે "સ્વારી ચડવાનો ડંકો દે" ડંકો સાંભળતાંજ શૂરવીરોએ સિંહનાદ કર્યા, અને કાયરોના હૃદયમાં કંપ થયો, માંસાહારી પક્ષીઓ તથા જનવરોમાં કોલાહલ થયો, શૂરવીરો ગંગાજળથી નાહી ઇષ્ટદેવનું સ્મરણ કરી તુલસીનાં માંજર મસ્તક ઉપર ધરી સાલીગ્રામના બટવા ગળામાં પહેરી, છત્રીસે આયુધો સજી, ધણીનું લુંણ હક કરવા ઘોડેચડી તૈયાર થયા.

જામશ્રીનું લશ્કર ચડયું જાણી, શત્રુ સૈન્યમાં સાંગણજી વાઢેર, ભાણજી જેઠવો અને ઢાંકનાવાળા, રાજાઓએ પોતાની તથા સખાયતે આવેલા રાજાઓની મળી કુલ અઢીલાખ ફોજની તૈયારી કરી, તે ત્રણે રાજાઓએ તોપોના મોરચાઓ માંડી, જંબુશ, શત્રનાળો વગેરેની પંક્તિઓ ગોઠવી, અને તે ઉપર અણચુક ગુલમદારો જામગરી બતીઓ સળગાવી ઉભા, નાની મોટી સઘળી તોપોની સંખ્યા. ૧૫૦) દોઢસોની હતી, તે તમામ તોપોને સીંદુર ચડાવી બકરાંઓના બળીદાનો આપી. ફરકતી ધજાઓ ચઢાવી, તૈયાર કરી, મહાકાળી સરખી વિકાળ ભયંકર અવાજવાળી કેટલીએક તોપો તો ૫–૧૦ અને ૧૨ હાથની લંબાઇની હતી, એ ભયંકર દેખાવવાળી તોપોને દારૂ ગોળાઓ ભરી તૈયાર કરી એ વખતે જાસુસોએ આવી જામશ્રી હજુર અરજ કરી કે "મહારાજ શત્રુઓની સેનામાં તોપોનું જબરૂં બળ છે તો એ તોપોનું બળ વ્યર્થ જાય એવો કંઇક ઉપાય શોધવો જોઇએ." ઉપરના ખબર અને તોપોની તૈયારી સાંભળી જામરાવળજીએ સુરસામંતોને બોલાવી કહ્યું કે "સાંભળવા પ્રમાણે શત્રુઓની પાસે તોપોનું બળ ઘણું છે. માટે આપણે કેમ ફાવશું? એ વિચાર કરો. તરવારની લડાઇમાંતો તેઓ આપણો ઝપાટો ઝીલી શકે તેમ નથી. પણ "તોપોનો મારે શુરવીરોની હામ પુરી કરવા આપે નહીં" તેથી મારા મનને સંદેહ રહે છે. "જામશ્રીના વચનો સાંભળી શૂરવીરોએ હાથ જોડી અરજ કરી કે "મહારાજ યુદ્ધ કરવાની રીતીતો આપ સઘળી જાણો છો તેથી સઘળા અમો આપના હુકમની રાહ જોતા લડવા તૈયાર ઉભા છીએ." ત્યાં નોંઘણ વજીરે અરજ કરી કે "મહારાજ હુકમ હોય તો આપણી ફોજના ત્રણ વિભાગ પાડી એક ભાગ વચમાં અને બે ટુકડીઓ બે બાજુ પર રાખી ફોજ ચલાવતાં શત્રુની તોપોનો અવાજ થતી વખતે વચલી ટુકડીના સિપાઇઓએ સુઈ જવું અને અવાજ થઇ તોપો છુટી ગયા પછી તે સિપાઇઓએ પાછું હઠવું આમ થવાથી શત્રુઓ આપણને પાછીપાની દેનારા (પાછા હટતા) જાણી ગફલતમાં પડતાં ફરી તોપો ભરશે નહીં તેથી આપણે તે ગફલતનો લાભ લઇ ઘોડાઓની વાઘો ઉપાડી તેનાથી ભેટભેટા થઇ તલવારનું યુદ્ધ ચલાવશું.

નોંઘણ વજીરની ઉપરની સલાહ સાંભળીને જામશ્રી રાવળજી બોલ્યા કે—

॥ છપ્પય ॥

હું રાવલ જો હટું, મેર ગીરી ચળે મહીસર ॥
હું રાવળ જો હટું, દીવસ ભળહળ ન દીનંકર ॥
હું રાવળ જો હટું, મહાસિદ્ધ ચળે સમાધી ॥

હું રાવળ જો હટું, સતી તજદે પીય સાથી ॥
હોવતે કળહ રાવળ હટું, માને કીમ સંસાર મન ॥
અબ જીવણ મરણ ક્રમ ઉપરાં, દેવા ક્રમ અસમેધ દન ॥ ૧ ॥ વિ. વિ.

અર્થ—જો મેરૂ પર્વત ચળાયમાન થાય ને સૂર્ય પૃથ્વી ઉપર પ્રકાશે નહિં મહા યોગેશ્વર યોગભ્રષ્ટ થઇ સમાધી છોડે અને પાર્વતી સતી શંકરનો સંગ છોડી દે તો હું (રાવળજી) યુદ્ધમાં પાછો હઠું, વળી હું રાવળજી કળહ (યુદ્ધ)માં પાછો હઠી સંસારમાં જીવું એમ કેમ મન માને? મારે તો જીવવું મરવું ઇશ્વરાધીન છે. એમ માની શત્રુઓના સન્મુખ ચાલી ડગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મેળવવું છે.

વળી કહ્યું કે, મારી સલાહ પ્રમાણે આપણું શૂરવીરપણું અને પરાક્રમ આબાદ રાખવા માટે-

॥ દોહો ॥

હીંમત જો કીમાં હુવે, પોરશ રજપૂતાં
ખીલા તોપાં ખીલવે, દોનું દળ જોતાં ॥ ૧ ॥ વિ. વિ.

જો કોઇ રજપુતમાં, હીંમત અને પોરશ હોયતો બંને દળો જોતાં શત્રુઓની તોપોના કાનમાં ખીલા ઘાબી આવે, એવો કોઇ શુરવીર પુરૂષ આપણી ફોજમાં હોય તો તૈયાર થાવ.

ઉપરનાં જામશ્રીના શૂરવીરતાનાં વચનો સાંભળી, વજીરે સર્વ અમીર ઉમરાવોને જામશ્રીના તંબુમાં ઉપરની વાતનું બીડું ઝીલવાની કચેરીમાં હાજર થવાનો ચોપદારને હુકમ કર્યો. રાજ્યના ફરમાનને માન આપી સઘળા સુભટો જામશ્રીના તંબુમાં દાખલ થયા અને બીડાવાળો "ગોર" બીડું લઇ કચેરીમાં ફરવા લાગ્યો.

બીડું ફેરવવા વિષે હકીકત

જે કાર્ય કરવા માટે રાજફરમાન થયું હોય, તે ફરમાન રૂપાની થાળીમાં રાખી તેના ઉપર નાગરવેલના પાનનું સોનેરી વર્ખવાળું બીડું મેલી તે થાળી "રાજગોર"ના હાથમાં આપે પછી તે 'રાજગોર' સભામાં ફરતો જાય અને જે કાર્ય કરવાના ફરમાનનું બીડું હોય તે મોઢેથી બોલતો જાય અને શૂરવીરોને બીરદાવતો જાય, એમ આખી કચેરીમાં એક છેડાથી બીજા છેડા સુધી ત્રણ વખત ફરી આવે, છતાં કોઇ તે બીડું ઝીલે નહિ, તો બીડું ફેરવનાર 'રાજગોર'નો વધ કરવાનો હુકમ કરવામાં આવે, એ વખતે ગોબ્રાહ્મણનો વધ થતાં કીઓ રજપુત બેશી રહે? આ કમકમાટી ઉપજાવનારા પ્રસંગે જરૂર કોઇ વીર પુરૂષ એ રાજસભામાંથી ઊભો થઇ 'બીડું' ઝીલે, અને તે રાજગોર બ્રાહ્મણને મરતાં બચાવી અક્ષય કીર્તી મેળવે.

ઉપરની રીતે "તોપોના કાનમાં ખીલા ઘબવાનું" બીડું લઇ જામશ્રીનો રાજગોર, કચેરીમાં ફરવા લાગ્યો, તે પ્રસંગનું કાવ્ય છે કે-

॥ દોહા દોઢીયા ॥

બીડો ફિર ફિર આવિયો, નરકો ન્હાલિયો નાંય ॥
તે વડ ગ્રહિયો તોગડે, સોઢાવંસ સવાય ॥

સોઢાવંસ સવાય, રજવટ રીતડી ॥
ચાર જગાં લગ ચાય, કહાંવણ ક્રીતડી ॥
નરિયંદ આગેં જાયકે, શીશ નમાવીયો ॥
હોયન દૂજે હામ, બીડો ફિર આવીયો ॥ ૧ ॥

તોપાં ખીલા હું હણાં, ઘણથટ મચવાંઘાંણ ॥
તો તો જાણો તોગડો, પરબતરો પરમાણ ॥
પરબતરો પરમાણ, જંગા અરજીત હું ॥
નીમખ ઉજાળાં નેક, હુવા ટુક ટુક હું ॥
આપકરાં કુરબાંન, ધણી રે ઊ પરાં ॥
જાણો એમ જરુર, તોડાં મુખ તોપરા ॥ ૨ ॥ વિ. વિ.

અર્થ—રાજફરમાનનું બીડું ફરી ફરીને બેવાર પાછું આવ્યું, પણ કોઇએ લાંબો હાથ કરી બીડું ઝીલ્યું નહી, પણ તોગાજી સોઢાયે, પોતાની ક્ષત્રીવટ તથા વંશપરંપરાની ચાલ ધારણ કરી ચાર જુગસુધી કિર્તિ રાખવા સારૂ અને કવિઓની કાવ્યમાં દાખલ થવા સારૂ કોઇથી ન બની શકે તેવી હામ ધારણ કરી જામસાહેબને માથું નમાવી બીડું લીધું. અને કહ્યું કે "શત્રુઓનો ઘાણ કાઢી તોપોના કાન બંધ કરું તોજ મને પરમતજીનો પુત્ર તોગોજી જાણવો. ધણીના નીમક વાસ્તે કટકે કટકા થઇ મારૂં અંગ ધણીને માથે કુરબાન કરીને પણ તોપોના કાન બંધ કરીશ.

ઉપર મુજબ સોઢા તોગાજીએ બીડું ઝીલી જામશ્રીની સલામ કરી ત્યારે સર્વ સભાસદો તોગાજીના સાહસને જોઇ આશ્ચર્ય પામ્યા અને સહુ તેને શાબાશી આપવા લાગ્યા એ વખતે જામશ્રીરાવળજી એની વીરતાને જોઇ કહેવા લાગ્યા કે.

॥ દોઢીયા દોહા ॥

રાવળ કહીયો રંગહે, તોગા તું અણતોલ ॥
તોવણ બીજો કુણતકે, કરવા મોત કબોલ ॥
કરવાં મોત કબોલ, ન્હાળાં અંગ ન્હોલવો ॥

લડવો મારથ લોદ્ર, અખેલાં ખેલવો ॥
અણભંગ જોધ અબીહ, બીરહથ બાબળં ।
રંગ તોગા રજપૂત, કહે ઇમ રાવળં ॥ ૧ ॥ (વિ. વિ.)

અર્થ—જામરાવળજી કહે હે અણતોલ (તારી શૂરવીરતાની તુલાની કોઈ બરોબરી કરે તેમ નથી એટલે તારી વીરતાનું માપ કાઢી શકાય તેમ નથી, એવા) અણમુલા તોગાજી તમોને રંગ છે શાબાશ છે કારણ કે તારા વિના બીજો કોણ મોત કબુલ કરે તેમ છે? તરવારોની ધાર સામું ચાલી ખેલ ખેલવા તે અગ્નિમાં ઝંપલાવા બરાબર છે માટે હે વીરહથ અણભંગ જોધા તોગાજી તને ઘણા ઘણા રંગ છે.

સર્વ સભાસદો કહેવા લાગ્યા કે, "સોઢાના વંશ વિના બીજાથી આ કામ બની શકે તેવું નથી" એ વચનો સાંભળી સભામાંથી રણસી, વીકમજી, અને રવાજી નામના ત્રણ દલ રજપુતો ઊભા થયા, અને તોગાજી સોઢા સાથે જવા જામશ્રી આગળથી રજા માગી, હુકમ મળતાં એ ચારે વીર પુરૂષો એકમત થઇ શત્રુના સૈન્ય તરફ ચાલ્યા, અને સૈન્યની નજીક જઇ, "કપડીકરી" (સફેત કપડું સુલેહના વાવટાની, નિશાનીનું બતાવવું તે) સૈન્યમાં દાખલ થયા ત્યાં શત્રુઓએ પૂછયું કે, તમે કેમ આવ્યા? "તેના જવાબમાં તેઓએ યુક્તિ રચી કહ્યું કે" અમો પરદેશી માણસો અન્ન જળને લીધે અહીં આવ્યા હતા. પણ હવે આપની મરજી નથી જણાતી તો અમો અમારે થાનકે પાછા જશું, આપ ફોજબંધી કરી અમોને મારવા આવવાનો શ્રમ શામાટે કરો છો?" આવાં વચનો સાંભળી, શત્રુની ફોજમાંથી કોઈ યોદ્ધો ગર્વીષ્ટ વચન બોલ્યો કે" એ ખડચર, ઢોર ઢાંખરને પાળનારા લોકો, આપણી તોપોનો ઝપાટો ઝાલી ન શકવાથી, વષ્ટી લઇ આવ્યા છે" એ સાંભળતાંજ તોગાજીએ અરજ કરી કે "અમને આપની તોપો જોવાની ઘણીજ ઊત્કંઠા છે. માટે મહેરબાની કરી દેખાડો" આ વાત સાંભળી કેટલાકે કહ્યું કે, "આમાંથી દગો થશે. અને કેટલાકે કહ્યું કે, તોપો દેખાડવાથી તેઓને વધુ ધાસ્તી લાગશે. આમ વાતો કરતા તોપો દેખાડવા ચાલ્યા. તોપણ તેઓની અંદર કેટલાએક સચેત આદમીઓ શસ્ત્રબાંધી તૈયાર રહ્યા, ચારે જણાઓ તોપો જોતાં જોતાં ધબોધબ્ય તોપોના કાનોને સાથે લાવેલા ખીલાથી હથોડીઓ વતે બંધ કરવા લાગ્યા, તે જોઇ તે તોપોના ચોકીદાર પાંચસો માણસ તેમના પર ધસી આવી તરવાર ચલાવવા લાગ્યા, એ વખતનું કાવ્ય છે કે–

॥ છપ્પય ॥

વહતોપાં રખવાળ, પંચ સતહ પેદળ મત ॥
પ્રથમ ધસી ઇણ ઉપર, ખાગ બાહી આરણખત્ત ॥
બીરહાક બાજંત, અડે દળ ઘુમંડ આયા ॥

ગ્રહ દળ એક તરફ, રુંક રથ રુંડ નચાયા ॥
તોગડે કાન ખીલે તહાં, ફિર કાટે ટંટ ફરહરા ॥
ચામંડ જેમ સોઢો સચત, પગ દળ થોભે ઇણપરા ॥ ૧ ॥
ખીલે તોપ ખીલીયાં, પાડ ઝંડા પતસાઇ ॥
ઊક્રસ ખળ ઊપરાં, બળે ખગ ઝાટ બજાઇ ॥
હૂઇસ બીરાં હાક, સણી ત્રહુંરાય સટકાં ॥
ચડ ભડ આયા ચોક, લિયણ ખગધાર લટકાં ॥
ઝટકાળ બોહ મચતે ઝડી, આયલખાં લખ ઝુમીયા ॥
તિણ તાળ અંગ તોગા તણેં, ઘાવ ચોરાસી ઘુમીયા ॥ ૨ ॥ વિ. વિ.

અર્થ—પાંચસો પેદળ માણસોએ આવી તેઓના ઉપર તરવાર ચલાવી વીરહાંકો થવા લાગી ફોજમાં પણ જાણ થઇ ગઇ અને માથાઓના અને ધડોના ઠગલા થતા લાગ્યા. આ પ્રમાણે યુદ્ધ કરતાં તોપોના કાન બંધ કરી શત્રુના ખડા કરેલા ઝંડાને પણ પાડ્યો. ચામુંડરાય નામના સામંતે જેમ જયચંદ રાઠોડનું સૈન્ય થોભાવી રાખ્યું હતું. તેમ તોગાજીએ શત્રુના સૈન્યને થોભાવી, ધણીનું કામ બજાવ્યું, તે વખતમાં યુદ્ધ કરતાં કરતાં સોઢા તોગાજી વિગેરેના અંગમાં લગભગ ૮૪ ચોરાસી જખમો હતા.

ઉપરનું અદ્‌ભુત પરાક્રમ જોઇ, ભાણજેઠવો, તથા અન્ય રાજાઓ તે વીરોનાં વખાણ કરવા લાગ્યા, કે "ધન્ય છે, તેના માતપિતાને કે તેઓએ મરણ આગમી આપણી ફોજમાં આવી તોપોના કાન બંધ કરી આપણી લાજને બટો લગાડયો, હવે આપણી ફોજમાં એવો કોઇ શૂરવીર પુરૂષ છે કે "શત્રુની ફોજમાં જઈ, જામરાવળજીને મારી આવે" આ વાકયો સાંભળી, જાંબવેચા ઝાલો કરશનજીએ પોતાના વંશની કિર્તિ ઊજ્વળ રાખવા, અને ધણીનું નીમક હક કરવા તરવાર ઊઠાવી સલામ કરી,

આજ્ઞા મળતાં કરશનજી જાંબવેચો પોતાનો ઘોડો તૈયાર કરી, હાથમાં ભાલું લઇ, જામ સાહેબના સૈન્ય તરફ ચાલતો થયો.

આ વખતે બરાબર મધ્યાહ્નકાળ હોવાથી. જામશ્રી રાવળજી પોતાના તંબુમાં આરામથી પોઢયા હતા. અને એજ તંબુની બાજુમાં તેઓના ભાઇ હરઘોળજી બાજોઠ ઢળાવી નાવા બેસતા હતા. આસપાસ કેટલાએક બીજમતદારો, ગરમ પાણીનાં ચરૂઓ, વિગેરે લઇ હાજર ઉભા હતા. છાવણીમાનું તમામ લશ્કર તે દિવસ વિશ્રાન્તિનો જાણી શાંન્ત હતું, કોઇ સુતા હતા. તો કોઇ બહાર ગયા હતા, સખત તાપથી છાવણીના પહેરગીરો પણ નજીકનો છાંયો ગોતી શાન્તિથી બેઠા

ઝોલાં ખાતા હતા. તેટલામાં ઝાલેા કરશનજી જાંબવેચે સેના નજીક આવી કપડી કરી એ કપડી નાવા બેઠેલા ઠાકેારશ્રી હરધેાળજીએ જોઇ તેથી તે વષ્ટી લઇ આવે છે એમ ધારી તેને છાવણીમાં દાખલ થવા દેવાનેા હુકમ કર્યો, તે જાંબવેચેા ચડયે ઘેારે જામસાહેબના તંબુ નજીક આવ્યેા. તેના હાથમાં એક સફેત કાગળનું પરબીડીયું (કવર) હતું તે પત્ર ઉંચેા કરી કહેવા લાગ્યેા કે. "આ મુલેહનેા કાગળ મારે ખુદ રાવળજામને હથેાહથ આપવાનેા છે."

હજુરીઆઓએ તે કાગળ માગતાં તેણે આપ્યેા નહિં. ને કહ્યું કે જામસાહેબ સીવાય હું કેાઇને નહિં આપું" એ સાંભળી ઉઘાડે શરીરે નાવા બેઠેલા ઠાકેારશ્રી હરધેાળજીએ હાથ લંબાવી કહ્યું કે. " હું જામસાહેબ છું હું. લાવ તે કાગળ" આવનાર સ્વાર કંઇ જામસાહેબને ઓળખતેા નહેાતેા. પરંતુ આસપાસ ઉભેલા બીજમતદારેા અને 'જયઆશાપુરા જામેાજયતિ"ના રાજચીનથી ફરકતા વાવટા વાળા તંબુ નીચે રૂપાના બાજોઠ ઉપર નાવા બેઠેલા પ્રચંડ શરીર અને તેજસ્વી કાંતિવાળા રાજવીનેજ જામરાવળજી ધારી એ પત્ર તેઓશ્રીના (ભાઇ હરધેાળજીના) હાથમાં ચડે ઘેારેજ આપ્યેા. તુરતજ ઠાકેારશ્રી હરધેાળજીએ તે કવર ફેાડયું. આજુબાજુના ઉભેલાં માણસેાની દૃષ્ટિ પણ ફેાડાતા કવર ઉપરજ હતી. એ તકનેા લાભ લઈ આવેલા સ્વાર જાંબવેચે ઠાકેારશ્રી હરધેાળજીની ઉઘાડી છાતીમાં ભાલાંનેા જોરથી ઘા માર્યેા ને તે એકજ ઘાએ ઠાકેારશ્રી હરધેાળજી ત્યાંજ કામ આવ્યા. (વિ. સં. ૧૬૦૬) *

ભાલાનેા ઘા મારી જાંબવેચેા (કરશનજી) દોડતે ઘેારે પેાતાની છાવણી તરફ વળ્યેા, અને જામની છાવણીમાં દગેા દગેા એવેા જબરેા કેાલાહલ થવા લાગ્યેા, એ સાંભળી જામશ્રી રાવળજી જાગતાં પેાતાના પ્રિય બંધુ ઠાકેારશ્રી હરધેાળજી કામ આવ્યાના માઠા ખબર સાંભળી, જેમ લક્ષ્મણને મુરછા આવતાં શ્રીરામચંદ્રજીને થયું હતું તેમ દુઃખ ઉત્પન્ન થતાં ઘણાજ દીલગીર થયા પરંતુ ક્ષાત્ર ધર્મ યાદ કરી, હીંમત લાવી હુકમ કર્યો કે "હરધેાળજીનેા માર જીવતેા જવા પામે નહી જલદી પાછળ ચડેા અને મારેા" હુકમ મળતાંજ શૂરવીર સામતેા પાછળ પડયા એ વિષેનું કાવ્ય છે કે–

॥ છપ્પય ॥

ઢળે ભોમ હરધોળ, પ્રાણ મુગત અત પાયો ॥

---

* આ લડાઇ વિભાવિલાસમાં જામનગર વસાવ્યા પહેલાં થઇ હતી તેમ લખેલ છે. પરંતુ બીજા ઇતિહાસમાં આ લડાઇ વિ. સં. ૧૬૦૬ માં થયાનું લખેલ છે. વળી ધ્રોળના દફ્તરમાં ઠાકેારશ્રી હરધેાળજી વિ. સં. ૧૬૦૬ માં મીંડાઇના યુદ્ધમાં કામ આવ્યાનું લખેલ છે. તે ખરૂં છે. જામનગર વિ. સ. ૧૫૬૬ માં વસ્યું તેથી આ યુદ્ધ જામનગર વસ્યા પછી લગભગ દશવર્ષે થયું છે;–

જે સુણ રાવળજામ, અંગ આપેં પછટાયો ॥
હૂઇસ કટકાં હાક, છૂટે સીંધવ છેંછાળા ॥
મરદાં જોર મરદ, અસા અણભંગ અટાળા ॥
બરદાય એમ રાવળ બરદ, આજકાજ મમ ઓળરો ॥
જીવત ન જાય આગેં જરુ, હવે માર હરધોળરો ॥ ૧ ॥ વિ. વિ.

ઉપરની રીતે પડકારા થતાં સહુ સામંતો ચડ્યા, ખુદ રાવળજામ પોતે પણ ચડ્યા પરંતુ જાંબવેચા કરશનજીનો ઘોડો પાણીદાર હતો તેમ નહી, પણ તેને ઝાઝું અંતર પડી ગયેલ હોવાથી કોઇપણ સ્વાર પહોંચી શક્યા નહિં.

ભદ્રેસરથી સખાયતે આવેલા અજાજીના કુમારશ્રી મહેરામણજી, (જ્યારે મદદે આવ્યા ત્યારે જામ રાવળજીએ કહ્યું હતું કે મારીબાને ધાવવું નથી તે) પોતાની પદ્મી નામની ઘોડી લઇ, ગરમી થતી હોવાથી બાજુના તળાવમાં નાવા ગયા હતા. કાંઠે કપડાં ઉતારી એક પોતીઆંભર, ઘોડીને તળાવમાં નાખી <u>તરમાડી</u> અને સેલારા દેવરાવતાં હતા. તેવામાં તેણે કોલાહલ સાંભળ્યો કે, દગો દગો દગો મારો મારો મારો, જાય નહિં દુશ્મન જીવતો જાય નહિં, આવા હૃદય ભેદક પોકારો સાંભળતાં તેઓ તુરતજ તળાવમાંથી ઘોડીને કાંઠે લાવી લુગડાં ઉપર પડેલી પોતાની 'સાંગ' (એ નામનું હથીયાર) લઇ, ભીને પોતીએ તે સ્વારની પાછળ પડ્યા, પદ્મી, ઘોડી માત્ર ચારજ વર્ષની વછેરી હતી, દોડાવતાં દોડાવતાં લગભગ થયા પરંતુ કરશનજી જાંબવેચાના ઘોડાને અને પોતાની ઘોડીને અઢાર કદમનું અંતર ભાંગે નહિં એ વિષેનું કાવ્ય છે કે–

॥ છપ્પય ॥

જાતો ખુંની જાણ, અગેં મહેરાણ અજાણી ॥
પદ્મી ઘોડી પુંઠ, તતખણ મેલે તાણી ॥
આગેં ભાગો જાય, ભોમ અંતર નહ ભાંગે ॥
આણે મન ઉચાટ, લેખ લખ દાવ ન લાગે ॥
મું અગેં જાય સત્રહરમળી, હું તો જીવત હાર હું ॥
ઘણકરાં અબે ઉપઘાત ઘટ, મેં નાં દુશ્મન મારહું ॥

(૨)

અસી બાજ ઉડણી, પવન બેગહ પડકારી ॥
ત્રૂટી તારા જેમ, ધીર પંખણ ધજધારી ॥
બરછક જોર બરાડ, ભીમ ભારથ બછટો ॥

કરેશ ક્રોધ ક્રતાંત, તંત લેવા કર ત્રટો ।.
* ક્રમ અઢાર માથે ક્રમણ, બોહ અત્તંગાં બાઢીયો ॥
સત્રંગ જરદ અસ સોંસરો, કૂંત ત્રહુંસર કાઢીયો ॥ વિ. વિ.

(૨)

અર્થ—શત્રુને નાશતો જાણી. કુંવર મહેરામણજીએ પોતાની પટી ઘોડીને તેના પાછળ હાંકી મેલી તો પણ પૃથ્વીનો અંતર શત્રુ વચ્ચે તેટલો ને તેટલોજ રહેવા માંડયો, તેથી મહેરામણજી મનમાં વિચાર કરવા લાગ્યા કે " મારી આગળથી શત્રુ જીવતો જાય તો મારા જીવતરને ધિક્કાર છે. શત્રુને જો હું મારી નહિં શકું તો આપઘાત કરી મારો દેહ પાડીશ. " આવો વિચાર કરી ઘોડીને પડકારી, આકાશના ખરતા તારાની પેઠે અને ભક્ષ માથે ગરજ પક્ષી પડે તેમ શત્રુના ઘોડાવાંસે મોટા વેગથી દોડાવી. દોડતાં દોડતાં અઢાર કદમનો અંતર રહ્યો. તે વખતે ક્રોધ આણી મહેરામણજીએ ઘોડીને કુદાવી સ્વાર માથે " સાંગનો ઘા કર્યો, તે શત્રુના અંગને અને ઘોડાની કાંધને વીંધી (સાંગ) જમીનમાં ખુંચી ગઇ.

જામશ્રી રાવળજી તથા યોદ્ધાઓ ઉઘાડે શરીરે અને ઉઘાડી પીઠે ઘોડસ્વારને દુશ્મનની પાછળ પડેલો જોઇ, આશ્ચર્ય પામ્યા, દુશ્મન પડતાં તેઓ સહુ ત્યાં પહોંચ્યા, અને કુંવરશ્રી મહેરામણજીને ઓળખ્યા, એ વખતે મહેરામણજીનાં નેત્રો અતિ જોર કરવાથી બહાર નીકળી ગયા હતા, અને ઘોડીનાં મુઠીઆં પણ બેસી ગયાં હતાં, તે જોઇ રાવળજામે નીચે ઉતરી પોતાના હાથમાં રૂમાલ લઇ, મહેરામણજીના શરીર ઉપરની રજ લુવા માંડી; અને બોલ્યા કે " *હાલા તારા હાથ વખાણું કે પટી તારા પગ વખાણું " વળી જામરાવળે શાબાશી આપી તેનું કાવ્ય છે કે–

॥ દોહા ॥

ભ્રદરાવળ બરદાવીયો, રંગ ક્ષત્રી મહેરાણ ॥
પાણી રખીયો આપરો, પરસધ મેર પ્રમાણ ॥ ૧ ।
મહેરામણ જેસા મરદ, હોમમ આગેં હોય ॥
અમર કથ્થ રાખે ઇળા, સાધી કારજ સોય ॥ ૨ ॥
રણ જાંબેચો રાખીયો, માઝીભડ મહેરાણ ॥
તેંણ સમે કટકાં તણી, બાજી ઝડ બજડાણ ॥ ૩ ॥ વિ. વિ.

* લગભગ ૨૭ સતાવીસ ફુટનું અંતર હતુ.

* હાલાજીના વંશ જો હાલા કહેવાય, તેથી હે હાલા તારા હાથ વખાણું કે એક ઘાએ, સ્વારને ઘોડાને વીંધી શાંગ પૃથ્વીમાં ચોટી ગઇ, ને હે પટી ઘોડી તારા પગ કેવા કે ૨૭ ફુંટ ઠેકી તેના માથે પડી.

અર્થ—રાવળજી બીરદાવીને બોલ્યા કે હે શુદ્ધ ક્ષત્રિયમણિમહેરામણ! તેં ક્ષત્રિનું પાણી રાખ્યું તેથી તું મેરૂપર્વત જેવો પ્રસિદ્ધ થયો મારી આગળ મહેરામણજી જેવા જો શૂરવીર છે, તો હરધોળજીના મારનારને મારી, મારી લાજ રાખી અને પૃથ્વી ઉપર તે વાતને તેં અમર રાખી.

પછી મહેરામણજીને પાલખીમાં બેસાડી છાવણીમાં તેઓની સારવાર કરવા લઇ ગયા.

ઉપર મુજબ કરશનજી જાંબવેચો મરાણાના ખબર શત્રુના સૈન્યમાં થતાં તેઓએ મહાભારત યુદ્ધ મચાવ્યું. દોઢ લાખનું દળ જામશ્રી રાવળજીનું અને અઢીલાખનું દળ શત્રુઓનું મળતાં દારૂણ યુદ્ધ જામ્યું. એ મહાન યુદ્ધનું વર્ણન ચારણી ભાષામાં મેઘ (વર્ષાદ) નું "સાવ્યવરૂપક" હોવાથી અત્રે ટીકા સહિત આપવામાં આવેલ છે,.

॥ છંદ મોતીદામ. ॥

વહે ખગ હાકલ, હોય બિરાધ ॥ અઠાં ખત્ર તીરથ, ધાર અરાધ ॥
બજે પખ રોળસ, નાદ ત્રબાટ ॥ ઘણાં મનું આરણ, સાવણ ઘાટ ॥ ૧ ।
વહુ દળ બાદળ, રુપ બણાવ ॥ જીરાં વહુ બુંદસુ, ખેહ જણાવ ॥
બળો બળ બીજળ, તેજ બણાસ ॥ ખવે તિત રત, ખળોખળ ખાસ॥ ૨ ॥
ઘણે મંડ અંબર રુ, ઘર રંત ॥ ત્રંબાગળ નોબત, નાદ ત્રહંત ॥
અમો સમ બાદળ, કે લઘ આય ॥ ભડં સમરથ્થસ, તેંમ ભળાય ॥ ૩ ॥
કિતા લઘુ દીરઘ, વેગ કરંત ॥ ધરા હય પેદળ, પાવ ધરંત ॥
ઊપે બગ પંગત, સેત ઊદાર ॥ સુહે ગજ તેમ, ઊભે દંતસાર ॥ ૪ ॥
રતંબર અંબર, પીત સુરેષ ॥ સુહે ગજ ચાચર, રંગ બસેષ ॥
ઝલા ગજ તામ, ઝપેટત ઝુલ ॥ તવાં વહ વાયસ, વાય અતૂલ ॥ ૫ ॥
ઝુકે તિણ વાસવ, ચાપ ઝડાવ ॥ ચડે હય નેજ, ધજાસ ચડાવ ॥
કરે કર મોહ, કહક્ક કળાય ॥ પળંચર થોક, ગહક્ક ગળાય ॥ ૬ ॥
બકે લઘ દાદર, દીરઘ બોલ ॥ રણંકત ઘંટ, ગયં પખરોલ ॥
ધરં ધુરવા યત, બંધિય ધાર ॥ ધરે યત સોર, સળક્ક ધુહાર ॥ ૭ ॥
કળા બિજળા, યસ તેજ કડક્ક॥ વહે યત સોર, ભ્રખીજુ બડક્ક ॥
વણે પુન બાદળ, હોર બીહોર ॥ કિતા ધડ ફુટત, શોભ કરોર ॥ ૮ ॥
કહું કહું બીજ, પડંત સક્રોધ ॥ સત્રાં સિર ઘાવ, ખગાંકર શોધ ॥
જળં બરખા બુદ, બાદળ જાણ ॥ સરં ધર બાંણ, બહે સર ટાણ ॥ ૯ ॥

पडे गिर साम, जळं परनाळ ॥ खळंकत रुद्र, गयं पड खाळ ।
पयं थळ उपट, सामळ पाय ॥ भडां अंग घाव, जके भभकाय ॥ १० ॥
रणं खित श्रोण, पडे जळ रोस ॥ बडं गज पेदळ, केक विधोस ॥
चडे जळ लेहर, बेग चडाव ॥ अही उरझी मझ, अंत्रह आव ॥ ११ ॥
तयं तळके मछ, बूड तरंत ॥ किता कट हथ्थ, तडफ करंत ॥
कलेवर दीरघ, मघर केक ॥ भडं कह कोरम, शीश बसेक ॥ १२ ॥
अधं धड चालत, नाव असेख ॥ सरं सत भेज, सुफेन विसेख ॥
लघु कह झींगुर, मच्छीय लेख ॥ प्रतं कट अंगुल, रुप परेख ॥ १३ ॥
मनो खग कातर, सांतर मीन ॥ करं दम आमख, भाव सुकीन ॥
बडे कंद मूळ, तरंत बणाव ॥ भडां कह शीश, पडे यह भाव ॥ १४ ॥
प्रफूलत फूल, सनाळ प्रभाज ॥ सुहे यत काळज, फेफर साज ॥
जही मध घायल, हुंक गुजार ॥ पळंचर केक, बगं परकार ॥ १५ ॥
करेकइ घायल, मानव केल ॥ मनोहर खेलत, बाल सुखेल ॥
अवे कह जोगण, नावण आज ॥ अनंदीय गावत, गीत अवाज ॥ १६ ॥
बिरामन नारद, शंकर बीर ॥ तही खटक्रम, करे जळतीर ॥
रणं यह जाग, द्रशे रमणीय ॥ बिमानस रंभ, वरे वरणीय ॥ १७ ॥
रणंदुव पोहर, एम रचाय ॥ महा खग झाट, बिराट मचाय ॥
इवामृत जोखम, बार हजार ॥ पवंगम मानव, चत्र प्रकार ॥ १८ ॥
सनाहत रावळ, चत्र सहेस ॥ हते पुनी बाकीय, भूप लहेस ॥
हुवो रणजीतस, रावळ हाथ ॥ सन्या त्रहुंराज, भगी यकसाथ ॥ १९ ॥
हले इक कोस, स पुंठ हटाव ॥ बरजी य रावळ, कीध बचाव ॥
लगे रजपूत न, भागह, लार ॥ नित्ती खत्रवाट, रखे नीरधार ॥ २० ॥
सुणे कथ उभह, रावळ सेन ॥ मरं नृप पाछह, फेर मळे न ॥
अपोअप, थानक मारग आय ॥ बजंत्रह जामस, जेत बजाय ॥ २१ ।

અર્થ—વીરહાકો થવા લાગી ક્ષત્રિયો ધારાતીર્થમાં દેહને પાડવા તૈયાર થયા અને પાખરોના ધુઘરાના તથા ત્રાંસા વગેરેના અવાજ શ્રાવણના મેઘની નદિના પેઠે થવા લાગ્યા. બન્ને ફોજો વાદળાંની પેઠે સામ સામી ચાલવા લાગી મેઘના ફોરાંઓની પેઠે રજની કણીકાઓ પડવા લાગી, વીજળીની પેઠે તરવારોના સબાકા

થવા લાગ્યા, પાણીની પેઠે લોહી ખળકવાં લાગ્યાં, નાના મોટા વાદળાં સામસામા ભટકાય તેવી રીતે શૂરવીરો સામસામે અથડાવા લાગ્યા, બગલાની પંક્તિની માફક હાથીઓના દાંત દેખાવા લાગ્યા, આકાશમાં રાતાં તથા પીળાં વાદળાંની પેઠે હાથીઓના પચરંગી રંગથી રંગેલા કુંભસ્થળો તથા રંગબેરંગી ઝુલો દેખાવા લાગી, વાયુના ઝપાટાની પેઠે ઝુલોના ઝપાટા લાગવા માંડ્યા, ઇંદ્રધનુષની પેઠે ઘોડાપરના નીશાનો તથા ધ્વજાઓ શોભવા લાગ્યાં, કળાએલ મોરોની પેઠે માંસાહારી પક્ષીઓ ગહુકવા લાગ્યાં, નાના મોટાં દેડકાંઓની પેઠે હાથીઓના વીરઘંટ તથા ધુઘરાઓ બોલવા લાગ્યા, વરસાદ વર્ષતી વખતે વાદળાના શેરડાઓની પેઠે તોપોના ધુમાડા શોભવા લાગ્યા. વીજળીના કડાકાઓની પેઠે મોટી મોટી ઘણા દારૂનો ભક્ષ કરવા વાળી તોપોના ધમાકા થવા માંડ્યા, વર્ષી રહ્યા પછી રંગબેરંગી આકારો વાદળામાં દેખાય છે. તેવા કેટલાએક શૂરવીરોના શરીરો કુટી કુટી શોભવા લાગ્યાં કોઇ કોઇ જગ્યાએ વીજળી પડવાની પેઠે શત્રુઓના માથા માથે શૂરવીરોની તરવારોના ઘા પડવા લાગ્યા, વાદળામાંથી વર્ષતા પાણીના જુંદની પેઠે ભાથાં તથા કબાણોમાંથી બાણો વર્ષવા લાગ્યા. ડુંગરોની શીખરો ઉપરથી પાણી ખળકતાં હોય તેમ હાથીઓના અંગોમાંથી લોહી ધબકવા લાગ્યાં, જેમ વર્ષાદના સમયમાં પૃથ્વીમાં ફોડા ભભકે છે, તેમ શૂરવીરોના અંગમાં ઘા ભભકવા લાગ્યા મેઘની ધારાઓની પેઠે ઘોડા તથા પ્યાદળોના અંગોમાંથી લોહીની ધારાઓ ચાલવા લાગી, નદીઓના પુરમાં સર્પાદી જંતુઓ તણાય છે, તેમ આ લોહીની નદીમાં શુરવીરોનાં આંતરડાં તણાવા લાગ્યા, નદીઓમાં તરતાં માછલાંની પેઠે વીરોના હાથ તરવા લાગ્યા, મોટા મગરમછાની પેઠે શુરવીરોનાં ધડ દેખાવા લાગ્યા, કાચબાઓની પેઠે શુરવીરોનાં માથા શોભવા લાગ્યાં વહાણોની પેઠે શબો તરવાં લાગ્યાં પાણીના ફીણની પેઠે શૂરવીરોના માથા દેખાવા લાગ્યા, નાની માછલીઓની પેઠે વીરોનાં આંગળાં દેખાવા લાગ્યા, તણાતી તરવારો જળકાતરણી નામના માછલાની પેઠે દેખાવા લાગી, ગારાની પેઠે માંસનો કીચડ થયો, વરસાદથી વધતાં કંદમુળની પેઠે વીરોના અંગોનાં જુદા જુદા ભાગો દેખાવા લાગ્યા, કમળની માફક પ્રફુલીત વીરોનાં કાળજાં તથા ફેફરાં દેખાવા લાગ્યા, બગલાં વિગેરે કેટલાંએક પક્ષીઓનાં કોલાહલની પેઠે ઘાયલોના તથા માંસાહારી પક્ષીઓનાં કોલાહલ થવા લાગ્યા, ગળકાં ખાતા વીરો નદીમાં નાહવા પડેલા માણસોની પેઠે શોભવા લાગ્યા, જોગણીઓ રૂપી સ્ત્રીઓ, ખપરો રૂપી પાત્રો ભરી, લોહી રૂપી જળનું પાન કરવા લાગી, તથા ગીત નૃત વિગેરેનો આનંદ લેવા લાગી, નદીકાંઠે ષટકર્મ કરતા બ્રાહ્મણોની પેઠે, શંકર નારદ તથા વીર વિગેરે લોકો શોભવા લાગ્યા,

આવા મહાભયંકર દેખાવવાળી નદીને કાંઠે કેટલાએક વીરો અપ્સરાઓને વરી વિમાનમાં બેસી સ્વર્ગે જવા લાગ્યા, આવું ભયંકર યુદ્ધ બે પહોર સુધી રહેતાં શુરવીરોની તરવારોના સપાટામાં ૧૨ બારહજાર યોદ્ધાઓ કતલ થયા, અને બીજી સેના પણ ઘણી કતલ થઇ, જામશ્રીનાં ૪ ચારહજાર માણસો કામ આવ્યા. અને જામશ્રી રાવળજીની ફત્તેહ થઇ, લડાઇને અંતે ત્રણે (જેઠવા વાળા વાઢેર)

રાજાઓ નાઠા અને એક ગાઉ સુધી જામરાવળના સૈનીકો તેઓની પાછળ પડયા, ત્યારે તેઓને જામરાવળજીએ "નાસતાની પાછળ થવાનો ક્ષત્રિય ધર્મ નથી" એમ સમજુતીનાં વાકયો કહેવરાવી પાછા વાળ્યા, શત્રુ તરફના સર્વ રાજાઓ જુદા જુદા ભાગી સઉ સઉને સ્થાનકે જતા રહ્યા પછી જામસાહેબે ફતેહના ડંકા બજવરાવી રણક્ષેત્ર સંભાળ્યું.

જામશ્રી રાવળજી પોતાના સામંતો સાથે ઘાયલ પડેલાઓની સંભાળ લેવા લાગ્યા. ત્યાં તોપોના મોરચા આગળ સોઢા તેગોજી, દલ રવોજી, તથા રણસિંહજી, અને વિક્રમજી એ ચારે વીરોને ચોરાશી ચોરાસી જખમોથી જોયા, તેથી તેઓને તુરતજ ડોળીમાં નખાવી છાવણીમાં મોકલી બીજાઓને તપાસવા લાગ્યા, તે વખતે અજો સુમરો ૧૪૦ સુમરાઓની સાથે રણમાં પડેલો જોવામાં આવ્યો. ત્યાંથી આગળ ચાલતાં પબા નામનો લાડક અને બીજા પણ કેટલાએક લાડકો તથા ચીંગળ જાતના આહીરો ધણીનું નીમક હક કરવા વાસ્તે રણમાં પડેલા જોવામાં આવ્યા, બધું રણક્ષેત્ર તપાસી કેટલાએક ઘાયલોને મુકામે પહોંચતા કર્યા. અને જેઓના પ્રાણ છુટી ગયાં હતા તેઓમાં, હિંદુઓને અગ્નિદાહ દીધો. અને મુસલમાનોને દફનાવ્યા, અને શત્રુની છાવણીમાંનો કેટલોએક સરાજામ હાથ કરી પોતાને મુકામે પધાર્યા.

ભાઇશ્રી હરધોળજી કે જેઓ પ્રથમથીજ કામ આવ્યા હતા. તેમને સંભાળી માંડવી બનાવી પોતાના હાથે દાહ ક્રિયા કરી, તે પછી ઠાકોરશ્રી હરધોળજીના કુંવર જશાજીને તથા મહેરામણજીને (આરામથવાથી) બોલાવી કેટલાએક વીરો સાથે આપી, ભાગી ગયેલા જેઠવા તથા વાઢેર રાજા ઉપર ચડાઇ કરવાનો હુકમ કર્યો.

યુદ્ધમાં અર્જુન સરખા બંને યોદ્ધાઓએ ચડાઇ કરી પ્રથમ ભાણવડ ગામ ઉપર હલ્લાં કરીને ગામ ભાંગી કેટલાએક વીરોને માર્યા. ત્યારે કોઇથી ન ભાગે તેવો ભાણ જેઠવો, સઘળો વૈભવ પડતો મુકી જાન બચાવી નાસતાં તેને રણની બાડી ઉતાર મુકી આવ્યા, ને તે પછી સાંગણજી નામના વાઢેર ઉપર ચડાઇ કરી નંદાણા ગામને ઘેરો ઘાલ્યો, હલ્લાં કરી ગઢના દરવાજા તોડી, સાંગણ વાઢેર તથા તેના સર્વ યોદ્ધાઓનો નાશ કરી ફતેહ મેળવી ત્યાં જામશ્રીના થાણાં સ્થાપી જામશ્રી રાવળજી હજુર આવી સર્વ શુભ સમાચારો કહ્યા.

એ પ્રમાણે જામશ્રી રાવળજીએ જેઠવાઓને હાલારમાંથી કાઢીઓને ભાદર નદીના દક્ષિણ કિનારની પહેલી પાર સુધી, દદાઓને મચ્છુનદિનો પૂર્વે, અને વાઘેલાઓને ઓખાના રણની પહેલી પાર, હાંકી કાઢયા,– (વિ. સં. ૧૬૦૬)

મીઠાઇના યુદ્ધમાં ઘાયલોને પાટા પીંડી (સારવાર) કરી તેમાં તેગાજી સોઢા વિગેરે ચારેને સખત જખમો થયેલાં હતાં તેઓ પણ સાજા થઇ ગયા હતા. જામશ્રી રાવળજી મીઠાઇના યુદ્ધમાં ઠાકોરશ્રી હરધોળજી કામ આવ્યા તેથી અહોનીશ

ઉદાસ રહેતા હતા. પરંતુ વિદ્વાન કવિઓના ઉપદેશથી ઘણી લાંબી મુદતે પણ શોગ છોડ્યો હતો. તે વિષેના કાવ્યો છે કે.

॥ છપ્પય ॥

સમહે સાસ ઉસાસ, સદા હરધોળ સભારથ ॥
હો બંધવ હિતકાર, પંડ રણ કહિયે પારથ ॥
તોડ તમાયચ તખત, લગે દાવસ ધરલીધી ॥
વાઢ ધમળ ચાવડો, કસે ધ્રોળહ સરકીધી ॥
ધર નાગ લીયે પુનિલિહણધર, રટણ એમ રાવળ રહા ॥
હરધોળ જશા જોખમ હુવા, કહો ઉછરંગ ખાટણ કહા ॥ ૧ ॥

॥ કવિ વચન છપ્પય. ॥

કહે સોડ કવિયંદ, સવહ જોખમ પૃથ્વીસર ॥
અલ સુરાતણ ઉબર, અંતજસ રહેસુ અમર ॥
રાવણ ભડીયા રામ, કામ લખમણ અતકીધો ॥
કાપે રણ દશકંધ તખત, વિભીષણ દીધો ॥
પ્રમધામ પૂગ હરધોળ પ્રમ, સત્રહર ધર ખાટીસહે ॥
રજપૂત મરણ ખગધાર રણ, યહ તો ઘણ ઉછરંગ હે ॥ ૨ ॥ બિ. વિ.

અર્થ—ઘણી ઉદાસી બતાવી જામશ્રી કહેવા લાગ્યા કે હે બંધવ! તારી ભુજના બળથી આ સર્વ શત્રુઓને જેર કરી ફતેહ મેળવી, તો હવે તું જેવો ભાઇ જતાં મને બીજી પૃથ્વી ખાટવાનો કાંઇપણ ઉત્સાહ રહ્યો નહીં. આવાં જામશ્રીના વચનો સાંભળીને વિદ્વાન કવિઓ કહેવા લાગ્યા કે, મહારાજ આ પૃથ્વીને નિમેત્તે અનાદી કાળથી એમ થતુ આવેલ છે રામ રાવણના યુધ્ધમાં પણ લક્ષ્મણજી યુદ્ધમાં મુર્છાખાઇ પડયા હતા. એ યુદ્ધમાંજ ફતેહ મેળવી રામે વિભીષણને ગાદી આપી હતી. ક્ષત્રીયોના ધર્મ પ્રમાણે તરવારની ધારવડે યુધ્ધમાં મૃત્યુ પામનાર, સ્વર્ગે જાય છે. અને તેનું નામ પૃથ્વીમાં અમર રહે છે, આમ સમજી હરધોળજીનો શોક કરવો લાયક નથી.

ઉપરના વિરજનાં ઉપદેશી વચનોથી જામશ્રીએ ઠાકોરશ્રી હરધોળજીના કુમારશ્રી જશાજીને ધ્રોળથી તેડાવી હરધોળજીનો શોગ છોડાવ્યો. અને ઠાકોરશ્રી જશાજીને હીરપાવ, તરવાર, તથા કેટલાએક ઘોડાઓની બક્ષીસ કરીને હરધોળાણીની પાઘડી બંધાવી કહ્યું કે, "હવે તું મારે મન હરધોળજી તુલ્ય છો" એ પ્રમાણે દીલાસો દઇ વિદાય કર્યા.

જામશ્રી રાવળજીએ માતાજીના વચન ઉપર વિશ્વાસ રાખી, રાજસત્તા જમાવતાં જગતંબાના વચન પ્રમાણે હાલારના ધણી થયા, અને "પશ્ચિમના પાતશાહ" કહેવાયા, સર્વસ્થળે શાન્તિ પ્રસરતાં પોતાના ભાઇઓ, અને શુર સામંતો વિગેરેને જાગીર (ગીરાસ) આપવાનો વિચાર કર્યો, અને કોને કોને કયા કયા ગામો આપ્યાં તે નીચેના કાવ્યમાં છે.

॥ છપ્પય ॥

બરસહ એમ બીહાય, બંધવ સુત બેગબુલાયે ॥
સભાતેડ સબ સોડ, આપ સીંઘાસણ આયે ॥
લિખ લિખ રાવળ લેખ, રેંણ બાટી રજપૂતા ॥
ખીતહ મોડ ખંદેર, સતન લખધીર સપત્તા ॥
રવાદૂંત ખંભારડો, બારગામ સહ બગસીયો ॥
સેષંસપાટ સોઢા સધર, દેખ લેખ જામ સુ દીયો ॥ ૧ ॥
ખાખરડો લખગ્રામ, અપે મહેરાણ અજાણી ॥
બારા ગામ બગસ, વહે રાઉ બાખાણી ॥
નજ નોંઘણસ બજીર, ખ્યાત દીધો ખીમલીયો ॥
સૂહરડા સુ સમેત, મહા લાડક સુમલીયો ॥
વળે કબર વીસોતરી, સૂમર નેં કનમૂમરા ॥
ગામ દલાં મેમાંણ ગણ, ગ્રાસ દ્વાદશ ગામરા ॥ ૨ ॥
મોહદ મોડાબાર, બાર કજુડો બાળાચહ ॥
રધકાનાં રોચેલ, જીયા જાખર અજાચહ ॥
હાપા ટોડા વાસ, અપે આહીર મયાતર ॥
મતવા મતવા દીધ, દીધ ધુંધણ ધમણ ધર ॥
સેરડી ગરાંભડી સાંસણ સરસ, પાત્ર તુંબેલસ અપીયા ॥
રાજગુરુ ગ્રાસ સાંસણ રધુ, થર ધર રાવળથ્થાપીયા ।' ૩ ॥ વિ. વિ.

અર્થ—એક વર્ષ વીત્યા પછી, કચેરી કરી સિંહાસન માથે બીરાજી સુર સામંતોને બોલાવી, સર્વને ગરાસ દેવાનો વિચાર કર્યો, પોતાના ભાઇબાંડીને બાર ગામ સહિત ખંદેરા, રવાજીને ખંભાળીઉં, તોગાજી સોઢાને સેખપાટ, વિગેરે ગામ, મહેરામણ અજાણીને બાર ગામથી ખાખરડું, રાઉને બાર ગામથી બારા નોંઘણ વજરને ખીમલીઉં, બીજા લાડકોને સુવરણું, કબરજીને વીશોત્રી, સુંમરાઓને કનડસુંમરા, દલને બારગામથી મેમાંણું, મોડશાખાના રજપુતોને બાર-

ગામથી મોડા, બાલાચોને બારગામથી કર્યું, કાનાઓને બારગામથી રેઘેલ, જીઆઓને ઝાંખર હાપાઓને ટોડા, પીંગળ આહીરોને અર્યાંતરૂં મતવાઓને મતવા આપ્યું. તથા બીજા કુંધણ ધંમણોંને, પણ જમીન આપી, શેરડી તથા ગારાંભડી, નામના બે ગામો પોતાના દશોંદી ચારણો (તુબેલોને) આપ્યાં, રાજ-ગોરોને પણ ગીરાસ આપ્યો, આ પ્રમાણે સર્વને ગીરાસ આપી સ્થિર કર્યા.

॥ દોહો ॥

દેદ્યતમાચી મારીયો, માર્યો પ્રથમ હરમીર ॥
કાઠી, જેઠી, બાબીપ્યા, સાત્રવ ગંજ્યા શીર ॥ ૧ ॥ વિ. વિ.

એ મુજબ પાંચે દુશ્મનોને મારી, નિષ્કંટક રાજ્ય કરવા લાગ્યા.

રાવળજામનો દરબાર અને 'કાવ્યની પાદપુર્તી'

એક વખત જામશ્રી રાવળજી પોતાના અમીર ઉમરાવો સૂરસામંતો અને કવિ પંડિતો સાથે બીરાજી વાર્તાવિનોદ ચલાવતા હતા. તેવામાં ચોપદારે આવી જાહેર કર્યું કે "કોઇએક મહા કદાવર અને વિચિત્ર વેશનો ચારણ" આપશ્રી હજુર આવવા રજા માગે છે–

જામશ્રી રાવળજી ચારણોને ઘણુંજ ચાહતા હતા, એથી ગમે તેવો ચીંથરે હાલ ચારણ આવે તેનો પણ યોગ્ય સત્કાર કરતા, આવા દાનશીલ સ્વભાવશાળી રાજવીએ, આવેલ ચારણને દરબારમાં લાવવા આજ્ઞા આપી.

આવનાર ચારણ, અવળી રૂંછાવાળો શરીરે કદાવર, શામવરણો પોશાકમાં માત્ર પખતા પાયજામા સાથે પછેડીની ભેંઠ અને માથે પાઘડી, બાંધેલ બંભે ધાબળો હાથમાં લાકડી, એવા અલંકારવાળો મોટી મુછો અને ડાઢીવાળો, સભામાં આવી "જામરાવળને ઘણીખમા" સરવે "ડાયરાને રામ રામ છે, એમ કહી સભાવચ્ચે આવી ઉભો રહ્યો; સર્વ તેનો વેશ અને ભાષા જોઇ પુછવા લાગ્યા કે, તમો કેવા ચારણ છો? તમારૂં નામ શું? કયાં રહો છો? અને કયાં જાઓ છો. વગેરે પ્રશ્નોના જવાબમાં તેણે જણાવ્યું, કે "હું બાળધા શાખાનો ચારણ છું, ગોધણશી મારૂં નામ છે; તેથી લોકો મને 'બળધા ગોધા' કહીને બોલાવે છે, અને 'ખડસોખડા' નામના ગામમાં રહું છું, "ઉપરનાં વાકયો સાંભળી સહુ હસવા લાગ્યા, અને આપસ આપસમાં, વાતો કરવા લાગ્યા કે" ના, ના, છે તો બરોબર નામ ઠામ કેમકે નામે ગોધો શાખે પણ બળધો ને ગામ પણ ખડશોખડા (એટલે બળધને ગોધાને ખડ ખાવા જોઇએ) તે બરોબર છે, કચેરીમાંના કોઇ બીજા બેઠેલા ચારણે તેને કહ્યું કે, "બળધા ગોધાજી ખડશોખડા મેલી આંહી શું આવ્યા?

ઉપરનો મરમ તે દેખાવમાં જટ જેવો ચતુર ચારણ સમજી ગયો. કેમકે તેણે પોતાના નામ ઠામ ગામ વગેરે કહ્યા તે ઉપર સહુ હસતા હતા તે જોઇ તુરતજ તે ચેત્યો કેમકે ચારણો વિષે એક કહેવતનો પ્રાચીન દુહો છે કે.

॥ દુહો ॥

चारण चारे वेद, वणपढीओ वातुं करे ॥ ✕
भांखे अगमभेद, जेनी जीभे सरस्वती ॥ १ ॥

અર્થ—ચારણ વગર ભણેલો ચારે વેદની વાતો કરે અને ગમ ન પડે તેવા ભેદો કહી બતાવે કેમકે તેની જીભાને કાયમ સરસ્વતિ વાસો કરીનેજ રહેલ છે.

એ પ્રમાણે આવેલ ચારણ "બળધા ગોધાએ" જામરાવળજીના વિદ્વાન ચારણોનો ઘુમંડ ઉતારવા કહ્યું કે. "હું દ્વારિકા નાથના દર્શન કરવા જાઉં છું. પણ રસ્તામાં જામનગર આવતાં સાક્ષાત્ કૃષ્ણ પરમાત્માના વંશમાં જન્મેલા મહાદાનેશ્વરી "રાવળજામ"ના દર્શન કરવા ઇચ્છા થતાં હું આંહી આવેલ છું. અને એ મારી ઇચ્છા આજે જામરાવળજીનાં દર્શન થતાં પુરી થઇ છે. એટલે હવે હું દ્વારિકા જાઉં છું પણ હે રાવળજામ (જામશ્રી રાવળજી સામું જોઇ કહ્યું કે) હું એક દુહાનું અર્ધું ચરણ કેતો જાઉં છું. તે હું દ્વારિકા પરથી પાછો આવું ત્યાં સુધીમાં તમારા રાજકવિઓ એ દુહો પુરો કરી આપે તેવો હુકમ ફરમાવો એમ કહી નીચેનું પૂર્વાર્ધ બોલ્યો કે.

॥ દુહો ॥

अधर गयण वळंभ रहि, कव चडीया तोखार ॥

ઉપરનું પૂર્વાર્ધ બોલી તેની પાદપુર્તી રચવાનું કહી તે ચારણ સભામાંથી ચાલતો થયો. બપોરનો જમવાનો ટાઇમ હતો. તેથી જમીને ચાલવા ઘણો આગ્રહ કર્યો પણ તે રોકાણો નહીં અને વળતાં આવીશ ત્યારે રોકાવાનું કહી દ્વારિકાને રસ્તે તે ચાલતો થયો.

જામશ્રી રાવળજીએ તમામ કવિઓને બોલાવી. ઉપરનો અર્ધો દુહો, પુરો, (પાદપુર્તી) કરવા હુકમ ફરમાવ્યો, કવિશ્વર ઇસરદાસજી તે વખતે જામનગરમાં ન હતા. તે સિવાયના બીજા ઘણા કવિઓએ તે ઉપર વિચાર ચલાવ્યો. પરંતુ કોઇપણ પદ બરોબર બંધ બેસતું થાય નહીં, એથી જામશ્રી આગળ તે સઘળા-ઓએ મુદત માગી, મુદત મળતાં સહુએ મળી ઘણો વિચાર કર્યો, છતાં પાદપુર્તી પૂર્ણ થાય તેવું લાગ્યું નહીં અને અન્યોન્ય કહેવા લાગ્યા કે "આ શમશ્યા પુર્ણ થશે નહીં, અને આપણી અપકીર્તિ થશે, તો હવે શું ઉપાય કરવો, ઉપરનો વિચાર કરતાં એક વૃદ્ધ કવિએ જણાવ્યું કે દ્વારીકાં જઇ ગોમતીજીમાં સ્નાન કરતી વખતે કોઇપણ કામ અધુરૂં રખાય નહીં, એ પુરૂં કરી પછી સ્નાન કરાય, એવો અનાદિ કાળથી નિયમ છે. માટે આ દુહો તે 'બળધો ગોધો' જરૂર ગોમતી કીનારે પુરો કરશે, "માટે તેના પાછળ એકાદ બે, આપણા હુશિયાર (નાના) છોકરાઓ જાય, ને તેના સાથે છુપી રીતે ફર્યા કરે, અને તે ગોમતીમાં સ્નાન કરતી વખત, આ દુહો, પુરો બોલે કે તુરતજ તેણે યાદ કરી લઇ તેની પહેલાં આંહી પાછા આવતા રહે" ઉપરનો વૃદ્ધ પુરૂષનો વિચાર સર્વને ઠીક જણાતાં

બે, નાના ચારણ બાળકોને ઉપરનો અર્ધો દુહો, યાદ કરાવી બાકીની કડી, યાદ કરી શીખી લાવવાની ભલામણ કરી, તુરત તેના સાથે મળી જવાનું કહી, રવાના કર્યા, તેણે દ્વારિકાં જઈ, આપેલી નિશાની ઉપરથી બળધા ગોવાને ઓળખી કાઢી તેના પાછળ ફરવા લાગ્યા, ગોમતીજીમાં સ્નાન કરતી વેળા ગોરે કહ્યું કે "કંઇ અધુરો સંકલ્પ હોય તે પુરો કરવો પછી સ્નાન કરવું" તે ઉપરથી તેણે ઉપરનો દુહો પૂર્ણ કર્યો, અને તે બોલ્યા કે–

॥ દોહો ॥

અધર ગયણ વળંભ રહી, કવ ચડીયા તો ખાર ॥
(તેં) ઉતાર્યો લખધીર, રા; ભોરીંગ શરથી માર ॥ ૧ ॥

એમ કહી જે ગોમતી મૈયા કહી સ્નાન કરવા લાગ્યા, ઉપરના બંને ચારણ બાળકોએ ઉતરાર્ધની કડી બરોબર યાદ રાખી ગોખી લીધી, અને જામનગર આવી, પોતાના વડીલોને સંભળાવી, અને તે બરોબર બંધ બેસતી કડી મળતાં તેઓ સહુ ઘણાજ ખુશી થયા, અને તુરતજ જામશ્રી રાવળજી આગળ જઇ, તે દુહો પૂર્ણ લખી બતાવ્યો આ ઉપરથી જામશ્રી પણ ઘણાજ ખુશી થયા, થોડા દિવસો વીતતાં તે ચારણ (બળધા ગોવા) જામનગર આવ્યો. અને કચેરીમાં આવી તે દુહો પૂર્ણ બોલવાની ઉઘરાણી કરી કે તુરતજ એક કવિએ તે દુહો પૂર્ણ બોલી બતાવ્યો.

દુહો સાંભળી તે બોલ્યો કે "આ ઉતરાર્ધ તો મારૂંજ બનાવેલ બોલાય છે, આ વાતમાં ભેદ છે. મને કંઇ સમજણ પડતી નથી, પણ એટલું નકી કહું છું કે ઉપરનો દુહો અક્ષરે અક્ષર મારો બનાવેલ છે," એ સાંભળી સર્વ કચેરી મંડળે તેની વાતને હસી કાઢી, અને આવી ન બનાય તેવી વાત કહો છો તેમ કહી કેટલીક ઊડાનબાજી ચલાવી, એ જોઇ તે ઘણોજ ઉદાશ થયો. આ બનાવ સાંભળી જામરાવળજી પણ કંઇક વીમાશણમાં પડયા, ખરૂં શું હશે! તેનો વિચાર કરવા લાગ્યા, ચારણે સરસ્વતિને સંભારી કહ્યું કે "હે દેવી તું મને જુઠો પાડયમાં તારા પ્રતાપે, આવી દેહની આકૃતી છે તોપણ સર્વત્ર પુજાઉં છું. તો હે જગદંબા એકવાર મને સાચો ઠરાવ, આમ પોકાર કરતો ચાલવા લાગ્યો, એટલે જામરાવળજીએ તેને અતી આમહ કરી રોકી ઉતારો આપ્યો, અને કચેરી બરખાસ્ત થતાં જામશ્રી દરબારમાં પધાર્યા.–

જામશ્રી રાવળજી જનાનામાં માનીતી રાણીને મહોલે પધાર્યા, તે વખતે રાણીજીએ પોતાનું માથું, ધોયેલુ હતું, તેથી તેને સુકવવા માટે ઝરૂંખાની બારી પાસેના પલંગ ઉપર સુધ માથાના વાળ, ઓશીકા ઉપરથી પલંગ નીચે લટકતા રાખી, સુકવતાં હતાં, સુકવતાં સુકવતાં પાસેના ઝરૂંખાની ઠંડી હવા આવતાં નિદ્રા આવી ગઇ, ત્યાં રાવળજામ ઓચીંતા પધાર્યા, અને ત્યાં તેણે એક આનંદ દાયક નીચેનો બનાવ જોયો,

રાણીના કેશ કલાપ ભીના હોવાથી તેમાંના પાણીના કોઇ કોઇ વખત ટીપાં ઝરતાં હતાં, પલંગના ઓશીકાની નજીકનાં ઝરૂખામાં એક સુંદર પક્ષી, બેઠું બેઠું તે જોયા કરતું હતું. ચોટલાના વાળમાંથી નીતરતું પાણીનું બુંદ સફેત ચોખાના આકારનું તથા મોતીના જેવું વાળને છેડે જણાતાં તે પક્ષી તે લેવા નજીક જતું ત્યાં તો તે ટીપું (બુંદ) નીચે પડતાં અદૃશ્ય થતું, ફરી થોડો વખત જતાં પાછું ત્યાં બુંદ જામતું (ટીપું બનતું) તેને તે પક્ષી જ્યાં ફરી લેવા જતું ત્યાં તે ટીપું પણ લોપ પડી નષ્ટ થતું, પાછું તે વાટ જોઇને ઝરૂખામાં કેશના સામું જોઇ બેસતું આમ ઘણો વખત તે પક્ષી એ મોતી જાણી લેવા મહેનત કરી પણ ટીપું નીચે પડી અદૃશ્ય થતાં તે ઝઝકાય જતું. એ બનાવ જામ રાવળજીએ ત્યાં છુપાઇને ઘણો વખત જોયો છેવટ પક્ષી નીરાશ થઈ ઉડી ગયું, એ મનોહર પક્ષીની સુંદરતાએ તથા મોતી કે ચોકખો સમજી પાણીને લેવા જતાં તે નષ્ટ થતાં પક્ષી નીરાશ થઇને ઝઝકાય જતું ને ફરી આશાવાદી થઈ વાટ જોઈ ઝરૂખામાં બેસતું તે આનંદદાયક બનાવે જામ રાવળજીને મોહીત કર્યા, અને તે ચીત્તાર આખી રાત્રી નજરે તર્યો, પ્રભાત થતાં કચેરીમાં પધારી માત્ર નીચેની એકજ તુક બોલ્યા કે, "ઝઝક ઝઝક ઝઝકાય" કચેરીમાં કોઈ અમીર ઉમરાવ કે કવિઓ વિગેરે આવતા તેને ઉપરનુંજ વાક્ય કહેતા ભોજરાજાની વાત માફક જામ રાવળજી પણ કોઈ સામી બીજી કંઇપણ વતચીત કરતા નહિં, માત્ર ઉપરનુંજ વાક્ય બોલતા આવી વિચિત્ર સ્થિતિ જોઇ સહુ વિસ્મય પામ્યા. ઘણા શાસ્ત્રી પંડિતોએ સભામાં તે ઉપર વિચાર ચલાવ્યો પણ કોઇના સમજવામાં તે કારણ આવ્યું નહિં. કવિશ્વર ઇશરદાસજી તે વખતે જામનગરમાં ન હતા કંઈ કામ પ્રસંગે બહારગામ ગયા હતા. તે હકીકત ઉપર આવી ગઇ છે, પરંતુ બીજા ચારણ કવિઓએ ખુબ મગજ ચલાવી તર્ક વિતર્ક કર્યા પણ એ વાક્યની કોઇ કવિ પુરતી કરી શક્યો નહિં. સભામાં બીજી કંઇ વાતચીત ચાલતી ન હોય અને જામ રાવળજી પણ બીજી કંઇ પણ વાત ઉપર લક્ષ આપતા નહિં માત્ર ઉપરની તુક વારંવાર બોલ્યા કરતા, તેથી છેવટ જેશા વજીરે આગલે દહાડે આવેલા કવિ "બળવા ગોવાને" ઉતારેથી બોલાવ્યો, તે કવિએ કચેરીમાં આવી હજુરશ્રીને સલામ કરી પરંતુ હજુરશ્રી તો એકજ લક્ષથી તે વાક્યની ધુન મચાવી રહ્યા હતા. તે કવિએ સાંભળી સરસ્વતિને આરાધી તેનો લક્ષ લીધો. પછી જામ રાવળજી સન્મુખ નજીક જઈ પૂછયું કે. "અન્નદાતા જી, શું છે? જામશ્રી બોલ્યા કે. "ઝઝક ઝઝક ઝઝકાય" તે સાંભળી તુરતજ કવિ બોલ્યા કે.

॥ દુહો ॥

तरुनि सेज तांडुल झरन, खंजन मोती खाय ॥
अल्प पदारथ जानके, झझक झझक झझकाय ॥ १ ॥

અર્થ—કોઇ સ્ત્રી સેજમાં સુતેલી છે. અને તેના માથાના વાળોમાંથી સફેત ચોકખા કે મોતીના સરખા પાણીના બુંદ ઝરે છે. તેને કોઇ "ખંજન પક્ષી" જેવું

ચાલાક પક્ષી ચોખા સમજી ખાવા જાય છે; ત્યાં તે બુંદ નીચે પડતાં નાશ પામે છે તેથી તે ખાઇ શકતું નથી. એમ વખતો વખત તે ખાવા જાય ને બુંદ નષ્ટ થાય. તેથી તે ઝઝકાઇ જાય છે. (અટકી થંભી જાય છે.)

ઉપરની હકીકતનો દુહો, તથા કવિની વાત સાંભળતાં જામરાવળજીને રાત્રિની વાત મળતી આવતાં ઘણાજ ખુશી થયા અને તે કવિને લાખપશાવ કર્યા, એ વખતે બળવાગોધાએ દ્વારિકા જતી વખતે દુહો, પાદપુર્તી માટે આપેલ તે બીજા કોઇ કવિએ પુરો નથી કર્યો,, પણ એ દુહો, પુરોપુરો મારાથીજ પૂર્ણ થયેલ છે, તે વાતની ખાત્રી ઉપરની પાદપુર્તીથી કરાવી આપી, હવે આપણે પહેલી પાદપુર્તીના દુહાનો ભાવ જોઇએ કે,-

॥ દોહો ॥

* ૧અધર ૨ગયણ ૩વળંભરહિ, કવ ચઢીયા ૪તોખાર ॥
(તેં) ઉતાર્યો, ૫લખધીર રા, ૬ભોરંગ, શરથી ૭ભાર ॥ ૧ ॥

અર્થ—હે જામલખધીરજીના કુંવર રાવળજી તેં એટલા બધા કવિઓને (દાનમાં ઘોડા આપી) ઘોડે ચઢતા કર્યા કે, તે ઘોડાઓના ચાલવાથી આકાશમાં, ધુળ, એટલી બધી અધર ચડી રહી કે, જાણે પૃથ્વીનું બીજું પડ, કેમ ન બંધાઇ રહ્યું હોય! હે રાવળજી એ ધુળ ઊંચી ચડવાથી, તેં શેષનાગના માથા ઉપરની પૃથ્વીના ભાર (ઉતાર્યો છ.) ઘણાજ ઓછા કર્યો છ,

ઉપરનો દુહો, જામશ્રી રાવળજીએ કેટલા ઘોડાઓ બક્ષીસ કર્યા? તેનો બરોબર હીશાબ આપે છે. અને એ જગદીશ્વર મહાદેવજીની સહાયતાથી, જામ-રાવળજીનું નામ, ઘોડાઓના દાન દેવામાં દાતારોની પહેલી પંક્તિમાં આવે છે.

ઉપરની રીતે જામશ્રીના દરબારમાં અભણ ચારણ કવિએ, પાદપુર્તીઓ કરી હતી, આ વાત વૃદ્ધ ચારણ દેવોના કંઠસ્થ સાહિત્યમાંથી મળતાં અત્રે આપવામાં આવેલ છે.

*	૧	૨	૩	૪	૫	૬	૭
	ઉંચી	પૃથ્વીનીરજ	ઉડીરહી	ઘોડા	લાખાજીનાપુત્ર	શેષનાગ	બોજો

શ્રી યદુવંશપ્રકાશે અષ્ટમી કળા સમાપ્તા.



શ્રી નવમી કળા પ્રારંભ:

:: ગેડી ન વસવા દેવાની જામરાવળજીની પ્રતિજ્ઞા ::

દેગામ નામના ગામમાં માડ઼ ચારણ જ્ઞાતિના મહેડુશાખાના જશવંતગઢવી નામના મહાન વિદ્વાન ચારણ કવિ રહેતા હતા, તે કવિરાજને હળવદના રાજશ્રી માનસિંહજીએ લાખપશાવ બક્ષી 'અજાચી વૃત' ધારણ કરાવેલ હતું, (એ વૃત લીધા પછી તે કવિથી કે તેના વંશવારસોથી કોઇપણ બીજા રાજા મહારાજા પાસેથી કોઇપણ પ્રકારનું દાન લઇ શકાય નહી,) એ જશવંત ગઢવીની વૃદ્ધા અવસ્થા હતી, તેઓ મહા ભકતરાજ હતા, તેથી તેમને દ્વારિકાંની યાત્રા કરવા ઇચ્છા થઇ, અને દ્વારકાં જઇ ગોમતી સ્નાન કરી રણછોડરાયનાં દર્શન કરી, ત્યાંથી વળતાં જામનગર જામશ્રી રાવળજીને મળવા માટે આવ્યા, (કહેવત છે કે.)

દોહો—હાલો જઇએ દ્વારિકાં, જીહાં વસે ઘનશામ ॥
જાતાં જોઇએ જદુપતિ, વળતાં રાવળજામ ॥ ૧ ॥

એ પ્રમાણે જામનગરમાં આવી ખબર આપતાં જામશ્રીએ કવિરાજને પોતાની મુલાકાતે બોલાવ્યા, અને તેઓની કવિતાઓ અને વાતો સાંભળી, જામશ્રી રાવળજી ઘણાજ ખુશી થયા, કવિરાજ રજા માગે પણ જામસાહેબ રજા ન આપે આમ એક માસ વીત્યો ત્યારે કવિરાજે અતિ આગ્રહથી રજા માગી.

એ વખતે જામરાવળજીએ કવિને એક ગામ, એક હાથી, તથા કીંમતી પોશાક સાથે એક લાખ કોરી રોકડી આપી, લાખપશાવ આપવા લાગ્યા, ત્યારે કવિએ બે હાથ જોડી અરજ કરી કે "આપશ્રી મહા નવડદાતાર છો, પણ હું લાચાર છું કે હળવદના રાણાશ્રીએ મને અજાચી બનાવ્યો છે. અને તેથી હું બીજા રાજાઓ આગળ હાથ લાંબો કરી, દાન લઇ શકું નહી, ટેકીલા માણસોની ટેક ન ભાંગવી એ આપશ્રીનો ધર્મ છે તો મને માફ કરો" જામશ્રી રાવળજીએ અતિ આગ્રહ કર્યો, પણ કવિરાજે તે દાન લેવા હા, ન પાડી ત્યારે જામશ્રી રાવળજીએ કહ્યું કે "ઇશ્વર તમારી ટેક કાયમ નીભાવશે. પરંતુ ભવિષ્યમાં મારા લાયક કાંઇ કામકાજની જરૂર પડે તો મારી આગળ તેની માગણી કરી મને કૃતાર્થ કરજો "એવી મારી છેવટની માગણી છે"

કવિરાજ જામશ્રીનું વચન માથે ચડાવી, દેગામ આવ્યા, ને ત્યાં જ્ઞાતિ ભોજન કરાવી. ઉપરની તમામ હકીકત પોતાના ભાઇઓ અને સગાઓને જાહેર કરી. સહુએ તેને ટેક જાળવી, એ માટે ધન્યવાદ આપ્યા, અને જામશ્રી રાવળજીની ઉદારતાને પણ વખાણવા લાગ્યા, કવિરાજ વૃદ્ધ હોવાથી, ઇશ્વર ભજનમાં પોતાના દિવસો વીતાડવા લાગ્યા.

વાગડ પ્રદેશમાં ગેડીનામનું ગામ હતું, ત્યાં મેકરણ વાઘેલો રાજ્ય કરતો હતો, તેના આગળ કોઇએ જશવંત મહેડુની પ્રશંસા કરી કે "જામનગરના

જામરાવળે લખપશાવ કર્યા પણ જશવંત મહેડુએ લીધા નહિં" તે સાંભળી મેકરણ વાઘેલે નિશ્ચય કર્યો કે "ગમે તેમ થાય પણ જશવંત મહેડુને મારી આગળ યાચના કરાવું, તોજ મારૂં નામ મેકરણ" પછી તેમે યુકિત કરી કે "દગામની સીમમાંથી તેઓનાં તમામ ઢોર ઢાંખર, આંહી હાંકી આવવાં અને જ્યારે જશવંત મહેડુ એ ઢોરોને પાછાં લેવા આવે ત્યારે કહેવું કે લ્યો આ દાનમાં પાછાં આપું છું" તો તે લેશેજ, અને જામરાવળજી આગળ લાંબો હાથ ન કર્યો. પણ મેકરણ વાઘેલા આગળ લાંબો હાથ કર્યો, "એમ દુનીયા કહેશે તેથી મારી કિર્તિ વધશે" આવી અવળી કુબુદ્ધિ, વાઘેલાને સુજતાં તે પચાસ, સાઠ ઘોડે સ્વારોથી દગામની સીમમાં આવ્યો, અને જ્યાં જશવંત મહેડુનું તથા તેની વસ્તીનું ધણ ચરતું હતું; ત્યાં જઇ તે ધણ વાળવા માંડયું; એ વખતે ગોવાળે કહ્યું કે "આ ઢોર ચારણના ગામનાં છે. તે તમારા (ક્ષત્રીથી) ન લઇ જઇ શકાય, ચારણના ગામને બારવટીયો પણ (ગમે તે જાતનો હોય તે) લુંટતો નથી. તો તમે ક્ષત્રી થઈ, આશું કરો છો! ત્યારે મેકરણ વાઘેલે કહ્યું કે "જશવંત મહેડુને કહે જે કે ગેડી ઠાકોર તમારાં ઢોર લઈ ગયા છે. તે પાછાં જોતાં હોયતો તમે "ગેડી"એ આવજો આટલું કહી ઢોરવાળી ગેડી તરફ તેઓ ગયા, અને ગોવાળે ગામમાં આવી, જશવંત ગઢવી વિગેરેને ઉપરની વાત કહી, તે સાંભળી જશવંત ગઢવીએ વિચાર કર્યો કે "આ ઠાકોરને કુબુદ્ધિ સુઝી છે, નહિંતર ક્ષત્રિ થઇ, ગાયોનું ધણ વાળે નહી વળી ચારણના ગામ ઉપર આવું કરે નહી માટે મનેજ ત્યાં બોલાવ્યો છે, તે મારૂં 'પણ' બોવા બોલાવે છે. માટે મને ઢોર પાછાં આપો,

તેમ તો હું ન કહું કેમકે એ પણ એક પ્રકારની યાચના છે. બીજા ચારણો (ભાયાતો)એ કહ્યું કે તે ઢોર આપણાં છે ને આપણે પાછાં માગવાં તેમાં શું હરકત છે? પરંતુ જશવંત ગઢવી તો એ વાક્યના મર્મને સારીરીતે સમજતા હતા, તેથી પોતાનો નિશ્ચય તેને ફેરવ્યો નહિં, અને પોતાના ગામની વસ્તીના લોકોને તે ધણ લઇ આવવા 'ગેડી' મોકલ્યા પણ વાઘેલાઓએ કહ્યું કે "જશવંત મહેડુ આવી મારી આગળ તે ગાયો માગે તો હું આપું" તેથી તેઓ સહુ પાછા આવ્યા, અને તે વાત સંભળાવી સહુને ખાત્રી થઇ કે આમાં જરૂર પ્રપંચ છે,

તેથી સહુએ જશવંત મહેડુના કહેવા પ્રમાણે ચાલવા ઠરાવ્યું, જશવંત ગઢવીએ ચારણ ધર્મ, પ્રમાણે ત્યાં જઇ 'ધરણું' દેવાનો નિશ્ચય જણાવ્યો, કે તુરતજ તમામ ચારણો તથા તેના આસપાસ રહેતા, સગા સંબંધીઓ પણ સાથે ચાલ્યા. ને સહુ 'ગેડી' ગામે ગયા, ત્યાં વષ્ટી મોકલતાં. મેકરણ વાઘેલે કહ્યું કે "જો જશવંત મહેડુ હાથ લાંબો કરે તો હું મારા ઘરની બીજી કેટલીક ગાયો સાથે ભેળવી, તમામ ધણ પાછું આપું" આ જવાબથી ચારણો પોતાના અગ્રણી વ્રતની ટેક જાળવવા સહુએ એકમત થઇ 'ગેડી'ના પાદરમાં મહાદેવના મંદિર આગળ સહુએ 'ધરણું' દીધું તો પણ મેકરણ વિનાશકાળ પાસે હોવાથી, તે

માન્યો નહિં, છેવટ જશવંત ગઢવીએ નિશ્ચય કર્યો કે, "આ મહારેવજી ઉપર કમળ પુજા ખાવી" પરંતુ તે વખતે તેને સ્મરણ થયું કે, જામશ્રી રાવળજીએ મને વચન માગવા કહ્યું છે.

આ યોગ્ય સમય છે. અને વાઘેલાઓ મદાંધ થયા છે, વળી સેંકડો ચારણોએ આ ભૂમિ ઉપર લોહી છાટયું છે. તો આ ભૂમિ ઉપર મીઠું વવરાવી, વાઘેલાઓની આંહીથી જડ કાઢવી જોઇએ, કેમકે તેને તેનો ક્ષત્રિ ધર્મ ખોયો છે, માટે જામશ્રી રાવળજી વિના તે કામ બીજાથી પાર પડશે નહિં, તેમ વિચારી એક કાવ્ય, મહાદેવની દેરીમાં બેસી બનાવ્યું, તે નીચેનું કાવ્ય છે.-

॥ અરજીયું ગીત ॥

જગ જેઠ રાવળ લખેજાયા; મુડસ માઝી મેર ॥
ઊથાપ થાણો નાખ અળગી, ગેહડી ગોડેર ॥ ૧ ॥
માળીએ બેસાડ મરવા; ઠોર કર ઇણ ઠામ ॥
હેકાર 'ગેડી' તણી હાલા, જડકાઢ રાવળજામ ॥ ૨ ॥
અભનમા લાખા આય ઉનડ; વડાં જેહી વાર ॥
મેકરણ પડવા સોત માર્યે, માર ચારણ માર ॥ ૩ ॥
હેથાટ કટકાં મેળ હાલા; હઠી દાખવ હાથ ॥
નીપડાંચી નવડ નાયક, રાવ મૂણ રઘુનાથ ॥ ૪ ॥

અર્થ—જગતમાં સર્વથી મોટા લાખાજીના કુંવર શુરવીરોના શિરોમણી, મારી અરજી સાંભળી 'ગેડી'ને ઉથાપીને ધુળધાણી કરી નાખ, એની મેડીઓ તથા મહેલાતોને ઠેકાણે હરણોના અખાડાઓ બનાવી 'ગેડી' નું નામ નિશાન ઉખેડી નાખ, હે હાલાજીના કુળમાં ઉત્પન્ન થયેલ, રાવળજામ તું 'ગેડી'ને પાયમાલ કરી તેની જડ કાઢી નાખ, તારાં પરાક્રમો તો અભયા નક્ષત્રમાં જન્મેલા લાખાફુલાણીનાં અને જામ ઉનડજીનાં જેવાં છે, તે મોટા જામે જેમ ચારણોની વાર કરી હતી તેમ આ મારી અરજી સાંભળી, મેકરણ વાઘેલો કે જે ચારણોનો મારુ છે. તેનું તેના વંશ વિસ્તાર સહિત મારવા ચારણોની વારે ચડજે, હે જામરાવળજી (હે થાટ) ઘોડાંઓના તથા (કટકાં) શૂરવીરોનો સમુદાય (મેળ) સહિત ચઢીને એ મારા શત્રુઓને તારા હાથ દેખાડજે, તારા આગળના વચન પ્રમાણે ક્ષત્રીવટની ટેક સાંચવી, ચારણની રાવ, (અરજ) સાંભળી હે (રઘુનાથ) રામરૂપ જામ મારીવારે ચડજે.

ઉપરની મતલબવાળું 'અરજીયું ગીત' લખી પોતાના ભાણેજને તે કાગળ જામરાવળજીને આપવા સાંઢડી ઉપર ચડાવી જામનગર તરફ રવાના કર્યો, અને જસવંત ગઢવીએ બીજે દહાડે સર્વ ચારણોએ ત્રાગાં કરી ગામને ઝાંપે લોહી

છાંટ્યાં, એ વખતે તે મહાદેવ ઉપર કમળપુજા આધી, એ વિષે કાવ્ય છે કે–

॥ ચોપાઇ ॥

યોં કાગળ લીખ મેલે આતુર; ચીતવત ધ્યાન ઇશરો ચાતુર ॥
ધૂ, કાટે, ઇશ, ઉપર ધરી યો, મહ અપઘાત કરે કવ મરીયો ।. ૧ ॥ વિ. વિ.

જશવંત મહેડુએ પોતાના વીશ નખો જીવતા ઉતારી, પછી પોતાનું માથું પોતાના નખ વિનાના હાથથી ઉતારી શંકર ઉપર ચડાવ્યું, એ જોઇ ત્યાં બીજા ઘણા ઘણા ચારણો ગળે કટાર, છરી, અને તરવારો નાંખી ત્રાગાંઓ કરી, મુવા. એથી આખા વાગડ પ્રદેશમાં હાહાકાર થઈ ગયો.

જશવંત મહેડુનો ભાણેજ, જામનગરમાં પહોંચ્યો, ને તપાસ કરતાં ખબર મળ્યા કે જામશ્રી રાવળજી જુનાગઢ પધાર્યા છે.

એ વખતે જુનાગઢમાં દિલ્હીના બાદશાહ તરફથી તાતારખાં ગોરી નામનો સુબો રહેતો હતો, તે મીઠોઇના મહાન યુદ્ધ પછી જામશ્રી સાથે ઘણોજ સ્નેહ રાખતો અને તેના ખાસ આમંત્રણથી જામરાવળજી પોતે મોટા લશ્કર સાથે તે વખતે જુનાગઢ પધાર્યા હતા.

જશવંત ગઢવીનો ભાણેજ એ ખબર સાંભળી જામનગરથી જુનાગઢ આવ્યો, એ વખતે જામસાહેબનો જમવાનો ટાઇમ હતો, તેથી જમવા બેઠા હતા. અને થાળીઓ પીરસાણી હતી, તેવામાં એક હુજુરી કાગળ સાથે જશવંત ગઢવીના ભાણેજને લઇ, જામશ્રી રાવળજી હુજુર આવ્યો, અને કાગળ હુજુરશ્રીના હાથમાં આપ્યો, ભાણેજને તે "ગીત" મોઢે કરાવેલ હોવાથી તે તુરતજ વિરતા ભરી વાણીમાં ઉપરનું ગીત બોલ્યો. તે સાંભળતાંજ (તથા કાગળ વંચાવતાંજ) જામશ્રી રાવળજી બોલ્યા કે "ખાવું હરામ છે, જલદી ઘોડા તૈયાર કરો" એમ કહી પીરસેલી થાળી ઉપરથી ઉઠી ગયા, અને વીરતાના વચનો બોલ્યા કે.

ચોપાઇ—વાંચે કાગળ રાવળ બોલે, ખાવાં જીમણ નજ્જર અસખોલે ॥
સંકટ ચારણ ઢીલ કરે મુણ, કુળતીણને રજપૂત કહે કૂણ ॥ ૧ ॥
ખટ વ્રણવાર કરે નહખત્રી. નહચેં જાણો પંડ નખત્રી ॥
ચારણ વાર ચઢેજળ ચાઢણ, વાધેલા કુળસબળહવાઢણ ॥ ૨ ॥
સહસ ત્રીસ હય પેદળ સમે, સત્રહર મારણ કાજસ ક્રમ્મે ।.
બારપહર મજ્જરાત દીવસ્સહ, સહદળ પૂગાકોસ પચાસહ ॥ ૩ ॥

અર્થ—કાગળ વાંચતાંજ જામશ્રી રાવળજીએ પોતાના સરસામંતોને કહ્યું કે જમણ જમવું નથી જલદી ઘોડાઓ તૈયાર કરો, ચારણોનું સંકટ સાંભળીને જે રાજપૂત વાર લગાડે તેને ક્ષત્રિયોનું બીજ જાણવો નહિં. ખટવર્ણની વ્હારે ચડતાં

પણ જો ક્ષત્રીય આળશ કરે તો પૃથ્વીને નક્ષત્રીજ જાણવી "આવા વચનો બોલી વાઘેલા કુળનો નાશ કરવા ત્રીશ હજારના સૈન્યથી જામશ્રી "ગેડી" તરફ રવાના થયા. અને બાર પહોરમાં પચાસ કોસ કાપી ગયા,

ઉપર મુજબ જામશ્રી રાવળજી પોતાનું હયદળ લઇ ચઢ્યા, તે વખતે જેશા લાડકને બોલાવી કહ્યું કે "ગેડી" આહીંથી સીતેર પોણાસો ગાઉ થાય છે. ત્યાં તમારા પેદળ માણસો ઘોડા સાથે નહિં પહોંચી શકે માટે તમે તમારા પેદળ લશ્કરને લઈ જામનગર જાવ, અમે "ગેડી" ભાંગ્યા પછી નગર આવશું. જેશા લાડકે એ લડાઈમાં ભાગ લેવા સાથેતેડીજવા ઘણી વિનંતી કરી પરંતુ જામરાવળજીએ કહ્યું કે "અમારે જેમ બને તેમ તુરતજ "ગેડી" જવું છે તો તમારૂં પેદળ લશ્કર ઘોડા સાથે પહોંચી શકે નહિં, માટે તમે હવે નગર જાવ" એમ કહી જામશ્રી રાવળજીએ ગેડી તરફ કુચ કરી અને જેશા લાડકે પણ પોતાના ૫૦૦) પાંચસો પાળાઓ (પ્યાદળ)થી જામનગર તરફ કુચ કરી, રસ્તામાં ચાલતાં જેશા લાડકે પોતાના સાથીઓને પડકારો કર્યો કે—

चोपाइ—बळते जेसे कीयो विचारह, आपण कीमत रनि नह एकह ॥
जो अस आगे आपण जावे, आगम मरण सजस तो आवे ॥ १ ॥
(वि. वि.)

અર્થ—જેશાએ વિચાર કર્યો કે આપણી કિંમત તો કાંઇપણ ન રહી. માટે જો આપણે ઘોડસ્વારોની આગળ 'ગેડી" જાઇએ તો જેમ વ્હેલું મોત મળે, તે સાથે સુજસ પણ મળે,

વળી જેસે લાડકે પોતાના સાથીઓને પડકારો કર્યો કે. ધિક્કાર છે આપણને કે લડાઇમાં ન જતાં ઘેર જઇએ છીએ, જનેતાએ નૌમાસ ભાર ઉપાડ્યો, છતાં ધણીના કામમાં ન આવ્યા, તો તેથી પથ્થર થયા હોત તો સારૂં હતું; કે કોઇ દીવાલના ચણવાના કામમાં આવત, માટે ભાઇઓ જો તમે સહુ હીંમત કરો તો રાત્રિદિવસ ચાલવાનું કાયમ રાખો તો આપણે ઘોડસ્વારોની પહેલાં 'ગેડી' પહોંચી, 'ગેડી' ને પાયમાલ કરી રાવળ જામની દુહાઇ ફેરવી દઇએ, અને જો નગર જશું તો આપણી કાંઇ કિંમત નહિં રહે જેશા જમાદારના ઉપરના શબ્દો સાંભળી, તમામ પ્યાદા લશ્કરે જામનગરનો રસ્તો છોડી દઇ ગેડીનો ટુંકો રસ્તો (રણના માર્ગનો) લીધો તે વિષે કાવ્ય છે કે—

चोपाइ—हरमत करी पीयादा हलीया, भडजा मोर गेहडी भलिया ॥
लूंटी सवें गेहडी लीधी, रचरण फत्ते जामरी कीधी ॥ १ ॥

એ પ્રમાણે જેશા લાડક તથા તેના સાથીઓ રાત્રિ દિવસ ચાલતાં બહાર પહોરમાં ૭૦ ગાઉ ઘોડાઓના પહેલાં 'ગેડી' આવ્યા, વચમાં કેટલાએક માણસો થાકી જતાં રણમાં રહી ગયાં, છતાં જેશો લાડક ૪૦૦ ચારસો માણસો સહીત

પહોર દીવસ ચડતાં 'ગેડી' પહોંચ્યો, ગેડીનું પાધર શમશાનવત લાગ્યું, ચારણોનાં લોહી છાંયે, રેડાયાં સાંભળી ગેડીની પરવાડ તોડી વાધેલા ઉપર ઓચીંતો છાપો માર્યો,

ચારણોના શ્રાપથી અરધો મરેલો મેકરણ વાઘેલો સામો થયો પણ જામના સૈનિકોએ મહાન યુદ્ધ મચાવી, તેના કેટલાક માણસોને તથા તેને તેના કુટુંબ સહીત કાપી નાખ્યો જેશા લાડકના પણ કેટલાક માણસો ઘાયલ થયા અને કેટલાક મરણ પામ્યા, એમ જેશા લાડકની ફતેહ થતાં 'ગેડી'માં જામસાહેબના નામની દુવાઇ ફેરવી, જામસાહેબનો વાવટો (જયશ્રી આશાપુરા શ્રી જામોજયતિ) ના નામવાળો કોઠા ઉપર ચડાવી, 'ગેડી' કબજે કરી ત્યાં થોડા સમય વીતતાં જામશ્રીની ફોજ આવી, તેણે છેટેથી વાવટો જોયો, અને જામની દુવાઇ ફરતી સાંભળી, અચંભો પામ્યા.

ચોપાઇ—અસવારી એતે મહઆઇ ॥ દેખ જામરી ફરે દુવાઇ ॥
યહતો દેખો વાત અચંભે ॥ સજકુણ આપણ પેલાંસંભે ॥
રાવળ બાત સુણી ઇણવારી ॥ રંગ જેશે સબ બાત સુધારી ॥ વિ. વિ.

અર્થ—જામશ્રીની સવારી ગેડી ગામે આવી ત્યાં, પોતાના નામની દુવાઇ ગામમાં ફરતી સાંભળી, તેથી જામશ્રીએ કહ્યું કે, આ આશ્ચર્ય શું છે? આપણી પહેલાં આવી, આવી ફતેહ કોણે મેળવી? આમ કહે છે, તેટલામાં તો જેશો લાડક સામૈયું લઇ સામો આવ્યો, અને જામ સાહેબના ચરણમાં પડી, બધી હકીકત જાહેર કરી, તે સાંભળી જામશ્રી રાવળજી ઘણાજ ખુશી થયા, અને જેશા લાડકને ઘણા રંગ છે એમ કહી શાબાશી, (સાથે ત્યારથીજ વજીરની પદવી) આપી.

જામ રાવળજીએ જશવંત ગઢવીએ કમળપુજા બાંધી, અને બીજા ચારણો એ પણ આ ભૂમિમાં * ધરણું (ત્રાગાં) કરી લોહી છાટયાં છે, તે હકીકત જાણતાં

* ધરણુ દેવું એટલે દરેક ચારણો તે જગ્યાએ એકત્ર થાય, ને અસહકાર કરી, ઉપવાસ સરૂ કરે, તેમાં સ્ત્રીયો બાળકોને પણ ધવરાવે નહી, અને પાડાં વાછડાંને પણ ધવરાવા છોડે નહી આમ સાત અપવાસે સુલેહ ન થાય તો આઠમે દહાડે, પ્રાતઃકાળે સહુ નાઈ ધોઈ સ્મરણ કરી, સહુ "ત્રાગાં" કરે તેમાં કોઇ કટાર, તરવાર, જમૈયો, વગેરે ગળેધાલે, સ્ત્રીયો પણ પોતાના રતનોને કાપી, ત્યાં લોહી છાંટે, તેમાં કેટલાએક ત્યાં મરે નાનાં બાળકોને ત્યાં પછાડી મારી નાખે, તેલવાળા ગળીયલ કગલા પેરી માથે બળતી સગડીઓ, લઇ ગળે તલવાર ઘાલીને કેટલાક શરવીર ચારણો સાત સાત ત્રાગાં કરી, તે સરદારની ડેલીએ જઇ, ત્યાં સળગી મરે, ને લોહી છાંટે, શ્રાપ આપે, અને તે પછી તે ગામનો અપૈયો કરે, એટલે કોઇપણ ચારણ તે ગામનું પાણી પીએ નહી તેમ તે દુષ્ટ પુરૂષના વંશને આગળથી કોઇ ચારણ દાન લે નહી, એટલે પાણી પૈસો હરામ કરી, પરતાળ દઇ ચાલી નીકળે, આવા કીસ્સાઓ જ્યાં જ્યાં બનેલા છે, ત્યાં ત્યાં એ દુષ્ટ પુરૂષોનાં નામ નિશાન પણ રહ્યાં નથી.

તે ગામનું પાણી પીધું નહિં, અને હુકમ કર્યો કે "ગામમાં વાઘેલાના વંશનો કોઇ, નાનો મોટો, જણ બચ્ચો, જીવતો ન રહેવા દેવો, તેમજ બીજી વસ્તીને રજા આપી, ગામને સળગાવી, વાઘેલાના દરબારગઢનો પાયેથી નાશ કર્યો, તેમજ બીજા મકાનો પડાવી, ખંઢેર કરી તેમાં ગધેડાનાં હળ જોડાવી, તે ચાહુમાં મીઠું વવરાવો, કે ફરી ત્યાં" ખારી ભૂમિ થતાં એક તૃણ પણ ઉગવા ન પામે, એમ કહી જામશ્રીએ તે ગામની હદ છોડી બીજી જગ્યોમાં છાવણી નાખી ત્યાં મુકામ કર્યો, જામશ્રી રાવળજીનો હુકમ અણફેર હતો, તેથી તેઓના સૈનીકોએ કેટલાએક વાઘેલાઓને પકડી પકડી ઠાર કર્યા, કેટલાએક છુપીરીતે ભાગી ગયા, તમામ વસ્તીને રજા આપી, ગામ લુંટી લગડી બાળી ઝાળી, વાઘેલાના દરબાર ગઢને પાડી તોડી તે ઠેકાણે બેદાન મેદાન કરી, ફરતું મીઠું ગધેડાનાં હળ હંકાવી વવરાવી, જાહેર કર્યું, કે–

ચોપાઇ—ગહેડી ગઢ અરકુળ વાઘેલાં ॥ ખોદે છાબડ કરે સખેલાં ॥
જશવંત વૈરલીયો ઇમ જામેં ॥ ક્રોડ જગાં લગરહસી કામે ॥ ૧ ॥

ઉપર મુજબ ગેડીના વાઘેલા કુળનો નાશ કરી, ગેડીને છાવડછટ કરી, ક્રોડ જુગ સુધી કિર્તિ અમર કરી, કવિ જશવંતને આપેલું વચન અશેષર પાળી, અને તેના મારનું વૈર લીધું, તેમજ તેના ગીતના ભાવાર્થ પ્રમાણે, "માણીએ બેસાર મરઘા" એટલે મહેલાતો પાડી, ત્યાં (મૃગ) હરણના અખેડા કર્યા, એવી રીતે ફતેહ કરી જામશ્રી રાવળજી નગર પધાર્યા, પણ પાછળથી વાઘેલાઓએ આવી ત્યાં ફરી ગેડી વસાવી એ સાંભળી જામરાવળે ફરી સ્વારી કરી ગેડી ભાંગી ફરી મીઠું વવરાવ્યું એમ ત્રણ વખત "ગેડી" ભાંગી તે વિષે કાવ્ય છે કે–

ચોપાઇ—પ્રાક્રમકર નૃપ નગર પધારે, મૂર ફેરાયો ગહેડી મારે ॥
રાવળ રા પ્રાક્રમ યહ રીતી, કેવાણહ દત્તતણી સક્રીતી ॥
રાવળ મહેન્દ્ર નગર છત્રરાજે, છહરત ભાલપ છોળાં બ્રાજે ॥ (વિ. વિ.)

આવીરીતનું પરાક્રમ કરી જામશ્રી નગર પધાર્યા પછી જામશ્રીની ઉમરમાં ૩ ત્રણ વખત "ગેડી" વસી અને ત્રણ વખત જામશ્રીએ ઉજડ કરી તો પણ સંતોષ નહિં થતાં જશવંત ગઢવીનું વચન પાળવા અને વાઘેલાઓનું વૈર લેવા પોતાના ચારે કુંવરોને કહ્યું કે "મારા વંશનો જે હોય અને અને ગેડી વસાવ્યાનું તે સાંભળે ત્યારે તેણે માર્યા (ઉજડ કર્યા) વિના રહેવું નહિં" આવીરીતની *'ગેડી' ઉજડ કરવાની અને ફરી ન વસવા દેવાની પ્રતિજ્ઞા કરાવી જામ રાવળજીએ નગરની ગાદીએ બીરાજી ભલપની છોડા નાખી ચારણોના વાસ્તે શુભ લાગણી બતાવી કિર્તિને અમર રાખી.

* હાલ સુધી પણ એ ગેડી ગામ ઉજડ સ્થિતિમાંજ છે. તેમજ ત્યાં ત્રણ ચાર વખત મીઠું વવરાવ્યાથી ખાર ભૂમિ થતાં ત્યાં ઘાસ પણ ઉગતું નથી.

જામશ્રી રાવળજીએ શીતળાનું કાલાવડ મેળવ્યું તે હકીકત,

જામશ્રી રાવળજીને એક રાત્રે સ્વપ્નમાં શીતળામાતાએ આવી કહ્યું કે "હું તને કાલાવડ આપું છું. તું ત્યાં આવ" એ વિષે પુરાતની કાવ્ય છે કે-

કુંડલીઓ—શોણે આવી શીતળા, જોગ રાવળ જામ ॥
અણ વખતે આપાં તુંને, ગડ કાલાવડ ગામ ॥
ગઢ કાલાવડ ગામ, થીરકર આપાં થાને ॥
મું સેર્યા મરડાઇ; મ્લેચ્છ માંજરીઓ માને ॥
જલદી આવે જામ, જર કૌં છું જગ જોણે ॥
જાગે રાવળ જામ, શીતળા આવી શોણે ॥ ૧ ॥ (પુરાતની)

એ વખતે કાળાવડમાં કાળા માંજરીઆ (કાઠી) ના વંશમાં લાખો માંજરીઓ રાજ કરતો હતો તેનો ભાઇ વીરમ માંજરીઓ કાલાવડથી બે માઇલ ઉપર દક્ષિણમાં આવેલ કોટડા નામના ગામમાં રહેતો હતો. એ કોટડા ગામને પાદર એક "આશાબાપીર"ની દરગાહ હતી, તેના ઉપર વીરમમાંજરીઆને ઘણીજ આસ્થા હતી. તેમજ તે પીરના મુજાવર ફકીરને તે ગુરૂ તરીકે માનતો હતો એ મુજાવરના ઉપદેશથી વીરમ માંજરીઆને તથા તેના ભાઇ લાખામાંજરીઆને તથા લાખાના પાટવીપુત્ર દેવાયત માંજરીઆને એ "આશાબાપીર" ઉપર સંપૂર્ણ શ્રદ્ધા બેસવાથી પોતાની કુળદેવી "શીતળામાતા"ની જોઇએ તેવી પુજા વિગેરેની રીત જળવાતી નહી, એટલુંજ નહિ પણ શીતળાનું, ખળે માથું નીકળતું તે બંધ કરી, પીરનું માથું, એ ફકીરના ઉપદેશથી નીકળવા લાગ્યું, આજીવીકા બંધ થવાથી પુજારીએ શીતળાની સેવાપુજા છોડી આપી, તેથી શીતળા ત્રણ દિવસ અપૂજ રહ્યા હતા, છેલ્લી રાત્રે શીતળા રાવળજામના શોણામાં આવ્યાં, અને કહ્યું કે, "મારા સેવકો માંજરીઆ કાઠીઓ હુવે, મ્લેછ (પીર)ને માને છે. તેથી મારી પુજા પણ થતી નથી, જેથી તમે ત્યાં આવો અને માંજરીઆને ત્યાંથી કાઢો, હું તમારા ઉપર પ્રસન્ન છું, અને એ કાળાકાઠીનો ગઢ (કાળાવડ) તમને થીર કરી આપીશ."

સવાર પડતાં રાવળજીએ ઉપરના સોણા વિષેનો કંઇપણ નિશ્ચય કર્યો નહિ, એથી માતાજીએ ગુસ્સે થઇ, બીજે દિવસે જામરાવળજીના પાટવી કુમારશ્રી જીયાજીના શરીરમાં વાસો કર્યો.-

મોટી ઉમરે જીયાજીને શીતળા નીકળવાથી અસહ્ય પીડા થવા લાગી,

પરંતુ શીતળાના રોગમાં, કંઇ બીજો ઉપચાર થાય નહિં, તેથી લાચાર બની, જામશ્રી રાવળજીએ શીતળા માતાની માનતા કરી, જેથી "જ્યાજીને આરામ થયે માતાજી આગળ રૂપાંની તળાથી જ્યાજીને જોખીશ" તે પછી કુમારશ્રી જ્યાજીને આરામ થયા પછી, કેટલેક દિવસે જામશ્રી પોતાના સાથે થોડું લશ્કર લઇ, કુમારશ્રી અને જનાના સાથે કાલાવડ પધાર્યા, ત્યાં આવી નદિના કિનારે વડ નીચે તંબુઓ નાખી, છાવણીમાં ઉતારો કર્યો, એ વખતે ત્યાં શીતળાનો માત્ર એક નાનો મઢ, જેવો ઓરડો હતો, તેમજ પુજારીની અવવ્યવસ્થાને લઇ, જગ્યા પણ ઉજ્જડ જેવી ભાસતી હતી, જામશ્રીના આવવાના ખબર થતાં પુજારીએ આવી ઓરડો ઉઘાડી જગ્યા વાળીચોળી સાફ કરી, બાદ જામશ્રીએ કુંવર સાથે આવી, માતાજીના દર્શન કરી, કુંવરની રૂપા ભારોભાર તુલા કરી, માનતા ચડાવી, અને ત્યાં બે દિવસ રહી બ્રાહ્મણોની ચોરાશીઓ કરાવી, તેમજ ગામના છોકરાંઓને પણ મીઠાઇ વેંચી આપી.

એ વખતે કાલાવડ ગામનો રાજા કાઠી લાખોમાંજરીઓ ઘણોજ વૃદ્ધ હતો, અને તે પોતાના ભાઇ વીરમ પાસે કોટડજ રહેતો હતો, ને તેનો પાટવીપુત્ર, દેવાયત માંજરીઓ રાજનો (કાળાવડની ચોવીશીનો) તમામ કારભાર ચલાવતો હતો, જામશ્રી રાવળજીને તે મળવા પણ આવ્યો નહિં, કારણ કે તે દુર્વ્યસની હોવાથી મોજશોખમાં પડી રહી, પ્રજાને ઘણીજ પીડતો હતો, જામશ્રી રાવળજીએ એ સઘળી હકીકત જાણીને તેમજ શીતળાના સ્વપ્નને યાદ લાવીને, કાળાવડની ચોવીશી લેવાનો વિચાર કર્યો, તેથી જામનગર સ્વાર મોકલી, જેશાવજીરને કેટલાક લશ્કર સાથે બોલાવ્યો, તેમજ પાટવી કુમારશ્રી જ્યાજી સાથે જનાનાને કેટલાક અંગરક્ષકો સાથે જામનગર મોકલી આપ્યા.

જેશો વજીર આવ્યા પછી જામરાવળજીએ કાળાવડી નદીના કિનારા ઉપરના કાઠીના દરબાર ગઢમાં પ્રવેશ કરી, ઓચીંતો છાપો માર્યો, એ વખતે ત્યાં ગણ્યા ગાંઠા માણસો હતા, તેઓને કાપી માંજરીઆના મહેલમાં ગયા, પરંતુ દેવાત માંજરીઓ તો એ પહેલાંજ રાજગાદી છોડી ઘોડેસ્વાર થઇ ભાગી ગયો હતો, જેથી જામશ્રી રાવળજીએ એ માંજરીઆનો ગઢ કબજે કરી, પોતાના નામની દુવાઇ ફેરવી, કાલાવડની વસ્તી જુલ્મી રાજાના ત્રાસથી મુકત થતાં, જામશ્રી રાવળજીને નજરનોંછાવર કરી શરણે આવી, જામરાવળજીએ તેઓને શાન્તિ આપી, ગામ ધુંવાડાબંધ જમાડયું, આવીરીતે દેગ' અને 'તેગ'થી કાળાવડની ચોવીશી કબજે કરી, ત્યાં પોતાનું થાણું બેસાડીજામશ્રી જામનગર પધાર્યા.-

કેટલાએક માસ ગયા પછી દેવાયત માંજરીઓ પોતાની સાથે કેટલાએક ઘોડેસ્વારો લઇ કાલાવડમાં આવી વસ્તીના ઘરોમાંથી લુંટ કરી ગયો. થાણામાં રહેતા માણસો, તે ધાડામાં કેટલાક મરાણા આ ખબર જામનગર થતાં જામ-

રાવળજીએ બીજાં વિશેષ માણસોને કાલાવડમાં થાણે મોકલ્યા, પરંતુ દેવાયતે તો પોતાનાં ઘોડાં મરણીઆ થઇને હાંકેજ રાખ્યાં, તે વિષે દુહો છે કે–

॥ દોહો ॥

કાળાવડની કોર, માંજરીઓ મેલે નઇ ॥
ચોડે ધાડે ચોર, દી, ઉગે દેવાતીઓ ॥ ૧ ॥

(પ્રાચીન ચોપડો)

એટલે કાલાવડની આજુબાજુમાં, માંજરીઓ લુંટ્યા વિના મેલેજ નહિં, એટલુંજ નહિં પણ કાલાવડમાં દરરોજ દિવસ ઉગ્યે દેવાયતમાંજરીઓ, ચોડ ધાડ આવી બજારમાંના તમામ હાટોમાં લુંટ કરી જતો, એથી પ્રજા પીડાવા લાગી. અને જામશ્રીને પણ કેટલુંક ખર્ચ તથા માણસોની નુકશાની ભોગવવી પડી, તે પછી એક વૃદ્ધ ચારણથી વષ્ટી ચલાવી, દેવાયત તથા લાખામાંજરીઆને રૂબરૂ બોલાવી, કાલાવડની બાજુમાં, ખીજડીઆ વિગેરેના ત્રણ ટીંબાઓ આપી સમાધાન કર્યું; ત્યારપછી દેવાયત ગુજરી જતાં પ્રજા તેના ભયથી મુકત થઇ,–

જામશ્રી રાવળજી તે પછી દર વર્ષે કાલાવડમાં શીતળામાતાને દર્શને પધારતા અને માતાજીના ઓરડાનો જીર્ણોદ્ધાર કરાવી, જગ્યાની આજીવીકા માટે કેટલાક ખેતરો પણ આપ્યાં હતા, ત્યારથી આજ દિવસ સુધી; એ કાલાવડની ચોવીશી જામશ્રીને કબજે છે.

રોઝી માતામાં યોગીરાજનું ભવિષ્ય કથન

એક સમય જામશ્રી રાવળજી પોતાના પાટવી કુમારશ્રી જીયાજી તથા કુમારશ્રી વિભાજી તથા કુમારશ્રી ભારાજી તથા કુમારશ્રી રામસિંહજી સાથે કેટલાક સૂર સામંતો અને બીજા સૈનિકો સાથે રોઝી માતાને દર્શને પધાર્યા, ત્યાં જગદંબાના દર્શન કરી દેવાલયના પડથાર ઉપર કચેરી ભરી બીરાજ્યા, તેટલામાં હાથમાં વિભુતિના ગોળાવાળો, દંડ અને કમંડળવાળો, આખે અંગે અખંડ વીભુતીવાળો, માથે મ્હોટી જટાવાળો, તથા રૂદ્રાક્ષની માળાઓથી શોભતો, એક યોગેશ્વર આવી સર્વની વચ્ચે ઉભો રહીને જોવા લાગ્યો, જોતાંજોતાં તેને વિભાજીનામના ફટાયા કુંવરને પ્રથમ ચાંડલો કર્યો, આ જોઇ સવળાઓએ હસીને કહ્યું કે "મહારાજ તમો ભુલ્યા, આ ફટાયા કુંવરને પ્રથમ ચાંડલો ન હોય" એ સાંભળી યોગેશ્વરે કહ્યું કે,–

ચોપાઇ—કે અવધૂત, હસો મત કોઇ ॥
હોણ હાર, નૃપ વીભો હોઈ ॥ ૧ ॥ વિ. વિ.

જોગી કહે "હસોમાં હું ભુલ્યો નથી, ઇશ્વર કરશે તો આ કુંવરજ (વિભોજી) રાજા થશે" ઉપર મુજબ જામપટવી વિભાજીને મળશે, એવું ભવિષ્ય

કહી, તે યોગેશ્વર ચાલતો થઇ ગયો.–

થોડા સમય વીત્યાપછી જામશ્રીએ જામનગર તરફ જવા પ્રયાણ કર્યું, રોઝીબંદરથી થોડે દૂર જતાં રસ્તામાં રણનો સપાટ પ્રદેશ જોઇ, જામશ્રી રાવળજીને ઘોડાઓ દોડાવવાનું મન થતાં ચારે કુંવરોને કહ્યું, કે–

ચોપાઇ—જબ સોજામ કહે, અસ જાકાં હોય બરોવર, દોનું હાકાં ॥ ૧ ॥
હમેં વૃદ્ધ તુમ, તેજ જુવાનં અમે તતકારી, મુકે આનં ॥ ૨ ॥ વિ. વિ.

કુમારોને જામશ્રીએ કહ્યું કે અમે તો હવે વૃદ્ધ થયા છીએ, અને તમો સહુ જુવાન છો, તો પણ આજે આપણાં બન્નેનાં ઘોડાઓ હારોહાર રાખી હાંકીએ ને જોઇએ કે કોનું ઘોડું મોર જાય છે. એમ કહીને એ રણની સપાટ ભૂમિ ઉપર ઘોડાઓ પૂર જોશમાં વાયુવેગે ઉડવા લાગ્યા, સેંકડો વર્ષ ઉપરની ઉમર હોવા છતાં જામરાવળજીનો ઘોડો આગળ વધ્યો, ભાવીયોગે પાટવી કુંવર જ્યાજીથી એ ન જોવાયું. અને વિચાર્યું કે "બાપુશ્રી વૃદ્ધ છતાં આગળ વધ્યા, એ તો જુવાનોને શરમ ભરેલું ગણાય. એમ ધારી પોતાના ઘોડાને જોરથી એક ચાબુક માર્યો, ચાબુક લાગતાંજ ઘોડો "ઝાડ" (આગલે પગે ઉભો) થયો; જેરબંધ કડીથી તુટી ગયો. તેથી ઘોડો જોરમાંજોરમાં 'ચરાક ખાઇ' (ચકરી ખાઇ) ચીતો પડ્યો, ઘોડાના પડવાથી કુમારશ્રી જ્યાજીની છાતીમાં "કાંઠાનો *હુનો" ખુંચી જતાં કુમારશ્રી જ્યાજી તુરતજ ત્યાં પ્રાણમુક્ત થયા, તે જોઇ સર્વને ઘણો અફસોસ થયો, પણ ભાવી આગળ કોઇનું બળ નથી એમ વિચારી કુમારશ્રીના શબને ત્યાંથી પરમારા રાજ્યસ્મશાનમાં લઇ ગયા, ત્યાં દહનક્રિયા કરી જામશ્રી નગરમાં પધાર્યા.

પાટવી કુમારશ્રી જ્યાજીને ત્રણ કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી લાખોજી તથા બીજા કુમારશ્રી હરભમજી અને ત્રીજા કુમારશ્રી સુમરોજી તેઓ ત્રણે નાની ઉમરના હતા, તેમાં જામશ્રી રાવળજીને તે પાટવી કુમારશ્રી લાખાજી ઉપર અનહદ પ્રેમ હતો.

જામશ્રી રાવળજીની દ્વારિકાંની યાત્રા

કુમારશ્રી જ્યાજીના અકાળ મૃત્યુ પછી જામશ્રી રાવળજીએ અન્ય દેશોપર ચડાઈ કરવાનું માંડીવાળી, કાયમ ઉદાસીજ રહેતા હતા, એ ઉદાસી ટાળી મનને શાન્ત કરવા, તીર્થ યાત્રા કરવા ઇચ્છા થતાં, પોતાના અમીર ઉમરાવો સાથે, જામશ્રી રાવળજી દ્વારિકાં પધાર્યા, એ વખતે ત્યાં હળવદના રાજશ્રી માનસિંહજી તથા મુળીના ઠાકોરશ્રી સેંસાજી પરમારનો મેલાપ થયો. એથી ત્રણે રાજવીઓ ગોમતીજીમાં સ્નાન કરવા સાથે ગયા, ત્યાં સ્નાન કરતી વેળાએ પોતાની જીંદગી

* ઘોડા ઉપર જીનને બદલે આગળ લાકડાંના કાઠાંઓ નખાતા તે કાંઠાના આગળના ભાગને "હનો" કહેવાય.

પર્યંત દાનપુન્ય કરવાનો સંકલ્પ કરવા ગોરે જણાવ્યું." એ ઉપરથી ત્રણે રાજવીઓએ મનમાં દૃઢ પણે વિચાર કરી જગદીશના મંદિર સન્મુખ ઉભા રહી ગોર દેવતાએ રૂબરૂ સૂર્યની શાખે હાથમાં ગોમતી જળ લઇ નીચે મુજબ સંકલ્પ કરી પ્રતિજ્ઞા કરી કે—

૧ જામશ્રી રાવળજીએ કહ્યું કે "સવા પહોર દિવસ ચડતાંસુધી જેટલા ચારણો મારી આગળ યાચવા આવશે તેટલાને હું ૧) એક ઘોડાનું દાન મારી જીંદગી પર્યંત આપીશ મારો એ સંકલ્પ શ્રીજગદીશ્વર પૂર્ણ કરે"—

૨ હળવદના રાજશ્રી માનસિંહજીએ પ્રતિજ્ઞા કરી કહ્યું કે જામનગરથી જેટલા યાચકો રાવળજામ આગળથી ઘોડાઓ લઇ હળવદ આવશે તેઓ બધાને હું ઘોડાઓ ઉપર નાખવાનો "સંખલાદી સામાન@ આપીશ."

૩ પરમારશ્રી સેશાંજીએ પ્રતિજ્ઞા કરી કહ્યું કે, જામનગરથી રાવળજામ આગળથી ઘોડા અને હળવદથી તેનો સામાન રાજસાહેબ તરફથી લઇને જે યાચકો મુળીમાં આવશે તેઓને તે ઘોડાઓના જોગાણ માટે હું એક વર્ષ ચાલે તેટલો બાજરો ભરી આપીશ હું તો નાનો તાલુકદાર છું પ્રભુ ટેક નભાવે.

ઉપર મુજબ ત્રણે રાજવીઓએ ગોમતી જળમાં સ્નાન કરતી વેળાએ પ્રતિજ્ઞાઓ કરી અને શ્રી રણછોડજીનાં દર્શન કરી સહુ સહુને ઉતારે ગયા.

જામશ્રી રાવળજી કેટલાક દિવસ દ્વારકામાં તથા બેટમાં રહી ત્યાં થોડાક બ્રહ્મભોજનો કરાવી ધર્મની ધ્વજા ચડાવી અગણિત દાનો આપી જામનગર તરફ કુચ કરી.

કામઇ, માતાનો શ્રાપ

દ્વારિકાથી વળતાં મજલદરમજલ કરતાં કરતાં જામશ્રી પોતાના "બારાડી" નામના પ્રદેશમાં પધાર્યા. ત્યાં (હાલ દ્વારકા લાઇનનાં ભાતેલ સ્ટેશનથી દક્ષિણ દિશામાં આવેલ) "પીંપળીઆ" નામના ગામની હદમાં પાણી તથા વૃક્ષની છાયાં જોઈ ત્યાં વિશ્રાંતિ લેવા છાવણી નાખી, તેવામાં પોતાનો દરબારી "તુંબેલ ચારણ" ગારાંભડી ગામેથી જામશ્રીની સલામે આવ્યો. જામશ્રીએ તેનો યોગ્ય સત્કાર કર્યો, અને જમ્યા પછી તેના સાથે ઘરચુરણ વાતો કરવા લાગ્યા, આ ગારાંભડીના તુંબેલ ચારણને પીંપળીઆના તુંબેલ ચારણો સાથે અણબનાવ હતો, તેથી તેઓનું બુરૂ કરવાના બરાબ ઇરાદાથી, સમય જાણી જામશ્રી આગળ વાત ઓઠે વાત લાવી જણાવ્યું કે "અન્નદાતા! આ પીંપળીઆ ગામમાં હાબરડીના જેશા ગઢવીની દીકરી "કામઇ" ને ત્યાં, બે ઘોડીઓ (દેવંગી–પાણી-પથી) છે, તે બન્ને ઘોડીઓ તો પચ્છનાપાદશાહની પાયગામાં શોભે તેવી

@ઘાંસીઓ તથા દળીઓ બે ભરત કામની તથા પલાણ મોવડ, ઝાંઝર, ડુંમચી વિગેરે રૂપાના લગામ તથા સરક, હીરની ગાદી મશરૂની કછોળડીઓ વિગેરે સામાન

છે, કાંઈ કુબામાં હાથી શોભે ખરો?" આવાં અનેક વચનોથી સંભળાવી જામશ્રીને તે ઘોડીઓ જોવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરાવી અને તેથી જામશ્રી તેની ઘોડીઓ જોર જુલમથી લઈ લેશે એમ વિચારી પોતાની ઇર્ષાથી આ પ્રપંચ રચ્યો.

"પાણીપંથી દેવંગી" ઘોડીઓના વખાણ સાંભળી જામશ્રી રાવળજીને તે ઘોડીઓ જોવાનું મન થયું, અને ફક્ત જોવા માટે લાવવા, બે રજપુત સરદારોને ગામમાં (પીપળીએ કામઇ માતાને ત્યાં) મોકલ્યા, તે સરદારો, ચાર પાંચ માણસો સાથે ગામમાં આવ્યા ને "કામઇ માતા"નું ઘર પુછી ત્યાં ગયા. એ વખતે કામઇ માતાજીને તાવ આવતો હોવાથી, ઘરમાં ખાટલા ઉપર સુતા હતા, ત્યાં સરદારોએ જઇ માતાજીને પગે લાગી સઘળી વાત જણાવી, તે સાંભળી કામઇમાતા બોલ્યા, કે-

"આજરાની લયણી ચાલતી હોવાથી ઘરનાં નાનાં મોટા તમામ માણસો સીમમાં ગયા છે, અને તેઓ સાંજે ઘેર આવશે, ત્યારે આ બન્ને ઘોડીઓ લઇ, હજુર આગળ આવી જશે, મને તાવ આવે છે, તેથી હું ઘેર છું, અહીં બીજું કોઇ નથી માટે સાંજરે ઘોડીઓ છાવણીમાં મોકલશું" બન્ને અમીરોએ તે ઘોડીઓ જોઇ, માટે માતાજીને અરજ કરી કે, આજ્ઞા આપો તો અમે અમારા માણસોથી ઘોડીઓ છાવણીમાં લઇ જઇએ, અને જામ સાહેબને બતાવી તુરતજ પાછા અમે સાથે આવી અહિં ઠાણમાં બાંધી જશું"

તે સાંભળી માતાજીએ કહ્યું કે, "જો તમે જાતે ઘોડીઓ અહીં પાછી લાવી બાંધી જવાનું કબુલ કરતા હોતો તમે રજપુત છો, માટે હું તમારા ઉપર વિશ્વાસ રાખી કહું છું કે, ભલે ઘોડીઓ છોડી જાવ, અને જામસાહેબ જોઈ લીએ કે તુરતજ પાછા અહિં બાંધી જાજો," સરદારોએ ઘોડીઓ પાછી પહોંચાડવાની ખાત્રી આપી અને તે બન્ને ઘોડીઓ લઇ જામશ્રી આગળ છાવણીમાં રજુ કરી.

ઘોડીઓ જોતાંજ તે તુંબેલ ચારણના કહેવા પ્રમાણે બધી વાત મળી, અને તે ઘોડીઓ જો વેંચાતી આપે તો લેવાનું મન લલચાયું, જામનું મન પારખી આવેલ ચારણે કહ્યું કે "અન્નદાતા ઘોડીઓને પાયગામાં બંધાવો, સાંજે તેના માલીક (બારોટ) આવશે, ત્યારે વાતચીત કરી નક્કી કરશું," પહેલા રજપુત સરદારો બન્નેએ અરજ કરી કે- "ઘોડીઓ તુરતપાછી પહોંચાડવાનું અમે વચન આપી જોવા લાવ્યા છીએ, તો હુકમ ફરમાવો તો સોંપી આવીએ" પરંતુ જામશ્રીને ઘોડીઓ પસંદ આવવાથી ફરમાવ્યું કે- "ઘોડીઓને પાયગામાં બાંધી, જોગાણ પાણી અને ઘાંસ વિગેરેનો બંદોબસ્ત કરો, અને સાંજરે બારોટ આવશે એટલે તેના કહેવા પ્રમાણે મૂલ આપી દેશું." જામરાવળજીનો હુકમ અણફર હતો. તેથી તે ઘોડીઓ પાયગામાં બાંધવામાં આવી"

સૂર્યાસ્ત થયા પછી કામઇ માતાનાં સાસુ તથા પતિદેવ વિગેરે પોતાને ખેતરેથી ગામમાં આવ્યા ગામમાં આવતાંજ ઘોડીઓને જામસાહેબ લઇ ગયા

તેવા ખબર સાંભળ્યા, એ વખતે કામઇ માતાજીને હજી તાવ ઉતર્યો ન હતો, પરંતુ ગાયો સીમમાંથી આવતાં તેને બાંધવા ઉઠ્યા હતાં, તેમાં એક ગાયનું નાનું વાછરડું ધાવવા માટે ઉતાવળું થઇને ભાંભરતું હોવાથી માતાજી ગાયને દોવા માટે તાંબડી તથા નોંઝણું હાથમાં લઇ વાછડાને ધાવવા છોડયું, એટલામાં તેનો પતિ તથા સાસુ વિગેરે ફળીઆમાં આવ્યાં. આવતાંજ ઠાણમાં ઘોડીઓને ન ભાળતાં, માતાજી ઉપર તિરસ્કારનાં વચનો બોલવા લાગ્યા. અને તેના પતિએ કામઈ માતાના હાથમાંથી "નોંઝણું" ઝુંટી લઇ તે નોંઝણાનો માર મારતાં મારતાં કચ્છી ભાષામાં કવેણ કાઢયું કે, "વન–જામજા–ઘરમેં–વે,–કીં–ઘોડયું–ખણીઅય" (જા, જામ સાહેબના ઘરમાં બેસ, નહિં તો ઘોડીઓ પાછી લઇ આવ) ઉપર મુજબ વચનો કહી બાવડું ઝાલી ફળીઆ બહાર (કામઇ માતાને) કાઢી મેલ્યાં, તેમજ તેમના સાસુએ પણ ન સહન થાય તેવાં વચનબાણ માર્યાં અને ફળીની ખડકી બંધ કરી દીધી. એથી કામઇ માતા રોતાં રોતાં ગામ બહાર આવ્યાં.

રાત્રિ પડવા આવી હતી, વળી ગામથી છાવણી જરા દૂર હતી. એથી સાથે કોઇને લઇ જવા ઇચ્છા થતાં ગામના ઝાંપા આગળ ઢેઢવાડો હોવાથી ત્યાં જઇ માતાએ એક ઢેઢને બોલાવી સાથે લીધો તે ઢેઢ પીપળીઆનો ન હતો પણ તે ગારાંભડી ગામનો હતો. ને તે મોવાણ ગામે દરબારી વેઠે ગયો હતો. તે પાછો વળતાં પીપળીયું રસ્તામાં આવતાં ત્યાંના ઢેઢવાડામાં હોકો પીવા આવ્યો હતો. પરંતુ ત્યાંના તમામ ઢેઢો સીમમાં લયણી કરવા ગયેલ હોવાથી હજી ઘરે આવ્યા નહોતા તેથી તે પોતાને ગામ ગારાંભડી, જવાને નીકળ્યો. ત્યાં માતાજીએ બોલાવતાં તે નજીકના ગામનો હોવથી તેમજ માતાજીને ઓળખતો હોવાથી તેની આજ્ઞા માની આગળ ચાલ્યો, ચાલતાં ચાલતાં માતાજી તે અત્યંજ ભાઇ સાથે જામસાહેબની છાવણીમાં આવ્યા. એ વખતે જામશ્રી રાવળજી છાવણીમાં તંબુ બહાર મશાલ સમયની કચેરી કરીને બેઠા હોવાથી છાવણીમાં આવનારને છેટેથી જોયાં, માથે કાળી ધાબળી ભાળી "ચારણ–દેવી" હશે એમ અનુમાન કર્યું ત્યાં ઘોડીઓ લાવનાર સરદારો માતાજીને ઓળખી ગયા. અને હજુરશ્રીને અરજ કરી કે આપણાથી ઘોડાં પાછા ન મોકલાયાં એથી આ બાઇને ધક્કો થયો, અને બાઇના પગલાં કોધે ભર્યા છે. જામશ્રી પણ (બાઇ નજીક આવતાં તેની સ્થિતી જોઇ) વીમાસણમાં પડ્યા, અને બોલ્યા કે 'અહુ બુરી થઇ' પણ ત્યાં બેઠેલા ગારાંભડી વાળા તુંબેલ ચારણે વળી પાછો કામઇ સાથેની ધર્ષાનોદાવ સાંધ્યો અને બોલ્યો કે (કચ્છી ભાષામાં) "બાવા અસાંજી જાત એડી આય જે જો આંધ ભાભી થઇ કુછાંધદા સે પોરસી–ઢે.–થી રોંદી" (ગુજરાતી ભાષામાં) બાપુ આપ મુંઝાઓમાં ને ભલે ગમે તેવા કોધમાં હશે તોપણ અમારી જાત એવી છે કે જો "ભાભી" કહી બોલાવશો તો પોરસાઇને ઢગલો થઇ રહેશે, માટે આપ ભાભી કહેજો હું પણ ભાભી કહીશ આમ વાતો કરે છે તેટલામાં "કામઇ માતાજી તંબુ નજદીક આવ્યાં આવતાંજ પહેલાં તુંબેલે કહ્યું કે, "અચો ભાભી અચો" ત્યાં (વિનાશ

કાળે વિપરીત બુદ્ધિ એ કહેવત મુજબ) જામશ્રી રાવળજી બોલ્યા કે પધારો ભાભી પધારો! આપને ધક્કો થયો? એ સાંભળતાંજ માતાજી બોલ્યા કે- એ શું બોલો છો? તમે કોણ છો? જામસાહેબ બોલ્યા કે- હું રાવળજી છું, માતાજી કહે- બાપ વિચારીને આપણા ચારણ રજપુતના સંબંધ પ્રમાણે બોલો, છતાંપણ જામરાવળ ન સમજતાં બોલ્યા કે- ભાભી શાન્ત થાવ આપના ઘોડાઓને ખુશીથી લઇ જાવ. ફરી "ભાભી" શબ્દ સાંભળતાંજ માતાજી નીચેના દુહો બોલ્યા કે,—

દુહો—હું-બેણી-ને તું-ભા; સબંધ આયું જો-સગા ॥
ક વચન કાછેલા, કે અવગુણે કઢીઉં ॥ ૧ ॥ (પ્રાચીન)

અર્થ—હું તારી બેન છું. અને તું મારો ભાઇ છે, આપણો ચારણ રજપુતનો તે સંબંધ અનાદી કાળથી ચાલ્યો આવે છે. છતાં હે કાછેલા (કચ્છમાંથી આવેલો માટે કાછેલા કહ્યું) તે કવચન મારો શું? અવગુણ જોઇ કાઢયું.? વળી કહ્યું કે—

દુહો—કામણના કેકાણ, જાડા જરસે કીં જહર ॥
અજરો થીસે અહર, લોહું લાખણ શીયાઉત ॥ ॥ ૨ ॥ પ્રાચીન

અર્થ—હે જાડેજા કામઇના ઘોડાઓ જે હુજમ કરવા તે તો ઝહેર હુજમ કરવા જેવું છે, વળી હે લાખાજીના સપૂત લોઢાનો આહાર કરવો (કહેવત છે કે- લોઢાના ચણા ચાવવા) તે તો જરૂર (અજરો) અજીર્ણ થશે. એ પચે નહિં તેમજ ચારણના ઘોડાંઓ પચશે નહિં.

જામરાવળજી તો ચંડીકા-સ્વરૂપ જોઇ તંબુમાં જતા રહ્યા. ગારાંભડીના તુંબેલે આ પ્રપંચ રચેલ છે. તેમ માતાજીના જાણવામાં આવ્યું નહિં પણ 'રાવળજીએજ મારા ઘોડાં બીજાનો દેશ જેમ પચાવી પાડે છે, તેમ પચાવી પાડવા પાછા મોકલ્યાં નહિ. એવું સમજીને તથા ભાભી કહી મારી મશ્કરી કરી એ બે દોસોને મુખ્ય ગણી જામ રાવળજી ઉપર અત્યંત ક્રોધાતુર થઇ માતાજીએ રાવળજીને સંબોધી ચેતવણી આપી જે.

દુહો—રાવળ રાફ ન ખોદીએ, જાગે કો જડધાર ॥
કામઇ કાળો નાગ, નાનો જાણી ન છેડીયે ॥ ૩ ॥ પ્રાચીન

અર્થ—હે, રાવળજામ ઝાઝા રાફડાઓ ન ખોદીએ કારણ કે તે રાફડાઓમાંથી વખતે કોઇક જાજડમાન નાગ નીકળી પડે વળી કામઇ કહે છે કે- નાનો નાગ હોય તોપણ તેને (કાળો નાગ માની) છંછેડવો નહિં, (એટલે ચારણના બચ્ચાં નાના હોય તો પણ તેની અણસમજણનો લાભ લઇ છેતરવાં નહિં તે તો નાંનાં તોય નાગના બચ્ચાં છે. મતલબ કે તેમાં હળાહળ વિષ રહેલ છે. અને જો ડંશે તો તે સારૂં નહિં.) આ વખતે કામઇ માતાની ઉમર માત્ર સોળ વર્ષનીજ હતી. ને પરણીને પહેલેજ આણે આવ્યાં હતાં. રજપૂતોના વચનના વિશ્વાસથી માતાજીએ ઘોડા આપેલ પણ હવે તેના મનમાં એમ થયું કે મને છોકરૂં જાણી છેતરીને

આ ઘોડાઓ લઇ ગયા છે તેથી ઉપરનો દુહો કહેલ છે, વળી ચારણોના વિષે માતાજીએ એક બીજા દૃષ્ટાંતી દુહો કહેલ છે જે:—

દુહો-ચારણને ચકમક તણી, ઉઠ્ઠી ન ગણે આગ ॥
ટાઢી તોય ત્યાગ, લાગે લાખણ હીયા ઉતા॥૪॥ પ્રાચિન

અર્થ:—હે લાખાજીના સપુત જામરાવળજી ચારણ અને 'ચકમક' (પત્થર)માં જે અગ્નિ રહ્યો છે તેનો તું (ઉઠી) ઓલાય (બુઝાઇ) ગયેલો માનજે માં એ બન્ને વસ્તુ ઉપરથી ટાઢી (શીતળ) છે. છતાં પણ ત્યાગ કરવા યોગ્ય છે, કારણ કે તેનું ઘર્ષણ થતાંજ તણખાં ઝરે છે.

ઉપરના દુહાઓ બોલતાં બોલતાં તે વાકયો સાચા કરી બતાવવા કામધ-માતાએ પોતાનો એક સ્તન કાપી તંબુમાં ફેંકયો, જામરાવળજીએ ભયંકર બનાવથી તંબુની પાછલી બારીએથી બહાર નીકળી પોતાના ઘોડા ઉપર સ્વાર થઇ જામનગર તરફ એકલા રવાના થયા. જામશ્રીને એકલા જતા જોઇ સર્વ સૈન્ય તૈયાર થઇ પાછળ ચાલ્યું. અર્ધી રાત્રી થતાં જામરાવળજી જામનગર પહોંચી, રા આંગણમાં ઘોડો બંધાવી પોતાની મેડીએ ગયા. રાત્રે વાળુ કરેલું નહિં હોવાથી રાણીજી રસોઇની તૈયાર કરવા લાગ્યા. અને રાવળજીએ કામધના ઘોડાઓ વિષેની સઘળી હકિકત રાણીજી આગળ કહેવી શરૂ કરી, તેમાં "એક સ્તન કાપીને તંબુમાં ફેંકયો." એ વાત કહેતાંજ મેડી ઉપર માતાજીના દર્શન થયા. અને બીજો સ્તન કાપીને લોહી છાંટે છે તેવો ભાસ થતાં, "અરે આતો આંહિ આવી પહોંચ્યા!" એટલું કહી ઝપાટાબંધ મેડી નીચે ઉતરી જઇ પોતાનો ઘોડો માગ્યો, ઘોડો આવતાંજ સ્વાર થઇ શહેર બહાર નીકળી ગયા, પોતાને ભય હતો કે "મને લોહીં છાંટશે," તેથી શહેર બહાર નીકળી વિચાર્યું કે "એવું નિર્ભય સ્થળ કયુ છે કે હું જાઉં તો પાછળ ન આવી શકે?" એ વિચારમાંને વિચારમાં માતાજીનો માફી માગવાને બદલે ઉલટું મલેચ્છ-પીર "દાવલશાપીર"ની દરગાએ (આમરણ) પહોંચવા સુઝયું દોડતે ઘોડે આખી રાત્રી ચાલી શામપર માંધાપર વચ્ચે આવેલા એક વડતળે વિસામો ખાવા ઉતર્યા. જેવો પૃથ્વીપર પગ મેલ્યો કે 'તુરતજ તે વડલા તળે કામધમાતાને ત્રાગાં સહિત જોયાને હુમણાંજ લોહીનો ખોબો ભરેલો છે તે છાંટશે એવો ભાસ થતાંજ તુરતજ પાછા ઘોડેસ્વાર થઇ આમરણ તરફ ચાલ્યા એ વખતે એ પ્રદેશમાં +દાવલશાપીરનો ઘણો પ્રભાવ હતો તેથી તેઓશ્રીએ તેની દરગાહ તરફ ઘોડો હાંકયો. પરંતુ દાવલશાના મુજાવરે

+ દાવલશાપીર વિષેની હકિકત તૃતીય ખંડમાં આમરણ ગામના હેવાલમાં આપવામાં આવેલ છે.

દરગાહથી બાર નિકળી સામે આવી દરગાહમાં આવવાની જામશ્રીને ના પાડી. જામ રાવળજીએ તેનું કારણ પુછતાં, મુજાવરે જણાવ્યું કે "પીર દાવલશાકા હુકમ હુય કે તુંમ તુમેરી કુળદેવીકે પાસ કચ્છ નહિ ગયે? અબતો તુંમ કામઇમાતાકે શરણ જાવ. ઔર માફી માગ કે સચ બાત સુનાવ. ઓહીજ અછા કરેગી." તે સાંભળી રાવળજામે મુજાવરને પુછ્યું કે "તે હુવે મને કયાં મળે?" મુજાવરે કહ્યું કે "શામપર આંબાપર કે બીચમેં જો વડકી નીચે દીદાર હુવા ઓહી ઠીકાને જાવ." તેથી રાવળજામ તુરતજ પાછા વળ્યા, અને તે વડલા નીચે આવતાં, માતાજીનાં દર્શન થયાં. એ ચંડિકા રૂપ જોગમાયાને જોતાંજ રાવળજામ ઘોડાથી ઉતરી હાથમાં પાવડી લઇ સામા ચાલી વિનંતી કરવા લાગ્યા કે "હે માતાજી! મને બીજાએ (દશોંદી તુંબેલે) ભુલાવ્યો છે હુવે ક્ષમા કરો."

માતાજી કહે "હું જાણું છું બાપ તને મારા વિરોધીએ કુમતિ દીધી. તેનું ફળ તેને મળી જશે. પણ મેં તને ફરી પુછ્યું, છતાં બીજી વખત પણ તેં 'ભાલી' કહી એટલીજ તારી કસુર છે તેથી હું તને માફી આપું છું. હવે તું મારૂં આટલું છેલ્લુ વચન માનજે કે આ જગ્યાએ હું અદૃશ્ય થાઉંછું માટે અહિં મારા નામની જગ્યા બંધાવજે. તથા મારા પીપળીયા ગામે (હાલ પણ કામઇનું પીપળીયું કહેવાય છે) જ્યાં તારી છાવણી હુતી, ત્યાં પણ જગ્યા બંધાવજે. અને જે મેડીમાં મેં દર્શન દીધા ત્યાં મારૂં સ્થાપન કરજે. એટલુંજ નહિ પણ તારી મેડીની ઉત્તરદીશાની બારી સદાને માટે બંધ રાખજે કારણ કે રણની ભુમિ સપાટ હોવાથી આંહિનું મારૂં સ્થાન (કુંડ) દેખાશે. વળી આ જગ્યા તરફ આવતી નવરાત્રી સુધી તું કદી આવીશ નહિ આટલું વચન જરૂર પાળજે નહિં તો તેનું પરીણામ વીપરીત આવતાં, તારો કાળ થશે" એમ કહી માતાજી અદૃશ્ય થયાં. અને જામરાવળજીના અંતરમાં ભય અને વિહ્વળતા હુતી તે તુરતજ શાંત થઇ ગઇ.

જામરાવળે જામનગરમાં આવી જે મેડીમાં માતાજીનું દર્શન થયું હતું. ત્યાં તેમનું સ્થાપન કર્યું. અને ઉપરની બંન્ને જગ્યાએ (પીપળીયામાં તથા આંબાપર-શામપર વચ્ચેના વડ) પણ માતાજીના ઓરડાઓ ચણાવી સ્થાપના કરાવી. હાલ તે બંન્ને જગ્યાઓ 'કામઇમાતાના કુંડના નામે પ્રસિદ્ધ છે' ત્યાં માનતાઓ પણ ઘણી આવે છે. આસપાસ વૃક્ષોના કુંડમાંથી (બાવળનું) દાતણ પણ કોઇ કાપતું નથી.

ગારાંભડીના દશોંદી તુંબેલ ચારણને માતાજીના શ્રાપથી બીજેજ દહાડે

"રગત કોઢ" થયો, અને તેની પીડામાંજ તે નિર્વંસ ગુજરી ગયો. *

પ્રતિજ્ઞાનું પાલન

જામનગરમાં બીરાજી જામરાવળજીએ દ્વારામતિમાં લીધેલ પ્રતિજ્ઞા મુજબ દરરોજ સવાપ્રહર દિવસ ચડતાં સુધીમાં જેટલા યાચકો આવે તેટલાને હીરની સરકે, ઘોડાઓ આપવાં શરૂ કર્યા "શ્રી જરૂચ્વર મહાદેવજીના પ્રતાપે ઘોડારમાં દરરોજ નવાં નવાં ઘોડાઓ ઉત્પન્ન થતાં, એને દેશદેશાવરના ચારણો કર્ણોતકર્ણ તારીફ સાંભળતાં ઘોડાઓ લેવા આવતા. જેને જામરાવળજી ઘોડું આપતા તેને ખાત્રીના લેખ લખી આપી માથે મોર છાપ છાપી તેને હળવદ મોકલતા.

હળવદમાં પણ રાજસાહેબે અનેક કારીગરોને બોલાવી, શંખલારી સામાન દરેક જાતનો તૈયાર કરાવી સ્ટોરમાં રાખતા, અને ઘોડા તથા લેખ લાવેલા કવિને એકાદ બે દિવસ રાખી, ઘોડાનો તમામ સામાન આપી લેખ નીચે પોતાની મોરછાપ છાપી, મુળીએ મોકલતા હતા.

મુળીના ઠાકોરશ્રી શેશાજી પરમાર પણ બન્ને રાજસ્થાનની સહી સિક્કાવાળા લેખની ખાત્રી કરી, બારમાસ જોગાણ જોઇએ તેનો હિસાબ કરી, બાજરાનાં ગાડાંઓ આવેલ કવિને ભરી આપતાં.

આમ કેટલોક સમય ચાલ્યા પછી હળવદના રાજસાહેબના મનને થયું કે ત્રણ માસમાં તો અસંખ્ય ચારણો, ઘોડાઓ લઇ આવ્યા, હજી તો વર્ષ પુરૂં થયું નથી ત્યાં હજારો રૂપીઆનો સામાન જોયે, માટે આવા હજારોના ખર્ચમાં ઉતરવા કરતાં કંઇક ઉંચેરી રકમ ઠરાવી આપીએ તો કારીગર વિગેરે રાખવાની ઉપાધી ઓછી થાય, એમ વિચારી એક પત્ર લખાવી જામશ્રી રાવળજીની સલાહ પુછાવી.

પરંતુ લીધેલી પ્રતિજ્ઞાનું પુરેપુરૂં પાલન કરનાર પ્રતાપી જામરાવળજીએ

---

* સૌરાષ્ટ્રની રસધારા ભાગ ૩ ત્રીજામાં આ વાત લખી છે. તેમાં જામલાખાજીનું નામ છે, અને કામધનું સ્થાન જાંબુડા ગામે બતાવેલ છે. પરંતુ જામનગરના જુના ઇતિહાસો અને વૃદ્ધ ચારણોના કંઠસ્થ સાહિત્યમાં એ બાપ રાવળજીનેજ થયાનું જણાય છે. દુહાઓમાંજ "રાવળ રાફ ન છોડીએ" તથા "લાખણશીયાઉત" વિગેરે નામો સ્પષ્ટ આવે છે. પરંતુ 'લાખણશીયાઉત' નો અર્થ નહિ જાણનાર કોઇ માણસે 'લાખણશીયડા' એમ દુહાઓ બોલી હકીકત સાથે વાત કહેલી હશે, તેથી તે વાત તેમ છાપવામાં આવી હશે, જાંબુડામાં તેનું સ્થાનક નથી, વળી તેઓ બધા 'પરજીયા' ચારણો છે, કામધમાતાનો જન્મ 'હાબરડી' ગામે જેશા નામના તુંબેલ ચારણને ત્યાં થયો હતો, અને પીપળીઆના તુંબેલ ચારણોમાં સાસરૂં હતું હાલ પણ તે ગામ "કામધના પીપળીઉ" એ નામે પ્રસિદ્ધ છે ને ત્યાં મુંડ પણ હૈયાત છે. ને અમોએ તે જગ્યો જોઇ છે.

એ વાત મંજુર રાખી નહિં અને જે ચારણો આવે તેને મુરતવંત ઘોડાએજ આપવાનો રિવાજ કાયમ રાખ્યો.

એક સમય મુળીના રહીશ પ્રસિદ્ધ કવિ રતનુ જામનગર આવ્યા, રાવળજામે તેનો અતિ સત્કાર કર્યો, કેમકે-"રતનુ" ઓડખના ચારણો યદુવંશી માટેજ બ્રહ્મણમાંથી ચારણ થયા હતા. તે વાત જેસલમેરના ઇતિહાસમાં દ્વિતીય ખંડમાં આવશે તેમજ રજપૂતોની ચાર શાખાઓમાં ચાર મોટી શાખાના ચારણો રાજકવિ છે તે વિષેનો પ્રાચીન દુહો છે કે

દુહો—શોદા અને શીશોદીઆ, રોહડને રાઠોડ ॥
દરશાઓત ને દેવડા, જાદવ રતનુ જોડ ॥ ૧ ॥ પ્રાચીન

અર્થ—શીશોદીઆ રાણાના રાજકવિ શોઢા ઓડખના ચારણો છે, તથા રાઠોડના રાજકવિ રોહડીઆ ઓડખના (ધસરાણીઓ) છે. અને દેવડા રાજપૂતના રાજકવિ દરસાણના વંશજોના છે. તેમજ જાદવવંશના રાજકવિ રતનુ શાખાના ચારણો છે. એમ એ ચારેની જોડી છે.

ઉપર પ્રમાણેની હકીકત તથા કચ્છમાં પણ રતનુ ચારણો અગ્રગણ્ય તરીકે પ્રસિદ્ધ હોવાથી જામ શ્રી રાવળજી રતનુ ઓડખના ચારણોને પોતાના ઘરનાજ કવિ માનતા કચ્છમાં રતનુનાં શાશણો (ગીરાસનાં ગામો) હોય રાવળજામે પૂછયું કે-"કવિરાજ કચ્છમાંથી આવો છો ? કે મારવાડમાંથી ?" કવિએ કહ્યું કે—ના અન્નદાતા ! મારવાડને તો ઘણી પેઢીઓ પહેલાં છોડયું છે. તેમ કચ્છ પણ નજરે જોયો નથી હું તો મુળીએથી આવું છું જામરાવળજી કહે મુળીમાં રતનુ ચારણ ક્યાંથી આવ્યા ? તેથી કવિએ જવાબ આપ્યો, કે જ્યારે વિ. સં. ૧૨૧૫ માં ભયંકર દુષ્કાળ પડયો ત્યારે અમારા વડીલો પારકરમાં ભટી રાજપૂતો સાથે સોઢા રજપુતોના રાજયમાં ગયા, ત્યાંથી જ્યારે તે સોઢાઓ કાઠીઆવાડમાં આવ્યા, અને 'મુળી' શહેર વસાવી ત્યાં ગાદી સ્થાપી, ત્યારે અમારા વડીલો તથા ભટીઓ પણ તે પરમારો (સોઢા) સાથેજ મુળીમાં આવ્યા હતા. એટલુંજ નહિં પણ ચભાડ રજપુતો સાથેના યુદ્ધમાં અમારા ત્રણ વડીલોએ તથા તે ભટીઓએ માથાંઓ આપેલાં છે, તે વિષેનું એક પુરાતની કાવ્ય છે. કે—

* ॥ દોહો ॥
संवत बार पनरोतरे, सोढेकिय संगराम ॥

* વિ. સં. ૧૨૧૫માં પારકરથી સોઢાઓએ, આવી ભોગાવાને કિનારે છાવણી નાખી ત્યાં શરણે આવેલા તેતરને પાછું, ન સોંપવા માટે રાજપુત્રનો શરણાગત ધર્મ સાંચવી, ચભાડ જાતીના રજપૂતો સામું મહાન્ યુદ્ધ કર્યું, તેમાં પાંચસો ચભાડોને મારતાં પોતાના ૧૪૦) સાતવીસું સુભટો કામ આવ્યા તેનો હિસાબ છે કે ૪૫ પરમાર રજપુતો ૨૦ ખુરશાળી આરબો ૧૨ ભટી રજપુતો, અને તેના ૩ ત્રણ રતનું, ચારણો, ૨૪ રબારીઓ, ૧૬ સિપાઇઓ ૫) પાંચ પટેલ ઓડખના વાણીઆઓ, ૭ સુતારો, અને ૮ વજીર (લાડક) મળી કુલ ૧૪૦ સાથે રતનસિંહજીના કુમારશ્રી મુંજેજી કામ આવ્યા, અને ત્યાં મુળી નામનું શહેર વસાવી ગાદી સ્થાપી.

રણવેલો રતનેશરો, અવીચળ રાખ્યો નામ ।। ૧ ।।
પડયા ચમાડા પાંચસો, સોદાવીસું સાત ।।
એક તેતર રે કારણે, અળરાખી અખયાત ।। ૨ ।।

॥ ए सातवीसुं ना हीशाबनो छप्पय ॥

પીસાતાલીસ પરમાર, મુવાવીશ ખેરમશાણી ।।
બારભટી બરદેવ, ત્રણ રતનું ખમતાણી ।।
રણ ચોવીસ રાયકા, શોળ લશ્કરી સીપાઇ ।।
જંગ રચ્યો બહુ જોર, ઘણા આવે બહુ ધાઇ ।।
પટેલ પાંચ, સુતાર સાત, વેઢક આઠ વજીર અતિ ।।
રણબાંધી, રતનેશરો, મુંજો લડીઓ મહિપતિ ।। ૩ ।। (પ્રાચીન)

અન્નદાતા! એ પ્રાચીન કાવ્ય મુજબ બારભટ્ટી ઓડખના રાજવીઓ સગા સબંધીના સગપણે અમારા વડીલોને જેસલમેરમાંથી સાથે લઇ પારકર આવેલ, ત્યાંથી કાઠીઆવાડમાં મુળીના પાદર થયેલ યુદ્ધમાં ભટી રજપુતો અને અમારા ત્રણ વડવાઓ કામ આવતાં એ પ્રદેશમાં મુળી શહેર વસાવી, અમારા વડીલોને તે પરમાર રાજાએ સારો ગીરાશ આપી ત્યાં રાખ્યા. હું તે વંશનો હોઈ હાલ મુળીમાંજ રહું છું, પણ મથક તો અમારૂં મારવાડ (જેસલમેર) અને યદુવંશી, અમારા પ્રથમ દરજાના સાચા અન્નદાતાર. ઉપરની કવિની તમામ હકીકત સાંભળી દાનેશ્વરી રાવળજીએ પોતાના ઘરનો કવિ આવ્યો જાણી, લાખપશાવ આપ્યા, અને સારી મોટી રકમનું વર્ષાસન બાંધી આપ્યું, કવિને ચાલતી વખતે રાવળજીએ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા ઘોડા આપ્યા, કવિને સાત દિવસ રોકી સાત ઘોડાઓ આપી, પ્રતીજ્ઞાનું પાલન કરવા, સાત ઘોડાઓનો લેખ મોરછાપવાળો આપી હળવદ, તેનો સામાન લેવા જવા સુચના આપી.

કવિરાજ ચાલતાં ચાલતાં હળવદ આવ્યા. રાજસાહેબે પણ યોગ્ય સત્કાર કર્યો. પણ આ એકજ કવિને સાત ઘોડાઓનો સામાન આપવાનો લેખ વાંચ્યો, ચાલતી વખતે રાજસાહેબે શંખલાદી પલાણ, (સજાઇ) નહિં આપતાં અમૂક ઉંચી રકમ રોકડી આપવા લાગ્યા.

એથી કવિએ કહ્યું કે "જે પ્રતિજ્ઞા જીંદગી પર્યંત લીધી છે, તેની આમ ઉંચ ન હોય, અલબત આ રકમ તે સજાઇ વિગેરેની કીંમતથી વધુ હશે. તોપણ શાસ્ત્રની રીતી પ્રમાણે તેમ ન થાય, વળી રાવળજામ હજી મુરતવંતો ઘોડો આપે છે. ત્યાંસુધી તમારે પણ મુરતવંતી સજાઇ આપવીજ જોઇએ" એ સાંભળી રાજ માનસિંહજી બોલ્યા કે "રાવળજીને તો જગદીશ્વર મહાદેવનો પ્રતાપ છે. વળી

તે મોટા રાજા છે, તો તેને પોસાય, કવિ કહે કે "ગોમતી સ્નાન કરતી વખતે એ બધો વિચાર પ્રથમ કરવાનો હતો, રાવળ જામતો ભલે મોટા રાજા છે, પણ રંગ છે, અમારા મુળીના ધણીને કે, હજી કવિઓને બાજરાનાં ગાડાંઓ ભરી આપી, પોતાની લીધેલી પ્રતિજ્ઞા પાળે છે, એટલુંજ નહિં, પણ ચારણો ઉપર અનહદ પ્રીતિ રાખે છે, અને ચારણોના મોઢામાંથી પડતાં વેણ ઝીલે છે, એટલે ચારણો જે મોઢેથી માગે તે આપે છે એવા સત્યવાદી છે. તો આપ ગુજરાનાથ થઈ ને, આવું હીણું કેમ ભાંખો છો? કેટલાભવ જીવવું છે? કોને કહ્યું હતું, કે ગોમતી કાંઠે પ્રતિજ્ઞા લીઓ? રંગ છે, રાવળજામને, અને રંગ છે શેંશાજી પરમાર મુળીના ધણીને કે હજી લીધેલી ટેક (પ્રતિજ્ઞા) પાળે છે! "બાપ વડીક તો શેંશાજી પરમાર થાવ."

ઉપર મુજબ સત્યવક્તા કવિએ દાતારોની તારીફ વધુ પ્રમાણમાં કરી નાખી, આ હકીકત સાંભળી, રાજમાનસિંહજી જરા શરમીંદા થયા, પણ સમય સુચકતા વાપરી, તે ગઢવી (કવિ) તથા શેંશાજીનું કાસળ કાઢવાનો, ઉપાય રચી બોલ્યા કે. "કવિરાજ સતવાદીનો તો જમાનો જતો રહ્યો, આ કળીયુગમાં કોઇ રાજા એવો ન હોય કે, કવિઓને મોઢે માગ્યું, દાન આપે! તમે શેંશાજીને બહુ વખાણો નહિં અમારા દીઠેલભાળેલ છે,"

કવિરાજ કહે- "હા, બા, હા, હજી" કેકોકાનારા હોલો ભાંખે હમીરીઆ" એ કહેવત પ્રમાણે હજી મુળીના ધણી મારો પારકરો પરમાર રાજા પોતાની ટેક જાળવે છે અને માગ્યાં દાન આપે છે."

કવિએ જરા પોતાના ધણીની વધુ તારીફ કરી, અને રાજમાનસિંહજીએ પોતાનો પાસો ફેંકયો કે- રાજસાહેબ કહે "કવિરાજ માગ્યું દાન આપતા હોય તેની ખાત્રી કરાવા તમે મુળીએ જાવ અને "કરમદાં" નું એક ગાડું અહિં આઠ દિવસના અંદર મને લાવી આપો;"

કવિ તુરતજ મુળીએ જાય છે અને બધી હકીકત ઠાકોરશ્રી શેસાંજી આગળ રજુ કરે છે અને ગાડું એક "કરમદાં"ની માગણી કરે છે.

જેવું જામરાવળજીને જડેશ્વર મહાદેવનું ઇષ્ટ હતું તેવુંજ શેસાંજી પરમારને તેના કુળદેવ "માંડવરાયજી; (માર્તંડરાય-સૂર્યનારાયણ)નું ઇષ્ટ હતું; રાત્રે સ્વપ્નમાં માંડવરાયજીએ ઠાકોરશ્રી શેંસાંજીને કહ્યું કે "સૂર્યોદય સમયે ભોગાવામાં "કરમદાં" નું ગાડું આવશે તે ગઢવીને દેજે" એ પ્રમાણે સવારમાં ગાડું ભોગાવામાં આવતાં કવિને બોલાવી દાનમાં આપ્યું તે લઇ અઠવાડીઆ પહેલાં હળવદમાં જઇ કવિએ રાજ માનસિંહજીના દરબારમાં ગાડું ઉતાર્યું, રાજ માનસિંહજી ચક્કીત થયા કે! આ વસ્તુ ઠેઠ ગુજરાતમાં નીપજે, વળી હાલ તેની મોશમ પણ નથી, છતાં આવાં પાકલ કરમદાં તેને કયાંથી મેળવ્યાં હશે? એવો ઘણો ઘણો વિચાર કર્યો.

ખુબ વિચાર કરી, ફરી પલટો માર્યો કે– કવિરાજ એક ગાડું ફરમદાં લાવ્યા પણ હવે પાછા ત્યાં જઇ, એક ગાડું "જુવા" એનું ભરી લવો, તો શેંશાજી સાચા સત્યવાદી.–

ગઢવીને'તો પોતાના ધણીનો પોરશ હતો, માંડવરાયજી સહાય છે, તેને શી ચીંતા છે? એમ વિચારી ફરીને મુળીએ આવી ઠાકોરશ્રી શેંશાજી આગળ 'જુવા' એનું એક ગાડું માગ્યું, એજ રાત્રે માંડવરાયજીએ સ્વપ્નમાં આવીને શેંશાજીને કહ્યું કે, શેંશાજી ચિંતા કરીસમાં મારા મંદિરનાં પગથીઆં છે, તેમાં છેલ્લે પગથી-એથી ગણતાં ચોથું પગથીઉં જે આવે, તેને ઉથલાવજે તો ત્યાં "દોકડીઆજુવા" એની ખાણ નીકળશે, તેમાંથી ગાડું ભરી દેજે, ને પછી પગથીઉં જેમ હતું તેમ ચોડાવી દેજે, "એજ પ્રમાણે સવારે ચોથું પગથીઉં ત્રોડતાં મોટા દોકડા દોકડા જેવડા જુવાઓ બહાર ઉભરાઇ નીકળ્યા, કે તુરતજ પાવડેથી સુંડલાઓ ભરી, ગાડું આખું ચીકાર ભરી આપ્યું, બાદ ગાડાવાળા બેડુતને હુકમ કર્યો કે "તું આ ગાડું હળવદના રાજઆંગણમાં ઠલવી (ઉલાળી) પાછો હાલ્યો આવજે, ગઢવી ગાડું લઇ અને હળવદ ગયા, અને રાજસાહેબને મળીને નીચે ગાડું જોવા તેડી લાવ્યા, ત્યાં તો ગાડા બેડુત તેના દરબારના હુકમ મુજબ, રાજઆંગણમાં ગાડું ઉલાળી તમામ જુવાઓનો મોટો ઢગલો કરી મુળીને મારગે ચાલતો થયો હતો, એ જોઇ રાજમાનસિંહજી આશ્ચર્ય પામ્યા કે, આટલા બધા જુવાઓ નો સંગ્રહ તેને કયાં કર્યો હશે? પણ ઠીક "હવે આ વખતે તો એવો યોજના રચું કે, કાંતો શેંશાજી નહીં ને કાંતો કવિ નહિં"

એવો વિચાર કરી કહ્યું કે, ગઢવી, "હવે ત્રીજીવાર જઇને જો માગો, અને તે માંગ્યું, આપે તો હું માનું કે, આ કળીયુગમાં અત્યારે ઠાકોર શેંશાજી જેવો બીજો કોઇ સત્યવાદી દાતાર નથી" ગઢવી દાતારોની પહેલી પંકતીમાં પોતાના ધણીનું નામ આવતું જોઇ, બોલ્યા કે, "ઘણી ખુશીથી હજી ત્રીજીવાર જાઉં, ફરમાવો હું શું માગું? મુળી ધણી શેંસોજી માથું, માગું તો માથું આપે એવો દાતાર છે" રાજમાનસિંહજી કહે કે, "ગઢવી તમે ત્યાં જઇને 'જીવતો સિંહ' માગો અને તે તમોને આપે, તો તમે જાતે પકડીને આંહી લાવજો,"

કવિ પણ સમજ્યા, કે આ વાત હવે શીર સાટાની છે, પણ ઠીક હરી ઇચ્છા પ્રભુ ટેક રાખશે, એમ વિચારી ચાલી નીકળ્યા, એ વખતે રાજમાનસિંહજીએ કવિને સાતેઘોડાઓ ઉપર શંણગારી સામાન નંખાવી, યોગ્ય સત્કારથી મોકલ્યા હતા, કારણ કે તેઓ સમજતા હતા, કે "ઉપરની માગણી પુરી પડે તેવી નથી" કવિ તો તુરતજ મુળીએ આવ્યા, અને સત્યવાદી શેંશાજી આગળ 'સિંહ'ની માગણી કરી, શેંશાજીને રાત્રે સ્વપ્નમાં માંડવરાયજીએ કહ્યું કે, દિવસ ઉગ્યામાં તું ભોગાવે નાવા આવજે, ને ગઢવીને પણ સાથે લાવજે, હું પોતે સિંહનું રૂપ ધારણ કરી, પૂર્વદિશામાંથી ગર્જનાઓ કરતો આવીશ, પણ તું જરાપણ મને

જોઇ ડરજેમાં, અને સામો આવી એક હાથે મારી કેશવાળી અને બીજે હાથે મારો કાન ઝાલી મને દોરી જજે"

સવાર થતાં ગઢવીને સાથે લઇ જઇ શેંશાજી ભોગાવે નાવા ગયા, બન્ને જણા નાઇ ધોઇ તૈયાર થયા, તેવામાં તો તેણે દિશાઓ ગજાવતો, ડાલામથો ભુરીઉં લટું વાળો, કેશરીસિંહ- ત્રાળું દેતો દેતો પૂર્વદિશામાંથી, આવતો જોયો, નદીમાં આવી પાણી પી, ઉભેવેને શેંશાજી અને કવિ સામો તે સિંહ, ચાલ્યો, નજીક આવતાં શેંશાજીએ "આપ ઉભો રહે મારી ટેક રાખ્ય," એમ કહી પાસે જઇ કેશવાળી તથા કાન ઝાલી, ગઢવી તરફ દોરીને લઇ ગયા, ગઢવીએ એ સિંહનું કોઇ 'દૈવી સ્વરૂપ' જોઇ કહ્યું, કે-

દોહો—શેંશે, સિંહ સમપીઓ, કેસર ઝલીયો કાન ॥
રમતો મુકે રાન (મનેં) પહોંચ્યો પરમારાં ધણી ॥ ૧ ॥ (પ્રાચીન)

અર્થ—હે શેંસાજી તેં કાને ઝાલી મને કેશરીસિંહ સોંપ્યો, તે મને પહોંચ્યો, માટે હું! પરમારોમાં શ્રેષ્ઠ વીર તું તેને જંગલમાં છુટો મેલી દે.

ઉપરનાં કવિના વચનોથી શેંસાજીએ સિંહને છોડી દીધો, કે જોત જોતામાં તે સિંહ અદ્રશ્ય થયો. અને કવિ પણ પછી હળવદ નહિં જતાં પોતાનાજ વતનમાં રહ્યા.—

હળવદના દરબારમાં કુદરતી 'જુવા'ઓનું માત્ર એકજ ગાડું આવેલ હતું પણ દીન પ્રતિદીન તે જુવાઓ વધતા ગયા એટલુંજ નહિં પણ તે ઢીંગલા, ઢીંગલા જેવડા 'જુવા'ઓ. માણસો તથા ઢોરોને કરડી હેરાન કરવા લાગ્યા, તેથી રાજસાહેબે તે દરબારગઢના રાખાંગણમાં. કાળા પત્થરની લાદી જડાવી, પણ જુવાઓ દટાણા નહી, સાંભળવા પ્રમાણે હાલપણ તે જુવાઓ જુનાદરબારગઢમાં કોઇ કોઇ સ્થેળે જોવામાં આવે છે, છેવટ જ્યારે 'ધ્રાંગધ્રા' ગાદી ગઇ ત્યારે રાજકુટુંબ તથા માણસો એ જુવાઓના ત્રાસથી મુકત થયાં,

જામશ્રી રાવળજીને આ હકીકતની ખબર મળતાં, મુળીએ સાંઢડી સ્વારને મોકલી. તે કવિ નાગદાનરતનુંને જામનગર બોલાવ્યા અને તમામ વાત પુછી અને સાંભળેલી, હકીકત ખરી જણાતાં આ દેવ જેવા ચારણની યોગ્યક દર કરી, ફરી બીજા લાખપસાવ સાથે "રતનપર" નામનું ગામ આપ્યું, અને જામનગરમાં દરબારગઢ નજીક રહેવાના મકાનો આપ્યાં, પરંતુ કવિ તો શેંસાજી પાસેજ રહેતા, અને તેના પુત્રો વિગેરે બીજું કુટુંબ જામનગરમાં રહેતું, કેટલોક કાળ વિતતાં સત્તરમા સૈકામાં ભયંકર દુષ્કાળ પડતાં એગામ ઉજડ થયું, અને કવિ કુટુંબ પણ કાયમને માટે મુળીમાંજ રહેતું હોઇ; આ તરફ ઓછો લક્ષ આપતાં એ ગામની ફરી આબાદી કરી શકયા નહિં. *

* ઉપરના કવિ, નાગદાનજી રતનું તે આ ઇતિહાસકારના બારમી પેઢીએ વડીલ થાય, હાલ મુળીમાં અમારા વડીલો પાર્જીત, ગીરાસ તથા મકાન છે, ને તે મુળ ગીરાસના હકથી કંઇપણ કર, વેરા વીના અમારે કબજે છે, તેમજ મુળીના નામદાર ઠાકોર સાહેબ પણ રતનું ચારણો, પોતાના સાથેંજ આવ્યા છે, તેમ માની ભાયાતોના જેવાજ હકો આપ્યા છે.

એ પ્રમાણે જામશ્રી રાવળજી અને શેંસાજી પરમારે દૃઢ ટેક બાંધી, પોતાની કીર્તિ આ પૃથ્વી ઉપર અમર રાખી હતી.

જામશ્રી રાવળજીની ગાદીએ આવનાર જામથી હોકો નપીવાય તે વિષેની હકીકત

એક વખત જામશ્રી રાવળજી છડી સ્વારીએ કુળદેવી આશાપુરાજીના દર્શન કરવા માતાજીને મંદિરે પધાર્યા, ત્યાં દર્શન કરી દેવાલયમાં બીરાજ્યા, ચૈત્રમાસની નવરાત્રીના દિવસો હોવાથી ત્યાં હોમાદિક કાર્ય થતું હતું. તેથી તે હવનની પાઠ પૂજાનું તમામ કાર્ય પૂર્ણ કરી રાજમહેલ તરફ પાછા પધાર્યા રસ્તે ચાલતાં જામસાહેબે વાત કરી કે "હવનમાં વધુ રોકણ થવાથી હોકો પીવાની તલપ ત્યાં થઇ હતી, પણ વિચાર્યું કે અહીં બ્રાહ્મણો પૂજન કરાવે છે. ત્યાં કયાં હોકો મંગાવીને પીએ! મેડીએ જઇ પીશું." આમ વાતો કરતાં કરતાં બજારમાં પ્રજાજનની સલામો ઝીલતા ઝીલતા જામશ્રી રાવળજી પોતાના સુરસામંતો અને જાયાતો સાથે હળવે હળવે ચાલ્યા આવતા હતા, તેવામાં એક વેપારીની દુકાનના ઓટલા આગળ એક આધેડ પુરૂષ ધોબીના ધોયેલ ઉજળાં કપડાં પહેરી તથા માથે મોટો મેકર બાંધી અને હાથમાં રૂપેરી હોકો લઇ પીતો પીતો વેપારી સામો વાતો કરતો ઉભો હતો. જામસાહેબ તેની સામી બાજુની દુકાનોની લાઇન આગળ નીકળ્યા, તે પુરૂષે પણ સહુ હોકો સાથે જામશ્રીની સલામ લીધી જામરાવળજી તો વાતો કરતા સલામો ઝીલતા ચાલ્યા જતા હતા, પણ જામશ્રી સાથેના એક હજુરીએ તે પુરૂષને રજપૂત વારીને તેનો હોકો (જામશ્રીની તલબ બુઝાવવા સારૂ પીવા માટે,) માગ્યો અને તેના સામો આગળ ચાલી હોકો લેવા હાથ લાંબો કર્યો, એ શ્વેત વસ્ત્રધારી પુરૂષે "ઘણીખમાં અન્નદાતાર, હું તો આપનો વેઠીઓ છું." એમ કહી પોતાની અત્યંજ જાતિ જાહેર કરી, સાંભળતાંજ સહુ કચેરીમંડળ શરમીંદુ થયું, અને જામશ્રી રાવળજીએ પણ તે બધો બનાવ નજરોનજર જોયો.

જામશ્રી કચેરીમાં આવી ગાદી ઉપર બીરાજ્યાઃ કે તુરતજ બીજમતદારે સોનાથી મઢેલો રાજવી હોકો હજુરશ્રી આગળ ધર્યો, હોકો નજરે જોતાંજ જામશ્રી રાવળજીએ હોકા માથેની દેવતાવાળી 'ચલમ' ઉતારી લેવા હુકમ કર્યો, હુકમ મુજબ હજુરીએ ચલમ ઉતારી લેતાં, એ સોનેથી મઢેલા અમૂલ્ય હોકાના જામશ્રી રાવળજીએ પોતાના હાથે સામેની દીવાલમાં પછાડી ટુકડે ટુકડા કરી નાખ્યા અને નીચેનાં વાકયો કહ્યાં. કે—

"આવા દુરવ્યસનને લીધે ભર બજારમાં જામના હજુરીને જામને પીવા માટે નીચ જાતીના માણસ પાસેથી હોકો માગવો પડયો, એ ઘણીજ શરમની

વાત છે. જેથી હું પ્રતિજ્ઞા કરૂં છું કે, મારી ગાદી ઉપર બેસનાર પુરૂષે (જામે) હોકો પીવો નહિ, તેમજ જામના કુળરૂ બીજા કોઇપણ પુરૂષે હોકો પીવો નહિ."

ઉપર પ્રમાણે જામશ્રી રાવળજીએ હાથમાં પાણી લઇ પ્રતિજ્ઞા કરી, હોકાનું વ્યસન છોડયું. તે અદ્યાપિ પર્યંત રાવળજામની ગાદી ઉપર જે જે જામશ્રી બીરાજ્યા તેણે પણ તે પ્રતિજ્ઞાનું બરોબર પાલન કરેલ છે, એટલે તે પછીના કોઈ પણ જામસાહેબે હોકો પીધેલો નથી તેમજ તેમના કુળરૂ * હાલપણ કોઇ પુરૂષ હોકો પી શકતો નથી.-

જામશ્રી રાવળજીનું અવસાન

(વિ. સં. ૧૬૧૮ ના કાર્તિક સુદ ૧૧ દેવદિવાળી)

દસેરાને દહાડે સમીપૂજન કરી આવ્યા, પછી બીજે દિવસે સખત વાવાઝોડા સાથે મોટું (વરસાદ) થયું, અને ઉપરવાસથી એકદમ ઘોડાપુર, આવતાં રંગમતી અને નાગમતીના સંગમે પાણી (પુર) દરીઆના જેમ ભરાણું, તેમજ સામી બાજુથી પણ ખારો ભરાતાં દરીઓ, અને નદીઓ એકરૂપે થતાં મહાસાગર જેવો દેખાવ થયો, કેટલાક હજુરીઆઓએ એ રમણીય દેખાવ મેડી ઉપરની અગાસીએ ચઢીને જોવા, (જામરાવળજીને)લલચાવ્યા, માતાજીએ "મારા કુંડ તરફ ઉત્તર દિશામાં એક વર્ષસુધી, ન આવવા ને તે તરફ ન જોવા, વચન કહેલ" તે કોઇને યાદ ન આવ્યું, હજુ નવરાત્રીના દિવસો ગઇ કાલેજ પુરા થયા હતા, અને તે વાતને હજી પુરા બારમાસ પણ નહોતા થયા, પણ વિનાશકાળે કંઇ સુજતું નથી, તેથી જામશ્રી રાવળજીએ મેડીની ઉંચી અગાસીએ ચઢી, પોતાના સુરસામંતો સાથે વરસાદ વરસી રહ્યા પછીનો અપૂર્વ દેખાવ, (સૃષ્ટી સૌંદર્યનો) જોયો, તેમજ ઉત્તરદિશામાં નદીઓ અને દરીઆના સંગમથી અપૂર્વ પાણીવાળો પ્રદેશ જોયો, જોત જોતામાં તે "ખારા"માં આઘે આઘે પોતે એક અગ્નિની જવાળા પાણી, ઉપર બળતી જોઈ.

---

* મરહુમ—મહારાજા જામશ્રી રણજીતસિંહજી સાહેબે પણ એક દિવસ પોતાના બંગલા આગળની જાળીવાળી હજુરીઆ લાઇનમાં રાજપરાના બારોટ નથુભાઈ ખાલીઆની ઓરડીની ઓસરીમાં હોકો જોયો, અને તેથી તે હોકો પોતાના કુળરૂ ત્યાંથી લેવરાવી ફોડાવી નાંખેલ હતો. આ વાત ઇતિહાસકારને નથુબાલીએ પોતેજ કહેલ હતી, તેમજ તેઓ કહેતા હતા કે. હવે અમો 'હોકો' પી, અને ઓરડીમાંજ રાખીએ છીએ, તે દિવસ ઉતાવળમાં ભુલથી ઓસરીમાં રહી ગયેલ હતો, તેથી જામસાહેબ બાપુએ બહાર ટેલતાં ટેલતાં જોયેલો, અને તે મંગાવી ફોડાવી નંખાવ્યો, ને તે હોકો નથુ બારોટનો હતો તેવું પાછળથી જણાતાં તેજરાત્રે તેના બદલામાં નથુ બારોટને રૂા. ૨૫) પચીસ જામસાહેબે આપ્યા હતા.

તે જોતાંજ સર્વ સામંતો અને હજુરીયાઓને કહ્યું કે " સામી બાજુ આઘે આઘે પાણી ઉપર બળતું કેમ બળતું હશે? સામંતો વિગેરેએ ખુબ નજર ખેંચી જોયું પણ તે અગ્નિ કયાંઇએ ન જોવામાં આવ્યો, તેથી તેઓ સહુ બોલી ઉઠયા કે " અન્નદાતા કયાં છે એ બળતું? બધેય પાણી, પાણી, ભરેલું જળાકાર છે. પાણીમાં કયાંઇ તાપ, બળતો હોય ખરો? એ સાંભળી જામરાવળજીએ પોતે જોયેલા અગ્નિ તરફ (એ તાપણા તરફ) પોતાના જમણા હાથની આંગળી લાંબી કરી, બતાવતાં બતાવતાં બોલ્યા " કે એ આઘે આઘે મારી આંગળી સામે, તાપણું બળે છે. એ 'ટમકું' તમે નથી જોઇ શકતા?" એમ વાતો કરે છે. તેટલામાં દૈવી પ્રભાવે (જેમ ઇલેકટ્રીનો કંટ લાગે, અથવા તો પેટ્રોલને દૂરથી અગ્નિ લાગે તેમ) લાંબી કરેલી આંગળીના ટેરવા ઉપર, ભડક ભડક એમ બે ત્રણવાર ભડકો થઇ, ઓલાઇ ગયો, એ સહુ સામંતો વિગેરેએ જોયો, તેટલામાં તો જામરાવળજીના આખા શરીરમાં બળતરા ઉઠી, સહુ તુરતજ નીચે આવ્યા, ફરી કોઇએ તે અગ્નિ ભાળ્યો નહિં, પણ એ કુદરતી અગ્નિએ જામશ્રી રાવળજીના શરીરને 'અર્ધદગ્ધ' કરી દીધું, એ ઉપરથી દુહો છે કે–

દુહો—કામદ કાળો નાગ, જાગી જાડેજા શીરે ॥
આંગળીએથી આગ, લાગી લાખણશીયાઉત ॥ ૧ ॥ (પ્રાચીન)

એ પ્રમાણે શરીર અસ્વસ્થ થતાં પોતાનો અંતસમો નજીક આવ્યો જાણી, ધ્રોળથી પોતાના ભાઇ હરધોળજીના કુંવર ઠાકોરશ્રી જેશાજી ગાદી ઉપર હતા, તેને બોલાવ્યા, તથા પોતાના બંધુ મોડજી તથા રવાજીને બોલાવ્યા, અને ગંગાજળથી સ્નાન કરી કેટલાંએક ભુમીદાનો અને ગોદાનો કર્યા, તેમજ ચોરાશીયો કરી, દેવમંદિરોમાં દીપ માળાઓ પૂરાવી, પરંતુ પોતાની ઇચ્છા જામનગરમાં એક મોટું દેવાલય ચણાવી, તેમાં શ્રીકૃષ્ણ પરમાત્માની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાની હતી. તે પુરી ન થતાં અફસોસ રહ્યો, એ વાતની ઠાકોરશ્રી જેસાજીને જાણ થતાં દરબારગઢથી દક્ષીણમાં બજારવચે એક ભવ્ય દેવાલય "મુની બાવા" નામનો બાવો બંધાવતો હતો. અને તેમાં પધરાવવાની મૂર્તિઓ પણ પોતેજ હાથથી ઘડતો હતો. તેમના આગળ જઇ ઠાકોરશ્રી જશાજીએ સઘળી વાત કહી જામરાવળની ઉમેદ પુરી પાડવા અરજ કરી મુની બાવો મહા સમર્થ અને સિદ્ધ પુરૂષ હતા. તેથી તુરતજ ઠાકોરશ્રી જસાજીના કહેવા પ્રમાણે કબુલ કરી તેઓ બન્ને જામશ્રી રાવળજી હજુર આવ્યા, અને ઠાકોરશ્રી જસાજીએ જામશ્રી આગળ તે હકીકત રજુ કરી. પછી મુનીબાવાના માગવા મુજબ રાવળજીએ ધન આપી. તે દેરૂં ખરીદ્યું અને તે સંપૂર્ણ તૈયાર થયે તેમાં મૂર્તિ પધરાવી તેનું ભર્યું કરવા ભલામણ કરી. ત્યારથીએ દેરૂં (દેવાલય) "જામનું દેરૂં" એ નામે પ્રસિદ્ધ થયું (હાલ એ જામનું દેરૂં વિલીંગ્ડન ક્રેસંટ અને રાજેન્દ્ર રોડના ખુણા આગળ વિશાળ રાજમાર્ગ ઉપર વિદ્યમાન છે, અને અંદર જઇ જોતાંજ તે પ્રાચીનતાની

પૂર્ણ શાક્ષી પુરે છે, મૂર્તિઓ પણ રહ્યછેાડ. ત્રીકમરાયની અદ્‌ભૂત છે, અને દંત કથા કહેવાય છે કે એ મુનીબાવો એ દરાંતળેના ભોંયરાવાટે પોતાની તુલસીની લાંબીમાળા, મુકી અદૃશ્ય થયા છે, હાલપણ એ તુલસીનીમાળા ઘણીજ જીર્ણ સ્થિતિમાં ભોંયરામાં છે. તેમ તેના પુજારીઓ કહે છે.

ઉપરની રીતે મનના સર્વ મનોરથો પૂર્ણ થતાં, પોતાની ગાદી નિષ્કલંક જળવાય, અને પોતાની પ્રજાનું પાલન બરોબર થાય, એ બે વાતની ભલામણ જેશાવજીરને તથા સર્વ ભાયાતોને આપી, પાટવીકુમાર (પૌત્ર) લાખાજીનું કાંડુ * જેશાહરધોળાંણીના હાથમાં સોંપી પોતાની મેાર તથા સિક્કો આપી, સર્વ ભલામણ ઠાકોરશ્રીજશાજીનેકરી-એ મુજબ સવાસો વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી જામશ્રી રાવળજીએ કાર્તિક સુદી ૧૧ (દેવદિવાળી)ને દિવસે વૈકુંઠવાસ કર્યો.

જામશ્રી રાવળજી જેવા પ્રતાપી દેવરાજ જતાં સર્વત્ર શોક છવાઈ રહ્યો, અને તમામ નાગરીકજનો રાવળજામની પાલખી સાથે સ્મશાને જવા સારૂ દરબારગઢમાં આવ્યા, અને ત્યાં રાજરીતીથી સર્વ અંતિમ સંસ્કાર થયા પછી સહુ રાજસ્મશાને આવ્યા, માત્ર એક ફેટાયા કુમારશ્રી વિભાજી પેટમાં દુઃખાવાનું બાનું કાઢી સાથે ન આવતાં દરબારગઢમાં રેકાયા, તે વખતે કેટલીક રાણીઓ પણ પાછળ સતી થવાને ચાલીઉં; વિગેરે મતલબનાં કાવ્યો છે. કે-

ગુણવર્ણન ॥ છપ્પય ॥

રાજરીત રાવળહ, રામ રી જેમ રહાવે ॥
સતવાદી હરીચંદ, કરણ દત ભોજકહાવે ॥
મહામૂર રણમધ્ય, ભીમ અર્જુણ બ્રદભારી ॥
જશલોભી રીઝવાર, પરમ ઉપગાર ઉવારી ॥
મેર જસો બડ માપ મન, ધીર અડગ પણધારીયે ॥
ઇક છત્રરાજરાવળ કરે, વાર જળંધર વારીયે ॥ ૧ ॥
આયુ સવાસત એમ, રધસ ભોગવી રાવળ ॥
આપેદાન અપાર, નાય અસનાન ગંગજળ ॥
સમપે સકો મોર, હેળ લખપત સ હાથાં ॥
શિખામણ નિજસાર, અનંત ભંડાર સ આથાં ॥
પામીયો મુગત સાજોજપદ, ધર હરિ ચરણાં ચિત્તધરે ॥
જશ વાસ લીયો રાવળ જગત, અંતઅમરપુર ઓધરે ॥ ૨ ॥

॥ સોરઠો ॥

જાતે રાવળ જાહ, કારણ મન એસોકીયો ॥
સોંપી લખપત બાંહ, હાથાણી જશમાલને ॥ ૩ ॥

* ભોળના ઠાકોરશ્રી જેશાજી.

॥ છપ્પય ॥

મેલી આશ મૃતલોક, ધામપરલોક પધારે ॥
રહીન મનમઝ હામ, કામ સંસાર સધારે ॥
વિબુધ ચડે વૈમાન, આપ બોલાવણ આયે ॥
ધર નારાયણધ્યાન, પ્રાણ મુક્તિ પદ પાયે ॥
કોલાહલ રણવાસ મહ, કથન ભયંકર કાવીયા ॥
નિજ પ્રજા, સોડ પુત્રહ નિકર, આંસુ ઢળતા આવીયા ॥ ૪ ॥

બેકંઠી બણવાય, કરસુ હલે રાવળ કહ ॥
દેખરાજ મૃતદગ્ન, નગ્ર ભડ એકરંહે નહ ॥
ચાકર જેસો ચતુર, બાત બીભાસોં બાંધી ॥
નહ જાવો સમશાન, કહું મત દીજો કાંધી ॥
છળકરી રહો અછતા ઘરું; પેટપીડ, મિસપાઇએ ॥
શુભવાર ઘડી મૂરત સરસ, આપ તખતપર આઇએ ॥ ૫ ॥

સોરઠો—બિમે કીયો વિચાર, મત જેશારો માનીયો ॥
કુંડો દરદ કુમાર, કરકર ઘર રહિયા કહિ ॥ ૬ ॥
દોહા—કે કે સત્તીયાં સતકર્યે, તતપર હુઇ તિયાર ॥
પિય મળવા સુરપુરપળે, નર સો ધનધનનાર ॥ ૭ ॥ વિ. વિ.

રામચંદ્રના જેવી રાજનિતિવાળા હરિશ્ચંદ્રના જેવા સત્યવાળા, કર્ણ અને ભોજ જેવા દાતાર, ભીમ અને અર્જુન ના જેવા શૂરવીર, કિર્તિના લોભી, પરોપકાર કરવામાં તત્પર, યુદ્ધમાં મેરૂની પેઠે અડગ રહેનારા, મહાઉદાર રાવળજી-એ જાળંધરના જેવી વાર વર્તાવી.

એવીરીતે રાજ્ય ભોગવતાં સવાસો વર્ષની ઉમર થવા આવી, ત્યારે જામે ગંગાજળથી નાહી, લાખાજીને તેડાવી મોર સિક્કો તથા દ્રવ્યનો ભંડાર સોંપી, ઘણી જાતની શિખામણ આપી, પ્રાણમુક્તી વખતે લાખાજીને નાની ઉંમરના જાણી, જશાજીહરધોળાણીને તેમની સંભાળ લેવાની ભલામણ કરી, મૃત્યુલોકની આશા મેલી, સંસારની તૃષ્ણા તજી જોગેશ્વરની પેઠે નારાયણનું ધ્યાન ધરીને, જામશ્રી મુક્તિપદમાં પધાર્યા,- આ સમયે વિમાનમાં બેસી કેટલાએક દેવતાઓ, જામશ્રીને બોલાવવા આવ્યા, રણવાસમાં ખબર પડતાં મહાભયંકર કોલાહલ થઇ રહ્યો, અને સર્વ અમીર ઉમરાવો વિગેરે આંસુ ઝેરતા ત્યાં આવ્યા, અને માંડવી બનાવી, જામરાવળજીની દાહ ક્રિયા કરવા સહુ કુમારો તથા પ્રજા સ્મશાને

ચાલી, એ વખતે જેશે લાડકે (વજરે) વિભાજીને એવી સલાહ આપી જે "તમારે પાલખીને કાંધ દેવી નહિં, તેમ સ્મશાને પણ જવું નહિં, પેટપીડાનો મસ કરી ઘેર રહી શુભ વાર ઘડી મુહૂર્તે આપ તખ્ત ઉપર બીરાજમાન થજો," તે પછી જેશાવજીરના મતમાની, કુડા ઢોંગ કરી, પેટમાં દુખવાનું બાનું બતાવી વિભોજી ઘેર રહ્યા, કેટલીએક ભાગ્યશાળી રાણીઓને સત ચડવાથી, પોતાના પ્રિયપતી જામરાવળજીના સાથે અમરાપુરમાં આનંદ ભોગવવા, સતી થવા માટે ચાલી નીકળી ધન્ય છે! તે સતી સ્ત્રીઓને.—

એ મુજબ જામશ્રી રાવળજીએ હાલાર ભૂમિનું ૫૦) પચાશ વર્ષ રાજ્ય કરી * વૈકુંઠવાસ કર્યો.

---

* દંતકથામાં કેટલાએક વાર્તાકારો કહે છે કે નવીરાણી પરણી લાવતાં તેને હક કરી રાજમહેલની ઉત્તર તરફની ભારી ખુલ્લી કરાવી હતી. અને જામરાવળે કામદના ઝુંડ તરફ આંગળી ચીંધી જગ્યો બતાવી" તેથીજ અગ્નિ આંગળી ઉપર જાગી હતી.

જામશ્રી રાવળજીનો સમકાલીન હકીકત.

* વિ. સં. ૧૫૭૯ માં હળવદના રાજા રાણાજીને મલીકજખાને મારી નાખ્યા, એ પછી રાજમાનસિંહજી ગાદીએ આવ્યા અને પિતાનું વેર લેવા દસાડા ઉપર હુમલો કરી, મલીકજખાનને મારી નાખ્યો. આ ખબર અમદાવાદના બાદશાહને થતાં, ખાનખાનાનને હળવદ તરફ મોકલ્યો, તેને લડાઇ કરી, માનસિંહજીને હરાવ્યા, આ વખતે વીરમગામ પરગણું હળવદના તાબામાં હતું, રાજમાનસિંહજી હાર્યા પછી વિ. સં. ૧૫૮૦ માં પોતાના ભાયો અને રાજ કુટુંબ સાથે જામશ્રી રાવળજીને આશ્રયે આવી ઘણો વખત રહ્યા હતા, અને તે પછી કચ્છના રાવખેંગારજીને આશ્રયે જઇ રહેલ, પણ તેવી રીતે પરાધિન જીંદગી ગાળવી, તે ઠીક નહિં લાગતાં, જનાનું તથા નાના કુમારો વિગેરે કેટલાકને જામરાવળજી આગળ તથા કેટલાકને કચ્છમાં રાવખેંગારજી આગળ રાખી, રાજમાનસિંહજી તથા અદાજી અને વરસાજી એ ત્રણે ભાઇઓ એ સાથે મળી બારવટું કરી, અમદાવાદનો મુલક લુંટવા માંડયો, અને બાદશાહી પ્રજાને ત્રાહી ત્રાહી પોકરાવી.

રાજમાનસિંહજીનાં ઓરમાન માતુશ્રી બીકાનેર મહારાજાનાં કુંવરી હતાં, ને તેઓની બહેન અમદાવાદના બાદશાહના જનાનામાં હતાં તેને માનસિંહજી બાદશાહને નમી જાયતો રાજ્ય પાછું સોંપાવા ભલામણ કરી, પરંતુ રાજમાનસિંહજીએ એ વાત સ્વિકારી નહિં.

એક વખત બહાદુરશાહ અમદાવાદથી સોરઠ તરફ જતાં રસ્તામાં છાવણી નાખી પડયો હતો, રાત્રે, શસ્ત્રથી સજ્જ થયેલા માનસિંહજી પહેરાગીરોની નજર ચૂકાવી, કોઇ યુકિતથી બાદશાહના તંબુમાં પહોંચી ગયા, અને બાદશાહને જગાડીને કહ્યું કે, "તમારાં પ્રાણ લેવા હોયતો અત્યારે કોણ રક્ષણ કરી શકે તેમ છે? પણ લાખોના પાલનહાર જાણી મારતો નથી, મને મારૂં રાજ પાછું આપો" વિગેરે વચનોથી બાદશાહે ખુશી થઇ, તેનું



સ્વસ્થાનશ્રી નવાનગર (જામનગર)ની ગાદીના સ્થાપક.



(૨) જામશ્રી ૩ વિભાજી (૧) (પૃષ્ટ ૬૭૪)

(૩૩) ૨ જામશ્રી વિભાજી

(ચંદ્ર થી ૧૭૧ શ્રી. કૃ. થી ૧૧૬) (વિ. સં. ૧૬૧૮ થી ૧૬૨૫ સુધી)

જામશ્રી વિભાજી વિ. સં. ૧૬૧૮ ના કાર્તિક શુદી ૧૧ ના રોજ જામનગર ની ગાદીએ કેવી રીતે બીરાજ્યા તે વિષેનું કાવ્ય,

છપ્પય—દઇ રાવળ અંગ દાહ, સુજળ અસનાન કરે સહ ॥
સહર મગ સંચરે, બદે ગઢ હુંત બંધુકહા ॥
બહાર બોલે બોલ ઘાવ, કિણરેપર ઘાતહુ ॥
તવ ભીંતર યોંતવે, યાદ પખે કીમ આવહુ ॥
વિભો, સુ તખ્ત નગરહ બસે, જતતાં ઓરે જાવવો ॥
શ્રીજામ જદીન સંભારવે, ઉણ દિન તેડયો આવવો ॥ ૧ ॥

દોહા—જસવંત હદાણી સુએ, ધખીઓ કહર ક્રોધાળ ॥
ટીલાયત લાખો ટળે, વિભો તિલક સંભાળ ॥ ૧ ॥
કરે જોર સહ સક્રમે, લખપત જસો સુલાર ॥
જામ ટીલાયત રહ જહાં, ઓહી નગર ઉદાર । ૨ ॥
હલતાં લાખા સથ હલે, આધો નગર ઉચાળ ॥
રાજસ જા ખીલોસ રહ, બંદે જગ બરદાળ ॥ ૩ ॥
ગ્રાસ દ્વાદશ ગામરો, લાખારે ખીલોસ ॥
તિણરા લાખાણી તવાં, ટળે તખત ટીલોસ ॥ ૪ ॥

---

૧૭૪ પેજની ફુટનોટનું અનુસંધાન.

*રાજ્ય પાછું આપ્યું, અને માનસિંહજી ફરી હળવદની ગાદીએ આવ્યા, તે વખતે તેઓના રાજ કુટુંબ વિગેરેને હળવદ પહોંચાડવા અને રાજમાનસિંહજીનો ફરી રાજ્યાભિષેક કરવા, જામશ્રી રાવળજી હળવદ પધાર્યા હતા.

વિ. સં. ૧૫૮૧માં ચિત્તોડ ઉપર બાદશાહ સુલતાન મહમદ ચડી આવ્યો ત્યારે સાંગા-રાણાની મદદે જામરાવળે પોતાનું સૈન્ય મોકલ્યું હતું.

વિ. સં. ૧૬૬૫ માં જામનગર સ્ટેટમાં ભયંકર દુષ્કાળ પડયો હતો. તે વખતે જગ-પ્રસિદ્ધ, શેઠ જગડુશાહે જામનગર આવી, જામની પ્રજાને ઘણું અનાજ પુરૂં પાડેલું હતું તે વખતે જામરાવળજીએ તે જગડુશાહનો ભારે સત્કાર કર્યો હતો.

જામશ્રી રાવળજીને કાઠીઆવાડના તમામ રાજાઓ ખંડણી ભરતા હતા. અને તેઓની તે સમયે ચારે બાજુ હાક વાગતી હતી.

જામશ્રી રાવળજીના વખતમાં ઈંગ્લાંડમાં આઠમો 'હેનરી" ગાદી ઉપર હતો.

રાવળરો મારો કુંવર, જાંબુડે વસ જેહ ॥
બારાં ગામ બખાણીઆ, મારાંણી મોંખેહ ॥ ૫ ॥

રાવળ સરગ સધાવિઆ, સાહેબ જોત સમાય॥
ભાગ જોગ વિભાતણે, આયો તખત ઉપાય ॥ ૬ ॥

અર્થ—જામરાવળજીની દાહ ક્રિયા કરી સહુ નાહી ધોઇ પાછા વળી દરવાજા નજીક આવતાં કિલ્લા ઉપરથી બંદુકોના અવાજ થવા. લાગ્યા, તે વખતે બહાર ઉભા ઉભા લાખાજીએ કહ્યું કે "તમો ગોળીઓના ઘા કોની ઉપર કરો છો?" અંદરથી જવાબ મળ્યો કે "આ શહેરના ધણી જામવિભોજી છે. તમે તમારી ખુશી પડે ત્યાં જાઓ યાદ કર્યા વગર કેમ આવ્યા?" લાખાજીની સાથેના અમીર ઉમરાઓ હતા. તેઓને પણ કહ્યું કે જામસાહેબ તમોને યાદ કરે ત્યારે આવજો. ત્યાં સુધીમાં તમારી ખુશી પડે ત્યાં જઇ રહો, આવો બનાવ જોઇ મહારોજે કરી જશાહરધોળાણી બોલ્યા કે "પાટવી કુંવર લાખોજી બેઠા રહે, અને ફટાયો વિભોજી ગાદી ભોગવે એ મોટો અનર્થ કહેવાય" આવાં વચન કહી, લાખાજીને કહ્યું કે "જ્યાં તમે રહેશો ત્યાં નગરની રાજ્યધાની જાણવી કાંઇ ફીકર રાખોમાં," આવું કહી જશાજીએ લાખાજીને સર્વ સહિત ખીલોસમાં રાખ્યા, અને અરધું નગર ઉચાળા ભરીને તેમની સાથે ગયું તોપણ પાછળથી. *લાખાજીના કુંવરને બાર ગામથી ખીલોસ રહ્યું, ટીલાથી ટળેલા તેના વંશના લાખાણી કેવાણા. ત્રીજા કુંવર ભારાજીને બાર ગામથી જાંબુડા આપ્યું, તેના વંશના ભારાણી કહેવાણા, આવી રીતે રાવળજી સ્વર્ગે સીધાવ્યા પછી ભાઇઓને ગરાશ આપી ભાગ્યશાળી વિભોજી નગરની ગાદીએ શોભવા લાગ્યા.

---


* જામ વિભાજીના અવસાન પછી એવો પ્રબંધ થયો સાંભળ્યો છે કે પાટવી કુમારને રાજ્યતિલક કર્યા પછીજ સાસને અગ્નિ સંસ્કારની ક્રિયા થાય કેમકે જામરાવળજીના મૃત્યુ પછી લાખાજીનો રાજ્યાભિષેક નહિ થતાં જામવિભાજી દગાથી ગાદીએ બેઠા, માટે ભવિષ્યમાં ફરી તેમ ન થાય તેટલા માટે એવો પ્રબંધ કર્યો કે, પાટવી કુમારને રાજ્યતિલકની ક્રિયા કર્યા પછીજ દરબારમાંથી પાલખી ઉપડે.


લાખોજી ટીલેથી ટળ્યા ત્યાર પછી તેઓના ભાઇ હરભમજી અને શુમરાજીએ મળી ઘણા વર્ષ બહારવટું કર્યું તેમજ લાખાજીના પાટવી પુત્રનાં લગ્ન પણ બહારવટામાંજ કર્યાં લાખાજીના વંશજો જે લાખાણી કહેવાય છે તેઓના લગ્નપ્રસંગમાં ઘરને આંગણે માંડવો નહિ રોપતાં બહાર સરીયામ રસ્તા ઉપર (કોઇ કહે છે કે ઉકરડા ઉપર) લગ્ન વિધિ થાયછે બહારવટા પછી તેઓને ખીલોસનાં બાર ગામો મળ્યાં હતાં લાખાજીના નાનાભાઇ હરભમજીને લાવડીયું, ચભાડા આદિ ગામોનો ગરાશ મળ્યો હતો. એ કુમારશ્રી હરભમજીની ત્રીજી પેઢીએ મંડળીકજી થયેલ તેમના રવોજી તથા ભીમજી એ બે કુંવરો હતા. રવાજીના વંશજો હાલ લાવડીઆમાં છે. અને ભીમજીના વંશજો ભૂતકાળમાં ચભાડા ગામ ઉજડ થતાં ઘણા વરસોથી

૧૭૬ પેજની ફુટનોટનું અનુસંધાન.

મોરબી રહે છે. ત્યાં મોરબીના મહારાજાશ્રીએ ઉચ્ચ પદવીઓ પર સારા માનમરતાબથી નોકરીમાં રાખેલ છે.

ભીમજીના વંશમાં હલુજી, મેરૂજી, રાજમલજી, કશીઓજી, વિગેરે પુરૂષો બહાદુર અને લડાયક થએલ હતા. મેરૂજી થાન પાસે અને કશીઓજી ટીકર પાસેના રણમાં લડાઇ કરતાં સારી કિર્તિ મેળવી કામ આવેલ હતા, અને રાજમલજી વાંકાનેર તાબાના ભાયાતી ગામ લુણસરીઆના ઝાલા કલાજીના ભાણેજ થતા, તેઓ રાણા કલાજીની સાથે રહી, પ્રસિદ્ધ કાઠી હાદાખુમાણ સાથે લડતાં કેટલાક પરાક્રમો કરી કલાજીની સાથે કામ આવેલ હતા. તેના પાળીઓ હજી લુણસરીઆના પાદરમાં અસ્તિ ધરાવે છે, તેમના વંશજોમાં જાડેજાશ્રી પ્રતાપસિંહજી તથા સામંતસિંહજી તથા વરસાજી તથા કનુજીભાઇ તથા મેરૂજીભાઇ વિગેરે કુટુંબ હાલ મોરબીરાજ્યમાં પેલીસ સુપ્રીન્ટેન્ડે રેવન્યુ કમીશ્નર, દરબાર એજંટ- બેંક મેનેજર ન્યાયાધીશ તેમજ નાયબ દિવાન વિગેરેના માનવંતા હુદાઓ ભોગવે છે. તેઓએ રાજભકત અને સામધર્મી રહી રાજ્યની વફાદારીના અનેક કાર્યો કર્યાથી, મોરબીના વિદ્યમાન મહારાજાશ્રી લખધીરસિંહજી સાહેબ બહાદુરે તેઓની યોગ્ય કદર કરી, હાલ રાજ્યના અમાત્ય સ્થાપ્યા છે, તે તેઓની ખાનદાનીની સાબિતિ છે તેઓનું કુટુંબ હજુ પણ "ચભાડા કુટુંબ" ના નામે ઓળખાય છે, કારણ કે તેમના વડીલોને ચભાડા ગામ ગરાશમાં હતું, હાલ તે ગામ જામનગર સ્ટેટના મહાલ, જામવણથલીના તાબામાં વેરતીઆ ગામના સીમાડામાં ખંઢેર સ્થિતિમાં છે ત્યાં તેઓના વડીલોના પાળીઆઓ છે. ને તે ચભાડાનો ટીંબો એ નામથી ઓળખાય છે. રાવળજીના જીયોજી તેના હરભમજી તેના રામજી. તેના માંડણીકજી, તેના ભીમજી તેના જીવણજી તેના ઉદેસંગજી૧ અને ૨અમરજી.





॥ જામશ્રી વિભાજીના ગુણવર્ણન ગીત ॥ (પ્રાચીન)

નારાં નામણા નાદ રણવાદ માતમ વડે, નપે જશ ચહુદશ ભલો જીભા ॥
તખત હાલા ધણી જામ જાડો તપે, વખત થારા નકો વાદ વિભા ॥ ૧ ॥
ખાગરા અડગ વડ ભીમ પાંડવ ખરા, ત્યાગરા કરણ ક્વ વહણ ત્રોટા ।
પેછમરા નાથ ગ્રહ હાથ તું મીછયો, મૂહડ ધન ભાગરા ધણી મોટા ॥ ૨ ॥
ભૂપ મોટા ગજા તકે પુજે ભજા, સજા પ્રસણા દીયણ ભજે દત્ત શીરઃ ॥
કરમરા કોટ મન મોટ કરમી અકલ, વાળ ભૂ વાહ થારા કરમ વીર ॥ ૩ ॥

જામશ્રી વિભાજીના સમયમાં જાણવા જોગ એકજ લડાઇ થઇ હતી, તે એકે હળવદના રાજ ચંદ્રસિંહજી પાસેથી રાજ રાયસિંહજીએ જ્યારે હળવદ દગાથી (બાવાને વેશે આવી) લીધું ત્યારે રાજ ચંદ્રસિંહજી જામનગરમાં જામશ્રી વિભાજી પાસે સહાયતા માટે આવ્યા હતા. અને એથી જામશ્રી વિભાજીએ મહેરામણજી ડુંગરાણી તથા જેશા વજીરની સાથે મોટી ફોજની સખાયત કરી, રાજ રાયસિંહજીને મારી, ચંદ્રસિંહજીને હળવદની ગાદીએ બેસાડયા હતા, તે વિષે દુહો છે. કે—

દોહો—વિભે હળવદ વાળિયો; હું તો અવરાં હાથ ॥
કામ મોટા હદ કરણ, નકળંક જાડાનાથ ॥ ૧ ॥ (વિ. વિ.)

જામશ્રી વિભાજીને ચાર કુમારો હતા, અને તેઓને નીચેની વિગતે ગરાશ આપ્યો હતો.

દોહા—ચાર કુંવર વિભેશરા; પણ ધારી મોંચાળ ॥
[૧]સતો, [૨]રણમલ, [૩]ભાણજી, મડ [૪]વેરો મોપાળ॥ ૧ ॥
* સીસાંગ સોંપી રણમલાં ભુપ ખરેડી ભાણ ॥
વેરો હડીઆણે વસે ત્રહ રાયા ત્રડ તાણ ॥ ૨ ॥

@ રણમલજીને સીસાંગ ચાંદલીના બાર ગામો આપ્યાં અને ભાણજીને બાર ગામથી ખરેડી આપ્યું, અને વેરાજીને બાર ગામથી હડીઆણું આપ્યું, અને પાટવી કુમાર સતાજી ટીલે રહ્યા, એવી રીતે હાલાર ભૂમિનું રાજ્ય સાત વર્ષ કરી જામવિભો મૃત્યુ લોકમાં અવિચળ નામ રાખી સ્વર્ગે સીધાવ્યા, (વિ. સં. ૧૬૨૫ મહા વદ ૧૪)

ઇતિશ્રી યદુવંશ પ્રકાશે નવમી કળા સમાપ્તા.

@ રણમલજીએ (સીસાંગનાં ૧૨ ગામ લઇ ઉતર્યા ત્યારે) રાજવડ ગામ ઇસરખારોટના પૌત્ર વસનદાસને ખેરાતમાં આપ્યું હતું તે વિષે પ્રાચીન દુહો છે કે—

સંવત સોળસેં હે સઘર। અડતાલિસને અંત। રણમલ સોંપ્યો રાજવડ। વસનદાસ ગુણવંત।૧

એ રાજવડગામ ગ્રંથ કર્ત્તાના પિતાશ્રી ભીમજીભાઇને "નાના" ના વારસામાં સં. ૧૯૪૮ માં મળ્યું હતું. * સીસાંગ તથા ખરેડીની હકીકત આ ગ્રંથના દ્વિતીય ખંડમાં લખેલ છે.

શ્રી દશમી કળા પ્રારંભઃ

(૩૫) ૩ જામશ્રી સત્રસાલજી ઉર્ફે સતાજી

(ચંદ્રથી ૧૭૧ શ્રી કૃષ્ણથી ૧૧૭)–(વિ. સં. ૧૬૨૫થી ૧૬૬૪ સુધી ૩૯ વર્ષ રાજ્ય કર્યું)

જામશ્રી સતાજી ભલસાણના (કોઇ ઇતિહાસકાર લખે છે કે ભાદ્રેશરના) શોઢા રજપૂતને ત્યાં પરણવા ગયા ત્યારે ત્યાં રાયસીશાહ અને વર્ધમાનશાહ નામના બે ધનાઢય શાહુકારો રહેતા હતા. એ હકીકત જામશ્રીએ જાણતાં કન્યાદાન લેતી વખતે એ બન્ને શાહુકારોની પોતાના મામા આગળ કન્યાદાનમાં માગણી કરી, તેઓએ તે માગણી નાખુશીથી કબુલ કરી તેથી તે બન્ને શાહુકારો પોતાની અઢળક દોલત સાથે જામનગરમાં આવી વસ્યા એ શ્રીમાનવણિકોએ પોતાનું નામ કાયમ રાખવા જામનગરમાં જૈન ધર્મનાં*દેવાલયો અઢળક દ્રવ્ય ખર્ચી બંધાવ્યાં આ ધનાઢય ગૃહસ્થો આવી વસ્યા પછી જામનગરનો દરિઆઇ વ્યાપર દેશાંતરમાં ઘણો વધ્યો હતો. તે વિષે કાવ્ય છે. કે—

છપ્પય—વધીયા ઘણ વેપાર, અતે શહુકાર અપારહ ॥
રાજસિંહ વ્રધમાન, ધજકોટી ધનધારહ ॥
જળદ્રદ્ધ કેક જહાજ, દેશ પરદેશાં જાવે ॥
ચીજ વિલાયતી ચાવ, લાખ ભરભર કરલાવે ॥
વરણી ન જાય કબિતા વચન, શોભા નૌતમ શહેરકી ॥
કવળાસ ધામ સુરપુર કેના, કહીએ પૂરી કુબેરકી ॥ ૧ ॥ વિ. વિ.

અર્થ—રાયસિંશાહ અને વર્ધમાનશાહ જેવા કોટીધ્વજ શાહુકારો આવતાં ઘણો વેપાર વધ્યો. તેમજ દેશથી પરદેશમાં દરિયાઇ રસ્તે કેટલાંક વહાણો લઇ જઇ લાખો રૂપિઆની વિલાયતી ચીજો ભરી લાવવા મંડ્યા એ વખતે નવાનગરની શોભા કાવ્યમાં વરણી ન જાય તેવી હતી. કવિ કહે છે કે તેને કૈલાસ ધામ કે ઇંદ્રપૂરી કે કુબેરની (અલકા) પુરી કહું?

જામશાહી કોરી

જામશ્રી સતાજીએ પોતાના બાહુબળથી આસપાસનો કેટલોક પ્રદેશ જીતી લઈ પોતાનો "સીક્કો" પાડી સ્વતંત્ર અમલ સ્થાપવા બુદ્ધિ ચાતુર્યનો ઉપયોગ કર્યો.

* એ દહેરાં બંધાવ્યાની વિશેષ હકીકત આ ગ્રંથના તૃતીય ખંડમાં છે.

ગુજરાતના બાદશાહ ત્રીજા મુજફ્ફરના રૂપીઆના સિક્કા સાથે પોતે પાડેલા "કોરી" નામના સિક્કાને એક કિનખાબની કોથળીમાં પેક કરી બાદશાહ હજુર મોકલ્યો. અને એવો પત્ર સાથે લખી મોકલ્યો કે "અન્ય રાજપૂતો જેમ પોતાની કન્યાઓ બાદશાહને આપે છે. તેમ હું આ મારો કુંવરી નામનો સિક્કો બાદશાહના રૂપિઆ વેરે પરણાવી મોકલું છું" બાદશાહ મુજફ્ફર આ હકીકતથી ઘણોજ ખુશી થયો અને એ સિક્કો ચલાવવાની પરવાનગી આપી એ ઉપરથી જામશ્રી સતાજીએ જામનગરમાં ટંકશાળ ખોલી પોતાનો સિક્કો જે મૂળ "કુંવરી" કહેવાતો હતો તે ચાલુ કર્યો અને પાછળથી તે શબ્દનો અપભ્રંશ થઇ તે સિક્કાનું નામ "કોરી" પાડયું; (આ સિક્કો વિ. સં. ૧૬૨૬ના આરસામાં શરૂ થયો હતો.) કાઠીઆવાડમાંના કોરી સંજ્ઞાવાળા સિક્કાઓમાં જામશાહી કોરી સહુથી વધારે બહોળો ફેલાવો ધરાવતી હતી, તે છેક અમદાવાદના નાકા સુધી વ્યવહાર વેપારના ઉપયોગમાં આવતી હતી મચ્છુકાંઠા, ઝાલાવાડ, છે ગોહિલવાડ તથા તેની પાડોશના પ્રદેશોમાં તો તેજ સિક્કો સર્વ માન્ય હતો. દિવાનશાહી અને રાણાશાહી કોરીઓ તો માત્ર જુનાગઢ અને પોરબંદરના પ્રદેશમાં ચાલુ હતી તેમજ ત્યાં પણ બહારના મુલકની સાથેના વહેવારમાં તથા હુંડી હવાલાના કામમાં જામશાહી કોરીજ વપરાતી હતી એની સાબીતીમાં વિ. સં. ૧૭૦૭માં પાલીતાણા દરબારશ્રી અને જૈનો વચ્ચે થએલા શેત્રુંજયના કરારમાં જે રોકડ રકમની આપ લે કરવાનું ઠરાવ્યું છે તે "જામશાહી કોરીમાંજ કરવાની છે," એમ સ્પષ્ટ જણાવેલ છે. તેમજ પોરબંદર સ્ટેટમાં પણ જામશાહી કોરી વધુ પ્રમાણમાં ચાલતી તે વિક્રમ સંવત્ ૧૭૦૯ ની સાલના લેખથી જણાશે જેની અસલ ઉપરથી અક્ષરે અક્ષર નકલ આ નીચે કરેલી છે.

लेखनी नकल

उर्दु सिक्को	उर्दु सिक्को	उर्दु सिक्को

संवत् १७०९ वर्षे आसु सुदि ३ बुधे आदि श्री पोरबंदिर मध्ये विजेराज पातशाहा श्री ७ साहाजाहान, राज्ये तस्य अमाईत, शरकार सोरठ नवाब श्रीआले तस्य थाणे, ठकुर श्री फरशराम दीवानी, मेता श्री भगवानदास चोथ जेटवा श्री श्री विक्रमायतजी पंच कुल प्रवर्तमाने यथायत विक्रे अक्षराणि लखितं यत घर भेणि १ खंड ३ त्रणि ते पाछली छीतरी आगली खडकीए घर जोशी गोबरधन माधव

સુતના ખરીદ શંઘવી જીવા કુંવરજી કરાર*કોરી જામશાહી૮૦૧ અંકે આઠસે

એક માટે ઘર જોશી ગોવર્ધને વેંચા અને શંઘવી જીવે લીધાં તે ઘરની દિશ ૪ ની વગતિ પૂરવ દિશે ઓરડા પરશાલનું બાર છે. તથા ખડકીનું બાર છે. ઉગમણી ચાલ છે શામવા ઘર જોશી ગોવરધનના છે તથા દક્ષિણ દિસે કરો છે શ્રે. કૂવરપાલનો તે માહે ભટ ગોવરધનનો મોભ મુકાનો સંબંધ છે તથા આ ઘરનો ખાલ શ્રે. કૂવરપાલના વાડામાં પડે છે. પશ્ચિમ દિશે પછીત છે તથા પછીત પાછલી છીતરી

* જામશાહી કોરી વિષે કાઠીઆવાડ હીરેકટરી, ભાગ પહેલો પાને ૧૫૬ તથા ૨૮૫ મેં નીચેની બીના આપી છે.

જામસાહેબની ટંકશાળમાં સને ૧૮૬૩ માં સોનાની કોરી પડાતી તે કોરી એકની કિંમત કોરી ૩૨ થતી. તેમજ તે ટંકશાળમાં નીચેની વિગતે રૂપાનું અને ત્રાંબાનું નાણું પાડવામાં આવતું કોરી (એક રૂપીઆની કોરી ૩૨) અરધી કોરી–દોકડા (કોરી એકના ત્રીશ) ઢીંગલા (દોઢ દોકડો) ઢબુ (ત્રણ દોકડા) ત્રાંબીયા (એક દોકડાના બે)

કાઠીઆવાડની ટંકશાળોમાં જુનાગઢની કોરી દિવાનસાહી કહેવાતી તે ઉપર ફારસીમાં "બાદશાહ ગાજીમહમદ અકબર સીક્કે, જુબે જૂનાગઢ બાસન" અને સંવતની છાપ હોય છે. અને નાગરી લીપીમાં "શ્રી દિવાન" ને સંવત્ ની છાપ હોય છે, એ કોરી શુમારે ૩૨૮૦ ચોરસ માઇલના વિસ્તારમાં ચાલે છે. ને ૧૦૦ કોરીની કીંમત કુ રૂા. ૨૭–૨–૨ થાય છે.

પોરબંદરમાં રાણાશાહી કોરી કહેવાતી. ફારસીમાં "સુલતાન મુજફરશાહ હીજરી શાલ ૮૦૭" અને ગુજરાતીમાં શ્રી "રાણા" છપાય છે. આધીયાં તથા પા કોરીપણ પડે છે. તેનું ચલણ માત્ર ૬૩૬ ચોરસ માઇલમાં છે. ને ૧૦૦ કોરીની કીંમત કુલ રૂપીઆ ૩૧–૭–૧૧ થાય છે.

નવાનગર–જામશાહી કોરીના નામે ઓળખાય છે. ફારસીમાં "સુલતાન મુજફરશાહ હીજરી સાલ ૯૭૮" અને નાગરી લીપીમાં શ્રી જામ ની છાપ પડતી, પણ હાલમાં કોરીનો આકાર સુધારી "જામશ્રી વિભાજી નવાનગર કોરી ૧" તથા સાલની છાપ પાડવામાં આવે છે. આ નાણું શુમારે ૭૯૧ ચોરસ માઇલમાં ચાલે છે. અને ૧૦૦ કોરીની કિંમત કુલ રૂા. ૨૮–૪–૪ થાય છે.

જામશાહી કોરીનો સિક્કો ચાલુ થયો. વિક્રમ સંવત્ ૧૬૨૬ ના આરસામાં––અને તે બંધ થયો. જામશ્રી વિભાજી(૨)વિ. સંવત્ ૧૯૫૧)માં દેવ થયા. તે પછી એડમિનિસ્ટ્રેશનના સમયમાં વિ. સં. ૧૯૫૬ માં એટલે તે સિક્કો કુલ ૩૩૧ વર્ષ ચાલ્યો આજે લગભગ ૩૩ વર્ષથી ટંકશાળ બંધ થવાથી એ સિક્કો પાડવામાં આવતો નથી.

કે. તે આ ઘરની છે પાછલી ગાધી લાલજીના ઘર છે ઍ ઘરનું પાણી ગાધી લાલજીના ઘર આગલી નીશરે છે. ઉત્તર દિશે બીજો કરો છે તે કરેકરો મેતા રોહાંદાસનું ઘર છે કરો મજમું છે ઍ ઘરતી આકાશ પાતાલ નવ નિધાન ચૌદ રતનસું વેંચી છે અમે પુત્રપુત્રાદિક શંઘવી જીવા કુંવરજીને આપી અમારા વંશનો કોઍ શંઘ જીવાસું દાવો ન કરે અમે સુશી થઇ ઘર વેંચુ છે.

૧ અત્ર મતું
૧ ભટ ગોવર્ધન માધવ મતુ

૧ અત્ર શાખિ
૧ હાઆ હરજી સુત નીલકંઠ
૧ શવજી ગોવરધન શાખિ
૧ ભટ કહાનજીની શાષ

જામશાહી કેારીનું ચલણ બંધ થયા બાબતમાં રા. રા. દ્વારકાદાસ લાલજી બી. એ. એલ. એલ. બી. પોતાનો મત (સમાજ સેવકનાં જામનગરી અંકમાં પૃષ્ટ ૭૫) નીચે મુજબ દર્શાવે છે, કે—

"આ કેારીનું ચલણ જ્યાં સુધી આપણા રાજ્યમાં હતું ત્યાંસુધી રિદ્ધિ સિદ્ધિ ઘણીજ માલમ પડતી હતી, હુંડી પાંડીના ફેરફારમાં ઘણા વેપારીઓ સારી પેદાશ કરી શકતા હતા, એક જામનગર શહેરમાંજ ૫૦ કરતાં વધુ શરાફી પેઢીઓ હતી, તેમાં મેતા સારાભાઇ દેવજી વાળી શંકરજીશેઠવાળી અને ઠક્કર દેવા ભાણજીની પેઢીઓ અગ્રેસર હતી, એ વખતની વેપારની આબાદીની એક બીજી સાબીતી છે કે— જામશ્રી વિભાજીના સ્વર્ગવાસ સુધીમાં રાજ્યને નાણાની જરૂર પડતી તો બહારથી કેાઇ વખત પણ લેાન લેવામાં આવતી નહિં, પરંતુ રાજ્યને જરૂર પડતી ત્યારે લાખેા કેારીની લેાન અહિંના શરાફેા પુરી પાડતા હતા. અને એ શરાફેાના પેટામાં બીજા અન્ય પ્રજાજનેા પણ રાજ્યનેા પૈસેા આ રાજ્યમાંજ રાજા તરફથી પ્રજાને અને પ્રજા તરફથી રાજાને મળવાની જે અંતર્ગત હીલચાલ (Circulation) થતી હતી અને તેથી રાજા પ્રજા બન્ને આબાદ રહેતા તે રૂઢી હાલ બંધ થઇ છે. આ કેારીનું ચલણ આપણા કેાઇપણ રાજ્યકર્તાઓ બંધ કરેલ નથી, પણ રાજાની સગિર અવસ્થામાં (એટલે Minority Administration)ના વખતમાં બ્રિટીશ સરકારના પ્રતિનિધિઓ કરેલ છે, તો એ બંધ થવાથી આ રાજ્યને પોતાના સિક્કાથી જે લાભ થતેા હતેા તે બંધ થએલ છે. કદાચ એવેા સવાલ પુછવામાં આવે કે એ સિક્કેા બંધ થવાથી નુકશાન શાનું? તો તેનેા જવાબ એટલેાજ કે હાલ સરકારી રૂપીઓ જે આપણે ત્યાં ચાલે છે. તેમાં સેાળ આનાની કિંમતની ચાંદી પડતી નથી, આસરે અગિઆર આનાની કિંમતની ચાંદી પડે છે, પણ સરકાર તેને સેાળ આના તરીકે ચલાવે છે એટલે સરકારને ટંકશાળમાં પડતા દરેક રૂપિઆ પાછળ પાંચ આના જેટલેા નફેા રહે છે. અલબત તેમાંથી સિક્કા પાડવાનું ખર્ચ બાદ કરવાનું હેાય છે પણ તે પ્રમાણમાં બહુજ જુજ હેાય છે.

વિ. સં. ૧૬૨૬ માં રાણપૂરનો રાણો ખીમોજી જેઠવો મરણ પામતાં તેના કુંવર રામદેવજી પાસેથી જામ સતાજીએ રાણપૂર છીનવી લીધું હતું.

જામશ્રી સતાજીએ જુનાગઢના નવાબને કરેલી મદદ અને નવાબે આપેલાં ત્રણ પરગણા

દિલ્હીના બાદશાહ અકબરે વિ. સં. ૧૬૨૯ માં ગુજરાતના છેલ્લા બાદશાહ ત્રીજા મૂજફરને હરાવી ગુજરાતનું રાજ્ય જીતી લીધું, તે પછી વિ. સં. ૧૬૬૩ માં શાહબુદીન અહમદખાન ગુજરાતનો સૂબો નીમાઇ આવ્યો, તેના વખતમાં જુનાગઢના તાતારખાન ગોરીના દિકરા અમીનખાન અને તેના દિકરા દોલતખાને બાદશાહી સત્તા સામે બંડ ઉઠાવવાથી તેને કબજે કરવા ગુજરાતના સુબાએ સરદાર મીરજાખાનને મોટા લશ્કર સાથે જુનાગઢ જીતી લેવાં મોકલ્યો, એ ખબર જુનાગઢના નવાબ અમીનખાનને થતાં જામશ્રી (સતાજી સાથે પોતાને સારો સબંધ હોવાથી તેઓ)ની મદદ પત્રથી માગી, તે વિષેનું કાવ્ય છે. કે—

॥ છંદ અર્ધ નારાચ ॥

सखात काज नगृपें, लखीत पत्र चात हे ॥

બીજો દાખલો હાલ જે નીકલના આના પાડવામાં આવે છે તેમાં એક, કે બે, પાઇની કિંમત જેટલું નીકલ ભાગ્યેજ વપરાય છે પણ તેની કિંમત એક આનો એ સરકારી છાપનોજ પ્રતાપ છે. તેમજ આપણો સિક્કો (કોરી) આપણા જામસાહેબની છાપને લીધેજ કિંમતી ગણાતો અને તેમાં જેટલું પ્રમાણ અન્યધાતુનું આવતું તેટલો આ રાજ્યને નફો થતો એ નફો આ રાજ્યને ચાલ્યો જવાથી રાજ્યને નુકશાન વેઠવું પડે છે. અને એ નુકશાન બ્રિટીશ એડમિનસ્ટ્રેશને સિક્કો બંધ પાડવાથી થયું છે.— બ્રિટિશ બહાદુરે આ સિક્કો શા માટે બંધ પાડયો તેના કારણમા એટલુંજ અનુમાન થઇ શકે છે કે કોઇ પણ રાજ્ય પોતાના સિક્કા પાડે તે તેની એક વખતની પૂર સ્વતંત્રતાની નિશાની છે, તેથી બ્રિટીશ બહાદુર સાર્વભૌમ હોવાથી એવી નિશાની નાબૂદ કરવામાં એમનું મહત્વ હોવાથી એમ કરવામાં આવેછે. બ્રિટીશ રૂપિઆ સાથે કોરીનો ભાવ સરખાવતાં કોરી એનો એક રૂપિઓ એ ભાવ હતો ત્યાર બાદ રૂપિઆનીકિંમત વધતાં કોરીની કિંમત ઘટતી ચાલી. અને ૨ થી ૨॥, ૩ એમ વધતાં વધતાં પોણાચાર કોરીનો રૂપિઓ એટલે હુંડીનો ભાવ રા. ૧૦૦) નીકોરી ૩૭૫) આસપાસ ઘણો વખત ટકેલ હતો. અને છેવટે એડમિનિસ્ટ્રેશનના વખતમાં એ સિક્કો બંધ પડયો," ત્યારે રા. ૧૦૦) ની કોરી ૪૬૫) ને ભાવે રાજ્યે પ્રજાની બધી કોરી લઇને તેમને રૂપિઆ આપ્યા. એવખતે ચલણમાં કોરી બે કરોડને આસરે ફરતી હતી. અને એ નાણું બધા મુંબઇ ચડાવી ત્યાંથીરૂપીઆ ૪૫) લાખ જેટલી રકમ અહિં લાવવામાં આવી હતી.

મુણે નવાબ લાજમો, હવેજ જામ હાથ હે ॥
અસી અરજ મુજ હે, ધણીસકો લખીજીએ ॥
મરુંસો એક આપકો, કહો સકો કરીજીએ ॥ ૧ ॥

અર્થ—(નવાબે) મદદ માટે નવાનગર પત્ર લખ્યો કે "મારી લાજ હવે જામના હાથમાં છે. ઘણું શું લખું મારી એટલીજ અરજ છે કે (કુમક મળવાનો) એક આપનોજ ભરૂસો છે. માટે આપ સલાહ આપો તેમ ચાલું" ઉપરનો પત્ર વાંચી જામસતાજીએ સૈન્યની તૈયારી કરાવી.

દોહા—સત્રસલ કાગદ સંભળે, કટકાં કરે તૈયાર ॥
જીરણગઢ સખીઆત જશ, ઝડ સજીઆ ઝુંઝાર ॥ ૧ ॥

છંદ—સજે દળં સખાતીયં, બિરાવ્ય બીર બાતિયં ॥
સહસ ત્રીસ સથીયં, કેકાણ સૌડ કથ્થીયં ॥
કીએ શ્રપાવ લાડકં, જસોજ જોધ જાડકં ॥
મરદ ભારમલયં, ચઢે જુ ભાણ ચલીયં । ૧ ॥

અર્થ—જામ સતાજીએ કાગળ સાંભળી જુનાગઢની સખાયત કરવાને વીર પુરૂષોનું સૈન્ય તૈયાર કરી ત્રીશ હજાર રણશૂરા રજપૂતો અને ઘોડસ્વારો સાથે જેસા (લાડક) વજીરને શીરપાવ આપી જુનાગઢ જવા હૂકમ કર્યો અને સાથે ભાણજી દલ અને કાકાશ્રી ભારમલજી (જાંબુડાવાળા)ને મોકલ્યા.

જ્યારે જામના લશ્કરે જુનાગઢથી આશરે ૪ કોષ છેટે આવેલ મજેવડી ગામમાં મૂકામ કર્યો ત્યારે અમીનખાનના પૂત્ર દોલતખાને ભયભિત થઇ એમ વિચાર્યું કે "જેઓ જમીન મેળવવા માટે ઉત્સુક હોય તેમનો વિશ્વાસ કરવો એ ડહાપણનું કૃત્ય નહિ, નહિતો તેઓજ શહેરમાં દાખલ થઇ જાય તો પછી હું તમને કાઢી ન શકું" તેમ વિચારી તેણે જામના લશ્કરમાં એવા ખબર મોકલ્યા કે "મારે બાદશાહી લશ્કર સાથે સુલેહ કરવા વિચાર છે વળી આહીં કિલ્લામાં સંકડાસ છે તેથી બહાર છાવણી રાખો અથવા આપ મેહેરબાની કરી સ્વદેશ પધારો."

વજીર જેશા તથા કાકાશ્રી ભારાજીને આ ખબર ઘણાજ અપ્રીય લાગ્યા અને વિચાર્યું કે, જો અહીંથી પાછા વળીએ તો આપણી લાજ જાય અને અહીં મેદાનમાં રહેશું તો ઘણું જોખમ ભરેલું છે તોપણ પાછું જવું એ ઠીક નથી એમ વિચારી બાદશાહી લશ્કરથી બે કોષને અંતરે સારી જગ્યા જોઇ છાવણી નાખી.

બાદશાહી ફોજમાં જામસાહેબના લશ્કરની મદદ જુનાગઢને મળ્યાના ખબર થતાં સરદાર મીરઝાખાને પોતાના અમીર ઉમરાવોને તેડાવીને કહ્યું કે,

"જામનું લશ્કર જુનાગઢની મદદે આવેલ છે. પણ કિલ્લા બહાર અહીંથી બે કોષ દૂરના મેદાનમાં પડયું છે તેથી આજે અર્ધરાત્રી પછી તેની કતલ કરી પછી જુનાગઢ સર કરીએ" આવો નિશ્ચય કરી અમીર ઉમરાવો સૌ સોને તંબુએ ગયા, તેમાંનો એક અમીર ફરતો ફરતો ભડીઆરાને ત્યાં ખાણું ખાવા આવ્યો, અને તેણે દારૂના નિશામાં ભડીઆરાને ઉપરની સંકેતની સઘળી વાત કહી આપી, ભડીઆરો મૂળ જામનગરનો વતની હોવાથી રસોડું બંધ થયા પછી તુરતજ જામની ફોજમાં આવી. જેશા વજીરને સઘળી હકીકતથી વાકેફ કર્યા તે પછી જેશા વજીરે સહુની સાથે મંત્રણા કર્યા પછી સારા સારા પંદરહજાર સૈનિકોને સાથે લઇ બાદશાહી છાવણી ઉપર મધરાત થતાં હલ્લો કરી કતલ ચલાવી, કેટલાક સૈનિકો કપાતાં અને કેટલાક ભાગી જતાં સરદાર મીરજાખાન પરાજીત થઇ પોતાનો જીવ બચાવવા ઘોડેસ્વાર થઇ છાવણી બહાર ભાગી ગયો તે પછી જેશા વજીરે છાવણી સર કરી, પર*હાથી ૩૫૩૦ ઘોડા ૭૦ પાલખીઓ કેટલીએક તોપો અને ઘણાક તંબુઓ તથા સઘળી જાતના હથીયારો હાથ કર્યાં, સરદાર મીરજાખાન, પ્રથમ માંગરોળ અને ત્યાંથી કોડીનાર ગયાના ખબર મળતાં જેશા વજીરે પાછળ પડી ત્યાં પણ હરાવ્યો તેથી તે અમદાવાદ નાશી ગયો. જેશા વજીરે પાછા જુનાગઢ આવી. દોલતખાન કે જેણે વચન ભંગ કર્યું હતું તેની સામો લડવા ચાલ્યો, તે દોલતખાન લડવાને એટલો તો અસમર્થ હતો કે તેણે સૈયદો અને ચારણોને મોકલી વિષ્ટિ કરાવી, સુલેહ કરવા પ્રાર્થના કરી, પોતાની ભુલની માફી માગી તેમજ ઉપરના બદલામાં ચુર, જોધપુર, અને ભોડ, એ ત્રણ *પરગણાં (દરેકમાં ૧૨ બાર ગામ સાથે) આપ્યાં તે લઇને જેશાવજીર જામનગર આવ્યા,

તમાચણના પાધરમાં બાદશાહી સુબા
ખુરમ સાથેનું યુદ્ધ

સરદાર મીરજાખાને અમદાવાદ જઇ સુબા શાહબુદીન અહમદખાનને કહ્યું કે જામનગરના જામની ફોજે રાત્રીની વખતે આપણા લશ્કર ઉપર ઓચીંતી

* ફીનકેડ સાહેબ-લેન્ડ ઓફ રનજી એન્ડ દુલિપ એ નામની બુકમાં લખે છે કે-ભાણજીદલને જ્યારે જુનાગઢની મદદ માટે મોકલ્યા, ત્યારે તેને જામશ્રી સતાજી પાસે એક હાથીની માંગણી કરી, પરંતુ જામશ્રીના મામાએ હાથી આપવાની ના પાડી અને હાથીના બદલે પાડાઓ લઇ જાવ તેમ મશ્કરી કરી, તે ઉપરથી ભાણજીદલે ત્યાં પ્રતિજ્ઞા કરી કહ્યું કે "એક હાથીને બદલે બાદશાહી બાવન હાથીઓ લાવું તોજ મારૂં નામ ભાણજીદલ સાચું" જેથી છાવણી ઉપર ઓચીંતો છાપો મારી, સુબાના બાવન હાથીઓ કબજે કરી જામશ્રીને ભેટ કર્યા હતા,

*વિભા વિલાસમાં એ પરગણાઓ નીચેની વિગતે મેળવ્યાનું લખેલ છે.

જુનાગઢનો નવાબ તાતારખાં પોતે વજીર આગળ આવી શરમીંદો થઇ કહેવા

ઘાડ નાખી ઘણી ખરાબી કરી, અને મહામૂસીબતે હું જીવ બચાવી આપ આગળ આવ્યો છું," એ સાંભળી જામનગરને જીતી આવવા સુબાએ બીડું ફેરવ્યું તે બીડું ખુરમ નામના સરદારે ઝીલ્યું અને તુર્તજ હજારોની ફોજ લઇ જામનગર ઉપર ચડાઇ કરી, દરમજલ ચાલતાં ચાલતાં ચંદ્રાસર નામના તળાવ ઉપર આવી તેને પડાવ નાખ્યો.

અમદાવાદના સુબાનું મોટું લશ્કર જામનગર ઉપર ચઢી આવે છે તેવા ખબર જામસાહેબને થતાં જેસા વજીરને તેડાવી સઘળી હકીકત કહી જેસા વજીરે કહ્યું કે "આપણે સામે જઇને યુદ્ધ કરવું જામસાહેબના તેજના પ્રતાપે ઘણા શત્રુ-ઓને જેર કર્યા છે. સુબાનુ કટક પ્રથમ કોડીનાર સુધી માર ખાતું ગયું છે અને પાછું હજી ચઢીઆવે છે તો બીજીવાર પણ આગળની પેઠેજ થશે એમ કહી સલામ કરી મૂહુર્ત જોવરાવી પ્રસ્થાનનો તંબુ પાદરમાં ગોંચાવી મુલકમાંથી પોતાના યોદ્ધાઓને તેડવા સાંઢીઆઓ મોકલી તૈયારી કરતાં ત્રીજે દિવસે લડાયક માણસો સર્વ એકઠા થયા અને જામશ્રી સતાજી પણ રણસંગ્રામના તંબુએ પધાર્યા પચીશ હજારતો ભાયાતો તરફના માણસો આવ્યા. તે સિવાય પોતાની તમામ શીરમંદી અને કુંવર અજોજી (પાટવી) તથા કુંવર જસાજી વજીર જેસો, ભારોજી, રણમલજી વેરોજી, ભાણજીદલ, તોગોજીસોઢો, અને મહેરામણજી વિગેરે તૈયાર થઈ હુરેલ માં હાજર થયા ત્યારે જામશ્રી સતાજી હાથી ઉપર બિરાજ્યા ચમરના ઝપાટા થવા લાગ્યા. લડાઇના વાજંત્રો વાગવા લાગ્યાં. નકીબોની હાકલો થવા લાગી. અને નિશાનના પટ્ટા ફરકવા લાગ્યા. તોપોને સિંદુર ચડાવી તેના રેંકડાઓ આગળ ચલાવ્યા. આ પ્રમાણે ચતુરંગી સેના તૈયાર કરી તમાચીરણ ગામના પાદર જઇ ઉંડ નદીને કાંઠે મુકામ નાખ્યો સુબાની ફોજે પણ સામે આવી ગોલીડા નામના ગામે પડાવ નાખ્યો.

લાગ્યો, કે "હું તમારા વાંકમાં આવ્યો, તોપણ ભલા ભલાઇ ન મૂકે, એ રીતી પ્રમાણે તમે મારા ઉપર ઘણોજ હાથ રાખ્યો છે." એમ કહી શીરપાવ આપી, બારગામનો પટો લખી, મીણસાર કાંઠાના પરગણાનો લેખ, વજીરને, હાજર કરી, કહ્યું કે, આ મારી નાની ભેટ આપ કબૂલ કરો, વજીરે એ લેખ લઇ કુંવર ભારમલજી (જામશ્રી રાવળજીના કુમાર) ને આપીને કહ્યું કે " જામસાહેબના કુંવર બેડાં મારાથી લેવાય નહિ, હું તો એનો ગુલામ છું" પછી નવાએ ભોડપરગણાના બારગામનો પટો લખી હાજર કર્યો, તે પણ તેણે જામસાહેબના ભાયાત બેડાં મારાથી કેમ લેવાય એમ કહી ભાણજી દલને આપ્યો, ત્યારે વળી નવાએ જોધપર પરગણાના બારગામ લખી વજીરને કહ્યું કે, " જામસાહેબના ભાયાત ઘણા છે અને આપના ઉપકારનો બદલો જુનાગઢ આપી દઉં તોપણ વાળી શકું તેમ નથી તો મારે માથે મહેરબાની કરી, આ લેખ તો આપ કબૂલ કરો," આમ કહેવા ઉપરથી તે લેખ વજીરે રાખ્યો, આવી રીતે કરી ત્રણ પરગણાં લઇ જેશોવજીર જામનગર આવતાં જામસતાજી ઘણાં ખુશી થયા અને જેશાવજીરને વજીરાતની અવિચળ પદવી બક્ષી, (વિ. વિ. પાને ૧૫૬)

સુબાના જાસુસોએ કહ્યું કે જામસાહેબના લશ્કરમાં તોપોનું અને ઘોડાઓનું જોર ઘણુંજ છે તેથી સમાધાન થાય તો સારૂં સાંભળી ખુરમને પણ અંતરમાં ભય લાગ્યો એથી જામસતાજી ઉપર કાગળ લખ્યો કે.—

"સાહેબ આપતો અનમી છો, આપના ભાઇઓ, કુંવરો, અને અમીર ઉમરાવો પણ યુદ્ધમાં ન હઠે એવા છે. અમે તો બાદશાહી નોકર હોવાથી જ્યાં બાદશાહ હૂકમ કરે ત્યાં ગયા વીના અમારે છુટકો નહિ તેથી અન્નજળને લીધે આ મુલકમાં આવ્યા છીએ, પણ અમારી ઇજત રાખવી તે આપના હાથમાં છે.

ઉપરનો કાગળ વાંચી જામશ્રી સતાજીએ જેશા વજીર વિગેરેના મત લઇ પત્ર લખ્યો કે "એક મુકામ તમો પાછા હઠી જાઓ તો તમને પહોંચામણી કરી વગર જોખમે ઘેર જવા દઇએ,—ઉપરનો જવાબ મળ્યા પછી સુબા ખુરમે સુર્ય ઉગતાં નગારૂં કરી પડવરીની દિશાએ કુચ કરી, એક મજલ પાછો હઠ્યો એટલે જામશ્રીએ યોગ્ય રીતે તેને પોષાક પહોંચામણી કરી બીન હરકતે જવા દીધો અને પોતે પણ સર્વ લશ્કર સહિત જામનગર તરફ રવાના થયા. ત્યારે ફટાયા કુંવર જશાજીએ અરજ કરી કે (કોઇ ઇતિહાસમાં અજાજીનું નામ લખેલ છે,) "બાપુ જો આપશ્રી હુકમ ફરમાવો તો આ જગ્યાએ અમારે ગોઠ કરવાની મરજી છે" ઉપરની અરજ કબુલ કરી જામશ્રીએ ભારોજી, મહોરામણજી, ભાણજીદલ, જેસો વજીર, અને તોગાજી, સોઢા વિગેરેને વીશહજાર માણસોને ત્યાં રહેવા હૂકમ કરી પોતે નગર પધાર્યા અને કુમારશ્રી જશાજીએ તમાચણ ગામના પાદરમાં છાવણી નાખી જમવાની તૈયારીઓ કરી, ભાતભાતના ભોજનની થાળીઓ પીરસાઇ, આ વખતે ખુરમના જાસુસ છાની રીતે આવી એ સઘળું જોઇ ખુરમની પાસે જઇ કહ્યું કે "જામશ્રી નગર ગયા છે. માત્ર વીશહજાર માણસથી કુંવરો તમાચીરણ ગામને પાદર ગોઠ કરવા રહ્યા છે તે સઘળાઓ દારૂના કેફમાં મદમસ્ત થઈ બેઠા છે માટે જો આ વખતે આપણે ચડાઇ કરી તેમના ઉપર ઓચિંતો છાપો મારીએ તો તેમના માણસોની કતલ કરી કુંવરને પકડી લઇએ એવો સમય છે. અને પછી કહીએ કે મીરજાખાનની જુનાગઢની છાવણીવાળો સઘળો સામાન અમને પાછો સોંપો તો કુંવરને છોડીએ નહીંતર તેને વટલાવી મુસલમાન કરીશું; એટલે આપણને તમામ સામાન પાછો મળશે, આમ કરવાથી આપણી લાજ રહે; અને બાદશાહી બીડાની પણ ઇજત રહે, અને અમદાવાદ જઇ શાહજુદીન સુબા સાહેબને કહેશું કે આપના હૂકમને તાબે થઇ મીરજાખાનનો તમામ સામાન જામે અમને પાછો સોંપ્યો છે."

ઉપરના જાસુસોના વચનથી ખુરમ તુર્ત તૈયાર થઇ શસ્ત્ર બાંધી ડંકો દઇ હાથીના હોદાના કઠોડા ઉપર બેસી કેટલીક તોપો આગળ કરી, નિશાનના પલ્લા છુટા મેલી પાયદળો તથા ઘોડસ્વારો સાથે તમાચણ તરફ ઓચીંતી કુચ કરી.

કુમારશ્રીની છાવણીમાં તે વાતની ખબર નહિં હોવાથી સર્વ સરદારોએ આનંદથી ભોજન કરી સુગંધી પાણી પી કસ્તુરી વાળી પાન બીડીઓના મુખવાસ ચાવી, કચારીમાં આનંદથી સૌ બેઠા હતા ત્યાં આકાશમાં રજનો ડમ્બર જોવામાં આવતાં જેશા વજીરે કહ્યું કે "સરદારો આ રજની ડમરી જુઓ, અને પરિક્ષા કરો કે એ શું છે? મને તો એમ ધારવામાં આવે છે કે એ નીચ તુર્કડાઓએ દગો કર્યો હશે." આમ કહી બારીગરોને જલ્દીથી ખબર લાવવાનો હુકમ કર્યો બારીગરોના જોટાઓએ સામા ચાલી ખબર કાઢી તુર્તજ પાછા આવી કહ્યું કે "ખુરમની ફોજ આપણા તરફ ચડી આવે છે" આ ખબર જાણી જેસા વજીરે કુંવર જસાજી પાસે આવી કહ્યું કે "આપશ્રી જામનગર પધારો અમો ચાકર લોકો અહીં યુદ્ધ કરશું" ત્યારે કુંવર જસાજીએ કહ્યું કે "આવી વધાઈ લઇને મને ઘેર જવાનું તમો ઠીક કહો છો! આવું યુદ્ધ છોડી પીઠ બતાવે તેને રજપૂતનો અંશ જાણવો નહિ, મરવું જીવવું અને હારજીત તે ઇશ્વરને આધીન છે."

ઉપર પ્રમાણે કહી પોતાની સર્વ ફોજને તયાર કરી કુમારશ્રી ઘોડેસ્વાર થઇ જેસા વજીર સાથે ઉંડ નદીને સામે કિનારે ચડી પોતાના સૈનિકોની વ્યુહ રચના કરી બન્ને ફોજ સામાસામી દેખાણી શત્રબાણ તથા બંદૂકો ચાલવા લાગી તેમાં કેટલાક માણસો રણમાં પડ્યા અને કેટલાક ઘાયલ થવા લાગ્યા. આવી રીતે વીરોને પડતા જોઇ બારોટજી કાનદાસ રોહડીઆએ કહ્યું કે "હે વજીર તું સઘળી યુદ્ધ કળા જાણે છે છતાં આ વખતે ઉભા ઉભા માર ખાઇએ છીએ તોપણ કેમ નથી બોલતો? આવી રીતે લડવામાં આપણી ફતેહ થશે નહિં. માટે આરૂ માની હરહર મહાદેવ કહી ઘોડા હાંકી ઘાએ ભળી જાઓ (ગ્રેટલે તલવારથી લડી શકાય તેમ ભેટભેટા થઇ જવું) તો એ તુર્કડાઓનો શો ભાર છે જોત જોતામાં તેની ફોજનો સંહાર કરી નાખીએ, આવું કહી બાપો બાપો કહી કુંવર તથા જેશા વજીરને પડકાર્યા એ સાંભળી કુંવરશ્રી તથા જેશાવજીર મહેરામણજી, ભાણજીદલ, તથા બારોજી વિગેરે એ કિર્તિને તથા અપ્સરાઓને વરવા સિંહનાદ કરી હાથમાં ભાલાં તોળી ઘોડાઓને હાંકયા ભેટભેટા થતાં તલવારો ચાલવા લાગી, અન્તરોની કડીઓ તુટવા લાગી, પાખરોના ઘુઘરાના ઘમકારાઓ બોલવા લાગ્યા, લોહીની ધારાઓ છુટવા લાગી, માંસાહારી પક્ષિઓ માંસ ખાવા લાગ્યા, કેટલાએક યોધ્ધાઓ માથામાં ભાલાં લાગવાથી પડવા લાગ્યા, કેટલાએક વીરો ઘાયલ થતાં પડી પડીને પાછા ઘા કરવા લાગ્યા, હાથીઓ તથા ઊંટો પડવા લાગ્યા, કેટલાએક ઘાયલો બરડવા લાગ્યા, ખંજર તથા કટારીઓ વડે શુરવીરો રમવા લાગ્યા, કેટલાએક ઘોડાઓની હુડફેટે ઉડવા લાગ્યા, બરછીઓ પાંખાળી નાગણીઓની પેઠે ઉડવા લાગી, યમરાજનું તેડું કરવા દુતો આવ્યા હોય તેમ સમ સમાટ કરતાં તીરો આવવા લાગ્યાં, સર્વ રણક્ષેત્ર લોહીથી લાલચોળ થઇ રહ્યું, ચોસઠ જોગણીઓ છુટે મહોંએ ખપ્પર ભરી ભરી લોહી પીવા

લાગી ખેચર તથા ભુચર હાસ્ય કરવા લાગ્યા. અપ્સરાઓ તથા હુરાંઓ વીરોને વરવા લાગી. આવું હિંદુ તથા તુરકનું મોટું યુદ્ધ થયું ૧૫૦૦૦ માણસો રણક્ષેત્રમાં પડયાં ખુરમની ફેજ ભાગી ખુરમ પણ હાથી ઉપરથી ઉતરી ઘોડે ચડી મરણના ભયથી ભાગ્યો. જામશ્રીના યોદ્ધાઓ વિસામણ નામના ગામ સુધી ફેજને મારતા મારતા પાછળ ગયા. ત્યાંથી જીતના નગારાં બજવી આનંદથી રણ ભૂમિમાં આવી બાદશાહી બજાનાનો તંબુ, ત્રણ નેજાં, કેટલીક નગારાંની જોડી, બત્રીશ હાથી, કેટલાએક ઘોડાઓ, તોપો પાલખીઓ, રથ, તંબુ વિગેરે કેટલોએક સરંજામ લઇ કુમારશ્રી જસાજી સહુ સાથે નવાનગર પધાર્યા.

નાની ઉમરમાં કુંવરનું આવું અદ્‌ભૂત પરાક્રમ સાંભળી જામસતાજી ઘણાજ ખુશી થયા અને વજીર જેશાને તથા મહેરામણજી, તથા ભારાજી, તથા ભાણજી, અને સોઢા તેગાજી આદિ સર્વ સરદારોને ભારે સિરપાવ બક્ષ્યા તેમજ લડાઇમાં કામ આવેલા વીરોના વારસદારોને જાગીરો આપી વર્ષાસનો બાંધી આપ્યાં.

નાગેશ્વર મહાદેવની આજ્ઞાથી જામસતાજીએ આપેલી ખેરાત

જામશ્રી સતાજીના રાજ્ય અમલમાં જામનગરમાં ઘણા ચારણો વસતા હતા, જે સ્થાન હાલ પણ "ચારણપા"ના નામથી પ્રસિદ્ધ છે તે ચારણપા માં સેજાનાંધુ નામના માડચારણ રહેતા હતા, તેઓ સાધારણ કવિ હતા. પરંતુ તે શંકરના અનન્ય ભક્ત હતા. તેને નાગેશ્વર મહાદેવનું ઇષ્ટ હતું તેથી તેઓ દરરોજ પ્રાતઃ કાળમાં ત્યાં પૂજન કરવા જતા હતા.

વિ. સં. ૧૬૪૦ માં વરસાદની તંગીને લીધે. ગુજરાતને માટે તેઓ દશા-વરમાં યાચના અર્થે રજવાડાઓમાં ગએલ ત્યાંથી ત્રણસો કોરી મેળવી પાછા ફરતાં જામનગરની નાગમતી નદીમાં ન્હાવા બેઠા.

એક બ્રાહ્મણ પોતાની પુત્રીને કન્યાદાન આપવા સારૂ કોરી મેળવવા માટે ત્રણ દિવસથી નાગનાથ મહાદેવના મંદિરમાં બેસી ઉપવાસ કરતો હતો. ત્રીજે દિવસે પ્રાતઃકાળે મંદિરમાંથી તેણે અવાજ સાંભળ્યો કે, "હે વિપ્ર આજે દિવસ ઊગ્યામાં નદીના કિનારાપર સેજાનાંધુ નામના બારોટ તને મળશે ત્યાં જઇ તું તેને કહે જે કે કોરી ત્રણસોની ચીઠ્ઠી નાગનાથ મહાદેવે તમારા ઉપર કરી છે, તો મને આપો, એ તું લઇ કન્યાદાન આપજે."

દિવસ ઊગ્યામાં સેજોબારોટ નદીમાં સ્નાન કરતા હતા. ત્યાં તે વિપ્રે આવી કહ્યું કે "તમારૂં નામ સેજો બારોટ? અને તમારા પાસે ત્રણસો કોરી છે? બારોટ કહે હા, વિપ્ર કહે દાદા નાગનાથનો હુકમ છે કે મને તે કોરીઓ કન્યાદાન

દેવા માટે આપ્યો, સેજે બારોટ પોતાનું નામ તથા ત્રણસો કોરી પોતા પાસે છે, તેવું વિપ્રના મોઢે સાંભળતાં તેમજ પોતે મહાદેવના અનન્ય ભકત હોવાથી તે વાત સાચી માની મહાદેવ ઉપર ભરોસો રાખી, આવેલ બ્રાહ્મણને ત્રણસોએ કોરી કન્યાદાન દેવા આપી દીધી, બ્રાહ્મણ આશીર્વાદ આપી ચાલતો થયો. બારોટજી નાહી મહાદેવનું પૂજન કરી, પોતાને ઘેર આવ્યા, તેજરાત્રે મહાદેવશ્રી નાગનાથજીએ (નાગેશ્વરે) જામશ્રી સતાજીએ સ્વપ્નમાં આવી કહ્યું કે "મારા ભકતરાજ (સેજાનાંધુ) બારોટને એક ગામ આપ" એવા શબ્દનો ત્રણવાર ભણકારો આવ્યો, સાંભળતાં જામશ્રી જાગી ઉઠયા, ત્યાં (જામશ્રી સતાજી પણ મહાદેવના પરમ ભકત હોવાથી.) મહાદેવનાં દર્શન થયાં, તુરતજ એ સ્વરૂપ અદર્શ થતાં. સ્વપ્નમાં સાંભળેલી આજ્ઞા શીર ચડાવી, ચોપદારને બોલાવી ચારણપામાંથી સેજાનાંધુ નામના ચારણને બોલાવવા હુકમ કર્યો. તેમજ પ્રાતઃકાળમાં કચેરી ભરવા હુકમ આપ્યો, હુકમ મળતાંજ ભાયાતો, વજીરો, અમીર, ઉમરાવ, સહુ આવી મળ્યા, અને એ પ્રભાતનીજ કચેરીમાંજ સેજાનાધુ આવતાં જામશ્રી સતાજીએ લાખપસાવ કર્યા અને કહ્યું કે "નાગેશ્વર મહાદેવની આજ્ઞાથી 'પીપળીઆ' નામનું ગામ હું આપને આપું છું, તેમજ એક હાથી અને 'જળશકા' નામનું બીજું ગામ મારી ઉલટથી આપુ છું, તેમ કહી એ બન્ને ગામનો બેરાતી લેખ કરી આપ્યો."

સાક્ષાત્ શંકરના ગણ સમાન સેજાનાંધુએ મહાદેવજીનો એ મહાન પર્વો જાણી એ સમયનો એક છપ્પય બનાવી કચેરીમાં બોલ્યા, તેમાં ઉપરનો તમામ મજકુર આવી જાય છે, જેથી નીચે લખવામાં આવેલ છે.

છપ્પય—संवत् सोळ चाळीस, साल एही लेखीय सबळ ॥
बीज तिथि बुधवार, आशो मास पख उजळ ॥
माहेस सोणा मांय, जाम सत्रसल्ल जगाए ॥
नांधुसेजो नाम एक गज, गाम अपाए ॥
फरभात पसा कीनो पहव, थरु पीपळीओ थ्थपीओ ॥
वीभेशनंद दाता वडंम, उपर जळशको अपीओ ॥ १ ॥

અર્થ—વિ. સં. ૧૬૪૦ ના આસો સુદ બીજને બુધવારની પ્રભાતે દાતારમાં શ્રેષ્ટ એવા વિભાજીના કુંવર જામશ્રી સતાજીએ *સેજાનાંધુને પીપળીયું તથા જળસકું એ બે ગામ અને એક હાથી આપી લાખપસાવ કર્યા હતા.

* હાલ તેના વંશજો નાંધુ કાલીદાસ તેજમાલભાઇ વિગેરે એ પીપળીયું ગામ ખાય છે બોઢર સેટલમેન્ટ વખતથી તે ગામ ગોંડળ સ્ટેટ નીચે છે, અને તે (હાલ નાંધુના પીપળીઆના નામે ઓળખાય છે) અને જળશકા નામનું ગામ હાલ જામનગર તાબે છે. (જેનું નામ ગોર્ધનપર છે,) કે જ્યાં હાલમાં ઓરોપ્લેન ઉતરવાનું સ્ટેશન રાખેલું છે.)



ભુચરમોરીનું મહાન યુદ્ધ



(૩) જામશ્રી ૩ સતાજી. (પૃષ્ઠ ૬૯૦)

ભુચર મોરી વિષેની ઇતિહાસીક હકીકત

વિ. સં. ૧૬૨૯ માં દિલ્હીના બાદશાહ અકબરશાહે ગુજરાતના છેલ્લા બાદશાહ ત્રીજા મૂજફ્ફરશાહ પાસેથી ગુજરાત જીતી લીધું, તેથી મુજફ્ફરશાહ રાજપીપળાના જંગલમાં કેટલોક વખત સંતાઇ રહ્યો અને ત્યાર પછી તેને સૌરાષ્ટ્રમાં આવી જામ સતાજી તથા જુનાગઢના નવાબ દોલતખાં ઘોરી તથા રાજા ખેંગાર કે જે સોરઠનો જાગીરદાર હતો તથા કુંડલાના કાઠી લોમાણ ખુમાણ પાસેથી સહાયતા મેળવી તેઓના તરફથી ત્રીસ હજાર ઘોડેસ્વારો અને વીસ હજારનું પાયદળ સૈન્યલઇ અમદાવાદ નજીકના પરગણામાં જઇ લુંટફાટ ચલાવી ભારે ગડબડાટ મચાવ્યો, અને અમદાવાદ, સુરત, તથા ભરૂચ એ ત્રણે શહેરો કબજે કર્યાં એ વખતે અમદાવાદના સુબાની જગ્યાપર મીરઝાં અબ્દુલ રહીમખાન (ખાનખાનાન) હતો પરંતુ તે મૂજફ્ફરના બંડને શાંત પાડી શકયો નહિં તેથી શહેનશાહઅકબરે પોતાના કૂંવર ભાઇ *મીરઝાં અજીજ કોકાને ગુજરાતનો સૂબો નીમીઅમદાવાદ મોકલ્યોતેણે આવી મૂજફ્ફરને કેદ કર્યો. પરંતુ ઇ. સ. ૧૫૮૩ (વિ. સં. ૧૬૩૯)માં મૂજફ્ફરશાહ જેલ તોડી અને સૌરાષ્ટ્રમાં ભાગી આવ્યો પરંતુ કોઇએતેને આશ્રય નહિં આપતાં છવટે તે જામશ્રી સતાજીને આશ્રય આવ્યો. "શરણાગતનું રક્ષણ કરવું તે ક્ષત્રિઓનો ધર્મ છે." તેમ જાણી જામશ્રી સતાજીએ મૂજફ્ફરને શરણેરાખ્યો. અને બરડા ડુંગરમાં તેને રહેવાની ગોઠવણ કરી આપી.

આ ખબર અમદાવાદના સૂબા મીરઝાંઅઝીઝ કોકાને થતાં તેણે મુજફ્ફરને પકડવા માટે મોટા લશ્કર સાથે કુચ કરી વીરમગામ આગળ મૂકામ નાખી, નવરોજખાન તથા સૈયદ કાસીમને થોડું લશ્કર આપી, મોરબી તરફ મૂજફ્ફરશાહના તપાસ માટે મોકલ્યા, નવરોજખાં મોરબી જતાં મૂજફ્ફરશાહ જામનગરમાં છે. એવા ખબર મળતાં તેણે જામશ્રી સતાજી ઉપર એવી મતલબનો કાગળ લખી મોકલ્યો કે "તમારે સુલતાન મુજફ્ફરશાહને તમારા દેશમાંથી કાઢી મુકવો" પરંતુ શરણાગતને સંકટના વખતે રજા આપવી તે રાજપુત ધર્મને યોગ્ય ન જણાતાં તેની એ માગણીનો અનાદર કરવામાં આવ્યો, જેથી બાદશાહી લશ્કરે જામનગર તરફ કુચ કરી ત્યારે જામશ્રીએ પોતાના લશ્કરને બાદશાહી લશ્કર સામે મોકલ્યું એટલુંજ નહિં પરંતુ બાદશાહી લશ્કરને અન્ન સામગ્રી પહોંચતી અટકાવી તેમજ વિખુટા પડેલા બાદશાહી સૈનિકોનો વધ કરી, અવાર નવાર છાવણી ઉપર હૂમલાઓ કરી, હાથી તથા ઊંટ ઘોડાઓને લઇ જઇ બાદશાહી લશ્કરને ઘણુંજ દુઃખ દેવા લાગ્યા, સોરઠી તવારીખના કર્તા લખે છે કે "તે વખતે બાદશાહી છાવણીમાં એક રૂપિયે એક શેર અનાજ વેચાતું મળતું હતું"

---

* ગુજરાત રાજસ્થાન પાને ૩૧૦

મેજર બેલ સાહેબ લખે છે કે તેનું કાશમ, નવરોજખા અને ગૂજરખાન એમ ત્રણ નામો હતાં. (પણ તે નામના તેઓના સરદારો હતા.)

ઉપરની હકીકતના ખબર મીરઝાં અઝીઝકોકા (વિરમગામ પાસે છાવણી નાખી પડયો હતો, તે) ને થતાં તે પોતાના ખાસ લશ્કર સાથે એકદમ કુચ કરી નવરોજખાન તથા સૈયદ કાસીમના મુખ્ય સૈન્ય સાથે જોડાઇ ગયો. એ વખતે ચોમાસાની ઋતુ હોવાથી વર્ષાદમાં કાદવ, કીચડ, અને ખડબચડી જમીનને લીધે બાદશાહી લશ્કરને જામના લશ્કર સામે બરોબર વ્યુહ રચનાથી યુદ્ધ કરવાની તક મળી નહિ તેથી તેણે જામનગર ઉપર કુચ કરવાનો નિશ્ચય કર્યો કારણ કે જામશ્રીએ પોતાની સઘળી અસ્ત્ર શસ્ત્ર અને અન્ન સામગ્રી જામનગરમાંજ રાખી હતી, માટે જામનગર તરફ સુબાએ લશ્કરની કુચ કરી અને એ સર્વ સામગ્રી હાથ કરી લેવા ધારી, પરંતુ જ્યારે તે સૂબો ધ્રોળની સરહદમાં આવી પહોંચ્યો ત્યારે જામશ્રી સતાજી પણ પોતાના સૈન્ય સાથે ત્યાં આવી પહોંચી બાદશાહી સૈન્યને આગળ પડતું અટકાવ્યું, આ વખતે જામશ્રીની મદદમાં જુનાગઢના નવાબ દોલતખાન તથા કુંડલાના કાઠી લોમા ખુમાણ પોતાના સૈન્યથી આવેલ હતા. ધ્રોળના પાદર નજીકx ભુચરમોરી નામના મેદાનમાં બન્ને લશ્કરોએ સામસામા છુટા છવાયા હુમલાઓ કરેલ તેમાં દરેક લડાઇમાં જામશ્રી સતાજીની જીત થઇ હતી, તેથી બાદશાહી સુબો બે ત્રણ માસ વિતતાં કંટાળી જતાં સમાધાનીનાં કહેણ મોકલી વિષ્ટિ ચાલુ કરી, એ ખબર જુનાગઢના નવાબ દોલતખાન તથા કાઠી લોમા ખુમાણને થતાં તેઓ બન્નેએ વિચાર્યું કે "જો આ લડાઇમાં જામશ્રી સતાજી ફતેહ પામશે તો આપણા રાજ્યોની સલામતીઓ નથી માટે આપણે બન્ને બાદશાહી લશ્કરને મળી જઇએ" એ ઉપરથી સુબા અજીજકોકાને દિલ્હી પાછો જતો અટકાવી, "અમો અમારા લશ્કર સાથે તમોને લડાઇના મેદાનમાં મળી જશું," એવા ખાનગી ખબર દોલતખાંએ મોકલતાં સુબે સમાધાનીની વાત બંધ કરી અને બીજે દિવસે યુદ્ધ કરવાનું કહેણ મોકલ્યું.

બીજે દહાડે જામસતાજી પોતાના લશ્કર સાથે સુબા સામે લડાઇમાં ઉતર્યા ભયંકર યુદ્ધને પરિણામે બાદશાહી સૈન્ય હારવાની અણીપર આવતાં ગોરી દોલતખાન તથા કાઠી લોમો ખુમાણ કે જેઓ લશ્કરની હરોલમાં હતા, તેઓ પોતાના ચોવીશ હજારના સૈન્ય સાથે જામશ્રીને દગો આપી શાહી લશ્કરમાં ભળી જતાં ત્રણ પ્રહર સુધી ખુનખાર લડાઇ જામી એ વખતે જેશા વજીરે જામશ્રીને કહ્યું કે "દગાખોરોએ દગો કર્યો છે, માટે અમો બનશે ત્યાંસુધી રણ-સંગ્રામ ટકાવી રાખશું, અને આપશ્રી કુટુંબ તથા તખ્તનો બંદોબસ્ત રાખવા

---

x કોઇ ઇતિહાસકાર "ધુંચરમોરી" લખે છે, તો કોઇ "બહુચરમોરી" લખે છે પણ ત્યાં બૌચરાજીમાતાનું કે કોઇ બીજું ચિન્હ નથી પરંતુ ભૂચર નામનો મોરી શાખાનો રજપુતમાલધારી પોતાની ગાયોની ઝોક કરી ત્યાં બેસતો તેથી તેના નામ ઉપરથી તે થારનું નામ ભુચરમોરી પડયું, હાલપણ ધ્રોળના વતનીઓ તેને ભુચરમોરી કહે છે.

જામનગર પધારો! જામશ્રી સતાજીને એ સલાહ વ્યાજબી જણાતાં તેઓ હાથી ઉપરથી ઉતરી ઘોડા ઉપર બિરાજી કેટલાક અંગરક્ષકો સાથે જામનગર પધાર્યા, અને જેશા વજીર તથા કુમારશ્રી જશાજીએ બાદશાહી લશ્કર સામે રણસંગ્રામ ચાલુ રાખ્યો.

પાટવી કુમારશ્રી અજાજીનાં લગ્ન થતાં હોવાથી તેઓ જામનગરમાંજ હતા, તેથી તેને જામશ્રી સતાજીના પધાર્યાના ખબર થતાં તેમજ લડાઇ હજુ ચાલુ છે, તેવી હકીકત સાંભળતાં જામસાહેબની રજા લઇ પોતાના પાંચસો જાનૈયા વીર રજપુતોને તથા નાગ વજીરને સાથે લઇ ભુચરમોરીના યુદ્ધમાં આવી મળ્યા. બીજે દહાડે સવારે પ્રાતઃકાળે બન્ને લશ્કરો એક બીજા સામે સંગ્રામમાં ગુંથાયાં બાદશાહી લશ્કરના જમણી બાજુના નાયકો સૈયદકાસિમ, નવરંગખાન, અને ગુજરખાન હતા, અને ડાબી બાજુનો નાયક વિખ્યાત સરદાર મહમદહરફી હતો, ને તેની સાથે કેટલાક બાદશાહના અમીરો અને જમીનદારો હતા. અને નવાબ આઝીમ હૂમાયુના પુત્ર મીરઝાંમરહુમને મધ્યમ ભાગનું અધિપત્ય હતું, અને તેના મોઢા આગળ મીરઝાં અનવર અને નવાબ ખુદ હતા.

જામશ્રીના સૈન્યના અગ્ર ભાગનું અધિપત્ય જેશાવજીરને તથા કુંવર અજાજીને હતું. અને જમણીબાજુ કુંવરજશાજી તથા મહેરામણજીડુંગરાણી હતા, અને ડાબીબાજુ નાગડોવજીર, ડાહ્યોલાડક, ભાણજીદલ, વિગેરે યોદ્ધાઓ હતા. બન્ને સૈન્યો તરફ તોપોના ગોળાઓ છુટતાં લડાઇ શરૂ થઇ અને મહમદહરફીએ પોતાની ટુકડીઓ લઇ જામના સૈન્ય ઉપર હૂમલો કર્યો, તેમજ નવાબ અનવરે તથા ગુજરખાને કુંવર અજાજી તથા જેશાવજીર અને પંદરસો*અતિત બાવાની જમાત ઉપર હૂમલો કર્યો.

એક લાખ યવનો જોરશોર લડવા લાગ્યા. જેમાં બેશુમાર હિંદુઓ તથા અગણિત મુસલમાનો કામ આવ્યા, તેમાં યવનોની ફતેહ થતી જોઇ કુંવરશ્રી અજાજીએ લડતાં લડતાં મીરઝાં અજીઝકોકા ઉપર ધસારો કરી પોતાના અશ્વને ઠેકાવી સુબાના હાથીના દંતુશળઉપર પગ મુકાવી સુબાઉપર બરચ્છીનો ઘા કર્યો એ વિષે પ્રાચીન દુહો છે. કે—

દોહો—અજમલીયો અલંઘે, લાયો લાખાસર ધણી ॥
દંતૂશળ પગ દે, અંબાડી અણીયં હણી ॥ ૧ ॥

પરંતુ તે વખતે સુબો અંબાડી ઉપરની કોઠીમાં છુપાતાં તે બરચ્છી અંબાડીની કોર તથા હાથીની પીઠનો ભાગ વીંધી જમીનમાં ખુંચી ગઇ, તેવામાં પાછળથી એક મુગલ સિપાઇની તલવારના સખત ઘાથી કુમારશ્રી અજેજી કામ આવ્યા, તેથી દરેક જાડેજા ભાયાતો યવનોના દળ ઉપર તુટી પડયા, અને હજા-

* એ અતીત બાવાઓની જમાત હીંગળાજ દેવીની યાત્રાએ જતી હતી. તે જામના લશ્કર સાથે જોડાઇ ગઇ હતી.

રોની કતલ કરી જેશોવજીર તથા મહેરામણજીડુંગરાણી, ભાણજીદલ, ડાહ્યો લાડક, નાગવજીર અને તોગાજી સોઢા આદિ વીરપુરૂષો કામ આવ્યા, અને શાહી લશ્કરમાં મહમદરફી, સૈયદસફુદીન, સૈયદકબીર, સૈયદઅલીખાન વિગેરે સરદારો કામ આવ્યા.

શાહી લશ્કરમાં મુખ્ય સુબો મીરઝાં અજીઝકોકા અને જામશ્રીના લશ્કરમાં કુમારશ્રી જશોજી અને બીજા સૈનિકો વિગેરે બચવા પામ્યા હતા.

નિઝામુદીન અહમદ લખે છે કે આ લડાઇ હી. સ. ૧૦૦૧ના રજબ માસની તારીખ છઠીના રોજ થઇ હતી,- અને નવાનગરના દફ્તરમાં તેx**ભુચર મોરી**ની લડાઇ વિ. સં. ૧૬૪૮ ના હાલારી શ્રાવણ વદ ૭ ના રોજ થયાનું લખેલ છે.

---

x **ભૂચર મોરી સ્થળની નોંધ**=ધ્રોળથી વાયવ્ય ખુણામાં આશરે એક માઇલપર આવેલી ભૂચરમોરી નામની ધારપર આ યુધ્ધ થયું હતું. ત્યાં જામશ્રી અજાજીની દેરી છે. અને તેમાં તેઓનો પાળીઓ છે તથા તે પાળીઆની દક્ષિણ બાજુ તરફ અજાજામનાં રાણીશ્રી સતી થયાં તેની ખાંભી પંજા વાળી છે, સીંદુરને લીધે પાળીઆઓના લેખો વાંચી શકાતા નથી, પરંતુ આ પાળીઆઓ ઉપર જામશ્રી વિભાજી એ દેરી ચણાવી જીર્ણોધ્ધાર કર્યો તે વખતનું કાવ્ય શિલાલેખમાં છે. તે-

દોહા—संवत् सोळ अडताळमें, श्रावळ मास उदार ॥
जाम अजो सूरपुर गया, वद सातम बुधवार ॥ १ ।
ओगणीसें चौदह परा, विभो जाम विचार ।
महा मास शुद पंचमी, कीनो जीर्णोद्धार ॥ २ ॥
[1]जेसो [2]डाह्यो, [3]नागडो, [4]महेरामण [5]दलभाण ॥
अजमल भेळा आवटे, पांचे जोद्ध प्रमाण ॥ ३ ॥
आजम कोको मारीओ, सूबोपत साइ ॥
दळ केता गारत करे, रणघण जंग रचाइ ॥ ४ ॥

ઉપરનો શિલાલેખ તે દેરીમાં છે. તથા તેની ઉત્તર બાજુની દિવાલે બાદશાહનો સુબો હાથીપર બેઠો છે ત્યાં જામ અજાજી પોતાના ઘોડાને કુદાવી સુબાને ભાલું મારે છે, તેવું ચિત્ર આળખેલ છે.

એ દેરીથી ઉત્તરમાં આઠ પાળીઆઓ નીચે જમીન ઉપર છે. તેમાં દેરીની દિવાલને લગતો પાળીઓ છે. તેને ત્યાંનો પુજારીબાવો જેશા વજીરનો પાળીઓ કહી ઓળખાવે છે. તેની લાઇનમાં બીજા ચાર પાળીઆઓ છે. તે પછી થોડું અંતર મેલ્યા પછી એજ લાઇનમાં ઉત્તર તરફ બીજા ત્રણ ઉંચા પાળીઆઓ છે. તેમાં વચલો પાળીઓ લગભગ છ ફુટ ઉંચો હશે તેમાં અક્ષરો પણ ચોખ્ખા દેખાય છે. પરંતુ જૂની લીપી હોઇ બરોબર બંધ

કુમારશ્રી અજોજી રણક્ષેત્રમાં કામ આવ્યા, અને બાદશાહી લશ્કર નગર તરફ આવે છે, તેવા ખબર જામસતાજીને મળતાં, તેણે તમામ જનાનાની રાણીઓને વહાણમાં બેસારી (તરતેબંદર વહાણો કરી આપતાં પહેલાં) સુચના કરીકે જો મુસલમાનો તમારા પાછળ આવે તો તમારાં વહાણો દરિઆમાં ડુબાવી દેજો, એમ કહી પોતે થોડાએક માણસો સાથે પહાડોવાળા જંગલમાં વેર લેવા ભરાયા, (કેમકે તમામ સૈન્ય ભુચરમોરીમાં કામ આવી ગયું હતું,) વહાણ તરતે બંદર થતા પહેલાં, સચાણાના બારોટ ઇસરદાસજીના પુત્ર ગોપાળબારોટે આવી, (કુમારશ્રી અજાજીની પાઘડી તેઓનાં રાણીજીને આપી, તે પાઘડી જોતાંજ રાણીજીને સત ચડયું, અને રણક્ષેત્ર તરફ પોતાનો રથ હાંકવા આજ્ઞા કરી, સતિજીની આજ્ઞા શીર ચડાવી કેટલાએક રાજપૂત સૈનિકો સતિરાણીજી સાથે સૌ ભુચરમોરી તરફ ચાલ્યા, વિજય પામેલા બાદશાહી સૈન્યના યવનો, જામનગર તરફ જતા હતા, તેઓએ આ જનાનાનો રથ જોયો અને તુરતજ એ રથ ઉપર આક્રમણ કર્યું પરંતુ એ વખતે ક્રોળના હાકોરસાહેબ પોતાના ભાયાતો સાથે ચઢી આવી યવનોની સાથે સમજુતિ કરી, રથ સહિસલામત ભુચરમોરીમાં લાવ્યા, અને તેઓએ ત્યાં રાણીજીની સતિ થવામાં પુરતી મદદ કરી, જોઇતી સામગ્રીની સગવડતા કરી આપી હતી.

બેશે તેવા નથી માત્ર "સંવત્.૧૬૪૮ વરષે શ્રાવણ વદ ૮" એટલું ચોખ્ખું વંચાય છે. લેખ મોટો છે.

જામશ્રી અજાજીની દેરીથી દક્ષિણમાં છ પાળીઆઓ છે તેમાં બે ત્રણ અરધા અરધા કપાએલા છે દેરીથી સામી બાજુ પૂર્વમાં પાંચ કાળા પથ્થરની વગર કોતરેલી મોટી ખાંભીઓ છે તેના માથે સિંદુર છે. અને તે નાગાબાવાની જમાતના છે, તેમ ત્યાંનો પૂજારી કહે છે દેરીથી દક્ષિણમાં એક લાંબુ છાપરૂં છે. તેને આથમણે કરે બે ખાંભીઓ છે તેમાં એક ખાંભીમાં માત્ર ઘોડા વિનાનો ક્ષત્રીર પુરૂષ આળખેલો છે અને તેને પેંતરો ભરી હથિયાર વિનાનો હાથ ઉગામેલ છે અને હાથના બન્ને પંજાઓ પણ કપાઇ ગયા છે અક્ષરો નંહિ જેવા દેખાય છે. આમ એકંદર જામશ્રી અજાજી તથા રાણીજીની ખાંભીઓ સહિત કુલ ખાંભી ૨૩ તેવીશ કમ્પાઉન્ડમાં છે અને બહાર આઠ ખાંભીઓ છે અને એક ભંગીની ખાંભી થોડે દુર છે મલી કુલ બત્રીશ ખાંભીઓ એ સ્થળમાં છે ફરતો વરંડો છે અને બે ચાર ઝાડો ઉભાં છે દરશાલ રાજ તરફથી સિંદુર ચડાવવા જામનગરથી માણસો આવે છે અને ત્યાં કસુંબો કરી ડાયરાને પાઇ ડાડાને ચોખાનું નૈવેદ ચડાવીનાયછે અને ત્યાં કાયમ એક મારવાડી બાવો રહે છે કારણ કે એ કમ્પાઉન્ડથી દક્ષિણમાં મંદિર છે તેનો તે પુજારી છે તે આ જગ્યાને સાફ રાખે છે અને તેને રાજ તરફથી વર્ષાસન મળે છે.

જામશ્રી અજાજીની ડેરીથી નૈઋત્ય ખૂણામાં એ ભુચરમોરીમાં જે મુસલમાનો કામ આવ્યા છે તેને દફનાવેલ છે એ મુસલમાનોના કબરસ્તાનને ફરતી કાંટાની વાડ છે અને વચ્ચમાં એક મોટો બાંધેલો કુવો છે એ કુવાથી પશ્ચિમ બાજુ એક મોટો પડચાર લગભગ પાંચેક

જામશ્રી અજાજીનારાણી સતિથયાં એ વિષેનું હસ્તલખીત પ્રતમાંથી મળેલું પ્રાચિન કાવ્ય.

છપ્પય—લખસંપે જશ લિયા, કિયા પરવા કેકાણાં ॥
જકે જગત જીતિયા, પૂદાં સરછાત્ર પણાણાં ॥
શાંમનેહ સાચવણ, પખાં ત્રયકરણ પવત્રિ ॥
* ....॥
કરુણાળવદન સુરજકુંવર, મોહતજે ધર સોહમન ॥
સોય દેખ સતિ અજમાલસંગ, આગમે ઉં. ઝીલણ અગન॥ ૧ ॥

કુટ ઉંચો છે તેના ઉપર મરજીદ બાંધાવેલ છે. તેની દિવાલમાં ત્રણ કીબલા છે તે કીબલા વાળી દિવાલથી ઉત્તર તથા દક્ષિણમાં બે દિવાલો ચણાવામાં આવી છે તે મરજીદ વચ્ચો વચ્ચ પડથારમાં એક મોટું જાળનું ઝાડ છે તે ઝાડ તળે કુલ આઠ કબરો છે તેમાં સાત કબરો એક લાઇનમાં ઉત્તર દક્ષિણ લાંબી છે પરંતુ તે સાતમાં પુર્વની ત્રણ સરખી છે ને તે પછીની બે કબરો થોડી લાંબી છે એટલી વિશેષતાથી જણાય છે કે તે તેના સરદારોની હશે તે પછીની પશ્ચિમની બે કબરો પહેલાંની ત્રણ કબરો જેવડી છે એ સીવાય એક કબર પુર્વ બાજુની પહેલી કબરની ઉભી લાઇનમાં એટલે તેનાથી દક્ષીણ બાજુએ છે તેપણ બીજી કબરો જેવડી છે પડથાર ઘણોજ વિશાળ છે તે ઉપરથી અનુમાન થાય છે કે તે તળે એક મોટો ખાડો ગળાવી તેમાં ઘણી લાસો દફનાવી હશે અને ઉપર માત્ર આઠજ જણાઓ (સરદારો) નીજ કબરો બનાવી હશે તેમા કાંઇ લેખ નથી.

ભુચરમોરીની જગ્યો વિશાળ અને મેઠી ધારડીવાળી હોવાથી આસપાસનો પ્રદેશ જોવામાં આવે છે આવળ, કંટાળા, બાવળ, બોરડી, અને કેરડાં વિગેરેનાં છુટાં છુટાં ઝાડો છે ભૂમિ ઉપર જતાં તે ભૂમિ વીરભૂમિ હોય તેમ જણાય છે તેની સાથે તે સ્થળ રણક્ષેત્રનું હોય કંઇક અંશે ભયાનક અને સુનું લાગે છે હજારો કે લાખો માણસોના લોહીથી ભીંજાએલી અને તૃપ્ત થએલી એ ભૂમિ અનેક વિરોને પોતાના ખોળામાં પોઢાડી પોતે હજી તેવીને તેવીજ સેંકડો વર્ષ ગયાં છતાં તેજ સ્થિતિમાં પાણીપતના મેદાનની "ભાણેજડી સરખી ભૂચરમોરી" વિરોના પાણીઆઓને પોતાના રજપુતોથી નવરાવી રહી છે તે જાણે કેમ વિરોએ તેને પોતાના રકતથી નવરાવી તેથી તેનો બદલો આપતી ન હોય? તેવી કલ્પના કરાવે છે અને તે સમરાંગણમાં જનાર અતિથિને પોતે સુનકાર રહી ભૂતકાળના બનાવોની યાદી કરાવે છે, આ જગ્યોએ દર વરસે શ્રાવણ વદ ૦)) અમાસને દહાડે મોટો મેળો ભરાય છે અને હજારો માણસો એ વીરભૂમિમાં બાર માસે એક દિવસ જઇ ધૂણી રનાન કરી આવે છે. પ્રભુ એ બાર ભૂમિપર પડેલા વીર પુરૂશો જેવા ફરી કાઠિઆવાડમાં વીર પુરુષો સ્રજાવે અને સૌરાષ્ટ્ર

* એ અક્ષરો વાળા ભાગનો કાગળ ફાટી ગયો છે.

તનહોમણ તંબોલ, શાંમજીવતાં [1]સંબોહે ॥
નીચું જોઇ નવરહી, ઢંકે શિર અંબર ઢોહે ॥
બાંધમોડ બરદાળ, [2]અખત દોય હથાં ઉલાળે ॥
ગયણ પડતું ગ્રહે, પૂહવે પુરવકથ પાળે ॥
વરવરણકાજ દોઇલે વખત, વેગચલી અજમલ વધૂ ॥
વકરાળ ઝાળ ભ્રખવા વમળ, રાણી રાખણ જશ રઘૂ ॥૨॥
સરમેણું કુણસહે, સહે કુંણ બોલપરાણાં ॥
સહેકુંણ અપશોષ, વહે કુંણ દોષ વરાણાં ॥
સહેકુણ [3]સુતેંક, સહે કુણ સોગ સદાઇ ॥
શામતજે સોભાગ, રખેકુણ રોષ રદાઇ ॥
કુણ સહે ખોટ સૂરજ કહે, સૂર સાખ સતિયાં જળે ॥
...., કુણ શહે દુખમઝકળે ॥૩॥

ભૂમિને દિપાવે, *ઉપર કરેલા નિશાનવાળો પાળીઓ નાગવજ્જરનો હશે તેવું અનુમાન થાય છે. એ નાગવજ્જર વિષે દંતકથા છે કે. તે નાની ઉંમરમાં તેની માતાને ઊભો ઊભો ધાવતો એટલે તેની મા જેનું નામ 'જેમાં' હતું. તે એવડી મોટી કદાવર અને મજબૂત બાંધાની હતી કે, તે પોતાના બંને સ્તનોને (મોટા અને લાંબા હોવાથી) ખંભા ઉપર રાખતીને નાગડો વજ્જર તે સ્તનોને પાછળ ઉભો રહી ધાવતો. આ બનાવ એક વખત જામશ્રી સતાજીએ પોતાની મેડીના ઝરૂંખામાંથી જોયો. અને તેથી સેજ હસ્યા હતા, એ જોશાવજ્જરના જાણવામાં હતું- જ્યારે ભુચરમોરીના યુધ્ધમાં નાગવજ્જર લડવા આવ્યો: ત્યારે જોશાવજ્જરે તેને શર ઉત્પન્ન કરાવવા, કરી કહ્યું કે "હે નાગડા તું જ્યારે નાનો હતો ત્યારે તારી માતાને ઉભો ઉભો ધાવતો હતો. એ જોઇ જામસતાજી હસ્યા હતા. તો હવે તારી માનુ દુધ લજ્જવજ્જેમાં- અને એ સિંહણનું દુધ કેવું છે તેની ખાત્રી જામને કરી આપજે" જ્યારે મહાન્ યુદ્ધ ચાલ્યું ત્યારે નાગડા વજ્જરે અદ્‌ભુત પરાક્રમ બતાવ્યું હતું-તે લડાઇમાં પોતાના બન્ને હાથ ઠુંઠા (પ્રોંચા વિનાના) થયા પછી કાંડાઓના હાડકાંવાળા ઠુંઠા હાથના ઠોંસાઓ બરછીઓની પેઠે દુશ્મનોને મારી ઘણાના પ્રાણો લીધાં હતાં, એટલું જ નહિ પણ તે ઘણોજ ઉંચો હોવાથી હાથીના પેટમાં તે ઠુંઠા હાથના ઠોંસાઓ મારી મોટાં ભોડાં (ખાડા)ઓ પાડી લોહીની નીકો ચલાવી હતી. એની વીરતાને વિષે એક પ્રાચિન દુહો છે કે.

દુહો—ભલીએ પખે ભલા, નર નાગડા નિપજે નહિં ॥
જોયો જોમાંના, કુંતાના જેવો કરણ ॥ ૧ ॥

૧ સંબોધેલ=કહેલ ૨ અક્ષત=ચોખા ૩ સુતક.

કેસુ કુમુદ નવવિકસ, દુડંદ દેઅંત દરસાઇ ॥
કેસુ કમળ નીજનેહ, નિપટ ઉઘડેન નીસાઇ ॥
જુવે જીવ જીવેસ, રધઇ દલકેસુ રહાઇ ॥
જળજાને જીવંત, કસીએ મીન કમાઇ ।
છત્રીસવંશ જાદવ છતા, કથન એમ સૂરજ કહે ॥
કંયહીવાસ સુરપુર, કરે, (તૈં) રાણી કુણકેડે રહે ॥૪॥
સાગવન સમધરે, ચૂક મળીઆગર ચંદન ॥
વિવિધ પુહુપ વસ્તાર, પરઠસા હારહાર પન ॥
અગરધૂપ ઉખેવ, સેવ સહદેવ સધારી ॥
વસણકંત વૈકુંઠ, સોળમખ કળા સમારી ॥
સતવંત સૂરજકુંવર સુઘડ, આવી જોઇ રવ અંતરે ॥
અજમાલ સંગ હોવણ અમર, સરમખ સાજણ સંચરે ॥૫॥
આયરુદ્ર અગિઆર, આયખડે મનુ ચૌદહ ॥
સીત સહિત શ્રીરામ, આય સાવંત્રિ પિતામહ ॥
સઘ્ય આય સવ શક્ત, આયહે ઋષિ અઠયાસી ॥
અડિઅંદ ચંદ આઇયા, આય નારદ અભ્યાસી ॥
ઉરુવંસી, રંભ, મેના, અછર, ગંધ્રવકે ગુણ ગાઇયા ॥
સૂરજકુંવર દેખણ સતિ, અમર અંતરિષ આઇયા ॥૬॥
સારઘૃત સિચવે, પૂરવે ધૂપ કપુરહ ॥
હોમકરે બ્રહ્મહથાં, સતં ગોદાન દીસહ ॥
સપ્તધાતુ સોધંત, સમપ મોતિયાં સહેતા ॥

અર્થ—કુંતાજી થકી જેમ પરાક્રમી કર્ણ ઉત્પન્ન થયો હતો તેમ જેમાં થકી નાગ વજ્ર મહા પરાક્રમી જનમ્યો હતો એટલે ભલી માતા વિના (વિર-સારા) પુરૂષો ઉત્પન્ન થતા નથી.

દોહો—જહાં પડ દીઠસ નાગ જવાન, સકોકર ઉભગયંદ સમાન ॥
પડી સહજોઇ સચીપહચાણ, પટ્ટકિય નાગહ લોથ પ્રમાણ॥ ૧ ॥ વિ. વિ.

એટલે ભુચરમોરીના મેદાનમાં નાગડા વજ્રની લોથ (લાસ મૃતશરીર)ને ઉભી કરાવતાં ગયંદ નામ હાથીની બરોબરી ઉંચાઇમાં આવતાં સુધાને તેની ઉંચાઇની ખાત્રી થઇ હતી.

रध पंचे सुरंग, जके [1]वेदोगत जेता ॥
जप महा अष्ट सूरज जपे, पखांवडां व्रद पाळवा ॥
हरहर सुकही माधव हरी, जाळो अळ वपु जाळवा ॥७॥
जळस्नान जान्हवि, समे प्रातःकरीआ सह ॥
पाटांबर पहरिया, शिष कर वेण समारह ॥
अंग अंग नंग उद्योत, जडित आभूषण जोपे ॥
नकबेसर नासिका, उरुथळ हार आरोपे ॥
उछाहधरी [2]असि आरुही, भांति अजब घण लजभरी॥
जदुनाथ साथ रहवण जरु, पावक झीलण परवरी ॥८॥
देख मरण दोयलुं, भीमभारथ भड भग्गो ॥
देखमरण दोयलुं, वेल लंकेश वळग्गो ॥
देखमरण दोयलुं, अश्वथामा तप हेठो ॥
देखमरण दरजोण, पूर जळमांहीय पेठो ॥
दोयलुं मरण देखे दुनि, नेक हुवा नर नह सति ॥
अजमालसंग रहवण अमर, सहेल मरण सूरज सति ॥९॥
देखमरण दसकंध, मरण नह दीयो मंदो हर ॥
देखमरण दसरथ, कोशला मरण नको कर ॥
देखमरण जमदग्न, मरण रेणुक नस आयो ॥
देखमरण पांडुर, मरण कुंता मन नायो ॥
महीएति अगे चुकि मरण, तवे साखजग चंद तरण ॥
सजहुइ आज सूरजकुंवर, महासति देवण मरण ॥१०॥
सतवादी हरिचंद, जरु अजमल जाणे जग ॥
वाचा अजमल व्रह्म, अजो क्षत्रिय दशरथ खग ॥
अजो कळह क्रणकुंभ, अजो रढरांण रढाळु ॥
अजो पाथपत बाण, अजो भीमेण भुजाळु ॥
सो अजो देख व्रवनो समो, केम सति सांसु करे ॥
स्वगलोक लियण सूरजकुंवर, भखवा झळां क्रम भरे ॥११॥

---

१ સતિ થવાનું "સહગમન વિધિ" નામનું વેદોક્ત શાસ્ત્ર છે તે વિધિપુર્વક સતિ થયાં. ૨ અસ્વિ=ઘોડી

परदखणा पाखळी, दीध जाहर तदसातद ॥
मान सरोवर मांही, हंस हलीओ जाणे हद ॥
मगमग जळ असमेघ, वेद ब्राह्मणां वदीजे ॥
चारमंगळ चतुरंग, कोड जश लीयण कीजे ॥
सहबियां सरस आशिष दे, भाणचंद, धरपे भरु ॥
गहवंत अजाराणी गहे, जलणमंदर बेठी जरु ॥१२॥

पीठ केळके पत्र, पवित्रवेणी सु फणंपत ॥
चंद्रवदनी मृगचखी, भ्रोंहा भ्रमलासु भमरमत ॥
दीपनासिका दरस, दोयबंब अधुर सुदेखण ॥
दंतकली दाडमी, वाण सरसति विशेषण ॥
कंबली शंख सरसी कंठे, देव देख धनधन दखे ॥
सतवति सूरज सुरजसखे, भरी उमंग झाळां भ्रखे ॥१३॥

कळशपयोधर कनक, हस्त हरिसूंढसु हलये ॥
अमरचहे अवतरण, उदरवनतके त्रमलये ॥
त्रिवळी त्रवेणी तीर, प्रागवड नाभि प्रमाणी ॥
लंककेहरि लंग्धीय, जंघ कदळी थंभ जाणी ॥
पगपाण उभय रखियां पदम, लखे गुण बत्रिस लखण ॥
आवाह करम तनआकृति, जे राम राम कहति जलण ॥१४॥

जपेराम जेराम, रामश्री अवर जपावे ॥
घखे घोम चखधोम, अगन बारह मख आवे ॥
लगेझाळ विक्राळ, काळ असराळ कियो कोइ ॥
सूर कहे शाबाश, सरा शाबाश कहे सोइ ॥
अजमालनाथ अमरापूरि, सथ्थ पथ्थ लीधो प्रबल ॥
कलीकथ्थ रखण सूरजकुंबर, महासति झीलण मंगल ॥१५॥

चलण होम हंसचाल, होम जंघा कदळी थंभ ॥
होम लंक केहरी, होम उरबांह अचंभ ॥
होमहाथ प्रतहोम, होम ग्रीवासी उज्जल ॥
वदन होम रच विविध, होमगण वर्नन निर्मल ॥

बत्रीस लखण बोंतेरकळा, होमगात्र गेमर सथर ॥
सोभागसहित वुढि सरग, शिळ लाज सूरजकुंवर ॥१६॥
आपनाथ अजमाल, साथचल सति सवांहि ॥
मेल मोह मृतलोक, शांमसग धम धम साहि ॥
देह मनव दाहवि, अमरदेही, फीर आइ ॥
अमरहुवो आनंद, वधे निशाण वधाइ ॥
भडथारलियो सह गणमरी, सित, गंग, उमिया जसि ॥
अजमालसंग सूरज अचल, वेहदवास सुरपुर वसि ॥१७॥*

ભુચરમોરીને અંતે મુએા અઠીઝ કેાકલતાસ જામનગર આવ્યેા, અને ત્યાં બાદશાહી વાવટેા ચડાવી શાહેર કબજે કર્યું; તપાસ કરતાં જામશ્રી સતાજી (મુજફરશાહને બચાવવા માટે) જુનાગઢના ગિરના પ્રદેશમાં છે, તેવા ખબર થતાં મુબારિઝે નવરંગખાન, સૈયદકાસમ, અને ગુજરખાનને જુનાગઢને ઘેરેા ઘાલવા મેાકલ્યા, આ ખબર જામસતાજીને થતાં, ×મુજફરશાહને બરડા ડુંગરમાં સાચવવાનેા બંદેાબસ્ત કર્યેા, રંગછે જામસત્રશાલ (સતાજી) ને કે જેણે ક્ષત્રિયધર્મ પાળવા માટે રાજપાટનેા ત્યાગ કરી, શરણાગતનું રક્ષણ કર્યું,

બાદશાહી લશ્કરનેા દાણેા પાણી ખુટતાં, તેને જુનાગઢ ઉપરથી ઘેરેા ઉઠાવી નગરમાં નાયબસુબેા નીમી, લશ્કર અમદાવાદ ગયું.

મુજફરશાહને થયું કે મારા માટે જેણે લાખેાની કતલ કરાવી, અને રાજપાટનેા ત્યાગ કર્યેા, તેને હવે વધારે તકલીફ ન આપવી. એમ વિચારી એકાએક છુપી રીતે બરડામાંથી ઓખામંડળમાં નાસી ગયેા, ત્યાંપણ તે થેાડા વખત રહી, કચ્છમાં રા' ભારાને શરણ ગયેા.

જામનગરમાં જામસતાજીની ગેરહાજરીનેા લાભ લઇ, રાણપુરના જેઠવા, રાણારામદેવજીના કુંવર ભાણજીનાં રાણી કલાંબાઇએ, મેર, અને રબારી લેાકેાની ફેાજ જમાવી, રાણપુર સુધી પેાતાનું ગએલું રાજ્ય પાછું જીતી લીધું, અને છાંયાગામમાં રાજધાની સ્થાપી, પેાતાના કુંવર ખીમાજીના નામથી રાજ્ય ચલાવ્યું.

---

* ઉપરનું કાવ્ય, ૧૬ મા સૈકાના હસ્તલખીત જુના ચેાપડામાંથી જે પ્રમાણે મળેલ છે તેજ પ્રમાણે અક્ષરે અક્ષર અત્રે આપેલું છે. આ કાવ્ય કેાને રચેલું છે, તે વિષે તેમાં કંઇ નામ નીકળતું નથી.

× વિ. વિ. માં લખ્યે છે કે મુજફરશાહ ભુચરમોરીમાંથી ભાગી બાદશાહના સૈન્યમાં મળી ગયેા હતેા, પણ તેમ થવાનું બીજા ઇતિહાસકારેા લખતા નથી, મૂજફરશાહને કચ્છમાંથી હાથ કર્યેા હતેા.

જુનાગઢના ગેરી દોલતખાંએ મૂજફરશાહને જુનાગઢમાં રાખ્યો છે, તેવા ખોટા ખબર સુબાને લગભગ આઠેક માસ પછી થતાં, અમદાવાદથી સુબા અઝીઝકોકાએ ફરી જુનાગઢ ઉપર કુચ કરી, એ વેળા જામશ્રી સતાજી સાથે વકીલ મારફત ચિઠ્ઠિ ચલાવી, સુબાએ સુલેહ કરી કે "જુનાગઢ ઉપરનો ઘેરો જ્યાંસુધી ચાલે, ત્યાંસુધી જામે-શાહીલશ્કરને અનાજ પાણી વિગેરે રાસંગ- પુરૂં પાડવું." એ શરત કબુલ થતાં જામશ્રી સતાજી વિ. સં. ૧૬૪૯ ના માહ શુદ ૩ ને રોજ જામનગરમાં આવી ફરી રાજ્યાસને બિરાજ્યા.

સુબાએ ત્રણમાસ સુધી જુનાગઢને ઘેરો રાખ્યાપછી તે જુનાગઢ સરકયું. પણ મુજફરશાહ ઓખામંડળમાં છે તેવા ખબર થતાં, તેણે નવરંગખાનને ઓખામાં મોકલ્યો, નવરંગખાને ઓખામંડળ જીતી, અઝીઝકોકાને ખબર આપ્યા કે, મુજફરશાહ કચ્છમાં ભાગી ગયો છે. તેથી અઝીઝકોકે પોતાના સાહેબજાદા અબદલ્લાખાનને કચ્છ તરફ મોકલ્યો. કચ્છના રાવ ભારમલજીએ મૂજફરને આશરો આપી રાખ્યો હતો, પણ પાછળથી તેણે દહેશત લાગવાથી, અથવાતો મોરબી મેળવવાની લાલચથી મૂજફરશાહને અબદલ્લાખાનની ફોજમાં રજુ કર્યો, તેણે તેને પકડી અમદાવાદ લઇ જતાં, રસ્તામાં ધોળની પાસે મૂજફરશાહ અસ્ત્રાવતી આત્મઘાત કરી મરણ પામ્યો.

ઈતી શ્રીયદુવંશપ્રકાશે



શ્રી એકાદશી કળા પ્રારંભઃ

ભુચર મોરી વિશેના મહાન યુદ્ધનાં ચારણી ભાષાનાં કાવ્યો.

ભુચરમોરી સ્થળમાં રાત્રીને સમયે માંસાહારી પક્ષીઓની યુદ્ધ થવા વિશેની ભવિષ્યવાણી.

॥ છંદ ભાખડી ॥

પળચર પંખણીજી કેવાતાં યું કરે ।
भय तव भूचरी जीके आगम ओचरे ॥ ટેક
पर एक समिये ध्रोळ पाधर धार जोजन पाधरं ॥
रजपूत एकह नांम भूचर चाय रहहे धण चरं ॥
सोयं थंभ चततण आय साथी पहख सुरभी रखपरे ॥
પળચર પંખણી જીકે વાતાં યૌં કરે ॥ ૧ ॥
सांभळे सूता रात साथी शबद पंखा सामटा ॥
भाखाज दीरघ नई अदभुत मनें सांभण हैंमटा ॥
दल चकित तह जहां जाय देखे ताय पँख देखे तरे–પળચર. । ૨ ।
आठमे दिन आय भूचर सघण निज संभाळवा ॥
तहां कहि य साथी वात ततपर चरत्र सबदं चाळवा ॥
यह पंख आयां असी आक्रत सण न दीठां हम सरे–પળચર. ॥ ૩ ॥
सुण वात भूचर हुवो संभ्रम रहण पंख देखण रहे ॥
जहां जात छघटी काज रजनी सोक पँख सद वज सहे॥
यह सथळ पंखी आण ऊतर जोहिया भूचर जरे–પળચર. ॥ ૪ ॥
आकार को मनुजास अजवी महक को मनवी मये ॥
को स्वान सिंध कु काक चचुका भाख विखमं सो भये॥
यक एक ले गज गगन उडवे धडे यण दरसत धरे–પળચર. ॥ ૫ ॥
को रंग राती पीत काळी धूम्र वादळ धुंसरी ॥
पंचरंग नीली स्वेत धूथी हुवे केती रँगहरी ॥
बह रुप दंती नखी विक्रत लखे पँख थळ लुंबरे–પળચર. ॥ ૬ ॥

बड नेत्र को पंखास विथुरी चंच मळवँत चहकती ॥
पग उंच विधविध ताछ पंडह बोल करती बहकती ॥
चत्र प्रहर राती उहां विहरे सूर ऊगत संचरे–पळचर. ॥ ७ ॥
चरत सुदेख विचार भूचर थाणहारस थावसी ॥
पें कहण जोग वजीर जाप्रत कोइक भेद कहावसी ॥
हडियाण जां जेसाण हूंता भेद कहियो भूचरे–पळचर. ॥ ८ ॥
जेबात सुणत वजीर जेसे तांम पंडित तेडिया ॥
पंखीस आवण करण परखां हुकम जोतस होडिया ॥
विवध ब्रहम विचार बोले सथळ तहि दळ संचरे–पळचर. ॥ ९ ॥
यह चरत भारथ हुवा आगम वहत पंखी बोलियां ॥
रांमाण के यह त्रीयो भारथ तोल ब्रहमन तोलीया ॥
कोइ सीध पुरुष विचार काढहु परख पंखी सदयरे–पळचर. ॥१०॥
आंणियो गोती सिद्ध मानव देख भूचर संगदे ॥
थळ रहण पंखी जाय थमिया भेद समझण भार दे ॥
कर पत्र छपवे मेल कहियो उचर पंखी आदरे–पळचर. ॥११॥
खट घटी रजनी जात पंखण वृंद पळचर वंसिया ॥
महमांसु भाखा मांझ मांझळ काज जुध आगम किया ॥
सो सिद्ध नर कर याद श्रुतसो साच संग्रह संचरे–पळचर. ॥१२॥
ओचरे आगम एम ऊडन होवसी पावस हवां ॥
पख क्रसन श्रावणमास ऊपर आठमी से तथ अवां ॥
पळ भखण तिण दिन हुवस पूरण दुवण पँड रण दरसरो–पळचर. ॥१३॥
संग्राम यह ठामास स्रावण अवस आवण आथडे ॥
पतसाह हाला थाट पाधर चुरस दळ वादळ चडे ॥
ग्रहरास त्रंबक नाद गुडसी स्रोण सलिता सरवरे–पळचर. ॥१४॥
झणणाट पाखर हुवस झणझण कडी बगतर कणकणे ॥
हणहणस घण तोखार हूकळ रुंक वजसी रणरणे ॥
गजराज बीरां घंट ठणणण भ्रखण जोगण पत्र भरे–पळचर. ॥१५॥
रुद्राळ रुद्र रुँडमाण रचसी करमाळ वहसी काळरे ॥

રંભ રાળ પુસપાં માળ વરવા વિયાં હુર વર માળરે ॥
હિદંવાણ અર મેછાંણ હુંકળ તાલ ભાલસ તરણરે–પળચર. ॥૧૬॥
ધડહડસ આંતસ બોમ ધડહડ બીર બડબડ બડકસી ॥
હે ભૂચરી ભ્રખ કાજ હડવડ કેક કુપરડ કડકસી ॥
પડ કમળ ધડ સાબાસ પણવે ઘાતસી ધડ ઘાવરે–પળચર. ॥૧૭॥
હેમરાં ધકધક ઊડ ગરદસ દદિયંદ દસ ઢૅંકિયા દ્રસે ॥
બાદરાં સુરનર સોક બજસી સિંધુરાં મદ સૂકશે ॥
પળભખણ તિણ દિન હુવસ પૂરણ તદન સરિતા સિલતરે–પળચર. ॥૧૮॥
મહ ચકવોહ સંગ્રામ મચસી રંગ રચસી સૂરવાં ॥
હિદૅવાંણ અર તરકાંણ હચસી પ્રેત નચસી પૂરવાં ॥
કેતાક બચસી કાંમ આવસ એતરા રણ ઊબરે–પળચર. ॥૧૯॥
અજમાળ કુંવર જગ અતોળે પરણ સા ધડ રણ પડે ॥
સત ચવદહું મહરાંણ સામળ નાગડો રણ નીબડે ॥
જગ ડાહિયો સુ વજીર જેસો સારવારાં રેસરે–પળચર. ॥૨૦॥
પતસાહ ચતરૅંગ સરવ પડસી આજિમં કોકો અરુ ॥
બે ફોજ ગારત લખું હોતે જીત હાલાં રહ જરુ ॥
યણ કોર જાંમહ સતો ઉવરે ઊહાં બાબી ઇકરે–પળચર. ॥૨૧॥
ચૅંદ્રસેન રાજ સખાત કાજેં હુવે રણ યમ નહચસી ॥
રહ જામ સત્રશલ હાથ રણ જય સકો ધર ધન વસ સહી ॥
કહિ બાત એ નિસ પંખ કારણ ઊગતે રવ ઊડરે ॥
પળચર પંખણીજી કેબાતાં યૌં કરે ॥ ૨૨ ॥

અર્થ—ધ્રોળને પાદર રાતને વખતે માંસાહારી પક્ષિઓના ખરાબ ભવિષ્યને સુચવનારા અદ્‌ભૂત શબ્દો થવા લાગ્યા. ધ્રોળમાં ભૂચર નામનો રજપૂત રહેતો હતો તેનું ધણ ધ્રોળ નજદીક જે ધાર ઉપર બેસતું હતું તે ધાર ઉપર આવી પક્ષિઓ રાતને વખતે બોલી બોલીને સવારે ઉડી જવા લાગ્યાં. તેઓના તથા તેઓની પાંખોના શબ્દો ગોવાળના સાંભળવામાં આવતાં તેણે નજદીક જઇને જોયું તો કોઇ વખત ન જોએલાં અને ભયંકર અવાજે બોલતાં અદ્‌ભૂત પક્ષિઓ જોવામાં આવ્યાં. આઠમે દિવસે ભુચર પોતાનું ધણ સંભાળવા આવ્યો; ત્યારે ગોવાળે વાત કરી કે આ જગોપર જે પક્ષિઓ આવે છે તેવાં પક્ષિઓ મારી ઉમરમાં સાંભળવામાં કે જોવામાં આવ્યાં નથી. આવી ગોવાળની વાત સાંભળી

પોતાના મનમાં સંભ્રમ થતાં ભૂચર પણ ત્યાં રાત રહ્યો. છ ઘડી રાત જતાં પાંખોના અવાજ થવા લાગ્યા અને તે સ્થળે પક્ષિઓ આવવા લાગ્યાં. તેઓમાં કેટલાએકનાં મ્હોડાં માણસ જેવાં, કેટલાએકનાં બકરી જેવાં, કેટલાએકના બીલાડા જેવા, કેટલાએકના કુતરા જેવાં અને કેટલાંએકના સિંહ જેવાં, હતાં. કેટલાએકનાં કાગડાઓના જેવી ચાંચો હતી. ભયંકર ઉચ્ચાર કરનારાં અને હાથીઓને પણ ઉંચકી શકે એવા કદવાળાં એ પક્ષિઓમાં કોઈ રાતાં, કોઇ પીળાં. કોઇ કાળાં, કોઇ ધુમાડા સરખાં, કોઇ વાદળીયા રંગનાં, કોઈ ધુસરા રંગનાં, કોઈ પંચરંગી, કોઇ લીલાં, કોઇ સફેદ, કોઇ ધુધા રંગનાં અને કોઇ બહુરુપાં હતાં. વિકરાળ રૂપવાળાં વિકરાળ નખો વાળાં અને વિકરાળ દાંતો વાળાં એ પક્ષીઓનાં ટોળે ટોળાં જોવામાં આવ્યાં તેઓમાં કોઇ મોટાં નેત્રો વાળાં, કોઇ મોટી પાંખો વાળાં, કોઇ લાંબી ચાંચોથી ભયંકર લાગતાં, કોઇ ઉંચા પગવાળાં, કોઇ નાનાં શરીર વાળાં અને કોઇ નાહાના પગ વાળાં હતાં. મોટાં શરીરોવાળાં એ પક્ષીઓ રાતના ચાર પહોર રહી પરસ્પર વાતો કરી સૂરજ ઉગતાં પેહેલાં અદૃશ્ય થઇ ગયાં. આવું ચરિત્ર જોઇ ભૂચરે વિચાર કર્યો કે "થનાર હશે તે થશે પણ આ વાત જેશા વજીરને કહેવી જોઇએ." એમ ધારી તેણે કોઇ કામને પ્રસંગે હડીઆણે આવેલા જેસા વજીર પાશે જઇ રાત કહી સંભળાવી ત્યારે જેસા વજીરે પંડિતો કવિઓ તથા જોશીઓને તેડાવી સઘળી હકીકત કહી તેનું કારણ પુછ્યું. સર્વેએ વિચાર કરી કહ્યું કે "આ સ્થળે મોટો સંગ્રામ થવો જોઇએ. આ પક્ષીઓની ભવિષ્ય વાણીથી સમજાય છે કે રામાયણ તથા મહાભારત જેવું ત્રીજું યુદ્ધ થશે." વજીરે આ વાત સાંભળી પક્ષીની ભાષા જાણનારા સિદ્ધને શોધી ભૂચરની સાથે તે સ્થાનકમાં મોકલ્યો. તે સિદ્ધ હાથમાં કાગળ તથા કલમ લઇ છુપાઇને બેઠો તેટલામાં છ ઘડી રાત જતાં પક્ષીઓએ આવી આગમની વાતો શરૂ કરી કે "વર્ષાઋતુમાં શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની આઠમે આ સ્થળે માંસના ક્રવ થશે, પાદશાહનાં તથા જાડેજાનાં દળ ચોમેર વાદળની પેઠે ચડશે, ઝુંઝાઉ નગારાંના અવાજો થશે, લોહીની નદીઓ ચાલશે, પાખરોના ઝણઝણાટ થશે, બખતરોની કડીઓ તુટશે, તરવારોના સપાટા થશે, ઘોડાઓની હુંકોળા થશે, હાથીઓના વીરઘંટાના થણણાટ થશે. જોગણીઓ લોહીનાં પાત્ર પીશે, શંકર રૂંઢમાળા બનાવશે, અપ્સરાઓ તથા હુરાંઓ વીરોને વરવા પુષ્પમાળા બનાવશે, લડતા હિંદૂ મુસલમાનોનું યુદ્ધ જોવા સૂર્ય પણ ઉભા રહેશે, તોપોના ધમાકાથી આકાશ ધુંવાધાર થઇ રહેશે, વીરોના ઘા બડકશે, ભૂચર ખેચર ભક્ષ વાસ્તે હડીઓ કહાડશે, કેટલાક વીરોના માથાં પડ્યા પછી ધડ ઘા કરશે, માથાં પડકારા કરશે, ઘોડાના ડાબલાઓની ઉડતી રજથી સૂર્ય ઢંકાઇ જશે, વીરોની તરવારોની સબસબાટીઓથી મદમસ્ત હાથીઓના મદ પણ સુકાઇ જશે, આપણને માંસનો ક્રવ પૂર્ણ થશે, લોહીની નદીમાં પથરાઓ તરશે, વીરો આનંદથી રમશે અને ભૂત પ્રેત નાચશે. વીરોમાં અજેજી કુંવર પાદશાહી ફોજને લાડીની પેઠે પરણી રણમાં સુશે. ૧૪ દીકરાઓ સહીત મેહેરામણ, નાગડા-

વજીર, ડાયો, અને જેસો વજીર વગેરે વીરો લડાઇમાં કામ આવશે. પાદશાહી ફોજમાં પણ કેટલા તથા આજમ વગેરે લાખોની ફોજ ગારત થશે અને ફોજનો વિનાશ થતાં પણ જામસાહેબના હાથમાં રણક્ષેત્ર રહેશે. જામની તરફમાં જામ સતોજી ઉગરશે અને બાદશાહી ફોજમાં થોડા માણસોથી બાબી તથા સખાવત વાસ્તે આવેલા રાજ ચંદ્રસેનજી ઉગરશે." આવી વાતો કરી સવાર થતાં તે પક્ષીઓ ઉડી રસ્તે થયા ત્યારે સિદ્ધ ભુચરના બોલાવવાથી બહાર નીકળ્યો;

ઉપર મુજબ પક્ષીઓની ભવિષ્યવાણી પ્રમાણે બાદશાહી સૈન્ય વર્ષાઋતુમાં જામનગર ઉપર ચઢી આવ્યું તે સૈનીકોનુ વર્ણન.

*દોહો—સેન લાખ આજમ સજે, કોકોલાખ કરેમ ॥
આધ લાખ બાબી અચળ, અઢીલખ મળીયા એમ ॥ ૧ ॥

॥ છંદ પધ્ધરી ॥

યોં હલિય લોહલંગર અસૂર । કોમંડ હાથ કરકસ કરુર ॥
અવળીસ રોમ ભૂરા ઉતંગ ।જરદાંહ ભીડ ઓપત સજંગ ॥ ૧ ॥
ખોરાક આધ મેંસા સખાય ।પીવંત મદ્દછાક પાય ।
કલબલી બોલ પારસી કાય ।મંજરા ચરુય ચીબા મુખાય ॥ ૨ ।
જરવાવ નીલ પહરણ સજોય । કરહી નિવાજ પાંચૂ સકોય ॥
રોમીસ કેક આરબી રૂસ ।ખંધાર ધાર કાબલ ખરૂસ ॥ ૩ ।
ઈરાંન સેન તુરકાંન આય । ફરકાંન હબસ મિરકાંન ફાય ॥
મુકરાંન મેછ સંધી મઝાર । હીલોળ થાટ લંગર હજાર ॥ ૪ ॥
થોપટાં હોઠ ભૃગુટી પ્રથૂલ । હાલતા કલહ કરહે હથૂલ ॥
હેથાળ મેછ કેતા હલાય ।દીના મુકામ હળવદ આય ॥ ૫ ॥

ધનુષ બાણ ધારણ કરનારા, અવળી રૂવાંડીવાળા, પહેરેલા બખતરોથી તથા દસ્તાનાઓથી દીપતા, ઘોરાકમાં અરધો અરધો પાડો ખાઈ જાય, એવા અકકેકી દારૂની ભઠી પી જાય એવા, કલબલી ભાષાના બોલનારા, માંજરી આંખો વાળા, ચીબા મુખ વાળા, નીલા રંગનાં કપડાં ધારણ કરનારા, પાંચ વખત નમાજ પઢનારા, કેટલાક રોમી, આરબી, રૂસી, કંદહારી, કાબલી, ખુરાસાની, ઇરાની, તુરકાની, ફીરકાની, હબસાની, મીરકાની, મુકરાણી, સંધી વિગેરે મુસલમાનોનાં

* ઉપર પ્રમાણે વિ. વિ. ત્રણ સુબા (આજમકોકો અને બાબી,) ચઢી આવ્યાનું લખે છે પરંતુ બીજા ઘણા ઇતિહાસોમાં માત્ર કોકો, (કોકલતાસ) એકજ નામ છે. આજમ ખલકાબ છે, (જેમકે આજમ સુબા સાહેબ) કોકો નામ છે, અને બાબી તેની અવટંક છે.

જુથે જુથ ૩૬ આયુધો ધારણ કરી, કેટલાક દેશોને ઉલ્લંઘતાં અને કેટલાક રાજાઓને નમાવતાં નગર તરફ ચાલ્યાં. એએાઓનાં એકકા બહાદુરો વિગેરેને જોઇને કેટલાક રાજાઓ છાના દંડ ભરી ગયા. અને કેટલાક રાજાઓ ભયને લીધે છાનાદથી ડુંગરોમાં છુપાયા. કેટલીક રીતે અન્યાય કરતા, નિર્દય રીતે કેટલાક જીવોને મારતા, થોપટા હોઠો વાળા, પખતી ભ્રકુટિવાળા અને હાલતાં કજીઓ કરનારા એ મુસલમાનોએ કુચ મુકામ કરતાં હળવદ નજીક ચંદ્રાસર તળાવની પાળે પડાવ નાખ્યો.

શ્રીજામશ્રીના સૈન્યનું વર્ણન

॥ અથ હસ્તિ વર્ણન ॥

છપ્પય—સિંધુર અવ સાવધા । મુણે ધતધત્તસ માવત ॥
ઝપટ ઝૂલ ઝાડિયાં । સજળ મટકાં સપડાવત ॥
મસળ તેલ આંમળાં । કરે સામળ રૅંગ કજ્જળ ॥
સરસ સિંદોરાં સરચ । ચરચ ચાચરા ચળોવળ ॥
બાંધિયાં કલાબાં ઝૂલ વિપુ । ઘૅંટ વીરઘંટ ઘલ્લુરે ॥
સિંધૂર અૅંસી ચત્ર હુકમ સજ । સકો જામ સત્રસલ્લુરે ॥ ૧ ॥

॥ માવત આરોહ વર્ણન ॥

છપ્પય—મંત્ર જંત્ર મોહરા । તંત્ર સોહરા કરે તદ ।
છલે જોસ છોહરા । મસ્ત દોહરા ભઠી મદ ॥
કછિયા કછની કમર । બધે શિર ફિર બાનાબૅંધ ।
ઇલલા નામ ઉચાર । ખડા માવત અનમી ખધ ॥
ચાલિયા દાવ હૂંતા ચઢણ । ધાવ પટી નટ ધાવિયા ।
નજ તન ચૂકાય ચૂની નજર । એમકલાબાં આવિયા ॥ ૨ ॥

અર્થ—માવતોએ ધલેત ધલેત કરી હાથીઓને નવરાવી, તેલ આંબળાં ચોળી, કાળા પહાડ જેવા બનાવી, ચાચરાઓમાં સિંદુરની ચર્ચા કરી, કલાબા બાંધી, ઝુલો નાખી, વીરઘંટ નાખીને સજ્જ કર્યા. કાજળના પહાડ સરખા ઉંચા, ભાદરવાના વાદળાની પેઠે શોભતા, બગલાની પંક્તિ સરખા શોભતા દાંતવાળા, વીજળીની પેઠે ચમકતા ચાચરામાં ભરેલા સિંદૂરે વાળા, રાતા પીળા તથા હરયા રંગોથી રંગેલા હોવાથી ઇંદ્રધનુષ વાળા જેવા લાગતા, ભારે ગર્જના કરતા, મદરૂપી જળ વાળા, વીજળી જેવી ઝુલોવાળા, સૂંઢાવતે મેઘબિંદુઓનાં જેવાં પાણી ઉછળતાં, દેડકાંઓની પેઠે ઉચ્ચાર કરતા વીરઘંટોથી તથા ધુઘરાઓથી શોભતા,

કાજલના પહાડ ઉપર આસન વાળી બેઠેલા મંગળગ્રહના સરખી રાતી ઝુલો વાળા, અંધકારની ફોજ સરખા, કુંભસ્થળો ઉપર સરીયો નાખેલા, રાહુને ગળે લટકતા તારાઓની માફક કંઠમાં પહેરેલાં ઘુઘરા આદિ ઘરેણાંઓથી શોભતા, ભળોળાટ કરતા સાજવાળા, સાંકળોના ખણણાટવાળા, મહાક્રોધી, મહાખુની ૮૪ હાથીઓને જામશ્રીના હુકમથી તૈયાર કર્યા.

મહાવતો ચડવાનું વર્ણન.

મંત્ર જંત્ર તથા મોહરાં હાથે બાંધી, કમર કસી, પાઘડીઓ માથે બાના-બંધી બાંધી, ઇલલલા નામનો ઉચ્ચાર કરી, માવતોએ નટ દોડે તેમ દોડી, દારૂથી મસ્ત થએલા હાથીઓની નજર ચુકાવી. કલાબા ઉપર આવી, કુંભસ્થળો થાપડી "મહાકાળ રૂપ, કેસરીસિંહને મારનારા અને યુદ્ધમાં નહિ હઠનારા" એવાં વિશે-ષણો આપી, બાપો બાપો કરી બરદાવી હાથીઓની અંબારીઓ ખોલી ત્યારે જોગનિદ્રામાંથી જાગેલા જોગેશ્વરોની માફક આંખો ઉઘાડી હાથીઓ ચોમેર જોવા લાગ્યા. ચરખી આદિ આતસબાજી વાળાઓ તથા ભાલા બરદારો ચોગરદ ઘેરીને તેઓને હળવે હળવે ચલાવવા લાગ્યા. એ હાથીઓ શંકરનાં દર્શન કરવા ચાલેલા ગણપતિનાં જુથોની પેઠે શોભવા લાગ્યા. ૨૫

ઇય વર્ણન ॥ છંદ પદ્ધરી ॥

હેકરણ જોર ત્યારી સુ હોય । જગ જાતવત કેકે સજોય ॥
નખ ચરુખ રૂપ શોભા નવલ્લ । અણ ખોટ સીલ જાતી અસલ્લ ॥ ૧ ॥
મુખ શશિય બીજ સોભાય માંન । નાસકા ફૂલ કમ્મળ નિદાન ॥
ચાચરો ભાલ તથ પૂર ચદ । દરસત જાણ વાહન દનદ ॥ ૨ ॥
સોહત દોય ચખ તાંમ સાંમ । રોપિયા દોય સાળંગરાંમ ।
કત્રીય ઉભે લેખણહ કાંન । સાગોસ ગોસ દરસે સમાંન ॥ ૩ ॥
બલ લૂમ ઝુમ કહું કેસવાળ । માણકં લટ્ટ દીસે મનાળ ॥
ઓપંત કધ એહા અનાણ । કૂકડં કંધ ખેચી કબાંણ ॥ ૪ ॥
પલગંસ પીઠ દીસે પ્રમાણ । ઓપયા ત્રગ્ગ બાજોઠ આંણ ॥
ચમરીસ પૂછ ખુલ્લી સચંગ । રંગિયા કેક બહ ભાત [illegible]ગ ।. ૫ ॥
છતિયાંસ ઢાલ ચોડી સમાન । માણિયંત પાસ આરીસ માન ॥
દેવળં થંભ પાયંસ દોર । નખસા કટોર નળિયાં નકોર ॥ ૬ ॥
ઉદ્રકે આપ છાંયા ઉતાળ । ફર મૃગાંડાણ સાધંત ફાળ ॥
સાંકડે લિયે ઊગાર સાંમ । હે પૂર કરે ધણિયાસ હાંમ ॥ ૭ ॥

ધજ વડાં લેણ સામા ધસંત । કેકાણ તંગ દોદો કસંત ॥
એહડા સપીઠ રજપુત આય । વરણિયા ખેંગ તણહું સવાય ॥ ૮ ॥

ઘોડાઓનું વર્ણન.

ઉત્તમ ઉત્તમ જાતિના નક ચક્ષની શોભાવાળા, ખોટ વગરના, અસલ જાતિના બીજના ચંદ્ર જેવાં વાંકાં મ્હોંવાળા, કમલ સરખાં નાક વાળા, પુનમના ચંદ્રના જેવા ચાચરા વાળા, સૂર્યના ઘોડા જેવા, શાલગ્રામ સરખાં શ્યામ નેત્રો વાળા, લેખણ તથા શાગોસના જેવા કાનો વાળા, લોમ ઝોમ કરેલા, સુંદર કેશ-વાળી વાલા, કુકડ કંધા, પલંગ જેવી પીઠો વાળા, બાજોઠ જેવી ત્રગો વાળા, ભાત ભાતની રંગેલી ચમરી જેવાં પુછોવાળા, ઢાલો જેવી ચોડી છાતીઓ વાળા, આરીસા જેવી તેજસ્વી રૂવાંડીવાળા, દેવળના સ્તંભ જેવા પગો વાળા, નકોર નળીયોવાળા, પોતાની છાયાથી ભડકતા, ભાગતાં હરણોને પકડનારા, યુદ્ધની સાંકડમાંથી ધણીને ઉગારનારા યુદ્ધમાં ધણીના મનની હામ પુરી કરે એવા અને તરવારોની ધારાઓમાં સામા ધસનારા અનેક ઘોડાઓને એવડા તંગ કસી કસી તૈયાર કર્યા, ૪૧

जामश्रीना योद्धाओनुं तथा अप्सराओ शूरवीरोने वरवा सज्ज थइ तेनुं वर्णन

छप्पय—सुध सनान गंग सजळ करे तिलकस ध्यानह कर ।
मसतक तुलसी मँजर धरे पचरत्न गिता धर ॥
सुत गलिका संभार ओर असटीक अराधे ।
समप धरम निज सकत सलह आवध अँगसाधे ॥
भोजन विधविध उतम भखे, आणे रंग अमल्लरा ।
मरण तणा मनोरथ करे, सोड सजे सत्रसल्लरा ॥ १ ॥

दोहो—सूरां थट आरण सजे । रंभ सजे अंतरीख ॥
वर वरणी संवादवे । प्रतसो कवी परीख ॥ २ ॥

॥ छंद भुजंगी ॥

सनानंत सूरा मरं काज साचे । वरं काज रंभा सनानंस वाचे ॥
अंगोछं इहां चंदणं लेप आणे । वंधेवा अंगोछे सुगंधं वखाणे ॥ १ ॥
कसे सूर पीतांबरं कट्ट तट्टे । सजे लेंहगा रंभ कट्टे सुघट्टे ॥
लपेटं सरं पेच सूरं लियाहे । यहां गूंथ वेणी पटं ओढियाहे ॥ २ ॥

सरं पेच सूरं रंभा मांग सोहे । मरदं तिलकं रँभा बिंदु मोहे ।।
मुकत्ता श्रुतं त्राटकं आदि मंडे । उरं माल धारे जुहारं अखंडे ॥ ३ ॥
जरद्दांय सूरं कुचं कंचुकीजे । चहे बाह सल्ले खरी खंत कीजे ॥
हथं रख्ख चूडं हथ्थं फूल हथ्थें । सजे भुज्ज बंधं भजंबंध सथ्थें ॥ ४ ॥
अरू कम्मरं सूर आयूध आणे । यतें भूषणं किंकणी रंभ आणे ॥
लखे लंगरं पाय जेतं लगाये । यहां झांझरं अछरं पाय आये ॥ ५ ॥
सजे अछरां एम सूरा सुथट्टं । उरं चाह मेळा दहूवे उपट्टं ॥
मुछासे करं शूर घाते मरोडे । तही रूप रंभा अलकां विछोडे ॥ ६ ॥
चखां केफ सूरां किये रंगचोळ। तिसे कोयणं रत्त रंभा सतोळं ॥
करं सूर झल्ले भळंकंत कुंतं । चळंके कटाछं इहां अद्भूतं ॥ ७ ॥
सधाणं कबाणां किता कीधसूरा । सुभाये भ्रुवं बंक रंभा सपूरा ॥
भलकां सरं सूर चालं भ्रमावे । मतंवा कटाछं चखं सोभ पावे ॥ ८ ॥
तुजीहां पुनी सूर चल्लास ताणे । बिधं अंजनं रेख रंभा वखाणे ॥
झडप्पं मखां सूर माथे झळंबां । रंभा घूघटं पट्टं मुख्खां रळंबां ॥ ९ ॥
तहां सूर सज्जे अरूढं तरंगा । चडे अच्छरां यों बिमाणे सचंगा॥
हयं बाग झाले सबे सूर हथ्थां । सहे अच्छरंता बरंमाळ सथ्थां ॥ १० ॥
यहे रीत सूरा रणंहे तयारी । सजे अंग बारांगना यु सवारी ॥
बरेवा बरं काज पको विचारे । धजं एक वर्णी सहू चीत धारे ॥ ११ ॥

યોદ્ધાઓનું વર્ણન.

ગંગાજળનાં સ્નાન કરી; કેશરનાં તિલક કરી, તુળસીનાં માંજર મસ્તક ઉપર ધારણ કરી, પંચરત્ન તથા શાલગ્રામ ગળામાં ધારણ કરી, પોતાના ઇષ્ટદેવોનું સ્મરણ કરી, શક્તિ પ્રમાણે પુણ્ય કરી, ખુબ કસુંબા પી, ભાત ભાતનાં ભોજન આરોગી, છત્રીસે શસ્ત્રો ધારણ કરી, અને મરવા મારવાનો નિશ્ચય કરી, જામશ્રીનાં યોદ્ધાઓ તયાર થવા લાગ્યા. રણક્ષેત્રમાં શુરવીરોને તયાર થએલા જોઇને દેવલોકમાં અપ્સરાઓ તયાર થઇ. અહિં શુરવીરોએ મરવા વાસ્તે ગંગાજળનાં સ્નાન કર્યાં ત્યારે તહિં વરવા વાસ્તે ખુશબો વાળા પાણીથી અપ્સરાઓએ પણ સ્નાન કર્યાં. શુરવીરોએ અંગે ચંદનના લેપન કર્યાં. ત્યારે અપ્સરાઓએ પણ ભાત ભાતનાં અંતર લગાવ્યાં, શુરવીરોનાં પીતાંબર જોઇ અપ્સરા-

ઓએ લેંગા પહેર્યા. વીરોને શિરપેચ બાંધતા જોઇ અપ્સરાઓએ કેશ ગુંથી ચુંદડીઓ ઓઢી, વીરોની કલગીઓ જોઇ અપ્સરાઓએ સેંથા સુધાર્યા. વીરોના તિલક જોઇ અપ્સરાઓએ ચાંડલા ચોડયા, વીરોના કાનનાં મોતી જોઇ અપ્સરાઓએ કાનમાં તોટીઓ પહેરી, વીરોની કંઠમાળા જોઇ અપ્સરાઓએ હાર પહેર્યા વીરોએ બખતર પહેરેલાં જોઇ અપ્સરાઓએ કાંચળી કસવા માંડી. વીરોના હાથનાં દસ્તાંનાં જોઇ અપ્સરાઓએ ચુડલા પહેર્યા, વીરોના બાજુબંધ જોઇ અપ્સરાઓએ પણ બાજુબંધ બાંધ્યા, વીરોએ કમરપર શસ્ત્ર ધર્યાં જોઇને અપ્સરાઓએ કટીમેખલા ધારણ કરી, વીરોએ જીતના લંગર પહેરેલાં જોઇને અપ્સરાઓએ ઝાંઝર પહેર્યાં, વીરોને લડાઇ કરવા તયયાર થએલા જાઇને અપ્સરાઓ પરણવા તયયાર થઇ, વીરોની વાંકી મુછો જોઇ અપ્સરાઓએ વાંકી અલકો બનાવી. વીરોની કેફથી રાતી આંખો જોઇને અપ્સરાઓએ પણ આંખોના રાતા ખુણા બનાવ્યા. વીરોનાં ભાલાં ચળકતાં જાઇ, અપ્સરાઓએ કટાક્ષોને ચંચળ કર્યા. વીરોની કબાણો જોઇ અપ્સરાઓએ ભ્રમર વાંકી કરી, વીરોને તીર ફેરવતા જોઈ અપ્સરાઓ નેત્ર ફેરવવા લાગી, વીરોને કમાનોમાં બાણ ખેંચતા જોઇ અપ્સરાઓ નેત્રોમાં અંજનની રેખાઓ ખેંચવા લાગી. વીરોના માથાની ઝળમના લાજળુ જોઇ અપ્સરાઓએ ખુંઘટાં ખેંચ્યા, વીરોનાં તયયાર થએલાં ઘોડાં જોઇ અપ્સરાઓએ વૈમાન તયયાર કર્યાં, વીરોને ઘોડાની વાઘો ઝાલતા જોઇ અપ્સરાઓએ વરમાળાઓ ઝાલી. આવી રીતે વીરો તથા અપ્સરાઓએ પરસ્પર વરવાની તયયારી કરી. વીરોને અપ્સરા પરણવાની ચાહના લાગી તેમ અપ્સરાઓને વીર પરણવાની ચાહના લાગી. દાતાર ઝુઝાર યોદ્ધાઓ યુધ્ધ કરવા તયયાર થયા, માટીપણાના ભાર વાળા, પૃથ્વીના રક્ષક, પૃથ્વીના કમાડ, શસ્ત્રની ઉપર ભમરાની પેઠે ફરનારા, પ્રચંડ, ધણીના કામ વાસ્તે દેહને યુધ્ધમાં કાચના સીસાની પેઠે ફોડનારા, ભયંકર ખડ્ગોને ધારણ કરનારા, પૃથ્વીના આડણરૂપ, શત્રુની પૃથ્વીને ખાટનારા, અફીણના વાટનારા, શત્રુઓનું ઊચાટન કરનારા. સિંહોના ખાડુ જેવા, બાદશાહી ફોજને વાંસની અગ્નિની પેઠે બાળનારા, સમુદ્ર સરખી બાદશાહી ફોજને સોસવામાં વડવાગ્નિ સરખા, ઝાટકાની ધારોના મેઘ વરસાવનારા, દારૂની ઝાળ જેવા મ્લેચ્છોને વાસુકીના ફુંફાડા જેવા તથા ઝેરના બિંદુઓ જેવા, મ્લેચ્છોનાં શરીરોને તોડનારા, અત્યંત પરાક્રમી, સામધર્મી, ધણીના આડા લોઢાના ગઢ સરખા ભાગાના ભેરૂ, કોઇથી ન ભાગે એવાને ભગાડનારા, યુધ્ધના જયસ્તંભ રૂપ, આજાન બાહુ, મહા સાહસી, ધીર પંડીરની પેઠે યુધ્ધમાં ધીરજ ધરનારા, હનુમાનની પેઠે યુધ્ધમાં પરાક્રમી, પોતાના દળના આડણ રૂપ. શત્રુની ફોજના કાળ રૂપ, કેટલાએક જાતે રજપુત, જેસા ચગલાણી જેવા. કેટલીક વાર બાદશાહી ફોજને ભાંગી ફતેહ મેળવનારા, તરવારના બળથી અકબરશાહ જેવા બાદશાહને રેસ આપનારા, ભારા રાવળાણી જેવા, ઘણાં બિરૂદ ધારણ કરનારા, રણમાં આગેવાન થનારા, પારકાં વેર ઓઢનારાં, મોજોના દેનારા અને યુધ્ધમાં ભીમ તથા

અર્જુનની પેઠે પરાક્રમ કરનારા એક લાખ છત્રીસ હજાર યોદ્ધાઓ તઈયાર થયા. ભાણજી દલ અને યુદ્ધમાં નહિં હઠનાર જેસા લાડક વગેરે એકથી એક સરસ યોદ્ધાઓ શસ્ત્ર સજી, તૈયાર થઇ, મુછે વળ દઇ ઠેકાણે ઠેકાણે દાયરે દાયરે માટી પણાંની વાતો કરવા લાગ્યા કે "મરદો! મ્લેચ્છાની ફોજે ભાંગી ઘોડાઓનાં યુથ તોડી, હાથીઓનાં કુંભસ્થળો ઉપર ઘા કરશું. તે પછી હોદ્દાઓમાં બેઠેલા નવાબોને માથે પણ હાથ કરશું અને અપ્સરાઓને વરશું. આ દેહ તો કાચી છે, નિરચે માટી થવાની છે તો આ ધારાતીર્થ ધણીનું કામ અને રજપુતોનો પંથ હોવાથી અશ્વમેધનાં પગલાં ભરી વરમાળા પહેરી વિમાનમાં બેસી દેવલોકમાં જાશું. તેથી કવિશ્વરોના રુપકોની શાખે અમર રહેશું." આ સાંભળી કેટલાક રજપૂતો બોલ્યા કે 'ઠાકરો! મરવું તો સાબેત, પણ કાચાં પરીયાણ કર્યા વીના કેસરીઆં કરી વરરાજાની પેઠે પરણીએ તો ચોરાસીનો ફેરો અને આવાગમન મટે, તેવી રીતે તરવારની ધારાઓના પરાક્રમો ગવાઇ રહ્યાં હતાં તે વખતે જગોએ જગોએ, તંબુએ તંબુએ અને મિસલે મિસલે નકીબોએ આવી 'ચડવાની' તઇયારીના હૂકમ સંભળાવતાં રજપુતોએ મરવનો નિયમ લઇ પાગડે પગ દીધાને પોતાની મિસલ પ્રમાણે દરબારના તંબુ આગળ હાર બંધી ઊભા રહ્યા. ૫૮

॥ अथ तोपखाना वर्ननं ॥

છંદ હણુફાળ

विध तोपखांन वहीर । गज टळे हलिय गहीर ॥
मख चोळ कंबिय मंड । मळँबांय दीरघ पंड ॥ १ ॥
रोसाळ अंबे रूप । धधकात अग्रह धूप ॥
बळ दियत केक बढाय । चरखांज एम चढाय ॥ २ ॥
ससुतीससुद्ध सँभार । प्रतमार बज्र पहार ॥
अधकोस केतिय एक । दृढ दरग दागिय देक ॥ ३ ॥
मण दुगण भ्रख्खक मूख । भ्रख अरध चाहत भूख ॥
कडकडिय बीज कडाक । धमधमक भोमिय धाक ॥ ४ ॥
केकेस नांम कहाय । बरदांस विविध बढाय ॥
काळिका रूप कराळ । चहचहत हल्लिह चाळ ॥ ५ ॥
भुरजाळ जंगिय भाय । गरजाळ मेघ गजाय ॥
झपटाय मंगळ झाळ । रूपास कहि रुद्राळ ॥ ६ ॥
कटकां विछोडण केक । अरदांय मोड अनेक ॥

ગજઘડાં તોડણ ગંજ । ભારથં જોડણ ભંજ ॥ ૭ ॥
યૌં સપત ધાતહ અંગ । અનતાય હલિય અભંગ ॥
સતસતહ વેલહ સોહ । યું હુવે ચરખ અરોહ ॥ ૮ ॥
પુન ટલહ ગજ પચ્છાય । ચહચહત ચરખ ચલાય ॥
ધજ ફરર જિણ સિરધાર । અરુ રછક લાર અપાર ॥ ૯ ॥
સામાંન સીંસા સોર । નિજનિજહ બંધિય નોર ॥
ગુલદાજ સંગિય ગાજ । પેદળાં બંધિય પાજ ॥૧૦॥
યહ તોપખાનાં ઓપ । જામાંણ હલ દળ જોપ ॥
અવ ગિડંગ વરનન આય । સુત્રનાળ જિણ સજવાય ॥૧૧॥

તોપખાનાનું વર્ણન.

મોટી મોટી તોપોને સિંદૂર ચડાવી. શક્તિઓને રૂપે ધૂપ કરી, કેટલાંક બકરાંઓનાં બળિદાન દઈ, ચરખે ચડાવી તૈયાર કરી, શત્રુઓને વજ્ર પેઠે પ્રહાર કરનારી, અરધો કોશ દૂરથી ગઢ કિલ્લાઓને પાડનારી, અગ્નિ મણ દારૂનો ભક્ષ કરતાં પણ ક્ષુધી રેહનારી, વીજળીની પેઠે કડાકા કરનારી, ધમાકાથી પૃથ્વીને ચીરનારી, ભાત ભાતનાં નામો વાળી, ભારે ભારે બિરૂદો વાળી, ચાલતાં ચહુચહાટ કરતી, મેઘની પેઠે ગર્જના કરતી, રૌદ્ર રૂપો વાલી. કાળકા રૂપ, અગ્નિની જ્વાળાના ઝપાટા દેનારી, સેનાના યુથે યુથ તોડનારી, યુદ્ધમાં હાથીઓનાં યુથે ભાંગનારી, સપ્તધાતુના અંગોવાળી, ઘણા બળદો જોડી હાથીઓના રહ્યા દેવાથી ચાલનારી, ફરકતી ધજા વાળી, અનેક રક્ષકોથી ઘેરાએલી, દારૂ ગોળા સહીત, અને અણચુક ગુલામદારના બંદોબસ્ત વાળી, અનેક તોપોને હારોહાર ચલાવી. ૬૮

॥ ઊંટરા બખાણ ॥

॥ છંદ હણુફાણ ॥

ગહરાત ગુંગ ગજાડ । બહબહત ગુલફ બજાડ ॥
જિદવાસ પલ્લવ જોમ । ધખ ખૂન ચખ રત ધોંમ । ૧ ॥
ગરજાય શબદ ગંભીર । સોભાય ગિરંદ શરીર ॥
અધરાંસ મલંબહ ણ । ફેરાય લપટત ફેણ ॥ ૨ ॥
જડ દેહ દીરઘ જોય । કોમળહ પસમસ કોય ॥
ઈંડરહ સુઘટા ઓપ । જે પત્ર નીરજ જોપ ॥ ૩ ॥

પગ થંભ દેવળ પેખ, લગ માગ કરવત લેખ ॥
અનતાય બોજ ઉપાડ, મસતાય ગુમર ગજ્ઞાડ ॥ ૪ ।
સુખચાલ પવન સમાંન, સુઘટીજ સજય સમાન ॥
સુત્રનાળ પુનહ સજાય, આસણ સિપાહજ આય ॥ ૫ ॥
બિહુ પકડ ગિડંગાં બાગ, મિળ પમ કળ્હાં માગ ॥
પેદળાં થટ અપ્રમાણ, જય તોપખાંનહ જાંણ ॥ ૬ ॥
સુત્રનાળ ગિડંગ સહેત, કહિ અગ્ર ફરસ્ત કેત ॥
યણ તરહ હોય તયાર, જામંગ ગ્નરજુ અંગાર ॥ ૭ ॥
લો લાઠ જય લગરાય, આરાબ સજિયેં આય ॥
થટ હલિય સે દળ થોભ, શ્રીજામ અગ્રહ સોભ ॥ ૮ ॥

॥ દોહો ॥

ગય હય સોદહ ગડંગ સહ, પેદળ થટ તોપાંય ॥
રચ સેના ચતુરંગણી, યું મળ ઊભા આય ॥ ૧ ॥

સુત્રનાળોના સાંઢીયાનું વર્ણન

બારે સાદે ગલોફાં બજાવનારા, નવપલ્લવ સરખી જીભો વાળા, ખુનથી ભરેલી રાતી આંખો વાળા, ગંભીર શબ્દો વાળા, પર્વતના જેવાં શરીરો વાલા. ફીણ વળેલા લાંબા હોઠો વાળા, મજબુત દીર્ઘ દેહ વાળા, કોમળ સૂંવાડી વાળા, કમળના ફુલ જેવી ધડરો વાળા, દેવળના સ્તંભ જેવા પગો વાળા, રસ્તાના કરવત રૂપ, ઘણો બોજો ઉપાડનારા, મસ્તીથી ભરેલા અને સુખપાળની માફક પવન વેગે ચાલનારા સાંઢીયાઓને માથે શોભાયમાન સાજ માંડી સુત્રનાળો ધારણ કરી સિપાઈઓ ફરફતી ધજાઓ સહિત પીઠ ઉપર આવી બન્ને દરીઓ પકડી યુધ્ધને માર્ગે ચાલવા જાગતી જામશ્રીએ તયાર થયા આ પ્રમાણે ઘોડા, હાથી, ઊંટ, મુખ્ય વીર લોકો, પ્યાદલ અને તોપખાનું એ સઘળી ચતરંગિણી સેના જામશ્રીના આગલ ઉભી.

॥ અથ પ્રથમજુદ્ધસમાજ વર્ણનં ॥

દોહા

સેંન દહું થટ ઓસમે, યક ચારણ મધ આય ॥
ખાગ લાગ તન ખંડિયો, બીરાં હાક બજાય ॥ ૧ ॥
સો બજીર જેસા કને, રહતોહિં અવરેખ ॥

સાખે જાતી વરસડો । પરવત નામ પરેખ ॥ ૨ ॥
મધ આવો દોનું મળત । પેદળ સો પરવત્ત ॥
કિયોસુ મુંગલ હાકલી । આવો લડવા યત્ત ॥ ૩ ॥
એક મુંગલ સુંણતે વચન । ચાનક લગી ચલાય ॥
છોડે હય બરછી છટી । આવો સામા આય ॥ ૪ ॥
તક દોનું તરવારિયાં । ઘાત પરસ પર ઘાય ॥
તુટી તેગ ધરણા તણી । યતે બથોબથ આય ॥ ૫ ॥
ઘાય પુર દોનું ઘણા । ઓ ધરણા અવસાંણ ॥
દંત નૃગોટો દાબિયો । પ્રસણ છુડાયા પ્રાણ ॥ ૬ ॥
કોકે દેખી યોં કહ્યો । અંગ સુરાતણ પમ ॥
એહા માણસ ઇણઅગાં । કહો જીતસાં કેમ । ૭ ॥
દોનું દળ રણ દેખતાં । ચારણ ધરણો ચાત ॥
સાંમ નિમખ ઊજાળિયો । અળરાખિ અખિયાત ॥ ૮ ॥
ધરણો નામ હુલામણો । રહિયો જગાં અરોડ ॥
આંતસ ભમક અરાવવાં । જોમંગ લાગી જોડ ॥ ૯ ॥

પહેલા યુદ્ધનું વર્ણન.

બન્ને ફોજો તયાર થઇ સામસામે આવી ઉભી ત્યારે પર્વતજી ઉર્ફે ધરણા નામનો વરસડો ચારણ કે જે જેશા વજરની પાસે રહેતો હતો અને આગલની લડાઇમાં જખમી પણ થયો હતો તેણે વીરહાક કરી, મેદાનમાં આવી બાદશાહની ફોજવાળાઓને કહ્યું કે "તમારી ફોજમાંથી કોઇ યોધ્ધો ધર્મયુધ્ધ કરવા આવતો હોય તો બેશક મારી સામે આવે" આ વચનથી ચાનક ચડતાં બાદશાહી ફોજના એક મુગલે ઘોડાપરથી ઉતરી સામે આવી બરછી ચલાવી ત્યારે પર્વતજીએ તે બરછી બચાવીને ભાલાનો ઘા કર્યો, મુગલે પણ તે ભાલાથી પોતાનો દેહ બચાવ્યો, પછી બન્ને શુરાઓ તરવારથી સામસામા આવી ગયા, યુધ્ધ કરતાં ચારણની તરવાર ભાંગી પડી, બન્ને જણ ઘામાં ચકચુર હતા, તો પણ બાથોબથ આવી ગયા. ત્યારે ચારણે મુગલને હેઠો નાખી નળગેટે બટકું ભરીને મારી નાખ્યો, અને તે વખતે ચારણનાં પ્રાણ પણ મુકત થઇ ગયાં, હાથી ઉપર બેઠેલા કોકાએ કહ્યું કે "જેની પાસે આવાં માણસ છે તેને આપણે કેમ જીતી શકીશું?" સઘળાઓએ ચારણની બહાદુરીનાં વખાણ કર્યાં કે "ધન્ય છે ચારણને કે જેણે પોતાના ધણીનું નીમક ઉજાળી પૃથ્વીને વિષે પોતાનું નામ અમર રાખ્યું," આવું ધર્મયુદ્ધ થઇ રહ્યા પછી બન્ને ફોજો તરફથી તોપો ઉપર બત્તીઓ પડી.

કુમારશ્રી અજમલ યુદ્ધમાં પધાર્યા એ તે વિષેના દુહાઓ

॥ દોહા ॥

यहवा पंचसत भड अभंग, यहवा अजमल आप ॥
कर अजान अर सिंह कंध, अंग जोम अण माप ॥ १ ॥
सामत लाडक भीम सम, नडर वीरवर नाग ॥
ए आदी अजमल अगां, मरद हले रणमाग ॥ २ ॥
कुंवर अजे मृतनेम कर, छव वीरां रस छाय ॥
सूर संघातें पंचशत, हय भड लिये हलाय ॥ ३ ॥
नगर हुंत अरधक निसा, हल अजमल जुध हेत ॥
पधर हेक रहतांक मत, कटकां सामल केत ॥ ४ ॥
आय तंबु निज ऊतरे, कुंवर कचेरी कीध ॥
राजस प्रगटे वीररस, दुंदभ डंका कीध ॥ ५ ॥
सेको डंको सांभळे, वह तंबु दरबार ॥
तहां खबर हूई तरत, पंड अजमाल पधार ॥ ६ ॥
परगह सुणते प्रथमहुं, जेसो आय बजीर ॥
कदमां जाय सलामकर, बेठो कचहरि वीर ॥ ७ ॥
कुंवर हुंत जेसो कहे, द्रढतें मृत सच दीध ॥
हम जांणे बरहोय सां, कुंवर जांनिया कीध ॥ ८ ॥
रेन घटी चारक रहे, कळहण कथा करंत ॥
सूरां क्रम धम कर सजे, त्रंब बजे तिण तंत ॥ ९ ॥
क्रम धम कर सलहां कसे, सेंन दहुं थट सूर ॥
सिंधुर कह तोपां सजे, पेदळ सजिया पूर ॥१०॥
येण समे महरांण अप, अजाओत रण आय ॥
सामल चत्रदश निज सुतन, अवर सेन सजवाय ॥११॥
भोपलको भाद्रे सरह, अर खाखरडो आख ॥
पाट पती महरांणरे, ग्रांम ग्रासिका दाख ॥१२॥

નામસ ડુંગર પુત્ર નિજ, રાખણ ખત્રવટ રીત ॥
ડુંગરાણી તિણ કારણે, કળહ ઉબારણ ક્રીત ॥૧૩॥
ચઢ આયે કટકાં ચઢત, મૃતકજ સમર મુઝાર ॥
આપ મેરાંમણ સુત ચઉદ, સોકથ રખણ સંસાર ॥૧૪॥
મળે અજો મહરાણસું, મળ જેસોસ સમોહ ॥
સમહર મિળણ સંગાયથિ, સહોડાં કહિયેં સોહ ॥૧૫॥
મહેરાંમણ હું મિળતહીં, વાત વજીરહિ દાખ ॥
આગમ ખગ જો ઓચરે, સો અવ સાચી સાખ ॥૧૬॥
ઇત મહરાંમણ આવતાં, સૂરજ રસમ પ્રસંગ ॥
સાજણ જુદ્ધ મેછાંણસિર, ચઢે કટક ચતરંગ ॥૧૭॥
ગજ હલકાં હય ભડ ગરટ, હલે અરાબ હરોલ ॥
હર પેદળ થોકાં હલે, વિજય ત્રંબનદ બોલ ॥૧૮॥

અર્થ—આજાનુ બાહુ, અને સિંહ કાંધા પાંચસો યોદ્ધાઓને કુંવરશ્રી અજાજીએ સાથે લીધા. ભીમની પેઠે યુદ્ધમાં અડગ સામંત લાડકે અને કોઇથી ડરે નહિ એવા નાગ વજીર વગેરે યોદ્ધાઓને લઇ, મરવું કે મારવું એવો નિયમ લઇ, વીર રસથી ભરપુર થઇ અર્ધ રાત્રિને વખતે કુંવરશ્રી અજોજી રવાના થયા. એક પોહોર રાત્રિ રહેતાં રોજમાં આવી પોતાને તંબુએ ઉતરી નગારે ડંકો દેવરાવ્યો ત્યારે તે ડંકાને સાંભળી જેસા વજીરે ખબર કહાવતાં કુંવર પધારવાની ખબર મળવાથી જેસો વજીર કુંવરની પાસે આવી સલામ કરી બેઠા. જેસા વજીરે અરજ કરી કે "સાહેબ! અમે જાણ્યું હતું કે અમો વરરાજા થશું પણ આપે વરરાજા બની અમને જાનૈયા રાખ્યા." આવી વાતો કરતાં ૪ ઘડી રાત રહી ત્યારે શુરવીરોએ પોતાનાં કર્મ ધર્મ સાચવી શસ્ત્રો સજવા માંડ્યાં અને નગારાં ઉપર ઘોંસા પડવા લાગ્યા. હાથી, ઘોડા, તોપો તથા પ્યાદલ તઇયાર થઇ ઉભાં હતાં તે વખતે ચૌદ દીકરાઓની તથા બીજી પણ સેનાની સાથે ભદ્રેસર વાલા *મેરામણજી પણ તઇયાર થઇ યુદ્ધમાં મરવાની અને કીર્તિને અમર રાખવાની હોંસથી આવી કુંવરશ્રી અજાજીને તથા જેસા વજીરને મળ્યા. જેસા વજીરે "આટાણે મળવા આવે તેનેજ સાચા સગા તથા સાચા શુર જાણવા" એમ કહી મેરામણજીને છાની રીતે કહ્યું કે "તમે આવતાં પક્ષીઓ જે આગમ બોલ્યાં હતાં તેની ખાત્રી થઇ." એમ કહી સૂર્યોદયના સમયમાં તોપો હાથી ઘોડા તથા પ્યાદલોને નગારે ઘોંસા દઇને ચલાવ્યાં.

* મેહેરામણજીને ભદ્રેસર ઉપરાંત બોપલકું તથા ગઢકું અને ખાખરકું એ ગામો મરાસનાં હતાં. એમના એક કુંવરનું નામ કુંગરજી હતું કે જે ઉપરથી તેના વંશને કુંગરાણી રજપુતો કહેવાયા છે.

કુંવરશ્રી અજાજીના મહાયુદ્ધનું વર્ણન.

॥ छंद मोतीदाम ॥

अजे हय हंकिय खाग उभार, सतं पंच सूरह सारह सार ॥
जके दुलहं बर रूप जणाव, दिये खग घाव जके रण दाव ॥ १ ॥
श्रियं हथ कुंत त्रभाग सतोल, बके कह आजम आजम बोल ॥
अधंधड साह दळं उलंघाय, अजो धक आजम सिंधुर आय ॥ २ ॥
तहां हक हांकल जोम तरंग, दहुं पग लग्ग गजंस रदंग ॥
बरच्छिय आंछट तेणह वार, सको उर मावत लग्ग समार ॥ ३ ॥
फटे उर मावत आजम फट्ट, विहू दस पार द्रसाय बछट्ट ॥
यहे उपमा कवि कोयस आंण, बरच्छिय रूप करंत बखांण ॥ ४ ॥
अगें पँचसो भड नागह आद, बहेकर बांण लगा लग वाद ॥
दडंदड लोथ किता पड द्रोह, बडब्बड क्रोध डसे रद बोह ॥ ५ ॥
लडथ्थड घायल आहड लख्ख, पडप्पड ऊठ लडे बहु पख्ख ॥
झडोझड खागस ओझड जोम, भडं धड केफ तडफ्फड भोंम ॥ ६ ॥
कडक्कड त्रज्जड हूहड कट्ट, खडख्खड साह सभा मृतखट्ट ॥
ढडंढड ढालड सजिय ढूल, तडत्तड तूटत सीस अतूल ॥ ७ ॥
चडच्चड रूद्र पिये पळचार, उडे रत रत्तड थाय अपार ॥
झडप्पड जोगण पत्र झबोड, गडग्गड पीवत रत्त अग्रोळ ॥ ८ ॥
हबोळस एम अजे किय हांम, घलोचल पंस जूध चलांम ॥
बळोबळ साबळ हूल बहंत, किता तह बीर छबास कहंत ॥ ९ ॥
भळोभळ वीजळ बाढ भळक्क, गळोगळ गुद्रळ ग्रींध्र गळक्क ॥
थळोथळ स्त्रोण नदी बह थट्ट, दळोदळ लग्गिय घाव दपट्ट ॥१०॥
झटप्पट रंभ विमांणस झुंम, बरथ्थट सूरह चाह बिलूम ॥
लिये पट घुंघट ओटस लाज, मळे वर ईछत सार समाज ॥११॥
अतीयत खेल रमे खग आट, बिकट्ट सरूप बण्यो खत्र बाट ॥
घटघ्घट स्त्रोणत ऊपपट घाव, कटंकट केक तडफ्फ कटाव ॥१२॥
हहंकत हकत घायल होय, बहंकत बकत केक बढोय ॥
झझंकत झकत जोगण झंड, चहकत चकत ग्रींधण चंड ॥१३॥

डहकत डकत डंबर डाक । लहकत रुंड सिवं ललचाक ॥
जहकत जकत हेगय जंग । सत्रांहर जेर किया धरसंग ॥१४॥
अजंमल जुद्ध किहो यम आप । यही बिध साह घडांस उथाप ।
मेछां भड हथ्थ वहे खग मार । पडे दळ हिंदव घाय अपार ॥१५॥
पुनी अजमालस आजम पाड । पडे अपके हक मेछ पछाड ।
मगे शिव सीश रचे रुंढमाळ । वरे रंभ बेस विमाण बिसाळ ॥१६॥
अजम्ल शीश खुळे रण ईस । पडे टुक टूकस होय पँडीश ॥
बिणे कटकां हर तोर बणाय । जटाधर बीच जटास झुकाय ॥१७॥
पडे अजमाल भडं सत पांच । सचे यक साम धरम्म जु साच ॥
जसोय वजीर डायो पड जंग । सतं चत्र लाडक हे मृत संग ॥१८॥
सतं चत्र छोदल भाण सहेत । खळं दळ राख रहे रण खेत ॥
मृतं दसचार सुतं महरांण । पडे यह आदिय सेन प्रमांण ॥१९॥
म्रतं सत पंचह चारण मेल । तडे चड आयस घाय तुंबेल ॥
अढी सह पींगळ जोध अहीर । सजारण मूताय सोड सधीर ॥२०॥
जटाधर जोगीय हेक हजार । पडे रण खेत चडे अणपार ॥
पुगा बहमांण चढे हर पास । बिसभर बास जहां कविलास ॥२१॥
जडा पड पंड पचीस हजार । छत्रीसह बंस मळे तत सार ॥
किता दिय शीश सुरा हर काज, सको जट धार मळा कर साज ॥२२॥
निशाचर भूतह खेचर प्रेत । हसे रख नारद सारद हेत ॥
त्रपत्तिय जोगण बीर बेंताल । तहां कर नाच बजावत ताल ॥२३॥
जहीपड हिंदव खेत जणाय । घणा अणियां मृत केक घुमाय ॥
पडेतहां बारट घाय गोपाळ । रतंपड बावन लोह रुद्राळ ॥२४॥
तहां निज आरुंढ एक तरंग । जही हुव हाजर दे सद जंग ॥
अपे अजमाल भद्रेसर इस । पणां शुभ मूल हजार पचीस ॥२५॥
यहे असहुं कह बारट एम । करुं बिण सक्त अरुंढण केम ॥
बिठे तुम देय पडरुखह बाख, अवुं तत पीठह ऊपर आज ॥२६॥
यतें अस बेठ पडरुखह आंण, चढे सहजीक उठाय चलांण ॥
सग्रांमज इसरनंद संभाळ । भडां थट घायल के मृत भाल ॥२७॥

જસોય વજીર સુ જીવત જોય, અનોઅન વાત અમોસમ હોય ॥
કહે ચંગલાંણ અજમ્મલ કાંહ, પડે અગ્ર ખેત અણી મૃત પાહ ॥૨૮॥
જસો ફિર ઉચ્ચર બારટ જાંણ, પડે મુજ સાચ છુટે જદ પ્રાંણ ॥
અજા પટ આંણ રુ મોહ ઉઠાવ, પટં મમ સાંમ અવેં પલટાવ ॥૨૯॥
યહી હુવ કિંકર ખાવિંદ અંગ, સજુ મિળ જાય સૂરાપર સંગ ॥
પુનં કહુ જાંમસું એક પ્રભાવ, દલં મત ભૂલહુ લોમાય દાવ ॥૩૦॥
યહે સુણ બારટ સાચ અધાર, કરે નજ સાટવ અંબર કાર ॥
સુતો રણ સેજસ સોડ સધીર, બછટ્ટિય પ્રાંણ જસાહ વજીર ॥૩૧॥
બિછૂટત પ્રાંણ જસાહ વિસેખ, પંથા ઘર બારટ હાલિય પેખ ॥
જહાંહુવ મારગ*પ્રેત જણાવ, અહે છળ બીર ગોપાળહ આવ ॥૩૨॥
ગયે તન ઘાયલ હૈ નિજ ગાંમ, તહાં રછ કીધ રવેચિય તાંમ ॥
શ્રિયંહથ માત ભંગે લોહ સૂર, પ્રતં તત બાર ભયે ભરપૂર ।૩૩॥

કુંવરશ્રી અજાજીએ પોતાના પાંચસો યોદ્ધાઓને વરરાજની પેઠે કેસરીઆ પોશાકથી સાથે લઇ, હાથમાં ખેંચેલી તરવાર તથા બરછી લઇ ઘોડા હાંકયા, 'આજમ કયાં છે? આજમ કયાં છે?' એમ કહી મારતા મારતા બાદશાહનું બરકું દળ ઓળંગી ગયા. આજમના હાથીની પાસે પહોંચી ઘોડાની વાઘ ખેંચતાં ઘોડાએ બે પગ હાથીના દંતુશલે માંડ્યા તે વખતે કુંવરશ્રીએ બરછીના ઘા કર્યા. તે બરછી આવતના તથા આજમના શરીરને વીંધી પાર નિકળી ગઇ.

કુંવરશ્રી વીરરસનો ચોગણો ઉત્સાહ ધરી તરવાર ચલાવવા લાગતાં હાથીઓના કુંભસ્થળોમાં પડતી તરવાર વાદલમાં સળાવા ફરતી વીજળીની પેઠે ચમકવા લાગી. કુંવરશ્રી ઘોડાઓ સહિત અસ્વારોના બબે કટકા કરવા લાગ્યા. નાગ વજીર વગેરે પાંચસો યોદ્ધાઓ હરીફાઇ કરી શસ્ત્રો ચલાવવા લાગ્યા તેથી દડાદડ લોથો પડવા લાગી, કેટલાક યોદ્ધાઓ ક્રોધથી હોઠ ડસીને બડબડવા લાગ્યા. હજારો ઘાયલો લથડવા લાગ્યા, મુર્છિત થએલા વીરો ચેતના આવતાં લડવા લાગ્યા, તરવારોની ઝડી પડવાથી કેટલાંક ધડો તડફડવા લાગ્યાં, બાદશાહની સલામના અમીરો ખુટવા લાગ્યા, ઢાલો કપાવા લાગી, માથાં તડાતડ ઉડવા લાગ્યાં, માંસાહારી પક્ષિઓ માંસ ખાવા લાગ્યાં, ઠામો ઠામ લોહી ઉડવા લાગ્યું, જોગણીઓ લોહીથી પાત્રો ભરવા લાગી—અને પીધેલા લોહીના રેગાડાઓથી જોગણીઓનાં મ્હોડાં ભયંકર લાગવા માંડયાં, આવું યુદ્ધ કરી કુંવરશ્રી અજાજીએ પોતાની હામ પૂરી કરી. સામસામે યુદ્ધ કરી વીરો એકે બીજાને શાબાસી દેવા લાગ્યા. તરવારો વીજળી જેવા સબાકા કરવા લાગી. ગરજે માંસના ગોળા ગળવા લાગી, રણક્ષેત્રમાં લોહીની નદીઓ ચાલવા લાગી. શુરવીરોને પરણવા અપ્સરાઓ મરમાળા હાથમાં લઇ ઝળુંબી રહી, અને મનવાંછિત વરો મળતાં ધુંધટા કાઢી, છેડાછેડી બાંધી

* એ પ્રેત સચાણા ગામે "પાંચા મામા"ના નામથી હાલપણ પુજાય છે.

સ્વર્ગ તરફ ચાલવા લાગી. ભયંકર તરવારોથી બેલ રમાયો તેથી ક્ષત્રિયો વિકરાળ દેખાવા લાગ્યા, ઘાયલોના અંગોમાંથી લોહી ભભકવા લાગ્યાં, કેડથી બે ભાગ થએલા વીરો તડફડવા લાગ્યા, ઘાયલો ઘામાં ચકચુર થએલ છતાં વીરહાકો કરવા લાગ્યા, કેટલાક ઘાયલો ડચકાં ભરવા લાગ્યા, જોગણીઓનાં ઝુંડઝુંડ ફરવા લાગ્યાં, સમળીઓ તથા ગરજે ચસકારા કરવા લાગી, ભૈરવાદિ વીરો ડાક વગાડવા લાગ્યા અને શંકર રૂંઢમાળ વાસ્તે માથાં વીણવા લાગ્યા. આવા યુદ્ધમાં ઘણા ઘણા શત્રુઓને જેર કરી, કુવરશ્રી અજેજી મ્લેચ્છોના પ્રહારોથી રણક્ષેત્રમાં પડયા અને બીજા પણ ઘણા યોદ્ધાઓ પડ્યા.

સદાશિવ માથાંઓની રૂંઢમાળા બનાવવા લાગ્યા. અપ્સરાઓ શુરવીરોને લઇ વિમાનમાં બેઠી, શંકર કુંવરશ્રી અજાજીના માથાને ખોળવા લાગ્યા પણ તે માથું કટકે કટકા થઇ ગએલું જોવામાં આવ્યું તેથી તે કટકાઓને વીણી તેઓનો ટુરરો બનાવી. શંકરે જટામાં લટકાવ્યો, આ યુદ્ધમાં કુંવરશ્રી અજેજી પાંચસો યોદ્ધાઓ સહીત પડયા, જેસો તથા ડાયો વજ્જર ચારસો લાડકો સહિત પડયા, ભાણજીદલ ચારસો ભાણસો સહીત અને મહેરામણજી ૧૪ દિકરાઓ સહીત પડયા, પાંચસો તુંબેલ ચારણો, અઢીસો પિંગલઆહીરો, એક હજાર નાગડાઓ અને ૨૫ હજાર જાડેજા ભાયાતો રણક્ષેત્રમાં કામ આવ્યા, છત્રીસે વંશના બીજા પણ કેટલાક રજપુતો કપાઇ ગયા, એઓમાં કેટલાએક વિમાનમાં બેસી અપ્સરાઓની સાથે દેવલોકમાં ગયા અને કેટલાક સાયુજ્ય મુક્તિ પામ્યા, હાથી, ઘોડા, તથા ઉંટ વગેરે બે સુમાર વાહનો કતલ થયાં, સઘળાં મળીને જામસાહેબનાં એક લાખ માણસો માર્યા ગયાં. અને બાદશાહી ફોજનાં અઢી લાખે માણસો કામ આવ્યાં, સાંજે સંગ્રામ પુરો થયો, પિશાચ, ભૂત, બેચર, તથા પ્રેત, વગેરે તૃપ્ત થયાં. નારદ તથા શારદા હાસ્ય કરવા લાગ્યાં. જોગણીઓ તથા વીર વેતાલો તાલ બજાવી નાચ કરવા લાગ્યાં.

રણક્ષેત્રમાં બાવન ઘા વાગવાથી ડસર બારોટના પુત્ર ગોપાલ બારોટ અશક્ત થઇ પડયા હતા ત્યાં લોથો તપાસતો તપાસતો તેનો ઘોડો આવ્યો કે જે ઘોડો અજાજીએ આપ્યો હતો તે પચીશ હજારની કિંમતનો હતો, ઘોડે પોતાના ધણીને ઓળખી બુથ મારવા માંડયું, તેથી બારોટે ચેતનમાં આવી ઘોડાને ઓળખી કહ્યું કે "ઉભો થઇ તારે માથે ચડવાની મારામાં શક્તિ નથી પણ જોતું પડખું દઇ બેસ તો તારી પીઠપર આવું" ધણીનું બોલવું સાંભળી ઘોડો પડખું દઇ બેઠો ત્યારે બારોટ તેની પીઠ પર આવી ઘાયલોને તથા મરેલાઓને જોતા જોતા ચાલતા થયા. જરા આગળ ચાલતાં જેશોવજ્જર ઘાએલ થએલા જોવામાં આવ્યા, ગોપાલ બારોટને જોઇને જેશાવજ્જરે કહ્યું કે "કુંવર અજેજી કયાં છે?" ગોપાલ બારોટે કહ્યું કે "અજેજી ઘામાં ચકચુર થઇ આગળ પડેલા છે," જેશો બોલ્યો કે "તેમના અંગનું લુગડું મને ઓઢાડો તો મને ગતિ થાય, હું અને મારો ધણી બન્ને સુરપુરમાં સાથે જઇએ, વળી જામશ્રી સતાજીને અરજ કરજો કે તમારાં અંતઃકરણમાંથી લોભાનો દાવ ભુલશો નહિ," વજ્જરનું વચન સાંભળી ગોપાલ

બારોટે કુંવરના અંગનું લુગડું જેશાને ઓઢાડયું કે તુરતજ જેશાનાં પ્રાણ ગયાં. એ જોઇ બારોટ ચાલતા થયા, માર્ગમાં એક પ્રેત મળ્યો તેનાથી ધડમચડ થતાં ઘોડો સચાણામાં બારોટને લઇ ગયો, ગામ ઉજડ હતું તોપણ બારોટ મારૂં સર્વ કુટુંબ અહિં છે અને તે મને ઘોડાથી ઉતારી પાટાપીંડી કરી ઘાના ઉપાયો કરે છે," એમ સમજી રાત્રે સુઇ રહ્યા, સવારે જાગી જોયું તો ત્યાં પોતાનું કુટુંબ જોવામાં ન આવ્યું પણ તમામ ઘા રૂઝાઈ ગએલા જોવામાં આવ્યા, પોતે માતા રવેચીના ઓરડામાં સુતા હતા તેથી અનુમાન કર્યું કે આ સર્વ કામ જગદંબાથી થયું છે. પછી બારોટે ઘોડેસ્વાર થઇ નગર આવી જામસાહેબને સર્વ હકીકત કહી અને અજાજીનાં રાણીને અજાજીની પાઘડી આપી. એ પાઘડી લઇને રાણી સતી થયાં.

રણક્ષેત્રમાં મેરામણજી તથા જેશાવજીર આદિ યોદ્ધાઓ જેઓ કામ આવ્યા હતા. તેઓમાં હિંદુઓની દાહ ક્રિયા કરીને ખાંભીઓ ઉભી કરવામાં આવી અને મુસલમાનોને દફનાવ્યા, કુંવરશ્રી અજાજીએ શંકરને માથું, પિશાચોને માંસ, શિયાલોને હાડકાં, નિશાચરોને રગો, કાકણીઓને કાળજાં વીરોને બુકકા, ગીધણીઓને આંતરડાં વેતાલોને દારૂ પીવા વખતે ચવીનો કરવા સારૂ ચામડી, જોગણીઓને લોહી અને અપ્સરાઓને જીવ આપ્યો, આવી રીતે પોતાના અંગોના ભાગ વેંચી દઇ કુંવરશ્રી દેવલોકમાં ગયા. અજાજીના યુધ્ધ વખતે સઘળા દેવતા જોવા આવ્યા હતા, તરવારના મારથી લોહીની ધારાઓ ચાલી હતી, રણક્ષેત્રમાં રૂંડ મુંડ રડયાં હતાં, કેટલાક ઘાયલો ભ્રમણ કરવા લાગ્યા હતા, વીર જોગણી વેતાલ અને ચંડી વગેરે નૃત્ય કરવા લાગ્યાં હતાં, અને શંકર અજાજીના માથાની ઉમેદ આવ્યા હતા પણ માથું ન જડતાં તેના કટકાઓ વીણી વીણીને તેમણે તુરસો ભુકાવ્યો હતો. વિ. સં. ૧૬૪૮ માં વર્ષા ઋતુના શ્રાવણ માસના કૃષ્ણપક્ષની સાતમે સૂર્યોદયથી અસ્ત પર્યંત આ તુમુલ યુદ્ધ ચાલ્યું તેમાં ઉભય પક્ષ નહિં હઠવાથી લાખો માણસો ધાર તળે નિકળ્યાં, ભુચરમોરીને સ્થળે મહા ભારત યુદ્ધ કરી બન્ને ફોજ ગારત થઇ. *

* ઉપરના ભૂચરમોરી વિષેના તમામ કાવ્યો વિભા વિલાસમાંથી લીધાં છે.—ભૂચરમોરીના યુદ્ધ વખતે જેશાવજીરનું તમામ કુટુંબ હોવાથી તેણે પોતાના કાકા ડાયાવજીરને કહ્યું કે "તમો પાછા ઘેર જાવ" ત્યારે ડાહ્યાએ કહ્યું કે "જડે મચેં જુદ્ધ તડે ચાંગલાણી ચર્યો થીએ," માર્ં નામ ડાયો છે પણ જ્યારે આપણા ચાંગલાણી કુટુંબને યુદ્ધનો પ્રસંગ આવે છે ત્યારે ગાંડા (રણઘેલા) થઇએ છીએ. એમ કહી તેઓ ઘેર ગયા નહોતા.

કુમારશ્રી અજોજી શ્રાવણ વદ ૭ ને દિવસે ભૂચરમોરીમાં કામ આવ્યા, તેથી હાલાર પ્રદેશમાં (નવાનગર સ્ટેટમાં) એ કુમારશ્રીના શોગમાં, પ્રજાએ સાતમ ઉજવવી બંધ કરી હતી. તે છેવટ જામશ્રી રણમલજીને ત્યાં પાટવી કુમારશ્રી બાપુભા સાહેબનો જન્મ શ્રાવણ વદ ૭ ને દિવસે થયો. ત્યારે બાશ્રી આશુબાશ્રીએ હુકમ કર્યો કે "કુમારશ્રી અજોજી સાતમને દિવસ કામ આવ્યા હતા, તેમજ આ કુમારશ્રીનો જન્મ શ્રાવણ વદ ૭ નો હોવાથી, આજથી તે

શહેનશાહ અકબરશાહના રાજકવિ દરશાજી આઢાનેં જામશ્રી સતાજીએ આપેલા લાખપશાવ

દિલ્હીના બાદશાહના રાજકવિ દરશાજીઆઢા દ્વારિકાની યાત્રા કરી પાછા વળતાં જામનગરમાં જામશ્રી સતાજીને આવી મળ્યા, એ વખતે જામશ્રી સતાજી કુમારશ્રી અજાજી ભુચરમોરીમાં કામ આવ્યા, તેની ગમગીનીથી ઉદાસ રહેતા, એ હકીકત રાજકવિ દરશાજીના જાણવામાં આવતાં, એમણે તે ગમગીની મટાડવા માટે એક કાવ્ય રચ્યું. તેમાં એવો અલંકાર વાપર્યો કે,-"કુમારશ્રી અજાજી કેસરીએ વાઘે, બીજા બંધ કામ આવ્યા, તે કામુકી કન્યારૂપી ફોજ સાથે જાણે લગ્ન કરવાને કેમ ચડયા હોય? તેવું રૂપક વીરરસ સાથે શૃંગાર રસ મીશ્રીત રચ્યું, જે કાવ્ય આજે કાઠીઆવાડમાં "કુમારશ્રી અજાજીની ભુચરમોરીની ગજગત એ નામે પ્રસિદ્ધ છે," તે હસ્ત લખીત જુના ચોપડામાંથી જે શબ્દોમાં મળેલ છે, તે અક્ષરે અક્ષર આ નીચે આપેલ છે.

॥ શ્રી અજા જામની ગજગત્ત ॥

ગજગત ગેહેમતીજી, કે બળમખ બોલતી ॥
વરમન વંચતીજી, કે જગસેં જોવતી ॥
જોવતી જગસહ ચડે જોવણ, વરશ ગે મન વાંચતી
બોલતી ભ્રોંબળ અબળ સબળા, વદણ વય પ્રેમાવતી ॥
વશ કન્યા નાખે પરો સેંઘટ, ઘણે હેથટ ઘુંમતી ॥
દશમદળ ઉપરે હાલાં, પળે ગજગત ગેહેમતી ॥ ૧ ॥

નરવે નીસરીજી, શાનંદ શાહરી ॥
પોરસ પણ ગ્રહીજી, કાબલ કુંવરી ॥
કુંવરી કાબલ, વકટ કન્યા, આપત્રાણે ઉજ્ઞરી ॥
મદભરી જોબન ત્રેહમાતી, પ્રેમ પોરસ પણ ગરી ॥
ઉતરી ગજઘડ, કરે આરંભ, ઢાલ બુરખ શરધરી ॥
શાહરી શાનંદ દશા સોરઠ, નરવે વરવા નીશરી ॥ ૨ ॥

તહેવારો ઉજવવા" ત્યારથી જામનગરમાં સાતમ આઠમની સ્વારી ચઢવાનો તથા મેળાઓ ભરી, તે દિવસ ઉજવવાનો પ્રબંધ થયો.

એ પ્રમાણે નવાનગર સ્ટેટની પ્રજાએ લગભગ અઢીસો વર્ષ કુમારશ્રી અજાજીનો શૌર્યપાણી રાજભક્તિ બતાવી હતી.

पटहथ पाखरीजी, खेहां डम्मरी ॥
घोडां घुंमरीजी, थगनग थरहरी ॥
थरहरे थगनग अळां थरके, मंडळ खेहां डम्मरी ॥
गरवरे चडीया, अवर गढपत, सबळ त्रीभो शंभरी ॥
मदमसत काबळ घणां मुंगल, पछट देहथ पाधरी ॥
अजमाल वरवा काज आवी, पवंग पटहथ पाखरी ॥ ३ ॥
गावे शंमळाजी, गेयण मंगळा ॥
आहव उजळाजी, मिते मघळा ॥
मघळा मीते अभे पोरश, वघन लगन शुं वे वळा ॥
उतरे वर वहेडाय अतवंग, वीरहक चहुं वे वळा ॥
जेशंग, मेरु, भाण, जाने, मळे पडझन मुंगळा ॥
गहक पळचर, पंख ग्रींधण, शक्त के वध संमळा ॥ ४ ॥
कलवो कंतनाजी, आयो अंतना ॥
वेद वसंतनाजी, जग जेवंतना ॥
जेवंत पेख जवाण जादव, चतुरवर वड चंतना ॥
कलनेह करवा कलब कुंवरी, मियणरुप मयंकना ॥
पकवान ताजां धवड पुरे, वदे वेद वसंतना ॥
मेलीयागोळा नाळ मोढे, कोड कलवो कंतना । ५ ॥
रण तोरण चडयाजी, पडपंख उपडी ॥
आयत अडमडीजी, रुप शरोहडी ॥
वेहरुप पख्खर पेर्य बगतर, जरद कंठ कंचु जडी ॥
दस्तान कंकण करग दीपे, कमर जर बंधे कडी ॥
शेहरो शरबंध, कमळ शोहे, रुप टोपस राखडी ॥
शत्रशालरो परणवा शेंबर, चाल रण तोरण चडी ॥ ६ ॥
खागे पोंखणाजी, वशर वधामणां ॥
कंथ कोडामणाजी, भारथ भामणां ॥
भामणां अपशर लिये भारथ, मियणमाल कोडामणां ॥
अतरुप डायो, नाग, अणवर, वहादुर, वियामणां ॥

आयुध आखां, थाल ओडण, वसर ढोल वधामणां ॥
भालोळ भळके, खगे भाले, पटे गरजे पाखणां ॥ ७ ॥
मोमंडण मळेजी, हेथट हुंकळे ॥
ढालां हींडळेजी वरत्रिय वळकळे ॥
वळकळे–वरत्रीय व्रेहवाधे, ढाल बेरखहींडळे ॥
पडछटक खागां अनंग उपट, हवे हेथट हुंकळे ॥
मारके फारक विघन मांडह, मचवियो जुद्ध मुंगळे ॥
वरमाळ कंठ करमाळ वेहते, मालमो मंडण मळे ॥ ८ ॥
चोरी रण चडेजी, जंग रचीयो जडे ॥
नायक नीकळेजी वेढक वांकडे ॥
वांकडे नवडे भडे विग्रह, झाटखग झडीयुं झडे ॥
धरधोम धमचक होम धारा, जोध जंग रचियो जडे ॥
कंसार कंधर कचर कोपर, लीये ळळवळ लोह डे ॥
पतशाह गजधड अजो परणे, चतुर वर चोरी चडे ॥ ९ ॥
जडीयो जुवटेजी, अंग नंग आवटे ॥
सुरे संगटेजी, घडके घुंघटे ॥
घुंघटे कीधी काबली घड, शार सजीयो संघरे ॥
अतबंग आछा रहर उडे, आंक अणीयां उमटे ॥
रख हसे नारद पेख रम्मत, विकट थट घट आवटे ॥
हे फोज मचवी हार्य हाले, जोध जडीयो जुवटे ॥१०॥
पूहप पाथरीजी, परमळ पंजरी ॥
अनंग उभरीजी, अंगआयत करी ॥
कर अंग आयत फोज काबल, जाप जादव जरजरी ॥
मृतमळी मंदर रहर मंजे, एम पोरश पण गरी ॥
भोगवी भड तें वढे भारथ, काम तत कंदळ करी ॥
ढोलीये ढोहे माल ढळीयो पूहप अळसर पाथरी ॥११॥
गहके ग्रींधणीजी, के पळकज पंखणी ॥
डहके डेयणीजी, जंबुक जोगणी ॥

જોગણી જંબક પ્રેત પળચર, પિશા વરવમળ પંખણી ॥
નોહરાળ વોહમુખાળ નિશિચર, કરક શાયત કાકણી ॥
ચાંપક ભેરવ ભુત વેતર, દેયણી ઓર ડાયણી ॥
વૈકુંઠગો તણ તાગ વેચણ, ધ્રવડ દે હાલા ધણી ॥૧૨॥

ઉપરનું કાવ્ય પુરાતની ચારણી અને મરૂ ભાષાનું મિશ્રીત છે તેમાં એવો ભાવાર્થ છે કે કુમારશ્રી અજેજી કાબુલી રેજરૂપી કન્યાને પરણવા પોતાના યોદ્ધા રૂપી જાનૈયા, અને નાગવજીર ડાયાવજીર વગેરે અણવરને સાથે લઇ તોરણે ચડયા, મોગલનું સૈન્ય પડઝન (સામૈયું) લઇ મળ્યું. તરવારની ધારાથી પોખણાં થયાં. લગ્ન વખતે ગીધ શમળાઓ વગેરે પંખીઓ મંગળ ગીત ગાતાં હતાં, તોપોના ગોળારૂપી કલવા અને કંસારો પીરસાણાં કરવાળરૂપી વરમાળા કંઠમાં ધારણ કરી, એ મહાભારથ લડાઇમાં જોગણી જંબક, પ્રેત, પળચર, નિશાચર, ડાકિણી, શાકિણી ભુત, ભેરવ, શક્તિ, શમળા, વગેરેને પોતાના શરીરમાંથી, માંસ, રૂધિર, કાળજા, રેરેસાં, આંતર, મુક્કા વિગેરેની મનમાની દાત્ત (પ્રવાહ) આપી કુમારશ્રી અજેજી વૈકુંઠ સિધાવ્યા.

વિભાવિલાસમાં આ 'ગજગત' કાવ્ય નથી પણ એ કાવ્ય રચનાર બાદશાહના રાજકવિ દરશાજી આઢા જામશ્રી સત્તાજીને મળ્યા હતા અને જામશ્રીએ લાખપશાવ આપ્યા હતા, તે વિષેનાં જે—કાવ્યો છે. તે આ નીચે આપેલાં છે.—

દુહા—કરવા તીરથ દ્વારીકાં, આઢો દરસો આય ॥
મંજન કરકે ગોમતી, દ્વારાપત દરસાય ॥ ૧ ॥
સો ચારણ પતશાહરો, આયો નગર ઉમાય ॥
મેટે સત્રશલ ભુપતિ, વહ આનંદ મન માય ॥ ૨ ॥
આઢો નગરસ આયકર, ભાળે સત્રસલ ભૂપ ॥
મિજલસ દેખી જામરી, આપ હુવો અણકુંપ ॥ ૩ ॥
સત્રસલ જામ વિચારીઓ, દીજે કા દરસાય ॥
જશવંત કહીયો જામસું, સમપો લાખપસાય ॥ ૪ ॥

છપ્પય—જામચઢણ જાતિક, અશ્વ દો ભારી અપ્પે ॥
વહિસ રોકડ લાખ, સાર પોષાક સમપ્પે ॥
કડાં વેઢ સાંકળા, સરે નંગ મુલ સવાઇ ॥
ફીરજામો ચહુ ફેર, રખે તીણ બીજ રચાઇ ॥
સત્રસાલ જામ કહીયો સરે, જો ચાહે સો લીજીયેં ॥
કર અરજ ફેર દરસે કહી, દાતા ટેકસ દીજીયેં ॥ ૫ ॥

દોહા—સીખ માગ દરસો હલે, મુરધર દેશ મુજ્ઞાર ॥
જગ્ગગાવત ભલ જામરો, વડ દાતા રિઝ્ઞવાર ॥ ૬ ॥

જામશ્રી સતાજી (સત્રશાલજી) વિ. સં. *૧૬૬૪ માં ૩૯ વર્ષ રાજ્ય ભોગવી કૈલાસવાસી થયા. આ રાજા ધર્મનિષ્ઠ ઉદાર, દાનેશ્વરી અને ક્ષત્રિય-ધર્મના પુર્ણ અભિમાની હતા. તેઓશ્રીને કુમારશ્રી અજાજી તથા જશાજી એ નામના બે કુમારો હતા.

* સોરઠી તવારીખના, કર્તા લખે છે કે કુમારશ્રી અજાજી ભુચરમોરીમાં કામ આવ્યા પછી જામ સત્રસાલ નવાનગરમાં તાબાની હાલતમાં રહ્યા. અને એક બાદશાહી મુખત્યારની સાથે રહીને નગરના રાજ્યનો કારભાર ચલાવતા, તેટલા સારૂ કુમારશ્રી જસાજીને મુખત્યારરૂપી હેરાનગતિ બસેડવાની આશાએ દિલ્હી મોકલ્યા, જસાજીએ કેટલોક વખત દિલ્હીના પાયતખ્તમાં બાદશાહની નિગેહબાની નીચે રહી, બાદશાહી પ્યાર મેળવ્યો. તેમજ બાદશાહની હુરમ–જહાન-આરા બેગમની મહેરબાની અને રક્ષણથી તેમજ બક્ષી રઘુનાથજી નામના નાગર ગ્રહસ્થના ઉપકારથી નવાનગરમાં રહેતા બાદશાહી સુબાને બસેડવાનો હુકમ લાવ્યા, અને તે વિ. સં. ૧૬૭૩ ના ફાગણ સુદ ૧ ના રોજ ગાદીએ બેઠા.=ઉપરના હેવાલથી જામશ્રી સતાજી વિ. સં. ૧૬૨૫ ના માહા વદ ૧૪ ના દિવસે ગાદીએ આવ્યા. અને તે પછી વિ. સં. ૧૬૭૩ ના ફાગણ સુદ ૧ ના રોજ જસાજી ગાદીએ આવ્યા એ હિસાબે ૪૭ વર્ષ ત્રણમાસ ૧૮ દિવસ જામસતાજીએ રાજ્ય કર્યું કહેવાય.

કુમારશ્રી જશાજીએ ભૂચરમોરી પછી નવાનગર સ્ટેટ, કેવી રીતે પાછું મેળવ્યું તે વિષે વિભાવિલાસમાંની હકીકત.

ભૂચરમોરીને અંતે જામશ્રી સતાજીએ નાના કુમારશ્રી જશાજીને તેઓના મામા સોઢા જોધાજી તથા પોતાના નાના બંધુ રણમલજી (શિશાંગવાળા) સાથે કેટલાક માણસો આપી, બાદશાહ હજુર દિલ્હી મોકલ્યા, અને દિલ્હીના પઠાણ રૂસ્તમખાન (જેઓ બાદશાહના અમીર હતા,) ઉપર ભલામણ પત્ર લખી આપ્યો, એ રૂસ્તમખાં પઠાણ મક્કાશરીફની હજ કરી વળતાં જામનગરમાં આવી જામશ્રી સતાજીને મળ્યા હતા, અને જામશ્રીએ તેને દશ દિવસ સુધી રોકી ઘણી ખાત્રી કરી, પોષાક તથા પોતાને ચઢવાનો એક ઘોડો આપી, પાઘડી બદલ ભાઇ ઠરાવ્યો હતો, અને પોતે (જામશ્રીએ) તેના કહેવાથી દાઢી રાખી હતી. તથા તેની કામ કાજ ફરમાવવાની અરજ ઉપરથી કોઇ વખત દિલ્હીમાં કામ પડે ત્યારે મદદ કરવાનું વચન લીધું હતું.

જશાજી દિલ્હી જઈ પઠાણ રૂસ્તમખાનની મદદથી બાદશાહને મળ્યા હતા, તે વખતે બાદશાહની એક પ્યારી હુરમ, કે જે પોતાનો શાહજાદો ગુજરી જવાથી ગાંડી થઇ ગઇ હતી. તેણે એક દહાડે જાળીમાંથી કુમારશ્રી જશાજીને જોયા. અને કુમારશ્રીની અણસાર શાહજાદાના જેવીજ હોવાથી હુરમે "મારો શાહજાદો તો આ રહ્યો, માણસો ગુજરી ગયાનું કેમ કહે છે?" એમ કહી બાદશાહની પરવાનગીથી જશાજીને જનાનામાં બોલાવ્યા, જશોજી અંદર જતાંજ હુરમ તેને બેટા, બેટા, કહી બોલાવી, રડવા લાગી, રડવાથી હૈયું ખાલી થતાં, જીવ ઠેકાણે આવ્યો, અને ત્યારથી હુરમ, જશાજીને હંમેશાં પોતાની પાસે રાખવા લાગી, જશાજીના મામા



(૪) જામશ્રી ૭ જસાજી (૧)



(૫) જામશ્રી ૭ લાખાજી (૧)

(૩૬) (૪) જામશ્રી જશાજી (૧ લા)

(ચંદ્રથી ૧૭૩ શ્રી કૃષ્ણથી ૧૨૮) (વિ. સં. ૧૬૬૪ થી ૧૬૮૦ સુધી ૧૬ વર્ષ)

પાટવી કુમારશ્રી અજાજી ભુચરમોરીના યુદ્ધમાં કામ આવતાં તેમજ તેઓના પાટવી કુમારશ્રી લાખાજીની નાની ઉંમર હોવાથી તેનો લાભ લઈ, તથા દિલ્હીથી પોતે રાજ્યની લગામ સ્વતંત્ર મેળવી આવવાથી વિ. સં. ૧૬૬૪ માં જામશ્રી જશાજી જામનગરની ગાદીએ બીરાજ્યા.

વિ. સં. ૧૬૬૫ માં ખાન આઝમ મિરઝાં અઝીઝકોકા ફરીને ગુજરાતનો સુબો નિમાયો. પણ આ વખતે તે ઘણીજ જૈફ ઉંમરે પહોંચેલો તેથી તેણે પોતાના બેટા જહાંગીર કુલીખાનને પોતાના વતી ઉપ્યુટિ તરીકે અમદાવાદ મોકલ્યો એજ સાલમાં અહમદનગરના હાકેમ મલીકઅંબરે પચાસ હજાર ઘોડસ્વારો લઈ ગુજરાત ઉપર સ્વારી કરી સુરત અને વડોદરા લુંટી લીધાં, એ પ્રમાણે ફરી ન બને માટે ગુજરાતના સુબાએ રામનગર (ધરમપુરના રાજ્યમાં છે.) તેમાં ૨૫૬૫૦ સ્વારનું ત્યાં થાણું રાખ્યું. તેમાં ગુજરાતના બધા રાજાઓએ થોડું થોડું મદદગાર લશ્કર મોકલ્યું હતું. તેમાં જામશ્રી જશાજીએ પણ ૨૫૦૦) અઢીહજાર સ્વારોની મદદ મોકલી હતી.

સોઢા જેધાજી બહુ બુદ્ધિમાન હતા. તેમને તુર્કોનો વિશ્વાસ નહિં આવવાથી વિચાર કર્યો કે "જશાજીનું રહેવુ હંમેશાં જનાનામાં થાય છે. તેથી બાદશાહ પાસે કોઇ ચાડીચુગલી કરે તોપણ હરકત ન આવે તેવી ગોઠવણ કરવી" તેવો વિચાર કરી એક વજ્ર કછોટો બનાવી કુમારશ્રીને પહેરાવ્યો અને ઉપર જામનગરી (મુઠીયું) તાળું વાસી, કુંચી પોતા પાસે રાખી, તે વિષે દુહોઃ—

દુહો—વજર કાછ પહરાય વદ, મુકે મહલ મુઝાર ॥
કિલી રખ પોતાકને, ધારણ પકી ધાર ॥ ૧ ॥

કેટલેક દિવસે બાદશાહ પાસે કોઇએ ચાડી કરી, તેથી બાદશાહને શક આવતાં તેમણે જશાજીને બોલાવી પોતાની પાસે ચાર પહેાર રાખ્યા. થોડો વખત ગયા પછી કુમારશ્રીને પેશાબની બહુ હાજત થવાથી તેણે ઉતારે જવા રજા માગી તેથી બાદશાહે હમામખાનામાં જઇ પેશાબ કરી આવવાનું કહ્યું. ત્યારે જશાજીએ હાથ જોડી અરજ કરી કે "મારા મામાએ મને વજ્ર કછોટો પહેરાવ્યો છે. અને કુંચી તેઓની પાસે છે. તેથી તે કુંચી આવે ત્યારેજ ખુલાસો થાય." એ સાંભળી બાદશાહે જનાનખાનની તમામ કુંચીઓ મંગાવી વજ્રકછોટો ખોલવા મહેનત કરી, પરંતુ તાળું જામનગરી હોવાથી એકેય કુંચી લાગુ પડી નહિં. તેથી બાદશાહે તેના મામા પાસેથી કુંચી લાવવા માણસ મોકલ્યો પરંતુ મામાએ કુંચી આપી નહિં અને કહ્યું કે "જો જશોજી ખુદ અહિં આવે તોજ કછોટો ઉઘડે તે જોખમી કુંચી કોઇને અપાય નહિં" માણસે આવી જાહેર કરતાં, બાદશાહે કુમારશ્રીના જશાજી એમામાને બોલાવવા ત્યારે કહ્યું, અરજ કરી કે "સાહેબ મારા મામાને જખમને લીધે એક આંખ હોવાથી તેઓ બાદશાહી

વિ. સં. ૧૬૭૨ માં જ્યારે દિલ્હીનો શહેનશાહ જહાંગીરબાદશાહ ગુજરાતમાં આવ્યો અને મહી નદીને કિનારે છાવણી નાખીને રહ્યો હતો. તે વખતે ગુજરાતના સિમાડા ઉપર આવેલ દાહોદ ગામની બાદશાહે ભેટ લીધી તે વખતે જામશ્રી જશાજીએ તે મુકામે શહેનશાહ જહાંગીરની ત્યાં મુલાકાત લઇ પચાસ કચ્છી ઘોડાઓ અને એકસો સોનામહોરો ભેટ કર્યાં. તેની અવજ્જમાં બાદશાહ જહાંગીરે બે હાથી, બે ઘોડા, અને રત્નજડીત ચાર વીંટીઓનો જામશ્રીને પોષાક આપ્યો હતો.

જામશ્રી જશાજીની કારકીર્દીમાં રાયસીશાહ આદીક પાંચહજાર ઓસવાળ વાણીઆઓ જામનગરમાં આવી વસ્યા હતા. અને તેઓના વેપાર રોજગારની સગવડતા માટે જામશ્રી જશાજીએ તેઓની અડધી જગાત માફ કરી હતી. તે જૈન ગૃહસ્થોએ વિ. સં. ૧૬૬૮ ના શ્રાવણ સુદ ૫ ને દિવસે એક વિશાળ જૈનમંદિર બાંધવાનો પાયો નાખ્યો હતો. જે બાંધ કામમાં સલાટ આદિ ૬૦૦ કારીગરો કામે લાગ્યા હતા.

જામશ્રી જશાજી હળવદના રાજ ચંદ્રસિંહજીની ×એન વેરે પરણ્યા હતા. એક વખત વર્ષાઋતુની રાત્રે જામશ્રી જશાજી તે ઝાલીરાણી સાથે શેત્રંજબાજી

કચેરીમાં આવી શકે તેમ નથી." બાદશાહે કહ્યુ કે "માફ કરું છું ભલે આવે." એમ કહી માણસ મોકલતાં, સોઢા જોધાજીએ કચેરીમાં આવી. બાદશાહને સલામ કરી, તેઓના ૨જરૂ પોતે વજ્ર કછોટો બોલ્યો. અને જશાજી હમામખાનામાં જઇ પેશાબ કરી આવ્યા.

રજપુતોનું આવું સખત બ્રહ્મચર્ય ફરજીયાત પળાતું જોઈ બાદશાહ ઘણા ખુશી થયા. અને જશાજીને કહ્યું કે "જે માગો તે આપવા તૈયાર છું" તેથી સોઢા જોધાજીએ હાથ જોડી અરજ કરી કે " સાહેબ! બાંધ ગ્રહ્યાની લાજ રાખી, જશાજીને તેનું રાજ્ય પાછું આપી, અને મેર મોકલો એટલે આપે સર્વસ્વ આપ્યું છે." તેથી બાદશાહે કુંવરને જામનગરનું રાજ્ય પાછું આપવાનો પરવાનો લખાવી આપી, સિકકો, માથ મુરાતબ, અણમુલ આશા લકડી' પાંચ હાથી, એકસઠ ઘોડા, અને અસંખ્ય ફોજીઆ આપી શીખ દીધી. ત્યાંથી જશાજી જનાનખાનામાં હુરમ પાસે રજા લેવા ગયા. અને હુરમે જોઇએ તે માગી લેવા કહેતાં, કુમારશ્રીએ હુરમના હાથ ઉપર હમેશાં રહેતું સોનાનું માદળીયું માગ્યું હુરમે તે ન માગવા ઘણું સમજાવ્યા, અને બીજું કંઇ માગવા કહ્યું પણ જશાજીએ હઠ છોડી નહિં. તેથી હુરમે રીસ કરી માદળીયાનો ઘા કરી, જશાજીના ખોળામાં નાખી કહ્યું કે " બેટા તારા દેહનું જતન કરજે, આ માદળીયામાં મેં હળાહળ ઝેર જમાવી રાખેલ છે, માટે સંભાળી રાખજે " એમ કહી કેટલાએક દાગીના અને સારી સારી ચીજો ભેટ આપી, તે લઇ જશોજી, પઠાણ રૂસ્તમખાનને મળતાં, રૂસ્તમખાને પણ પોષાક દઇ, જામશ્રી સતાજી ઉપર કાગળ લખી આપ્યો. તે લઇ કુમારશ્રી સૌ માણસો સાથે જામનગર આવ્યા. પરંતુ સરખંધીના પગારોની ચોમાસ ચડી ગઇ હતી, અને બજનામાં તે

×સોરઠી તવારીખના કર્તા ચંદ્રસિંહજીની દીકરી વેરે પરણ્યાનું લખે છે. પણ બીજા ઘણા ઇતિહાસકારો ચંદ્રસિંહજીની બેન વેરે પરણ્યાનું લખે છે.

બેલતા હતા. તેમાં રાણીજીનું ઘોડું રમતમાં લઇ લીધું. અને ઘોડું લીધું તે વિષે કેટલાક શબ્દો બોલી તેઓને નાખુશ કર્યા તે ઉપરથી રાણીજી બોલ્યાં કે "એક અબળાના હાથમાંથી નિર્જીવ ઘોડું લેવું તુમાં શું રણવિરત્વ? જો તમારા બાહુમાં બળ હોય તો હળવદમાં મારાભાઇની ઘોડારમાંથી ઘોડા લઇ આવો તો સાચી વીરતા વાપરી ગણાય." જામશ્રી જશાજીએ એ વાતનો ડંસ રાખી હળવદની ઘોડારના [રાજ ચંદ્રસિંહજીના] ઘોડાઓ હરણ કરવા લગભગ છએક માસ સુધી લશ્કરો મોકલ્યાં પણ તે માણસો તેમાં ફતેહમંદ નહીં નિવડતાં, પાછા આવવાથી જામશ્રી વધુ ચિડાયા, અને રાજ ચંદ્રસિંહજીનેજ કેદ પકડી લાવવાની યુક્તિ રચી, રાણાવાવના થાણદાર [રણરંગી વીર] શંકરદાસ દામોદરદાસ નાગરને [રાજ ચંદ્રસિંહજીને પકડી લાવવા] હળવદ મોકલ્યો.

એ મુત્સદ્દી નાગર ગૃહસ્થે હળવદ જતાં સમાચાર જાણ્યા કે રાજ ચંદ્રસિંહજીના કુમારશ્રી ગુજરી ગયા છે તેથી તે રાજસાહેબ ફબરૂ ખરખરે જવાનો મિસ લઇ ચારસો ઘોડેસ્વારો સાથે રાત્રિ પડતાં હળવદમાં દાખલ થયો. મહેલ નીચે ઘોડેસ્વારોને ગોઠવી પોતે રંગમહેલ ઉપર ગયો. શંકરદાસને રાજસાહેબ સાથે સંબંધ હોવાથી તે અવાર નવાર હળવદ આવતો વળી હાલ શોકનો પ્રસંગ હોવાથી ખરખરો કરવા માટે મહેલ ઉપર જતાં તેને કોઇએ અટકાવ્યો નહિં. રંગ

વખતે તેટલી ફોરી શીલીક નહોતી, તેથી જામ સતાજીને ખંભાળીઓથી તેડાવ્યા. પરંતુ તેઓ આવ્યા નહીં પણ ઉલટું કહેવરાવ્યું કે "મારા ઉપર આંહીના વેપારીઓનું કરજ થયું છે, તો ફોરીઓ મોકલો એટલે તે ચુકવીને પછી આવું" આ પ્રમાણે તેઓશ્રી પણ ખરચી ખુટ હોવાથી કુમારશ્રી જશાજીએ નીચેનો ઉપાય કર્યો.

॥ પદ્ધરી છંદ ॥

खंभालीयेस सत्रसाल खांम, ॥ दुःख सहत रेत नहीं पास दाम ॥
खरचीस खूट जांणे खराय, ॥ उत कियो एक जशवंत उपाय ॥ १ ॥
उ क्रेस तखत बेठो उदार, ॥ करसळ बुलाय सब कामदार ॥
हळ सबें आय हाजर स होय, ॥ कर कुनस उभ आगें स कोय ॥ २ ॥
उचरे बोल जशवंत एह, ॥ सत्रसाल जाम क्युं दुःख सहेह ॥
कह तुमस जसा कामोदकार, ॥ हे खडा पास हाजर हाजर ॥ ३ ॥
वृधमानशाह देसह दिवांन, ॥ नों लाख लही इनपें निदांन ॥
दश पंचशत सह कामदार, ॥ सब एक एक लींना संभार ॥ ४ ॥
कर कोटी आध मेळीस कीध, ॥ सत्रसाल जाम तेडेस लीध ॥
पित पुत्र दोय भेटे सप्रेम, ॥ आनंद ओध वरते अनेम ॥ ५ ॥

મહેલમાં રાજશ્રી ચંદ્રસિંહજી [જાગતા] સુતા હતા. ત્યાં જઇ તે તકનો લાભ લઇ તેને કેદ કર્યા. તેવામાં રાજસાહેબના માતુશ્રી ત્યાં આવ્યાં, અને મહેલ નીચે જોતાં પોતાનો એકપણ સિરબંધી જોવામાં આવ્યો નહિં. પરંતુ શંકરદાસના માણસોથી મહેલને ઘેરાયેલો જોયો શંકરદાસે પણ બુદ્ધિચાતુર્ય વાપરી, માસાહેબને વચન આપ્યું કે "હું થોડા દિવસ માટે રાજસાહેબને મારા સાથે તેડી જાઉં છું અને પાછા હું જાતે આવી પહોંચતા કરી જઇશ." એમ કહી રાજ ચંદ્રસિંહજીને સાથે લઇ સહુ ઘોડેસ્વાર થઇ રવાનાં થયા અને થોડા દિવસમાં જામનગર આવી જામશ્રી જશાજી પાસે રજુ કર્યા.

જામ જશાજીએ મંદહાસ્યથી કટાક્ષ કરી કહ્યું કે "રાજ પધારો "એ ઉપરથી" ચંદ્રસિંહજીએ જવાબ આપ્યો કે " એમાં આપ હસો છા શું ? શંકરદાસ નાગર, જે એક બ્રાહ્મણ છે તેણે મને છેતર્યો, અને ખરેખર આપણે રાજપુતો બ્રાહ્મણથી છેતરાઇએ તે નામોશી ન ગણાય"

રાણીજીએ આ બનાવ ચકમાંથી જોયો અને જામસાહેબનો ઇરાદો, રાજસાહેબને બંદીવાન તરીકે રાખવાનો જણાતાં, તેઓ મનમાં બહુજ ચિડાયાં, અને તે વૈર લેવાનું મનમાં રાખી, શંકરદાસ નાગરને રાજસાહેબને સહિસલામત હળવદ પહોંચાડી દેવાનું ખાનગી કહેરાવ્યું. શંકરદાસે પણ રાજસાહેબને તથા તેઓના માતુશ્રીને વચન આપેલ હોવાથી તેમજ જામસાહેબ પાસે રાજસાહેબને રજુ કરવાનું કાર્ય પૂર્ણ થયું હોવાથી, તેજ દિવસે પોતાના ચારસો લડવૈયા સ્વારો

અર્થ—" પિતાજી પૈસા વિના દુઃખી થાય છે" અને તેથી ખંભાલીએ રહે છે એમ જાણી જશાજીએ જબર જસ્તીથી ગાદીએ બેસી સર્વ અમલદારોને બોલાવી કહ્યુ કે " તમો સર્વ બેઠા છતાં જામશ્રી પૈસાનું દુઃખ કેમ સહે? તમારા જેવા હજારો કારભારીઓ જેની પાસે હોય તેને પૈસાનું દુઃખ કેમ રહેવું જોઇએ" એમ કહી, વર્ધમાનશાહ નામના દેશ દિવાન પાસેથી નવલાખ કોરી, અને બીજાઓની પાસેથી પણ યથા યોગ્ય લઇ. અર્ધ કરોડ કોરી ભેણી કરી, અને જશાજીએ ખંભાળીએથી જામશ્રી સતાજીને તેડાવ્યા તેઓ આવતાં બાપ દીકરો મળી આનંદથી રાજ્ય કરવા લાગ્યા.

એક સમયે ખુસીથી બેઠા હતા ત્યાં યુદ્ધની વાત ચાલતાં જેસા વજીરનું કહેલું. લોમા (કાઠી)ની હરામ ખોરીનું વચન યાદ આવ્યુ. તેથી જામશ્રી સતાજીએ કુમારશ્રી જસાજીને હુકમ કર્યો કે " ફોજ તૈયાર કરી લોમાકાઠી પર ચડાઇ કરો" તેથી જસાજીએ જોશીઓને તેડાવી શુભ મુહુર્ત જોવરાવી શહેર બહાર ઝંડો ખડો કરાવી પ્રસ્થાનનો તંબુ ખડો કર્યો, દસ દિવસની અંદર સર્વ ફોજ એકઠી કરી,નગારા પર ઘોંસો દઇ ફોજ ચલાવી ખરેડી(ખેરડી)નામના ગામને ઘેરો ઘાલ્યો, વીરોને પડકારી ગામ ભાંગી અંદર દાખલ થયા, તરવાર ચલાવી ઘણાકોનાં માથાં રડાવી, ઘણા કાઠીઓનું સુડ કાઢી નાખ્યું, લોમાના વંશમાં એકને બચાવા દીધો નહીં, અને લોમાને પણ માર્યો, ખરેડી ગામને લુંટી લગડી જીતના નગારાં બજાવી. પોરસના ભર્યા જસોજી જામનગર પધાર્યા,

સાથે રાજસાહેબને પાછા હળવદ પહોંચાડવા ગયો. આ વાતના ખબર જામજશાજીને થતાં, પાછળ કેટલુંક સૈન્ય મોકલ્યું પરંતુ તે સૈન્યનો લગભગ હળવદની સરહદે ભેટો થયો. ત્યાં શંકરદાસ નાગર બહાદુરીથી સામો લડ્યો, અને રાજસાહેબ કેટલાક અંગરક્ષકો સાથે હળવદમાં સહિસલામત પહોંચી ગયા. અને એ લડાઇમાં વિર શંકરદાસ પોતાના કેટલાક સૈનિકો સાથે મરણ પામ્યો.

જામશ્રી જશાજીના મરણ વિષેની બે વાત છે. (૧) કોઇ ઇતિહાસકાર લખે છે કે ઉપરના બનાવના પરિણામે ઝાલીરાણીએ જામશ્રી જશાજીને દગાથી માર્યા (વિ. સં. ૧૬૮૦) (૨) ત્યારે વિભાવિલાસમાં જશાજામના મરણની હકીકત ઉપરનાથી સાવ જુદાજ પ્રકારની છે કે એક વખત રાજ્ય કચેરીમાં સર્વ અમીર ઉમરાવો સાથે જામશ્રી જશોજી સિંહાસન ઉપર બિરાજ્યા હતા, તે વખતે જામશ્રી અજાજીના પાટવીકુમાર શ્રી લાખોજી તથા વિભોજી કચેરીમાં આવતાં કોઇએ પણ તેઓને સલામ કરી નહિ પણ નાગવજીરના દીકરા અલ્લીવજીરે ઉભા થઇ, "ઘણી ખમા! જીએ જામ" કહી સલામ કરી, એ જોઇ જામ જશોજી કોપ કરી બોલ્યા કે "તારો જામ કોણ?" અલ્લીવજીરે—જામલાખા તરફ આંગળી ચીંધી કહ્યું કે "સાચો જામ એ છે" ત્યારે જામ જશાજીએ કહ્યું કે 'હું કોણ?' અલ્લીવજીર કહે "આપ જામસાહેબના કાકા, પણ જામતો-આ-જામલાખોજી છે,' જામ જશો કહે, "તારો જામ હશે તે તને ઉગારશે, સવારમાં તૈયાર થઇ રહેજે હું તને મારીશ." "મારો કે જીવાડો એતો આપ ધણી છો" એમ કહી અલ્લીવજીર સલામ કરી, ઘેર આવી, પોતાના ભાયાતોને તેડાવી સઘળી હકીકત કહી.

સૌ ભાયાતોની સલાહથી તે રાતમાંને રાતમાં, એક પત્થરનોકોઠો તૈયાર કરી, જાબદો કરી બેઠો, સવાર થતાં જામ જસાજીએ, વજીરને મારવા માટે, તથા એ કોઠો પાડવા માટે, તોપ તથા ફોજની તૈયારી કરી, તેટલામાં 'માલા' નામનો ભોઇ, કે જે જામ જશાજીનું રસોડું કરતો હતો, તેણે જશાજીને કહ્યું કે "સિરામણી કર્યા વિના કદી ન જવાય, હું જલદી સાકર નાખી દૂધ ને પવા તૈયાર કરી, આપું તે આરોગી લ્યો." આમ કહી ભોઇએ હુરમે આપેલા માદળીયાનું ઝેર ભેળવી. દૂધ પવા જમવા આપ્યા. તે જશોજી જમતાં, [એક બે કોળીયા ખાતાંજ] ઢળી પડ્યા, એ ખબર થતાં અલ્લીવજીરે દરબારમાં આવી રાજ રીતથી માંડવી બનાવરાવી. વિધિ સહિત જશાજીની દાહ ક્રિયા કરાવી. અને હરામખોરી કરનારા માલાભોઇને ધારતળે કાઢયો (મારી નંખાવ્યો.)

ઉપર મુજબ જામશ્રી જશાજી પોતાના બાહુબળથી રાજ્ય મેળવી સોળ વર્ષ રાજ્ય કરી વિ. સં. ૧૬૮૦ માં કૈલાસવાસી થયા.

ઇતિ શ્રીયદુવંશપ્રકાશે એકાદશીકળા સમાપ્ત.

× એ કોઠો બજારની લાઇન દોરીમાં આવતાં હાલમાં કાઢી નાખવામાં આવેલ છે. તે શાકમારકીટની સામેની લાઇનમાં હતો અને તે વજીરના કોઠા તરીકે ઓળખાતો હતો.

શ્રી દ્વાદશીકળા પ્રારંભઃ

(૩૭) (૫) જામશ્રી લાખાજી (૧ લા)

(ચંદ્રથી ૧૭૩ શ્રી કૃષ્ણ થી ૧૨૯)(વિ. સં. ૧૬૮૦ થી ૧૭૦૧ સુધી ૨૧ વર્ષ)

જામશ્રી સતાજીના પાટવિકુમારશ્રી ×અજાજી જે ભુચરમોરીના મહાન્‌યુદ્ધમાં કામ આવ્યા, તેને બે કુમારો હતા. પાટવી લાખાજી અને ફટાયા વિભાજી.

જામશ્રી લાખાજી જ્યારે નવાનગરની ગાદીએ બીરાજ્યા ત્યારે દિલ્હીની ગાદીએ બાદશાહ શાહુજહાન હતો. તેના વખતમાં ગુજરાતના સુબાઓ એક પછી એક નબળા આવતા ગયા તેથી તે તકનો લાભ લઇ જામ લાખાજીએ પોતાનું લશ્કર ખુબ વધાર્યું અને આસપાસનો પ્રદેશ કબજે કર્યો, તેમજ જામશાહી કોરીઓ ટંકશાળમાં ઘણીજ પડાવી. તેનો દેશદેશાવરમાં ખુબ પ્રચાર કર્યો, અને બાદશાહને ખંડણી ભરવી બંધ કરી. એ વખતે કાંકરેજ—અને બીજા ઠેકાણાનાં કોળી ઠાકોરોએ બંડ કર્યું હતું—કાઠીઆવાડમાં જામનગરના જામની પ્રબળ સત્તા વધતી જોઇને તથા ગુજરાતના બંડના ખબર સાંભળીને બાદશાહ ગભરાયો તેથી તેણે આજમખાન નામના હોંશિયાર અને બહાદુર પુરૂષને ગુજરાતનો સુબો નિમી અમદાવાદ મોકલ્યો. (વિ. સં. ૧૬૯૧) આઝિમખાને ગુજરાતના કોળીઓને નરમ પાડયા. અને કાઠીઆવાડના કાઠીઓને નરમ પાડવા મિરઝાં ઇસાતારખાનને સોરઠ (જુનાગઢ)ની જાગીરની ફોજદારી આપી તેથી તેણે કાઠીઓને નરમ પાડયા.

જામશ્રી લાખાજીએ તો આસપાસનો મુલક સર કરવા માંડયો. અને પોતાની ટંકશાળમાંની લાખો કોરીઓ દેશાવરમાં જવા લાગી તેથી વિ. સં. ૧૬૯૬માં ગુજરાતનો સુબો આઝિમખાન શાહી સૈન્ય લઇ નવાનગર ઉપર ચઢી આવ્યો, એ વખતે સુલેહ થઇ કે " જામે બાદશાહી ખંડણી ભરવી તથા ટંકશાળમાં કોરીઓ હવે પછી નવી પાડવી નહિં અને કાઠીઆવાડના કેટલાક બાદશાહી બહારવટીઆઓને જામે પકડી આપવા " ઉપર મુજબ કોલકરારો થતાં સુબો અમદાવાદ પાછો ગયો. અને છએક માસ વિત્યા પછી જામશ્રી લાખાજીએ પાછી કોરીઓ પાડવી શરૂ કરી. તેમજ નવા વર્ષની ખંડણી પણ ભરી નહિં અને સ્વતંત્રરીતે રાજ્ય ચલાવવા લાગ્યા.

× જામ અજાજીને ત્રણ રાણીઓ હતી. તેમાં, વાઘેલી રાણીના વિભાજી હતા. એ વિભાજીને જામસતાજીએ વિ. સં. ૧૬૬૩ માં કાલાવડ પરગણાંના બાર ગામો ગિરાસમાં આપ્યાં હતા, જ્યારે વિ. સં, ૧૬૬૪ માં જામ સત્તાજી દેવ થયાં, ત્યારે વિભાજી પોતાના માતુશ્રી સાથે કાલાવડમાં રહેવા આવ્યા, તે વખતે વિભાજીની ઉંમર ૧૫ વર્ષની હતી, તે વિભાણી વંશના રાજકોટ અને ગોંડલ સ્ટેટની શાખાની હકીકત, આ ગ્રંથના દ્વિતીય ખંડમાં આપવામાં આવી છે.

—: જામશ્રી લાખાજીના ગુણવર્ણનનો છપ્પય :—

પુરો તેજ પ્રતાપ, ભયો અજમલ સુત ભારી ॥
અફર હુકમ નવ ફરે, ધરા પછમ છત્રધારી ॥
ન્યાય અદલ નૃપનીત, દનોદન અધિક દ્રશાવે ॥
મોજ ઉદધિ મનમોટ, પ્રજા સુખ ચોગણ પાવે ॥
રંગ રાગ રોજ નવનવ રહસ, કહાં લગી બરનન કરે ॥
તખતેસ નગર લખપત તપે, સુરંદ હુત દિસે સરે ॥ ૧ ॥

અર્થ—અજા જામના પુત્ર ગાદી ઉપર પોતાના તેજ પ્રતાપથી તપવા લાગ્યા અને અણફેર હુકમ ચલાવવા લાગ્યા. એ પશ્ચિમધરાના પાદશાહ અદલ ઇન્સાફ કરવા લાગ્યા. તેમજ રાજનીતિથી રાજતંત્ર ચલાવતાં રાજ્યમાં સર્વપ્રજા સુખથી વરતવા લાગી. અને સમુદ્રની પેઠે ઉદારતાની વેળ ચડવા લાગી. તેમજ હંમેશાં નવા નવા રંગરાગથી દિવસો વિતવા લાગ્યા, કવિ કહે છે કે હું કયાં સુધી વર્ણન કરૂં? જામશ્રી લાખાજી તો નગરના તખ્ત ઉપર ઇંદ્રિથી સરસ વૈભવો ભોગવતાં શોભવા લાગ્યા.

નાગવજરનો પુત્ર અલ્લીવજીર કે જેણે જામ જશાજી સામુ બંડ ઉઠાવી, જામ લાખાજીને ગાદીએ બેસાર્યા હતા. એ વાત ઉપર આવી ગઇ છે. એ અલ્લીવજીર ઉન્મત્ત થઇ જામલાખાજીના હુકમની પણ અવગણના કરતો નિઃશંકપણે વર્તવા લાગ્યો. તેથી જામ લાખાજીએ તેને મરાવી નાખ્યો તે વિષે દુહા છે કે—

દુહા—પાસ વજીરસ પુછણે, બદ અલ્લી બુધબંત ॥
શંકન માને શામરો, આપ ચલે ઉન્મત ॥ ૧ ॥
કરતે દિન વિતા કહી, એકદ કરે ઉપાય ॥
ગોઠ બનાવી બાગમે, વહાં વજીર બુલાય ॥ ૨ ॥
રંગરાગ રચીયા રહસ, પ્રબળા દારુ પાય ॥
જુગતે ગોઠ જીમાવતે, ઉહાં દગો ઉપજાય ॥ ૩ ॥
અલી દગાસે મારીયો, કીયોસ પુરણ કામ ॥
હર જાણે જો કા હુઓ, કાહુ લહયો ન નામ ॥ ૪ ॥
ભાંગ્યો જોર બજીરકો, અતબળ બાઢે આપ ॥
જામ લખપત જોયીઓ, પુરો તેજ પ્રતાપ ॥ ૫ ॥

અર્થ—અલ્લીવજીર વજીરાત કરવા લાગ્યો. પણ તેમાં પ્રતિદીન લાખાજીનો જરાપણ શંકા નહિં રાખતાં ઉન્મત્તાઇથી વર્તવા લાગ્યો. કેટલાએક દિવસ વીતતાં

જામ લાખાજીએ વિચાર કરી સોઢીવાડીમાં ગાદ કરી વજીરને તેડાવી, દારૂપાઇ તેના સર્વ ભાઇ ભત્રીજા સહીત જીવતા ખાડામાં દટાવી દીધા. અને એમ થયાની કોઇને ખબર પણ પડી નહિ. આમ વજીરનું જોર ભાંગી, લાખોજી નિષ્કંટક રાજ્ય કરવા લાગ્યા. અને ગાદી ઉપર તેજ પ્રતાપથી તપવા લાગ્યા.

જામશ્રી લાખાજીને સાત કુંવરો હતા. તેમાં પાટવી ૧ રણમલજી, ૨ રાયસિંહજી, ૩ *જશોજી (એ ત્રણેય સહોદર ભાઇઓ હતા) ૪ હરભમજી, ૫ કરણજી, ૬ સત્તાજી. ૭ કુંગરજી.

પાટવીકુમાર રણમલજી ગાદીએ આવ્યા હતા. બીજા કુંવર રાયસિંહજીને આમરણ, ૩ જશાજીને બારેજા ૪ હરભમજીને મોખાણાં ૫ કરણજીને બેડ, ૬ સતાજીને ખાનકોટડા, એમ બાર બાર ગામના પરગણાઓ આપવામાં આવેલ હતા. અને સાતમા કુંવર કુંગરજી, તે નાનપણમાંજ ગુજરી ગયા હતા.

ઉપર મુજબ એકવીશ વર્ષ રાજ્ય ચલાવી વિ. સં. ૧૭૦૧ માં જામશ્રી લાખાજી સ્વર્ગે સિધાવ્યા.

(૬૮) (૬) જામશ્રી રણમલજી (૧ લા)

(ચંદ્રથી ૧૭૪ શ્રીકૃષ્ણથી ૧૨૦) (વિ. સં. ૧૭૦૧ થી ૧૭૧૭ સુધી ૧૬ વર્ષ)

એ જામ રણમલજી બહુજ વૈભવશાળી અને મોજીલા હતા, તેના વખતમાં ખાસ કાંઇ જાણવા યોગ્ય બનાવ બન્યો નથી. પરંતુ તેમના જીવન પ્રસંગનો એક બનાવ કાવ્યમાં મળતાં અત્રે લખવામાં આવે છે—

છપ્પય—એક સમે મન આણ, સહલ કરવા નીસરીયા ॥
હેગે સાથ પહલ્લ, મારગડગાં સહ ભરીયા ॥
જોતે અવ જાગીર, પુરમન મોદસ પાયા ॥
દેખત દેખત દેશ, આપ કાળાવડ આયા ॥
કરીઆ મુકામ ડેરા કરે, સોડ મસલ્લાં ઉતરે ॥
રંગરાગ નૃત્ય કર નાયકા, નિસરહ ત્યાં મોજસ કરે ॥ ૧ ॥

દોહા—કરે મોજ આનંદકૃત, રહીયા એકસરેન ॥
તહાં એક અદ્‌ભુત ભયો, હોણી હાર મટેન ॥ ૨ ॥
એકસ જોગી ઉતરે, અળગો પાધર આય ॥
સાથ અતિતણ સો હરે, સોભા અંગ સવાય ॥ ૩ ॥

* વિ. વિ. માં લખે છે કે જશાજીને પાંચદેવળાંના બાર ગામો મળ્યા હતા. અને તે જિરાસો રણમલે જામે આપ્યા હતા.



(૭) જામશ્રી ૭ રાયસિંહુજી (૧)



(૬) જામશ્રી ૭ રણમલજી (૧)

देख अतितण दुरमति, उत्पन भयी स आय ॥
माणस छोटा कन लगा, भावि जोग मनाय । ४ ॥
गयो अतितस गाममे, भिच्छालेण सुभाय ॥
अतितण सो संध आदरी, वाताकरी बणाय ॥ ५ ॥
अतितण जद उचरी, सुणहो वात सपूर ॥
जोगी क्रोधी अगन जळ, मारे मरे जरुर ॥ ६ ॥
वात करंता वारहे, आयो जोगी एम ॥
करते हाथस तेगकुं, ततखण खेंचीतेम ॥ ७ ॥
हुवोस हडचो हक बकां, तेग झपट तीणताळ ॥
अंगलगा अवधूतने, केता घाव कपाळ ॥ ८ ॥
बावो मरतां बोलीयो, बचन कहे अवचाळ ।
भोगवते यह भामीनी, काळ होसी ततकाळ ॥ ९ ॥
अबळा ले घर आवीया, सो दिन कियो संजोग ॥
इंद्रि रोगस उपन्यो, लागी अगनि लोग ॥१०॥
अतपिडा घट उपनी, नेकस रह्यो न जाय ॥
दिन दिन पीडा अधकता, अहनिस तलफत जाय ॥११॥
मंत्र जंत्र ओषध मळे, केकस किया प्रकार ॥
करते हकमत कोयरी, लागी नहिं लगार ॥१२॥
पीछे यों परियाणीया, दिनो बाद दिराय ॥
चतुराइ कुछ ना चले, होणी होइ रहाय ॥१३॥
रावण चंद्रह सुरपति, वाळ बळी बळवंत ॥
तेही सेवत परत्रीया, अवगण हुवा अनंत ॥१४॥

અર્થ—એક સમયે હાથી ઘોડા તથા અમીર ઉમરાવો વિગેરેને સાથે લઇ જામશ્રી રણમલજી પોતાનો પ્રદેશ જોવા નીકળ્યા. મહાલ તથા જાગીરો જોતાં જોતા કાલાવડ પધાર્યા. કાલાવડને પાદર મુકામ થતાં અમીર ઉમરાવો પોતપોતાની મીસલ પ્રમાણે ઉતર્યા. જામશ્રીએ ત્યાં કચેરી કરી રાગરંગ કરાવી, આનંદથી રાત વિતાવી, સવારે ભાવિની પ્રબળતાને લીધે એવો બનાવ બન્યો કે કાલાવડના પાદરમાં ઉતરેલા એક જોગીની સાથે એક અતિ રૂપાળી અતિતણ હતી તે જામશ્રીના જોવામાં આવી, અને હલકાં માણસો પણ પડખે ચડયાં. તેથી તે અતિતણથી વાત ચલાવી કે "તું જો ચાલતો તને પાસવાન કરી અમારો રાજા જનાનામાં

રાખે' અતિતણે કહ્યું કે "આ વાત જવા દો જોગી મહાક્રોધી છે, અગ્નિ તથા જળ જેવા છે અને મારે કે મરે એવા છે, જોગી ગામમાં ભિક્ષા માગવા ગયા છે. તે જો આવશે તો ધિંગાણું થશે' એટલામાં જોગી ભિક્ષા માગી આવ્યા, અને જોયું તો માણસો અતિતણથી વધારે કરી રહ્યા હતા. જોગી તુરતજ તરવાર ખેંચી ધિંગાણું કરવા લાગ્યો. અને જામશ્રીના માણસો પણ તરવાર ખેંચી જોગીપર વળ્યા. જોગી ઘામાં ચકચુર થઇ ધરતી ઉપર પડયો. પડતાં પડતાં બોલ્યો કે "રાજા આ સ્ત્રીને તું લઇ જાય છે. પણ તું આનો સંગ કરીશ તો તારાં પ્રાણ જશે પછી જામશ્રી તે સ્ત્રીને લઈ ઘેર પધાર્યા. અને એજ રાત્રિમાં સંભોગ પણ કર્યો, તેથી તે વખતેજ ઇંદ્રિયમાં બળતરા ઉત્પન્ન થઇ, જરાવાર પણ જંપ વળે નહિં. એવી દિવસે દિવસે પીડા વધવા લાગી, ઘણાં મંત્ર, જંત્ર, તથા ઔષધો કર્યા પણ કાંઇ ફેર પડ્યો નહિં. ભાવિ આગળ કાંઇ ચાલતું નથી એમ ધારી છેવટમાં ઇંદ્રિયને કપાવી નાખી. રાવણ, ચંદ્ર, ઇંદ્ર, અને વાળી, તેઓ મહાબળવાન્ છતાં પણ તેઓને પરસ્ત્રીના સંગથી ઘણા અવગુણ થયા હતા, તેમ જામ રણમલજીને પણ થયું.—ઉપરનો બનાવ બન્યા પછી જામશ્રી રણમલજી હંમેશા ઉદાસ રહેવા લાગ્યા જામશ્રી ઇડરના રાઠોડના ભાયાતની દીકરીને પરણેલા હતા. તે બાઈપર ઘણી મહેરબાની થવાથી તેના કબજામાં આવી ગયા. તેથી એ બાઇએ પોતાના ભાઇ ગોવર્ધન રાઠોડને તેડાવી સ્વતંત્રતાથી સઘળું રાજ્યનું કામ કરવા લાગ્યાં. ગોવર્ધને અણફેર હુકમ ચલાવી કારભારીઓ પણ પોતાની વગના રાખ્યા. રાજ્યના જુના સર્વ અમીર ઉમરાવોને દૂર કરી મેલ્યા. અને જામના સર્વ ભાયાતોને નગરમાં આવવાની બંધી કરી, આવો બંદોબસ્ત કરી એક ×કૃત્રિમ કુંવર ઉત્પન્ન કરી જામશ્રીને વધાઇ દીધી કે આપને ત્યાં કુંવર અવતર્યા, જોષીને તેડાવી વેળા લેવરાવી કુંવરનું નામ "સતોજી" પાડયું.

જામશ્રીએ મનમાં વિચાર્યું કે મારી આવી સ્થિતિમાં કુંવરનો જન્મ કયાંથી? પણ આ બધું ગોવર્ધનનુંજ કાવતું છે. મારો હુકમ તો જરાપણ નથી ગોવર્ધનનોજ હુકમ સર્વ જગ્યાએ ચાલ્યા રહ્યો છે. તેના ભયથી હાલારદેશ કંપાયમાન થઇ રહ્યો છે. અને આપખુદીથી તે ઘણા અન્યાયી કામો પણ કરે છે. માટે હવે કાંઇ ઉપાય થાય તો સારૂં આવો વિચાર કરી પોતાના ભાઇ રાયસિંહજી તથા જશાજીને 'ગોઠ'નો મિસ બતાવી, ધુંવાવની વાડીમાં બોલાવ્યા. રાયસિંહજી તથા જશોજી હાજર થઇ ઘણા હેતથી ભાઇને મળ્યા જામશ્રીએ એકાંતમાં બેસી રાયસિંહજીને કહ્યું કે—

ए कृत कुंवर कीनो अकाज ॥ रासंग नग्र तुव बेठ राज ॥

"આ કુંવર તરકટનો (કૃત્રિમ) બનાવેલ છે માટે મારા પછી નગરની ગાદી તું સંભાળજે અને ગાદીએ પણ તું બેસજે" રાયસિંહજીએ અરજ કરી કે

×કોઇ ઇતિહાસકાર કહે છે કે તે કુંવર ગોવર્ધનનોજ હતો.

સાહેબ આપ આમ કેમ બોલો છો? સતોજી અમારો ધણી છે અને અમો એમના ચાકર છીએ. આપ આપ બેટાની જોડથી અવિચળ રાજ કરો. જામ રણમલજી બોલ્યા કે રાયસિંહજી તમે એમાં સમજો નહિ હું જે કહું છું તે સત્ય કહું છું. વળી મારા દેહની તમને સઘળી ખબર છે. એમ કહી બોલ્યા કે—

॥ છંદ પદ્ધરી ॥ વ્રણસંકર રાજપાટસ વિરાજ, લાગેસ તખત રાવળં લાજ ॥
યહ માટ કરહુંબેગહ ઉપાય, જે વચન વૃથા મેરો ન જાય ॥ ૧ ॥

હે રાયસિંહજી જો એ વર્ણશંકર સતો—જામ રાવળની નગરની ગાદી ઉપર બેસે તો રાવળજીના તખતને બોટ લાગે માટે તમે ઉપાય કરજો કે જેથી મારૂં વેણ વૃથા ન જાય. રાયસિંહજીએ એ વાત કબુલ કરી. પછી ભાતભાતના ભોજન આરોગી સર્વ ભાઇઓ રજા લઇ પોતપોતાના સ્થાને ગયા.

ગોવર્ધન રાઠોડનું કાવતું

ગોવર્ધનના જાસુસોએ ખબર આપી કે જામશ્રી રણમલજીએ પોતાના ભાઇ રાયસિંહજી તથા જશાજી સાથે કુંવાવ મુકામે એકાંત કરી કાંઇ મત બાંધ્યો છે. આ વાત સાંભળી ગોવર્ધનના મનમાં ખટક થઇ, અને તે પ્રગટ રીતે દ્વેષ કરવા લાગ્યો. પછી થોડેક કાળે જામશ્રી રણમલજી દેવલોક-વાસી થતાં, તેમનો વિધિ સહિત દહનક્રિયા કરી. ખરચ કરવાની 'શાહપત્રી' લખવામાં આવી.

જામનગરમાં ગોવર્ધન રાઠોડે એવી આણ ફેરવી કે કોઇપણ જાડેજાને શહેરમાં આવવા દેવો નહિં અને જે બિજમાનો ખર્ચ ઉપર આવે તેને નાગમતી નદીના કિનારે તંબુઓ તણાવી. છાવણીમાં ઉતારવાનો બંદોબસ્ત કર્યો.—જામ-રણમલજીના દેવલોક વાસી થયાના ખબર સાંભળી તમામ ભાયાતો પોતપોતાના કુટુંબ કબિલા સાથે વાહનોમાં જામનગર આવવા લાગ્યા. તે વિષે કાવ્ય છે કે—

દોહા—અણવટ સૂણતેં આવીયા, સહ જાડેજા સાથ ॥
રથ ગાડી વેલાં રખત, સોડ મળે સમરાથ ॥ ૧ ॥
આવી પાધર ઉતરે, નદીઆં કાંઠે નેક ॥
નિજ જાડેજા નગરમે, આવણ નદીએ એક ॥ ૨ ॥
યહ સારા પરિઆણીયા, કો અબ કીજે કેમ ॥
બળ ગોવર્ધન બાંધીઓ, આવણ જાવણ એમ ॥ ૩ ॥
શતપંચ કરીઆ સાબદા, બખતરીયા ઇણ બાર ॥
પંચ પંચ કર પેસીયા, રથ વેલાં કર તયાર ॥ ૪ ॥
અંદર આવે રાણીયાં, અવર ન આવે કોય ॥
જોપે કરીઆ જાબદા, ખેંચ કનાતાં સોય । ૫ ॥

રજા લઇ દરબારમે, આયા ઉત્તર એમ ॥
વીરાં હક તેગાં તણી, ત્રમઝટ બાજી તેમ ॥ ૬ ॥

જ્યારે કોઇપણ જરૂર ભાયાતને નગરમાં આવવા નહિં દેતાં, નદીના કિનારેજ રાખ્યા, ત્યારે તમામ ભાયાતોએ મળી, ગોવર્ધન રાઠોડનું બળ તોડવા એક મત કર્યો. તેમાં કુમારશ્રી રાયસિંહજીને ધ્રોળના ઠાકોરશ્રી જુણાજીએ તથા નવાનગરના જમાદાર ગોપાળસિંહજીએ ઘણીજ સારી મદદ કરી હતી. એ બધાયે મળી ગોવર્ધન રાઠોડને કહેવરાવ્યું કે " કંઇ ઓઝલ મરજાદવાળી બાઇઓ, નદીને કિનારે જંગલમાં રાતવાસો રહે નહિં, માટે બાઇઓને જનાનામાં આવવા રજા આપો તો મોકલીએ" એમ કહી બાઇઓ માટે પડદાવાળા એકસો રથ મંગાવ્યા. એ ઉપરથી ગોવર્ધન રાઠોડે બાઇઓને દરબારમાં આવવાની રજા આપી અને મંગાવેલ રથો મોકલ્યા, રથો આવતાં ભાયાતોએ પ૦૦) બખતરીઆ તૈયાર કરી એક એક રથમાં પાંચ પાંચ યોદ્ધાઓને હથીઆરથી સજ્જ કરી બેસાડી, ઉપર પડદાઓ બાંધી રથ પાછળ બબ્બે માણસો હથીઆર બંધ, રથના રક્ષણ માટે જનાનાની દોદીથી પાછા આવવાનું કહી મોકલ્યા. અને એક રથમાં કુમારશ્રી રાયસિંહજી તથા ઠાકોરશ્રી જુંણાજી તથા જમાદાર ગોપાળસિંહજી વગેરે બેઠા. જનાનખાનાના ચોગાનમાં રથો જતાં, દોદી આગળ જબદો કરી કનાત ખેંચી રથમાંથી પાંચસો બખતરીઆ યોદ્ધાઓ ઉતરી પડ્યા અને આસપાસના (ગોવર્ધન રાઠોડના) માણસોને મારવા લાગ્યા. ગોવર્ધન રાઠોડે ધ્રોળના ઠાકોરશ્રી જુંણાજીને મેડી ઉપર વિષ્ટિ માટે બોલાવ્યા, પણ તેઓનો દગો છે. તેમ ઠાકોરશ્રીને જાણ થતાં મેડી ઉપર જઇ ગોવર્ધન રાઠોડને કટારવતે મારી નાંખ્યો. તે વખતે જનાનખાનાના ચોકમાં (દરબારગઢમાં) થયેલ યુદ્ધનું વર્ણન—

॥ છંદ ભુજંગી ॥

બજી વીર હકં, ઝકં તેગવાળી । બહે સુર હથ્થં, હથ્થં દોદવાળી ॥
કડાજુડ માચી, કરે દો કટ્ટકા । રમે શુરવીરં, રણંકકે રટ્ટકા ॥ ૧ ॥
શતં પંચ શુરં, લડે જુદ્ધ સામા । જરદં કસે, અંગરંગીજ જામા ॥
ધસે જંમ દાઢં, કિતા ધારધારં । મથ્થં દૂર છકે, બકે મારમારં ॥ ૨ ॥
કરી હાક બિરાં, જવાનાં હકારે । પડે જુજવા, ભુબિયા કે પ્રચારે ॥
અંમો સામહા, આવિયા જોર આટં । ઝડે આગ કેતિ, બહે ખગ ઝાટં ॥ ૩ ॥
ખગારંગ ચોળં, કિયે સ્ત ખેતં । ઉઠે ઘાયલં, કેક ઘુમે અચેતં ॥
ખરી જમ્મ દાઢં, છુરી કા ખણંકે । બહાસં કિતા, ગાઢ ગાઢં બણંકે ॥ ૪ ॥



જામશ્રી રાયસિંહજીનું સેખપાટના પાદરનું મહાન યુદ્ધ



(પૃષ્ઠ ૨૪૦) પડદાવાળા રથમાં યોદ્ધાઓએ બેસી દરબારગઢમાં પ્રવેસ કરી ગોવર્ધન રાઠોડનો કરેલો વધ.

दरबार चुकं, हकारंत शेरं, तहि बार हुतं, करी हल्ल तेरं ॥
जडा हल्लीया, जोध बंधे सजोरं, चडी चोट कोटं, लीया मार चोरं ॥ ५ ॥
धसे गोरधनं, लगी खग्ग धारं, बटे अंग नंग, छटे जुज वारं ॥
पडे पास राठोड, केता पहट्टं, घुमे श्रोण धारं, वहे घट्ट घट्टं ॥ ६ ॥
कटे रुंड मुंडं, करं पाव कट्टं, लहे लोथ बोथं, कबुत्रं स लट्टे ॥
संघारे राठोडं, गोरधन्न साथं, हवे तेण वेळा, हलाजीत हाथं ॥ ७ ॥

અર્થ—વીરહાકો થવા લાગી. રણક્ષેત્રમાં વીરો રમવા લાગ્યા, પડેલાં માથાં માર મારનો શબ્દ કરવા લાગ્યા, મોટા ઘા કરવા લાગ્યા, એક ઘાથી બે કટકા થવા લાગ્યા અને કટારીઓ આરપાર નીકળવા લાગી એ વખતે ગોવર્ધન રાઠોડ પણ તરવાર ખેંચી વીરરસમાં આવ્યો. અને તેણે દગો થયો દગો થયો એમ કહી પોતાના યોદ્ધાઓને પણ પડકાર્યા, તેથી તેઓ પણ જોરથી લડવા લાગ્યા, તરવારની ધારોમાંથી અગ્નિ વરસવા લાગ્યો, રણક્ષેત્ર લાલચોળ થઇ ગયું, હાથ, પગ, તથા માથાઓ કપાવા લાગ્યાં, કેટલાએક ઘાયલો ઘુમવા લાગ્યા, તથા બીજા કેટલાએક યોદ્ધાઓ રણક્ષેત્રમાં કામ આવ્યા. કેટલાક ઘાયલો કબુતરની પેઠે લોટવા લાગ્યા. આવી રીતે ગોવર્ધનને તથા ગોવર્ધનના સઘળા સાથને સંઘારી હલ્લાં કરી, ઘડીચોટમાં જાડેજાઓએ દરબારગઢનો કિલ્લો કબજે કર્યો.

ઉપર મુજબ ગોવર્ધન રાઠોડને માર્યા પછી કૃત્રિમ કુંવર સતાજીની શોધ દરબારમાં કરતાં તે હાથ આવ્યો નહિ. જેથી ગમમાં શોધ કરતાં ખબર થઇ કે એક ×વડારણ સાથે તે વડારણનાં લુગડાં પહેરી ધસામલેકને ત્યાં સંતાયો છે. એ ઉપરથી મલેકને તેડાવી કહ્યું કે "અમોને સતાજી સોંપો–નહિંતર તમારી ખરાબી થશે." મલેકે જવાબ આપ્યો કે "મારાથી તે સોંપાશે નહિં મને મારીને સતાજીને લઇ ગયો," એ સાંભળી, રાયસિંહજી બોલ્યા કે "તમારા જેવા જુનાં માણસને મરાય નહિં, પણ તેને તમે કાઢી મુકો એટલે તે ખુશી પડે ત્યાં જાય" ધસામલેકે એ વાત કબુલ કરી સતાજીને કાઢી મુકયો.

તે પછી જામશ્રી રણમલજીની ઉત્તર ક્રિયા રાયસિંહજીએ પોતાના હાથથી વિધિપૂર્વક કરી, પોતે જામશ્રી રણમલજીને ધુંવાવની વાડીમાં આપેલા વચન પ્રમાણે જામશ્રી રાવળજીના તખ્ત ઉપર બીરાજ્યા. (વિ. સં. ૧૭૧૭)

(૩૪) (૭) જામશ્રી રાયસિંહજી (૧ લા)

(ચંદ્રથી ૧૭૫ શ્રી કૃષ્ણથી ૧૨૧) (વિ. સ. ૧૭૧૭ થી ૧૭૨૦=૩ વર્ષ)

જામશ્રી રાયસિંહજીએ ગાદીએ બિરાજી, પોતાને મળેલું આભરણ પરગણું, નાનાભાઇ જશાજીને આપ્યું, તેમજ સહુ ભાઇઓને તેડાવી જામનગરમાં વસાવ્યા. અને પ્રજાને અદલ ઇન્સાફ આપી થોડી મુદતમાં ઘણોજ પ્રજાપ્રેમ મેળવ્યો.

×કોઇ ઇતિહાસકાર વડારણને બદલે તેની મા સાથે ભાગી ગયાનું લખે છે.


કૃત્રિમ કુંવર સતાજી ફરતો ફરતો કેટલીક મુદતે અમદાવાદ પહોંચ્યો, એ વખતે ત્યાં બાદશાહી સુબાતરીકે કુતુબુદ્દીન હતો. તેના આગળ જઇ સતાજીએ ફરીયાદ કરીકે "હું નવાનગરનો જામછું. પરંતુ ત્યાં સર્વ જાડેજા ભાયાતોએ ભેળા થઇ મારા મામાને તથા બીજા કેટલાક મારા માણસોને પણ મારી નાખી, રાયસિંહજીને નવાનગરની ગાદીએ બેસાડી દીધો છે. હું મારો જીવ જાળવી, માંડ ભાગી છુટી આપને શરણે આવેલ છું. આપના રાજ્ય અમલમાં આવા અનર્થો થાય છે તો આપ સાહેબ મહેરબાની કરી મને મારૂં રાજ્ય પાછું અપાવો આપ અમારા માલીક છો એમ માની હું આપ હજુર ફરીઆદ આવેલ છું"

ઉપરની ફરીઆદ સાંભળી સુબો કુતુબુદ્દીન બોલ્યો કે "મારી સુબાગીરીમાં પણ આવા અન્યાય થાય છે?" એમ કહી તુરતજ મોટી ફોજને તૈયાર કરવાનો હુકમ આપ્યો, અને થોડાજ દહાડામાં ખુદ પોતે, કૃત્રીમ, સતાજીને સાથે લઇ નવાનગર ઉપર ચઢી આવ્યો. (વિ. સ. ૧૭૨૦)


નવાનગર ઉપર બાદશાહી સુબો ચઢી આવે છે. તેવા ખબર જામશ્રી રાયસિંહજીને થતાં, તેઓએ પણ ફોજની તૈયારી કરવાનું શુભ મુહૂર્ત જોવરાવી. ઝંડા ખડા કરી, દેશમાં સાંઢીઓ ફેરવી સર્વ લડાયક માણસોને એકઠા કરી, સુબા સામી કુચ કરી, શેખપાટ નામના ગામે તેમના સામુ દારૂણ યુધ્ધ મચાવ્યું, એ લડાઇમાં કોણ કોણ કામ આવ્યા તે વિષે કાવ્ય છે કે—

દોહા—સહસ્રવીસ જાડેજસો, ખગ ઢળીયા રણખેત ॥
તીસસહસ તુરકાંણરા, ચડીયા ખાગ સચેત ।' ૧ ॥
રાસંગ ઢળીયા રણમહીં, સમરજીત પતશાહ ॥
રણ સંભારે સૂરમા, દિયાસ પાવક દાહ ।. ૨ ।
ધ્રોળ ધણી સાંગોસધર, ગોંડળ પત સગરામ ॥
રાસંગ આગે રણરચી, ધન્ય પુગા પ્રમ ધામ ॥ ૩ ॥
ચડીયો કુતબસચોંપસેાં, આયો નગરસ આપ ॥
થરકર થાંણા થાપિયા, ગાદી સત્રશલ થાપ ॥ ૪ ॥
અમલ જમાયો આપરો, અફર ફરે નહ આણ ॥
દૂજો કો દરસે નહીં, તોર વઢયો તુરકાણ ॥ ૫ ॥

અર્થ—એ લડાઇમાં જામશ્રીનાં ૨૦૦૦૦) માણસો કામ આવ્યાં, અને અમદાવાદી સુબાનાં ૩૦૦૦૦) માણસો કામ આવ્યાં, તેમજ જામશ્રી રાયસિંહજી તથા ધ્રોળના ઠાકોરશ્રી સાંગ્રામજી વગેરે મહાન પરાક્રમ બતાવી, રણક્ષેત્રમાં પડયા,



જામશ્રી તમાચી તગડ શહેરનો કિલ્લો કબજે કરી સુબાને હરાવી કાઢે છે.



(૮) જામશ્રી ૭ તમાચી તગડ

સર્વ વીરોને સંભાળી દાહ ક્રિયા કરી બાકીનાં માણસો ચાલતાં થયાં, બાદશાહી સુબાની ફેતેહ થઇ સુબા કુતુબુદ્દીને કુચકરી નગરમાં આવી, પોતાના થાણાં થાપી, આંણ દાણ ફેરવી, સતાજીને ગાદીએ બેસાડયો, એ વખતે મુસલમાનોનું જોર ઘણું વધી ગયું કે, જેમાં બીજો કોઇપણ દેખાવા ન લાગ્યો.

ઉપરના મહાન યુધ્ધમાં જામશ્રી રાયસિંહજી શેખપાટને પાદર લડાઇમાં કામ આવતાં, શાહી સુબા કુતુબુદ્દીને નવાનગરમાં આવી શહેર કબજે કર્યું. અને ત્યાં નાયબ સુબા તરીકે એક કાજીને નીમી પોતાની મહોરછાપ આપી અને કૃત્રિમ કુંવર સતાજીને એક નામ માત્રનોજ રાજા તરીકે રાખી તમામ મુલક ખાલસા સરકાર સાથે જોડી દીધો, અને નવાનગરનું નામપણ ×"ઇસ્લામનગર" પાડયું (વિ. સં. ૧૭૨૦)

(૪૦) (૮) જામશ્રી તમાચીજી તગડ (૧ લા)

(ચંદ્રથી ૧૭૬ શ્રીકૃષ્ણથી ૧૨૨)——(વિ. સં. ૧૭૨૯ થી ૧૭૪૬ સુધી ૧૭ વર્ષ)

જામશ્રી રાયસિંહજી [વિ. સં. ૧૭૨૦ માં જ્યારે શેખપાટની લડાઇમાં કામ આવ્યા, તે વખતે તેમને પાટવીકુમાર શ્રીતમાચીજી અને ફલજી એમ બે કુંવરો હતા.

×કેટલાક ઇતિહાસકારો ભૂચરમોરીની લડાઇ વખતે નવાનગરનું નામ ઇસ્લામનગર પડયાનું લખે છે. પણ તે ખોટું છે, અમોને બીજા ઘણાં ગ્રંથો અને નવાનગરનું દફ્તર જોતાં, જણાયું કે. ભૂચરમોરીની લડાઇ પછી માત્ર આઠજ માસ બાદશાહી સત્તા રહી હતી, નવાનગરનું નામ ઇસ્લામનગર સુબા કુતુબુદ્દીને નવાનગર સર કરી, બાદશાહી સત્તા સ્થાપી હતી. તે વખતે પાડેલ હતું તે નીચેના ઉર્દુ લેખોથી વાંચકને ખાત્રી થશે.

ઇસ્લામનગર થયા પછી ઉર્દુમાંજ લેખપત્રો થતાં તેવા લેખો કેટલાએક ઉર્દુ ભાષાના અમને મળેલ છે. તે લેખો ઉપર કોની મહોરછાપ, શું નામથી છપાતી.

તેના નમુનાઓનું ગુજરાતી ભાષાંતર અત્રે આપેલ છે.

૧

મહમદફરખ બાદશાહગાઝી મુલ્ક બકન ફીદવી ૧૦૨૪

૨

મહમદ ફરખશેર બાદશાહ ગાઝી ફીરવી સરીયતખાન

૩

મહમદ ફરખશેર બાદશાર ગાઝ ફીદવી સેર બાદખાન ૧૦૨૬

૪

મહમદ ફરક બાદશાહ બલદા બનવા લી દાખ

એ વખતે તેઓની નાની વયને લીધે તેઓ નવાનગર છોડી ઓખા તરફ ગયા હતા. તે વિષે દુહા છે કે-(કોઇ લખે છે કે કચ્છમાં રા' પ્રાગમલજીને ત્યાં ગયા હતા. અને ત્યાંથી પછી ઓખામાં આવ્યા હતા.)

દોહા—કુંવર રાસંગ જામરા, ઓખે વસીઆ આય ॥
વડો તમાચી વીર વડ, છોટો ફલજી તાય ॥ ૧ ॥
વસઇ ગામ નિવાસ કર, રહીયા દોનું ભ્રાત ॥
વેળા ગુજારો કર વહાં, ચિત્ત ધર લેયણ ચાત ॥ ૨ ॥

અર્થ—જામશ્રી રાયસિંહજીના પાટવીકુંવર તમાચીજી તથા ફટાયા, ફલજી એ બંને ભાઇ ઓખામંડળમાં વસઇ નામને ગામે વેળા (વિપત્તી) ગુજારતા રહ્યા, પરંતુ મનમાં તો પોતાની પૃથ્વી પાછી લેવાનું ચિંતવન કરતા હતા.

૫

જાદે ફરખ મુમા બાદશાહ
અફઝલ અલીખાન
સન અહદ

૬

અલ્લા મહમદ બાદશાહ ફરક-
શેર ગાઝ ઇદાયિતે ફીદવી
અહદ સન ૧૧૨૫

૭

મહમદ ફરકશેર બાદશાહી
ગુલામઅલ્લી ફીદવી
અહદ સન ૧૧૨૫

૮

અલમુત વકીલુલ ઉદ અલ્લા
અલીખાદી મશારાકાઝી
મહમુદ ૧૧૨૬

૯

શાહ આલમગીર અજઝમાલ
અદલ-શશ અસત્ કાઝી
ઇબ્રાહીમરા.

નંબર ૯ વાળા ઉર્દુ લેખનું ગુજરાતી ભાષાંતર.

ઇકરારનામું વ. બનામ ઇબ્રાહીમ તથા વલી, તથા બાલુ દીકરા કાદી બીન અલીના જાતિ લોહર રહેવાશી 'ઇસ્લામનગર' મુલક હાલાર બાબત જે અમો ઇકરાર કરીએ છીએ કે એક થાળું જમીનનું મુસલમાની કાયદાની રૂહે ખરીદ કરેલ જુંજા જીવા વૃદ્ધિ આસપાસથી તેનું વેચાણ મુસલમાન જાત બતીજા અવરત્ લતીફ બીન જીવા મજકુરની સાખ કલરીઆ (ગલરીઆ મેમણ) મેં વેચાણ મહમુદી નાણાં ૨૪૮) સકરહુ જગા દઇ તે પર ઉમલો બનાવવા બાબત આ કરારનામું લખી આપ્યું કે ઇશ્મ મજકુર અમોને તેની દિવાલમાં આડમર આડી



ઇસ્લામ નગર સમયનો ઉર્દુ હસ્તલિખિત લેખ.

જેનું ગુજરાતી ભાષાંતર પૃષ્ટ ૨૪૫ મે છે.

જામનગરની ગાદી ઉપર સત્તાજીને નામનો રાજા રાખી મુસલમાનોએ સંપૂર્ણ સત્તા લગભગ આઠ નવ વર્ષ ભોગવી. એ વખતે કુમારશ્રી તમાચીજી તથા કેલજી ઓખામંડળમાં રહી, પોતાની બાપુકી જમીન કયારે પાછી મેળવીએ તે વિષે વિચાર કરતા હતા કે—

દોહો—જાતે બાપુકી જમી, કરે ન બાક્રમ કોય ॥
ઐ કળ લજણ ઉપન્યો, જોવત ધકતાં જોય ॥ ૧ ॥

વિગેરે રાખી શકે તે બાબતમાં અમારી તરફથી રોક ટોક કરવામાં આવે નહિં અને અમોએ જે મકાન બનાવ્યું છે તેની દિવાલમાં અમોએ જરી બારી રાખેલ નથી. અને તમોને પણ રાખવા દેશું નહિ તે બાબતમાં મને કોઇ જાતનો ઉજરદાવો નથી, આ ઇકરાર તોહું તો રાજ્ય સંસ્થિત (મુસલમાની કાયદા) મુજબ ગુનેહગાર ઠરું. આ જુજ કલમો દાખલા તરીકે લખી છે. કે જરૂરતના પ્રસંગે કામમાં આવે, તા. ૫ જમા દીલઅવલ સં. ૪૯ જુલસ મુબારીક.

ઉપરના લેખો પ્રમાણે ઇસ્લામનગરના નામથી વહીવટ ચાલતો તે છેવટ જામશ્રીવિભાજીની કાર્કીદી સુધી ઇસ્લામનગરના નામથી કાજીની મહોર થતી તે નીચેના લેખથી જણાશે.

બાદીમ શરાહ
કાજી બદરૂદીન—બીન—કાજી રૂકનુદીન
હી. સ. ૧૨૩૪

(કાજીની ઉપરની મહોર નીચેનો શેરો)

ઇસ ઓઝાસે સરીયતમેં ઇકરાર સહી
'ઇસ્લામનગર' રહેનેવાલા પઠાન્ વચનાત્ કૌમે
શ્રીમાલી ઉમિયાશંકર વ. મયાશંકર વલદવેજનાથ જોકરસન.

બાઆસે તહરીર ઇસ્તોર શરિયતકે જોકે ખબર દેતા હું મેં ઓઝા જોકરસન વલદ ચતરભજ બીન દેવરામ દો ઓરડા એક મેડીબંધા હુઆ માંઆ ઓસરીકે હદમહદુદસે અધાટ બિકાતા દીયાહે. ઉસકી તપસીલ હાથ એક કે ઇંચ બીસ મુજબ તુલશરકી અરબી હાથ અઠારા ઓર અરજ હાથ નવકી ઉસમે ઓરડી મેડીબંધ હય. જો ઉનકા બારના ઓર ઉપરકા બારના ઓર ઓસરી છુટ આથમની તરફ હે. ઉસકે આગલે નેવે ઓઝા બાપુ, કાનજીકી જગહકી સાથ ઉતરેહે. પછીત ઉગમની તરફ ખુદકી હય.

ઉસીકે નેવે ઓઝા બાપુકાનજીકી જગહમે ગીરતે હે. ઔર ઉસ પછીતમે બારના એક ઉપલી ઓર હેઠલી ભોંમેં ઓર ઉપલી ભોંમેં બારી એક હે. કરાહ જુનીબી ઓઝા જોડા ભગવાનજીકી મેડીકે શરીક હે. કરાહ શ્રીમાલી શેઠ ભગવાનજી કરમશીકી વખાર કે કરાહ સે મુસ્તમીલ હે, ઉસ કરહે કે અંદર દાદરા હે. હેઠલી ભોંમેં છુટ અંદર જગો હે સો ઉસકે જાને આનેકા રસ્તા હય. ડેલીકા બારના ચુનરૂએ ઓર આગે ડેલીકા દરવાજાબી ચુનરૂએ ઉસમે ચાલ પહેલે સબકી મજમું હે. ઇસ જગોમે ઇસ જગા ઉપર દેહની અપને ખ્વાત રખ્વા

બાપુકી જમીન જતાં કોઇ પુરૂષ કાંઇપણ પરાક્રમ ન કરે તો તે પુરૂષને ધિઃક્કાર છે અને તે તો કુળ લજ્જાભણે કહેવાય. પરંતુ આ બન્ને બાંધવ તો મહા પરાક્રમી હતા. તે વિષે કાવ્ય છે કેઃ—

છપય્ય—બે બંધવ બરજોર, બડા બાક્રમ બરદાઇ ॥
જોબન મદમત જોર, શેર યક એક સવાઇ ॥
જીમ સિંધ તકે સિકાર, મહા મેગળ મદમન્તા ॥
એમ ધરા આગમે, છાત્રપત હોયસ છત્તા ॥
અસકણિકા જીમ અગનરી થોડી થક્કાં બળ કરે ॥
નર ઇંદ્ર અરિયાં દેખણ નયણ, ઢાહણ મુછાં કરધરે ॥ ૧ ॥

આ બન્ને બંધુઓ મોટા પરાક્રમીનું બિરદ પામનારા યૌવનના મદમાં મસ્ત બનેલા, એક એકથી સવાયા થયા. જેમ સિંહ મદોન્મત હાથીને મારવા શિકાર તાકે તેમ આ બન્ને રાજકુમારો પોતાની ધરા [પૃથ્વી] લેવા કતાથયા. જેમ અગ્નિની કણિકા થોડી હોય પણ મોટું રૂપ પકડે તેમ નરલોકના ઇંદ્રરૂપ આ બન્ને રાજકુમારો પોતાના દુશ્મનને જોવા માટે મુછા ઉપર હાથ નાખી તૈયાર થયા વળી બન્ને ભાઇઓ અરસપરસ કહેવા લગ્યા કેઃ—

॥ છંદ પદ્ધરી ॥

જમીઅંસ આપ જાવંત જોય । કરહે ન જોર રજપૂત કોય ॥
તા જનમ ધિરુખ કાવંત તાય । યોં વૃથા માત જોબન ગમાય ॥ ૧ ॥

અર્થ—પોતાના બાપુકા ગિરાસની જમીનનો એક અંશ પણ જતો જોઇ અને જે રાજપૂત [ક્ષત્રીય] કંઇપણ જોર [ઉપાય] ન કરે તેના જન્મને ધિઃક્કાર છે તેમજ તેને જન્મ આપી તેની માતાએ પણ પોતાના યૌવનને વૃથા ગુમાવ્યું છે.

ઇમારત કોસીકું હરકત ન હોવે ઐસી કરે. આગે બારાન કદીમાસે નીકલતા હોા વહા હીસે નીકલે. ઇસ વજેસેં પારીખ હુંગરસી વલદ સુભાગચંદ બીન હીરજી વ. ખેંગાર વ. મોતીચંદ વલદાન હુંગરસી વ. સિરાજ, વલદ ખેંગાર કોમ વીશા ઓશવાલ મહેનાકા બચ્ચવઝ જમશાહી કોરી ૧૫૦) કે બિલાદાવા પુરત બપુરત અધાટ બિકાતા દીયા હય. ઉસીકા કોઇ દાવા તકરાર ન કરે ઔર ઇસ જગોકી સર્ટીફીકેટકા કાગજ એક, કોરી દોહજાર છસો પચાસ મકાન દો સરન્યાયાધીસ કોરટસે હરરાજ હુએ ઉસમે કોરી દોહજાર મકાન એકકી ઉસકા જુદા ખત લીખાયા. સંવત ૧૯૩૬ કી મહા વદ સાતમકા ઉસ ખતમેં આંક લીખા હે. બાકી કોરી ૧૫૦) હય સો ઉસ ખતમેં આંક રખા હે. એ મકાન ઓઝાકી ડેહેલીમે હે તારીખ ૯ મી શહરે જમાદીઉલ અવલ સં. ૧૨૯૭ બારસો સતાનું હીજરી મુતાબીક ઇન. બિકમાજીતિ સે. ૧૯૩૬ કી ચૈત્ર વદ ૧૧ ગુમવાર દસ્તખત મોજુદીન વલદ કાજી બદરૂદીન.

ઉપર મુજબ કુમારશ્રી તમાચીજી તથા *કેસજીએ એકમત થઇ સૈન્યનો મેળ કરી, જામનગર કબજે કર્યું તે વિષેના કાવ્યો—

॥ છંદ પદ્ધરી ॥

मनधार करण मांडी समेळ । वाघेर ओर मळीआ वढेळ ॥
आहीर मेर कोळी अपार । जाडेज साथ केता हजार ॥१।
धूंधणं धमण सूमर सघेल । ततमळे थाट चारण तुंबेल ॥
चकचाळ बन्ध हलियास चाय । इणरीत नगर उपरां आय ॥२॥
रात्रीस प्रहर हेकण रहाय । यह बखत आय कीनो चडाय ॥
सिढियां मंड उतर सथाट । के ठार ठार भंजे कपाट । ३॥
संम हुवा ताय मारे सपाह । उगरे केक भागे अपाह ।
यों हलो चढे दरबार आय । जडीया कपाट खेडीया जाय । ४।
वडडाट लोक बन्दुक बाग । गडडाट हुंत गाजे गणाग ॥
त्रज डंस झींक माची तकाय । घण भडां त्रहड आविया घाय ॥५॥
यह समय सतो नाठो स आप । तमराज तणो लागो सताप ॥
वहवाट लीध अहमदावाद । फरीयाद जाय कीनीं ईराद ॥६॥
सुण कही वात सूबे सताम । तव भाग लख्यो नहिं नगर ताम ॥
अब रखूं यहां तुव ग्रास आप । दे नगर अनुज सो दहुं अदाप ॥७॥
रहियोस सतो गुजरात जाय । मह ग्रास बार गामह मिळाय ॥
यत राज तखत तमराज ओप । यदुवंश तिलक प्रतपेस जोप ॥८॥

दोहा—जामतमाची जोपियो, नगरें तखत नरेश ॥
हुकमें सब हाजर रहे, पो अन्न भरेसु पेस ।'१॥

ઉપરના લેખથી જણાશે કે વિ. સં. ૧૯૩૬ [જામશ્રી વિભાજીની કારકીર્દી] સુધી કાજીની મહેારવાળો ઇસ્લામનગરના નામથી વહીવટ ચાલતો હાલ જ્યાં કાજી ચકલો કહેવાય છે. ત્યાં તે કાજીઓ રહેતા. અને કોઇપણ ખતપત્ર થાય. ત્યારે લોકો, એ ખતપત્ર ઉપર કાજીની મહેાર કરાવી. કોરી એક કાજીને આપતા, [એટલે હાલ જેમ દસ્તાવેજો નોંધણી કોર્ટમાં રજીસ્ટર કરાવાય છે તેમ કાજી પાસે એ ખત રજીસ્ટર કરાવી. કાજીની મહેાર નખાવતા.] એ વહીવટ મરહુમ મહારાજાશ્રી રણજીતસિંહજી સાહેબે પોતાની કારકીર્દીથી સદંતર બંધ કરાવેલ છે.

* એ કુમારશ્રી કેસજી તે વિદ્યમાન મહારાજાશ્રી દિગ્વિજયસિંહજી સાહેબ બહાદુર (સડોદરની સાખા) ના મૂળ પુરૂષ.

बन्धव फलो बुलावियो, बांह भजावण बेर ॥
दूवादश 'गांमांहूंदियो, सज भांणावड सेर ॥२॥
वसेस फलजी भांणवड, नायक सोड नरेंद्र ॥
तमाची तखते तपे, अळव मोज घणइन्द्र ॥३॥

અર્થ—કેટલાએક લડાયક માણસો તથા ઘોડાઓનો સરંજામ એકઠોકરી પૃથ્વી પાછી મેળવવાને માટે બારવટું કરવા લાગ્યા, કેટલાક થાણાઓ કાપી કાપી દેશ કબજે કરવા લાગ્યા, કેટલાક જાડેજાઓ ભેળા મળ્યા અને હાલાર દેશને લુંટી લગડી ભય વર્તાવવા લાગ્યા, થાળીના પાણીની પેઠે દેશ થરથરવા લાગ્યો, આ રીતે ઘોડાવાઇ, ચાલવાથી દેશ ઉજ્જડ થઇ ગયો. માત્ર મોટે મોટે ઠેકાણે વસ્તી રહી અને રસ્તે રસ્તા બંધ થઇ ગયા, નગરમાં બેઠાં છતાં પણ કૃત્રીમ સતાજી થરથરવા લાગ્યો, હરમત છુટી ગઇ અને હોંશ ઉડી ગઇ, સત્તાજી આગળ હમેશાં ફરીયાદો આવવા લાગી, પણ તેનુ કંઇ જોર ફાવ્યું નહીં, એ પ્રમાણે બહારવટું કરતાં કેટલાક દિવસો વીતતાં બન્ને ભાઇઓએ એક વખત નગર જોવા જવાનું પરીયાણ કરી* મેળ કરવા માંડી. વાઘેર, વાઢેર, આહીર, મેર, કોળી, જાડેજા ભાયાતો, ધુંધણ ઘમણ સૂમરા, અને તુંબેલ ચારણ ઇત્યાદિ હજારો લડાયક આદમીઓની મેળ કરી એક પહોર રાત્રિ રહેતાં ગઢે નીસરણી માંડી નવાનગરમાં દાખલ થયા, અને ઠેકાણે ઠેકાણે કમાડો તોડયાં, સામા થયેલા સિપાઇઓને મારી નાખ્યા, અને કેટલાક સિપાઇઓ ભાગી છુટયા, આવી રીતે હલ્લો કરી દરબારગઢ આગળ આવીને દરવાજાના કમાડ ખેડવી અંદર દાખલ થઇ બંદુકોનો એકદમ સુબો કર્યો, તેથી આકાશ ગાજી ઉઠયું, તરવારની ઝીંક પડવા લાગી, વીરો રણક્ષેત્રમાં રમવા લાગ્યા, તમાચીજીના ભયથી સતાજીએ નાશીને અમદાવાદનો રસ્તો લીધો, ત્યાં જઇ સુબા આગળ ફરીયાદ કરી, ત્યારે સુબાએ તેને કહ્યું કે "તારા કપાળમાં નગરનું રાજ્ય લખેલું નથી તેથી નગરના ફટાયાને મળે છે. તેટલો ગરાશ તને આપું અને તું અહીં રહે, વખતોવખત લાખો માણસોની કતલ નહીં કરાવાય" એમ કહી ૧૨ ગામ દઈ સતાજીને ગુજરાતમાં રાખ્યો.

જામનગરની ગાદી ઉપર જામશ્રી તમાચીજી રાજ્ય કરવા લાગ્યા, અને પોતાના નાના ભાઇ ફલજીને ૧૨ ગામથી ભાણવડ આપ્યું જામશ્રી તમાચીજી ઇંદ્રની પેઠે વૈભવ માણવા લાગ્યા. સર્વ લોકો તેમના હુકમમાં રહેવા લાગ્યા, અને જમીનદારો પેશકસી ભરવા લાગ્યા, અને નાના બંધુશ્રી ફલજીભા ભાણવડમાં રહેવા લાગ્યા.

વિ. સં. ૧૭૨૬ ના આખરે ગુજરાતના સુબા તરીકે જોધપુરના મહારાજશ્રી

*ઉપરના અર્થવાળી કવિતા નહીં લખતાં માત્ર અર્થજ લખેલ છે.

જશવંતસિંહજીને બાદશાહ ઔરંગઝેબે અમદાવાદ મોકલેલ તેણે જામશ્રી તમાચીજી ને ગાદી પાછી અપાવી, નવાનગરમાં રહેતા નાયબ સુબાને પાછા બોલાવી લીધા હતા. અને ફકત કાજીની મહેાર જામશ્રીને આપી હતી. નાયબ સુબાને જામનગરમાંથી તગડી મેલ્યેા (કાઢી મુકયેા) તેથી લેાકેા જામ તમાચીજીને તગડ તમાચી કહેવા લાગ્યા. જામશ્રી તમાચીજી ઘણેા વખત જામખંભાળીઆમાંજ ગાદીએ બીરાજ્યા પછી રહેતા હતા.

જામશ્રી સતાજીએ પેાતાના નાનાભાઇ રણમલજી (સિસાંગવાળા) ને રાવળ પરગણાના બાર ગામેા આપેલ તેના વંશમાં અખેરાજજી થયા, તેણે પેારબંદરનાં રાણાને મારેલા તે વાત આ ગ્રંથના તૃતીય ખંડમાં રાવળ ગામની હકીકતમાં આપવામાં આવેલ છે. તે રાવળ પરગણું જ્યારે પેારબંદરે લઇ લીધું ત્યારે અખેરાજના વંશજો જામશ્રી તમાચીજીની આગળ મદદ માંગવા આવેલા તે વખતે જામશ્રી તમાચીજીએ પેાતે ચડાઇ કરી રાવળ પરગણું કબજે કર્યું અને તે ગામે દરબારગઢનેા જે હાલ ગઢ છે. તે જામશ્રી તમાચીજીએ વિ. સં. ૧૭૩૫ માં ચણા વ્યેા, અને ઠેઠ બેાખીરાની ખાડી સુધી રાણાનેા મુલક કબજે કર્યેા હતેા. અને અખેરાજજીના વંશજોને ચંદ્રાવડું, નગડીયું, અને રૂપામેાર, વગેરે ગામેા આપ્યાં, અને રાવળ પરગણું, તેનાં પરગણાંના ગામેા સાથે સ્ટેટમાં ભેળવી લીધું.

જામશ્રી તમાચીજી આગળ એક વખત મારવાડના રહીશ જીવણ રેાહડીયા નામના માડ઼ ચારણ, આવ્યા, તેણે એક નીચેનું ઉત્તમ કાવ્ય રચી સંભળાવ્યું હતું કે—

છપય—આજ ઇંદ્ર અવતાર, દીઠ રાઓલ લાખાણી ॥
વીર દીઠ વિભક્રન, દીઠ સત્રસલ ઘણ દાણી ॥
આજ દીઠ અજમલ્લ, મેટીએ ભીડું ભંજણ ॥
લખદેયણ લખધીર, દીઠ બરવીર વિચષણ ॥
રણમાલ દીઠ નૃપ રાયસંગ, તાગ ખાગ પુરણ તમણ ॥
સાંપ્રત જામ દીઠા સહી, તે મખ દીઠા તમણ તણ ॥ ૧ ॥

અર્થ—— આજે મેં ઇંદ્રના અવતાર રૂપ લાખાજીના સપૂત જામશ્રી રાવળજીને જોયા. તેમજ મહાવીર જામ વિભાજીને જોયા. તથા મહાદાનેશ્વરી એવા જામ સતાજીને જોયા. તેમજ કવિઓની ભીડ ભાંગવાવાળા જામ અજાજીને પણ આજે જોયા તેમજ મહાવીર અને વિચક્ષણ અને લાખપશા આપનાર જામ લાખાજીને પણ જોયા. તથા પૃથ્વિમાં વિરનર એવા જામ રણમલ તથા રાયસંગજીને જોયા કે જેઓ ખાગ અને ત્યાગમાં તમામ પુરણ હતા. પરંતુ હે જામ તમાચીજી આજે સાંપ્રત કાળમાં તમારૂં મેાઢું જોયે મને નકકી જણાયું કે ઉપર કહેલા આપના વડીલેાના મુખારવીંદેા પણ તેવાંજ હશે, એટલે મેં તેઓ

તમામને જોયેલા નથી પણ આપશ્રીના દર્શનથી મને તે તમામ જામશ્રીનાં આજે દર્શન થયાં તેમ હું માનું છું મતલબ કે આપશ્રી પણ આપના વડીલો જેવાજ બાગ ત્યાગમાં પૂર્ણ છે

ઉપરના કાવ્યમા જામનગરની ગાદી ઉપર જે જામશ્રીઓ થઇ ગયા તેઓના નામો આવવાની સાથે શુભ અલંકારવાળું કાવ્ય સાંભળી જામશ્રી તમાચીજીએ કવિને પોશાક આપવા હુકમ કર્યો. દૂરદેશ મારવાડમાંથી જામશ્રીની કીર્તિ સાંભળી એ વિદ્વાન કવિ જામનગર આવેલ પરંતુ તેને લાખપશાવ નહિં મળતાં ઉપરનો પોશાક લીધો નહિં. અને લાખપશાવ મેળવવા માટે કંઇક હઠ કરી, તેઓને બિરદાવા માટે એક નવું કાવ્ય બનાવી ત્યાં બોલ્યા કે;(એ કાવ્ય જુની જાંગડી (ચારણી) ભાષાનું (ગીત) છે.

॥ ગીત ॥

નહિં આજ રાઓલ ધીરે, વીરભદ્ર મહાનર । સત્તો, અજમાલ, લખધીર શામા ॥
રાજહંસ વાજ, કવ્ય દયણ આવે શહી । જામ થારે વડા રાવ જામા ॥૧॥
તણ લખણ સમંદ્ર નરનહી ઉન્નડ અજુ । જામ વિભા હરા, રીયણ જુના ॥
સુયણ સહે એતરા, તણી રાસાસતણ । તમણ વાડમં શરમં આજ તુના ॥૨॥
ધમળહરતણા લખધીર હર ઉધરે । હર લખણ તણા હરનાથ હોય ॥
નાથહર તેતણા સતાહર નિરખતાં । સતાહર લખાહર બિરદ સોય ॥ ૩ ॥

અર્થ—આજે જામ રાવળજીને ઘેર મહાવિર વિભાજી, કે સત્તાજી, કે અજાજી કે લાખાજી નથી, કે તે રાજહંસો રૂપી કવિઓને ઘેર બેઠા ઘોડાઓ મોકલી લાખપશાવ કરે. પરંતુ હવે તો હે રાજા જામ (તમાચી) તે લાજ વધારવી તે તારા હાથમાં છે. વળી હે જામ વિભાજીના પૌત્ર; આજે લાખો કુલાણી કે જામ ઉન્નડજી પૃથ્વી ઉપર જુના દાતારો રહ્યા નથી માટે હે રાયસિંહજીના સુત એ બધાની શરમ (લાજ) રાખવી તે આજ તારા હાથમાં છે. વળી હરઘમળજી, લખધીરજી, હરનાથજી, સત્તાજી, લાખાજી, આદિ તારા દાદાઓનું બિરદા પળવું. એ તારા હાથમાં છે. કહેતાં એ બધાનાં બિરદો તને સોહે તેમ છે.

ઉપરના કાવ્યથી જામશ્રી તમાચીજી ઘણાંજ ખુશી થયા, અને કવિ જીવણ રોહડીયાને લાખપશાવ કરી, કાળાવડ તાબે 'રાજડા' તથા 'મુંડઓસીયું' એ બે ગામો બેરાતમાં આપ્યાં,—એ લાખપશાવ મેળવ્યા પછી કવિ ઘણાજ ખુશી થયા અને પોતે જે આશાએ દુર દેશાવરમાંથી જામનગર આવેલ તે આશા પૂરણ થતાં અને પોતાની ગરીબ સ્થિતિ દુર થતાં, એક કાવ્ય બનાવી જામશ્રી તમાજીને સંભળાવ્યું.—

॥ ગીત ॥

અત આશ જકેર નગરે આયા । લાખપશા અત ગ્રાસ લિયા ॥
જામ તમણ વડ નરંદ જોહારે । કુરંદ નિવારી દૂર કિયા ॥ ૧ ॥
પણ, ધણ, કણ કર હા અસ પાયા । દાખે કવત ગણગીત દૂવા ॥
ભવ ભવતણા રાશા ઓત ભેટે । હવે કવંદા દાળિદ્ર દૂર હુવા ॥ ૨ ॥
લાખાહર વાટણ લખ લાખા । લાખીકાં વાળીયા લખ લેહ ॥
ભવરણ મટે જાડહર ભેટે । છવરણ હુવા કરાડાં છેહ ॥ ૩ ॥
શામા શામ સહલચો મૂરજ । જોયંતા જામ હુઇ વંહ જાત્ર ॥
હોત ન રાણે ઓ રણ જુનાંણે । પૂરણ માંણે ભોગ સપાત્ર ॥ ૪ ॥

અર્થ—જે આશાધારી હું જામનગર આવ્યો હતો, (લાખપશા સાથે ગિરાશ મળવાની) તે આશા હે મહાનરેન્દ્ર જામ તમાચી તુંને મળવાથી આજે પુરણ થતાં મારા તમામ દુઃખો તેં દુર કર્યાં વળી ઘણ (ગાયો, ભેંસો, બળદો,) કણ (તમામ જાતનું અનાજ) વગેરે મળતાં, હે રાયસિંહજીના સપુત! મારા ભવોભવના દરિદ્ર આજે દૂર થયાં. અને એનાંજ ગુણગાન હું આજે ગીતદુહાઓમાં ગાઉં છું. લાખોના દાન (બાટનાર) આપનાર લાખાજીના પૌત્ર તેં પણ આજે મારા લાખોના કરજના ખત વાળી આપ્યાં, કેમકે જામ જાડાના વંશને ભેટતાં, ભય આપ્યાનું રણ મટી જાય, છવર્ણનું પાલન કરનાર રાજાઓના રાજાઓનો પણ સૂરજરૂપ જે જામ તને જોતાં આજે મારી મોટી યાત્રા પૂર્ણ થઇ, કે જે રણ હું રાણા (પોરબંદર)ને તથા જુનાણાં (જુનાગઢ)ને મળતાં (યાચતાં) છુટી શકત નહિં. તે આપે મને સુપાત્ર જાણી મારી કદર કરતાં હવે હું પૂર્ણ વૈભવ, આપના પ્રતાપે ×ભોગવીશ, જામશ્રી તમાચીજીએ પોતાના નાનાભાઇ ફૂલજીને ભાણવડ પરગણું ગિરાશમાં આપ્યું, અને ત્યારથી એ ફૂલજીનો વંશ પુલાણી વંશ તરીકે પ્રસિદ્ધ થયો. અને તેજ શાખામાં આપણા પ્રજાપ્રિય મહુમ મહારાજા જામશ્રી રણજીતસિંહજી સાહેબ તથા વિદ્યમાન મહારાજા જામશ્રી ૭ દિગ્વિજયસિંહજી સાહેબ બહાદુર જન્મ્યા છે. એ વંશવૃક્ષ જોવાથી વાંચક વર્ગને સંપૂર્ણ ખ્યાલ આવશે. (જુઓ કળા ૧૬ મી)

જામશ્રી તમાચીજી પુર્ણ પ્રતાપી ઉદાર બુધ્ધિશાળી અને મહાન વીરપુરૂષ હતા. તેમજ નાના બંધુશ્રી ફૂલજીભા પણ એક વચનની ટેકીલા અને વીરત્વનો ભંડાર હતા. એ બન્ને બંધુએ ગયેલું રાજ્ય પાછું મેળવી 'ઇસ્લામનગર' નામ

× ઉપરના ત્રણે કાવ્યો સતરમા સૈકાની હસ્તલખીત પ્રતમાંથી જેમ મળેલ છે. તેમ અક્ષરે અક્ષર આપેલાં છે. જુની ભાષાના અપભ્રંશ શબ્દો હોવાથી, જોઇએ તેવા બંધ બેસતા અર્થ નીકળે નહિં. પણ ચમકવાળાં જુનાં કાવ્યો હસ્તાક્ષરનાં લખેલાં મળતાં તેનાજ શબ્દોમાં લખ્યાં છે તો વિદ્વજ્જનો સુધારીને વાંચશો.

મટાડી, પાછું શહેરનું નામ જામનગર પાડયું; કૃત્રિમ સતાજીને તથા બાદશાહી સુબાને જામનગરમાંથી તગડી મેલતાં, જામ તમાચીજીનું ઉપનામ 'તગડ તમાચી' નામ મશહુર થયું. ૬ નવ વર્ષથી ઘણી વીનાની રૈયત પાછી ધણીયાતિ થઇ. અને જામશ્રી રાવળજી જેમ સંસ્થાન કમાણા અને ગાદિની સ્થાપના કરી, તેમજ જામશ્રી તમાચીજીએ પણ પોતાના બાહુબળથી રાજ્ય પ્રાપ્ત કરી, ગયેલી "જામશાહી" પાછી સ્થાપન કરી, એ વિષેનું કાવ્ય—

દોહા—તખત તમાચી ભોગવે, ઇક છત્ર રાજ અટક ॥
ભલસેણાં સુખ ભાળજે, શત્રહર માને શક ॥ ૧ ॥
તેગ છતી તમરાજરી, દિલ્લીલગ દરશાય ॥
એહાં ભૂજબળ આપરે, જામસ રાજ જમાય ॥ ૨ ॥
બડહથ દાતા વીરવર, ભૂપ તમાચી મલ્લ ॥
કુંવર ઉભે જનમીયા, લાખો ને રણમલ્લ ॥ ૩ ॥
કેતા દીન રાજસ કરી, પુગ તમણ પ્રમધામ ॥
લાખો ટીલે આવીયો, સોય પછમધર શામ ॥ ૪ ॥
રણમલ સોંપી પડધરી, આણે મન ઉછાહ ॥
બંધવ જોરસ અતળ બળ, નાહર રુપ સનાહ ॥ ૫ ॥

અર્થ—જામશ્રી તમાચીજી અકંઠક, એકછત્ર રાજ્ય કરવા લાગ્યા. શત્રુઓનો પરાજય કરી સજ્જનોને સુખ આપવા લાગ્યા. તેમણે તરવારથી મેળવેલી વીરતા દિલ્હી સુધી જાહેર થઇ અને પોતાની ભુજના બળે ગયેલું રાજ્ય પાછું મેળવ્યું દાતારીમાં, તથા જુંઝારીમાં (લડાઇમાં) સર્વ રજવાડાઓમાં વખણાયા. અને મહા પરાક્રમી લાખોજી તથા રણમલજી, બે પુત્ર જનમ્યા., એમ કેટલાક દિવસ રાજ્ય કરી, જામ તમાચી દેવલોકને પ્રાપ્ત થયા. ત્યારે પાટવિ કુમાર લાખોજી ગાદીએ આવ્યા. અને સિંહ જેવા પરાક્રમી રણમલજીને બારગામથી પડધરીનું પરગણું મળ્યું.

ઉપર પ્રમાણે એ વીર અને પ્રતાપી જામશ્રીતમાચીજી (તગડ) ૧૭ વર્ષ રાજ્ય ભોગવી વિ. સં. ૧૭૪૬ માં સ્વર્ગે સિધાવ્યા.

ઇતિ શ્રીયદુવંશપ્રકાશે દ્વાદશીકળા સમાપ્ત



(૧૦) જમશ્રી ૭ લાખાજી (૨)

(પૃષ્ઠ ૨૫૨) તથા ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ.

શ્રી ત્રયોદશી કળા પ્રારંભઃ

(૪૧) (૯) જામશ્રી લાખાજી (૨ જા)

(ચંદ્રથી ૧૬૭ શ્રી કૃષ્ણથી ૧૨૩) (વિ. સં. ૧૭૪૧ થી ૧૭૬૮=૨૭વર્ષ)

જામશ્રી લાખાજીના ગુણવર્ણનઃ—

દોહા—લાખો કવલખાં દીએ, ઓ પછમધર ઇશ ॥
ઉદધસ મોજા ઉછળે, બીડંગસ ગજાં બરીસ ॥ ૧ ॥
તવાં કુંવર લખપતરા, રાસંગ ને હરધોળ ॥
સોહત કોડા સીંધરા, મારણ ગજા મચોળ ॥ ૨ ॥

છપ્પય—લખપત નગરે રાજ, કેક સુખ ભોગસ કીધો ॥
ધરમ નેમ વ્રત સાધ, લખાં મુખ સુજસ લીધો ॥
કીયો ન અધરમ એક, નેક ધરન્યાવ ચલાયો ॥
પાછો પ્રાણ મુગત, પદસ સાયેવસુ પાયો ॥
કરી આસ કેક વિધવિધ કરી, બેદ શાસ્ત્ર બંચાડીયા ॥
કામાસ એમ ધન ધન કરે, ચાઓ કળાં જળ ચાડીયા ॥ ૧ ॥'

અર્થ—જામ લખાજીએ ગાદીએ બીરાજી ઘણા ઘણા કવીશ્વરોને લાખપશાવ કરી, કેટલાક હાથીઓ તથા ઘોડાઓ બક્ષ્યા. જામલાખાજીને રાયસિંહજી અને હરધોળજી નામના બે કુમારો થયા. તે સિંહના બચ્ચાઓની પેઠે નાનપણથીજ દુશ્મનરૂપી હાથીઓના કુંભસ્થળો મસળે તેવા થયા. જામશ્રી લાખાજીએ જામનગરની ગાદીએ બીરાજી શાંતિથી વૈભવ ભોગવ્યો. ઘણાંક ધર્મનિયમ કર્યા. કોઇપણ અધર્મ કર્યો નહિં લાખો માણસોને મોંએ જશ લીધા. દાનો રૂપી મોજાંઓ ઉછાળવાથી સમુદ્રની ઉપમા લીધી. પ્રજાનું અદલ ઇન્સાફથી પાલન કર્યું વેદ પુરાણો સાંભળી, વિધિપૂર્વક યજ્ઞ–હોમાદિક સત્કર્મો કર્યાં, એવા ધન્યવાદ આપવા યોગ્ય કેટલાંએક શુભ કામો કરી, પોતાના કુળને કિર્તિરૂપી જળ સીંચી, પોતે મુક્તિપદ મેળવ્યું.

જામશ્રી લાખાજીએ બાવીસ* વર્ષ રાજ્યસુખ ભોગવ્યું. તેમના વખતમાં

---

* કેટલાક ઇતિહાસકારો જામશ્રી લાખાજી વિ. સં. ૧૭૬૫ માં દેવ થયાનું જણાવી ૧૯ વર્ષ રાજ્ય કર્યાનું લખે છે. પરંતુ અમોને બે પ્રમાણો સબળ મળવાથી તેનો આધાર લેવામાં આવ્યો છેઃ—

૧ કાલાવડના પ્રખ્યાત જોષી જટાશંકર પુરૂષોત્તમ દવેના વડીલોના હસ્તાક્ષરોનો ખરડો અમોને મળેલ છે તેમાં કયા જામશ્રી કઇ સાલે ગાદીએ બીરાજ્યા અને કેટલા વર્ષ રાજ્ય કર્યું તે હાલારી સંવતના હીસાબે સાલો લખાએલ છે. તે ખરડામાં જામશ્રી લાખાજી વિ. સં. ૧૭૪૬માં ગાદીએ બીરાજી, બાવીસ વર્ષ રાજ્ય કર્યાનું લખે છે.

ઘણીજ શાન્તિ જળવાઇ હતી. એકપણ લડાઇ થયાનું, કે દુર્ભિક્ષ વર્ષનું કે કાંઇપણ ઉલ્કાપાતનું કોઇપણ ઇતિહાસકાર લખતા નથી. તેમના વખતમાં યજ્ઞયાગાદિક અનેક સત્કર્મો ધર્મધ્યાન આદિ થયા હતા. અને લાખો રૂપીઆના વિદ્વજ્જનોને દાન આપ્યાં હતાં.

વિ. સં. ૧૭૬૧ (તેમની કારકીર્દી) માં અશાડ સુદ ૨ ની બેસતાવર્ષની કચેરીમાં નીચેનું કાવ્ય બારોટ મહેશ જામશ્રી લાખાજીનું બનાવીને બોલતાં તેને મકવાણા નામનું ગામ લાખપશાવમાં આપ્યું હતું.

॥ ગીત ॥

કરે કોડ બીઆ, વિઆ કમ કીજીએ । પ્રઘળ ધરે કયમ શીઆં પીએ ॥
જામ જામ લખધીરને જાચાં । હામ ન પોચે તાસ હીએ ॥ ૧ ॥
હાલા ઘર પારથ હોકરા । એ ઘર રાઓળ તણો અદર ॥
ક્રોડ વરીશ ક્રોડ જણ કીધા । પાત્રા છાત્રસ માપડર ॥ ૨ ॥
વડે ચોકે દાતાર વડ બડા । પાણ પલો ગૃહ પાળ થીયા ॥
સંઘ સરતાણ પળ સર તાણે । કે કણહી શરતાણ કીયા ॥ ૩ ॥
લાખ હસત શાંસણ લાખી કે । આહણે જેર કીયા અગરોક ॥
મટશે તમા તમાઓત મળતે । મળતે મૃદુલ સમા મંડળીક ॥ ૪ ॥

જામશ્રી લાખાજીને બે કુમારો હતા. તેમાં પાટવીકુમાર રાયસિંહજી ગાદીએ આવ્યા. અને કુમારશ્રી હરધોળજીને બારગામથી હડીઆણું આપવામાં આવ્યું.

(૪૨) (૧૦) જામશ્રી રાયસિંહજી ઉર્ફે રાજસંઘજી (૨ જા) તથા હરધોળજી

(ચંદ્રથી ૧૬૬ શ્રી કૃષ્ણથી ૧૨૪)——(વિ. સં. ૧૭૬૮ થી ૧૭૭૧=૩ વર્ષ)

જામશ્રી રાયસિંહજી વિ. સં. ૧૭૬૮ માં તખ્તે બીરાજ્યા અને તેમના નાનાભાઈ હરધોળજી, હડીઆણા પરગણાના બારગામો મળતાં તેઓ ત્યાં ગયા. જામશ્રી રાયસિંહજી બહુજ ખર્ચાળ અને મોજીલા હતા. તેઓ જ્યારે કુંવરપદે હતા ત્યારે ઘણો વખત કાલાવડના હવાપાણી સારા હોવાથી, ત્યાં પધારતા. અને ત્યાં પ્રજા સાથે ઘણી છુટથી હળીમળી રહેતા. તેમજ જરૂરીઆતને પ્રસંગે ત્યાંના ગૃહસ્થો આગળથી કોરીઓ ઉપાડતા તે વિષે અસલ લેખ [દસ્તાવેજ] એક

૨ ઉપરની સાલ (૧૭૬૮)ને પુષ્ટી આપે એવાં બે દસ્તાવેજો કે જેમાં જામશ્રી રાયસિંહજી (૨ જા) અને જામશ્રી તમાચીજી (૨ જા)ના હસ્તાક્ષરો છે તે અસલ લેખો અમે તેઓની કારકીર્દીમાં આગળ આપેલા છે તે ઉપરથી જણાશે.

મળતાં અત્રે તેની નકલ આપવામાં આવી છે. આ કોરીના ઉપાડમાં કાલાવડ તાલુકાનું ગામ મોજે વડાળા (જે હાલ મોટા-વડાલા કે મોતી મેતાના વડાલા, એ નામે ઓળખાય છે તે) થાલમાં માંડી આપ્યું હતું; તેવું લેખમાંથી સ્પષ્ટ નીકળે છે. તથા લેખ નીચેનું મતું ખુદ પોતાના હસ્તાક્ષરોનું છે.

—: લેખની નકલ :—

સંવત. ૧૭૬૮ વરખે આસો વદ ૪ દને પારસાત ઉપાધ્યા હરિરામ તથા ઉપાધ્યા વસરામ તથા ઉજ્ઞા શ્રીધર તથા મેવાલ ધનજી ગરહીત્વા કુંવરશ્રી રાજસંઘજી પાસે જત જામસાહી કોરી ૧૦૫૦) અખરે સાડી દશસે પુરી તેહનું વાજ માસ ૧ પ્રત ટકા ૧।। લેખે વાધે સહી વાધે એ કોરીનો ઠામ મોજે વડાલામાંહેથી દેવી.

*અત્ર મત્તુ
કુઅર રાજસંઘજી મતુ

અત્ર શાખ
૧ શ્રી જગદીશની શાખ.

આ જામ રાયસિંહજીના વખતમાં ખાસ કાંઇ જાણવા યોગ્ય બીના બનેલી નથી. મોજશોખમાં તેઓ કાયમ રહેવાથી દેશમાં અંધાધુંધી ચાલતી તે નીચેના કાવ્યથી જણાશે.

દોહા—ઇહાં રાયસંગ આદરે, અસ ઘણો ઉન્માદ ॥
મદ પીએ મદ છક રહે, ઓર ન આવે યાદ ॥ ૧ ॥
અંધ ધંધ રે એસમે, રાતદિવસ રાસંગ ॥
દીસે ખવર ન દેસરી, પ્રજા દુઃખી અતઅંગ ॥ ૨ ॥

ઉપર મુજબ અંધાધુંધીના સમય જોઇ, તેઓના નાનાભાઇ હરધોળજીએ હુડીઆણેથી ઓચિંતા આવી, જામશ્રી રાયસિંહજીને માર્યા એ વિષેનાં કાવ્યોઃ—

॥ ચોપાઈ ॥

પ્રજા દુખી યહ વાર અપારં । હુઓ બિરાનસ દેશ હાલારં ॥
અશો જાણ હરધમળ આયો । એહ દગો મનમાં ઉપાયો ॥ ૧ ॥
મારે રાસંગ લિયો હરધમળ । હુઓ રણવાસમહીં કોલાહલ ॥
તિન સતિ હુઇ તત્કાળં । રાણી ઉભે ઉપઘાત કરાળં ॥ ૨ ॥

જામ રાયસિંહજી કામ આવતાં, તેના પાછળ ત્રણ રાણીઓ સતિ થયાં, અને બે રાણીઓએ આત્મઘાત કર્યો એવી રીતે પાંચે રાણીઓ અને જામ

*ઉપરનો લેખ અમોને લેખમાં લખ્યા ઉપાધ્યાયના વંશજો આગળથી અસલ મળેલ છે.

રાયસિંહજીના મરણ પછી હરધોળજી જબરજસ્તીથી જામનગરની ગાદીએ આવ્યા

એ વખતે જામ રાયસિંહજીના એકના એક કુંવર તમાચીજીને એક દાસી પેટીમાં સંતાડી શહેર બહાર છુપીરીતે યુક્તિથી લઇ ગઇ. અને ત્યાંથી તે તે દાસી સાથે કચ્છ-ભુજમાં પોતાનાં માસીબા રતનબાને (રા' દેશળને)ત્યાં સહિસલામત પહોંચી ગયા.

એ પ્રમાણે જામ રાયસિંહજી (૨ જા) એ માત્ર સાત આઠ માસ રાજ્ય ભોગવ્યું હતું. કોઇ ઇતિહાસકાર અમદાવાદના સુબા દાઉદખાન તથા મહારાજા અજીતસિંહજીને જામ રાયસિંહજીએ ખંડણી ભરી હતી વિગેરે બીનાઓ લખે છે. પણ તે બધા બનાવો હવે પછીના આવતા, હરધોળજી તથા જામ તમાચીજીના વખતના હોઇ, તેઓની, કાર્કીર્દીમાં લખવામાં આવેલ છે.—કોઈ ઇતિહાસમાં લખે લ છે કે જામ—રાયસિંહજી ખંભાળીએથી આવી. જામનગર હસ્ત કરી, બાદશાહી ફોજદારને કાઢયો પણ, સોરઠી તવારીખના કર્તા જણાવે છે કે વિ. સં. ૧૭૨૮ માં જામશ્રી તમાચી તગડે નગર પોતાને સ્વાધીન કર્યું હતું, એટલે ત્યારપછીના દરેક જામસાહેબો જામનગરમાંજ રહેતા. માત્ર ખંભાળીઆ, મોટો મહાલ અને જુની ગાદી હોઇ, કદાચ ત્યાં થોડો વખત કોઇ જામ સાહેબ રહ્યા હશે.

હરધોળજી

હરધોળજી જામ રાયસિંહજીને મારી જામનગરની ગાદીએ બેઠા છે તેવા ખબર પડધરીવાળા (કાકાભાઇને નામે ઓળખાતા) હાલાજી રણમલજીને થતાં તેણે આ અન્યાય થયો છે. તેમ જાણી જામ રાયસિંહજીના કુંવર તમાચીજીને ગાદી પાછી અપાવવા પ્રતિજ્ઞા કરી, કે—

હીત સૂણી ખબર પડધરી હાલે । સો જીત ઘણ હરધમળ સાલે ॥
રા'સંગ માર ધમળજો રાજે । લળ બેશાં તો જનુની લાજે ॥૧॥
મારી જેર કરાં, તે માલં । હરધમળ કાઢાં ઇણ હાલં ॥
કેતો રણમલસુત ન કહાવાં । ના'તો જીવત ફેર ન આવાં ॥૨॥

અર્થ—જો રાયસિંહજીને મારી હરધમળજી રાજ્ય કરે તે હું બેઠો બેઠો જોઉં તો મારી જનુની લાજે. માટે હરધમલજીને પાયમાય કરી,(જેર કરી)તુરતમાંજ તેને જામનગરમાંથી કાઢું તોજ હું રણમલજીનો પુત્ર હાલોજી સાચો, એમ કહી અમદાવાદના સુબા દાઉદખાં પન્ની પાસે તેઓ અમદાવાદ ગયા, કુદરતે પણ તેને સુયોગ આપ્યો કે કચ્છમાં કુંવર તમાચીજીનાં માસી રતનબાએ પોતના પિતા રાજજશવંતસિંહજીને તથા ભાઇ પ્રતાપસિંહજીને હળવદ, (રૂપીઆ મોકલી) કાગળ લખ્યો કે, "ભાણેજ તમાચીજીને જામનગરની ગાદીએ બેસારવા બનતો પ્રયત્ન કરો." તેથી રાજ પ્રતાપસિંહજી, હળવદની ખંડણી ભરવાને બ્હાને, અમદાવાદ ગયા હતા. ત્યાં તેઓને હાલાજી મળ્યા, સુબા ×દાઉદખાનને રાજ પ્રતાપ-

× કોઇ ઇતિહાસકાર સુબાનું નામ મુબારીઝ-ઉલ-મુલ્ક શેરબુલંદખાન લખે છે.

સિંહજી અને જાડેજા શ્રીહલાજી ખાનગીમાં મળ્યા. અને રાજ પ્રતાપસિંહજીએ પોતાની કુંવરી (રખાયતની) સુબાને આપવા તથા શાહી સેનાધિપતિ સલાબત મહમદખાનને પોતાના પિતરાઇભાઇની (રખાયતની) કુંવરી આપવા વચન આપી, શાહુ સૈન્યની માગણી કરી, ઉપરની માગણી મુજબ સુબાએ તેઓની વાત કબુલ રાખી. જામનગર સર કરી, તમાચીજીને ગાદી અપાવવા માટે શાહુ સૈન્ય આપ્યું. તે સૈન્ય સાથે તેઓ બન્ને (રાજ પ્રતાપસિંહજી, અને જાડેજા હાલોજી) જામનગર ઉપર ચઢી આવ્યા.

દોહા—હાલો, જશો હરોલમે, હલીયા આગે હોય ॥
પીછે દળ પતશાહરા, ક્રમીયા પરધર કોય ॥ ૧ ॥

એ પ્રમાણે હાલાજી (કાકાભાઇ) તથા જશોજી (રાજ પ્રતાપસિંહજીના પિતા) હરોલમાં [મોખરે] ચાલી, બાદસાહી ૨૦૦૦૦, સૈન્ય સાથે જામનગર ઉપર ચઢી આવ્યા.

દોહા—લાયા ફોજાં લંગરા, રાજ જશો હલરાણ ॥
રાજ નગર રો રાખવા, કીના કે ક હલાણ ॥ ૧ ॥
નેડી ફોજાં નરખીયાં, પતશાહી અણપાર ॥
હરધમળ ભાગો હટે, પળીયો દરિઆપાર ॥ ૨ ॥

જામનગરનું રાજ્ય તમાચીજીને આપવા, હાલાજી તથા જશાજી, બાદશાહી દળ લાવી, લડાઇનું કહેણ હરધમળજીને મોકલતાં, તેઓને બીક લાગવાથી તે જામનગર છોડી દરિઆપાર જતા રહ્યા. અને હાલાજીએ જામનગર કબજે કરી, કુંવર તમાચીજીને તેડવા માટે ભુજ માણસોને મોકલ્યા. પરંતુ રાઓશ્રી દેશળજીએ કુંવર તમાચીજી ભુજ રહ્યા તેનુ ખર્ચ ભર્યા પછી તેડી જવા કહેવરાવ્યું.

દોહા—જશવત હાલો, નગર જહી, તમાચીજ તીડવાય ॥
ઓ ભુજ છોડે આદમી, દેશળ માગ દિવાય ॥ ૧ ॥
દેશળ રા' ઇમ દાખીયો, મેં માગાં ખરચ માય ॥
દેણો હે સો દીજીયે, જામ પછે ઘર જાય ॥ ૨ ॥
ઉંણ દીન બાળંભો અપે, રાવ હથ કર રાય ॥
સત્તરસે એકોતરે, અધપત નગરે આય ॥ ૩ ॥

ઉપર પ્રમાણે રા' દેશળજી ખર્ચની માગણી કરતાં, ×બાલંભા ગામ તેને બદલામાં આપતાં વિ. સં. ૧૭૭૧ માં જામતમાચીજી જામનગર આવ્યા.

× બાલંભા કચ્છના રા' દેશળજીને આપ્યું તેવીજ રીતે, હરધોળજીને ગિરાસમાં મળેલું હડીઆણું ખાલસા કરી, હળવદના રાજ જશવંતસિંહજીના પાટવિ કુમાર પ્રતાપસિંહજીને આપ્યું હતું તેમ એક ઇતિહાસકાર લખે છે. એ હળવદના રાજ પ્રતાપસિંહજીએ પોતાની રાજ્ય ગાદી ધ્રાંગધ્રામાં સ્થાપી હતી.

(૪૩) (૧૧) જામશ્રી તમાચીજી (૨ જા)

(ચંદ્રથી ૧૮૦ શ્રી કૃષ્ણથી ૧૨૫) (વિ. સં. ૧૭૭૧ થી ૧૭૯૯=૨૮ વર્ષ)

જામતમાચીજી ગાદીએ આવતાં કાકાભાઇ, હાલોજી ખાસ પાસે રહ્યા. તે વિષે દુહો છે કેઃ—

દુહો—જામતમાચી પાસતેં, હાલો રહે હમેશ ॥
રાજકાજ મજલસ કરે, દીસે હકમ સદેશ ॥ ૧ ॥

હળવદના રાજસાહેબે, પોતાને ગયેલી ગાદી પાછી અપાવવા મદદ કરી હતી તેના બદલામાં જામશ્રીએ તેને હડીઆણાનું પરગણું આપ્યું હતું. તેમજ તેઓના પિતરાઈ ભાઇ ઝાલા નારણજીની બ્હેન સલામતખાનને પરણાવેલ તેથી દાયજામાં, 'ચરખડી' વાકુડા, અને 'ઉંચા' એ ત્રણ ગામો, જામતમાચીએ આપ્યાં હતાં. કેટલોક સમય વિતતાં એ ત્રણેય ગામો, સલામતખાનના દીકરા શેર જમાનખાન અને દીલેરખાને ગોંડળના ઠાકોર કુંભાજીને વેચાતાં આપ્યાં હતાં. (હાલપણ ગોંડલ સ્ટેટને કબ્જે એ ત્રણેય ગામો છે.)

વિ. સં. ૧૭૭૫માં કચ્છના રાઓ દેશળજીને આભરણ વિગેરે મહાલો ઘરેણે [ગીરો] આપ્યા હતા. અને રાઓ દેશળજીએ વિ. સં. ૧૭૮૨ માં બાલંભાનો કિલ્લો બંધાવ્યો હતો.

ગયેલી ગાદી પાછી મેળવવામાં વિશેષ ખર્ચ લાગવાથી તેમજ મરહુમ જામશ્રી રાયસિંહજીના સમયનું પણ કેટલુંક દેવું હોવાથી, એ વખતે રાજ્યને કરજ કરવા ફરજ પડી હતી. તે કરજ પૈકી વિ. સં. ૧૭૭૫ ની સાલનો એક અસલ દસ્તાવેજ કોરી ૧૫૨૭૫) નો જામશ્રી તમાચીજીના હસ્તાક્ષરના મત્તા તથા મહોરછાપવાળો [લેખ] અમોને મળતાં તેની અક્ષરે અક્ષરની નકલ નીચે આપવામાં આવેલ છે.—

જામશ્રી તમાચીજી

(કટારનું ચિન્હ છે.)

વચનાત્

સંવત્ ૧૭૭૫ વરષે મહા વદી ૧૩ દને પારધ્યાન ઓઝાશ્રીધર તથા ઉપાધ્યા વિરજી તથા ઉપાધ્યા વશરામ તથા મેવાલ રામા ગૃહિત્વા જામશ્રી તમાચીજી પાસે જત જામશાહી કોરી ૧૫૨૭૫) અંકે પંનરહજાર બસેંહુ ને પંચોતેર પુરી લહેણી તેનો ઠામ કસબે કાલાવડનો માંડવી છે. રોજ ૧ કોરી રા સવાબે રોજ ૧ સાં. ૧૭૭૫ ના ફાગણ સુદી ૨ થી ચાલુ કરી આપું છું તે તાંથી લે. એ કોરી કાલાવડમાં જામશ્રી રાજસંધજીએ કુંઅરપદામાં લીધી હતી. તેમાં ખત ૨ તથા લેખ ૧

હુતો તેમાં ખત ૧ કોરી ૪૫૦) નું સાં. ૧૭૬૫ ના અશાડ સુદી ૧૦ નું ઉપાધા હરિરામના નામનું તથા ખત ૧ બીજુ કોરી ૨૬૨૫ નું સાં. ૧૭૬૮ ના ચૈત્ર સુદી ૨ નું તે ઉપાધા વશરામના નામનું તે. એ. બે. ખતની કોરી બમણી નવહજાર પાંચસેહે ને પંચવીશ કીધી. તથા લેખ કોરી ૫૭૫૦) નો સાં. ૧૭૬૭ ના ફાગણ સુદ ૧૧ નો ઉપાધા વશરામના નામનો તે કોરી સત્તાવનસે ને પંચાસ મુલગાની મુળગી કીધી તે મળે ખત ત્રણની કોરી પનરહજાર બસેહે ને પંચોતેર થઇ. તેનું આ ખત લખી આપ્યું છે. ને જુના ખત પાછા લીધાં છે તે કોરી સવાએ રોજ ૧ કાલાવડની માંડવીએ ચાલુ કરી આપી છે. તે કોરી પંનરહજાર બસેહે ને પંચોતેર વલે તાં લગે ચલુ. લેણે લખું પાલવું.

૧ અત્ર મંતુ ૧ અત્ર સાખ

* શ્રી તમાચીજી મતુ

જામશ્રી તમાચીજીનો જે વર્ષે જામનગરની ગાદી ઉપર રાજ્યાભિષેક થયો તેજ વર્ષે મુબારીઝ-ઉલમુલ્કે નવાનગરની પાસેથી ત્રણલાખ રૂપીઆ ખંડણીમાં લીધા હતા અને ત્યારપછી બીજે વર્ષે તે જ્યારે ખંડણી લેવા પાછો આવ્યો ત્યારે કેટલીક તકરાર ચાલી હતી, અને છવટે સલાબતખાનના વચ્ચે પડવાથી તેને એક લાખ રૂપીઆ પેશકસીના અપાવ્યા. હતા. વિ. સં. ૧૭૬૮ માં ગુજરાતનો સુબો મિરઝાં જફરે ઉર્ફે મોમીનખાને નવાનગર ઉપર ચડાઇ કરી, જામ તેના સામા લડવા તૈયાર થયા પરંતુ છવટ સુલેહ થતાં, પચાસહજાર રૂપીઆ ખંડણીના આપી તેને વિદાય કર્યો હતો. તેજ વર્ષમાં દરિઆપાર ભાગી ગયેલ જામ હરધોળજી મોરબી ઠાકોરની મારફત જોધપુરના મહારાજા અજીતસિંહજીનું મળી મોટું લશ્કર લઇ જામનગર ઉપર ચઢી આવેલ હતા તે વિષે દુહા—

દોહા—હવેસું પાક્રમ હલવિયા, અત મોરબીએ આય ॥
જંગી કટક જોધ્ધાણરા, અજીતસિંઘ બુલવાય ॥ ૧ ॥

---

* આ અક્ષરો (અસલમાં) ખુદ જામશ્રી તમાચીજીનાજ છે બસો વર્ષ પહેલાં લેખ લખવાની શૈલી અને રાજપ્રજાનો સંબંધ આ લેખ ઉપરથી સ્પષ્ટ જણી શકાય છે. જામ રાયસિંહજીને કુંવરપદામાં જ્યારે જ્યારે કોરીની જરૂર પડી છે, ત્યારે એ કાલાવડના નંદવાણા ગૃહસ્થોએ કોરીઓ પુરી પાડી છે. તેનો એક લેખ આપણે જામશ્રી રાયસિંહજીની કારકીર્દીમાં વાંચી ગયા, અને તે પછી તેમના પાટવીકુમારશ્રી જામતમાચીજીએ પોતાના પિતાશ્રીના લેખો પ્રત્યે માનની લાગણીથી જોઇ પોતે ગાદીએ બીરાજ્યા પછી નવા લેખો કરી આપેલ છે. તે ઉપરના લેખથી વાંચકને જણાશે.

ઉપરના લેખને આજે બસો ઉપરાંત વર્ષો થઇ જવા છતાં, કાગળમાંની પાકી શાહીના અક્ષરો હજી તેવાજ ચોકખા છે, અમોને આ લેખ એકોપાધ્યાયના વંશજો આગળથીજ મળેલ છે.

સજ આડંબર સેનરા, રોગા ભડ રાઠોડ ॥
આયા નગરસ ઉપરાં, મૂછાં ત્રોંહ મરોડ ॥ ૨ ॥

એ રાઠોડના સૈન્યે જામનગર આવી ગામથી ઇશાન ખુણામાં આવેલ તળાવની પાળના ટેકરા ઉપર તોપોનો મોરચો ગોઠવ્યો અને ત્યાં મહાન લડાઇ થઇ, તેમાં જામશ્રી તમાચીજીની જીત થઇ તે વિષે કાવ્ય છે કે—

છપ્પય—તીત વાગી તરવાર, પાર જમદાઢ પછટ્ટા ॥
આમો સામા આય, ઝડે ખત્ર બોહ ઝપટ્ટા ॥
જાડાવંધે જોર, કિયા હાલે હલકારા ॥
રણ રાખે રાઠોડ, પડે કેતા અણપારા ॥
કાઢીયા સીમ બાહર કરે, અજીત વયણ કહીઆ અશા ॥
ઠાકરા અહે દેખો ઠસક, નગર બીયો મૂર્ધર નશા ॥ ૧ ॥

દોહા—જીત હુઇ જામાણરી, અજીતસ ગયો અજીત ॥
રવતળ વાતાં ર્ય રહી, કવિતા ભાંખે ઋીત ॥ ૧ ॥

આવી રીતે તલવાર ચાલતાં (કાકાભાઇ) હાલાજીએ પોતાના યોદ્ધાઓને પડકારી, રાઠોડો ઉપર હલ્લો કરી, કેટલાક રાઠોડોને ધાર તળે કાઢી રણક્ષેત્રમાં રાખ્યા, અને કેટલાએકને જામનગરના સીમાડા બહાર કાઢયા, ત્યારે મહારાજા ×અજીતસિંહજી કહેકે “ ઠાકરો! નગર પણ મારવાડની પેઠે બહાદુર છે.” આમ કહેતાં અજીતસિંહ જીત્યા વિનાના જવાથી, જામશ્રીની કિર્તિ કવિઓ કવિતામાં કહેવા લાગ્યા.

જામશ્રી તમાચીજીને કુંવર નહિં હોવાથી, વાતો થવા લાગી કે કાકોભાઇ (હાલાજી) હવે જામનગરની ગાદી ઉપર આવશે તે વિષે દોહા—

દોહા—જામપેટ ફરજન નહીં, બાતાં જગત બણાય ॥
અંત હાલારે આવશી, ટીલો નગર તકાય ॥ ૧ ॥
યહ બાતાં સુણ રાણીયાં, દલભીંતર દુઃખાય ॥
સુત હરધોળ બુલાવિયો, માસી સગપણ માંય ॥ ૨ ॥

ઉપરની વાતો સાંભળી જામ તમાચીજીનાં રાણી દીલગીર થવા લાગ્યાં, તેથી જામ-હરધોળજીના કુંવરને (માસીઆઇ સગપણ હોવાથી.) બોલાવી દત્તક લઇ તેને ગાદીએ બેસારવાની ગોઠવણ કરવા લાગ્યાં. એ ખટપટમાં જામશ્રીતમાચીજીને

× કોઇ ઇતિહાસકાર કહે છે કે આ લડાઇને અંતે સુલેહ થવાથી અજીતસિંહજીને જામસાહેબે પચીશ ઘોડા અને અમુક રકમ આપી હતી. અને તે લઇ તેઓ દ્વારકાની યાત્રાએ ગયા હતા. પરંતુ જામહરધોળજી, તે લડાઇમાં કામ આવ્યા? કે જીવતા રહ્યા? તે લખેલ નથી.

એમ ઠમાવ્યું કે "જામરાયધણજીને જેમ તેમના ભાઇ હરધોળજીએ મારી નાખ્યા તેમ તમને પણ તમારા ભાયાતો કોઈ વખતે દગો આપશે. માટે જામનગરમાંથી તમામ ભાયાતોને રજા આપો." આ વાત જામ તમાચીજીને પણ વ્યાજબી જણાતાં તમામ ભાયાતોને પોત પોતાના ગામ ગિરાસમાં જવા ફરમાવ્યું. તેમાં પડધરી-વાળા હાલાજી કે જેઓ જામશ્રી તમાચીજીને ગાદી અપાવવામાં મુખ્ય મદદગાર હતા. તેઓને પણ રજા આપી, તેથી તેને ઘણુંજ *આઠું લાગ્યું.

દોહા—હાલા મન હલકો લગો, વેધતણી યહ વાત ॥
ए मनसुबो आदरे, घट उपजावण घात ॥ १ ॥
के के कामा में कीया, सत्रकाटे दलसाच ॥
वेरी सुत वाला कीया, तवीयें कहा तमाच ॥ २ ॥

અર્થ—આ વેધીલી વાત ઉપરથી હાલાજીના મનમાં ઘણુંજ આઠું લાગ્યું અને તેથી તેણે જામતમાચીજીને મારવાનો વિચાર મનમાં ગોઠવ્યો, (વળી કહે છે કે) મેં કેટ કેટલા (ગાદી અપાવવા વખતે) કામો કર્યાં છે. તેમજ જામનગર ઉપર ચઢી આવેલા શત્રુઓને મેં કેવા સાચા દીલથી કાપ્યા છે, છતાં પણ હે જામતમાચીજી! તેં વેરીના દીકરાને (હરધોળજીના પુત્રને) વ્હાલો કર્યો! હું તને શું કહું?

હાલાજીએ પોતાના સાળા ×કરશનસિંહજી કે જેઓ વઢવાણના ઝાલા હતા તેમને બોલાવી અને +જામતમાચીજીને મારવાનો દગો રચ્યોઃ—

દોહા—वह झालो वढवाणरो, समधें साळो सोय ॥
हालो झालो हेकमील, कीनो दगोस कोय ॥ १ ॥
यों धारे नग्र आवीया, करवा घात करुर ॥
जामतमाची आजदीन, जोखमवास जरुर ॥ २ ॥
मिल आया दरबारमें, सजे सलाम सताय ॥
तेही जाम तमाचने, एकांतस बुलवाय ॥ ३ ॥
जाम तमाची जोखमे, करे दगो तिण काळ ॥
हाकल हुइ चोगडद, पट सरबंधी पाळ ॥ ४ ॥
दुहिता जाम तमाचरी, नीज *मोटीबा नाम ॥

× કોઇ કિશનસિંહજી, તો કોઇ કરણસિંહજી, એમ નામ લખે છે.

+જામશ્રી તમાચીજીએ ધ્રસર ચારોટના પુત્ર જેશા ચારોટને હાપા ગામ વિ. સં. ૧૭૮૯ ના શ્રાવણ સુદ ૩ ને દિવસ અને જોગવડ ગામ વિ. સં. ૧૭૯૫ ના પ્રથમ આસો સુદ ૧૫ ને દિવસ લાખપશાવ કરી બેરાત આપેલ હતાં.

* કોઇ ઇતિહાસકાર આ કુંવરીનું નામ "રાજકુંવરબા" લખે છે. તો કદાચ 'મોટીબા' ઉર્ફે "રાજકુંવરબા" પણ હોય પણ કાવ્યમાં 'મોટીબા' સ્પષ્ટ લખેલ છે. તેઓને જોધપુરના મહારાજા રામસિંહજી વેરે પરણાવ્યાં હતાં.

ઓ સુણતે તીત આવીયા, તહાં હાકો કરતામ ॥ ૫ ॥
ખગાં જામ અખિયાત હે, ખુનીજાણ ન પાય ॥
ઓ સુણતે સબ ઉક્રસીયા, સહ આયા સજવાય ॥ ૬ ॥

કાકાભાઇ હાલોજી તથા ઝાલા કરશનસિંહ શસ્ત્ર બાંધી જામનગરમાં આવી અને જામ તમાચીજીને મળવાને બહાને હજુરમાં ગયા. અને એકાંતમાં બાનગી મળી બેસતાં, બન્નેએ મળી દગાથી જામશ્રી તમાચીજીને ત્યાંજ માર્યા, દરબારમાં એ ખબર પડવાથી ચોગડદ હાકલ થઇ અને સઘળી શરબંધી (સિપાઇઓ) શસ્ત્ર બાંધી તૈયાર થઇ, પણ કોઇથી હાલાજી ઉપર શસ્ત્ર ચલાવી શકાયું નહિં. કારણ કે સર્વના મનમાં એમ હતું કે હાલોજી ગાદીએ આવશે. પરંતુ જામશ્રી તમાચીજીનાં કુંવરી મોટીબા ઉર્ફે રાજકુંવરબા ત્યાં આવી પહોંચ્યાં, અને પડદામાં રહી માણસોને કહ્યું કે "જામસાહેબ તથા તેમની તરવારને ઘણી ખમા, જામશ્રી આબાદ છે, દુશ્મનો જવા ન પામે તેમ કરો" આવી હાકલ સાંભળતાંજ સર્વ શરબંધી ઉત્સાહમાં આવી ગયા અને કમરકસી તૈયાર થયા.

બાઇશ્રી ઘણાંજ બુદ્ધિશાળી હતાં. તેથી તુરતજ મરહુમ જામ તમાચીજીના લોહીવાળાં કપડાંઓ બદલાવી, બીજાં સારાં કપડાંઓ પહેરાવી, જેમ જીવતા હોય તેમ મહેલના જરૂખામાં બેસારી, સર્વ સરબંધીઓને, તથા રૈયતને દર્શન કરાવ્યાં, તેથી તમામ સૈનિકોને તથા રૈયતને ખાત્રી થઇ કે જામતમાચીજી હયાત છે, તેથી તેઓ સહુ ભાગી ગએલા ખુનીઓની પાછળ પડયા.

હાલાજીએ મોડપર જઈ તે કિલ્લો કબજે કર્યો અને આસપાસના મુલકમાં બંડ ઉઠાવી કોલાહલ મચાવી મેલ્યુ. તેટલામાં જામશ્રીનું સન્ય ત્યાં આવી પહોંચ્યું

દોહા—તોપ જંજાળાં ચોગડદ, તાસ બંધુકાં તિર ॥
લાગા મરણ લોહરા, ભાગાતેણ સભિર ॥ ૧ ॥
સજી હરામી શામસો, ભાગા આપ સભોય ॥
પટક મુવા પરદેશમેં, કહેવા રહ્યો ન કોય ॥ ૨ ॥

એ પ્રમાણે તોપો, જંજાળો, તીર, બંધુકો, વગેરેના માર લાગતાં તેઓ કિલ્લો ખાલી કરી ભાગી ગયા. અને એ લુણહરામી લોકો પરદેશમાં કયાંઇ રખડી રઝળી મરણ પામ્યા, કે પાછળ કોઇ કાણી કહેવાને પણ રહ્યું નહિં.×

દોહા—બાઇ અતિ બુધવંત સો, મોટીબા મન મોટ ॥
રાજપિતારો શખીયો, કાયમ નગર સ કોટ ॥ ૧ ॥

બાઇ બુદ્ધિનાં સાગર હતાં, તેથી તેમણે પિતાનું રાજ્ય કાયમ રાખ્યું. અને

× કોઇ ઇતિહાસમાં 'હાલોજી' જીવતા રહ્યા, અને પાછળથી મોડપરનો કિલ્લો દબાવી બેઠાનું લખેલ છે.

જામશ્રી તમાચીજીના બન્ને રાણીઓને એક એક કુંવર દત્તક લેવરાવી, તે કુંવરોમાં મોટી રાણીના કુંવરને 'લાખાજી' અને નાનાં રાણીના કુંવરને 'અજાજી' નામો આપી પાટવીકુમાર લાખાજીના નામનો પડો વગડાવ્યો.

દોહા—રહેસ હુકમે બાઇરે, હાજર દળાં હજૂર ॥
જમવે રાજસ જામરી, પહવ ખજાના પૂર ॥ ૧ ॥

બાઇસાહેબના હુકમ પ્રમાણે મ્હેતા મુસદ્દીઓ અને સર્વ કોજના શિરબંધીઓ હાજર રહી વર્તવા લાગ્યા, બાઇએ રાજની જમાવટ સારી રીતે કરી અને ખજાનામાં પૈસા ભરપુર કર્યા.

દોહા—અઠાર સંવત અગીઆરસેં, વિમ્બ માસ વૈશાખ ॥
સો દિન ઉઠાં સાંવરે, લે લે પુરત લાખ ॥ ૧ ॥
મોર સક્કો સહ સોંપીઓ, બાઇ દિપાંજી હત્થ ॥
લઘુવેશ ઓપમ લહે, તખત જામ લખપત ॥ ૨ ॥

બાઇ મોટીબા ઉર્ફે રાજકુંવરબા સાહેબ વિ. સં. ૧૮૧૧ના વૈશાખ માસમાં જ્યારે પોતાને સાસરે (જોધપુર મારવાડ) લાખો રૂપીઆનો કરિઆવર લઇ પધાર્યાં, ત્યારે જામશ્રી લાખાજીની નાનીઉમરને લીધે રાજ્યની મ્હોર તથા સિક્કો બાઇશ્રી દિપાંજીના હાથમાં સોંપ્યો હતો.—

(૪૪) (૧૨) જામશ્રી લાખાજી (૩ જા)

(ચંદ્રથી ૧૮૧ શ્રી કૃષ્ણથી ૧૨૬) (વિ. સં. ૧૭૬૬ થી ૧૮૨૪ =૨૫ વર્ષ)

જામશ્રી લાખાજીએ જામનગરની ગાદીએ બીરાજી પોતાના નાનાભાઈ અજાજીનેં ભોગાત પરગણું આપ્યું હતું.

જામ લાખાજી, હળવદના રાજ રાયસિંહજીના કુંવરી *દીપાંજીબાઇ વેરે પરણ્યા હતા, અને તેઓની વેલ સાથે (બાઇ સાથેજ) નાનજી, ભવાન, અને મેરૂ (મ્હેરામણ) એ ત્રણ ખવાસો (ઝાંગ્રેથી) આવ્યા હતા.

એ મ્હેરામણ અજાણી (અજા ખવાસનો પુત્ર) ઘણોજ ચાલાક અને બુદ્ધિશાળી હોવાથી, જામશ્રીએ તેને હજુરમાં રાખ્યો અને દરજ્જે ચડતાં ચડતાં વજીર બન્યો. તેથી રાજ્યમાં કરતા હરતા મેરૂ ખવાસ થતાં, બીજા મુત્સદ્દીઓને અને હજુરીઆઓને તેમજ રાણીજી દીપાંજીને એ વાત રૂચિ નહિં. તેથી તેઓ સૌએ એકમત થઇ, મેરૂને મારવાનો દગો ગોઠવ્યો. રાત્રિ પડતાં પ્રથમનીજ દેઢીમાં મારઓને ઉભા રાખ્યા. અને "મેરૂ ખવાસ દેઢીમાં આવે કે તરતજ ત્યાં ઠાર

*કોઇ ઇતિહાસકાર દેવાંજી, કોઇ જીવુબા, કોઇ જવુબા, તો કોઇ જાઉબા, નામો લખે છે, પણ જામનગરના દફ્તરમાં દીપાંજીબાઇ નામ નીકળે છે

કરવો.” એમ સુચના આપી, દાઢીના દીવો ઓલાવિ નાખ્યો. અને મેરૂ ખવાસને હજુર બોલાવે છે તેવા અબર મોકલ્યા. પરંતુ દૈવયોગે તેનું આયુષ્ય હોવાથી તે વખતે તેને તાવ આવ્યો હતો, તેથી પોતે ન આવી શકતાં પોતાના ભાઇ નાનજીને દરબારમાં મોકલ્યો. નાનજી, મેરૂનો ભત્રીજાઇ હોવાથી, ચહેરે મહોરે સરખો હતો. અને પહેરવેશમાં મળતાપણું હોવાથી, અંધારામાં મારાઓએ મેરૂ ખવાસ આવે છે તેવું ધારી (નાનજીને) દોઢીમાં આવતાંજ ઠાર કર્યો (વિ. સં. ૧૮૧૨) દીવો કરી લાસ તપાસતાં મેરૂને બદલે નાનજી મરાયાનું જાણી, દિપાંજી-બાઇ વિગેરે એ સૌ મેરૂના ડરથી ડરી જઇ તરતજ દોઢી બંધ કરાવી.

એ વાતની ખબર મેરૂને પડતાં મેરૂ તથા ભવાન બન્ને દોઢીએ આવ્યા. પણ તેઓને અંદર દાખલ થવા દીધા નહિં. (દોઢી ઉઘાડી નહિં) તેથી મેરૂખવાસ માણસો ઉપર માણસો ચડાવી તેઓના ખભા ઉપર પગ મૂકી કિલ્લામાં દાખલ થયો અને પોતા પાછળ પોતાના માણસોને દોઢી ઉઘડાવી દાખલ કર્યા સવારથી સાંજ સુધી અંદરના પહેરાગીરો અને સિરબંધીઓની મોટી કતલ ચલાવી. છેવટે જામશ્રી લાખાજી આગળ જઈ તેને કહ્યું કે—

चोपाई—हाथा जाम किया तहबारं । अब खावन मों करो उगारं ॥
छळ कर घात करो किम छाने । मारो अबे हाथसों माने ॥ १ ॥

મેરૂએ હાથ જોડી જામ લાખાજીને અરજ કરી કેઃ—

“અન્નદાતાર! મને ઉગારો આમ છળકેદ કરીને મને શામાટે પારકે હાથે મારી નખાવો છો, આપની ઇચ્છા મને મારી નાંખવાનીજહોય તો ખુશીથી અત્યારે આપજ મારી નાખો.” તે સાંભળી જામસાહેબે કહ્યું કે “મને આ પ્રપંચની જરાપણ ખબર નથી,” એમ કહી સોગંદ ખાધા. તેથી મેરૂને જણાયું કે આ બધો પ્રપંચ પાસવાનોનો અને બાઇશ્રી દીપાંજી બાઇનો છે. તેથી તેણે પોતાના ભરોંસાપાત્ર માણસોને જામસાહેબ પાસે રાખ્યા, અને જરૂજા ભાયાતો તથા બીજા તમામને જામશ્રીની પાસે આવવા જવાની સખત બંધી કરાવી. અને બાઇશ્રી દિપાંજીબાઇના જનાનખાનાની દોઢી ઉપર પણ પોતાના માણસોનોજ પહેરો ગોઠવ્યો.

જામ લાખાજીના સમયમાં ખાસ જાણવા યોગ્ય બીજી કાંઇ બીના બની નથી. જામ લાખાજી, દયાળુ ભોળા અને વિશ્વાસુ હતા. તેથી રાજકારભાર તમામ મેરૂખવાસ ચલાવતો, અને જામલાખાજી પણ તેને સાથે રાખી વસ્તીની ફરિઆદ સાંભળી યોગ્ય ન્યાય આપતા તે નીચેના દાખલાથી જાણવામાં આવશે.—

જામનગરમાં પ્રખ્યાત કલ્યાણજીના મંદિરના પુજારીઓને અંદરોઅંદર કલેશ થતાં તેઓએ જામલાખાજી આગળ આવી ન્યાય મળવા અરજ કરતાં જામશ્રી લાખાજીએ બન્નેની દાદ સાંભળી, ભવિષ્યમાં બન્ને પુજારીએ કેમ

વર્તવું તેનો લેખ લખી આપ્યો છે. તે લેખના મથાળા ઉપર જામશ્રી લાખાજીના નામની મોર છાપ છે. અને નીચે જામશ્રીની સહી તથા મેરૂ અજાણીની સાખ છે એ અસલ લેખ અમોને મળતાં તેની અક્ષરેઅક્ષર નકલ આપવામાં આવી છે.

જામશ્રી લાખાજી

(કટારનું ચિન્હ છે.)

વચનાત્

જામશ્રી લાખાજી વચનાત્ સેવક દામજી તથા લાધા જોગજત સેવક નાગજીસું શ્રી કલ્યાણરાહેજીની સેવાની તમે વેચણ કીધી છે તે વેચણ પ્રમાણે દેજો તેની વગત સેવામાં તથા બીજી જનસમાં ભાગ બે તમે તથા લાધો લેજો. તથા ભાગ હેક નાગજીને દેજો, ને શ્રી કલાણજીની સેવા દન વીશ તમે તથા લાધો કરજો ને દન દશ નાગજી તથા સુંદરજી કરે, ને ઓછવ તથા પરબ તથા પરસોતમ મહીના બે ભાગ ત્રીજા પ્રમાણે વેંચી લેજો ને જે ઓરડામાં નાગજી રેછે તે નાગજીનું ને લાધો રેછે તે લાધાનું ને તમારો લાગલગવો આવે તેમાં તથા વાણનું આવે તેમાં ભાગ ત્રીજો નાગજીને દેજો સાં. ૧૮૧૯ ના ફાગણ સુદ ૧૦ સોમે.

(સહી) ખવાસ મહેરૂ અજાણીની શાખ

ઉપરના લેખથી જણાશે કે અંદરઅંદર કુટુંબ કલેશ જેવી તકરારો પણ જામશ્રીએ વચ્ચે આવી તેઓ બન્નેને સંપસલાહ કરાવી લેખ લખાવી પોતાની મહોરછાપ, સહી કરી આપી. પતાવેલ છે તે પ્રજાપ્રત્યેની પોતાની લાગણી દર્શાવે છે.

કાલાવડમાં રહેતા નંદવાણા ગૃહસ્થ વીરજી વાંકીદાસ કે જેણે જામ રાયસિંહજી અને જામ તમાચીજીને કોરીઓ ધીરી હતી, (જે વિષેના લેખો આપણે આગળ વાંચી ગયા છીએ) તે ગૃહસ્થોને કાંઇ મનદુઃખ થતાં રિસાઇને ધ્રોળ રહેવા ગયા હતા તે વાતની જામશ્રી લાખાજીને જાણ થતાં તરતજ તેઓને ધ્રોળથી બોલાવી, તેના મનદુઃખનું સમાધાન કરી આપી, તેનું મનામણું કરી, નવો લેખ લખી આપી કાલાવડમાં પાછા રહેવા મોકલ્યા. એ વખતે કાલાવડમાં રાજ્ય તરફથી સોઢા અખેરાજજી અને સોઢા અરજણજી થાણે હતા. તેના ઉપર એક ભલામણ પત્ર પણ લખાવી આપ્યો હતો તે પત્ર મેરૂ ખવાસ તથા ભાણજી મેતાના નામનો છે. તે (અસલ) પત્ર અમોને મજકુર ગૃહસ્થોના વંશજો પાસેથી મળતાં, તેની અક્ષરેઅક્ષર નકલ નીચે આપેલ છે:—

—: પત્રની નકલ :—

સવસ્તિશ્રી કાલાવડ સ્થાને સર્વ શુભ ઉપમા જોગ સોઢાશ્રી ૫ અખેરાજજી તથા સોઢાશ્રી ૫ અરજણજી એ ઠા. શ્રી નવાનગરથી લખતં અવાશ મેહેરૂ તથા

મેતા ભાણજીના જોહાર જત આંહીના સમાચાર ભલા છે તમારી ભલાહી લખવી અપર બીજુ સમાચાર ૧ જાણજો ઉપાધા વીરજી વાંકીદાસ કાલાવડથી રીસાહીને ધરોલ ગયા હતા તાંથી મનાવીને પાછા કાલાવડમાં રાખા છે તેનો દરબારે લેખ લખી આપેા છે તે પ્રમાણે પાળજો. એ જુની આસામી છે તે માટે તેને લલેાપતેા કરી રાજી રાખજો ને લેણે લેખે પણ મદત રાખજો એ ધરતિ રજપૂત ખંઢેરીઆની ખેડ છે તે રજપૂત દઘઘણુ કરે તેા મને કરજો એ વાતની ભલામણ તમને છે વળતા કાગળ સમાચાર લખજો સાં. ૧૮૨૦ના પ્રથમ અષાડ સુદ ૫

(સહી)

આ પત્રપણ વસ્તિ પ્રત્યે જામશ્રીને કેટલેા ભાવ હતેા તે જણાવી આપે છે તેમજ મેરૂ ખવાસની સાથે ભાણજી મેતા નામના કારભારી એ વખતે હતા તેવું જણાય છે 'સહી' એ બે અક્ષરેા મેરૂ ખવાસના હસ્તાક્ષરેા લાગે છે, કેમકે તેમના નામનેા કાગળ લખાણેા છે.

જામશ્રી લાખાજી શિતળાની ભયંકર બિમારીમાં વિ. સં. ૧૮૨૪ ના ફાગણ વદ ૧૦ ના રેાજ સ્વર્ગે સિધાવ્યા. તેઓશ્રીને પાટવીકુમાર શ્રીજશાજી અને ફટાયા કુમારશ્રી સતાજી એ નામના બે કુમારેા હતા.

ઇતિ શ્રીયદુવંશપ્રકાશે ત્રયેાદશીકળા સમાપ્ત.



શ્રી ચતુર્દશી કળા પ્રારંભઃ

(૪૫) (૧૩) જામશ્રીજશાજી (૨ જા)

(ચંદ્રથી ૧૮૨ શ્રી કૃષ્ણથી ૧૨૮) (વિ. સં. ૧૮૨૪ થી ૧૮૭૦=૪૬ વર્ષ)

જામશ્રી જશાજી વિ. સં. ૧૮૨૪માં ગાદીએ બિરાજ્યા ત્યારે તેઓશ્રીની સગીર વય હતી તેથી ખવાસ મહેરામણ અને તેના ભાઇ ભવાન એ બન્નેની નિગેહબાની નીચે જામશ્રી રહ્યા હતા.

જનાનામાં તેમજ રંગમહેલમાં ચાકર અને બિજમતદાર તરીકે મેરૂએ પોતાની જ્ઞાતિના માણસોને તેમજ પોતાના આશ્રીતોને અને પોતાના સગાસંબંધીઓને ગોઠવી દીધા હતા. એ પ્રમાણે જ્યારે મેરૂ જામનગરમાં સ્વતંત્ર સત્તા ભોગવતો હતો ત્યારે દિલ્હીની ગાદી ઉપર શાહઆલમ બાદશાહ તરીકે હતો.

જામ જશાજી ગાદીએ આવ્યા. તેજ સાલમાં (વિ. સં. ૧૮૨૪ માં) કચ્છ-ભુજના રાઓશ્રી ગોડજી એ મોટા તોપખાના અને લશ્કર સાથે જામનગર ઉપર ચડાઇ કરી, આ ખબર મેરૂને અગાઉથી પત્રદ્વારા મળતાં તેણે પણ એક જબ્બર-જસ્ત લશ્કર લઇ, રાઓશ્રી આવતા પહેલાં તેઓને અપાએલ બાલંભાનો કિલ્લો હસ્ત કરી, ત્યાં રહેતા કચ્છી થાણદારોને કાઢી મેલી, કિલ્લામાંનો તમામ દારૂગોળો, હાથ કરી મોરચા ગોઠવી બેઠો.

રાઓશ્રી કચ્છનુંરણ ઓળંગી આવતાં, બાલંભાનો કિલ્લો મેરૂએ હાથ કર્યો છે તેવા ખબર થાણદારોએ આપ્યા, એ ખબરથી તેમજ તેના લશ્કરની મોટી તૈયારીના ખબર સાંભળી રાઓશ્રી ગોડજીએ જામનગર ઉપર ચડાઇ કરવાનું માંડી વાળી, ઉલટું બાલંભુ, ગુમાવી કચ્છ તરફ પાછા ગયા.

જામતમાચીજીના ખુનમાં ભાગ લેનાર પડધરીવાળા હાલાજી, જે કાકાભાઇ ના નામથી પ્રસિદ્ધ હતા, તે ઘણાંજ ઘાતકી અને કંટા હતા. તેણે મોરબીના ઠાકોર અલિઆજીને તથા પોરબંદરના રાણાને તથા જામતમાચીજીને, એમ ત્રણ, રાજાઓને અને લગભગ એકસો જેટલા બીજા માણાસોને પોતાના હાથેજ મારી નાખેલ હતા. તેના હાથ અને તરવાર કાયમ લોહીવાળાજ રહેતા, તે હાલાજી મોડપરનો કિલ્લો હાથ કરી, જામસાહેબ સામું બંડ ઉઠાવી, આસપાસના મુલકમાં લુંટ ચલાવી, પોતાની સત્તાને વધારતા હતા. તેથી મેરૂ ખવાસે ઓચિંતી ચડાઇ કરી મોડપરના કિલ્લાને ઘેરો નાખ્યો. અને એ ઘેરો નાખતી વખતે કિલ્લાંની બારીમાંજ તે હાલોજી બેઠેલ છે તેમ કોઇ ઓળનાર માણસે બતાવતાં એક સાધારણ સિપાઇની બંદુકની ગોળી તેની પીઠ ઉપર લાગતાં તે ત્યાં તરત મરણ પામ્યા, અને મેરૂખવાસે તે કિલ્લો હાથ કર્યો.

કાકાભાઇને મારી મોડપરનો કિલ્લો સર કરી આવ્યા પછી બાઇ જીવુબા

ઉપર દીપાંબાઇથી મેરૂની વધતી જતી સત્તા સહન થઇ નહિં. તેમજ પોતાને પણ ધાસ્તી લાગવાથી, તેઓ શ્રીજી (શ્રી નાથજી)ની જાત્રાએ જવાનો મિશ લઇ, જામનગર છોડી, ધ્રાગંધ્રે ગયાં. ત્યાં જઈ પોતાના ભાઇઓ સાથે મળી, મેરૂને નગરમાંથી કાઢી મેલવાની યુક્તિ રચવા માંડી, એ વાતની ખબર મેરૂ ખવાસને પડતાં, પોતે કાંઇ જાણતોજ નહોય તેવો દેખાવ કરી, કેટલાંએક માણસો મોકલી, બહુજ માનપાનથી દિપાંજીબાઇને જામનગરમાં પાછાં બોલાવ્યાં, કેટલાક દિવસ પછી દિપાંજીબાઇ જામનગર આવ્યાં, એટલે મહેરામણે દગલબાજી રચી બાઇને કહેવરાવ્યું કે "આજે દરબારગઢમાં પધારવાનું મુહૂર્ત નથી, માટે અવજોગ હોવાથી આજની રાત્રી ગામમાં ચતુર્ભુજને ત્યાં રહેવાની ગોઠવણ કરી છે. તો ત્યાં પધારો." બાઇશ્રી આ છળભેદ ન જાણી શકતાં, મેહેરૂના કહેવા પ્રમાણે ચતુર્ભુજની શેરીમાં પોતાનો રથ લઇ ગયાં, ત્યાં તેના ઘરની ડેલી આગળ માણસોને એકબાજુ કરી જબદો કર્યો, બાઇના આડો ચક રાખતાં, બાઇ રથમાંથી નીચે ઉતર્યાં. અને હજી એક પગ જમીન ઉપર છે, અને બીજો રથની પીંજણી ઉપર છે, ત્યાં તો મેરૂના સંકેત પ્રમાણે, 'ચાંદગોરી' નામના એક દુષ્ટ સિપાઇએ બેવફા થઇ, ચક સોસરો પોતાના ભયંકર જમૈયાનો ઘા કર્યો. તે 'ઘાવ' બાઇશ્રીને લાગતાં તરતજ ચતુર્ભુજની ડેલી આગળજ બાઇશ્રી મરણ પામ્યાં.

બિજમતદારો પણ ત્યાંથી બીકના માર્યા ભાગી ગયા હતા. શેરીમાં આવેલા ઉકરડાની નજદીક, છાણના ઢગલા ઉપર એ બાઇની લાશ લગભગ બે કલાક પડી રહી. છેવટ ભાણજી મ્હેતા અને જગજીવન ઓઝા તથા ચતરભુજના વચ્ચે પડવાથી મેરૂ સમજ્યો, અને પોતાના ભાઇ નાનજીને મારી નખાવનારના ખુનનો બદલો ખુનથી લઇ સંતોષ માની, બાઇશ્રીની દહનક્રિયા કરવા રજા આપી. તેથી જગજીવન ઓઝા તથા ભાણજી મ્હેતાએ રાજરિતિ પ્રમાણે બાઇનો અગ્નિસંસ્કાર કરાવ્યો.

વિ. સં. ૧૮૩૨માં મેરૂ ખવાસે ઓખામંડળ સર કરવા એક બળવાન લશ્કર તૈયાર કર્યું. અને પોસિત્રા ના લોકો જે લુંટફાટ કરતા હતા, તેમનો મજબુત કિલ્લો હાથ કરવા ચઢાઇ કરી. અને પોતાની સહાયમાં જુનાગઢના દિવાન અમરજીને તેડાવ્યા. તેથી દિવાન અમરજી પણ પોતાના લશ્કર સાથે પોસિત્રા મુકામે મેરૂને આવી મળ્યા.

પોસિત્રાના કિલ્લાને ઘેરો નાખી, કિલ્લાના પ્રથમના બુરજ નીચે સુરંગ ખોદાવી તે દારૂથી ભરી ફોડાવતાં મોટો ધડાકો થયો, અને ધુળ તથા ધુમાડાથી આંધી ઉતરતાં કિલ્લામાં એક મોટું ગાબડું પડેલું જણાયું. તેમાંથી લશ્કર અંદર દાખલ થયું. અને દુશ્મનો સાથે ભેટભેટાં થતાં તલવારોની લડાઇ ચાલી. તેમાં પોસિત્રાનો કિલ્લેદાર હાર્યો, તેથી લશ્કરે કિલ્લામાંનો સઘળો સામાન હાથ કર્યો પોસિત્રાના લુંટારૂઓએ, અરબસ્તાન, સિંધ અને દક્ષિણના વહાણોનો પુષ્કળ માલ લુંટી લાવી ભરી રાખ્યો હતો. તે તમામ લુંટનો માલ મેરૂએ હાથ કર્યો અને કિલ્લો કબજે કરી પોતે જામનગર આવ્યો.

વિ. સં. ૧૮૩૪ માં પોરબંદરના રાણા સુરતાનજી એ નવાનગરની સરહદ ઉપર "ભેટાળીનો" એક સુંદર અને મજબુત કિલ્લો બાંધ્યો. આસપાસના ગામથી ઘણા માણસો તે કિલ્લો જોવા આવતા હતા. તેવામાં નવાનગર સ્ટેટનો એક ભાટ (બારોટ) ત્યાં આગળ થઇને જતો હતો. તે તે કિલ્લો જોવા જતાં, કિલ્લેદારે તેને જામનગરનો જાણી અંદર જવા દીધો નહિં. તેથી તે ભાટે તે દહાડેથી હાથમાં ચુડલો પહેરેલો હતો. અને તે જ્યારે જામનગર જામસાહેબની કચેરીમાં સલામે આવ્યો; ત્યારે મેરૂ ખવાસે તેના હાથમાં ચુડલો જોઇ, તે પહેરવાનું કારણ પુછયું એ ઉપરથી તેણે ત્યાંજ નીચેનો દુહો સંભળાવ્યોકે:—

દોહો—ઉઠને અજમાલના । ભેટાળી કર મુકો ॥
રાણો વસાવસે ઘુંમલી । તો જામ માગસે ટુકો ॥ ૧ ॥

આ દુહો અજા ખવાસના દિકરા મેરૂખવાસને સંબોધીને તે બારોટ બોલતાં મેરૂએ તેજ વખતે અમીર ઉમરાવને બોલાવી, વિચારણા કરી એક જબરૂં લશ્કર તૈયાર કરાવવા વરધી આપી, અને તે *બારોટને કહ્યું કે "તું જઇ રાણાને કહેજે કે કિલ્લાનો જેટલો બંદોબસ્ત કરવો હોય તેટલો કરજે."

થોડા દહાડા પછી મેરૂ ખવાસે જબરૂં લશ્કર લઇ ભેટાળીના કિલ્લાને ઘેરો નાખ્યો. અને ત્યાં જબરી લડાઇ કરી તેમાં રાણો સુરતાનજી નાહિંમત થતાં, તેણે જુનાગઢથી દિવાન અમરજીને મદદ માટે બોલાવ્યા, પરંતુ દિવાને આવી જામના લશ્કરની જબરી તૈયારી જોઇ સુલેહની વાટી ચલાવી છેવટે નવાનગર સ્ટેટને કેટલીક ફાવતી શરતો કરી, ભેટાળીનો કિલ્લો પાડી નાખવાની શરતો રાણા સાહેબ પાસે લખાવી આપી. દરેક લશ્કરોને વિખેરી નાખ્યાં.

મેરૂ જામનગર આવ્યા પછી પોરબંદરના રાણાએ દિવાન અમરજીની શીખવણીથી, શરત પ્રમાણે ઠરાવેલ મુદતમાં ભેટાળીના કિલ્લાને પાડયો નહિં. તેથી ફરીને મેરૂખવાસે પ્રચંડ સૈન્ય લઇ ભેટાળી ઉપર હલ્લો કર્યો. એ વખતે પોરબંદરના રાણા ×સુરતાનજીએ ગોંડળના ઠાકોર કુંભાજીને મદદમાં બોલાવી તે કિલ્લો ન પાડવાની વાટી ચલાવી પરંતુ મેરૂએ તે વાત માન્ય રાખી નહિં અને તે કિલ્લાને જમીન દોસ્ત કરી તેના પાણાઓ તણાવી, તેજ પાણાનો એક કિલ્લો જામનગરની હદમાં બંધાવ્યો.

એ ભેટાળીનો કિલ્લો ભાંગ્યાનું ચારણી ભાષાનું કાવ્ય જુના ચોપડામાંથી મળેલ છે તે કાવ્ય અત્રે તેજ શબ્દોમાં લખેલ છે.—

* વિજ્ઞાનવિલાસ માસિકના અંક ૧૧—૧૮૮૨ માં પાને ૨૪૯ મે લખેલ છે કે તે બારોટ સ્ત્રીનાં લુગડા પહેરી કચેરીમાં ગયો હતો અને પુછતાં કહ્યું કે "મારો ધણી બાયલો છે તેથી મારે પણ બાયડીનાં કપડાં પહેરવાં જોઇએ"

× કોઇ ઇતિહાસકાર તે રાણાનું નામ સુલતાનજી અથવા સુરતાનજી લખે છે.

॥ भेटाळी भांग्यानुं गीत ॥

बंका उद्रके राणका कोट । भेटाळीए कोटबणे ॥
शंका होय नवे कोटा । हुवे कोट सल्ल ॥
गाढो जाण सुणे शंका । कोट सरे जबे गल्ला ॥
होशे कोट शेर भालां । गढाला हमल्ल ॥ १ ॥
ए करी कमाणी राणे । कीधो कोट परिआणी ॥
नाणी को हीआमे राणे । जामाणीन घात ॥
जेवी बणी बात कोट । तणीसे अबुरे जाणी ॥
बना ते अजाणी दुजी । अजाणीनी बात ॥ २ ॥
छात्रपत मळी बेठे । नमा के शामकी सभा ॥
आद्दी ते ठामकी मेरु । आगली अरज ॥
बोले एम करी आदु । रामकी दुहाइ बाबा ॥
जामकी धरती माथे । मंडाणो भरज । ३ ॥
बंका कोट लीआतें । अटंका मेरु आगे बदे ॥
तें कीया अटंका भुप । धणी जागा तीर ॥
तुं छतां न भांगे कोट । तो तो खोट लागे तुनां ॥
बीयाने न लागे खोट । तुं छतां बजीर ॥ ४ ॥
जाणी बात करी सभा । बने भाइ आपे जाणी ॥
बोलीया प्रमाणी । परीयाणी रामबाण ॥
तुं कहे रणका अगे । ताणवी होय ते ताणे ॥
रच्यो कोट धुडधाणी । तो जाणे मेराण ॥ ५ ॥
बोलीया मलेक जीवा । मीठाखान एणवेळा ॥
पांचातेड तेण भेळा । अटंका प्रमार ॥
मेतासो व्रसन तेण । बोल्या एण हेलामांही ॥
तबे मेरु एणवेळा । कीजे दळां तार ॥ ६ ॥
सखरा सखरा ापअ धरामे । फेरवी सांढी ॥
बधीए शरामे । खरा केतरा बेगाळ ॥

आडंबरा करे थाट । भुपरा मेळीए अशा ॥
राणरे उपरा सेन । साजीया जोराळ ॥ ७ ॥
वडा वडा मळे राजा । धमंके छत्रीस बाजा ॥
खरा थदे वाजा राही । वडाथें खटक ॥
छट्टके समंद्रा केना । पाजातेण माजा छोड ॥
केना राजा रामका । के जामका कटक ॥ ८ ॥
बंदुकां सावळा हेक । केक बाणाथोक बणे ॥
बंधु सधां अळा आलो । मळादेण बाढ ॥
अंबागळां हीलो हळां । मेर वो बाजते तशा ॥
पेदळां गेंदळां लायो । खळां हदे पाढ ॥ ९ ॥
रींछाळी पमंखरत । कंगलाळी सेना रुप ॥
रचे बीर ताळी तळी । निहाळी रजंत ॥
फेडवा मदाळी जागे । ओहो जामवाळी फोजां ॥
भेटाळी उपरे काळी । थटाज्युं भजंत ॥१०॥
तरफे भोवळे मळे । ताणीया दोवळा तंबु ॥
ओपे जाण जाळे मछे । आंकळे असम ॥
दीपीए सतारो कोट । जशारे घेरीयो दळे ॥
हींडळे सत्तारो कोट । जामाणी हसम ॥११॥
खत्री खेल लिया मेरु । जेठवारी वाड खाता ॥
सोकजें नाडीया नया । एतरी सोहाय ॥
फीराइ छाडीया तठे । बरज्जा आमळे फोजा ॥
चोवळी गाडीयां मंडे । आडीयां चलाय ॥१२॥
बाण घाये कोय हथ्थां । पाणरा बाणरा बाजे ॥
गाजे घाए तोपाणरा । ताणरा मरज ॥
राणरा आखवे एम । भले सेन मेराणरा ॥
भले तेम कहे सको । राणरा भरज ॥१३॥
हुहवाड कीया गोळा । कोट पाड फाड हल्ले ॥
चोप बाण बाण । कोकबाण घाच लाड ॥

अजारे बजाड तेग । मेरवा बराड असी ॥
धाड धाड रची राड । आतसां धखाड ॥१४॥
धडके मेदनी गाढ । बछुटे भांखरा धरा ॥
जामरा कटक एम । जुटे कोट जाय ॥
तोपां तणे पडताळे । कोटका मोबटा तूटा ॥
मोतभाळ सोड तेन । खुटा कोट माय ॥१५॥
धुंवाधार बंधुका । अंधार थें अपार धरा ॥
पडे मार सार थीये । होकारा अपार ॥
होहोकार लल्लकार । वणंपार दळां होवे ॥
लीधो कोट आहीवार । रहीनां लगार ॥१६॥
सतारो कटातां सेन । कहे युं संसार सारो ॥
भेटाळी कहाता झारो । जोतां सरो भाण ॥
गढ्डीनां राखवा तळे । बातकाज बेढी गारो ॥
दगारो भरेल आयो । ठगारो दिवान ॥१७॥
करी बात घातमांही । दिवाने रचायो कोट ॥
भरमायो वरदावे । होये गयो भ्रात ॥
जात कोट लीधापछी । मेरुवो अजाको जायो ॥
बातमे उठायो बाबा । कुडी करी बात ॥१८॥
तापछी बचाळी देश । खंभुधरा ठाळी तेथ ॥
मेरवे बणायो कोट । निहाळी मेलाय ॥
पडे त्रास ताळी छाये । सतारे सताना पणो ॥
जगतें भेटाळी रखे । दुजो कोट जाय ॥१९॥
सते कोट पाडा कजु । कुंभाने वसट्टी सोंपी ॥
मते कोट पाडे रहे । धराका मंडाण ॥
भुपांवेर दीयो टाळी । कुंभडो संसार भणे ॥
पाडीओ तेणदीं कोट । भेटाळी प्रमाण ॥२०॥
नमाडे सताना खेल । रचाडे पृथिसुं नोखो ॥
धखाडे सिंधवा राग । गवाडे सधिर ॥

શામ જશો કરે રાજી ॥ નગરાણે ચાડે શાહ ॥
પાડે કોટ આયો મેરુ ॥ ધીરને પંદિર ॥૨૧॥

ઉપરનું ભેટાળીના કિલ્લો તોડયાનું કાવ્ય મિસણ *ધુનાભાવાનું કહેલ છે.

મેરૂ ખવાસને અને દિવાન અમરજીને, અરસપરસ સારો સંબંધ હતો પરંતુ રાણા સરતાનજીને શિખવી ભેટાળીનો કિલ્લો પાડવા દીધો નહીં, ત્યારથી બન્નેને કાંઇક અણબનાવ થયો. અને વખતો વખત દિવાન અમરજી મેરૂના કામમાં આડે આવતો તેથી તે આડખીલીનો અંત આણવા મેરૂએ દગો રચી, ઝેર દઇ મારવા ધાર્યું. તેથી જામખંભાળીઆ મુકામે જલસો કરવાની ગોઠવણ કરી દિવાન અમરજીને આમંત્રણ કર્યું. દિવાન સાહેબ તે સ્વીકારી ખંભાળીઆ તરફ આવવા નીકળ્યા. પરંતુ પાછળથી તેને દગાના કાવત્રાની ખબર પડતાં, તેણે બ્હાનું બતાવી પત્ર લખ્યો કે "જુનાગઢમાં નવાબ સાહેબના દફ્તરી ખુશાલરાય નાગર ગુજરી ગયાના અને હાલમાં ખબર મળતાં, હું આવી શકીશ નહીં." તેમ કહી તેઓ જુનાગઢ પાછા ફર્યા, તેથી મેરૂ ખવાસની મુરાદ પાર પડી નહિં.

સંવત ૧૮૩૬ માં મેરૂ ખવાસે ફરીને દિવાન અમરજીને મારવા માટે પોરબંદરના રાણા સરતાનજી અને ગોંડળના ઠાકોર કુંભાજી સાથે એકસંપી કરી, અમરજી સામે ચડાઇ કરી, અને પાંચપીંપળા આગળ તેના સામે લડતાં, મેરૂએ

---

* એ કાવ્ય ગઢવી ધુનામીસણે રચી, જામશ્રી જશાજીનેં સંભળાવતાં જશાજીએ લાખપશાવમાં 'મીઠાવેઢા' નામનું ગામ ખેરાતમાં આપ્યું હતું. એ કવિરાજ ધુનાભાઇ, પોતાના કુટુંબમાં સહુથી મોટેરા હોવાથી, કચ્છી માષામાં વડીલને 'બાવો' કહે છે તેથી સૌ કુટુંબીઓ તેને "ધુનોબાવો" કહી બોલાવતા હતા, તે ધુનોબાવો પોતાના દિકરાને જ્યારે મચ્છુકિનારાના ગામ સરવડમાં પરણાવવા ગયા ત્યારે ધ્રાંગધ્રાના દશોંદી ચારણ પણ ત્યાં પોતાના પુત્રની જાન લઇને પરણાવવા આવેલ હતા. અને તેઓની સાથે ધ્રાંગધ્રાના રાજસાહેબનો હાથી હતો. જ્યારે લગ્નવિધિ થઇ રહ્યો, અને 'રાવળ' 'મોતીસર' આદિ યાચકોને દાત [પરવાહ] દેવા લાગ્યા. ત્યારે ધ્રાંગધ્રાના દશોંદી ચારણની સાથે વાદાવાદીમાં એ ધુનાભાવાએ સેંકડો ઘોડાઓ, રાવળ મોતીસરોને આપ્યા હતા. તે ઉપરથી તે વખતનો એક પ્રાચીન દુહો છે કે—

દુહો—સરવડ હંદી શેરીયેં, ધુન દીયા ધજરાજ ॥
સો ધજરાજે ઢંકીઆ, રાશારા ગજરાજ ॥ ૧ ॥

એટલે સરવડ ગામની શેરીએ ધુનાભાવાએ યાચકોને એટલા ઘોડા આપ્યા કે, ધ્રાંગધ્રાના રાજ રાયસિંહજીનો હાથી જે તેના દશોંદી ચારણો સાથે લાવ્યા હતા તેને ઢાંકી દીધો આમ ચારણો પણ 'લાખપશાવ' લેતા તેમ દાન પણ આપતા હતા ઉપરના ભેટાળીના જિતમાં તેનો તમામ ઇતિહાસ આવી જાય છે માત્ર શાલ સંવત નથી. ઉપરનું ગીત અમોને મુળીના ગઢવી પથાભાઇ પ્રભુદાન વીઠુના જુના ચોપડામાંથી મળેલ છે.

સખત હાર ખાધી, પછી તેણે ગાયકવાડી લશ્કરની મદદ લઇ જુનાગઢ તાબાનો દ્વવડાનો કિલ્લો જીતી લીધો તેથી દિવાન અમરજી ઘણા શરમાયા, અને મેરૂ સાથે સુલેહ કરી, તે કિલ્લો પાછો લીધો, અને મેરૂને પોરબંદર ઉપર ચઢાઇ કરવા પુરતી મદદ આપી. એમ બન્નેએ એકત્ર થઇ પોરબંદરનો કેટલોક મુલક ઉજ્જડ કર્યો.

વિ. સં. ૧૮૪૪ માં મેરૂ ખવાસે જામનગરને ફરતો બેલાંના પથરનો એક મજબુત કિલ્લો બંધાવ્યો. તેમાં પાંચ મોટા દરવાજાઓ, આઠબારીઓ, અને અઠાવીશ કોઠાઓ બંધાવ્યા જે હાલ મોજુદ છે. તેમજ કિલ્લાને ફરતી મોટી ખાઇ ખોદાવી હતી.

વિ. સં. ૧૮૪૮ માં મેરૂ ખવાસે મોટું સૈન્ય લઇ, કાઠીઆવાડના કાઠીઓ ઉપર ચડાઇ કરી, નીચેનાં ગામો સર કર્યાં.—

चोपाइ—गढ साणथळी तण घर कीधो । लडपीठासुं कोटडो लीधो ॥
बाबरास करीआणो बेही । ततखण मांयकीयासर तेही ॥ १ ॥
भडली अरु बरवाळो भाळो । खाटे खाचर लीयो खंभाळो ॥
आटकोट चरलाळा आदी । आणंदपर भाडला अनादि ॥ २ ॥

એ મુજબ સાણથળી, કોટડાપીઠા, બાબરા, કરિઆણું, ભડલી, બરવાળા, ખંભાળા, આટકોટ, ચરલાળા, આણંદપર, અને ભાડલા, આદી ગામો સર કરી, ત્યાં જામ સાહેબનાં થાણાં બેસારી પોતે પાછો જામનગર આવ્યો.

ગોંડળના ઠાકોર કુંભાજીની ઉશ્કેરણીથી જુનાગઢના નવાબ હામદખાનજીએ દિવાન અમરજીને હોળીને દિવસે મરાવી નાખ્યા. [વિ. સં. ૧૮૪૦] ત્યારપછી તેના ભાઇ અનંતજી તથા મોરારજી અને દિવાનજીના દિકરા રઘુનાથજી તથા રણછોડજી અને દલપતરામને નવાબ સાહેબે રજા આપતાં તેઓ પોતાના કુટુંબસહીત ધોરાજીમાં ઠાકોરશ્રી દાજીભાઇ પાસે આવી રહ્યા. તેઓએ તે દિવાન કુટુંબને ઘણાજ સન્માનથી રાખ્યું. પરંતુ ત્યાં તેમના બ્હોળા કુટુંબનો સમાસ નહિં થવાથી તેમાંથી અમુક ભાગ બીજા રાજસ્થાનમાં મોકલવાની તજવિજમાં હતા. તે બાબત મેરૂખવાસના જાણવામાં આવતાં તેણે કંડોરણા પરગણાના કુમાવિશદાર મ્હેતા અદાભાઇને એકસો સ્વાર સાથે, નગારૂં નિશાન આપી. દિવાન રઘુનાથજીને તેના કુટુંબ સાથે સન્માનથી બોલાવી લાવવા ધોરાજી મોકલ્યા, તેઓની સાથે દિવાન રઘુનાથજી તથા રણછોડજી અને દલપતરામ એ ત્રણે ભાઇઓ પોતાના કુટુંબ સાથે વિ, સં. ૧૮૫૦ માં જામનગર આવ્યા, ત્યારે મેરૂ ખવાસે તેઓનું સામૈયું કરી. જામનગરમાં લાવી, જામશ્રી જશાજીની સલામ કરાવી તેઓને પડધરી પરગણું તથા કાઠીઆવાડમાંના આટકોટ પરગણાનાં કેટલાક ગામો જાગિરમાં અપાવ્યાં. તેમજ તેની સાથે સેનાગ્રભાગનું આધિપત્ય ધારણ કરવાનો હક, તથા દરબારમાં જામસાહેબની સામે પહેલી બેઠક, વિગેરે હકકો અપાવ્યા, તેમજ દિવાની પાયગા ઉપરાંત કેટલાક સરબંધી ઉપર અધિકાર અપાવ્યો, અને દિવાન

રઘુનાથજીના હાથ નીચે નીચે પ્રમાણે આરબના નિશાનો સુપ્રત કર્યા,–"જમાદાર શેખજુમાદી," 'સાલેહુઅબદુલ્લાહુ' 'મહમદ અબુબકકર' 'હામીદ મોહસીન' તથા 'હામીદ નાસીર' વગેરેના ઝુંડાઓ અને સિંધીની ટુકડીઓમાં "જમાદાર ઉમર દુરાની" 'રાણા રૂંખડ' વિગેરે મળી જેમાં આઠસો માણસોની સંખ્યા હતી, મહેરામણ ખવાસ દિવાન સાહેબને પોતાના અમીર તરીકે લેખતો, એ વખતે બીજા અમીરો તરીકે 'ફરીદખાન' અહલીખાન, ખાનભાઇશેઠ ભગવાનજી સોઢા, ગજસિંહઝાલા, કેશવજી તથા વસનજી (નાગર)મહેતા, તથા અદાભાઇ અને કેશર ઠક્કર (લુહાણા) એ સઘળાઓ આ સ્ટેટમાં જાગીરદારો હતા.

ઉપર જણાવેલ અમીરોમાંના ઝાલાશ્રી ગજસિંહજીનાં કુંવરીશ્રી આઇબા, જામશ્રી જશાજીને પરણાવ્યાં હતાં. અને જ્યારે જામ લઇ જામશ્રી જશાજી ધ્રાંગધ્રા ગયા ત્યારે જસદણના કાઠીદરબાર વાજસુરખાચરે આટકોટ ચાંદલામાં આપ્યું અને પછી જસદણમાંથી નગરનું થાણું ઉઠાઠવાની અરજ કરવાથી જામશ્રી જશાજીએ એ અરજ માન્ય રાખી જશદણ વાજસુરખાચરને પાછું આપ્યું. આટકોટમાં રહેતા દાદાખાચરે, આટકોટ ચાંદલામાં આપ્યાની વાત કબુલ રાખી નહિં; તેથી તે નવાનગર સામો બહારવટે નીકળ્યો,

કેટલાક દિવસો પછી મેરૂ ખવાસે તેની સાથે વટી ચલાવી કહ્યું કે, "મોરબી સાથે અમારે [જામનગરને] વેર છે જો તું તેનો બદલો વાળે તો તને આટકોટ પાછું આપું." તેણે તે વાત કબુલ રાખવાથી મેરૂએ કેટલુંક લશ્કર દાદાખાચરને આપ્યું, તે લશ્કરની મદદથી તેણે ત્રણ વખત મોરબી લુટયું. પરંતુ ત્રીજીવારની લુંટમાંથી પાછા ફરતાં, મોરબીનું લશ્કર તેની પાછળ પડતાં, ×ચોટીલા આગળ ભેટો થયો, મોરબીનું લશ્કર ઘણું હતું તથા ખુદ ઠાકોરશ્રી જીઆજી પણ સાથે હતા. તે જોઇ દાદાખાચરે પોતાના માણસોને કહ્યું કે "જેને જીવવું હોય તે ઘરે જાવ, અને મરવું હોય તે મારી સાથે રહો" તેથી તમામ લશ્કર ઘર તરફ ગયું; તેના સગાસંબંધીઓ વિગેરે મળી માત્ર ૩૦ જણાજ રહ્યા. તેઓ બહાદુરીથી લડયા, પણ તેઓ સઘળા તથા દાદાખાચર તે લડાઇમાં કામ આવતાં, તેની ઘોડી ઘેર ગઇ. તે ઉપરથી *આટકોટમાં જણાયું કે દાદાખાચર કામ આવ્યા. આમ મેરૂએ એક કાંકરે બે પક્ષીનો નાશ કરાવ્યો. આ અઢારમા સૈકામાં કાઠીઆવાડમાં નીચે લખ્યા ચાર વીરપુરૂષોની હાક વાગતી હતી.—

× મોરબીના ઇતિહાસમાં થાન આગળ ભેટો થયાનું લખેલ છે.

* એક વિદ્વાન લેખક લખે છે કે—"જે સ્થળે મહાન પુરૂષનું લોહી રેડાય તે સ્થળ (તે ભુમિ) ભવિષ્યમાં તેના વારસદારોને મળે." એ પ્રમાણે મહાન વીર અને દૈવી પુરૂષ લાખાફુલાણીનો પાળીઓ જામનગરની સરહદ ઉપર આટકોટ ગામે હાલ મોજુદ છે. તો તેઓનું લોહી જ્યાં રેડાયું તે ભુમી તેના વંશજોના કબજામાં કેટલાક સૈકાઓ વીતતાં પણ પાછી આવી.

(૧) જુનાગઢના દિવાન અમરજી
(૨) ભાવનગરના ઠકોરશ્રી વખતસિંહજી
(૩) નવાનગરના મહેરામણ ખવાસ
(૪) અને ગોંડળના ઠાકોરશ્રી કુંભાજી બીજા

ઉપર જણાવેલાં ચારેય સ્ટેટોની સીમા વધારનાર તે ચાર વીરપુરૂષો હતા.

વિ. સં. ૧૮૫૦ માં જામશ્રી જશાજી, મેરૂખવાસના દાબથી પરતંત્ર જીંદગી ગુજરતા હોવાથી, તેઓએ સ્વતંત્ર થવા સારૂ પોતાના ભાયાતોની મદદ માગી, એથી ધ્રોળના ઠાકોરશ્રી મોડજી તથા રાજકોટના ઠાકોરશ્રી મહેરામણજી તથા ગોંડળના ઠાકોરશ્રી દાજીભાઇ અને ખીરસરાના ઠાકોરશ્રી રણમલજી, એ ચારેએ મળી જામ જશાજીને સ્વતંત્ર કરવા માટે, મેરૂખવાસ સામે બંડ જાહેર કરી હાલારનો મુલક ઉજ્જડ કરવા લાગ્યા. તેથી મેરૂખવાસે પણ મોટું લશ્કર લઇ, રાજકોટ અને સરધાર પરગણામાં મોટી લુંટ ચલાવી, તેટલામાં હળવદથી ગજસિંહજી ઝાલાએ પાટડીવાળા દેશાઇ વખતાજીને અને ભંકોડાથી ભુપતસિંહજીને તેના લશ્કર સાથે મદદે બોલાવી સાથે લઇ મેરૂખવાસના પક્ષમાં આવી મળ્યા., એ સૈન્યોની મદદ મળતાં, મેરૂખવાસે એક અઠવાડીયામાં સરધારનું તમામ પરગણું ઉજ્જડ કરી નાખ્યું. અને ઘણાં ગામોમાંથી પૈસાની મોટી રકમો ઉઘરાવી. એ વખતે ભાવનગરના ઠાકોરશ્રી વખતસિંહજી પોતાના સૈન્ય સાથે, જશદણ મુકામે છાવણી નાખી કાઠીઓ સામે લડતા હતા. અને ત્યાંથી થોડા દિવસમાં જેતપુર જીતવા જવાની તૈયારી કરતા હતા, તેવામાં કાઠીઓની મદદે જુનાગઢના નવાબ હામીદખાનજી આવ્યા, તેઓની અને ભાવનગરના ઠાકોરશ્રી વખતસિંહજી વચ્ચે લડાઈ થવાની ઘડીઓ જતી હતી, ત્યાં મેરૂ ખવાસે જાણ્યું કે તે બન્નેની લડાઇ થવાથી પોતે જીતેલા કાઠીઓના મુલ્કને નુકશાન પહોંચશે, તેથી તેણે વચ્ચે પડી નવાબ તથા ભાવનગરના ઠાકોરશ્રીનું સુલેહ કરાવી આપી.

બંડ કરનાર ભાયાતોએ વિચાર્યું કે મેરૂખવાસના સામા થવા માટે આપણે પુરતા નથી, પણ કાંઇક મોટી મદદની જરૂર છે તેમ ધારી તેઓએ કચ્છમાંથી વજીર ફતેહમામદ (જમાદાર) ને બોલાવ્યો. તેથી ફતેહમામદે કચ્છના રાઓશ્રીની રજા લઇ મોટા તોપખાના અને પ્રબળ સૈન્ય સાથે જામનગર ઉપર ચડાઇ કરી એ હકીકતના ખબર મેરૂ ખવાસને થતાં તેણે પોતાના ભાઈ ભવાન ખવાસને તેના સામે લડવા મોકલ્યો, ભવાને બાબરાબેલા ગામ પાસે છાવણી નાખી. ફતેહમામદ જમાદાર રણબોળંજી આ દેશમાં આવતાં, સામું લશ્કર પડેલ છે તેવા ખબર મળતાં, બાબરાબેલાવાળો રસ્તો છોડી બીજે રસ્તે થઇ પડધરી ગામે પડાવ નાખ્યો. ત્યાં તેને રાજકોટ ગોંડળ અને ખીરસરાના ઠાકોરોના લશ્કરની મદદ મળી તે સર્વને એકત્ર થએલા જોઇ ભવાને પાછા ફરવા વિચાર્યું. પણ તેની સાથે આવેલા પરશોતમ વાણીઆની ઉશ્કેરણીથી, તેણે તે દળવાદળ સૈન્ય સામે કુચ

કરી, અને દિવાનસાહેબ રઘુનાથ વગેરે ત્રણેય ભાઇઓ સાથે હોવાથી તેઓને સૈન્યાગ્ર ભાગનું અધિપત્ય ધારણ કરાવ્યું. તેથી તે ત્રણે ભાઇઓ પોતાના ઘોડેસ્વારોની ટુકડી સાથે જોડાયા. સોરઠી તવારીખના કર્તા, દિવાન રણછોડજી લખે છે કે "ફતેહમામંદ તેની સાથે કીડી અને ટીડાના જેટલું દળ લઇને આવ્યો હતો. તેણે અમારા ત્રાંબાળુ (નગારાં) ગડડતાં સાંભળી, તેમજ અમારા નિશાનો ફરકતાં જોઇ, પોતે તોપો, જંજાળો, અને ઊંટ ઉપર નાખેલા અગ્નાસ્ત્રો લઇ સામે ચાલ્યો, તેના પક્ષવાડે ૧૫,૦૦૦ કચ્છી પાયદળ, તથા સિંધી, આરબ અને અફગાનોના ૪૦૦ બખતરીયા માણશો અને ૨૦,૦૦૦ રજપુત અને સિંધી ઘોડેસ્વારો ચાલ્યા. અમારી સામે જમણી બાજુ ગોંડળ, રાજકોટ અને ખીરસરા (રણમલજી) નાં લશ્કરો હુમલો કરવા તત્પર થઇ ઉભાં હતાં." ઉપરની તૈયારી જોઇ ભવાન ગભરાયો અને દિવાન રઘુનાથજીને કહ્યું કે "હળવદના રાજ ગજસિંહજી કે જેઓ બન્ને પક્ષના સગા છે. તેના મારફત સુલેહના સંદેશાઓ ચલાવીએ, અને આજનો દિવસ સુલેહનો છે તે જાણવા સફેદ વાવટો ચડાવી, આપણે અહિંથી ચારગાઉ ઝીલરીઆ ગામે પાછા મુકામ નાખીએ." દિવાન રઘુનાથજીએ તે વાત માની નહિં. અને પોતાના ઘોડેસ્વારો તથા આરબોની ટુકડીને જમણી બાજુ ગોઠવી દીધી અને ડાબી બાજુ પાયદળ સાથે ભવાન બખાસને ગોઠવ્યો, એવી રીતે નદિના કિનારા પર સૈન્યની વ્યુહરચના કરી. [વળી સોરઠી તવારીખના કર્તા લખે છે કે] "તેણે પ્રથમ અમારા [દિવાનજી] ઉપર ૭૦૦૦ પાયદળ સાથે અલ્લી અલ્લી-ની બુમો મારતા ધસારો કર્યો. અને અમારી ટુકડીએ પણ હરહર મહાદેવના પોકારો કરી તેઓના ઉપર ધસારો કર્યો ફતેહમામદે તથા મદદે આવેલા ઠાકોરે ભવાન બખાસ તરફ હલ્લો કરી, તેને પરાજીત કર્યો. તેથી તે રણક્ષેત્ર છોડી બારી-વાંકની ડુંગરી ઉપર થોડાએક સ્વારો સાથે જઇ પહોંચ્યો. સાંજ પડતાં રાજ ગજસિંહજી [હું રા'બાવાનો સંબંધી છું. માટે મારા ઉપર ફતેહમામંદ હુમલો નહિં કરે એમ ધારી] આગળ ચાલ્યા. પણ દુશ્મનોએ તેવું કાંઇ નહિ વિચારતાં તેઓના સામા સખત રીતે લડયા, રાત્રી પડતાં બન્ને દળો વિખરાયાં. તે પછી દિવાન સાહેબે રણક્ષેત્રમાં ફરીને મુએલાંઓને કફન ઓઢડાવીને દફનાવ્યા. અને જખ-મીઓને ઊંટ ઉપર ખાટલાઓના પાલખ બંધાવી તેમાં સુવરાવી, ભવાનખવાસ સાથે જામનગર મોકલ્યા.

ફતેહમામંદના મોટા લશ્કરથી નવાનગરનો બચાવ કરવા મેરૂખવાસે દિવાન સાહેબને જામનગર પાછા બોલાવ્યા. તેથી તેઓ જામનગર આવ્યા, અને તેઓ સૌ શહેરનો જાબદો કરી બેઠા, ફતેહમામંદ નવાનગર આવ્યો. પણ ત્યાં શહેરને કિલ્લો હોવાથી તે ફાવ્યો નહિં. તેથી તે ખંભાળીયા સુધીનો મુલક લુંટતો, બાળતો અને ઉજજડ કરતો, કચ્છમાં પાછો ગયો. આટલું આટલું નુકશાન થયું છતાં મેરૂએ તે વખતે જામનગર છોડયું નહિં. અને તેથીજ જામ જશાજીનો છુટકારો કરવા ભાયાતો શહેરમાં આવી શકયા નહિં. આ વખતે જમાદાર ફતેહ-

મામદ અને ભાયાતોએ હલાર પ્રદેશને ખુબ લુંડી ઉજજડ કર્યો. પણ તેની જરાપણ દરકાર નહિં. કરતાં મેરૂએ જામનગર છોડયું નહિં. તેથી તેઓ સૌ નિરાશ થઇ વિખરાઇ પાછા ગયા.

ઉપરની લડાઇ કરાવવામાં જામશ્રી જશાજી અને રાણીશ્રી આછુબાની મદદ હતી તેવું મેરૂને જણાતાં, તેણે તેઓ બન્ને ઉપર સખત જામદો રખાવ્યો. કોઇપણ માણસને જામશ્રી પોતાના આગળ બોલાવી પોતાના છુટકારાની સલાહ લીએ અને તે બબર મેરૂને પડે, કે તુરતજ તે માણસના નાક કાન કપાવી નાખે. કેટલાએકના શિરચ્છેદ કરાવ્યા, કેટલાએકને હદપાર કર્યા, આમ પુરજોશથી નિઃડરપણે મેરૂબવાસ વર્તવા લાગ્યો.

જામશ્રી જશાજીનાં રાણી આછુબાએ, નીચે પ્રમાણે (છુટકારા)ની યુક્તિઓ અનેક રચી પણ તે નિરર્થક ગઇ.

૧ દિવાન રઘુનાથજીના રસાલાના ઉપરી શેખ મહમદ મુબારદીનને એકલાખ કોરી લાંચની આપવાની લાલચ આપી મેરૂબવાસને મારવાનું કહેવરાવ્યું. પણ તે નિમકહલાલ શેખે કહું કે, "મારા ધણી (દિવાન)ના હુકમ વિના હું કાંઇ કરી શકું નહિં.

૨ જામશ્રીની વર્ષગાંઠના દહાડે બાઇશ્રી આછુબાએ દિવાનજીને ઘણોજ કિંમતી પોષાક મોકલ્યો હતો એ પોષાકવાળા થાળમાં દાગીના અને કપડાંની નીચે એક કાળો ચોરસો, જેને સોનાથી મઢેલાં બલોયાં (ચુડલી) જોડી ૧ એક મોકલી દિવાનને શમશ્યા કરી કે, "મેહેરૂ તારાથી કોઇરીતે ન મરે, તો તું આ ચુડલો પહેરી કાળો ચોરસો ઓઢ," છતાં દિવાને કાંઇ ઇલાજ કર્યો નહિં.

એ બન્ને કિસ્સાઓમાં પોતાની મુરાદ પાર પડી નહિં. તેથી (સોરઠી તવારીખના કર્તા લખે છે કે) એક અંધારી રાત્રે જામ જશાજી સ્ત્રીનો પોષાક પહેરી, દિવાન રઘુનાથને ઘેર ગયા અને તે બન્નેભાઇને ઉદેશી કહું કે "આ મેરૂ બવાસ મારા કલેજાનો કંઠક, અથવા મારી આંખનું કણું છે. જો તમો તેને કાંઇ પણ સાધનથી કાઢી મુકો તો હું તમને "યાવત્ ચંદ્ર દિવાકરૌ" જામજોધપુરનું પરગણું અને મેરૂબવાસની સ્થાવર—જંગમ મિલકત કે જે બધી મળી એક કરોડ કોરીની છે. તેમાંથી અર્ધ ભાગ આપું." એ સાંભળી દિવાન રઘુનાથજીએ કહું કે "મારા સ્વાર્થ ખાતર હું દિવાન અમરજીના કુળને બટો નહિં લગાડું. કારણ કે મેરૂ બવાસે મને મોટા માનથી અહિં બોલાવી રાખ્યો છે. તો જેના વસીલાથી હું અહીં આસ્થિતિએ છું તે પ્રત્યે દગલબાજીનું કામ નહિં કરૂં," પરંતુ મારાથી બનશે તેટલા ઉપાયો કામે લગાડી બન્ને પક્ષ વચ્ચે સમાબાની કરાવી આપવા હું બનતું કરીશ."

દિવાન રઘુનાથજીના પ્રત્યુત્તરથી જામ જશોજી નિરાશ થયા પછી તેણે કચ્છના રાઓશ્રી રાયધણજીને ગુપ્ત જાસુસો દ્વારા બબર મોકલી હલાર મુલક,

તથા મેરૂખવાસના હસ્તકનાં જે ગામો હતાં તે લુંટવાની પરવાનગી આપીને તેડાવ્યા. તેમજ પોતાના મદદનીશ ભાયાતોને પણ ફરી ભેળા થઇ, કચ્છનું લશ્કર આવે ત્યારે ભેગા ભળી જવા કહેવરાવ્યું.

વિ. સં. ૧૬૫૦ માં પુનાના પેશ્વાના પ્રધાન નાના ફડનવિશે *અબ્બાસેલ્યુકર નામના સુબાને (અમદાવાદ) ગુજરાતના સુબા તરીકે મોકલ્યો તે સુબો ખંડણી ઉઘરાવતો ઉઘરાવતો હાલારની સરહદ આવી પહોંચ્યો તે પોતાની સાથે કડીથી હનુમતરાવની સરદારી નીચે મલ્લહારરાવનું ઘોડસ્વારનું લશ્કર અને સમીંમુંજપરથી નવાબ ગાઝીઉદ્દીનનું લશ્કર, મહીને મહીને તેઓનો ચડેલો પગાર ચુકવવાની શરતે લાવ્યો હતો.

મહેરામણ ખવાસે એ અબ્બાસેલ્યુકરનેં મળી, તેઓની માગણી મુજબ આપવાની કબુલત આપીને તે સુબા આગળથી એવું વચન લીધું કે "તેઓએ ગોંડળનો મુલક બેદાન મેદાન કરવો," એમ ઠરાવ કરી તેની મદદમાં કાળાવડ ગામના મુત્સદ્દી ×પશુ ઠક્કર [લુહાણા]નેં થોડા માણસોની સરદારી સાથે મોકલ્યો. પરંતુ તેનાથી સંતોષકારક કામ નહિં થતાં, તે પાછો આવ્યો, તેથી મેરૂખવાસે દિવાન રણછોડજીને અબ્બાસેલ્યુકર સાથે મોકલ્યા તેઓ તેની સાથે એક માસ રહ્યા. તેઓ પોતે સોરઠી તવારીખમાં લખે છે કે "અબ્બાસેલ્યુકર પણ સ્ત્રીલંપટ હતો, તેથી તેની સાથે ઘણીં મોગલ, અફગાન, અને હિન્દી સ્ત્રીઓ હતી. દિવસે અમો સૌ શેતરંજ અને ગંજીફો બેલતા અને રાત્રે તાયફાઓ ના નાચ જોતા અને ગાયન (સંગીત) સાંભળતા. આમ એક માસમાં તો ગોંડળનું પરગણું બેદાનમેદાન કરીને, રાની પશુઓ માટે ચરવાની ભુમિ કરી હું પાછો આવ્યો."

ઉપર પ્રમાણે સુબા અબ્બાસેલ્યુકરના હાથથી, ગોંડળનું પરગણું ઉજ્જડ થતાં, જાડેજા ભાયાતોનો બીજીવારનો પ્રયાસ નકામો થઇ પડયો, અને જામશ્રી જશાજી તો પરાધિનજ રહ્યા.

એજ સાલમાં જુનાગઢના નવાબ હામિદખાને કાલાવડ મુકામે મેરૂખવાસની મુલાકાત લીધી, તે વખતે નવાબ સાહેબે દિવાન રઘુનાથજી, અને રણછોડજીના હાથ ઝાલી મેરૂખવાસના હાથમાં સોંપ્યા, અને કહ્યું કે "આ બજાનાંની થાપણ છે, તેથી તેને માનપૂર્વક હવે થોડા વખત સુધી તેને તમારા પરોણા તરીકે ગણજો" ઉપર મુજબ ભલામણ કરી બન્ને છુટા પડયા.

---

* સોરઠી તવારીખના કર્તા લખે છે કે "અબ્બાસેલ્યુકરની સ્ત્રી ઉપર નાના ફડન આશક હતો તેથી તેને દૂર કરવા અમદાવાદ સુબો નિમી મોકલ્યો. તે વખતે પ્રતિવર્ષે સાડાબાર લાખ રૂપિઆ આપવાની શરતે પાંચ વર્ષને માટે તેને અમદાવાદનો સુબો નિમી મોકલ્યો હતો જુઓ. સો. ત. પાનું ૨૦૮

× સોરઠી તવારીખના કર્તા લખે છે કે "પશુ ઠક્કરનીમા અને મેરૂખવાસ વચ્ચે આડો વહેવાર હતો તેથી પશુ લુવાણો એમ લેખતો કે હું મહેરામણનોજ દીકરો છું." જુઓ સો. ત. પાનું ૨૦૭.

વિ. સં. ૧૮૫૧માં મહેરામણ ખવાસે ઓખાના વાઘેરો ઉપર ચઢાઇ કરી, ઓખાના રણની પૂર્વ તરફના વાઘેરોના 'ગાગા' 'ગુરગઢ' વગેરે તમામ ગામો લઇ લીધાં. એ વખતથી કહેવત ચાલી કે 'મેરૂ મારકણો થાશે, ઓખામાં કેમ રહેવાશે.'

એ મારકણા મેરૂથી કંટાળી, જામ જશાજી તેના રાક્ષસી પંજામાંથી છુટવાના અનેક ઉપાયો યોજતા હતા,

વિ. સં. ૧૮૫૩ માં શ્રીમંત પેશ્વા અને ગાયકવાડ સરકારની વતિ, *શીવરામ ગાર્દીએ (કામેદાન) કાઠીઆવાડમાં જમે ઉઘરાવવા આવી, પડધરી ગામે મુકામ કર્યો. તેથી મેરૂ ખવાસે દિવાનજીના નાનાભાઇ રણછોડજીને કેકલાક લશ્કર સાથે જમાબંધી ભરવા પડધરી મોકલ્યા. તે તકનો લાભ લઇ જામ જશાજીએ, આરબના જમાદારને મોટા પગારથી તેના તમામ માણસોને નોકરીમાં રાખવાનું વચન આપી લલચાવી, પોતાના પક્ષમાં ભેળવ્યો. તેથી એ ટુકડીને જામનગરથી માત્ર એકજ ગાઉ ઉપર આવેલા, 'મોડકંડા' નામના ગામે અગાઉથી મોકલી, એવી સુચના આપી. સંકેત કર્યો કે "તોપનો અવાજ થયે તમારે કાલાવડને દરવાજે આવી મળવું." તેમ સંકેત કરી ટુકડી રવાના કરી. અને જમાદાર સાલીહુ, કે જે કાલાવડના દરવાજાપરની ચોકીપર હતો, તેને પણ પોતાના પક્ષમાં ભેળવી લીધો તેજ દિવસની અર્ધરાત્રે વર્ષાઋતુ હોવાથી વરસાદને વાદળાંવાળી અંધારી રાતનો યોગ જાણી, જામશ્રી જશાજી પોતાના નાનાભાઇ સત્તાજી સાથે કેટલાક અંગરક્ષકો લઇ દરબાર ગઢમાંથી ભાગી, કાલાવડના દરવાજા માથે ચડી ગયા. અને તે ઉપરથી મેરૂખવાસના 'રંગમહોલ' ઉપર બંદુકોનો મારો ચલાવ્યો.

મેરૂ નિદ્રામાંથી જાગતાં બધો મામલો સમજી ગયો. તેથી તેણે તુરતજ દિવાન રઘુનાથજીને બોલાવી, કાળાવડના દરવાજાને ઘેરો ઘાલી, તોપનો મારો ચલાવવા હુકમ આપ્યો, સંકેત પ્રમાણે જામશ્રી જશાજીએ તોપનો અવાજ કરાવ્યો તે અવાજ સાંભળી 'મોડકંડા'ની સીમમાંથી આરબલોકો એકદમ દોડી આવ્યા. પણ કુદરતને હજી જામશ્રી જશાજીને બંધનમાંથી મુક્ત નહિં કરવા હોવાથી, તેજ વખતે રંગમતિ તથા નાગમતિ નદીઓમાં મોટું પુર આવ્યું. તેથી આરબોની ટુકડી નદીને સામે કિનારે અટકી પડી, દરવાજા ઉપર જામ જશાજી અને નાનાભાઇ સતાજી અને નીચે જમાદાર 'શાલિહુ' તથા તેના થોડાંક માણસો

* શીવરામને કેટલાક સેવારામ કહેતા, તે લશ્કર લઇ જેની સરહદમાં મુકામ નાખે તે ત્યાંથી કયારે ઉઠશે, તે વિષે પ્રચલિત કહેવત છે કે—

"सेवाराम गार्दी, बे महिनाने बार दी" ॥
चुक्यापछी चार 'दी' ने उठतां उठतां आठ 'दी' ॥ १ ॥

એટલે તે જ્યાં મુકામ નાખે ત્યાં—બે માસને બાર દિવસ રહે, જમે ચુકવ્યા પછી પણ ચાર દિવસ રહે, અને તેનો સર્વ પડાવ ઉપડતાં ઉપડતાં પણ આઠ દિવસ થાય ત્યારે પોતાનો તંબુ પડતો. ત્યાંસુધી લશ્કરનું તમામ ખર્ચ તે સરહદના રાજ્યમાથે પડતું.

અને બીજા અંગરક્ષકો બંદુકો છોડવા લાગ્યા. એ વખતે મેરૂખવાસે દરવાજાને ઘેરો ઘાલી તોપનો મારો ચલાવવા હુકમ આપ્યો. એ રાત્રીના વખતમાં સામાસામી બંદુકોની લડાઇથી કેટલાએક માણસો મરણ પામ્યા. અને જમાદાર 'શાલિહુ' પણ સખ્ત જખમી થયો. તેથી દરવાજા ઉપર જામ જશાજીએ ઘોળો (સુલેહનો) વાવટો ચડાવ્યો અને વષ્ટી ચલાવતાં મુખ્ય કારભારીઓની સલાહ ઉપરથી મેરૂ ખવાસે જામને અભયવચન આપ્યું. તો પણ જામને તેનો વિશ્વાસ નહિં આવતાં, લાયક જમીન માગ્યા. તેથી મેરૂએ દિવાન રઘુનાથજી તથા ઓઝા મહાદેવ તથા માહુ-મદખારૂગનિ તથા નાસિરખારૂગનિ (આરબો) ની તથા મલીકફેરીદખાનશેઠ વિગેરેની જમીનગીરિ આપી. ત્યાર પછી જામ જશોજી તથા સતોજી નિચે ઉતર્યા એટલે મેરૂએ પાલખી મંગાવી તેમાં જામ જશાજીને બેસારી સૌ પાલખી સાથે દરબારગઢ તરફ ચાલ્યા. ચાલતાં ચાલતાં, મેરૂખવાસનું ઘર જે સરિઆમ રસ્તા ઉપર આવેલ હતું ત્યાં પાલખી આવતાં મેરૂએ જામ જશાજીને બળાત્કારથી ઘરની અંદર ઉતારી લીધા. અને સખ્ત નિગેહુબાની નીચે રાખ્યા. પરંતુ તેમના ભાઇ સતાજી તે ધમાલમાં છુપી રીતે ઉતાવળથી દોડી પોતાના મકાન ઉપર ચડી ગયા મેરૂખવાસની બીકને લીધે જમીન પરેલા ગૃહસ્થો કાંઇ બોલી શકયા નહિં.

જામ જશાજીને લગભગ બે માસ સુધી મેરૂએ સખ્ત પહેરા નીચે કેદી તરીકે રાખ્યા. તે વિષે સોરઠી તવારીખના કર્તા લખે છે કે "એ કેદખાનામાં, તેને કપડાં બદલવા દીધાં નહિં, વાળંદ પાસે વાળ ઉતરાવવા દીધા નહિં, તેમજ તેણે નહાવા ધોવા પણ દીધા નહિં., (જુઓ સો. ત. પાનું ૨૧૨.)

આ હકીકત જ્યારે દિવાન રઘુનાથજીના જાણવામાં આવી, ત્યારે તેણે પોતાના નાનાભાઇ રણછોડજીને મેરૂખવાસ પાસે જામશ્રીના છુટકારા માટે મોકલ્યા, તે મેરૂખવાસને મળતાં, મેરૂ ન છાજતા શબ્દો બોલ્યો, તેથી તેણે (દિવાન રણ-છોડજીએ) પોતાના જમૈયા ઉપર હાથ નાખ્યો. અને મેરૂએ પણ પોતાના જમૈયા ઉપર હાથ નાખી, સામસામા લડાઇ કરવાના રૂપમાં આવી જતાં, ત્યાંના આરબ જમાદારે તેઓ બન્નેને વાર્યા, અને મેરૂખવાસે પણ દિવાનની શરમથી કે ગમે તે કારણથી તેજ વખતે જામશ્રી જશાજીને દરબાર ગઢમાં પહોંચતા કરી આપ્યા, પણ ત્યારથી તે દિવાન રઘુનાથજી તથા રણછોડજી ઉપર દ્વેષ રાખવા લાગ્યો, તેજ વર્ષમાં મેરૂનો નાનોભાઇ ભવાન સજૈયાના જખમથી અસ્વાભાવિક મૃત્યુથી મુજરી ગયો. (વિ. સં. ૧૮૫૩)

મેરૂની સ્વતંત્રતા અનહદ વધીજવાથી જામ જશોજી તથા નાનાભાઇ સતાજી અને બીજા તેઓના અંગરક્ષકો રાતોરાત છુપીરીતે નીકળી, જામ-ખંભા ળીયે જઇ રહ્યા, અને ત્યાં રહી ભાયાતોનો મેળ કરી મેરૂને મારવાની તજવીજ કરવા લાગ્યા. પરંતુ તેઓના પાછળ મેરૂખવાસ ફોજ લઇ, ખંભાળીયામાં દાખલ થયો. જામે, ટીલામેડી ઉપર ચઢી જઇ, દરવાજા બંધ કરાવ્યા. ત્યારે મેરૂએ ટીલા-

મેડી સામે તોપનો મોરચો ગોઠવ્યો, આ વેળા એક આરબ જમાદારે વચ્ચે પડી કહ્યું કે, "ધણી ઉપર તોપ ચલાવવી, તે તુને લાજમ નથી." તેથી મેરૂને ભાન આવ્યું, અને તોપ ત્યાંથી ખસેડાવી, સોગંદખાઇ દરવાજો ઉઘડાવ્યો, અને મેડી ઉપર જઇ જામ જશાજીના પગરખાં, હાથમાં લઇ પોતાની પછેડીથી લુઇ, પગમાં પહેરાવી કહ્યું કે "હું તો આપનો તાબેદાર ગુલામ છું; આપ જામનગર પધારો" તેથી જામ જશાજી વગેરે સૌ જામનગર આવ્યા. તે દિવસથી મેરૂખવાસ ભાણામાં દગો ન થાય. અને જામ જશાજીને દગાથી માર્યાનું આળ પોતા માથે ન આવે તેટલા માટે હંમેશાં પોતે તમામ ભોજન ચાખ્યા પછી જામ-સાહેબ અને જમાડતો.

વિ. સં. ૧૮૫૩ માં ફતેહમામદ રણ ઓળંગી ફરી જામનગર ઉપર ચડી આવે છે, તેવા ખબર મેરૂખવાસને થતાં, તે તેના સામો ચડયો. કારણ કે તે વખતે મેરૂપાસે સૈનિકોનું મોટું દળ હતું, કે જે દળને કડીના મલ્હારરાવ ગાયકવાડે કાઢી મેલતાં, મેરૂએ નોકરીમાં રાખ્યું હતું. તેમાં જમાદાર શેરગજખાન તથા અલીકખાન તથા શાહિબદાદખાન, તથા કરીમદાદખાન, અને અન્વરખાન પોતાના અફગાન સિપાઇઓ સાથે નોકરીમાં રહ્યાહતા, તેમજ નવાબ-સાહેબ હામીદખાનનીસાથે પણ એવીશરત કરીહતી કે તમો મદદ આપો, તો તમને ૨,૧૫,૦૦૦ જામશાહી કોરી આપવી, એમ મોટું દળ એકઠું કરી તે સર્વ સૈન્ય સાથે રણના કિનારા નજદીક મોરબી તાબાના ધનશેરા ગામે મેરૂએ મુકામ નાખ્યો.

ફતેહમામદે પણ પોતાના લશ્કરનો મુકામ તોપનો ગોળો પહોંચી ન શકે તેટલા અંતરે સામી બાજુએ ગોઠવ્યો. બીજે દહાડે મેરૂખવાસે, પોતાના લશ્કરના બે વિભાગ પાડી વ્યુહરચના કરી. તેમાં જમણીબાજુ પોતેલીધી અને ડાબી બાજુના વિભાગમાં મદદે આવેલા, જુનાગઢના નવાબસાહેબના માણસો તથા બાટવા જાગીરદાર મુખતારખાન બાબીના, તથા માંગરોળથી આવેલ શેખ મુખતાજખાનના તથા જમાલખાન બલોચના, તથા હરિસંગ પુરબીયાનાં, તથા બાલાગામના જાગીરદાર પ્રતાપસિંહજી તથા કેશરીસિંહજી અને સીંધીઓનાં લશ્કરો ગોઠવ્યાં.

જમાદાર ફતેહમામદે મેરૂની જબરી તૈયારી જોઇ લડવાનો વિચાર માંડી વાળ્યો. અને રાજ ગજસિંહજીની મારફતે વષ્ટી ચલાવી સુલેહ કરી, તે એવી શરતે કે "આજથી બે માસ સુધીમાં નગર તરફથી દિવાન રઘુનાથજી, જુનાગઢ તરફથી કલ્યાણજી હિરજી, રાજ ગજસિંહજી તરફથી કરશનજી ઝાલા અને રાઓસાહેબ તરફથી શા. સવજી મળી જે પ્રમાણે તોડ પાડે તે પ્રમાણે બન્ને બાજુવાળાએ પાળવું. ઉપર પ્રમાણે મેરૂએ દગા ભરેલી સલાહ કરી પોતાના માથે આવતી મોટી આફત ટાળી દીધી.

વિ. સં. ૧૮૫૪ માં મેરૂખવાસે જાણ્યું કે કોઇ દિવસે મારા દુશ્મનો મારી સત્તા લઇ લેશે તેથી તેણે જામ જશાજી આગળથી જોડીયા, આમરણ, અને બાલંભાના પરગણાં. જાગીરમાં લખાવી લીધાં.

મહેરામણ ખવાસ સુલેહના કોલકરાર મુજબ નહિં વર્તવાથી વિ. સં. ૧૮૫૪ માં કચ્છથી રા'ઓસાહેબ રાયધણજી પોતાના જમાદાર ફતેહમામંદ સાથે એક જબરૂં લશ્કર લઇ, (સો. ત. ના કર્તા લખે છે કે કીડી અને તીડના જેટલું દળ લઇ,) જામનગર ઉપર ચડી આવ્યા હતા, સાથે મોટું તોપખાનુ પણ હતું, તેઓએ શ્રી જગન્નાથ મહાદેવના મંદિર પાસે નવાનગરના મેદાનમાં પડાવ નાખ્યો.

મેરૂખવાસ સમજતો હતો કે જામ જશાજી તથા આરબના મુખ્ય જમાદારોમાં અલિફખાન તથા ઝુલફીકરખાન વિગેરે મારાથી વિરૂદ્ધ છે, તેથી તેણે કિલ્લાના દરવાજા બંધ કરાવી ઈંટો ચતી ચણાવી દીધા. અને બે ત્રણ જબરી તોપો મોખરાવાળા કોઠાઓ ઉપર મોરચે ગોઠવી, પોતે લડવા તૈયાર થયો.

મલિકફરિદખાન, અલ્લીખાન, દોલતખાન, અને શહેરના બીજા કસબાતિઓએ મળી કચ્છના જમાદાર ફતેહમામંદ સાથે ખુટી જઇ, ખાનગી જાસુશો મારફત એવી ગોઠવણ કરી કે, તળાવની બાજુના કિલ્લાની દિવાલ મજબુત નથી. તેથી તમારે તે બાજુથી હુમલો કરવો. અને જ્યારે તમે તે દિવાલ ઉપર સિડીઓ મુકવાની ગોઠવણ કરશો. ત્યારે તુરતજ અમે તમોને કિલ્લા ઉપરથી અંદર ઉતારવામાં મદદ કરવા તમારી સાથે ભળી જઇશું. તેમજ મેરૂપાસેના અફગાન લોકોપાસે અગ્નાસ્ત્ર (બંદુકો) નથી તેથી તેને એકદમ કતલ કરી કબજે કરશું એવી અમારી ખાત્રી છે.

ઉપર પ્રમાણે સંદેશ પહોંચતાં, બીજે દહાડે ફતેહમામંદે તે બાજુના કિલ્લા તરફ હલ્લો કરવા ગોઠવણ કરી પરંતુ વિચક્ષણ મેરૂખવાસ તે દહાડે વહેલો ઉઠી પ્રાતઃકાળમાં કિલ્લા ઉપરના મોરચા તપાસવા નીકળ્યો. તેણે સૂર્યોદય થતાં, કિલ્લાની બધી દિવાલો તપાસી, કિલ્લેદારો, તથા નાકેદારોને યોગ્ય સુચના આપી, તળાવની બાજુના કિલ્લા તરફ આવ્યો. ત્યાંતો કચ્છી સૈનિકો કિલ્લાની દિવાલો ઉપર સીડીઓ માંડી અંદર આવવાની તૈયારીઓ કરતા હોય તેવું કિલ્લાના પરનાળમાંથી જોયું તેમજ કિલ્લાની અંદર પોતાના વિરોધી આરબોની ટુકડી જોઇ, જોતાંજ એ કુશળ ખેલાડી, સેતરંજનો દાવ સમજી ગયો. તુરતજ તેણે એ ટુકડીને ત્યાંથી ખસેડી કાલાવડના નાકાના રક્ષણ માટે જવા હુકમ કર્યો. અને પોતે પોતાના ખાસ વિશ્વાસુ સૈનિકો સાથે ત્યાં છુપાઇ રહ્યો.

કચ્છી લશ્કરના સૈનિકો જેવા કિલ્લા ઉપર ચડી ડોકું કાઢે, તેવુંજ મેરૂ તથા તેના માણસો તરવારથી દુશ્મનના માથાને ધડથી જુદું કરતા, આ પ્રમાણે એ બાજુની દિવાલે કેટલીક સીડીઓ મેલાતાં, તે ઉપર ચડનાર કચ્છી વીરોને મેરૂએ તથા તેના સૈનિકોએ કાપી નાખ્યા. એકપણ માણસને અંદર દાખલ થવા દીધો નહિં, તેથી ફતેહમામંદ જમાદારે તે સ્થળ છોડી નાગનાથના દરવાજા ઉપર હુમલો કર્યો. પરંતુ ત્યાં દિવાન રઘુનાથજીનો મુકામ હતો, તેમજ મેરૂ પણ ત્યાં

પહોંચી જતાં, ત્યાંનો હુમલો નિરર્થક નિવડયો. તેથી કચ્છી લશ્કરે ખંભાળીયાના દરવાજા ઉપર હુમલો કરી તોપનો મારો ચલાવ્યો, એટલે મેરૂએ પણ તે દરવાજા ઉપર ચઢી, ત્યાંથી કચ્છી લશ્કર સામે તોપોનો મારો ચલાવ્યો. એ ભયંકર અવાજો અને ધુમાડાની અંધીથી નગરની વસ્તી આકુળ વ્યાકુળ થઇ ગઇ. પરંતુ જેને નાગનાથ મહાદેવ અને કુળદેવી આશાપુરા સહાય છે, તે નવાનગરના અજીત કિલ્લાની એક કાંકરી પણ કચ્છી લશ્કરથી પડી નહિ. તેથી રાઓસાહેબ અને ફતેહમામદ જમાદાર બીજે દહાડે વહેલા ખંભાળીયા તરફ કુચ કરીગયા. પરંતુ ત્યાંપણ નગરની પેઠે કિલ્લાના દરવાજાઓ બંધ થતાં, તેને એકાદ બે દિવસ ઘેરો રાખી, છવટ નિષ્ફળ થતાં, જેવી રીતે આવ્યા હતા તેવાજ પાછા કચ્છ તરફ ગયા.

ઉપર પ્રમાણે કચ્છી લશ્કર ઉપર વિજય મેળવ્યા પછી મહેરામણ ખવાસ રાજા તરીકેજ નિઃડરપણેજ વર્તવા લાગ્યો. લોકો તેને 'ઘણી ખમા' કહી બબ્બે હાથે સલામો ભરવા લાગ્યા.

આ વખતે પ્રસંગોપાત એક સત્યવક્તા ચારણકવિ નગરમાં આવી ચઢયો. તેણે એક દરજીની દુકાને જઇ, પોતાના અંગરખાની કસ (તુટી જાય તેવી હોવાથી) ટાંકી આપવા કહ્યું, તે દરજી એ વખતે મેરૂખવાસનું અંગરખુ સીવતો હતો. તેથી કવિને જરાક ખોભરવા કહ્યું, કવિ પા, અર્ધો, કલાક ખોભર્યા. છતાં દરજીએ કવિની કસ ટાંકી નહિ. તેથી કવિ ગુસ્સે થઇ બોલ્યા કે "હું અર્ધો કલાકથી બેઠો છું, તો હવે તું જે કપડુ સીવે છે, તે છોડી દે, અને મારી આ કસ ટાંકી દે, કાંઇ મફત નથી ટંકાવવી." સાંભળી દરજી બોલ્યો કે "તમને ખબર છે કાંઇ, આ મેરૂકાકાનો અંગરખો છે તે કેમ છોડી દઉં?" કવિ કહે, "કાકો તારો અમારે મનતો "**મહારાજા જામસાહેબનો એક મોટો ગોલો**"

દરજી કહે ગોલો, ગોલો, કવિરાજ તે અહિં મારી પેઢીમાં કેવાય, એને મોઢે ન કેવાય," કવિ કહે "અમે તો તેને મોઢે, જામ-સાહેબના રૂબરૂ, એક વખત નહિં પણ ત્રણ વખત ગોલો કહીએ." દરજી કહે "જો તેમ કહો તો સોકોરી રોકડી આપું." કવિ કહે "ચાલ ત્યારે" પછી દરજીએ કસ ટાંકી આપતાં. બન્ને જામ-સાહેબની કચેરીમાં ગયા. ત્યાં જઇ કવિએ જામશ્રીના યશોગાન ગાઇ, જામશ્રીને મળી, આસને બેસતા પહેલાં, મેરૂ ખવાસ સામું જોઇ નીચેનો દુહો લલકાર્યો.—

સોરઠો—ગોલા, ગોલા, ગોલા, ગોંઠણ હેઠ । તેં કઇક નર નમાવીયા ॥
ભૂપત છોડે મેઠ । મોઢા આગળ મેરવા ॥॥ ૧ ॥

ઉપરનો દુહો સાંભળતાં, કચેરીના સભાજનો સર્વ ચકિત થયા, પણ મેરૂએ દુહાની પાછલી કડીઓમાં પોતાની પ્રશંસા સાંભળી, તેથી પોતે પ્રસન્ન થઇ આપ્યું, અને જામશ્રી તરફથી પણ પોશાક અપાવ્યો, કવિએ દરજી આગળથી પણ શરત મુજબ કોરી આપાવવા અરજ કરી, તુરતજ મેરૂએ એ હકીકત જાણતાં,

દરજીને બોલાવી કવિરાજને સો કોરી અપાવી* ફરી એવું ન કરવા દરજીને સુચના કરી અને યોગ્ય દંડ કર્યો.

વિ. સં. ૧૮૫૫ માં જમાદાર હામિદનો દિકરો આમીન-સાહેબ વડાદરેથી મોટું લશ્કર લઇ કાઠીઆવાડમાં ખંડણી ઉઘરાવવા આવ્યો. અને તેણે વાંકાનેર મુકામે છાવણી નાખતાં, ત્યાં તેને કચ્છ તથા હાલારના જાડેજા ભાયેાતોની મદદ મળી, ત્યાંથી તે નવાનગર ઉપર આવવાની તૈયારી કરતો હતો. તે ખબર મેરૂ ખવાસને મળતાં, દિવાન રઘુનાથજીના નાનાભાઇ રણછોડજીને લશ્કર લઇ વાંકાનેર મોકલ્યા, તેણે ત્યાં જઇ આમીન-સાહેબ સાથે આવેલા જમાદાર નિહાલખાન તથા જમાદાર બચ્ચા તથા માંધવરાય નાગર અને રઘુનાથ મોદી મારફત વષ્ટી ચલાવી નકકી કર્યું કે "શિવરામ (કામેદાન) ત્રણગણી જમા કાઠીઆવાડ ઉપર નાખી ગયો હતો, તે પ્રમાણે જમા ભરવી. તેથી દિવાન રણછોડજીએ તેટલી રકમ ત્યાંજ ભરી આપતાં, તે સૈન્ય જામનગર ઉપર નહિં આવતાં પાછુ ગયું. પરંતુ મેરૂને તે રકમ વધારે લાગી અને નાગર દિવાન કુટુંબે આ વધુ રકમ આપી, તેમ ગણી નવાનગરમાં રહેતા નાગર ગૃહસ્થો પાસેથી એ જમાની રકમ મેરૂએ જુલમાથી વસુલ લીધી.

ભાણવડમાં હાલાર, બરડા અને દલાસા પરગણાના જાડેજા રજપુતો તથા જમાદાર ફતેહમામંદ (કચ્છવાળા) ના કેટલાક માણસો ત્યાં રહી, આસપાસના પ્રદેશમાં લુંટફાટ કરતા હોવાથી, મેરૂખવાસે ભાણવડ ઉપર હલ્લો કરવા, દિવાન રણછોડજીની સરદારી નીચે બે તોપો સાથે મોટું લશ્કર મોકલ્યું. તે લશ્કરમાં મુસાજીનફીરંગી, તથા અફગાન, આરબ, અને સિંધીઓ વિગેરેના માણસો હતા. તેઓ સૌએ ભાણવડને ચારમાસ સુધી સખ્ત ઘેરો નાખ્યો, પરંતુ તેમાં કાંઇ ફાવ્યા નહિં, અને રણછોડજીના જમણા હાથમાં ગોળીનો જખમ થયો. તેથી તેનો કેશવજી કામદાર નાહિંમત થતાં ઘેરો ઉઠાવી સૌ પાછા નગરમાં આવ્યા.

ભાણવડ ઉપર ચારમાસથી ઘેરો છે. તેવા ખબર ફતેહમામંદને કચ્છમાં થતાં, તેણે એકદમ ભાણવડની મદદે આવવા લશ્કર લઇ નવાનગરની પડાશમાં પડાવ નાખ્યો, મેરૂએ એ તકનો લાભ લઇ દિવાન રઘુનાથજીને તથા કેશવજી કામદારને એક લશ્કર આપી. સમુદ્ર રસ્તે માંડવીનો સવજીશાહુ, કે જે રાઓશ્રી સામે લડતો હતો. તેની મદદે મોકલ્યા. પરંતુ માંડવીવાળા સવજીશાહુને નગરના માણસોનો વિશ્વાસ ન આવ્યો, તેથી તેની સહાય લેવા તેણે ના પાડી અને રાઓ, સાથે સંધી કરી. દિવાન રઘુનાથજી વગેરે સૌ કચ્છમાંથી પાછા આવ્યા. તે વખતે જમાદાર ફતેહમામંદ નગરને ઘેરો નાખી પડયો હતો. મેરૂને એ વખતે

* ઉપરની હકીકત એક દંતકથા છે, કોઇ ઇતિહાસિક નથી. પરંતુ તે હુલ્લો સર્વ સ્થળે પ્રસિદ્ધ હોઇ, અત્રે હકીકત સાથે લખેલ છે. તે કવિનું નામ પણ મળતું નથી.

મોટા લશ્કરની મદદની જરૂર હતી. તેથી પરબાર્યાજ દિવાનજીને પંચાળમાં સિવરામકામેદાન જે ત્યાં ખંડણી ઉઘરાવતો હતો. તેની મદદ લેવા મોકલ્યા. દિવાનજી રઘુનાથજીએ ભાડલા મુકામે તેને મળી, અમુક રકમ આપવા ઠરાવી, તેના સૈન્ય સાથે જામનગર આવવા નીકળ્યા. પાછળથી (દગાબાજને દગોજ સુઝે) તેથી મેરૂને શંકા થઇ કે "દિવાન રઘુનાથજી સિવરામના સૈન્યની મદદથી, જામશ્રી જસાજી સાથે મળી જઇ, મારૂં કાસળ કાઢી નાખે તો પછી શું ઉપાય કરવો. " એમ વિચારી કચ્છી લશ્કરને સુલેહનો વાવટો આપી ધ્રાંગધ્રા મુકામે ફતેહમામંદને મળી, અમુક રકમ આપી તેનો ઘેરો ઉઠાવી લેવરાવ્યો. અને મદદનીશ લશ્કર લઇને આવતા, દિવાનજી ઉપર ધ્રાંગધ્રાથીજ પત્ર લખી મોકલ્યો જે" સિવરામ કામેદાનનો સહાયતાની હવે જરૂર નથી અહીં સમાધાન થઇ ગયું છે. આ પત્ર મળતાં દિવાન રઘુનાથજી નારાજ થયા. કેમકે સિવરામ સાથે થયેલી શરતો મુજબ તેનાથી કાંઇ બ્હાનું બતાવાય તેવુ ન હતું તેથી તેણે પડધરી મુકામ નાખી આસપાસના પટેલોને બોલાવ્યા. અને શિવરામના લશ્કરની ખર્ચીના પૈસા ઉઘરાવી આપ્યા. તે રકમ લઇ શિવરામ પાછો ગયો, આ વર્તણુંકથી મેરૂ ખવાસ વધારે નારાજ થયો. મેરૂખવાસને નારાજ થયેલો જોઇ, વિચક્ષણ દિવાન રઘુનાથજી નવાનગર છોડી ધ્રોળ રહેવા ગયા, અને ત્યાં રહી, જામશ્રી જશાજી સાથે ગુપ્ત વહેવાર ચલાવવા લાગ્યા.

વિ. સં. ૧૮૫૬ માં થોડા વખતની માંદગી ભોગવ્યા બાદ નવાનગરમાંજ મેરૂખવાસ (મહેરામણ) મરણ પામ્યો, એ મેરૂ ખવાસ પોતાની અકકલ હોંશિઆરી અને બહાદુરીથી એક સાધારણ હજુરીઆની સ્થિતિમાંથી નવાનગરનો દિવાન અથવા (de facto) ધણી થઇ બેઠો હતો. એટલુંજ નહિં પણ સારાએ કાઠીઆવાડમાં તે એક વીરનર તરીકે પ્રસિદ્ધ હતો, એ બહાદુર વીરનર હતો, પરંતુ ગમે તેવો પણ પણ જામશ્રી જશાજીનો એક નોકર હતો. નોકરમાં હંમેશા વફાદારીનો ગુણમુખ્ય જોઇએ, જો મહેરામણે બહાદુરી સાથે સ્વામિભક્ત રહી, રાજ્યની વફાદારીમાં, શ્યામધર્મ સાચવ્યો હોત, તો અત્યારે તેનું નામ પ્રાતઃસ્મરણીય દુર્ગાદાસ રાઠોડની પંક્તિમાં લખાત, શ્યામધર્મીનો વીર દુર્ગાદાસ કે જેને હિંદના મહાન શહેનશાહ ઔરંગજેબે જોધપુરનું રાજ્ય અથવા હિંદના કોઇપણ ઇલાકાની ખુશાગીરી સાથે અઢળક દોલત આપી લલચાવ્યો, પણ એવી રીતે પોતાનો સ્વાર્થ નહિં સાધતાં, પોતાના રાજાની રાણી તથા પોતાના બાળમહારાજા કુમાર અજીતને બાદશાહને હાથ સોંપ્યા નહિં. અને પોતાના માલીકને ખાતર પોતાના પુત્રનો ભોગ આપી, પોતે અનેક સંકટો ભોગવ્યા. ધન્ય છે એ વીરશ્રેષ્ટ રાઠોડરજપુત કુળભૂષણને કે જેણે પોતાની રાજ્યભક્તિ, સ્વામિસેવા, અને શ્યામધર્મની વફાદારી દુનિઆની દ્રષ્ટીએ તાદશ બતાવી આપી તેવીજ રીતે જામનગરના ઇતિહાસમાં જગજાહેર મેરૂ વિષે " પરાક્રમમાં પુરો, પણ વફાદારીમાં ઉણો " એ કહેવત ચાલે છે તે સત્ય છે. કારણ કે તેણે પોતાના

અન્નદાતા જામસાહેબ સામા તોપોના મોરચા ગોઠવ્યા, તેમજ એક કેદીથી પણ દુર્ઘટ સ્થિતિમાં, જામસાહેબને પોતાને ઘેરરાખી અનેક સંકટો આપ્યા, તથા પોતાની અન્નદાત્રી સ્વામિની (રાણી જીવુબા ઉર્ફે દિપાંજીબાઇ) કે જેની વેલ સાથે પોતે તાબેદાર (ગોલા, તરીકે આવેલ, તે પોતાના માતાજીનું ખુન પોતાની સત્તાના લોભને ખાતર કરાવ્યું, એટલુંજ નહિં પણ એ રાજમાતાના મરણપછી તેના શબને એક છાણના ઢગલા ઉપર બે ફલાક સુધી સરિઆમ રસ્તા ઉપર રખાવ્યાં વગેરે હકીકત વાચતાં દીલગીરિ થાય છે. વાંચનાર વિચાર કરશે કે તે બનાવો જામશ્રી જશાજીના અંતરમાં કેટલા ડંખતા હશે? પણ ધન્ય છે તે ઉદાર રાજવીને કે જેણે પોતાના કંટકસમાન મેરૂ મરી ગયા પછી તેના વારસોને વગર અડચણે તમામ મિલકત સાથે તેઓની જાગીરમાં જવા દીધા.

મેરૂને પોતાનો એક પણ ઔરસ પુત્ર ન હતો. તેણે મુસલમાન ઔરત રખાયત તરીકે રાખેલ હતી. તેથી તેના સંતાનને વારસો નહિં મળતાં મેરૂના ભાઇ ભવાનના દીકરા સગરામ તથા પ્રાગજીને મેરૂનો તમામ વારસો મળ્યો હતો. સોરઠી તવારીખના કર્તા લખે છે કે "મેરૂની મિલકત જામશાહી એક કરોડ કોરીની હતી, તમામ તેઓ જોડીએ લઇ ગયા. માત્ર હુજરો મણ જુવાર કે જે પોતાના મકાનની આસપાસની ખાણોમાં હોવાથી લઇ જઇ શકયા નહિં. તે સિવાય તમામ મિલકત (એટલે કે રંગમહોલમાંથી રંગીત ખીંતીઓ સીએ કાઢીને) જોડીએ લઇ ગયા હતા. તે લઇ જવામાં જામશ્રીએ જરાપણ હરકત કરી નહીં"

તે ઉદાર જામ જશાજીની ઉદારતા સબંધે વડોદરાના માજી દિવાન સર મનુભાઇ તથા તેમના ભાઇ મારકંડરાયના લખેલા 'હિંદ રાજ્યસ્થાન' ગ્રંથમાં લખેલ છે કે—

"Jam Jassaji was of course delighted as the death of his captor. Maheraman, but he was not so mean as to obstruct his descendants from taking possession of their appanage.!"

એટલે જામશ્રી જશાજીને એને કેદ કરનારના મરણથી સંતોષ થયો તો પણ એના વારસોને એમની જાગીર વારસામાં આપવામાં કાંઇપણ હરકત કરી નહિં.

મેરૂખવાસના મરણ પછી તેના ભાઇના દિકરાઓએ મેરૂની ઉત્તર ક્રિયા નગરમાંજ કરી સઘળી મિલકત લઇ પોતાની જાગીરમાં ગયા હતા. તેને જાગીરમાં જોડીયા, ખાલંભા, અને આમરણના ત્રણ કિલ્લા તથા તેના પરગણાં મળી કુલ ૩૬ ગામો મળ્યાં હતાં.

જામશ્રી જશાજી સ્વતંત્ર થયા પછી તેઓએ ધ્રોળથી દિવાન રઘુનાથજીને પાછા બોલાવી, દિવાનગીરી આપી અને રાણપુર પરગણું જાગીરમાં આપ્યું.

વિ. સં. ૧૮૫૭ માં જામશ્રી જશાજીએ મોટીફોજ લઇ જશદણ ઉપર ચઢાઇ કરી, ત્યાંનો કિલ્લો તોડયો, તથા અશ્વવેરો (ઘોડા વેરો) એ નામનો કર નાખ્યો. અને એ કર તમામ કાઠીઆવાડ, ઝાલાવાડ, અને ધોધાબારા સુધી ગોહેલવાડમાં, અને ગિરનારના પર્વત સુધી, સોરઠ પ્રદેશ વિગેરેના જાગીરદારો પાસેથી નજરાણા તરીકે લીધો, એ પ્રમાણે વિજયધ્વજ ફરકાવી જામશ્રી જશાજી જામનગરમાં આવ્યા.

જામશ્રીએ અશ્વવેરારૂપી નજરાણું ઉઘરાવી, અઢળક દ્રવ્ય મેળવી ખજાનો ચિક્કાર કર્યો. તેમજ હજારોનું અશ્વદળ, અને પ્યાદળ, એકઠું કરી મોટું લશ્કર જમાવ્યું.

વિ. સં. ૧૮૫૯ માં તેઓએ આજુબાજુના તાલુકાઓ અને પોતાના ભાયાતોના ગિરાસો દબાવવા માંડયા. તેથી કેટલાક ભાયાતો બહારવટે નીકળ્યા. અને લગભગ બે વર્ષ બહારવટું ચાલતાં, વસ્તીમાં ઘણોજ ત્રાસ ઉત્પન્ન થયો. તેથી તેનું સમાધાન ચારણોને વચ્ચીમાં નાખી કર્યું; એ વિષેનો એકપત્ર જામશ્રી જશાજીની સહીવાળો, દિવાનનો લખેલ અમારા વડીલોના નામનો અમારા પાસે છે. તે અત્રે તેજ શબ્દોમાં આપવામાં આવેલ છે.

—: પત્રની નકલ :—

મોજે રાજવડ બારોટ મનુ. જીવા નવાનગર લી. મેતા જગજીવન દેવજીના જોહાર. જત તમારો કાગલ આવો તે પહોતો. હકીકત માલમ થૈહી. તમે ગરાશીયા આસરે લખું છે. તે તમે ખાતર જમે રાખી ગલામાં ઘાલીને આંહી તેડી આવજો કશીવાતે મુલાહેજો રાખશોમાં, ઈ ગરાશીયાની વાત થાહે તો. મર સુખેથી રહે, ને કાં પાછા કહેશે તાં પહોચાડશું, તે માટે કોલ દૈ તેડી આવજો.

શાં. ૧૮૬૧ ના અષાડ સુદ ૯ (સહી)

વિ. સં. ૧૮૬૩ માં પોરબંદરના જમાદાર મુરાદખાન અને ફકિર મહમદ મુકરાણી કે જેઓ પહેલાં જામનગરમાં નોકર હતા, તેઓ પોરબંદર તાબેના રાણાના કંડોરણામાં થાણે હતા. પરંતુ ત્યાં તેને રાણાસાથે અણબનાવ થતાં, તેઓએ કંડોરણાનો કિલ્લો જામશ્રી જશાજીને એકલાખ× કોરીમાં વેચાતો આપ્યો, અને જામશ્રીએ તે જમાદારોને તેની જુની નોકરી ઉપર દાખલ કરી, કંડોરણાનો કિલ્લો હાથ કર્યો, આ કારણથી પોરબંદરના રાણા, જામસાહેબ સામે ચડયા, પણ તેમાં તેઓ હાર ખાઇ પાછા ગયા. તેથી તેણે ગાયકવાડ તથા અંગ્રેજ સરકારની મદદ માગી તે વેળા કર્નલ એલેકઝાંડર વોકર સાહેબ ચરોતરના રેસીડન્ટ હતા તેણે જામ સાહેબ ઉપર, તે કિલ્લો રાણા સાહેબને પાછો સોંપી દેવા લખ્યું.

× કાઠીઆવાડસર્વસંગ્રહનાકર્તા એકિલ્લો ત્રણલાખકોરીમાં વેચાણ આપ્યાનું લખે છે.

પણ જામ જશાજીએ તેનો ઇન્કાર કર્યો, તેથી વોકર સાહેબ જ્યારે પ્રાંતમાં ફરવા નિકળ્યા ત્યારે તેણે તે કંડારણાનો કિલ્લો સર કરી રાણા સરતાનજીના કારભારીને પાછો સોંપ્યો (તા. ૫ મી ડીસેમ્બર સને ૧૮૦૭ ઇસ્વી.)

વિ. સં. ૧૮૬૮ માં કચ્છના રાઓશ્રીએ નવાનગર ઉપર અમુક રકમનો દાવો માંડી, ગાયકવાડ તથા બ્રિટીશ સરકારની મદદ માગી,

જામશ્રી જશાજીએ પોતાના નાનાભાઇ સત્તાજીને જાગીર નહિં આપવાથી તેઓએ વડોદરે જઇ કર્નલવોકર તથા ગાયકવાડ સરકારની મદદ માગી.

ઉપરની બન્ને બાબતો દરમિયાન એક યુરોપિયન અમલદાર બરડા ડુંગરમાં શિકારે આવેલ, તેને એક આરબે (શિકાર કરતો હોવાના કારણે) ગોપ મુકામે મારી નાખ્યો. અને આરબે ત્યાંથી ભાગી, મોડપરના કિલ્લામાં છુપાઇ જામજશાજીનું શરણ માગ્યું. તે આરબને સોંપવા અંગ્રેજ સરકારે માગણી કરી. પરંતુ પોતાને શરણે આવેલાને ન સોંપવાનું બિરદ જાળવવા, જામશ્રી જશાજીએ તેઓના લખાણ તરફ બિલકુલ લક્ષ આપ્યું નહિં. તે વિષે કાવ્ય છે કે—*

ઉપરના ત્રણેય કાર્યો એકીસાથે થતાં, ગાયકવાડ સરકાર તથા અંગ્રેજ સરકારે મળી જામનગર ઉપર ચઢાઇ કરી તેઓના લશ્કરમાં કેપ્ટન કાર્નાક સાહેબ, તથા ગંગાધર શાસ્ત્રી તથા ફતેસિંહરાવ ગાયકવાડ, સેનાખાસખેલ સમશેર બહાદુર, તથા મીર-સાહેબ, કમાલુદ્દીન-હુસેન તથા મીર શરફજઅલ્લી અમીન સાહેબ અને દિવાન વિઠ્ઠલરાવ વગેરે હતા.

જામશ્રી જશાજી પાસે ભાયાતોનું અને બીજું લશ્કર પણ પૂર્ણ હોવાથી ત્યાંના દળવાદળ સૈન્ય સામે પણ લડવાને તેઓશ્રીએ હામ ભીડી, કિલ્લાનો જબ્બો કરી યુદ્ધ શરૂ કર્યું.

सोरठो—*दीसे जशो अणदोर, शंक न धरे पतशाहरी ॥
कंपे सत्र चहुंकोर, धर, सर, नर, माने धडक ॥ १ ॥
गणे न गायकवाड, पेस न देवे पेसवा ॥
पुना लगे पवाड, पो फरीयादस पुगीयां ॥ २ ॥
ओर मारे अंगरेज, सोधन आय शिकार तत ॥
कर फरिआद करेज, जण जणबंधी जाससु ॥ ३ ॥

અર્થ—જામશ્રી જશાજીએ સઘળા શત્રુઓને કંપાવી બાદશાહના હુકમનો પણ અનાદર કરવા માંડયો. ગાયકવાડને પણ ગણકાર્યો, નહિં. એને પેશ્વાને પેશકસી પણ આપી નહિં. તેથી તે બાબતની ફરીઆદ પુને પહોંચી તેમજ બરડામાં શિકાર માટે આવેલા અંગ્રેજ ઓફીસરને પણ મરાવી નાખ્યો. તે ફરિઆદ પણ ત્યાં પહોંચી.

ઉપરની લડાઇ માટે સોરઠી તવારીખના કર્તા લખે છે કે "પહેલે દિવસે તોપખાનાનો મારો ચલાવવા માંડયો. ત્યારે કેટલાક ઘોડા અને સિપાઇઓ મરણ પામ્યા. બીજે દિવસે અંગ્રેજોની તોપોએ કિલ્લાની તોપોનો મારો બંધ કરાવી દીધો. તો પણ દિવાન રઘુનાથજી અને જમાદાર ફકીરમહમદે એક અંગ્રેજી પલટણ સાથે આખો દહાડો યુદ્ધ કર્યું; તેમાં બન્ને પક્ષમાંથી કોઇએ પાછીપાની કરી નહિ. અને રાત્રિ પડતાં યુદ્ધ બંધ રહ્યું.

ત્રીજે દહાડે દિવાનના કહેવાથી વષ્ટિ ચલાવવાની તજવીજ થતાં, જામશ્રીના ભાયાતો બોલી ઉઠયા કે "અમો રજપુત છીએ. જ્યારે અમારા શત્રુનું અમો રક્તપાન કરશું ત્યારપછીજ સુલેહની વષ્ટિ કાન ઉપર ધરશું." એમ કહી લડાઇ શરૂ કરી. ત્યારે બન્ને પક્ષની તોપોની ભયંકર ગર્જનાઓની પુરજનોમાં નાશકારક ગભરાટ ફેલાયો, તેથી ગુંસાંઇજી ગોવર્ધને તથા શહેરના મહાજને મળીને જામશ્રી આગળ અરજ કરી કે હવે જો સુલેહ થાય તો સોના જનમાલની સહીસલામતી રહે, એ દરખાસ્ત ચાલતી હતી ત્યાં ખત્રી સુંદરજી પણ બ્રિટીશ, ગાયકવાડ, અને પેશ્વાના સૈન્ય તરફથી વષ્ટી કરવા આવ્યો. અને તેમાં દિવાન રઘુનાથજીની વધુ સંમતિ જોઇ, જામશ્રી જશાજીએ સુલેહ કરવાનું કબુલ રાખ્યું. તે વિષે કાવ્ય—

॥ છંદ મોતીદામ ॥

સંવત અઢાર અડસઠ સોય । હચે દળ ફાગણ માસહ હોય ॥
કલંદણ પોર પચીસહ કીધ । લડે જશરાજ વડો જશ લીધ ॥ ૧ ॥
સુબે તીત કીધીય સંધિય સાર । અહે દખણીદળ કીધ ઉગાર ॥
નસેં હુતરાજસ લીનહું નીમ । સજી દળ નાવહું નગ્ગર સીમ ॥ ૨ ॥

ઉપરને દિવસે વિષ્ટિ થતાં, લડાઇ બંધ રહી, અને એવી શરત થઇ કે, "લડાઇના ખર્ચ પેટે પ્રતિવર્ષ એકલાખ જામશાહી કોરી, દશવર્ષની મુદત સુધી અંગ્રેજોને જામસાહેબે અપાવી. તેમજ કચ્છના દરબાર તેરલાખ જામશાહી કોરીનો જામસાહેબ ઉપર દાવો કરે છે તે કોરી પણ આપવી. "તેવું ઠરાવી તમામ સૈન્યો પાછા ગયા."×

×આ લડાઇ માટે કાઠીઆવાડ સર્વ સંગ્રહના કર્તા લખે છે કે ઇ. સ. ૧૮૧૨ ના ફેબ્રુઆરીની ૨૩ મી તારીખે જામસાહેબે નીચેની શરતે ચાલવાનું કબુલ કર્યું.—

૧ બ્રિટીશ અમલદારના ખુનીઓને આપી દેવા.
૨ મોડપરના કિલ્લાનો નાશ કરવો.
૩ કચ્છની સાથેની તકરારનો નીવેડો લાવવો.
૪ રાણપુર તથા બીજા બાર ગામો સતાજીને જીવાઇમાં આપવા.

વિ. સં. ૧૮૬૯ ના ભયંકર દુષ્કાળમાં જામશ્રી જશાજીએ જામનગર સ્ટેટની વસ્તીને પુષ્કળ દાણોપાણી પુરા પાડયાં હતાં અને અનેક સદાવ્રતો ચાલુ કર્યાં હતાં.

એજ દુષ્કાળના વખતમાં કચ્છથી જમાદાર ફતેહમામદ મોટા લશ્કર સાથે જામનગર ઉપર પાંચમી વખત પુરાજોરથી ચઢી આવ્યો હતો. એ વખતે દિવાનજી રઘુનાથજી કુતિઆણે હતા. તેથી તેઓને તુરત બોલાવ્યા. પરંતુ તે બિમાર હોવાથી તેણે તેના ભાઇ રણછોડજીને ત્રણસો સ્વાર ત્રણસો પ્યાદળ એક તોપ

---

૫ ફતેહસિંહ ગાયકવાડની ગાદીએ બેઠા બાબતનું રૂા. ૨૫૦૦૦) નજરાણું આપવું.

૬ સરપદડ પરગણું ધ્રોળને પાછું તાબે કરી દેવું.

ઉપરની સલાહ થયા પછી, બ્રિટીશ તથા ગાયકવાડી ફોજો પાછી ગઇ હતી.

કાઠીઆવાડ ડીરેક્ટરીના કર્તા, ડીરેક્ટરી ભાગ ૧ લો પાનું ૬૪૨ માં, એ લડાઇની બાબતે વિષે લખે છે તેમજ વોકર સેટલમેંટના આધારે જમીન જાગીરનો ભોમીયો, (અને નવાનગરનો ભોમીઓ. ઉપરના કોલકરારો કરતાં વધુ કરારો થયાનું લખે છે. તેમાં ઉપરના કરારોનો પણ સમાસ થાય છે. તોપણ બીજી કેટલીક વધુ કલમો હોઇ નીચે આપવામાં આવી છે

૧ કચ્છના મહારાજા મિરઝા રાવ રાયધણજીના પૈસા સંબંધી લેણાનો વાજબી નિવેડો થાય તે પ્રમાણે જવાબ દેવો છે.

૨ સલાયાનું બધું બંદર તેની અસલ સરહદ સહિત ગાયકવાડ સરકારને હવાલે કરવું જોઇએ. તેની જે કાંઇ પેદાશ થાશે તે તમારી વાર્ષિક જમામાં એક લાખ રૂપીઆ વધારો કરવામાં આવ્યો છે તે પેટે ગણાશે ખંભાળીઆ તરફથી જે જગ્યાના વેપારીઓ પાશેથી પ્રથમ જે કાંઇ લેવાતું તે પ્રમાણે ખંભાળીઆવાળા લેશે. ખંભાળીયામાં સલાયાના લોકો જે કાંઇ માલ વેચે તે ઉપરની જગાતપણ ખંભાળીયાવાળા લેશે.

૩ મોડપરનો કિલ્લો પાડી નાખવો જોશે.

૪ આરબની પરદેશી ફોજને બરતરફ કરી માત્ર ૩૦૦ જુના માણસ રાખવાં.

૫ કચ્છની કોરી માટે અને શિરબંધીને બરતરફ કરવા ફરીને ન રાખવા બાબત ફકીરમહમદ અને કરીમશાહ નામના મોટા સરદારને જમીન આપવા જોઇશે. શિરબંધી રાખવાનો કાંઇ પ્રસંગ આવે તો તે વખત સરકારની પરવાનગી લેવી પડશે.

૬ લશ્કર ખર્ચ માટે પંદરલાખ કોરીની જરૂર છે.

૭ જે લોકોએ અંગ્રેજ અમલદારને ગોપમાં મારી નાખ્યો, તે લોકોને બીનસંકોચે હવાલે કરવા. અને તેની લઇ લીધેલ બંદુક અને ઘોડો પાછાં આપવા.

૮ સ્ત્રી બાળહત્યાનો બંદોબસ્ત તોડયા બાબત પાંચ હજાર રૂપીઆ દંડ આપવો. અને નગર તથા તેના તાબાની જગ્યામાં સ્ત્રી બાળ-હત્યાનો ચાલ બંધ કરવા ભાટચારણોને જમાન આપવા.

વગેરેના લશ્કર સાથે જામનગર મોકલ્યા, તેઓનું જામ-જશાજીએ ઘણું સન્માન કર્યું, અને તેને મદદમાં એકહજાર પાયદળ અને ચારસો ઘોડેસવારો અને બે તોપો આપી હુડીઆણા મુકામે સામું થવા કહી રજા આપી, રણછોડજી તમામ સૈન્ય સાથે હુડીઆણે પહોંચ્યા, ને ત્યાં જઈ છાવણી નાખી, તેટલામાં જમાદાર

૯ સરપદડ પરગણું જ્યારે કંપનીની બાંહેધરી પુરી થાય, ત્યારે ધ્રોળવાળાને પાછું સોંપવું. અને તે બાબત જમાન આપવા.

૧૦ સંવત ૧૮૬૪ ઇ. સ. ૧૮૦૭ ની સાલથી સરકારની પરવાનગી વગર કોઇ ગિરાશી-આનો ગિરાશ તેના માલીક પાસેથી લીધો અગર છીનવી લીધો હોયતો પાછો આપવો.

૧૧ રાણપુર પરગણું અને કિલ્લો અને કસબો કુલ બાર ગામ સહિત કુંવર સતાજીને આપવાં પડશે. અને સરકારને આપવાની જમાબંધી, ગાયકવાડ સરકારે મુકરર કરવી. સતાજીએ ગાયકવાડની મદદ માગી તે બાબતના ખર્ચના આઠહજાર રૂપીઆ તથા જામના તાલુકામાં સતાજીની માની કાંઇ મિલ્કત હોય તે સોગનવડીએ પાછી આપવી, તેમજ કુંવર સતાજીની મિલ્કત જે કંઇ રાખી હોય તે પણ પાછી આપવી.

૧૨ મહારાજ્ઞે ફતેસિંગને નજરાણાના રૂપીઆ પચ્ચીશહજાર આપવા.

૧૩ સરકારને ખાત્રી થાય તેવા ભાટ ચારણને ફેલ જમીન આપવા.

૧૪ નાંજી જમાદારને તેનાં અગાઉનાં ગામ ઉપરાંત એક બીજું ગામ આપવું.

૧૫ કોઇ નગરમાં બહારવટીઓ હોય તો તેને કાંપમાં મોકલવો. ત્યાં તેના કામનો ફેંસલો થશે. તેને ફરીથી કદી આશ્રય ન આપવો.

૧૬ નગર તાલુકામાં કૂમકે આવેલાં લશ્કરનો જે માલ ચોરાએલો છે તે સઘળો પાછો આપવો

૧૭ નગર ઉપર મોરચા બાંધવા ગાયકવાડને જરૂર પડી, તે બાબત એકલાખ રૂપીઆ દંડ આપવો. **(સહી)**

ઉપરની શરતો ઉપરાંત પેશકસીની રકમમાં રૂપીઆ એકલાખનો વધારો ગાયકવાડે કર્યો તે લખાણની નકલઃ—

"તમો વ્યાજબી રીતે નહિં વર્તતાં ઓનરેબલ કંપની બહાદુરના ખાસ મોટા લશ્કરને તમારા પ્રાંતમાં આવવું પડયું. સમજણ કરવા બાબત દરેક કોશીશ કરવામાં આવી, તે બર ન આવતાં ગુજરેલી વાત તમને હમેશાં યાદ રહે માટે તમારી જમામાં સાં. ૧૮૬૯ ઇ. સ. ૧૮૧૩ થી એકલાખ રૂપીઆ વધારવામાં આવીયા છે. એ એકલાખ રૂપીઆમાં સવાયાજંદરની પેદાશ પણ ગણી છે. હવે પછીના વખતમાં દશ વર્ષની મુદતબાદ તમારી ચાલ અમો બન્ને સરકારને પસંદ પડશે એવી થશે તો આ વધારેલી રકમમાં કાંઇ ઘટાડો કરવા મન થશે સાં. ૧૮૬૮ ના ફાગણ સુદ ૧૪ તા. ૨૬ ફેબ્રુઆરી સને ૧૮૧૨.

કાઠિઆવાડ ડીરેકટરી ભાગ ૧ લો પાને ૬૪૪ **(અ)** શ્રીમંત રાવશ્રી સેનાખાસખેલ સમશેર બહાદુરની સરકારમાં વિરમગામના રહેવાશી બારોટ મેરૂ મ્હેતા, અને પેટલાદ પરગણાના ગામ જલસમના રામદાસ નથુએ કરેલ ફેલજમાની બતઃ—

ફતેહમહમદનું લશ્કર પણ આવી પહોંચ્યું; તેણે જામનગરના લશ્કરથી એક કોશ દૂર પોતાના નિશાન નજીક ઓડાવી છાવણી નાખી. તે વખતે તેની સાથે વીરા-જીજર લડવૈયા અને તેર તોપો હતી.

જામનગરથી ગજસિંહજી ઝાલા અને ગોકળ ખવાસ બીજે દહાડે કેટલાંક લશ્કર સાથે રણછોડજીની મદદે આવી પહોંચ્યા. પરંતુ તેજ રાત્રીના પાછલા પહોરે દિવાન રણછોડજીએ એક સો ૩મી (તુર્કી) માણસો અને એક સો અસકતી (આરબો) માણસોને લઈ દુશ્મનોની છાવણી ઉપર ઓચિંતો હલ્લો કર્યો. ફતેહ-મામંદ હજી તેના તંબુમાં ઉંઘતો હતો. ત્યાંજ રણછોડજીએ તે તંબુને ઘેરો ઘાલ્યો

"અમે અમારી રાજીખુશીથી ચાલુ માટે નીચે લખેલી કલમ મુજબ નવાનગરના જામ જશાજીના ફેલ જમીન થઇએ છીએ.

૧ તેણે અંદરના ફીસાદમાં ન પડતાં કોઇ બ્હારવટીઆ, કાઠી અગર રજપુતને આશ્રય ના આપવો. તેમજ તેણે બીજાની સરહદ ઉપર ફીસાદ અગર હુમલો ન કરતાં, અસલથી જેમ ચાલે છે તેમ ચલાવવું. કોઇ ભાયાત પોતાની જમીન કે ગામ આપે તો તે લેવાં નહિ. અને અગાઉના કજીઆ બાબત કોઇ રીતે કોઇને હરકત ન કરવી. કોઇ બ્હારવટીઆને આશ્રય આપવો નહિ. ને રાખવા તો બરાબર જમાન લઇને રાખવા. આ તાલુકામાં અગર રસ્તે લુંટ થવા દેવી નહિ. કોઇ માણસ પોતાની મતલબ સારૂ ગામ કે જમીન વેચે તો અગાઉથી સરકારની રજા લીધાવગર ખરીદ કરવી કે વેચવી નહિ

૨ તેમણે ગાયકવાડ કે કંપની સરકારના દુશ્મન સાથ કાગળ વહેવાર ન રાખવો,

૩ શ્રીમંત પંથપ્રધાન ગાયકવાડ અને ઓનરેબલ કંપની સરકારના મહાલમાં ચોરી ધાડ કે લુંટ થવા ન દેવી. અને વેપારી કે મુસાફરને હરકત થવા ન દેતાં, તેને પોતાની સરહદમાં ભોમીયા અને વળાવા આપવા. કોઇ વેપારી વગેરેને કાંઇ નુકશાન થશે તો જેની હદમાં એ બનાવ બનશે તે ગામના લોકોએ જવાબ દેવો પડશે. ને તાલુકાદાર તે ગામોની ચાલચલગતનો જવાબદાર થશે અગર તેને બહારવટીઆનો સગડ કાઢી આપવો પડશે.

૪ જો તેને કોઇ નાના જાગીરદારની જમીન કે ગામ કબજે કર્યું હોય તો તે પાછું આપવું કે વાજબી સમાધાન થઈ તકરાર બંધ પડે

૫ સંવત ૧૮૬૮ ઇસ. ૧૯૧૨ માં તેણે સરકાર સાથે કરાર કર્યો છે કે પરદેશી સર-બંધીના ત્રણસોથી વધુ માણસ નહિં રાખીએ, માટે વધુ જોઇએ તો સરકારની પર-વાનગી લેવી, પોતાની ખુશી ઉપર વધુ ન રાખવાં.
આ બાબતનો જવાબ અમારે શિર છે ને બધાં મહોસલના રોજ અમે આપશું.
ઉપર લખ્યું તે સહી.

(સહી) બારોટ મેરૂ મેતાનું મતું ×
(સહી) બારોટ રામદાસ નથુનું મતું × } આ તેઓનાં એંધાંણ છે,

અને બીજા તંબુ રાવટીઓમાં, સુતેલાઓ ઉપર ત્યાં જઇ બંદુકોની ગોળીઓનો મારો ચલાવ્યો, તેમાં કેટલાક મરણ પામ્યા અને કેટલાક છાવણી છોડી નાસી ગયા, ફતેહમહમદના તંબુ પાસે કચ્છના પ્રસિદ્ધ સોદાગર સુંદરજી શવજી ખત્રી કે જેઓ દેશી વકીલ હતા. તેનો તંબુ હતો, તેણે તુરતજ તંબુ બહાર આવીને સુલેહનો વાવટો ચડાવ્યોઃ તેથી બંદુકો છુટવી બંધ થઇ, કે તુરતજ તે સુંદરજી વકીલે વડોદરાના રેસીડન્ટ કાર્નીક સાહેબની સહીવાળો એક પત્ર દિવાન રણછોડજીને આપ્યો. તેમાં દુશ્મની બંધ રાખવા ફરમાવેલ હતું તેથી લડાઇ મોકુફ રાખતાં સુંદરજી વષ્ટિમાં પડયો અને બાળી દીધેલા મુલકની નુકશાની તથા બીજી લુટફાટ કરેલી તમામ મિલકત પાછી સોંપવાનો પોતે જમીન થયો. અને ત્રણ દહાડામાં ફતેહમામદને વગર હરકતે કચ્છ તરફ સહિસલામત જવાદેવાનું વચન રણછોડજી પાસેથી મેળવ્યું. તેથી ફતેહમહમદ સાણસામાંથી સરપ છુટે તેમ

ઉપર મુજબ કોલ–કરારો થયા, પણ પાછળથી તે માત્ર કાગળેજ રહ્યા. માત્ર મરપદડ પરગણું ધ્રોળ સ્ટેટને હવાલે સોંપાણું. અને મોડપરનો કિલ્લો આબાદ છે અને સલાયાબંદર પણ અત્યારે જામશ્રીને કબજે છે.

દરિઆઇ વહાણોને રક્ષણ કરવા વિષેનું જામશ્રી જશાજીએ કરી આપેલા દસ્તાવેજની નકલઃ—[કાઠીઆવાડ ડીરેક્ટરી ભા. ૧ લો પાને ૬૪૧ મે.]

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે હું જામ જશાજી, ઓનરેબલ કંપનીના માન અને દોસ્તીની તસલ્લી કરવા ખાતર ઓનરેબલ કંપની તરફથી મેજર આલેકઝાન્ડર વોકર સાહેબ અને મારા વચ્ચે થયેલી નીચે લખેલી કલમબંદીનો હું દસ્તાવેજ કરી આપું છું.—

૧ જે માણસ જમીનને રસ્તે મુસાફરી અગર વ્યાપાર કરે છે. તેને રક્ષણ કરવાની, અને જે માણસ દરિઆ રસ્તે મુસાફરી અગર વ્યાપાર કરે છે તેને રક્ષણ કરવાની એક સરખી ફરજ હોવાને લીધે હું નવાનગરના જામ જશાજી દસ્તાવેજ કરી આપું છું કે મારા પ્રાંતમાં રહેનાર અગર મારી હકુમત તળેનું કોઇ માણસ દરિઆઇ લુંટનું કામ ચલાવશે તેને ઉતેજન કે તે તરફ આંખઆડા કરવામાં આવશે નહિં. તેમજ જે માણસ દરિઆઇ લુંટનો ધંધો કરે છે તેને મારા બંદરોમાં રક્ષણ કે મદદ આપવામાં આવશે નહિં. હું જામ જશાજી વળી લખી આપું છું કે તુફાન ખાઇ આવેલાં વહાણોને બનતી મદદ આપી તેના કમનશીબ માણસોના દુઃખમાં વધારો કરવામાં નહિં આવે અને ભાંગેલા વહાણોનો માલીક હાજર થયેથી પોતાનો હક સાબીત કરી આપે, તે વહાણઉપરકાંઇપણ દાવો કરવો નથી.

૨ ઓનરેબલ કંપનીના વહાણ અને રૈયતને હંમેશાં છુટથી ધંધા રોજગાર સારૂ અમારા બંદરમાં આવવા પરવાનગી છે. અમારા તાબાના વેપારીને ઓનરેબલ કંપનીના પરગણાં અને બંદરમાં જઇ વેપાર કરવા એજ પ્રમાણે રજા મળવી જોઇએ. સંવત

રાત્રીના વખતેજ કુચ કરી ગયો પરંતુ દિવાન રણછોડજીએ તેના પાછળ પડી કેટલોક સામાન તંબુ ઉરાં અસ્ત્રશસ્ત્ર વિગેરે હાથ કર્યાં. અને ફતેહમામદ હાર ખાઇ કચ્છ તરફ ગયો. બીજે દહાડે પિંગળશી ગઢવી અને વિઠ્ઠલરાવ જેઓ ગાયકવાડી લશ્કર સાથે આવ્યા હતા તેઓને મદદ કરવા કર્નલ કચલી સાહેબ આવી પહોંચ્યા. અને તેઓ બંન્ને ફતેહમહમદ પાછળ ગયા, કોઠારીઆ (કોઇ ઇતિહાસકાર લખે છે કે 'કતારીયા') આગળ તેનો ભેટો થતાં ત્યાં વડાઇ થઇ, તેમાં સખત હારખાઇ ફતેહમામદ વતન તરફ ગયો. અને તેજ સાલમાં તે મરણ પામ્યો. (વિ. સં. ૧૮૭૦)

૧૮૬૪ ના પોષ વદ ૦)) તા. ૨૭ જાનેવારી સને ૧૮૦૮ (સહી)

જામ–જશાજી તરફથી રૂઘરજી રૂગનાથજી.

સ્ત્રી બાળહત્યા ન કરવા દેવાનો દસ્તાવેજ.

કાઠીઆવાડ ડીરેકટરી ભા. ૧ લો પાનું ૬૨૪ (અ)

શ્રીમંત રાવશ્રી સેનાખાસખેલ શમશેર બહાદૂર અને ઓનરેબલ ઇસ્ટ ઇન્ડીઆ કંપની બહાદૂર જોગ.— લી. નવાનગરના જામ–જશાજી.—

અસલથીજ અમારા જાડેજાની ન્યાતમાં દિકરીઓ જીવતી રાખવા ચાલ ન હતો. તે ઉપર બન્ને સરકારે આ વિષયને લગતું શાસ્ત્ર સમજાવી અને અમને હિંદુ ધર્મના ધારા બતાવી કહ્યું કે, "બ્રહ્મવર્તક પુરાણ (પવિત્ર પુસ્તક)માં લખ્યું છે કે જે માણસ આ કામ કરશે તેનું પાપ ગર્ભહત્યા ને બ્રહ્મહત્યા બરોબર છે. અગર એક બચ્ચાંને મારવું એ સો બ્રહ્મ-હત્યા બરોબર છે. પણ આ ગુન્હામાં બે પાપ છે એક સ્ત્રીહત્યા અને બીજુ બાળહત્યા આ પાપની શિક્ષા એવી લખે છે કે જે કોઇ કરશે તે કુળસહિત રૌરવાદિક નર્કમાં તે સ્ત્રીના અંગઉપર જેટલા મોવાળા હશે તેટલા વર્ષ પડશે. પાછો જનમી કોઢીઓ થશે, ને પંખવાથી અરધું અંગ રહી જશે." આ રીતે અમને બન્ને સરકારે શાસ્ત્ર દેખાડયાં, એ ઉપરથી સંવત ૧૮૬૪ ઇ. સ. ૧૮૦૮ માં મેં તથા મારા ભાઇ ભત્રીજા વિગેરે મારા તાલુકાના જાડેજા-ઓએ દિકરીઓ ન મારવા બાબત સરકારમાં દસ્તાવેજ કરી આપેલ છે. આ બાબતને લગતો તપાસ કરવા હમણાં એક અમારે ત્યાં સરકાર તરફથી માણસ આવ્યું હતું. તે સાથે અમોએ સરકારને જવાબ લખી મોકલેલ. સરકારે ફરી સંવત ૧૮૬૮ ઇ સ. ૧૮૧૨ માં આ દસ્તાવેજ માગ્યું તેથી લખી આપું છું કે હું અને મારા વંશના પુત્રપૌત્રાદિક હિંદુ ધર્મની આસ્થા ખાતર હવેથી ચલ્લુ માટે એવું કામ ન કરવા દેવા સરકારમાં બંધાએલા છીએ, જો કરીએ તો સરકારના ગુનેહગાર ઠરીએ. હવેથી અમારી ન્યાતમાં કોઇ આવું કામ કરશે ને તે વાત અમારા જાણવામાં આવશે તો અમે તેને અમારી નાત બહાર કાઢી તે બદલ તે પાસેથી આ પાપ માટે સરકારની મરજી મુજબ જવાબ લઇશું, આ દસ્તાવેજ પળાવવા બાબત ચલ્લુ જમાન વીરમગામના બારોટ મેરૂ મહેતા અને જલસમના બારોટ રામદાસ નથુને આપ્યા છે. તે આ બાબતનો જવાબ દેશે. ઉપર લખ્યું તે સહી. સંવત ૧૮૬૮ ના ફાગણ સુદ ૧૩.

જશાજીએ તમામ સૈન્યનું આધિપત્ય કામદાર જશરાજ અને ગોકળ ખવાસને સોંપ્યું હતું.

તેમના નાનાભાઈ સતાજી, અણબનાવના કારણસર કેટલોક વખત ગાયકવાડના મહાલ અમરેલીમાં રહ્યા હતા, અને તેઓ જ્યારે બિમાર થયા ત્યારે તે પોતાની જાગીર રાણપુર પરગણામાં આવ્યા. તે વખતે જામનગરમાં જામશ્રી જશાજી ઘણાંજ બિમાર હતા તોપણ અણબનાવના કારણથી અને ગાયકવાડ તથા અંગ્રેજ સરકારની સલાહથી તેઓએ ત્યાંજ (રાણપુરમાં) પોતાનો પટ્ટાભિષેક કરાવ્યો.

જામશ્રી જશાજી લાંબી માંદગી ભોગવી ૪૭ વર્ષ રાજ્ય કરી વિ. સં. ૧૮૭૧ ના હાલારી શ્રાવણ વદ ૫ ના રોજ સ્વર્ગે સિધાવ્યા. તે વિષે કાવ્ય છે કેઃ—

દોહા—ગઢ કોટાં રાખી ગલાં, જશવંત લડતે જામ ॥
રાવળ, અજો, ઉજાળીયાં, નવખંડ રાખ્યો નામ ॥ ૧ ॥
કે કે દિન રાજસ કરી, અનમી રહીયો આપ ॥
રાખી રુંકા જોર હું, છત્રપત શાહી છાપ ॥ ૨ ॥
સંવત અઢાર એકોતરે, શ્રાવણ વદી સમાજ ॥
પાંચમ સર્ગે પહોંચીયો, જશ ખાટે જશરાજ ॥ ૩ ॥

જામશ્રીજશાજીને પુત્ર નહિં હોવાથી તેમના નાનાભાઇ સતાજી જામનગરની ગાદીએ બીરાજ્યા.

તારીખ ૨૫ ફેબ્રુઆરી સને ૧૮૧૨ **(સહી) જામશ્રી જશાજી**

અમે વિરમગામના બારોટ મેરૂ મ્હેતા અને પેટલાદ પરગણે જલસમના બારોટ રામદાસ નથુ કબુલ કરીએ છીએ કે ઉપર લખ્યું દસ્તાવજ અમારે પાળવું પળાવવું છે. ને તેનો જવાબ અમારે શિર છે.

એંધાણુ બારોટ મેરૂ મ્હેતાનું ×
એંધાણુ બારોટ રામદાસ નથુનું. ×

૧ કંપની સરકારના વહીવટ વખતે જામશ્રીને પત્ર વ્હેવારમાં નીચે પ્રમાણે સંબોધન **(address)** લખવામાં આવતું.—

(કાઠીઆવાડ ડીરેકટરી ભાગ પહેલો પાનું ૨૧૬)

દોલત વ. ઇકબાલ પનાહ શૌકત વ. ઇજલાલ દસતગાહ ફખામત વ. મનાઅત ઇકતે નાહ જીશાન=(નામ)—— જામ સંસ્થાન નવાનગર.

સલમહુ અજદીન ઇખલાસ—(નામ) પોલીટીકલ એજન્ટ પ્રાંત કાઠીઆવાડ (મુકામ) બાદ સલામ વ. ઇજહારશૌકે મુલાકાત આંકે [ઉપરનું એડ્રેસ લખ્યા પછી બીના (હકીકત) લખવા રિવાજ હતો.

૨ તે વખતે મોરબી સ્ટેટને લખાતા ઇલકાબો.—

(૪૬) (૧૪) જામશ્રી સત્તાજી (૨. જા)

(ચંદ્રથી ૧૮૩ શ્રી કૃષ્ણથી ૧૨૮) (વિ. સં. ૧૮૭૦ થી વિ. સં. ૧૮૭૬-૬ વર્ષ)

જામ સત્તાજીનું શરીર ઘણુંજ નબળું હતું, તેમજ અફીણનું સખત બંધાણ હતું તેથી તબીયત કાયમ ખરાબ રહેતી. તેને કાંઇ સંતાન ન હતું, તેમજ બરાબ વ્યસનોથી સંતાન થવા આશા પણ ન હતી. તેથી મરહુમ જામશ્રી જશાજીના રાણીશ્રી આછુબાએ ઘણીજ અગમચેતી વાપરી રાજ્યના નજદીકના ભાયાત ભાણવડ (હાલ સડોદર)ના જાડેજાશ્રી *જશાજીના કુંવર રણમલજીને દત્તક લીધા હતા.

જામ જશાજીએ સ્વર્ગે જતાં પહેલાં ઠરાવ્યું હતું, કે કામદાર જગજીવન દેવજીને દિવાનગીરી સોંપાવી, કેમકે તેના વંશમાં પેઢી દરપેઢીથી કારભાર ચાલ્યો આવે છે, પરંતુ રાણી આછુબાને તે વાત પસંદ પડી નહિં. તેથી તેણે મોતીરામ શામળજી બુચ નામના એક કુશાગ્ર બુદ્ધિશાળી નાગર ગૃહસ્થને દિવાનગીરિ આપવા ધાર્યું, તેથી તેને બોલાવી, જગજીવન મહેતા સામે ખટપટ કરવા સુચવ્યું. આ બુદ્ધિશાળી અમાત્યે જામ સતાજીના વકીલ વાણીઆ અંદરજીની મારફતે મસ્કતના આરબ જમાદારો જેઓ પડધરી અને કેરાણાના કિલ્લામાં હતાં. તેમને બંડ કરવા ઉશ્કેરાવ્યા. તેથી આરબોએ આસપાસના મુલકમાં લુંટફાટ શરૂ કરી. જબરૂં ધાંધલ મચાવ્યું. તે ધાંધલને શાન્ત પાડવા રાણીશ્રી આછુંબાએ જગજીવન મહેતાને હુકમ આપ્યો, પણ તેનાથી તે બંડ શમ્યું નહિં. તેથી તેણે વડોદરાના નાયબદિવાન વિઠલરાવને લખ્યું કે "આપ અમારા મસ્તકી આરબોને બન્ને કિલ્લામાંથી કાઢી મેલાવો તો તેનું જે ખર્ચ થશે તે હું આપને આપીશ." તે ઉપરથી બાદરખત્રી. વિગેરેની સરદારી નીચે વિઠલરાવે કેટલીક આરબ પલટણોને નગરમાં દાખલ કરી. બીજી બાજુ બેલેન્ટાઇન સાહેબે સુંદરજી ખત્રી મારફત નવી શિરબંધી પુરી પાડવા નવાનગરમાં જગજીવનને લખ્યું તેણે તેનું ખર્ચ કબુલતાં, તેઓની પણ પલટનો આવી. આવી રીતે વિઠલરાવ દિવાન તથા

ગિરાસી ભીકદાર દોરતી સબાર મહોબત વ. સદાકત આસાર. મહારાજા ઠાકોર સાહેબશ્રી (નામ) સંસ્થાન મોરબી.

સલમહું અજદીલ એખલાસ (નામ) પોલીટીકલ એજન્ટ પ્રાંત કાઠીઆવાડ (મુકામ) સલામ દિગર.

૩ તે વખતે ફ્રોલ, રાજકોટ, ગોંડલને લખાતા ઇલકાબો.—

મહેરબાન મુખલીસાન સદાકત વ. ઇખલાસ નીશાન ઠાકોર સાહેબ (નામ સંસ્થાન (નામ) મહોબતહુ અજતરફ (નામ) પોલીટીકલ એજન્ટ પ્રાંત કાઠીઆવાડ (મુકામ) સલામદિગર.

* તેઓશ્રીનું બીજું, બાપજી કુંવર નામ હતું.

બેલેન્ટાઇન સાહેબ તથા સુંદરજી ખત્રી તેઓ ત્રણેય જણાનો તમામ ખર્ચ જામસાહેબ આપે તેવો કરાર જગજીવન આગળ કરાવી એક હજાર માણસો સાથે તેઓ સૌ જામનગર આવ્યા. આમ બન્ને દિવાનોની હુરિફાઇમાં રાજ્યને લાખો રૂપિઆનું નુકશાન ભોગવવું પડયું. (વિ. સં. ૧૮૭૨)

હુન્લી સાહેબની સરદારી નીચે તમામ લશ્કરે કંડોરણાને ઘેર્યું. ઘણા દિવસ ઘેરો રહ્યા પછી, દિવાન વિઠલરાવ તથા ગોવિંદરાય ઘેરાને મોખરે આવ્યા. એટલે મસ્કતી આરબોએ પોતાની સામર્થીના ગર્વે કિલ્લાના દરવાજા ખોલી, મેદાનમાં લડાઇ ખેલી એ વખતે અંગ્રેજ અને ગાયકવાડી લશ્કરે તેમના સામું દારૂણ યુધ્ધ કર્યું તેમાં ઘણાં આરબોને માર્યા, કેટલાએક શરણે થયા. અને કેટલાએક ભાગી ગયા. ત્યારપછી કંડોરણાનો કિલ્લો જામસાહેબને હસ્ત સોંપ્યો. આરબો પડધરીના કિલ્લામાં ભરાયા તેથી તે તમામ સૈન્ય પડધરી તરફ કુચ કરી ગયું, અને ત્યાં જઇ ત્યાંથી પણ આરબોને નસાડયા. અને પડધરીનો કિલ્લો કબજે કરી, જામસાહેબને હસ્તક સોંપી, તે તમામ સૈન્યો પાછાં ગયાં.

કંડોરણા તથા પડધરીના કિલ્લામાંથી ભાગેલા આરબોને જોડીઆના સશ્રામ ખવાસ કે જે મેરૂખવાસના ભાઇ ભવાનનો દિકરો થતો હતો તેણે તે આરબોને આશરો આપી, જામસાહેબ સામે લડવાનો તમામ મદદ આપવા કબુલ્યું. એ ખબર જામનગર ગયાં રાણીશ્રી આછુબા, કે જેઓ મેરૂખવાસના કુટુંબને પુરેપુરી રીતે જાણતા હતા, તેણે મોટા દીલથી આજ દિવસ સુધી કાંઇપણ ઇતરાજી નહિં જણાવતાં, અપકારનો બદલો ઉપકારથી વાળ્યો હતો. પરંતુ જ્યારે આ ખબર પોતે સાંભળ્યા, ત્યારે તે ખવાસોને ત્યાંથી કાઢવા પોતે દૃઢ પ્રતિજ્ઞા કરી અને કહ્યું કેઃ—

સોરઠા—ખળતા કરી ખવાસ, જોર સંગ્રામે જોડીયો ॥
કુબુદ્ધિ ભયી પ્રકાસ, નીમકહરામી નીવડે ॥ ૧ ॥
આરબ રખે અપાર, મસકતો ગઢ માંઝળે ॥
હાલકલોળ હલાર, ઓ નિસ થાનક ઉદ્રકે ॥ ૨ ॥

દોહા—કુંવરી રાજ ગજ સંઘરી, નામ અછુબા તાહ ॥
રાણી તે જદરાજરી, અકલવંત અણથાહ ॥ ૧ ॥

છપ્પય—તાહી મુસાહીબ તેડ, આય ગોકળ આસાણી ॥
દરમોતી દિવાણ, પરસપર બુદ્ધ પ્રયાણી ॥
ખોદી પરા ખવાસ, શોધ લીજે ગઢ સારા ॥

મસકતી મચકાય, હેદળ મેળ હજારા ॥
જોડીયા, બાળંભા, આમ્રણ, જરુ ગઢ તીન ઉથાપીયેં ॥
કાપીયેં દજણ ખળખટ કરી, થાણાં અપણાં થાપીયે ॥ ૧ ॥
દોહા—મુસાહેવ કાં મેતીઆ, આખે અરજી એમ ॥
માતુ તપોબળ જામરે, રે કીમ ઉભા રેમ ॥ ૨ ॥

ઉપર મુજબ રાણીશ્રી આછુબાએ કહ્યું કે "ખુટલ ખવાસો નિમકહરામ થઇ મસકતીઓને આશરો આપી, ઘણી સામા લડવા તૈયાર થયા છે. તેને હે મુસાહેબ ગોકળ! તથા દિવાન મોતીરામ! તમે જલદી ત્યાં જઇ દુર ખસેડો અને તમામ ગઢ તપાસી મસકતીઓને મારી જેર કરો, અને જોડીયા, બાલંભા અને આમરણમાં આપણા થાણા બેસાડો"—તે સાંભળી મોતીશામળજી, અને મુસાહેબ વગેરે બોલ્યા કે "બાજી! જામશ્રીના તપોબળ આગળ તે દુશ્મનો કુશળક્ષેમ કેમ ઉભા રહેશે?"

જોડીયા સામે ચઢાઇ કરવા માટે રાણીશ્રી આછુબાએ ગાયકવાડ, તથા બ્રીટીશ સરકારની મદદ માગી, અને સાડા આઠ લાખ રૂપીઆ આપવાની શરતે તે બન્ને તરફથી લશ્કરની મદદ મળી, અને તે રૂપીઆ ખત્રી સુંદરજીએ આપ્યા, અને સુંદરજીને આઠવર્ષે આઠલાખ રૂપીઆ ભરપાઇ કરવાના હુપ્તા કરી આપ્યા, તે પછી કર્નલ બસ્ટરની સરદારી નીચે તે સૈન્ય જોડીએ ગયું. સોરઠી તવારીખના કર્તા લખે છે કે "સગ્રામખવાસ આવા મોટા સૈન્યને જાઇ હિંમત હારી ગયો. તેમનામાંથી રામ ગયા તેથી તે ફીક્કા પડી ગએલાં ચહેરાએ દોડતો, કંપતો, કર્નલબસ્ટને શરણે આવ્યો, અને પ્રાણદાન માગ્યું, તેમજ તેણે તેની સઘળી દોલત માલમિલકત તોપખાના અને દારૂગોળા સહિત કિલ્લો સ્વાધીન કર્યો. અને પોતે પોતાના કુટુંબ સહિત બ્રિટીશ રક્ષણ તળે મોરબી જઇ રહ્યો. અને મસકતી આરબો ત્યાંથી નાશી ગયા. આ પ્રમાણે જોડીયા બાલંભા અને આમરણ તે ત્રણે કિલ્લા પાછા રાજ્યમાં સામેલ થયા.

સગ્રામખવાસ ભાગ્યો અને જોડીયા જામે લઇ લીધું, તેવા ખબર એક ×ચારણ કવિને થયા. તેને તે વાત અજાયબ જેવી લાગી તેથી તેણે એક કવિતા રચી, તે કવિતા અમારા જુના હસ્તલેખિત ચોપડામાંથી જે શબ્દોમાં મળી છે તેજ શબ્દોમાં આ નીચે છાપવામાં આવી છે.

—: જોડીયું લીધાનુ ગીત :—

તોપાં બહુટા ન કોઇ ગોળા, હાથીઆ ન ફુટા તુંડ ॥
ભાથીયાં ન જુટાં, ખગે કાળકુટ ભાય ॥

× આ કાવ્ય રચનાર કવિનું નામ તેમાં નીકળતું નથી.

बाधाइ देशमें सणी, कणीहीन मानु बात ॥
जोडीयाका किल्ला, एम केम करी जाय ॥१॥

तीनकोट तीनखाइ, तीन सो दवाइ तोपां ॥
तीनसो जंजाळा वेती, कोठासरे ताम ।
बे हजार तीन, आरबां भोंहरा बंका ।
संग्राम पखेणे केम, नीसरे सग्राम ॥२॥

दाणापाणी भरपुर, जीने हथे घणा दाम ॥
खोते खुटे नहिं एतो, भवो बेठा खाय ॥
लाखफोज टोपीआरी, बार व्रष सुधी लडे ।
लंकारा जोडीया, झुटी केमही लेवाय ॥३॥

हाथबांधी नामरद्धां, दळामां आवीयो हाली ॥
आवी सोंप्यां गाम ग्रास, क्रोडका अवास ॥
हीये रावराणा माणां, दिवाणा अचंभा हुवा ॥
खुटा मुवा डरा फोसी, ओसरा खवास ॥४॥

मेर मुवा चडा केम, नगरंका कोट मेला ॥
तेदुणाना ओळखाता, नामरद्धां ताम ॥
जामको जत्तन करी, पेश्वाको भरी जमे ॥
व्रभे करी बेसता तो कोण लेता नाम ॥५॥

अभागे सभागे राज मेरुके नसीबे आयो ॥
मेरु दोड दोड रेता, मारी बारे मास ॥
धांगधरे गया पाछा, मोरबी वाजते ढोले ॥
गोले रेता हशे केदी, हाकमुंका ग्राम ॥६॥

અર્થ—તોપોના ગોળા વછુટ્યા નહિં, તેમ હાથીઓનાં કુંભસ્થળો કુટ્યા નહિં તેમ ભાથામાંથી તીર છુટ્યાં નહિં, તરવારની ઝીંક પડી નહિં છતાં તમામ દેશમાં વાત ચાલી કે જોડીયાનો કિલ્લો ખવાસોના હાથથી છુટી ગયો. પણ (કવિ કહે છે કે) હું કોઇની એ વાત માનું નહિં કારણ કે જોડીયાનો અજીત કિલ્લો એમ કેવી રીતે જાય?

જેને ત્રણ કિલ્લા છે, અને ત્રણ ખાયો છે. તેમજ ત્રણસો હુવાઇ તોપો તથા ત્રણસો જંજાળું કોઠા ઉપર રાત દહાડો રહેછે. તથા વાંકી ભ્રકુટીવાળા બે હજરને ત્રણ બારણે રહે છે. એવા જે જોડીયાના કિલ્લાનો બારીક ખવાસ સગ્રામ તે સંગ્રામ (લડાઇ) કર્યા વિના કબજો છોડી કેમ નીકળે?

જે કિલ્લામાં દાણોપાણી ભરપુર છે. જ્યાં પૈસો પણ ઘણો છે, અને જીંદગી આખી હોંશથી ખાય, તોપણ ખુટે નહિં, તેવા કિલ્લાને ઘેરોઘાલી, અંગ્રેજની સેના બાર વર્ષ સુધી લડે, તોપણ એ લંકાના કિલ્લા સમાન જોડીયાનો કિલ્લો કેમ જીતી શકે? (જીતી શકે?)

હાથબાંધી નામરદની પેઠે લશ્કરમાં હાલીચાલીને હાજર થયો. અને કરોડોની કિંમતનો દરબારગઢ સોંપી આપ્યો. એ સાંભળી રાવરાણા અને દિવાન દરજ્જાના મોટા માણસો આશ્ચર્ય પામ્યાં, (કવિ કહે છે કે) "મેર મુવા ફેરસી, ખુટલ ખવાસ તું લડવાથી ડરી, હિંમત હારી ગયો?"

મેર મુવાપછી તમે નગરનો કોટમેલી ભાગ્યા, ત્યારથીજ અમે તમને નામરદ જાણ્યા હતા, નહિંતર નગરનોજ કોટ કેમ છોડો? જામસાહેબનું જતન (રક્ષણ) કરી પેશ્વાને જમે (પેશકશી) ભરી નિડરપણે સ્થિરથઇ રહ્યાહોત, તો તમારૂં નામ કોણ લઇ શકત?

દુર્ભાગ્યે કે સદ્‌ભાગ્યે મેરના નસિબમાં રાજયયોગ હતો તેથી તે બારેમાસ મરદાનગીથી લડવાને ચારેબાજુ દોડાદોડ કરતો, અને તેથી પરગણાં (જોડીયા બાલંભા અને આમરણ) મેળવી રાજયસુખ ભોગવ્યું, પણ તમે આ લડાઇનો પ્રસંગ જોઇ, નાહિંમત થઈ, ઘાંગધ્રા અને મોરબી તરફ ઢોલેવાગતા ગયા, તો એવીરીતે હાકેમનો (બાદશાહનો) ગિરાશ કાંઇ ગોલેથી રહેતો હશે? (ન રહે.)+

સગ્રામખવાસે મોરબીમાં રહી, પાછળથી વડોદરાના અંગ્રેજી અમલદારોને લાંચ આપીને, તથા સુંદરજી ખત્રી અને દિવાન વિઠલરાવ સાથે મિત્રાચારી કરીને સગ્રામખવાસે જામસાહેબની પાસેથી આમરણ પરગણાની જાગીર "ઠાકર ચાકરની રીતે રહી" આવાની શરતે મેળવી. અને પોતે કુટુંબસહિત પાછો આમરણમાં આવી રહ્યો. તે વિષે દુહો છે કેઃ—

દોહો—જુગ બાલાંભો જોડીઓ, કરીઆ ખાલી કોટ ॥
આમ્રણ સોંપી, એહને, જાણી ચાકર જોટ ॥ ૧ ॥

સુંદરજી ખત્રી કે જે અંગ્રેજનો વકીલ અને નાયબ હતો, તેણે જોડીયા તથા બાલંભાના પરગણાઓ એકલાખ પંદરહજાર કોરી ઠરાવીને આઠ વર્ષની

+ આ કાવ્યમાં કવિએ સત્યવકતા થઇ ખવાસોને પાણી ચડાવવા, ઘટતા વચનો કહ્યાં છે. અને જામશ્રીના તાબેદાર રહી, તેઓનું રક્ષણ કરવા સુચવ્યું છે. એ જુની ચારણી ભાષાનું ગીત કાઠીઆવાડમાં સર્વસ્થળે પ્રસિદ્ધ છે.

બંધીએ જામસતાજી આગળથી પજરે રાખ્યા, કે જે પરગણાઓની પેદાશ તે વખતે અઢીલાખ કોરી કરતાં વધારે હતી, તેમ સોરઠી તવારીખના કર્તા લખે છે, પરંતુ તે રહેમદીલી મોતીમ્હેતાની સહાયથી સુંદરજી ખત્રીએ મેળવી હતી.

બ્લેન્ટાઇન સાહેબને લઇ સુંદરજી ખત્રી નવાનગરનું રાજ્ય અવ્યવસ્થિતપણે ચાલે છે, તે તપાસ કરવાનું બ્હાનું લઇ તમામ લશ્કર સાથે જોડીઆથી જામનગર આવ્યો, અને તે વિષેનો તમામ આરોપ દિવાન જગજીવન દેવજી ઉપર મેલ્યો, તેથી જગજીવનને ઘણો સંતાપ થયો, અને માંદો પડયો, ત્યારથી સ્વતંત્ર દિવાનગીરિ મોતીમ્હેતાને મળી. મોતીમ્હેતાએ રાવળ તથા સાંસોદર ગામોની ઉપજનો પજરો સાહુજાર જામશાહી કોરીમાં તે વખતે રાખેલ હતો, તે દિવાનગિરી મળતાં તેના ભાઇ જીવા શામળજીને આપ્યો. મોતીમેતો સોરઠી તવારીખના કર્તા દિવાન રણછોડજીના સંબંધી હતા, તેમ તે ગ્રંથકર્તા લખે છે.

આ મોતીમેતા બહુજ ઉચભાગી બુદ્ધિશાળી અને ખાનદાન કુટુંબના હતા. તે વખતના એક કવિએ મોતીમ્હેતાને 'મોતી"ની ઉપમાં આપી છે. તે વિષેનો એક જુનો કુંડળીયો અમોને હસ્તલખીત પ્રતમાંથી મળેલ છે. તે નીચે પ્રમાણે છે.—

—: मेतामोती शामळजी बुच विषे कुंडळीयो :—

मोती मीलीया जामकुं, अकल बडा उदार ॥
अंग्रेज आयो देशमें, अब बांधो हथिआर ॥
अबबांधो हथिआर, सैन्यकुं सज्ज करावो ॥
हाकिमछो हालार, शत्रुनी फोज हरावो ॥
लेखांवटीयो लाख, मोतीकुं सोंपो दोती ॥
अकल बडा उदार, जामकुं मिलीया मोती ॥ १ ॥

મોતીમેતો ગુણમાં તેવાજ હતા. તેના વિષેની કેટલીક હકીકત હવે પછી જામશ્રી રણમલજીમાં આવશે.

સોરઠી તવારીખના કર્તા રણછોડજી આગળથી તે વખતે બાબરી. આહુબાસાહેબે પંચોતેર-હજાર રૂપીઆ કંડોરણા તાલુકાની પેદાશના થાલ ઉપર લીધા હતા. અને તે રણછોડજીને રાજ્યના અમીરતરીકે નોકરીમાં રાખ્યા હતા.

જામશ્રી સત્તાજીને કાંઇપણ સંતાન ન હતું તેઓશ્રી વિ. સં. ૧૮૭૬ ના ફાગણ સુદ ૧૧ ના રોજ સ્વર્ગે સિધાવ્યા.

ઇતિ શ્રીયદુવંશપ્રકાશે ચતુર્દશીકળા સમાપ્ત.


પંચદશી કળા પ્રારંભઃ

(૪૭) (૧૫) જામશ્રી રણમલજી (૨ જા)

(ચંદ્રથી ૧૮૪ શ્રી કૃષ્ણથી ૧૨૬) (વિ. સં, ૧૮૭૬ થી ૧૯૦૮ સુધી ૩૨ વર્ષ)

જામશ્રી રણમલજીનો જન્મ સરોદરગામે વિ. સં. ૧૮૫૬ માં થયો હતો. તે નીચેના જન્માક્ષરોથી સિદ્ધ થાય છે.

જામશ્રી રણમલજીની જન્મ કુંડલીઃ—



વિ. સં. ૧૮૫૬ શાલિવાહન શક ૧૭૨૪ ના માર્ગશીર્ષ શુકલ પક્ષ સપ્તમી ૬૯ ઘટી ૧૫–૩ પળ જન્માંગ.×

જામશ્રી રણમલજી જ્યારે ગાદીએ આવ્યા. ત્યારે તેઓશ્રીની ઉમર ૧૭ વર્ષની હતી, પોતે ઘણાંજ કંટા અને નિડર હોવાથી સ્વતંત્રપણે રાજ્યવહીવટ ચલાવવા ઇચ્છા થઇ, એ સમયે બાશ્રી આબુબાસાહેબ તથા મોતીમેતાની મહેરબાનીથી જમાદાર ફકીર-મહમદ રાજ્યમાં આગળ પડતો ભાગ લેતો હતો. તે એટલે સુધી કે તેને બીજા મેરૂખવાસના નામે પ્રસિધ્ધ થવું હતું. પરંતુ "નાનું તોય નાગનું બચ્ચું" તે કહેવત અનુસાર જામશ્રી રણમલજીએ તેની ધારેલી બાજી એક પળવારમાં ધુળ ભેગી કરી. અને રાજ્યમાંથી હદપાર કરી કાઢી મેલ્યો. વિ. સં. ૧૮૭૭—૭૮ માં મોતીમેતાને કારભારી નીમી, દિવાનની પાઘડી બંધાવી, રાજ્યના કુલ મુખ્તયાર બનાવ્યા, જે નીચેના *અફીણના પત્ર ઉપરથી જણાશે.

× ઉપરની ગ્રહ કુંડળી કાળાવડના જોષી હવે જટાશંકર પુરૂષોત્તમના ઘરમાંથી હસ્તલખીત ખરડામાંથી મળેલ છે.

* **અફીણ સંબંધી પત્રઃ**—(કાઠીઆવાડ ડીરેકટરી ભાગ ૧ લો પાને ૬૨૮)

શ્રી સરકાર કપ્તાન બોર્નવેલ પોલીટીકલ એજન્ટ પ્રાંત કાઠીઆવાડ, નિસ્બત ઓનરેબલ કંપની જોગ— તાલુકે નવાનગરના દિવાન મ્હેતા મોતીરામ રામળજી લખી આપું છું કે ઇ. સ. ૧૮૨૧ ના ફેબ્રુઆરી તા. ૧ લી સંવત ૧૮૭૭ ના પોષ વદ ૧૪ થી રાણપોરમાં એક વખાર કરવામાં આવતાં, મને એક જાહેરનામાની નકલ મોકલાવી. તેમાં લખ્યું છે જે "આ તાલુકામાં જે કોઇને પરચુરણ અફીણ વેચવા મરજી હોય તેણે આ વખારેથી ખરીદ કરવું" એ જાહેરનામા મુજબ પરગણાના કસબા અને ગામોમાં ઘણાંખરા લોકોને ખબર

બોર્નવેલ સાહેબે સુંદરજી ખત્રીના ભત્રીજા હુંસરાજ શેઠને આખા નવાનગર રાજ્યનો ઇજારો વાર્ષિકે જામશાહી કોરી સત્તરલાખ ને ત્રીસહજારમાં દશવર્ષની ગેરેન્ટીએ જામશ્રી રણમલજી પાસેથી અપાવ્યો. આ હુંસરાજ શેઠની રાજ્યપાસે છવીસલાખ કોરી લેણી હતી, તેથી રાજ્યમાં હુંસરાજ શેઠ કરણકારણ થઇ પડ્યા. પરંતુ થોડા વર્ષમાંજ રાજ્યસાથે મતભેદ પડવાથી કાઠીઆવાડના પોલીટીકલ એજન્ટ વિલ્સન સાહેબ અને બ્લેનસાહેબના વખતમાં જામશ્રી રણમલજીએ તે કરાર રદ કર્યો. એ કરારમાં અંગ્રેજની જમીનગીરીની મહોરછાપ હતી તે પણ લક્ષમાં નહિં લેતાં, કરાર રદ કરી હુંસરાજ શેઠને રજા આપી. અને જોડીયા બાલંભાના મહાલો પણ કામદાર દુર્લભજીને મોકલી શેઠવાળાઓ પાસેથી કબજે કરી લીધા. તોપણ વિલ્સન સાહેબ કે બ્લેનસાહેબ તે વખતના કેટલાક સંજોગોને લીધે તે કામમાં આડે આવ્યા નહિં.

વિ. સં. ૧૮૮૦ માં જામશ્રી રણમલજીએ બારાડી પ્રદેશમાં આવેલા બારાના રાવરજપૂતો ઉપર મોટા લશ્કર સાથે ચડાઇ કરી. તેઓ સઘળાને તાબે કરી તે પ્રદેશ કબજે કર્યો જે હાલપણ સ્ટેટના તાબામાં છે.

વિ. સં. ૧૮૮૫ ના માહા સુદ ૫ ના રોજ ભાવનગરના મહારાજા રાવળ શ્રી વજેસિંહજીના કુંવરી બાઇ રાજબાસાથે જામશ્રી રણમલજીના લગ્ન મોટી ધામધુમથી થયા. જેમાં છુટા હાથથી યાચકોને સુવર્ણદાન કરવામાં આવ્યું હતું. અને રંગ ખુબ ઉડાડ્યો હતો. તેમ સોરઠી તવારીખના કર્તા લખે છે, તથા વિશેષમાં લખે છે કે "એ વખતે જામનગરને ચૌદ મહાલો અને ત્રણ બંદરો (નગર જોડીયા અને સલાયા)ની પેદાશ પાંત્રીશલાખ જામશાહી કોરીની હતી. રાજ્યની આબાદી અને સ્વતંત્રતાનો અમલ ઘણોજ પ્રશંસનીય હતો. જે શિષ્ટાચારનો દિલ્હી અને અમદાવાદના મોગલ દરબારમાં પ્રચાર હતો, તેવોજ શિષ્ટાચાર અહીં (જામનગરમાં) તે વખતે ચાલતો."

વિ. સં. ૧૮૯૦ માં તથા ૧૮૯૫ માં અને ૧૯૦૨ માં એમ ત્રણ વખત ભયંકર દુષ્કાળો પડવાથી રૈયત ઘણી પીડા પામતી, તે પર દયા લાવી તરીસ્તે વહાણોથી ચોખા મંગાવી હંમેશાં ૮૦ કડા ચોખાનાં અને બીજું કોરૂં અનાજ

કરવામાં આવશે. કોઇને પરચુરણ અફીણ જોઇતું હશે તો તેને કાગળ આપી. સરકારી વખારે ખરીદ કરવા મોકલશું. કોઇ માણસ સરકારી વખાર વગર બીજી જગેથી ખરીદ કરશે અગર વેંચશે અગર બીજી જગાએથી લાવશે તો તે બાબત તરત સરકારને જાહેર કરવામાં આવશે. સરકારી વખાર વગરનું બીજું અફીણ કયાંય જોવામાં આવશે, તો તે સરકારથી પકડવામાં આવશે. તેમાંથી કુ ખબર આપનારને ને કુ જેનીહદમાં પકડાણું હોય તે તાલુકાદારને મળશે. જો મારા સંસ્થાનમાં પકડાય તો સરકારે મહેરબાની કરી મને, આપવું જોઇએ. સંવત ૧૮૭૭ ના પોષ સુદ ૮ ભેંસપતવાર. તા. ૧૧ જાનેવારી સને ૧૮૨૧ (સહી) મોતી શામળજી.

જામશ્રીએ આપવા માંડયું હતું. એ સાંભળી કચ્છ, ઓખા, બરડા, સોરઠ, કાઠિ-આવાડ, ઝાલાવડ, ગોહિલવાડ અને વાગડ વિગેરે દેશો તરફથી અઢારે વર્ણના જુથેજુથ આવવા લાગ્યા. તેઓને જામ રણમલજીએ પેટપુર ખોરાક આપી દુષ્કાળનો સુકાળ કરી મેલ્યો. અને તેજ દુષ્કાળમાં લાખો કોરી ખરચી લાખોટા, તથા કોઠાનાં અદ્‌ભુત મકાનો બંધાવ્યા. અને બન્ને તળાવો ગળાવી ફરતી મોટી પાજ બંધાવી ઝાડો રોપાવ્યાં હતાં.

હજારો માણસો તે બાંધકામમાં કામ કરતાં હતાં. ઘણીવાર જામરણમલજી તે ચાલતું કામ જોવા પધારતા. અને ઘટતી સુચનાઓ આપતા એ લાખોટા કોઠાના પાયા પાતાળે (પાણીસંચ) નાખવામાં આવ્યા છે. લોકો કહે છે કે પાયાઓ ગાળતાં પાણી આવ્યું હતું તે બહાર કાઢવા ઠેકાણે ઠેકાણે કાસ જોડવામાં આવ્યા હતા બાદ પાયા પૂરી ગગનચુંબિત સુશોભિત મકાનો તૈયાર કરી તે ઉપર બુરજે બુરજે તોપો ગોઠવી. આજે એ મકાનોને લગભગ સો વર્ષ થવા આવ્યાં છે, તોપણ તેની મજબુતી જોતાં જાણે નવાંજ બનેલાં હોય તેમ જણાય છે.*

લાખોટાકોઠા તથા તળાવો પૂર્ણ કરી, શહેરની અંદર આવેલો વિશાળ દરબારગઢ કે જેનું નામ (રાજ્યકર્તા ચંદ્રવંશી હોવાથી) ચંદ્રમહેલ છે, તે પોતે બંધાવી નિરાધાર લોકોને ઉઘમે વળગાડ્યા હતા. દરબારગઢ પુરો થતાં તેમાં વાસ્તુ વખતે શ્રીમદ્ ભાગવતની અષ્ટોતરશત પારાયણો કરાવી, બ્રાહ્મણોને ઘણી દક્ષિણાઓ આપી સંતુષ્ટ કર્યા હતા.

ઉપરના દુષ્કાળોમાં લોકોને અનાજ પુરી નિભાવ્યા તે વિષેનો છપ્પયઃ—

છપ્પય—સંવત અઢારસે સાર, પંચાનો વરસ પ્રમાનો ।
પરિત્રષાધર નાહ, નામ દુર્ભક્ષ કહાનો ॥
ભયે લોક ભયભીત, કહું જલ અન્ન ન પાવે ॥
અહોનિશ ભ્રમે ઉદાસ, મહાદુઃખ કોન મીટાવે ॥
સો સુનીય ધાંહ પછમધની, કનકુઠાર મુગતા કીયા ॥
રનમલ જામ મોજે સમંદ, દાન અભે પ્રજકું દીયા ॥ ૧ ॥

—: કોઠા વિષેનું કવિત :—

ઇદ્રકી અટારી કીધોં, બારી ગીર શંકરકી ।

* આજના ઇજનેરી નિયમના કોન્ક્રીટકામોવાળા મકાનો શહેરમાં ઘણા છે. તે જન્મ દિવસ જેવા માંગલિક પ્રસંગની તોપોની ગર્જનાઓ વખતે અત્યારના મકાનો તે ગર્જનાથી ધ્રુજી ઉઠે છે, અને ઉપરથી ચુનાની કાંકરીઓ ખરે છે. જ્યારે આ લાખોટાકોઠાની અંદર તોપો ફુટતી, છતાંપણ તે મકાનો હજુ તેવાંજ છે. માત્ર સો વર્ષમા બાંધકામની મજબુતીનો કેટલો તફાવત થયો છે. તે સ્પષ્ટ જણાય છે.

કારીગર કીની હદ ચાતુરતા અતીકો ॥
જરોંખા અનોખ જારી ન્યારી ન્યારી કીની છવ ।
વિશ્વકર્મા રચી સારી ભારી નેક ભક્તીકો ॥
પુન્યકો પ્રકાશ કિધોં જશકો ઉજાસ દીસે ।
મનકો હુલાસ કે વિસાલ કામ રતી કો ॥
શોભાકી શિરોમની કે કવિ વજપાલ કહે ।
કીધોહે અનોઠો કોઠો પચ્છોંધર પતિકો ॥ ૧ ॥

અર્થ—આ તે ઇંદ્રની અટારી છે.? કે શ્રી શંકરની વાડી છે? કે કામદેવ અને રતિને વિલાસ કરવાનું ઠામ છે? કે આ વિશ્વકર્માએ ચતુરાઇનો સમુહ દર્શાવ્યો છે? કે આ પુણ્યનો પ્રકાશ છે? કે આ શોભાનો શિરોમણી છે? કે આ સરોવરની પાળે બનાવેલો પશ્ચમંધરાના પાદશાહનો કોઠો છે?

જામશ્રી રણમલજીને આઠ રાણીઓ હતી, અને સાત કુંવરો તથા એક કુંવરી હતાં. પાટવીકુમારશ્રીનું નામ બાપુભાસાહેબ હતું. (તેઓનો જન્મ શ્રાવણ વદ ૭ નો થયો હતો. ત્યારથી જામનગરમાં સાતમની સ્વારી ચડવાનો પ્રચાર થયો હતો.) અને સૌથી નાના કુમારશ્રીનું નામ વિભાજીસાહેબ હતું. અને કુંવરીશ્રીનું નામ પ્રતાપકુંવરબા હતું.

વિ. સં. ૧૮૬૬ ના વૈશાખ માસમાં જામશ્રી રણમલજીએ બાપુભાસાહેબ આદિ કુંવરોના વિવાહ ઘણી ધામધુમથી કરી, ઘણુંજ ધન ખર્ચી અખંડ કિર્તિ મેળવી હતી.

—: विवाह वर्णन काव्य :—

॥ दोहा ॥

પહરામણિ જનજન કરી, રાવળજી રણમલ ॥
કિતા વેઢ વીંટી કડાં, સરપોસાં દુવસાલ ॥ ૧ ॥
ચવસેં દીધા ચારણા, કોટીધજ કેકાંણ ॥
છત્રપત દેખી મન છળે, સણ રીઝે સુરતાંણ ॥ ૨ ॥
સ્રોવણ સાજ લપેટિયા, નખ સિખ રુપ નિહંગ ॥
રણમલ રીઝે રેણવાં, વ્રયિયા સાર વડંગ ॥ ૩ ॥

तवजे माथो टांमकी, लेखण कांन लखाय ॥
बांह प्रळंबां बाहता, जगळ जती जकाय ॥ ४ ॥
कडां वेढ वींटी किता, भिनभिन जूदा भाग ॥
सेलां सार मदीलहे, तीन मास लग ताग ॥ ५ ॥
समंत अढारह छानवे, विमल मास वैशाख ॥
द्वादशि पूत्र प्रणाविियो, सूरज शशिपर शाख ॥ ६ ॥

॥ कवित ॥

कांन कारे बिना कहो कारी नाग नाथे कोन ॥
इश बिना धारे कोन कंठ झहरान कों ॥
हनुं बिना भुजागिरी द्रोनको उठावे कोन ॥
गूड बिना करे कोंन आर अहिरानकों ॥
तिमर विखंड कहो करे कोन सूर बिनां ॥
बिनागस्त करे कोन पांन महेरांनकों ॥
राजा रणमल बिना विपत विडारे कोन ॥
माजा हिंदवांन आज राज ठहरांन को ॥

વિ. સં. ૧૯૦૩ ની સાલમાં દ્વારકાનાથની જાત્રાએ જવા નક્કી કરી, શ્રીવૃજનાથજી મહારાજ તથા મુખ્ય દિવાન ભગવાનજીની સંમતિથી ગાયકવાડ, સરકારને લખી, કરની રકમ મુકરર કરાવી. દેશાવરોમાં ખબર મોકલ્યા, કર માફીથી હુજરો માણસો જાત્રાએ જવાસારૂં જામનગર આવી જામશ્રીના સંઘમાં મળ્યા, જામશ્રી તમામ ભાયાતો તથા તેઓના જનાનાના માણસો તથા શહેરના સંભવિત ગૃહસ્થો રાજ્યાશ્રિતો વિગેરે ઘણાં મોટા સંઘથી કુચમુકામ કરતાં કરતાં દ્વારકાં પધાર્યા. ત્યાં ગોમતિ સ્નાન કરી, અગણિત દાનો આપી, દ્વારિકાનાથનાં ચરણસ્પર્શ કરી, જડિત ઘરેણાં, સોના રૂપાનાં પાત્રો વિગેરે અર્પણ કર્યાં. ત્યાંથી બેટ પધારી. ત્યાં ઠાકોરજીના દર્શનસ્પર્શ કરી, હીરાજડિત હાર તથા ઉમદા મોતીઓની માળાઓ, કલંગીઓ, મુગટો, શિરપેચ, તોરા, બાજુબંધ, કડાં, પોંચી, વીંટીઓ, ઝાંઝર. શંખચક્રગદાપદ્મ; વિગેરે સંપૂર્ણ શૃંગારો, અને લક્ષ્મીજી વિગેરે અષ્ટ પટરાણીઓના મંદિરોમાં પણ અમૂલ્ય શણગારો ધરાવ્યા. શ્રીરણછોડજી, ત્રીકમજી અને કલ્યાણજીના સોનાના સિંઘાસનો, અને દ્વારિકાનાથજીને સાતમણ સોનાના કમાડ ચડાવ્યાં. શંખનારાયણમાં સ્નાન કરી, ત્રણગામોનો લેખ

શ્રી દ્વારિકાનાથના ચરણમાં ધરી. સેવકોને મોટી પહેરામણી અને શ્રી વૃજનાથજી મહારાજને મોટી ભેટ ધરી, ત્યારપછી દ્વારિકામાં ગોમતીજીને કિનારે 'જામપરા'નો પાયો નાખી, ત્યાં આશાપુરાજીનું દેવળ બંધાવવા બંદોબસ્ત કર્યો અને શ્રીજગદીશના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. એવીરીતે ત્યાં એક અઠવાડીયું રહી, જામનગર પધાર્યા. દ્વારિકાથી જામનગર સુધી આવતાં, રસ્તમાં જ્યાં જ્યાં જરૂર જણાઇ ત્યાં ત્યાં વાવ, કુવા, અને ધર્મશાળાઓ બાંધવાનું ચોકસ કરી, વિ. સં. ૧૯૦૩ ના ચૈત્ર વદમાં ઘણા દબદબાથી રાજધાનીમાં પધાર્યા, ત્યારપછી દેશાવરોમાંથી કેટલાએક વિદ્વાન બ્રાહ્મણોને તેડાવી મહારૂદ્ર કરાવ્યો. તથા સોનાઆદિ ધાતુઓની તુલાઓ અને 'સવરામંડપ' કરી, પરલોકની કમાઇ કરી, પૃથ્વિપર અવિચળ નામ રાખ્યું.

જામશ્રી દ્વારિકાની યાત્રાએ પધાર્યા ત્યારે કોણ કોણ સાથે હતું વિગેરે મતલબનું કાવ્યઃ—

॥ છંદ ભુજંગી* ॥

[1]જેઠી રાધવાણી વળે જાલમેસં[2] । તસો ભાવસિંગ[3] જડાંરાવ તેસં ॥
ભવાનસિંગ[4] ગજાણીસુ ભેળા । વહે થોકથોકં મળે તેણ વેળા ॥ ૧ ॥
જેસંગ[5] લધુ[6] દો કુમારં સુજોડં । સમંધી મળે કેક હુજા સહોડં ॥
જડેજા કિતા શિષ નામે જકાઇ । તીતે પાર નાવે ગણ તે સતાઇ ॥ ૨ ॥
સજે રાજલોકાં તણાં ડોળ સથ્થં । રખે જાવદા દોવળા પાસ રથ્થં ॥
સજે વૃજનાથં[7] સંગે ગોહ સ્વામિ । નિજં સેવકં સાથ લીધા સનામિ ॥ ૩ ॥
સથ્થં દેશ દિવાણ ભગ્ગો[8] સધારં । ભરે રાજ કાજં તણો ભુજ ભારં ॥
ભુસાવં ખરો દેશળં[9] રાજમાને । છતો ગોકળાણી નહિં દેશ છાને ॥ ૪ ॥
હુકમં સદા જામરો એક હાલે । તવા જેતવાદિ વડો જોર તાલે ॥
સજે સેદળાં હુ મજાતેડ સાથં । નજં દ્વારકાં આય ભદ્રેસનાથં ॥ ૫ ॥

દોહા—માણકહીરા મોતીયાં, તોલ જવાહર તાલ ॥
શ્રોવણ કેતામણ સહી, વાવરીઆ રણમાલ ॥ ૧ ॥

* રાધુભાના ત્રણેય કુંવરો, જેઠીજી, જાલમસિંહજી, તથા ભાવસિંહજી, તથા ગજુભાના કુ. શ્રી ભગવાનસિંહજી, તથા જેસંગજી અને લધુભા બન્ને રાજકુમારો તથા કેટલાએક જાડેજા ભાયાતો ગોસ્વામી વૃજનાથજી મહારાજ તથા દેશદિવાન ભગવાનજી તથા મુસાહેબ દેશળ ગોકળાણી આદિ અમીરો તથા સર્વ પ્રજાને લઇ, દ્વારિકાં પધાર્યા હતા.

જે દેવળ જગદંબરા, રચિયા રણમલ જામ ॥
વાપિકુપ તળાવ કિય, ઠોરઠોર સુરઠામ ॥ ૨ ॥

યાત્રા કરી રાજધાનિમાં પાછા ફર્યા તે વિષેનો છપ્પય:—

છપ્પય—સંવત ×શતઓગનીસ, વરસત્રણ ઉપર વીતે ॥
મધુમાસ મધુરત, વદહ સાતમ સુ વદી તે ॥
આધર સુજશ અપાર, કરી પરલોક કમાઇ ॥
રણમલ જાડારાવ, ડંકાધર જીત દિવાઇ ॥
સતબંધુ પ્રજાસુ કુટુંબસર, ભયો ભયો સહ ભાવીયો ॥
હરખંત વદન રાવળ હરહ, જામજીત ઘર આવીયો ॥ ૧ ॥

દોહા—મહારુદ્ર સવરામંડપ, એ વિધ પુન્ય અપાર ॥
રહિયો જશ રણમાલરો, ધ્રુવ અવિચળ જગધાર ॥ ૧ ॥

જામશ્રી રણમલજી સ્વર્ગે સિધાવ્યા તે વિષેનાં કાવ્યો:—

દોહા—*ઓગણીસે વ્રષ આઠમે, તિથ ખટમી મહામાસ ॥
પખસુ ક્રષ્ણ રણમલ નૃપત, વૈકુંઠ કરે નિવાસ ॥ ૧ ॥

છપ્પય—રણમલ ઢળતે રેણ, ભયો હાહારવ ભારી ॥
તો સાથે કિરતાર, લગે નહ જોર લગારી ॥
આપે ધરમ અનેક, ક્રિયા વિધવેદ કરાયા ॥
પંચવધ કર પકવાન, જાતજાતિ જીમવાયા ॥
મેચકલોક વડવડ ભયા, ભુપત કારજ ભાળીયો ॥
સદપુત કુંવર વિભેશજુ, અધપત પિતા ઉજાળીયો ॥ ૧ ॥

અર્થ—જામ રણમલજી સ્વર્ગે સિધાવતાં, તે વખતે જગતમાં હાહાકાર થઇ રહ્યો, અને સર્વ કહેવા લાગ્યા કે "હે ઇશ્વર! તારા સાથે કોઇનું જરાપણ જોર ચાલતું નથી. એમની પછવાડે જામશ્રી વિભાજીએ વેદશાસ્ત્રની રીતે સર્વ ક્રિયા કરી ઘણું પુણ્યદાન કર્યું. સઘળાવાનાની મિઠાઇ કરી તમામ જ્ઞાતિઓને જમાડી અને પોતાના પિતાને ઉજાળ્યા. એ કારજ જોઇને મોટામોટા લોકોપણ વિસ્મય પામ્યા.

જામશ્રી રણમલજી ઘણાજ ઉદાર રાજવી અને રણવીર હતા. તેમની કંટાઇ યાદ કરતાં, હજી જામનગરના લોકો કહે છે કે "જ્યારે જામશ્રીનો હજુરસ્વાર કોઇ

× જાત્રા કરી આવ્યા. વિ. સં. ૧૯૦૩ના વસંતઋતુમાં ચૈત્રમાસની વદ ૭ના રોજ.
* સ્વર્ગે ગયા. વિ. સં. ૧૯૦૮ ના મહા વદ છઠના રોજ.

ગૃહસ્થને બોલાવવા આવે ત્યારે તે કલ્યાણજીકાકાને પેડાની માનતા માની પછી દરબારમાં જાય" દરરોજ આવીરીતે જામનગરમાં આવેલા શ્રી કલ્યાણજીના મંદિરમાં એવી ઘણી માનતાઓ આવતી

જામ રણમલજીની ધાકથી હરામી લોકો ત્રાસ પામતા, તેના વખતમાં કોઇ ખોટી ખટપટ કરી શકતું નહિં. દિવાન ×મોતીમેતા, ઉપર તેઓશ્રીને સંપૂર્ણ વિશ્વાસ હતો. અને તેની વફાદારીના બદલામાં કાલાવડ તાબે 'વડાળા'નામનું ગામ જાગીરમાં આપ્યું હતું. જે ગામ આજે પણ પોષ્ટઓફીસની છાપમાં 'મોતીમેતાનાવડાળા' તે નામે ઓળખાય છે.

મોતીમેતાના મરણ પછી ભગવાનજી દિવાને કારભાર કર્યું હતું. જામશ્રી રણમલજીને શિકારનો ઘણો શોખ હતો. તેઓશ્રીએ વિ. સં. ૧૮૯૦ માં બકોડા ગામ આગળ એક મોટા સિંહનો શિકાર કર્યો હતો. તથા વિ. સં. ૧૮૯૬ માં છતરગામે ગાડલીઆ નામના ડુંગરમાં પણ એક મોટો સિંહ માર્યો હતો. તથા વિ. સં. ૧૯૦૭ માં ૫, અને ૧૯૦૮ માં ૩, વગેરે મળી કુલ ૧૦ સિંહ અને તે સિવાય નાનાવાઘ અને દિપડાઓ જેવા હિંસકપ્રાણીઓના ઘણા શિકારો કર્યા હતા.

× મોતીમેતો બિમાર પડયા ત્યારે 'જામ' 'જામ' એવો ઉચ્ચાર કરતા હતા તેથી તેના સંબંધીઓ કહે કે "મ્હેતા રામ કહો"? એટલે મેતો કહે "જામ" એ ખબર જામ રણમલજીને થતાં, તેઓ મેતાને જોવા પધાર્યા હતા. ત્યારે સંબંધીઓ કહે કે "મેતા, રામ કહો." ત્યાં મેતો કહે કે "જામ એ મારો રામ." આવા સ્વામિભકત દિવાનના મરણથી જામશ્રીને ઘણોજ અફસોસ થયો હતો. મોતીમેતો અપુત્ર ગુજરતાં તેની વિધવાની હૈયાતી બાદ વડાળા ગામ સ્ટેટમાં જોડાયું હતું, હાલ જામનગરમાં મોતીમેતાના સગાભાઇ જીવા શામળજીનો વંશ ચાલ્યો આવે છે. તેમના વંશજો રાજ્યના વફાદાર અને સ્વામિભકતો છે. તેઓની અવટંક 'ભુચ' છે. બાદશાહી વખતમાં તેમની કદર ભુજવામાં આવતાં 'ભુજ' એ પડતાં તેનો અપભ્રંશ થઇ હાલ ભુચ બોલાય છે.

હાલ તે ભુચ કુટુંબમાં શ્રીયુત ભાઇશ્રી નીલકંઠરાય મોહનલાલભાઇ જામનગરમાં પ્રથમ આઇ. સી. એસ. થઇ આવતાં, જામનગરની હોસીંલી પ્રજાએ ઘણા હેતથી જાહેર સભા કરી માનપત્ર આપ્યું હતું. તેમજ શ્રીયુત ભાઇ આણંદલાલ ઉમેદલાલ ભુચ જે નવાનગર સ્ટેટમાં ડોકટર છે તેણે કલ્યાપર તાલુકે રહી કલ્યાણપુર ગામને 'જામ-કલ્યાણપુર' કહેવાનું. પોષ્ટલ ગાઇડમાં છપાવી તે પ્રમાણે પોષ્ટની છાપ નાખવા મંજુર કરાવેલ છે. તેમજ બારાડી જેવા પ્રદેશમાં કે જ્યાં એકાંતરે ખુન્ન થાય છે. ત્યાં લગભગ તેઓએ ડોકટર તરીકે દશવર્ષ રહી, પ્રજાજનોની ઉત્તમ સેવા કરી, પોતાની અસલ ખાનદાની બતાવી હતી, તેથી તેઓની બદલીના પ્રસંગે જામ-કલ્યાપુર તાલુકાની પ્રજાએ ડોકટર સાહેબ આણંદલાલને ઘણાજ સારા શબ્દોમાં રૂપાના 'કારકેટ'માં માનપત્ર, મહેરબાન ચીફ-મેડીકલ-ઓફીસર સાહેબની મંજુરી મેળવી, આપ્યું હતું.

જામશ્રીએ શિતળાના કાલાવડમાં વિ. સં. ૧૯૦૮ માં પધારી, ગામને ફરતો કિલ્લો બાંધવાનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમજ કાલાવડની પ્રજા ઉપર પોતાને ઘણીજ લાગણી હતી. તે વિષેના કેટલાએક અસલ *લેખપત્રો અમોને મળેલ છે. તે અત્રે છાપવામાં આવેલ છે. તે ઉપરથી વાંચકોને રાજાપ્રજા વચ્ચેનો સંબંધ કેટલો પ્રશંસનીય હતો. તે સ્પષ્ટ જણાશે.

—: જુના લેખોની નકલ :—

નંબર. ૧. સિક્કો

જામશ્રી રણમલજી વચનાત કરશે કાલાવડ શેઠ પુરૂષોતમ વિ. નાનજી તથા મહાજન બેડુ અને વસતી સમસ્ત. જોગ જત કાલાવડની માંડવીએ પાંજરાપોળના ધર્માદાનો લાગો દાણ કોરી ૧) એક અપગરે તે ઉપર છુટો એક કરી આપો છે. તે માજન તથા બેડુ તથા વસતીને કહી ધર્મનું કામ છે તે પળાવી અપાવતાં જજો સાં. ૧૮૬૮ના વૈશાક વદ ૬ (સાહી)

નંબર. ૨ સિક્કો

જામશ્રી રણમલજી વચનાત કરશે કાલાવડ શેઠ કચરા જીવણ તથા પટેલ આણંદજી તા. દોશી નથુ મુળજી તા. દોશી દમા ખીમાણી તા. ખત્રી કુંગર કાનજી તા. માજન સમસત તા. વોરા દેવજી વેલજી તા. નાશતાન સમસત જોગ જત સમાચાર ૪ છે જે વોરાની જાન જજા-રમાંથી ગાડે બેસી ચાલી જતાં તમે હડતાલ દીધી હશે એ વાત કરી ઠીક નહિ. માટે લેખ દેખત હડતાલ ઉઘાડી નાખજો. તમે દમારશ્રીના છોરૂ છો માટે નાહક હડતાલ દેવી મુનાસબ નહિં. સાં. ૧૮૬૮ ના પ્ર. આસુ વદ ૬ સનેઉ (સાહી)

નંબર. ૩ સિક્કો

જામશ્રી રણમલજી વચનાત કરશે કાલાવડનું માજન તથા માસ્તાન સમસત જોગ જત સમાચાર એ છે જે તમારે ને અહિંના સરમાણી બ્રાહ્મણને ટંટો થાતા તમે હડતાલ દીધી હશે તે હડતાલ ઉઘાડજો ને બ્રાહ્મણને તમારા ધારા પ્રમાણે દેજ તે ન લીયે તો જવાપ દેશો-માં સાં. ૧૯૦૨ ના મહા સુદ ૩ (સહી)

નંબર. ૪ સિક્કો

જામશ્રી રણમલજી તા. કસબે કાલાવડનું મહાજન રિસાણું હતું. તે બાબત કઇ છે તે પળાવી વાડીવાળાની કોડે સાંઢડા બાંધે તેને છોડાવાને માજન અહિં આવેલ છે. તે ભરવાડ સદામત ચારે છે. તે ચરાવાને માજન મુખતાર છે. ઇ વાત પળાવી છે. માજન નાણું આપે નઇ. સાં. ૧૯૦૩ ના શાવણ વદ ૧૪ (સાહી)

(૪૮) (૧૬) જામશ્રી વિભાજી (૨ જા)

(ચંદ્રથી ૧૮૫ શ્રી કૃષ્ણથી ૧૩૦) (વિ. સં. ૧૬૦૮થી ૧૬૫૧=૪૩ વર્ષ)

જામશ્રી રણમલજીને સાત કુંવરો અને એકકુંવરી પ્રતાપકુંવરબાસાહેબ નામે હુતા. તેમાં પાટવીકુમારશ્રી અજાજી ઉર્ફે બાપુભાસાહેબ હુતા. અને તે પછીના

નંબર. ૫ — સિક્કો

જામશ્રી રણમલજી વચનાત કસબે કાલાવડ વોરા દેવજી વેલજી તથા દોશી ખીમા ભવાન તથા માઉ મુળજી દેવજી તથા શેઠ નારણજી પુંજાણી તથા મા. કચરા જીવણ તથા મહાજન સમસત જોગ જત સમાચાર ૪ છે જે આહિં સાંભળામાં આવું ૪ છે. જે બાકરાં બાબત તમારેને કસાઇને કજીઓ થીઓ હશે તે બાબત તમે દિવા કરવા બંધ કરા હસે તથા વેપાર બંધ કરો હશે એવી રીતે કરવું ન જોયે માટે આ લેખ વાંચી દીવા કરવા તથા વેપાર કરવા ને તમે ચાર જણ આહી હજુર આવજો એટલે સમાધાન કરી આપશું. સાં. ૧૬૦૪ ભાદરવા સુદ ૫ (સાહી)

નંબર. ૬

શ્રી આશાપુરાજી સહાય.
જામશ્રી રણમલજી જામશ્રી
જશાજી કે સુત

જામશ્રી રણમલજી વચનાત મોજે નિકાવાના ગાંધી ધારશી તા. ગોરધન તા. વોરા અજરામર તા. માજન વગેરે ખેડુ સમસત જોગ જત સમાચાર છે જે કુમારશ્રી વિભાજીના શુભ લગન જેઠ વદ ૮ ભોમવારના નિરધારાં છે તે ઉપર સાથ સરવેને તેડી વેલા આવજો. સાં. ૧૬૦૨ ના જેઠ સુદ ૩ (સાહી).

નિકાવાના વેપારી રીસાઇ, ગોંડલ સ્ટેટમાં જતાં તેને મનાવી નીકાવામાં પાછા રાખ્યા તે વિષેના નવાનગર સ્ટેટના દિવાન ભગવાનજી કરમશીના હસ્તાક્ષરના પત્રની—નકલ.—નં. ૭

મોજે નિકાવા સુથાને વોરાશ્રી ૫ રામજી અજરામર શ્રી નવાનગર થી લી. ભગવાનજી કરમશીના જુહાર વાંચજો. સમાચાર છે જે તમે મનદુઃખ થૈઇ ઉચાલા ભરી નગર પીપળીએ જાતા હશો એવું આહિં શાંભળામાં આવતાં સરકારશ્રીને અરજ કરી આહિંથી અસવાર મોકલેા છે. તે તમે કોઇ વાતે મન ઓછું રાખશોમાં ને ઉચાલાબાલા કાંઇ કરશોમાં દરબારશ્રી તમારૂં ધારૂ કામ કરી દેશે તમે દરબારના છોરૂ છો ને તમારૂ લેણુદેણું કોઇ પાસે હશે તે વાજબી મદત આપી પાર પડાઇ આપવામાં આવશે ને ઓઝા મીઠાશાથે લેણુદેણુનો વાંધો છે તે પંચની રૂએ ઉકલે તો ઉકેલજો ને પંચનીરૂએ ન ઉકલે તો તમે આંહી આવજો એટલે ઓઝા મજકુરઉપર મોશલ કરી પાર પડાવી દેવામાં આવશે. સં. ૧૬૦૬ ના વૈશાક વદ ૮ લી. ભગવાનજી કરમશીના જુહાર વાંચશો.



પ્રાતઃસ્મરણીય જામશ્રી ૭ વિભાજી સાહેબ બહાદુર

કે. સી. એસ. આઇ. (પૃષ્ટ ૩૧૩)

બીજાઓના નામોમાં ૨ મેરૂજી, ૩ જેસંગજી, ૪ લધુભા, ૫ જીજીભા, ૬ દાનસિંહજી, અને ૭ મા વિભાજી, હતા.

વિભાજી સૌથી નાના હતા પરંતુ દૈવેચ્છા બળવાન હોવાથી, જેના ભાગ્યમાં નવાનગરનું રાજ્યાસન લખાયું છે. તેના તપોબળે પોતાના છએ બંધુઓ સ્વર્ગવાસી થયા, એટલે યુવરાજપદ મળતાં જામશ્રી રણમલજીના સ્વર્ગવાસપછી જામશ્રી વિભાજીસાહેબ જામનગરની ગાદીએ બિરાજ્યા.


જામશ્રી વિભાજીસાહેબના માતુશ્રીનું નામ સોનીબાસાહેબ હતું જેઓશ્રી લીંબડી ભાયાત બલાળાના ઝાલાશ્રી વખતસિંહજી સાહેબનાં કુંવરી હતાં.

આ પ્રાતઃસ્મરણીય મહારાજા સાહેબનીકારકીર્દી એટલી બધી ઉજ્જ્વલ છે કે તેઓશ્રીના માટે જો કોઇ લખવા બેસે તો એક જુદુંજ પુસ્તક થાય, તેથી તેમાંની કેટલીક અગત્યની હકીકત ચુંટી અહિં લખવામાં આવી છે.

—: जामश्री विभाजीना जन्ममहोत्सवनुं काव्य :—

छप्पय—सवंत अढारसे सार, बरस त्रासी उन उपर ॥
विमलमास वैशाक, विसद चोथ रविवासर ॥
रुतु बसंत पख श्वेत, सुगन सार सरसायन ॥
नखत रोहिनी जान, भान आगम उतरायन ॥
शुभ जोग लगन मिलीयत सकल, आनंदभयो अमेपको ॥
रनमाल गहे जदुकुल प्रगट, भयो सुजनम विभेषको ॥ १ ॥

અર્થ—વિ. સં. ૧૮૮૩ના વૈશાખમાસની સુદી ચોથને રવિવારે વસંતઋતુમાં રોહિણી નક્ષત્રમાં સૂર્યના ઉતરાયન શુભયોગમાં ને શુભશુકનમાં જામશ્રી રણમલજીને ત્યાંથી વિભાજીનો જન્મ થયો હતો.



×જામશ્રી વિભાજીની જન્મ કુંડળી વિ. સં. ૧૮૮૩ શાલિવાહન શકે ૧૭૪૯ વૈશાખ શુકલ ચોથ ઇષ્ટ ઘટી ૪૨-૧૫

આ તમામ લેખો રાજાપ્રજાના અન્યોન્યપ્રેમની ભાવનાઓ સ્પષ્ટ બતાવી આપેછે. નિકાવાના વેપારી રિસાઇ ગોંડલ સ્ટેટમાં જતા હતા. ત્યાં ખુદ દિવાનના હાથનો ઉપરનો પત્ર જતાં તેઓ અટકી ગયા હતા. વળી સાધારણ બાબતમાં પણ ખુદ હજુરશ્રી આગળ દરેક વાતનો નિકાલ થતો. એ વખતે તુમારો નહોતાં, અને ઝાઝા ખાતાઓ (Departments) ન હોતાં, પ્રજાનાઆંસુ, પ્રજાના પિતાજ હતા એના ઉપરના લેખો સ્પષ્ટ કહે છે, ધન્ય છે. એ પ્રજાપ્રિય રાજવીને!

× સ્થળ સંકોચને લીધે. આ ફુટનોટ આગળના પેજમાં છાપી છે;

जामश्रीविभाजी तख्तनशीन थया ते विषेनुं

—: काव्य :—

छप्पय—संवत सतओगनीश, अष्ट उनके पर लेखहु ॥
सत्तरसें त्रहुंतेर, फेर धर सक्कस पेखहु ॥
फागन सुद तथ त्रीज, नखत उतरासु भाद्रपद ॥
सोमवार गीरी करण, मिलत शुभ जोग सुगन हद ॥
लखी लगन उंच उतरान रवी, अरनोदय प्रातही बखत ॥
विभेश जाम पच्छमधनी, तदन नगर बैठो तखत ॥ १ ॥

दोहा—पच्छमधर भोमी पवित्र, धन द्वारामति धाम ॥
निकट तास नविना पुरी, बरन चार विश्राम ॥ १ ॥


અર્થ—વિ. સં. ૧૯૦૮ શકે ૧૭૭૩ ના ફાગણ સુદ ૩ ને સોમવારે ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં ગીર કરણમાં શુભયોગમાં, ઉત્તરાયણમાં અરૂણોદય વખતે, શુભલગ્નમાં જામશ્રી વિભાજી પશ્ચિમધરાની પવિત્ર ભૂમિમાં દ્વારિકાની નજીક નવિનપુરી નામનું શહેર ચારે વર્ણના વિશ્રામરૂપ છે. તે નવાનગર(જામનગર)ની ગાદીએ બિરાજ્યા,

જામશ્રી વિભાજીસાહેબે ગાદીએ બીરાજી પ્રથમ કાર્ય, બાશ્રી પ્રતાપકુંવરબાસાહેબના લગ્નનું કર્યું. કેમકે જામશ્રી—રણમલજીએ એ લગ્નની સઘળી

જ્યોતિષ જાણનારાઓને ઉપયોગી થાય તેટલા માટે આ નીચે ઇશ્વરાવતારો તથા મહાન ચક્રવર્તિ રાજાઓના ગૃહોની કુંડલીઓ નંબર ૧ થી ૮ સુધીની કાલાવડના પ્રખ્યાત જોષી, હવે જટાશંકર પુરસોતમ તરફથી મને મળતાં, અત્રે છાપવામાં આવેલ છે.


નાં. ૧

॥ શ્રી રામચંદ્રજીના જન્મગ્રહો ॥



નાં. ૨

॥ શ્રી કૃષ્ણજીના જન્મગ્રહો ॥



તૈયારીઓ કરી રાખી હતી. પરંતુ દૈવેચ્છાએ એ શુભકાર્ય કરવું પોતાને હાથે નહિં સરજાયેલું હોવાથી, પૂજ્ય પિતાશ્રીની ઇચ્છા પૂર્ણ કરવા જામશ્રી વિભાજી-સાહેબે મોટી ધામધુમથી બાસાહેબનાં શુભલગ્ન જોધપુરના મહારાજા તખ્તસિંહજી સાહેબસાથે કર્યાં હતાં. તે વિષે કાવ્ય.—

દોહા—સાવંત્રી ગીરજા સહી, અધકો તેજસ આપ ॥
નામ પ્રતાપહ કુંવરી, બઢતો મૌઢ પ્રતાપ ॥ ૧ ॥
જોધાપુરકે ભુપતિ, તખતસીંઘ મહારાજ ॥
કુંવરી રણમલ જામરી, સમપિ વ્યાહ સમાજ ॥ ૨ ॥
ઓગણીસે વ્રષ આઠમે, એકાદશ વૈશાખ ॥
પાણીગ્રહણ તાદીન કીયો, સુરજશશીયર સાખ ॥ ૩ ॥

વિ. સં. ૧૯૦૮ ના વૈશાખમાસની એકાદશીના રોજ બાશ્રીપ્રતાપકુંવરબા સાહેબના લગ્ન કર્યાં તે વખતે જોધપુર તરફથી ભારે દબદબા ભરી જાન આવી હતી. તે લગભગ એકમાસ સુધી જામસાહેબે રોકી ઘણીજ ખાત્રી બરદાસ કરી હતી, અને જાનમાં આવેલા અમીર ઉમરાવોને હીરાના કંઠાઓ, મોતીઓની માળાઓ, નંગજડિત કડાં અને વીંટીઓ સહિત ઉમદા પોષાકની પહેરામણી કરી હતી. અને દાયજામાં જરીકુલેાવાળા, રૂપાના હોદાવાળા, ઘરેણાથી, શણગારી ઐરાવત જેવા ત્રણ હાથીઓ બક્ષ્યા હતા. અને સોના રૂપાના સાજવાળા ઘોડાઓ આપ્યા હતા. કેટલાક ઉત્તમ ઊંટો, ગાયો, ભેંસો અને રથસહિત ઉમદા બળદોની જોડીયો આપી હતી. પેટીપટારાઓ, મ્યાના, સુખપાલ અને સર્વ જાતના નંગ-જડિત્ર ઘરેણાંઓ તથા શૃંગારસહિત દાસદાસીઓ સોનારૂપાના પલંગો હિંડોળા-ખાટો, સોનારૂપાના વાસણો અને સોનેરી જરીકામવાળા વસ્ત્રો તથા કીનખાબોના થાનો વગેરે બક્ષ્યા હતા. એ પ્રમાણે બીજો કેટલોએક અપૂર્વ દાયજો આપ્યો

નાં. ૩

॥ શ્રીસ્વામીનારાયણના જન્મગ્રહો ॥



નાં. ૪

॥ શ્રીયુદ્ધિષ્ઠિરના જન્મગ્રહો ॥




હતો, કે જે જોતાંપણ દૃષ્ટી થાકી જાય તે અગણિત પુરત [કરીઆવર] થી બાશ્રી ×પ્રતાપકુંવરબાસાહેબને જોધપુર વોળાવ્યાં હતાં.

વિ. સં. ૧૯૧૦ માં (બાશ્રી પ્રતાપકુંવરબાસાહેબના લગ્ન પછી બે વર્ષે) મહારાજાશ્રી વિભાજીસાહેબે પોતાનાં કુંવરી બાશ્રી બાઇરાજબાસાહેબનાં લગ્ન જોધપુર-મારવાડના મહારાજાના મહારાજ [પાટવિ] કુમારશ્રી જશવતસિંહજી સાહેબની સાથે કર્યાં હતાં. તે વખતે પણ બાશ્રી પ્રતાપકુંવરબાસાહેબથી સવાયો દાયજો આપી મોટી ધામધુમથી તે લગ્ન સમારંભ ઉજવ્યો હતો.


શ્રી રોઝીમાતાના મંદિરના જીર્ણોદ્ધાર વિષેઃ-

વિ. સં. ૧૯૧૧ માં જામનગરથી ચાર ગાઉ ઉપર દરિઆ કિનારે રોઝીમાતાનું એક પ્રાચિન સ્થાન છે. ત્યાં જામશ્રી વિભાજીએ એક મોટો કિલ્લો તથા

નંબર ૫
॥રાજાશ્રી વિક્રમાજીતનાજન્મગ્રહો॥
(વીર વિક્રમ)



નંબર ૬
॥છત્રપતિ શિવાજી મહારાજના॥
જન્મગ્રહો



× બાશ્રી પ્રતાપકુંવરબા સાહેબે જોધપુર બિરાજી, પોતાના પિતાશ્રી જામશ્રી રણમલજી તથા બંધુશ્રી જામશ્રી વિભાજી સાહેબની કિર્તિમાં વધારો કર્યો હતો. તે ઉપરાંત બાશ્રી કવિ હતાં, એ વિષેની હકીકત અમોને **'સ્ત્રીકવિ કૌમુદિ'** નામના ગ્રંથમાંથી મળતાં, બાશ્રીનું સંક્ષિપ્ત જીવન વૃતાંત તેમાંથી લઇ અત્રે આપવામાં આવ્યું છે, એ ગ્રંથ હિંદીમાં ઇ. સ. ૧૯૩૧ માં છપાઇ બહાર પડેલ છે. તેથી તેજ ભાષામાં આ નીચે તેનો સંક્ષિપ્ત ઉતારો લેવામાં આવ્યો છે. (સ્ત્રીકવિ કૌમુદી પૃષ્ટ ૧૫૧ થી ૧૫૬ સુધીનો સાર.)

॥ પ્રતાપ બાલા ॥


શ્રી પ્રતાપબાલાકા જન્મ ગુજરાત અન્તરગત જામનગર રાજ્યમે સંવત ૧૮૯૧ મે હુઆ. ઇનકે પિતાકા નામ જામશ્રી રણમલજી થા. ઇનકે વિવાહ સંવત ૧૯૦૮ મેં જોધપુરકે મહારાજા તખ્તસિંહકે સાથ હુઆ. ઇનકે વિવાહમેં ઇનકે ભાઇ જામવિભાજીને લાખો રૂપૈયે ખર્ચ કીયે થે.

મહારાજ તખતસિંહકે બહુતસી રાનીયો થી. કિન્તુ ઇનકા વિશેષ આદર હોતા થા. કયોંકી યે બહુત સુશીલા ઔર બુધ્ધિમતિ થી. અપને રાજકાજકે કામોમેં ભી યે દીલચસ્પી લેતી થી. ઇનકી દાનશીલતા ભી અત્યંત સરાહનિય થી. એકબાર મારવાડમેં સમ્વત ૧૯૨૫ મેં અકાલ પડા. સેંકડો લોગ ભુખોં મરને લગે જામસુતાશ્રી પ્રતાપબાલાજીકી ઉદારતા ઉસી સમય પ્રગટ હુઇ.—ઇન્હોને અપની પ્રજાકે લિયે લાખોં રૂપૈયેકા અન્ન વિતરણ કરવાયા. રાજ-

મહેલ, ઝરખા, અગાસી, અખુટ જળથી ભર્યાં રહે તેવાં વિશાળ ટાંકાઓ તથા ઓરડા તથા દેઢીવાળા દરવાજા અને એક મજબુત કોઠો અને તે ઉપર દિવાદાંડી બંધાવી કિલ્લા બહાર પણ કેટલાક સુશોભિત મકાનો બંધાવ્યાં હતાં. દરિઆકિનારો હોવાથી જામશ્રી વિભાજી દરરોજ ત્યાં હવા ખાવા પધારતા હતા. તેમજ એ પવિત્ર જગદંબાના ધામમાં જામનગરની તમામ હિંદુ જ્ઞાતિઓ દરવર્ષે એકવાર ઉજાણી કરવા ત્યાં જતી. આ પ્રાચિન સ્થળને જામશ્રી વિભાજીએ સુધાર્યું તે વિષે દુહા:—


નાં. ૭

॥ બાદશાહ અકબરના જન્મગ્રહો ॥



નાં. ૮

॥ મહારાણી વિક્ટોરિઆના જન્મગ્રહો ॥



જે ગૃહકુંડલીઓ આપવામાં આવી છે તે આ ઇતિહાસની લગતી નથી. પરંતુ ઈશ્વરના અવતારો અને ચક્રવર્તિ શહેનશાહ તથા મહાન પુરૂષોના જન્મગ્રહો જાણવા સહુને ઉંતેજકારી હોય, તેથી આપવામાં આવેલ છે. તેમજ મારી જન્મભુમિમાં રહેતા જોશીના ઘરમાં આવા હસ્તલખિત ગ્રહોના ખરડાઓ ઘણા પુરાતની કાળના નિકળતાં, તેઓના ઘરમાં ઘણી પેઢીથી જ્યોતિષશાસ્ત્રના જાણનારાઓ થતા આવે છે. તે બતાવવા અત્રે આપેલ છે. આગળ જામનગરના ગ્રહો તથા જામ રણમલજીના અને જામશ્રી વિભાજીના ગ્રહો જે આપવામાં આવેલ છે તે ગ્રહકુંડલીયો પણ આ પ્રાચિન ખરડામાંહેની છે, જુની લિપિ અને હસ્તદોષને લીધે કુંડલિમાં કોઇ સ્થળે વિદ્વાનોને ભુલ જણાય તો, જ્યોતિષશાસ્ત્રીઓએ તે સુધારી અમોને જણાવવા કૃપા કરવી. કે જેથી બીજી આવૃત્તિમાં તે ભુલ સુધરી શકે. (કર્તા)

પુતાનેકી રિપોર્ટમે લીખા હે કે—"મારવાડમેં જબ સમ્વત ૧૯૨૫ મેં અકાલ પડા, તબ અધિક દાનદેનેકી ઉદારતા શ્રીજામસુતા રાની પ્રતાપકુંવરીબાને દીખાયા વે પ્રતિદીન જમન પકાહુવા ભોજન ગરીબોકો બાટતી થી. ઉચ્ચ ઔર ભલે ઘરકે લોગોં કે યહાં વે સ્વયં કિતનાહી સામાન ઉનકે ઘર પહોંચા દિયા કરતી થી." ઇસસે પ્રગટ હોતા હે કી યે દાન દેનેમેં ભી અદ્વિતીય થી.—યે કવિઓંકા ભી અધિક આદર કરતી થી. મારવાડકે અકાલમેં જો સહાયતા ઇન્હોને ગરીબોં કો દી. ઉસસે સરકારમેં ભી ઉનકી કાફીખ્યાતિ હો ગઇ. પ્રતાપકુંવરી રત્નાવલી કે અંતમે લીખા હે કે—"વિલાયતસે જો ખલિતાઆયા થા. કી જીસ સમયમેં માતા અપની સંતાનકા પાલન ન કર સકી ઉસી સમયમેં મહારાનીજીને પ્રજાકા પાલન કરકે ઉસે અકાલ મૃત્યુસે બચાયા.

દુહા—સબ ભુપનકે શિરમની, જદુકુલ વિભો જામ ॥
રમણિક કોટ રચાવિયો, ધન રોઝીકો ધામ ॥ ૧ ॥
જગનકીયો જગમાતરો, લાખાં દ્રવ્ય લગાય ॥
ધનધન માકમ જામરા, સૌકો જગત સરાય ॥ ૨ ॥
ઓગનીસે અગીઆરમે, જેઠ માસ શુભ સાર ॥
વે દિન ગઢ પુરણકીયો, વદ સાતમ બુધવાર ॥ ૩ ॥

વિ. સં. ૧૯૧૪ માં જામશ્રી વિભાજી સાહેબે ગોસ્વામી શ્રીવ્રજનાથજી મહારાજને પધરાવી, હિરામોતીની માળાઓ, ઉમદા ઘોડાઓ પોશાક વગેરે ભેટ કરી, થાવરીઆ નામનું ગામ બક્ષિસ આપ્યું તે વિષે દુહોઃ—

સમ્વત ૧૯૨૯ મેં મહારાજા તખ્તસિંહકા દેહાન્ત હો ગયા. એ વિધવા હો ગઇ. ઉનકે પ્રથમપુત્ર શ્રીબહાદુરસિંહ મહારાજ તખ્તસિંહકે બાદ સિંહાસનકે અધિકારી હુએ, યહિ પ્રતાપબાલાજીકે જીવનધાર થે કિન્તુ મહારાજ બહાદુરસિંહજી ભી અધિક મદ્યવ્યસની હોનેકે કારન સમ્વત ૧૯૩૬ મેં સ્વર્ગધામ સિધાર ગયે. ઉનકે દ્વિતિય પુત્રકા ભી સમ્વત ૧૯૫૮મેં સ્વર્ગવાસ હો ગયા. મહારાની પ્રતાપબાલાજી ઇસ સમય બહુત દુઃખી હોઇ. ક્યોંકી ઉનકે પુત્રોકા અસમયમે હી દેહાન્ત હો ગયા. પતિ ઔર પુત્રોંકે મૃત્યુકે પશ્ચાત્ ઉનકે હૃદય પરોપકાર કી ઓર ઝુક ગયા ઈશ્વરકી ભક્તિ ભી ઉનકે હૃદયમેં બહુત બઢ ગઇ. ઉન્હોને અનેક સ્થાનોપર કિતનેહી તલાવ ઔર કુવે ખુદવાયે. એકાદશી ઔર પૂર્ણિમાકો સાધ્વોં ઔર બ્રાહ્મણોંકે લીયે સદાવ્રત બરવાયા. કિંતનેહી દેવમંદિર બનવાયે. મારવાડમેં "આશાપુરા દેવિકા મંદિર" "રામ મોહોલ્લા" (સાધ્વોંકી ધર્મશાલા) આદી કીતનેહી પુન્યકે સ્થાન હૈ. જો ઉનકી દાનચિરતાકા અચ્છા પરિચય દેતે હૈ.

જામસુતાશ્રી પ્રતાપબાલા ભગવાન કૃષ્ણકી બડી ભકત થી શ્રીમદ્ભાગવતકા પાઠ ઉન્હે અત્યંત પ્રિય થા 'સુરસાગર' પઢતે પઢતે ઉન્હે કવિતા કરનેકા શોક ઉત્પન્ન હો ગયા થા. એ ભગવાન કૃષ્ણ કે ધ્યાનમેં મગ્ન હો કર. બહુતસે પદ ઔર સ્તુતિ બનાયા કરતીથી. ઉનકે બહુતસે પદ 'પ્રતાપકુંવરી રત્નાવલી' નામક પુસ્તકમેં છપ્પે હૈ.

'પ્રતાપકુંવરી રત્નાવલી' નામક પુસ્તક અચ્છી હૈ. ઇસ પ્રતાપબાલાજીકે સિવા ઔરભી કૈ કવિઓંકી રચનાયે સંગ્રહિત હૈ. જોધપુર નિવાસી છગ્નીરાય વ્યાસ ઔર શ્યામકવિ (જામનગર નિવાસી) કી કવિતાયેં ઉક્ત પુસ્તકમેં અધિક સંગ્રહિત હૈ. પ્રતાપબાલાકી કવિતા અચ્છી હૈ. ઉનકી કવિતામેં રાજપુતાનેકી બોલી ભી આગઇ હૈ. ઉનકા કવિતાકાલ સમ્વત ૧૯૪૦ કે લગભગ માના જા શકતા હૈ, "**પ્રતાપકુંવરી રત્નાવલિમેં**" હમ યહાં કુછ રચનાયે ઉધ્વૃત કરતે હૈ.

॥ પ્રભુ—કીર્તનો ॥

વારી થારા મુખડારી શ્યામ સુજાણ

દોહો—વલ્લભકુળ વ્રજનાથકો, પધરાયે કર હામ ॥
હીરામોતી અસ બસન, દે થાવરીયા ગામ ॥ ૧ ॥

અને તેજ દિવસે વિભાવિલાસ ગ્રંથના કર્તા (ભારૂ ચારણ) કવિશ્રી વજમાલજી પરબતજી મહેડુને ઉપરની રીતે સન્માની, લોંઠીઆ નામનું ગામ લાખપશાવ કરી બેરાતમાં બક્ષ્યું હતું. તે વિષે કાવ્યઃ—

દોહા—મેડુ કવ્ય વજમાલકો, સમપે લાખપશાવ ॥
અસ ગહના પોશાક અથ, ગડીયંદ લોંઠા ગાંવ ॥ ૧ ॥

છપ્પય—અટલ સંવત ઓગનીસ, સાલ દશચાર સુધારહ ॥
રનમલ સુત રનધીર, અમર કલી ક્રીત ઉધારહ ॥
અળ ઉનડ અવતાર, પ્રગટ લખધીર પણિજે ॥
ગુણીઅલ દીધો ગ્રાસ, ગ્રામ લોંઠીયા ગણીજે ॥
નરીયંદ એમ વજમાલને, અવચળ પટો સ અપ્પિયો ॥
ઇલકાબ દીયો કવિરાજ ઇમ, થિર બિભેશકવિ થપ્પિયો ॥ ૧ ॥

મંદ મંદ મુખહાસ્ય બિરાજે કોટીક કામ લજાણ ॥
અનિયારી અંખીયાં રસભીની બાંકી ભ્રોંહ કમાન ॥
દાડિમદસન અધર અરુણારે બયન સુધા સુખખાન ॥
જામસુતા પ્રભુસોં કરજોરે મેરે જીવન પ્રાન ॥

(૧)

લગ્ન મ્હાંરી લાગી ચતરભુજ શામ
શ્યામ સનેહી જીવન યેહિ ઔર ન સોં કા કામ ॥
નૈન નિહારું, પલ ન બિસારું નિશીદિન સુંદર શ્યામ ॥
હરિ સુમિરન તેં સબ દુઃખ જાયે, મન પાયે બિસરામ ॥
તન, મન, ધન, ન્યોંચ્છાવરકી જય, કહત દુલારી જામ ॥

(૨)

ચતુરભુજ ઝુલત શ્યામ હિંડોરે
કંચનખંભ લગે મણિ માનીક, રેશમકી રંગ ડોરેં ॥
ઉમડ ઘુમડી ઘન, બરસત, ચહુદીશ નદીયાં લેત હીલોરે ॥

જમીન બક્ષીસ આપવી તે કાંઇ સાધારણ વાત નથી, દેવતાઓ પણ તે (જમીન)નો લોભ છોડી શકયા નથી, તો મનુષ્યો શું હિસાબમાં? પરંતુ દાતારોને મન, ભૂમિદાન આપવું તે જરાપણ દુર્લભ નથી. તે વિષેનાં કાવ્યો.—

છપ્પય—જમીસ કારણ જુવો, સુર આસુર અહડિયા ॥
જમીસ કારણ જુવો, ભીમ દુરજોધન ભડિયા ॥
જમીસ કારણ જુવો, કેગઇ રામ વન કાઢયે ॥
જમીસ કારણ જુવો, વંશ ક્ષત્રિ દ્વિજ વાઢયે ॥
આદસ અનાદ વસુધા અસિ, સુરઅસુર ઇચ્છે સમી ॥
વડહથહ જામવિભા વિના, જાવણ કુંણ આપે જમી ॥ ૧ ॥

હરિહરિ ભુમિ લતા લપટાઇ, બોલત કોકિલ મોરે ॥
બાજત બિન પખાવજ બંસી, ગાન હોત ચહુ ઓરે ॥
જામસુતા છબિ નિરખ અનોખી, વારું કામ કિરોરે ॥

(૨)

પ્રિતમ હમારો પ્યારો શ્યામ ગિરધારી હૈ ।
મોહન અનાથનાથ સંતનકે ડોલે સાથ ॥
બેદગુણ ગાવે ગાથ, ગોકુલ વિહારી હૈ ।
કમલ વિશાલ નૈન નિપટ રસિલે બૈન ॥
દિનન કો સુખ દૈન, ચાર ભુજા ધારી હૈ ।
કેશવ કૃપાનિધાન, વાહી સો હમારો ધ્યાન ॥
તન મન વારું પ્રાન જીવન મુરારી હૈ ॥
સુમિરુંમેં સાંજભોર બાર બાર હાથ જોર ॥
કહત પ્રતાપકોંર જામકી દુલારી હૈ ॥ ૪ ॥

પ્રિતમ પ્યારો ચતુરભુજ વારોરી
હીયતેં હોતન ન્યારો મેરે જીવન નંદ દુલારોરી ॥
જામસુતાકો હૈ સુખકારો, સાચો શ્યામ હમારોરી । ૫ ॥

ભજુ મન નંદનંદન ગિરધારી
સુખસાગર કરુણા કો આગર, ભક્ત વછલ બનવારી ॥
મીરાં, કરમાં, કુબરી, શબરી, તારી ગૌતમ નારી ॥

धरी दाढ बाराह, शेषधारी मुगट सर ॥
मानधात महिपाल, धरा राखी अरधंगधर ॥
धरी पीठ पर धरण, कृष्णरुप कच्छधरी करीयो ॥
वसुधा दोहणवार, पृथु गोवाल व्हे फरीयो ॥
एहडी जमी प्यारी अगां, तंत लोभ लेवा तके ॥
वडहाथ जामविभा विना, जमी कोण समपि शके ॥ २ ॥

જામશ્રી વિભાજી ગુણવર્ણન છપ્પયઃ—

छप्पय—जगभल विभो जाम, मोज महराण गणि जे ॥
जगभल विभो जाम, भुपसर छत्र भणि जे ॥

वेद पुरानमें जश गायो, ध्याये हौवत प्यारी ॥
जामसुतको श्याम चतुरभुज लेगा खबर हमारी ॥६॥

सखीरी चतुर श्याम सुंदरसों मोरी लगन लगीरी ॥
लाख कहो अब एक न मानुं उनके प्रिती पगीरी ॥
जा दीन दरस भयो तादीन तें दुवधा दूर भगीरी ॥
जामसुता कहे उर बीच उनकी भगति आन जगीरी ॥७॥

(मो मन परी है यह बान !)

चतुरभुजके चरन यही हरि ना चहुं कछु आन ॥
कमलनयन बिशाल सुंदर, मंदमुख मुसुकान ॥
शुभग मुकुट सुहावनो शिर, लसे कुन्डल कान ॥
प्रगट भाल बिशाल राजत, भ्रोंह मनहु कमान ॥
अंग अंग अनंगकी छबी, पित पट्ट फहरान ॥
कृष्णरुपअनुप फोमैं धरुं निशीदीन ध्यान ॥
जामसुतपरतापके भुजवार जीवन मान ॥८॥

દેવીજીને ઇસ રચનામેં વિશેષ રૂપસેં કૃષ્ણકાવ્યકી પદરચના શૈલીકા હી ઉપયોગ કિયા હૈ. ઔર બ્રજભાષાકા અચ્છા રૂપ દીયા હૈ.

સ્ત્રીકવિ કૈામુદી લેખક જ્યોતિપ્રસાદ.

ભીશ્ર—નિર્ભલ.

જગમલ વિભો જામ, વંશ જાડેજ વડાઇ ॥
જગમલ વિભો જામ, સરે તપ તેજ સવાઇ ।
જગજેઠ જામવિભો જબર, અરિયાં મુળ ઉથાપણો ॥
રણમાલસુત દાતા સધર, કવિયાં દાળદ્ર કાપણો ॥ ૧ ॥

વિ. સં. ૧૯૧૬ માં ઓખાના વાઘેરલોકોના બંડમાં, તે લોકોને પકડવાના પ્રસંગમાં જામશ્રી વિભાજી મોટા ખર્ચમાં ઉતરી, પોતાની રૈયતનું રક્ષણ કરવા માટે બ્રિટીશ સરકારને જોઇતી મદદ આપી, બળવાખોરોને શાંત પાડી દબાવી દેવામાં તથા પકડવામાં, પોતાની પોલીસના ઉપરી મી. પોપટ વેલજીને મોકલેલ હતા. ત્યાં તેમણે સારી નોકરી બજાવ્યાથી અંગ્રેજ સરકારે તેમને રાવબહાદુરનો ખિતાબ આપ્યો હતો.

વિ. સં. ૧૯૧૯ માં જામશ્રી વિભાજીએ બેડીબંદર સુધી પાકો કુરજો બંધાવ્યો. અને ત્યાં લોકોની સગવડતા માટે મીઠાપાણીનો નળ પણ ગોઠવ્યો હતો.

વિ. સં. ૧૯૨૦ માં જામશ્રી વિભાજીએ દિવાની અને ફોજદારી કોર્ટો સ્થાપી રાજ્યના સ્થાનિક ધારાઓ અને બ્રિટીશ કાયદાઓ પ્રસિદ્ધ કરી, રૈયતને ન્યાય માર્ગ સુગમ કરી આપ્યો હતો. તેથી પ્રજાવર્ગમાં તેઓ નામદારશ્રીની ભારે પ્રશંસા થતાં, આનંદ પ્રવર્ત્યો હતો.

વિ. સં. ૧૯૨૧, ૨૨, અને ૨૩ માં જામશ્રી વિભાજીએ. ઘણા મોટા ખર્ચે દેશાવરોમાંથી વિદ્વાન બ્રાહ્મણોને તેડાવી, મહારૂદ્ર અને તેની સાથે સવા કોટી પાર્થિવ કરાવી મહાદેવનું પુજન કરાવ્યું. તે પછી મહાવિષ્ણુયાગ કરાવી, પોતે અસ્ત્રશસ્ત્ર સહિત તુલામાં બેસી સોનાની તુલા કરી હતી. અને તે સોનાનું દાન યાચકોને આપ્યું હતું.

ત્યારપછી ગાયત્રિ પુરશ્ચરણ કર્યું વેદોક્ત બીજમંત્ર સહિત સવાલક્ષ ચંડી પાઠ કરાવ્યા. અને અષ્ટોત્તરશત શ્રીમદ્‌ભાગવતની પારાયણો વંચાવી, બ્રાહ્મણોને સાકરની પોશાશીઓ કરી, મોટી રકમની દક્ષિણાઓ સાથે શ્રીમદ્‌ભાગવત અને શ્રીમદ્‌ભગવત્‌ગીતા આદિ ધર્મપુસ્તકોનાં દાન આપી સંતુષ્ઠ કર્યા હતા. આ શુભકાર્યના અગ્રેસર ગોસ્વામિ શ્રીવ્રજનાથજી મહારાજ તથા શાસ્ત્રિશ્રી કેશવજી તથા મુખ્યદિવાન ભગવાનજી વગેરે હતા. યજ્ઞાદિ કર્યા તે વિષે છપ્પય:—

છપ્પય—પ્રથમ કીન મહારુદ્ર, વિશ્નુજાગ ફીર કીનો ॥
ગાયત્રિ પુરશ્ચરન, તુલાકર હેમ સુદીનો ॥
સવાકોટિ મહાદેવ, સેવ પાર્થેશ્વર કરી આ ॥
ભાગવત શત આઠ, પાઠ બંમન કર ધરી આ ॥

वेदोक्त मंत्र बीजक सहित, सवालक्ष चंडी करी ॥
कीय काम जाम विभा अधिक, धर्मटेक नेकद धरी ॥ १ ॥

વિ. સં. ૧૯૨૨ માં રાજ્યના મહાલોના ઇજારા આપવાનો રિવાજ કાઢી નાખી, દરેક મહાલે યોગ્ય અધિકારીઓની નિમણુંક કરી, રાજ્યની મહેસુલ ઉઘરાવવાનો પ્રબંધ કર્યો હતો, તેથી ઇજારદારોના ત્રાસથી મુક્તથતાં, પ્રજાને ઘણીજ રાહત મળી હતી.

વિ. સં. ૧૯૨૭ માં મુંબઈના નામદાર ગવર્નર સાહેબ સિમોર ફીટઝીરલ્ડ સાહેબ જામનગરમાં જામશ્રીના ખાસ આમંત્રણથી પધારતાં, જામશ્રી વિભાજી સાહેબે તે વખતે તેમના માનમાં ઘણોજ ભભકો [Decoration] કરી મોટું ખર્ચ કર્યું હતું. તેમજ ગવર્નર સાહેબનો ઘણોજ માનનિય સત્કાર કરી, તેઓ સાહેબના હાથથી કેટલાંક લોકોપયોગી બાંધકામોના પાયા નાખવાની ક્રિયાઓ, કરાવી હતી. અને તે બાંધકામો પાછળ જામશ્રીએ ઘણુંજ ખર્ચ કર્યું હતું.

વિ. સં. ૧૯૨૯ માં નામદાર ડયુક ઓફ એડિન્બરો મુંબઇ પધાર્યા તે વખતે મહારાજા જામસાહેબ પણ મુંબઇ પધાર્યા હતા. સાથે મુખ્યદિવાન શેઠ ભગવાનજી તથા રાજ્યના ભાયાતો, અમીર ઉમરાવ વગેરે ઘણા હતા. તે વખતે મુંબઇમાં રહેતી હાલારી પ્રજાએ જામશ્રીને ઘણું માન આપ્યું હતું. કેટલાક દિવસ મુંબઇમાં રહી, કાશીની યાત્રા કરવાનો વિચાર થતાં, મુખ્યદિવાન ભગવાનજી શેઠ અને મુસાહેબ માવજી વેજાણીની સલાહ લઇ જામશ્રી વિભાજીસાહેબે પોતાના ૫૦૦ માણસો સાથે કારતક વદી ૧૨ ને રોજ મુંબઇથી રવાના થઇ, નાશિકમાં મુકામ કર્યો. તે વિષે કાવ્ય:—

દોહા—क्रमन कीन मुंबाइ तें, बीरभद्र महाजाम ॥
कातीक वद एकादशी, नाशीक कीये मुकाम ॥

—: गोदावरी महिमा कवित :—

तपे बहु काल मुनि, गौतमजुं वेही थल ।
अठयासी हजार ऋषि, आये मील साजको ॥
तहां एक करी सरी, गोदावरी धरी नाम ।
मंजन अशेष कीये, करी क्रिया काजको ॥
नाशकमें नावे जासु, नाशक रहावे जन ।
मीटी जात मंजे हुसें, त्रास जमराजको ॥
कही कही थाके शेष, महिमा अशेषवजा ।
बिभा जाम रंजे मन, धन्य दीन आजको ॥ १ ॥

જામશ્રી વિભાજી નાશિકથી પ્રયાગરાજ (અલ્હાબાદ) પધાર્યા. ત્યાંથી મથુરા અને ત્યાંથી કાશી પધાર્યા તે વિષેનાં કાવ્યો:—

॥ त्रीवेणी विषे कवित ॥

जान्हवि न्हावे हुते, मानवि निःपाप होत ।
आनवि न शंका मन, बेदन बताय हे ॥
कालंदिह न दी सोतो, कलीके कलुख मेटे ।
अलुक तें होत हंस, व्यासमुख गाय हें ॥
सरस्वति गति अति, जति सति सेवत हे ।
सुमति प्रकाश होत, कुमति दुरायहे ॥
बेनी तीन भेली भयी, ताहीतें त्रीबेनी नाम ।
जामविभा मंजे पुन्य, पृथिमें सवाय हे ॥ १ ॥

॥ श्री गोकुल मथुरां वर्णन कवित ॥

चारजुगहुंकी पुरी, मथुरां पुरानो धाम ॥
जाम जु विभेश ताम, पेखी सुख पाय हें ॥
कृश्नकी जनम भोम, ताहीसर ओर कोन ॥
वासुदेवको निवास, तहांही बताय हे ॥
गादी यदुवंशहुकी, उग्रसेन राजकीनो ॥
देखत परम धाम, भुप मन भाय हें ॥
धन्य धन्य जामविभा, निहारे अनोप धाम ॥
ठाम ठाम शोभा बनी, गनी नह, जाय हें ॥ २ ॥
गोकुलसो ग्राम देखे, कृश्न बिसराम देखे ॥
बृंदाबन ठाम देखे, निकी बीध जाय कें ॥
गोरधननाथ देखे, जमुना सपाथ देखे ॥
देवगनसाथ देखे, महद् मनाय कें ॥
पुंज कुंज भोंम देखे, ओर बाग बन्न देखे ॥
बंसिवट घन्न देखे, चित अतचाय के ॥
कृश्नकी रमन्न भोंम, देखी सब दोम दोम ॥
जमुनाके घाट जोम, देखे मन लायके ॥ ३ ॥

—: गंगा उत्पत्ति कवित :—

हुतो ब्रह्मजल्ल एक, ब्रह्मके कमंडलमें ॥
राख्यो तो जतन्न करी, भरी सार ग्यांनवि ॥
भयो नेक भागीरथ, राजा रघुवंश हुंमे ॥
ताहीने तपस्या करी, लायो जोग ध्यानवि ॥
मेरकीशिखरहुंपे, उतरी पहार फार ॥
जटिने जटामें धार, राखी मोद मानवी ॥
आयी फेर धरनीमें, मंगलास्वरुप वजा ॥
जक्तकों उधारवेकों, जान्हविसु जानवि ॥ ४ ॥

—: श्रीकाशी महात्म कवित :—

मुक्तकी निवासी काशी, विश्वनाथवासी जहां ॥
गंगे पापनाशी नासी, त्रासी जम टरहे ॥
पुन्यकी प्रकासी भासी, सुखरासी गासी बेद ॥
काशीमे निवासी नाही, सोइ काशी तरहे ॥
मनक्रम चासीकोउ, मनासी बिनासीजीको ॥
भवकी भवासी मीटे, चोरासी न फरहे ॥
मेप्रासी बखानुं वजा, काशीसम काशी एक ॥
हासीमें भजासी तो, कैलास वासी करहे ॥ ५ ॥
मुक्तकी निसानी खानी, ज्ञाननी बखानी बेद ॥
बानीमें न आवे जानी, प्रानी सुखदानी हे ॥
ग्यानीकों अगोचरहे, ध्यानी हुंके ध्यानमेन ॥
ठामीहे त्रीशूलपर, विश्वनाथ मानी हे ॥
भवानी समेत जहां, बस्तहे इशानी सदा ॥
कष्टकी करानीहानी गंगा सरसानी हे ॥
विज्ञानी विवेकहुंसे, वजा नो पिछानी जाय ॥
काशीकी बिधानी योतो, विरलेको जानीहें ॥ ६ ॥
सोइ गंगाजीको तिर्थ, कीनो जामविभाजीने ॥
वेसो तीर्थ प्रितहुसे, दूसरो न करेगो ॥

आयगये बोत फेर, आवेगे अनेक भूप ॥
वाहीमागहुंमे पाग, ओर कोन धारेगो ॥
गंगोदक लाए, श्रीमातको नवाये विधी ॥
ताको तो अपार पुन्य, जुग जुगलो फुरेगो ॥
आप तो निःपाप भये, वाको तो अचंभो कहा ।
आपके दरश पाप, ओरनको टरेगो ॥ ७ ॥

॥ श्रीकाशीक्षेत्रमां दानपुन्य कर्युं ते विषे कवित ॥

दीने गौदान केते, थान थान विभा जाम ॥
हाथी रथ घोडे साज, दीने अति भावहीं ॥
काशीमें सुथान कीनो, शंकरको शोभमान ॥
जानत जीहांन आन, पुरन प्रभावहीं ॥
आपतुला करीअंग, हेमनंग हीरामनी ॥
ओपत अनंगरंग, जोप जदुराव हीं ॥
बासन बिचीत्र चीत्र, पाटंबर जरी के ते ॥
बिभा जाम दीये, एते गीने नहिं जावहीं ॥ ८ ॥

॥ श्रीगंगाकिनारे विंध्यवासिनी देवीस्तुता ॥

कंसके विनास आस, गोपमे प्रकाश भयी ॥
विंध्याचल वासीनीसु, गंगातट बासनी ॥
खडग, खप्र, चक्र, शूल, धनु, बान, सेल, पास, ॥
अष्ट भुजा धारनीसु, कष्टकी बिनासनी ॥
भाल चंद बाल लाल, माल गले मुंडनकी ॥
वाहन बिसाल सिंह, मेटे भवत्रासनी ॥
महा जगदंबजुको कीनो, द्रप जाम बिभा ॥
जाकी हे अखंड जोत, जकतमें प्रकासिनी ॥ ९ ॥

दोहा—तीरथकर घर आविया । जदुपत बिभो जाम ॥
रणमलसुत नरलोकमें । त्रभे राखीयो नाम ॥ १ ॥
ओगणीसें उणत्रीसमें । सहर पधारे शाम ॥
पोषमास पुरण तीथी । सोमवार शुभताम ॥ २ ॥

ઉપર મુજબ જામશ્રી વિભાજી તિર્થાટન કરી, જામનગર પધાર્યા, તેજ સાલમાં (વિ. સં. ૧૯૨૯ માં) જામશ્રી વિભાજીએ પોતાની ટંકશાળમાં સોનાની કોરીઓનો સિક્કો પડાવી, સોનામહોરો ચાલુ કરી. પરંતુ તેજ સિક્કા જેવા બીજા બનાવટી સિક્કાઓ ઘણા પડતા હોવાથી, તે સિક્કો તેજ સાલમાં પાડવો બંધ કર્યો.

વિ. સં. ૧૯૩૧ સને ૧૮૭૫ની ૩૦ મી ડીસેંબરે મુંબઇના નામદાર ગવર્નર સર ફ્રીલીપવુડહાઉસ સાહેબ જામનગર પધાર્યા હતા. તે વખતે ગવર્નરસાહેબના સત્કાર અર્થે જામશ્રીએ ઘણીજ શોભાયમાન રામકુમ કરી હતી. જે જોઈ નામદાર ગવર્નરસાહેબ ઘણાજ ખુશી થયા હતા. આ પ્રશંગના સ્મરણાર્થે પાણીના નળના જે બાંધકામો કર્યાં હતાં. તે ખુલ્લાં મુકવાની ક્રિયા ગવર્નર સાહેબના હાથે કરાવી હતી. તેમજ એક 'શાકમારકેટ' અને એક 'હસ્પીતાલ'નો પાયો પણ નામદાર ગવર્નરસાહેબના હસ્તે નંખાવી, તે બે મકાનો રૂપીઆ ૭૮૦૦૯)અઠયોતેર હજાર ખરચી બંધાવ્યાં હતાં. એજ સાલમાં મ્યુનિસીપાલ કમીટી સ્થાપી, રસ્તાઓ સુધારી સડકો બંધાવી, તે ઉપર દરરોજ પાણી છંટાવવું, તથા દિવાબની વગેરે સુધારાખાતું સ્થાપી પ્રજાના સુખ સાધનોમાં વધારો કર્યો હતો.

વિ. સં. ૧૯૩૧ સને ૧૮૭૫ના ડીસેંબર માસની ૪ તારીખે જામનગરમાં એક સુશોભિત હાઇસ્કુલને ખુલ્લી મુકવાની ક્રિયા ખુદ જામશ્રી વિભાજીસાહેબે પોતાના મુબારક હસ્તથી કરી હતી.

વિ. સં. ૧૯૭૨ના અષાડ માસમાં મુખ્ય દિવાન ભગવાનજી પોતાની વૃધ્ધાવસ્થા થવાથી તથા કા. પો. એ. મી. પીલસાહેબના દબાણથી તેમણે પોતાના કારભારનું રાજીનામું આપી, પોતે લાંબીમુદત કારભાર કર્યો તે બાબત જામશ્રી વિભાજીને કોરી ૬ લાખનો નજરાણો કરી; મુંબઇના સાહુકાર શેઠ લક્ષ્મીદાસ ખીમજી તથા કાસમ ઇરમસી મારફત મહારાજાનો ફારગતિ લખાવી લીધી. અને પોતે કામથી ફારગત થયા. જે વખતે તેણે કારભાર છોડયો તે વખતે રાજ્યપર કોરી ૬ લાખનું કરજ, અને ઉઘરાણી કોરી ૧૭ લાખની હતી.

વિ. સં. ૧૯૭૩ના શ્રાવણ માસમાં રાવ બહાદુર પોપટ વેલજી દિવાન નીમાયા પરંતુ કાળુભાની સ્વતંત્ર વર્તણુંકથી તેની સાથે તેને અણબનાવ થયો. અને તુળસી હાયાની તરફેણ ઉતરવાથી તેને કારભાર છોડવો પડયો. તે પછી લગભગ સાડાત્રણ માસ શેઠ કાનજી કલ્યાણજીએ કારભારૂં કર્યું. અને તેજ સાલ આખરમાં કાળુભાની પસંદગીથી મી. નારાણરાવ વાસુદેવ ખારકરને મોટા પગારથી દિવાન નિમ્યા હતા તેજ સાલમાં નામદારપ્રીન્સ ઓફવેલ્સ* મુંબઇ ખાતે પધારતાં, તે પ્રસંગે જામશ્રી વિભાજી મુંબઇ પધાર્યા હતા ત્યાં નામદાર વાયસરોય સાહેબની મુલાકાત થતાં, નામ. વાયસરોય સાહેબે ઘણાજ આદરમાનથી જામસાહેબનું સ્વાગત કર્યું હતું. તેમજ બીજે દીવસે નામદાર વાયસરોય સાહેબે નામદાર જામસાહેબની વળતી મુલાકાત (Return visit) લીધી હતી.

* ના. શહેનશાહ સાતમા એડવર્ડ.

જામશ્રી વિભાજીસાહેબે તે વખતે મુંબઇમાં ઘણો વખત રહી, કેટલાએક ખાતાઓની મુલાકાત લીધી હતી. અને તેમાંના કેટલાક જાહેર ખાતાઓ અને બાનગી ખાતાને કિંમતી મદદ આપીને પોતાની સદાની ઉદારતા દર્શાવી હતી. તેમજ ઘણાંઘણાં જોવા લાયક પ્રખ્યાત સ્થળો જોયાં હતાં. અને દેશી વિદેશી અનેક શહેરીઓની મુલાકાત લઇ, કેટલીએક ઉમદા વસ્તુઓ ખરીદી પાછા જામનગર પધાર્યા.

વિ. સં. ૧૯૩૩ સને ૧૮૭૭ની જાન્યુઆરીની તારીખ પહેલીએ મહારાણી વિક્ટોરીઆએ કઇસરે-હીંદ પદ ધારણ કર્યું. તેનો દિલ્હીમાં મોટો ભવ્ય દરબાર (લોર્ડ કર્ઝને) ભર્યો હતો. અને ત્યાં હિંદુસ્તાનના તમાત રાજા મહારાજાઓને બોલાવ્યા હતા. એ વખતે જામશ્રી વિભાજીસાહેબ જામનગરથી પોતાના દિવાન નારાણરાવ તથા મુસાહેબ માવજી, તથા સોઢા ભાવસિંહજી તથા કુમારશ્રી ભગવાનસિંહજી (ગજાણી) તથા કરશનપુંજાણી આદી અનેક અમીર ઉમરાવો સાથે રોઝીબંદરથી સ્ટીમરમાં બેસી, મુંબઇ રસ્તે દીલ્હી પધાર્યા હતા. મુંબઇમાં પાલવા બંદરે સ્ટીમરે લંગર કર્યું હતું. ત્યાં ગવર્નરના સેક્રેટરી વિનાયકરાવ તથા બીજા યુરોપિઅન ઓફીસરો તથા ઓરીઆન્ટલ ટ્રાન્સલેટર આદીક અમલદારો જામશ્રીના માનમાં સામા લેવા આવ્યા હતા. તેમજ શહેરના કેટલાક સંભવિત ગૃહસ્થો અને સરકારી પલટન તથા બેન્ડ પણ સામું આવ્યું હતું. જામશ્રી પાલવા બંદર ઉપર પધારતા અગિઆર તોપોની સલામી આપી હતી. બાદ સામૈયું થતાં ઉતારે પધાર્યા હતા. સાત દિવસ મુંબઇમાં રહિ, ત્યાંની રેલ્વેના ગાર્ડથી દિલ્હીસુધીની સ્પેશ્યલ ટ્રેનનો બંદોબસ્ત કરી, ભાયખાલા સ્ટેશનથી રેલ્વેમાં (સ્પેસ્યલ ટ્રેનથી) બીરાજી દિલ્હી તરફ પધાર્યા. રસ્તામાં નાશિક મુકામ કર્યો ત્યાંથી પ્રયાગરજ મુકામ કરી, ત્યાંનો સુપ્રસિદ્ધ કિલ્લો જોયો. તથા કિલ્લામાં આવેલા પુરાતની પ્રાગવડના દર્શન કર્યા. ત્યાંથી કટાવા પધાર્યા. ત્યાંથી અલીગઢ થઇ દિલ્હી સ્ટેશને પધાર્યા. ત્યાં સ્ટેશન ઉપર પોલીટીકલ સેક્રેટરીસાહેબ અને કેટલાક યુરોપિયન ઓફીસરો શીખની પલટન અને બેન્ડ સાથે આવી જામશ્રીને મળ્યા અને મોટી ધામ ધુમથી ગાજતે વાજતે જામશ્રીનું સામૈયું કરી, અગિયાર તોપોની સલામી આપી. જ્યાં અગાઉથી બનાતના તંબુઓ ખડા કરાવી કેમ્પ ગોઠવ્યો હતો, ત્યાં જામશ્રીને ઉતારો આપ્યા હતો.

બીજે દિવસે દિલ્હીદરબાર ભરાતાં, ત્યાં રાજામહારાજાઓ સમક્ષ નામદાર ગવર્નરસાહેબ લોર્ડ લીટને જામશ્રી વિભાજીસાહેબને અપાતી અગીઆર તોપોની સલામીને બદલે પંદર તોપની સલામીનું માન અને એક બાદશાહી વાવટો તેમજ કે. સી. એસ. આઇ. તથા 'સર' ના માનવંતા ખિતાબો બક્ષવા જાહેર કર્યું હતું.

ત્રીજે દિવસે જામશ્રી દિલ્હી શહેરમાંના પુરાતની બાદશાહી સ્થળો, તથા પાંડવ કૌરવના વખતના હસ્તિનાપુર અને ઇંદ્રપ્રસ્થના ખંડીયરો જોવા પધાર્યા હતા.

તેમાં *કુતુબમિનારાની કારીગરી અને તેની ઉંચાઇ જોઈ, જામશ્રીએ તેનાં ઘણાજ વખાણ કર્યા હતા.

દિલ્હીમાં જોધપુરના મહારાજા જશવતસિંહજી સાહેબ (જે પોતાના જમાઇ થાય તે) પધાર્યા હોવાથી, તેઓ નામદારને મળવા જોધપુરના કેંપમાં પોતાના અમીર ઉમરાવ સાથે જામશ્રી પધાર્યા હતા. ત્યાં મહારાજાએ સામા આવી, ઘણાં માનથી મળી, અન્યોન્ય કુશળતા પુછી હતી. તેમજ મહારાજા સાહેબે જામશ્રીને જોધપુર પધારવાની વિનંતિ કરી હતી કેઃ—

દોહા—જામ પધારે જોધપુર, મમ ઇચ્છા મનમાંય ॥
મિળો ઉઠેં સબ મોદસેં, સબહીબાત સરાય ॥ ૧ ॥

ઉપર પ્રમાણે વિવેક કરી હળીમળી જામશ્રી પોતાના કેંપમાં પધાર્યા. બીજે દિવસે જામશ્રીની વળતી મુલાકાત લેવા જોધપુર મહારાજાશ્રી જશવતસિંહજી જામશ્રીને તંબુએ પધાર્યા હતા. તે વખતે જામસાહેબે ઘણાંજ કિંમતી ઘરેણાં, પોશાક અને કેટલીક અમૂલ્ય ચીજો ભેટ આપી, તેઓશ્રીને ઉતારે પહોંચતી કરાવી હતી. તેમજ પોતાના ભાણેજ (બાશ્રી પ્રતાપકુંવરબા સાહેબના કુમારશ્રી) શ્રીબહાદુરસિંહજીને પણ ઘોડા સહિત ચારેટ ગાડી અને બીજી કેટલીક અમૂલ્ય ચીજો ભેટ મોકલી હતી.

વાયસરોયની સ્વારી જોવા એક ઉંચા ઉમદા મકાનમાં જામશ્રી વિભાજી તથા ભાવનગરના મહારાજા સાહેબ તથા મોરબીના ઠાકોરસાહેબ શ્રીવાઘજીસાહેબ સાથે બીરાજ્યા હતા તે વિષેઃ—

સોરઠા—ભૂપસાથ સહભૂપ, ભાવણાંપત ભાંખીયો ॥
રીધ જાડાં કળરુપ, મદછક વાઘો મોરબી ॥ ૧ ॥

॥ *કુતુબમિનાર વિષે કવિત ॥

કેતે ઘાટ કોરનીકે, જોરની જમાઇ જામે, તામે નેક ચિત્રામની, ચોપે ચિત્ત ચાહીકેં ॥
ઘુમત અતંત ઘેર, ચુમત જ્યોં ચંદ્રબિંબ, ઝુમત ઝશેંખ ગોંખ, નોખકોં સરા હીકેં ॥
દેખે દેશ દેશકે, બિદેશી જન દોર દોર, ઓર ઠોર ય સોના, સમાન સાન તાહીકેં ॥
મંજૂ વ્યોમ મંડલકો, કુતુબમિનાર માનો, કરતાને થાપ દીનો, થંભાકર વાહી કે ॥

અર્થ—એ મિનારામાં કેટલાક કોરણીના ઘાટ કરી, તેઓની જોડણી કરેલી છે. અને કેટલાંક અપૂર્વ ચિત્રામણ ખેંચેલાં છે. અત્યંત ઘેરાવવાળો અને જોના ઝરોખાંમાં, નોખ નોખી ભાતનાં અદ્‌ભુત ગોખો શોભી રહ્યા છે. એવો એ મિનારો ઉંચાઇને લીધે જાણે ચંદ્રમંડળનું ચુંબન કરતો હોય એવો લાગે છે. કેટલાક પરદેશી લોકો અત્યંત શ્રમથી જોઇને કહે છે કે આવો મિનારો દિલ્હી સિવાય બીજે કોઇ ઠેકાણે નથી. જાણે પરમેશ્વરે આકાશમંડળનો શોભાયમાન સ્તંભ બનાવ્યો ન હોય?

वडहथ जामविभेश, देखनकुं अंगरेज दळ ॥
बेठे अटा त्रिशेष, अरु अजायब घर जहां ॥ २ ॥

એ પ્રમાણે દિલ્હીમાં આનંદ કરી જનેવારીની સાતમી તારીખે જામશ્રી જામનગર પધારવા, સ્પેશ્યલ ટ્રેનમાં રવાના થયા. દિલ્હી ઇટાવા, તથા પ્રયાગરાજ ત્યાંથી જબલપુર, ખંડવા થઇ, નાશિક પધાર્યા. ત્યાં દિવાનસાહેબ નારાયણરાવે અરજ કરી કે "સાહેબ મારે મકાને પધારો" દિવાન નારાયણરાવ નાસિક (થાણા) માં રહેતા હોવાથી, જામશ્રી તેમના મકાનપર પધાર્યા હતા. તે વખતે દિવાનજી નારાયણરાવે અનેક પ્રકારના મિષ્ટાન્નો બનાવી. જામશ્રીને તથા અમીર-ઉમરાવોને જમાડી, જામશ્રી તથા સર્વ અમીર-ઉમરાવ તથા હજુરીઆઓને હજારેના પોશાકો આદરસહિત અર્પણ કર્યા. તે પછી જામશ્રી વિભાજીએ દિવાનજીના તમામ કુટુંબને પોશાક પહેરામણી કરી. અને થાણાની અંગ્રેજી સ્કુલમાં પધારી એક હજાર રૂપીઆ રોકડા વિદ્યોત્તેજક ફંડમાં ભર્યા. તથા બીજા કેટલાએક ઇનામ વિદ્યાર્થીઓને બક્ષ્યાં. તે પછી થાણાના કેટલાક સદ્ગૃહસ્થોએ, જામસાહેબના દર્શન કરવા તથા માન દેવા એક સભા ભરી આમંત્રણ કર્યું ત્યાં જામશ્રી પધારતાં, ત્યાંની સર્વ પ્રજાએ થઇ અને માનપત્ર અર્પણ કર્યું. ત્યાંથી મુંબઇ પધાર્યા અને કાસમ શેઠને બંગલે પાંચદિવસ રહી, પાલવા બંદર સ્ટીમરમાં બેસવા પધાર્યા. તે વખતે સરકાર તરફથી કેટલાક યુરોપિયન ઓફીસરો તથા 'ઓનરેબલ અને જસ્ટીસ ઓફ ધી પીસ'ના ખિતાબવાળા શેઠ સાહુકારો વળોટાવવા આવ્યા. તે વખતે બંદર ઉપર મુંબઇની પ્રજા તરફથી જામશ્રીને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું. બાદ તોપોની સલામી લઇ, જામશ્રી સ્ટીમરમાં બીરાજ્યા. અને રોઝાં બંદરે ઉતરી, શ્રી જામનગર પધાર્યા હતા.

વિ. સં. ૧૯૩૩ તા-૫ મે સને ૧૮૭૭માં જામશ્રીએ એક પુસ્તકાલય (Library) સ્થાપ્યું હતું. અને તેમાં દરેક જાતના પુસ્તકો, માસીક અને વર્તમાન પત્રો મંગાવી પ્રજાને લાભ આપ્યો હતો.

તેજ સાલમાં ૨૮ નવેંબર સને ૧૮૭૭માં મુંબઇના માજી ગવર્નર સર રીચર્ડ ટેમાલ સાહેબ જામનગર આવ્યા હતા. તેનું જામશ્રીએ ઘણાંજ માનપૂર્વક સ્વાગત કર્યું હતું. અને ગવર્નર સાહેબ હાઇસ્કુલ; દવાખાનું અને મ્યુનિસીપાલ બાતાની મુલાકાત લઇ વિદાય થયા હતા.

વિ, સં. ૧૯૩૪માં તા. ૧લી જાન્યુઆરી સને ૧૮૭૮ના રોજ કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટ મી. પીલે રાજકોટમાં દરબાર ભરી જામશ્રીવિભાજીસાહેબને નાઇટ-કમાન્ડર ઓફ ધી મોસ્ટ એકઝોલ્ટેડ ઓર્ડર ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડીઆનો માનવંતો ઇલ્કાબ આપ્યો હતો. અને તેનાસાથે એક સુંદર સોનેરી મુઠનો કટાર અને એક જામો (ઝબ્બો, સોનાના ચાંદ સહિત) તથા વાવટો વગેરે બક્ષ્યાં હતાં.

વિ. સં. ૧૯૩૪ની સાલમાં વરસાદની અત્યંત તંગીને લીધે 'ચોત્રીસા' નામનો ભયંકર દુષ્કાળ પડતાં, દેશી પરદેશી હુન્નરોલોકો જામનગરમાં આવી વસ્યા હતા. તે વખતે જામશ્રી વિભાજી સાહેબે પોતાના પૂજ્ય પિતાશ્રી રણમલજામને પગલે ચાલી ચોખાની કડાઓ પકાવી, હુન્નરોલોકોને અન્નદાન આપવું શરૂ કર્યું. અને ઠેકઠેકાણે રીલીફવર્કસ ખોલવાનો હૂકમ દિવાન નારાયણરાવ ખારકરને આપ્યો હતો. તેમજ મહારાજાશ્રીના જનાનખાનામાંથી રાણીસાહેબોએ પણ ઘણાં ગરીબલોકોને ઘેર દાણા તથા લુગડાં પહોંચાડવાનો પ્રબંધ કર્યો હતો. આવા કઠણકાળમાં જામશ્રીએ અનાજના વહાણો દુર દેશાવરોમાંથી મંગાવી, ચરૂઓ અને કડાઓ ચડાવી અન્નદાનની ધજા બંધાવીને "કોઇ અન્નનો ક્ષુધાર્થી" એવો સાદ સાંજ સવાર નખાવતા.

એજ સાલમાં પાણીનું દુઃખ દુર કરવા માટે 'પંજુભટની વાવ' ઉપર બાંધકામ કરી એક મોટું એન્જીન કામે લગાડી, શહેરની તમામ વસ્તીને પાણી પુરૂં પાડવાની ગોઠવણ કરી હતી.

ચોત્રીસામાં રૈયતને અનાજ આપ્યું તે વિષેનું ગીતઃ—

રાજકવિ ભીમજી કૃત ગીત

પડ્યો જોરવર ચોત્રીસો, મથીપડ ઉપરેં બેહદ વરસાદ નેં વાર લાગી ॥
ઘોર પાપોથકી, ઢોર ત્રુટાં દર્ણીં, જળત્રણ ધાનહી, રાડ જાગી ॥૧॥
ગઢપતિસોતરા ગાઢ છુટી ગયા, ખૂબ કુપાં તણા નીર ખૂટા ॥
બુમપાડી રડે રાંકડા બાપડા, ફાકડા પાપરા કરમ ફુટા ॥૨॥
દેખદુનીયા દુઃખી દયા આવી દલેં, જામવિભે બધી વાત જાણી ॥
પછમપતશાહ તે નારાયણરાવ પ્રત, વેગડો જામ તે કહેવાણી ॥૩॥
રૈયત આ આપડી જેમ સુખમાં રહે, ક્રોડ પૈસાતણાં ખરચ કરવાં ॥
બદા નેં જોર, ધન અસંખેવાવરી, હાલારી લોકરા દુઃખ હરવાં ॥૪॥
દીવાનજી શાંભળી કહે ખુશીથી દીલેં, સરવ મનસુબહી હોય સિદ્ધિ ॥
હજુરરી પાસ આજઅરજ કરવીહતી, કૃપાકર આમરે મુખ કીધિ ॥૫॥
હુકમનેં માનદઇ પ્રેમલાવી હીયે, કામનો જાબદો ખૂબ કીધો ॥
દીવાનેં મંગળજી આતમારામનેં, દેખરેખ રાખવા હૂકમ દોધો ॥૬॥
ચલુકામ નગરગાં અસંખી ચલાવી, દુબળાં મનુષનેં જાર દીધી ॥
રેવન્યુ કમીશ્નર મહાલ ફરવા રહી, કૃષિતેસાબધી આબાદકીધી ॥૭॥
સરવ રજવાડથી જામરાજા સરસ, બીલાતાં લગી એમ બાત બણીઉં ॥

મુંબઇમાં મનુષ કોઇ ભીખનેં માગતું, જામના મલકનું નકે જડીઉં ॥૮॥
રૈયત તો જામની બધી સુખમાં રહી, કલીમાં વાત આમલી કીધી ॥
બીલાતેં જામરા સુજસ ડંકાબજી, દીવાનનેં ઘણીં છાવાસ દીધી ॥૯॥
જામવિભો જુઓ રામરાજા જસો, નારાણરાવ જોડ તો કોઇ નાવે ॥
પછમપતશાહરી પ્રીતનીં રીતથી, ગીતમાં ભીમકવિ ક્રીત ગાવે ॥૧૦॥

એ ચોત્રીસાની સાલમાંજ એક સ્વપ્નવંત ઘટનાનો અંત આવ્યો હતો. તે હકીકત નીચે મુજબ છેઃ—

જામશ્રી વિભાજીને રખાયત મુસલમાન રાણીથી કાળુભા નામના કુંવરનો જન્મ થયો હતો. તેનાથી જામશ્રી રાવળજીની પવિત્ર ગાદીને કુદરતે કેવી રીતે નિષ્ફલંક રાખી? અને એ સ્વપ્નવત્ ઘટના કેમ બની? તથા તે કુંવરને પદભ્રષ્ટ થતાં દેશવટો કેમ ભોગવવો પડ્યો.? તેની હકિકતથી વાંચકો અજ્ઞાત ન રહે, માટે ટુંકામાં તે હકિકત નીચે આપું છુંઃ—

જામશ્રી વિભાજીસાહેબને ૧૪ રાણીઓ (રાજકુંવરીઓ અને રજપુતાણીઓ મળીને) હતાં. તેમજ ૬ મુસલમાન રખાયત અને ૪ તાયફાઓરખાયત, મળીને કુલ ૨૪ રાણીઓ હતાં જેનાં નામો નીચે મુજબ છે.—

૧ પટરાણીશ્રી માજીબાસાહેબ તેઓ આરાંભડાના વાઢેરશ્રી અભેસિંહજીના કુંવરી હતાં, તેમને માત્ર એક બાઇ રાજબા નામનાં કુંવરીજ હતા. તે જોધપુર મહારાજશ્રી જશવતસિંહજીવેરે પરણાવ્યા હતા.
૨ કુલીબાસાહેબ–તેઓ શ્રી ગધ્ધેથરના વડાદરબારશ્રી ઓડાજીના કુંવરી હતાં.
૩ તેજીબાસાહેબ–તેઓ ધ્રાંગધ્રાના રાજસાહેબ શ્રીઅમરસિંહજીના કુંવરી હતાં.
૪ બાજીબાસાહેબ–તેઓશ્રી ઢંઢાના સોઢાશ્રી હમીરજીના કુંવરી હતાં.
૫ મોંઘીબાસાહેબ–તોઓશ્રી વાંકાનેર રાજસાહેબશ્રી વખતસિંહજીના કુંવરી હતાં
૬ હમજીબાસાહેબ–તેઓશ્રી સાયલાના રાણાશ્રી કેસરસિંહજીના કુંવરી હતાં.
૭ કસળીબાસાહેબ–તેઓશ્રી લીંબડી ભાયાત ઝાલાશ્રી લાખાજીના કુંવરી હતાં.
૮ સજુબાસાહેબ–તે વરસોડાવાળા ચાવડાશ્રી મોતીસીંહજીના કુંવરી હતાં.
૯ અદીબાસાહેબ–ઢંઢાના સોઢાશ્રી હમીરજીનાં કુંવરી હતાં.
૧૦ જમબાસાહેબ–તેઓશ્રી પંચાશીયાના ઝાલાશ્રી વેરૂભાનાં કુંવરી હતાં.
૧૧ બાકુંવરબાસાહેબ–તેઓશ્રી ભાવનગરના મહારાજશ્રી અખેરાજજીનાં કુંવરી હતાં.
૧૨ વખતુબાસાહેબ–તેઓશ્રી વઢવાણના ઠાકોરશ્રી રાયસિંહજીનાં કુંવરી હતાં.
૧૩ જીજીબાસાહેબ–તેઓશ્રી આરાંભડાના વાઢેરશ્રી વખતસિંહજીનાં કુંવરી હતા.
૧૪ બોનજીબાસાહેબ–તેઓ વરસોડાવાળા કેસરીસિંહજીનાં કુંવરી હતાં.

—: *મુસલમાન રખાયતોનાં નામો :—

૧ રતનબાઇ–તે સેતા મુસલમાન જાતનાં હતાં.
૨ ધનબાઇ (મોટી)–તે મુસલમાન જાતના હતાં, અને તે કુમારશ્રી કાળુભા તથા રૂપાળીબાના મા હતા.
૩ નાથીબાઇ—તે ધનબાઇની સગી બેન.
૪ જાનબાઇ–તે પણ ધનબાઇની સગીબ્હેન અને કુમારશ્રી જશવતસિંહજીના મા.
૫ વાલબાઇ—તે પણ મુસલમાન.
૬ નવી ધનબાઇ (અથવા નાની ધનબાઇ) તે પણ મુસલમાન.

રખાયત તાયફાઓ

(૧) હુંસબાઇ (૨) નાથીબાઇ (૩) મેરબાઇ (૪) જાનબાઇ એ ચારેયનો દરબાર જુદો હતો. અને જનાનામાં પડદાથી રહેતા.

ઉપર મુજબ રખાયત વગેરે મળી કુલ ૨૪ રાણીઓ હતી. તેમાં રખાયત નંબર—૨ મોટી ધનબાઇને પેટે કું. શ્રી, કાળુભા ઉર્ફે ભીમસિંહજીનો જન્મ વિ. સં. ૧૯૧૩ ના કાર્તિક વદ ૬ ના રોજ થયો હતો. તેઓના જન્મ પછી તેમનેજ ગાદીના વારસ ઠરાવવા, દિવાન ભગવાનજી કરમશી તથા વજીર માવજીને જામ-વિભાજીએ કહ્યું હતું, તેમજ તે કુંવરને રજપુતોની કુંવરીઓ પરણાવવાની ગોઠ-વણ કરવા પણ કહ્યું હતું. આ ખબર જામશ્રીના નજીકના ભાયાત જોડેજશ્રી જાલમસિંહજીને તથા ભાવસિંહજીને થતાં, તેણે તે બાબતમાં સખત વાંધો લીધો અને તેથી તેઓશ્રીને બાર વર્ષ સુધી નગરબહાર રીસામણે રહેવું પડયું હતું.

જામશ્રી વિભાજીની મરજી પ્રમાણે કુંવરને કેળવણી આપવા દરબારમાં ખાનગી ગુજરાતી તથા અંગ્રેજ નિશાળ સ્થાપી. મોટા પગારથી મહેતાજી રાખ્યો અને દિવાન ભગવાનજીએ હિંદુશાસ્ત્ર પ્રમાણે ગાદીવારસ નહિં હોવાથી, દત્તક લેવાની પરવાનગી માટે મોટા વકીલોની સલાહથી, મુંબઇસરકારને અરજ કરી, ત્યાંથી તે કામ કલકતે જતાં, ત્યાં મોટા ખર્ચથી મી. પોપટલાલ વેલજીને તથા પીરખાંમીયાંને મોકલી, કાળુભાને ગાદીના વારસ ઠરાવવા લાખો રૂપીઆની રેલમછેલ ચલાવી, તેથી છેવટ સને ૧૮૭૨ માં કલકત્તા સરકારે મહારાજા જામ-શ્રીની માગણી કબુલ રાખી. અને કાળુભાને જામનગરની ગાદીના વારસ ઠરાવ્યા. એ ખુશાલીમાં જામશ્રીએ દિવાન ભગવાનજીને તથા મી. પોપટ વેલજીને તથા

* રાજાઓ અન્ય જાતીની સ્ત્રીને રખાયત તરીકે રાખે ત્યારે તેના પગમાં પહેરવા સોનું બક્ષી અને પડદામાં રાખે;—તે પછી હીરાબક્ષે ત્યારે તે પાસવાન કહેવાય, પરંતુ તે કરી તે રાણીના દરજ્જામાં ન ગણી શકાય. તેમજ તે રખાયતનો પુત્ર પણ ગાદીવારશ ન ગણી શકાય

ભુપતસિંહજીને તથા વજીર માવજી વેજાણીને તથા ખવાસ શામા નારાણને તથા મી. મહાદેવ દેવચંદ તથા મી. કાનજી કલ્યાણજી અને પીરખાંમીયાં વગેરેને કિંમતી ગામોની નવાજેશ કરી, અને બીજા લાગતા વળગતાઓને કિંમતી ઇનામો આપી, કાળુભાનું નામ કુમારશ્રી ભીમસિંહજી પાડી, યુવરાજ પદ તરીકે લખાણમાં જોડી, તેઓને ન્યાયખાતાની સત્તા આપી.

વિ. સં. ૧૯૨૬ના વૈસાખમાસમાં કાળુભાના બે વખત લગ્ન કર્યા. તેમાં એક વખત બે, અને બીજી વખત છ, મળી આઠ રજપુત રાણીઓ પરણાવેલી હતી. જેમાંના જામબા સોઢીરાણીથી વિ. સં. ૧૯૨૬ના આસો વદ બીજના રોજ કુંવર જનમ્યાં. તેનું નામ લખુભા પાડયું.

વિ. સં. ૧૯૩૦માં કુમારશ્રી કાળુભા હિંદુસ્તાનની મુસાફરીએ મુખ્ય દિવાન ભગવાનજી તથા આનદસાહેબ તથા ડા. માધવરાવ, હકીમ સદરમીયાં, મુસાહેબ હીરજી આણંદ, ખવાસ સામા નારાણ અને પીરખાંમીયાં આદી અમલદારો સહિત ૬૦૦ માણસોથી ગયા હતા. અને ચારમાસે ફરી પાછા જામનગર આવ્યા હતા.

કુમારશ્રી કાળુભાએ સ્વેચ્છાથી વર્તી, અને ખરાબ પાસવાનોની સોબતથી નવાનગરમાં ત્રાસ વર્તાવી મુકયેા હતેા. આવી તેમની વર્તણુંકથી જામશ્રીવિભાજી સાહેબ ઘણાજ ગુસ્સે થતા. અને વખતોવખત સારી શિખામણેા આપતા, પણ તે તમામ પત્થરપર પાણી રેડવા જેવું હતું. એવા ઘણા બનાવોથી જામશ્રી દિલગીર થયા. અને તેમના ઉપર દિવસે દિવસે અભાવ થવા માંડયેા.

નામદાર બ્રીટીશ સરકારે પણ કુંવર કાળુભાને તેમની ખરાબ વર્તણુંક અટકાવવા તથા વિદ્યાભ્યાસમાં રાખી, તેમની ચાલમાં સુધારેા કરવાના હેતુથી એક વર્ષમાટે પુનાખાતે રાખવાનેા ઠરાવ કર્યો હતેા. તે પ્રમાણે વિ. સં. ૧૯૩૪માં સને ૧૮૭૭માં જુન માસની તારીખ ૧લીને શુક્રવારે કાઠીયાવાડના આ. પેાલીટીકલ એજન્ટ મી. સ્ટેસસાહેબ કાળુભાને પુના તેડી જવા નીકળ્યા હતા. આ અમલદારને રૂા. ૧૫૦૦)ના પગારથી સરકારે ખાસ નિમ્યા હતા. અને તે કુમારને ખર્ચમાટે દરમાસે રૂા. ૨૦૦૦)ની રકમ ઠરાવી હતી. આ પ્રસંગે વડી સરકારે કાળુભામાટે કાઠિઆવાડ પેાલીટીકલ એજન્ટ તરફ જે અંગ્રેજી ઠરાવ લખી મેાકલ્યેા હતેા તેનેા તરજુમેા નીચે મુજબ છે.—

"નામદાર જામસાહેબને દર્શાવવું જોઇએ કે નામદાર સરકારે ઘણીજ દીલગીરીની સાથે તેના કુંવરની માજી ફેાજદારી, ન્યાયાધીશની બાબતની વર્તણુંક વિષે સાંભળ્યું છે. જે વર્તણુંકથી નગરમાં તથા નગર બહાર આવી ભારે ચેષ્ટા ઉત્પન્ન થઇ રહી હતી સેક્રેટરી ઓફ સ્ટેટે તેની ગાદીના વારસ તરીકે કુંવર કાળુભાની પસંદગી કાયમ તથા માન્ય રાખતી વેળાએ તેણે હિંદુસ્તાનની સરકારને એવી રીતનું લખાણ કીધું હતું કે જે નામદાર જામસાહેબને રેાશન કરવું

જોઇએ તેણે સરકારને લખ્યું હતું કે તમારે પોલીટીકલ એજન્ટને કહીને જામ-સાહેબના પસંદ કરેલો વારસ બરાબરીતે પોતાના કામને માટે લાયક તૈયાર થાય એવી તેને કેળવણી આપવી જોઇએ અને વખતો વખત એ બાબત તેની (પોલીટીકલ એજન્ટની) પાસે રીપોર્ટ માગી અને લખવું જોઇએ'' કુંવર કાળુભાની સાંપ્રત વર્તણુક ઉપરથી એવી સાબીતી મળે છે. કે કાળુભાને હજી સેક્રેટરી સાહેબે ધારેલી અને તેને ગોઠે એવી કેળવણી મળેલીજ નથી. અને એ બાબતનું લખાણ સેક્રેટરી સાહેબને કરવાની અવશ્ય જરૂર જણાય છે.

ઉપર પ્રમાણેના ગુજરાતી તરજુમાથી જણાય છે. કે કાળુભાની વર્તણુકથી નામદાર બ્રિટીશ સરકારને પણ ગુસ્સો પ્રાપ્ત થયો હશે. અને તેથીજ તે નામદારે કુંવરને સુધારવા માટે પુનાખાતે મોકલેલા હતા.

કુમારશ્રી કાળુભા પુનાખાતે ગયા પછી તે તરફના વધુ અભાવથી કે બીજા કાંઇ કુદરતી સંયોગથી જામશ્રી વિભાજી સાહેબે કાળુભાને પોતાના વારસ તરીકે રદ કરવા મુંબઇ સરકારને દર્શાવ્યું. જે ઉપરથી મુંબઇ સરકારે પુનામાંથી કાળુભાનો તમામ બન્દોબસ્ત સંભાળી લઇ તેઓને અહમદનગર ખાતે રાખ્યા હતા.

વિ. સં. ૧૯૩૪ ઇ. સ. ૧૮૭૭-૮૮ના રીપોર્ટમાં મુંબઇ સરકારે લખ્યું હતું કે "નવાનગરના પાટવિકુંવર લીમસિંહજી જેને કાળુભાકહી કહે છે તેણે પોતાના કુટુંબને એટલી તો મહેનત આપી હતી કે તેનો ગાદી વારસ તરીકેનો હક છીનવી લીધો હતો. અને તેને સરકારની દેખરેખ નીચે અહમદનગરમાં રાખ-વામાં આવ્યા છે.

ઉપર પ્રમાણે મુંબઇ સરકારે પોતાના રાજ્ય વહિવટના રિપોર્ટમાં પ્રદર્શિત કર્યું હતું. તેજ સાલમાં રપમી જુનના રોજ નવાનગરમાં પોલિટીકલ એજન્ટે એકદમ આવી, કાળુભાના હજુરીયાઓની પકડાપકડી કરી હતી. અને તેમાંના કેટલાએકને હદપાર કર્યા હતા. અને કેટલાએકનો માત્ર દંડ કરી છોડી મુકયા હતા.

વિ. સં. ૧૯૩૪ માં સને ૧૮૭૮ ના જાન્યુઆરિની ૨૮મી તારીખે મહારાજા જામશ્રી વિભાજી સાહેબ કોઇ બીજા કુંવરને દત્તક લેવાના વિચારને માટે પડધરી મુકામે આ. કા. પો. એ. મી. પીલસાહેબની સંમતિ લેવાને પધાર્યા હતા. અને ત્યાંથી તે સંબંધી ગોઠવણો કરીને કેટલાક ગરીબ ગરાસીઆઓના બાળકપુત્રોને એકઠા કરીને તેમાંના કોઇને દત્તક લેવાનો વિચાર કર્યો હતો. પરંતુ તેઓમાંથી કોઇપણ પસંદ નહિં પડવાથી પાછા જામનગર પધાર્યા હતા.—ત્યારબાદ પોતાના નજીકના ભાયાત જરેજશ્રી જાલમસિંહજી વગેરે જેઓ નગરબહાર રીસામણે ગયા હતા તેઓશ્રીને ખાસ માણસો મોકલી જામનગરમાં બોલાવીને તેમના પુત્ર ઉમે-દસિંહજીને દત્તક લીધા. અને નવાનગરમાં મોટો ઉત્સવ કર્યો ને તે કુમારશ્રીનું નામ રાયસિંહજી પાડયું, પરંતુ દૈવેચ્છાએ વિ. સં. ૧૯૩૫ માં તે કુમારશ્રી સ્વર્ગે

જતાં, તેઓશ્રીના (સડોદરવાળા જાડેજાશ્રી જસમસિંહજીનાં) કુમારશ્રી જીવણ-સિંહજીના નાના કુમારશ્રી **રણજીતસિંહજી સાહેબને** દત્તક લીધા અને વેદોક્ત રીતે તે દત્તવિધાન શ્રીદ્વારિકાપુરીx (જે જામનગરમાં ખંભાળીયાના નાકા બહાર છે) તેમાં કુશળ શાસ્ત્રીઓના હાથે યજ્ઞ કરાવી કર્યું હતું. અને એ દત્તક બ્રિટીશ સરકારે પણ કબુલ રાખ્યા હતા.—

વિ. સં. ૧૯૩૬ ના હાલારી અષાઢ વદ ૯ શનિવારે, જામશ્રી વિભાજી સાહેબે બેડીના નાકા આગળ એક વિશાળ બંગલો બંધાવી, તેનું નામ દિવાન બંગલો રાખ્યું. અને તેમાં પ્રથમ દિવાન નારાયણરાવ બારકર રહ્યા. અને તે બંગલાના વાસ્તુમાં જામશ્રીને પધરાવ્યા. એ પ્રસંગનું કાવ્ય, રાજકવિ ભીમજી-ભાઇ બનાભાઇ રતનુંએ રચી, તે સમયની કચેરીમાં બોલ્યા હતા જે નીચે પ્રમાણે છેઃ—

॥ છંદ ભુજંગી ॥

શકં ઓગણીસેં છત્રીસેં અષાઢે, વદી નોમનેં વાર શની સમાઢે ॥
નવાનગ્રમેં વાત દેખી પ્રસિદ્ધી, દીવાનેં ભલી જામનેં ગોઠ દીધી ॥૧॥
બનાવ્યો મહા બંગલો તેજ કારી, હૂઇ રુસનાઇ નવિનં હજારી ॥
નકી છાઇ હેયાં–અઠંએક નીધી, દિવાનેં ભલી જામનેં ગોઠ દીધી ॥૨॥
સીહાંસન તેહી સમે હેમ સાજા, બિરાજા મહારાજ વિભેસરાજા ॥
વધાવ્યા અતિ હેંમ કંજેં વિવિધી, દિવાનેં ભલી જામને ગોઠ દીધી ॥૩॥
અતિ ઉમદી આપીયાં પંચ વસ્ત્રં, ધરી મ્હોર રુપાં અગેં એક સસ્ત્રં ॥
કંઠો નંગ જડીત્રતે ભેટ કીધી, દિવાને ભલી જામને ગોઠ દીધી ॥૪॥
ગલીચા જરીતેં બનાવી કચેરી, નચે તાઇફા રાગ તીખા ઉએરી ॥
બજે ઘોર મ્રદંગ તાતાગીડીધી, દિવાને ભલી જામને ગોઠ દીધી ॥૫॥
બિલાતી બજે નાદ બાજાં હજારો, હુવા લોક ખુશી મળી ત્યાં હજારો ॥
ભમે આનંદે જેમહી ભાંગ પીધી, દિવાને ભલી જામને ગોઠ દીધી ॥૬॥
હજારો દીવા હાંડીઓ ફાંનસોના, પતાકા ધજા જુધ્ધ તેમાં નિશાના ॥
છુટે દારુખાંના–જુવેછે લખાધી, દિવાને ભલી જામને ગોઠ દીધી ॥૭॥

---

xએ દ્વારિકાપુરીમાં સહસ્રકળશ અભિષેક યજ્ઞ મર્હૂમ મહારાજા જામશ્રી રણજીતસિંહજી સાહેબ બહાદુરે, પોતાના રજત્ મહોત્સવના શુભ પ્રસંગે તેજ સ્થળે કર્યો હતો. જેનું વર્ણન તેઓશ્રીની કારકીર્દીમાં આપવામાં આવ્યું છે.

જીમાયા સહુને મહા મિષ્ટ મેવા, કહા જાય નાંહી મુખે ગુણ કેવા ॥
બના પાકને શાક અનેક વિધી, દિવાને ભલી જામને ગોઠ દીધી ॥૮॥
થરુ જામ નારાયણં હાથ થાપી, એહી બંગલો નામ દિવાન આપી ॥
*કવિ ભિમજીએં ભલી કાવ્ય કીધી, દિવાને ભલી જામને ગોઠ દીધી ॥૯॥

વિ. સં. ૧૯૩૬ની આખરમાં દિવાન મી. નારાયણરાવ ખારકરે સ્વતંત્ર કારભારથી લખલુટ ખર્ચ કરવા માંડયું. તેમજ નોકરોને યોગ્યાયોગ્ય વિચાર કર્યા વગર મોટા પગારથી દાખલ કરી ખર્ચમાં વધારો કર્યો. તેમજ કોરી પાડવાની ટંકશાળ માટે નવા સંચાઓપણ મંગાવ્યા. તેમજ ગએલા વર્ષોમાં દુષ્કાળ વગેરેના કારણથી રાજ્ય ઉપર કરજ વધી ગયું, એ ઉપરથી પાસવાનોની ખટપટથી જામશ્રી વિભાજી સાહેબને દિવાનસાથે કુસંપ વધ્યો. જે સંબંધમાં નામદાર મુંબઇ સરકાર પોતાના સને ૧૮૮૦ના રિપોર્ટમાં લખે છે કે "નવાનગરના જામસાહેબને દિવાનની સાથે બનતું નથી. અને તેનું પરિણામ એવું આવ્યું કે દિવાનને રાજીનામું આપવું પડયું છે. એથી કરી તમામ વહિવટ અવ્યવસ્થિત થયો છે. રાજ્યનું કરજ વધી ગયું છે. નોકરોના પગાર ચઢી ગયા છે. xxxતિજોરી ખાલી છે. ખર્ચ ઘણો રેલમ છેલમ ને ઉડાઉ છે. ને વ્યવસ્થામાં દેખીતી ખામી છે. xxxઅને જોઇને ઘણો ખેદ થાય છે કે જનાનાની રાણીઓ રાજ્યનો પૈસો સત્કર્મને બહાને દહેરાં તથા મસ્જીદો બંધાવવામાં ખર્ચે છે. સંગેમરમરની ખાણોમાં કામ ચાલતું નથી. મોતી કાઢવાનો ઇજારો દરબારના એક ખવાસને આપવામાં આવ્યો હતો, અને એ સુંદર રાજ્યનું દ્રવ્યબળ નિદ્રાવશ સ્થિતિમાં છે. અને ચાલાક દિવાનને તે ખીલવવા માટે અવકાશ કે પ્રસંગ આપવામાં આવતો નથી એવી ધારણી રાખવામાં આવે છે કે જો આવો મામલો જારી રહેશે તો નવાનગર પહેલા વર્ગનાર રાજ્ય તરીકેની પોતાની યોગ્યતા ગુમાવશે.

ઉપર પ્રમાણે અંગ્રેજી લખાણનો તરજુમો આપવામાં આવેલ છે. તેમજ બીજા વર્ષના રિપોર્ટમાં પણ (૪૦સ. ૧૮૮૦ના રિપોર્ટમાં) નામદાર મુંબઇ સરકારે લખ્યું હતું કે "ગયાવર્ષના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે નવાનગરના જામસાહેબ અને દિવાન વચ્ચે જે કંકાસ ચાલતો હતો, તે વધીને ખુલ્લો અણબનાવ થયો છે. સને ૧૮૮૦ ના જુન માસમાં દિવાનને રાજીનામું આપવાની ફરજ પાડવાથી નામદાર જામસાહેબે કાઠીઆવાડના ડેપ્યુટિ મદદનીશ પો. એ. મી. મગનલાલ બાપુભાઇને દિવાન તરીકે પસંદ કીધા. આ સમયે તીજોરી ખાલી હતી. અને રાજ્યને કરજ ૨૧,૨૫૦૦૦ રૂપીઆનું હતું. એજ વર્ષમાં મી૦ મગનલાલ રૂપીઆ ૨૭,૦૦૦નું દેવું ઓછું કરવામાં ફતેહમંદ નીવડયા હતા. x x x દિવાને ડહાપણ વાપરીને જંગલખાતાને રાજ્યના એંજીનિયરખાતાની દેખરેખ નીચે મુકયું હતું.

*૪૦—કર્તાના—પિતા—

મુંબઇ સરકારે ઉપર પ્રમાણે પોતાના બન્ને વર્ષના રિપોર્ટમાં રાજ્યના દેવાના સંબંધમાં તથા દિવાનના સંબંધમાં લખ્યું હતું પરંતુ જ્યારથી એ કુશળ દિવાન મગનલાલભાઇએ રાજ્યવહીવટની લગામ હાથમાં લીધી ત્યારથી દરેક સ્થળે જામનગરની ઇજત-આબરૂ વૃદ્ધિ પામી હતી.

વિ. સં. ૧૯૪૦ ના શ્રાવણ વદ ૧૨ ગુરૂવારે જામશ્રીવિભાજીની રખાયત (મુસલમાન) ઓરત જનબાઇને પેટ પુત્ર જનમ્યો. તેનું નામ જશવંતસિંહજી પાડયું આ જન્મ પછી જામવિભાજી અને તેમના પાસવાનોનો વિચાર તત્કાળ બદલાઇ ગયો. અને તેથી ગમે તે ભોગે નવા જન્મેલા કુંવરને ગાદીવારસ ઠરાવવા એમ સૌએ નક્કી કર્યું. વિભાજી જન્મચરિત્રના કર્તા લખે છે કે" જ્યારે કુમારશ્રી રણજીતસિંહજી સાહેબને દત્તક લીધા, તે વખતે એવી શરત કરી હતી કે "જો જામશ્રીને કોઇપણ હિંદુરાણીઓપેટે પુત્ર પ્રાપ્તિ થાય તો આ દત્તકનો કશો હક રહે નહિં. અને માત્ર પેન્શન તરીકે રાજ્યમાંથી અમુક રકમ મળ્યા કરે".

પરંતુ આ તે શરતથી ઉલટું થયું. મુસલમાન અને રખાયત રાણીને પેટે પુત્ર જન્મ થયો, છતાં તેને ગાદીના વારસ ઠરાવી. દત્તવિધાન રદ કરવા, દિવાન મગનલાલને મુંબઇ મોકલ્યા. ત્યાં જઇ અરજ ગુજારતાં નામદાર મુંબઇ સરકારે જામસાહેબની એ અઘટીત માગણી સ્વીકારી નહિં.

તેથી તેઓ પાછા આવ્યા. પરંતુ જામવિભાજીએ વઝીર રાઘવ જેઠાણી તથા દિવાન મગનલાલ બાપુભાઇ તથા વાડીઆસાહેબ મી. ફરામજી અને કરશનભાઇ વિગેરેને સિમલાખાતે વડી સરકાર આગળ મોકલી મુંબઇના ઠરાવ ઉપર અપીલ કરી જે ઉપરથી વડી સરકારે મુંબઇ સરકારનો ચુકાદો રદ કરી, અને નવા જન્મેલા કુંવરને સને ૧૮૮૪ના ઓકટોબર માસમાં ગાદીના વારસ તરીકે નિર્માણ કર્યા. તેથી કાઠિઆવાડ પો. એ. ના ધ'ગ્રેજી જા. નં. ૨૬૫૦ તા ૬-૧૦-૮૪ની યાદી(જશાજીને યુવરાજ-પાટવીકુંવર કર્યાની) મેળવીને તેઓ સૌ પાછા ફરતાં, જામશ્રી વિભાજી એ તેઓને કિંમતી બક્ષિસો આપી.—આવી રીતે વિ. સં. ૧૯૩૪માં કાળુભા પદભ્રષ્ટ થયા તે સહિત સં'૧૯૪૦માં જશાજીના જન્મસુધીમાં જામનગરની ગાદીના પાંચ વારસો ઇતિહાસમાં લખાયા (૧ કાળુભા સા. ૨ લખુભા સા ૩ ઉમેદસિંહજી ઉર્ફે રાયસિંહજી ૪ રણજીતસિંહજી સા. ૫ જશવતસિંહજી સા.) પરંતુ આખરે—"सत्यमेव जयति" એ વાકયાનુસાર થયું.

વિ. સં. ૧૯૪૧માં મુંબઇના નામદાર ગવર્નર સાહેબ રાજકોટ પધાર્યા, ત્યારે ત્યાં મોટો મેલાવરો થતાં, મહારાજા જામસાહેબ પણ પધાર્યા હતા. એ વખતે મોરબી અને જામનગર વચ્ચે વૈમનસ્ય છે એવું ગવર્નર સાહેબને જણાતાં તેઓએ મોરબી ઠાકોરશ્રીને તથા જામશ્રીને બોલાવી તે બાબતનું સમાધાન કરી આપ્યું. અને તમામ તકરારો દુર કરી આપી એવા પ્રકારની સમજુતિ કરી આપી જે બન્નેએ મિત્રતાની મજબુત ગાંઠ બાંધવી, અને પ્રથમ મોરબી દરબારે જામ-

સાહેબના પરોણા તરીકે જામનગર પધારવું. અને તે પછી મહારાજા જામસાહેબે મોરબી પધારવું. તેથી મોરબી ઠાકોરશ્રી સરવાઘજીસાહેબ આસરે ૬૦૦ માણસોથી જામનગર પધાર્યા હતા. તે વખતે મહારાજા જામસાહેબે ઘણીજ આગતાસ્વાગતા કરી હતી. અને જડિત્ર અલંકારો આદી કિંમતી સિરપાવો આપ્યા હતા. બાદ ઠાકોરશ્રી ઘણા ખુશી થઇ મોરબી પધાર્યા હતા. ત્યારબાદ જામશ્રી વિભાજી સાહેબ પોતાના ૭૦૦ માણસોથી મોરબી પધાર્યા હતા. એ વખતે જામશ્રીના માનાર્થે નામદાર ઠાકોર સાહેબે આખું મોરબી શહેર શણગારી ઘણાજ ઉત્તમ સત્કારથી જામશ્રીનું સ્વાગત કર્યું હતું. આમ પરસ્પર સ્નેહ જોડી જામશ્રી પાછા જામનગર પધાર્યા.——

વિ. સં. ૧૯૪૧ ના ચૈત્ર સુદ ૮ ને ગુરૂવારે જામશ્રીવિભાજી પોતાના માતુશ્રી સોનીબાસાહેબનું ગયા શ્રાદ્ધ કરવાને સિદ્ધપુર પધારવા ૫૦૦ માણસસાથે લઇ રાજકોટ પધાર્યા. આ વખતે રાજકોટમાં ઘોડાની શરતનો મેળાવડો હોવાથી, કાઠી-આવાડના તમામ રાજમહારાજાઓ પધાર્યા હતા. એ વખતે જામશ્રી વિભાજીસાહેબના ઘોડા શરતમાં જીત્યા, તેથી તમામ પ્રેક્ષકોએ 'જામસાહેબની જય' બોલાવી. તેમજ બીજા કેટલાક જોવાલાયક ખેલ હોવાથી જામશ્રી રાજકોટમાં સાત દિવસ રહ્યા અને ત્યાં સર્વસાથે આનંદ ભોગવી પોષ શુદી ૧૫ ને ગુરૂવારે સિધ્ધપુર તરફ રવાના થવા વઢવાણ પધાર્યા, ત્યાં નામદાર ઠાકોરસાહેબે પોતાનો ખરો સંબંધ જણાવી ઘણાં પ્રકારની અરદાસ કરી. ત્યાંથી સ્પેશ્યલ ટ્રેનમાં* અમદાવાદ પધાર્યા ત્યાં યૂરોપિયન અને દેશી અમલદારોએ તથા શેઠસાહુકારોએ ઘણું માન આપ્યું. અને હુડિસંગની વાડીમાં ઉતારો કરી અમદાવાદમાં જોવાલાયક સ્થળોx જોઇ. ત્યાંથી સિધ્ધપુર પધાર્યા, સિધ્ધપુર સ્ટેશને ગાયકવાડી સુબા ગણપત સિતારામે પોતાની સેનાસહિત મુલાકાત લઇ ઘણાં માનપાન સાથે સુલેમાન બાગમાં ઉતારો કરાવ્યો. બીજે દહાડે જામશ્રીએ સરસ્વતીમાં સ્નાન કરી, દેહશુધ્ધિ પ્રાયશ્ચિત કરી, સર્વ શૃંગાર સહિત વસ્ત્રોનું દાન આપી વેદવિધિથી ગયા શ્રાદ્ધ કરી, હાટકેશ્વર મહાદેવ વિગેરે સર્વ યાત્રાના સ્થળોએ દર્શન કરી, અગણિત દાન અને બ્રહ્મભોજન કરાવી, દક્ષિણાઓ આપી ભૂદેવોને સંતુષ્ટ કર્યા હતા.—

—: સરસ્વતી મહાત્મ્ય કવિતઃ :—

કોટીક મનુષ્ય આય, મંજકે સુસ્વચ્છ નીર।
હોતહે નિઃશંક, ભૂલસાત જાત ઉરમેં॥
કીધો તમ હરબેકોં, તમહર આયો ચઢ।
કેના પોન ચક્ર પર્યો, આકનકે તુરમે॥

*તે વખતે રેલ્વે વઢવાણસુધી આવી હતી.
xશાહ આલમનો રોજો તથા કાંકરીયું તળાવ વિગેરે.

કવિ જબરેશ કહે, મોરીકે મહાન મદ।
ચુર ચુર કરકે, મિલાત અઘ ધુરમે ॥
તેસો પદ મુરમેન, ઓર નાગ પુરમેન।
જેસો પદ દેત, સરસ્વતિ સિદ્ધપુરમેં ॥

સર્વ યાત્રા સમાપ્ત થઈ કે, સુબાએ ઋદ્રમાળાદિ પ્રાચિન સ્થળો જોવા પધારવાની અરજ કરતાં, ત્યાં પધારી સર્વ સ્થળો જોઇ ઘણા ખુશી થયા, તે પછી સુબાએ, " ગાયકવાડ સરકારે આપ નામદારનું અત્રેનું સર્વ ખર્ચ આપવાનો હુકમ ફરમાવ્યો છે " તેવું લખાણ વાંચી સંભળાવ્યું. તેથી મહારાજા જામસાહેબ સુબાના અતિ આગ્રહથી એક વખતની મિજબાની કબુલ કરી. તેથી સુબાએ અનેક પ્રકારની મનવાર કરી, સૌને ભોજન કરાવ્યું. સિદ્ધપુરમાં જામશ્રી ત્રણ દિવસ રહી, ચોથે દિવસે સ્પેશ્યલ ટ્રેનમાં બીરાજી, અમદાવાદ થઇ વઢવાણ પધાર્યા. ત્યાંથી વાંકાનેર, મોરબી, રાજકોટ અને પડધરી વિગેરે સ્થળોની મુલાકાત લઇ, ઘણાજ સત્કારસહિત રાજધાનિમાં પાછા પધાર્યા.

વિ. સં. ૧૯૪૫ ના ફાગણ વદ ૧૨ સને ૧૮૮૯ તા. ૩૦ માર્ચના રોજ જામશ્રી વિભાજી પોતાના ૭૦૦ માણસો સાથે લઈ, મુંબઇની સહેલગાહે પધાર્યા. પહેલું મુકામ પોતાના તાબાના મહાલ પડધરીમાં કરી, બીજે મુકામે રાજકોટ પધાર્યા. ત્યાં તેઓશ્રીના સામે એક ગાઉ ઉપર હેન્કોકસાહેબ તથા ફીલ્ઝરસાહેબ અને કુમારશ્રી લાખાજી વિગેરે આવી મળ્યા. ત્યાંથી તારીખ ૩જી એપ્રીલે રવાના થઇ વઢવાણ ઠાકોરની મુલાકાત લઇ, અમદાવાદ સ્ટેશને જેસંગભાઇ આદી સાહુકારો ને મળી મુંબઇ બાંદરેાડ સ્ટેશને પધાર્યા. તે વખતે મુંબઇ સરકારે અને બીજા કેટલાક ધનાઢય ગૃહસ્થોએ જામસાહેબના માનાર્થે સ્ટેશન શણગારી, ઘણીજ ધામધુમથી સામૈયું કર્યું હતું; જામશ્રીએ મુંબઇમાં ૧૫-થી-૨૦ દિવસ રહી તમામ શહેર ફરી ફરીને જોયું. અને નામદાર ગવર્નર સાહેબ અને બીજા યુરોપિઅન અમલદારો તથા ગૃહસ્થ વેપારી અને વકીલ બેરીસ્ટરો વિગેરેની મુલાકાતો લઇ, ઘણાંઓને પોતાની સદાની ઉદારતા પ્રમાણે શિરપાવ આપી, કેટલાક જાહેર ફંડોમાં મદદ આપી હતી. તેમજ ત્યાંના નામાંકિત પુરૂષો, વિદ્વાનો અને એડીટરોને મળ્યા. શાસ્ત્રીઓની સભાઓ કરી, સુપ્રસિદ્ધ પંડિત ભારતમાર્તંડ ગટુલાલજીને મળી, તેમનો શતવિશ્વાની પ્રયોગ જોઇ, ઘણાંજ ખુશી થયા. અને તેઓને કેટલેાક કિંમતી પોશાક અને મોટી રકમની નવાજેશ કરી, તેમજ બીજા શાસ્ત્રીઓ તથા કવિ પંડીતોનો યોગ્ય સત્કાર કર્યો હતો. એ સિવાય મુંબઇના દેવસ્થાનોમાં, અને મહારાજોને ભેટો મોકલી હતી. ત્યારપછી ગવર્નરસાહેબની વળતી મુલાકાત લઇ તા. ૧૪ મીએ સ્પેશ્યલ ટ્રેનમાં બીરાજી વઢવાણ થઇ જામનગર પધાર્યા હતા. આ પ્રસંગમાં અગ્રેસર રાઘવ જેઠાણી

હતા. તેથી તેના ઉપર ઘણાં ખુશી થઇ તેને તથા બીજા ખાસ માણસોને કિંમતી પોશાકો આપ્યા હતા—

વિ. સં. ૧૯૪૬ ના ચૈત્રમાસમાં વજીર રાઘવ જેઠાણી એ રામબાગમાં પોતાના ખાનગી ખર્ચથી શિવવિષ્ણુનાં મંદીરો ચણાવી પ્રતિષ્ટા કરી તે વખતે જામશ્રી વિભાજી સાહેબને ત્યાં દર્શનાર્થે પધરાવતાં બ્રાહ્મણોને વેદ વિધીથી ભણતા જોઇ, જામશ્રીને અતિ આનંદ થયો અને બોલી ઊઠયાકે, આપણે પણ આવું કંઇ ધર્મકાર્ય કરીએ, એથી વજીર તથા દીવાનજીની સલાહથી ફરીને બીજી વખત મહારૂદ્ર યજ્ઞ કરવાની ત્યાંને ત્યાંજ આજ્ઞા આપી હતી તેથી વૈશાખ સુદ ૧૧ બુધવારના રોજ મહારૂદ્રનો આરંભ કર્યો, વેદમૂર્તી જેવા બ્રાહ્મણોને વરણીમાં વરાવી વેદોક્તરીતે મંડપ તથા કુંડ બાંધવાનું કામ શીરૂ કરાવી દેશાંતરોમાં કંકોત્રીઓ મોકલી રાજાઓ, અમીરો, પંડીતો, ભાયાતો વિગેરેને બોલાવ્યા હતા, મંડપ તૈયાર થતાં હોમની શરૂઆત કરાવી અનેક વિદ્વાનો યથાવિધી વેદ ધ્વનિ અને સવાલક્ષ ચીંતામણી તથા સહસ્ર ચંડી કરવા લાગ્યા. તેમજ ભાગવત, રામાયણ, ગીતા, આદીકના અનેક પાઠો કરાવી, બ્રાહ્મણોને વિવિધ પ્રકારનાં દરરોજ ભોજન કરાવવા લાગ્યા, તેમજ આવેલા રાજાઓ, અમીરો, અધિકારીઓ, ગામના ગૃહસ્થો, અને જનાનાની રાણીઓ, વિગેરેની પૂજાઓથી બ્રાહ્મણોને મોટી રકમો દક્ષીણાની થવા લાગી, છેવટ સમાપ્તિને દીવસે મહાદક્ષીણાના બોબાઓ અને અનેક પ્રકારની પહેરામણીઓ જામશ્રીએ આપી વિપ્રોને સંતુષ્ટ કર્યા, એ યજ્ઞમાં વિપ્રોની સંખ્યા ૬૫૦૦ની થઇ હતી. આ પ્રસંગે પધારેલા સર્વેને તેઓની યોગ્યતા પ્રમાણે સત્કાર કરી શીરપાવો આપી મહા યજ્ઞની સમાપ્તિ કરી સાકરની ચોરાશીયો કરી, બ્રાહ્મણોને રૂપીયાઓની દક્ષીણાઓ આપી તેઓનો આશીર્વાદ લીધો હતો. તેમજ અનેક પ્રકારની ધાતુઓથી પોતાની તુલાઓ કરી તેનું દાન આપ્યું હતું.

વિ. સં. ૧૯૪૬ માં જામશ્રી વીભાજીએ પોતાના કેટલાએક મહાલો—જે, કાઠીયાવાડમાં આવેલા આટકોટ, ભાડલા, સાણથળી, બરવાળા તથા કંડોરણાથી કાલાવડ વિગેરે મહાલોમાં ફરી પ્રજાના સુખદુઃખની વાતો સાંભળી તેઓ સર્વને યોગ્ય ન્યાય આપી કેટલાએક ગામોમાં ચોરાશીયો કરાવી જામનગર પધાર્યા હતા.

શ્રીવિષ્ણું પ્રતિષ્ઠા

વિ. સં. ૧૯૪૭ના શ્રાવણ વદ ૧ શુક્રવારે જામશ્રી વિભાજી સાહેબે જામનગરમાં ખંભાળીયાના દરવાજા બહાર અપાર દ્રવ્ય ખરચી સંવત-૧૯૩૦-૩૧ માં દીવાન ભગવાનજીના કારભારીમાં બનાવેલાં "**દ્વારિકાપુરી**"માં ત્રણ દહેરાંઓમાં શ્રીરણછોડજી આદી વિષ્ણુમૂર્તિઓની યજ્ઞાદી ક્રિયા કરી પ્રતિષ્ઠા કરી હતી તથા પોતાનાં પિતાશ્રી જામશ્રી રણમલજી દ્વારિકાં યાત્રાએ પધારેલ ત્યારે

જામપરૂં વસાવી ત્યાં મંદિર ચણાવેલ તે પુરૂં થતાં પહેલા જામરણમલજી સ્વર્ગે જતાં પ્રતિષ્ઠા નહિં થવાથી ઉપરની તારીખેજ ત્યાં પણ મૂર્તિ પ્રતિષ્ઠાઓ કરાવી હતી, આ બને ધર્મસ્થાનોમાં ઠાકોરજી પધરાવી અનેક અલંકારો પટરાણીઓનાં આભરણો વસ્ત્રો અને બીજા અનેક સામાનો સહીત મંદીર શ્રીકૃષ્ણાર્પણ કરી તેના કાયમના નૈવેદ્યખર્ચ માટે મોટી રકમો વાર્ષીક આપવાનું ઠરાવી યોગ્ય બંદોબસ્ત બાંધી આપ્યું હતું.

વિ. સં. ૧૯૪૮ ચૈત્ર શુદ ૮ના રોજ વજીર રાઘવ જેઠાણીને જામસાહેબે નવાનગરમાંથી એકદમ જવાની રજા આપતાં તેઓ તુરત મોળ જઈ રહ્યા પાછળથી જામસાહેબે મી. વાડીઆ બેરીસ્ટરને છમાસ માટે સ્પેશ્યલ ઓફીસર નીમી રાજ્યના ચોપડાઓ વિગેરે તપાસાવ્યા હતા, તેમાં જેની કસુર જણાણી તેઓના યોગ્ય દંડ કર્યા હતાં. અને વજીર રાઘવ જેઠાણીનાં મકાનો તથા રામબાગ વિગેરે સરકારે ખાલસા કરીને રાઘવ ખવાસ ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું પરંતુ થોડો વખત ગયા પછી એ ઓર્ડર પાછો ખેંચી લીધો હતો.

વિ. સં. ૧૯૪૮ના ચૈત્રવદ ૪ શુક્રવારે વજીરની જગ્યા રાઘવ ખવાસના કાકાબભાઇ ખવાસ કરસન પુંજાણીને મોટી સભાભરીને આપવામાં આવી હતી.

xવિ. સં. ૧૯૪૮ ના ચૈત્રવદ ૧૧ ગુરૂવારના રોજ મારૂ ચારણ કવિ ભીમજી ભાઇ બનાભાઇ રતનું'ને પોતાના ચારણ જાણી (કાલાવડ તાલુકાનું) રાજવડ ગામ બેરાતમાં આપી રાજ્યકવિ સ્થાપ્યા હતા.

---

xઆ રાજવડ ગામ કવિરાજ ભીમજીભાઇના નાનાશ્રી બોડ બારોટ અપુત્ર મુજરી જતાં જામશ્રીના દરબારથી ખાલસા થયું હતું, તેથી કવિરાજ ભીમજીભાઇ અને ગુજરનાર બારોટના ભાયાતો વચ્ચે જામનગર સરન્યાયાધીશ કોર્ટમાં વારસાકેસ લગભગ છ સાત વર્ષ ચાલી છેવટ કવિ ભીમજીભાઇને વારસા સર્ટીફીકેટ કેસના ૧/૨નું મળતાં તેના આધારે કવિ ભીમજીભાઇએ હજુર કોર્ટમાં અરજી રજુકરી (જામશ્રી બીભાજી સાહેબ દરરોજ સવારમાં દરબારગઢમાં પધારતા અને ત્યાં દીવાન સાહેબ બક્ષીમારફત દરેક તુમારોનું વંચાણ કરાવતા અને જામશ્રી જે હુકમ ફરમાવે તે ત્યાંજ લખાતો અને તેમાં જામશ્રી "વાંચ્યો" એવા હસ્તાક્ષરો કરતાં હતા) સવારે વંચાણ થતાં કવિની અરજી બક્ષીએ વાંચી તે વખતે કવિનીં પણ ત્યાં હાજરી હોવાથી જામશ્રી બીભાજી સાહેબ હજુર કવિએ નીચેના કાવ્યો બોલી અરજ ગુજારી જે—

(છપય-કવિત)—બુરીય, ભીખ ભંડાર, રાજ દરબાર ડોલાવે ॥
બુરીય, ભીખ ભંડાર, પંચ પતિયાર નશાવે ॥
બુરીય, ભીખ ભંડાર, ઘરોઘર ટૂક મંગાવે ॥
બુરીય, ભીખ ભંડાર, ફત્તે તલવાર નમાવે ॥
હિંદ વાંણ હુકીતો ગાય હૈ; મુસલમાન સુંવર મરે ॥
રણમાલ નંદ ત્રિભેશ સુન, ભીખ ભંડાર કૈસેં ભરે ॥ ૧ ॥

વિ. સં. ૧૯૪૮ માં જામશ્રી વિભાજી પોતાની જુની રાજધાનીના ખંભાળીઆ શહેરમાં પધારી ત્યાંના મહાજનો અને મુસલમાન વચ્ચેનો "ખામનાથ મહાદેવ" અને તે પાસેની પીરની જગ્યાનો કજીઓ લાંબી મુદતથી ચાલતો હતો. અને જેથી મહાજનો રીસાયા હતા. તેથી તેઓને મનાવી, તે તકરારનું સમાધાન કરી, અને ખામનાથ મહાદેવની જગ્યાને ફરતો વરંડો રાજખર્ચે કરાવી આપી અને કોમોને સંપસલાહથી વર્તવા કાયમની સુલેહ કરાવી આપી હતી.

नलीय भीख भंडार, मांनधाता महीपती ।
नलीय भीख भंडार, पांडवकुल छत्रपती ॥
नलीय भीख भंडार, जोद्ध दशरथके जाये ॥
नलीय भीख भंडार, करण बलीराय कहाये ॥
भूपती कोइ लेवे नहीं, मुसलमान हींदु डरे ॥
रणमालनंद विभेश सुंण, भिख भंडार कैसें भरे ॥

(૨)

(कवित)—के. सी. एस. आइ. महाराज श्रीविभाजी सुनो,
कवि भीम कहे गाथा महा नीती मनकी ॥
चारनका गामहुं को दाम नहीं लेनो चहीयें,
आपके अमीर हुंकी देसो रीती अगकी ॥
दइ धेनुं दान छतां भूप गीरगर भयो,
आपके वडीलें तार्यो कथा यह जगकी ॥
दशमको सुंध ध्याय पांसठ मोसवें पेखी,
नाथसो याद रखो कथा राजा "व्रग" की ॥

(શ્રી. ભા. ના દશમ સ્કંધમાં ૬૫ ના અધ્યાયમાં નગરાજાની કથા છે. કે દરરોજ દાનમાં અપાતી ગાય ભૂલમાં પાછી લેવાણી તેથી કચલાનો (કાકીડાનો) અવતાર આવ્યો હતો ને જેનો શ્રીકૃષ્ણ પરમાત્માએ ઉધ્ધાર કર્યો હતો, તો દીધેલ દાન પાછું ન લેવાય) વિગેરે ઉપરની મતલબનાં કાવ્યો જામશ્રીએ સાંભળી હુકમ ફરમાવ્યોકે "કવિને એ ગામ વારસા હકથી નહીં પણ ચારણ જાણી એહસાત તરીકે પાછું આપુંછું" ઉપરના ફરમાન અનુસાર દીવાન મગનલાલ બાપુભાઇએ કવિની અરજી નીચે કાલાવડના વહીવટદાર ઉપર ગામનો કબજો સોંપી આપવા હુકમ લખી આપ્યો અને જામશ્રીએ તેમાં "વાંચ્યો" એવા હસ્તાક્ષરો કરી આપતાં હ. તુ. નાં. ૧૨૩૮ તા. ૬–૪–૧૮૬૨ થી નોંધાવી કવિને કીંમતી પોશાક સાથે એ પત્ર આપી તે દિવસથી રાજકવિ સ્થાપ્યા હતા. (એ કવિરાજ ભીમજીભાઇ તે આ ઇતિહાસ કર્તાના પિતા થાય.)

જામશ્રીવિભાજીની દીનચર્યા તથા પ્રકૃતિ પરીચય

જામશ્રી વિભાજી સાહેબ હંમેશાં પ્રભાતમાં વ્હેલા ત્રણ બજ્યને મુમારે ઉઠતા, જંગલ જઇ આવી દાતણ કરી ન્હાઇ માળા ફેરવતા (કોઈ વખત શિવપૂજન જાતે કરતા) અને તે પછી એક પટમાં પાંચ વાસણ તેમાં સીધો, તથા કોરી ૧) એક તથા ધોતીઉં ૧) એક વગેરે પરદેશી બ્રાહ્મણને ધીમાં મોટું જોઈ દાન આપતા તે પછી પાંચ વાગતાં ગાડીમાં બીરાજી બે ત્રણ ગાઉ સુધી ફરવા જતા, જંગલમાં સડકને કિનારે બેડુતોનાં બાળકો હાથમાં બાજરીયાં (પોંક પડાય તેવાં બાજરાનાં ડુંડાં) તેા કોઇના હાથમાં ચીભડાં, કોઇ શેરડી, કોઇ મગની શીંગુ, કોઇ ભીંડાં, વગેરે. ઋતુ પ્રમાણેની ચીજો લઇ રાહ જોતાં રસ્તામાં ઉભાં રહેતાં, તેને જામશ્રી ગાડીમાંથી દૂરથી જોતાંજ પોતાના દયાળુ અને બાળકો પ્રત્યેના વાત્સલ્ય પ્રેમે ઉતાવળથી કોચમીનને કહેતા કે—" એ. એ. એ. ધીરી હાંક જે ધીરી હાંક જે" એવા વ્હાલભર્યા શબ્દો બોલી બાળકો નજીક આવતાં ગાડી ઉભી રખાવતા. ત્યાં તુરતજ બાળકો ગાડીને ઘેરી લેતાં. અને કોઇ તો ઉપર ચડી, હાથમાંની વસ્તુઓ ખુદ હજુરશ્રીને હાથોહાથ આપતાં, જામશ્રી હસતે મુખે દરેકની ભેટ લઇને તેઓના પ્રારબ્ધ મુજબ કોઇને બે કોરી કોઇને ચાર કોરી પાંચ કોરી કોથળીમાંથી લઇ અને આપતા ઉપરની રીતે પ્રભાતની હવા લઇ ત્યાંથી પરબારા દરબારગઢમાં પધારતા તે વખતે બજારમાં ઘણાજ પ્રેમી શહેરીઓ દર્શનની અભિલાષાએ બેસતા ને જામશ્રીના દર્શ કરી પછી અનાજ લેતા, એવા પણ કેઇલાએકને પ્રતેા હતાં. બજારમાં જામશ્રી ગાડી ઘણીજ ધીમી હંકાવતા અને દરેકની સલામો ઝીલતા બરોબર આઠ બજે દરબારગઢમાં પધારતા તે વખતે તમામ અધિકારીઓ અમીરો ગૃહસ્થો અને વેપારીઓ કે જેઓને રાજ્યની સાથે સીધો સંબંધ હોય તેઓ સર્વ ત્યાં હાજર રહેતા, તે વખતે રાજ્યના તમામ કામોનો દિવાનસાહેબ અને × બક્ષી વંચાણ કરી ખુલાશો પુછતા તેમજ ત્યાં હાજર રહેલા અરજદારોની તથા બીજા પરચુરણ કામોની અરજો પણ ત્યાંજ સાંભળી ત્યાંજ તેનો નીકાલ આપતા અને ત્યાં વંચાણમાં આવેલા તુમારોના હાંસીયામાં "વાંચ્યો" એવા હસ્તાક્ષરો ખુદ પોતે કરતા તેમજ જામદારખાનાની ચીઠીઓ અને લખાણોમાં સહીઓ કરી પછી જનાનખાનામાં રાણીઓના અધિકાર પ્રમાણે બાલસા વડારણો અને નાજરો

× બાદશાહી વખતમાં બાદશાહ પાસે એક નાગર ગ્રહસ્થ કાયમ લેખ પત્રો. બક્ષીસ પત્રો. વગેરેના મુસદ્દાઓ લખી વંચાવી તે ફરમાન બહાર પાડતા. તેથી બાદશાહે તેઓને કાયમના માટે તે બદલામાં સાથે સારી જાગીર બક્ષી હતી. મુગલાઇ વખતમા દરેક બાદશાહી ફરમાનો બક્ષીના હાથથીજ બહાર પડતાં ત્યારથી એ કુટુંબની ઓડક "બક્ષી" તરીકેની પ્રસિદ્ધ થઇ હતી. જામશ્રીએ પણ તે બાદશાહી પ્રબંધ ચાલુ રાખ્યો હતો.

મહીત પધારી ત્યાં સર્વ રાણીઓની મુલાકાત લઇ તેઓની અરજો સાંભળી બહાર આવી. રાણીઓએ કરેલી અરજોના કામકાજની ભલામણ, દીવાન સાહેબને (રાણીઓના કામદારો રૂબરૂ)કરી. કોઇને ત્યાં શુભ અશુભ પ્રસંગમાં પોશાકો આપવા તથા કોઇને ત્યાં ઇમારત સંબંધી તકરારો નો નીકાલ કરવા દીવાન અને તે સંબંધોના પંચોને સાથે લઇ ત્યાં પધારતા ત્યાં સ્થાનીક જગ્યો તપાસી તેના છાપાં લેખથી વાકેફ થઇ, પંચો વગેરેનો મત લઇ, પછી પોતે ત્યાંજ તેનો ફેંસલો સંભળાવતા, તે પછી બંગલે પધારી લગભગ નો બજા પછી તુરતજ ભોજન કરતા. એ વખતે લાગતા વળગતાને ત્યાં (જ્યાં ખરચ કે જમણ હોય ત્યાં) થી પીરસણાના થાળો હાજર રહેતા તેમજ વીવીધ પ્રકારના સ્વાદીષ્ટ ભોજનમાં પણ પોતાને "બીચડી દહી" વધારે પ્રીય હતાં, ભોજન કર્યા પછી જરા ટહલતા અને તે પછી થોડા વખત કોઇ દીવસ આરામ કરતા. નહીંતર સેતરંજ કે ચોપાટ બેલતા અથવા તો તળાવમાં વહાણની સેલ કે વીવીધ પ્રકારના તમાસાઓ જોતા, તે પછી ૧૧–૨ કલાક પુરાણાદિક શાસ્ત્રોની કથા સાંભળતા, એકથા બરોબર ૧૨ બજે પુર્ણ થતી, ૧૨ થી બે વાગ્યા સુધી હુંમેશાં આવતા અમીર ઉમરાઓ હાજર રહેતા કોઇ નવો માલ લઇ આવેલાનો માલ જોઇ ખરીદતા, તેમજ કોઇ નવા આવેલા માણસોની મુલાકાત લેતા. દેશી વિદેશી કવિ, પંડિતો, અને ગવૈયાઓ આવતા. તેને મળી તેનાં કાવ્યો, સાંભળી તેઓનો યોગ્ય સત્કાર કરતા. તે પછી ચાર બજ્યા પછી પાછા ગાડીમાં બીરાજી ફરવા પધારતા. રેઢીના બીડમાં રહેતા. આરબ, મકરાણીઓ ઘાંસમાં સંતાતા તેને પોતે શોતી લેતા. અને પોતે સંતાતા તેને કોઇ શોતતું ત્યારે તેને ઇનામો આપતા આમ સખાઓ સાથે આનંદ કરી. સહેરમાં થઇ દરબારગઢમાં પધારતા. ત્યાં થોડા વખત જનાનામાં રોકાઇ બહાર આવી દીવાન સાથે રાજ્ય પ્રકરણની વાતચીત કરી. બંગલે પધારતા ત્યારે છ બજ્યાનો ટાઇમ થતાં નીયમસર દારૂ આરોગતા થોડા વખત ત્યાં રંગરાગ સાંભળી પછી ભોજન કરતા. અને આઠથી નવ બજ્યા સુધીમાં પોઢતા. આ પ્રમાણે દરરોજ નીયમસર વર્ત્તતા—

જામશ્રી વિભાજી સ્વભાવે ઘણાજ ભોળા, હસમુખા, પ્રમાણીક, મીલનસાર અને ઉદાર તેમજ સાદા રાજવી હતા, તેઓશ્રી શરીરે કદાવર અને મજબુત બાંધાના તેમજ અજાન બાહુ હતા. (ગોઠણ સુધી હાથ લાંબા હતા.) તેઓ નામદારશ્રીને હોકાનું કે, અફીણનું કે, એવું બીજું એકે વ્યસન ન હતું. માત્ર સાંજના છ વાગ્યે નીયમસર દારૂ પીતા ને તે પછી તેઓશ્રી કયાંય પણ બહાર ન પધારતા તેમજ તે પીણું પીધા પછી કંઇ કામ કે હુકમ ન ફરમાવતા. એટલે તે સમયમાં થયેલા હુકમોનો અમલ ન કરવા દીવાનજીને ખાસ પોતેજ સુચના આપેલી હતી, જેથી સર્વ હજુરી. પાસવાનો તે સમયના હુકમનો અમલ યુકિતથી ન કરતા,

જામશ્રી વીભાજી પોતાની પ્રજાને અદલન્યાય મળે એવી કાયમના માટે

ખાસ ખંત રાખતા તેમજ સર્વ પ્રજાને દર્શાવેલ કે "જે કોઈ માણસને મારી પાસે ફરીયાદ કરવા આવવું હોય. તેણે સુખેથી આવવું" તેથી જે અરજદારો હજુરમાં અરજે જતા તેનો ત્યાંજ ષ્ટનસાફ જાતે તપાસ કરીને આપતા,

જામશ્રી પોતાના સર્વ કુટુંબ અને જનાના સહીત આનંદ કરવા પોતાના નજીકના પ્રદેસ જેવાકે, આમરણ, જોડીયા, બાલંભા કાલાવડ વગેરે મહાલોમાં પધારતા. ત્યાં અમુક દહાડા કેંપ રાખી સર્વ વસ્તીની સંભાળ લેતા તેમજ કન્યાશાળા અને સ્કુલોની વીઝીટ કરતા. બાળાઓને ઇનામો આપતા અને બ્રાહ્મણોની ચોરાસીઓ કરતા લાડુઓ પીરસાતી વખતે પોતે ત્યાં જાતે પધારી આગ્રહ કરી ભુદેવોને એક લાડુ ખાય તો એક કોરી વધુ દક્ષીણામાં આપવાની શરતે બહુજ જમાડી તૃપ્ત કરતા, તે વખતના બ્રાહ્મણોના થતા કોલાહલને શ્લોકોની ગર્જનાથી પોતે ઘણાજ ખુશી થતા એ મુસાફરીમાં બ્રાહ્મણ, ચારણ, ફકીર, અત્તીત, વગેરે જે કોઇ મળી આશીર્વચન આપતા તેનો યોગ્ય સત્કાર કરતા એટલુંજ નહીં પણ પુન્ય બુદ્ધિથી તેઓનું સનમાન કરતા–ધર્માદા–ખેરાતી–જમીનનું ×પાણી પણ તેઓ ન પીતા, જનાનામાં ગામની પ્રજાની સ્ત્રીયો. રાસડા લેવા જતી તેઓને ખોબા ભરી સાકરો અને સોપારીઓ રાણીસાહેબો તરફથી મળતી, કેટલાકને રોકડ ઇનામો પણ આપતા એ પ્રમાણે મહાલો ફરી પોતાની પ્રજાની સુખ દુઃખની વાતો સાંભળી, લાખોકોરીઓનું ખર્ચ કરી રાજ્યકુટુંબને ખુશી કરી પાછા જામનગર પધરતા.

જામશ્રી વીભાજી ગાયનના બહુજ સોખીન હતા તેથી કરી ગવૈયાઓનાં મોટાં ટોળાઓ તેઓ નામદાર સનમુખ સદાયે હાજરજ રહેતાં, જામશ્રી મોજ આપવામાં ઘણાજ ઉદાર હતા. તેથી ઘણે દુરથી તેઓશ્રીની ઉદારતા સાંભળી કેટલાક કારીગરો નવાનવા પ્રકારનાં ચીજો લઇ ભેટ આપવાને આવતા તેઓની તે ભેટો લઇ તેનો યોગ્ય સત્કાર થતાં તેઓ સર્વ ખુશી થઇ દેશમાં જતા.

×એક સમયની મુસાફરીમાં કાલાવડથી કંડોરણા પધારતાં રસ્તામાં પોતાને તરશ લાગી રસ્તો નદીને કાંનારે ચાલતો હોવાથી હજુરીએ તે તાજું પાણી લાવી આપ્યું દરમીયાન તે નદીને સામે કાંઠે દેખાતું નાનું ગામ પોતે જોયું. અને (કુદરતે પોતાની ટેક જાળવવા એ પ્રેર્યા કરી) તેનું નામ શું? તે કોનું છે? વગેરે પ્રશ્નો પોતે કરતાં તે નદીના કાંનારા ઉપર કાલાવડના રહીશ મેમણ નુરમામદ અબલાંણી ત્યાં હાજર હોવાથી તેણે તે ગામ "ચારણ"નું છે, અને તેનું નામ "રાજવડ" છે, એમ જણાવ્યું તેથી જામશ્રીએ તે ખેરાતી ગામની હદમાંથી લાવેલું જળ સીરાદમાંથી ઢોળાવી નંખાવ્યું અને ઉતાવળે શબ્દે કહેવા લાગ્યા કે,'જો, જો, જો ઇશ્વરે સારૂં કર્યું કે મેં પુછયું. નકર ભુલમાં તે પાણી પીવાઇ જાત–પીવાઇ જાત એ–એ લોઇ પીધા બરાબર છે.' પછી વેલ ચલાવી એક ગાઉ દૂર જઇ તે ગામનો સીમાડો મેલ્યા પછી પાણી મંગાવી જળ પીધું. ઉપરની વાત મને તે મેમણ અવસ્થે કહી હતી. આવા કર્ણનાજેવા દાનેશ્વરી પ્રાતઃ સ્મરણીયરાજા ચારણની ખેરાતને કેટલું માન આપતા તેનો આ એકજ દાખલો બસ છે.

જામશ્રીને મલ્લયુદ્ધ જોવાનો શોખ ઘણોજ હતો તેથી તેઓશ્રી મલ્લોને મોટા પગારથી રાખતા અને અઠવાડીઆમાં બે વખત તેઓની કુસ્તી જોતા અને જીતનારને ફીરપાવ અને ત્રોડા આદી ઘરેણાંઓનાં ઇનામો આપતા.

જામશ્રી વીભાજી આંબાની (કેરીઓની) મોસમમાં કેરીઓ અને જે જે ઋતુમાં જે નવીન ફળો આવતાં તે તથા દિવાળીના દિવસોમાં ફટાકીઆની પેટીઓ અને રમકડાંઓ તેમજ શેરડીઓ દરેક સાલોમાં જામનગરનાં તમામ છોકરાંઓને વહેંચી આપતા એટલુંજ નહીં પણ શહેરના તમામ બ્રાહ્મણોની ચોરાસી તથા ભંડારાઓ પણ વખતો વખત કરાવતા, અને સંક્રાંતિ તથા સોમવતી અમાસને દિવસે કેરી એક અને તલનો મોટો લાડુ બ્રાહ્મણો તથા છોકરાંઓને આપી તેઓનો આશીર્વાદ લેતા હતા.

જામશ્રી વીભાજીને પોતાની હજુરમાં રહેતાં સઘળા માણસોને પોતા જેવા બન્યા બનાવ્યા રાખવાની ખાસ ટેવ વખાણવા લાયક હતી. તેઓશ્રી પોતાના માણસોને દરરોજ નવીનવાઇની ચીજો પોશાકો વગેરે ખુશ આપતા, તેમજ ખાસ મહેરબાનીના માણસોને સોનાના જડાઉ ત્રોડા, જમૈયા, તરવારની મુઠો, મોવટાઓ, ઓણીઓ, મોનાર, છરીના હાથાઓ, હુમેલો, મોતીઉંની માળાઓ, કંઠાઓ, અને પોતાની છબીવાળી જડાઉ દુગદુગીઓ વગેરે બક્ષીસ આપતા, તેમજ ઘોડાગાડીઓ, સીગ્રામો, ઘોડાઓ, બાંટો તો છેક પોતાના પટાવાળાઓને પણ આપતા. અને તેઓના પટાઓ પણ સોના રૂપાનાજ હતા. વળી મુસદ્દીઓને પણ ભેટમાં બાંધવાની દાતો, (કલમદાન; ખડીઓ, રજીયું, ગુંદીઉં, અને જળપાત્ર વગેરે.) રૂપાની બનાવી પોશાક આપી બંધાવતા. અને દરજ્જા પ્રમાણે ગાડી, ઘોડા, વાહનો પણ તેઓને આપતા, તેમજ નવીનવાઇની ચીજોની વહેંચણીમાં તેઓનો તથા રાજ્યવર્ગીઁ સઘળા માણસોનો દરજ્જાવાર ભાગ પોતાને હાથે પાડી તેઓને ઘેર મોકલાવી આપવાનો રીવાજ ઘણોજ સ્તુતિપાત્ર હતો, એટલુંજ નહીં પણ કાઠીઆવાડના ઘણાખરા રજવાડાઓમાં તેમજ લાગતા વળગતા ગૃહસ્થોમાં બહારગામ પણ કેટલીક કીમતી નવીન ચીજોની ભેટો, દર વરસે મોકલાવતા, વિભાજી જીવન ચરીત્રના કર્ત્તા લખે છે કે,"જામશ્રી વિભાજી ઉદારતામાં તો આરો આંકજ હતા." તેઓનું લખવું અક્ષરે અક્ષર ખરૂંજ છે કેમ કે, એ પ્રાતઃસ્મરણીય રાજવી ઉદારતાના ઉદધીજ હતા, તેઓ નામદાર અનેક ગ્રંથકારો કવિઓ અને વિદ્વાન પુરૂષોને મોટી બક્ષીસો આપી. અનેક પ્રકારનાં ધર્મકાર્યો અને પ્રજાહિતાર્થમાં લાખો રૂપીઆ વાપરી અમરકીર્તિ મેળવી ગયા છે, સરસ્વતિના કાર્ય ક્ષેત્રમાં પણ તેઓ નામદારે ઘણુંજ ઉત્તેજન આપેલ છે. વિ. સં. ૧૯૨૭ (સને ૧૮૭૧)માં રાજકોટમાં જ્યારે રાજકુમાર કોલેજ ચલાવવાનું "કરનલ અન્ડરસને" ફંડ ઉભું કર્યું. ત્યારે પ્રથમજ જામશ્રી વિભાજી સાહેબે તે ફંડમાં રૂા. ૨૨૨૫૦નાં મોટી રકમ બક્ષીસ આપી હતી, તેમજ બીજાવર્ષમાં (સં. ૧૯૨૮માં) ધ્રસ્ટ ઈન્ડીયા એસોસીએશનને

વીશ વર્ષ એકંદર રૂા. ૧૫૦૦૦નું વ્યાજ થાય. તેટલી રકમ તેઓ સાહેબે તેમાં ભરી હતી, તેમજ મુંબઇની યુનીવરસીટીમાં "જામશ્રી વિભાજી"ના નામથી એક ઇનામ દર વર્ષે આપવાનું ચાલુ કર્યું હતું. તે સિવાય કેટલાએક વિદ્યાર્થીઓને સ્કોલરશીપો કરી આપી હતી, અને કાઠીઆવાડ તથા બીજે જે જે સ્થળે પધારતા ત્યાં વિદ્યાર્થીઓના મેળાવડાઓ કરી તેઓને કપડાં, ચાંપડીઓ વગેરેનાં ઇનામો આપી તેઓને ઉત્સાહી બનાવતા એ પ્રમાણે વિદ્યાર્થીઓ તથા ગરીબ મનુષ્યો અને નિરાધારો વગેરેના ફંડ ફાળાઓ જ્યારે પોતા આગળ આવતા ત્યારે ત્યારે ઉદારદીલથી તેમાં યોગ્ય રકમો ભરાવતા

જામશ્રી વિભાજીએ પોતાના રાજ્યમાં નવાનગરથી રાજકોટ સુધી ધ્રોળાથી જોડીયા સુધી નવાનગરથી બેડી તથા રોઝી સુધી ખંભાળીયેથી સલાયા બંદર સુધી પાકી સડકો બંધાવી બાજુમાં ઝાડો રોપાવ્યાં હતાં, તે સીવાય બેડી, જોડીયા, સલાયા અને ગુરગઢના કુરજાઓ અને દીવાદાંડીઓ પણ બંધાવ્યાં હતા, તેમજ નવાનગર, રોઝી, બેડી અને બાલાચડી એ ચાર સ્થળે હવા ખાવાના મોટા બંગલાઓ બંધાવ્યા હતા, તેમજ પોતાના મહાલોમાં પણ સુંદર દવાલયો, જળાશયો, ધર્મશાળાઓ, સદાવ્રતો અને વિદ્યાશાળાઓ બંધાવી આપેલ હતાં, અને રાજકોટમાં સાર્વજનીક પુસ્તકાલય અને સદરનો પુલ વગેરે બાંધકામોમાં મોટો ફાળો આપી, રાજકોટમાં કહેવાતું "જામનગરનું ટાવર" ચણાવી આપી, તેમાં વીલાયતથી ઘડીઆલ રૂા. ૪૦૦૦નું મંગાવી તેમાં નંખાવી આપી, પબ્લીક માટે ખુલ્લું મુકયું હતું. જે હાલ પણ તેજ સ્થિતીમાં મોજુદ છે. (તે જામસાહેબના ટાવરના નામે ઓળખાય છે.)

જામશ્રી વિભાજીસાહેબ પરોણાગતના કામમાં સારાએ કાઠીઆવાડમાં એકકા નૃપત્તિ ગણાતા હતા. પોતાના રાજ્યમાં જે કોઇ યોગ્ય મીજમાન આવે તેની બરદાસ કરવા દરેક મહાલોમાં ખાસ હજુર હુકમો હતા, અને જામનગરમાં આવતા. મીજમાનોની આગતા સ્વાગતા પોતેજ બહુ સારી રીતે કરતા. અને જે માણસોને તેઓ નામદારની સાથે એક વાર પણ મુલાકાત થયેલ હશે તેણે જામસાહેબની સભ્યતા, સરલતા, સંભાવના, વિવેક, નીરાભીમાનીપણું, તેમજ તેઓશ્રી મીજમાનોને જે સત્કાર સહીત માન અને આવકાર આપતા, તે દરેકની તેમના પર ઘણીજ સારી અસર થયા વગર રહેતી નહિં અને આવનાર મીજમાન એ આતીથ્યને જીંદગીસુધી વિસરતો નહીં. એવું જબરૂં આતિથ્ય તેઓશ્રીનું હતું.

ઉપર મુજબ જામશ્રી વિભાજી સાહેબ ૬૯ના વર્ષની શીરવાતમાં સંવત્ ૧૯૫૧ના વૈશાખ શુદ ૪ રવિવારે ૪૩ વર્ષ રાજ્ય ભોગવી સાંજના પાંચ બજ્યાને સુમારે દરબારગઢમાં આવેલા પોતાના રાજ્યમહેલમાં આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી દેવલોકને પામ્યા હતા. (જામશ્રીનો જન્મદિવસ વૈશાખ સુદ ૪નો હતો અને અવસાન પણ તેજ માસની તેજ તિથિએ થયું હતું.)

જામશ્રી વિભાજીના અવશાનથી શહેરમાં આઠ દહાડાની હડતાલ પાડી પ્રજાએ શોકની લાગણી જાહેર કરવા એક ગંજાવર સભા શેઠ ટહેલુલજી માહીઆરજી ના પ્રમુખપણા તળે ભરી હતી. તે સભામાં " સર વિભાજી સ્મારક ફંડ ખોલવામાં આવતાં તે ફંડમાં રૂા. ૧૪૨૦૪ અને કોરી ૯૩૪૬પા ની કુલ રકમો જમા થઇ હતી જામશ્રી વિભાજી સાહેબના સ્વર્ગવાસ પછી દીવાનશ્રી મગનલાલ બાપુભાઇએ ચારમાસ સુધી સ્વતંત્ર રાજ્ય કારોબાર ચલાવ્યો હતો, તે પછી રાજ્યની લગામ એડમીનીસ્ટ્રેટર સાહેબ મે. ડબલ્યુ. પી, કેનેડી સાહેબે જુલાઇ માસની ૩૧મી તારીખે સંભાળી હતી અને મગનલાલ બાપુભાઇ દીવાન તરીકે રહ્યા હતા અને તા. ૬-૧-૧૮૯૬ ના રોજ નામદાર બ્રીટીશ સરકારની તથા મહારાજા જામશ્રીની લાંબી મૂદત સુધીની નેક નિષ્ઠા અને પ્રમાણીકપણે નોકરી કરતાં યોગ્ય પેનશન મળતાં તેઓ પોતાના વતનમાં (ભાવનગર) ગયા હતા, રાજકોટથી જામનગર સુધીની રેલ્વે લાઇન પણ એજ અરશામાં ખુલ્લી હતી, ઉપરના એડમીનીસ્ટ્રેટરના સમયમાં જામનગરની ભાગ્યશાળી પ્રજાને એક અણમુલા રત્નની પ્રાપ્તિ થઇ, તે એ કે ખાન બહાદુર શેઠ મહેરવાનજી પેસ્તનજી બી. એ, એલ, એલ. બી, સાહેબે તે અમલદરમ્યાન જામનગરના ચીફ જ્યુડીસ્યલ ઓફીસરના માનવંતા હોદ્દા ઉપર જામનગરની પ્રજાને અદલ ન્યાય આપવો આરંભ્યો.

વિ. સં. ૧૯૫૯થી ૧૯૬૨ સુધી જામશ્રી જશાજી (બીજા)ના રાજ્ય અમલમાં ખાન બહાદુર શેઠ મહેરબાનજી નવાનગર સ્ટેટના દીવાન થયા જામશ્રી જશાજીને ટાઇફોઇડ તાવ લોગુ થતાં તેઓ વિ: સં, ૧૯૬૨ના શ્રાવણ વદી ૧૦ મીના રોજ સ્વર્ગે ગયા. તે પછી લગભગ છ સાત માસ (જામશ્રી રણજીતસિંહજી સાહેબ ગાદીએ બીરાજતાં) સુધી નવાનગર સ્ટેટનો સ્વતંત્ર રાજ્ય કારોબાર આપણા પ્રજાપ્રિય ખાન બહાદુર દીવાનજી સાહેબે સ્વતંત્ર રીતે ચલાવ્યો હતો. આજે લગ ભગ બે વીશીઓથી એ અનુભવી આમાત્યના અદલ ઇન્સાફનો અમુલ્ય લાભ જામ નગરની પ્રજા લહી રહી છે. એ ન્યાયની પ્રત્યક્ષ મુર્તિ તુલ્ય વાલાશાનxદીવાનજી સાહેબને આપણા લોક પ્રિય મહુમ મહારાજા જામશ્રી રણજીતસિંહજી સાહેબ વિલાયતની કેટલીએક મુસાફરીમાં પોતાના સાચા સલાહકાર ગણી પોતા સાથેજ રાખતા હતા. તેમજ હાલ પણ વિદ્યમાન જામશ્રી ૭ દિગ્વિજયસિંહજી સાહેબ બહાદુરે તેઓશ્રીને રાજ્યના એક મહાન સ્થંભ રૂપ માની દીવાન સાહેબની જગ્યાએ કાયમ રાખી એ અનુભવી વયોવૃદ્ધ રાજ્ય ભકત આમાત્યની યોગ્ય કદર કરી છે, એ જામનગરની પ્રજાનાં અહો ભાગ્ય છે.

x દીવાનજી સાહેબને કહેવાતો "દિવાન બંગલો" તેમજ ગવર્નમેંન્ટમાંથી ખાનબહાદુરનો માનવંતો ઇલકાબ તથા પોતાના "તાજમી સરદારનો" ઇલકાબ સુવર્ણચંદ્રક સાથે મહુમ જામશ્રી રણજીતસિંહજી સાહેબે યોગ્ય શીરપાવથી એનાયત કર્યો હતો.


॥ ઇતિશ્રી પંચદશીકળા સમાપ્તા ॥

।। ષોડષી કળા પ્રારંભ: ।।

(૧૭) જામશ્રી રણજીતસિંહજી

(૨૦૬થી ૧૮૬મા શ્રી કૃષ્ણથી ૧૩૧મા) (વિ-સં ૧૯૬૩ થી ૧૯૮૯=૨૬ વર્ષ)

જામશ્રી રણજીતસિંહજી સાહેબનો જન્મ સડોદર ગામે વિ. સં. ૧૯૨૮ ના ભાદરવા સુદ ૪ તારીખ ૧૦-૯-૧૮૭૨ ના દિવસે થયો હતો, જેમના જન્મ-ગૃહો નીચે મુજબ છે:—(વૃશ્ચિક લગ્ન)



જામશ્રી રણજીતસિંહજીને ઘણીજ નાની ઉમરમાં શીળી નીકળ્યાં હતાં જેની નિશાની તેઓશ્રીના મુખારવિંદ ઉપર મોટી અવસ્થાએ પણ જેનારને સ્પષ્ટ જણાતી. એ શીળીના રોગમાં આરામ થવાથી મહાલ કાળાવડ કે જ્યાં મોટી-શિતળા કહેવાય છે, ત્યાં તેઓશ્રીની માનતા હોવાથી દાદાબાપુશ્રી જસવંતસિંહજી સાહેબ તથા બાપુશ્રી જીવણસિંહજી સાહેબ વગેરે જનાના સહિત પધાર્યા હતા. એ વખતે જામશ્રીની ઉમર લગભગ આઠ નવ વર્ષની હતી. શિતળા માતા આગળ જામશ્રીની માનતા મુજબ તુલા થયા પછી રાજકવિ ભીમજીભાઇની ત્યાં હાજરી હોવાથી તે વખતે આશિર્વાદ સાથે આગમનું એક કવિત બોલ્યા. (ભવિષ્ય ભાખ્યું) જે નીચે મુજબ છે:—

।। કવિત ।। અકલ અકબરજું હોસે ગુન સાગરહી ।
રત્નાકર જ્યુંહી મોજ હોસે સુરિત સંગ ।।
ચંચલ ચલાક હોસે નાગર દીલકે ઉદાર ।
દિવાકર પ્રતાપ હોસે પલમધર પ્રીત સંગ ।।
પ્રભાકરવંસી હોસે મિત્ર કે પ્રભાકર ।
વંસ ઉજાગર હોસે જાદવયું ખીતસંગ ।।
શામવટ દેવી કહે જામ યુવરાજહોસે ।
ક્ષત્રી શિરછત્ર હોસે રાજા રણજીતસંગ ।। ૧ ।।

અર્થ:—અકબરશાહના જેવા અકકલ બહાદૂર થશે. સદ્‌ગુણોના સાગર કહેવાશે, રત્નાકરે જેમ ચૌદ રત્નો આપ્યા હતાં. તેમ ઉત્તમ પ્રકારની મોજે (બક્ષીસો) આપવામાં રત્નાકરસાગર જેવા થશે. ચંચળતા, ચાતુર્યતા, ઉદારતા આદિ શુભ-

ગુણોથી, પછમવેરામાં પ્રતાપી સૂર્ય કહેવાશે પોતાના વંશમાં તથા મિત્રમંડળમાં પ્રભાકર (સૂર્ય) રૂપે ગણાશે. અને આ પૃથ્વી ઉપર જાદવ (યદુ) વંશને ઉજાળનારા થશે. (શ્યામ બટ) કાળાવડની દેવી (શીતળામાતા) કહે છે કે આ યુવરાજશ્રી જામસાહેબ થશે. અને સર્વ ક્ષત્રિઓના શિરચ્છત્ર રૂપે રણજીતસિંહજી નામના રાજા થશે.

એ ભક્તરાજ કવિશ્રીના ઉપરના કાવ્યમાંનાં વાક્યો અક્ષરે અક્ષર સત્ય નિવડ્યાં.

બુદ્ધિબળ–જ્યારે જ્યારે કાઠિયાવાડના તથા હિંદુસ્થાનના રાજા મહારાજાઓ નવાબો તથા નિજામ સરકારને મુંઝવણ આવી ત્યારે જામ રણજીતના બુદ્ધિબળથીજ તેઓના એ અટપટા કોરડાઓનો ઉકેલ થયો હતો તે વાત જગપ્રસિદ્ધ છે.

ઉદારતા–કવિવર રવિંદ્રનાથ ટાગોર જ્યારે જામનગર આવ્યા, ત્યારે તેના કેળવણી ફંડમાં અરધો લાખ રૂપીઆ એકી રકમે આપ્યા હતા. તે સિવાય કેટલીએક મોટી રકમોની સ્કોલરશીપો અને કવિ પંડિતોની યોગ્ય કદર કરી, બીજા પરમાર્થિક કાર્યોમાં હજારો અને લાખો રૂપિઆની સખાવતો કરી હતી.

ચંચળતા (કાર્યદક્ષતા) નાગર–ચતુર તેઓ નામદારશ્રીની ચાતુર્યતા, સમયસુચકતા, મનુષ્યપરીક્ષા, હાજરજવાબી અને વકતૃત્વશકિતએ અનેક વ્યકિતઓને મુગ્ધ કરી હતી. પશ્ચિમના પાદશાહે પશ્ચિમ દેશમાં દિવાકર (સુર્ય)ના જેટલો પ્રતાપ જણાવી પોતાની પશ્ચિમ ભૂમિ જે જામનગર તેને આખી દુનિયામાં (બેડીબંદર બોલી) પ્રસિદ્ધ કર્યું હતું. એટલુંજ નહિં પરંતુ પોતાના મિત્રવર્ગ અન્ય રાજયો (કાશ્મીર, ઉદેપુર, જોધપુર, અલવર, જુનાગઢ વગેરે) ને પણ મુશ્કેલીના સમયમાં બનતી મદદ આપી પોતાના પ્રભાવથી સહાને માટે ઋણી કર્યા હતા. એ ભવિષ્ય–કથન કાવ્યની છેલ્લી પંકિત તો અક્ષરે અક્ષર સત્ય નીવડી તે એ, કેઃ—

" ક્ષત્રિ શિરછત્ર હોસે રાજા રણજીતસંગ "

નરેંદ્રમંડળનું ચેન્સેલર પદ મેળવ્યું જેથી તેઓશ્રીને હિંદુસ્થાનના રાજાઓના શિરછત્ર કહેવામાં જરાપણ અતિશયોકિત નથી.

ઉપરનું કવિત વિ. સં. ૧૯૩૬–૩૭માં કવિરાજે બનાવેલું, તે કવિનાx હસ્તાક્ષરનું જ મળતાં તેનો બ્લોક કરાવી ફોટો અહિં આપેલો છે. જે જોઇ વાંચકવર્ગને જરૂર ખાત્રી થશે કે ચારણદેવો ભવિષ્યવેતા હતા અને તેઓના વર અને શ્રાપો સત્ય નિવડતા,—

x એ કવિરાજ ભીમજીભાઇ તે આ ઇતિહાસ કર્તાના પિતા થાય.

જામશ્રી વિભાજીસાહેબે નવાનગર સ્ટેટને ઇ. સ. ૧૮૬૨ની મળેલા* સનંદ ના આધારે જામશ્રી રણજીતસિંહજી સાહેબને વિ. સં. ૧૯૩૪માં દત્તક લઇ શાસ્ત્રોક્ત રીતે શ્રીદ્વારકાપુરિમાં (જામનગરના દ્વારકાપુરી નામના દેવાલયમાં) દત્તવિધાન કરાવી યુવરાજપદવિએ સ્થાપ્યા હતા.

જામશ્રી વિભાજીએ કુમારશ્રી રણજીતસિંહજીને પોલીટીકલ એજન્ટ કર્નલ બાર્ટન સાહેબની સીધી દેખરેખ નીચે સોંપ્યા હતા, અને એવું કહ્યું હતું કે "આને તમે સંભાળ પૂર્વક રાખજો અને તમેજ ઉછેરજો. તેની જીંદગી અહિં ભયમાં છે." બાર્ટન સાહેબે થોડા વખત ઘર આગળ રાખ્યા પછી રાજકોટની રાજકુમાર કોલેજમાં દાખલ કર્યા કુમારશ્રી રણજીતસીંહજી કોલેજમાં અંગ્રેજી ભાષાના જ્ઞાન અને રમતોમાં પોતાની ચાતુરીથી તુરતમાં પ્રખ્યાત થયા. એજ અરસામાં જામવિભાજીની મુસલમાન રખાયત રાણીથી જસાજીનો જન્મ થતાં રાજ્યના કાવાદાવાના પરિણામે એ નવા જન્મેલા કુંવર 'યુવરાજ' સ્થપાયા કુમારશ્રી રણજીતસિંહજી માટે આ આઘાત સખ્ત હતો. તોપણ જ્યાંસુધી જામ વિભાજી ગાદી ઉપર રહ્યા ત્યાંસુધી છેવટ આજ પરીણામ આવશે એવી તેમને પાકી ખાત્રી ન હતી.

રાજકુમાર કોલેજમાં અભ્યાસ પુરો થતાં જામ વિભાજીએ કુમારશ્રી રણજીતસિંહજીને કેમ્બ્રીજમાં શિક્ષણ લેવા +વિલાયત મોકલ્યા. ત્યાં ટ્રીનીટી કોલેજના 'અન્ડર ગ્રેજ્યુએટ' તરીકે તેઓ દાખલ થયા અને જામ વિભાજી દર માસે સારી રકમ તેમને મોકલાવતા, હવે વિ. સં. ૧૯૫૧ના વૈશાખ માસમાં જામવિભાજી પોઢયા. અને કુમારશ્રી રણજીતસિંહજીની મુશ્કેલીઓની શરૂઆત

---

*નવાનગરના જામસાહેબને દત્તક લેવાની મળેલી સનંદ;—

" હિંદુસ્તાનના જુદા જુદા રાજા અને જમીનદારો જેઓ હમણાં પોતાના સંસ્થાનોમાં રાજ્ય કરે છે. તે રાજ્ય તેઓને નિરંતર કાયમ રહે અને તેઓના કુટુંબનો પ્રતિનિધી અને મોટાઈ હંમેશાં ચાલ્યા કરે એવી ઇચ્છા મલિકામુઆઝમાને થવાથી, તે ઇચ્છા પારપડે માટે આ સનંદથી હું તમોનો તસલ્લી કરૂંછું કે સ્વાભાવિક વારસ ન હોય તો હિંદુધારા અને તમારી ન્યાતની રીત પ્રમાણે તમારા સંસ્થાનનો વાંસેથી રાજ્ય કરનાર તમે જાતે દત્તક ઠરાવશો તે વારસ કબુલ અને મંજુર થશે. જ્યાંસુધી તમારૂં કુટુંબ સરકારને વફાદાર છે અને તહનામા સનંદ અગર દસ્તાવેજો જેની શરત પ્રમાણે ચાલવા બ્રિટીશ સરકાર બંધાયેલી છે તે શરત પ્રમાણે ઇમાનદારીથી ચલાવશો ત્યાંહાંસુધી ખાત્રી રાખવી કે કોઇપણ રીતે તમારા કોલકરારમાં અડચણ નહિં આવે તા ૧૬મી માર્ચ સને ૧૮૬૨.

(કા. ડી. ભા–૨–પા. ૧૪૦) (સહી) કવાનીંગ

+ રાજકોટની રાજકુમાર કોલેજના પ્રીન્સીપાલ મી. મેકેનોટન ઇ. સ. ૧૮૬૯માં કુ. શ્રી રણજીતસિંહજીને વિલાયત પોતાની સાથે લઇ ગયા. ત્યારે તેમણે કહ્યું હતું કે

થઇ ચુકી. તેમની વિરૂધ્ધ બે પાર્ટી હતી. કે જેઓ બન્ને તેમની રિતભાત, રહેણી કરણી ચાલચલગત વગેરે તદ્દન ખોટી રીતે ખુબ વગોવતા હતા. પહેલી પાર્ટી કાળુભાના પુત્રના મિત્રોની હતી. તેઓ એમ ધારતા હતા કે " કાળુભાના વારસને બિનવારસ ઠરાવ્યા છે, તે તો બીક બતાવવા ખાતરજ હવે તેમને ગાદી મળશે, " અને બીજી પાર્ટી જામ જશવતસિંહજીના મિત્રોની હતી. એ ટોળીમાં કેટલાક સ્ટેટના હલકા માણસો હતા. આવા નીચ માણસોની સામે થવું આકરૂં હતું. વળી નવાનગર સ્ટેટ જે રકમ કુમારશ્રી રણજીતસિંહજીને દરમાસે આપતું તે પણ બંધ થયું.

ઇશ્વર ઉપર ભરોસો રાખી કુ૦ શ્રી રણજીતસિંહજીએ એ બધી વાત મનમાંથી કાઢી નાખી અને પોતાનું બધું લક્ષ ક્રિકેટની રમત તરફ દોર્યું. ઈંગ્લાડમાં તદ્દન અજાણી એવી નિશાળમાંથી અહિં આવેલા હોઇને પહેલાં તો યુનિવરસીટીની ક્રિકેટ પાર્ટીએ તેમના તરફ દુર્લક્ષ કર્યું. પણ તેઓ કોલેજ તરફથી રમ્યા તેઓએ રમતમાં વખતો વખત સો, રન્સ અને તેથી પણ વધારે કરવા માંડયા. એટલે તેમના તરફ સૌનું ધ્યાન ખેંચાયું. 'કેમ્બ્રીજ ઇલેવન્સ' માટે તેમને પસંદ કરવામાં આવ્યા અને ત્યાં તેમણે ઘણું સરસકામ કર્યું. ઇ. સ. ૧૮૯૫માં 'સસેકસ' માટે તેઓ ચુંટાયા, અને આખા ઇંગ્લાંડમાં સૌથી ઉત્તમ-'બેટસમેન' તરીકે પ્રખ્યાત થયા એમ. સી. સી. સાથેના પહેલા દાવમાં તેઓએ ૬૭ રન્સ કર્યા. અને તેમને કોઇ આઉટ કરી શકતું નહિં, અને પછી ૧૫૦ રન્સ કર્યા. સસેકસ તરફથી તે ઋતુમાં તેઓએ ત્રણ વખત ૧૦૦ ઉપરાંત રન્સ કર્યા. અને ૩૮ દાવમાં ૧૭૬૬ રન્સ કરીને સરેરાસ દરરમતે ૫૦-૧૬ રન્સ કરી બતાવ્યા. અને ૧૮૯૬માં આથી પણ વધારે ખ્યાતિ મેળવી 'સસેકસ' તરફથી ૯૦૦ રન્સ કર્યા. આઠ વખત ૧૦૦ ઉપરાંત રન્સ કર્યા અને કુલ ૨૧૧૩ રન્સ કર્યા. આ વખતે ૪૧દાવમાં તેઓની સરેરાસ ૫૮—૨૫ આવી હતી, કે જે આખા ઇંગ્લાંડમાં સૌથી વધારે હતી. ઇ. સ. ૧૮૯૭માં તેથી પણ વધારે 'સેન્ચુરીઝ' તેઓએ કરી. આ વખતે રમત રમવાની કળા અને રીતો ઉપર તેમણે એટલો બધો કાબુ મેળવ્યો હતો કે આ વર્ષમાં જ્યારે તેઓ 'જ્યુબિલી બુક ઓવ ક્રિકેટ' એ નામનું પુસ્તક બહાર પાડયું,ત્યારે સૌએ તેમજ પસંદ કર્યું અને આખા ઇંગ્લાંડમાં તેખુબ વખણાયું. તે વખતમાં સૌથી સારામાં સારા ક્રિકેટ રમનાર તરીકે તેઓ આગળ આવ્યા.

ઇ. સ. ૧૮૯૭-૯૮માં સ્ટોડર્ટ સાહેબની ટીમમાં તેઓ ઓસ્ટ્રેલીયા ગયા. અને બેટસમેન તરીકે તેઓ એટલા બધા માનવંતા થયા કે તે રમતનાં પરિણામના ખબર રૂટરના માણસોએ હિંદુસ્થાનમાં તારથી આપ્યા. ત્યારે તેમાં ખાસ લખ્યું " Ranji Only made 51 " રણજીએ એકલાએ ૫૧ કર્યા છે. સારામાં સારા રમનારાઓ પણ આવી રમતમાં જો તેઓ 'એકલા ૫૧' કરી શકે તો તે એક

"રાજકુમાર કોલેજમાં આ સિવાય બીજા સરસ અને મનુષ્યત્વવાળો બીજોવિદ્યાર્થી' નથી ખરેખર એ શબ્દો સત્ય નીવડયા, તેઓની બહાદુરી. ઉદારતા, અને રપષ્ટ વકતૃત્વમાં નિઃડરપણું અને મૈત્રીભાવ સદ્‌ગુણોથી તેઓને સમગ્ર અંગ્રેજ પ્રજા રણજીના નામથી ઓળખવા લાગી.

સારામાં સારા ક્રિકેટના ખેલાડી હોવાજ જોઇએ તેમ તે લોકોને જરૂર ખાત્રી થાય. આ રમત રમ્યા પછી કુમારશ્રી રણજીતસિંહજી જ્યારે કાઠિયાવાડમાં આવ્યા ત્યારે રાજકોટમાં ચાલ્સ એ. કીન્કેઇડ આઇ. સી. એસ. સાહેબ ગવર્નમેન્ટના જ્યુડીસીઅલ એસીસ્ટન્ટ હતા. તેઓ સાહેબ લખે છે કે "કાઠીઆવાડમાં તેઓ થોડાક મહિના રહ્યા અને તે વખતે મારી ઓળખાણ તેઓની સાથે થઇ, એજન્સીના તમામ અધિકારીઓ આ પ્રખ્યાત ક્રિકેટરને મળવા અધિરા બન્યા પણ તે વખતની સ્થિતી જુદી હતી. રાજકોટના તે વખતના એજન્ટ સાહેબને જામ જશવતસિંહજીની બાજુમાં રહેવાને ઠેકાણ થયું હતું. કુમારશ્રી રણજીત-સિંહજીને મેં મારે ઘેર આમંત્રણ આપ્યું. અને તેઓ ખુશીથી આવ્યા. ગવર્ન મેન્ટના તેમની વિરૂધ્ધના ન્યાયને લીધે, અને વારંવારની ક્રિકેટની જીત કિર્તીને લીધે, વળી યુવાનીના કારણે મેં તેઓને જુદાજ ધાર્યા હતા. પણ તેમાં હું ખોટો પડયો. તેથી ઉલટું વાત ચિતમાં તેઓએ કહ્યું કે " એવું માણ નશીબ હશે, અને બડબડાટ કરવા કરતાં, તેને સહી લેવું એ વધારે સારૂં, એમ હું માનું છું " અને જ્યારે તેઓ પોતાની ક્રિકેટની જીતોનું વર્ણન કરતા હતા, ત્યારે બહુ છટાથી પણ પૂર્ણ વિનયથી, ભગરૂર દેખાયાવગર તે વર્ણવતા હતા. રાજકોટમાં અધિકારી ઓની મીટીંગમાં હું તેમને લઇ ગયો. અને ત્યાં તેમની સારી રિતભાત વગેરેથી દરેક અધિકારીવર્ગ ખુશ થયો. પાછળથી કર્નલસાહેબે ખાસ ભારદઇને જણાવ્યું કે "હું ધારું છું કે દરેક અંગ્રેજ મહેમાનોમાં પ્રીન્સ રણજીતસિંહજી જેવી સારી રિતભાત હોય અગર થાય. "

ઉપર મુજબ અંગ્રેજ અધિકારીના હૃદય ઉપર ઉત્તમ છાપ પાડી તેઓ સડાદર પધાર્યા. તેઓ મહાદેવશ્રી ફુલેશ્વર (ફુલનાથ)ના દર્શન કરી સહકુટુંબ મિત્રવર્ગને મળી થોડા વખત રહી પાછા ઇંગ્લાંડ પધાર્યા હતા. તે વખતે તેઓશ્રી ના મનમાં ખાત્રી થઇ હતી કે "જામનગરની ગાદી હવે પોતાને મળે તેમ નથી"

ઇંગ્લાંડમાં દરવર્ષે સસેકસ તરફથી તેઓ રમતા અને પહેલા ઉભા રહેતા ઇ. સ. ૧૮૯૦માં તેઓએ ૩૦૦૦ રન્સ કર્યા, આટલા બધા રન્સ અગાઉ કોઇએ કર્યા ન હતાંઇ, સ.૧૯૦૦માં વળી તેઓએ ૨૮૭૦ રન્સ કર્યા, અને આખા ઇંગ્લાંડમાં પહેલા આવ્યા. આ ઋતુમાં તેમની રમતની સરેરાશ ૫૯—૯૧ આવી એ તમામ હકિકત ક્રિકેટના મુખ્ય માણસના કોનીકલ્સમાં સવિસ્તર લખાએલી છે. તેમણે ક્રિકેટના અનેક મેચો યુરોપમાં મોટા મોટા લોર્ડ સાથે ખેલી ક્રિકેટમાં વિજય મેળવ્યો હતો તે વિષેનાં ઈ, કર્તાએ રચેલાં કાવ્યોઃ—

—: ક્રિકેટ વર્ણન કવિત :—


करमें क्रिकेट बेट गृही जब हीट देत । बोलकुं करन केच हिंमत हट जा तहे

—: ભવિષ્ય કથન કાવ્ય :—



આ કાવ્ય કવિ ભીમજીભાઇ બનાભાઇના હસ્તા
ક્ષરનું ૫૦ વર્ષો પહેલાંનું છે. જે પૃષ્ટ ૩૫૦ મે છાપેલું છે
પૃષ્ટ ૩૫૪)

જામશ્રી ૭ રણજીતસિંહજી સાહેબ



દોહા—બેટ ધનુષ બરાબરી, વસુંધા વિજય તમામ ॥
કિર્તી રૂપ સીતા વરે, કાં રણજીત કાં રામ. ॥૨॥

ओवर ओर अन्डूहेन्ड ग्रांउन्ड बोल आदिककुं, राय रणजीतजाम बेट फटकात हे
बाउन्ड्री बीना नहिं, बहादुरको घाव बीओ, फील्डींग भरनारसो, बीमार बनजातहे.
बोलर बिचारो नहिं, स्टीककुं हठाय सक्त; पीछे प्रतिपच्छी सब, मनमें मुझात हे. १

बडे बडे बहादुर, गवर्नरो बिचार करे, अरे अब अपनी, सहाय कुन करेगो.
मेच तो अनेक हमे, किये यह महिपर, पण एहि मेच, जींदगीभर सांभरेगो.
बोलकुं नहिं जीतात, स्टीककुं नहिं हठात, भ्रात कुन हारेगो, ओर कुन जीतेगो.
भने मावदान सुनो, साहेब सुजान सबे, राजा रनजीत जाम, आज 'रन'जीतेगो. २

गुन सब गावत हे, देश ओर विदेशमें, रम्य रशियन, चीन, ग्रीस,जापानमें.
यूरोप, इंग्लांड, आयर्लांड स्कोटलांड अरु, जरमन एस्ट्रीन, जशगावत इरानमें.
पंजाब ओर पतिआला,खेले बीभमाल लाला, बलुचिस्तान,तुर्कस्तान, ओर अरबानमें
भने मावदान जदुरान, हिंदवान भान, रनजीत जश फेल रह्यो, भूपर सब थानमें,३

जीत जीत जीत, चहुखंड रनजीत जाम, बेट हे गांडिव बिओ, पारथ महाराजको.
फेट कोउ झालत नहिं, भुप आखेट महीं, भीमकी गदाहे केंधों लांगुर कपिराजको
केंधों परशुराम हुंकी, फरशी प्रगट भयी, केंधो यह बान, चहुवान पृथिराजको.
भने मावदान, गदा, बान,फ्रसी, तोडइस, बेटतो बनायो, यह रनजीत महाराजको.४

એ પ્રમાણે ઇ. સ. ૧૮૯૫થી ઇ. સ. ૧૯૦૪ સુધી વિલાયતમાં રહી એ રમતમાં ઘણું માન મેળવ્યું હતું. તેમજ વિદ્યાભ્યાસમાં પણ તેઓ બેરીસ્ટર-એટ લેા થયા હતા. અને ઘણા ઘણા મોટા કુટુંબો સાથે મિત્રાચારી કરી તેઓનો ચાહ મેળવ્યો હતો.

વિ. સં ૧૯૬૨ (ઇ, સ. ૧૯૦૬)માં જામ જશાજી દેવ થતાં, જામ રણજીત સિંહજીએ તુરતજ પોતાની ગાદીનો દાવો નોંધાવ્યો, વારસા તરીકેનો હક પોકબો હતો. તોપણ પહેલાં તો કેટલીએક શંકાઓ થવા લાગી, ચાલ્સ-એ--કીન્કેઇડ સાહેબ લખે છે કે " જામ જશવતસિંહજીએ અને તેમના માણસોએ પ્રીન્સ રણજીતસિંહજી વિરૂદ્ધ કેટલાએક ગપ્પો ઠેઠ ગવર્નમેન્ટ સુધી ચલાવ્યા હતા. અને જશાજી ગુજર્યા પછી એવો પણ ગપ હતો કે હિંદુસ્થાનની સરકાર જામ જશાજીની વિધવાને દત્તક પુત્ર લેવાની રાજા આપે છે અને રણજીતસિંહજીનો હક સાદંતર બંધ થાય છે." આ ગપની અસર લાગતા વળગતા દરેકને પુર્ણ થઇ, પણ છેવટે ઇશ્વર પક્ષમાં હોવાથી ન્યાય મળ્યો. અને 'सत्य मेंव जयति' થતાં વિ. સં. ૧૯૬૩ના

ફાગણ વદ–૧૨ (તા ૧૧મી માર્ચ ૧૯૦૭)ના રોજ જામશ્રી રણજીતસિંહજીસાહેબ જામનગરની જામ—રાવળજીની ગાદીએ બીરાજ્યા. અને તે સર્વની જાણ થવા માટે 'સ્ટેટ ગેઝીટ'માં નીચેના ઓર્ડરો પ્રસિદ્ધ કર્યા હતા.

ગે૦ પુ૦ ૪૦ અંક–૧૬–જાહેર ખબર.

સ્વસ્થાન નવાનગર તાબાના સરદાર, ભાયાત, ગરાશિયા. અમલદારો તથા બીજા સર્વે લોકોની જાણમાટે કાઠિયાવાડના વાલાશાન એજન્ટ ટુ ધી ગવર્નર સાહેબ તરફથી જાહેર ખબર આપવામાં આવે છે કે નામદાર હિંદુસ્તાનની સરકારે "જારેજાશ્રી રણજીતસિંહજી"ને નવાનગરની ગાદીના વારસ મંજુર કર્યા છે, તા. ૨૫–ફેબ્રુઆરી સને ૧૯૦૭

(સહી) પી. એસ. વી. ફીરઝીરાહડ.
એજન્ટ, ટુ ધી. ગવર્નર કાઠિઆવાડ

—: પુરવણી :—

મહારાજાધિરાજ જામશ્રી–૭–રણજીતસિંહજી સાહેબની હજુરથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ સંસ્થાનના રાજ્યની કુલ સત્તા અમોએ આજરોજ અમારે હાથ લીધી છે. તા. ૧૧ માર્ચ સને ૧૯૦૭.

મહારાજા જામસાહેબ રણજીતસિંહજી
સ્વસ્થાન નવાનગર

ઉપરની તારીખે જ્યારે ગાદીએ બીરાજ્યા ત્યારે કા૦ એ, ટુ–ધી ગવર્નર ફીરઝીરાહડ સાહેબ અને બીજા ઘણાં રાજા મહારાજાઓ આવ્યા હતા. અને એ શુભ પ્રસંગની ક્રિયામાં તેઓ સાહેબે લાંબુ અને મનનિય ભાષણ આપ્યું હતું જેનો યોગ્ય પ્રતિ ઉત્તર મહારાજા જામશ્રીએ ત્યાંજ આપેલ હતો. જે ભાષણો તા. ૧૮ માર્ચ સને ૧૯૦૭ના સ્ટેટ ગેઝીટમાં છપાઇ પ્રસિદ્ધ થયેલ છે.

નામદાર મહારાજા જામશ્રી સર રણજીતસિંહજી સાહેબ જ્યારે નવાનગરની ગાદિએ બીરાજ્યા ત્યારે પાટનગરની સ્થિતિ વિષે એક પોલીટીકલ અમલદારે લખેલા કાગળનો સાર;—

" હું સમજી શકયો છું કે શરૂઆતથીજ આપનું કામ કઠીન જણાય છે. કારણ કે જે સ્થળ આપને માટે નિર્માણ થયેલું છે તે "શુરવીરોને લાયક" પણ (હાલ) ગંદા જીવોની ભુમિ છે, અને હાલના આર્થીક સંજોગોને લીધે યોગ્ય સમયમાં તે સ્થળને અર્વાચિન જમાનાના ગૃહસ્થો કે જેના વિચારોથી આપ પરિચિત છો, તેવા ગૃહસ્થો મુશ્કેલિઓ અને અસહ્ય જવાબદારી વિના રહી શકે તેવું બનાવવાનું ઘણું મુશ્કેલ છે.

વળી તેઓ નામદારે યુરોપના ઘણાં મોટાં શહેરો જોયાં હતાં, તે મુજબ

ઘણો સુધારો કરવાની ખાસ જરૂર હતી, અહિંના રસ્તાઓ ઘણા સાંકડા અને ગંદા હતા. તેમજ રખડતા કુતરાઓની સંખ્યા પણ વિશેષ હતી. તેથી તેઓ હડકાયા થઇ લોકોને કરડતા અને પરિણામે તેમનો જીવ લેતા. મતવા લોકોના બે હજાર ઘરો શહેર વચ્ચે હતાં. તેઓના ઢોરોની ગંદકીથી પ્રજાને મલેરીયા, કોલેરા અને પ્લેગથી પણ ઘણું સહન કરવું પડતું. પ્લેગ બારે માસ રહેતો. આવા ઉપદ્રવોથી લોકોનું મરણ પ્રમાણ વધતું અને વસ્તિઘણી ઘટતી જતી હતી. આવા શહેરને આરોગ્યના નિયમ પ્રમાણે સુધારવા મહારાજાશ્રીએ કેટલાએક ઘરો પડાવી. મોટા શહેરને લાયક અને આરોગ્યનાનિયમાનુસાર ફરી બંધાવ્યાં. મતવા લોકોને ખોજાના નાકાબહાર વસાવ્યા. 'ખજુરીઆ બજાર' જે ઘણીજ ગંદી હોવાથી કેટલાએક રોગીષ્ટ જંતુઓ ઉત્પન્ન થતા તેથી તેને પણ ત્યાંથી કઢાવી નાખી શહેર વચ્ચે કહેવાતો 'પાવઇયા ચોક' કે જેની અંદર પાવઇયાઓ અને વેશ્યાઓનો વાસ હતો. તેઓની સંખ્યાપણ વધી ગઇ હતી. જે વસ્તીને બહુજ હરકતકર્તા પણ હતી. તે "લોક શત્રુ" પાવૈયા અને વેશ્યાઓને શહેર બહાર હાંકી કાઢયા. 'બેડીગેટથી' 'જામનાદેરા' સુધી અને ત્યાંથી જૈન દેરાસરોથી 'ખંભાળીયાગેટ' સુધી વિશાળ રસ્તાઓ પર ડામર પથરાવી તેના ઉપર ભવ્ય અને સુશોભિત દુકાનો તથા ફુટપાથ બંધાવી શહેર સુધારો કર્યો. શહેરમાં આવા બીજા અનેક રસ્તાઓ કઢાવ્યા, જેથી શહેર જોનારને આજે રસ્તાપર ક્યાંય, સડેલાં કુતરાઓ કે ભીખારીઓ નજરે ચડતાં નથી.

વેપાર ઉદ્યોગની વિશેષ ખીલવણી માટે તથા જાડેજાવંશના વડવા શ્રી કૃષ્ણ ભગવાનના દર્શનાર્થે યાત્રાળુઓને દ્વારકા જવા આવવા માટે જામનગરથી દ્વારકા સુધીની રેલ્વે બાંધવાની આવશ્યકતા હતી. તેમજ અરબીસમુદ્ર કિનારે ઓખા આગળ આડત્રા નામનું બંદર ગાયકવાડ સરકારે ખોલેલું હતું, તે જામનગરથી લગભગ ૧૦૦ માઇલ જેટલું દૂર હોવાથી આ સ્ટેટનો તરી નિકાશનો માલ ગાડા રસ્તે થઇને ત્યાં જતો હતો. તેથી ત્યાંસુધી રેલ્વે બાંધવાની જરૂર હતી. તેના માટે કેટલીએક મુસીબતો વેઠીને પણ ('કદી નાશીપાસ ન થવું') તે તેઓશ્રીનો મુદ્રાલેખ (NIL DESPARANDUM) હોવાથી એ કાર્યમાં કૃતેહમંદ થયા. જેને પરિણામે અત્યારે રાજકોટથી ઓખાપોર્ટ સુધીની રેલ્વે છે.

યુદ્ધસેવા:— ઇ. સ. ૧૯૧૪માં જ્યારે યુરોપમાં ભયંકર લડાઇ જાગી ત્યારે તેઓ નામદારે પોતાના સ્ટેટનાં તમામ સાધનો, પોતાનું તમામ લશ્કર અને પોતાની અંગત સેવા શહેનશાહતને ચરણે ધરી. પોતે પશ્ચિમ સરહદ ઉપર જાતે ગયા. અને પહેલા જનરલ કુકસન જે હિંદી લશ્કરના નવમા 'ઘોડેસ્વાર વિભાગ'ના ઉપરી હતા તેના હાથ નીચે રહ્યા અને પછી કમાન્ડર ઇન-ચીફ ફીલ્ડમાર્શલ લોર્ડ ફ્રેન્ચના એ. ડી. સી. તરીકે જે સેવાઓ બજાવી

તેનો ખરીતામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નામદાર મહારાજા જામસાહેબ ત્યારપછી હિંદુસ્તાન પાછા ફર્યા. ત્યારે તેઓને ફીલ્ડ માર્શલ સર ડગલાસ હેગના હાથ નીચે સેવા બજાવવાનું આમંત્રણ કરવામાં આવ્યું પણ આવી મહેરબાની ભરેલી માગણી તેઓ પોતાના રાજ્યની જરૂરીઆતને લીધે દીલગીરીસાથે સ્વીકારી શકયા નહિ. તેઓ નામદારના ત્રણ ભત્રીજાઓએ લડાઈમાં સેવા બજાવી છે. લેફ્ટન્ટ કુમારશ્રી સવાઈસિંહજી એ આફ્રીકન લડાઇમાં બે વરસસુધી સેવા બજાવી અને લડાઇમાં ઘાયલ થયા. લેફ્ટન્ટ કુમારશ્રી દાજીરાજે ફ્રાન્સમાં દોઢ વરસ સેવા બજાવી સને ૧૯૧૭ના સપ્ટેંબરમાં લડાઇમાં કામ આવ્યા. લેફ્ટન્ટકુમારશ્રી હિંમતસિંહજીસાહેબે મેસોપોટેમીયામાં સેવા બજાવી છે. લડાઇ દરમિયાન નવાનગર સ્ટેટ લેન્સર્સે કરાંચીમાં કીલેમંધી નોકરી આપી છે. ત્યારપછી અરધી ટુકડીને જેકોબાબાદ મોકલવામાં આવી અને ઇ. વિભાગના કાફલામાં ઇજીપ્તમાં વાવટાપાર્ટી તરીકે સ્ટેટ લેન્સર્સે સેવા બજાવી છે. આ વિભાગોની સેવાનું ખાસવર્ણન કરવામાં આવ્યું છે. નવાનગર સ્ટેટ અને પ્રજાએ રૂા. ૨૬લાખ લગભગ 'વૉર લોન'માં રોકયા હતા. જયારે અફઘાનિસ્તાનના નવયુવાન અમીરે હિંદુસ્તાનની સરકાર સામે વિરોધી વલણ અખત્યાર કર્યું ત્યારે નામદાર મહારાજાએ પોતાની અંગત તેમજ પોતાના સ્ટેટના તમામ સાધનો શહેનશાહની સેવામાં હાજર કરવાની માગણી કરી. નવાનગર સ્ટેટ લેન્સર્સની ટુકડી જે લડાઇ દરમ્યાન કરાંચી હતી. તેને ત્યાંથી અફઘાન સરહદ ઉપર મોકલવામાં આવી હતી. અને ત્યાં સેવાઓ બજાવી હતી.

ખિતાબો—સને ૧૯૧૪ના ઑકટોબર માસમાં તેઓ નામદારને સરકારી લશ્કરમાં ઓનરરી મેજર બનાવવામાં આવ્યા અને ૧૫મી નવેંબર ૧૯૧૫ સુધી તેઓ નામદાર લડાઇનામેદાનમાં રહ્યા લડાઇ દરમ્યાન તેઓશ્રીએ બજાવેલી ફરજની કદર તરીકે તા. ૧૫ જાન્યુઆરી સને ૧૯૧૮ના રોજ તેઓશ્રીને લશ્કરના લેફ્ટેનન્ટ કર્નલની માનનિય પદવિ સરકાર તરફથી બક્ષવામાં આવી અને તેર તોપનું માન આ રાજ્યમાટે અને તેઓ નામદારની જાતમાટે પંદર તોપનું માન આપવાનું ઠરાવ્યું સને. ૧૯૧૭માં તેઓ નામદારશ્રી કે. સી. એસ. આઇ. થયા. સને ૧૯૧૮માં તેઓ નામદારશ્રીને વશપરંપરાના માટે મહારાજાનો ઇલ્કાબ મળ્યો. સને ૧૯૨૦માં તેઓ નામદાર ઇંગ્લાંડ ગયા, ત્યારે નામદાર શહેનશાહે તેમને જી. બી. ઇ. નો ઇલ્કાબ અર્પણ કર્યો. તેમજ ૧લી જાન્યુઆરી સને ૧૯૨૧ના રોજ સ્થાનિક પંદર તોપનું માન કાયમમાટે આપવાનું ઠર્યું, સને ૧૯૨૩માં તેઓ નામદારશ્રી જી. સી. એસ આઇ. થતાં નામદાર શહેનશાહે ચાંદ એનાયત કર્યો હતો.

જાહેર હાજરી:—ઇ. સ. ૧૯૧૧માં દિલ્હીમાં ભરાયેલ શહેનશાહીદરબારમાં તેઓ નામદારે હાજરી આપી હતી. ઇ. સ. ૧૯૧૮મા

હિંદના તમામ રાજવિઓ તરફથી સુધારાની યોજના દાખલ કરવા માટે જે ચાર રાજાઓ ચુંટવામાં આવ્યા હતા, તેમાં નામદાર મહારાજા જામ સાહેબ પણ હતા. અને જે સુધારાની યોજના તેઓએ સુચવી તે રાઇટ ઓન. ધ, ઓસ, મોન્ટેગ્યુ અને લોર્ડ ચેમ્સફર્ડ કબુલ રાખી હતી, અને તે સુધારાઓ મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ રિપોર્ટને એક અગત્યના પ્રકરણમાં ઉપયોગી થયા. ઇ. સ. ૧૯૨૦માં નામદાર સરકાર તરફથી રાજાઓના પ્રતિનિધિ તરીકે 'જીનીવામાં' લીગ ઑફ નેશનના પ્રથમ અધિવેશનમાં તેઓ નામદારને આમંત્રણ કરવામાં આવતાં તેઓ નામદારે હાજરી આપી વિજય મેળવ્યો હતો, ઇ. સ. ૧૯૨૧માં નામદાર શહેનશાહની વતી ડયુક ઑફ કોનૉટે ચેમ્બર ઑફ પ્રીન્સીસની જે સભા ખુલ્લી મુકવાની ક્રિયા કરી હતી, તેમાં તેઓશ્રીએ હાજરી આપી હતી. અને ૧૯૨૨માં નામદાર પ્રન્સ ઑફ વેલ્સને દિલ્હીમાં માનપત્ર આપવાની ક્રિયામાં ભાગ લીધો હતો, ઇ. સ. ૧૯૨૨ અને ૧૯૨૩ની લીગ ઑફ નેશનની બેઠકમાં નામદાર મહારાજાશ્રીને ફરી આમંત્રણ કરવામાં આવ્યું હતું, અને તેમાં પણ તેઓ નામદારને સુયશ પ્રાપ્ત થયો હતો.

ઇ. સ. ૧૯૩૦ અને ૩૧માં જ્યારે ઇગ્લાંડમાં રાઉન્ટેબલ કોન્ફરન્સમાં સભાસદ તરીકે તેઓ નામદાર હતા. ત્યારે પોતાની કુશાગ્ર બુદ્ધિથી અને એકાગ્રતાથી. તે વખતની ચર્ચા કે જેમાંથી ફેડરેશનની યોજનાનો જન્મ થયો. તે સમજી શકયા હતા. તેથી આવી યોજના પાર પડે તો શું મુશીબતો વેઠવી પડશે તે બીજી કોઇપણ વ્યકિત કરતાં તેઓશ્રી વધારે સમજી શકતા, અને એવો ધુંચવાડા ભરેલો કોયડો ઉકેલવાને તેઓશ્રીએ તન, મન, ધન અને પોતાનું જીવન બીજાઓના હિતખાતર સમર્પણ કરવામાં જરાપણ આંચકો ખાધો નથી.

બેડીબંદર:— દ્વારકા રેલ્વે થવાથી સ્ટેટમાં તૈયાર થયેલો માલ રેલ્વે રસ્તે ઓખાબંદરદ્વારા પરદેશ જવા લાગ્યો. તેથી તેની જકાત વિગેરે પરરાજ્યમાં રહેતાં ઉલટું અન્ય રાજ્યને ઉપજ કરી આપવા જેવું થયું. તેથી ખુદાવિંદ મહારાજાસાહેબે બેડીબંદર તૈયાર કરવા માટે સરકારના દરીઆઇ લશ્કરના જુના અધિકારી કેપ્ટન બોર્નસાહેબને નિમ્યા. મહારાજા જામસાહેબ તથા કેપ્ટન બોર્ન રાતદિવસ એ બંદર સુધારી તૈયાર કરવમાં અથાક મહેનત લેવા લાગ્યા અને પોતાની બધી શકિતનો ઉપયોગ એજ કાર્યની પાછળ કરવા લાગ્યા ત્યાં ૧૦૦૦ ફીટ લાંબો કુંડો છે. જ્યાં રેલ્વેની સાઇડીંગો પણ ઘણી છે, તેમજ બીજો "જગતજીત ડોક" નામે કુંડો બાંધવામાં આવેલ છે, ત્યાં ગમે તેવડી મોટી સ્ટીમરો પણ ભરતીની જરૂર વગર આવી પહોંચે (૨૫૦૦ ટન જેવડી સ્ટીમરો સહિત) જામનગર અને કંડલા વચ્ચે એક દેખાવડી નવી સ્ટીમર કચ્છના ઉતારૂઓ અને ટપાલ લઇ જવા માટે દોડે છે. તેમજ બીજી સ્ટીમર

માંડવી અને મુંદ્રા માટે બેડીથી દોડે છે. બંદરથી શહેરમાં વેપારીઓનો દુકાન સુધી મોટર 'લોરીઓ' દોડે છે. બેડીબંદરપર દુનિયાના તમામ સ્થળો સાથે વાયર લેસનો સંબંધ ગોઠવેલો છે. તેમજ સેંકડો ટન વજન ફેરવે તેવી ક્રેઇનો માલ ઉપાડી, રેલ્વેના વેગનમાં ભરેછે. તે ક્રેઇનો ડોકના હુરકોઇ ભાગમાં રેલ્વેના પાટા ઉપર ફેરવી શકાય તેમ ગોઠવી છે. તેમજ સ્ટીમરોમાંનો માલ લઇ જવા તથા પાછા લાવવા માટે સ્ટીલ લાઇટર્સ (બાર્જ) નો મોટો કાફલો રાખેલો છે.

તાલુકાની મીટીંગો:— તેઓ નામદાર દરેક તાલુકાના મુખ્ય ગામની મુલાકાત લેતા જ્યાં તાલુકાના દરેક ગામોના લોકોનાં ફરીઆદ સાંભળવા બોલાવતા અને તેઓની સાથે લગભગ પાંચ છ કલાક સુધી વાત કરતા અને તેઓની વાત શાંતિથી સાંભળતા. ગરીબની ફરિઆદ ધ્યાનથી સાંભળતા. પટેલ તળાટી. મામલતદાર કે તે વિભાગના મહેસુલી અધિકારી કે કોઇપણ ખાતાના અધિકારી વિરૂદ્ધ ફરીઆદ આવતી ત્યારે તેજ વખતે ત્યાં ફરીઆદીના રૂબરૂ અધિકારીઓને બોલાવી, બંન્નેની રજુઆત સાંભળી યોગ્ય ઇન્સાફ આપતા.

ઔદાર્ય, શાસ્ત્રશ્રવણ અને બ્રહ્મચર્ય:— 'દેશીરાજ્ય'ના અંક ૪ માં મહામહોપાધ્યાય હાથીભાઇ હરીશંકર શાસ્ત્રી લખે છે કે "એમનું ઔદાર્ય સમયપરત્વે લક્ષ ખેંચનાર હતું. કાશ્મીરથી વળતાં, રાવળપીંડીમાં વોરા ગૃહસ્થ હકીમજી શેઠે પાર્ટી આપી. તેમાં આસરે ચારસો શિષ્ટ જનો મળ્યા હતા. અને પંજાબના ના. લે. ગવર્નર તથા તેમના બાનુ વિગેરે ૩૦-૩૫ યુરોપિયન મંડળી પણ હતી. ત્યાં બે પરશીયન શાયર (કવી) કવિતા કરી લાવેલા, તેમને બીજે દીવસે બોલાવી, પાસે બેઠેલા ટ્રેઝરરને "આ બેયને શું ઇનામ આપશું ?" આમ પુછતાં દરેકને ૨૦-વીશ રૂપૈયા આપવા અભિપ્રાય જણાવ્યો. પછી આ લખનાર (શાસ્ત્રીજી હાથીભાઇ) સામું જોઇ "કેમ બરાબર કહે છે?" જવાબમાં-ટ્રેઝરર સાહેબની રાય આપને ઓછી જણાઇ હોય એમ મને લાગેછે તો આપની જે ઇચ્છા હોય તેમ ફરમાવો તે પ્રમાણે ટ્રેઝરર સાહેબ કરશે' આમ જણાવતાં, બે જરીઅન સાફા તથા બસો રૂપૈઆ મગાવી મારા હાથમાં આપી કહ્યું કે " દરેકને એક એક સાફો તથા સો સો રૂપૈયા તમારે હાથે આપો" મે કહ્યું "સાહેબ ! આપને હાથે આપો તો કવિઓને ઠીક લાગશે" " હજાર પાંચશો વિના મારો હાથ ઉપડતો નથી. તેથીજ તમને કહું છું" આ ઉદ્‌ગાર એમના મનની ઉદારતાનો ખ્યાલ આપવા પૂરતો છે. શાસ્ત્રશ્રવણનું તેઓશ્રીને એવું તો વ્યસન લાગ્યું હતું કે દિલ્હી દરબાર, રંગુન મુલાકાત, કાશ્મીર પ્રવાસ, ઉદયપુર જોધપુર વિગેરે રજવાડાની મુલાકાતોના પ્રસંગોમાં નિત્ય શાસ્ત્રશ્રવણનું વૃત્ત અવિચ્છિન્ન રાખવા અર્થે આ

લખનારને (શાસ્ત્રીજીને) ઘણીજ ચિવટથી સાથે રાખતા. કિલ્લેશ્વરમાં બબ્બે મહિના સુધી સાથે રાખી, મહાભારત. શાન્તિપર્વાન્તર્ગત, રાજધર્મ સંબંધી પિતામહના વચનો, વાલ્મીકિ રામાયણમાંના આદર્શ પ્રસંગો, રાજતરંગિણી નામક કાશ્મીરરાજના ઇતિહાસ પ્રસંગો વગેરે સાંભળવામાં ઘણી પ્રીતિથી તેઓ રસ લેતા. એટલુંજ નહિં પણ તેમાનાં ઘણાં ઉપદેશો પોતાના આચરણમાં ઉતારવાને તેઓશ્રી હંમેશા તત્પર રહેતા આ લખનારને (શાસ્ત્રીજીને) એઓશ્રીની સાથે અનેક પ્રસંગો આવ્યા છે કે જેમાં રાતદિવસ ચોવીશે કલાક તેઓશ્રીની સાથેજ રહેવાનું બનતું. અને એવી બબ્બે માસ સાથે રહેવાની તકો અનેક સ્થળે મળી છતાં કયાંય પણ એ ધૈર્યનિધિ પુરૂષના અખંડિત બ્રહ્મચર્ય વિષયમાં શંકાના પડછાયા સરખું પણ જણાયું નથી. જેને માટે દેવવ્રત ભીષ્મપિતામહના ઐતિહાસિક બ્રહ્મચર્યવ્રત પછી રાજવર્ગના પ્રસિધ્ધ બ્રહ્મચર્યના ઉદાહરણરૂપે મહારાજા જામસાહેબ રણજીતસિંહજીનું નામ મુકાવા યોગ્ય ગણાય"

ચેન્સેલર:— દિલ્હીમાં સ્થપાયેલ નરેંદ્રમંડળની બેઠકમાં નામદારશ્રી દરવર્ષે હાજરી આપતા. પોતાનો ધરાદો આગળ વધવાની ઉમેદવારી જાહેર કરવાનો ન હતો. તોપણ તેઓશ્રીના અગાધ બુધ્ધિબળને લીધે સૌનું લક્ષ તેઓ નામદાર તરફ ખેચાતું ઐકય માટે તેઓશ્રી ખરા અંતઃકરણથી મહેનત લેતા. તેઓશ્રીની નિખાલસ અને નિઃસ્વાર્થ સલાહને લીધે પોતાના બંધુ રાજવિઓ તરફથી વારંવાર તેઓ નામદારશ્રીને "ચેન્સેલરપદ" સ્વીકારવા માટે બહુજ આગ્રહ કરવામાં આવતો જે દબાણ તેઓશ્રીના જેવી લાગણીવાળી કોઇપણ વ્યકિતએ સ્વીકારવું જોઇએ. પરિણામે ઇ. સ. ૧૯૩૨માં તેઓશ્રીએ નરેંદ્રમંડળનું ચેન્સેલરપદ સ્વીકાર્યું આ સમયે પોતાની તંદુરસ્તી સારી ન હતી અને તેઓ જાણતા હતા કે તે જવાબદારપદનો બોજો પોતાના જીવનને વિઘ્નરૂપ થશે. તોપણ સર્વના હિતની ખાતર પોતે તે પદ સ્વીકાર્યું.


સીલ્વર જ્યુબીલી— (રજત મહોત્સવ)-વિ. સં. ૧૯૮૮ના ફાગણ વદ ૧૨ તા. ૨-૪-૧૯૩૨ના રોજ તેઓ નામદારશ્રીને રૂપવર્ષ પુરા થઇ છવીસમાં વર્ષની શરૂઆતમાં હિંદુધર્મના શાસ્ત્રો પ્રમાણે રજત મહોત્સવની ધાર્મિક ક્રિયા વખતે મહામહોપાધ્યાય શાસ્ત્રીશ્રી હાથીભાઇની દેખરેખ તળે ભીડભંજન મહાદેવમાં નીચે લખ્યા યજ્ઞો કરાવ્યા હતા. (૧)મહારૂદ્રયાગ (૨) મહાવિષ્ણુયાગ (૩) સહસ્ત્રચંડી (૪) ચાતુર્માસિક અગ્નિહોત્ર (૫) સહસ્રકળશાભિષેક (દ્વારકાપુરીમાં), યજ્ઞની પુર્ણાહુતિ સમયે તેઓ નામદારશ્રીએ પવિત્ર વસ્ત્ર ધારણ કરી યજ્ઞોપવિત પહેર્યું. યજ્ઞોપવિત પહેરતી વખતે તેઓ નામદારે શાસ્ત્રીજીને પ્રશ્ન કર્યો કે " આવડી મોટી ઉંમરે મારે વળી. જનોઇ

પહેરવું પડશે ખરૂં કે?" શાસ્ત્રીજીએ ઉત્તર આપ્યો કે "યજ્ઞોપવિત પહેરાવનારની ઉંમર પાસે પહેરનાર હજી બાળકજ છે" ત્યારપછી ભવ્યલલાટપર શ્રીમદ્‌શંકરાચાર્યશ્રી ભારતિકૃષ્ણતીર્થજીએ કુંકુમચંદ્રક કર્યો. પછી કેટલીએક જુદી જુદી વીધિઓ કરાવી, સમય બહુ થવાથી તેઓ નામદારશ્રીએ પાછા પ્રશ્ન કર્યો કે "આજે મારે તો ભુખ્યાજ રહેવું?" શાસ્ત્રીજીએ ઉત્તર આપ્યો કે 'આપનો હુકમ રોજ અમે પાળીએ છીએ. આજે આપે અમારા હુકમમા રહેવાનું છે," ધાર્મિક ક્રિયાઓ સમાપ્ત થયા પછી તેઓ નામદારશ્રી શંકરાચાર્યને દંડવત્ પ્રણામ કરી પગે લાગ્યા. શ્રીમદ્ શંકરાચાર્યે શુભ આશિર્વાદ આપ્યા. એ વખતે વળી શાસ્ત્રીજીને તેઓ નામદારે પ્રશ્ન કર્યો કે " હવે મારે બીજા કોઈને પગે લાગવાનું ખરૂં કે?" શાસ્ત્રીજીએ ઉત્તર આપ્યો કે "શ્રી શંકરાચાર્યમાં સહુ કોઇ આવી ગયા." ત્યારપછી વસ્ત્રાભૂષણ ધારણ કરી, જામશ્રી રાવળજીની તરવાર કમ્મરપર બાંધી, ઢાલ અને તીરનો ભાથો પીઠપર બાંધી, જમણા હાથ તરફ જામશ્રી રાવળજીનું ભવ્ય ભાલું રાખી તેઓ નામદારશ્રી રથમાં બીરાજ્યા. પ્રાચિન કાળમાં સંગ્રામ વખતે ક્ષત્રિયવીરો આયુદ્ધવાળા રથમાં બીરાજતા જે વર્ણનથી મહાભારત વિગેરે ઇતિહાસોમાં રથી, મહારથી, અને અતિરથી વગેરે ઉપનામોથી વીરપુરૂષોને વર્ણવ્યા છે તેજ પ્રમાણે શણગારેલા બળદોવાળા તથા સોનાના કળશવાળા, રૂપેરી રથમાં કીનખાબના ગાદિ તકીયાઓપર પ્રાચીન અસ્ત્ર શસ્ત્રો ધારણ કરી જામશ્રી રણજીતસિંહજી સાહેબ જ્યારે બિરાજ્યા ત્યારે જોનારને એ અખંડ બાળબ્રહ્મચારી રાજવિ સાક્ષાત્ ભીષ્મપિતામહ જેવા જણાયા હતા. શણગારેલા રથને ફરતા મંડળાકારે રાજ્યકુટુંબ, તથા અમીર ઉમરાવો, રાજવંશી પોષાક તથા અસ્ત્રશસ્ત્ર ધારણ કરી, ચાલતા આવતા હતા. જુના દરબારગઢમાં એસ્વારી આવતાં નામદારશ્રીએ જામશ્રી રાવળજીની ગાદિની પુજન વિધિ કરી, કુળદેવી આશાપુરાજીના સમક્ષ ધારણ કરેલ રાજવંશી પોષાક અને શસ્ત્રો સહિત રૂપાની તુલામાં તોળાયા હતા. જેનો તોલ રૂપાની ત્રણ પાટો થઇ હતી. એ શુભ પ્રસંગના દરબારમાં પ્રજાએ માનપત્ર અર્પણ કર્યા પછી તેઓ નામદારશ્રીએ પોતાના રજ વર્ષની રાજ્યકારકીર્દીમાં પ્રજા અને રાજા વચ્ચે જળવાયેલ સંબંધનું મનનિય ભાષણ આપ્યું હતું અને શ્રીમદ્ શંકરાચાર્યજીએ તેઓ નામદારને 'રાજ્યધર્મ રત્નાકર' નીં શુભ પદવિ આપી સમયોચિત ભાષણ આપ્યું હતું. રાત્રીએ લાલબંગલાની ગાર્ડન પાર્ટીમાં એ શુભ પ્રસંગ નિમિતે તેઓ નામદારે નીચે લખ્યા પ્રમાણે માન ચાંદની લ્હાણીસાથે નવાજેશ કરી હતીઃ—

જુનાગઢના માજી વજીર અમીર શેખ મહમદભાઇને ડબલ તાજમી સરદારનો ઇલકાબ સોનાના મેડલ સાથે રૂપીઆ ૧૦૦૧, ચીફ મેડીકલ ઓફીસર



જામશ્રી ૭ રણજીતસિંહજી સાહેબ સીલ્વર જ્યુબીલી સહસ્નાભિષેક.



જામશ્રી ૭ રણજીતસિંહજી સાહેબ રજતતુલ્લા (પૃષ્ટ ૩૬૩)

ડૉ. થોમ્સને તાજમી સરદારના સોનાના મેડલ સાથે રૂા. ૧૦૦૧, રેલ્વે મેનેજર મી. એફ્. સી નીસનને તાજમી સરદારના સોનાના મેડલ સાથે રૂા. ૧૦૦૧ શેઠ મથુરાદાસ હરિભાઇને ગોલ્ડ મેડલ સાથે રૂા. ૫૦૧, શેઠ નાનજી કાળીદાસને ગોલ્ડ મેડલ સાથે રૂા. ૫૦૧. શેઠ પોપટલાલ ધારશીને ગોલ્ડ મેડલ સાથે રૂા. ૫૦૧ ખા૦ બા૦ મહેરવાનજી પેસ્તનજી દિવાન સાહેબને રૂા. ૧૦૦૧ શ્રી ગોકુળભાઇ આપુભાઇ દશાઇ રેવન્યુ સેક્રેટરીને રૂા. ૧૦૦૧ શ્રી પરશુરામ બી. જુનારકર પોલીટીકલ સેક્રેટરીને રૂા. ૧૦૦૧ શ્રી. હીરાભાઇ મણિભાઇ મહેતા જનરલ સેક્રેટરીને રૂા. ૧૦૦૧, મી. પી. એમ. કરંજીઆ પરસનલ આસીસ્ટંટને રૂા. ૧૦૦૧ મહામહોપાધ્યાય શાસ્ત્રીહાથીભાઇને રૂા. ૧૦૦૧ વૈદ્ય શાસ્ત્રી શંકરપ્રસાદ ઝંડુભટ્ટજી ને રૂા. ૧૦૦૧ કમાન્ડર બોર્ન રૂા. ૫૦૧; શ્રી રેવાશંકર વજેશંકર પંડયા આ. પ્રા. સે; ને રૂા. ૫૦૧ શ્રી જ્યંતિલાલ એમ બક્ષી આ. પ્રા. સે. ને રૂા. ૫૦૧ મેજર રૂપસિંહજીને રૂા ૫૦૧ કુ. શ્રી સુરસિંહજીને રૂા ૫૦૧ એ ઉપરાંત બીજાં ચાર ઇનામો ૨૫૧] બસો એકાવન.નાં અપાયા હતા.

એ શુભ પ્રસંગના દરબારમાં પ્રજાતરફથી નીચેનું માનપત્ર આપાયેલું હતું.

ગોબ્રાહ્મણ પ્રતિપાલક નેકનામદાર ખુદાવિંદ મહારાજાધિરાજ જામશ્રી રણજીતસિંહજી સાહેબ બહાદૂર

જી. સી. એસ. આઇ. જી. બી. ઇ.

અમો આપ નામદારની નમ્ર પ્રજા આપશ્રીના આ રાજ્યારોહણના ૨૫ મા વર્ષની પૂર્તિરૂપ રૌપ્ય મહોત્સવ પ્રસંગે અમારા અંતઃકરણના આનંદોદ્ગાર દર્શાવવા પ્રાપ્ત થએલા અવસરને યથેષ્ટરૂપે નિવેદિત કરવા હૃદયભાવદર્શક શબ્દરચના આપી શકીએ તેમ નથી તથાપિ આપે આજ સુધીમાં અમારા ઉપર કરેલા ઉપકારોને તથા અમારા હિતકૃત્યોને અંશતઃ પ્રકટ કરવા આ અમોને મળેલી તકનો લાભ લઇ માત્ર કૃતજ્ઞતા દાખવી કૃતાર્થ થવા ઇચ્છીએ છીએ.

નવાનગર સ્ટેટની લગામ આપ નામદારના મુબારક હાથમાં આવ્યા પછી આપ નામદારે મુકરર કેળવણી, દવાખાનાં, વિદ્યાલયો, વ્યાપારવૃદ્ધિ તથા શહેર સુધારા વગેરે પ્રજાહિતનાં અનેક કાર્યો કર્યાં તે સઘળાં જગદ્વિદિત હોઇ તેનું પરિગણન કરવું અનાવશ્યક છે.

આપણી માતૃભૂમિ હિંદનું નવીન બંધારણ અને ભાવી જે સમયે ઘડાઇ રહ્યું છે તે સમયે આપ નામદાર દુરંદેશી, અનુભવી અને પ્રભાવશાલી પુરૂષને નરેંદ્ર-

મંડળે ચેન્સેલર તરીકે પસંદ કર્યા છે, તેથી અમો બહુજ પ્રફુલ્લિત અને આનંદિત થઇ આપ નામદારને અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ.

આપ નામદારને આગળ લીગ ઓફ નેશન્સમાં હિંદના પ્રતિનિધિ તરીકેના ઘણા સન્માનો મળેલાં છે તેમાં હાલનો ચેન્સેલરપદનો પ્રસંગ અદ્‌ભુતતા ધારણ કરે છે.

આપ નામદારનું રાજકીય વિષયોનું જ્ઞાન, આપની પ્રભાવશાલી શક્તિ અથાગ ઉદ્યોગ અને અખુટ ધૈર્ય એવા ગુણોથી પ્રેરાઇને નરેંદ્રમંડળે આપ નામદાર જેવી ભવ્ય વ્યક્તિને નેતૃત્વ માટે પસંદગી કરેલ છે એમ અમારૂં ચોકસ માનવું છે ને તેથી અમારા હર્ષમાં અત્યંત વધારો થાય છે.

વિશેષમાં જ્યારે આ રૌપ્ય મહોત્સવ નિમિત્તે સહસ્રચંડી હોમાત્મક મહારૂદ્રયાગ, વિષ્ણુયાગ, ચાતુર્માસ શ્રોતયજ્ઞ તથા સહસ્રકલશાભિષેક જેવાં ધાર્મિક કૃત્યોના સમારંભ ચાલી રહ્યા છે. અને જેનાં દર્શનાદિકનો લાભ લેવા હજારો પ્રજાજનો ઘણાજ ઉત્સાહથી પ્રયત્ન પરાયણ થાય છે એવા શુભ માંગલિક સમયે આપ નામદારને નરેંદ્રમંડળના ચેન્સેલરની પદવી મળ્યાના સમાચાર તમામ હિંદુ મુસલમાન પ્રભૃતિ પ્રજા જનોને અસાધારણ હર્ષપ્રદ થવાથી આ હૃદયભાવ સુચક અક્ષરાત્મક માનપત્ર આપ નામદારના કરકમલમાં ધરી અમો સર્વ પ્રજાજનો આપશ્રીને અભિનંદન આપીએ છીએ અને પરમેશ્વરની પ્રાર્થના કરીએ છીએ કે તે દયાળુ માલિક આપ નામદારને આથી પણ અધિક માન મેળવવા દીર્ઘ આયુષ્ય, આરોગ્ય તથા ઐશ્વર્ય આપે અને આ રૌપ્ય મહોત્સવની પેઠેજ સુવર્ણ મહોત્સવ તથા હીરક મહોત્સવ ઉજવવા કૃપાળુ થઇ ઉચિત અવસર આપે એમ ઇચ્છનારા

અમો છઇએ,

આપ નામદારશ્રીના વફાદાર પ્રજાજનો.

—:એ શુભ પ્રસંગે પચીસ વર્ષોની કાર્કીર્દીનું ઇ. કર્તાએ રચેલું કાવ્ય:—

—: રજત મહોત્સવ રાજરંગ દુહાઓ :—

કૃષ્ણવંશ ઉજ્વલ કીરત, અવની ઉપર અજીત ॥
જન્મ ધર્યો જદુકુળમાં, રંગ જામ રણજીત ॥ ૧ ॥
ક્રીકેટ બેટ ધરી કરી, જગત બધામાં જીત ॥
ગંભીર જન ગભરાવીયા, રંગ જામ રણજીત ॥ ૨ ॥
નીજ બાહુબળથી નકો, રાવળ તખ્ત રચીત ॥

मेळव्युं पद जामनुं, रंग जाम रणजीत ॥ ३ ॥
एक टेक राखी अडग, निष्कामी वृत नीत ॥
काम जीतकलियुग में, रंग जाम रणजीत ॥ ४ ॥
लीगऑफनेशन लही, जीनीवामें जीत ॥
अद्भुत लेकचर आपीयुं, रंग जाम रणजित ॥ ५ ॥
नीज रैयतनीं नेहथी, सुणवा अरज सचित ॥
तुरत पधारे तालुके, रंग जाम रणजीत ॥ ६ ॥
खेडुतनें अति खंतथी, उत्तेजन अगणित ॥
खेतीने खीलवी खरी, रंग जाम रणजीत ॥ ७ ॥
केळवणी फ्री छे करी, इसपीताल अगणीत ॥
ठाम ठाम आराम छे, रंग जाम रणजीत ॥ ८ ॥
चोरी जारी परहरी, राम राज्यनी रीत ॥
रैयत मन रंजन कर्यो, रंग जाम रणजीत ॥ ९ ॥
वळि वेपार वधारिओ, खोली बंदर खचीत ॥
सोंघी वस्तु सर्व थइ, रंग जाम रणजीत ॥ १० ॥
शहेर बधामां शोभती, लाइट इलेकट्रीक ललित ॥
पळमधरा पारिसनगर, रंग जाम रणजीत ॥ ११ ॥
रेल रची द्वारामति, एज पुन्य अगणित ॥
जात्र जन लाखो जता, रंग जाम रणजीत ॥ १२ ॥
हुन्नरने उद्योगनुं, खेती वाडी खजित ॥
प्रजा प्रदर्शन पेखती, रंग जाम रणजीत ॥ १३ ॥
नरेंद्रमंडळनीं नकी, अद्भुत पदवि उचीत ॥
चेन्सेलर पद प्राप्ति, रंग जाम रणजीत ॥ १४ ॥
तख्तनशिनदिनआजनो, उज्वल दिवस उदीत ॥
पुर्ने वर्ष पचीशमुं, रंग जाम रणजीत ॥ १५ ॥
सिल्वर ज्युबिली सरस, उत्सव कर्यो अजीत ॥
प्रजा पुर्ण उत्साहमां, रंग जाम रणजीत ॥ १६ ॥
शहेर जमण जमतां जनो, कथे अलोकिक क्रीत ॥
मावदान मुखथी कहे, रंग जाम रणजीत ॥ १७ ॥

અવસાનઃ— જે વર્ષમાં નરેન્દ્રમંડળનું ચેન્સેલરપદ સ્વીકાર્યું, તેજ વર્ષમાં તેઓશ્રીની ઉપાધીઓ વધી જતાં, નામદારશ્રીની તબિયત લથડી ગઇ, તો પણ નરેન્દ્રમંડળની બેઠકમાં પોતે ચેન્સેલરપદે બીરાજ્યા. અને ત્યાં પોતાની ફરજ સંપૂર્ણ બજાવી, તા. ૨૬ માર્ચ ૧૯૩૩ના રોજ ×દિલ્હીથી જામનગર પધાર્યા. તેજ દિવસે બપોરના તેઓ નામદારશ્રીની તબીયત બગડવાનાં ચિન્હો જણાયા બીજે દિવસે ઉધરસ સાથે ફેફસામાં દુઃખાવા સાથે શરદીની અસર થતાં, પોતે પથારીવશ થઇ ગયા. તા. ૧ લી. એપ્રીલની સાંજ સુધી સારી આશાઓ રહેતી. પણ મધ્ય રાત્રીના ત્રણ વાગ્યા પછી નામદારશ્રીનું હૃદય ભીંસાવા લાગ્યું. જેને પરિણામે તા. ૨ જી એપ્રીલના પ્રભાતના પોણાપાંચ વાગતાં પોતાના રાજ્યઅમલના છવીસ વર્ષ પુરાં કરી શાન્તિથી આ ભૌતિક શરીરનો ત્યાગ કર્યો. (વિ. સં. ૧૯૮૯ના ચૈત્ર સુદ ૭) તે વખતે નામદાર એજન્ટ ટુ ધી ગવર્નર એાનરેબલ મી. લેટીમર સાહેબની હાજરી જામનગરમાં હોવાથી, તેમને ટેલીફોનથી આ દિલગીરી ભરેલા સમાચાર જણાવતાં, તેઓ જામબંગલે આવ્યા, અને મહુંમ જામશ્રી રણજીતના દેહને છેલ્લી સલામ કરી માન આપ્યું. ત્યારબાદ નામદાર એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ સાહેબે બધા સેક્રેટરીઓને બાજુના હોલમાં બોલાવ્યા, અને કહ્યું કે "નામદાર મહારાજા જામસાહેબે, મને ખાનગીમાં વાત કરેલ છે કે તેઓશ્રીએ નામદાર વાયસરોયની સંમતિથી રાજકુમારશ્રી દિગ્વિજયસિંહજીને પોતાના વારસ તરીકે પસંદ કરેલ છે." રાજકુમારશ્રી દિગ્વિજય સિંહજી સાહેબ માત્ર બે દિવસ પહેલાંજ મુંબઇ પધાર્યા હતા. પણ તા. પહેલી એપ્રીલની સાંજે તેઓશ્રી જામનગર આવવા ગુજરાત મેઇલમાં રવાના થયા હતા. તા. બીજીના રોજ સવારમાં વહેલા અમદાવાદ રેલ્વે સ્ટેશન મારફત કરેલો તાર તેઓશ્રીને મળતાં તેઓશ્રી એરોપ્લેનમાં બેસી દસ વાગતામાં જામનગર પધાર્યા. તે પછી રાજ્યના રિવાજ મુજબ મહુંમ જામશ્રી રણજીતસિંહજીના દેહની ધાર્મિક રીતે અંતિમ ક્રિયાઓ કરવામાં આવી અને મહુંમ જામશ્રી રણજીતસિંહજીના માનમાં આઠ દિવસની સખ્ત હડતાલ પાડવામાં આવી હતી.

તારીખ બીજી એપ્રીલ (તેજ દહાડે) સાંજના છ વાગતાં દરબારગઢની ચોપાટમાં નામદાર એ. જી. જી. એ અંગ્રેજીમાં ભાષણ આપ્યું હતું જેનો તરજુમો નીચે મુજબ છે :—

"હું આપ સૌની દિલગીરીમાં ભાગ લઉં છું. અને મારી લાગણી જાહેરમાં બતાવવાની મને તક મળી તેને માટે બગરૂબ છું. મહુંમ મહારાજાસાહેબને છેવટના પ્રસંગ સિવાય બીજાઓ મળવાનો મને પુરતો પ્રસંગ પ્રાપ્ત થયો ન હતો. પરંતુ તેમના જુજ પ્રસંગમાં હું પુરી રીતે સમજી શકયો છઉં કે તેમના

× દિલ્હીથી પધાર્યા પછીની સર્વ હકિકત ઇ. સ. ૧૯૩૩-૩૪ના નવાનગર સ્ટેટના વાર્ષિક રીપોર્ટ ઉપરથી લીધેલી છે.

ઘાટા પરિચયમાં જેઓ આવ્યા છે તેમના સર્વની ઉપર મહુમ મહારાજાસાહેબ માટે ભક્તિભાવની અપૂર્વ અને સચોટ છાપ પાડી છે, તેઓ નામદાર એક મહાન રાજ્ય કર્તા અને એક મશહૂર ગૃહસ્થ હતા. તેઓ નામદાર માટે નવાનગર રાજ્ય એકજ નહિં, કાઠિઆવાડ અને ઇન્ડીઆ પણ નહિં, યૂરોપ અને ઓસ્ટ્રેલિયા પણ નહિં, પરંતુ સમગ્ર દુનિયા ઉપર શોકની લાગણી છવાઇ રહે છે. મહુમ મહારાજા જામસાહેબની સ્પષ્ટ ઇચ્છા જે હિંદુસ્તાનની સરકારે માન્ય રાખી છે તે એ હતી કે પોતાના પાછળ પોતાના ભત્રિજા મહારાજ કુમારશ્રી દિગ્વિજયસિંહજી ગાદી ઉપર આવે. નામદાર વાયસરોય સાહેબના પ્રતિનિધિ તરીકે બોલતાં હું આપ સર્વને સુચના કરૂં છું કે આપ સૌ જે સેવા અને ફરજ મહુમ મહારાજા સાહેબ પ્રત્યે બતાવતા તેવીજરીતે હવે નવાનગર રાજ્યના મહારાજા જામસાહેબ નામદાર મહારાજાશ્રી દિગ્વિજયસિંહજી સાહેબ પ્રત્યે બતાવશો. તેઓ નામદારશ્રીને હું શુભ ઇચ્છા અર્પણ કરૂં છું."

નામદાર મહારાજા જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી સાહેબ બહાદુરનો મે. એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ સાહેબને જવાબ.

" આ ઘણાજ શોકયુકત પ્રસંગે હું આપ મી૦ લેટીમરને આપના લાગણી અને દિલાસા ભરેલા શબ્દો માટે અંતઃકરણથી ઉપકાર માનું છું. આપણે જાણીએ છીએ કે જે ખોટ પડી છે તે તો કોઇ રીતે પુરી શકાય તેમ નથી. પરંતુ દીલશોજી ભરેલી લાગણીથી તે સહન કરવાને આપણને બળ મળે છે આપ મ્હારા તેમજ મ્હારા કુંટબ તરફથી નામદાર વાયસરોય સાહેબનો તેમના લાગણી ભરેલા સંદેશા માટે આભાર માનસો.—મ્હારે આપને એક વિનંતી કરવાની છે. હું એક જુવાન રાજયકર્તા છું, એમ તો કહી શકતો નથી. કારણ આજના ભયંકર બનાવે તો, હું પચાશ વર્ષની ઉંમરનો હોઉં એમ માનતો કરી દીધો છે. પરંતુ હું એક બીન અનુભવી રાજકર્તા છું. અને તેથી વિનંતી કરૂં છઉં કે મ્હારી મુશ્કેલીઓમાં આપની સલાહ મેળવવા આપશો. આપની સલાહ ઘણીજ સારી અને નિષ્પક્ષપાત રીતે મળશે. હું, જ્યારે જ્યારે તેવી સલાહની જરૂર પડે ત્યારે આપની પાસે આવું, એમ આપ છુટ આપશો.

મ્હારી પ્રજાને જણાવું છું જે મ્હારા અને આપના પિતા આપણે ગુમાવ્યા છે. આપણે પિતા વગરના થઇ ગયા છીએ પરંતુ જોકે આપણે તેમને દેખી શકતા નથી, તો પણ તેઓ આપણી પાસેજ છે. હું એ મહાન પિતાને પગલે ચાલવાનો હંમેશાં પ્રયત્ન કરીશ હું આશા રાખું છું કે આપ સહુ મ્હને, આપણા પિતાશ્રીને જે નજરથી જોતા તેવીજ નજરથી જોશો.

(તા. ૨ એપ્રીલ ૧૯૩૩ પુ. ગેઝીટ પાને ૨૮૭)

મહુમ મહારાજા જામશ્રી સર રણજીતસિંહજી સાહેબના બેદજનક અવ-

સાનથી શોકની લાગણી પ્રદર્શિત કરવા નીચે લખ્યા રાજ્યોના મહારાજા સાહેબો વિગેરે જામનગર (ખરખરે) આવ્યા હતાઃ—

નામદાર મહારાજાસાહેબ બીકાનેર, જયપુર, કોટા, ત્રીપુરા નરસિંહગઢ, કચ્છ મહારાઓશ્રી, જુનાગઢ નવાબસાહેબ, ભાવનગર મહારાજાસાહેબ, ધ્રાંગધ્રા રાજસાહેબ, પોરબંદર રાણાસાહેબ, મોરબી મહારાજાસાહેબ, વાંકાનેર રાજસાહેબ, તથા લીંબડી, રાજકોટ, ધ્રોળ, પાલિતાણા અને મુળીના ઠાકોરસાહેબો, તથા કચ્છ, બીકાનેર અને વાંકાનેરના યુવરાજ સાહેબો, બ્રીગેડીઅર એસ. કેમ્પબેલ સાહેબ, (મીલટરી એડવાઇઝર-ઇન-ચીફ, ઇન્ડીઅન સ્ટેટ ફોર્સીઝ) પ્રીન્સ અલી એસખાન (નામદાર આગાખાનના પુત્ર) ડૉ. સર રીચર્ડ અને લેડી કુઝ, પ્રોફ રશબ્રુક વીલીયમ્સ, સર જ્યોફ્રે આર્થર (કચ્છ) કર્નલ સી. એસ. ટવીસ બી. એ. ડી. એમ. ઓ., ઓનરેબલ મી. સી. લેટીમર, એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ ઇન સ્ટેટસ ઓફ વેસ્ટર્ન ઇન્ડીઆ, મેજર સી. ઓ. ડૉન્ટ મીલીટરી એડવાઇઝર કાઠીઆવાડ સ્ટેટસ ફોર્સીઝ, પી. આર કેંડલ એસ્કવાયર, દિવાનસાહેબ જુનાગઢ સ્ટેટ, સર પ્રભાશંકર ડી. પટ્ટણી, ડી. બી. શુકલ એસ્કવાયર બાર-એટ-લો, તેમજ મુંબઇ વગેરે અન્ય સ્થળેથી અને દેશાવરોમાંથી કેટલાક શ્રીમાનો અને નવાનગર સ્ટેટના દરેક ગામના ભાયાતો અને પ્રજા વર્ગ.

એ સમયે ચારે દિશામાંથી ખરખરાના તારોનો દરોરો પડયો હતો તેમાં મુખ્ય તારોમાં નામદાર શહેનશાહ, નામ. પ્રીન્સ ઓફ વેલ્સ, નામદાર વાયસરોય અને લેડી વીલીંગ્ડન, મુખ્ય પ્રધાન, (પ્રાઇમ મીનીસ્ટર અને કેબીનેટના બીજા સભ્યો તરફથી) માજી. વાયસરોયસાહેબો, માજી સેક્રેટરી ઓફ સ્ટેટસ તરફથી, તથા બીજા રાજ્યદ્વારી પુરૂષો તરફથી અને સ્પોર્ટસમેન તેમજ તેઓ નામદારના બીજા મિત્રો તરફથી, તેમજ દરેક દેશ કે જેના ઉપર બ્રિટીશનો વાવટો ઉડે છે તે દરેક સ્થળેથી દીલગીરીના સંખ્યાબંધ તારો આવ્યા હતા.

રાજકુમારશ્રી પ્રતાપસિંહજી સાહેબના હસ્તે ઉત્તર ક્રિયાની તમામ વિધી પૂર્ણ થયા પછી, રાજકુટુંબ, અમીર ઉમરાવ અને પ્રજાજનોની શોક સભા દરબારગઢની ચોપાટમાં મળી હતી, ત્યારે ઇ૦ કર્ત્તા તરફથી નીચેના શોકોદ્‌ગાર રચી બોલવામાં આવ્યા હતા. જે વખતે ત્યાં હજારો માણસોના ચક્ષુઓમાંથી ચોધારા અશ્રુઓ વહ્યાં હતાં.

—: રણજીત વિરહ કાવ્ય :—

(ભરશીઆ—સોરઠા)

સંવત વિક્રમ સાલ, ઓગણીસે નેવાસીએ ॥
પ્રજાતણો પ્રતિપાલ (આજ) હાલ્યો ધણી હુલારનો ॥ ૧ ॥

ચૈતર મન ચિંતા, રુદ સાતમ શલે ઘણી ॥
પછમચ્વર પીતા,(આજ) હાલ્યો ધણી હાલારનો ॥ ૨ ॥
તારિખ બે એપ્રીલ; ઓગણીસે તેત્રીસ ઇસુ ॥
રવી, ઉદયમાં ઢીલ,(ત્યાં) હાલ્યો ધણી હાલારનો ॥ ૩ ॥
કોહીનુર કળ ભાણુ,(આજ) હિંદતણો હાલ્યો ગયો ॥
પછમચ્વરાનાં પ્રાણ, રાજા ગયો રણજીતસિંહ ॥ ૪ ॥
ઉદપુરને જોધપુર, કારિમર અલવર તણી ॥
ભાંગી ભીડ ભરપૂર,(હવે) ગયો સુરપુર ભિડ ભાંગવા ॥ ૫ ॥
પતિઆલા મહિસૂર, જુનાગઢ નેં નિજામની ॥
ભાંગીભીડ ભરપૂર,(હવે) ગયો સુરપુર ભિડ ભાંગવા॥ ૬ ॥
જળવીયું જદુરાણ, (તેં) રાજનું રજવટપણું ॥
પરમારથમાં પ્રાણ, હોમ્યાં ધણી હાલારના ॥ ૭ ॥
સુધાર્યો રજપૂત સમાજ, શહેર જામનું મુધારીઉં ॥
સુરપુર સુધારણ કાજ,(આજ) હાલ્યો ધણી હાલારનો॥ ૮ ॥
બ્રહ્મચારી કોઇ ભૂપ, ભાળ્યો નહીં કયાંય ભોમમાં ॥
રણજીત ઇશ્વર રૂપ, (આજ) હાકિમ ગયો હાલારનો ॥ ૯ ॥
કઠીન વિપરીત કાળ, ભરતખંડ જ્યાં ભોગવે ॥
ત્યાં રણજીત તતકાળ,(ગયો) ઓચીંતો અમરાપુરી ॥ ૧૦ ॥
પછમતણો પતશાહ, હિંદતણોજ હીરો ગયો ॥
(હવે) સુની થઇ શહેનશાહ, રામરૂપ રણજીત જતાં॥ ૧૧ ॥
વળવળતી વિલાત, રણજીતવિણ રઝળી પડી ॥
અતિઅંતર આઘાત, આંસુ, ઝેરે અમેરિકા ॥ ૧૨ ॥
બુરા કૈક ભેચક થયા, ગોરા કૈક ગભરાય, ॥
લેડીઝ અંતર લાય; જાગી જામ રણજીત જતાં ॥ ૧૩ ॥
આવતો એપ્રીલ માસ,(ત્યારે થતા)ઈંગ્લાંડ જવા ઉતાવળા ॥
આજ એપ્રીલ વૈકુંઠવાસ,(હવે) વિલાતવાટ જોતી રહી॥ ૧૪ ॥
જીવણસુત જદુનાથ, દેવીસીંહ, ને દીલાવરે, ॥

સુરપુર કરવા સાથ,(શુ) બાંધવ જાણી બોલાવીયા ॥ ૧૫ ॥
વિભો વૈકુંઠવાસ,(કે) જમ તમાચીઓ તેડાવીયા ॥
(કે)પિતામહ રાવળ પાસ,(ગયા) દેવા ખબરૂં દેશની॥ ૧૬ ॥
ઓચીંતો અરેરાટ, કળકળતીજ પ્રજા કરે ॥
હડતાળું હાટો હાટ,(આજ) પડી વીજ :વિભાઉત ॥ ૧૭ ॥
જુગ જુગનો જોગેંન્દ્ર, જન્મ્યો કોઇ રૂષિ જબર ॥
નગરતણો નરેન્દ્ર,(થયો) વિશ્વ ઉદાસી વિભાઉત ॥ ૧૮ ॥
અનદાતા આમ ઘટે નહીં, નોંધારાં કરવા નાથ ॥
સુરપુર કેરો સાથ,(શું) વ્હાલો લાગ્યો વિભાઉત ॥ ૧૯ ॥
કાળાવડ આવી કરી, દેતા કવિને દાન ॥
(આજ)અનદાતા અવશાન,(હવે)ભળાભણ કેને ભુંપતિા ૨૦ ॥
ગજનગીરા ગંભીર, અંતરિક્ષ થઇ ઓસમે ॥
ધારણ રાખો ધીર, અમર ઉતરસે અવનિમાં ॥ ૨૧ ॥
ઘરરરરર વૈમાન, અંબરમાંથી, ઉતર્યું ॥
દિગ્વિજય દેવસમાન, દર્શન દીધું દુઃખમાં ॥ ૨૨ ॥
અમર અંશ અવતાર, થિરકર તખતે થાપીયો ॥
(એ) દિગ્વિજય દાતાર, પ્રેમે કવિને પાળસે ॥ ૨૩ ॥
ધણી થૈને દીધી ધીર, પાળીશ પ્રજા પ્રેમથી ॥
વસમી વેળાએ વીર, દિગ્વિજય દીલાસો દીએ ॥ ૨૪ ॥
રણજીત રાજકુમાર, ભાવદાનકવિ મુખ કહે ॥
દિગ્વિજય દાતાર, (હવે) પ્રેમે પ્રજાને પાળશે ॥ ૨૫ ॥

જામનગર.
સં. ૧૯૮૯ ચૈત્ર વદી
૩ ને ગુરૂવાર
તા. ૧૩-૪-૧૯૩૩

કર્ત્તા યદુકુળ આશ્રીત.
કવિ. ભાવદાનજી ભીમજીભાઈ.
(કાળાવડવાળા)

મહુમ મહારાજાજામશ્રીના અવશાનથી એજન્સીની તમામ ઓફીસો બંધ રાખવા નીચેનો ઓ. ઓર્ડર એજન્સી ગેઝેટમાં છપાઇ બહાર પડયો હતો;

નાં. ૨૦ નોટીફીકેશન, તા. ૩ એપ્રીલ ૧૯૩૩

વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટસના ધી એાનરેબલ ધી એજન્ટ ટુધી ગવર્નર જનરલ સાહેબને લેફ્ટેનન્ટ કર્નલ હીઝ હાઇનેસ મહારાજા જામશ્રી સર રણજીતસિંહજી સાહેબ જી. સી. એસ. આઇ. જી. બી. ઇ. નવાનગર સ્ટેટના મહારાજા જામસાહેબ ૬૦ વર્ષની ઉમરે રવીવાર તા. ૨ જી એપ્રીલ ૧૯૩૩ના રોજ પ્રભાતના પહોરમાં પાંચ બજ્યે સ્વર્ગવાસી થયાના અતિ ખેદયુકત બનાવની નોંધ લેતાં ઘણીજ દીલગીરી થાય છે.

નામદાર મહારાજા સાહેબ તા. ૧૧ માર્ચ ૧૯૦૭ના રોજ તખ્તનશીન થયા હતા. તેઓ નામદારની લાંબા વખતની રાજય કારકીર્દી દરમ્યાન તેઓ ઉંચા પ્રકારના અત્યંત નિપુણ રાજકર્તા હતા, એમ સિદ્ધ કરી બતાવ્યું છે, તેઓ નામદારે બેડીબંદરને ખીલતી આબાદીવાળું બંદર બનાવ્યું છે. અને જામનગરને વિશાળ રાજયમાર્ગો અને સુંદર મકાનોથી એક અર્વાચીન શહેર બનાવ્યું છે. આવા રાજયમાર્ગ અને સુંદર મકાનો હિંદુસ્તાનમાં બહુ થોડાં શહેરોમાં જોવામાં આવે છે. ક્રીકેટર તરીકે તેમની કીર્તિ વિશ્વવિખ્યાત છે. હુન્નરકળાના તેઓ નામદાર નામાંકિત આશ્રયદાતા હતા. અને આખી દુનીઆ ઉપર તેમણે મિત્રોની ચાહના અને પ્યાર મેળવી સદંતર નીભાવ્યા હતા. સને ૧૯૩૨ની સાલમાં તેઓ નામદાર ચેમ્બર ઓફ પ્રીન્સીઝના ચેન્સેલરની મહાન પદવી ઉપર હતા. તેઓ નામદારના અવશાનથી નૃપતિમંડળે એક અત્યંત તેજોમય રત્ન ગુમાવ્યું છે.

તેઓ નામદારના ખેદયુકત અવશાનની યાદદાસ્તના માન ખાતર એજન્સીની તમામ કોર્ટો તથા ઓફીસો સોમવાર તા. ૩ જી એપ્રીલ ૧૯૩૩ના રોજ બંધ રાખવામાં આવી છે.

તા. ૬ ૪–૩૩ના સ્ટેટ
પુરવણી ગેઝીટ ઉપરથી

સી. લેટીમર
એજન્ટ ટુધી ગવર્નર જનરલ
ઇન ધી સ્ટેટસ ઓફ વેસ્ટર્ન ઇન્ડીયા.

ઉપર પ્રમાણે મહુમ મહારાજાશ્રી અનેક સદ્‌ગુણો ધરાવતા હોઇ તેનું જો વર્ણન કરવામાં આવે તો એક જુદી બુક બને, ઇશ્વર સદ્‌ગતના આત્માને શાંતિ આપે.

(૧૮)જામશ્રી દિગ્વિજયસિંહજી સાહેબ (વિદ્યમાન)

(ચંદ્રથી ૧૮૭ શ્રીકૃષ્ણથી ૧૩૨ જામ નરપતથી ૫૦મા)

તેઓ નામદારશ્રીનો જન્મ વિ. સં. ૧૯૫૨ના હાલારી ભાદરવા સુદ ૧૨ (વામનજયંતિ)ના શુભ દીને સરોદર ગામે થયો છે. અને ઇંગ્લાંડમાં કેળવણી લીધી છે. તેમજ ઇન્ડીઅન આર્મીમાં લેફ્ટેનંટનો હોદ્દો મેળવેલ છે.

રાજ્યારોહણ—વિ. સં. ૧૯૮૯ના ચૈત્ર વદ ૪ શુક્રવાર તા. ૧૪ એપ્રીલ ૧૯૩૩ના દિવસે રાજ્યગાદિના તિલક કરવાનું શુભ મુહૂર્ત હોવાથી ખુદાવિંદ મહારાજા જામ શ્રી ૭ દિગ્વિજયસિંહજી સાહેબ બહાદુર છ ઘોડાની સોના ચાંદીની ગાડીમાં, લાન્સર્સના એસકોર્ટ સાથે 'શ્રીવિભાવિલાસ' બંગલેથી બેડીગેટ થઇ દરબારગઢમાં પધાર્યા હતા. તેઓ નામદાર સાહેબની સાથે રાજકુમાર શ્રી મેજર પ્રતાપસિંહજી સાહેબ ડાબી બાજુએ બીરાજ્યા હતા. અને બરાબર નવ બજ્યે મહારાજા સાહેબ દરબારગઢમાં પધાર્યા. ત્યારપછી ધ્રાંગધ્રાના મહારાજા રાજસાહેબ ઘનશ્યામસિંહજી સાહેબ બહાદૂર તથા સ્વસ્થાન ધ્રોળના નામદાર ઠાકોરસાહેબ દોલતસિંહજી સાહેબ પધારતાં, સહુ નવ અને ત્રીસ મીનીટ જામશ્રી રાવળજીની ટીલાટ મેડીમાં પધાર્યા.

રાજ્યગાદિ તિલક કરવાની શુભ ક્રિયા શીરસ્તા મુજબ મહારાજા જામશ્રી રાવળજીવાળી મેડીમાં કરવામાં આવી, તથા જામશ્રી રાવળજીવાળા સિંહાસન તેમજ તેમના હથિઆરોનું પૂજન કરવામાં આવ્યું. ત્યારપછી ઉંબરાના સિંહાસન ઉપર સિંહનું ચર્મ બીછાવેલ, તે ઉપર સવારના સ્થાં૦ ટાઇમ ૧૦-૨ મીનીટ ખુદાવિંદ મહારાજા જામસાહેબ શ્રી ૭ દિગ્વિજયસિંહજી સાહેબ બહાદૂર બીરાજ્યા તે વખતે ધ્રાંગધ્રાના નામદાર મહારાજા રાજસાહેબ અને ધ્રોળના નામદાર ઠાકોર સાહેબ મહારાજા જામસાહેબની ડાબી બાજુએ ચાંદીની ખુરશી ઉપર બીરાજ્યા હતા, અને સીસોદીયા ગોકળભાઇ કરશન તથા તેમના પુત્ર દેવજી સિંહાસનની પાછળ ચમર તથા મોરછલ લઇ ઉભા હતા. સિંહાસન ઉપર ખુદાવિંદ મહારાજા જામસાહેબ બીરાજ્યા પછી તુરતજ સ્વસ્થાન કચ્છ તરફથી તરવાર તથા પોષાક ભેટ આપવામાં આવ્યા. તે વખતે પંદર તોપોના બહારની સલામી કરવામાં આવી. તથા નોબત ત્રાંસા નગારાં વગાડવામાં આવ્યાં. ત્યાર પછી નામદાર ધ્રાંગધ્રા રાજસાહેબે તથા ધ્રોળના નામદાર ઠાકોરસાહેબે મહારાજા જામસાહેબને ઘોળ કરી અને નામદાર મહારાજા જામસાહેબે સામી ઘોળ કરી, ત્યાર પછી ભાયાતો, અમલદારો તથા ગૃહસ્થોએ ઘોળ કરી. ત્યાર પછી મર્હૂમ મહારાજ દિલાવરસિંહજી સાહેબના કુંવરીશ્રી બાજીબાએ ખુદાવિંદ મહારાજા જામસાહેબને કંકુના ચાંદલો કરી, મોતી તથા સોના રૂપાના ફુલથી વધાવી ખુદાવિંદ મહારાજા

જામસાહેબ બહાદુરની આરતી ઉતારી. તે પછી સીસોદીઆ ગોકળભાઇ કરસને આરતી ઉતારી અને મોતી તથા સોના રૂપાના ફુલથી વધાવ્યા. ત્યાર પછી નામદાર મહારાજા જામસાહેબ દરબારગઢમાં કુળદેવીના દર્શન કરી ત્યાંથી નાના તથા મોટા આશાપુરા અને ભીડભંજન મહાદેવના દર્શન કરી બંગલે પધાર્યા. ત્યાર પછી ગામમાં મુખ્ય મંદીર શ્રી હવેલી, શ્રી કલ્યાણજી, શ્રી પરશોત્તમજી, શ્રી રણછોડજી; શ્રી ગુરૂદત્તાત્રેય તથા શ્રી બીજડામંદીરમાં દર્શને પધાર્યા હતા. સાંજના પાંચ બજ્યે દરબારગઢના ચંદ્રમહેલમાં જાહેર દરબાર ભરવામાં આવ્યો. તે વખતે સોનાના સિંહાસન ઉપર ખુદાવિંદ મહારાજા જામસાહેબ બહાદુર બીરાજ્યા અને પછવાડે સીસોદીયા ગોકળભાઇ કરસન તથા તેમના જ્યેષ્ટ પુત્ર દેવજી ચમર તથા મોરછલ લેઇ ઉભા હતા.

રાજ્યકુટુંબ, ભાયાતો, ગીરાસીયા તથા અમલદારો તાજમી સરદારો, તથા ગૃહસ્થોએ નજરનોચ્છાવર કરી તથા ઓડર ઑફ મેરીટના સુવર્ણના ચાંદ વાળાઓએ એક એક પાઉન્ડ નજર તથા ઘોળ કરી તેમજ બીજા પ્રજાવર્ગના માણસોએ પણ ઘોળ કરી. ત્યારબાદ નેકનામદાર ખુદાવિંદ મહારાજા જામસાહેબ બહાદુરે ઇંગ્રેજીમાં ભાષણ કર્યું હતું. જે ભાષણનો તરજુમો મેઃ રેવન્યુ સેક્રેટરી સાહેબે વાંચી સંભળાવ્યો હતો. જે નીચે મુજબ છે.—

ભાયાતો, આનુઓ અને ગૃહસ્થો,

આપણે સૌ સામાન્ય ગમગીનીથી બંધાયેલા અહીંઆ ભેગા થયા છીએ, કારણ કે મારા માનવંતા પિતાના દિલગીરી ભરેલા અને એકાએક સ્વર્ગવાસથી તેમની આપણામાંથી ગેરહાજરીનો શું અર્થ છે તેનો તેમના જવાથી આપણને જે શોક થાય છે તેનો સાક્ષાત્કાર થાય છે. જામનગર એકલામાંજ નહિ પરંતુ આખા કાઠીઆવાડ, આખા હિંદુસ્તાન તેમજ આખી શહેનશાહતમાં તેમના અવસાન માટે સૌ શોક કરે છે, આપણે જાણ્યું છે કે તેઓશ્રી મહાન પુરુષ હતા; અને આપણ સૌને જોવા માટે આપણા શહેરમાં અને સ્ટેટમાં, કે જેને માટે આપણ સૌ મગરુર છીએ. એવો કિર્તિસ્તંભ મૂકી ગયા છે. પણ તેઓ વિદાય થવાની ક્ષણ સુધી દૂરના પ્રદેશના મનુષ્યોના હૃદયોમાં તેમણે શું સ્થાન મેળવ્યું હતું તેનો આપણને સાક્ષાત્કાર કરી શકયા નહિ–રાજ્યકર્તા તરીકે રાજ્યતંત્ર ચલાવવામાં મહાન્ બુદ્ધિશાળી નરેન્દ્ર હતા કે જેમણે હાલનું નવાનગર બનાવ્યું છે. પણ તેઓ આથી પણ વિશેષ હતા–તેઓ તો આખી દુનીયામાં ઘણાં લાંબે સમયે મહાન્ અવતાર ધારણ કરતી વ્યકિતઓ, કે જેમનામાં લોઢાની તર્કશકિતનો સ્પર્શ કરવાને લાખો માણસો કે જેમણે તેમને કોઇ વખત જોયા ન હોય, તેમનામાં ઉત્સાહ ઉત્પન્ન કરવાની બક્ષિસ હોય છે, તેમાંના એક હતા. તેઓ આપણ સૌને અને દુનિયાને શું અર્થસુચક હતા તે શબ્દોમાં જણાવવાનું મારી શકિતઓ બહાર છે. આથી વિશેષ કહેવાની જરૂર નથી. કારણ કે તમારાં સૌના તેમજ મારા અંતઃકરણમાં આપણ સૌને ઉત્સાહની દ્રષ્ટાંતમૂર્તિ તરીકે તેઓ સદાને માટે રહેશે. અને તેમનું કાર્ય તેમને પસંદ

પડે તેવી રીતે મારી અલ્પ શક્તિથી જરી રાખવા હું જાણું છું કે તેઓ હાજર હોય તેમ તેમના ચૈતન્યથી હું દોરવાઇશ. મારા વ્હાલા પિતાની પસંદગીથી જે વારસો મને મળ્યો છે તે એવો છે કે તેમણે જાતે તેને મોટી જવાબદારીવાળો બનાવ્યો છે, આપણા મહુંમ રાજ્યકર્તા રાજ્યતંત્ર ચલાવવાની જે બુદ્ધિ ધરાવતા હતા તેમના પદ ઉપર આવવાનું કામ સામાન્ય બાબત નથી. મારી એકજ આશા એ છે કે તેમની શક્તિ અને ડહાપણ પ્રસંગને અનુસરીને મને પ્રાપ્ત થાય અને જેમ જેમ વરસો પસાર થતાં જાય તેમ તેમ મારા માનવંતા પિતાએ મારામાં જે ભરોસો મુકયો છે તથા તમોએ જે મારા પ્રત્યે છુટથી વફાદારી દર્શાવી છે તે હું સાબીત કરી આપું.

આપણી આસપાસ નજર કરતાં અને સ્ટેટની હાલની સ્થિતિ જોતાં, મારા વ્હાલા પિતા પોતાની પ્રજાની અને સ્ટેટની આબાદીની વૃદ્ધિ કરવા પાછળ જે નિઃસ્વાર્થથી અને થાક ખાધા વગર દરરોજ મહેનત અર્પણ કરતા તેના ફળનો કાંઇક ખ્યાલ કરી શકીએ છીએ. જ્યારે તેઓ સને ૧૯૦૭માં ગાદીએ આવ્યા ત્યારે સ્ટેટની કુલ ઉપજ ફકત રૂા. ૨૨ લાખની હતી, આજરોજ તે ઉપજનો આંકડો રૂા. ૬૫ લાખનો છે. પણ ઉપજ સ્વત; જો કે રાજ્યતંત્ર ચલાવનારને અગત્યની વાત છે તો પણ તે સ્ટેટની આબાદીનું માપ કરવાનું ફકત એક સાધન છે. મ્હારા માનવંતા પિતાની રાજ્યકારકિર્દી દરમિયાન આપણા લોકોની ભૌતિક અને નૈતિક પ્રગતિ ફતેહમંદ થઇ છે. કેળવણીએ ત્વરીત પગલાં ભર્યાં છે એક બીજે ઠેકાણે આવજાવ કરવા માટે સાધનો વધાર્યા છે. આખા સ્ટેટની જમીનની માપણી થઇ તેની વર્ગવારી થઇ છે, જમીન મહેસુલની રોકડમાં વસુલ કરવાની પદ્ધતિ દાખલ કરવામાં અગત્યની પ્રગતિ થઇ છે. કુવા, તળાવથી પાણી પાવા માટેની સગવડતાઓ કરી આપી છે. બંદરો ઘણાં સુધાર્યા છે રાજ્યનગરની શહેર સુધારાઇ અને જાહેર તંદુરસ્તી માટેનાં ખાતાં નહિં ઓળખી શકાય તેવી રીતે બદલાઇ ગયાં છે. હોસ્પીટલો, ડીસ્પેન્સરીઓ અને નિશાળોનાં મકાનો બંધાયાં છે. વિજળીની રોશની ઘણી ફેલાવો પામી છે.

આ સઘળી બાબતોમાં મ્હારા માનવંતા પિતાએ ખેડુતોની સ્થિતિ સુધારવાનાં વિષયને શ્રેષ્ઠપદ આપ્યું હતું. તેમના રેવન્યુ ખાતાના સુધારા એકલાજ ઘણું લક્ષ ખેંચવાને માટે બસ છે. કારણ કે તે સુધારાઓમાં રેવન્યુ રોકડમાં વસુલ કરવાની પદ્ધતિ ખેડુ સંરક્ષણનો ધારો, ખેડુતોને કુળજાના હકો આપવાનો, દુષ્કાળ નિવારણ ફંડ સ્થાપવાનો અને દુષ્કાળ ઇન્સ્યુરંસ ફંડનો, બંધ બાંધી જમીન સુધારવાનો, બંધ બાંધી પીત માટે પાણી પુરૂં પાડવાના સાધનો સુધારવાનો, કુવા કરવા માટે મોકળે હાથે સગવડતાઓ આપવાનો, સાસ્ત્રીયરીતનું ખેતીવાડીનું ખાતું અને મોડલ ફારમો અને પટેલીઆના વાર્ષિક સંમેલનો કે જેથી તેઓ રાજ્યકર્તાના સંસર્ગમાં સીધીશીતે આવી શકે તે બધાનો સમાસ થાય છે. મારા વ્હાલા પિતાશ્રીની ઇચ્છાનુસાર ખેડુત વર્ગની સ્થિતિ સુધારવાની જે રીત ગ્રહણ થએલી છે તે જરી રાખવા મારી અંતિમ મુરાદ છે અને આ સંબંધમાં આજે એક જાહેરાત મારે કરવાની છે. છેલ્લાં બે વર્ષમાં અનિયમિત વરસાદથી ખેતીથી ઉત્પન્ન થતી ચીજોની કિંમતમાં મોટો

ધટારો થવાથી અને હુંડીઆમણના ફેરફારથી ખેડુઓને જબ્બર ફટકો લાગ્યો છે તેથી તેમને તેમના બોજામાં યથાશક્તિ રાહત આપવામાં મેં ઠરાવેલ છે. હું તેટલા માટે મહેસુલ વસુલાતમાં દર એક રૂપીએ ચાર આનાની (બે આના ગયા વર્ષના આકારમાંથી અને બે આના ચાલુ વર્ષના આકારમાંથી) માફી આપવા ફરમાન કરું છું. આ રકમ આશરે સાત લાખ રૂપીઆ જેટલી થશે. રાજ્ય તરફથી આવા મોટા ભોગથી થોડે ઘણે અંશે ગરીબ વર્ગને રાહત મળશે એમ હું ચોકસ માનું છું.

હવે મહુમ વ્હાલા મહારાજા સાહેબે અન્ય જે જે વિષયોમાં અતિ ઉત્સાહ ધરાવ્યો હતો તેનો હું ટુંકાણમાં ખ્યાલ આપું છું આ વિષયો પૈકીનો એક મેડીકલ ખાતું છે. સને ૧૯૦૭માં આ રાજ્યમાં એકજ હોસ્પીટલ અને ફકત નવ દવાખાનાં હતાં, આજે ચાર હોસ્પીટલ અને ૩૦ દવાખાનાં છે. સને ૧૯૦૭માં રાજ્ય, તબીબી સગવડ અને સાધનો પાછળ ફકત અર્ધો લાખ રૂપીઆ વાપરતું હતું, આજે ચાર લાખ રૂપીઆ ઉપરાંત ખર્ચ કરે છે. મારા પૂજ્ય પિતાશ્રીએ જે મહાન અને લોકોપયોગી કાર્યો કર્યા છે. તેમાં તબીબી સગવડે મોટું સ્થાન મેળવ્યું છે. કેળવણીના વિષયમાં પણ તેઓશ્રીએ કરેલી પ્રગતિ પ્રશંસાપાત્ર છે. આખા રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક કેળવણી મફત આપવામાં આવે છે. સને ૧૯૦૭ અને ૧૯૩૩ દરમ્યાન શાળાની સંખ્યા ૫૨ થી ૨૬૪ સુધી વધી છે અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ ૬૦૦૦થી ૨૪૦૦૦ સુધી વધવા પામી છે. કેળવણી પાછળ ખર્ચ ૧૯૦૭માં ફકત પોણો લાખ હતું જે આજે ૩ લાખ છે.

છોકરાઓની કેળવણી સાથે સાથે બાળાઓની કેળવણીને પણ આગળ ધપાવવા પ્રયાસ થયા છે અને તેના તાજેતર પુરાવા તરીકે હમણાંજ બાળાઓનાં હાઈસ્કૂલ ધોરણો માટે પાંચ લાખ કરતાં વધુ ખર્ચે એક ભવ્ય અને સુંદર મકાન તૈયાર થયું છે. આ સાહસ સંબંધે મહુમ મહારાજા સાહેબ અત્યંત ગૌરવ રાખતા અને દેખીતીરીતે આ મકાનને જ્યારે પોતાના એક મિત્ર સાથે વાત કરતાં રાજ્યના એક રત્ન તરીકે ઉપમા આપી હતી જે દરેક રીતે વાસ્તવિક છે.

આપણા અસલી સનાતન ધર્મના મહુમ મહારાજા સાહેબ એક ચુસ્ત હિમાયતી અને સ્થંભરૂપ હતા આ ધર્મની જળવણી માટે ભારે ખર્ચે તેઓશ્રીએ રાજ્યના તમામ મંદિરોનો પુનરૂદ્ધાર કરાવ્યો છે અને હાલનાં જૈન દેરાસરો જોવા ચોકખા અને સુશોભિત બનાવ્યાં છે હિંદુ દહેરાંઓ જોવાં હોવાં જોઇએ તેવાં નમુનેદાર આજે બન્યાં છે અને હિંદુસ્તાનના અનેક ભાગમાંથી દ્વારકા જતા જાત્રાળુઓને તેઓ મોહ પમાડે છે.

આપણા શરીરમાં કરોડ અને રકત માફક, સ્વસ્થાન નવાનગરમાં ખેતી અને વેપાર સ્થાન ભોગવે છે. ૧૯૧૭માં કાઠીયાવાડના બીજા બંદરી રાજ્યો સાથે જ્યારે આપણા બંદરોએ બ્રિટીશ હિંદના બંદરો જેટલા હકકો મેળવ્યા ત્યારથી આપણે ખુશકી (દરિઆઇ માર્ગે ચાલતો) વેપાર ધીમે ધીમે વધવા પામ્યો છે. મહુમ મહારાજા સાહેબની રાજ્યકારોબારની ઝીણવટ ચંચળતાના છક કરી નાખે એવા દાખલાઓ પૈકીનો એક આમેહુબ દાખલો

બેડીબંદર છે. આ બંદર તેઓશ્રીના અથાગ શ્રમ અને ગંજાવર ખર્ચે એક નમુનેદાર સોહ્યું અને સલામત બંદર બન્યું છે, અને ૧૯૦૭માં માલની આયાત ૨૬,૦૫૧ ટનની અને તેની કિંમત ફકત ૩૭૫ લાખ રૂપીઆ હતી. જે વધીને ૧૯૩૧માં અનુક્રમે ૧,૫૨,૩૬૩ ટનની અને ૨ કરોડ, ૪૧ લાખ રૂપીઆ થઇ હતી. વેપારની આવી વૃદ્ધિના કટોકટ ટાંકણે વિરમગામની પુનર લાઇન દોરીથી આપણી વધતી જતી આબાદી એકાએક અટકી પડી છે જે સ્થિતિ આશા છે કે લાંબો સમય રહેવા પામશે નહિં. વળી વિશેષમાં અત્યારે દુનિયાભરની સામાન્ય વેપાર મંદીએ પણ આપણા સ્થાનિક વેપાર ઉપર કંઇ થોડી અસર કરી નથી. મારા પિતાશ્રી માફક હું મારી વેપારી પ્રજા માટે મગરૂર છું. આ સાહસિક પ્રજાજનોને હું કહેવા માગું છું કે તમારે હિમત હારવી નહિં. આ આર્થિક તોફાન આપોઆપ વહ્યું જશે, આપણા બંદરના તકરારી સવાલ સંબંધમાં મહુમ મહારાજા સોહેબે જે અથાગ શ્રમ વેઠયો છે તેનું પરિણામ અનુકુળ આવવા શરૂઆત થવા માંડી છે અને જો કે વેપાર ફરી સુધારવાની આશાઓ ચળકતી ન દેખાતી હોય તો પણ તે સ્થિતિ પ્રભાત થતાં પહેલાંના અંધારા સરખી છે જે - હું તમારા લક્ષમાં મુકું છું. હું તો વેપાર ઉત્તેજનાર્થે જે સગવડો તથા મારા પૂજ્ય પિતાશ્રીએ તમને આપી હતી તે તમામ હું ખુશીથી આપીશ અને હું આશા રાખું છું કે તમે જ્યારે મુશ્કેલીમાં હો ત્યારે તમે જેમ તેઓશ્રી પાસે જતાં તેમ મારી પાસે આવશો.

બંધ કરતાં પહેલાં જે બે વાતો રહી જાય છે તે મારે આહિં કહેવી જોઇએ. પ્રથમ તમામ રાજા મહારાજા સાહેબો, આ દેશના તેમજ પરદેશના તમામ ગૃહસ્થો કે જેમણે જાતે અગર તાર તથા પત્ર વ્યવહારથી મારા અને રાજ્યકુટુંબ પ્રત્યે જે અપૂર્વ સહાનુભૂતિ અને દિલસોજી દર્શાવ્યાં છે, તેમનો મારે આભાર માનવો જોઇએ નામદાર વાયસરોય નામદાર શહેનશાહ, નામદાર પ્રીન્સ ઓફ વેલ્સ, નામદાર વાયસરોય સાહેબ અને મી. લેટીમર સાહેબનો હું ખરા દીલોજાનથી આભાર માનું છું અને ખાસ કરીને નામદાર વાઇસરોય સાહેબ અને નામદાર એજન્ટ ટુધી ગવર્નર જનરલ મી. લેટીમેરનો તેમણે મને રાજ્યગાદી ઉપર સ્થાપિત કરવા જે તત્પરતા દાખવી છે તે બદલ ખાસ આભાર માનું છું. આ તત્પરતાએ મારા રાજ્ય અમલના શરૂઆતના અને મુશ્કેલ દિવસોમાં ખરેખર સરળતા દેખીતીરીતે સ્થાપિત કરેલી છે.

છેવટમાં હું તમને કહું છું કે મારા વહાલા પિતાશ્રીની માફકજ દરેક રીતે તમારા ઉપર રાજ્ય કરવાની મારી અભીલાષા છે આપ સર્વની કે જેમને માટે તેઓશ્રી મગરૂર હતા તે કર્તવ્ય બુદ્ધિ રાજ્યભક્તિ અને વફાદારી પ્રત્યે મને સંપૂર્ણ ભરોસો છે. આંહિ નવાનગરમાં આપણે રાજા અને પ્રજા એક કુટુંબરૂપે છીએ આપણા અરસપરસના સામાન્ય હિતો જાળવવા એ મારૂં જીવનકાર્ય થશે, અને જેવી રીતે આપણે નવાનગરમાં સંપૂર્ણ પ્રેમ અને સદ્‌ભાવની ગાંઠથી બંધાયા છીએ તેવી રીતે નવાનગરનું રાજ્ય બ્રિટીશ સામ્રારાજ્ય સાથે બ્રિટીશ તાજ પ્રત્યેની ઉંડી અને સચોટ વફાદારીથી બંધાએલું છે. આ વફાદારી સંબંધે મારા મહુમ પિતાશ્રી મને એક ચળકતા અને મહાન આદર્શરૂપે રહેશે. પોતે દેવ થયા તે અગાઉ થોડા દિવસ પહેલાંજ બ્રિટીશ પારલામેન્ટમાં તેઓશ્રીને એક મહાન અજોડ બ્રિટીશ શહેરી તરીકે

ઓળખવામાં આવ્યા હતા. તેઓશ્રી જે રસ્તો મારે માટે નિયત કરી ગયા છે તેજ રસ્તે આ તેમજ બીજી દરેક બાબતમાં ઇશ્વર કૃપાથી ચાલવા હું આશા રાખું છું.

મહામહોપાધ્યાય શ્રી હાથીભાઇશાસ્ત્રીનું આશિર્વાદરૂપે આપેલ વ્યાખ્યાન.

પ્રજાને પોતાના ધણીનો રાજ્ય લાભનો અવસર પરમ ઉત્સવરૂપ ગણાય. તેમાં પણ રાજાને પરમાત્માની વિભૂતિ માનનાર આ ભારત વર્ષને તો વિશેષ મનાય. રાજભક્તિ આ દેશનોજ શબ્દ છે બીજા દેશોમાં loyalty શબ્દ ભલે બોલાય પણ જ્યાં રાજાને સામાન્ય મનુષ્ય બુદ્ધિથી જોવાતા હોય ત્યાં એ માત્ર લિપલોયલ્ટી સમજાય. બરી રાજભક્તિ આ દેશનીજ વસ્તુ છે કે જ્યાં રાજા તથા પ્રજાનો પરસ્પર દૈવી સંબંધ મનાય છે

ભીષ્મપિતામહને યુધિષ્ઠિરે પૂછ્યું કે–'હે પિતામહ! આ સર્વજન રાજાને સર્વદેવમય કહે છે તે કેવી રીતે? ભીષ્મે કહ્યું કે એ સર્વજન કહે તે સત્ય છે પણ તારે તારા હૃદયમાં હું દેવ છું' એવી ભાવના ન કરવી. જો યથાર્થ દેવ ભાવ ઇચ્છતો હો તો તારે 'પ્રજાનો સેવક છું' એવી ભાવના રાખીનેજ વર્તવું કારણ કે આ કાંઇ ત્રણ ટંક વાસીદાં વળાતી પૃથ્વી ઉપર રાજ્ય નથી કરવાનું આતો લાખો પ્રજાની હૃદય ભૂમિપર રાજ કરવાનું છે.

રાજત્વનું રહસ્ય સેવા ભાવ છે એ ધ્યાનમાં રાખવાનું છે સેવાભાવ ધારણ કરનાર રાજા પ્રજામાં પૂજાય છે આપણા મહારાજા જામસાહેબે પોતાના ભાષણમાં હમણાંજ કહ્યું કે 'રાજા અને પ્રજા મળી એક કુટુંબ તુલ્ય છીએ' આવા ઉંચાં સંકલ્પ ધારણ કરનાર રાજાને પરમાત્મા પ્રજાજનનાં કલ્યાણ કરવાને અનેક શુભ અવસરો આપે અને પ્રજાના શુદ્ધ અંતઃકરણની આશીષો પામી મહારાજાશ્રી દીર્ઘ આયુષ આરોગ્ય સહિત ભોગવે અને દીર્ઘકાળ પર્યંત એમનું રાજ તપે એમ આપણે ઇચ્છીશું.

ઇ. કર્તાએ રચેલું એ શુભ પ્રસંગનું આશિષ સુબોધિત કાવ્ય.

—: કવિત :—

તખ્તપે બિરાજે મહારાજા દિગ્વિજયસિંહ ।
ધન્ય ધન્ય ધન્ય ઘડી ભાગ્ય વસ્તિકો હૈ ॥
ભને આવદાન ખાનપાન ઔર દાન દીએ ।
દાનકો હીલોળા સોઉ, છાળ જ્યોં દધિકો હૈ ॥
ઉનિસ નેવાસી સાલ, ચૈત્ર કૃષ્ન ચૌથ ભૃગુ ।
તપહૂ અખંડ તાજ, કથન કવિકો હૈ ॥
ટીકકો કિય આજ જામ, સિક્કકો હે ઠામ ઠામ ।
નિકકો હૈ દીન આજ, રાજયશોહુનિકો હૈ ॥૧॥

॥ દોહા ॥

શ્રી શ્રીકૃષ્ણ કૃપા કરે, કાયમ નંદ કુમાર ।
તખત જામરાવળ તપો, દિગ્વિજય દાતાર ॥ ૧ ॥
આશાપુરી અવિચળ રખે, ભરપુર દ્રવ્ય ભંડાર ।
તખત જામરાવળ તપો, દિગ્વિજય દાતાર ॥ ૨ ॥
અચળ ધ્રુવ આદીત્યરૂ. અચળ ગંગજળ ધાર ।
ત્યોં રહો અચળ રણજીત સુત. દિગ્વિજય દાતાર ॥ ૩ ॥
ચતુરવેદ, આશ્રમચતુર, ચતુરવર્ણ, જુગચાર ।
ત્યોં બાંધવ ચતુરબલિષ્ટ હો, દિગ્વિજય દાતાર ॥ ૪ ॥
કિંમત દિલિપ ક્રિકેટમેં, હિંમત હૈ હુશિયાર ।
પૂર્ણ પ્રતાપ પ્રતાપકો, દિગ્વિજય દાતાર ॥ ૫ ॥
અભયા નખતર અવતર્યો, કહું રણજીત કુમાર ।
દિગ્વિજય દશ દીશમાં, દિગ્વિજય દાતાર ॥ ૬ ॥
પ્રજા પ્રેમથી પાળજો. પૂર્ણ ધરીને પ્યાર ।
ન્યાય, ધર્મ, નીતિ, ગ્રહી, દિગ્વિજય દાતાર ॥ ૭ ॥
રહો અચળ રણજીત સુત, એહી અંતર ઉદ્‌ગાર ।
માવદાનપર મહેર કર, દિગ્વિજય દાતાર ॥ ૮ ॥

જામનગર ચેમ્બર ઑફ કૉમર્સની

માંગલિક ઉદ્‌ઘાટન ક્રિયા

તા. ૧૩ જુલાઇ સને ૧૯૩૩ના રોજ જામનગરના વેપારી મંડળે "જામનગર ચેમ્બર ઑફ કોમર્સ"ને ખુદાવિંદ નામદાર મહારાજા જામસાહેબના મુબારક હસ્તે ખુલ્લું મુકવા રાજેન્દ્ર સરકલમાં એક વિશાળ સભામંડપ કર્યો હતો, ત્યાં ખુદાવિંદ મહારાજા જામસાહેબ પધારતાં જામનગરના સભ્યો તરફથી સ્વાગત સંબોધનના બે બોલ વેપાર ઉદ્યોગને લગતા બોલી સ્વાગત કર્યા બાદ ચેમ્બર ઑફ કોમર્સના સભ્યોએ નીચેનું માનપત્ર મહારાજાસાહેબને અર્પણ કર્યું હતું.

માનપત્ર.

નેકનામદાર ખુદાવિંદ મહારાજા ધિરાજ જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી સાહેબ બહાદુર

નવાનગર સ્ટેટ.

કૃપાળુ રાજન્,

અમો ધી જામનગર ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો આપ નામદારશ્રીને માનપત્ર અર્પવાની અમોને આજરોજ સાંપડેલી આ અલભ્ય તક માટે પરમકૃપાળુ પરમાત્માના ઋણી છીએ તથા અમારાં અહોભાગ્ય સમજીએ છીએ.

આપ નામદારશ્રી ગાદીનસીન થવા માટે અમો સર્વ પ્રથમ તો આપ નામદારશ્રીને અમારાં હાર્દિક અને સંપૂર્ણ વફાદારી ભર્યા અભિનંદન અર્પિએ છીએ. સદ્‌ગત મહારાજા ધિરાજશ્રી રણજીતસિંહજી બાપુના અકાલ અવસાનથી જ્યારે જામનગરના સમસ્ત વાતાવરણમાં ગ્લાની અને શોક છવાઇ રહ્યાં હતાં ત્યારે સદ્‌ગત મહારાજાના અંતરની લાગણીને માન આપી રાજ્યની લગામ આપ નામદારશ્રીના હાથમાં સોંપવાની જાહેરાતથી જન સમૂહમાં સંપૂર્ણ સંતોષ તથા આનંદ ફેલાયો હતો.

સ્વર્ગવાસી મહારાજાશ્રીએ આપ નામદારને પોતાના વારસ તરીકે સ્વીકારવામાં જામનગરની સમસ્ત પ્રજા ઉપર એક આશિર્વાદ વર્ષાવ્યો છે. કારણકે એ પુણ્ય શ્લોક કૈલાસવાસી મહારાજાશ્રી પોતાની પ્રજાની સર્વ દેશિય ઉન્નતિ માટે અખૂટ ઉત્સાહ દાખવતા હતા અને તેઓશ્રીના એ ઉત્સાહ તથા પ્રજાવાત્સલ્યની સતત્ ધારા આપ નામદારશ્રીએ પણ ગાદીનશીન થયા પછી અનેક વખત વહાવીને પ્રજાકલ્યાણની સર્વ દિશામાં આપની સહાનુભૂતિ તથા ખંત દાખવ્યાં છે.

આપ નામદારશ્રીએ રાજ્ય સુકાન ધારણ કર્યા પછીના આ ટુંક સમયમાં અનેક સુધારાઓ દાખલ કરી પ્રજાજનોને તેમનાં ઉજ્જવલ ભાવિની આગાહી આપી છે. આપ નામદારશ્રી વ્યાપાર ઉદ્યોગના ક્ષેત્રમાં અતુલ ઉત્સાહ ધરાવો છો અને તેની ઉન્નતિ માટે આપ નામદારશ્રીએ પ્રયાસો આદર્યા છે.

આ પ્રસંગે સ્વર્ગવાસી મહારાજાશ્રીની ઉદાર રાજ્યનીતિનું સ્મરણ કરી તેમના ચરણે અમારી હાર્દિક નિવાપાંજલી અર્પણ કરવાનું પ્રલોભન અમો છોડી શકતા નથી, તેઓ નામદારશ્રીના છત્ર તળે આ રાજ્યને વિશ્વખ્યાતિ અને સત્તા પ્રાપ્ત થયાં છે. સાર્વજનિક કેળવણી મફત કરીને તેઓશ્રીએ કળા અને સાહીત્યને પોષ્યાં હતાં, તેઓશ્રીએ શહેરના સિલ્પ તથા સૌંદર્યમાં અનુપમ વૃદ્ધિ કરી છે અને રાજ્ય શાસનમાં સુધારા કરી પ્રજાની આર્થિક ઉન્નતિ સાધી છે. તેઓ નામદારશ્રીનું રાજ્યતંત્ર અતિ ઉદાર અને વિશાળ દૃષ્ટિબિંદુઓપર રચાયું હતું. ધન્ય એ પુણ્યશ્લોક મહારાજાની ઉંડી ધર્મભાવના, ઉચ્ચ ચારિત્ર્ય, અજોડ

ઉદારતા અને એમની હાર્દિક તથા પ્રત્યક્ષ સહાનુભૂતિ સારાએ વિશ્વમાં ખ્યાતિ પામેલાં હતાં તેઓશ્રીની સંપૂર્ણ વફાદારી અને પોતાના વંશજોની અડગરાજ્યનીતિના પાલનના પરિણામે સાર્વભૌમ સત્તા પાસે પણ તેમનું સ્થાન અનેરૂં હતું. ટુંકામાં તેઓ નામદાર હિંદના એક અમણી અને બુદ્ધિશાળી રાજવી હતા તથા સર્વ રાજવીઓના સ્તંભ તથા માર્ગ-દર્શક હતા.

તેજ પ્રમાણે આપ નામદારશ્રી પણ આપના ટુંક રાજ્ય અમલ દરમિયાન ફક્ત જામનગરની પ્રજાનેજ નહિ પણ સમસ્ત કાઠિયાવાડ અને બહારદેશાવરોમાં પ્રિય થઇ પડયા છો. રાજ્યના પ્રખર ટીકાકારો પણ આપ નામદારશ્રીનાં ઔદાર્ય તથા પ્રજાવાત્સલ્યનાં મુક્ત કંઠે વખાણ કરે છે. આપ નામદારશ્રીની શકિત અને અનુભવનું સંપૂર્ણ દિગ્દર્શન કરાવતો વાલાશાન એજન્ટ ટુ ધી ગવર્નર જનરલના ભાષણનો ફકરો આ પ્રસંગે ટાંકવો અમોને સર્વથા યોગ્ય જણાય છે.

આપ નામદારે જે ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી છે તેવી કેળવણી હિંદના અનેક રાજવીઓએ પણ મેળવી છે. પરંતુ લશ્કરમાં નામદાર શહેનશાહનું કમીશન પ્રાપ્ત કરી જે તાલીમ અને ડીસીપ્લીન મેળવી શકાય છે તે લાભ અન્ય કોઇપણ રાજવી મેળવી શક્યા હશે. નામદાર શહેનશાહનું કમીશન મેળવવા ઉપરાંત એથી પણ વધારે મહત્વની લાયકાત આપે મેળવી છે. આપે અતિ કઠિનમાં કઠિન લશ્કરી નિયમોનાં પાલન કર્યાં છે એટલુંજ નહિ પણ જેટલા લશ્કરી અમલદારો નીચે આપે સેવા બજાવી છે તે સર્વની પ્રીતિ તથા ઉચ્ચ અભિપ્રાયો આપે સંપાદન કર્યાં છે. આપના ઉચ્ચ જન્મ કે દોલતની લાગવગ કરતાં આપની કાર્યદક્ષતાથીજ આપે આપની ઉન્નતિનો માર્ગ સરળ બનાવ્યો છે, તેથી અમો ખાત્રીથી માનીએ છીએ કે સદ્ગત બાપુશ્રીના સ્પોર્ટશમેનશીપ, ન્યાયપ્રિયતા અને બીજાઓ પ્રત્યેની સહિષ્ણુતા જેવા ઉત્તમોત્તમ સદ્ગુણો આપ નામદારશ્રીની કારકિર્દીમાં અગ્રસ્થાન ભોગવશે તથા આપનાં કાર્યો અને રાજ્યનીતિ હંમેશાં ફરજ પ્રત્યેની અડગ ધર્મભાવનાથી અંકિત રહેશે."

વ્યાપારી જનતામાં જામનગરના વ્યાપાર ઉદ્યોગની પ્રગતિ તથા ઉન્નતિ સાધી તેને ઉચ્ચ કોટીપર મુકવાનાં પ્રોત્સાહ મુક્ત આંદોલનો પ્રસરાવનાર આપ સમાન રાજવીના હસ્તે અમારી આ સંસ્થા આજે ખુલ્લી મુકાતાં આજનો આ શુભ દિવસ અમારી ચેમ્બરના ઇતિહાસમાં એક પુનીત દિન લેખાશે.

છેવટમાં પરમ કૃપાળુ પરમાત્મા આપ નામદારશ્રી ઉપર પોતાના શુભાશિર્વાદોની વૃષ્ટિ કરી દીર્ઘ કાળ સુધી આપ નામદારશ્રીને તંદુરસ્તી, સુખ અને કીર્તિ બક્ષી અમારા વ્યાપારની અભિવૃદ્ધિ અર્થે આપ નામદારશ્રીને દીર્ઘાયુષ્ય અર્પે એવી એ વિશ્વંભર પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે.

અમો છીએ,

આપ નામદારના વફાદાર પ્રજાજનો

ચેમ્બર ઓફ કોમર્સના સભાસદો.

તે પછી ખુ. મહારાજા જામસાહેબે માનપત્રનો નીચેનો જવાબ આપ્યો હતો.

મી. પ્રેસીડેન્ટ અને ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો, આપે આજે અમોને આપેલ સ્વાગત્ માટે અમે આપનો આભાર માનીએ છીએ, અને આજના શુભ કાર્યોમાં ભાગ લેતાં અમોને ખુશાલી ઉપજે છે.

સ્વર્ગવાસી મહારાજશ્રી માટે આપના ઉદ્‌ગારો સાથે અમો સર્વથા સંમત થઇએ છીએ. તેઓ નામદારે પોતાનાં સર્વ સાધનો તથા શક્તિનો વ્યય બેડીબંદરને એક મોટું ઉપયોગી અને ધીકતું બંદર બનાવવા પાછળ કર્યો હતો. બેડી બંદર ઉપરની સગવડતાનો લાભ ઉઠાવી, આયાત નિકાસ વ્યાપારની ઉન્નતિ કરવામાં જામનગરના વ્યાપારીઓએ આપેલ ફાળા માટે તેઓ નામદારશ્રી ઘણુંજ મગરૂબ હતા. તમો આજે જે સંસ્થાની શરૂઆત કરો છો, તે અતિ અગત્યની છે. અને આ સંસ્થા તથા તેના દરેક સભ્યની આબાદી ઇચ્છી, અમો આજે સહર્ષ આ સંસ્થા ખુલ્લી મુકાએલી જાહેર કરીએ છીએ.

નામદારશ્રીને મુંબઈ શહેરમાં મળેલું માનપત્ર.

નામદારશ્રી ગાદિનશીન થયા પછી પહેલીજ વખત મુંબઇ પધાર્યા ત્યારે મુંબઇમાં વસતી જામનગર રાજ્યની પ્રજા તરફથી તેઓ નામદારને માનપત્ર આપવાનો એક દબદબા ભરેલો મેળાવડો તા. ૧૫ ઓગષ્ટ ૧૯૩૩ મંગળવાર સાં. ૫-૪૫ મીનીટે ચોપાટી નજીક સેન્ડહર્સ્ટ બ્રીજ ઉપર આવેલી બોમ્બે સાયકલ એન્ડ મોટર એજન્સીની બીલ્ડીંગના વિશાળ હોલમાં કરવામાં આવ્યો હતો. એ મેળાવડાના સ્વાગત કમીટીના પ્રમુખ તરીકે શેઠ મથુરાદાસ વિસનજી ખીમજી અને સેક્રેટરીઓ તરીકે શેઠ હરજીવન વાલજી અને મથુરાદાસ હરિભાઇ હતા, જેમણે મેળાવડાના હોલને ફુલપાન અને વીજળીક રોશનીથી અચ્છી રીતે શણગારાવ્યો હતો. એ વખતે નીચે લખ્યા જાણીતા ગૃહસ્થોએ હાજરી આપી હતી. શેઠ મથુરાદાસ વિસનજી ખીમજી, શેઠ લાલજી નારાણજી, મુંબઇના મેયર ડૉ. એમ. સી. જાવલે, શેઠ કરશનદાસ મુળજી જેઠા, શેઠ ચતુરભુંજ ગોરધનદાસ, શેઠ માધવજી દામોદર ઠાકરશી, શેઠ મથુરાદાસ હરિભાઇ, શેઠ લખમીદાસ રવજી તેરશી, શેઠ હરજીવન વાલજી, શેઠ વિઠ્ઠલદાસ દામોદર ગોવિંદજી, મેસર્સ ગોરધનદાસ ગોકુળદાસ મોરારજી, દેવીદાસ શામજી, રામદાસ રાઘવજી; પદમશી દામોદર ગોવિંદજી, કેકોબાદ કાવસજી, દીનશા ઓડનવાલા, રહીમતુલ્લા એમ. ચીનાઇ, મહમદઅલી અમીજી મોદી કન્ટ્રાક્ટર, વિશ્વનાથ પી વૈદ્ય, બેરીસ્ટર, જમનાદાસ એમ મહેતા, જેઠાભાઇ કલ્યાણજી, ભગવાનલાલ ત્રીભોવન વૈદ્ય, હરિલાલ ગોવિંદજી, વિઠ્ઠલદાસ કાનજી, મોરારજી આણંદજી તન્ના, લક્ષ્મીનારાયણ વિશ્વનાથ વૈદ્ય, સુલતાન ચિનાઇ, હુસેનભાઇ એ. લાલજી સરદાર, મર સુલેમાનજી હાજી કાસમ મીઠા, ચુનીલાલ ભાઇચંદ મહેતા, કે. એચ. ગોરેગાંવકર.

નામદાર મહારાજા જામસાહેબ બરાબર છ વાગ્યે આવી પુગતાં સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ મથુરાદાસ વિસનજીએ સ્વાગત કમિટી તરફથી નામદારને આવકાર આપ્યો હતો. ત્યારબાદ તેઓએ નીચેનું માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.

માનપત્ર.

નેકનામદાર ખુદાવિંદ મહારાજા જામશ્રી દિગ્વિજયસિંહજી બહાદુર માનનિય મહારાજા સાહેબ.

જામનગરના જામના ઇતિહાસ પ્રસિદ્ધ સિંહાસને આપ મહારાજા આરૂઢ થયા તે બદલ આપ મુંબઇ પધાર્યા છો. તે પ્રસંગનો લાભ લઇ અમે મુંબઇમાં રહેતા, આપના, નગરી અને વફાદાર પ્રજાજનો અમારા વફાદાર અને વિનયી અભિનંદનો અર્પીએ છીએ. અને આપ મહારાજા પ્રત્યેની અમારી વફાદારીની લાગણીની આપને ખાત્રી આપીએ છીએ. રાજ્ય મુકુટ કંટકોથી ભરેલો હોય છે. એમ હુંમેશાં કહેવાયું છે અને આધુનિક સમયમાં જ્યારે રાજ્ય કર્તાના હુકો ફરતાં, તેમની ફરજો અને જોખમદારી ઘણાં વધુ પ્રમાણમાં હોય છે, ત્યારે ખાસ કરીને આ કથન સત્ય ઠરે છે. પરંતુ જે ફરજો આપ નામદારને મહારાજા જામસાહેબ તરીકે માથે ઉઠાવવી પડશે. તે ફરજો સંપૂર્ણ ફતેહમંદીથી અદા કરવાને માટે આપને મળેલ તાલિમ અને કેળવણી તેમજ આપે ગાળેલ લશ્કરી જીવન આપને આપના કર્તવ્યોમાં વિજય અપાવશે. એવા અમારા વિશ્વાસને લઇને અમને હર્ષ થાય છે. ચિરસ્મરણીય મહુમ મહારાજા જામસાહેબ પ્રજાના જીવનમાં વેપાર અને ઉદ્યોગને બહુ ઉચ્ચ સ્થાન છે, એ સત્ય સ્વિકારતા હતા. આપના રાજ્યારોહણ પછીના અલ્પ સમયમાંજ આપે તે સત્ય સ્વીકારી લીધું છે. રાજ્યના વેપાર અને ઉદ્યોગના વિકાસમાં આપ રસ લઇ રહ્યા છો. અને આ હેતુની સાધનામાં, જે વિઘ્નરૂપ હતા તે ધજારાઓ આપે કાઢી નાખી, આપે વહેવારીક રીતે એ દિશામાં આપની ઉંચ મનોભાવના બતાવી આપી છે, આપ નામદારના અમલમાં જામનગરના વેપાર ઉદ્યોગને અપૂર્વ પ્રોત્સાહન મળશે. અને જામનગર દેશનું લીવરપુલ બનશે, એવું અમે ઇચ્છીએ છીએઅને વિશ્વાસ પુર્વક માનીએ છીએ. અમે આપ નામદારને પ્રાર્થીએ છીએ કે આપના રાજ્યમાં એવા સુધારા દાખલ કરો કે જેથી રાજકર્ત્તા અને પ્રજા અકકેકના નિકટ સંબંધમાં આવે. રાજ્યને પ્રજાજનોની રાજ્યભક્તિ સતત મળ્યા કરે અને પ્રજાજનોને સુવ્યવસ્થિત રાજ્યતંત્ર પ્રાપ્ત થાય. અંતમાં આપ નામદાર મહારાજાનો અમલ દીર્ઘ અને સુખદ નીવડે એવું અમો ઇચ્છીએ છીએ.

નામદાર મહારાજા જામસાહેબનો જવાબ.



નામદાર જામસાહેબે તે પછી તાળીઓના અવાજે વચે માનપત્રનો જવાબ આપતાં જણાવ્યું કે તમોએ આજે મને અત્રેવસતી મારી પ્રજાને મળવાની જે તક આપી છે અને મારે માટે જે માયાકુળ લાગણી બતાવી છે તે માટે તમારો ખરાદીલથી આભાર માનુ છું. હું જાણું છું કે તમો બધા વેપાર ધંધા માટે અહીં આવી વસેલા છો અને તેથી વીખુટાં પડેલા બાળકોને મળતાં તેના માબાપોને જેટલો આનંદ થાય તેટલોજ આનંદ આજે તમોને મળતાં મને થાય છે. તમોએ મારી અત્રેની મુલાકાત રાજદરબારી કામકાજને લગતી જણાવી છે. પણ મારી પ્રજાને મળવું તેને પણ હું વધારે અગત્યનું રાજદરબારી કામકાજ ગણું છું. સને ૧૯૦૯ થી ૧૯૩૧ની સાલ સુધી હું પણ જુદા જુદા દેશોમાં ફરતો એક પ્રવાસી હતો. મેં ઘણાં દેશોમાં પ્રવાસ કર્યો છે, લંડન અને પેરીસ જેવાં મોટાં શહેરો જોયાં છે. મારી ભુમી અને મારૂં પોતાનું રાજ્ય મને જેટલું આકર્ષણ કરે છે તેટલું આકર્ષણ બીજા કોઇ દેશ કે શહેરે કર્યું નથી. બધા સ્થળોએ મને જોઇતી બધી સુખ સગવડો મળતી હતી છતાં પણ હું મારી ભુમી માટે તલસતો હતો, મારૂં નવાનગર શહેર મુંબઇની જેટલું વિશાળ અને વેપાર ધંધા માટે આકર્ષણ કરનારૂં નથી, છતાં પણ તમોને બીજે ઠેકાણે વેપાર ધંધા માટે જે સગવડો મળતી હોય તેવી સગવડો આપવાને હું કોશીષ કરીશ. અને તમો જો જામનગરમાં તમારો વેપાર ધંધો કરવા માટે આવો તો હું ઘણો ખુશી થઇશ. મારી પ્રજા તરીકે તમો બધા સાથે મળીને મને જેટલી વખત તમોને મળવા માટે બોલાવશો તેટલી વખત તમોને મળીને હું ખુશી થઇશ. મારી પ્રજાને હું મારા બાળકો તરીકે ગણું છું. હું હંમેશ મારી પ્રજા અને તેના ભલા માટે વિચાર કરૂં છું અને જે પળ તેવા વિચાર વગરની પસાર થાય તેને નકામી ગયેલી ગણું છું. તમોને જે કાંઇ મુશ્કેલીઓ હોય તે મારી પાસે આવીને મને જણાવો, અને જો તે મુશ્કેલીઓ દૂર કરી શકાય તેવી હશે તો જરૂર તે દુર કરીશ. હું તમારા માંનોજ એક છું. એમ તમો સમજજો, કેમ કે ધર્મનો ભેદ મારી પાસે નથી. જામનગરને મહુંમ બાપુશ્રીએ આખી દુનિયામાં જાણીતું કર્યું છે. બાપુએ બી વાવ્યાં છે તેના ફળો હું ભોગવું છું. બેડીબંદરની તેઓએ ખીલવણી કરી, આખી દુનિયામાં જામનગરની કીર્તિને જાળવી રાખવા માટે હું તમારી મદદ માગું છું, જામનગરના દરબાર તેમજ જામનગરની પ્રજા એમ બધાં આપણે એક સંયુકત કુંટુંબ છીએ અને તેવીજ રીતે આપણે રહેવુંજ જોઇએ. છવટે તમોએ આજે મને તમોને મળવાની જે તક આપી છે તે માટે તમારો ફરીથી આભાર માનું છું.” તાળીઓ !!!

તે પછી શેઠ મથુરાંદાસ વસનજીએ નામદાર જામસાહેબને તાળીઓના અવાજ વચ્ચે હારતોરા અર્પણ કરી ઉપર પ્રમાણેના માનપત્રને ચાંદીની એક સુંદર નકસીદાર કાસ્કેટમાં મેલી, જામસાહેબને અર્પણ કર્યું હતું;

ઈરવીન હોસ્પીટલમાં નર્શીંગ હોમનું ખાત મુહુર્ત

સદ્‌ગત મહારાજા જામશ્રી સર રણજીતસિંહજી સાહેબે છ લાખ રૂપીઆના બાદશાહી ખર્ચે આજના વૈજ્ઞાનિક સર્વ સાધન સંપન્ન જામનગરમાં ઇરવીન હોસ્પીટલ તૈયાર કરાવી છે. તેમાં રહેતાં દર્દીઓની સારવાર કરવા તેના સગાં વ્હાલાઓને રહેવાની સગવડ માટે શહેરીઓની ઉદારતાને અંગે તૈયાર થયેલાં કોટેજીસ ખુલ્લાં મુકવાનાં હતાં અને હોસ્પીટલમાં નર્સોને તાલીમ આપવાનો એક વર્ગ ખોલવાનો હતો તે નર્સોને રહેવા માટે નર્સિંગહોમના પાયાનું મંગળ મુહૂર્ત પણ સાથેજ હતું (નવેંબર ૧૯૩૩) એ શુભ મુહૂર્ત પ્રસંગે હોસ્પીટલના વિશાળ ચોગાનમાં સભામંડપ શણગારવામાં આવ્યો હતો. નિયત થયેલા વખતે નેક નામદાર ખુદાવિંદ મહારાજા જામસાહેબ બહાદુર પોરબંદરના નામદાર રાણા સાહેબ અને રાજકુમારશ્રી પ્રતાપસિંહજીસાહેબ સાથે પધારતાં સભાજનોએ ઉભા થઇ માન આપ્યું હતું. તે પછી ચીફ મેડીકલ ઓફીસર મી. પ્રાણજીવન મહેતાએ આ રાજ્યમાં મેડીકલ ખાતાની શરૂઆત ઇ. સ. ૧૮૬૬થી થઇ ત્યારથી અત્યારસુધીની ટુંક હકીકતનો રિપોર્ટ રજુ કર્યો હતો. તેમાં આજ ચીફ મેડીકલ ઓફીસર દાદાભાઇ ડોક્ટર તથા ખાન બહાદુર ડો. કલ્યાણીવાળાની સેવાની નોંધ રિપોર્ટમાં લીધી હતી. તેમજ નર્સિંગહોમના બાંધકામમાં સ્વર્ગીય વકીલ દયાશંકર ભગવાનજીના સ્મરણાર્થે તેમના સુપુત્ર જુગતરામભાઇએ રૂા. ૧૦,૦૦૦)ની રકમ ઉદારતાથી આપી પિતૃઋણ અદા કર્યાનું જણાવ્યું હતું. ત્યારપછી મહારાજા જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજી સાહેબ બહાદુરે નર્સિંગહોમના પાયાનું ખાતમુહુર્ત શાસ્ત્રવિધિ અનુસાર કર્યું હતું. અને પોરબંદરના નામદાર મહારાણાશ્રી નટવરસિંહજી સાહેબના મુબારક હસ્તે કોટેજીસ ખુલ્લાં મુકવાની મંગળક્રિયા થયા બાદ હારતોરા લઇ મહારાજા સાહેબો બંગલે પધાર્યા પછી સભા વિસર્જન થઇ હતી.

ખુ. ને. ના. મહારાજા જામસાહેબને કલકત્તામાં મળેલું માન

નામદાર મહારાજાશ્રી જામસાહેબ ગાદીએ બીરાજ્યા પછી તા. ૪ જાન્યુઆરી ૧૯૩૪ના રોજ કલકત્તામાં પ્રથમજ પધાર્યા એ વેળાએ જામનગરની પ્રજા તથા કલકત્તાની ગુર્જર પ્રજાની મોટી સંખ્યાના પ્રતિષ્ઠિત આગેવાનો હાવરા સ્ટેશન ઉપર નામદારશ્રીનો સત્કાર કરવા સામા આવ્યા હતા. મહારાજા જામસાહેબ તે પછીના ચાર દિવસ એટલે તારીખ ૮-૧-૩૪ સોમવાર સુધી નામદાર વાયસરોય

દિવસ એટલે તારીખ ૮-૧-૩૪ સોમવાર સુધી નામદાર વાયસરોયના પરોણા તરીકે બેલ્વેડીઅર હાઉસ'માં રહી પોર્ટીંગ સ્પીરીટથી એમ. સી. સી. ની મેચ નિહાળવા રોકાયેલા હોવાથી તેઓ નામદારને કલકત્તામાંની ગુર્જર પ્રજા તરફથી અભિનંદન આપવાની તક છેક મંગળવાર તા. ૯મીએ મળી હતી. જેનો એજ દિવસે સંખ્યાબંધ મેળાવળાઓ ભરીને ભારે ઉત્સાહથી લાભ લેવામાં આવ્યો હતો. તા. ૯મીની સવારે ૧૧ વાગ્યે ધી કલકત્તા એંગ્લો ગુજરાતી સ્કુલના માનપત્રના મેળાવડાથી શુભ મંડાણ કરીને સાંજે ૫-૩૦વાગ્યે જામનગર સ્ટેટની પ્રજા તરફના ગોલસ્ટન પાર્કના મેળાવડા સુધી આખો દિવસ સન્માનપત્ર તથા સ્નેહવચનો સ્વીકારવામાં એ નામદારે ઘણો વ્યવસાય દિવસ પસાર કર્યો હતો. કલકત્તામાં ગુર્જર પ્રજા તરફની પ્રેમાંજલિનો સ્વીકાર કરવા માટે કલકત્તા એન્ગ્લો ગુજરાતી સ્કુલના કાર્યવાહકોએ નિયત કરેલા વખતે નામદાર મહારાજા જામસાહેબ સ્કુલના એન. સેક્રેટરી શેઠ અમૃતલાલ ઓઝા સાથે નંબર ૨ પોલોક્સ સ્ટ્રીટમાં સ્કુલના મકાન આગળ આવી પહોંચતાં ચેરમેન શેઠ ત્રીભોવનદાસ હીરાચંદ, શેઠ વલીમામદ કાસમ દાદા, શ્રીગગનવિહારી મહેતા શ્રી લક્ષ્મીશંકર જોષી, શ્રા. વી. દામોદર, શ્રીજગજીવન ધુપેલીયા, શ્રીનરોતમદાસ જેઠાભાઇ આદિ કાર્યવાહકો સાથે, તેઓશ્રીની ઓળખાણ કરાવ્યા બાદ સેક્રેટરી સાહેબ તથા બીજા ગૃહસ્થો સાથે ફરીને દરેક વર્ગની તેઓ નામદારે તપાસ લીધી હતી.

પ્રસંગને અનુસરતી રીતે મકાનને કુલપાનથી સુંદર પ્રકારે શણગારી, કંપાઉન્ડમાં સભાસ્થાન વચ્ચે એક બાદશાહી આસન ઉભું કરી, ત્યાં પહોંચવાના માર્ગ ઉપર લાલ બિછાત બિછાવી હતી. ખુદાવિંદ મહારાજા સાહેબ પધારતાં સભાજનોએ તાળીઓના ચાલુ હર્ષનાદથી ભારે આવકાર આપતાંની સાથેજ મહારાજાશ્રી આસન ઉપર બીરાજમાન થયા તે વખતે ડાબી બાજુ રાજકુમારશ્રી મેજર પ્રતાપસિંહજી સાહેબ બીરાજ્યા હતા. બાળાઓએ સ્વાગતનું ગીત ગાઇ ફુલોની વૃષ્ટિ કર્યા પછી શેઠ ત્રીભોવનદાસે કાર્યવાહકોના આમંત્રણને માન આપી નામદારશ્રી પધાર્યા બદલ આભાર માની શાળાનો રિપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. જેમાં તે શાળા ૩૫ વર્ષ પહેલાં સ્થાપાયાનું કહી આજે ૭૬૫ બાળકો અને ૪૨૫ બાળાઓ મળી કુલ ૧૧૫૦ વિદ્યાર્થીઓ એ શાળાનો લાભ લે છે. તેવું જણાવ્યું હતું. સેક્રેટરી શેઠ અમૃતલાલ લાલજી ઓઝાએ માનપત્ર વાંચી સંભળાવી ચાંદીની શોભાયમાન કાસ્કેટમાંમુકીને શહેરના સાહુસોદાગર શેઠ આદમજી હાજી દાઉદ તાળીઓના ચાલુ ગડગડાટ વચ્ચે નામદાર મહારાજા સાહેબને સ્પર્પણ કર્યું હતું. તે પછી ગુર્જર પાર્ટીના બીજા સાહસિક ઔદ્યોગિક ખીલવણીના સર મુખ્તયાર શેઠ મફતલાલ ગગલભાઇએ નામદાર મહારાજા જામસાહેબને હારતોરા એનાયત કર્યા હતા. અને કલકત્તાની જરથોસ્તિ કોમના આગેવાન વેપારી શેઠ રૂસ્તમજી કા. મોદીએ મેજર સાહેબ શ્રીમાન પ્રતાપસિંહજીભાઇને હારતોરા પહેરાવ્યા હતા. ત્યારબાદ મહારાજા સાહેબે તાળીઓના ચાલુ અવાજ વચ્ચે ઉભા થઇ નીચેનું મનનિય ભાષણ આપ્યું હતું.

મહારાજા જામસાહેબનું ભાષણ.

" ભાઇઓ અને બ્હેનો! જોકે આજ કાલ લેડીઝ અને જેન્ટલમેન બોલવાની ફેશન છે પણ મને તો ભાઇઓ અને બ્હેનો બોલવુંજ પસંદ છે. આજે તમો સર્વેએ મારો ઉપકાર માન્યો છે પણ ખરી રીતે આપ સર્વએ મને આભારી કીધો છે એમ હું લેખું છું. આજનો આ ભવ્ય મેળાવડો કરવા પાછળ અને તે સંતોષકારક પાર ઉતારવા માટે જે જહેમત અને કાળજી કાર્યવાહુકોએ ઉઠાવી હશે તે હું સમજી શકું છું અને તેથી મને તેઓનો આભાર થયેલો લેખું છું. શેઠ (ત્રીભોવનદાસે) જણાવ્યું છે કે " આ સંસ્થા ૩૫ વર્ષ ઉપર સ્થપાણી છે. પણ તેમાં ભુલ છે આ સંસ્થા આજથી ૩૮ વર્ષ ઉપર સ્થાપીત થએલી છે કે જે વર્ષમાં મારો જન્મ થયો હોવાથી અત્રેની પ્રજાએ આ સંસ્થા મારા જન્મની ભેટ તરીકે સ્થાપી હતી એમ હું માનું છું આપની સંસ્થામાં અપાતી કેળવણી તારીફ લાયક છે. આપની આ સંસ્થા મારી માન્યતા પ્રમાણે મારા જન્મના વર્ષમાં સ્થપાએલી હોવાથી મારે પણ તેની ઉન્નતીમાં ભાગ આપવો જોઇએ એમ સમજી તથા માનીને મારા તરફનો રૂા. ૫૦૦૧)નો અદના ફાળો તમને અર્પણ કરવાની રજા લઉં છું. (જોસભેર તાળીઓ). ભવિષ્યમાં મારી મદદ માગશો તો તે આપવાનું હું પ્રોમીસ આપું છું. જામનગરથી હુજરો માઇલ છેટે આવ્યા છતાં, તમો 'ઘર' યાને 'ઘરના'ને ભુલ્યા નથી તે દેખી મને આનંદ થાય છે. શેઠે વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૧૫૦)ની જણાવી, છે પણ મેં જણાવ્યું છે તેમ સંસ્થાને આજે ૩૮ વર્ષ થયા છે તો તેમાં ભણતી પ્રજાની સંખ્યા ૩૮૦૦૦ની થાય તેમ આપણે પ્રભુ પાસે ઇચ્છીશું. એ બાળકોને ઉંચ GOAL આદર્શવાળા બનાવો એવી મારી ખાહેશ છે. ભણતર સાથે સાથે એક હોસ્પીટલની આવશ્યકતા છે તો તે માટે બંદોબસ્ત કરવા હું સુચવું છું આપ સર્વેએ આજના મેળાવડામાં પધારી એક સાથે દર્શન કરવાનો મને જે લાભ આપ્યો છે, તે માટે આપ સર્વનો અને આ ભવ્ય મેળાવડો રચવાની તરદી લેવા માટે સ્કૂલના કાર્યવાહુકોનો હું અંતઃકરણપૂર્વક અભાર માનું છું. આપણી ગુજરાતી બોલનારી પ્રજાના ભાઇઓની એકત્ર હાજરી અત્રે જોઇને મને ભારે આનંદ ઉપજે છે, ઇશ્વર આપ સર્વને સુખી રાખો" (તાળીઓ) ત્યારપછી કલકત્તાના જાણીતા શાહુ વેપારી શેઠ નરભેરામ ઝવેરચંદ તરફથી આજના પ્રસંગની ખુશાલીમાં વિદ્યાર્થીઓને મીઠાઇ તથા રૂમાલ વહેંચવા રૂા. ૪૦૧)ની રકમ ભેટ આવી હતી. છેવટમાં શેઠ ત્રીભોવનદાસ હીરાચંદે નામદાર મહારાજા જામસાહેબે જે રૂા. ૫૦૦૧)ની ઉદાર ભેટ આપી તે માટે આભાર માની મેળાવડો બરખાસ્ત કરવાની અરજ ખુ. ના. મહારાજા સાહેબને કરી હતી. મેળાવડો વિસર્જન થયા બાદ મહારાજા જામસાહેબ; વંદે માતરમ તથા ખુશાલીના મોટા પોકારો વચ્ચે પોલોક સ્ટ્રીટમાંથી પાસેજ એઝરા સ્ટ્રીટમાં આવેલા ગુજરાતી સહાયકારી દવાખાનાની મુલાકાતે પધાર્યા હતા. ત્યાંના

સેક્રેટરીએ એ દવાખાનાના લાભ લેતા દરદીઓની સંખ્યા, મળતી મદદો, તથા અર્થ વિગેરેનો ટુંક રીપોર્ટ રજુ કર્યો હતો. જે પછી મહારાજા જામસાહેબે કાર્યવાહકોનો ઉપકાર માનતાં એ ખાતાના કામ પ્રત્યે સંતોષ દર્શાવ્યો હતો અને તેના ફંડમાં રૂા. ૧૫૦૧) ભરવાની ઉદારતા બતાવી હતી. એ વખતે દવાખાનાની અંદર ભેગા મળેલાં, તેમજ બહાર ઉભેલી ગુર્જર પ્રજાએ "મહારાજા દિગ્વિજયસિંહજીની જય"ના મોટા અને ચાલુ પોકારો કીધા હતા. એજ ઉત્સાહી પોકારો વચ્ચે નામદાર જામસાહેબ મોટરમાં બીરાજવા ને બદલે શેઠ ત્રીભોવનદાસની સાથે એઝરા સ્ટ્રીટના આપણાં દેશી લત્તામાંથી પાસેજ આવેલા શેઠ નરોતમદાસના મકાન તરફ તેમના આમંત્રણને માન આપી પગે ચાલતાંજ પધાર્યા હતા. તેથી મહારાજા સાહેબના દર્શનનો લાભ સર્વને મળતાં રસ્તાપર ભેગીમળેલી લોકોની ઠઠ તરફથી તથા આસપાસના મકાનોમાં ભેગા મળેલાઓ તરફથી તેઓ નામદારને રસ્તે જતાં ભારે ઉત્સાહી આવકારો મળ્યા હતા. શેઠ નરોત્તમદાસ જેઠાભાઇના દિવાનખાનામાં નામદાર મહારાજા સાહેબ અને મેજર પ્રતાપસિંહજી સાહેબ બીરાજતાં, શેઠ નરોતમદાસે રાજરીત પ્રમાણે ઘોળ વગેરેની ક્રિયા કરી હતી, ત્યારબાદ નામદાર મહારાજા સાહેબે તથા ત્યાં હાજર રહેલાઓએ સુંદર મિષ્ઠાનોથી સજાવેલી ટેબલ પર બીરાજી ચાહ, કોફી તથા મીઠાઇ આદિ સ્વીકાર્યા હતાં. તે પછી હારતોરા અર્પણ કરતાં, મોટરમાં વિદાય થઇ મહારાજા જામસાહેબ સોના ચાંદીના જાણીતા વેપારી શેઠ અમૃતલાલ રામજીના આમંત્રણને માન આપી તેમના 'શોરૂમ'માં પધાર્યા હતા. ત્યાં શેઠ અમૃતલાલે માનપૂર્વક કુલપાન અર્પણ કરવા સાથે ચાંદીના એક સુંદર ટી સેટની ભેટ મહારાજા જામસાહેબને અર્પણ કરી હતી. ત્યાંથી મહારાજા જામસાહેબ ગ્રેટ ઇસ્ટર્ન હોટેલમાં પધાર્યા. જ્યાંથી સાહસિક શાહ સોદાગર શેઠ આદમજી હાજી દાઉદ સાથે તેમની 'આદમજી જ્યુટસ મીલ'ની મુલાકાત લેવા મોટરમાં બેલ્લુર જવા ઉપડી ગયા હતા.

તે મીલમાં મહારાજા સાહેબે શણમાં માંડીને બારદાન કેમ બને છે તથા જુદીજુદી સાઇઝની ગુણપાટ મસીનરીથીજ સિવાયને કેમ કમ્પલીટ થાય છે તથા બારદાન અને ગુણપાટની બેઇલ્સ કેમ બંધાય છે. તે સઘળું બારીક પુછપરછ કરીને ભારે ઉલટથી નિહાળ્યું હતું. અને શેઠ આદમજીને તેઓશ્રીના ઉદ્યોગિક સાહસમાટે ધન્યવાદ આપી તેઓના બંગલાઓમાં બીજા પરોણાઓ સાથે ફુલ્લા હાર લઇ હારતોરાની ભેટ સાથે આદમજી શેઠની સાથે બીરલાપાર્કમાં શેઠ અમૃતલાલ ઓઝા તરફની ટીપાર્ટીના આમંત્રણને માન આપી ત્યાં પધાર્યા હતા. મી ઓઝાએ બીરલાપાર્કમાં જમાવેલો ટીપાર્ટીનો દમામદાર મેળાવડો તથા જામનગર સ્ટેટની કલકત્તામાં વસતી પ્રજા તરફથી ગોલસ્ટન પાર્કમાં ગોઠવાયેલી ભવ્ય ગાર્ડનપાર્ટી અને પ્રજા તરફના માનપત્રનો સ્વીકાર અને નેશનલ ઇન્સ્યુરન્સ કંપનીના ડાયરેક્ટર શેઠ જીવનલાલ દુતીયા તરફની ટી પાર્ટી વગેરે પ્રોગ્રામો એકજ દિવસના ટુંક સમયમાં હોવા છતાં તેઓ નામદારશ્રી દરેકના આમંત્રણને માન આપી સર્વ સ્થળે પધાર્યા હતા.

તેજદીવસનીરાત્રે જખલપોર મેઇલમાં મહારાજા જામસાહેબની તરફથી વિદાય ગીરી પ્રસંગે હાવરા સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર આગળ કદી ન મળેલી તેવડી મોટી લોકોની મેદની જમા થઇ હતી, જેમાં જામનગરની પ્રજાના સહયેા તથા ગુર્જર પ્રજાના ઘણા એક અગ્રગણ્ય અને પ્રતિષ્ઠિત ગૃહસ્થેા અને અન્ય શહેરીએા હાજર હતા. મહારાજા જામસાહેબ બહાદુરના ખાસ સલુનમાં હાજર રહેલાઓએ જઇને હારતેારા તે નામદારને અર્પણ કરવાની તથા તેઓશ્રી તરફથી લાયકી ભર્યા આભારના વહેણેા સાંભળવાની ખુશી હાંસલ કીધી હતી. હારતેારા એટલી મોટી સંખ્યામાં વધી ગયા હતા કે નામદારશ્રીના સલુનના શણગાર તરીકે કેટલાએક ઉત્સાહી ગૃહસ્થેાએ તે હારને ઉપયેાગમાં લીધા હતા તેમજ એક બહાદુર શીખજી શીધી સાહેબે પેાતાના રજવાડી ઠાઠથી ચાંદીની રકાબીમાં સેાનેરી ઢાંકણાસાથેના ફુલનાહાર મહારાજા જામસાહેબને અર્પણ કર્યા હતા. જે લોકોની તારીફનું લક્ષ ખેંચતા હતા. એ સંખ્યાબંધ હારેા પહેરી મહારાજા જામસાહેબ સ્ટેશનપર હાજર રહેલા સર્વને દર્શન આપવા માટે સલુનમાંથી બહાર આવી કેટલીકવાર સુધી પ્લેટફોર્મ ઉપર ઉભા રહ્યા હતા. અને સર્વની મૂલાકાત તથા શુભેચ્છાઓ સ્વીકારતાં, મેલ પાંચમીનીટ મેાડા, હાજર રહેલાઓના હર્ષનાદેા વચ્ચે ઉપડી ગયેા હતેા. મેલ ટ્રેન ઉપડી ગાયા પછી મહારાજા જામ સાહેબ ભારે લોકપ્રિયતા મેળવી કલકત્તાથી વિદાય થયા એ વિષે એક જાણીતા ગૃહસ્થે નીચે મુજબ અભિપ્રાય આપ્યેા હતેા " દેશી રાજાઓ કલકત્તામાં ઘણાં આવી ગયા છે પરંતુ નામદાર મહારાજા જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી સાહેબે પેાતાના માયાળુ આનંદી અને રમુજી સ્વભાવથી તથા પેાતાની પ્રજા તેમજ પેાતાના દેશી ભાઇઓ પ્રત્યેની ખરા જીગરની લાગણીથી સર્વ કેાઇને એટલા બધા આકર્ષી નાખ્યા હતા કે તમામના મેાઢેથી એકજ અવાજ નીકળશે કે'

રાજા હેા તેા આવાજ હેા, ઇશ્વર તેઓશ્રીને લાંબું સુખી આયુષ્ય બક્ષેા "

જેઓને મંગળવારના મંગળમય દિવસે નામદાર જામસાહેબને મળેલ અંતઃકરણપુર્વક આવકાર નિહાળવાની સુંદર તક મળી હતી, તેઓ એમજ સ્વીકારશે કે ઉપરના અભિપ્રાયમાં લગારે અતિશયેાક્તિ નથી.

નવાનગરસ્ટેટ સંસ્કૃત પાઠશાળાના વાર્ષિક ઉત્સવમાં નામદાર મહારાજા જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજી સાહેબે આપેલી હાજરી

તા. ૨૧-૨-૩૪

નવાનગર સ્ટેટ સંસ્કૃત પાઠશાળાના વાર્ષિક મહેાત્સવ સમારંભમાં મહારાજા

જામસાહેબ સવારના સાડા દસે પધાર્યા હતા. શરૂઆતમાં પાઠશાળાના વિદ્યાર્થીઓએ રાજ્યની કુળદેવી આશાપુરાનું સંસ્કૃત શ્લોકમાં આરાધન કર્યું હતું. તે પછી પાઠશાળાના વિદ્વાન શાસ્ત્રી ત્र्यम्બકરામે પાઠશાળાનો વાર્ષિક રિપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. ત્યાર પછી મહામહોપાધ્યાય શાસ્ત્રીજી હાથીભાઇએ પ્રસંગને લગતું ભાષણ કરી, નામદાર જામસાહેબના મુબારક હસ્તે સર્ટીફીકેટો અને ઇનામો વિદ્યાર્થીઓને અપાવ્યાં હતાં. ઇનામોની વહેંચણી થયા બાદ ખુદાવિંદ હજુરશ્રીએ નીચે મુજબ ભાષણ આપી પ્રસંગને રસપૂર્ણ કર્યો હતો:—

" શાસ્ત્રીજી અને મારી વહાલી પ્રજા ! હમણાં વિદ્યાર્થીઓએ માતા આશાપૂરા અને મહાદેવની સ્તુતિ કરી એજ આશાપુરા અને મહાદેવ આપણી આશાઓ પૂર્ણ કરશે. આશાઓ મને ઘણી છે. મોટાબાપુ આપણી પરીક્ષા માટેજ કરવાના ઘણાં કામો અધુરાં મુકી ગયા છે. અને આપણી પરીક્ષા એમાંજ છે કે આપણે એ કામો પુરાં કરી શકીએ અને તેથી સ્વર્ગમાં પણ તેમના આત્માને શાંતિ મળે. હું આશા રાખું છું કે તમારા સૌના સહકારથી આપણે એ કામો પુરાં કરી શકીએ મોટું સુખ પ્રજાને કાંઇપણ દેવામાં છે. એમ મારા બાપુએ મને શીખડાવ્યું છે, મને ૮૩૦૦૦ સ્કવેર માઇલનું રાજ્ય આપવા પૂછવામાં આવ્યું હતું પણ હિન્દુઓ મરવામાટે કાશી જાય છે. અને જામનગર કે જે" એક છોટી કાશી" કહેવાય છે એ પવિત્ર ભુમિ છોડી બીજું રાજ્ય શી રીતે પસંદ કરાય? તો મને જામનગર કાશીના જેટલુંજ વહાલું છે. શાસ્ત્રીએ સંસ્કૃત કોલેજ માટે કહ્યું પણ મારે કહેવું જોઇએ અને તમે પણ કબુલ કરશો કે સૌથી પહેલાં ખાવા પિવાનું મારી પ્રજાને મળવું જોઇએ. હજારો કામો મારે કરવાં છે જેમાંનું સાથે કાંઇપણ લઇ જવાનું નથી. જે કરવું છે તે મારી પ્રજાને માટે છે.

મારા રાજ્યમાં ૧૮૦૦૦ કુવા છે. તેના ૪૦,૦૦૦ કરવાની મારી ઇચ્છા છે. જેથી માણસોને ખેતી દ્વારા ખાવા પિવાના સાધન થાય. મારી સાડાચાર લાખની વસ્તીને એવી ખાસ જરૂરીઆતો પુરી કરી લઇશ એટલું હું વચન આપું છું કે આ અને એવા બીજા કાર્યમાં જરૂર બનતી સગવડ આપીશ. પાઠશાળાના વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવવા માટે શાસ્ત્રીજીએ જે કહ્યું તે માટે પણ હું બનતું કરીશ. વિદ્યાર્થીઓ! તમે એકલું ભણવાથી કૃતાર્થ ન માનશો. પણ સંસ્કૃતનો સ્પીરીટ તમારામાં લાવજો. મોટા મનના થજો. બોલવાવાળા નહીં પણ કામ કરવાવાળા થજો. પાઠશાળાની સ્થિતિ પહેલાં બાળક જેવી હતી. પણ બાળકને જન્મતાંજ દોડતા આવડતું નથી. પહેલાં તે પેટભર ચાલતાં શીખે છે, પછી દોડતાં શીખે છે; હવે આપણી શાળા પગભર થઇ છે. દોડવાનો સમય આવતાં હું જરૂર દોડાવીશ; બીજું વિદ્યાર્થીઓને વૈદકનો અભ્યાસ કરાવવા માટે જે શાસ્ત્રીજીએ કહ્યું તે તુરતજમાં બંદોબસ્ત થઇ શકે તેમ છે. હું વિદ્યાર્થીઓ તરફથી શંકરપ્રસાદ

ભટ્ટજી પાસે ભિક્ષા માગું છું કે તેઓ જરૂર અભ્યાસ કરાવશે. હજુ તેઓ ઘણું જીવવાના છે જો કે શાસ્ત્રી હાથીભાઇ તથા ભટ્ટજીને લગભગ પોણોસો વર્ષ થવા આવ્યાં છે, છતાં મને ચોક્કસ ખાત્રી છે કે તેઓ ઘણું જીવશે અને આવા કાર્યોમાં ભાગ લેશે તેમ હું ઇચ્છું છું. જેઓએ આ સંસ્થાને મદદ કરી છે તેઓનો પાઠશાળા તરફથી હું અને શાસ્ત્રીજી આભાર માનીએ છીએ. શેઠ વલભદાસે આપેલી મદદોનું અનુકરણ અન્ય ગૃહસ્થો પણ કરશે. એમ ઇચ્છું છું. પાઠશાળાને ઉન્નત કરનાર શાસ્ત્રી ત્र्यंબકરામનો આભાર માનું છું.

તે પછી શાસ્ત્રી ત્र्यંબકરામે કાશીની શાસ્ત્રીય પરીક્ષામાં પાઠય પુસ્તકો તરીકે ચાલતાં પોતાના બનાવેલાં ત્રણ પુસ્તકો નામદાર જામસાહેબને ભેટ કર્યાં હતાં. ત્યાર બાદ હારતોરા અર્પણ કરવામાં આવ્યા હતા. તે પછી નામદાર જામસાહેબે પાઠશાળા, કુવો. એન્જીન, ફ્લોર મીલ, કોઠાર, બ્રહ્મચારી આશ્રમ અને છાત્રાલય, વિગેરેની મુલાકાતો લીધી હતી. ત્યારબાદ મેળાવડો વિસર્જન થયો હતો.

અગાઉ વર્ણવ્યા મુજબ ચંદ્રથી આરંભી શ્રી વિદ્યમાન મહારાજા જામશ્રી દિગ્વિજયસિંહજી સાહેબની અત્યાર સુધીની મને મળેલી હકિકત રજુ કરેલ છે. પરમાત્મા મહારાજા જામસાહેબને દીર્ઘાયુષ બક્ષે અને પ્રજા હિતનાં અનેક કાર્યો સોનેરી અક્ષરે જામનગરના ઇતિહાસમાં લખાય તેવા ભવિષ્યમાં કરે, અને તેઓ નામદારશ્રીનો વંશ વિસ્તાર જામરાવળની ગાદી પર यावच्चंद्रदिवाकरौ અવિચળ રહે એમ પ્રભુ પાસે યાચી આ પ્રથમ ખંડ પૂર્ણ કરતાં પહેલાં રાજ્ય કુટુંબ પરિચય, અમાત્ય પરિચય અને સ્ટેટની વંશાવળી આપી શોડષી કળા સંપૂર્ણ કરી દ્વિતીય ખંડમાં જામનગરથી ઉતરેલા રાજસ્થાનો નો ઇતિહાસ રજુ કરીશ,

રાજ્ય કુટુંબ (૧) મહારાજશ્રી જુવાનસિંહજી સાહેબ કે જેઓ ખુદાવિંદ નામદાર મહારાજાશ્રીના જનક પિતા થાય છે. (૨)મહારાજશ્રી મોહનસિંહજીસાહેબ કે જેઓ ખુદાવિંદ નામદાર મહારાજાશ્રીના કાકાસાહેબ થાય છે. (૩) રાજકુમારશ્રી મેજર પ્રતાપસિંહજી સાહેબ કે જેઓ ખુદાવિંદ મહારાજાશ્રીના જ્યેષ્ઠ બંધુ છે, જેમણે ઇગ્લાંડમાં કેળવણી લીધી છે અને ઇન્ડીઅન આર્મીમાં લેફ્ટન્ટનો હુદ્દો ધરાવતા હતા. જેઓશ્રીના લગ્ન ઉદેપુર (મેવાડના) મહારાણાના બંધુશ્રી હિંમતસિંહજીસાહેબનાં કુંવરીશ્રી વિજય કુંવરબા સાથે થયાં છે. (૪) રાજકુમારશ્રી હિંમતસિંહજી સાહેબ. જેઓ નામદાર મહારાજાશ્રીના અનુજ બંધુ છે. જેમણે ઇગ્લાંડમાં કેળવણી લીધી છે અને મહા વિગ્રહ વખતે લેફ્ટન્ટ તરીકે મેસોપોટેમીયામાં ભારે બહાદુરી બતાવી હતી. તેમજ તેઓ ઇન્ડીઅન આર્મીમાં કેપ્ટન હતા. હાલ તેઓશ્રી નવાનગર સ્ટેટના મીલીટરી સેક્રેટરી

એન્ડ હોમ મેમ્બરનો માનવંતો હુદ્દો ધરાવે છે. જેઓશ્રીનાં લગ્ન કોટાના રાઠોડશ્રી પૃથીસિંહજીનાં કુવરી વેરે થયાં છે. (૫) રાજકુમારશ્રી દુલીપસિંહજી સાહેબ જેઓશ્રી મહારાજાશ્રીના લઘુ બંધુ છે. અને ઇંગ્લાંડની કેમ્બ્રીજ કોલેજમાં કેળવણી લીધી છે. સારાએ જગતમાં ક્રીકેટની રમતમાં સંપૂર્ણ ખ્યાતિ મેળવતાં પબ્લીક તેઓશ્રીને "સેકન્ડ રણજીત" કહે છે. જેમનો સંબંધ નાંદોદ નૃપતિના કાકાશ્રી કીરતસિંહજીનાં કુવરી સાથે થયો છે. નામદાર મહારાજા જામસાહેબનાં ભગીનીશ્રી નવલકુંવરબા કે જેઓનાં લગ્ન ધ્રાંગધ્રાના મહારાજા રાજ સાહેબ શ્રી ઘનશ્યામસિંહજી સાહેબ સાથે થયાં છે. તેમજ મહારાજશ્રી મોહનસિંહજી-સાહેબનાં કુવરીશ્રી મનહરકુંવરબાસાહેબનો સંબંધ ઇડર મહારાજકુમારસાહેબ સાથે થયો છે. મહુમ મહારાજશ્રી દીલાવરસિંહજી સાહેબને સગીર વયના ત્રણ કુમારો છે.

મહુમ મહારાજા જામશ્રી રણજીતસિંહજી સાહેબના જેષ્ઠબંધુશ્રી દવીસિંહજી સાહેબના કુમારશ્રી સવાઇસિંહજી તથા કુ. શ્રી રાયસિંહજી અને કુ. શ્રી રાજેન્દ્રસિંહજી સાહેબ છે. જેમાંના લેફટન કુ. શ્રી સવાઇસિંહજી સાહેબ જર્મન વોર વખતે આફ્રીકન લડાઇમાં બે વરસ સુધી રહી રાજ્ય સેવા બજાવતાં ઘાયલ થયા હતા.

અમાત્ય પરિચય સ્વસ્થાનશ્રી નવાનગરના વાલાશાન ખાનબહાદુર દીવાનજી સાહેબ મહેરવાનજી પેસ્તનજી બી. એ. એલ. એલ. બી. સાહેબ આ સ્ટેટમાં લગભગ ચારેક દાયકાથી પ્રજા રાજા બન્નેનું હિત જાળવી અદલ ન્યાય આપી રહ્યા છે. તેમની ગંભીરતા ધર્મનિષ્ઠા અને ઉંચ આદર્શોથી લોકો તેઓશ્રીને એક દેવાંશી પુરૂષની ભાવનાથી પુજ્ય રૂપે વંદે છે. ઇશ્વર તે ન્યાયમૂર્તિ અમાત્યને તંદુરસ્તી સાથે દીર્ઘાયુષ બક્ષે.

શ્રીયુત મહાશય ગોકળભાઇ બાપુભાઇ દેશાઇ બાર, એટ લો, આ સ્ટેટના રેવન્યુ સેક્રેટરી સાહેબનો ઉંચ હોદ્દા ધરાવે છે. તેઓશ્રીની કાર્યદક્ષતા, કુશાગ્ર બુદ્ધિ, સમય સુચકતા અને અપૂર્વ હીમત સાથે સાદાઇ ભલભલા લોકોના દીલને આકર્ષે છે. જામનગરના પ્રાચીન દેવાલયોના જીર્ણોદ્ધારનું કામ પોતાની જાતી દેખરેખ તળે ચલાવી ભીડભંજન જે જામનગર શહેરના અધિષ્ટાતા દેવછે તેમના મંદીરનો પુનરોદ્ધાર કરાવી જામનગર કેજે એકછોટી કાશી કહેવાય છે. તેને યોગ્ય બનાવી જામનગરના ઇતિહાસમાં એ નડીઆદના નરરત્ને પોતાની કાર્કીદીને અમર કરી છે.

પોડષી કળા સમાપ્ત

ઈતિ શ્રીયદુવંશ પ્રકાશે પ્રથમખંડ સમાપ્તઃ

જામશ્રીની નામાવળી

(૧) જામશ્રી નરપત (૨) જામ સામત (ઉર્ફે સમો) (૩) જામ જેહો
(૪) જામ નેતો (૫) જામનોતીઆર (૬) જામ ઓઢાર
(૭) જામ ઓઢો (૮) જામરાહુ (૯) જામ ઓઢાર
(૧૦) જામ અબડો (૧૧) જામલાખીયાર ભડ

(૧૨) જામ લાખો ધુરારો (ચંદ્રથી ૧૪૯ શ્રી. કૃ. થી ૬૪ મા

(૧૩) જામ ઉનડ જેહો કુલ મનાઇ વરૈયા સાંધ ઓઠો

(૧૪) જામ સામત — મોડ (કચ્છમાં પહેલી ગાદી સ્થાપી)

(૧૫) જામ કાકુ — સાડ (કંચકોટનો કીલો બંધાવ્યો)

(૧૬) જામ રાયધણ — કુલ (આબુગોરગઢ બંધાવ્યો)

(૧૭) જામ પ્રતાપ — લાખોકુલાણી (કેરાકોટ બંધાવ્યો)

(૧૮) જામ સાંઘભડ — પુંઅરો (પધ્ધરગઢ બંધાવ્યો)

(૧૯) જામ જડો — ૦


(૨૦) જામ લાખો (કચ્છમાં લાખીયાર વિયરે ગાદી સ્થાપી વિ. સં. ૧૨૦૪)

(૨૧) જામશ્રી રાયધણજી (શ્રી કૃ.થી ૧૦૩ ચંદ્રથી ૧૫૮મા)


(૨૨) જામશ્રી જજણજી (બારામાં ગાદી) | દેદાજી (કંચકોટ) (દેદા સાખા) | હોથીજી (ગન્ડોડ) (હોથી સાખા) | જામ ઓઢાજી (ગાદીએ) (કચ્છ-ભુજની સાખા)


(૨૩) જામશ્રી હાલાજી (જેમના નામ ઉપરથી હાલાર પ્રદેશ થયો) | લાખોજી (આમર સાખા) | જીયોજી ઉર્ફે જસોજી

(૨૪) જામશ્રી રાયધણજી × | દેશળજી (નાગડા સાખા) | મોડજી | અબડો (અબુનમી) *


×
*
(૨૫) જામશ્રી કુંભરજી
રાઉજી (રાઉ સાખા)
લાખાજી (દલસાખા)
જેસો
હમીર (ઓખામાં ગાદી)
માણેક (વાઘેરનો મુળ પુરૂષ)
(૨૬) જામશ્રી હરધોળજી
જયાજી (જયા સાખા)
(૨૭) જામશ્રી હરપાળજી
હાપોજી (હાપા સાખા)
(૨૮) જામશ્રી ઉનડજી
કુંભરજી (વડારીઆ શાખા)
મોડજી (કુંભર શાખા)
દેદોજી
(૨૯) જામશ્રી તમાચીજી
બાલાચજી (બાબાચ શાખા)
જામણીઓજી (કવાચ શાખા)
(૩૦) જામશ્રી હરભમજી
(૩૧) જામશ્રી હરધમળજી
કાનાજી (કાના શાખા)
તમાચીજી
ઉનડજી (ત્રે સધળા)
દુદોજી
કુંભરજી
જાડેજાઓ કહેવાયા
(૩૨) જામશ્રી લાખાજી
અજોજી
ડુંગરાણી ભદ્રેસર તથા બામરડું મલ્યું
જગોજી (વીસોતરી)
હકાજી (હડડી)
(૩૩) જામશ્રી રાવળજી (કચ્છ કેરા કોટમાં ગાદી સ્થાપી)
હરધોળજી (ધ્રોળરાજ્ય સ્થાપ્યું)
રવાજી (ખંભાલીઆ)
મોડજી (ખંઢેરા)

સ્વસ્થાન શ્રી નવાનગર સ્ટેટની વંશાવળી





—: યાદવવંશ વિષે પ્રાચીન કાવ્ય :—

દોહા— શામ હમારો વેદ હે । વ્રષ્ણીકુલ અરી કંશ ॥
શાખા હમારી માધુરી । જાદવ હમારો વંશ ॥૧॥

—: કુંડલીઓ :—

વ્રષ્ણી કુળ જદુવંશ શુભ । અત્રી ગોત્ર પ્રમાણ ॥
શામવેદ સબ તેં સરસ । માધુરી શાખા જાણ ॥
માધુરી શાખા જાણ । ભૂપ જાડેજ પ્રમાણો ॥
સિધ્ધેશ્વર માહાદેવ । મહોદર ગણપત જાણો ॥
અંબાજી કુળદેવિ । તીન પરવર હે તાકો ॥
અત્રી આત્રીહી શોમ । હોય વ્રષ્ણી કુળ જાકો ॥૨॥

* જામશ્રી વિભાજીને મુસલમાન રખાયત રાણીઓથી કુમારશ્રી કાળુભા અને કુ. શ્રી જશાજી નામના બે કુમારો થયેલા તેમાં એક પદભ્રષ્ટ થયા. (દેશવટે ગયા.) ને બીજા ચુજરી ગયા. તેમજ તે મુસલમાન રખાયતના હોવાથી જામશ્રી રાવળજીની શુદ્ધ રાજપુત પવિત્ર શાખાની નામાવળીમાં તેઓનાં નામો દાખલ કરેલાં નથી.

પુલાણી વંશની શાખા

જાડેજાશ્રી ફલજીભા (ચંદ્રથી ૧૬૬ શ્રી. કૃ. થી ૧૨૧ મા

(ભાણુવડ)

જશાજી

રણમલજી — મોડજી (મોડપર કીલ્લો)

મેઘરાજજી — જોગાજી ભાઈજી તેજમાલજી (ભણુગોળ)

જશોજી (ઉર્ફે બાપજીભા) (એ શાખાના પુરૂસો હાલ ડાડા કહેવાય છે)

રાધુભી **જામશ્રી રણમલજી** ગજેભી

ભગવાનસંગજી

જેઠીજી — **જાલમસિંહજી** — ભાવસિંહજી

નારસિંહજી — જીવણસિંહજી ઉમેદસિંહજી ફલજીભા કેસુભા

તખતસિંહજી ગોવિંદસિંહજી ભરતસિંહજી — જોરાવરસિંહજી ચંદ્રસિંહજી

રામસિંહજી અર્જુનસિંહજી

દેવિસિંહ **જામશ્રી રણજીતસિંહજી** જુવાનસિંહજી દિલાવરસિંહજી મોહનસિંહજી

સવાઈસિંહજી રાયસિંહજી રાજેંદ્રસિંહજી — કિશોરસિંહજી દાજીરાજજી માધવસિંહજી (જર્મનવોરમાં-કામ આવ્યા)

યાદવેંદ્રસિંહજી

(ત્રણ કુમારો સગીર છે)

કુ.શ્રી. પ્રતાપસિંહજી **જામશ્રી દિગ્વિજયસિંહજી** કુ.શ્રી. હિંમતસિંહજી કુ.શ્રી. દિલીપસિંહજી

નામદાર મહારાજશ્રી જુવાનસિંહજી સાહેબ



દોહા–ખ્યાતા રણજીત જામકો જાનત સર્વ જહાન ॥
જશનામી જદુવંશમાં. શ્રી મહારાજ જુવાન ॥

નામદાર મહારાજશ્રી મોહનસિંહજી સાહેબ



દોહા–અનુજ અંધુ રણજીતકો, જગકિર્તિ ગુન જહાજ ॥
(પૃષ્ઠ ૩૯૧) ચારણકી દીલ ચાહના, મોહનસિંહ મહારાજ ॥

નામદાર રાજકુમારશ્રી પ્રતાપસિંહજી સાહેબ



દોહો–ઉદારતાકો ઉદધિ, અરૂ હે રહેમ અમાપ ॥
(પૃષ્ઠ ૩૯૧) આંધવ જામ હું કો અડો, પવિત્ર દિલ પ્રતાપ ॥

નામદાર રાજકુમારશ્રી હિમ્મતસિંહજી સાહેબ




દોહા–ગુન ક્ષત્રિય ગમ્ભીરતા, સુરધીર સંગ્રામ ।।
(પૃષ્ઠ ૩૯૧) હિમ્મત દિલ હિમ્મત અડી, જય લઘુ ભ્રાતા જામ ।।

નામદાર રાજકુમારશ્રી દિલિપસિંહજી સાહેબ



દોહા—રણજીતના રણકાર જ્યાં, ગરજત જંબુદ્વીપ,
(ત્યાં) જદુવંશમાં જનમીયેા, દાતાકુંવર દિલિપ.

નવાનગરના મહેરબાન ખાનબહાદુર શ્રીમહેરવાનજી પેસ્તનજી દીવાન સાહેબ.



દોહા—મુખ ઓજસ દીલ મહેર હે, ધર્મ ન્યાય ગુણ ધ્યાન. ॥
ખાન બહાદુર અલકમેં, મહેરવાન દીવાન. ॥ (પૃષ્ઠ ૩૬૧)

સ્વસ્થાન નવાનગરના મહેરબાન રેવન્યુ સેક્રેટરી સાહેબ
શ્રીયુત્ ગોકળભાઇ બાપુભાઇ દેશાઇ બાર. એટ. લો.



દોહા–નડીયાદી નરરત્નમાં, દીપે કુળ દેશાઇ.
સાદાઇમાં શોભતા, ગુણવંત ગોકળભાઇ. (પૃષ્ટ ૩૯૧)



॥ શ્રીજી ॥

શ્રીયદુવંશ પ્રકાશ.

દ્વિતીય ખંડ પ્રારંભઃ

દ્વિતીય ખંડમાં નીચે લખ્યા યદુવંશી

સ્ટેટોનો ઇતિહાસ.

આપવામાં આવેલ છે,

(૧) ધ્રોલ સ્ટેટ	(૩) રાજકોટ સ્ટેટ	(૪) ગોંડલ સ્ટેટ
૧ ખીરસરા	૧ ગવરીદડ	૧ મેંગણી
૨ જાળીયા દેવાણી	૨ લોધીકા સિનીયર	૨ કોટડા સાંગાણી
(૨) વીરપુર ખરેડી સ્ટેટ	૩ લોધીકા(જુનીયર)	૩ રાજપરા
૨૧ જેસલમેર (મારવાડ)	૪ કોઠારીયા	૪ ભાડવા
૨૨ ચુડાસમાં વંશ	૫ પાળ	(૫) કચ્છભુજ
(જુનાગઢ)	૬ શાપર	૧ મોરબી
૨૩ બીનઅખત્યારી તાલુકા	૭ ગઢકા	૨ માળીયા

ઉપર પ્રમાણે ૨૩ રાજ્યોની હકીકત, બીજા ભાગની ૧૬મી કળામાં સંપૂર્ણ કરવામાં આવી છે.

ઉપરના સ્ટેટોમાં જે ( ) કાંઉસમાં નંબર દર્શાવેલ છે. તે મુખ્ય રાજ્યો સમજવાં બાકીના તેની શાખાના સમજવાં અને તે ક્રમાનુસાર લેવામાં આવેલ છે.

શ્રીદ્વિતીય ખંડ પ્રારંભઃ

શ્રીપ્રથમ કળા પ્રારંભઃ

ધ્રોળ સ્ટેટનો ઇતિહાસ.

સરહદઃ—આ રાજ્યની ઉત્તરે અને પશ્ચિમે સં. નવાનગરની હદ આવેલી છે. પૂર્વે સં.. નવાનગર ઉપરાંત સં. મોરબી, વાંકાનેર અને રાજકોટની હદ આવેલી છે. અને દક્ષિણે સં. નવાનગર, ગોંડળ, તાલુકે ખીરસરા અને જાળીયા તાલુકાની હદો આવેલી છે.

ક્ષેત્ર ફળ અને વિસ્તારઃ—આ રાજ્યનું ક્ષેત્રફળ આસરે ૨૮૨૭ ચોરસ માઇલ છે, અને તેની હુકમતમાં ૭૧ ગામો છે જેમાંથી ૨૮ ખાલસા ૩૫, ½ ભાયાતી ૬ મજમું ૧ ½ ખેરાતી છે.

વસ્તીઃ—સને ૧૯૩૧ની વસ્તીગણત્રી પ્રમાણે આ રાજ્યની વસ્તીની સંખ્યા ૨૭,૬૩૬ની છે જેમાં ધ્રોળ શહેરમાં ૬,૫૦૭ની સંખ્યા વસવાટ કરે છે.

અંદાજે ઉપજ અને ખર્ચ—આ રાજ્યની ઉપજ આસરે રૂપીઆ ત્રણ લાખની ગણાય છે. અને ખર્ચ આસરે રૂપીઆ અઢીથી પોણાત્રણ લાખનું થાય છે.

રેલ્વે—જોકે આ રાજ્યની પોતાની માલીકીની રેલ્વે નથી. પરંતુ આ રાજ્યની હદમાં થઇને જામનગર અને દ્વારકા રેલ્વે પસાર થાય છે. છેલ્લાં સાત વર્ષ થયાં ધ્રોળથી પડધરી સુધીની મોટર સર્વિસ ચાલુ થઇ છે. તેથી મુસાફરોને ઘણી સગવડતા થઇ છે.

ટ્રંક રોડઃ—રાજકોટથી જામનગર જતા ટ્રંકરોડના અહિં આગળ બે ફાટા પડે છે. જેમાંથી એક જામનગર તરફ અને બીજો જોડીયા તરફ જાય છે.

ઐતિહાસિક પ્રખ્યાત સ્થળઃ—ભૂચરમોરીના નામથી જે જગ્યા સારાએ કાઠિઆવાડમાં મશહૂર છે તે, ધ્રોળથી આસરે અર્ધા ગાઉને અંતરે આવેલી છે. દરવર્ષે શ્રાવણ માસની વદ–૧૩–૧૪ અને અમાસના રોજ ત્યાં, આગળ થએલ લડાઈની યાદગીરીમાં મેળો ભરાય છે.

ભૂચરમોરી સ્થળથી વાવ્ય દિશામાં "જેસળપીરનો" કુંડ કહેવાય છે. ત્યાં એક નાની વોંકળી જેવો પાણીનો અખંડ પ્રવાહ ચાલે છે. તે નદીને 'મુંઝડી સારણ' કહે છે કેમકે ત્યાં "જેસલ (જાડેજો)પીર" જે વખતે તોળીસતિને લઇ આવેલા તે વખતે ધ્રોળનું ધણ વાળેલું, ત્યારે તેની વહારે પથુભાનામના દરબાર કેટલાક સૈનિકોથી આવેલ. જેસલ એકલો હોઈ લડવા હિંમત ચાલી નહિં. તેથી સતિ પાસે ગાયોનું ધણ વાળવાની ક્ષમા યાચી તેથી સતિએ દૃષ્ટિ કરી, તમામ ધણને 'મુંઝડા' રંગનું બનાવી દીધું. અને જેસલે ખોડેલું ભાલું ખેંચી કાઢયું ત્યાં પાણીનો પ્રવાહ ચાલ્યો,તે ગાયો પીવા લાગી, તેથી તે નદીનું 'મુંઝડી સારણ' નામ પડયું. હાલ ત્યાં પાણીના પાકા કુંડો છે અને આસપાસ તાડીઓનું તથા બીજા વૃક્ષોનું રળિઆમણું કુંડ છે.

હુન્નર ઉદ્યોગ:—જાડી ખાદી ઉપરાંત અહિંના ઉનના ધાબળા આખાએ કાઠિયાવાડમાં પ્રસિદ્ધ છે. અહિં તાબાના ગામ જાળીયામાં એક કોટન જીનીંગ ફેકટરી છે,

કેળવણી:—માતૃભાષાની કેળવણી જે ગુજરાતી સાત ધોરણ સુધી આપવામાં આવે છે તે તદ્દન મફત આપવામાં આવે છે, અંગ્રેજી કેળવણી પણ, તેનો લાભ ગિરાશિઆ તથા ખેડુ-તોના બાળકો લીયે તે હેતુથી તેમને મફત આપવામાં આવે છે બીજા વર્ગો પાસેથી ફકત જુજ નામની ફી લેવામાં આવે છે. વર્ષમાં એક વખત દરેક વિદ્યાર્થીની દાકતરી તપાસ કર-વામાં આવે છે. અને વિદ્યાર્થીને માલુમ પડેલો રોગ તેના વાલીને જણાવવામાં આવે છે. શારિરીક કેળવણી તરફ પણ ખાસ ધ્યાન આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓ શરિરના વિકાસ સારૂ ક્રિકેટ ઉપરાંત દેશી રમતો પણ રમે છે. રાજ્યમાં એક અંગ્રેજી મીડલ સ્કુલ છે. અને તેમાં અંગ્રેજી પાંચ ધોરણ સુધી અભ્યાસ કરાવવામાં આવે છે. માતૃભાષાની કેળવણીમાટે કુમારો માટે સાત શાળાઓ અને કન્યાઓ માટે બે શાળાઓ હાલ અસ્તિત્વમાં છે. આ ઉપ-રાંત એક જૈનશાળા એક સંસ્કૃત પાઠશાળા અને ચાર મદ્રેસાઓ ધાર્મિક શિક્ષણનો પ્રચાર કરે છે અને સ્ટેટના રાજપૂત વિદ્યાર્થીઓને રહેવા માટે સ્ટેટ ખર્ચે રાજપુત (ગિરાસીયા) બોર્ડીંગ હાલમાં બંધાવી ખોલવામાં આવેલ છે,

દવાખાનાં:—રાજ્યમાં બે દવાખાનાં છે જેમાં એક ધ્રોળ મુકામે અને બીજું સરપદડ મુકામે છે. જેનો લાભ આ સ્ટેટની રૈયત ઉપરાંત પર તાલુકાની વસ્તિને પણ મળે છે. દવાખાનાની સરાસરી રોજની હાજરી જે ૧૬૦ સુધી જાય છે તે ચોમાસામાં ૨૫૦થી ૩૦૦ સુધી પહોંચી જાય છે અને તે આંકડો, દવાખાનાથી રૈયતને કેટલો લાભ મળે છે અને રૈયત તેનો કેટલો લાભ ઉઠાવે છે તે બતાવી આપે છે.

શહેર સુધારા:—ધ્રોળ શહેરનું શહેર–સુધરાઇ ખાતું રસ્તા સાફ સુફ રખાવવાનું તથા રાત્રે દિવાબત્તી પુરૂં પાડવાનું કામ કરે છે. તેમજ ભવિષ્યમાં શહેરમાં ઇલેક્ટ્રીક બત્તી પુરી પાડવા માટે સ્ટેટ તરફથી એક ઇલેકટ્રીક પાવરહાઉસ પણ બંધાવવામાં આવે છે.

(૧) ઠાકોરશ્રી હરધોળજી

(ચંદ્રથી ૧૭૦ શ્રીકૃષ્ણથી ૧૧૫) (વિ. સં. ૧૫૭૫થી ૧૬૦૬=૩૧ વર્ષ)

આ રાજ્યના રાજ્ય કર્તા યાદવકુળ શિરોમણિ શ્રી કૃષ્ણ ચંદ્રના વંશજ છે. અને જાડેજા રાજપુત છે. તેની સ્થાપના કરનાર મુળ પુરૂષ (કચ્છમાં થઇ ગયેલા જામશ્રી લાખા જીના કુમાર અને નવાનગર રાજ્યની સ્થાપના કરનાર જામશ્રી રાવળજીના ભાઈ **જામશ્રી હરધોળજી** હતા. જામશ્રી રાવળજી, હરધોળજી, રવાજી, અને મોડજી એ ચારે ભાઇઓ કચ્છમાંથી હાલાર પ્રદેશમાં આવ્યા એ સર્વ હકિકત આ ઇતિહાસના પ્રથમ ખંડમાં જામશ્રી રાવળજીની કારકીર્દીમાં આવી ગઇ છે. વિ. સં. ૧૫૭૫માં હરધમળ ચાવડો હાલ કહેવાતા ધ્રોળ (ધમળપુર)માં રાજ્ય કરતો હતો. તેને ઠાકોરશ્રી હરધોળજીએ લડાઇમાં માર્યો. અને

તેના ૧૪૦ ગામો જીતી લઇ ધ્રોળમાં ગાદી સ્થાપી. પોતાના હરધોળ નામ ઉપરથી તે શહેરનું નામ "ધ્રોળ" રાખ્યું નવાનગરના જામશ્રી રાવળજીએ દક્ષિણ તથા પશ્ચિમ તરફનો જેઠવા-ઓનો મુલક ઠાકોરશ્રી હરધોળજીની મદદથી જીતી લીધો હતો. તે વેળાની લડાઇમાં જેઠવાની મદદે વાળા, વાઢેલ, વાઘેર અને જુનાગઢનો સુબો વિગેરે બીજા ઘણાં રાજાઓના લશ્કરો હતાં, તેમની સામે જામશ્રી રાવળજી તથા ભાઇ હરધોળજી અને તેમના કુંવર જસોજી ગયા હતા. એ લડાઈ જામનગર તાબાના ગામ મીઠોઇના પાધરમાં થઇ હતી. જેનું વર્ણન આ ઇતિહાસના પ્રથમ ખંડની અષ્ટમી કળામાં "મીઠોઇના પાધરનું મહાન યુદ્ધ" એ હેડીંગથી સવિસ્તર આપવામાં આવેલું છે. એ ભયંકર લડાઇમાં ઠાકોરશ્રી હરધોળજી કામ આવ્યા હતા. (વિ. સં. ૧૬૦૬)

ઠાકોરશ્રી હરધોળજીને જસોજી, ઉનડજી, રાધોજી, વિરોજી, લાખોજી, ખીમોજી, ખેંગા-રજી, અને વજેજી, એ નામે આઠ કુંવરો હતા. તેમાંથી પાટવિ કુમાર શ્રી જસોજી ધ્રોળની ગાદીએ આવ્યા અને ઉનડજીને લિયાળા, રાધોજીને રાજપર, વિરોજીને ખીજડીઆ, લાખાજીને ટોટડા, ખીમાજીને પીપરટોડા, ખેંગારજીને ખેંગારકા અને વજાજીને ખાંગડા એમ ગરાસમાં ગામો આપ્યાં હતાં.

(૨) ઠાકોરશ્રી જસાજી (વિ. સં. ૧૬૦૬થી ૧૬૨૦-૧૪ વર્ષ)

ઠાકોરશ્રી જસાજીના મનમાં અહરનિશ પોતાના પિતા હરધોળજી મરાયાનું વેર લેવાના વિચારો થતા હતા. કણઝરી નામે બાર ગામનું પરગણું જે હાલ ચિત્રાવડના નામથી ઓળ-ખાય છે. ત્યાં એ વેળા ચુડાસમા રજપુતનું રાજ્ય હતું. તે રાજા ઠાકોરશ્રી જસાજી તથા ભાણુજી જેઠવાનો સાળો થતો હતો. તેને ઘેર લગ્ન પ્રસંગે ભાણુ જેઠવો તથા તેમનાં રાણી ગયાં હતાં, અને ધ્રોળથી ઠાકોરશ્રી જસાજીનાં રાણી પણ ગયાં હતાં. ત્યાં બન્ને બેનો ભેગી મળ્યા પછી એક બીજાએ પોતપોતાની મોટાઇની વાતો કરવા માંડી. એમાં જેઠવારાણીના કેટલાક બોલ ઠા.શ્રી જસાજીના રાણીને ભારે લાગ્યા. તે ઉપરથી તેણે ઠાકોરશ્રી જસાજીને ધ્રોળ કાગળ લખી કણઝરી બોલાવ્યા. અને ત્યાં જઇ જસાજીએ ભાણુ જેઠવા સામે યુદ્ધ કર્યું તેમાં ભાણુ જેઠવો બહુજ બહાદુરીથી લડતાં, ઠાકોરશ્રી જસાજીના હાથથી મરાયો.

ઠાકોરશ્રી જસાજીએ ઇશ્વર (ઇસર) બારોટના પૌત્ર ધુના બારોટને જામનગરથી તેડાવી લાખપશાવ આપી પોતાના દશોંદી સ્થાપ્યા હતા.

ઠાકોરશ્રી જસાજીના મામા હળવદના રાજ રાયસિંહજી એક વેળા પોતાના ભાણેજને મળવા માટે ધ્રોળ આવ્યા હતા. એક દિવસ મામો ભાણેજ બન્ને ચોપાટની બાજી રમતા હતા તે વેળા નગારાના ડંકાનો અવાજ જસાજીને કાને પડયો, એટલે તેમણે ક્રોધાયમાન થઇ કહ્યું કે મારા ગામને પાધરે ડંકો વગાડે એવો કોણ જોરાવર છે? એમ કહી તપાસ કરવા હજુરીને હુકમ આપ્યો એ હજુરી ખબર લાવ્યો કે "મકનભારથી નામે અતીતની જમાત હિંગળાજ જાત્રા કરવા જાય છે તેનો જમાતનો ડંકો છે" તેથી ઠાકોરશ્રી જસાજીએ કહ્યું કે

"ત્યારે કંઈ નહિં જવાદ્યો!" તે સાંભળી રાજ રાયસિંહજીએ કહ્યું કે "કદી કોઇ રાજાનો ડંકો થયોહોત તો તમો શું કરત?" જસોજી બોલ્યા કે "તેના નગારા તોડાવી ફોડાવી નાખત" આ વાત રાયસિંહજીએ મનમાં રાખી. અને હળવદ ગયા પછી એક મોટું લશ્કર લઇને ધ્રોળ આવ્યા. અને ધ્રોળને પાધરે પોતાનો ડંકો વગડાવ્યો ડંકો બંધ રાખવા જસાજીએ ઘણું કહ્યું પરંતુ તેમણે તે વાત માની નહિં. તેથી છેવટે પોતાનું લશ્કર લઇ તૈયાર કરી, રાજ રાયસિંહજીના લશ્કર પર ચઢાઇ કરી. લડાઇ બહુ જોશમાં ચાલી અને બન્ને લશ્કરમાં ઘણી ખુવારી થઇ. રાજ રાયસિંહજી પછી દ્વારકા જવા ઉપડયા. અને રસ્તામાં નગર રોકાયા. આ વખતે નગરમાં જામ રાવળજી દેવ થયા હતા. અને તેમના યુવરાજ જીયોજી પણ લાખાજીને મુકીને તેમના પહેલાં દેવ થયા હતા. ઠાકોરશ્રી જસાજીએ લાખાજીની તરફેણ લીધી. અને તેથી જામવિભાજી જેમણે લાખાજીના હકની દરકાર નહિ કરતાં નવાનગરની ગાદી પર આરોહણ કર્યું હતું તેમની સાથે ધ્રોળને જામવિભાજીના જેસાવજીરે વિખવાદ ઉભો કરાવ્યો હતો. તેથી રાજ રાયસિંહજીને જામવિભાજી તથા તેમના જેસાવજીરે સારો આવકાર આપ્યો અને ઠાકોરશ્રી જસાજી સાથે વેર લેવામાં મદદ આપવા કહ્યું તેથી રાજ રાયસિંહજી દ્વારકાથી વળતાં, નગરમાં આવ્યા અને ત્યાંથી જેસાવજીરે જામનગરના લશ્કર સહિત રાજ રાયસિંહજી સાથે ધ્રોળ ઉપર ચડાઇ કરી. અને પછી જે ભયંકર લડાઇ થઇ, તેમાં ઠાકોરશ્રી જસાજી ઘણી બહાદુરીથી લડાઇ કરતાં કામ આવ્યા. એ લડાઇમાં પોતાના દશોંદી ચારણ ધુનોબારોટ સાથે હતા. તેઓને ઠાકોરશ્રી જસાજીએ મરતી વખતે કહ્યું કે "મારે બે વાતની હોંશ રહી છે, તેમાં એક એ જે મેં જેવું આ ધિંગાણું કર્યું તેવું વીરરસનું વર્ણન મારી કીર્તીવાળું ઇસર બારોટ કરે તેવી ઇચ્છા છે, તથા બીજું એ કે મારો 'માર' મારા હાથમાંથી જીવતો ગયો તો તેને મારી માર્ફ વેર લેવા ભુજ જઇ સાહેબજીને ભલામણ કરજો, ઉપરની બે વાતની કબુલત ધુનાબારોટે આપતાં, ઠાકોરશ્રી જસાજી સ્વર્ગે ગયા. (વિ. સં. ૧૬૨૦)

દશોંદી ચારણ ધુનાબારોટ ભુજ ગયા અને રાઓશ્રી ભેંગારજીના નાનાભાઇ સાહેબજીને જસાજીનો સંદેશો કહ્યો. એટલે સાહેબજી મોટા લશ્કર સાથે રાયસિંહજી ઉપર ચડયા અને માળીયા આગળ તેમનો ભેટો થયો. એ લડાઇમાં સાહેબજી કામ આવ્યા. અને રાયસિંહજી પણ સખ્ત ઘાયલ થઇ રણક્ષેત્રમાં પડયા. એ વખતે મકનભારથીની જમાત ધિંગળાજથી પાછી વળતાં એ રણક્ષેત્ર આગળ નીકળતાં રાજ રાયસિંહજીની ઘાયલ લોથ તેને મળી. જે લઇ તેઓ દિલ્હી ગયા. ત્યાં રાજ રાયસિંહજી કેટલોક વખત બાવાના લેખાસમાં તેની સાથે રહ્યા. અને અકબર બાદશાહે જ્યારે ખાનખાનાનને ગુજરાતનો સુબો નીમ્યો ત્યારે રાજ રાયસિંહજીને સુબાની ભલામણથી હળવદ પાછું મલ્યું. એ પ્રમાણે સાહેબજીએ જસાજીનું વેર લઇ પોતાનો ભાતૃભાવ પ્રાણની આહુતી આપી બતાવ્યો હતો.

ઇસર બારોટ પાસે ઠાકોરશ્રી જસાજીની રણવિરત્વની કવિતા ધુનાબારોટે ઠાકોરશ્રી જસાજીની ભલામણ પ્રમાણે રચાવી હતી. જે કાવ્ય અમોને સંપૂર્ણ મળેલું નથી. પરંતુ જે કાંઇ મળેલ છે તે આ નીચે આપવામાં આવેલ છેઃ—

–જસા હરધોળાણીના દુહા–(રાણી કહે કેઃ–)

परणतां में परखीयो, ए मुछांरी अणी ॥ में तो लांबी पेरशां, जद्पेरे घणी ॥ १ ॥

અર્થઃ—મેં લગ્ન કરતી વખતેજ (ઘુંઘટમાંથી જોઇ) પતિની અણીદાર મુછથી પરીક્ષા કરી હતી, જે હું તો "પોત" (વિધવાનાં કપડાં) પહેરીશ, પણ કયારે? કે જ્યારે, એવાં કપડાં ઘણી સ્ત્રીઓ પહેરશે ત્યાર પછી પહેરીશ. સારાંસ કે મારો પતિ એવો વિર છે કે ઘણા શત્રુઓને રણક્ષેત્રમાં મારી અને મરશે.

घर घोडा पिथ अपचळो, वेरी मेळो वास ॥ नतरा बाजे ढोलरा, क्युं चुडारी आस॥२॥

અર્થઃ—ઘરે ઘોડાઓ છે પતિ અતિ ચપળ છે. અને દુશ્મનો પાસેજ વસે છે. તેથી દરરોજ ધુમીયા ઢોલ (લડાઇના વાજંત્રો) વાગે છે. તેમાં ચુડલાની કયાં આશા રાખવી?

वेनाणी ढीलो घडे, मो कंतरो सनाह ॥ बीकसे पोयण फुलज्युं, परदळ दीठे नाह॥३॥

અર્થઃ—હે વેનાણી (લુહાર) મારા પતિનું સનાહ (બખ્તર) જરા ઢીલું ઘડજે, કેમકે જેમ પોયણી ફુલ ચંદ્રમાને જોઇ વિકાસ પામે છે તેમ મારો પતિ શત્રુદળ જોતાંજ પ્રફુલ્લિત થાય છે. તો જે બખતર ફીટ હોય તો તેની કડીયો શરિર પ્રફુલ્લિત થતાં ઉઘડી જશે માટે જરા ઢીલું ઘડજે.

धीरा धीरा ठाकरा, गुम्मर कीया मजाव ॥ मोहोंघा होसी झुंपडा, जो घर होसी नाव॥

અર્થઃ—(શત્રુ દળને સંબોધી કહે છે કે) હે ઠાકરો તમો ગર્વ કરીને જાવમાં જો મારા પતિ ઘરે હશે તો તમારા ઝુંપડાં મોંઘા થઇ પડશે. (તમારૂં વતન દૂર થઇ પડશે.)

नाव मोहोंगा दीयण, झुंपडा त्रमे नर ॥ जाओ छो खडतालता, केम जरसे जहर॥५॥

અર્થઃ—હે ભાઇઓ મારો પતિ નિર્ભય રહી, તમારા ઝુંપડાં મોંઘા (દૂર) કરી દેશે. તમો ઘોડા ખડતાલતા જાઓ છો પણ મારા પતિના ક્રોધ રૂપી ઝેરને પચાવી નહિં શકો.

रुंक हथ जो वसो, विर जश राज रा ॥ ठमंता पाव, धीरा दीयो ठाकरा ॥ ६ ॥

અર્થઃ—તમે વિર જશાજીના હાથની રૂંક (ઝડપ) જોશો ત્યારે તેની વિરતા જાણશો. માટે હે ઠાકોરો તમો ઉતાવળા પગ નહિં ભરતાં, ધીરા રહો.

केहर मुंछ भुजंग मणी, सरणाया सोंहडां॥सतिपयोधर कृपण धन, हाथ पडसी मुवां॥७॥

અર્થઃ—સિંહની મૂછ, સર્પની મણી, શરણાગત, સતિના સ્તન, અને લોભીનું દ્રવ્ય એટલી વસ્તુ તો તેઓના મરણ પછી હાથમાં આવે છે.

उठ अशंका बोलणां, कामण आखे कंत॥आया वेरी प्रोहळा, हुंकळ कळह हुवंत॥८॥

અર્થઃ—(પતિને સંબોધીને કહે છે કે) હે અશંકા બોલણા (જેને કોય પણ કાર્યમાં, કાર્ય થશે? કે નહિં થાય? તેવી શંકા નહિં તેવા બોલ બોલનારા) ઉઠ ઉઠ તારી પ્રોળે (દરવાજે) કળહ (યુદ્ધ) કરવાને માટે શત્રુઓ હુંકળ મચાવી રહ્યાં છે.

घोडा हुंकळ भाळीया, निद्रा कंत निवार॥आया वेरी प्रामणा, दळ खड तुझ दुवार॥९॥

અર્થ:—હે પતિ નિંદ્રાનો ત્યાગ કરો જુઓ, ઘોડાઓ હુંકળ મચાવી રહ્યા છે, એવું જે તમારા શત્રુઓનું દળ તે હરવાજે પરોણારૂપે આવી ઉભું છે. (માટે તેની પરણાગત કરો)

સેંઘટ મું શોહે નહિ, ગાઢી સુણસાંગાથ ॥ આજ કઠોડે ઉભસાં, હરધોળ જોવણ હાથ॥

અર્થ:—હે સખિ આજે મને ધુંધટપટ (ઓઝલ-મર્યાદા) ગમતો નથી આજ તો હું (શત્રુઓના શિષ કાપતા) હરધોળાણી જશાજીના હાથ જોવા મહેલના ઝરોખાને કોડે ઉભી રહી તેની મહાન કિર્તી સાંભળીશ,

સૈલ ધમંકા ક્યું સહ્યા, ક્યું સહીયા ગજદંત ॥
કઠણ પયોધર લાગતા, કસકસતા જદ કંત ॥૧॥ *

અર્થ:—હે પતિ તરવારો અને ભાલાઓની તથા હાથીઓના દંતુશળોની ભીંસટ કેમ સહન કરી શકયા? કારણ કે આપની કોમળ કાયામાં જ્યારે કઠણ (પયોધરો) સ્તનો ભીંસાતા (લાગતા) ત્યારે આપ આપના શરિરને કસકસી (સંકોચી) લેતા.

(૩)ઠાકોરશ્રી બામણીયાજી,(વિ. સં. ૧૬૨૦થી ૧૬૨૨-૨ વર્ષ)

ઠાકોરશ્રી જસાજી પછી ઠાકોરશ્રી બામણીયાજી ગાદીએ આવ્યા. અને પોતાના નાનાભાઇ કરચનજીને સણોસરા અને હમિરજીને ડાંગરા એમ ગામો ગરાસમાં આપ્યાં તેમજ પોતાના દશોંદી ચારણ ધુનાભારોટ કે જેણે ઠાકોર જસાજીની બન્ને હોંશો પુરી કર્યા પછી કશુંઓ પિવાનું તથા માથે પાઘડી બાંધવાનું વ્રત લીધું હતું, તે કાર્યપુરૂં થતાં તેને કસુંઓ પિવરાવી પાઘડી વગેરે પોશાક આપી,લખપશાવમાં 'ધુનાનાગામ'નામનું ગામ ખેરાતમાં આપ્યું હતું.(જે ગામ હાલ પણ તેના વંશજો ખાય છે.)ઠાકોરશ્રી બામણીયાજીએ ફકત બેજ વર્ષ રાજ્ય કર્યું હતું. પરંતુ તેમના વખતમાં દેશમાં ચારે તરફ બહારવટીઆઓ ફાટી નીકળ્યા હતા. તે છતાં તેમણે પોતાનું રાજ્ય બહુજ આહોશીથી સંભાળી રાખ્યું. તેઓશ્રીને તેર કુંવરો હતા. તેમાં પાટવી કુમારશ્રી હરધોળજીને ગાદી મળી.અને જીવણજીને ચણોલ, ઇટાલા, અને વિસામણ, (જેમાંથી વિસામણ હાલ નવાનગર સ્ટેટને તાબે છે.) રવાજીને જળીયા [જેનો હાલ જળીયાદેવાણીનો જુદો તાલુકો છે] આસાજીને જળીડા સાહેબજીને વણપરીની પાટી, અમરજીને દોમડા, ખેતાજીને ટીંબડી અખાજીને વચલી ઘોઢી, અને પંચાણજીને દેડકદડ એમ ગામો ગરાશમાં મળ્યાં હતાં. મેવજી, હરદાસજી, જીણોજી, અને હમીરજી, તેઓ ચારેય, તેમના પિતા ઠાકોરશ્રી બામણીયાજી દેવ થયા પહેલાંજ દેવ થયા હતા.

(૪)ઠાકોરશ્રી હરધોળજી બીજા (વિ. સં. ૧૬૨૨થી ૧૬૬૦-૩૮ વર્ષ)

ઠાકોરશ્રી હરધોળજીના વખતમાં વિ. સં. ૧૬૪૮ના શ્રાવણ માસમાં ધ્રોળથી એક

*આ સિવાય ખસરદાસજીના રચેલા કેટલાક કુંડળીયા છંદો હોવાનું સાંભળેલ છે. તો જો કોઇ વાંચક વર્ગ અમોને મોકલશે તો ભવિષ્યમાં બીજી આવૃત્તિમાં બહાર પાડવામાં આવશે.

માધલને અંતરે આવેલા ભૂચરમોરી નામના મેદાનમાં એક ભયંકર અને ખુનખાર લડાઇ થઇ હતી. જે હાલ ભૂચરમોરી નામથી પ્રસિદ્ધ છે. અને તે જગ્યાએ આજે પણ તેની યાદગિરીમાં દરવર્ષે શ્રાવણ વદ ૧૩–૧૪ અને અમાસના રોજ મેળા ભરાય છે. અને ત્યાં જામશ્રી અજાજીની દેરી તથા ભીંતપર લડાઇનાં કાઢેલાં ચિત્રો હજી સુધી મોજુદ છે. એ લડાઇને વખતે ધ્રોળને નગર સાથે રિસામણું હોઇ, તેઓ મદદે ગયા ન હતા. પરંતુ જ્યારે કુમારશ્રી અજાજીનાં રાણી સતિ થવાને ભૂચરમોરીમાં આવ્યાં ત્યારે ધ્રોળના ઠાકોરશ્રી હરધોળજીએ તથા સર્વ ભાયાતોએ ત્યાં સંપૂર્ણ બંદોબસ્ત જાળવી મદદ આપી હતી. ઠાકોરશ્રીહરધોળજી બીજા વિ. સં. ૧૬૬૦માં દેવ થયા.

ઠાકોરશ્રી હરધોળજીને ત્રણ કુંવરો હતા જેમાંથી પાટવી કુંવર મોડજી ગાદીએ આવ્યા અને ઉદયસિંહજીને ઘોઘો અને રણમલજીને છલ્લાગામ ગરાસમાં આપ્યાં.

(૫) ઠાકોરશ્રી મોડજી.)	(૬) ઠાકોરશ્રી પંચાણજી)	(૭) ઠાકોરશ્રી કલાજી)
(વિ. સં. ૧૬૬૦થી ૧૬૬૫)	(૧૬૬૫થી ૧૭૦૦)	(૧૭૦૦થી ૧૭૬૨)

ઠાકોરશ્રી મોડજીના રાજ્ય અમલમાં એવું કહેવાય છે જે દેવળા નામના ગામને પાદરેથી ઘણું ધન જમીનની અંદરથી મળી આવ્યું હતું. તે વિષે પ્રાચિન દુહો છે કેઃ—

ડોંડી કાંઠે દેવળા, ઉગમણે દરબાર ॥ સામ સામા બે ખીજડા, ત્યાં દ્રવ્યનો નહિં પાર॥

ઠાકોરશ્રી મોડજી વિ. સં. ૧૬૬૫માં પાંચ વર્ષ રાજ્ય કરી દેવ થયા. પરંતુ તેમને કાંઇ સંતાન નહિં હોવાથી ઠાકોરશ્રી બામણીયાજીના સૌથી નાના કુંવર **પંચાણજીને** ગાદી મળી. અને તેમના ગરાસનું ગામ જે દેડકદડ તે પાછું સ્ટેટમાં ભળી ગયું. એ (૬) પંચાણજીના વખતમાં પણ બહારવટીઆઓની ઘણી ધાડો આવતી હતી. પણ તે બધી ધાડોને તેમણે બહાદુરીથી પાછી કાઢી હતી. તેઓ ૩૫ વર્ષ રાજ્ય કરી, વિ. સં. ૧૭૦૦માં દેવ થયા. ઠાકોરશ્રી પંચાણજીને ત્રણ કુંવરો હતા. તેમાં પાટવિ કુંવર (૭) **કલોજી** ગાદીએ આવ્યા અને સુજાજીને દેડકદડ તથા સમાજીને આખરાળું ગામો ગરાશમાં આપ્યાં. ઠાકોરશ્રી કલાજી બહુજ શુરવિર પુરૂષ હતા. તેથી તેમની કીર્તી બહુજ પ્રસિદ્ધ હતી, તેમણે કાઠીઓ સાથે સરતાનપર ખોખરીને સિમાડે એક જબરી લડાઇ કરી હતી તે લડાઇની યાદગીરિ માટે એ જગ્યા આજ પણ ઠાકોરશ્રી કલાજીના નામ ઉપરથી 'કલાધાર' નામે ઓળખાય છે. આ વખતે જામનગરમાં જામશ્રી લાખાજી રાજ્ય કરતા હતા. તેમણે ગુજરાતનો સુબો નબળો જોઈ પોતાની કેરીના સિક્કા વધુ પાડવા માંડયાં. પોતાનું લશ્કર વધારી દીધું અને બાદશાહી ખંડણી ભરવી બંધ કરી. આ ઉપરથી બાદશાહે આજમખાનને ગુજરાતનો સુબો નિમ્યો તેણે નવાનગર ઉપર ચડાઇ કરી આ વખતે ધ્રોળ તથા જામનગરને સુલેહ હોવાથી ઠાકોરશ્રી કલાજીએ પોતાના પાટવિકુમાર સાંગાજીને કેટલાક લશ્કર સાથે જામસાહેબની મદદે મોકલ્યા હતા. અને તે ભયંકર લડાઇ સાંગોજી બહાદુરીથી લડતાં કામ આવ્યા હતા. ઠાકોરશ્રી કલાજી વિ.સં. ૧૭૬૨માં ૬૨ વર્ષ રાજ્ય કરી દેવ થયા. ઠાકોરશ્રી કલાજીને સાત કુંવરો હતા. તેમાં પાટવિકુમાર સાંગાજી ઉપરની લડાઇમાં કામ આવ્યા તેને પણ કાંઇ સંતાન નહિં હોવાથી ઠાકોરશ્રી-

કલાજીના બીજા કુંવર ભીમજીનો ગાદીએ બેસવાનો હક હતો પરંતુ તેમણે ગાદીએ બેસવાની ના કહી અને બાર ગામ સહીત ખીરસરા લઇ ત્યાં જઇ રહ્યા તેથી ઠાકોરશ્રી કલાજીના ત્રીજા કુંવર જુણોજી ગાદી ઉપર આવ્યા અને ચોથા કુંવર જેસંગજીને વાગુદડ, સગાળીયા, સુખાકુના અને ઢોકળીયા તથા પાંચમા કુંવર મેઘજીને જાયવા અને ગઢડા છઠા કુંવર હોથીજીને દહીંસરા, મોડપર અને મેટોડા અને સાતમા કુંવર પુંજાજીને રાદડ અને હીદડ ગામો ગરાસમાં મળ્યાં.

(૮) ઠાકોરશ્રી જુણાજી (૯)ઠાકોરશ્રી ખેતાજી (૧૦) ઠાકોરશ્રી કલાજી બીજા
(વિ. સં. ૧૭૬૨થી ૧૭૬૮-૬ વર્ષ)(૧૭૬૮થી ૧૭૭૧-૩વર્ષ)(૧૭૭૧થી ૧૭૭૨-૧વર્ષ)

ઠાકોરશ્રી જુણાજી કુંવર પદે હતા ત્યારે નવાનગરની ગાદી ઉપર જામ રણમલજી હતા તે જોધપુરના ભાયાતનાં કુંવરી જોડે પરણ્યા હતા. તે બાઇનો કાબુ પોતાના સ્વામી ઉપર એટલો તો વધી પડયો હતો કે તેણે પોતાના ભાઈ ગોવર્ધન રાઠોડને નગરનો કારભાર અપાવ્યો હતો. આગળ જતાં ગોર્વધને ધીમે ધીમે પોતાની બેનની સહાયતાથી જામસાહેબને કેદી જેવા બનાવી મુકયા હતા. તેણીએ પોતાના ભાઇની સહાયતાથી એક છોકરો લીધો અને પોતેજ તેને જન્મ આપ્યો હોય તેવી રીતે તેનું નામ સત્તાજી પાડયું જ્યારે વિ. સં. ૧૭૧૭માં જામ રણમલજી દેવ થયા ત્યારે ધ્રોળ ઠાકોરશ્રી જુણાજી (કે જેઓ તે વખતે કુંવરપદે હતા) એ જામશ્રી રણમલજીના ભાઇ રાયસિંહજીને ગાદીએ બેસારવામાં બનતી મદદ આપી હતી. જામ-રણમલજીના કારજ ઉપર ગોરધનસિંહે જામના જોડેજા ભાયાતોથી ડરી જઇ તેમને ગામમાં પેસવા દીધા નહિં. તો પણ યુકિતથી તેઓ શહેરમાં દાખલ થયા હતા. કર્નલ વોકર પોતાના હાલારના રીપોર્ટમાં લખે છે કે "તેઓ (નવાનગરમાં) ભેળા થયા. પછી થોડાજ વખતમાં ધ્રોળના જુણોજી ત્યાં આવ્યા તેઓ ગોવર્ધનસિંહની સાથે ખાનગીમાં બેઠા હતા. તેવામાં તેમણે પોતાની કમરમાંથી કટાર કાઢી તેને પોતાના હાથથીજ ગોવર્ધનને મારી નાખ્યો, અને હકદાર વારસ રાયસિંહજીને ગાદીએ બેસાડયા.

ઠાકોરશ્રી જુણાજી વિ. સં. ૧૭૬૮માં છ વર્ષ રાજ્ય કરી સ્વર્ગે સિધાવ્યા. તેઓશ્રીને ચાર કુંવરો હતા. તેમાં પાટવિ કુંવર **ખેતાજી** ગાદીએ આવ્યા (સં. ૧૭૬૮) નાના કુંવર લાખાજીને ખાખરા અને મોટીચણોલ કુમારશ્રી મુળુજીને હડમતીયા, (જે હાલ પણ મુળુજીના નામ ઉપરથી મુળવાણીનાહડમતીયા કહેવાય છે) જોધપુર, અને ખજુરડી જેમાંથી પહેલાં બે ગામો હાલ નવાનગર સ્ટેટ તાબે છે અને ખજુરડી ખીરસરા તાબે છે. કુમારશ્રી ગોડજીને હાડાટોડા અને ભેંસદડ તથા ગરાડીયામાંથી પાટીયું મળી. ઠાકોરશ્રી ખેતાજી વિ. સં. ૧૭૭૧માં સ્વર્ગે સિધાવ્યા. તેઓશ્રીને ત્રણ કુંવરો હતા. તેમાંથી મોટા કલાજી ગાદીએ આવ્યા અને નાના કુંવર વાઘજી અને મકનજીને ગરાસ મળ્યો, મકનજીને મેઘપર જે હાલ જામનગર તાબે મકાજીમેઘપરના નામે ઓળખાય છે તે તથા નાનું વાગુદડ ગરાસમાં મળ્યાં.

ડાંગરાના ભાયાતોએ ઠાકોરશ્રી કલાજીને ડાંગરે આમંત્રણ કરી દગાથી તેમનું ખુન કર્યું. (વિ. સં. ૧૭૭૨)

(૧૧) ઠાકોરશ્રી વાઘજી (વિ. સં. ૧૭૭૨થી ૧૮૧૬) ૪૪ વર્ષ

ઠાકોરશ્રી કલાજીને કાંઇપણ સંતાન નહિં હોવાથી તેમના નાના બંધુ વાઘજી ગાદીએ આવ્યા. તે ઠાકોરશ્રી વાઘજી ઘણાંજ બહાદૂર હતા. તેમના વખતમાં જોધપુરના મહારાજા દ્વારકાની જાત્રાએ જતા હતા. તેઓ રસ્તામાં ધ્રોળને પાધરે છાવણી નાખી પડયા હતા. તેમના માણસોએ ગામમાં પેસી વસ્તિના લોકોને કેટલીક હરકત કરવા માંડી. લોકોએ ઠાકોર વાઘજી આગળ આવી ફરિયાદ કરી એટલે તે એકદમ પોતાની ફોજ લઇ. જોધપુરના મહારાજની છાવણી પર ગયા ત્યાં તેઓ બન્ને વચ્ચે લડાઇ થઈ, તેમાં જોધપુરના મહારાજ હાર્યા અને ઠાકોર વાઘજીએ તેના હાથીનું પુંછડું કાપી નાખી અને હાથીને દરબારમાં મોકલાવ્યો. જ્યારે જોધપુરના મહારાજાએ ધણી આજીજી કરી ત્યારે તેમનો હાથી પાછો આપ્યો. આ વખતે મહારાજા દ્વારકા નહિં જતાં જોધપુર પાછા ગયા. અને તે વખતથી એક કહેવત ચાલુ થઇ કે 'અઠેય દ્વારકા' આ કહેવત આજ સુધી ચાલે છે. ઠાકોર વાઘજીના વખતમાં ઠાકોર હાલોજી ગોંડળની ગાદી ઉપર હતા તેમના તરફનો હોથીજી એક મોટી ફોજ લઇને ફેરા ફરતો હતો. એક વેળા મિતાણાના ખારામાં ઠાકોર વાઘજી ૬૦ ઘોડાથી છાવણી નાખી પડયા હતા.ત્યાં આગળ થઇને ગોંડળવાળો હોથીજી ડંકા વગડાવી નીકળ્યો. ઠાકોરશ્રી વાઘજીએ ડંકા બંધ રાખવાનું કહેવરાવ્યું, પરંતુ તે વાત તેણે માની નહિં. તેથી તે બન્ને વચ્ચે લડાઇ થઇ. ગોંડળ અને ધ્રોળ વચ્ચે વિના કારણે વેર ઉત્પન્ન ન થાય અને કાયમની સુલેહ જળવાય તેટલા માટે એક વિદ્વાન ચારણે ગોંડળ જઇ, ઠાકોરશ્રી હાલાજીને નીચેનો દુહો કહ્યો.

सोरठो—हाला होथीने वार; गढ जाशे गोंडळ तणो ॥
सुतो साप म जगाड; वेरी थाशे वाघडो ॥ १ ॥

અર્થ:—હે ઠાકોર હાલાજી તું તારા હોથીજીને વાર (કજીઆ કરતો અટકાવ) નહિંતર તારા ગોંડળનો ગઢ તારા હાથમાંથી જશે. કારણ કે વિના કારણે ઠાકોર વાઘજી સાથે વેર કરાવી, સુતેલા સર્પને જગાડમાં. તે ઉપરથી બન્ને રાજ્યો વચ્ચે સુલેહ થઇ હતી. ઠાકોરશ્રી વાઘજીએ ૮૦ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવ્યું હતું. અને પોતાની આખી ઉમર લડાઇમાંજ ગાળી હતી. તેઓ વિ. સં. ૧૮૧૬માં ૪૪ વર્ષ રાજ્ય ભોગવી સ્વર્ગે સિધાવ્યા તેઓશ્રીને સાત કુંવરો હતા. જેમાંથી પાટવિકુમાર જયસિંહજી (જેસંગજી) ગાદીએ આવ્યા. અને નાના મેઘજીને વિરવાવ (જે હાલ જામનગર તાબે છે તે,) રાયજીને સાલપીપળીયા જે પણ હાલ નગર તાબે છે તે, ખીમાજીને રોઝીયા અને સોનારડી અમરાજીને હળમચોરા તેજાજીને આણંદપુર અને ચાસીયા–પીપળીયા(જે હાલ નગર તાબે છે.)અને અજાજીને પીપળીયા અને વિરવાવની પાટી, એમ ગરાસમાં ગામો આપ્યાં.

(૧૨) ઠાકોરશ્રી જેસંગજી (૧૩) ઠાકોરશ્રી જુણાજી(બીજા)(૧૪) ઠાકોરશ્રી નાથાજી (વિ. સં. ૧૮૧૬થી ૧૮૧૯) (વિ. સં. ૧૮૧૯થી ૧૮૨૭)(વિ. સં. ૧૮૨૭થી ૧૮૩૮)

(૧૫) ઠાકોરશ્રી મોડજી (સં. ૧૮૩૮ થી ૧૮૫૯)

ઠાકોરશ્રી જેસંગજીનું બીજું નામ દાદાભાઇ હતું. તેમણે પોતાના પિતરાઇ કાકા ભીમજી પાસેથી ખીરસરા લઇ લીધું (સં ૧૮૧૬) કારણકે તે સ્વતંત્ર થવા માગતું હતું એ લેવામાં તેમને ગજરાણીએ સારી મદદ આપી હતી. તેથી તેમને કોટડું ગામ બક્ષિશ આપ્યું. જે ગામ હાલ પણ ગજરાણીનાકોટડા એ નામથી ઓળખાય છે. પાછળથી થોડા દિવસપછી ખીરસરા ભીમજીને આપ્યું. ઠાકોરશ્રી જેસંગજી ઘણો વખત સરપદડમાં રહેતા. કારણકે તેનું આજુ બાજુ ચારે તરફથી રક્ષણ કરવાનું હતું ઠાકોરશ્રી જેસંગજી ફકત ત્રણ વર્ષ રાજ્ય કરી ૧૮૧૯માં સ્વર્ગે સિધાવ્યા. તેઓને ત્રણ કુમારો હતા તેમાંથી પાટવિ કુમાર જુણોજી (બીજા) સંવત ૧૮૧૯માં ગાદીએ આવ્યા અને નાના કુમાર લાખાજીને મજોઠ અને મહેરામણજીને નથુવડલા એમ ગામો ગરાસમાં આપ્યાં.

ઠાકોરશ્રી જુણાજી (બીજા) આઠ વર્ષ રાજ્ય કરી વિ.સં. ૧૮૨૭માં સ્વર્ગે સિધાવ્યા તેઓશ્રીને ત્રણ કુંવરો હતા. તેમાં પાટવિ કુંવર **નાથોજી** ગાદીએ આવ્યા. અને નાના કુંવર માનાજીને વણપરી અને અરધું પેટા (ગોવિંદપર) અને સત્તાજીને ખીજડીઆ અને અરધું પેટા એમ ગામો ગરાસમાં મળ્યાં. ઠાકોરશ્રી નાથાજીએ વિ. સં. ૧૮૩૮ સુધી ૧૧ વર્ષ રાજ્ય કર્યું તેમને બે કુંવરો હતા તેમાં પાટવિ કુંવર **મોડજી** ગાદીએ આવ્યા. અને નાના કુવર હોથીજીને ઇટાલા ગામ ગરાસમાં મળ્યું. ઠાકોરશ્રી મોડજીના અમલમાં નવાનગરમાં જામ જસાજી (બીજા) રાજ્ય કરતા હતા. તે વેળા એ રાજ્યમાં મહેરામણ (મેરૂ) ખવાસ બહુજ સત્તાવાન પુરૂષ હતો તેણે જામસાહેબને પોતાના કબજામાં નજરકેદી તરીકે રાખ્યા હતા. તેથી તેના તાબામાંથી છુટવામાટે જામસાહેબે અહિંના ઠાકોરશ્રી મોડજી તથા રાજકોટના ઠાકોરશ્રી મહેરામણજી અને ગોંડળના ઠાકોરશ્રી દાજીભાઇ અને ખીરસરાના ઠાકોરશ્રી રણમલજી વગેરેની મદદ માગી તેઓ સર્વેએ મળી મેરૂ ખવાસ સામે બંડ કર્યું; પરંતુ તેઓ મેરૂને કાંઇ પણ ઇજા કરી શકયા નહિં. તો પણ તેમણે પાછળથી જામસાહેબ અને મેરૂખવાસ વચ્ચે સુલેહ કરાવી આપી, ઠાકોરશ્રી મોડજીના વખતમાં કચ્છના વજીર ફતેહમહમદે નવાનગર ઉપર ચડાઇ કરી. પરંતુ તેમાં તે ફાવી શકયો નહિં. ત્યાંથી પ્રથમ તે ખંભાળીએ અને પછી ભાણવડ ગયો, અને ત્યાં થાણું બેસાર્યું. ત્યાંથી ખાફાને રસ્તે પાછો વળી મોળમાં કિલ્લેદાર મુકી પોતે કચ્છમાં ગયો. તેના ગયા પછી ઠાકોરશ્રી મોડજીએ કિલ્લેદારને હાંકી કાઢી, મોળમાં સ્વતંત્ર રીતે રાજ્ય કરવા માંડયું. ઠાકોરશ્રી મોડજી ૨૧ વર્ષ રાજ્ય કરી વિ. સં. ૧૮૫૯માં સ્વર્ગે સિધાવ્યા. તેમને ભુપતસિંહજી નામના એકજ કુંવર હતા.

(૧૬) ઠાકોરશ્રી ભુપતસિંહજી (વિ. સં. ૧૮૫૯થી ૧૯૦૦-૪૧ વર્ષ)

ઠાકોરશ્રી ભુપતસિંહજી ગાદીએ આવ્યા પછી તેમના અમલમાં એટલે વિ. સં. ૧૮૬૩-૬૪માં ગાયકવાડના દીવાન અને વડોદરા રેસીડન્ટ કર્નલ વૉકર ગાયકવાડ સરકાર તરફથી ખંડણીના આંકડા મુકરર કરવાને હાલાર પ્રાંતમાં આવ્યા. આ રાજ્યની ખંડણીનો આંકડો પણ તેમણે આ વખતેજ મુકરર કર્યો. તેમાં ધ્રોળ પરગણાની રૂા. ૫,૩૪૧ની ખંડણી રાખી અને સરપદડની રૂા. ૪,૨૫૯ રાખી આ વખતે સરપદડ પરગણું નવાનગરને ત્યાં ગીરવી હતું. તે પાછું મળવા ઠાકોરશ્રી ભુપતસિંહજીએ બ્રિટીશસરકાર તથા ગાયકવાડસરકારની મદદ માગી. વળી જામશ્રી જસાજીએ તેમના ભાઇ સત્તાજીને ગરાસ આપવાની ના:પાડી હતી. તેમજ કચ્છ તરફના કેટલાક દાવા તેમના વિરૂદ્ધ ઉભા થયા હતા. વળી બીજીપણ કેટલીક તકરારો હતી. તેથી જામસાહેબને તેનો નિકાલ કરવા અંગ્રેજ તથા ગાયકવાડસરકારે સુચના કરી. પણ જામસાહેબે તે તરફ કાંઇ લક્ષ આપ્યું નહિં. તેથી અંગ્રેજી લસ્કર કર્નલ વૉકરની સરદારી હેઠળ અને ગાયકવાડી લસ્કર ફતેહસિંહરાવની સરદારી હેઠળ નવાનગર ઉપર ચડયું. તેમની સામા થોડીવાર જામશ્રી જસાજીએ ટક્કર લીધી, પણ આખરે ઘણીખરી બાબતો કબુલ કરી. અને ભુપતસિંહને સરપદડ પરગણું વિ. સં ૧૮૭૪માં પાછું મળ્યું. ઠાકોરશ્રી ભુપતસિંહજીના વખતમાં ઓગણોતરા નામનો ભયંકર દુકાળ પડયો હતો (સં. ૧૮૫૯) તેથી દાણા વગેરેના ભાવ બહુજ ચડી ગયા હતા. તેથી કેટલાક ભાયાતોએ પોતાનો ગરાસ બીજા સંસ્થાનોને ત્યાં ગીરવી મુકયો અને તે તેઓ કરજ ભરી પાછો લઇ શકયાજ નહિં. વિ. સં. ૧૮૭૦ તથા ૧૮૭૬ તથા ૧૮૮૨ તથા ૧૮૯૦ તથા ૧૮૦૪ વગેરે સાલમાં સખ્ત વરસાદ પડવાથી પાકને ઘણુંજ નુકસાન થયું હતું. ઠાકોરશ્રી ભુપતસિંહજી વિ. સં. ૧૯૦૦માં ૪૧ વર્ષ રાજ્ય કરી સ્વર્ગે સિધાવ્યા હતા. તેમને બે કુંવરો હતા. તેમાં પાટવિ કુંવર જયસિંહજી ગાદીએ આવ્યા અને બીજા કુંવર **કેસરીસિંહજી*** ને બોડીધોડી ગામ ગરાસમાં મળ્યું હતું. પણ તેઓ અપુત્ર મુજરી જતાં તેમને મળેલ ગામ રાજ્ય સાથે જોડી દીધુ હતું.

---

* કુમારશ્રી **કેસરીસિંહજી** બહુજ બુદ્ધિશાળી હતા. તેઓએ ભાલદેશમાં આવેલા કોઠ ગાંગડના વારસા કેસમાં બહુજ સમયસુચકતા અને બુદ્ધિ ચાતુર્ય વાપરી કેસ જીત્યાં હતા. તે વાત જગપ્રસિદ્ધ છે. કહેવાય છે કે તેઓએ નીચેની ચાર સરતોનું ઇનામ કાઢેલું હતું.

(૧) ઇશ્વર સ્વરૂપના સાકાર નિરાકારના ઝગડામાં પોતે જે પક્ષ લે તે પક્ષનું પ્રતિપાદન કરતા. તેમાં કોઈ ખોટા ઠરાવે તો તેને રૂા. ૧૦૦૦) આપવાનું ઇનામ જાહેર કર્યું હતું.

(૨) એકમાસ સુધી ખોબે ને ધોબે બંધાણીયોના હાથથી અફીણનો કસુંબો પીએ, છતાં જો કોઇ તેઓને અફીણનું બંધાણ કરાવી આપે તો તેને રૂા.૧૦૦૦)નું ઇનામ જાહેર કર્યું હતું.

(૩) શેત્રંજની જોરી રમતમાં તેના બાદશાહને કેદ કરી મહાત્ કરે(જીતે)તેને રૂા.૧૦૦૦)ઇનામ

(૪) પોતાની સ્વારીની ઘોડીને તેઓની રજા સિવાય કોઇ ચઢીને દરબારગઢના દરવાજા બહાર લઇ જાય તો રૂા. ૧૦૦૦) ઇનામ આપવા.

(૧૭) ઠાકોરશ્રી જયસિંહજી (જેસંગજી) [બીજા]

(વિ. સં. ૧૯૦૦થી ૧૯૪૨-૪૨ વર્ષ)

ઠાકોરશ્રી જયસિંહજીએ ઘણા લાંબા વખત સુધી શાંતિથી રાજ્ય ચલાવ્યું હતું. તેમને ખોળ અને સરપદડમાં કિલ્લાઓ બંધાવ્યા હતા. તેમજ બન્ને સ્થળે દરબારગઢ પણ બંધાવ્યા હતા. તે સિવાય બાગ બગીચાઓ ધર્મશાળાઓ, સડકો અને જળાશયો વગેરે બંધાવી લોકોપયોગી કામમાં ઘણા પૈસા ખરચ્યા હતા. કાઠિયાવાડ પ્રાંતમાં જે રાજવંશીઓ પ્રમાણિક પણે ઇન્સાફ આપવામાં વખણાયા છે તેમાંના એક ઠાકોરસાહેબશ્રી જયસિંહજી પણ હતા. નવાનગરના મહારાજા જામસાહેબ સર વિભાજી સાથે ઠાકોરશ્રી જયસિંહજીને ઘણો નિકટનો સંબંધ હતો. વિ. સં. ૧૯૩૪માં 'ચોત્રીશા' નામે ઓળખાતો દુકાળ પડયો ત્યારે તેમણે ગરીબલોકોને અનાજ આપી ઘણાંના પ્રાણ બચાવ્યાં હતાં, તેઓ પોતે સારા વિદ્વાન હોવાથી વિદ્વાનોને તેમજ ગ્રંથકારોને સારો આશ્રય આપતા હતા. તેમજ દરવર્ષે ઘણાં કવિઓને ઘોડાઓ શણગારી, પોશાક પહેરામણી વિગેરે આપતા, તે બાબતનું કાવ્ય જામનગરના રાજકવિ ભીમજીભાઇએ રચેલું છે તે આ નીચે આપવામાં આવેલું છે:—

ઉપરની હકીકત વાંચકને નવાઇ જેવી લાગશે. પરંતુ જાડેજા કેસરીસિંહજી (કેશુભા)ના ખાસ સહવાસમાં આવેલા અને ઉપરની બાબતો નજરે જોવાવાળા સજ્જનોએ અમોને આ વાત કહી હતી. લોકો તેના પાસે, કીમીઓ કે વશીકરણ હતું તેમ માનતા. પરંતુ પોતાનું શુદ્ધ ક્ષત્રિવટ, અને ઉંચા પ્રકારના ચારિત્રે તેને કાઠિયાવાડના રાજપુતોમાં અને રાજાઓમાં માનનિય શ્રેષ્ટ પદ અપાવ્યું હતું. તેઓમાં ઉદારતા આદી અનેક સદ્‌ગુણો હતા, જે તેઓના સમકાલિન મુણીના રહિસ ગઢવિશ્રી રવિરાજે નીચેના કાવ્યોમાં વર્ણવ્યા છે.

॥ કેસરી સીંહજી ગુણ વર્ણન કવિત ॥

કોઉ કહે પારસમની હૈ ભુપ કેસરી પેં, કોઉ કહે કીમિયા કમાલ કર તાકે હૈ॥
કોઉ કહે જાનત મહાન લચ્છમીંકો મંત્ર, કોઉ કહે જંત્ર ઇંદ્રજોલ વસ વાકે હૈ ॥
કહે રવિરાજ કોઉ કહત ઉરદ્ધરેખ, તાહી તેં અશેષ મોજ-સાહીબી મજાકે હૈ॥
બડે પ્રભુતાકે ગુન કર્નસે ઉદારતાકે ગુનીલેત થાકે પૈં નદાન દેત થાકે હૈ ॥

(૧)

॥ ઘોડાઓનું તથા તેના પર સ્વારી કરવાનું વર્ણન ॥

સુરંગ સવેત્તી લખી સોંતક સમન સોહે, સબજે સુરખ ઓપ મુશકી બનેલેમ ॥
જરરે રુમાની મૌવે ગરરે સંજાબી ઔર, સંદલી સુનેરી સામકર્ન સુર કેલે મેં ॥
કહે રવિરાજ ભૂપ કેસરી બિરાજે રુપ, રાજે રંગ રંગ કે ચલત ગત ગેલે મેં ॥
બિધિનેં રચેલે ખાસ ગોરખ કે ચેલે જેસે, દેખે અલબેલે તુરી રાવરે તબેલેમેં ॥

(૨)

॥ ગીત જાતિ ચિંતુલોળ ॥

एक दीन शंकर प्रते; उमा अरज दाखे एम ।
घणा स्वामि घाट घोडा, करो छो नित केम ॥
तो कर प्रेम, जीकर प्रेम, पुछुं नाथजी कर प्रेम ॥१॥


जण दीन रावळ जाम, तद जग अशव चढण अपार॥
सो रोज आयो आज शंकर, तुम सजो तोखार ॥
तो दातार जी दातार, दाखो असो कुण दातार॥२॥

सुण शुभ वचनो सति केरां, वदे हर एम वाण ॥
जाम रावळ बीयो जोपे, जदपति जदराण ॥
तोकळ भांण जी कळभाण, भुपत नंद हे कळभाण ॥३॥

ओळ गढपत तेग धारी, भुप भीयण भंग ॥
मोहडेर हर नतदीये मोजे, ताकवां तोरंग ॥
तो जेसंग जी जेसंग, जागम समापे जेसंग ॥४॥

इण काज दनप्रत सति आखां, करां में केकांण ॥
जाचणां हथ दीये जेसंग, सधर जंगी शाण ॥
तो महेराण, जी महेराण, मोजे भुपति महेराण, ॥ ५ ॥

बोलीया शिव एम बाणी, भीमजी कवियंद ॥
दणीसर हे एक दात्ता, नेक भुपत नंद ॥
तो आनंद जी आनंद, उमा रुदे थइ आनंद ॥ ६ ॥



ભાવાર્થ:—જામશ્રી રાવળજીને (જડીઓ જંગલમાં વસે ઘોડાનો દાતાર) મહાદેવશ્રી જડેશ્વર હંમેશા નવા ઘોડાઓ ઉત્પન્ન કરી આપતા, અને જામરાવળજી તે ઘોડાઓ યાચકોને દાનમાં આપતા. તે હકીકત મુજબ ઓળ ઠક્કારશ્રી જેસંગજી પણ કવિઓને અનેક ઘોડાઓ દાનમાં આપતા. જેના ઉપરથી કવિરાજ ભીમજીભાઇએ તે યુક્તિનું કાવ્ય રચ્યું છે, એક દિવસ ઉમૈયાજી મહાદેવશ્રીને પુંછે છે કે "આપશ્રી જામરાવળજીને અનેક ઘોડાઓ પુરા પાડતા તે પ્રમાણે હાલ પણ આ સંખ્યાબંધ ઘોડાઓ કોના માટે તૈયાર કરો છો" સાંભળી મહાદેવજીએ

धरत रीकाब पाव वेरी हिय धकपक, सकपक कायरन कंप होत भारी है ॥
आसन जमाये अरी जीवनकी छुटे आस, पकरत बाग जन जंग जीतकारी है ॥
कहे रविराज भुप केसरी नीहारी महा, बेहद बिधान भरी बेठक तिहारी है ॥
जग जशवारी किरतार नें संवारी वीर, बीररस वारी तेरी हयको सवारी है ॥३॥

કહ્યું કે "આ પૃથ્વિ ઉપર બીજા રાવળજામ જેવા ભુપતસિંહજીના પુત્ર જયસિંહજી નામના ગોળની ગાદીએ રાજા થયા છે. તે કાયમ કવિઓને ઘણાં ઘોડાઓ દાનમાં આપે છે. માટે હે સતિ! હું તેના માટે આ ઘોડાઓ ઉત્પન્ન કરૂં છું અને આ કળિયુગમાં ઉત્તમ પ્રકારની નેક ટેક જાળવનાર ભુપતસિંહજીના કુમાર જેસંગજી છે તે એકજ છે. તે સાંભળી સતિ ઉમૈયાજી હૃદયમાં ઘણાં ખુશી થયા. ઠાકોરશ્રી જેસંગજી વિ. સં. ૧૯૪૨માં ૪૨ વર્ષ રાજ્ય કરી સ્વર્ગે સિધાવ્યા. તેઓશ્રીને હરિસિંહજી નામે એકજ કુવર હતા.

(૧૮) ઠાકોરશ્રી હરિસિંહ (વિ. સં. ૧૯૪૨થી ૧૯૭૦-૨૮ વર્ષ)

ઠાકોરશ્રી હરિસિંહજીના રાજ્યારોહણ પ્રસંગે નવાનગરના મહારાજા જામસાહેબ સર વિભાજી સાહેબ તથા નામદાર ગાયકવાડ સરકાર અને બીજા સ્ટેટોના પ્રતિનિધિઓ પધાર્યા હતા. તેઓશ્રીના વખતમાં કેળવણી ખાતું સ્ટેટને સોંપવામાં આવ્યું અને સ્ટેટના હવાલામાં તે ખાતું આવ્યા પછી તેમાં ઉત્તરોત્તર સુધારો થતો ગયો છે. વિ. સં. ૧૯૫૬-૫૭-૫૮ અને ૧૯૬૮ના દુષ્કાળના વર્ષોમાં તેઓશ્રીએ છુટે હાથે ગરિબ લોકોને પુષ્કળ અનાજ આપ્યું હતું. અને ભાયાતો વગેરેને પણ ઘણીજ મદદ કરી હતી. પોસ્ટઓફીસ સાથે ટેલીગ્રાફ ઓફીસ પણ જોઇન્ટ કરાવી હતી. તેઓ નામદાર ઘણાંજ જુની રૂઢિના અને સાદા રાજવિ હતા. આવા સુધરેલા જમાનામાં પણ તેઓશ્રીના રાજ્યઅમલમાં બધે જુની રૂઢિજ જોવામાં આવતી. અને પ્રજા સાથે પિતા પુત્ર તરીકેનો પરસ્પર પ્રેમ સ્પષ્ટ જણાઇ આવતો. ઠાકોરશ્રી હરિસિંહજીને પણ પોતાના પિતાની પેઠે કાવ્યનો સારો શોખ હતો, કવિરાજ ભીમજીભાઇએ તેઓશ્રીના ગુણવર્ણન કાવ્ય બનાવેલ હતું. તે આ નીચે આપવામાં આવ્યું છે:—

॥ ગીત જાતિ સપાખરૂં ॥

મહાસાગરં સરુપે ભુપ,આઠે પહોરાં દીયે મોજું। કેતા હંસ રુપે કવિ. કરેરા કિલોળ॥
સમંદર જેમ જળવેળકા તોરંગ સાજે । હરિસંગ આપે કવાં, મોજરા હિલોળ ॥૧॥
બનીજે સિંધુવંત વેળકા સમોહ બ્રાજે । કીરતી સરુપી વેળ ચાલી ચહુ કોર ॥
ચોંપસુ ઉદધિ માંહી નાવ જ્યું અપાર ચલે। ઓપે જશ હંકા નાવ પૃથિમેં ઉજોર ॥ ૨ ॥
હંસ જ્યું મેરાણ સરે ચુગતહે મોતીં હીરા। અહિ વિધ પાવે કવિ દાનહી અપાર ॥
નેક સિંધુ મધ્યે જેમ નીરહુંકા થાહ નાવે। પાવે નકો હરિસંગ મોજહુંકા પાર ॥૩॥
તવિ જૈં સાગરં રુપે જદુવંશી જેસા તણો । ખોળહુંકા ધણી મણી ભીમ દાખે ઠીક ॥
થરું નિરહુંકા મોજા મેરામણ દીયે હાલા। આપે હરિસંગ મોજે કેટલા અધિક ॥ ૪ ॥

ઠાકોરશ્રી હરિસિંહજી વિ. સં. ૧૯૭૦માં સ્વર્ગે સિધાવ્યા. તેઓશ્રીને કુમારોમાં પાટવિકુમારશ્રી દોલતસિંહજી ગાદીએ આવ્યા અને નાના કુમારશ્રી સામતસિંહજીને ખીજડીયા નામનું ગામ ગીરાસમાં મળ્યું. કુમારશ્રી સામતસિંહજી, તેમના પિતાશ્રી (**ઠાકોરશ્રી હરિસિંહજી**)ના દેવ થયા પછી ત્રીજેજ દીવસે દેવ થયા હતા. જેઓના મોટા કુમારશ્રી ઉમેદસિંહજી જામનગરના પ્રખ્યાત મર્હુમ મહારાજા જામશ્રી રણજીતસિંહજી સાહેબના એ.ડી.સી. તરીકે જામનગરમાં રહ્યા હતા.

(૧૯) ઠાકોરશ્રીદોલતસિંહજી (વિદ્યમાન)

ઠાકોરશ્રી દોલતસિંહજી સાહેબ વિ. સં. ૧૯૭૦માં ધ્રોળની ગાદીએ બીરાજ્યા તેઓશ્રીનો જન્મ તા. ૨૨–૮–૧૮૬૪ના રોજ થયો છે. અને તેઓશ્રી તા. બીજી સપ્ટેમ્બર ૧૯૧૪ના રોજ તખ્તનશીન થયા છે. તેઓ નામદારશ્રીએ ધ્રોળની નિશાળમાં તથા રાજકુમાર કોલેજમાં (રાજકોટ) કેળવણી લીધી છે. મોટા વિગ્રહ દરમિયાન શહેનશાહિ સરકારે મદદની માગણી કરી કે તુરતજ તાબડતોબ તેઓશ્રીએ સમયને અનુકુળ યોગ્ય મદદ આપી હતી. તેઓ નામદારશ્રીના લગ્ન નીચે પ્રમાણે થયાં હતાંઃ—

(૧) ભાદરવાના ઠાકોરસાહેબ અમરસિંહજીના કુંવરી સાથે તા. ૧ લી માર્ચ ૧૮૮૩ના રોજ

(૨) મુળીના પરમાર પ્રતાપસિંહજીનાં કુંવરી સાથે થયાં હતા, જેઓ ઇ. સ. ૧૮૮૭માં સ્વર્ગવાસી થયાં છે.


(૩) શિહોરવાળા ગોહેલ રામસિંહજીનાં બેન જેઓ ઇ. સ. ૧૮૮૫માં સ્વર્ગવાસી થયાં છે.

(૪) ઉતેળીયાના ઠાકોર દાજીરાજજીનાં કુંવરી સાથે (ઇ. સ. ૧૮૮૬)

(૫) લાઠીના ગોહેલશ્રી પ્રતાપસિંહજીનાં કુંવરી, જેઓ તા. ૨૫–૨–૧૯૧૬માં સ્વર્ગવાસી થયાં.


ઠાકોરશ્રી દોલતસિંહજીસાહેબને દીપસિંહજીસાહેબ નામના એકજ કુંવર હતા. જેઓ વિ. સં. ૧૯૭૫માં 'ઇન્ફ્લ્યુએન્ઝા'ની ભયંકર બિમારીમાં દેવ થયા હતા. હાલ નામદાર ઠાકોરસાહેબને બે પૌત્રો છે. જેમાંથી યુવરાજશ્રી**જોરાવરસિંહજીસાહેબ** રાજ્યકારભારમાં સારે ભાગ લીએ છે અને કુમારશ્રી ચંદ્રસિંહજીસાહેબ જેઓએ રાજ્યકુમાર કોલેજ (રાજકોટ)માં કેળવણી લીધી છે અને ગીરાસમાં મળેલ ગામ બોડોબોડીની વ્યવસ્થા કરે છે.

આ રાજ્ય પશ્ચિમ દિશાએ એજન્સીમાં આવેલું છે. અને તે સંપૂર્ણ સત્તા ભોગવતું રાજ સ્થાન છે. રાજકર્ત્તાને વંશપરંપરા અંગત નવ તોપનું માન છે અને તેઓ પોતાના હકથીજ નરેંદ્રમંડળના સભ્ય છે. કાઠિયાવાડના નવ તોપની સલામીવાળા રાજ્યમાં આ રાજ્યનું સ્થાન બીજું છે. અંને સેકન્ડ કલાસ સ્ટેટનો પાવર છે.




ધ્રોળ સ્ટેટની વંશાવળી


(૧)હરધોળજી.



+ (૧૨) ઠાકોરશ્રી જયસિંહજીના-દુહા.

જેસંગ પોઢી જાગીયો, કલાર્ણી કળ ભાણ ॥
રોજી દેવા રાવતાં, કવ દેવા કે કાણ ॥ ૧ ॥
જેસંગ જાતે દીયહે, ખડ પાણીય ખસંત ॥
કીરત હુંદા કોટડા, પડ્યા નવ પડંત ॥ ૨ ॥
હોલો ભાંખી યું કહે, સામા અખર સોય ॥
જેસંગજી હરધોળઘર, કળમાં કોકો હોય ॥ ૩ ॥
ધ્રુડગે મેરુ ચળે, અંબર ધર એક થાય ॥
પો અસદેતે ધ્રોલપત, જો જેસંગ લટજાય ॥ ૪ ॥


ખીમાજી (પીપરટોડા પીપરડી)
ખેંગારજી (ખેંગારકા)
વજાજી (ઢાંગડા)
ખેતાજી (ટીંબડી)
અખાજી (વચલી ઘોડી)
(૬) પંચાણજી (દેડકદડ)
મેઘજી
હરદાસજી
જીણાજી
હમીરજી
(૭) કલાજી
સુજાજી (દેડકદડ)
સંગ્રામજી (ખામટા)
સાંગાજી
ભીમજી (ખીરસરા તાલુકો)
(૮)જીણાજી
જેસંગજી
વાગુદડ
સુધાબુના
સગાળીયા
ઢોકળીયા
દેપાળકું
જગાવટી
મેઘજી
નાનું વાગુદડ
જાયવા
ગઢડા
સુવાગ
ખડકધરી
હોથીજી
દૈસરા
મોડપર
કોટડા
મેટોડા
પુંજાજી
રાદડ
હીદડ
(૯) ખેતાજી
લાખાજી
ખાખરા
મોટી ચણોલ
મુળુજી
હડમતીયા
જોધપર
ખોખરી
ગોડજી
હાડાટોડા
ભેંસદડ
ગરેડીયા-પાટી
(૧૦) કલાજી
(૧૧) વાઘજી
મકનજી
મકાજી મેઘપર
વીસામણ
નાનું વાગુદડ
+(૧૨)જયસિંહજી (ઉર્ફ દાદાજી)
મેઘજી (વીરવાવ)
રાયધણજી (સાલપીપળીયું)
ખીમાજી (રોઝીયા સોનારડી)
અમરાજી (હનમચોરા)
તેજાજી
આણદપર
ચાસીયા
પીપળીયા
અગાભી પીપળીયું



શ્રીયદુવંશપ્રકાશે દ્વિતીયખંડે પ્રથમકળા સમાપ્તા

ખીરસરા સ્ટેટનો ઇતિહાસ

આ તાલુકાની સરહદ સં. નવાનગર, ગોંડલ, ધ્રોળ અને રાજકોટ સ્ટેટને લગતી છે. ક્ષેત્રફળ ૧૩ ચોરસ માઇલ છે સને ૧૯૨૧ની વસ્તિપત્રક મુજબ ૩,૬૫૯ માણસની વસ્તિ છે. દર વર્ષની સરાસરી ઉપજ આસરે ૪૦,૦૦૦ અને ખર્ચ ૧૯,૦૦૦નો છે. આ હદમાં રેલ્વે કે ટ્રંક રોડ નથી. બ્રિટીશ સરકારને રૂા. ૨૩૬૬ દર વર્ષે ખંડણીના અને રૂા. ૩૫૦ જુનાગઢને જોરતલબીના મળીને કુલ રૂા. ૨૭૧૬ આપવા પડે છે.

કાઠિઆવાડના બીજા રાજાઓ માફક આ તાલુકાને શાહીસત્તા સાથે કોલકરાર થયા છે.

—: પ્રાચીન ઇતિહાસ :—

આ તાલુકો ધ્રોળ સ્ટેટની શાખા છે. ધ્રોળના ઠાકોર કલાજીને સાત કુંવરો હતા. તેમાં સૌથી મોટા સાંગોજી, બીજા ભીમજી અને ત્રીજા જુણોજી હતા. ઠા. કલાજીના મૃત્યુ પછી ઠા. સાંગોજી ધ્રોલની ગાદીએ આવ્યા અને બીજા ભાઇઓને ગિરાસમાં ગામો મળ્યાં. ઠા. સાંગોજી નવાનગર તરફથી મુસલમાન લશ્કર સાથે લડતાં કામ આવ્યા. તેને કાંઇ સંતાન ન હતું. તેથી ઠા. કલાજીના બીજા કુંવર ભીમજીને ધ્રોળની ગાદીનો હક મળ્યો. પણ તેણે પોતાને મળેલ જીવાઇના ખીરસરા આદિ બાર ગામોથી સંતોષ માનીને પોતાના નાનાભાઇ જુણાજીને ધ્રોળની ગાદીનો હક આપી દીધો. એ **ખીરસરા**ની ગાદી સ્થાપનાર ઠાકોરશ્રી ૧ **ભીમજી** ચંદ્રથી ૧૭૦મા, શ્રી કૃષ્ણથી ૧૨૨મા પુરૂષ હતા. તે પછી ૨ ઠાકોરશ્રી **સાંગાજી** ૩ ઠાકોરશ્રી **રણમલજી** ૪ ઠાકોરશ્રી **હોથીજી** ૫ ઠા. **હુંગરજી** ૬ ઠા. **જીજીભાઇ** ૭ ઠા. **રાયસિંહજી** ૮ ઠા. **બાલસિંહજી** અને ૯ ઠાકોરશ્રી **સુરસિંહજી** હાલ **વિદ્યમાન છે.**

કર્નલ વૉકરે સેટલમેન્ટ કર્યું ત્યારે ખીરસરાની ગાદી ઉપર ચોથા ઠાકોરશ્રી હોથીજી હતા. મૂળપુરૂષ ઠાકોરશ્રી ભીમજીથી બીજી પેઢીએ ઠાકોરશ્રી **રણમલજી** થયા. તેણે ગોંડલના ઠાકોરશ્રી કુભાજીને ઘણીક વખત મદદ કરી હતી. તેમજ નવાનગરના જામશ્રી જસાજીને મેરૂખવાસના ત્રાસથી છોડાવવામાં તેઓશ્રીએ અગ્રેસર થઇ ઘણોક જનમાલનો ભોગ આપ્યો હતો. તેમજ તેમણે મોરબી ઠાકોર સામે અને જુનાગઢના નવાબ સામે લડાઇઓ કરી હતી. જેની ટુંકી હકિકત નીચે આપવામાં આવી છે.

ઠાકોરશ્રી રણમલજીનું મોસાળ ઝાલાનેમેઘપર હતું. તેઓના મામા આગળ તાજણા જાતની ઘોડી ઘણીજ કિંમતી હતી. એ વાત મોરબી ઠાકોરના જાણવમાં આવતાં તેમણે તે ઘોડી જોવાને માટે મોરબી મંગાવી અને તે પસંદ આવતાં તેની માગણી કરી, રણમલજીના મામાનો વિચાર તે ઉત્તમ જાતની ઘોડી આપવાનો નહતો, પણ મોરબી ઠાકોરશ્રીને કેમ ના પડાય? એ ધર્મસંકટમાં તેણે હા પાડી પોતે ઉતારે ગયા, પરંતુ પાછળથી તેઓ તે ઘોડી લઇને કોઇના જાણવામાં ન આવે તેમ મેઘપર ચાલ્યા ગયા. આ વાતની ખબર મોરબી ઠાકોરશ્રીને પડતાં તેઓ બહુજ

નારાજ થયા. અને તેઓને એમ લાગ્યું કે "મને હા કહી પાછળથી દગો કર્યો." વળી ઘોડી ખાસ જોઇતી હતી. તેથી તેઓએ મેઘપર ઉપર ચડાઇ કરી. મોરબી ઠાકોર ખુદ મેઘપર ઉપર ચડી આવે છે તેવા ખબર મેઘપરના દરબારોને થતાં તેઓએ પોતાના ભાણેજ રણમલજીને ખીરસારાથી મદદે બોલાવ્યા. ઠા. રણમલજી તુરતજ પોતાના ૧૫૦ ચુનંદા સ્વારોને લઇને મેઘપર ગયા. મોરબીની ફોજ હજી મેઘપરને સિમાડે હતી, ત્યાં ભાતમીદારોથી રણમલજી મદદે આવ્યાના ખબર જાણી મોરબી દરબાર પાછા વળી ગયા. રણમલજીને ખબર થતાં તેઓ પાછળ ચડયા. અને થોડે દૂર જતાં ભેટો થયો. ત્યાં મોરબી ઠાકોરશ્રીએ પુછાવ્યું કે તેઓ કેમ આવે છે, તેણે કહેવરાવ્યું કે "હું મળવા આવું છું." તેથી મોરબી ઠાકોરશ્રી મળ્યા અને વાતચીતમાં તેમના મામાની ઘોડી લેવા વિચાર જણાવ્યો. પરંતુ "દિકરીનાં માગાં હોય કે વહુનાં." એવો જવાબ રણમલજીએ આપ્યો. અને તેના પ્રતિ ઉત્તરમાં મોરબી ઠાકોરશ્રી પણ કાંઇક ભારે પડતું વાક્ય બોલ્યા. તે વખતે રોશ મનમાં રાખી બન્ને છુટા પડયા. પણ પાછળથી ઠાકોરશ્રી રણમલજીએ એક માસ પછી પોતાના ચુનંદા સ્વારો લઇ મોરબી તાબાનું 'કાગદડી' ગામ ભાંગ્યું અને તે ગામની તમામ માલમિલ્કત ગાડાં જોડાવી ખીરસરા તરફ રવાના કરી અને પોતે ૧૨૫ સ્વારો સાથે મોરબીની વારની વાટ જોવા 'કાગદડી' રોકાણા એ 'કાગદડી' ભાંગ્યાના ખબર મોરબી થતાં મોરબી ઠાકોરશ્રીએ તોપોના રેંકડાઓ સાથે લશ્કરને તૈયાર થવાનો હુકમ આપ્યો. અને પોતે ૨૦૦ સ્વારોને સાથે લઇ ચડી નિકળ્યા, મોરબીથી વાર આવતાં વિલંબ થતાં ઠાકોર રણમલજી ચાલી નિકળ્યા, જ્યાં હજી એક ગાઉ ગયા નહોતા ત્યાં વાર દેખાણી તેથી તેઓ રોકાણા અને મોરબી ઠાકોરશ્રીનું લશ્કર નજીક આવતાં ગોળીઓ ચાલુ કરી સામસામું યુદ્ધ જામ્યું, એ વખતે ઠાકોરશ્રી રણમલજી આગળ એક અબ્દુલરહેમાન* નામના જમાદાર હતા. તેના આગળ એક પહેલવાન સીદી રહેતો તેનો ઘોડો પણ કદાવર અરબ્બી હતો. અને એવો વેતલ (ઝડપવાળો) હતો, કે બંદુકની ગોળી પણ તેને પહોંચે નહિં. એ સીદીએ જમાદાર અબ્દુલરહેમાનને કહ્યું કે "આપની રજા હોય તો હું સામેના લશ્કરમાં જઇ એક નકતો (રમુજ) કરી આવું." તે ઉપરથી ઠાકોરશ્રી રણમલજીની રજા મળતાં તેણે મોરબીના લશ્કરમાં દાખલ થઇ નગારા પાસે જઇ જમૈયાવતી બન્ને નગારાં ફોડી નાખ્યાં. અને પોતે પાછો નીકળ્યો મોરબી દરબારે કહ્યું કે 'મારો, મારો.' પણ તે સીદીનો ઘોડો વેગવાળો હોવાથી પોતે સહિસલામત પાછો ખીરસરાના લશ્કરમાં ભળી ગયો, મોરબીના કારભારીએ ઠાકોરશ્રીને કહ્યું કે "સાહેબ ચાલતે ધીંગાણે નગારાં ફોડી રણમલજીનો સ્વાર સહિસલામત નીકળી ગયો. તો જેની પારો એવાં માણસો છે તેને પહોંચી વળવું મુશ્કેલ છે વળી રણમલજીએ તો આપણા ઉપર હાથ રાખ્યો છે. આપ વિચાર કરો કે તેણે તો માત્ર નગારાંજ ફોડાવ્યાં પણ આપને કાંઇ ઇજા પહોંચાડી નહિં. કદાચ તેવું કાંઇ કર્યું હોત તો તેને તેમ કરતાં કોણ અટકાવી શકત માટે રણમલજી તો કોઇ દિવસ મદદ આપે એવા છે. ભાઇબુના ભાઇબું છે. આ તો આપે જરા લગતાં વેણ કહ્યા તેથી આટલું કરી બતાવ્યું માટે સુલેહની ચિઠ્ઠી મોકલો. એમ

* એ જમાદાર ૪૦૦ આરબોને લઇ અરબસ્તાનમાંથી આ દેશમાં નોકરી માટે આવતાં રણમલજીએ રાખ્યા હતા.

કહી વિષ્ટી મોકલી અને ચારણ કે દેવસ્થાનો વચમાં રાખી કહેવરાવ્યું કે "તમે જે લીધું તે તમને માફ છે." તે ઉપરથી રણમલજી મળ્યા અને કસુંબો પી માકરૂં વહેંચી એ કાગદડી ભાંગ્યા વિષેનો દુહો છે કે:--

સોરઠોઃ—કાગદડી ભુકા કરી, દસે જાણે દેશ
રણમલ ન ખમે રેસ, રતિ થક સાંગણરા ઉત. ॥ ૧ ॥

જુનાગઢના નવાબ હામદખાનજી અને ભાવનગરના ઠાકોરશ્રી વખતસિંહજીને* કાંઇ સીમાડા સંબંધી તકરાર હોવાથી તેઓ બન્ને વચ્ચે લડાઇ થઇ હતી. તેમાં જુનાગઢના નવાબને હારી જવાનો સમય આવ્યો જેથી સુલેહ કરવાનું વિચારી ખીરસરાના ઠાકોરશ્રી રણમલજીને (જેઓ ભાવનગરના સગા હોવાથી) તેડાવી તેઓ મારફત વિષ્ટિ ચલાવી સુલેહ કરી. તે વિષેનું કાવ્ય છે કે:-

॥ગીત॥ કડે ચડીયા અમે ભડવા કટક, તોપાં ઝડપડ હુઇ તઠે ॥
બાબી હામદખાં અતળ બળ આયા, આખાંગળ વખતેશ અઠે ॥ ૧
વાગી હાક ત્રંબાગળ વાગા, ધડ લાગા પડ વોમ ધુવા ॥
ગોહેલતણે ગજબતે ગોળે, હાલકલોળે જવન હુવા ॥ ૨
તણસમે વસટાળા તેડા, કે જોજો વખતેસ કને ॥
કોટી ગના ન બોલું કેદી, મારુ નાળાં કરો મને ॥ ૩
ભાગે દૂથ જવનકે ભૂપત, સરવે જાગે સુથ સવા ॥
રણમલરે સર ભાંખ રખાવા, રણમલ બોલે તકે રવા ॥ ૪
જાડાતણોં હુવો જશ જિમે, સુવે પાઓ જમે સધી ॥
રાજા હુઓ વખતસંગ રાજી, બાજી આવી હાથ બધી ॥ ૫
હર હરધોળ કરામત હિન્દુ, પરબત ભડતા રખણ પરા ॥
અંગતવેળ ગરણ જશ આયો, તેં ધંધ મટાયો સોરઠ ધરા ॥ ૬

દોહા-જનની તેં જણીયો જબર, રણમલીયો રજપૂત ॥
જરુ નવાબાં જેહડા, જેર કીયા જમ દૂત ॥ ૧ ॥

એ સુલેહમાં કેટલીક વાત ભાવનગરની તરફેણમાં થવાથી નવાબ હામદખાનને રણમલજી ઉપર રોષ રહ્યો હતો. તેથી જુનાગઢ જઇ નવાબે વિચાર્યું કે "કોઇ વખત ખીરસરા ઉપર ચડાઇ કરી, રણમલજીની ખબર લેશુ." એવા ખબર ઠાકોરશ્રી રણમલજીને થતાં તેઓએ કહ્યું કે "એ તો નવાબો ખાતું છે, તેને આવતાં વાર લાગશે. માટે આંપણેજ સાંમા ચાલો." એમ કહી લશ્કરની તૈયારી કરાવી, અને જુનાગઢ નજીકનાં 'માખીઆળા' નામના ગામને ભાંગી લુંટી લાવવા પાયદળ લશ્કર આગળ ચાલતું કર્યું અને પોતે તથા અબ્દલદુરહેમાન જમાદાર અમુક સ્વારો લઇ પાછળથી ચડયા. આગળ ગએલું પાયદળ લશ્કર (આરબો) સિસાંગ નામના ગામે પહોચ્યું. ત્યાં સિસાંગ તાલુકાદારના ૧૧ કુંવરોના લગ્નની ધામધુમ થતી હતી. પાધરમાં જઇ આરબોએ રસ્તો પુછતાં કોઇ હલકા માણસે આડો જવાબ આપી આરબોની મશ્કરી

* ઠાકોરશ્રી વખતસિંહજીવેરે રણમલજીએ પોતાનાં કુંવરી પરણાવેલ હતાં.

કરી. તેમાંથી તે લશ્કરને સિસાંગ તાલુકદારના માણસો સાથે વધારેપડતી તકરાર થઇ, અને કોઈ વિઘ્નસંતોષી માણસે આરબોને કહ્યું કે "આ ગામમાં માણકી જાતની ઘોડીઓ બહુજ મારી છે." તેથી આરબોએ બાપુ અને જમાદાર આવે તે પહેલાં હલ્લાં કરી ઘોડીયું છોડી લેવાનો વિચાર કરી ધિંગાણું કર્યું. ગામમાં જાણ થતાં રજપુતો ચઢી આવ્યા અને તેમાં અગીઆર તો મિંઢોળબંધ કુમારો હતા, જેઓ તે ધિંગાણામાં કામ આવ્યા. તેટલામાં ઠાકોર રણમલજી અને જમાદાર આવી પહોંચ્યા એ ચાલતું ધીંગાણું જોઇ રણમલજીએ જમાદારને કહ્યું કે "આતો ગજબ થયો, સિસાંગવાળા તાલુકદાર અમારા ભાઇયું છે તેની સાથે વગર કારણે આરબોએ ધિંગાણું કર્યું" માટે તમો સમજાવી બંધ કરાવો." તે ઉપરથી જમાદારે આરબોને શાંત પાડયા. અને ઠાકોર રણમલજી ત્યાંથી પગેપાળા ચાલી ગામને ચોરે આવ્યા. પોતાના ભાઇઓ (તાલુકદારો) પાસે ઘણીજ દીલગીરી જાહેર કરી જણાવ્યું કે "આરબો આપણી ભાષા સમજતા નહિં હોવાથી કોઈ વિઘ્નસંતોષી માણસે ઉશ્કેરી આ કૃત્ય કરાવ્યું છે," તેમ સમજાવી માફી માગી. તાલુકદારોને પણ એ વાત સત્ય જણાતાં તેમજ તે આરબો રણમલજીના છે તેવી ખબર ન હોવાથી તે બનાવ બની ગયો. તેવું જાણી અરસપરસ માફી માગી સામસામો કસુંબો પીધો. રણમલજી ત્યાંથી તુરત ચઢી નીકળ્યા, અને જુનાગઢનું માખીઆળા ગામ ભાંગી (લુંટી) તેની માલમિલ્કતનાં ગાડાં ભરાવી આરબો સાથે ખિરસરા તરફ રવાના કર્યા. અને પોતે તથા જમાદાર ૧૫૦ સ્વાર સાથે જુનાગઢની વાર માટે રોકાયા. તે ખબર જુનાગઢ થતાં, નવાબ હામદખાનજીએ પોતે ચઢવાની તૈયારી કરી. તેટલામાં કુશળ નાગર ગૃહસ્થ કે જેઓ દિવાન હતા. તેઓએ નવાબ સાહેબને સમજાવ્યા કે "સાહેબ જુનાગઢના ઝાંપામાં ગામ ધોળે દહાડે આવીને ભાંગ્યું, તે કાંઈ કાચા નહિં હોય, તેમજ આપ વખતોવખત ખીરસરે જઈ રણમલજીની ખબર લેવાનું કહેતા તે શબ્દોને લીધેજ આ બનાવ બન્યો છે. માટે આપ ખુદ ચડાઇ નહીં કરતાં મને હુકમ આપો.' તે ઉપરથી કારભારી લશ્કર લઇ માખીઆળે આવીને તપાસ કરે છે તો ખબર મળ્યા કે આપની વાટ જોઇને રણમલજી હમણાંજ ગયા. તે જાણી દિવાન પાછળ ચડયા નહિં. અને રણમલજી બધો માલ લઇ સહિસલામત ખીરસરે પહોંચ્યા.

ઠાકોરશ્રી રણમલજી પાસે હોથી અટકના સંધીઓ રહેતા હતા. એક દહાડો તેમાંનો એક હોથી માછલાં મારી બજારમાંથી ખુલ્લાં લઇ આવતાં મહાજનની (હિન્દુઓની) લાગણી દુઃખાણી અને સૌએ તે વિષે રણમલજી પાસે જઇ અરજ કરી. તે ઉપરથી હોથીએ ખુલ્લાસો કર્યો કે "સાહેબ લીલાં છમ જેવાં માથાં આપીએ છીએ. તો અમારૂં ખાજ હોઇ, કોઇક દિવસ અમે લાવીએ તેમાં શું?" રણમલજી કહે એ ખરૂં, પણ એ બધું. ખાનગી થાય, હિન્દુઓની લાગણી ન દુઃભાવવી જોઇએ. એમ કહી હિન્દુધર્મનો પક્ષ રાખી સંધીને ઠપકો આપ્યો તુરતજ તે સંધી તરવાર લઇ જામનગર ગયો. અને મેરૂ ખવાસને ઉશ્કેરી તેના ભાઇ ભવાનની દેખરેખ નીચે એક લશ્કર ખીરસરા ઉપર લઇ આવ્યો. તે વખતે ભાયાતો તથા ઠાકોરશ્રી રણમલજી ગામડામાં ખળાં ભરવા ગયા હતા. તેથી રાત્રે રણમલજીના નાનાભાઈ અગાભાઇ દરવાજા બંધ કરી કિલ્લાનું રક્ષણ કરવા લાગ્યા. સવાર પડતાં વહેલા ગામમાં બીજા જે સંબંધીઓ રહેતા હતા તે તથા આરબોએ અગાભાઇની સાથે રહી કિલ્લા ઉપરથી ગોળીબહાર શરૂ કર્યો., સૂર્યોદ

થયો ન હતો, તેટલામાં ખીરસરેથી રીસાઇ ગયેલો સંધિ (હોથી) જે લશ્કર ભેગો આવ્યો હતો તે કિલ્લા ઉપર ચઢવા નિસરણી બાંધી કોશીષ કરતાં આગાભાઇએ ગોળીથી તેને ઠાર કર્યો. તે પછી આગાભાઇ કિલ્લાના આથમણા કોઠાઉપરથી લડવા લાગ્યા. તેમાં ભવાન ખવાસના કેટલાક માણસો મરવા લાગ્યા. તે પછી કોઇની ગોળી આવતાં આગાભાઇએ તે કોઠા ઉપરજ કામ આવ્યા, હાલ તેઓની બાંભી કોઠા પાસે છે ઠાકોરશ્રી રણમલજીને આ ખબર થતાં તુરતજ પહોંચ્યા. અને ગામથી ઉત્તર તરફ આવી જ્યાં તકીઓ છે ત્યાં આરબમહમદ નામના ઓલીઆ–ફકીર રહેતા હતા. તેના આગળ રણમલજી પરબારા જતાં તે ફકીરે દુવા ખેર કરી વચન આપ્યું કે "તમો અત્યારેજ રાત્રીના વખતમાંજ દુશ્મનો ઉપર ઓચિંતો હલ્લો કરો. તેઓ અંદરોઅંદર કપાઇ જશે." રણમલજીએ તેના વચન ઉપર વિશ્વાસ રાખી તેમ કરતાં દુશ્મનોના ઘણા માણસોની ખુવારીથઇ. અને ભવાન ખવાસ છાવણી ઉપાડી પાછો ગયો.

તે પછી કેટલેક વખતે જામશ્રી જસાજી (બીજા)ને મેરૂ ખવાસે જ્યારે પોતાને ત્યાં અટકમાં રાખ્યા ત્યારે ઠાકોરશ્રી રણમલજીએ ધોળ, રાજકોટ અને ગોંડળના ઠાકોરની મદદથી જામશ્રી જસાજીને મેરૂના ત્રાસમાંથી મુકત કરવા બનતી કોશીષ કરી હતી. તેમજ કચ્છમાંથી ચઢી આવેલ ફત્તેહમહમદ જમાદારને હરાવી જામનગરને ઘણીજ મદદ કરી હતી.

ઠા. રણમલજીએ જામનગરને પોતાનું એક ઘરજ માની જામશ્રીને જે મદદ કરી હતી. અને જે ક્ષત્રિયધર્મ બજાવ્યો હતો તે નીચેના કાવ્યથી સ્પષ્ટ જણાય છે.

ગીત॥ जात क्षत्रियां धरमसारु गामही गरासजात, असिवात धरासरे मंडे अतपात।
थानके थानके वात सगपणतणी थात, नंद रणमाल हथां घरेजो न थात ॥ १
देग तेग जातसबे उंचही नीचकुं दावु, वरतावुं हुत वारु खवासे वसेक।
अवतारी भारे सांगानंदु जो न होत एक, छत्रीसे वंशकी माजा छुटी जात छेक ॥ २
आस चास वधारवा थापवा ठामके गाम, रखवाळुं जामधरा थेयुं रणमाल।
काढवा खवासां बीट न राखवा छेक बाकीं, धजाबंधी भींमहरु हरधोळां ढाल ॥ ३

—: આશીષનું ગીત :—

मरडछ रावतणा दळ मरडी, भणे अजावर अवर भती ॥
सितापति तोहारो साथी, रणमल मकर फकर रती ॥ १
खुटल राव गीयो घर खुटी, फतीष कीधा काम कमाम ॥
तारो जामने तुंही सलामत, तुंही बेली सदा घनश्याम ॥ २
सारा भज मोरवी सारी, घर लइ उठा खोट घणी ॥
विठलीयो करसे वारुं, तारा गढ ने नगर तणी ॥ ३

ગોરીવંશના રાજ્ય કર્ણાના વખતમાં ખીરસરાનો કિલ્લો બાંધવામાં આવેલ પણ તે કિલ્લો જીર્ણ થતાં ઠાકોરશ્રી રણમલજીએ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. હાલ તે કિલ્લો ઉંચા ટેકરા ઉપર હોઇ ખુલ્લી ઋતુમાં લગભગ ૨૭ માઇલ દૂરથી દેખાય છે. ઠાકોરશ્રી રણમલજી પછી (૪)થી ઠાકોરશ્રી હોથીજી થયા. જેના વખતમાં કર્નલ વૉકરે સેટલમેન્ટ કર્યું તે પછી

(૫)મા ઠાકોરશ્રી કુંવરજી તથા (૬)ઠા ઠાકોર શ્રીજીભાઇ થયા તે પછી (૭)માં ઠા. શ્રી **રાયસિંહજી** થયા. તેઓ બહુજ બહાદૂર પુરૂષ હતા. આસપાસના ચોર લુટારાઓ તેઓથી ડરી તાબે રહેતા. એક વખત આ ઇ. કર્તાના પિતા કવિરાજ ભીમજીભાઇનો ઘોડો લઇ કાસુડા નામનો તેમનો માણસ રાજકોટ જતો હતો. રસ્તામાં ખીરસરાની હદમાં જુમલા નામનો એક સંધિ (જેને કાસુડા સાથે સગપણ બાબત વેર હતું). તેમળ્યો તેણે કાસુડા પાસેથી કવિરાજનો ઘોડો પડાવી લીધો, કવિરાજને એ ખબર થતાં, ખીરસરે ગયા અને ઠાકોરશ્રી રાયસિંહજીને નીચેનો દુહો કહ્યો કે:—

રાયસિંહજીના રાજમાં, જુમલે પાડી જોટ ।
ગઢવિનો ઘોડો દેજો, નહિં તો ખીરસરાને ખોટ ॥ ૧ ॥

એ સાંભળી રાયસિંહજીએ જુમલાને બોલાવ્યો અને તપાસ કરતાં તે ઘોડો તેણે જુનાગઢ વેંચી આવ્યાનું જણાવ્યું. તેથી ઠાકોરશ્રી રાયસિંહજીએ તેના બદલામાં એક ઘોડો અને ૧૦૦ કોરી રોકડી કવિરાજને આપવા માંડી. પણ તે કવિ નહિં લેતાં, પોતાનોજ ઘોડો મંગાવી પાછો સોંપવા હઠ લીધી. તે ઉપરથી ઠાકોરશ્રી રાયસિંહજીએ જુમલાને તે ઘોડો જુનાગઢથી પાછો લઇ આવવાની ફરજ પાડતાં, એક મહિને તે ઘોડો લાવ્યો. તે પછી ઠાકોરશ્રીએ કવિરાજને ખીરસરા બોલાવી તે ઘોડો તથા ૧૦૦ કોરી અને પોશાક આપી કવિને ખુશી કર્યા હતા.

(૮માં) ઠાકોરશ્રી **બાલસિંહજી** થયા તેઓ બહુજ ઉદાર અને મીલનસાર પ્રકૃતિના હતા. તેઓશ્રીએ પોતાના પાટવિકુમારશ્રી સૂરસિંહજીનાં લગ્ન* મોટી ધામધુમથી કર્યાં હતાં.

(૯) ઠાકોરશ્રી **સૂરસિંહજી** (વિદ્યમાન) તેઓ નામદારનો જન્મ તા. ૨૬ સપ્ટેમ્બર સને ૧૮૯૦ ના રોજ થયો છે. તેઓશ્રી તા ૨૪ ફેબ્રુઆરી સને ૧૯૨૦ ના રોજ ગાદીએ આવ્યા. તેઓ નામદારે ઇંગ્લાંડમાં સાડાત્રણ વર્ષ રહી કેળવણી લીધી તથા યુરોપની મુસાફરી કરી છે. નામદાર શહેનશાહનો સને ૧૯૧૧માં રાજ્યાભિષેક વેસ્ટમીન્સ્ટર એબ્બેમાં થયો ત્યારે ત્યાં હાજર રહેવાનું તેઓ નામદારને માન મળ્યું હતું. દોઢ વર્ષ સુધી તેઓશ્રીએ દહેરાદુન ઇમ્પીરીઅલ કેડેટ કોઅર્સમાં કેળવણી લીધી છે. હાલમાં ખીરસરા સ્ટેટને ચોથા કલાસનો અખત્યાર છે. ઠાકોર સાહેબને બે રાણીઓ છે. (૧) માળવામાં આવેલ જવાસીયાના દરબારશ્રી લાલસિંહજીનાં કુંવરી, (૨) ગજાભાઇની વાવડીના ગોહેલશ્રી ભુપતસિંહજીનાં કુંવરી. રાણીશ્રી ધનકુંવરબાને પેટે તા ૭ સપ્ટેમ્બર ૧૯૧૮ના રોજ પાટવિકુમારશ્રી **પ્રતાપસિંહજી**નો જન્મ થયો છે. ઠાકોર સાહેબના બીજા કુમાર શ્રી જયુદાદાનો જન્મ ૧૫ મે ૧૯૨૪ના રોજ થયો છે તેમજ ઠાકોરશ્રીને ચાર કુંવરી સાહેબો છે. ઠાકોર સાહેબનો બીજા રાજ્યકર્તા સાથે બહુ નજીકનો સંબંધ છે. તેવાં રાજ્યો વાંસદા, ભાવનગર અને કીશનગઢ છે. ઠાકોરસાહેબનાં મોટાં બહેન રૂપકુંવરબાના લગ્ન વાંસદાના સ્વ. મહારાવશ્રી પ્રતાપસિંહજી સાથે થયેલ હતાં. અને બીજાં બહેન નંદકુંવરબાના લગ્ન ભાવનગરના સ્વર્ગસ્થ મહારાજા સર ભાવસિંહજી સાથે થયાં હતાં (હાલના ભાવનગરના મહારાજા સાહેબ કૃષ્ણકુમારસિંહજીના ઠા. શ્રી. સુરસિંહજી

* એ લગ્ન પ્રસંગે મારી (ઇ. કર્તાની) કવિતા સંભળી મને એક ઇમીટેશન હીરાજડિત સુવર્ણનો કંઠો પોશાક સહિત આપ્યો હતો.

સગા મામા થાય છે.)અને ત્રીજાં સૌથી નાનાં બ્હેનનાં લગ્ન કીશનગઢના સ્વર્ગસ્થ મહારાજા સર મદનસીંગ બહાદુર સાથે થયેલાં હતાં. તેમજ ઠાકોર સાહેબના કાકાશ્રી તખ્તસિંહજીનાં કુંવરીનાં લગ્ન અલવર મહારાજા સાહેબ સાથે થયાં હતાં.

ઉપર પ્રમાણે મોટાં રાજ્યસ્થાનો સાથે આ સ્ટેટને અંગત સંબંધ છે. નામદાર ઠાકોર સાહેબ ખેતીવાડી અને વેપાર ઉદ્યોગ તેમજ માલધારી લોકો વિગેરેની સ્થિતિ દીન પ્રતિદીન કેમ સુધરે તેવા પ્રયાસો કાયમ કરે છે.

ખીરસરા સ્ટેટની વંશાવળી

(૧)ઠાકોરશ્રી ભીમજી. (ચંદ્રથી ૧૭૦ શ્રી. કૃષ્ણથી ૧૨૨)

(૨) ઠાકોરશ્રી સાંગાજી

(૩) ઠાકોરશ્રી રણમલજી

(૪) ઠાકોરશ્રી હાથીજી

(૫) ઠાકોરશ્રી ડુંગરજી

(૬) ઠાકોરશ્રી જીજીભાઇ

(૭) ઠાકોરશ્રી રાયસિંહજી | ભાવસિંહજી | ખેંગારજી

(૮) ઠાકોરશ્રી બાલસિંહજી | તખતસિંહજી

(૯) ઠાકોરશ્રી સૂરસિંહજી (વિદ્યમાન) | પરાક્રમસિંહજી (એ. ડી. સી. મહારાજા) જામસાહેબ

પ્રભાતસિંહજી (યુવરાજ) | બચુદાદા.

ખીરસરા સ્ટેટનો ઇતિહાસ સમાપ્ત.

જાળીયા–દેવાણી—તાલુકાનો ઇતિહાસ.

આ તાલુકાની આસપાસ નવાનગર અને ધ્રોળ સ્ટેટની સરહદ આવેલી છે તાલુકાનો વિસ્તાર આસરે ૩૬ ચો૦ માઇલ છે. સને ૧૯૨૧ના વસ્તિપત્રક મુજબ ૨૬૮૮ માણસની વસ્તિ છે. સરેરાશ વાર્ષિક ઉપજ આસરે રૂા. ૨૭૦૦૦ અને ખર્ચે રૂા. ૧૧૦૦૦નું છે. જાળીયા, જામનગર રેલ્વે લાઇન જે આ તાલુકાની હદમાંથી પસાર થાય છે તે ઉપરનું સ્ટેશન છે. આ તાલુકાની હદમાંથી કોઇ પોરી રસ્તો નીકળતો નથી. બ્રિટીશ રાજ્યની ખંડણીમાંથી આ તાલુકો મુકત છે પણ ગાયકવાડને પેશકસીના રૂા. ૧૧૮૧–૧૨–૦ અને જુનાગઢને જોર તલબીના રૂા. ૬૭૦) અપાય છે. કાઠીઆવાડના બીજા સ્ટેટોની માફકજ આ તાલુકા સાથે શાહીસતાને કોલકરારો થયા છે.

પ્રાચિન ઇતિહાસ

આ તાલુકો **ધ્રોળ** સ્ટેટની શાખા છે. ધ્રોળ ગાદી સ્થાપનાર ઠાકોરશ્રી હરધોળજીથી ત્રીજા ઠાકોરશ્રી બામણીયાજીના કુમારશ્રી **રવાંજી**ને વિ. સં. ૧૬૬૮માં ૧૦ ગામ જીવાદમાં મળ્યાં. તેઓએ આ તાલુકો સ્થાપ્યો છે. (૧) **ઠા. રવાજી** પછી (૨) **ઠા. હુંગરજી** ગાદીએ આવ્યા. અને તે પછી (૩) **ઠા. કાંયોજી** ગાદીએ આવ્યા. એ ઠાકોરશ્રી કાયાંજીના વખતમાં પોતાના (અથવા તો ધ્રોળનાં) કુંવરી પોરબંદર જેઠવારાણાને આપ્યાં હતાં. રાણાએ તે નવી રાણી પરણ્યા પછી નવીબંદર બાબીઓએ લઇ લીધું. તેથી જનાનામાં કહેવાવા લાગ્યું કે "નવી આવી અને નવી ગઇ" એ સાંભળી બાઇ ઘણો વખત અપશોષમાં રહેતાં. એક વખત રાજ્યમાં લગ્નપ્રસંગે રાણાની બીજી રાણીઓને મામેરાં આવ્યાં, પરંતુ ધ્રોળથી મામેરૂં ન આવ્યું. તેથી સૌ હસવા લાગ્યાં. "કે નવી રાણીને મામેરૂં ન આવ્યું" તે ઉપરથી બાઇએ કહ્યું કે "મારા મામેરીયાં સચવાય તેવાં નથી. છતાં પણ તેડાવું છું" એમ કહી કંકોત્રી સાથે પોતાના દુઃખની તમામ વાત ઠા. કાંયાજીને લખી, એ ઉપરથી ધ્રોળની મદદથી કાંયોજી આવ્યા, અને પોરબંદરનુ એક ગામ ભાંગી તેની માલ મિલ્કત લુંટી મામેરૂં મોકલાવ્યું. અને કાંયોજી પોરબંદર લુંટવા આવે છે તેવા ખબર હમેશાં આવવા લાગ્યા. તેથી ધોળેદિવસે પોરબંદર અને છાંયાના દરવાજા બંધ થવા લાગ્યા, એ ઉપરથી એક કવિએ દુહો કહ્યો કેઃ—

॥દોહા॥ પોર છાયાલગી, ભાગળ નત ભિડાય ॥
દિ છતાં દેવાય, કોપ તીહારો કાંયડા ॥ ૨ ॥

તે પછી (૪) **રણમલજી ગાદીએ આવ્યા. અને** (૫) **ઠા. શ્રી દેવોજી** થયા. તે તે દેવોજીનો જમણો હાથ મોરણીના આયરો સાથેની લડાઇમાં કપાઇ જતાં, તે હાથને પાટો બાંધવા માટે તેલ ઉનું થતું હતું. તે વખતે તેણે તેલના ઉકળતા કડાયામાં હાથ બોળ્યો અને તેથી તે હાથ સુકાઇ ગયો. તો પણ ત્યારપછીના જેજે ધિંગાણાં તેણે કર્યાં, તે સર્વ યુદ્ધોમાં ડાબે હાથે જય મેળવ્યો હતો, તે વિષે એક કવિએ દુહો કહ્યો છે કેઃ—

॥દોહા॥ બબે કર તરવાર, મદેપત ગીયા મેલી ।
ઠુંઠે ઘર ઠેલી, ડાબે લીધી દેવડા ॥ ૧ ॥

એ ઠાકોરશ્રી દેવાજીથી જાળીયા તાલુકો **જાળીયા-દેવાણીનામે** ઓળખાવા લાગ્યો. તે પછી (૬) **ઠાકોર કાંયાજી**, (**બીજા**) (૭) **ઠાકોર રણમલજી**, (૮) **ઠાકોર મોડજી** અને (૯) **ઠાકોરશ્રી જસાજી** ગાદીએ આવ્યા. તે ઠાકોરશ્રી જસાજીના વખતમાં જ્યારે કંપની સરકારનું અને ગાયકવાડનું લશ્કર હાલારમાં આવ્યું, ત્યારે જાળીયાના ઠાકોરશ્રી જસાજી તેમની સાથે ચાલ્યા અને ઉત્તમ ભોમીયા તરીકે કામ બજાવ્યું. તે વખતે તેઓની મતલબ નવાનગરના જામ સામે રક્ષણ મેળવવાની હતી, કારણ કે નવાનગર સ્ટેટની તેના ગિરાસ ઉપર કરડી નજર હતી. પરંતુ સરકારની અને ગાયકવાડની મદદથી તેઓ નિર્ભય રહ્યા હતા.

તે પછી (૧૦) **ઠા. શ્રી કાંયાજી** (૧૧) **ઠા. શ્રી હાલાજી**, (૧૨) **ઠા. શ્રી માનસિંહજી** અને (૧૩) **ઠાકોરશ્રી સુરસિંહજી** ગાદી ઉપર આવ્યા. તેમને **ભોજરાજજી** નામના પાટવી કુમારશ્રી હતા. તે વખતના કુમારોમાં બુદ્ધિ ચાતુર્યમાં, ઉદારતામાં, અને ક્ષત્રિય ધર્મમાં તેઓ સર્વથી શ્રેષ્ટ હતા. અને નવાનગરના મહુંમ મહારાજા જામશ્રી સર **રણજીતસિંહજી સાહેબના** મુખ્ય એ. ડી. સી તરીકે તેઓ નામદાર ઘણા સન્માનથી રહેતા હતા. વિક્રમ સંવત્ ૧૯૭૫ના ઇન્ફ્લુએન્ઝાની મહાન્ બિમારીમાં તેઓ શ્રી સ્વર્ગે સિધાવ્યા હતા તેઓ નામદારશ્રીના પાટવિકુમારશ્રી **મહેામતસિંહજી** સાહેબ હાલમાં ગાદી ઉપર વિદ્યમાન તેઓશ્રીનો છે. જન્મ ૬ ઓગષ્ટ ૧૯૧૦ના રોજ થયો છે. અને ૨૬ ઓકટોબર ૧૯૧૯ના રોજ ગાદીનશીન થયા છે. તેઓ નામદારે રાજકોટની રાજકુમાર કોલેજમાં અભ્યાસ કર્યો છે. અને તેઓશ્રીનાં લગ્ન લખતરનાં કુંવરી સાથે થયાં છે.

આ તાલુકાને પાટવિકુમાર ગાદીએ આવવાનો રિવાજ છે, ફોજદારી સત્તા, બે વર્ષ સખ્ત કેદ, અને ૨૦૦૦) રૂપીઆ દંડની, તથા દિવાની સત્તા રૂા. ૫૦૦૦ સુધીના દાવા સાંભળવાની આ તાલુકો ભોગવે છે. આ તાલુકામાં મોટી સંખ્યાનાં ભાયાતિગામો છે.

જાળીયા તાલુકાનો ઇતિહાસ સંપૂર્ણ



શ્રી. જળીયા તાલુકાની વંશાવળી

(૧) ઠા. રવાજી (ચંદ્રથી ૧૭૩મા શ્રી કૃષ્ણથી ૧૧૮મા)

૨ ઠા. ડુંગરજી

૩ ઠા. કાંયોજી

૪ ઠા. રણમલજી

૫ ઠા. દેવોજી

૬ ઠા. કાંયોજી (બીજા)

૭ ઠા. રણમલજી (બીજા)

૮ ઠા. મોડજી

૯ ઠા. જસાજી

૧૦ ઠા. કાંયાજી (ત્રીજા)

૧૧ ઠા. હાલાજી

૧૨ ઠા. માનસિંહજી

૧૩ ઠા. સુરસિંહજી — મધુભા — (વિગેરે)

૧૪ ભોજરાજજી (યુવરાજ પદે દેવ થયા) — વજુભા — મેરૂભા

૧૫ ઠા. મહોબતસિંહજી (વિદ્યમાન)

શ્રી યદુવંશ પ્રકાશના દ્વિતીય ખંડની પ્રથમ કળા સમાપ્ત.

—: શ્રી દ્વિતીય કળા પ્રારંભ: —

ખરેડી—વીરપુર સ્ટેટ નો ઇતિહાસ

આ સ્ટેટની સરહદ ઉપર સં. નવાનગર, જુનાગઢ, ગોંડળ, મેંગણી, તથા તાલુકે ધ્રાફા, મુળીલા અને જેતપુર વિગેરેની સરહદ આવેલી છે,

ક્ષેત્ર ફળ ૬૬–૬ ચો. માઇલ છે. સને ૧૯૨૧ની વસ્તિપત્રક પ્રમાણે ૬૬૭૫ માણસની વસ્તિ છે. દરસાલની સરેરાશ ઉપજ રૂા. ૬૫૦૦૦ અને ખર્ચ રૂા. ૪૫૦૦૦ના આસરે છે. વીરપુર એ જેતલસર રાજકોટ રેલ્વે (જે આ સ્ટેટની હદમાંથી પસાર થાય છે તે) ઉપરનું સ્ટેશન છે. રાજકોટ જુનાગઢ અને વેરાવળ વચ્ચેનો ધોરી રસ્તો આ સ્ટેટની હદમાંથી પસાર થાય છે. વિરપુરમાં એક તથા ખરેડીમાં એક એવાં બે જીન છે. તેમજ અહિં ધાળાઓ બહુ સારા બને છે. સ્થાનિક માગણીને પુરા પડે તે પ્રમાણમાં સાધારણ જાતના સફેદ પત્થરો મકાન બાંધવાના ઉપયોગમા આવે તેવા આ સ્ટેટની હદમાંથી નીકળે છે. આ સ્ટેટ બ્રિટીશ રાજ્યને રૂા. ૪૪૧૮) ખંડણી તરીકે અને રૂા. ૬૬૬) જુનાગઢ સ્ટેટને જેરતલબીના વાર્ષિક આપે છે. કાઠિઆવાડના બીજા સ્ટેટોની માફક આ સ્ટેટે પણ શાહિ સત્તા સાથે કોલકરારો કર્યા છે. આ સ્ટેટના તાબાના ગામો તેર છે જેના નામો નીચે મુજબ છેઃ– ૧ ખરેડી ૨ વીરપુર ૩ કાગવડ ૪ થોરાલા ૫ હડમડીઆ ૬ કાળમેઘડા ૭ મોરીદડ ૮ ખીજડીયા ૯ કુગાસ ૧૦ ભંગડા ૧૧ માખાકરોડ ૧૨ ગુંદા અને ૧૩ મેદીઆ

—: પ્રાચિન ઇતિહાસ :—

વીરપુરનું પુરાણું નામ **કૌભાંડ નગર** હતું. તે કાળે કરી ઉજ્જડ થઇ ગયું હતું. અને ત્યાં 'વીરપરીનાથ' નામના સિદ્ધ રહેતા હતા.તેમના નામ ઉપરથી ગામનું નામ **વીરપુર** પડયું. ગુજરાતના મહારાજાધિરાજ કરણનાં મહારાંણી મીનળદેવીને ઓધાન હતું, પરંતુ પ્રસવ નહિં થતો હોવાથી યાત્રાએ નિકળતાં, વીરપુરમાં વીરપરીનાથના પ્રતાપથી પ્રસવ થતાં, મહારાજા સિધ્ધરાજનો જન્મ થયો. તેનું સ્મરણ કરાવતી મીનળવાવ અને તેની અંદર મીનળદેવી કુમારશ્રી સિધ્ધરાજને સ્તનપાન કરાવતાં હોવાનું પત્થરમાં કોતરકામનું ચિત્ર હજુ મોજુદ છે.

વીરપુર તાબાના ખરેડી ગામની હકિકત–શિહોરમાંથી વામન અને વૈકુંઠ દવે કાલાવડમાં રહેવા આવ્યા, અને તે કાલાવડ પરગણું ખરેડી વીરપુરસ્ટેટની ગાદી સ્થાપક ઠાકોરશ્રી ભાણુજીને નવાનગર સ્ટેટથી મળ્યું હતું. ત્યાંથી ઠાકોરશ્રી ભાણુજી સાથે તે દવે ખરેડી ગામે આવ્યા, અને તેમણે ગોહિલવાડમાંથી પોતાની જ્ઞાતિ સગાં વગેરેને બોલાવી ખરેડીમાં વસાવી **'ખરેડી સમવાય'** બાંધ્યો અને ખરેડેશ્વર મહાદેવનું જુનું મંદીર હતું તેનો જીર્ણોદ્ધાર કરાવી તેને પોતાના ઇષ્ટદેવ સ્થાપ્યા. અને બ્રાહ્મણોના *૩૦૦ ઘરની નાત બાંધી (વિ. સં. ૧૬૫૭)

*કોઇ ઇતિહાસમાં ૪૫૦ ઘર લખેલાં છે.

એ વખતે ખરેડી ગામે ૩૦૦ ઘર ઔદિચ્ય બ્રાહ્મણના અને ૧૫૦ નંદવાણા બ્રાહ્મણના અને ૧૦૦ નાગર ગૃહસ્થના મળી કુલ ૫૫૦ ઘરો હતાં. તે શિવાય બીજી ઇતરવર્ણની વસ્તી હતી.

વીરપુર ગામે વિ. સં. ૧૮૫૬માં જલારામ નામના લુહાણા ભક્ત થઇ ગયા. જેમણે વિ. સં. ૧૯૩૯માં સ્વર્ગવાસ કર્યો હતો. તેમણે રાજ્યની મદદથી વીરપુરમાં જગ્યા બાંધી સદાવ્રત બાંધેલ છે તે હજી સુધી ચાલે છે. એ 'જલ્લા ભક્તો' બહુજ પવિત્ર અને ધર્મનિષ્ઠ ઐશ્વર્યવાન પુરૂષ હતા, તેમની વચનસિદ્ધિથી લોકો તેઓને **'કાં જલ્લા કાં અલ્લા'** એમ કહી હિન્દુ-મુસલમાનો માનતા હતા. અને દૂર દેશમાં પણ એ જલ્લાભક્તની પ્રસિદ્ધિથી વીરપુર ગામ **જલ્લાભક્તના વીરપુરના** નામથી ઓળખાય છે.

વીરપુરનું રાજ્યકુટુંબ નવાનગર સ્ટેટમાંથી ઉતરી આવેલું છે. નવાનગરના જામશ્રી **રાવળ-જામ** પછી જામશ્રીવિભાજી ગાદીએ આવ્યા. તેઓને ચાર કુમારો હતા. તેમાં પાટવી કુમાર જામસત્રોજી નવાનગરની ગાદીએ આવ્યા. અને બીજા કુમારશ્રી ભાણજીને * કાલાવડ પરગણાંના બાર ગામો મળ્યા. ત્રીજા કુમાર રણમલજીને સિસાંગ-ચાંદલીના બાર ગામો મળ્યા. અને ચોથા કુમાર વેરાજીને હડીઆણાના ચાર ગામો મળ્યાં હતાં.

૧ ઠાકોરશ્રી ભાણજી. (ચંદ્રથી ૧૭૨ શ્રીકૃષ્ણથી ૧૧૭મા)

ઠાકોરશ્રી ભાણજીએ પોતાને મળેલો કાલાવડ પરગણાનો ગીરાશ જામનગર રાજ્યને પાછો આપી દીધો. અને પોતે સ્વતંત્રરીતે બાહુબળથી ખરેડી× મેળવ્યું. જામનગરમાં જ્યારે ભુચરમોરી નામનું યુદ્ધ થયું ત્યારે તેઓશ્રીએ જામનગર તરફથી લડવામાં અગ્રભાગ લીધો હતો. ત્યાર પછી (બીજા) ઠાકોરશ્રી **ભારાજી** ગાદીએ આવ્યા. તેઓએ ખરેડીની આજુ-બાજુના ૩૬ ગામો પોતાના બાહુબળથી જીતી આખું ખરેડી ગામ કબજે લઇ પોતાનું જુદું રાજ્ય સ્થાપ્યું. તે પછી (ત્રીજા) ઠાકોરશ્રી **હુરધોળજી** (ચોથા) ઠાકોરશ્રી **સાહેબજી** અને (પાંચમાં) ઠાકોરશ્રી **મોકાજી** (પહેલા) ગાદીએ આવ્યા હતા. એ ઠાકોરશ્રી મોકાજીએ પોતાના રાજ્યના ૩૬ ગામમાં ૩૮ ગામનો વધારો કરી કુલ ૮૪ ગામ કર્યાં. તેઓ બહાદૂર અને

---

* એ ગિરાશ આપ્યા સંબંધી વિભા-વિલાસમાં દુહો છે કે:—

शिसांग सोंपी रणमलां, भूप खरेडी भाण ॥
वेरो हडीआणे वसे, त्रहुं राया त्रड ताण ॥ १ ॥

×૪.સ. ૧૯૨૮માં વેસ્ટર્ન ઇન્ડીઆ સ્ટેટસ એજન્સી પ્રેસ તરફથી બહાર પડેલ 'ધી રૂલીંગ પ્રીન્સીઝ, ચીફ્સ એન્ડ લીડીંગ પરસોનેજીઝ' નામના પુસ્તકમાં લખે છે કે, "કર્નલ જે. ડબલ્યુ. વોટસનના મતમુજબ કાલાવડ જીવાઇમાં આપવામાં આવ્યું હતું, પણ મુળ સ્ટેટ સાથે કાંઇક તકરાર થવાથી ઠાકોરશ્રી ભાણજીએ એ ગિરાશ ઉપરથી પોતાનો હક ઉઠાવી લીધો. અને ખરેડી ઉપર કાઠી લોકોના ટોળાં હુમલો કરતાં હતાં. તે લુંટારાઓને હાંકી મુકવામાં ખરેડીના મુસલમાન થાણદારને ઠા.શ્રી ભાણજીએ મદદ આપી હતી. તેના બદલામાં થાણદાર પાસેથી ખરેડીની અરધી જમીન તેઓને મળી હતી.

લડવૈયા હતા. અને તેઓએ જુનાગઢ અને જામનગર રાજ્યને ઘણી મદદ કરી હતી. જામનગર સ્ટેટના માણસો સોમનાથની યાત્રાએ જતાં, હાટીના–માળીયાવાળા ભોજહાટીના માણસોએ લુંટયા, તેથી જામનગરના તરફથી ઠાકોરશ્રી મોકાજી લશ્કર લઇ ત્યાં ગયા. અને દારૂણ યુદ્ધ કરી હાટીના–માળીયાને લુંટી ૮૦ ગાડામાં કેરીઓ તથા બીજી માલ મિલ્કત ભરાણી તે ગાડાં જામનગર મોકલ્યાં હતાં (વિ. સં. ૧૭૭૬) એ ભોજ હાટીનું માળીયા ગામ ભાંગ્યું. તે વિષેના કાવ્યની બે કડી, જુના ચોપડામાંથી જુની ભાષામાં જેમ મળી છે તેમ અત્રેછાપેલ છે.

હટ હટાણાં હાટીયાં, ઢાહે રણ કાઠીયાં સેન દુકાં ॥
બાદર સાહેબરે બસો હરખ બેસારીયો, ભોજરો માળીયો કર્યો ભુક્કા ॥૧॥

ઘુંમટ ઘોડાં ઘણા પાખરાં ઘમઘમે, સોરઠ ધરા, ધમધમે નીર સુકા ॥
બાદર સાહેબરે બસો હરણ બેસારીયો, ભોજરોમાળીયો કર્યો ભુક્કા ॥૨॥

તે પછી (છઠા) ઠા. શ્રી મુળુજી–(પહેલા) અને (૭) ઠાકોરશ્રી જેઠીજી ગાદીએ આવ્યા. તે જેઠીજી બહાદૂર અને લડવૈયા હોવાથી જામનગરને મુલક જીતવામાં ઘણી મદદ કરી હતી અને તેઓ છોટા–જામ કહેવાતા. તેઓએ અરડોઇનો એરડો ભાંગ્યો, એ વખતે મોવઇયાના ઓરડા પણ ભાંગ્યા હતા. તેમજ જામનગરને મદદ કરી ગોંડળ ઠાકોરશ્રી કુંભાજી સામા લડયા હતા. એ વખતે નગરની ગાદીએ કુંવર નાના હોવાથી મા સાહેબે ઠાકોરશ્રી જેઠીજીને છોટા–જામની છાપ આપી હતી.

દુહો—વળ છાંડીને વિનવો, દૂને અદકાં દામ ॥
જેઠી છોટો–જામ, ભણીએ ભારાસર ધણી ॥ ૧ ॥

(૮) ઠાકોરશ્રી મોકાજી (બીજા) ઉર્ફે માવાજીએ પોતાના બાહુબળથી વીરપુર જીતી, કિલ્લો સમરાવી, ખરેડીથી રાજધાની ફેરવી વીરપુરમાં સ્થાપી. તે પછી (૯) ઠાકોરશ્રી સુરાજી [પહેલા]ના વખતમાં સંવત ૧૮૬૯નો ભયંકર દુકાળ પડવાથી, તેમજ તેજ સાલમાં તેમનો સ્વર્ગવાસ થવાથી કેટલાએક ભાયાતોએ જામનગર, ગોંડળ અને એજન્સી થાણાઓનો આશ્રય લીધો. તેથી માત્ર તેર ગામ ખરેડી–વીરપુર સ્ટેટના તાબામાં રહ્યા.

(૧૦) ઠાકોરશ્રી **મુળુજી** (બીજા) (૧૧)માં ઠાકોરશ્રી **સરતાનજી** અને (૧૨) ઠાકોરશ્રી **સુરાજી** [બીજા] ગાદી ઉપર આવ્યા. તેઓ નામદાર જ્યારે ગાદીએ આવ્યા ત્યારે સગીર હોવાથી પોતાના ગંગાસ્વરૂપ માતુશ્રી નાનીબાસાહેબે સગીરના નામથી સ્વતંત્રરીતે સંવત ૧૯૦૮થી સંવત ૧૯૨૦ સુધી એટલે બાર વર્ષ રાજ્ય કર્યું હતું. તેઓ નામદારનો જન્મદિવસ તારીખ ૧૨–૭–૧૮૪૬ ના રોજનો હતો. અને તા. ૩૦–૧૧–૫૧ ના રોજ ગાદીએ આવ્યા. તેઓશ્રીએ ૬૬ વર્ષની લાંબી મુદત સુધી રાજ્ય કર્યું. કાઠિઆવાડના વાઘેર તથા મિયાણાં બહારવટીઆઓની તોફાની ટોળીઓ સાથે પોતે જાતે લડયા હતા. તેના બદલામાં નામદાર બ્રીટીશ સરકાર તરફથી તેઓશ્રીને શાબાશી આપવામાં આવી હતી. અને બહારવટીઆના ફાળા વરાડનો હિસ્સો જે બીજા સ્ટેટો અને તાલુકાઓ પાસેથી લેવામાં આવ્યો હતો તેમ આ સ્ટેટ પાસેથી લેવામાં આવ્યો ન હતો. તેઓ બહાદૂર તથા લડવૈયા હતા, તેટલુંજ નહિં.

પરંતુ વીરપુર રાજ્યના પુનરોદ્ધારક, રાજ્ય તેમજ રાજ્યકુટુંબને વૈદિક ધર્મ રૂપી સૂર્યના પ્રખર અને પ્રકાશમય કિરણોના પવિત્ર પ્રસાદ પ્રાપ્ત કરાવનાર અને અશ્વવિદ્યા, આયુર્વેદ મૃગયાવિધાન તથા સાહિત્યમાં નિપુણ હતા. તેમજ વેટરનરી સર્જન [પશુ-વૈદ્ય] અને કુશળ ખેલાડી હતા. તેઓ નામદારશ્રી તા. ૧૮-૧૦-૧૯૧૮ના રોજ સ્વર્ગે સિધાવ્યા. તેઓશ્રીને ચાર કુમારો થયા તેમાં પાટવી કુમારશ્રી હમીરજી ગાદીએ આવ્યા. અને નાના કુમારશ્રી જેઠીજી જેઓ નાગપુર જીલ્લામાં બ્રિટીશ રાજ્યના ચીફ વેટરનરી સર્જનના માનવંતા હોદ્દા ઉપર હતા. ત્યાં તેમણે પ્રજાનો ઘણોજ ચાહ મેળવ્યો હતો. તથા ત્રીજા કુમારશ્રી રામસિંહજી અને ચોથા જોરાવરસિંહજી વિદ્યમાન છે. [૧૩] ઠાકોરશ્રી હમીરજી (વિદ્યમાન)

તેઓ નામદારશ્રી વિ. સં. ૧૯૭૪ માં ખરેડી-વીરપુરની ગાદીએ બીરાજ્યા. તેમણે રાજકોટ રાજકુમાર-કોલેજમાં કેળવણી લીધી છે. તેઓશ્રીએ ચાર લગ્ન કર્યા છે ૧ રાજપુરના સદ૰ તાલુકદાર માનસિંહજીના બ્હેન સાથે, ૨. લાખણકાના રાવળશ્રી દીપસિંહજીના કુંવરી સાથે ૩ ગણદવાળાં બાઈ સાથે ૪ પોરબંદર સ્ટેટમા આવેલા પાંડવાદરના ભાયાત જેઠવાશ્રી રણુમલજીનાં કુંવરી સાથે. પાટવી કુમારશ્રી દીલીપસિંહજીનો જન્મ ૧૬ સપ્ટેમ્બર ૧૮૯૬ માં લાખણકાવાળા બાઈ સુંદરબાને પેટે થયોછે. યુવરાજશ્રીના પહેલાં લગ્ન સને ૧૯૧૭ માં માંડવાના સગીર રાણાશ્રી ખુશાલસિંહજીના બ્હેનવેરે થયાં છે. અને ત્યાર પછી સને ૧૯૧૯ માં થાંડેવદરના જેઠવાશ્રી ટપુભાના કુંવરીવેરે થયાં છે. નામદાર ઠાકોરશ્રી હમીરસિંહજી સાહેબના એક કુંવરીને સાયલાના પાટવિ કુમારશ્રી સાથે પરણાવવામાં આવ્યા છે. અને બીજા કુંવરીના લગ્ન બુદેલખંડ એજન્સીમાં આવેલા ચેરખારીના મહારાજા સાથે કરવામાં આવ્યાંછે.

વિદ્યમાન× ઠાકોરસાહેબને ચોથા કલાસનો અધિકાર હતો તેને બદલે સને ૧૯૨૭ની સાલથી નામદાર સરકારે ત્રીજા કલાસનો અખ્તયાર આપેલ છે. એટલે ફોજદારી સાતવરસ સુધીની સખત કેદ તથા દશહજાર સુધી દંડ, દીવાનીમાં વીશહજાર સુધીના દાવા સંભાળી શકેછે.

× (૧૨) ઠાકોરશ્રી સુરાજી એક દહાડો સવારમાં ફરવા ગયેલ તેવામાં જુનાગઢના કસાઇઓને ગાયોના ટોળાને લઇ જતાં જોયા તેથી તે ગાયો પડાવી લઇ વીરપુરમાં રાખી અને પોતાના કુમારશ્રી રામસિંહજીને તથા શ્રાંગણવાના જાડેજાશ્રી શીવસિંહજીને જુનાગઢ નવાબ સાહેબ પાસે મોકલી, સુલેહ સમાધાન કરાવી. ગૌ-બ્રાહ્મણ પ્રતિપાલનું બીરૂદ જાળવ્યું હતુ. તેઓ નામદારશ્રીને કાવ્યનો ઉત્તમ શોખ હતો. અને કાલાવડના રહીશ વિપ્ર ગૌરીશંકર ગોવીંદજી મહેતાને પોતાના રાજકવિ તરીકે કાયમ રાંખ્યો હતો. કે તેઓ મારા (ઇ. કર્તાના) વિદ્યા ગુરૂ હતા.

શ્રી વિરપુર રાજ્યની વંશાવળી

(૧) ઠાકોરશ્રી ભાણજી (ચંદ્રથી ૧૭૨ મા કૃષ્ણથી ૧૨૭) (વિ. સં. ૧૬૩૫માં ખરેડી ગાદી સ્થાપી.)

*

૨ ઠા. શ્રી ભારાજી ખીમાજી જખરાજી સાહેબજી ફલજી

૩ ઠા. શ્રીહરધોળજી

૪ ઠા. શ્રી સાહેબજી

૫ ઠા. શ્રી મોકાજી (પહેલા)

૬ ઠા. શ્રી મુળુજી (પહેલા)

૭ ઠા. શ્રી જેઠીજી (છોટાજામ કહેવાતા)

૮ ઠા. શ્રીમોકાજી (બીજા) સુજાજી જીણાજી રણમલજી
ઉર્ફ ખાવાજી (વીરપુર ગાદી સ્થાપી. વિ. સં. ૧૮૪૧ માં)

૯ ઠા. શ્રી સુરાજી (પહેલા) ડુંગરજી

૧૦ ઠા. શ્રી મુળુજી (બીજા)

૧૧ ઠા. શ્રી સરતાનજી

૧૨ ઠા. શ્રી સુરાજી (બીજા)

૧૩ ઠા. શ્રી હમીરસીંહજી જેઠીજી રામસીંહજી જોરાવરસીંહજી
(વિદ્યમાન)
કુમારશ્રી દીલીપસીંહજી (યુવરાજ)

* નોટ:—ભારાજીના વંશજો ભારાણી અને ખીમાજીના વંશજો ખીમાણી કહેવાય છે. કુ. ખીમાજીના વંશજોને નીચેનાં બારગામો અને ખરેડીમાં ત્રીજા ભાગનો ગીરાશ મળેલ હતો. મુળીલા, દેરી, પીપર, ભાડુકીઆ, પડવલા, મેટીઆ, વેરાવડ, મછલીવડ, સરાપાદર, મેવાસા, ચેલાખેડી, સોરઠા, કુ. શ્રી જખરાજીને છગામ, અને કુ. શ્રી સાહેબજી તથા ફલજીને ચારગામો ગીરાસમાં મળ્યાં હતાં.

રાજકોટ સ્ટેટનો ઇતિહાસ.

સરહદ:—આ સ્ટેટની પુર્વે નવાનગર સ્ટેટ, દક્ષિણે ગોંડળ અને કોટળાસાંગાણી, પશ્ચિમે મોળ અને ઉત્તરમાં વાંકાનેર સ્ટેટ વિગેરેની સરહદો આવેલ છે.

ક્ષેત્રફળ અને વિસ્તાર:—આ રાજ્યનું ક્ષેત્રફળ ૨૮૮ ચોરસમાઇલ છે. કુલગામો ૬૪ છે, તેમાં ૪૯ ખાલસા ૧૦ ભાયાતી ૪ ઇનામી ૧ ધર્માદા છે.

વસ્તિ:—સને ૧૯૨૧ ની વસ્તી ગણત્રી મુજબ ૧૦,૯૯૩, માણસની વસ્તી છે. તેમાં ૪૯,૮૧૯ હિન્દુ ૬૯૧૨ મુસલમાન ૪૨૨૫ જૈન અને ૩૭ બીજી જાતના છે.

અંદાજે ઉપજ અને ખર્ચ:—સરેરાશ વાર્ષિક ઉપજ દસ સાડાદસલાખ છે. અને ખર્ચ નવથી સાડાનવલાખ છે.

રેલ્વે:—રાજકોટ, જેતલસર, રેલ્વે લાઇનમાં આ સ્ટેટનો બેઆના ભાગ છે. રાજકોટ અને બેટી નદી વચ્ચે ટ્રામવે સર્વિસ સ્ટેટ ચલાવે છે. રાજકોટ ત્રણ રેલ્વેનું જંકશન છે. (૧) ગોંડલ રેલ્વે, તેમાં રાજકોટ, જેતલસર, રેલ્વેનો સમાસ થાય છે. (૨) જામનગર, દ્વારકા, રેલ્વે (૩) મોરબી રેલ્વે, તેમજ રાજકોટ અને આટકોટ વચ્ચે એક મોટર સર્વિસ ચાલેછે.

ટૂંકરોડ:—કાઠીઆવાડના ચાર મોટા રસ્તા રાજકોટમાં ભેગા થાય છે. (૧) રાજકોટથી જુનાગઢનો (૨) રાજકોટથી ભાવનગરનો (૩) રાજકોટથી જામનગરનો (૪) રાજકોટથી વઢવાણનો.

હુન્નર ઉદ્યોગ:—એક જીનીંગ અને પ્રેસીંગ ફેકટરી, એક આટાનીમીલ, બે તેલની મીલ, બે સાબુના કારખાના બે બરફના કારખાના, ચાર ધાતુના કારખાના, એક લોઢું ગાળવાનું, બે લોઢાની ટૂંકો બનાવવાના, પંદર છાપખાના, વીશ ચામડું કેળવવાના, એક કપડની મીલ. એ મુજબ કારખાનાઓ છે. તે ઉપરાંત અનાજ દળવાની નાની ઘંટીઓ છે. સ્થાનીક માગણી પુરી પાડવાને માટે બેટી નદીના પ્રદેશમાં, મકાનના ચણતરમાં કામ આવે તેવા સારી જાતના ધોળા પત્થર ખોદી કાઢવામાં આવે છે. અને બહાર દેશાવર પણ મોકલવામાં આવેછે, અને આજી નદીના તળમાંથી સારી જાતનો કાળો પત્થર ખોદવામાં આવે છે.

ખંડણી:—બ્રિટીશ ગવરમેન્ટને ૧૮,૯૯૧, રૂપીઆ ખંડણીના અને જુનાગઢને રૂા. ૨,૪૩૦ જોરતલબીના દરવર્ષે ભરવા પડે છે.

કાઠિઆવાડના બીજા રાજાઓની માફક બ્રિટીશ સરકા સાથે આ સ્ટેટને કોલકરારો થયા છે. તે ઉપરાંત એજન્સીના સીવીલ અને મીલીટરી થાણા માટે જગ્યા આપવાનું પણ તેમાં આવી જાય છે. રાજકોટમાં એજન્સીનું હેડ કવાર્ટર પણ છે.

પ્રાચિન ઇતિહાસ:—આ રાજ્યના રાજ્યકર્તા યાદવકુળ શિરોમણિ શ્રીકૃષ્ણચંદ્રના વંશમાં થયેલા નવાનગરના જામશ્રી રાવળજીના વંશના જાડેજા રજપુતો છે.

(૧)ઠાકોરશ્રી વિભાજી.

(ચંદ્રથી૧૭૫, શ્રીકૃષ્ણથી ૧૨૦ જામશ્રી રાવળજીથી ૫ મા)વિ. સં. ૧૬૬૪થી૧૬૯૧=૨૭વર્ષ)

જામનગરની ગાદી ઉપર જામશ્રી રાવળજી પછી વિભોજી આવ્યા. તે પછીના જામશ્રી સતાજીના વખતમાં ભૂચરમોરીનું મહાન યુદ્ધ થયું, તેમાં જામશ્રી સતાજીના પાટવિ કુમારશ્રી અજોજી કામ આવ્યા. તે જામશ્રી અજાજીને બે કુંવરો હતા. તેમાં પાટવિકુમાર જામશ્રી લાખાજી જામનગરની ગાદીએ આવ્યા અને નાનાકુમારશ્રી વિભાજીને જામનગર તાબાના કાળાવડ પરગણાના બારગામો ગિરાશમાં મળ્યાં, તેથી ઠાકોરશ્રી વિભાજી કાળાવડમાં આવી રહ્યા. (વિ. સં. ૧૬૬૩) ઠાકોરશ્રી વિભાજી બહુજ પરાક્રમી હતા. તેમજ કાળાવડ પરગણાનાં ઉનજડ અને થોડી વસ્તિવાળાં ગામો હોઇ, વિભાજીનું મન નારાજ થયું હતું. તેથી થોડો વખત કાળાવડમાં રહી, પોતાને મોસાળ સરધારમાં જઇ રહ્યા, સરધારમાં તે વખતે વાઘેલા રજપુતનું રાજ્ય હતું. અને ઠાકોરશ્રી વિભાજી તે વાઘેલા ઠાકોરની કુંવરી વેરે પરણ્યા હતા. અને દાયજામાં ચિભડા નામનું ગામ મળતાં ત્યાં તેઓએ પોતાને રહેવા માટે આઠ ઓરડાવાળું મકાન બંધાવ્યું. વિભાજી પોતે હિંમતવાન અને મહત્વાકાંક્ષી હતા. તેથી તેઓશ્રીને પોતાને માટે એક સ્વતંત્ર રાજ્ય મેળવવાના વિચારો વારંવાર થયા કરતા હતા. સરધાર તાલુકાનાં પ્રથમ ૭૦૦ ગામ વાઘેલા રજપુતના તાબામાં હતાં. જેથી તેમની પાસેથી તે મુલક જીતી લેવા વિભાજીએ જામનગરના જામસાહેબની મદદ માગી અને તે મળેલી મદદના બદલામાં કાળાવડ પરગણું જામસાહેબને પાછું આપ્યું હતું. સરધારના વાઘેલાઓ આમપાસના મુલકમાં લુંટ ચલાવતા જેથી ઠાકોરશ્રી વિભાજીએ મુગલ શહેનશાહના સુબા શાહજહાન સાથે મિત્રાઇ કરી સરધાર ઉપર ઓચિંતો હુમલો કરી, સરધાર સર કર્યું.

કર્નલ વોકર હાલાર પ્રાંતના રિપોર્ટમાં લખે છેઃ–કે વિભાજીએ વાઘેલાઓને ચીભડા ગામમાં મિજમાની આપી દગાથી ઠાર કરી તે તાલુકો સર કર્યો, પરંતુ મુગલાઇ સુબા તરફથી ત્યાં એક થાણદાર નીમવામાં આવ્યો હતો. તેથી વિભાજીએ પોતાની બહાદૂરીથી તે થાણદાર ઉપર સનજડ દાબ બેસાર્યો હતો. ઠાકોરશ્રી ×વિભાજીએ દિલ્હી જઇ શહેનશાહ જહાંગીર બાદશાહની પસંદગીથી સરધાર પરગણાની માલીકીનો પાકો પરવાનો મેળવ્યો હતો.

ઠાકોરશ્રી વિભાજીએ "રાજુ"નામના એક સંધીને આજીનદીના પશ્ચિમકાંઠા ઉપર (જ્યાં એ સંધીનો નાનો નેસ હતો અને વિ. સં. ૧૩૧૫ના ભયંકર દુષ્કાળમાં જગડુશાહ તરફથી જે જગ્યાએ દાણાનો કોઠાર નાખવામાં આવ્યો હતો. ત્યાં) કેટલીક જમીન આપી, અને તેના રાજુનામ ઉપરથી વિ. સં. ૧૬૬૭માં 'રાજકોટ'નામે ગામ વસાવ્યું, તે ગામ રાજુ સંધીના તથા તેના વંશજોના કબજામાં વિ. સં. ૧૭૦૨ સુધી હતું. તેમજ ઠાકોરશ્રી વિભાજીએ સોરઠીઆ ચારણમાં મુળુ લાંગા નામના બારોટને પોતાની દશોંદી સ્થાપી. બેત્રણ ગામો આપ્યા હતાં.

× કોઇ ઇતિહાસકાર દિલ્હીમાં વિભાજીએ વજકછોટો પહેર્યાનું લખે છે.

હાલ ચીભડા ગામને પાધર ધાર ઉપર આવેલી "ગંભીરાપીર"ની દરગાહ છે તે ગંભીરાપીર સાંભળવા પ્રમાણે દિલ્હીથી ઠાકોરશ્રી વિભાજીની સાથે આવ્યા હતા.

વિ. સ. ૧૬૬૭ માં સરધારના પૂર્વ ભાગ ઉપર કાઠીઓએ ઘણું ગામ કબજે કર્યું તેથી વિભાજીએ તે બોઠાને પશ્ચિમ તરફથી આવતા અટકાવ્યા. તેના બદલામાં મુગલાઇ સુબા તરફથી અરડોઇ, રીબ, રીબડા, કાળીપાટ વગેરે ગામો બક્ષિસ મળ્યાં હતાં. ઠાકોરશ્રી વિભાજી વિ. સં. ૧૬૯૧ માં સ્વર્ગે સિધાવ્યા. એ (**ઠા. શ્રી. વિભાજી**)ના નામ ઉપરથી તેનાં વંશજો **'વિભાણી'** વંશના કહેવાયા. તેઓશ્રીને મહેરામણજી નામના એકજ કુંવર હતા. અને તેઓ તેમના પછી સરધારની ગાદીએ આવ્યા.

ઠાકોરશ્રી વિભાજીનો જન્મ વિ. સં. ૧૬૪૭ માં થયો હતો. સંવત ૧૬૬૩ માં કાળાવડ આવ્યા. સંવત ૧૬૬૪ માં ચીભડે આવ્યા. સંવત ૧૬૭૧–૭૨ માં સરધાર લીધું. સંવત ૧૬૭૩ માં બાદશાહના પરવાનાથી સરધારની ગાદી પોતાને તાબે કરી અને સંવત ૧૬૯૧માં ૨૭ વર્ષ રાજ્ય કરી ૪૩ વર્ષની ઉંમરે સ્વર્ગે સિધાવ્યા.

(૨) ઠાકોરશ્રી મહેરામણજી ૧ લા

(વિ. સં. ૧૬૯૧ થી ૧૭૧૨=૨૧ વર્ષ)

ઠા. શ્રી. વિભાજી ગુજરી ગયા પછી તેમના કુંવર ઠા. શ્રી. મહેરામણજી ગાદીપર આવ્યા. તેમણે પોતાના પિતાનું મેળવેલું રાજ્ય સારી રીતે આબાદ કર્યું. પાંચાળના કાઠીલોકો ઠેઠ ઘોળકા સુધી ધાડ પાડતા તેથી ગુજરાતનો સુબો આજમખાન કાઠીઆવાડમાં આવ્યો અને થાનગઢ પાસે ભારે યુદ્ધ કરી કાઠીઓને હરાવ્યા. અને થાન પાસેનું સુરજ દેવળ જમીન દોસ્ત કર્યું. એ વખતે સરધારથી ઠાકોરશ્રી મહેરામણજી પોતાના લશ્કર સાથે સુબા આજમખાનને જઇ મળ્યા. અને તેને કેટલીક મદદ આપી. તે ઉપરથી સુબાએ ખુશી થઈ, કેટલાંએક ગામો ઇનામમાં આપ્યાં, અને સુબો સરધારમાં આવ્યો. સરધારના હવાપાણીથી સંતોષ પામી, થોડો વખત સરધારમાં રહ્યો. તેણે સરધારનું નામ "આજમાબાદ" પાડયું, પણ તે લાંબો વખત રહ્યું નહિં. મહેરામણજીને સાહેબજી, અને કુંભોજી, નામના બે કુમારો હતા. તેમાં પાટવિકુમાર સાહેબજીનો જન્મ વાઘેલી રાણીથી થયો હતો અને નાનાકુંવર કુંભાજીનો જન્મ ગોંડળના ચુડાસમાની રજપુતકન્યાથી થયો હતો. સાહેબજીના માતુશ્રી નાનપણમાં ગુજરી ગયા હતાં, અને કુંભાજી ઉપર મહેરામણજીની પ્રીતિ વિશેષ હતી. તેથી સાહેબજી રીસાઇને જામનગર જતા રહ્યા, છેવટે જામસાહેબે ઠાકોર મહેરામણજી અને સાહેબજી વચ્ચે સુલેહ કરાવ્યાથી, મહેરામણજીએ તેમને મનાવી પાછા સરધાર બોલાવ્યા, ત્યારપછી તેમના ઉપર વધારે પ્રીતિ થઇ હતી, કારણકે સાહેબજી નમ્ર સ્વભાવના હતા, અને કુંભોજી પોતાના દાદા વિભાજી જેવા ચંચળવૃત્તિના અને રાજ્યની તૃષ્ણા રાખનારા હતા. તેથી ઠાકોરશ્રી મહેરામણજી જાણતા હતા કે સાહેબજી કરતાં કુંભોજી વધારે બળવાન હોવાથી તે પોતાના મરણપછી સાહેબજીને હેરાન

કરશે, તેથી સાહેબજીને પોતાની પાસે બોલાવી, કુંભાજીના રાજ્યલોભની બરાબર સમજણ આપી. અને વિશેષમાં કહ્યું કે "મારા મૃત્યુપછી મને અગ્નિદાહ માટે સ્મશાનમાં લઇ જાય, ત્યારે તમારે માંદગીનું બ્હાનું કાઢી શહેરમાં રોકાવું મારી દહનક્રિયા પુરી થયે કુંભોજી પાછા આવે ત્યારે તમારે દરવાજા બંધ કરી દેવા. અને તેમને ગામમાં પેસવા દેવા નહિ." એ શિખામણ આપ્યા પછી ઠાકોરશ્રી મહેરામણજી સ્વર્ગે સિધાવ્યા. (વિ. સં. ૧૭૧૨.)

(૩) ઠાકોરશ્રી સાહેબજી (વિ. સં. ૧૭૧૨થી૧૭૩૧=૧૯ વર્ષ)

સાહેબજીએ પોતાના પિતાની ભલામણ પ્રમાણે સરધારના દરવાજા બંધ કરી કુંભાજીને અંદર પેસવા દીધા નહિં. તેથી કુંભાજી ક્રોધે ભરાઇ, પોતાના કેટલાક વિશ્વાસપાત્ર માણસો સાથે જુનાગઢ ગયા. તે વખતે જુનાગઢમાં કુતુબુદ્દિન નામે સોરઠનો બાદશાહી ફોજદાર હતો. તેના પાસેથી મદદની માગણી કરી, ઠાકોરશ્રી સાહેબજીને બીક લાગી કે જુનાગઢની સામે આપણાથી ટકી શકાશે નહિં. તેથી નવાનગરથી જામસાહેબની મદદ* માંગી. ત્યાં જુનાગઢથી ફોજદાર કુતુબુદ્દિનની મદદ લઇ કુમારશ્રી કુંભાજી સરધાર ઉપર ચઢી આવ્યા. એ વખતે નવાનગરના જામસાહેબે તથા ફોજદાર કુતુબુદ્દિને મળી, સાહેબજી તથા કુંભાજી વચ્ચે સુલેહ કરાવી આપી. અને સરધારી થારની દક્ષિણ તરફનો બધો ભાગ કુંભાજીને આપવાનું ઠરાવ્યું. એ ભાગમાં તે વખતે લગભગ વીશ ગામો આવેલાં હતા. તેમાં કુંભાજીએ અરડોઇમાં રાજ્યગાદી સ્થાપી, પોતે ત્યાં રહ્યા, થોડા વખત પછી કુંભાજીએ ગોંડલ જઇ પોતાના મામા સાથે લડી ગોંડલ કબજે કરી ત્યાં ગાદી સ્થાપી, અને સાહેબજી સરધારની ગાદીએ રહ્યા. તે વિષેનો પ્રાચિન દુહો છે કે:—

દુહો—મદછક મહેરામણ તણા, કરમી દોડું કુમાર।
કુંમે ગઢ ગોંડળ કીયો. (અને) સાહેબ ગઢ સરધાર॥

સાહેબજી તથા કુંભોજી જુદા પડયા પછી સાહેબજીને નબળા પડયા જોઇ, અમદાવાદનો સુબો **મોસમખેગ** આવ્યો અને સરધાર લઇ લીધું. સાહેબજી ત્યાંથી નીકળી રાજકોટ ગયા. મોસમખેગ અમદાવાદ ગયા પછી ઠાકોરશ્રી સાહેબજીએ પાછું સરધાર કબજે કર્યું. પણ તે પછી બીજો અમલદાર બાકરખાન આવ્યો તેણે સરધાર લીધું. પરંતુ ઠાકોરશ્રી સાહેબજીએ તેને દાર કરી સરધાર પાછું હાથ કર્યું. પરંતુ લાખાખાચર નામનો કાઠી તે વખતમાં બહુજ બળવાન હતો. તેણે સરધાર ઉપર ચઢાઇ કરી, જીતી લીધું. ઠાકોરશ્રી સાહેબજીએ સાંગાણી તેજમાલજીની મદદ લઇ લાખાખાચરને મારી નાખ્યો અને સરધાર કબજે કર્યું. ત્યારપછી કોટડાસાંગાણીનો સરધારમાં અર્ધભાગ છે. ઠાકોરશ્રી સાહેબજી વિ. સં. ૧૭૩૧ માં ૧૯ વર્ષ રાજ્ય કરી સ્વર્ગે સિધાવ્યા. તેમને બામણયોજી નામના એકજ કુંવર હતા.

* એક ઇતિહાસકાર લખે છે કે ઠાકોરશ્રી વિભાજીને મળેલો કાલાવડ પરગણાનો ગિરાશ જામસાહેબને આ મદદના બદલામાં પાછો સોંપ્યો હતો.

(૪) ઠાકોરશ્રી બામણીઆજી

(વિ. સં. ૧૭૩૧થી૧૭૫૦=૧૯વર્ષ)

ઠા. શ્રી. બામણીઆજી પોતાના તાબાનું ગામ કાળીપાટ નજીક હોવાથી ત્યાં ઘણોવખત રહેતા, ઠાકોરશ્રી બામણીઆજીએ કેટલીક લડાઇમાં કૃતેહ મેળવી, બાદશાહી થાણદાર પાસેથી ઇનામી ગામો મેળવ્યાં હતા. એક વખત ઠા. શ્રી. બામણીઆજી હોળીના પર્વ ઉપર રાજકોટ ગયા હતા. દરમિયાનમાં તેમની ગેરહાજરીનો લાભ લઇ જત તથા મિયાણા લોકો કાળીપાટની ગાયોનું ધણ વાળી ગયા, તે વાતની બામણીઆજીને જાણ થતાં, તેઓ તેની પાછળ ચડયા. અને તેમના ઉપર અચાનક હલ્લો કર્યો, ત્યાં ભારે ધિંગાણું થયું. તેમાં કેટલાએક મિયાણાંઓને મારી, ગાયોનું ધણ વાળી પાછા ફરતાં રાજકોટથી એકગાઉ દૂર આવેલા 'નકળંક વિડ' આગળ નાળામા કેટલાક મિયાણા છુપાઇ રહ્યા હતા. તે તેઓના ધ્યાનમાં ન હોવાથી તે નાળું ઓળ-ગતાં મિયાણાઓએ તેમના ઉપર પાછળથી અચાનક હલ્લો કર્યો. અને ત્યાં બહાદુરીથી લડતાં તેઓશ્રી કામ આવ્યા. (વિ. સં. ૧૭૫૦) ત્યાં હાલ સુરધન દાદાની દેરી છે અને આજે પણ તે સ્થળે હોળીના દિવસે દાદાને કસુંબો પાવાને નામદાર રાજકોટ ઠાકોર સાહેબ જાતે પધારે છે. (કારણકે ઠાકોરશ્રી બામણીયાજી હોળીનાજ તહેવારોમા તે જગ્યાએ ગાયોની વહારે ચડતા કામ આવ્યા હતા.) તેમજ ત્યા 'છેડાછેડી' છોડવા જવાનો પણ રિવાજ છે. ઠાકોરશ્રી *બામ-ણીઆજીને મહેરામણજી નામના એકજ કુમાર હતા.

(૫) ઠાકોરશ્રી મહેરામણજી (બીજા)

(વિ. સં. ૧૭૫૦ થી ૧૭૭૬=૨૬ વર્ષ)

ઠાકોરશ્રી મહેરામણજી બહાદુર યોધ્ધા હતા. નબળી પડેલી મુગલાઇ સત્તાનો તેણે બરા-બર લાભ લીધો. મરાઠાઓને અટકાવવા સરધારમાંથી પણ કેટલુંક મુસલમાની લશ્કર ગુજ-રાતના સુબાએ ગુજરાતમાં બોલાવી લેતાં, મહેરામણજીને યોગ્ય તક મળી. દેશની તોફાની સ્થિતિનો બરાબર લાભ લઈ, રાજકોટની આસપાસનો જુનાગઢના તાબાનો કેટલોક ભાગ જીતી લીધો. પણ તેની આ વર્તણુંકની ખબર સુબાએ દિલ્હી પહોંચાડતા, બાદશાહ મહમદે

* એ ઠાકોરશ્રી બામણીયાજીની સોનાની મૂર્તિ રાજકોટના દરબારમાં પૂજાતી, પરંતુ કેટલાએક વર્ષે તેઓએ સ્વપ્નમાં આવી કહ્યું કે, "મારે લોધીકે જીભાઇના દરબારમાં બેસી પુજાવું છે. તો મારી મૂર્તિ ત્યા પહોંચાડો" તેથી તે મૂર્તિવાળો કરંડીઓ રાજકોટ ઠાકોરશ્રી-એ લોધીકાના ઠાકોરશ્રી જીભાઇના દરબારમાં બ્રાહ્મણ પાસે પહોંચતો કરાવ્યો. હાલ પણ લોધી-કામાં ઠા. શ્રી. મુળવાજી સાહેબના દરબારમા એક જુદાજ ઓરડામા મૂર્તિ પુજાય છે. અને ઘણા વિભાણી રાજવંશીઓ ત્યાં છેડાછેડી છોડવા આવે છે. એ ઓરડો હાલ જનાનખાનાના ઓરડાઓમાં, "ડાહાનો ઓરડો" એ નામે ઓળખાય છે.

રાજકોટ અને સરધાર સહિત આખો સોરઠ પ્રાંત, સોરઠના નાયબ ફોજદાર માસુમખાનને જાગીરમાં આપવાનું કરાવી, સરધાર તથા રાજકોટ જીતી લેવા તેને ફરમાન કર્યું. માસુમખાને મહેરામણજી ઉપર બળવાન ફોજ લઇ હુમલો કર્યો, એ ભયંકર લડાઇને પરિણામે મહેરામણજી બહાદુરીથી લડતાં તે યુદ્ધમાં કામ આવ્યા, અને માસુમખાને રાજકોટ જીતી લીધું. (વિ. સં. ૧૭૭૬) રાજકોટથી માસુમખાન સરધાર ગયો અને તે પરગણું કબજે કર્યું. તે વખતે સરધાર પરગણામાં આણંદપુર, ભાડલા, જસદણ વગેરે મહાલો હતા. ગુજરાતના સુબાએ માસુમખાનને સોરઠના નાયબ ફોજદારને બદલે રાજકોટ–સરધારનો ફોજદાર નીમ્યો. તેથી તેણે સરધારમાં એક જબરૂં થાણું રાખી, પોતે રાજકોટમાં રહેવા લાગ્યો, અને રાજકોટનું નામ પોતાના નામ ઉપરથી માસુમાબાદ પાડયું વિ. સં. ૧૭૭૮ માં તેણે રાજકોટનો કિલ્લો બંધાવ્યો અને પશ્ચિમ બાજુના કિલ્લા પાસે ખાઇ ખોદાવી તે તરફના વહેતા નાળામાં મેળવી દીધી, તે માસુમખાને વિ. સં. ૧૭૭૬ થી ૧૭૮૮ સુધી રાજકોટમાં સ્વતંત્ર રાજ્ય કર્યું.

ઠાકોરશ્રી મહેરામણજીને સાત કુંવર હતા. તે સઘળાઓએ બહારવટે નીકળી માસુમખાનને અને તેના લશ્કરને હેરાન કરવામાં બાકી રાખ્યું નહિં. પરંતુ બારવર્ષ સુધી તેઓનો સર્વ પ્રયાસ નિષ્ફળ ગયો. પણ અંતે વિ. સં. ૧૭૮૮ માં કુમારશ્રી રણમલજીએ પોતાના ભાઇઓ સાથે રાજકોટ ઉપર ઓચિંતો છાપો મારી, માસુમખાનને મારી રાજકોટ પાછું જીતી લઇ, પોતાના પિતાને માર્યાનું વેર લીધું.

(૬) ઠાકોરશ્રી રણમલજી

(વિ. સં. ૧૭૮૮ થી ૧૮૦૨=૧૪ વર્ષ)

ઠાકોરશ્રી રણમલજીએ ઉપર પ્રમાણે રાજકોટ જીતી સરધારના થાણદારને શરણે આવવા કહેણ મોકલ્યું પણ થાણદારે શરણે આવવા સાફ ના પાડી. સરધારનો કિલ્લો મજબુત હોવાથી રણમલજીએ ગોંડળના ઠાકોર હાલાજીની મદદ માગી પણ હાલાજીનું ધ્યાન બીજી તરફ રોકાયેલું હોવાથી, મદદ આપી નહિ શકાય તેવું જણાવ્યું છેવટ કોટડાના ઠાકોર તેજમાલજી રણમલજી સાથે ભળ્યા અને બંન્નેના એકત્ર સૈન્યે સરધાર ઉપર હુમલો કર્યો, પણ બાકર ખાન નામે શુરા થાણદારે કિલ્લાનું રક્ષણ બહુ બહાદુરીથી કરી, એકત્ર સૈન્યને પાછું હઠાવ્યું.

એક દિવસ એવો યોગ બન્યો કે થાણદાર બાકરખાન માત્ર એકજ ઘોડેસ્વાર સાથે કાળીપાટ તરફ ફરવા નીકળ્યો હતો. તે ખબર ઠાકોર રણમલજીને થતાં કેટલાક ચુનંદા ઘોડેસ્વારોને સાથે લઇ તેની પાછળ પડયા. બાકરખાનને ખબર થતાં, તે પાછો સરધાર તરફ નાઠો. પણ રસ્તામાં આવતી નદીમાં તેનો ઘોડો ધુંચવાઇ (ખુચી) ગયો. આજે પણ તે જગ્યાને 'બાકરધુનો' કહેવામાં આવે છે. મહામુસ્કેલીએ તેમાંથી નીકળી, સરધાર નજીક ગયો. ત્યાં રણમલજીનો ભેટો થયો. બાકરખાન હિંમતથી સામો થયો. પણ ઠાકોરશ્રી રણમલજીએ તે જુલ્મી સુબાને ત્યાંજ ઠાર કર્યો. બાકરખાન મરાયો. પણ સરધારનો કિલ્લો મજબુત હોવાથી કિલ્લામાંનુ સૈન્ય તાબે કરવું, એ રમતવાત ન હતી. તેથી ઠાકોર રણમલજીએ સરધાર ઉપર

હુમલો કરવા માટે સૈન્ય એકઠું કરવા માંડયું. દરમિયાનમાં ભાડલાના લાખાખાચરે બાકરખાન મરાયાના ખબર જાણી કાઠીની એક મોટી ફોજ એકઠી કરી સરધારને ઘેરો ઘાલ્યો. અને બહારથી આગ લગાડી. તેમજ વારંવાર છુપી રીતે હુમલાઓ કરી, વસ્તિને તથા સૈનિકોને હેરાન કરી, મુસલમાની સૈનિકોને મારી, સરધારનો કિલ્લો કબજે કર્યો. કેટલોક વખત ગયા પછી ઠાકોરશ્રી રણમલજીએ કોટડાસાંગાણીના ઠાકોરશ્રી તેજમાલજીના લશ્કર સાથે સરધાર ઉપર ઓચીંતો હુમલો કરી, ઘણા કાઠિઓ અને મુસલમાનોને મારી, સરધાર કબજે કર્યું. એ તોફાની સમયમાં શરધારના લોકો ઉપર જે 'કેર' વર્તાણો હતો તે અસલ હતો. જેથી એક બીજાને સોગંદ આપવા વખતે હજીપણ " જુઠું બોલે તેને માથે સરધાર કેરનું પાપ " એમ કહેવાય છે

કોટડાના ઠાકોર તેજમાલજીએ સરધાર કબજે કરવામાં જે મિત્રાચારી બતાવી હતી. તેની બદોલતમાં ઠાકોર રણમલજીએ અમુક જમીન કાઢી આપી, જે હજીપણ કોટડા તાલુકાને કબજે છે.

રાજ્યની સ્થિરતા થતાં રણમલજીએ પોતાના ૭ ભાઇઓને નીચેનાં ગામોનો ગિરાસ આપ્યોઃ— (૧) મોડજીને ગવરીદડ (૨) કલાજીને શાપુર (૩) હરભમજીને પાળ (૪) દાદાજીને કોઠારીયા (૫) જશાજીને ભીંચરો (૬) કલજીને ખોખડદડ. એ પ્રમાણે ૭ ૭ ગામોના તાલુકા આપ્યાં જે હાલ સ્વતંત્ર તાલુકાઓ છે. એમ છત્રીસ ગામો રણમલજીએ પોતાના ભાયાતોને આપ્યાં.

વિ. સં. ૧૮૦૨માં ઠાકોરશ્રી રણમલજી ૧૪ વર્ષ રાજ્ય ભોગવી સ્વર્ગે સિધાવ્યા. તેમને ચાર કુંવરો હતા. તેમાં પાટવિકુંવર લાખાજી ગાદીએ આવ્યા. અને બીજા કુમારશ્રી વજેરાજજીનેમાખાવડ ત્રીજા અખેરાજજીને ગઢકા, અને ચોથા પૃથિરાજજીને ત્રંબા, એમ દરેકને ત્રણ ત્રણ ગામો ગિરાસમાં મળ્યાં હતાં.

(૭) ઠાકોરશ્રી લાખાજી તથા (૮) ઠા. શ્રી મહેરામણજી ૩જા

(વિ સં. ૧૮૦૨ થી ૧૮૫૨) બન્ને એ મળી ૫૦ વર્ષ)

ઠાકોરશ્રી લાખાજી બહુજ શાંત સ્વભાવના અને ધર્મનિષ્ઠ પુરૂષ હતા તેઓ રાજકાજને બદલે ધર્મ ધ્યાન ઉપર ઘણુંજ લક્ષ આપતા. એ તકનો લાભ લઇ કાઠી લોકો નિડરપણે ઠેઠ સરધારના ઝાંપાસુધી ધાડ પાડવા લાગ્યા. લાખાજીએ ધર્મધ્યાનમાં થતી અડચણ માટે રાજ્યની લગામ છોડી દઇ પોતાના પાટવિકુમાર મહેરામણજીને પોતાની હયાતિમાંજ વિ. સં. ૧૮૧૬ના ચૈત્ર સુદ ૧૫ના રોજ રાજ્યાભિષેક કર્યો. તેમના વખતમાં સુબો અમ્રતરાવ; વિ. સં ૧૮૩૨માં સુબો જીવાજી શામરાવ વિ. સં. ૧૮૩૩માં, અને ૧૮૩૪માં મહારાજા ફતેહસિંહરાવ ગાયકવાડ. પોતે ખંડણી ઉઘરાવવા આ દેશમાં આવ્યા. વિ. સં. ૧૮૪૭માં (સડતાળા કાળ નામને) એક ભયંકર દુષ્કાળ પડયો હતો. એ વખતે જામનગરની ગાદી ઉપર જામ જશાજી રાજા

હતા. અને તેમને મેરૂ ખવાસના દબાણમાંથી છુટા કરાવવા ભાયાતોએ એક સંપી કરી હતી. તેમાં ઠાકોરશ્રી મહેરામણજી તથા ગોંડળના ઠાકોર દાજીભાઇ અને ધ્રોળના ઠાકોર મોડજી તથા ખીરસરાના ઠાકોર રણમલજી વિગેરે મળ્યા હતા. એ એકસંપી કરવામાં ઠાકોરશ્રી મહેરામણજી મુખ્ય છે. એવું મેરૂખવાસને જણાતાં મેરૂખવાસે મોટા લશ્કર સાથે ઓચિંતો સરધાર ઉપર હુમલો કરી સરધાર પરગણું લુંટી લીધું. ઠા. શ્રી. મહેરામણજીને ખબર થતાં મેરૂખવાસ સામા ચડયા, તેટલામાં ફેટડા ઠાકોરસાહેબ પણ આવી પહોંચ્યા પરંતુ કચ્છમાંથી ફતેહમામદ જમાદાર નવાનગર ઉપર ચઢી આવે છે તે ખબર મેરૂને મળતાં, મેરૂ ચપળતાથી નીકળી ગયો.

ઠાકોરશ્રી મહેરામણજીના વખતમાં સિતરાવાવ (સિહરાજવાવ)ના સોરઠીઆ ચારણ મુળુ લાંગાના વંશજો ભોજ, બાવો, અને શિયો, એ નામે ત્રણ ભાઇઓ હતા. તે ત્રણેનો મત એવો થયો કે સિતરાવાવની નજીકમાં ઠાકોરશ્રીની પરવાનગી લઇ એક ગામ વસાવવું. તે સૌએ પોત-પોતાના નામ પ્રમાણે એકે ભોજપર, બીજાએ બાવલપર, અને ત્રીજાએ શિયાપર, એવું નવા ગામનું નામ પાડવું, એવો આગ્રહ કર્યો. ઠાકોર સાહેબને એ મતભેદની ખબર થતાં, તેને બોલાવી "એ નવા ગામનું નામ 'ભોજભાવનશીયું' પાડો કે જેથી તેમાં તમારા ત્રણેયના નામોનો સમાવેશ થઇ જાય છે." એમ કહ્યું. તેથી ચારણો સમજ્યા. અને પોતાના નામોનો મમત્વ મુકી દઇ, ઠાકોરશ્રીને કહ્યું કે " આપ જે સુચના કરો તે પ્રમાણે આપના નામ ઉપરથી તે ગામનું નામ પાડીએ" તેથી ઠાકોરશ્રીએ રામચંદ્રજીનું પ્રાતઃ સ્મરણિય નામ બતાવી તે ગામનું નામ 'રામપર" પાડવા કહયું. ચારણોએ તેમ કર્યું. આજે પણ તે ગામ રામપરના નામથી ઓળખાય છે.

એક દિવસ એક નિમકહરામ આરબ જમાદારે ઠાકોરશ્રી મહેરામણજીની ઘાત કરવા જમૈયો લઇ હુમલો કર્યો. દરમિયાનમાં ઠાકોરસાહેબ પાસે રહેતા જેશા લાંગા નામના ચારણે તે આરબને તુરતજ કટારમારી ઠાર કર્યો. અને ઠાકોર મહેરામણજીનાં પ્રાણ બચાવ્યાં. એ ઉપકારના બદલામાં ઠાકોરશ્રી મહેરામણજીએ [પોતે કવિ હોવાથી) તે ચારણની કટારીના વર્ણનનું એક સુંદર કાવ્ય બનાવ્યું જે નીચે પ્રમાણે છે:—

॥ કટારીનું ગીત ॥

મલી વેંડારી કટારી લાંગા, બતાદી કળાં કા ભાણ ।
સંભારી કચારી માંહી હોવં તે સંગ્રામ ॥
હેમઝરી નીસરી વનારી શાત્રવાંકા હૈયા ॥
અજાબીયા મારેથારી દો ધારી ઇનામ ॥૧॥

પટ્ટી અટ્ટી અખરાંકી જમદટ્ટી કટ્ટીપાર ॥
ધસેડી શાત્રવાં હૈયે રાખવા ધરમ ॥
બંબોળી રત્તમાં થકી કંકોળી શી કઢીબાર ॥
હોળી રમી બાદશાહી નીસરી હરમ ॥૨॥

અષાઢી વીજળી જાણે ઉતરી શી અણીબેર ॥
મણી હીરાકણી જડી નખારે સમ્રાથ ॥

માળીએ હો મૃગાંનેણી બેઠી શત્ર શાળી માંય ॥
હેમરે જાળીએ કઢી શાહજાદી હાથ ॥૩॥
કરી વાત અખીઆત અણી ભાત નથેં કણી ॥
જરી જાળીઆમાં તરી જોવે ઝાંખ ઝાંખ ॥
શાત્રવાકા હીયા બીચ સોંસરી કરી તેં જેસા ॥
ઇશરી નીશરી કે ના તીસરી શી આંખ. ॥૪॥

અર્થ:—યુદ્ધકળામાં અતિ સમર્થ હે લાંગા! આટલા દિવસ તેં કમરમાં કટારી બાંધી એ આજે સાર્થક થયું, આજ બરાબર સંગ્રામને વખતેજ એને તેં ઠીક યાદ કરી. શત્રુનું હૃદય ચીરીને સોંસરી બહાર નીકળીને તારી અજબ સુવર્ણ જડીત બે ધારી કટારી કેમ જાણે પોતાના પરાક્રમનું ઇનામ માગતી હોય એવો દેખાવ થયો.

તારી કટારી કેવી? જાણે અઢી અક્ષરનો મારણ મંત્ર* જાણે જમની દાઢ! તારો સ્વામી ધર્મ સાચવવા તેં એને શત્રૂની છાતીમાં ઘોંચીને આરપાર કાઢી, અને પછી જ્યારે લાલ લોહીથી તરબોળ બનાવીને તેં એને પાછી ખેંચીને બહાર કાઢી ત્યારે એ કેવી દીસતી હતી? જાણે હોળી રમીને લાલરંગમાં તરબોળ બનેલી બાદશાહની કોઈ હુરમ બહાર નીકળી.


કેવી! કેવી એ કટારી! અહો, જાણે અષાઢ માસની વીજળી આકાશમાંથી ઉતરી હોય અને લોહીથી રંગાઇને જ્યારે એ આરપાર દેખાઈ, ત્યારે એવું લાગે કે કેમ જાણે કોઇ મહેલને ઝરૂખે બેઠેલી મૃગ-નયની શાહજાદીયે લાલ હીરાથી જડેલા નખવાળો પોતાનો હાથ સોનાના જાળીયામાંથી બહાર કાઢયો હોય.

બીજા કોઇથી ન બને તેવી વાત આજે તેં કરી, ફરીવાર કેવી લાગે છે. એ કટારી? જાણે જાળીયામાં બેઠી બેઠી કોઇ રમણી જરી જરી ઝાંખું ઝાંખું નીરખતી હોય પતિની વાટ જોતી હોય અહો જેસાં એમાનાં એકેય જેવી નહીં. પણ એ તો શંકરની ત્રીજી પ્રલયકારી આંખ જેવી મને લાગી.

ઠાકોરશ્રી મહેરામણજીને કવિતાનો ઘણોજ શોખ હતો. તેમજ પોતે પણ વિદ્વાનકવિ હતા. તેમણે **'પ્રવિણસાગર'** નામનો ચોરાશી લહેરનો (પ્રકરણવાળો) હિંદી ભાષામાં એક મહાન ગ્રંથ રચ્યો છે. એ લોકપ્રિયકાવ્ય પ્રેમ તત્વથી ભરેલાં છે. તે ગ્રંથમાં અશ્વવિદ્યા, જ્યોતિષવિદ્યા, વૈદ્યવિદ્યા, યોગવિદ્યા, સન્યાસી ધર્મ વગેરે કેટલીક ઉપયોગી બાબતો સાથે કાવ્યના રસ અલંકારાદિનો પણ સમાવેશ કર્યો છે. તેઓ સાત કવિમિત્રો હતા. જેમાંના એક ચારણ (જેસાલાંગા) અને બીજા જૈનમુનિ (જીવણવિજયજી તે જ્ઞાતે ચારણ હતા) મુખ્ય હતા. ઠાકોરશ્રી મહેરામણજી વિ. સં ૧૮૫૦માં પોતાના પિતાશ્રી ઠાકોર લાખાજીની હયાતિમાંજ ગુજરી ગયા હતા. મહેરામણજીના મરણ પછી ઠાકોરશ્રી લાખાજીએ રાજ્યની લગામ ફરી હાથમાં લીધી. પણ સુખેથી રાજ્ય કર્યું નહિં. ઠાકોર લાખાજીને પાંચ કુંવરો હતા. તેમાં (૧) ઠા. મહેરામણજી

* એને શંકરનો મહામંત્ર કહેવાય છે. એ મંત્ર 'ચંડીજી'માં છે. એના બળથી ગમે તે માણસને મારી નાખી શકાય, એવું માનવામાં આવે છે.

પોતાની હયાતિમાંજ ગુજરી ગયા હતા, બીજા વેરાજી તથા ત્રીજા તેજાજીને ખાંભા, સમઢીઆળા અને સુકી સાજડીઆળી એ ત્રણ ગામો ગિરાસમાં આપ્યાં. ચોથા કુંવર સુરાજીને પાડાસણ અને અરધું કાથરોટું જાગીરમાં આપ્યું. પાંચમા કુંવર વિસાજી સરધારથી ત્રણ ગાઉ ઉપર આવેલા હળેંડા ગામ ઉપર ૪૦૦ કાઠીઓએ ધાડ પાડયાનું સાંભળતાં તેઓની પાછળ ચડયા. અને જેસમાં અને જેસમાં તેમની પાછળ બહુ આઘે સુધી નીકળી ગયા. સરધારથી ૨૦ માઇલ ઉપર ગરણી–પાનસડા ગામની સીમમાં તેમને કાઠીઓનો ભેટો થયો. ત્યાં કાઠીઓ સાથે ભયંકર યુદ્ધ થયું. તેમાં તેઓ બહાદુરીથી લડતાં કામ આવ્યા. તે જગ્યા "વરજાતિર્થ" કહેવાય છે. અને ત્યાં જસદણના જીવાપર ગામની સરહદ ઉપર તેમની ખાંભી છે. એ સમયથી વિભાણી શાખાના જાડેજાઓમાં એવો રીવાજ છે કે "ગાદીએ બેસનારે તથા પરણનારે તેમના પાળીયાની પૂજા કરવી જોઇએ." તે કુમારશ્રી વિભાજીની સરધારમાં આવેલી બામણીયાજીની દેરીમાં તેમની જોડે સુરધન તરીકે સ્થાપના કરી છે. ઠાકોરશ્રી લાખાજીની નબળાઇને લીધે તેમના કુંવર વેરાજી સરધાર પચાવી બેઠા હતા. તે કુટુંબ કલેશને લીધે ઠાકોરશ્રી લાખાજી ઘણો વખત જામનગરમાં રહેતા. અને ત્યાં (જામનગરમાં) વિ. સં. ૧૮૫૨માં સ્વર્ગે સિધાવ્યા. તેના પછી તેઓના પાટવિ કુમારશ્રી મહેરામણજીને બે કુમારો હતા. તેમાં પાટવિકુમાર રણમલજી ગાદીએ આવ્યા. અને નાના કુમાર દાદાજી કારભારૂ કરતા હતા.



(૯) ઠાકોરશ્રી રણમલજી (બીજા)

(સંવત ૧૮૫૨ થી ૧૮૮૧=૨૯ વર્ષ)

ઠાકોરશ્રી રણમલજીનું બીજું નામ ભાભોજી હતું. તેઓ પવિત્ર અને ધર્મનિષ્ટ હતા. હમણાં સુધી લોકો તેમની ગાદીને "અમુક અડચણ દુર થશે તો શ્રીફળ વધેરીશ." એમ માનતા કરતા. તેમના કાકા વેરાજી જે ઠાકોર લાખાજીના વખતમાંજ સરધારની ગાદીએ બેઠા હતા. તેમણે ઠાકોર રણમલજીને લશ્કરનો પગાર ચુકવવા કેટલુંક નાણું ધીરેલું હતું. તેથી તેઓ સરધારનો કબજો સ્વતંત્રરીતે ભોગવતા હતા. વિ. સં. ૧૮૬૦માં વડોદરેથી બાબાજી આપાજી કાઠિયાવાડમાં ખંડણી ઉઘરાવવા આવ્યા. ગાયકવાડી લશ્કરે ખેતરમાં ઉભેલા મોલને બહુજ નુકશાન કર્યું. કેટલાંક નાનાં ગામડામાં આગ લગાડી લોકોને હેરાન કર્યા, અને દરસાલ કરતાં બમણી ત્રણગણી ખંડણી ઉઘરાવી રાજ્યની પૈસા સંબંધી સ્થિતિ નબળી કરી નાખી. તે પછી બીજે વર્ષે ગાયકવાડ સરકારની વતી રણછોડજી દિવાને ખંડણી ઉઘરાવી. વિ. સં. ૧૮૬૪માં વડોદરાનો રેસીડન્ટ કર્નલવોકર બાબાજી સાથે ગાયકવાડની ખંડણી નક્કી ઘરવા કાઠીઆવાડમાં આવ્યો. અને મોરબી તાબાનું ધુંધુ ગામે મુકામ કરી કાઠીઆવાડના રાજાઓ ઉપર દેશનું અંધેર મટાડી સારો કારભાર ચલાવવાના હેતુથી પત્ર લખી દરેક રાજાના વકીલોને પોતાની છાવણીમાં તેડાવ્યા. તે વખતે રાજકોટમાં રણમલજી અને સરધારમાં રણમલજીના કાકાવેરોજી સત્તા ચલાવતા હતા. વ્યાજબી રીતે સરધાર રણમલજીના તાબાનું પરગણું હતું. પણ વેરાજીએ સરધારથી પોતાનો જુદો વકીલ કર્નલ વોકરની છાવણીમાં મોકલ્યો. મરહાના જોર જુલ્મથી વધી ગયેલી રાજકોટ સરધારની ખંડણીમાં કર્નલ વોકરે કેટલીક છુટ મુકી. રાજકોટની જમા

રૂા. ૧૭,૦૧૩ની હતી તે ઘટાડી રૂા. ૧૪,૫૦૦ની કરી. અને સરધારની જમા રૂા. ૧૧,૫૬૦ની ઠરી. તે ઠરાવ ૧૦ વર્ષ સુધી દરેક વર્ષને માટે થયો. કર્નલ વોકરે રાજકોટમાં રણમલજીને અને સરધારમાં વેરાજીને કાયમ કર્યા. અને તેથી બન્ને તાલુકા સ્વતંત્ર તાલુકા ઠર્યા. વિ. સ. ૧૮૬૪માં કર્નલ વોકર રાજકોટ આવ્યો, ત્યારે તેણે પોતાના રિપોર્ટમાં સરકારને જણાવ્યું "કે "સરધાર તાલુકા તળે ૭૦૦ ગામ હતાં. પણ તે મિલકત ભાયાતોમાં વહેંચાઇ જવાથી, અને કુટુંબ કલેશથી તેમજ સરધારના મુસલમાની ચાણા સાથેના લાંબા વખતના ટંટાથી એ રાજવંશના કબજા ધીમે ધીમે ઘટતા ગયા છે. જો કે વ્યાજબી રીતે સરધાર તેમની બેઠક (ગાદી) ગણાય છે. તો પણ રાજકોટમાં તેઓના લાંબા વખતના નિવાસને લીધે, રાજકોટવાળા એ નામે તેઓ સાધારણ રીતે ઓળખાય છે."

ઉપરનો રિપોર્ટ થયા પછી થોડા વખત પછી ઠાકોરશ્રી રણમલજીએ ગાયકવાડ તથા કંપની સરકારના અધિકારીને વિદીત કર્યું કે સરધાર ઉપર વ્યાજબીરીતે મારો હક છે. અને વેરાજીને સરધારમાં કાયમ કરવામાં કર્નલ વોકરે મારી હકિકત ધ્યાનમાં લીધી નથી. આ ઉપરથી વિ. સં. ૧૮૬૯માં કેપ્ટન બ્લેન્ટાઇને વેરાજીને સરધાર છોડી પોતાના ગિરાસ ખાંભામાં જઇ રહેવાને ફરમાન કર્યું. તેથી તેઓ સરધાર છોડી ખાંભે જતા રહ્યા. એ રીતે કેપ્ટન બ્લેન્ટાઇનની મદદથી સરધાર રણમલજીને પાછું મળ્યું. ત્યારથી વહીવટમાં **"સંસ્થાન રાજકોટ–સરધાર"** એમ લખાય છે.

ઠાકોર રણમલજીના વખતમાં વિ. સં. ૧૮૬૯માં (ઓગણોતરા નામનો) ભયંકર દુષ્કાળ પડયો હતો, અને એ દુષ્કાળમાં કોગળીયું એટલે મહામારીનો ઉપદ્રવ હતો. એ દેશના દુઃખ દાયક સમયમાં ચોરી લુંટફાટ પણ વધી પડી હતી. વિ. સં. ૧૮૭૬માં ગાયકવાડે અંગ્રેજ સરકારને ખંડણી ઉઘરાવી પોતાનો હિસ્સો પહોંચતો કરવાનો કરાર લખી આપ્યો. અને જુનાગઢની જોરતલબીનુ પણ એમજ ઠર્યું. તેથી કાઠીઆવાડના સંસ્થાનોની ખંડણી નવેસરથી મુકરર કરવામાં આવી. તેમાં સંસ્થાન રાજકોટ–સરધારને ખંડણીનો આંકડો રૂપીઆ ૧૮,૬૯૧)નો ઠર્યો. અને જોરતલબીનો આંકડો રૂપીઆ ૨૩૩૦)નો ઠર્યો. એટલે એ પ્રમાણે રાજકોટ સંસ્થાનને કુલ રૂા. ૨૧,૩૨૧) અંગ્રેજ સરકારને ખંડણીના ભરવા પડે છે.

વિ. સં. ૧૮૭૮માં અંગ્રેજ સરકારે કાઠીઆવાડમાં કોઠી તથા લશ્કરી છાવણી નાખવા માટે રાજકોટ શહેર પાસેની કેટલીક જમીન રૂા. ૨૮૦૦)નું વાર્ષિક ભાડું ઠરાવીને લીધી. અને રાજકોટમાં લશ્કરી છાવણી નાખી કાઠીઆવાડ એજન્સીની સ્થાપના કરી

ઠાકોરશ્રી રણમલજી સાયલાના કુંવરી જમબા તથા અંકેવાળીયાના કુંવરી અદીબા તથા મોગરના ઠાકોરની કુંવરી મોટીબા સાથે પરણ્યા હતા. રણમલજીના વખતમાં રાજ્યનો કારભાર તેમના ભાઇ દાદાજી* (સાંગાજી) કરતા તે પછી મેતા વાસણજી. તે પછી બાબા વસઇકર, તે પછી મોદી કેશવજી વિગેરેએ કારભાર કર્યો હતો. છેવટ દિવાન રણછોડજીએ રાજકોટ સ્ટેટ

* દાદાજી (સાંગાજી)ને ઢોલરા નામનું ગામ ગિરાશમાં મળેલું પણ તેમના કુંવર વજાજી નિરવંશ ગુજરી જતાં ઢોલરા, રાજ્યમાં પાછું જોડાયું.

ઇજારે રાખી કારભાર ચલાવ્યો હતો. ઠાકોરશ્રી રણમલજીએ વિ. સં. ૧૮૮૧માં ૨૯ વર્ષ રાજ્ય ચલાવી સ્વર્ગે સિધાવ્યા, ઠાકોરશ્રી રણમલજી ઉર્ફે ભાભાજીને સુરાજી તથા હોથીજી નામના બે કુંવરો હતા.

(૧૦) ઠાકોરશ્રી સુરાજી

(વિ. સં. ૧૮૮૧ થી ૧૯૦૦=૧૯ વર્ષ)

ઠાકોરશ્રી રણમલજી પછી તેમના કુંવર સુરાજી ગાદીએ આવ્યા. એ બાબતમાં એવું કહેવાય છે કે મરહુમ ઠાકોર રણમલજીને ઉપર લખ્યા મુજબ ત્રણ રાણીઓ હતાં. તેમાં મોગરવાળાં રાણીના કુંવર હોથીજી, સાયલાવાળા રાણીના કુંવર સુરાજી કરતાં અઢીકલાક વહેલા જન્મયા હતા. પરંતુ તેના પહેલાં સુરાજીના જન્મની વધામણી ઠાકોર રણમલજીને મળી, તેથી રિવાજ પ્રમાણે સુરાજી પાટવિકુંવર ગણાયા. વિ. સં. ૧૮૮૫માં રણછોડજી દિવાનનો ઇજારો પુરો થતાં, રાજ્યનો બધો વહિવટ ઠાકોરશ્રી સુરાજીએ સંભાળ્યો. તે પછી સ્ટેટની નાણાં સંબંધી નબળી સ્થિતિ તેમણે મટાડી. રાજકોટમાં એજન્સીની છાવણી પડવાથી કાઠીઆવાડના રાજા રજવાડાઓએ તથા બહારગામના સાહુકારોએ રાજકોટમાં જમીન ખરીદવા માંડી અને તેથી ઠાકોર સુરાજીને ઉપજમાં કેટલોક વધારો થયો. તેમની રાજ્ય કારકીર્દીના છેલ્લાં પાંચ વર્ષ અમૃતલાલ અમરચંદે કારભારૂ કર્યું હતું. ઠાકોરશ્રી સુરાજી વિ. સં. ૧૯૦૦માં સ્વર્ગે સિધાવ્યા. ઠાકોરશ્રી સુરાજીને ચુડાના ઠાકોર અભેરાજજીનાં કુવરીશ્રી નાનીબાથી પાઠવિકુંમાર મહેરામણજીનો જન્મ થયો હતો.

(૧૧) ઠાકોરશ્રી મહેરામણજી ચોથા

(વિ. સં. ૧૯૦૦ થી ૧૯૧૮=૧૮ વર્ષ)

ઠાકોરશ્રી મહેરામણજીના વખતમાં જામનગરની ગાદી ઉપર જામશ્રી વિભાજી (બીજા) રાજ્ય કરતા હતા. તેઓશ્રીની પાસે ઠા. મહેરામણજીના કાકા હોથીજીના કુમારશ્રી ભુપતસિંહજી રાજ્યના અમીર તરીકે સારા માન પાનથી જામનગરમાં રહેતા હતા. જામશ્રી વિભાજીની તેઓના ઉપર પૂર્ણ કૃપા હતી. તેથી જામસાહેબની ભલામણથી ઠાકોરશ્રી મહેરામણજીએ પોતાના કાકાઇ ભાઇ ભુપતસિંહજીને× "ઢોલરા" ગામ ગિરાશમાં આપ્યું,

× ઇ. કર્તાના પિતા રાજ કવિ ભીમજીભાઇને અને કુમારશ્રી ભુપતસિંહજીને (જામનગરમાં સાથે રહેતા હોવાથી) ગાઢ મિત્રાચારી હતી. જ્યારે કુમારશ્રી ભુપતસિંહજી દેવ થયા ત્યારે કવિરાજે તેમના વિયોગના બારમાસનો છંદ બનાવેલો હતો. પરંતુ તે કાવ્યનો કાગળ નહિં મળતાં માત્ર તે છંદની છેલ્લી ટુક અત્રે આપેલ છે.

"भुपतेस महाभड नेह निभावन, सो रतमें जदु संभरीयं."

એ ભુપતસિંહજીના કુમારશ્રી રામસિંહજી થયા અને તેમના કુમારશ્રી પથુભાસાહેબ (પ્રતાપસિંહજી) હાલ પોરબંદર સ્ટેટના દિવાનસાહેબ છે.

ઠાકોરશ્રી મહેરામણજીનાં લગ્ન વાંકાનેર રાજસાહેબના કુંવરી સાથે થયાં ત્યારે જામ-સાહેબ તે લગ્નમાં પધાર્યા હતા.

વિ. સં. ૧૯૧૩માં ઠાકોરશ્રી મહેરામણજીએ બ્રિટીશ સરકારને, ગિરાશીઆઓમાં દીકરીઓને દૂધપીતી કરવાનો (મારી નાખવાનો) રિવાજ બંધ કરવામાં સારી મદદ કરી હતી. તેથી બ્રિટીશ સરકારે તેની યોગ્ય કદર કરીને ' સોનાનો હાર ' ભેટ આપ્યો હતો.

વિ. સં. ૧૯૦૨માં ગુજરાતિ સ્કૂલ, અંગ્રેજી સ્કૂલ અને કન્યાશાળા વિગેરેનું બધું ખર્ચ જનરલ લાંગસાહેબ આપતા હતા. તે સ્કૂલ ઠાકોરશ્રી મહેરામણજીએ સંસ્થાનના ખર્ચે ચાલુ રાખી. ઠાકોરશ્રી મહેરામણજીને ચાર રાણીઓ હતાં. (૧) વાંકાનેરના રાજસાહેબ વખ-તસિંહજીના કુંવરી હમજુબાસાહેબ પરણ્યા પછી થોડી મુદ્દતમાં ગુજરી ગયાં હતાં. ત્યારપછી ભાવનગરના ભાયાત લાખણકાના ગોહેલ અખેરાજજીના કુંવરી હરીબા તથા ચુડાના ભાયાત કુંડલાના ઝાલાની કુંવરી બાઇરાજબા સાથે પરણ્યા હતા. તે બાઇરાજબા, કુંવરી માજીરાજ-બાને જન્મ આપી છ વાસાના મુકી ગુજરી ગયા હતા, અને બાઈ હરિબા પાટવીકુમાર બાવાજીરાજને જન્મ આપી બે વર્ષના મુકી ગુજરી ગયાં હતાં. ઉપરના ત્રણે રાણીઓના ગુજરી જવાથી ઠાકોરશ્રી મહેરામણજીએ સાણદ પાસેના મછીઆવના વાઘેલા ઠાકોરનાં કુંવરી બાકુંવરબા સાથે લગ્ન કર્યાં. અને તે બાઈ બાકુંવરબાથી કુમારશ્રી લધુભાનો જન્મ થયો હતો. ઠાકોરશ્રી મહેરામણજીને દારૂનું ખરાબ વ્યસન લાગુ થવાથી તેઓનું શરિર બગડયું અને એ બુરા વ્યસનના પરિણામે તેઓ નાની ઉમરમાં વિ. સં. ૧૯૧૮માં અઢાર વર્ષ રાજ્ય કરી સ્વર્ગે સિધાવ્યા. તેઓના વખતમાં તેઓના માતુશ્રી નાનીબાસાહેબ રાજકારભારની સારી દેખરેખ રાખતાં હતાં,

(૧૨) ઠાકોરશ્રી બાવાજીરાજ

(વિ. સં. ૧૯૧૮થી ૧૯૪૬ ૨૮ વર્ષ)

ઠાકોરશ્રી બાવાજીરાજ ગાદીએ આવ્યા ત્યારે તેમની ઉમર ૭ વર્ષની હતી. તેથી તમામ રાજ્યનો કારભાર તેમના દાદી માતુશ્રી નાનીબાસાહેબે ઘણીજ ડહાપણ ભરી રીતે ચલાવ્યો હતો. વિ. સં. ૧૯૧૮માં કાઠીયાવાડના રાજાઓના અખત્યારની મર્યાદા સરકાર તરફથી પોલીટીકલ એજન્ટ કર્નલ કીપીંજે નકકી કરી, કાઠીયાવાડના તાલુકદારોના સાત વર્ગ પડયા તેમાં રાજકોટ સંસ્થાનને બીજા વર્ગનો અખત્યાર મળ્યો હતો. સરધારમાં કોટડા તરફથી આરબ લોકો અને રાજકોટ તરફથી પરદેશી સિપાહઓ રાખવામાં આવતા તેથી તેઓને અંદરો અંદર વારંવાર તોફાન થતું. એ ખબર પ્રાંત સાહેબને થતાં, તેમણે સરધા-રમાંથી આરબોની સંખ્યા ઘટાડવાનો તથા બીજો કેટલોક બંદોબસ્ત કર્યો. તેજ સાલમાં ઓટલે તારીખ ૨૫ સપ્ટેમ્બર સને ૧૮૬૩માં અંગ્રેજસરકારે સીવિલ માટે પોતાને વિશેષ જગ્યાની જરૂર પડતાં, રાજકોટ સંસ્થાન પાસેથી આસરે ૩૮૫ એકર જમીન નીચેની શરતે લીધી હતી.

રાજકોટની સદરની જમીનનો દસ્તાવેજ

(કાઠીઆવાડ ડીરેક્ટરી ભાગ ૬ પાને ૬૭૩)

"હા=૨ પ્રાંતના રાજકોટ સંસ્થાનના બાળકરાજા ઠાકોર જાડેજા બાવાજી તરફથી મુખત્યા૨, બાઇ નાનીબા અને કાઠીઆવાડના પોલીટીકલ એજન્ટ મેજર આર. એચ. ફીલીંજ સાહેબ વચ્ચે થયેલો ઠરાવઃ—

(૧) રાજકોટના ઠાકોર સાહેબ રાજકોટમાં પોતાની જમીન ઉપર મુલ્કી સ્ટેશન બાંધવામાં સરકારને મદદ કરવા ખાતર આજી નદીના પશ્ચિમ અગર ડાબા કિનારા ઉપર એક જમીનનો કટકો ચાલુ માટે મુંબઇ સરકારના અમલદારોને આપવા ખુશીથી કબુલ કરે છે.

(૨) એ જમીન આસરે ૬૮૫ એકર છે. તેનો નકશો સાથે ટાંકયો છે.

(૩) નદીનુ પશ્ચિમનું અરધું તળીયું જ્યાં સ્ટેટની જમીનની હદ છે તે સ્ટેશનના તાબામાં ગણવું.

(૪) સ્ટેશનની સરહદમાંની અમુક વાડીની જમીન આસરે ૧૦ ફોપની ત્રણ ફોપથી પી શકે તેવી ૮૯,૮૬૦ ચોરસવાર અમુક બ્રાહ્મણને દાનમાં આપી છે. તે ઇનામ તરીકે તેના કબજામાં જારી રહેશે. પણ તે સ્ટેશનની ઇન્સાફી હકુમત તરીકે ગણાશે.

(૫) રાજકોટ સંસ્થાનને નુકશાન થયું તેના બદલા તરીકે દર વર્ષે બ્રિટિશ સરકારને જે ખંડણી અપાય છે તેમાંથી ચલ્લુ રૂા. ૧૫૦૦) પંદરસો મુજરે આપવા છે. આ બધી જમીનનું સરકારી અમલદાર ચાહે તે કરે. ઉપરની કલમમાં લખેલી વાડીની જમીન સિવાય સ્ટેશનની હદમાં કોઈ માણુસની મિલ્કતી કે ખેતીનો હક નથી.

(૬) સ્ટેશનની સરહદની બહાર રાજકોટની જમીનમાં ઢોર ચારવાનો કે કોઇરીતે તે જમીનનો ઉપયોગ કરવાનો, મુલ્કી સ્ટેશનના અધિકારીઓ કે રહેવાશીઓએ દાવો કરવો નથી.

(૭) રાજકોટ દરબારને એક મકાન અને ઓફીસ બાંધવા સારૂ હરકોઇ જાતનું ભાડું કે જગાત લીધા સિવાય સારી જગ્યાએ ઓછામાં ઓછી ૫૦ ચોરસવાર જમીન આપવી.

(૮) બંન્ને પક્ષવાળાના સમજવામાં છે કે રાજકોટની પાડોશમાં મુલ્કી સ્ટેશન સ્થાપન થયાથી કોઇરીતે રાજકોટ સંસ્થાનના મુલ્કી ઇન્સાફમાં હાથ નાખવો નથી રાજકોટના રહેવાસીઓ કદી મુલ્કી સ્ટેશનમાં રહેતા હોય કે તેમાં કાંઇ તેની મિલ્કત હોય તો તેથી કરી, રાજકોટ તાબામાં જે મુકદમામાં દાવાનું કારણ ઉત્પન્ન થયું હોય, તેવા મુકદમામાં બ્રિટીશ સત્તાધારીઓથી તેમને મદદ અપાશે નહિં.

(૯) એજ પ્રમાણે રાજકોટના ફોજદારી ઇન્સાફમાં મુલ્કી સ્ટેશનની સ્થાપના થવાથી આડા અવાશે કે તેના હક ઓછાં થશે નહિં. પણ તે સંસ્થાનવાળા તેની જોડના અને દરજ્જાના બીજા ખંડીઆ સંસ્થાનને જે મુલ્કી અને ફોજદારી ઇન્સાફ કરવાનો હક જારી રહે તે ભોગવ્યા કરે.

(૧૦) મુલ્કી સ્ટેશનના સત્તાધારીઓને વેઠથી મજુરો કે કારીગરોને નોકરી માટે તેડાવવા કાંઇ હક નથી. જરૂર પડયે બીજા ખંડીઆ સંસ્થાનો પાસેથી ગાડાં લેવાય છે તે પ્રમાણે તેઓએ ગાડાં આપવા.

(૧૧) સ્ટેશનમાંથી જતા આવતા માલ ઉપર દેશના ધારાએ મંજુર કરેલ ભાવે દરબારને ચીલો લેવાનો હક છે. જો આ પ્રાંતમાંથી સરકાર બધી જગાએ એ કર બંધ કરશે તો અહિં પણ બંધ કરવો પડશે.

(૧૨) મુલ્કી સ્ટેશનની સરહદમાં આ ચીલો ઉઘરાવવા દરબારને હક નથી. પણ એમ સમજવું કે દરબારના અમલદારો સ્ટેશનથી હકુમત કરનારી સત્તાને તરદી કે અડચણ નહિં કરે ત્યાં સુધી તેઓને સ્ટેશનની સરહદમાં ઉઘરાવવા રજા મળશે. નહિં તો આ કર તેને સ્ટેશનની સરહદ બહાર ઉઘરાવવા જોશે.

(૧૩) કદી સરકાર કોઇવાર સ્ટેશન છોડી દેશે તો આ જમીન રાજકોટ દરબારને પાછી આપશે. બીજા તાલુકદારને નહિં આપે અને પંદરસેં રૂપીઆની વાર્ષિક રકમ બ્રિટીશ સરકાર તરફથી અપાતી તે બંધ થશે. આવે વખતે તે જમીન ઉપર બાંધેલી ઇમારતની કિંમત સારૂ દરબાર ઉપર દાવો ચલાવવો નથી.

(૧૪) નદીના કિનારા ઉપર એક રસ્તો રહેવા દેવો. તે ત્યાંથી રાજકોટ કરબાના બેડુતો અને ઢોરને બીન હરકતે જવા દેવા.

(૧૫) એક આસીસ્ટંટ અમલદારને એજન્સી બજારનો ચાર્જ આપવો કે દરેક પક્ષની અપીલ પોલીટીકલ એજન્ટની કોર્ટમાં આવે.

(૧૬) મુલ્કી સ્ટેશનમાં લાવવા કોઇ માણસને લાલચ અપવી નથી. પણ એકવાર ત્યાં કાયમ રહ્યાથી તે રાજકોટ દરબારની રૈયત મટી જશે. આવા રહેવાસીને રાજકોટ દરબારની હકુમતમાં જમીન અને બીજી મિલ્કત સંબંધી એજન્સીની કુમક મળવા હક નથી.

(૧૭) સ્ટેશનની સરહદમાં થતી ચોરી બાબતના દાવાનો દેશમાં ચાલતા ધારા મુજબ ફેંસલો થશે.

(૧૮) રાજકોટ દરબારની ખાસ અરજથી એવું ઠરાવવામાં આવ્યું છે કે રાજકોટ કરબાની સામે આજી નદીમાં અગર નદીમાં એક માઇલ ઉપરવાસ અગર કરબાની ઉત્તરે નાળામાં પુલથી જ્યાં તે આજી નદીને મળે છે ત્યાંસુધી માછલાં મારવા દેવાં નથી.

(સહી) આર. એચ. કીટીંજ.
પોલીટીકલ એજન્ટ.

વિ. સં. ૧૯૨૬માં પોલીટીકલ એજન્ટ કીટીંજ સાહેબે સરકારની પરવાનગીથી રાજકોટ અને લીંબડીના રાજ્ય ઉપર કેપ્ટન જે. એચ. લૉઇડને નીમ્યા. ત્યારબાદ વિ. સં. ૧૯૨૬માં મુંબઇના ગવર્નર રાજકોટમાં આવ્યા અને એજ વર્ષમાં, રાજકુમાર કોલેજ સ્થાપી.

વિ. સં ૧૯૬૨માં ઠાકોરશ્રી બાવાજીરાજને રાજ્યનો કુલ અખત્યાર સોંપવામાં આવ્યો,

તેઓશ્રીએ મહારાજ લાયબલ કેસવાળા આજમ કરસનદાસ મુળજીને કારભારી નિમ્યા. તે વખતમાં રાજકોટ તથા સરધારમાં લાયબ્રેરી સ્થાપન કરી. પરાની બજાર મારકાટ તથા મ્યુનિસીપાલીટી વગેરે સ્થાપ્યાં.

ઠાકોરશ્રી બાવાજીરાજનાં બેન શ્રી માજીરાજબાના લગ્ન ધ્રાંગધ્રાના પાટવિકુમાર જશવંતસિંહજી વેરે થયાં હતાં. તેમણે ધ્રાંગધ્રાના મરહુમ રાજસાહેબ સર અજીતસિંહજીને જન્મ આપ્યો હતો.

વિ. સં. ૧૯૩૪માં ભયંકર દુષ્કાળ પડતાં, રીલીફ વર્કસ કાઢી સરધારનું જુનું તળાવ તથા જુનો દરબારગઢ સમરાવવામાં લગભગ એક લાખ રૂપીઆ ખરચ્યા હતા, તેમજ કોઠારીઆના નાકા બહાર રાજકોટના રાજબગીચામાં એક ભવ્ય મહેલ બંધાવ્યો.

વિ. સં. ૧૯૩૮માં મુખ્ય કારભારી આજમ કરમચંદ૧ ઉત્તમચંદ ગાંધીએ પેન્શન લીધું. તે જગ્યાએ આજમ રાજકોટવાળા મોતીચંદ તુળશીભાઇને નિમ્યા.

વિ. સં. ૧૯૪૩માં મહારાણી વિકટોરીઆના ત્રીજા પુત્ર શાહજાદા આર્થર રે (ડયુક ઓફ કોનોટ) રાજકોટની મુલાકાત લીધી. અને તારીખ ૧૬–૨–૮૭ના રોજ મહારાણી વિકટોરીઆને રાજ્ય કરતાં ૫૦ વર્ષ થયાં, તેની ખુસાલીમાં આખા સ્ટેટમાં જ્યુબીલી મહોત્સવ કર્યો. અને કાઠિઆવાડના પોલીટીકલ એજન્ટ વુડહાઉસ સાહેબે રાજકોટ સીવીલ સ્ટેશનમાં કોઠીને બંગલે બીજાથી સાતમા વર્ગ સુધીના રાજાનો દરબાર ભર્યો તેમાં કાઠીઆવાડના રાજાઓ તરફથી ઠાકોરસાહેબ બાવાજીરાજે એક સુભાષિત ભાષણ વાંચી કાઠીઆવાડના રાજાઓની વફાદારી પ્રદર્શિત કરી. એ જ્યુબિલીની યાદગીરીમાં રાજકોટથી દોઢ માઇલ ઉપર આવેલા રાંદરડાના વોંકળાં પાસે એક તળાવ બાંધવાનું નક્કિ કર્યું જે હાલ 'રાંદરડા તળાવ' નામે ઓળખાય છે. તેમજ વાંકાનેરથી રાજકોટ સુધી 'મોરબી રેલ્વે' બાંધવાનું નક્કિ કરતાં, મુંબઈના ગવર્નર લોર્ડ રે એ ઇ. સ. ૧૮૮૯ના ડીસેંબરમાં તે રેલ્વેની શાખા ખુલ્લી મેલી હતી.

ઠાકોરશ્રી બાવાજીરાજે આઠ વખત લગ્ન કર્યા તેમાંના ધરમપુરવાળા રાણીજીથી પાટવિકુમારશ્રી લાખાજીરાજનો જન્મ વિ. સં. ૧૯૪૨ના માગસર સુદ ૧૦ના રોજ થયો હતો. અને વિ. સં. ૧૯૪૨માં કાનપુર રાણીજીથી કુમારશ્રી કરણસિંહજીનો જન્મ થયો હતો.

ઠાકોરશ્રી બાવાજીરાજને ગોંડળ તાબાના નાધુંપિપળીયાના માડચારણ કવિ તેજાભાઇએ એક કાવ્ય રચી સંભળાવ્યું તે નીચે મુજબ :—

॥ गीत ॥

कवि कहे काम भारे अमे जडीतर करीए, भरीए नंग रतन बहु भात।
घाट कइ नोख अनोखा घडीए, (पण) जोइए हेम कंचननी जात ॥ १ ॥
मेलुं होय तेने अंगेठी मेलीए, दकळी उभत फुंक दहीए।

१ મહાત્માજી મોહનદાસ ગાંધીના પિતા.

માઠાસર હથોડો દુવારો મારીએ, કસોટી ગીતડે ઘણું કહીએ ॥૨॥
કુંદનની કિંમત કજુ કરીએ અમે, ભળે તેમ ખંડેખંડ નંગ મઢીએ ।
બેહદ હદ કાવ્યના ઘરેણાં બનાવી, જડીતર પાખરું નંગ જડીએ ॥૩॥
કવેસર કાવ્ય ઘરેણાંરુપ કરીને, અધપતિ બાવુભા કને આયો ।
ધણી રાજકોટરા હાથ મુછાં ધરો, લાખરા બાબ તું કાજ લાયો ॥૪॥
કુંવર મહેરાણરા અંગ શોભે કહું, પાથવાં બાબલે ગણીપુરા ।
અશા કવ ઘાટ તે અમર રહસી અળાં, સુજશના ઘરેણાં હરાસુરા ॥૫॥

ભાવાર્થ:–આ કાવ્યમાં કવિએ સોનીના રૂપે ન્યાય લીધો છે. તેથી કહે છે કે હું સોની રૂપે નંગ તથા રત્ન જડી જુદા જુદા ઘાટ ઘડું છું પરંતુ તેમાં હું શુદ્ધ કંચનની (હેમની જાતની) પરીક્ષા કરું છું. જો કાંઈ મેલનો ભેગ લાગે તો એને ઉભત રૂપી (ભુંડા કાવ્ય રૂપી) કુંક દઈ અગ્નિમાં તપાવી શુદ્ધ કરું છું. (માઠાસર) જો કાંઇક હલકું સોનું લાગે તો તેને દુવારૂપી હથોડો મારું છું અને મારા ગીતથી (કાવ્યથી) તેની કસોટી કરું છું. એ પ્રકારે હું (કવિ) કુંદનની કિંમત કરી જેવું સોનું (જેવો રજપુત) હોય તેવાં નંગ ભરી કાવ્યોરૂપી દાગીના બનાવું છું. એવાં કાવ્યરૂપી ઘરેણાં ઘડીને આજ હું આપની (બાવાજીરાજની) પાસે લાવ્યો છું. તો હે રાજકોટના ધણી, મુછે હાથ નાખી મારૂં લાખોરૂપીઆનું કિંમતી ઘરેણું હે મહેરામણજીના કુંવર અંગીકાર કરો (કારણકે) એ આપને શોભે તેવું છે. હે સુરાજીના પૌત્ર બાવાજીરાજ સોનાના ઘરેણાં કાળે કરીને નાશ પામે છે પણ કવિઓએ ઘડેલાં સુયશનાં ઘરેણાં આ પૃથ્વી ઉપર અમર રહે છે. માટે મારી ભેટ સ્વિકારો.

ઉપરની કવિતા સાંભળી બાવાજીરાજે કવિને યોગ્ય ઇનામ આપ્યું હતું.

ઠાકોરશ્રી બાવાજીરાજ વિ. સં. ૧૯૪૬માં ૨૮ વર્ષ રાજ્ય ભોગવી ૩૪ વર્ષની નાની ઉમરમાંજ એક માસની સખ્ત બિમારી ભોગવી સ્વર્ગે સિધાવ્યા હતા.

ઠાકોરશ્રી બાવાજીરાજ વિદ્વાન મિલનસાર અને હિંમતવાળા હતા. તેમજ પોતે અંગ્રેજી ભાષાનું સારૂં જ્ઞાન ધરાવતા. તેઓને સાદો પોષાક બહુ પસંદ હતો. દિલના ઉદાર હતા. પોતાની રૈયતમાંના ઉગી નીકળતા યુવાનોને સ્ટેટમાં નોકરી આપી ઉત્તેજન આપતા. ખુદ કારભારી પણ પોતાની રૈયતમાંથીજ પસંદ કરી પ્રજાવર્ગને માન આપ્યું હતું. જે પસંદગી ઘણી કૃતેહમંદ નિવડી હતી. તેઓશ્રીના સ્વર્ગવાસ સમયે રાજકોટ સંસ્થાનમાં લગભગ ૮૦ ટકા જેટલા નોકર પોતાની રૈયતનાજ હતા. તેઓશ્રીની પરીક્ષક બુદ્ધિ સારી હતી, આ બાહોશ અને બુદ્ધિવાન રાજ્યકર્તા દારૂના બૂરા વ્યસનને આધિન થયા ન હોત તો તેઓએ બરાબર લાંબુ આયુષ્ય ભોગવ્યું હોત. તેઓ નામદારશ્રીને બે કુમારો હતા તેમાં પાટવી કુમારશ્રી લાખાજીરાજ પાંચેક વર્ષની ઉમરના હતા, અને નાના કુમારશ્રી કરણસિંહજી ચારેક વર્ષની ઉમરના હતા.

(૧૩) ઠાકોરશ્રી લાખાજીરાજ

(વિ. સં. ૧૯૬૩ થી ૧૯૮૭=૨૪ વર્ષ)

ઠાકોરશ્રી બાવાજીરાજના સ્વર્ગવાસ સમયે પાટવિ કુમારશ્રી લાખાજીરાજ પોતાના મામાને ત્યાં ધરમપુરમાં હતા. તે વખતે રા. રા. મોતીચંદ તળશીભાઇને સરકારે પોતાના તરફથી સ્ટેટ કારભારી નિમ્યા હતા. વિ. સં. ૧૯૪૬માં રાજકોટ સંસ્થાનને દત્તક લેવાની સનંદ નામદાર અંગ્રેજ સરકાર તરફથી લોર્ડ લેન્સડાઉને મહારાણીશ્રીના ઢંઢેરા અનુસંધાન આપી.

વિ. સં. ૧૯૪૭માં કુવાડવા મહાલમાં સ્વર્ગસ્થ ઠાકોર સાહેબ બાવાજી રાજના નામથી લાયબ્રેરીની સ્થાપના થઇ. વિ. સં. ૧૯૪૯માં માતુશ્રી નાનીબાસાહેબ સ્વર્ગસ્થ થયાં. તેઓ ધાર્મિક વૃત્તિનાં, રાજનિતીમાં નિપુણ અને જુના માણસોને ઓળખી રાજરીતી જાળવનારાં ભલાં બાઇ હતાં. એજ સાલમાં લોર્ડ હેરીસે રાજકોટ જેતલસર રેલ્વે ખુલ્લી મુકી જેમાં રાજકોટ સ્ટેટનો આઠમો હિસ્સો રાખ્યો.

નવાનગરના મહારાજા જામસાહેબશ્રી વિભાજીસાહેબ પોતાના આટકોટભાડલા મહાલમાં ફરવા આવતાં, સરધારમાં એક દિવસ રોકી સ્ટેટ તરફથી તેઓશ્રીનો યોગ્ય આદર સત્કાર કરવામાં આવ્યો હતો. સરકાર પાસેથી કેટલીક સત્તા સાથે કેળવણીખાતું સ્ટેટે પોતાના હાથ લીધું. વિ. સં. ૧૯૫૧માં લાલપરી ઇરીગેશનનું ખાત મુહુર્ત પોલીટીકલ એજન્ટ ઓલીવર-સાહેબે ભારે દબદબાથી કર્યું હતું. એ ઇરીગેશન રાજકોટથી બે માઇલ દૂર આવેલું છે. તેની પાછળ ચાર લાખ રૂપીઆ ખર્ચવામાં આવ્યા છે. તેમાંથી લગભગ ૨૬૦૦ એકર જમીનને તથા રાજકોટ શહેરની વસ્તિને પાણી પુરૂ પાડવામાં આવે છે. એજ સાલમાં પરામાં એક નવી શાક માર્કીટ બાંધવામાં આવી હતી.

મહારાણી વિકટોરીઆની ડાયમંડ જ્યુબિલીનો મહોત્સવ વિ. સ. ૧૯૫૩માં ઉજવ્યો હતો. રાજકોટમાં પેડોક (અસ્વાલય) તથા ડેરી (માખણનો સંચો) ઉઘાડવાની ક્રિયા મુંબઇના ગવર્નર લૉર્ડ સેન્ડહર્સ્ટે જાતે આવીને કરી હતી. વિ. સં. ૧૯૫૬ના વૈશાક માસમાં કુંવરીશ્રી દેવકુંવરબાસાહેબના લગ્ન વાંકાનેરના રાજસાહેબ સાથે હથેવાળેથી થયાં હતાં. અને વિ. સ ૧૯૫૬ની સાલના ભયંકર દુષ્કાળમાં વસ્તિને માટે દાણો અને જાનવરોને માટે ઘાસ સ્ટેટ તરફથી પુરૂં પાડવામાં આવ્યું હતું. તથા રીલીફ વર્કસ કાઠી પુંવર હાઉસ ખોલવામાં આવ્યું હતું.

નામદાર ઠાકોરશ્રી લાખાજીરાજે રાજકુમાર કોલેજમાં તથા દહેરાદુન કેડેટ કોરમાં સારો અભ્યાસ કરી સારી નામના મેળવી હતી. તેઓશ્રી વિ. સં. ૧૯૬૩ના આસો સુદ ૧૫ ના રોજ વિધીસહિત ગાદીનશીન થયા હતા. વિ સં. ૧૯૬૮ના છેલ્લા છ મહિના ઇંગ્લાંડની મુસાફરીએ પધાર્યા હતા. ત્યારે તેઓશ્રીની ગેરહાજરીમાં મુખ્ય કારભારી હરજીવન ભવાનભાઇ કોટકે ડહાપણથી કારભાર ચલાવી જશ મેળવ્યો હતો.

ઠાકોરશ્રી લાખાજીરાજે શેમલીયાના રાઠોડશ્રી છત્રસિંહજીનાં કુંવરી રાજેન્દ્રકુંવરબા સાથે તથા તે પછી લાઠીના કવિ ઠાકોરશ્રી સુરસિંહજી (કલાપી)નાં કુંવરીશ્રી રમણિયકુંવરબા

સાથે તથા મીણાપુરવાળા ઝાલાશ્રી કાળુભાના કુંવરીશ્રી સાથે એમ ત્રણ લગ્ન કર્યાં હતાં. શોમલીયાવાળાં અને રાણીસાહેબથી વિ. સં. ૧૯૬૫ના ભાદરવા સુદ ૯ના રોજ પાટવિકુમારશ્રી ધર્મેન્દ્રસિંહજીનો જન્મ થયો હતો. તે આનંદકારક પ્રસંગે ઠાકોરશ્રી લાખાજીરાજે પ્રજાને સારી નવાજેશ કરી હતી. તેજ વખતે સ્ટેટમાં ગૌવધ કરવાની મના કરી ઘણું પુણ્ય પ્રાપ્ત કર્યું હતું. વિ. સં. ૧૯૬૭માં ઠાકોરશ્રી લાખાજીરાજે દિલ્હી-દરબારમાં હાજરી આપી હતી. જ્યારે મોટી લડાઇ (WORLDWAR) બ્રિટીશ-જર્મનની વચ્ચે થઇ ત્યારે નામદાર ઠાકોરશ્રી લાખાજીરાજે પોતાના બધા સાધનો બ્રિટીશ સરકારની સેવામાં હાજર કર્યાં હતાં. અને પોતાના તરફથી માણસો તથા નાણાનો ફાળો આપ્યો હતો.

વિ. સં. ૧૯૭૪માં તેઓશ્રીને કે. સી. આઇ. ઇ. નો ચાંદ મળ્યો હતો. નવ તોપનું માન મળતું તેવા રાજાઓ તરફના પ્રતિનિધિ તરીકે દિલ્હીમાં નરેન્દ્રમંડળમાં તેઓએ હાજરી આપી હતી. બીજી બેઠકમાં પોતાના અધિકાર વડીયે હાજરી આપી હતી. પોતાના કુમારોની કેળવણી માટે પોતે વિલાયત ગયા ત્યારે નામદાર શહેનશાહે (પંચમ જ્યોર્જે) તેઓશ્રીને બકીંગહામ મહેલમાં મુલાકાત આપી હતી.

ઠાકોરશ્રી લાખાજીરાજ દેશપ્રેમી, ઉત્સાહી અને પ્રજાપર પ્રેમ ધરાવનારા હતા. તેઓશ્રીએ વિ. સં. ૧૯૮૦માં મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીનું મોટા રજવાડી ઠાઠથી સ્વાગત કર્યું હતું. ઠાકોરસાહેબના રાજ્ય-અમલ દરમ્યાન ખાસ ધ્યાન ખેંચે એવો બનાવ પ્રજાપ્રતિનીધિ સભાની સ્થાપના થઇ, તે છે. જેમાં ૬૦ સભ્ય છે. અને વસ્તિના દરેક ભાગમાંથી તેઓને ચુંટી લેવામાં આવ્યા છે. ઠાકોરશ્રી લાખાજીરાજ બોય સ્કાઉટ અને ગર્લ ગાઇડના કામમાં ઘણાં ઉત્સાહ પૂર્વક રસ લેતા.


ઠાકોરશ્રી લાખાજીરાજ વિ. સં. ૧૯૮૭માં ૨૪ વર્ષ રાજ્ય ભોગવી સ્વર્ગે સિધાવ્યા. તેઓ નામદારશ્રીના ત્રણ કુમારોમાં પાટવિ કુમારશ્રી ધર્મેન્દ્રસિંહજી ગાદીનશીન થયા અને નાના કુમારશ્રી કિશોરસિંહજી ઠાકોરશ્રી લાખાજીરાજની હયાતિમાંજ દેવ થયા હતા. અને તેઓથી નાના કુમારશ્રી પ્રદ્યુમ્નસિંહજીએ વિલાયત વગેરે દેશમાં ફરી યોગ્ય કેળવણી લીધી છે.

(૧૪) ઠાકોરશ્રી ધર્મેન્દ્રસિંહજી સાહેબ (વિદ્યમાન)

ઠાકોરશ્રી લાખાજીરાજ દેવ થયા પછી વિદ્યમાન ઠાકોરશ્રી ધર્મેન્દ્રસિંહજી ગાદી ઉપર આવ્યા. તેઓ નામદારશ્રીના લગ્ન છોટાઉદેપુરવાળા રાણીશ્રી પદ્મકુંવરબા સાથે થયાં છે. ત્યારબાદ વિ. સં. ૧૯૮૮ માં પોતાના નાના બંધુ શ્રીપદ્યુમ્નસાહેબનાં લગ્ન ઘણીજ ધામધુમથી કરી અને થેરાળા નામનું ગામ ગિરાશમાં આપ્યું. પોતે ગાદીએ બિરાજી બગસરાના દરબારશ્રી વીરાવાળાસાહેબને કારભારી તરીકે નિમ્યા છે. જેઓની કુશાગ્રબુદ્ધિથી રાજ્યનો વહીવટ ઘણોજ પ્રશંસનીય ચાલે છે.

દ્વિતીય કળા સમાપ્ત.

રાજકોટ સ્ટેટની વંશાવળી



શ્રી તૃતિય કળા પ્રારંભઃ

ગવરીદડ તાલુકાનો ઈતિહાસ

આ તાલુકાના ગામોની સરહદની આસપાસ નવાનગર રાજકોટ મોરબી કોઠારીઆ વગેરે સ્ટેટોનાં ગામો આવેલાં છે, આ તાલુકાનું ક્ષેત્રફળ ૨૭ ચોરસમાઈલ છે, આ તાલુકાની વસ્તી સને ૧૯૩૧ના વસ્તી પત્રક મુજબ ૨૧૧૫ માણસોની છે; બ્રીટીશ સરકારને આ તાલુકો રૂા. ૧૦૧૧ ખંડણીના અને જુનાગઢને રૂા. ૬૧૦ જેરતલબીના દર વર્ષે આપે છે; શાહી-સત્તાની સાથે કાઠીઆવાડના બીજા રાજ્યોની માફક આ તાલુકાને કોલકરારો થયા છે,

—: પ્રાચીન ઈતિહાસ. :—

આ તાલુકો રાજકોટ સ્ટેટની શાખા છે. રાજકોટના ઠાકોરશ્રી મહેરામણજી (બીજા) ના બીજા કુમારશ્રી મોડજીને ગવરીદડ તથા બીજા પાંચ ગામો જાગીરમાં મળેલ હતાં. (વિ. સં. ૧૭૮૮) (૧)ઠાકોરશ્રી મોડજી ઘણાજ પરાક્રમી અને બુદ્ધિમાન વીરપુરૂષ હતા, બહારવટું કરી રાજકોટ સંસ્થાન પાછું મેળવવામાં તેઓશ્રીએ અગ્રભાગ લીધો હતો, તેઓશ્રીના પછી (૨)ઠાકોરશ્રી પાતોજી (૩)ઠાકોરશ્રી રાઘોજી,(૪)ઠાકોરશ્રી મોડજી (બીજા (૫)ઠાકોરશ્રી મેરૂજી અને (૬)ઠાકોરશ્રી પ્રતાપસિંહજી થયા, એ છએ ઠાકોરશ્રીના વખતમાં શાન્તિથી રાજ્યતંત્ર ચાલેલ હતું. ખાસ કંઈ જાણવા યોગ્ય બીનાઓ બનેલી નહોતી, છઠ્ઠા ઠાકોરશ્રી પ્રતાપસિંહજી સાહેબ બહુજ વિદ્વાન હતા. તેથી કવિ પંડીતોનો અખાડો ગવરીદડમાં કાયમ રહેતો, તેઓ નામદારશ્રીએ પોતાના જન્મ દિવસની ખુશાલીના માંગલીક પ્રસંગે +રાજકવિ ભીમજીભાઇને તથા સચાણાના રહીશ કવિરાજ ગજાભાઇને તથા રાજડાના રહીશ, આદાણી, દેદલભાઇ વગેરેને અકેકી રૂપાની મુઠવાળી નાજુક 'કટારી' ઓ બક્ષીસ આપી હતી દેશી વીદેશી કવિઓનો સારો સત્કાર કરતા હતા. એ ઉદાર રાજવીના કુ. શ્રી. દિપસિંહજી સાહેબ હાલ ગરીવદડની ગાદી ઉપર વિદ્યમાન છે, એ [૭]ઠાકોરશ્રી દીપસિંહજી સાહેબનો જન્મ તા. ૧૯ જુન સને ૧૮૭૦ માં થયો છે, તેઓ નામદારના પિતાશ્રી ઠા. શ્રી પ્રતાપસિંહજી સાહેબ સને ૧૯૧૧ ના માર્ચ માસમાં દેવલોક જતાં તા ૩૦ માર્ચ સને ૧૯૧૧ (વિ. સં. ૧૯૬૭ ના ચૈત્ર સુદી ૧૧) ના રોજ વિદ્યમાન ઠાકોરશ્રી દીપસિંહજી, સાહેબ ગવરીદડની ગાદીએ બિરાજ્યા છે, તેઓ નામદારશ્રીએ રાજકોટની રાજકુમાર કોલેજમાં કેળવણી લીધેલી છે.

આ તાલુકાને ફોજદારી કામમાં બે વર્ષની કેદ અને બે હજાર રૂપીઆ સુધી, દંડ કરવાની સત્તા છે, તેમજ દિવાની કામમાં રૂપીઆ પાંચ હજાર સુધીના દાવાઓ સાંભળવાનો સત્તા છે, અને વારસાની બાબતમાં પાટવી કુમાર ગાદીએ આવે છે.

+આ ઇતિહાસ કર્તાના પિતાશ્રી.

નામદાર ઠા. શ્રી. દીપસિંહજી સાહેબનાં લગ્ન ઇ. સ. ૧૮૮૬ માં અંકવાળીએ થયેલાં છે, એ ઝાલીરાણીશ્રી, હમજીબાને પેટે ગાદીનાવારસ કુમારશ્રી. ભવાનાસિંહજી સાહેબનો જન્મ તા. ૪ નવેંબર સને ૧૮૯૪ માં થયો છે, એ પાટવીકુમારશ્રી ભવાનીસિંહજી સાહેબ બે રાણીઓ પરણ્યા છે.

[૧] હીરાકુંવરબા તે પાલીતાણા તાબે મોતીસરીના ગોહેલશ્રી હિંમતસિંહજીનાં કુંવરી; અને [૨] ચંદ્રકુંવરબા તે ગુજરાતમાં મોગરના ઠાકોરશ્રી. અમરસિંહજીનાં કુંવરી આમાંનાં પહેલાં લગ્ન સને. ૧૯૨૨ માં અને બીજાં લગ્ન સને. ૧૯૨૪ માં થયેલાં હતાં, કુમારશ્રી **ભવાનીસિંહજી** સાહેબે રાજકોટની રાજકુમાર કોલેજમાં કેળવણી લીધેલી છે, અને હાલમાં રાજ્યનો સઘળો કારભાર નામદાર ઠાકોર સાહેબની દેખરેખ તળે, પોતે જાતે કરે છે. ઠાકોરશ્રી દીપસિંહજી સાહેબ ઘણાજ ધર્મચુસ્ત અને ભકતરાજ છે, તેઓ નામદારશ્રીનું સદ્‌ધર્માચરણ અને આસપાસનું પવિત્ર વાતાવરણ સહવાસમાં આવનારને અનેરી છાપ પાડે તેવું છે, પાટવી કુમારશ્રી ભવાનીસિંહજી સાહેબનાં બીજા રાણીશ્રી ચંદ્રકુંવરબાએ ગાદીના વારસ યુવરાજ **કુમારશ્રી લક્ષ્મણસિંહજી** ઉર્ફે ટપુભા સાહેબનો તા.૩૧ જુલાઇ સને ૧૯૨૬ ના રોજ જન્મ આપ્યો છે.

શ્રી ગવરીદડ તાલુકાની વંશાવળી

(૧) ઠાકોરશ્રી મોડજી (ચંદ્રથી ૧૮૦ શ્રી કૃ.થી ૧૨૫મા)

(૨) ઠા. પાતોજી

(૩) ઠા. રાઘોજી

(૪) ઠા. મોડજી [બીજા]

(૫) ઠા. મેરૂજી | વખતસીંહજી | જયાજી | અમરસીંહજી | રતનસીંહજી

[શાંગણવાલઇ ઉતર્યા.]

(૬) ઠા. પ્રતાપસિંહજી | હરીસીંહજી | લધુભા | કેસરીસીંહજી

[હડમતીઆ]

(૭) ઠા. દીપસિંહજી [વિદ્યમાન] | ઉમેદસીંહજી [રાજગઢ] | મેરૂભા | દાદુભા

કુમારશ્રી ભવાનીસિંહજી


લક્ષ્મણસિંહજી
[યુવરાજ]

* ફુટનોટ પેજ ૫૮

*એ જાડેજાશ્રી જીયાજી વિગેરે ત્રણ કુમારો શાંગણવા લખને ઉતર્યા, તે જીયાજીના **કુમારશ્રી શીવસિંહજી** કે જેઓશ્રી "**શીવુભાશાંગણવાવાળા**"એ નામે પ્રસિદ્ધ થયા. એ જાડેજાશ્રી શીવસિંહજી ઉર્ફે શીવુભા સાહેબે પ્રથમ ઘણો સમય ઠાકોરશ્રી **પ્રતાપસિંહજી** સાહેબ પાસે ગવરીદડમાં રહી કેળવણી લીધી હતી. ત્યારપછી, વીરપુર સ્ટેટના નામદાર ઠાકોરશ્રી **સુરસિંહજી** સાહેબ પાસે ઘણા વર્ષો રહ્યા હતા. અને આર્યસમાજમાં દાખલ થઇ, મોટીમોટી માનવ મેદનીમાં જાહેર વ્યાખ્યાનો આપ્યાં હતાં, અને આર્યસમાજમાં "શીવસિંહજી વર્મા" નામે અતિ ઉતમ ખ્યાતિ મેળવેલ હતી, તેમજ જુનાગઢના કસાઇ લોકો એક ગાયોના મોટા ટોળાને નવાબ શાહેબના માટે કતલખાનામાં લઇ જતા હતા. તે ગાયોના બચાવમાં વીરપુર ઠાકોરશ્રી સુરસિંહજી સાહેબની મદદથી પોતે જુનાગઢ ગયા અને કતલખાને જતી તે તમામ ગાયોને બચાવી ક્ષાત્રધર્મ બજાવ્યો હતો. ત્યારપછી ક્ષાત્રીયોદ્ધારક યાદવ વંશમણી, મોરબીના કુમારશ્રી **હરભમજી**(બાર. એટ. લો.)સાહેબે રાજકોટમાં "ગીરાશીયા એસોસીએસન" સ્થાપી. અને તેમાં જાડેજાશ્રી શીવસીંહજી સાહેબને સાથે રાખી, કાઠીઆવાડના સામમ ગીરાશીયાઓનાં અનેક હીતાર્થ કાર્યો કર્યા હતાં,–રાજકોટના લોકપ્રિય મર્હુમ ઠાકોરશ્રી, **લાખાજીરાજે** જ્યારે વિલાયતનો પ્રવાસ કર્યો ત્યારે જાડેજાશ્રી શીવસિંહજી સાહેબને તેઓશ્રી વિલાયત સાથે તેડી ગયા, જ્યાં ક્ષત્રીય સીરછત્ર, યાદવકુળ કોહીનુર, **મર્હુમ જામશ્રી સર. રણજીતસિંહજી**, સાહેબનો મીલાપ થયો. અને ઠાકોરશ્રી લાખાજીરાજ આગળથી તેઓની માગણી કરી પોતા આગળ રાખી વીલાયતનાં, તમામ પ્રસિધ્ધ સ્થળો બતાવી પોતા સાથે જામનગર લાવ્યા, અને નવાનગર સ્ટેટના ફોરેસ્ટ,સુપ્રિન્ટેન્ડેન્ટ, તથા સમાનાકેમ્પસુપ્રિન્ટેન્ડેન્ટ તથા ગીરાશીયા બોર્ડીંગના સેક્રેટરી અને પોતાના "**તાજમેસરદાર**"ના માનવંતા હોદ્દાઓ બક્ષી ઉમદા પોષાકો આપી, ફ્રીચ બંધાવી હતી, અને સરદારશ્રી શીવસિંહજી સાહેબે પણ પોતે ક્ષત્રીધર્મ પ્રમાણે શાંમધર્મી રહી. રાજયની વફાદારીથી મહારાજા રણજીતજામની અપૂર્વ પ્રીતિ સંપાદન કરી હતી, તેઓશ્રીને ત્રણ કુમારો છે. તેમાં (૧) કુ. શ્રી. **સુરસિંહજી**ને બી. એ. થયા પછી, જામશ્રી રણજીતસિંહજી સાહેબે વીલાયતની કેંબ્રીજ કોલેજમાં દાખલ કર્યા હતા. ત્યાં તેઓ લગભગ છ વર્ષ રહી, અને એક વર્ષ અમેરીકામાં રહ્યા એ પ્રમાણે એગ્રીકલ્ચરલનું ઉમદાજ્ઞાન મેળવી ઉંચ પંકિતની ડીગ્રીઓ મેળવી આવતાં હાલ જામનગર સ્ટેટના એગ્રીકલ્ચર ઓફીસરના માનવંતા હુદ્દા ઉપર છે. [૨] કુ. શ્રી. **રણજીતસિંહજી** કે જેઓ પણ બી. એ. થયા છે. તેઓ નવાનગર સ્ટેટના રેવન્યુ સેક્રેટરી સાહેબના એ. ટે. ચી. તરીકે કેટલોક વખત રહ્યાપછી. મર્હુમ જામશ્રી રણજીતસિંહજી સાહેબના ફરમાનથી. મહીકાંઠા એજન્સીમાં આવેલા [ધ્રોડાદર] પોલોસ્ટેટના દિવાન તરીકે રહી ઉમદા કાર્યદક્ષતા સંપાદન કરી હતી. બાદ નવાનગર સ્ટેટના ફોરેસ્ટ સુપ્રિન્ટેન્ડેન્ટના હુદ્દા ઉપર પણ ઘણો સમય રહ્યા હતા. અને [૩] **કુ. શ્રી. નવલસિંહજી** જેમણે અલ્હાબાદ કોલેજમાં એગ્રીકલ્ચરની પરીક્ષાઓ પસાર કરી. અને નવાનગર સ્ટેટની રેવન્યુ પરીક્ષામાં પહેલે નંબર પાસ આવતાં મર્હુમ મહારાજાશ્રીએ. નવાનગર તલપદના 'પંચકોશીમામલતદાર' તરીકે નીમણુંક કરી હતી. કે જેઓ હાલપણ તે જોખમી હુદ્દો સંભાળી રહ્યાછે.—એ પ્રમાણે જાડેજાશ્રી શીવસિંહજી સાહેબે ત્રણે રાજ્યકર્તાઓના ઉદાર આશ્રય નીચે રહી, રાજ્ય સેવા સાથે જ્ઞાતિસેવાઓ કરી, અનેક

પરમાર્થીક કાર્યો કર્યાં છે હાલમાં ઉત્તર અવસ્થામાં નિવૃત્તિ ભોગવી રહી, તેઓશ્રી ધર્મ-કર્મના પુરાણોશાસ્ત્રોનુ અધ્યયન કરી. વેદધર્મનો પ્રચાર કરવા એક "**શીવપ્રમોદ**" નામનો ઉમદા ગ્રંથ હિંદી ભાષાના દુહાઓમાં રચી રહ્યા છે. કે જે દુહાઓ લગભગ દસહજાર ઉપરની સંખ્યાના છે. એ પ્રમાણે **સત્યવકતા ક્ષત્રીયધર્માભિમાની**શીવરાજનો સંક્ષીપ્ત ઇતિહાસ જણાવી તેના કુટુંબનાં નામાભિધાનો નો નીચે પ્રમાણે પરીચય કરાવું છું.

*શાંગણુવા શાખા(ચંદ્રથી ૧૮૪ શ્રી કૃ.થી ૧૨૯)



શ્રી ગવરીદડનો ઈતિહાસ સમાપ્ત.

શાપુર તાલુકાનો ઇતિહાસ

આ તાલુકાના ગામોની આસપાસ ગોંડલ, રાજકોટ, કોટડાસાંગાણી, લોધીકા, ગઢકા, પાળ, ગવરીદડ વગેરે રાજ્યોની સરહદ આવેલી છે.

આ તાલુકાનું ક્ષેત્રફળ ૧૦ ચોરસ માઇલનું છે. તેમાં ૭ ગામો છે. તેમાંથી શાપુરને વેરાવળ ખાલસા છે. બાકીના ભાયાતી છે.

આ તાલુકાની વસ્તી સને ૧૯૨૧ની વસ્તી ગણત્રી મુજબ ૧૩૬૩ માણસોની છે. આ તાલુકાની સરાસરી ઉપજ દર વર્ષે ચૌદ હજારની અને ખર્ચ તેર હજારના આસરે છે. આ તાલુકાની હદના થોડા ભાગમાંથી રાજકોટ, જેતલસર લાઇન પસાર થાય છે. તેમજ રાજકોટ, જુનાગઢ વાળા રસ્તાને શાપુરથી દોઢ માઇલની સડક ભેળી થાય છે. બ્રિટીશ સરકારને ખંડણીના રૂા. ૪૬૪ અને જુનાગઢને જોરતલબીના રૂા. ૧૪૬ દરવર્ષે આ તાલુકો આપે છે. સાહી સત્તા સાથે બીજા રાજ્યોની માફક આ તાલુકાને પણ કોલ કરારો થયા છે.


:- પ્રાચીન ઇતિહાસ :-

આ તાલુકો રાજકોટ સ્ટેટની શાખા છે. રાજકોટના ઠાકોરશ્રી મહેરામણજી (બીજા)ના ત્રીજા કુમારશ્રી **કલ્યાણસિંહજી** ઉર્ફે **કલાજી**. સાપુર તથા બીજા પાંચ ગામો ગીરાસમાં લઇ ઉતર્યા હતા. (વિ. સં. ૧૭૮૮) (૧) **ઠાકોરશ્રી કલાજીને** ત્રણ કુમારો હતા તેમાં પાટવી **કુમારશ્રી કસીયાજી** ગાદીએ આવ્યા અને કુમારશ્રી મોકાજીને નાંનામવા ગરાસમાં મળ્યું તથા ત્રીજા કુમારશ્રી રવાજીને કાંગસીઆળી ગામ ગરાસમાં મળ્યું. (૨) **ઠાકોરશ્રી કસીયાજી**ને પણ ત્રણ કુમારો હતા. તેમાં પાટવી **કુમારશ્રી રાધુજી** ગાદીએ આવ્યા અને કુમારશ્રી કાંયાજી તથા કુમારશ્રી રાયસિંહજીને પડવલા ગામ ગીરાસમાં મળ્યું (૩)**ઠાકોરશ્રી રાધુજી**ને વેરાજી નામના એકજ કુમાર હતા. તે ગાદીએ આવ્યા એ (૪)**ઠાકોરશ્રી વેરાજી**ને બે કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી કલાજી, ગાદીએ આવ્યા ને નાના કુમારશ્રી ભાવાજીને અભેસિંહજી તથા ગોડજી નામના બે કુમારો હતા. તેઓને ધમલપુર ગીરાસમાં મળ્યું. (૫) **ઠાકોરશ્રી કલાજી** (બીજા)ને અમરસિંહજી તથા રાસાજી તથા રામસિંહ નામના ત્રણ કુમારો હતા તેમાં પાટવી **કુમારશ્રી અમરસિંહજી** ગાદીએ આવ્યા. એ (૬) **ઠાકોરશ્રી અમરસિંહજી** ને પણ ભુપતસિંહજી તથા વેરાજી તથા જસુભા નામના ત્રણ કુમારો હતા. તેમાં પાટવી **કુમારશ્રી ભુપતસિંહજી** ગાદીએ આવ્યા એ (૭) **ઠાકોરશ્રી ભુપતસિંહજી** પછી (૮) **ઠાકોરશ્રી પ્રભાતસિંહજી** શાપુરની ગાદીએ બિરાજ્યા, એ વિદ્યમાન ઠાકોરશ્રી પ્રભાતસિંહજી સાહેબનો જન્મ તા. ૨૯ જુન સને ૧૮૯૪ ના રોજ થયો છે. અને તા. ૮ નવેંબર સને ૧૯૦૭ના રોજ ગાદીએ બિરાજ્યા છે. તેઓ નામદારશ્રીએ રાજકોટની રાજકુમાર કોલેજમાં કેળવણી લીધી છે. જ્યારે (૭)માં ઠાકોરશ્રી ભુપતસિંહજી દેવ થયા ત્યારે તેઓ નામદારશ્રીની સગીરવય હોવાથી, તાલુકો એજન્સી, મેનેજમેન્ટ હેઠળ લેવામાં આવ્યો હતો. જે,

તા. ૪ ઑક્ટોબર સને ૧૯૧૩ ના રોજ છુટો થયો અને તે તારીખે વિદ્યમાન ઠાકોરશ્રી **પ્રભાતસિંહજી** સાહેબને સ્વતંત્ર ગાદી સોંપી આપી, આ તાલુકાને અધીકાર ફોજદારી ત્રણ માસ સખ્ત કેદ અને બસો રૂપીઆ સુધી દંડ તેમજ દિવાનીમાં પાંચસો રૂપીઆ સુધીના દાવા સાંભળવાનો છે પરંતુ વિદ્યમાન ઠાકોર સાહેબને અંગત વધારે હક નીચે મુજબ મળેલ છે. ફોજદારીમાં બે વર્ષની સખ્ત કેદ અને રૂા. ૨૦૦૦ સુધી દંડ કરવાની સતા મળી છે. અને દિવાની કામમાં રૂા. ૫૦૦૦ સુધીના દાવા સાંભળવાનો અખત્યાર છે. ગાદીનો વારસો પાટવી કુમારને મળવાનો રિવાજ છે.

ઠાકોરશ્રીનાં ત્રણ વખ્ત લગ્ન થયાં છે. (૧) વાંકાનેર તાબે પંચાસીઆના રાણાશ્રી ઉમેદસિંહ દાજીભાઇનાં કુંવરી સાથે, (૨) પંચાસીઆના રાણાશ્રી કેસરીસિંહ દાજીભાઇનાં કુંવરી સાથે, (૩) સાયલાના ભાયાત રાણાશ્રી જેસંગજી ભારાજીના કુંવરી સાથે, ઠાકોરશ્રીનાં બીજા રાણીશ્રી હેમકુંવરબાઇ કે જેના સાથે સને ૧૯૧૪માં લગ્ન થયાં છે. તેમને પેટે તા. ૧ મે. સને ૧૯૧૬ના રોજ ગાદી વારસ **કુમારશ્રી અજીતસિંહજી**નો જન્મ થયો છે. એ **યુવરાજશ્રી** ઉપરાંત બે કુમારો અને ચાર કુંવરીશ્રીઓ છે. ઠાકોરશ્રીના ફઇબાસાહેબ બાશ્રી માજીરાજબા જેઓ દેવ થયાં છે. તેઓનાં લગ્ન પોરબંદરના મરહુમ મહારાણાશ્રી ભાવસિંહજી સાહેબ સાથે થયેલાં હતાં હાલના રાજકોટના નામદાર ઠાકોરસાહેબશ્રી **ધર્મેન્દ્રસિંહજી**સાહેબ સાથે **ઠાકોરશ્રી પ્રભાતસિંહજી** સાહેબને ઘણોજ અંગત પરીચય છે. તેમજ નામદાર ઠાકોરસાહેબ પણ આ તાલુકાના ઠાકોરશ્રી ઉપર અપુર્વ પ્રેમ ધરાવે છે. :—


સાપુરતાલુકાની વંશાવળી



પાળ–તાલુકાનો ઇતિહાસ.

આ તાલુકાના ગામોની સરહદ. નવાનગર, ગોંડળ ક્રોળ, અને રાજકોટ સ્ટેટના ગામોની સરહદ સાથે છે. આ તાલુકાનું ક્ષેત્રફળ ૨૧ ચોરસમાઇલ છે. વસ્તી સને ૧૯૨૧ની ગણત્રી મુજબ ૧૩૧૫ માણસોની છે. દરવરસની સરાસરી ઉપજ આસરે, રૂપીઆ ઓગણીસ હજાર અને ખર્ચ રૂપીઆ પંદરહજારને આસરે છે. રેલ્વે નથી. નજીકમાં નજીક સ્ટેશન રાજકોટ, જેતલસર, લાઇન ઉપર રીબડા છે. આ તાલુકો રૂપીઆ ૧૨૧૫ બ્રિટીશ સરકારને ખંડણીના અને જુનાગઢને રૂપીઆ, ૩૬૪ જોરતલબીના દરવર્ષે ભરે છે. શાહી સતાની સાથે કાઠીઆવાડના બીજા રાજ્યોની માફક આ તાલુકાને પણ કોલકરારો થયા છે.

પ્રાચિન ઇતિહાસ:—આ તાલુકો રાજકોટ સ્ટેટની શાખા છે. રાજકોટના **ઠાકોરશ્રી મહેરામણજી** (બીજા) ના ચોથા **કુમારશ્રી હરભમજી** પાળ સહીત પાંચ ગામો ગીરાસમાં લઇ ઉતર્યા હતા. (વિ. સં. ૧૭૮૮) એ, (૧) **ઠાકોરશ્રી હરભમજી**ને સબળાજી નામના એકજ કુમાર હતા. તેઓ પાળની ગાદીએ બિરાજ્યા. એ (૨) ઠાકોરશ્રી **સબળાજી**ને કુમારશ્રી દેવાજી તથા દાજીભી તથા સુમરાજી નામના ત્રણ કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી દેવાજી ગાદીએ આવ્યા. એ (૩) ઠાકોરશ્રી **દેવાજી**ને પણ કુમારશ્રી ડોસાજી તથા જેઠીજી તથા હરિસિંહજી નામના ત્રણ કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી **ડોસાજી** ગાદીએ આવ્યા. એ. (૪) ઠાકોરશ્રી **ડોસાજી**ને કુમારશ્રી હરભમજી અને મોડજી નામના બે કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી **હરભમજી** ગાદીએ બિરાજ્યા. એ (૫) ઠાકોરશ્રી **હરભમજી**ને કુમારશ્રી રતનસિંહજી તથા મુળજી નામના બે કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી **રતનસિંહજી** ગાદીએ આવ્યા. એ (૬) ઠાકોરશ્રી **રતનસિંહજી**ને કુમારશ્રી લધુભા તથા જસુભા નામના બે કુમારોમાં પાટવી કુમારશ્રી **લધુભા**ને કંઇ સંતાન ન હોવાથી, તેઓશ્રી પછી તેમના નાનાભાઇ (૭) ઠાકોરશ્રી **જસુભા** પાળની ગાદીએ બિરાજ્યા.—



કોઠારીયા તાલુકાનો ઇતિહાસ.

આ તાલુકાના ગામોની સરહદ, મોરબી, રાજકોટ, ગોંડળ વગેરે સ્ટેટોની સાથે સેળભેળ છે.

આ તાલુકાની વસ્તી સને ૧૯૨૧ ની ગણુત્રી મુજબ, ૨૧૪૬ માણુસની છે. આ તાલુકાની સરેરાસ વાર્ષીક ઉપજ રૂા. ૨૨૦૦૦ની છે. અને ખર્ચ રૂા. ૧૫૦૦૦ને આસરે છે.

આ તાલુકાની હદમાંથી રાજકોટ અને જેતલસરની રેલ્વેલાઇન તથા મોરબી રેલ્વેલાઇન પસાર થાયછે, તેમજ રાજકોટથી ગોંડલ જતો પાકો રસ્તો આ તાલુકાની હદમાંથી પસાર થાયછે. આ તાલુકો દરવર્ષ બ્રિટીશ રાજ્યને રૂા. ૬૪૮ ખંડણીના અને જુનાગઢને જોરતલબીના રૂા. ૨૬૮ ભરે છે. કાઠીઆવાડના બીજા રાજ્યોની માફકજ સાહી સતા સાથે આ તાલુકાને કોલ-કરારો થયા છે.—

—: પ્રાચીન ઇતિહાસ :—

આ તાલુકો રાજકોટ સ્ટેટની શાખા છે. રાજકોટના ઠાકોરશ્રી મહેરામણજી [બીજા] ના પાંચમા કુમારશ્રી. (કોઇ ઇતિહાસકાર બીજા નંબરના કુમાર હોવાનું લખે છે) દાદોજી કોઠા-રીઆ તાલુકો જાગીરમાં લઇ ઉતર્યા હતા. (વિ. સં. ૧૭૮૮) (૧)ઠાકોરશ્રી દાદાજીને કોઠા-રીઆ, વડાળી, વીરવા, વાવડી, ખોરાણા, પીપળી, નાગલપુર, એમ સાત ગામોનો ગીરાસ મળેલો હતો. ત્યારપછી, અમુક વખતે પડસા વડીએ વાગુદડ મેળવ્યું અને રોણકી પણ પાછળથી મેળવી કુલ નવ ગામનો તાલુકો બાંધ્યો હતો. ઠાકોરશ્રી દાદાજીને પાંચ કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી **માલજીભાઇ** ગાદીએ આવ્યા અને કુમારશ્રી હાલાજીને વીરવા ગીરાસમાં મળ્યું. જેઓ હાલ લોધીકા થાણા તાબે જુદી ખંડણી ભરે છે. અને કુમારશ્રી ખાનજીભાઇ તથા ભાવસિંહજી તથા કરણસિંહજીને વડાળી તથા રોણકી, ગરાસમાં મળ્યાં. જેઓ પણ હાલ લોધીકા થાણા તાબે જુદી ખંડણી ભરે છે.

(૨) ઠાકોરશ્રી **માલજીભાઇ**ને બે કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી **જેઠીજી** ગાદીએ આવ્યા, અને નાના કુમારશ્રી **ડુંગરજી**ને *વાગુદડ ગામ ગીરાસમાં મળ્યું એ (૩)

---


* એ વાગુદડ મેળવનાર જાડેજાશ્રી ડુંગરજીને બોડાજી ઉર્ફે બેતાજી અને ભીમજી નામના બે કુમારો હતા તેમાં બેતાજી અપુત્ર ગુજર્યા અને ભીમજીને પણ ભાણાભાઇ તથા પુંજાભાઇ એ બે કુમારો હતા. તેમાં નાના કુમારશ્રી પુંજાજી અપુત્ર ગુજર્યા અને તેથી જાડેજા શ્રીભાણાભાઈ સુવાંગ ગામના ધણી થયા એ જાડેજાશ્રી ભાણાભાઇ સ્વામીનારાયણ સંપ્રદાયના હતા. તેઓએ વાગુદડમાં સ્વામીનારાયણનું વિશાળ મંદિર બંધાવેલ છે. તેઓશ્રી લોધીકા તાલુકદાર શ્રીઅભયસીંહજીના પરમમિત્ર હતા. તેમજ (મારા પિતાશ્રી) રાજ કવિ ભીમજીભાઇ ઉપર અપૂર્વ પ્રેમ, ધરાવતા વડતાલ, જુનાગઢ, ગઢડા, વિગેરે સ્વામીનારાયણના મંદિરના સમૈયા ઉત્સવોમાં તેઓ ત્રણે સાથેજ જતા, એ પરમ એકાંતીક ભક્તરાજ ભાણાભાઇને કુમા-

ઠાકોરશ્રી જેઠીજીને ઉદાજી તથા ભીમજી નામના બે કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી **ઉદાજી** ગાદીએ આવ્યા. એ (૪) **ઠાકોરશ્રી ઉદાજી**ને માલજીભાઇ નામના એકજ કુમાર હતા. તે ગાદીએ આવ્યા. એ (૫) **ઠાકોરશ્રી માલજીભાઇ** [બીજા] ને ત્રણ કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી જેઠીજી ગાદીએ આવ્યા. અને નાનાકુમારશ્રી રવાજી તથા દાદુભાને વાવ-ડીમાં ગીરાસ મળ્યો. એ (૬) **ઠાકોરશ્રી જેઠીજી** (બીજા) ને બે કુમારો હતા. તેમાં પાટવી **કુમારશ્રી હરીસિંહજી** અપુત્ર દેવ થતાં નાના **કુમારશ્રી પ્રતાપસિંહજી** ગાદીએ આવ્યા. એ (૭) **ઠાકોરશ્રી પ્રતાપસિંહજી** સાહેબ બહુજ કુસાગ્ર બુદ્ધિના હતા. સાહિત્ય તથા સં-ગીતના ઘણાજ શોખીન હતા. તેથી કવિઓ, તથા ગવૈયાઓ ત્યાં કાયમ રહેતા. પોતે પણ ઉંચા પ્રકારના કાવ્યો. રચતા અને જે કવિઓ પંડિતો આવે તેની યોગ્ય કદર કરતા તે ઉપ-રાંત હુન્નર ઉદ્યોગ અને કળા કૌસલ્યતામાં પોતે જાતે અવનવા અખતરાઓ કરી કારીગરોને યોગ્ય ઉત્તેજન આપતા. તેઓ નામદારશ્રીના ત્રણ કુમારોમાં પાટવી કુમારશ્રી **શીવસિંહજી** સાહેબ ગાદીએ આવ્યા, નાના કુમારશ્રી જીવણસિંહજી અને સજનસિંહજી ઉપર તેઓ નામદાર ઘણીજ પ્રિતિ રાખે છે. અને ઘણાજ સંપ સલાહ અને પ્રેમભાવથી અરસ પરસ વરતે છે. તેઓ નામદારશ્રી તાલુકાના સ્થાપક ઠાકોરશ્રી **દાદાજી** થી ૮ મી પેઢીએ છે. તેઓશ્રીનો જન્મ તા. ૨૬ મે સને ૧૮૯૫ ના રોજ થયેલ છે. અને તા. ૧૪ મી સપ્ટેંબર સને ૧૯૨૫ ના રોજ ગાદીએ આવ્યા છે. તેઓ નામદારશ્રીએ રાજકોટ રાજકુમાર કોલેજમાં કેળવણી લીધી છે. તેઓ નામદારશ્રીનાં પહેલાં લગ્ન સને ૧૯૧૩માં લાઠી ભાયાત ગોહેલશ્રી વિજયસિંહજીનાં કુવરીશ્રી ચંદ્રકુંવરબા સાથે થયાં અને બીજાં લગ્ન સને ૧૯૨૫ માં વળા ભાયાત કાનપુરના ગોહેલશ્રી માનસિંહજીનાં કુંવરીશ્રી દેવકુંવરબા સાથે થયાં છે. પ્રથમનાં રાણીશ્રી ચંદ્રકુંવરબા સાહેબથી પાટવી કુમારશ્રી **અજીતસિંહજી** સાહેબનો જન્મ તા. ૧૬ ડીસેમ્બર સને ૧૯૧૫ ના રોજ થયો છે. તેઓ નામદારશ્રીને ત્રણ બહેનો છે. તેમાં (૧) હેમકુંવરબા ધરમપુરના સ્વર્ગસ્થ નરસિંહદેવજી સાથે પરણ્યાં હતાં. [૨] રાજકુંવરબા નાં લગ્ન કચ્છમાં આવેલા પલાસવાના કુમારશ્રી જીવણસિંહજી સાથે સને ૧૯૨૦ માં થયાં હતાં. અને (૩) ગુલાબ-કુંવરીબાનાં લગ્ન રેવાકાંઠામાં આવેલ ગડબારીઆદના રાણાશ્રી ઓંકારસિંહજી સાથે સને ૧૯૨૩ માં થયાં હતાં. આ તાલુકાને અધીકાર ફોજદારી કામમાં બે વર્ષની કેદ અને રૂા. ૨૦૦૦ સુધીના દંડની સતા છે. અને દિવાની કામમાં રૂા. ૫૦૦૦ સુધીના દાવા સાંભળવાની સતા છે. પાટવીકુમાર ગાદીએ આવવાનો રિવાજ છે.—

રશ્રી વજેસીંહજી અને કુમારશ્રી રાયસીંહજી એમ બે કુમારો થયા તેમાં રાયસીંહજી અપુત્ર ગુજર્યા અને જાડેજાશ્રી વજેસીંહજી હાલ વિદ્યમાન છે. તેઓને ત્રણ કુમારો છે. મોટા કુમા-રશ્રી ગોપાળસીંહજી અને તેથી નાના કુમારશ્રી નટવરસીંહજી અને કુમારશ્રી બળવતસીંહજી છે. જાડેજાશ્રી વજેસીંહજી પણ પોતાના પિતાશ્રીની માફક શ્રીસ્વામીનારાયણ સંપ્રદાયના ચુસ્ત હરીભક્ત છે અને હજારો રૂપીઆની સેવા શ્રીસ્વામીનારાયણના મંદીરોમાં કરે છે. એમના ત્રણે કુમારોને ત્યાં પણ કુમારો જનમ્યા છે.—

કોઠારીયા તાલુકાની વંશાવળી

(૧) ઠાકોરશ્રી દાદાજી [ચંદ્રથી ૧૮૦મા શ્રીકૃષ્ણથી ૧૨૫મા]



કોઠારીઆ તાલુકાનો ઇતિહાસ સમાપ્ત.



લોધીકા તાલુકાનો ઇતિહાસ

[સીનીયર-પ્રાંચ]

આ તાલુકાના ગામો છુટા છવાયા આવેલાં છે. અને તેને રાજકોટ, નવાનગર, ધ્રોળ, ગોંડળ, ખીરસરા, વગેરેની સરહદો લાગુ છે.

આ તાલુકાનું ક્ષેત્રફળ આસરે ૨૭ ચોરસમાઇલ છે. અને વસ્તિ સને ૧૯૨૧ની ગણત્રી મુજબ ૨૩૧૧ માણસોની છે. તાલુકાની મરેરાસ ઉપજ આસરે ૪૦,૦૦૦ રૂપીઆની છે અને ખર્ચ આસરે ૩૫,૦૦૦નું છે. આ તાલુકાની હદમાંથી કોઇ રેલ્વે પસાર થતી નથી. રીબડા અને લોધીકા વચ્છે પાકો 'ટ્રંકરોડ'(રસ્તો) છે. આ તાલુકો બ્રિટીશ સરકારને ખંડણીના રૂપીયા ૧૪૩-૮-૦ અને જુનાગઢને રૂા. ૨૦૨-૮-૦ જોરતલબીના દર વર્ષે ભરે છે. આ તાલુકાને અધિકાર ફોજદારી કામમાં બે વર્ષ સુધીની સખ્ત કેદ, તથા રૂપીઆ બેહજાર સુધીનો દંડ કરવાનો છે. દિવાની કામમાં રૂપીઆ પાંચ હજાર સુધીના દાવા સાંભળી શકે છે. :—

તાલુકાના ગામોના નામોની યાદીઃ—૧ લોધીકા [ગાદી] ૨ (ભીંચરી) (અમરગઢ) ૩ ન્યારા, ૪ મવા, ૫ વાજડી ૬ ઠેબચડા, ૭ અમેપુર, [બેડીયા પાટી] કાઠીઆવાડના બીજા રાજ્યો માફક શાહી સત્તા સાથે આ તાલુકાને કોલકરારો થયા છે. અને પાટવી કુમાર ગાદીએ આવવાનો રીવાજ છે.

—: પ્રાચિન ઇતિહાસ :—

આ તાલુકો રાજકોટ સ્ટેટની શાખા છે. રાજકોટના ઠાકોરશ્રી મહેરામણજી (બીજા)ના છઠા કુમાર જાડેજાશ્રી જસાજીને ભીંચરી અને બીજાં ગામો જાગીરમાં મળેલ હતાં. તેણે આ તાલુકો વસાવ્યો (વિ. સં. ૧૭૮૮) (૧) **ઠાકોરશ્રી જસાજી**ને બે કુમારો થયા. તેમાં પાટવિકુમારશ્રી ખીમાજી ગાદીએ આવ્યા. અને નાના કુંવર મુળુજીને મવા, તથા વાજડીમાં ગિરાશ મળ્યો. (વિ. સં. ૧૮૪૬) (૨) **ઠાકોરશ્રી ખીમાજી**ને ચાર કુમારો હતા. પાટવિ-કુમારશ્રી નોંધાભાઇ (૨) કુ. શ્રી. અભેરાજજી (૩) કુ. શ્રી રૂપાભાઇ (૪) કુ. શ્રી અખાભાઇ જ્યારે પાટવિકુમારશ્રી નોંધાભાઇનાં લગ્ન થતા હતાં, ત્યારે સૌ રાજ્યકુટુંબ અને વસ્તિ એ શુભ લગ્નના સમારંભમાં રોકાયલા હતા. તે તકનો લાભ લઇ કાઠીઓએ લોધીકાની ગાયોનું ધણ વાળ્યું ગોવાળ પોકાર કરતો દરબારગઢમાં આવ્યો. તેથી સૌ રાજપુતો ધણ વાળવા ચડયા. **કુ. શ્રી. નોંધાજી** પણ હાથે મીંઢોળ બાંધેલું, અને કસરીયે વાઘે. ગાયોની મદદે ચડયા. પરંતુ ધણ પાછું વાળી આવતાં લોધીકા નજીક પીપરડીના મારગે એક કાઠી કંટા-ળાના ઓથે છુપાઇ રહેલો તેણે કુ. શ્રી. નોંધાજી ઉપર ઓચિંતો બંદુકનો અવાજ કર્યો. તેથી તેઓ મીંઢોળબંધ કુંવરપદેજ ત્યાં કામ આવ્યા. હાલ તેઓ ત્યાં 'સુરાપુરા' તરીકે પુજાય છે. અને તેઓશ્રીની દેરી હાલ 'ડાડાનીડેરી'ના નામે ઓળખાય છે. પાટવી કુમારશ્રી નોંધાજી ઉપરની લડાઇમાં કામ આવતાં, બીજા કુમારશ્રી અભેરાજજી ગાદીએ આવ્યા. અને કુ. શ્રી.

રૂપાભાઇ તથા અખાભાઇને ઠેબચડા ગામે ગીરાસ મળ્યો (વિ. સં. ૧૮૮૪) ૩ ઠાકોરશ્રી અભેરાજજીને બે કુમારો હતા. તેમાં પાટવિકુમારશ્રી જશાજી ઉર્ફે જીભાઇ ગાદીએ આવ્યા. અને નાના કુમારશ્રી ખોડાજીને ઠેબચડામાં ગીરાશ મળ્યો, (વિ. સં. ૧૯૦૪) એ (૪) ઠા. શ્રી. જશાજી (બીજા) ઉર્ફે જીભાઇ સ્વામિનારાયણ સંપ્રદાયમાં હતા. તેઓશ્રીને ધર્મોપદેશ કરનાર સ્વામિનારાયણના અગ્રગણ્ય શિષ્ય મહાન યોગીરાજ સ. ગુ. ગોપાળાનંદસ્વામિ હતા એ સદ્‌ગુરૂની કૃપાથી તેઓને મોટી ઉંમરે એક કુમાર થયાહતા જેનું નામ કુ. શ્રી. અભયસિંહજી હતું. ઠાકોરશ્રી જીભાઇ પોતે ભકતરાજ હોવાથી અહોનિશ ભજનમાંજ મશગુલ રહેતા. તેથી યુવાન કુમારશ્રી અભયસિંહજી એ તકનો લાભ લઇ, ખરાબ પાસવાનોની સોબતથી, મૃગયા કરવાના કૂછંદમાં પડયા હતા. તેમજ રાજદ્વારી બાબતમાં જરાપણ લક્ષ આપતા નહિં. ઠાકોરશ્રી જીભાઇને રાજ્યકાર્ય કરતાં ધર્મ કાર્ય પ્રધાન હતું, તેથી તેઓ કુ. શ્રીને વારંવાર ધર્મોપદેશ કરતા, પરંતુ અભયસિંહજીનું ચિત્ત તેમાં પણ લાગતું નહિં. વખતો વખત શિકાર ન કરવા અને એકાદશી આદિ વૃત્તો કરવા. ઠા. શ્રી. સુચના આપતા પરંતુ ખરાબ પાસવાનોના સહવાસથી કુમારશ્રી ઉલટું કરવા લાગ્યા.

એકવખત એકાદશીને દહાડે ગિલોલ વતી સેંકડો ચકલાંઓ મારી તેની જીભો ખેંચી કાઢી એક કાચના વાસણમાં લઇ, પોતાના પિતા ઠાકોરશ્રી જીભાઇને કહ્યું કે બાપુ! આજે હું એકાદશી રહ્યો છું. અને તેથી મારા માટે અને આપશ્રીના માટે ફળાહાર લાવ્યો છું. એમ કહી ચકલાની જીભો બતાવી. ભકતરાજ જીભાઇ બહુજ દિલગીર થયા. પરંતુ એકના એક લાડકવાયા યુવાન કુમારને શું કહે? આવા ધર્મિષ્ઠ રાજવિને એ દુઃખ કાંઈ થોડું ન હતું. તેજ અરસામાં પોતાના સદ્‌ગુરૂ સ્વામિશ્રી ગોપાળાનંદજી મેંગણી ગામે પધાર્યાના ખબર થયા. તેથી કુમારશ્રીને બોલાવી, પોતાની સાથે સ્વામિના દર્શને આવવા કહ્યું, પરંતુ અભયસિંહજી, "હું પાછળથી આવીશ" તેમ કહી, શિકાર કરવા ચડી ગયા. ઠાકોરશ્રી જીભાઇ સિગરામમાં બેસી ત્યાંથી બે ગાઉ ઉપર આવેલ મેંગણી ગામે ગયા. ત્યાં જઇ સ્વામિનાં દર્શન કરતાં, દિલગિર થઇ ગયા. તેથી યોગમુર્તિ ગોપાળાનંદ સ્વામિએ દિલગીરીનું કારણ પુછ્યું, ઠા. શ્રી કહે " સ્વામિ! છતે દિકરે નિર્વંશ ગયા જેવું છે. અભયસિંહ પાપ બહુ કરે છે, ધર્મનીતિ કે રાજનીતિ શીખતો નથી, અત્યારે આપના દર્શને આવવા કહ્યું, પણ તે નહિં આવતાં, શિકારે ગયો," તેવું કહી અતિ દિલગીર થઇ ગયા. સ્વામિએ આશ્વાસન આપી શ્રીજી મહારાજના મહિમાની વાતો સંભળાવી અને "અભયસિંહજી હમણાં અહિં આવશે," તેમ કહ્યું.

શિકારમાં અભયસિંહજીનું ઘવાયેલું મૃગ મેંગણીની વાડીયોમાં આવ્યું. તેની પાછળ કુમારશ્રી દોડતે ઘોડે આવ્યા, પણ મૃગનો પત્તો લાગ્યો નહિં. બપોર થયા હતા. વાડીએ જળપાન કરી પુછતાં જણાયું કે તે વાડી મેંગણીની છે. યોગીરાજની યોગ કળાના પ્રભાવે અભયસિંહજીની વૃત્તિ બદલાઇ ગઇ. અને " બાપુ સ્વામિના દર્શનનું કહેતા હતા, માટે ચાલો ગામમાં જઇએ " તેવું પાસવાનોને કહી મેંગણીના મંદિરમાં શિકારી પોશાકે હથિઆરબંધ દાખલ થયા. યોગીરાજ ધ્યાનમાંથી જાગૃત થઈ ઠાકોરશ્રી જીભાઇને કહેવા લાગ્યા. "દરબાર! અભયસિંહજી તો મુકત અને ભકતરાજ છે, જુઓ આ આવ્યા," સાંભળી ઠાકોર ખુશી થયા.

અભયસિંહજીએ બંદુક મંદિર બહાર મેલી; ઠાકોરજીના દર્શન કરી, સ. ગુ. ગોપાળાનંદ સ્વામિના ચરણારવિંદમાં મસ્તક નમાવ્યું. અને સ્વામિએ કુ. શ્રીના વાંસા ઉપર પોતાના બંન્ને હાથ મેલી, વાંસો થાબડી "આ તો મહા ભકતરાજ છે" તેમ કહી વર આપ્યો. બસ! ત્યારથીજ એ કુ શ્રીના વિચારો બદલાયા, તે દહાડે બંદુક છોડી, તે દેહપર્યંત છોડી. સદ્ગુરૂના પંન્થી તેઓનું દિલ રંગાયું. અને ભવિષ્યમાં તેઓ એકાંતિક ભકતરાજ થયા. ઠાકોરશ્રી જીભાઇનો બધો રાજકારભાર પોતે સંભાળ્યો અને રાજનીતિ પ્રમાણે ધર્મ સહવર્ત્તમાન પાળી, વૃદ્ધ પિતાની અંતિમ આશિષ લીધી. ઠાકોરશ્રી જીભાઇ એથી દિલમાં ખુશ થયા. અને આયુષ્ય પૂર્ણ થતાં, તેઓ અક્ષર નિવાસી થયા.

(૫) ઠા. શ્રી. અભયસિંહજી (રાજઋષિ)

ઠા. શ્રી. અભયસિંહજીએ લોધીકાની ગાદીએ બિરાજી વસ્તિ તરફ પ્રેમ બતાવી પ્રજાનો ઘણોજ ચાહ મેળવ્યો હતો. અને તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી હતા. સ. ગુ. ગોપાળાનંદસ્વામિની કૃપાથી તેઓશ્રી છ કલાક ધ્યાનમાં બેસતા, [મન ઇંદ્રિયોનો નિગ્રહ કરી, પદ્માસન વાળી, આત્મ સ્વરૂપે થઈ, પરમાત્માની મુર્તિ સાથે જોડાતા] તેમજ સ. ગુ ગુણાતિતાનંદ સ્વામિના સમાગમથી તેઓશ્રી સર્વોત્તમ જ્ઞાન મેળવી એકાંતિકપણાને પામ્યા હતા, એમના જીવનમાં બે પ્રસંગો એવા બન્યા હતા, કે જે ધર્મની ટેક છોડાવે; પરંતુ સદ્ગુરૂના પૂર્ણ કૃપાપાત્ર હોવાથી તેઓ તે બન્ને વિકટ પ્રસંગોમાં પોતાની ધર્મ–ટેક જાળવી શકયા હતા. તે બન્ને બનાવો નીચે મુજબ છે:—

[૧] એક વખતે વિજયાદસમીને દહાડે તેઓશ્રી જામનગરમાં ગયા હતા. અને રાજ્ય કાર્ય સંબંધે તેઓશ્રી જામશ્રી વિભાજીની કચેરીમાં ગયા. તે વખતે ત્યાં દારૂની મનવાર ચાલતી હતી. તેથી રાઘવ ખવાસે (વજીરે) ઠા. શ્રી. અભયસિંહજીને મદ્યપાન કરવા વિનંતિ કરી. પણ અભયસિંહજીના હાથમાં માળા હતી તે લઇ કહ્યું કે "મારે દારૂ નપીવાનું નિયમ (વ્રત) છે." એમ કહી દારૂ પીધો નહિં. તેથી રાઘવ વજીરને ઘણુંજ ખોટું લાગ્યું, અને જામશ્રી વિભાજીને કહ્યું કે "આપશ્રીના ભાયાત છે, વળી તાલુકદાર છે, તે કાંઇ અમારા જેવા ખવાસના હાથથી દારૂ પીએ? એતો આપના હાથથી પીએ" તે સાંભળી જામશ્રી વિભાજીએ રત્નજડિત સોનાની પ્યાલી મદિરાથી ભરી, ઠા. શ્રી અભયસિંહજી તરફ હાથ લંબાવ્યો. પરંતુ અભયસિંહજીએ પોતાની પ્રતિજ્ઞા કહી સંભળાવી. તેટલામાં કચેરી મંડળ બોલી ઉઠયું કે "અરે! ઠાકર આપ કોનો હાથ પાછો ઠેલો છો? નવલખા હાલારનો ધણી, પછમનો પાદશાહ આપને આટલો આગ્રહ કરે છે, અને આપ તેનો હાથ ઠેલો છો?" ઠા. શ્રી. અભયસિંહજીને ધર્મસંકટ થયું. ત્યાં વિચાર આવતાં તુરતજ પોતાની બેટમાથી રૂપાની મુઠવાળી કટારી કાઢી, જામશ્રી વિભાજી પાસે જઇ કહ્યું કે "બાપુ! આ જીભે દારૂ ન પીવાની મેં પ્રતિજ્ઞા કરી છે, પણ આપનો હાથ પાછો ન ઠેલાય, માટે આ કટાર વડે મારા ગળામાં છેદ પાડી આપ પ્યાલી રેડીલ્યો. એટલે આપની વાત રહે અને મારી ટેક જળવાય. હું ક્ષત્રિય છું અને આપ ક્ષત્રિયના મુગટમણિ છો, તો પ્રતિજ્ઞાનું પાલન કરવું, કરાવવું એ આપણો ધર્મ છે." એમ કહી જમણા હાથ-

માંની માળા કોટમાં પહેરી, કટાર જામશ્રીના હાથમાં આપવા લાગ્યા, કે તુરતજ ઇશ્વરે જામ વિભાજીની વૃત્તિ બદલાવી અને દારૂની પ્યાલી ઢોળી નાખી બોલ્યા "અરે! અરે! આતો ભક્તરાજ છે, તેમનું નિયમ ભંગાવાય? ભંગાવાય?" એવી અભયસિંહજીની દૃઢતાથી સર્વ કચેરી–જનો આશ્ચર્ય પામ્યા અને ઈશ્વરે તેઓની ટેક જાળવી.

(૨) ગિરાસ–ચાસના કામમાં એક વખત રાજકોટથી પ્રાંતસાહેબ લોધીકા મુકામે કેસ ચલાવવા આવેલ બન્ને પક્ષના વકીલ, બેરીસ્ટરો, અને એસેસરો હાજર હતા. સવારે આઠવાગ્યે મુકર્દમો નીકળ્યો. ઠાકોરશ્રી અભયસિંહજીના સામા ભાગદાર તે વખતે ત્યાં હાજર હતા. પરંતુ ઠા. શ્રી. અભયસિંહજી તો પ્રાતઃકાળથી ન્હાઇ, સેવામાં બેસતા, તે ૭ કલાકનો ધ્યાનવિધિ પૂર્ણ કરી પુજન ભજન કરી હંમેશાં એક વાગ્યે જમતા, તેથી તેઓ આઠવાગ્યે પ્રાંતસાહેબ પાસે આવી શકયા નહિં. વિરૂદ્ધ–પક્ષવાળાએ સાહેબને એવું સમજાવેલ કે " અભયસિંહજી અભિમાની છે. આપના હુકમને પણ માન આપે તેમ નથી. મનમુખી અને સ્વતંત્રપણે વર્તે છે." કેસ ચલાવવાનો વખત થતા સુધીમાં અભયસિંહજીની ગેરહાજરી હોવાથી તે યુરોપિયન અમલદારને તે વાત સાચી માનવામાં આવી, તેથી ૫૦ કોરીનો મોસલ ઠા. શ્રી. અભયસિંહજીને બોલાવવા મોકલ્યો. તે વખતે દરબારશ્રી ધ્યાનમાં બેઠેલા હોવાથી, કામદારે તે ૫૦) કોરીની મોસલાઇ ચુકવી આપી, ફરી અરધીકલાક પછી બીજો મોસલ ૧૦૦) કોરીનો આવ્યો તે રકમ પણ કામદારે ભરી આપી અને કહ્યું કે "દરબારશ્રી પુજનમાં છે." ત્યારપછી એક કલાકે ૧૫૦) કોરીનો ત્રીજો મોસલ સાહેબે મોકલ્યો, તે વખતે પણ દરબારશ્રી ધ્યાનમાં હતા. તેમજ કામદારને કાયમના માટે દરબારશ્રીનો ચોકખો હુકમ હતો કે "મારા રાજ્યકુટુંબમાં કોઇનું મરણ થાય, અથવા તો દરબારગઢમાં અગ્નિ લાગે તોપણ મને ધ્યાનમાંથી જગાડવો નહિં. અને તે ક્રિયા યથાવિધિ તમારે જેમ ઘટે તેમ કરી લેવી." ઉપરના ફરમાન મુજબ કામદારે આ પ્રસંગે પણ દરબારશ્રીને ધ્યાનમાંથી નહિં જગાડતાં ૧૫૦) કોરી મોસલાઇની ચુકવી આપી.—દરબારશ્રીનો પુજનવિધિ પુર્ણ થતાં, મંદિર ઉપરથી નીચે આવ્યા. ત્યારે કામદારે સઘળી વાત જણાવી અને ત્રણેય મોસલની ગીઠીઓ બતાવી. દરબારશ્રી તુરતજ કપડાં પહેરી જમ્યાવિના ગાડીમાં બેસી સાહેબ આગળ ગયા. અને કુટનો કંડીઓ મેલી, સાહેબને પ્રભુપ્રસાદીનો પુલદાર પહેરાવ્યો. પ્રાંતસાહેબ ગુસ્સાથી બોલ્યો કે "કયું દરબાર હમેરા હુકમકા અપમાન કીયા?" દરબારશ્રીએ ખુલાસો કર્યો કે "હું હંમેશાં ૭ કલાક ખુદાની બંદગી કરૂંછું. તેથી મને આપના આવેલા મોસલની ખબર નથી. કારણ કે હું બંદગીમાં હતો. હજી હું જમ્યો નથી. મને આપશ્રીના ખબર થયા કે તુરતજ આપ આગળ આવ્યો છું. આમાં જરા પણ ખોટું નથી. પુછો અમારા ભાગદારશ્રીને તેથી તે ભાગદારશ્રીએ તથા અન્ય જાણીતા શહેરીઓએ ખાત્રી આપી જે દરબારશ્રી દરરોજ ૭ કલાક ધ્યાનમાં બેસે છે તે હકીકત ખરી છે." સાહેબ તેથી ઘણોજ ખુશી થયો. અને કાયમના માટે એક એવું ફરમાન લખી આપ્યું કે "લોધીકા તાલુકદાર અભયસિંહજીને, ગમે તેવું સરકારી કામ હોય તોપણ કોઇ બ્રિટીશ અમલદારે બપોરના એક વાગ્યા સુધીમાં હાજર રહેવા ફરજ પાડવી નહિં. કેમકે તે દરરોજ એક વાગ્યા સુધી ખુદાની બંદગી કરેછે." ઉપરનું ફરમાન પોતાની સહી સિક્કો કરી દરબારશ્રીને આપ્યું હતું. અને તેનો અમલ દરબારશ્રીની હયાતી સુધી સંપુર્ણ રીતે થયો હતો.

ઉપરના બંન્ને કિસ્સામાં તેમની ટેક બરાબર જળવાઇ હતી. તે તેઓશ્રીની ભક્તિનોજ પ્રભાવ હતો. દરબારશ્રીએ પોતાની હયાતિમાં સ્વામિનારાયણની બંન્ને ગાદિના આચાર્ય મહારાજશ્રીને પધરાવી યોગ્ય સેવા કરી હતી. અને આઠે મંદિરમાં મોટા સમૈયા ઉત્સવોમાં ઉત્તમ પ્રકારની રસોઇઓ કરાવી સાધુઓને જમાડી સંતુષ્ઠ કર્યા હતા. દર સાલ ભીમ-એકાદશીના સમૈયા ઉપર તેઓશ્રી જુનાગઢ જતા અને બારસ-પારણાની કેરીની (રસરોટલીની) રસોઇ આપતા એક વખત જુનાગઢમાં કેરીની અછત હોવાથી, કેરી બહુજ મોંઘી મળતી હતી તેથી કામદારે આવી, "કેરીની અછત છે તેથી બહુ મોંઘી મળે છે, માટે બીજી કાંઇ રસોઇ આપીએ" એમ કહ્યું. દરબારશ્રી કહે "એક રૂપીઆનું એક ફળ મળે ત્યાંસુધી મને પુછવા આવવું નહિ" તેથી તુરતજ કામદાર કેરીઓ લાવ્યા. અને સેંકડો સાધુપુરૂષોને પારણા કરાવ્યાં. આવી પોતાની ટેક તેઓ નામદારે જીંદગી પર્યંત નીભાવી હતી.

ઠા. શ્રી. અભયસિંહજીએ સત્સંગ ક્રેમ વધુ પ્રવર્તે એવી ઇચ્છાથી સ્વામિનારાયણના લીલાચરિત્રો રામાયણના રાગમાં (દોહા, ચોપાઇ, સોરઠા,માં) રચાવી ગ્રંથ બાંધી પ્રસિદ્ધ કરવા **કવિરાજ ભીમજીભાઇને** એ કામ સોંપ્યું. ક્રમકે તેઓ પણ તેજ સંપ્રદાયના હોવાથી, વળી પોતાના મિત્ર હોવાથી એ કાર્યની ભલામણ તેમને કરવાનું યોગ્ય જણાયું. કવિરાજ ભીમજી ભાઇને તે વખતે ગિરાસ-વાસના કામ પ્રસંગે અવાર નવાર જામનગરમાં રહેવું પડતું. તેથી તેમણે ૨૫ અધ્યાય રચ્યા પછી **કવિશ્વર દલપતરામને** તેડાવી તે ગ્રંથ પુર્ણ કરવા દરબારશ્રીને સમજાવ્યા. તેથી દરબારશ્રીએ અમદાવાદથી કવિશ્વરને તેડાવ્યા. અને ભીમજીભાઇએ ગ્રંથ સંબંધી સર્વ હકીકતથી કવિશ્રીને વાકેફ કર્યા. તેથી કવિશ્વર દલપતરામભાઇએ ઉપરના ૨૫ અધ્યાય કાયમ રાખી હિંદી ભાષાના દોહા, ચોપાઇમાં રસ અલંકારોથી ભરપુર એ ગ્રંથ તૈયાર કર્યો. અને "**શ્રી પુરૂષોતમ ચરિત્ર**" એ ગ્રંથનું નામ આપી મુંબઇના નિર્ણયસાગર પ્રેસમાં છપાવી, પ્રસિદ્ધ કર્યો, એ કાર્ય માટે કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઇ લોધીકે લગભગ બે વર્ષ રહ્યા હતા, અને તેજ અરસામાં લોધીકાની ગુજરાતી શાળામાં આપણા **મહાકવિશ્રી નહાનાલાલભાઇને** ભણવા બેસાર્યા હતા. દરબારશ્રીએ એ ગ્રંથ ઉપરાંત **બ્રહ્માનંદ સ્વામિના** ચારણી ભાષાના છંદો વગેરેના અર્થો કવિશ્રી આગળ કરાવી એક નાનો સંગ્રહ છપાવી. "**છંદ રત્નાવલી**"ના નામે બીજો ગ્રંથ પણ પ્રસિદ્ધ કરાવ્યો. તે ઉપરાંત ***સ્વામિનારાયણનું જન્મ ચરિત્ર** ગુજરાતી ભાષામાં કવિશ્રી દલપતરામભાઇ પાસે

***"શ્રી સ્વામિનારાયણનું સંક્ષિપ્ત જીવન—ચરિત્ર"** (ચરિત્ર-ચંદ્રિકા પાના ૪૭૨) ઇસ્વિ સન ૧૭૮૧ ના એપ્રીલ માસની ૧૦ મી તારીખે એટલે સંવત ૧૮૩૭ ના ચૈત્ર સુદી ૯ ને સોમવારની દશઘડી રાત જતાં અયોધ્યાથી ઉતરમાં સાત ગાઉ ઉપર **'છપૈયા'** નામે ગામ છે ત્યાં સ્વામિનારાયણનો જન્મ થયો. તે વખતે મદ્રાસમાં અને કલકત્તામાં અંગ્રેજ સરકારનું રાજ્ય હતું. અને અયોધ્યામાં નવાબ નાનો હોવાને લીધે તેની મા (બેગમ) રાજ્ય કરતી હતી. સ્વામિનારાયણના પિતાનું નામ **'ધર્મદેવ'** તથા માતાનું નામ **'ભક્તિદેવી'** હતું. તે જ્ઞાતે સરવરીઆબ્રાહ્મણ, સામવેદી, કૌથમી શાખાના હતા તેમનું સાવર્ણ્ય ગોત્ર હતું. સ્વામિનારાયણનું જન્મનું નામ **'હરિકૃષ્ણ'** અથવા **'ઘનશ્યામ'** હતું. તેમની આસરે અઢી વર-

લખાવી સાર્વજનિક ઉપયોગમાં આવે માટે (**ચરિત્રચંદ્રિકા**) નામના પુસ્તકમાં છપાવવા મોકલ્યું હતું. જે ચરિત્ર આ નીચે ફુટનોટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

લોધીકા તળપદમાં તથા પોતાના દરેક ગામોમાં સ્વામિનારાયણના મંદીરો પાકાં ચણાવી મુર્તિ–પ્રતિષ્ઠાઓ કરી હતી. અને લોધીકામાં તો ત્રણ માળનું વિશાળ હરિ–મંદિર, શ્રીગણપતિ તથા શ્રીહનુમાનજીની મોટી મુર્તિઓ, અને શિવ–પાર્વતિ વિગેરે પંચદેવની સ્થાપના કરી, ફરતો વંડો કરાવી હરિ–મંદિરમાં નીચેનો શીલાલેખ કોતરાવી નીચે પોતાના હસ્તક્ષરની સહી કોતરાવેલ છે જે હાલ મંદીરમાં પગથીયા ચડતાં ડાળા હાથ તરફ ગણપતિની દેરીની દિવાલમાં મોજુદ છે. —: **લેખની નકલ** :—

" શ્રી સ્વામિનારાયણનું મંદિર શ્રીવડતાલવાસી શ્રીલક્ષ્મીનારાયણદેવની ગાદીના આચાર્ય શ્રી વિહારીલાલજી ભગવત્ પ્રસાદજી મહારાજના સોરઠ દેશમાં જીરણગઢવાસી શ્રી રાધારમણ દેવના દેશમાં મોટેરા સદ્‌ગુરૂ ગુણાતિતાનંદ સ્વામિના શિષ્ય જાડેજા અભયસિંહજી જીભાઇ લોધીકા–દરબારે પોતે શ્રી હરિ–મંદિર સંપૂર્ણ કરાવી મહારાજા ધિરાજશ્રી વિહારીલાલ ભગવતપ્રસાદજીમહારાજને આ મંદિર કૃષ્ણાર્પણ કર્યું છે. આ મંદિર ઉદ્ધવ સંપ્રદાયના બ્રહ્મચારી, સાધુ, બાળા, હરિજન તેમને ભજન સ્મરણ કથા કિર્તન કરવા સારૂ બનાવ્યું છે પણ લોકમાં કીર્તી વાસ્તે નથી કર્યું. કેવળ પ્રભુ પ્રસન્નતાને અર્થે છે. આ મંદિર ચણનાર કડીઆ દેવરાજ મુળજી રાજકોટ આ મંદીર કરાવવા ઉપરી સ. ગુ. ગુણાતિતાનંદ સ્વામિના શિષ્ય અક્ષર સ્વરૂપદાસજી સંવત ૧૯૩૮ના માગસર વદ ૬ ને દન **લા. ઠા. અભેસંઘજી જીભાઇ** સહી દા. પોતાના"

ઠા. શ્રી. અભયસિંહજીએ પોતાની હયાતિમાં ધર્મ કાર્યોમાં કુલ એક લાખને છત્રીસ હજાર રૂપીઆ વાપર્યા હતા તેઓ નામદાર કવિતાના ઘણા શોખીન હતા. એક વખત રાજકવિ ભીમજીભાઇને સુચવ્યું કે એક એવું કાવ્ય રચો જે તમામ ક્ષત્રિયોને ધર્મનો ઉપદેશ થાય જેમ રણક્ષેત્રમાં જવા કવિઓ બિરદાવળી રચી બોલતા તેમ ધર્મ–ક્ષેત્રમાં પ્રવર્તાવવા એક ઉપદેશી કાવ્ય રચો. તે ઉપરથી દસેરાની કચેરીમાં સર્વ ભાયાતો અને અન્ય ગૃહસ્થોની સભામાં રાજકવિ ભીમજીભાઇએ ઠાકોરશ્રી અભયસિંહજી ક્ષત્રિઓને ઉપદેશ કરે છે. તેવા ભાવવાળું ચારણી ભાષાનું સપાખરૂં ગીત રચી સંભળાવ્યું હતું. જે નીચે મુજબ છે :—

સની ઉમર થયા પછી તેમનાં માતપિતા પરિવાર સહિત અયોધ્યામાં રહેવા ગયાં. સ્વામિનારાયણના એક મોટા ભાઇ હતા તેમનું નામ રામપ્રતાપજી હતું. અને અયોધ્યામાં તેમના નાનાભાઇ ઇચ્છારામજીનો જન્મ થયો. હરિકૃષ્ણ મહારાજને આઠમે વર્ષે જનોઇ દીધું ને વેદારંભ કરાવ્યો. નાનપણથીજ તેમને દેવ દર્શન કરવા જવું. તીર્થ કરવા જવું તથા જપ, તપ, વૃત, બહુ ગમતાં હતાં, એવું તેમના જન્મચરિત્રના ગ્રંથમાં લખ્યું છે. એમની આસરે અગિઆરવર્ષની ઉંમર થઇ ત્યારે તેમના માતપિતાએ દેહ મુકયા. તે પછી સ્વામિનારાયણ અયોધ્યાથી બ્રહ્મચારીને વેશે તીર્થ યાત્રા કરવા સારૂ ચાલી નીકળ્યા (વિ. સં. ૧૮૪૮) તેમણે પ્રથમ બદ્રિનાથનાં દર્શન કરીને હિમાલયની આસપાસનાં તીર્થ કર્યાં. ત્યાં તેમને ગોપાળયોગીનો મેળાપ થયો. તેમની પાસે કેટલાક માસ રહીને અષ્ટાંગ યોગનો અભ્યાસ કર્યો. પછી

* શ્રી અભયસિંહજી ઉપદેશ માળા કાવ્ય. *

॥ ગીત જાતિ સપાખરું ॥

આછા બોલહી અતોલસો અમોલ અમેસંગ આખે । રાખે નીત વેણ ભાખે બાણહી રામેવ સુંણો છત્રીબંસ સાખે વેદ યું હંમેશ દાખે । ગૃહો ધ્રમબાત લાખે ટેક જ્યું ગંગેવ રજપુતાં બંસ મધ્યે તીન બાતાં બડી રાજે । ભક્તિ દાતારાં સુરવીર સો ભણાય જુગતિ દેહકી જુવો ચોંપથી આવેશ જરા । ગતિ દીનબંધુ નવી નોકથી ગણાય પાણીકા પતાસા જેસા દેહકા તમાસા દેખો તાસા દીલ દીહુ ખાસા કરી લો તપાસ આસપાસ દેખ ભાસા પાસા ચોરાસીકી આસા, હાસાસેં ગનાસા હરિ નમકા હુલાસ ભરતખંડમેં નાથ નરં દેહ દીધ ભારી, અળાંપે સંસાર સિંધુ તરાંકા ઉપાય પ્રગટપ્રભુહિ વિના ઓરહી પાપળાં પેખો, ગાંઠડુંકી મુડી જાસો હાથસું ગુમાય રાજવંસી હંદી આસા ધરમ અનાદી રાજે, ત્રીલોકી નાથકા સદા ભજનંકા તાન પ્રભુકી ભક્તિ હંદા પ્રતાપ અલોકી પામેં, પ્રેહલાદ ધ્રુવ જેસે કરાહે પ્રમાન

ત્યાંથી ફરતા ફરતા જઈને સેતુબંધ રામેશ્વરની યાત્રા કરી. ત્યાંથી પાછા ફરીને પંઢરપુરમાં શ્રીવિઠ્ઠલનાથજીના દર્શન કરીને તાપી, નર્મદા, મહી, અને સાબરમતી ઉતરીને ભાલદેશમાં ભીમનાથનાં દર્શન કર્યાં. ત્યાંથી ગોપનાથના દર્શન કરીને માંગરોળમાં થોડા દીવસ રહીને ત્યાંથી લોજ ગામમાં સંવત ૧૯૫૬ના અશાડાદી શ્રાવણ વદ ૬ના રોજ આવ્યા. ત્યાં રામાનંદ સ્વામીનો અખાડો હતો. તે **રામાનંદ સ્વામિ** તે વખતે કચ્છના ભૂજ શહેરમાં હતા અને તેમના મુખ્ય શિષ્ય **મુક્તાનંદ** આદિક પચાસ સાધુઓ લોજમાં રહેતા હતા, તેમની જગ્યામાં સ્વામીનારાયણ પણ જઈને રહ્યા. તે રામાનંદ સ્વામી રામાનુજ આચાર્યના મતના હતા. પણ તે મતમાં કેટલેકએક સુધારો કરીને લોકોને અસર કારક ઉપદેશ કરતા હતા. તેથી તેમનો ધર્મ નવો છે. એમ લોકોને લાગતું હતું. તેમણે તીર્થવાસીઓને માટે છત્રીશ ગામોમાં સદાવ્રત બાંધ્યાં હતાં. કોઇ તીર્થવાસુ મુમુક્ષુ હોય તે રામાનંદ સ્વામીનો ઉપદેશ સાંભળીને ત્યાંજ રહી જતા, અને રામાનંદ સ્વામિના શિષ્ય થતા હતા.

રામાનંદ સ્વામીના શિષ્યો તથા તેમની સાધારણ જગ્યાઓ અમદાવાદથી ભૂજ લગીમાં કેટલેક ઠેકાણે હતી. જે વરસમાં સ્વામિનારાયણ લોજમાં આવ્યા તેજ વરસમાં અંગ્રેજ સરકારે સુરતનું રાજ્ય લીધું.

—: તે વખતે આ દેશની સ્થિતિ :—

સ્વામિનારાયણના જન્મ પહેલાં આ દેશની સ્થિતિ કેવી હતી તે જાણવાને લખું છું. દિલ્હીમાં ફાંશીઆનો ધર્મ ચાલતો હતો, તેનો ગુરૂ એવો ઉપદેશ કરતો કે 'હું રૂમાલ મંત્રીને આપું તે વડે કોઇ માણસને ગળે ટુંપો દઈને મારી નાંખશો અને તેની પાસેથી જે મીલ્કત હોય તેનો ચોથો ભાગ ગુરૂને આપીને બાકીની મીલ્કત તમો રાખશો તોતમને તેથી મહાકાળી પ્રસન્ન થશે.' તે ફાંસીઆના ધર્મમાં ઘણાં હિંદુ-મુસલમાનો ભળ્યા હતા અને પોણોસો અથવા તો તેથી પણ વધારે ટોળાં બંધાઈને જાણે કે મોટા વેપારી હોય અથવા કોઇ દેશના

જનક વિદેહી ઓર અમરીશ રાજા જુવો, ગોપીચંદ છોડ દીધા માળવા ગરાસ
ભારતં રાજકું ત્યાગી વનમે ઉદાસી ભમ્યા, હરિકા ભજનસાથે રાખીયા હુલાસ
હનુમંતે કીધ સેવા પ્રગટ પ્રમાણ હરિ, સાચા સુગ્રિવ મેટયા સાબધા સંતાપ
વિભીષણ લંકેસરી રઘુપતિ મન ભાયો, પાયો ચીરંજીવી રાજ ભક્તિ પ્રતાપ
માનધાતા હરિચંદ રોહોદાસ શિરોમણિ, પાંચે પંડુહુંકી દેખો કીર્તિ પ્રસિદ્ધ
ભારથે પારથં હંદા રથ ખેડ હુવા મેરુ, કોરવાંકું ખેડ ખેરુ દડી દોટ કીધ
ગંગાકા સુતકી ફેલી કીર્તી દેશમેં ગાદી, જંગા જીત નાહી મેલી ટેકહી જરુર
કાળકું હઠાયા પીછા ભક્તી ભાવસો કોપી ક્રિપાનાથ માથે બાણ ફેકીયા કરુર
હરિને ગંગેવ માથે ચકરં ચડાયા હાથે, સાથે આયા ખેલ જોવે દેવતા સમાજ
આપકા બિરદ ભાળી દાસકા માનહી અકે મહા સેવગાંકો લાજ વધારી મહારાજ

સુધા હોય તેવા આડંબરથી દેશ તંબુ સાથે મધ્ય હિંદુસ્તાન તથા દક્ષિણ હૈદરાબાદ સુધીમાં ફરતા હતા. રસ્તામાં જે માણસો મળે તેને પોતાની છાવણીમાં રાતે વિશ્વાસ દઇને રાખીને ફાસી દઇને મારી નાખતા હતા, કોદાળી પાવડા વગેરે હથીઆર પણ સાથેજ રાખતા. એક ખાડામાં ૧૦–૧૨ માણસોને દાટી દેતા હતા. તે વિષેની હકિકત અંગ્રેજી ઇતિહાસ ઉપરથી અમીરઅલ્લીની ચોપડી જે ગુજરાતીમાં છપાઇ બહાર પડી છે, તેમાંથી મળી આવે છે. એ અમીરઅલ્લીને જ્યારે અંગ્રેજ સરકારે પકડયો ત્યારે તેણે જે કર્મ કરેલાં તે કબુલ કરતાં કહ્યું કે:—" મેં આજ સુધીમાં સાડાસાતસેં માણસના જીવ લીધા છે, ને જો હું ન પકડાયો હોત તો થોડા દિવસમાં એક હજાર પુરા કરત.

આ મધ્ય હિંદુસ્તાનમાં ફાંસીઆઓનો એવો ત્રાસ હતો કે સાથે જોખમ રાખીને મુસાફરી થઇ શકે તેવું નહોતું પરગામ માલ મોકલવો મુશ્કેલ હતો. અને દેશમાં એક સર્વોપરી સત્તાની ખાસ જરૂર હતી. કારણકે તે વખતના રાજાઓ કાંઇ પણ બંદોબસ્ત કરી શકતા નહિં. આવા સમયમાં હિંદુસ્તાનમાં અંગ્રેજ સરકારનું રાજ્ય પરમેશ્વરે દયા કરીનેજ મોકલ્યું હોય તેવું લાગે છે!

ગુજરાતની સ્થિતી,

તે વખતે ગુજરાતની સ્થિતી કેવી હતી તે વિષે કવિ વલ્લભ ભટે કળિકાળના ગરબામાં સારી પેઠે વર્ણન કરેલું છે. દેશમાં ચોરી, વ્યભિચાર અને અન્યાય વગેરેનું પાપ અતિશય વધી ગયું હતું, ઉંચી જાતોમાં વામ માર્ગ બહુ ફેલાયો હતો. કાઠીઆવાડના કાઠીઓ, અને ચરોતરના કોળીઓ થોડા માણસો મળીને રસ્તે જનારને લૂંટી લેતા હતા ને માણસની હત્યા કરવામાં વાર લગાડતા નહિં, બારવટાં કરતા હતા, કોળી ખાતર પાડતા હતા. તેઓ જોરાવર રાજની ફોજથી પણ પકડાય તેવા ન હતા. કેમકે ઝાડીઓ અને ડુંગરોમાં તેઓ ભરાઇ રહેતા. માટે આ દેશમાં તો અસર કારક ઉપદેશ કરનાર મહાપુરૂષની જરૂર હતી. કચ્છમાં જાડેજા રજપુતો દીકરીઓને મારી નાખતા હતા. ત્યાં પણ ઉપદેશ કરનારા મહાપુરૂષની જરૂર હતી માટે જાણે કે પરમેશ્વર સ્વામીનારાયણને આ દેશ ઉપર કૃપા કરીને અસર કારક ઉપદેશ કરવા મોકલ્યા હોય! તેમના શિષ્યો તો તેમને સાક્ષાત પરમેશ્વરજ માને છે.

દીનપે દયાળુ બડે ક્રિપાળુ જગકે દાતા. માયાળુ દેવકે તાતા અસુરાંકાં માર સંસાર સાગરં મધ્યે પારહી ઉતારે સાંયા એક પ્રભુ બિના દુજો નાહિં કો આધાર પતિ તીન લોકહુંકી ભગતી માતમં પાવે, અતિસે ભરોસા આવે શામકા અથાગ પતિતં પાવનં થાવે જાવે પાપહુંકા પુંજ, ભાવે સચ્ચિપતિ ગાવે વાકા મોટા ભાગ અજામેળ પાયો ગતિ અહલ્યા શિલાતેં ઉઠી, ગીધહી ગનીકા ગજરાજ ગાળા ગેમ પંચાળી નિભાવે લાજ સભામેં ચીરહી પુરે, કહો દાસહુંકી વારે નાવે સ્વામિ કેમ સદામા તાંદુલ પાવે અતાગં સમાપે સધિ, પેયજું આરોગી રાખ્યો નામાકો પ્રમાણ માંડણકું બહુનામી મોળીયો બંધાયો માથે. નરસીકુ દીધો હાર હાથસેં નારાણ એસા કામ કીધ અગે વીસરેગો કેમ અબે, સબે કામ સાધી લેજો મળ્યાહે સમાજ પ્રગટ પ્રભુહી જબે ભજે તબે પાર પાવે મહામે'ર પૃથિમાથે કરીહે મારાજ

પછી રામાનંદ સ્વામીએ કચ્છમાંથી આવીને **સ્વામિનારાયણને** ભાગવતી દીક્ષા આપી **સહજાનંદસ્વામિ** એવું નામ પાડ્યું. લોકો તેમનું બીજું નામ સ્વામિનારાયણ કહેવા લાગ્યા. પછી સંવત્ ૧૮૫૮માં રામાનંદ સ્વામીએ પોતાની ગાદી સ્વામીનારાયણને સોંપીને પોતે દેહ ત્યાગ કર્યો. આ વખતે સ્વામિનારાયણની ઉમર ૨૧ વરસની હતી, પણ તેનો ચમત્કાર જોઈને મુક્તાનંદ સ્વામિ આદિક સાધુઓ તથા રામાનંદ સ્વામીના અન્ય શિષ્યો તે સર્વે સ્વામિનારાયણને ઇશ્વર ૩૫ માનવા લાગ્યા. ॥ **સમાધિ વિષે** ॥

પછી સ્વામિનારાયણે માંગરોળમાં જઈને સમાધિનું પ્રકરણ ચલાવ્યું. સમાધિ બે પ્રકારની છે. એક હઠયોગની અને બીજી રાજયોગની તેમાં આસનવાળી પ્રાણાયામ કરીને એટલે પ્રાણને નિયમમાં લાવીને અભ્યાસ કરી કેટલાક યોગીઓ. સમાધિ ચડાવે છે તેને '**હઠયોગ**' ની સમાધિ કહે છે. અને ઇશ્વરનું ધ્યાન કરતાં તથા તેનો મહિમા વિચારતાં અતિ આશ્ચર્ય ઉપજે, શરીરના રૂંવાટાં ઉભા થાય, આંખમાં આંસુ આવે પછી પ્રેમની અતિશય અસર થવાથી, નાડી અને પ્રાણ ચાલતાં બંધ થાય તેને '**રાજયોગ**'ની સમાધિ કહે છે. તે સમાધિવાળાને જેવો પોતાના અંતઃકરણમાં ભાવ હોય તેવા ભગવાનનું અને ધામનું તથા રૂપનું દર્શન થાય છે. સ્વામિનારાયણના શિષ્યો હઠયોગની સમાધી કરતા નહોતા, પણ સ્વામિનારાયણના કેટલાક શિષ્યો તેમના સામું જોતા, કે પરગામમાં રહીને સ્વામિનારાયણનું ધ્યાન કરતા અતિશય પ્રેમાતુર થવાથી તેનાં નાડીને પ્રાણ બંધ થઇ જતાં હતાં અને ઇચ્છિત ધામનું દર્શન થતું હતું. એવી **રાજયોગની** સમાધિ થતી હતી. તેમજ સ્વામિનારાયણનો શિષ્ય નહોય પણ તેમની પાસે જઈને આંખે આંખ મેળવે એટલે તેને સમાધિ થતી હતી.

અંગ્રેજી ભણનારા કેટલાએક એમ ધારે છે, જે તે. મેસ્મેરીઝમની ક્રિયા કરતા હશે, પણ આતો સ્વામિનારાયણ રૂબરૂમાં નહિં છતાં તેમનું ધ્યાન ધરવાથી સમાધિ થતી હતી. સ્વામિનારાયણે દેહ મુક્યા પછી, પણ ત્રીશ વરસ સમાધિનું પ્રકરણ ચાલતું હતું. સ્વામિનારાયણનો ધર્મ સમાધિના પ્રકરણથી ઘણોજ વધવા લાગ્યો, કચ્છ, ગુજરાત અને કાઠીઆવાડમાં સ્વામિનારાયણ જ્યાં જ્યાં ફર્યા, ત્યાં તેમના ઉપદેશથી તથા તેમના સાધુઓના ઉપદેશથી ધર્મ વધવા લાગ્યો.—

दारुवांका प्याला पीसे जासे चंदहुसे ढाबा, खांते मांस खासे आसे वंशमें खुवार जमकंठ आसे चडी चोटसुं चपेटी जासे, पासे चोरासीका दुःख पापीया अपार जमीमें पारकी त्रीया मातही समान जाणे, होको दारु माटी सबे करी दो हराम जुठहु न बोलो कबे चोरकी न दीशा जाओ, अमरं नाथपें खासा पामसो आराम संतका समाज राखों चंतका गतीकु साधे, जंतका नकेजो हींसा अंतका जराय धुनारावंतकी कळा तागदो अधम द्वारा, कमळाकंतका ध्यान चित्तमें कराय लोकहूंकी लज्जा भार समाही विचार लावो, सुद्धही धर्म पाळो तागदो शरम परमं अनादीहंदा भरम विचार पढी, केशवं कृपासे बुरा कढासे करम लोधीकासे धणी कहे रदे बात धरी लेजो, रेजो शुभरीत हूंसे सबेहीं राजंद मळा हे प्रगट प्रभु भवहुंका फेराटळा, नोधारां ओधार भेट्या स्वामि सहजानंद

કાઠીઆવાડમાં ગઢડાના દરબાર કાઠી દાદાખાચર શિષ્ય થવાથી સ્વામિનારાયણે ગઢડામાં તેમના દરબારમાંજ સ્થિતિ રાખી હતી. અયોધ્યાથી **રામગલેાલા** નામે મોટી પોતાનું ઝુંડ લઇને, નોબત નીશાન અને રણશીંગડું સાથે રાખીને દ્વારકાની જાત્રા કરવા જતા હતા. તેણે કાઠીઆવાડમાં આવતાં સ્વામિનારાયણનો મહિમા સાંભળ્યો. તેથી તેણે તેમના પાસે જઇને થોડા દિવસ મુકામ રાખી ઉપદેશ સાંભળ્યો. તેથી તેમના મનમાં એવી ઇચ્છા થઇ કે હું અહિં સ્વામિનારાયણનો સાધુ થઇને રહું. તેણે પછી પોતાના સરંજામને જવાની રજા આપી, પોતે સ્વામિનારાયણના શિષ્ય થયા અને તેમનું નામ **આનંદાનંદસ્વામિ** પાડયું. એજ રીતે કેટલાએક વેદાંતીઓ, સન્યાસીઓ. અને કેટલાએક વૈરાગીઓને તથા જૈનના ગોરજીને ઉપદેશ આપી પોતાના સાધુ કર્યા, તેવા સન્યાસીઓમાં કૃષ્ણાનંદ, દેવાનંદ વગેરેના નામો પ્રસિદ્ધ છે. વૈરાગ્યનો એવો તો અસરકારક ઉપદેશ કરતા કે તે સાંભળીને કેટલાએક પોતાની નાની ઉમરમાં પોતાની સ્ત્રીઓને ત્યજી, અને કેટલીએક નાની ઉમરની સ્ત્રીઓએ સંસારનો ત્યાગ કર્યો. ઘણા કાઠીઓ પણ સત્સંગી થયા. તેઓ દારૂ માંસના ખાનારા અને લુંટી લેનારા હતા, છતાં શુદ્ધ બ્રાહ્મણના જેવો આચાર પાળવા લાગ્યા. તેઓ ગળ્યાવગરનું દૂધ કે પાણી પીએ નહિં. માખી, મચ્છર કે માકડની પણ હિંસા કરે નહિં એવા નિયમવાળા થયા. કેટલાએક કાઠી તાલુકદારની દીકરીઓ નામે **રાજબાઇ, જીવુબાઇ** તથા **લાડુબાઇ** વગેરેએ નાનપણથીજ સંસારનું સુખ હરામ કર્યું. **॥ બ્રહ્માનંદ સ્વામિ ॥**

આબુ પર્વત પાસે ખાણ ગામના આશીયા ઓડકના મારૂ ચારણ **લાડુ ગઢવી** કવિતા કરવામાં ઘણાં હુશિઆર હતા. તેણે કાઠિઆવાડના રાજ્યસ્થાનોમાં ફરી ઇનામ મેળવ્યાં અને ભાવનગરના વજેસંગજી મહારાજ પાસેથી પણ સારૂં ઇનામ મેળવ્યું. પછી તેઓ ગઢડામાં સ્વામિનારાયણ પાસે ગયા તેમનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય ઉપજવાથી સંસારનું સુખ મિથ્યા જણાતાં, સાધુ થયા. તેનું નામ **બ્રહ્માનંદ** પાડયું.

એક વખતે સ્વામિનારાયણે કચ્છમાં રહીને કાઠિઆવાડના કેટલાએક વતનદાર કાઠીઓને, રજપૂતોને અને વાણીઆઓને એવા કાગળો લખાવી મોકલ્યા કે, 'જો તમારે કલ્યાણનો ખપ હોય અને મારા વચનમાં જો દૃઢ વિશ્વાસ હોય તો તરત સંસાર ત્યજીને દાઢી મૂછો મુંડાવી

ઉપરનું કાવ્ય સાભળી બાપુશ્રી ખુબ ખુશ થતાં, કવિશ્રાને કિંમતી પોશાક આપ્યો હતો. રાજર્ષિ હાકોરશ્રી અભયસિંહજીએ રાજ્યતંત્ર ચલાવતાં ધર્મ કાર્યો કર્યા હતાં. તે જનક વિદેહી જેવા રાજર્ષિને ધ્યાનમાં (પુજામાં) બેસવાની ઓરડી લોધીકાના સ્વામિનારાયણના મંદિરને બીજે મજલે હાલ મોજુદ છે. તેમાં જનાર વ્યકિતને અત્યારે પણ શાંતિ ઉત્પન્ન થાય છે. એ અક્ષર ઓરડીના દર્શન કરવા સ્વામિનારાયણ સિંપ્રદાયના સેંકડો સાધુ હરિજનો હાલ પણ લોધીકે આવે છે. અને એ ભકતરાજ રાજવિના ગુણાનુવાદ એ સંપ્રદાયમાં કથા રૂપે આજે પણ ગવાય છે. એ જનક વિદેહી સમા રાજવિનો ફોટો અહિં આપવામાં આવ્યો છે જે જોતાંજ તેઓનો અસલી ક્ષત્રિય જાતિનો પહેરવેશ તથા ભવ્ય લલાટ પ્રદેશમાં ઉર્ધ્વ પુંડ્ર તિલક જમણા હાથમાં માળા ખોળામાં કટારી, અને બોળામાં તલવાર જોનારના હૃદયમાં કાઇ અજબ છાપ પાડે તેવો છે.

સાધુ થઇને અમારી પાસે આવવું' એવા કાગળો વાંચીને તેઓ સાધુ થઈ ભુજમાં સ્વામિનારાયણ પાસે ગયા, ફકત બે જણા થઇ શકયા નહિં. તેઓનાં દષ્ટાંત દેવાય છે કે, જો સમજણમાં કચાશ હોય તો શેઠ મુળજીભાઇની પેઠે સંસાર છોડાય નહિં. પછી તેઓને થોડાદિવસ સાધુ રાખીને સ્વામિનારાયણે ઘણો આગ્રહ કરીને પાછા પોતાને ઘેર મોકલ્યા, પણ આખા દેશમાં એવી ભુમ પડી કે 'સ્વામિનારાયણ લોકોને ગાંડા કરી નાખે છે. લોકોને એવી તો ખાત્રી થઇ કે, માણસથી થઇ શકે નહિં એવાં કામ સ્વામિનારાયણ કરે છે, તેથી પ્રતિપક્ષીઓ એમ પણ કહેવા લાગ્યા કે સ્વામિનારાયણે બાજરો ભૂત વશ કરેલો છે, તેથી લોકોને ભમાવી શકે છે. વળી જે જે મતના લોકોને સ્વામિનારાયણે પોતાના કરી લીધા તે તે મતના ધર્મ-ગુરૂઓએ સ્વામિનારાયણ ઉપર ઘણું ઝેર વેર રાખવા માંડયું અને એવાં ગપાં ચલાવવા લાગ્યા કે સ્વામિનારાયણના સાધુને જ્યારે અંતકાળ આવે છે, ત્યારે કુવામાં નાખી દે છે. આ વાત સમજુ માણસ તો માને નહિં; કારણ કે એમ કરે તો કુવો ગંધાઇ ઉઠે.

બોટાદના તથા બીજા કેડલાએક વિશાશ્રીમાળી ઢુંઢીઆ વાણીઆને સ્વામિનારાયણે પોતાના શિષ્ય કરી લીધા. તેથી શ્રાવકો પણ ઝેર રાખવા લાગ્યા. કારણ કે અસલથી એક કહેવત ચાલતી આવે છે કે, "વિશાશ્રીમાળી કોઇ વૈષ્ણવ હોય નહિ." તેથી દરેક પંથના ગુરૂઓ પોતાના શિષ્ય રાજા હોય કે પ્રજા હોય તેઓને ઉશ્કેરવા લાગ્યા. તેથી સ્વામિનારાયણ જ્યાં જાય, ત્યાં ગામમાં પેસવા દે નહિ, લોકો ભેળા થઇને ધુળની ફાંટો નાખે, પથરા નાખે, અને તિરસ્કાર કરે તે બધું તેઓ ગંભીરતાથી સહન કરતા હતા. વેરાગીઓએ સ્વામિનારાયણના સાધુને વાટે લુંટવા માંડયા, કંઠીઓ તોડવા માંડી અને શાલિગ્રામ કે લાલજી હોય તેમને લઈ લેવા માંડયા, કે તમો અમારા દેવને શા સારૂ પુજો છો? એ વખતે કોઇ રાજાઓએ તે સાધુનું રક્ષણ કર્યું નહિં. ત્યારે સ્વામિનારાયણે પોતાના સાધુઓને કહ્યું કે, "તમારૂં રક્ષણ કરનારૂં ન્યાયી રાજ્ય ગુજરાતમાં થાય નહિં, ત્યાં સુધી તીલક, કંઠી, કે લાલજીની પુજા રાખવી નહિં. અલખી પહેરીને પરમહંશનો વેશ રાખવો. ઘેર ઘેર જઇ રાંધેલા અન્નના ટુકડા માગીને નદી કે તળાવ ઉપર જઇ, તે અન્નમાં પાણી છાટીને તેના ગોળા વાળીને એક હાથમાં મુકીને બીજે હાથે ખાવું. ત્યારે તે સાધુઓએ તેમ કર્યું.

તેઓ નામદારશ્રીને ત્રણ કુમારો હતા તેમાં પાટવિકુમારશ્રી હા.રા.રા.હુજી ગાદીએ આવ્યા અને કુ.શ્રી **માંધવસિંહજી** તથા કુ.શ્રી **નારસિંહજી**ને ભીંચરી ગામે ગીરાસ મળ્યો જેમાંના કુ.શ્રી નારસિંહજી હાલ વિદ્યમાન છે. તેઓશ્રી પણ પરમ ભક્તરાજ છે અને ચારેય ધામની યાત્રા કરી આવેલ છે.

સ્વામિનારાયણનો પંથ કોણે ચલાવ્યો?

કેટલાએક ભોળા લોકો એમ બોલે છે કે, **મુક્તાનંદ સ્વામિ, બ્રહ્માનંદ સ્વામિ, ગોપાળાનંદ સ્વામિ** તથા **નિત્યાનંદ સ્વામિ** એ ચાર પંડિતોએ મળી, સંપીને સ્વામિનારાયણને–ઈશ્વરરૂપ ઠરાવ્યા અને ધર્મ ચલાવ્યો. પણ એ વાત અમારાથી મનાતી નથી, કેમકે–ગુરૂ થવું અને સાહેબી ભોગવવી તે સૌને ગમે છે, પણ ચેલા થઈને ગુલામગીરી ભોગવવી કોઇને ગમે નહિં. પાલખીમાં બેસવું સૌને ગમે પણ ઉપાડવાનું ગમે નહિં. તો સ્વામિનારાયણ પાલખીમાં બેસતા હતા. રાજાઓના દરબારમાં ભાતભાતના ભોજન જમતા હતા, અને ઉપર લખેલા તેમના પંડિત સાધુઓ અલરી પહેરીને ઉઘાડે માથે પગમાં જોડા વગર ઘેર ઘેર ફરીને ટુકડા માગી ખાતા હતા, સ્વામિનારાયણનું ભજન કરતા હતા. તથા લોકોને પણ તેમનું ભજન કરવાનો ઉપદેશ કરતા હતા. વળી કોઇ વખતે સ્વામિનારાયણે એવી આજ્ઞા કરીકે તમારે વસ્તિમાં રાતવાસો રહેવું નહિં, પણ વગડામાં છુટા છુટા ઝાડ હેઠે પડી રહેવું, તો તે આજ્ઞા પ્રમાણે પણ સાધુઓ ચાલતા હતા. અત્યારે પણ મંદવાડ વગર સાધુઓને ખાટલામાં સુવાની રજા નથી. ગમે તેવી ટાઢ હોય પણ બંડી કે ડગલી પહેરાય નહિં. એવું. દુઃખ જો તેઓ સ્વામિનારાયણનો મહિમા ન જાણતા હોય તો શામાટે વેઠે?

પ્રતિપક્ષીઓ ઘણું વેર રાખતા હતા. તે માટે કેટલાએક કાઠીઓ, રજપૂતો, અને ઠાકરડાઓ હથીઆરબંધ થઇને સ્વામિનારાયણની સાથે ફરતા હતા. અમદાવાદમાં લોલંગર બાવાનો અખાડો હતો. તેમાં કેટલાક વેરાગીઓ હથિઆરબંધ રહેતા હતા. તેઓ સ્વામિનારાયણ ઉપર ઘણું વેર રાખતા હતા. તેઓએ સ્વામિનારાયણના સાધુઓ ટુકડા માગી ખાતા તેમને પકડી ખુબ માર માર્યો તે સમે ત્યાં પેશ્વાની તરફનો સુબો રહેતો હતો, તેની આગળ સત્સંગીઓએ જઇને ફરીઆદ કરી, ત્યારે સુબાએ એવો જવાબ દીધો કે "એતો ગાયે ગાયું લડી તેમાં અમે શું કરીએ?" તે પછી એક વખત સ્વામિનારાયણ અમદાવાદ ગયા અને શહેર બહાર બોખરા મહેમદાબાદ કરીને પરૂ છે ત્યાં ઉતર્યા. તેઓને મારવા સારૂ લોલંગર બાવો હથિઆર લઇને પોતાની જમાત સાથે ગયો. તે વખતે સ્વામિનારાયણ સાથે રજપૂતો અને ગરાશીઆ હતા. તેઓ વેરાગીઓની સામા લડ્યા. તેમાં એક બે વેરાગીનાં ખુન થયાં અને રજપૂતો ઘાયલ થયા. એજ રીતે મેધપુરમાં પણ એક માણસનું ખુન થયું.

કરીઆણીમાં, જેતલપુરમાં અને બીજે ઠેકાણે મોટા મોટા યજ્ઞ કરીને હજારો બ્રાહ્મણોને સ્વામિનારાયણે જમાડ્યા હતા. જેતલપુરમાં બ્રાહ્મણોને જમાડ્યા પછી સભા ભરીને વામમાર્ગનું ખંડન કર્યું તેથી વામમાર્ગીઓ અતિશય દાઝે બળવા લાગ્યા. અને પેશ્વાના સુબાને અમદાવાદમાં જઇને ઉશ્કેર્યા કે "સ્વામિનારાયણ પાખંડ ચલાવે છે, માટે તેને શહેરમાં પેસવા દેવા નહિં." પછી જ્યારે સ્વામિનારાયણ અમદાવાદમાં ગયા, ત્યારે સુબાએ છડીદારને મોકલીને

(૬)ઠાકોરશ્રી હરિસિંહજી

ઠા. શ્રી અભયસિંહજી પછી પાટવી કુમાર હરિસિંહજી ગાદી ઉપર આવ્યા. તેઓશ્રીએ પોતાના પિતાશ્રીની ઉતર ક્રિયામાં સર્વ ભાયાતોને તેડાવી અતિ ઉતમ કારજ કર્યું હતું. (અને કહેવાય છે કે એટલું બધું ઘી વાપર્યું હતું કે જે ઘી પૃથ્વી ઉપર ઢોળાતાં માણસો લપસી પડયાં હતાં. તે કારજ પછી રાજકોટ ચોવીસી અને સ્ત્રી વર્ગને કારજમાં તેડાવાનો પ્રતિબંધ થયો હતો) તેઓ નામદારશ્રી પણ પોતાના પિતાની માફક સ્વામીનારાયણ સંપ્રદાયમાં હતા. તેઓએ ગાદીએ બિરાજી પોતાના દરેક ગામોમાં દરબારી ઉતારા ચણાવ્યા હતા.

કહાવ્યું કે "જ્યાંસુધી પેશ્વાનું રાજ્ય રહે, ત્યાંસુધી તમારે અમદાવાદમાં પેસવું નહિ. હાલને હાલ તમો અમદાવાદમાંથી જાઓ? પછી તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા હતા.

—: સત્સંગીઓની દૃઢતા :—

સ્વામિનારાયણનો સત્સંગ છોડાવવાને કેટલાએકને તો નાતે જ્ઞાતિ બહાર કાઢયા, તોપણ તેણે તે ધર્મ છોડયો નહિ. કોઇ માબાપે દિકરાને ઘરમાંથી કાઢી મુકયો, તો કોઇ દીકરાએ માબાપને તજ્યાં, પણ સત્સંગ ત્યજ્યો નહિં. કોઇ પુરૂષ સત્સંગી થવાથી તેની સ્ત્રી રીસાઇને પીયર જતી રહી, તે ફરીથી આવીજ નહિં. કોઇ નાની ઉંમરની બાઇ સત્સંગી થઇ, તેથી સાસરીઆએ તેને તેડીજ નહિં. તોતે બાઇએ ચુડો અને ચોટલો કાઢી નાખી વિધવા અવસ્થામાં રહીને સ્વામિનારાયણનું ભજન કર્યું. કેટલાક શેઠોએ ગુમાસ્તાને કાઢી મુકયા. કેટલાએક મહેતાજીઓની ગામડી નિશાળો પ્રતિપક્ષીઓએ તોડી નાખી, તોપણ તેમણે સત્સંગ છોડયો નહિં. એવા કલેશથી કેટલાએક સંસાર ત્યજીને સ્વામિનારાયણના સાધૂ થયા અને બ્રાહ્મણો હતા તે બ્રહ્મચારી થઇ ગયા, પણ ધર્મ છોડયો નહિં. છેલ્લીવારે સંવત ૧૯૦૪ ની સાલમાં ગુજરાતમાં ગામો ગામ વાણિઆ વગેરેની નાતોમાં ઘણો કલેશ ઉપજ્યો અને સગો મરી જાય તેને બાળવા સ્મશાનમાં પણ જતા નહિ, એ કલેશ નજરે જોનારા અદ્યાપિ હયાત છે. કોઇ રાજાએ ગામમાંથી કાઢી મુકયા તો ગામ છોડીને ગયા પણ ધર્મ છોડયો નહિં. જેમ તુંબડીને પાણીમાં વધારે નીચે દાબે તેમ વધારે ઉંચી ઉછળે, તેમ પ્રતીપક્ષીઓએ સ્વામિનારાયણના ધર્મને દબાવી દેવા સારૂ વધારે હરકતો કરી, તેમ તેમ તે ધર્મ વધારે જોરથી ફેલાવા લાગ્યો. ઢેડ, વાઘરી, મોચી, દરજી, કોળીથી તે ઘણા દક્ષિણી, મહારાષ્ટ્ર નારૂપંથનાના આદિ કે તથા શિઆણી (લીંબડી સ્ટેટ)ના **શીવરામ ભટ્ટ** જેવા મોટા શાસ્ત્રી, જેણે સંસાર ત્યજી બ્રહ્મચારી થઇને **અખંડાનંદ** નામ ધરાવ્યું તે તથા વીસનગરના નાગર અગ્નિહોત્રી, ગાયકવાડના **ત્र्यंબકરામ શાસ્ત્રી**, **શોભારામ** શાસ્ત્રી તથા કેટલાક વડનગરા નાગર ગૃહસ્થો સ્વામિનારાયણના શિષ્ય થયા. સુરતના પારસી કોટવાળ **અરદેશરજી** જે અંગ્રેજી તથા ફારસી ભણેલા, જેણે સરકારી નોકરીમાં ખુબ આબરૂ મેળવેલી અને સરકારે જેને ખાનબહાદુરનો ઇલ્કાબ અને ચાર ગામ બક્ષીસ આપેલાં તેઓ સ્વામિનારાયણના અનન્ય શિષ્ય થયા. જ્યારે સ્વામિનારાયણ સુરતમાં પધાર્યા ત્યારે અરદેશર કોટવાળે પોતાને ઘેર પધરામણી કરી હતી. અને સુરતમાં ૧૦–૧૨ દિવસ રહીને જ્યારે ચાલ્યા

અને લોધીકા તળપદમાં જે ઘણાજ જુના વખતનો દરબારગઢ હતો ત્યા નવો દરબારગઢ બંધાવ્યો, તેમાં જનાનાવિભાગ, રસોડાવિભાગ, કોઠાર, ભંડાર, ચોપાટ, અને ઉપર વિશાળ કચેરીરૂમ બન્ને બાજુ ગેલેરીવાળો, એવો ભવ્ય દરબારગઢ બનાવ્યો હતો. તેઓની રાજ્યકાર્ય કરવાની કુશળતા એ સમયના રાજ્યકર્તાઓમાં શ્રેષ્ટ હતી. પોતાના ભાયાતી તાલુકામાં સર્વ તાલુકદારો તેઓ નામદારની સલાહ લઇ વ્યવહારિક કાર્ય કરતા, તેવા તેઓ વ્યવહાર–દક્ષ રાજવિ હતા. તેમનો વિવેક અને સાદાઇ, ભલભલાને મોહ ઉત્પન્ન કરે તેવા હતા. કારભારી પણ દરબારશ્રીની સલાહ પ્રમાણેજ કાર્ય કરતા. તેમના વખતમાં ગિરાસ–વાસના સિમાડા વગેરેની અનેક તકરારો ઉત્પન્ન થઇ હતી. પરંતુ પોતાના બુદ્ધિબળથી એ અટપટી તકરારોનો

ત્યારે કોટવાળે વળાવવા જતાં પોતાના બાગમાં સ્વામિનારાયણની સ્તુતિ કરીને કહ્યું કે "મહારાજ મારૂં કલ્યાણ શી રીતે થશે"? ત્યારે તેમણે પોતાને માથે જે પાઘ પહેરી હતી તે આપી અને કહ્યું કે "આ પાઘની નિત્ય પૂજા કરજો અને મારા નામની રોજ પાંચ માળા ફેરવજો. અધર્મથી ડરજો અને ધર્મ ઉપર આસ્થા રાખજો. તેથી તમારૂં કલ્યાણ થશે અને અંતકાળે હું તેડવા આવીશ" પછી તે પાઘ કોટવાળ અરદેસરજીએ પોતાને ઘેર કાચના ઘરામાં રાખી અને તેની તેઓ રોજ પુજા કરતા અને માળા ફેરવતા હતા. એક પારસી વિદ્વાને અરદેશરના જન્મ ચરિત્રની ચોપડી છપાવી પ્રસિદ્ધ કરી છે તેમાં તેની નિપુણતાનું બહુ સારૂં બ્યાન કર્યું છે, તેના ફારસી અને અંગ્રેજી અભ્યાસ માટે બહુજ તારીફ કરી છે. તેમાં લખ્યું છે કે— " એટલી હુશિઆરી છતાં પારસી થઇને હિંદુના દેવ સ્વામિનારાયણની પાઘડી પુજતા હતા અને તેમના નામની માળા ફેરવતા હતા. વરસો વરસ કારતક સુદ ને દિવસ સુરતના સર્વે હરિભક્તોને, પોતાના મિત્ર પારસીઓ વિગેરે સર્વે બાઇ ભાઇને અને સ્વામિનારાયણના જેટલા સાધુ ત્યાં હોય તેમને બોલાવીને તે સર્વેની સમક્ષ સ્વામિનારાયણની 'પાઘની' પુજા કરતા હતા. છેવટે સાધુઓની પુજા કરીને ફુલના હાર પહેરાવતા હતા. પાઘડીની આરતિ ઉતારતા અને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરતા હતા. મોટી કથરોટોમાં પતાસાનું નૈવેદ્ય કરીને સર્વેને વહેંચતા. પછી સાધુઓ તથા હરિ ભક્તો કીર્તન ગાતા હતા. સંવત ૧૯૦૭ની સાલમાં એલેકઝાન્ડર કીંન્લોક ફ્રેઝર્સ સાહેબ સુરતમાં આસિ. જડજ હતા. તેથી કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ તેમની સાથે સુરતમાં હતા. તેઓ બન્ને કારતક સુદ ૨ને દહાડે બા. બા. અરદેસરને ઘેર પુજા વખતે પાઘના દર્શન કરવા ગયા હતા ત્યાં અરદેશર પાઘની પુજા કરી રહ્યા પછી કવિએ એક સવૈયો કહ્યો હતો. તે નીચે પ્રમાણે :—

पदत्राण दीये प्रभु पुजनकुं, जब भ्रातकी भक्ति भली लगीयां, ॥
हनुमंतकु तेल कटोरी दीनी, जब सीयकी शुध लीनी बगीयां; ॥
महेता नरसिंहकु हार दियो, जब जीभमें भक्ति भली जगीयां; ॥
अरदेशरकूं दलपत्त कहे, परमेश्वर रोझ दीनी पगीयां ॥ १ ॥

દેશ પરદેશના સત્સંગીઓના સંઘ જ્યારે સુરતમાં જાય છે, ત્યારે અરદેશરજીને ઘેર તે પાઘનાં દર્શન કરવાને જાય છે. તેમજ કેટલાએક બ્રાહ્મ, મુસના અને બીજા મુસલમાનો પણ ઘણા સત્સંગી થયા છે.

નીચેડો લાવી તાલુકાની સરહદની ચોખવટ કરી હતી. ખેડુતોને પુર્ણ ભાવથી બોલાવતા અને તેઓને દરેક પ્રકારની મદદ આપી, નવાં નવાણો ગળાવી, બંધાવી, ખેતીને સંપૂર્ણ ખીલવી તાલુકાની આબાદી, કરી હતી, તેમજ રાજકોટ સ્ટેટ અને લોધીકા એકજ ઘર છે, એમ માની પોતાના ભીંચરી ગામની સરહદમાંથી લાલપરી નદીનું વહેતું પાણી લાલપરી તળાવમાં આપવા, રાજકોટના નામદાર ઠાકોરસાહેબ સાથે યોગ્ય કોલકરારો કરી, રાજકોટ શહેરને પાણી પુરું પાડવાની, એ, ઉદારતા દાખવી હતી, એ વ્યવહારિક કાર્યની સાથે દર સાલ જુનાગઢ બીમએકાદશીના સમયે (સ્વામિનારાયણના મંદીરમાં) જતા. તેમજ બંન્ને દેશના આચાર્ય મહારાજોને પધરાવી યોગ્ય સેવા કરી હતી. તેમજ બાપુશ્રીએ રચાવેલા **'પુરૂષોત્તમ ચરિત્ર'** અને **'છંદ રત્નાવલિ'** નામના ગ્રંથોની પ્રતો જુનાગઢ મંદીર નીચેના દરેક ગામોના

—: જુરાનપુર વિષે :—

એક સાધુને સ્વામિનારાયણે આજ્ઞા કરીકે તમે જુરાનપુર જઇને ચોમાસુ રહો. અને ત્યાં સત્સંગી એકે નથી. પણ તમે ઉપદેશથી ઘણા સત્સંગીઓ કરીને કાર્તકીના **સમૈયાપર** ત્યાંનો સંઘ લઇને વડતાલ આવજો, ત્યારે તે સાધુએ કહ્યું કે "**મહારાજ હું કાંઇ ભણ્યો નથી. મારા ઉપદેશથી એ અજાણ્યા ગામના લોકો પોતાના બાપદાદાનો ધર્મ છોડીને સત્સંગી શીરીતે થશે?**" ત્યારે **મહારાજે** કહ્યું કે "તમે મારી આજ્ઞા માનીને ત્યાં જાઓ. તમારામાં પ્રવેશ કરીને હું બોલનાર છું. પછી તે સાધુએ ત્યાં જઇ ચોમાસુ રહી લોકોને ઉપદેશ કર્યો, તેથી આસરે ૫૦૦ માણુસ સત્સંગી થયા અને તે બાઇઓ અને ભાઇઓનો સંઘ લઇ કાર્તકી અગિઆરસ ઉપર વડતાલ આવ્યા, તે પછી તો બાનદેશમાં તે ધર્મ ઘણો ફેલાયો છે. અને ત્યાં કેટલાએક ગામમાં મંદિરો પણ થયાં છે.

તેમજ સ્વામિનારાયણે કંઇ કારણથી કાઢી મૂકેલા એક સાધુએ ધર્મપુરમાં જઇને રાણી કુશળકુંવરબાને સત્સંગકરાવ્યો. તે બાઇએ સ્વામિનારાયણને ધરમપુરમાં તેડાવીને સારી રીતે સન્માન કર્યું હતુ. **અંતકાળે દર્શન —**

આ નીચે લખેલો બનાવ સ્વામિનારાયણના વખતમાં ઘણો જોવામાં આવતો હતો અને સ્વામિનારાયણે દેહ મુકયા પછી પણ કેટલાએક વરસ સુધી ઘણું ચાલ્યુ, તે પછી જેમ જેમ વધારે વધારે વરસ થતા ગયાં, તેમ તેમ તે ચાલ ઘણો ઓછો થતો ગયો. સાંપ્રતકાળમાં પણ કોઇકોઇ ઠેકાણે એવો બનાવ બને છે ખરો. તે એમકે સ્વામિનારાયણના શિષ્ય બાઇ કે ભાઇને અંતકાળ થાય ત્યારે તે કહે છે કે, મને સ્વામિનારાયણ તેડવા આવ્યા છે. કોઇ વખતે તો તેના પાડોશી સ્વામિનારાયણના ધર્મમાં ન હોય, તેવા પણ કહે છે કે આજ રાતે મેં સ્વામિનારાયણને અથવા તેમના સાધુને આ માંદા માણસના ઘરમાં પેસતાં દીઠા પછી તે માંદો માણસ દેહ છોડી દેતો હતો.

પ્રતિપક્ષીઓ કેટલાએક એવું કહેતા હતા કે એતો ઢોંગ કરે છે. પણ એક લખનાર કહે છે કે, "જીવને ઘણી પીડા થાય ત્યારે શરીરમાંથી જીવ નીકળે છે અને મરવા વખતે માણસ નિરાસ થઇને કોઇની સાથે પ્રથમ લડયો હોય તો તેની માફી માગે છે. જીવ બોલ્યો હોય કે બોટુ કામ કર્યું હોય તેનો પસ્તાવો થાયછે એવીવખતે ઢોંગ કરવાનું કોઇને સુઝે ખરૂં?

શ્રી સ્વામિનારાયણના મંદીરોમાં તથા મંડળધારી સાધુઓને વિનામુલ્યે ભેટ આપી હતી. એ પ્રમાણે ધાર્મિક કાર્યમાં પણ આગળ પડતો ભાગ લેતા. અને દરસાલ ઉપજમાંથી ચોકખો દસમો ભાગ ધર્માદાનો કાઢી જુનાગઢ શ્રી રાધારમણ દેવને અર્પણ કરતા, તેઓ નામદારનું હિસાબી રેકર્ડ તથા બીજા કેસો વિગેરેના કાગળોનું રેકર્ડ બહુજ ચોકખુ હતું. અને તેમનું બાંધેલું સઘળું બંધારણ હાલ પણ ચાલુ છે. એ પ્રમાણે તાલુકાની સીલકમાં લાખો રૂપીઆ જમા કરી, તાલુકાને આબાદ બનાવ્યો હતો. રાજકવિ ભીમજીભાઇએ તેઓ નામદારશ્રીના ગુણવર્ણનનું ચારણી ભાષાનું એક કાવ્ય રચેલું જે નીચે મુજબ છે :—

કેટલાએક કહે છે કે એતો તેને જંખના થાય છે. ભલે તેમ હશે; તોપણ અંતકાળે જંખનામાં દર્શન થાય છે તે કાંઇ થોડી વાત નથી. એવી પીડામાં તેથી કેટલી શાંતિ અને આનંદ થાય છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે **मरणे या मतिःसागतिर्भवेत्** એટલે મરવા વખતે જેવી બુદ્ધિ હોય તેવી ગતિ થાયછે.—

—: અમદાવાદમાં નરનારાયણની સ્થાપના :—

સંવત ૧૮૭૪ની સાલમાં અમદાવાદનું પેશ્વાનું રાજ અંગ્રેજ સરકારે લીધું. તે વખતે કલેકટર દુલ્લાપ (DUNLOP) સાહેબ નીમાયા. તેણે વાત જાણી કે પેશ્વા સુબાએ અહિંથી સ્વામિનારાયણને કાઢી મુકયા હતા. તે ગઢડે રહેછે. તેથી પત્ર લખી, ત્યાંથી તેડાવ્યા અને કહ્યું કે "શહેરમાં પડતર જગ્યા છે. ત્યાં તમારે જોઇએ તેટલી લ્યો અને અહિં તમારી મોટી જગ્યા બાંધો. તમને કોઇ હરકત કરે તો અમને જાહેર કરજો." પછી સરકારનો ચાલ એવો હતો કે ૯૯ વર્ષને પટ્ટે જગ્યા આપવી, પણ જેટલી જગ્યા સ્વામિનારાયણે માગી તેટલી **यावत् चंद्रदिवाकरौ** લખીને મફત આપી, ત્યાં સ્વામિનારાયણે શિખરબંધ દહેરૂં ચણાવીને સંવત ૧૮૭૮ના ફાગણ સુદ ૩ ને દિવસે નરનારાયણની સ્થાપના કરી. આખા શહેરના તથા આસપાસના ગામના ચોરાશી નાતના લાકોને એક દહાડે કાંકરીઆ તળાવ ઉપર જમાડયા, ત્યાં દેશદેશના સંઘ પણ આવ્યા હતા. કાંકરીઆ પાસે મોટી સભા ભરી હતી, અને કલેકટર સાહેબ પણ ત્યાં પધાર્યા હતા. સંવત ૧૮૭૯ના વૈશાખ સુદ ૫ મે ભુજમાં શિખરબંધ દેરૂં કરાવીને નરનારાયણની સ્થાપના કરી.

—: ધર્મકુળનું આવવું. :—

કચ્છમાં રેશમી ભરત ભરનારા મોચી છે. તેઓ સ્વામિનારાયણના શિષ્ય થયા,, તેથી પ્રતિપક્ષીઓ એમ કહેવા લાગ્યા કે એતો મોચીના ગુરૂ છે અથવા પંડે મોચી છે ત્યારે ઘણા સાધુઓએ તથા હરિભકતોએ મહારાજને તેમનું જન્મસ્થાન પુછી લીધું અને બે સાધુ તેનો તપાસ કરવા સારૂ છપૈયે ગયા. સ્વામિનારાયણના બંને ભાઇને, તેમના કુટુંબને મામાના દિકરાઓને તેડી લાવ્યા તેથી પ્રતિપક્ષીઓના મોં બંધ થયાં, પછી વડતાલમાં શિખરબંધ દેરૂં કરાવીને સંવત ૧૮૮૧ના કારતક સુદ ૧૨ ને દિવસે **લક્ષ્મીનારાયણદેવની** સ્થાપના કરી. વડતાલમાં **જોબનપગી** રહે તો હતો. તે જોબનવડતાલા નામથી પ્રસિદ્ધ હતો. લોકો અતિશયોકિતથી એવી વાતો કરે છે કે જોબન વડતાલો ચોરી કરવાનું અને લુંટફાટ કરવાનું કામ એવું તો કરતો કે કલકત્તા સુધી તેની હાક વાગતી હતી. જ્યારે સ્વામિનારાયણ ચરોતરમાં

—❀ गीत जाती सपाखरुं ❀—

अमेसंगका कुमार आछा अंगका अमोर ओपे, रंगका भरेल ब्रजे अनंगका रुप जंगका सधीर ओपे उमंगका कोट जोपे, भडवंका दानेशरी लोधीका का भूप ।१। भलाभला रहे पास हरोलां अहलां भाखे, मसल्लां बंगलां मोलां अनोठां मरोड तेग झल्ला, बडा पल्ला अमल्लां पिआवे तसा, जीआ हरा टल्ला नावे जल्लामांहि जोड बापका बचनमांहि आपका बिचार ब्राजे, अनाथका नाथ हुवा आशरा आधार जापका जापण बाक पाथका भालका जशा, आथका आपणा लांबा हाथका अपार धर्मकुमार हुंका ध्यानही हियामे धरे, धरमकुमार हुंकी प्रथाका धूरेश हरिसंग माथेहरि खुशी ही हेतसुं होसे, हरिसंग खुशी हेतु पाळवा हंमेश

આવ્યા ત્યારે તેમના ઘોડા ચોરી લેવાનો તેણે પ્રયત્ન કર્યો હતો. પણ તેમાં તે ફાવ્યો નહિં. ઉલટો સ્વામિનારાયણનો ઉપદેશ સાંભળી તેમનો પરમ શિષ્ય થયો અને લુંટફાટનો ધંધો પડતો મુકયો. તેમ ચરોતરના બીજા પગીઓ, કોળીઓ, તથા ઘણા પાટીદારો તેમના શિષ્ય થયા.

—રાઇટ રેવરન્ડ હુબર્ટ લોર્ડ બીશપનો મેળાપ—

સંવત ૧૮૮૧ ની સાલના ફાગણ વદમાં કલકતાના ગવરનર જનરલનો પાદરી એટલે હિંદુસ્તાનના સર્વ પાદરીઓનો ઉપરી ગુજરાતમાં આવ્યો હતો. તેને નડીયાદમાં ઇ. સ. ૧૮૨૫ની તા. ૨૬મી માર્ચને રોજ સ્વામિનારાયણનો મેળાપ થયો. તેણે તે મેળાપનું વર્ણન પોતાની મુસાફરીના પુસ્તક બીજામાં પૃષ્ટ ૧૪ કથી ૧૫ સુધી દસ પૃષ્ટમાં લખ્યું છે. તે લખે છે કે આમોદ (ખેડા જીલ્લામાં છે ત્યાં)માં તા. ૨૫ મી માર્ચને રોજ ખેડાના કલેકટર વીલીઅમસને મને કહ્યું કે:—

That some good had been done Mr. Williamson said among the wild "Kolis" by the preaching and popularity of the "Hindoo Reformer, Swami Narayen." His morality was said to be far better than any which could be learnt from the Shastras. He preached a great degree of purity, forbidding his disciples so much as to look on any women whom they passed. He condemned threft and bloodshed, and those villages and districts which had received him from being among the worst were now among the best and more orderly in the provinces. Nor was this all insomuch as was said to have preached one God and, in short, to have made considerable approaches to the truth that I could not but hope he might be appointed instrument to prepare the way for the Gospel.

—: तरजुमो. :—

મી. વિલીઅમ્સન લખે છે કે જંગલી કોળી લોકોના જીવનમાં હિંદુ-ધર્મના સુધારક સ્વામિનારાયણની લોકપ્રિયતા અને સદુપદેશથી કેટલોક ઇચ્છવા યોગ્ય સુધારો થયો છે.

દુહા:—કવિઓને વાનાં કરે, આઠે પોર અનંદ ।
લોધીકે જશ લેયણો, હે જાડો હરિઅંદ ॥ ૧ ॥
ગુણગ્રાહક મોટે ગજે, આછો ધરમ અભંગ ।
સત્સંગી અમમાલ સુત, હે જાડો હરિઅંદ ॥ ૨ ॥

તેઓ નામદારશ્રીને **અમરસિંહજી** તથાદાનસિંહજી નામના બે કુમારો હતા. અને તેઓના લગ્ન ધણી ધામધુમથી કર્યાં હતાં. પાટવિકુમારશ્રી અમરસિંહજીની તબિયત કાયમના માટે નરમ રહેતી, અને તે કારણથી તેઓ નામદાર અંતિમ અવસ્થામાં બહુજ ચિંતાતુર રહેતા. અને એજ ચિંતામાં તેઓશ્રીએ વિ. સં. ૧૯૬૮ના શ્રાવણ માસમાં દેહ ત્યાગ કર્યો હતો.

સ્વામનારાયણની નિતી કોઇપણ શાસ્ત્રમાંથી જાણી શકાય તે કરતાં પણ વધારે છે. અને તેના ઉપદેશમાં ઘણે અંશે પવિત્રતાનું પાલન કરેલું છે. અને તેના શિષ્યોને રસ્તે ચાલતાં કોઇ બી તરફ જોવાની પણ મનાઇ કરેલી છે. તેઓ ચોરી અને ખુનરેજીને ધિક્કારે છે. અને જે પરગણામાં તેમના ઉપદેશની અસર થઇ ત્યાંની વસ્તિ ઘણીજ સુધરી ગઇ છે. તેઓ પરમેશ્વર એકજ છે તેવો ઉપદેશ કરેછે અને ટુંકમાં તેઓએ બહુજ સત્યનું શોધન કર્યું છે અને મારે કહેવું જોઇએ કે ધર્મની સ્થાપનાને માટે ખાસ નિઃયુક્ત થયેલ વ્યક્તિ છે.

—: ગુજરાતમાં મોટા શહેરોનો હેવાલ. :—

મી. જ્યોર્જ બરગેસ એમ. આર. એ. એસ. એફ. આર. જી. એસ. સાહેબે ગુજરાતના હેવાલનું અંગ્રેજીમાં પુસ્તક લખ્યું છે. તેના ૩૩૧ થી ૩૩૬ સુધીના પૃષ્ટમાં સ્વામિનારાયણના જન્મચરિત્રની સંક્ષેપ્ત હકીકત લખેલી છે. તેમાં લખેલું છે કે.—સ્વામિનારાયણે હિંદુ-ધર્મનો સુધારો કર્યો. એટલુંજ નહિં, પણ ગુજરાતમાં જે લોકો લુંટફાટ કરતા હતા, તેઓને ઉપદેશ દઇને નિતીમાન કર્યા છે. તેની સાખીતી જોઇએ તો આ પ્રાંતના લોકો જે જૂલ્મી હતા. તે સારે ધંધે વળગેલા જોવામાં આવે છે. એ લોકો કેવા જૂલ્મી હતા. તેની વાતો લખીએ તો મોટાં પુસ્તકો ભરાઇ જાય તેટલી છે માટે બીજી બધી બાબતો પડતી મુકીને ઉપરની બાબતથી સ્વામિનારાયણને દેશના સુધારકનું નામ આપી શકીએ. અંગ્રેજ સરકારના અમલથી કેટલોએક સુધારો થયોછે. એમ ગણીએ તોપણ તેમને આ દેશના સુધારકનું નામ આપી શકીએ. તેમના ધર્મમાં એવું બંધન નથી. કરવામાં આવ્યું કે અમુક ન્યાતનોજ માણસ અમારા ધર્મમાં દાખલ થઇ શકે, દરેક જાતિનું માણસ તેમનો ધર્મ પાળે અને તે તેમનો ગણાય. એવી છૂટ રાખવાથી કાઠી, કોળી, રજપુત, કણબી વગેરે ઘણા લોકો તેમના ધર્મમાં દાખલ થયા. તેમને પોતાનો ધર્મ ફેલાવતાં પ્રથમ ઘણી મુશ્કેલી પડી હતી, પણ અંગ્રેજ સરકારનું રાજ્ય થવાથી તેમણે ઘણી ફતેહ મેળવી હતી. પણ જો મુસલમાન કે મરાઠાનું રાજ્ય હોત, તો ઘણું મુશ્કેલ પડત, કલકત્તામાં રાજા રામમોહનરાય બાળુ હિંદુ ધર્મનો સુધારો કરવાની મહેનત કરતા હતા. પણ તેઓ કોઇ પાદરી સાથે, મુસલમાનો સાથે અને હિંદુ સાથે ઘણી તકરાર કરતા હતા. અને સ્વામિનારાયણ તો સૌ સાથે હળીમળી શાંત સ્વભાવથી ધર્મ ચલાવતા હતા. તેથી રાજા રામમોહનરાય કરતાં સ્વામિનારાયણ વધારે ફતેહ પામ્યા છે. રાજા રામમોહનરાયના શિષ્યો તેને ખરા અંતઃકરણથી ચાહતા નહોતા, પણ

એ વખતે નાના કુમારશ્રી દાનસિંહજી સ્વર્ગસ્થ મહારાજા **અમરશ્રી સર રણછોડસિંહજી સાહેબ** હજુર એ. ડી. સી. તરીકે હતા. ત્યાંથી તેઓને તુરત બોલાવી લીધા હતા. અને તે આવ્યા પછી **ઠા. શ્રી હરિસિંહજી** સ્વર્ગે ગયા તે પછી—

(૭)ઠાકોરશ્રી અમરસિંહજી

ગાદીએ આવ્યા પરંતુ એ વખતે તેમની શારિરીક સ્થિતી જોઇએ તેવી સારી નહતી. (ઘણાંજ બિમાર હતા,) લગભગ એકાદ માસ કે તેથી પણ ઓછા દહાડા રાજ્ય કરી તેઓ સ્વર્ગે સીધાવ્યા. તેઓ નામદાર અપુત્ર ગુજરી જતાં નાના કુમારશ્રી **દાનસિંહજી** સાહેબ ગાદીએ આવ્યા.

સ્વામિનારાયણના હજારો શિષ્યો આપણે માની ન શકાય, તેવા ભાવથી ચાહતા હતા. તેમાં મોટા શ્રીમંતો વિદ્વાનો અને મોટા દરજ્જાવાળા ઉંચી જાતોના અને ગરીબ પણ હતા. તેમને વેદનું ઘણું જ્ઞાન હતું અને તેથી તેમની વિદ્વતા સારી હતી. પરધર્મના લોકો કદી તેમનો ધર્મ ન સ્વીકારે તોપણ માન આપ્યા વિના રહે નહિં." એ રીતે એક વિદ્વાન એંગ્રેજે સ્વામિનારાયણની ઘણી પ્રશંસા કરી છે.—સ્વામિનારાયણના સાધુઓનો ખાસ ઉપદેશ એછે કે કોઇએ દારૂપીવો નહિં. અને કોઇપણ માણસે કોઇપણ પ્રકારનું દુર્વ્યસન કે કુવર્તન રાખવું નહિ.

—: વડોદરામાં જય મેળવ્યો :—

ગાયકવાડી રાજ્યમાં સ્વામિનારાયણનો ધર્મ ફેલાવા લાગ્યો ત્યારે કેટલાએક મતવાદીઓએ શ્રીમંત શીયાજીરાવ મહારાજને કહ્યું: કે—સ્વામિનારાયણ વેદશાસ્ત્રથી વિરૂદ્ધ પાખંડ મત ચલાવે છે. અને પશ્ચિમ ભાગમાં સૌથી મોટું રાજ્ય આપનું છે. મદ્રાસના મારવાડના તથા કાશીના શાસ્ત્રીઓને આપના તરફથી વર્ષાસન મળે છે, માટે શાસ્ત્રીઓની સભા ભરીને સ્વામિનારાયણને પુછવું જોઇએ ને જો તેનો ધર્મ પાખંડ માલમ પડે તો ગાયકવાડી રાજ્યમાં તેમને કે તેમના સાધુઓને પેસવા દેવા નહિ. આપના રાજ્યમાં તેવો બંદોબસ્ત કરશો તો બીજા દેશી રાજાઓ પણ તેમ કરશે. તેથી તે પાખંડ ધર્મ બંધ થશે.

પછી **શીયાજીરાવ** મહારાજે સ્વામિનારાયણને **વડતાલ** કાગળ લખ્યો કે—તમારો ધર્મ વેદશાસ્ત્ર પ્રમાણે હોયતો તમારા કોઇ પંડિતને અહિં મોકલીને વિદ્વાનોની સભામાં સાબીત કરી આપો. પછી સ્વામિનારાયણે **મુક્તાનંદસ્વામિને** કહ્યું કે—તમે વડોદરામાં જાઓ ત્યારે તે સ્વામિએ કહ્યું કે "મહારાજ હું કાંઇ ઝાઝું ભણેલો નથી. મને કોણ જાણે કેવા પ્રશ્ન પુછે, તેનો ઉત્તર મારાથી શીરીતે થઇ શકે?" ત્યારે સ્વામિનારાયણે કહ્યું કે "પ્રતિપક્ષીઓની જીભમાં વાણીની પ્રેરણા કરનાર તથા તમારી જીભમાં પણ વાણીની પ્રેરણા કરનાર પણ હું છું, એવો જો તમે મને જાણતા હો, તો તમો મારી આજ્ઞાથી વડોદરે જાઓ અને જેવી તમને ઇશ્વર પ્રેરણા કરે તેવા ઉત્તર આપજો." પછી મુક્તાનંદ સ્વામિ પોતાનું મંડળ લઇને વડોદરે ગયા, દરબારમાં વિદ્વાનોની સભા ભરાઇ, પ્રથમ તો પ્રતિપક્ષીઓએ ધાર્યું હતું કે, ન્યાયશાસ્ત્રના તથા મીમાંસા આદિકશાસ્ત્રનાં ભારે ભારે પ્રશ્ન પૂછીશું, પણ સભામાં તો તેઓ ગભરાઇ ગયા, અને ભારે પ્રશ્ન પુછી શકયા નહિં. સાધારણ પશ્ન પુછ્યા તે એવા કે "તમારા સ્વામિના-

(૮) ઠાકોરશ્રી દાનસિંહજી

તેઓ નામદારે રાજકોટ રાજકુમાર કોલેજમાં કેળવણી લીધી હતી. અને ત્યારબાદ મર્હુમ મહારાજા જામશ્રી **રણજીતસિંહજી સાહેબ** હજુર એ. ડી. સી. તરીકે રહ્યા હતા. દિલ્હી કોરોનેશન વખતે નામદાર જામસાહેબ સાથે તેઓશ્રીએ દિલ્હી–દરબારમાં હાજરી આપી હતી. તેઓશ્રી RIDING (ઘોડેસ્વારી) સારૂં કરતા હોવાથી દિલ્હીમાં કોરોનેશન વખતે નામદાર શહેનશાહની ગાડીના (ESCORT) અંગરક્ષક તરીકે હતા. મર્હુમ **જામસાહેબશ્રી રણજીતસિંહજી**, તેઓ નામદાર ઉપર ઘણીજ પ્રીતિ રાખતા. અને એક રાજકુમાર તરીકે સારા માનપાનથી પોતા પાસેજ રાખતા **ઠા. શ્રી. અમરસિંહજી** દેવ થયા પછી તેઓ

રાયણ મુગટ કેમ ધારણ કરેછે? પગે તુળશી કેમ ચડાવે છે? અને બિચારી જુવાન સ્ત્રીઓને તજીને તેમના પતિઓને મરવાં લુગડાં પહેરવી સાધુ કેમ કરેછે? તે પ્રશ્નોના ઉતરો મુક્તાનંદ સ્વામિએ આપ્યા કે,—"કોઇ વેદાન્તિક કે વિદ્વાન મનુષ્ય તુલસીદળને એકમાસ પગે તો ચડાવી જુવે? પરિણામ શું આવે છે? એતો ઇશ્વરાવતાર હોય તેજ કરી શકે." એ પ્રમાણે ઘણાં ઘણાં પ્રશ્નોતર થયા પછી સ્વામિનારાયણનો દિગ્વિજય કહેવાયો. ત્યારે શ્રીમંત સરકારે સ્વામિનારાયણને ઘણું આદરમાન આપી વડતાલથી વડોદરે તેડાવ્યા અને સ્વારી સામે મોકલીને ઘણી ધામધુમથી પોતાના દરબારમાં પધરાવ્યા. પૂજા કરીને સારી ભેટ ધરી કહ્યું કે,— અમારા શહેરમા તમારી જગ્યા કરો, તે પધરામણીના વર્ણનની પ્રેમાનંદ સ્વામિએ લાવણી બનાવી છે. **'પધારે વડપત્તન સ્વામિ**, સહજાનંદ પુરણ પુરૂષોતમ "સહુનામી" ઇત્યાદિ. તે પછી ખંડે ાવ મહારાજે વડતાલમાં લક્ષ્મીનારાયણના મંદિરમાં ઠકોરખાનું બેસાડયું. તથા એકહાથી ભેટ કર્યો, તેના ખર્ચને માટે **સંજાયુ** ગામ અર્પણ કર્યું, તેમજ અમદાવાદમાં નરનારાયણના મંદિરમાં ચોઘડીઆં બેસારી, હાથી આપીને **સોનારડું** ગામ અર્પણ કર્યું, સ્વામિનારાયણનો ધર્મ ગાયકવાડી રાજ્યમાં ઘણો ફેલાવા લાગ્યો. આગળ જતાં વડોદરામાં શિખરબંધ દહેરૂં કરાવ્યું છે.—

— આચાર્ય સ્થાપના —

સ્વામિનારાયણના મોટાભાઇ **રામપ્રતાપજી**ને ત્રણ પુત્ર હતા. તેમાંથી **અયોધ્યા પ્રસાદજી**ને પોતે દત્તપુત્ર કરી લીધા. અને નાનાભાઇ ઇચ્છારામજીને પાંચ પુત્ર હતા. તેમાંથી **રઘુવીરજી**ને દત્તપુત્ર કરી લીધા, તે બન્ને જણને સંવત ૧૮૮૨ ની સાલમાં પોતાના ધર્મનાં આચાર્યની પદવી આપી. કલકતાથી કાશીને ત્યાંથી ઉજ્જન થઇને પશ્ચિમમાં દ્વારકાં સુધી હદ ઠરાવીને એક ઉતર વિભાગનો દેશ તે અયોધ્યા પ્રસાદજીને આપ્યો ને દક્ષિણ વિભાગ રઘુવીરજી મહારાજને આપ્યો. એકને **અમદાવાદમાં** અને બીજાને **વડતાલમાં** રહેવાનું ઠરાવ્યું.

—: ધર્મ વિષે :—

હિંદુ ધર્મના શાસ્ત્રોમાં જુદા જુદા ઋષિઓના મત અને ઘણું ઘણું પાળવાનું તેમાં લખેલું હોવાથી લોકોની હિંમત છૂટી ગઇ હતી કે, આટલું બધું આપણાથી પાળી શકાય નહિં. અને **કળીયુગમાં** આપણું કલ્યાણ થાય નહિં. ત્યારે સ્વામિનારાયણે ધાર્યું કે, શાસ્ત્રમાં કેટલાંક **ઉપ–પાતક** એટલે નાનાં પાપ કહેલાં છે. સૌથી મોટા પાંચ મહાપાપ કહ્યાં છે માટે પ્રથમ મહાપાપ ન કરવાના નિયમ આપવા જોઇએ. તે પાંચ મહાપાપનાં નામ **૧બ્રહ્મ**

નામદાર લોધીકાની ગાદીએ આવ્યા, અને હિંદુ-ધર્મ પ્રમાણે પોતાના પિતાશ્રી અને વડીલ બંધુની ઉત્તર-ક્રિયા કરી, વરષી વાળી, શ્રીમદ્‌ભાગવત્‌ની પારાયણ કરાવી, ચોરાસીઓ કરાવી, હતી. તથા સ્વામિનારાયણના આઠે મોટા મંદિરમાં સાધુઓને પાકી રસોઇ આપી હતી. તેઓ નામદારશ્રી જ્યારે જામનગરમાં એ, ડી. સી. તરીકે હતા ત્યારે કાલાવડ તાલુકે પોતે ફરવા પધારેલા અને ત્યાં મારે ઘેર (કવિ કર્તાને ઘેર) જમવા પધાર્યા હતા. કેમકે **ઠા. શ્રી હરિસીંહજી બાપુએ** તેઓશ્રીને સુચવ્યું હતું કે "કાલાવડના બારોટ સાથે આપણે બે પેઢીથી સંબંધ છે તો કાલાવડ જાવ ત્યારે તેમને મળજો." એ વડીલની સુચનાનું પોતે પાલન કરી, મારે ત્યાં પધાર્યા હતા. તે પછી જ્યારે તેઓ નામદાર ગાદીએ આવ્યા, ત્યારે મને ત્યાં બોલાવી પોતાના **રાજકવિની** જગ્યા આપી હતી.એ અરસામાં મારૂં બેરાતી

હત્યા, ૨, સુરાપાન, ૩, ચોરી, ૪, ગુરૂપત્નીનોસંગ, ૫, તેવા પાપ કરનારની સોબત કરવી તે, સાંસર્ગીક પાંચમું મહાપાપ કહેવાય પણ કલીયુગમાં સાંસર્ગીક પાપ લાગતું નથી. માટે અહિંસાનો ઉપદેશ કરીએ તો **બ્રહ્મહત્યાનો** તેમાં **નિષેધ થશે અને માંસ** ન ખાવાનો ઉપદેશ કરીએ. એટલે હીંસા નિષેધ થશે એમ ધારીને કોઇ માણસ તેમનો **આશ્રીત** થવા ચ્હાય તેને કહેતા કે **દારૂ, માંસ, ચોરી,ને વ્યભિચાર,** એ ચાર વાનાં તજવાં અને અમારા ઉપર ખરા અંતઃકરણથી ભાવ રાખીને મારા નામની પાંચ માળા ફેરવશો એટલે તમારૂં કલ્યાણ કરીશ, અને સાધુઓ પણ એવોજ ઉપદેશ કરતા હતા, તેથી લોકોના મનમાં હિંમત રહેલી હતી કે આ પાંચ વર્તમાન પાળશું તો આપણું કલ્યાણ થશે પછી ઘણા દીવસ સમાગમ કરતાં તે વધારે પાળી શકે તેવો થાય ત્યારે કહેતા હતા. કે અફીણ, ગાંજો, ભાંગ, તમાકુ, મકર, માજમ વગેરે કેટલીક કેફી વસ્તુઓ છે, તે દારૂના પેટામાં છે. એમ જાણવું. અને કોઇ પ્રાણીની હીંસા, ગાળ્યાવિનાનું પાણી. તથા દૂધ, અને શોધ્યા વગરનું અન્ન તે માંસના પેટામાં છે. કોઇની રસ્તામાં પડેલી વસ્તુ લેવી કે લાંચ લેવી, તે ચોરીના પેટામાં છે. કોઇ સ્ત્રીની મશ્કરી કરવી કે અપશબ્દ બોલવો, કે પરસ્ત્રીના સામું ખોટી નજરથી જોવું, તે વ્યભિચારના પેટામાં છે. પછી જ્યારે વધારે પાળવાની તેની શક્તિ જણાય, ત્યારે ન્હાવું, ધોવું, સ્વચ્છ રહેવું, પુજા કરવી, પાઠ કરવો, ગરીબ ઉપર દયા રાખવી ઇત્યાદિ વિશેષ ઉપદેશ કરતા હતા.

તે પછી હીંદુઓનાં બધાં શાસ્ત્રમાંથી આઠ સત્‌શાસ્ત્ર શોધી કહાડેલાં હતાં, ૧ ચાર વેદ, ૨ વ્યાસસૂત્ર, ૩ શ્રીમદ્‌ભાગવત. ૪ ભારતમાંથી વિષ્ણુસહસ્રનામ, ૫ શ્રીભગવદ્‌ગીતા ૬ વિદૂરનીતિ, ૭ સ્કંધપુરાણનું વાસુદેવમહાત્મ, ૮ યાજ્ઞવલ્કયસ્મૃતિ, તેમાંથી પણ સત્ સાર લઇને, ૨૧૨ શ્લોકની **શિક્ષાપત્રી** કરી અને તેમાં લખ્યું જે આ શિક્ષાપત્રી પ્રમાણે ચાલશે તેનું કલ્યાણ થશે અને અહીંસા એજ મોટો ધર્મ જાણવો, માટે સત્ શાસ્ત્રમાં પણ હિંસા, માંસ, મદ્ય વગેરેનું કયાંઇ પ્રતિપાદન કર્યું હોય, તો તે માનવું નહિં અને પૂર્વે મોટા પુરૂષ થઇ ગયા, તેમણે પણ જો કાંઇ અધર્માચરણ કર્યું હોય, તો તેનું ગ્રહણ કરવુંજ નહિં. પણ ધર્માચરણજ ગ્રહણ કરવું. શિક્ષાપત્રીમાં ચારે વર્ણના સાધારણ ધર્મ તથા ચારે વર્ણના જુદા જુદા વિશેષ ધર્મ પણ લખ્યા છે.

ગામ મોજે રાજવડ (એ. એ. સે. કોર્ટથી કેસ ચાલતો હોવાથી) જપ્તીમાં હતું અને તેથી મારા બહોળા કુટુંબનું ભરણપોષણ તેઓ નામદારશ્રીએ ચાર વર્ષ કર્યું હતું.

ઠાકોરશ્રી દાનસિંહજી સાહેબને જુનાગઢના સદ્‌ગુરૂ **સ્વામિશ્રી બાલમુકુંદદાસજી** સ્વામિ ઉપર પુર્ણ ગુરૂભાવ હતો. જ્યારે તે સ્વામિશ્રીએ જેતપુરમાં સ્વામિનારાયણનું શિખ-રબંધ મંદિર ચણાવ્યું ત્યારે દરબારશ્રીએ એ મંદિર ઉપર **સુવર્ણ-કળશ** (સોનાનું ઘંડુ) સ્વામિશ્રીની આજ્ઞાનુસાર ચડાવી, રસોઇ આપી, સ્વામિને બહુજ પ્રસન્ન કર્યા હતા. ત્યારપછી વડતાલની ગાદીના (સ્વામિનારાયણના ૪ થા)આચાર્યશ્રી **શ્રીપતિપ્રસાદજી** મહારાજને લોધીકે પધરાવી ઘણીજ ઉત્તમ સેવા કરી હતી. તેમજ ગોંડળના શ્રી સ્વામિનારાયણના મંદીરમાં **ચોઘડીઆં**(નગારખાનું)બેસાર્યો હતાં. અને હનુમાનજી ગણપતિની દેરીઓ ઉપર સુવર્ણ કળસ ચડાવ્યા હતા. તે વિશેનું કાવ્ય—

—: વર્ણાશ્રમ વિષે :—

જેટલા બ્રાહ્મણોને માંહેમાંહે પાણી પીવાનો કે જમવાનો વહેવાર હોય છે, તેમાંનો કોઇ સંસાર ત્યજીને ત્યાગી થવા આવે, તો તેને બ્રહ્મચારીના વેશમાં રાખે છે, તે સૌ ભેગા જમેછે. અને જે બ્રાહ્મણોની સાથે તેઓને જળવહેવાર ન હોય. તેવા તપોધન સારસ્વત વગેરે તથા ક્ષત્રિય એટલે રજપૂત તથા રજપૂતોને જે તેર જ્ઞાતિઓ સાથે જમવાનો વહેવાર છે. તે તથા વૈશ્ય એટલે વાણીઆ અને કણબી-પાટીદાર, તેમાંના કોઇ સંસાર ત્યાગ કરીને દીક્ષા લેવા આવે તો તેમને સાધુની દીક્ષા આપવામાં આવે છે, કોઇ શુદ્ર ત્યાગી થવા આવે તેને સાધુઓની સેવા કરવા તથા મંદિરોનું રક્ષણ કરવા સારૂ પાળા તરીકે ધોળા લુગડાં પહેરીને હથીઆર બંધાવીને રાખેછે. તે બ્રહ્મચારી, સાધુ, અને પાળા આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખેછે, પાળા મુછો અને દાઢી રાખતા નથી. તે ઘણું કરીને સાધુ જેવોજ ધર્મ પાળેછે. તે સાધુ બ્રહ્મચારીઓ ચોટલી, જનોઇ, અને તુલશીની બેવડી કંઠી રાખેછે. **સ્મૃતિઓના** આધારથીજ આવો ઠરાવ કરેલો છે. કળીયુગમાં સન્યાસધર્મ પાળી શકાય નહિં. માટે સન્યાસી હાલ કરતા નથી, પણ સ્વામિનારાયણના વખતમાં કેટલાએક સન્યાસી તેમના શિષ્ય હતા. **જડભરતનો** જે આશ્રમ, તેજ આશ્રમ સ્વામિનારાયણના સાધુ-બ્રહ્મચારીઓનો છે. તે **ઉદ્ધવી સંપ્રદાય** કહેવાય છે. કોઇ મતવાદી પ્રશ્ન પુછે તો તેના ઉત્તર આપવા ઘણી શ્રુતિઓ અને સ્મૃતિઓના વાક્યોનો સંગ્રહ તેણે કરેલો છે. **વ્યાસસૂત્ર** ઉપર તેમણે ભાષ્ય કરેલું છે. અને **સત્સંગી જીવન** આદિક સંસ્કૃત મોટામોટા ગ્રંથો તથા વ્રજભાષામાં ને ગુજરાતી ભાષામાં પાકૃત ગ્રંથો અને હજારો કીર્તનો છે. તેમની પાસે **શતાનંદ, ગોપાળાનંદ, નીત્યાનંદ, વાસુદેવાનંદ, ભગવદાનંદ, યોગાનંદ,** વગેરે સંસ્કૃત કવિઓ હતા. તે પછી **અચિંત્યાનંદ** નામે સંસ્કૃત મહાકવિ થઇ ગયા. તેમણે પણ સંસ્કૃત ગ્રંથો ઘણા કરેલા છે અને **બ્રહ્માનંદ, પ્રેમાનંદ, મુક્તાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ,** આદિક ભાષાના કવિઓ પણ ઘણા હતા.

જુનાગઢ, ગઢડા, તથા ધોળેરાનાં મંદિર.

સંવત ૧૮૮૪માં **જુનાગઢમાં** મોટું શિખરબંધ દેરૂં કરાવ્યું, અને **ધોળેરામાં** પણ તેજ

શ્રી ગોંડલ મંદીરમાં ચોઘડીઆં બેસાર્યાં તે વિશેનું તથા દરબારશ્રીના ગુણ વર્ણનનું કાવ્ય—

દોહા—અભય કુમાર ઉદારભો, યદુવંશી હરીયંદ ॥
ધર્મત્તખત્ત પર અબ તપત, દાનસીંહ રાજંદ ॥ ૧ ॥
એક સમે અવનીપતી, નિજ મન કીન વીચાર ॥
પુર ગોંડલ મંદીર પ્રતે, નહીં નોબત નીરધાર ॥ ૨ ॥
પધરાવું પ્રેમેં કરી, પ્રભુ પસંન્નતા કાજ ॥
દેવ દુંદભી નિત્તગડે, ગડડ તાંગ ધિધિગાજ ॥ ૩ ॥
સદ્‌ગુરુ બાળ મુકુંદકી, આજ્ઞા ગ્રહિ યહકાળ ॥
સ્વામિ આજ્ઞા શીરધરી, કરન કાજ તત કાળ ॥ ૪ ॥
ઓગણીસે સીતેરકી, સુભગ સાલ સુભ વાર ॥
માસ ખાસ વૈશાખમેં, પધરાયે કરી પ્યાર ॥ ૫ ॥

સાલમાં શિખરબંધ દેરૂં કરાવ્યું. સંવત ૧૮૮૫ ની સાલમાં મોટું મંદિર કરાવીને **ગઢડામાં ગોપીનાથજી,** દેવની સ્થાપના કરી.

— સર માલ્કમ સાહેબનો મેળાપ. —

સંવત ૧૯૮૬ની સાલમાં મુંબઇના ગવર્નર સર માલ્કમ સાહેબ કાઠીઆવાડમાં આવ્યા હતા. તેમના સેક્રેટરી મી. થોમ્સ વિલ્યમસન તેમની સાથે હતા. તે વખતે રાજકોટના એક-ટીંગ પોલીટીકલ એજન્ટ મી. બ્લેનસાહેબ હતા. તેને ગવર્નર સાહેબ પાસે સ્વામિનારાયણની તથા તેમના ધર્મની ઘણી પ્રશંસા કરી હતી. તેથી પોતાના સેક્રેટરી તથા પોલીટીકલ એજ-ન્ટની મારફતે સ્વામિનારાયણને માનપૂર્વક પત્રો લખીને મુદામ સ્વાર મોકલી ગઢડેથી રાજકોટ મળવા બોલાવ્યા હતા. અને મોટા માનથી મેળાપ કરીને પ્રશંસા કરી તે ગવર્નરે સંતોષ જાહેર કર્યો હતો, તે વાત અંગ્રેજીમાં છપાઇને પ્રસિદ્ધ થઇ હતી.

— દેહોત્સર્ગ વિષે. —

જેમ સુર્યનો ઉદય થાય, ત્યારે તેનો તડકો જેટલામાં પડે છે. તેટલામાંજ પ્રકાશ થાય તેમજ નહિં. પણ તે તડકાના પ્રતાપથી બીજે ઘણે ઠેકાણે અજવાળું થાય છે, તેમ સ્વામિનારાયણના શિષ્ય થયા તેટલાજ સુધર્યા એટલુંજ નહિં. પણ તેમની રીતભાત જોઈ બીજા લોકો પણ સુધરવા લાગ્યા. કેટલાકે વામમાર્ગ આદિ અધર્મ છોડી દીધા અને પોતાના ધર્મમાં સારી રીતે વર્તવા લાગ્યા.

આ રીતે સ્વામિનારાયણે વેદોક્તધર્મનું સ્થાપન કર્યું, મોટાં મંદિરો કરાવી તથા પુસ્તકો રચાવી તે ધર્મના ઉંડા પાયા નાખ્યા અને ધર્મના રક્ષણ માટે આચાર્યો સ્થાપ્યા. એ રીતે પોતાનાં કરવાનાં કામ સર્વે પુરાં કરીને સંવત ૧૮૮૬ના જેઠ સુદી ૧૦મી ને દિવસે ગઢડામાં અંતર્ધ્યાન થયા. આ દેશમાં કે પરદેશમાં ધર્મ ચલાવનારા ઘણા મહાત્મા પુરૂષો થઇ ગયા છે. તેઓએ ઘણા ચમત્કાર દેખાડેલા છે, અને તે તેઓના ધર્મ-પુસ્તકોમાં લખેલા છે પણ તે પોત પોતાના ધર્મવાળા કબુલ રાખેછે. એ પર-ધર્મવાળા કબૂલ રાખતા નથી.

॥ गीयामालती (हरीगीत) छंद ॥

करी प्यार भूप उदार द्रढ मन धार आप विचारकुं ॥
तेही वार अपरम पार आये संत काज सुधारकुं ॥
नरनारको नहीं पार जय जयकार करते जोषती ॥
दिलदार दान उदार भूपर आज भाळ्यो भूपती ॥ १ ॥
सब संत धरीके खंत विधीसर मंत आपभनंत है ॥
शुभकाज करनें काज सघळो साज आज सजंत है ॥
गडेडाट होवत गाज बाज अवाज होबत है अती ॥ दीलदार ॥२॥
गुणवंत गावत राग सुंदर भात भात प्रभातमें ॥

માટે સ્વામિનારાયણના ચમત્કારની એવા ઝાણવાના અત્ર લખ્યા નથી, માત્ર જે જગપ્રસિદ્ધ છે તેજ લખી છે.

—૦ આચાર્યો વિષે ૦—

સ્વામીનારાયણના આચાર્યો પોતાના નિકટના સગાં સિવાય અન્ય કોઇ બાઇયો સાથે ભાષણ કરતા નથી અને સ્ત્રીઓને પોતાના પગનો સ્પર્શ કરવા દેતા નથી, કોઇવખતે અજાણતાં કોઇ સ્ત્રીનો છેડો પણ અડી જાય તો તે દિવસે નકારડો ઉપવાસ કરેછે. કોઇ સ્ત્રીને પોતે મંત્રોપદેશ કરતા નથી.

તે આચાર્યની પત્નિઓ પતિની આજ્ઞાથી સ્ત્રીઓને મંત્ર ઉપદેશ કરેછે, પણ પોતાના સંબંધી વિના બીજા પુરૂષો સાથે ભાષણ કરતી નથી, અને તેને મુખપણ દેખાડતી નથી. તેમજ પુરૂષોની સભામાં બે મહિનાની દિકરીને પણ લઇને જવાતું નથી. બાઇઓની સભામાં બાઇઓજ કથા વાંચેછે. તેમાં નાના (દીકરા) બાળકને પણ જવા દેતી નથી કારણ કે સ્વામિનારાયણની એવી આજ્ઞા છે. માટે ઘણા ગામોમા સાધુઓને ઉતરવાની જગ્યા પણ જુદીછે, અને બાઇઓને કથા વારતા કરવાની જગ્યા પણ જુદીજ હોયછે. મંદિરોમા દર્શન વખતે બાઇ ભાઇનો સ્પર્શ ન થાય એવો બંદોબસ્ત રાખે છે. અમદાવાદમાં તથા વડતાલમાં આચાર્યોના સ્થાન છે. ત્યાં સંસ્કૃત પાઠશાળાઓ સ્થાપી છે. જ્યાં વિદ્યાર્થીઓને રહેવાની તેમજ અભ્યાસ કરવાની સગવડ વિના મુલ્યે આપવામાં આવેછે. અમદાવાદની ગાદીએ અયોધ્યાપ્રસાદજીના વંશજ વાસુદેવપ્રસાદજી હાલ બિરાજે છે. અને વડતાલમાં રઘુવીરપ્રસાદજીની ગાદીએ આનંદપ્રસાદજી છે.—હાલમાં ઘણા ગ્રેજ્યુએટો અને રાજદૂરી પુરૂષો અને શાસ્ત્રીઓ પ્રસિદ્ધ રીતે સ્વામિનારાયણી ભક્તિ કરેછે. એક કવિએ કહ્યું છે કે—

દોહા—બળથી, ધનથી, બની શકે, તેહકરે નૃપ કોય, ॥
લે ખેંચીમન લાખનાં, ए तो इश्वर होय. ॥ १ ॥

તે પ્રમાણે સંવત ૧૮૭૬ માં સ્વામિનારાયણના પરમહંસ ૫૦૦ હતા, અને સત્સંગી એકલાખ હતા. જ્યારે ૧૮૮૬ માં સ્વામિનારાયણે દેહ મુકયો. ત્યારે પરમહંસ ૧૫૦૦ હતા અને હરીભક્તો બે-લાખથી વધારે હતા. હવેના વખતમાં સ્વામિનારાયણના ધર્મ ઉપર લોકો દ્વેષ રાખતા નથી શાંતિ થઇ છે અને નિષ્પક્ષપાતિ લોકો ધર્મને વખાણે છે.—

(શ્રી સ્વામિનારાયણનું જીવન ચરિત્ર સમાપ્ત)

કેદાર આશ બીભાસ મેરવ માલકોશ મહાતમેં ॥
દુંદભી બાજત દેવકે સરણાઇ નોબત ગાજતી ॥ દીલદાર ॥ ૩ ॥
નરનારી આવત પૂરકે જબ ઘૂરતે નોબત બડી ॥
નૃપ પૂરકો મન મેચકો કુન ઠોર બાજત યહ ઘડી ॥
સુરલોક સબ દેખન અયે નર લોકકી યહ જુગતી ॥ દીલદાર ॥ ૪ ॥
દીલદાર રંજન કલશ કંચન ગર્વ ગંજન પર ધરે ॥
અંજની કે,તન દુઃખ ભંજન દાનકો વીધન હરે ॥
સહુ દેખ સજન હોત રંજન ધન્ય ધન્ય જદુપતી ॥ દીલદાર ॥ ૫ ॥
દીનરાતિ ચહુષ દેવપર યશવંત ધજ ફરકંત હૈ ॥
ઝળકંત હૈ સબ કળશ કંચન દુંદભી ગરજંત હૈ ॥
ડંકોદીયો નૃપદાન દુલે કરતી જગ ગાજતી ॥ દીલદાર ॥ ૬ ॥
અભમાલકી સબ ચાલ રખી કલીકાલ પેં દ્રઢતા ધરી ॥
બહુ ભાવ ધરીકેં લાવ લેકેં બોત લક્ષિમ વાવરી ॥
સબ ગુણ નાંહી ગણાત નૃપકે માવદાન નહીં મતી ॥ દીલદાર ॥ ૭ ॥

॥ છપ્પય ॥ ધન્ય ધન્ય નૃપદાન, ધર્મ ધજ રાખ્યો ધારી ॥
ધન્ય ધન્ય નૃપદાન, કૂળકી ક્રીત વધારી ॥
ધન્ય ધન્ય નૃપદાન, દાન દીનો તુમ ભારી ॥
ધન્ય ધન્ય નૃપદાન, તુંહારી સહાય મુરારી ॥
નૃપદાનસીંહ તુવ ધન્ય હૈ, સંત સદા સેવન કરો ॥
કવિ માવદાન સતસંગમાં, વળી બિષેસ ઘન વાવરો ॥ ૧ ॥

શ્રી અભયસિંહજીના વખતથી જુનાગઢના મંદિરમાં ભીમ એકાદશીના પારણાની ફેરીની (રસ–રોટલીની)અપાતી રસોઇનો પ્રબંધ પોતે ચાલુ રાખી, સત્સંગની અપૂર્વ સેવા બજાવી હતી.

બેડીયા નામનું ગામ કે જે બન્ને લોધીકા–દરબારોનું મજમું હતું તેની ઘરમેળે પંચ નીમી જુદી વહેંચણ તેઓ નામદારશ્રીએ કરાવી હતી. અને ગામની જમીનમાં લોધીકા તળપદની જમીન લગતા હોવાથી. તે ભેળવી લોધીકાથી બે માણસને છેટે બ્રીટીશ સરકારની મંજુરી મેળવી એક નવું ગામ વસાવ્યું. અને તે ગામનું નામ પોતાના દાદા–બાપુ રાજર્ષિ **અભયસિંહજી**નું નામ કાયમ રાખવા **"અભયપુર"** પાડયું હતું, એને હાલ લોકો 'અભેપુર' કહેછે. તેમજ પોતાના વહીલબંધુ અમરસિંહજીના નામની યાદી રહેવા પોતાનું ગામ મોજે ભીંચરી (રાજકોટથી પૂર્વમાં બે ગાઉ ઉપર છે,)તેનું નામ **અમરગઢ** પાડી સરકારમાં મંજુર કરાવી પોતાના દફતરે અમરગઢના નામથી વહીવટ ચાલુ કર્યો હતો જે પ્રબંધ હાલ કાયમ છે. એ અમરગઢ (ભીંચરી) ગામે વિશાળ દરવાજો ચણાવી અને રાજકોટ રાજકુમાર કોલેજના માજી પ્રીન્સીપાલ સી. મેન સાહેબના હાથથી તે દરવાજો ખુલ્લો મેલાવી, તેનું **'મેનગેટ'** નામ આપ્યું હતું. જે નામ હાલ દરવાજા ઉપરના શીલાલેખમાં મોજુદ છે. તેમજ એ અમરગઢ ગામની સરહદમાં ચાલતી લાલપરી નદીનો એક પાકો કોઝવે બંધાવી, રાજ-



સ્વ. લોધીકા તાલુકદાર શ્રી. અભયસિંહજી સાહેબ

(જી. બં. પૃ. ૬૮)



નામદાર લોધીકા તાલુકદાર શ્રી મૂળવાજી સાહેબ.

(દ્વી. ખં. પૃ. ૯૦)

કેટના માજી પોલીટીકલ એજન્ટ (હાલાર પ્રાંત) મેજર સી. એફ. હેરોલ્ડ સાહેબના હાથથી-તે ખુલ્લો મુકાવી, તેનું નામ 'હેરોલ્ડ-કોઝવે' આપ્યું હતું, જેનો શીલાલેખ તે કોઝવેમાં હાલ મોજુદ છે. તેઓ નામદારશ્રીએ થોડા વર્ષની કારકીર્દીમાં પણ પોતાની પ્રજાની અપુર્વ લાગણી મેળવી હતી. તેઓશ્રી અતિ ઉદાર, જુની રૂઢી અને ધર્મને ચુસ્ત પણે માનનારા અને સ્વભાવે ભોળા રાજવિ હતા. વિ. સં. ૧૯૭૪ના આશો વદ ૧૦ શુક્ર તા. ૯-૧૧-૧૯૧૭ના રોજ અઠવાડીયું બિમારી ભોગવી, ભરયુવાવસ્થામાં સ્વર્ગે સિધાવ્યા હતા. તે વખતે તેઓશ્રીના કુમારશ્રી **મુળવાજી** (પાટવી) કુમારશ્રી **ઇન્દ્રસિંહજી** અને કુમારશ્રી **નટવરસિંહજી** એ નામના ત્રણ કુમારો નાનીર હોવાથી, તે તાલુકો બ્રિટીશ સરકારે મેનેજમેન્ટ તળે લીધો હતો.

(૯) ઠાકોરશ્રી મુળવાજીસાહેબ (વિદ્યમાન)

(ચંદ્રથી ૧૮૮ શ્રી કૃષ્ણથી ૧૩૩ જામરાવળથી ૧૮)

તેઓ નામદારશ્રીએ વઢવાણ તાલુકદારી ગીરાશીયા કોલેજમાં કેળવણી લીધા પછી પોરબંદરના નામદાર મહારાજા મહારાણાશ્રી **નટવરસિંહજી સાહેબ** હજુર રાજ્યવહિવટ ચલાવવાની ઉમદા તાલીમ લીધી હતી. અને તે દરમિયાન મહારાણા સાહેબની અપુર્વ પ્રીતી સંપાદન કરી હતી, નામદાર રાણાસાહેબનો યોગ્ય અભિપ્રાય થતાં, તેઓ નામદાર વિ. સં. ૧૯૮૮માં લોધીકાની ગાદીએ બિરાજ્યા, અને તેજ સાલમાં તેઓ નામદારશ્રીનાં લગ્ન નામદાર વળા ઠાકોરશ્રીના ભત્રીજા ગોહેલશ્રી પ્રતાપસિંહજી (દરેડવાળા)નાં કુંવરીશ્રી **સજ્જન-કુંવરબા** સાહેબ સાથે થયાં હતાં તે પ્રસંગે લોધીકામાં અપુર્વ શોભા (પોરબંદરથી તંબુ-ખાનું વિ૦ સામાન આવતાં) કેમ્પ ગોઠવી કરી હતી. દરેક મોટા રાજ્યો તરફથી ડેપ્યુટેશનો આવ્યાં હતાં. અને નામદાર ગવરીદડ દરબારશ્રીએ, યુવરાજશ્રી સાથે પધારી પોતાનો જુનો સબંધ જળવ્યો હતો. તાલુકાના તમામ ભાયાતો અને બીજા ડેપ્યુટેશનના બીજમાનોની યોગ્ય સરભરા કરવામાં આવી હતી. તેમજ કવિ-પંડિતોને પણ યોગ્ય ઇનામો સાથે પોશાકો આપ્યા હતા. એ શુભ પ્રસંગે લોધીકાની પ્રજા તરફથી દરબારશ્રીને એક માનપત્ર રૂપાના કાસ્કેટમાં મઢ્યું હતું. જેની નકલ નીચે પ્રમાણે છે. :—

—શ્રી લોધીકા સમગ્ર પ્રજા તરફથી માનપત્ર—

અમારા મુગટમણી નામદાર દરબાર સાહેબ શ્રી મુળવાજી સાહેબ
બહાદુરની સેવામાં મું.-લોધીકા.

પુજ્ય શ્રી દરબારસાહેબ,

આપના લગ્નના આ શુભ પ્રસંગે અમે લોધીકા, અમેપુર, અમરગઢ, અને ન્યારાની પ્રજા આપને અભિનંદન આપીએ છીએ.—આપ નામદારશ્રી ગાદીએ બીરાજતાં રૈયતનું ભલું કરવાની આપની અભિલાષા આપે પ્રગટ કરેલી જેમાં ખેડુતો પાસેનું તગાવીનું લ્હેણું માફ

કર્યું. તેમજ વિદ્યાઓનો વેરો તથા પાણી વેરો વિગેરે માફ કર્યો જેથી અમોને પૂર્ણ સંતોષ થયો છે.—જાયાતો પ્રત્યે આપે જે સ્નેહની લાગણી બતાવી છે તેને માટે આપને અમે ધન્યવાદ આપીએ છીએ. અને તે બધા કરતાં વિશેષતો એ છે જે નામદાર દરબારશ્રી **વિજયસિંહજીભાઇ** અને આપના કુટુંબ વચ્ચે આપ બન્ને ભાઇઓએ સ્નેહગાંઠ બાંધી તે પગલું સૌથી ઉત્તમ બનેલ છે, તે પ્રભુ હરહંમેશ વૃદ્ધિ કરે તેમ ઇચ્છીએ છીએ.—આપ હજુ ખીલતી યુવાનીમાં છો, અને આપને લાંબો સમય કામ કરવાની તક છે, આપે આરંભેલું સુધારાનું અને વસ્તિના હિતનું કાર્ય દીન-પ્રતિદિન વધતું જશે. અને આપની સરદારી હેઠળ અમે સૌ આગળ ધપીશું. અને પ્રગતિની દૃષ્ટિએ આ તાલુકો એક નમુના રૂપ બનશે એવી અમે ઉમેદ રાખીએ છીએ—આપના વડવાઓએ પ્રજારક્ષણ માટે પોતાના બલીદાન આપી વસ્તિ પ્રત્યેની પોતાની કર્તવ્ય બુદ્ધિ અને ક્ષત્રિવટપણું બતાવ્યું છે. આપને કીર્તિવંત પૂર્વજોનો મહાન વારસો મળ્યો છે અમોને શ્રદ્ધા છે કે આપ એ વારસામાં વૃદ્ધિ કરી આપના કુળની કીર્તિને વિશેષ ઉજ્વલ કરશો. તેમજ પુજ્ય પિતામહ **અભયસિંહજી** બાપુની સમાન ધર્માત્મા બની સદ્ધર્મી પ્રત્યક્ષ રાજની ગણનામાં આવો એવું અમો અંતઃકરણથી ઇચ્છીએ છીએ. અમોને જણાવતાં અતિ હર્ષ થાય છે કે આપે રાજ્યકારોબારની કેળવણી નામદાર **પોરબંદરના મહારાજા સાહેબ** પાસે અમુક સમય લીધી છે. નામદાર મહારાજા સાહેબ કે જેઓ બહુજ લોકપ્રિય છે અને જેઓના પ્રજા-કલ્યાણ માટે ઉંચ વિચારો છે તેવા આપ અમારા પ્રત્યે દર્શાવી આ આપની પ્રજાને નિષ્પક્ષપાત ન્યાયથી રાજી અને સુખી કરી બતાવશો એવી અમો અંતઃકરણ પૂર્વક આશા રાખીએ છીએ. અમે માનપુર્વક આપને ખાત્રી આપીએ છીએ કે આપના લોકહિતના કાર્યમાં અમે આપને મદદ આપવાને હંમેશાં તૈયાર રહીશું—અમોને અતિ હર્ષ થાય છે કે આપનો આ સબંધ દરેડના મહાપુરૂષ ગોહેલ શ્રી **પ્રતાપસિંહજી** સાહેબને ત્યાં થયેલો છે તે દરેક રીતે કુશળ છે. જેથી તેમનો લાભ અહિંની વસ્તિને દરેક વખત મળશે તે જોઇ અમોને હર્ષ થાય છે. અને વળી આપને નામદાર **રાજકોટ ઠાકોર સાહેબ** તેમજ વઢવાણ, ચુડા વિગેરે સ્ટેટો સાથેનો આપનો સબંધ આપશ્રીનો ઉપયોગી છે તેથી વિશેષ ઉપયોગી અમોને એટલે આપની વસ્તિને થશે એમ માની અમોને વિશેષ હર્ષ થાય છે.—પરમકૃપાળુ પરમાત્મા આપ દંપતિને દીર્ઘાયુષ્ય આપે અને આપને તેમજ રાજ્યકુટુંબને સંપ અને સુખ સાથે દીર્ઘાયુ: બક્ષે, એમ અમો સમસ્ત પ્રજા ઇચ્છીએ છીએ.

તા. ૨૬-૨-૧૯૩૨ લી૰ અમો છીએ આપશ્રીની પ્રજા.

—: નામદાર દરબારશ્રીનો ઉત્તર :—

"મ્હારા વ્હાલા પ્રજાજનો!

મારા શુભલગ્નની ખુશાલી પ્રસંગે આપ સહુએ મને જે માનપત્ર આપ્યું તે સ્વીકારતાં મને અત્યાનંદ થાયછે, અને મારા શુભ અવસરે આપ સહુના આ હૃદયના સહકારથી આપ સહુનો હું ઉપકાર માનું છું.

રાજ્યકર્તા તરીકે મારી કારકીર્દીની હજી શરૂઆત છે. અને હું નિર્દોષ હોઉં એવો દાવો રાખી શકું નહિં. પરંતુ હું ખાત્રી આપું છું કે મારી પ્રજા મને અતિપ્રિય છે, અને

તેમનું ભલું કરવા મારા તરફથી હરહંમેશ કાળજી રાખવામાં આવશે.—મારા પુન્ય પિતામહ **અભેસિંહજી** બાપુના પગલે હું ચાલીશ, અને જેમાં મને પરમાત્મા સહાય કરશે. મારા કામ-કાજમાં મારી વસ્તીના સહકારની જરૂર છે અને તેમનું પીઠબળ એ રાજ્યનું બળછે.—ખેડુ લોકોએ આ શુભ પ્રસંગે જે વફાદારી બતાવીછે. તે તેમની મારા પ્રત્યેની અનન્ય પ્રીતિનું શુભ ચિન્હ છે અને એ પરસ્પરપ્રીતિ અખંડ રહો એમ ઇચ્છું છું. અસ્તુ!!!

મારા ભાયાતો પણ મારા રાજ્યના અંગભૂતોછે અને તેમને મારા તરફથી ગેરવ્યાજબી કનડગતો થશે નહિં. અને અમારો પરસ્પર સંપ અને સ્નેહ શાશ્વત રહો એમ ઇચ્છું છું.

પોરબંદર રાજ્યના પુણ્યશ્લોક પ્રાતઃસ્મરણીય નેકનામદાર **મહારાણા સાહેબ** બાબત તમોએ જે ઉલ્લેખ કર્યો છે. તે વાસ્તવિક છે, તેઓ નામદારશ્રી અમુક પ્રતિકૂળ સંયોગો વશાત્ અત્રે પધારી આપણને કૃતાર્થ નથી કરી શકયા, પરંતુ આપણા સુભાગ્યે એમના સુભ દર્શનનો લાભ જરૂર મળશે.—મારા વ્હાલા ભાઇશ્રી **વિજયસિંહજી** સાથેનો મારો ભ્રાત્ ભાવ અખંડ રહો અને અમારા પરસ્પર સ્નેહ અને સંપથી સારાએ લોધીકા તાલુકાનું હિત વધારે જળવાય એમ હું જગદીશ્વર પાસે માગું છું.

મારા ભાયાતો અને ખેડુતો અને અન્ય પ્રજાજનોએ આ શુભલગ્ન પ્રસંગે જે સેવા બજાવી છે તે માટે હું દરેકનો આભારી છું! :—

ઉપર પ્રમાણે ખુશાલીના શુભ પ્રસંગે પોતાના બે નાના બંધુઓ કુ.શ્રી **ઇન્દ્રસિંહજી** અને કુ.શ્રી **નટવરસિંહજી**ને ઠેબચડા ગામે ગિરાસ આપી. રાજકોટનો દરબારી ઉતારો બક્ષીસ કર્યો હતો. તથા લોધીકા રાજકવિ **માવદાનજી**ને રૂા. ૧૦૧)નું કાયમી વર્ષાસન બાંધી આપી નીચેનો લેખ લખી આપ્યો હતો. :— **ઓફીસ ઓર્ડર. નાં. ૯૩**

આજરોજ અમોને તાલુકાની સત્તા સુપ્રત થતાં આ ખુશાલીના પ્રસંગે કાલાવડના કવિ **માવદાનજી લીમજીભાઇ**, આ તાલુકાના કવિછે. રાજસાથે ૩–૪ (ત્રણ ચાર) પેઢીનો સંબંધ છે. અને તેઓ ઊંચ સદ્‌ગુણ ધરાવેછે. તેથી તેને **રાજકવિ** તરીકે, રૂા. ૧૦૧) એકસો એકનું વર્ષાસન બાંધી આપવામાં આવેછે. જેના ખબર થવા આ ઓર્ડરની એક નકલ કવિ મજકુરને આપવી, એકનકલ હીસાબી દફ્તરે, અને અસલ દફ્તરે રાખવી.

મુ. **લોધીકા.** તા. ૧૪–૧૨–૩૧ **મુળવાજી દાનસિંહજી જાડેજા.**
તાલુકદાર.—**લોધીકા.**

પોતાના વડીલોના ધર્મને અનુસરી પોતે પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં હોઇ એ શુભપ્રસંગે જુનાગઢ ગઢડા વગેરે મંદિરોમાં રસોઇઓ આપી હતી. અને ગોંડળના સ્વામિ-નારાયણ મંદિરમાં પોતાના પિતાશ્રીએ ચોઘડીઆં બેસારેલાં તે પેટે અમુક રકમ આપવી મેને-જમેન્ટ વહીવટ દરમિયાન બાકી રહેલ, તે રકમ ચાલુ સાલે સંપુર્ણ આપી, ચોઘડીઆં **यावत् चंद्रदीवा करौ** તે રકમના વ્યાજમાંથી વાગે તેવો પ્રબંધ કર્યોછે. તેમજ જુનાગઢ મંદિરમાં ભીમ–એકાદશીના પારણાની રસોઇ પણ ચાલુ કરાવી સંતોનો આશીર્વાદ મેળવ્યો, હતો. તેમજ પિતામહ અભયસિંહજીએ લોધીકામાં ચણાવેલ મંદિરનો જીર્ણોદ્ધાર પોતે કરાવ્યો અને અભયપુર ગામે મંદિર ચણાવવા પોતાના ગયા જન્મ દિવસની ખુશાલીમાં જણાવ્યું. હતું તેમજ બાપુશ્રી અભયસિંહજીએ રચાવેલા '**શ્રીપુરૂષોતમ ચરિત્ર**' અને '**છંદરત્નાવલી**'

નામે બે ગ્રંથોની પ્રતોની વધારે જરૂર પડતાં, બીજી આવૃત્તિ બહાર પાડવાપણ દર્શાવેલછે.

ઉપર મુજબ ધાર્મિક કાર્યોમાં પણ પોતાના વડીલોના નિયમનું અનુકરણ કરી સત્સંગમાં સારી ખ્યાતિ મેળવી છે. તેમજ તાલુકાના ગામોમાં ફરી વસ્તિસાથે હળીમળી પ્રજાપ્રેમ પણ પુર્ણ મેળવ્યો છે. નામદાર રાજકોટ ઠાકોરશ્રી ધર્મેન્દ્રસિંહજી સાહેબને પણ લોધીકે પધરાવી પોતા તરફ તેઓ નામદારની પણ અપુર્વ ચાહના મેળવી છે. લોધીકાના બીજા તાલુકદારશ્રી વિજયસિંહજી સાહેબ સાથે પણ સંપુર્ણ ભાતૃભાવ જાળવી, અરસપરસ પ્રેમની લાગણી ઉત્પન્ન કરીછે. તેઓ નામદારશ્રી સ્વભાવે મીલનસાર, સ્નેહાળ, ઉદાર, અને ભોળાછે. તેઓ નામદાર પોતાના મોસાળ પક્ષના (કંથારીઆના) રાણાશ્રી દોલતસિંહજી કે જેઓ પોતાના મુસાહેબ હતા. તેઓ અત્યારે રેવન્યુ અધિકારીની જગ્યા ઉપર છે. તેમની તથા પોતાના (માજી–મેનેજર) વયોવૃદ્ધ કારભારી મંછારામભાઇની તથા પિતામહ હરિસિંહજી બાપુના વખતના અનુભવિ કારભારી રાજ્યકાર્યકુશળ–કામદાર ભાણજીભાઇ વિગેરેની નેકસલાહથી રાજ્યકારભાર, ઘણોજ પ્રશંસાપાત્ર ચલાવે છે. અને રાજ્ય માતા જયકુંવરબાસાહેબ તથા મોટાંમાસાહેબ તથા વઢવાણવાળાં બાસાહેબ વગેરે વડીલવર્ગની આજ્ઞાનુસાર ચાલી તેઓશ્રીએ તે તરફનો પણ પુર્ણ સંતોષ મેળવ્યો છે. તેમજ પોતાના નાનાભાઇ પ્રત્યે પુર્ણ પ્રેમ અને શુભલાગણી ધરાવે છે. પરમાત્મા તેઓશ્રીને તંદુરસ્તી સાથે દીર્ઘાયુષ્ય આપે અને એ ધર્મતખ્ત ઉપર રાજનીતિથી રાજ્યતંત્ર ચલાવે એવી પ્રભુ પાસે અમારી અંતઃકરણથી પ્રાર્થના છે.—

લોધીકા (સીનીઅર) તાલુકાની વંશાવળી

(૧) ઠાકોરશ્રી જશાજી [ચંદ્રથી ૬૮૦ શ્રી.કૃ.થી ૧૨૫મા વ. સં. ૨૭૮૮]


(૨) ઠા. શ્રી. ખીમાજી — મુળુજી (મહુવા વાજડી)

નોંધાભાઇ (કુંવરપદે દેવ થયા) — (૩) ઠા. શ્રી. અજેરાજજી — રૂપાભાઇ — અખાભાઇ (ઠેબચડા)

(૪) ઠા. શ્રી. જીભાઇ ઉર્ફે જસાજી — ખોડાજી (ઠેબચડા)

(૫) ઠા. શ્રી. અભયસિંહજી (રાજર્ષિ)

*



લોધીકા તાલુકાનો ઇતિહાસ

જુનીયર–શાંચ

છુટા છવાયા ગામોને લીધે આ તાલુકાની સરહદ મુકરર નથી તો પણ રાજકોટ, ગોંડળ, નવાનગર, કોઠારીઆ, વગેરેની સરહદો લાગુ છે. આ તાલુકાનું ક્ષેત્રફળ ૨૭ ચોરસ માઇલ છે. અને વસ્તિ સને ૧૯૨૧ની ગણત્રી મુજબ ૨૨૬૪ માણસોની છે, સરેરાશ વાર્ષિક ઉપજ રૂા. ૭૫,૦૦૦ ના આસરે છે. અને ખર્ચ આસરે રૂા. ૪૦,૦૦૦ના આસરે છે. આ તાલુકો દર વર્ષે રૂા. ૬૪૩–૮–૦ ખીટીસ સરકારને ખંડણીના અને જુનાગઢ સ્ટેટને રૂા. ૨૦૨–૮–૦ જેરતલખીના ભરે છે. આ તાલુકાના અમુક વિભાગમાં રાજકોટ–જેતલસર રેલ્વે લાઇન પસાર થાય છે. આ તાલુકાને ફોજદારી કામમાં બે વર્ષની સખ્ત કેદ અને રૂા. ૫૦૦૦ સુધી દંડ કરવાની તથા દિવાની કામમાં રૂા. ૫૦૦૦) સુધીના દાવા સાંભળવાની સત્તા છે. વારસામાં પાટવિકુમાર ગાદીએ આવવાનો રિવાજ છે. કાઠીઆવાડના બીજા રાજ્યો માફક શાહીસત્તા સાથે આ તાલુકાને પણ કોલકરાર થયા છે. તાલુકાના ગામોના નામો :—
૧ લોધીકા,–(ગાદી) ૨ ખોખડદડ, ૩ ત્રવડા, ૪ રાવકી, ૫ હરિપર, ૬ ઢાંઢણી, ૭ ખેડીઆ,

—: પ્રાચિન ઇતિહાસ, :—

આ તાલુકો રાજકોટ સ્ટેટની શાખાછે. રાજકોટના ઠા. શ્રી. મહેરામણજી બીજાના સાતમા કુમાર ફુલજીને ખોખડદડ અને બીજાગામો જાગીરમાં મળ્યાં. (વિ. સં. ૧૭૮૮) આ શાખાના મુળપુરૂષ (૧) ઠા. શ્રી. ફુલજીભા અને સિનીઅર શાખાના મુળપુરૂષ ઠા.શ્રી. જશાજી બંન્ને સગાભાઇઓ હતા. તેઓને અરસપરસ ઘણોજ પ્રેમ હતો, તેથી મોટાભાઇ ઠા. શ્રી. જશાજી અને નાનાભાઇ ઠા. શ્રી. ફુલજીભાએ એકમત થઇ બીચરી તથા ખોખડદડ-માંથી લોધીકા આવી ગાદી સ્થાપી. ત્યારથી આજસુધી લોધીકાગામ બંન્ને તાલુકદારોનું

મજમું છે. (૧) ઠા. **શ્રી. ફૂલજીને** ત્રણ કુમાર હતા તેમાં પાટવીકુમારશ્રી નથુજી ગાદીએ આવ્યા. અને બીજા કુ. શ્રી. કાંથડજીને રાવકીગામે ગિરાસ મળ્યો. ત્રીજા કુમારશ્રી પુંજાજી કુંવરપદેજ ગુજર્યા. (૨) ઠા. **શ્રી નથુજી** કોઇપણ ધીંગાણામાં કામ આવતાં પુરોપૂરો થયા, અને હાલ તેઓશ્રીની બાંબી જીભાઇના દરબારમાં (સીનીઅર શાખામાં) છે, તેઓશ્રીને પણ ત્રણ કુમારો હતા. તેમાં પાટવીકુમારશ્રી મેપાજી કુંવરપદેજ દેવ થયા હતા, તેથી નાનાકુમારશ્રી બળીયાજી ગાદીએ આવ્યા, અને ત્રીજાકુમારશ્રી વખતસિંહજીને ત્રવડા–ઢાંઢણીમાં ગીરાસ મળ્યો,(૩)ઠા.શ્રી **બળીયાજીને** બે કુમારો હતા તેમાં પાટવીકુમારશ્રી કેશાબી ગાદીએ આવ્યા, અને નાના-કુમારશ્રી નાનાબીને ઢાંઢણી ગામે ગિરાસ મળ્યો. (૪) ઠા. શ્રી. **કેશાજીને** બે કુમાર હતા. તેમાં પાટવી કુમારશ્રી ફૂલજી અપુત્ર દેવ થતાં, નાનાકુમારશ્રી રાસાબી ગાદીએ આવ્યા. એ (૫) ઠા. શ્રી. **રાસાજીને** પથુભા નામના એકજ કુમાર હતા તે ગાદીએ આવ્યા.(૬) ઠા,શ્રી. **પથાભાઇ ઉર્ફે પથુભા** એ સીનીઅર તાલુકદાર ઠાકોરશ્રી અભયસિંહજીના સમકાલીન હતા, તેઓ નામદારશ્રી બહુજ બુદ્ધિશાળી અને વિચક્ષણ રાજવી હતા, તેઓશ્રીએ તાલુકાને આબાદ કરી લાખો રૂપીઆ મેળવ્યા, હતા. ઠા, શ્રી, અભયસિંહજીના સહવાસથી તેઓ નામદાર પણ સ્વામિનારાયણ સંપ્રદાય અને તેઓના સાધુઓ ઉપર અપુર્વ લાગણી ધરાવતા હતા, અને આચાર્યશ્રી તથા સાધુઓની પધરામણી કરી ધર્મકાર્યમાં સહર્ષ ભાગ લેતા હતા, તેઓ નામદારશ્રીને બે કુમારો હતા, તેમાં પાટવીકુમારશ્રી રતનસિંહજી ગાદીએ આવ્યા. અને નાના-કુમારશ્રી રવુભાને હરિપરમાં ગિરાસ મળ્યો, [૭] ઠા, શ્રી, **રતનસિંહજી**એ ગાદીએ બિરાજ નવો દરબારગઢ બંધાવ્યો, તેમાં વિશાળ ત્રણ ચોક, અંદર જનાના વિભાગ ગાદીખાનાં, ઘોડારો વગેરે બંધાવ્યાં. તેમજ કચેરીઅંગલો બન્ને બાજુ ગેલેરીવાળો, ઉપર ટાવર રખાય તેવી યોગ્ય બાંધણીવાળો સુશોભિત દરબારગઢ બંધાવ્યો હતો, તથા પોતાના નાનાબંધુશ્રી રવુભાભાઇ માટે પોતાના દરબારગઢની સામે [દક્ષિણાદી બાજુ] એક જુદો દરબારગઢ ઇટાલી-યન સ્ટાઇલનો દરેક પ્રકારની સગવડતા વાળો બંધાવી આપ્યો હતો. તે બન્ને ભાઇઓને **અરસપરસ** ઘણોજ પ્રેમ હતો અને કાયમ સાથેજ રહેતા. ઠા. શ્રી. **રતનસિંહજી** સ્વભાવે ઉદાર, ભોળા અને વિશ્વાસુ હતા. કારભારીઓ તેમજ બીજા કાર્ય કર્તા ઉપર ભરોસો રાખી રાજ્યકારભાર ચલાવતા પોતે તો કાયમ કવિ–પંડિતો, વિદ્વાનો અને વૈદ્યોના સહવાસમાં સાહિત્યનો આનંદ કરતા. હંમેશાં ફેટીનમાં બેસી ફરવા નીકળતા. રાજદ્વારી પોશાક, અને રાજ્યચિન્હોનો ભભકો તેઓશ્રીને અતિપ્રિય હતો. અજાણ્યો માણસ મળતાંજ, રાજા છે, એમ અટકળ કરે તેવી રીતભાતથી તેઓ કાયમ રહેતા. હંમેશાં જમવા વખતે, પચીસ, ત્રીસ માણસો સાથે બેસી, તેઓશ્રી કાયમ ભોજન લેતા મારવાડ, કચ્છ, ઝાલાવાડ, વગેરે દૂર દેશોથી કવિઓ તેઓશ્રીની તારીફ સાંભળી લોધીકે આવતા. અને તેઓ નામદાર પણ તે કવિઓને ઘણાં દિવસ રોકી યોગ્ય સત્કાર કરતા. મુળીના પ્રસિદ્ધ કવિ **પ્રભુદાનજી** તેઓ નામ-દાર આગળ કાયમ રહેતા, આસપાસ દેશાવરમાં **"ભલે રતનેશ દુલ્લા, ભલે રતનેશ દુલ્લા"** એ નામથી વાચકો તેઓની તારીફ કરતા. અને દેશાવરોમાં **લોધીકા** પ્રસિદ્ધ કરનાર **ઠાકોરશ્રી રતનસિંહજીજ** હતા. તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. મારા ચાર વર્ષના સહવાસમાં મને પણ મારા પ્રારબ્ધ મુજબ તેઓ નામદાર તરફથી યોગ્ય લાભ મળ્યો

હતો. એ પ્રમાણે પ્રાચિન દુહા મુજબ "નામ રહંદા ઠાકરો, નાણાં નહિં રહંદ" કિર્તિ હંદા કોટડા, પાડયા નહિં પડંદા॥૧॥એ મુજબ ઠાકોરશ્રી **રતનસિંહજી** સાહેબ આ,નશ્વર સંસારમાં પોતાનું અમરનામ રાખી ગયાછે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓના શિયળવૃતના (અખંડ બ્રહ્મચાર્ય) કાનુનોથી તેઓ નામદાર પૂર્ણ ભાવથી એ સંપ્રદાય ઉપર ચાહના રાખતા, અને લોધીકાના મંદિરમાં જ્યારે જ્યારે સાધુઓનાં મંડળો આવે ત્યારે તેઓશ્રી પોતાના દરબાર-ગઢમાં પધરામણી કરાવી, પુજા કરી, ચાદરો ઓઢાડી, રસોઇઓ આપી આશિર્વાદ લેતા, તેમજ આચાર્યશ્રીને પણ પધરાવી યોગ્ય સેવા કરી હતી. તે દેવરાંજા દેવ થયા ત્યારે તેઓના એકજ કુમારશ્રી વિજયસિંહજી સગીર વયના હતા. તેથી તે તાલુકો એજન્સી મેનેજમેન્ટ નીચે અમુક વખત રહ્યો હતો, હાલના વિદ્યમાન (૮) ઠા. **શ્રી. વિજયસિંહજી** સાહેબનો જન્મ તા. ૨૬મી માર્ચ સને ૧૯૦૬ના રોજ થયોછે. તેઓશ્રી તા. ૧ લી ડીસેંમ્બર ૧૯૧૮ના રોજ ગાદીએ આવ્યાછે. તેઓ નામદારે વઢવાણ તાલુકદારી ગીરાશીઆ કોલેજમાં કેળવણી લીધીછે. તેઓ નામદારશ્રીના લગ્ન દેવળીઆના રાણાશ્રી **જોરાવરસિંહજી** (ભાવનગર માજી. પો. સુ.) સાહેબનાં કુંવરીબેરે ઘણીજ ધામધુમથી થયાંછે, હાલના લોધીકાની બન્ને શાખાના તાલુકદાર સાહેબો બન્ને અરસપરસ ઘણોજ સ્નેહ રાખેછે, તેઓ નામદારશ્રી પાસે ખાંભાના જાડેજાશ્રી વેરીસાલજી (**વેરૂભા**) સાહેબ ખાસ સલાહકાર તરીકે રહેછે, અને તેથી તાલુકાની વસ્તીનો પ્રેમ તેઓશ્રીએ ઘણાજ ઉતમ પ્રકારનો મેળવ્યો છે. તેમજ તાલુકાની પૂર્ણ આબાદી કરી છે.—

લોધીકાના દરવાજા બહાર એજન્સી થાણું છે ત્યાં થાણદાર સાહેબ, તથા ફોજદાર સાહેબ, તથા ડોકટર સાહેબ વિગેરે તથા તેમનો સ્ટાફ રહે છે. પરંતુ તે થાણાને તાલુકા સાથે કાંઇ નિસ્બત નથી. બંન્ને તાલુકદાર સાહેબો સ્વતંત્ર રીતે પાંચમા કલાસના અખ્તીઆર ભોગવે છે.

લોધીકા (જુનીયર) તાલુકાની વંશાવળી


(૧) ઠાકોરશ્રી ફલજી [ચંદ્રથી ૧૮૦ શ્રી.કૃથી ૧૨૫મા વ. સં. ૧૭૮૮]

(૨) ઠા. શ્રી. નથુજી — કાંથડજી [રાવકી] — પુંજાજી

મેપાજી — (૩) ઠા. શ્રી. બળીયાજી — વખતસીંહજી [ત્રવડા-ઢાંઢણી]

(૪) ઠા. શ્રી. કેશાજી — નાનાભી [ઢાંઢણી]

*



(શ્રી લોધીકા તાલુકાનો ઇતિહાસ સમાપ્ત.)

ગઢકા તાલુકાનો ઇતિહાસ

આ તાલુકાના ગામો ગઢકા, પારડી, માંખાવડ, ઢાંઢીઆ, કાળીપાટ, પીપરડી નામે, છુટાંછવાયાં આવેલાંછે, અને રાજકોટ સ્ટેટના ગામોની સરહદને તે લાગુ છે, તાલુકાનું ક્ષેત્રફળ ૨૩ ચો. માઇલ છે, વસ્તિ. સને ૧૯૨૧ની ગણત્રી મુજબ ૧૯૦૮માણસનીછે, દરવર્ષની સરેરાસ ઉપજ આસરે રૂા. ૧૭૦૦૦)ની અને ખર્ચ આસરે રૂા. ૧૩૦૦૦)નું છે. આ તાલુકો દરવરસે બ્રિટીશ સરકારને ખંડણીના રૂા. ૬૪૩) અને જુનાગઢને જેતલણીના રૂા. ૨૦૨) ભરે છે. આ તાલુકાની હદમાંથી રાજકોટ-જેતલસર રેલ્વે પસાર થાય છે, તેમજ અમુક ભાગમાંથી રાજકોટ અને જુનાગઢ, વચ્ચેનો તથા રાજકોટ અને ભાવનગર વચ્ચેનો પાકો રસ્તો જાયછે. ગઢકાથી ચાર માઇલનો પાકો રસ્તો રાજકોટ-ભાવનગરના પાકા રસ્તા સાથે મેળવી દેવામાં આવેલછે, આ તાલુકાને અધિકાર ફોજદારી કામમાં બેવર્ષની સખ્તકેદ અને રૂપીઆ ૨૦૦૦) ના દંડનો છે, અને દિવાની કામમાં ૫૦૦૦) સુધીના દાવા સાંભળવાનો છે, વારસા બાબતમાં પાટવી કુમાર ગાદીએ આવેછે, કાઠીઆવાડના બીજા રાજ્યો માફકજ આ તાલુકાને શાહીમતા સાથે કોલકરારો થયા છે.—

—: પ્રાચિન ઇતિહાસ :—


આ તાલુકો રાજકોટ સ્ટેટની શાખા છે, રાજકોટના પાંચમા ઠાકોરશ્રી **રણમલજીને** ચાર કુમારો હતા તેમાં પાટવિ કુમારશ્રી લાખાજી ગાદીએ આવ્યા, બીજા કુમારશ્રી **વજેરાજજીને** ગઢકા, ત્રીજા, કુમારશ્રી અમરસિંહજી ઉર્ફે અખેરાજજીને માખાવડ, અને ચોથા કુમારશ્રી **પચુભાને ત્રંબા** વગેરે ગામો ભાગીદારમાં મળેલાં હતાં. તેમાં ગઢકાના(૧) ઠા. **શ્રી. વજેરાજજીના** કુમારશ્રી **કાનજીભાઇ** અપુત્ર દેવ થતાં, તે ગામો (ગઢકાના ગામો) માખાવડવાળા અખેરાજજી ઉર્ફે અમરસિંહજીને મળ્યાં. તે અમરસિંહજીને ચાર કુમારો હતા. તેમાં પાટવિ કુમારશ્રી **વાઘજીભા** ગઢકાની ગાદીએ આવ્યા, અને નાના કુમારશ્રી *જીજીભી તથા **માનજીભીને** માખાવડ ગિરાસમાં રહ્યું. અને ચોથા કુમાર રાજભી અપુત્ર ગુજરી ગયા. (૨) **ઠા.શ્રી. વાઘજીભીને** પાંચકુમારો હતા. તેમાં પાટવિકુમારશ્રી **ભાણજીભાઇ** ગાદીએ આવ્યા, અને કુમારશ્રી અલીયાજી તથા નાયાજીને કાળીપાટમાં ગીરાશ મળ્યો, તથા ચોથા અને પાંચમા કુમાર ભાઇજીભી તથા આતાભી કુંવરપદે અપુત્ર ગુજર્યા. (૩) **ઠા.શ્રી. ભાણજીભાઇને** ત્રણ કુમારો હતા. તેમાં પાટવિ કુમારશ્રી ગોવિંદસિંહજી ગાદીએ આવ્યા, અને કુમારશ્રી નારાણજી તથા નાનજીભી કુંવરપદે અપુત્ર ગુજર્યા. એ [૪] **ઠા. શ્રી. ગોવિંદસિંહજીને** એકજ કુમારશ્રી **શિવસિંહજી** હતા. તેઓ તે પછી ગાદીએ બિરાજ્યા. [૫] **ઠા. શ્રી. શિવસિંહજી** પરમ વૈષ્ણવ–ભક્ત હતા. અને ઘણાંજ ઉત્તમ સદાચારથી વર્તતા, તેમણે લાંબો વખત રાજ્ય


---

* એ જીજીભીના કુમારશ્રી કેસરીસિંહજીએ ગઢકા સાથે બહારવટું કર્યું હતું. અને ગઢકાના ગઢીઆ સાખાના કણબીને રાજકોટને મારગે મારી નાખ્યો હતો. તે જગ્યાએ તે કણબીની ખાંભી છે. તે પછી તેઓના કુમારશ્રી મદારસીંહજી અને માનજીભાઇના પૌત્ર કલજીભાઇએ ગવર્નમેન્ટમાં ગઢકામાંથી ભાગ લેવા ફરિઆદ નોંધાવી, તેથી કાઠિઆવાડ પો૦ એજન્ટે વેરાવલ મુકામે તે કેસનો ઠરાવ આપી, ગઢકામાં અમુક ભાગ અપાવી, માખાવડનું હકપત્રક કરી આપ્યું. એ મદારસિંહજી તથા તેમના નાના ભાઇ બેચરસિંહજી વગેરે સહકુટુંબ સ્વામિનારાયણ સંપ્રદાયમાં હતા તેમણે માખાવડમાં એક વિશાળ અને સુશોભિત મંદિર ચણાવી, સ્વામિનારાયણની મુર્તિની પ્રતિષ્ઠા કરી એક શિલાલેખ નાખ્યો છે કે "આ મંદિર જાડેજાશ્રી **કેસરીસિંહજી જીજીભાઇના** સુત **મદારસિંહજી** તથા **બેચરસિંહજીએ** ચણાવીને મુર્તિ પ્રતિષ્ઠા સંવત ૧૯૩૬ના ભાદરવા સુદ ૧૫ને દીને કરી છે. સાધુ અક્ષર સ્વરૂપદાસજીએ પાસે રહી ચણાવ્યું છે. ચણનાર મીસ્ત્રી દેવરાજ મુળજી રાજકોટ વાળા" ઉપર મુજબ લેખ કોતરાવી ધર્મ કાર્યમાં મારી સેવા કરી હતી. એ બેચરસિંહજીના પૌત્ર **જાડેજાશ્રી જીવણસિંહજી (જીવુભા)** વિ. સં. ૧૯૮૨માં હિતવર્ધક સભા સ્થપાઇ, તેના પ્રેસીડન્ટ થયા હતા. ત્યારપછી રાજકોટમાં **રાજપુત પરીષદ** ભરાઇ તે વખતે તેમણે સેનાની તરીકે જાતિ સેવા કરી હતી. વિ. સં. ૧૯૮૮માં માખાવડ મુકામે **'વિભાણી યુવક મંડળ'** સ્થપાયું તેના તેઓ સેક્રેટરી નીમાયા. એ પ્રમાણે પોતાની નાની વયમાં જાતિમાં અને ભાયાતી તાલુકામાં તેમણે સારી આબરૂ મેળવેલ છે. અને પોતે સ્વામિનારાયણના ચુસ્ત અનુયાયી છે.

કરી તાલુકાને આબાદ કર્યો હતો તેમના બે કુમારોમાં પાટવિ કુમારશ્રી હરિસિંહજી ગાદી-વારસ કુ. શ્રી. લખધીરસિંહજીના જન્મ પછી, પોતાના પિતાશ્રી (શિવસિંહજી)ની હયા-તિમાંજ સ્વર્ગે સિધાવ્યા. યુવરાજશ્રી લખધીરસિંહજીને પિતામહ ઠા. શ્રી. શિવસિંહજીએ સારી રીતે પાલન પોષણ કરી ઉછેર્યા. એ ઠા. શ્રી. શિવસિંહજી સાહેબે ત્રણ લગ્ન કર્યાં હતાં. તેમાં પ્રથમનાં લગ્ન અડવાળના રાણાશ્રી રૂપસિંહજીનાં કુંવરીશ્રી મોંઘીબા વેરે થયાં, અને તેનાથી પાટવિ કુમારશ્રી હરિસિંહજીનો જન્મ થયો હતો. બીજાં લગ્ન કંથારીઆના રાણાશ્રી રામાભાઇનાં કુંવરીશ્રી બાજીબા સાથે થયાં હતાં. તેનાથી કુમારશ્રી અજીતસિંહજી ઉર્ફે નાનભા અને કુંવરીશ્રી રતનબાનો જન્મ થયો હતો. તે કુંવરીશ્રી રતનબાના લગ્ન ચુડાના સ્વ. ઠા. શ્રી. જોરાવરસિંહજી સાથે થયાં હતાં, તે રતનબા સાહેબ હાલના ચુડાના ઠા. સાહેબશ્રી બહાદુરસિંહજીનાં રાજમાતા થાય, ત્રીજાં લગ્ન ભાવનગર તાબે રતનપુરના ગોહેલશ્રી વિસાભાઇનાં કુંવરીશ્રી વજકુંવરબા સાથે થયાં હતાં, જેઓને પણ એક ખીમકુંવરબા (ક્ષેમ-કુંવરબા) નામે કુંવરી છે, પાટવી કુમારશ્રી હરિસિંહજી સાહેબનાં લગ્ન ચુડાતાબે ભાડવાના રાણાશ્રી અખેરાજજીનાં કુંવરીશ્રી રાજબા સાથે થયાં હતાં, જેનાથી યુવરાજશ્રી લખધીરસિંહજીનો જન્મ થયો હતો, જ્યારે ઠા,શ્રી, શિવસિંહજી દેવ થયા ત્યારે કુમારશ્રી લખ-ધીરસિંહજીની સગીર ઉંમર હોવાથી તાલુકા ઉપર મેનેજમેન્ટ હતું, વિ. સં. ૧૯૮૯ માં (૬) ઠા. શ્રી. લખધીરસિંહજી સાહેબ ગાદીએ બિરાજ્યા, તેઓ નામદારશ્રીનો જન્મ ૨૭ સપ્ટેંબર ૧૯૧૦ ના રોજ થયોછે. અને વઢવાણ તાલુકદારી ગરાશીઆ કોલેજમાં કેળ-વણી લીધીછે. તેઓ નામદારશ્રીનાં લગ્ન વળાતાબે દરેડના ગોહેલશ્રી પ્રતાપસિંહજીનાં કુંવરીસાથે થયાંછે. ઠા. શ્રી. લખધીરસિંહજી ઘણાજ ઉત્સાહી અને માયાળુ સ્વભાવનાંછે.

ગઢકા તાલુકાની વંશાવળી





તૃતીય કળા સમાપ્ત;

ચતુર્થ કળા પ્રારંભઃ

શ્રીગોંડળસ્ટેટનો ઇતિહાસ.

આ સ્ટેટની ઉત્તરે રાજકોટ અને કેટલાક જાડેજા રાજ્યના તાલુકાઓ, દક્ષિણે જુનાગઢ અને જેતપુર, પૂર્વે જુનાગઢ, ખીલખા અને કોટડા, અને પશ્ચિમે જુનાગઢ તથા નવાનગર સ્ટેટની સરહદો આવેલી છે. –આ સ્ટેટનો વિસ્તાર ૧૦૨૪ ચો. મા. છે, અને ૧૭૫ ગામો આવેલાં છે. તેમાં પાંચ શહેર અને ૧૭૦ ગામડાં છે.—**ડુંગરાઓ**—ઓશામનો ડુંગર જેમાં માત્રી–માતાનું સ્થાન છે. તેની ઉંચાઇ ૧૦૩૨ ફુટનીછે, તે સિવાય ભાયાવદર પાસે આલેચનો ડુંગર, જેમાં ગુફાઓ છે. તે સિવાય મોજીરાનો ધંટીઓ ડુંગર, મોટી–પાનેલીનો ડુંગર, સરધારીધાર, અને ઉમવાડાની ધારછે.—**નદીઓ.**—ભાદર, ગોંડળી, ચાપરવાડી, ફોફળ, મોજ, વીણું અને ઓઝત છે. તેમાં સર્વથી મોટી ભાદરછે.—**તળાવ**—ઘણાખરાં ગામોને ભાદર નાના મોટાં તળાવોછે. પરંતુ ગોંડળનું વેરી તળાવ અને પાનેલીનું તળાવ એ બે તળાવો મોટાં છે. જેની નહેરો દસ–બાર માઇલ સુધી જાયછે. આ રાજ્યને આઠ મહાલો છે. ૧. ગોંડળ, ૨. કોળીથડ, ૩. સુલતાનપુર, ૪. સરસાઇ, ૫. ધોરાજી, ૬. પાટણવાવ, ૭ ઉપલેટા, ૮, ભાયાવદર,—**વસ્તી**—સને ૧૯૨૧ની ગણત્રી મુજબ ૧,૬૭,૦૭૧.છે જેમા ૧,૨૬,૪૫૫ હિંદૂઓ, ૩૧,૨૬૩ મુસલમાનો, ૬,૨૬૪ જૈન અને ૮૯ બીજી જાત, ની છે. સરાસરી પેદાશ આશરે ૩૦ લાખ રૂપીઆની છે અને ખર્ચ આસરે ૨૮ લાખનું છે. રેલ્વેને ગોંડળ રેલ્વે ઉપર માલીકી છે, જેતલસર–રાજકોટ રેલ્વેમાં ૭ આની ભાગછે, અને ખીજડીઆ–ધારી તથા જેતલસર–રાજકોટ રેલ્વેનો વહીવટ કરેછે. પાકા રસ્તાઓ આ રાજ્યમાં લગભગ ૧૮૫ ઉપરાંત છે. અને કાઠીઆવાડમાં પોતાના વર્ગના રાજ્યોમાં, જાહેર બાંધકામ ખાતું જે કેટલ

અને જોર ચલાવી રહ્યું છે, તેના માટે આ રાજ્ય બહુ વખણાએલું છે.--ઉદ્યોગ--રૂ-ઉન અને સોનેરી ભરતકામના મુખ્ય ઉદ્યોગો ચાલેછે, આખા સ્ટેટમાં સુતરાઉ કાપડ વણવાની શાળો ૧૩૦૦, ઉનની શાળો ૬૨, અને રેશમ તથા શણની શાળો ૬ છે, ધોરાજીમાં લાકડાના રમકડાં તથા બીજું લાકડકામ હાથથી બનાવવામાં આવેછે, ગોંડળ તળપદ ત્રાંબા પિત્તળના વાસણો અને હાથીદાંતની ચુડલીઓ માટે પ્રખ્યાત છે આ રાજ્યમાં ૭ જીન બે રૂના પ્રેસ અને એક લોખંડનું કારખાનું તથા તે ઉપરાંત બીજાં બે કારખાના છે તેમાં [૧] પાણીના નળ, સુડીઓ, છરીઓ વગેરે કેટલીક ઉપયોગી ચીજો બનેછે. [૨] ઉપલેટામાં ચામડાં રંગવાનું છે, છાપખાના બે (ઇલેકટ્રીક પ્રિન્ટિંગ પ્રેસ)છે. અને દેશી દવા બનાવવાનું કારખાનું (રસ શાળા) એક છે. ગોંડળમાં ગીરાશીઆ કોલેજ, સગરામજી હાઇસ્કુલ, મોંઘીબા કન્યા હાઇસ્કૂલ, અને આર્ટસ સ્કૂલ છે, ધોરાજીમાં મીડલસ્કૂલ છે, આખા રાજ્યમાં ૯૭ નિશાળો, ૩ કન્યાશાળા, ૧ સંસ્કૃત પાઠશાળા, ૨૬ ગામઠી નિશાળો અને ૨૩ ઉર્દુ મદ્રેસા છે.— દરસાલ રૂા. ૪૯,૦૬૬ બ્રીટીશ સરકારને ખંડણીના તથા રૂા. ૬૧,૦૧૭ વડોદરા સરકારને પેશકસીના તથા રૂા ૬૦૮ જુનાગઢ સ્ટેટને જોરતલબીના મળી કુલ રૂા. ૧૧૦,૭૨૧ ભરે છે. કાઠીઆવાડના બીજા રાજ્યો માફક બ્રીટીશ સરકાર સાથે સને ૧૮૦૭માં આ રાજ્યે કોલકરારો કરેલા છે. પહેલા વર્ગનું સ્ટેટ હોઇ, મહારાજા સાહેબ દિવાની અને ફોજદારી કામમાં સંપૂર્ણ સત્તા ભોગવે છે. ઇ. સ. ૧૯૨૭માં બ્રીટીશ સરકારે **મહારાજાને** માનવંતો ઇલકાબ વંશપરંપરાને માટે આપ્યો છે, પાટવિકુમાર ગાદીએ આવવાનો રિવાજ છે,

—: પ્રાચિન ઇતિહાસ :—

ગોંડલમાં 'ગોંડલા' નાગની પ્રાચિન જગ્યો છે તે નાગ [સર્પ]ના નામ ઉપરથીજ તે શહેરનું નામ ગોંડલ અને નદીનું નામ ગોંડલી પડેલું છે. વિ. સં. ૧૪૦૬માં ગોંડલમાં મહમદ તઘલખ માંદો પડવાથી, ત્યાં ઘણો વખત રહી, કચ્છ થઇ, સિંધમાં ગયો હતો ત્યાર પછી ગોંડલ ઉજ્જડ થઈ ગયું હતું. પરંતુ જ્યારે ગોરી બાદશાહનો અમલ જુનાગઢમાં થયો ત્યારે વિ. સં. ૧૬૪૦ના આસરે હમીરખાન ગોરીએ એક મુખાને ગોંડલમાં રાખી ગોંડલ આબાદ કર્યું હતું. ગોંડલ પ્રથમ સોરઠમાં ગણાતું, અને તે સ્થળે રાજ્ય વાધેલા રજપુતોનું હતું. તેમ આઇને-અકબરીના કર્તા લખેછે. આ સ્ટેટ રાજકોટની શાખાછે. રાજકોટના (૨) **ઠાં. શ્રી મહેરામણજી** ને બે કુમારો થયા, તેઓએ કયાં રાજગાદિ સ્થાપિ તે વિષેનો પ્રાચિન દુહો છે કે:—

દુહો—મવડક મહેરામણ તણા, કરમી દોઉ કુમાર ॥
કુંમે ગઢ ગોંડળ કીયો. સાહેબ ગઢ સરધાર ॥

ઉપર પ્રમાણે ઠાકોરશ્રી મહેરામણજીને સાહેબજી તથા કુંભોજી નામના બે કુમારો થયા, તેમાં **સાહેબજીએ** સરધારમાં (રાજકોટ) ગાદી સ્થાપી અને બીજા કુંવર **કુંભાજીએ ગોંડળમાં** ગાદી સ્થાપી. જ્યારે રાજકોટના ઠા. શ્રી. મહેરામણજી સ્વર્ગે ગયા ત્યારે તેની ઉત્તરક્રિયા કરવા સાહેબજી નહિં જતાં સરધારના દરવાજા બંધ કરી ગાદીએ બેસી ગયા.

તેથી કુમારશ્રી કુંભાજી જુનાગઢ ગયા અને ત્યાંના બાદશાહી ફોજદાર કુતુબુદ્દીનની મદદ માગી. તેથી કુમારશ્રી સાહેબજીએ પણ જામનગરથી જામસાહેબની મદદ માગી, જ્યારે કુંભોજી જુનાગઢની મદદ લઇ સરધાર ઉપર ચઢી આવ્યા ત્યારે જામસાહેબે જુનાગઢના ફોજદાર કુતુબુદ્દિનને મળી બન્ને ભાઇઓ વચ્ચે સમાધાન કરાવી આપ્યું. અને સરધારી ધારથી દક્ષિણ તરફનો તમામ ભાગ કુંભાજીને આપવા ઠરાવ્યું. એ ભાગમાં તે વખતે ૨૦ ગામો હતા. તેમાં (૧) ઠા. શ્રી. કુંભાજીએ અરડોઈ ગામ ગઢ (કિલ્લા)વાળું હોવાથી ત્યાં રાજ્યગાદી સ્થાપી. (વિ. સં. ૧૭૧૪) કેટલેક કાળે ઠા. શ્રી.કુંભાજી અરડોઇથી એક જબરું સૈન્ય લઇ ગોંડળ ઉપર ચઢી આવ્યા, અને *ગોંડળ જે જુનાગઢ નીચે હતું તે તથા બીજા સાત ગામો મેળવી, ગોંડળમાં ગાદી સ્થાપી. (વિ. સં. ૧૭૨૩) એ વખતે ગોંડળમાં દરબારગઢ અને ત્રણસોથી ચારસો ઘરની વસ્તી હતી. પરંતુ વિ. સં. ૧૭૩૪માં અમદાવાદના સુબાને તે ખબર થતાં તે જુનાગઢ આવ્યો, અને ત્યાંથી સૈન્ય લઇ, ગોંડળને ઘેરો ઘાલી, પાછું હાથ કર્યું. એ સમય જોઇએ તેવો સાનુકૂળ નહિં હોવાથી ભવિષ્યમાં તે વેર લેવાનું રાખી ઠા. શ્રી. કુંભાજી પાછા અરડોઇમાં આવ્યા. ત્યા વિ. સં. ૧૭૩૫માં સ્વર્ગે સિધાવ્યા. તેઓશ્રીને બે કુમારો હતા. તેમાં પાટવિકુમારશ્રી સગરામજી ગાદીએ આવ્યા અને નાના કુમારશ્રી સાંગાજીને ૭ ગામથી કોટડા (અરડોઇ) તાલુકો મળ્યો.

(૨) ઠાકોરશ્રી સગ્રામજી (વિ. સં. ૧૭૩૫થી ૧૭૭૦=૩૫ વર્ષ)

ઠા.શ્રીસગ્રામજી ઘણા જોરાવર અને બુદ્ધિમાન હતા. તેમના વખતમાં ગોંડળમાં રહેતા કરબાતી મુસલમાનોનું બહુજ જોર હતું, તેઓ જુનાગઢની આસપાસના ગામોમાં લુંટ ચલાવી, બાદશાહી ફોજદારને બહુ ત્રાહી પોકરાવતા. એ તકનો લાભ લઇ ઠા.શ્રી સગ્રામજીએ જુનાગઢના ફોજદાર સાથે સ્નેહ બાંધી, તેને અવાર નવાર મદદ કરી, કરબાતી લોકોને ત્રાસ પમાડવા લાગ્યા, તથા અમદાવાદથી જે સુબો આવે તેને પોતાની બહાદુરીથી આંજી, પ્રીતિ સંપાદન કરતા. તેથી તેઓએ સુબાને એટલો બધો મોહ ઉત્પન્ન કરાવ્યો હતો કે "કાઠીઆવાડમાં ઠાકોર સગ્રામજી સાથે આપણે સારો સંબંધ છે તોજ સોરઠ (જુનાગઢનું) રાજ્ય સહી સલામત ભોગવીએ છીએ," તેવું સુબાનું માનવું હતું. એ પ્રમાણે વીરત્વના જાદુથી સુબાને આંજી તેની મહેરબાનીથી ગોંડળ પરગણું કાયમના માટે મેળવ્યું. એ વખતે ગોંડળ નીચે લગભગ ૮૬ ગામો હતાં. તેમાં ઘણાંખરા ઉનજડ-ટીંબાઓ હતા. કેટલાંક આબાદ પણ તે સાવ જુજ વસ્તિવાળાં હતાં. તેમાંના કેટલાક તો પોતે અગાઉથી પણ મેળવેલાં હતાં. પરંતુ વધુ મજબુતી માટે સુબા આગળથી જે પરવાનો મેળવ્યો તે પરવાનામાં તે દરેક ગામોના નામો લખાવ્યાં છે. એ ઉર્દુ પરવાનો હજી ગોંડળના દફ્તરમાં (રેકર્ડમાં) મોજુદ છે,

ઉપર પ્રમાણે ગોંડળ પરગણું બાદશાહ તરફથી બક્ષીસમાં મેળવ્યા પછી ત્યાં ગાદી સ્થાપી (વિ. સં. ૧૭૪૩) એવી રીતે ઠા. શ્રી. સગ્રામજી ગોંડલ સ્ટેટ મેળવી, વિ.. સં. ૧૭૭૦માં સ્વર્ગે સિધાવ્યા. તે પછી તેમના પાટવિ કુમારશ્રી હાલાજી ગાદીએ આવ્યા અને નાના કુમારશ્રી નથુજીને મેંગણી તાલુકો મળ્યો, તથા ત્રીજા અને ચોથા કુમાર હોથીજી તથા ભારાજીને રીબડા ગામે ગીરાસ મળ્યો.

*કોઇ ઇતિહાસકાર, તેઓના મામાસામે લડી ગોંડળ જીત્યાનું લખે છે.

(૩) ઠાકોરશ્રી હાલાજી (વિ. સં. ૧૭૭૦થી ૧૮૦૬ ૩૬ વર્ષ)

ઠા. શ્રી હાલાજીના સમયમાં મોગલ બાદશાહની સત્તા નબળી પડતાં, ભાયાવદરને દેશાઇ લોકો પચાવી પડયા હતા. તેના ઉપર હાલાજીએ ચડાઇ કરી તથા ધમકી દઇ, ભાયાવદર અને આસપાસના બીજા ચાર ગામો પડાવી લીધાં ઘોરાજી તથા તેની આસપાસના ગામો વસંતરાય પુરબીઓ પચાવી બેઠો હતો. તેના આગળ એક મોટું લશ્કર હતું. તેથી તેણે જુનાગઢ ઉપર ઓચિંતો છાપો માર્યો. તેથી બહાદુરખાન નવાબ ગાદી છોડી વાડાસીનોર નાસી ગયા, અને વસંતરાયે જુનાગઢ પણ હાથ કર્યું એ વખતે દલપતરામ નામના એક નાગર ગૃહસ્થ નવાબ સાહેબના દિવાન હતા, તેણે ગોંડળના દિવાન ઇશ્વરજી ભુચને લખી તેમની મારફત ઠા. શ્રી. હાલાજીની મદદ માગી. તેથી ઠા. શ્રી. હાલાજી પોતાના વીરપુત્ર કુંભાજી (ભા કુંભાજી)ને સાથે લઇ જુનાગઢ ઉપર ચડયા. એ ખબર વસંતરાય પુરબીઆને થતાં, તેણે પોતાના અઢીસો સ્વારોનું લશ્કર ઠા. શ્રી. હાલાજી સામું મોકલ્યું. તે બન્ને લશ્કરનો લોલ નદી આગળ ભેટો થતાં જબરી લડાઇ થઇ, અને વસંતરાયના માણસો કપાઇ જતાં, ઠા. શ્રી. હાલાજીએ જુનાગઢમાં દાખલ થઇ, ઉપરકોટને ઘેરી એવી જબરી હલ્લાં કરી કે વસંતરાય પુરબીયો તે જોર ન ખમી શકવાથી, પોતાનો દેહ બચાવી ત્યાંથી ભાગ્યો. તેથી હાલાજીએ ઉપરકોટ કબજે કરી, નવાબ સાહેબને વાડાસિનોરથી બોલાવ્યા તે આવતાં સુધી જુનાગઢ રાજ્યનો કબજો ઠા. શ્રી હાલાજીએ સંભાળ્યો હતો. નવાબશ્રી બહાદુરખાનજી વાડાસિનોરથી આવ્યા પછી ઠા. શ્રી. હાલાજીને જુનાગઢમાં ચોમાસાના ચાર માસ રોકી, તેમના ઉપકારના બદલામાં વસંતરાય પુરબીયો જે ઘોરાજી નીચેના પાંચ ગામો ખાતો તે ઘોરાજી, પાંચે ગામ સહિત ઠા. શ્રી. હાલાજીને પોશાક આપી સુપ્રત કર્યું. (વિ. સં. ૧૮૦૪) ઘોરાજી મળ્યા પછી વિ. સં. ૧૮૦૫માં ઘોરાજી શહેરને ફરતો કિલ્લો (ગઢ) બાંધવા માટે પાયો નાખ્યો તે કિલ્લો જલદી પુરો કરી લેવા સારૂ ગોંડળના કિલ્લાનું ચાલતું કામ બંધ રખાવ્યું. પરંતુ વિ. સં. ૧૮૦૬માં તે કિલ્લો પુરો થતાં પહેલાં ઠા.શ્રી હાલાજી દેવ થયા. તેઓશ્રીને ચાર કુમારો હતા. તેમાંથી પાટવિકુમાર ભાકુંભોજી ગાદીએ આવ્યા. અને કુમારશ્રી હામાજીને ભરૂડી અને ભંડારીયું, તથા કુ.શ્રી પથાજી અને કુ.શ્રી જેઠીજી વચ્ચે વેજા ગામ, મસીતાળું, પાટીઆળી અને ખંભાળીયા વગેરે ગામેમાં ગિરાશ મળ્યો.

[૪] ઠાકોરશ્રી કુંભાજી (ભા કુંભાજી) વિ સં.૧૮૦૬થી ૧૮૪૬ ૩૭ વર્ષ

ઠા.શ્રી. કુંભાજીને લોકો ભાકુંભાજી કહીને બોલાવતા. તેઓએ પોતાના પિતાશ્રીના આરંભેલા ગોંડળ, ઘોરાજીના કિલ્લાઓ પૂર્ણ કરાવ્યા. તેઓએ આસપાસની સરહદ સાચવવા જીવાઇદારીનું ઘોરણ દાખલ કરી, જીવાઇદારોને જમીન (ગિરાશ) આપી તેના બદલામાં અમુક ઠરાવેલી સંખ્યામાં ઘોડેસ્વારોની નોકરી લેતા. જેમાંના થોડા દાખલાઓ નીચે આપેલા છે. ઝાલા હરિસીંહજી, જે ભા'શ્રીના મામા થતા હતા, તેને ચોરડી અને ગુંદાળા બે ગામો ખાવા આપી બદલામાં ૫૦ સ્વારોની મદદ આપવાનું ઠરાવેલ. બાપજી નામના સરવૈયા રજપુતને

સાત ગામના બદલામાં ૬૦ ઘોડેસ્વારની સહાયતા આપવા ઠરાવ્યું. વાઘેલા ઉદેસિંહજી તથા સરવૈયા બામણીયાજીને બબ્બે ગામના બદલામાં ૨૫ અને ૬૦ સ્વારથી નોકરી કરવા ઠરાવ્યું. ભા'ના ઠકરાણાં નાનીબાના ભાઇને (રાયજાદાને) સોડવદરથી બોલાવી ૧૫ ઘોડામાં ચાકરી રાખી રૂપાવટી ગામ આપ્યું. મુળીલાના ખીમાણીને ૧૫ ઘોડાથી ચાકરીમાં રાખીને સંવત્ ૧૮૦૫ની સાલથી મોજે તોરણીયા ગામ આપ્યું. હરધોળને ૨૫ ઘોડાથી નોકરી આપવા ઠરાવી વાડોદર ગામ આપ્યું (વિ. સં. ૧૮૧૬) વાઘેલાઓને અને ૨૫ ઘોડેસ્વાર અને ૫૦ પાળાથી નોકરીમાં રાખી, ભાડેર તથા ભાદાવાળાનું જાળીયું, એમ બે ગામો આપ્યાં. એ પ્રમાણે ઝાલા, સરવૈયા, વાઘેલા, ખીમાણી, હરધોળ, વાઢેર, સુમરાણી, અને ખંઢેરીયા, રજપુતો ઉપરાંત આરબની બેરખો અને બીજી ઇતર લડાયક કોમને જીવાઇ આપી નોકરીમાં રાખ્યા હતા. તેઓશ્રીએ તે જીવાઇના ગામો આપવામાં એવું બુદ્ધિચાતુર્ય વાપર્યું હતું કે ગોંડળ રાજ્યની સરહદના કિલ્લારૂપે તેઓને ગોઠવ્યા હતા.

જુનાગઢના નવાબ બહાદુરખાન આરબોનો ચડત પગાર ચુકવી શકયા નહિં. તેથી આરબોએ નવાબને ઉપરકોટમાં કેદ કર્યા. પણ શેખ મહમદ ઝબાદિને ભા'કુંભાજીની પાસેથી ઘોરાજી આસપાસના થોડાક ગામો આપી પૈસા લઇ આરબોના પગાર ચુકવી નવાબને છોડાવ્યા તે બહાદુરખાનજી પછી નવાબ મહોબતખાનજી જુનાગઢની ગાદીએ આવ્યાં ત્યારે વિ. સં. ૧૮૧૫ અને ૧૮૧૬ એ બે વર્ષનો શિરબંધીનો પગાર ચડયો. તેથી પાછું આરબ જમાદાર બા *સુલેમાને તોફાન મચાવ્યું. અને એ તોફાનમાં નવાબની કાકી બીબી. સાહેબા સુલતાનાએ સામેલ થઇ આરબોને કહ્યું કે ‘ નવાબને બેડીયો નાખી કેદ કરો અને મારા દીકરા મુજફરખાંને ગાદીએ બેસારો તો હું ત્રણલાખ કોરી તમને આપી, નોકરીમાં કાયમ રાખું' તેથી આરબોએ નવાબ મહોબતખાનને ઉપરકોટમાં કેદ કરી, ઘેરો નાખ્યો. તે વખતે નવાબની મા ઉકાંબાઇનો મહેતો દિવાન શિવદાસ પંડયો, જુનાગઢથી ચાલી રાંધણપુરના નવાબ કમાલઉદ્દિન પાસે ગયો, અને નવાબને છોડાવા મદદ માગી. તેથી કમાલઉદ્દિન લશ્કર લઇ જુનાગઢ આવ્યો અને સરદારબાગમાં ઉતર્યો. એ સૌરાષ્ટ્રની ભુમી અને જુનાગઢનું અંધેર જોઇ તેની દાનત બગડી, તેથી આરબ જમાદારને કહેવરાવ્યું કે ‘તારી ચડેલી કોરી આપું, પણ જુનાગઢને અને નવાબને મારે હવાલે કર' આ વાતની બાતમી ભા'શ્રી કુંભાજીને ઘોરાજી પહોંચી, ત્યારે તેઓએ આરબ જમાદાર બા સુલેમાનને લખી મોકલ્યું કે ‘ જુનાગઢ અને નવાબને તું સોંપીશ તો આરબ જાત માથે ફીટકાર લાગશે, અને આરબને ખુટલ કોમ ગણી, કોઇ નોકરીમાં રાખશે નહિં.' જમાદારે જવાબ લખી મોકલ્યો કે ‘સુલતાના બેગમ ખુટી છે. અમારી ઠરાવેલી ત્રણ લાખ કોરી દેતી નથી અમારી શીરબંધીને ખાવા દાણા નથી, નીચે કમાલઉદ્દિનખાન ઘેરો નાખી પડેલો છે. અને અમે ઉપરકોટમાં છીએ તો અમારે ખાવું શું.?'

આ સમાચાર મળ્યા પછી ભાએ વિચાર્યું કે “ જો જમાદારને મદદ નહિં આપીએ તો તે જુનાગઢ અને કમાલઉદ્દિનને હવાલે કરશે, અને તે નવાબનું ખુન કરી જુનાગઢનો ધણી થઇ બેસશે' એમ વિચારી નવાબને બચાવવા ખાતર જમાદારને લખી મોકલ્યું કે “માસ

* કોઇ ઇતિહાસકાર તે જમાદારનું નામ “ બાસલખાન ” લખે છે.

એકે કોરી ૪૫ હજાર હું તમોને આપીશ એટલે પંદર પંદર દિવસે કોરી સાડી બાવીશ હજાર પાટવડને મારગે મેર સામત તથા ઠેબા સંધી મારફત પહોંચાડીશ" તેથી જમાદારે કમાલુદ્દિન સાથે ચાલેલી વાત તોડી, તેટલામાં દામાજી ગાયકવાડની ખંડણી ભરવાની પણ તાકીદ થઇ, એટલે શીવદાસ દિવાન તથા મંગળજી ઝાલા વિગેરેએ મળી સલાહ કરવા કચેરી ભરી. એ વખતે ભા તરફથી સરવૈયા બામણીઆજી ૪૦ સ્વારથી જુનાગઢ ગયા. અને નવાનગરથી શા૦ તલકશી, રાજકોટથી જાડેજા ભાભાજી. જેતપુરથી કાંથડવાળા, અને પોરબંદરના રાણા તરફથી એક અમીર વિગેરે આવ્યા. પરંતુ ગોંડળ સિવાય બધાં, નવાબ કમાલુદ્દિનને મળી ગયા હતા. કચેરીમાં દિવાન શિવદાસે બામણીયાજીને પુછ્યું કે "નવાબનો છુટકારો શી રીતે થાય?"ત્યારે બામણીયાજીએ જવાબ દીધો કે "ભા'શ્રીએ કહેવરાવ્યું છે કે તમારી દાનત ફરી હોય, અને જુનાગઢની લાલચ હોય, તો તે વાતમાં અમે નિમકહરામ થાવું નહિં, બાકી નવાબની બેડી ભાંગવી હોય તો ફાળો કરી, કોરી ભેળી કરી આરબોને ચુકવીદ્યો, આરબ લોકો ચડત રકમના ધણી છે, કાંઇ મુલકના ધણી નથી. ધણી તો મોબતખાન છે" ત્યારે દિવાને ફાળો શરૂ કર્યો. તેમાં નવાનગરે ત્રણલાખ, પોરબંદરે બેલાખ, ગોંડળે બેલાખ, રાજકોટે એક લાખ ને જેતપુરે દોઢ લાખ એમ સાડા નવલાખ કોરીનો ફાળો નોંધાયો. તેમાંથી છ લાખ કોરી આરબને અને બાકીની નવાબશ્રીને ઉપયોગ માટે આપવી એમ ઠરાવી કચેરી બરખાસ્ત કરી. પરંતુ રાત્રીમાં ગોંડળના બામણીયાજી સિવાય તમામ મિજમાનો સૌ સૌના રાજ્યમાં જતા રહ્યા. સવારે એ વાતની ખબર થતાં, સૌને તે દગો જણાયો. અને ગોંડળના ધણી જુનાગઢના બેરખાં મિત્ર છે તેની ખાત્રી થઇ. ત્યારપછી બામણીયાજીએ દિવાનને સમજાવ્યો અને તેણે કમાલુદ્દિનખાનને સમજાવી, રાંધણપુર પાઠો કાઢયો, તે પછી બા પાંચ સાત દિવસે જુનાગઢ આવ્યા. અને આરબ જમાદારને સમજાવ્યો કે " નવાબને કેદ રાખી બેસીશ તો હવે તું ને ખાવા કોઇ દેશે નહિં, આજ દિવસસુધી તો અમે તને ખર્ચ આપ્યું પણ હવે તુંને નહિ આપીએ જો નવાબ છુટા થશે તો કયાંઇકથી જોગ કરી તને દેણું ભરશે." તેથી જમાદાર સમજ્યો અને નવાબની બેડી કાઢી, ઉપરકોટમાંથી લઇ આવી રાજમહેલમાં રાખ્યા. બીજે દહાડે ભા'એ નવાબને એકાન્તમાં મળી કહ્યું કે તમે જમાદાર સાથે મુલકગીરીને બહાને જેતપુર જાવ અને ત્યાં ઘોડો ફેરવવાનું બહાનું કરી, જેતપુરમાં જઇ બેસો. એટલે આરબ મુંઝાતા ઘોરાજી આવશે. પછી હું જેતપુર એનો ફડચો કરી દઇશ. " એમ સલાહ દઇ ભા' ઘોરાજી આવ્યા. ત્રણ ચાર દિવસ પછી મુલકગીરી ફરવાનું જમાદારને સમજાવી નવાબશ્રી જમાદાર સાથે જેતપુર આવી, તંબુ તાણી ઉતર્યા. ત્યાં નવાબે જમાદારને કહ્યું. " કે ઉપરકોટમાં મારૂં શરીર બેહાલ થઇ ગયું છે. તે માટે રજા હોય તો ઘડી બે ઘડી ઘોડો ફેરવું." જમાદારે રજા આપી. પછી કાઠીલોકો સાથે બે દિવસ ઘોડો ફેરવ્યો. અને ત્રીજે દિવસ જેતપુરમાં પેસી ગયા. કાઠીઓએ જેતપુરના દરવાજા બંધ કર્યા તેથી આરબો લાચાર થયા. તેથી મુંઝાઇ ભા' પાસે ઘોરાજી આવ્યા. ભા' કહે " તમે જાળવી શકયા નહિં તેમાં કોનો દોષ? હવે તમારે ખાતર હું જેતપુર આવું છું" એમ કહી જેતપુર આવી બહાર ઉતારો કરી, ત્રણ દિવસ સાચી બોટી વષ્ટી ચલાવીને "નવાબ માનતા નથી" એમ કહી જણાવ્યું જે "માત્ર રસ્તા ખર્ચનો બંદોબસ્ત કરૂં, તમને એક લાખને પાંત્રીશ

હજાર કોરી અમે આપી છે તે અમે નવાબ પાસેથી લેશું, માટે ફારગતી લખી આપો તો નકકી થઈ શકે," તેથી જમાદારે ફારગતી લગી ભા'ને સોંપી અને નવાબ પાસેથી પણ મુખત્યારીનું લખત કરાવી, કોરી ૨૫ હજાર આરબને આપી, આરબે કોરી ૫ હજાર ભા'ને વટાવની મજરે આપી, બાકી કોરી વીશ હજાર એક ગોંડળ દરબાર પાસેથી લઇ જમાદાર અને તેની શીરબાંધી ફૂચ કરી ગયા. ત્યારપછી નવાબશ્રીને લઇ ભા' ધોરાજી આવ્યા. ત્યાં પાંચ દિવસ મહેમાનગીરી કરી, પોશાક પહેરાવી જુનાગઢ વિદાય કર્યા. તે વખતે ઉપલેટું, ધશરૂં, મુરખડું, અને જળીયું. નવાબસાહેબે ભા'ને આપી પરવાનો લખી આપ્યો. તથા સરવૈયા બ્રામણીયાજીની મહેનતના બદલામાં છત્રાસું અને કેસવાળું ભાંએ નવાબસાહેબ પાસેથી અપાવ્યાં. ત્યાર પછી પોરબંદરના રાણાએ વેરાવળ જીતી લીધું. તે પણ ભા'કુંભાજીએ જુનાગઢને પાછું અપાવ્યું. આવી રીતે અનેક આફતોમાં નવાબને મદદ કરતાં, જેતલસર, મેલી, મજેઠી, લાઠ અને ભીમોરા નામનાં ગામો મેળવ્યાં. તે સિવાય ત્રણ લાખ જામશાહી કોરી આપી ગીરમાં આવેલાં સરધાર અને ચાંપરડા નામના પરગણાઓ હાથ કર્યાં.

મલુકમીયાં નામનો સંધી કેટલાક લુંટારૂઓની ટોળી ઉભી કરી દેવડાનો કિલ્લો બાંધી આસપાસના ગામડાં દબાવી બેઠો હતો. તે જુનાગઢ અને ગોંડળના ગામડાઓ લુંટતો, દેવડાને ફરતી ગીચ ઝાડી હતી. તેથી અજાણ્યો ઘોળેદહાડે પણ તેમાં જઇ શકતો નહિં. ઘણી વખત ભા'એ તે સંધીને પોતાના ગામોને નહિં રંજાડવા કહેવરાવેલ પણ તે મગજના ફાટલ મલુકમીયાંએ માન્યું નહિં. તેથી જુનાગઢ અને ગોંડળના લશ્કરે દેવડા ઉપર ફૂચ કરી. ઝાડી વાઢવા સારૂં સાથે કઠીઆરાની પણ એક ફોજ લીધી. ૩૫૦ કુહાડા કામે લગાડી માર્ગ કર્યો. અને મલુકને તેના કોતરમાંજ દબાવી તાબે કર્યો, ભવિષ્યમાં તે દુશ્મનરૂપે ન થાય માટે નવાબ પાસે નોકરી અપાવી તેને શાંત કર્યો, આ નોકરી બદલ કુંભાજીને શરત પ્રમાણે મલુકમીયાં તરફથી ગામો મળ્યા, તે છેટે હોવાથી જુનાગઢને આપી તેના બદલામાં સુપેડી અને ગણોદ પોતાને હવાલે લીધાં. દેવડાનો કિલ્લો કબજે કર્યો તે બાબતનો પ્રાચિન દુહો છે કે :—

विभाहर हाला सतण, बांधाळा तुं वाळ्य। कुंभा चुंटी काढ्य, दुनियामांथी देवडुं॥

તે સિવાય કા.શ્રી કુંભાજીના ઘણાં કાવ્યો છે પરંતુ જે મને મળેલ છે. તે અત્રે આપવામાં આવેલ છે

॥दोहा॥हेठे सफरा गंग वहे,उपर कोठा अडड,गोंडळ कुंभो खडगडे,हालाणी हडड॥१ सबळ कुंभा आदेश, वड हथ वश तारा, नवखंड तणा नरेश. भुजाएं मेळा थीया॥२ नेजां जे नवाबुं तणा, धसी गीड्या धींग, तो सामी तरसींग, केर बंधीगो कुंभडा॥२ नेजां जे नवाबुं तणा, गजबंध गर केडा, ए हालाणी हेडा, केर शिखायों कुंभडा॥४ तेतर पर टांपे नहिं, बीतां फरे बाज. राम सरीखां राज, कीधां ते तो कुंभडा॥५ भामनीयुं वगडे भमे, हैये हींडळे हार, जेवो पोरो रामनो, एवी कुंभाजी वार ॥६॥

—: चारणी भाषानुं गीत :—

अवतारी पास धरा चो अनुपम, तवीए अधीक गणो वह तेज ॥
अरीयां तणे सीमाडे उभो, जाळंधर कुंभो जाडेज ॥ १ ॥
परजा बधी घणो सख पावे, गावे मंगळ चार गणी ॥

રાવળ જામ સરીખો રાજા, ધીંગો હાલા સતણ ધણી ॥ ૨ ॥
અળ રખવાળ ગોંડળે અધપત, ધર પર ભડાં આપણો ધીર ॥
વિભાહરો અભ નભો વિમો, હે જુનો સીદ્ધ હેળ હમીર ॥ ૩ ॥

ભા કુંભોજી કદે ઠીંગણા (નીચા) હતા. વર્ણ શ્યામ અને ચહેરા ઉપર શીળીના મોટાં ચાઠાં હતાં, પરંતુ તેનું વિશાળ ભાલ, વિરતાની લાલ રેખાવાળી ચપળ આંખો અને વજ્રસમાન કાયા જોનાર માણસ ઉપર પ્રતિભા પાડતી, ભલે દેખાવમાં કદરૂપા હતા, પણ કહેવત છે કે 'નુર નસીબ્તણાં, કવણમોટા કુંભાડાં' એ પ્રમાણે ભા' કુંભાજી ઘણાં પરાક્રમો કરી ગોંડળ સ્ટેટને મોટા વિસ્તારમાં લાવ્યા હતા, અને સરસાઇમાં કુંભાવડ, પાટવડમાં કુંભાકોઠો, ગીરમાં, કુંભાકોટનો કુંગર, હેરણમાં કુંભાના સાજડ, એમ ઘણે ઠેકાણે તેમનું નામ જોડાયું છે, તેઓ જામનગરના મેરૂખવાસ, ભાવનગરના ઠાકોરશ્રી વખતસિંહજી, જુનાગઢના દિવાન અમરજી, અને કચ્છના ફતેહમહમદ જમાદાર વિગેરેના સમકાલિન હતા, ભા'શ્રીને બે કુમારો હતા, તેમાં પાટવિકુમારશ્રી સગ્રામજી કુંવરપદેજ ભા'ની હયાતિમાં દેવ થયા હતા અને નાના કુમારશ્રી મોકાજીને અનળગઢ, લુણીધાર, અને સિંધાવદરમાં ગીરાશ મળ્યો હતો. પાટવિકુમારશ્રી સગ્રામજીને મુળુજી, દેવોભાઇ, હરિભાઇ અને ભાવોભાઇ નામના ચાર કુમારો હતા. ભા' કુંભાજી ૪૭ વર્ષ રાજ્ય કરી સ્વર્ગે જતાં, તેઓના પૌત્ર મુળુજી ગાદીએ આવ્યા.

(૫) ઠા. શ્રી, મુળુજી (વિ. સં. ૧૮૪૬ થી ૧૮૪૮=૨ વર્ષ)

ભા કુંભાજી પછી તેમનાં પૌત્ર મુળુજી ગાદીએ આવ્યા. પરંતુ તેઓશ્રી નબળા અને દારૂના વ્યસની હોવાથી, વેરાજી વાઘેલાનું રાજ્યમાં ઘણું જોર હતું. તેણે નવાબને મળી, તેનું થાણું ધોરાજીમાં લાવવા માટે પૈસાની લાલચે ગોઠવણ કરી. પરંતુ તે તરકટના ખબર કુ.શ્રી. દાજીભાઇને થતાં, તેણે એક રાત્રે ધોરાજીમાં વેરાજી પર ઓચિંતો છાપો માર્યો. પણ તે ઘોડે ચડી નીકળી ગયો તે પાછો ગોંડળમાં આવ્યોજ નહિં. ઠા. શ્રી. મુળુજીના રાજ્ય અમલમાં વિ. સં. ૧૮૪૭માં (સંડતાળો) કાળ પડયો. તે વખતે ગોંડળ સ્ટેટ પાસે દાણાનો સંગ્રહ પુર્ણ હોવાથી, રૈયતને પુષ્કળ અનાજ આપ્યું.

તેઓશ્રીને બે કુમાર હતા. તેમાં પાટવિકુમાર બાપજીભા ઉર્ફે હાલાજી. હાથે ટુંકા, પગે લુલા અને મુંગા જેવા હતા. તે ઠા. શ્રી. મુળુજીની હયાતિમાંજ ગુજરી જતાં. નાનાકુમારશ્રી દાજીભાઇ (ઠા. શ્રી. મુળુજી વિ. સં. ૧૮૪૮માં દેવ થતા) ગાદીએ આવ્યા.

(૬) ઠા. શ્રી. દાજીભાઇ ઉર્ફે સાંગાજી

(વિ. સં. ૧૮૪૮ થી ૧૮૫૬=૮ વર્ષ)

ઠા. શ્રી. દાજીભાઇના રાજ્ય અમલમાં જુનાગઢની ગાદી ઉપર નવાબ હામદખાન હતા. તેણે દિવાન રૂગનાથજીને કેદ કરી ઉપરકોટમાં રાખ્યા તેથી દિવાનનાં બૈરાં-છોકરાં ભાગી જમાદાર હાદીને ઘેર ગયા. તેથી જમાદારે તેઓને રથમાં બેસાડી, આરબોની ટુકડી સાથે ચોરવાડ કે જે દિવાન રણછોડજીએ કબજે કર્યું હતું. ત્યાં પહોંચાડયા. તેથી દિવાન રણછોડજીએ બીજે દહાડે શેરગઢ ભાંગ્યું અને બહારવટીઆઓની ટોળી ઉભી કરી મુલક રંજાડવા

લાગ્યા. તેથી નવાએ વષ્ટી ચલાવી, શીરબંધીના ખર્ચની ૫૦ હજાર કોરી રણછોડજીને આપવી, ગામ ભાંગ્યાં તે માફ અને દિવાન રઘુનાથજીને છુટા કરી ચોરવાડ મોકલવા, ત્યારપછી એકમાસે શિરબંધીને છુટાકરી, ચોરવાડનો કિલ્લો નવાબને સોંપવો, આ પ્રમાણે શરતો અરસપરસ કબુલ થતાં, દિવાન રઘુનાથજીને છોડ્યા. અને શરત મુજબ કોરી મળતાં, તે બંન્નેભાઇ ચોરવાડનો કિલ્લો નવાબને સોંપી, ઉંચાળા ભરી ચાલ્યા તે વાતની ખબર જામનગર મેરૂખવાસને પડતાં, તેણે અદામહેતાને ૪૦૦ ઘોડેસ્વાર સાથે દિવાનની સામે મોકલ્યા. તેઓ કેશોદ મુકામે તેમને મળ્યા. તેઓ સૌ ધોરાજીને પાધરથી નીકળતાં, દાજીભાઇને ખબર થઇ તેણે દેવાભાઇને, પ્રાગાશેઠને અને વાસણજી મ્હેતાને પાધર મોકલી દિવાનને ગામમાં તેડાવ્યા. ત્યાં બે રાત્રી રાખી ગીરાશ આપી ધોરાજીમાં રહેવાનો આગ્રહ કર્યો. એટલે રણછોડજીએ કહ્યું કે "તમે તો ઘર છો, પણ નગરનાં માણસ અગાઉથી સામાં આવ્યા અને હું ત્યાં ન જાઉં તો ભુંડો લાગું." એટલે દાજીભાઇએ સૌને પહેરામણી કરી. વિદાય આપી. તેટલામાં મહેતા દલપતરામને બાંહેધરીમાં નવાબને સોંપેલ તે ધોરાજી આવી મળ્યા. તેથી ત્રણે ભાઇઓ પોતાના કુટુંબસાથે **જામ-કંડોરણે** ગયા ત્યાં એકમાસ તેઓ રોકાયા. પછી મેરૂખવાસે દિવાન રણછોડજીને નગર તેડાવી જામસાહેબની સલામ કરાવી પડધરી પરગણું તથા આટકોટ પરગણાંના કેટલાક ગામો જાગીરમાં આપી, નગરમાં મકાન આપી રાખ્યા.

ઠા. શ્રી દાજીભાઇ આગળ વાસણજી મ્હેતો કરણકારણ હતા. પરંતુ પ્રાગાશેઠે ખટપટ કરી, દાજીભાઇની ઇતરાજી કરાવી. તેથી વાસણજી મેતો પણ રીસાઇ જામનગર ગયા, ત્યાં મેરૂખવાસે તેમને ૧૦૦ ઘોડા અને ૨૦૦ પાળાઓથી જામ-કંડોરણે થાણે રાખ્યા. તેમાં એવો ઠરાવ કર્યો કે "સ્વારો, પાયદળો અને મહેતાની જીવાઇ વગેરેના બદલામાં કંડોરણા પરગણું મહેતો ખાય, માત્ર બારમાસે રૂપીઆ અગીઆર હજાર વાસણજી મ્હેતો જામસાહેબને આપે." એ ઠરાવ થતાં મેતે પોતાના ભાઇ ભુલાખીરામને કંડોરણે રાખી પોતે મેરૂ પાસે જામનગર રહ્યા.—રાજપરાવાળા જામનગરના ચોરને સંધરતા, તેથી મેરૂએ રાજપરા ઉપર મોટું લશ્કર લઇ કૂચ કરી, તે સાથે વાસણજી મહેતો પણ હતા. મેટીઆ ગામે આવી પડાવ નાખ્યો. મેરૂને વિચાર થયો કે "કદી ગોંડળ તેમના ભાયાતને (રાજપરાવાળા)ને મદદ કરશે તો? તોપણ તેની તાકાત કેટલી છે તે જણાશે. કેમકે ભા' કુંભોજી ગુજરી ગયાછે." દાજીભાઇ બોકરૂં છે, વાસણજી મેતો આપણે ત્યાં નોકર છે. એમ વિચારી દાજીભાઇને મળવા તેડાવ્યા. તેથી ઠા. શ્રી. દાજીભાઇ, પોતા સાથે પ્રાગોશેઠ, બામણીયાજી અને હજારજપુત આદી, ૫૦૦ ઘોડેસ્વાર સાથે મેટીએ મેરૂખવાસ પાસે આવ્યા. મેરૂખવાસ અને દાજીભાઇ કચેરીમાં બેઠા હતા. તેમાં વાતમાં વાત લાવી, મેરૂખવાસ ચકાસણી કરતાં બોલ્યા કે "દાજીભાઇ ઠાકોર! તમે આખો દિવસ દારૂ પીધા પછી દુરાચારી વર્તણુંક કરોછો, અને દરબારગઢમાં પડયા રહોછો, માથે કુંભાજી જેવા મુરબ્બી ઉઠી ગયા છે. તો કોઇ દુશ્મન મુલક ખંખેરી જાશે." આ વાત સાંભળી દાજીભાઇ દબાઇ ગયા. તેમજ પ્રાગોશેઠ વગેરે મોટાંમોટાં પાઘડાં બાંધી, ગોંડળના ઘણાં માણસો બેઠા હતા. તેમાં મેરૂ સામો પ્રત્યુત્તર વાળવાની કોઇની હિંમત હાલી નહિં, બધા નીચું ઘાલી બેસી રહ્યા. આ શબ્દો મેતા વાસણજી બુચથી સહન નહિં. થતાં

તે ગર્જનાથી બોલી ઉઠયા કે "મેરૂખવાસ! દાજીભાઇને દબાવોમાં. દાજીભાઇને છોકરૂં ગણોમાં એતો જામસાહેબના ફરજંદ છે, રાજતો સુતાં બેઠાજ દિવસો વિતાવે. પણ તેના દાંત બહુ મોટા હોય, તે આખા મુલકને ચાવી જાય." ઉપરનાં વાકયો સાંભળી, મેરૂખવાસ બોલ્યો કે "અલ્યા મહેતા! હજી તો કાલ સવારે તુંને દાજીભાઇ કાઢી મૂકેછે, અને નગરનો ધણી સંધરે છે. છતાં ગોંડળની ભેળતાણવા ઉભો થયોછો?" આમ અરસપરસ બોલાચાલી થતાં દાજીભાઇ તથા મહેતો ઉઠી સૌ સૌને તંબુએ ચાલી ગયા. તે પછી મેરૂએ પોતાના સર્વ સરદારોને કહ્યું કે "જુઓ ભાઇઓ વાસણજી મેતાને ગોંડળે કાઢી મૂકયા છે, આપણે ત્યાં ચાકર રહ્યાછે તોપણ તેને ગોંડળનું કેવું તપી આવ્યું. વળખાઇ અને ઉઠી ગયા. એનું નામ પ્રમાણિકપણું અને મરદાઇ, જુઓ એનું નામ નિમકહલાલ પુરૂષ." બીજે દહાડે દાજીભાઇને પોતાની ભૂલ જણાવી, અને વાસણજી મહેતાને તંબુએ જઇ કહ્યું કે " ચાલો ગોંડળ તમે તમારૂં ખંભાળીયાગામ ખાવ. તમે નહિં આવો તો હું જમીશ નહિં." તેથી મહેતો કબુલ થયા, અને મેરૂખવાસના તંબુએ રજા લેવા ગયા. ત્યાં જઇ કહ્યું કે "રાજપરૂં ગોંડળનુંજ છે માટે જોઇને હાથ નાખજો." એમ ડારો દઇ તેઓ ગોંડળ આવ્યા. તેથી મેરૂખવાસ રાજપરે નહિં જતાં જામનગર પાછો ગયો. ત્યારથી ગોંડળ સાથે તેને વેર બંધાયું. અને એકાદ બે-વખત હુમલાઓ કરી, એકવાર ગોંડળ લુંટયું. ત્યારે વાસણજી મહેતે, કાલાવડ ભાંગ્યું. આમ અરસપરસ વૈરવૃત્તિ વધતી ગઈ. વિ. સં. ૧૮૫૫માં દેવાભાઇને દાજીભાઇ સાથે નહિં બનતાં, તે રિસાઇને જામનગર ગયા. નગરે ૧૦૦ પાળા અને ૨૦૦ ઘોડાથી દેવાભાઇને કાલાવડ થાણે રાખી કાલાવડ ખાવા આપ્યું. સાથે હડીભાઇ પણ હતા.

વાસણજી મહેતો કાઠીઓ સામે લડવા ગયા હતા. ત્યાં બગસરા મુકામે પોતાનાભાઇ બુલાખીરામની ચીઠી આવી કે "વિ. સં. ૧૮૫૬ના શ્રાવણ સુદી ૧૫ ને દિવસે ઠા. શ્રી. દાજીભાઇએ કૈલાસવાસ કર્યો છે." મહેતો એ ચીઠી વાંચતાજ કંપી ઉઠયા, અને તે વાત ગુપ્ત રાખી લશ્કરની કુચ કરી, તલાળા થઈ ભાદરકાંઠે ખંભાળીયા મુકામે તે હજી પહોંચ્યા નહોતાં ત્યાં બીજી ચીઠી બુલાખીરામની આવી કે "દરબારમાં દગલબાજી થઈ છે. સરવૈયા જેઠીજીના દીકરા અને અદીભા વગેરે એકમત્ત થઇ "પોરબંદરવાળા જેઠવી વહુને ઓધાનછે." એવી ખોટી વાત ઉઠાડી છે. અને જાડેજાશ્રી દેવાજીને સરવૈયા અબેરાજજી અને અમરાજીની સલાહથી કાલાવડ સ્વાર મોકલી તેડાવ્યા છે, પણ તેને ગામમાંથી રજા દેશે તેમ લાગે છે. તમે આવ્યા પછી દેવાજી આવે તો સારૂં. માટે તુરત આવો." તેથી વાસણજી તુરત ગોંડળ પહોંચ્યા. આરબની બેરખ તથા જમાદાર પોતાના સાથે હોવાથી તે સૌ કબજે હતા. મહેતે ગોંડળ આવી ચુડો વળાવ્યો તે પછી બાશ્રી અદીભાએ મહેતાને બોલાવી પુછયું કે "હવે કેમ કરવું.? જેઠવી વહુને ઓધાન છે." વાસણજીએ ઉત્તર આપ્યો કે જે "એ વાત ખોટી, ગોંડળના દરબારમાં એ વાત નહિં ચાલે" "અદીભા કહે બેટમાં સ્ત્રી રાજ્ય કેમ કરેછે.?" મહેતે જવાબ આપ્યો કે "બેટનું રાજ્ય વેધીલું નથી, અહિંતો, નગર, જુનાગઢ, અને કાઠીની વચ્ચે રહેવું, તેમાં ત્રીયારાજ્ય ચાલે નહિં. માટે દેવાભાઇને બોળે બેસારો." ત્યારે અદીભાના વૃદ્ધમાતુશ્રી પાસે બેઠાં હતાં, તેણે કહ્યું કે "મહેતો ઠીક કહેછે" જેથી અદીભા તેના ઉપર

ગુસ્સે થયા, અને મ્હેતો ઉઠી ઘેર ગયા. ત્યાં નવાનગરથી મેરૂખવાસનો કાગળ આવ્યો કે "ગોંડળની વાત જુદી જુદી સંભળાય છે. તું જાડેજાશ્રી કુંભાજીનો છોરૂ છો, તો **જામ-રાવળની** મેદીને ખોટ એસે તેવું થવા દઇશ નહિં, એવો અમને ભરૂંસો છે." એવો પત્ર લઇ નગરથી સમાજી તથા કેશવજી મ્હેતો ૪૦૦ પાળા અને ૪૦૦ ઘોડેસ્વારોથી દા'ડે આવ્યા, તેનો મુકામ ગામ બહાર રખાવ્યો. ત્યાં જાડેજાશ્રી દેવાજી પણ કાલાવડથી આવ્યા. તેમણે આ તમામ વિકટ મામલો જોયો. અને 'સુંવાળું' ઉતારવા નદીએ જવામાં પોતાને જોખમ લાગ્યું. તેથી વાસણજી મ્હેતે આરબોની ટુકડી તથા જમાદારને દેવાભાઇની તહેનાતમાં સોંપી, સુંવાળુ ઉતરાવી ઉતરક્રિયા કરાવી. અને તે દરબારમાં જામનગરથી આવેલી કણે-કસુંબી (લાલ કસુંબલ બાંધણીની) પાઘડી અને તરવાર કેશવજી મ્હેતે જામશ્રી તરફથી આપી, તે દેવાભાઇએ બાંધી. એટલે કેશવજી મ્હેતે તથા હઠીભાઇએ અને મ્હેતા વાસણજી બુચે ઉભા થઇ સલામ કરી, દેવાભાઇને ભા'ના ચાકળા પાસે ગાદીએ બેસાર્યા. એ વખતે સઘળા ખટ-પટીઆઓ મહેતાની શેહથી ચુપ થઇ ગયા.

(૭) ઠાકોરશ્રી દેવાજી ઉર્ફે દેવાભાઇ (વિ.સં.૧૮૫૬થી૧૮૬૮=૧૨વર્ષ)

ઠા. શ્રી. દાજીભાઇ અપુત્ર ગુજરતાં તેમના સગા કાકા દેવાભાઇ ગાદીએ આવ્યા. તે પછી બાશ્રી અદીબાએ કેટલીએક ખટપટો કરેલી, પણ મ્હેતા વાસણજી બુચની બુદ્ધિ ચાતુર્યથી તેઓ તેમાં ક્યાંય ફાવી શકયા નહિં. ઠા.શ્રી. દેવાજીએ ગાદીએ બીરાજી પોતાના નાના બંધુશ્રી હઠીભાઇને સેનાધિપતીની પદવિ આપી. જાડેજાશ્રી હઠીભાઇ ઘણો વખત ધોરાજીમાં રહેતા. ત્યાં **સ્વામિનારાયણ** સંપ્રદાયના સદ્‌ગુરૂ સ્વામિશ્રી **ગોપાળાનંદજી**ના ઉપદેશથી તેઓ તે સંપ્ર-દાયમાં દાખલ થયા. એટલું જ નહિં. પરંતુ ઠા.શ્રી. દેવાજીને પણ ધોરાજી તેડાવી સ્વામિશ્રીના ઉપદેશથી ગઢડા સ્વામિનારાયણના દર્શન માટે મોકલ્યા હતા. તે પછી તેઓશ્રી પણ તે સંપ્ર-દાયમાં ભળ્યા હતા. તેઓ પુરાવો સ્વામિનારાયણના લીલાચરિત્રના ગ્રંથમાં, જ્યાં ગોંડળનો ઇતિહાસ આપેલો છે ત્યાં છે. તે વિષેનું એક કાવ્યx નીચે ફુટનોટમાં આપેલું છે.

ઠા.શ્રી. દેવાજીભાઇના રાજ્યઅમલ દરમિયાન કર્નલ અલેકઝાન્ડર વૉકર કાઠિઆવાડમાં આવ્યા. તેણે દેશી રાજ્યો સાથે કોલકરારો કર્યા. તેમજ જાડેજા રજપુતો દીકરીઓને દૂધપીતી કરતા (મારી નાખતા) એ કુરિવાજને નાબુદ કરવામાં ઠા.શ્રી. દેવાજીએ આગળ પડતો ભાગ લઇ, કર્નલ વૉકરને અમૂલ્ય સહાયતા આપી હતી.

કેવદ્રા નામનું ગામ રાયજાદાઓનું હતું. તે તેઓની નબળી હાલતમાં ભા'કુંભાજીને આપેલું હતું. પરંતુ કેશોદના એક નાગરે મવાણાના કાકાભાઇ રાયજાદાને ઉશ્કેર્યા કે "તમારા બાપદાદાના મુળ ગરાશનું ગામ ગોંડળવાળા કેમ ખાય?" એથી તેઓએ વિ. સં. ૧૮૬૩ના

---

x**યદુવંશી ગોંડળ નરેશની હકિકત** (હરિલીલામૃત ભાગ-૧ કળશ-૧-વિ૦-૭)

उपजातिवृत्त—पवित्र छे जादव वंश जेह । जेमां धर्यो श्रीहरि ए स्वदेह ॥
मार्यो मथुरांपति कंश मामो । सौराष्ट्र आव्या करी तेह कामो ॥१॥

આસો માસમાં એક સો માણસોનો જમાવ કરી કેવદ્રા થાણે રહેતા, કેટલાક સીપાઇઓને મારી નાખી કિલ્લો હાથ કર્યો. તે ખબર ગોંડળ થતાં, ઠાકોરશ્રી દેવાજી વાસણજી મ્હેતાસાથે ચઢી, મોટી મારઝગામે જમ્ફ ઢાલ ઉભી કરી–લશ્કર ભેળું કરવા માંડયું. જુનાગઢ આરબના જમાદારને પત્ર લખીને એકહજાર આરબોને બોલાવ્યા. તેમજ પરગણામાંથી બે હજાર પાળા અને ૧૫૦૦ સ્વારોનું લશ્કર ઉભું કર્યું. અને જામનગરથી **મોતીમેતો**(મોતી શામળજી ખુચ) વાસણજીના પત્રથી સખાયતે આવ્યા સૌએ મળી કેવદ્રા ઉપર કૂચ કરી. રસ્તામાં કેશોદ તથા મવાણુને લુંટી કેવદ્રાને પાદર પડાવ નાખ્યો. કેવદ્રાના કિલ્લામાં કાકાભાઇ રાયજાદાએ પણ પંદરસો માણુસોનો મેળ કર્યો હતો. અને પાદરમાં પાંચ જગ્યાએ મોરચાબાંધી એકેક નાની તોપ અને બસો બસો માણુસો ગોઠવી પાંચસો માણુસો સાથે પોતે દરબારગઢમાં રહેલ, વાસણજી મ્હેતે ઠા. શ્રી. દેવાજીને કેવદ્રાથી અરધોમાઇલ દૂર એક વાડીએ બસો માણુસોથી રાખ્યા અને કહ્યું કે "આપ અહિં બેઠા જુઓ, અને ભા'નાં કરમ લડશે." એમ કહી વાસણજી મ્હેતે અને મોતીમ્હેતે કેવદ્રા ઉપર હલ્લો કર્યો. ત્યાં સામીબાજુથી તોપો બંદુકો છુટી તેનો બચાવ કરી એકદમ હલ્લાં કરી, ભેટભેટાં થઇ જઇને તલવાર ચાલતી કરી. ત્યાં કેવદ્રાના માણુસો ભાગવા માંડયા. એટલે મ્હેતો તોપો હાથ કરી ગામમાં દાખલ થયા. કાકોભાઇ દરબારગઢમાં ભરાઇ બેઠા. અને વાસણજી ચોરે બેઠા. તેટલામાં મોતીમેતો બીજી તરફના મોરચા

द्वारामतिमां जनने वसाव्या । अंते बधा जादवने मराव्या ॥
ओखा तणो नंदन 'वज्रनाभ' । तेने मळ्यो त्यां नृपगादी लाभ ॥ २ ॥
तेना पछी भुप थया अपार । कहुं बधा तो बहु थाय वार ॥
भुपो थया गोंडळ गादी केरा । तेमां हरिभक्त भला घणेरा ॥ ३ ॥
कुंभोजी जे गोंडळ गादी केरा । स्वामि थया सज्जन ते घणेरा ॥
बे पुत्र तेना सद्बुद्धि धाम । संग्राम सांगोजी पवित्र नाम ॥ ४ ॥
संग्रामजीने मळी गादी ज्यारे । सुकोटडा गाम सुखेथी त्यारे ॥
सांगाजीने स्नेहसहित दीधुं । पोते सुखे श्रेष्ट स्वराज्य लीधुं ॥ ५ ॥
हालोजी संग्रामतणा सुपुत्र । तेणे वधार्युं वळी राजतंत्र ॥
कुंभोजी हालाजी तणा कुमार । पराक्रमी तेह थया अपार ॥ ६ ॥
सुण्याथी जेनुं शुरवीर नामे । सौराष्ट्रना सौ नृप त्रास पामे ॥
शत्रुनी सामे नीजशस्त्र धार्युं । पोतातणुं राज्य घणुं वधार्युं ॥ ७ ॥
ते भीमने अर्जुननी समान । पाम्यो पुरुं शुरपणानुं मान ॥
प्रजाबधी पुत्रसमान पाळी । कुदृष्टीयें तो न पर स्त्री भाळी ॥ ८ ॥
दातार, झुंझार, गणाय एवो । नहिं बीजो कोइ कुंभाजी जेवो ॥
कुंभो सदा सद्गुणनोज कुंभ । कुंभ थयो एकज आभ थंभ ॥ ९ ॥
कुंभो दीसे दुर्जननोज काळ । कुंभो गणे लोक गरीब पाळ ॥
कुंभाजीनो पुत्र पवित्र सारो । संग्राम संग्रामसु जीतनारो ॥ १० ॥

---

१. ओખાના પુત્ર વજ્રનાભને યાદવારથણીને અંતે ગાદી મળી.

ઉપર રજપુત લશ્કરસાથે વિજય મેળવી, તોપો હાથ કરી, તમામ સૈન્ય સાથે ચોરે આવી જઇ મળ્યા. કાકાભાઇ દરબારગઢના દરવાજા બંધ કરી અંદરનાં પાંચસો માણસો માટે ખીચડીની કડાઓ ચડાવી રંધાવતા હતા. તે વખતે મહેતે દરબારગઢના કોઠા ઉપર આઠ દસ તોપોના અવાજ કરી, કોઠામાં ગાબડાં પાડયાં, તેથી કાકાભાઇ વગેરે તમામ પાછળને દરવાજેથી ભાગી ગયા. મહેતે ગઢમાં પ્રવેશ કરી, ત્યાં ગોંડળનું નિશાન (વાવટો) ચડાવી વાડીએથી વાજતે ગાજતે ઠા.શ્રી દેવાભાઇનું સામૈયું કરી લાવ્યા. અને ચડેલી કડાઓની ખીચડી ગોંડળના લશ્કરને ખવરાવી. ત્યાં ચાર પાંચ દિવસ રહી. થાણે કેટલાએક મજબુત માણસોને રાખી સૌ ગોંડળ આવ્યા.

વિ. સં. ૧૮૬૫માં ધોરાજીના ગોપાળજી વાણીયાએ ઠા.શ્રી દેવાજીને વશ કરી પરગણાનો વહિવટ સાંભાળવા ડોસાજી નામના પુજ આગળ મલીન જંત્રમંત્ર કરવાનો પ્રયોગ કરાવ્યો. પરંતુ ઠા.શ્રી દેવાજીને તેની કાંઇ અસર થઇ નહિં. તેઓ ચુસ્ત સ્વામિનારાયણના અનુયાયી હતા. તેથી તેઓશ્રીને દૃઢ નિશ્ચય હતો કે 'પ્રભુની ઇચ્છાવીના સુકુપાન પણ હલતું નથી.' ગુરૂ કૃપાથી એ પ્રયોગના ખબર જાસુસ દ્વારા ગોંડળ થતાં, ઠા.શ્રીએ ધોરાજી આવી પૂજને કેદ કર્યો. કેદ કરતાં તે કબુલ થયો, તેમજ તે પ્રયોગનો કેટલોએક મુદ્દામાલ હાથ આવ્યો, તેથી તે પુજને તથા તેના ચેલાને તોપને મોખરે બાંધી મરાવી નાખ્યા. ગોપાળજી વાણીઓ ભાગી, ગીરમાં રજદાસજી મહારાજ પાસે શરણે ગયો. ત્યાં જાડેજાશ્રી હઠીસીંહજી કેટલાક લશ્કર સાથે ગયા. પણ મહારાજે તેને સોંપ્યો નહિં. તેથી લશ્કરે હવેલીને ઘેરો નાખ્યો એટલે ગોપાળજીએ કોરો કાગળ ઠા.શ્રીને મોકલ્યો તેમાં સાડાબાર લાખ કોરી દંડની દેવાજીભાઇએ લખી તેણે તે ભરી આપી. આવી રીતે રાજાઓમાં ઇશ્વરી અંશ હોવાથી જંત્ર મંત્ર કરનારાઓનેજ નડે છે.

सग्रामजीना सुत चार जेह । मुळुजी, देवोजी हठीजी तेह ॥
चतुर्थ तो पुत्र प्रविण सारा । श्री भावसींह प्रभु सेवनारा ॥ ११ ॥
मुळुजी पाम्या शुभ पुत्र बेय । हालोजी ने दाजी बीजा कहेय ॥
हालाजीनो वश वध्यो न लेश । तेना पछी दाजी थया नरेश ॥ १२ ॥
अढारसें छपन केरी साले । दाजी गया स्वर्ग विषे सुकाळे ॥
देवाजी काको पछी गादी पाम्या । जेना जनोमां जश खुब जाम्या ॥ १३ ॥
देवाजीना बे लघुभाइ खास । ते बेयने त्यां मळीयो गरास ॥
घणाज शाणा हठिसिंह जाणी । देवाजीए अंतरप्रीत आणी ॥ १४ ॥
सेनापतिनुं पद श्रेष्ठ दइने । राख्या स्वराज्ये दील राजी थइने ॥
धोराजीमां एकसमे धरेश । संभाळवाने वीचर्या स्वदेश ॥ १५ ॥
महाप्रभुजी, करीने महेर । आव्या वकाभाइ खीमाणी घेर ॥
ते वात देवाजी नरेश जाणी । इच्छा उरे दर्शन केरी आणी ॥ १६ ॥
खीमाणीने घेर कहाव्युं राये । हुं आवु छुं दर्शन काज त्यांये ॥
जो घेर मारे नृपति पधारे । तो भेट देवी पडशेज भारे ॥ १७ ॥

ઠા.શ્રી દેવાજીભાઇની કચેરીમાં એક વખત કાવ્ય ચર્ચા ચાલતી હતી. તેવામાં તેમના દશોંદી ચારણ નાંધુના પીપળીયાવાળા રૂપશી નાંધુ ત્યાં આવ્યા. તેઓ તે જમાનામાં પ્રખ્યાત કવિ હતા. તેમણે એક સમસ્યા કાવ્ય રચી, કચેરીમાં સંભળાવ્યું. એ વખતે સભામાં મારવાડી બે ભાટ કવિઓ હતા. તથા બીજા પણ કેટલાએક વિદ્વાન બ્રાહ્મણો, કવિ-પંડિતો, હતા. પરંતુ તેઓમાંથી કોઇ આ ગુઢાર્થ કાવ્યનો મર્મ જાણી શક્યા નહિં. ખુદ ઠા.શ્રી પણ આવા વિચીત્ર અર્થ વાળું કાવ્ય સાંભળી આશ્ચર્ય પામ્યા. ન્યારે સભામાંના કોઇ પણ વિદ્વાનથી તે કાવ્યનો અર્થ ન થયો ત્યારે ઠાકોરશ્રીના ફરમાનથી કવિરાજ રૂપશીભાઇએ સભામાં તેનો સ્પષ્ટ અર્થ કરી બતાવ્યો. એ ચારણી ભાષનું સમસ્યા કાવ્ય અમોને તેના વંશજોની હસ્તલેખીત પ્રતમાંથી મળતાં અત્રે અર્થ સહિત આપેલ છે :—

छपय-अंबर बीन त्रीय एक, चडी पुरुषपर चाले ॥
नेन अने भुज नोय, श्रवण एकाकृत वाले ॥
सदा कुंवारी सोय, होय संगम हाथीसें ॥
रहे अधपल घरवास, तहां रहे भ्रमतासे ॥
जण वखत नारी छोरु जणे, मोय चडे सोइ मरें ॥
कव रुप भुप देवा कुंवर, कवण अरथ अणरो करे ॥ १ ॥

અર્થઃ—કવિ કહેઃ— હે રાજા આપના શહેરમાં મેં આજે એક કુતુહલ જોયું, તે એકે, એક સ્ત્રીને કપડાં પહેર્યાવિનાની પુરૂષના ઉપર ચઢીને જતી જોઇ, તેને નેત્ર કે ભુજા નહોતાં માત્ર એક કાન હતો. તે સદાય કુંવારી હોવા છતાં, હાથીના સમાગમથી માત્ર અરધી

ખીમાણીના દિલમાં થયું જે 'જો ઠાકોરશ્રી દેવાજી મારે ઘેર પધારશે તો મારે ભેટ સામગ્રી આદી સન્માન કરવું પડશે. તેમ માની ચિંતાતુર થયા. એ વાત સ્વામિનારાયણે અંતર્યામિપણે જાણી, તેથી તેઓશ્રી ત્યાંથી પરામાં પોતાના ગરીબ ભક્ત ભીમા કુંભારને ઘેર પધાર્યા. કુંભાર ખુશી થયો અને પોતાના કણીયામાં પરસપીપળાને ઓટે ગુણો પાથરી આપ્યો તેથી સ્વામિનારાયણ તથા સંતો ત્યાં બેઠા. ઠાકોરશ્રી દેવાજીભાઇ પોતાસાથે આરબની બેરખ, ભાયાત, સરદાર, કામદાર, વગેરેને લઈ ખીમાણીની ડેલીએ આવ્યા. ત્યાં ખબર થયા કે સ્વામિનારાયણ, પરામાં ભીમાકુંભારને ઘેર ગયા છે. પોતાના ઇષ્ટ દેવ જ્યાં હોય ત્યાં જવું એમ ધારી પરા તરફ સવારી ચલાવવા હુકમ આપ્યો ત્યારે કામદારે કહ્યું કેઃ—

उपजातिवृत्तः-प्रधान बोल्यो करी पुर्ण प्रीति । सुणो महाराज सुराजनीति ॥
कुंभार जेवा हलका गणाय । तेवातणे घेर न जाय राय ॥ १ ॥
राजा कहे श्रीहरी ज्यां बिराजे । जीज्ञासु ते स्थान जतां नलाजे ॥
जशुं प्रभुने मळवा अमे तो । न आवशो त्यां तमने गमे तो ॥ २ ॥

એમ કહી. સ્વારી પરામાં ચલાવી. સાથે બંધુશ્રી હઠિસિંહજી અને પોતાના ચારે કુમારો હતા. ભીમાકુંભારને ઘેર જઇ, ઠાકોરશ્રી સ્વામિનારાયણને નમસ્કાર કરી ઓટા ઉપર

પળના ધરવાસથી તેને ગર્ભ રહે છે. જ્યારે તે સ્ત્રીને છોરૂ અવતરવાનો સમય થાય છે ત્યારે તેના સન્મુખ જે આવી ચડે તે મરણ પામે છે. કવિ રૂપ (રૂપશીભાઇ) કહે છે કે હે ઠાકોર દેવાજી! આ મારા ગુઢાર્થવાળા કાવ્યનો, તમારી કચેરીમાં કોણ અર્થ કરે છે?—જ્યારે કોઇથી એ કાવ્યનો અર્થ ન થયો, ત્યારે ઠાકોરશ્રીના કહેવાથી કવિએ પોતેજ એ કાવ્યનો અર્થ "બંદુક" ઉપર, નીચે મુજબ ઘટાવ્યો. 'બંદુક નારી જાતિ છે તે વસ્ત્ર પહેરતી નથી. હમેશાં પુરૂષના ખભા ઉપર રહે છે, તેને નેત્ર કે હાથ નથી, માત્ર એક કાન (દારૂ ભરવાનો કે કેપ ચડાવાનો કાન લવીંગ) હોય છે. તે સદાય કુંવારી છે પરંતુ હાથી એટલે કે 'ગજ' (લોઢાના ગજથી દારૂ ભરી ધબે છે) તેનાથી તે અરધી પળ સમાગમ કરતાં ગર્ભ ધારણ કરે છે (બંદુક ભરાય છે) જ્યારે તેને જણવાનો (બંદુક ફુટવાનો) સમય થાય છે ત્યારે તેના સામે જે હોય છે, તેને તે મારી નાખે છે એટલે બંદુકની નાળ સામે જે હોય તે નિશાનમાં આવતાં, મરણ પામે છે" ઉપરનું કાવ્ય સાંભળી દરબારશ્રીએ "ચારણોની કાવ્ય, બીજા વર્ણના કવિઓથી ઉત્તમ હોય છે," તેવી પ્રશંસા કરી પોશાક આપ્યો હતો, ઠા.શ્રી દેવાજીને કું.શ્રી નથુજી, કનુજી, મોતીભાઇ અને ભાણાભાઇ નામના ચાર કુમારો હતા. વિ. સં. ૧૮૬૮માં ઠા.શ્રી દેવાજી દેવ થતાં, કુ.શ્રી નથુજી ગાદીએ આવ્યા.

બેઠા. બીજા સર્વ નીચે કૂળીમાં બેઠા. ઠાકોરશ્રીએ રૂા. ૧૫૦) સ્વામિનારાયણને પગે ભેટ મેલી, ચારે કુમારોને પગે લગાડયા. તે વિષે કાવ્યઃ— **ઉપજાતિવૃતઃ**

દેવોજી ત્યાં દર્શન કાજ આવ્યા, સાથે ભલા ચારકુમાર લાવ્યા ॥
નાથોજી કાનોજી સુ મોતીભાઇ, સંજ્ઞાબીજી ચંદ્રસિંહે ગણાઇ ॥ ૧ ॥
છે ભાણભાઇ સુચતુર્થ નામ, બેઠા પ્રભુને કરી સૌ પ્રણામ ॥
પુછ્યું પ્રભુ આપ કુમાર આલે, રાજા કહે તે સુત આપનાલે ॥ ૨ ॥
ત્યાં મોતીભાઇ વળી ભાણભાઇ, બે શિષ્ય મુક્યો કર સુખદાઇ ॥
આ બે કહ્યું સેવકલે અમારા, આ બે બીજા તે સુતલે તમારા ॥ ૩ ॥
તે બોલનો મર્મ પ્રભુજ જાણે, જાણે ન બીજો જન તેહ ટાણે ॥
જેને કહ્યું શ્રી હરિએ અમારા, તેતો થયા બે સતસંગી સારા ॥ ૪ ॥

તે પછી ઠા. શ્રી. દેવાજીના આગ્રહથી સ્વામિનારાયણ ગોંડળ પધાર્યા અને ત્યાં ચાર માસ રહી પોતાના સાધુઓને અષ્ટાંગયોગ એકાંત જગ્યાએ શીખવતા તે વિષે કાવ્યઃ—

ઉપજાતિવૃત –અષ્ટાંગના સાધન કેરી રીત, સુસંતને શ્રીહરિ નિત્યનિત્ય ॥
સ્નેહે કરી શીખવતા સદાય, એકાંતમાં સાધન તેહ થાય ॥ ૧ ॥
આશાપુરીનું શુભથાન જેહ, છે ગામથી ઉત્તરમાંહી તેહ ॥
એકાંત જગ્યા અતિ વહ સારી. એવું સુણી ત્યાં વિચર્યા મુરારી ॥ ૨ ॥

એ વખતે ચાર માસ સ્વામિનારાયણ ગોંડળમાં બીરાજ્યા, ત્યાં પોતાના જાણવામાં આવ્યું જે જાડેજા રજપુતો દીકરીઓને દૂધપીતી કરેછે (મારી નાખેછે.) તે જાણી બહુ

(૮) ઠાકોરશ્રી નથુજી (વિ. સં. ૧૮૬૮થી૧૮૭૭=૨ વર્ષ)

ઠા.શ્રી. દેવાજી ગુજર્યા ત્યારે વાસણજી મ્હેતો અમરેલીના સુબાના લશ્કર સાથે હતા, અને તેમના ભાઇ બુલાખીરામ ગોંડળ રાજ્યનું કામકાજ કરતા. એક વખત નથુજી વાઘેલો, કે જે ઠા.શ્રી નથુજીની આગળ નાનપણથી રહેતો હતો. તે નથુ વાઘેલો પોતાના માટે બોરીનો એક ચોફાળ કોરી ૧૫૦)નો લઇ દફતરે ચીઠ્ઠી કરાવવા ગયો. ત્યારે બુલાખીરામે તે ચોફાળ જોઇને કહ્યું કે " આ ચોફાળ તો ઠા.શ્રી નથુભાઇ જોગ છે, તમ જોગ નથી. તમે ૨૦ થી ૨૫ કોરીની કિમતનો લ્યો." આ વાત વાઘેલાને બહુજ ભારે પડી. એથી તેણે તુરતજ ઠા.શ્રી પાસે જઇને કહ્યું કે " રાજ્યના ધણી તમે કયાં છો? અમરેલીના દિવાનજી (સુબા)ને ઉપરાણે વાસણજી ધણીરણી છે.' એમ કહી ચોફાળની વાત કહી દેખાડી, રાત્રે બુલાખીરામ કચેરીમાં ગયા ત્યારે ઠાકોરશ્રીએ કહ્યું કે "તમે નથુજીને ચોફાળની ના પાડી, મન દુખાવ્યું તે તમને ન ઘટે. નથુજી તો મારે દેવાભાઇ (બાપુ)ને ઠેકાણે છે." બીજે દહાડે એ વાત બુલાખીરામે પોતાના ભાઇ વાસણજી મહેતાને અમરેલી લખી મોકલી. તુરતજ વાસણજીએ જવાબ લખ્યો કે " જે ઠેકાણે નથુ વાઘેલો દેવાભાઇને ઠેકાણે ગણાતો હોય, ત્યાં વાસણજી કામદારૂં ન કરે. માટે તમે બધા કામ ઉપરથી હાથ ઉઠાવી લેજો." ઉપરનો જવાબ મળતાંજ બુલાખીરામ તમામ કામ છોડી ઘેર જઇ બેઠા (વિ. સં. ૧૮૬૮) ઠા.શ્રી નથુજીએ ઘણીક રીતે સમજાવ્યા જે "આવી નજીવી વાત વાસણજીને લખવા શું કારણ હતું. હવે થનાર થયું અને કામ સંભાળો." પરંતુ બુલાખીરામે ના પાડી. તેથી ઠાકોરશ્રીએ વાસણજી મહેતો આવતાં સુધી કોઇ કામદાર નહિં રાખતાં તમામ કામકાજ જાતે કરવા લાગ્યા. પોતે કામ સંભાળ્યું તે પહેલાં તમામ હિસાબી ચોપડા, ખતપત્ર, વગેરે તમામ દફતર કુરાશેઠવાળા પોતાને ઘેર રાખતા. તે ત્યાંથી મંગાવી દરબારમાં લાવ્યા. એટલે વિ. સં. ૧૮૬૮થી ગોંડળનું દફતર ,દરબારમાં રહ્યું. અને

નારાજ થયા અને સાંજે સભામાં ઠા.શ્રી દેવાજી તથા ભાઇશ્રી હઠિસિંહજીને બોલાવી ઉપદેશ આપ્યો જે :— **ઉપજાતિ વૃત્ત :—**

કહે પ્રભુ સાંભળ ભુપ ખાસ । ક્ષત્રિ કરે પુત્રી તણો વિનાસ ॥
તે ચાલતો બંધ તમે કરાવો । સાંખે નહિં ઇશ અધર્મ આવો ॥ ૧ ॥
પુત્રી હણ્યાનું અતિ પાપ મોટું । ખરું કહું છું નહિં લેશ ખોટું ॥
ગરીબ શરણાગત બાળ જેહ । તેને હણે તો નહિં ક્ષત્રી તેહ ॥ ૨ ॥
ક્ષત્રિ વિષે યાદવવંશ શ્રેષ્ટ । તેને ન શોભે અતિ કામ નેષ્ટ॥
અમારી જો વાત નહિં મનાય । મનાવશે કોઇ બલીષ્ટ રાય ॥ ૩ ॥
બોલ્યા પછી ભુપતિ જોડી પાણી । માની અમે નાથ તમારી વાણી॥
સકલ્પ જે શ્રીહરિ ચિત્ત કીધ । કાળે કરી તેહ થયો સુસિદ્ધ ॥ ૪॥

પુષ્પીતાગ્રા વૃત્તઃ-જદુકુળ જનને સુબોધ દઇને । નીજ સતસંગી કર્યા ઘણાંક જઇને॥
હરિજન થઇને સુતા ન મારી । ધર્મ સુતે અબળા ઘણી ઉગારી॥૧॥

અને કાનજી દફ્તરી કર્યા, તેમજ જગન્નાથને રૂપા ની દોત બંધાવી ખાનગી કારભારી નીમી, તમામ સહી સીક્કા જગન્નાથના હાથે કરાવતા વાસણજી મહેતે કારભારૂં છોડયું પણ તેના બારગામનો વહીવટ તેમની પાસેજ હતો, બુલાખીરામ તે વહીવટ કરતા. અને મહેતો તો ગાયકવાડી લશ્કર સાથે દિવાનજી અને શાસ્ત્રી આવા પાસેજ રહી, રજવાડામાંથી પૈસા મેળવતા નવાનગરના જામશ્રી જશાજી તેમના બંધુ સત્તાજીને કાંઇ ગિરાશ નહિં આપતાં, તેણે ગાયકવાડમાં દિવાનજી આગળ ફરીઆદ કરી, તેથી રાણપુર પરગણું સંવત ૧૮૬૮માં જપ્ત કર્યું. અને તે જપ્તી વાસણજી મહેતાને સોંપી. તેથી તે સંવત ૧૮૭૦ સુધી રાણપુરમાં રહ્યા.

વિ. સં. ૧૮૬૮માં અમરેલીએ' દિવાનજીની દીકરીના લગ્ન સમારંભમાં ઘણાં રાજાઓ આવ્યા હતા. તે વખતે ઠા.શ્રી નથુજી પણ ત્યાં ગયેલ, ત્યાં વાસણજી મહેતાએ ઠા.શ્રીનો ઘણો સત્કાર કરી, દિવાનજીની મુલાકાત કરાવી હતી. તે વખતે ઠાકોરશ્રીએ દિવાનજીની પુત્રીને વધાવામાં બે ઘોડા, એક મોતીની માળા, પાંચ રેશમી વસ્ત્ર તથા અમુક રોકડ આપી હતી. દિવાનજીએ પણ ઠાકોરશ્રીને બેદિવસ રોકી, પોશાક પહેરામણી કરી વિદાય આપી હતી.

ઠા.શ્રી નથુજીના વખતમાં ઓગણોતેરા નામથી ઓળખાતો ભયંકર દુકાળ પડયો હતો. એ વખતે દરબારમાં દસ બાર ઘોડાં અને બે ચાર ભેંસો રહી હતી. દરબારમાં જુની જુવારની બાણુ ઉખેળી, કોરી એકની પાલી એક લેખે રૈયતને આપવા માંડી. આવા આભયંકર વખતે બાડપાડુઓ લુટફાટ ચલાવી જુલમ ગુજારતા હતા. એ વખતે જેતપુરના કાઠી હાડો ખુમાણ, રાણીગવાળો, નાન્ને બાચર, રૂપો જમાદાર, લવીંગ જમાદાર વગેરે મળી ગોંડળ લુંટવા ચડયા. અને મેવૈયાને પાદર મુકામ નાખ્યો એ ખબર ઠા.શ્રી નથુજીને થતાં, તેઓશ્રી, અમરોજી સરવઇયા, કાળોઝાલો, તથા ખીમાણી અને હરધોળાણી વગેરે રજપુતોને લઇ ચડયા. તે લડાઇમાં કાળોઝાલો બહુજ બહાદૂરી બતાવી, કામ આવ્યા. કહેવાય છે કે તેણે એક વખત વીરતાના આવેશમાં 'પણ' (પ્રતિજ્ઞા) લીધું હતું કે ચાળીશ વર્ષથી વધારે જીવવું નથી. તે સાંભળી તેની બ્હેને તે 'પણ' પાછું બેંચવા વિનંતી કરી. ત્યારે કાળેઝાલે તેની બેનને પાંચ વર્ષ કાપડામાં આપી કહ્યું કે હવે પાંત્રીશ વર્ષ જીવીશ. કુદરતે યોગ પણ એવોજ કર્યો. આ લડાઇમાં તેઓ પાંત્રીશમેં વર્ષે કામ આવ્યા. તે વિષે દુહો છે કે :—

રુદર વાદું જોય, બેસત બે વીસું લગે, ॥
કાળીયો ખેધુકોય, પાંત્રીસેજ પોગાડીયું ॥ ૧ ॥

ઉપર પ્રમાણે કાઠીઓને પાછા કાઢી ઠા.શ્રી. નથુજી ગોંડળ આવ્યા. તેઓશ્રી હિંમતવાન અને ભણેલા હતા. કસરતનો તેમને શોખ હતો. એમના રાજ્યઅમલમાં ઘોડેસ્વારોને માટે તેઓશ્રીએ એકસરખો ડ્રેસ કરાવ્યો હતો. તે વખતે એ વાત નવાઇ જેવી લાગતી હતી. તેઓશ્રી વિ. સં. ૧૮૭૦ માં અપુત્ર દેવ થતાં, તેમના નાના બંધુ કુ. શ્રી. કરણસિંહ ઉર્ફે કનુજી (કાનોજી) ગાદીએ આવ્યા.

ઇતિશ્રી ચતુર્થ કળા સમાપ્ત.

॥ શ્રી પંચમી કળા પ્રારંભઃ ॥

(૯)ઠા.શ્રી. કનુજી ઉર્ફે કાનોજી (વિ.સં.૧૮૯૦ થી ૧૯૭૬=૭૬વર્ષ)

ઠા. શ્રી. કનુજીભાઇના વખતમાં કાનજી દફતરી ધણીરણી થઇ પડયો હતો. કારણકે ઠા.શ્રી.ની તબિયત ધણીજ નબળી રહેતી. એ વ્યાધિમાં તેઓ કાયમ પલંગ ઉપર સુઇ રહેતા. કચેરીમાં પણ આવતા નહિં. આવી રીતે સુતાં, સુતાં સાતવર્ષ રાજ્ય ચલાવ્યું. જ્યારે રૂપીઆ ૭૫૦૦૦) ખંડણીના ભરવાની તાકીદ થઇ, ત્યારે કાનજીશેઠના કાવત્રાથી ઠા.શ્રીએ વાસણજી મહેતાને સહકુટુંબ કેદ કર્યા. અને લગભગ છમાસ તે સર્વને કેદમાં રાખી, તેમના પાસેથી સખ્તદંડ વસુલ કરી, ખંડણી ભરી, અને એ વાત સરકારમાં જાહેર નથાય તેટલા માટે સુંદરજી શેઠને મોટીમારડ નામનું ગામ માંડી આપ્યું. પણ અંતે તે વાત ફુટી, અને શેઠ હંસરાજ જેઠાની મદદથી તેઓ બંધન મુક્ત થયા. તે સંબંધે વાસણજી મ્હેતો પોતાની ચોપડીમાં પોતાના હસ્તાક્ષરથી નીચેની બીના લખી ગયાછે.—"અમારો છુટકો તો બાલીટણ સાહેબના હુકમથી શેઠ હંસરાજ જેઠાણીને શ્રી પ્રેરક થયા. તેજ દિથી સુંદરજી સવજી તો કેવળ શત્રુતા ઉપર પણ હંસરાજભાઇ એની મરજી ઉપરવટ, એથી ત્રાલાહી અમારૂં બંધીખાનું છોડું છે. એમાં ગોંડળના ધણીની ધણીવટ નહિં. નેં કામદાર, દફતરી, ખવાસ, મોલદાર, રજપુત, સિપાઇ, માજન, ત્રણ તાલુકાની વસ્તિ, તેમાંથી કોઇએનો અમારેમાથે એવચન રૂડાં કમાનો હાથ શ્રીએ રાખ્યો નથી, કેવળ શ્રીની ક્રિપા. ને જાડેજાશ્રી વૈકુંઠવાસી. તા. જાડેજાશ્રી દેવાભાઇની નેક નિષ્ઠાથી ચાકરી થઇ હશે તે સાચોટી ઉપર શેઠ હંસરાજ જેઠા દોઆરાએ બંધીખાનું છુટા છઉં તે અમે જીવુંને અમારા વંશપરંપરા શેઠ મજકુરના ગુણ ઓશીંગણ થાઉં તેમ નથી. ને ગોંડળનો ધણી તો જે ભા'ના ચાકળા આગળ બેસસે તેના તો અમે જાણે ન જાણે તોપણ કેવળ રૂડાવંચા છઉં તેમાં સંધે ન જાણવો."

ઉપરમુજબ ખરાબ પાસવાનોથી રાજ્યના ખરા હિતચિંતક કે દુષ્ટલોકોની પરીક્ષા નહિ કરતાં, ઠા.શ્રી કનુજીના વખતમાં રાજ્યમાં અંધેર ચાલ્યું. તેઓશ્રી પણ અપુત્ર દેવ થતાં, તેમના નાનાબંધુ મોતીભાઇ ઉર્ફે ચંદ્રસિંહજી ગાદીએ આવ્યા.

(૧૦)ઠાકોરશ્રી મોતીભાઇ ઉર્ફે ચંદ્રસિંહજી વિ.સં.૧૮૭૭થી૧૮૯૭ ૨૦ વર્ષ

ઠા.શ્રી મોતીભાઇના વખતમાં કારભારીઓની બહુજ ધમાલ થઇ હતી, અને રાજ્ય ઉપર ઘણુંજ કરજ થયું હતું. ખંડણી નહિં ભરાતાં, સરકાર તરફથી જપ્તી બેઠી હતી, તેમજ જુનાગઢના લશ્કરે ગોંડલ પરગણું લુંટી જબરૂં નુકશાન કર્યું. તેની સરકારમાં ફરીયાદ કરતાં, કપ્તાન બ્લેનસાહેબે ત્યાં જઇ નવાબ પાસેથી લુંટ પાછી અપાવી, ને છ લાખ જામશાહી કોરીનો દંડ લીધો. કાનજી દફતરીએ હંસરાજ શેઠને પણ કેદ કરાવી દંડ લીધો. છેવટ વછરાજ પાનાચંદ કારભારી થતાં, કાનજીને કેદ કરી સાઠ હજાર રૂપીઆ દંડ લીધો.

વિ, સં. ૧૮૬૨માં વાસણજી ભુચની ઉંમર ૭૮ વર્ષની થતાં, તેણે કચેરીમાં આવી, બીજા-માણસોને બહાર બેસાડી ઠાકોરશ્રી રૂપરૂ રણછોડજીને નજીક બોલાવીને એક પેટી બોલાવી. તેમાંથી રાજ્યના દસ્તાવેજો, પરવાના રૂકકા વગેરે લેખ પત્રો વંચાવી વાકેફ કર્યા. અને કહ્યું કે 'બા'ના સોંપેલ કાગળો મેં સાચવી રાખેલા. હવે મારી ઉત્તરતી કળા છે. પાછળથી મારા કોઇ છોકરાની દાનત બગડે, તો મારા નામને ડાઘ લાગે. માટે તમે બધા કાગળો સંભાળી લ્યો." તે સાંભળી ઠા.શ્રી મોતીભાઇ ઘણુંજ ખુશ થયા. અને વાસણજી મહેતાની રાજ્ય પ્રત્યેની વફાદારીનાં ખુબ વખાણ કર્યાં, ત્યારે વાસણજી મહેતે ખંભાળીઆનો નવો રૂકકો કરી આપ-વાની માગણી કરી. ઠા.શ્રીએ હાં પાડતાં, મહેતાએ કરેલા મુત્સદ્દા ઉપર મોતીભાઇએ નવલખે થોકાં, સહી કરી રૂકકો (લેખ) વાસણજી મહેતાને સોંપ્યો. હાલ પણ તેમના વંશજો તે ગામની ઉપજ ખાય છે. ઠા.શ્રી મોતીભાઇ પણ સ્વામિનારાયણના ચુસ્ત અનુયાયી હતા. તેમ તે સંપ્રદાયના લીલા ચરિત્રના ગ્રંથના ×કાવ્યથી સાબિત થાય છે.

તેઓશ્રીને પોતાના વડીલશ્રી બા' કુંભાજીની પેઠે મુલક ખાટવાની ઘણી હોંસ હતી. પણ તે વખતે બ્રિટીશ રાજ્યનો પૂર્ણ અમલ થતાં મનની મનમાં રહી ગઇ. તેમણે તમામ કિલ્લાઓ, તોપો, અને બીજા હથીઆરો સજ્જ કરી રાખ્યા હતા, એક કવિએ તેના ગઢને બુરજો બુરજો તોપોની કતાર જોઇ, તોપોને નામો આપી એક અપુર્વ ચારણી ભાષાનું ગીત બનાવ્યું હતું, જે નીચે આપેલું છે :—

×ઉપજાતિ વૃત્તઃ-કહું વળી ગોંડળનો કથાય। રહ્યાજ બે વર્ષ નથુજી રાય ॥
સીત્તેરની સાલ વિષેજ તેહ । સ્વર્ગે સિધાવ્યા તજીને સ્વદેહ ॥ ૧ ॥
કાનોજી બેઠા પછી રાજપાટે । નથુજીના તે લઘુભ્રાત માટે ॥
તે સાતવર્ષે સ્વર્ગે સિધાવ્યા । મોતીજી ગાદીપર આપ આવ્યા ॥ ૨ ॥

ઠાકોરશ્રી મોતીજીએ ગાદીએ આવ્યા પછી પોતાના જોડાનામના વીપ્રને સ્વામિનારા-યણના અગ્રગણ્ય સ. ગુ. શ્રી મુક્તાનંદજી સ્વામિ આગળ મોકલ્યા. અને પુછાવ્યું કે " મને શી આજ્ઞા છે? " તેથી સ. ગુ. શ્રી મુક્તાનંદજીએ તે વિપ્રની સાથે કહેવરાવ્યું જે,

શીખરણી વૃત્ત :—

તમે રાજાપાસે ધ્વિજવર જઇ વટલું કહો; સુણોમોતી, મોતીવિજળી ઝબકારે વીણીલહો
જનોને જીવ્યાનું વિજળી ઝબકારા સમગણ્યું, પ્રભુને તેડ્યાનું વચન મુનીષ માર્મીકભણ્યું

એ માર્મીક વચનનો અર્થ સમજી ઠા. શ્રી. મોતીભાઇએ શ્રી સ્વામિનારાયણને સર્વ સંતમંડળ સહિત ગોંડળ પધરાવી, ઘણુંજ સત્કારથી સેવાપુજા કરી, પોતે જાહેર રીતે સ્વા-મિનારાયણનું ભજન કરતા અને બીજાને પણ ભજન કરાવતા, એ વિષે **ઉપજાતિ વૃત્ત :—**

મોતીજી રાજા હરિભક્ત કેવા । જનો કહે સૌ જનકાદી જેવા ॥
જાણે થયું આરતિટાણું જ્યારે । ચોપાટમાં ધુન્ય કરેજ ત્યારે ॥ ૧ ॥
જે બોલતાં ધુન્ય દીલે લજાય । તેને કરે ત્યાંથી તદા વિદાય ॥

—❀ गीत जाति सपाखरुं ❀—

दाता मुळवा देवाजी अने नथु कान हुवादाजी, बाजीत्रणे देशहूंदा लहेंदा जवाब॥
राजा चंद्रसेन माथे दीनोनाथ हुवाराजी, गोंडळी नाथरीबाजी नोबतां गराब ॥
घटाळा दंताळा काळा सांकळा जंजीरी घुमे, पटा चीगटाळा घुमे लटाळा परोड॥
पृथिनाथ वाळा डंका सताराहुं पार पोगा, अरियोंरामाथे धोंसा बाजीया अरोड ॥
कोपराळी शंभुवाण हिंडोळा झूलणां काळी, धजाळी गजाळी जाडाधडावाळी गोम॥
अडी कडी बडीतोप रामछडी गुलाबडी, वीजपडी झींकरडी भद्रेसरा भोम ॥
रामघाट सितापाट मेडपाट कडेडाट, सलाटी कपाट कडा त्रंबकडा वाज ॥
खेलखरा वसंतरा घोरपरा जमीखोद, अलंगरा कलंगरा दमामी अवाज ॥
लाहोराणी मुलताणी आरबाणी चडी फोज, माळवाणी संघेफाणी धणाणी त्रसिंग॥
लाहोराळी पेटताळी लळांलुम बेरंगाळी, रेंकडाळी भाळी नाळी धजाळी धसिंग ॥
चखांचोळ चंडी गंडी करेंडी नागराचाळा, भूखी काळमुखी भंडी झीतणी भाराथ॥
शाह नवेखंडे दंडी शेतरंडी झंडी सोतो, हेरंडी करेंडी दंडी मारकंडी हाथ ॥
कंगराळे कोठे केती वजेरी शेरीए दोढी, पोढीपोट जोडाजोड घोडारें अपार ॥
धंमरोळे होळे गोळे नवाबां देशही बोळे, हिलोळे चडाया गाम चारही हजार ॥
केवदरा तणाकोट पाडी लोट पोट कीधा, संचोडा उपाड दीधा देवडा संधुक ॥
वीभारा पोतरा थारे सातसो रेंकडावाळी, बीजे सेरें नथी भाळी एतरी बंधुक ॥
तीनदेश तीनकोट तीनसो गांवका ताला, वेदु नको वळे ठाला मळे लाखवाहु ॥
जुनानवा तणी जोड कुंभकरणे करी जागे, सतारोने दिली भागे सामा बातशाह ॥

ઠા.શ્રી મોતીભાઇ વિ, સં. ૧૮૯૭માં અપુત્ર સ્વર્ગે જતાં, તેમના નાના બંધુ કુમારશ્રી ભાણુભાઇ ગાદીએ આવ્યા

[११] ठाकोरश्री भाणुभाइ (वि. सं. १८९७थी १९०७ =१० वर्ष)

ઠા.શ્રી ભાણુભાઇ જ્યારે ગાદીએ આવ્યા ત્યારે રાજ્ય ઉપર લગભગ ૨૦ લાખ કોરીનું કરજ હતું. પેશકસી આપવી બાકી હતી. ઉપલેટા પરગણું અનંતજી દિવાનના ભાઇ અમૃતલાલને ત્યાં ગીરો હતું, તે તેઓની પચાવી પાડવાની દાનત થતાં, ઠા.શ્રી ભાણુભાઇને રાજકોટ તેડાવી, ખરાં ખોટાં લખત કરાવી, પોલીટીકલ એજન્ટ પાસે મંજુરી માટે આપ્યાં.

તે વખતે ગોંડળના રહીશ નાગર દુર્લભજી શુચ નવાનગરના વકીલ તરીકે પોલીટીકલ એજન્ટ પાસે રહેતા હતા. તેમણે આ સઘળો પ્રપંચ જાણ્યો. તેથી તે દસ્તાવેજ દાબ અને

श्रीजीतणा संतमळे सुठाम । प्रेमे करे दंडवत् प्रणाम ॥ २ ॥
पोते धरेला नियमो न मुके । माळा पुजा चित्त थकी न चुके ॥
श्री स्वामिनारायण नाम लेतां । लाजे न सौ लोक वचे कहेतां ॥ ३ ॥

ડારાથી થયા છે, તેવું સાહેબને જણાવી દીધું. એટલે સાહેબે તેમાં સહી કરી નહિં. ઠા.શ્રી ભાણાભાઇને દુર્લભજીની રાજભક્તિ પસંદ પડી, તેથી તેને પોતાના ખાનગી કારભારી નીમ્યા એ વખતે શિરસ્તેદારનો પગાર પણ ઘણો ચડેલો, પરગણાંઓ ગીરવી મુકેલાં, તેથી ઠા.શ્રી બહુજ મુંઝવણમાં હોઈ વખતો વખત કહેતા કે "આ રાજ્ય કરતાં તો ઘરના ધણી હતા. ત્યારે સુખીયા હતા. મુશ્કેલીનો પાર રહ્યો નહિં, અને કાંઇ દશા સુઝતી નથી." આ પ્રસંગે દરબારનું રોજનું ખર્ચ કોઠારે ઘટાડતાં, ઘટાડતાં, છેવટ પાંત્રીશ માપ દાણો, અરધો ઘડો તેલ, દસ શેર ઘી, અને બે ભર ખડ, સુધી ઘટાડવું પડયું હતું. આવા મુશ્કેલીના સમયમાં દુર્લભજી શુચે કારભારૂં સંભાળી, રાજ્યમાં સુધારાઓ કરવા શરૂ કર્યા. ઉજ્જડ ગામો ફરી વસાવ્યાં, જમીનનું માપ કરાવી, ખેડુતો ખેડી શકે તેટલી જમીનો દરેકને વહેંચી આપી. વિ. સં. ૧૯૦૩ માં ઉપલેટા પરગણાંના વર્ષ પુરાં થતાં છોડાવ્યું. વસુલાત ખાતામાં જાતે દેખરેખ રાખી, જમાબંધીની રીત દાખલ કરી, વર્ષો સારાં આવતાં, ઉપજ પણ વધવા લાગી. પહેલાં ઉપજ ખર્ચનું દફતર ધોરણસર ન રહેતું, તે દુર્લભજી શુચે બરોબર જમાખર્ચનો હિસાબ રખાવી, દફતર બાંધ્યાં. અને કુદરત પણ સાનુકુળ થતાં, ધીમે ધીમે રાજ્ય દેવામાંથી મુક્ત થતાં, દરવર્ષે ખર્ચ કાઢતાં, અઢીલાખ કોરી સિલકની રહેવા માંડી.

* ઠા.શ્રી ભાણાભાઇ પણ **સ્વામિનારાયણ** સંપ્રદાયમાં હતા. તે વિષે તે ધર્મના ગ્રંથમાં જે કાવ્ય છે તે નીચે ફુટનોટમાં આપેલ છે. તેઆશ્રીના રાજ્યઅમલમાં બહારવટીઆઓની પણ મુશ્કેલીઓ નહી હતી. **ભીમા** અને **લાખા** નામના, જાટનીજાતિના બે જુવાનો જીવાઇ

* સ. ગુ. સ્વામી ગોપાળાનંદજીની આજ્ઞાથી જે બાગમાં શ્રીજી મહારાજ જમ્યા હતા. ત્યાં ઠા.શ્રી ભાણાભાઇએ દેરી ચણાવી.—તેમાં ચરણારવિંદ પધરાવ્યાં. તથા ગામમાં એક હરિમંદિર ચણાવી મૂર્તિ પ્રતિષ્ઠા કરી, તે વિષે કાવ્યઃ—

ઉપજાતિવૃતઃ-રાયે પછી દેરી રૂડી રચાવી, તેમાંહી થાપ્યાં પગલાં ઘડાવી ॥
દેશી વિદેશી જનસંઘ આવે, તે દેરીને મસ્તક તો નમાવે ॥ ૧ ॥
ગોપાળ સ્વામિ વળી ભુપપાસ, વિશેષ કોધું વચનં પ્રકાસ ॥
તમે હરિમંદિર તો કરાવો. સુસંતને ઉતરવા ઠરાવો ॥ ૨ ॥
સુતાર કચ્છી જન દેવરામ, નિવાસથી દક્ષિણ દીસ ઠામ ॥
જગ્યા હતી મંદીર ત્યાં કરાવ્યું, ભક્તો તણા અંતરમાંહી ભાવ્યું ॥ ૩ ॥
તે ભુપતિના સુત સુખદાઇ, સંગ્રામજીને વળી મુળુભાઇ ॥
ભલા થયા બેય પ્રવિણ પુરા, ધર્મીપણામાં નહિંજ અધુરા ॥ ૪ ॥
જ્યાં ઓગણિશેં પર વર્ષ સાત, થયાં વળી વિક્રમ વીખીયાત ॥
સ્વર્ગે સિધાવ્યા શુભ ભાણરાજા, સંગ્રામજી ગાદીવિષે બિરાજ્યા ॥ ૫ ॥

તેઓશ્રીએ સ્વામિનારાયણના આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને પધરાવ્યા હતા. તથા સદ્‌ગુરૂ ગુણાતિતાનંદસ્વામી આગળ જ્ઞાનોપદેશ ગ્રહણ કર્યો હતો. અને મુનીશ્રી વિશુદ્ધાત્માનંદ પાસેથી શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી હતી.

સબંધીની નજીવી તકરારમાં બહારવટે નીકળ્યા હતા. આખરે ગણોદના વજેભાઇ નામના ભાયાત તેઓના પાછળ ચડયા. તેઓએ લાખાને ભાલાંથી ઠાર કર્યો, અને ભીમો ભાગ્યો, પણ આખરે તે પણ પકડાયો. તે ધીંગાણામાં વજાભાઇનો હાથ જખમાયો હતો.–ભંડારીઆના **રવાજી, કલાજી,** નામના બંન્ને ભાઇઓ ઉપર અધિકારીઓની કનડગત થતાં, તેઓ પણ બહારવટે નીકળ્યા. આજુ બાજુ લુટફાટ ચલાવી ગોંડળ પરગણાંને પાયમાલ કરી, બહુ ત્રાસ ઉત્પન્ન કર્યો. અનેક ઉપાયો કર્યા છતાં, તે બહારવટીઆઓ હાથ આવ્યા નહિં. આખરે ઠા.શ્રી ભાણાભાઇના દેવ થયા પછી, ઠા.શ્રી સંગ્રામજીના વખતમાં, વિ. સં. ૧૯૧૪માં જ્યારે કુ.શ્રી પથુભાના લગ્ન થયાં, ત્યારે જામનગરથી જામશ્રી **વિભાજી** લગ્નમાં આવેલ, તેમના તંબુએ એક કંગાલ હાલતમાં હથિઆરબંધ માણસ આવ્યો. તેણે જામશ્રીની સલામ કરી તેમના પગ પાસે પોતાના હથિઆર છોડી, પોતે **રવોજી** છે, તેવું જાહેર કર્યું. તેથી સૌને આશ્ચર્ય થયું. જામશ્રી વિભાજીએ ક્ષત્રિધર્મ પ્રમાણે શરણાગતને અભય આપ્યું, તેમજ તેને ઠા.શ્રી પાસેથી તેના ગુન્હાની માફી અપાવી, જામનગર પોતાની સાથે લઇ ગયા હતા. ઠા.શ્રી ભાણાભાઇએ દસ વર્ષ રાજ્ય કર્યું. તેમાં સાત વર્ષ કષ્ટનાં ભોગવ્યાં. અને ત્રણ વર્ષ દુર્લભજી બુચના કારભારમાં સુખનાં વિત્યાં. તેઓશ્રીને બે કુમારો હતા. તેમાં પાટવિકુમારશ્રી સંગ્રામજી ગાદીએ આવ્યા. અને કુ.શ્રી મુળુજીને ડાળીયાવેજા ગામે ગિરાશ મળ્યો.

(૧૧) ઠાકોરશ્રી સંગ્રામજી (વિ. સં. ૧૯૦૭થી ૧૯૨૫–૧૮ વર્ષ)

ઠા.શ્રી ભાણાભાઇ દેવ થયા ત્યારે દુર્લભજી બુચ લેંગસાહેબ પાસે જોડીયા મુકામે હતા. ત્યાં તેઓને તે ખબર થતાં, "દુર્લભજીનેંજ કામદાર તરીકે રાખવો," એવો હુકમ સાહેબ પાસેથી લખાવી તે ગોંડળ આવ્યા. ઠા.શ્રી સંગ્રામજીનાં રાણીશ્રી રામબાને તેના સાથે અણબનાવ હતો, પણ સાહેબના હુકમથી તેને રજા અપાણી નહિં. ઠા.શ્રી સંગ્રામજી, શાંત અને આનંદી જીવન ગાળી, પ્રભુભજનમાં તલ્લિન રહેતા. ઇશ્વર કૃપાએ તેના સમયમાં અંગ્રેજ સરકારનું રાજ્ય થતાં, બહુજ સુલેહ જળવાઇ હતી. ઠા.શ્રીના પાટવિકુમારશ્રી પથુભા, એ સમયના રાજ-કુમારોમાં સર્વથી શ્રેષ્ટ હતા. તેમનું બુદ્ધિ ચાતુર્ય અને વીરતા ઘણીજ પ્રશંસાપાત્ર હતી, તેમણે ઘણોખરો રાજ્યકારભારનો બોજો ઉપાડી લીધો હતો. તેમનાં માતુશ્રી રામબાને દુર્લભજી બુચનો કારભાર ગોઠતો નહિં હોવાથી કુ.શ્રી પથુભાને ઉશ્કેરી દુર્લભજીને ગોંડળમાંથી કાઢવાના ઉપાયો યોજવા માંડયા. અને નાગજી ભટ કે જે ઠા.શ્રી સંગ્રામજીનો માનીતો હતો, તેનાથી તે કામ લેવાની તજવીજ કરી. તેથી નાગજીભટે (૧) જેતપુરથી રાજારામ ભાઉને તેડાવ્યો. એ ખબર દુર્લભજી બુચને થતાં, અલી જમાદારના પાંચ આરબોને મોકલી, રાજારામને કાઢી મુક્યો. (૨) વિ. સં. ૧૯૦૬માં તેણે નથુ બુચને બોલાવ્યો, તે ખબર દુર્લભજીને લેંગસાહેબ પાસે ગોપનાથ મુકામે થયા. ત્યાંથી સાહેબના ૧૦ સ્વારો મોકલી તેને કાઢી મેલવા હુકમ લખાવ્યો પણ ગુલાબરાયે વચ્ચે પડી, ખાનગી ચીઠ્ઠી મોકલી, નથુ બુચને ગોંડળમાંથી રવાના કર્યો. (૩) ઘોઘાથી સનંદી વકીલ વિષ ભટુર, કે જે મહાન તર્કટી અને ખટપટી હતો, તેને તેડાવી નદીને સામે કાંઠે બાગમાં ઉતારો આપ્યો. અને દરબારમાંથી સીધોસામાન મોકલી રસોઇ

તૈયાર કરાવી. તે ખબર દુર્લભજી બુચને થતાં, તેણે ૧૦ આરબોને મોકલી, રસોઇ અભડાવી, ત્યાંથી કાઢી મુકયો. ઉપરના દરેક પ્રયાસોમાં નાગજી ભટ્ટ અને જસોદા નામની વડારણ મુખ્ય હતાં, જસોદા મહા કારસ્થાની, હુશિઆર અને ખટપટી હતી. તેમજ રામબાસાહેબની જીભ હોવાથી, લોકો તેને 'જસોદા ફઇ' કહી બોલાવતા. એ બધાયે મળી દુર્લભજીની ઘણી ખટપટો કરી, પણ તમામમાં તેઓ સઘળા પાછા પડયા. દરબારમાં કોઇ અધિકારી કે અમીર તેના સામું માથું ઉંચુ કરે તેવો ન રહ્યો. અને તેનું દુર્લભજીને પણ કાંઇક અભિમાન આવતાં, ઠા.શ્રીની પણ તેના પ્રત્યે ઇતરાજી થઇ. તેથી દરબારશ્રીના નામથી એક પત્ર લખી, **જામનગરથી સરોદરવાળા ×જાડેજાશ્રી જાલમસિંહજીને** તેડાવ્યા. તેઓ આવ્યા, બે ચાર દિવસ રોકાઇ તમામ વાતથી વાકેફ થઇ, એક રાત્રે વિઠ્ઠલજીને તેડાવીને કહ્યું કે 'અમારે તમોને લાખ વાતે પણ રાખવા નથી. તમે અને દુર્લભજી બધાય એક બાપના દીકરા છો, એટલે દરબારની સામેજ છો, દરબાર કેટલાએક વર્ષોથી તમને ગામગોઠ આજીવીકા ખવરાવી પાળે છે, માટે અમે તમોને જે કામ સોંપીએ તે માથે લઇને રાજકોટ જાવ, ના પાડશો તો તમે અને દુર્લભજી એક છો તેમ ગણી વાળશું. અને પછી તમારે રહેવું કે જાવું એબધું દુર્લભજી ભેળુંજ સમજવું.' ઉપરની રીતે આંખ કાઢી પુરા જુસ્સાથી જાડેજાશ્રી જાલમસિંહજીએ ધમકી આપી. (તેઓ તે જમાનામાં એક વીરપુરૂષ હતા, અને મોટા મોટા રાજા મહારાજાઓ પણ તેની શેહ ખાતા,) વિઠ્ઠલજીએ દુર્લભજી પાસે આવી, તેને જગાડીને સઘળી વાત કહી. તેથી તે મુસદ્દી. સર્વ બીના સમજી ગયો, અને સવારે ચાર વાગ્યે તે રાજકોટ ગયો. એટલે પાછળથી ચતુર્ભુજને કારભારી નિમવામાં આવ્યો. એ વખતે રાજકોટ પોલીટીકલ એજન્ટ તરીકે કર્નલ સાહેબ હતા. તેમના આગળ ચતુર્ભુજનું કારભારૂં મંજુર કરાવી જાડેજાશ્રી જાલમસિંહજી પાછા જામનગર આવ્યા. (વિ. સં. ૧૯૧૧) દુર્લભજીએ કારભાર છોડયો ત્યારે ખજાનામાં નવલાખ છપનહજાર કોરી રોકડી હતી. તે સિવાય સોના રૂપાના દાગીના અને ઉઘરાણી જુદી હતી. ચતુર્ભુજનો કારભાર સાત વર્ષ માંડ ચાલ્યો, ત્યાં પ્રજા ત્રાસ પામી, તેથી દુર્લભજી બુચને ફરી વિ. સં. ૧૯૧૮માં પાછા બોલાવવા પડયા. તેને તો ગોંડળનો કારભાર હસ્તકમળવત્ હતો, તુરતજ દફ્તરે આવી સઘળો બંદોબસ્ત કરી રાજા પ્રજાનો સંતોષ મેળવ્યો.

ઠા.શ્રી સગ્રામજી પણ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી હતા. તે વિષે તે ધર્મના ગ્રંથમાં નીચેનું *કાવ્ય છે.

×મહુમ જામશ્રી રણજીતસિંહજી સાહેબના પિતામહ.

—: शिखरीणीवृत्त :—

***गुणातीतानंद प्रगटप्रभुना पूजक सदा, नृपे तेडावीने हरितणी सुघातो सुणी स्वदा**
गुरू कीधा पोते नियमधरी कंठी पण धरी, सुभावेथी भक्ति प्रगट प्रभुकेरी बहुकरी

ઠા. શ્રીના પાટવિકુમારશ્રી પથુભા જ્યારે દેવ થયા ત્યારે સ. ગુ. ગુણાતીતાનંદસ્વામિએ ગોંડળ આવી, ઠા. શ્રીને બહુજ ઉપદેશ આપી, જગત નાશવંત છે તેવું જ્ઞાન આપી, ઉદાસી

વિ. સં. ૧૯૧૮માં કુ.શ્રી **પથુભા** બીમાર હતા. અને તે મંદવાડ દિવસે દિવસે અનેક ઉપાયો કર્યાં છતાં વધવા લાગ્યો. અને છેવટ વિ. સં. ૧૯૧૮ના જેઠ સુદ ૯ ને દહાડે તેઓ સ્વર્ગે ગયા. તેઓનું પુરૂં નામ **પૃથ્વીરાજજી** હતું. તેમણે અંગ્રેજી કેળવણી લીધી હતી. ગોંડળમાં અંગ્રેજી ઢબનું પિત્તળનું બેન્ડ તેમણે દાખલ કર્યું હતું. જે હાલપણ શનિવારે તથા બુધવારે કાયમ નિયુક્ત સ્થળે વાગેછે. કુ.શ્રીપથુભાનું ૨૧ વર્ષની ભરયુવાવસ્થામાં થયેલ અવસાનથી સમગ્ર કાઠીઆવાડમાં હાહાકાર થઇ રહ્યો હતો. એ બાહોશ અને બુદ્ધિશાળી પુત્રરત્ન ગુમાવતાં, દાદોરશ્રી સગ્રામજી તો દિગ્મુઢ થઇ ગયા હતા. કોઇપણ વ્યક્તિ સાથે બોલતા નહિં. કચેરીમાં પણ આવીને કોઇ સાથે કાંઇ વાતચિત નહિં કરતાં, ઉદાશી ચહેરે મૌન બેસતા, રાજ્યના બધાંકામ દુર્લભજી બુચ કરતા. આવી મૌન સ્થિતીમાં (જામનગર તાબાના રંગપરના રહીશ) મરતકવિ **બાણીદાસ** તેમને જઇ મળ્યા. પરંતુ દા.શ્રીએ તેમના સાથે કાંઇપણ વાતચિત કરી નહિં તેથી તે શીઘ્રકવિએ નીચેનું ચારણીભાષાનું એક કાવ્ય રચી સંભળાવ્યું હતું:—

મટાડી હતી. તે વિષે હરિલીલામૃત ગ્રંથના ભાગ પહેલામાં વિશ્રામ ૯ માં' લગભગ ૫૦ કડીનું અસરકારક કાવ્ય છે, પણ સ્થળ સંકોચે અત્રે આપેલ નથી. ઉપરની રીતે ગોંડળના રાજ્યકર્તાઓ શ્રી સ્વામિનારાયણના સમયથીજ તે સંપ્રદાયમાં દાખલ થયા હતા. દા. શ્રી. સંગ્રામજીને ત્યાં હાલના વિદ્યમાન **મહારાજાશ્રી ભગવતસિંહજી** સાહેબનો જ્યારે જન્મ થયો. ત્યારે સ. ગુ. **ગુણાતીતાનંદસ્વામિ**ને દા. શ્રીએ ગોંડળ તેડાવી, કુમારશ્રીનું નાગ પાડવા વિનંતિ કરી હતી, તે વિષે કાવ્યઃ—

ઉપજાતિ વૃતઃ—ભુપે કહ્યું હે મુનિ હેત લાવો, આ પુત્રનું નામ તમે ઠરાવો ॥
મુનિ કહે શ્રી ભગવત્ પ્રસાદ, તેનું રહે નામ સદૈવ યાદ ॥૧॥
તે શ્રી હરિની શુભગાદીયેં છે, ગુરુ અમારા પણ આજ ૧ છે ॥
મારું કહ્યું જો મનમાંહી લાવો, તો નામ રુડું ભગવત્ ઠરાવો ॥૨॥
પાડયું પછી ઉત્તમ નામ એવું સિદ્ધાન્ત ક્ષત્રિકુળ યોગ્ય જેવું ॥
રહ્યા ઘણા વાસર ત્યાં મુનીશ, સેવા ઘણી નિત્ય સજે મહીશ ॥૩॥

વિ. સં. ૧૯૨૩ માં સ ગુ. ગુણાતીતાનંદ સ્વામિને દાદોરશ્રીએ તેડાવી, ગોંડળમાં સ્વામિનારાયણના શિખરબંધ મંદિરનું ખાત મુહુર્ત કરાવી, કામ શરૂ કર્યું', ત્યાં સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામિએ તેજ સાલના આસો સુદ ૧૩ ને દિવસે અક્ષર નિવાસ કર્યો, ત્યારપછી તેજ સાલમાં દા. શ્રી. તથા રાણીશ્રી મોંઘીબા અને યુવરાજશ્રી ભગવતસિંહજી વિગેરે સહુ વડતાલ પધાર્યા. ત્યાં દોઢમાસ રહી, સંત સમાગમ કરી, ગોંડળ આવ્યા. અને વિ. સં. ૧૯૨૫ માં દા. શ્રી. સગ્રામજી સ્વર્ગે સિધાવ્યા. તે પછી વિ. સં. ૧૯૨૮માં મંદિર સંપૂર્ણ થતાં, **બાશ્રી મોંઘીબા**એ બાળમહારાજાશ્રીના વતી કુંકુંમપત્રિકાઓ કાઢી, આચાર્ય મહારાજશ્રી **ભગવત્પ્રસાદજી મહારાજ** વગેરેને પધરાવી, મુર્તિઓની પ્રતિષ્ઠા કરી, આજ્ઞાપીકા બાંધી આપી તેનું વર્ણન એ ગ્રંથના ઘણાં પાનાઓમાં છે. તેમજ સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામિનો જ્યાં અગ્નિસંસ્કાર કર્યો હતો ત્યાં હાલ દેરીછે, જે '**અક્ષરદેરી**'ના નામે ઓળખાયછે. તેને ફરતી ભુમિ વાડી તરીકે શ્રી ગોંડળના સ્વામિનારાયણના મંદિરમાં બાશ્રી મોંઘીબાએ સગીર મહારાજાવતી લેખ લખી આપી અર્પણ કરી હતી,

ગીત—સધ જબરા બોલ જોગંદ્ર સગમલ, કે તું સાધ્યો કૈકળા ॥
પલટણ દલો સતારા પુના,(કેતારે)ગઢ જુનાનો થયો ગળા ॥ ૧ ॥
જબરું કેમ મુનીવૃત જાડા, ભડ સાચું બોલ સત ભાણ ॥
દેવા હરા કવાં હથ દેવાકે, કૈ રાજાથી ટલા લેવા જદરાણ ॥ ૨ ॥
બનરા પંખી તેય પઢાયા બોલે, જેને દલમાં દુજા ન હોય દગા॥
કુંભા વિભાતણા અંગ પ્રાકુમ,(કે તારે)સદ્ધ જોગાંરા ખેલ સગા॥૩॥
દેવળ હોય તેય પડછંદા દેવે, કહીષ તેવું તેજ કહે ॥
મહેપત બોલો ખુબ મજાથી, તો રાજ સભાને મજા રહે ॥ ૪ ॥
કાઠી તણી લેવા ધર કાજુ.(કે તું)નવ સોરઠાં સામો નાથ॥
આવુ ટૉંક ધોંકથી અયો,(કે ના)રેબાશી કાશી સમરાથ॥ ૫ ॥
સુબો જબર(વળી)તારા જબર મનસુબા, ધાટ સમજણે થાટ ઘણા॥
સગમલ અરથ કવાં જગ સધરે, તું બોલ્યાથી ભાણ તણાં ॥ ૬ ॥
વેંડા રહેશે પૃથિસર વાતું, કળ ભલ સાચું સોય કહો ॥
બાણીદાસ કહે હવે બોલો, રંગમોજાંમાં સદા રહો ॥ ૭ ॥

ઉપરનું કાવ્ય સાંભળી ઠા.શ્રીએ કવિને સારી રકમનું વર્ષાસન બાંધી આપી, ગામમાં મકાન આપી, પોતા આગળ રાખ્યા હતા. અને ત્યાર પછી જરૂરીઆત પુરતું તેઓ સૌ સાથે બોલતા. એ બાણીદાસ કવિએ ગોંડળ રહ્યા પછી, ઠા.શ્રીના ગુણવર્ણન અને વીરરસ વગેરેના ઘણાં કાવ્યો રચ્યાં હતાં. જેમાનું કાવ્ય નીચે આપ્યું છે :—

॥ गीतजाति सपाखरुं (वीररस वर्णन) ॥

साजे सींधुका अतागां रागां खागे खेल मंडे सुरा. बेतंडा उपाडे बागां, आगां सुरवीर जाडा सगमाल भागां भडाकुं मेडवी जाणे, धंधें देवा हरो सो न छंडे पागां वीरा॥१
झुंझ झाळा पटाळा हथीआ माथे घाव झोके, वरंमाळा रोपे हुरां मळे हाथ बाथ वसुधा धमंके डाबे धौंसा नोबतुंका बाजे, भालाळो व्रेमंडे लागे करेवा भाराथ॥२
बेढीगारा लडे जोधा अराडा अजान बाहु, मातंगाण पडेढाण झडे ग्रीधा मांस पीठ धरा लडथडे न को हटे जरा पीछा, डाकी लाल आंखुवाळा सगा दरंदा स॥३
झाका झींक भालां, रोझीं ढालांका आंचका झीके, टुटे कायरांका ताक उडे आकां तुर माटीआंका सींग जाका डाडा देवीसींग माथे, साका बंधी सगमाल पवाडांका सुर॥४
बगतरां त्रुटे कडी जळाधार जुटे वाण, अमदावादणुं वाळा वछुटे अवाज हाथीयुंरा तुंड फुटे रामरा दुत ज्युं हके, रोसीला ध्रोंहमां मुछां टके महाराजा॥५
माचे तोपां शोर घोर फोजका रोकणां मोरा, भालाही टोकणां वेरा सरे तणा भाण ओतरा मेघकी धारा, सोकणां सहस्त्रां थली, कुंभाका पोतरा जंगे झोकणां के काण॥६

ઠા.શ્રી સગ્રામજીએ રાણીશ્રી રામબાના દેવ થયા પછી ભીણાપુરના ઝાલા રતનસિંહજીનાં કુંવરીશ્રી મોંઘીબા સાથે લગ્ન કર્યાં હતાં, જેઓનાથી હાલના વિદ્યમાન **મહારાજશ્રી**

ભગવતસિંહજીસાહેબનો તથા ભાવનગરના મર્હૂમ મહારાજાના માતુશ્રી માજીરાજબાસાહેબનો જન્મ થયો. મીણાપુરવાળાં બાશ્રી મોંઘીબાસાહેબ સાથે કારભારી તરીકે હરજીવન દવેના દીકરા માધવજી દવે આવ્યા હતા. તેઓને ૧૫૦ કોરી જીવાધની અને બે પેટીયાં મળતાં. તે હરજીવન દવેને જેશંકર, માધવજી, નરસીંહરામ અને કેશવલાલ નામના ચાર પુત્ર હતા, હરજીવન દવે કાયમ ગુડામાં રહેતા. પરંતુ છએક માસે તેઓ ગોંડળ આવી અમુક દિવસ રહી જતા. કુમારશ્રી પથુભાના સ્વર્ગવાસ પછી હજુરી લધુ ખવાસનું માન ઓછું થતાં, તોષાખાનું(જમદાર ખાનું-ખજાનો) હરજીવન દવેના પુત્ર માધવજી દવેને સોંપાણું અને હરજીવન દવે પણ ખાનગી કારભારી તરીકે ગોંડળમાં આવી રહ્યા. તેઓ નજર પહોંચ મુત્સદ્દી પુરૂષ હતા. વિ. સં, ૧૯૨૨માં જ્યારે દુર્લભજી બુચ મોટી યાત્રાએ ગયા, ત્યારે સઘળો કારભાર હરજીવન દવે અને તેના પુત્ર કેશવલાલને સોંપી ગયા. દુર્લભજી બુચ એક વર્ષ યાત્રાએથી પાછા આવ્યા, પરંતુ કારભારૂં સંભાળ્યા પહેલાં તેઓ વિ. સં. ૧૯૨૩ના વૈસાખ માસમાં ગુજરી ગયા. તે પછી અમુક વર્ષે દુલેરાય દફતરી નિમાયા. તે સ્વતંત્ર વિચારના હતા, તેથી ઠા.શ્રીનો હુકમ માનતા નહિં તેને બદલાવવા ઠા.શ્રીએ એજન્સીમાં ફરીઆદ કરી, પણ તે એજન્ટને પાયા વિનાની લાગી: અને તેને પરિણામે ઠા.શ્રીને મુંબઇ જવું પડયું. ત્યાં આઠમાસ રહ્યા. અને વિ. સં. ૧૯૨૫માં મુંબઇમાંજ તેઓશ્રી સ્વર્ગે ગયા.

(૧૩) મહારાજશ્રી ભગવતસિંહજી સાહેબ વિદ્યમાન

તેઓ નામદારશ્રીનો જન્મ ઇ. સ. ૧૮૬૫નાં અકટોબરની ૨૪મી તારીખે થયો છે. અને વિ. સં. ૧૯૨૫ (ઇ. સ. ૧૮૬૯)માં જ્યારે ઠા.શ્રી સગ્રામજી દેવ થયા. ત્યારે મહારાજશ્રીની સગીર વય હોવાથી સ્ટેટ એજન્સી મેનેજમેન્ટ તળે મુકાયું ઇ. સ. ૧૮૭૮માં અંગ્રેજ અમલદાર સાથે એક દેશી અમલદાર રાજ્ય કારભારમાં ભેળવવામાં આવ્યો. એ સંયુક્ત કારભારના અરસામાં ભાવનગર-ગોંડળ રેલ્વે રથપાઇ. વિ.સં. ૧૯૪૦ (ઇ.સ. ૧૮૮૪માં મહારાજશ્રીની યોગ્ય ઉંમર થતાં, રાજ્યત્વ હિવટ તેઓશ્રીને સુપ્રત કરવામાં આવ્યો.

મહારાજશ્રીએ રાજકોટની રાજકુમાર કોલેજમાં કેળવણી લીધી છે. અને વર્ગમાં હંમેશાં પહેલો નંબર રાખી—દરેક રમતગમતના મેળાવડામાં ધનામને વખતે તેઓ હંમેશા મોખરેજ રહેતા, ઇ. સ, ૧૮૮૩માં તેઓ નામદારે યુરોપની મુસાફરી કરી. તેમાં પોતાને થયેલ અનુભવો તથા જે કાંઇ નવું નવું જોયું, તેની તારીખવાર નોંધ તેઓશ્રીએ સ્વહસ્તે લખી છે. એ મુસાફરીનો હેવાલ અંગ્રેજીમાં બહાર પાડેલ છે. તેઓશ્રીના પ્રવાસના સાથી કર્નલ જી, ઇ, હેન્કોક સાહેબ હતા, તેઓ સાથેની મુસાફરીની તા. ૧૬-૪-૧૮૮૩થી તા. ૯-૧૧-૧૮૮૩ સુધીની નોંધ તારીખવાર લખી છે. તે ખરેખર વાંચનારને માર્ગદર્શક અને ભૌગોલિકજ્ઞાન સાથે આનંદ આપે તેવી છે. અત્રે સ્થળ સંકોચને લઇ માત્ર ત્રણ દિવસોની નોંધ વાંચક આગળ રજુ કરૂં છું:—

" **તા. ૧૧ મી જુન**—વહેલી ટ્રેનમાં અમે ફેમ્બ્રીજ જોવા ઉપડયા અને એક વાગ્યા પછી અમે તુરતજ ત્યાં પહોંચ્યા, હરભમજી અમને સ્ટેશન ઉપર મળ્યા, અને તેમની

ઓરડીઓમાં અમે નાસ્તો લઈ બાયસીકલની શરતો તેમજ બોટની શરતો જોવા ગયા. બન્ને બહુજ આનંદજનક હતી. અને બપોર પછીનો સમય અમે આનંદમાં ગાળ્યો વિદ્યાલયોની પાઠાશમાં બગીચાઓ અને ખેતરો ઘણાજ મજાનાં છે, માર્ગની બન્ને બાજુ આવી સુંદર તરૂ—પંક્તિઓ મેં અગાઉ કોઇ દિવસ જોઇ નહોતી. સાંજનો સમય અમે **હરભમજી**ની ઓરડીઓમાં એક નાનાં-હવે પછી પદવિ લેનાર એવા વિદ્યાર્થીમંડળના સહવાસમાં ગાળ્યો. **હરભમજી**એ અમને છાયાચિત્રોનો કેટલોએક સુંદર સંગ્રહ બતાવ્યો. આ સમયે બીજાઓ **વીસ્ટની** રમત રમ્યા તેમજ કેટલાંએક ગપ્પાં સપ્પા હાંકી આનંદપૂર્વક સાંજ વિતાડી—

(શ્રી. ભગવતસિંહજી જીવન ચરિત્ર પૃષ્ટ ૨૮૨)

૧૭મી જુન—બપોરે અમે 'કયુ ગાર્ડન્સ' તરફ ગયા. કેટલાએક ઉષ્ણ પ્રદેશની વનસ્પતિ માટેના ગૃહો સુવ્યવસ્થિત હતાં. તેમજ બધા સ્થાનની સારી સંભાળ લેવાતી હતી. પરંતુ બીજા બાગોની માફક મને તે ગમ્યું નહિ પ્રત્યેક છોડને પોતાના નૈસર્ગિક વિકાસ માટે અનુકૂળ જમીન તેમજ આબોહવા હોય છે, જુદાજ વાતાવરણમાં થતા છોડને કૃત્રીમ ઉપાયો વડે ઉછેરવા તેમજ બળજોરી અને જુલમ વડે તેની પાસે ફળો પકાવવા એ મારા મનને પ્રસંશાપાત્ર ન લાગ્યું. વૈજ્ઞાનિક દૃષ્ટિએ તે એક ભલે મહત્વનું કાર્ય હોય, પરંતુ આ બધા છતાં તે સ્વભાવિક નથી. કુદરત અને કળા માટે મારા ખ્યાલ પ્રમાણે પોતપોતાના નિરનિરાળાં કાર્યો નિર્માણ થયેલ છે. તે બંન્નેની વચ્ચે બ્યાજબી અંતર રાખવામાં આવે ત્યાં સુધીજ તેમની ખુબીઓ જળવાઇ રહે છે, કુદરતની પવિત્ર મર્યાદા ઉપર કળાને અક્રમણ કરવા દેવામાં આવતાં મને બીક લાગેછે. કે તે પોતાનું આકર્ષણ ગુમાવશે. પરંતુ લંડન અને તેની આસપાસના પ્રદેશોમાં મારા ટુંક નિવાસ દરમ્યાન મને જણાયું છે કે જેમ બને તેમ કૃત્રિમ ઉપાયોવડે કુદરતનું અનુકરણ કરવાની ઇચ્છા સર્વત્ર વ્યાપેલ છે. 'કયુ'' બાતેના ઉષ્ણ ગૃહો એનાં સારાં ઉદાહરણ છે. પછી અમે મિસ નોર્થનો ચિત્રોનો સંગ્રહ જોયો. તેનું પુષ્પોનું ચિત્રકામ બહુ સારૂં હતું પરંતુ તેનાં રેષા-ચિત્રો મને ન ગમ્યાં બપોર પછીનો સમય વૃષ્ટિવાળો તેમજ ઠંડીવાળો હતો— **(શ્રી. ભ. જી. ચ. પૃ. ૨૮૫)**

૧૮ મી જુન— સવારે અમે ચાલીને **'ગ્રાસવેનોર'** પુસ્તકાલયે ગયા. અને ત્યાંથી બોન્ડ સ્ટ્રીટમાં થઇ **સિકકા-ડિલિ** ગયા. આ એક મોટી ધંધારોજગારવાળી શેરી લાગે છે. તેમાં સુંદર દુકાનો છે. તેમજ તવંગર માણસોની ચાલતી પદ્ધતિએ બંધાયેલાં રહેઠાણો છે. અહિં મેં થોડીએક ખરીદીઓ કરી અને પછી લેનધામ હોટલે મારા મિત્ર વઢવાણના ડાક્ટર સાહેબને ત્યાં ગયા, ડાક્ટર સાહેબ આ દેશમાં મારીજ માફક એક માર્ગના પંખેરૂ જોવા હતા. તેને મળતાં મને બહુજ હર્ષ થયો. પરભુમિ ઉપર જ્યાં ચોતરફ અજાણ્યા માણસોજ નજરે પડે છે. ત્યાં ગમે તેને પોતાના દેશીભાઇને જોઇ અનહદ આનંદ થાય છે. આ દેશીભાઈ ભલે એકંદર અપરિચિત હોય! પરંતુ તેમની ભાષા, રીતભાત, પહેરવેશ, તેમજ વિચારણામાંજ પણ કાંઇક એવું મળતાપણું હોય છે તે બંન્નેના મનને પરસ્પર આકર્ષે છે. હું ધારૂંછું કે આ કંઇક અનિર્વચનીય જેવી પારસ્પરિક સહાનુભુતિનુંજ પરિણામ છે. પરંતુ

દાજીરાજ મને કંઈ સાવ અપરિચિત નહોતા. અમે એકજ સ્થાને વર્ષો સુધી સાથે રહ્યા હતા. આથી તેમને તેમજ તેમના ભાઈને અવારનવાર મળતાં મને થતો આનંદ સારી રીતે કલ્પી શકાશે. બપોરે અમે એબરી સ્ટ્રીટમાં **મી૦ મેકનૉટન** અને તેમનાં પત્નીનાં મકાને ગયા અહિં મને **હુરભમજી** મળ્યા. અને સાંજનો સમય પણ અમે આનંદપૂર્વક ગાળ્યો.—

(**શ્રી. ભા. જી. ચ.** પૃ. ૨૮૬)

ઉપરની શૈલીથી લગભગ છ એક માસનો હેવાલ નામદાર મહારાજાશ્રીએ લખેલો છે. વિલાયતના પ્રવાસ પછી ઇ. સ. ૧૮૮૪માં સ્વતંત્ર રાજકારભાર મળ્યા છતાં તેઓશ્રીની ભણવાની લાગણી ઓછી થઇ ન હતી. તેથી રાજ છોડી પોતે એડિનબરો યુનિવરસીટીમાં નિશાળીઆ તરીકે દાખલ થયા. અને ત્યાંથી તેમણે વૈદકનો અભ્યાસ કરી (૧)એમ–ડી–ની પદવી મેળવી. આવા મહા પુરૂષની કદર મુંબઇ. એડિનબરો તથા ન્યૉકસફર્ડની યુનિવરસીટીએ પણ તુરતજ કરી. મુંબઇ યુનીવરસીટીએ ફેલોની તથા એડીનબરો યુનિવરસીટીએ(૨)એલ. એલ. ડી તથા એફ આર (૩)સી. પીની અને ઑકસફર્ડની યુનિવરસીટીએ (૪)ડી. સી. એલની માનભરી પદવી આપી છે. તેમજ સરકાર તરફથી જી. (૫)સી આઇ. ઇનો ખેતાબ અને વંશપરંપરા " મહારાજા " પદની સનંદ મળેલાં છે.

તેઓ નામદારશ્રીની રાજ્યકારકીર્દી ઘણીજ પ્રશંસાપાત્ર છે. ગોંડળમાં જિરાશીઆ કૉલેજ, કૈલાસબાગ, બાલાશ્રમ વગેરે સ્થાપેલાં છે. તેમજ લુલાં, પાંગળાં, આંધળાં વગેરે અશકત માણસો માટે એક નિરાશ્રિત ગૃહ રાખવામાં આવ્યું છે. છપન્નના ભયંકર દુષ્કાળમાં રીલીફ વર્કસ ખોલી ગોંડળનું વેરી તળાવ બંધાવ્યું છે. જેમાંથી ગામને પાણી પુરૂ પાડવા માટે નળો નખાયેલ છે, અને ખેતરોને પાવા માટે નહેરો કાઢવામાં આવેલી છે. પાવરહાઉસથી શહેરના તમામ ભાગમાં રોશની પુરી પાડેલ છે. તેમજ ટેલીફોન પોતના કેટલાકએક ગામડાઓમાં પણ દાખલ કરેલ છે. દરેક ગામે દરવાજો, સ્કુલ, ઉતારો કુવો અવેડો અને સડક વગેરે બનાવવા બાંધકામો ચલાવી રહ્યાં છે, અને લાખો ઝાડો ઉછેરાવી ગોંડળ પ્રદેશને બીજા પ્રદેશથી કાંઇક ઉત્તમ અને અવનવો બનાવી આપ્યો છે. વીયોટીની રીત દાખલ કરી ખેતીને ઉત્તમ પ્રકારે ખીલવી, કોઇ પણ પ્રકારના કરવેરાથી ખેડુતોને મુકત કર્યા છે. તેમજ વેપાર ઉદ્યોગને ઉત્તેજન ખાતર વિ. સં. ૧૯૬૫ની સાલથી આવક માલનું દાણ (જકાત) માફ કરી પૃથ્વીમાં નવો દાખલો બેસાર્યો છે. કોઇ શાહીસત્તાથી આરંભી માત્ર એકજ ગામના ધણી સુધીમાં જોશો તો દરેક પોતાની હકુમતમાં આવતી જતી વસ્તુનું થોડું યા ઝાઝું કાંઇક પણ દાણ (જકાત) લહે છે. શ્રીકૃષ્ણપરમાત્માએ પણ પોતાના ગોકુળ ગામની હદમાં મથુરાની વસ્તી, છાશ, દૂધ, ઘોરસ વગેરે જેવી નજીવી વસ્તુઓ લઇ વેચવા આવતી તેમને પણ સરહદ ઉપર રોકી (લાઇનદોરી કરી) દાણ જબરજસ્તીથી લીધાંનું તેમના લીલાચરિત્રોમાં લખેલું છે. મને જ્યારે વિ. સં. ૧૯૮૮માં તેઓ નામદારની ગોંડલ મુકામે મુલાકાત મળી ત્યારે મેં તેઓશ્રીનું એક એવું કાવ્ય રચ્યું કે જેમાં જરા પણ અતિશયોકિત ન આવે :—

---

૧ વૈદકશાસ્ત્રમાં પ્રવિણ–મોટામાં મોટી પદવી. ૨ કાયદા તથા ભાષાજ્ઞાનમાં શ્રેષ્ટ પદવી. ૩ બાદશાહી વૈદિક કોલેજના ફેલો ૪ ઑકસફર્ડ યુનિવરસીટીની સૌથી ઉંચામાં ઉંચી પદવી. ૫ હિંદરાજ્યના વડા સરદાર મોટા નામાંકિત પુરૂષોને આ પદવી આપવામાં આવે છે.

કવિત–દેશ બદલ્યો ન કદી વેશ બદલ્યો ન કદી, કદી અભિમાન લવલેશ નહિં કીનો તેં।।
પથ્થઓ આરામબાગ–મંદીર કૉલેજ પ્રેસ, શબ્દકોષ રચી જગ જાહિર જશ લીનો તેં।।
ખેતિકી આબાદી કરી દુસ્તર ઉદ્યોગ ખાસ, સુવર્ણકે વૃક્ષસેં ખજિનો ભર લીનો તેં।
મને માવદાન, મહારાજા ભગવતસીંહ, કૃષ્ણદુંને લીનો, વહ માફ કરદીનો તેં ।।૧।।

ઉપરની રીતે મહારાજાશ્રીએ અન્ય રાજાઓની માફક મોજશોખ માણવા, વીદેશ જવાના ચેપી રોગથી મુક્ત રહી પોતાનો દેશ બદલ્યો નહિં, (સ્વરાજ્ય છોડી બીજે ગયા નહિં) તેમજ વેશ (કે જે સફેદ સુરવાળ, પહેરણ, કબજો અને અંગરખો જેની કસો પણ સખ્ત ઠંડીમાં બાંધવી નહિં માથે મૌ કલરની ગોંડળી પાઘડી વગેરે પોશાક યુવાવસ્થાના પહેલાંથી આરંભી અદ્યાપી પર્યંત એજ સાદા પોશાકમાં શોભી રહ્યા છે તે) બદલ્યો નહિં. **શહેરસુધારો** કરી કેળવણી માટે ભાવનામય વાંચનમાળા પાઠય પુસ્તકમાળા વગેરે ખાસ તૈયાર કરાવેલ છે. તેમજ ગુજરાતી ભાષાનો મહાન **શબ્દકોષ**–લગભગ બે લાખ શબ્દોનો ભંડાર–રાજ્યના મોટે ખર્ચે છપાય છે કે ભવિષ્યમાં અનેક વિદ્વાન કવિ–પંડિતો અને જાહેર જનતાને ઉપયોગી થતાં તે અમૂલ્ય જશ તે રાજવિને પ્રાપ્ત થશે. ખેતી કે જેને શાસ્ત્રકારોએ સુવર્ણની વેલી સમાન કહી છે તે તેઓશ્રીએ સંપૂર્ણ ખીલવી એ સુવર્ણની વેલીના ફળો ઉતારી ખજાનો સંપૂર્ણ ભર્યો છે. અને દાણુ (જકાત) કે જે શ્રીકૃષ્ણપરમાત્માએ પણ દુરગુજર કરી નથી તે તેઓશ્રીએ ઉદાર દીલથી માફ કર્યું છે. આવા ઉત્તમ સદ્‌ગુણો મહારાજા ધરાવે છે. હાલ વર્તમાનકાળે એટલે કે સંવત ૧૯૬૦ના પોષ વદ અમાવાસ્યા તા. ૧૫–૧–૩૪ના ભયંકર ભૂકંપમાં નિરાધાર થઇ ગયેલા બિહારવાસીઓને મદદ માટેના નામદાર વાયસ-રોયના ફંડમાં નામદાર મહારાજાશ્રીએ ઉદાર દીલે રૂા. ૧૦૦૦૦૦ એક લાખનો ફાળો આપી **જામ રાવળજી**ની ઉદારતાનો જગતને પરિચય કરાવ્યો છે, નામદારશ્રી બહુજ નિયમીત અને દઢ નિશ્ચય સાથે ઉત્તમ મનોબળવાળા છે, ચાલુ સાલે તેઓ નામદારનો **સુવર્ણ મહોત્સવ** ઉજવવાનો છે, એ શુભ મહોત્સવનો લ્હાવો, કાઠીયાવાડમાં તેઓશ્રીના સમકાલીન રાજાઓ લેવાને ભાગ્યશાળી થયા નથી. ઇશ્વર તેઓશ્રીને દિર્ઘાયુષ્ય આપે,

રાજયકુટુંબ–તેઓ નામદારશ્રી ચાર રાણીઓ પરણ્યા છે. (૧) ધરમપુરના મહારાજાશ્રીના કુંવરીશ્રી નંદકુંવરબા (૨) વાંકાનેર રાજસાહેબનાં બહેન માજીરાજબા ઉર્ફે બાજીરાજબા (૩) મીણાપુરના ઝાલા કલ્યાણસિંહજીનાં કુંવરી બાઇસાહેબબા (૪) સુઇના કુંવરીશ્રી રૂપાળીબા એ સર્વમાં હાલ **મહારાણીશ્રી નંદકુવરબા** સાહેબ વિદ્યમાન છે. તેઓશ્રીએ ઉંચ કેળવણી લઇ નવા રિવાજો પ્રમાણે વર્તી, યુરોપની મુસાફરી કરી તે હેવાલની "ગો મંડળ પરિક્રમ" નામની મોટી ચોપડી બહાર પાડેલ છે. તેઓશ્રીને સરકાર તરફથી સી. આઇ. ઇ, ક્રાઉન ઑફ ઇન્ડીઆ (હિંદના મુગટરૂપ રાણી)નો ઇલકાબ મળેલ છે. વિ. સં. ૧૯૬૦માં તેઓશ્રીએ લક્ષ ચંડીમહાયજ્ઞ, ગોંડલી નદીને કીનારે આવેલાં આશાપુરા માતાજીની જગ્યામાં આરંભી ધર્મસંબંધીની સંપૂર્ણ આસ્થા સાબીત કરાવી આપી છે. તેમજ નામદાર મહારાજાશ્રીએ પણ પોતાના વડીલોના સ્વામિનારાયણના ધર્મને માનની લાગણીથી માન્ય કરેલ છે.

મહારાજાશ્રીને હાલ સાત સંતાનો હયાત છે. તેમાં પાટવિકુમારશ્રી ભોજરાજજી, (૨)

ભૂપતસિંહજી (૩) કીરીટ સીંહજી (૪) નટવરસિંહજી (૫) કુંવરીશ્રી બાકુંવરબા (૬) કુંવરીશ્રી લીલાબા (૭) કુંશ્રી તારાબા. તેઓમાંના કુ.શ્રી લીલાબાસાહેબના લગ્ન જુખ્બલના નામદાર રાજા રાણાસાહેબશ્રી ભગતચંદ બહાદુર સાથે ઇ. સ. ૧૯૧૯માં થયા છે. કુ.શ્રી ભૂપતસિંહજી સાહેબ સંસ્થાનના ચીફ મેડીકલ ઑફીસર છે.તેમજ કુ.શ્રી કીરીટસિંહજીસાહેબ માર્ગાધિકારીની જગ્યા પર અને કુ.શ્રી નટવરસિંહજી સાહેબ ગોંડળ રેલ્વેના લોકો સુપરીન્ટેન્ડેન્ટની જગ્યા ઉપર છે.

યુવરાજશ્રી ભોજરાજજી સાહેબ—

તેઓશ્રીનો જન્મ તા. ૮-૧-૧૮૮૩ના રોજ થયો છે, અને રાજકોટની રાજકુમાર કૉલેજમાં કેળવણી લઇ વિલાયતમાં અભ્યાસ કરી આવ્યા છે. રાજકાજમાં ભાગ લઇ તમામ ખાતાનો અનુભવ લીધો છે. તેઓ નામદારશ્રીના લગ્ન તા. ૨૫-૧-૧૯૦૫ના રોજ વણાના દરબારશ્રી રાણાશ્રી×**બનેસિંહજી**નાં કુંવરીશ્રી રાજકુંવરબાસાહેબ સાથે થયાં છે. તે લગ્નના શુભપ્રસંગે શ્રી વડોદરાના શ્રીમંત સરકાર સેના ખાસ ખેલ શમશેર બહાદૂર મહારાજાશ્રી સયાજીરાવ ગાયકવાડ સાહેબ ગોંડળમાં પધાર્યા હતા. એ શુભ પ્રસંગની યાદગીરીમાં વિદ્યમાન મહારાજાશ્રી ભગવતસિંહજી સાહેબ બહાદૂરનું બાવલું (સ્ટેચ્યુ) શ્રીમંત સરકારના હાથથી ખુલ્લું મુકાયું હતું. યુવરાજશ્રી ભોજરાજજી સાહેબને બે કુમારશ્રી અને પાંચ કુંવરીસાહેબો છે. તેમાં પાટવિકુમારશ્રી **વિક્રમસિંહજી** સાહેબનો જન્મ તા. ૧૩-૧૦-૧૯૧૪ના રોજ થયો છે. અને કુંવરીશ્રી સિતાબા સાહેબનાં લગ્ન પાલિતાણાના નામદાર ઠાકોરસાહેબશ્રી બહાદૂરસિંહજી સાહેબ સાથે થયા છે. અને બીજા કુંવરીશ્રી કમળાવતીબા સાહેબના લગ્ન વીકમગઢના પાટવિ-કુમારશ્રી બીરસિંહજી રાજા બહાદૂર સાહેબ સાથે થયા છે. અને (૩) કુંવરીશ્રી વિજયાબા સાહેબના લગ્ન ભાવનગરના નામદાર મહારાજાશ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ સાથે થયા છે. અને તેઓશ્રીથી નાના કુમારીશ્રીનો સબંધ વઢવાણના નામદાર ઠાકોરસાહેબના પાટવિકુમારશ્રી સાથે થયેલ છે.


× એ રાણાશ્રી બનેસિંહજી ચુસ્ત સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી હતા. તેમના એક કુંવરીના લગ્ન મુળીના નામદાર મર્હુમ ઠાકોરસાહેબ સાથે થયાં હતાં. અને બીજા કુંવ-રીના લગ્ન મ્હૈસુરના નામદાર મહારાજાસાહેબ સાથે થયાં હતાં. અને ત્રીજા કુંવરીશ્રીના લગ્ન ગોંડળના યુવરાજશ્રી ભોજરાજજીસાહેબ સાથે થયાં હતાં. રાણાશ્રી બનેસિંહજી ઘણાજ પ્રભાવ-શાળી ધર્મનિષ્ઠ ભકતરાજ રાજવિ હતા. તેઓશ્રીએ મુળીના સ્વામિનારાયણના મંદીરમાં આરસ પથરાવેલ છે. તે ઉપરાંત કેટલીક અમુલ્ય સેવાઓ કરી આ નશ્વર સંસારમાં અમર નામ રાખી ગયા છે. વિ. સં. ૧૯૭૦માં તેઓશ્રી સ. ગુ. સ્વામિશ્રી બાલમુકુંદદાસજી સ્વામિના સમાગમ અર્થે જે જેતપુર પધાર્યા હતા. અને હું પણ મારા વડીલ સાથે સ્વામિશ્રીના દર્શને ગયો હતો. ત્યાં મને પણ એ શુભપ્રસંગ પ્રાપ્ત થતાં કેટલાક છંદો, કવિતો તથા શ્રીજીમહા-રાજના વચનામૃતો કીર્તનો સંભળાવવાની ઉમદા તક મળી હતી. ત્યારથી તેઓશ્રી મારા ઉપર પૂર્ણ ભાવ રાખતા. તેઓશ્રીએ પોતાનો ખભે રાખવાનો ઉમદા શ્વેત ખેસ (એક બાજુ ગુલાબી રંગમાં અને બીજી બાજુ બ્લુ રંગમાં સોનેરી ભરતકામ કરેલ, કોરછેડા વાળો) મને અમુક રકમ સાથે આપ્યો હતો. જે ખેસને પ્રાસાદીક ગણી શુભ માહાત્મ્યને અંગે આજ ૨૦ વર્ષ થયાં મેં સાચવી રાખ્યો છે... ... ...કર્તા.

નામદાર મહારાજશ્રી **ભગવતસિંહજી** સાહેબ દરેક અઠવાડીઆમાં દરેક ઑફીસરોની મુલાકાત લઇ તેમણે યોજેલાં કામો તપાસે છે. ચાલતા બાંધકામોમાં ઇજનેરસાહેબ **વિરેન્દ્ર-રાયભાઇ** પોતાની કુશાગ્ર બુદ્ધિ વડે અનેક ઉત્તમ કાર્યો કરી મહારાજશ્રીની પ્રીતી સંપાદન કરી રહ્યા છે. તેમજ વિદ્વાન–અધિકારી શ્રીયુત **ચંદુલાલ બ્રહ્મચરદાસ** પટેલ કેળવણીમાં મન ક્રમ વચને રાતદિવસ મચી રહી, ઉમદા, **શબ્દકોષ**માં અનેક પ્રકારની વાનીઓ પીરસી રહ્યા છે. તેઓનું નામ સાહિત્યપ્રેમી રાજવીના નામ સાથે (વામનજી વધ્યા ત્યારે લાકડી પણ વધી તે કહેવત અનુસાર) આ સંસારમાં અમર રહેશે. ઇશ્વર આવા સર્વગુણસંપન્ન આદર્શ રાજવીને અને કુશાગ્રબુદ્ધિવાળા રાજ્ય કાર્યવાહકોને કાઠીઆવાડમાં અવિચળ રાખે!!! અસ્તુ...

શ્રીગોંડલ સ્ટેટની વંશાવળી

(૧)ઠાકોરશ્રી કુંભાજી (ચંદ્રથી૧૭૬ શ્રીકૃષ્ણથી ૧૨૧ જામરાવળજીથી-૭મા)

- (૨) ઠા.શ્રી સમાજી — સાંગાજી–[કોટડાસાંગાણી શાખા]
- (૩) ઠા.શ્રી હાલાજી — નથુજી [મેંગણી તાલુકો] — હે.થીજી — ભારાજી [રીબડા]
- (૪) ઠા.શ્રી ભા. કુંભાજી — હામોજી [ભંડારીઆ–બરડો] — પથોજી [વેજાગામ] — જેઠીજી [મસીતાળું પાટીઆળી ખંભાળીકું]
- સમાજી [કુંવરપદે દેવ થયા] — મોકાજી [અનળગઢ–લુણીવાવ–સીંધાવદર]
- (૫) ઠા.શ્રી મુળુભાઇ — બાપજી ઉર્ફે હાલાજી [કુંવરપદે દેવ થયા]
- (૬)ઠા.શ્રી દાદુભાઇ
- (૭) ઠા.શ્રી દેવાજી — હડીભાઇ — ભાવોભાઇ [મોટું મઇકું-પીપળીયું][વાછરા–નાગડકા] [બન્નેને ગણોદ]
- *



॥ ઇતિશ્રી પંચમી કળા સમાપ્તા. ॥

શ્રીષષ્ટી કળા પ્રારંભઃ

કોટડાસાંગાણી સ્ટેટનો ઇતિહાસ.

આ સ્ટેટની સરહદ ગોંડળ, રાજકોટ અને નવાનગર સ્ટેટ તથા ભાડવા, શાપુર અને ગઢકા તાલુકાની સાથે સેળભેળ છે.—રાજ્યનું ક્ષેત્રફળ ૬૦ ચો. મા. છે અને પંદર ખાલસા ગામો છે. તથા રાજકોટ તાબે સરધારમાં ત્રીજો ભાગ છે. વસ્તિ-સને ૧૯૨૧ની ગણત્રી

મુજબ ૯,૨૪૦ માણસોની છે. સરેરાશ વાર્ષિક ઉપજ રૂા. ૧,૫૫,૧૧૧ની છે. અને ખર્ચ રૂા. ૧,૩૭,૫૧૩નું છે. આ રાજ્યની હદમાં થઇને રાજકોટ-જેતલસર રેલ્વે પસાર થાય છે. નજીકમાં નજીક રેલ્વે સ્ટેશન ગોંડળ સાત માઇલ અને રીબડા આઠ માઇલ છે. બંન્ને સ્ટેશનો સુધી પાકા રસ્તો બાંધવામાં આવેલ છે. સ્ટેટની હદમાં સ્થાનીક માગણીને પુરો પડે તેટલો સાધારણ જાતનો મકાન બાંધવાનો પત્થર નીકળે છે. આ સ્ટેટ બ્રીટીશ સરકારને રૂા. ૧૦,૧૮૯ ખંડણીના અને જુનાગઢ સ્ટેટને રૂા. ૧,૪૨૭ જોરતલબીના વાર્ષિક ભરે છે. કાઠીઆવાડના બીજા રાજ્યોની માફક આ સ્ટેટને પણ શાહી સત્તા સાથે કોલકરારો થયા છે. અધિકાર-ફોજદારી કામમાં ત્રણ વર્ષની સખ્ત કેદ અને પાંચ હજાર રૂપીઆ સુધી દંડ કરવાનો છે. દિવાની કામમાં રૂા. દસ હજાર સુધીના દાવા સાંભળી શકે છે. પાટવિકુમાર ગાદીએ આવવાનો રિવાજ છે.

—: પ્રાચિન ઇતિહાસ :—

આ સ્ટેટ ગોંડળ રાજ્યની શાખા છે. ગોંડળના રાજ્યના સ્થાપક ઠા.શ્રી કુંભાજીને બે કુમારો હતા. તેમાં પાટવિકુમારશ્રી સગ્રામજી ગોંડળની ગાદીએ આવ્યા. અને નાના કુમારશ્રી સાંગાજીને અરડોઇ, અણીઆળું, નારણકું, પાંચ તલાવડા, વહીવું, અને હડમતાળા વગેરે છ ગામો ગિરાશમાં મળ્યાં. (વિ. સં. ૧૭૧૧) ૧ **ઠા.શ્રી સાંગાજી** મહાપરાક્રમી રાજા હતા. તેઓ પોતાના બાહુબળથી આસપાસનો મુલક કબજે કરી, મોટા તાલુકાની સ્થિતિએ પોતાનો ગિરાશ લાવ્યા. તેમજ રાજકોટના **ઠા.શ્રી રણમલજી**ની સાથે રહી સરધાર જીત્યું. એ વખતે ગાદી તો અરડોઇમાંજ હતી. વિ. સં. ૧૭૬૫માં રૈયા ગામ પાસે કાઠીઓ સાથેના ધીંગાણામાં સાંગોજી કામ આવ્યા હતા. તેઓને ત્રણ કુમારો હતા તેમાં પાટવિકુમારશ્રી તેજોજી ગાદીએ આવ્યા. અને નાના કુમારશ્રી તોગાજીને રાજપરા તથા કુમારશ્રી હકાજીને ભાડવામાં ગિરાશ મળ્યો. (૨) **ઠા.શ્રી તેજાજી** ગાદીએ આવ્યા. તેમણે પણ રાજકોટના ઠા.શ્રી રણમલજીને સરધાર મેળવવામાં ઘણીજ મદદ કરી હતી. ત્યારથી શરધારમાં કોટડા સ્ટેટનો ભાગ છે. ઠા.શ્રી તેજાજીને પણ કુ.શ્રી જશાજી, સરતાનજી અને દેવાજી એમ ત્રણ કુમારો હતા. તેમાં (૩) **ઠા.શ્રી જશાજી** ગાદીએ આવ્યા, તે વખતે દેશમાં અવ્યવસ્થાને લીધે કાઠીઓનું જોર હતું; તેઓના ઉપર તેમણે જીત મેળવી, વિ. સં ૧૮૦૬માં કોટડા સર કર્યું, અને પોતાના પિતામહ સાંગાજીના નામ ઉપરથી **કોટડાસાંગાણી** એવું નામ આપી ત્યાં રાજગાદી સ્થાપી. ખુમાણ વજેજોગીયો વારંવાર ગોંડળ તથા કોટડાઉપર લુટફાટ ચલાવતો, તેનો પણ તેઓએ પરાજય કર્યો હતો. ગોંડળ-કોટડાની સરહદની પતાવટમાં ઠા.શ્રી **જસાજી**એ લવાદને દબાવીને કાંઇક અયોગ્ય લાભ લીધો. જેથી ગોંડળના ઠાકોરશ્રી કુંભાજી (બીજા)ને ગુસ્સો આવ્યો. અને તે વેર લેવાનો મનમાં નિશ્ચય કર્યો. એક વખત સાયલાના ઠાકોર શેષાભાઇના વખાણ એક બારોટ મુક્તકંઠે કરતો હતો. તેથી તેની જશાજીએ નિંદા કરી, એ વાત તે બારોટે ગોંડળ જતા, ઠા. કુંભાજીને કહી. તેથી જશાજીપર વેર લેવાની યોગ્ય તક જાણી તેમણે શેષાભાઇને ગોંડળ બોલાવ્યા. અને તેઓ આવતાં જશાજી, તેમના વિષે કેવું ખરાબ બોલ્યા હતા, તેવું અવળુ સવળું સમજાવી ખુબ ઉશ્કેર્યા. તેથી સાયલાના શેષાજી એક જબરૂ લશ્કર લઇ કોટડા ઉપર

ચઢી આવ્યા. (વિ. સં. ૧૮૧૧) એ ખબર ઠા.શ્રી જશાજીને થતાં તેઓ ત્રણે ભાઇઓ પોતાના લશ્કર સાથે સામા ચડયા. અને કોટડા તાબાના ગામ રાજપીપળાને પાદર ધીંગાણું થયું. એ ભયંકર લડાઇને પરીણામે ઠા.શ્રી જશાજી તથા તેમના નાના ભાઇ સરતાનજી ત્યાં કામ આવ્યા. તેમજ સૌથી નાનાભાઇ દેવાજી પણ સખત ઘાયલ થતાં કોટડે આવ્યા. ઠા.શ્રી જશાજી તથા બંધુ સરતાનજી અપુત્ર ગુજરતાં દેવાજી કોટડાની ગાદીએ બેઠા. પરંતુ સખ્ત જખમોના પરીણામે તેઓ પણ તુરતજ સ્વર્ગે ગયા. એ (૪) **ઠા.શ્રી દેવાજીને** હોથીજી નામના એકજ કુમાર હતા, તે ગાદીએ આવ્યા. (૫) **ઠા.શ્રી હોથીજીના** વખતમાં કર્નલ વૉકર કાઠીઆવાડમાં આવ્યા હતા. ઠા.શ્રીએ કોટડાને ફરતો કિલ્લો બંધાવ્યો. ત્યારથી લોકો " હોથીજીના કોટડા" તેમ કહેવા લાગ્યા. તેઓ વિ. સં. ૧૮૬૮માં સ્વર્ગે ગયા. તેઓશ્રીને કુ.શ્રી ભોજરાજજી, બામણીઓજી, તથા ભવાનજી નામના ત્રણ કુમારો હતા. તેમાં પાટવિકુમારશ્રી ભોજરાજજી ગાદીએ આવ્યા. એ (૬) **ઠા.શ્રી ભોજરાજજી** તેર વર્ષ રાજય કરી વિ. સં. ૧૮૮૧માં અપુત્ર ગુજરતાં, તેઓના નાનાભાઇ બામણીયોજી તેમના પછી ગાદીએ આવ્યા અને તેમના નાના બંધુ ભગવાનજીને પાંચ તલાવડા ગિરાશમાં મળ્યું. વિ. સં. **૧૮૯૪માં (૭) ઠા.શ્રી બામણીયોજી** સ્વર્ગે જતાં, પાટવિકુમાર સબળોજી ઉર્ફે ગગજી ગાદીએ આવ્યા. અને નાના કુમારશ્રી વેરાજીને વડીયું ગામ ગિરાશમાં મળ્યું. (૮) **ઠા.શ્રી સબળાજીએ** માત્ર બેજ વર્ષ ગાદી ભોગવી, તેઓ વિ. સં. ૧૮૯૬માં સ્વર્ગે જતાં, તેમના મેરૂજી નામના એકજ કુમાર હતા તે ગાદીએ આવ્યા. (૯) **ઠા.શ્રી મેરૂજી** વિ. સં. ૧૯૧૮માં દેવ થયા. તેમને ત્રણ કુમારો હતા, તેમાં પાટવિકુમાર તોગાજી ગાદીએ આવ્યા. અને નાનાકુમારશ્રી મુળુજીને પીપળીયા ને તેથી નાના કુમારશ્રી ખેંગારજીને ભગદડીઆમાં ગિરાશ મળ્યો. એ (૧૦) **ઠા.શ્રી તોગાજી** વિ. સં. ૧૯૩૫માં દેવ થયા. તેમને મુળવાજી નામના એકજ કુમાર હોવાથી, તેઓ ગાદીએ આવ્યા. (૧૧) **ઠા.શ્રી મુળવાજી**સાહેબની રાજયકારકીર્દી ઘણીજ સુખશાંતિભરેલી અને ન્યાયી નિવડી હતી. તેઓશ્રી મહાન ભકતરાજ હતા. શ્રાવણમાસમાં પોતાના પિતામહ શ્રીકૃષ્ણચંદ્રની પેઠે દરરોજ પોતાના સખાઓ (અમીરો) સાથે લઇ, ગાયો ચારવા જંગલમાં જતા. તે વખતે પગમાં પગરખાં નહિં પહેરતાં ખુલ્લે પગે ગૌ સેવા કરતા. બપોરે જંગલમાં ભાત આવતાં, ત્યાં દહિં દૂધ વગેરે, આરોગતા. સાંજે ગાયો ચારી ઘેર આવતાં, ગાયોને ચુરમાં. લાપસી, શેરડી, ગદબ, ઘાસ, કપાસીયા વગેરેનો ખોરાક આપી, મોડી રાત્રી સુધી જાતે સેવા કરતા. અને ગૌશાળામાં જુદા જુદા રંગની ગાયોના ટોળાઓ રાખતા. તે ગાયોને ઠાકોરશ્રી સાથે એટલો બધો ગાઢ પ્રેમ હતો કે ગાયો વાત્સલ્ય પ્રેમ પણ ભુલી જતી. એટલે જ્યારે ગાયોને વાછડું ધાવતું હોય, ત્યારે પણ જો ઠાકોરશ્રી તે ગાયનું નામ લઇ તેને બોલાવે તો વાછડાને ધવરાવવું પડતું મેલી, ગાય ભાંભરતી હીંસોરાં કરતી ઠાકોરશ્રી આગળ દોડતી આવતી. અને જંગલમાં પણ કેટલીક વખત પોતે પોતાના સ્વારોને પોતા ઉપર હુમલો કરવાનું કહેતા. તેથી તેઓ જ્યારે હુમલો કરી આવતા ત્યારે (પોતે ટેકરી ઉપર લાકડીને ટેકે ઉભા રહેતા અને ગાયો આસપાસ ચરતી) ગાયો સ્વારો ચઢી આવતા જોઇને ચરવું છોડી દઇને પુંછડાના ઝંડા ઉંચા લઇ ઉગ્ર સ્વરૂપ ધારણ ધરી ઠા.શ્રીને ફરતી ફાલ્લા રૂપે વિંટાઇ વળતી. તેમાંની કેટલીક તો સ્વારો ના ઘોડાઓને મારવા દોડતી. આવીરીતે જંગલમાં ગાયો ઠાકોરશ્રીનું રક્ષણ કરતી.

એવી સેંકડો ગાયો જુદા જુદા રંગની, દેશાણ જાતની, ઉમદા કિંમતની તેઓશ્રીની ગૌશાળામાં હતી. કવિ, પંડિત, બ્રાહ્મણ તથા કોઇ ઇતરવર્ણના સંબંધી જનોને તે ગાયો ભેટ તરીકે આપતા. અને તેના વાછડાઓને આંકી 'ધણ ખુંટ' બનાવતા. અને તે ખુંટો, પોતાના ગામડાઓમાં અને બીજા કોઇ માંગી, લઇ જતાં તેને આપતા. પણ ગાય, વાછરડી કે વાછરડો કોઇ વખત વેચતા નહિં.

આસોમાસમાં નવરાત્રિના દિવસોમાં દરબારગઢમાં આવેલા માતાજીના મંદિરના વિશાળ ચોકમાં ગરબીઓ ગવરાવતાં, અને તેમાં પોતે જાતે નગારાં બજાવવા બેસતા. આ નવરાત્રીના ઉત્સવ પ્રસંગે અનેક રાજવિઓ ત્યાં પધારતા, અને રાજકોટ તથા અન્ય સ્થળોનો મુત્સદ્દી વર્ગ તથા પ્રજાજનો એ ઉત્સવ જોવા કોટડે આવતા. અને તે સઘળાનો તેઓશ્રી ઉમદા અતિથ્ય સત્કાર કરતા. એ મહાન ભક્તરાજ રાજવિનો દેહવિલયનો સમય જ્યારે નજીક આવ્યો, ત્યારે તેઓશ્રી તિર્થ કરવા નિમીત્તે પ્રભાસક્ષેત્રમાં ગયા હતા, અને ત્યાં ત્રિવેણી સંગમે હાલ જ્યાં દેરી છે. ત્યાં પોતાના ભૌતિક શરિરનો ત્યાગ કરી, પરમપદને પામ્યા, (વિ. સં. ૧૯૭૦) તેઓશ્રીને કુમારશ્રી ન હતા. પરંતુ બે કુંવરીસાહેબો છે. જેમાંના પહેલા કુંવરીશ્રી **આનંદકુંવરબા** સાહેબના લગ્ન ધ્રાંગધ્રાના મહારાજા રાજસાહેબશ્રી **ઘનશ્યામસિંહજી સાહેબ** જી. સી. આઇ. ઇ સાથે થયાં છે અને તેઓશ્રી ધ્રાંગધ્રાની રાજ્યગાદિના વારસના માતુશ્રી છે. (૨) **હીરાકુંવરબા**નાં લગ્ન રાજપુતાનામાં આવેલા **ઝાલાવાડ** સ્ટેટના **મહારાજાશ્રી રાજેન્દ્રસિંહજીસાહેબ** સાથે થયા છે. ઠા.શ્રી મુળવાજી અપુત્ર દેવ થતાં તેઓશ્રીના પછી તેમના કાકાશ્રી મુળુભા (પિપળીયા)ના કુ.શ્રી હિંમતસિંહજી સાહેબને ગાદિ મળી. તે **(૧૨) ઠા.શ્રી હિંમતસિંહજીસાહેબે** ગોંડળ રાજકુમાર કૉલેજમાં કેળવણી લીધી હતી. તેઓશ્રીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર ૧૮૯૨માં થયો હતો અને તા. ૨ માર્ચ ૧૯૧૪માં ગાદીએ બીરાજ્યા હતા. તેઓ નામદારશ્રીને બે રાણીઓ હતાં (૧) ઇ. સં. ૧૯૦૮માં, બાઇશ્રી **માજીરાજબા** તે ગજ્જ-ભાઇની વાવડીના ગોહેલશ્રી બાપુભા રતનસિંહજીનાં કુંવરી હતાં જેઓ ઇ સ. ૧૯૧૪માં એક કુંવરીને મુકીને સ્વર્ગે ગયાં તે કુંવરીશ્રી પણ બે વર્ષ પછી સ્વર્ગે ગયાં. (૨) બાઇશ્રી તખતબા ગોંડળ તાબે દેવચડીના ચુડાસમા મેરૂજી ડોસાજીનાં કુંવરી. જેઓશ્રી ગાદિના વારસ કુ.શ્રી પ્રદ્યુમ્નસિંહજીને, તથા બે કુંવરીસાહેબાઓને જન્મ આપી ઇ. સ. ૧૯૨૪માં સ્વર્ગે ગયાં. ઠા.શ્રી હિમતસિંહજી સાહેબ વિ. સં. ૧૯૮૬મા સ્વર્ગે ગયા, ત્યારે નામદાર યુવરાજશ્રી પ્રદ્યુમ્નસિંહજી સાહેબ સગીરવયના હતા, હાલ, તેઓશ્રી રાજકોટ રાજકુમાર કૉલેજમાં કેળવણી લીએ છે, અને સ્ટેટ ખ્રીટીશ મેનેજમેન્ટ નીચે છે. સદ્દભાગ્યે વિદ્યમાન **(૧૩) ઠા.શ્રી પ્રદ્યુમ્નસિંહજી** સાહેબના નાના બાપુશ્રી **મેરૂજીભાઇ સાહેબ** હાલ કોટડા-સાંગાણી સ્ટેટના મેનેજર સાહેબ તરીકે રહી, ઘણીજ પ્રશંસનિય ઉત્તમ કારકીર્દી મેળવી રાજ્યતંત્ર ચલાવી રહ્યા છે.

કોટડાસાંગાણીની વંશાવળી

(૧) ઠા.કોરશ્રી સાંગાજી (ચંદ્રથી ૧૭૭ શ્રીકૃષ્ણથી ૧૨૧મા)

- (૨) ઠા.શ્રી તેજાજી
  - તોગાજી [રાજપરા તાલુકા]
  - હકાજી [ભાડવા તાલુકા]
- (૩) ઠા.શ્રી જસાજી
  - સરતાનજી
- (૪) ઠા.શ્રી દેવાજી
- (૫) ઠા.શ્રી હોથીજી
- (૬) ઠા.શ્રી ભોજરાજજી
- (૭) ઠા.શ્રીબામણીયાજી
  - ભગવાનજી [પાંચતલાવડા]
- (૮) ઠા.શ્રી સબળાજી
  - વેરાજી [વડીયું]
- (૯) ઠા.શ્રી મેરૂજી
- (૧૦) ઠા.શ્રી તોગાજી
  - મુળુજી
  - ખેંગારજી
- (૧૧) ઠા,શ્રી મુળવાજી
- (૧૨) ઠા.શ્રી હીંમતસિંહજી
- (૧૩) ઠા,શ્રી પ્રદ્યુમ્નસિંહજી (વિદ્યમાન)

મેંગણી તાલુકાનો ઇતિહાસ

આ તાલુકાની સરહદ ઉપર ગોંડળ રાજકોટ, લોધીકા, ગવરીદડ વિગેરે સ્ટેટોના ગામો છે, આ તાલુકાનું ક્ષેત્રફળ ૩૪ ચો. માઇલ છે, આ તાલુકાની વસ્તિ સને ૧૯૨૧ની ગણત્રી મુજબ ૩૧૧૩ માણસની છે. સરાસરી દર વર્ષનો ઉપજ રૂપીઆ ૨૩૦૦૦ના આસરે છે. અને ખર્ચ ૨૧૦૦૦ના આસરે છે બ્રીટીશ સરકારને ખંડણીના રૂપીઆ ૬,૪૧૨ અને જુનાગઢને જોરતલબીના રૂપીઆ ૪૫૭ દરવર્ષે આ તાલુકો ભરે છે. આ તાલુકાને અધિકાર, ફોજદારી કામમાં બે વર્ષની સખ્ત કેદ અને રૂા ૨૦૦૦)સુધીના દંડનો છે અને દિવાની કામમાં રૂપીઆ ૫૦૦૦) સુધીના દાવા સાંભળી શકે છે, વારસામાં પાટવિકુમાર ગાદીએ આવે છે. કાઠિઆવાડના બીજા રાજ્યો માફક શાહીસત્તા સાથે આ તાલુકાને પણ કોલકરારો થયા છે. તાલુકાના ગામોના નામ :—(૧) મેંગણી ઉર્ફે મેરગઢ (૨) જુની મેંગણી (૩) થોરડી (૪) અરણીડા [વાછરાનું] (૫) ચાંપાળેડા (૬) કાળાંભડી (૭) નોંધણચોરા (૮) આંબલીયાળા.

—: પ્રાચિન ઇતિહાસ :—

આ તાલુકો ગોંડળ સ્ટેટની શાખા છે. ગોંડળના બીજા ઠા.શ્રી સગરામજીના બીજા કુમારશ્રી **નથુજી** મેંગણી તાલુકો લઇ ઉતર્યા હતા. એ (૧)ઠા.શ્રી **નથુજીને** બે કુમારો હતા. પાટવિકુમારશ્રી મેરૂજી ઉર્ફે મેરભાઇ તથા બીજા કુમારશ્રી ડોસાજી હતા. પાટવિકુમાર અપુત્ર ગુજરી જતાં, નાના કુમારશ્રી ડોસાજી ગાદીએ આવ્યા. જે મેંગણીમાં ગાદી હતી તે હાલ જુની મેંગણીના નામથી ઓળખાય છે. હાલ નવી મેંગણીમાં ગાદી છે. તે મેંગણીનું બીજું નામ (૧) ઠા.શ્રી નથુજીના પાટવિકુમારશ્રી મેરૂભાઇના નામ ઉપરથી 'મેરગઢ' પાડવામાં આવ્યું હતું. (૨) **ઠા.શ્રી ડોસાજીને** બે કુમાર હતા તેમાં પાટવિકુમારશ્રી દાદાભાઇ ગાદીએ આવ્યા. અને નાના કુમારશ્રી રામાભાઇને *ચાંપાળેડામાં ગિરાશ મળ્યો. (૩) **ઠા.શ્રી દાદાભાઇને** ચાર કુમારો હતા. તેમાં પાટવિકુમારશ્રી સામતસિંહજી ગાદીએ આવ્યા. અને નાના કુમારશ્રી નાનાભાઇ તથા જુણાજી, એ બન્નેને કાળાંભડીમાં ગિરાશ મળ્યો. અને મેંગણીગામમાં પાટી મળી. ચોથા કુમારશ્રી ફુલજીભાને આંબલીયાળામાં ગિરાશ મળ્યો. એ (૪) **ઠા.શ્રીસામતસિંહજીને** માનસિંહજી નામના એકજ કુમાર હતા. તે તેઓના પછી ગાદીએ આવ્યા. એ (૫) **ઠા.શ્રી**

* એ ચાંપાળેડામાં રામાભાઇના વંશમાં જાડેજાશ્રી **જાલમસિંહજી** થયા તેના વિધવા **બાશ્રી રામબા** બહુજ ડાહ્યાં અને પાકશાસ્ત્રમાં કુશળ છે. તેઓશ્રી એક **'માપ'** (૧૮શેર) બાજરાનો એકજ રોટલો બનાવે છે અને તે સરખો ગોળ બરાબર પકાવેલો, સ્વાદિષ્ટ બનાવે છે. ભાવનગરના મરહુમ મહારાજાસાહેબે તથા પોરબંદરના મરહુમ મહારાણાસાહેબે તથા ગોંડલના મહારાજા સાહેબે તે રોટલાની તારીફ સાંભળી, એ બાઇ પાસે રોટલો ઘડાવી, જમીને યોગ્ય ઇનામ આપ્યું હતું. હાલ તે બાઇ વૃદ્ધ થયાં છે અને ઉપરની હકિકત તેમનાથીજ અમોએ સાંભળેલ છે.

માનસિંહજી ઉર્ફે માનભા બહુજ વ્યવહાર–કુશળ અને રાજનીતિ તેમજ વિદ્વાન પુરૂષ હતા. કાવ્યના ઘણાં ગ્રંથો એમને જીવ્હાગ્રે હતા. રામાયણના ઉંડા અભ્યાસી હતા. ભુજથી જે કવિઓ ભણીને આવે તે મેંગણી દરબારશ્રી માનભા આગળ પરીક્ષામાં પાસ થાય, તે કાઠિઆવાડમાં પહેલા નંબરનો કવિ ગણાતો. એવા તેઓ વિદ્વાન હતા. તેઓના સમકાલિન બરડ કવિ **બાણીદાસ** (રહેવાશી રંગપર જામનગર–સ્ટેટના) હતા. તેઓ પોતાની વિદ્યામાં બરડ હતા. તેઓ જ્યારે મેંગણી આવ્યા, ત્યારે દરબારશ્રીની મેડીઓમાં ઘ્રાપા નખાતા હતા. એ કારખાનાના કામમાં દરબારશ્રી માનસિંહજી રોકાએલ હોવાથી તેમજ કવિ સાદા અને મેલા પોશાકમાં કાયમ રહેતા હોવાથી, કોઇ સાધારણ ચારણ છે તેમ માની રસોડે જમાડી શીખ દેવા, દરબારે હુકમ ફરમાવ્યો, પણ પોતે કવિને મળ્યા, નહિં. તેથી કવિને ઘણું ખોટું લાગતાં, તેઓ મેંગણીથી રીસાઇને ચાલી નીકળ્યા. પાછળથી કોઇ વિઘ્ન સંતોષીએ અફવા ઉડાડી કે એ કવિએ મેંગણી–દરબારનાં ખરાબ કાવ્ય કર્યાં છે. એ અફવા સાંભળી ઠા.શ્રીને ઘણોજ ગુસ્સો થયો અને આવું અધુરૂં ભણેલા ચારણો છલકી જાય, તેવી કલ્પના કરી, કવિને મેંગણીની હદમાં ન આવવા દેવા તેવો બંદોબસ્ત કર્યો. બાણીદાસ કવિ તે પછી અમુક વર્ષે આંબલીઆળા ગામે ગયા. ત્યાં જાડેજાશ્રી આતુભા તથા કશળસંગજીએ કવિને કહ્યું કે "તમે આવા ડાહ્યા પુરૂષ થઇને મહાન વિદ્વાન રાજા માનભાની અપકીર્તી કરી તે તમને શોભે નહિં." બાણીદાસને પણ એ વિદ્વાન રાજાની પ્રશંસા કરવી જોઇએ તેને બદલે ઉલટું વગોણા જેવું કર્યું. તેવું, કળંક આવતાં તેને શરમ ઉત્પન્ન થઇ. તેથી તેણે મેંગણી જઇ દરબારશ્રી પાસે માફી માગી સમાધાન કરવાની ઇચ્છા જણાવી. તે ઉપરથી આંબલીયાળાના દરબારશ્રી કવિને મેંગણી તેડી ગયા. મેંગણીના દરબારગઢમાં આવતાં, ઠાકોરશ્રી માનભાએ કવિને છેટેથી આવતાં જોળખ્યા. તેથી સાથે આવેલા પોતાના ભાયાતોને કહ્યું કે " ભાઇ આ છાણે ચડાવીને વીંછીને ઘરમાં કયાં લાવ્યા? હું તેને મળીશ નહિં." એ વાક્ય કવિએ પણ કાને કાન સાંભળ્યું. બાણીદાસ બહુજ ઉગ્ર સ્વભાવના અને સત્યવકતા કવિ હતા. પરંતુ પોતાની ભુલથી એ વિદ્વાન રાજાને માઠું લાગ્યું છે તો હવે તેને વિનવી સમાધાન કરવું, તેવી તેમની ઇચ્છા થતાં, આંબલીયાળા વાળા દરબારશ્રી હજી ઉત્તર આપે તે પહેલાં, એ શીઘ્ર કવિએ ઠાકોરશ્રી માનભાને મનાવવા માટે નીચેના દુહાઓ એક પછી એક બોલવા શરૂ કર્યા. પરંતુ ઠા.શ્રી માનભા તો કવિને કચેરીમાં આવતાં ભાળી, અવળે મોઢે (ગાદી ઉપર તકીયા તરફ મોઢું ફેરવી) બેસી ગયા. કચેરી બધી સૂનકાર થઇ ગઇ. સહુને દહેશત લાગી કે આ બરડ (ગાંડો) કવિ બાણીદાસ હમણાં કાંઇને કાંઇ અસહ્ય બોલી નાખશે. પરંતુ કવિતો ખાસ માફી માગવા આવેલ હતા. તેથી માનસિંહજીને નીચે પ્રમાણે સંબોધી કહેવા લાગ્યા કે :—

દોહા (ચારણી ભાષા)

ખેડુ પગ ખુંદે કરે. જીં વાવે જાડા, સાંઠા શેરડના, મીઠપ ન મેલે માનડા ॥૧॥
સાંઠા જીં શેરડ તણા. ભરબાથે ભરડાય,તેનો રસ કડાયે તવાય.તોય મીઠપ ન મેલે માનડ
કવ આંબો વેડેં કરે, ધણ સાખું ધોળાય, જાડા લીજત ન જાય, મીઠપ વાળી માનડા
સોળવલ્લુ સામત તણાં, શ્રોવણને તપવાય, જાડા તેજ ન જાય, મગરવેલીનું માનડા

પીંડોરણ જાવે પડી, છાજાં વંડી છોટ, કેલી ઝાલે કોટ, મેની ઝપટું માનડા ॥૫॥ વખ પરડ દીડે વડમ્ પંદ જવરા અને પોલાડ, ઝાલે સીંહલના ઝાડ,મેંગળના ટલ્લા માનડા પાડા તો લાદાય પરખ, હોય નાકર સુખ નાડી; ઓપે અંબાડી મેંગળ માથે માનડા ઇલમથી આવે નહિં. કોઇ કરંડે કાંકીડા, જશ મવરે જાડા, મણિધર રીઝે માનડા જળ ડેંડા પકડું નહિં,(એવો હું)કવ વાદી કળભાણ,રીઝવીપ જદરાણ, મણિધર તુને માનડા સુકવિ મુખ કીરત સૂણી,મનમાં નાવે મોજ,(તેને)રણના ગણીયે રોઝ, મહિપત હુજા માનડા

ઉપરનું કાવ્ય સાંભળી ઠા. માનસિંહજી કવિ ઉપર ઘણું ખુશી થઇ બદમાં ઘાલી મળ્યા હતા. તેમજ કવિને કાયમ વર્ષાસન બાંધી આપી મેંગણીમાં ઘણું વર્ષ રાખ્યા હતા.

ઠા.શ્રી માનભાએ ઘણાં કવિઓને ઇનામો આપી મેંગણી તાલુકાને પ્રસિદ્ધ કર્યો હતો. તેમજ તાલુકાને પણ આબાદ કરી, પરમાર્થમાં યોગ્ય પૈસો વાપરી કીર્તિ મેળવી હતી. સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સદ્‌ગુરૂશ્રી *ગોપાળાનંદસ્વામિએ તેમને ધર્મોપદેશ આપી

* એ મહાન યોગેશ્વર ગોપાળાનંદ સ્વામિએ જ્યારે ઠા.શ્રી માનભાને સ્વામિનારાયણના અનુયાયી બનાવ્યા, ત્યારે કહ્યું કે "દરબાર આજ દિવસ સુધી તમે કરેલા પાપો, મારે ચરણે મેલો, અને હવેથી કાંઇ પણ દુરાચરણ નહિં કરવાની પ્રતિજ્ઞા લ્યો." ત્યારે માનભા બોલ્યા કે 'સ્વામિ :મારા પાપ જો કાળા પત્થરની છીપર ઉપર મેલું તો તે પણ તેના પ્રભાવે ફાટી જાય તેવાં અઘોર છે.' સ્વામિ કહે, 'તે બધાં હું બહણ કરું છું પણ હવે દારૂ માટી ચોરી અવેરી વગેરે નહિ કરતાં, ધર્મ પાળી, સ્વામિનારાયણની માળા ફેરવવાની પ્રતિજ્ઞા લ્યો.' તેથી ઠા.શ્રી માનભાએ સ્વામિને ચરણે જળ મેલી, પ્રતિજ્ઞા લીધી હતી. સ્વામિને વચને પૂર્વના પાપો બળી જતાં, તેઓનું અંતઃકરણ શુદ્ધ થયું. તેથી પોતે સ્વામિનારાયણના ચુસ્ત અનુયાયી થઇ આખા કુટુંબને સત્સંગ-પરાયણ કર્યું હતું. તેથી સ્વામિનારાયણ-સંપ્રદાયના હરીલીલામૃત નામના ગ્રંથમાં મેંગણી વીશેના ઇતિહાસનું નીચેનું કાવ્ય છે.—

(હરીલીલામૃત ભાગ ૧ કળશ ૧ વિ. ૬)—ઉપજાતિ વૃત.—

ચોથીજી ભારોજી નથુજી જાણો । હાલાજીના ભાઇ ત્રણે પ્રમાણો ॥
તે ભાઇઓને મળીઓ ગરાશ । નથુજીનો વંશ કરું પ્રકાશ ॥૧॥
ડોશોજી સંતાન નથુજી કેરા । તતપુત્ર દાદોજી સુચી ઘણેરા ॥
તેનું ખરું નામજ તેજમાલ । તેના થયા સામતસીંહ લાલ ॥૨॥
તતપુત્ર સદ્‌ભાવિક માનસીંહ । કદી ન તે જાય કુ પંથ દીહ ॥
ગોપાળસ્વામિ ઉપદેશ દીધો । યથાર્થ તે અંતર ધારી લીધો ॥૩॥
સત્સંગનો રંગ અભંગ લાગ્યો । સુભક્તિનો અંગ ઉમંગ જાગ્યો ॥
ગુણાતીતાનંદ તણી કૃપાય । અપાર જેના ઉપરે ગણાય ॥૪॥
નિત્યાખ્યનંદે પણ નેહ આંણી । સત્સંગમાં જેની મતી વખાણી ॥
પવિત્ર તેની પુરિ મેંગણી છે । મધુપુરીથી સુચી મેંગણી છે ॥૫॥
જ્યાં ભક્ત મોટા નૃપ માનસીંહ । નહીં બીજો તેહ સમાન સીંહ ॥

સ્વામિનારાયણના પરમ ભકત બનાવ્યા હતા. તેઓશ્રીએ મેંગણીમાં મહાન શુસોભિત મંદિર ચણાવી, મુર્તી પ્રતિષ્ઠા કરી, અઢળક દ્રવ્ય વાપરી સત્સંગ સેવાઓ કરી હતી. પોતાના તમામ રાજ્યકુટુંબ તથા ભાયાત વર્ગ સહુને સત્સંગનો સ્વાદ ચખાડી, સ્વામિનારાયણના આશ્રીત બનાવ્યા હતા, અને ત્યારથી અત્યાર સુધીના સર્વ રાજ્યકર્તાઓ સ્વામિનારાયણના આશ્રિત બનતાં, પ્રજા વર્ગ પણ એ ધર્મિષ્ઠ રાજાની રાજનીતિથી સુખી અને આનંદમાં રહે છે. હાલ પણ મેંગણી તાલુકાનો મુસલમાન વર્ગ એ તાલુકાના ભાયાત અને રાજ્યકુટુંબને 'રામ રામ' કરતી વખતે 'બાપુ જે નારાયણ' એ શબ્દનો ઉચ્ચાર કરે છે. એ બતાવી આપે છે કે રાજ્યકર્તાઓ અને ભાયાત વર્ગ સુરત સ્વામિનારાયણના અનુયાયીઓ હોવાથી યવનજાતિ પણ 'નારાયણનું' નામ લેવા ઉત્સુક બની. અને **યથા રાજા તથા પ્રજા** એ વાકય સાચું ઠર્યું.

ઠા.શ્રી માનસિંહજીને ત્રણ કુમારો હતા. તેમાં પાટવિકુમાર અમરસિંહજી અપુત્ર દેવ થતાં, નાના કુમારશ્રી માધવસિંહજી ગાદીએ આવ્યા, અને ત્રીજા કુમારશ્રી મેરૂજીને નોંધણુચોરામાં ગીરાશ મળ્યો, અને મેંગણીમાં પાટી એ (૬) ઠા.શ્રી **માધવસિંહજી** અને કુ.શ્રી ×મેરૂજીએ પણ પોતાના પિતાશ્રીના જેમ ધર્મ પાળી અક્ષય કીર્તિ મેળવી હતી. ઠા.શ્રી માધવસિંહજીએ વિ. સં. ૧૯૩૨ના ચૈત્ર માસમાં કાશીએ જઈ ગંગા સ્નાન કર્યું તે વખતનું કાવ્ય કર્તા.....

(રાજકવિ-ભીમજીભાઇ) દોહા.

एक रदन करीवर बदन,दिव्य वदन निश दन सुख सदन गीरी नंदी सुत,प्रतिदीन होउ प्रसन करुं बिनय किजे क्रिपा, महेर करे महाराज, करुं बखान यदुकुळ तिलक, मेंगणी बडे समाज शक विक्रम ओगणीशसें मधुवत्रीस मधुमास,शुभदीन शोधी प्रयान सज आय संग गंग आस मीले संग परीजन महत पेखन तीरथ प्रमान, माधु संग शुभ मगनेतं नेक गडाये निशान

जेवा थया खाचर सोम सूरा । एवा थया भक्त नहीं अधूरा ॥६॥
हरीलीला कल्पतरु कहीयें । रुडो रच्यो छे रघुवीरजीयें ॥
तेमां शुकानंद नरेश मान । संवाद छे ते नृपनो निदान ॥७॥

× એ મેરૂજીના કુ. શ્રી. શીજી થયા અને તેઓશ્રીના કુમારશ્રી **અર્જુનસિંહજી** હાલ વિદ્યમાન છે. તેઓશ્રી પોતાના પિતામહ ઠા. શ્રી. **માનભા**ની જેમ શ્રી સ્વામિનારાયણના અનન્ય [એકાંતિક] અનુયાયી થઇ. તન, મન, ધનથી મંદિરોની તથા સંતની સેવાઓ કરી રહ્યા છે.—હાલમાં રાજકોટમાં રવી–વિલાસની બાજુમાં મહાન વિશાળ બંગલો બંધાવી વાસ્તુ વખતે જુનાગઢના તમામ સાધુઓને તેડાવી પોતાના ગુરૂશ્રી **બાળમુકુંદદાસજી**ના નામના ઉપર તે બંગલાનું નામ " **બાળમુકુંદ ભુવન** " આપી સ. ગુ. **નીર્ગુણદાસજી સ્વામી** ના હાથે ખુલ્લો મેલ્યો હતો અને તે સમયે પરમાર્થમાં હજારો રૂપીયા વાપર્યા હતા. એટલુંજ નહિં પરંતુ તે કેળવણીમાં તથા જ્ઞાતી સેવામાં અને બીજા અનેક પરમાર્થમાં પોતે ઉદાર દીલથી યોગ્ય સેવાઓ કરી આ કળીયુગમાં–પ્રભુભક્તિ કરી રહ્યાછે. તેઓશ્રીના વર્તમાનમાં યુવામદ, ધનમદ, કે રાજ્યમદ, બીલકુલ જોવામાં આવતો નથી. પરંતુ તેમનામાં સોદાર્દ, ભક્તિભાવ, અને હરીભક્તો પરનો પ્રેમ અવર્ણનીય છે.—

॥ छंद जाति दुमीला ॥

गह कंत निशान गुणाधिश गावत चोंप करी जदराण चडे ।
पुर आय सजी वझतें अमरंपुर, वेग चत्रकुट प्राग वडे ॥
अमरं सरदार पुरंदर ओपत, तीरथ राज त्रवेणी तीरे ।
माधवेश मणी जदुवंशही माझल, कोडहिसें गंग स्नान करे ॥१

झुक भार अढार रहे लुंम झुमीय, बेडा त्रीबीध समीर वहे ।
शितमंद सुगंध चले झक झोरस, लेर अलोकीक भात लहे ।
उन्मत्त कलोल चले गहरे, अत हेरत कोटीक पाप हरे ॥माधवेश०॥२

जमुना सरसती मंदाकीनी जोपत, लोपत गेमकीसे गलजा ।
पुनवंत रु बेश रहे त्रटकें पर, अंग करे नहिं काम अजा ।
अस जोर प्रभाव रहे जग उपर, देखतही जमदूत डरे ॥ माधवेश०॥३

तीन दान-त्रीक्रोड सुरं बट कें त्रट, केशवकी नीत सेंव करे ।
अखीलं नभ मंडळके करता अब, पोढ रहे यह पात परे ।
सुरजा दीय देव करे नीत सेवन, ध्यान जोगस हंमेस धरे ॥माधवेश०॥४

सब तीरथ मध फीरे सरवे संघ, कोड वीवेक विचार कीयं ।
बनराबन कुंज नीरख अबें, ग्रह गोकुलसें मथुरांजी गयं ।
गुणवंत गयाजीय गेमस गंजन, श्राध सरायह देव सरें ॥माधवेस०॥५

हरखंतही हेमदीये ध्विजके हथ, मोजसें दी गौ हेंम मढी ।
द्रव भोम पोशांग दीये कै ध्विजह, बेग क्रीती यह लोक बढी ।
जयकार अपार सो छाय रह्यो जग, झुम करे सुर पुष्प झरे ॥माधवेश० ॥६

अवधंपुर आय तीरे सरजु अब, देशन तें परीयाण दीये ।
असबीध तीरथकीष मनआनंद, 'भीम' भनंत अपार भये ।
जदुरान मनु सुत पाट बीराजत, घोर श्रंबाल आनंद घरे ॥ माधवेश०॥७

छप्पय-कीये गंग अस्नान, प्रेमसें घरुं पधारे ॥
धरे सुभग हरी ध्यान, बेहद सुभ दान वधारे ॥
बाजां बेहद बजाय, सहरमें आनंद छाये ॥
खुब लोक हरखंत, गुणीजन रागही गाये ॥
सांमतेसहरो देखो सधर, भोम बीयो अमरीषभयो ॥
कविराजभीमजी युं कहे, काम बडो जगमें कीयो ॥ १ ॥

॥ गुणवर्णन गित ॥


दंभी जीतही अजीत आज क्रीतका बजाय डंका, नीतका सबुत नांही अनीतका नाम॥
प्रीतका पालणं सुध रीतका राखणं पेखा, चीत्तका गंगेव यदु अमीतका शाम॥१

મેરગઢ મહીપતી ઉદારકા ભુપ માધુ, સારકા જાણણા ગવાં વારકા સધીર ॥
મનોધ્યાન મુરારકા હારકા ન બોલ દાખે, આરકા નમાવ બદા ધારકા અમીર॥૨
રાજકા અદુધ તેજ સવાયા સાજકે રાખા, કાજકા સધીર શુભ સમાજકા કોટ॥
માધુ મહારાજ હુંકા જશકા ન પાર માપાં, લાજકા લંગરં દાતા વાજકા લાખોટ॥૩
હરીકા રદામેં ધ્યાન અરીકા ન શંકહીયે, જરીકા શત્રુસેં લેવે નીકા રચે જંગ॥
તવાં મેંગણીકા ભુપ લોભકા ન ગણે ટીકા, સેજાનંદજીકા દાસ દુલ્હા માધુસંગ॥૪

ઉપરના બંન્ને કાબ્યો **રાજકવિ લીમજીભાઇ**નાં રચેલાંછે. તેઓના શ્રી પ્રત્યે ઠા.શ્રી માધવસીંહજી માનની લાગણી ધરાવતા હતા. ઠા.શ્રી માધવસીંહજીને ચાર કુમારો હતા. તેમાં પાટવીકુમારશ્રી નારસીંહજી ગાદીએ આવ્યા, અને કુમારશ્રી ભગવતસીંહજી લધુભા અને નારણસીંહજીને નોંધણુચોરા ગામે ગીરાશ મળ્યો, તે ઉપરાંત મેંગણીમાં પાટી મળી, (૭) **ઠા.શ્રી નારસિંહજી** સાહેબ પણ પોતાના વડીલોની કીર્તીને ઉજવળ રાખી ધર્મકાર્યમાં આગળ પડતો ભાગ લઇ, સત્સંગ સેવા કરી રાજનીતીથી રાજ્ય ચલાવી દેવ થયા હતા, તેઓશ્રીને બે કુમારો થયા તેમાં પાટવીકુમારશ્રી રાઘવસીંહજીસાહેબ ગાદીએ બીરાજ્યા, એ (૮) **ઠા.શ્રી રાઘવસિંહજી** (વિદ્યમાન) સાહેબનો જન્મ ૧૩ ઓગષ્ટ ૧૮૮૮ના રોજ થયો છે. તેઓ નામદારશ્રીએ વઢવાણ તાલુકદારી ગીરાસીયા કોલેજમાં કેળવણી લીધી છે, તા. ૧ માર્ચ સને ૧૮૯૦ના રોજ તેઓ નામદાર શગીર ઉમરે ગાદીએ આવ્યા, એથી તાલુકો એજન્સી મેનેજમેન્ટ નીચે હતો, અને સને ૧૯૦૯માં તેઓશ્રીએ સ્વતંત્ર સત્તા શંભાળી, તેઓ નામદારશ્રીના બે લગ્ન થયાં છે. તેમાં (૧) વળાના નામદાર ઠાકોરસાહેબના નાનાભાઇ અખેરાજજીનાં કુંવરી સાથે (ઇ. સ. ૧૯૧૦) (૨) ચુડા તાબે કુંડલાના રાણાશ્રી પથુભાના કુંવરી સાથે, (ઇ. સ. ૧૯૧૨) તેઓનામદારશ્રીએ ગાદીએ બીરાજી તાલુકાને કરજમાંથી મુકત કરી, ખેતી અને વેપારને વધારી, તાલુકાની ઘણીજ સારી આબાદી કરી છે, અને કેટલાંક રજવાડી ડોળના ખોટાં ખર્ચો ઘટાડી, વ્યાજબી અને જરૂરીઆત પુરતા ખર્ચ રાખી રાજનીતી પ્રમાણે જાતે દેખરેખ રાખી વ્યવહાર કુશળતા અને રાજ્યદક્ષતાની પ્રવીણુતા જાહેર બતાવી આપી છે. તેઓશ્રીનો મીલનસાર સ્વભાવ અને સાદાઇ ઘણુંજ પ્રશંસનીય છે, તેમજ પોતાના પૂર્વજોના ધર્મને માનપૂર્વક ગ્રહણ કરી સત્સંગ સેવામાં તન–મન–ધન–થી પૂર્ણ મદદ કરે છે. પોતાના નાનાબંધુ કુ.શ્રી **જોરાવરસીંહજી**ને પણ યોગ્ય કેળવણી આપી ઘણાજ પ્રેમથી સાથે રાખે છે,... ... ...

મેંગણી તાલુકાની વંશાવળી

(૧) ઠાકોરશ્રી નથુજી (ચંદ્રથી ૧૭૮ શ્રીકૃષ્ણથી ૧૨૩માં)



મેંગણી તાલુકાનો ઇતિહાસ સમાપ્ત.

રાજપરા તાલુકાનો ઇતિહાસ

આ તાલુકાની સરહદ ગોંડળ રાજકોટ અને કોટડાસાંગાણી વગેરે સંસ્થાનોની સરહદને લગતી છે—ક્ષેત્રફળ–૧૫ ચો. માઇલનું છે **વસ્તી**–સને ૧૯૨૧ની ગણત્રી મુજબ ૨૨૧૮ માણસની છે, સરાસરી વાર્ષિક ઉપજ આસરે રૂા. ૨૭૦૦૦ની છે. અને ખર્ચ આશરે રૂા. ૨૬૦૦૦નું છે,—આ તાલુકાની સરહદમાંથી કોઇ રેલ્વે લાઇન કે પાકો રસ્તો પસાર થતો નથી. નજીકમાં નજીક રેલ્વે સ્ટેશન રાજકોટ, જેતલસર લાઇનનું રીબડા સ્ટેશન છે,–આ તાલુકો દરવર્ષે બ્રીટીશ સરકારને ખંડણીના રૂા. ૨૯૨૨ અને જુનાગઢને જોરતલબીના રૂા. ૨૪૧ ભરે છે.—કાઠીઆવાડનાં બીજાં રાજ્યોની માફક શાહી સત્તા સાથે આ તાલુકાને પણ કોલ-કરારો થયા છે. અને વારસાની બાબતમાં પાટવી કુમારને ગાદીએ આવવાનો રિવાજ છે. આ તાલુકાને અધિકાર-ફોજદારી કામમાં ત્રણમાસની સખ્ત કેદ અને રૂા. ૨૦૦) સુધી દંડ કરવાનોછે. તથા દિવાની કામમાં રૂા. ૫૦૦)સુધીના દાવા સાંભળવાનો છે.

—: પ્રાચિન ઇતિહાસ :—

આ તાલુકો કોટડા–સાંગાણીની શાખાછે. કોટડા સાંગાણીના (૧) ઠા. શ્રી. સાંગાજીના બીજા કુમારશ્રી તોગાજીને આ તાલુકાની જાગીર મળતાં તેને ત્યાં ગાદી સ્થાપી. (વિ. સં. ૧૭૮૨ (૨) ઠા.**શ્રી તોગાજી**ને બે કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી મેરૂજી ગાદીએ આવ્યા. અને નાના કુ.શ્રી. સળળાજીને ખાંડાધારમાં ગીરાસ મળ્યો, એ(૨)ઠા. **શ્રી મેરૂજી**ને આશાજી, રણમલજી, હમજીભાઇ, પથુજી અને મુળુભાઇ નામના પાંચ કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી આશાજી ગાદીએ આવ્યા, (૩) ઠા. **શ્રી આશાજી**ને પણ લાધાજી, સુરાજી, અમરાજી, પથાભાઇ, અને રામાભાઇ, નામના પાંચ કુમારો હતા, તેમાં પાટવી કુમારશ્રી લાધાજી ગાદીએ આવ્યા. (૪) ઠા. **શ્રી.લાધાજી**ને વાઘજીભાઇ, ભીમજીભાઇ, ગોપાલજી, અને રામસિંહજી નામના ચાર કુમારો હતા. તેમાં પાટવી કુમારશ્રી વાઘજીભાઇ, કુંવર પદેજ દેવ થતાં બીજા કુમારશ્રી ભીમજીભાઇ ગાદીએ આવ્યા. એ (૫)ઠા.**શ્રી.ભીમજીભાઇ**ને આશાજી-ભાઇ નામના એકજ કુમાર હતા. તેઓ ગાદીએ બિરાજ્યા. એ (૬) ઠા. **શ્રી. આશાજી** ને લાખાજી, શીવસિંહજી, અને માનસિંહજી નામના ત્રણ કુમારો થયા. તેમાં પાટવીકુમારશ્રી લાખાજી ગાદીએ બિરાજ્યા. એ (૭) ઠા. **શ્રી. લાખાજી** (વિદ્યમાન)નો જન્મ તા. ૩૦ જુલાઇ સને ૧૮૬૯ના રોજ થયો છે. અને તા. ૨૨ ડીસેંબર સને ૧૯૦૩ના રોજ ગાદીએ આવ્યા છે. તેઓ નામદારને બે લગ્ન થયાં છે. (૧) સીહોરાના. રાઓળશ્રી રામસિંહજીના કુંવરીશ્રી મોંઘીબા સાથે (૨) વાવડીના ગોહેલશ્રી બાલુભા રવાભાઇનાં કુંવરી સાથે—નામદાર ઠાકોરશ્રી લાખાજી સાહેબને પૃથ્વીરાજજી નામના પાટવી કુમાર કુવરપદેજ દેવ થતાં હાલ તે પાટવી કુમારશ્રીના કુ. શ્રી. **નિર્મળસિંહજી** યુવરાજ પદે છે.

રાજપરા તાલુકાની વંશાવળી

(૧)ઠાકોરશ્રી તોગાજી (ચંદ્રથી ૧૭૮મા શ્રીકૃ. થી૧૨૨મા)
વિ. સં. ૧૭૮૨

(૨) ઠા.શ્રી મેરૂજી સજળાજી [ખાંડાધાર]

(૩) ઠા.શ્રી આશાજી રણુમલજી હમજીભાઇ પથુજી મુળુભાઇ

(૪) ઠા.શ્રી લાધાજી સુરાજી અમરાજી પથાભાઇ રામાભાઇ

વાઘજીભાઇ (૫) ઠા.શ્રી ભીમજીભાઇ ગોપાલજી રામસિંહજી

(૬) ઠા.શ્રી આશાજી

(૭) ઠા.શ્રી લાખાજી [વિદ્યમાન] શીવસિંહજી માનસિંહજી

કુ.શ્રી પૃથ્વીરાજજી [કુંવરપદે દેવ થયા]

કુ.શ્રી નીર્ભળસિંહજી
[યુવરાજ]

ભાડવા તાલુકાનો ઇતિહાસ.

આ તાલુકાનાં ગામો છુટા છવાયાં છે. તેથી ચોકસ સરહદ કહી શકાય તેમ નથી, તોપણ કેટલાંએક ગામોને ગોંડલ, રાજકોટ, કોટડાસાંગાણી વગેરે સ્ટેટોની સરહદ લાગુ છે, ક્ષેત્રફળ–૧૭ ચો. મા. છે. વસ્તી–સને ૧૯૨૧ ની ગણત્રી પ્રમાણે ૧૧૭૯ માણસોની છે. દરવર્ષની સરેરાસ ઉપજ રૂા. ૧૫૦૦૦ અને ખર્ચ આશરે રૂા. ૧૨૦૦૦ છે. રેલ્વે નથી. રાજકોટથી ભાવનગર જવાનો મોટો રસ્તો આ તાલુકાની હદમાંથી પસાર થાયછે.—આ તાલુકો દરવર્ષે બ્રિટીશ સરકારને ખંડણીના રૂા. ૧૩૬૪ અને જુનાગઢ સ્ટેટને નેરતલબીના રૂા. ૨૩૮ ભરેછે, આ તાલુકાને ફોજદારી કામમાં ત્રણમાસની સખ્તકેદ અને રૂા. ૨૦૦ સુધીના દંડ કરવાનો અધિકાર છે, અને દિવાની કામમાં રૂા. ૫૦૦ સુધીના દાવાઓ સાંભળી શકે છે.—કાઠીઆવાડના બીજા સ્ટેટોની માફક શાહી સનદ સાથે આ તાલુકાને પણ કોલકરારો થયા છે.—

—: પ્રાચિન ઇતિહાસ :—

આ તાલુકો કોટડા સાંગાણીની શાખાછે. કોટડાના ઠા. શ્રીસાંગાજીના ત્રીજાપુત્ર હકાજી ને વિ. સં. ૧૭૮૨ માં ભાડવા સહીત ૭ ગામોની જાગીર મળી હતી. એ (૧) ઠા. શ્રી. **હકાજી**ને ત્રણ કુમારો હતા, તેમાં પાટવી કુમારશ્રી ખેંગારજી ગાદીએ આવ્યા. અને બીજા કુ.શ્રી. અજાજીને અણીયાળીમાં ગીરાસ મળ્યો, ત્રીજા કુ.શ્રી. તમાચીજીને હડમતાલામાં ગીરાસ મળ્યો. (૨) ઠા.શ્રી. **ખેંગારજી**ના વખતમાં સાયલાના ઠાકોર **સેંસાજી**એ કોટડા ઉપર ચડાઇ કરેલ તેમાં કાઠીઓ પણ મળી ગયેલ તેથી તે કાઠીઓ ઉપર વૈર લેવા ઠા.શ્રી. ખેંગારજી ચડેલા અને ચોળારી તથા દેરાધ પરગણાં કે જે કાઠીઓનાં હતા તે બન્ને તેઓશ્રીએ ઉજ્જડ કર્યા હતા. તેઓશ્રી શુરવીર અને કંટા પુરૂષ હોવાથી ધાડપાડુઓ તેમનાથી ઘણાજ ડરતા રહેતા. તેઓશ્રીને બે કુમારો હતા તેમાં પાટવી કુ.શ્રી. નાંથોજી ગાદીએ આવ્યા, અને નાના કુ.શ્રી. રાધાભાઈ ઉર્ફે હરધોળજીને ખરેરા ગામ ગીરાસમાં મળ્યું. (૩)ઠા.શ્રી. **નાથાજી** ને પણ બે કુમારો હતા. તેમાં પાટવી કુ.શ્રી. વનાજી ગાદીએ આવ્યા. અને આતાજીને દેવળીઆ ગામે ગીરાસ મળ્યો. (૪) ઠા.શ્રી. **વનાજી**ને દાદાજી, મોતીજી, અને સુજાજી, નામના ત્રણ કુમારો હતા, તેમાં પાટવી કુ.શ્રી. દાદાજી ગાદીએ આવ્યા, (૫) ઠા. શ્રી. **દાદાજી**ને ભાવસિંહજી નામના એકજ કુમાર હોવાથી તે પછી તેઓ ગાદીએ આવ્યા, એ (૬) ઠા. શ્રી. **ભાવસીંહજી**ને પણ માધવસીંહજી નામના એકજ કુમાર હોવાથી તે પછી તેઓ ગાદીએ આવ્યા, (૭) ઠા.શ્રી **માધવસીંહજી**ને પ્રતાપસીંહજી, કાળુભા, અને શીવસીંહજી, નામના ત્રણ કુમારો થયા, તેમાં પાટવી કુ.શ્રી પ્રતાપસીંહજી ગાદીએ આવ્યા, (૮) ઠા.શ્રી **પ્રતાપસીંહજી**ને ભાવસીંહજી ઉર્ફે બાલસીંહજી નામના એકજ કુમાર હતા. તેથી તેઓ તે પછી ગાદીએ આવ્યા, (૯) ઠા.શ્રી **ભાવસીંહજી** ઉર્ફે બાલસીંહજી તા. ૨૮ જુલાઇ સને ૧૯૨૬ ના રોજ દેવ થતાં તેઓશ્રીને નટવરસીંહજી નામના એકજ કુમાર હતા. તે ગાદીએ બિરાજ્યા, પરંતુ તેઓ નામદારની સગીર ઉંમર હોવાથી તાલુકા એજન્સીના મેનેજમેન્ટ નીચે થોડાં વર્ષ રહ્યો હતો.(૧૦)ઠા.શ્રી **નટવરસીંહજી** લાયક ઉંમરના થતાં ગાદીએ બિરાજ્યા, પરંતુ-તેઓશ્રીની જોઇએ તેવી શારીરીક તંદુરસ્તી નહોતી તેથી તેઓશ્રી તેજ વ્યાધીમાં થોડી મુદત રાજ્ય ભોગવી, વિ. સં. ૧૯૯૦ માં અપુત્ર દેવ થતાં તેમની ગાદીએ તેઓના પિતાશ્રીના સગા કાકાના દીકરા કુ.શ્રી ચંદ્રસિંહજી ગાદીએ આવ્યા એ વિદ્યમાન [૧૧] ઠા.શ્રી **ચંદ્રસિંહજી** સાહેબે યોગ્ય કેળવણી લઇ અને જામનગર સ્ટેટમાં થોડો વખત પોલીસડીપાર્ટમેન્ટમાં સરવીસ કરી. યોગ્ય અનુભવ મેળવેલ છે.—

ભાડવા તાલુકાની વંશાવળી

(૧) ઠા.કોરશ્રી હકાજી (ચંદ્રથી ૧૭૮મા શ્રાકૃ.થી ૧૧૨મા) વિ. સં. ૧૭૮૨

(૨) ઠા.શ્રી ખેંગારજી — અજુજી [અણીયાળી] — તમાચીજી [હડમતાલા]

(૩) ઠા.શ્રી નાંયાજી — રઘાભાઇ ઉર્ફે હરધોળજી [ખરેરા]

(૪) ઠા.શ્રી વનાજી — આતોજી [દેવળીયા]

(૫) ઠા.શ્રી દાદાજી — મોતીજી — સુજાજી

(૬) ઠા.શ્રી ભાવસિંહજી

(૭) ઠા.શ્રી માંધવસિંહજી

(૮) ઠા.શ્રી પ્રતાપસિંહજી — કાળુભા — શીવસિંહજી

(૯) ઠા.શ્રી ભાવસિંહજી (૧૧) ઠા.શ્રીચન્દ્રસિંહજી [વિદ્યમાન]

(૧૦) ઠા.શ્રી નટવરસિંહજી

શ્રી યદુવંશી—બીનઅખત્યારી તાલુકાઓનો ઇતિહાસ.

વેસ્ટર્ન કાઠીઆવાડ સ્ટેટ એજન્સી તાબે નીચે લખ્યા ગામોના તાલુકદારો યદુવંશીછે, **૧ શીશાંગ–ચાંદલી, ૨ વીરવા, ૩ ઢાંકસીઆળી, ૪ ભવા, ૫ ફોટડા–નાયાણીં, ૬ મુળીલા–ડેરી, ૭ ધ્રાફા, ૮ સાતુદડ,** તેમાનાં નાં. ૧ થી ૬ સુધીના લોધીકા થાણા તાબેછે. અને નાં. ૭–૮ ધ્રાફા થાણા તાબેછે, તેઓ તમામ યદુવંશી જાડેજા રાજપૂતો છે. તેઓમાંના કેટલાએકની હકીકત આ ઇતિહાસના પ્રથમ અને દ્વિતીયખંડમાં આવી ગઇછે, તો પણ તેઓશ્રી વાર્ષીક કેટલીક ખંડણી ભરેછે. અને તાલુકદારોનાં નામો વગેરે જાણવા માટે નીચેની હકીકત સને ૧૯૨૮ ના વે. ઇ. સ્ટેટ એજન્સીના અંગ્રેજી પુસ્તક ઉપરથી આપવામાં આવેલ છે.

તાલુકાના ગામનું નામ	નં.	તાલુકદારનું નામ.		બ્રીટીશ સરકારને ખંડણી રૂા. આ. પા.	જુનાગઢને જોરતલબીના રૂા. આ. પા.	કુલ રૂ. આ. પા.
૧ શીશાંગ ચાંદલી	૧	જાડેજા ગંગુભા નારસીંગ		૨૪૦-૦-૦	૭૫-૫-૪	૩૧૫-૫-૪
	૨	,, પ્રતાપસીંહજી પંચાણજી		૧૨૦-૦-૦	૩૭-૧૦-૮	૧૫૭-૧૦-૮
	૩	,, ભગવાનસીંગ બાપુભા		૧૨૦-૦-૦	૩૭-૧૦-૮	૧૫૭-૧૦-૮
	૪	,, દાનસીંગ ચંદ્રસીંગ		૧૮૦-૦-૦	૫૬-૮-૦	૨૩૬-૮-૦
	૫	,, તખતસીંગ કેસરીસીંગ		૬૦-૦-૦	૧૮-૧૩-૪	૭૮-૧૩-૪
૨ વીરવા						
૩ કાંકસીયાળી-	૧	,, રામસીંગ શીવુભા		૧૪૬-૦-૦	૪૪-૦-૦	૧૯૩-૦-૦
૪ મવા	૧	,, બાલુભા હરીસીંગ		૮૪-૦-૦	૨૭-૦-૦	૧૧૧-૦-૦
	૧	,, શીવુભા ડુંગરજી		૬૦-૦-૦	૧૬-૦-૦	૭૬-૦-૦
	૨	,, પથુભા ભગવતસીંગ		૩૦-૦-૦	૬-૮-૦	૩૬-૮-૦
	૩	,, માનસીંગ હરીસીંગ		૩૦-૦-૦	૬-૮-૦	૩૬-૮-૦
૫ કેટડા નાયાણી	૧	,, શીવસીંગજી હરીસીંગજી	ગાયકવાડને ખંડણી ભરે છે.	૧૪૩-૦-૬	૩૮-૪-૩	૧૮૧-૪-૯
	૨	,, કેસરીસીંગ પુંજાજી		૧૪૩-૦-૫	૩૮-૪-૩	૧૮૧-૪-૮
	૩	,, મુળુજી જેઠીજી		૧૪૩-૦-૫	૩૮-૪-૨	૧૮૧-૪-૭
	૪	,, પ્રતાપસીંગ જીવણસીંગ		૧૧૨-૧૪-૮	૩૦-૩-૪	૧૪૩-૨-૦
૬ મુળીલા ડેરી	૧	,, ખોડુભા વજેસીંગ		૪૨૬-૫-૪	૫૮-૫-૪	૪૮૪-૧૦-૮
	૨	,, જીજીભાઇ ગોરખજી		૨૧૩-૨-૮	૨૯-૨-૮	૨૪૨-૫-૪
	૩	,, ઉમેદસીંગ કાંયડજી		૨૧૩-૨-૮	૨૯-૨-૮	૨૪૨-૫-૪
	૪	,, રૂપસીંગ સતાભાઇ		૨૧૩-૨-૮	૨૯-૨-૮	૨૪૨-૫-૪
	૫	,, ખેંગારજી કાકાભાઇ		૨૧૩-૨-૮	૨૯-૨-૮	૨૪૨-૫-૪
૭ માફા	૧	,, ધનશ્યામસીંહજી સુજાભાઇ		૮૫૩-૩-૫	૨૬૮-૩-૪	૧૧૨૧-૬-૯
	૨	,, મેરજી ખીમાજી		૬૭૨-૪-૦	૨૧૧-૫-૩	૮૮૩-૯-૩
	૩	,, બાપુભા ઉમાભાઇ		૧૩૧-૧-૪	૪૧-૩-૪	૧૭૨-૪-૮
	૪	,, ગોવાંદસીંગ નથુભાઇ		૧૩૧-૧-૪	૪૧-૩-૪	૧૭૨-૪-૮
	૫	,, કરશનસીંગ સંકરસીંગ		૬૦૮-૧-૬	૧૬૧-૨-૬	૭૬૯-૪-૦
	૬	,, ધીરસીંગ કેશાજી		૪૩૦-૧૫-૨	૧૩૫-૧૭-૭	૫૬૬-૬-૯
	૭	,, મામતસીંગ હોથીભાઇ		૬૬૭-૭-૦	૨૦૬-૧૩-૦	૮૭૭-૪-૦
	૮	,, નાનભા કાળુભા		૧૧૩-૬-૭	૩૫-૧૦-૫	૧૪૬-૧-૦
	૯	,, મુળુભાઇ રામસીંગ		૬૮-૭-૮	૩૦-૧૫-૪	૧૨૬-૭-૦
૮ સાતુદડ	૧	,, હરીસીંગ રામસીંગ		૬૮૪-૧૧-૧	૨૧૫-૪-૧૧	૬૦૦-૦-૦
	૨	,, જેઠીભાઇ કાળુભાઇ		૨૬૦-૭-૦	૮૧-૧૪-૪	૩૪૨-૫-૪
	૩	,, સદાભાઇ ગગજીભાઇ		૨૬૦-૭-૦	૮૧-૧૪-૪	૩૪૨-૫-૪
	૪	,, મુળુભાઇ વજેસીંગ		૨૬૦-૬-૧૧	૮૧-૧૪-૫	૩૪૨-૫-૪

ઉપર મુજબ [૧] થી [૭] સુધીના ગામોના તાલુકદારો-**જામશ્રીરાવળજી**નાજ વંશજો છે. અને કચ્છ સ્ટેટ-[તાલુકા]માંથી ગીરાશ લઇ ઉતર્યા (જુદા પડયા) તે આપણે બંન્ને ખંડોમાં આગળ વાંચી ગયા—માત્રનાં-[૮] **સાતુદડના** તાલુકદારો-**જામશ્રીરાવળજી** ના વંશજો નથી પરંતુ તે પહેલાંના **જામશ્રી હરધમજી** કે જેઓ કચ્છમાં વિ. સં. ૧૫૬૮ થી ૧૫૮૫ સુધી ગાદીએ હતા. અને તેઓશ્રી ચંદ્રથી ૧૬૭ મા શ્રી. કૃ. થી ૧૧૨ મા અને જામનરપતથી ૩૦ મા જામ હતા તેઓશ્રીને છ કુમારો હતા. તેમાં પાટવી કુ.શ્રી હરધમળજી ગાદીએ આવ્યા. અને તેથી નાના **કુમારશ્રી કાનાજી**ના વંશજો કાના શાખાના રાજપુતો કહેવાયા—(જુવો પ્રથમખંડ પૃષ્ટ ૯૦) તેઓના વંશજો જ્યારે **જામશ્રી રાવળજી** હાલારમાં આવ્યા ત્યારે તેઓશ્રીની સાથે કચ્છમાંથી હાલાર ભુમિમાં આવ્યા હતા, એ કાનાશાખાના રાજપૂતોને કબજે હાલ નાં. ૮ નો સાતુદડ તાલુકો છે સાંભળવા પ્રમાણે જામશ્રી રાવળજી સાથે **કાનાશ્રી-ગજણજી-રણમલજી** અને કરણજી નામના ત્રણે બંધુઓ હાલારમાં ઉતર્યા તેમાંના રણમલજીએ રોધેલ સર કર્યું, અને ગજણજી તથા કરણજી ડેરાવાળી છીકારી સર કરી ત્યાં રહ્યા, ગજણજીના પુત્ર વેરાજી થયા તેમણે વાવડી-સાતુદડ સર કર્યું.—તે એવી રીતે કે સાતુદડમાં તે વખતે ખોખરા શાખાના કાઠી અને પઢીઆર શાખાના રજપૂતનું રાજ્ય હતું. તેઓ બન્નેને અણબનાવ થતાં પઢીઆર રાજપૂતોની મદદમાં વેરોજી ગયા, અને કાઠીઓને મારીને તેનો હીસો પોતે મહેનતના બદલામાં લીધો. પરંતુ કેટલેએક વરસે પઢીઆરો નબળા પડતાં તેને પણ હટાડી-સાતુદડનો ૧૨ ગામનો તાલુકો વેરાજીએ કબજે કર્યો—તે બાર ગામમાં ત્રણ ટીંબાઓ ઉજજડ છે અને હાલ ૯ ટીંબાઓ વસે છે અને તેમાં તેઓના વંશજો રહે છે.—

૧ સાતુદડ, ૨ વાવડી ૩ રાજપરા ૪ પીપળીઉં (એ ચાર ગામો ઓજન્સીની હકુમત તળે છે.) ૫, કાનાવડાળા ૬, પીપળીઉં ૭, મેઘાવડ ૮, ધોરડી ૯, પીપરડી (એ પાંચગામો જામનગર સ્ટેટની હકુમત તળે છે.) મળી નવ ગામોમાં તેમના વંશજો છે, દંતકથા છે કે વેરાજી બેટમાં મલજી સોઢાને ત્યાં પરણ્યા હતા. તેમનાં સ્ત્રીનું નામ **રાણબા** હતું, તેમને **શ્રી કલ્યાણજી** ઉપર ઘણુંજ ધષ્ટ હતું. બેટમાં દરરોજ તે કલ્યાણરાયજીની મુર્તિની શોડષોપચારે પુજન વીધી કરતાં જ્યારે સાસરે જવા પ્રયાણ કર્યું. ત્યારે કલ્યાણજીની મુર્તિ તેમની રજા લઇ વેલમાં સાથે લાવ્યાં, સવારે ગુગળી (પુજારી બાબણો)ને ખબર થતાં તેઓ વેલ પાછળ આવ્યા, તેથી બાઇ ગભરાણાં પરંતુ મુર્તિમાંથી અવાજ થયો કે "ગભરાઓ નહિં મારા વજન પ્રમાણે તેઓને સોનું આપજો તેથી તે સોનુ લઇ પાછા જશે," ગુગળીએ આવી મુર્તિ ઉપાડી તેમાં અણતોલ ભાર જણાવાથી ઉપડી નહીં તેથી બાઇએ મુર્તિ ભારોભાર સોનું અપાવા કહ્યું તેણે રાજી થઈ, હા કહેતાં મુર્તિ તોળી, બાઇએ તો પોતાના તમામ આભૂષણો મુર્તિના સામા છાબડામાં મેલ્યાં પણ સુવર્ણનું વજન વધુ થતાં અકેક ધરેણું છાબડામાંથી લેવા લાગ્યાં. છેવટ નાકમાં પહેરવાની એક નથ બાકી રહેતાં તેના વજન પ્રમાણે મુર્તિવાળું છાબડું બરોબર થતાં તે નથ ગુગળીને આપી વિદાય કર્યા. અને બાઇ મુર્તિ લઇ સાતુદડ આવ્યાં અને ત્યાં દેરૂં ચણાવરાવી તેમાં તે મુર્તિની પ્રતિષ્ઠા કરી, જે

હાલ મોજુદ છે અને ખરા અંતઃકરણના શુદ્ધભાવથી સેવા કરનારને તેની શ્રધ્ધા પ્રમાણે તે મુર્તિ ફળ આપેછે. તેવા ઘણા દૃષ્ટાંતો સાંભળેલાં છે.—કાનાજીના વંશજોના નામોની વંશાવળી નીચે આપી છે. અને જે ગામમાં ગીરાસ મળ્યો તે પણ તેમાં દરસાવેલું છે, વેરાજી પછીના આઠમા પુરૂષ કેસરજીએ વિ. સં. ૧૯૧૩ માં છઠ્ઠા ક્લાસનો અખત્યાર મેળવ્યો હતો અને વિ. સં. ૧૯૧૯ માં શાહી દરબારમાં ખુરસીની બેઠક પણ મેળવેલ હતી. તેઓ વિ.સં. ૧૯૨૯ માં સ્વર્ગે ગયા તે પછી બે વર્ષે વિ. સં. ૧૯૩૧ માં તે હક કેટલાંએક કારણથી ગયો હતો, એ કાનાશ્રી વેરાજીના પૌત્ર તમાચીજી સાતુદડમાં રહ્યા હતા તેનાથી પાંચમા પુરૂષ ગગજીભી થયા, તેઓશ્રી કલ્યાણજીના અનન્ય ભક્ત હતા. તેને સંધીઓના સાથે ધીંગાણું થયેલ તે વખતે "કલ્યાણરાયજી"એ પોતાની મુર્તિનો પ્રભાવ જણાવી પોતાના ભક્તની મદદ કરી હતી તે ગગજીભીના **સદાભી** થયા અને તેમના **કુ.શ્રી રૂપસીંગજી** સાહેબ મહુંમ **જામશ્રી સર. રણજીતસિંહજી** સાહેબના એ.ડી.સી.અને રયાસત ઓફીસરની ઉમદી જગ્યાએ દાખલ થયા હતા તે અત્યારે પણ **જામશ્રી ૭ દિગ્વિજયસિંહજી** સાહેબ બહાદુરની મહેરબાનીથી તેજ હુદા ઉપર કાયમ છે.—એવી રીતે તેઓશ્રી લગભગ ૨૫ થી ૨૭ વર્ષ થયાં જામનગર સજ્યની યથા યોગ્ય સેવા બજાવી રહ્યાછે. અને તેમની રાજ્યકાર્ય કુશળતા એ તેઓશ્રી હાલ સજ્યકુટુંબનો સંપુર્ણ પ્રેમ અને ચાહ મેળવી રહ્યાછે.—

ઉપર મુજબ આ ઇતિહાસના પ્રથમ અને દ્વિતીયખંડમાં ૨૧મા જામશ્રી રાયધણજીના પાટવી કુમારશ્રી જજીયાજીનો વંશ અત્યાર સુધીનો વિસ્તાર પુર્વક કહેવામાં આવ્યો.—હવે તેઓશ્રીના સહુથી નાનાકુમારશ્રી ઓઢાજી-કે જેઓને માતંગદેવના કહેવાથી, જામ-રાયધણજી એ કચ્છ દેશની રાજ્ય ગાદી આપી હતી, (જુવો પ્રથમખંડ પૃષ્ઠ ૭૬) એથી હવે પછીની કળામાં જામશ્રી ઓઢાજીનો વંશ વિસ્તાર-(કચ્છ ભુજ-મોરબી-માળીઆ-નો ઇતિહાસ) કહેવામાં આવશે.


કાનાશાખા, તાલુકે સાતુદડ-વાવડીની વંશાવળી

જામશ્રીહરધોળજી (કચ્છ) } તેઓશ્રીને પાંચ કુમારો હતા. તેમાનાં
ચં.૧૬૭ શ્રીકૃ. ૧૧૨ } બીજા કુ. કાનાજીના કાના રજપુત કહેવાયા

કુ.શ્રી કાનાજી [કાના રજપુત કહેવાયા]

વજાજી તેઓના ત્રણે કુમારો જામશ્રી રાવળજી સાથે હાલારમાં આવ્યા.

*



ઇતિશ્રી ગજણ વંશનો ઇતિહાસ સમાપ્તઃ

(ઇતિશ્રી ષષ્ઠીકળા સમાપ્તઃ)

શ્રી સપ્તમી કળા પ્રારંભઃ

શ્રી કચ્છ (ભુજ) સ્ટેટનો ઈતિહાસ.

સરહદઃ—પૂર્વે અને ઉત્તરે 'રણ' અથવા સુકાયેલો સમુદ્ર પશ્ચિમે અરબી સમુદ્ર અને સિંધુમુખ, દક્ષિણે-કચ્છી અખાત અને હિંદી મહાસાગર તે ૨૨ તથા ૨૪ અક્ષાંસ અને ૬૮ તથા ૭૫ રેખાંસ વચ્ચે આવેલ છે. તેનો વિસ્તાર પૂર્વ પશ્ચિમ ૧૬૦ માઇલ અને ઉત્તર દક્ષિણ, ૩૫ થી ૭૦ માઇલ છે. આ રાજ્યનું ક્ષેત્રફળ આશરે ૭૬૧૬ ચો.માઇલ છે. અને ૬૦૦૦ સ્કવેર માઇલ રણ છે. **વસ્તી** સને ૧૯૨૧ ની ગણત્રી મુજબ ૪,૮૪,૫૪૭, માણસોની છે. તેમાં ૬૦ ટકા હિંદુ છે. અને બાકી મુસલમાન જૈન વગેરે બીજી જાતીનીછે. **ઉપજઃ**—દરવર્ષની સરેરાસ વાર્ષીક ઉપજ રૂા. ૨૩ લાખની છે અને ખર્ચ ૧૯ લાખનું છે. બ્રિટીશ સરકારને વાર્ષીક ખંડણીના રૂા. ૮૮૦૦૦ આ સ્ટેટ ભરે છે, તેમજ ૨૭ જાગીરો, પોતાના તાબામાં (ખંડીઆ) હોઇ તેઓ કચ્છને ખંડણી ભરેછે. **બંદરો**—માંડવી મુદ્રા જખૌ તુણા અને કંડલા છે.—**ઉદ્યોગ**—આશાપુરી ધુપ અને મીઠું કચ્છમાં પુષ્કળ પાકેછે.—**ચાંદી સોનાનાં મીનાકારી કામો ઘણુજ ચિત્ત-આકર્ષક** થાયછે. તેમજ તલવાર, બંદુક આદી હથીઆરો સારા બનેછે.—**રેલ્વે** કંડલા બંદરથી ભુજ તથા ભચઉ સુધી (નરોગેજ) ચાલેછે. તે સિવાય માંડવી, અંજાર, મુંદ્રા, તુણા વગેરે રસ્તે પાકી સડકો છે. આ રાજ્ય ફર્સ્ટકલાસ સ્ટેટ હોઇ સંપુર્ણ અધિકાર ભોગવે છે. પાટવી કુમાર ગાદીએ આવવાનો રીવાજ છે, કાઠી-આવાડના બીજા સ્ટેટો માફક આ સ્ટેટને પણ શાહી સત્તા સાથે કોલકરારો થયા છે.

— પ્રાચિન ઇતિહાસ; —

આજથી હજારો વર્ષપુર્વે મહાન ધરતી કંપના આંચકાથી સમુદ્રના પેટમાંથી જમીનનો એક ટુકડો પાણીની સપાટી પર 'બેટ' સ્વરૂપે બહાર નીકળી આવ્યો, જેવું ભૂગર્ભશાસ્ત્રીઓનું માનવું છે, એ પ્રદેશનો આકાર લાંબા વાંકા તુંબડા જેવો કે કાચબા જેવો છે. તે ઉપરથી (સંસ્કૃત ભાષામાં કાચબાને કચ્છ કહે છે) એ દેશનું નામ કચ્છપડયું હોય તેવું પુરાણોનું માનવું છે—તે પ્રદેશ પ્રાચિન કાળનો છે, તેમ શ્રી ભાગવત અને મત્સ્ય પુરાણમાં લંબાણથી વર્ણન કરેલ છે,—ભારતવર્ષના ચાર પુરાતન મહા-સરોવરોનું વર્ણન પુરાણોમાં છે. હિમાલય પર્વતની ઉપર (૧) **માન-સરોવર** પશ્ચિમે કચ્છ દેશમાં સિંધુસાગર પાસે (૨) **નારાયણ-સરોવર**, દક્ષિણે (૩) **પંપા-સરોવર**, અને મધ્યે સિદ્ધપુર પાસે (૪) **બિંદુ-સરોવર**, એ ચાર મહા-સરોવરો પૈકી નાં. (૨) **નારાયણ-સરોવર** કચ્છ દેશની પશ્ચિમે લખપત તાલુકાની વાંયખુણે આવેલું છે તે સરોવરનો વિસ્તાર પૂર્વકાળમાં ચાર યોજન હોવાનું પુરાણોમાં લખેલ છે. તેમજ મહા, નારદ સનકાદિક યોગેશ્વરો, કપિલ મરિચી આદી મહર્ષિઓ, એ પુણ્યભૂમિ પર આશ્રમ બાંધી રહેતા, અને મુમુક્ષુઓને ઉપદેશ આપતા તેમ શ્રી. ભા, ના ષષ્ઠ સ્કંધના પાંચમાં અધ્યાયમાં ઉલ્લેખ છે.—એ નારાયણ સરોવરથી અર્ધકોષને અંતરે **શ્રી કોટેશ્વર** મહાદેવનું તીર્થધામ ઘણા પ્રાચીન કાળથી પ્રસિદ્ધ છે. તેવીશે પુરાણોમાં કથા છે કે-લંકાપતિ રાવણે કૈલાસમાં તપશ્ચર્યા કરી. અજર અમર રહેવા વરદાન

માગ્યું ત્યારે મહાદેવે પ્રસન્ન થઇ. એક **લીંગ** આપી વરદાન આપ્યું કે "લંકામાં એ લીંગની સ્થાપના કરી નીરંતર પુજન કરીશ તો અજર અમર રહીશ પણ માર્ગમાં તેને કયાંયે મુકીસ તો તે ત્યાંજ રહેશે" એથી એ લીંગ હાથમાં લઇ રાવણ લંકા જવા કચ્છમાંથી પાછો ફર્યો એ વખતે દેવતાઓને એ વાતની ખબર થતાં રાવણ પાસેથી તે લીંગ નીચું છોડાવવા ભેળા થયા. બ્રહ્માજી ગાયનું સ્વરૂપ ધારણ કરી રસ્તે કાદવવાળા એક ખાડામાં પડયા, અને દેવતાઓ તપસ્વીનાં રૂપ લઇ ગાયમાતાને ખાડામાંથી બહાર કાઢવા સારૂ દોરડાંઓ લઇ ખેંચવા લાગ્યા. તેટલામાં રાવણે તે લીંગ હાથમાં લઇ રસ્તે નીકળતાં દેવોએ તેની સહાય માગી. તેથી રાવણ એક હાથમાં લીંગ રાખી બીજા હાથથી દોરડું ખેંચવા લાગ્યો, પણ ગાય બહાર નીકળી નહિં. તેથી તે ગોરક્ષાના તાનમાં ભાન ભુલી 'લીંગ' ને પૃથ્વીપર મુકી બે હાથે દોરડું ખેંચી ગાયને કાદવમાંથી બહાર કાઢી લીંગ હાથમાં લેવા જાય તેટલામાં તો લીંગ જ્યાં મેલ્યું હતું ત્યાં તેવાં કોટી લીંગો થઇ ગયાં, પોતાને મળેલું લીંગ કયું? તે રાવણે શોધ્યું પણ વર્દાન પ્રમાણે તે લીંગ ત્યાંજ રહ્યું એટલે રાવણ નીરાશ થઇ લંકા ગયો અને ત્યાં થયેલાં કોટી લીંગ પરથી 'કોટેશ્વર' નામ કહેવાયું અને તે લીંગની બ્રહ્માદી દેવોએ ત્યાં વીધી પુર્વક સ્થાપના કરી કચ્છ દેશને ગુરૂ દત્તાત્રય, શ્રી કૃષ્ણ પરમાત્મા, પાંડવો મહાવીર, (જૈનના છેલ્લા તિર્થંકર) બુદ્ધ, આદ્ય શંકરાચાર્ય, શ્રી વલ્લભાચાર્ય, અને શ્રી સહજાનંદ સ્વામી, (સ્વામીનારાયણ) વગેરે ઇશ્વરાવતારોએ પધારી પોતાના પુનીત પગલાંઓથી પવીત્ર કરેલ છે; આશાપુરા માતા જાડેજા રાજપુતોની કુળદેવી છે. તેનું પુરાતની મંદીર માતાના મઢના નામથી ઓળખાય છે. તે ઘણું પ્રાચીન છે અને સ્કંધપુરાણમાં તેનું વિસ્તાર પૂર્વક વર્ણન છે.

કચ્છનાં નાનાં મોટાં કુલ ગામો એક હજારને આશરે છે તેના રાજકીય આઠ વીભાગો છે (૧) અબડાસો (૨) અંજાર (૩) ભચાઉ (૪) ભુજ (૫) લખપત (૬) માંડવી (૭) મુંદ્રા (૮) રાપર—કચ્છ દેશના નીચેના જાગીરદારો કચ્છ રાજ્યને ખંડણી ભરે છે અને નીચે લખ્યા ગામોની જાગીરો તેઓ ભોગવે છે તેમાં **તેરા**ની જાગીર સહુથી મોટી છે.

કોહારા. રોહા, સુથરી, વીંજાણ, સંધાન. નાગરેચા, મોથાલા, કોટડી, જાડોદર, ચીઆસર, **કેરા** ગન્ડેડ, મોટા અસામડીઆ, રતાડીઆ, મોટી મૌ, મોટી ખાખર, પત્રી, ફેરાડી, વાંધીઆ, ચીત્રોડ, લાકડીઆ પલાંસવા, આડેસર, સનવા, ગેડી, ભેલા, ચીરાઇ, કુંભારડી, લોદરાણી, જતવાડા,

ધર્માદા જાગીરો:—મધના કાપડી રાજા, ધીણોધરના પીર, માણકુવાના કાન ફટા, નારાયણ સરોવરના બ્રહ્મચારી, ભુજ મોટી પોશાળના ગોરજી, ભુજ નાની પોશાળના ગોરજી, ભુજ દ્વારકાં મંદીરના અધીકારી, કોટેશ્વરના પીર, બળધીયાના અયામ,

તે ઉપરાંત **ચારણો**ની પણ કોટલીએક (ખેરાતી) જાગીરો છે, કચ્છ સ્ટેટ પોતાની ટંકશાળમાં 'કોરી'ના સિક્કાઓ પાડી પોતાના પ્રદેશમાં ચલાવે છે. તે 'કોરી 'રાસાઇ કોરી'ના નામે પ્રસીદ્ધ છે—કચ્છનો બાકીનો પ્રાચીન ઇતિહાસ પ્રથમ ખંડમાં કોટલોકેક આવી ગયો છે

તેથી ચંદ્રથી ૧૫૮મા શ્રી કૃષ્ણથી ૧૦૬મા અને જામનરપતથી ૨૧મા જામશ્રી રાયધણજી થયા તેને **માતંગદેવની** આજ્ઞાથી પોતાના નાના કુમારશ્રી **ઓઢાજી**ને જામ પદવી આપી **લાખીયાર વીરા**ની ગાદીએ બેસાર્યા હતા. ત્યાં સુધીની એ વાત પ્રથમ ખંડની છઠ્ઠી કળામાં આવી ગઇ છે. તેથી હવે **જામ ઓઢાથી** કચ્છ દેશનો ઇતિહાસ કહેવામાં આવશે.

(૧) જામ ઓઠો (વિ.સં. ૧૨૭૧ થી ૧૩૧૧ચંદ્રથી ૧૫૬ શ્રીકૃ થી ૧૦૪)

લાખીયાર વીરાની ગાદીએ જામ ઓઠો આવ્યા પછી પોતાના બીજા ભાઇઓ સો સોના ગરાસમાં ગયા, ગજણજીને બે કુંવરો હતા, લાખોજી અને જેહોજી. ઉર્ફે જીયોજી, લાખાજીએ જેહાજીને કાંઇપણ ગરાસ નહિં આપતાં તે રીંસાઇને જામ ઓઠાજી આગળ લાખીયાર વીરે આવીને રહ્યા. ત્યાં તેને **અબડા** અને **મોડ** નામના બે પુત્રો થયા. લાખાજીએ પોતાના નામ ઉપરથી કરછમાં પોતાને મળેલા પ્રદેશને હાલાર નામથી પ્રસિદ્ધ કરી ત્યાંના બારા ગામમાં રાજધાની સ્થાપી એ હકીકત પ્રથમખંડની છઠ્ઠી કળામાં આવી ગઇ છે.

જામ ઓઠો ૪૦ વર્ષ રાજ્ય કરી પોતાનાં પાછળ ઘાઓજી ઉર્ફે ગાહોજી, ધલજી અને ખાજીને મૂકી વિ- સં, ૧૩૧૧માં દેવ થયા.

(૨) જામ ઘાઓજી ઉર્ફે ગાહોજી (વિ,સં.૧૩૧૧થી ૧૩૪૧ સુધી)

તે લાખીયાર વીરાની ગાદીએ આવ્યા પછી ગજણજીના કુંવર લાખાજીએ જત લોકોને આશરો આપી જામ ગાહાજીને નિરંતર કનડવા લાગ્યા. પરંતુ લાખાજીના ભાઇ જેહાજીના કુંવરો અબડા અને મોડની સહાયતાથી લાખાજી ફાવા શકયા નહિં. જામ ઘાઓજીના વખતમાં વિ. સં. ૧૩૫૨માં ભયંકર દુષ્કાળ પડયો. અને તે કચ્છ કાઠીઆવાડમાં " પનરોતરા " નામે પ્રસિધ્ધ થયો. એ વખતે કચ્છમાં રહેતા ધનાઢય ગૃહસ્થ **જગડુશા**એ એ દુષ્કાળમાં કચ્છી પ્રજાને અન્ન વસ્ત્રની ઘણીજ મદદ આપી હતી એટલુંજ નહિ પરંતુ કાઠીયાવાડમાં પણ કેટલાંક તળાવો, વાવો અને મંદિરો બંધાવી દુષ્કાળથી પીડાતી પ્રજાને બચાવી દેશની આબાદી જાળવી હતી. કચ્છમાં આવેલા ભદ્રેશ્વર બંદરને વાવેલા રજપુતો આગળથી **જગડુશાહે** વોરાવટમાં કબજે કરી મહાવીરજીના દહેરાનો જીર્ણોદ્ધાર કર્યો. અને તેની આસપાસ બીજા ૫૦ દહેરાંઓ ચણાવ્યાં, કચ્છમાં નેમી માધવ, કુનડીઆમાં હરિશંકર કાઠિયાવાડમાં (વવાણીઆમાં) વીરનાથ અને ઢાંકમાં મહીનાં મંદીરો ચણાવ્યાં તેમજ કાઠીયાવાડમાં આવેલા મિયાણી (મીનલપુર) બંદર પાસે ટેકરા ડુંગર પર બીરાજેલાં હરસિધ્ધ માતા (ગાંધવી માતા)ની દૃષ્ટિથી સમુદ્રનાં વહાણો ગારત થતાં અટકાવવા માતાજીને પ્રસન્ન કરી તે પર્વતથી નીચે લાવી તળેટીમાં તેનું ભવ્ય મંદિર બંધાવી આપ્યું તેમજ ધર્મશાળાઓ પાણીનાં પરબો, અન્નક્ષેત્રો બંધાવી આવાં અનેક કાર્યો જગપ્રસિધ્ધ ÷**જગડુશાએ** કર્યાં હતાં.

÷કેટલાક ઇતિહાસકારો એ જગડુશાહ વિક્રમના સોળમા સૈકામાં થયો હતો, તેમ લેખ છે.

જામ ધાંધાજીને છ કુંવરો થયા હતા. તેમાં (૧)વેહણજીને રાજગાદીએ બેસાડયા અને (૨) ખનેરને બાડી વિગેરે ગામ (૩) વાસણજીને લોંડી તથા બાંડીયો વિગેરે, (૪) જુદાને ઉમૈયું ખટાઉ જીણ્યા ધુરી (૫) લાજડજીને લોવીયું અને (૬) આમરજીને બાડી વિગેરે ગામો ગીરાસમાં આપી વિ, સં. ૧૩૪૧માં જામ ધાંધોજી સ્વર્ગે સીધાવ્યા.

(૩) જામ વેહણજી (વિ. સં. ૧૩૪૧થી ૧૩૭૭)

આ વખતે પોયણીની સરહદ બાબત ગજણજીના પૌત્ર રાયધણજી સાથે તકરાર ચાલતી હતી. તેમજ લાખીયાર વીયરે રહેતા અબડા તથા મોડને પોતાના જાણી રાયધણજીએ સમાધાની કરી તેને ગીરાસ આપ્યો તેથી અબડા તથા મોડે લાખીયાર વીયરો છોડયા પછી જામ વહેણજીને ત્યાં ગાદી રાખવી સહી સલામત નહિ લાગતાં હળવદમાં રાજધાની સ્થાપી રાયધણજી વરતીને હેરાન કરવા લાગ્યા પાછળથી બંને વચ્ચે સુલેહ થઇ અને છ એક માસ વીત્યે જામ વેહણજી ગુજરી જતાં તેના પુત્ર મૂળવાજીને ગાદી મળી. [વિ. સં. ૧૩૭૭]

[૪] જામ મૂળવાજી (વિ, સં. ૧૩૭૭થી ૧૪૦૩)

મૂળવાજી શરીરે ઘણાજ નબળા અને અશક્ત હતા તેમજ તેના કાંડા સુધીના બંને હાથો કોઇ પણ જાતના વાના દરદથી પીડાતાં હથિયાર પકડી શકતા નહિ તેથી તેની નબળાઇનો લાભ લેવા **ગજણજીના** વંશમાં **જામ હરપાળ** થયા તે કાઠી, ખોરીચા અને જતની સહાયતાથી હળવદ ઉપર અવારનવાર આક્રમણ કરવા લાગ્યા. આ વખતે માતંગદેવના વંશમાં **મામૈ** નામના **માતંગદેવ** જુનાગઢથી આવતાં જામ મૂળવાજીએ પોતાનો રોગ કાઢવા યાચના કરી, તે દેવને દયા આવતાં દૈવી મદદથી તેને આરામ કર્યો અને હરપાળને હરાવી જત લોકોનો પરાજય કર્યો તેમજ કાઠી તથા ઉમી વાધેલો તેનો નાયક હતો તેને પણ હરાવી કાઢયો,

—:મામૈયા માતંગ વિષેની હકીકત:—

માતંગના વંશમાં તેરમી પેઢીએ એક "**મામૈ**" નામનો મહાન પ્રતાપી ભવિષ્ય વેત્તા જન્મ્યો હતો, તે મામૈ જુનગઢના રાજા ખેંગે ચોપાટ રમતો હતો તેટલામાં તેનું અંગ એકાએક થડકા જતાં (કમકમાટી આવતાં) તે બોલ્યો કે મને મારનારો પેદા થઇ ચૂકયો છે. તેથી હું હવે તેના પાસે જઇશ " એમ કહી રા'ને છેલ્લા રામ રામ કરી જેઠવાઓના રાજમાં (ધુમલીમાં) આવી તેના રાજાને કહ્યું કે " તારી ધુમલીનો નાશ જામ ઉનડનો દીકરો બાંભણીઓ કરશે" એમ કહી કેટલુંક જેઠવાઓનું ભવિષ્ય ભાખ્યું.

ત્યાંથી ચાલતાં તે અબડા અણભંગ આગળ આવ્યો. અબડો તેને દેવ તરીકે માનતો. તેથી તેની પાસે રહેતા એક લંધાએ મામૈયા માતંગની પરીક્ષા કરવા બિલાડાનું માંસ રાંધી દેવને પીરસ્યું આ હકીકત અબડો જાણતો હોવા છતાં તેની કરામત જોવા તેણે કાંઇ લંધાને

કહ્યું નહિ, જમતી વખતે બિલાડાનું માંસ નજરે જોતાંજ **મામૈદેવે** પાણીની અંજલી મંત્ર ભણીને છાંટતાં બિલાડો સજીવન બની ચાલતો થયો. અને દેવે ગુસ્સે થઇ અજડાને કહ્યું કે " આવા નીચ લંધાની સોબતથી તેં મારૂં અપમાન કર્યું છે. માટે તને શ્રાપ આપું છું કે " તું હવે થોડાજ વખતમાં તારા હાથથીજ તારા કુંટુંબનો નાશ કરીશ અને તારૂં મૃત્યુ મુસલમાનના હાથથી થશે એટલુંજ નહિ પણ તું મૃત્યુ વખતે મુસલમાન થઇશ"

ત્યાંથી ચાલી મામૈયા માતંગદેવ હમાઇમાં જામ મૂળવાજી આગળ આવ્યા, **જામ મૂળવાજીએ** પોતાના દેવ જાણીને ઘણીજ આગતા સ્વાગતા કરી અને તેનું મન-રાજી થતાં પોતાનો રોગ મટાડવા અરજ કરી મામૈ દેવે તેને કહ્યું કે એક પાડો લઇ **ત્રેજળે** ચાલ (ત્રેજળ ભૂજથી ૫શ્ચાન કોણમાં છે. ત્યાં માતાજીનું સ્થાન છે. તેમજ ત્યાં ત્રણ જળના ઝાડ અને એક ઓટો છે) ત્યાં દેવ વગેરે સૌ ગયા. અને ગોવાળ એક પાડો હાંકી આવ્યો તેની સાથે એક નાનું પાડું પણ આવ્યું તેને પાછું હાંકી કાઢવા ગોવાળે ઘણી ઘણી મહેનત કરી, પણ તે ગયું નહિ. તેથી મામૈ દેવે કહ્યું કે " આ પાડું જતું નથી માટે ભવિષ્ય એમ લાગે છે કે દરેક રાજાના વખતમાં કંઇકને કંઇક અણધારી અડચણો ચાલી આવશે. પણ બહેતર છે. હવે જામ મૂળવાજી પોતાના હાથથી બેઉના બલિદાન માતાજીને આપે. " એમ કહી મામૈદેવે ખાંડું (તરવાર) મુળવાજીના હાથમાં આપ્યું મૂળવાજીએ ખાંડુ ઉપાડયું કે તુરતજ તેના બંને હાથોમાંથી 'વા' જતો રહ્યો અને જકડાઇ ગયેલા હાથો છુટ્ટા થયા તેથી પોતાને હાથેજ બલિદાન દીધું. થોડો વખત ગયા પછી મૂળવાજી તંદુરસ્ત થતાં મામૈદેવને સાથે લઇ કાઠીઓ તથા જતો ઉપર ચઢી ગયા, ત્યાંથી પાછા વળતાં રસ્તામાં લશ્કરને પાણીની તરશ લાગી. આસપાસ કયાંયે પાણી મળ્યું નહિં. ગ્રીષ્મ ઋતુના તાપમાં સહુ અકળાય ગયા. એટલામાં એક શ્રદ્ધાવાળો રાજપુત બોલ્યો કે "દેવ સાથે છે શું ફિકર છે?" ત્યારે બીજો કોઇ દેવની મશ્કરી કરવા બોલ્યો કે " દેવ મુતરે તો પાણી મળે બાકી આસપાસ તો કયાંય પાણી છે નહિ. " આ વાત મામૈદેવને કાને પડતાં તે પેશાબ કરવા બેઠા અને તેથી એક મોટો ' ધ્રો ' થઇ ગયો જેને હજુ લોકો " ધંદ્રિ ધ્રો " કહે છે. એ ધ્રો કચ્છમાં આવેલા કંડ પરગણામાં છે. ને પેશાબના જેવી હજુ દુર્ગંધ મારે છે.

મામૈદેવ જામ મુળવાજીની રજા લઈ પોતાને મારનાર **જામ નંદો નગર સમે** (નગર ઠઠ્ઠા)માં **જામ જાદાના** ધાયાજીના વંશમાં જન્મ્યો હતો ત્યાં ગયા. જામ નંદે પણ પોતાનો દેવ જાણી તેનો ઘણોજ આદર સત્કાર કર્યો. ત્યાં કેટલાંએક વર્ષો વિત્યા પછી એક ખવાસે જામ નંદાને કહ્યું કે "તમારો દેવ બહુજ કરામત વાળો છે માટે જો કહો તો આપને કાંઈ પણ કરામત બતાવે " એ સાંભળીને જામ નંદાએ દેવ આગળ કાંઈક તમાસો બતાવવાની માગણી કરી તેથી મામૈ દેવે પોતાના પગ લાંબા કરી કહ્યું કે " તું મારા પગ પર તારા પગ રાખી ઉભો રહે " જામ નંદો તેમ ઉભો અને જુએ છેતો " પોતે દીલ્હીના બાદશાહી જનાનખાનામાં ગયો છે ત્યાં બાદશાહની હુરમો એક હોજમાં નગ્ન થઇ જલક્રીડા કરે છે, તેઓની નજરે પોતે ચડતાં હુરમો તેનાપર આશક થતાં ત્યાં તેણે તેની સાથે ક્રીડા કરી આનંદ વૈભવ માણ્યો. " એટલું જોયું અને અનુભવ્યું ત્યાં મામૈદેવે તેને પોતાના

ઘનપરથી ઉતારી મૂકયો. જામનંદો આ તમાસાથી અજબ થયો. પરંતુ તેનો ઉંધો અર્થ લીધો કે " આજે જેમ મને બાદશાહનું જનાનખાનું બતાવ્યું તેમ કાલે કોઇ બીજાને મારું જનાનખાનું બતાવે તેમાં શંકા નહિં. માટે આવા પુરૂષને જીવતો રાખવો એ લાજીમ નથી " એમ ધારીને મામૈનું માથું તલવારને એકજ ઝાટકે કાપી નાખ્યું. તુરતજ મામૈને ધડે માથું પોતાના હાથમાં ઝીલી લઇ ચાલવા માંડયું અને જામ નંદાને કહ્યું કે " તું મારી પાછળ મુત્સદ્દી (લહીઆ ને મોકલ તેઓ હું જે ભવિષ્ય કહું તે લખતા જાય " તેથી જામનંદાએ તે પાછળ મુત્સદ્દીઓને મોકલ્યા, ને **મામૈદેવનું** માથું નીચેના દુહાઓ બોલતું ચાલ્યું અને મુત્સદ્દીઓ તે લખવા લાગ્યા.:—

।। મામૈ માતંગનું—કચ્છીભાષામાં ભવિષ્ય કથન ।।

દુહા:-જંધરીએ જંધર થીંદા, હવે થિંદા અંગાર ।
ત્રેંજાળ પાડો ન ચડંધો, તડે છુટંદી કચ્છ તરાર ॥ ૧ ॥

અર્થ:—જંધરીયા ડુંગરમાં ધંટીઓ અને હબાયના ડુંગરમાં કોયલાઓ નીકળશે ત્યારે કચ્છની તલવાર જશે, [થવાનું છે.]

કાંયો કુડધર ને મુરવો, રાય થીંદો રો'।
ખાખડ થીંદો કચ્છડો, જાડે જે મુલા ॥ ૨ ॥

અર્થ:—કાંયોજી (કોઠારાનો) કુડધરજી (સાંધણુ) મૂળવોજી (આડેસર) અને રાયધણજી નામે રા' થશે ત્યારે જાડેજાઓને હાથ કચ્છમાં ડોળ થશે. (રા. શ્રી, રાયધણજીના વખતમાં થઇ ગયું.)

ઢાલ પીનંદી તરારાં પીનંદી, પીનંદી કટારી ।
જાચક પીનણ છડીંદા, જડેં થીંદીં લુરેંજી વારી ॥ ૩ ॥

અર્થ:—તરકટાઇનો વખત આવશે. જાચક જાચવું છોડી દેશે, અને ઢાલ તરવાર, કટારી ભીખ માગશે, (વખત આવી ચૂકયો છે.)

લૂર જગંધા લોકમેં, ખોટા મડંધા ખત્ત ।
મો ન ડીંધા મંગણે, લાયે પરીયે પત્ત, ॥ ૪ ॥

અર્થ:—લોકોમાં તરકટ જાગશે ખોટાં ખત્તો મંડાશે અને પોતાના પૂર્વજોના પરીયા વાંચનારને માન આપશે નહિં. (હાલ તે સમય ચાલે છે.)

જેડો થીંદો ઝીકડી, તિત મીલંદા મે ।
હવે કણી પતંગ જી, શામકે લગંધી ખે ॥ ૫ ॥

અર્થ:—ઝીકડી પાસે યુદ્ધ થશે. ત્યાં મીયાણાઓ ભેળા થશે. અને હબામાં આગ લાગશે. તેની ધુંખળ (ધુંવો) શામ જખ ઉપર લાગશે (સં. ૧૮૮૧માં યુદ્ધ થઇ ગયું.)

ઉકરડે તેં ડીયા બરંધા, મુંધા થીંદા મીં ।
પરજા રાજા સામી થીંદી, ઘડા અચીંદા ડીં ॥ ૬ ॥

અર્થ:—ઉકરડા ઉપર દીવા બળશે (મ્યુનિસિપાલીટીનાં ફાનસો બળે છે) વખત ઉપર વરસાદ નહિં વરસે અને પ્રજા રાજાના સામી થશે એવા દિવસો આવશે. (ચાલે છે)

चडी वडला डार. थुड वीढंदा पींडजो ।
जाडेजा जड धार, हक न रोंधो कीनजो ॥ ७ ॥

અર્થ:—વડની ડાળ ઉપર બેસીને (પોતે બેઠેલીજ ડાળનું) થડ વાઢશે તેવા જડ બુધ્ધિ વાળા જાડેજાઓ થશે ત્યારે તેનો કાંઇ હક રહેશે નહિ (થવાનું છે)

भेजारें तें भेरा थींदा, जाडेजा जुवान ।
सभ वेंधी, कछ काछोटी, रखीं डींधो रेमान ॥ ८ ॥

અર્થ:—જાડેજાઓ ભેંજાળ ઉપર ભેળા થશે ત્યારે બધું જશે પણ પરમેશ્વર કચ્છની લાજ રાખશે. (થવાનું છે)

खीर खथे धान कीत्ते, मुंद वरसंदा मीं ।
जाडेजा जाळां खोदींदा, घडा अचींदा डीं ॥ ९ ॥

અર્થ—દુધ ઘેટાં બકરાંમાં રહેશે (કોઇ, થોરમાં રહેશે. તેવો અર્થ કરે છે) અનાજ કોઇક ભાગ્યશાળીને ત્યાં રહેશે. વરસાદ ઝાકળીયા થશે અને જાડેજાઓ જાળાંઓ ખોદશે તેવા દિવસો આવશે. (થવાનું)

कुंवर वीकंदा काठीयुं, रा' वीकंदो घा ।
खीर खथुरीये, अन्न पडे, गढेंज हुंदो वा ॥ १० ॥

અર્થ:—કુંવરો લાકડાના વેપાર કરશે, રાજા ઘાસ વેંચશે. અને દુધ થોરમાં રહેશે અનાજ વાડી પડામાં થશે. અને [વા] વસતી [વાસ] કિલ્લા વાળા શહેરમાંજ રહેશે[થવાનું]

खचरडा खीर पींदा, तगडाइंदा ताजी ।
भला माडु वीठा रोंदा, पूछाइंजा पाजी ॥ ११ ॥

અર્થ:—ખચ્ચર ગધેડાંને દુધ પાશે. દેવાંગીધોડાંઓને માથે ભાર ભરી તગડશે લાયક માણસો ઘેર બેસી રહેશે અને લુચ્ચા પાજી માણસો પાંચમાં પૂછાશે [ચાલું સમય]

चाकर हुंदा शेठीआ, ठाकर हुंदा ठोठ ।
प्रजा हुंदी पापणी, उजड हुंदा गोठ ॥ १२ ॥

અર્થ:—ચાકર ધણી થઇ પડશે. રાજા મુર્ખ થશે. પ્રજા પાપાચરણ વાળી થશે અને ગામડાઓ ઉજ્જડ થશે. (સમય ચાલુ છે.)

सभरीया सभर करजा, गोला पींधा गे ।
पीछाणी विण पूजंदा, जेंजो मान को पे ॥ १३ ॥

અર્થ:—સમજુ લોકો સબુર કરજો. ગોલા અને વગર પિછાણ વાળા પૂજાશે ખાનદાની વગરના માણસોને સારા દરજ્જા મળશે. (ચાલુ સમય.)

वो वोंधो हीकडो, जुरंधी बंध अरोड, ।
मे मच्छी जो रोड, समा खेंधा सुखडी ॥ १४ ॥

અર્થ:—અરડ બંધનો બંધ તુટી જઇ મીઠા પાણીની એક નહેર કચ્છમાં આવશે. અને સુખડીની પેઠે માછલાંઓને સમાઓ ખાશે. (થવાનું છે.)

*** વાળા વીણું ન વટંદા, જેઠવા બરડે બાર,।**
જાડેજા ખેડેસો ખેંદા, બીયો રાજ દુવાર ॥ ૧૫ ॥

અર્થ,—વાળા રાજપુતોનો હકક વીણું નદીની પેલેપાર રહેશે. અને જેઠવાનો હકક બરડાથી બહાર રહેશે, જાડેજાઓ ધરખેડ કરશે તો ખાશે બીજી તમામ ઉપજ રાજ દરબારે જશે. [ચાલુ સમય]

ઢેઢ મયું ધારીંદા, કુંભારે ઘોડા ।
શેઠ શિરોયું બાંધીંદા, તડેં તુર્કાણા થોડા ॥ ૧૬ ॥

અર્થ:—ઢેઢવાડે ભેંસું, અને કુભારવાડે ઘોડાં બંધાશે, તેમજ વાણીઆ શિરોહી તરવારૂં બાંધશે, તે દિવસે તુરકાણુ–(મુસલમાની) રાજ્યો થોડાં જોવામાં આવશે. [ચાલુ સમય]

ખુર પગાંને ખપનીયું, સરાઈ પેરીંદા સરાર ।
'મામૈયો' ચે મલકમેં, તડે છુટંદી તરાર ॥ ૧૭ ॥

અર્થ:—પગરખામાં નાળ્યું જડાવશે. કફની (પહેરણ) પહેરશે. અને સરાઇ (ઉરેની ચોરણીઓ) પહેરશે ત્યારે **મામૈયો** કહે મૂલકમાંથી તરવાર છુટશે. **(ચાલુ સમય.)**

ઉપરના ઘણા દુહાઓ માતંગદેવે કહેલ તે રાજવહીમાં નોંધી કચ્છના ઉપયોગના હોઇ જામનંદાએ તે દુહાઓ જામ મૂળવાજીને હબાઇ મોકલી આપ્યા. હાલ પણ કચ્છના તોષાખાનામાં આ દુહાઓની નોધપોથી છે. મામૈયાનું ધડ સમૈ નગરથી દુહા બોલતું ચાલી સિંધમાં આવેલા 'શેણી' ગામની સરહદે પડયું. હાલ ત્યાં તેનું સમાધિ મંદિર મોજુદ છે. કચ્છમા તે વખતે કાઠીઓનું જોર હતું તેમજ ઉમીં વાઘેલાની સહાયથી કાઠીઓ મોટું લશ્કર લઇ હબાઇ ઉપર ચઢી આવ્યા એ ભયંકર લડાઇમાં જામ મૂળવાજી વિ. સં. ૧૪૦૪માં કામ આવ્યા. તેને ત્રણ પુત્રો હતા. કાંયોજી, બરાચ, અને રેલડીઓ,

---

* વાઢેર ખાળો વટંદા, જેઠવા બરડે બાર । [પાઠાંતર]
વાળા વીણું વટંદા, હદ ચોવાઈ હાલાર ॥ ૧ ॥

અર્થ:—વાઢેર રાજપુતો દરીયાનો ખાળો ઉલંઘી જશે (તે વખતે નાગના બંદર સુધી દરીઓ હતો.) જેઠવા રાજપુતો બર્ડા ડુંગરની સામેપાર રહેશે અને વાળાશાખાનાં રાજપુતો વીણું નદીને સામે કાંઠે રહેસે એ અંદરની સરહદને લોકો હાલાર કહેશે.

રાવાં ઝકડો રખંદા, દલાંધારાં પાર ।
ખેડીંદા સો ખીંદા બે રાવળ ધ્વાર ॥ ૨ ॥

અર્થ રાવ શાખાના રાજપુતો (ઝકડો એટલે) માણસોનો જથ્થો રાખશે. દલશાખા ના રાજપુતો [ધાર] ડુંગરાની પાડોશમાં રહેસે અને જે ધરખેડથી જેટલી જમીન ખેડશે તેટલી તેને કબજે રહેશે બાકીની બીજી જમીન રાવળજામના [દ્વાર] દરબારમાં ભળશે.

[ઇતિશ્રી સમભી કળા સમાપ્તા.]

।। શ્રી અષ્ટમી કળા પ્રારંભ: ।।

(૫) જામ કાંયોજી (વિ. સં. ૧૪૦૩થી ૧૪૭૦ સુધી)

જામ કાંયોજી હળાઇની ગાદીએ બેસી પિતાનું વૈર લેવા માટે કાઠીઓ તથા વાઘેલા ઉપર મોટી સવારી લઇ જતાં તેને કચ્છમાંથી કાઢી મેલી નિષ્ટંકટ રાજ્ય ૬૭ વર્ષ કરી પોતા પાછળ આમરજી, વેરોજી, નાંગીઓજી, પંચાણજી, ઉસ્તીઓજી એમ પાંચ કુંવર મેલી સ્વર્ગે સીધાવ્યા. મોટા કુંવર આમરજીને રાજગાદી, વેરાજીને વંગડાડોર અને ધડોલી નાંગીઆજીને ગામ નાંગીઓ, પંચાણજીને બે કુંવરો હતા. જાડો અને વીમળશી. તેમાં જાડાને ભૈયાપડ અને વેઆડ વમળશીને ઝૂરો અને ઉસ્તીઆજીને ગામ ઉસ્તીઓ વિગેરે ગરાસ મળ્યો હતો.

(૬) જામ આમરજી (વિ. સં. ૧૪૭૦થી ૧૪૮૫)

હળાઇની ગાદીએ જામ આમરજી આવ્યા એ વખતે કચ્છમાં ચારે દિશાએ ઘણીજ શાંતી હતી, પરંતુ કાબુલમાંથી ઓચિંતી ફોજ આવતાં તેની સાથે આમરજીએ વીરતાથી લડી ફોજને હાંકી કાઢી, પણ તે લડાઇમાં પોતાને સખત જખમ થતાં તેને બચવાની આશા ન રહી. તેથી છેવટ અંતકાળને સમયે પોતાના કુંવરો ભીમજી તથા મોકળસિંહને બોલાવી કહ્યું કે "તમારી અપરમાતાને ગોધાન છે તેથી કહું છું કે જો તેને કુંવરી જન્મે તો કોઇ સારા રાજ્યમાં પરણાવજો અને જો કુંવર જન્મે તો તેને મારી ગાદીએ બેસાડજો એની ખાત્રી માટે મને વચન આપી પાણી આપો તો મને સદ્ગતિ થાય" પિતૃ ભકત કુમારોએ એજ વખતે પિતાની છેલ્લી આજ્ઞા માથે ચડાવી પાણી આપ્યું અને તુર્તજ આમરજી દેવ થયા.

(૭)જામ આમરાણી અને જામ ભીમજી[વ.સં.૧૪૮૫ શ્રા ૧૫૨૮]

જામ આમરજીના દેવથયા પછી તેની નવિ રાણીને કુંવર જનમ્યો અને તેનું નામ આમર (આમરાણી) પાડયું તે લાયક ઉમરનો થતાં ભાઇઓએ તથા ભાયાતોએ જામ આમરજીના કહેવા પ્રમાણે તેને હળાઇની ગાદીએ બેસાડયો.

એક વખત જામ આમરાણી ભીમજી તથા ગોકળસીંહ અને બીજા ભાયાતોની સાથે વાડીઓમાં ફરવા ગયા. ખેડુતોએ પોતાના પડામાં જામશ્રી વિગેરેને બેસાડી બાજરાનો પોંક પાકી તૈયાર કર્યો. અને તે ગરમા ગરમ ખવાય તો લીજ્જત આવે. તેથી ને પોંક એક ઘડામાં ભરી જ્યાં કચેરીમંડળ બેઠેલ છે ત્યાં લાવી જામ આમરાણી આગળ ઘડો મેલ્યો. એટલામાં એ વાડીમાંથી એક અજાયબ પમાડનાર પક્ષી નીકળ્યું, અને થોડે દુર જઇ બેઠું, તે નવીન પક્ષીને જોવા સૌ ડાયરાની ઇચ્છા થતાં તમામ માણસો તે પક્ષી પાસે ગયા. જામ આમરાણીને પણ તે પક્ષી જોવાની ઇચ્છા થઇ. પરંતુ વૈયાં, ચકલાં આદિ

બીજાં ઘણાં પક્ષીઓ આસપાસ ઉડતાં હતાં, તેથી તે પક્ષીઓ આ ઘડામાંનો પોંક ખાઇ જશે અથવા ધૂળમાં ઢોળી નાખશે એવું જણાતાં પોતાના માથા ઉપરની પાઘડી ઉતારી તે ઘડા માથે (ઢાંકણી) મેલી. સહુની પાછળ ગયા. ત્યાં જઇ પક્ષીને જોઈ સૌ સાથે પાછા આવતાં ચકલાંઓએ પોંક ખાવા માટે પાઘડી વીંખી ધૂળમાં નાખેલી હતી, તે પાઘડીને ધૂળમાં રગદોળાતી જોઇ ભાયાતો બોલ્યા કે " આ પાઘડી **જામ ઓઢા** દાદાની છે. આમ રખડાવનારથી તે સાંચવી શકાય નહિં. આજે ચકલાંએ ધુળમાં ખુંદી તો કાલે દુશ્મનો તેને ધુળમાં, રગદોળશે તો આપણી લાજ જાય માટે એતો શોભાવે તેજ પહેરે " એમ કહી સૌહુએ તે પાઘડી **ભીમજી**ના માથાપર મેલા એટલે ભીમજીએ ધણીએ આનાકાની કરી તોપણ બધા ભાયાતોએ સમજાવ્યું કે" તમે તો તમારૂં વચન પાળ્યું છે. પણ આ પાઘડી, ગાદીની સહી સલાંમતી જળવવા માટે તમોને પહેરાવીએ છીએ માટે ના પાડશો નહિં. " આવા અતિ આગ્રહથી ભીમજીએ જામની પાઘડી ધારણ કરી અને હળાઇની ગાદી સંભાળી. તેણે ગજણવંશના બળવાન રાજા લાખાજીથી રાજ્ય પ્રજાનો બચાવ કરવા માટે મોટા લશ્કરથી મારે તૈયારી કરી હતી. પણ લડાઇ થયા. પહેલાંજ દૈવયોગે લાખાજીનો વધ થતાં થોડા વખત માટે હળાઇની ગાદી નિર્ભય બની.

જામ ભીમજીને ચાર કુંવરો હતા. હમીરજી, અજોજી, ભાણજી છુંગોજી. તેમને નીચે પ્રમાણે ગીરાસ વેંચી આપ્યો. યુવરાજ હમીરજીને રાજગાદી. અજાજીને બે કુંવરો હતા. તેમને રાવશ્રી પહેલા ખેંગારજીના વખતમાં ખેડોઇ, વેકરા, રામપુર જલ્લુ વિગેરે ગામો મળ્યાં. ભાણજીને ડીકીયાળ, ભામુડા અને છેર એ ગામો આપ્યાં તેના વંશજો ભાભાણી કહેવાયા. આવી રીતે જામ ભીમજી ૪૩ વર્ષ રાજ્ય કરી સં. ૧૫૨૮માં સ્વર્ગે સીધાવ્યા.

(૮) જામ હમીરજી (વિ. સં. ૧૫૨૮થી ૧૫૬૨ સુધી)

જામ ભીમજીના દેવ થયા પછી જામ હમીરજીએ રાજ્યની લગામ હાથમાં લીધી એ પછી ગજણ વંશમાં થયેલ જામ લાખાજીના પાટવી કુ. શ્રી. **જામરાવળજીએ** હળાઇ આવી પોયણીની સરહદની તકરાર છોડી સમાધાન કરતાં જામ હમીરજીએ પોતાની રાજધાની પાછી **લખીયાર વીયરે** સ્થાપી ત્યાં જઇ રાજ્યાભિષેક કર્યો

કચ્છમાં યોગેંદ્ર **મચ્છંદરનાથ** તપશ્ચર્યા કરતા હતા તે વખતે તેમના શિષ્ય **નિરંજનનાથ અધિક સોમનાથ, ચૈત સોમનાથ, ઉકારનાથ, અચેતનાથ**, ગોરક્ષનાથ અને **ધરમનાથ**, હતા.મચ્છંદરનાથના ગયા પછી ગોરક્ષનાથે ધમડકા પાસે અને ધરમનાથે **માંડવીથી** એક ગાઉને અંતરે ઇખ્માવતી નદીની પુર્વ દિશાએ રાણ પાસે તપશ્ચર્યા કરી હતી તે પછી. **ધરમનાથે** તે જગ્યા કોઇ કારણને લીધે છોડી **ધીણોધરની** ટેકરીપર તપશ્ચર્યા આદરી ને તે બાર વરસે પુરી થયા પછી ત્યાંજ સમાધિ લીધી. તેના શિષ્ય **ગરીબનાથે** ભૂજથી નવ ગાઉ દૂર **ભડલી**માં તપશ્ચર્યા આદરી પણ તેમાં જત લોકો વિક્ષેપ કરતા હોવાથી ગરીબનાથે **જામ હમીરજી**ના નાનાભાઇ **અજોજી** દર્શને આવતાં તેની મદદ માગી. તેથી અજાજીએ જત લોકોને હરાવી ગરીબનાથની તન મનથી સેવા કરી તેને પ્રસન્ન કર્યા, ગરીબ-

નાથની તપશ્ચર્યા પૂરી થઇ રહેતાં તેણે અજાજી ઉપર પ્રસન્ન થઇ સવારે આશીર્વચન લેવા આવવા કહ્યું. જામ હમીરજીને જાસુસો મારફત ખબર મળી કે અજાજીને સવારે ગરીબનાથ આશીર્વચન આપશે, એથી જામ હમીરજી મોટા પ્રભાતે ગરીબનાથને આશ્રમે જઇ દૂધની તાંબડી બાવાજીના પગ આગળ મેલી હાથ જોડી ઉભા રહ્યા, ગરીબનાથે અજોજી જાણી આશીર્વાદ આપ્યો કે " જા બચ્ચા! તું આખા કચ્છનો રાજા થા" આ સાંભળી હમીરજી ખુશી થઇ ચાલ્યા ગયા. તે પછી થોડી વારે અજોજી દૂધ લઇ બાવાજીની ઝુંપડીએ આવ્યા. એટલે ગુરૂજીએ પૂછ્યું કે " દુસરી બખત કયું દૂધ લાયા? " અજાજીએ કહ્યું કે " ગુરૂજી! પહેલીજ વખત લાવ્યો છું, "તે સાંભળી બાવાજી બોલ્યા કે **"જબ આશીર્વચન તો હમીરજી લે ગયા, લેકીન ઉસીને દગા કીયા હૈ ઉસ લીયે ઉસીકાભી દગાસે મૃત્યુ હોગા. ઔર તેરે બંશકી સહાયતા બીન ઓ નિર્વિઘ્ને રાજ્ય નહિં કર શકેગા"**

એ તપસ્વી ગરીબ નાથના શાપથી જામ હમીરજીનું મૃત્યુ જામ રાવળજીના હાથે દગાથી થયું. એ વાત રાવળજીના વૃત્તાંતમાં વિસ્તારથી પ્રથમખંડમાં આવી ગઇ છે,

જામ હમીરજીને પાંચ સંતાનો હતાં તેમાં **ખેંગારજી, સાહેબજી અને રાયબજી** એ ત્રણ રાણી જાયા હતા અને **અલીબાઇજી** તથા **કમાંબાઇ** દાસી જાયા (રખાયતના) હતાં.

સંવત ૧૫૬૨માં **મહમ્મદ બેગડો** મોટા લશ્કર સાથે સિંધ પર ત્રીજી વખારી લઇ જતો હતો તે વખતે રસ્તામાં **શાપર**ને સીમાડે પડાવ નાખ્યો. એ સમાચારથી **જામ હમીરજી**એ **પ્રધાન** ભૂખરશા સાથે મોટું નજરાણું મોકલ્યું એ સ્વીકારતાં બાદશાહે હમીરજીને કહેવરાવ્યું કે " હું તમારો દેશ જીતવા આવ્યો છું પરંતુ તમો સામો વિવેક કરતાં હવે તેમ કરીશ નહિ પણ તમો મને એક **રાજ્યકન્યા** પરણાવો એટલે ચાલ્યો જાઉં"

દાસી જાયી કમાંબાઇને પરણાવવામાં કાંઇ વાંધો ન હોવાથી તેને બાદશાહ સાથે પરણાવી. તેમજ હાથી, ઘોડા ઝવેરાત વિગેરેનો મોટો દાયજો કરી તેના ભાઇ અલીબાઇજીને સાથે મોકલી અમદાવાદ વોળાવી આપ્યાં.

(ઇતિશ્રી અષ્ટમી કળા સમાપ્તા,)

॥ શ્રી નૌમી કળા પ્રારંભઃ ॥

[૧] કચ્છાધિપતિ રાવશ્રી ખેંગારજી [વિ, સં, ૧૫૬૬ થી ૧૬૪૨ સુધી]

જામશ્રી હમીરજી રાવળજીના દગાથી મરાયા તે વખતે તેઓના કુંવર અલીબાઇજી અમદાવાદ હતા. રાયબજી પોતાને મોસાળ પારકરમાં વેરાવાવ ગામે હતા, અને ખેંગારજી તથા સાહેબજી વીંઝાણુમાં તેમની માશીને ત્યાં હતા.

જામ હમીરજીના મરણના ખબર તેના નીમકહલાલ નોકર **છછરજુટે** વીંઝાણુ આવીને આપ્યા. અને ત્યાંથી સહી સલામત નીકળી જવાનું કહેતાં બંને કુમારો છછરજુટા સાથે તેઓની માશી પાસેથી થોડી ખરચી લઇ અમદાવાદ તરફ રવાના થયા.

જામ રાવળજીએ વીંઝાણુમાં તપાસ કરતાં કુંવરો નમળવાથી તેનું પગેરૂં લઇ પાછળ પડયા. **સાપર** ગામે આવતાં **છછરજુટાને** પાછળ વાર આવે છે. તેવું જણાતાં ત્યાં સંતાવા તજવીજ કરી. રાજકુંવરો ઉપર વખો પડયો છે. એમ જણી. સાપરના **મિયાણા ભીંયાકકલે** કુંવરોને આશરો આપી (કાલરમાં) ગંજીઓમાં સંતાડયા. અને છછરજુટો કોઇ કુંગરાની બીજુમાં સંતાઇ ગયો.

રાવળજી પગેરૂં લઇ **ભીંઆકકલને** ઘેર પગ આવતાં ત્યાં આવ્યા. અને કુંવરો કાઢી આપવા કહ્યું. પણ મિયાણા કુળદિપક ભીંઆ કકલે પોતાનો શામ ધર્મ બરોબર બજાવ્યો જ્યારે તેણે તથા તેની સ્ત્રીએ કુંવરો આંહી નથી તેવું સાફ કહ્યું ત્યારે **જામ રાવળે** તેના દીકરાનું તલવારથી માથું કપાવી નાખ્યું. છતાં પણ તેઓએ કુંવરોની બાતમી આપી નહિં. એથી જામ રાવળ ગુસ્સે થઇ તેના દીકરાઓને પકડી મંગાવી એક પછી એક એમ છ દીકરાનાં માથાં કપાવી નાખ્યાં. છેવટે સાતમા દીકરાનું માથું કપાતી વખત **મીયાણાની સ્ત્રી** એ ખાનગી રીતે પોતાના પતિને કહ્યું કે " આપણે તો કુતરાની જાત છીએ હૈયાત હશું તો બીજા દીકરા થશે પણ આ સિંહના બચ્ચા જેવા જે રાજ્યના ખરા હકદાર છે તેને ગભરાઇ સોંપી દેશો નહિ" એથી મિયાણો હિંમતવાન બન્યો.

જામ રાવળજીએ કહ્યું કે " અમારા દુશ્મનને કાઢી દે નહિતર તારા છેલ્લા દીકરાને વાઢી વંશનું ઉચ્છેદન કરીશ" તે સાંભળી ભીયાં કકલે કહ્યું કે "તમે ધણી છો મારા પુત્રને મારી નાખો તો ભલે તમારા, દુશ્મન આંહીં નથી. હોય તો હાજર કરૂં ને! એ સાંભળી સાતમા છોકરાને ગરદન મારવા જામ રાવળે જ્યારે મારાઓને હુકમ કર્યો ત્યારે જામના એક અમીરે રાવળજીને વિનવીને કહ્યું કે " આ મીયાણા પાસે આપણા દુશ્મનો જણાતા નથી કારણ કે બીજાના પુત્રને બચાવા ખાતર પોતાના પુત્રોને મરાવી કુળનો ક્ષય કોણ કરે? તેમજ રાંક થઇ ગએલા એ ગરીબ રજપુતો હવે શું થોડાજ છત્રપતિ થવાના છે?"

ઉપરના અમીરના વિચારો યોગ્ય જણી મિયાણાના સાતમા દીકરાને માર્યો નહિં. પરંતુ ગામની અંદર પગ આવ્યો છે. તેમ પગી લોકો હોડ બકીને કહેતાં ગામમાં ઢંઢેરો પીટાવ્યો. કે " તમામ પ્રજા બહાર નીકળી જાય ગામ સળગાવવું છે." પ્રજા માત્ર બહાર નીકળતાં ગામને સળગાવ્યું ગામથી દુર આવેલા વાડાઓમાં ઘાસની ગંજીઓ હતી. તેમાં સંતાડયાનો રાવળજીને શક આવતાં તે ગંજીઓ સળગાવવા હુકમ કર્યો પરંતુ ગામના લોકોએ અરજ કરીકે " અન્નદાતા અમને અનાજ અને કપડાં વિનાના તો કર્યા, આપ ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ છો. તો ગાયોનો ચરો સળગાવી તેને ભૂખ્યાં મારવી એ આપનો ધર્મ નથી."

ઉપરના વિનય વાક્યથી જામ રાવળે ગંજીઓ સળગાવી નહિ. પોતાને ખાત્રી થઇ કે કુંવરો અહીં નથી અને કદાચ હશેતો ગામ શાથે બળી મૂઆ હશે તે પછી સાપરની પ્રજાને

થએલ નુકશાનીનો બદલો આપી તેને શાંતિ પમાડી **લાખીયાર વીયરે** જદ્ધ રાજ્યાભિષેક કરી **જામ** પદવી ધારણ કરી. તે પછી કેટલેક માસે લખીયાર વીયરો છોડી **કેરાકોટમાં** ગાદી સ્થાપી. (વિ. સં. ૧૫૬૨)

દેવને પણ દુર્લભ એવા પોતાના છ છ દીકરાઓના બલિદાન આપી જેમ નાળિયેર વધેરતાં ગોટા જુદા પડે તેમ ધડથી માથાં જુદાં પડતાં જોઇ રહેલા એ મિયાણાને પણ ધન્ય ! તેની સ્ત્રીને પણ ધન્ય !! અને તેના પુત્રોને પણ ધન્ય !!! કે પોતે મરીને માથાં આપ્યાં છતાં શરણાગતને કાઢી આપ્યા નહિં.

જામ રાવળજીના મર્યા પછી એજ રાત્રે કુંવરોને કાલરમાંથી કાઢયા અને **છછરભુટા**ને પણ બોલાવી તેમને જમાડી મોડી રાત્રે **અમદાવાદ** તરફ જતનથી સંભાળ પુર્વક જવાની સુચના સાથે છછરભુટાને સોંપ્યા.

બેંગારજી અને **સાહેબજી**એ ગંજીમાં રહી આ ફેર નજરે જોયો હતો પોતાના જીવન દાતાને તેનો યોગ્ય બદલો યોગ્ય તકે આપવાનું ધારી તેને રામ રામ કરી ત્યાંથી ચાલી નીકળ્યા. અંધારી રાત્રિમાં એ કચ્છધરાની કઠણ ભૂમિમાં ચાલતાં ચાલતાં કુંવરો થાકી ગયા. મહામુશિબતે રણ ઓળંગી તેઓ **ચરાડવા** ગામને પાદર જદ્ધ સૂતા. **છછરભુટો** ચોકી કરતો હતો તેવામાં તે ગામમાં રહેતા **માણેક મેરજી** (શ્રાવકોના ધોળીઆ પૂજ) **ગોરજી** નીકળ્યા અને બેંગારજીના પગની ઉર્ધ્વ રેખા વિગેરે ચિન્હ જોઇ તેણે ભવિષ્ય ભાખ્યું કે "આ કોઇ રાજકુમાર છે અને મોટું રાજ્ય મેળવશે" એ સાંભળી છછરભુટે તમામ વાત કરી. **ગોરજી**ને વાત સાંભળતાં દયા આવી તેથી ગામમાં પોતાની પોશાળમાં (પાઠશાળાએ) તેડી ગયા. એ વખતે નવરાત્રિના યજ્ઞની પૂર્ણાહુતિ થતી હતી. તેથી ગોરજીએ બેંગારજીને સાથે લઇ જદ્ધપોતનાં ઇષ્ટદેવ **આશાપૂરાજી** આગળ આશીર્વચન માગ્યું. જેથી દેવીએ પ્રસન્ન થઇ યજ્ઞ કુંડમાંથી એક **ખસાંગ** કાઢી આપી. તે ગોરજીએ **બેંગારજી**ને આપી. અને કહ્યું કે "આ સાંગથી તમોને તમારું રાજ્ય પાછું મળશે. " એની નિશાનીમાં અહિંથી તમો એક મુકામ જશો ત્યાં જાર તથા દહીં ખાવા મળશે. એટલે ધોળી વસ્તુ ખાવા મળશે અને કાળો ઘોડો સ્વારી માટે મળશે એમ માતાજીનું વચન છે"

માણેક મેરજીનું વચન સત્ય માની તેનો આશીર્વાદ લઇ તેઓત્યાંથી ચાલતા થયા. એક મજલ ચાલતાં **દહીંસરા** ગામ આવ્યું. ત્યાં **લાખીયાર વીયરા**ના સુતારની દીકરી પરણેલી હતી. તે પાણી ભરવા આવતાં કુંવરોને ઓળખી ગઇ તેથી અત્યાગ્રહથી પોતાને ઘેર તેડી ગઇ અને સર્વ હકીકતથી વાકેફ થઇ, પોતાના દેશના રાજકુંવરોને આવી હાલતમાં જોઇ બાઇ ઘણું દુઃખ પામી, કુંવરોને માટે જમવાની સગવડ કરવાની તૈયારી કરી પણ કુંવરો ઘણા ભૂખ્યા હોવાથી **છછરભુટે** કહ્યું કે "અમને બહુજ ભુખ લાગી છે માટે જે કાંઇ ઘરમાં

× એ સાંગ હજુ કચ્છમાં ભૂજની રાજગાદી પાસે રાખી રા' આવે તે ગોરજીના શિષ્યોના હાથથી પૂજન કરાવે છે.

તૈયાર હોય તે આપો તેથી સુતારણે કોડલામાંથી રાત્રે કરેલો જારનો ડુમરો તથા દહીં આપ્યું. તે ખાઈને ચાલવાને તૈયાર થતાં સુતારણના ધણીને દયા આવી. તેથી કુંવરોને ચડવા કાળોધોડો પોતા પાસે હતો તે આપ્યો. તે લઈ શુકનની નિશાની પૂરેપૂરી મળી જાણી હરખાતા હરખાતા સૌ ચાલતા થયા. એ વિષે દુહો છે કે :—

દુહો—કાળોઘોડો ડર્ઇ, જુવાર. સમે કે સુકન થીયેા,
માતાકીં અસવાર, ખેંગ તેં ખુશી થઈ ॥ ૧ ॥

અર્થ:—કાળો ઘોડો, દહીં તથા જુવારના સમા ઓળખના રાજીવીને શુભ શુકન થયાં. માતાજીએ ખુશી થઇ ખેંગારજીને સ્વાર બનાવ્યા.

ઘોડો મળ્યા પછી મજલ, દરમજલ, ચાલતાં ચાલતાં વઢવાણ છોડયા પછી તેઓ ખરચી ખુટ થયા. પાસે વાલની વાળી પણ રહી નહોતી. તમામ ખાઇ ગયા હતા. [આ રીતે દુઃખ અને ભૂખ વેઠતા તેઓ સૌ **વિરમગામ** પહોંચ્યા. પરંતુ ત્યાંથી **અમદાવાદ** ઘણું દૂર હતું અને ખરચી વીના કેમ પહોંચાય? એમ ધારી કુંવરની રજા લઇ **છછરજુટો** એક વણિક ગૃહસ્થને ત્યાં વેંચાણો અને તેનાં નાણાં લઇ કુંવરોને આપ્યાં. કુંવરો એથી બહુજ કચવાયા પણ બીજો ઉપાય નહોતો. ઘોડો હતો તે પણ દુબળો અને જુજ કિંમતનો હતો. વળી શુકનનો ઘોડો ન વેંચવા છછરજુટે હઠ લીધી. છેવટ પોાતાના માલિકને ખાતર સ્વામિ ભક્ત **+છછરજુટો વિરમગામમાં** વેંચાણો અને શરીર બાળવાની કેટલીક ભલામણ સાથે છેવટના રામરામ કહી કુંવરોને વિદાય કર્યા.

કુંવરો પોતાના વહાલા સેવકનો ન છુટકે ત્યાગ કરી અશ્રુભીની આંખે **અમદાવાદનો** વાટે પડયા. પોતાનો સાચો સલાહકાર, સુખદુઃખનો ભાગી **છછરજુટો** વિખુટો થતાં કુંવરો ઉદાસ થઇ ભયભીત ચહેરે માળામાંથી પક્ષીનું બચ્ચું જેમ પહેલ વહેલુંજ માળો છોડી. ઉડે તેમ આ ક્ષત્રીપુત્રો પોતા પાછળ વારના ભયથી અને છછરજુટાના વિયોગથી માત્ર ચાર પાંચ કોશ ચાલી એક વિશાળ વડ વૃક્ષપર રાત્રિ રહ્યા.

વિરમગામના ગૃહસ્થે છછરજુટાને ભલામણ કરી કે " મારે ઘેર વખતો વખત મારા દુશ્મનો ખાતર પાડી મને માર મારી જાય છે. માટે રાત્રિના વખતે બરોબર ચોકી કરવા મેં તમને વેંચાણ રાખેલ છે તો નિમક હલાલીથી ચોકી કરજો. "

કુંવરોના વિયોગથી છછરજુટાને પણ રાત્રે વાળુ ભાવ્યું નહિં. તેથી બેઠો બેઠો " કુંવરો અત્યારે કયાં હશે ! તેઓ કોઇ વખત બહાર ગયા નથી. પાછળ બ્હાર આવશે તો શું થશે? વિગેરે બાબતના અનેક તર્ક વિતર્કો કરતો જાગતો બેઠો, શેઠના ઘરની એક બાજુની પરશાળની દીવાલમમાં કઇક ખોદવાનો અવાજ થયો તેથી તે ધીમે ધીમે ત્યાં જઇ છુપાઇ બેઠો તેટલામાં ચોરે ખાતર પાડી, જેવો અંદર પ્રવેશ કર્યો, તેવોજ છછરજુટે તલવારને એકજ ઝાટકે

+ કોઇ ઇતિહાસકાર કહે છે કે છછરજુટો ઘાંગધ્રામાં વેંચાણો હતો. ગમે તેમ હો પણ એ સ્વામિ ભક્ત છછરે પોતે વેંચાઇ પોતાનો શામધર્મ બજાવ્યાની વાત બીલકુલ સત્ય છે.

તેને કાપી નાખ્યો. આમ એક પછી એક પાંચ ચોરો કાપી નાખ્યા. છેવટના ચોરે મરતી વખતે મોટી રાડ નાખી. તેથી બાકીના બે ચોર એકદમ અંદર દાખલ થયા. અને તેની સાથે બથોબથ આવ્યા એ ધમાધમી અને રીડીયા રમણથી ઘરના તમામ માણસો જાગી ઉઠયાં શેઠે મેડી ઉપરથી છછરબુટાને બે જણા સાથે બાજતાં જોયો. જોત જોતામાં એ કચ્છી શુરવિરે એકને ગળા ચીપથી અને બીજાને ગળે બટકું ભરી નૈઢીયો તોડી બંનેના પ્રાણ લીધા. પોતાને પણ થોડી ઘણી ઇજા થઇ હતી.

શેઠે નીચે આવી સાતે ચોરને જોઇ ઓળખ્યા અને કહ્યું કે " આ સાતે દુશ્મનોના મરણથી હવે હું કાયમના માટે ભયમુકત થયો છું તું તારે મોઢે જે માગવું હોય તે માગી લે " સ્વામી ભકત છછરબુટે પોતાના સ્વામી આગળ જવાની રજા માગી. શેઠે રાજી ખુશીથી રજા આપી. કારણકે તેને હવે દુશ્મનોના મરી જવાથી તેની જરૂર નહોતી.

છછરને રજા આપતી વખત શેઠે ખુશી થઇ કેટલીક રકમ પણ આપી અને મારૂં કામ બરાબર બજાવતાં મેં રાજી ખુશીથી રજા આપી છે તેવો કાગળ પણ લખી આપ્યો તે લઇ છછરબુટો દોડતે પગે અમદાવાદને માર્ગે રવાના થયો, થોડા ગાઉ પર જતાં બંને કુંવરોને છેટેથી વડ ઉપર જોયા કુંવરોએ પણ છછરબુટાને આવતો જોયો થોડી વારે છછરબુટો આવી પગમાં પડયો કે તુરતજ ખેંગારજી અને સાહેબજી તેને ઠપકા દેવા લાગ્યા કે " તેં આપણી (કચ્છી માણસોની) આબરૂ ખોઇ કેમ કે તને જીંદગી સુધી કામ કરવાની શરતે વેંચી નાખ્યો છે. છતાં તું એકજ રાત્રિ રહી ભાગી આવ્યો? જા અમો તારૂં મોહું જોવા માગતા નથી. તે આપણા દેશની અને અમારી જાતિની આબરૂ ગુમાવી છે છછરે તુર્તજ શેઠનો કાગળ ખેંગારજીના આગળ ધર્યો તે વાંચતાં ખેંગારજી તથા સાહેબજી ઘણા ખુશી થયા અને તેનાં એકી જીભે વખાણ કરતાં કરતા આનંદમાં દીવસો ગુજારતાં કેટલાએક દિવસે અમદાવાદ આવી પહોંચ્યા.

અમદાવાદમાં અલીઆજીને ઉતારે ઉતરી તેઓને સઘળી હકીકત કહી એથી અલીઆજીએ રાવળજીની કપટ જાળનો ભોગ ન થઇ પડે તેવી ગોઠવણથી તે બને કુમારોને રાખી અને શારીરીક તથા માનસીક કેળવણી આપવી શરૂ કરી આમ કરતાં કરતાં બારેક માસ વીતી ગયા. તેથી એક દીવસ ખેંગારજીએ સાહેબજીને કહ્યું કે :—

દોહા–તબે ખેંગાર સાહેંબ તબે, કુળ છત્ર ધાર કહાય ॥
અબ છપ રહે વો નહ ઉચિત, કરવો વતન ઉપાય ॥ ૧ ॥
વશિયર, સીંહ, હુતાસ વિષ, કુળ રજપૂત કહાય ॥
લઘુ પણ પ્રાક્રેમ નવ લહે, તો ધિકારસ તાય ॥ ૨ ॥

અર્થ:—કચ્છાધીપતિ ખેંગારજી સાહેબજીને કહે કે હવે છુપું રહેવું ઉચીત નથી કોઇ પણ યુકિતથી વતન પાછું મેળવવા ઉપાય યોજવો સર્પ, સીંહ, અગ્ની, ઝહેર અને રજપુત એ નાનાં હોય તો પણ જો પરાક્રમ ન બતાવે તો તેઓને ધિકાર છે.

ઉપર પ્રમાણે વિચારી બંને બંધુઓ યોગ્યતકની રાહ જોતા હતા. તેવામા અમદાવાદની આસપાસ કેટલાક સમયથી એક વિકાળ સિંહ ઘણુંજ નુકશાન કરી રહ્યો હતો. તેથી ખુદ બાદશાહ મહમદ બેગડો એ વિકાળસિંહને સંહારવા ચડે છે. એ વાત સાંભળી બંને ભાઇઓ તૈયાર થઇ ચાલ્યા.

જ્યારે બાદશાહ હાથી ઉપર ચડી શહેર બહાર આવ્યા ત્યારે ખેંગારજી તથા સાહેબજી પણ બાદશાહી ફોજથી છેટે છેટે પછવાડે ચાલ્યા એ સમયમાં સર્વેએ સાવજને ઘેરો ઘાલી હાકલ કરી. હાકલ થતાંજ પંજા ઝાટકતો, રાતી આંખો વાળો, સાવજ બહાર નીકળ્યો. હાથીઓના મદ સુકાઇ ગયા, બાદશાહી ફોજ ખળભળી ભાગતાં, માત્ર બાદશાહ એકલોજ ઉભો રહ્યો. અને સાવજ ક્રોધથી બાદશાહની માથે આવ્યો. આ વખતે ખેંગારજીએ વસ્ત્રોને બરાબર (કડકી) બાંધી, આયુદ્ધો સજ્જ કરી, બાદશાહ પાસે આવ્યા. સઘળી ફોજ દેખતાં બાદશાહને સલામ કરી, સાવજની સામે લડાઇ કરવાને પગલાં ભર્યાં આંખોમાંથી જવાળા ઝરતા, અને વિકાળ અવાજ કરતા સાવજે ઠેકીને 'ઘા' સાંધી, કે તેજ વખતે ખેંગારજીએ પોતાનું શરીર બચાવી, કાળી કેટવાળા સાવજ ઉપર સાંગનો 'ઘા' કરી, એકજ ઘાએ તેનો પ્રાણ લઇ પૃથ્વીમાં મોટો જશ મેળવ્યો.

ઉપર મુજબ માણેકમેરજીની આપેલી દૈવી સાંગથી ખેંગારજીએ સાવજનો પરાજય કરી મહમદબેગડાને જીવતદાન આપ્યું તેના બદલામાં બાદશાહે ખુશી થઇ, બીજે દિવસે, મોટો દરબાર ભરી, તે ખુશાલીના દરબારમાં ખેંગારજીને " રાવ " નો ઇલકાબ બક્ષી પોશાક અને રત્ન જડીત તલવાર આપી. તેમજ વિશેષ જોઇએ તે માંગી લેવા, બાદશાહ કહેતાં ખેંગારજીએ કચ્છનુ ગયેલ રાજ્ય પાછું મેળવવા જોઇતી સહાય માગી, તેમજ મોરબીમાં પોતાના લશ્કર સાથે રહેવાની પરવાનગી માગી. તેથી બાદશાહે બાર હજાર સ્વારો અને કેટલાક પાયદળનું મોટું લશ્કર જમાદાર મલેક અને સૈયદની સરદારી નીચે આપ્યું તેમજ ÷ વામનરાય ગોપાળજીને કામદાર તરીકે આપ્યા.

÷ અમદાવાદથી વડનગરા નાગર વામનરાય ગોપાળજીને બાદશાહે સાથે આપેલ તે વામનરાય બાદ કમાવીસના કારભારીનું કામ કરતા હતા. તેમજ કુંવર અલીઆજી વિગેરેને નાણું ધીરી વોરાવટ કરતા. ગુજરાતમાં રાજા મહારાજાઓને શ્રી ૧૦૮ અને રાજ્યના માનકારી લોકોને શ્રી ૭ લખવાનો રિવાજ હતો, તેથી વામનરાય પ્રતિ કાગળોમાં શ્રી ૭ લખવાની રૂઢી હતી. પૈસાની ધીરધારને લીધે તેમને વોરા (એટલે વોરાવટ નાણાંની ધિરધાર કરવાવાળા) ગણી તેમની મૂળ અવટંક "શૈવ" છોડાવી વોરાની અવટંક આપી. જેથી લખાણમાં વોરા શ્રી ૭ લખવામાં આવતું પણ કચ્છમાં આવ્યાબાદ શ્રી ૭ કચ્છના મહારાજાને લખવાનો રિવાજ હોવાથી પોતે તે પ્રમાણે ઓળખાવું વ્યાજબી નહિં ધારી, વામનરાયે તેમજ તેના પુત્ર વાસુદેવે વોરાશ્રીમાંથી શ્રીનો સદંતર લોપ કરી ૭ ના આંકડાને અક્ષરે સાત રાખી " વોરા સાત " અવટંક રાખી. તેથી તેના વંશજો અદ્યાપી પર્યંત વોરા સાતની અવટંકથીજ ઓળખાય છે.

તેમજ મોરબીના સુબા નવાબ ખાનઘોરી ઉપર મોરબી, ખેંગારજીને સ્વાધિન કરી આપવાનું ફરમાન લખી આપ્યું તે લઇ રાઓશ્રી ખેંગારજી તથા સાહેબજી, પોતાના ભાઇ અલીયાજી તથા લશ્કર સાથે મોરબી આવી પહોંચ્યા. ત્યાં બાદશાહના ફરમાનને નવાબ ખાનઘોરીએ માન આપ્યું નહિં તેથી ખેંગારજીએ મોરબીને ઘેરો ઘાલ્યો અને નવાબે મોરબીના દરવાજા બંધ કર્યા.

મોરબીના ઘોરીના કારભારી કાળાભેષીની ગાય ચરવા જવા માટે તોડાવી દરવાજે આવી, પરંતુ દરવાજા બંધ હોવાથી બજારમાં દોડાદોડી કરી મેલી. તેથી એક યવને ક્રોધે ભરાઈ તેનો વધ કર્યો. આથી મોરબીના હિંદુઓની લાગણી દુભાઇ. તેમની ઉશ્કેરણીથી કારભારી કાળાના ભાઇ રૂગનાથ ભેષીએ મોરબીના દરવાજા ઉઘાડી આપ્યા, એટલે ખેંગારજીએ મોરબી સ્વાધીન કર્યું.

તે પછી દેદાવંશનો અબડો શાપરમાં રાજ્ય કરતો હતો તેને મારી શાપર સ્વાધીન કરી તેનું નામ **રાપર** પાડી ત્યાં વિ. સં. ૧૫૬૬માં **રાઓશ્રી ખેંગારજીએ** રાજ્યાભિષેક કર્યો, તે વખતે સેંથે સિંધલે માથા ઉપર ઢાલનું છત્ર ધર્યું. **અને મોકળસિંહ** પગાજીએ કાળા ધાબળાનું નજરાણું કર્યું, એ પછી મુલક દબાવતાં દબાવતાં કચ્છમાં જામ રાવળજી તરફ પ્રયાણ કર્યું.

જામ રાવળજીએ રાવશ્રી ખેંગારજી સામે લડાઇ કરવા જતી વખતે માતાજી આશાપુરાને મંદિરે આજ્ઞા લેવા ગયા. ત્યાં તેમને એવો ભાસ થયો કે "મારા ખોટા સોગન ખાઇ હમિરજીનો વિશ્વાસઘાત કર્યો માટે કચ્છ છોડી બીજે કયાંઇ જશો તો તમારી સહાય મારાથી થશે." તેથી તેઓએ છેવટ **ઇસર બારોટને** સાથે રાખી સમાધાન કર્યું. એ તમામ હકિકત જામશ્રી રાવળજીના વૃત્તાંતમાં પ્રથમ ખંડમાં આવી ગઇ છે.

રાઓશ્રી ખેંગારજી લાખીયાર વિયરાની ગાદીએ બેસી પોતાને આપત્કાળે સહાય કરનાર **છછરબુટાને** વંશપરંપરાને ભોગવટે સાત ગામ, અને મિયાણા કુળદિપક **ભિંયા કકલને** વંશપરંપરા બાર ગામ આપી. અને **જામનો** ખિતાબ બક્ષિસ કર્યો (હાલ પણ કચ્છમાં અને માળીયામાં તે કકલભિંયાના વંશજો જામની અવટંકથી ઓળખાય છે.) માણેકમેરજીને ગોરજી ઉપાધ્યાયની પદવી, બારગામ, એક મોટી હવેલી, અને યજમાનપર લાગો બાંધી આપ્યો. તેમજ **રૂઘાજોષીને** મોરબીતાબે બારબરુંગામ આપ્યું ઉપર પ્રમાણે નવાજેશ કરી, કચ્છની લગામ હાથમાં લઇ દેશને અબાદ કરી હુન્નર ઉદ્યોગની ખીલવણી. કરી.

અમદાવાદ જેવા જાહોજલાલીવાળા શહેરમા રાઓશ્રી ખેંગારજી ઘણા વર્ષ રહ્યા હોવાથી તે શહેર પસંદ આવતાં, તેવીજ ઢબનાં શહેરો કચ્છ પ્રદેશમાં વસાવવા રાઓશ્રીએ શરૂ કર્યાં.

વિ. સં. ૧૬૦૨ના માગસર વદ ૮ના દિવસે **અંજાર** શહેરનું તોરણ બાંધી 'અર્જુનપુર નામ પાડયું. એ શહેરના મુળ સાત વાસ હોવાથી તેનું તોરણ મુળ કાઠીઓના વખતમાં વિ. સં. ૧૦૬૧માં બંધાએલ તે વખતે તેને **અજાડના વાસ** કહી કહેવામાં આવતું, અને એ ઉપરથી તેનું નામ '**અંજાર**' હાલ કાયમ રહ્યું.

વિ. સં. ૧૬૦૫ના માગસર સુદ ૬ના રોજ પોતાના પાટવિકુમાર **ભોજરાજજી**ના નામ ઉપરથી "**ભોજનગર**નું" તોરણ બાંધ્યું, વાગડ પરગણે લખાણ શૈલીમાં અક્ષરો ઉપર કાનામાતર લખવાનો રિવાજ નહિં. હોવાથી, 'ભોજનગરને' બદલે '**ભાજનગર**' લખાતું. તેમાં સુધારો થતે થતે, '**ભુજનગર**' પ્રસિદ્ધ થયું. અને તે શહેરમાં રાજ્યગાદિ સ્થાપી લાખીઆરવિયરા ચારણોને દાનમાં આપ્યું.

વિ.સં. ૧૬૫૬ના મહાવદ ૧૧ના રોજ **રાયપરબંદર** કે જે હાલ **માંડવીબંદર** નામે ઓળખાય છે. તેનું તોરણ બાંધ્યું હતું. આમ અનેક શુભકાર્યો કરી લાંબી મુદ્દત રાજ્ય ભોગવી વિ. સં. ૧૬૪૨ના જેઠ માસમાં રાઓશ્રી ખેંગારજી સ્વર્ગે સિધાવ્યા હતા.

નાનાભાઇ **સાહેબજી** પ્રોળની સખાયતે જતાં, હળવદની લડાઇમાં કામ આવ્યા હતા. તેના કુંવરોને રોહાની જાગીર તથા વાગડનો કેટલોક પ્રદેશ ગિરાસમાં મળેલ હતો,

રાઓશ્રી ખેંગારજીને બે કુમારો હતા, તેમાં પાટવી કુમાર ભોજરાજજી ગાયો વાળવા જતાં, તે લડાઇમાં સ્વર્ગે ગયા અને તેના દિલાયત પુત્ર અલીઓજી નાની વયમાં હોવાથી **રાઓશ્રી*** **ખેંગારજી**ના ફટાયા કુંમારશ્રી **ભારોજી** ભુજની ગાદીએ આવ્યા. પાછળથી અલીઆજીને ગરાડા પરગણામાં ગિરાસ આપ્યો હતો,

ઇતિશ્રી નૌમી કળા સમાપ્તા,

।। શ્રી દશમી કળા પ્રારંભઃ ।।

(૨) રાઓશ્રી ભારમલજી (વિ. સં. ૧૬૪૨થી ૧૬૮૮)

રાઓશ્રી ભારમલજી જ્યારે ભુજની ગાદીએ હતા. ત્યારે દિલ્હીની ગાદી ઉપર મોગલ સમ્રાટ **શહેનશાહ અકબર** બાદશાહ હતા. તેને ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફરશાહના બળવાને દાબી દેવા અને તેને પકડી લાવવા નવાબ મિરઝાખાનખાનાનને મોટા સૈન્ય સાથે અમદાવાદ મોકલેલ હતો. પરંતુ મુઝફરશાહ ત્યાંથી નાશીને જામનગરમાં જામશ્રી સતાજીને આસરે આવી રહ્યો હતો.

નવાબ મિરઝાખાંએ જામનગર આવી મુઝફરની માગણી કરી, પણ શરણાગતનું રક્ષણ કરવું, તે ક્ષત્રિઓનો ધર્મ છે તેમ જાણી જામ સતાજીએ મુઝફરને સોંપ્યો નહિં, તેથી નવાબે દિલ્હીથી વિશેષ લશ્કર મંગાવ્યું. અને તેમાં આજીમખોકલતાસબાબી–સુબા તરીકે આવ્યો,

---

* એ રાઓશ્રી ખેંગારજીથી રાઓ પદવી ચાલુ થતાં તેને પ્રથમના રાઓગણી પછીનાને અનુક્રમે નંબરો આપ્યા છે

અને ભયંકર લડાઇ થઇ. જેને **ભુચ્ચરમોરી** કહેવામાં આવે છે. જેનું વર્ણન આ ગ્રંથના પ્રથમખંડમાં જામનગરના ઇતિહાસમાં સંપૂર્ણ કહેવામાં આવી ગયું છે. એ લડાઇમાં રાઓશ્રી ભારમલજી પણ મોટું લશ્કર લઇ જામ સતાજીની મદદે આવ્યા હતા. લડાઇને અંતે મુઝફર ત્યાંથી ભાગી ઓખામંડળમાં ગયો, ત્યાં તેને આશ્રય નહિં મળતાં તે કચ્છમાં આવી રાઓશ્રી ભારમલજીને શરણે રહ્યો. બાદશાહી લશ્કર પણ પાછળ પાછળ ઓખામાં થઇ કચ્છમાં આવ્યું. અને રાઓશ્રી આગળ વિષ્ટી ચલાવી. મુઝફરશાહને સોંપવા કહેતાં રા૦ **ભારમલજી**એ કહેવરાવ્યું કે, " મને જો **મોરબી** અપાવો તો મુઝફરશાહને સોંપું." તેથી સુબાએ બાદશાહી ફરમાન મંગાવી રાઓને મોરબીનો પટ્ટો સોંપી ÷**મુઝફરને હાથ** કર્યો. મુઝફરને સોંપી આપતાં **લશ્કર** દિલ્હીને રસ્તે પડયું. રસ્તામાં ધોળ પાસે આવતાં મુઝફરશાહે એક હજામ આગળથી **સજીયો** (અસ્ત્રો) મેળવી પેટ ચીરી અપઘાત કર્યો હતો.

અકબરે કચ્છ સાથે સંધિ કરી કે 'બાદશાહને જરૂર પડયે ૫૦૦૦ ઘોડેસ્વારની સહાય આપવી' એ પ્રમાણે ભારાજીએ મોગલ સામ્રાજ્યની સર્વોપરિ સત્તા સ્વિકારી હતી.

ઇ. સ. ના સોળમા સૈકાના અસ્તકાળે **આઇને–અકબરી**નાકર્તા–કચ્છ સંબંધમાં લખે છે કે " કચ્છનો વધારે મોટો ભાગ જંગલ અને અણ ખેડાયેલી જમીનનો છે. કચ્છી ઘોડા આરબી ઘોડાની ઓલાદને મળતા આવે છે, ઉંટ અને બકરાં કચ્છમાં વખાણવા લાયક છે. કચ્છી રાજપુતો યાદવવંશી કહેવાય છે. તેઓ ઉંચા અને ઘાટીલા છે. અને દેશનું સૈન્ય દશ હજાર ઘોડેસ્વાર અને પાંચ હજાર પાયદળનું છે. રાજધાની ભુજનગરમાં છે બાડા અને કંથકોટના બે મજબુત કિલ્લાઓ છે."

અકબરબાદશાહના મરણ પછી વિ. સં, ૧૬૭૩ માં (શહીમશાહ) **જહાંગીર** બાદશાહ જ્યારે ગુજરાતની મૂલાકાતે આવ્યો ત્યારે બાદશાહને માન આપવા માટે રાઓશ્રી **ભારમલજી, અમદાવાદ** ગયા હતા. અને જહાંગીરશાહની મૂલાકાત વખતે એકસો કચ્છી ઘોડાઓ અને એકસો સોના મહોરો તથા બે હજાર રૂપીઆનો બાદશાહને નજરાણો કર્યો હતો. ત્યારે બાદશાહે રાઓશ્રીને સર્વથી મોટા જાગીરદાર તરીકે માન આપી, પોતાની સ્વારીનો

÷ મુઝફરના પઠાણો તેથી ઘણાજ નારાજ થયા અને રાઓ ભારમલજી પોતાનો ક્ષાત્ર ધર્મ ભુલી મુઝફરને સોંપ્યો તેથી તેના જીવતરને ધિક્કાર છે. તેમ માની પઠાણોએ રા, ભારાજીનો જીવતાં પાણીઓ માંડી બે અદબી કરવા દુહો બોલતા હતા કે—

દુહો—भारा कच्छका भूपति, हें भारि मतिहींन ॥
एक मोरबी कारणें, पकड मुजफर दीन ॥ १ ॥

આ દુહો કાઠિયાવાડમાં પ્રચલિત થયો અને તે પાળીયા ઉપર પઠાણો ચોકી રાખવા લાગ્યા જ્યારે **જામનગરના જામ જશાજી**એ દિલ્હીમાં બાદશાહ અકબરશાહની મોજ લીધી તે વખતે રા. ભારાજીનો પાળીઓ કઢાવી નાખવા બાદશાહ આગળથી હુકમ લખાવી લાવેલ તેથી પાળીઓ કઢાવી બે અદબી થતી બંધ રખાવી ભૂજ સાથેનો જુનો સંબંધ જાળવેલ હતો. (વિ. વિ.)

એક હાથી, એક હાથણી, એક ચુનંદો ઘોડો, જવાહિર જડેલો એક કટાર, રત્ન જડેલી એક તલવાર તથા માણેક અને પન્નાની ચાર વીંટીઓ બક્ષિસ આપી હતી. અને મુસલમાન યાત્રાળુઓને કચ્છ-માંડવી થઇ વગર પૈસે વહાણો દ્વારા મક્કે હજ પડવા પહોંચાડવાની શરતે કચ્છની ખંડણી બાદશાહે માફ કરી હતી. તેમજ રાઓશ્રીને સિક્કો પાડી ચલાવવાની પરવાનગી આપી હતી.

ભોજરાજજી કુંવર **અલીયાજી** કેરા પરગણે રાજ્ય કરતા હતા. તેણે લાયક ઉંમર થતાં, રાઓ ભારમલજી સામે બળવો ઉઠાવ્યો, પણ રાઓશ્રીએ મોટું મન રાખી શાંતિ પકડી એટલે અલીઆજીએ વિંઝાણ સુધી પોતાની હદ વધારી દીધી. અને પોતાનું નામ રાખવા "**અલિઆસર**" નામનું મોટું સરોવર બંધાવ્યું.

છેંતાલીશ વર્ષ રાજ્ય કરી **રાઓશ્રી ×ભારમલજી** એંસી વર્ષની મોટી ઉંમરે પોતાની પાછળ ભોજરાજજી, મેઘજી, રાજણજી, પ્રાગજી, આશોજી, અને લખધિરજી, એમ ૭ કુંવરો મૂકી વિ સં. ૧૬૮૮ના કારતક સુદ બીજને દિવસે સ્વર્ગે સિધાવ્યા.

(૧૧) રાઓશ્રી ભોજરાજજી (વિ. સં. ૧૬૮૮થી ૧૭૦૨)

રાઓશ્રી ભારમલજીના પાટવિકુમાર જેહોજી નાની વયેજ તેના પિતાની હયાતિમાંજ ગુજરી જતાં, ભુજની ગાદીએ ભોજરાજજી વિ. સં. ૧૬૮૮ના વૈશાખ વદ ૧૧ના રોજ બીરાજ્યા. તેના રાજ્ય અમલમાં **વર્ધમાનશાહે મુંદ્રાબંદર**ની સ્થાપના કરી. પ્રથમ ત્યાં મિયાણાંઓનો વાસ હતો તેમાં કુંમરાનુ ઝાડ હતું, તેથી લોકો તેને કુંમરો કહેતા. પણ રાઓશ્રીએ મનમોહનરાયનું મંદિર બંધાવી તેનું નામ **મુંદ્રો** પાડયું, રાઓશ્રી ભોજરાજજી પોતે વિદ્વાન હોવાથી, તેના દરબારમાં ઘણા વિદ્વાનો અવારનવાર આવતા હતા. તેઓશ્રીને કાંઇ સંતાન નહિં હોવાથી પોતાના ભાઇ મેઘજીના કુંવર ખેંગારજીને દત્તક લઇ વિ. સં. ૧૭૦૨માં સ્વર્ગે સીધાવ્યા.

(૧૨) રાઓશ્રી ખેંગારજી [બીજા] (વિ. સં. ૧૭૦૨થી ૧૭૧૧)

રાઓશ્રી ખેંગારજીએ ગાદી ઉપર આવી પોતાના ભાઇ રામસંગજીને ભચાઉ તથા અજાપર, અભેરાજજીને ચીરઇ, ઉન્નડજીને પસવાડીયું અજાજીને ધોધા, તથા દેશળપર કુંભાજીને કુંભારીયું તથા ભાડરો, વિગેરે ગામો, ગિરાસમાં આપ્યાં એક વખત કોઇ દૈવીયોગે **રાઓશ્રી ખેંગારજી** લાખીયાર વીયરે કોઇએક **ચારણને શિક્ષા** કરવા નિમિત્તે ગયા. એ વાતની ખબર ચારણોને થતાં **આઇ જોવાંબાઇ** નામનાં જોગમાયા એ રાઓને આવતાં વેંતજ ભરખી લીધા. હાલ ત્યાં એ જોગમાયાનું મોટું સ્થાનક છે. અને કચ્છમાં તેનો આજે પણ ઘણો ચમત્કાર છે. અને તે દેવીના છડો વિગેરે અનેક કાબ્યો થયાં છે. હાલ સુધી પણ ભુજના ગાદી

× એ ભારમલજી વિષે કચ્છી ભાષામાં કહેવત છે કે (ખટયો ખેંગાર નેં ખોગવ્યો ભારે) એટલે રાઓ ખેંગારજી દેશજીત્યા ને રાઓ ભારાજીયેં તે રાજ્ય શાંન્તિથી ભોગવ્યું.

પતિ રા' બાવો લાખીયારવિયરાનું અન્ન કે જળ લીએ નહિં. હાલ તે ગામ ચારણોને કબજે છે. ખરાબ પાસવાનોના કહેવાથી વગર કારણે ચારણને શિક્ષા કરવા જતાં. ઉપર પ્રમાણે ચારણોના શાપના નામદાર રાઓશ્રી ભોગ થઇ પડયા. હતા. વિ. સં. ૧૭૧૧ના કારતક માસમાં તેઓશ્રી દેવ થયા. તેમના પાછળ કાંઇ સંતતિ નહતી માત્ર રખાયત સુમરીથી હમીરજી નામનો એક કુંવર હતો.

[૧૩] રાઓશ્રી તમાચીજી (વિ. સં. ૧૭૧૧ થી ૧૭૨૨)

રાઓશ્રી ખેંગારજીના રખાયતના કુંવર હમીરજીને ભાયાતોએ ગાદીએ બેસવા દીધો નહિં પણ રાઓશ્રીના નાનાભાઇ તમાચીજીને ખંભરેથી બોલાવી પાટનગર ભુજમાં રાજ્યાભિષેક કર્યો. મોગલ શહેનશાહ **શાહુજહાંને** કેદ કરી શાહજાદો **ઔરંગજેબ** દિલ્હીની ગાદીએ આવ્યો ત્યારે તેના ત્રાસથી ભાગી તેનો મોટો ભાઇ **દારા** ગુજરાત થઇ કચ્છ આવ્યો ત્યારે રાઓશ્રી તમાચીજીએ તેની ઘણીજ આગતા સ્વાગતા કરી હતી. દારાએ કેટલીક કિંમતી ભેટો રાઓશ્રીને આપી સૈન્યની માગણી કરી. પરંતુ રાઓશ્રીએ તે આપવાની **અશક્તિ** દેખાડી. **તેથી** દારા નિરાશ થઇ ગુજરાતમાં પાછો ગયો. રાઓશ્રી તમાચીજીએ મારવાડ-**જેસલમેરથી** આવેલા એક **રતનું ઓડકના ચારણ ભારમલદાનજી**ને પોતાના વંશપરંપરાનું અજાચીપણું આપી પાસે રાખ્યા હતા. તે સમયનું મારવાડી કાવ્ય અમારા આગણ આજે લગભગ ૨૦૦ વર્ષનું અસલ હસ્તલખિત પ્રતમાં છે. તેમાં (૧૨) રાઓશ્રી **ભારમલજી**થી આરંભી (૨૦) રાઓશ્રી **લખપતજી** સુધીની કેટલીક હકિકત છે. એ કાવ્ય રચનાર કવિશ્રી **હમીરજી રતનું** એ પોતાના વડવાઓની પણ તેમાં કેટલીક હકિકત " **રતનું ભારહટજીની ઉમત્તી** " એ મથાળા નીચે લખેલી છે. જે કાવ્યનો કેટલોક ભાગ જેસલમેર સ્ટેટના ઇતિહાસમાં આપવામાં આવશે. રાઓશ્રી તમાચીજી જ્યારે રાઓની પદવીએ નહોતા આવ્યા અને પોતાના દાદાશ્રી ભારમલજી જ્યારે ભુજની ગાદીએ હતા. ત્યારે ઉપરોકત કવિની પોતાના ગામ **ખંભારા**માં મુલાકાત થતાં **અજાચી** રખાવ્યા હતા, એવું એ કાવ્યમાં નીકળે છે. તેમજ જ્યારે કવિને અજાચી બનાવ્યા ત્યારે કવિ પ્રતિજ્ઞા લઇ દુહાઓ બોલ્યા હતા, તેના પ્રતિઉત્તરમાં રાઓશ્રી તમાચીજી પણ દુહાઓ બોલ્યા હતા જે દુહાઓ નીચે આપવામાં આવ્યા છે:—

કવિ વાકય—जाडेजा भाटी जके जाति एक जदराण ॥
भूलोइ धरी आयो भलां, भणैतमण कुळभाण ॥१॥

અર્થ:—કવિ કહે છે કે હું ભુલો પડયો તો પણ ધીરેજ આવ્યો છું. (કવિ દ્વારીકાની યાત્રા કરવા જેસલમેરથી નીકળ્યા હતા. કચ્છમાં આવતાં પગેવાળો નીકળવાથી ખંભરે આવ્યા હતા, તેથી કહે છે કે) હે કુળમાં સૂર્ય રૂપ તમાચીજી જાડેજા અને ભાટી (જેસલમેરના રાજા) એ બંને એકજ જાતીના યદુવંશી છે અજાચી બનતાં કવિ પ્રતિજ્ઞા કરી કહે છે કે—

हुं हरि आगळ हाथ, (के) तुं आगळ मांडी स त्तमा ॥
जो करसे जगनाथ (तो) नर बीजा मांगीस नहीं ॥ २ ॥

संवत सोळसें सीतरे, गहड तमण वडगात्र ॥
कीओ अजाची करिकृपा, सुजि भारमल सुपात्र ॥ १ ॥

તમાચીજી પ્રતિ ઉત્તર—

चारण बीआ चोइजे, भारमल मुंजों भा ॥
सेमुं अजाची कीयो, सुण हो भारो रा ॥ २ ॥

અર્થ—બીજા ચારણોને ચારણ કહીએ પણ આ ભારમલજી રતનું આજથી મારા ભાઇ બરોબર છે, હે ભારમલજી સાંભળો! આજથી હું તમોને મારા કાયમના અજાચી સ્થાપું છું માટે તમો બીજા કોઇ રાજાને હે ભાઇ માગશો નહીં તમો મારા ઉપર દૃઢ વિશ્વાસ રાખી સઘળા રાજાઓને યાચવા છોડી દેજો હરી સર્વને આપનાર છે તેવો નીચેનો દુહો બોલ્યા કે—

बीजा मत मागे बंधव, तुं राखे इक तार ॥
पह सीगळाइ परहरे, हरी छे देवण हार ॥ १ ॥

ઉપર પ્રમાણે કવિને અજાચી સ્થાપ્યા પછી તેઓ વિ. સં. ૧૭૧૧માં ભુજની ગાદીએ આવ્યા ત્યારે કચ્છમાં તે અજાચીને મોડવદર વગેરે ગામો આપ્યાં હતાં જે હાલ તેના વંશજો ખાય છે રાઓશ્રી તમાચીજી પોતા પાછળ રાયધણજી, હાલેજી, હરધોળજી, અને કલ્યાણમલજીએમ ચાર કુંવરો મેલી વિ. સં. ૧૭૨૨ના જેઠ સુદ ૧૧ના દિવસે અગીઆર વર્ષ રાજ્ય કરી સ્વર્ગે સીધાવ્યા.

(૧૪) રાઓશ્રી રાયધણજી (વિ. સં. ૧૭૨૨ થી ૧૭૫૪)

રાઓશ્રી તમાચીજી દેવ થયા પછી યુવરાજશ્રી રાયધણજી ભૂજની ગાદીએ આવ્યા. તેમણે પોતાના ભાઇઓને નીચે મુજબ ગિરાશ આપ્યા. ભાઇ અજાજીના કુંવર બાંભણીયાજી તથા હમીરજીને ચોબારી, ઓઢાજીને નીધરી, જેશાજીને ધાણેટી તથા ભોજરાજજીને ધમડકા બીજા બંધુ હરધોળજીના કુંવર લાખાજી તથા તેજમાલજીને આમંબીયા, ડોણ, મોં, તથા વડસરી, અને ત્રીજા બંધુ કલ્યાણમલજીને ભડલી આપી. ત્રણચાર વર્ષો વિત્યાપછી અમદાવાદનો નવાબ મુઆઝીમ બેગ ખંડણી ઉઘરાવવા કચ્છ આવેલ પરંતુ શાહ મુરાદપીરે જબ વષ્ટી કરી કે "રાઓશ્રી મક્કાના જાત્રાળુઓને 'વહાણમાં મફત બેસારી સહીસલામતીથી હજ કરવા રવાના કરે છે. તેથી બાદશાહ જહાંગીરે રા' ભારાજીને ખંડણી માફ કરેલ છે. માટે તમે પાછા જાવ નહિંતર તમારી બુરી વલ્લે થશે. " શાહ મુરાદપીરની વષ્ટીથી અને કાંધક ચમત્કારથી ખંડણી નહિં લેવાનો નવો પરવાનો લખી આપી તે પાછો ફર્યો. રાઓશ્રી રાયધણજીને અગીઆર કુંવરો હતા. (૧) નોંધણજી (૨) રવોજી (૩) પ્રાગમલજી (૪) મુનજી (૫) ગોપાળજી (૬) આસોજી (૭) જુણોજી (૮) લાખાજી [૯] મોડજી [૧૦] અજોજી (૧૧) ભોજરાજજી રાઓશ્રીની હયાતીમાંજ પાટવી કુમાર નોંધણજી દેવ થયા હતા. અને તેનાથી નાના કુમાર રવાજી પણ થરના સોઢા ભોજરાજજીને હાથે લડાઇમાં માર્યા ગયા હતા. રાઓશ્રીએ રાજ્યના જુદા જુદા ભાગોપર રાજ્ય કારભાર ચલાવવા કુંવરોને નિમ્યા. હતા.

તેમાં નોંધણજીના પાટવિ કુંવર હાલાજીને અબડાસા તથા કાંઠી. રવાજીના કુંવર કાંયાજીને મોરબી તથા કટારીયું, અને પ્રાગમલજીના કુંવર ગોડજીને ભુજનગરની કોટવાળી એ પ્રમાણે રાજ્ય વ્યવસ્થા હોવાથી કચ્છી પ્રજા સુખશાંન્તિ ભોગવતી હતી. વિ. સં. ૧૭૫૪માં આસો વદ ૮ના દિવસે રાઓશ્રી માંદા પડયા અને પછી કેટલેક દહાડે સ્વર્ગવાસ કર્યો ત્યારે તમામ રાજ્ય કુટુંબ રાઓશ્રીની દાહક્રિયા કરવા છતરડીએ ગયા. પણ કુંવરશ્રી પ્રાગમલજી આંખો દુઃખવાનું બ્હાનું કરી સાથે ગયા નહિં. પાછળથી ગાદીએ બેસી નોબત ગડગડાવતાં સ્મશાનમાં સૌ એ નોબતનો અવાજ સાંભળતાં આશ્ચર્ય પામ્યા, એ પ્રાગમલજીના કુંવર ગોડજી પણ સ્મશાનમાં સાથે હતા. તે પિતા–પુત્રે અગાઉથી કરી રાખેલ ખાનગી મસલત પ્રમાણે ગોડજીએ પોતાના કાકાઓને કહ્યું કે, "એ તમારા ભોળાભાઇ પ્રાગમલજીનું કામ હશે મને રજા આપો તો હું તેમને સમજાવી આવું." એમ કહીને ગોડજીએ ગામમાં આવી ભુજના દરવાજા બંધ કરાવી, પિતાશ્રી પ્રાગમલ્લજીનો રાજ્યાભિષેક કરાવ્યો. છતરડીએથી પાછા આવતાં સૌએ ભુજના નાકાં બંધ જોયાં, અને દગો થવાનું જાણી સૌ પોત પોતાના કબજાના થાણાં દબાવી બેઠા. હાલાજીએ મુદ્રો, કાંઠી અને કોઠારો દબાવ્યો, રવાજીના કુંવર **કાંયાજીએ મોરબી**તથા કટારીયું સ્વાધીન કર્યું. ત્યારથી મોરબી સ્વસ્થાન કચ્છથી જુદું પડયું.

(૧૫) મહારાઓશ્રી પ્રાગમલજી [પહેલા] વિ.સં.૧૭૫૪થી ૧૭૭૨

રાઓશ્રી પ્રાગમલજીએ ગાદીએ બેસી કુંવર ગોડજીને હાલાજીનો પ્રદેશ જીતી લેવા મોટાલશ્કર સાથે મોકલ્યા તેણે કુંવર હાલાજી પાસેથી મુંદ્રા આદિ કાંઠીના બાવન ગામો થોડા પ્રયાસે લઇ લીધાં. **નવાનગરના જામ રાયસીંહજી** ગુજરી જતાં, તેમના કુંવર **તમાચીજી** બાળક હોવાથી મહારાઓશ્રી પ્રાગમલજી પાસે ઉછર્યા. અને તે લાયક ઉમરેપ હોંચતાં, મહારાઓશ્રીની મદદથી નવાનગરની ગાદીએ બીરાજ્યા તેના બદલામાં જામશ્રીએ મહારાઓશ્રીને **બાલંભા** આપ્યું હતું. રાઓશ્રી પ્રાગમલજીને પાંચ કુંવરો હતા. યુવરાજ ગોડજી (૨) નારાયણજી (૩) સિદ્ધરાયજી (૪) કરણજી (૫) ભુંજાજી તેમાં યુવરાજ ગોડજી ગાદીએ આવ્યા. નારાણજીને ગોદરો, વરાડા, ઠોઠા, પોલડીયો અને તણવણામાં ગિરાશ આપ્યો. સિદ્ધરાજીના ત્રણ કુંવરને સાંધણ, લાયજો નાનોલાયજો, ધુંવાઓ, છછી, ઉન્નકોટ, **રાવળોસર**÷ માંડાઇ અને કોઠારામાં ગિરાસ આપ્યો. ચોથા કુંવર કરણજીને માનકુવો વાંડાસર, સામંતરા, કોટડી અને મણણાં, પાંચમાં કુંવર ભુંજાજીને ગઢસિસા, સોમરેલ વગેરે ગામો ગિરાસમાં આપી, મહારાઓશ્રી ×પ્રાગમલજી વિ. સં. ૧૭૭૨માં સ્વર્ગે સિધાવ્યા.

÷ જામશ્રી રાવળજી જ્યારે કચ્છની ગાદી ઉપર હતા ત્યારે તે ગામ પોતાના નામ પરથી વસાવેલું હતું.

×રાઓશ્રી પ્રાગમલજીને બાદશાહે "મહારાઓશ્રી" નો ઇલ્કાબ આપ્યો હતો.

(૧૬) મહારાઓશ્રી ગોડજી [પહેલા](વિ.સં. ૧૭૭૨થી૧૭૭૫)

રા. શ્રી. ગોડજીએ પિતાની હયાતિમાં ઘણી લડાઇઓ લડી કચ્છની આબાદી જાળવી હતી. તેમજ **નવાનગરમાં જામ તમાચીજીને** ગાદિએ બેસાડવામાં ઘણીજ મદદ કરી હતી. તેઓશ્રીને પાંચ કુંવરો હતા. (૧) દેશળજી (૨) રાયધણજી (૩) જીવણજી (૪) હાલેજી (૫) ઉમરેજી. તેમાં યુવરાજશ્રી દેશળજી રાજ્યગાદિએ આવ્યા. રાયધણજીને મોટી ખાંખર, કાંયરીઓ, તમાચીસર, મામરા, અને કાંડાગરામાં ગિરાસ આપ્યો. જીવણજીને રતાડીયું, દેપાનું ગામ, કાળાધોધા, જાંબુડી, ઇત્યાદિ (૪) હાલજીને પત્રી, મંગરા, વાંકીયા, અને સુખપર (૫) ઉમરાજીને બાળીયા, ગલ્નેડ, બેરાજે, ઉન્નડી, ગોડપર, ટપ્પર ઇત્યાદિ ગામો આપી, મહારાઓશ્રી ગોડજી વિ. સં. ૧૭૭૫ના માગસર વદ ૮ના દિવસે સ્વર્ગે સિધાવ્યા.

[૧૭] મહારાઓશ્રી દેશળજી પહેલા (વિ. સં. ૧૭૭૫થી૧૮૦૮)

મહારાઓશ્રી દેશળજી ગાદીએ બીરાજ્યા ત્યારે કચ્છદેશની પેદાશ માત્ર ૨૮ લાખ કોરીની હતી.

દુશ્મનોના હુમલાથી બચવા મહારાઓશ્રીએ વિ. સં. ૧૭૭૬માં **ભુજથી** અગ્નિખુણામાં **ભોરીંગગિરી** ઉપર એક મજબુત કિલ્લો બંધાવવો શરૂ કર્યો, જેને લોકો હાલ 'ભુજીયો'+ કહેછે.

+ એ કિલ્લાને મોટા કોઠા પંદર છે. તે સિવાય બીજી વજેરીયો છે. તેમાં ભુંડાગરો કોઠો જેનું બીજુ નામ વિજય કોઠો કહે છે તે સૌથી મોટો છે. એ કોઠા ઉપર તોપોના આઠ મારકા છે. તે ઉપર અત્યારે માત્ર એકજ તોપ છે. તે કોઠા ઉપર સારી રીતે કચેરીના રૂપમાં બેસાય તેવી આઠ બેઠકો છે. તેમાંની એક ઉંચી બેઠક ઉપર વિજય વાવટો રાખવાની સગવડ છે. એ કોઠા ઉપરથી દસ દસ માઇલ સુધી ચારે બાજુ નજર પડે છે. તેમજ લોકોની માન્યતા છે કે તે કોઠાની નીચે ભોંયરૂં છે તેમાંથી ભુજના રાજ મહેલમાં જવાય છે. બીજો રણજીત કોઠો છે. તેમાં પુષ્કળ દારૂગોળો છે. તે પછીના એક કોઠા ઉપર મેડી છે. ત્યાં રાઓશ્રી ભારમલજીને કેદ રાખ્યા હતા તેમ કહેવાય છે. એ કિલ્લાની અંદરની એક ઉંચી ટેકરી ઉપર ભુજંગરાજ (નાગ)નું સ્થાનક છે. તેના ઉપર દેરી છે. એ દેરીમાં વચ્ચે વચ્ચ ત્રણમુર્તી ભુજંગાકારે છે. બાજુમાં ગણપતિની બે મૂર્તિઓ નાની છે. અને એક મૂર્તિ કાળભૈરવની તથા, માતાજીની છે. તેપણ નાની છે. ભુજંગદેવની નીચે એક રાફડીતું ભોંયુ છે. તેના માથે મોટી કાચલી ઢાંકી રાખે છે. દર વરસે નાગપંચમીને દિવસે ભુજના તમામ લોકો આવી, તે રાફડીપરના ભોંયુમાં દૂધ રેડે છે, છેવટે જે મહારાઓશ્રી ગાદીએ હોય તે ત્યાં સ્વારીથી આવી, દુધનો કળશ પોતાના હાથથી ચડાવે ત્યારે તે રાફડીમાંથી દુધ બહાર આવી છલકે છે. પછી દુધ રેડવું બંધ થાય છે. એ ભુજંગદેવના પુજારી (દુધરેડનાર) જાતે અત્યંજ હોય છે. પણ તે દિવસે અસ્પૃશ્યતાનો વાંધો લેવાતો નથી. કહેવાય છે, કે–

વિ. સં. ૧૭૭૭માં ગુજરાતના સુબાએ નવાબ કેસરખાંને કચ્છની ખંડણી વસુલ કરવા મોટા લશ્કર સાથે મોકલ્યો, પરંતુ તેણે ભુજના મજબુત કિલ્લાના વખાણ સાંભળ્યાં, તેથી કિલ્લો સર નહિં થાય તેમ ધારી, તે અબડાસામાં આવેલા સમૃદ્ધિશાળી 'નળીયા' નામના ગામપર ચડી ગયો. પણ ત્યાંના ધનવાનો પોતાની તમામ દોલત લઇ ભુજ જતા રહ્યા હતા, તેથી તે નિરાશ થઇ ગુજરાતમાં પાછો ગયો.

મોરબીમાં રાઓશ્રી રાયધણજીના પૌત્ર કાંયોજી સ્વતંત્રપણે રાજ્ય કરતા હતા. તેને કચ્છનું રાજ્ય પચાવી પાડવાનો વિચાર થતાં, અમદાવાદના સુબાને મોટી રકમની ખંડણી આપવાની લાલચ આપી,૫૦ હજારના લશ્કરથી, ખુદ સુબા શેરબુલંદખાનને કચ્છમાં લાવ્યા.(વિ.સં.૧૭૮૫) એ સમાચાર ભુજ પહોંચતાં મહારાઓશ્રી દેશળજીએ પાટવિકુમાર લખપતજી, દિવાન ચત્રભુજ મહેતા, કોઠવાળ સૂરજી માવજી અને જનાનખાનાના કારભારી દેવકરણ શેઠ સાથે મસલત

લાલવાદી અને કુલવાદીએ ત્યાં આવી ભુજીઆનાગને પકડવા ઘણી ઘણી વિદ્યાઓ અજમાવી હતી. પરંતુ તેમાં તેઓ નિષ્ફળ ગયા. અને ત્યાંજ મરણ પામ્યા હાલ તેઓની ત્યાં ખાંભીઓ છે, એ ભુજીઆ નાગ જેવા ૯ નાગો (દિવાંસી શેષનાગો) કચ્છ કાઠીઆવાડમાં હજી પણ વિદ્યમાન છે. અને તે તેઓના **નાગમગા બારોટને** તેની જીંદગીમાં માત્ર એકજ વખત દર્શન આપે છે એ નાગમગાના કુળમાં જે થાય તે વારસદાર તેના વડીલોથી વહેંચેલાં ગરાસમુજબ ચોપડાઓ લઇ તે નાગદેવને સ્થાનકે જઇ, નાહી ધોઇ રાત્રે રાફડા આગળ બેસી શેષનાગોના પરાક્રમો (ઇતિહાસ)નાં કાવ્યો વાંચ્યા કરે. દિવસે સુઇ રહે. આમ ત્રણ ઉપવાસ કરે ત્યારે ચોથા દિવસની રાત્રે નાગદેવ દર્શન આપે અને પોતાના વડીલોના પરાક્રમો સાંભળી, સવા પહોર સૂર્ય ચઢે ત્યારે નાગ રાફડામાંથી લાવેલ સોનામહોર મેલી અદૃશ્ય થાય, પછી નાગમગો તે લઇ રસોઇ કરી પારણું કરે. આવી રીતે સાત દિવસ તે નાગની રૂબરૂ ચોપડા વાંચી સંભળાવે. પોતાપાસે અન્યમાણસને આવવા મનાઇ કરે. સાતમા દિવસની રાત્રે નાગ સ્વપ્નમાં આવી કેટલીએક તેની સાથે વાતો કરે અને સવારે ઘણાં દ્રવ્યોની શિખ આપે તે એટલી કે ફરીને તેની જીંદગીમાં પાછું માગવા આવવું ન પડે તેનો દિકરો જ્યારે પચીશ વર્ષની ઉમ્મરનો થાય ત્યારે તેનો પિતા તે જગ્યા બતાવી ચાલ્યો જાય એને તેનો પુત્ર ઉપર મૂજબ સાત દિવસ ચોપડો વાંચી નાગદેવને પ્રસન્ન કરે. જેના માથા ઉપર મણી રહે છે અને આ પૃથ્વી નો ભાર જે ઉંચકવાને સમર્થ છે તેવા નાગદેવના સંતાનો આ કચ્છ-કાઠીયાવાડની પવિત્ર ભુમિમાં હોય તેમાં શંકા નથી,

ઉપરની હકિકત મેં (કર્તાએ) કચ્છની મુસાફરી કરી તે વખતે તે કિલ્લાના અધિકારી (કિલ્લેદાર) વાધજીભાઇના પુત્ર **કાનજીભાઇ** તેમજ **રતાડીયાના ઠાકોરશ્રી બાલુભાભાઇ** અને **રાજકવિ દેવીદાનજી હમીરજી** સાથે કિલ્લો જોવા જતાં નજરે જોઇ મેળવેલી છે તથા ત્યાંનો અત્યંજ પુજારી પણ કહેતો હતો કે " મારા પોતાના વખતમાં એક વખત 'નાગમગા' અહિં માગવા આવ્યા હતા.

કાઠીઆવાડમાં તેવા 'નાગમગા'ના એકાદ બે કુટુંબો હોવાનું સાંભળ્યું છે.

કરી કચ્છમાંથી તમામ ભાયાતો તથા મિયાણાઓને ભુજ તેડાવ્યા. અને પોતાની જાતિ દેખરેખ નીચે લડાઇની સઘળી તૈયારીઓ કરાવી. તે વખતે ખજનામાં જોઇએ તેવી નાણાની સગવડ નહિં હોવાથી મહારાણીશ્રી માનકુંવરબાએ પોતાના ખાનગી ખજનામાંનું અઢળક દ્રવ્ય યુદ્ધની સાધન સામગ્રી માટે આપ્યું. બે હજાર સૈનિકોથી ફોઠારાના ગાદીપતિ હાલાજીને ભુજીયાના અધુરા કિલ્લાનું રક્ષણ કરવાનું કામ સોંપ્યું. આઠ હજાર સૈનિકોને પાટવિકુમાર લખપતજી તથા મોરબીપતિ કાંયાજીના કુંવર અલીયાજી તથા મેતા ચત્રભુજ અને સૂરજી કોટવાળ વગેરેની સરદારી નીચે રણજીત કોઠાઉપર ભુજનું રક્ષણ કરવા રોકવામાં આવ્યા. આમ દસ હજારનું કચ્છી સૈન્ય અર્ધાલાખના તુર્ક પઠાણ, અને મોગલ સૈન્ય સામે લડવાને તૈયાર થયું સુબા શેરબુલંદખાને માધાપુર પાસે પડાવ નાખી ભુજીયા કિલ્લાપર હલ્લો કર્યો, અને સંધ્યાકાળે ભયંકર લડાઇને અંતે ભુંડાગરો અને એક બીજો. એમ બે કોઠા તેણે કબજે કર્યા. બીજે દિવસે કચ્છી સૈનિકોએ એવું તો દારૂણ યુદ્ધ કર્યું કે બપોર સુધીમાં તે બન્ને કિલ્લાઓ પાછા હાથ કર્યા. એ લડાઇમાં નાગાબાવાનો જમાત રાઓશ્રીના લશ્કર સાથે હોવાથી એક નાગાબાવાના હાથથી સુબાનો ભત્રીજો માર્યો જતાં, મલેચ્છ સૈન્યમાં નિરાશા ફેલાઇ. એ તકનો લાભ લઇ ત્રીજે દીવસે ત્રણ હજાર ચુનંદા ઘોડેસ્વારો સાથે યુવરાજશ્રી લખપતજીએ શેરબુલંદખાનની છાવણી ઉપર ઓચીંતો હલ્લો કરી મોટી કતલ ચલાવી. તેથી સુબાના લશ્કરમાં ભંગાણ પડતાં તેણે માધાપુરથી છાવણી ઉઠાવી લાખાણા પાસે નંખાવી. ત્યાં તેજ રાત્રે મિયાણાઓ તેના ઉપર એકદમ તૂટી પડયા, અને ભારે લુંટ ચલાવી એ વખતે મોરબી નરેશ કાંયાજી, મહારાઓશ્રીને મળી ગયા. અને શેરબુલંદખાન મોટી હાર ખાઇ અમદાવાદ પાછો ગયો. ઉપરની લડાઇનું કાવ્ય " **દેશળ વચનિકા** " નામનું ચારણી ભાષામાં **રતનુશ્રી હમીરજી**એ ઘણીજ વીરરસની વાણીમાં વિસ્તારપુર્વક રચેલ છે. તેમાંના થોડાક દુહા અને છપય, નમુના દાખલ આ નીચે આપવામાં આવેલ છે. જ્યારે સુબો ચઢી આવ્યો ત્યારે મહારાઓશ્રી દેશળજીએ પોતાના અમીર ઉમરાવ અને ભાયાતોને ભેળા કરી પુછ્યું કે " સુબા શેરબુલંદખાનને આપણે દંડ (ખંડણી) આપશું? કે તેના સામે લડીશું? તેના જવાબમાં શુરવીર સભાસદો કહે છે કેઃ—

છપય– દંડ રાઓ કીં દીય, મેરુ દખ્ખણ કીં મંડે ।
દંડ રાઓ કીં દીય, શેષ શીર ધર કીં છંડે ।
દંડ રાઓ કીં દીય, અરજણ રણ કીં ઓસલ્લે ।
દંડ રાઓ કીં દીય, હીમ ગીરીવર કીં હલ્લ ।
મેં વાર અસુર ચડીયો મલર, લૂંટ દેશ બીજા લીય ।
પ્રાગ, સતણ કચ્છ ખંડ પહ, દંડ કેમ દેશળ દીય ॥ ૧ ॥

રાઓશ્રી દેશળજીના બે કિલ્લાઓ કેવા છે તે વિષેઃ—દુહા

ભૂજીયા ભીંતર ગઢ ભજે, શહેર પાસ ગઢ સોય ।
સૂરપતિરા ગઢ સારીખા, દેશળરા ગઢ દોય ॥ ૧ ॥

सोरठा-सामैयो सरदार. शेर बुलंद आयो चढी ।
काछो समदर करी, तें दाखवीयो देशळा ॥ १ ॥
देशळ वाइ डाक, माथे तां मुगलां तणें ।
तरकें वाइ तलाक, भूज नगर मेट्या तणी ॥ २ ॥

ઉપરની લડાઇ પછી દેવકરણ શેઠની યુદ્ધ કુશળતા અને કાર્યદક્ષતા પર ખુશ થઇ, મહારાઓશ્રીએ તેને દિવાનની પાઘડી પહેરાવી રાજકારભાર સોંપ્યો હતો. ઓખામંડળમાં વસતા, ચાંચીયા લોકો માંડવી બંદરના વહાણોને નુકશાન પહોંચાડતા હોવાથી, તેઓને અટકાવવા માટે મહારાઓશ્રીએ ત્યાં 'કચ્છી ગઢ' નામનો કિલ્લો બંધાવી થાણું બેસાર્યું. તેમજ ભૂજનો અધુરો કિલ્લો પુરો કરાવ્યો. અને મુંદ્રા, રાપર અને બાળંભાના એમ ત્રણ નવા કિલ્લાઓ બંધાવી રાજ્યની આબાદી કરી, પાટવિકુંવર લખપતજી ઘણાજ ખરચાળ હોવાથી તેઓને વારંવાર મહારાઓશ્રી ઠપકો દેતા, અને જ્યારે વધુ દીલગીર થતા, ત્યારે કુંવર નાસી જવાની ધમકી આપતા, અને એક વખત તો ઉદેપુરના મહારાણા પાસે જઇ રહેવા તૈયાર થયેલા, ત્યારે મહારાઓશ્રીએ યુક્તિથી સમજાવી શાંત કર્યા હતા. રાઓશ્રી દેશળજીનાં કુંવરી **ઉદેપુરના મહારાણાશ્રી કલ્યાણમલજી** વેરે પરણાવ્યાં હતાં. પરંતુ રાણાજી એક સુતારકન્યા ઉપર મોહીત થતાં તેને પરણીને જનાનામાં લાવ્યા. તેથી જાડેજી રાણીને મોહોલે પધારતા નહિં. આમ અણમાનેતી સ્થિતીમાં રહેવું ઠીક નહિં લાગવાથી બાશ્રીએ મહારાઓશ્રી દેશળજી ઉપર પત્ર લખી જણાવ્યું કે " મારી સ્થિતી ભયંકર છે, જો વહાર નહિં કરો તો હું દેહ ત્યાગ કરીશ " તેથી મહારાઓશ્રીએ પોતાના રાઠજવિને ઉદેપુર મોકલ્યા. મહારાણાશ્રી કાયમ સુતારણનાજ જનાનખાનામાં રહેતા હોવાથી કચેરીમાં પધારતા નહિં. એ ખબર રાજકવિને ઉદેપુરમાં થયા. તેથી મહારાણાની સલામ નહિં થાય તેમ ધારી જનાનખાનાના કિલ્લાની પાછળ ઝુંપડી બાંધી તેઓ યોગીવેશે ત્યાં રહી, દરરોજ રાત્રી વખતે 'જંતર' નામનું વાજીંત્ર બજાવી ભજન ગાવા લાગ્યા. એક રાત્રે મહારાણાએ તે ભજન સાંભળ્યું. અને તપાસ કરાવતાં, કિલ્લાના કોઠા ઉપર બેઠક ગોઠવાવી, ત્યાં બેઠા, અને ગઢ નીચે માચી ઉતરાવી તે યોગીવેશ ધારી કવિને ઉપર સિંચ્યા. એ વખતે કવિએ નીચેનો દુહો કહ્યો :—

चडीयुं कांट कथीर, (थथी) सुवरण सोंघेरुं थयुं ।
(इ)वेळाने वीर, (तुंने) कांउ ठबको कल्याणमल ॥ १ ॥

અર્થ—સુવર્ણ તોળવાના કાંટામાં કથીર ચડતાં (જોખાતાં) સોનું સોંઘું થતાં અત્યારે કોઇ ભાવ પુછતું નથી એ અત્યારના સમયની બલિહારી છે. પણ હે, વીર પુરૂષ કલ્યાણમલ સોનું તે સોનું અને કથીર તે કથીર નીવડે તે લક્ષ લેજો. હું બીજો શું ઠપકો આપું !

ઉપરનો દુહો સાંભળ્યા પછી મહારાણાશ્રીએ જાડેજી રાણીશ્રીને મહેલે રહેવું શરૂ કર્યું. અને કવિને પણ ભુજ જવા નહિં દેતાં પોતા પાસેજ રાખ્યા. કવિવીના મહારાઓશ્રી દેશળજીને કસુંબો ઉગતો નહિં. પણ નિરૂપાયે તેને ઉદેપુર મોકલ્યા હતા. તેથી રાણાજી પાસે રહેતી વખતે કવિએ માગેલું કે " જે દિવસે મારા તમારામાં જુદાઇ ભાળીશ તે દિવસે હું ભુજ જતો રહીશ. " રાણાજીએ એ વાત કબુલ કરી. રાખ્યા હતા.

એક વખત ઉનાળામાં સૌ કચેરીમંડળ સાથે રાણોજી તળાવે નાવા પધાર્યા. તે વખતે સૌ નિશામાં ચકચુર હતા. કવિ થોડો વખત નાહી, કિનારે આવી પોતાના કપડાં નહિં પહેરતાં, રાણાજીના કપડાં પહેરેવા લાગ્યા. તેથી પહેરેગીરે સુચના કરી કે કવિરાજ તે હજુરશ્રીના કપડાં છે. " તે સાંભળીને રાણોજી પણ બોલ્યા કે " કવિરાજ આપ નીસામાં છો એ કપડાં મારાં છે, આપનાં તેની બાજુમાંજ પડયાં છે તે પહેરો " સાંભળી કવિ નીચેનો દુહો બોલ્યા—

कईक पहेर्यां कइक पहेरशुं, पालव घट परमाण ॥
मारां तारां न गणे, ए रा' देशळनां वेंचाण ॥ १ ॥

અર્થ— હે રાજા આ શરીર ઉપર કેક વસ્ત્રો પહેર્યાં હજી કેટલાંએક વસ્ત્રો પહેરશું પણ મારાં તારાં ન ગણે એવા તો એક રાઓશ્રી દેશળજી છે.— " લ્યો રામ રામ " એમ કહી પોતાના વસ્ત્રો પહેરી કચ્છ તરફ પ્રયાણ કર્યું રાણે બહુ વિનવ્યા પણ " શરતનો ભંગ થયો છે. તેથી હું રહીશ નહિં. મને રજા આપો " જેથી પ્રતાપકુળદિપક રાણાશ્રી કલ્યાણમલજીએ પણ કવિની એક જીભે તારીફ કરી. યોગ્ય શિરપાવ આપી કચ્છ તરફ રવાના કર્યા. અને માહા રાઓશ્રી દેશળજી ઉપર ઉપકારનો કાગળ લખી આપ્યો કે "આવા રાજરત્નને અહિં મોકલી મારી ભુલ સુધરાવી." તે દિવસથી રાણાના રાજમહેલમાં જાડેજાનું માન વધ્યું કવિરાજ ભુજ આવતાં રાઓશ્રી દેશળજીએ પણ એ સર્વ હકિકત સાંભળી યોગ્ય શિરપાવ આપ્યો.

યુવરાજશ્રી લખપતજી એક વખત રીસાઇ મોરબી ગયા. ત્યાં ત્રણમાસ રહી પાછા આવ્યા અને દેવકરણ શેઠ દિવાને તેમની માગણી પ્રમાણે નાણાં ન આપવાથી, યુવરાજે તેનો શિરચ્છેદ કરાવ્યો (વિ. સં. ૧૭૬૭) તેમજ મહારાઓશ્રી દેશળજીને વિ. સં. ૧૭૬૮માં કેદ કરી યુવરાજશ્રીએ રાજકારભાર સંભાળ્યો. રાઓશ્રી દેશળજી દશ વર્ષ કેદ રહ્યા અને વિ. સં. ૧૮૦૮ના જેઠ વદ ૧૧ના રોજ સ્વર્ગે સીધાવ્યા.

મહારાઓશ્રી લખપતજીએ રાજ્યનું કામ તો સંવત ૧૭૬૮માંજ રાઓશ્રી દેશળજીને કેદ કરી સંભાળેલ. પણ ખરી રીતે તો તેઓ વિ. સં. ૧૮૦૮ના જેઠ વદ ૧૧ના રોજ ચોત્રીસ વર્ષની વયે ભુજની ગાદીએ બીરાજ્યા. તેઓના રાજ્ય અમલમાં એક પણ લડાઇ થઇ નહોતી, પણ તેઓનો એટલો બધો લખલૂટ ખર્ચ હતો કે કોઇ પણ દિવાન તેની નાણાં સબંધી જરૂરીયાત પુરી પાડી શકતો નહિં. તેઓના વખતમાં પુંજો શેઠ, રૂપજી શાહ, ગોરધન મ્હેતા અને તુળશીદાસ વગેરે કારભારીઓની અદલાબદલી થઇ હતી. પોતાના પાટવીકુંવર ગોડજી સાથે અણબનાવ હોવાથી યુવરાજશ્રી થોડો વખત મુંદ્રામાં રહી, પછી મોરબી રહેતા હતા.

રામસંગ નામનો એક કચ્છી નાખવો [વાઘેર] વલંદાના વહાણ સાથે યુરોપ ગયેલ, ત્યાંથી તે જુદા જુદા હુન્નર ઉદ્યોગ શીખી ભૂજ આવ્યો, ત્યારે તેની પાસે મહારાઓશ્રીએ

એક ઉત્તમ કારીગીરીવાળો આયના મહેલ બંધાવ્યો હતો. જે હાલ પણ ભુજમાં જોવા લાયક છે. રામસંગની દેખરેખતળે મહારાઓશ્રીએ એક તોપો બાંધવાનું કારખાનું ઉભું કરાવ્યું. તેમાં સંખ્યાબંધ તોપો તથા બીજી પણ કેટલીક કારીગીરીની ચીજો બનતી, દરબાર (કચેરી) ભરવાની પૃથા આ મહારાઓશ્રીના વખતથીજ શરૂ થઇ તેમજ દિલ્હી અને કાબુલમાં એલચીઓ રાખવાનો રિવાજ પણ ત્યારથીજ શરૂ થયો. સંવત ૧૮૦૩માં મોગલ સમ્રાટ આલમગીર બીજાને તથા કાબુલના અમીરને મહારાઓશ્રી લખપતજીએ મોટી લશ્કરી મદદ આપી હતી. તેથી બાદશાહે "**મિરઝાં**" નો ખિતાબ અને અમીરે '**મહારાજાધિરાજ**' ની પદવિ મહારાઓશ્રીને બક્ષી હતી.

ભટાર્ક કનકકુશળજી પાસેથી મહારાઓશ્રીએ વૃજભાષા નો અભ્યાસ કર્યો હતો. તેમજ રાજકવિ હમીરજી રતનું (અબડચી)ની પ્રેરણાથી ભુજમાં **શ્રી લખપત વૃજભાષાપાઠશાળા**× સ્થાપી. અને તેમાં બ્રાહ્મણ, ચારણ, ભાટ વગેરે જે કોઇ વૃજભાષા (પિંગળ) નો અભ્યાસ કરવા આવે તેને ખોરાક તથા પુસ્તકો રાજ્ય તરફથી આપવા પ્રબંધ બાંધવામાં આવ્યો. જે હાલપણ ચાલુ છે.

મહારાઓશ્રી લખપતજીએ વિલાસી જીવન ગાળવાથી ૪૪ વર્ષની નાની ઉંમરે તેમને અસાધ્ય રોગ લાગુ પડયો. મૃત્યુ પાસે આવેલું જાણી, તેઓશ્રીએ પોતાના તમામ ભાયાતો તથા સર્વ સરદારોને બોલાવી, માનસંગજી, ખાનજી, સબળસંગજી, કલ્યાણજી, મેઘજી અને કાનજી એ ૭ અનૌરસ પુત્રમાંથી ગમે તે એકને પસંદ કરી પોતાની પાછળ રાજ્યગાદિએ બેસાડવાની વાત કરી. પરંતું ભાયાતો અને સરદારોએ તે વાત મંજુર ન રાખતાં તેઓના અતિ આગ્રહથી યુવરાજ ગોડજીને મુંદ્રાથી બોલાવ્યા, વિ. સં. ૧૮૧૭ના જેઠ સુદ ૬ના દિવસે માહારાઓશ્રી લખપતજીએ સ્વર્ગવાસ કર્યો અને તેમના પાછળ પંદર રખાયત સ્ત્રીઓ પણ સતિ થઇ. જેઓના પાળીયા લખપતજીની છતરડીમાં હજી મોજુદ છે.

(૧૯) મહારાઓશ્રી ગોડજી [બીજા] (વિ. સં. ૧૮૧૭થી ૧૮૩૫)

રાઓશ્રી ગોડજી મુંદ્રાથી આવી ભૂજની ગાદીએ બિરાજ્યા અને જીવણશેઠને દિવાન બનાવ્યા. પુંજાશેઠને દિવાનગીરિ ન મળવાથી તેણે સિંધના અમીર **ગુલામશાહુ** આગળ જઇ,

× આ પાઠશાળામાં શ્રી **સ્વામીનારાયણ** સંપ્રદાયના મહાનક ધીશ્વર **શ્રીઅક્ષરાનંદજી સ્વામી** કે જેઓ પુર્વાશ્રમમાં આશીઆ ઓડકના **મારૂ ચારણ** હતા આબુરાજની તળેટીમાં આવેલ ખાણ ગામે **શંભુદાનજી**ને ત્યાં **લાડુજી** નામે અવતર્યા હતા, તેઓશ્રી એ આ લખપત પાઠશાળામાં સંપૂર્ણ અભ્યાસ કરી શતાવધાનિ થઇ અઢાર ગ્રંથો રચી. સ્વામિ નારાયણ સંપ્રદાયમાં સાહિત્યનો મોટો ફાળો આપ્યો હતો. આવાં અનેક નરરત્નો આ પાઠશાળામાં અભ્યાસ કરી કવિ પદવિને પામ્યા છે. હાલ તે પાઠશાળાના મુંખ્ય અધ્યાપક રાજકવિ **હમીરજી પંચાણજી** બેઠીયા છે, જેના ઉપર વિદ્યમાન મીરઝાં મહારાઓશ્રી **ખેંગારજી** સવાઇ બહાદુર અપૂર્વ પ્રીતિ રાખે છે. એ ચારણદેવે વિદ્યાર્થીને ઘણી કાળજીથી અભ્યાસ કરાવી કેટલાએક રાજકવિઓ બનાવ્યા છે. પ્રભુ એ ચારણી વિદ્યાના આત્માને અમર રાખે.

ખટપટ કરી અને તેને ૭૦ હજારના લશ્કર સાથે કચ્છ આવવા નોતર્યો ગુલામશાહના લશ્કરના ખબર મહારાઓશ્રીગોડજીને થતાં, તેઓશ્રીએ જામનગરથી **જામશ્રી લાખાજીની** મદદ માગી તેથી જામશ્રી લાખાજી પોતાના ૪ હજાર ચુનંદા સૈનિકોને સાથે લઇને ભૂજ આવ્યા તેમજ રાયધણપુરથી નવલાખ કોરીના ભારે એક ઘોડેસ્વારોની મોટી ટુકડી બોલાવી. તેમજ પોતાના પરગણાં, વાગડ, મીયાણી પાવર, અબડાસા, કાંઠી, ધ્રંગ, ગરડા વગેરે સ્થળેથી મીંયાણા, જત, બોરીચા, આમર, નોતીયાર, સમા, સુમરા, સૈયદ, મલેક, હોથી, મોકળસીંહ, ભુટ્ટાભારાચ, વીરભદ્ર, અબડા, સાહેબ, વગેરે સરદારો તથા ભાયાતોને બોલાવી મોટા સૈન્યની તૈયારી કરી, કચ્છની સરહદે ઝારાના ડુંગર ઉપર જીવણશેઠની સરદારી નીચે છાવણી નાખી. **ગુલામશાહ** રણ બોળગી કચ્છની સરહદ નજીક આવ્યો. પરંતુ અગાઉથી ઉનાડ કરેલા જળાશયોમાં પાણી નહિં હોવાથી, સીંધી લશ્કર હાલ બેહાલ થયું અને મહામુસીબતે બપોર પછી ઝારા નજીક આવ્યું. એ વખતે જો જીવણશેઠે તેના ઉપર ધસારો કર્યો હોત તો સહેજ વારમાં વિજય મેળવત પણ એ પ્રધાનમાં કુશળ સેનાધિપતિની બુદ્ધિ ન હતી. બે દિવસ પછી વહેલી સવારે સીંધી લશ્કરે ઝારાના ડુંગરપર ધસારો કર્યો. તેથી કચ્છી તોપચીઓએ જામશ્રી પેટાવી, તોપોના અવાજ કર્યા. પણ કમ ભાગ્યે એક જંગી તોપ પહેલેજ ભડાકે ફાટી. તેથી કેટલાકનું મરણ થતાં, કચ્છી લશ્કરમાં ગભરાટ ફેલાયો. તેનો લાભ લઇ સીંધી લશ્કર ટેકરી ઉપર ચડી જતાં હાથોહાથની લડાઇ ચાલી. તેમાં જીવણ શેઠ અને તેના કેટલાક યોદ્ધાઓ કામ આવ્યા એટલે **જામશ્રી લાખાજી**એ સહેજ વારમાં કચ્છી લશ્કરને પડકારી વ્યૂહરચનામાં ગોઠવી, લડાઇ શરૂ કરી. તેઓશ્રીએ અસાધારણ વીરતાથી લડી, સેનાધિપતિ દરીયાખાનને મારી ટેકરીનો કબજો પાછો મેળવ્યો. અને સાંજ પડતા સુધીમાં તો કેટલુંએક સીંધી લશ્કર કાપી નાખ્યું. બીજે દિવસે ગુલામશાહે વષ્ટિ ચલાવી. રાઓશ્રીએ પણ હજારો માણસોની કત્લ નહિં ચલાવવાનું યોગ્ય જાણી. પુંજા શેઠ મારફત સુલેહ કરાવી. પુંજાશેઠે ગુલામશાહની માગણી મુજબ રાજકન્યા પરણાવવાનું વચન આપી, પોતાના દીકરા દેવજીને ઓળગમાં આપી ગુલામશાહને સિંધ તરફ પાછો વાળ્યો. પુંજાશેઠને દિવાનગીરી મળ્યા પછી, શેઠ પોતાના દિકરાને ઓળગમાંથી પાછો લાવવા સારૂ કન્યા પરણાવવાનું વખતોવખત રાઓશ્રીને કહેતા હોવાથી, રાઓશ્રીએ ચિડાઇ તેને કેદમાં નાખ્યો. અને ત્યારપછી ઝેર દઇને કેદમાંજ મરાવી નાખ્યો. એ વાતની ખબર ગુલામશાહને થતાં વિ. સં. ૧૮૨૧માં ૫૦ હજારના લશ્કરથી પાછો કચ્છ ઉપર ચડી આવ્યો, પણ ગુલામશાહના દિવાન ગીધુમલે ભુજીયા કિલ્લાના તથા કચ્છી લશ્કરના ઘણાં વખાણ કર્યા તેથી સુલેહ મુજબ વર્તવા કહેવરાવવાથી રાઓશ્રીએ ખાખરના જાડેજાની રખાયતની દીકરી ગુલામશાહને પરણાવી પાછો વાળ્યો. પણ પાછા વળતાં લખપત ગામે ૫ હજાર સૈનિકોનું થાણું બેસાર્યું અને હિમાલયનું પાણી કચ્છના વિશાળ પ્રદેશ **બન્ની** અને ગરડામાં **કોરી** નામની સિંધુની શાખા વાટે આવતું, તે અટકાવવા **અલીબંધ** પાસે એક મોટો બંધ બંધાવી કચ્છને દરસાલ આઠ લાખ કોરીની થતી પેદાશ અટકાવી. અઢળક ચોખા (ડાંગર)ના પાકની પેદાશ બંધ કરી કચ્છ દેશને કાયમના માટે હિમાલયના પાણીથી વિહીન કર્યો. સંવત ૧૮૨૮માં ગુલામશાહ મરણ પામતાં, તેની ગાદીએ શાહજાદો સરફરાજ આવ્યો તે રાજ્ય ચલાવવામાં અશકત અને વિલાસી હોવાથી, પુંજાશેઠનો

દિકરો દેવજી ત્યાંથી નાશી છૂટ્યો. તેણે ભુજ આવી રાઓશ્રીની મદદથી લખપતમાં બેસારેલ પાંચ હજાર માણસના સિંધી થાણાને ઉઠાડી મેલ્યું. તેથી રાઓશ્રી ગોડજીએ તેને દિવાનની જગ્યો આપી પાઘડી બંધાવી એ વખતે નવાનગરમાં મેરૂખવાસનું પ્રબળ હોવાથી, કચ્છની બેરવ્યવસ્થાનો લાભ લઇ, મેરૂએ બાલંભાનો કિલ્લો કચ્છ પાસેથી લઇ લીધો હતો. રાઓશ્રી ગોડજી બહુજ વ્હેમી હતા. તેથી પોતાના અંગરક્ષણ માટે ૪૦૦ સીદીઓને (હબસીઓને) પાસે રાખ્યા હતા. પણ તે સીદીલોકો રાજ્ય કારોબારમાં માથું મારતા તેથી ભાયાતો તથા રાણીઓએ એક સંપી કરી ભાયાતી લશ્કર મહેલની આસપાસ ગોઠવી, ૪૦૦ સીદીઓને દેશપાર કર્યા. વિ. સં. ૧૮૩૫ની નાગપંચમીને દિવસે મહારાઓશ્રી ભુજીયા દેવનાં દર્શન કરી સ્વારીમાંથી પાછા આવ્યા પછી સાતમે દહાડે ભગંદરના અસાધ્ય રોગમાં દેહ છોડ્યો.

(૨૦) મહારાઓશ્રી રાયધણજી (બીજા) (વિ. સં. ૧૮૩૫થી ૧૮૭૦)

ચૌદ વર્ષની સગીર વયે રાઓશ્રી રાયધણજી ભૂજની ગાદીએ આવ્યા. તે વખતે રાજ્યનો સઘળો કારભાર દેવજી શેઠ ચલાવતા હતા. મરહુમ મહારાઓશ્રી ગોડજીના અંગરક્ષક સીદીઓ પાછા હળવે હળવે હજુરમાં દાખલ થયા. તે બધા રાઓશ્રીની યોગ્ય ઉમર થતાં તેમની પાસે ફરતાહરતા થઇ પડ્યા. સીદીઓના સરદાર **જમાલમીયાં**એ દિવાન **દેવજીશેઠ** ને તથા તેના ભાઇઓને કેદ કરી દંડ લઇ મારી નખાવ્યા. તેઓમાંના **મરીચ** નામના સીદીએ રાઓશ્રીને **મહમદપન્ના** નામના એક પરદેશી મુસલમાનની દોસ્તી કરાવી એ **મહમદપન્ના**ના ઉપદેશથી ૨૦ વર્ષની કાચી ઉંમરે રાઓશ્રીએ મુસલમાની ધર્મ તરફ પોતાનું વલણ બતાવ્યું. તે એવીરીતે કે એક ગાંડા માણસની પેઠે તેઓ હાથમાં ખુલ્લી તરવાર લઇ સીદીઓના ટોળાં સાથે ગામમાં ફરતા અને હિંદુઓને પરાણે પકડી કલમા પડાવતા, કપાળમાંથી ટીલું ભુંસાવી નાખતા. અને ટીલું ન ભુંસી નાખતા તેને મરાવી નાખતા મંદિરોમાં જઇ મૂર્તિઓ તોડતા, ઉપર પ્રમાણે જ્યારે સીદીઓ સાથે બજારમાં નીકળતા ત્યારે હિંદુઓ ઘર અને દુકાનો બંધ કરી છુપાઇ બેસતા. એક વખત અંગરક્ષકો રાઓશ્રીને **માંડવીબંદર** લઇ ગયા. અને ત્યાંના **સુંદરવરના** મંદીરમાં પ્રવેશ કરી મૂર્તિ ખંડિત કરવા તજવીજ કરી. અને બજારમાં કેટલાએક ગોવધ કરી લોહી છાંટ્યા. એ લોહી સાથે મંદિરમાં પ્રવેશ કરતાં શહેરના સંખ્યાબંધ બ્રાહ્મણો અને હિંદુઓએ હુલ્લડ કર્યું. તેમા ત્રણ માણસો માર્યા ગયા અને કેટલાએક ઘવરાયા ત્યાંથી રાઓ રાયધણજી સીદીઓ સાથે ભુજ ગયા એ વર્તણુંકથી રાણીઓ તથા બ્રહ્મણે કંટાળી, દિવાન **વાઘા પારેખ** સાથે એકતા કરી. તેથી વાઘાપારેખે પોતાના ભાઇ **કેરા**ને ૪૦૦ માણસ સાથે અંજારથી બોલાવી લીધો. તેઓએ ઓચીંતા રાજમહેલમાં દાખલ થઇ રાઓશ્રીને પકડવા તજવીજ કરી, પરંતુ રાઓશ્રી અગાસી ઉપર ચડી નાશી ગયા. અને તેના અંગરક્ષક સીદીઓ તથા પઠાણોએ લડાઇ કરી એ ચારસોય માણસોને બંદુકથી મારી નાખ્યા એ મુડદાંને ભેળાં કરી **ભીડને નાકે** એક ખાડો ખોદાવી તેમાં દટાવી માથે ઓટો ચણાવ્યો. તે ઓટાને લોકો હાલ **વાઘાસર કેરાસર** કહે છે.

મહમદપન્નાની શીખવણીથી ભુજના મંદીરોની મૂર્તિ ખંડનનો એક દિવસ રાઓશ્રીએ મુકરર કર્યો આ વાતની ખબર ભુજના હિંદુઓમાં થતાં મોટો કોલાહળ થયો અને તેથી

મહારાણીશ્રી **સોઢીશ્રી રૂપાળીબા** (સ્વરૂપબા)ની સલાહથી અંજારના કારભારી **મેઘજી શેઠ** ને મોટા લશ્કર સાથે બોલાવવા તજવીજ કરી. મુર્તિ–ખંડનના દિવસે મહારાઓશ્રીએ ભુજનાં દરવાજા બંધ કરાવ્યા. અને એક મંદિર તરફ જવા પ્રયાણ કર્યું. તેટલામાં **મેઘજી** શેઠની ફોજ કોઇ હિંમતવાન હિંદુ ગૃહસ્થની મદદથી દરવાજા ઉઘડતાં શહેરમાં દાખલ થઇ એ ખબર મહારાઓને થતાં, તેઓ પોતાના અંગરક્ષકો સાથે રાજમહેલમાં ભરાયા. તેથી **મેઘજી શેઠે** ત્રણ દિવસ સુધી રાજમહેલને સખત ઘેરો રાખ્યો. અને ચોથે દિવસે રાજમહેલમાં દાખલ થઇ કેટલાએક અંગરક્ષકોને મારી અને બીજાઓને તાબે કરી, રાઓને કેદ કરી હિંદુ ધર્મનું રક્ષણ કર્યું એ સમયનું એક **ચારણ** કવિએ **મેઘજીશેઠનું** કવિત કરેલ છે. જે નીચે આપ્યું છે:—

કવિત:—

પડ જાતે દેવળ ઓ થાનપે મસીત હોત । દેવહુંકી મુરતી ઘરાઇ લોક ઘરતે ॥
પડતે કલમ્માસબ ઇલ્લીલા મહંમદહુંકે । હિંદુ મુસલમાન હુતે હારહુ ના હરતે ॥
રાઓંકો ભુલાયકે દારુમે દિવાન કર । લાખા ઓર દેશળકે ખજાને સબ હરતે॥
કહા કછવાલે રજપુતો ગુમરાઇ કરો । મેઘજી ન હોતનો મલેચ્છ રાજ કરતે॥૨॥

ખરેખર **મેઘજીશેઠે શીવાજી**ની પેઠે આ વખતે હિંદુધર્મ સાચવી રાખ્યો. રાયધણજીને કેદ કરી તેમના નાનાભાઇ પૃથ્વિરાજજી ઉર્ફે ભાયજીબાવાને ગાદિએ બેસાડવામાં આવ્યા. અને (૧) મેઘજી શેઠ (૨) ડોસલવેણ (૩) અબડો (૪) ભટ્ટી હમીર (૫) ભારોજી (૬) જુકો (૭) બોસમાણ (૮) રાજમામદ (અને બીજા ચાર નામો નથી મળેલાં) તેઓને રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા એક સહાયકારી **'બારભાયા રાજમંડળી**માં નિમવામાં આવ્યા. એ બારભાયારાજમંડળીએ ભાયજી બાવાને નામે મોટું લશ્કર એકઠું કરી રાજ્યની સહીસલામતિ જાળવી. તો પણ હમીર અને તુરક વાલદીનાની મદદથી રાયધણજી છુટા થયા. પણ **ફતેહમહમદ** જમાદારે ફરી કેદ કર્યા. એ બારભાયા મંડળમાં અંદરોઅંદર ખટપટ થતાં, કેટલાએકને દંડી બાકીનાને દેશપાર કરી, વિ. સં. ૧૮૪૭ના ચૈત્ર સુદ ૮ના દિવસે ભાયજીબાવાની સર્વોપરી સત્તા જાહેર કરી.

—જમાદાર ફતેહમહમદ—

નગરસમૈના જામ રાયધણજીને આઠ કુંવરો હતા. તેઓમાં **નાતીયાર** નામના કુંવરે ઇસલામી ધર્મ સ્વીકાર્યો હતો, તેના વંશમાં કેટલીએક પેઢીએ ફતેહમહમદ થયો હતો, તે નાનપણમાં બેઠાં ચારતો શરીરે મજબુત બાંધાનો હોવાથી તેના કેટલાએક શુભેચ્છકોએ તેને લશ્કરીખાતામાં જોડાવા સલાહ આપતાં તેણે ભુજ આવી, કચ્છના સેનાધિપતિ **ડોસલવેણ** પાસે નોકરી માગી તેના શરીરને મજબુત બાંધો અને તેની વાકચાતુરી જોઇ સેનાધિપતિએ તેને વીશ પાયદળનો જમાદાર બનાવ્યો, **ફતેહમહમદ** યુક્તિબાજ વ્યવહારકુશળ તેમજ રાજનિતિજ્ઞ હિંમતવાન પુરૂષ હતો, એ વીરપુરૂષની કાર્યકુશળતાએ **ભાયજીબાવા** ઉપર ઉંડી છાપ પાડી. તેમજ તે હિંદુધર્મની લાગણીવાળો હોવાથી પ્રજાપણ તેને ચાહવા લાગી

એથી તેણે થોડા વખતમાં કચ્છની સર્વોપરી સત્તા પોતાના હાથ કરી, ત્યારપછી તેણે લખપત નો કીલ્લો બંધાવ્યો. તથા તુણાબંદર વસાવ્યું. તથા વાગડ પ્રદેશમાં પોતાના નામ ઉપરથી 'ફતેહુગઢ' એ નામનો કીલ્લો બંધાવ્યો તે કીલ્લામાં વધુ ખર્ચ થતાં રાજ્યના જુના નોકર આશકરણશાહ પાસેથી આઠલાખ કોરી માગી તેથી તેણે ચારલાખ કોરી રોકડી આપી અને બાકીની ચાર લાખમાં વરશામેડીના નંદવાણા ગૃહસ્થને જમીન આપ્યા, પાછળથી આશકરણશાહે અંજાર ઉપર ચડાઇ કરવા હંશરાજ શાહને કહાવી મોકલ્યું અને બંન્ને લશ્કરો એકી સાથે અંજારને પાદર આવીમળે તેવી ગોઠવણ કરી એ ખબર જમાદારને મળતાં તેને ઘણો ગુસ્સો ચડયો અને વરશામેડીના નંદવાણા ઉપર કોરી તુરત ભરી જવા તાકીદી કરી એટલે જમીન પડેલા નંદવાણા બ્રાહ્મણો ભુજ જઇ આશકરણશાહને બારણે ત્રાગાંકરી લાંધવા બેઠા તેથી આશકરણશાહે વીશહજાર કોરી રોકડી આપી બાકીની કોરીઓ માટે પોતાનો દિકરો લાલચંદ ઓળમાં આપ્યો. એ લઇ નંદવાણાઓ અંજાર આવ્યા અને જમાદારને કોરીઓ તથા લાલચંદ આપી જમાની ખત રદ કરાવ્યું, જમાદાર ફતેહમહમદે જામનગર ઉપર ત્રણ સ્વારી કરી બાલંભાનો કિલ્લો પાછો લેવા અનેક ઉપાયો યોજેલા પણ એક ખવાસે શામ દામ ભેદ વાપરી તે કીલ્લો તેના હાથ જવા ન દીધો, જમાદાર ફતેહમહમદ નો કવિ કેશવરામે "ફતેસાગર" એ નામનો એક ગ્રંથ લખેલો છે, તેમાંના થોડાં કાવ્યો નીચે આપેલ છે.

દોહા

ફતીઆ થારી ફોજરો ભય ડંકો ભારી । સુતી થડકે સેંજમાં નગરરી નારી ॥ ૧
ઓખો તુંથી ઉથડકે બરડો તુંથી બોય । ગઢ કેજે ધોરાજી રો નોતિઆર નગર લીય॥૨
હાલા ઝાલા નેં જેઠવા તેં હટાડ્યા હમીર। ઘળ ઉત્તારી મુંછના કીધા પાંસરા તીર॥૩

જમાદારના મરણ પછીનું કાવ્ય— કુંડળીઆ

ફત્તા મરગ્યા ફટકમેં, ઠઠકર છોડત ઠામ ॥
જગજીવન એક ઝટકમેં, કટક ન આયા કામ ॥
કટક ન આયા કામ, માલજીન લુંટ ખીલાયા ॥
એસા લૂણ હરામ, કામ જીન કછુ ન આયા ॥
કહે કવિ કેશવરામ, તમડ સુત નામે છત્તા ॥
સરવે લે ગયા સાથ, કચ્છકી શોભા ફત્તા ॥ ૧ ॥
ફત્તેકે પરતાપ સે, કે તે કરગયે રાજ ॥
મહમદ મુંદ્રે હો ગયા, મડદ શેઠ હંશરાજ ॥
મડદ શેઠ હંશરાજ, સરવીયા સામત સાયર ॥
ત્યોં લખપતમેં મોડ, મોડજી ગદશીશાપર ॥
કહે કવિ કેશવરામ, તમડ સુત નામે છત્તા ॥
સરવે લે ગયા સાથ, કચ્છકી શોભા ફત્તા ॥ ૨ ॥
ફસો ફીર નહીં હોત હે, કચ્છ ધરાકે બીચ ॥

पानी थाँ सो बह गया, रह्या छार अरु कीच ॥
रह्या छार अरु कीच, नीत उनियां कर जानी ॥
अंक बीना रादेश, देश उनियां घर आनी ॥
कहे कवि केशवराम, तमड सुत नामे छत्ता ॥
सरवे ले गया साथ, कच्छकी शोभा फत्ता ॥ ३ ॥

જમાદાર ફતેહમહમદનો ઇરાદો કંપની સરકારને ગુજરાત કાઠીઆવાડમાંથી હાંકી કાઢી ત્યાં કચ્છી સત્તા સ્થાપવાનો હતો, તેથી તેણે સાંતલપુર આગળ થાણું બેસારી કાઠી-આવાડનો રજકીય વિષય હાથ ધર્યો, અને દૂરના રાજાઓના સાથે મૈત્રી સબંધ બાંધ્યો, તેમજ હૈદરઅલીના પુત્ર **ટીપુસુલતાન** સાથે તેને ગાઢ મૈત્રી બાંધી ભેટ સોગાદની આપલે કરી હતી, તેમાં ટીપુસુલતાને શ્રીરંગાબાદમાં બનેલી એક મોટી તોપ ફતેહમહમદને ભેટ આપી હતી, જે તોપ હાલ અંજારમાં છે,

વિ. સં. ૧૮૭૦માં કચ્છદેશમાં પ્લેગની સખત બીમારી ચાલતી હતી, તે અરસામાં જમાદાર વાગડ પર ચડાઇ કરી ફતેહ મેળવી આવ્યા પછી, ત્રીજે દીવસે તેને પ્લેગની ગાંઠ નીકળી અને તેજ બીમારીમાં વિ. સં. ૧૮૭૦ના આષ સુદ ૧૧ને દીવસ ૬૧ વર્ષની ઉમરે પોતા પાછળ ચાર સંતાનો મેલી તે ગુજરી ગયા, (બે પુત્ર બે પુત્રીઓ)

આ સમયમાં કચ્છમાં એક નામાંકીત બીજી વ્યકતી હતી તેથી તેનું વૃત્તાંત આ સ્થળે આપવું યોગ્ય જાણી ટુંકામાં લખું છું.

—સુંદર સોદાગર—

વિ. સં. ૧૮૨૦માં સુંદરજી સોદાગરનો જન્મ માંડવી પાસે **ગુંદીયાળી** ગામમાં **બ્રહ્મક્ષત્રી શીવજી હીરજીને** ત્યાં થયો હતો. તેની સ્થિતિ સાધારણ હતી. જ્યારે તેના પિતા ગુજરી ગયા ત્યારે તેના હિસ્સામાં આવેલી તમામ મિલકત તે જુગારમાં હારી ગયો. પાછળથી તેને પસ્તાવો થતાં તે કુછંદ છોડી કાંઇ યોગ્ય ધંધો કરવા વિચાર થતાં, માંડવીના નગરશેઠે તેને મદદ આપી. તેથી તેણે કચ્છી ઘોડાઓ ખરીદી મુંબઇ તથા મલબાર કિનારાપર વેચવાની શરૂઆત કરી તેમાં તેને સારો નફો થયો. અને એક મોટા સોદાગર તરીકે નામના મેળવી. વિ. સં. ૧૮૫૧માં અંગ્રેજ સરકાર અને ટીપુ સુલતાન વચ્ચે લડાઇ થઇ ત્યારે બંન્ને પક્ષોને વહાણોના વાહાણો ભરી ઘોડાઓ પુરા પાડયા હતા. તેમાં તેણે લાખો રૂપીઆ મેળવ્યા હતા. ટીપુ સુલતાને સુંદરજી શેઠને ઉમદા પોશાક સાથે કલગી આપી હતી. તેમજ અંગ્રેજ સરકારે લખનોના કરારોપર સહી કરવા પોતાના વતી હીંદી એલચી તરીકે સુંદરજીશેઠને મોકલ્યા હતા. તે વખતે સોનાનાં કડાં, મોતીની માળા ઉમદા પોશાક સાથે બે તોપો આપી હતી. તે બંન્ને તોપો શેઠે મહારાઓશ્રીને ભેટ તરીકે મોકલાવી આપી હતી. ઘોડાની સોદાગરીમાં શેઠ પાસે કરોડો રૂપીઆની મિલકત એકઠી થઇ હતી. તેથી તેણે મ્હૈસુર, માંગરોળ, કુમઠા, કલીકોટ, મુંબઇ, મલબાર, અમદાવાદ, પુના, વડોદરા, રાજકોટ

ધોરાજી. જોડીયા, નવાનગર, કચ્છ-માંડવી, ભુજ, અંજાર, લખપત અને સિંધ વગેરે સ્થળોમાં પોતાની પેઢીઓ ખોલી એવી ' શાહ ' બાંધી કે તમામ હિંદુસ્થાનમાં શેઠની હુંડીઓની વિના સંકોચે લેવડદેવડ થતી. આ વખતે કંપની સરકાર મુંબઇ ઇલાકામાં પગ પેસારો કરી રહી હતી. અને દેશી રાજ્યો વચ્ચે તકરારો પડતી ત્યારે સુંદરજી શેઠ નિષ્પક્ષપાતપણે બંન્ને પક્ષને સમજાવી તે તકરારનો અંત લાવતા. તેથી શેઠ કંપની સરકાર અને દેશી રાજ્યો એ બંન્નેના વિશ્વાસપાત્ર બન્યા હતા. કંપની સરકારે શેઠને **'નેટીવ એજન્ટ'** નો માનવંતો હોદ્દો આપ્યો હતો. રાજાઓ શેઠ પાસેથી નાણું ઉછીનું લેતા અને તે બદલામાં શેઠને પોતાના ગામોનો કબ્જારો આપતા શેઠે જુનાગઢ, પોરબંદર અને રાજકોટનો કારભાર ચલાવ્યો હતો. સંવત ૧૮૭૨માં કંપની સરકારે પુનાના પેશ્વા બાજીરાવ (બીજા) પર ચઢાઇ કરી ત્યારે સુંદરજી શેઠ પણ સાથે હતા તે લડાઇમાં પેશ્વાની હાર થતાં, કાઠીયાવાડની જમાબંધી અંગ્રેજ સરકારને મળી. તે ઉઘરાવવાનું કામ સરકારે શેઠને સોંપી, એક પાલખી છત્ર, મસાલ અને સુરજમુખીનો મોટો સિરપાવ શેઠને આપ્યો. કચ્છના મહારાવશ્રી રાયધણજી એ મસ્કા તથા ગુંદીયાળી (શેઠની જન્મભૂમિ) એ બે ગામો અઘાટ વંશપરંપરા શેઠને આપ્યાં હતાં. નવાનગરના જામસાહેબે રાવળ પરગણાના ચાર ગામો શેઠને આપ્યા હતાં. તેમજ ભોળના ઠાકોરશ્રીએ એકગામ ગોંડળના ઠાકોરે એક ગામ, જુનાગઢના નવાબસાહેબે એક ગામ, અને પોરબંદરના રાણાસાહેબે એક ગામ શેઠને બક્ષિસ આપ્યાં હતાં અને રસનાળ તથા બેગામ શેઠે ગિરાશીઆઓ પાસેથી વેચાતાં લીધાં હતાં, શેઠની સેવાની કદર કરી શેઠના મૃત્યુ પછી પણ મુંબઇ સરકારે શેઠના દિકરા દેવસીંહને રૂપીયા દશહજારની વાર્ષિક આવકવાળુ ઉતરસંડા નામનું ગામ બક્ષિસ આપ્યું હતું, શેઠે પોતાની કરોડોની કમાણીમાંથી લાખો રૂપીઆનો ધર્માદો પણ કર્યો હતો. પોતાની જન્મભુમિનું ગામ ગુંદીયાળીમાં તથા માંડવી આરાંભડા, ગીરનારપર્વતપર આવેલી હનુમાનધારા અને કાનામાંગરોળમાં શેઠે સદાવ્રતો ખોલ્યાં હતાં. સંવત ૧૮૬૬ના ભયંકર દુષ્કાળમાં શેઠે કચ્છી પ્રજાને પુષ્કળ અન્ન વસ્ત્રો આપ્યાં હતાં,તેમજ દરેક યાચકને અકકેક ધાબળો, લોટો અને સિધો. દરરોજ સવારે શેઠની ડેલીએથી મળતો, હરદ્વારમાં બાર વરસે મોટો કુંભ મેળો ભરાય છે તેમાં લાખો માણસો આવે છે, તેને શેઠે ચાર દીવસ સુધી ઉતમ મિષ્ટાનો જમાડયાં હતાં. કહેવાય છે કે, આગળ પાંડવોએ ચાર દિવસ સુધી ત્યાં ભંડારો કર્યો હતો, ત્યારપછી કોઇએ પણ ભંડારો કર્યો હોય તો કચ્છના દાનવીર **શેઠ સુંદરજી શિવજી** સોદાગરે કર્યો હતો. શેઠે ગીરનારપર્વતના પગથીયાં ગુરૂદત્તાત્રયની ટોંકસુધી બંધાવ્યા હતા. તેમજ દામોદર કુંડની પાળ બંધાવી હતી. અને કચ્છમાં આવેલા નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ, આશાપુરામાતા માંડવીમાં રાણેશ્વર, નાગનીનાથ વગેરે મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. અને ધીણોધરના ડુંગરપર ધરમનાથ બાવા, કલ્યાણેશ્વર, નીલકંઠમહાદેવ, વેધમાં જડેશ્વર અને રાવળપીર વિગેરેના મંદિરો ચણાવી આપ્યાં હતાં, ઉપર પ્રમાણે રાજનીતિજ્ઞ અને વ્યવહારકુશળ શેઠે કચ્છ કાઠીયાવાડમાં પોતાની કિર્તિ અમર કરી, વિ. સં, ૧૮૭૮ના ફાગણ વદ ૧૨ના રોજ માંડવિમાં દેહત્યાગ કર્યો. ઉપરની હકીકત (ફતેહમામદ તથા સુંદરજી શેઠની) મહારાઓશ્રી રાયધણજીના સમયની હોવાથી અત્રે આપેલ છે,

જમાદાર ફતેહમામદના અવસાન પછી પચીસ દિવસે વિ. સં. ૧૮૭૦ના કારતક સુદ ૬ના રોજ મહારાઓશ્રી રાયધણજીએ દેહ ત્યાગ કર્યો હતો, તેમને મરતી વખતે પોતાના શબને દફન કરવાનું કહ્યું હતું, પરંતુ ૫૦૦ રજપુત ભાયાતોએ રાજ્ય મહેલમાં દાખલ થઇ, શબને કબજે કરી, હિંદુ રીતિ પ્રમાણે તેમનો અગ્નિસંસ્કાર કર્યો હતો.

દશમી કળા સમાપ્તઃ

।। શ્રી એકાદશી કળા પ્રારંભઃ ।।

(૨૧) મહારાઓશ્રી ભારમલજી [બીજા] (વિ. સં. ૧૮૭૦થી ૧૮૭૫)

મહારાઓશ્રી રાયધણજીને ભારાજી ઉર્ફે ભારમલજી નામના એકજ કુમાર હતા. તેઓ ગાદિએ આવ્યા ત્યારે તેમની ઉમર ૧૫ વર્ષની હતી, તેથી ફતેહમામદ જમાદારના દીકરા હુસેનમીયાંના હાથથી કારભાર ચાલતો હતો, જમાદારના મરણ પછી કંપની સરકારે "કોલ-કસર પ્રમાણે તમો નથી વર્તતા," એમ કહી કચ્છપર ચઢી આવવાની ધમકી આપી હતી. જમાદાર ફતેહમામદને બે પુત્રો હતા તેમાં મતભેદ થયો. મોટા પુત્ર હુસેનમીયાંએ કરાર મુજબ વર્તવાનો મત્તા લીધો ત્યારે તેનો નાનોભાઇ ધ્યાહીમમીયાં પોતાના પિતાની પેઠે અંગ્રેજોને ધિક્કારતો હતો. અને "કચ્છની રાજકીય બાબતમાં અંગ્રેજોને હાથ નાખવાનો શો અધિકાર છે" એમ કહેતો તેથી બંને ભાઇઓમાં મતભેદ પડતાં, હુસેનમીયાંએ કંપની સર-કાર તરફથી એક એલચી માગ્યો. અને મોરબીથી મેકમર્ડોને બોલાવ્યો. એ ખબર ધ્યા-હીમમીયાંને થતાં, તે બહારવટે ચઢયો, અને વાગડમાં જઇ કંથકોટનો કીલ્લો કબજે કરી બેઠો, છેવટ સમાધાની થતાં તે ભુજમાં આવ્યો અને જગજીવન મ્હેતા (દિવાન)નું પંચહટડી પાસે ખુન કરાવી નાખી, રાઓશ્રીને પક્ષમાં લઇ રાજ્યની લગામ હાથમાં લીધી. પણ જોઇએ તેવી રાજ્યવ્યવસ્થા તેનાથી ન જળવાતાં, મહારાઓશ્રીએ લક્ષ્મીદાસને દિવાનની પાઘડી બંધાવી. તે દિવાનના રૂબરૂ એક મારવાડી અંગરક્ષકે તે ધ્યાહીમમીયાંનું ખુન કર્યું. એ વાતની ખબર તેના ભાઇ હુસેનમીયાંને થતાં, તેણે ૩૦૦ મારવાડીઓને પકડાવી મરાવી નાખી, રાઓશ્રીની હજુરમાં આરબ અંગરક્ષકો રાખ્યા. આ ખટપટ પછી લક્ષ્મીદાસે કારભારૂં છોડયું. અને આશકરણશાહ તથા શિવરાજશાહ મહારાઓશ્રીના કારભારી થયા. આશકરણશાહ પહેલેથીજ અંગ્રેજોને ધિક્કારતો હતો. તેથી તેણે કંપની સરકારના એલચીને ભુજમાંથી કાઢી મુકયો. એટલુંજ નહિં, પરંતુ ધાંટીલા મુકામે કેપ્ટન મેકમર્ડોન પડાવ નાખી પડયો હતો, ત્યાં શીરમાણીઆ નામના મિયાણા સાથે બીજા કેટલાએક લુંટારૂઓને મોકલી તેમના ઉપર હલ્લો કરાવી કેપ્ટનના ઉંટ ઘોડા વગેરે લુંટાવી લીધા. અને શરમાણીયાને મહારાઓશ્રીના

હાથે પાઘડી બંધાવી, ત્યાર પછી ઇ. સ. ૧૮૧૫ના નવેંબરની પંદરમી તારીખે કંપની સરકારે મહારાઓશ્રીને એક પત્રમાં લખી જણાવ્યું કે " અમારા એલચીને કાઢી મુકી, કરેલ અપમાન તથા જોડીયાવાળાને અમારા વિરૂદ્ધ આપેલી સહાય તથા પેશ્વા અને ગાયકવાડના ગામોમાં થયેલ લુંટ અને મેકમર્ડોની ધાટીલા મુકામે લુંટાએલી છાવણી, વગેરે નુકશાનીનો બદલો આ પત્ર મળ્યાપછી ચોવીશ કલાકમાં જો નહિં આપો તો સરકારને ન છુટકે આગળ વધવું પડશે " ઉપરના પત્રનો જવાબ મહારાઓશ્રીએ બાર દિવસ સુધી કાંઇપણ નહિં આપતાં સને ૧૮૨૫ની ૧૪મી ડીસેંબરે ચાર હજાર ઘોડેસ્વાર અને ગાયકવાડી પલટન લઇ કર્નલ ઇસ્ટરે રણ ઓળંગી અંજરની પૂર્વે પાંચ માઇલપર વેણીસર પાસે મુકામ કર્યો. એ ખબર જુજ થતાં, નોતીયાર હુશેનમીયાંએ રસ્તામાનાં જળાશયોમાં ઝેરની કોથળીઓ નખાવી દઇ અંગ્રેજ-લશ્કરને પાણી વગેરેની હાડમારી ભોગવવી પડે તેવી તૈયારીઓ કરી. તેથી લશ્કરમાંના કેટલાએક માણસો એ ઝેરી પાણી પીવાથી મરણ પામ્યા. કર્નલ ઇસ્ટરે આગળ નહિં વધતાં, અંજર મુકામ કરી, કાઠીયાવાડમાંથી ખાદ્ય પદાર્થો અને વધારે લશ્કર મંગાવવા તજવીજ કરી. તેમજ કચ્છમાં લશ્કરી થાણું બેસાડવા. મહારાઓશ્રીએ વષ્ટી મોકલી. પણ હુશેનમીયાંએ તે કબુલ નહિં કરતાં, કર્નલ ઇસ્ટરે ડીસેંબરની ૨૫મી તારીખે અંજરનો કિલ્લો તોડી પાડવા તોપોના મોરચા માંડી, અંજર તથા તુણાબંદર કબજે કર્યાં છેવટ મહારાઓશ્રી તરફથી લક્ષ્મીદાસે આવી સમાધાની કરી. તેથી કર્નલ ઇસ્ટર અંજરમાં મેકમર્ડોને થાણે રાખી કચ્છ છોડી ચાલ્યો ગયો. મહારાઓશ્રી પાસે જુશામતીયા અને 'હાજીહા' અંગરક્ષકોનું જોર વધતાં કચ્છમાં ખુબ અંધાધુંધી ચાલવા લાગી. અને તેઓએ મહારાઓશ્રીનાનામે ખેડુતો પાસેથી આઠ માસની મહેસુલ અગાઉથી વસુલ કરી. અને વીસ લાખ કોરીનો રાજ્યના કારભારી વિગેરે મુત્સદ્દીઓનો દંડ કર્યો, તે વખતે કોઇપણ શ્રીમંતની માલમિલકતની સહીસલામતી ન હતી. મહારાઓશ્રીની આવી વર્તણુંકથી તેઓના લધુભા વિગેરે ભાયાતો બહુજ નારાજ થતાં, સૌસૌની જાગીરોમાં જઇ બેઠા, તે પછી અબદુલકરીમ નામના આરબ રક્ષકે મહારાઓશ્રીના પીતરાઇ લધુભાનું ખુન કર્યું અને ચત્રભુજ મુન્સીની ગાય મારી નાખી. તેથી ભુજની પ્રજા ઉશ્કેરાઇ જતાં, ભાયાતોની મદદ લઇ મજકુર આરબને પકડવા રાજ્યના માણસો સાથે ગયા પણ આરબલશ્કર તે માણસને સોંપ્યો નહિં, તેથી ત્યાં ધિંગાણું થયું. અને રાજ્યના ૫૦ માણસો માર્યા ગયા, અને કેટલાએક આરબો પણ મરાયા પછી આરબ અબ્દુલકરીમને કેદ કર્યો તે પછી કેટલા એક પાસવાનોની સલાહથી મહારાઓશ્રીએ ભાયાતો (ગીરાસીઆઓ) પાસેથી બધી સતાલઇ માત્ર જમીનદાર બનાવવાની યોજના પાર પાડવા સાંધણ અને આડેસર ઉપર ચઢાઇ કરી. તેથી કચ્છના તમામ ભાયાતો ગુસ્સે થઇ ૬૦ સહીઓવાળી એક અરજી કંપની સરકારને કરી જણાવ્યું કે "મહારાઓશ્રીએજ લધુભાનું ખુન કરાવ્યું છે. માટે અમારી સહિસલામતી જાળવવા અમને મદદ આપી રક્ષણ કરો," ઉપરની અરજીથી કંપની સરકારે મેકમર્ડો મારફત મહારાઓશ્રીને લખી જણાવ્યું કે "તમારા કાર્યો માટે અમો બહુજ દિલગીર છીએ. પણ હવે લધુભાની વિધવા કે તેના કુંવરના જાનમાલ ની જરાએ નુકશાની થશે તો સરકાર તમારી સાથેનો મૈત્રી સંબંધ પાછો ખેંચી લેશે. ઉપરનો પત્ર વાંચી ખુશામતીઓની સલાહથી

મહારાઓશ્રી ઘણુંજ ગુસ્સે થયા. અને ખુલ્લી રીતે અંગ્રેજો પ્રત્યે વિરોધ દર્શાવી લડાયક તૈયારીઓ કરવા માંડી. તેમજ કંપની સરકારના કચ્છમાં રહેતા ' નેટીવ એજન્ટ ' ને ભુજમાંથી કાઢી મૂકયો. તેથી તે અંજાર ગયો. રેસીડેન્ટ મૅકમર્ડોએ ભુજ આવી રાઓશ્રી પાસે મસલત ચલાવી, પરંતુ તે નિષ્ફળ નીવડી, એટલુંજ નહિં પણ તેની જીંદગી જોખમમાં આવી પડતાં તે ભૂજ છોડી અંજાર નાશી આવ્યો. ઉપરની તમામ હકીકતનો સવીસ્તર રીપોર્ટ (કંપની સરકારસાથે અપમાન ભરેલું વલણ દર્શાવ્યાનો) મૅકમર્ડોએ કલકત્તા લખી મોકલ્યો. એ ઉપરથી ઇ. સ. ૧૮૧૮ની આખરીમાં વડી સરકારની ગવરનર-જનરલ ઇન કાઉન્સીલે કચ્છના રાઓ ભારમલજીને પદભ્રષ્ટ કરવાનો ઠરાવ કરી તેમ કરવાની બધી ગોઠવણ કરવા કચ્છના રેસીડેન્ટ કેપ્ટન મૅકમર્ડોને બધી સત્તા આપી. ઇ. સ. ૧૮૧૯ની શરૂઆતમાં કેપ્ટન મૅકમર્ડોએ કચ્છના ભાયાતોને ખબર આપ્યા કે, " અંગ્રેજ સરકાર કચ્છમાં પાકો બંદોબસ્ત ધરાવવાની કાળજી ધરાવે છે. માટે તે સંબંધી મસલત ચલાવવા તમારે રેસીડેન્ટની ઑફીસમાં અંજાર આવવું " ઉપરના ફરમાનથી તમામ ભાયાતો આવતાં તેમને સરકારના પક્ષમાં લઇ ઇ. સ. ૧૮૧૯ની ૨૪ મી માર્ચે અંગ્રેજી લશ્કર લઇ મૅકમર્ડોએ ભુજને પાધર પડાવ નાખી રાઓશ્રીને ખબર આપ્યા કે " હવે પછી ઇ. સ. ૧૮૧૬ના તમામ કોલકરારો રદ સમજી તમે એકદમ કંપની સરકારની છાવણીમાં શરણે આવો. " ૨૫મી માર્ચ વિતતાં સુધીમાં રાઓશ્રી શરણે આવ્યા નહિં. તેથી સર વીલીયમની સરદારી હેઠળ અંગ્રેજી લશ્કરે હલ્લો કરી ભુજીયો કિલ્લો કબજે કર્યો. તેથી ૨૬મી માર્ચે મહારાઓશ્રી શરણે થયા. એટલે અંગ્રેજ સરકારનો કચ્છ ખાતાનો પ્રતિનિધિ (રેસીડેન્ટ) ભુજમાં દાખલ થયો, અને કચ્છ દરબારના લશ્કરને વીખેરી નાખી રાઓશ્રીને કેદ કર્યા. તેમજ હવે રાજગાદી કોને સોંપવી ? તે માટે જાડેજા ભાયાતો અને પ્રજાજનોની સાથે મસલત કરવા મોટો દરબાર ભર્યો. તેમાં લક્ષ્મીદાસ કામદાર તથા ભાયાતોના મત પ્રમાણે રેસીડેન્ટે યુવરાજશ્રી દેશળજીનો રાજ્યાભિષેક કરાવ્યો. અને પછી શી રીતે વર્તવું તેના કોલકરારો નકકી કરવાની તારીખ મુકરર કરી દરબાર વિસર્જન કર્યો. મહારાઓશ્રી ભારમલજીને ભુજીયા કિલ્લાના એક કોઠાપરની મેડીમાં કેદ રાખ્યા. વિ સં, ૧૯૦૨માં ૨૧-૨૭ વર્ષ પદભ્રષ્ટ રહી તેઓ સ્વર્ગે ગયા.

એકાદશી કળા સમાપ્ત,

॥ શ્રી દ્વાદશી કળા પ્રારંભઃ ॥

(૨૨) મહારાઓશ્રી દેશળજી [બીજા] (વિ.સં.૧૮૭૫થી૧૯૧૭)

મહારાઓશ્રી ભારમલજી જ્યારે પદભ્રષ્ટ થયા, ત્યારે યુવરાજશ્રી દેશળજીની ઉંમર માત્ર ત્રણ વર્ષની હતી. તેથી તેમની વતી જાડેજા વજેરાજજી, મહેરામણજી, પૃથ્વીરાજજી, પ્રાગજી, અલીઆજી, મોખડાજી, જેમલજી, ભાણજી અને નોધણજી તથા કંપની સરકાર વતી

કેપ્ટન મેકમર્ડોએ કંપની સરકાર અને કચ્છ દરબાર વચ્ચે થયેલાં કોલકરારોમાં ફેરફાર કરી ઇ. સ. ૧૮૧૯ની ૨૩મી ઓક્ટોબરે ૨૧ કલમોનો એક નવો ખરડો તૈયાર કર્યો અને તે તહનામા મુજબ વિ. સં. ૧૮૭૫ના જેઠ સુદ ૧૦ના દિવસે યુવરાજશ્રી દેશળજીનો રાજ્યા ભિષેક થયો હતો, અને તેમની સગીર વયના કારણે રાજ્યકારભાર ચલાવવા એક રીજન્સી કાઉન્સીલ (રાજકારોબારી મંડળ)ની સ્થાપના થઇ તેમાં સભ્યો તરીકે જાડેજા ભાયાતોમાંથી સુમરીરોહાના જાડેજા વજેરાજજી તથા નાગરેચાના જાડેજા પૃથ્વીરાજજી, પ્રજામાંથી રાજગોર ઓધવજી હરભાઇ તથા બ્રહ્મક્ષત્રી રતનશી જેઠા અને રાજ્ય અધિકારીઓમાંથી દિવાન લક્ષ્મીદાસ વલ્લભજી મંત્રી તરીકે ચુંટાયા. તેમનાં અધ્યક્ષ તરીકે અંગ્રેજી સરકારનો રેસીડેન્ટ નિમાયો. અને રાઓશ્રી દેશળજીના નામથી આ રાજ્ય કારોબારી મંડળે રાજ્યમાં સારા સુધારા કરી, યોગ્ય વ્યવસ્થા દાખલ કરી શાન્તિ સ્થાપી. પરંતુ વિ. સં. ૧૮૭૫માં પ્રજાના કમભાગ્યે એક દૈવી આફત આવી પડી તે એકે ઇ. સં. ૧૮૧૯ના જુનની ૧૬મી તારીખે સાંજના સાડા છ વાગ્યાને સુમારે કચ્છમાં ભયંકર ધરતીકંપનો એક આંચકો લાગ્યો, તેમાં લગભગ બે મીનીટ સુધી જમીન ચાલતી હોય તેમ લાગ્યું, તેથી માણસોને ઉભું રહેવું પણ મુશ્કેલ થઇ પડયું. અને દરેક મકાનો પાયાથી ખળભળી ગયાં. તે પછી ચાર કલાક દરમિયાન બીજા ત્રણ આંચકા લાગ્યા. બીજે દિવસે આખો દહાડો ધરતી વખતો વખત સહેજસાજ ધ્રુજતી, તેમજ પવનના મોટા ઝપાટા વારંવાર લાગતા. અને ખટારાના ખડખડાટ અને ધમધમાટ જેવો ભયંકર અવાજ બીજી આખી રાત્રી સુધી ચાલ્યો. ત્રીજી રાત્રે પોણાદશ વાગ્યે અવાજ જરા બંધ થયો, અને એક અસાધારણ આંચકો લાગ્યો તે પચાસ વીપળ (સેકન્ડ)સુધી ચાલ્યો લગભગ છ અઠવાડીયા સુધી સહેજસાજ આંચકાઓ લાગ્યા કરતા હતા. એ ધરતીકંપ અને પવનના સખ્ત આંચકાથી આખા કચ્છમાં જીવ જનવરો અને માલમિલકતની મોટી નુકશાની થઇ, ભુજમાં ૭૦૦ મકાનો તૂટી પડયાં, રાજમહેલ પણ તે વખતે રહેવા માટે નકામો થઇ પડયો. અને ૧૧૦૫ માણસો દટાઇ મરણ પામ્યાં, તેવીજ રીતે અંજાર, માંડવી અને લખપતમાં પણ માણસો જનવરો અને મકાનોની ઘણી નુકશાની થઇ હતી. કચ્છમાં સારામાંસારો "તેરાનો કિલ્લો" જમીન દોસ્ત થઇ ગયો. અને કચ્છની ઉત્તરે અવેલા રણ પછમ અને બન્નીમાં પાણીની રેલ આવી તેની પૂર્વ પશ્ચિમની પહોળાઇ જાણવામાં આવી નથી. પણ ઉત્તર અને દક્ષિણે છમાઇલ સુધી પાણી ફરી વળ્યાં તેની ઉંડાઇ અઢીથી ત્રણ ફુટની હતી. જે થોડા કલાક પછી અરધી થઇ હતી, તે વખતે ત્યાંથી એક મુસાફર ઘોડે બેસી જતો હતો તે કહે છે કે "પાણીની સપાટીપર પ્રથમ સંખ્યાબંધ ધુળના ઢગલા દેખાતા હતા, તે ઢગલાના મોઢામાંથી હવા અને પાણી ભભુકી નીકળતાં હતાં તેથી સુકાઇ ગયેલી નદીઓ થોડા વખતમાં પાણીથી ભરાઇ ગઇ હતી, તેથી ઘણા ખારાકુવા મીઠા અને મીઠા કુવા ખારા થઇ ગયા હતા," રણથી પશ્ચિમ બાજુમાં ગુલામશાહે સિંધુનું પાણી આવતું અટકાવવા જે મોટો બંધ બાંધ્યો હતો તે જગ્યાની જમીન (બંધ) ધરતીકંપથી ૧૮ ફુટ ઉંચી થઇ હતી, તેમજ ૧૦ માઇલ પહોળી અને ૫૦ માઇલ લાંબી થઇ પડી હતી. આવો કુદરતી બંધ સિંધુ નદી વચ્ચે પડતાં, લોકો તેને **અલ્લાહુ બંધ** કહે છે, અને તે " રાયમાબઝાર"થી ૧૦ માઇલ દૂર છે.

કચ્છમાં શાન્તિ ફેલાયા પછી કંપની સરકારે લશ્કર ઘટાડી નાખ્યું હતું. ધરતીકંપના મોટા આંચકાથી કેટલાક કિલ્લાઓ જમીનદોસ્ત થયા હતા, તેથી સિંધના અમીરે કચ્છ ઉપર ચડાઇ કરવાની સારી તક જોઇ પોતાના એલચી મારફત રીજન્સી કાઉન્સીલને કહાવ્યું કે, "રાઓશ્રી ભારમલજીને જરૂર પ્રસંગે અમે સારી મદદ કરેલી છે અને તેના બદલામાં અમને લખપતનો કિલ્લો આપવા રાઓશ્રીએ વચન આપેલ. હવે જો તે કિલ્લો જલદી અમારે હવાલે કરવામાં નહિં આવે તો સિંધનો કચ્છ સાથેનો મૈત્રી સબંધ તૂટી જશે."

ઉપરની વાતને કાઉન્સીલરોએ કાન પણ આપ્યો નહિં. તેથી અમીરે એક બલુચી લશ્કર મોકલ્યું. તેણે પારકરમાં અવી, નગર પારકરમાંથી ૧૦ હજાર રૂપીઆ દંડના લઇ, સરદારો પાસેથી પણ કેટલીક દંડની રકમ વસુલ લઇ, દેશને પાયમાલ કરી, સિંધ તરફ પાછું ફર્યું. સિંધનો ટુકડી ગયા પછી એક મહીને ૨૫૦ 'ઓસા"ઓ બંન્નીમાંથી ૪૦૦ ઢોર હાંકી ગયા. ઇ. સ. ૧૮૨૦ની ૨૮મી એપ્રીલે વાગડમાં વરણું પરમારની જગ્યા પાસે કેપ્ટન મૅક મર્ડો મરણ પામ્યો એટલે તેની જગ્યાએ ઇન્ચાર્જ તરીકે જી. જે. વીલસન આવ્યો. તેણે બે માસ સુધી કામ કર્યા પછી હેનરી પોટીન્જર આવ્યો. તેણે પુનાથી ૪૦૦ ઘોડેસ્વારની ટુકડી મંગાવી, સિંધના બહારવટીઆઓ માટે બંદોબસ્ત કરવા ગોઠવી, અંજર ચોવીસી કંપની સરકારને તાબે હોઇ, તે પાછી કચ્છ રાજ્યને કબજે સોંપવા મસલત ચલાવી કાઉન્સીલે ઠરાવ્યું કે " વાર્ષિક રૂપીઆ ૮૮ હજાર કંપની સરકારને આપવા, ને અંજર ચોવીસી રાજ્યને સુપ્રત કરવા." તેમજ ભુજની ઉત્તર દીશાએ છાવણી માટે જમીન આપવામાં આવે તો ભુજીયાનો કિલ્લો પણ રાજ્યને પાછો આપી દેવાની સરકારે ઇચ્છા બતાવી. પણ ઉત્તર બાજુની જમીન રાજગોર બ્રાહ્મણોની માલીકીની હોવાથી, તે આપવા રાજ્યે અશક્તિ દેખાડી. એટલે છાવણી હતી ત્યાંજ રહી અને ભુજીયાનો કિલ્લો પણ સરકારના હાથમાં રહ્યો. સંવત ૧૮૭૯માં વરસાદ નહિં વરસવાથી કચ્છમાં ભયંકર દુષ્કાળ પડયો તેથી હજારો ઢોરો મરી ગયાં, ગામોના ગામો ઉજજડ થયાં, અને દેશની વસ્તિનો પાંચમો ભાગ પરદેશ ચાલ્યો ગયો. ૩૦૦૦ લુંટારાઓની એક ટુકડી કચ્છ જીતી લેવા સિંધથી નીકળી. ભુજથી અઢાર માઇલને અંતરે આવેલા કુદરતી પર્વતોના કિલ્લાવાળા હબાઇ ડુંગરમાં છાવણી નાખી પડી. તેમાં દુષ્કાળ પીડિત કચ્છી મિયાણાં, કોળી અને કચ્છનો પ્રખ્યાત બહારવટીઓ 'તાર લુણાઇ' પણ સરદાર તરીકે સામેલ થયો હતો. તેણે ૮૦૦ માણસોથી અંજરની બજારમાં મોટી લુંટ ચલાવી અઢળક ધન એકઠું કર્યું. એટલામાં ભુજથી લશ્કર આવી પહોચ્યું, અને સામસામી ઝપાઝપી ચાલતાં કેટલાક બહારવટીઆઓ મરાતાં, બીજા ભાગી નીકળ્યા. એ લુંટારાઓ સામે ધિંગાણું કરતાં, રાજ્યના માર્યા ગયા સૈનિકોના કુટુંબીઓને વર્ષાસન આપવામાં તથા ઘાયલની સારવારના ખર્ચમાં રાજ્યને બેલાખ રૂપીઆનું નુકશાન ભોગવવું પડયું, હતું. લક્ષ્મીદાસ કામદારના પ્રયાસથી સરકારે કચ્છરાજ્યપર લહેણી નીકળતી ૩ લાખ ૩૮ હજારની રકમમાંથી રૂપીઆ ૮૮ હજાર લઇ ઇ. સ. ૧૮૩૨ના સપ્ટેંબરની ૨૦મી તારીખે તહનામું કરી આપ્યું કે—

" હવેથી અંજરને બદલે અપાતી રકમ કંપની સરકાર કચ્છમાં વ્યવસ્થા જાળવવા પોતાના લશ્કરના ખર્ચ માટે વધારેમાં વધારે દરવરસે બે લાખ રૂપીઆ ચાર હપ્તે લેશે.

અને મહારાઓશ્રી દેશળજીના માટે કંપની સરકારને માન અને મિત્રાચારી હોવાથી તેની નિશાની તરીકે દેશળજીને વીસને બદલે અઢાર વર્ષની ઉંમરે રાજ્યગાદિ આપવામાં આવશે" એ પ્રમાણે મહારાઓશ્રી દેશળજીનો અઢારવર્ષની ઉંમરે વિ.સં ૧૮૯૧ના અષાઢ સુદ ૨ ના દિવસે મોટા દમદબાથી રાજ્યાભિષેક થયો, તે વખતે રેસીડેન્ટ કર્નલ પોટીન્જરે મુંબઇ ગવર્નર લોર્ડ ક્લેરે મોકલાવેલ જવાહીરની ભેટ ધરી કંપની સરકારનો મૈત્રીભાવ દાખવતો ખરીતો વાંચી સંભળાવ્યો અને રીજન્સી કાઉન્સીલ (રાજકારોબારી મંડળ) વીસરજન થયું. કંપની સરકારની ભલામણથી અને મહારાઓશ્રીની ઇચ્છાથી જાડેજાઓમાં દીકરીને 'દુધપીતી' કરવાનો (મારી નાખવાનો) રિવાજ વિ. સં. ૧૨૦૩થી જામ લાખા અને લાખીયારના વખતથી ચાલતો આવતો હતો. તેનો સદંતર નાશ કરવા એક જાહેરનામું મહારાઓશ્રીની સહીથી બહાર પડયું કે ' કોઇ જાડેજાએ દીકરી દુધપીતી કરવી નહિં. અને બાળકના જન્મની નોંધ દિવસ પંદરની અંદર રાજ્યના ચોપડે કરાવવી તે પ્રમાણે જે નહિં વર્તે તે રાજ્યનાં ગુન્હેગાર થશે, દિકરીનો વિવાહ કરવા માટે નિર્ધન જાડેજાઓને રાજ્ય તરફથી કોરી ૪૦૦ માગણી કરવાથી મદદની મળશે. " ઉપરના જાહેરનામાનો અમલ કરાવવા ભાયાતોની વસ્તીવાળા ગામે તેઓની સંતતીની નોંધ રાખવા રાજ્ય તરફથી મ્હેતા રાખવામાં આવ્યા. અને તે સાલનું પત્રક કરાવતાં તેમાં ૨૬૨૫ દીકરાઓ અને દીકરીઓ ૩૩૫ થતાં. એ જાહેરનામાનો ચુસ્તપણે અમલ થવા ગેાઠવણ કરાવી,–ઇ.સ. ૧૮૪૪માં (વિ. સં ૧૯૦૦) બીજો ધરતીકંપ થયો. તેના આંચકા એક માસસુધી ચાલ્યા. આ આંચકાથી **અલ્લાહુ બંધ** ની પહોળાઇ વધી કહેવાય છે. અને સીંધી ખાડીને દક્ષિણ કિનારે નદીનું પેટ ઉપસી આવ્યું તેથી દરેક ભરતી વખતેજ ત્યાં પાણી આવતું તે હવે કોઇ મોટી ભરતી વખતેજ ત્યાં આવે છે. ઇ, સ, ૧૮૪૫માં (વિ. સં, ૧૯૦૧માં) જુનની ૧૯મી તારીખથી ૨૫મી તારીખ સુધી ત્રીજીવાર ધરતીકંપ થયો. તેથી દરીઆના પાણી ૨૦ માઇલ પશ્ચિમે ને ૪૦ માઇલ ઉતરે ફરી વળ્યાં આ ધરતીકંપના બધા મળી ૬૬ આંચકા નોંધાયા છે તેમાં પણ કચ્છને બણું નુકશાન થયું, મહારાઓશ્રી દેશળજીના વખતમાં કચ્છ તાબે કુલ નાનામોટા ગામો ૮૫૧ હતાં તેમાં ૨૬૪ ખાલસા, ૪૩૪ ભાયાતોના અને ૧૨૩ ધર્માદાના હતાં. વસ્તી કુલ ૪,૦૬૫૨૨ ની હતી તેમાં ૩,૦૦૪૨૦ હિન્દુ, અને ૧,૦૬૧૦૨ મુસલમાનો હતા, કચ્છના + વહાણવટીઓ દરીઆઇ માર્ગમાં બહુજ કુશળ હતા. ઇ. સ, ૧૮૫૭માં આખા હિંદુસ્તાનમાં બળવો જાગ્યો ત્યારે તેની ધાસ્તિથી કચ્છનો પોલીટીકલ એજન્ટ એચ ડબલ્યુ ટ્રેવીલીઅન પોતાના ખાતાના માણસો સાથે દરબારગઢમાં રાઓશ્રીને આશ્રયે આવી રહ્યો હતો, અને ભુજીયા કીલ્લા તથા સરકારી તેજુરીની ચોકી મહારાઓશ્રીના માણસને સોંપી હતી. તે વખતે બાળવાબોરોની બીકથી ભુજના દરવાજા કેટલોક સમય બંધ રહ્યા હતા. તે પછી થોડાક દિવસે મામલો શાંત થતાં, અગાઉ પ્રમાણેજ કામકાજ શરૂ થયું હતું, મહારાઓશ્રીને

+ ઇ. સ. ૧૪૯૮માં વાસ્કોડીગામા નામનો પોર્ટુગીઝ વહાણવટી, હિંદ અને યુરોપ વચ્ચે દરીઆઇ માર્ગ શોધતાં ભૂલો પડતાં, તેને કચ્છી નાવિક **દરીઆ સારંગ કાનજી માલમે** દક્ષિણ આફ્રિકાની દક્ષિણ ભૂશિરેથી હિંદનો માર્ગ બતાવ્યો હતો

યુવરાજશ્રી પ્રાગમલજી અને હમીરજી ઉર્ફે ગજુભા નામના બે કુમારો હતા, તેમાં યુવરાજશ્રી ગાદીએ આવ્યા અને કુ.શ્રી હમીરજીને તેરા પરગણું જાગીરમાં મળ્યું. વિ.સં ૧૯૧૭ના શ્રાવણ સુદ ૯ને ગુરૂવારે ૪૫ વર્ષની વયે ૪૧ વર્ષ રાજ્ય ભોગવી, મહારાઓશ્રી દેશળજી સ્વર્ગે સીધાવ્યા.

શ્રી ત્રયોદશી કળા સમાપ્ત.

॥ શ્રી ત્રયોદશી કળા પ્રારંભઃ ॥

(૨૩) મહારાઓશ્રી પ્રાગમલજી [બીજા] (વિ. સં. ૧૯૧૭થી ૧૯૩૨

મહારાઓશ્રી પ્રાગમલજી જ્યારે કુંવરપદે હતા ત્યારે કચ્છી પ્રજા તેમને રવાજીના નામથી બોલાવતી. પણ જ્યારે વિ.સં. ૧૯૧૭ના શ્રાવણ સુદ ૧૧ના દિવસે ગાદીએ બીરાજ્યા ત્યારે પ્રાગમલજી નામ ધારણ કર્યું એ વખતે મુંબઇ ગવર્નર લોર્ડ જ્યોર્જ કલાર્કનો મુબારકબાદીનો સંદેશો પોલીટીકલ એજન્ટે વાંચ્યો હતો કે "આપ નામદાર કચ્છની ગાદીએઆવ્યા તેના માટે હું આપને સહર્ષ મુબારકબાદી આપું છું. આપ ખાત્રી પૂર્વક માનજોકે આ સરકારની મૈત્રી મક્કમ છે. આપ નામદારના પિતાએ સુલેહશાંતીથી દીર્ઘકાળ પર્યંત, આ સરકાર સન્મુખ સન્માન પ્રાપ્ત કર્યું હતું. હું આશા રાખું છું કે આપ નામદાર પણ તેમનું અનુકરણ કરશો. મને આપનો સાચો મિત્ર જાણી ખુશીખબર આપતા રહેજો"

મહારાઓશ્રી પ્રાગમલજીના વખતમાં વિ. સં. ૧૯૧૭માં ભયંકર દુષ્કાળ પડયો હતો. તે વખતે મહારાઓશ્રીએ ખાદ્ય પદાર્થો અને ઘાંસ ચરા પર લેવાતી જગાત બંધ કરી હતી. એટલુંજ નહિંપણ સસ્તાભાવે ગરીબોને દાણો આપવાનો યોગ્ય પ્રબંધ બાંધ્યો હતો, તેમજ દેશના દુષ્કાળ પીડીત લોકો માટે જાહેરબાંધકામો બોલ્યાં હતાં, મહારાઓશ્રીને મોગલ સમ્રાટ શાહજહાનની પેઠે ઉત્તમ બાંધ કામનો શોખ હતો, તેથી દેશી પરદેશી (ઇટાલીના) કારીગરો તેડાવી પોતે એક અદ્‌ભુત મહેલ બંધાવ્યો હતો. જે આજે '**પ્રાગમહેલ**' ના નામે ઓળખાય છે. તેનું ખર્ચ પોણા ઓગણીસ લાખ રૂપીઆ થયું હતું. તેમજ દોઢલાખ રૂપીઆ ખર્ચી ભુજમાં **આલ્ફ્રેડહાઇસ્કુલનું** મકાન બંધાવ્યું હતું, " એડવર્ડ ઍકવેાટર ' નામનો માંડવીનો કુવો એ લાખ રૂપીઆ ખર્ચી બંધાવ્યો હતો, તેમજ માંડવીના કુંગરામાં ' **પ્રાગાસર** ' નામનું તળાવ બંધાવ્યું, ભુજમાં મોટી હોસ્પીટલ, નવી જેલ, અશ્વશાળા, ગજશાળા, વગેરે ભવ્ય મકાનો બંધાવ્યાં. હતાં. અને '**શરદબાગ**' નામનો એક સુંદર બાગ બનાવ્યો, હતો. વિદ્યા સાહિત્યનાં બીજ પણ તે મહારાઓશ્રીના વખતમાંજ કચ્છ પ્રદેશમાં વવાયાં હતાં. ઇ. સ. ૧૮૭૧માં રા. સા. દલપતરામ પ્રાણજીવન ખખ્ખરને ભુજ ઓલ્ફ્રેડહાઇસ્કુલના હેડ માસ્તર તરીકે બોલાવી, પાછળથી વિદ્યાધિકારી નિમ્યા હતા.

તેમની પ્રેરણાથી કચ્છમાં કન્યાશાળાઓ, નિશાળો અને પુસ્તકાલયો મહારાઓશ્રીએ સ્થાપ્યાં હતાં. મુંબઇ સરકારની સલાહથી સુરતના ડેપ્યુટી કલેક્ટર અને માજીસ્ટ્રેટ કાઝી શાહાબુદ્દિન ઇબ્રાહીમ કચ્છ રાજ્યના દિવાન તરીકે વિ. સં. ૧૯૨૨માં નિમાયા હતા. તેણે પોતાની કારકીર્દીમાં ઘણાં સારા સુધારાઓ દાખલ કર્યા હતા. એટલુંજ નહિં પણ રાઓશ્રી અને ભાયાતો વચ્ચેના ચાલતા કેસમાં વિલાયત જઇ સેક્રેટરી ઓફ ધી સ્ટેટ ઓફ ઇન્ડીઆ ની ઓફીસમાથી મહારાઓશ્રીના લાભમાં કામ પતાવી આવ્યા હતા. મહારાઓશ્રાના દરબાર માં એક 'આનંદાશ્રમ'નામનો બ્રહ્મચારી હતો, તેણે થોડા વખત માટે કાઝી દિવાન વિલાયત જતાં તેના બદલે દિવાનગિરી કરી ન્યાય, ફોજદારી, મહેસુલી. શહેરસુધરાઇ, વગેરે ખાતાંઓના બંધારણો બાંધી આપ્યાં હતાં. ઇ. સ. ૧૮૭૨માં. મહારાઓશ્રીને બ્રિટીશ સરકારે "નાઇટ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડીઆ" નો માનવંતો ખિતાબ બક્ષ્યો હતો. મહારાઓશ્રીએ મુંબઇની ત્રણ સફરો કરી હતી. છેલ્લી સફરમાં ચાર દક્ષિણી હુદ્દેદારોને તેડી લાવ્યા હતા. તેમાં રા. બા. કૃષ્ણાજી જુલકરને દિવાન, પાંડુરંગ શીવરામને પોલીશ કમીશ્નર, વિનાયકરાવ નારાયણ ભગવતને વરીષ્ટકોર્ટના ન્યાયાધિશ અને ખંડેરાવને સરવૈ ખાતાના મુખ્ય અધિકારી નિમ્યા હતા, એ વખતે એ રાજ્યની પેદાશ પોણો કરોડ સુધી વધી હતી, મુંબઇની છેલ્લી સફર પછી મહારાઓશ્રીની માંદગી અસાધ્ય બની તેથી પોલીટીકલ એજન્ટની સલાહથી પોતાના છેલ્લા વસિયતનામામાં શ્રીયુત મણિભાઇ જશભાઇને વડોદરેથી બોલાવી, દિવાન બનાવવા અને રાજ્યની આંતર્વ્યવસ્થા તેમના હાથમાં સોંપવા. તથા પોતાની પાછળ સગીર વયના યુવરાજશ્રી ખેંગારજીસાહેબ ઉમર લાયક થાય ત્યાંસુધી રાજ્ય વ્યવસ્થા ચલાવવા એક રાજ્યકારોબારી મંડળ સ્થાપવાની સૂચના લખી, પ્રજાવત્સલ્ય મિરઝાં મહારાઓશ્રી પ્રાગમલજી (જી. સી. એસ. આઇ. ઇ.) એ વિ. સં. ૧૯૩૨ના પોષ સુદ ૫ને શનીવારે સ્વર્ગવાસ કર્યો.

(૨૪) મીરઝાં મહારાઓશ્રી ખેંગારજી સવાઇ બહાદુર [વિદ્યમાન]

વિ. સં. ૧૯૩૨ના પોષ સુદ ૭ સોમવારના શુભ દિવસે મહારાઓશ્રી ખેંગારજી સાહેબ ભુજની ગાદીએ બીરાજ્યા, એ વખતે તેઓ નામદારશ્રીની ઉમર માત્ર ૯ વર્ષની હતી. જેથી મર્હુમ મહારાઓશ્રી પ્રાગમલજીના વશીયતનામા પ્રમાણે રાજ્ય ચલાવવા રીજન્સી કાઉન્સીલની સ્થાપના થઇ, તેમાં અધ્યક્ષ સ્થાને પોલીટીકલ એજન્ટ કર્નલ ડબલ્યુ. સી. આર. અને દીવાનનું કામ કરતા વિનાયકરાવ નારાયણરાવ ભગવત મંત્રી તરીકે નીમાયા, અને દરબારશ્રી તરફથી રાણા જાલમસિંહજી, ભાયાતો તરફથી સુથરીના જાડેજા ચાંદાજી, તથા પ્રજા તરફથી શેઠ રવજી હીરાચંદ વગેરે સભ્યો નીમાયા, ચાર માસ પછી રાવબહાદુર મણીભાઇ જશભાઇએ વડોદરાથી આવી દીવાનગીરી સંભાળી પ્રજા તરફની તથા રાજ્ય તરફની સારી સેવા બજાવી, ખેતી વાડી ખાતામાં બે હજાર નવા કુવાઓ બોદાવી ખેતીની ખીલવણી કરી, તથા દરીઆ

કીનારે તાડી, ખજુરી, નાળીએરી વગેરેના ઝાડો વવરાવી જંગલ ખાતું ખોલ્યું, ન્યાય મહેસુલી, કષ્ટમ, કેળવણી, પોલીસ વગેરે જોઇતા ખાતાઓ ખોલી તેની હકીકત પ્રકાશમાં લાવવા "કચ્છ ગેઝેટ" નામનું સપ્તાહીક પત્ર કહાડયું. મુંબઇ સરકારે કચ્છના મીઠાંના પાકપર બ્રીટીશ રાજ્યના જેટલી જગાત લેવા, અથવા મીઠાનો વેપાર બ્રીટીશસરકારને સોંપી દેવા ગોઠવણ કરી, પણ કચ્છનો બારીકા સાથેનો નફા ભરેલો મીઠાનો વેપાર અટકાવવા કચ્છ રાજ્ય નારાજ હતું. મુંબઇ સરકારની માગણી ઉપર રીજન્સી કાંઉન્સીલમાં ચર્ચા થઇ, ત્યારે રાવબહાદુર મણીભાઇએ બાસ વાંધો ઉઠાવ્યો, અને એ ઠરાવ વિરૂદ્ધ બહુમતી મેળવી વિ. સં. ૧૯૪૦ના મહાવદી ૧૦મીના રોજ ચરાડવાના રાણાશ્રી જાલમસીંહજીનાં કુંવરીશ્રી ગંગાબા સાહેબ, તથા સાયલાના ઠાકોરસાહેબનાં કુંવરીશ્રી મોટાંબા સાહેબ સાથે મહારાઓશ્રીનાં લગ્ન મોટી ધામધુમથી થયાં વિ. સં. ૧૯૪૧ના શ્રાવણવદી ૫ના શુભ દીવસે પો. એ. કર્નલ ફ્રિલિપ્સે મહારાઓશ્રીને સંપૂર્ણ સ્વતંત્ર રાજ્ય સત્તા સોંપી "કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશન" વિસર્જન કર્યું. ઇ. સ. ૧૮૮૫ના માર્ચમાસમાં સરકારે નામદાર મહારાઓશ્રીને **સવાઇ બહાદુર**નો માનવંતો ખીતાબ અને દીવાનશ્રી મણીભાઇ જસભાઇને **દીવાન બહાદુર**નો ઇલ્કાબ બક્ષ્યો હતો, વિ. સં. ૧૯૪૨ના શ્રાવણ વદી ૮ના દીવસે ચરાડવા વાળાં મહારાણી સાહેબથી યુવરાજ કુમારશ્રી **વિજયરાજજી** ઉર્ફે **માધુભાસાહેબ**નો જન્મ થયો, ઇ. સ. ૧૮૮૭ના જુલાઇ માસમાં મહારાણીશ્રી **વિક્ટોરીઆ**ના જ્યુબીલી મહોત્સવમાં ભાગ લેવા મહારાઓશ્રી **ખેંગા-રજી સવાઇ બહાદુર** પોતાના નાના બંધુશ્રી **કલુભા** સાહેબને સાથે લઇ વીલાયત પધાર્યા હતા, એ વખતે મુંબઇમાં વસતી કચ્છીપ્રજાએ એક મોટો મેળાવડો કરી મહારાઓશ્રીને માનપત્ર આપ્યું હતું, તેમજ મહારાઓશ્રીનો વીલાયતમાં પણ યોગ્ય સત્કાર થયો હતો, એ શુભ પ્રસંગની ખુશાલીમાં મહારાણીશ્રી **વીક્ટોરીયા**એ મહારાઓને "નાઇટ, ગ્રાંડ, કમાન્ડર, ઓફ, ધી, સ્ટાર, ઓફ, ઇન્ડીયન એમપાયર"નો અને કલુભા સાહેબને "કમાન્ડર, ઓફ, ધી, ઇન્ડીયન એમપાયરનો માનવંતો ખીતાબ આપ્યો હતો, ત્યાંથી મહારાઓશ્રી પોતાના રસાલા સાથે સ્કોટલાંન્ડ, આયર્લાન્ડ ફ્રાંન્સ, જર્મની, પ્રશીયા, ઇટલી, ઓસ્ટ્રીઆ અને ઇજીપ્તનો પ્રવાસ કરી કચ્છમાં પધાર્યા. મહારાણી વીક્ટોરીયાની મુલાકાતની યાદગીરીમાં ભુજખાતે જ્યુબીલી હોસ્પીટાલના ભવ્ય મકાનનું ખાતમુહૂર્ત જ્યારે ભુજમાં નામદાર ડયુક ઓફ કોનોટ આવ્યા ત્યારે તેઓ નામદારના હાથે કરાવેલ હતું,

વિ, સં. ૧૯૪૫ના કાર્તીક સુદી ૪ના રોજ સાયલાવાળાં રાણીશ્રીથી ગોડજી ઉર્ફે મનુભા સાહેબનો જન્મ થયો હતો. વિ. સં. ૧૯૫૬ના ભયંકર દુષ્કાળમાં મહારાઓશ્રીએ સોંધા ભાવથી અનાજ વેંચવાની દુકાનો ખોલી હતી, તેમજ દેગ ચડાવી ગરીબોને અનાજ પુરૂં પાડવાનો પ્રબંધ કર્યો હતો, અને દુષ્કાળ નીવારણ અર્થે લગભગ દોઢ કરોડ કોરીનું ખર્ચ કરી હજારો મનુષ્યો મરતાં બચાવ્યાં હતાં, ઇ. સ. ૧૯૦૦ (વિ. સં. ૧૯૫૭)ના ઓકટોબર માસની ૩૦મી તારીખે હિંદુસ્તાનના વાઇસરોય **લોર્ડ કર્ઝન** કચ્છની મુલાકાતે આવ્યા, ત્યારે તેમના માનમાં ભરવામાં આવેલ ભવ્ય દરબારમાં લોર્ડ કર્ઝને નીચે મુજબ ભાષણ આપતાં કહ્યું કે,—"ચિત આકર્ષક બાબતોમાં એક સુશિક્ષિત બુદ્ધિશાળી અને લોક કલ્યાણમાં તત્પર યુવાન રાજાના પરીચયનો આનંદ પણ ઉમેરવો પડશે, કચ્છી વેપારીઓના

સાહસે કચ્છનું નામ પૂર્વ દુનિઆમાં સર્વત્ર જાણીતું કર્યું છે, જંગબાર એડન કે મુંબઇનાં બજારો અને બંદરોમાં કચ્છી વેપારીઓ તેવા જાણીતા છે, આ રાજ્યના વેપારની આબાદીનો કેટલોક પુરાવો મેં માંડવીમાં જોયો કે જ્યાં આજ સવારે હું ઉતર્યો, અને જ્યાં મને કહેવામાં આવે છે તે પ્રમાણે સમૃદ્ધિવાન મનુષ્યોની સારી સંખ્યા વસે છે, દેશના અંદરના ભાગોમાં હું મુસાફરી કરતો ગયો તેમ તેમ લોકોના આબાદી ભરેલા અને સમૃદ્ધિવાન દેખાવથી મને આશ્ચર્ય થયા વિના રહ્યું નહીં, મેં એક પણ દુબળો પાતળો મનુષ્ય કે એક પણ કંગાલ ગીમડાઓલ ચહેરો જોયો નહીં, જ્યારે મને યાદ આવ્યું કે ગયે વર્ષેજ આ કચ્છદેશ છપ્પનીયા દુષ્કાળથી ત્રાસી રહ્યો હતો, અને બે વર્ષ પહેલાં દશ હજાર માણસનો પ્રાણઘાતક ઉગ્ર પ્લેગે ભોગ લીધો હતો, ત્યારે મારી દ્રષ્ટિએ પડતા દેખાવથી લોકોને કુદરતી બળ અને શક્તિ સરસ હોવી જોઇએ. એમ વિચાર આવ્યો, પરંતુ મને વીચાર થયો કે તેથી પણ યશસ્વી તો તે રાજાની ઉદારતા ને દેશાભિમાન છે, કે જે રાજા પોતાના પ્રજાનેસંકટ નીર્વાર્ણાર્થે નીભાવવા, પોતાના ખાનગી ખાતામાંથી વીશલાખ રૂપીઆ ઉપરાંત ખર્ચી પ્રજારક્ષક બન્યો, તેવા તેવા રક્ષક થવાની દરેક રાજાની સર્વોતકૃષ્ટ મહત્વાકાંક્ષા હોવી જોઇએ,મહારાઓશ્રી હજુ યુવાન છે, અને સેવા ઉપયોગીતા ગૌરવતુ જીવન હજુ તેઓના હાથમાં છે. લોકવીકાશ ના કાર્યમાં શાંત ઉભા રહેવાનું હોયજ નહીં, પોતા ની શક્તિનો ઉપયોગ કરવા ઘણા વર્ષ સુધી તેઓને પુષ્કળ કાર્ય મળશે, તેઓનેમાંડવીથી ભૂજ સુધી રેલ્વે સડક બાંધે તો કચ્છમાં આયાત નીકાશના વેપારને સગવડતા થાય, અને હું આશા રાખુ છું કે હિંદુસ્તાનમાંથી હું જાઉં અને મારૂં નામ ભુંસાઇ જાય ત્યારપછી લાંબા સમયસુધી તેઓ પોતાની બુદ્ધિ શક્તિનો ઉપયોગ લોકકલ્યાણના કાર્યોમાં કરે, આ દુનીઆમાં સેંકડો અને હજારો રાજાઓ રાજ્ય કરી ગયા, અને તેઓમાંથી ઘણી નજીવી સંખ્યાના નામો તેઓના રાજ્ય કે સામ્રાજ્યોમાં હજુપણ યાદ કરાય છે. એનો આપણે વીચાર કરીએ છીએ. ત્યારે આપણે જોઇએ, છીએ, કે નાનકડી સંખ્યાની અમર નામાવળી સદ્‌ગુણોને લઇને છે, હાલના મહારાઓશ્રી ખેંગારજી પ્રજાનો પ્રેમ મેળવી પોતાનું નામ ભવિષ્યમાં પણ લાંબા સમય સુધી પ્રજા હૃદયમાં રહે એવા ભાગ્યશાળી થાવ "

મહારાઓશ્રી ભારમલજી (બીજા)ના સમયથી ગવરનરનો જે પ્રતિનિધી ભુજમાં રહેતો તેને ઇ. સ. ૧૯૨૪ની ૧૦મી ઓકટોબરે મહારાઓશ્રીની ઇચ્છાથી ગવર્મેન્ટે ઉઠાડી લઇ કચ્છ પ્રદેશને હિંદી સરકારના સીધા વહીવટ તળે મુકવામાં આવ્યો. મહારાઓશ્રીના યુવરાજશ્રી વિજયરાજજી ઉર્ફે માધુભાસાહેબને પાટવી કુમારશ્રી મેઘરાજજી ઉર્ફે મદનસિંહજી કુ. શ્રી નટવરસિંહજી અને કુ. શ્રી. કેતેસિંહજી નામે ત્રણ કુમારો છે. તેમજ મહારાઓશ્રીના નાના કુમારશ્રી ગોડજી ઉર્ફે મનુભા સાહેબને નરપતસિંહજી જોરાવરસિંહજી અને નરસિંહજી નામના ત્રણ કુમારો છે.

મેં, (ઇ. કર્તાએ) જ્યારે કચ્છની મુસાફરી કરી ત્યારે મને નવાઇ ઉપજે તેવી બે વાતો જણાઇ. તેમાં પ્રથમની વાતનો તો કંડલાબંદરેજ અનુભવ થયો તે એ કે ગવર્મેંટનો સીકકો (રૂપીઓ) સારાએ હિંદુસ્તાનમાં ચાલે છે. પરંતુ ત્યાં ચાલ્યો નહીં તેથી તે વટાવી

" કોરીઓ" [રાઓશ્રીનો સિક્કો] કરાવ્યા પછીજ રેલ્વે સ્ટેશનમાંથી ભુજ શહેરની ટીકીટ મળી. બીજી વાત એકે, જેમ બજારમાં ગાજર મૂળા વેચાય તેમ ભુજની બજારમાં હથીયારો (તલવાર બંધુંકો વિગેરે) વહેચાતા હતા. એ બે વસ્તુ સ્થીતીથી મનેં જણાયું કે " જે રાજ્યમાં પોતાનો **સિક્કો** ચાલે અને **શસ્ત્રો** ઉપર અંકુશ (પ્રતીબંધ) નહીં તે રાજ્ય વહેલું સ્વતંત્ર થાય "

મહારાઓશ્રીએ અધ્યાપીપર્યંત વીલાયત આફ્રિકા વગેરે સ્થળોની મુસાફરી કરી અપુર્વ દેશાટનનુ જ્ઞાન મેળવેલ છે. માંડવીની સરહદે '**કાંઠડાનો મહેલ**' એ નામે એક ભવ્ય રાજમહેલ મહારાઓશ્રીએ બંધાવેલ છે. કચ્છમાં જુની પ્રનાળિકા અને ધર્માદા ખેરાતીજગીરો માનપુર્વક અસ્થીત્વ ધરાવે છે. નામદાર **યુવરાજશ્રી માધુભાસાહેબ** મહારાઓશ્રીના વીલાયતના પ્રવાસ દરમીયાન કચ્છની સ્વતંત્ર સતા ધારણ કરી. પ્રજાને સંપુર્ણ સંતોષ આપે છે. ભુજ શહેરમાં બપોરના બાર બજતાં તોપનો એક અવાજ કરવામાં આવે છે. તે અવાજ સાંભળતાં લોકો જ્યાં હોય ત્યાં, ગામમાં કે શીમમાં, કામગીરી કરતાં, માથે ભારો લઇ ગ્રીષ્મ ઋતુનો સખ્ત તાપમાં ચાલ્યો આવતો, કઠીઆરો પણ " **જીએ રા** " એ શબ્દનો પ્રેમ પુર્વક ઉચ્ચાર કરી મહારાઓશ્રીનું દીર્ઘાયુ ઇછે છે એજ તેઓની રાજ્યભક્તિ બતાવી આપે છે વાંચક આપણે પણ "જીએરા," એ શબ્દનેા ઉચ્ચાર કરી રાઓશ્રીના વંશવૃક્ષ તરફ નજર કરી કચ્છનો ઇતિહાસ સંપુર્ણ કરીએ


[શ્રી કચ્છ સ્ટેટનો ઇતિહાસ સમાપ્તઃ]



શ્રી કચ્છ (ભુજ) સ્ટેટની વંશાવળી

જામશ્રી રાયધણજી {ચંદ્રથી ૧૫૮મા શ્રીકૃ.થી૧૦૩જા / દેવેંદ્રથી ૨૨મા વિ. સં. ૧૨૩૧ / ગાદી–લાખીયારવીયરે}

- જામગજણજી — બારાપરગણું જામરાવળજી નાપીતામહઃ
- દેદોજી — કંચકોટ દેદા રજપુત થયા
- હોથીજી — ગનેડ હોથી રજપુત થયા
- (૧) જામ ઓઢોજી — માતંગદેવની આજ્ઞાથી ગાદીએ આવ્યા.
  - (૨) જામ ઘાયોજી ઉર્ફે ગાહોજી
    - દલજી
    - પ્યાજી
  - (૩) જામ વેહુજી [હળાદ ગાદી]
    - ખનરેજી [ખાડી]
    - વસનજી [લોંડી]
    - ખુટોજી [ઉમૈયુ]
    - લાજડજી [સોળીયો]
    - આમરજી [ખાંડી]
  - (૪) જામ મુળવોજી
    - દેશળજી રામેશ્વર
  - (૫) જામ કાંયોજી
    - બાલાયચજી [બાલાચ રજપુત કહેવાયા]
      - રેલડીયોજી
    - વેરોજી [વંગડાડોર]
    - નાંગીઓજી [નાંગીઓ]
    - પંચાણજી [વેઆડ]
    - ઉસ્તીઓજી [ઉસ્તીઓ]
  - (૬) જામ આમરજી
    - (૭) જામ આમરાણી અને ભીમજી
      - ભીમજી [ગાદી]
      - મોકળસીંહ
    - (૮) જામ હમીરજી લાખીયારવીયરા + ગાદી
      - અલેજી [ખેડોઇ]
      - ભાણજી ભામુડા- [ભાભાણી થયા]
      - છુંગોજી [છુંગેર થયા]


+
(૯) રાઓશ્રી ખેંગારજી(પહેલા) સાહેબજી રાયબાજી અલીઓજી
ભુજગાદી [રોહાની જાગીર] [રખાયતના હતા]
(૧૦) રાઓશ્રી ભારોજી ઉર્ફે ભારમલજી લોજરાજજી [પાટવી હતા ધીંગાણામાં કામ આવ્યા]
અલીઓજી [ગરડા પરગણું મળ્યું]
(૧૧) રા.શ્રી લોજરાજજી મેઘજી રાયધણજી પ્રાગજી આશોજી લખધીરજી
[રતનું શાખાના ચારણને અજાપી સ્થાપ્યા]
(૧૨)રા.શ્રી ખેંગારજી (બીજા) (૧૩) રા.શ્રી તમાચીજી
(૧૪) રા.શ્રી રાયધણજી હાલેજી ઉર્ફે અનેજી [ધમડકા] હરધોળજી (આસંણીયા) કલ્યાણમલજી [ભડલી]
નોંધણજી રવોજી (૧૫) રા.શ્રી પ્રાગમલજી (૧) સુજાજી ગોપાલજી આસોજી જુણોજી લાખોજી
હાલાજી (અબડાસા) કાંયાજી (મોરબી)
મોડજી અનેજી લોજરાજજી
(૧૬) રા.શ્રી ગોડજી(પહેલા) નારાયણજી (ગોદરો) સિદ્ધરાયજી (લાયજો) કરણજી (માનકુવો) ઝુંઝાજી (ગઢસીસા)
(૧૭) રા.શ્રી દેશળજી(પહેલાં) રાયધજી (મોટી ખાખર) જીવણજી (રતાડીઉ) હાલેજી (પત્રી) ઉમરોજી (બાબીયા)
(૧૮) રા.શ્રી લખપતજી. રાયધણજી
(૧૯) રા.શ્રી ગોડજી(બીજા) માનસંગજી ખાનજી સબળસંગજી કલ્યાણજી મેઘજી કાનજી
*

*

(૨૦) રા.શ્રી રાયઘણજી(બીજા) પૃથ્વીરાજજી ઉર્ફે ભાદજીબાવા

લધુભા

(૨૧) રા.શ્રી ભારમલજી(બીજા)

(૨૨) રા.શ્રી કેશળજી (બીજા)

(૨૩) રા.શ્રી પ્રાગમલજી (બીજા) ઉર્ફે રવાજી હમીરજી ઉર્ફે ગગુભા
(તેરા પરગણું)

(૨૪) રા.શ્રી ખેંગારજી (ત્રીજા) હમીરજી ઉર્ફે કલુભા
સવાઇ બહાદુર
વિદ્યમાન

યુવરાજશ્રી વીજયરાજજી કુ.શ્રી ગોડજી ઉર્ફે મનુભા સાહેબ
ઉર્ફે માધુભા સાહેબ

કુ.શ્રી નરપતસીંહજી કુ.શ્રી જોરાવરસીંહજી કુ.શ્રી નરસીંહજી

યુવરાજશ્રી મેઘરાજજી કુ.શ્રી નટવરસીંહજી કુ.શ્રી કેસરીસીંહજી
ઉર્ફે મદનસીંહજી

[ત્રયોદશી કળા સમાપ્ત.]



।। શ્રી ચતુર્દશી કળા પ્રારંભઃ ।।

શ્રી મોરબી સ્ટેટનો ઇતિહાસ

આ સ્ટેટ કાઠીયાવાડના વાયવ્ય ખુણામાં મચ્છુ નદીને કિનારે આવેલું છે. તેનું ક્ષેત્રફળ ૮૨૨ ચો. માઇલ છે અને ૨૫૧ ગામો છે. વસ્તી સને ૧૯૩૧ ની ગણત્રી મુજબ ૧,૧૩,૦૨૪ની છે, તેમાં મોરબી તળપદમાં ૧૮,૬૩૪નો વસ્તી છે. ઉપજ–સરાસરી વાર્ષિક ઉપજ રૂા. ૨૧ લાખ અને ખર્ચ રૂા. ૧૮ લાખના આસરે છે. ખંડણી–રૂા. ૯૨૬૩ અંગ્રેજ સરકારને રૂા. ૬૪,૨૦૮ ગાયકવાડને પેસકસીના અને રૂા. ૩,૦૮૮ જુનાગઢના નવાબને જોરતલબીના આ સ્ટેટ દર વર્ષે ભરે છે, આ સ્ટેટ પહેલા વર્ગનું હોઇ, સંપૂર્ણ અખત્યાર ભોગવે છે, વારસાની બાબતમાં પાટવિકુંવર ગાદીએ આવે છે. કાઠીઆવાડના બીજા રાજ્યો માફક આ સ્ટેટને પણ શાહીસત્તા સાથે કોલકરારો થયા છે. રેલ્વે અને રસ્તાઓ આ સ્ટેટને વઢવાણથી રાજકોટ સુધી દોડતી એક મીટરગેજ રેલ્વે લાઇન છે, અને તેજ લાઇનના વાંકાનેરથી મોરબી, અને થાનથી ચોટીલા સુધી એમ બે ફાટા છે. સ્ટેટના તમામ તાલુકાઓમાં સ્ટીમ ટ્રામવે ચાલુ છે. આ ઉપરાંત મોટર માટે પાકા રસ્તા ૫૦૦ માઇલમાં છે. તેમજ નવલખીસુધી રેલ્વે લાઇનનો એક ફાંટો હાલમાં ચાલુ કર્યો છે. અને નવલખીબંદર ને સુધારી તેની સારો ખીલવણી કરવામાં આવી છે. હુન્નરઉદ્યોગ–આ રાજ્યમાં મીઠું પુષ્કળ પાકતું હોવાથી, કાઠીયાવાડ ઉપરાંત બંગાળા બ્રહ્મદેશ અને હિંદુસ્તાન બહાર પર મુલકમાં મીઠું મોકલવાની સને ૧૯૨૯માં આ રાજ્યે સરકારમાંથી છુટ મેળવી છે. તેથી સ્ટેટે " મોરબી સોલ્ટ વર્કસ " ખોલી બંગાળાને લાયક મીઠું બનાવી સને ૧૯૩૨માં કુલ ૪ સ્ટીમરોમાં સાડાચાર લાખ મણ (બંગાળી) મીઠું બંગાળમાં મોકલેલ હતું. નવલખી લાઇનમા " લવણપુર " નામનું નવું સ્ટેશન ખોલી ત્યાં. મીઠાના પાકનો પુષ્કળ જથ્થો રાખવામાં આવે છે, તે ઉપરાંત ' પોટરી વર્કસ ' ચાલુ કરતા, તેમાં થતી બરણીયો આખા હિંદુસ્તાનમાં મોકલવામાં આવે છે. ' પરશુરામ પોટરી વર્કસ ' માં ૧૫૦ ઉપરાંત માણસો કામે લાગે છે. બેન્ક વેપારના ઉત્તેજન ખાતર ' મોરબી મરકનટાઇલ બેન્ક ખોલવામાં આવેલ છે. જેમાંથી વેપારીઓને છ ટકાના દરે નાણાં ધીરવામાં આવે છે. અને એ બેન્કે એવી પ્રતિષ્ઠા જમાવી છે કે, સેવીંગ બેન્ક, કરન્ટ એકાઉન્ટ, ફીકસ ડીપોઝીટ અને કેશ સર્ટીફીકેટનો સારો લાભ પ્રજા લીયે છે, મોરબી જેતપુર તથા દહોંસરામાં જીનપ્રેસ છે, તેમાં કપાસ લોઢવાનું કામ સારા પ્રમાણમાં થાય છે. ઇલેકટ્રીક પાવર હાઉસ ખોલી શહેરને રોશની પુરી પાડવામાં આવેલ છે. બોરીંગખાતું ખોલી કેટલાએક નવા કુવાઓમાં બોરીંગ કરી ખેતીની આબાદી કરી છે. તેમજ દરબારગઢ પાસે નગર દરવાજે, વનાળીયા દરવાજે, ખત્રીવાડમાં, લખધીરવાસમાં, પરામાં, બાબરેચી દરવાજે, અને ભંગીવાડમાં એમ આઠ સ્ટેન્ડ ઉપર ૨૫૦ ટેપ્સ (નળ) મુકવામાં આવેલ છે, અને ૫૦ હજાર ગેલન પાણી સમાય તેવી એક ટાંકી દરબારગઢ પાસે ઉભી કરવામાં આવેલ છે. ટપાલ— વસ્તીને સગવડતા આપવા

રાજ્યનું ટપાલખાતું ખોલવામાં આવેલ છે. જેથી ૭૫ ગામે ટપાલ ઓફીસ અને ૨૩ ગામે ટપાલની પેટીઓ મળી કુલ ૯૮ ગામોને ટપાલનો લાભ આપે છે, ટેલીફોન– રાજ્યના ૬૩ ગામોમાં ટેલીફોનની સગવડ છે, તેમાં રાજ્યના કામ ઉપરાંત પ્રજાને માટે પણ સગવડ કરવામાં આવેલ છે, વાયરલેસ ટેલીફોનની આધોઇ મહાલ સાથે સંબંધ જોડવાની થયેલ યોજના ફેળવણીખાતું. મહાલોવગેરેની મળી કુલ ૮૪ શાળાઓ છે પ્રાથમીક અને માધ્યમીક બન્ને કેળવણી મફત આપવામાં આવે છે તે ઉપરાંત ' રવાજી સંસ્કૃત પાઠશાળા 'ના વિદ્યાર્થીઓને મફત કેળવણી અને પેટીયાં મળે છે. ટ્રેનીંગ કોલેજ મેડીકલ કોલેજ, આર્ટસ કોલેજ, તેમજ મીકેનીકલ, એગ્રીકલચરલ વગેરે જુદી જુદી જાતની કેળવણી લેવા જતા વિદ્યાર્થીઓને માસિક રૂા. ૧૫૪ની સ્કોલરશીપો અપાય છે, વૈદકીયખાતુ. મહાલોમાં ૭ દવાખાના છે, તળપદમાં દવાખાના તથા 'સર વાધજી હોસ્પીટલ' ઉપરાંત શ્રી નંદકુંવરબા જનાના હોસ્પીટલનો લાભ સર્વ પ્રજા લ્યે છે. દરબારી મકાનો, દરબારગઢ પેલેસ મહેન્દ્રવિલાસ, બહાદુરવિલાસ, નજર-બાગ, રામનિવાશ શંકરનિવાસ, કૃષ્ણનિવાસ વાધમહેલ, અને વેાટશન કલબ વગેરે ભવ્ય મકાનો જોવા લાયક છે, તેમજ મચ્છુ નદીની કિનારાની દિવાલ તેનો વિશાળ પુલ અને તે ઉપર આવેલાં, પાડા ઘોડા અને બળદોના મનમોહક શીલ્પકળાના નમુના જોવા લાયક છે. મચ્છુ નદિ ઉપરનો 'ઝોલાપુલ' વગર થાંભલે, તારના દોરડાઓની ગુંથણીથી ગુંથેલો, સ્વર્ગની સીડી જેવો દિવ્યપુલ જોતાંજ હજારો લોકો હેરત પામે છે, અને તે પુલના સરજ-નહાર મોરબીના મહિપતિ કાકારશ્રી સર વાધજીનું સ્ટેચ્યુ (બાવલું) અસ્ત્ર શસ્ત્રથી સજ્જ થયેલ ઘોડાની સ્વારીવાળું જોઇ, મૂર્તીમાન રાજવી હજુ અમરછે. એવી ભાવના ઉત્પન્ન કરે છે.

—: પ્રાચિન ઇતિહાસ :—

હાલનાં મોરબી શહેરથી એક માઇલ દૂર મચ્છુ નદીને પૂર્વ કિનારે, જુનું મોરબી, જેનું પ્રાચિન નામ 'મથુર ધ્વજપુરી' અથવા મોરધ્વજપુરી નામે છે અને તે મોર જેવાએ સ્થાપ્યાનું કહેવાય છે. જેનાં ખંડીએરો હાલ જોવામાં આવે છે, મોરબીમાં પંદરમાં સૈકા સુધી જેઠવા રજપુતો રાજ્ય કરતા હતા. તેની પાસેથી તે મુલક અમદાવાદના સુલતાનની સત્તા નીચે ગયેા. મોરબીમાં જાડેજા વંશનું રાજ્ય કેમ થયું? તે વિષે બે વાતો એ છે કે જ્યારે કચ્છના આદિ રાઓશ્રી ખેંગારજી અમદાવાદ ગયા અને બાદશાહ મહમદબેગડાને સોવજના પંજામાંથી બચાવ્યો તે વખતે મોરબા પરગણું બક્ષિસ કરેલ હતું. ત્યારે બીજી વાત એ છે કે ગુજરાતનેા છેલ્લેા બાદશાહ મુઝફર કચ્છના રાઓશ્રી ભારાજીને શરણ હતો ત્યાં મોગલ સૈન્ય જતાં તેને સોંપી રાઓશ્રીએ મોરબી પરગણું મેળવ્યું. પરંતુ એ તો નકકી કે સોળમાં સૈકાથી આ સ્ટેટ યાદવોના કબજામાં છે. હાલના મોરબીના રાજ્યકર્તાઓ જામશ્રી ઓહાજીનાજ વંશજો છે.

(૧)ઠાકોરશ્રી કાંયાજી (ચંદ્રથી ૧૭૪માં શ્રી. કૃષ્ણથી ૧૧૮માં)

(વિ. સં. ૧૭૫૪થી ૧૭૬૦)

કચ્છ લાખીયાર વિયરાની રાજગાદી ઉપર જામશ્રી ઓઠાજીના વંશમાં ભુજની ગાદીએ ચૌદમાં રાઓશ્રી રાયધણજી થયા તેમને ૧૧ કુમારો થયા. તેમાં પાટવિપુત્ર પોતાની હયાતિમાંજ દેવ થયા હતા, અને તેમનાથી નાના કુમારશ્રી રવાજી થરના સોઢા ભોજરાજજીના હાથે લડાઇમાં કામ આવ્યા હતા. (જુઓ કચ્છ સ્ટેટનો ઇ૦ કળા ૧૦ પાના ૧૭૩ ૭૪) રવાજીના કુમારશ્રી કાંયાજીનો ગાદીનો હક હોવા છતાં, દગાથી પ્રાગમલજી (તેમના કાકા) ભુજની ગાદીએ આવ્યા. તેમજ રવાજીનું ખુન પણ સોઢા રજપુતના હાથે દગાથી થયું હતું. તે વાત કાંયાજીના જાણવામાં આવતાં, ભવિષ્યમાં તે વૈર લેવાનું મુલ્તવી રાખી, મોરબી તથા કટારીયું પરગણું કબજે કરી ત્યાં સ્વતંત્ર રાજગાદિ સ્થાપી. વિ. સં. ૧૭૭૨માં કટારીઆ ગામે રાઓશ્રી પ્રાગમલજી તથા તેમના કુમારશ્રી ગોડજી વગેરેનો ઠાકોરશ્રી કાંયાજીને ભેટો થયો. તે લડાઇમાં કચ્છના માણસો ઘણાં મરણ પામ્યા. બાકીના નશા ભાગ કરતાં રાઓશ્રી સપડાઇ ગયા. પણ તે વખતે ઠા.શ્રી કાંયાજીએ રાઓશ્રીને કહ્યું કે "કાકાશ્રી આપે મારા પિતાને દગાથી મરાવી, ભુજની ગાદિ પચાવી પાડી, એવો મારો વિચાર નથી પણ મારે તો મારા બાહુબળથી ભુજ ઉપર ચડાઇ કરી ગાદિ લેવી છે. " એમ કહી તેમને દસ માઇલ સુધી વોળાવવા ગયા. ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં એક મહાન યોગેન્દ્ર મળ્યા. તેને ઠા. શ્રી. એ નમસ્કાર કરી આશીર્વચન માગતાં, યોગીરાજે કહ્યું કે "પરસ્ત્રી નહિ સ્વીકારશો તો તમારો વિજય થશે." એ વાકય ઠા.શ્રી. એ શિર ચડાવી એવી ટેક રાખી કે **જે દહાડે પોતાની દ્રષ્ટિ અનાયાસે પરસ્ત્રીપર પડતી તે દિવસે તેઓ આંખોમાં મીઠું આંજી ઇશ્વર પ્રત્યે માફી માગતા**" એ નારીરૂ એક નૃત્યકળામાં કુશળ વીદેશી વારાંગના કર્ણાટકીએ સાંભળી તેથી તે મોરબી આવી ઠાકોરશ્રી રૂબરૂ કચેરીમાં નૃત્યસાથે ઠાકોરશ્રીને કામવશ કરવા કેટલાએક શૃંગારીક નાયકા ભેદના ગાયનો ગાઈ હાવભાવ કરી, છળવા યુક્તિ ચલાવી પરંતુ યદુકૂળમણિ કાંયોજી તેના મોહપાસમા ફસાયા નહિં. તેથી તે વારાંગના ત્યાંથી નિરાશ થઇ ઘરઘર ગઇ. તે વિષે એક કવિએ વારાંગનાની ઉક્તિથી કહ્યું કે:—

દોહા:—હાલ હૈયા રણ ઉતર્યા, દેખાં વાગડ દેશ ।
કુંવર જ્વાળા કાંયો, નકળંક કાછ નરેશ ॥ ૧ ॥
એકે કાંયે* ઉજળા છત્રીસો ખેંગાર ।
પરનારીને પરહરે, લાંછન નહિ લગાર ॥ ૨ ॥

વિ, સં. ૧૭૭૩માં ધ્રાંગધ્રાના રાજશ્રી જશવંતસિંહજી સાથે સરહદ બાબત તકરાર થતાં, લડાઇ થઇ હતી. તેમાં પણ ઠાકોરશ્રી કાંયાજીએ રાજસાહેબને હરાવી, સરહદ ઉપર

---

* હાલ પણ કાંયાજીની વાડીની પુજા કરી તેને ધોઇ, તે પાણી પ્રસુતીને પાવાથી, તેની સર્વ વ્યાધિ નાશ પામતાં, શાન્તિથી પ્રસવ થાય છે.

પોતાના થાણાં બેસાર્યાં હતાં. વિ. સં. ૧૭૭૭માં અમદાવાદ જીલ્લાના સરૈયા મુસલમાનો મોરબી રાજ્યમાં આવી વખતોવખત લૂંટફાટ કરી જતા, એક વખત ઠાકોરશ્રી તેઓની પાછળ ચડતાં, અમદાવાદ જીલ્લામાં તેમનો ભેટો થયો, લગભગ પંદર દિવસ વરસાદની ઝેલીમાં તેમના ઉપર હુમલા કરી દુશ્મનોનો પરાજય કર્યો હતો, વિ. સં. ૧૭૮૨માં ઠાકોરશ્રીએ અમદાવાદના સુબા શેરબુલંદખાન સાથે દોસ્તી કરી સંવત ૧૭૮૫માં તેને ૫૦ હજારના લશ્કર બાંધે લઇ ભુજ ઉપર ચડાઇ કરી, એ વખતે ભુજની ગાદિ ઉપર રાઓશ્રી પ્રાગમલજીના પૌત્ર દેશળજી હતા માધાપર પાસે છાવણી નાખી, બીજે દહાડે લડાઇ કરી ભુજીયા કિલ્લાના બે કોઠા હાથ કર્યા. તે લડાઇમાં સોઢા ભોજરાજજીનો દિકરો પણ રાઓશ્રીના પક્ષમાં હતો. તેને ઠા.શ્રી કાંયાજીએ મારી પિતાનું વૈર વાળ્યું, કાંયાજીના અદ્‌ભુત પરાક્રમથી ચુંદરવાળા જાડેજાશ્રી મોડજી કે જેઓ ઠાકોરશ્રી કાંયાજીના કાકા થતા હતા. તે વૃદ્ધ પુરૂષે આવી કહ્યું કે "કુમારશ્રી બસ કરો, તમે તમારા પિતાનું વૈર લઇ ચુકયા છો. માટે હવે નાહકનું ગોત્રગરદન નહિં કરતાં, જાડેજા વંશની વૃદ્ધિ ચાહો. ઇશ્વર તમારૂં કલ્યાણ કરશે. તેમજ રાઓશ્રી આગળથી હું ગીરાશનો ભાગ વહેંચાવી આપીશ." એમ કહી ઠાકોરશ્રીને શાંત કર્યા. તેટલામાં સુબાનો ભત્રિજો રણક્ષેત્રમાં કામ આવતાં, તેના લશ્કરમાં અફસોષ છવાઇ રહ્યો ઠાકોરશ્રીકાંયાજીનું મન પણ ભાઇઓની કત્લ થતી જોઇ લડાઇ, પ્રત્યેથી મન ઉઠી ગયું. તેથી વૃદ્ધ કાકા મોડજી મારફત વષ્ટિ ચલાવી, કચ્છ તથા વાગડના અરધોઅરધ ભાગ પડાવી ધમણુકાની સારણ નદીના ઉગમણાં કાંઠા સુધી પોતાની વાગડની હદ મુકરર કરી મોરબી આવ્યા અને શેરબુલંદખાન અમદાવાદ ગયો.

ઠાકોરશ્રી કાંયાજી વિ. સં. ૧૭૬૦ના માગસર વદ ૭ના રોજ સ્વર્ગે સિધાવ્યા. તેઓશ્રીને આઠ કુમારો હતા. તેમાં (૧) પાટવિ કુમારશ્રી તેજમાલજી કુંવર પદે દેવ થયા હતા, તેથી (૨) કુ.શ્રી અલીયાજી મોરબીની ગાદીએ આવ્યા. (૩) ભીમજીને ગુંગણ (૪) લાખાજીને લાકડીયા (૫) રાયસંગજીને કુંભારીયા (૬) મોડજીને માળીયા (૭) રણમલજીને લલીયાણાં (૮) રામસાંગજીને ઝંઘી, વગેરે ગામો ગિરાશમાં મળ્યાં.

(૨) ઠાકોરશ્રી અલીયાજી (વિ. સં. ૧૭૬૦થી ૧૭૬૬)

ઠા.શ્રી કાંયાજી દેવ થયા, ત્યારે કુ.શ્રી અલીયાજી ભુજ હતા, તેને એકદમ સાંઢણી સ્વારથી મોરબી બોલાવ્યા. અને તેઓ આવી પહોંચતાં પોષ સુદ બીજના રોજ તેઓનો રાજ્યાભિષેક થયો.

તેઓશ્રીએ ગાદિએ બેસી વવાણીયાબંદર બોલી દરિઆઇ વેપાર વધાર્યો. તેઓના વખતમાં માળીયાના ઠા.શ્રી મોડજી કે જે પોતાના ભાઇ થતા હતા, તેણે સિંધમાંથી મિયાણાં લડાયક કોમ બોલાવી, ગિરાશ આપી રાખ્યા. અને મોરબી સ્ટેટના તાબે નહિં રહેતા, સ્વતંત્ર રાજ્ય સ્થાપવા મોરબી સાથે લડાઇઓ કરવા લાગ્યા. તે સરહદોની ઘણી લડાઇઓ થતાં, ઠાકોરશ્રી અલીયાજીના શરીરમાં લગભગ ૮૮ જખમો હતાં. વિ. સં. ૧૭૬૬માં ઠા.શ્રી મોર-

બીથી મોટો સંઘ કાઢી રાજ્યનું કામ જવાબ્હેતાને સોંપી દ્વારકાં યાત્રા માટે જતા હતા. રસ્તામાં જામનગરમાં જામ તમાચીજી (બીજા)ના વિશેષ આગ્રહથી ત્યાં રોકાયા. રાજ્યની કેટલીક ગેર વ્યવસ્થા જોઇ, ઠા.શ્રી અલીયાજીએ પોતાના હજુરી સાથે (જામશ્રી તમાચીજી સાંભળતાં) કચ્છી ભાષાની શમસ્યામાં કહ્યું કે " જેડો ગંજે આય, એડો ટોયો નાય." (જેવું ગામ છે તેવો રખવાળ (ધણી) નથી.) ઉપરના વાક્યથી જામશ્રી તમાચીજીએ વિચાર્યું કે કદાચ ભવિષ્યમાં અલીયેાજી મારા રાજ્યને ધ્વજા કરશે, એમ ધારી પડધરીવાળા હાલાજી (કાકાભાઇ)ને કહ્યું કે "અલીયેાજી યાત્રા કરી પાછા વળે ત્યારે તેને પડધરીમાં આગ્રહ પૂર્વક રોકી તમેા દગેા કરી, મરાવી નાખજો" એ સંકેત પ્રમાણે જ્યારે ઠા.શ્રી દ્વારકાથી પાછા વાળ્યા ત્યારે ÷હાલાજીએ પડધરી રોકી, દગાથી તેઓનું ખુન કરાવ્યું. તેઓશ્રીને ત્રણ કુમારો હતા. તેમાં પાટવિ રવાજી ગાદીએ આવ્યા. અને (૨) જીયાજીને મેાડપરમાં ગિરાસ મળ્યેા. અને (૩) કુંવર હરધોળજી કુંવરપદે દેવ થયા હતા.

(૩) ઠારકેાશ્રી રવાજી (વિ. સ. ૧૭૯૬થી ૧૮૨૦)

ઠા.શ્રી રવાજીએ ગાદિએ બેસી, પોતાના પિતાને મારનાર હાલાજી ઉર્ફે કાકાભાઇને મારવા માટે તેઓએ મેાટું સૈન્ય લઇ પડધરી ઉપર ચડાઇ કરી. તે લડાઇમાં કાકેાભાઇ હાર ખાઇ ભાગી જતાં ઠા.શ્રી રવાજીએ પડધરીને ઉજ્જડ કરી પિતાનું વેર વાળી પ્રતિજ્ઞા પૂર્ણ કરી. એ લડાઇનું એક ચારણ કવિએ વર્ષાઋતુનું રૂપક બાંધી, ચારણી ભાષામાં કાવ્ય રચેલ છે, જે જુની હસ્ત લેખિત પ્રતમાંથી મળતાં અત્રે આપેલ છે.

वर्षा ऋपक गीत

वहे झुझाळां झुझाळां दळां, वादळा भाद्र वावाळां ।
अकाळां जंजाळे नाळां गडुडे अछेह ॥
धारोळे वेराळां माथे उजळां लोहाळां धार ।
मंडाणो जोराळां रवो, अणगाळां मेह ॥ १ ॥

÷ દંત કથા એવી છે કે હાલેાજી તથા ઠા.શ્રી અલીયેાજી બન્ને સાઢુભાઇ થતા હતા. એક વખત હાલાજીના ઠકરાણાંની મેારબી ઠાકેાર અલીયાજીએ મશ્કરી કરી. એ વાતની જાણ હાલાજીને થતાં, તેઓએ ક્રોધમાં ઉશ્કેરાઇ જતાં, ઠા.શ્રી અલીયાજીને માર્યા, પછી જામનગર આવી એ વાત જામ તમાચીજીને કહી, મેારબી ઉપર ચડાઇ કરવા લશ્કરની માગણી કરી. તે મદદ નહિં મળતાં, તેણે જામ તમાચીને પણ માર્યા, પછી પેારબંદરના રાણા કાંઇ સગ-પણમાં થતા હેાવાથી ત્યાં મદદ માટે ગયા. ત્યાં પણ રાણાએ મદદ નહિં આપતાં, તેને પણ માર્યા. એમ ત્રણ રાજાઓને મારી તેઓ ત્રણેય રાજ્યથી નાસતા ફરતા હતા, તેઓ એવા ઝનુની હતા કે તેના હાથ અને તરવાર હંમેશા રૂધિરથી ખરડાએલાંજ રહેતાં. તેઓના મરણ વિષે બે મત છે, મેારબીના ઇતિહાસ કર્તા, ઠા,શ્રી રવાજી સાથેની લડાઇમાં માર્યા ગયાનું લખે છે, ત્યારે સેારઠી તવારીખના કર્તા મેાડપરના કિલ્લાની બારીમાં બેઠ ખવાસના સિપા-ઇની બંદુકની ગેાળીથી મરાયાનું લખે છે,

આલણંકો અંદ્ર જેમ, ફોજાં ફેલી ફેલી આયો ।
ધસે વેલી સત્રાં પેલી, ઘલી ઘાગ ધાર ॥
ધડુડે હાલાકી ડેલી, પડે કોટ કેલી ધુબ ।
અહોહોહો ઘલી ઘેલી, મંડાણો અપાર ॥ ૨ ॥
ધુંવાધાર થે અંધાર, ખવે વિજ સારધાર ।
પડે તીર ગોળીમાર બુંદરા અપાર ॥
પઢધરી કાંયા હરે હિલોળે સમંદ્રા પાર ।
હવે નીર લોહધાર, ગોળીયેા હલાર ॥ ૩ ॥
રતકીચ લાલાં લાલાં, ઉઠે શાલાં મોલાં રંગ ।
ઠામ ઠામ દળાં ઠાઠ, ભરે ભારે ઠીક ॥
ખેત પકાં પળે ચાળાં, વાળાં વાળાં ચીજ ખાળાં ।
ઝલે હાલાસરે ઉઠો, ભાલા હંદી ઝીક ॥ ૪ ॥
સગાળચે કરં સરં, અછરં વરં સગાળ ।
રુદ્રાણી સગાળ, ભરે કુંભ લોહી રાળ ॥
ભુચરંત્રપે સગાળ, ખેચરં સગાળ ભયે ।
સાલળે જાદવેં કીયો, ઉનાળે સગાળ ॥ ૫ ॥

પડધરી છોડી હાલાજીએ જામનગર જઇ જામશ્રી તમાચીજી (બીજા)ને મારી પોરબંદર તરફ ગયા હતા. એ વખતે ઠા.શ્રી રવાજી નગરની મદદમાં ગયા હતા. તેના બદલામાં જામશ્રી તરફથી ધુનડા ગામ મળેલ જે હાલ પણ મોરબી સ્ટેટને હવાલે છે. ઠા.શ્રી રવાજીએ મોરબીને ફરતેા કિલ્લેા બંધાવી, શહેરને સુશેાભિત કર્યું હતું. વિ. સં. ૧૮૧૭માં રામમહેાલ ચણાવી તેમાં મુર્તિ પ્રતિષ્ઠા કરી, તુલાયાગ કર્યો હતેા. ઠા.શ્રીને સાત કુમારેા હતા. તેમાં પાટવિ પંચાણજીને ગાદિ મળી. તેથી નાના વાઘજી તથા રાયજીને ખાનપર, અજુભાઇને મિતાંણું, જીવણજીને લજાઇ, વનાજીને સરવડ, અને વેરાજીને દેરાળું ગિરાશમાં આપી, વિ. સં. ૧૮૨૦ના જેઠ સુદ ૨ના રેાજ ઠા.શ્રી રવાજી સ્વર્ગે ગયા.

[૪] ઠાકેારશ્રી પંચાણજી (વિ. સં. ૧૮૨૦થી ૧૮૨૯)

ઠાકેારશ્રી પંચાણજીએ ગાદિએ બીરાજી, માળીયા સાથેની વઢીલેાના વખતથી ચાલતી તકરાર પેાતે ચાલુ રાખી હતી અને જુનાગઢથી લશ્કરની મદદ મેળવી માળીયા ઉપર ચડાઇ કરી હતી. તેથી મિયાણાંઓ વિખરાઇ રણમાં છુટા છવાયા થઇ ગયા હત, રૈયતને મિયાણાંઓ ધજા ન કરી શકે તેવી ગેાઠવણ કરી, ઠા.શ્રીએ સરહદપર થાણાંઓ બેસાર્યાં હતાં. તેઓ સ્વરૂપે ઘણાંજ ખુબ સુરત હતા. તેથી કચ્છ, કાઠિઆવાડ, મેવાડ, મારવાડ અને ગુજરાતના ઘણાં માણસેા તેમને જોવાં આવતા. જેવા સ્વરૂપવાન તેવા તેઓ ગુણવાન પણ હતા. અને તેથી તેઓશ્રીના દરબારમાં વિદ્વાનેાનેા યેાગ્ય સત્કાર થતેા, જેથી તેઓશ્રીની કિર્તી અદ્યાપિ પર્યંત અમર છે. વિ. સં. ૧૮૨૯ના ભાદરવાની અમાસને દહાડે તેઓશ્રી અપુત્ર સ્વર્ગે જતાં, તેઓના નાનાભાઇ વાઘજી ગાદીએ આવ્યા.

(૫) ઠા. શ્રી. વાઘજી [પહેલા] (વિ. સં. ૧૮૨૯થી ૧૮૪૧

ઠા. શ્રી વાઘજીએ ગાદિએ આવ્યા બાદ ખાનપરવાળા રાયજી તથા મિતાણાંવાળા અજુભાઇ, એ બન્ને બીન ઔલાદ ગુજરી જતાં, તેના ગામો રાજ્યમાં ભેળવ્યા. પણ લજ્જા-યતવાળા જીવણજીના કુંવર ખીમાજીએ મિતાણાનો વારસો મેળવવા તકરાર કરી ભાયાતોને ઉશ્કેરાઇ પોતાના પક્ષમાં લઇ, વાંકાનેર રાજ્યના આશ્રયતળે રહી, મોરબી સામે બહારવટું કરવા લાગ્યા. એક વખતે ભાયાતોએ નેકનામ ગામ ભાગ્યું. ત્યારે તેના પાછળ સરૈયાના સ્વારોના ચાણદાર નરભેશંકર નામના એક નાગર ગ્રહસ્થ ચડયા, અને નેકનામની સરહદમાંજ બહારવટીઆઓનો ભેટો થતાં, તેણે વાવડીના જાડેજા સમામજીના કુંવર મલુજીને સખ્ત ઘાયલ કર્યા. તેથી ભાયાતોએ મળી તેને ત્યાં ઠાર કર્યો. એ વાતની ખબર ઠાકોરશ્રીના માતુશ્રીને થતા તેમણે ભાયાતો સાથે સમાધાન કરાવી મિતાંણાનો વારસો ખીમાજી જીવણજીને અપાવ્યો.—કચ્છના ગાંધો ગોડજી તરફથી વાગડ પરગણામાં વખતો વખત કેટલીએક ખડચણો થતી. તેથી જુનાગઢના દિવાન અમરજીની મદદ લઇ, ઠાકોરશ્રી વાઘજીએ કચ્છ ઉપર ચડાઇ કરી. રસ્તામાં જતાં વાગડમાં ગામ પાલનસરી તથા કડીયાનગરને સર કરી કેટલાએક ગામોમાં લુંટ ચલાવી. આગળ વધ્યા. એ હકિકત રાંધોશ્રીએ જાણતાં વિષ્ટી કરાવી. સુલેહ કરી. ઠા. શ્રી. વાઘજીને ભારે કિંમતી પોશાક આપી પાછા વાળ્યા હતા. વિ. સં. ૧૮૩૪માં ઠા. શ્રી. એ ગાયકવાડ ફતેહસિંહ મહારાજની મદદ મેળવી. માળીયા ઉપર ચડાઇ કરી. એ વખતે મિયાણાઓએ માળીયાના દરવાજા બંધ કરી. અંદરથી મોરબીના લશ્કર પર મારો ચલાવ્યો. જેથી ઠાકોરશ્રીએ માળીયાના તળાવની અંદર માટીનો કોઠો કરી તે ઉપર તોપ ચડાવી બહાર શરૂ કર્યો. તેથી મિયાણાઓ ગભરાઇ પીરના તકીયામાં ભરાઇ બેસી. સંકેત કર્યો કે " મોરબી દરવાજે ઉઘાડી બંન્ને તરફ પઠાણજ યુવાનોએ છુપાઇ રહી, જેવું મોરબીનું લશ્કર આવે તેવી કત્લ ચલાવવી. " એ પ્રમાણે મસલત કરી, દરવાજે ખોલતાં મોરબીનું લશ્કર ગામમાં ગયું. તે વખતે પીરનું નગારૂં થતા. મિયાણાંઓ એલ્લી એલ્લી કરતા. બહાર પડયા. પણ ભયંકર લડાઇને અંતે તેઓ રણમાં નાશી ગયા બાદ ઠા. શ્રી. જીત મેળવી મોરબી પાછા ફર્યા. વિ. સં. ૧૮૩૬માં દુષ્કાળ હોવાથી, એક ચારણ કવિને ઠા. શ્રી. એ બારમાસ દાણા પુરા પાડયા હતા. તેથી તે કવિએ એક ચારણી ભાષાનું કાવ્ય રચેલ. તે જુની હસ્તલેખિત પ્રતમાંથી મળતાં અત્રે આપેલ છે.

છત્રીસા કાળનુ ગીત.

कठण काळ छत्रीसमां नाम जाडा कया । आज कांया गया वडे आचे ॥
दुथियां कणेतां घेर बेठां दीधां । रायबां लीया जस गणे राचे ॥१॥
लाजरा कोंट मनमोट लीला हरा । मछोधर उपरां धीयां माजा ॥
दकाळे हे तुवां धान दे दोवळा । रवाओत छता दरिआव राजा ॥२॥

હાલાહર તણાં પોહ અને ઝાલા હવે । ઠાકરાં વધે કહ વાદ ઠાલા ॥
દેશ પરદેશ લગ હુંડોષ દોકડા । આપીયા કવ્યાને હરા આલા ॥૩॥
આજ તું મોરબી માળવો આલીયે । મોરબી કવ્યાંચા દૂળદ્ર મેટે ॥
છત્રીસેં મોરબી બેહું કાંઠે છલ્યો । છત્રીસા મોરબી થકી છેટે ॥૪॥

વિ. સં. ૧૮૩૮માં ધ્રાંગધ્રાના કુંવર બાપાજી સાથે તકરાર ઉત્પન્ન થતાં, બાંટવાના બાબી શેર જુમાખાંનની મદદ મેળવી ઠાકોરે ધ્રાંગધ્રાં ઉપર ચડાઇ કરવા તૈયારીઓ કરેલ પણ પછીથી કેટલાક કારણે તે મુલ્તવી રાખ્યુ હતું વિ. સં. ૧૮૪૧ના ભાદરવા વદ ૧૪ના રોજ ઠાકોરશ્રી દેવ થયા હતા. તેઓશ્રીને ચાર કુમારો હતા. તેમાં પાટવિ કુમારશ્રી હમીરજી ગાદિએ આવ્યા. અને બીજા કુમાર જયાજી તે પછી ગાદિએ આવ્યા હતા, તેથી નાના દેવાજીને સજ્જન પન અને મહેરામણજીને બેલા ગામ ગિરાસમાં મળેલ હતાં,

[૬] ઠાકોરશ્રી હમીરજી [વિ. સં. ૧૮૪૧ થી ૧૮૪૬]

ઠા.શ્રી હમીરજી ગાદિએ બિરાજ્યા પછી, સંવત ૧૮૪૨માં મોરબીના એક વેપારીને ઝાલાઓએ થાન પાસે લૂંટી લઇ બહુ માર માર્યો હતો. તેણે મોરબી આવી ઠાકોરશ્રી આગળ બહુજ પોકાર કરતાં, ઠાકોરશ્રીએ જુનાગઢના લશ્કરની મદદ મેળવી, તે લુંટારાઓ પાછળ ચઢી, વઢવાણ તાબાના પસદાદડી, કોરડા, અને સમઢીયાળા વગેરે ગામો લુંટી વેપારીને તેના ગયેલા માલનો બદલો આપ્યો હતો ઠા.શ્રી હમીરજીનાં રાણીશ્રી વખતુબાએ મોરબીમાં કૃષ્ણ મહોલ નામનું શ્રીત્રીકમરાયજીનું મંદિર બંધાવી તેમાં વિધિ પુર્વક ઠાકોરજીની પ્રતિષ્ઠા કરી હતી. વિ. સં. ૧૮૪૬ના પોષ સુદ ૧૪ના રોજ ઠા.શ્રી હમીરજી અપુત્ર દેવ થતાં, તેમના નાના બંધુશ્રી જયાજી ગાદીએ આવ્યા.

(૭) ઠાકોરશ્રી જયાજી (વિ. સં. ૧૮૪૬થી ૧૮૮૫)

ઠાકોરશ્રી જયાજીએ ગાદિએ આવ્યા પછી શાન્તિથી રાજ્ય કર્યું નથી. કેમકે તેઓશ્રીના રાજ્ય અમલમાં મોરબી ઉપર અવારનવાર અરિદળો આવતાં. શરૂઆતમાંજ જસદણના દાદા આચરને જામનગરના મેર (મહેરામણ) બવાસે મોરબી રાજ્યને પાયમાલ કરવા ઉશ્કેર્યો. તેમજ દાદાખાચરે આટકોટ પાછું મેળવવાના લોભે મોરબી પર બે વખત ચડાઇ કરી, સરહદના ગામોને રંજાડ કરી છેવટ ત્રીજી વખત વિ. સં. ૧૮૪૮માં આસરે પાંચેક હજાર માણસો લઇ મોરબી ભાંગવાના હેતુથી તે દક્ષિણ દરવાજા લગભગ આવી પહોંચ્યો, એ વાતની જાણ ઠા.શ્રી જયાજીને થતાં, પોતાના બંધુ દેવાજીભાઇને સાથે લઇ સામા થયા. મોટા ધણચોક પાસે દારૂણ યુદ્ધ જામ્યું. તેમાં હજારોની કત્લ થતાં, દાદોખાચર હાર ખાઇ થોડા માણસો સાથે ભાગ્યો, પરંતુ ઠા.શ્રીએ પાછળ પડી ચોટીલાના કુંભર પાસે તેને તથા તેના સાથીઓને કાપી નાખ્યા. નાગડાવાસના જાડેજા ભાયાત જુણાજી પોતાના ગામને કિલ્લો બંધાવી મોરબીના ગામને લુંટવા લાગ્યા. પ્રજા તેથી ઘણી ત્રાસ પામી, તેથી ઠા.શ્રીએ પેથાના

લશ્કરની મદદ લઇ નાગડાવાસનો નવો બાંધેલો કિલ્લો તોડી પાડયો. તેથી જુણાજી તથા તેના સોબતીઓ વાગડ તરફ ભાગી ગયા (વિ. સં. ૧૮૫૧) વિ. સં. ૧૮૫૬-૫૭માં કચ્છ ભુજના મેતા ભાણજી રામજીએ મોટાં લશ્કરથી મચ્છુ કાંઠામાં આવી વવાણીયા બંદરે ઘેરો નાખ્યો. તે ખબર ઠા.શ્રી જીયાજીને થતાં, મોટા લશ્કરનો જમાવ કરી તેના સામે લડાઇ જાહેર કરી. તેમાં ભાણજી મેતો સંપૂર્ણ હાર ખાઇ પ્રાણ બચાવી કચ્છ તરફ નાસી ગયો.

માળીયાના મિયાણાંઓનો ત્રાસ મોરબીની પ્રજાને કાયમનો હતો. તેથી ઠા.શ્રીએ યુકિત રચી માળીયા સાથે દેખાવ માત્રની સુલેહ કરી, વાગડ વગેરે પ્રદેશ લુંટવા મિયાણાંઓ સાથે ચડયા. તે પ્રદેશ લુંટી પાછા ફરતાં મિયાણાંઓ તથા માળીયા ઠાકોરશ્રી ડોસાજીને પોતાને તાંબુએ જમવા નોતર્યા. એ વખતે કેટલાએક મિયાણાંઓને કાપી નાખ્યા. માળીયા ઠાકોર ડોસાજીને અટકમાં રાખ્યા. એ દગાથી મિયાણાં બહુજ ઉશ્કેરાયા અને એક સંપી કરી મોરબી રાજ્યને ઘણું નુકશાન કરવા લાગ્યા. જ્યારે ઠા.શ્રી ડોસાજીને માળીયે પાછા મોકલ્યા ત્યારે મિયાણાંઓ કાંઇક શાંત થયા. વિ. સં. ૧૯૬૨માં ગાયકવાડી સુબો બાબાજી આપાજી મુલકગીરી ઉધરાવવા મોરબી નજીક પડયો હતો. તેને ઠા.શ્રી જીયાજીએ પૈસા આપી મિયાણાંઓને દાબી દેવાની મદદ માગી. તેથી બાબાજીએ માળીયા ઉપર ચડાઇ કરી. પરંતુ તેમાં તે ફાવી શકયો નહિં, અને ઘણાં જનમાલની ખુવારી થતાં, તેણે તેના બદલામાં હડાળા નામનું ગામ મોરબી આગળથી મેળવ્યું જે હાલ તેના વંશજને ખાય છે.-વિ. સં. ૧૮૬૩માં કર્નલ વૉકર ખંડણી મુકરર કરવા આવ્યો. ત્યારે મોરબી કફોડી સ્થિતીમાં હતું. પણ બીજા સ્ટેટોની માફક તેને પણ સેટલમેન્ટની સાથે આબાદી અને શાન્તિ પ્રાપ્ત થઇ, અને જ્યારે કચ્છના હુમલાઓ ઉપરાઉપરી બે વર્ષ થયા ત્યારે ઠા.શ્રીએ બ્રીટીશ સરકારની મદદ માગી. તે ઉપરથી એક નાનું અંગ્રેજી લશ્કર મદદમાં મળતાં, કચ્છ ઉપર ચડાઇ કરી, પરંતુ કચ્છના રાઓએ લડાઇ નહિં કરતાં રૂા. ૧૦ હજારનો બદલો આપી સમધિાન કર્યું. જોડીયા અને બાલંભાના બવાસને જ્યારે નવાનગરના જામસાહેબે કાઢી મુકયા ત્યારે તેઓ ઠા.શ્રી જીયાજીને આસરે આવ્યા, તે વખતે તેઓને કાનપુર નામનું ગામ આપ્યું. તેઓ ત્યાં આમરણ પરગણે પાછા જતાં સુધી સુખેથી રહ્યા હતા, ઠા.શ્રી જીયાજી દ્વારકામાં રામમહોલ ચણાવી તેમાં મુર્તિ-પ્રતિષ્ઠા કરી, વિ. સં. ૧૮૮૫ના કારતક વદ ૯ના રોજ સ્વર્ગે ગયા. તેઓશ્રીને બે કુમારો હતા, તેમાં પાટવિકુમારશ્રી પૃથ્વીરાજજી ગાદિએ આવ્યા અને(૨)મોકાજીને સાવડી ગામ ગિરાશમાં મળ્યું.

[૮] ઠાકોરશ્રી પૃથ્વિરાજજી (વિ. સં. ૧૮૮૫થી ૧૯૦૨)

તેઓશ્રીના વખતમાં સર્વ રથળે અંગ્રેજી સત્તા ફેલાતાં, લુંટફાટ કરનારાઓના ત્રાસથી લોકો મુકત થયા હતા. રાજ્ય ઉપર આગળની લડાઇઓ થતાં, કરજ ઘણું હતું તે તેઓશ્રીએ ધીમે ધીમે ખેતીવાડીમાં સુધારો કરી ઉપજ વધારીને રાજ્યને દેવામાંથી મુકત કર્યું હતું. તેઓના સામી કચ્છ દરબારે અધોઇ મહાલની બાબતમાં તકરાર ઉઠાવી હતી. તેનો ગવર્નમેન્ટે લંબાણ તપાસ કર્યા પછી મોરબીના લાભમાં ચુકાદો આપ્યો હતો. ઠાકોરશ્રી પૃથ્વિરાજજી સિંહના શિકારમાં એકકા બહાદુર હતા. એ તારીફ સાંભળી એક અંગ્રેજ અમલદાર ઠા.શ્રી

સાથે શિકારે ગયો. શિકાર કરતી વખતે ઠા.શ્રીએ એક સુતેલા સિંહને પત્થર મારી જગાડયો તેથી સિંહ ભયંકર ગર્જના કરી ઠા.શ્રી ઉપર ઘાયો મારવા ધસ્યો. એ વખતે ઠા.શ્રીએ તલવારને એકજ ઝાટકે તેને મારી નાખ્યો. એ સઘળા બનાવથી અંગ્રેજ અમલદાર હેબતાઇ ગયો. અને ઠા.શ્રીની વીરતાના એવા અવાજે વખાણ કરવા લાગ્યો ઠા.શ્રી પોતાનાં માતુશ્રી સાથે મોટો સંઘ કાઢી નર્મદાજીની યાત્રા કરી આવી. વિ. સં ૧૯૦૨માં સ્વર્ગે સિધાવ્યા.

(૯) ઠાકોરશ્રી રવાજી [બીજા] (વિ. સં. ૧૯૦૨થી ૧૯૨૬)

ઠાકોરશ્રી પૃથ્વિરાજજીને રવાજી નામના એકજ કુમાર હોવાથી તેઓ ગાદિએ આવ્યા. ઠાકોરશ્રી રવાજીએ ગાદિએ બિરાજી ખેડુતોને પૈસાની મદદ આપી ખેતીને આબાદ કરી હતી. તેમજ ટંકારા+ ગામને કિલ્લો બાંધી સુશોભિત બનાવ્યું હતું તેઓશ્રીને ૭ રાણીઓ હતાં, તેમાનાં ચુડાના રાણાશ્રી રાયસિંહજીનાં કુંવરીશ્રી માજીરાજબાથી વિ. સં. ૧૯૧૪માં પાટવિ. કુમારશ્રી **વાઘજી**નો જન્મ થયો હતો. અને સંવત ૧૯૧૮માં કુમારશ્રી **હરભમજી**નો જન્મ થયો હતો. યુવરાજશ્રી વાઘજીને સગીર વયમાં શીળી નીકળેલ હોવાથી તેઓશ્રીની રૂપીઆ ભારોભારની તુલા જામનગરના મહાલ કાળાવાડમાં આવેલ મોટીશિતળામાતાએ કરી, ત્યાં બ્રાહ્મણોની ચોરાશી કરી હતી. તે તુલાના રૂપીઆના ચાંદીના કમાડો હજી શિતળાના મંદિરમાં મોજુદ છે અને તે માથે મોરબી ઠાકોરશ્રીનું નામ છે. ઠાકોરશ્રી રવાજી વિદ્વાનોને સારો આશ્રય આપતા, તેઓની આગળ રાજકવિ તરીકે માડ ચારણ **દેદલભકત*** (ભીશણ શાખાના) કાયમ

+એ ટંકારા ગામે આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જન્મ થયો હતો.

* **'કવિશ્રી દેદલ ભકત'** તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન કરીશ્વર **બ્રહ્માનંદજી** પાસે કંઠી બાંધી તે સંપ્રદાયમાં દાખલ થયા હતા. કોઇ વિઘ્નસંતોષી પાસવાનની સલાહથી ઠા.શ્રી રવાજીએ એ ભકત કવિને દુભવ્યા. અને કહ્યું કે "તમો સ્વામિનારાયણની કંઠી તોડી નાખો તો હું એક ગામ તથા ૧૦ હજાર કોરી રોકડી આપું." પરંતુ એવી મહાન લાલચમાં તેઓ નહિં લલચાતાં, 'માથું જાય પણ ધર્મ ન જાય' એવી દૃઢ ટેક રાખી, ઠા.શ્રીનું વચન માંન્યું નહિં. તેથી ઠાકોરશ્રીએ તેઓને ૨૪ કલાકમાં મોરબીની હદ છોડી જવા ફરજ પાડી હતી, કવિ બ્રહ્મભોળા કુટુંબવાળા હતા અને એકદમ કયાં જવું તે વિચારમાં તેણે આખીરાત્રી વિતાવી પ્રભાતે પ્રભુસ્તુતિનું એક પદ રચ્યું તે પદની ત્રણ કડીઓ પુરી થતાં, માણીઆ ઠાકોરશ્રી મોડજીનું તેડું આવ્યું. તેથી કવિએ ચોથી કડીમાં તે ભાવ લાવી નીચેનું પદ પુર્ણ કર્યું.

" ગોપીનાથ મહારાજની સ્તુતિનું પદ "

(કચ્છી કાફી–'ઓખાના વાઘેર કોડીનાર ભાંગીને જાય'–એ રાગ)

મદત કરોને મહારાજ, હૂર્ણે અસાંજી મદત કરોને મહારાજ ।
ગોપીનાથ! મદત કરોને મહારાજ-દેક
કંઠી અસાંજી બાંધી તો કારણ, રુઠો રવાજી રાજ ॥ ગોપીનાથ (૧)

રહેતા હતા, ઠાકોરશ્રીના વખતમાં ન્યાયનું ધોરણ દાખલ કરી કોર્ટો સ્થાપાઈ હતી. સંસ્કૃત પાઠશાળા, દવાશાળા, વગેરે તેઓના વખતમાંજ સ્થપાયાં હતાં, તેઓ નામદાર વિ, સં, ૧૯૨૬માં સ્વર્ગે જતાં ઠાકોરશ્રી વાઘજી ગાદિએ આવ્યા,

(૧૦)ઠાકોરશ્રી સર વાઘજી જી. સી. આઇ ઇ.(વિ, સ, ૧૯૨૬થી૧૯૭૮)

ઠાકોરશ્રી વાઘજી ગાદિએ બિરાજ્યા એ વખતે તેઓ નામદારની સગીર વય (ઉંમર વર્ષ ૧૩) હોવાથી એજન્સીએ રાજ્ય વહીવટ સંભાળી, જોઇન્ટ—એડમીનીસ્ટ્રેટર રાવ બહાદુર શંભુપ્રસાદ લક્ષ્મીપ્રસાદ અને દફ્તરી ભુંઝાભાઇ સખીદાસને રાજ્યમાતા માજીરાજબાની સલાહથી રાજ્ય કારભાર ચલાવવા નિમ્યા. રાજકુમાર કોલેજમાં અભ્યાસ પુર્ણ કરી ઠાકોરશ્રીએ હિંદુસ્તાનની મુસાફરી કરી હતી, ઇ. સ, ૧૮૭૭માં મહારાણી વિક્ટોરીઆએ કૈસરે–હિંદપદ

अधम ओधारण पतीत पावन, बांय ग्रहेजी लाज ॥ गोपीनाथ (२)
पारस परसें लोहरीए तो, लोहजी वेंदी लाज? ॥ गोपीनाथ (३)
'देदल' चे दुःख दूर कर्यों तें, मोड रीझयो महाराज॥गोपीनाथ(४)

માળીઆ ઠાકોર મોડજીને **ગોપીનાથ મહારાજે** રાત્રે સ્વપ્નમાં દર્શન આપી કહ્યું કે "મારા દેદલભક્તને જલદી બોલાવવા ગાડાં મોકલ જે ઉપરથી દિવસ ઉગ્યા પહેલાં માળીયાના ગાડાં આવતાં કવિશ્રી દેદલ ભક્તે કાવ્યની ચોથી કડી પુર્ણ કરી. ઉચાળાભરી માળીએ મુકામ કર્યો ત્યાં ઠા શ્રી મોડજીએ વાર્ષિક રૂપીઆ ૫૦૦) રોકડા પાંચ કળશી અનાજ અને જનવરો માટે જોઇએ તેટલું ઘાસ એ પ્રમાણે વર્ષાસન બાંધી આપી રહેવા મકાન આપી. રાજકવિ સ્થાપિ માળીએ પોતાની પાસે રાખ્યા,— ઉપરના ઇશ્વરી પરચાથી માળીયા મોરબીના લોકો ઘણુંજ આશ્ચર્ય પામ્યા હતા. એ બનાવ પછી એક માસે ઠાકોરશ્રી રવાજીને **सहजानंदस्वामि** (સ્વામી નારાયણે) દર્શન દઇ ઉપદેશ આપી, કાંઇક ચમત્કાર બતાવી સંતોષ પમાડ્યા, તેથી પાછા માળીઆથી કવિને બોલાવી પોતાની પાસે રાખ્યા, અને સારૂં ઇનામ આપી વર્ષાસન બમણું કરી આપ્યું, એ વિષે કોઇ અન્ય કવીએ કવિશ્રી દેદલ ભક્તના યશોગાન સાથે તે હકિકતના ચાર દુહાઓ રચ્યા છે જે નીચે મુજબ છેઃ—

दोहा–गाम दामथी नह गळ्योः देदल तोळो दल । कंठी कारण कोपीयो, राजा वे रवमल॥
हरि कारण हद्पार हुवो, कंठी तोडण कज्ज । सुपनें सहजानंद कहे, भूप ग्रहीले भज्ज॥२
प्रभाते कव प्रेमथी, देदलभक्त दहीवाण । सुमर्यो सहजानंद शरण, भूप मोड कुळभाण॥३
सहजानंदनी सानथी, रीझयो फीर रवमाल । देदलभक्तने दान दइ, पास रख्यो प्रतिपाल॥४

એવા એકાંતિક શુભ ચારણપુત્રની દ્રઢતાથી ઇશ્વરે તેમની ટેક રાખી હતી. ધન્ય છે. તે ભક્ત કવીને! તેમ ધન્ય છે તે ધર્મનો પક્ષ રાખનાર રાજવિ–મોડજીને !! અને ધન્ય છે ઠાકોર રવાજીને કે કવિની કસોટી કરી, પાછો યોગ્ય સત્કાર કરી પોતા પાસે રાખ્યા— ઉપરની હકિકત અમોને દેદલભક્તના પૌત્રો પાસેથી મળેલ છે, (ઇ. કર્તા.)

ધારણ કર્યું, ત્યારે ઠાકોરશ્રીએ દિલ્હી દરબારમાં હાજરી આપી હતી, જ્યાં તેઓને અંગત માનની નિશાની તરીકે નવને બદલે અગીઆર તોપની સલામી ઠરાવવામાં આવી હતી. ઇ, સ, ૧૮૭૯ (વિ, સં, ૧૯૩૫ના પોષ સુદ ૯)ના જાન્યુઆરીની પહેલી તારીખે તેમણે સ્ટેટનો સ્વતંત્ર કારભાર સંભાળ્યો હતો, વિ,સં, ૧૯૩૬માં મોરબીની બજારને સુશોભિત બાંધણીની બનાવવાનું તેઓશ્રીએ આરંભ્યું હતું. ઇ. સ. ૧૮૮૩ના એપ્રીલની ૧૮મી તારીખે તેઓ નામદાર વિલાયતને પ્રવાસે ગયા હતા. ઇ, સં, ૧૮૮૪માં તેઓશ્રીએ વઢવાણકાંપથી મોરબી સુધીની રેલ્વે લાઇન બાંધવાનું શરૂ કર્યું હતું. સને ૧૮૮૬ પછી વાંકાનેરથી રાજકોટ સુધીની રેલ્વેલાઇન બાંધવા માંડી, રાજકોટ બ્રાંચ લાઇન ઇ, સ, ૧૮૯૦માં ખુલ્લી મુકી. તે ૬૪ માઇલની રેલ્વે બાંધવા પાછળ ૨૪ લાખ રૂપીઆનું ખર્ચ થયું હતું, ટેલીફોન વ્યવહાર કે જે તે વખતે કાઠીઆવાડમાં પોતે પહેલેાજ દાખલ કર્યો હતો, તથા આખા સ્ટેટમાં દ્રામવે વહેવાર, મચ્છુ નદિ ઉપર સુંદર પૂલ તથા ઝોલાપૂલ અને શહેરની નવા બાંધણી, એ બધું તેઓ નામદારશ્રીના રાજ્ય અમલ દરમ્યાન બનવા પામ્યું હતું, યૂરોપની મોટી લડાઇમાં ઠા,શ્રી સર વાઘજીએ પોતાના તમામ સાધનો સરકારની સહાયમાં સોંપ્યા હતાં. ઇ, સ, ૧૮૮૭માં તેઓશ્રી કે, સી, એસ, આઇ, થયા હતા, ઇ, સ, ૧૮૯૭માં મહારાણી વિકટોરીઆ ના રાજ્ય અમલના ૬૦ વર્ષના જયુબીલી પ્રસંગે કાઠીઆવાડના રાજાઓના પ્રતિનિધિ તરીકે. તેઓશ્રી લંડનમાં હાજર હતા, ત્યાં તેમને તે વખતે 'જી, સી, આઇ, ઇ,નો માનવંતો ઇલ્કાબ મળ્યો હતો,

તેઓ નામદારના પાલિતાણા, સાયલા, અને થરાદ રાજ્યના રાજકુમારીઓ સાથે લગ્ન થયાં હતાં, તેમાં પાલિતાણાના ઠા, શ્રી પ્રતાપસિંહજી સાહેબનાં કુંવરીશ્રી બાજીરાજબા સાહેબથી વિદ્યમાન મહારાજાશ્રી **લખધીરસિંહજી** સાહેબનો જન્મ ઇ. સ, ૧૮૭૬ના ડીસેંબરની ૨૬મી તારીખે થયો હતો. તેઓ નામદારના રાજ્ય અમલમાં વિ, સં ૧૯૩૪ અને ૧૯૫૬ની સાલના બે ભયંકર દુષ્કાળોમાં તેઓ નામદારે પોતાની પ્રજાને સસ્તે ભાવે અનાજ પુરૂં પાડી, રીલીફ વર્ક ખોલી, ઘણીજ મદદ કરી હતી, ઇ. સ, ૧૮૯૨માં માળીયાના **રહીશ વાલા નામોરી** (મિયાણા) ઇત્યાદી બારજણની ટોળીવાળા બહારવટીઆઓ કચ્છ, વાગડ, અને કાઠીયાવાડ પ્રાંતમાં લુંટ ફાટ કરી ત્રાસ આપતા હતા તેથી અંગ્રેજ સરકારનું કેટલુંએક લશ્કર તેની શોધમાં હતું તા૧૪-૧૨-૧૮૯૨ના રોજ એ બહારવટીઆઓએ મોરબી તાબાનું ઝીકીયારી ગામ ભાગ્યું, તેથી નામદાર ઠાકોરશ્રીએ પોતાના પોલીશ સુપરીન્ટેડેન્ટ મી, **કાળુભા રાજમલજી**[તે વખતે તેઓ ઉત્તર વિ. થાણદાર હતા) ને તે બહારવટીઆઓ પાછળ મોકલ્યા એ શોધખોળમાં અંગ્રેજ અમલદાર મે, લેફ૦ ગોર્ડન સાહેબ પણ ફરતા હતા તેઓ બંન્નેએ સાથે મળી બાતમીદારોથી ખબર મેળવી, માળીયા તાબે ચીખલીગામના કરાડીઆમાં તા. ૧૬-૧૨-૯૨ના રોજ ભેટો થતાં સામસામા બંદુકોના ફેર ચાલુ કર્યા, પણ એકેય બહારવટીઓ નહિં મરાતાં મી, કાળુભાને ત્યાંજ રહી ફેર ચાલુ રાખવાનું કહી ગોર્ડન સાહેબ બાર સ્વારોસાથે આગળ વધ્યા અને પાંચેક દુષ્મનોનાં પ્રાણ લીધાં ત્યાં ખાડની અંદર છુપાયેલા વાલા નામોરીના હાથની છુટેલી ગોળીઓથી ગોર્ડન સાહેબ તથા

બે સ્વારો પડયા, તે જોઇ ક્ષત્રિય વીર +કાળુભાસાહેબે પોતાની વાર વાળા તમામ સાથીઓને ઉશ્કેરી મરવું યા મારવું એવો દૃઢ નિશ્ચય કરી, ખુલ્લી તરવારોથી એકદમ તેઓના ઉપર હલ્લો કરી **વાલાનામોણી** સીએ દરેકને કાપી નાખી, તેઓની લાશો મોરબી લાવી ભીમોરમાં દટાવી હતી —ઉપરના ધિંગાણાથી રાણાશ્રી કાળુભાને સરકાર તરફથી તરવાર અને ઠાકોરશ્રી તરફથી યોગ્ય ઇનામ મળ્યું હતું.

નામદાર ઠાકોરશ્રી સર વાઘજીને સ્વદેશાભિમાન હોવાથી સર્વ પ્રજાને કરજીયાત મોરબીની ચકરીપાવડી બાંધવા ધોરણ દાખલ કર્યું હતું, વિદેશમાં પણ લાખો માણસોની માનવ મેદની વચ્ચે મોરબી સ્ટેટનો એક માણસ ઉભો હોય તો, તે એ પાવડીથી જુદો ઓળખી શકાય, નામદારશ્રીએ પણ તે મોરબીશાહી પાવડી જીવંત પર્યંત બાંધી હતી. ઠાકોરશ્રીને હુન્નર ઉદ્યોગ આદિ કળા કૌશલ્યનો અપૂર્વ શોખ હતો. તેઓએ એક ગંજાવર વર્કશોપ ખોલી તેમાં અનેક પ્રકારની મશીનરી તૈયાર કરાવી હતી. કાઠીઆવાડના દેશી રાજ્યોમાં

+**રાણાશ્રી કાળુભા**એ ઉપરના ધિંગાણાં ઉપરાંત બીજા પાંચ ધિંગાણાઓ કર્યાં હતાં. (૧) બેંગી લુંટનાર માળીઆના મશહુર મિયાણાં **સુરા કટીયા** વગેરેની ટોળી સાથે જામનગર તાબે શામપરની દરીઆઇ હદમાં ભેટો કરી ધિંગાણું કર્યું હતું, (૨) વડોદરાના ચેટલાદની જેલમાં માળીઆના મિયાણા કેદીઓ હતા, તેણે જેલ તોડી પોલીસ સાથે ધિંગાણું કરી હથિયારો લઇ નાઠેલ કેદીઓ બહારવટીયા માફક ટોળી થઈ ફરતા. તેઓનો ધ્રાંગધ્રા તાબે જુટવડાની વાડીમાં ભેટો થતાં,ધ્રાંગધ્રાની વા'રે સાથે રહી ધિંગાણું કર્યું હતું. (૩) માળીયાના મિયાણા વગેરે કેટલાએક ઝનુની કેદીઓ લાંબી મુદતથી મોરબીની જેલમાં હતા, તે કેદી પોલીસપારટી સાથે સ્ટેબલમાં (તબેલામાં) કામ કરતા હતા. તેઓએ પોલીસ સાથે ધિંગાણું કરી, કેટલાએકને જખમી કરી, રાયફલો, કેપ–કારતુસ વગેરે લઇ ઘોડાર'માંથી ઘોડાઓ લઇ નાઠેલા કેદીઓની પાછળ ચડી. તેનો ભેટો થતાં રાયફલના ફેર અને તરવારથી ધિંગાણું કરી, કેટલાએકને મારી બાકીનાઓને જીવતા પકડી લાવ્યા હતા. (૪) મશહૂર બહારવટીઆ મીરખાંની ટોળીનો મુખી માળીઆના જામ તોગાને માળીયામાંજ અટકાવી ધિંગાણું કરી માર્યો હતો. (૫) નામદાર ઠાકોરશ્રી સર વાઘજી સાથે દીપડાના શિકારે જતાં દીપડે ઠાકોરશ્રીના અંગપર ઘસારો કરતાં, રાણાશ્રી કાળુભાએ સામા જઇ આડા પડી તરવારથી દીપડાને જખમી કરતાં, દીપડાએ પણ મી. કાળુભાના જમણા હાથે પંજો મારી જખમી કરતાં ઠાકોરશ્રીએ દીપડાને માર્યો હતો. રાણાશ્રી કાળુભા રાજમલજી કે જેઓ **સ્વામીનારાયણ** સંપ્રદાયના છે, અને તેઓએ ક્ષત્રિયવટ કેવી બતાવી હતી તે ઉપરના દાખલાઓથી મશહુર છે, ઘણા અજ્ઞાત અને ધર્મદ્વેષી લોકો પોતાના મનસ્વીપણે કલ્પના કરી કહે છે કે "સ્વામિનારાયણ સંપ્રદાયમાં જે હોય તેમાં વારતા ન હોય.!! પણ તે તેઓનો એક ધર્મદ્વેષનો મિથ્યા પક્ષપાત છે. ખુદ સ્વામિનારાયણે તો પોતાના ક્ષત્રિય પાર્ષદોના એક હાથમાં **માળા** અને એક હાથમાં **તલવાર** ધરાવી છે. અને ક્ષત્રિયોને ચોરી જારી આદિ અધર્માચરણથી મુક્ત કરી શુદ્ધ ક્ષાત્રધર્મ ઓળખાવ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાય પાળતા ઘણા ક્ષત્રિયવીરોએ કાળુભા સાહેબથી પણ વિશેષ પરાક્રમો કર્યાના ઘણાં દાખલાઓ છે (૪૦ કર્તા.)

યૂરોપથી પહેલું વિમાન પોતેજ ખરીદી લાવ્યા હતા. તેમજ રૈયતના શ્રેયને અર્થે નીચેના બાંધકામો કર્યાં હતાં. ચૅરીટેબલ ઍસાયલમ, (દર્દીઓની મફત સારવાર) સ્પીનીંગ ઍન્ડ વીવીંગ મીલ્સ, (કાપડની મીલ) ગૅસ ફેકટરી, (ગ્રામથી શહેરમાં બત્તી બાળવી તે) ઇલેકટ્રીક લાઇટ, ગઢ વૉલ, (મચ્છુના પુરથી જનમાલને નુકશાન ન થાય તે માટે મજબુત દિવાલ બે લાખ રૂપીઆને ખર્ચે બંધાવી હતી.) ઝુલતો પૂલ, વૉટર વર્કસ, ઇરીગેશન, હાઇસ્કુલ, કન્યાશાળા, દવાખાનાં, લાયબ્રેરી અને દહન સ્થળ, વગેરે જાહેર બાંધકામો ખોલ્યાં હતાં. નામદારશ્રીએ કાશી પ્રયાગ વગેરે તિર્થ સ્થળોમાં જઇ ત્યાં સદાવ્રતો કરાવી, મોરબીમાં વિ.સં. ૧૯૬૦માં અષ્ટોત્તરશત શ્રીમદ્‌ભાગવતની પારાયણો પુરશ્ચરણ સાથે યથાવિધી કરી પાંત્રીશ ગરીબ બ્રાહ્મણ કન્યાઓને કન્યાદાન આપી ૧૬ હજાર રૂપીઆ ધર્માદામાં વાપર્યા હતા, તે સિવાય એક વર્ષની અંદર આશરે વીશ હજાર બ્રાહ્મણોને ભોજન કરાવી ૩૦૦૦ પિત્તળના ઘુમચાઓ અને ૪૦૦૦ રૂપીઆ દક્ષિણામાં આપી, અનેક ગૌદાનો કરી કેટલાએક મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, તેઓ નામદારશ્રીનું જીવન સાદું, સ્વદેશાભિમાની, અને ક્ષત્રિયોને શોભારૂપદ એકટેકવાળું બોધક હતું. તેઓ નામદારશ્રી તો રાજા હતા, પરંતુ તેમના નાનાભંધુશ્રી **×હુરભમજી સાહેબ (બાર-ઍટ-લૉ)** પોતાના બાહુબળથી આ લોકમાં અક્ષય કીર્તિ મેળવી ગયા છે તેઓશ્રીનું જ્ઞાતિ અભિમાન દાખલો લેવા જેવું છે. જે નીચેની ફુટનોટથી જણાશે.

× **કુમારશ્રી હુરભમજી રવાજી સાહેબ બાર-ઍટ-લૉ** તેઓશ્રીના જીવન પ્રસંગ લખવામાં આવે તો એક જુદું પુસ્તક થાય તેવું છે. પરંતુ તે જીવનમાંથી માત્ર તેઓને સ્વજ્ઞાતિ પ્રત્યે કેટલી લાગણી હતી, તેનો નમુનો બતાવવા તેઓશ્રીનો તારીખ ૩૧-૧૨-૧૯૧૭નો લખેલો પત્ર (ક્ષત્રિય માસિકમાંથી લઇ) અત્રે આપવામાં આવેલ છે, " **દીલનું દર્દ** " આપ સર્વની જાણમાટે તેમજ આપના હંમેશાં ચિંતાતુર રહેતા મનની ધારણા વાસ્તે આ પત્ર આપ સૌને મારી આપ તરફની ફરજ સમજી લખવાની રજા લઉ છું,

મારા આજથી બાર વર્ષના આપ સાથેના ઘણાજ નિકટ સંબંધને લઇને આપની સંસારીક વ્યવહારિક તેમજ રાજકીય અને બરાદીલની શું સ્થિતી છે તેનો હું પુરે પુરો વાકેફ છઉં. અને હું છાતી ઠોકીને કહી શકું છું કે આ પ્રાંતમાં તો તે વિષયમાં મારાથી વધારે વાકેફ કોઇ પણ માણસ હોવા સંભવજ નથી. હા, દરેક જુદા જુદા સ્થળોમાં રહેનારા તેમજ ગીરાશીઆ સાથે ઘાટો સંબંધ રાખનારા લોકોને જેની જેની સાથે સંબંધ હશે તેની તેની સ્થિતી વિષે તેઓ મારા કરતાં વધારે વાકેફ હશે તે હું કબુલ કરું છું. પણ આખા પ્રાંતના સમગ્ર ગીરાશીઆઓની સ્થિતી વિષે તેમની માહિતી મારા કરતાં વધારે હોવી ન જોઇએ, કેમકે મારા જેવી લાંબા વખતની જુદી જુદી વખતે જુદા જુદા સ્વરૂપમાં, અને જુદા જુદા સંયોગોમાં ગીરાસીયા તેમજ તેના સલાહકારો અને સુખ દુઃખમાં, સાથીઓ અને શુભ ચિંતકોની પોતાના દીલ ખોલી, મનના ઉભરા કાઢી, દીલના કોઠા ખોલી, બેધડક રીતે અથાથી ઇતિસુધીની હકીકત સાંભળવાની કોઇને તક મળી હોય તેમ હું માનતો નથી. તેમજ મારા જેવા મેણા અને કપકા, ગીરાશીયા વર્ગ તરફથી તેઓના હિત માટે—

ઠાકોરશ્રી સર વાઘજી સાહેબે વિ. સં. ૧૯૭૮માં સ્વર્ગવાસ કર્યો હતો. તેઓશ્રીને પાટ-વિકુમારશ્રી લખધીરસિંહજી (ઉર્ફે જલુભા સાહેબ) તથા અજબસિંહજી અને ચંદ્રસિંહજી નામના ત્રણ કુમારો થયા. તેમાં યુવરાજશ્રી **લખધીરસીંહજી** મોરબીની ગાદિએ આવ્યા.

" હું કાંઇ કરતો નથી ને કરી શકતો નથી" તે બાબતના પણ કોઇએ ખાધા નહિં હોય તેમ ખાશે પણ નહિં. એ પણ મારી ખાત્રી છે. આપના સંબંધને લઇને તેમજ આપની આવી દુઃખદાયક અને અજાણ્યાને સ્વપ્નમાં પણ ન આવી શકે, મહાવિકટ અને વિટંબનાઓથી અને અસંખ્ય મુંઝવણોથી ભરેલી સ્થિતીમાંથી કેમ મુકત થવું તે વિષે આપની પરીપૂર્ણ અજ્ઞાનતા અને અપહોંચને લઇને અને તેની સાથે જો આ સ્થિતી રહી તો આખી કોમ રસાતળ જવા સંભવ એવી મારી પુર્ણ માન્યતાને લઇને અને તેને પરિણામે આ હિંદ જેવા પ્રાચીન દેશને ભવિષ્યમાં શું નુકશાની થવા અને આપણા હિંદુ ધર્મને શું ધકકો લાગવા સંભવ છે. તેથી ખરૂં જોતાં ટુંકી નજરેથી નહિંપણ દીર્ઘ દ્રષ્ટિથી જોતા આપણા માવતર આપણા હાડ ચામડીના ધણી આપણા રાજાસાહેબો અને દેશી રાજ્યો અને તેની વસ્તિને શું ધકકો લાગવા તેમજ નામદાર શાણી સરકારના ઉજળા ન્યાય અને નિષ્કલંક કીર્તિને ખોટો દોષ લાગવા કેટલો સંભવ છે, તે સર્વ બાબતોનો જ્યારે જ્યારે મારા મન ઉપર પુરેપુરો ચિતાર આવે છે,ત્યારે આપના ઠપકાની કે આક્ષેપની પરવા ન કરતાં મને ઉપર લખેલ સર્વ ખરા હિતની ખાતર તેમજ તેમના તરફની મારી સાચી ફરજ બજાવવાની અને સર્વથી વધારે મારા દેશ અને ધર્મની ખાતર હાલના ઘણુંજ બારીક જમાનાને લઇને હું મારૂં ખરૂં કર્તવ્ય શુદ્ધ અંતઃકરણથી એક તરવારની ધાર પર રહીને પણ બેધડક કરૂં છું. અને ઇશ્વરશકિત આપશે ત્યાંસુધી કરીશ. અને જ્યારે જ્યારે મારા કર્તવ્યમાં કૃતેહમંદી થશે ત્યારે ત્યારે કાંઇ ઇચ્છાથી કે ઇનામની ખાતર નહિંપણ આપને અસાંતિમાં વલવલતા મનોને જરા શાન્તિ આપવા અને તેથી આપના દિલમાં આપણા રાજ્ય કર્તાઓની અદલ ઇન્સાફ કરવાની ઇચ્છા છે તે જોઇ કાંઇ ધીરજ આવે તેની ખાતર આપને અરજ કરવાની મારી ફરજ સમજી આ અરજ ગુજરૂં છું તે વિષે નીચા મનથી પુરો વિચાર કરી તેનું શાન્તિથી મનન કરશો તો મને ખાત્રી છે કે આપના દુઃખી દિલોને કાંઇક આશાએશ મળશે અને ના. સરકારની આપની હાલની સ્થિતિ ઉપર દયા છે. એમ આપની ખાત્રી થશે. અને આપને તે વિષે આપની આસપાસના લોકો અને સલાહકારો કાંઇ બીજીરીતે ઉલટું સમજાવતા હોય તો તેઓ કેટલે દરજે જુદા છે તે સાફ દેખાય આવશે, ખરૂં જોતાં આવી આપણી સ્થિતિ થવાના સાચા કારણ રૂપ આપણેજ છઇએ આપણી અજ્ઞાનતા અને આપણી ખરી સ્થિતિ જાહેરમાં લાવવાના ખરા બીન ખરચાળને સીધા રસ્તા ન લેતાં ખોટા ખરચાળ અને આડા રસ્તા આપણે લઇએ છીએ તેના આપણે ભોગ થઇ પડયા છીએ માટે મહેરબાની કરીને આંખો ઉઘાડો અને ખરા રસતા લીયો એમ કરશો તોજ તમારો બચાવ છે નહિંતો તમારા કૃત્યોથી તમારો નાશ થશે. કોઇને દોષ દેશો તે જખમારવા જેવું છે. આપના વારંવારના ઠપકાને લઇને તેમજ આપની ખરી સ્થિતિની દયાને લઇને વળી આપને ખરો ઇન્સાફ મળેને, સ્થિતિ સુધરે તો ના.સરકારની ઇન્સાફ આપ-

૨૧૫મા પેજની ફુટનોટનું અનુસંધાન

વાની પૂર્ણ ઇચ્છા છે, તેને ખરો ટેકો મળે અને તેમની આ દેશ વિષેની ખરી ધારણા પાર પડે તેવું સમજીને મેં મારા પોતાથી આપણા લોકપ્રિય ના. ગવર્નર લોર્ડ વિલિંગ્ડન સાહેબ હજુરમાં "ગીરાસીયાઓની ખરી સ્થિતિ શું છે ને તે કેમ સુધરી શકે" તે વિષે મારી ટુંક બુદ્ધિ પ્રમાણે જેવી સુજી તેવી અરજ તા. ૨૧-૨-૨૬ના દિવસે કરી હતી, જેના તરજુમાની નકલ હવે આપની જાણ માટે હું આ સાથે મોકલું છું, તેમાં વધુ ઓછું લખાયું હોય તો માફ માગું છું. મને મારા અનુભવ પ્રમાણે સુજ્યું તેમ લખ્યું છે. તે વિષે આપની કાંઈ સુચના આવશે તો મોટો ઉપકારી થઇશ, પણ આ પત્ર લખી આપવાનો મારો હેતુ તો ફકત એટલોજ છે કે આનો ના. સરકારનો મને જે જવાબ તા. ૮-૧૧-૧૭નો મળ્યો છે તેથી આપને ખાત્રી થશે કે આપને સ્વાર્થી લોકો તરફથી જેમ ખોટી રીતે સમજાવવામાં કે ભિલવરાવામાં આવે છે કે " સરકારના રાજ્યમાં ઇન્સાફ નથી અને હવે તમારું બધું જવાનો વખત આવ્યો છે" તે કેટલે દરજ્જે હડહડતું ખોટું છે. સરકાર પાસે ખરી હકીકત રીતસર મુકાય તો જરૂર ઇન્સાફ મળે એ ખાત્રી રાખજો અને તેમને કે તેમની રાજ્યનિતિને તમારી અણ સમજણને બેખબરાઇને લઇને દળી દેશો નહિં.

ઉપરના પત્રથી વાંચકોને જણાશે જે તેઓશ્રીના હૃદયમાં જ્ઞાતિ સુધારવાનું કેટલું દર્દ હતું, તે સ્પષ્ટ જણાય આવશે. પોતે કાઠીયાવાડમાં આવી રાજકોટમાં **ગીરાસીયા એશોશીયન** ની સ્થાપના કરી પોતાના અમૂલ્ય વખતનો ભોગ આપી યોગ્ય સ્થળોએ જાહેર વ્યાખ્યાનો આપ્યાં અને બ્રિટીશ સરકાર સામે સત્ય હકીકત સમજાવી યોગ્ય ન્યાય મેળવ્યો. જામનગર તાબાના ગામ મોજે ખંઢેરાનો વારસા બાબતનો " **ખંઢેરા કેશ** " કે જે ગીરાસદારોના ગેરલાભમાં ચુકયો હતો, એટલુંજ નહિં પણ પાછળથી જે આધાર (પ્રમાણ) રૂપ થઇ પડતાં અનેક ચુકાદામાં આવરણ કરતો હતો તે કેસની સત્ય હકીકત ઠેઠ પ્રિવીકાઉન્સીલ સુધી પહોંચાડી " કોઇપણ કેસમાં તે ખંઢેરા કેસ આધારમાં નહિ લેવો " જેવો ઠરાવ કરાવનાર એ વીર કેસરી કુ. શ્રી. હરભમજી સાહેબજ હતા, કાઠીયાવાડના રાજપુતોમાં બાર-એટ-લો ની પ્રથમ પંકિતમાં પોતાના બાહુબળથી તેઓ આવ્યા હતા, એજન્સીમાં પોલીટીકલ એજન્ટના માનવંતા હુદ્દા ઉપર તે એ દીર્ઘકાળ રહ્યા પછી રાજકોટમાં પોતાના **રવા વિલાસ** નામના મહેલમાં જ્ઞાતિનું શ્રય કરવાની યોજનાઓ કાયમ ઘડી રહ્યા હતા યદુકુળમણી ક્ષત્રિશીરછત્ર મર્હૂમ મહારાજા **જામશ્રી સર રણજીતસિંહજી સાહેબ** જામનગરની ગાદીએ બીરાજ્યા પછી વિલાયતના પ્રથમ પ્રવાસે પધાર્યા ત્યારે પોતાના રાજ્યની કુલસત્તા આપણા ક્ષત્રિ ઉધ્ધારક " **હરભમજી સાહેબ** ને **દિવાનજી વજીર** " સાહેબનો માનવંતો હુદ્દો સોંપી ગયા હતા. જે હાલ પણ જામનગરની પ્રજાએ વજીર સાહેબની ટુંકી પણ યશવી કારકીર્દીને સંભાળી રહી છે. તેઓશ્રી સુધારક-જ્ઞાતિ અભીમાની સત્ય વકતા અને નીડર વીર પુરૂષ હતા, તેઓશ્રીને કુ. શ્રી. રણજીતસિંહજી તથા પ્રબળસિંહજી નામના બે કુમારો છે.



નામદાર મોરબી મહારાજાશ્રી લખધીરસિંહજીસાહેબ
કે. સી. એસ. આઇ. (ઢી. ખં. પૃ. ૨૬૭)

(૧૧) મહારાજશ્રી લખધીરસીંહજી [વિદ્યમાન]


નામદાર મહારાજશ્રીનો જન્મ વિ. સં. ૧૯૩૨ના પોષસુદ ૧૦ તા, ૨૬-૧૨-૧૮૭૬ ના રોજ થયો છે. અને હાલારી સંવત ૧૯૭૯ ના અષાઢ સુદ ૧૧ તા. ૧૧-૬-૧૯૨૨ના દિવશે તેઓશ્રી મોરબીની ગાદી એ બીરાજ્યા છે. તેઓ નામદારશ્રીએ ઇંગ્લાંડમાં કેળવણી લીધેલી છે. રાજપીપળાના સ્વ. મહારાજા છત્રસિંહજીના બેન નંદકુંવરબા સાથે ઇ. સ. ૧૮૯૮માં પ્રથમ લગ્ન થયાં તેમનાથી ત્રણ કુમારો અને બે કુંવરીસાહેબનો જન્મ થયો હતો પણ દૈવ ઇચ્છાએ તેઓમાના એકે હયાત નહિં રેતાં તેમજ રાણીશ્રી પણ સને ૧૯૧૫માં સ્વર્ગે જતાં દેવગઢબારીઆના સ્વ. મહારાજા માનસીંહજીના કુંવરી સાથે ઇ. સ. ૧૮૯૮માં બીજાં લગ્ન થયાં ઇ. સ. ૧૯૦૭ સુધા એ રાણીને પણ કાંઈ સંતાન નહિં થતાં ઇ. સ. ૧૯૦૮માં રાણીગામ અનેડાઠાના તાલુકદાર સરવૈયા બાવાજી રાણાજીનાં કુંવરી સાથે ત્રીજા લગ્ન કર્યા. ઇશ્વરકૃપાએ તે રાણીશ્રીથી સને ૧૯૧૮ના જાનેવારીમાં મહારાજ કુ.શ્રી (યુવરાજશ્રી) **મહેન્દ્રસિંહજી** સાહેબનો જન્મ થયો ત્યાર પછી બીજા રાણીજીએ પણ કુ.શ્રી **કાલીકાકુમાર**નો જન્મ આપ્યો, તે બંને કુમાર સાહેબોને યોગ્ય કેળવણી આપવામાં આવે છે નામદારશ્રીને ઇ. સ. ૧૯૨૬મા વંશપરંપરાને માટે **મહારાજશ્રી**નો ઇલ્કાબ અંગ્રેજ-સરકારે આપ્યો છે. વિ. સ. ૧૯૮૮માં નામદાર યુવરાજશ્રી મહેન્દ્રસિંહજી સાહેબ તથા કુ.શ્રી કાલીકાકુમારસાહેબનો લગ્ન સમારંભ મહારાજશ્રીએ લાખો રૂપીઆ ખરચી પુરણ ઉત્સાહથી કર્યો હતો, ખેતીની આબાદી વેપાર ઉદ્યોગ અને બંદરની ખીલવણી પ્રત્યે મહારાજશ્રીએ અપૂર્વ લાગણી ધરાવી મોરબી રાજ્યને ઉન્નતિને શિખરે લાવેલ છે તેઓ નામદારશ્રીની સાદાઇ મિલનસાર પ્રકૃતી અને પ્રજા પ્રત્યેનો સદ્‌ભાવ એ મચ્છુકાંઠાનામહીપનો આદર્શ રૂપ છે તેમજ એ ભાગ્યશાળી ભુપતિનું આમાત્ય મંડળ પણ રાજ્યના જુના અનુભવી વયોવૃદ્ધ અને રાજ્યભક્ત વફાદાર પુરૂષોનું છે.—

મોરબી સ્ટેટની વંશાવળી

(૧) ઠાકોરશ્રી કાંયાજી [જન્મ વિ.સં. ૧૬૪ ઇ.સ. કુ.થી ૧૧૮મા વિ. સં. ૧૭૫૪માં ગાદી સ્થાપી]

- તેજમાલજી
- (૨) ઠા. શ્રી અલીયાજી
- ભીમજી [ગુંગણ]
- લાખોજી [લાકડીઆ]
- રાયસંગજી [કુંભારીઆ]
- મોડજી [માળીઆ]

- (૩) ઠા. શ્રી રવાજી
- હરધોળજી
- જીઆજી [મોડપર]
- રણમલજી [લલીઆણા]
- રામસંગજી [ઝંઘી]



માળીયા સ્ટેટનો ઇતિહાસ.

સરહદ:—આં સ્ટેટની ઉતરે કચ્છનું રણ પૂર્વે ધ્રાંગધ્રાસ્ટેટ, પશ્ચિમ અને દક્ષિણે મોરબી સ્ટેટ છે:— **ક્ષેત્રફળ;**—૧૦૩ ચોરસ માઇલનું છે. વાગડ પ્રદેસમાં કટારીયા ગામે સ્ટેટનો હિસ્સો છે. **વસ્તિ:**—૪. સ. ૧૯૨૧ની ગણત્રી મુજબ ૧૨,૬૬૦ માણસની છે. તેમાં ૫૦૦૦ના આસરેમીયાંણાઓ છે. જે જાતિ ગુન્હો કરનાર તરીકે પ્રખ્યાત થતાં, "માળીઆ-મિયાણાઓ "નું એ નામે પ્રસીધ્ધ થયેલ છે. **ઉપજ**—૬૨ વરસે સરેરાસ રૂપીઆ ૬૧,૬૨૯ અને **ખર્ચ** સરેરાસ રૂપીઆ ૭૨,૦૪૭ના આસરે છે. **ખંડણી:**—૬૨ વરસે ગાયકવાડ સર-કારને રૂા, ૧૧૮૨ પેશકશીના અને જુનાગઢને રૂા, ૧૮૫ જોરતલબીના આ રાજ્ય ભરે છે. **અધિકાર:**—ફોજદારી કામમાં ત્રણવર્ષની સખ્ત કેદ અને રૂપીઆ પાંચહજારસુધીનો દંડ કરવાની સત્તા છે, અને દિવાની કામમા રૂા. દસહજાર સુધીના દાવાઓ સાંભળી શકે છે.

પાટવિકુમાર ગાદીએ આવવાનો રિવાજ છે. કાઠીઆવાડના બીજા રાજ્યની પેઠે આ રાજ્યોને પણ શાહી સત્તા સાથે કેાલકરારો થયા છે, તે ઉપરાંત મીયાણાઓને કાબુમાં રાખવાની પણ સ્ટેટે કબુલત આપેલી છે ઉદ્યોગ–ખાખરેચી ગામે એક જીન અને એક પ્રેસ છે. રેલ્વે નથી ધ્રાંગધ્રા–હળવદ રેલ્વેને માળીયા સુધી લંબાવવાની મંજુરી સરકારે આપી છે. પણ હજી તેનો અમલ થયો નથી. નજીકનું રેલ્વે સ્ટેશન મોરબીનું છે કે જે માળીયાથી ૨૪ માઇલ છે.

—: પ્રાચિન ઈતિહાસ :—

કચ્છ અને મોરબીના રાજ્ય કરતા કુટુંબો જે યાદવવંશમાંથી ઉતર્યા છે તેજ વંશના આ રાજ્ય કર્તાઓ છે. કચ્છમાં થયેલા **જામ ઓઢાજી**ના વંશમાં **મોરબી**ની ગાદિ સ્થાપનાર ઠાકોરશ્રી **કાંયાજી**ને આઠ કુમારો હતા. તેમાં છઠ્ઠા કુમારશ્રી **મોડજી**ને મચ્છુકાંઠા તથા વાંઢીઆમાં માળીયા તથા ત્રણ ગામ અને વાગડમાં કેટલાંક ગામો જીવાઇમાં મળ્યાં (વિ.સં.૧૭૬૦) **(૧) ઠા.શ્રી મોડજી**ને મુળ સ્ટેટની હકુમત તળે રહેવાનું યોગ્ય નહિં જણાતાં, તેણે સિંધમાંથી મીયાણાં નામની ગુન્હેગાર જાતિને લઇ આવી. પોતાના મુલકમાં વસાવ્યા. તેઓની મદદથી મચ્છુ કાંઠાના કેટલાએક ગામો લઇ લીધાં અને પોતાનું જુદું રાજ્ય વસાવ્યું. **'મીયાણાં'** શબ્દની ઉત્પતિ માટે બે વાતો છે. (૧) તે જાતના મુળ પુરૂષનું નામ **મીંયો** અથવા **મીયાં** ઉપરથી પડયું કહેવાય છે. (૨) સિંધમાં તેની જાત **મીણી** નામથી ઓળખાતી હોવાથી તે બંન્ને શબ્દનો અપભ્રંસ થતાં **મિયાંણા** શબ્દ રહ્યો જણાય છે. ઠા. શ્રી. મોડજીને બે કુમારો હતા. તેમાં પાટવિકુમાર નાથોજી ગાદિએ આવ્યા, અને નાનાકુમાર દેવાજીને વાધરવું ગામ ગિરાસમાં મળ્યું (૨) **ઠા. શ્રી નાથાજી**ને સાત કુંવરો હતા. તેમાં પાટવિ કુમાર ભીમજી ગાદિએ આવ્યા, અને અમેરાજજી તથા દેશળજી ને નવુંગામ. જોડજીને વાંઢીયું, પૃથ્વીરાજજીને ચિત્રોડ, કુંભાજીને વિજયાસર અને પરબતજીને કુંભારડી વગેરે ગામો ગિરાસમાં મળ્યાં, (૩) **ઠા. શ્રી ભીમજી**ને ડોસાજી નામના એકજ કુમાર હતા, તેઓ તેમના પછી ગાદીએ આવ્યા. (૪) **ઠા. શ્રી ડોસાજી** ગાદિએ આવ્યા પછી વિ. સં. ૧૮૫૮માં તેઓને મોરબી સાથે લડાઇ થઇ. તેમાં મોરબીની દમામાજીથી તેઓ જ્યારે તેના કબજામાં આવ્યા ત્યારે માળીયાના તમામ મિંયાણાઓએ મોરબી રાજ્ય ઉપર અનેક હુંમલાઓ કરી મુલક ઉજડ કર્યો અને ઠા.શ્રી ડોસાજીને પાછા માળીએ લાવ્યા ત્યારપછી વિ. સં. ૧૮૧૦–૧૧માં (ગાયકવાડના સુબા) બાબાજી આપાજી મોરબીના માટે માળીયા જીતવા આવતાં, મીયાણાઓના લશ્કરસાથે ઠા.શ્રી, ડોસાજી તેઓના સામા થયા, અને બાબાજી હારખાઇ પાછો ગયો તે વિષે ચારણી ભાષાનું એક કાવ્ય હસ્ત લેખિત પ્રતમાંથી મળતાં અત્રે આપવામાં આવ્યું છે:

ગીત–વાળા ચાલીયા મોરબી તણે, સદુ સેન આયા ચડી ।
ખંડા હથા નાથ સજે, મારાથમેં ખેત ॥
હેક માલા જાડા તકે, પાધરા હોય ન હાલા ।
ફતેસીંગ બાબાવાળા, હોયગા ફજેત ॥ ૧ ॥

જોર ઘટે મરહટ્ટાં, મીયાણાં ચોગણો જોર ।
પડે ત્રંબગળાં ઠોર, ભડે જુનો પીર ॥
માસ અઢી લગે, સો ન પટકે આકરો માથો ।
માને નહિં સમા રાવ, મોડરો અમીર ॥ ૨ ॥
પાતશાહી દળાં સાથ, કરીઓ ભારાથ પુરા ।
બહુ દાવાદાર સાથે, સબાહવી બાથ ॥
હતા આદે ગનું તકે, ઝાટકે હાલીયા હાથ ।
નાથરી શા ગ્રહી બાંહ, અનાથરા નાથ ॥ ૩ ॥
કીયો તું આરંભ ભારે, વાધરો ન સિદ્ધો કાજ ।
હાર ગયા શાહ સુવા, હૈયે રહી હામ ॥
દળાં વિજુ જળાં ગ્રહે, વઢેવા સામહા વાવે ।
માળીયા પાધરે નાવે, કરેવા મકામ ॥ ૪ ॥

ઉપરની લડાઇના બદલામાં મોરબી તરફથી બાબાજીને હડાળા ગામ મળ્યું જે હાલ તેના વંશજને ખાય છે માળીઆના મિયાણાઓ વખતો વખત દેશમાં લુંટફાટ કરી તોફાન મચાવતા, તેથી ઇ. સ. ૧૮૧૦ (વિ. સં. ૧૮૬૬)થી બ્રિટીશ સરકારને તેના સામી નિયમીત ટુકડીઓ મોકલવી પડતી. ઠા. શ્રી. ડોસાજીને પુત્ર નહિં હોવાથી તેણે એક વિદ્વાન વિપ્રપાસે પુત્રેષ્ઠિ યજ્ઞ કરાવ્યો. તે પછી હરિ ઇચ્છાથી સત્તાજી નામના કુંવર થયા. જેઓ તેમના પછી ગાદીએ આવ્યા. (૫) ઠા. શ્રી. સત્તાજીને કુમારશ્રી મુળવાજી, કલ્યાણસંગજી અને જાલમસંગજી નામના ત્રણ કુમારો હતા. તેમાં પાટવિકુમાર મુળવાજી ઠા. શ્રી. સતાજીની હયાતિમાંજ દેવ થયા હતા. અને નાના કુમારશ્રી કલ્યાણસંગજીને ખીરઇ તથા જાલમસંગજીને વરડુસરગામ ગિરાસમાં મળ્યાં હતાં. પાટવિ કુમાર મુળવાજીને કુમારશ્રી મોડજી તથા લખધીરજી નામના બે કુમારો હતા. ઠા–શ્રી– સત્તાજી દેવ થયા પછી યુવરાજશ્રી મોડજી માળીયાની ગાદીએ આવ્યા. (૬) ઠા.શ્રી. મોડજી (બીજા) ના વખતમાં ગવર્નમેન્ટ પલટન બીજીના ઘોડેસ્વારના એક ચોકીદારનુ ગોળીથી ખુન થયું તે ગુન્હેગારનો માળીયાની હદમાં પતો નહિં મળવાથી તથા ઇ–સ–૧૮૭૯ માં મીયાણાંઓએ લુંટફાટ કરી હતી, તેમજ સરકારી ટપાલપણ લુંટી હતી. વગેરે બનાવો બનવાથી, ગુન્હેગારોને ન્યાય કરવાની સત્તા ઠા. શ્રી. આગળથી છીનવી લઈ માળીયામાં સરકારે બ્રિટીશકોર્ટ સ્થાપી હતી. પરંતુ થોડાએક વર્ષોપછી તે સત્તા પાછી ઠા.શ્રી. ને સોંપવામાં આવી હતી. ઠાકોરશ્રી મોડજી બહુજ બુદ્ધિશાળી અને વિદ્વાન પુરૂષ હતા. કવિઓનો તેઓશ્રી ઘણો સત્કાર કરતા. પોતે પીંગળના ગ્રંથોનો અભ્યાસ કર્યો હોવાથી ભાષા કાવ્યો રચતા. તે નામદારે "પોસ્ત પચ્ચિસી" એ નામની પચીશ કવિતોની એક નાની બુક લખીછે. તેમાં અફીણના બંધાણીયોનું અતિ ઉત્તમ છાયાચિત્ર દોરવેલ છે. અને એ (ચુડેલ ના વળગાડ રૂપી) બંધાણથી બચવા સદ્‌ઉપદેશ આપેલછે. જેમાંના થોડાં કવિતો અત્રે આપવામાં આવેલ છે.

॥ मंगला चरण दुहा ॥

श्री सहजानंद सीवरतें, आफत रहे न एक ।
ममता मान अग्यान मीटी, आवतसगुन अनेक ॥ १ ॥
सगुन सबे सत्संगमें, दुरीजनसो दुःख देही ।
प्रेरत निसा प्रमादपें, जग फीतनत हे जेही ॥ २ ॥

कवित.

जेही दुखकारी, वाकुं मानतहो सारी तुंम । दीलमें बिचारी देखो कैसी यह सारी हे ॥
नाक मुखवारि जारी रेतनां उघारी आंख । सुस्त मन भारी उठे हिंमत बिसारी हें ॥
रंजन जो नारी लागे थोरे दीन प्यारी वह । पीछे देत गारी अंत वीखस्म खारी हे ॥
कहत पोकारी सुनु अरज हमारी श्याम । अफीमकी यारी सारे भवकी खुवारी हे॥१
व्योम सूरचाप ज्युं बिगारत गंरज घन । कुदरत इलाहिकी बिगारत हे रमली ॥
नींद गफलत राह चलते अकळपंथ । पदतल अनुपकुं बिगारतहे बमली ॥
खुब महबुब नुरहुर परीपे करसी । नाजनी नवीनकुं बिगारतहें गमली ॥
फुंकतहें धुंकतहे झुकतह थुकतहे । खासे अंबखासकुं बिगारतहे अमली ॥२
होवत उतार तबे होवत उतार सम । आखर औसान जैसें बंधसो खलीत हें ॥
जुवे सब ढंवे ढंवे बसनसो धुंवे धुंवे । अतही मलीन मुख लबसो गलीत हे ॥
सबे लख सुगलक आवत उगल अंग । पोखर बनारससी बदबो मलीत हे ॥
दंतनां घसत आव दस्त नां लहत पुरो । ऐसे जग बीच महा पोस्ती पलीत हे ॥३

(અઠીણના બંધાણીની સ્ત્રીના ઉદ્‌ગારો)

कबहुना नैननसें नेनकुं मीलाकरकें । सेनकी सजावटसें काम नां जगायो हें ॥
कबहु नां रतीयामें रतियां बिनोद कर । छतीयां मिलाकर न अंग लपटायो हे ॥
कबहु नां मर्दनसें श्रम सों श्रमित होय । आनंदकी निंदभर दीन नां उगायो ह ॥
हाय मोल्यो पोस्ती पति सो अफसोसती हुं । मानवतन पाय वृथा जन्म गुमायो हे॥४
होती जो में विधवा तो सांख्य क सिद्धांतहुसें । ध्यान धर इश्वरमें मनकुं मीलावती ॥
होती सत्य सधवा तो रसके उद्धिपनसे । प्रेम लपटायकर पतिकुं रीझावती ॥
होती जो कुमारीका तो लखती न अंग नर । योग वृत द्रढसे परम पद पावती ॥
हाय नहिं विधवा न सधवा कुमारीकामें । अमली पतिसे नहिं एको गत कावती ॥५

\+ \+ \+ \+ \+

काव्यकी नदीसी जानुं पींगल प्रवीसी नहिं । रस अलंकार व्यग ध्वनि नां लसीसी हे ॥
दोष गन कीसी मुजे नाहिं पहीचान जोसी । व्यसन अरिसी सत्य बातसें बसीसी हे ॥
भाषा नागरीसी विधी जानुं नाहिं फारसिसी । काव्यसी भनीसी मम गुरुकी असीसी हे ॥
सीसी ज्युं बिलोरकीसी मनकी शुद्धीसी बेनी । रंजन के मीसी लखी पोस्तकी पच्चीसी हे॥६

દોહા-નહિં સાયર ત્યું કવિ નહિં, જન રંજન કે કાજ ।
કીયે મીસલ કવિતાનકે, ક્ષમહુ સકલ કવિરાજ ॥૧॥
અમરનામ હરિ એકકો, અવર વિનાસત અંત ।
સ્વશ્લાઘા ભયે નામસેં, કવિતે નહિં કહંત ॥૨॥
ખં૦ મુક્તિ૪ નિધિ૯ બ્રહ્મ૧સુખ, શરદ પુર્ણિમા શોહ ।
રમાભવન શિરસાજ રચી, મનુષ મીટાવન મોહ ॥૩॥

(ત્રીજા દુહાનો ભાવાર્થ) ખં= આકાષ=૦ મુક્તિ= (ચારપ્રકારની) =૪, નવનિધિ =૯ બ્રહ્મ=૧. કાવ્યના નિયમ પ્રમાણે અંકોની સંજ્ઞા ઉલટાવવાથી ૧૯૪૦ની સંવત નીકળેછે. અને માસ તીથીમાં શરદપુર્ણિમા એટલે આસો સુદ પુનમને દહાડે રમા ભુવન—રમા =લક્ષ્મીનું ઉપનામ મા. ભુવન ઉપનામ આલય=માળીયા. શિરસાજ–શિર=મસ્તક સાજ=શણગાર મસ્તકનો સણગાર તે મોડ, એટલે વિ-સંવત. ૧૯૪૦ના આસો સુદ પુનમને દહાડે **માળીયા**ના **ઠાકોરશ્રી મોડજીએ** આ **પોસ્તપચ્ચિસી** મનુષ્યોના (અશીષ્ણુ પ્રત્યેના) મોહને મટાડવા સારૂ રચી છે તેવો ગુઢાર્થ છે.

ઉપરના કાવ્યના મંગળાચરણના દોહાથી જણાયછે કે ઠાકોરશ્રી મોડજી **શ્રી સ્વામિનારાયણ** સંપ્રદાયમાં હતા. જેથી પોતાના ઈષ્ટદેવનું મંગળાચરણ કરેલુંછે. તેઓશ્રીની સાથે **રાજકવિ ભીમજીભાઇ** (ઇતિહાસ કર્તા ના પિતા)ને સારો સબંધ હતો રાજકવિએતેઓ નામદારશ્રીનું ચારણીભાષાનું એક કાવ્ય બનાવેલછે તે નીચે પ્રમાણે છેઃ—

ગીત,આછા દાનરા અંગપેં જાકું મોજરા હીલોળ આવે,ચોજરા ભરેલ ગ્રાજે કળાં હંદા ચંદ
સોજરા રાખણાં મહા તેજરા અનમી સોહે । નખતા નિવાજ મુળરાજરા હે નંદ ॥૧
દાનરા મેરાણ મહા પાણરા કરણ દાખાં । બદારા જાણરા બોલ પારાથરા બાણ ॥
વરી સંગ કેકાણરા સો જાણરા ધરમ વદાં । ભાણરા સરુપી મોડ કળાં હંદા ભાણ॥૨
રંગરા ભરેલ રાજા જગંરા ભીમજ્યું રાજે । ગંગરા નીરજ્યું ચિત્ત સંગરા ગંભીર ॥
ગંગરા નાથ જ્યું મોજ અનંગરા રુપગણાં । શત્રસંગ હરા ખરા ગંગરા સધોર ॥૩
વેદુવાં પાળરા બુદ્ધ વિશાળરા રાવવદાં । હનુ જ્યું ફાળરા મોજું દેવે કવાં હાથ॥
કળાંરા ઉજાળરા સો શત્રુવાં જાળરા કહાં । નેગરા પાળરા માળીઆલરા હે નાથ॥૪

મોરબીના રાજકવિ દેદલભકતને જ્યારે ઠા.શ્રી. રવાજીએ સ્વામિનારાયણની કંઠી તોડવા ફરજ પાડી, તેજ રાત્રે ઠા.શ્રી. મોડજીને ગોપીનાથ મહારાજે સ્વપ્નમાં આવી દેદલભકતને મદદ કરવાનું કહેતાં, ઠા.શ્રી એ દેદલભકતને માળીયે તેડાવી, વાર્ષિક રૂપીઆ ૫૦૦ અને પાંચકળશી દાણા તથા જનવરોમાટે જોઇએ તેટલું ઘાસ અને રહેવાને મકાનઆપી રાજકવિ સ્થાપી. માળીયામાં રાખ્યા હતા. ઠા.શ્રી. મોડજી ને પાટવિકુમારશ્રી રાયસિંહજી અને અમેસિંહજી નામના બે કુમારો× હતા. વિ. સં. ૧૯૬૩માં તેઓશ્રી અક્ષરનિવાસ કરતાં, પાટવિકુમારશ્રી

×ઠા.શ્રી મોડજીનાં કુવરીશ્રી માજીરાજબા, કે જેઓ ચુડાના મરહુમ ઠા.શ્રી જોરાવર-

રાયસિંહજી ગાદીએ આવ્યા. એ (૭) **ઠાકોરશ્રી રાયસિંહજીએ** પણ પોતાના પિતાશ્રીની માફક સ્વધર્માચરણમાં જીંદગી ગુજારી હતી. સત્યયુગ વગેરે ધર્મયુગમાં રાજાઓ વૃદ્ધાવસ્થામાં કુમારને રાજ્યગાદી સોંપી વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરી, તિર્થ ક્ષેત્રમાં પ્રભુસ્મરણ કરતા. તેવીજ રીતે આમહાનકળીયુગમાં ઠાકોરશ્રી રાયસિંહજીએપોતાના પૌત્ર(પાટવિ કુમારશ્રી **ગુમાનસિંહજી** સાહેબનો સ્વર્ગવાસથતાં તેના યુવરાજશ્રી)**હરિશ્ચંદ્રસિંહજી** સાહેબનો રાજ્યાભિષેક પોતાના હાથથી કરી, રાજ્યની કુલસત્તા તેઓશ્રીના કરકમળમાં સોંપી પોતે પોતાના પાટનગર(માણીયા)નો ત્યાગ કરી સાબર કિનારે શોભીરહેલા **અમદાવાદ** ના **શ્રી સ્વામિનારાયણ** ના મંદીરમાં નિવાસ કર્યો. ત્યાં તેઓશ્રીએ નિવૃત્તિપરાયણ રહી પ્રભુસ્મરણમાં કાળક્ષેપ કરતાં, વિ. સં. ૧૯૮૬માં ભૌતિક શરીર છોડી અક્ષર નિવાસ કર્યો. તેઓ નામદારશ્રીને પાટવિકુમારશ્રી **ગુમાનસિંહજી** તથા કુ.શ્રી ભારતસિંહજી અને કુમારશ્રી બલવીરસિંહજી એમ ત્રણ કુમારો થયા. તેમાના પાટવિકુમારશ્રી ગુમાનસિંહજી રાજકોટની કોલેજમાં કેળવણી લીધા પછી ભરયુવાવસ્થામાં સ્વર્ગે જતાં રાજકુંટુંબ અને પ્રજાવર્ગમાં ઘણીજ દીલગીરી ફેલાઇ હતી. રાજકોટના પ્રજાપ્રિય મરહુમ રાજવિ **સરલાખાજીરાજ** સાથે યુવરાજશ્રી ગુમાનસિંહજીને ગાઢીમિત્રાચારી હતી. જેની યાદગીરીમાં રાજકોટમાં ઠા,શ્રી. સર લાખાજીરાજે **ગુમાનસિંહજી બીલ્ડીંગ** (પટેલ હાઉસ માટેનું મકાન) બંધાવ્યું હતું,

(૮) ઠાકોરશ્રી હરિશ્ચંદ્રસિંહજી સાહેબ (વિદ્યમાન)

તેઓ નામદારશ્રી પણ વડીલોની નીતીને અનુસરી ન્યાય, ધર્મ અને નીતિથી પ્રશંસાપાત્ર રાજ્યતંત્ર ચલાવી રહ્યા છે. અને યોગ્ય સુધારાવધારાઓ દાખલકરી રાજ્યની આબાદી કરેછે. તેઓ નામદારશ્રીને નરેન્દ્રસિંહજી અને રાજેન્દ્રસિંહજી નામના બે લઘુ બંધુઓ છે. પોતે રાજકોટની રાજકુમાર કોલેજમાં કેળવણી લીધીછે. પ્રજાપ્રત્યે સદ્ભાવ જણાવી, મિયાણાં જેવી જાતુની કોમને પણ વશ કરીછે. તેઓ નામદારશ્રીના લગ્ન પાલીતાણાના ઠાકોર સાહેબનાં બહેનશ્રી **જયવંતકુંવરબાસાથે** થયાં છે.

એવીરીતે જામશ્રી **ઓઢાજી**નો વંશવિસ્તાર (કચ્છ–મોરબી અને માણીયાની ગાદીના રાજ્યકર્તાઓનો) વર્ણવી. હવે **દેવેન્દ્ર**ના ત્રીજા કુમાર '**ભુપત**"નો **ભટ્ટી**વંશ વર્ણવવામાં આવશે.

સિંહજીનાં રાજ્યમાતા થાય તેઓશ્રી હાલ વિદ્યમાનછે અને પોતાના પિતા ઠા.શ્રી. મોડજીની માફક સ્વામિનારાયણ સંપ્રદાયમાં રહી હજારો રૂપીઆનો ધર્મ કાર્યમાં ફાળો આપી રહ્યાં છે. તેઓ નામદાર ચુડાના વિદ્યમાન ઠાકોરશ્રી બહાદુરસિંહજી સાહેબનાં દાદીમા થતાં હોવાથી હાલ ચુડામાં બામાસાહેબના નામથી પ્રસિદ્ધ છે.

શ્રી માળીયા સ્ટેટની વંશાવળી

(૧) ઠા.કોરશ્રી મોડજી [ચંદ્રથી ૧૭૫મા શ્રીકૃ.થી ૧૧૯મા વિ. સં. ૧૭૯૦]

(૨) ઠા.શ્રી નાથોજી — દેવાજી [વાધરવા]

(૩) ઠા.શ્રી ભીમજી — અમેરાજી [નવું ગામ] — દેશળજી — ગોડજી [વાંઢીઉં] — પૃથ્વિરાજજી [ચીત્રોડ] — કુંભોજી [વિજ્યાસર] — પરબતજી [કુંભારડી]

(૪) ઠા.શ્રી ઉદાજી

(૫) ઠા.શ્રી સતાજી

મુળવાજી (કુંવરપદે દેવ થયા) — કલ્યાણસિંહજી [ખીરઇ] — જાલમસિંહજી [વરડુસર]

(૬) ઠા.શ્રી મોડજી — લખધીરસિંહજી

ભીમસિંહજી [જામનગર સ્ટેટમાં] ફોજદાર હતા,

(૭) ઠા.શ્રી રાયસિંહજી — અમેસિંહજી

ગુમાનસિંહજી (કુંવરપદે દેવ થયા) — ભારથસિંહજી — બલવીરસિંહજી

(૮) ઠા.શ્રી હરિશ્ચન્દ્રસિંહજી (વિદ્યમાન) — કુ.શ્રી નરેન્દ્રસિંહજી — કુ.શ્રી રાજેન્દ્રસિંહજી

(શ્રી માળીયા સ્ટેટનો ઇતિહાસ સમાપ્ત)

[ચતુર્દશી કળા સમાપ્ત]

॥ પંચદશી કળા પ્રારંભઃ ॥

શ્રી જેસલમેર રાજ્યનો ઇતિહાસ,

(ભટ્ટીવંશવર્ણન)

ચંદ્રથી ૧૪૭મા અને શ્રીકૃષ્ણથી ૮૨મા "દેવેન્દ્ર" રાજાના ચોથા પુત્ર "ભુપત" રાજાથી તેના વંશજો. "ભટ્ટી" કહેવાયા પરંતુ પાછળથી તેઓ "મહારાવળ"ની પદવી ધારણકરતાં અદ્યાપિ પર્યંત તેઓ તે પદવી ભોગવે છે. ભુપત રાજા ગીઝની અને ખુરાશાન વચ્ચેના પ્રદેશમાં રહી રાજ્ય કરતા હતા, તે પછી તેના વંશજો પંજાબમાં રહ્યા, ત્યાંથી સીંધમાં ઉતર્યા, ત્યાંના રણમાં. કેહુડરાવળે "તણોટ"નો કિલ્લો બંધાવી "તનુમાતા" નું મંદીર ચણાવ્યું. (વિ સં. ૭૮૭ મહાસુદ૧પનુષ ટોડરાજસ્થાન) તે પછી "દેવરાજ રાવળે" બીજો કિલ્લો બંધાવી તેનું નામ "દેવરાજગઢ" રાખ્યું એ દેવરાજ રાવળે કેવી યુક્તિથી પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવ્યું! અને ઉત્તમ કુળના "રતનાજી વિપ્રને" રતનું 'ચારણ' બનાવી અનાથી સ્થાપ્યા એ વાત ચારણીભાષાના કાવ્યમાં બસો વર્ષની એક હસ્તલખીત પ્રતમાંથી મળી છે. જેમાંનાં થોડાં કાવ્યો અત્રે આપવામાં આવેલાં છે.

॥ અથ રાઉલ દેવરાજરી વિગતિ રતનું બારટાંરી ઉતપતિ ॥

॥ કવિત છપ્પય ॥

માંડ અમોલિક મંગલ, ધણી ભાટી છત્ર ધારી ॥
તસ ધરિઆ રજપૂત, વાત ઘાતરી વિચારી ॥
સાંમિ દ્રોહ સંગ્રહે, ઇસો ગ્રાહજ આદરીઓ ॥
માંહી સહિ મારીઆ, એક ત્યાં માંહ્ય ઉગરીઓ ॥
દેવરાજ નામ સરણે દુજાં, ગામ લગૈં નીસરિગિઓ ॥
ઓ સાત સગા ઓ આઠમો, ચિરિભાઇ કરિ થ્થપિઓ ॥૧॥

વાંસે ગા વાહરુ, પંથ વિષમાં ના પાડીઆ ॥
ગ્રામ માંહિકી ગોત, વિપ્રાનાં જાઇ વિનડીઆ ॥
સરિખા દીઠા સા-કો, ભરમ પડીઓ તિણિ ભોલે ॥
જો રાખો ઇજતી, અવર રાખો મત ઓલે ॥
બ્રાહ્મણ રતન ઉતિમવરણ, દેવરાજ રે શરણ દીઓ ॥
રહાવણ સારણી એકણી રહણી, જીમણ મેળો જિમીઓ ॥૨॥

ભાટ્ટી રજપુતોઆગળ વરીઆ જાતના રજપુતો રહેતા હતા. તેણે રાજદ્રોહી બની દગોકરી તમામ ભટ્ટી કુટુંબને મારી નાખ્યું. માત્ર એક દેવરાજ નામના કુંવર નાનાગામડામાં વિપ્ર રતનજી પોતાના પુત્રો સહીત ખેતીનું કામ કરતા હતા ત્યાં તેને શરણ ગયા. પાછળથી દુશ્મનોની વાર આવતાં. તેઓને ખાત્રી કરવા. રતનાજી વિપ્રે પોતાના સાત દિકરા સાથે

કુ.શ્રી. દેવરાજજીને પણ પોતાના આઠમા પુત્ર ગણાવી. સાથે જમવા બેસાર્યા, તેથી વાર વાળાઓ પાછા ગયા. અને દેવરાજજી ત્યાંજ રહ્યા કેટલાંએક વર્ષો બાદ વરીઆ રાજની કન્યાએ ભાટ્ટી રાજપુતને વરવા હઠ લીધી તેથી તે રાજાએ ભાટ્ટીની શોધ કરાવી, કન્યા આપવા ઢંઢેરો પીટાવ્યો એવખતે રતનાજી વિપ્રના પુત્રો તેરાજા આગળ ગયા અને રાજાનું વચન લઇ ઘેર આવી પોતાના પિતાને સઘળી હકીકત સમજાવી, ત્યારે રતનાજી વિપ્રે તેના પુત્રોને કહ્યું કે દેવરાજ આપણો રાજા છે. માટે તેને જાહેરમાં લાવતાં જોકંઇ દગો તેઓ કરેતો આપણને અપયસ આવે અને આપણે સર્વને મરવું પડે પરંતુ તેના પુત્રોએ દગો નહી કરવાનું વચન લીધેલું છે. તેવું જણાવતાં સહુ ત્યાં જવા તૈયાર થયા. એવખતે રત્તા નામના એક સીધ્ધે કુંવરને રતન કામળી આપી. તે વિષે કાવ્ય—

વળી આયા બ્રહ્મણ, મિલે મિલિ બેઠા ભાઇ ॥
બાપ વમ બોલીઓ; રખે ચૂકે ઠકુરાઇ ॥
દેવરાજ દેસોત, આપણે શરણે અયો ॥
રુદી વિધિ રાખીઓ, કિણી નહ છતો કરાયો ॥
મરજાદ મિટી આપે મરાં, બેટે કહીઓ બાપનાં ॥
કૂડરો વયણ રાજા કહે, અપજસ આવે આપનાં ॥

રુડો બાધો રતો, સિદ્ધ મિલીઓ જોગેસર ॥
દેવરાજ નાં દીધ, રતન કાંબળી અતિ સુંદર ॥
રતન એક રોજરો, પડે તિર્ણિ હુંત નિત પ્રતિ ॥
ઉતિમ રૂપ અનૂપ, કોડિ લાખાંરી કીંમતિ ॥
કરિમતૌ સાથો બ્રાંહ્મણ કરે, ભાટી વરીઆ મેટીઓ ॥
હિત સહિત હેક હિલિ મિલિહુવા, મનરો સાંસો મેટીઓ ॥

એ રતનકામળી દરોરજ એક રતન આપતી તે લઇ દેવરાજજી વગેરે નવેજણો ત્યાં જતાં. વરીઆ રજપુતો મળ્યા અને પોતાની કુંવરી દેવરાજજીને પરણાવી—કન્યાદાન લેતી વખતે વિપ્ર રતનાજીની સલાહથી. દેવરાજજીએ કહ્યું કે મારે પૃથ્વી નથી માટે માત્ર ભેંશના ચાંમડા જેટલી પૃથ્વી મને કન્યાદાન સાથે આપો એમ કહેતાં તેઓએ હાપાડી સંકલ્પ કર્યો. તેવિષે છપ્પ

પ્રીત સહિત પરણતાં, જીહ બોલીઓ જમાઇ ॥
મારે થેં માવીત, ન્યાચરી ખરી સગાઇ ॥
મહિ ષિરે ચાંમડે, જમી આવે તલી જેતી ॥
સસુરા કરી સંકલ્પ, અળાં બગ સીજૈં ઇતી ॥
નાકાર તાર કીધો નહીં, આવી મતી અવલાં મણી ॥
ત્યાગી જિતી માગી તિતી, ધરતી ધરતીરે ધણી ॥

થોડા દિવસો જવા દઇ દેવરાજજી પોતાના સસરાને સાથે લઇ સંકલ્પ કરેલી પૃથ્વી જોવા ગયા, અને ભેંસના ચાંમડાને ઝીણું ચીરાવી (ભોવાળા જેવી બારીક પાતળી વાધરી બનાવી)

તેના જેટલી જમીન વીસ્તારમાં લઈ એક ડુંગર ઉપર ચારદરવાજા વાળો ડુંગરી કીલ્લો બનાવી તે વસાવી તેમાં પોતે રહેવા લાગ્યા–એવીષે નો છપય

કડીય કારોગરે, દુરંગ રચીઓ દેરાઉર ॥
ઘણીઆ બુરજ વીશાલ, સકો પતગરે અસુર સુર ॥
વસીઆ વહવારીઆ, કઇ માંહે કોટી ધજ ॥
લાખેસરી ગયંદ, પાર પાખૈ બીજી પ્રજ ॥
આપરા મહલ મંદીર અવલ, સાતષણાં મઝિ સોહીઆ ॥
દેવરાજ તણા ગઢ દેખીને, મીનખારા મન મોહીઆ ॥

ઉપરનો કીલ્લો વસાવ્યા પછી તેના વાસ્તુના ઉત્સવ પ્રસંગે પોતાના સસરા સાળા વગેરે તમામ કુટંબને ત્યાં નોતરી જમવા બેસાડી. દારૂમાં છક બેછક કરી. તરવાર ચલાવી. પીતાનું વેરવાણી. પોતાની રાજધાની હાથકરી ગાદીએ બીરાજ્યા–એસઘળું. વિપ્ર રતનાજીની સહાયતાથી થવાથી. વળી પોતા સાથે જમવાથી તેઓ વટલાણા હોવાથી. તેને પોતાના અન્નચી સ્થાપી. રાઓલની ગાદી આબાદ રાખી માટે રાઉ રખપાલનું બીરદ આપી પોતાના રાજ બારોટ (રાજકવિ) સ્થાપી લકુવા પાટણ નામનું ગામ આપી પોતા સાથે રાખ્યા (વિ.સ.૧૧૪૮)એ રતનાજી વડીલના નામ ઉપરથી તેઓના વંશને રતનું શાખાના ચારણ કહેવાય ભાટી રજપુતનું ઘર (રાજ્ય) તે રતનુંનુંજ છે. તેમ તે બન્નેએ તે દિવસથી નકી કર્યું. વગેરે મતલબનું કાવ્ય. ॥ છંદ બીઆખરી ॥

જુગતિ સમેત ઘાતીઆજી મણ । ઉઢૈ સકો બેઠા આરોગણ ॥
અતી રુડા ભોજન આચરીઆ । કૂલસરા દારુ સિરિ ફીરીઆ ॥૧॥
છાક બંબાળ હુવા છક ઉછક । તારાં મારણ તણી બણી તક ॥
ઇસો છ છોહ લોહ ઉડાયો । કચર ઘાણ સાસરો કરાયો ॥૨॥
સાસરીઆ મારીઆ સકોઇ । કહણી કાજી નહ રહિઓ કોઇ ॥
બરીઆંયારો વંશ બીગડીઓ । જેસાંણો ધણીઆં નાંજુડીઓ ॥૩॥
ઇણ વિધ કરે દેવરજ આદર । બૈઠો ગાદી અકલ બહાદર ॥
બીસરોહી આવી ઘરી બાજી । રાજા પ્રજા હુવા સહી રાજી ॥૪॥
કામ ભલો બ્રહ્મણે કીધાં । દેવરાજનાં ટીલો દીધો ॥
રતનું ઘણો હુઓ રળીઆઇત । સનમાનીઓ ધણી તિણ સાઇત ॥૫॥
બૈસારે આપરી બરાબરી । આધૌ છાત્ર માંડીઓ ઉપરી ॥
ભલાતિ કૈ ચાકરી ન ભૂલૈ । કિધો સુજી ઇતબાર કબુલૈ ॥૬॥
વિધ રુડી રાખી પરીઆવટ । બામણ કીઓ આપરો બારટ ॥
કોંડ લાડ ઓછવ ઝાઝા કરી । પરણાયો ચારણે ભલી પરી ॥૭॥
કીધો બારટ રતનું કહીઓ । રાઉરખપાલ તણો ઋિદ રહિઓ ॥
વીસોતર માંહે વિગતાળો । છતો હુવો બારહટ છત્રાળો ॥૮॥

સાંસણ ધણ કણ દ્રવ સંપૂરણ । પાયો ગ્રામ લહુઓ પાટણ ॥
દીધાં દાન વધારી દોલતિ । ભાટ કીઓ વડાલૈ ભૂપતિ ॥૯॥
નેગ જોગ કીધા નર નાયક । વાધી સુવાસ કહે જસવાયક ॥
ઘર માટીઆં રતનુંઆંરો ઘર । ઇંહાં બીજુંમાં ન મિલે અંતર ॥૧૦॥
ભાટી રતનું બિન્હે ભલિ ભતી । વધીઆકુલ ય ઘહીં વિધો ગતી ॥
× ઇકારસેં અઠાઉ વાલીસા । પાટણ લહુવે રતનું રહીસા ॥૧૧॥

એ દેવરાજ રાવળ પછી લગભગ ૧૬ા પુરૂષ જેસલ થયા તેમણે વિ.સં.૧૨૧૨માં તે કીલ્લાથી દસ માઇલ છેટે નવો કીલ્લો બાંધી તેનુ નામ જેસલમેર પાડયું જે આજ સુધી રાજધાનીનું શહેર ગણાય છે. રાવળ જેસલજી વિ.સં.૧૨૨૬માં મરણ પામતાં તેના પછી શાંબ તેના–બીજલ વિ. સં.૧૨૫૬ તેના પછી બીજલના કાકા કલ્યાણસિંહ ગાદીએ બેઠા વિ.સં.૧૨૬૬ તેના ચચીકદેવ વિ.સં.૧૩૦૭ તેના પૌત્ર કરણ વિ. સ.૧૩૩૫ તેના લખુદ્રસેન વિ. સં.૧૩૩૯ તેના પંપલ તે પછી રાવળ જેતસિં તેના મુળરાજ તે અપુત્ર ગુજરી જતાં તેના ભત્રીજા રાવળ ગારસિંહને ગાદી મળી તે પછી કેવળમલ્લ તે પછી ચચીકદેવ, બરસિ, જેતમાલ, નનુકરણ, ભિમ, મનોહરદાસ એમ એક પછી એક ગાદીએ બેઠા મનોહરદાસ અપુત્ર હોવાથી નનુકરણના પુત્ર સબળસિંહ રાવળ ગાદીએ બેઠા તે વખતે જેસલમેરનું રાજ્ય ઉતરમાં સતલજ સુધી પશ્ચીમમાં સીંધુ નદી સુધી દક્ષીણે મારવાડ અને પુર્વે બિકાનેર સુધી ફેલાએલું હતું તેપછી તેના કુંવર અમરસિંહ ગાદીએ બેઠા તે વિ.સં.૧૭૫૮માં મરણ પામ્યા તે પછી રાવળ જસવતસિંહ તેપછી રાવળ અખેસિંહ ગાદીએ આવી વિ. સં.૧૮૧૮મા મરણ પામ્યા તે પછી મુળરાજ રાવળ ગાદીએ આવ્યા તેના વખતમાં સાલમસિંહ નામનો જુલમી દીવાન થયેલો તેણે કુંવર રાવળસિંહનો તથા મુળરાજના એક પૌત્ર ગજસિંહ સીવાય બધા કુંવરોનો અને રાજ કુટુંબી ઓનો નાશ કરાવ્યો અને ભગાડી મુકયા આ રાવળ મુળરાજના વખતમાં અંગ્રેજ સરકાર સાથે મીત્રાચારીના કોલ કરાર થએલ તેમાં સંકટ વખતે એક બીજાને મદદ કરવાનું અને મહારાવળે અંગ્રેજ ને ખંડણી ન આપવાનું ઠર્યું વિ.સં.૧૮૭૬માં મુળરાજ નો દેહાંત થતાં તેના પૌત્ર ગજસિંહ ગાદીએ બેઠા તે પણ દીવાન સાલમસિંહથી ડરીને દબાઇને રહેતા વિ.સં. ૧૮૮૦માં સાલમસિંહ મરણ પામ્યો ગજસિંહે વિ.સં. ૧૮૯૪–૯૫માં અંગ્રેજ સરકારને સીંધ તરફ મોકલવાના લશ્કરમાં મદદ કરી હતી વિ.સં.૧૯૦૦માં સીંધ જીત્યા પછી સીંધના સાહગઢ, ગરસીયા, અને ગતુડાના કીલ્લા અમીરઅલીમોરાદ પાસેથી જતી લઇ

× ઉપર પ્રમાણે પુષ્કર્ણા વિપ્ર રતનાજીએ રાઉલશ્રી દેવરાજજીનું રાજ્ય પાછું અપાવ્યું. વગેરે ઘટના (વિ.સં.૧૧૪૮) અગ્યારમા સૈકામાં બનીહતી તેમ તે કાવ્ય ચોખ્ખું કહે છે. ભટ્ટી યદુવંશમાં રતનું ચારણોનું કેટલું માન છે. તે ઉપરના કાવ્યોથી સ્પષ્ટ જણાય છે. હાલ પણ જેશલમેર. કચ્છ અને જામનગર આદી યદુવંશી રાજ્યોમાં રતનું ચારણોનું વિષેશ માન જળવાય છે. ઉપરનું સંપૂર્ણ કાવ્ય. અમારા આગળ (ઇ. કર્તા. પણ રતનું ચારણ હોવાથી) વહીવોના વખતનું વિ.સં.૧૮૦૬ની સાલનું હસ્ત લખીત પ્રતમાં મોજુદ છે. (ઇ.કર્તા૦)

ગજસિંહ ને અંગ્રેજો એ આપ્યા હતા તેને પુત્ર નહતો તેથી તેની વિધવા રાણીએ પોતાના કુટુંબના રણજીતસિંહજી નામના કુંવરને દતક લઇ ગાદીએ બેસાર્યા તે પણ અપુત્ર હોવાથી તેના ભાઇ રાવળ વૈરીસાલજી ગાદીએ બેઠા, જેસલમેરના મહારાવળશ્રીને ૧૫ તોપ, નું માન છે. આ પ્રમાણે દેવેન્દ્ર રાજા ના ચોથા પુત્ર ભુપત રાજાનો વંશ જેસલ મેરની ગાદી એ ચાલ્યો આવે છે.

પંચદશી કળા સમાપ્ત.

॥ ષોડષી કળા પ્રારંભઃ ॥

શ્રી ચુડાસમાવંશનો ઇતિહાસ

દેવેન્દ્રના ત્રીજા કુમાર **ગજપત** કે જેણે પોતાના નામ ઉપરથી અફઘાનીસ્તાનમાં **ગજની** શહેર વસાવી નરપતને જમ પદવિ આપી ગાદિએ બેસાર્યા. એ **ગજપતના ચૂડચંદ્ર** યાદવ થયા તે સૌરાષ્ટ્રમાં વામનારથળી (સોરઠ—વંથળી) નારાજા બાલારામ ચાવડાના ભાંણેજ થતા હતા. મામાનું નિરવંશ જતાં (કોઈ લખે છે કે તેને મારીને) તેઓ સૌરાષ્ટ્ર પતિ થયા. એ ચૂડચંદ્ર ના વંશને ચુડાસમા રાજપુતો કહેવાયા ચૂડચંદ્રનો (૧) **હુમીર** તેનો (૨) **મુળરાજ** અને તેનો (૩) **વિશ્વવરાહ** થયો. તેણે **રાહ** પદવિ ધારણ કરી. તેનો પુત્ર (૪) રાહ **ગૃહરિપુ** ઉર્ફે રાહ ગારીયો (પહેલો) ઈ. સં. ૯૪૦ થી ૯૮૨ સુધી ગાદિએ રહ્યો. તેણે જુનાગઢનો ઉપરકોટ બંધાવ્યો. તેને જ્યારે મુળરાજ સોલંકી સાથે યુદ્ધ થયું ત્યારે કચ્છના **જામ લાખોફુલાણી** રાહ ગૃહરિપુના મિત્ર હોવાથી મદદે આવતાં એ લડાઇમાં કામ આવ્યા. ગૃહરિપુ પછી તેનો પુત્ર (૫) **રાકવાદ** ઇ. સં. ૯૮૨ થી ૧૦૦૩ સુધી, તેણે આબુના અન્ના રાજાને દસ વખત પકડી છોડી દીધો હતો, તે પછી તેનો કુંવર (૬) **રા' દયાસ ઉર્ફે મહીપાળ** (પહેલો) ઇ. સં. ૧૦૦૩ થી ૧૦૧૦ સુધી, તેણે અણહીલવાડ પાટણથી સોલંકી રાજાની રાણી અને કુંવરીઓ સોમનાથની યાત્રાએ આવેલ ત્યારે તેઓનું અપમાન થાય તેવું આચરણ કરવાથી, અણહીલવાડથી દુર્લભસેન સોલંકી મોટું લશ્કર લઇ ચઢી આવ્યો. અને તેનું રાજનમર વામનારથળી (સોરઠ—વંથળી) જીતી લીધું. તેથી રા દયાસ ઉપરકોટમાં ભરાયો. પરીણામે તે કીલ્લો પણ સોલંકીઓએ હાથ કર્યો. દયાસ મરાયા પછી તેના કુંવર **નવઘણ** (નવ ચોમાસે અવતર્યો માટે નવઘણ કહેવાયો) ને લઇ તેની એક રાણી આલીદર ઓઢીયરના આહીર **દેવાયતને** ઘેર ગઇ, જુનાગઢના થાણદારને તે ખબર થતાં દેવાયતને બોલાવી નવઘણ ને સોંપી આપવા કહ્યું. દેવાયત કહે "ભલે મારે ઘેર નવઘન હશે તો હું લખું છું તેથી સોંપી દેશે" એમ કહી નીચેનો, દુહો પોતાના પુત્ર ઉમા ઉપર લખી મોકલ્યોઃ—

ગાડું ગાલણ ગા, ગાડાવત રાખે ગળે ॥
વાંકી ખુબલીયાં, જે ઉચેરીયે ઉદા ઉત્ ॥ ૧ ॥

અર્થઃ—ગાડું હવે ગારમાં ગરી બેઠું છે. માટે ગાડાના હાંકનારને આપણે ગળે રાખવાનો છે. હે ઉદાના પોતરા (પૌત્ર) તારો બાહુ ખુબ દઈને ઉચક—એ મતલબની સમસ્યા પહોંચતાં નવઘણ ને સંતાડવાથી હાથ લાગ્યો નહિં તેથી થાણદાર દેવાયતને સાથે લઈ તેની સાથે આવ્યો. દેવાયતે સમયસુચકતા વાપરી, નવઘણનો પોષાક પોતાના પુત્ર ઉગાને પહેરાવી થાણદારને સોંપ્યો. એટલે થાણદારે તેને મારી નાખ્યો. તે પછી દસ વર્ષે એટલે ઈ. સં. ૧૦૨૦માં દેવાયતે પોતાની નાતને એકઠી કરી પોતાની પુત્રી **જાહલ**નું લગ્ન કર્યું. તેમાં જુનગઢના થાણદારને નોતર્યો. આવી પહોંચતાં જબરી કતલ ચલાવી, તેને મારી, જુનાગઢની ગાદિએ નવઘણને બેસાર્યો. ત્યારથી જુનાગઢમાં રાહની ગાદિ સ્થપાઈ.

(૭) રા' નવઘણ ઉર્ફે નોઘણ [પહેલો]

(ઈ. સં. ૧૦૨૦થી ૧૦૪૪ સુધી)

નવઘણના વખતમાં ભયંકર દુષ્કાળ પડવાથી નોઘણની ધર્મ બહેની **જાહલ** તેના પતિ સંતીયા સાથે સિંધમાં ગઈ ત્યાં સિંધના રાજા **હમિર સુમરા**ની દૃષ્ટિએ પડતાં તે તેની ઉપર મોહીત થયો. ત્યારે જાહલે પોતાને વૃત હોવાનું જણાવી, દસ માસની મુદત માગી, ભાઈ નોઘણ ઉપર નીચેનો પત્ર કવિતા રૂપે મોકલ્યોઃ— (જાહલના દુહાઓ)

તું નુતે જે ન હોય । તે તું હુતેજ હુઇ ॥
વીર વિમાસી જોઇ । નવઘણ નવસોરઠ ધણી ॥ ૧ ॥
નાહિં સગું નાહિં સાગવું । નહિં માડી જાયો વીર ॥
(મને) સંઘમાં રોકી સુમરે । હાલવા ન દીયે હમીર ॥ ૨ ॥
સોરઠના સરદાર । મને વીપતનાં વાદળ વળ્યાં ॥
મોંઘા સહુ શણગાર । આજ સોંઘાથી સોંઘા થયા ॥ ૩ ॥
ગરવો તુજ ગીરનાર । પાધર તારે શોભતો ॥
જાહલના શણગાર । સંઘમાં ઉતર્યા સુમરે ॥ ૪ ॥
એક આંખે શ્રાવણ વરસે । બીજી ભાદ્રવ નીર ॥
જાગને ધોડ સધીર । નવઘન નવસોરઠ ધણી ॥ ૫ ॥
વિપત વેળાના વીર । વહારે ચડજે વહાલના ॥
સોરઠ ધોડ સધીર । નવઘન નવનેજા ધણી ॥ ૬ ॥
માંડવ અમારે માલતા । તેદી બાંધવ દીધલ બોલ ॥
કરનેં કાપડની કોર । જાહલને જુનાના ધણી ॥ ૭ ॥
છેતરી દીધો છેહ । વળતી વાળ્યાં સુમરે ॥
પાડીશ મારી દેહ । સોરઠના શણગાર હું ॥ ૮ ॥

ઉપરના દુહાથી રા' નવઘણ મોટું લશ્કર લઇ સિંધ ઉપર ચડયો હતો અને ત્યાં મહાન યુદ્ધમાં સુમરા રાજપુત રાજા **હમીર**ને જીતી, ધર્મની બેન જાહલને છોડાવી લાવ્યો હતો. તેણે જુનાગઢના ઉપરકોટમા એક માહાન કુવો બોદાવ્યો હતો. જે હાલ **નોઘણ કુવા** ના નામે ઓળખાય છે. તે પછી તેનો પુત્ર (૮) રા' **ખેંગાર** (પહેલો) ઇ. સ. ૧૦૪૪થી ૧૦૬૭ સુધી ગાદીએ રહ્યો. તે પછી (૯) રા' **નવઘણ** (બીજો) ઇ, સ, ૧૦૬૭થી ૧૦૯૮ સુધી ગાદિએ રહ્યો. તે રા' નવઘણ મહિકાંઠા ઉપરના ઉમેટાના રાજાને શરણે કરી તેની કન્યાને પરણ્યો હતો. તેથી તે કન્યાનો ભાઇ **હંસરાજ મહીડા** જાહેરમાં કહેતો કે "મારા પિતાએ નવઘણથી ડરી જઇ કન્યા આપી છે. પણ હું કોઇ દિવસ નવઘણને મારી નાખીશ." એ વાત નવઘણના જાણવામાં આવતાં, નવઘણે પ્રતિજ્ઞા કરી સોગન લીધા કે " હું હંસરાજ મહીડાને મારીશ." (પ્રતિજ્ઞા પહેલી.) જ્યારે નવઘણ તે કન્યા પરણી જુનાગઢ આવતો હતો, ત્યારે રસ્તામાં જસદણ પાસે **બોંયરા** ગામ આગળ આવ્યો. તે વખતે બોંયરાનો રાજા ત્યાં કિલ્લો બંધાવતો હતો તે હસીને બોલ્યો કે "જો મારો આ કિલ્લો અત્યારે પુરો થઇ ગયો હોત તો હું તે કન્યાને અહીંજ રાખી લેત" એ ખબર નવઘણને જુનાગઢ ગયા પછી થયા ત્યારે પ્રતિજ્ઞા કરી બોલ્યો કે "હું તે કિલ્લો તોડી, તે રાજાને મારૂં તોજ મારૂં નામ નવઘણ" (પ્રતિજ્ઞા–બીજી)એક વખત **સિદ્ધરાજજયસિંહ** રા' નવઘણને નળની બાજુએ સોરઠની સિમા ઉપર પંચાળમાં કસાવી પાડી, તેના હથિયાર છીનવી લઇ, દાંતે તરણું લઇ શરણ થવા ફરજ પાડી, ત્યારે નવઘણે સોગન લીધેલ કે "હું જીવતો રહીશ તો પાટણનો દરવાજો તોડી પાડીશ" (પ્રતિજ્ઞા–ત્રીજી) એ વેળા સિદ્ધરાજના એક ભાટ કવિએ નવઘણનું હાસ્ય જનક કાવ્ય રચ્યું હતું. તે સાંભળી નવઘણે ક્રોધે ભરાઈ ભવિષ્યમાં તે ભાટના ગાલ ફડાવી નાખવાનું પણ લીધું. (પ્રતિજ્ઞા–ચોથી) એ ચારેય પ્રતિજ્ઞામાંથી નવઘણ એકેય પુરી કરી શકયો નહિં. મૃત્યુ સમય નજીક આવેલો જાણી, પોતાના ચારેય પુત્રોને બોલાવી પ્રતિજ્ઞાઓ પુરી કરવા કહ્યું. (૧)મોટા કુંવર **રાયઘણ** ઉર્ફે **લીમ** તેણે બોંયરાનો કિલ્લો તોડી તે રાજાને મારવાનું કબુલતાં ગાંફ તથા ભડલી આદિ ચાર પરગણાંઓ તેને આપ્યાં. તેના વંશને **રાયજાદા** કહેવાયા. (૨)કુંવર **શેરસિંહ** ઉર્ફે **છત્રસાલ** તેણે હંસરાજ મહીડાને મારવાનું કબુલતાં, તેને ધંધુકા પરગણું મળ્યું. તેના વંશને **સરવૈયા** કહેવાયા. (૩) કુંવર ×**ચંદ્રસિંહજી ઉર્ફે દેવઘણ**, તેણે પાટણનો દરવાજો તોડવાનું માથે લીધું અને તેને ઓશમની ચોરાસી મળી. તેના વંશને **ચુડાસમા** પણ ઓળખાય છે. (૪) સૌથી નાના કુમાર **ખેંગારજી** એ પોતાના પિતાની તે ચારે પ્રતિજ્ઞાઓ પોતે એકલાંએ પુર્ણ કરવા કબુલ્યું. તેથી નવઘણે ખુશ થઈ પોતાની હયાતિમાંજ તેને સોરઠની ગાદિએ બેસાર્યો. તે પછી થોડે કાળે રા' નવઘણ શાન્તિથી મરણ પામ્યો.

[૧૦] રા' ખેંગાર [બીજો] ઇ.સ. ૧૦૯૮ થી ૧૧૧૫—૧૬ સુધી

તેણે ગાદિએ બેસી પ્રથમ બોંયરા ઉપર ચઢાઇ કરી તેનો કિલ્લો તોડીપાડી ત્યાંના

× રાસમાળાના કર્તા લખે છે કે–તે અંબાજી નો ભક્ત હોવાથી માતાજીની માનતાની એક ચુડી હાથમાં પહેરતો તેથી તે ચુડચંદ્રના નામથી ઓળખતો તેના વંશને ચુડાસમા કહેવાયા.

રાજાને મારી પોતાના પિતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. ત્યાંથી મહિકાંઠા ઉપર ચઢાઇ કરી હંસરાજ મહીડાને પણ માર્યો. સિદ્ધરાજ જ્યારે માળવા ઉપર ચડયો ત્યારે પાછળથી રા' ખેંગારે પાટણ પર ચડાઇ કરી તેનો પુર્વ બાજુનો દરવાજો તોડી પાડયો. ત્યાંથી પાછા ફરતાં **કાલડીના દેવડા*** રજપુતોની કન્યા **રાણુક દેવડી** કે જેનો સંબંધ સિદ્ધરાજ જયસિંહ વેરે થયો હતો તેને સાથે લઇ આવી પરણ્યો. ઉપરના પરાક્રમોથી સિદ્ધરાજના ભાટે (જે ભાટે રા' નવઘણની મશ્કરીનાં કાવ્યો કર્યો હતાં તેણે) રા' ખેંગારની પ્રશંસાનાં કાવ્યો કર્યાં. તે સાંભળી રા' ખેંગારે તેના મોઢામાં હીરા મોતી માણેક એટલાંતો ભરી દીધા કે જોનારાઓ કહેવા લાગ્યા કે "તેના ગાલ ફાટી ગયા." એ સાંભળી રા' ખેંગાર બોલ્યો કે "યાચકોના ગાલતો તેવીજ રીતે ફડાય કાંઇ કટાર વતી ન ફડાય." સિદ્ધરાજ માળવાથી પાછો ફરતાં પાટણ આવ્યો, જ્યાં તેને ઉપરના ખબર મળતાં તે એક મોટું સૈન્ય લઇ જુનાગઢ ઉપર ચડયો. તેણે ઉપરકોટને બારવર્ષ ઘેરો નાખ્યો પણ ફાવ્યો નહિં. છેવટે ખેંગારના ભાણેજના દગાથી ગુપ્ત રસ્તેથી તે દાખલ થયો, અને તે ભયંકર યુદ્ધને પરિણામે રા' ખેંગાર કામ આવ્યો અને રાણુકદેવડી વઢવાણ જઇ સતિ થઈ. રાણુકદેવડી વઢવાણ સુધી સિદ્ધરાજની સાથે ગઇ તેનું કારણ એ હતું કે રા' ખેંગારને કેદ પકડી લઇ જાય છે તેવું તેનું માનવું હતું. પણ વઢવાણ આવતાં સિદ્ધરાજે રા' ખેંગારના મરણની વાત તેને જણાવી. તેથી તે ત્યાં સતિ થઇ. તે સતિ થયા પછી **રાણુકદેવી**ના નામે પ્રસિદ્ધ થઇ રા' ખેંગારની કીર્તિ વિષે આજે પણ સોરઠના લોકો **દુહો** બોલે છે કે:—

જે સંચે સોરઠ ઘડીયો । ઘડીયો રા' ખેંગાર ।
તે સંચો ભાંગી ગયો । (અને) જાતો રહ્યો લુવાર ॥ ૧ ॥

મતલબ કે તેવો કોઇ થયો નથી અને થશે પણ નહિં. તે રા' ખેંગારના મરણ પછી સિદ્ધરાજે જુનાગઢ ખાલસા કર્યું. અને ત્યાં પોતા તરફથી સજ્જણ નામનો થાણદાર નિમ્યો હતો. પરંતુ પાછળથી પ્રજાએ બળવો કરી તેને કાઢી મુકી, રા' ખેંગારના નજીકના વારસદાર નોંઘણને ગાદિએ બેસાર્યો. તે **(૧૧) રા' નવઘણ [ત્રીજો]** ઇ, સ, ૧૧૨૫થી ૧૧૪૦ સુધી ગાદિએ રહ્યો. તે પછી તેનો કુંવર **(૧૨) રા' કવાટ [બીજો]** ઇ, સ, ૧૧૪૦થી ૧૧૫૨ સુધી રહ્યો. પછી તેનો કુંવર **(૧૩) રા' જયસિંહ ઉર્ફે રા' ગારીયો [બીજો]** [અથવા દયાસ બીજો] ઇ, સ, ૧૧૫૨થી ૧૧૮૦ સુધી રહ્યો. તે પછી તેનો કુંવર **(૧૪) રા' રાયસિંહ** ઈ. સ, ૧૧૮૦થી ૧૧૮૪થી સુધી, તે પછી તેનો કુંવર **(૧૫) રા' મહિપાળ [બીજો]** ઇ, સ, ૧૧૮૪થી ૨૦૧ સુધી. તેને ગજરાજ પણ કહેતા. તેના સેનાપતિનું નામ ચુડામણિ હતું. તે પછી તેનો કુંવર **(૧૬) રા' જયમલ** ઈ. સ, ૧૨૦૧થી ૧૨૩૦ સુધી રહ્યો. તેની કીર્તિનો 'જયમલ જશવર્ણન' નામનો ગ્રંથ છે. તે પછી તેનો કુંવર **(૧૭) રા' મહિપાળ'** [ત્રીજો] ઉર્ફે રાહ મેપો ઇ, સ, ૧૨૩૦થી ૧૨૫૩ સુધી. તેના પ્રધાનનું નામ મોતીશાહ હતું તેના સમયમાં કોટડા પાસે કાઠીઓ બળવો કર્યો. તે સમાવવા મોતીશાહ ચડયો પણ હારખાઈ પાછો આવ્યો. ત્યારપછી ઢાંકનાવાળા રાજા અર્જુનસિંહની મદદથી કાઠીઓને નસાડયા. કેટલેક કાળે

* દેવડા રાજપુતની દીકરી હોવાથી રાણુકદેવડી કહેવાતી.

કાઠીઓએ પાછા આવી ઢાંકનાં ગામો લઇ લીધાં. તે રાહના વખતમાં ગોહીલોના મુખ્ય સરદાર **સેજકજી ગોહીલ** મારવાડમાંથી પહેલવહેલા સૌરાષ્ટ્રમાં આવ્યા. રાહે તેમને આશ્રય આપીને **શાહપુર** ગામ જાગીરમાં આપ્યું, આજે એ સેજકજી ગોહીલના વંશજો **ભાવનગર, પાલીતાણા, લાઠી** અને રેવાકાંઠાના **રાજપીપળા**માં રાજ્ય કરે છે, રાહ મેપા પછી તેનો કુંવર (૧૯) **રા' ખેંગાર** (ત્રીજો) ઇ.સ ૧૨૫૩થી ૧૨૬૦ સુધી તેની પાસે ઢાંકનાવાળા તથા કલ્યાણ શેઠ મુખ્ય હતા તેના પિતાના વખતમાં ઢાંકના જે ગામો કાઠીઓએ લઇ લીધાં હતાં, તે રા' ખેંગારે અર્જુનસિંહને પાછા અપાવ્યાં હતાં. રાહ અને અર્જુનસિંહ મિત્રો હતા. તેઓ બંન્નેએ મળી એક મેરની સ્ત્રીની આબરૂ લીધી. તેથી મેરે તે બન્નેને મારી નાખ્યા. તે પછી તેનો કુંવર (૨૯) **રા' માંડલીક** (પહેલો) ઇ.સ. ૧૨૬૦થી ૧૩૦૬ સુધી. આ રાહ ઉપર રાઠોડ અને વાઘેલા ચઢી આવ્યા હતા. અને તેના વખતમાં દિલ્હીના પાદશાહ **અલ્લા-ઉદ્દિન ખીલજી**નું લશ્કર ગુજરાતના રાજા **કરણવાઘેલા** ઉપર અલફખાન અને નસરતખાનની સરદારી તળે આવ્યું તેણે ગુજરાત જીત્યા પછી જુનાગઢ ઉપર ચઢી આવી ઘણું નુકશાન કર્યું. પછી **સોમનાથપાટણ** ઉપર જઇ જ્યાં સુલતાન **મહમદ** ગઝનવીએ ઇ. સ. ૧૦૨૪માં ચઢાઇ કરી દેરૂં તોડી નાખ્યું હતું, ત્યાં સોલંકી રાજા **ભીમદેવ** પહેલાએ સોમનાથનું દેરૂં ફરી બંધાવ્યું હતું. જેનો જીર્ણોદ્ધાર સોલંકી રાજા **કુમારપાળે** મોટા ખર્ચથી કરાવ્યો હતો. તેને તોડી પાડયું, અને ઘોઘાથી આધવપુર સુધીનો દરીયા કાંઠો જીતી સોમનાથમાં એક સુબો મુકયો (ઇ. સ. ૧૩૦૪) રા' માંડલીક પછી તેનો કુંવર (૨૦) **રા' નવઘણ** [ચોથો] ઇ.સ.૧૩૦૬થી ઇ.સ. ૧૩૦૮ સુધી. તે પછી તેનો કુંવર(૨૧)**રા' મહીપાળ**[ચોથો]ઇ. સ. ૧૩૦૮ થી ૧૩૨૫ સુધી. તેણે સોમનાથમાંથી મુસલમાન સુબાને નસાડી સોમનાથના દહેરાંનો સૌથી છેલ્લો અને પ્રખ્યાત જીર્ણોદ્ધાર કરાવ્યો. તે કામમાં તેના પાટવિકુંવર ખેંગારે પણ મહેનત લીધી હતી. તે પછી તેનો કુંવર (૨૨) **રા' ખેંગાર** [ચોથો] ઇ. સ. ૧૩૨૫થી ૧૩૫૧ સુધી. તેણે સોમનાથના મુસલમાન સુબાને કાઢી મુકયો. દિલ્હીના મહમદતુઘલુખે તેનું રાજ્ય લીધું, પણ તેના ગયા પછી તે દેશ તાબે કરી દરિઆના અઢાર બેટ રાજ્યમાં ઉમેર્યા. ઝાલા ગોહીલ વગેરે ૮૪ રાજા ઉપર સત્તા બેસારી. તે પછી તેનો કુંવર (૨૩) **રાહ જયસિંહ** [બીજો] ઇ. સ. ૧૩૫૧થી ૧૩૬૯ સુધી તેણે પણ રાજ્ય જમાવી વધારો કર્યો. તેના વખતમાં દિલ્હીના બાદશાહ ફીરોજશાહ તુઘલુખે સૌરાષ્ટ્ર ઉપર ચઢાઇ કરી, સોમનાથ પાટણમાં મુસલમાનનું થાણું બેસાર્યું. તેના પછી તેનો કુંવર (૨૪) **રા'મહીપાળ** [પાંચમો] ઉર્ફે **મહિપતિ** ઇ. સ. ૧૩૬૯થી ૧૩૭૩ સુધી, તેણે વંથળી (વામનસ્થળી) પાછી મેળવી. તેના પછી તેનો કુંવર (૨૫) **રા' મોકળજી** ઉર્ફે **મુકતસિંહ** ઇ. સ. ૧૩૭૩થી ૧૩૯૭ સુધી. તેણે આસપાસ સલાહ સંપ રાખી વંથળીમાં ગાદિ સ્થાપી, ગુજરાતમાં જુફરખાં અને મુઝફરખાનને નામે પ્રસિદ્ધ થયેલ શાહે તેના ઉપર ખંડણી બેસારી, તે પછી તેનો કુંવર (૨૬) **રા' માંડળીક** [બીજો] ઇ. સ. ૧૩૯૭થી ૧૪૦૦ સુધી તે પછી તેનો ભાઇ (૨૭) **રા' ખેંગાર** ઇ.સ. ૧૪૦૦થી ૧૪૧૫ સુધી તેના ઉપર અહમદાવાદના અહમદશાહ [પહેલા] એ ઇ. સ. ૧૪૧૩-૧૪માં ચઢાઇ કરી. પણ પરાજય પામી પાછો ગયો. તે પછી તેનો કુંવર

(૨૮) રા' જયસિંહ [ત્રીજો] ઇ. સ. ૧૪૧૫થી ૧૪૪૦ સુધી. તેણે ઝાંઝમેર [ઝાંઝરકોટ] આગળ યવનોને હરાવ્યા. તેના પછી તેનો ભાઇ (૨૯)રા' મહીપાળ [છઠો] ઇ. સ. ૧૪૪૦થી ૧૪૫૧ સુધી. તે કૃષ્ણભક્ત હતો, તેણે પોતાના કુંવર માંડળિક [ત્રીજા]ને બહુજ ભણાવી વિદ્વાન બનાવ્યો. તેમજ અસ્ત્ર શસ્ત્ર વિદ્યામાં પણ કુશળ કરી પોતાની હયાતિમાંજ તેને ગાદિએ બેસાર્યો. પણ નઠારી સોબતથી તે ખરાબ ચાલનો થયો.

(૩૦) રા' માંડલિક (ત્રીજો) (ઇ.સ. ૧૪૫૧ થી ૧૪૭૩ સુધી)

એ ક્રમભાગી રાજાના સમયમાં જુનાગઢના રજપૂત (યદુવંશ) રાજ્યનો અંત આવ્યો. એ રા' માંડલિક અર્જુન ગોહીલની કુંવરી કુન્તાદેવી સાથે પરણ્યો હતો, અર્જુન ગોહીલ મુસલમાન સાથેની લડાઇમાં કામ આવતાં તે કન્યા, તેના કાકા દુદા ગોહીલ કે જે અર્થીલાનગરી (લાઠી પાસે) માં રાજ્ય કરતો હતો ત્યાં ઉછરી હતી. તે દુદોગોહીલ લુંટ ફાટનો ધંધો કરતો હોવાથી તેને સજા કરવાનું અમદાવાદના સુલતાને રા' માંડલિકને લખ્યું. તે પરથી તેને સંમજાવ્યાં છતાં તેણે પોતાની ટેવ નહિ છોડતાં. રા' માંડલિકે તેના ઉપર ચઢી તેનો તથા તેની રાજધાનીનો નાશ કર્યો.

રા' માંડલિકના રાજ્ય અમલમાં ભક્તશિરોમણી **નરસીંહ્મેહેતા** (નાગર ગૃહસ્થ) જુનાગઢમાં રહેતા હતા. ખરાબ પાસવાનોની ઉશ્કેરણીથી તે ભક્તરાજને માંડલિક કેદ કરી "તારા પ્રભુ સાચા હોય તો આ કેદખાનામાં તને ફુલનો હાર પહેરાવી જાય" એમ કહી તેણે કારાગૃહમાં પુર્યો. પ્રભાત થતાં ભક્તવત્સલ ભગવાને **નરસીંહ્મેહેતા**ને પુષ્પનો હાર પહેરાવ્યો તેથી તેને મુકત કર્યા. પરંતુ એ ભક્તરાજનું અંતર દુભાવી તેણે (રા' માંડલીક કે) મહાન પાપનું બીજ વાવ્યું. તે પાપના યોગે તે **નાગબાઇ**ના શ્રાપનો ભોગ થયો હતો.

રા' માંડલિકે **વિશળ** નામના વાણીયાની સ્ત્રી **મનમોહના** ખુબ સુરત હોવાથી તેનું હરણ કર્યું. તેથી તે વણીક અમદાવાદ જઇ, બાદશાહ **મહમદશાહ** [ત્રીજા] મહમદ બેગડાને જુનાગઢ જીતી લેવા ઉશ્કેર્યો, તેથી મહમદબેગડો મોટું સૈન્ય લઇ જુનાગઢ ઉપર ચડ્યો. સોરઠી તવારીખના કર્તા લખે છે કે "જ્યારે સુલતાન જુનાગઢ ઉપર ચડાઇ કરવા તૈયાર થયો ત્યારે તેણે ખ્વાજાચીને પાંચ કરોડ રૂપીઆની કિમતના સિક્કાઓ સાથે લેવા કહ્યું. હથિયાર ધડનારા ઓને બોલાવ્યા. યામાની, મીસરી અને ખોરાસાની ૧૭૦૦ તલવારોની મુઠો. અમદાવાદી તલવારની ૩૪૦૦ મુઠો, ૧૭૦૦ મોટા જમૈયાની વરધી આપી. અને અશ્વપાળને ૨૦૦૦ અરબ્બી તથા તુર્કી ઘોડાઓ તૈયાર રાખવા ફરમાવ્યું. "રાસમાળામાં ફારબસ સાહેબ લખે છે કે" પાંચ કરોડ મહોરોની પેટીઓ ભરાવી. બજપ્ત, અરબસ્તાન અને ખોરાસાનની રસેલી મુઠોની ૧૮૦૦ તલવારો તથા અમદાવાદની વખણાએલી ૩૮૦૦ તલવારો તથા સોને રૂપે રસેલી કટારીઓ અને જમૈયાઓ, તથા અરબસ્તાન અને તુર્કસ્તાનના ૨૦૦૦ ઘોડાઓ વગેરે સાથે લીધાં. છતાં મહમદે ધાર્યું કે "મારી સાથે આવનાર યોદ્ધાઓને બદલો આપવાને આ સઘળું ધનાદિ ઓછું ગણાશે. " માટે તેણે તેઓને કહ્યું કે " તમારા શુરવીરપણાને બદલે સોરઠની બધી લુંટ તમને વહેંચી આપવામાં આવશે. (રાસમાળા પૃષ્ટ ૧૦૬ ભાગ૧) જ્યારે

ગીરનાર ૮૦ માઇલ દૂર રહ્યો, ત્યારે મહમદે પોતાના કાકા તુઘલુખખાનને **મોહબીલ્લા** કરીને બહારની જગ્યા છે. તે રોકી લેવાને માટે ૧૭૦૦ માણસો સાથે અગાઉથી મોકલ્યો. એ જગ્યાએ રજપુતોનો પહેરો હતો. ત્યાં જઇ તેણે ઓચિંતો છાપો મારી કતલ કર્યા. રા' **માંડલિક**ને તે ખબર થતાં તેણે ડુંગરી કિલ્લા ઉપરથી નીચે આવી તુઘલુખખાન ઉપર હુમલો કર્યો અને તેને નસાડી મુકવાની તૈયારીમાં હતો તેવામાં, **મહમદશાહ** પોતાના મોટા લશ્કર સાથે ત્યાં આવી પહોંચ્યો. એ મહાન યુદ્ધમાં રા' માંડલિક સખ્ત ઘવાયો. મહમદે આસપાસના પ્રદેશમાં ટોળીઓ મોકલી જબરી લુંટ કરી લશ્કરને વહેંચી આપી. પછી ઘેરો નાખવા તૈયારી કરી પણ કેટલીક મુસીબતો આવતાં કેટલુંક જવાહીર અને રોકડ રકમની ભેટ લઇ રા' શરણે આવે તેવી શરતે લડાઇ બંધ રાખી. શરત પ્રમાણે રાહે આપેલું જવાહીર લઇ તે પાછો ગયો. (ઇ.સ. ૧૪૬૭)

નાગબાઇ વિષેની હકિકત—જુનાગઢ સ્ટેટના વડાલ તાબાનું વડાલથી બાર માઇલ દક્ષિણે એક **દાત્રાણા** નામનું ગામ છે. ત્યાં **હરજોગ દામા** નામના ગઢવિ (ચારણ) રહેતા હતા. તેને કાંઇ સંતાન નહતું. પરતું હીરાગર બાવાજીની કૃપાએ તેને ઘેર **નાગબાઇ** નામની કન્યા અવતરી. તે કન્યા નાગબાઇના લગ્ન રાવસુર ભાસુર સાખે ગેરવીયાળા નામના ચારણ સાથે કર્યા હતાં. તેનાથી તેને **નાગાજણ** નામનો પુત્ર થયો હતો તે નાગાજણની સ્ત્રીનું નામ **મીણબાઈ** હતું. એ નાગબાઇ (દેવી) ની પુત્રવધુ મીણબાઇની ખુબસુરતીના વખાણ રા' માંડલિક પાસે તેના હલકા પાસવાનોએ કરવાથી. તે **મીણીયાગાયે** તેનો નેસ હતો ત્યાં કેટલાએક ઘોડાઓ સાથે ગયો. રા' આવે છે તેવી ખબર નેહમાં થતાં ચારણો હરખાયા. અનાદિ કાળથી "ચારણ અને રાજપૂતોને છોરૂ માવતરનો સંબધ છે" તે યોગે ચારણ કન્યાઓ કુંમકુંમ ચોખાના થાળ લઈ ગીત ગાતી ગાતી વધાવા ચાલી. માથે નેહના અગ્રેસર **મહાદેવી નાગબાઇ**પણ હતાં તેના કહેવાથી તેની પુત્રવધુ**મીણબાઇ** રા'ને ચાંદલો કરવા સન્મુખ ચાલી. પાસવાને તેને ઓળખાવતાં (તે જો વધાવી મીઠડાં લીએ તો ધર્મની બ્હેન ગણાય, માટે) રા' માંડલિક એકબાજુ ફરી ઉભો. તેથી તે તરફ મીણબાઈ ગયાં ત્યારે બીજી બાજુ તરફ રા' ફરી ગયો તેથી નાગબાઇને મીણબાઇએ કહ્યું કે "કુખ ભણે રા' તો ફરતો છે." નાગબાઇ કહે રાજા છે, તે દિશામાં ઉભા રહી વધાવવાનું મુહૂર્ત નહિં આવતું હોય. માટે બીજી દિશાએ મુખરાખી વધાવો. તેથી મીણબાઇ ચારેય દિશાએ ફર્યાં છતાં રા'એ વધાવવા નહિં દેતાં, મુખ ફેરવ્યાજ કર્યું. તેથી ફરી મીણબાઇએ નાગબાઇને કહ્યું કે "કુખ ભણે રા' તો હજી ફરતો છે." નાગબાઇએ બધો તમાસો નજરે જોવાથી રા'ની વિકારવાળી દૃષ્ટિ પારખી, બોલ્યાં કે "ભણે વહુ રા' નસે ફરતો, રા' નો દિ' ફરે છે. ચાલો પાછાં" એમ કહી સૌ પાછાં વળતાં રા' માંડલિકે મીણબાઇનું કાંડું પકડી મશ્કરી કરી તે નાગબાઇના જાણવામા આવતાં, તે અતિ ક્રોધ પામી રાહ ક્ષત્રિધર્મ ભુલી જઇ અધર્મી ચરણ કરવા લાગ્યો છે. તે તમામ હકિકત પોતે યોગમાયા હોવાથી, યોગબળે ભુત ભવિષ્ય–અને વર્તમાન કાળની જાણી. રા'ને ઉદ્દેશીને નીચેના દુહાઓ પ્રમાણે શ્રાપ આપ્યો—

❀ नागबाइना श्रापना दुहाओ (चारणी भाषाना) ❀

चूडारा चारण तणुं । वचनज माने वीर ॥
नेवां तणां नीर । मोमें न चडे मंडळीक ॥ १ ॥
आंपे जे चारण भणे । तुं वार्युं माने वीर ॥
होणी नजरुं हमीर । भावि श्रांन्युं नोय मांडळीक॥ २ ॥
(तोळी) तपसामें खामी पइ ।(तियमाणी)किरिया घटसे कोट॥
(तां) खूटामणनी खोट । मुं बिसारस मांडळीक ॥ ३ ॥
पिसे जुनानी पोळ । दामो कुंड देखिश नहिं ॥
(तेदी) रतन थीसे रोळ । (तेदी) मुं संभारीस मंडळीक॥ ४ ॥
जीसे रा'नी रीत । रा' पणुं रेशे नहीं ॥
भमतो मागीस भीख । (तेदी) मुं संभारीस मंडळीक॥ ५ ॥
नहीं फरके नीशांण । नकीब डुंकळशे नहीं ॥
उमटसे अहरांण । (तेदी) मुं संभारीस मंडळीक॥ ६ ॥
पोथी अने पुराण । भागवत भाळीस नहीं ॥
कलमो अने कुराण । मुल्लां पुकारे मंडळीक ॥ ७ ॥
झालरना झणकार । शंख संभळासें नहीं ॥
पडे बांगुं तणा पोकार । (तेदी) मुं संभारीस मंडळीक॥८ ॥
(तारां) घोडांनें घोडीउं लइ । जुंने पाछो जा ॥
मानने मोदल रा' । मतकीं फरी मंडळीक ॥ ९ ॥

(छतां पण भंडणीऽ पाछा नहीं जतां वणी नागण्याय कहे छे के)

नहीं होय घोडांना घेर । पालखीयुं पामस नहीं ॥
गिरनारे गरमेर । (तेदी) मुं संभारीस मंडळीक॥१०॥
राणीयुं रीत पखें । जइ बजारे बीससे ॥
तारी ओझल आळससे । (तेदी) मुं संभारीस मंडळीक॥११॥
अतलसनां उतारी । पेरीस गळीयल पाट ॥
सुतां त्रुटल खाट । (तेदी) मुं संभारीस मंडळीक॥१२॥
भुलो बाघो भींत । नागइने नम्यो नहीं ।
मंदीर ठेकाणे मसीत । (तेदी) मुं संभारीस मंडळीक॥१३॥
दरवाजे दरवाण । रा'ना कोइ रहेसी नहीं ॥
परेगीर पठाण । ममुंदशा ना मंडळीक ॥१४॥

(એક જુની હસ્ત લેખીત પ્રતમાં નીચેના દુહાઓ પાઠાંતર અને નવા પણ છે)

मोती थाळ भरी । व्हालें गइ वीर वधावा ॥
त्यां कमत कांध चडी । अवळो फयों तुं मंडळीक ॥१५॥

કંકુને કંકાવટી । મેં હરખેં લીધી હાથ ।
સયરું તણે સાથ । (જાતાં)મોડું ફેરવ્યું મંડળીક ॥૧૬॥
અમેં સોરઠની ચારણ્યું । તું માંયલો વીર ॥
ઇ નેવાંનાં નીર । મોમે ન ચડે મંડળીક ॥૧૭॥
ગંગાજળ ગરવા ધણી । તારું હતું પવીતર પંડ ॥
ખેલી રમતું ખંડ । તારી મતી ફરી ગઇ મંડળીક॥૧૮॥
ગંગાજળ ગઢેશા । પંડ તારું હતું પવીત્ર ॥
વીંજાને રગત ગયાં । મને તો વાળાં મંડળીક ॥૧૯॥

(મંડળીક કહે છે)

કઇ ફકીરનેં ફકરો । મરેં માગી ખાય લોટ ॥
આ મંડળીક તો માને નહીં । મરજાય જુનાનો કોટ ॥૨૦॥

(*નાગબાઇ કહે છે)

માતામાં મણા નઇ । નઇ બાપમાં ફેર ॥
થયો મોડું જોયા ફેર । માનેં સાચું મંડળીક ॥૨૧॥
(તારે) કાનેં અકોટા હસબસે । હૈયે કાપડ સોહાય ॥
પાવૈના પેડા માંય । તને નર નચવસું મંડળીક ॥૨૨॥

ઇ. સ. ૧૪૬૯માં એટલે પહેલી લડાઇ પછી પાંચેક વર્ષે **મહમદબેગડો** "રાહ માંડલિક રાજ્ય ચિન્હ ધારણ કરી કોઇ દેવાલયમાં ગયો હતો" તેવું સાંભળ્યાનું બ્હાનું કાઢી તેને શિક્ષા કરવા ૪૦૦૦૦ ઘોડેસ્વારોની ફોજથી તે જુનાગઢ ઉપર ચડ્યો. તે વખતે રા' તેના સામો લડવા નહિં જતાં, ઉપરકોટમાં સંતાયો. 'કાબે અર્જુન લુંટીયો ઓહી ધનુષ ઓહીબાણ' એ પ્રમાણે એ વીર ક્ષત્રિયપુત્ર દેવીના શ્રાપના ભોગે **નામર્દ** થયો. વીરતા અંગમાથી વહી જતાં, અને મહમદશાહના મહાન ઘેરાના સંકટે કિલ્લાના પહેરેગીરો ખુટતાં રાહ શરણ થયો. અને ખજાનાની કુંચીઓ મહમદશાહને સોંપી આપી. મહમદશાહે તેને કલમો પઢાવી મુસલમાન ધર્મ સ્વિકારાવ્યો ઇ.સ. ૧૪૭૩ (રાસમાળા ભાગ પહેલો પાનું ૬૧૦) 'મીરાંતે સીકંદરી' ના કર્તા લખે છે. કે—"બાદશાહના કહેવાથી તેણે મુશલમાની ધર્મ નહોતો લીધો. પણ બાદશાહ સાથે અમદાવાદ ગયા પછી રસુલાબાદ **શાહુઆલમ**નો મેળો જતો હતો ત્યાં તેના ઉપદેશથી તેણે મુશલમાની ધર્મ સ્વીકાર્યો. અને તેથી જુનાગઢના છેલ્લા રાહને **ખાનજહાન** અથવા **જગતનો ધણી** તેવો મુશલમાનોએ ઇલ્કાબ આપી પીરજાદા પ્રમાણે (હાલ અમદાવાદના માણેકચોકમાં કંદોઇની દુકાનમાં તેની જ્યાં કબર છે. ત્યાં) પુજવા લાગ્યા મહમદશાહે રા' માંડલિકને જીતી જુનાગઢ શહેરને કિલ્લો બંધાવી તેમાં સૈયદ, કાજી કુમારો વીગેરેને વસાવી તેનુ **મુસ્તભાબાદ** નામ આપી ઉપરકોટમાં એક મસ્જદ બંધાવી પોતે અમદાવાદ પાછો ગયો. જુનાગઢમાં રા' નું રાજ્ય ગયા પછી તુર્કાણું (મુસલમાન રાજ્ય) થતાં, એક ધર્માભિમાની દેશ ભક્ત ચારણે નીચેનું કાવ્ય બનાવ્યું હતું:—

* એ નાગબાઇની દાત્રાણા ગામે દેરી છે.

गीत—चारणीभाषानुं

मति फरी मंडळीकनी कांध आवीकमत । हति नव सरठ गइ तुरक हाथे ॥
शीखर नें देवळना घुंमट ज्यां शोभता । (त्यां) मशीतां हजीरा हुवा माथे॥१॥
हाथीआं कतारां घाटपर हालता । पाट जुनो गयो घडी पलमां ॥
भागवत जुजवा वेद ज्यां भणाता । (त्यां) कीताबां वांचता पडे कलमा॥२॥
मेडीयां कळे ज्युं राम मुख बोलता । हजारुं कबुतर फरे होला ॥
नार गरबे जहां रमंती नोरतां । (त्यां) डेंणना खपर ज्युं फरे डोला॥३॥
मटी तुलशी हुवा +मरवा महोले । खाइ बाजी बधी थीओ खाखी ॥
गीत नरशी जठे हरी गुण गावता । (त्यां) आरबां कलबले रात आखी॥४॥
हवेली मेडीप जाबदायुं हती । शेरीये वळाके शोक छींडां ॥
वांकडा जठे रजपूत फरता वकर । अलेला चूहता फरे इंडां ॥५॥
नेश आयो चडी चारणां नीशरी । वधावा मोतीयें थाळ व्राजे ॥
×गंगाजळीआ तणी नोबतुं गाजती । बंगाळा तठे नित धमस बाजे ॥६॥
कोप चूडा घरे नागबाइ कीओ । ताहरी करामत कोण तागे ॥
रायमंडळीकनी राणीउं घरोघर । मेडीउं छोड हटीआंण मागे ॥७॥

(संपादक, બારહટ–કેસરભાઇ સુજાભાઈ સીંધાવદરવાળા) [प्राचिन]

રા' *માંડલિક પછી મહમદબેગડે જુનાગઢ રાજ્ય ખાલસા વહીવટમાં ભેળવ્યું પરંતુ

+ મરવાના ઝાડો મહોલે મહોલે થયાં,

× બંગાળા દેશમાં (કાશી) થી ગંગાજળની કાવડ ભરી સેતુબંધરામેશ્વરમાં રા' તરફથી કાયમ ચડાવાતી તેથી રાહને ગંગાજળીઆની ઉપમા અપાતી—

* રા' માંડલિકનું રાજ્ય દેવી નાગબાઇના શ્રાપે ગયું. અને મુસલમાની અમલ જુનાગઢમાં દાખલ થયો. ત્યાર પછી રા' માંડલિકનુ શું થયું? તે વિષે હાલ ઘણા મતભેદો છે. એક સાક્ષર લખે છે કે॥ રા' માંડલિક મહમદ બેગડા સાથે લડાઇમાં કામ આવ્યો અને તેની રાણીઓએ જૌહર—ઝંપ ખાધો તેમ લખી. અમદાવાદમાં જે કમર ખાનજહાનના નામે મંડલિકની બતાવાય છે. તે મુસલમાની ઇતિહાસકારે હિંદુધર્મ પર દ્વેષ બુદ્ધિથી પક્ષપાતવાળા ઇતિહાસ લખી નાખ્યાનું જણાવી, તે કમર ખાનજહાન નામના કોઇ મુસલમાની ઓલીયાની હશે તેમ જણાવે છે. ત્યારે બીજો સાક્ષરવર્ગ—રાસમાળા અને સોરઠી તવારીખ વગેરેના આધારે મંડળીક તે યુદ્ધમાં નહિં મરતાં મુસલમાન થયાનું જણાવે છે.—અમોએ રા' માંડળીકની વાર્તા કરનારાઓ દ્વારા એમ નથી સાંભળેલકે માંડળીક તે યુદ્ધમાં કામ આવ્યો!! નાગબાઇનો શ્રાપ તેને મારવાનો નહતો પણ દરેક દુહે દુહે એવું શબ્દ ગોઠવ્યું છે કે "ઉપર પ્રમાણે બનશે ત્યારે હે મંડળીક તું મને સંભારીશ" (એટલે કે યાદ કરીશ) બે દેવીનો આશય તેને મારી નાખવાનો હોત તો તે વખતેજ તે તેના શ્રાપથી બળી મરત. અથવા તો ત્યાં તેને રક્ત કોઢ

રા' માંડલિકના કુંવર **ભુપતસિંહ** ઉર્ફે મેલીંગદેવને જાગીરદાર બનાવી જુનાગઢમાં રાખ્યો ઇ. સ. ૧૪૭૩થી ૧૫૦૫ સુધી. તે પછી તેનો કુંવર **ખેંગાર** (પાંચમો) ઇ. સ. ૧૫૦૫થી ૧૫૨૫ સુધી. તે પછી તેનો કુંવર **નોંઘણ** (પાંચમો) ઇ. સ. ૧૫૨૫થી ૧૫૫૧ સુધી. તે પછી તેનો કુંવર **શ્રીસિંહ** ઇ. સ. ૧૫૫૧થી ૧૫૮૬ સુધી, અને તે પછી તેનો કુંવર **ખેંગાર** [છઠ્ઠો] ઇ.સ. ૧૫૮૬થી ૧૬૦૮ સુધી. એ બગસરે તાલુકદાર થઇ રહ્યો, (રાસમાળા-

---

અગર કોઇ અસાધ્ય વ્યાધિ થઇ પડતાં મરીજાત. પરંતુ તેમ નહિં કરતાં તેને અસહ્ય દુઃખ-દરીઆમાં નાખી રાજા તરીકે તેણે માણેલા વૈભવોની યાદી કરાવી. પાપાચરણનુ પશ્ચાતાપ રૂપી પ્રાયશ્ચિત કરાવી **સૌરાષ્ટ્રપતિ** રા'ને રસ્તાનો રખડતો ભિખારી બનાવી, રીબાવી રીબાવીને મારવાનો દેવીનો આશય હતો તેમ ઉપરના સઘળા દુહાઓ અને ગીતના કાવ્યોથી જણાય છે. (રા' માંડળીકની રાણીયું ઘરોઘર મેડીયું છોડ હટિયાંણ માગે) એ કાવ્યના વાકયથી જણાય છે કે તેની રાણીઓએ ભેરવ—ઝંપ નહિં ખાતાં ભીખારણની સ્થિતીમાં જીંદગી ગુજારેલી હોય તેવું જણાય છે. કારણકે એ કાવ્ય મુસલમાની અમલ થયા પછી કવિએ નજરે જોઇને લખ્યું જણાય છે. રા' માંડલિક અસ્ત્ર શસ્ત્ર વિદ્યામાં ઘણો કુશળ વીર—પુરૂષ હતો. પણ નાગબાઇનો શ્રાપ થયા પછી તેની મરદાઇ જતી રહી હતી. કેમકે નાગબાઇએ છેલ્લા દુહામાં શ્રાપ આપ્યો છે કે "તારે કાને અફાટા અને છાતી ઉપર કાપડું પહેરાવી, પાવઇયાના પેડા (ટોળા) માં હું નરા માંડળિક તુને નચાવીશ" તો એ શ્રાપ પ્રમાણે તેમ થવાનો સંભવ છે. જ્યોતિર્ભેલ બધેકાજી સંગ્રહિત કવિ મીહા રચિત 'જુનાણાંના રણયજ્ઞ' ના કાવ્યની છેલ્લી ટુક પણ ઉપરના દુહાને પુષ્ટિ આપે છે કે "અંબા રમરણમે આયો અંત" એ કાવ્ય દ્વિ—અર્થી છે. અંબા ભવાનીના ઉપાસક પાવૈયાઓ તેનું રમરણ કરી જીંદગીનો અંત લાવે છે. પાવૈયાઓમાં વર્ણા-શ્રમનો ભેદ નથી મુસલમાનો પણ પાવૈયા થાય છે. માતાજીનો શ્રાપ હતો તે મિથ્યા થાય નહિં તો રા' માંડળિક પાવૈયાની (ભીખારીની) અંતિમ અવસ્થામાં સ્થિતીભોગવી હોય અને રખડીરઝળી મરણ પામ્યો હોય તેવું લાગે છે. મીરાંતે સીકંદરીના કર્તા લખે છે કે "રસુલ્લાખાદ શાઆલમના ઉપદેશથી તેણે મુસલમાની ધર્મ સ્વિકાર્યો." એ વાત્ત અસંભવિત છે, માંડળિક બહુજ વિદ્વાન હતો અને વીરપુરૂષ હતો. પરતું ભકત નરસિંહનું અંતર દુભાવ્યું અને દેવી નાગબાઇનો શ્રાપ થયો વગેરે કારણોથી તે અંતિમઅવસ્થામાં રાજા શરીરે દુઃખની વ્યાધિમાં બાવરો બની કોઇ સાંઇના તકીયામાં દેહ છોડયો હોય. તેમજ પાવૈયાને દફન કરવાની રીતિ હોઇ, તેના દેહની અંતિમક્રિયા ત્યાં થઇ હોય તો તે (માણેક ચોકમાં બતાવવામાં આવતી) કબર કદાચ તેની હોવાનું સંભવે છે. પરંતું એટલું તો ચોકકસ છે કે તે યુદ્ધમાં રણભુમી ઉપર મરણ નહિં પામ્યાનું ઘણાં ચારણ ભાટો ને મોઢેથી તેઓની વાર્તાઓમાં સાંભળ્યું છે. પછી પ્રભુ જાણે ૪૦૦ વર્ષ પુર્વેની વાત જે બની હોય તે ખરી. હિંદનો છેલ્લો રાજપૂત રાજા **પૃથ્વિરાજ** ગુજરાતનો છેલ્લો રજપૂત રાજા કરણ અને સૌરાષ્ટ્રનો છેલ્લો રજપૂત રાજા **રા' માંડલિક** એ ત્રણે જી રૂપી માયાના મોહપાસમાં ફસાયા અને ક્ષત્રિ—ધર્મ છોડી અધર્મા-ચરણ કર્યું, તેના બદલામાં તેઓને અંતિમ અવસ્થા દુઃખમાં ભોગવવી પડી અને સૌરાષ્ટ્ર, ગુજરાત, અને ભારત ભુમિની સાર્વભૌમ સત્તા રજપૂતોના હાથમાંથી ગઇ. (ઇ. કર્તા)

પૃષ્ટ ૬૧૨ ભાગ ૧લો) તેમ સોરઠી તવારીખના કર્તા પણ એ પાંચ જાગીરદારો વચ્ચે એક સેકો રાજ્ય કર્યાનું લખે છે. હાલ તે રાહના વંશજો રાયજાદા, સરવૈયા, ચુડાસમા, અને રાહ વગેરે અવટંકથી કાઠીઆવાડ, પ્રાંતમાં છુટી છવાઇ જાગીરો ભોગવે છે. એ પ્રમાણે દેવેન્દ્રના ત્રીજા કુમાર ગજપતનો વંશ રાજા તરીકેનો રા' મંડલિક સુધી ચાલ્યો.

પ્રથમખંડની પ્રથમ કળામાં પૃષ્ટ ૨૫મે દેવેન્દ્રનો દુહો છે કે:—

પુત્ર હુવા દેવેન્દ્રજા । ચોખા મા વડ ચાર ॥
(૧)અસપત (૨)નરપત (૩)ગજપત નેં (૪) ભૂપત ભુપાર॥૧॥

(૧) **અસપત**ને મહમદ પેગંબરે મુસલમાન બનાવ્યો. (તેનો ચગદાવંશ–મુગલવંશ ચાલ્યો) (૨) **નરપત**ને જામ પદવી મળી તેના વંશજો જામનગર, * કચ્છ, ગોંડળ, મોરબી, ધ્રોળ, રાજકોટ અને તેની શાખાના તાલુકાઓમાં રાજ્ય કરે છે. એ સઘળો ઇતિહાસ પ્રથમ અને દ્વિતીયખંડમાં વિસ્તારપૂર્વક કહેવામાં આવેલ છે (૩) કુમાર **ગજપત**ના (ચુડાસમાવંશનો) ઇતિહાસ ઉપર કહેવામાં આવ્યો અને (૪) કુમાર **ભુપત**નો ભટ્ટી વંશ પણ જેસલમેર રાજ્યના ઇતિહાસમાં વર્ણવેલ છે એવી રીતે પ્રથમ ખંડ તથા દ્વિતીયખંડમાં **"યદુવંશ"** વર્ણન પૂર્ણ કરી, છેવટ ×યદુવંશી રાજ્યો હીંદુસ્તાનમાં કેટલાં છે તે જાણવાનું પત્રક આપી આ દ્વિતીય ખંડ પૂર્ણ કરવામાં આવે છે.

× **કિરોલી** રાજ્ય રજપુતાનામાં છે તે પણ યદુવંશનીજ શાખા છે

* **સાંતલપુર તાલુકો**—આ તાલુકો કચ્છની શાખા છે અને પાલનપુર ઇલાકામાં આવેલ છે. તેની ચારેબાજુ કચ્છનું રણ છે ચાડસર સહીત બન્ને ભાગોની મળી જમીન ૪૦૦ ચો૦ માઇલની છે. ૩૩ ગામો છે ને તેમાં કુલ વસ્તી ૧૮૦૦૦ માણસની છે. ખંડણી કોઇને આપતા નથી અગાઉ તે તાલુકાનો ભાગ સીંધ તરફના મુસલમાનો નો હતો તે પછી ઝાલા રાજપુતોની સતા થતાં **સાંતલઝાલાઓ** એ **સાંતલપુર** વસાવ્યું, તેઓ સરધારના લુણાજી વાઘેલાની બેન સાથે પરણ્યા હતા. લુણાજીએ ચડાઇ કરી સાંતલપુર લઇ લીધું તે લુણાજીના વંશજો સુખાજી વાઘેલા પાસેથી કચ્છના **રાવશ્રી ખેંગારજી** (પહેલા) એ તે સાંતલપુર લઇ લીધું તેપછી તે ભાગ રાઓશ્રીના ભાયાતોને જીવાઇમાં મળ્યો આ તાલુકાના ગામો ઘણાંખરાં ભાયાતોમાં વહેંચાઇ ગયાં છે. પરંતુ તેમાં મુખ્ય બે ભાગીદારો મોટા હોઇ ઠાકોરના નામથી ઓળખાય છે. (૧) **ઠાકોરશ્રી લાખાજી** આડેશર ગામે અને (૨) **ઠાકોરશ્રી દેવીસિંહ** સણવા ગામે રહે છે. બેઅન્ને ઠાકોરોની કચ્છમાં પણ જાગીરો છે. સાંતલપુર ગામ બન્ને મજમું છે. તેસીવાય ધડસર કલ્યાણપર, ચારણકુ, અને બાબરા, તે ઠા.શ્રી લાખાજીના વંશજોનાં સુવાંગ છે. અને વઉવા રણમલપર, માણસમું અને દાવાણુ એ **ઠા.શ્રી દેવીસિંહના** વંશજોનાં સુવાંગ છે. તે સીવાયના ગામો તેઓશ્રીના ભાયાતોના તાબામાં છે. બન્ને ઠાકોરને અધીકાર ફોજદારી કામમાં એક માસની સખ્ત કેદ અને રૂા. ૫૦) સુધી દંડકરવાની સતાનો છે. દીવાની કામમાં રૂા. ૨૫૦) સુધીના દાવાઓ સાંભળી સકે છે. બન્ને તરફના અધીકારીઓ સાંતલપુરમાં રહે છે. ગામમાં નીશાળ છે. તેમજ બન્ને ઠાકોરના ઉતારાઓ છે. અને ભાયાતી ગામોના ધનસાફ માટે એક થાણદાર પોલીટીકલ સુપ્રિટેન્ડન સાહેબ તરફથી રહે છે.

શ્રી યદુવંશી રાજપુત રાજ્યોનું લીસ્ટ

નં.	સ્વથાનનું નામ.	ગામો ની સંખ્યા	જમીન ક્ષેત્રફળ ચો. માં.	વસ્તીની સંખ્યા	શ્રીયદુવંશપ્રકાશ દ્વિતીયખંડ પાને
૧	કચ્છ–ભુજ	૬૩૫	૭૬૧૬	૪૮૪૫૪૭	૧૫૨
૨	નવાનગર	૭૧૨	૪૭૬૬	૪૦૬૧૬૨	૬૪(પ્રથમ-ખંડ)
૩	ગોંડળ	૧૭૬	૧૦૨૪	૧૬૭૦૭૧	૧૦૧
૪	મોરબી	૧૫૧	૮૨૨	૧૧૩૦૨૪	૨૦૧
૫	ધ્રોળ	૭૧	૨૮૨	૨૭૬૩૬	૩
૬	રાજકોટ	૬૪	૨૮૨	૬૦૬૬૩	૩૬
૭	વીરપુર–ખરેડી	૧૩	૬૬	૬૬૭૫	૩૧
૮	કોટડાસાંગાણી	૧૮	૬૦	૬૨૪૦	૧૩૨
૯	માળીયા	૧૨	૧૦૩	૧૨૬૬૦	૨૧૮
૧૦	ખીરસરા	૧૩	૩૦	૩૬૫૬	૨૧
૧૧	મેંગણી	૮	૩૪	૩૧૫૩	૧૩૭
૧૨	ગવરીદડ	૭	૨૭	૨૧૧૫	૫૬
૧૩	શાપુર	૬	૧૦	૧૩૬૩	૬૦
૧૪	પાળ	૫	૨૧	૧૩૧૫	૬૨
૧૫	કેઠારીઆ	૬	૩૦	૨૧૪૬	૬૩
૧૬	લોધીકા [સીનીયર]	૭	૨૭	૨૩૧૧	૬૬
૧૭	લોધીકા [જુનીયર]	૭	૨૭	૨૨૬૪	૬૫
૧૮	ગઢકા	૬	૨૩	૧૬૦૮	૬૮
૧૯	જાળીઆ દેવાણી	૧૦	૩૬	૨૬૮૮	૨૮
૨૦	ભાડવા	૬	૧૭	૧૧૭૬	૧૪૫
૨૧	રાજપરા	૬	૧૫	૨૨૬૮	૧૪૪
૨૨	શીશાંગ–ચાંદલી	૨	૧૦	૧૭૦૦	
૨૩	વીરવા	૧	૬	૨૦૦	
૨૪	કાંકસીઆળી	૧	૬	૨૫૦	
૨૫	મવા	૧	૬	૨૫૦	
૨૬	કોટડાનાયાણી	૧	૬	૩૦૦	
૨૭	મુળીલા–ડેરી	૭	૧૫	૨૫૦૦	
૨૮	ધ્રાફા	૨૩	૪૫	૭૬૦૦	
૨૯	સાતુદડ–વાવડી	૬	૩૧	૨૫૩૦	
૩૦	સાંતલપુર–[પાલનપુર એજન્સી]	૩૩	૪૪૦	૧૮૦૦૦	૨૪૦
૩૧	જેસલમેર–[રાજપુતાના]	એ સીવાય જેઓની બહુજ થોડી જાગીરો છે તેવા નાના પેટા ભાયાતો ઘણા છે.			
૩૨	કિરોલી ,,				

શ્રી ચંદ્રવંશ વિસ્તાર

(૧) ચંદ્ર

(૭) યદુ (યદુવંશી કહેવાયા)

(૫૬) શ્રીકૃષ્ણ(વિષ્ણુઅવતાર)

(૧૩૭) ઇંદ્રસેન (ભીશ્રમાં ગાદી વિ. સં. ૬૨૮થી ૬૮૩)

અસપત મુસલમાની ધર્મ સ્વીકારતાં ચગદા (મુગલ) વંશ ચાલ્યો

જામ નરપત (ગીજનીમાં ગાદી વિ.સં. ૬૮૩થી ૭૦૧)

ગજપત (યુડાસમવંશ જુનાગઢ)

ભુપત (ભટ્ટીવંશ જેસલમેર)

(૧૪૮) **જામ લાખીઆર ભડ** [નગર સમૈ સીંધમાં ગાદી]

(૧૫૭) **જામ લાખો જાડેજો**[લાખીયારવીઅરે કચ્છમાં ગાદી]

(૧૫૮) **જામ રાયધણજી**

જામગજણજી — **દેદાજી** (દેદારજપુ થયા) — **હોથીજી** (હોથીજી રજપુત થયા) — **ઓઠાજી** [કચ્છ શાખા]

(૧૭૦) **જામશ્રી રાવળજી** જામનગર ગાદી

ઠાકોરશ્રી હરધોળજી ધ્રોળ ગાદી

રાઓશ્રી ખેંગારજી ભુજગાદી

જળીઆદેવાણી ખીરસરા

મોરબી — સાંતલપુર — માળીઆ

વીરપુરખરેડી — રાજકોટ

ગોંડલ — ગવરીદડ — શાપર — પાળ — ઢોઢારીઆ — લોધીકા [૨] — ગઢકા

કોટડાસાંગાણી — મેંગણી

રાજપરા — ભાડવા

[ષોડષી કળા સમાસા]
શ્રી યદુવંશ પ્રકાશે
દ્વિતીયખંડસમાસા



॥ શ્રીજી ॥

શ્રીયદુવંશપ્રકાશ.

તૃતીય ખંડ પ્રારંભઃ

॥ શ્રી તૃતીય ખંડ પ્રારંભઃ ॥

॥ જામનગરનું જવાહીર ॥

પ્રકરણ (૧) પહેલું

(નવાનગર સ્ટેટનું વર્ણન.)

કાઠીઆવાડના વાયવ્ય ખુણામાં આવેલ પ્રદેશને **હાલાર** કહેવામાં આવે છે.એ પ્રદેશ **જામશ્રી રાવળજી**એ મેળવી પોતાના પૂર્વજ **હાલાજી**ના નામ ઉપરથી તેનું નામ **હાલાર** રાખ્યું. ચંદ્રથી ૧૩૮મા અને શ્રીકૃષ્ણથી ૮૩મા (૧)**જામ નરપત** (વિ.સં. ૬૮૩માં) થયા. ત્યારથી આરંભી અદ્યાપિ પર્યંત યદુકુળમાં '**જામ**'ની પદવિ જામનગરના મહારાજાઓજ ભોગવે છે. હાલના વિદ્યમાન મહારાજા **જામશ્રી દિગ્વિજય સિંહજી** સાહેબ (૫૧મા) '**જામ**' છે. [**જામ**=શ્રેષ્ટ—સર્વ રાજાઓમાં શ્રેષ્ટ રાજા એમ એનો અર્થ સંભવે છે.] જામશ્રી વિભાજી (બીજા)ને નામદાર બ્રીટીશ સરકારે વંશપરંપરાનો **મહારાજા**નો ઇલ્કાબ બક્ષ્યો છે. કાઠિયાવાડ પશ્ચિમ:પ્રદેશમાં **જામરાવળજી**એ ગાદી સ્થાપી ત્યારથી '**પછમના પાદશાહ**'ની પદવી જામશ્રીએ ધારણ કરેલ છે. તેમજ હાલારમાં રહેતા નવલાખ માણસોની માલીકીથી '**નવલખા હાલારના ધણી**' અને પોતાની દરિઆઇ સરહદમાં **સાચાં મોતી** નીપજતાં હોવાથી **મોતીયુંવાળા જામ** વગેરે ઉપનામો ધારણ કરેલ છે. જામશ્રી રાવળજીએ જામનગર (નવાનગર) શહેર વિ.સં. ૧૫૯૬ માં વસાવ્યું ત્યારથી આરંભી વિદ્યમાન જામશ્રી સુધીનો ઇતિહાસ આ ગ્રંથના પ્રથમ ખંડમાં આપી ગયો છે. તેથી તે વિષેનો પ્રાચીન ઇતિહાસ ફરી નહિં કહેતાં, જામનગર શહેરની **ઔદ્યોગીક** સંપત્તિ, તાલુકાના ગામો, વસ્તિની સંખ્યા, તિર્થ સ્થળો, **ઐતિહાસિક** સ્થળો, અને જામનગરના જવાહીર સમાન મહાન પુરષોના જીવન વૃતાંતો, વિગેરે બીજી જાણવા યોગ્ય કેટલીએક હકિકતોનો સંગ્રહ આ તૃતિય ખંડમાં આપવામાં આવેલ છે.

આ નવાનગર (જામનગર) સ્ટેટ કાઠિયાવાડના વાયવ્ય ખુણામાં ૨૨° —૫૮' અને ૨૧° —૪૪' ઉતર **અક્ષાંશ** અને ૬૯ —૧૦'–૩૦' પૂર્વ રેખાંશમાં આવેલ છે. જેની સરહદમાં ઉતરે કચ્છનું રણ તથા કચ્છનો અખાત, પૂર્વે મોરબી, રાજકોટ, ધ્રોળ, ગોંડલ અને બીજા કેટલાએક હાલાર પ્રાંતના નાના તાલુકાઓ; દક્ષિણે સોરઠ પ્રાંત અને પશ્ચિમે ઓખાનું રણ તથા અરબી સમુદ્ર આવેલ છે. આ સ્ટેટની સરહદ કાઠિયાવાડના દરેક રાજ્યની સરહદ સાથે થોડેઘણે અંશે લાગુ છે. આ સંસ્થાનનું **ક્ષેત્રફળ** ૩૦૬૧—૩ચો. માઇલનું છે. એટલે કાઠિયાવાડના બીજા બધા રાજ્યો કરતાં આ રાજ્ય વધારે વિસ્તાર વાળું છે. **વસ્તિ**-સને, ૧૯૩૧ની ગણતરી પ્રમાણે ૪,૦૯,૧૬૨ની છે. જેમાં ૩,૨૬,૯૬૪ હિન્દુ; ૫૮,૫૫૩ મુસલમાન ૨૩,૪૮૪ જૈન અને ૨૬૧ ઇતર વર્ણની સંખ્યા છે. આ સ્ટેટ ફર્સ્ટ કલાસ હોઇ, દિવાની ફોજદારી કામોમાં સંપૂર્ણ સત્તા ભોગવે છે. પાટવિ કુમાર ગાદીએ આવવાનો રિવાજ છે

છે. અને શાહી સત્તા સાથે યોગ્ય કોલકરારો થાય છે. **મુખ્ય ડુંગરો**—બરડો, આલેચ દલાસા અને જોપ છે. તેમાં બરડાનું વેણ નામનું શિખર ૨૦૫૭ અને આભાપરાનું શિખર ૧૯૩૮ ફુટ દરિઆની સપાટીથી ઉચું છે. **મુખ્ય નદીઓ**—ભાદર, બેટી, આજી, વર્તુ, ફાળુભાર, ડોંડી, ઉંડ, વી, સાની, નાગમતિ અને રંગમતિ છે. **ઉપજ**—છેલ્લા પાંચ વર્ષોની સરેરાશ પ્રમાણે રૂા. ૬૪,૪૬,૧૩૯ની છે. **ખંડણી**—રૂા. ૫૦,૩૧૨ બ્રિટીશ સરકારને તથા રૂા. ૧૪,૬૨૪ ગાયકવાડને અને રૂા. ૪,૮૫૭ જુનાગઢને જોરતલબીના મળી કુલ રૂપીઆ ૧,૨૦,૦૬૩ દર વરસે આ રાજ્ય ભરે છે. આગળના વખતમાં આ રાજ્ય કાઠિયાવાડના બીજા રાજ્યો પાસેથી 'ખીચડી' અથવાતો 'ઘોડા વેરો' એ નામનો કર વસુલ કરતું. આ સ્ટેટના કુલ ગામો ઉજજડ ટીંબાઓ સહિત ૭૧૨ છે. તેમાં સ્ટેટ ખાલસા ગામોની ખેડવાલાયક કુલ જમીન એકર ૨૦,૫૨,૪૨૩–૧૬ની છે. **તળાવો**–આધિઆ, (એકર ૧૫૯) હંસથળ (એ. ૧૫૦) વિજરખી (એ. ૧૭૨) તેટલા એકરને પાણી પુરૂં પાડે છે. તે સિવાય આટકોટની બુઢણપરી નદિ તથા પારેવાળાની બેટી નદિને બંધબાંધી તેના પાણીનો પણ ઉપયોગ લેવામાં આવે છે. લાખોટા, જીવણસર, રાણસર, રાવળસર, ફાળુભાર, કોઝ. ભુજીયો, તળાલા અને કંચોળમું વિગેરે નાના તળાવો છે. છેલ્લા કેટલાએક વર્ષો થયાં જામનગર શહેરની પ્રજાને પાણી પુરૂં પાડવા માટે જામનગરથી દક્ષિણે લગભગ છએક માઇલ દૂર નાગમતિ નદિને આડો પાકો બંધ બાંધી તેનું પાણી દરિઆમાં વહી જવા નહિં દેતાં એક વિશાળ **રણજીત–સાગર** નામનું તળાવ બાંધવાનું કામ ચાલુ છે. સદરહુ તળાવમાં ૧૨૦૦૦ લાખ ઘનફુટ પાણી સમાઇ શકશે. તે તળાવનો ઘેરાઓ ચાર ચોરસ માઇલ અને વધુમાં વધુ ઉંડાઇ ૫૪ ફીટ થશે. તેની નહેરો વાટે જામનગરને પાણી પુરૂં પાડવા યોજના થયેલ છે. તે ઉપરાત આસરે ૧૮૦૦૦ ઉપરાંત કુવાઓ આ સ્ટેટમાં છે. **એગ્રીકલચરલ ફાર્મ**—એકસપેરીમેન્ટલ (અખતરા કરી બતાવવા સારૂં) ફાર્મ ત્રણ છે. (૧) અલીયાબાડા જે સીડ ફાર્મ તરીકે ઓળખાય છે. (૨) સેન્ટ્રલ ફાર્મ જામનગરમાં છે. (૩) ડીમોનસ્ટ્રેશન ફાર્મ કંડોરણામાં હતું. જેમાં નીચે પ્રમાણે અનાજ વિગેરે પાકોના અખતરાઓ કરી બતાવવામાં આવ્યા હતા. બાજરો ૯ જાતનો જુવાર ૧૭ જાતની ઘઉં ૬ જાતના, કપાસ ત્રણ જાતના, અને શેરડી ૨ જાતની, એ પ્રમાણે ઉત્તમ કોટીની પંકિતમાં ઉપરના આખતરાઓ સફળ નીવડયા હતા. **રેલ્વે**—રાજકોટથી ઓખાપોર્ટ સુધીની છે. જેની લંબાઇ ૧૫૬—૩૫ માઇલની છે. તેમાં જામનગર રેલ્વે, જામનગર દ્વારકા રેલ્વે, અને ઓખામંડળ રેલ્વેનો સમાસ થાય છે. એ ઉપરાંત સ્ટેટ ટ્રામવે બેડીબંદર તથા રોઝી સુધી જાય છે. અને તે કચ્છમાં જવાનો સુમાર્ગ છે. **રેલ્વે સ્ટેશનો**:—જામનગર, અલીયાબાડ જામ–વણથલી, હડમતિઆ, પડધરી, જામ–જોધપુર બાલવા વાંસજળીય સુખપર લાખાબાવળ, પીપળી, મોડપર, ખંભાલીયા, ભાતેલ, બોપલકા, ભાટીયા, તે ઉપરાંત સલાયા તથા કાંડાવડ આઉટ એજન્સીના સ્ટેશનો છે. સ્ટેટના દરેક તાલુકાઓમાં ટેલીફોન છે. અને (જ્યાં ટેલીફોન નથી ત્યાં) ગવર્નમેન્ટ ટેલીગ્રાફની સગવડ છે. મોટર ખટારાઓ જામનગરથી આજુબાજુ ૬૫—૮૦ માઇલ સુધી દોડે છે. **મીલીટરી**:—લાન્સર્સ (રસાલા) ની કુલ સંખ્યા ૬૨૭ની છે. તેમાં (૧) કમાન્ડીંગ ઓફીસર (૧) મેજર (૧) કેપ્ટન (૨) લેફ્ટન્ટસ (૧૩) ઇન્ડીઅન ઑફીસર (૫૫) એન. સી ઓફીસર (૨) કેરેટ ઓફીસર અને (૨૫૨) બીજા હોદ્દેદારો છે.

ઇન્ફન્ટ્રી (પલટન)ની કુલ સંખ્યા ૨૩૬ની છે. શીરબંધીની સંખ્યા ૧૫૦ની છે. પોલીસની સંખ્યા ૮૯૦ની છે. તે ઉપરાંત ગામડાઓના વીલેજ પોલીસની સંખ્યા કુલ ૧,૧૭૦ તેમાં ૧૧૩ પોલીશ પટેલ, ૪૨૩રેવન્યુ પટેલ, પોલીસ પટેલનું પણ કામ કરે છે. તે તથા ૭૩૪ ચોકીયાત છે. **મેડીકલખાતું**—તેમા ૫ હરપીતાલો છે. (૧) ધી ક્વીન હોસ્પીટલ જામનગર (૨) ધી વીકટોરીઆ જ્યુબીલી હોસ્પીટલ જામનગર (૩) બાશ્રી સજુબા હોસ્પીટલ જામનગર (જેમાં એકસર તથા રેડીયોની ઉત્તમ સારવાર અપાય છે. તેમજ હડકાયા કુતરા જેઓને કરડેલ હોય તેઓને ઇન્જકશન અપાય છે. હાલમાં જામનગરમાં મોટે ખર્ચે એક અસાધ્ય રોગના માટે ધી સોલેરીયમ છે. જે સાધન દુનિયા ભરમાં ત્રણ સ્થેળેજ છે. [૪] બાઇ મોંઘીબાઇ હોસ્પીટલ ખંભાળીયા [૫] રામરક્ષ હોસ્પીટલ જોડીઆમાં છે. તે ઉપરાંત જામનગરમાં સીટી ડીસ્પેન્સરી, જેઇલ ડી૦, લાન્સર્સ ડી૦, તથા આંખની અને દાંતની મળી પાંચ ડીસ્પેન્સરીઓ છે. સ્ટેટના તાલુકાઓ અને ગામોના મળી બીજા ૨૧ દવાખાનાઓ અને ૬ ટ્રાવેલીંગ ડીસ્પેન્સરીઓ છે. તેવાં ગામોના નામો—ભાણવડ, લાલપર, કાલાવડ, કંડોરણા આટકોટ, કલ્યાણપર જામજોધપુર, પડધરી, બાલંભા, રાવળ, નવાગામ, લતીપુર, બેડી, શાણથલી ભાડતા આમરણ રાણ, રાસંગપર, હડીઆણા, શાપર અને ધુડસીઆ. **કેળવણીખાતું**:—કુલ ૨૬૪ શાળાઓ છે. તેમાં ૩ હાઇસ્કૂલ ૬ એન્ગ્લોવર્નાકયુલર સ્કૂલ, ૧૭ અંગ્રેજી મીડલ સ્કૂલ અને કલાસો ૨૦૫ ગુજરાતી શાળાઓ અને ૨૪ કન્યાશાળાઓ છે. તે ઉપરાંત છ સ્પેશીઅલ કેળવણીની સંસ્થાઓ છે. **હાઇસ્કૂલ**—જામનગર, ખંભાળીયા અને જોડીયામાં છે. **એન્ગ્લો-વર્નાકયુલર સ્કૂલ**—ખંભાળીયા. કાલાવડ, કંડોરણા, પડધરી, જામજોધપુર, રાવળ, અને જામનગરમાં (૩) તેમાં એક અંગ્રેજી પાંચમા ધોરણ સુધીનું કન્યા વિદ્યાલય છે. અંગ્રેજી કલાસ—લાલપર, ભાણવડ, હડીઆણા. આટકોટ, સલાયા, આમરણ, કલ્યાણપર, બાલંભા, લતીપુર, વાંસજાળીયા જામ—વણથળી, ગુંદા, પડાણા, બેડ, શાપુર, અને સુખપર—નાગડામાં છે. બાનગી શાળાઓ જામનગરમાં એક મેમણની અને એક વહોરાની એમ બે અંગ્રેજી શાળાઓ છે. એક બાળમંદીર છે. તથા મહંતશ્રી આણદાબાવા અનાથાશ્રમની શાળા છે. અને બે બીજી શાળાઓ છે. **ધાર્મિક શિક્ષણ**-જામનગરમાં તેમજ ખંભાળીયામાં સંસ્કૃત પાઠશાળાઓ છે. તથા મુસલમાની મદ્રેશાઓ છે જામનગર સંસ્કૃત પાઠશાળા એ કાશી અને કલકત્તાની સસ્કૃતયુનિવરસીટીની પરીક્ષામાટેનું સેન્ટર છે. અને તેમાં વિદ્યાર્થીઓને રહેવાની ઉત્તમ સગવડ છે, અને તેમાં **શ્રીરણજીતસિંહજી** ભોજનાલય છે. **પોયસ્ટાફીસ**ની સંખ્યા ૨૬૧ જામનગરમાં. જોડીઆમાં ૪૮, જામજોધપુર ૩૨, જામ—વંથળી ૨૪, સલાયા ૧૭, બાલંભા ૧૮, કાલાવડ ૧૫, ભાણવડ ૩૨, ખંભાળીયા ૧૬, મળી કુલ ૪૬૩ની છે. **હોસ્ટેલો** ૧૨ તેમાં જામનગરમાં—૧ લોહાણાની, ૧ ભાટીયાની, ૧પ્રાહ્મણની, ૧ખોજાની, ૧ભણશાળીની, ૧કણબીની ૧જૈનની, ૧(સ્વામીનારાયણની થવાની તૈયારીમાં છે.) તે ઉપરાંત જોડીયા, સલાયા અને ખંભાળીયામાં લોહાણા હોસ્ટેલ અને શાપુરમાં ભાટીઆ હોસ્ટેલ છે. **અપંગઆશ્રમ** ૧ શેઠ હંસરાજ લાધા તરફથી અને **અનાથાશ્રમ ૧** મહંતશ્રી **આણંદબાવાનું** છે. **જીનીંગપ્રેસ અને કારખાનાઓ**—નીચે પ્રમાણે કુલ ૧૪ જીનીંગ ફેકટરીઓ છે.—આટકોટમાં (૨) ભાડલા, ખરવાળા, જામનગર, પડધરી, જામજોધપુર, ખીજડીયા રાવળ, ખંભાળીયા, સલાયા અને લાલપર તથા **કોટનપ્રેસ**—જામનગરમાં (૧) અને જામજોધ-

પુરમાં (૧) એમ બે છે. તે ઉપરાંત જામનગર તળપદમાં અને તાલુકાના ગામોમાં મળી ફ્લોરમીલ તથા ઓઇલમીલ ૨૨૦ છે. જામનગરમાં રંગેા ચાકલેટ, પેઇન્ટસ, પ્લાસ્ટર ઓફ પારીસ, ગ્લેઝીંગવાર્નીશ, રમકડાં, પીપરમેન્ટ, અને ન્હાવાધોવાના સાબુઓ વિગેરે સારા પ્રમાણમાં બનાવવામાં આવે છે. **પ્રીન્ટીંગપ્રેસ**—સ્ટેટ પ્રેસ (૧) રેલ્વે પ્રેસ (૧) ઉપરાંત બીજા સાત ખાનગી પ્રેસેા મળી કુલ નવ ચાલે છે. એક મોટું ઇલેકટ્રીક પાવર હાઉસ છે. જેનાથી આખા શહેરને રોશની પુરી પાડવામાં આવે છે. તથા બીજા કેટલાંએક કારખાનાઓ પણ તેનાથીજ ચાલે છે.—આઇસ ફેકટરી (બરફનું કારખાનું) તથા એક મોટી રેલ્વે વર્કશોપ છે.

બંદર—અરબી સમુદ્રને કિનારે આ સ્ટેટની સરહદમાં નાના મોટાં ૩૨ બંદરોના બારાઓ [નાકાઓ] છે. તેમાં રોઝી, બેડી, જોડીયા અને સલાયા એ ચાર મુખ્ય બંદરો છે. તે સિવાય લાંબા, બેડ, ઝીંઝુડા, બોગાત, શીકા, સરમત ભરાણું, બીજડીયું, પિંડારા, અને નાવદ્રા મળી આઠ બંદરો ૧૦ છે. અને બાકીના ૧૮ નાના છે [૧] **બેડીબંદર**—મરહુમ મહારાજા જામશ્રી સર રણજીતસિંહજી સાહેબે લાખેા રૂપીઆ બંદર સુધારા પાછળ ખર્ચી, નહેરો પહોળી તથા ઉંડી કરવા માટે ડ્રેજર તથા સહેલાઇથી વજનની આપલે કરવા માટે ઉમદા ક્રેઇનો, તથા લાખેા ગુણી રહી શકે તેવાં ગોદામો, તથા વાયરલેસ ટેલીગ્રાફો, તથા જામનગરથી સમુદ્ર કિનારે બેડીબંદર સુધી **હાઇ** રોડ, તેમજ વીજળીની બત્તીથી સુશોભિત કરી, બેડીબંદરને કાઠીઆવાડનું લીવરપુલ બનાવ્યું છે. તેથી આજે દુનિયાભરમાં બેડીપોર્ટ, બેડીપોર્ટ એકી અવાજે બોલાઇ રહ્યું! તેનો દાખલો લેતાં આજે ગાયકવાડે ઓખાપોર્ટ, ભાવનગરે, જુનાગઢે, પોરબંદરે અને મોરબીએ નવલખી આદિ બંદરોનો જીર્ણોદ્ધાર કરવો શરૂ કર્યો. ઇ. સ. ૧૯૩૧માં બેડીબંદરને કિનારે ૧,૫૨, ૩૯૩ ટન જેની કિંમત રૂપીઆ ૨,૪૧,૭૧,૧૪૬ થાય તેટલો માલ આયાત થયો હતો, અને ૩૯,૮૨૯ ટન જેની કિંમત રૂપીઆ ૭૧,૩૦,૭૬૮ થાય તેટલા માલનો નિકાશ થયો હતો. [૨] **જોડીયા બંદર**—એ પુરાતની બંદર હોઇ, મોગલ શહેનશાહતના સમયમાં એ બંદર સારાએ સૌરાષ્ટ્રમાં મુખ્ય હતું. તેનો વેપાર ઘણોજ બહોળો હોવાથી ત્યાંના વહાણો જંગબાર, મસકત, બસરા વગેરે ઘણે છેટે જા' આવ કરતા. અહિંની નાળમાં અમાસ પુનમની ભરતીનું ૧૬ ફીટ પાણી ચડે છે. અને સાધારણ ભરતીનું ૧૦ ફીટ પાણી ચડે છે. નાળના કાંઠા ઉપર હોડીયા મોરા' પાસે સ્ટેટ તરફથી ૧૦૦૦ ફીટ લાંબો અને ૨૦૦ ફીટ પહોળો કુરન્જે બંધાવવામાં આવેલ છે, જેથી વેપારીલોકોને માલ ચડાવવા ઉતારવાની પુરતી સગવડ છે. [૩] **સલાયા બંદર**—અરબી સમુદ્રમાં મુંબઇથી કરાંચી સુધીના બીજા બંદરોથી સલાયા બંદર સર્વથી ઉત્તમ છે, તેની નાળ આસરે ૫ માઇલ લાંબી છે. તેના મોં આગળ કાળુભાર નામના ટાપુ ઉપર સ્ટેટ તરફથી એક દિવાદાંડી બાંધવામાં આવી છે. પરોઢીયા ગામના થડમાં વિલાયત જવા આવવાવાળા મોટા વહાણો [સ્ટીમરો] ઉભા રહે તેવી સગવડ છે, **વનની** દુઇને લીધે નાળમાં બહુ **સુરક્ષિત** જગ્યા છે. દરિઆમાં ગમે તેટલું તોફાન હોય તો પણ અહિં કાંઇ હરકત થવા સંભવ નથી. અમાસ પુનમની મોટી ભરતી વેળાએ ૫૦૦ ખાંડીના મછવા ઠેઠ સલાયા ગામના દરવાજા સુધી આવી શકે છે. [૪] **રોઝી**—અહિં પણ બેડીબંદર આવનારી તમામ સ્ટીમરો તેમજ કચ્છમાં જનારી સ્ટીમર અહિંજ

કાયમ ઉભી રહે છે ત્યાં સ્ટેટ તરફથી પાકા પુરજો બંધાવી, કચ્છમાં જનાર પેસેન્જરોને ઉત્તમ સગવડ કરી આપી છે. **દરીઆઇ ચીજો**—આ સંસ્થાનમાં દરીઆઇ ચીજોની ઘણી મોટી પેદાશ છે. સાચાં મોતી, મીઠું, વાદળી, [સ્પંજ] સમુદ્રફીણ, ચેરના લાકડાં, કરોડની છાલ, શંખલા, છીપાં, ફીણીયાપાણા, [કોરલ રીફ] માછલી વગેરે મુખ્ય છે. **મોતી**—આ સ્ટેટની હદમાં જોડીયા પાસે માંગરાની દુધથી પીંડારા સુધી આસરે ૮૦થી ૮૫ માઇલના કાંઠામાં ૪૦ ખડકોમાંથી મોતી નીકળે છે. તેમજ 'કંસારા' જાતના ઝીણાં મોતી, પણ નીકળે છે. અજાડ, કાળુભાર, શીકા, રોઝી, નોરા, ભાટધર, સચાણા, બાલાચડી, વગેરે ટાપુઓના સ્થળેથી મોતીના છીપલાંઓ જડે છે. હિંદુસ્થાન સિંહલદ્વીપ સિવાય બીજે કોઈ પણ સ્થળે આ જાતના છીપલાં નીકળતાં નથી. અમાસ પુનમના ભરતીઓટનું પાણી, કિનારેથી જેટલે દુર જાય તેટલા ટાપુની અંદર એ છીપો જડે છે. તેથી દુર ઉંડા પાણીમાં થતી નથી. એટલે જામનગરની મોતીની છીપો મેળવવામાં વિશેષતા છે. સિંહલદ્વિપ અને ધરાની આખાતમાં આવી છીપો ઉંડા પાણીમાં થતી હોવાથી ડુબકી મારનાર તારૂઓનો ખપ પડે છે. ત્યારે અહિંતો એ કામ કરનારાઓ વાધેરના નાના છોકરાઓ એ છીપો શોધી લાવે છે. જામશ્રી રાવળજીના વખતથીજ સાગર મોતીની ભેટ જામને ઘરણે ઘેર છે. પરતું વચ્ચે મોગલ સત્તાવખતે ઔરંગઝેબના સમયમાં થોડો વખત છીપો કાઢવાનું ધરાદા પૂર્વક બંધ રાખેલ હતું. ચોમાસામાં જો વરસાદ જોસબંધ વરસે તો મોતીની છીપો વધારે પાકે છે. જેઠથી આસોમાસ સુધી તે છીપો શોધી કાઢવામાં આવે છે. ખડકપરનો કાદવ વરસાદથી ધોવાઇ જતાં છીપો સ્વચ્છ દીઠામાં આવે છે. જ્યારે ભરતીનું પાણી આવે છે. ત્યારે છીપો લેવા જનારાઓ પોતાના મચ્છવા ત્યાં નાંગરે છે. અને—ઓટ થતાં, તે લોકો ઉતરી છીપો વીણી, કોથળાઓ ભરે છે. તે વખતે ત્યાં ફીટ કે બે ફીટ પાણી ઉંડું હોય છે. કોઇ સ્થળે પાણી મુદલ હોતું પણ નથી પછી તે છીપો મોતીખાતાના અધિકારી રૂબરૂ છરીથી ચીરી તેમાંથી નીકળેલાં મોતીઓ જામનગર લાવી તેનું વર્ગીકરણ કરી તેની કિંમત કરાવે છે. તે થતી કિમતની ૪ રકમ મોતી કાઢનારને મજુરી બદલ અપવામાં આવે છે. કોઇ વખતે મોટા નંગનુ મોતી મળી આવે તો તે લોકોને સારૂં ઇનામ પણ મળે છે. કોઇ વખત ચણીયા બોર જેવડાં મોટાં મોતી પાણીદાર કિંમતી નીકળે છે. દર વર્ષે મોતી નહિં કઢાવતાં, બે ચાર વર્ષે કઢાવે તો કદમાં મોટાં અને સંખ્યમાં પણ વધારે નીકળે તેવો અનુભવી માણસોનો મત છે. [તેમ વિ.સં. ૧૯૫૧માં પ્રસિદ્ધ થયેલ જામનગરની ઔદ્યોગિક સંપત્તિના કર્તા લખે છે] આગળના વખતમાં બહુજ ઉમદા મોતીઓ નીકળેલ તેની માળાઓ મહારાજાશ્રી શુભ પ્રસંગે પહેરે છે. અને તેથી **'જામ મોતીયુંવાળા'** કહેવાય છે. હિંદુસ્થાનમાં ઘણાં બંદરી રાજ્યો છે, પણ મોતીનો ખાળો તો જામસાહેબનેજ ઘેર છે. ઇશ્વર તે અવિચળ રાખે!!

(૨) **મીઠું**—મીઠાનો પાક આ સ્ટેટની હદમાંથી જેટલો લેવા ધારીએ તેટલો લેવાય તેમ છે. બ્રિટીશ સત્તાનો અંકુશ જ્યારે મીઠા ઉપર નહોતો ત્યારે :અહિંના ગામ બાલંભા, ઝીંઝોડા, પિંડારા, બેડી, હડીઆણા, ગુરગઢ, બેડ, અને લાંબા વગેરે સ્થળે મીઠાની પેદાશ થતી અને ત્યાંથી જંગબાર આદિ દેશાવરમાં હજારો ખાંડી જતું. હવે ત્યાંથી કુદરતી પાકતું મીઠું

ભુસી નાખવું પડે છે. હાલ માત્ર બેડી, હડીઆણા અને ગુરગઢ એ ત્રણ જગ્યાએ મીઠું પકવવામાં આવે છે. ઇગ્લાંડ વગેરે દેશોમાં મીઠાને દેવતાથી ઉકાળીને પકાવે છે. જ્યારે જામનગર સ્ટેટનું મીઠું પોતાની મેળે સુર્યના તાપથી પાકી જાય છે. બેડી અને હડીઆણાના ખાળામાં દરિઆકાંઠે રણમાં કુવાઓ ગાળી મીઠું પકાવવાવાળા તેનું પાણી ક્યારાઓમાં કોસ વડે રેડી સુર્યના તાપથી પકાવે છે. તેવા કુવાઓ હડીઆણામાં ૨૫ અને બેડીમાં ૧૦થી વધુ છે. મીઠું પકાવનારા માલેહી મુસલમાન અને ગોલારાણા હિંદુઓ છે. ત્રણ ત્રણ દહાડે ક્યારાઓમાં પાણી સુકાતાં નવું ભરે છે. એમ આઠ દસ વખત પાણી ભરી, તેને ત્રણ ચાર અઠવાડીયા સુકવતાં તે ક્યારાઓમાં બબ્બે ઇંચ જાડો મીઠાનો થર જામી જાય છે. તે લોકોને તેવા કુવાનો અમુક ટેકસ ભરવાથી વંશ પરંપરાનો હક મળેલો છે. અને તેમાં તેઓ છ સાત માસ કામ કરી મીઠું પકાવી અમુક ભાવે દરબારશ્રીને આપે છે. અને તે સ્ટેટ તરફથી તાલુકાની વખારોમાં પહોચાડવામાં આવે છે. તે મીઠાને 'ગસીયું મીઠું" કહેવામાં આવે છે. ગુરગઢ અને પિંડારા, વચ્ચે એક ખારી જગ્યા છે. તેમજ ગુરગઢના રણમાં એક ધોડાઝર * નામની ખારી નદી છે. તે જગ્યા આસરે અઢી હજાર ફુટ લાંબી અને પચાસ ફુટ પહોળી છે. તેમાં પોષ અને મહામાસમાં જ્યારે ઉગમણો પવન ચાલે છે. ત્યારે તે પવનના જોરથી દરિઆની ભરતીનું પાણી તેમાં બે ચાર વખત આવી, તે જગ્યામાં ભરાઇ જતાં, સુર્યના કિરણથી ત્યાં કુદરતી રીતેજ જામી જતાં તેનો થર બેથી અઢી ફુટનો જાડો થાય છે. તે માણસો કોદાળી વતી ખોદી. પાણી બહાર લાવી ઢગલોઓ કરે છે. એ ધોડાઝારનું મીઠું પાકલ અને વડાગરા મીઠાં જેવુંજ દેખાવમાં અને ગુણમાં પણ છે. એ ધોડાઝરની પાટમાં જો આપણે થોડાં તણખલાં નાખીએ તો તેની ઉપર મીઠાંના જુદા જુદા નમુનાના કુદરતી રમકડાં બની જાય છે. ગુરગઢનું મીઠું ઘણું સફેદ અને કચરા વગરનું થાય છે.

(૩) વાદળી (સ્પંજ) જામનગરની હદમાં કાળુભાર અજાડ નોરા તથા પરવાળાના બેટમાં વાદળી ઘણી નીકળે તેમ છે. પણ તે કાઢવાનો ધંધો કોઈ કરતું નથી. ભૂમધ્ય સમુદ્રમાં જેવી ઉમદા જાતની વાદળી નીકળે છે તેવીજ વાદળી પ્રયત્ન કરવાથી અહિં પણ નીકળવા સંભવ છે. દરિઆના સૂક્ષ્મ જંતુઓ રહેવાના માટે પોતાનાં ઘર બનાવે છે. તે ચીજનું નામ વાદળી છે. આવાં જીવડાં અસંખ્ય હોય છે અને તે થોડો વખત જીવી મરી જાય છે. (૪) **સમુદ્રફીણ**—હાલારમાં દરિઆ કાંઠે સમુદ્રફીણ ઘણે ઠેકાણે તણાઇને આવે છે. તેનો ઉપયોગ દવા તથા લાકડું સાફ કરવાના કામમાં થાય છે. સમુદ્રફીણની લંબાઇ આસરે સાતથી આઠ ઇંચ અને પહોળાઇ સવાથી દોઢ ઇંચની હોય છે. તેની નીચલી બાજુ જુવારના સાંઠાના ગરભ જેવી નરમ હોય છે તેને જો જથ્થાબંધ ભેળાં કરી પરદેશ મોકલવામાં આવે તો તેનો વેપાર સારો ચાલે તેટલાં પાકે છે. કેટલાક લોકો સમુદ્રના ફીણ કાંઠે આવી જામી જાય છે. તેને સમુદ્રફીણ સમજે છે. પરંતુ તેમ નથી 'કટલફીશ' નામની એક દરિઆઇ માછલી છે તેને કંસારીના જેવાં નાના નાના શીંગડાઓ હોય છે. તે જ્યારે મરી જાય છે ત્યારે તેની પીઠ ઉપરની હાડકી જાડી થઇ દરીઆમાં તણાઇને કાંઠે આવે છે તેને

* કહેવાય છે, કે એ ધોડાઝારનો સર્પ જેને કરડે તે મરણજ પામે ઉતરે તેવો ઝેરી છે

સમુદ્રફીણ કહેવામાં આવે છે. એ માછલી સંબંધી બીજી પણ એક વાત છે કે તેની પાછળ દરીઆઇ જંતુ (તેનો કોઈ શત્રુ) તેને મારવા આવે છે ત્યારે તે ભાગતાં ભાગતાં પેટમાંથી એક કાળો પદાર્થ કાઢતી જાય છે તેથી દરિઆનું પાણી તેટલામાં કાળા રંગનું થતાં તેની પાછળનું પ્રાણી તે માછલીને દેખી શકતું નથી તેથી ભાગવું સુગમ પડે છે. તે કાળા પદાર્થને 'સીપીઆ' કહે છે અને તે કાળા રંગમાં વપરાય છે. (૫) **ચેર** એ ઝાડ દરિઆ કાંઠે ક્રીચડમાં જેટલી જગ્યાએ સાતમ આઠમનું ભાંગનું પાણી ફરે છે તેટલી જગ્યામાં ઉગે છે. તેનાં મોટાં મોટાં જંગલ આ રાજ્યમાં માંગરા, ખેડી, રોઝી, પીરોટન, બાલાચડી, કાળુભાર, ધની, અને પિંડારામાં છે. તેનું ઝાડ પાંચ છ વર્ષ ન કપાય તો તે વધીને તેનું થળ આસરે બે ફીટના વ્યાસનું થાય છે. બંદરનાં ગરીબ લોકો તેના લાકડા કાપી મછવા ભરી બંદરકાંઠે ઢગલા કરે છે તેમાંથી 'રાજભાગ' આપી બાકીનાં વેંચે છે. તે લાકડાં સુકાયા પછી બળતણના કામમાં વપરાય છે. તેમજ તેના પાંદડાં તથા ફળો ઢોર ખાય છે. તેથી તેનું દૂધ વધે છે તેમ લોકો માને છે. (૬) **કરેાડની છાલ**—તેની પેદાસ ચેરના ઝાડની પેઠેજ છે અને તે ઝાડ ચારથી પાંચ ફીટ ઉંચું થાય છે. તેની છાલ રાતી હોય છે તે ખાસ ચામડાં રંગવાના ખપમાં આવે છે. તેથી દરબારશ્રી અમુક ટેકસ લઇ કાપવા આપે છે અને લોકો મુંબઇ, કચ્છ વગેરે સ્થળે મોકલી તેનો વેપાર ચલાવે છે તે લાકડાની છાલ કાઢી લીધા પછી લાકડું બળતણમાં વપરાય છે. (૭) **શંખલાં-છીપો** અહિંની દરિઆઇ હદમાં અનેક પ્રકારના શંખલાઓ, છીપો, કોડાં વિગેરે નીકળે છે. તેમાંના કેટલાકતો એવા મનોહર હોય છે કે તે જોઇને આપણને કુદરતી બનાવનો આશ્ચર્ય થાય છે. છીપલાનો ચુનો ઉંચા પ્રકારનો બનતાં તે પ્લાસ્ટરના કામમાં વપરાય છે. છીપોને સુતારલોકો કાનસથી ઘસી લાકડાના કામમાં જોગણીથી બેસારી નકસી કામમાં વાપરે છે. તેમજ તે છીપો દેશાવર પણ જાય છે. શંખો પુષ્કળ નીકળે છે. તેમાં કોઇ સ્થળે કવચિત દક્ષિણાયન શંખ કોઇને હાથ આવે છે તે દક્ષિણાયન (જમણી બાજુએ જેનું મુખ હોય તે) શંખ વિષ્ણુનું આયુધ જાણી ઘણાં રાજાઓ શ્રીમંતો અને યોગીઓ પુજનમાં તેવો *શંખ રાખી સેવા કરે છે. તેથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેવું ઘણાનું માનવું છે (૮) **ફીણીઓ પાણો તથા પરવાળાના ખડકો**—(કોલર રીફસ) આ રાજ્યની દરિઆઇ હદમાં નોરા, કાળુભાર, ધની અને સલાયાની નાળમાં, ધોળા ફીણીયાપાણાના મોટા ખડકો છે. આ ખડક પોલીપ નામના સૂક્ષ્મ જંતુઓ સમુદ્રના પાણીમાંથી ચુનાનો અંશ શોધી કાઢી બનાવે છે. તે જીવડાં જે પાણીમાં દરિઆના મોજાં હોતાં નથી તે જગ્યાએ જીવી શકે છે. તે પાણાનો રંગ કાંઇક કાળાશ પડતો ધોળો છે. અને મધપુડા જેવા ઘાટનો ઝીણાં કાણાંવાળો દેખાય છે. ભરતીનું પાણી ઓટ થાય ત્યારે તે પાણો કાઢવામાં આવે છે. દસ દસ ઘનફીટ સુધી કાઢવો હોય તો તે નીકળે છે. તેને દરિઆઇ પાણી કે હવાથી લુણો લાગતો નથી. તેથી ઇમારત કામમાં વપરાય છે સલાયા ગામમાં કેટલાંક ઘરો અને શહેરનો ગઢ તે

* ભલે તેવા આકારનો મોટો શંખ નહોય અને નાની શંખલી હોય તો પણ તે અવશ્ય પુજનનું ફળ આપે છે. જ્યારે અન્ય આકારનો મોટો શંખ પુજવો તે નિરર્થક છે. કહેવત છે. કે 'દે લાખ' તો લે 'સવાલાખ' એ લપોડશંખની વાત મુલક—મશહુર છે.

પાણીનોજ બાંધેલ છે. તેમજ તેનો ચુનો પણ બની શકે છે. તે વજનમાં હલકો અને છીદ્રવાળો હોવાથી તેની પાણી ગળવાની ગરણી (ફીલ્ટર) બનાવીએ તો બની શકે છે તે પાણીની ધોળા પાણા જેવી સાફ ધડાઇ થાય છે. અને લાકડ કામને ઓપ દેવો હોય તો આ પાણાથી ઘસી ઓપ દેવાય છે. મુંબઇથી વપરાતા રાતા સમુદ્રમાંથી આવેલા રોટન સ્ટોનને બદલે આ પત્થરનો ઉપયોગ થઇ શકે તેવું છે. જો પ્રસિદ્ધ કરવામાં આવે તો તેવો પત્થર બીજે નહિં નીકળતો હોવાથી વેપાર પુષ્કળ ચાલે તેવું છે. (૯) **માછલાં**—આ રાજ્યની હદમાં ૫૦–૬૦ જાતના માછલાં નીકળે છે તેમાં ચાવર, ગોરડ, ડાંગર, ધારડ, છોડી, દંતીઓ, પથુડો, ખગી અને કાળુ એ જાતના મુખ્ય છે. કેટલાંએક પાંચ સાત ફીટ લાંબા હોય છે, મગરમચ્છો દસથી પંદર ફીટ લંબાઇના નીકળે છે. માછલાંના કાળજાં ઉકાળી તેમાંથી તેલ કાઢી વાધેરો બાળવામાં અને રસોઇમાં વાપરે છે. ચાવર તથા ગોરડ જાતના માછલાંના પેટમાંથી વાધેરો પોટા કાઢે છે તે મેમણ વોરાઓ ખરીદી મુંબઇ મોકલે છે અને ત્યાં તેનો આશરી ગ્લાસ (સરેસ) થાય છે. માછલાંઓને મચ્છીમાર બે રીતે પકડે છે (૧) જ્યાં ભરતીનું પાણી આવતું હોય ત્યાં કોરા પાણાંના મોળ વાડા ચાર પાંચ ફુટ ઉંચા કરે છે તે બે વર્ષમાં કડા જામવાથી ચુનાનાં ચણતરથી પણ મજબુત જામી જાય છે તેમાં ભરતીના પાણી સાથે માછલાં આવે છે તે પાણી ઓટ થતાં તેમાં જે રહી જાય છે તેને તેઓ પકડી લે છે. (૨) **ઉંડાપાણીમાં** બાવળની ડાળો, ઝરડાંઓ ખોડી, તેમાં વાંસડા, કાંટા બાંધી વાડા કરે છે તેમાં પણ ઓટ વખતે જે માછલાંઓ રહી જાય છે તેને પકડી લ્યે છે. આવા વાડાઓ ઉપર તેઓ માલીકીનો વંશપરંપરાનો હક ધરાવે છે. ભરતીના પાણી વખતે ગોરનું ક્ષીર (દૂધ) પાણીમાં નાખે છે તથા જળ પાથરીને પણ કોઇ પકડે છે. ઉપરના વાડાઓ બાલાચડી, સચાણા, બેડ, સલાયા વગેરે સ્થળે ઘણાં છે. તેમાં બાલાચડી અને સચાણામાં કાળું, (ઓઇસ્ટર) પથુડા જાતના માછલાં ઘણાં મળે છે જે પ્રાંતમાં પ્રસિદ્ધ છે.

તરી વ્યાપાર—બેડી બંદર બોલતાં પુષ્કળ વધ્યો છે. આયાત નિકાશ ઘણાં પ્રમાણમાં દૂર દેશાવરોથી થાય છે. ફ, ઉન, મગફળી પુષ્કળ નિકાશ થાય છે. જામનગર સ્ટેટની ઉન લાંબા તંતુ વાળી અને સુંવાળપ વાળી વિષેશ હોવાથી ઘણે પ્રસિદ્ધ છે. વિદેશમાંથી આવતો માલ કાઠીઆવાડમાંના બીજા રાજ્યોથી બેડી બંદર ઉપર સસ્તો મળે છે. જર્મન અમેરીકા અને વિલાયતની મોટી સ્ટીમરોનો માલ બાંધેલી મુદતની અંદર ઉતારી ચડાવી લેવાના ઉમદા સાધનોથી બેડીના વાધેરોએ તે કંપનીઓ તરફથી ઘણા ઇનામો મેળવેલાં છે. એ સઘળો પ્રતાપ પ્રજાપ્રિય મરહુમ **જામશ્રી રણજીતસિંહજી** સાહેબનો છે. કે જેઓશ્રીએ જેમ જામશ્રી રાવળજીએ પોતાના બાહુબળે હાલાર મેળવી રાજ્ય સ્થાપી ગયા તેમજ બેડી બંદર ખોલી તેટલીજ રકમની નવી પેદાશ પોતાના બુદ્ધિ બળે આ સ્ટેટને વધારી આપી પોતાનું નામ જામનગરનાં ઇતિહાસમાં સોનેરી અક્ષરે ચિરસ્થાયી રાખી ગયા. **બનીજ પદાર્થો**—અજડ બેટમાં કુવું નીકળવાનો સંભવ છે. જામ ખંભાળીયા, રાણ, લાલપુર, ભાટીયા, વડત્રા, દાત્રણા, અને બીજે ઘણે ઠેકાણે લોહું નીકળે છે. રાણથી આથમણી તરફના કુંગરમાંથી તથા બરડાના કુંગરમાંથી ઉત્તર તરફના કચ્છના અખાતસુધી અશોધિત લોહું નિકળવા સંભવ છે. આજથી

૮૦, ૯૦ વર્ષ પૂર્વ ખંભાળીયા, લાલપુર, દાત્રાણા, રાણપુર, રાણ અને મુરગઢ વગેરે સ્થળે લોઢું ગાળવાની ભઠ્ઠીઓ હતી. આ રાજ્યમાં નીકળતું લોઢું પરદેશી લોઢાથી ઘણુંજ નરમ તેનો ઉપયોગ માત્ર બંદુકોની નાળ વગેરે બનાવવામાં થતાં. તે બંદુકો જામનગરી (જામગરી) બંદુકોના નામે ઓળખાય છે. ઇ. સ. ૧૮૩૮ની સાલમાં કેપ્ટન લી. ગ્રાન્ડ જેકએ કાઠીઆવાડના લોઢાના ઉદ્યમ સંબંધી સરકારમાં રીપોર્ટ કર્યો હતો, તેમાં તે લખે છે કે ' જામનગરના રાજ્યમાં તે વખતે ૭ ભઠ્ઠીઓ ચાલતી હતી, તેથી આસરે ૧૫૦ ટન શુદ્ધ લોઢું દર વર્ષે પેદા થતું હતું." રાણપુરમાં બળતણ પુષ્કળ મળતું હતું. તેથી ત્યાં ભઠ્ઠી સ્થાપી હતી. અશુદ્ધ ધાતુ રાણપુરથી અઢાર ગાઉ ઉપર રાણનો ડુંગર છે ત્યાંથી લોઢું ગાળવાવાળા લાવતા હતા. ત્યાં બે જાતનું લોઢું તૈયાર થતું, તેમાં એકનું નામ **મારકાનું** અને બીજાનું નામ **ચોટીયું** કહેતા બજારમાં જે પરદેશી શકાઇ લોઢું મળે છે. તે અને મારકાનું લોઢું ગુણમાં મળતું હતું. પણ તફાવત માત્ર એટલોજ કે મારકાના લોઢાને કાટ જલદી લાગતો ન હતો. ચોટીયું અને રૂપાશાહી એ ઘણે દરજ્જે સરખાં છે. દરેક ભઠ્ઠીમાં આશરે સાતથી નવ મણ સુધી અશુદ્ધ ધાતુ નાખી પાંચથી સાત કલાકમાં તેનો રસ કરતા હતાં આ રસ ઠંડો થયા પછી ફરીથી તપાવી ઘણથી ટીપી શુદ્ધ કરી તેની બજ્જે મણની કાંબી કરતા હતા. આવી ભઠ્ઠીનું દરોજનું ખર્ચ આશરે ૩૩ કોરીનું હતું અને ઉપજ કોરી ૪૮ની હતી, મારકાનું લોઢું ૮ કોરીના મણથી વેચાતું. લોઢું ગાળવાવાળા વર્ષમાં આઠ માસ કામ કરતા. લોઢું ગાળવામાં મુખ્ય ત્રણ વસ્તુની જરૂર છે (૧) લોઢાની અશોધિત ધાતુ, (૨) ચુનો (૩) કોયલા તેમાં કોયલા અગર બરતણ સસ્તુ હોયતો લોઢું ગાળવાનો ધંધો ચાલી શકે નહિંતર વધુ નફો ન રહે "જીપ્સમ (ચીરોડી) જેનું પ્લાસ્ટર ઓફ પારીસ બને છે. તે નંદાણા, બેડ, ભાટીયા, વગેરે સ્થળે, શુદ્ધ, ચોસલાંના આકારે નીકળે છે. તે ધાતુના પુતળાં તથા કોતરણી કામના નમુનાઓ, તથા કોઇ પણ વસ્તુના બીજા બનાવવાં હોય તો આ વસ્તુથી બને છે. તેમજ બીજા પણ ઘણાં કામમાં જીપ્સમ વપરાય છે. ખારો—હાલાર પ્રદેશમાં જે સ્થળે દરીઆની ભરતી પહોંચતી નથી. તેવી ખારી જમીનમાં ખારો જથ્થાબંધ થાય છે. અને કાઠીઆવાડ તથા કચ્છમાં તે મોકલવામાં આવે છે. તેનો ઉપયોગ કપડાં ધોવાના કામમાં, સાબુના કારખાનામાં થાય છે. તેને ધોઇને શુદ્ધ કરીએ તો તેમાંથી સોડા નીકળે છે, તેની બે જાત છે. (૧) ધુળીયો (૨) પાપડીયો. માગસર પોષ અને માહમાસની ઠંડીમાં સવારે ખારી જમીનમાં પાતળો અને ધોળો ખારાનો થર જામી જાય છે. તેને બૈરાંઓ વહેલાં જઇ લઇ આવે છે. તડકો થયા પછી બપોરે તે ઓગળી જાય છે. તે ખારાથી લુગડાંની અને માથામાંથી તેલની ચીકાશનો ભાગ નીકળી જાય છે.

આરસપહાણ (મારબલ) આ રાજ્યમાં ધોળો આરસ મુંદા, આરાંબરડી, કરજાડા, બાલાચડી, મયાત્રા વગેરે પાંચસાત ઠેકાણે નીકળે છે. પણ તેની જાથું ખાણ કોઇ સ્થળે નથી. ઉત્તરથી દક્ષિણ તરફ આરસનું વળીયું, ઉપર લખ્યા, ગામોની સીમમાં જાય છે તે વળું આસરે ૧૦–૧૫ ફીટ પહોળું અને ૫ થી ૨૦ ફીટ સુધીની જાડાઇનું છે. કેટલેક સ્થળે એ વળું જમીનના ઉપરના ભાગમાં પણ દેખાય છે. અને કેટલેક સ્થળે મોજ કાઢી વળું છતું કરવું

પડે છે. એ વળું સરખું એક જીવ થયેલું નથી. પાણાના મોટા મોટા ગદાડાં એક બીજા ઉપર માટી સાથે પડેલાં છે. તે ઉપરથી જણાય છે કે ધરતીકંપ કે જ્વાળામુખીના કાર્યથી આ સ્થિતિમાં તે આવી પડેલ છે, આ આરસપાણ તે સ્ફાટીકમય ધોળો પત્થર છે તે બહુજ કઠણ અને બટકણો છે. જયપુર તથા પટાલીદેશના આરસ કરતાં ઘણે દરજ્જે ઉતરતો છે. તો પણ તે આરસના પુતળાં કે મુર્તીઓ બની શકે તેમ છે. કેમકે તેના માથે બહુ ઉંચા દરજ્જાનો ઓપ ચડી શકે તેમ છે. બાલાચડીનો પાણો જથ્થાબંધ નીકળી શકતો નથી. જે નીકળે છે તેમાં રાતા તથા કાળા ચાટપટા છે. તેથી તેના રમકડાં ઘણાં સુંદર બને છે તે પાણો ઘડવામાં પણ ઘણો સહેલો છે. **રાતો પાણો**—(રેડ ઉલીટીક સ્ટોન) રાતો પાણો જેને લોકો ભુલમાં રાતો આરસ કહે છે તેની મોટી મોટી ગડો અને છીપરાં મોજે પીંડારા, ગાગા તથા રાણની સીમમાં મળે છે. આ પાણો, માટીના બંધારનો છે. તેમાં છીપલાં તથા લોઢાનો અંશ છે. એથી ઉત્તરતા દરજ્જાનો પીળો પાણો ગુરગઢ તથા ગાગાની સીમમાં ઘણો નીકળે છે. રાતા પાણાના થાંભલા, સરા, બેસણી અને કુવારા વગેરે અનેક સુંદર ચીજો બને તેમ છે, દરિઆની હવાથી તેને લુણો લાગતો નથી. આરસ કરતાં ઘડવામાં સહેલો અને સસ્તો હોવાથી સુશોભિત ઇમારતના કામમાં વાપરવા લાયક છે. **કાળો પાણો**—(ટ્રેપ) બેડી, પડધરી, જાંબુડા અને વોડીસાંગમાં કાળા પત્થરની ખાણો સારી છે. તેમાં જાંબુડાનો પાણો ઉત્તમ પ્રકારનો છે, વળી જથ્થાબંધ નીકળે છે. તે રંગે વાદળીયો અને ઝીણપોગળો છે. તેથી તેમાં બારીક નકસી કામ થાય તેમ છે. રાજકોટ પાસેના શેરાળાની ખાણથી આ પાણો ઘણો ઉત્તમ છે. શેખપાટની ધારમાં રાતો ટ્રેપ નીકળે છે પણ તે બહુ મોટો નીકળતો નથી. **ગ્રેનાઇટ**—એ ગ્રેનાઇટમાં અભરખ તથા ચીરોડી અને રાતા લીલાં ટપકા હોય છે. આ પાણો બરડા ડુંગરમાં કોઇ કોઈ સ્થળે જોવામાં આવે છે. જો તેની શોધ થાય તો ગ્રેનાઇટ પત્થર પહેલે નંબરે ગણાતો હોવાથી ઉપજ વધે તેમ છે. **ધોળો પાણો**—(લાઇમ સ્ટોન) આ પાણાની આ સ્ટેટમાં લગભગ એકસો ઉપર ખાણો છે. તેમાં ઢંઢા, સુમરી, વેરાડ, રોધેલ, નાધુના, ખંભાળીયા અને જલણસર વગેરેની ખાણનો પત્થર ઉત્તમ છે. ચોરબંદરી પાણાને લુણો લાગે છે ત્યારે આ પાણાને લુણો લાગતો નથી. **રેતીના બંધારનો પાણો**—(સેન્ડ સ્ટોન એન્ડ લીટોરલ ગ્રાડ) જોડીયા, બાલંભા અને ગુરગઢ વગેરે સ્થળે આ પાણાની ખાણો છે તેનો રંગ ભુરો છે તેને લુણો લાગતો નથી. જ્યાં ખારા પાણીથી ચણતરને નુકશાન થાય ત્યાં આ પાણો સીમેન્ટના કેલમાં વપરાય તો એકજીવ થઇ જાય છે.

રંગની માટી—રાતી, પીળી, ધોળી, કાળી, અને જાંબુડા (થુથા રંગની) માટી જથ્થાબંધ ભાટીઆ, નંદાણા, લાંબા, રાણ અન અંબરડી વગેરે ગામે નીકળે છે. થુથા રંગની માટીને લોકો ભગમાટી કહે છે. બીજા રંગોની માટી ખોરડાં અને ધોળવાના કામમાં આવે છે. **ઢામની માટી**—જામનગર, સલાયા, ભરાણાં, હાપરડી, ઢીચડા વગેરે ગામે પુષ્કળ નીકળે છે. તેના ઢામ વજનમાં હલકાં અને ટકાઉ બનવાથી, મરકત તથા આફ્રીકા તરફ વહાણ રસ્તે અગાઉ મોકલવામાં આવતાં ફાયર બ્રીકસને માટે શોધ કરીએ તો આ સ્ટેટમા તે કામમાં આવે તેવી માટી મળવાનો સંભવ છે. તે માટીના, માંગરોળી નળીયાં, આજથી

૪૦--૫૦ વર્ષ પૂર્વે હાઇસ્કુલના મકાન વાસ્તે બનાવ્યાં હતાં. તે બનાવવામાં સાદાં ઓજરો અને ભઠ્ઠી ખુલ્લી હતી અને બળતણમાં કુચો વાપર્યો હતો. **સુંઠીયાની કાંકરી**—ધોળા પાણાંના ટોડાં, છોલ, છીપલાં અને મકલાખના પાણાનો ચુનો થાય છે. સુંઠીઆની કાંકરીનો પણ ચુનો થાય છે. તેમાં હાઇડોલીકનો ગુણ વધારે છે, તેથી તે ઘણો ચિકાશવાળો અને પાણીમાં તુરત જામી જાય તેવો થાય છે. તે નદીના કાંઠાં ઉપર ઘણી જગ્યાએ ગોરમટી મીશ્રીત મળે છે. દરિઆકાંઠે કેટલાક ધોળા પાણાંના ટોડાં નીકળે છે. તે કાચા આરસની જાતના હોય તેવાં ઝીણુ પોકળાં અને સખત છે. તેનો ચુનો પ્લાસ્ટરના કામમાં આવે છે. ચીરોડી પણ આ રાજ્યમાં ઘણે સ્થળે નીકળે છે. તેને દળી, ભુકો કરી, ચુના સાથે અસ્તરના કામમાં વાપરવાથી મજબુત અસ્તર બને છે. તે ભાટીયા તરફ જથ્થાબંધ નીકળે છે. **કૃષિ કર્મ** (ખેતી) આ સંસ્થાનની જમીન (૧) કરાળ, (૨) કાબી, (૩) ધારવાળી, એમ ત્રણ પ્રકારની છે. તેમા મુખ્ય પેદાશ—જુવાર, બાજરો, તલ, (અષાઢી) તલી, અડદ, મગ, ચણાં, ઘઉં, કપાસ, કમોદ, કળશી, મઠ, રાઇ, વગેરે અનાજની છે. તે સિવાય કાંગ, જંટી, ચીણો, સુવા, મેથી, મરચાં, એરડી લસણ અને મગફળી વગેરેનું વાવેતર થાય છે. ધુંવાવ તથા રાવળમાં ઘેડ કરી લોકો કમોદની ઉપજ બહુ સારી કરે છે. તે ઉપરાંત રાતી, ધોળી, અને મોરસ વગેરે જાતની શેરડીનું વાવેતર કરી ઉમદાં પ્રકારનો ગોળ બનાવે છે. જોડીયા, કાલાવડ કંડોરણા, વગેરે સ્થળે તેમજ ઉડ અને આજી નદીને કિનારે લોકો કુવા ખોદતાં નજીકમાં પાણી મેળવી શકે છે. સ્ટેટમાં લગભગ નવા કુવાઓ ૧૮થી૨૦ હજારની સંખ્યાના થાય છે. લગભગ વીશેક વર્ષથી ભાગ બટાઇનું ધોરણ કાઢી નાખી, એસેસમેન્ટ (વીઘોટી) સીસ્ટમ દાખલ કરી છે. **જંગલ ખાતું** (ફોરેસ્ટ)—બરડા, આલેચ, દલાસા વગેરે સ્થળે સો સો ચોરસ માઇલના વિસ્તાર વાળાં જંગલો છે. તેમાં ઇમારતી કામમા આવે એવું લાકડું, સાગ સાજડ, સીસમ, ઇલોચ, વગેરે જાત જથ્થાબંધ થતી નથી, પણ એ ખાતે કાળજી પૂર્વક સંભાળ રાખતાં તેનાં વાવેતરો થયાં છે. **વાંસ** (વળી પરોણાં ડાંગ વગેરેના સોટા) આમળા બેડાં, હરડાં, અરીઠાં, કરમદાં, રાણુ, ગુંદા, સીસોટી, વગેરેનાં ઝાંડો છે. તથા આસોંદ્રા, ખાખરા, ટીંબરવા, વગેરે પત્ર ઝાડો, ધાવળી ગરમાળો, મીંઢીઆવળ, કડુ—કરીઆતું વગેરે અને ૬ જાતની ઔષધિ તે ડુંગરોમાં છે. (ધન્વન્તરી તુલ્ય ઝંડુ ભટજી, બરડા ડુંગરમાં અનેક પ્રકારની ઉત્તમ ઔષધિઓ હોવાનું કહેતા હતા) તે સિવાય ખરાબામાં બાવળો તથા તાડીઓના જંગલો તેમજ જોડીયા, બાલંભા, વગેરેના રણમાં નાળીયેરીના જંગલો છે. રાવળ વગેરે સ્થળે પુષ્કળ આંબાઓ અને અન્યત્ર સ્થળે વડ, પિપળાં, લીંબડાં, આંબલી વગેરેના પુષ્કળ ઝાડો છે. તેમજ જંગલમાં ઘાસના મોટાં વીડ છે. તેથી બરડા, બારાડીમાં, માલધારી લોકો (ચારણ, રબારી[illegible]મીસ ઘણાં છે. જ્યાં ઉત્તમ પ્રકારનું ઘી મળે છે. આવળ. ગોરડ, ગુગળ અને કેરડાં પણ પુષ્કળ પાકે છે. ધુંવાવ, જાંબુડા વગેરે સ્થળે જાંબુડીના પુષ્કળ ઝાડો છે, જે આસપાસના પ્રદેશમાં વખણાય તેવાં ઉત્તમ છે. જામનગર, ધુંવાવ, ધુમલી વગેરેમાં કેળાં, દાડમ, જામફળ, સીતાફળ, પોપયાં, વગેરે પુષ્કળ પાકે છે. જામનગરમાં ડોલર, મોસમી ગુલાબ, ગુલદાવળી, મોગરા અને જુઇ આદિ ઉત્તમ પ્રકારના ફુલઝાડો છે. કારીગરો તેની ફુલગુથણી દેવાલયોમાં ભરે છે. અને સંખ્યાબંધ બજારમાં સસ્તે ભાવે વેંચાય છે. તેમાંથી ફુલેલ તેલ, સુગંધી તેલ, ગુલાબજળ, અત્તર વગેરે કારીગરો બનાવે છે.

પ્રાચિન હુન્નર તથા હસ્ત કળા ઉદ્યોગ

અગાઉના વખતમાં લોકો રેંટીયા ચલાવી, જોઇતું સુતર, જાતે કાંતી ઉપયોગમાં લેતાં, હવે તૈયાર સુતર આવતાં, તે વાપરે છે, અહિંના કારીગરો નીચેનો ઉદ્યોગ જાણે છે–પાણકોરૂં (ખાદી) ચોળીયું, ધાબળા, ધાબળી, સુતરાઉ મીરખાની, ભરચી ચંદેરી સોનેરી, અનેક પ્રકારની રેશમી અતલસ, બાંધણીના કાપડાં, રેશમી ભરત કામ ભરગચ્છીનું કામ, સાડલા (રંગાટ બર) કંકું, અગરબત્તી, સુરમો, પડો પાંદડી અનેક જાતના સુગંધી પદાર્થો અને જડાવ દાગીનાઓ તથા તાંબા પિત્તળના વાસણો. સુડીઓ વગેરેનો ઉદ્યોગ કરે છે. આગળના કારીગરો બંદુકો, તરવારો, ભાલાં, બરછી, કટાર, જમૈયા, બખ્તરો, વગેરે અસ્ત્રશસ્ત્રો અને લડાઇને લગતો તમામ સામાન જામનગરમાંજ તૈયાર કરતા. પણ હાલ તેનો ખપ નહિં પડતાં તે ઉદ્યોગ બંધ થયો છે. બંભાણીયા તથા જામનગરમાં પ્રથમ જથ્થાબંધ સાલુ બનતો પણ પરદેશી માલનો હાલ બોહોળો ફેલાવો થતાં હાલ તે હુન્નર પણ બંધ છે. **પાણકોરૂં**—ભાણવડ, કાળાવડ, વણથળી, હડીઆણાં અને આટકોટ ગામમાં ઉત્તમ પ્રકારનું બને છે, સુતરાઉ ચોફાળ, બોરીનો ચોફાળ, ભાણવડમાં જગપ્રસિદ્ધ બને છે. **ધાબળા-ધાબળી,**—બંભાણીયા, કનસુમરા, ભાણવડ, ધુતારપર, ભાડુલીયા અને બારાડી પ્રદેશના મુલકમશહૂર છે. તે ધાબળા રંગે ભુરા, અડદીયા, કાળા અને ધોળારંગના એકતારા તથા બતારા બને છે. તે ચોકખા, શુદ્ધ ઉનનાજ (પ્યોર વુલન) બને છે. **સોનેરી**—ધોરાજી, સુરત, અમદાવાદ, પુના, બનારસ, વગેરે શહેરોની સોનેરી કરતાં અહિંની સોનેરી ઉત્તમ છે કેમકે તેમાં ચાંદી વધારે છે. તેમજ દેખાવમાં અને ટકાઉમાં પણ ઉત્તમ છે. તે સોનેરી કોઇ પણ જાતના યંત્રની મદદ વિના કારીગરો માત્ર જુના જમાનાના ઓજારોથી બનાવે છે અને તે હલકી ન થાય તેના માટે સ્ટેટ કાળજી રાખે છે, સોનેરી તૈયાર કરવાની કારીગરી ઘણી ધુંચવણ ભરેલી છે. પ્રથમ સોનીલોકો રૂપાના ગોળ સળીયા દરેક સુમારે ૭૫ તોલાના તૈયાર કરે છે અને તેને લાંબા ચાર ફીટ બનાવી, જેવા ગચ્છની સોનેરી કરવી હોય તે પ્રમાણે તેના ઉપર દોઢ તોલાથી સાડાત્રણ તોલા સુધી સોનાના પત્રાં ચડાવે છે ત્યાર પછી એ સળીયા દરબારમાં રજુ કરે છે. તેનો ત્યાં તોલ કરાવી ચોકસી થયા બાદ પરવાનગી ચીઠ્ઠી મેળવે છે. પછી તે સળીયાને તે વેપારીઓ લુહાર પાસે લઇ જઇ લાટમાં સાણસીથી તાણી તાણી દરેકને ૨૫થી ૩૦ ફીટ સુધીની લંબાઇનો અને એક ઇંચના ૬૦માં ભાગ જેટલો પાતળો તાર થાય ત્યાં સુધી તાણે છે. એ તારને તારકઢા લોકો ટીપી ટીપીને દર તોલે ૧૫૦૦થી ૨૦૦૦ ફીટ સુધીની લંબાઇની ચીપટી પટ્ટી કરે છે. તે પછી તારકઢાની ઓરતો તે ચીપટી પટીને પોતાના સાથળ ઉપર વળ દઇને પીળા રેશમ ઉપર વીંટે છે સોનું ચડાવ્યા સિવાય તેવી ચીપટી પટી એકલાં રૂપાની પણ કરે છે તેને રૂપેરી કહે છે. રેશમ વીંટ્યા સિવાય સોનેરી અગર રૂપેરીને બાદલું કહે છે. આ કામમાં અગાઉ તારકઢાના ૬૦૦ માણસો કામ કરતાં અને દર વર્ષે તેવી સોનેરી ૨૪૦૦ રતલ બનાવતાં, તેમાં ૧૬૦૦ રતલ શુદ્ધ ધાતુ અને ૮૦૦ રતલ રેશમ વાપરતા.

અતલસ—જામનગરની અતલસ તેની કુમાસ, વણાટ, રંગ અને ટકાઉ પણા માટે આખા મુંબઇ ઇલાકામાં પ્રસિદ્ધ છે. તે વેરા લોકો તથા વાંઝાઓ ધોળી અતલસ તૈયાર કરી હિંદુ—ખત્રી લોકોને રંગવા આપે છે. તેઓ તેના ઉપર જુદી જુદી બાંધણી બાંધી અગર તેવીને તેવી લાસી રાખી, અનેક જાતના રંગોમાં રંગીને ભભકાદાર બનાવે છે. જ્યારે વિદેશી રંગ નહોતો ત્યારે અહિંના કારીગરો જુદા જુદા રંગોની મેળવણી કરી રંગ તૈયાર કરતા. બાકી તો અહિંની રંગમતી નામની નદિના પાણીમાં એવો કોઇ કુદરતી ગુણ છે. કે અતલસ તથા સાડલાને તે નદિના પાણીમાં રંગતાં કુદરતી પાકો રંગ ચડે છે. અગાઉ ધોળી અતલસ યૂરોપીઅનોની બાનુઓ માટે વિલાયત જતી હતી. **બાંધણીનાં કપડાં**—જામનગરએ સારા એ સૌરાષ્ટ્રનું **સૌભાગ્ય—નગર** છે. (સગાઇ, સુમહુર્તા અને લગ્ન પ્રસંગમાં હિંદુ ધર્મ શાસ્ત્ર પ્રમાણે, બાંધણીની ચુંદડી અને કંકુ મુખ્ય જોઇએ તે શુભ સૌભાગ્યની વસ્તુઓ સારાએ સૌરાષ્ટ્રને જામનગર પુરી પાડે છે. તેથી વિદ્વાનો તેને સૌભાગ્ય—નગર કહે છે.) અહિંના હિંદુ-ખત્રી લોકો તે બાંધણીના સરસ નમુનાઓ આલેખી, તેના પર બંધ બાંધી જુદા જુદા રંગોમાં રંગીને તૈયાર કરે છે. આજથી પોણોસો વર્ષ પહેલાં ભરૂચ અને સાઉથકેનસિંગટનમાં પ્રદર્શનો થયાં હતાં ત્યારે અહિંની બાંધણીઓના નમુનાઓ મોકલવામાં આવ્યા હતા. તે ઉપરથી માનચેસ્ટરના લોકો એવાજ નમુનાના પાકાં રંગના કપડાં છાપી, બે વર્ષ પછી આ તરફ સસ્તી કિંમને મોકલવા લાગ્યા. પરંતુ એ વિલાયતી કપડાં છપાય છે. તેનાં કરતાં આ બાંધણી વધારે ચટકદાર અને મોહક થાય છે. અત્યારે પણ સાડીઓ, ચુંદડીઓ. સફાઓ. પછેડીયો, કમખા, ઘાઘરા વગેરે સુતરાઉ તથા રેશમી બાંધણીના ઉત્તમ પ્રકારના બને છે. કારીગરો કપડાં ઉપર પ્રથમ શાહી કે ગેરૂ વતી જોવા નમુના બનાવવા હોય તેવાં આળખે છે. પછી તે આળેખેલ ભાતને ઝીણા દોરાથી બાંધી જુદા જુદા રંગોમાં રંગે છે. એ બાંધવામાં નખનો ઉપયોગ દોરા વીટવા તથા ગાંઠો બાંધવામાં વિશેષ પડે છે. તેથી તેઓ નખ ઘણાં લાંબા વધારે છે. **ભરગચ્છી કાપડ**—લપેટા કીનખાબ, કોર ઓઢા, સતારા તથા સોનેરી ભરતના કમખા (પોલકાં) ઘાઘરા, સાડીઓ વગેરે ભરગચ્છી કામ અહિંના ખત્રી તથા વાંઝા લોકો ઘણું સરસ કરે છે. તેમાં હાથી. ઘોડા. પુલવેલ વગેરે જોવા નમુનાઓ આપણે બતાવીએ તેવા નમુના તેઓ કપડામાં વણાટથી ઉઠાવી દે છે.

બરંગા તથા રંગીન સાડલા—અહિંના ખત્રીલોકો મલમલ, મધરાસી, જગન્નાથી અને સેતના સાડલાઓ જથ્થાબંધ બનાવે છે. એવા સાડલા બીજે કોઇ સ્થળે નહિં બનતા હોવાથી ઠેઠ મુંબઇ સુધી તે જાય છે, તેઓ ઉપર લખેલા કપડાંને પ્રથમ ખારા તથા લીંડીથી ધોઇ સાફ કરી, એરંડીયા તેલ તથા ખારાનો પટ આપી સુકવે છે ત્યાર બાદ તેને હરડાં અને ગુંદરમાં બોળીને સુકવે છે. ત્યાર પછી તેમાં જેવી ભાત ઉઠાવવી હોય તેવાં લાકડાના બીબાંને મીણ અને તેલમાં બોળી છાપી કાઢે છે. તે પછી તેને પીળા કાંયાનો (ગેરૂના) પાણીમાં બોળી સાફ પાણીમાં તારવી સુકવી નાખે છે. ત્યાર પછી તેને ઉના પાણીમાં બોળી, લીંડી અને ખારાના પાણીમાં ફરી બોળે છે. તેને લીલેલીલો એક રાત્રો રાખી, હરડાના પાણીનો કસ દઇને ફટકડીના પાણીમાં બોળી સુકવી નાખે છે ત્યાર બાદ તેને રંગવામાં આવે છે. તેમાં

સોરંગી અગર મજીઠ પડવાસ તથા બારો નાખી, તેનું પાણી કરી ઉકાળ્યા પછી તે પાણીમાં સારીપેઠે બોળીને નીચોવી સુકવી કાઢે છે. આ *સાડલા ગુઢા અથવા બરંગા કહેવાય છે. તેની કુલકીયાં, ડોલરીયાં, બંગીડા, ડાળીયાભાત, વિભાશાહી, ત્રણ દાણીયાં, સાત કુલકીમાં વગેરે જાતોના તે છપાય છે. મધરાસી સાડલા પણ ઉપર મુજબજ થાય છે. તફાવત માત્ર કોર છાપે છે તેમાં છે. કુલવેલ, વીંછીયા વેલ, આંબાડાળ, કાંગસી કોર, છડી કોર, બદામડી ભાત, બે દાણીયા, ત્રણ દાણીયા, ચોવલીયાં, સાત દાણીયાં, દ્રાક્ષ માંડવા. સાથીઆ કોર, હાથી કોર, નાગરી કોર વગેરે જાતની કોરો છાપે છે. પછી તેને મજીઠ અને પડવાસના રંગમાં બોળવા જરૂર નથી પણ તેની અવજી ગળીના રંગમાં બોળે છે. તે સિવાય દુપટ્ટા, પછેડી. છાયલ, ઓછાડ વગેરેને મેંદીના રંગના છાપે છે. તે મેંદીયાં કહેવાય છે. હાલમાં ઉત્તમ પ્રકારનાં લેરીયાં આદિ ઘણી જાતના સાફાઓ જુદા જુદા (પાકા તથા કાચા) રંગના રંગાતા જામનગરી xસાફાઓનો દેશમાં ખુબ પ્રચાર થયો છે.

સુંગધી પદાર્થ—(કંકુ સુરમો) જામનગરમાં કંકુ, સુરમો, અગરબતી, પડો, પાંદડી, ધુપેલતેલ, સુંગધરાય, અને ડોલરનું તેલ, ગુલાબજળ, અને ગુલાબ વગેરેના અત્તરો ઉત્તમ પ્રકારના બને છે. સાચા મોતી અહિં નીપજતાં હોવાથી તેની શિતળતાને લીધે સુરમામાં તેનો ઉપયોગ કરી શુદ્ધ સાચામોતીનો સુરમો બનાવે છે. જેથી સુરમો, કંકુ, બાંધણી, અગરબત્તી વગેરેનો વેપાર આખા હિંદુસ્તાન સાથે ચાલે છે, **ઝવેરાત**—જડાવ દાગીના અહિં સોની ÷કારીગરો ઘણાંજ ઉત્તમ પ્રકારના બનાવે છે. તે જડીયા સોની પ્રખ્યાત હોવાથી, બીજા રાજ્યોમાં પણ નંગ જડવાનું કામ કરવા જાય છે. તેઓ અનેક પ્રકારના કંઠા, ચગદાં, તલવાર જમૈયાની મુઠો, હમેલ, પાટીયાળા હાર, પ્રોંચા, ઝરમર, તુલશી, ઠમકલાં, ઠોળીયાં વગેરે જુની ઢબનાં તેમજ ચાલુ જમાનાને લાયક નવી ઢબના નેકલેસ, ઐરીંગ, લોકીટ, આદિ અનેક જાતના જડાવ દાગીનાઓ મનમોહક બનાવે છે.

ઉપર કહેલાં હુન્નર ઉદ્યોગમાં નીચેની જાતો જામનગરમાં રહી કામ કરી રહી છે. ખત્રી વાંઝા, છીપા, ભાવસાર, સોની, દરજી, કંસારા, લુહાર, સુતાર, સંધાડીયા, કડીયા, મોચી, તારકઢાકણપી, ખારવા, મિયાણાં, ગળીઆયારા. અને બીજા મુસલમાન કારીગરો વગેરે

---

* એ સાડલાઓ કાલાવડમાં પણ ઉત્તમ થાય છે અને જામનગરમાં પણ કાલાવડીઆ (ખત્રી)ની કહેવાતી દુકાને તે જાતના ઉત્તમ પ્રકારના સાડલાઓ બને છે.

x સાફાઓ રંગરેજ પોપટ વાલજીના કારખાનામાં ઉત્તમ બનવાથી ખુદ મહારાજા જામસાહેબ તથા રાજ્યકુટુંબ અને શ્રીમંત વર્ગ તેના પાસેથી ખરીદે છે. સોનેરી સાફા સાડીયો વગેરે આણુદાબાવા અનાથાશ્રમની હુન્નરશાળામાં, અને શામજી ધેલારામની હુન્નરશાળામાં ઉત્તમ બને છે.

÷ અહિંના સોની પરસોતમ જદવજી કે જેની ઉંમર ૮૦ વર્ષને આસરે છે. તે એ કામના ઉત્તમ કારીગર છે. તેણે પોતાની બુદ્ધિથી ૪૦૦ જાતના સોની કામનો હુન્નર પ્રકાશ નામનો એકગ્રંથ રચી પ્રસિધ્ધ કરેલ છે. જેમાં સોનીની દરેક કારીગરી ઉત્તમ રીતે વર્ણવેલ છે

ઉત્તમ પ્રકારની કારીગરી બનાવે છે. આ રાજ્યમાં સ્ત્રી વર્ગ ભરત, ગુથણ, શીવણ અને આળેખવાના કામમાં કુશળ છે. ચાકળા, ચંદરવા, તોરણ, સાખીયાં, વીંઝણાં, ઇંઢોણી, એવી ઘણી ચીજો પોતાના હાથે બનાવી તેમાં આભલાં તથા મોતીઓ ભરીઉત્તમ કારીગરી કરે છે. ગામડાંઓમાં પણ લોકો ગારમાટીના ઘરોને લીપી ધુંપી રંગબેરંગી માટીનો ઘોળ દઇ, તેમાં કાચના નાના અરીસા, આભલાં, કોડાં, છીપો, ચણોઠી, વગેરે ચોડી સુશોભિત બનાવે છે. તેમજ અબેરાય કોઠલા, ડામચીયા, ઝમરખ (દીવો રાખવાનું) વગેરે માટીના બનાવી તેમાં રંગ પુરી ઉપર પ્રમાણે ચણોઠી વગેરે ચોડી મનોરંજક બનાવે છે. જામનગરમાં કંદોઇ લોકો સ્વાદિષ્ટ અને લીજ્જતદાર અનેક પ્રકારનાં મસાલાવાળી મીઠાઇઓ બનાવે છે. જેનું વર્ણ નહિ કરતાં, વાંચક એક વખત તે મીઠાઇ જમશે તે પછી તેને બીજા શહેરની મીઠાઇ પસંદ નહિ પડે તેવો પ્રત્યક્ષ અનુભવ થશે,

શહેર વર્ણનઃ—સમુદ્રથી ચાર માઇલ ઉપર દક્ષિણે રંગમતિ નાગમતિના કિનારાના ઉપર આ શહેર આવેલું છે, શહેરની બાંધણી તથા ફરતો વિશાળ કિલ્લો પત્થરનો છે. તે કિલ્લો જામશ્રી **જસાજી** (બીજા)ના રાજ્યઅમલમાં મેરૂ ખવાસે વિ. સં. ૧૮૪૪માં બાંધેલો છે. તે કિલ્લાને સાત દરવાજા (૧) ખેડીનો દરવાજો (૨) ખંભાળીયાનો (૩) કાલાવડનો (૪) નાગનાથનો (૫) બીડજંજનનો (૬) ખોજાનો (૭) ધુંવાવનો તથા પાંચ બારીઓ (૧) આશાપુરાની બારી (૨) મચ્છીપીઠની (૩) ધાંચીની (૪) પુરબીયાની (૫) +સુરજબારી છે. કિલ્લાને ફરતી ખાઇ છે. પણ હાલ તે કેટલીક જગ્યાએ પુરાઇ ગઇ છે. તળાવ કિનારે એક નવો દરવાજો તથા રેલ્વે સ્ટેશનથી ગ્રેન મારકીટમાં માલ લાવવા માટે એક બીજો દરવાજો (નાગનાથના નાકા આગળ) હાલમાં વિશેષ મુકવામાં આવ્યા છે. ગઢની વજેરીયો, કોઠાઓ, ઘણાં વિશાળ અને મજબુત છે. પશ્ચિમબાજુએ કોઠો, લાખોટો, નામનાં મોટાં બે ભવ્ય મકાનો જામશ્રી **રણમલજી** (બીજા) એ બંધાવેલાં છે. તેવાં મજબુત બાંધણીના મકાન હાલમાં કાઠીઆવાડમાં કોઇ બીજા સ્થળે નથી. ગઢની અંદર તેમજ બહાર (લાખોટા વચમાં) એમ બંન્ને બાજુ શહેરમાં તેમજ બહાર મળી ૭૦૦ એકરના વિસ્તારવાળા તળાવમાં રંગમતિ


+ કોઇ એક રાજાના પર ઋષિનો કોપ થતાં તેના શહેરના તમામ દરવાજા બંધ થઇ જતાં ઊઘાડયા નહિં પછી તેજ ઋષિના અનુગ્રહથી કોઇ એક પતિવ્રતા (સતી) સ્ત્રીએ (કહેવાય છે કે તેનું પતિવ્રત બતાવવા સુતરને કાચે તાંતણે કુવામાંથી ચાળણીમાં પાણી સીંચી કાઢી બંધ દરવાજાઓને તે જળની અંજળી છાંટી) ખોલ્યા હતા. તે દહાડે એક પુર્વ દીશાનો દરવાજો તેને નહિં ખોલતાં તેમનો તેમ બંધ રાખ્યો હતો ત્યારથી જે શહેરને કિલ્લો હોય તેનો પુર્વ બાજુનો એક દરવાજો કાયમ બંધ રાખવાનો પ્રબંધ થયો છે. કદી કોઇ તે દરવાજો ખોલે તો કહેવાય છે. કે અશીભય અથવા લડાઇ કે દુષ્કાળ પડતાં જાનમાલની ખુવારી થાય, તેથી કોલ્લો ચણાવતી વખતેજ તે દરવાજાને કમાડ ચડાવી બંધ કરી સાંચવ્યું અને બોગળો બીડી કાયમના માટે બંધ રાખે છે તે દરવાજો "સુરજ દરવાજાના" નામે ઓળખાય છે.

નદિની નહેર ત્રણ માઇલથી ખોદાવી, પાણી ભર્યું રહેવા ગોઠવણ કરેલી છે. લડાઇઓ વખતે દારૂગોળો (મેગેઝીન) તોપખાનું વગેરે સહીસલામત જળવાઇ રહે તેના માટે ફરતું પાણી અને વચ્ચે લાખોટાનું મકાન બાંધેલું છે. હાલ તેના ઉપર 'સર્ચ લાઇટ' રાખેલ છે જેનો પ્રકાશ ઘણાં માઇલ સુધી જાય છે. ગઢની દક્ષિણ બાજુ પંજુ ભટ્ટની પુરાતની વાવ છે. જેમાંથી આખા શહેરને નળ વાટે ઘણાં વર્ષોથી પાણી પુરૂં પાડે છે. શહેરનાં પરાં શીખેનો વિસ્તાર આઠથી દસ માઇલનો હશે. જુનાવખતની બાંધણીનું નગર વસ્તીથી ખીચોખીચ સાંકડી બજારો વાળું હોવાથી મચ્છર, મેલેરીયા અને પ્લેગના ત્રાસથી લોકો ખુબ હેરાન થતાં, તેનાથી અમારા લોકપ્રિય મર્હુમ મહારાજા **જામશ્રી સર રણજીતસિંહજી** સાહેબ બહાદૂરે, મુકત કરી શહેરને **કાઠીયાવાડનું પારીસ** બનાવ્યું છે. **મુખ્ય રસ્તાઓ**—સ્ટેશન રોડથી આરંભી **બેડીગેટ રોડ**, (બેડીના દરવાજાની બંન્ને બાજુ નવા બે દરવાજા બનાવી એકમાંથી શહેરમાં આવતી ટ્રામવે અને બીજા ત્રીજામાં વાહનો ડાબી જમણી બાજુમાં ચાલે જેથી અકસ્માત અને નહિં તેવી ગોઠવણ કરી છે.) 'ચેમ્સફર્ડ વેજીટેબલ અને ફ્રુટ માર્કેટ' તેના ચોકમાં મોજી હિન્દી પ્રધાન **લોર્ડ મોન્ટેગ્યુનું** સ્ટેચ્યુ (બાવલું) છે. ત્યાંથી **આશાપુરા રોડ** શરૂ થાય છે. ત્યાં કાપડના વેપારીઓ બેસે છે. તે રોડથી પશ્ચિમ બાજુના ફુટ પાથ પર મહારાજશ્રીના કુળદેવી **આશાપુરાનું** આરસનું દેવાલય જામનગરની કારીગરીમાં વૃદ્ધિ કરે છે. ત્યાંથી **દરબારગઢ** જેની અંદર **ચંદ્રમહેલ** નામનો રાજ મહેલ છે. અને ઉપર જામશ્રીનો '**જય આશાપુરા**'નો વાવટો ફરકે છે. તે દરબારગઢ સામે '**વીલીંગ્ડન ક્રેસન્ટ**' નામનો (**અર્ધ ચંદ્રાકાર**) વિશાળ ચોક છે. તેના ઉપર દરેક ઓફીસો (કચેરી) છે. તેથી પશ્ચિમે **રાજેન્દ્ર રોડ** છે. ત્યાં કટલરી સામાનની દુકાનો છે. જ્યાં '**જુની થાંભલી**' છે. દક્ષિણ બાજુ જુમામસ્જીદ પાસે જતાં **અર્ધનચોક** આવે છે. જ્યાં સાંજે દરરોજ ગુજરી ભરાય છે. ત્યાં કંદોઇની કંસારાઓની, અત્તરીયાઓની, અને કટલરીની મનમોહક એક સરખી લાઇનની દુકાનો છે. ચોકમાં અનેક પદાર્થો ગુજરીમાં વહેચાય છે. ટેકશી ગાડીઓ પણ ત્યાં મળે છે. તેની પશ્ચિમે માંડવી ટાવર આગળ થઇને જતાં ત્યાં **ઘનશ્યામ બેન્ક** તથા **રાજવૈદ્ય ઝંડુભટ્ટજીનું** ઔષધાલય આવે છે. ત્યાંથી સિધો ખંભાળીયાનો દરવાજો છે. કે જેની બાંધણી અને કમાડ ઉપર લોખંડના ખીલાઓ ભુતકાળની લડાયક પ્રસંગો વખતે શહેરના રક્ષણ માટેની ઉપયોગતાનો ખ્યાલ આપે છે. શહેર વચ્ચેના **જૈન દેરાસરોના** વિશાળ ચોકમાં ઝવેરીઓ અને સોનીઓ બેસે છે. જ્યાંથી બીજા ત્રણ સડકો નીકળે છે, જે સીટી ડીસ્પેન્સરી પાસે થઇ બેડી રોડને મળે છે. આ તમામ રસ્તાઓ લગભગ ૫૦ ફુટ પહોળા અને ડામર પાથરેલા છે. અને તેની બન્ને બાજુએ ફુટપાટ અને દુકાનો એક જાતની સરખી લાઇનની ઉત્તમ પ્રકારની બાંધણીની કારીગરીવાળી છે. ત્રીસ વર્ષ પહેલા જામનગરમાં આવેલો માણસ આજે એ બજારમાં આવી ઉભે તો જરૂર કહે કે "મેં જોયેલું જામનગર આ નહિ" બીજી નાની બજારો હજી અગાઉની બજારોનાં નમુના રૂપ મોજુદ છે. તે અગાઉની બજારો જેવી કે કુલ બજાર, પાટલા બજાર લીંડી બજાર, સાથરીયા બજાર, ખજુર બજાર, સાકરીયા બજાર, કંસારા બજાર, કાપડ બજાર, કણ બજાર, અગર ચોખા બજાર, વગેરે નામોથી ઓળખાતી. શહેરના પ્રખ્યાત લતાઓ ઘણાં વર્ષોથી નીચેના નામે ઓળખાય છે;—નાગર ચકલો, કાજી ચકલો, વજીર ચકલો,

ભાવસાર ચકલો, લુવાર ચકલો, ખારવા ચકલો, અબુંદાબાવાનો ચકલો, પંચેશ્વરનો ચોક દેરાશ્વર ચોક, જુના કોઠાનો ચોક, પાવડયા ચોક, પુલ બન્દરનો ચોક, બેન્જવાડ, સેતાવાડ, (જ્યાં જીવાસેતાનો ડેલો છે.) સતવારાવાડ, મેમણવાડ, વેરાવાડ, ધાંચીવાડ, કોળીવાડ ભણશાળીવાડ, કડીયાવાડ, ખત્રીવાડ, પટણીવાડ, તરીયાવાડ. રાજગરપા, ચ્યારણપા, ખવાસપા, નદીપા ભરવાડપા; વાઘેરવાડો, સાટીવાડો, કુંભારવાડો, ભોઇવાડો, રાવળવાડો, સઇવાડો, ખાટકીવાડો, વાઘરીવાડો, જુંની થાંભલી, વંડાફળી, ડેલીફળીયું મતવાસેરી, મોટુંફળી, પંચહટડી, મલાંમેડી, કાયસ્થની આંબલી, જલાનીનળ, મોચીશાળ, નવુંપરૂં, વગેરે લતાઓ શહેરમાં પ્રસિધ્ધ છે. જામનગરને લોકો **'છોટી કાશીની'** ઉપમા આપે છે. કારણ કે તેમાં અસંખ્ય નાના મોટા દેવાલયો છે. જેમાંના પુરાતની અને પ્રસિધ્ધ દેવાલયો નીચે પ્રમાણે છે;—

શિવાલયો—શ્રીનાગનાથ, જુના નાગનાથ, ભીડભંજન, હાટકેશ્વર, વૈજનાથ, જગનાથ, સુખનાથ, મણિકર્ણિકેશ્વર, હેમેશ્વર, (નાઘેરીના) ભીમેશ્વર લુવાણાના, કાશીવિશ્વનાથ કરશન-ભાઇના, દક્ષિણામુર્તિ, નીલકંઠ પુલીઆના, બદ્રીનાથ બેનજીઆના, રામનાથ (૨) દુઃખભંજન, બાલાનાથ, રાજરાજેશ્વર સોઢાના, બાલાનાથ કલ્યાણજી પાસે, કોટેશ્વર, કાશીવિશ્વનાથ (૨) પંચેશ્વર. હંસેશ્વર, ભુતનાથ, (૧) કાળેશ્વરમાં, દુઃખભંજન (તળાવની પાળ ઉપર) રામનાથ (રાઘવભાઇના) સોમનાથ સોનીઆના, સિધ્ધનાથ પ્રાચિન, ભવેશ્વર, કામદારના, સોમનાથ ગામાભાઇના, કલ્યાણેશ્વર કડીઆવાડમાં, ચંદ્રેશ્વર નાઘેરીના. ધીંગેશ્વર, હાટકેશ્વર, (રણછોડજીમાં) આનંદેશ્વર કલ્યાણજીમાં. તારકેશ્વર. ભુતનાથ, (૨) સોનાપુરમાં ભુતનાથ (૩) પંચેશ્વર કડીયાવાડમાં, રેવનાથ, ગોપનાથ, જગન્નાથ, ગોપાળેશ્વર ભગવાનજીના કુબેર ભંડારી, જટાશંકર મોટા ફળામાં. **વિષ્ણુમંદિરો**—શ્રીકલ્યાણજી, ત્રીકમજી, ત્રીકમજી-કડીયાના, શ્રીહવેલી (૨) મોટી, નાની, માધવરાય. (૩) સઇના સોનીના અને મોઢના, લક્ષ્મીનારાયણ [૨] સુતારના અને વાણંદના, રામચંદ્રજી [૭] રાઘવભાઇના, નાગરના લુવારના, લુવાણાના, કડીયાના, કામ-દારના, ભણશાળીના, શામસુંદર ભાટીયાના, બાળદેવજી બાઇસાબબાના, ગીરધારીજી આછુબાના, પરશોતમજી, પરશોતમજી સઇના, રણછોડજી, [બીજા] રણછોડજી સતવારાના. રાધાકૃષ્ણ માજીબાના, રઘનાથજી [૫] ખત્રીના, ખવાસના, મુમાનબાના, લાડુબાના અને પોકરણાના, મુરલીમનોહર (૫) ખંભાતીફળીમાં, ખત્રીના, રાજગરના, તારકઢાના, વાંઝાના, ગોપાળલાલ મોઢના, નરસિંહજી, દામોદરજી. દામોદરજી, બીજા ખારવાના, દ્વારિકાપુરી "જામનું દેરૂં", સ્વામિ-નારાયણના મંદિર (૩) મોટું મંદીર સોનાના કળશના ત્રણ સીખરોવાળું, સ્ત્રીઓનું મંદિર અને વાડીનું મંદિર, બીજડામંદિર, રાજનું મંદીર, ચાકડા મંદીર, કસાલા મંદીર, શ્રીમહા-પ્રભુજીની બેઠક. પંચહટડી, **દેવી મંદીરો**—આશાપુરા (૨) મોટી આશાપુરા, નાની આશાપુરા, વાઘેશ્વરી, વાંકલ નંદવાણાની, ભવાની, અંબાજી, મહાલક્ષ્મી, વીશોત, ભદ્રકાળી, બહુચરાજી, હરસદ, કાળકા, વારાહી, હીંગળાજ, નર્મદાજી, સામુદ્રીક સારસ્વતના, મચ્છુ (ભરવાડવાડમાં) રોઝીમાતા, **હનુમાન ભૈરવ અને ગણપતિના મંદીરો**—હનુમાન (૯) પુલીયા હનુમાન, દાદાસાહેબના, ચોબારીયા, મોરીની વાડીના ડાંડીવાળા, તળાવની પાળે, ગઢીયા, સ્વામિનારા-

× એ ચારણપામાં મહાત્માશ્રી પ્રસર આરોટજી રહેતા તે વખતે ચારણોના ત્યાં ઘણું ઘરે હતાં.



(તૃ. ખં. પૃ. ૧૮) પ્રતાપ વિલાસ—પેલેસ.

યણના મંદીરમાં, અને કહીઆવાડના, ભૈરવ (૫) ભીડભંજનમાં, હટકેશ્વરમાં, કરસનભાઇના મંદીરમાં, પુલીબાના મંદીરમાં, અને જગનાથમાં. **ગણપતિ** (૭) ગણેશ મંદીર, નાગેશ્વરને રસ્તે કરસનભાઇના મંદીરમાં. સ્વામિનારાયણના મંદીરમાં. **શ્રાવકોના દેરા**(૭) શેઠનું દેરૂં રાયસીશાહનું, વર્ધમાનશાહનું, વાસુપુજ સ્વામિનું, નેમનાથજીનું, ધર્મનાથજીનું, અજરામર હરજીનું. **ઉપાશ્રય** સાત છે. મસ્જીદો (૧૧) જુમા મસ્જીદ, જનબાઇની. રતનબાઇની, હંસબાઇની, નવી ધનબાઇની, વાલબાઇની, નાથીબાઇની, અને ફાતાંબાઇની, ખોજાની મસ્જીદ, ખોજાખાનું વોરાની, તથા વોરાઓનો હજીરો અને પારસીઓની અગીઆરી. ઉપરાંત રામાનુજ કબીર, નાનક, દાદુ રામદેવપીર, જેસલપીર, અને માર્ગી ભાવાઓના મઠ વગેરે છે. **ધર્મશાળાઓ, સદાવ્રતો અન્નક્ષેત્રો, પાણીના પરબો, અવેડા** પાંજરાપોળ મુસાફરખના. તકીઆ, મકબરા, હજીરા, વગેરે ધાર્મીક અને જાહેર સ્થળો પણ ઘણાં છે. અનુમાને શિવાલય ૨૦૦ ઉપરાંત વિષ્ણુ મંદીરો હવેલી સહીત ૧૦૦ ઉપરાંત, દેવીમંદીરો ૨૫ ઉપરાંત હનુમાન ૨૦ ભૈરવ ગણપતી પથીદ સ્વામિનારાયણ ૩ પ્રભુમીના ૩ વગેરે *દેવાલયો છે.

શહેરના જોવાલાયક સ્થળો તથા મકાનો—ઘણાં ખરાનો સમાસ શહેર વર્ણનમાં આવી જાય છે તે ઉપરાંત ન્યુ ગર્લ્સ સ્કૂલ (કન્યા વિદ્યાલય) તેવું ભવ્ય મકાન જામનગરમાં અદ્વિતિય છે. ગ્રેન બારકેટ, ગેઇટી થીએટર, જૈન દેવાલયો જે પ્રાચિન શીલ્પ કળાના નમુના છે. તથા પંચેશ્વરનો ટાવર, માંડવી ટાવર, સૈફી ટાવર, વિનોદ કુંજ (શેઠ લાલજી નારણજીનો બંગલો) તથા શહેર બહાર ગૃહસ્થોના બંગલાઓ, સેન્ટ્રલ જેલ, પ્રતાપવિલાસ પેલેસ, ભાવેન્દ્ર વિલાસ (જામશ્રી તેમાં રહેતા હોવાથી જામબંગલા તરીકે ઓળખાય છે) વિભાવિલાસ પેલેસ (લાલબંગલો) અમરવિલાસ પેલેસ, બેડેશ્વર મહાદેવ, નાગનાથ મહાદેવ સાવઝ દીપડાના પીંજરાઓ, ગાડીખાનું (સોના રૂપાની ગાડીયું) ચીડીયાખાનું, હજુર તબેલામાં કાઠીઆવાડી ઘોડાં, સુમેર રપોર્ટસ કલબ, આણુદાબાવા અનાથાશ્રમ તથા તેઓશ્રીના ઘોળીવાવના બંગલાઓ, રોજી પાયર ઉપરનો પુરન્દે તથા માતાજીનું મંદીર, બેડીબંદર; સમાણા કેમ્પ, અને કાલેશ્વર વગેરે દૂર અને નજીકના સ્થળો જોનારને આનંદ ઉત્પન્ન કરે તેવાં છે.

લાયબ્રેરીઓ, તથા જ્ઞાનમંદિરો—[૧] દયા-રામ ફ્રી રીડીંગ રૂમ [૨] આંતક-નિગ્રહ લાયબ્રેરી [૩] ઓશવાલ ફ્રી લાયબ્રેરી [૪] સેવક મંડળ વાંચનાલય [૫] વહેવારીયા મેમણ લાયબ્રેરી તેમજ વિનયજ્ઞાનમંદીર, મોંઘીબાઇ જ્ઞાનમંદીર તથા જૈન પ્રાચીન પુસ્તકોનો ભંડાર વિગેરે બાનગી ધાર્મિક વાંચનાલયો છે.

પ્રકરણ પહેલું સમાપ્ત.

* જામનગરના દેવાલય એ નામે કવિશ્રી બાલકૃષ્ણ કાશીનાથ વિદ્વાંસે નાની ચોપડી રચી છે, જેમાં મંદીરની અંદરની મુર્તિઓ વગેરેના વર્ણન સાથે સુબોધ આપેલો છે.

॥ પ્રકરણ (૨) બીજું ॥

નવાનગર સ્ટેટના તાલુકાઓ અને ગામોની હકિકત

આ સંસ્થાનને કુલ ૧૧ તાલુકાઓ છે. (૧) પંચકોશી (નવાનગર તળપદ,) (૨) ખંભાળીયા (૩) જોડીયા, (૪) ભાણવડ (૫) કાલાવડ (૬) કંડોરણા, (૭) લાલપર (૮) કલ્યાણપર (૯)* આટકોટ [૧૦] જામ-જોધપુર [૧૧] પડધરી.—

[૧] પંચકોશી તાલુકો:—આ તાલુકાના મામલતદાર અને ન્યાયાધીશ [મેજીસ્ટ્રેટ] સાહેબ વગેરે ઓફીસરોના હેડ કવાર્ટર્સ જામનગર તળપદમાંજ છે. જામ-વણથળી, તથા ચેલા ચંગા એ બે મહાલોમાં મહાલકારી અને ફોજદારની ઓફીસો છે.—ડુંગર-વીજરખી તથા ભલમાણ વિગેરેના છે. **નદીઓ**-નાગમતી, રંગમતી, પુલઝર, રૂપારેલ વગેરે છે, **નહેરો**-રંગમતી અને રૂપારેલની છે. **તળાવ**--લાખોટા તળાવ નગરમાં છે. જીવણસર, ધુંવાવના રસ્તાપર છે. વિંજરખીનું કાળાવડના રસ્તામાં છે. જેનું નહેરવાટે પાણી ૧૭૨ એકરમાં આપવામાં આવે છે. અને તે જામનગરથી આઠ માઇલ દૂર છે. બેડીબંદર, રોઝીબંદર, પીરોટન બેટ વગેરે સ્થળે દીવાદાંડીઓ છે. રોઝીની દીવાદાંડીનો મિનારો સફેદ ગોળાકાર છે. જુવાળ વખતે તે પાણીની સપાટીથી ૪૨ ફીટ ઉંચો રહે છે તેની બત્તી સાત માઇલ દૂરથી દેખાય છે. વિ. સં. ૧૯૨૩માં જામશ્રી વિભાજી [બીજા]એ તે બંધાવેલ છે. રોઝીબંદરે રોઝીમાતાનું મંદીર છે. જામનગરની પ્રજા ત્યાં ઉજાણી કરવા જાય છે. ત્યાં ધર્મશાળા વગેરે ઉતારાની સારી સગવડ છે. તેનું વીડ વિશાળ છે તેમાં રોઝ, હરણ, સસલાં. તેતર વગેરે પશુ પંખીઓ રહે છે. તેની સંભાળ રાજ તરફથી રાખવામાં આવે છે બેડીબંદર તરફ જતાં રસ્તામાં બેડેશ્વર મહાદેવ આવે છે ત્યાં પણ સારાં મકાનો અને ધર્મશાળાઓ છે. **ભાણુગાર**—ગામે **કુંવારીકા માતાની** જગ્યો છે. એક વિપ્ર કન્યા કુંવારી અવસ્થામાં ત્યાં સતિ થયેલ છે. જેની ત્યાં માનતાઓ આવે છે. આ તાલુકાને ગામો અને ઉજજડ ટીંબાઓ વગેરે મળી ૧૦૦ના આસરે છે. જેનું પત્રક પાછળ છે.

(૨) ખંભાળીયા તાલુકો:— ખંભાળીયા તાલુકાનું મુખ્ય ગામ છે. અને તે જુની રાજધાનીનું સ્થળ છે. ગામ ફરતો કિલ્લો છે. અને વચ્ચે કિલ્લાવાળો દરબારગઢ છે. જેની અંદરની મેડીને **ટીલામેડી** કહેવામાં આવે છે. ત્યાં **જામશ્રી રાવળજી**ની જુની ગાદિ હોઇ સાંજે નોબત નિશાન અને કુળદેવી આગળ ધુપ દીવો વિગેરે થાય છે. દરેક જામશ્રી જામનગરની ગાદિએ બીરાજ્યા પછી અહિંની ગાદિએ બેસવા એક વર્ષની અંદર પધારે છે. હાલના વિદ્યમાન **જામશ્રી ૭ દિગ્વિજયસિંહજી** સાહેબ પણ અહિં ગાદિએ બીરાજ્યા હતા. **નદીઓ**-આવા, ઘી તેલી, ભાડથરી. સોની, વેદમતિ, સિંહણ વગેરે છે. **તળાવ**-(૧) હંસ સ્થળમાં છે, **બેટ**—અજાડ, ચુંચડા, કાળુભાર, ધની, ગાંધીયા, ચાંખા, નોરા, બેડ, ધનેરા. વગેરે છે. સલાયા પેટામાહલ છે. ત્યાં મહાલકારી અને ફોજદાર સાહેબની ઓફીસો છે.

* ઉપરના નવ તાલુકાઓમાં ફરર્ટ કલાસ માજીસ્ટ્રેટની કોર્ટો છે.

ખંભાળીયામાં અગઉ લોઢું ગાળવાની ભઠ્ઠીઓ હતી. હાલ પણ ત્યાંના લોઢાના તાળાં વખણાય છે. એ ગામે મોટી ઇસ્પીતાલ, એક હાઇસ્કૂલ, ગુજરાતી સ્કૂલ, કન્યાશાળા, મદ્રેસા અને મામલતદાર તથા મેજીસ્ટેટ વગેરેની ઓફીસો છે. ખામનાથ મહાદેવની જગ્યા પુરાતની છે. દ્વારકાં જવાનો માર્ગ ત્યાંથી નીકળતો હોઇ, મોટાં ધર્મ વાડાઓ, (સદાવ્રત વગેરેની સગવડતા વાળી ધર્મશાળાઓ છે. અગાઉ દ્વારકાં (પગ રસ્તે) જતાં. જાત્રાળુઓ પાસેથી ત્યાં નીચે પ્રમાણે કર રાજ્ય ઉઘરાવતું:—"બે પૈડાની ગાડી કે ગાડા દીઠ કોરી) ચાર પૈડાવાળાં વાહનની કોરી ૧૨૫ પાલખી દીઠ કોરી ૨૫૦થી૫૦૦ હાથી દીઠ કોરી ૫૨૫, ઉટ ૧ માણસ દીઠ કોરી, બે માણસ હોયતો કોરી ૧૦ ઘોડે સ્વાર દીઠ કોરી ૫, પોડીયા દીઠ કોરી ૨, બેસકે પાડા દીઠ કોરી ૨ પગે જનાર માણસ દીઠ કોરી ૧" કોઇ જાત્રાળુ ખંભાળીયાનો રસ્તો છોડી બીજે રસ્તેથી દ્વારકાં જાય તો તેને ગુરગઢ, ગાગા, ગાંધવી અને લાંબા લગેરે સ્થળે કર લેવાના નાકા (લાઇનદોરી) હોઇ, ત્યાં સ્ટેટનો કર ચુકાવ્યા પછીજ ઓખામંડળમાં જઇ શકાય તેવો પ્રબંધ હતો. તે કરના બદલામાં યાત્રાળુઓ નિર્ભય પણે આ સ્ટેટની હદમાંથી પસાર થઇ શકતાં. હાલપણ ખંભાળીયા દ્વારકાં લાઇનનું મોટું રેલ્વે સ્ટેશન છે. ત્યાં વાડીઓ પુષ્કળ છે. ત્યાંના રીંગણાં, ઘણાં લાંબાં કુણાં અને કાળા રંગના, વખાણવાલાયક પુષ્કળ થાય છે. આ તાલુકાના ગામોની સંખ્યા અને વસ્તીનું પત્રક પાછળ આપેલ છે.

(૩) **જોડીયા તાલુકો**—મુખ્ય શહેર જોડીયા તે પુરાતની બંદર છે. કા૦ સર્વ૦ સં૦ કર્ત્તા પાને ૧૭૬મે કાઠીઆવાડના બંદરો માટે લખે છે કે"—ઇ. સ. ૧૮૭૬–૮૦ના વેપાર પત્રક પ્રમાણે ૧૫ મુખ્ય બંદરોનો વેપાર એક એકની સાથે સરખાવતાં નીચે મુજબ હતો. કુલ વેપારને ૧૦૦ દોકડા ગણીએ તો ભાવનગર ૪૪–૩, મહુવા ૧૫–૬ વેરાવળ ૧૩–૬, **જોડીયા ૪૯** બેડી ૬–૨, સલાયા ૨–૯, જાફરાબાદ ૨–૩, વવાણીયા ૧–૩, નવીબંદર ૦–૯ ભેરઇ ૦–૮, કથીવદર ૨૦–૫, પોરબંદર ૩–૭, માંગરોળ ૨–૯, તળાજા ૦–૪, અને સુંદરાઇ ૦–૧ એ પ્રમાણે સરેરાશ આવે તે જોતાં કાઠીઆવાડમાં **જોડીયા બંદર** સૌથી પહેલે નંબર હતું." ગામની અંદર જુનો દરબારગઢ છે. પેટા મહાલ **બાલંભા** અને **આમરણ** છે. ત્યાં મહાલકારી અને ફોજદારની ઓફીસો છે. આમરણમાં **દાવલસાપીર**નો રોજો [દરગાહ] છે તેથી તે મુસલમાન લોકોનું જાત્રાનું સ્થળ છે. તે આમરણ તથા બાલંભા અગાઉ મેરખવાસના હોઇ, ત્યાં પણ દરબારગઢ ઉત્તમ બાંધેલ છે, બાલંભાનો કિલ્લો કચ્છના રાઓશ્રી ભારમલજીનો બાંધેલ છે. **નદીઓ**—ઉંડ, આજી, ડેમી. અને કંકાવટી છે. તેમાં આજી નદીની નહેર ઠેઠ બાલંભા આગળ છે. જોડીયામાં મામલતદાર માજીસ્ટ્રેટ અને ફોજદારસાહેબ વગેરેની ઓફીસો છે. એક મોટી ઇસ્પીતાલ, હાઇસ્કૂલ, ગુજરાતી સ્કૂલ, કન્યાશાળા, મદ્રેસા અને બોર્ડીંગ વગેરે છે, આ તાલુકામાં **બાલાચડી** ગામ હવા ખાવાનું પ્રસિદ્ધ સ્થળ છે. ત્યાં **જામશ્રી વિભાજી** સાહેબે દરિઆ કિનારે બંગલો બંધાવ્યો હતો. હાલ ત્યાં ઘણાં સુધારા વધારા સાથે બંગલા તથા બગીચા બંધાવેલા છે. ગ્રીષ્મ ઋતુમાં જામશ્રી ઘણો વખત ત્યાંજ બીરાજે છે. ગ્રીષ્મ ઋતુમાં અરબી સમુદ્રના કિનારાપર ઠંડી હવાનું તે પહેલા નંબરનું સ્થળ છે. તેવી હવા બીજે નથી. બાલાચડીએ બાળશ્રાદ્ધ થાય છે અને ત્યાં મોટો મેળો ભરાય છે.

(૪) **ભાણવડ તાલુકોઃ**—તેના **રાણપુર** તથા **સતાપુર** એવા પેટા માહલો છે. ત્યાં મહાલકારી તથા ફોજદારની ઓફીસો છે. ભાણવડ ગામે જુના વખતનો (કુલાણી *વંશનો) દરબારગઢ છે. તેમાં ન્યાયાધીશ, મામલતદાર, ફોજદાર વગેરેની ઓફીસો છે. એક દવાખાનું અંગ્રેજી સ્કૂલ, ગુજરાતી સ્કૂલ, કન્યાશાળા, અને મદ્રેસા વગેરે છે. **દવા ભકતની** એક પ્રખ્યાત ધર્માદા સંસ્થા છે. તેમાં તે ભકતના અનુયાયીઓ નિરાશ્રીતોની ઉત્તમ સંભાળ રાખે છે. ગામથી દક્ષિણમાં 'ત્રીકમ ભકતના ઓરડાઓ' ના નામે એક વિશ્રામ ગૃહ છે. તે બરડો ડુંગર જોવા જતાં રસ્તમાં આવે છે. એ ગામ અગાઉ ભાણજેઠવાએ વસાવ્યાથી ભાણવડ નામ પાડયું છે. કોઇ કહે છે. કે ત્યાં ભાણજેઠવાની ભાણવાડી નામની વાડી હતી. નદીનું નામ ભાણવડી છે. અને ત્યાં ભાણનાથ મહાદેવની જગ્યો ભાણવડથી પશ્ચિમ તરફ વર્તુ તથા ભાણવડી નદીના સંગમ કિનારે ઇશ્વેશ્વર મહાદેવની પુરાતની જગ્યો છે. તે એકાંત સ્થળ હોઇ તપસ્વીઓને તપ કરવાની જગ્યો છે. **મુખ્ય ડુંગરો**—બરડો અને ગોપ છે. [જુઓ પ્રકરણ ૩જું] **નદીઓ**—ભાણવડી, વર્તુ, મીણસાર, વેણું, વેરાડી. બીલેશ્વરી, વગેરે છે. **તળાવો**—રાણાસર, તળાલા, કાળુભાર, સાકરોણી, ભુજીયો, કંચોળીયું વગેરે છે.

(૫) **કાલાવડ તાલુકોઃ**—આ તાલુકામાં **મુખ્ય ડુંગરો—ટોપર** કે જેના ઉપર વાઘેર અને અંગ્રેજો વચ્ચે (કાઠીયાવાડનું છેલ્લું) યુદ્ધ થયું હતું તે સિવાય બીજા નાની ધારો છે. **નદીઓ**—કાલાવડી, ધોળાવડી, ઉંડ, પ્રુલઝાર, મણવર વગેરે છે. **મુખ્ય શહેર**—કાલાવડ તે અગાઉ કાળા કાઠીએ વસાવતાં, કાલાવડ નામ પાડયું. જ્યાં કાલાવડી નદીને કિનારે કાલેશ્વર (કલ્યાણેશ્વર) મહાદેવની પુરાતની જગ્યા છે. અને ધોળાવડી નદીને કિનારે **શિતળા માતાનું** દેવાલય છે. (વિશેષ હકિકત માટે જુઓ પ્રકરણ—૩જું) ત્યાં ત્રીવેણી સંગમ થાય છે. પુરાતની વડને ફરતો ઘાટ છે. તે **પુરસોત્તમ ઘાટ** ઉપર વડતળે **સ્વામીનારાયણ** બીરાજ્યા હોવાથી તેમનાં ઘણાં અનુયાયીઓ ત્યાં દર્શને આવે છે. ગામમાં દરબારગઢ છે. તે મર્હુમ મહારાજા **જામશ્રી સર રણજીતસિંહજી** સાહેબના પિતામહ **જાલમસિંહજી** બાપુએ વિ. સં. ૧૯૨૧ માં ચણાવેલ છે. અને ગામને ફરતો કિલ્લો વિ. સં. ૧૯૦૪માં **જામ રણમલજી** બીજાએ બંધાવવો શરૂ કર્યો અને વિ. સં. ૧૯૧૪માં **જામશ્રી વિભાજીએ** તે પુરો કર્યો. ઉપરના દરબારગઢમાં મામલતદાર અને મેજીસ્ટ્રેટ સાહેબ વગેરેની ઓફીસો છે. એક દવાખાનું અંગ્રેજી સ્કૂલ, ગુજરાતી સ્કૂલ, કન્યાશાળા મદ્રેસા વગેરે છે. ગામની બાંધણી વખાણવા લાયક જાતિવાર લત્તાની, પહોળા રસ્તાવાળી, સુશોભિત છે. દક્ષિણ દિશા સિવાય ત્રણેય બાજુ નદિઓ છે. ત્યાંના હવાપાણી ઉત્તમ હોઇ, ઘણાં આબરી માણસોને ×આરામ થાય છે. આ શહેરમાં કોઇ

---

* જામશ્રી રાયસિંહજીના બે કુમાર થયા તેમાં જામશ્રી તમાચી (તગડ) ગાદિએ આવ્યા અને નાના કુમારશ્રી ફલજીભાને ભાણવડ પરગણું મળ્યું. ફલજીભાથી કુલાણી વંશ ચાલ્યો. તેઓએ ભાણવડનો દરબારગઢ બંધાવ્યો. તેમાં તેઓની કુળદેવીનું સ્થાનક છે. અને નગરના દરવાજા પાસે તેમના સુરાપુરાના પાળીયાના છે.

× ઉત્તમ હવાની સાથે ઉત્તમ દવાની પણ અહિં સારી સગવડ છે કારણ કે **ઔદિચ્ય**

વખત પ્લેગ આવ્યો નથી. આ તાલુકાને **નિકાવા** નામનો એક મહાલ છે. ત્યાં મહાલકારીની ઓફીસ છે. **આજરડા** ગામે ટોપરની ટેકરી ઉપર વાઘેર તથા અંગ્રેજો વચ્ચે યુદ્ધ થયું તેનો રણસ્થંભ છે. (જુઓ પ્રકરણ ૩જું)

(૬) **કંડોરણા તાલુકો**—આ ગામને ફરતો વિશાળ અને મજબુત કિલ્લો છે. તે કિલ્લો તે ગામના **ભાદા** નામના (કણબી) પટેલે બંધાવી, **જામશ્રી રણમલજી** બીજાના હાથે ખુલ્લો મુકાવ્યો હતો. ગામથી નૈઋત્ય ખુણે નદિમાં **ગંગાજળીયો** ધુનો છે. તેના કિનારા ઉપર આંબલીયોનું નાનું વન હોઇ તે જગ્યા બહુજ રમણીય છે. તે સ્થળે **સ્વામિનારાયણે** બાઝણોની ચોરાશી કરી હોવાથી તેમના અનુયાયીઓ ત્યાં દર્શને આવે છે. **નદીઓ**–ઉતાવળી મોજ, ફોફળ, છાપરવાડી વગેરે એ કંડોરણા ગામ નજીક તર્પેશ્વર મહાદેવની જગ્યા છે. ત્યાં ધર્મશાળા છે. અને મહાદેવ નદિના વહેનના ઓટા ઉપર છે. કંડોરણા ગામે **કસ્તુરસાગર** નામના જૈનના ગોરજી (પુજ્ય) હતા તે **દરબાર પુજના** નામે એ પરગણામાં પ્રસિદ્ધ હતા તેઓ દરરોજ સભાભરી કસુંબો પાતા તે વિષેના તેમના ઘણા કાવ્યો છે. ગામની અંદર કિલ્લા વાળો દરબારગઢ છે ત્યાં મામલતદાર, માજીસ્ટ્રેટ વગેરેની ઓફીસો છે. ત્યાં એક દવાખાનું, અંગ્રેજી સ્કૂલ, ગુજરાતી સ્કૂલ, કન્યાશાળા મદ્રેસા વિગેરે છે. આતાલુકાની મેવાસા નામે એક પેટામહાલ છે. ત્યાં મહાલકારી સાહેબની ઓફીસ છે. કંડોરણાના પાધરમાં પ્રખ્યાત બહારવટીઆ **નાગુમાનની** ટોળી માંહેના મકરાણી **ચુસબ** તથા **કસબાનને** ફાંસીએ લટકાવવામાં આવ્યા હતા.

(૭) **લાલપર તાલુકો**:—આ ગામે મામલતદાર, માજીસ્ટ્રેટ અને ફોજદાર વગેરેની ઓફીસો છે. દવાખાનું અંગ્રેજી તથા ગુજરાતી સ્કૂલ, કન્યાશાળા, મદ્રેસા વગેરે છે. **મુખ્ય ડુંગરો**—દલાસા અને પુલેશ્વરનો છે. મુખ્ય **નદિઓ**—સસોઇ, કુલજર, અને ઢંઢ વગેરે છે. આ તાલુકાના **સડોદર** ગામે **કુલેશ્વર મહાદેવની** જગ્યા છે. ત્યાં પાહડમાંથી કુલનાથ મહાદેવનું દેવાલય જળાધારી અને લીંગ વગેરે ભીમે કોતરી કાઢેલું છે. એમ કહેવાય છે. તે સ્થળ શાન્તિ પમાડે તેવું અને પ્રભાવશાળી છે. તે જગ્યાની પાસે વહેતી કુલજર નદીના કુંડોનો જીર્ણોદ્ધાર વિદ્યમાન જામશ્રીએ કરાવ્યો છે. સડોદર ગામ, આપણાં લોકપ્રિય મર્હુમ મહારાજશ્રી **જામશ્રી સર રણજીતસિંહજી** સાહેબની જન્મ ભુમિ છે. ત્યાં તેમનો પુરાતની દરબારગઢ છે. જામનગરથી ત્યાં સુધીની પાકી સડક છે. (વિશેષ હકિકત માટે જુઓ પ્રકરણ ૩જું)

ખરેડી સમવાયના વિપ્ર વૈદ્યરાજ **ચંપકરામ રામજી ભટ્ટ** એક વયોવૃદ્ધ અને ઉત્તમપ્રકારના ચિકિત્સિક બ્રહ્મનિષ્ઠ પુરૂષની અર્હિ આયુર્વેદિક રસશાળા છે. તેમાં ઉચ્ચ કોટીના **ઔષધો** પોતાની જાતિ દેખરેખ તળે બનાવી ગરીબોને મફત આપે છે. ધન્વતરી તુલ્ય **જંડુભટ્ટજી**ના તેઓ શિષ્ય છે. **મર્હુમ જામશ્રી સર રણજીતસિંહજી** સા૦ તે વૈદ્યરાજની **પાચનવટી** નામની ગુટીકાઓ કાયમ જમતા હોવાથી વિલાયત પણ સાથે લઇ જતા. એ ઔષધશાળાની સગવડે શુદ્ધ દવા અને હવાનો લાભ કાળાવડમાં મળતાં ઘણા લોકોની તબિયત સુધરી ગયાના દાખલાઓ બન્યા છે.

(૮) **કલ્યાણપર તાલુકો મુખ્યડુંગર**–કાયલો, **નદીઓ**–વર્તુ, સાની, રેણુકા વગેરે છે. કલ્યાણપુરમાં મામલતદાર, માજીસ્ટ્રેટ અને ફોજદાર વગેરેની ઓફીસો છે. ત્યાં દવાખાનું, અંગ્રેજી તથા ગુજરાતી સ્કૂલ અને કન્યાશાળા છે. **રાવળ** તથા **ભાટીઆ** એ બે પેટા મહાલ છે. એ મહાલોમાં **ગાંધવિ** અને **પિંડારા** ગામ ઐતિહાસિક સ્થળો છે [જુઓ પ્રકરણ ત્રીજું] આ તાલુકાના ગામ મોજે **રાણમાં** રેણુકા નદીને કિનારે **પરશુરામના** પિતા **જમદગ્નિનું** આશ્રમ છે ત્યાં મહાદેવનું દેવાલય છે. ત્યાં આજથી ૨૦ વર્ષ પહેલાં **જેઠસુર** નામના ચારણે તથા તેની સ્ત્રીએ કમળપુજા બાંધી હતી. આ તાલુકાના પ્રદેશને **ખરાડી** પ્રદેશ કહેવામાં આવે છે. ત્યાંના લોકો ભીલનસાર પણ ઝનુની છે. પોષ્ટગાઇડમાં **જામ કલ્યાણપુર** નામ **ચાલે છે** બહારવટીઆઓમાંના **રાયદે, ભુટીયો અને આશો,** વગેરે આ તાલુકાના હતા.

(૯) **આટકોટ તાલુકો**—આ તાલુકો પંચાળ પ્રદેશને લગતો હોવાથી અલગ આવેલો છે. **મુખ્ય ડુંગરો**—ઢાંગો, સાલેમાળ, **નદીઓ**—ભેટી, (મચ્છુ) ભાદર, ખુંટણપરી, ઘેલો, કાળુભાર વગેરે છે. **તળાવ**—બાંધીઆનું છે તેમાંથી નહેરવાટે ભંડારીયા વગેરેને પાણી પુરું પાડવામાં આવે છે. ભાડલા તથા બરવાળા પેટામાહલ છે. આટકોટમાં મામલતદાર માજીસ્ટ્રેટ ફોજદાર વગેરેની ઓફીસો છે. ગામમાં એક દવાખાનું, અંગ્રેજી તથા ગુજરાતી સ્કૂલ, કન્યાશાળા વગેરે છે. ભેટી નદીનું બીજું નામ મચ્છો છે. ભરવાડો તે નદીનો પાણો લાવી મચ્છો નામની દેવીની પ્રતિષ્ઠા કરે છે. ગામને ફરતો કિલ્લો છે. કચ્છના **જામ લાખા ફુલાણીએ** કાઠીયા-વાડમાં આવી તે સ્થળે આકરો કિલ્લો (કોટ) બાંધ્યો તેથી તેનું નામ આટકોટ પડયું ખુટણપરી અને ભાદરના સંગમે જામ લાખાફુલાણીનો પાળીયો છે, ત્યાં દરસાલ મેળો ભરાય છે.

જામજોધપુર તાલુકો—**મુખ્ય ડુંગર**—આલેચ **નદીઓ** સસોઇ છે. જામજોધપુર ગોંડલ પોરબંદર રેલ્વેનું સ્ટેશન છે. ત્યાં મામલતદાર અને ફોજદારની ઓફીસો છે. દવાખાનું ગુજરાતી સ્કૂલ અને કન્યાશાળા તથા એક કપાસનું જીનપ્રેસ છે. આ તાલુકાના સરમાણાં ગામે ***સમાણા કેમ્પ** નામે શિકારનું સ્થળ છે. મર્હુમ **જામશ્રી સર રણજીતસિંહજી** સાહેબે માજી **વાયસરોય લોર્ડ હરદીનની** જામનગરની વીઝીટ વખતે અઢળક દ્રવ્ય ખર્ચી આ સ્થળને જોવાલાયક બનાવ્યુ હતું. તે ઉપરથી ત્યાંના આસપાસના લોકોમાં કહેવત ચાલી છે કે "સમાણાં કેમ્પ, કિલ્લોને કુવો, ન જુવે તે જીવતાં મુવો" ખરેખર તે અલૌકિક છે. કેમ્પ, કિલ્લો અને કુવો જોવાલાયક છે. કોઇ પણ વસ્તુની સત્યતાની જ્યારે એક હજાર માણસોને ખાત્રી થાય છે. ત્યારે એક કહેવત રચાય છે. અને તેવી કહેવતો દીર્ઘકાળ ચિર-જીવી રહી, ભૂતકાળના બનાવોની જોનારનાં હૃદયમાં અનેરી છાપ પાડે છે. આ સમાણા

* સમાણા કેમ્પ લોર્ડ હરદીનની વીઝીટ વખતે અપૂર્વ શણગાર્યો હતો. જેનું વર્ણન કરવામાં આવે તો નાની પુસ્તક થાય. રાત્રીની રોશની વખતે ઇલેકટ્રીક લાઇટ ઉપરાંત બગીચામાં માટીની ઇંટોની લાઇન ઉપર મીણબત્તીના ગ્લાસની ૨૨૦૦૦ બત્તીઓ હતી. એ વખતની શોભાનો ખ્યાલ જોનારને જેટલો આવે તેટલો લખી શકાય નહિં "જંગલમાં મંગલ" એ કહેવત મર્હુમ જામશ્રીએ સમાણા કેમ્પ રચી સત્ય બનાવી હતી.

કેમ્પથી કુલનાથ તથા સડોદર માત્ર આઠ દસ માઇલ છે. અને જામનગરથી સમાણાકેમ્પ ૩૮ માઇલ છે. જવાને માટે પાકી સડક છે. કેમ્પ નજીકના જંગલોની ઝરોમાં દિપડાઓના રહેઠાણો છે. ત્યાં ઠેકાણાઓ બાંધવામાં આવેલા છે. ત્યાં શિકારીઓના થાણાં છે.

(૧૧) **પડધરી તાલુકો**—આ તાલુકામાં **મુખ્ય નદીઓ**—આજી; ડોંડી, ન્યારી વગેરે છે. ગામને ફરતો કિલ્લો છે, અંદર કિલ્લા વાળો દરબારગઢ છે, જેમાં મામલતદાર અને ફોજદાર સાહેબની ઓફીસો છે. દવાખાનું, અંગ્રેજી તથા ગુજરાતી સ્કૂલ અને કન્યાશાળા છે. એક જીનીંગ ફેકટરી છે, જામનગરથી રાજકોટ સુધીની રેલ્વેપરનું સ્ટેશન છે. ત્યાંથી ઘોળ તથા જોડીયા જવા સારૂ ખટારા મળે છે. **પડ-ધરી** એ બે શબ્દ ઉપરથી હાલારમાં એક સમસ્યા રૂપી કહેવત છે કે :—

ઘંટીમાં તે જોયંતી, ને ગાડીમાં તે સોહંતી ।
દોય મળીને એક નામ કહો પંડયાજી કીયું ગામ ।। ૧ ।।

ઘંટી દળવાની હોય તેને બે પડો હોય. તેથી ઘંટીમાં શું જોઇએ? **પડ**, ગાડીમાં શું જોઇએ? **ધરી**, (ધરી હોય તો પૈડાંઓ તેમાં નખાય) એ બંન્ને શબ્દો મળતાં **પડધરી** થયું. આવાં લોક કહેવતો હાલાર ભુમિના **બાળકો** કંઠસ્થ સાહિત્યના ઘણાં બોલે છે.

સ્વસ્થાનશ્રી નવાનગરના તાલુકાના ગામો તથા ઘર અને વસ્તીની સંખ્યા બતાવનારૂં પત્રક

(૧) પંચકોશી તાલુકો (ગામ ૧૦૦)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
જામનગર રેલ્વેસાથે	૧૨૧૯૩	૫૫૦૫૬	વીંડમીલ	૩૯	૧૪૪
+ ,, સીમ	૩૬૫	૧૭૮૦	માધાપરૂં	૧૬૫	૭૨૮
ધેડ	૧૬૪	૭૦૦	= રોઝી	૪૨	૬૮૨
નવાનાગના	૮૦	૪૩૯	બારાબેરાજા	૬૮	૩૦૩
* જુનાનાગના	૧૪૬	૬૧૭	૮ ગોરધનપર	૩૪	૧૦૩
વીભાપર	૧૧૬	૫૩૩	નાગેડી	૫૪	૨૬૩
÷ બેડી	૭૮૧	૩૩૬૭	વસઇ	૧૩૫	૭૦૭

+ વાડીઓ વગેરે સ્થળે રહેનાર * જામરાવળે લીધું તે નાગના અંદર ÷ બેડીપોર્ટ
= રોઝી બંદર ૮ અહીં એરોપ્લેન ઉતરવાનું સ્ટેશન છે.

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
સરમત	૧૩૮	૬૫૮	સુવરડા	૫૫	૨૨૭
ઢીચડા	૧૩૭	૬૬૩	♦ ચેલા	૨૮૮	૧૫૨૬
ધુંવાવ	૪૫૭	૧૮૩૩	ચંગા	૧૩૨	૬૬૦
ખીમરાણા	૧૯૨	૯૭૪	બાવરીયા	૧૦	૫૭
જાંબુડા	૪૧૪	૧૮૮૪	કનસુમરા	૧૨૭	૬૬૪
ખીજડીયા	૧૧૬	૫૪૩	મસીતીયા	૧૦૩	૭૭૨
રામપર	૧૩૩	૬૭૩	વાવબેરાજા	૪૬	૨૬૧
× સચાણા	૧૫૯	૭૬૪	‖ લાખાબાવળ	૧૭૧	૮૦૮
મોટી બાણુગાર	૧૭૦	૯૫૫	§ રાવળસર	૨૬	૧૫૯
નાની બાણુગાર	૩૫	૨૨૭	ચાંપાબેરાજા	૮૧	૪૪૫
અલીયા	૪૧૬	૨૦૮૭	બોજાબેરાજા	૮૬	૪૫૪
બાડા	૨૦૭	૧૦૭૨	બાલાભડી	૩૭	૨૨૬
+ સેખપાટ	૧૦૭	૫૬૨	દેદાણીયા	૬૧	૩૩૭
÷ મોડા	૧૧૬	૫૪૪	લોંઠીયા	૪૬	૨૦૩
ગંગાજલા	૧૨	૬૭	ગાહુકા	૩૬	૨૩૫
મોરકંડા	૬૬	૪૬૮	આમરા	૧૮૭	૬૬૫
* ખીમલીયા	૬૨	૩૭૪	જીવાપર	૧૦૮	૫૨૨
૯ ઠેબા	૬૩	૪૬૩	મોખાણા	૩૬	૨૦૬
હાપા	૬૪	૩૬૦	દડીઆ	૪૮	૨૬૬
= વીજરખી	૧૦૬	૪૫૧	૧ બકોટા	૨૬૧	૮૫૧
મોટા થાવરીયા	૧૧૦	૫૩૧	૨ નાયુના	૫૦	૨૬૭
મયાત્રા	૮૨	૩૧૨	નારણપર	૮૩	૪૦૨
હડમતીયા	૧૦૩	૪૬૪	કોંઝા	૨૬	૧૭૭
નાના થાવરીયા	૬૪	૩૦૪	લાવડીયા	૮૨	૪૬૩

× ઇસર બરોટ ત્યાં રહેતા + સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્કળાનંદ સ્વામીની જન્મ ભુમી ÷ સચ્ચિદાનંદ સ્વામીની જન્મ ભુમી * અહીં જેસાવજીરની કબર છે. ૯ નટ જામનગરથી આકાસ માર્ગે ઊડી અહીં પડયો હતો = મોટું તળાવ છે. ♦ મહાલ છે. ‖ રેલ્વે સ્ટેશન છે. § જામરાવળજીના નામ ઉપરથી ૧ જામરાવળે થોડાં વર્ષ ગાદી રાખી હતી બે કિલ્લા હતા ૨ નાગનો ધુનો તથા સ્થાનક છે.

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
મકવાણા	૨૫	૧૨૮	વીરપર	૧૦૧	૬૩૨
ઠંઢા	૨૯	૧૬૯	વેરતીયા	૧૭૫	૭૧૦
ચંદ્રાગા	૩૮	૨૨૦	૩ તમાચીરણ	૬૯	૪૮૩
સુમરી	૩૦	૧૫૧	ખારાવેઢા	૧૮	૧૧૪
મોટી ભલસાણ	૧૪૦	૭૩૧	સુમરી	૯	૬૩
વાણીઆગામ	૪૧	૨૦૫	૪ ખીલોસ	૩૨૫	૧૬૨૧
વાગડીઆ	૪૪	૨૨૭	ચાવડા	૫૦	૩૫૫
૧ વણથલી	૩૬૧	૧૮૬૩	૫ રણજીતપર	૨૧	૧૦૯
વરણા	૭૮	૪૯૯	૬ લાખાણી(મોટોવાસ)	૬૪	૩૪૮
જગા	૮૬	૪૦૬	લાખાણી નાનો વાસ	૮૧	૩૬૭
મેડી	૫૬	૩૦૭	ધ્રાંગડા	૫૮	૩૦૩
ધુતારપર	૨૦૨	૧૧૩૮	ફલા	૧૦૮	૭૪૫
૨ ધુડશીયા	૧૩૦	૬૬૫	ખંભાલીડા મોટો વાસ	૮૮	૫૧૮
નાની માટલી	૬૮	૩૫૧	ખીજડીયા	૧૪	૬૫
બેરાજા	૯૫	૫૦૬	ખંભાલીડા નાનો વાસ	૪૨	૨૭૦
સપડા	૪૪	૨૧૬	રેલ્વેની વસ્તી	૨૧૦	૭૮૧
પસાયા	૬૪	૪૬૭	પીરોટન ટાપુ	ઉજડ	છે
મોડપર	૪૪	૧૪૮	સણોસરા	...	...
ફાચરીયા	૨૨	૧૫૪	મીઠાવેઢા	...	...
મતવા	૧૨૪	૫૭૬	પંચકોશી તાલુકાનું કુલ	...	...
				૧૧૦૮૮	*૫૫૧૦૧

૧ રેલ્વે સ્ટેશન છે. (જામ વણથલી) ૨ વડી માતાનું સ્થાન છે. ૩ જામ તમાચીજીના નામ ઉપરથી, ૪ જામ રાવળે થોડો વખત અહીં પણ ગાદી રાખી હતી, ૫ જામ રણજીતના નામ ઉપરથી, ૬ લાખોજી ટીલેથી ટળ્યા તેના વંશજો રહે છે.

* આમાં જામનગરની સીમની વસ્તીનો સમાસ થાય છે ફકત જામનગર તલપદ નહીં.

(૨) જામ ખંભાળીઆ તાલુકો (ગામ ૮૭)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
ખંભાલીયા	૨૨૪૬	૧૦૬૧૩	વીરમદડ	૮૬	૪૮૬
તરધરી (સુમરાવાળી)	૩૩	૧૬૭	માધુપુર	૧૬	૧૦૧
આહેરવાળી સીંહણ	૪૬	૨૬૬	ભારા બેરાજા	૧૧	૬૧
કાકાભાઇવાળી સીંહણ	૫૫	૨૬૬	ભીંડા	૮૬	૫૨૬
નાગડા	૪૭	૨૩૮	ભટગામ	૨૬	૧૪૭
સુખપર	૫૫	૨૮૬	તથીયા	૪૧	૨૪૧
લાખાસર	૪૬	૨૫૫	લલીયા	૨૩	૧૦૬
વડાળીયા સીંહણ	૬૨	૩૬૫	કંડોરણા	૨૬	૧૫૬
કરમદી	૧૫	૬૨	કોટા	૨૬	૧૬૦
દેવળીયા	૪૫	૨૧૬	માંઝા	૨૫	૧૩૬
આંબરડી	૭૭	૩૮૫	પીરલાખાસર	૩૧	૧૭૧
કોલવા	૧૦૫	૫૮૬	મહાદેવીયા	૪૩	૨૬૦
ભંડારીયા	૬૫	૫૨૮	૧ સલાયા	૧૦૭૩	૪૮૬૮
ફોટ	૬૮	૩૭૫	પરોડીયા	૭૧	૩૭૬
કોટલીયા	૩૧	૧૬૭	કાળુભાર ટાપુ	૨	૧૦
મોટી ખોખરી	૮૨	૪૨૫	ગોંજ	૧૧૬	૬૬૬
ભાણુખોખરી	૪૭	૩૧૬	ચુડેશ્વર	૮૬	૪૨૭
લાલપરડા	૬૬	૪૬૮	કાલાવડ સીમાણી	૪૮	૨૬૮
ભાડથર	૨૨૨	૧૨૨૮	ઝાકશીયા	૬૭	૨૫૮
લાલુકા	૩૫	૧૬૧	બેરાજા	૧૨૧	૬૬૭
ગોલણ શેરડી	૨૮	૧૪૬	મોટા માંઢા	૧૧૭	૬૪૧
સોઢા ભાડથર	૩૩	૧૩૩	મોટ આંબલા	૫૬	૩૨૭
વીંઝલપર	૬૮	૫૬૨	નાના આંબલા	૪૪	૨૩૨
કેસોદ	૬૩	૬૧૦	સોડસલા	૭૩	૩૮૫
ઠાકર શેરડી	૫૩	૨૬૮	દાંતા	૮૦	૪૬૭

૧ સલાયા બંદર

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
નાના માંઢા	૮૪	૪૫૪	અબડા ટાપુ	૧૨	૬૫
કંજુરડા	૭૪	૩૬૬	મવાણુ	૧૫૬	૬૪૭
સોઢાતરઘરી	૫૫	૩૧૧	ભાતેલ	૧૨૮	૭૭૬
કાઠીદેવડીયા	૫૮	૨૫૬	ખજુરીયા	૭૪	૩૭૬
ટીંબડી	૭૪	૪૨૨	પીપળીયા	૪૭	૨૭૫
ભરાણા	૧૫૩	૫૬૬	ગારાંભડી	૬૭	૩૦૨
વાડીનાર	૨૦૧	૭૨૬	બેહેગામ	૬૮	૪૭૦
વડત્રા	૧૬૮	૬૫૩	દક્ષિણાદા બારા	૪૭	૧૩૦
હંસસ્થળ	૫૦	૨૭૧	આથમણા બારા	૪૮	૧૦૭
સામોર	૭૦	૪૨૭	ઊગમણા બારા	૧૩૬	૪૬૬
કુવાડીયા	૪૦	૨૮૩	વચલા બારા	૧૩૦	૩૩૮
કોઠારીસોતરી	૫૫	૨૮૪	સુતરીયા	૪૬	૨૨૬
કંસરવીસોતરી	૬૬	૩૮૦	હરીપર	૩૪	૨૦૬
નાના આસોટા	૬૨	૩૧૭	જામપર	૧૪	૬૭
દાત્રાણા	૧૧૩	૫૨૭	બાંડીઝર	...	...
હંજડાપર	૩૭	૨૧૧	ચુસડા	...	...
સગાળીયા	૬	૩૬	રાવકાટીંબો	...	...
સોનારડી	૭૫	૪૩૩	૧ રણજીતપર	૧૦	૪૨
ધંધુસર	૨૧	૧૫૨	ખંભાળીયા તાલુકાનું	———	———
			કુલ	૮૭૪૬	૪૩૬૪૬

(૩) જોડીયા તાલુકો (ગામ ૫૦)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
૨ જોડીયા	૧૪૭૩	૬૭૮૦	૩ ભાદરા	૧૦૦	૫૧૭
બાદનપર	૬૩	૫૮૫	કુનડ	૧૩૦	૬૬૬

૧ જામ રણજીતના નામે વસાવ્યું ૨ બંદર છે. ૩ સ્વામિનારાયણ સંપ્રદાયના ગુણાતીતાનંદ સ્વામીનું જન્મ સ્થાન

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
આણુદા	૪૪	૨૫૧	તારાણા	૮૬	૩૭૮
નેસડા	૫૨	૨૪૭	૬ મેારાણા	૩૫	૧૪૧
કેસીયા	૧૫૪	૮૪૨	આંબરણ	૫૦૪	૨૪૦૪
લખતર	૫૫	૪૩૩	દુધઇ	૧૯૫	૧૦૮૪
હડીયાણા	૫૯૧	૨૮૮૨	માવનું ગામ	૫૨	૩૪૦
લીંબુડા	૪૭	૨૭૧	આંબલા	૮૫	૪૫૮
વાવડી	૫૨	૩૦૨	કોઠારીયા	૫૮	૩૨૭
એરાળ	૧૧૭	૬૪૪	એલા	૨૦૫	૧૦૧૧
૧ બાલાચડી	૬૭	૩૩૩	ઉંટ એટ સામપર	૮૧	૪૭૧
ખારી	૨૫	૧૩૨	ફડચર	૧૬૨	૭૬૯
વાધા	૭	૩૬	રાજપર	૨૨	૧૦૮
૨ બાલંભા	૮૨૪	૩૯૪૯	ઝીઝુંડા	૧૦૪	૬૦૧
૩ રણુજતપર	૩૦	૧૮૭	ખારચીયા	૧૭૯	૮૬૬
જામસર	૮૩	૪૩૫	કેરાળી	૮૩	૫૦૪
માણામેારા	૧૦૬	૫૪૦	જીવાપર	૪૬	૨૭૩
સામપર	૧૮૯	૧૦૭૨	ધુડકોટ	૧૩૨	૧૨૮૬
૪ માધાપર	૧૨૦	૬૨૪	બાદનપર	૫૦	૩૬૬
જરાગઢ	૧૪૫	૭૬૪	ફાટસર	૧૦૬	૫૭૮
૫ પડાણા	૪૬	૨૪૨	કેયલી	૧૨૬	૮૭૧
ખોડકા	૧૩૧	૬૪૨	ગજડી	૭૮	૪૪૭
પીઠડ	૨૨૧	૧૦૫૮	માનપર	...	...
રસનાળ	૫૫	૨૮૨	જોડીયા તાલુકાનું	———	———
ટીંબડી	૨૮	૧૩૦	કુલ	૭૭૬૦	૩૬૮૦૫
મેધપર	૨૩૦	૧૩૧૮			
જસાપર	૫૩	૨૬૮			

૧ હવાખાવાનું ઠેકાણું ૨ મહાલ છે. ૩ જામ રણુજીતના નામથી વસાવ્યું ૪ વચેકા મઢનેા ઝુંડ છે. ૫ મહાલ છે. ૬ દેદા રજપુતને મારી જામ રાવળે પ્રથમ તાબે કર્યા.

(૪) ભાણવડ તાલુકો (ગામ ૭૭)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
ભાણવડ	૧૪૬૦	૬૪૮૫	ભોરયા	૧૯	૧૦૨
મેવાસા	૭૪	૩૧૯	સઈ દેવલીયા	૧૩૩	૬૩૭
ટીંબડી	૩૫	૨૧૫	બોડકી	૨૬	૧૩૬
ધુમલી	૩૪	૧૫૮	ધારાગર	૪૯	૨૬૨
મોખાણા	૩૭	૧૬૯	માનપર	૪૩	૨૩૭
કતેપુર	૪૬	૨૧૭	ફોટડી	૨૯	૧૫૪
રાણપરડા	૧૫	૬૦	રેટાલા કાલાવડ	૧૧૧	૫૪૫
મોટા કાલાવડ	૧૨૮	૬૬૯	કાંટોલીયા	૩૪	૧૮૦
ભરતપુર	૧૮	૯૨	ચુંદલા	૩૨	૧૭૫
આંબલીયારા	૩૯	૨૦૧	સણખલા	૧૨૨	૬૦૯
રૂપામોરા	૬૭	૩૫૫	ઝારેરા	૬૪	૩૦૮
સેજવાડા	૮૩	૪૫૧	ભેનકવડ	૬૬	૪૨૭
સાજડીયાળી	૪૫	૨૫૨	ટોબર	૮૬	૫૧૨
ચુંદા	૨૧૮	૧૨૦૧	ભવનેશ્વર	૬૧	૩૪૧
ચાંદવડ	૧૨	૬૯	પછતર	૧૧૪	૬૨૫
નવાગામ	૧૨૭	૬૧૫	પાછતરડી	૨૮	૧૫૩
સેવકદેવલીયા	૩૫	૨૬૨	રાણપર	૮૨	૩૮૦
જામપર	૪૬	૩૧૧	ગઢ	૯૦	૪૭૪
મોરઝર	૧૧૯	૫૩૫	દુધાળા	૩૨	૨૦૧
સેઢાખાઇ	૪૨	૨૬૯	હાયલા	૧૪૪	૮૦૦
ચોખંડા	૧૧૧	૬૬૮	રોઝા	૬૨	૩૪૬
ભણગોળ	૨૩૬	૧૨૪૨	કીલેશ્વર	૩૩	૧૫૦
કબરકા	૨૮	૧૪૧	ધામનીનેસ [૧]	૬	૨૬
જોગડા	૯	૫૧	વાગડીયો નેસ	૪	૨૨
જેપુર	૧૩	૬૪	ખેડીયા નેસ	૨	૧૦

૧ માલધારી લોકો (ચારણો રબારીઓ) ઝુંપડાં કરી જંગલમાં એક સ્થળે રહે તેવા નેસો પડ્યા બારાડીમાં ઘણાં છે.

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
કુલઝર નેસ	૨	૮	કાટકોલા	૧૯૨	૬૧૭
સરીયો નેસ	૨૮	૧૬૧	કલ્યાણપર	૮૩	૪૩૭
સુવરડો નેસ	૫	૨૮	મોડપર	૬૧	૫૨૮
કાસવીરડો નેસ	૫	૨૭	જંબુસર	૨૪	૧૯૯
હીરણ નેસ	૭	૩૪	જસાપર	૧૦૬	૫૪૬
બાડા નેસ	૩૦	૧૮૭	સતાપર	૨૬૧	૧૩૩૧
વેરાડ	૩૩૬	૧૬૨૫	ઉટેપુર	૪૪	૨૫૦
કુપણગઢ	૩૮	૨૪૬	વરવાડા	૩૭	૧૭૭
આંબરડી	૭૦	૩૫૪	કરસનભડા નેસ	૧૪	૬૬
સીવા	૧૧૭	૬૯૭	લાભપરા	૫	૧૯
ખોડા નેસ	ઉજડ	છે	લાલવાડા		
નગડીયો નેસ	...	...	રાધનીયો નેસ	૭	૩૧
વાંકાબુનો નેસ	...	...	ધોરીયો નેસ	૧૬	૬૪
વાનાવડ	૧૦૩	૫૯૧	ભાણવડનું	———	———
			કુલ	૬૧૮૩	૩૧૫૧૯

(૫) કાલાવડ તાલુકો (ગામ ૭૩)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
કાલાવડ	૮૭૨	૪૨૬૨	રીનાલી	૩૫	૨૧૯
બાલાંભડી	૪૧	૨૪૫	સરવાણીયા	૬૩	૩૨૨
સણોસરા (ખીમાલી)	૩૨	૧૨૮	મકરાણી સણોસરા	૯૦	૪૮૪
ચાપરા	૨૦	૧૧૮	૨ જાલણસર	૧૮	૧૧૦
રાજસ્થળી	૩૮	૧૧૯	બાળીયા	૧૨	૬૧
ઢેઢ ખીજડીયા	૧૭	૭૬	૩ જામવાળી	૧૦	૭૨
બામણગામ	૭૮	૪૮૬	જસાપર	૬૨	૩૭૨

૧ ડુંગર ઉપર કિલ્લો છે. ૨ જાલમસીંહજી ડાડા બાપુનું વસાવેલું ૩ મોટી વીડી છે.

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
બાવા આખરીયા	૪૩	૨૯૨	દાવલી	૨૦	૧૨૩
ભાયું આખરીયા	૨૨	૮૮	સાવલી	૧૩	૭૦
વીરવાવ	૩૦	૧૬૧	મોરવાડી	૧૬	૮૯
ભીમાનુંગામ	૨૦	૯૦	નાના પાંચદેવળા	૨૫	૧૩૬
વોડીસાંગ	૩૫	૨૦૨	મોટા પાંચદેવળા	૯૫	૫૩૧
ખંઢેરા	૧૫૮	૮૧૦	છતર	૧૧૪	૬૨૯
મોટી માટલી	૫૪	૩૪૯	વજીર આખરીયા	૧૬	૧૦૯
૧ ખાનકોટડા	૧૧૯	૭૦૮	ખોડી	૨૦	૧૪૨
નાગપુર	૩૦	૧૯૪	નવાગામ	૧૫૯	૯૨૬
ગોલણીયા	૧૭	૮૪	ઉમરાળા	૮૫	૪૬૦
નાની વાવડી	૬૯	૫૭૧	માછરડા	૬૬	૩૨૩
હરીપર	૪૯	૩૦૫	સરવાણીયા (૨)	૧૨	૭૮
લલોઇ	૩૭	૨૮૧	ધુનધોરાજી	૧૩૨	૬૯૪
બાંગા	૮૭	૪૨૩	મોટી વાવડી	૫૬	૩૫૦
બેરાજા	૮૩	૪૫૯	૩ નીકાવા	૧૫૧	૭૪૩
નાની ભલસાણ	૪૯	૨૪૫	પીપળીયા	૨૫	૧૪૪
ગલપાદર	૧૨	૬૪	ચાસીયા	૬	૩૦
ગડા	૩	૨૧	આણંદપર	૧૦૩	૫૫૯
ડુંગરણી દેવલીયા	૫૧	૨૮૭	૪ પાતામેધપર	૭૭	૩૭૫
રામપર	૪૪	૨૬૧	નાના વડલા	૧૫૦	૮૧૫
રવશીયા	૨૧	૧૨૬	ડાંગરવડા	૫૧	૨૫૦
૨ સનાળા	૪૮	૩૨૫	મોટા ભાડુકીઆ	૭૫	૪૫૪
નાની ભગેડી	૮૦	૪૪૪	લખુકીયા ભાડુકીયા	૮	૭૦
મોટી ભગેડી	૪૯	૨૨૮	ખડધોરાજી	૨૦	૧૧૩

૧ આ ગામે દુષ્કાળમાં પણ વરસાદ વરસે છે. ૨ આ ગામે ભરવાડ છે તે વરસાદ વરસવાનું ભવિષ્ય ભાંખે છે. ૩ મહાલ છે. પુરાતીની ગામ છે. તેના જુના ખંઢેરને લોકો નજીવા નગરી કહે છે. પાસે ચંદ્રસર તળાવ છે. ૪ પાતાપટેલે ચોરો જોવાલાયક ચણાવી જામ રણમલના હાથે ભાયું કરાવેલ છે.

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
રાજડા	૩૫	૨૦૬	પીઠડીયા	૧૨૨	૫૮૪
પીપર	૧૩૬	૭૩૬	નાની નાગાજળ	૪૬	૨૫૨
મોટા વડાલા	૨૩૩	૧૧૯૨	૨ રાજવડ	...	...
મકાજી મેઘપર	૧૧૯	૫૯૨	નવાણીઆ આખરીયા	...	...
વીભાણીઆ	૨૯	૧૬૭	કાલાવડનું કુલ	———	———
૧ સતીયા	૩૫	૧૭૫		૪૯૩૭	૨૬૭૦૯
મોટી નાગાજળ	૫૯	૩૬૦			

(૬) કંડોરણા તાલુકો (ગામ ૫૨)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
૩ કંડોરણા	૫૫૯	૨૯૧૪	મેઘાવડ	૪૨	૨૧૫
જસાપર	૮૦	૪૪૨	તરકાસર	૨૬	૧૩૫
આંચવડ	૩૦	૧૮૦	૪ થોરડી	૩૧	૧૨૯
અડવાલ	૬૬	૨૮૩	પીપળીયા	૨૬	૧૭૬
ઓરીયા	૭૭	૩૮૬	કાનાવડાલા	૭૪	૪૭૦
રામપર	૩૨	૧૮૨	સનાળા	૫૧	૨૬૧
એલડા	૧૬	૮૩	ખજુરડા	૧૪૩	૬૬૨
બંધીયા	૨૧	૧૧૫	૫ રોઘેલ	૭૨	૪૬૪
પીપરડી	૫૨	૨૬૬	ટીંબડી	૧૩૭	૮૨૦
ખાટલી	૬૪	૫૫૪	સોડવદર	૧૨૮	૬૮૬
પાદરીયા	૩૬	૨૦૧	ચીત્રાવડ	૨૦૩	૧૦૬૭
બાલાપર	૨૬	૧૫૬	થોરાળા	૪૧	૨૦૮
ઉજળા	૬	૮૩	દાદર	૬૪	૫૧૮
દડવી	૧૬૬	૮૧૨	બરડીયા	૧૦૩	૫૭૦

૧ સાતવીસું ને સાત (૧૪૦) સતી થયેલ છે. ત્યાં થાનકને ઝુંડ છે. ૨ ટીંબો ઊજડ છે. ખોડીઆરનું થાનક છે ૩ નદી કીનારે આંબલીઓનો ઝુંડ મનમોહક છે. ૪ તરતેશ્વર મહાદેવની જગ્યા છે. ૫ અહીંની પાદરની વાવનું પાણી પીવાથી ઘોડાને પેટપીડ મટે છે.

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
માત્રાવડ	૩૯	૨૧૫	ખીજડીયા પરા	૪૮	૨૫૭
૧ મોર ખીજડીયા	૩૩	૨૩૩	ધોળીધાર	૧૦૦	૪૯૬
ગુંદાસરી	૮૭	૪૫૮	હરીપર	૨૩	૧૦૮
ચાવંડી	૬૧	૪૫૭	ભાદ્રા	૧૦૮	૫૫૩
ટોડા	૧૫૪	૮૧૧	જાંબુડી	૩૧	૧૫૫
સાજડીયાલી	૬૪	૫૦૬	કેરાળી	૮૯	૪૩૮
૨ વણથલી	૫૬	૨૭૯	પ્રેમગઢ	૩૯	૨૭૩
રંગપર	૨૩	૧૧૫	લુણાગરા	૮૦	૪૧૫
ઉમરાલી	૧૩૮	૭૭૪	ધ્રફરીયા	૩૪	૧૫૦
ગરનાળા	૮૪	૪૩૭	રાયડી	૧૪૪	૭૬૧
૩ મેવાસા	૧૭૦	૭૬૭	તરવાડા	૨૫	૧૧૯
વાલાડુંગરા	૪૨	૨૧૨	કંડોરણાનું કુલ	———	———
જેપુર	૨૮	૧૨૦		૪૨૦૧	૨૨૫૭૦

(૭) લાલપુર તાલુકો (ગામ ૮૨)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
લાલપર	૭૪૫	૩૪૮૩	ચોરવાડી	૫૩	૩૧૮
ખીરસરા	૭૮	૪૮૯	રીંઝપર	૮૦	૪૩૯
નાંદુરી	૧૮૦	૯૭૦	ધરમપર	૪૩	૨૩૫
ગોદાવરી	૪૧	૨૪૦	ટેભડા	૩૮	૨૩૪
બાબરીયા	૬	૫૨	સણોસરા	૫૮	૩૨૨
મોટા ભરૂડીયા	૫૦	૨૩૯	કાઠીતડ	૧૧	૫૪
વીજપર	૭	૪૬	સણોસરી	૬૬	૪૮૩
મોટા ખડબા	૨૦૦	૧૦૨૧	ગોવાણા	૬૩	૩૨૬
વાવડી	૨૯	૧૨૦	બબરઝર	૫૪	૨૯૫

૧ અહીં એક કપાસનું જીન પ્રેસ છે. તેથી લોકો જીનખીજડીયું પણ કહે છે.
૨ મોટી વીડી છે. ૩ પુરાતની ગામ છે.

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
બજાણા	૮૮	૪૫૦	સેવક ધુણીયા	૧૧૫	૬૨૨
નવી પીપર	૫૩	૩૧૦	હરીપર	૧૪૦	૭૩૦
કાન વીરડી	૧૫	૧૦૨	બામણીયા	૫	૧૮
ખડખંભાલીયા	૬૪	૫૨૨	૧ પડાણા	૧૮૬	૬૬૧
ખટીયા	૨૫	૧૨૦	મેમપર	૨૦	૧૦૦
નવા ધુનીયા	૧૮	૬૬	જોગવડ ૨	૪૬	૨૫૭
વડ પાંચસરા	૪૭	૨૨૩	ગાગવા	૮૬	૪૩૦
મોટા પાંચસરા	૪૮	૨૬૦	ખટીયા બેરાજા	૧૫	૧૧૦
ગલા	૩૮	૧૬૮	નાના લખીયા	૧૩	૬૮
રકા	૭૭	૨૭૬	સીંગચ	૧૨૧	૭૩૪
કરાણા	૬૬	૩૪૧	ઝાંખર	૬૬	૪૧૭
બેંગારપર	૧૬	૧૦૭	૩મીઠાપ	૬૩	૫૮૭
નવી વેરાવળ	૩૪	૧૪૦	રાંસંગપર	૧૦૭	૬૨૭
પીપરટોડા	૧૭૨	૬૮૬	મોટા લખીયા	૪૬	૨૫૧
મોટી વેરાવળ	૮૮	૪૬૧	૪ મોડપર	૧૨૧	૭૧૫
રામપર	૨૩	૧૩૩	રંગપર	૭૩	૩૫૩
મેમાણા	૧૬૮	૮૧૭	સેવક ભરડીયા	૪૦	૧૬૧
સેવકભટીયા	૧૪	૭૬	૫ દલતુંગી	૭૧	૩૩૭
આરીખાણા	૭૧	૩૬૮	અપીયા	૪૧	૨૨૫
નાની રાકુદડ	૧૧૦	૫૬૬	ચારણતુંગી	૧૮	૬૧
મોટી રાકુદડ	૧૦૩	૫૩૫	જસાપર	૫૪	૨૮૪
ગજણા	૫૭	૨૮૦	મુંગણી	૮૪	૪૭૩
દેવપરા	૩	૨૦	સીકા	૧૬૪	૧૦૦૩

૧ મહાલ છે, વાછરાની જગ્યા છે, ૨ આશાપુરામાતાજીનું મોટું મંદીર છે વડ ઉપર ઉડી આવેલા વડીઅલ રજપુત રહે છે. ૩ વાંચ્યો મીઠોઇનાપાદરનું મહાન યુદ્ધ પ્રથમ ખંડ ૪ રેલ્વે સ્ટેશન છે ૫ તુંબોતુંગી ડુંગર છે

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
નાની ખાવડી	૬૬	૨૯૨	મેઘાવદર	૩૯	૨૧૪
૧ બેડ	૩૦૧	૧૫૩૭	મેઘનું ગામ	૨૨	૧૨૧
શાપર	૧૦૨	૫૪૩	ડબાસંગ	૧૭૫	૯૧૭
કાનાછીકારી	૩૭	૧૮૯	મછુ બેરાજા	૮૧	૪૨૪
કેરાછીકારી	૧૯	૧૧૧	આરબલુંથ	૧૨૮	૬૭૪
મોટી ખાવડી	૧૫૮	૭૫૩	આલ્યા	ઉજડ	છે
નવાગામ	૧૪૦	૮૨૨	મણીકાટીબેા	...	...
૨ પીપળી	૫૬	૨૭૧	દણ્યા	...	...
કાનાલુંસ	૮૦	૪૬૫	લાલપરનું કુલ	———	———
સેતાલુંસ	૪૧	૩૪૩		૬૪૭૨	૩૩૯૭૯

(૮) કલ્યાણપુર તાલુકેા (ગામ ૭૧)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
કલ્યાણપુર	૨૩૦	૧૦૬૫	ધ્રુમથળ	૩૦	૧૩૦
દેવળીયા	૨૫૫	૧૩૧૨	ખીજદડ	૧૪૧	૬૬૦
ચાચલાણા	૭૨	૩૭૧	જામપર	૨૭	૧૬૦
લાંબા	૪૦૮	૧૬૬૪	૩ રંગપર	૭	૩૯
ગાંધવી	૬૧	૨૧૯	૪ માડી	૬૭	૩૪૧
ગાંગડી	૫૩	૨૮૪	કનકપર	૩૧	૧૬૮
બાંકેાડી	૨૧૮	૧૦૨૬	કાનપર	૩૦	૧૬૮
હડમતીયા	૫૬	૩૧૪	૫ ચપર	૭૦	૩૫૩
બેાગાત	૨૨૫	૧૧૧૪	ચૂર	૬૫	૩૭૫
નાવદરા	૬૪	૫૨૫	માંગળીયા	૧૬	૬૨
પેટલકા	૧૨૬	૭૫૯	માલેતા	૪૭	૩૦૬
ગઢકા	૨૬૪	૧૪૫૫	સતાપર	૧૨૫	૫૮૬

૧ રાવળ જામે થેાડેા વખત ગાદી રાખી હતી ૨ રેલ્વે સ્ટેશન છે.
૩ મસ્ત કવિ બાણીદાસની જન્મભૂમી ૪ રાયદે બહારવટીયેા થયેા ૫ ધાબળા સારા થાય છે.

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
જોધપર	૫૨	૨૫૦	નંદાણા	૨૫૧	૧૩૪૫
ભાટીયા	૨૯૮	૧૪૭૩	મહાદેવીયા	૭૩	૪૧૭
૧ કનેડી	૧૫૩	૮૦૬	રાવળ	૭૬૮	૩૨૯૨
ગોકળપર	૬૨	૩૨૮	ચંદ્રાવાડા	૧૦૩	૪૬૮
ભાટ વડીઆ	૧૦૨	૫૧૦	ગોરાણા	૨૩૬	૧૦૬૪
ગોજી નેસ	૨૮	૧૪૭	ડાંગરવડ	૫૧	૨૫૩
ગુરગઢ	૧૩૩	૬૮૦	સણોસરી	૬૦	૩૧૭
૨ રણજીતપર	૫૯	૨૬૬	પ્રેમસર	૭	૫૧
ખાખરકા	૨૧૬	૧૧૧૯	ટંકારીયા	૫૪	૨૬૫
ભોપલકા	૧૫૨	૬૦૪	પાનેલી	૪૫	૧૭૫
માનપરા	૩	૧૬	સુરીઆવદર	૫૬	૩૩૬
સીદસરા	૮૦	૪૫૬	રાણપરડા	૨૪	૧૪૦
૩ રાણ	૩૪૪	૧૭૦૩	જયપુર	૧૪	૭૭
હરીઆવડ	૩૫	૧૫૮	ધતુરીઆ	૧૦૧	૫૧૧
મોટા આસોટા	૧૭૩	૭૨૭	રાજપરા	૮૨	૪૨૮
હાપરડી	૩૮	૧૫૨	દુધીઆ	૮૩	૨૩૦
મણીપર	૩૬	૨૦૦	આસીયાવદર	૩૬	૧૬૫
મેધપર	૬૪	૩૭૧	ખીરસરા	૧૧૬	૬૦૬
ગાગા	૨૩૪	૧૧૦૬	નગડીયા	૬૬	૨૩૪
આમણાસા	૪૬	૨૭૩	હરીપર	૧૦૬	૫૮૧
સુઇ નેસ	૨૪	૬૩	લોલ	...	...
પીંડારા	૧૬૦	૭૮૪	સીદસર	...	...
મેવાસા	૭૭	૪૧૮	સાંકડીયો નેસ	...	...
૪ ખીરપર	૪૨	૧૬૦	કલ્યાણપુર તાલુકાનું કુલ	———	———
				૭૬૨૪	૩૭૪૬૬

૧ કેનેડી સાહેબે વસાવ્યું હતું ૨ જામ રણજીતના નામ ઉપરથી ૩ જેઠે ચારણે પોતાની પત્નિ સાથે મહાદેવ પર કમળ પુજા બાધી હતી ૪ બહારવટીઆ ભુટીઆ વાધેરની જન્મભૂમી

(૯) આટકોટ તાલુકો (ગામ ૪૪)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
આટકોટ	૪૯૪	૨૪૪૩	૧ ભાડલા	૩૯૬	૨૦૧૯
જંગવડ	૧૮૩	૧૦૬૮	રાજાવડલા	૭૦	૩૩૬
ગુંદાળા	૩૦	૧૯૬	દહીંસરા	૧૦૪	૫૫૭
સમઢીયાલા	૨૬૬	૧૩૨૩	વાવડી	૬૪	૩૫૬
ખારચીયા	૮૯	૪૫૮	રામલીયા	૪૯	૩૦૨
પાંચવડા	૧૭૩	૭૮૪	ગઢડીયા	૬૬	૩૭૮
બરવાળા	૬૩	૪૩૧	૨ આર્યાયા	૪૩	૨૦૬
લીંબડીયા	૫૫	૨૬૦	ભંડારીયા	૧૬૬	૧૦૧૪
નાની કુંડલ	૧૫	૨૫૩	વીરપર	૨૮	૧૪૦
વાવડી	૬૦	૪૫૭	૩ રણજીતગઢ	૧૫	૧૨૨
મોટી કુંડલ	૭૬	૩૬૮	રાણીંગપર	૩૨	૧૭૭
આંબરડી	૧૧૨	૫૧૨	વેરાવળ	૩૧	૧૬૮
નવાગામ	૨૮	૧૪૫	બેડલા	૧૧૫	૬૩૬
વડોદ	૬૫	૩૨૪	ચાંચડીયા	૧૬	૧૩૭
કાંસલોલીયા	૩૩	૧૭૦	જામવાળી	૩૬	૨૧૫
સાણથલી	૩૦૪	૧૬૨૨	બારવણ	૧૬	૧૨૬
ડોડીયાલા	૧૬૧	૭૬૬	મેશવડા	૫૫	૩૧૭
વેરાવળ	૩૭	૧૭૧	પારેવાલા	૩૬	૨૨૨
કંટાલીયા	૪૧	૧૮૮	અજમેર	૧૦૬	૫૩૬
રાણપરડા	૩૨	૨૧૮	આસીયા	૧૦૬	૫૫૩
જુંડાલા	૧૧૭	૭૭૧	ઢેકુકી	૨૩	૧૦૬
મઢડા	૩૦	૧૪૫	આટકોટનું કુલ	———	———
મેઘપર	૫૦	૨૫૧		૪૨૩૧	૨૨૦૪૬

૧ મહાલ છે. ૨ મોટું તળાવ છે. ૩ જામ રણજીતના નામે વસાવેલ છે.

(૧૦) જામજોધપુર તાલુકો (ગામ ૪૬)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
જામજોધપુર	૧૨૨૩	૫૮૯૯	૩ સુખપર	૧૩૨	૭૦૧
કોટડા	૬૩	૩૧૦	ઉંદરીયો નેસ	૪	૨૫
આલેચવીરડી	૩	૧૪	ખારીપાટ	૨	૧૦
મહીકી	૬૫	૩૫૩	તરસાઇ	૨૬૮	૧૪૨૮
વસંતપરા	૩૫	૨૪૩	૪ શેઠવડાલા	૨૨૨	૧૧૧૩
નાલીએરો નેસ	૧૦	૬૨	કલ્યાણપર	૩૨	૧૬૮
ચૂર	૫૫	૨૬૪	જસાપર	૨૮	૧૫૧
૧ બાલવા	૧૬૮	૮૫૩	આંબરડી	૩૮	૨૫૭
નાના વડીયા	૧૦૬	૫૩૪	નરમાણા	૧૧૩	૫૪૦
જામવાળી	૨૪૮	૧૪૭૩	લલોઇ	૧૮	૧૦૧
મોટા વડીયા	૧૦૪	૫૬૯	લુવારસાર	૨૯	૧૬૮
રબારીકા	૩૨	૧૫૬	બાધેલા	૪૫	૨૭૦
મોટી ગોપ	૧૯	૭૪૬	સાજડીયાલી	૧૬	૬૨
મેમપર	૧૯	૧૧૬	નાના ખાડબા	૧૦૫	૪૬૩
કરસનપર	૧૯	૬૨	દેલદેવળીયા	૧૦૨	૫૫૨
ઝીલણાવાલી	૭૭	૪૧૬	૫ સમાણા	૧૩૦	૬૬૭
ધ્રુવરીયા	૭૫	૩૬૮	સોગડી	૧૬	૮૧
વેરાવડ	૨૪	૨૪૬	બાવડીદર	૪૮	૨૮૩
ધુનડા	૧૨	૬૫	૬ સડોદર	૨૧૩	૧૦૨૬
ખરબા	૬૬	૩૧૬	ભરડકી	૩૬	૧૫૭
કોઠાવીરડી	૧૪	૭૦	રેલ્વે લાઇનની વસ્તી	૭૨	૨૮૧
સમાધાયો નેસ	૧	૫	કાંસવીરડી	...	...
ઘેલડા	૩૧	૧૫૩	જોધપુરનું કુલ	———	———
૨ વાંસજાલીયા	૨૫૬	૧૨૩૮		૪૫૨૭	૨૩૨૨૨

૧ રેલ્વે સ્ટેશન છે. ૨ રેલ્વે સ્ટેશન છે. ૩ રેલ્વે સ્ટેશન છે. ૪ મહાલ છે. ૫ સમાણા કેંપ ૬ જામશ્રીની જન્મ ભુમી

(૧૧) પડધરી તાલુકો (ગામ ૨૮)

ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા	ગામનું નામ	ઘરની સંખ્યા	વસ્તીની સંખ્યા
૧પડધરી	૫૯૮	૩૦૬૧	અડબાલકા	૨૯	૧૮૯
ઊકરડા	૮૭	૪૬૨	ગઢડા	૩૭	૧૮૯
મોવીયા	૬૫	૪૨૯	ડુંગરકા	૪૮	૨૭૬
ખામટા	૩૮	૨૮૧	ધ્રાધી	૨૯	૧૪૩
હરીપર	૧૧	૫૦	૨ ખંઢેરી	૪૩	૧૩૬
ખાખરાબેલા	૧૯૦	૧૦૪૨	નારણકા	૫૧	૨૭૫
ચોરીઆલી	૧૮૮	૧૦૬૬	તરઘરી	૮૭	૪૦૪
ખોડાપીપર	૧૪૧	૬૪૬	૩ હડમતીયા	૧૭૩	૮૬૦
ઓટાલા	૮૩	૪૬૬	છલા જોધપર	૫૬	૨૪૦
દેવળીયા	૬	૬૫	ખોખરી	૫૬	૨૮૪
વીરવાવ	૧૨૬	૫૬૮	* લતીપર	૬૪૩	૩૫૫૦
વીસામણ	૧૦૮	૬૩૬	બાંગાવડી	૧૨૬	૬૬૩
સાલપીપળીયા	૮૬	૫૧૨	ખાખરા પડધરીનું કુલ	૧૩	૮૫
દામડા	૩૫	૨૦૫		૩૨૩૧	૧૭૭૭૦
રામપર	૭૨	૪૭૭			

તાલુકા વાર ગામ તથા વસ્તીનો એકંદર આંકડો

નં.	તાલુકો	ગામની સંખ્યા	વસ્તીની સંખ્યા	રીમાર્ક
૧	જામનગર તલપદ	૧	૫૫૦૫૬	
૨	પંચકોશી	૧૦૦	૫૫૧૦૧	૩૨૬૮૬૪ હીંદુ
૩	ખંભાલીયા	૮૭	૪૩૬૪૬	૫૮૫૫૩ મુસલમાન
૪	જોડીયા	૫૦	૩૬૮૦૫	૨૩૪૮૪ જૈન
૫	ભાણવડ	૭૭	૩૧૫૧૬	૨૬૧ ઇતરવર્ણ
૬	કાલાવડ	૭૩	૨૬૭૦૬	
૭	કંડોરણા	૫૨	૨૨૫૭૦	૪૦૬૧૬૨ કુલ
૮	લાલપુર	૮૨	૩૩૬૭૬	
૯	કલ્યાણપર	૭૧	૩૭૪૬૬	સને ૧૬૩૧ના
૧૦	આટકોટ	૪૪	૨૨૦૪૬	વસ્તી પત્રકના
૧૧	જામજોધપર	૪૬	૨૩૨૨૨	તા. ૧૬-૮-૩૧ ના
૧૨	પડધરી	૨૮	૧૭૭૭૦	સ્ટેટ ગેઝેટ ઉપરથી
	કુલ	૭૧૨	૪૦૬૧૬૨	

ત્રણે રેલ્વે સ્ટેશન છે. * મહાલનું ગામ છે.

પ્રકરણ ૨જું સમાપ્ત

॥ પ્રકરણ ૩જું ॥

ઐતિહાસિક પ્રખ્યાત સ્થળો

ગાંધવી—આ સ્ટેટના તાબાના કલ્યાણપુર તાલુકાનું તે એક નાનું ગામ છે. તે ગામની નજીક **કોયલા** નામના ડુંગરમાં **હરસદ—હરસિદ્ધિ** માતાનું સ્થાનક છે. કાઠીયાવાડ સર્વ સંગ્રહના કર્તા લખે છે કે "અણહીલવાડનો **ભીમદેવ** સોરઠી સોમનાથ આગળ મહમદથી હારી ગન્ડળના કિલ્લામાં ભરાયાનું ફરીસ્થાનમાં લખ્યું છે. તે ગન્ડળ આ ગાંધવી હશે ગાંધવીના પાસે કેટલીએક નાની નાની ડુંગરીઓ છે. તે કોયલાની ડુંગરીઓ કહેવાય છે. તે વિષે કહેવાય છે કે **પાર્વતીને શિવ** સાથે કલહ થયો ત્યારે **કોયલ**નું સ્વરૂપ ધારણ કરી અહિં વાસ કર્યો હતો. તે તેથી **કોયલા** ડુંગરને નામે ઓળખાય છે." ત્યારે બીજી પૌરાણિક વાત એવી છે કે—તે ડુંગરમાં **ગાંધર્વો** રાક્ષસ રહેતો હતો તેને મારવા માટે **શ્રીકૃષ્ણ** પરમાત્માએ **મહાકાળી**ને બોલાવતાં, માતાજી **કોયલ** સ્વરૂપે આવી તે ડુંગરની ટોચ ઉપર બેઠાં તેથી તે ડુંગરમાં ગાંધર્વા દૈત્યની જે માયા હતી તે તમામ બળી ભસ્મ થતાં કોયલા થઇ ગઇ તેથી તે કોયલો ડુંગર કહેવાય છે. પછી **શ્રીકૃષ્ણ** ભગવાનની આજ્ઞાથી માતાજીએ ગાંધર્વા રાક્ષસને માર્યો. દૈતયને માર્યા પછી શ્રીકૃષ્ણે માતાજીની તે ડુંગરની ટોચ ઉપર પ્રતિષ્ઠા કરી. પરંતુ માતાજીએ દૈત્ય સાથે યુદ્ધ કરેલ તેથી ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં, ક્રોધ દૃષ્ટિ કાયમ રહી. અને એ ક્રુર દૃષ્ટિના યોગે સમુદ્રમાં જ્યાંસુધી દૃષ્ટિ પહોંચતી, ત્યાં સુધીમાં નીકળતાં વહાણોને માતાજી અંતરિક્ષથી ભોગ લેતાં. (સમુદ્રમાં ગારદ થતાં) એ ગાંધર્વા દૈત્યનું સ્થળ હોવાથી તે ગામનું નામ **ગાંધવી** અને માતાજીનું ઉપનામ પણ **ગાંધવીમાતા** કહેવાયું.

પ્રભાત ચાવડા–ગાંધવીથી પુર્વમાં દોઢેક માઇલની ખાડીને સામે કાંઠે હાલ **મીયાણી** નામનું (પોરબંદર તાબાનું) પુરાતની શહેર છે. તેનું પ્રાચિનકાળમાં **મીનલપુર** નામ હતું. તે વખતે તેમાં ૩૬૦ દેરાઓ અને ૩૬૦ પગથીઆવાળી વાવ હતી. તેમજ ૩૬૦ પાણાની ઘાણીઓ હતી, હાલ તેમાં ૫૦ દેરાઓ, ૪૦ ઘાણીઓ અને ૨૫ વાવો પુરાતની જોવામાં આવે છે. શહેરને ફરતો પડી ગયેલ કિલ્લો છે. સમુદ્રને કિનારે દૂર **બ્રહ્માજી**નું પુરાતની દેરૂં છે. ગામ આખામાં પત્થરનોજ રસ્તો છે ધુળ શોધી પણ જડે તેમ નથી. હાલ વસ્તિનાં ઘર માત્ર ૨૦૦ની અંદર વાધેર કોળી અને લુવાણાંના છે. ગામની અંદર પુરાતની દરબારગઢ છે તે પ્રભાત-ચાવડાના દરબારગઢને નામે ઓળખાય છે. તે **પ્રભાતચાવડા** (ત્યાંનો રાજા) એકવખત નવરાત્રીના સમયે વેરાબદલો કરી, જ્યાં સ્ત્રીઓ ગરબા ગાતી હતી ત્યાં જોવા ગયો મોડી રાત્રે ગરબા ગાઇ દરેક સ્ત્રીઓ પોતાને ઘેર જતી હતી. તે ટોળામાંથી એક ખુબસુરત મનમોહક ચહેરાવાળી સ્ત્રી શહેરના દરવાજા બહાર નીકળતાં, તે તેની પાછળ ચાલ્યો. એ સ્ત્રીના વેષે **હરસિદ્ધિ**માતા પોતે ગરબા ગાવા આવેલાં હતાં, માતાજીએ શહેર બહાર નીકળી બાળસ્વરૂપ ધારણ કર્યું તોપણ તે પાછળ ચાલ્યો. સમુદ્રની ખાડી નજીક આવતાં માતાજીએ વૃદ્ધ શરીર ધારણ કર્યું. છતાં તે રાજા ચેતયો નહિ તેથી માતાજીએ તેની કુદૃષ્ટિ પારખી શ્રાપ આપ્યો કે

" હે દુષ્ટ તું કુદૃષ્ટિથી મારા પાછળ આવ્યો છો માટે હું તારૂં ભક્ષણ કરીશ, તું દરરોજ રાત્રે કોયલા ડુંગર પર આવજે નહિં તો હું તારા રાજ્યપાટને પાયમાલ કરી, તારૂં તથા તારા સર્વ કુટુંબનું ભક્ષણ કરીશ," એમ કહેતાં અદૃશ્ય થયાં, બીજી રાત્રે માતાજીનું વચન માની પ્રભાતચાવડો કોયલાડુંગર પર ગયો. ત્યાં દેવીની આજ્ઞાથી તેલની ઉકળતી કડામાં પડી પોતાનો ભોગ આપ્યો. ત્યાર પછી દેવીએ ખુશી થઇ સજીવન કરી તેને કાયમ તે પ્રમાણે આવી આત્મબલિદાન આપવાનું કબુલ કરાવી પાછો મોકલ્યો, અને રાજા પણ દરરોજ તે પ્રમાણે ભોગ આપવા જતો.

રાજા વીરવિક્રમ—કહેવાય છે કે રાજા વીરવિક્રમ જ્યારે દ્વારકાની યત્રા કરી વળ્યો ત્યારે પ્રભાત ચાવડે પોતાના સંબંધને લીધે તેને પોતાને ત્યાં મીજમાન તરીકે રોકયો. તે વખતે **વીરવિક્રમે** તેનું કૃષ શરીર જોઇ તે વિષેનું કારણ જણાવવા આગ્રહ કરતાં, તેણે સર્વ બીના જાહેર કરી. **પરદુઃખ ભંજન વિક્રમે** તે રાત્રે તેના બદલામાં ત્યાં જઇ પોતાના શરીરને ચીરી તેમાં અનેક જાતના મસાલાઓ ભરી, દેવીને આત્મ ભોગ આપ્યો. માતાજી તેથી બહુ પ્રસન્ન થતાં તેને સજીવન કરી અને "માગ માગ" એમ બે વખત કહેતાં તેણે બે વચનો માગ્યા. (૧) પ્રભાત ચાવડાનો ભોગ ન લેવાનું કબુલાવ્યું. (૨) પોતાની સાથે ઉજ્જનમાં આવી રહેવાનું વચન માગ્યું. માતાજીએ પહેલી માગણી સ્વિકારી અને બીજામાં શરત કરી કે રાત્રે ઉજ્જન અને દિવસે અહિં રહીશ તેમજ તારે ભાલે બેસી સાથે આવીશ પણ રસ્તામાં ભાલું પૃથ્વિપર મેલીશ તો હું ત્યાંજ રહીશ" ત્યાર પછી પ્રભાત ચાવડાને બે દુઃખમાંથી મુકત કરી, **વિક્રમરાજા** ઉજ્જન ગયો. તે વખતે તેની સાથેજ તેના ભાલા ઉપર માતાજી **કાળી દેવી**ને સ્વરૂપે આવી બીરાજ્યાં. મુસાફરીમાં રાત્રે ભાલું પૃથ્વિપર નીચે નહિં મેલતાં ઝાડની ડાળીએ વળગાડે, તેમ કરતાં કરતાં ઉજ્જન પહોચતાં ક્ષીપ્રા નદીને કીનારે (ગંદકીયાં મશાણે) વિક્રમને પેશાબની હાજત થતાં, ઘોડેથી નીચે ઉતરી ભાલું એક અનુચરને આપી તે ભાલું જમીનપર નહિં મેલવાનું કહી, પેશાબ કરવા દૂર ગયો. પરંતુ માતાજીને તેજ સ્થળે રહેવા ઇચ્છા થતાં, તેણે ભાલા પર અણુતોલ ભાર મેલ્યો. તેથી તે માણસે ભાલું પૃથ્વિપર ખોડયું વિક્રમે ત્યાં આવી માતાજીને ઉજ્જનમાં આવવા ઘણાં વિનવ્યાં, પણ ત્યાંજ રહેવાની દેવીએ ઇચ્છા જણાવતાં ત્યાં ક્ષીપ્રા કિનારે (સ્મશાનમાં) વિક્રમે સુશોભીત દેવાલય ચણાવી માતાજીની પ્રતિષ્ઠા કરી. હાલપણ માતાજી **ઉજ્જનથી** સવારે નવ વાગ્યે ÷ગાંધવીને મંદીરે આવે છે. તેમ માની તે વખતે દ્વાર ખોલી આરતી કરે છે. અને રાત્રે નવ વાગ્યે થાળ જમાડી પોઢાડે છે. તેમજ ઉજ્જનમાં રાતે નવ વાગ્યે મંદીર ઉઘાડી આરતી ઉતારી દર્શન કરી માનતાઓ વગેરે ધરાવે છે.દિવસનું દેવાલય બંધ રહે છે. અને **ગાંધવી**માં રાત્રે દેવાલય બંધ રહે છે.

÷ ગાંધવિ નવ જાજે મંદીરના દ્વારો સ્વાભાવિક ખુલી જતાં અને માતાજીની મૂર્તી પર પસીનાનો દેખાવ થાય છે તેમ ઘણાંઓનું માનવું છે. પણ અમારા જોવામાં તેવું કાંઇ આવ્યું નથી. તેવું સેંકડોવર્ષો પહેલાં બનતું હોય તો ભલે. હાલ તો લોકોની અંધ શ્રદ્ધા છે. [પ્રકર્ત્તા૦]

જગડુશાહ—કચ્છના પ્રસિદ્ધ અને ધનાઢય વેપારી જગડુશાહના વહાણો સમુદ્રમાં દેવીની દૃષ્ટિએ આવતાં ગારદ થયાં. તેથી જગડુશાહે સર્વ પ્રજાને એ મહાન દુઃખમાંથી મુકત કરવા. કોયલા ડુંગરપર આવી છ માસ કઠીન તપ આદર્યું. તેથી માતાજી પ્રસન્ન થતાં, 'વહાણ ગારદ ન થાય' તેવો વર માગ્યો, માતાજીએ કહ્યું કે ડુંગરના પાછળના ભાગમાં જો મારી સ્થાપના કરવામાં આવે તો વહાણ ગારદ થશે નહિં. તેમ કહી ડુંગરથી નીચે ઉતરતાં દરેક ડગલે અને પગલે અકેકે બલીદાન માગ્યું. જગડુશાહે તે કબુલી, કોયલાડુંગરની પાછળ પુર્વમાં ડુંગરના પાસોઠમાં દેવાલય ચણાવી, કેટલાએક પાડા, બકરા, બળીદાન માટે મંગાવી રાખ્યા માતાજીને નીચે ઉતરવા વિનંતી કરી. તેથી ડગલે ડગલે અનેક જીવોનું બલીદાન લેતાં, જગડુશાહની કસોટી કરવા માતાજીએ દેવાલય ચાર કદમ દૂર રહેતાં લાવેલા સર્વ જીવોનો ભક્ષ લઇ લીધો, અને ત્યાં અટકતા ક્ષીપ્રા કિનારે રહ્યાં તેમ અહિંજ રહેશે તેવું માની જગડુશાહે પોતાના પુત્રનો ભોગ આપ્યો, પછી પોતાની બે સ્ત્રીઓનો ભોગ આપ્યો. અને છેલ્લે પગથીએ પોતે કટારવતી પોતાનો ભોગ આપતાં, માતાજી દેવાલયમાં આવી બેઠાં. અને જગડુશાહ વગેરે તમામ જનવરોને સજીવન કર્યાં. ત્યારથી વહાણો ગારદ થતાં બંધ થયાં, તે પછી *જગડુશાહે મીયાણી ગામની દશ સાંતીની જમીન વેચાતી લઇ માતાજીને અર્પણ કરી. પુજનેગનો બંદોબસ્ત કર્યો હતો,

પ્રાચીન—અર્વાચિન—દેવાલય—પ્રાચિન દેવાલય કોયલા ડુંગરપર ૩૦૦ પગથીયા ચડયાં પછી આવે છે તે ટેકરી પરથી પશ્ચિમ અરબી સમુદ્ર નજીક હોવાથી ઘણાં માઇલો સુધી નજર પહોંચી શકે છે તેમજ આસપાસના ગામો વગેરેનો રળીયામણો પ્રદેશ દેખાય છે. ડુંગરપર પ્રાચિન કિલ્લો છે. તેમાં ઉચા પડથાર ઉપર એકજ શિખરનું ચાંભલા-વાળા ઘુમટનું પ્રશ્ચિમ દ્વારનું પ્રાચિન દેવાલય છે. તેની બાંધણી અને પુતળાં વગેરેનું કોતરકામ જોતાં તે પુર્વ કાળના **શાકતમત્તના** દેવાલયોને મળતું છે, શિખરનો ભાગ ઉપરથી (ધજા અને કળશની જગ્યા વાળો) તુટેલો છે. અને અંદર સિંહાસન ઉપર ગોખલામાં ત્રીશૂળ અને કળાં છે. સામે એક ગોળ ખાડો છે. જેને કડામાં તેલ ઉકાળવાની ચૂલ હોવાનું લોકો કહે છે. પરંતુ તે સઘળું જોતાં તે દેરૂં મુસલમાન લોકોએ તોડી નીચેની માયા (દ્રવ્ય) લઇ ગયા હોય તેવું દેખાય છે. બાંધ મંદીરની અંદર માણસ તળાય તેવડી મોટી કડા તેલ અને બરતણ વગેરે દરરોજ લાવી રાખવું એ અસંભવિત છે. ડુંગરનો રંગ કોયલાને મળતો છે. તેથી કોયલા પણ ત્યાંથી નીકળે તેવું જોનારને જણાય છે. થોડે દૂર સામી ટેકરી પર એક પીરની

---

* જગડુશાહ કયારે થયો તે વિષે બે મત છે. કા. સર્વ. સં. કર્ત્તા પાને ૧૪૬મે દુષ્કાળ વીષેની હકીકતમાં લખે છે કે ઇ. સ. ૧૫૫૬માં દુષ્કાળ પડયાની પહેલી નોંધ માત્ર નવાન-ગરના દરબારી દફતરમાં છે. (વિ. સં. ૧૬૧૫) જગડુશાહ નામના વણીક શેઠે દાણાના કોઠારો ભરી રાખી એ દુષ્કાળમાં ગરીબલોકોને બહોળે હાથે અનાજ આપ્યું હતું. તેથી તે દુષ્કાળ જગડુશાહના નામે ઓળખાય છે. આજ નદીના પૂર્વ કીનારા (રાજકોટમાં)ની જગ્યાને જગ-ડુશાહનો કોઠો કરી ઓળખાવે છે ત્યારે કચ્છના ઇતિહાસકાર જગડુશાહ વિ. સં. ૧૩૧૫માં

×દરગાહ નવી થયાનું કોઇ લોકો કહે છે. ત્યારે કોઇ તેનો જીર્ણોદ્ધાર થયાનું કહે છે. હાલનું દેવાલય ખાડીને કિનારે પુર્વ દ્વારનું જરા ઉંચું અને મોટા ધુમ્મટવાળું છે. તે મંદીરની અંદર માતાજીનું નીજ મંદીર જુદું છે. અને તેને ફરતી પ્રદીક્ષણા દેવાય તેમ છે. તેનો નમુનો હિંગળાજ દેવીને પ્રદિક્ષણાની નકલ કર્યા જેવો છે (મતલબ કે કાઠીયાવાડમાં એજ હિંગળાજનું સ્થાનક છે હિંગળાજ દેવી પણ કોયલા ડુંગર વાળી કહેવાય છે.) પ્રદિક્ષણાના ઉત્તર દ્વાર પાસે પહેલે પગથીએ જગડુશાહની આશરે ચારેક ફુટની મૂર્તી છે. તેની પછીના ચઢીઆતા પગથીએ બે સ્ત્રીઓ અને એક છોકરીની મળી ત્રણ ખાંભીઓ (પાળીયા) છે. **હરસિદ્ધિ** માતાજીની આશરે ત્રણેક ફુટની નાજુક મુર્તી છે, તેને વસ્ત્રાલંકાર ધરાવી સિંદુરમાં ગરકાવ રાખે છે. દક્ષિણુમાં માતાજીનું આરામ ભુવન છે. ત્યાં રૂપાની હિંડોળો ગાદી તકીયા અને બાજોઠ પર રૂપાની નાની બે ચાંખડીઓ છે. નીજ મંદીરને રૂપાના કમાડો છે, ધુમ્મટમાં આદિ પુજારી અતીત બાવા રૂડગરજીની ગાદિ છે. ત્યાં લાકડાની બેઠી પર પુસ્તક છે. તેની બાજુમાં એક ભાલું ભગવા લુગડાથી વીંટાણી રાખેલ છે. મુખદ્વાર આગળ એક સિંહ છે, અને તેની બાજુમાં ભેંસાસુર નામે માથા વિનાની નાની આકૃતિ છે. ધુમ્મટ વચ્ચે એક કુવારાની પેઠે રૂપાની દીવી છે તેમાં રાત્રે દિવાકરે છે. નિજ મંદીર આગળ બે દીવીઓ છે તેમાં ઉત્તર બાજુની દીવી મહારાજા **જામસાહેબ** તરફથી અને દક્ષિણ બાજુની દીવી પોરબંદરના **રાણાસાહેબ** તરફથી છે તેમાં અખંડ ચોવીસે કલાક ઘીના દીવા બળે છે. મંદીરનું પ્રવેશ દ્વાર દક્ષિણાદુ છે, જેના રસ્તા ઉપર હનુમાનજી અને બીજી બાજુ ખેતલાના સ્થાન છે વંડાને લગતી +ધર્મશાળાઓ છે જેને દરીયાની ખાડીનું વેળ વખતનું પાણી અડકે છે. દેવાલયની ઉત્તરે નવી ધર્મશાળા બંગલો અને પાણીના ટાંકા વગેરેની ઉત્તમ સગવડ થઇ છે. તેથી ઉત્તરે ગણપતી, સૂર્ય, હનુમાનજી, અને કાળીકાની જીર્ણ દેરીઓ છે, માતાજીના પુજારી અતીત બાવાઓ છે. તે ગાંધવી ગામે રહે છે, તેમજ મંદીરમાં પણ રહે છે. ગાંધવી ગામે આ દેવાલય હોવાથી લોકો ગાંધવી માતા, હરસદ માતા, અને હરસિધ્ધી વગેરે નામથી ઓળખે છે હરસની વ્યાધિ મટાડવા માટે માતાજીના રૂપાના નેત્ર પુજારી કનેથી લઇ તેની કાંખી બનાવી હાથમાં પહેરતાં વ્યાધિ મટે છે તેમ ઘણાંનું માનવું છે.

થયો ને તે સૈકાનો પનરો કાળ તેના નામે પ્રસિદ્ધ થયાનું લખી ત્રણસો વર્ષનો તફાવત બતાવે છે. પણ એ બોટું જણાય છે. જગડુશાહ કચ્છમાંથી જામ રાવળજી સાથેજ આંહી આવેલ હજીપણ જામનગરમાં જગડુશાહની મેડીઓ, વખારો વગેરે તેના નામે ઓળખાય છે. તેમજ વિ. સં. ૧૬૧૫નો દુષ્કાળમાં તેને પ્રજાને અનાજની પુર્ણ મદદ કરી, તેવી નોંધ આંહીના દફતરમાં છે તેમ દા. સર્વ સ. ના કર્ત્તા લખે છે તે સત્ય છે.

× મેં મારી મુસાફરીમાં હિંદુના દેવાલયો સામેજ ×રલામી સ્થાનો હોવાનું ઘણે સ્થળે જોયું છે. પછી તે ભલે પુરાતની હોય કે નવું હોય, પણ કહેવત છે કે "મોરથી સામો મોરઓ કરવો " [૪૦ કર્ત્તા૦]

+ ત્યાંના પુજારી કહેતા હતા કે—મર્હુમ જામશ્રી સર રણજીતસિંહજી સાહેબ કોઇ યુરોપીઅનને મચ્છીના શિકારે ત્યાં લાવેલ ત્યારે એ ધર્મશાળામાં ખુરસીઓ ઉપર બેઠા હતા. પણ દેવાલયમાં કોઇ વખત દર્શને પધાર્યા નથી.

ધુમલી—(ધુહ્લી-ગુહ્લી) અને **બરડા ડુંગર**–આ સ્ટેટના ભાણવડ તાલુકાની સરહદમાં બરડા નામનો ડુંગર આવેલો છે. તેમાં નાના મોટા ઘણાં ડુંગરાઓ છે. જેમાં સૌથી ઉંચો ડુંગર દરીઆની સપાટીથી ૧૫૦૦ ફીટ ઉંચો છે. અહિંનું જંગલ ડુંગરો, ખાઇઓ, ઝરો, અને ઝાડીથી ભરચક તેમજ ઘણુંજ ભયાનક અને હિંસક પ્રાણીઓ તથા ચોર બહારવટીઆઓનું રહેઠાણ છે. ઓખાના **વાઘેરના** બંડમાં વાઘેર લોકોએ પોતાના કુટુંબ કબીલા સહિત આ ડુંગરનો **આભપરા** નામનો કિલ્લો હાથ કરી આસપાસના ગામોની ખળાવાડમાંથી પુષ્કળ અનાજ એકઠુ કરી ઘણાં માસ સુધી ત્યાં રહ્યા હતા. આ ડુંગરમાં ઔષધોને ઉપયોગી પુષ્કળ વનસ્પતિ પાકે છે. તેમજ હરડાં, બેહડાં, આમળા, ગુગળ, પડવાસ, ગોરડ વગેરે જાતના ઝાડો ત્યાં ઘણાં છે. બરડામાં **ધુમલી** નામના પુરાતની શહેરના ખંડિઅરો સૈકાઓ પહેલાંથી ઉજ્જડ થયા છતાં, તેમાંથી હજી પણ ભુતકાળની સ્મૃતિ કરાવતી નિશાનીઓ મળી આવે છે. ઇ. સં. ૧૮૨૨માં **કર્નલ ટોડ** સાહેબે એ સ્થળની મુલાકાત લઇ તેનું વર્ણન પોતાની મુસાફરીના પુસ્તકમાં પાનાં ૪૦૪મે લખ્યું છે. તેમજ કપ્તાન જનરલ સર **લી મેન્ટ જેકબ** સાહેબે ઇ. સં. ૧૮૩૭માં તે શહેરની મુલાકાત લઇ પોતે લખેલા પુસ્તકમાં પાને ૭૩મે તેનું વર્ણન કરેલ છે, તેમજ સોરઠી તવારીખના કર્તા પૃષ્ટ ૪૨મે તેનુ વર્ણન લખે છે. અને ઇ. સં ૧૮૭૫–૭૬ના વિજ્ઞાન વિલાસ નામના માસિકમાં **બરડા** અને ધુમલીનું વર્ણન લખેલ છે. તે દરેકનો સાર ગ્રહણ કરી આ નીચે બરડા તથા ધુમલીના ખંડિયેરોની હકિકત લખવામાં આવી છે. એ **ધુમલી** શહેર જેઠવા રજપૂતોની રાજધાનીનુ શહેર હતું. **શલ્ય કુમારે** ધુમલી વસાવી કાળોભાર, કાછેલું અને હુજન એ ત્રણ તળાવો આભપરા ડુંગર ઉપર ખોદાવી ત્યાં **કામેશ્વર** મહાદેવની સ્થાપના કરી હતી. તે પછી ૧૩મા સૈકામાં એ શહેર ઉપર મુસલમાનોએ હુમલો કરી નુકશાની કરી હતી. ૧૪મા સૈકમાં **જામ** ઉન્નડજીએ સિંધમાંથી મોટા લશ્કર સાથે ચડી આવી લાંબી મુદત ઘેરો નાખ્યો હતો. તેમાં તે ફળીભૂત નહિં થતાં, તેના દીકરા **બામણીયાજી**એ મોટા લશ્કરથી તે શહેરને ઘેર્યું. ત્યારે તે શહેરનો રાજા **ભાણજેઠવો** કિલેશ્વરને પગ રસ્તે થઇને રાણપુર નાસી આવ્યો અને બામણીયાજીએ ધુમલીનો નાશ કર્યો, રાત્રે અંબાજીએ બામણીયાજીના સ્વપ્નમાં આવી કહ્યું કે "ધુમલીનો નાશ કરવાની તારા પિતાની ઘણા લાંબા વખતની આશા મેં પુર્ણ કરી છે. માટે અહિંનું મારી સ્થાપના કર જેથી બામણીયાજીએ ત્યાં ડુંગરપર દેવીની સ્થાપના કરી પોતાની આશા પુર્ણ કરી તેથી **'આશાપુરી'** નામ આપ્યું. (કચ્છમાં પણ માતાજી આશાપુરાની સ્થાપના તેણે કરી હતી) ત્યારથી એ પર્વત તથા ધુમલી અદ્યાપિ પર્યંત **યદુવંશના** તાબામાં છે.

ભાણવડથી દક્ષિણ તરફ જતાં પ્રથમ કાતરધાર આવે છે તે ધાર પર ચડતાં ધુમલીના ખંડેરો નજરે પડે છે. ત્યાંથી ડુંગરાની તળેટીમાં જતાં પ્રથમ ધુમલી શહેરનો પડી ગયેલો દરવાજો આવે છે. જેને લોકો **'ભાણ દરવાજો'** કહે છે. ત્યાંથી આગળ ચાલતાં **ભાંડવી ચબુતરો** છે. તેની પાસે ગોળ વાવ છે જે મજબુત પત્થરથી બાંધેલી છે. તેથી આગળ જતાં **'જેતાવાવ'** આવે છે જે ઘણી મજબુત બાંધણીની છે. જેની લંબાઇ આસરે

૮૦ ગજ અને પહોળાઇ ૧૦ ગજના આસરે છે. તે વાવના ૭ ખંડ છે તેમાં ત્રણેક ખંડ ઉભા છે. દરેકને ૭, ૭ સ્થંભ છે કુવો ગોળ કોઠાના રૂપે બાંધેલો છે. ઘણા વર્ષોની જીર્ણ હોઇ તેના ઉપર ઝાડો અને જળાઓ ઉગી ગયા છે. તો પણ તેમાં પાણી રહે છે. લોકો કહે છે કે "તે વાવમાં સોનાની વહેલ (પરસો) નાખેલ છે." તે વાવ જેતા નામના દરજી (સઇ)એ બંધાવ્યાનું કહેવાય છે. તે વાવની નજદીક **દરબારગઢના** ખંડીઅરો લોકો બતાવે છે. તે વાવથી આથમણી તરફ ચાલતાં **નવલખા** નામનું એક મોટું અને સારી કારીગીરી વાળું શિવાલય છે. તેમાં પોઠીયો અને બીજી મુર્તીઓ ખંડીત થયેલી છે. તેનું મુખ્ય દ્વાર પુર્વ દીશામાં છે. અંદર જતાં પ્રથમ ઘુંમટ આવે છે તે હાલ ભાંગી ગયો છે. તેના આગળ રંગ મંડપ છે તેને બે માળ છે તેના ઉપલા માળે રાસલીલાની મુર્તીઓ છે. નીચલા માળને ૬૦ સ્થંભ છે અને ઉપલાને ૩૬ સ્થંભ છે એ શિવાલયના નીજ મંદીરમાં મુર્તી રહેવાને સ્થળે હાલ માત્ર મોટી જળાધારી છે. તે ઉપરની લીંગ હાલ પોરબંદરમાં (કેદારનાથ તરીકે ઓળખાતા મહાદેવ) છે. તે દહેરામાં મુર્તીને પ્રદીક્ષણ ફરવાની જુદી સગવડ છે. તેમાં ત્રણ બારીઓ છે. જેમાંથી પ્રદીક્ષણા ફરતાં શિવજીનાં દર્શન થાય છે. દહેરાંને ફરતો મોટો મજબુત પડથાર છે. તે દહેરાની લંબાઇ ૭૦ ગજ અને પહોળાઇ ૬૫ ગજને આસરે છે. કાળે કરી સાવ જીર્ણ થતાં તેમાંથી અમુક ભાગો કાયમ નષ્ટ થતા જાય છે. આસપાસ કેટલાક કુવા તથા પુરાઇ ગયેલી વાવો છે. પ્રદીક્ષણાની ઉત્તરબારીથી **ભાણવદરવાળો** દેખાય છે. આથમણી બારીથી **સુરજમુખી** દરવાજો દેખાય છે. દક્ષિણાદીથી **કુંડ** તરફના મોટા પહાડો તથા **ખોડીયાર દરવાજો** (જ્યાં ખોડીયારનું સ્થાનક છે તે) નજરે પડે છે. દહેરાથી અગ્નિખુણામાં **ત્રીકમરાયનું** મંદિર છે. તેની ઉંચાઇ ૩૦ ગજના આસરે છે. તે દહેરાની મુર્તી ભાણવડમાં પુજાય છે. હાલ ત્યાં **ગણપતિ**ની એક પુરાતની મુર્તી છે. અને ગણેશચોથના દહાડે ઢેઢલોકોનો ત્યાં મોટો મેળો ભરાય છે. નવલખાની ઉત્તરમાં એક પડી ગયેલ કુવો તથા **મસ્જીદ** જણાય છે. તે સિવાય શહેરમાં કોઇ બીજી મસ્જીદ નથી. તે પછી એક કમાન આવે છે જે ભાગને લોકો દરબારગઢ કે **રાજમહેલ** તરીકે ઓળખાવે છે. રાજમહેલની બાજુમાં એક મોટો ન્હાવાનો **હોજ** છે તેને ફરતી નાની નાની કોટડીઓ છે તે જનાનાને પોશાક (કપડા) પહેરવાને માટે હોય તેવું જણાય છે. તે હોજ અને **રાજમહેલ** વચ્ચે એક ચોક છે. નવલખાની દક્ષિણે **વાણીયાવસી** છે ત્યાં વાણીયાની વસ્તી હતી. ત્યાં એક પડી ગયેલું **જૈનમંદીર** છે. તેમાં પાર્શ્વનાથની ખંડીત મુર્તી છે નકસીદાર બાંધણીના ૩૮ સ્થંભો છે, દહેરાને આસપાસ અને અંદર આંબા અને કરમદીના ઝાડો તથા જળાંઓ છે. વાણીયાવસીની દક્ષિણ તરફ જતાં કેટલાંક કુવા તથા દેરીઓ નજરે પડે છે. ત્યાંથી આગળ જતાં એક કુંડ આવે છે તેમાં પાણી છે. તેનો ઘેરાવો ૭૦ ફુટના આસરે છે અને કાંઠા ઉપર ચાર દહેરાં છે જેમાં બે નાનાં અને બે મોટાં છે તેમાં મહાદેવની ફકત જળાધારીઓજ છે. એ દહેરાની પાસે એક ભોંયરૂં છે તેમાં પ્રથમ બે ત્રણ હાથ રસ્તો પડી ગયેલ છે તેથી આગળ ચાલતાં સારો રસ્તો આવે છે. તે પછી બે ચાર હાથ આગળ ચાલતાં ઉભા થઇ શકાય તેવું છે. જ્યાં ગોળ ઘુમ્મટ છે. એ ભોંયરાની લંબાઇ પંદર સત્તર ગજના આસરાની હશે, આગળ જતાં પુરાઇ ગયેલું જણાય છે. ખોડીયારના દરવાજાની દક્ષિણે ડુંગરની તળેટીથી જરા ઉંચે **વાઘડાખડકી** છે તે આગળ

ગઢની રાંગ છે, તે ખડકી ડુંગર તરફનું નાકું ગણાય છે, શહેરનો ભાગ ડુંગર ઉપર પણ વસતો હશે કેમકે ત્યાં સુધી ઠેઠ ગઢની દિવાલ છે. ધુમલીના આથમણાં દરવાજાને **સુરજમુખી** દરવાજો કહે છે. તેનું બાંધકામ મજબુત અને નકસીદાર ચીત્રો વાળું છે. તે દરવાજા સામા કેટલાએક પાણીયાઓ નજરે પડે છે. તેનાથી આગળ ચાલતાં એક ધોળા પત્થરનું બાંધેલ તળાવ આવે છે. કાંઠે એક પડી ગયેલ દેવળ છે તેનાથી ઉતરે **દેરાણી જેઠાણી**ની બે વાવો આવે છે. જેઠાણીની વાવ મોટી છે નાળ બુરાઇ ગઇ છે. અને દેરાણીની વાવ પણ પડી ગઇ છે. પણ આકાર મોજુદ છે. તે વાવથી વીણેલા ડુંગરની કેડી (નાનો રસ્તો) ફાટે છે. વીણેલાને અર્ધે રસ્તે એક કિલ્લો છે તે કિલ્લામાં ***સોનકંસારીના** ૧૦૦ દહેરાં હતાં તેમ કહેવાય છે. જેમાંના કેટલાંક હજી ઉભાં છે. એ દહેરામાં છો દીધેલી છે તે હજી પણ નવા જેવીજ જણાય છે. મોટા દેવળમાં એક **રણછોડજી**ની મુર્તી છે. બીજા દેવળમાં એક **બ્રહ્મા**ની મુર્તી છે બાકીના પડી ગયાં છે. દહેરાંના એક સ્થંભમાં લેખ છે, જેના અર્ધા અક્ષરો ખવાઇ ગયા છે. જેથી વાંચી શકાય તેવા નથી, તો પણ "સંવત ૧૩૪૦ના ફાગણ વદ ૧૧ સોમવાર" એટલું સાફ વંચાય છે તે દહેરાં આગળ એક તળાવ છે તેને **કંસારીનું તળાવ** કહે છે. આસપાસના ખંડીયરને **સોનકંસારીનું શહેર** કહે છે. એનાં દહેરાઓ કોઇ મોટા પત્થર માંથી કોતરી કાઢેલ હોય તેવાં સુંદર છે. **ધુમલી** એ ગુહાલી શબ્દ ઉપરથી આવેલ હોય તેમ સંભવે છે ગુહા એટલે ગુફા આલી એટલે હાર "**ગુફાઓની હાર**" એ નામ તે શહેર ડુંગરમાં આવેલું તેથી આપવામાં આવેલું હશે. તે ખંડીયરમાંથી **ગધૈયાં** નામના સીકકાઓ મળી આવે છે.

બરડા—એ ડુંગરમાં પેટા ડુંગરો જેવા કે આભાપરો, દંતાળો, વીડગોયો, હોળીધડો, માલક, ચરકાળો, સોનીધડો, નાના મોટા હડીયાર, કાળો ડુંગર વગેરે છે, એ ફરતા ડુંગરો વચે એક **કીલ્લેશ્વર** મહાદેવની જગ્યો છે, જે ઘણી રળીયામણી છે. તેથી ઉત્તર બાજુએ આભાપરો ડુંગર છે તે ઉપર શુસોભિત કિલ્લો ધુમલીના પ્રખ્યાત **હલામણ જેઠવા**ના દાદાઓનો બાંધેલ છે. અને તે ઉપર મહાદેવનું દેવળ વગર લીંગનું છે. ભાણવડથી કીલ્લેશ્વર

---

* **સોનકંસારી**—દંત કથા છે કે આરાંભડામાં દુદા વાઢેરને ત્યાં એક કન્યાનો જન્મ થયો, ત્યારે તેને બે દાંત હોવાથી રાજાએ બ્રાહ્મણોના કહેવાથી વહેમાઇ તેને પેટીમાં પુરી દરીઆમાં તરતી મુકી હતી, તે પેટી તણાતી તણાતી મીયાણી (મીનલપુર)માં એક કંસારો જે સમુદ્ર નહાવા ગયેલ તેને મળી. કંસારાને ત્યાં તે કન્યા ઉછરી અને તેના શરીરનો રંગ કુંદન [સોના] જેવો હોઇ તેનું નામ **સોન-કંસારી** દયું. મીયાણીનો રાજા પ્રભાતચાવડો તે કન્યા ઉપર મોહીત થયો. પણ સોને તેને વરવાની ના કહેતાં, કંસારો તે કન્યાને લઇ ધુમલીના રાજાને શરણે આવી રહ્યો. અને ત્યાંના રાજાને તે કન્યા ઇચ્છાવર વરતાં તેણે બરડા ડુંગરમાં શહેર બંધાવી દેવાલયો અને તળાવો રચી પોતાનું નામ કાયમ રાખ્યું. હાલ તેના ખંડીયરો મોજુદ છે. હલામણને દેશવટો પણ મળવાનું કારણ તે હતી, જેના દુહાઓ અને વાતો જગપ્રસિદ્ધ છે. :—

જવામાં ધુમલીથી એક **લંબકેડી** નીકળે છે. તે રસ્તે ઘોડા ચાલી શકતા નથી પગકેડી છે. ઘોડાઓ ટીંબડીની કેડીથી તથા મોડપરની કેડીથી અને રાણપરની **કાંઠા કેડી**એથી ચડી શકે છે. બીજી પરચુરણ કેડીઓ ઘણી છે. પણ તે વિકરાળ છે. ધુમલીના કુંડથી આભાપરે જવાની એક કેડી છે. તથા લંબ કેડી છે. તે વીણોયાને ઉગમણે પહાડેથી ચાલે છે. ત્રીજી કેડી **રતેશ્વરની** છે તે વાગડા બારી પાસેથી ચાલે છે. વાગડા બારી પાસેથી ઉપર ચડતાં ડાબા હાથ ઉપર એક ખોડીયારની ઝર છે. તેને ઉપલે કાંઠે કોરા પત્થરનો બાંધેલ કિલ્લો આવે છે. ત્યાં ઢેઢની ચોકી રહેતી તેમ કહેવાય છે. લંબ કેડીએ આગળ ચાલતાં એક **'બાબર તળાવડી'** આવે છે. તે પાસે એક મોટા પત્થરની કુંડી કોતરેલી આવે છે. તે જગ્યાએ પાણીનું પરબ હતું તેમ કહેવાય છે. ત્યાંથી એક **કાલેશ્વરની** અને એક **આભપરાની** એમ બે કેડીઓ ફુટે છે. આભપરાની કેડીએ ચાલવું વિકટ છે મોટા પત્થરો અને ઝાડો વચ્ચે કુદીને જવાય છે. આગળ થોડી પત્થરની વંડી આવે છે તે પછી મોટો કિલ્લો નજરે આવે છે. તે ઉપર ઉંચું જોતાં તેના અંદર બીજો ઉંચો કિલ્લો દેખાય છે. કિલ્લાનો પહેલો દરવાજો દીલ્લી દરવાજાની બાંધણી જેવો છે, અંદર કોટલાએક ખંડીયરો છે. ત્યાંથી જમણાં હાથની કેડીએ ચાલતાં એક **કચોરીયું તળાવ** આવે છે. તળાવ આગળથી અંદર કિલ્લાની દીવાલ આવે છે. તેની ઉગમણી બાજુએ **કાળુભાર** તળાવ છે. આ તળાવ વાઘેરના ધિંગાણા વખતે ફોડાવી નાખેલ છે. ત્યાંથી પાછાવળી શીખરની કેડીએ ચાલતાં રાજાને રહેવાનો મહેલ ધોળા પત્થરનો બાંધેલ છે. પાસે એક નાનું તળાવ છે. જેના કિનારે ડોલરના ઘણાં ઝાડો છે. જ્યાં રાજ્ય તરફથી ચોકી રહે છે. તેથી ઉપર ચડતાં આભપરાને શીખરે એક શિવાલય છે, જેને ફરતો કિલ્લો છે એ દેવળે ચોમાસામાં બેસનારને વાદળના ઝાપટાં ધુમાડા જેવાં હાથમાં આવે છે, ત્યાં એક કોઠો છે તેના આગળ **ભાણજેઠવાને** બેસવાની એક મોટી છીપર છે. **કંસારી** તળાવથી એક કેડી મોખાણે જાય છે, ત્યાંથી ઢેબર આવતાં એક **'વીકીયાવાવ'** આવે છે. જેના દસ મતવાલા છે તે ઘણી મજબુત અને મોટી છે ત્યાંથી ભવનેસર ગામ આવે છે. તેમાં **ભવેશ્વર** મહાદેવનું દેવળ છે, ત્યાં એક ભોંયરૂં છે. તે ગીરનારની તળેટીમાંના ભવેશ્વરના દેવળ સુધી લાંબુ છે દંતકથા છે. કે "પ્રથમ અહિ ભવેશ્વર હતા તે ભોયરાં વાટે ગીરનાર ગયા છે" એ ભવનેસરથી ચાલી પાછતરડી થઇ **રાણપર** જે સ્ટેટનું મહાલ ગામ છે ત્યાં જવાય છે ત્યાંના પાધરમાં એક મોટી ઝર છે તેમાં ધોળા પત્થરના આસરે ૫૦ જેટલાં જુદાં જુદાં ભોયરાં કોતરેલા છે તે ઘણાં ચોકખાં છે તેની આગળના ભોંયરામાં **ધીંગેશ્વર** મહાદેવ છે તે લીંગને બે માણસ સામસામા બાથ ભરે ત્યારે હાથ માંડ પહોંચી શકે તેવો ઘેરાવો છે તથા ઉંચાઇ પણ માણસથી વિશેષ છે તે ઉપર **માલક** નામનો કુંગર છે. એ ધીંગેશ્વરથી એક કેડી ચરકલા કુંગરમાં જાય છે. ત્યાં **ટપકેશ્વર** મહાદેવ એક ભેખડમાં છે. તે ઉપર પાણી ઝરે છે. (ટપકે છે) ત્યાંથી દોઢ ગાઉ આગળ એક **'સાંકળોજી'** તળાવ છે તે ધોળા પત્થરનું બાંધેલ છે તેની ચારે બાજુ ચાર દેરીઓ છે. ત્યાંથી બસ્સુ ગાઉ ચાલતાં. એક ઝર આવે છે. જેમાં **સાત વિરડાઓ** છે. તેનું પાણી સારૂં છે આસપાસ ઘણાં આંબા છે ત્યાંથી પુર્વ દિશામાં બે ગાઉ જતાં **બીલેશ્વર** મહાદેવ છે. તે પોરબંદર સ્ટેટની સરહદમાં છે તે જગ્યા પ્રાચિન છે જ્યારે **અલ્લાઉદ્દિન** દેવળો તોડતો અહિં આવ્યો ત્યારે અહિંથી

મોટી નુકશાની પામી મહા મુશીબતે પાછો ફર્યો હતો. મહાદેવની જગ્યા પાસે **બીલો** નામનું એક ગામ છે. જે ગામ બાવાઓ બેરાતમાં ખાય છે. ત્યાંથી ત્રણ ગાઉ ઉત્તરમાં **'રાણાસર'** નામનું તળાવ છે.

કિલ્લેશ્વર:—ઉપર કહેલા બરડા ડુંગર વચ્ચે કીલેશ્વર મહાદેવનું દેવાલય છે. ત્યાંના આસપાસના ખંડીયરોમાં **ચાંપરાજ વાળા**નું કિલેશ્વર નામનું રાજધાનીનું શહેર હતું. ચાંપરજ વાળાને એક ખુબસુરત કુંવરી હતી. તેના ઉપર સુલતાન ફીરોજશાહ તુઘલુખનો સુબો **અન્વરખાન** ઉર્ફે સમસુદ્દીન અમીરખાન મોહીત થતાં તેની માગણી કરી, ચાંપરાજ વાળાએ તે માગણી નહિં સ્વીકારતાં તે સુબો મોટું લશ્કર લઇ કિલેશ્વર ઉપર ચઢી આવ્યો. ત્યારે ચાંપરાજ વાળાએ પોતાની કુંવરીને ધારા તીર્થ તળે કાઢી (તલવારથી મારી નાખી) કેસરીયાં કરી ૧૮૦૦ ઘોડે સ્વારોથી સુબાનો સામનો કર્યો. અને તે ભયંકર લડાઇને પરીણામે તેમાં કામ આવ્યો અને સુબો કિલેશ્વર તોડી પાડી, ઓખા તરફ ગયો. ત્યાં દ્વારકામાં પણ કેટલુંક નુકશાન કરી સ્વદેશ ગયો. ત્યારથી એ કિલેશ્વર શહેર ખંડીયેર થયું. માત્ર મહાદેવજીનું દેવાલય ભુતકાળની યાદી આપતું ઝાડો અને વેલાઓ વચ્ચે દહેરાંના તુટેલ પત્થરાઓ વગેરેની ખંડીયર સ્થિતી ભોગવતું હતું. જામનગરના પ્રખ્યાત મર્હુમ મહારાજા **જામસાહેબશ્રી સર રણજીતસિંહજી** સાહેબ ત્યાં પધારતાં તેનો જીર્ણોદ્ધાર કરાવી, દેવાલયને એક અપુર્વ જોવા લાયક સ્થળ બનાવી નીચેનો શીલાલેખ અંગ્રેજીમાં આરસમાં કોતરાવી તેની બહારની દિવાલમાં ચોડાવેલ છે. જેનો તરજુમો નીચે મુજબ છે :—

"આ કિલ્લેશ્વર મહાદેવનું દેવાલય ચાર હજાર વર્ષ અગાઉ પાંડવોએ બાંધ્યું હતું. કાઠીઆવાડ અને ખાસ કરીને ધુંમલીના રાજાઓ વખતો વખત ફરતા જતા હોઇ ને બીજાં ઘણાં જુનાં મંદીરોની માફક આ મંદીરને પણ બેદરકારી અને મુસલમાની લુંટથી ઘણું નુકશાન સહન કરવું પડયું છે, ઐતિહાસિક પ્રાચિનતા અને જગ્યાની પવિત્રતાના કારણથી ઇ. સ. ૧૯૧૩-૧૪ વિ. સંવત ૧૯૧૯-૭૦માં ખુદાવિંદ નેક નામદાર મહારાજાધિરાજ **જામશ્રી રણજીતસિંહજી** બહાદૂરે સ્ટેટના મે. એન્જીનીઅર સાહેબ પ્રભુચંદભાઇ ડાહ્યાભાઇની દેખરેખ નીચે આ મંદીરનો જીર્ણોદ્ધાર કર્યો. તે કામ કંન્ટ્રાકટર વોરા મહમદ અમીજીના હાથથી થયેલું છે. આ જલ્લાના ઇતિહાસમાં **બ્રિટીશ** રાજ્યના રક્ષણ તળે **રજપૂત રાજ્ય** કર્તાઓ **વૈષ્ણવ ધર્મ**ની દેખરેખ નીચે અને વળી **મુસલમાન કોન્ટ્રાકટર**ના હાથે આ મંદિરનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર થયો." ઉપર મુજબ એ દેવાલયનો જીર્ણોદ્ધાર કરાવી ફરતો વિશાળ બગીચો અને વચ્ચે ટેકરી ઉપર **'બેંગાર વિલાસ પેલેસ'** (બંગલો) બંધાવી એ પ્રાચિન સ્થળનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કર્યો છે બંગલાની બાજુમાં એક વિશાળ વડ છે. તે તળે પાણીઓ નંખાવી, વેળુ પથરાવી, સાદી બેઠક બનાવી છે. જ્યાં મર્હુમ **જામશ્રી સર રણજીતસિંહજી સાહેબ** વખતો વખત બીરાજતા, તે વખતે તેઓશ્રી સંપૂર્ણ આનંદમાં પ્રફુલ્લવદને રહેતા. જે સ્થળે ઘોડાઓ પણ ન જઇ શકે તેમ આપણે ઉપર વાંચી ગયા તે વિકટ સ્થળે મોટરો ખટારાઓ વગેરે સહેલાઇથી જઇ આવી શકે તેવી વાંક ઘોંક અને ચડતા ઉતરતા ઢોળાવવાળી સડક ડુંગરાઓને કાપી **કિલ્લેશ્વર રોડ** બાંધ્યો છે. જે મુસાફર પુનાથી પંચગીની થઇ

મહાબલેશ્વર ગયો હોય તે જામનગરથી પ્રોલ્લેશ્વર જાય તો તેને તેવાં દૃશ્યો નજરે ચડે. એ સ્થળ જોવા જનારને રસ્તામાં **ભાણવડ, ધુમલી, મોડપર,** (જેનો ડુંગરી કિલ્લો પ્રખ્યાત છે) વગેરે સ્થળો જોવાનો પણ લાભ મળે છે.

ભાણવડ—એ તાલુકાનું મુખ્ય ગામ છે વિદ્યમાન જામશ્રીના પિતામહ **ફુલજીબા**નો બંધાવેલો ત્યાં દરબારગઢ છે તેમાં '**મહુમાઇ**' (મોમાઇ) દેવીનું સ્થાનક છે તેની આગળ કુલાણી વંશની (વર કન્યાની) છેડા છેડી છેડવામાં આવે છે તથા ત્યાં કુંવરોના પાળમુવાળા ઉતરાવાય છે. નગરને દરવાજે '**ડાડાની ડેરી**' કહેવાય છે. ત્યાં કાકાભાઇ નામના સુરાપુરાનું સ્થાનક છે. બાજુમાં બીજી બે બાંબીયો (પાળીયા) છે. તેમાંથી એકમાં જેઠીજી અને સત્તરનો સૈકો માત્ર એટલુંજ ચોકખું વંચાય છે. હાલનું ભાણવડ ગામ છે ત્યાં પ્રાચિન કાળમાં ધુમલી ના રાજા ભાણજેઠવાની '**ભાણવાડી**' (બગીચો) હતી, ત્યાં તે રાજા ઘણો વખત રહેતો. નદીનું નામ **ભાણવડી** છે અને **ભાણનાથ** મહાદેવનું ત્યાં શિવાલય છે એ ભાણવાડીના રક્ષણ માટે **માંગડા વાળા** નામનો ભાણજેઠવાનો ભાણેજ (જીજની માનેલી બેનનો દિકરો, ઘાંતરવડ ગામનો જાગીરદાર) રહેતો એના રૂપ ગુણની તારીફ આલેચ ડુંગરમાં આવેલા પાટણ (પાછતર)ની **કસ્તુર ઉર્ફે 'પદ્માવતી'** નામની એક વણીક કન્યાએ સાંભળવાથી તે તેના ઉપર મોહીત થતાં દરરોજ માતાજીને દેરે જઇ, "માંગડાવાળો મળે" તેવી યાચના કરતી. એક વખત ધુમલીનું ધણ ઉગાવાળા નામના કાઠીએ વાળ્યું. તેની વહારે માંગડો સવાસો સ્વારોથી ચડયો. રસ્તામાં માતાજીનું દહેરૂં આવતાં તેને દર્શન કરવાનું નિયમ હોવાથી તે દેવળમાં ગયો. ત્યારે તે સ્થળે પદ્માવતી (કસ્તુર) પણ એકાગ્ર ચિત્તથી માતાજી પાસે માગણી કરી રહી હતી કે "હે જગત જનની! માંગડા વાળો મારો પતિ થાય અને મને આવી મળે, તેટલી કૃપા કરજો" માંગડા વાળો પોતાનું નામ સાંભળતાંજ બોલ્યો કે "હુંજ માંગડા વાળો છું." પદ્માવતીએ ઇચ્છાવર વરવા કહ્યું. પરંતુ "હું ગાયોની વહારે જાઉં છું. તે વળતાં આવી તને પરણીશ." તેમ કહી માંગડાવાળો ઉગાવાળા પાછળ ચડયો. *ચેલાવડ નામના ઉજજડ ટીંબાના વડની વડવાઇમાં પોતાનો ચોટલો ગુચવાતાં ઘોડો રાંગમાંથી નીકળી ગયો. ત્યાં દુશ્મનોએ આવી તેનું માથું કાપી નાખ્યું, માંગડાવાળાનું ધડ તેની પાછળ પડી, ઘણાં માણસોને મારતું કાપતું ભાણવડથી દક્ષિણે આવેલા વડ નીચે આવ્યું. ત્યાં તેના પર કોઇએ ગળીયલ વસ્ત્ર નાખતાં તે ત્યાં પડયું. પરંતુ તેની વાસના પદ્માવતી (કસ્તુર)માં રહેતાં તે અસદગતિએ જતાં તે વડમાં ભુત થઇ રહ્યો ત્યારથી તે વડ **ભુતવડ**ના નામે ઓળખાય છે. હાલતે સ્થળે જીર્ણ દેરી છે. અને સામે નવો વડ છે. ત્યાં એક +કણબીએતલાની દેરી છે. તેની રાફડીમાં મોટો સર્પ રહે છે. ભાણવડ શહેરની કોઇ પણ કન્યા સાસરે જાય, તથા તેને પહેલો પુત્ર આવે

* કોઇ વાર્તાકારો ગીરમાં આવેલી હેરણ નદીને કિનારે નરેડ નામના ગામે માંગડા વાળો લડાઇમાં કામ આવ્યાંનું કહે છે.

+ એ સર્પને યાચવા તેના નાગમણા બારોટ ત્યાં છપનીયા કાળ પહેલાં આવ્યા હતા તેમ ત્યાંના લોક કહે છે.

ત્યારે તે ભુતવડે જઈ ખેતલાની દેરીએ પગે લાગવાનો પ્રબંધ હાલસુધી ચાલુ છે. દંતકથા છે. કે "તે વડતળે એક જનને ઉતારો કર્યો. ત્યારે કન્યાના ખોળામાં એક સર્પ આવી બેઠો. તે કન્યાએ તે સર્પની જમણી આંખમાંથી ડાભસૂળીયું ખુંચેલું હતું તે કાઢયું તેથી તે સર્પ પ્રસન્ન થતાં માગવા કહ્યું, બાઇએ પોતાની વંશવેલાની અબાદી માગી. તેથી સર્પે કહ્યું કે" તને તો તેમ થશે તેટલુંજ નહિં પરંતુ અહિઆં આવી મને જે બાઇ પોતાના દીકરાને પગે લગાડશે તેનો પણ વંશ વેલો અબાદ રહેશે તેમ કહી તે અદ્રશ્ય થયો. ત્યારથી ભાણુવડના લોકો કન્યાને તથા પુત્રને ત્યાં પગે લગાડે છે. ઉપર લખેલા **ભુતવડ** તળે પદ્માવતી ઉર્ફે કસ્તુરને પરણવા જતા શેઠીયાની જાન રાતવાસો રહી. તે જાનમાં માંગડાનો કાકો **અરસી વાળો** મુખ્ય હતો તે વડમાં માંગડો ભુત થઇ રહેતો હોવાથી, તેના કાકાને પ્રથમ સ્વપ્નમાં અને પછી પ્રત્યક્ષ દર્શન દઇ પોતાની ઓળખાણ આપી, જાનમાં સાથે આવવા માગણી કરી. તેથી અરસીએ વળતી વખતે માંગડાને અત્રે (ભુતવડે) રોકાઇ રહેવાની કબુલાત કરાવી સાથે આવવાની રજા આપી, ત્યાર પછી માંગડે પોતાની ભૂતની માયાવી વિદ્યાથી **વરનું હરણ** કર્યું. જાનવાળાઓની દીનવણીથી અને અરસીવાળાના કહેવાથી વરને પાછો રજુ કર્યો, પણ તેને રોગીષ્ટ અને કદરૂપે ચહેરે રજુ કર્યો, તેથી જાનવાળા વિમાસણમાં પડયા. ત્યાર પછી આગળ ચાલતાં, માંગડાવાળો ખુબસુરત ચહેરે ઘોડેસ્વાર થઇ જાન સાથે આવી મળતાં, વરને બદલે તેને પરણાવવાની યોજના અરસીએ રચી, લગ્ન વિધિમાં માંગડાવાળો તે કન્યા સાથે ફેરા ફર્યો. અને જાનને વિદાયગીરી મળ્યા પછી ભુતવડે આવી, માંગડાવાળે જાનને રોકી તેની બરદાસ કરી. પોતે શરત પ્રમાણે વડલા ઉપર રોકયો. એ વખતે ત્યાં તેણે ઘણો વિલાપ કર્યો; અને પદ્માવતી (કસ્તુર)ને પણ માંગડાવાળાના વિયોગથી ઘણી દીલગીરી ઉત્પન્ન થઇ ઉપરની દંતકથાની સઘળી ઘટનાના દુહાઓ ઘણાં સૈકડાઓ વિત્યા છતાં કંઠસ્થ સાહિત્ય રૂપે જળવાઇ રહ્યા છે. એ દુહાઓ પ્રાચિન હોઇ, પાઠાંતર થવાથી દુમેળા (મેળ વિનાના) છે. પણ તે સઘળાં વાંચતાં ઉપર ઐતિહાસિક ઘટનાની બરોબર સંકલના થાય છે. હાલારમાં માંગડાવાળાની વાત દુહાઓ સાથે પ્રસિદ્ધ હોવાથી, મળેલા દુહાઓ અત્રે આપવામાં આવ્યા છે.

॥ માંગડા વાળાના દુહા ॥

વહેલા વળજો વીર, વાળી વેર વાળા તણું ।
વાટું સોળ સધીર, જોશું દુજા દીનની ॥ ૧ ॥
આવે રખડતી વાર, કોઇ ભુંડે મોઢે ભાણની ।
એકલીયો અસવાર, મને મીંટે ચડે નઇં માંગડો ॥ ૨ ॥
આવે રખડતી વાર, એતો ભુંડે મોઢે ભુંમલી ।
અમ આતમ આધાર, મીંટે ચડે નઇં માંગડો ॥ ૩ ॥
રુવો રોવણહાર, મન તો મુકી મોકળાં ।
કીસે બંધાવું પાળ, માણીગર જાતાં માંગડો ॥ ૪ ॥
સૌનો સુનો સંસાર, હેરણથી હાલી મળ્યો ।

ગરવો થીયો ગેમાર, અમે બાળ કુંવારાં માંગડા ॥ ૫ ॥
દેવળ દેવીને અમે, પરથમ પુજા કરી ।
તન મનથી હું વરી, માતા સમીપે માંગડા ॥ ૬ ॥
ઉજડ થાજો આજ, ચેલાવડ ચારે દશું ।
ઇ સતિયુંમો સરાપ, વાલમ તું વસીસમાં ॥ ૭ ॥
જાનેં આવ્યા જુવાન, અલબેલા અળશી તણાં ।
એજ ઘોડો એજ અઘાંણ, મેં મીટે ભાળ્યો માંગડો ॥ ૮ ॥
તું જમ્યો હત કંસાર, તો માજન તને મારત નહિં।
તેં ચમકાવ્યા સદુકાર, ભીતી ઉપજાવી ભુતડા ॥ ૯ ॥
બાળોતીયાનાં બળેલ, ટોડાઝલ ટળીયાં નહિં ।
તરછોડી માં મેલ, મને મધદરીયામાં માંગડા ॥ ૧૦ ॥
કોઇ ઝાલો ઘોડારી વાઘ, અમે વવારુંઇ વળગાય નાહિં ।
સૂરજ પુરજો સાખ, મારા ગતનાં માંડણ માંગડા ॥ ૧૧ ॥
આપા અવળી જાત, કાઠીની મેં જાણેલ નાહિં ।
લોપી કુળની લાજ, અમે મનમાં પરણેલ માંગડો ॥ ૧૨ ॥
સ્વપ્ને ન ભાળેલ સુખ, અમેં નાનાથી મોટા થયાં ।
દડવડીયાં આ દુઃખ, માથે અમને માંગડા ॥ ૧૩ ॥
ઉંચે સળગ્યો આભ, નીચે ધરતી ના ધડા ।
ઓલાવને ઇ આગ, આવી ધાંતરવડના ધણી ॥ ૧૪ ॥
વડલા તારી વરાળ, પાને પાને પરજળી ।
કયાં જંપાવું ઝાળ, મને ભડકા લાગ્યા ભુતના ॥ ૧૫ ॥
ડાળે ડાળે હું ફરું, પાને પાને દુઃખ ।
મરતાં વાળો માંગડો, મને સ્વપ્ને ન મળે સુખ ॥ ૧૬ ॥
સૌ રુવે સંસાર, સૌ સૌનાં સ્વારથે ।
ભુત રુવે મેંકાર, લોચનીએ લોહી ઝરે ॥ ૧૭ ॥
ઘોડાંને ખડ વાજરો, બળદને બોળાં ખાણ ।
જે, વાળી જમાડે જાન, ભલશું ખાંતે ભુતડો ॥ ૧૮ ॥
પ્રીતીનાં પગરણ, વહાલા આ વસમાં પડ્યાં ।
વડલો વશીકરણ, મસાણ તારું માંગડા ॥ ૧૯ ॥
વહાલા થાશો ભુત, તો અમે ભુતડીયું થઇ ભટકશું ।
કરશું સાથે તૂત, અમે મલક બિવારી માંગડા ॥ ૨૦ ॥

હડીઆણા—એ ગામ કંકાવતી નદીને કિનારે છે. કાશીવિશ્વનાથનું દહેરું છે. સુલતાન અલ્લાઉદ્દિનખીલજીના રાજ્ય અમલમાં અલફખાંને ગુજરાત ઉપર ચડાઇ કરી ત્યારે તે અહિં થઇને પસાર થયો હતો. તે વખતે એ કાશીવિશ્વનાથના દહેરામાંથી મોટા

મોટા ભમરાઓ નીકળી બાદશાહી લશ્કરને ડંખતાં તેઓ પડઘમ (મોટાં નગારાં નોબતો) વગેરે ત્યાંજ પડતાં મેલી નાશી ગયા. એ મુસલમાનોએ ભાગતાં પહેલાં ત્યાંની વાવનું પાણી અપવિત્ર કરી તેમાં ગંધક વગેરે નાખી બગાડયું હતું. તેથી હવે તે વાવનું પાણી કોઇ પીતું નથી. ત્યાંની જમીન ઘણીજ રસાળ છે, તે વિષે એક પ્રાચિન કહેવત છે કે:—

સોરઠમાં સુપેડી, હાલારમાં હડીયાણું । મચ્છુકાંઠે મોરબી, કચ્છમાં કરીયાણું ॥

ઉપરના પ્રદેશમાં તે ચારેય ગામોની જમીન ફળદ્રુપતાને માટે પ્રસિદ્ધ છે હડીયાણાના ખારામાં બાવળો ઘણાં સારા થાય છે. તે ગામે બ્રાહ્મણોના ઘર ઘણાં છે. જામનગરથી જોડીયા સરવીસ (મોટર ખટારા) ચાલે છે તે રસ્તામાં હડીઆણા આવે છે.

આમરણ—આ ગામ પ્રથમ દેદા રજપૂતોનું હતું. તેમની પાસેથી **જામશ્રી રાવળજી**એ ૧૫મા સૈકામાં હાથ કરી ત્યાં ગાદિ સ્થાપી. તે પછી મેરૂ ખવાસને તે પરગણું જાગીરમાં મળ્યુ હતું. હાલ તે સ્ટેટને કબજે જોડીયા તાલુકાના પેટા માહલ તરીકે છે. ત્યાં જુનો દરબારગઢ છે. તે ગામે **દાવલશાપીરની** દરગાહ હોવાથી મુસલમાનોની જગાનું મોટું સ્થળ છે. એ પીર ગુજરાતના **મહમદબેગડાના** ઉમરાવ **મલેક મહમદકુરેશી**નો પુત્ર હતો. તેનું નામ **મલેક અબ્દુલ લતીફ** હતું તે બાદશાહ તરફથી **આમરણ**નો ફોજદાર થઇ આવ્યો હતો. તેણે આસપાસના દેદા રાજપૂતોને વશ કરવાથી **બાદશા મહમદે** તેને **દાવર ઉલ–મુલ્ક**નો ઇલ્કાબ આપ્યો હતો. તે શબ્દનો અપભ્રંશ **દાવર**નો **'દાવલ'** થયો, તેથી પાછળથી **દાવલશા** નામ પડયું વિ. સં. ૧૫૬૫માં દેદા રાજપૂતોએ તેને મારી નાખ્યો. તેને તે સ્થળે દફન કરતાં તે હાલ **'દાવલશાપીર'** તરીકે પુજાય છે. ત્યારથી ત્યાં કહેવત ચાલી કે 'દાવલથી દેદા ભલા પડીને કીધા પીર'

બાલંભા:—આ ગામને ફરતો વિશાળ કોલ્લો છે અને અંદર જુનો દરબારગઢ પણ સુંદર છે. ગામના સીમાડા ઉપર **બીણા** નામની ટેકરી છે. ત્યાં મીઠા પાણીનું ઝરણ છે. તેને લોકો **'નોંઘણ કુઇ'** કહે છે. દંત કથા છે કે "જ્યારે **જાહલને** મદદ કરવા જુનાગઢનો **રા' નોંઘણ** સિંધ તરફ જતો હતો ત્યારે તેનું લશ્કર બાલંભાના રણમાં આવતાં, તૃષાતુર થતાં રા' નોંઘણે પોતાની ઇષ્ટદેવીને સંભારી ત્યાં ભાલું મારતાં મીઠું પાણી નીકળ્યું. ત્યારથી તે નોંઘણ કુઇ કહેવાય છે." આ ગામે વિ. સં. ૧૯૩૭માં ભયંકર વાવાઝોડાનું ત્રણ દિવસ તોફાન થયું હતું, ત્યારે ત્યાં ૪૫ ઇંચ વરસાદ પડતાં, માત્ર ૨૪ ઘરો બચ્યાં હતાં અને બાકીના પડી ગયાં હતાં. આ ગામે **આજી નદી** ઘણી દૂર છે, એક **ખડખંભાળીઆ** ગામની બહુકન્યા ત્યાં સાસરે હતી. તે પાણી ભરી આવતાં થાકી જતાં "નદી બિલકુલ દૂર બળી છે." તેમ બોલી જવાયું. તેથી તેની સાસુએ મેણું માર્યું કે "તારો બાપ ઘણો શ્રીમંત છે તેને જઇને કહે કે તે નદી ઢુકડી લાવે." તેથી તે બાઇએ પીયર જઇ તેના પિતા **ભાણુદાસ પંડયા** (ખરેડી સમવાયના **ઔદિચ્ય** વિપ્ર)ને કહ્યું. જેથી એ ભાણુદાસ પંડયાએ આજી નદીમાંથી નહેર (કેનાલ) વાળી બાલંભાના ઝાંપા સુધી લાવી, દીકરીની સાસુને કહેવરાવ્યું કે " કહે તો તારા ઘરના પાણીઆરામાં નદી લાવું" પછી તે બાઇની સાસુએ માફી

માગી તેમજ ગામના લોકોએ પણ ચોમાસામાં નદિના પાણીનું પુર ગામને નુકશાન કરે તે હેતુથી નહેર ત્યાંજ રાખવા ભાણદાસ પંડયાને વિનંતી કરી, તેથી તે નહેર ગામના દરવાજા સુધી રાખી જે હાલ મોજુદ છે.

બાલાચડી—એ જોડીયા તાલુકાના સરકલનું ગામ છે. જામનગરથી માત્ર ૧૪ માઇલ દુર છે. ત્યાંસુધી પાકી સડક અને ટેલીફોન છે. રાજ્ય તરફથી ત્યાં વિશાળ બંગલાઓ અને બગીચા છે. અરબી સમુદ્ર તે બંગલાની દિવાલ સાથે અથડાય છે. ત્યાંના જેવી દંડી હવા કોઇપણ બંદરની નથી. જેથી **જામશ્રી** ગ્રીષ્મ ઋતુમાં કાયમ ત્યાંજ બીરાજે છે. કહેવાય છે કે પ્રાચિન કાળમાં અહિં દ્વારકાના યાદવોનાં બાળકો દટાતાં (તેમજ દહન ક્રિયા થતી) તેથી તેનું નામ **બાળા-ખડી** (બાળકોની મશાણ ખડી) પડયું. તેનું અપભ્રંસ થતાં બાલાચડી કહેવાયું એ ગામે ફરતા નાના નાના ડુંગરાઓ છે. હજારેક વર્ષથી દરીઓ ધીમે ધીમે દક્ષિણ તરફ ધસી આવે છે. **પૂર્વે અહિં દુર્વાસા ઋષિનો આશ્રમ હતો.** ત્યાં હાલ દરિઓ ફરી વળ્યો છે. તે સ્થળે એક નાનો સરખો છોબંધ પાકો ઓટો છે, તે પર મહાદેવના અસંખ્ય લીંગ છે. તે જ્યારે ભરતીનું પાણી ન હોય ત્યારે દેખાય છે. બાલાચડીથી એક માઇલ દૂરના આસરે દરીઆ કિનારે એક પુરાતની **'બાળેશ્વર'** મહાદેવનું દહેરૂં છે. તેના આગળ પીપળો છે. તે **'મોક્ષ પીપળો'** કહેવાય છે ત્યાં ઘણા ભરવાડ રબારીઓ પુજા કરવા આવે છે. ઘણા વર્ષ પૂર્વ એક ભરવાડ ગાયો ચારતો હતો તેની એક ગાયે ત્યાં (જ્યાં મહાદેવ પૃથ્વિમાં હતા ત્યાં) દૂધ વર્ષાવ્યું. તે જોઇ ભરવાડે ત્યાં ખોદયું. ખોદતાં કોસ લીંગને વાગવાથી લોહીની ધાર થઇ (હાલ પણ તે લીંગ ઉપર કોશ લાગવાથી ખાડાનું ચિન્હ છે.) તે વાતની જાણ ગામમાં થતાં ત્યાં દહેરૂં બંધાવી સ્થાપના કરી. હાલ ત્યાં શ્રાવણ વદ ૧૩-૧૪ અને અમાસના દહાડે મેળા ભરાય છે. અને ત્યાં **બાળશ્રાદ્ધ** પણ કરવામાં આવે છે. ગામની આગળ એક નાનુક તળાવ છે તે ગામે કુંવાર ધણી થાય છે.

પિંડારા (પિંડ-તારક)—આ સ્થળ ઘણુંજ પ્રાચિન છે. અહિં યાદવોના બાળકો ગેડી દડા રમવા આવતા તેવી કથા મહાભારત અને ભાગવતમાં છે. પિંડ-તારક ક્ષેત્રની ઉત્તરે કચ્છના અખાતમાં દ્વારકાના કિનારા તરફ અત્યારે સમુદ્રમાં નાના નાના અનેક એટડાં (ટાપુ) આવેલાં છે. તેટલા ટાપુઓ હિંદુસ્થાનના દરીઆ કાંઠાના કોઇ પણ ભાગમાં આવેલા નથી. એ બધા ટાપુ અસલી દ્વારકાના જળ પ્રલયના ભયંકર પ્રસંગના અવશેષ હોવાના પુરેપુરા પુરાવા છે. દ્વારકા પાણીમાં બુડી જવાનો ભયંકર પ્રસંગ બન્યો હશે ત્યારે ભૂ-રચનામાં અનેક ફેરફારો થયા. હશે, જે જગ્યાઓએ હાલ રણ છે. ત્યાં મોટા દરીઓ અસલના સમયમાં હોય તેવો સંભવ છે. એટલે જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ બન્યાનું સંભવે છે. પિંડ-તારક સ્થળને પ્રાચિનકાળમાં **દેવપુરી** પણ કહેતા. ત્યાં **દુર્વાસા, અગસ્ત,** આદિ ઘણાં ઋષિઓના આશ્રમો હતા. જુનું પિંડારા અત્યારના પિંડારાથી બે માઇલ ઉત્તરમાં હતું. ત્યાં **તાંબાનો** કુંડ હતો તે હાલ અદશ્ય થયો છે. **પાંડવો** પણ મહાભારતની લડાઇ પછી. ઋષિઓના કહેવાથી એ કુંડમાં ૧૦૮ લોઢાના પિંડ તારી ગયા હતા તેવી પુરાણમાં કથા છે. અને ત્યાં પાંડવોએ એક બીજો કુંડ પણ બંધાવ્યો હતો. ત્યાં **'ઋક્ષાવતિ'** નામની નદિ છે. જુના પિંડારા આગળ એક તળાવ છે. તેને **આંબલીયા કે અગસ્તઋષિનું**

તળાવ છે. કહેવામાં આવે છે ત્યાં **કપાળલોચન** મહાદેવ તથા **મોતેશ્વર** મહાદેવ અને **બ્રહ્માજી** વગેરેના દહેરાઓ છે. બ્રહ્માના દહેરા આગળ એક અગ્નિકુંડ છે. ત્યાં બ્રહ્માએ પોતે યજ્ઞ કર્યો હતો. તે કુંડને હાલ **દુર્વાસા**નો કુંડ કહી ઓળખાવે છે. એ કુંડમાં લોકો ચૈત્ર-વૈશાખના શુકલપક્ષમાં શ્રાદ્ધ સરાવી પિંડ તારવા આવે છે. ત્યારે ત્યાંના ગોર (ગુગળી બ્રાહ્મણ) પોતાના યજમાનનો વાંસો થાબડે એટલે યજમાને મુકેલો પિંડ કુંડજળમાં તરે છે. સ્કંધપુરાણમાંના દ્વારિકા મહાત્મ્યમાં પિંડ-તારક તિર્થના મહિમાનો ૪૨મો અધ્યાય વિસ્તાર પુર્વક વર્ણવેલ છે.

માછરડા—આ ગામ તાલુકે **કાલાવડ**ના સરકલમાં છે. તે ગામની બાજુમાં મછરડી નામનો ઉજ્જડ ટીંબો છે. ત્યાં **મત્સ્યેન્દ્રનાથ**નું આશ્રમ હતું. તે ઉપરથી માછરડા નામ પડયું સંભવે છે. ત્યાં પશ્ચિમ મુખનું મહાદેવનું એક જીર્ણ દહેરૂં છે. ગામની પાછળ દક્ષિણ બાજુના બગીચામાં **કપ્તાન હેબર્ટ** અને **લેફ્ટનન્ટ** દફન કરવામાં આવ્યા છે. તે સ્થળે તેમની કબર છે. બગીચા તથા તે કબરોની દેખરેખ રાખવા માટે રાજ્ય તરફથી એક માણસ ત્યાં કાયમ રહે છે. તેઓ સાહેબ ત્યાં મરણ પામ્યા તે વિષેની હકીકત નીચે પ્રમાણે છે. ઓખામંડળના વાઘેર **દેવોભાણેક, મુળુભાણેક, જોધોભાણેક,** અને **ગજોભાણેક,** વગેરે ચારેય ભાઇઓની સરદારી તળે વાઘેરના કેટલાએક કુટુંબો બેટ દ્વારકાની લડાઇ લડી બરડામાં ઘણો વખત રહી છેવટે માછરડા પાસેના **ફોગાસીયા** ડુંગરમાં આવી ભરાયા. તે વખતે **મુળારક** નામનો એક પહેલવાન સીદી તે વાઘેરો પાસે રહેતો લોકો કહે છે. કે તે ઘણોજ કદાવર અને મજબુત હતો, જ્યારે સરકારી વહાર વાઘેર પાછળ પડતી ત્યારે તે પોતાના માલીક **દેવાભાણેક** અને **મુળુભાણેક**ને ખંભે બેસાડી ભાગતો તેમજ તે શુકનાવળી (શુકન જાણી) પણ હતો. તે પક્ષીઓના બોલવાં ઉપરથી સારાં નરસાં શુકનનો ભેદ સમજી શકતો, વિ. સં. ૧૯૨૪ના પોષ માસની એક સાંજે ચારેય દિશાઓથી ફોજ એકઠી થતાં, વાઘેરોની ટોળીએ ફોગાસીયા ડુંગરનું સ્થળ છોડી, બીજે ડુંગર જવા ધાર્યું. તે વખતે તે સીદીએ શુકન જોઇ, તે સ્થળ નહિં બદલવા જણાવ્યું. પરંતુ તેઓનો મૃત્યુ કાળ નજીક આવેલો હોવાથી તેઓએ તેનું વચન નહિં માનતાં તે સ્થળ છોડી માછરડાથી દક્ષિણમાં આવેલી **ટોબરા** નામની ધાર (**હીલ્સ**) કે જે આસરે ૧૧૦ ફીટ ઉંચી છે, ત્યાં ગયા. ત્યાં પહોંચતાં ચારેય દિશાએ ફોજોએ તેમને ઘેરી લીધા તે પછી વાઘેરોએ ટોબરાની ટેકરી પર ચડી મોટા પત્થરોના ઓડા બાંધી, લડાયક વાવટો ચડાવી ગોળીબાર શરૂ કર્યા. ગવર્નમેન્ટ ફોજ સાથે ગાયકવાડની જામનગરની જુનાગઢની અને પોરબંદર રાજ્યની ફોજો સામેલ હતી. આ લડાઇમાં જામનગરની સેનાના સેનાધિપતી સડોદરના **જાડેજાશ્રી જાલમસિંહજી** બાપુ (કે જેઓ મર્હુમ જામશ્રી રણજીતસિંહજી સાહેબના પિતામહ થતા) હતા તેઓએ તે લડાઇમાં અદ્‌ભુત પરાક્રમ બતાવી બહારવટીઆઓને ત્યાંથી નાસી જતા અટકાવી વિજય મેળવ્યો હતો વાઘેરોની ધારણા લડાઇ કરતી વખતે એવી હતી કે જો રાત્રી પડે તો ત્યાંથી નીકળી જવું તેથી ધીમે ધીમે અવાજો કરતાં હતા. જ્યારે સૂર્યાસ્ત થયો અને હજી અંધારૂં થતું હતું. તેવામાં ટેકરી પરની વાઘેરોની ટોળીનો દારૂનો જથ્થો સળગી ઉઠયો (પછેડી પાથરી, માથે

દારૂનો ઢગલો કરેલો હતો અને તેમાંથી ચાર માણસો બંદુકો ભરી તૈયાર કરી વારા ફરતી લડનારાઓને આપતા હતા તે ઢગલામાં કોઇ બંદુકનો સળગતો લત્તાનો કાગળ ઉડી તેમાં પડતાં તે સળગી ઉઠયો) સરકારી ફોજના અમલદારોએ એ પરીસ્થિતી પીછાની એકદમ ઉપર ચડવા હલ્લો કર્યો. વાઘેરોની બંદુકો દારૂ વિનાની ખાલી હોવાથી અંગ્રેજ ફોજ નિર્ભય પણે ઉપર ચડી ગઇ અને ત્યાં ભેટ ભેટા થતાં તરવારોની ભયંકર લડાઇ ચાલી. વાઘેરો સોલ્જરોને કાપવા લાગ્યા તે વિષે હાલારમાં કહેવત છે કે "સોજીરની કરી શેરડી વાઘેર ભરડે વાડ" એ પ્રમાણે બંન્ને પક્ષના ઘણા યોદ્ધાઓ કપાયા પછી **કપ્તાન હેબર્ટ** સાહેબે આગળ વધી, વાઘેરોના મુખી **દેવાભાણેકને** માર્યો. એ ખબર **મુળુભાણેકને** થતાં, તેણે પોતાના ભેડમાં બે નાળ (જોટા) વાળો તમંચો ભરેલો સીલીક હતો તે લઇ કપ્તાન હેબર્ટ પર ફેર કરી તેને મારી પોતાના ભાઇનું વૈર લીધું. પાછળથી **કપ્તાન લટુચને** એ જાણ થતાં. તેણે આવીને મુળુમાણેકને માર્યો. વાઘેરોના એ બંન્ને મુખી પડતાં, કેટલાક કપાઇ મુવા અને બાકીના ભાગી ગયા. લડાઇ શાંત થતાં કપ્તાન લટુચ ઘોડેથી ઉતરી મશાલના અજવાળે રણક્ષેત્ર તપાસવા લાગ્યો તે તપાસતાં તપાસતાં મુળુમાણેકની લાશ આગળ આવી નીચો નમી તેને તાકીને જોવા જતાં, આંખમાં જીવ રાખી પડેલા મુળુમાણેકે પોતાને મારનારને પારખી હાથમાં રહેલી જોટાની પીસ્તોલનો બાકી રહેલો એક અવાજ તેના ઉપર કરતાં, લટુંચ સાહેબ પણ ત્યાં મરણ પામ્યા. બન્ને તરફના અગ્રેસરોનાં ત્યાં મરણ થતાં. લડાઇ બંધ પડી, સવારે લાશોની વહેલે કરી લશ્કરો સૌ સૌને સ્થળે ગયા. એ લડાઇ વાળી ટેકરી પર આસરે ૫૦ ફીટ ઉંચો એક **રણસ્થંભ** ઉભો કરવામાં આવ્યો છે. જેની પુર્વ બાજુના પાયાપર ચાર ફુટ લાંબો અને અઢી ફુટ પહોળો આરસનો શિલા લેખ છે જેની નકલ અત્રે આપવામાં આવેલ છે,

"આ રણસ્થંભ કાઠીઆવાડના રાજસ્થાનો તરફથી તા. ૨૬ ડીસેંબર સને ૧૮૬૭ના રોજ લડાઇ થઇ તેની યાદગીરી રહેવા સારૂ ઉભો કરવામાં આવ્યો છે. તે દિવસે મલીક મુઆઝીમની સત્તરમી કાળી પલટણના મેજર જે. એચ. રેન્ડાલ સાહેબની સરદારી તળેની સરકારી ફોજ આ ટેકરી ઉપર બદમાસ વાઘેર લોકોની ટોળી તેના નામાંકિત મુખી ઓખાના **દેવાભાણેકના** હાથ નીચે હતી. તેના ઉપર બહાદુરીથી હલ્લો કરી એ ટોળીના ઘણા ખરા લોકોનો નાશ કર્યો. આ ટેકરી ઉપર સાહસિક હલ્લો કરવામાં કાઠીઆવાડના ત્રીજા પોલીટીકલ આસીસ્ટન્ટ કપ્તાન એચ. ટી. **હેબર્ટ** સાહેબ તેને મથાળે મરણ તુલ્ય જખમી થઇ પડયા. ત્યાં એક બહાદૂર અને ધૈર્યવાન શુરવીર સરદાર પડયો, કપ્તાન સી. બી. **લટુચ** સાહેબ આસીસ્ટંટ પોલીટીકલ એજન્ટ સાહેબ મોસુફના ભાઇ જેવા તથા ઘણાં દિવસના સોબતી અને દોસ્ત, લડાઇમાંથી થોડા જીવતા રહેલા બદમાસ લોકો ભાગેલ તેનો પીછો લેતાં પડયા. નિર્ભય પણે તથા નિવૃતાથી પોતે એકલાજ બહાદુરીથી જઇ મોતને શરણ થયા. આ બંન્ને સાહેબો ટેમની હયાતિમાં પ્રિયકર તથા ખુશબખ્ત હતા. તેમ મોતમાં પણ આ યોદ્ધા એક બીજાથી જુદા પડયા નહિં. મેજર જે. એચ. રેન્ડોલ સાહેબ પોતાના લોકોને ધીરજ તથા હિંમતથી જે પત્થરની ઓથે હરામખોરોએ આશરો લીધેલ ત્યાં થઇને લઇ જતાં બંદુકની

ગોળીથી માથામાં ભારે જખમી થયા, પણ તેઓ સાહેબ તથા તેમના સાથેના કાઠીઆવાડના પોલીટીકલ એજન્ટ કર્નલ ડબલ્યુ. ડબલ્યુ **અન્ડરસન** સાહેબ, મહારાણી સાહેબના મુંબઇ ખાતાના પહેલા ભાલાવાળા રસાલાના કેપ્ટન એચ. ડબલ્યુ. **હુરીસ** સાહેબ એટલાજ અમલદારો બ્રીટીશ સરકારના આ વખત હાજર હતા. તેઓ આ નામાંકિત લડાઇની યુવાઇ દેવા સુખરૂપ બચ્યા છે.—સદરહુ ટોળીમાં ૨૬ બદમાસ હતા તેમાંથી અંધારાને લઇ ફકત ૭ આસામી ભાગી બચ્યા, અને તેમનો મુખી દેવો માણેક બીજા લોકો સાથે માર્યો ગયો. બ્રિટીશસરકારની ફોજ પકી નીચે લખેલા આસામીઓનું માન ભરેલું મૃત્યુ થયું. સ્વાર સખારામ મોરે ચોથી ટુપ પહેલો રસાલો, સ્વાર નારાયણ ખંડે ત્રીજી ટુપ પહેલો રસાલો, સ્વાર માહમદ ઉસમાન ત્રીજી ટુપ પહેલો રસાલો સ્વાર રઘુનરસિંહ. ત્રીજી ટુપ પહેલો રસાલો, સિપાઇ સાહેબદીન ભાઇલીયા પાંચમી ટુપ, ૧૭મી કાળી પલટનના સિપાઇ બહાદુર જમાદાર શૈયદ અલવીના હુકમ નીચેની ફીલ્ડર (તાલુકદારી) સીરબંદી પૈકી નીચે લખ્યા લોકો માર્યા ગયા :— દફેદાર ગંગાસિગ માનગર, નાયક મદતખાન. સિપાઈ આસરખાન, સિપાઇ મહેરામળક્ષ, સિપાઇ હામદ જમસાહેબની સિરબંદીનો, પરમેશ્વર મહિમા આપે—

ઉપરની લડાઇના ઘણાં કાવ્યો અને દુહાઓ છે, જેમાંનો નીચેનો દુહો પ્રસિદ્ધ છે.

દુહા—નારીયું નિત રંડાય, નરને રંડાપો નહિં ।
(પણ) ઓલ્યો રંડાણો આજ, માણેક જાતાં મુળવો ॥ ૧ ॥

રાસડાઓમાં—"ઓખેન્દ વાધેર કોઠીનાર લુંટીને જાય" "દેવુભાચે મુળુમાણેકને ન છડીયાં તલવાર" વગેરે રાશડાઓ જ્યારે રાવણહથ્થામાં હાલારના જોગીડાઓ ગાય છે. ત્યારે એ વાધેરના યુદ્ધનો તમામ ઇતિહાસ સાંભળનાર સમક્ષ મુર્તીમાન ખડો થાય છે. આજે એ લડાઇને ૬૬ વર્ષ થવા આવ્યાં છે, તોપણ માછરડાની આસપાસના લોકો એ વીરગાથાને પ્રેમ પુર્વક ગાઇ રહ્યા છે. હું જ્યારે (ઇતિહાસ કર્તા) એ સ્થળ જોવા ગયો ત્યારે માછરડાના ચોરામાં એક વૃદ્ધ ક્ષત્રિય પુત્રે મને ઉપરની સર્વ હકિકત કહી સંભાળાવી હતી. તે લડાઇ વખતે તેઓની ઉંમર પંદર વર્ષની હતી તેમ તેઓ કહેતા હતા. એ સ્થળ જોવા ઘણાં યૂરોપિઅન મીજમાનો જામનગર આવે ત્યારે ત્યાં આવે છે, ઉપરની લડાઇ પ્રસંગે સડોદરના જાડેજાશ્રી **જાલમસિંહજી** સાહેબે અદભુત પરાક્રમ બતાવ્યું હતું તેટલુંજ નહિં, પરંતુ જ્યારે એ વાધેરો પ્રથમ બરડા ડુંગરમાં હતા ત્યારે તેઓશ્રીને ત્યાં તેમનો ભેટો થતાં વાધેરોને ખુબ હંફાવ્યા હતા. એ પ્રસંગનું તેઓશ્રીના વીરરસનું એક કાવ્ય છે તે સડોદરની હકીકતમાં તેઓ નામદારશ્રીના સંબંધનું હોઇ, તેમાં આપેલું છે. એ વાધેરોના વંશજો હાલ ઓખામંડળમાં છે. તેનો મુળ પુરૂષ **માણેક** નામે રજપૂત હતો, જેથી તેઓની ઓડખ 'માણેક' ઠરી. પાછળથી કોઇ પુરૂષ મુસલમાની ધર્મ સ્વીકારતાં તેઓ મુસલમાન થયા.

સડોદર— આ ગામ લાલપર તાલુકાના સરકલનું છે. (૭) **જામશ્રી રાયસિંહજી**ના નાના કુમારશ્રી **કુલજીભાને ભાણવડ** પરગણું મળ્યું, તે ઓનું (કુલાણી વંશનું) એ ગામ છે. સડોદર ગામ એક ઉંચી ટેકરી ઉપર છે. ત્યાં પ્રાચિન દરબારગઢ અને કિલ્લો છે, આ

વીરભુમિ કાઠિયાવાડના વીર શ્રેષ્ટ **જામશ્રી રણમલજી** (બીજા) અને જાડેજાશ્રી **×જલમસિંહજી** એને તેમના કુળદીપક કુમારશ્રી **જીવણસિંહજી** સાહેબ તથા કુમારશ્રી ઉમેદસિંહજી ઉર્ફે રાયસિંહજી સાહેબ (જેને જામશ્રી વિભાજીએ પ્રથમ દત્તક લીધા હતા તે) તથા આપણા પ્રજાપ્રિય મહુંમ મહારાજા **જામશ્રી સર રણજીતસિંહજી, જી. સી, એસ, આઇ, જી, બી, ઇ, સાહેબ** અને વિદ્યમાન મહારાજાશ્રી **જામશ્રી દિગ્વિજયસિંહજી સાહેબ બહાદૂર** તેમજ ગંગા સ્વરૂપ **બાશ્રી પ્રતાપકુંવરબા** સાહેબ વગેરે **ઉચ્ચ** ભાગ્યશાળી યશસ્વી વ્યક્તિઓની જન્મભુમિ છે. **કુલેશ્વર** મહાદેવ કે જે કુલાણી વંશજોના ઇષ્ટદેવ છે. તે આંગામનીજ સરહદમાં છે. જાડેજાશ્રી **જલમસિંહજી** સાહેબને બરડામાં આવેલા **આભપરા**ની ટોંક ઉપર પ્રખ્યાત વાઘેર **દેવોમાણેક**, મુળુમાણેક, જેઘોમાણેક અને ગજોમાણેક વગેરે જ્યારે બહારવટે નીકળ્યા ત્યારે તેઓનો પ્રથમ ભેટો થયો હતો. તે વખતે તેઓશ્રીને તેમના સાથે એ વિગ્રહ પુરતું અરરપરસ બોલવાનું થયેલ એવા ભાવનું વીરરસથી ભરપુર એક કાવ્ય રચાયેલું જે મળી આવતાં અત્રે આપવામાં આવેલ છે:—

॥ જાડેજાશ્રી જલમસિંહજી અને વાઘેરોના—યુદ્ધ વર્ણનનું ઝમાળ કાવ્ય ॥

સરસત ગુણપત્ત સમરિજે, નિત પ્રત લીજેં નામ ॥
આરાધું ઊમીયાપતિ, અંતર આઠું જામ ॥
અંતર આઠું જામ, રદામધ્ય રાખીએં ॥
કોટી સુધારણ કામ, દિનો દિન દાખીએં ॥
મો પર કરજો મ્હેર, સદા એમ ચાહીયેં ॥
માણેક ભડ મછરાળ, ઝમાળેં ગાહીયેં ॥૧॥

એક દીવસ રેણ ત્રઠરચો, જંગમચો જમરાણ ॥
જામકુંવર માણક જરુ, લડીઆ દો રાજાણ ॥
લડીઆ દો રાજાણ, ખત્રીવટ ખાગસું ॥
વડીષ વડીઆ વીરકે, લડવા લાગસું ॥
જાલમ રચોયો જંગ, ભુજાબળ ભુપતી ॥
અળદોનું અણભંગ, નવડ ભડ નરપતી ॥૨॥

દળ વાદળ ભુપત દળાં, અણકળ ફોજ અભંગ ॥
ગઢપતિષ નર ઘેરીઆ, આઠે જણ અણભંગ ॥

× જાડેજાશ્રી જલમસિંહજી સાહેબને જીવણસિંહજી અને ઉમેદસિંહજી નામના બે કુમારો હતા. તેમાં નાના કુમારશ્રી ઉમેદસિંહજી ને જામશ્રી વિભાજીએ દતક લઇ તેમનું નામ રાયસિંહજી પાડયું. પરંતુ તેઓશ્રી નાની ઉંમરમાં દેવ થતાં, કુમારશ્રી જીવણસિંહજીના બીજા કુમારશ્રી જામશ્રી **રણજીતસિંહજી** સાહેબને દતક લીધા હતા. તે હકિકત પ્રથમ ખંડમાં સવિસ્તાર આવી ગઇ છે.

आठे जण अणभंग, ओनाडी उठीआ ॥
लांधणीआ लंकाळ, सादुळा छुटीआ ॥
बळवंत बोले बोल, के आदर आपसुं ॥
मरदां लेसुं मार, घोडांरी डाबसुं ॥३॥

(भाणेऽ वचन)

पटाधर माणेक भड, भड माणेक भोंपाळ ॥
भुरो केदी न भाळीओ, लांघणीओ लंकाळ ॥
लांघणीओ लंकाळ, के केसर केहडो ॥
सादुळो सरमोड, के जाडेज जेहडो ॥
खेघो मारे खेर, कुंभा थळ कापसुं ॥
सुण जाडेज सुजाण, के आदर आपसुं ॥४॥

(जालभसिंहजी वचन)

आज धरानह उगरो, जांधा तेग सुजाण ॥
सुण देवा साची कहुं, जालम हुं जदराण ॥
जालम हुं जदराण, विहंडण वेरीआ ॥
अणभंग जेह ओनाड, ते सिंह छंछेडीआ ॥
ब्रदम्हारे बळवंत, धरासर धोडीआ ॥
अण मळीआ मुज आज, (सों)ओ केम् छोडीआ॥५॥

(भाणेऽ वचन)

भड आथडेल भोमीआं, सुण जाडेज सुजाण ॥
हुं देवड शादुळ हर, जोरावर जमराण ॥
जोरावर जमराण, समसेर न छोडीअें ॥
अवडो लाजे आज, (जो) दोकर जोडीअें ॥
खागे मचवी खेल, लोहां बळ लडसुं ॥
साग्रथ केरां शीश, के तेमें त्रोडसुं ॥६॥

(जालभसिंहजी वचन)

कहे बळ कींण बिध करे, सोचहु थाहरी सोड ॥
मद्यझर फोजां माहरी, माणेक हुं सरमोड ॥
माणेक हुं सरमोड, के जालम जाणवो ॥
दळुं घोडांरी डाब, रतो शक आणवो ॥
लहुं पकडी लंकाळ, पवंगां पुरमां ॥
अफळावुं नर आज, घोडांरी घलुरमां ॥७॥

(भाणेऽ वचन)

जाडा भड तुज जाणीओ, जोरावर झुंझार ॥

डारे जो माणक डरे, तो भोमन झीले भार॥
भोम न झीले भार, शुके जळ सायरा ॥
वरसे नव वरसाद, वाये धर वायरा ॥
नानो जाणी नाग,, सिंहां नव छेडीए ॥
कडवां फळ कुळवंत, बडा नव वेडीए ॥८॥

(જાલભસિંહજી વચન)

मुकुं नहीं माटी थीए, चखहुसें चखचोळ ॥
क्षत्रीवट हुं तो खरो, राखुं तुं सर रोळ ॥
राखुं तुं सर रोळ, जाडो कहे जाणजें ॥
सोहडां हुंदो शक, एतो मन आणजें ॥
हुं जालम जदराण, भुजा बळ भाळशां ॥
धणिं भोम अहंकार, के आज उतारशां ॥९॥

(ભાણેજ વચન)

मदझर भड माणक तणा, दीठा केसर दूठ ॥
जगमध केनी जनुंनीए, सेर न खाधी सुंठ ॥
सेर न खाधी सुंठ, वढये कोण वेडसे ॥
दीठो नहीं दरीयाण, सहोडां सोळसें ॥
भूजा बळ भोपाळ, के आदर आपसुं ॥
आडा आवे आज, ते करमळ कापसुं ॥१०॥

(કવિ વચન)

अणभंग केसर आफळा, भडदोनुं भोपाळ ॥
मल्ल अखाडा मंडीआ, डाढाळा डमराळ ॥
डाढाळा डमराळ, के थाप कुंमाथळा ॥
ढाहण दोय सधीर, मदो मद मेंगळा ॥
लो झड मच ललकार, झडो झड झाटके ॥
सोहड सादुळ सिंह. अळां सर आटके ॥११॥

केसरीआ दोऊ आखडे, धरमचीआ धुफांण ॥
वळे शकत ब्रहेमंड में, धर हरीआं धींधांण ॥
धर हरीआं धींधांण, के पळ छट पोहवा ॥
अपछर हेंथट आज, झकुंबी जोहवा ॥
चोसठ क्रोड, शकत, के हुरां हरखीयां ॥
परीआं सु परमाणके, सुंदर सरखीयां ॥१२॥

धरा धडुके मेघसें, भोम न झीले भार ॥
कडके पीठ कोरंभरी, दश थडके दीगपाळ ॥
दस थडके दीगपाळ, के शेशा शळकीआ ॥
घर मचीओ धंधकार, सोहडां छलकीआ ॥
अरीआ खागे आज, फे फागण फुलीआ ॥
पावस वीज प्रमांण, ग्रहर धधुंबीआ ॥१३॥

झळळळ सांगु झळहळे, खळळळ रत्तरी खाळ ॥
भळळळ भालां भडहथां, कळळ वहे करमाळ ॥
कळळ वहे करमाळ, के माणेक मंडीआ ॥
जाम तणां घर जेह, सो केड न छंडीआ ॥
रणवट भोम रसाळ, मचेदो मेंगळा ॥
हटे नको डहरांण, डण के दोवळा ॥१४॥

भारथ रचीओ भुपती, रण जंग मचीओ राण ॥
वाजे सोहड वीरहक, गहके सींधु गाण ॥
गहके सींधु गाण, बजड हथ बडकीआ ॥
अळ धुजे असमांण, कोरंभा कडकीआ ॥
माणक भड मछराळ, धींगा अर ढांहणां ॥
कर वीजळ करमाळ, वेरी सर वाहणां ॥१५॥

(भाणेऽ वचन)

मुछां हाथ नांखी, मडद, कह देवड कळभाण ॥
लखपालण वळ लाजमां. होसे थांरी हाण ॥
होसे थारी हाण, कें लाजुं लागसे ॥
"माणक धर्णीआंमार", (थम) कवि मुखकावसें॥
जाम तणो घर जेह, अभंग भड पखीअें ॥
(पण) रणचडतें राजाण, धणी नव लेखीअें ॥१६॥

(जालभसिंहजी वचन)

जाडो रंग देवेजरु, भड त्रहुं माणक भूप ॥
तुं वंको क्षत्री तीलक, राजंद्र कळनुं रुप ॥
राजेन्द्र कळनुं रुप, दणी सर देखीओ ॥
बादर केसरी बाघ, लुहां बळ लेखीओ ॥
अणभंग जोयो आज, प्रथी सर पारखो ॥
देवड भडतुं दुठ, समोवड सारखो ॥१७॥

(કવિ વચન)

જાલમ જંગ જીતે જરુ, કે દેવડ કળભાણ ॥
રાજેંદ્ર ખેલી રંગસુ, પારખીઓ પરમાંણ ॥
પારખીઓ પરમાણ, કે ખાગેં ખેલીઓ ॥
રણમધ દો રાજાણ, કે રંગસુ રેલીઓ ॥
સમરથ દહી સબાસ, કહી કહાવજો ॥
રંગ ભીના રજપૂત, લડવા લાવજો ॥૧૮॥

ભડ દોનું જીતા ભલા, ભારથ વંકા ભૂપ ॥
રંગ માણક રણજીતણા, તેમ રંગ જાડા કળ રુપ ॥
રંગ જાડા કળ રુપ, કે મૂપ ભજાડીઆ ॥
જુગમે બાજત જીત્ત, વાર્જીત્ર વજાડીઆ ॥
મોતી થાળ મંગાઇ, કે વીર વધાવીઆ ॥
રણ ઝગડો ×રણછોડ, ઝમાળેં ગાવીઆ ॥૧૯॥

સંવત ઓગણીસ વીસ, શુભ, રણ ઝગડો રાજાણ ॥
માણેક દેવા મલકમા, નર ફરકા નીશાંણ ॥
નર ફરક્યા નીશાંણ, મૂપ ભડાઇ રા ॥
પણીએં દેશ વીદેશ, ગુણી જશ ગાઇ રા ॥
આ ઝગડારી ઝમાળ, કેં રણવટ રુપરી ॥
દેવડ જાલમ દોઇ, ભડાં ભડ ભૂપરી ॥૨૦॥

બાપુશ્રી **જાલમસિંહજી** સાહેબ વિ. સં. ૧૯૨૬માં જ્યારે **ધ્રાંગધ્રે** હતા ત્યારે તે તાબાના ગામ મેાજે **સરમરડાના** મારૂ ચારણ દાજીભાઇનો ખેરાતી ગીરાસ પાંચ સાંતીનો ધ્રાંગધ્રા સ્ટેટમાં જપ્ત હતો. તેથી એ કવિ દાજીભાઇએ જાલુભા સાહેબના ૨૧ દુહાઓ રચ્યા જે હાલ ચારણોમાં **વીસી**ના દુહાઓના નામે પ્રસિદ્ધ છે. એદુહાઓ સાંભળી જાડેજાશ્રી જાલમસિંહજી સાહેબે યોગ્ય ઈનામ આપ્યું, તેટલું જ નહિં પરંતુ ધ્રાંગધ્રા રાજસાહેબને કહી તે ચારણનો પાંચ સાંતીનો ગીરાસ જપ્તીમાંથી કવિને પાછો અપાવ્યો, એવીરીતે વીરશ્રેષ્ટ ઉદાર રાજવીએ અન્ય રાજ્યમાં પણ **જામશ્રી** રાવળજીની પેઠે ચારણને મદદ કરી અક્ષય કિર્તી મેળવી હતી. જે દુહાઓ નીચે મુજબ છેઃ—

જાલમસિંહજી સાહેબના વીસીના દુહાઓઃ—

(ડીંગળી ભાષા)

થકાં અરહર આખવે થકાં દશ ઉગાર । વારું દે થક વાર જીવા દોરી જાલમા ॥૧
અવરાં કે કીધા અમે થક અમે કર થાપ । અમીયા નવતર આપ જલમો તું જે જાલમા॥૨

× આ ઝમાળ કાવ્ય કંડોરણાના રહીશ બારોટ રણછોડ (વહી વંચા ભાટે) રચેલું છે. તે અમોને તેના વંશજો આગળથી હસ્ત લેખીત પ્રતમાંથી મળેલ છે.

ब्रहु करमी राधु तणा ब्रहु वे भट्ट त्रसींग, धनंतर बंधव धींग, जेठी, भावो जालमो॥३
चंत राखत चारण चलु भांगण चत्रही मेद, वदीए चोथो वेद तो जाण पणे जालमा॥४
प्रांचाळु दीयो छो पवंग पंचवध प्रोंचाळ, आखे पंच आंटाळ रंगतो राधवलराउत॥५
छ वरण शरण छोडवा दीओ छो भलप डाण, जाणो छो वध जाण जहनी वातुं जालमा॥६
सत जग तो पांहे सदा सतव्रत साडीसोळ, मणीयां सत्रसल मोड जहरो त्रायल जालमा
ओदु धीरजके आठमे पइचवी आठे पोर, ठावो कवियां ठोर रंगतो राधवल राउत॥
नवनध तोपांसे ब्रधु नवही नेडा नाथ, हेते नकळंक हाथ दे जाचणने जालमा॥९
दसरा नत रुडी दशा दश वाळी दातार, दशोंदी दरबार तो जह गयो जालमा॥१०
अगीआरे भलप चहता आखे प्रेम अगीआर, अगीआरे अणवार तो जह गयो जालमा॥
ऊजळ मुख बारे अरक मोजुं बारे मास, बगशाके बीरहास दे जाचणने जालमा॥१२
तीरहें राधु सतण नव व्रत तेरे नाम, जोते रावळ जाम जरुर अमर जालमा॥१३
रतनागर चौदे रतन शांतेल चौदे सार, दश चो वे दतार जह तोवाळो जालमा१४
पंदर रजवट ध्रु प्राक्रमी पनरांकवियां पाळ, पण राखवा प्रोंचाळ जनम्यो तुं जे जालमा॥
सोळा ओळकीया सवळ राजी सोळां राम, कीया सवळां काम जगभल ते जे जालमा॥
सतरां दुंढस राधु सतण पटाधर शत्रु पछाड, शत्रु न चडे सिमाड जाणे तुंने जालमा॥
वखाणे *नवदु वरण परहद अठदु पार, इ आयुध ×बमण अढार जगहर बांधस जालमा
संवत ओगणीश ने छवीसशुभ गायो गण सार, इ अगणित आधार दे जाचणने जालमा
विसोत्तर कीरत वदां वीस वरस वध जाण, तोविसो 'दजु' वखाण तो जहगायो जालमा
तेगें जे राधु तणां जबराने कीधा जेर, रा वश कीधा वाघेर तें जोराळा जालमा

આપુશ્રી જાલમસિંહજી સાહેબ જ્યારે કાલાવડનો દરબારગઢ બાંધી ત્યાં નિવાસ કર્યો, ત્યારે કાલાવડના રહીશ કવિ ભીમજીભાઇ રતનુંને, રતનું ચારણ હોઇ પોતાના ઘરના ચારણ છે. તેમ માની પોતાપાસે યોગ્ય સન્માનપુર્વક રાખતા એટલુંજ નહિ પણ તે કવિને પોતાની સાથે પરીચય થયો ત્યારથી તેમના કુટુંબનું ભરણ પોષણ પોતેજ કર્યું હતું. જેથી તે કવિને અન્ય રાજવીની યાચના કરવા જરૂર પડી ન હતી તે નીચેના કાવ્યથી સ્પષ્ટ જણાય છે:—

"કવિ ભીમજીભાઇ" રતનું કૃત જાડેજાશ્રી જાલમસિંહજીના ગુણ વર્ણનનું કાવ્ય.

गीत—बदीजें १चंदनं गुण, २आकका चंदनं बने ॥
भ्रंग कीट संगहुंसे, भ्रंगही भणाय ॥
मणी जाडाधणी आज, राधुहुंको नंद भेटे ॥
पाधु के दालीद्र, जाडा नाथसें पलाय ॥१॥

* नवदु=अढार × १८थी ७भणुं=छत्रीश प्रकारना आयुध

१ चंदन गुणथी आकडानुं पण चंदन थाय. २ भमरीनां संगथी ईयळ भमरी थाय

ભયંકર કાળ સો તો, મેઘહીરૂ વૃષ્ટી ભાજે ॥
પણ ૪શંભુનાથ રીઝે, નવે નધ પાય ॥
અળાંપે અટંકો ઐસો, રાધુહુંકો નંદ મેટે ॥
હેતુ કે દાલીદ્ર, જાડા નાથસેં હરાય ॥૨॥

દેખતેં સાદુળો સિંહ, મનમેં ગજેન્દ્ર ડરે ॥
સૂર્ય૬ ઉગતે જેમ, તીમીરં સમાય ॥
ભુપતિ ભુજાળો, ભીમ રાધુહુંકો નંદ મેટે॥
જાલમેશ જાચે, તેનાં દાળીદરં જાય ॥૩॥

બાપુશ્રી જીવણસિંહજી સહેબ (મર્હુમ જામશ્રી સર રણજીતસિંહજી સાહેબના જનક પિતા, અને વિદ્યમાન જામશ્રીના પિતામહ) એક વીરતાનીજ મુર્તી હતા તેમનો કડો ચહેરો, ભરાવાદાર દાઢી, લાલ આંખો, અને વિશાળ ભુજાઓ વગેરે જોતાંજ ગમે તેવો સામેનો પુરૂષ તરતર દબાઇ જતો. તેઓશ્રી બંદુકનું નિશાન ઘણીજ ઉત્તમ રીતે પાડતા. કાયમ તેઓશ્રી અસ્ત્ર શસ્ત્રથી સજ્જ રહેતા. તેઓની બંદુકના વર્ણનનું એક કાવ્ય કવિ **ભીમજીભાઇ રતનું** બનાવેલ અત્રે આપવામાં આવેલ છે:—

॥ બંદુક વર્ણન ગીત ॥

દોટે કોટકું ઉથાપે, ચોટેં અરી દળાં રેસ દેવે॥
ફેટે અરાં પાડે, જંગે મચાડે ધુફંગ ॥
મહા છેટે રેવે, વૈરી મેટે અરાં કાળમેટે ॥
તકે જોરે જીવણેશ, બીરાજે તુફંગ ॥૧॥

પઢેલી બીરાણ મંત્ર, ચઢેલી કંચનં પક્કી ॥
મઢેલી માણક હીરે, મોતીયાં પ્રવાળ ॥
વેગેં દે ગયંદાં ઢાળી, સતં જાલમેશ વાળી ॥
નિહાળી બેંતાળ ભાળી, જાડા હથાં નાળ ॥૨॥

ઢાહણી ગયંદાં મહા, ધાહણી અરીદાં જગે ॥
ઇસરી ત્રીસરી નેત્ર, કહીજેં અચુક ॥
તનુહેં જ્વાળકા કે નાં, બેટી હેં કાળકા તણી ॥
બીરાજે નાગણી, જીવણેશરી બંધુક ॥૩॥

---

૩ વરસાદની વૃષ્ટીથી ભયંકર દુષ્કાળ ભાગે છે. ૪ મહાદેવ રીઝવાથી નવ નીધી પમાય છે. ૫ કેસરી સિંહને જોઇને મદોન્મત હાથી ડરી ભાગે છે. ૬ સુર્યના ઉગવાથી અંધારૂં નાશ પામે છે. તેવીજ રીતે કવિ ભીમજી કહે છે કે યદુકુળમણી, પૃથ્વી ઉપર અંટ કે, લાંબી ભુજવાળા રાધુભાના સુકુમારને જે કોઇ કવિ યાચે તો તેનાં ઉપર પ્રમાણે સર્વ દરિદ્ર નાશ પામે છે.

રંગપરના **ભક્ત** કવિ **ખાણીદાસે** પણ આપુશ્રી **જીવણસિંહજી**ની વીરતાના વર્ણનનું એક કવિત બનાવેલ છે. જે નીચે મુજબ છે: –

શ્રી જીવણસિંહજી સાહેબનું અથેારેાહણ કવિત

फरक जात कोलु कमठाण, फनी फनीयंद के ॥
सिंह द्वीप डरकजात, धरक जात सबतें ॥
कुंभीमद करक जात, थरक जात काट किल्ला॥
अरक जात थंभी, सवारी देखxअबतें ॥
जालुको नंद सजे, कमर शमसेर जोर ॥
जोरु रथ दुश्मनकी, खरक जात जबतें ॥
जीवन सिंह जदुरान, हेमरपें चढे जब ॥
त्रासमान होवत, अरियान प्रान तबतें ॥४॥

ઉપર પ્રમાણે વીરશ્રેષ્ટ જાડેજાશ્રી જાલમસિંહજી અને તેઓશ્રીના સુકુમારશ્રી જીવણસિંહજી સાહેબના ઘણાં કિર્તી કાવ્યેા અન્ય કવિઓએ પણ બનાવેલા છે. એ વીરભુમિ **સડોદર**થી **સમાણા કેમ્પ** અને **પુલેશ્વર** મહાદેવ નજીક છે. અને **જામનગરથી** ત્યાં સુધી પાકી સડક બાંધેલી છે.

કાલાવડ—એ તાલુકાનું મુખ્ય શહેર છે. વિક્રમના અગીઆરમાં સૈકામાં **કાળા માંજરીયા** નામના કાઠીએ તે વસાવેલું છે અને તેની કુળદેવી **શિતળામાતા**નું ત્યાં સ્થાનક છે એ ગામ પુર્વમાં કાળાવડી નદી અને પશ્ચિમે ધેાળાવડી નદી જેનેા ઉત્તર દિશાએ સંગમ થાય છે તેની વચ્ચે વસેલું છે. ધેાળાવડી નદીના પશ્ચિમ કિનારે **અસ્તર** ગામના ખંડેરેા છે. તેમાં તે કાળેા કાઠી રહેતેા હતેા. તેને એક રાત્રે શિતળામાતાએ સ્વપ્નમાં આવી કહ્યું કે "હું ધેાળાવડી નદીના ત્રીવેણી (ધેાળાવડી, ફલકુ અને કપુરીઓ, એ ત્રણના) સંગમે પ્રગટ થઇ છું. તેની નિશાનીમાં ત્યાં એક ત્રણ પાંદડાં વાળેા વડનેા રેાપ હશે. હું તારા ઉપર પ્રસન્ન છું. તેા મારી ત્યાં સ્થાપના કરજે." કાળા કાઠીએ નિશાની પ્રમાણે હકિકત સત્ય માની ચેાકકું ખેાદતાં, માતાજીના કૂળાંઓ મળતાં, ત્યાં માતાજીની સ્થાપના કરી નાનું મંદીર ચણાવ્યું. ત્યાર પછી તે દેવીની કૃપાએ આસપાસનેા મુલક કબજે કરી કાળા કાઠીએ સાત ચેાવીશી બાંધી. પેાતાના નામપરથી **કાળાવડ** શહેર વસાવી ત્યાં પેાતાની રાજ્ય ગાદિ સ્થાપી. કાળાવડી નદીને પુર્વ કિનારે **કાળેશ્વર** (કલ્યાણેશ્વર) મહાદેવની સ્થાપના કરી, તે દેવાલય પશ્ચિમ દ્વારનું હેાઇ, પુરાતની કાળની સાક્ષી આપતું હાલ મેાજુદ છે, **કાળાવડી**ના પશ્ચિમ કિનારે **કાળા કાઠી**નાં દરબારગઢના ખંડીયરેા જોવામાં આવે છે ત્યાં તેમના મહેલનેા પડછાયેા, કાળાવડી નદિના જળના વહેનમાં (પ્રવાહમાં) પડતેા. તે વિષેનેા પ્રાચિન દુહેા છે કે:—

मांजरीयानो महेल, वेते जळ वातुं करे ॥
झरुंखडे झळु मेल, काळावडीए काळीओ ॥१॥

આ માંજરીયા કુટુંબમાં કાળાવડની ગાદિ લગભગ પાંચેક સૈકા ચાલી ત્યાર પછી છેલ્લા **ઢવાયત** માંજરીયા પાસેથી **જામશ્રી રાવળજી**એ કાળાવડ જીતી લીધું તે હકિકત પ્રથમ ખંડમાં આવી ગઇ છે. આ ગામને ફરતો કિલ્લો **જામશ્રી રણમલજી** બીજાએ બંધાવવો શરૂ કરેલ તે **જામશ્રી વિભાજી** (બીજા)એ વિ. સં. ૧૯૧૪માં પુરો કરાવ્યો. તે કિલ્લા વિષે દુહો છે કે :—

દશ કોઠા છ બારીઓ, બે દરવાજા જોય ॥
પાદર મોટી શિતળા, તે કાલાવડ હોય ॥૧॥

કિલ્લાને દસ કોઠા છે. બે દરવાજા (નગરનો અને મુળીલાનો) છે. છ બારીઓ (ખત્રીની, વોરાની, ખાટકીની, પંડીયાની. કુંભારની, અને સુરજ બારી) છે. કાળાવડ એ **'શિતળાનું' કાળાવડ'**ના નામથી હિંદુસ્થાનમાં પ્રસિદ્ધ છે. વિક્રમના અઢારના સૈકામાં તે કાલાવડ શિતળાનું મટી **નટનુ** કાળાવડ કહેવાત. પણ માતાજીએ તેમ થવા નહિં દેતાં પોતાનુંજ નામ કાયમ રાખ્યું. તે ઘટના નીચે પ્રમાણે બની હતી.

જામશ્રી રણમલજી (બીજા) પાસે નટ વિદ્યામાં મહા કુશળ એક નટ કુટુંબે આવી માગણી કરી કે "અમો અકાશ માર્ગે ઉડી ધારેલેજ સ્થળે ઉતરી શકીએ તેવા ગગન વિહારી છીએ" જામશ્રીએ તે રમત જોવા ઇચ્છા બતાવતાં નટોએ એવી શરત કરી કે "જે ગામે અમો ઉડીને ઉતરીએ, તે ગામ અમોને બક્ષિસ આપવું" જામશ્રીએ તે વાત કબુલ કરતાં, નટો અનુકુળ દિવસે લાખોટા કોઠાના ઉંચા મકાનોની ટોચ પરથી ઉડયો. તેમાં ત્રણ પુરષો (નટો) પોતાના બાહુ પર મોટી ગેંડાની ઢાલો બાંધી તેના પર જાડી પછેડીઓના હવા ભરાય તેવા ગબરાઓ બનાવી જામશ્રીની મહોરછાપ વાળી ચીઠ્ઠીઓ (આ લોકો જે ગામ ઉડતાં ઉતરે તે ગામ તેને બક્ષિસ આપેલ છે. તેમ ત્યાંના પટેલે જાણવું તેવી મતલબની) કસે બાંધી, અકાશ માર્ગે ઉડયા હતા. તે જોવા જામશ્રી કોઠા ઉપર કચેરી ભરી બીરાજ્યા, અને ઉડનારાઓની તપાસ રાખવા પાછળ ઘોડેસ્વારોને દોડાવ્યા. હજારોની માનવ મેદનીની દૃષ્ટિ મર્યાદાથી તે ત્રણેય યુવાનો આકાશ માર્ગે અદ્રશ્ય થયા. તેમાંનો એક નટ જે ઉડવામાં ઘણો કુશળ હતો તે **કાળાવડ** ઉતરવાનું મનમાં ધારી ગગન વિહાર કરવા લાગ્યો, બીજો નટ **જામ-ખંભાળીયા** ઉતરવાનું મનમાં ધારી ઉડયો, ત્યારે ત્રીજો નટ જામનગરથી માત્ર ચાર માઇલ ઉપર આવેલાં **ઠેબા** ગામે સહીસલામત ઉતર્યો. તેણે ગામના પટેલને ચિઠ્ઠી આપી તેટલામાં જામનગરથી સ્વારો પણ આવી પહોંચ્યા અને શરત મુજબ તે ગામ તેને બક્ષિસ મળતાં, હાલ પણ તે ગામ **'નટના ઠેબા'** એ નામથી પ્રસિદ્ધ છે, ખંભાળીયા જનાર નટની જામનગરથી દસ બાર ગાઉની મજલ કાપતાં એક બાહુની બનાવટી *પાંખ તૂટી પડી. તેથી

× લગભગ એકસો વર્ષ પહેલાંજ (હાલ જેમ એરોપ્લેન ઉડે છે તેમ) તે નટો જાતે સ્વદેશી સાધનોથી આકાશ માર્ગે ૩૦ માઇલ ઉડી શકયા. તે ઉપરના દાખલાથી મોજુદ છે તે લોકોને જો યોગ્ય ઉત્તેજન હોય તો તે અંગકસરતના ઉડતા ખેલાડીઓને તે વિદ્યા વારસામાંજ મળતી હોવાથી કોઇ અજબ કામ કરી બતાવે તે નિઃશંસય છે.

તે પૃથ્વિપર પડતાં ત્યાંજ મરણ પામ્યો. ત્યારે ત્રીજો નટ જામનગરથી લગભગ પંદર ગાઉ ઉડી કાલાવડ શિતળામાતાના દેવાલયની સિદ્ધી લાઇનમાં આવતાં, નદિ ઓળંગ્યા પહેલા પશ્ચિમ કિનારા પર તેની બંન્ને પાંખો કુદરતી રીતે તુટી જતા ત્યાં પડી મરણ પામ્યો. તેથી હજી લોકો કહે છે કે નટનું કાલાવડ કહેવાત તેમ ધારી માતાજીએ તેને ગામમાં આવતો અટકાવી 'શિતળાનું કાલાવડ' કહેવાનું કાયમ રાખ્યું. હાલ તે નટની સમાધિ ધોળાવડી નદિ અને કપુરીયા વોકળાના સંગમ તટે માતાજીના દેવળથી દક્ષિણે જામનગર જવાના રસ્તા ઉપરજ જીર્ણ સ્થિતીમાં મોજુદ છે. **કાલાવડ** એ યાત્રાનું સ્થળ છે. તળપદમાં શિતળામાતા. **પૂર્વે પ્રકટેશ્વર** મહાદેવ, પશ્ચિમે સુરાપુરા, ઉત્તરે ગનીપીર તથા દાણીધાર, અને દક્ષિણે **સતિમાતા,** વગેરે બધ્યે ત્રણ ત્રણ ગાઉના અંદર એ ઐતિહાસિક પ્રાચિન સ્થળો આવેલાં છે. જે પાંચેય સ્થળોની હકિકત અત્રે આપવામાં આવેલી છે.

(૧) **શિતળા માતા**—કાળા કાઠીના ચખતમાં તેની સ્થાપના થયેલ છે. માતાજીનુ કળું છે. તેની બંન્ને બાજુ પોતાની છ બહેનો અને એક ભાઈ છે. જેના નામો અને નૈવેદ્ય નીચે મુજબ છે: –

(નામો) ઓરી, અછબડા, તાવલી, ધાસણી, નૂરબીબી. બસ–બરજવી, અને રતવેલીયા નામનો ભાઇ છે. તેઓને નૈવેદ્યમાં અનુક્રમે ચડાવવામાં ધરાવવામાં) આવે છે. શિતળામાતાને અભક્ષ્ય (માંસ મદીરા આદિ) નૈવેદ્ય ખપતું નથી. જેને શિતળા નિકળેલ હોય. તે માતાજી સમક્ષ આવી સાકર, ગોળ, ખજુર, તાંજળીયો, અને રૂપીઆ વગેરેથી ×તોલાય છે. તે તેઓના પુજારીઓ લેઈ જાય છે.

માતાજીના, **રાજગર બ્રાહ્મણ અતીત બાવા અને બનવા ફકીર** એમ ત્રણે પુજારીઓ છે. તેઓના એકેક માસના વારા હોય છે અને તે દરમિયાન જે માનતાઓ આવે તે તેમને મળે છે. તેઓ દરેક એકેક ચોપડો રાખે છે, તેમાં જાત્રાએ આવનારે શું શું માનતા ચડાવી, વગેરે મતલબની નોંધ કરાવી નીચે તેમની સહી લે છે. તેઓ આવનારની ઉત્તમ સરભરા કરે છે. માતાજીના દેવાલયને ફરતા **જામશ્રી વિભાજી**એ ઓરડા બંધાવી આપ્યા છે. તેમજ એક નાનુંક બંગલો છે. ત્યાં જાત્રાળુઓ આવી ઉતરે છે. ત્યાંની ઉત્તમ હવા, નદીઓ, બારે માસ વહેતું સ્વચ્છ પાણી વગેરે આવનાર યાત્રાળુઓને ઘણુંજ ખુશી કરે છે. એ વિશાળ વડના **પુરૂષોત્તમ ઘાટ** ઉપર ઘણાં લોકો વિશ્રાંતિ લે છે. **ધોળાવડી** નદીના જળનો અખૂટ પ્રવાહ 'છપ્પન' જેવા ભયંકર દુષ્કાળમાં પણ બંધ થયો નથી. એ

× જામશ્રી રણમલજી, જામશ્રી જશાજી, જામશ્રી મર, રણજીતસિંહજી સાહેબ અને નામદાર નાનાસાહેબ પ્રતાપ કુંવરબા સાહેબ, વગેરેને શીળી નીકળેલ હોવાથી, શિતળામાતાજી સમક્ષ તોળાયા હતાં. તથા મોરબી ઠાકોરશ્રી સર વાઘજી, ધ્રોળ ઠાકોરશ્રીના કુમારસાહેબો, ચવરીદડ તાલુકાના યુવરાજશ્રી ભવાનસિંહજી, લોધીકા તાલુકદારશ્રી મુળવાજી સાહેબ વગેરે માતાજી આગળ તોળાયા છે. ઘણાં કાઠી દરબારો અને મુંબઇ સુધીના ઘણાં શ્રીમંત વર્ગના લોકો માનતાએ આવે છે. ભાગ્યેજ કોઇ દહાડો યાત્રાળુ વિના ખાલી જતો હશે.

નદીને પૂર્વ કિનારે અતીત ખાવા **રામગરજી**નો મઠ અને બાનવા ફકીર **શરીફનઅલ્લા** શાહનો તકીઓ આવેલા છે. માતાજીના ત્રણ પુજારીઓ અને તેમાં પણ એક મુસલમાન ફકીર કેમ પુજારી થયો? તેવી શંકા સહુ વાંચકને સહેજે થાય તેથી તે શંકા દૂર કરવા તેની હકીકત નીચે પ્રમાણે આપવામાં આવે છે:—

બારમા સૈકામાં જ્યારે **અલ્લાઉદ્દિન** હિંદુના દેવાલયો તોડતો, પાડતો, **કાલાવડ** આવ્યો ત્યારે તેણે ગામની અંદરના છ જૈન દેવાલયો અને શિવાલયો તોડી પાડી, **શિતળા-માતાનું** મંદીર તોડવા જતાં સાંજ પડી જતાં, તે કામ બીજા દિવસ ઉપર મુલતવી રાખ્યું.

શિતળામાતા માંજરીઆ કાઠીની કુળદેવી હોવાથી પ્રથમ તેમની પુજા રાજગોર બ્રાહ્મણો કરતાં. પરંતુ કેટલાક વર્ષો પછી તે બ્રાહ્મણો પણ વીદેશ ગયા; તેથી અતીત બાવા **રામગીરીજી** કે જે ફકકડ હતા, તે તથા તેમનો શિષ્ય વર્ગ પુજા કરતો. તેઓને ખબર મળી કે "સવારે બાદશાહ માતાજીનું દહેરૂં તોડશે" તેથી તેમને પોતના અનન્ય મિત્ર **શરીફન અલીશાહ** નામના બાનવા ફકીર કે જેઓ મલંગ (બ્રહ્મચારી) હતા તેમને તકીએ જઇ સઘળી હકીકત કહી સંભળાવી. તે સાંભળ્યા પછી સાંઇબાવા બાદશાહ પાસે ગયા. અને દુવા ખેર કરી. બાદશાહે સાંઇનો ઓલીયા સ્વરૂપ તેજસ્વી ચહેરો જોતાંજ, સાંઇને વચન માગવા કહ્યું. તે વખતે સાંઇએ "શિતળાનું દહેરૂં ન તોડવાનું બાદશાહ પાસે માગ્યું." બાદશાહ ગુસ્સે થયો. અને સાંઇને બીજું કાંઇ, ગામ ગીરાસ, પૈસો ટકો વગેરે માગવા કહ્યું. પણ સાંઇએ તેમાંનું કાંઇ જોતું નથી તેવું કહેતાં બાદશાહ ગુસ્સે થયો. તેથી સાંઇએ પોતાના આસનપર આવી રામગરજી બાવાજીને એક કોરી ઠીકરાની ઠીબ લાવવા કહી. ધોળાવડી નદીને કિનારે નાહી જાપ જપવા લાગ્યા. રામગીરજી ઠીબ લાવતાં તેણે (સાંઇએ) તેમાં પોતાનું તપોબળ (અને બ્રહ્મચર્યનો પ્રભાવ) મેલી, તે ઠીબ માતાજીના કળાપર ઢાંકી આવવા સુચવ્યું. બાવાજીએ તે પ્રમાણે કર્યું. સાંઇએ પોતાની ધુણીએ આવી આખી રાત્રી જાપ જપવામાં ગુજારી. સવારે બાદશાહે પોતાના લશ્કરને શિતળાની દેહેરી તોડી પાડીને પોતાને આવી મળવાનું કહ્યું. અને પોતે ખંઢેરા ગામ તરફ કુચ કરી ગયો. પાછળથી સૈનિકો આસપાસ દેરીની શોધ કરવા લાગ્યા. પણ સાંઇના તપોબળે કોઇ નજરબંધીનો એવો પ્રભાવ જણાવ્યો કે તેઓની દૃષ્ટિએ દેરી ચડીજ નહિં. ગામના લોકો દેરી દેખતા હોવાથી આશ્ચર્ય પામવા લાગ્યા. છેવટે લશ્કર નદીથી દુર પશ્ચિમમાં આવેલી એક સતિની દહેરી છે ત્યાં આવી પહોંચ્યું. અને તે દહેરીને શિતળાની દહેરી માની તેનું શિખર તોડી પાડયું અને પાળીયો કાપી નીચે નાખી દીધો. (હાલ તે દહેરી તેજ સ્થિતીમાં જીર્ણ ઉભી છે.) અને લશ્કર બાદશાહને જઇ મળ્યું, તેઓના ગયા પછી સાંઇના કહેવા પ્રમાણે બાવાજીએ તે ઠીબ લઇ લીધી, એ પ્રમાણે તે દેરીનો બચાવ સાંઇના પ્રતાપે થતાં, તેમજ બાવાજી અને સાંઇ મિત્ર હોવાથી, સાંઇના શિષ્યોને રાજીખુશીથી માતાજીની આવકમાં ભાગ આપ્યો.

આ પ્રમાણે બન્ને મજમું ઘણાં વર્ષ વહીવટ ચાલ્યા પછી, જુના પુજારી રાજગર બ્રાહ્મણના વંશજો આવતાં, તેઓએ પોતાનો હક સાબીત કરી પુજામાં ભાગ લીધો. જેથી હાલમાં ત્રણેય પુજારીઓ વારા પ્રમાણે માતાજીની પુજા કરે છે. ફકીરના વારામાં એક બ્રાહ્મણને માતાજીની પુજા કરવા અને માનતા ચડાવવા તે લોકો રાખે છે. ફકીરો જાતે પુજા કરતા

નથી, પણ પોતાનો હિસ્સો લે છે. હાલ અતીત બાવા પુજારીઓના આઠ કુટુંબો એક માસમાં પુજા કરે છે. ફકીરોમાં ત્રણ કુટુંબો અને રાજગર બ્રાહ્મણનું એકજ ઘર છે. ઘણાં વર્ષો થયાં તે ફકીરો અને બાવાઓ ઘરબારી (ગૃહસ્થ) છે.

ગંગાજી રખ:— શ્વેતાંબરી (જેને લોકો ધોળીયા પૂજ કહે છે) તે ગાંગજી રખ નામના ગોરજીની અહિંના ઉપાશ્રયમાં ગાદિ છે. તેઓ મંત્ર તંત્ર, જ્યોતિષ, વૈદક આદિ અનેક સાહિત્યમાં નિપુણ હતા. તેઓએ અઢારમા સૈકામાં કાલાવડના લોકોને ઘણાં ચમત્કારો બતાવ્યા હતા. જે જોનારાઓ હજી કોઇક હયાત છે. સ્થળ સંકોચને લઇને તેનાં દ્રષ્ટાંતો અત્રે આપ્યાં નથી તેઓ એક સારા લહીયા પણ હતા. જેમનાં હસ્તલેખિત પુસ્તકો તેમના શિષ્ય વર્ગમાં જોવામાં આવે છે, પોતાના ઉપાશ્રયની દિવાલો ઉપર પાકી શાહીથી લખેલા અક્ષરો સૈકો થયાં છતાં, હજી તેવાજ છે કાલાવડ તાબાના **પીપર** ગામોના ચોરામાં નિજ મંદીરના બારણાંની જમણી બાજુની થાંભલી પર છાજલી નીચે તેઓએ નીચેની હકીકત દુહાસાથે લખી છે.

॥ ગુદો લખો છે ॥

जल शशी परबत मछीं, हरणां रेंट फरंत ॥
चलो सखी उण देशडे, जीहां पत्थर वाघ चरंत॥१॥

આનો અરથ કરે તે અમારો પરમ મિત્ર છે. લખીત: **ઋષી ખીમજી** વિદ્યમાન **ગાંગજીજી**ની ધરમ આશિષ છે. સંત સાધવમેં જોહો, સાધુ વાંચે તેને અમારી વંદના છે. શાં. ૧૮૮૮ના ચૈત્ર વદ ૧૨ બુધો અત્રજ આવ્યા હતા ત્યારે લખ્યું છે. આવા ગુઢાર્થ વાળાં કાવ્યો તથા ચિત્ર કાવ્યોનો તેઓ પાસે પુષ્કળ સંગ્રહ હતો. તેઓએ ૧૦૦ વર્ષનું પંચાંગ જોષીઓને ઉપયોગી થાય તેવું લખ્યું હતું. તેમજ નાડીવૈદ્ય તરીકે પણ કુશળ હોઇ, તે વિષે પણ ઘણું લખ્યું છે. તેમના તાંત્રીક અને મંત્ર બળોની વાતો જો લખવામાં આવે તો અત્યારનો સુધરેલ વર્ગ તે જુહુજ (હંબગ) માને, તેમજ સ્થળ સંકોચને લીધે પણ લખી નથી. એક સૈકો વિત્યા છતાં, હજી તે મહા પુરૂષને કાલાવડની પ્રજા વિસરી નથી **ધોળાવડી** નદિના પશ્ચિમ કિનારે શિતળામાતાના મંદીરથી ઉત્તરમાં તેઓશ્રીના સમાધિ સ્થાનની નાજુક દેરી છે.

ગનીપીર:—વહોરા લોકોના અનેક કુટુંબો કાલાવડમાં ગનીપીર સાહેબની સલામે દેશાવરોમાંથી આવે છે. કાલાવડથી માત્ર પાંચ માઇલ પર આવેલા **મુવીલા** ગામે તે પીરની દરગાહ છે. જ્યાં નામદાર મોટા મુલ્લાં સરકાર પણ સલામે આવે છે. ઘણાં સૈકાઓ પહેલાં **ગનીઅલ** નામના વહોરા કાલાવડથી માલ ખરીદી આસપાસના ગામડાઓમાં સરૈયાનો ધંધો કરતો તેઓ અખંડ બાળ બ્રહ્મચારી હતા. જુઠુ બોલતા નહિં અનીતિ કે અણહકનું લેતા નહિં ખરીદેલો માલ બહુજ થોડો નફો લઇ વેચી પોતાનું ગુજરાન ચલાવતા, નિમાજનો વખત ચુકતા નહિ. તે બોલીયા એક વખત કાલાવડથી મુળીલે જતાં રસ્તામાં એક સીંદરીનો ટુકડો મળ્યો તે લઈ તેણે પોતાના કોયળાને મોઢે બાંધી. મુળીલામાં જઇ થોડો ઘણો માલ

વેચ્યો. તે ગામમાં એક કુંભારણને જીભની માનેલી બેન કરેલી હોવાથી તેઓ પોતાનો ઉતારો કાયમ ત્યાં રાખતા. તે દિવસે પોતાનો કોથળો તે બાઇના ઘરમાં ખીલી પર ટાંગી તેઓ નદિ કિનારે નિમાજ પડવા ગયા. પાછળથી અકસ્માત તે કુંભારણના ઘરને અગ્નિ લાગતાં, તે ઘર બળી ગયું. જ્યારે **ગનીઅલજી** ત્યાં આવ્યા ત્યારે કુંભારણ તેને કહેવા લાગી કે "ભાઇ મારા ઘરની સાથે તમારો કોથળો પણ બળી ગયો હશે" ગનીઅલજી કહે "બેન જેવી ખુદાની મરજી ગામના લોકો જ્યારે તે ઘર ઓલવી માલ થાલને સંભાળવા લાગ્યા, ત્યારે ગનીઅલજી કોથળો માથે રાખથી ખરડાએલો સહિસલામત નીકળ્યો, માત્ર તેનાં મોઢા ઉપર બાંધેલી સીંદરી બળી ગયેલી હતી. તેથી તેઓ બોલ્યા કે તે સીંદરી મારી હકની કમાઇની ન હતી, મને રસ્તામાંથી મળી હતી, માટે તે બળવીજ જોઇએ ઉપરના બનાવ પછી તે નેક વાળા અને ઇમાની પુરૂષને લોકો ઓલીયા તરીકે માનવા લાગ્યા. તે પછી કેટલેક વર્ષે એક ભયંકર દુષ્કાળમાં કોઇ ચોર લોકોએ કોથળામાંથી સારી રકમ મલશે એમ માની તેને **મુળીલા,** પાસે મારી નાખ્યા. જે જગ્યાએ હાલ તેઓશ્રીની દરગાહ છે. જે સ્થળ **'ગનીપીરના'** નામે ઓળખાય છે. મેડીઓ, ધર્મશાળાઓ અને કુવો વગેરે ત્યાં સુંદર રીતે બાંધવામાં આવેલ છે. દર વર્ષે તેઓના માનમાં મોટો **ઉરસ** થાય છે, ત્યારે દૂર દેશાવરોના શ્રીમંતો ત્યાં આવે છે. વિદ્યમાન નામદાર મુલ્કાં સરકાર સૈયદના વમીલાના **તાહીર સૈફુદ્દીન** સાહેબ પણ ગનીપીર સાહેબની સન્નામે પધાર્યા હતા. વઢોરા લોકોનું મોટું જત્રાનું સ્થળ છે. ત્યાં તેની ઘણી માનતાઓ પણ ચાલે છે. ત્યાં જનારા લોકો **જામ-ચંથળી** સ્ટેશનથી મોટરમાં કાલાવડ આવી ત્યાંથી ગનીપીર જાય છે.

દાણીધાર—એ જગ્યો ગનીપીરથી લગભગ એક ગાઉના અંતરે દક્ષિણમાં છે. ત્યાં નાનીધાર છે. અગાઉના વખતમાં દાણી લોકો ત્યાં રહેતા અને જત્રાળુઓ પાસેથી દાણ લેતા, તેથી તેનું નામ *દાણીધાર પડયું. ત્યાં હાલ **નાથજી**ની જગ્યો છે. માર્ગે આવાઓ તેમાં રહે છે, વિ. સં. ૧૬૩૪માં મુળીલા ગામે રહેતા **નાથજી ચહુઆણ** નામના ગુર્જર રજપુતે તે જગ્યા બાંધી છે. **તુર્ક રામા પ્યારારામ** નામના બાખી બાવાઓ જ્યારે ગીરનાર તરફથી ફરતા ફરતા મુળીલા આવેલા ત્યારે તેઓએ નાથજીને ઉપદેશ આપી શિષ્ય બનાવી ગુરૂમંત્ર આપ્યો હતો. તે પહેલાંની દંત કથા છે કે "નાથજી સાધુ પુરૂષોને (ગિરનારથી દ્વારકાં જતાં તિર્થવાસીઓને) જમાડતા હતા. એક વખત તેઓ ખર્ચાખુટ થતાં, સોરઠ પ્રદેશના કોઇ એક બેકુતના બળદોની જોડ ચોરી લાવી તેને વેચીને સાધુ લોકોને જમાડવા વિચાર કર્યો. પરંતુ જ્યારે તેઓ તે બળદો સાથે **દાણીધાર**ની ટેકરી ઉપર આવ્યા, ત્યારે પ્રભાત થતાં બળદોને ત્યાં બાંધી પોતે નિત્ય કર્મ કરવા લાગ્યા. બળદનો માલીક સરકારી માણસો સાથે પાછળ પાછળ ત્યાં આવ્યો. ત્યારે નાથજી એકાગ્ર ચિતે ધ્યાનમાં બેઠા હતા. માલીકે પોતાના બળદો ઓળખી છોડવા જતાં જાંબાવા (જાંબુડા) રંગના બળદો તુરતજ સફેદ થઇ ગયા. તેથી તે બળદ પોતાના નહિં જણાતાં તેઓ પાછા ગયા. ત્યારથી નાથજીએ તે ધંધો છોડી

* કોઇ લોકો "શ્રવણે માતા પિતા પાસેથી આ જગ્યાએ દાણ માગ્યું હતું" તેમ પણ કહે છે.

તે સ્થળ ચમત્કારી જાણી. ત્યાં જગ્યા બાંધી નિવાસ કર્યો. મુળીલાના આંબામાં **ગંગારામ** નામનો એક પ્રેત રહેતો હતો. તેને **તુઠરામ** તથા **પ્યારારામ** જ્યારે મુળીલા આવ્યા ત્યારે જુનાગઢ લઇ ગયેલા. કેટલાક વર્ષે નાથજી જુનાગઢ ગયા ત્યારે તે ગંગારામને પોતા સાથે લાવી દાણીધારમાં વસાવ્યો હાલ ગંગારામનો ધુણો જગ્યાથી પૂર્વમાં છે અને ત્યાં **હનુમાનજી** પધરાવ્યા છે. તે ગંગારામ મારફત નાથજીએ કેટલાંએક પરમાર્થિક કામો કરાવ્યાં હતાં. કેટલાએક ચમત્કારો જણાવી વિ સં. ૧૬૭૯ના શ્રાવણ વદ ૪ સોમવારે નાથજીએ ૪× બાર જણાઓ સાથે દાણીધારમાં સમાધિ લીધી. હાલ ત્યાં તેઓની સમાધિ સ્થાને બાર નાની દેરીઓ છે. તેમાં નાથજીની મોટી દેરીમાં તેના ચરણારવિન્દ છે. ત્યાં સાંજે આરતિ ધુપ વગેરે થાય છે. કેટલાએક બાવાઓ તે જગ્યામાં નાથજીની ટેલ (સેવા) કરવા માટે આવી રહે છે અને આસ પાસના ગામડાઓમાં ફાવડ ફેરવી રોટલા માગી લાવી જેને ખપે તેને તેનું સદાવ્રત આપે છે. તેને **નાથજીનો ટુકડો** કહેવામાં આવે છે. આસપાસના ઘણા ગામોમાં તેનું માણું માથું છે અને કાઠિઆવાડમાં વસતાં ગુર્જર રજપૂતોના ઘર ઉપર તેનો અમુક ત્યાં મહંત રહે છે, તેઓના તરફથી તે કર ઉઘરાવાય છે, તે જગ્યાના મહંત ઘરબારી (ગૃહસ્થાશ્રમી) નહિં હોવાથી તેમની ગાદિએ તેમણે નક્કી કરેલા શિષ્ય ગાદિએ આવે છે. ઉપરની બન્ને જગ્યાઓ (મનીપીર અને દાણીધાર) હિંદુ મુસલમાનના તિર્થોની કાલાવડથી દક્ષિણે છે.

સતિમાતાઓ:—કાલાવડથી પાંચ છ માઇલ ઉત્તરે સતિયા નામનું નાનું ગામડું છે. ત્યાં અગાઉ ચારણોનો નેશ હતો. ત્યાં નવરાત્રીના સમયમાં રાત્રે સ્ત્રીઓ ગરબા ગાતી હતી. તે સ્ત્રીઓના ટોળામાં એક ધવાએલી રોઝડી આવી પડી પાછળ કેટલાક યુવાનો હતા, તેઓએ રોઝડી મારવા હુમલો કર્યો. તે વખતે ચારણ સ્ત્રીઓએ તેઓને અટકાવ્યા પણ તેઓ નહિં માનતાં, રોઝડીને ફરીથી મસ્તક ઉપર તીર માર્યું. (કોઇ વાર્તાકાર કહે છે. કે કોઇ દેવી તે રોઝડી રૂપે નવરાત્રીમાં વિચરતાં હતા.) તેથી તેનું મસ્તક તીર લાગવાની સાથેજ ત્યાંથી ઉડી સમુદ્ર કિનારે પડયું. હાલ **રોઝીબંદર** પર **રોઝીમાતા**ના નામે તેનો મોઢીયો (મસ્તક) પુજાય છે. તે વખતે ગરબા લેતી સાત વીસું ને સાત (૧૪૭) સ્ત્રીઓ તે દૈવી રોઝડી પાછળ સતિ થઇ તે ઉપરથી તે ગામનું નામ **સતિયા** પડયું. હાલ ત્યાં સતિમાતાને સ્થાને કેટલીએક ખાંભીઓ છે. અને ફરતુ બાવળ, ખીજડા, લીંબડા વગેરે ઝાડોનું મોટું ઝુંડ છે. તે ઝાડો સુકાય ગયા પછી પણ ગામ લોકો તેનું બળતણ ચુલામાં બાળતા નથી. આસપાસના લોકો તે સ્થળે માનતાએ આવે છે. વિ. સં. ૧૯૭૫માં ઇન્ફ્લ્યુએન્ઝા જેવો ભયંકર રોગ કાઠિયાવાડના ગામડે ગામડે અને ઘેર ઘેર પહોંચ્યો હતો પરંતુ તે રોગ આ સતિયા ગામે દેખાયો ન હતો. ગામને પાદર મોટી નદિ છે. ગામમાં **ઓરીચા** જાતિના થોડાક ઘરો છે.

× નાથજી, ગુરૂભાઇ મગનીરામ, ગઢવી નારણદાસ, ગઢવીના માતુશ્રી બીમાબાઇ સાધુ હાથીરામ, સાધુ ગોવિંદરામ, સા૦ કરસનદાસ, સા૦ કેશવદાસ સા૦ ગંગાદાસ, સા૦ પિતાંબરદાસ, સા૦ પુરણદાસ, એ અગીઆરની દેરી દાણીધારમાં છે. અને મોતીરામ નામના નાથજીના કુતરાની સમાત દાણીધારથી અરધા ગાઉ ઉપર આવેલી છે.

પ્રકટેશ્વર મહાદેવ—આ જગ્યો પુરાતની કાળની છે. અને તે કાલાવડથી પાંચ માઇલ પુર્વમાં છે. જ્યાં મહાદેવનું નાનું લીંગ દેવાલયમાં જઇ, સાત પગથીઆં નીચે ઉતર્યા પછી આવે છે. તે વિષે એવી કથા છે કે 'એક કણબી કન્યાને શિવના દર્શન કરી જમવાનું વ્રત હતું તે સાસરે જતાં રસ્તામાં ÷શિમાંગ અને વડાલા વચ્ચે નદિ કિનારે તેના સસરાએ ગાડું છોડી ત્યાં ભાતું જમવા તૈયારી કરી. પણ વહુએ મહાદેવજીના દર્શન કર્યા પછીજ જમવાનું કહેતાં તેના સસરાએ, હાલ જ્યાં મહાદેવની જગ્યા છે ત્યાં અગાઉ ખાખરાનું વન હતું, તે સ્થળે તેણે એક માટીનો લોટકો ઉંધો વાળી માથે જળ રેડી થોડાં ફુલ ચડાવી આસપાની જગ્યો સાફ કરી. પછી ત્યાં મહાદેવ હોવાનું કહી વહુને દર્શન કરવા તેડી લાવ્યો. તે કણબી કન્યાએ તે કૃત્તિમ મહાદેવના ભાવ પુર્વક દર્શન કરી ભાતું ખાધું. ચાલતી વખતે તેના સાસરાએ ઉંધા વારેલા લોટકા ઉપર ગાડાનું પૈડું ચલાવતાં, વહુને સંભોધી કહ્યું કે "જો આ તારા મહાદેવ મેંતો લોટકો ઉંધો વાળ્યો હતો," પરંતુ ગાડાના વજનથી તે લોટકો નહિં ફુટતાં તે " લીંગ રૂપે થઇ જતાં, તેમાંથી લોહીની શેડ નીસરી." ત્યારે તે ગાડાથી નીચે ઉતર્યા અને પાછડી ઉતારી પગે લાગ્યો તે મહાદેવ સ્વયંભુ પ્રગટ થતાં તેનું **'પ્રકટેશ્વર'** નામ પડયું. આજે પણ તે મહાદેવના લીંગ પર ત્રણ આંગળ પહોળો ગાડાના પૈડાના ચીલા જેવો આકાર થઇ રહ્યો છે. પાછળથી ત્યાં દહેરૂં ચણાતાં હાલ તે જગ્યો ઘણી રળીયામણી દેખાય છે. કાલાવડના પ્રખ્યાત જોષી **+જટાશંકર પુરૂષોત્તમ** દવેના વડીલો ત્યાં જઇ સન્યસ્ત

÷ એ શીસાંગ ગામમાં માણકી જાતની ઘોડીઓ હતી. તેમજ કાઠીઆવાડમાં પણ ઉત્તમ જાતીની કાઠીઆવાડી ઘોડીઓ લખ્યા ગામે હતીઃ— ઢસામાં માણકી અને વાંગળી, ગઢડામાં ચમરઢાળ, ભાડલામાં મલ, અને પટ્ટી, ચોટીલામાં ચાંગી, પાળીયાદમાં હરણ, ભડલીમાં તાજણ, જસદણમાં રેડી અને ભુતડી, જેતપુરમાં જબાદ. ભીમોરામાં કેસર, મોરણ અને આખડીઆલ, મુળી, મેવાસામાં બેરી, ચુડામાં બાદેલી, ગોસલમાં પુલમાળ, મુળી તાબે સોમાસરમાં રેશમ, ધંધુકા તાબે બગદામાં વાંદરી, પાટડી તાબે ખેરવામાં લાખી. ગોંડળના દડવામાં લાશ, બાબરામાં ઢેલ, મોણીયામાં હીરાળ, હળવદમાં રામપાસા, લોંબડીમાં લાલ, ભાવનગર તાબે ગુંદરાણામાં મની, લખતરમાં શીંગાળી, અને ધાંધલપરમાં લખમી, હાલ તે જાતની ઘોડીઓ સ્વામિનારાયણના (ગઢડા, મુળી વગેરેના) મંદીરોમાં છે તથા કાઠીઆવાડના અન્ય સ્થળોમાં પણ છે.

+ એ જોષીના પુર્વજો **ભાભો દવે** ભાવનગર તાબે **શહેર**માં રહેતા હતા. તેઓ વિ. સં ૧૬૬૩માં દ્વારકાની યાત્રાએ જતાં રસ્તામાં **ખડખ'ભારીયા** ગામે રાતવાસો રહ્યા. ત્યાંનો **ભાણદાસ** પંડયો શ્રીમંત હતો. તે ત્યાં મહાન યજ્ઞ કરાવતો, વખતે **બ્રહ્મણો**ને વરણીમાં વરાવી, કુંડ રચનારની વિધી કરાવતો હતો. તેવામાં તે જોષી ભાભોદવે જઇ ચડયાં અને કુંડની ભુમિ જોતાંજ કહ્યું કે "આ કુંડની તળે ઉંટના બરડાનું હાડકું છે" તેથી તે યજમાને ત્યાં ખોદાવી જોયું તો હાડકું નીકળ્યું તેથી ભાભોદવેના હાથેજ તેણે તે યજ્ઞ કરાવ્યો. ભાભાદવેને સંપૂર્ણ યજ્ઞ વિધી જીવ્હાગ્રે હોવાથી, મોટે મંત્રો ભણી (પુરતકની મદદ

સમાધિ લેતા તેઓના સમાધિ સ્થાનો દહેરાંની બાજુમાં છે. દર વર્ષે શ્રાવણ વદ ૮ નો ત્યાં મેળો ભરાય છે. અને આસપાસના લોકો માનતાર્થે પણ ઘણાં આવે છે.

સુરાપુરા—કાળાવડથી પશ્ચિમે બે ત્રણ માઇલના આસરે ક્ષત્રીમાના **આસરા** ઓડકના ત્યાં સુરાપુરા દેવ છે. જેને તે લોકો **ભાભા** કહે છે. એ વીરપુરુષનું નામ **જેઠો ભાભો** હતું. તેઓ તલવાર બાંધતા, તેથી કાલાવડની આજુબાજુ રહેનારા ગિરાશીઆઓ કહેતા કે "આ ખત્રી શું તલવાર બાંધી જાણે" એક સમયે જેઠોભાભો પોતાના પુત્રના લગ્ન પ્રસંગે દીકરીને તેડવા ખંઢેરા રસ્તે જતા હતા. તે વખતે કેટલાએક ગીરાશીઓએ તલવાર બાબત ઉપર પ્રમાણે મેણું માર્યું. તે સાંભળી જેઠાભાભાએ કહ્યું કે "ભાઇ બાંધે તેની તલવાર નહિં, પણ મારે તેની તલવાર" એ જવાબથી તે ગીરાશીયાઓ ઉશ્કેરાયા અને લડાઇની માગણી કરી. જેઠાભાભાએ તે કબુલી, પરંતુ દીકરીને તેડવા જઉં છું, તો અમુક દહાડે હું વળતાં અહિં આવીશ ત્યારે તમે હાજર રહેજો થોડે દહાડે તે દિકરી સાથે પાછા વળતાં પોતાની દીકરીને હરિપર નામના ગામની બાર. ઉપરથી કાલાવડ બતાવી તેને કાલાવડ પહોંચી જવા કહ્યું અને પોતે ત્યાં રોકાઇ રહેવા વિષે સઘળી વાત જણાવી. તેથી તે વીર પુરૂષની વીર કન્યાએ આપેલું વચન પાળવા જવાની પિતાને રજા આપી પોતે કાલાવડ ગયા. જેઠોભાભો આજે અવશ્ય આવશે તેવું માની, બાર રજપૂતો અસ્ત્ર શસ્ત્રથી સજ્જ થઇ લડવા ચડી આવ્યા. કાળાવડ અને હરિપર વચ્ચે તેઓનો ભેટો થતાં, જેઠાભાભાએ એકકને પોતાના સામે લડવા આવવાનું જણાવી, લડાઇ શરૂ કરી. તે લડાઇમાં એક પછી એક એમ સાત પુરુષોને કાપી નાખ્યા. ત્યારે બાકીના પાંચે ધાર્યું કે "આવીરીતે લડવામાં તો આપણે પાંચેય જણાં, કામ આવી જઇશું, તેથી તેઓએ ધર્મ યુદ્ધ નહિં કરતાં, પાંચેયે એકી સાથે તેમના ઉપર ધસારો કર્યો. તે દારૂણ યુદ્ધમાં તેઓમાંના બે જણાઓને કાપી નાખ્યા જેઠોભાભો ત્યાં કામ આવ્યા. હાલ તે રણ સ્થળે જેઠાભાભાની ખાંભી (પાળીયો) ઓટા ઉપર છે. આસરા ઓડકના ક્ષત્રીઓ ત્યાં વર્ષમાં અનેક વખત માનતાએ આવે છે. જંગલમાં જાનવરો ચારતા રબારી ભરવાડો કોઇ અકસ્માત પ્રસંગે જાનવરોને ચરતાં મેલી, ગામમાં જાય અથવા તો ત્યાં કોઇ સુઇ જાય તે વખતે પોતાના જાનવરો કોઇના ખેતરમાં ન જાય તો એક શ્રીફળ જેઠાભાભાને વધેરવાની માનતાઓ લે છે. અને તેમની શ્રદ્ધા પ્રમાણે તેઓ નિર્ભય પણે જંગલમાં જાનવરોને રેઢાં મેલી જાય છે. કોઇ ભરવાડ રબારી, જ્યારે પોતાની

વિના) યજ્ઞ કરાવ્યો, તેથી ભાણદાસ પંડ્યાએ ભાભાદવેને દક્ષિણામાં પોતાની પુત્રી આપી. તે કન્યાથી ભાભાદવેને **યજ્ઞદત્ત** નામનો પુત્ર થયો. એ વાતની ખબર કાલાવડના નંદવાણા ગૃહસ્થ દેવજી વેલજીના વડીલોને થતાં, તેણે ભાભાદવેને સન્માનથી તેડાવી, પોતાના કુટુંબની 'ગોર પદવિ' આપી કાળાવડમાં રાખ્યા. ત્યારથી તે દવે કુટુંબ કાળાવડમાં રહે છે એ પવિત્ર અને વિદ્વાન વિપ્ર કુળમાં **જટાશંકર** સમર્થ જ્યોતિષી અને **લક્ષ્મીશંકર** શાસ્ત્રી અને **ભવાનિશંકર** પુરાણી છે. તે કુટુંબમાં ઘણા વિદ્વાનો થતા આવ્યા છે. તેમજ કેટલાએકે સન્યસ્ત દિક્ષાઓ પણ લીધેલી છે. જોષી જટાશંકર થોડા વખત પહેલા ગુજરી ગયા છે.

ઉંધમાંથી ઉઠે છે. અથવા ગામમાંથી પાછો આવે છે. ત્યારે પોતાના માલની *સંભાળ કોઈ સફેદ વસ્ત્રધારી પુરૂષ રાખતો હોય તેવું દેખે છે.

ઉપર પ્રમાણે કાલાવડની ચારેય દિશાએ ઐતિહાસિક પ્રખ્યાત સ્થળો છે. કાળાવડનો દરબારગઢ ચણાવ્યા પછી તેમાં ડાડા બાપુશ્રી **જસમસિંહજી** સાહેબ અને બાપુશ્રી **જીવણસિંહજી** સાહેબ ત્યાં ઘણી મુદત રહ્યા હતા. ×કાળાવડ શિતળામાતાનું પ્રસિદ્ધ સ્થળ હોઇ, તેમજ હવા પાણી પણ સ્વચ્છ હોઇ, દરેક જામસાહેબો કાલાવડ ઉપર અતિ સ્નેહ ધરાવતા આવ્યા છે.

રાવળ—આ ગામ કલ્યાણપર તાલુકાનું પેટામહાલ છે. તેના ધેડમાં, કમોદ (ડાંગર)નો અદ્ધપક પાક થાય છે. જ્યારે સારા વરસાદ થતા, ત્યારે તે પાકનો ઢગલો ધેડમાં જનારા લોકો આઠ માઇલ દૂરથી દેખતા તેમ ત્યાંના લોકો કહે છે. એ ધેડમાંથી કમોદનો પાક લેનારા ધેડીયા કોળીના આજે પણ રાવળમાં અઢીસો ઉપરાંત ઘરો છે. ગામની આજુબાજુ ખેડુતોની ÷વાડીઓ **અસંખ્ય** છે. ત્યાંના આંબાઓ ઘણું સ્વાદિષ્ટ અને વખાણવાલાયક છે. ગામની અંદર જુનો દરબારગઢ છે. તે ગઢના દરવાજાની માઢ મેડીને લોકો **ખેંગારજી મેડી** કહે છે. રાવળ પરગણું સોળમાં સૈકામાં જામશ્રી **સતાજી**ના નાના બંધુશ્રી **રણુજીજી**ને (જે શિશાંગ-ચાંદલી તાલુકો લઇ ઉતર્યા હતા તેને) કબજે હતું. તેના વંશમાં **ખેંગારજી** થયા. તે ખેંગારજીના બહેન પોરબંદરના **રાણાસાહેબ**ને પરણાવ્યાં હતાં. એક વખત ખેંગારજી અને રાણાસાહેબ પોરબંદરમાં ચોપાટ ખેલતા હતા તે રમતમાં રાણાએ કાંઇક કવેણ કાઢયું. તેથી ખેંગારજી રાણાને તરવારથી મારી, રાવળ આવતા રહ્યા. રાણાનું ખુન થયાના ખબર (તેમના રાણીને ખેંગારજીના બહેનને) થતાં. તેણે છમાસમાં રાણાને મારનારને મારવાની પ્રતિજ્ઞા લીધી. ત્યારપછી તેઓને ખબર મળ્યા કે પોતાના ભાઇ ખેંગારજીએ એ કૃત્ય કરેલ છે. તો પણ તેણીએ રજપૂતોના ધર્મને અનુસરી, લીધેલ પ્રતિજ્ઞા છોડી નહિં. છેવટે ચાર માસ સુધી મેર, આહીર, રબારી અને માલધારી ચારણો વગેરેને પૌષ્ટિક ખોરાક સાથે લડવાની તાલીમ આપી. તે લશ્કર સાથે પોતે રથમાં બેસી **રાવળ** ઉપર ચડી આવ્યા. રાવળથી બે ગાઉ ઉપર છાવણી નાખી, સાંઢડીસ્વારની સાથે લડાઇ કરવાના ખબર મોકલ્યા. એ વખતે ખેંગારજી પોતાની માઢ મેડીપર જમીને સૂતા હતા. ભાયાતો ભેળા થયા પણ દરબારને કોણ જગાડે? કારણ કે ખેંગારજીને એવી ટેક હતી કે ઉંધમાંથી જગાડનારનું માથું કાપી નાખે. એવા ઘણા

---

* ઉપરના દાખલા વિષેની વાતો બે ચાર ગોવાળીઆઓ મને કહેલ છે. (ઇ૰ કર્તા)

× ઇ૰ કર્તાની જન્મભુમિ છે.

÷ તે વાડીઓ એટલી બધી છે કે એક વાડીમાંથી બીજી વાડીનો રસ્તો હોવાથી વાડીની ગણત્રી કરનાર ભુલ ખાઇ જાય છે. રેવન્યુના કોઇકજ પચક કારકુને (તલાટીએ) અને ફોરેસ્ટના કોઇકજ સુપરવાયઝરે રાવળની દરેક વાડીઓ જોઇ હશે, એ મારી અનુભવ સિદ્ધ વાત છે. કારણકે હું ત્યાં જ્યારે ફોરેસ્ટ સુપરવાયઝર હતો ત્યારે મે એ સઘળી પરિસ્થિત જોઇ છે. ઇ૰ કર્તા૰

કિસ્સા તેમના હાથથી બનેલા તેથી કોઇએ જગાડવા જવાની હિંમત ધરી નહિં. સાંઢણી-સ્વારને તુરત જવાબ આપવાનો હોઇ, તેઓના રાજગોર બ્રાહ્મણે ગળામાં કટારીનું ત્રાગું કરી મેડી ઉપર જઇ, ખેંગારજીને જગાડયા. અને સામેની બારીમાંથી પોરબંદરના સૈન્યની છાવણી બતાવી. શત્રુદળ જોતાંજ ખેંગારજીને શરાતન ચડયું, તેઓ કાયમ ઓશીકે ખુલ્લી તરવાર રાખી, સુતા હતા. તેથી તુરતજ તરવાર લઇ પડકારો કર્યો. પણ ગોરે પોતાને જગાડયા માટે પ્રથમ તેનુંજ માથું કાપવાનું ધારી તેના ત્રાગાસામું નહિં જોતાં રાજગોરને માર્યો. તેનું લોહી લાગતાં કાયા ધગી ગઇ, તેથી સીડીએથી નહિં ઉતરતાં, મેડીપરનીં બારીએથી હાથમાં ઢાલ તરવાર લઇ બન્નરમાં કૂદી પડયા. એ વખતે તેને કમ્મરમાં અસહ્ય પિડા થતાં, ત્યાંજ મરણ પામ્યા. હાલ ત્યાં ખેંગારજી અને ગોરની, એમ બે ખાંભીઓ છે. ખેંગારજી મરણ પામતાં પોરબંદરે રાવળનો કબજો લઇ ત્યાં થાણું બેસાર્યું. ત્યાર પછી ખેંગારજીના ભાયાતોએ જામનગર આવી **જામ તમાચી** પાસે મદદ માગી જામશ્રીએ પોરબંદર સામે લડવાના બદલામાં રાવળ પરગણું મેળવી તેમાંના ચાર ગામો ભાયાતોને આપ્યાં. (હાલ તે માંહેના નગડીયું અને ચંદ્રાવાડું નામના બે ગામો તથા બીજા બે ઉજ્જડ ટીંબાઓ +ખેંગારજીના વંશજો ભોગવે છે) **જામશ્રી તમાચીજી**એ ચડાઇ કરી રાવળમાંથી પોરબંદરના થાણાને ઉઠાડી મેલ્યું. અને દરબારગઢ નવો બંધાવી તેને ફરતો મજબુત કિલ્લો કરાવ્યો, તે વિષે હજી પણ રાવળના લોકો નીચેનો ચોખરો (ચોસરો) બોલે છે.

રુડી રાવળમાં રઘ મંડાણી, ગઢ ચુનેરી થાય ।
જામ બેઠો મેડીયે, જેઠવા ફોજું જાય ॥
જેઠવા ફોજું જાયતે જાણી, બોખીરે બેઠા જામના દાણી ।
પાણો કાંકરો લીધો બરડામાંથી તાણી, રુડી રાવળમાં ॥ ૧ ॥

એ રાવળ ગામે એક જગપ્રસિદ્ધ બીજી ઐતિહાસિક ઘટના પણ બની હતી તે એકે **ખીમરા** નામનો રાવળીયા ઓડકનો એક જુવાન આહીર ત્યાં રહેતો હતો, તે ઘણોજ ખુબ-સુરત હોવાથી જોનારને મોહ ઉત્પન થાય તેવો હતો ખંભાતથી **લોડણ** નામની એક યુવાન કન્યા પોતાનો પિતા શ્રીમંત હોવાથી મોટો સંઘ કાઢી, દ્વારકાની યાત્રાએ જતી હતી. તે સંઘે સાંજને ટાણે રાવળ ગામે આવી છાવણી નાખી. લોડણ ખંભાતણ કોઇ પણ પુરુષનું મોઢું જોતી ન હતી. અને તે હજી બાળ કુંવારી હતી. પાધરમાં સંઘ આવ્યાનું સાંભળી રાવળ ગામની અસંખ્ય સ્ત્રીઓ તે વીદેશી કન્યાને જોવા જતી હતી. **ખીમરા આયર**ને પણ તે કન્યા જોવા ઇચ્છા થઇ, પરંતુ પુરુષના વેશે જઇ શકાય તેવું ન હોવાથી તેણે સ્ત્રીનો વેશ ધારણ કરી પોતાની ભાભી સાથે સ્ત્રીઓના ટોળામાં ભળી જઇ લોડણને જઇ મળ્યો. હાલના સુધરેલા જમાનાની પેઠે છેટેથી હાથ જોડી નમસ્કાર નહિં કરતાં મીજમાનને મળવા આવ-નારાઓ અંતરથી બાથ ખીડી ભેટતાં, એ જુની રૂઢી પ્રમાણે દરેક સ્ત્રીઓને લોડણ ખંભાતણ બાથમાં લઇ મળી એમાં સ્ત્રી વેશધારી ખીમરાને પણ બાથ ભરી મળતાં, પુરૂષના અંગનો

+ તેઓનું બીજું નામ અમેરાજજી હતું.

સ્પર્શ થતાં તેના મનમાં વિકાર ઉત્પન્ન થયો. તેમજ પોતે વૃતભંગ થતાં હવે ખીમરાનેજ વરવાનો તેણે નિશ્ચય કર્યો. પરંતુ દ્વારકાની યાત્રા કરી આવી, વળતાં તેને વરવાનું મનમા નક્કી કરી તે સઘળી બીના ખીમરાને એકાંતમાં કહી. ખીમરે અત્યારેજ વરવા હઠ લીધી. પણ લોડણ આઠ દિવસમાં પાછા ફરવાનું વચન આપી સંઘ સાથે દ્વારકામાં ગઇ લોડણને ખીમરાનું અહર્નિશ ચિંતવન થવાથી દ્વારકામાં એક રાત્રીએ ખીમરા ઉપર તેને ભયંકર સ્વપ્ન આવ્યું. તેમાં તે "ખીમરાને ખમાં" એમ બોલી ઉઠી બાજુમાં સુતેલા તેના ભાઇએ તે શબ્દ કાનોકાન સાંભળ્યા. તપાસ કરતાં કોઇ માણુસ દ્વારા રાવળમાં બનેલી હકિકત તેના જાણવામાં આવી. સંઘ પાછો ફરતી વેળાએ લોડણ ખંભાતણે ખીમરાને નવરાવવા ગોમતીજળના બે કાચના સીસાઓ ભરી લીધા. તે હકિકતથી તેના ભાઇને પાકી ખાત્રી થઇ. રાવળ નજીક આવતાં, સાથીઓને સંઘની ભલામણ કરી, લોડણનો ભાઇ પાંચ સાત ઘોડેસ્વારો લઇ આગળ ગયો. રાવળગામથી અરધો માઇલ દૂર દ્વારકાને માર્ગે (આઠ દિવસની મુદત પુરી થતાં) ખીમરો લોડણના સંઘની વાટ જોતો ઉભો હતો, સામેથી આવતા સ્વારોને ખીમરે પુછ્યું કે "ભાઇ! લોડણ ખંભાતણનો સંઘ આવે છે." સ્વારો કહે "હા. પાછળ છે. તમારૂં નામ શું?" તે કહે "મારૂં નામ **ખીમરો**" બસ જેને શોધવો હતો તેજ સામો મળ્યો. તેથી તુરતજ તેના ઉપર હલ્લો કરી ત્યાંજ કાપી નાખ્યો. રાવળ નજદીક આવતાં 'સાની' નામની નદીને કિનારે લોડણ રથમાંથી નીચે ઉતરી. ઉતરતાંજ તેનો પગ લપસી પાછો પડયો. દ્વારકામાં એક તો ખીમરાના મૃત્યુનું સ્વપ્ન આવ્યું હતું અને વળી રાવળ નજીક આવતાં પગ લપસ્યાનું અપશુકન થતાં, તેનું હૃદય બળવા લાગ્યું. તેથી થોડી વાર તે કિનારા પર બેસી ગઇ તેટલામાં ખીમરાના મૃતદેહને લઇ તેના સંબંધીઓ નદી કિનારે (સ્મશાને) દાહક્રિયા કરવા આવ્યા. તેમજ ખીમરાના કેટલાક સંબંધીઓ ખીમરાને મારનાર (લોડણના ભાઇ)ની પાછળ પડી તેને પણ મારી તેની લાશને પણ ત્યાં લાવ્યા. એ બંન્ને મૃતદેહને ઓળખતાંજ લોડણ વિલાપ કરવા લાગી અને ગાંડાની જેમ બકવા લાગી તેણે રાત્રી પડતાં સુધી એકેય શબ્દની દહન ક્રિયા કરવા દીધી નહિં અને હાલના કહેવાતાં લોડણ તળાવને કિનારે ખીમરાની લાશને ખોળામાં લઇ તેણે આખી રાત્રી વિલાપમાંજ ગુજારી. તે સમયના તેણે બોલેલા દુહાઓ હાલ કાઠીઆવાડમાં પ્રસિદ્ધ છે. જેમાંના થોડા નીચે આપ્યા છે. બીજે દહાડે સવારે કુમારી વૃતના પ્રભાવે લોડણને સત્ત ચડતાં સ્નાન કરી ખીમરાની લાશ ખોળામાં લઇ ચિતા પર બેસી સુર્યદેવ સમક્ષ પ્રતિજ્ઞા કરી કે "આ ખીમરા સિવાય મેં કોઇ પણ પુરુષ ઉપર પ્રતિભાવ ન પરઠયો હોય, તો અગ્નિ પ્રગટ થજો" જોતજોતામાં તે કાષ્ટના ઢગલામાં અગ્નિ પ્રગટ થતાં રાવળના સેંકડો મનુષ્યો સમક્ષ તે ત્યાં સતિ થઈ. હાલ તે સ્થળે **લોડણની, ખીમરાની,** અને **લોડણના ભાઇની** એમ ત્રણેય *ખાંભીઓ એકજ

÷ ભેરીપર તથા ટંકારીએ જતા રસ્તા ઉપર માર્યો.

* રાવળના કપાસના જીનમાં હાલ તે ત્રણેય ખાંભીઓ છે. હું તે જોવા ગયો ત્યારે ત્યાં એક બેહુતે તે ખાંભી સાથે બળદો બાંધેલાં હતાં. આવા પ્રાચિન ઇતિહાસની સાક્ષીરૂપ ખાંભીઓ જો આવી સ્થિતી લાંબો વખત ભોગવે તો નષ્ટ થાય. તેથી તેનો જીર્ણોદ્ધાર કરાવવા

જાદનમાં રાવળના પાદરમાં સેંકડો વર્ષની સાક્ષી પુરતી, જોનારને જુનો ઇતિહાસ તાજો કરાવતી મોજુદ છે. ખીમરાને તે વખતે હજી મૂછનો દોરો પણ ફુટયો ન હતો. તેમ તે બાળકુવારો હતો. હાલ તે ગામે તેના કુંટુંબીઓમાનું કોઇ પણ નથી. ત્યાંના રહેવાશીઓ તથા આસપાસના લોકો તે ઇતિહાસના દુહાઓ વાર્તાની સાથે ઘણું સરસ રૂપમાં ગાય છે.

खीमरा तथा लोडणना दुहाओ

आवी उभे देश, गंजोकोइ गमीयो नहिं ।
रुडो रावळ देश, खुंत्यो घटमां खीमरो ॥१॥
आव तडो आहीर, भोजायुं मेळो भळी ।
वरत अमारां वीर, खोटां कराव्या खीमरे ॥२॥
तुं मळते मळीयां, भुज बेने मेळा करां ।
नारी नइ नरां, खरां निवेड्यां खीमरा ॥३॥

— विदायनी रात्रीए —

संघडो सडेड्यो जाय, खमाड्योय खमे नहिं ।
रो मां रावळीया, मने खोटी करमां खीमरा॥४॥
खीमरा खारो देश, मोठां बोलां मानवी ।
वळतां विसामो लेश, खोटी मकर खीमरा ॥५॥
विसे दि नो वदाड, पण आठे दा'डे आवशुं ।
रो मां रावळीया, खारे आसुंडे खीमरा ॥६॥
डावी मेरव कळकळे, जमणां लाळी थाय ।
लोडी खंभातण भणे, (आ) संघ न द्वारकां जाय ॥७॥
आजुनी अधरात, बे बे पंखी बोलीयां ।
वालम तमणी वात, खोटी होजो खीमरा ॥८॥
द्वारकांनो मंदीर (मने), अवळुं स्वप्नुं आवीयुं ।
साचुं हो सगा वीर, [पण] खोटुं होजो खीमरा॥९॥
मारग कांठे मशाण, उजळडा आयर तणां ॥
पोढेल अमणो प्राण, रावळीयो रिसाइ गयो ॥१०॥
मारग कांठे मशाण, ओळख्यां नहिं आयर तणां ।
उतारी आरसपा'ण, खांभी कोरावुं खीमरा ॥११॥
जातां जोयो जुवान, वळतां भाळुं पाळयो ।

તે જનના માલીક શ્રીમાન શેઠ હરજી દયાળના ચી૦ ભાઇશ્રી દેવરાજભાઇ અને કલ્યાણજી ભાઇને મેં કહ્યું. તેથી સાહિત્ય પ્રેમી તે બંધુઓએ તેજ વર્ષમાં તે ખાંભીઓને ફરતો એક ઓટો બંધાવી તેની સહીસલામતી વધારવા જીર્ણોદ્ધાર કર્યો (૪૦ કર્તા,)

उतरावुं आरसपा'ण, खांते कंडारुं खीमरो ॥१२॥
घोडांळा जाव घरवाट, अमे पाळा पळतां पुगशुं।
रेवी मारे रात, तारी खांभी माथे खीमरा॥१३॥
रावळीया चुं रात, वगडानी वेरण थइ।
सगा देने साद, खांभीमांथी खीमरा ॥१४॥
तडको ने टाढ, अमे वगडोय वेठेल नइ।
रेवी पडी रात, तारी खांभी माथे खीमरा॥१५॥
मोती माजीगळ तणुं, (जाण्यु)पेरावशुं पांजरने।
त्यां डुल्युं मधदरीये, खोयुं रतन खीमरों ॥१६॥
रेत हुं रावळमां, चडत मन :चांखडीये।
(त्यांतो)रोळयां रावळीये, खडवदु कर्यो खीमरे ॥१७॥
चोरी आटा चार, पाटे परणीयां नहिं।
वालम तमणी वरमाळ, खंतनी न नाखी खीमरा॥१८॥
कुंपा काच तणां, राख्या रीया नहिं।
भांगी भुर थया, तारी खांभी माथे खीमरा॥१९॥
सारडीयुं सगा, पंडमां जइ पुगीयुं।
वलास्युं वलहा, मने खण खण सांभरे खीमरो॥२०॥
गयुं लागीयुं गुढाण, इंगार ओलाय नइं।
मरते मारुराण, खोडच घगीयां खीमरा॥२१॥
अवळे शुकने आवीयां, डाबो गणेश थीयो।
मेरीपरने मारगे, रावळीयो रणमां रीयो ॥२२॥
विगते करुं विचार, पाणो पुजाये नहिं।
सौरो तेडावी सलाट, तारी खांभी खोडावुं खीमरा॥२३॥
खीमरा मोटी खोड, माणसने मरवा तणी।
लागे लाख करोड, इ जेवी एकेय नइं ॥२४॥
सिंदोर चडावे सगां, दीवोने नाळीयेर दोइ।
(पण)लोडण चडावे लोइ, तारी खांभी माथे खीमरा॥२५॥
खंभातथी हाली खीमरा, नावा गोमती गइ।
अधुरा लख्याता आंकडा, (ते) रावळ अधवच रइ॥२६॥

ઉપરના દુહાઓ કાઠીઆવાડમાં પ્રસિદ્ધ છે. ગ્રામોફોન રેકર્ડમાં ઉતરતાં હાલ ગામેગામ ગવાય છે. એ ઐતિહાસિક ઘટનાનો જન્મ અને અંત રાવળ ગામેજ થયો હોવાથી, તેઓ રાજ્યનો પ્રાચિન ઐતિહાસિક બનાવ હોઇ, અને આપેલ છે.

પ્રકરણ ૩જું સમાપ્ત

પ્રકરણ ૪ થું

ધાર્મિક ઐતિહાસિક સ્થળો

જૈન મંદીરોનો ઇતિહાસ :—

(સમાજ સેવક પાના ૨૪થી૨૬)

જામનગરમાં પ્રાચિન ૭ જૈનમંદીરો છે. તેમાં ચાર શિખરોવાળાં અને બે શિખરો વિનાનાં છે. શિખરોવાળાં ચારે વિશાળ જૈનમંદીરો શહેરના મધ્યભાગમાં એકજ સ્થાનકે ઝૂમખાઓને આકારે શોભી રહેલાં છે. અને તેઓમાં રહેલી નાની મોટી શિખરોની અને ઘૂમટોની હારમાળા જોનારા મુસાફરોને આશ્ચર્ય સાથે આનંદ ઉપજાવે છે. તેઓનાં ગગનચુંબી શિખરો આ શહેરની શોભામાં અપૂર્વ વધારો કરે છે. આ ચારે જૈનમંદીરોમાં એક **વર્ધમાનશાહનું**, બીજું **રાયસીશાહનું**, ત્રીજું **શેઠનું**, અને ચોથું **વાસુપૂજ્યસ્વામીનું**, એવા નામોથી ઓળખાય છે આ ચારે જૈનમંદિરો લગભગ વિક્રમ સં. ૧૬૩૦થી૧૬૭૦ સુધીમાં જૂદા જૂદા ધનાઢય જૈન ગૃહસ્થો તરફથી લાખોના ખરચે બાંધવામાં આવેલાં છે. અને તેઓનું ટુંક વૃત્તાંત નીચે જણાવ્યા મુજબ છે.

૧ વર્ધમાનશાહનું જૈન દેરાસર—આ વર્ધમાનશાહ નામના ધનાઢય શ્રાવકનો જન્મ કચ્છ દેશમાં આવેલા સુથરી ગામ પાસેના આરીખાણા નામના ગામમાં વિક્રમ સં. ૧૬૦૬ના શ્રાવણ શુદની પાંચમે થયો હતો. તેઓ ઓશવાલજ્ઞાતિના પ્રખ્યાત લાલણ નામના ગોત્રમાં જન્મ્યા હતા. તેમને પદ્મસિંહ નામે એક બુદ્ધિશાલી ભાઈ હતા, તે બન્ને ભાઇઓ વ્યાપાર માટે કચ્છના ભદ્રાવતી નામના બંદરમાં આવી વસ્યા. તે વખતે ભદ્રાવતી કચ્છ દેશનું એક જાહોજલાલીવાળું વ્યાપારી બંદર હતું, અને ત્યાં ચીન તથા મલબાર આદિક દેશોના ઘણા વહાણોની આવજાવ હતી. આ બન્ને ભાઇઓએ પણ તે બંદરમાં નિવાસ કરી ચીન, તથા મલબાર આદિક દેશો સાથે વ્યાપાર કરવા માંડયો, અને તેમાંના પદ્મસિંહશાહ પોતે તે માટે ચીન દેશમાં ગયા હતા. એ રીતે વ્યાપારમાં તેઓએ ઘણું ધન ઉપાર્જન કર્યું. એવામાં અંચલગચ્છના આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિજી ત્યાં ભદ્રાવતીમાં પધાર્યા. તેમના ઉપદેશથી તે બન્ને ભાઇઓએ પંદરહજાર માણસોનો સંઘ કહાડી બત્રીસ લાખ કોરી ખરચી શત્રુંજયતીર્થની યાત્રા કરી. ત્યાંથી પાછા ફરતાં તે બન્ને ભાઇઓ સંઘ સહિત જામનગરમાં આવ્યા. ત્યારે જામનગરના મહારાજા જામશ્રી જસવંતસિંહજીના આગ્રહથી બન્ને ભાઇઓ જામનગરમાં રહી પોતાનો વ્યાપાર કરવા લાગ્યા, અને તેમના વ્યાપારની સગવડ માટે જામશ્રીએ તેમની અરધી જકાત માફ કરી. વળી તે સંઘ સાથે આવેલા બીજા રાયસીશાહ

ભદ્રાવતી બંદર હાલમાં ઉજડ થઇ જવાથી તે સ્થાનકે હાલનું ભદ્રેસર નામનું ગામ વસેલું છે.

આદિક પાંચ હુન્નર ઓશવાલોએ પણ જામનગરમાંજ નિવાસ કર્યો. ત્યારબાદ તે બન્ને ભાઇઓએ વિક્રમ સંવત ૧૬૬૮ના શ્રાવણ સુદિ પાંચમને દિવસે ત્યાં જામનગરમાં એક વિશાલ જૈનમંદિર બાંધવાનો પાયો નાખ્યો. અને તે બાંધવામાં સલાટ આદિક છસો કારિગરો કામે લાગ્યા. એ રીતે તે જૈનમંદિરનો વિશાળ શિખરવાળો ભાગ વિ. સં. ૧૬૭૬ વૈશાખ સુદિ ત્રીજ બુધવારે સંપૂર્ણ થવાથી તેની પ્રતિષ્ઠા અંચલગચ્છાધીશ શ્રી કલ્યાણસાગરસુરિજીની દેખરેખ નીચે થઇ. અને તેને ફરતી બાવન દેરીઓ તથા ચોમુખો સંવત ૧૬૭૮ વૈશાખ સુદિ પાંચમે તૈયાર થવાથી તેમાં પણ પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઇ. એ રીતે તે વખતે તે જૈનમંદિર બંધાવવા પાછળ તેમણે સાત લાખ કોરીનો ખર્ચ કર્યો. (હાલના સમયમાં ત્રીસ લાખ રૂપીયા ખરચતાં પણ તેવું મંદિર બાંધી શકાય નહિં) વળી આ બન્ને ભાઇઓએ શત્રુંજય તીર્થપર પણ બે વિશાળ શિખરબંધ જૈનમંદિરો લાખો કોરી ખરચી બંધાવેલાં છે, તેમજ ગિરનાર આદિક પાંચે તીર્થની યાત્રા કરી ત્યાંના જીર્ણોદ્ધાર આદિકમાં લાખો ગમે દ્રવ્ય ખરચ્યું છે. છેવટે તેઓ બન્ને ભાઇઓ કંઇ કારણથી જામનગરમાંથી ચાલ્યા ગયા, અને પાછા કચ્છદેશના ભદ્રાવતી બંદરમાં જઇ વસ્યા, અને ત્યાંના મહારાજા રા૦ ભારમલ્લજીએ તેમને ઘણું સન્માન આપ્યું. એવી રીતે કેટલોક સમય વીત્યાબાદ વિક્રમ સંવત ૧૬૮૮ના કાર્તક સુદ પુનમને દિવસે આ ભાગ્યશાલી વર્ધમાનશાહ ભદ્રાવતીમાં સ્વર્ગવાસ પામ્યા. ત્યાં તેમના અગ્નિસંસ્કારની જગોએ સમુદ્રકિનારે તેમના લઘુબંધુ પદ્મસિંહશાહે ત્રણ લાખ કોરી ખરચી ઉચી કારિગિરીવાળી એક વિશાળ વાવ બંધાવી, જે હજુ પણ જીર્ણસ્થિતિમાં ત્યાં વિદ્યમાન છે. તેમના કારજ વખતે બાર લાખ કોરી ખરચી સમસ્ત કચ્છદેશ, તથા સમસ્ત હાલાર દેશના લોકોને મિષ્ટાન્ન ભોજન આપવામાં આવ્યું હતું. આ બન્ને ભાઇઓસંબધિ સવિસ્તર ઇતિહાસ અંચલગચ્છાધીશ શ્રી અમરસાગર સુરિજીએ વિક્રમ સંવત ૧૬૯૧ના શ્રાવણ સુદિ સાતમે રચેલા સંસ્કૃત કાવ્યગ્રંથ "શ્રી વર્ધમાન પદ્મસિંહ ચરિત્ર" માં આપેલો છે. તેમાંથી ઘણોજ ટુંક સાર લઇ આ વૃત્તાંત અહીં લખવામા આવ્યું છે.

(૨) **રાયસીશાહનું જૈન દેરાસર.** (ચોરીવાળું દેરાસર) આ વિશાળ જૈન દેરાસર જૂદે જૂદે સમયે જૂદા જૂદા ત્રણ જૈન ગૃહસ્થોએ બંધાવેલાં ત્રણ દેરાસરો મળી એક દેરાસર થયુ છે. વિક્રમ સંવત ૧૬૨૦ની લગભગમાં કચ્છ દેશમાં સુથરી પાસે આવેલા આરીખાણા ગામમાં ઓશવાલ જ્ઞાતિના નાગડગોત્રી તેજસીશાહ નામના એક ગૃહસ્થ વસતા હતા. તે વ્યાપાર કરવા માટે જામનગરમાં આવી વસ્યા અને ત્યાં તેમણે અંચલગચ્છાધીશ શ્રી ધર્મમૂર્તિ સૂરિજીના ઉપદેશથી શ્રી શાંતિનાથજીનું એક શિખરબંધ જૈન દેરાસર બંધાવ્યું. ત્યાર પછી વિક્રમ સંવત ૧૬૪૬ની લગભગમાં મુગલ લસ્કરે જામનગર પર ચડાઇ કરી શહેર લુંટયું તે વખતે આ તેજશીશાહના જૈન દેરાસરને પણ કેટલુંક નુકશાન થયું. ત્યાર પછી સંવત ૧૬૪૮માં તેજસીશાહે ફરીને તે દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો ત્યાર પછી તેમના પુત્ર રાયસીશાહે વિક્રમ સંવત ૧૬૭૫માં પોતાના પિતાએ કરાવેલા તે જિનમંદીરની આસપાસ ફરતી દેરીઓ બંધાવી. અને તે મંદિરના પાછળના ભાગમાં મનોહર શિખરવાળી ચોમુખ બંધાવી તે જિનમંદિરની શોભામાં વધારો કર્યો. અને તેમાં સંવત ૧૬૭૫ના વૈશાક સુદ ૮ રવીવારે શ્રી કલ્યાણસાગર-

સુરિજીની દેખરેખ નીચે પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઇ. તથા તે દેરીઓ અને ચોમુખ બાંધવામાં તેણે ત્રણ લાખ કોરીનું ખર્ચ કર્યું. આ રાયસીશાહે લાખો કોરી ખરચીને બીજા પણ ઘણાં શુભ કાર્યો કરેલાં છે. તે રાયસીશાહના નેણસીશાહ નામે પણ એક ભાઇ હતા, અને તેણે પણ ત્રણ લાખ કોરી ખરચી ઉંચા સીખર વાળું તથા ઝરખાઓવાળું એક મનોહર ચોમુખ જિનમંદિર બંધાવી પોતાના પિતા તેજસીશાહે, તથા પોતાના ભાઇ રાયસીશાહે પહેલાં બંધાવેલાં જિનમંદિરની સાથે સંવત ૧૬૭૬માં ભેળવી દીધું. અને એ રીતે તે ત્રણે ગૃહસ્થોએ બંધાવેલાં ત્રણે જિનમંદિરો મળીને આ એક વિશાળ ચોરીવાળું જૈન દેરાસર થએલું છે.

૩ શેઠનું દેરાસર આ પ્રાચીન શિખરબંધ રમણિક દેરાસર પણ લગભગ સંવત ૧૬૫૦ની આસપાસમાંજ શ્રીમાલી જ્ઞાતિના ભણસાલી ગોત્રના અબજી નામના ગૃહસ્થે બંધાવેલું છે તે ગૃહસ્થે પણ ઘણું દ્રવ્ય ખરચી કેટલાંક જૈન પુસ્તકો પણ લખાવેલાં જણાય છે, જે અત્રેના સંઘના જૈન ભંડારમાં જોવામાં આવે છે તે દેરાસરની સાથેજ બીજા બે શિખરબંધ દેરાસરો બંધાવી શોભામાં વધારો કરેલો છે.

૪ શ્રી વાસુપૂજ્યસ્વામીનું દેરાસર આ દેરાસર પણ શિખરબંધ બાંધવામાં આવેલું છે. તેના સંબંધમાં એવી દંતકથા છે કે, કચ્છ દેશના રહેવાસી આસકરણ શાહ નામે એક ગૃહસ્થ હતા. તેના પર ત્યાંના રાજાની કોઈ કારણસર અકૃપા થવાથી ત્યાંથી નાસી જામનગરમાં આવ્યા. અને તેમણે પોતાનું દ્રવ્ય ખરચી અહીં આ દેરાસર બંધાવી છેવટે તે દીક્ષા લઈ સાધુ થયા, એ રીતે આ દેરાસર પણ લગભગ સતરસોના સૈકામાં બંધાએલું જણાય છે.

૫ શ્રી નેમનાથજીનું દેરાસર આ પ્રાચીન દેરાસરના સંબંધમાં એવો ઇતિહાસ મળે છે કે, જામનગરમાં ઓશવાળજ્ઞાતિના મીઠડીયાગોત્રવાળા મુલજીસિંહ નામે એક વ્યાપારી વસતા હતા. એક વખતે તે વ્યાપાર માટે પોતાના વહાણમાં બેસી દ્વારિકા નગરીમાં ગયા. ત્યાંથી પાછા વળતાં વહાણનું નાંગર ઉપાડતાં તે નાંગર સાથે વળગેલી આ પ્રાચીન શ્રી નેમિનાથપ્રભુની પ્રતિમા સમુદ્રમાંથી નીકળી. તે પ્રતિમાને પોતાની સાથે વહાણમાં જામનગર લાવ્યા. ત્યારપછી તેમણે દેરાસર બંધાવી તેમાં આ પ્રાચીન પ્રતિમાનું સ્થાપન કર્યું અને તેની પ્રતિષ્ઠા અંચલગચ્છાધીશ શ્રી ધર્મમૂર્તિસૂરિજીની દેખરેખ નીચે વિક્રમ સંવત ૧૬૪૮ના મહા સુદિ પાંચમે થએલી છે.

૬ શ્રી ધર્મનાથજીનું દેરાસર આ દેરાસર ખરતર ગચ્છના કોઈ જૈન ગૃહસ્થે બંધાવેલું સંભવે છે. પરંતુ તે સંબંધિ વિશેષ ઇતિહાસ હજુ સુધી મળી શક્યો નથી.

આ શિવાય બીજાં બે શિખરબંધ દેરાસરો, તથા તથા એક કચ્છજ્ઞાતિઓ નિવાસી શેઠ જીવરાજ રતનશીના વંડામાં દેરાસર છે. તે ત્રણે દેરાસરો હાલમાં પચીશ* પચાસ વર્ષો પહેલાં અત્રેના જુદા જુદા જૈન ગૃહસ્થોએ બંધાવેલાં છે.

(૨) હવેલીનો ઇતિહાસ—શ્રી વૈષ્ણવ સંપ્રદાય સર્વ વૈષ્ણવોના મહારાજશ્રી વલ્લભ-

* પંડિત હીરાલાલ હંસરાજના સમાજ સેવકના જામનગરી અંકના પેજ ૨૪ના લેખ ઉપરથી

આચાર્યજી મહારાજશ્રીના સમયથી જગપ્રસિદ્ધ છે. એ મહારાજશ્રીને તે સંપ્રદાયમાં સૌ **મહાપ્રભુજી**ના નામથી ઓળખે છે. એ શ્રીમહાપ્રભુજીએ પોતાના ચરણકમળની પ્રસાદીથી જામનગરની ભુમિને પવિત્ર કરી છે. એટલુંજ નહિં પરંતુ કાલાવડના દરવાજા બહાર નાગમતિ નદિના કિનારા પર બીરાજી શ્રીમદ્‌ભાગવતની પવિત્ર કથા મૃતનું અગણિત જનોને પાન કરાવ્યું છે. જે સ્થળ આજે **શ્રી મહાપ્રભુજીની** ÷બેઠક એ નામે ઓળખાય છે. એ મહાપ્રભુજી શ્રી (૧) **વલ્લભાચાર્ય** પછી (૨) **વિઠ્ઠલનાથજી** મહારાજ થયા. પછી (૩) **ગીરધરલાલાજી** મહારાજ થયા. (૪) **શ્રી ગોપીનાથજી** મહારાજ થયા. (૫) **શ્રી ગોવિંદરાયજી** મહારાજ થયા. (૬) **શ્રી બાલકૃષ્ણરાયજી** મહારાજ થયા. (૭) **શ્રી ગોવર્ધનેશજી** મહારાજ થયા. (૮) **બંસીધરલાલાજી** મહારાજ થયા, (૯) **શ્રી બાળકૃષ્ણજી** મહારાજ થયા. (૧૦) **શ્રી વિઠલેશજી** (વિઠ્ઠલનાથજી બીજા) મહારાજ થયા. તેઓશ્રીએ **જામશ્રી** *લાખાજીને વૈષ્ણવી દીક્ષા આપી હતી, તે પછી (૧૧) **શ્રી બાલુરાયજી** (બીજા) મહારાજ થયા. તે મહારાજશ્રી **જામશ્રી જશાજી** (બીજા) ના સમકાલન હતા. તેઓશ્રીએ જામશ્રી જશાજીને એક લડાઇ સમયે અદ્‌ભુત મદદ આપી હતી. જેના ચમત્કારે તે લડાઇમાં જામશ્રીએ જીત મેળવી હતી તેમ ઘણાં વૈષ્ણવો કહે છે, તેઓશ્રી પછી જામનગરની પવિત્ર વૈષ્ણવી ગાદિએ (૧૨) **શ્રી વ્રજનાથજી મહારાજ** બીરાજ્યા. **જામશ્રી રણમલજી** (બીજા) જ્યારે દ્વારકાની યાત્રાએ પધાર્યા ત્યારે મહારાજાશ્રીએ સાથે પધારી **દ્વારિકામાં** જામશ્રીને વિધિપુર્વક ગોમતિસ્નાન અને દ્વારિકાનાથના દર્શન વિગેરે કરાવી સંપૂર્ણ યાત્રા કરાવી હતી, મહારાજશ્રી વ્રજનાથજી સાહિત્ય અને સંગીતના અદ્વિતીય શોખીન હતા. દૂર દેશાવરોથી કવિઓ, પંડીતો, ભવૈયાઓ, આદિ અનેક સાક્ષરો મહારાજશ્રીના દર્શને આવતા. મહારાજશ્રીની ઉદારતા, અને ધર્મ આદિ સદ્‌ગુણોથી અન્ય વૈષ્ણવાચાર્યોની ગાદિથી જામનગરની શ્રીવૈષ્ણવી ગાદિ એ વખતે જગપ્રસિદ્ધ થઇ હતી. અને જામનગરના નામની સાથે મહારાજશ્રીનું નામ પણ જગજાહેર હતું. તેઓશ્રી ગોલોકવાસી થયા પછી અમુક સમય **વહુજીમહારાજશ્રીએ** એ ધર્મધુરા સાચવી હતી.

÷ સાંભળવામાં છે કે એક મોચી વૈષ્ણવ ભકત હતો. તેની કેટલાએક લોકો ઇર્ષા કરવા લાગ્યા. છેવટે જામશ્રી આગળ તે ભકતને રજુ કરી, ધોતીયું ચારેય છેડા ખોસી પહેરવાની મના કરાવી વૈષ્ણવોના ધર્મમાં ચારેય છેડા ખોસી. ધોતીયું પહેરવાની આજ્ઞા હોવાથી તે મોચી ભકત મુંઝાયો. છેવટે તેના હાથમાંનો જળ તો લોટો દુધનો ભરાઇ જાયતો ભકત સાચો, અને ધોતી પહેરવા છુટ " તેમ કહ્યું. તે ઉપરથી તેણે પ્રકાર પ્રાર્થના કરતાં તેમ બન્યું, એ જોઇ જામશ્રી ખુશી થયા. અને વચન માગવા કહ્યું તેથી તે મોચી ભકતે શ્રી મહાપ્રભુજી બીરાજ્યા હતા તે જમીનની માગણી કરી, તે જામશ્રી તરફથી મળતાં તે સ્થળે બેઠક બનાવવામાં આવી.

* પ્રથમખંડમાં જામશ્રી લાખાજીના ઇતિહાસમાં જે ફોટો મેલવામાં આવ્યો છે. તેમાં જામશ્રી સન્મુખ ગો. સ્વામીશ્રી વીઠ્ઠલનાથજી મહારાજ બીરાજે છે,

ત્યાર પછી એ પવિત્ર વૈષ્ણવી ગાદિએ (૧૩) **શ્રી અનીરૂદ્ધલાલજી** બીરાજ્યા. એ વિદ્યમાન મહારાજશ્રી પણ પોતાના સ૦ગ૦ પિતામહ મહારાજશ્રીઓની પેઠે સ્વાશ્રિતોને સંપૂર્ણ સંતોષ આપે છે.

અહિંની મોટી હવેલી કે જે **શ્રી વૃજનાથજી** મહારાજની હવેલીના નામથી ઓળખાય છે. તેમાં સ્વરૂપ **શ્રી મદનમોહનજી સ્વામીનીજી** સાથે બીરાજે છે. તે સ્વરૂપ **શ્રીમહાપ્રભુજી** સેવ્ય છે. અને **ત્રવેણી**માંથી પ્રગટ થયા છે. તથા **ગદાધરદાસે** સેવા કરી છે. જામનગરમાં વસતા હજારો વૈષ્ણવો આ ધર્મરાજમાં રહી એ સ્વરૂપના દર્શન કરી પોતાને કૃતાર્થ થયા માને છે.

(૩) **શ્રી સ્વામિનારાયણ**—વિક્રમના અઢારમા સૈકામાં એક ભયંકર દુષ્કાળ વખતે **જામનગરના તળાવ કિનારે** શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના **સ્વરૂપાનંદસ્વામિ** નામના સદ્‌ગુરૂ છપ્પ સાધુઓના મંડળથી આવી રહ્યા હતા. તળાવની પૂર્વની પાળે એ વખતે ઘણાં વડલાઓ હતા. જેમાંના કેટલાક વડ હાલ પણ મોજુદ છે. જે **સ્વામિવડ અને જોગીવડ** ના નામે ઓળખાય છે. તે વડતળે સાધુપુરૂષો રાત્રિદિવસ યોગાભ્યાસ કરી ઇશ્વરસ્મરણ કરતા, અને એકવખત ભિક્ષાવૃત્તિ કરવા ગામમા જતા. ભયંકર દુષ્કાળને લીધે થોડો લોટ મળતો તે લાવી તળાવના પાણીમાં ઝોળી ઓળી, તે લોટના ગોળાઓ વાળી તે મહાપુરૂષો આરોગતા. બકાલી લોકો સવારે વહેલા તળાવકિનારે મુળા વિગેરે શાકભાજીને ધોતા, ત્યારે પીળાં થએલાં નકામાં પત્રો કાઢી નાખતા, તે પત્રો કેટલાક નાના પરમહંસો વીણી લાવી જમતા. કોઇ વખતે દુષ્કાળને લીધે ગામમાંથી ભિક્ષા મળતી નહિં, ત્યારે તેઓને ઉપવાસ થતા. તળાવના સુકાઇ ગયેલા પાણી નીચેની કોપટી વળેલી ઝીણી ધુળી સહેજ ખારાશ પડતી હોવાથી કોઇ સાધુ તે પ્રાશન કરતા. આમ ઘણાં મહીના વિત્યા પછી એક દહાડો **જામશ્રી રણમલજી (બીજા)** તળાવ કિનારે ફરવા પધારતાં, કિનારાપરના વડલાની ડાળોપર ભગવાં વસ્ત્રોની ઝોળીઓ ટીંગાતી જોઇ. તથા **પરમહંસો**ને એકાગ્રવૃત્તિથી નારાયણનું ભજન કરતા સાંભળી ત્યાં પધારી પુછપરછ કરી દરબારગઢમાં દરરોજ ભિક્ષા લેવા આવવાની સુચના કરી, બીજે દિવસે પરમહંસોએ દરબારમાં જઇ ભિક્ષાવૃત્તિ માટે " નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભુ " એ શબ્દોનો ઉચ્ચાર કર્યો. તે સાંભળી જામશ્રીએ હુકમ કર્યો કે " નારાયણમુનિના સાધુઓને આપણે કરાવી રાખેલાં પાકના લાડુ આપો " અને દરરોજ તેઓ આવે ત્યારે તે લાડુ આપજો " તેથી હજુરીઆઓ સુંડલા ભરી પાકના લાડુ લાવ્યા. આમ બે ચાર દહાડા દરરોજ લાડુ આવતાં મંડળના મહંતશ્રી સદ્‌ગુરૂ **સ્વરૂપાનંદજી** સ્વામિ બોલી ઉઠયા જે " પરમહંસો સન્માન હુવા, ચલો ગુરૂકી આજ્ઞા હે કે, જહાં સન્માન હોવે વહાં કભી નહિં ઠેરના. " એમ કહેતા બીજે દિવસે વહેલી પ્રભાતે તેઓ ત્યાંથી વિદાય થયા. હાલ તે તળાવ કિનારાને પ્રસાદિનું ઉત્તમ સ્થળ માની તે સંપ્રદાયના હજારો સાધુ હરિભક્તો દર્શને આવે છે. અને " સ્વામિવડ–જોગીવડ " થી શિતળ છાયાંએ બેસી, ભૂતકાળની વાતની સ્મૃતિ લાવી પોતાના ઇષ્ટદેવને યાદ કરેછે. તળાવની

પુર્વમાં શહેરમાં બેઠીના દરવાજા આગળ મોટા ત્રણ શિખરોવાળું **સ્વામિનારાયણનું** મંદિર છે, જે દરેક શિખરોઉપર સુવર્ણનાં ત્રણ ત્રણ કળશો છે. કે જેવા કળશો હાલ જામનગરમાં બીજા મંદિરો પર નથી. તેમજ ત્રણેય શિખરોને છાજલી સુધી સફેદ આરસ ચોડેલો છે. ભોંયતળીયે અને પ્રદિક્ષીણામાં પણ આરસ છે. સામી બાજુ હરિમંદીર છે. જેમાં સાધુઓ રહે છે. ત્યાં ભોંયતળીએ ઝીણી 'ચીની' જેવી તો નમુનેદાર કુલવેલ ભરી જોઇવી કાઢી છે કે માણસો જોતાંજ આશ્ચર્ય સાથે વિશ્રાંતિ પામે. શિખરબંધ દહેરામાં રાધાકૃષ્ણની સુંદર મૂર્તીઓ છે. અને બાજુના દહેરામાં સ્વામિનારાયણની પણ મૂર્તિ છે, જે '**ઘનશ્યામ**' × મહારાજને નામે પ્રસિદ્ધ છે. એ મૂર્તિઓની પ્રતિષ્ઠા એ સંપ્રદાયના ચોથા આચાર્ય મહારાજશ્રી **શ્રીપતિપ્રસાદજી*** મહારાજે વિધીપૂર્વક યજ્ઞ કરાવી કરેલ છે. મંદીરમાં સાધુ બ્રહ્મચારીઓ કાયમ રહે છે. તેઓ સ્ત્રી તથા ધનના ચુસ્ત ત્યાગી છે. અને કાયમમંદિરમાં રહી ભગવદ્વાર્તા કરી ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો મુમુક્ષુઓને ઉપદેશ આપે છે.

× વિ. સં. ૧૯૮૯ના પોષ સુદી એકાદસીને દિવસે એ ઘનશ્યામ મહારાજે એક ઝવેરબાઈ નામની વિપ્ર કન્યાને નીચેનો ચમત્કાર બતાવ્યો હતો. "એ બાઇને ઝામરનો અસાધ્ય રોગ થતાં, એક આંખ ખોટી પડી ગઇ બીજી આંખમાં પિડા થતાં ડોકટરોએ ખોટી પડેલી આંખને ઓપ્રેસન કરી ડોળો કાઢી નાખવા સુચના કરી. પરંતુ બાઇને છેડાવૃત (કોઇ અન્ય પુરુષના વસ્ત્રનો છેડો પણ ન અડવા દેવાનું વૃત) હતું. જેથી ઓપ્રેશન કરવામાં ધર્મ સંકટ હોવાથી તેમણે ઘનશ્યામ મહારાજની પ્રાર્થના કરી. ભકત વત્સલભગવાને એ બાઇ પર દયા લાવી, ઉપર લખ્યા દિવસે સાંજના સાડાચાર વાગ્યાના સમયે તે બાઇ મંદીરમાં દર્શને આવતાં, સ્ત્રી વેશે તેમને મળી આંખમાં ઔષધનું ટીપું આંજી અદ્રશ્ય થયા. ત્યારથી તે બાઇ તે આંખે દેખતાં થયાં અને ઝામરવા પણ નાબુદ થયો. એ વાત જામનગરમાં બહુજ પ્રસિદ્ધ છે, બાઇ પણ વિદ્યમાન છે. જે રૂબરૂ મળી મેં ઉપરની હકિકતની ખાત્રી કરી છે. (ઇ૰ કર્તા૰)

* ધર્મ ધુરંધર આચાર્ય મહારાજશ્રી ૧૦૮ **શ્રીપતિપ્રસાદજી** મહારાજ **જામનગર** પધાર્યા ત્યારે સ્ટેટ તરફથી સામૈયામાં (ચાંદી સોના વગેરેની ગાડીઓ, રથો, પાલખી, બેન્ડ, પલટન, સ્વારો વગેરે) સંપૂર્ણ રયાસતની સ્વારી આપવામાં આવતાં શહેરમાં ફરી આચાર્યશ્રી મંદીરમાં પધાર્યા હતા. તે પહેલાં અગાઉ **જામશ્રી વિભાજી** (બીજા)ના રાજ્ય અમલમાં ધ. ધુ આચાર્ય મહારાજશ્રી ૧૦૮ **વિહરીલાલજી** મહારાજ અને **કેશવપ્રસાદજી** મહારાજશ્રી જ્યારે જામનગર પધાર્યા હતા. ત્યારે પણ સ્ટેટ તરફથી પૂર્ણ સન્માન સાથે સામૈયું થયું હતું, જામશ્રી વિભાજી સાહેબ મહારાજશ્રીના દર્શને પધાર્યા હતા અને રસોઇ આપી હતી. તેમજ રાજમહેલમાં મહારાજશ્રીની પધરામણી કરાવી અરસપરસ ઉત્તમ ભેટ સોગાદો અપાઇ હતી.

આ સ્ટેટના ગામનો જે ભાદરામાં, શેખ પાટમાં, અને મોડામાં સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સદ્‌ગુરૂઓ જનમ્યા હતા. તેમાં ભાદરા ગામે સ.ગુ. સ્વામિશ્રી **ગુણાતિતાનંદ** સ્વામિ કે જેઓ પુર્વાશ્રમમાં મુળજી નામના બ્રાહ્મણ હતા. તેઓ દિક્ષા ગ્રહણ કર્યા પછી સ્વામિનારાયણની આજ્ઞાથી જુનાગઢ મંદીરના મહંત તરીકે દેહોત્સર્ગ પર્યંત રહ્યા હતા. તેમના ઉપદેશની **'સ્વામિનીવાતો'** એ નામની એક પાંચ પ્રકરણની ચોપડી બહાર પડી છે. જેમાં ધર્મ, જ્ઞાન, ભકિત અને વૈરાગ્યનો ઉત્તમ ઉપદેશ આપેલો છે. તેઓશ્રીએ **ગોંડળમાં** દેહોત્સર્ગ કર્યો હતો. **નિષ્કુળાનંદસ્વામિનું** જન્મ સ્થાન આ સ્ટેટમાં આવેલાં **'શેખપાટ** ગામે છે. તેઓશ્રી પુર્વાશ્રમમાં **લાલજી** નામના સુતાર હતા. જ્ઞાતિમાં અને ગામમાં તેઓએ ઘણી આબરૂ મેળવી હતી. પૈસેટકે તેમજ પુત્રાદિક કુટુંબ કબીલે પણ તેઓ ઘણાંજ સુખી હતા. સ્વામિનારાયણના સમાગમથી તેઓને પ્રૌઢાવસ્થાએ તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થતાં સંસારનો ત્યાગ કરી દીક્ષા લઇ નિષ્કુળાનંદસ્વામિ નામ ધાર્યું. ભર્તુહરિની પેઠે કુટુંબી ભિક્ષા લઇ આવવાની સ્વામિનારાયણ આજ્ઞા કરતાં તેઓ પાછા ભગવે વસ્ત્રે શેખપાઠ ગામે **આવ્યા.** તે વખતે તેમનાં માતુશ્રી હયાત હતાં તેવખતે તેમણે પોતાના એકના એક પુત્રને આવા વેશમાં જોઇ ઘણું કલ્પાંત કર્યું. અને ચોરે બેઠેલા સોઢા રજપૂત પાસે લાલજી ભકતને ભેખ ઉતરાવવા આગ્રહ કરવા વિનંતી કરી. જ્યારે લાલજી ભકત (નિષ્કુળાનંદ સ્વામિ) ચોરે આવ્યા ત્યારે તે દરબારોએ તેમને ભેખ ઉતરાવવા વિનવ્યા. છેવટે પોતાની માતાને સંબોધી તે ચોરાનો મોતીયો ઝાલી વૈરાગ્યનાં ચાર પદો રચી બોલ્યા જે પદો આજે જગ પ્રસિદ્ધ છે. જેમાંનું એક અત્રે આપેલ છે.

જનુની જીવોરે ગોપીચંદની

એ ચારેય પદ બોલતાં સાંભળનારને પણ ક્ષણિક વૈરાગ્ય ઉત્પન્ન થતાં દરબારો કહેવા લાગ્યા કે "ડોશીમા લાલજી ભકતને જવાદો, નહિંતો તે આવો ઉપદેશ આપી બીજા ઘણાંઓને ગામમાંથી બાવાઓ કરી લઇ જશે" તેથી તેમનાં માતુશ્રીએ રાજી ખુશીથી રજા આપી. પછી સ્વામિએ ઘેર જઇ કોડના વંઘેડા નીચેની દાટેલી કોરીઓ ખોદી કાઢી પોતાની માતાને અને સ્ત્રીને વહેંચી આપી. તેમજ પોતાના બે પુત્રોમાંથી એકને ભિક્ષા વૃત્તિમાં ગઢપુર સાથે લઇ આવી, સ્વામિનારાયણના હાથથી દિક્ષા અપાવી, **ગોવિંદાનંદ** નામ પાડયું નિષ્કુળાનંદસ્વામિએ સ્વામિનારાયણ સંપ્રદાયના ગુજરાતી ભાષામાં ૨૧ ગ્રંથો રચ્યા છે. તે ઉપરાંત સેંકડો કિર્તનો પણ રચેલાં છે. છેવટ શ્રીજી મહારાજની આજ્ઞાએ **ઘોળેરામાં** મંદીર ચણાવી ત્યાંના મહંત થઇ રહેતાં, ત્યાંજ દેહોત્સર્ગ કર્યો હતો. **સચ્ચિદાનંદ સ્વામિ** તથા **અક્ષરાનંદ સ્વામિનો** જન્મ આ સ્ટેટમાં આવેલા મોડા ગામે થયો હતો. તેઓ પૂર્વાશ્રમમાં **મોટા ભાઇ** તથા **દાજીભાઇ** નામના જાડેજા રજપુતો હતા. સ્વામિનારાયણના દર્શન થયાં પછી તેઓ બંન્ને સંસારનો ત્યાગ કરી, સાધુ બન્યા. સચ્ચિદાનંદસ્વામિના તે સંપ્રદાયમાં અનેક ચમત્કારો છે. તેઓ સમર્થ સમાધિનિષ્ઠયોગીરાજ હતા. તેમણે ગઢપુરમાં દેહોત્સર્ગ કર્યો હતો. તેમજ અક્ષરાનંદસ્વામિએ ગુજરાતમાં આવેલા **વડતાલ** મંદીરના મહંત તરીકે ઘણુ

વર્ષો રહી ત્યાંજ દેહોત્સર્ગ કર્યો હતો. મોડા ગામની નદિમાં **કરમદી ધુનો** છે. ત્યાં સ્વામિનારાયણ અનેક ભક્તો સાથે ઘણો વખત નાહ્યા છે. જેના પ્રભાવે ભયંકર દુષ્કાળના વખતમાં પણ તે ધુનામાંથી પાણી ખુટતું નથી. ઉપરના દરેક સ્થળે એ સંપ્રદાયના હજારો યાત્રાળુઓ દર વર્ષે યાત્રાએ આવે છે. સ્વામિનારાયણનું સંપૂર્ણ જીવન વૃત્તાંત દ્વિતીય ખંડમાં લોધીકા તાલુકાના ઇતિહાસમાં આવી ગયેલું હોવાથી અત્રે માત્ર જામનગર સ્ટેટમાં આવેલાં પ્રાસાદિક સ્થળોનેજ ઉલ્લેખ કરવામાં આવ્યો છે,

મુલ્લાં સરકારની ગાદિ—હાલ મુલ્લા સરકારની ગાદિ સુરતમાં છે. પરંતુ અગા ઉના વખતમાં તે ગાદિ જામનગરમાં હતી. તે વિષેનો ઇતિહાસ એવો છે કે —" જામનનગરની વહોરા કોમમા **મુલ્લાં રાજે** નામના એક સખી ગૃહસ્થ હતા. તેઓ પવિત્ર હતા, અને નેકી ટેકીથી પોતાનું સાદું જીવન ગુજારી ખુદાની બંદગી કરી પાંચ વખત નિયમીત નિમાજ પઢતા એક સમયે સાંજને વખતે પોતે કામગીરીમાં હોવાથી મગરેબની નિમાજના વખતમાં મોડા થયા, તેથી ઉતાવળમાં ત્યાંથી ઉઠી કુવા કિનારે જઇ વજુ કરવાના ,પાણી માટે ડોલ કુવામાં નાખી ખેંચી ડોલ બહાર આવતાં, પાણીને બદલે સાચાં મોતીની ભરાઈ આવી, જોતાંજ તેઓએ મોતી પાછાં કુવામાં ફેંકી પાણી મેળવવા ફરી ડોલ કુવામાં નાખી, ડોલ ખેંચતા ફરીથી પણ તે મોતીની ભરાઇ આવતાં તે નહિં લેતા ફરી એકવાર ડોલ કુવામાં ઉતારી પ્રભુ (ખુદા)ની પ્રાર્થના કરી કે " હેખુદા મારો નિમાજનો વખત જાયછે, મને માફ કર હું તારો બંદો છું, મારે મોતીની તમન્ના નથી, અત્યારે પાણી જોઇએ છીએ, અને બીજી આપની મહેર જોઇએ છીએ. ઉપર મુજબ કહી કુવામાંથી ડોલ ખેંચતા પાણી ભરાઇ આવ્યું, તે લઇ વજુ કરી નિમાજ પઢયા. નિમાજ પઢતી વેળાએ તેને એવો ભાસ થયો કે, કોઇ અંતરીક્ષથી કહે છે કે " તારી ઓલાદ (બેટા) ઉપર મારી મહેર છે. તેને મુલ્લાં સરકારનો વારસો મળશે, " તે હકિકતને કેટલાએક વર્ષો વિત્યાપછી અમદાવાદનો એક શ્રીમાન શેઠ હજારો માણુસોનો સંઘ કાઢી યાત્રાએ નીકળેલ તે જામનગરમાં આવતાં ખર્ચી ખુટ થયો, અમદાવાદથી તેણે રુપીઆ મંગાવેલ પણ વરસાદને લીધે સાંઢીયાઓ હજી આવેલ નહિં. તેથી જામનગરમાંથી કોઇ ધનાઢય વેપારી આગળથી પૈસા મેળવવાનું ધારી, નાગમત્તિ કિનારે સંઘનો ઉતારો કરાવી પોતે કાલાવડના દરવાજેથી ગામમાં આવ્યો,તે દરવાજામાં મળનાર કોઇ માણસને સારા ગૃહસ્થનું નામ પુછ્યું જવાબ આપનાર વિઘ્ન સંતોષી માણસે મશ્કરી ખાતર **મુલ્લાં રાજે** નું નામ આપી છેટેથી તેનું ઘર બતાવ્યું અમદાવાદનો શેઠ તેના વચન ઉપર વિશ્વાસ લાવી મુલ્લારાજે પાસે આવી પોતાની હકિકત જણાવી ઉછીના રુપીયા માગ્યા, મુલ્લાં સાહેબે તે વખતે નિમાજનો વખત હોઇ, વજુ કરી નિમાજ પઢવા મુસલ્લો બીછાવી રહ્યા હતા તે શેઠની વાત સાંભળી. તાજુબ થયા. ઘડીભર વિચારી, નિમાજ પઢતાં સુધી શેઠને ઓસરીમાં બેસવાનું કહી, પોતે ઘરમાં નિમાજ પઢવા લાગ્યા. નિમાજ પૂર્ણ કરી ખુદા આગળ દુવા ગુજારી કે " હે ખુદા મારી લાજ રાખવી તે તારા હાથમાં

છે. કોઇ વિઘ્ન સંતોષીએ મારી મશ્કરી કરવા આ કાર્ય કર્યું છે. તો શેઠને મારે શું જવાબ આપવો. ? એમ કહી મુસલ્લો ઉપાડે છે. તો નીચે કેટલીએક સોના મહોરો તેના જોવામાં આવી. તેથી હિંમત લાવી શેઠને ત્યાં બોલાવી, તેમાંથી જોઇતી મહોરો તેને ગણી લેવા કહ્યું શેઠ તેમાંથી પોતાને જોઇતી મહોરો ગણી લઇ એક કાગળ ઉપર તેની પહોંચ કરી અમદાવાદમાં પોતાનું નામ, ઠેકાણું લખી સહી કરી આપી. રજા લઇ ચાલતો થયો. એ ચીઠ્ઠી મુલ્લાં રાજેએ એક તાવીજમાં (માદરડી પેઠે ચોરસ ચગદામાં) મઢાવી પોતાના પુત્ર **ઇસ્માલજીને** હાથે બંધાવી. જ્યારે તે ઇસ્માલજી સાહેબ પોતાની ધર્મવિદ્યા ભણવા અમદાવાદ ગયા, ત્યારે મુલ્લારાજેએ ભલામણ કરી કહ્યું કે " જ્યારે અમદાવાદમાં રહેતા આપણા ' મુલ્લાં સરકાર ' ઉપર કોઇ ભયંકર આફત આવે ત્યારે તમારા હાથપર બાંધેલું તાવીજ ખોલજો " મુલ્લાં સરકારની પ્રથમ ગાદિ **અરબસ્તાન** માં હતી, ત્યાંથી **સિધ્ધપુરમાં** આવી અને ત્યાંથી **અમદાવાદમાં** આવી અમદાવાદની ગાદિપર તે વખતે ' **પીરખાં સુજાઉદ્દિન** ' સાહેબ મુલ્લાં સરકાર તરીકે હતા. તેમના ઉપર અમદાવાદના કોઇ એક શેઠનું મોટી રકમનું કરજ હતુ. તેથી તે શેઠે તે રકમ ભરવા મુલ્લાં સરકારને તાકીદ આપી. કહ્યું કે " જ્યાંસુધી લેણા રૂપીઆ ચુકતે ન ભરે ત્યાંસુધી મુલ્લાં સરકાર અનાજ જમે તો તેને ખુદાની 'ખોર' (સોગંદ) છે." એ વખતે મુલ્લાં સરકાર પાસે ચુકતે રકમ ભરવાની સગવડ નહિં હોવાથી મુલ્લા સરકાર અન્નાજ જમ્યા નહિ. તેથી અમદાવાદમાં રહેતા સમસ્ત વહોરા કોમે અનાજ ત્રણ દિવસ ખાધું નહિં. જામનગર થી ગયેલા મુલ્લારાજેના પુત્ર ઇસ્માઇલજીને યાદ આવ્યું કે " આજ ત્રણ દિવસથી મુલ્લાં સરકારે મે તથા વહોરાકોમે અનાજ ખાધું નથી તો આથી બીજી વિશેષ આફત કઇ કહેવાય ! " એમ વિચારી પોતાના હાથપર બાંધેલું પિતાનું તાવીજ ખોલી ચીઠી વાંચી. વાંચીને તેમા લખેલાં ઠેકાણાની પેઢી શોધી કાઢી તે શેઠને મળી તેમાં લખેલી રકમની ઉધરાણી કરી. તે શેઠ પોતાના હસ્તાક્ષરવાળી ચીઠ્ઠી વાંચતાજ આશ્ચર્ય પામ્યો. અને ઘણીજ દીલગીરી સાથે કહેવા લાગ્યો. કે " ભાઈ માફ કરજો. મારી મોટી ભુલ થઇ ગઇ છે. પરદેશમાં મને નાણાં આપી મારી લાજ રાખી તેને હું નાણાં પાછાં મોકલવા ચુકી ગયો છું " એમ કહી બ્યાજ સીમેનો હિસાબ મુકરર કરી ચુકતે નાણાં લઇ જવા કહ્યું.

મુલ્લાં સરકાર પાસે મોટી રકમ જે શેઠ માગતો હતો તે આ પોતેજ હતો, તેમ ઇસ્માઇલજી સાહેબને જાણ થતાં તે રકમ તેમાંથી વાળી લઇ, બાકીની રકમ આપવા શેઠને કહ્યું તુરતજ શેઠ મુલ્લા સરકારના ખાતામાં લેણી રકમ જમા કરી પહોંચ કાઢી આપી. બાકીના નાણાં ગણી આપ્યાં, ઇસ્માઇલજી સાહેબે તે પહોંચ મુલ્લા સરકારને ચરણે ધરી, અનાજ જમવા વિનંતી કરી. ઉપરના કાર્યથી મુલ્લાં સરકાર ઘણાંજ ખુશ થયા અને તે દહાડાથી તેઓને પોતા પાસે રાખી ધાર્મિક શિક્ષણ આપવું શરૂ કર્યું. છેવટે પોતાની પાછળ ગાદિના વારસ તરીકે ઇસ્માઇલજીનું નામ વસીયતનામાં લખી, પોતાની મહોર છાપ સહી સીક્કા કરી આપી, લેખ તેમને સોપી જણાવ્યું કે "તમો હવે અહિં નહિં રહેતાં જામનગર જાવ અને

ત્યાં મારી હયાતિ બાદ તમો ગાદિ સ્થાપજો." થોડા કાળે અમદાવાદવાળા મુલ્લાં સરકાર બેહીસ્ત થતાં, તેમના વસિયત નામા પ્રમાણે જામનગરમાં ગાદિ સ્થાપી, અને મુલ્લાં સરકાર તરીકે સૈયદના વ મૌલાના (૧) **ઇસમાઇલજી બદરૂદ્દીન** ઉર્ફે **મુલ્લાં રાજે સાહેબ** ગાદિએ આવ્યા. કે જેઓ **મોટા બાવા સાહેબના** નામે પ્રસિદ્ધ થયા. હાલ કહેવાતી **મુલ્લાં મેડી** તે સરકારનું ગાદિ સ્થળ સ્થાપ્યું. તે પછી (૨) **અબ્દલ જેફુદ્દિન તૈયબ** સાહેબ ગાદિએ આવ્યા. ત્યાર પછી (૩) **મુસા કલામુદ્દિન** સાહેબ ગાદિએ આવ્યા. તે પછી (૪) **નૂરૂદ્દિન** સાહેબ ગાદિએ આવ્યા. તેઓ કચ્છની મુસાફરીએ જતાં માંડવી બંદરમાં બેહીસ્ત થયા હતા. તે પછી (૫) મુલ્લાં સરકાર **ઇસમાઇલજી બદરૂદ્દિન** (નાના બાવા) સાહેબ ગાદિએ આવ્યા. તેઓ જામનગરની મુલ્લાં સરકારની ગાદિએ છેલ્લા થયા. તે પછી **ઉજ્જેન**-મા સ્થપાઇ ત્યાં બે મુલ્લાં સરકાર થયા. ત્યાર પછી ગાદિ **સુરતમાં** સ્થપાઇ હાલ તે સુરતની ગાદિ ઉપર સૈયદના વમૌલાના **તાહેર સૈફુદ્દિન** સાહેબ વિદ્યમાન છે. ઉપરની રીતે પાંચ મુલ્લાં સરકાર (અત્રે) જામનગરની મુલ્લાં સરકારની ગાદિએ આવ્યા. તેમાંના નંબર ચોથા સિવાયના તમામ મુલ્લાં સરકાર સાહેબ, જામનગરમાંજ બેહીસ્ત થતાં, તેઓશ્રીને હાલ કહેવાતા 'વહોરાના હજીરામાં' દફન કરેલ છે. જેઓની સલામે દેશાવરોમાંથી ઘણાં વહોરાઓ તથા સુરતની ગાદિ પર આવતા મુલ્લાં સરકાર સાહેબો વગેરે જામનગર આવે છે.

(૫) **પારસીનો અગીઆરી** (દરેમહેર) ઇ. સં. ૧૮૩૬માં શેઠ **માહીઆરજી ફ્રેમ્જીજી મીરઝાંને** જામશ્રી **રણમલજી** બીજાએ જામનગરમાં બોલાવી પોતાના ઝવેરી અને ઘડીઆળી તરીકે નિમણુંક કરી વસાવ્યા. જામનગરમાં એ વખતે એક પણ પારસી કુટુંબ વસતું ન હતું. વિ. સં. ૧૯૦૭માં જ્યારે વરસાદ સાથે ભયંકર વાવાઝોડું થયું (સાતની સા-લની ઝડી થઇ) ત્યારે માહીઆરજી મીરઝાંનું કુટુંબ નદિના કિનારા પરની મલ્લાં વાડીમાં વસતું હોવાથી ચારેય તરફ પાણી ફરી વળતા તેમનું તમામ કુટુંબ તણાયું, જામશ્રી રણમ-લજીને તે ખબર થતાં તારૂઓ મોકલી તેમના કુટુંબને બુડતું બચાવ્યું. તેમણે **જામશ્રી વિભાજી** (બીજા) સાહેબના અમલમાં પણ દરબારમાં એક 'સન ડાયલ' ગોઠવી કૃપા મેળ-વી હતી. તે વખતે કાઠીઆવાડમાં કોઇ ઘડીયાલી નહિં મળતાં, લોકો ઘડીઆળોને દુરસ્ત કરાવવા મુંબઇ મોકલતા પણ જામનગરમાં મીરઝાં શેઠ તે કામ કરતા હોવાનું જણી દરેક રાજા મહારાજાઓ અને પોલીટીકલ એજન્ટ આદિ યૂરોપિયનો પણ ઘડીયાળો રીપેર કરવા અહિં મોકલતા તેમના પુત્ર ટહેમુલજી મીરઝાં થયાં તેમણે પોતાના ધાર્મિકપણામાં 'એરવદ' નો માનવંતો ઇલ્કાબ મેળવ્યો હતો. તેઓએ જામશ્રી વિભાજી સાહેબના ફોટાવાળા ઘડીઆળો ખાસ વિલાયતમાં તૈયાર કરાવી મંગાવ્યા હતાં. તેઓ દરિઆઇ પાંખ પોટાનો મોટો વેપાર ચીન દેશ સાથે ચલાવતા હતા. પણ જામનગરના મહાજનોની લાગણી (તે પદાર્થ માછલાંના પેટમાંથી નીકળતો હોઇ જીવ હિંસાથી) દુભાવાથી, તેણે તે વેપાર મહાજનોના કહેવાથી કાયમના માટે બંધ કર્યો હતો તેથી હિંદુ પ્રજા તેમને બહુ ચાહતી. તેઓએ જામનગરમાં **દરેમહેર** (અગીઆરી)ની સ્થાપના કરી હતી. તે કાંઇ કીર્તી માટે નહિં, પણ પોતાની

અંતિમ અવસ્થા તે પવિત્ર ધર્મ સ્થળમાં બંદગી ગુજારવાની ઉમેદથી કરી હતી, તેમ તેઓ પોતાના ભાષણમાં કહે છે કે "મારી વૃદ્ધાવસ્થા થવાથી મારી ઇચ્છા મારા ધર્મનાં સ્થાનની પાડોશમાં રહેવા થઇ હતી. અને તે વિચારને અનુસરીને મારી ગુજારેશ માફક બની શકે તેવું ધાર્મિક સાધન આપણીજ રાજધાનીમાં (જામનગરમાં) કરવું એવો નિશ્ચય કરી આ ધર્મનું સ્થાનક બનાવ્યું છે. તે દરેમહેરનો પાયો નાખવાની ક્રિયા તારીખ ૮-૭-૧૮૯૪ના રોજ થઇ હતી. અને તારીખ ૧૫ માર્ચ ૧૮૯૫ના રોજ તે દરેમહેર ખુલ્લી મેલવાની ક્રિયા ઉદવાડાના દસ્તુરજી **પેશોતનજી અરજોરજી મીરઝાં**ના મુબારક હસ્તે થઇ હતી. તે દરેમહેરના મકાનને ઇજી પવિત્ર કરવા અને **આતસ**ના **નુરીકેબલાની** સ્થાપણા કરવા ઉદવાડેથી પગ રસ્તે '**આલાત**' (ક્રિયાના ઉપયોગમાં આવતી પવિત્ર ચીજો) લાવવામાં આવ્યો અને પવિત્ર ક્રિયા શરુ થઇ, **જશન**નો (દરેમહેરને ઇજવાની) પવિત્ર ક્રિયા **મોબેદો માણેકજી શાપુરજી મીરઝાં** તથા **રૂસ્તમજી ટેમુલજી મીરઝાં** એ કરી હતી. એ વખતે સ્ટેટ તરફથી સઘળો બંદોબસ્ત મીરઝાં ટહેમુલજી મારફત થયો હતો. તેમજ નગરના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો અને મહાજન વર્ગે પણ પુર્ણ ઉત્સાહથી ત્યાં હાજરી આપી હતી. એ દરેમહેર ના નિભાવ અર્થે રૂા. ૨૦૦૦૦ની એક રકમ એકઠી કરી હતી. અને ૭ ટ્રસ્ટીઓ નિમાવામાં આવ્યા હતા. જેમાં આપણા વાલાશાન દિવાનજી **ખાનબહાદુર શેઠ મહેરવાનજી પેસ્તનજી સાહેબ** મુખ્ય હતા. અંજુમનના મોબેદના પગાર તરીકે તથા આરામગાહના માણસોના પગાર તરી કે **જામશ્રી વિભાજી** સાહેબ માસીક રૂા. ૨૦) ની બક્ષીસ કરી હતી. અને જે ઇ. સ. ૧૯૨૬માં મર્હુમ **જામશ્રી સર રણજીતસિંહજી** સાહેબ તેમણે રૂા. ૩૦) ઉમેરી માસીક રૂા. ૫૦) ની દરેમહેરના નિભાવ અર્થે બક્ષીસ આપી હતી, જ્યારે જામનગરમાં રસ્તાઓ અને દુકાનો બાંધવાના સુધારાઓ થવા લાગ્યા ત્યારે તે દરેમહેરના મકાનપાસે આવેલાં સઘળાં પારસી મકાનો પડી ગયા અને શહેર બહાર નવો વસવાટ થયો. તેથી દરરોજની ફરજીયાત બંદગી માટે દરેમહેરનું મકાન દુર હોવાથી તેનો ઉપયોગ કરવો અશકય થયું. છેવટે સઘળા જરથોસ્તી ભાઇઓએ મળી પારસીલતામાં નવું દહેરમહેર બાંધવા નકકી કરી મર્હુમ જામશ્રી સર રણજીતસિંહજી સાહેબ હજુર અરજ કરત તેઓ નામદારે તેમની માગણી મુજબ **ઇરવીન સરકલ** સામે એક ઘણો કિંમતી અને સુંદર જમીનનો પ્લોટ દરેમહેર માટે બક્ષિસ આપ્યો. નવું દરેમહેર બાંધવા મોટી રકમની જરૂર પડતાં એક ફંડ ઉભુ કર્યું, અને તેમાં મુંબઇમાં વસતા સખી જરથોસ્તીઓની ઉદારતાથી વધી વધીને તે ફંડ કુલ રૂપીઆ ૫૭૦૦૦)નું ભેગું થયું, તા. ૧૩-૬-૧૯૨૬ના દીને આ દરેમહેરના વડા દસ્તુરજી ઉદવાડેવાલા **દસ્તુરજી કેઓજી દસ્તુર પેશોતનજી મીરઝાં** જામનગરના જાણીતા જરથોસ્તી ખાનબહાદુર ડોકટર **નવરોજી કાવસજી કલ્યાણવાળા** ના બેટાની લગ્નની શુભ ક્રિયા કરવામાટે જામનગર પધાર્યા હતા. તે પ્રસંગનો લાભ લઇ દરેમહેરનો પાયો નાખવાની શુભ ક્રિયા તા. ૧૭-૬-૧૯૨૬ના રોજ તેઓશ્રીના મુબારક હસ્તે કરવામાં આવી હતી તે પછી સદરહુ મકાન **ઇરાનીયન સ્કાઇલ** ના પીલર્સ, ફરોહરની

આકૃતિ, ઉગતા સુર્યનો દેખાવ વિગેરેથી બહુજ સુંદર અને અપટુડેટ બાંધવામાં આવ્યું. ઇરવીન સરકલ સામે પાંચ રસ્તાના સંગમ ઉપર તે ઘણું દમામદાર અને સુંદર દેખાય છે. નજદીકમાં મોમેદ સાહેબોને રહેવાના મકાનો ધર્મશાળા જરથોસ્તીઓને ભાડે આપવાના મકાન અને ફરતો સુંદર નાનુક બગીચો વિગેરેથી એ જગ્યા એક નાનકડા 'પારસી કોલોની' નોજ ખ્યાલ આપે છે.

એ દરેમહેરનું નવું મકાન ખુલ્લું મુકવાની શુભ ક્રિયા તા ૪ માર્ચ ૧૯૩૧ના રોજ આપણા લોકપ્રિય મર્હુમ મહારાજા **જામશ્રી સર રણજીતસિંહજી** સાહેબ બહાદુર જી. સી. એસ. આઇ. જી. બી. ઈ. ના મુબારક હસ્તે થઇ હતી. તે પ્રસંગે શાજવંશી પરોણાઓમાં **જસદણના નામદાર દરબારશ્રી** અને **મુળીના નામદાર ઠાકોર સાહેબ** તથા **જસદણના નામદાર મહારાણી** મુખ્ય હતાં. ઉપરાંત ભાયાતો, રાજ્યના અમલદારો, હિંદુ તેમજ મુસ્લીમ શહેરીઓ અને યૂરોપીઅન કુટુંબો વગેરે મોટી સંખ્યામાં હાજર હતાં. તે પ્રસંગનાં ભાષણો થયા બાદ તે **અગીઆરી**નું મકાન ખુદાવિંદ હજુરશ્રીએ ખુલ્લું મેલી દરેમહેરને સ્ટેટ તરફથી મળતી માસિક આવક રૂપીઆ ૫૦) માં બીજા રૂા. ૫૦) વધુ ઉમેરી માસીક રૂા. ૧૦૦) એક સો કરી આપવાનું ઉદાર ફરમાન જાહેર કર્યું હતું. તે પછી **દસ્તુરજી કૈખોશ્રુ મીરઝાંએ** ધાર્મિક ભાષણ આપતાં જણાવ્યું કે " પારસીઓ અને હિંદુઓ વચ્ચેનો સંબંધ પુરાનો છે. પારસી ધર્મ સ્થળ જે ***અગીઆરી**ના નામે ઓળખાય છે, તે શબ્દ ખુદ હિંદુઓના **'અગન આગાર'** યાને આતશનું મકાન એ શબ્દ ઉપરથી નીકળેલો છે. પારસીઓની **'હોમ'**ની ક્રિયા નામે ઓળખાતી ક્રિયા જેવીજ હિંદુઓની **સોમની** ક્રિયા છે. પારસીઓની **'યશન'** અને હિંદુઓની યજ્ઞ પારસીઓની **'બરસમ'** અને હિંદુઓની બર્હીસ વિગેરે ક્રિયાઓ તથા **સંસ્કૃત** અને **અવસ્તા** ભાષાનું મળતાપણું હિંદુઓના **દેવતા** અને પારસીઓના **યઝદ અમેશાસ્પંદા** વગેરેના નામે અને ક્રામનુ સરખા પણું આતશની સીફતનું, **ઋગ્વેદનું** લખાણ અને તેનેજ મળતું અવસ્તાનનું વર્ણન વગેરે અનેક બાબતો ઉપરથી પારસીઓ અને હિંદુઓનો પુરાનો સંબંધ સાબેત થઇ ચૂકયો છે," વગેરે ભાષણો થયા પછી મેળાવડો વિસર્જન થયો હતો. આજે એ મકાન જામનગરના જવાહીરમાં એક અણમોલું જવાહીર છે.

(૬) નિજાનંદ સંપ્રદાય

ખીજડા મંદીર (પ્રણામી ધર્મ)—તે સંપ્રદાયના સ્થાપક મુળ પુરુષ **દેવચંદજી** મહારાજ જ્ઞાતે કાયસ્થ હતા. તેનો જન્મ મારવાડમાં આવેલા ઉમરકોટમાં સંવત ૧૬૩૮માં

* અગીઆરી એ દરેમહેર, દાદગાહ, આતશ કદેહ, વગેરેના નામોથી ઓળખાય છે. વિશેષ હકિકત માટે વાંચો 'ફરામરોઝ ફીરોઝજી મીરઝાં કૃત જામનગરની મીરઝાં દરેમહેરના સ્થાપક એરવદ ટહેમુરજી માહીઆરજી મીરઝાંનું ટુંક જીવન ચરિત્ર તથા દરેમહેરનો હેવાલ

થયો હતો તેના પિતાનું નામ **મતુભેહતા,** અને માતાનું નામ **કુંવરબાઇ** હતું તેના ઘરના વાડામાં **બાળમુકુંદજીની** મુર્તી હતી તેની સેવા ભક્તિ તેઓ કરતા. દેવચંદજી મહારાજ બાળપણથીજ પ્રબળ બુદ્ધિના, સાત્વિક વૃત્તિના, દયાળુ. હિમતવાન અને ઉત્સાહી હતા. પિતા માતાને આશ્રયે રહી વિદ્યાભ્યાસ કર્યો હતો. ઉંમર વર્ષ ૧૧ની થયા પછી દેવ સેવામાં પ્રીતી રાખવા લાગ્યા હતા. એક દિવસે ગામ બાહર એક **'શ્યામ પીંગળા'**નું દેવળ હતુ ત્યાં તેઓ પુજા કરવાને ગયા હતા એ વખતે તેમને વિચાર થયો કે " હું કોણ છું ? આ દેખાતું જગત શું છે.? પરમાત્મા પરીબ્રહ્મ ક્યાં છે! અને કેવા સ્થાનમાં રહે છે?"તે સર્વનો સોધ કરવા લાગ્યા. એ વિચારમાંને વિચારમાં પરદેશ ચાલી નીકળ્યા. સાથે કોઇ ન હોતું માર્ગમાં એક મહા પુરૂષનો મેળાપ થયો. તેમણે પરમાત્માના સ્વરૂપનો બોધ કર્યો. **ઉમરકોટના** રા-જાની જાન લઇ **લાલદાસ** નામે વજીર જતો હતો, તે સાથે તેઓ કચ્છમાં ગયા ત્યાં પર-માત્મા સંબંધી ચિંતવન કરવા લાગ્યા. ત્યાં જે જે મતપંથો ચાલતા હતા તે સર્વે જોયા પરંતુ તેમાંથી તેમના મનનું સમાધાન થયું નહિં તે પછી સંન્યાસી વેશ ધારણ કરી અનેક શાસ્ત્રોનું અવલોકન કર્યું. પણ તેમાંથી પરમાત્મા સંબંધી નિશ્ચય થયો નહિં **ભુજમાં** આવી **હરદાસજીને** ત્યાં ઉતર્યા તેમનો પ્રેમ અને સેવા જોઇ આનંદ થતાં. ત્યાં કાંઇક પરમાત્મા સ્વરૂપની પ્રાપ્તિની આશા બંધાણી તેથી ત્યાં જપ તપ કરવા લાગ્યા. હરદાસજી બાળમુકુંદ-જીના પરમ ભકત હતા. તેમણે બાળમુકુંદજીના દર્શન કરાવ્યાં હરદાસજીના કેટલાક શિષ્યોએ દેવચંદજી મહારાજને કહ્યું કે " તમો અમને પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય કરાવો " પણ તેમને તે સ્વરૂપનો નિશ્ચય થયો ન હતો તેથી તેઓ **નૌતનપુરી** (નવાનગર) જેને **જામનગર** પણ કહે છે. ત્યાં આવ્યા **શ્યામસુંદરના** મંદીરમાં નિત્ય ભાગવતની કથા **કાનજી ભટ્ટ** કરતા હતા ત્યાં નિત્ય શ્રીદેવચંદજી મહારાજ સાંભળવાને જતા હતા. આ વખતે તેમની ઉંમર ૪૦ વર્ષની થઇ હતી તો પણ જપ તપ અને ધ્યાન કરવા કદી ચુકતા નહિં. તેમનું ચિત નિરંતર પરમાત્માંજ લાગી રહ્યું હતું. કહે છે કે એક દિવસે તેને **શ્યામસુંદરના** મંદીરમાં સાક્ષાત શ્રીકૃષ્ણના દર્શન થયાં હતાં. અને કહ્યું કે હે શ્રી દેવચંદ! પરમધામથી શ્રીઅક્ષરાતિત પરમાત્માના બારહજાર બ્રહ્મ પ્રિયા (શાસ્વતી સમા) અત્રે ખેલ જોવાને આવેલા છે. તેમાં તું પ્રધાન છે.

તે બધા આ મોહમય મિથ્યા જગતમાં આવીને પોતાના સ્વરૂપ તથા પરમધામ ને ભૂલી ગયા છે. તે સર્વેને જાગૃત કરો. પરમધામમાં લઇ આવે એટલે બધાને પોતાના પરાત્મ બ્રહ્મધામમાં જાગ્રત કરો " આ કામ તમને સોંપવામા આવે છે, હું તને એક તારક મંત્ર એટલે તારતમમંત્ર આપુછું જે વડે તે સર્વે જાગ્રત થશે. આ મંત્રમા એવો પ્રભાવ કામકરે છે કે જે કોઇ આ મંત્રને જપશે તે સહજ પરમધામ પહોંચી જશે. આ મંત્રથી તને એવું જ્ઞાન થશે. કે પરમધામ તથા બીજા સર્વેધામ તને પ્રત્યક્ષ જોવા દેખાશે એટલે તને આજ શરીરથી પરમધામ વિગેરેની માહિતી અનુભવમાં આવી જશે અને તું બ્રહ્મવાસનાઓને કહેશ તો સાંભળતાની સાથેજ તેઓ જાગૃત થશે. તને જે કાંઇ માગવું

હોય તે કે, કહેવું હોય તે કહે નહિતો પછી હું ફરી જોવામાં નહિ આવું. ભગવાન આપ ક્યાં જશો, એમશ્રી દેવચંદજીએ પુછ્યું. હું તારા હૃદયમાં વાસ કરીશ એમ દિવ્ય પુરૂષે ઉત્તર આપ્યો. ત્યારે હવે હું શું માગું તમે તો માણસાઇમાંજ છો. એટલે હું કૃતાર્થ છું એમ સાંભળી દિવ્ય સ્વરૂપ અદશ્ય થયા.

તે પછી તેઓ નિરંતર ધર્મોપદેશ કરવામાં કાળ ગુજારવા લાગ્યા જામનગરમાં **ગાંગજી** ભાઇ કરીને શેઠ હતા. તેઓ તેના પ્રથમ શિષ્ય થયા. અને પછી પ્રતિદિન ઘણાં શિષ્યો વધવા લાગ્યા. એ વખતે જામનગરમાં **કેશવજી ઠક્કર** કરીને દિવાન હતા. તે જાતના લુવાણા હતા અને તેઓની સ્ત્રીનું નામ **ધનબાઇ** હતું, તે પવિત્રમનની દયાળુ સ્ત્રીને પેટે વિ. સં. ૧૬૭૫માં **શ્રી પ્રાણનાથજી**નો જન્મ થયો. તેની ઉંમર ૧૨ વર્ષની થતાં, શ્રી દેવચંદ્રજી મહારાજનો મેળાપ થયો. **પ્રાણનાથજી**ના ઉત્તમ ગુણો જોઇને શ્રીદેવચંદજીએ તેમને તારતમ્ય જ્ઞાનનો ઉપદેશ કર્યો. તેથી તેના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થયો. ત્યારથી પ્રાણનાથજી નાના પ્રકારના દેહકષ્ટો વેઠી, જ્ઞાનમાં વૃદ્ધિ કરવા, શ્રી દેવચંદજીની આજ્ઞાથી તેઓ અરબસ્તાનમાં ગયા. ત્યાં ગાંગજી શેઠનોભાઇ **ખેતો** વેપાર અર્થે રહેતો હતો. તેને ઉપદેશ કર્યો પણ તેને કાંઇ અસર થઇ નહિં. થોડા દિવસ ત્યાં રહી, પાછા તેઓ જામનગરમાં આવ્યા અને વિ. સ. ૧૭૧૦માં **ધ્રોળ** (ધવલપુર)માં આવ્યા એ વખતે ધ્રોળમાં **કલ્યાણજી** ઠાકોર રાજ કરતા હતા, તેના તેઓ કારભારી થયા. ત્યાં તેમણે ઉત્તમ પ્રકારે કારભાર ચલાવી પ્રજાની પ્રીતિ મેળવી હતી. વિ. સં. ૧૭૧૨માં શ્રી દેવચંદજી મહારાજે તેમને જામનગરમાં બોલાવી ધર્મોપદેશ આપવાની આજ્ઞા કરી. તેથી તેઓ નિરંતર ધર્મોપદેશજ કરવા લાગ્યા. તેજ સાલમાં શ્રી દેવચંદજી મહારાજ પરમધામમા ગયા તે પછી શ્રી પ્રાણનાથજીના જ્ઞાનની વૃદ્ધિ થવા લાગી તેઓને જપતપ અને ધ્યાન કરવાથી ધર્માચાર્યને યોગ્ય ગુણો પ્રાપ્ત થયા. તેથી તેઓ દેશવિદેશ ધર્મોપદેશ કરવા નીકળ્યા. પ્રથમ જુનાગઢ, દીવબંદર, વેરાવળ માંગરોળ, પોરબંદર અને ત્યાંથી કચ્છમાં ગયા. મંત્રે ઠેકાણે તેમના ઉપદેશથી શિષ્યો થવા લાગ્યા. ભુજમાં થોડો વખત રહી તેઓ સિંધમાં ગયા નગરઠઠ્ઠામાં થોડા દિવસ રહી ઘણાં શિષ્યો કર્યા. ત્યાંથી અરબસ્તાનમાં **મક્કા** બંદર આવ્યા, ત્યાં સેવકો કરી, સિંધના આવાસ બંદરે આવ્યા. ત્યાંથી નળીયા, કોડારા થઇ ધોરાજી આવ્યા અને ત્યાંથી સુરત ગયા. તે વખતે તેઓએ ઘણાં શિષ્યો કર્યા હતા સુરતમાં **કળશ** નામનો ગ્રંથ કર્યો. ત્યાંથી ગુજરાત ના ઘણા ભાગમાં ફર્યા. તે પછી મારવાડમાં આવેલાં **મેરતા** ગામમા આવ્યા. ત્યાં એક **લાભાનંદ** નામે જતિ સાથે ધર્મ સંબંધી વિવાદ થયો હતો. મેરતાથી હરિદ્વારના મેળામાં ગયા. ત્યાં ઘણાં સંત સાધુઓ સાથે ધર્મ સંબંધી ચર્ચા કરી હતી. ત્યાંથી **દિલ્હીમાં** આવ્યા એ વખતે ત્યાં **ઔરંગઝેબ** બાદશાહ હતો, તે હીંદુઓ ઉપર ઘણો, જુલમ ગુજારતો હતો. તેને તે કામથી અટકાવવા પોતાના કેટલાક શિષ્યોને મોકલ્યા પણ બાદશાહના કાઝીએ તેમનું કાંઇ લક્ષમાં લીધું નહિં તે ઉપરથી બાદશાહને નિમાજ પઢવા જવાની મરજીના માર્ગમાં જઇને કેટલાક શિષ્યોએ ઉભા રહી કહ્યું કે " **ધશામેહદી ધમામ** " પધાર્યા છે.

કુરાનમાં જે વખતે ઉત્પન્ન થવાનું લખેલું છે તેજ વખતે પધાર્યા છે. વગેરે કહી તેમણે કેટલાક ચમત્કારો બતાવ્યા, અને ઉપદેશ આપ્યો તેથી બાદશાહના કેટલાક નોકરો અને બીજા માણસો ઘણાં આશ્ચર્ય પામ્યા. દિલ્હીમાં થોડોવખત રહી તેઓ ઉદેપુર આવ્યા, ત્યાંથી મંદસર થઇ ઉજ્જન આવ્યા. એ વખતે ઘણાં શિષ્યો સાથે હતા, ઔરંગાબાદના રાજાને બોધ કરી શિષ્ય કર્યો. રામનગરના રાજાએ પણ ઘણી આગતાસ્વાગતા કરી હતી.

ઔરંગજેબ બાદશાહે પોતાના માણસો પાસેથી સાંભળ્યું કે "અહીં કોઇ મહાત્મા પધાર્યા હતા" તેથી તેણે **શેખનીદર** નામે સરદાર અને **શેઠ ભીખા** નામે અમલદારને લશ્કર સાથે તેડવાને મોકલ્યો. તેમને શ્રીપ્રાણનાથજીએ ધર્મોપદેશ કર્યો. તેથી **શેખનીદર** અને તેમની સાથેના સર્વે મુસલમાની ધર્મ ત્યજી પ્રાણનાથજીના ધર્મમાં આવ્યા. ઔરંગજેબ પણ તેના ઉપદેશ અને ચમત્કારથી છક થઇ ગયો હતો. જરણાપટણથી મહારાજા છત્રસિંહજીએ તેમને તેડવાને માણસો મોકલ્યા તેથી તેઓ ત્યાં ગયા. રાજાએ તેમનુ ઘણું સન્માન કર્યું. અને પોતાના કુટુંબ સાથે તેણે તે ધર્મ સ્વીકાર્યો. ત્યાં તેઓ ઘણો વખત રહી ધર્મની સ્થાપના કરી, ચિત્રકોટની આસપાસના ઘણાં રાજાઓને પણ પોતાના ધર્મમાં લીધા, પછી કાલ્પી શહેરમાં આવી એક સભા ભરી ધર્મોપદેશ કર્યો. એ રીતે ઘણાં દેશોમાં **પ્રણામી** ધર્મનો ફેલાવો કરી વિ. સં. ૧૭૫૧માં પન્ના બુંદેલખંડમાં તેઓ પરમધામમાં ગયા. ત્યાં તેઓની સમાધિ પર તેમના શિષ્યોએ લાખો રૂપીઆ ખર્ચી એક મોટું મંદીર બાંધેલું છે. તેનાં પુજારીઓને **'ધામી'** કહે છે, છત્રસાલજી મહારાજ પછી તેના વંશના કેટલાક રાજાઓ એ ધર્મમા હતા. રાજા ગાદિએ બેસતી વખતે પ્રથમ તે મંદિરમાં જઇ તિલક કરાવે છે. અને તે પછી ગાદિએ બેસે છે. તેમજ રાજાઓએ વર્ષના ચોકસ દિવસે મંદિરમાં દર્શને આવવું એવી કરજ છે, અને તેને સેવા કરવાનો હક છે. **નોતનપુરી**—જામનગરમાં જે સ્થળે શ્રીદેવચંદજી મહારાજ સમાધિ લગાવતા હતા. એ જગ્યાએ હાલ સુશોભિત મોટું મંદિર છે. એ મંદિરની લગોલગ એક **ખીજડાનું**× મોટું વૃક્ષ છે. તે ઉપરથી તેને **ખીજડા મંદિર** કહે છે.

એ પંથના અનુયાયીઓ એક બીજાને મળે ત્યારે **'પ્રણામી'** કરે છે. તે ઉપરથી તે **પ્રણામી-પ્રણામી ધર્મ** પણ કહેવાય છે. તેમજ તેને **મેરાજપંથ** પણ કહે છે. મેરાજ સંદેશો લાવનાર તેવો અર્થ થાય છે. શ્રીદેવચંદજીના પુત્ર **બિહારીદાસજી**ને જેઓ માને છે, તેઓએ પોતાની ગાદિ ચાકળા ઉપર સ્થાપન કરી તે ઉપરથી તેઓ **ચાકળાપંથી** કહેવાય છે. અને તેના મંદીરને **ચાકળા મંદીર** કહે છે. શ્રીદેવચંદજીએ તથા શ્રીપ્રાણનાથજીએ પ્રગટ

× સાંભળવામાં છે કે મહારાજશ્રી દેવચંદજીએ ખીજડાની ડાળખીનું દાતણ કરી, તેની બે ચીરોને ત્યાં જમીનમાં ખોડેલી તેનું વખત જતાં વૃક્ષ થયું અને બન્ને ચીરો સાથે મળી એક થડીઆનું વૃક્ષ થયું. જે હાલ મંદીરમાં સોંસરૂ કાઢેલું છે. અને તે પૂજ્ય ગણાવમાં આવે છે. તેમજ જોવામાં પણ નીચેના મુળીયાના ભાગમાં બે જુદા ફાંટાઓ ફુટી ઉપર જતાં એક થયેલા જણાય છે. ત્યાં એક આળીયો છે, જેમાં ધુપ દીવાના પાત્રો રહે છે.



તૃ. ખં. પૃ. ૬૪

બીજડામંદિર-જામનગર.

થઇને હિંદુઓ અને મુસલમાની ધર્મની એકયતા કરી. હિંદુ ધર્મનું સંરક્ષણ કર્યું હતું. તે પંથની મુખ્ય ગાદિ **શ્રી નૌતમપુરી—જામનગરમાં** (૨) પંના બુંદેલ ખંડમાં છે. તેને શ્રી પદ્માવતી પુરી કહે છે, **ધર્મના સિદ્ધાંતો**—(૧) શ્રીકૃષ્ણ ભગવાનના ૧૧ વર્ષ અને પર દિવસના સ્વરૂપને માને છે. પ્રેમ ભકિત તેમનામાં મુખ્ય છે. તે ધર્મના શિષ્યો અને સાધુઓ વૈષ્ણવ ધર્મવાળાના કરતાં જરા નાક ઉપરથી તીલક કરે છે. અને વચમાં કંકુની બીંદી કરે છે. કંઠમાં તુળશીની માળા (કંઠી) પહેરે છે. **શ્રીપ્રાણનાથજીએ** 'કુલજમ સ્વરૂપ' નામે ગ્રંથ કર્યો છે. તેને પવિત્ર માની મુખ્યત્વે કરીને દરેક મંદીરમાં પુજા કરે છે. અને વસ્ત્રાલંકાર ધરાવે છે. તે સિવાય મંદીરમાં મુર્તી નથી. એ ધર્મ વાળા કાઠીયાવાડ ગુજરાત અને ઉત્તર હિંદુસ્તાનમાં ઘણા છે એ ધર્મના સાધુઓ યોગ અને આત્મજ્ઞાનમાં કુશળ જોવામાં આવે છે. એમના ધર્મ સિદ્ધાંતો સાથે કાંઇક વૈષ્ણવ અને ઇસ્લામી (મુસલમાની) ધર્મના મુળ તત્વોને ગ્રહણ કરેલાં છે. એમના આચાર્યોએ મુસલમાનોને પણ પોતાના ધર્મમાં લેવાનો પ્રયત્ન કર્યો છે. એ ધર્મમાં અદ્વૈત બોધ પુર્વક, યોગાભ્યાસ આચરતા જણાય છે. આચાર્ય ત્યાગી હોય છે. એ ધર્મ વાળા સ્નાન—સૌચાદિથી પવિત્ર રહી, શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપનું ધ્યાન કરે છે. જામનગરની પ્રણામી ગાદી સ્થાપક (૧) મહારાજશ્રી દેવચંદજી થી પછી (૨) મહારાજશ્રી ૧૦૮ પ્રાણનાથજી થયા તે પછી (૩) ત્યાગમૂર્તિ શ્રી કેશરબાઈ મહારાજ (૪) મહારાજશ્રી તેસીબાવા (૫) મહારાજશ્રી બ્રહ્મચારીજી (૬) મહારાજશ્રી ધ્યાનદાસજી (૭) મહારાજશ્રી મોહનદાસજી (૮) મહારાજશ્રી ફકીરચંદજી (૯) મહારજશ્રી અમ્બરદાસજી (૧૦) મહારાજશ્રી જીવરામદાસ (૧૧) માહારાજશ્રી વિહારીદાસજી (૧૨) મહારાજશ્રી સુખલાલદાસજી (૧૩) **વિદ્યમાન મહારાજશ્રી ધનીદાસજી** મહારાજ અત્યારે જામનગરની પ્રણામી ગાદીએ બીરાજી પોતાના શિષ્ય વર્ગને સદ્દઉપદેશ આપી રહ્યા છે. વળી મહારાજશ્રી ધનીદાસજી મહારાજ હાલ ગાદી ઉપર બીરાજે છે તેને પોતાની જાતિ દેખરેખ અને ખંતથી આ મંદિરને આરસેપાણ સ્ટાઇલ વિગેરે જડાવી ઘણુંજ સુશોભિત કરેલ છે, તેમજ પ્રણામી ધર્મના યાત્રિકો માટે રહેવાની સગવડ વાળી મંદિરની આસપાસ જગ્યા બંધાવેલ છે, અંદર મીઠા પાણીના બે કુવા અને બગીચો છે. તેમજ ધર્મ પ્રચાર માટે તેમના તરફથી "પ્રણામી ધર્મ પત્રિકા" નામનું માસિક બહાર પડે છે, તેમજ અપ્રસિદ્ધ ગ્રંથોને છપાવી પ્રસિદ્ધ કરવા માટે ખાસ પંડિત રાખેલ છે. વળી ઉપરોકત છપાઇ કામને પહોંચી વળવા માટે એક છાપખાનું પણ વસાવ્યું છે. તેમજ પોતે ધાર્મિક પરાયણ હોય સંપ્રદાયને ઉન્નત પંથમાં દોરવા અથાગ પરિશ્રમ ઉઠાવી રહ્યા છે.


॥ પ્રકરણ ૪થું સમાપ્ત ॥

॥ પ્રકરણ પાંચમું ॥

મહાન પુરૂષોના જીવન પ્રસંગ,

ધનવન્તરી અવતાર મહાત્મા ઝંડુભટ્ટજી

જામનગરમાં પશ્ચોરા નાગર ગૃહસ્થ **વીઠ્ઠલજી ભટ્ટને** ત્યાં મહાત્મા ઝંડુભટ્ટજી ઉર્ફે **કરૂણાશંકરનો** જન્મ વિ. સં. ૧૮૮૭ના વૈશાખ સુદી ૫ રવિવારે થયો હતો. તેમના જન્મ સમયે જ્યોતિષીઓમાં અગ્રગણ્ય પિતાંબર ભટ્ટજીએ તેમની જન્મકુંડળી બનાવીને કહ્યું હતું કે આ બાળકના ગૃહ એવા પ્રબળ છે, કે તેના ઘરમાં હંમેશાં સવાશેર મીઠું વપરાશે. ભવિષ્યમાં એજ પ્રમાણે થયું હતું. જ્યારે ઝંડુ ભટ્ટજી પાંચેક વર્ષના થયા ત્યારે તેમને ઘેર એક દંડી સન્યાસી ભીક્ષા લેવા આવ્યા. તેણે તે નાના બાળકને રમતા જોઇ, તેના પિતા વિઠ્ઠલજી ભટને કહ્યું કે :—



"આ તમારા પુત્રને સાધારણ પુત્ર ગણવો નહિં, આતો કોઇ યોગ ભ્રષ્ટ મહાત્માએ તમારે ઘેર જન્મ લીધો છે એમ નક્કી માનજો." યોગ્ય ઉમરે ઝંડુ ભટ્ટજીએ જામનગરના પ્રખ્યાત શાસ્ત્રી **મહિધર હરિ-ભાઇપાસે** સંસ્કૃત અભ્યાસ શરૂ કરી સારસ્વત વ્યાકરણ, અમરકોશ, રઘુવંશ આદિ ગ્રંથો જોયા હતા. તેમજ **શાસ્ત્રીજી કેશવજી મોરારજી** પાસે પણ થોડો અભ્યાસ કર્યો હતો. તે અભ્યાસ પછી આયુર્વેદનો અભ્યાસ પોતાના પિતાજી પાસે શરૂ કર્યો. એ વખતે ઝંડુ ભટ્ટજીથી માત્ર સાત વર્ષ વયે મોટા વૈદ્ય **બાવાભાઇ અચળજી** પણ વિઠ્ઠલજી ભટ પાસે વૈદકના અભ્યાસમાં ઝંડુભટ્ટજીના સહાધ્યાયી હતા. વિઠ્ઠલ ભટ્ટજીએ પોતાના ઘરમાં ભાવ પ્રકાશની પરંપરા ચાલુ હોવાથી ઝંડુ ભટ્ટજીને તે પ્રથમ શીખવી. પછી ચરક, સુશ્રુત વાગ્ભટ્ટની વૃદ્ધત્રયી વગેરે ગ્રંથો ભણાવ્યા. તેમજ તેઓના ઘરમાં રહેલા જુના હસ્તલેખિત મુટકાનો પણ અભ્યાસ કરાવ્યો. તે ભટ્ટજીના કુળમાં વૈદું કયાંથી આવ્યું? તે માટે નીચેની વાત પરંપરાથી સંભળાય છે.

"જુના કાળમાં **દીલ્હી**નો કોઇ **શાહજાદો** ગુજરાતમાં ખંડણી ઉઘરાવવા આવ્યો હતો. ત્યારે ફરતાં ફરતાં કોઇ એક ગામના પાદરમાં તેણે પડાવ નાખ્યો. ત્યાં કોઇની ઉઘરસના અવાજથી શાહજાદાને ઉંઘ નહોતી આવતી. તેથી તેણે તપાસ કરાવી ઉઘરસ ખાનાર માણસને ત્યાંથી કાઢી મુકવાનો હુકમ કર્યો. તપાસ કરતાં ઉઘરસ ખાનાર કોઇ વૈષ્ણવ આચાર્ય નીકળ્યા. તેથી શાહજાદાના માણસોએ વિનંતી કરી કે" હિંદુઓના ધર્મ ગુરૂને કાઢી મુકવાથી હિંદુઓને ખોટું લાગશે, માટે આપણી સાથે **દિનમણી** નામના વૈદ્ય છે, તેને

મોકલીને તેની દવાથી તેની ઉધરસ મટાડો. શાહજાદાની આજ્ઞાથી દિનમણીએ મહારાજનું શરિર તપાસ્યું અને પછી કહ્યું કે "આ ઉધરસ નિર્મુળ તો નહિંજ થાય. પણ આપ કહો તે પ્રમાણે એક, બે, કે ત્રણ વર્ષ સુધી ફરી ન આવે તેવી દવા આપું મહારાજને તે વાત માનવામાં ન આવી, એટલે તેમણે એક વર્ષ સુધી ઉધરસ ન આવે તેવી દવા માગી. તેથી દિનમણીએ એક ગોળી આપી પથ્ય બતાવ્યું એ ગોળી ખાધા પછી મહારાજને ઉધરસ નજ આવી. શાહજાદાએ આ ચમત્કાર જોયો એટલે પોતાને માટે **વાજીકરણ** ઔષધની માગણી કરી. દિનમણી શાહજાદાની પ્રકૃતિ જાણતા હોવાથી અને પથ્ય ન પાળવામાં આવે તો ઉગ્ર વાજીકરણનું પરિણામ નુકશાન કારક આવે, એવું હોવાથી તેમણે ઘણી રીતે સમજાવ્યા, પણ શાહજાદાએ હઠ લીધાથી, છેવટે દવા આપવાનું સ્વીકાર્યું. પણ પથ્ય માટે સખ્ત ચોકી પહેરો રાખવાની બીજા અમીરો પાસેથી કબુલત લીધી, સસલાનું માંસ, ગોળનો દારૂ, અને સ્ત્રી સંગ, એ ત્રણથી સાવચેતી રાખવાની હતી. એ વાજીકરણ પ્રયોગ સાત દિવસનો હતો. પણ દવાની ગરમીને લીધે શાહજાદાથી રહેવાયું નહિં. તેથી પાંચમે દિવસેજ તેણે એ ત્રણેયનો ઉપયોગ કર્યો. પરિણામે શાહજાદાને આખે શરીરે મોટા ફોડલા ઉપડી આવ્યા, તેથી આખી છાવણીમાં હાહાકાર થઇ રહ્યો, દિનમણીને તપાસ કરતાં પથ્ય ન પળાયાની ખરી વાત માલુમ પડી એટલે "હમણાં જંગલમાંથી દવા લઇ આવું છું" એમ કહીને તે છાવણીમાંથી નાસી છુટયા, અને શાહજાદો મરી જવાથી ફરી જાહેરમાં આવી શકે તેમ ન હોવાથી તેઓ યોગી વેષે છુપાતા ફરતા હતા. જે મહારાજની દિનમણીએ ઉધરસ મટાડી હતી. તે વૈષ્ણવાચાર્ય ફરતા ફરતા **જામનગર** આવ્યા. તેમની પાસે હંમેશાં **કાશીરામ ભટ્ટ** સાંજે બેસવા જતા. એક વખત સહુ બેઠા હતા, ત્યાં મહારાજને સખ્ત ઉધરસ આવી. તે ઉપરથી વાત નીકળતાં, બાદશાહના દિનમણી નામના વૈદ્યે પોતાની ઉધરસ કેવી રીતે મટાડી હતી. અને તેના કહેવા પ્રમાણે બરાબર એક વર્ષ સુધી ઉધરસ નહોતી આવી, તથા તે વૈદ્યને છાવણીમાંથી કેવી રીતે નાસી જવું પડયું તે સઘળી વાત કાશીરામ ભટ વગેરે મંડળને કરી. ત્યાર પછી કાશીરામ ભટ્ટે મહારાજને ખાનગીમાં કહ્યું કે આપ વર્ણન કરો છો એવા એક માણસ ૭ માસથી મારે ત્યાં આવી ઉતર્યા છે અને મને વૈદું શીખવાનું કહે છે. એ સાંભળી મહારાજ ત્યાંથી કાશીરામ ભટ્ટ સાથે તેમને ઘેર આવ્યા અને જોયું તો તે પોતેજ 'દિનમણી' મહારાજે પોતાની ઉધરસની હકિકત કહી, ફરી દવા આપવાની વિનંતી કરી, પણ દિનમણીએ કહ્યું કે "મારી બધી દવાઓ તો એ શાહજાદા સાથે ગઇ માટે લાચાર છું. હવે એવી દવા તો નહિ મળે પણ કાશીરામ ભટ્ટને લખાવું છું તે દવા જ્યાં સુધી લીધા કરશો ત્યાં સુધા દરદ જોર નહિ કરે." છેવટ દિનમણીએ વિનંતી કરી કે "તમારા સિવાય મને અહિં કોઇ ઓળખતું નથી. માટે તમે મારૂં નામ કે મારી વાત બહાર ન પાડશો."

એ દિનમણી વૈદ્ય આગળથી કાશીરામ ભટ્ટ ભાવપ્રકાશ પુરો ભણ્યા. અને દિનમણી વૈદ્યે દવાઓના (અકસીર પ્રયોગો વગેરેના) કેટલાક ખરડાઓ પણ કાશીરામ ભટ્ટને ઉતારી આપ્યા હતા. એ દિનમણીનું કૃપાપાત્ર પુરાતની વદક એ કુટુંબમાં આસરે ૨૦૦ વર્ષોથી આજ સુધી ચાલ્યું આવે છે. એ **કાશીરામ** તે **જંડુભટ્ટજી**ના પિતામહના પિતામહ થાય.

ઝંડુભટ્ટજી **જામ રણમલજી**ના સમયમાં પોતાના પિતાશ્રી સાથે જંગલે જતા આવતા. રણમલ જામના છેલ્લા માંદગી વખતે **વિભાજામે** પોતાના પિતાની માંદગી વિષે વૈદ્યો વગેરે બીજાને ખરા ખબર પુછેલા. પણ કોઇ તેમને ખરૂં કહેતું નહિં. પરંતુ રણમલજામના મરણ પહેલાં બે ત્રણ દિવસે ઝંડુભટ્ટજીએ વિભાજામને તેમના બાપુની સ્થિતીના ખરા ખબર કહ્યા. અને તેમના કહ્યા પ્રમાણેજ બનવાથી જામશ્રી વિભાજીને ઝંડુભટ્ટજી ઉપર વિશ્વાસ બેઠો, તે છેવટ સુધી નભી રહ્યો હતો,

એક વખત શ્રાવણ માસની સાતમ આઠમની સ્વારી ચડવાને વખતે જામશ્રી વિભાજીને તાવ આવતો હતો. તેથી તેમણે દરેક વૈદ્યોની તાવ ઉતારવા માટે સલાહ લીધી. પણ સ્વારીમાં કલાકોના કલાકો હાથી ઉપર બેસી શકે તેવી સ્થિતિમાં લાવી, તાવ ઉતારવા કોઇની હિંમત ચાલી નહિં. છેવટે ઝંડુભટ્ટજીને વિભાજામે પુછ્યું કે "તમે હજારોની ઔષધિઓ બંગલે તૈયાર કરી છે. તેમાંથી કોઇ આ વખતે ઉપયોગી નહિં થાય? "ત્યારે ભટ્ટજી સહુ વૈદ્યો સામું જોઇ એ વૈદ્યો પ્રત્યે બોલ્યા કે "જુઓ! ભાઇ મહારાજાએ ઔષધાલય કરેલું છે. તેમાં **રત્ન-ગીરિ** રસ છે તે આ તાવ ઉતારવા માટે ઉત્તમ છે. પણ તે નવિન ઔષધ છે, અને હું પણ નવો વૈદ્ય છું માટે આપ સંમતિ આપો તો એ ઔષધ ચમત્કાર દેખાડશે એમ મને ખાત્રી છે. ભટ્ટજીએ આમ કહ્યું ત્યારે જામસાહેબે રત્નગીરિ રસ લઇ આવવા, હીરજી ગાંગાણી સાથે ભટ્ટજીને હાથી ઉપર બેસારી મોકલ્યા. એ રત્નગીરિ રસ લીધા પછી, થોડી વારમાં વિભાજામને તાવ ઉતરી ગયો. તેથી પોતે બહુ ખુશી થયા અને સ્વારીમાં પધાર્યા હતા.

ભટ્ટજીનું નિદાન અને આરામ કર્યાના દાખલા:—

પ્રેમજી ભટ્ટની પુત્રી કોલીબ્હેનને પગમાં ગોઠણ ઉપર બહુજ દુખાવો થવા લાગ્યો તે ઉપરથી બીજાઓના કહેવાથી 'વા' હશે એમ ધારીને તેલ ચોળવાનો ઉપાય કર્યો. પણ તેથી દરદ ઉલટું વધ્યું. પછી ભટ્ટજીને બતાવતાં, તેમણે તરતજ કહ્યું કે 'વા' નથી પણ અંદર સોજો છે અને પરૂ થાય છે. માટે તેલ ન ચોળતાં, દોષઘ્ન લેપ શેર અરધો વટાવીને ઉપર બાંધો. પછી તે બાંધવાથી થોડા વખતમાં એક જગ્યાએ મોહુ થયું અને તેમાંથી ઘણું પરૂ નિકળ્યું. પછી તે ઘારામાં **જાત્યાદિ ઘૃત** ભરવા માંડયું. તેથી બે ત્રણ મહીને સાવ આરામ થઇ ગયો.

જેમ ભટ્ટજી 'વા' છે કે 'વ્રણ' એ તરત પારખતા તેમજ વ્રણમાં પરૂ થયું છે કે નહિં તેની પરીક્ષા પણ બહુ સારી કરી શકતા. જેના દાખલા નીચે મુજબ છે:—

એક વાણીઓ, પોતાની સ્ત્રીને પેડુમાં ગાંઠ છે તથા તાવ આવે છે. એમ કહી ભટ્ટજીને પોતાને ઘેર જોવા તેડી ગયો. ભટ્ટજીએ દરદીની નાડી જોઇ તેને તાવ હતો. પછી પેડુની ગાંઠ જોવા પેડુ ઉપર હાથ મુકવા, જેવો ભટજીએ હાથ લાંબો કર્યો કે તે વાણીયાણી બાઇની આંખમાં દુઃખની બીકે આંસુ આવી ગયાં. એ જોઇ ભટ્ટજીએ હાથ અધરથીજ પાછો ખેંચી લીધો. અને દુકાનેથી દોષઘ્ન લેપ લાવવાની ચીઠ્ઠી લખી આપી, બહાર નિકળ્યા પછી, સાથે

આવેલા રા. રા. પ્રાણશંકર પ્રેમશંકરે ભટ્ટજીને પુછ્યું કે "આ તાવમાં દોષઘ્ન લેપ શું કરશે?" ત્યારે ભટ્ટજીએ કહ્યું કે "એ બાઇને પેટમાં વણ પાકે છે. એથીજ ત્યાં હાથ લગાડવા જતાં તેની આંખમાં આંશુ આવી ગયા ને શરીર ધ્રુજી ગયું. દોષઘ્ન લેપથી બહાર મોહું થઇને પરૂ નીકળી જશે તોજ તે બાઇ બચશે પરંતુ એ બાઇ બીજેજ દિવસે ગુજરી ગઇ તેને બાળતી વખતે પેટમાંથી ઘણું પરૂ નીકળીયું હતું તેમ સાંભળેલું છે.

દ્વારકાની શ્રીમત **શંકરાચાર્ય**ની ગાદિના સદ્‌ગત **શ્રીમન્માધવતીર્થ** પહેલાના આચાર્ય **શ્રીમદ્રાજરાજેશ્વરાશ્રમ** સ્વામિ પુર્વાશ્રમમાં બ્રહ્મચારી હતા ત્યારે જામનગરમાં આવ્યા હતા અને હાટકેશ્વરના મંદિરમાં ઉતર્યા હતા. તેમને નાભીમાં એક વણ થયું હતું. જેમાં સોજો અને પીડા ઘણી હતી પોટીસ લગાડવાથી બહુ સુક્ષ્મ છિદ્ર થઇને તેમાંથી જરા જરા પરૂ નીકળવા લાગ્યું, બ્રહ્મચારીને બહુ કષ્ટ થતું હતું. તેઓ બીજાના હાથનું રાંધેલું જમતા નહોતા અને આવી ભયંકર માંદગીમાં હાથે રાંધવું તે ઘણું કષ્ટવાળું હતું. એ વખતે જામનગરમાં માધવરાવ નામના દક્ષિણી દાકતર હતા. તેમજ આ બ્રહ્મચારીજી પણ દક્ષિણી હતા. તેથી દાકતર સાહેબ બ્રહ્મચારીજીને પોતાને ઘેર તેડી ગયા અને બે ચાર દિવસ પોટીસ બાંધ્યા પછી એ સ્થળે છરીથી માર્ગ કર્યો. આથી જરા વધારે પરૂ નીકળી ગયું અને પિડા શાંત થઇ. તો પણ તે છિદ્ર રૂઝાયું ન હોતું. અને તેમાંથી પરૂ આવતું હતું. ઝંડુભટ્ટજી સાધુ, સન્યાસી, વિદ્વાન વગેરેને મળવાની પોતાની ટેવ પ્રમાણે આ બ્રહ્મચારી પાસે પણ જતા. તેઓશ્રીએ તે વણને ચિર્યા પછી જોઇ કહ્યું કે "હજી આ વણ રૂઝાશે નહિ, અને એમાંથી પરૂનો જામી ગયેલો ધોળો કટકો નીકળશે ત્યાર પછી રૂઝાશે." થોડા દિવસ પછી તે જગ્યાએ સોજો થયો અને પીડા થવા લાગી તેથી ડૉકટર સાહેબે ફરી ચીરવાની વાત કરી. પણ બ્રહ્મચારીજીએ ના પાડી અને ભટ્ટજીની સલાહ લઇ દોષઘ્ન લેપ બાંધવા માંડયો પછી બ્રહ્મચારીજી ભટ્ટજીનો વાડીએજ રહેવા ગયા. દોષઘ્ન લેપથી પ્રથમ પીડા વધી, અને એક દિવસ બપોરે બ્રહ્મચારીજીને બહુજ પીડા વધવાથી ભટ્ટજી જોવા ગયા. ત્યાં બ્રહ્મચારીના વણમાંથી પોતે કહ્યો હતો તેવો પરૂનો બંધાઇ ગયેલો કટકો નીકળ્યો હતો, તે પછી પીડા શાંત થઇ, ભટ્ટજીએ તેમાં જલ્યાદિ વ્રત ભરી તે ઉપર દોષઘ્ન લેપ બાંધવાથી થોડો વખતમાંજ વણ રૂઝાઇ જતાં આરામ થયો. બ્રહ્મચારીજીને ઘણું દહીં ખાવાની ટેવ હતી, અને દહીં અભિષ્યંદિ હોવાથી આ પ્રકારનું વણ થયું હતું એમ ભટ્ટજીએ પોતાના શિષ્ય વર્ગને સમજાવ્યું હતું.

જામ વિભાજીના અતિ માનીતા **ટકા જોષી**ને વાંસામાં ગુમડું થયું હતું. એ વખતે ભટ્ટજી બહાર ગામ હોવાથી જામસાહેબે તાર કરીને તેડાવ્યા. ભટ્ટજીએ આવીને જોયું તો સોજો કઠણ હતો, ભટ્ટજીએ ટકા જોષીને આશ્વાસન આપી દોષઘ્ન લેપની ચિકિત્સા શરૂ કરી. જામશ્રીના પુર્ણ કૃપાપાત્ર જોષીને જોવા રાજ્યના દાકતરો અને અન્ય વૈદ્યો પણ ઘણાં આવતાં પરંતુ સારવારતો ભટ્ટજીનીજ ચાલતી દોષઘ્ન લેપની અસરથી અંદર પાકીને પરૂ થઇ ગયું પણ આહું ચામડીનું જાડું પડ હોવાથી બહાર મોહું થયું નહિં. તેથી ભટ્ટજીએ દાકતરને એ ચામડી ચીરીને મોહું કરી આપવા કહ્યું. પણ જામ-

સાહેબના જોષીને કાંઇ થાય તો? એમ બીહીને દાકતરે ના પાડી. તેથી ભટ્ટજીએ કહ્યું કે "આપ ચીરશો તેનું જોખમ મારા ઉપર છે, પણ જો આપ નહિંજ ચીરો તો પછી હું વાણંદને બોલાવી અસ્ત્રાથી મોહું કરાવીશ. કેમકે અંદર પરૂ થઇ ગયું છે. તેથી હવે મોહું ન કરવાથી નુકશાન છે" પછી દાકતરે શસ્ત્ર વડે તે વ્રણ ચીર્યું. અને તેમાંથી પુષ્કળ પરૂ નીકળ્યું, પછી એ વ્રણને હંમેશાં પંચ વલ્કલના કવાથથી ધોઇ અંદર જાત્યાદિ ઘૃત ભરી ઉપર દોષઘ્ન લેપ બાંધવામાં આવતો હતો. તેથી વ્રણ થોડા સમયમાં રૂઝાઇ ગયું.

જામવિભાજીના પ્રાઇવેટ સેક્રટરી **ફરામજી** શેઠને વાંસામાં પાકું થયું હતું. તેને ભટ્ટજીની દવા કરવા **જામસાહેબે** સુચના કરી. પરંતુ તેણે દાકતરની દવા કરી ઇશ્વરેચ્છાથી આરામ ન થતાં તેઓ ગુજરી ગયા. પછી જામસાહેબ તેને ત્યાં બેસણામાં ગયા હતા. ત્યાંથી પાછા વળતાં, ભટ્ટજીની તબિયત જરા નરમ હોવાથી, તેમને જોવાને ભટ્ટજીને ઘેર ગયા. અગાઉથી બોડી–ગાર્ડ (સ્વારે) આવી કહ્યું કે "જામસાહેબ પધારે છે." સહુ બેઠકની તૈયારી કરવા લાગ્યા. ત્યાં જામસાહેબ પધાર્યા. અને ઓસરી ઉપર ચડતાંજ "ભટ્ટજી! સુતા રહો, સુતા રહો, તબિયત કેમ છે?" એમ પુછ્યું. તોપણ ભટ્ટજીએ ઉભા થઇ સલામ ભરી "બહુ સારૂં છે" એમ કહી ખુરસી પાસે નીચે બેઠા એ વખતે એ વખતે ટકાજોષી પણ સાથે હતા. તેના સામું જોઇ જામસાહેબે કહ્યું કે 'ટકા! ટકા! ફરામજી શેઠ મરી ગયા, મેં તેને કહેલ કે ભટ્ટજીની દવા કરો પણ મારૂં માન્યું નહિં અને દાકતરની દવા કરી ભટ્ટજી એવા ગુમડાંના કામમાં ઘણુંજ સારૂં જાણે છે." ભટ્ટજીએ હાથ જોડી વિનંતી કરી જે 'સાહેબ મારા કરતાં દાકતર સાહેબનું જ્ઞાન ઘણું વધારે છે, મારૂં જ્ઞાન કાચું છે. કોઇ વખત આંધળાનો ધા પાંસરો થઇ જાય" ટકાજોષીએ કહ્યું કે" ના, ના, ભટજી આ દરદમાંતો જામ-સાહેબ સાચું કહે છે. જામનગરના પ્રખ્યાત **વિ૦ ભાલુમહોપાધ્યાય શાસ્ત્રીજી હાથીભાઇ હરિશંકર**ની પ્રકૃતિ પહેલાં બહુ નબળી રહ્યા કરતી હતી. તેથી ભટ્ટજીએ તેમને **વિડંગ તંદુલ** પ્રયોગ કરાવ્યો હતો. આ પ્રયોગ પોતે કેવી રીતે કર્યો એ વિષે શાસ્ત્રીજી ઝંડુભટ્ટજી પૃષ્ટ ૮૮માં નીચે પ્રમાણે લખે છે કે,

"વિ. સં. ૧૯૪૬ના શ્રાવણ વદ નવમીને દિવસે ત્રણ વર્ષના પુત્રને તેડી પંચેશ્વરના ચોકમાં હું સ્વારી દેખાડવા ઉભો હતો. ત્યાં અશકિતને લીધે પુત્રને પોલીસ ચોકીના પડથાર ઉપર ઉભો રાખ્યો હતો. ત્યાં વૈદ્યરાજ **બાવાભાઇ** તથા **ઝંડુભટ્ટજીને** બીડભંજન તરફથી આવતા જોયા. એટલે તેમના તરફ વળી પ્રણામ કર્યા. આ વખતે મારો ચહેરો જોઇ બાવાભાઇએ તુરત મારી નાડી જોઇ, અને પછી ઝંડુભટ્ટજીને જોવા કહ્યું. નાડી જોઈ બન્નેએ મને કહ્યું કે "તમે ઘેર જઇ આરામથી સુવો." મને પણ જ્વરાવેશ પહેલેથી જણાતો હતો એટલે ઘેર જઇ આરામથી સુતો. બીજે દિવસે બેય વૈદ્યોએ ઘેર આવી ઔષધોપચાર શરૂ કર્યો. જેથી છ દિવસે જ્વર નિઃશેષ થયો. તે પછી બાવાભાઇએ એક ચાટણ નિત્ય સેવન કરવા આપ્યું આ ચાટણ માઘ સુદ ૧૫ સુધી ખવરાવી બંધ કર્યું. પછી ઝંડુભટ્ટજીએ ફાગણ સુદ ૧ થી એક માસનું **વસંતવૃત** કરાવ્યું. જેમાં નિત્ય 'વિડંગતંદુલચુર્ણ' ગળોના કવાથ

સાથે સૂર્યોદયે લેવાતું હતું. અને બપોરે એક બજે ભાત, ઘી, તથા મગનું મોળું ઓસાણ, આમળા નાખીને લેવાતું. શરૂઆત એક રૂપીઆ ભારથી કરી હતી પછી ચાર ચાર રૂપીઆ ભાર લેતો. સવારમાં ગળોનો કવાથ વાટકો ભરીને અને તેમાં ચાર તોલાભાર વિડંગતંદુલ ચૂર્ણ નાખીને પીતો. સાતમે દિવસથી ઝાડામાં ફીમી નીકળવાનું શરૂ થયું. તે તેરમાં દિવસ સુધી નીકળ્યાં, તે પછી ફીમી જોવામાં ન આવ્યાં. પણ શરીર ઋક્ષ જેવું લાગતું, અને ખોરાક છેક બે બજે એક વખત લેવાતો પણ શરીરમા સ્ફુરતી આવી. અને એક માસ પુરો થતા, શરિરનું વજન સાડાચાર રતલ ઘટયું. ચૈત્ર સુદી ૧ થી ધીમે ધીમે બીજો ખોરાક શરૂ કર્યો. પછી બાવાભાઇએ પહેલાં આપતા હતા તે રસાયન આપવા માંડયું. અને વૈશાખ સુદ ૫ ને દિવસે બાવાભાઇને ત્યાં ઝંડુભટજી પધાર્યા, ત્યારે મને જોઇને બાવાભાઇએ કહ્યું કે "ગયા શ્રાવણ વદ નવમીને દિવસે અમને બન્નેને એવી બીક લાગી હતી કે તારું શરીર ૧૫ ૨૦ દિવસમાં પડી જશે. પણ જ્યારે ભટજીએ કહ્યું કે ફાગણ મહિના સુધી તમે બચાવો તો પછી હું ન મરવા દઉં. ત્યારે ફાગણ સુધી બચાવવાની મેં પ્રતિજ્ઞા કરી. પછી તમે પણ બરાબર **વસંતવૃત** કર્યું. હવે બીજાં પચ્ચીશવર્ષની અમે ગરેન્ટી કરીએ છીએ." આ પછી પાછું સાં, ૧૯૪૭ના ફાગણમાં મેં એજ વૃત કર્યું, અને સં. ૧૯૫૬માં પણ એજ પ્રમાણે વૃત કર્યું. પ્રથમ વૃત કર્યા પછી મારી જઠરની શંકિત મણ્ડાજ સારી થઇ. જેથી ભાત દાળ જેવો ખોરાક પચવાને પ્રથમ મને ૧૬ કલાક લાગતા, તેને બદલે વૃત કર્યા પછી કાઠીઆવાડી ઢોસાનું ઉપર ઘીનું ચુરમું પણ મને ૧૨ કલાકે પચી જવા લાગ્યું. એ વસંત વૃતની અસર મને હજી પણ જણાય છે. મારા શરિરમાં ફોડકી, ખસ, ખરજ જેવું કશું નથી થતું. આ પછી મેં મારા ઘરમાં પણ મારા પુત્રોને એકેક માસના વસંત વૃત કરાવ્યાં છે.

ભટ્ટજી, મહાકુષ્ટ, રકતપિત્ત જેવાં અસાધ્ય અને ભયંકર દરદ ઉપર વિડંગતંદુલનો પ્રયોગ કરાવતા. એ પ્રયોગ ભટ્ટજીના ખાસ પ્રિય ઉપાયોમાં ગણાય છે. ભટ્ટજીને એ પ્રયોગ ઉપર કેવી શ્રદ્ધા હતી, તે વિષે તેઓ એક પત્રમાં લખે છે કે:—"ગ્રંથકારેતો તેનો પ્રભાવ બહુ દેખાડયો છે. ॥ **मासे मासे प्रयोगे वर्ष शतमायुषोऽभिवृद्धिर्भवति** ॥ પણ મારૂ મન એટલું તો ખાત્રીથી કહે છે કે ઓછામાં ઓછું દસ વર્ષ સુધીનું તો જીવન એ ઔષધ આપ્યા વિના રહેશે નહિં. વિડંગતંદુલ, માનસિક અને શારીરિક બેય રોગને મટાડે છે."

ઉદરરોગ અસાધ્ય ગણાય છે. **सहस्त्रेषु जलोदरी** ॥ હજારમાં એક ઉદરરોગી બચે એમ શાસ્ત્ર કહે છે. તેવા એક રોગીને ભટ્ટજીએ ચંદ્રપ્રભા (કે જે ઘણાંખરા રોગોમાં કાંઇક રસ્તો કરે છે. તે) આપવી શરૂ કરી અને જુલાબ માટે એમાં નેપાળાના શોધેલાં બીનો લાગ આપી, ચણા જેવડી ચંદ્રપ્રભાની ગોળી સવારમાં આપતા, અને સાંજે નેપાળા વગરની ચંદ્રપ્રભા આપતા. તેથી દરદી રાત્રે નિરાંતે સુઇ રહેતો. અને દિવસે જુલાબ થતો. આ એકજ દવાની ચમત્કારીક ચિકિત્સાથી તે દરદીને આરામ થયો હતો.

જામનગરમાં એક **શ્રીમાળી બ્રહ્મણ** કે જે તુરતમાંજ પરણ્યો હતો, તેને ઉદરરોગ

થયો એ અસાધ્ય વ્યાધિથી તેની વિધવા બહેન ભટ્ટજી પાસે આવી આંખમાં આંસુ લાવી કહેવા લાગી કે "હું કાંઇ આપી શકું તેમ નથી અમો ગરીબ છીએ તો મારા ભાઇને જોઇ દવા કરો" ભટ્ટજીએ તેની દવા શરૂ કરી, અને માત્ર દુધજ પીવું. બીજુ અન્ન પાણી ન લેવાનું કહી, **નારસીંહ ચુર્ણ** આપવું શરૂ કર્યું. પંદર દિવસ કાંઇ ફેર પડયો નહિં પણ સોળમે દહાડે રાતમાં તેના પેટમાં અવાજ થવા લાગ્યો. તે સાંભળી તેની બહેને પાડોશણને પુછયું કે " કેમ આજે વહેલી ઘંટી ચલાવી ?" ત્યારે પાડોસણે જવાબ આપ્યો કે "અમે હજી સુતા છીએ પણ ઘંટીનો અવાજ આવતો સાંભળી, તમે ઘંટી ફેરવતાં હશો એમ ધાર્યું હતું. પણ તમેતો ઉલટા અમને પુછો છો ત્યારે આ ઘંટી ક્યાં ચાલે છે. ?" સાંભળી ઓસરીમાં સુતેલા તેના ભાઇએ કહ્યું કે "બ્હેન એતો મારા પેટમાં ઘંટી ફર્યા જેવો અવાજ થાય છે." એ સાભળી તેની બ્હેન ઓસરીમાં આવીને "તને શું થાય છે" તેમ પુછયું. ત્યાં દરદીને ખરચુની હાજત થઇ, તેની બ્હેને હાથ ઝાલી ફળીમાં ખરચુ બેસાર્યો. દરદીને જુલાબ લાગી એટલો બધો ઝાડો થયો કે પીળા ઝાડાથી કુંડું ભરાઇ ગયું. દરદીને શાંતિ થતાં ઉંઘ આવી ગઇ. સવારે ભટ્ટજી આવતાં તેની બ્હેને રાત્રીની બધી વાત કહી ઝાડો બતાવ્યો. તે ઝાડો જોઇને ભટ્ટજીએ કહ્યું કે ',બ્હેન હવે તારા ભાઇનું દરદ મટી ગયું જાણજે તારી મહેનત સફળ થઇ' તે પછી દરદીને હંમેશાં ઝાડા થવા લાગ્યા. અને ધીમે ધીમે આરામ થઇ ગયો. અને તેજ નારસિંહ ચુર્ણથી શરિરમાં શક્તિ આવી ગઇ. તે બ્રાહ્મણને દુધ પિવા માટે પૈસા પણ ઘણાંખરા ભટ્ટજીએજ આપ્યા હતા.—દવાની અસરનો ઘણોખરો આધાર તેની માત્રા ઉપર છે. અને એકની એક ચીજ માત્રમાં વધારો ઘટાડો કરીને જુદા જુદા રોગો ઉપર વાપરી શકાય એવો ભટ્ટજીનો સિદ્ધાંત હતો. દાખલા તરીકે શંસમની, શિત્તવીર્ય, ઉષ્ણવીર્ય, વગેરે ગોળીઓ એક વખતે ૧થી૬૦ સુધી વાપરતા આખા દિવસમાં ૧૨૦ ગોળી આપવાથી થારેલો ફાયદો થયાનો નીચેનો દાખલો બન્યો હતોઃ—

" એક દિવસ એક પરજીયો ચારણ અને તેની બુઢ્ઢી મા, જાંબુડેથી સવારમાં ભટ્ટજીની પાસે આવ્યાં. છોકરાની ઉંમર ૨૦ વર્ષની હતી. પણ તે એટલો નબળો હતો કે તે ચાલી શકતો નહોતો. તેનું શરિર ક્ષીણ થઇ ગયું હતું. તેની બુઢ્ઢી મા ભટ્ટજી પાસે રોઇ પડી અને પોતાના દિકરાને સાજો કરવા માટે આજીજી કરવા માંડી. એ બિચારી ગરિબ નિરાધાર ડોસીપર દયા લાવી. ભટ્ટજીએ એક ઓરડી રહેવા આપી અને દવા શરૂ કરી. બે ત્રણ દિવસ જુદી જુદી દવાઓ આપ્યા પછી ઉષ્ણવીર્ય રસાયની શરૂ કરી. અને હંમેશાં સવાર સાંજ અકકેક ગોળી વધારવા માંડી, પહેલાં તો કાંઇ ખાસ અસર દેખાઇ નહિં. પણ જ્યારે ૧૨૦ ગોળી ખાવા માંડી, ત્યારે દવાની અસર જણાવા લાગી. શરિરમાં શક્તિ આવતાં છોકરાએજ કહ્યું કે "હવે મને થાક લાગતો નથી." પછી તો દિવસે દિવસે તેના શરીરમાં શક્તિ વધવા લાગી. શરિરમાં લોહી ભરાયું ગાલ ઉપર ગુલાબી રંગ આવી ગયો. અને સંપૂર્ણ પુરુષત્વ પ્રાપ્ત થતાં, તે ખુશી થયો.

ફકત જામનગરમાંજ નહિં પણ બહાર ગામના પણ ઘણા લોકોને ભટ્ટજી ઉપર શ્રદ્ધા

હતી, બહાર ગામના માણસો, ભટ્ટજી ગામમાં આવ્યા છે એમ ખબર પડે કે તેમને તબિયત બતાવવા દોડાદોડ કરતા **ભટ્ટજી** એક વખત મુંબઇ ગયેલા ત્યાં એ વખતે રા. **મથુરાદાસ લવજી** કરીને એક સુધારક શેઠ પ્રસિદ્ધ હતા, એમના ઘરમાં કોઇ બાઇને પેટમાં સખ્ત દુખાવો ત્રણ દિવસથી થતો હતો. ડૉક્ટરોની દવા ચાલુ હતી. તેને રા૦ જટાશંકર ભાઇ સાથે ભટ્ટજી પણ જોવા ગયા. એમને જોઇને ભટ્ટજીએ દવા આપી અને એક કલાકમાં તેને આરામ થઇ ગયો. શેઠને તથા બીજા વૈદ્ય ડાકતરોને ભટ્ટજીની ચિકિત્સા ચમત્કારી લાગી.

જામનગરમાં મેતાજી **દેવરામ કરસનજી**ની ઓળખાણ વાળી એક બાઇને **ભોંય** લીધી હતી. ત્યાં ભટ્ટજી સુંબઇથી આવ્યાના ખબર તેને થતાં દેવરામ મેતાજી તેડવા ગયા. ભટ્ટજી હજી ઉંટ ઉપરથી ઉતર્યા હતા. (તે વખતે રેલ્વે વઢવાણ સુધી હતી.) અને મુસાફરીના લુગડાં બદલ્યા ન હતાં ત્યાં તેઓના કહેવાથી કેસની સ્થિતી જાણી, એમને એમ તેના સાથે ગયા. ને રસ્તામાંથી એક વાણંદીયાણીને બોલાવી લીધી અને એ બાઇના હાથથી દરદી બાઇને પીચકારી મરાવી, દવા દુકાનેથી મંગાવી ખવરાવી અને એક કલાક રોકાઇને બાઇને આરામ જણાયા પછી ઘેર ગયા અને એ બાંઇ જવી ગઇ.

એક નીચેના કેસમાં દવાની વિચિત્ર શોધનો દાખલો છે કે જામનગરના **રણછોડજી**ના મંદીરના **પુજારી વલ્લભરામ**ને મોઢામાં કાંઇ એવું દરદ થયું કે ત્રણ ઉપવાસ થયા કાંઇ ખવાય નહિં. બોરીશકાય નહિં એવી સ્થિતી હતી ત્યાં ભટ્ટજી દર્શને આવ્યા એટલે બોલવાંના શકિત નહિં હોવાથી લખીને ભટ્ટજી આગળ બધી વાત કરી. ભટ્ટજીએ તેને કાંઇક ઔષધ આપ્યું. તેથી તેને એકજ કલાકમાં બધી પીડા મટી જઇ અને અનાજ જમ્યા હતા. તે પુજારીના પિતાને ઉંદર કરડવાથી ઉંદરવા થઇ, ત્રણ મોટા ગડા થયા. અને બહુ પીડા થવા લાગી ભટ્ટજીએ છ માસ દવા કરી અને **આવાભાઇ** તથા **શંભુભાઇ**ને ભટ્ટજી તેડી લાવ્યા તેઓએ એક માસ ઔષધ આપ્યું પણ કાંઇ ફેર પડયો નહિં. ત્યારે ભટ્ટજીએ ફરી પોતાના હાથમાં તે કેસ લીધો અને સુધારા ખતાના ઉપરીને કહી **બીલાડીના** દાઢ મંગાવી, એ ગડા ઉપર ચોપડાવી જોથી બે કલાકમાં તે ત્રણેય ગડા ફુટી જતાં, તે દરદમાંથી તેઓ સાવ મુકત થયા. (એ રીતે બીંદડીના હાડકાનો લેપ કરવાનું વાગ્ભટ્ટમાં ઉ. અ. ૩૯ શ્લોક ૩૨માં કહ્યું છે.)

જામનગરના રહિશ નાગર ગૃહસ્થ **મોતીરામ** રાંડાણીના જ્યેષ્ઠ પુત્ર **ઉદયશંકર** ભાઇએ ભટ્ટજીને દરબારમાં વાત કરીકે "મારા પિતાશ્રી હવે આખરના શ્વાસ લ્યે છે, આજે અમે એમના હાથે છેવટના દાનો કરાવ્યાં છે. અને અત્યારે ગોદાન એમને હાથે કરવાની ગોઠવણ કરી હું અહિં આવ્યો છું. આપના દર્શનની તેઓ બહુ જ ખના કરે છે. તેથી ભટ્ટજી તેઓ સાથે તેમને ઘેર ધર્યા. ત્યાં ગોદાનની ક્રિયા થતી હતી. પોતાને ત્યાં બે ચાર ગાયો હતી. તેમાંથી એક ગાયનું બ્રાહ્મણને દાન આપી, એ શ્રદ્ધાળુ નાગર ગૃહસ્થ બે માણસોના ટેકાથી ગાયની પછવાડે બે ચાર ડગલાં ચાલીને ગાયની પ્રાર્થના આંખમાં આંસુ લાવી કરતા હતા કે "મેં તને ઘણીવાર લાકડીઓ મારી હશે. પાણી તથા ખડ વહેલું મોડું આપ્યું

હશે વગેરે મારા અપરાધો માફ કરજો." આ પ્રમાણે ગોદાનનો વીધિ ચાલતો હતો ત્યાં ભટ્ટજી આવી પહોંચ્યાં. એ દૃશ્ય જોઇ ભટજીની આંખમાં પણ આંસુ આવી ગયાં. પછી ભટ્ટજીએ એમની નાડી જોઇ, પાસે બેઠેલા સગાવ્હાલાંઓએ કહ્યું કે "હવે કાંઇ દવાની જરૂર નથી, ઇશ્વરનું નામ એજ હવે તો દવા છે." પણ ભટજીએ જવાબ આપ્યો કે "દવા લેવામાં શું હરકત છે? અને આ ગૌદાન થયું છે તો હવે અન્ન ન લેવાનો પણ સંકલ્પ કરો. ઇચ્છા થાય તો દૂધ પીજો." તેથી દરદીએ તથા બીજાઓએ એ વાત કબુલ કરી. અને ભટજીએ દુકાનેથી **અભયામલકી** રસાયન મોકલ્યું. અને એમાંથી થોડું થોડું ચાટવાનું કહેવરાવ્યું. તે ચાટવાથી શ્વાસ નરમ પડયો અને જરા આરામ જણાયો, બીજે દિવસથી દૂધ પીવા માંડયું. પછી તો દવા અને દુધ બન્ને માત્રામાં વધતાં ગયાં. અને પંદર દિવસમાં રોગ શાંત થઇ ગયો. શરિરમાં શક્તિ ભરાવા લાગી. પછી અભયામલકી ચાર ચાર તોલા અને દૂધ બાર બાર શેર (૪૦ ભારનો) લેવા માંડયું. શરીર સારૂં થઇ ગયું. તેથી એક દહાડે મોતીરામ ભાઇએ ભટજીને કહ્યું કે "મારા પાંચ છોકરાઓ જુવાન છે પણ એના કરતાં મારામાં પુરૂષાતન વધારે છે, માટે હવે તો દવા બંધ કરોતો સારૂં, તે પછી દવા બંધ કરી. મોતીરામ ભાઇ તે પછી ઘણાં વર્ષો સુધી તંદુરસ્તી સાથે જીવ્યા હતા. તેમને પોતાના અનુભવથી ભટજી ઉપર એટલી શ્રદ્ધા થઇ ગઇ હતી કે પોતાના એક પુત્રવધુના મરણ પ્રસંગે તેઓ રોતા છાના રહે નહિં. તેથી કોઇએ પુછતાં તેમણે કહ્યું કે " હું વહુને નથી રોતો પણ ભટજીને રોવું છું કે જેણે મને મોતના પંજામાંથી બચાવ્યો અને અત્યારે તે નહિં હોવાથી આ મારી પુત્રવધુને કોઇ બચાવી ન શકયું."

ભટજીનું વૈદું અર્થ લાભ માટે ન હતું પણ કેવળ પરમાર્થિક, દરદીઓ ઉપર દયાવાળું અને નિઃસ્પૃહાવાળું હતું. તેમને શ્રીમંત, ગરીબ, રાજા, ભિખારી, બ્રાહ્મણ, શુદ્ર, વગેરે દરદીઓ સમાન હતા, જે નીચેના દાખલાથી જણાશે:—

"એક દહાડે નાગનાથના નાકા બહાર નાગમતિ નદીને સામે કિનારે રહેતા એક અત્યંજે (ઢેઢે) ભટજી આગળ આવી આંખમાં આંસુ લાવી કહ્યું જે મારી સ્ત્રી માંદી છે, તે કહે છે કે " ભટજી આવી મને જોઇ જાય" એવું વહેન લીધું છે. તો કૃપા કરી તમો જોઇ જશો તો તેને સંતોષ થશે. પછી ભટજી દુર્લભદાસને સાથે લઇ ત્યાં ગયા. અને નાગમતિને કિનારે દુર્લભદાસને ઉભા રાખી પોતાના કપડાં ઉતારી સોંપ્યા. દુર્લભદાસ જાણે કે ભટજીને નહાવું હશે. પણ તેઓ તો સામે કિનારે ઢેઢવાડામાં તે ઢેઢના ઝુંપડામાં ગયા. અને તે બાઇને તપાસી ધીરજ આપી દવા મોકલવાનું કહી, નદીમાં સ્નાન કરી કપડાં પહેરી ઘેર આવ્યા. રસ્તામાં દુર્લભદાસને ઉપરની વાત કહી અને કહ્યું "દરદીનો જીવ વૈદ્યમાં વળગી રહ્યો હોય, માટે વૈદેતો પોતાના સંતાન જાણી તેની સંભાળ લેવી જોઇએ"

એક દિવસે કેટલાએક સ્નેહીઓને રસશાળાની વાડીએ જમવાનું હતું. સહુ નાહી ભટજીની રાહ જોતા બેસી રહ્યા હતા. ત્યાં ભટજી જમસાહેબ પાસે થઇ ગામના દરદીઓને જોઇ, પાંચેક માણસ ચાલીને વાડીએ આવ્યા, અને જમવા માટે નાહ્યા. હજી અબોટીયું

પહેરતા હતા તેટલામાં એક વહોરાએ આવી કહ્યું કે "મારા દીકરાને કોલેરા થયું છે, માટે ભટજીને તેડવા આવ્યો છું. ભટજીએ તુરતજ અબોટીયું ઉતારી લુગડાં પહેર્યાં. સર્વેને પીરસાઇ ગયું હતું એટલે પોતે કહ્યુ કે "તમે જમી લેજો હું આવીને જમીશ" ત્યારે તેમના મિત્ર પ્રેમશંકરે કહ્યું કે "આપ જમીને ગયા હોત તો જમવામાં કેટલી વાર લાગત" ત્યારે ભટ્ટજીએ કહ્યું કે "હું આવીને તે વાત સમજાવીશ આપ સહુ જમી લ્યો" રસશાળાથી જામનગરની વહોરાવાડ બે માઇલ દૂર છે. અને મધ્યાન્હનો વખત હતો છતાં એ બાબતમાં ભટ્ટજી કાયર ન હતા. વહોરાવાડમાં જઇ દરદીને જોઇ દવા આપી ભટ્ટજી પાછા આવ્યા. ત્યારે પ્રેમશંકરે ભટ્ટજીને પાછું કહ્યું કે "વહોરાવાડ ઘણી દૂર છે. અને તમને જમતાં વાર નથી લાગતી, તેથી જમીને ગયા હોત તો આ રસોઇ ખરાબ ન થાત (ઠરી ન જાત)" ત્યારે ભટ્ટજીએ કહ્યું કે "જુઓ ! દરદીને કોલેરા હતું. કોલેરામાં જલદી ઉપાય થવા ઉપર દરદીના બચાવનો ઘણો આધાર છે. હવે માત્ર જમવા ખાતર થોડો વખત ૧૦–૧૨ મીનીટ પણ નકામી જાય તો જમવાના લોભથી એક માણસનો જીવ ખોવરાવ્યો ગણાય, ગાડી આવતાં વાર લાગે એમ ધારીને હું પગે ચાલીને ગયો તે પણ એજ કારણથી હવે ધારો કે "આપણાંજ પુત્રને કોલેરા થયું હોય, અને દાકતર કે વૈદ્ય આવતા વાર લગાડે તો આપણને કેવું લાગે!

ભટજી જેમ ગામમાં ફી ન લેતા તેમ બહારગામ જાય ત્યારે પણ ફીનું નામ નહિં પાડતા જાતનું રેલ્વે ભાડું ખર્ચીને જતા. અને રાજાએ તેડાવ્યા હોય તો પણ તેની પાસે પોતાની ફી માગતા નહિં. દરદીને સારૂં થાય તો એ આપે તે લેતા. અને કેસ બગડી જાય તો રાજાઓ પાસેથી પણ એક પાઇ સરખી પણ ન લેતા. એ વિષે નીચેના બે દાખલાઓ છે કેઃ

વઢવાણ ઠાકોરશ્રી દાજીરાજ સખ્ત બિમાર થતાં, ભટજીને દવા કરવા બોલાવ્યા. બીજા પણ ઘણાં વૈદ્ય દાકતરો હતા. પણ રોગ અસાધ્ય હોવાથી, સહુ બીલના નાણાં લઇ ચાલવા લાગ્યા. એક વખતે એક વૈદ્યે ભટ્ટજીને સલાહ આપી જે " આપ કેમ ફી લઇ પ્રયાણ કરતા નથી, ભટજી કહે મારે ફી લેવી નથી તેમ જવું પણ નથી, કારણ કે દરદીને એમ લાગે કે "મોટા મોટા વૈદ્ય દાકતરો મને છોડી ચાલ્યા જાય છે તો શું મારૂં શરિર નહિં રહે? " એમ દરદીના મનને નિરાશા ન થાય, માટે હું બેઠો છું. ત્રણ માસ વિત્યા પછી એ કદરદાન રાજવિએ ભટ્ટજીને રૂપીઆ ૧૦,૦૦૦ આપવા માંડયા. એણે જાણ્યું હશે કે " હવે હું બચીશ નહિં, અને ભટ્ટજીનું ઋણ માથે રહી જશે. " પણ ભટ્ટજીએ એ રૂપીઆ નહિં લેતાં કહ્યું કે " આપની તબિયત સારી થઇ જશે ને માથે પાણી નાખશું, ત્યારે આપ જે આપશો તે હું લઇશ. " ઠાકોર સાહેબ કહે " આ તો તમારી નોકરીના આપું છું. હું સાજો થઇશ ત્યારે રૂપીઆ બે લાખ આપીશ " પરંતુ ભટ્ટજીએ તે રૂપીઆ લીધા નહિં. ઉપરની વાતચિત વખતે એક દાકતર ત્યાં બેઠા હતા. તેણે પાછળથી ભટ્ટજીને પુછયું કે "આવડી મોટી રકમ તમે કેમ ન લીધી." ભટ્ટજી કહે, "હું ધારૂં છું કે દરબારશ્રીનું શરિર હવે બે ત્રણ દિવસ રહેશે, એને હું સાજા ન કરી શકયો, તો એના રૂપીઆ મફત કેમ લઉં?" દાકતર સાહેબો એ હકિકત જાણ્યા પછી, બીજેજ દહાડે પોતાનું બીલ કરી રૂપીઆ લઇ રજા લીધી હતી. ત્રીજે દહાડે દરબારે કૈલાસવાસ કર્યો. એટલે ભટ્ટજી સ્મસાનેથી

આવીને કોઇની રજા લીધા સિવાય પરબારા જામનગર તરફ રવાના થયા. એ વાતની જાણ થતાં, પાછળથી રૂપીઆ ૨૦૦૦)ની હુંડી રાજ્ય તરફથી આવી, તે પણ ભટ્ટજીએ નહિં લેતાં, લખ્યું કે "જો દરબારશ્રીને આરામ થયો હોત, તો હું લાખો રૂપીઆ લેત પણ પરિણામ આવું આવ્યું, માટે હવે મારે એક પાઇ પણ ન ખપે. પરિણામ મારા જાણવામાં હતું છતાં એમના સંતોષ ખાતરજ હું એટલા દિવસ ત્યાં રોકાયો હતો,

જસદણ દરબાર આલાખાચરના કુટુંબમાં એક **કુંવરી** બિમાર હતાં. તેમની દવા કરવા ભટ્ટજીને બોલાવ્યા. દરદ અસાધ્ય હતું. પણ દરદીને ભટ્ટજી ઉપર શ્રદ્ધા હતી, તેથી ભટ્ટજી અઢી માસ ત્યાં રહ્યા. પરિણામે અઢી માસે કુંવરીનો દેહ છુટી ગયો. તે પછી બીજે દહાડે **આલાખાચરે** ભટ્ટજી બીલ નહિં આપતા હોવાથી દોઢહજાર રૂપીઆ આપવા માંડયા. પણ ભટ્ટજીએ કહ્યું કે "બેન સજાં થયાં હોત તો આપ જે આપત તે હું લેત, પણ હવે હું કાંઇ નહિં લઉં." તેથી **આલાખાચરને** ખોટું લાગ્યું. અને ભટ્ટજી જેવા માણસને નોકરી ધંધો છોડાવી બે ત્રણ માસ રાખ્યા અને હવે કાંઇ લીધા વગર રાજ્યમાંથી જાય તો રાજ્યનું ઘણું ખોટું દેખાય તેમ માની, પોતાના **કારભારી** તથા એક **લહેરીપ્રસાદ** નામના સ્વામિજીને ભટ્ટજીને સમજાવવા મોકલ્યા. તેઓએ ઘણી દલીલો કરી, છતાં ભટ્ટજી માન્યા નહિં. ત્યારે સ્વામિજીએ કડવા શબ્દો કહ્યા કે "ભટ્ટજી તમને તો જમાનાની પણ ખબર નથી. શામાટે આટલા રૂપીઆ મુકી દો છો? કયાં તે ગરીબ છે! દરબારના ઘરમાં ખોટ નહિં આવે, અને તેના ઘરમાં બચાવ્યું શું ચુણ કરશે?" પછી ભટ્ટજીએ જવાબ આપ્યો કે "સ્વામિ તમે મને શું કસાઇ સમજો છે? એક તો એના ઘરમાંથી માણસ ગયું અને હું પૈસા લઉં? હા! એ બચી હોત તો હું લેત બાકી સ્વામિ ઇશ્વરનેજ એની પાસેથી મને કાંઇ નહિં અપાવવું હોય. નહિંતો આ અઢી મહિનામાં આ જસદણ રાજ્યના ૧૭૦૦ ગરીબ દરદીઓને મેં સાજા કર્યા, ત્યારે એક એ કુંવરીજ શું કામ સાજી ન થઇ? અને પૈસો શું ચીજ છે? હજાર હાથવાળા પરમેશ્વર પૈસા આપવા માંડશે, ત્યારે બે હાથ વાળો માણસ કેટલું લઇ શકશે? માટે સ્વામિ હવે તમે મને શરમાવોમાં અને આ ધડપણમાં મારૂ પણ—મારી ટેક છોડાવોમાં ગરીબ હોય કે તવંગર પણ દરદી સાજો ન થાય તો હું પૈસો લેતો નથી. એવો મેં આજ સુધી ટેક પાળી છે. હવે આખર અવસ્થાએ એ ટેક નહિં છોડું હું હવે કેટલું જીવીશ? **વઢવાણ દરબારના** કેશમાં પણ આ પ્રમાણેજ થયું હતું. એક **ડાકતર** ત્યાં આવ્યો, ને તરતજ ગયો. અને પોતાની ફી માગી લીધી. ત્યારે મને ત્રાસ થયો હતો કે આતે ડાકતર કે કસાઇ? માટે એ કામ હું નહિં કરૂં હવે આ બાબતમાં એક શબ્દ આપ મને ન કહેશો. પછી સ્વામિએ આલાખાચર તથા તેમના પુત્રને સમજાવ્યા. કે "ભટ્ટજીને વધારે કહેવામાં સાર નથી. તે પોતાની ટેક નહિં છોડે એમ કહી કહ્યું કે "મેં ભગવાં પહેર્યાં છે પણ અંતરના ખરા ત્યાગી તો એ ભટ્ટજી છે."

ઉપર પ્રમાણે ભટ્ટજીએ જસદણ રાજ્યમાં અઢી માસ રહી ૧૭૦૦ દરદીઓને આરામ કરી પોતાની ટેક જાળવી જામનગર આવ્યા હતા. ભટ્ટજી સ્વભાવે ઉદાર, દયાળુ, ઉત્સાહી,

હિંમતવાન, ટેકીલા અને શાંત હતા, તેમના જીવનચરિત્રનું લગભગ ૨૨૫ પાનાનું દળદાર પુસ્તક તેમના ચી૰ **શ્રીશંકરપ્રસાદભાઇએ** છપાવી બહાર પાડેલ છે. જેમાંથી ઉપરોક્ત હકિકત લખવામાં આવી છે. માટે વાંચક વર્ગને એ પ્રાતઃ સ્મરણીય ધનવન્તરી અવતારનું વિષેશ ચારિત્ર્ય જાણવા એ પુસ્તક વાંચવા ભલામણ કરવામાં આવે છે. ભટ્ટજીની ઉદારતા, તેમના પાછળનું એક લાખ અને બાસઠ હજાર રૂપીઆનું કરજ સિદ્ધ કરી બતાવે છે. જે મોટી રકમનું કરજ ટેટલુંક રાજ્યની મદદથી, ટેટલુંક ઉદાર શ્રીમંતોની મદદથી ભરાઇ ગયું હતું. અને બાકીનું તેમની ફાર્મસીએ ચુકવી આપ્યું હતું.

વિ. સં. ૧૯૫૪ના વૈસાખ વદી ૫ મંગળવારે ભટજી **નડીયાદમાં** (બિહારીદાસ દેશાઇના કુટુંબમાં) દવા કરવા ગયા હતા ત્યારે ત્યાં પોતાના ભૌતીક શરિરનો ત્યાગ કર્યો હતો. ભટજી પોતાના જીવનની છેલ્લી ક્ષણ સુધી દરદીઓને દવા આપવાના પરમાર્થિક કાર્યોમાંજ મગ્ન રહ્યા હતા આવા મહાપુરુષ જામનગરની ભુમિ ઉપર થયા હોવાથી ખરેખર નવાનગર તેમજ સારૂંએ **સૌરાષ્ટ્ર** ગરવ છે, !!!

ભટજીના અવસાન પછી તેમના માનમાં જામનગરમાં જ્યારે પ્રજાજનોએ શોક સભા ભરી ત્યારે વાંકાનેરના **રાજકવિ નથુરામ સુંદરજી** શુકલે ટેટલાંક કાવ્યો રચ્યાં હતાં જેમાંના થોડાંક આ નીચે આપવામાં આવેલ છે:—

—: मंदाक्रांता वृत :—

कांतो फुट्यां च्यवन मुनिनां चक्षुओ बीजी वार ।
थाक्या लागे करी करी क्रिया अश्वनिना कुमार ।
एथी इशे नीज भक्तनी आपदा उर आणी ।
बोलाव्या छे वहुज विनये झंडु सद् वैद्य जाणी ॥१॥

—: शार्दुल :—

कांतो स्वर्गतणा सुवैद्य सुरथी, रिसाइ रोषे रह्या ।
व्याधिना भयथी अधिक अमरो, उरें अधीरा थया ।
एथी मेंळवी हुकम खास हरिनो, दीनोनी छोडी दया ।
आवी वैद्य वरीष्ठ झंडु भट्टने, स्वार्थी सुरो लइ गया॥२॥

—: मंदाक्रांता :—

आपी अपी नित् नित नवां औषधो धर्म बा'ने ।
एतो :कांतो अमर करशे जगत् जीवो बधाने ।
त्यारे मारे फरी शुं घडवुं, धारीने यम धाता ।
लीधो खेंची नीज भुवनमां, झंडु देवांशी दाता ॥३॥

—: स्रग्धरा :—

कोप्या कांतो कपाली, धरपर फरतां शुन्य देखी श्मसानो ।
भुतो प्रेतो पीशाचो भयभित नीरखी कोपीया तुर्तताने ।

ધારી ધ્યાનેં વિચાર્યું બહુ જગ જનને ઝંડુ દે પ્રાણ દાનો ।
ખેંચી લીધો ખુબીથી, હિમગીરી શિખરે મોકલીને વિમાનો ॥૪॥

—: શિખરણી :—

યમો કાંતો: ધાયા ધરમની કને ધીર તજીને ।
જીવાડે છે ઝંડુ બહુ જન ક્રિયા દૈવી સજીને ।
સહુ દૈવી દૃષ્ટે નીરખી કલી કેરા કરમને ।
લીધો બોલાવી ત્યાં, ધરણી તલ કેરા ધરમને ॥૫॥

—: મંદાક્રાંતા :—

યાચ્યું કાંતો અહીધરકનેં ઇન્દુએ નમ્ર ભાવે ।
ધાર્યો આપે શિરપર મુને દુઃખ નિત્યે દબાવે ।
બીજા વૈદ્યો કદી ન કરશે, રાજ રોગી નિરોગી ।
તેડાવ્યા તુર્ત સમજી, ઝંડુને વૃદ્ધ યોગી ॥૬॥

—: શિખરણી :—

જતાં દાની જોયો, નગરપતિ વિમેશ નૃપતિ ।
ફરી જાતાં જોયો, તખત તપધારી અધિપતિ ।
ઉદાશી થ ખોવા, બહુ નૃપતિ જોયા ધરી રતિ ।
ન જોવાથી થવા, ઝટ સ્વરગ પંથે કરી ગતિ ॥૭॥
ઘણા વૈદ્યો વિશ્વે, ચતુર બની ચાલે ચટકતા ।
રમા માટે રોજે, ભુવન ભુવને બહુ ભટકતા ।
વિના સ્વાર્થે નાંહી, અરધ ગુટીકા દઇ અટકતા ।
રહ્યાં ×ઝંડુ= જાતાં, જીવિત અધનીનાં લટકતાં ॥૮॥

× ઝંડુભટ્ટજીના પિતા વીઠ્ઠલભટ્ટજી પણ તેવાજ પરમાર્થી હોવાથી તેમના ઉપર કરજ થવાથી જામનગરના પ્રખ્યાત દીવાન મોતી મેતાએ તે કરજ ચૂકવી આપ્યું હતું. મોતી મેતાનું અવશાન થયા પછી કેટલેક વર્ષે ભટ્ટજી ઉપર પાછું કરજ વધી ગયું હતું. મોતી મેતાનાં વિધવા સ્ત્રીએ એ વાત જણ્યા પછી વીઠ્ઠલભટ્ટજીને કથા વાંચવા બોલાવ્યા અને કથાની પુર્ણાહુતિ વખતે માત્ર રૂા. ૧। કથાના બાજોઠ ઉપર મેલ્યો, બીજે દહાડે એક નાનકડી પેટી તાળુંવાસી સીલ કરી ભટ્ટજીને ઘેર મોકલાવી કહેવરાવ્યું કે "અમો દ્વારીકાએ જઇએ છીએ તો આવતાં સુધી આ પેટી સાંચવજો બાઇ દ્વારકાંએ ગયાં. અને ત્યાં બીમાર થયાં તેથી ભટ્ટજીને દવા કરવા ત્યાં બોલાવ્યા એટલે બાઇએ ભટજીને તે પેટીની કુંચી સોંપી અને કહ્યું" કે "તેમાં જે છે તે સઘળું તમારૂં છે." ભટજી ઘેર આવ્યા પછી બાઇનું શરીર દ્વારકામાંજ પડી ગયું. કહેવાય છે કે તે પેટીમાં એક લાખ કોરીની કિમતના દાગીનાઓ હતા. વિઠ્ઠલજીભટ્ટજીને પણ વૈદક સંબંધી ઉત્તમ જ્ઞાન હતું એક વખત કોઇ દરદીને તે જોવા ગયેલ તેની બાજુના ઘરમાં કોઇએ ઉધરસ બાંધી તે સાંભળી તે બોલ્યા કે "આ ઉધરસ બાનાર બાઇને એક કલાકમાં પ્રસવ થશે, થયું પણ તેમજ" એક દહાડે રસ્તે જતા કોઇ છોકરે ઉધરસ બાંધી તેથી તે બોલ્યા કે "આ છોકરાને બે ચાર માસમાં ક્ષય થશે" અને તેમજ થયું.

કેશવજી શાસ્ત્રી

શાસ્ત્રીજી સોરઠીયા સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિના હતા. તેઓ સામાન્ય સ્થિતિના પિતા **મુરારજી જોશી**ના પુત્ર હતા. નાનપણમાં ગામડી ગોરાણીની નિશાળમાં તેઓએ વ્યાવહારિક શિક્ષણ લીધેલું. સોલેક વર્ષની ઉમ્મરે પોતાના પિતા મુરારજી જોશી પાસે જોવરાવરા આવતા માણસો જોઇ જ્યોતિષ શાસ્ત્રનો અભ્યાસ પિતા પાસેજ શરૂ કરેલ. પણ સંકૃત ભાષાનું જ્ઞાન મેલવવાની ઇચ્છા થતાં વ્યાકરણ સિદ્ધાંત કૌમુદી ભણવા સંકલ્પ કર્યો. આ સમયે જામનગરમાં **શ્રીકૃષ્ણ ભટ્ટજી** નામના વિદ્વાન્ હવેલી મંદીરમાં હતા. તેઓની પાસે સિદ્ધાંત કૌમુદી ભણ્યા. **શાસ્ત્રી કેશવજી** ઘણાજ બુદ્ધિમાન હોવાથી વ્યાકરણ શાસ્ત્રમાં થોડાજ સમયમાં પારંગત થયા. શ્રી કૃષ્ણ ભટ્ટજી સભા પ્રસંગોમાં એમને સાથે લઇ પધારતા અને શાસ્ત્રીજી શાસ્ત્ર-ચર્ચામાં વાદીને પરાસ્ત કરી શ્રી કૃષ્ણ ભટ્ટજીની પ્રતિષ્ઠા તથા આનંદમાં હમેશાં ઉમેરો કરતા.

અહીં મછીપીટનો બારી નામના નગરદરવાજા આગળ ખત્રી લોકોની 'મની' નામનું શ્રી વૈષ્ણવોનું (રામાનુજ સંપ્રદાયનું) દેવસ્થાન છે. તેમાં દ્રાવિડ સમર્થ વિદ્વાન **શ્રીનિવાસ-તાતાચાર્ય** પધાર્યા. તેઓ ન્યાય શાસ્ત્રમાં અદ્વિતીય હતા અને દર વર્ષે અત્રેના રામાનુજ સંપ્રદાયના અનુયાયિ ભકતજનોના અનુગ્રહાર્થે પધારી ચાર પાંચ માસ સ્થિરતા કરતા. એ મહાપુરૂષની સાથે કેશવજી શાસ્ત્રીને પરિચય થતાં ઘણી પ્રસન્નતાથી શ્રી તાતાચાર્યે તેમને ન્યાયશાસ્ત્ર ભણાવ્યું. તાતાચાર્યજી સારા કવિ તથા કાવ્યમર્મજ્ઞ હતા તે સાથે મીમાંસાના પણ ઉમદા વિદ્વાન હતા એટલે તેમના સહવાસનો પ્રતિવર્ષ લાભ મળતાં શાસ્ત્રીજી કાવ્યો, ધર્મ-શાસ્ત્રગ્રંથો તથા મીમાંસાના પૂર્ણ અભ્યાસી થયા.

સંવત્ ૧૯૦૮ માં **શ્રી ટોકરા સ્વામી** (પૂર્ણાનંદજી) પધાર્યા તેમની પાસે વેદાન્તના પ્રસ્થાન ગ્રંથો તથા અદ્વૈત સિદ્ધિ ચિત્સુખી પ્રભૃતિ પ્રમાણ ગ્રંથોનો અભ્યાસ કર્યો. આમ કેશવ શાસ્ત્રીજીએ અનેક ગુરૂઓ પાસે અનેક વિદ્યાઓનો અભ્યાસ કરી શ્રી દત્તાત્રેય મુનિનું અનુકરણ કર્યું.

એમના પિતા મોરારજી જોશી જ્યોતિષ શાસ્ત્રના ગૃહલાઘવાદિ સામાન્ય ગ્રંથોના પરિ-ચિત હતા અને શાસ્ત્રીજીનું જ્યોતિષશાસ્ત્ર સંબંધી જ્ઞાન તો એટલે સુધી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યું હતું કે સં. ૧૯૨૬માં જ્યારે તેઓ કાશીયાત્રાએ પધાર્યા અને કાશીમાં લગભગ બે વર્ષ જેટલો સમય રહ્યા. તે દરમ્યાન ભારકરાચાર્ય તુલ્ય ગણાતા **બાપુદેવ શાસ્ત્રી** જેવા જ્યોતિષીઓ સાથે ખગોલવિદ્યા સંબંધી ચર્ચાઓમાં શાસ્ત્રીજી સર્વને વિસ્મય પમાડતા, બાપુદેવ શાસ્ત્રી તો તેમના ઉંડા જ્ઞાનથી એટલા બધા વિસ્મય થયા હતા કે તે પછીના તેમનો પરસ્પરનો પત્ર વ્યવહાર એક ગ્રંથ જેવો હોઇ ખગોળ વિદ્યાની ઘણી સમસ્યાઓનો પરિહાર દર્શક થયો છે.

× લેખકઃ—રા. નવલશંકર હાથીભાઇ શાસ્ત્રી, સમાજસેવક જામનગરી અંક પૃષ્ટ ૭૪

આટલું અગાધ જ્યોતિષશાસ્ત્રનું જ્ઞાન શાસ્ત્રીજીએ કોની પાસેથી મેળવ્યું એ વાતનો ખુલાસો અદ્યાપિ જાણવામાં આવ્યોજ નથી.

જ્યોતિષશાસ્ત્રમાં તેમણે **'કેશવીયા જાતક પદ્ધતિ'** નામનો ગ્રંથ લખી જન્મપત્રીકારોને માટે એક સરલ માર્ગ બનાવી આપ્યો છે. બીજો **'તિથિચિંતામણી** ગ્રંથ લખી પંચાંગ બનાવવાનો સુગમ પ્રકાર તૈયાર કરી આપ્યો છે. જૈમિનીય સૂત્રોની કારિકાઓ રચી તેનું વ્યાખ્યાન પણ પોતે લખ્યું છે કે જે ફલાદેશ કહેવામાં અત્યંત ઉપયોગી છે. પાટી લીલાવતી ઉપર સોપપત્તિક ટીકા લખી છે. તથા વ્યવહાર વિધૂદય નામક ધર્મશાસ્ત્રનો અતિ ઉત્તમ નિબંધ લખ્યો છે. આ ગ્રંથો જ્યારે મુદ્રિત થઇ પ્રસિદ્ધ થશે ત્યારે ઘણાજ લોકોપકારક પ્રતીત થશે. કેશવ શાસ્ત્રીજીને બે પત્ની હતાં. ઝવેરબાને કંઇ પ્રજા ન થવાથી બીજીવાર ગોંડળ પરણ્યા તેમનું નામ જીવીબા હતું. તેમને ૧ પુત્ર તથા ૨ પુત્રીઓ થઇ તેમાં એક પુત્રી નામે નાથીબેન રહ્યાં હતાં, તે એક પુત્ર રમાનાથને તથા બે પુત્રીઓને મેલી સ્વર્ગી થયાં છે.

શાસ્ત્રીજીનો વંશ તો ઉપર દર્શાવ્યા પ્રમાણે છે, પણ તેમનો વિદ્યાવંશ તો એટલો બધો વિશાળ છે કે કચ્છ કાઠીયાવાડ ગુજરાત પ્રભૃતિ દેશોમાં કોઇ પણ સાક્ષર વ્યકિત ઉપલબ્ધ થશે તો તે પ્રાય; કેશવ શાસ્ત્રીજીનીજ વિભૂતિ હશે તેમનો શિષ્યો પ્રતિ પુત્રનિર્વિશેષ પ્રેમ તો આ જન્મમાં ઉદાહરણ રૂપ થઇ પડે તેવો હતો. તેનાં દ્રષ્ટાંતો અહીં અસ્થાને ગણાય પણ તેની સાબેતી તો તેમનાશિષ્યો પુરી પાડે છે કે જેઓ ગુરુનું સ્મરણ અશ્રુવિના ભાગ્યેજ કરી શકે છે.

પ્રાતઃસ્મરણીય **જામશ્રી વિભાજી**ના રાજ્યમાં શાસ્ત્રીજી જામ સાહેબના પરમ પૂજ્ય અને માન્ય હતા. સંવત ૧૯૨૬ માં નારાયણરાવ ખાર્કર જામનગર આવ્યા અને શાસ્ત્રીજીની વિદ્યાથી પરિચિત થઇ વિસ્મય પામ્યા. તે પછી શાસ્ત્રીજી રાજ્યમાં વધારે માન્ય થયા હતા. શાસ્ત્રીજીને બંગલે બોલાવવા સારૂં બાંટ આવતો (તે વખતમાં બે બળદવાળું વપરાતું વહાન) અને આશીર્વચન કરી પ્રયોજનાનુસાર પાંચ દસ મિનિટ બેસી શાસ્ત્રીજી પાછા પધારી જતા; પણ શાસ્ત્રીજી બેઠા હોય ત્યાંસુધી કોઇ કશું અમર્યાદ બોલી ન શકે અને પોતે પણ શાસ્ત્રીજી સાથે યોગ્ય મર્યાદાથી વાતો કરી આમાન્યા જાળવતા. શાસ્ત્રીજીના ઉપદેશથી મહારાજા જામ સાહેબે અનેક શુભ કામો કર્યાં છે, અનેક મહારૂદ્ર, અનેક વિષ્ણુયાગ અનેક સહસ્ત્રચંડી તથા દેવ પ્રતિષ્ઠાઓ, સદાવ્રતો, નવાણો, ધર્મશાળાઓ વિગેરે કરવામાં જે ઉત્સાહ વૃત્તિ જામશ્રી વિભાજીની હતી તે કેશવ શાસ્ત્રીના ઉપદેશને આભારી હતી એમ કહેવું તે વસ્તુ સ્થિતિ છે.

કેશવ શાસ્ત્રીના શિષ્ય વર્ગની ગણના અસંખ્ય છે. તથાપિ તેઓમાંના જગત્ પ્રસિદ્ધ શિષ્યોમાં પ્રથમ ગણના યોગ્ય **શાસ્ત્રી વિશ્વનાથ વલ્લભજી** હતા. તેઓ માંડવીમાં રહેતા અને **રાઓશ્રી પ્રાગમલજી** તથા હાલના કચ્છ નરેશ **મહારાઓશ્રી ખેંગારજી** તેઓને પરમ પૂજ્ય માનતા અને રાઓશ્રી ખેંગારજી જ્યારે માંડવી પધારે ત્યારે **શાસ્ત્રીજી વિશ્વનાથ**ના સ્થાનકે જઇ ત્યાં પ્રણામ કરી પછી દરબારમાં પધારતા.

તેમના બીજા શિષ્ય **શાસ્ત્રી કાળીદાસ ગોવિંદજી** હતા. જેઓએ અનેક શાસ્ત્રીય ગ્રંથોના ઉત્તમ ગુજરાતી ભાષાંતરો લખી દુનીયાનો ઉપકાર કર્યો છે.

શાસ્ત્રી ઘેલુભાઇ પણ કેશવ શાસ્ત્રીના શિષ્ય હતા અને શાસ્ત્રાર્થ કરવામાં સમર્થ હતા. તેઓએ કેટલાક સંપ્રદાયોની અશાસ્ત્રીય રીતિઓ ઉપર ખંડનાત્મક નિબંધો લખ્યા છે કે જેનાં ઉત્તર અદ્યાપિ તે સંપ્રદાયાનુસારીઓ તરફથી થઇ શકયા નથી.

મહાત્મા ઝંડુ ભટ્ટજીના ભાઇ સ્વ. **જટાશંકર વૈદ્ય** શાસ્ત્રીજીના શિષ્ય હતા તથા તેમના નાનાભાઇ ભિષગ્વર **વિશ્વનાથભાઇ** પણ કેશવ શાસ્ત્રીના શિષ્યોમાં થયા છે. અને મહામહોપાધ્યાય **શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર** કે જેઓએ ગુરૂશ્રીનું ગયાશ્રાદ્ધ પોતાના હાથથી કર્યું, તેઓ ગુરૂના અતિ પ્રિય હતા. અને જેઓએ અનેક સંસ્કૃત નાટકો, કથાઓ મહા કાવ્યો લખી સંસ્કૃત સાહિત્યમાં અનુપમ ઉમેરો કર્યો કે જે યાવચ્ચંદ્રદિવાકરૌ લોકોપકાર કરશે.

શાસ્ત્રી હાથીભાઇ હરિશંકર શાસ્ત્રી કેશવજીના છેલ્લા શિષ્યમાં ગણાયા. ગુરૂની અનુકંપા તેમના ઉપર અસામાન્ય હતી. તેઓ અત્યારે આર્યાવર્તની વિદ્વાન મંડળીમાં સુવિદિત છે. ગવર્મેન્ટે તેમને પણ મહામહોપાધ્યાયની પદવી આપી સન્માનિત કર્યા છે. અને **જામશ્રી રણજીતસિંહજી** સાહેબે પણ **ફર્સ્ટ કલાસ ઓર્ડર ઓફ મેરીટનું** સુવર્ણ પદક સમર્પી રાજ સભાના પંડિત નીમ્યા છે અને તેઓ પોતાના ગુરૂશ્રીના નામને અધિક પ્રસિદ્ધિમાં લાવ્યા છે.

સ્થળ સંકોચનેલીધે કેશવ શાસ્ત્રીની શિષ્ય ગણના નામો યાદ આવતાં છતાં બંધ કરવી પડે છે પણ ટુંકમાં એટલુ કહેવું બસ થશે કે આ દેશમાં વ્યાકરણ, ન્યાય, મીમાંસા, વેદાંત ધર્મશાસ્ત્ર, જ્યોતિષ, પુરાણ, ઇતિહાસાદિક જે કાંઇ વિદ્યા દેખાય છે તેનું મુળ જોઇએ તો શુભસ્મરણાવશિષ્ટ પરમશૈવ **શાસ્ત્રીજી કેશવજીજ** પ્રતીત થશે.

સંગીતાચાર્ય—આદિત્યરામજી

નવાનગર સ્ટેટમાં **જામજોધપુર** તાલુકો છે. જે (પોરબંદર રેલ્વે લાઇનનું સ્ટેશન છે. તે ગામે **સંગીતાચાર્ય આદિત્યરામજી**ના પિતામહ **વસનજી વ્યાસ** રહેતા તેઓ જ્ઞાતે **પક્ષારા નાગર** હતા તેમના પુત્ર **વૈકુંઠરામજી** થયા તે **જુનાગઢમાં** નવાબશ્રીના આશ્રયે રહેતા તેમના પુત્ર **સંગીતાચાર્ય આદિત્યરામજી** થયા, જેઓશ્રીનો જન્મ વિ. સં. ૧૮૭૫માં થયો હતો. તેઓને નાનપણથીજ સંગીત ઉપર પ્યાર હતો અને પોતાના સખાઓની મંડળીમાં કુદરતી બક્ષીસ હોવાથી ગાયનો બોલી સર્વને છક કરતા જ્યારે તેઓની આઠ વર્ષની ઉમર થઇ ત્યારે એક વખત નામદાર **નવાબ સાહેબ શ્રી બહાદુરખાનજી** સાહેબ બબ્બનચી **ઝવેરભાઇ** સાથે **આદિત્યરામજી**વાળા મહોલ્લામાં કાંઇ કારણસર આવી

ચઢયા. એ વખતે ગુપ્ત ગંભીર શક્તિ ધરાવનાર આ બાળક (આદિત્યરામ) ઉમંગથી વિના પ્રયાસે આનંદ આવતાં પવન તરંગ સાથે ગાનના તાનતરંગ સરખાવી રહ્યા હતા. કોમલ મધુર તથા સંગીતના નિયમાનુસાર લયથી ભરપુર રાગ સાંભળતાંજ તેઓને તે બાળક જોવાની ઇચ્છા થઇ, તેથી તપાસ કરાવી નામઠામ વગેરે પુછી રાત્રે નવના ટાઇમે નવાબસાહેબના હજુરી બોલાવવા આવતાં **આદિત્યરામજી** તથા તેમના મોટાભાઇ **હરિરામજી** બન્ને નવાબશ્રી પાસે આવ્યા, ત્યારથી તેઓએ નવાબશ્રી હજુર રહી સંગીત વિદ્યા સંપાદન કરી તેમજ આર્યવર **પંડિત ઘનશ્યામ ભટ્ટજી** પાસેથી તેઓએ સંસ્કૃત પંચકાવ્યોનો અભ્યાસ કર્યો. એક વખત આદિત્યરામજી **ગિરનાર** પર્વતપર ગયા. ત્યાં તેઓને એક **સિદ્ધ** મળ્યા. તે સિદ્ધને અતિ **આગ્રહથી** પોતાને ઘેર તેડી લાવી ભોજન કરાવી પછી સંગીતમાં પ્રભુ કિર્તનો મૃદંગ બજાવી ગાઇ સંભળાવી સંતુષ્ટ કર્યા. એથી યોગીરાજે પ્રસન્ન થઇ, આશીર્વાદ આપી વાદ્ય વિષેની સિદ્ધિ સમજાવી ગીરનાર તરફ ગયા. ત્યાર પછી **આદિત્યરામજી**એ ગીરનારપર તે યોગીરાજનો ઘણો તપાસ કર્યો, પણ ફરી દર્શન થયા નહિં. અને યોગીરાજના આશીર્વાદના પ્રભાવે આદિત્યરામજી ત્યારથી ઉન્નતિને શિખરે ચડવા લાગ્યા. વિ. સં. ૧૮૬૬માં જુનાગઢની ગાદિએ **નવાબશ્રી હામદખાનજી** આવ્યા. તેઓશ્રી આદિત્યરામજી પાસે મૃદંગ વાદ્ય શીખ્યા હતા. શીખવાની પૂર્ણ આતુસ્તા જોઇ આદિત્યરામજીએ નવાબશ્રીને કહેલ જે "આપ માત્ર પંદર દિવસમાંજ મૃદંગવાદ્ય સરસ બજાવી શકશો. એટલુંજ નહિં પણ મૃદંગપર બજાવતાં સમ પર બગડો પણ આપ લાવી શકશો." બરોબર થયું. પણ તેમજ. રમત ગમત રમતાં છતાં પંદર દહાડેજ નવાબશ્રી વાદ્ય બજાવતાં સમપર બરાબર સચોટ લયથી આવી પહોંચ્યા. ત્યારથી આદિત્યરામજીની શિક્ષા પદ્ધતિ સર્વ માન્ય થઇ. વિ. સં. ૧૮૯૭માં **જામનગરના** ગોસ્વામિ શ્રી **વ્રજનાથજી** મહારાજના દર્શન માટે તેઓ (વૈષ્ણવ હોવાથી) જામનગર આવ્યા. મહારાજ તેમનું સંગીત સાંભળી અતિ પ્રસન્ન થયા. તેથી મહારાજશ્રીએ તેમને **જામનગરમાં** પોતાની પાસે રહેવા આજ્ઞા કરી, ધર્મગુરૂની આજ્ઞા શિર ચડાવી તેઓ જામનગર આવ્યા એ વખતે **જામશ્રી વિભાજી** યુવરાજપદે હતા. તેઓશ્રીને મળવાનું આદિત્યરામજીને મહારાજશ્રી પાસે વખતો વખત થતું વિ.સં.૧૯૦૮માં જ્યારે **જામશ્રી વિભાજી** (બીજા) ગાદિએ આવ્યા, ત્યારે તેઓ વિદ્યાવિનોદમાં મગ્ન હોવાથી **જામનગરમાં** કાયમના માટે વસવા આદિત્યરામને મહારાજશ્રી મારફત કહેવરાવ્યું, આદિત્યરામજી મુળવતની **જામનગર સ્ટેટના** હોઇ, **ગુરૂની** તથા **નૃપતિની** આજ્ઞા શિર ચડાવી તેઓ જુનાગઢ છોડી કાયમના માટે જામનગરમાં આવી વસ્યા (વિ, સં. ૧૯૦૮) આદિત્યરામજીને કાવ્ય રચવાની પણ કુદરતી બક્ષીસ હતી. તેમણે **નવાબશ્રી બહાદુરખાનજી** તથા **હામદખાનજી** તથા **મહોબતખાનજી** વગેરેના ગુણ વર્ણનનાં કાવ્યો રચ્યાં છે. **જામશ્રી વિભાજી** સાહેબ જ્યારથી તખ્તનશીન થયા, ત્યારથી સત્કર્મો કરી પ્રજાને આનંદનો લ્હાવો લેવરાવ્યો તેવા વર્ણનનાં કાવ્યો પણ તેમણે રચેલાં છે. ત્યારપછી તેમણે **'સંગીતાદિત્ય'** નામનું મહાન પુસ્તક લખ્યું. જે આજે સર્વ સ્થળે પ્રસિદ્ધ અને સંગીત વિદ્યામાં માન્ય પદે છે. તેમાં ક્રમાનુસાર રાગરાગીણીઓ ગોઠવી, નવા ઉદાહરણોવાળાં કાવ્યો ગે. સ્વામિ **વ્રજનાથજી**ના નામ સાથે રચી સંગીતની મહાન સેવા કરી ગયા છે.

જામશ્રી વિભાજી સાહેબ તેઓના તરફ અત્યંત પ્રેમ ધરાવતા અને કેટલીએક અમૂલ્ય ભક્ષિસો આપી, યોગ્ય માનપાનથી તેઓનો સત્કાર કરતા. આદિત્યરામજીએ ગોસ્વામિશ્રી વૃજનાથજી મહારાજ સાથે શુભતીર્થ યાત્રામાં રહી, કલકત્તાથી દ્વારિકા સુધી તથા દિલ્હીથી પુના સતારા સુધી મુસાફરી કરી હતી. તેમજ જોધપુર, જયપુર, બીકાનેર, બુંદી, કોટા ઉદેપુર, ગ્વાલીઅર, કાશી. ઉજ્જન, મથુરા, જગન્નાથ. કલકત્તા વગેરે હિંદુસ્તાનના મુખ્ય શહેરોમાં જઇ સંગીતાર્થની મોટી સભાઓમાં તેઓએ સંગીત ચર્ચાઓ કરી હતી. કોઇપણ શહેરમાં આદિત્યરામજી આવ્યાના ખબર થતાં, પાખંડી, ઢોંગી અથવા સંગીત વિદ્યાના ઢંભીજનો શહેરમાં સંતાઇ રહેતા અથવા તો બીજે ગામ જતા રહેતા. એટલો બધો તેઓનો સંગીત વિદ્યાસંબંધે ×ઓજસ પડતો વિ. સં. ૧૯૨૪માં શ્રીમાન **વૃજનાથજી** મહારાજ ગોલોકવાસી થયા પછી તેઓ ઘણા ઉદાસ રહેતા. તેમણે પોતાના બન્ને પુત્રોને સંગીતવિદ્યા સંપૂર્ણ શીખવી હતી. તેમજ જામનગરમાં કાઠીઆવાડમાં તેમનો શિષ્ય વર્ગ મોટા પ્રમાણમાં છે. તેઓશ્રીની જ્ઞાન શકિતથી ગમે તેવું કઠીન વાદ્ય પણ તેમને હાથ સુલભ હતું. પોતે મધુર ગંભીર અને બુલંદ અવાજથી મેઘ સમાન ગરજી અનેક રાગ રાગણીઓ ગાઇ શકતા. અને **મૃદંગવાદ્ય**નો પોતાનુંજ કરી રાખ્યું હતું. માત્રાઓના હિસાબથી લયના ભિન્નભિન્ન સ્વરૂપમાં એક પરાલ જુદા જુદા તાલોમાં લાવી આપવી ને તેનો હિસાબ ગોઠવવો તે પણ તેમનીજ મુખ્ય શોધ છે. તેમની બનાવટની ગતો પલટા વિગેરે મશહૂર છે. **પોરબંદર**ના ગોસ્વામિ શ્રીમાન **દ્વારકાનાથજી** મહારાજશ્રી પણ તેમનાથીજ **મૃદંગવાદ્ય** શીખ્યા હતા. રાજપુતાનાના મહાન ઉદાર સંગીતવિદ્યા મશહૂર મહારાજાઓ તરફથી આદિત્યરામજીને છત્ર ચામરાદિક રાજચિન્હ બક્ષી ઉત્તમ પંકિતના અમીર તરીકે રહેવા જવાના અનેક આમંત્રણો આવતાં પરંતુ શ્રી **વ્રજપતિ મહારાજ** અને **જામશ્રી વિભાજી**થી વિખુટા પડી દ્રવ્યનો લોભ કરવો તે તેની મરજીથી વિરૂદ્ધ હતું. તેમણે રાજા તથા રંકને સરખું વિદ્યાદાન આપી, જામશ્રી વિભાજીની ૩૦–૩૫ વર્ષ **સંગીતાચાર્ય** તરીકેની નોકરીની ફરજ અદા કરી હતી. ભાવનગર, ધ્રાંગધ્રા, વઢવાણ, પોરબંદર વગેરેના રાજ્ય કર્તાઓ આદિત્યરામનો પૂર્ણ સત્કાર કરતા. **ઉદેપુર** (મેવાડ)ના **મહારાણાશ્રી સજ્જનસિંહજી** જી. સી. એસ. આઇ. સાહેબે **'સંગીતાદિત્ય'** ગ્રંથ વાંચી આદિત્યરામજીનાજ મુખથી સમજવા ઉદયપુર બોલાવ્યા હતા. પરંતુ પોતાની ઇચ્છા થી તે વખતે તેઓ બિમાર હોવાથી જઇ શકયા ન હતા.

વિ. સં. ૧૯૩૬માં તેઓ પોતા પાછળ **કેશવલાલ** તથા **લક્ષ્મીદાસ** નામના બે પુત્રો અને ત્રણ પુત્રીઓ મુકી ગોલોક વાસી થયા હતા. તેઓ સંસ્કૃત, હીંદી, ગુજરાતી, ફારસી, ઉરદુ વગેરે ભાષા પર સારો કાબુ ધરાવતા હતા. તેઓએ સંગીતાદિત્યના બે ભાગો રચેલા છે જે છપાઇ બહાર પડેલ છે. જેમાંથી નમુના દાખલ થોડોક ભાગ નીચે આપવામાં આવ્યો છેઃ—

× લોકો તેને તાન સેનનો અવતાર કહેતા,

—: સ્વર કે નામ :—

	નામ	સંક્ષિપ્ત નામ	મુળસ્થાન	અંત સ્થાન
૧	ખરજ	સા	દંત	કંઠ
૨	રિષભ	રિ	મૂર્ધ	તાલુ
૩	ગંધાર	ગ	કંઠ	કંઠ
૪	મધ્યમ	મ	ઓષ્ટ નાસિકા	કંઠ
૫	પંચમ	પ	ઓષ્ટ	કંઠ
૬	ધૈવત	ધ	દંત	કંઠ
૭	નિષાદ	નિ	દંત નાસિકા	તાલુ

—: છત્રીસ પ્રકારકે રાગ રાગનીકે નામ ઔર ગાનેકી ઋત :—

	રાગ	રા——ગ——ણી——કે——નામ				ઋતુ
૧	ભૈરવ	ભૈરવી	ગુજરી	રામકલી	ટોડી	વેરાડી	શરદ
૨	માલકોષ	વાધેશ્વરી	કકુભા	સોહની	ખંભાયચી	ગુનકલી	શશીર
૩	હીંડોલ	વસંત	પંચમ	લલિત	બિલાવલી	દેશાક્ષિ	વસંત
૪	દીપક	ધનાશ્રી	નાટ	જેતશ્રી	પલાસી	કામોદી	ગ્રીષ્મ
૫	શ્રી	ગોડી	માલવી	ત્રીવણી	પૂર્વી	ટંકીકા	હેમંત
૬	મેઘ	મલ્લારી	સોરઠી	સારંગ	બડહંસ	મધુમાસ	વર્ષા

એ દરેક રાગોની પાંચ પાંચ સ્ત્રીઓ મળી ૩૦ રાગણી અને ૬ રાગો મળી કુલ ૩૬ રૂપો થાય છે.

—: ગ્રામની સમજ :—

સા–રી–ગ–મ–પ–ધ–નિ–સા ષડ્જ ગ્રામ
સા–રી–ગ–મ–પ–ધ ગાંધાર ગ્રામ
સા–રી–ગ–મ મધ્યમ ગ્રામ

—: મુર્છના (૨૧) કે નામ :—

	ષડજ ગ્રામ	મધ્ય ગ્રામ	ગાંધાર ગ્રામ
૧	ઉત્તર મંદ્રા	સૌવિરી	નંદા
૨	રજની	હરિણાશ્વા	વિશાલા
૩	ઉત્તરાયનિ	કપોલનતા	સોમપી
૪	સુદ્ધ ષડજા	શુદ્ધ મધ્યા	વિચિત્રા
૫	મત્સરી ક્રાંતા	માર્ગી	રોહીણી
૬	અશ્વ ક્રાંતા	પૌરવી	સુખા
૭	અભિરુતા	મંદાકિની	અલાપિ

આદિત્યરામજી હીન્દી કાવ્યો પણ રચતા એમ કહેવામાં આવ્યું છે તેથી તેના નમુનાનાં બે કાવ્યો આ નીચે આપેલાં છેઃ—

॥ उपदेशी कवित ॥

सज्जन सुजान जानी सुनो सबे साची कहों, नारी और नाली एन इयानी बनी बालीं है।।
देखतकी इयानी पर म्होतकी नीशानी फेर, करे धुर धानी जम जातनाकी ज्वाली है।।
आवतकी आछी फेर फुटतकी पाछी परे, रविराममांहि तम उपर उजाली है ।।
एक नाली लगे गोरी गाढसे गीरत जात, कोन गत होत जाकों लगत छीनाली है॥१

॥ सवैया ॥

स्वाधिन है घरकीं घरुनी, वरनी रविराम सुरुप सराहें ।
तोउ कुजात कुनारीको संग, करे सोइ नीचमें नीच खराहें ॥
ज्यों सरपूर भरे जलकों तजी, काकपीए पयकुंभ भराहें ।
गारीही खात झपाडही जात, पुनी फीर आत न लाज जराहें॥५॥

॥ અન્નદગુરૂ આણુદાબાવા ॥

પ્રાતઃ સ્મરણીય પરોપકાર પરાયણ સંત શિરોમણિ મહાત્મા શ્રી **અન્નદગુરૂ** અથવા **આણુદાબાવા** કે જેઓનું સદાવૃત જામનગરમાં પ્રચલિત છે. અને જે સ્થાન **"આણુદાબાવાનો ચકલો"** એવા નામથી સુપ્રસિદ્ધ છે. એ શ્રીસદગુરૂનો જન્મ આજથી અઢીસો વર્ષો પહેલાં સૌરાષ્ટ્ર પ્રદેશની અંદર ધોરાજી નામના ગામમાં શ્રીમાળી વૈશ્ય સોની જાતીમાં પરમ ઉદાર **આણંદજી**ના નામે થયો હતો.

આનંદજી કાંઇક સમજણા થયા, ત્યારથીજ તેમની સાધુ સંત ઉપર અપાર પ્રીતિ હતી ઘેર કોઇ ભક્ત ભિક્ષુક યાચવા આવે તેને અન્ન આદી પોતેજ દેઇ આપતા કંઇક અક્ષર જ્ઞાન મેળવી સ્વજાતીય ધંધો રોજગાર શીખ્યા. અને મજુરી કરી જે કાંઇ મેળવતા, તે ઘેર ન લાવતાં માર્ગમાંજ સાધુ સંતોને આપી દેતા. આનંદના આ કૃત્યથી તેમના માતા પિતા વિચારમાં પડી જતાં અને કહેતા જે ભાઇ? આપણે કાંઇ ધનવાન નથી જે સાધુઓને સર્વસ્વ આપી દઇએ હજુ અનેક વ્યવહાર અપૂર્ણ છે. તારાં લગ્ન વગેરે બધુ બાકી છે. જો તું આમ કરી કમાણી ઉડાવી દેશેતો આપણો ગૃહવ્યવહાર શીરીતે ચાલશે? માતા પિતાના આવાં વચનો સાંભળી આનંદે પ્રત્યુત્તર આપ્યો જે એ સઘળી ચીંતા મારો પ્રભુ રાખે છે. બાકી મારા પાસે યાચના કરનારને હું નિરાશ જવા દઇશ નહિં આપણને ખાવા જેટલું જોઇએ. સંગ્રહ કરવાની શી જરૂર છે? પ્રાણી માત્ર આપણા કુટુંબી છે. એ ભુખ્યા રહે, અને આપણે ઉદર પુતિ કરીએ તો મહાન્ અનર્થ કહેવાય. બાળકના આવા ઉદાર વચનો

શ્રવણ કરી માબાપને આશ્ચર્ય થયું જે આને કોણે ભરમાવ્યો હશે ? આતો ઘર વેચી તીર્થ કરે એવો ઉડાઉ જણ્યો, જો કે સાધુ સંતને ચપટી લોટ આપવો એ દરેક ગ્રહસ્થની ફરજ છે. પરંતુ આમ દરરોજ પાંચ પચાસ સાધુઓને અન્ન આદીથી સંતોષવા એ આપણને ન પાલવે આ રીતે તો રાજાના ભંડાર પણ ખુટી જાય. આવા અનેક વિચાર કરી તેઓએ પોતાના પુત્રોને કહ્યું જો જો ભાઇ! તારી ટેવ સુધાર તો આ ઘરમાં રહે નહિંતો તારે જ્યાં જવું હોય ત્યાં સુખેથી જા કારણ કે તારી આ ઉડાઉ રીતિ ઘણો વખત સહન કરી હવે સહન થઇ શકે એમ નથી. અમારે નાત જાતમાં એક ગૃહસ્થ તરીકે રહેવાનું છે. આ સાંભળી આનંદે જવાબ આપ્યો માત પિતા ? મારી કઇ ટેવ ખરાબ છે ? કે જેને સુધારવાની જરૂર હોય ? તેમ છતાં મારૂં આચરણ જો આપને ન ગમતું હોય તો હું આજેજ અહિંથી ચાલતો થાઉં છું. આપ રાજી ખુશીથી રજા આપો છો એ મારા સદ્‌ભાગ્યની વાત છે. મારે પરણવું નથી મારા બીજા ભાઇઓ છે તેનાથી આપનો વંશ રહેશે. આપ આ બાળકની લેશ પણ ચીંતા કરશો નહિં કારણ કે જગતનો પિતા તેજ મારો પિતા છે. એમના જેટલાં બાળકો તે સર્વ મારા બંધુ જન છે. આજ આ ગૃહસ્થ કુટુંબને તજી હું મહાન્ વિશ્વ કુટુંબવાળો બનવા ઇચ્છું છું, બસ એજ વખતે માત પિતાના ચરણકમળમાં વંદન કરી મહાત્મા આનંદ ચાલી નીકળ્યા. તેઓએ સાંભળેલું જે **જામનગર** શહેરમાં પોતાના ઘણાં જ્ઞાતિ બંધુઓ રહે છે અને ત્યાં ધંધો રોજગાર પણ સારો ચાલે છે. તેમજ ગામ શ્રદ્ધાળુ હોવાથી ત્યાં રહેવામાં આનંદ આવશે. આમ ધારી તેઓ જામનગર આવ્યા. પોતે ચુનંદા કારીગર હોવાથી શરૂઆતમાં એક સોનીની દુકાને મજુરી વડે કામ કરવા બેસી ગયા. તેઓને પ્રતિ દિન પાંચ કોરી મજુરી મળતી અને એ પાંચ કોરીમાંથી માત્ર અર્ધી કોરી પોતાના નિર્વાહ અર્થે તેઓ વાપરતા અને સાડીચાર કોરીના રોજ દાણીઆ લઇ સાધુ સંતને તથા બાળકોને પોતાના હાથે બ્હેંચી દેતા આ રીતના નિત્ય કર્મથી ગામના સદ્‌ગૃહસ્થો સામાન્ય જનો અને રાજકીય પુરૂષો તેમના તરફ સદ્‌ભાવથી જોવા લાગ્યા, શ્રી આણંદરામજીએ લગભગ પાંત્રીશ વર્ષ પર્યંત એજ રીતે ધંધો રોજગાર કરી જાત મહેનતથી મેળવેલું દ્રવ્ય **દાણીઆના સદાવૃત**માં વાપર્યું.

ત્યાં ધોરાજીમાં જે કન્યા સાથે આનંદનું સગપણ થયું હતું તે કન્યાના મા બાપે કોઇ બીજા વર સાથે પોતાની પુત્રીનું વેવીશાળ કરવાનો વિચાર કર્યો. પરંતુ કન્યા સંસ્કારી હોવાથી અને ભવિષ્યમાં પ્રાપ્ત થનાર મહાત્મા પતિની વૈરાગ્ય વૃતિનું વૃત્તાંત સાંભળી પોતે પણ વૈરાગ્ય યુકત બન્યાં અને પરણ્યા વગરજ ભગવદ્‌ભકિતપરાયણ રહી પોતાનું જીવન ચાંદ્રાયણ આદિ વૃત્ત આચરણદ્વારા સમાપ્ત કર્યું.

અહિં **જામનગર**માં મહાત્મા આનંદરામજી યુવાવસ્થાના આદિ મધ્ય તથા અન્ત પર્યંત ભગવદ્‌ભકિતપરાયણ અને સાધુસંતની સેવામાં નિમગ્ન રહ્યા. સ્ત્રી, પુત્ર કે ગૃહસ્થાદી સંસારિક બંધનો તરફ તેઓની મનોવૃત્તિ સ્વપ્ને પણ ચલાયમાન ન થઇ. તેઓના ભકિત પૂર્ણ વિશુદ્ધ હૃદયમાં રાત્રી દિવસ માત્ર એજ ધૂન હતી જે, જાત મહેનતથી પ્રાપ્ત થએલું દ્રવ્ય પરોપકાર અર્થે વાપરી દેવું. આમ કરતાં કરતાં એક દિવસ સંધ્યા સમયે સદાવૃત આપી

દાણીઆનું ડાલું ખાલી થતાં પ્રભુના નામની માળા ફેરવતાં પોતે આનંદથી બેઠા હતા. ત્યારે પરમ કૃપાળુ પરમેશ્વર શ્રી આનંદરામજીની ભક્તિથી વશિભુત થઇ અલેખીયા બાવાનું સ્વરૂપ ધરી કહ્યું જે અરે "આણુંદરામ કીસકા નામ?" એ સાંભળતાંજ શ્રી આણુંદરામ હાથ જોડી ઉભા થયા અને સવિનય પ્રણામ કરી કહેવા લાગ્યા જે પ્રભુ! આણુંદ આ શરીરનું નામ છે. આપની શી આજ્ઞા છે? અલખ નિરંજનના વેશમાં આવેલા તે અપૂર્વ સિદ્ધ પુરૂષે કહ્યું જેઃ- "અય આણુંદ તું સબકું સદાવૃત દેતા હૈ, તો હમકુંભિ કુછ દે." શ્રી આણુંદરામ બોલ્યા જે "મહારાજ! આજે તો આપવાનું હતું તે સર્વે અપાઇ ગયું, આવતી કાલે કાંઇક પેદા કરશું અને આપને પણ કાંઇક આપશું" ભક્તના આવા વચન સાંભળી સિદ્ધ પુરૂષે કહ્યું જે— "અરે આણુંદરામ! તું જુઠ કાયકું બોલતા હૈ? તેરે પાસ અન્નકા પાત્ર ભરા હુવા હે ઔર હમકો કાસ લીયે ના કહતા હૈ? દિખા તેરા અન્ન પાત્ર કહાં હૈ? આ સાંભળી તેમને વિશ્વાસ ઉપજાવવા શ્રી આણુંદરામજીએ દાણીઆનું ખાલી ડાલું ઉપાડી લાવી બતાવ્યું. જે જોઇ દયાળુ સિદ્ધ પુરૂષે કહ્યું જેઃ—

"ઇસ પાત્રકું અઇક વસ્ત્રસે આચ્છાદિત કરકે ઉસમેંસે હમકો ચના દે." મહાત્માના કહેવા પ્રમાણે શ્રી આણુંદરામજીએ ડાલા ઉપર એક કપડું ઢાંકયું અને પછી ડાલામાં હાથ નાખ્યો ત્યાં, દાણીઆથી ભરપુર ડાલું જોઇ આશ્ચર્ય ચકિત થઇ શ્રી મહાત્મા આણુંદરામ આવેલ મહાત્માના ચરણમાં દંડની માફક પડી ગયા. અને આનંદના આ વેશમાં ગદ્‌ગદ કંઠે સ્તુતિ કરવા લાગ્યા. શ્રી આણુદરામજીનો આવો ભક્તિભાવ જોઇ સિદ્ધ પુરૂષે કહ્યું જે "આણુંદરામ સુનો આજસેં તેરા ભંડાર ભરપુર રહેગા." આટલું કહી શ્રી આણુંદરામજીને મંત્રોપદેશ કરી લલાટમાં તિલક કર્યું અને ફરી બોલ્યા છે. "તું અન્નકા દાન દેનેવાલા હોગા ઔર તેરા અન્નદ ઐસા નામ સુપ્રસિદ્ધ હોગા." આટલું બોલી અલખ નિરંજન સિદ્ધપુરૂષ અદૃશ્ય થયા, અને શ્રી આણુંદરામજીએ એજ વખતે દિક્ષિત થએલા ગૃહસ્થ વેશ ઉતારી સાધુવેશ ધારણ કર્યો. સોનીના ધંધાનો ત્યાગ કરી સતત્ સાધુ સેવામાં તત્પર થયા. અને બીજેજ દિવસે અન્નનું સદાવૃત શરૂ કર્યું. જામનગરની સઘળી પ્રજા **શ્રી આણુંદરામજી અન્નદગુરૂ** અથવા **આણુદાબાવા** એ નામથી ઓળખવા લાગી. દેશ વિદેશથી શ્રી દ્વારકાધીશની યાત્રાએ જતાં આવતાં અનેક સાધુસંતો સદાવ્રતનો લાભ લેવા લાગ્યા અને "આનંદાબાવા કીજય," બોલતા દરેક યાત્રાઓને સ્થળે ઉકત સદાવ્રતનો સુયશ ફેલાવવાલાગ્યા.

આ રીતે અન્નનું નિયમિત સદાવ્રત શરૂ થતાં જામનગરના ગૃહસ્થો તરફથી, ગામડાના લોકો તરફથી અને રાજ્ય તરફથી અન્નદગુરૂના સદાવ્રતમાં અનાજ વિગેરેની અણુમારી મદદ મળવા લાગી. સિદ્ધપુરૂષના વચન પ્રમાણે ભંડાર અખૂટ ભરાયો. શહેરમાં સારા નરસા પ્રસંગે કોઇને ઘરમાંદો કરવાની ઇચ્છા થાય તો તે શ્રીઅન્નદગુરૂના ભંડારે વસ્તુઓ મોકલી આપે અને શ્રીઅન્નદગુરૂ જાતે સાધુ સંતોને 'ભંડારા' તરીકે જમાડી આપે.

આમ વ્યવસ્થા પૂર્વક ઘણાં વર્ષો સુધી ચાલ્યું. શ્રીઅન્નદગુરૂના ભક્તિના પ્રતાપથી લોકોની શ્રદ્ધા વધવા લાગી. કોઇને એકાંતરીઓ, તરીઓ અને કાયમ તાવ આવતો હોય

તો શ્રીઆણદાબાવાનો દોરો હાથને કાંડે બાંધવાથી તાવ નાશ પામવા લાગ્યો. હજુ પણ શ્રીઅન્નદગુરૂના નામનો દોરો ઘીનો ધુપ દઇ કાંડે બાંધવાથી તાવ ઉતરી જાય છે. અને અનેક મનુષ્યો તેનો શ્રદ્ધાથી ઉપયોગ કરે છે. કોઇને જમણ વાર અર્થાત્ જ્ઞાતિ ભોજન વિગેરે હોય ત્યારે શ્રી આણદાબાવાને પધરાવે એમનો સત્કાર કરે અને જે પાત્રમાં મિષ્ટાન ભર્યાં હોય તે પાત્રને હાથ અડાડવા પધરામણી કરનાર બાવાજીને વિનવે બાવાજીનો હાથ અડે એ વસ્તુ કદિ ખુટેજ નહિં આવા અનેક દાખલા બનેલા, જામનગરના શ્રીમાળી વૈશ્ય સોનીની જ્ઞાતિ પણ ત્યારથી તે આજ પર્યંત સમયે શ્રીઆણદાબાવા અને તે પછી એમના જે જે શિષ્યો થયા તેઓને પોતાને ત્યાં પધરાવે છે. અને સદાવ્રત (ચકલો) માટે પ્રથમ મિષ્ટાન્નના અમુક થાળ મોકલાવી પછીથી સૌ કોઇ પ્રસાદ લે છે. પોતાની જ્ઞાતિમાં આવા એક મહાન્ મહાત્મા થયા તેનું તેઓને અદ્યાપિ અભિમાન છે.

શ્રી અન્નદગુરૂએ અષ્ટોત્તરશત અર્થાત્ એકસો આઠ વર્ષનું આયુષ્ય ભોગવ્યું અને સમગ્ર જીવન ભગવદ્ ભક્તિ અને સાધુ સંતોની સેવામાં સમર્પણ કર્યું, અને દુનીઆમાં બહુ પ્રસિદ્ધિને પામ્યા, ઉદાહરણ તરીકે.

એક સમયે જામનગરથી કેટલાએક ગૃહસ્થો **કાશી** યાત્રાએ ગએલા ત્યાં કોઇએ પુછ્યું જે "આપ લોક કહાં કે રહનેવાલે હૈ" ત્યારે નગરના ગૃહસ્થોએ જવાબ આપ્યો કે જામનગર રહીએ છીએ ત્યારે પેલા કાશીના મનુષ્યે કહ્યું જે **"આણદાબાવાકી જામનગર"** આ સાંભળી જામનગરના મનુષ્યોની મહાત્મા શ્રીઆણદાબાવાની જગ્યા તરફ અપાર શ્રદ્ધા વધતી ગઇ,

જ્યારે મહારાજશ્રીએ જગતમાં પોતાની ઉજ્જવલ કીર્તિ પ્રસરિત કરેલી હતી ત્યારે એક વખત પોતાના મનમાં એવો સંકલ્પ થયો કે "કોઇ એક ભગવદિચ્છાનુસાર મુમુક્ષુ, સાધુ સંતોની સેવા કરનાર ઉપસ્થિત થાય તો આ સેવાનું અપૂર્વ કાર્ય તેનેજ સમર્પું, કારણકે મારી વૃદ્ધ અવસ્થા થઇ છે." આવી રીતે સત્સંકલ્પના અંતે એક **"મુળજી"** નામના મુમુક્ષુ શિષ્ય તેઓશ્રીનાં શરણોમાં આવ્યા.

આ મુળજી મહારાજશ્રીના ચરણોમાં અનન્ય શ્રદ્ધા રાખતા હતા તેને મહારાજશ્રીના શરીરની તથા સદાવ્રતની સેવા મન, કર્મ વચનથી શરૂ કરી. થોડો વખત જતાં મહારાજશ્રીએ તેઓને દિક્ષિત કર્યા અને **મૂળરામદાસજી**એવું નામ રાખ્યું મુળરામજી પોતે બહુ શાન્ત અને સાધુ સેવામાં ઘણા ઉત્સાહી હતા અને તેઓ ગામડામાં જઇ સેવકોમાંથી અન્ન વિગેરે લાવી સદાવૃતની અભિવૃદ્ધિનો પ્રારંભ કર્યો કાળને કોઇ જાણી શકતું નથી જ્ઞાનીઓના ક્ષણભંગુર દેહો પણ વિનાશને પામે છે. આ નિયમાનુસાર બાવાસાહેબ **શ્રી આણદાબાવા** આ જગતમાં ઘણોકાળ રહી. પ્રાયઃ એકસો આઠ ૧૦૮ વર્ષનું આયુષ્ય ભોગવી સ્વ સ્વરૂપમાં લીનથયા,

શ્રી બાવા સાહેબના વૈકુંઠવાસ પછી **શ્રી મૂળરામજી** મહારાજે રાજ્યમાં તથા પ્રજામાં બહું કીર્તિ મેળવી અને સાધુ સંતોની બહુજ પ્રેમથી સેવા શરૂ કરી, શ્રી મૂળરામજી

મહારાજ અવાર નવાર ગામડાઓમાં સેવકોમાં સદાવ્રત માટે જતા આવતા ત્યારે એક ઘોડી અને એક સેવકને સાથે રાખતા.

એક વખત નારાયણપર, બેરાજા, વિગેરે ગામડાઓમાંના સેવકો પાસેથી જામનગર પધારતા હતા ત્યારે જામનગરથી અઢીગાઉ છેટે એકધાર છે. ત્યાં બરાબર જ્યેષ્ઠ માસની મધ્યાન્હ વખતની ગરમીએ પધાર્યા ત્યાં રહેલ એક વૃક્ષ નીચે બેઠા અને પોતાની સાથે રહેલા સેવક પાસે પાણી માંગ્યું ત્યારે સેવકે કહ્યું કે–

મહારાજશ્રી મારી પાસે પાણી નથી. જો આપશ્રી આજ્ઞા કરોતો પાસેના ગામડામાંથી લઇ આવું ત્યારે મહારાજશ્રીએ મનમાં વિચાર્યું કે " ગામડાઓમાંથી પાણી લઇ આવે ત્યાંસુધી અહિં રોકાવા કરતાં નગર જઇને પાણી પીવું તે ઠીક છે. પણ આ સ્થળે જે જે માણસો (પ્રાણીઓ) ગરમીના વખતમાં તરસ્યાં થાય તો તેઓનો પાણી વિના પ્રાણ જાય. માટે જો શ્રી બાવા સાહેબ કૃપા કરે તો પ્રાણીઓના સુખ માટે એક વાવ બોદાવું " આવો સંકલ્પ કરી સેવક પાસે ઘોડી મંગાવી અને નગર પધાર્યા અને ત્યારપછી થોડા દિવસમાં તે કાર્ય શરૂ કર્યું અને તેજ વાવ અત્યારે "**ધોળી વાવ**" તરીકે ઓળખાય છે. તે વાવના પ્રવેશદ્વાર ઉપર શ્રીબાવાસાહેબની ઇચ્છાનુસાર ગૌબ્રાહ્મણ પ્રતિપાલ નેકનામદાર મહારાજા જામશ્રી **રણમલજી**એ **નવદેરી** બનાવી આપી કે જ્યાં પ્રાણીઓ પાણી પીને બેસે અને આવતાં જતાં વટેમાર્ગુઓ પણ પાણી પીને વિશ્રામ લે છે. આવી રીતે બાવા સાહેબ **શ્રામૂળદાસજી** મહારાજે પણ બાવાસાહેબ **શ્રીબાણદાણાવાં**ની ઇચ્છાનુસાર અનેક પ્રકારથી લોટ સેવા કરીને પોતાના ગુરૂની સંસ્થાની અભિવૃધ્ધિ કરી તેઓ પણ પોતાની પૂર્ણ ઉંમરે એક પ્રેમદાસજી નામના સંતને શિષ્ય કરી પોતાના નિર્વાણ પહેલાં પોતાના ગુરૂની સંસ્થાની સેવા કરવા માટે નિયોગ કર્યો.

બાવાસાહેબ શ્રી મુળદાસજી મહારાજશ્રીનો વૈકુંઠવાસ થયા પછી બાવાસાહેબ **શ્રી પ્રેમદાસજી** મહારાજે પણ પોતાના પરમ ગુરૂ સ્થાપિત આ પવિત્ર સંસ્થાની સેવા તેઓએ પણ ઘણા સમય સુધી કરી. અને લાંબુ આયુષ્ય ભોગવ્યું તેઓ પણ પોતાની વૃદ્ધ અવસ્થામાં રાણીદાસજી નામના સંતને દીક્ષા આપી અને સ્વગુરૂ પરંપરાથી સંસ્થાની સેવાનો ભાર તેઓને સોંપ્યો,

શ્રી રાણીદાસજી મહારાજ **શ્રી રાણાબાવા** નામથી પ્રસિદ્ધ થયા મહારાજશ્રી રાણીદાસજી બહુજ સમાહિત ચિત્ત ને ધીર વીર ગંભીર મહાત્મા હતા અને પોતે પગે ચાલીને ચારે ધામની યાત્રા કરી જેમ કે **શ્રી દ્વારકાં શ્રી બદ્રીનારાયણ શ્રી જગન્નાથ** અને **શ્રી રામેશ્વરજી** આ બધું પગે ચાલીને ઘણીજ શાંતિ સાથે ઇશ્વરાર્પણ સહિત યાત્રા પૂર્ણ કરી.

અને જે જે દેશમાં પધાર્યા તે તે દેશમાં જે જે ધામમાં પધાર્યા તે તે ધામમાં પોતાના પરમ

પૂજ્ય ગુરૂવર્ય **શ્રીઆણદાબાવાનું** શુભ નામ તે તે દેશના તે તે ધામના માણસોથી શ્રવણ કરતા હતા ત્યારે તેઓશ્રીને ઘણોજ સંતોષ થયો હતો.

બાર વર્ષ યાત્રા કરી પોતાની સંસ્થામાં પાછા પધારી પોતાના ગુરૂજીનાં દર્શન કર્યાં અને બાવા સાહેબ શ્રી પ્રેમદાસજીએ શ્રી રાણાબાવાને સંસ્થાનો કારભાર સોંપ્યો. અને થોડા સમય પછી પોતે ભગવત ચરણ પામ્યા ત્યાર પછી **શ્રી રાણાબાવાએ** આ સંસ્થાની સેવા કરી. અને પોતે ઘણી વખત સેવકોને સદુપદેશ આપતા તથા **જામનગર** રાજ્યના સર્વ ખેતી કરનારા ભાઇઓ પોતાના ઘર દીઠ **માણું માપું શ્રી બાવાસાહેબના સદાવૃતમાં** જેમ **શ્રી આણદાબાવાના** વખતથી શરૂ થએલું તેમજ પરંપરા પ્રમાણે મોકલાવી દેતા. મહારાજશ્રી રાણાબાવા પણ સાધુ સંતોને ભોજન વિગેરે સર્વપ્રકારથી સેવા કરતા આવી રીતે પોતે ઘણું જીવી સંસ્થાની સેવા કરતા હતા. ઘણી વખત પોતાના મનમાં એમ વિચારતા કે કોઇ યોગ્ય વ્યક્તિ મળે તો આ ગુરૂ સંસ્થાની સેવાનો લાભ તેને સોંપું, સંત પુરૂષો જે જે સંકલ્પ કરે છે તે તે સર્વ સંકલ્પો તેઓના સિદ્ધજ થાય છે આ નિયમ પ્રમાણે પૂજ્ય શુભ નામ **મહારાજશ્રી રામપ્રસાદજી** હાલ જે આ સંસ્થાના પ્રધાન અધ્યક્ષ છે. તેઓશ્રી પોતાની નાની ઉંમરે **શ્રી કારકાંની** યાત્રા નિમિત્તે આ દેશમાં પધારતાં અહિંના યોગેશ્વર **શ્રી સિદ્ધબાવા** નામના સત્પુરૂષ પાસે પોતે ઉતરેલા અને શ્રી સિદ્ધબાવાને તથા બાવાસાહેબ શ્રી રાણાબાવાને પરસ્પર બહુ પ્રેમ હતો તેને લીધે મહારાજશ્રી રાણાબાવે હાલના પૂજ્ય **મહારાજશ્રી રામપ્રસાદજી**ની યાચના કરી કે આવા શિષ્ય અમારી સંસ્થામાં જોઇએ આવી ઇચ્છાથી શ્રી સિદ્ધબાવા બહુ ખુશી થયા. અને મહારાજશ્રી રામપ્રસાદજી આ બન્ને મહાત્માઓની ઇચ્છાનુસાર **શ્રી અન્નદગુરૂ** સંસ્થાના આશ્રિત થયા ત્યાર પછી થોડાં વર્ષો બાદ શ્રી રાણાબાવા પોતાના સ્વરૂપમાં લીન થતાં પહેલાં ગુરૂ પરંપરાથી આવેલી સંસ્થાની સેવાનો ભાર ઘણા પ્રેમ તથા આશીર્વાદ પૂર્વક મહારાજશ્રી રામપ્રસાદજીને સોંપવામાં આવ્યો અને પોતે થોડા સમય બાદ સ્વ સ્વરૂપમાં લીન થયા. ત્યારે **મહારાજશ્રી રામપ્રસાદજી** પોતાની ગુરૂપરંપરાથી આવેલ સંસ્થાની સેવા કરવામાં ઘણા ઉત્સાહથી પ્રવૃત્ત થયા પોતે પણ પૂર્વના મહાત્માઓની તુલ્ય સંસ્થાની સેવા માટે સેવકોમાં ફરવા જતા હતા અને સંસ્થાની અભિવૃદ્ધિના અનેક કાર્યો કરતા. તે વખતે મહારાજાધિરાજ ગૌબ્રાહ્મણપતિપાલ **જામશ્રી વિભાજી સાહેબ** પણ તેઓશ્રી પ્રતિ ઘણી પ્રીતિ રાખતા સેવકોમાંથી એટલે રાજ્યના ખેડુતોમાંથી માણાં માપાં આવતાં તે પૂર્વના મહાત્માઓની માફક પોતે પણ લેવા પધારતાં, પણ મહારાજશ્રીની ઉત્તમોત્તમ સંસ્થા સેવા દેખી સેવકો તરફથી આવતી સેવાને રાજ્યની વસુલાત સાથે વસુલ કરી સંસ્થાને આપવા રાજ્યે મહારાજશ્રી પ્રતિ બહુ સદ્‌ભાવ દેખાડેલ છે.

મહારાજશ્રી રામપ્રસાદજીએ આ સંસ્થાના પરમ અભિવર્ધક પુરૂષ છે. આ સંસ્થામાં જે કાંઇ ચમકૃતિ દેખાય છે દેખાય છે તે સર્વ પૂર્વના પુરૂષોના સંકલ્પાનુસાર **મહારાજશ્રી રામપ્રસાદજી** મહારાજશ્રીના પુરૂષાર્થનુંજ ફળ છે.

વિ. સં. ૧૯૫૬ના ભયંકર દુકાળમાં પોતે અન્ન, કપડાં, વિગેરેનું બહુ દાન કરેલ અને તે વખતે પ્લેગનો સમય હોવાથી, દુઃખમાં નિમગ્ન થએલ બહારના તથા અહિંના મનુ-

ષ્યોને સેવાથી સુખી કરેલા અને ત્યારથીજ એક "**અનદગુરૂબાલાશ્રમ**" (શ્રી આણુદાબાવા અનાથ બાલાશ્રમ) નામની અપૂર્વ સંસ્થા પોતે અહિં સ્થાપી જેમાં એકસો ૧૦૦થી પણ અધિક અનાથ છોકરા તથા છોકરીઓ આ સંસ્થાનો આશ્રય લઇ પોતાના ભવિષ્યના સંસારમાં અભયતાને પામે છે. આ આશ્રમ કચ્છ, કાઠીઆવાડ, ગુજરાતમાં, નહિં પણ ભાગ્યેજ હિંદુસ્તાનમાં આવું હોય, હુન્નર ઉદ્યોગ શીખનારાઓને હુન્નર ઉદ્યોગ શીખડાવવામાં આવે છે. તેમજ વિદ્યાપ્રેમીઓને વિદ્યા ભણાવવામાં આવે છે. (સંકૃત, અંગ્રેજી, ગુજરાતી વિગેરે) આ સંસ્થાના છોકરાઓ ભારત વર્ષના પ્રદેશમાં નહિં પણ તદ્ભિન્ન પ્રદેશમાં પોતની પરમ યોગ્યતાઓ પ્રાપ્ત કરી મનુષ્ય જન્મને સફળ કરે છે.

આવું અભયદાન "**શ્રી આણુદાબાવા બાલાશ્રમ**" તરફથી છપ્પના પછી અનેક પ્રાણિઓને મળ્યું છે. અત્યારે પણ તેવુંજ મળે છે અને ભવિષ્યમાં પણ મળશે.

પૂજ્ય મહારાજશ્રીની બાલાશ્રમ સંસ્થાની સેવા કરવામાં અનેક પુરૂષોએ સહયોગ આપેલ છે. જેમાં સ્વર્ગીય ધર્મ મૂર્તિ શુભનામ **શેઠ શ્રી રાવબાહાદુર વસનજી ખીમજી** તથા સ્વર્ગીય ધર્મમૂર્તિ **શ્રીમાન શેઠ શ્રી ખીમજી દયાળજી** વિગેરે પુરૂષો પ્રમુખ હતા.

પૂજ્ય **મહારાજશ્રી રામપ્રસાદજી** મહારાજના લોકોતર કાર્યથી ગૌબ્રહ્મણ પ્રતિપાલ મહારાજાધિરાજ યદુકુલકુંજ દિવાકર સ્વર્ગીય પ્રાતઃસ્મરણીય શુભનામ નેક નામદાર **જામશ્રી સર રણજીતસિંહજી** જી, સી, એસ, આઇ, જી, બી, ઇ, સાહેબ બહાદુર બહુજ સંતુષ્ટ રહેતા અને મહારાજશ્રી પ્રતિ બહુ પ્રેમ રાખતા તેના ઉદાહરણ તરીકે "બાલાશ્રમમાં એક ભવ્ય મીડલહોલ બીલ્ડીંગની પ્રધાન સેવા પોતે કરેલી છે. અને મહારાજશ્રીના વ્યકિતગત યોગક્ષેમ માટે પણ પોતે માસિક રૂા. ૫૦૦ પાંચસોનું સારૂં પ્રમોશન આપતા અને તેજ પ્રમાણે હાલના મહારાજાધિરાજ ગૌબ્રાહ્મણ પ્રતિપાલ યદુકુલકુંજ દિવાકર નેક નામદાર **જામશ્રી દિગ્વિજયસિંહજી** સાહેબ બહાદુર પણ આપે છે. પૂજ્ય મહારાજશ્રીએ પૂર્વના અનેક દુકાળોમાં ગામે ગામ ફરી રાજ્યની ગરીબ પ્રજાને અન્ન, વસ્ત્ર, વિગેરેની સહાયતા વખતો વખત કરેલ છે.

અને પોતાના અનુમોદનથી **ખંભાળીઆમાં શેઠ શ્રી ગોપાલજી વાલજી**નાં સ્મારક તરીકે **હોસ્પિટલ** તથા એક **હાઇસ્કુલ** બાંધવામાં આવી છે. તેમજ **જોડીઆમાં** પણ એક **હોસ્પિટલ** તથા એક **હાઇસ્કુલ** સ્વર્ગીય **શેઠશ્રી ખીમજી દયાળ**ના સ્મારક તરીકે બાંધવામાં આવી છે તેમજ પોતે પોતાના ગુરૂપરંપરામાં આવેલ **શ્રીમૂળજીબાવા** સાહેબે "**ધોળીવાવ**" નામની વાવ બનાવેલ છે તે ઉપર અત્યારે એક "**શ્રી રામરક્ષિત અનદ આરોગ્યભુવન**" બનાવવામાં આવ્યું છે જે આસરે **જામનગરથી** પોણોસો ૭૫ વીટ ઉંચું હશે અને પાંચ માઇલ દુર છે ત્યાં દિવ્ય મકાનો બન્યાં છે તથા એક દિવ્ય **શ્રી માકૃતિજી**નું મંદિર છે. અને અનેક સંસારના જીવો રોગથી પીડાતા ત્યાં આવીને વસે છે. ત્યારે શ્રી અનદ ગુરૂના આશીર્વાદથી, મહારાજશ્રીના શુભ સંકલ્પથી જળવાયુની અનુકુળતાથી, અને **શ્રી હનુમાનજી**ની અનુકમ્પાથી આરોગ્ય લાભ (પ્રાપ્ત) કરી પોતપોતાને ઘરે જાય છે આગંતુક

મનુષ્યે **જામનગર** જોઇ "**શ્રી રામરક્ષિત આનન્દઆરોગ્ય ભુવન**" જરૂર જોવું આ આરોગ્ય ભુવન "**શ્રીરણજીતસાગર**" જતાં રસ્તામાંજ પડે છે મહારાજશ્રીની લોકોપકારિણી કૃતિ જોઇ શ્રી ગૌબ્રાહ્મણ પ્રતિપાલ મહારાજાધિરાજ **શ્રીલીંબડી નરેશ શ્રી દોલતસિંહજી** સાહેબ બહાદૂર આદિ અનેક નૃપતિઓ પણ મહારાજશ્રીમાં ઘણો સદ્‌ભાવ રાખે છે.

મહારાજશ્રી રામપ્રસાદજી મહારાજનું હૃદય એટલું તો નિર્મળ છે કે દુઃખીઆને દેખી પોતાનું મન ભરાઇ જાય છે અને તે દુઃખીને પોતાથી બનતું અભય આપે છે. પૂજ્ય-મહારાજશ્રી ગુલાબની માફક સર્વ પ્રાણિઓને (સપક્ષી વિપક્ષી) સર્વને ઘણા પ્રેમથી સુખ આપે છે. પોતે **શ્રી આનન્દગુરૂ** સંસ્થાનો અત્યંત અભ્યુદય કરેલ છે પોતાની હાલમાં પ્રાયઃ એંસી વર્ષની અવસ્થા હોવાથી પૂર્વ પુરૂષોની તુલ્ય પોતે પણ ભવિષ્યમાં સંસ્થાની સેવા કરવા માટે **વેદાન્તતીર્થ પંડિત માયાપ્રસાદજી**નો શિષ્ય કરેલા છે અને પંડિતજી પોતે શાન્ત તથા યોગ્ય વક્તા છે અને હાલમાં પણ શ્રી આણુદ્વારા અદ્વૈત વેદાન્ત શ્રવણાલયમાં શ્રી અદ્વૈત વેદાન્ત શ્રવણ કરાવી મનુષ્યોને અત્યંત લાભ આપે છે. વેદાન્તતીર્થ **પંડિત માયાપ્રસાદજી**ના શિષ્ય **શાન્તિપ્રસાદજી** છે. અને તેઓ બહુ સુશીલ અને નમ્ર છે તથા તેઓને અત્યારે વ્યાકરણ- તથા વેદાન્તનું અધ્યયન બહુ સારૂં ચાલે છે અહીંની (જામનગર સ્ટેટની) રાજકીય સંસ્કૃત પાઠશાળા કે જે કાશી (બનારસ) અને કલકત્તાની યુનિવરસીટી-પરીક્ષાનું કેન્દ્રસ્થાન (સેન્ટર) છે. તેમાં ચાલુ સાલે તેઓશ્રી વેદાન્ત પ્રથમામાં અને કાવ્ય મધ્યમામાં પ્રથમ શ્રેણીમાં પાસ થતાં હાલ વ્યાકરણ મધ્યમાનો અભ્યાસ ચાલુ છે. "**યથા નામા તથા ગુણા**" એ વાકયનું સાર તેઓશ્રી અતિ શાન્ત સ્વભાવના મીલનસાર વિનયી અને સાદાઇ વગેરે સાધુતાના શુભ ગુણો ધરાવતા હોવાથી લોકો તેમના તરફ કુદરતી આકર્ષાય છે. વળી "**આકૃતિ ગુણાન્ કથયતાં**" એ રીતે પણ તેઓશ્રી સર્વ સદ્‌ગુણો સંપન્ન હોઇઆનન્દગુરૂના ધર્મ તખ્તને દીપાવે એમ સહુ કોઇને ખાત્રી છે ઇશ્વર તે સત્ય કરે અસ્તુ.

શાન્તિ.....શાન્તિ.....શાન્તિ.

મહાત્મા—ઇસરદાસજી (ઇસરાકાં પરમેશ્વરા)

ઇસરદાસજીનું જીવન વૃત્તાંત **હરિરસ** નામના કાવ્યની બુકમાં વિસ્તાર પુર્વક પ્રગટ થઇ ગયેલ છે તેથી અત્રે માત્ર તેમના સંક્ષિપ્ત જીવન વૃત્તાંત સાથે તેઓશ્રીની રચેલી કવિતાઓ જે મળેલ છે તેજ અત્રે આપવામાં આવેલ છે:—

મારવાડ દેશમાં જોધપુર સ્ટેટ તાબે બાડમેર પરગણામાં **ભાદ્રેસ** નામના ગામે **મારૂ ચારણ** જ્ઞાતિમાં **રોહડીયા** શાખાના (તે રોહડીઆ ચારણો રાઠોડ રજપૂતના દશોંદી છે) બારહટજી ઉદયરાજ અને રામદાનજી નામના બે ભાઇઓ રહેતા હતા. તેમાં ઉદયરાજને સુરાજી તથા આશાજી નામના બે પુત્રરત્નો હતા. અને રામદાનજીને ગુમાનદાનજી વગેરે હતા. **સુરાજી**

તે ઇસરદાસજીના પિતા, તેઓ મહાન પ્રભુભકત હતા. ઇસરદાસજીના માતુશ્રીનું નામ **અમરબા** હતું તેઓ મહા પતિવૃતા હતાં અને પ્રભુસ્મરણમાં નિમગ્ન રહેતાં. સુરાજીને પ્રથમ કાંઇ સંતાન ન હતું પરંતુ ઇશ્વરકૃપાથી એક **જવાલાગીરજી** (સમાધિગીરજી) નામના યોગી તેઓને ત્યાં જમવા આવતા, તેમના ઉપર પ્રસન્ન થઇ, "પુત્રો થશે!" તેવો વર આપ્યો હતો. ત્યારપછી સુરાજીને પાંચ પુત્રો થયા, તેમાં ઇસરદાસજી સૌથી મોટા હતા, અને ભોજરાજજી, નાંદોજી, કુરોજી, અને ચલોજી એ ચાર નાના હતા, વિ. સં. ૧૫૧૫ના શ્રવણ સુદ બીજને શુક્રવારની પ્રભાતે **મહાત્મા ઇસરદાસજી**નો જન્મ થયો હતો. તે વિષે પ્રાચિન દુહાઓ છે કે:—

દુહા

સંવત પન્નર પનરમેં, જનમે ઇસર ચંદ ।
ચારણ વરણ ચકોરમેં, ઉણ દીન હુવો અનંદ ॥૧॥
પસર ૧ભૂ પસર ૧શશી બીજ ભૃગુ,શ્રાવણ સિતપક્ષ સાર।
સમય પ્રાત સુરા ઘરે, ઇસરમો અવતાર ॥૨॥

ઇસરદાસજીને બાલ્યાવસ્થાથીજ પ્રભુ ભકિત પ્રિય હતી, તેથી તેમના કાકાશ્રી **આશાજી** પાસેથી ઇશ્વરી કાવ્યો, **લક્ષ્મણજી**ના છંદો વગેરેનો અભ્યાસ કરી, માત્ર ૧૪ વર્ષની નાની ઉંમરમાંજ નવિન કાવ્યો રચતા આશાજીએ લક્ષ્મણજીના છંદો રચ્યા હતા, તે સમગ્ર મરૂ ભૂમિમાં પ્રસિદ્ધ હતા. એક વખત **લક્ષ્મણજી**એ પોતે યોગીવેશે આવી આસાજી પાસે તે છંદ સાંભળવા ઇચ્છા જણાવી. પણ તેઓ જરા કડક મિજાજના હોવાથી બોલ્યા નહિં. પણ ઇસરદાસજી તે છંદો બોલ્યા. બે ચાર છંદો સાંભળી યોગી અદૃશ્ય થયા. પછી આશાજીને એ હકિકતનો પશ્ચાત્તાપ થતાં, સાત દિવસ સુધી અન્ન ખાધું નહિં સાતમા દિવસની રાત્રીએ લક્ષ્મણજીએ સ્વપ્નમાં આવી, **ગીરનાર પર્વત** પર આવી મળવા કહી, પવનના સામી જે ધુણીના અગ્નિની શિખા ચાલે તે ધુણી (આશ્રમ) મારી છે તેવી નિશાની આપી. કેટલેક વખતે આશાજી તથા ઇસરદાસજી ગિરનાર ગયા, અને તપાસ કરતાં નિશાની મુજબની ધુણીએ ગયા. ત્યાં યોગીરાજે (લક્ષ્મણજીએ) તેઓનો સત્કાર કરી, રામચાળીના દુધમાં એક કંદમૂળ ઉકાળી, તે અર્ધું દૂધ પોતે પીધને બાકીનું આશા બારોટને પીવાનું કહી ખપ્પર આપ્યું. પણ ઉચ્છિષ્ઠ દૂધ પિવાની તેને અરૂચિ થતાં, ના પાડી. યોગીરાજે તુરતજ તે ખપ્પર ઇસરદાસજીને આપ્યું. તેઓ પ્રસાદિનું મહારસ જાણી પી ગયા. ત્યારથી તેની નિરાવરણ દૃષ્ટિ થઇ ગઇ. તેથી યોગીએ કહ્યું કે "ઇશ્વરકા ભજન કરો, તુંમ પાત્ર હો." પછી ત્યાંથી તેઓ **પ્રભાસ** અને **દ્વારિકા**ની યાત્રા કરી, કચ્છમાં **નારણસર કોટેશ્વર** જઇ આવી વળતાં **જામશ્રી રાવળજી**ને આવી મળ્યા. એ હકિકત પ્રથમ ખંડમાં જામશ્રી રાવળજીના વૃત્તાંતમાં આવી ગઇ છે.

ઇસરદાસજીને જામશ્રી રાવળજીએ કોડ પશાવ કરી **જામનગર**માં રાખ્યા હતા. ત્યારે એક રાને શહેર ચર્ચા જોતા, રાવળજી ઇસરદાસજીની મેડીએ આવ્યા. ત્યાં સ્ત્રી પુરુષનો વાર્તાલાપ સાંભળતાં, જામશ્રીને શંકા થઇ કે "બારહટજી અહિં એકલા છે. તેમને સ્ત્રી છે

નહિં વળી વિદ્વાન અને જ્ઞાની છે. તેથી અનીતિના રસ્તામાં કદી પગ મેલે નહિં, ત્યારે આ રાત્રીના સમયે એકાંતમાં કોણ સ્ત્રી સાથે વાતો કરતા હશે?' વગેરે વિચારો પછી ઇસરદાસજીને બોલાવ્યા. કમાડ બોલતાં જામશ્રી અંદર પધાર્યા. ત્યારે એ મેડીમાં સુવાનો પલંગ અને પુસ્તકો સિવાય કાંઇ જોયું નહિં. માત્ર પલંગ પર પડેલા દુશાલા નીચે થોડા ઉંચાણ જેવું જણાયું. તેથી તે ઉંચો કરતાં, પુલનો ઢગલો જોવામાં આવ્યો જામશ્રી કહે "કવિરાજ! આટલા બધા પુષ્પો કયાંથી? ઇસરદાસજી કહે" દુનિયા ઇશ્વરનો બગીચો છે. તેમાં અનેક વૃક્ષો ઉપર અનેક પુષ્પો છે. ત્યાર પછી જામશ્રી થોડો વખત ત્યાં બીરાજી સ્ત્રી સાથે વાતો કરવાનું શાન્તિથી પુછયું. તેથી ઇસરદાસજીએ જામશ્રીને પીઠ ફેરવી ઉભા રહેવા કહ્યું તેમ કરતાં ઇસરદાજીના કહેવાથી પાછા ફરી જુએ છે તો એક સ્વરૂપવાન દેવી જેવી ચારણ કન્યા પુષ્પના ઢગલામાંથી જોવામાં આવી. તે જોઇને તેઓ આશ્ચર્ય પામ્યા. પછી ઇસરદાસે તે સ્ત્રીની પુર્વાશ્રમની સ્ત્રી તરીકેની (મારવાડમાં રહેતા ત્યારની) હકિકત કહી સંભળાવી, અહિં જન્મ લેતાં તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા જણાવી. બીજે દહાડે **જામશ્રી રાવળજી**એ પેથા બારોટને બોલાવી તે કન્યા **રાજબાઇ**ના લગ્ન ઇસરદાસજી પાસે કરાવી આપ્યાં. ઇસરદાસજીને **જગાજી, ચોંડાજી, કાહ્યાનદાસજી, જેશાજીઅને ગોપાલદાસ** એમ પાંચ પુત્રો થયા હતા.

વરસડા શાખાના માડ઼ ચારણ **માંડણભકત** દ્વારિકાની યાત્રાએ જતાં, રસ્તામાં **સચાણા** ગામે ઇસરદાસજીના દશનાર્થે રોકાયા. ગામમાં વસતા વાઘેરો મચ્છીમારનો ધંધો કરતા હોવાથી, તેના સહવાસમાં રહેનાર ઇસરદાસજીને પણ તેવા ગણી, ભગભકતની ભાવના પરથી, ત્યાં વધારે નહિં રહેતાં તેઓ તુરત દ્વારકા ગયા ભગવાનના ભકતનો દ્રોહ (અપરાધ) કરવાથી દ્વારકામાં રણછોડરાયનાં દર્શન તેમને થયાં નહિં. સેંકડો માણસો રણછોડજીની મુર્તિ જતાવે છતાં તેઓ જોઇ શકયા નહિં. તેથી તેઓ સમુદ્રમાં આત્મઘાત કરવા સમુદ્રમાં પડયા. ત્યાં સમુદ્રમાં અલૌકિક દિવ્યમંદિરમાં **શ્રીકૃષ્ણ**ના દર્શન થયાં. ત્યાં **લક્ષ્મીજી** ચરણ ચાંપે છે, અનેક પાર્ષદો સેવામાં છે, અને **મહાત્મા** ઇસરદાસજી સ્તુતિ કરે છે. એ જોઇ **માંડણભકત** ગદ્‌ગદ કંઠે થઇ ભગવાનના ચરણમાં પડયા, અને ઇસરદાસજીનો મહિમા જાણી માફી માગી. સજળ નેત્રો થતાં તેઓ ખુલી જુવે છે ત્યાં ઇશ્વર ઇચ્છાથી તેઓ દ્વારકાના મંદિરમાં આવ્યા. ત્યાં મુર્તિના દર્શન થતાં, સ્તુતિ કરવા લાગ્યા. તેથી પ્રભુએ પ્રસન્ન થઇ, પોતાના ખભાની ઉપરણીનો સોનેરી છેડો હાથમાં લઇ માંડણ ભકત તરફ હાથ લંબાવ્યો. માંડણભકત તે મોળીયું બાંધવા લાગ્યા પણ અંત આવ્યો નહિં, તેથી ભકતે સ્તુતિ કરી કે 'હે મહારાજ! આપનો પાર કોઇ પામી શકયું નથી. હું તો હવે પાઘડી બાંધી બાંધી થાકયો હવે બસ કરો," ત્યારે તે પાઘડીનો છેડો આવ્યો. પછી તેઓ, પાછા વળતી વખતે સચાણાં આવ્યા. ત્યાં ઇસરદાસજીનો સમાગમ કરી તેના મહિમાના કેટલાક કાવ્યો તેમણે બનાવ્યાં.

—: ઇસરદાસજીના બે અદ્‌ભુત પરચાઓ :—

સોરઠના **રા' નોઘણ**ના ભાયાત **વજાજી સરવૈયા**નો ગીરાસ જપ્ત થતાં, તેઓ **જામશ્રી રાવળજી**ના સાઢુ ભાઇ થતાં હોવાથી જામનગરમાં રહેતા તેઓ ઇસરદાસજી પ્રત્યે

પુજ્ય ભાવ રાખતા તેમજ તેમના પુત્ર કરણજી તો તેમના અનન્ય શિષ્ય હતા. વિ. સં. ૧૬૧૨માં તેમની જાગીર પાછી મળતાં તેઓ **અમરેલી**માં જઈ વસ્યા, વિ. સં. ૧૬૨૧માં કુંવર કરણજીના લગ્ન થતાં વજ્રાજીના અતિ આગ્રહથી ઇસરદાસજી અમરેલી ગયા. અમરેલી જતાં રસ્તામાં વીણું નદીને કિનારે એક નાના ગામમાં **સાંગાજી** ગોડ રજપુતને ત્યાં ઇસરદાસજી રાતવાસો રહ્યા. સાંગાજીના પિતા વેરાજી ગુજરી ગયા હતા, કરજને લીધે ગિરાસ મંડાઈ ગયો હતો સાંગાજીની ઉમર નાની હતી તેથી તેઓ ગામનાં વાછરડાં ચારતા અને તેમના માતુશ્રી દરણું દળી, ગુજરાન ચલાવતાં. સવારે ઇસરદાસજી ચાલતી વખતે સાંગાજી એક કામળી (ધાબળી) કે જે પોતે હાથે કાંતેલી હતી તે ઈસરદાસજીને ભેટ આપવા લાગ્યા તેની કોર અરધી બાંધવી બાકી હતી. તે કોર દસ પંદર દહાડામાં પુરી બાંધી લેવાનું કહી, અમરેલીથી પાછા ફરતી વખતે સાંગજીને ઘેર રાત્રી રહેવા અને કામળીની ભેટ સ્વીકારવા તેણે અરજ કરી. ઇસરદાસજીએ તેમનો પ્રેમ જોઇ વચન આપ્યું ત્યાંથી ચાલી ઇસરદાસજી જ્યારે અમરેલી ગયા ત્યારે વજ્રાજીના કુંમાર કરણજી (જેના લગ્ન થતાં હતા તે) સર્પ દંશ થવાથી મરણ પામતાં દહન ક્રિયા માટે સ્મસાને લઇ જવાની તૈયારી કરતા હતા. ઇસરદાસજી ત્યાં જઇ પહોંચતાં, તેમને ઉપરની વાતની ખબર થઇ, પોતાના અનન્ય શિષ્યની આ સ્થિતી જોઇને ઇસરદાસજીને ઘણી દયા આવી તેથી તેઓએ પ્રભુની સ્તુતિ કરીને કરણજીને સજીવન કર્યા તે સંબંધનું કાવ્ય નીચે આપવામાં આવ્યું છે:—

ગીત—ધનંતર મયંક હણું શુક્ર ધાઓ, નર સુરપાલક આપ નવડ ।
એક વારકી કરણ ઉઠાડો, વરણ ખટ તણો પ્રાગવડ ॥૧
જો તું આવી નહિં જીવાડે, સરવૈયો દીનાચો શામ ।
તુજ તણો ઔષધ ધનવંતર, કે દીન કહે આવશે કામ ॥૨
કરણ જીવશી ગુણ માને કવ, કઇ જગતચા સરશી કાજ ।
અમી કવણ દીન અરથ આવશી, આપીશ નહિં જો શશીયર આજ॥૩
આવ્યે મૂળી કરણ ઉઠાડો, જગ સહ માને સાચસ જેમ ।
હનુમત લખણ તણી પરસધ હવ, કોણ માનશી દુયતી કેમ ॥૪
શુક્ર આશરે થારે સરવે, નીપણ ટેકજ મુળ નિપાડ ।
અપકજ ઘણાં અસુર ઉઠવીયા, અમકજ હેકણ કરણ ઉઠાડ॥૫
સુરથેં સહી જીવાડણ સમરથ, ભુવન ત્રણે સહ સાખ ભરે ।
કોઇ ધાવરે ધાવ ધરમ કાજ, કરણ મરે કવ સાદ કરે ॥૬
ધનંતર મયંક હણું શુક્ર ધાયા, ગુણ ચારણ સારવા ગરજ ।
વાહન ખેડ આવીયા ચહુએ, ઇસરરી સાંભળી અરજ ॥૭
સાયર સુત પવન સુત ભ્રગુ સુત, આપોપેં ધરીયા અધિકાર ।
આયા ચહુએ કરણ ઉઠીયો; સુત વજમલ ખટ વરણ સુધાર॥૮
વસમીવાર લાજ લખમીવર, રખવણ પણ તુંથીજ રહે ।
ઇસર અરજ સુણી ઝટ ઇશ્વર, કરણ જીવાયો જગત કહે ॥૯

ઉપરનું ગીત બોલતી વખતે ધસરદાસજીએ પાણીની અંજલી ભરી ભરી કરણના શરિર ઉપર છાંટતાંજ કરણના શરીરમાં પુનર્જીવન આવ્યું, કરણ સજીવન થયા પછી એ ભકત કવિએ પરમાત્માના મહાત્મના સોળ દુહાઓ રચ્યા. જે તીથીના દુહાઓના નામે પ્રસિદ્ધ છે,

॥ दोहा सोरठा ॥

एके मन उचाट, राखो नव मानव रुदे, वसमी टाळी वाट, सवळी करशे शामळो॥१
बळतां राख्यां बाळ, बीजे बीलाडी तणां, चाडें ग्राही चाळ, साचो बेली शामळो॥२
टाणे राखी टेक, त्रीजे पंचाळीं तणी, आपतमां तु एक, साचो बेली शामळो॥३
ग्राहेलो गजराज, चोथे तें छोडावीओ, लटकाळा इलाज, छेवट राख्ये शामळा॥४
पांचममां प्रह्लाद, थंभ देखी झांखो थयो, सुणी भगतनो साद, तें चलवी कीडी शामळा॥५
नरसिंह रुपे नाथ. छठे हरणाकंश छळ्यो, हरि वधारी हाथ, संहार्यो तें शामळा॥६
पथरे बांधी पाज, समदर उपर सातमे, रावण वाळुं राज, सघळुं रोळ्युं शामळा॥७
लाखाग्रहथी लाज, अभंग राखी आठमे, कीधां उत्तम काज, सहपांडवनां शामळा॥८
लेता नागर लाज, नवमे नरसैंया तणी, मामेरुं महाराज, सबळुं पुर्युं शामळा॥९
दसमे तारे द्वार, करी हठ बेठो कोलवो, बळीया फेरी बार, सनमुख कीधां शामळा॥१०
नामो पाळी नेम, अगीआरस रहेतो अचळ, अगनीमांथी एम, साजो राख्यो शामळा॥११
आप्युं थइ अजाण, बीख हळाहळ बारमे, पुतनावाळां प्रांण, चुसी लीधां शामळा॥१२
परले कीधां पाप, तेरसमे गुनका तणां, मारो तुं माबाप, सारज लेजे शामळा॥१३
दारिद कीधां दूर, सुदामाना चौदमे, हुतो तुज हजुर, संकट वेळा शामळा॥१४
आंव्यो जइ असमान, पनरे बळ चांप्यो पगे, प्रागवडने पान, केम समाणो शामळा॥१५
कृणने इशर काज, सोळें सजीवन कर्यो, राखी पत महाराज, सेवक जाणी शामळा॥१६

પછી કરણજી જીવતા થતાં તેમના લગ્ન ઘણીજ ધામ ધુમથી કર્યાં. અને તે પ્રસંગે વજાજી સરવૈયાએ ધસરદાસજીને વરસડા અને ધંધેરીઆ એ બે ગામો આપી લાખપસાવ કર્યો. તે વિષેનું ધસરદાસજીએ વજાજી સરવૈયાનું નીચેનું કાવ્ય બનાવ્યું હતું:—

ગીત—जे सं पुरी रघुधाम पुरी जे, त्रीठ न आवे सतणतीए ॥
वजा पखे कुंण दीए वडसरो, देव पखे कुंण लंक दीए ॥१
वजाव्रसन गढ लंक वडसरो, सेव गीयां शाशण सडा ।
दुदाओत दशरथ ओत दीना, वारणे ए बे गाम वडा ॥२
सुरगीर मुगटन जेसो सोरठ, गोविंद वजो संप वडगात्र ।
त्रेता जुगे उधरीया तोखण, कळजुग उधरीया कव पात्र॥३
दुधीआ दाने विभीक्षण दीना, हे जदुरंग थान हर हंस ।
सोइ वजे चडे सरवहीआ, व्रसन शोह चाडे रघुवंश ॥४

અમરેલીથી ચાલી આવેલા વચનની યાદી લાવી, ઇસરદાસજી **સાંગા** ગોડને ઘેર આવ્યા. ત્યારે સાંગાજીની માએ રસોઇ તૈયાર કરી, થાળ પીરસી, જમવા બેસવા વિનંતી કરી, એ વખતે ઇસરદાસજીએ સાંગજીને બોલાવવા કહ્યું. પછી ડોસીની હિંમત નહિં રહેતાં; તેઓ રોવા લાગ્યાં અને કહ્યું "સાંગો વાછરડાં ચારવા ગયો હતો, ત્યાં વરસાદ થતાં વિણું નદિમાં પૂર આવ્યું. બધાં વાછરડાં પાર ઉતરી ગયા. પણ એક નાની નબળી વાછડી પુરમાં તણાવા લાગી. તેથી સાંગો તેની મદદમાં ગયો. ત્યાં નદીમાં વિશેષ પૂર આવતાં. તે વાછડી સાથે તણાઈ મરણ પામ્યો. આ **કામળી** આપને આપવાનું તેના ગોવાળીઆ મિત્રોને ઉંચો સાદ કરી મને કહેવાનું કહી ગયો છે." એમ કહી ડોસી રડવા લાગ્યાં. હકિકત સાંભળી ઇસરદાસજીને દયા આવી તેથી અનાજ નહિં જમતાં તુરતજ ગામના માણસો સાથે સાંગો તણાયો હતો તે સ્થળે તેઓ ગયા ત્યાં જઇ નદીના કિનારે ઉભા રહી ઉંચે સાદે પ્રભુ પ્રાર્થનાના નીચેના દુહાઓ બોલવા લાગ્યાઃ—

वेते जळ वेणुं तणे सांगा देने साद ।
कव पत शखण काज वाछां सोतो वेराउत ॥ १
वाछड धेनु वाळतां जमराणां ले जाय ।
तो धरम पंथ कुणधाये वार करे वा वेराउत ॥ २
कांबळ हेकण कारणे सांगो जो संताय ।
तो हुडीयंद नह देखाय वेराउत वहाणा समथा ॥ ३
सांगा जळ थळ संभळे इशर तणो अवाज ।
वेगे वळ्य सिद्ध कर वचन कांबळ बगशण काज ॥ ४
सांगाने वछडा सहित दीओ रजा जदुराज ।
सेवक इशरदासरी राखो पत महाराज ॥ ५

ઉપર પ્રમાણે દોહાઓ બોલતાંજ નદીના કોરમાંથી વાછડાં સહિત સાંગાજીએ આવીને ઇસરદાસજીના ચરણોમાં મસ્તક નમાવ્યું. પછી ઇશરદાસજી સાંગાજીને સાથે લઇ ગામમાં આવ્યા તેમના માતુશ્રી સાંગાજીને જોઇ બહુ ખુશી થયા. ગામલોકો પણ ઇશરદાસજીને મહાન અવતારી પુરુષ જાણી પગમાં પડવા લાગ્યા. ઇસરદાસજીએ સર્વને આશીર્વાદ આપ્યો સાંગાજીના પ્રેમને લીધે ઇસરદાસજી બે ત્રણ દિવસ ત્યાં રોકાયા. પછી સાંગાજીએ કાંબળો આપ્યો તે લઇ તેઓ જામનગર આવ્યા.—

મહાત્મા ઇસરદાજીએ અનેક કાવ્યો રચ્યાં છે, છેવટે '**હરિરસ**'નું કાવ્ય રચ્યા પછી તેઓએ કોઇનું કાવ્ય રચેલ નથી. એ હરિરસમાં, વેદ શાસ્ત્ર, ગીતા, ભાગવત્ આદિ પુરાણ, વગેરેનો સાર વર્ણવી એક પુરુષોતમ પરીબ્રહ્મ નારાયણની શુદ્ધ ઉપાસના, સ્વામિ–સેવક ભાવે વર્ણવી છે. અહર્નિશ તેઓ શ્રીકૃષ્ણ નારાયણનીજ ઉપાસના કરતા. તેની સાખીતીનો તેઓશ્રીનો એકજ ઉપદેશી દુહો બસ છે જોઃ—

अवध नीर तन अंजली टपकत श्वास उसास ।
हरिजन बीन जात हे अवसर इसरदास ॥ १

ભગવાન ભક્તને આધિન છે. તેથી ભક્તાધિન ભગવાન કહેવાય છે. ભક્તનો સંકલ્પ ધારે, તે ભગવાન સિદ્ધ કરે છે. એવા એકાંતિક નારાયણની શુદ્ધ ઉપાસનાવાળા ભક્તના દર્શન તો દેવ દેવીઓ પણ ઇચ્છે છે. અને તેની આજ્ઞામાં અહરનિશ હાથ જોડી હાજર રહે છે. એવો તે ભક્તનો ઈશ્વર સાથેની એકતાનો પ્રભાવ છે. તે પ્રભાવ ઇસરદાસજીમાં ખાસ હતો. કરણને સજીવન કરવામાં, હનુમાન, ચંદ્ર, શુક્ર, ધનવંતરીને બોલાવતાં સર્વ હાજર થયા અને કર્ણને સજીવન કર્યો. આમ પરમાત્મા સાથે એકતા હોવાથી આ જગતમાં તેઓ 'ઇસરકાં પરમેશ્વરા' એ નામે ઓળખાયા. છેવટે યોગી જેમ સદેહે સમાધિ લક્ષ લહે છે તેમ સેંકડો માણસોની દૃષ્ટિ ગોચરે સચાણા ગામે ઘોડા સહિત સદેહે સમુદ્રના જળ ઉપર ચાલી અદૃશ્ય થયા. આમ સ્વતંત્ર રીતે મૃત્યુ લોકમાંથી માનવદેહે અંતરીક્ષ થવાનું નથી પરંતુ તેઓ તો સાક્ષાત પ્રરીબ્રહ્મ શ્રીકૃષ્ણ નારાયણની ઉપાસનાવાળા એકાંતિકx ભક્ત હોવાથી, ઉપર પ્રમાણે અદ્‌ભુત ઐશ્વર્ય બતાવી આ અસાર સંસારનો ત્યાગ કરી, વિ. સં. ૧૬૨૨ના ચૈત્ર સુદી નવમી બુધવારે ૧૦૭ વર્ષનું આયુષ્ય ભોગવી પરમપદને પામ્યા હતા. તે વિષેના બે દુહા છે કે :—

॥ દોહો ॥

ઇસર ઘોડા ઝોકીયા, મહ સાગર કે માંય ।
તારણ હારા તારશે, સાંયાં પકડી બાંય ॥ ૧
સંવત સોળ બાવીસ બુદ્ધ, સુદ નવમી મધુ માસ ।
ઇશાણંદ કવિ ઉચ્ચરે, વિશ્વ કરો વિશ્વાસ ॥ ૨

---

x શાસ્ત્રો કહે છે કે " જેના કુળમાં ભગવાનનો ભક્ત થાય, તેના એકોતેર પરીઆ ઉદ્ધરે છે. તે સત્ય છે. પરંતુ શાસ્ત્રકારોએ ખુલાસો કરેલ છે કે તે ભક્તના કુળમાં ઉત્પન્ન થએલાઓ જો તે ભક્તનું મહાત્મ્ય સમજે અને તેઓએ માનેલી ધર્મ મર્યાદા પાળી તે ભક્તે કરેલી શુદ્ધ ઉપાસના પ્રમાણે વર્તી, એ ભક્તનો ગુણ ગ્રહણ કરે તોજ તેનો ઉધ્ધાર થાય. નહિં કે તેનાથી ઉલટી રીતે વર્તી અધર્માચરણો કરી, ક્ષુદ્રદેવોની ઉપાસના કરવાથી ઉધ્ધાર થાય તે વાત નિઃસંશય છે. એમ સદ્‌શાસ્ત્રોનો મત છે. ઇશરદાસજી તો ચોખું કહી ગયા છે કે—

॥ દોહો ॥

તલભર માટી જે ભખે, સુરા પાનસેં હેત ।
સોનર નરકેં જાત હે, બાધા કુટુંબ સમેત ॥ ૧

ચારણ ઉત્પતિ અને કવિકુળ પરિચય

ચારણ—એટલે "**चार्यन्ति कितीमीति चारणाः**" કિર્તી એટલે તારીફનો સંચાર (ફેલાવ) કરનારા છે માટે 'ચારણ' કહે છે. **ચારણ-चर** ધાતુથી ચારણ શબ્દ સિદ્ધ થાય છે. **चर** ગતિ વાચક છે ગતિ આપનાર, ગતિમાં મુકનાર એટલે ધર્મ કર્મમાં પ્રવૃત્તિ કરાવનાર, ઉત્સાહ આપનાર કિર્તી ફેલાવનાર, ઇત્યાદિ ચારણ શબ્દના અર્થ થાય છે. પછી **चा**=ચાહ અને **रण**=રણસંગ્રામ, "રણસંગ્રામની ચાહના" ઉત્પન્ન કરાવનાર ચારણો ધનુર્વેદ ભણેલા, અન્યને ભણાવનાર, લડનાર, સિંધુડા આદિ વીર કાવ્યો ગાઇ, કાયરોને પણ ચારણો શમશેર પકડાવીને રણસંગ્રામની ચાહ ઉત્પન્ન કરાવનાર.

ચારણ જ્ઞાતિની ઉત્પતિ દેવજ્ઞાતિમાંથી છે. જેનાં પ્રમાણો નીચે આપવામાં આવેલ છે;—

શ્લોક—देव सर्ग चाष्टविधो विबुधाऽपितरा सुराः ।
गंधर्वाप्सरसः सिद्धाः यक्ष रक्षांसि चारणाः ॥१॥

(શ્રી૦ ભા૦ સ્કં૦ ૩ અ૦ ૧૮)

ચારણોના લોક (સ્થાન) વિષે કહ્યું છે કે:—

अधस्थात्सवितुए जीनायुते स्वर्भानुर्नक्षत्र वच्य रतीत्येके ।
ततोद्यस्तात्सिध्धचारण विद्या धराणा मदनानितावन्मात्रबेण ॥२॥

(શ્રી૦ ભા૦ સ્કં૦ ૫ અ૦ ૨૪)

અર્થ;—સૂર્યથી ૧૦,૦૦૦ યોજન નીચે રાહુ છે. અને તેથી તેટલોજ નીચે સિદ્ધચારણ વિદ્યાધરનો લોક (ગૃહ) છે.

સમુદ્ર મંથનના સમયમાં દેવ દાનવો, ભગવાન પોઢયા હતા ત્યાં જઇ જગાડવાની સ્તુતિ કરવા લાગ્યા કે :—

શ્લોક—स्तुयमानं समंता च सिद्ध चारण किन्नरे ।
आम्नायैमद्भीश्च स्तुयमानं सम तत् ॥ १

(મત્સ્ય પુરાણ અ૦ ૨૪૯ શ્લો૦ ૩૫)

અર્થ:—સિદ્ધ ચારણ કિન્નર, મુર્તિમાન્ વેદ જેની કિર્તિ કરી રહ્યા છે, પરમેશ્વરની સ્તુતિ તો બ્રહ્માદિ દેવો કરે છે. પણ કવિ તરીકે તો ચારણ દેવોજ છે.

સુમેરૂથી ચારણો હિમાલય પર્વત પર આવી વસ્યા, તે વિષે વાલ્મીકિ રામાયણ બાલકાંડ સર્ગ ૪૮ના શ્લોક ૩૩માં છે કે :—

इममाश्रम मृत्सृज्य सिद्ध चारण सेविते ।

વિશ્વામિત્ર રામચંદ્રજીને કહે છે કે "મહા તપસ્વી ગૌતમ ઋષિ પોતાનું આશ્રમ છોડી સિધ્ધ અને ચારણ જ્યાં વસે તે હિમાલયના સુંદર શિખર પર તપ કરવા લાગ્યા.

હનુમાનજી જ્યારે લંકાને બાળીને સમુદ્ર કિનારે આવ્યા ત્યારે ફીકર કરવા લાગ્યા કે "આ મેં બુરૂં કર્યું, કેમકે સીતાજી પણ બળી ગયા હશે" તે સમયે ચારણ મહાત્માઓથી સાંભળ્યું છે કે "સીતાજી બળ્યા નથી.

सुश्राव हनुमाँस्तत्र चारणानां महात्मनाम् ।
जानकि न च दग्धैति विस्मयो दग्धभुत ववन ॥

(વાલ્મીકી સુંદરકાંડ સર્ગ ૫૫ શ્લોક ૨૯-૩૨)

હસ્તિનાપુરના રાજા પાંડુ શ્રાપથી મરણ પામતાં, કુંતાજી તથા યુધિષ્ઠિરાદિ પાંચે પાંડવોને (**ચારણ મુનિઓ** હસ્તિનાપુર પહોંચાડવા આવ્યા હતા.

तं चारण सहस्राणां मुनिनामागमं तदा ।
श्रुत्वा नागपुरे नृणां विस्मय समुपद्यते ॥

(મહાભારત આદિ પર્વ અ૦ ૧૨૬ શ્લો૦ ૧૧)

અર્થ---ત્યાં હજારો ચારણ મુનિઓનું આગમન સાંભળીને હસ્તિનાપુરના લોકોને વિસ્મય (આશ્ચર્ય) થયું.

તે સિવાય ચારણોને દેવકોટીમાં ગણ્યાના નીચેના શાસ્ત્રીય પ્રમાણો છે:—

આદિ કવિ **વાલ્મીકિ** રચીત **રામાયણમાં સુંદરકાંડ** સર્ગ ૫૫ શ્લોક ૨૯-૩૨ તથા સર્ગ ૫૮ શ્લોક ૧૫-૧૬-૧૫૬માં વર્ણન છે. **મહાભારત** વનપર્વ અધ્યાય ૪૪ શ્લોક ૩-૪-૫માં વર્ણન છે. **બ્રહ્મપુરાણ** અધ્યાય ૨૬ શ્લોક ૬૬ મેં વર્ણન છે. **રાજતરંગિણી**ના સાતમાં તરંગમાં ૧૧૨૨માં શ્લોકમાં વર્ણન છે, જૈન ધર્મના તિર્થંકર **શ્રી મહાવીરસ્વામિ** રચિત **પન્નવણાજી સૂત્ર**ના પ્રથમ પાદમાં મનુષ્યાધિકારમાં લખ્યું છે કે "**अरिहन्ताचक्रवट्टी बलदेवा, वासुदेवा चारणाविजाहरा** । એ ગ્રંથ માગધી ભાષાનો છે. અર્થ અરિહંત એટલે ચક્રવર્તિ રાજા હોય તે બળદેવ શ્રી કૃષ્ણઅવતાર જેવોજ ચારણ વિદ્યાધર તે મનુષ્યનો અધિકાર છે.

સત્યયુગમાં **મનુમહારાજ** તથા તેની દશમી પેઢીએ **વેનમહારાજ** થયા, તથા તેના **પૃથુ** થયા તે અવતાર મનાય છે. તે અવતારી રાજા પૃથુએ જ્યારે મડાયજ્ઞ રચ્યો, ત્યારે **હિમાલય** પરથી **ચારણદેવોને** પૃથ્વિપર વસાવી યજ્ઞની કિર્તી અમર રહેવા **તૈલંગ** નામનો દેશ ચારણોને ખેરાતમાં આપ્યો. **चारणाय ततः प्रादा तैलङ्ग देश मुत्तमम् ॥** પદ્મપુરાણ દ્વિતિયખંડ અ૦ ૨૮ શ્લોક ૮૮ અર્થ:—ચારણોને ઉત્તમ અર્થાત્ સર્વથી શ્રેષ્ઠ એવો **તૈલંગ દેશ** આપ્યો, ત્યારથી ચારણો હિમાલય છોડી તૈલંગ દેશમાં આવી વસ્યા. અને તે ચારણોની ઓલાદ રાજા અને રાજપુત્રોની સ્તુતિ કરવા લાગ્યા. તે આજસુધી તે ચારણો રાજાઓના **રાજકવિઓ** છે. હાલ માત્ર **રાજપુતાના, ગુજરાત, કાઠિયાવાડ** નેકચ્છ દેશમાંજ તેઓનો વાસ છે.

એ ચારણ દેવોની દેવ જાતિમાંજ દેવીઓનો જન્મ થયો છે. જેના થોડાં દાખલા નીચે આપુ છું;—**બોઢીઆર, આવડ, મોહુમાઇ** વગેરે સાત બેનોનો જન્મ વળામાં માદા

શાખાના ચારણ મોવડીઆ ગઢવીને ત્યાં થયો હતો. **ખુંટ, બલાડ** અને **બહુચરાજી** એ ત્રણેય બહેનોનો જન્મ બાપલદેથા (ચારણ)ને થયો હતો. **જેતબાઇ**, વાળા વડના લાખા મેકુને ત્યાં જન્મ્યા હતા. **વરૂડી**, શંખડા ગઢવીના પુત્રી હતા. **નાગબાઇ** (જેણે રા' નવઘણને શ્રાપ આપ્યો તે) હરજોગ ગઢવીના પુત્રી હતા. તથા **રાજબાઇ** ઉદા ગઢવીના પુત્રી હતા. વગેરે નવ લક્ષ દેવીઓનો જન્મ ચારણોના પવિત્ર દેવકુળમાંજ થયો છે. જે દેવીઓને આજે સમગ્ર જાતિ કુળદેવીઓ માનીને પુજે છે. ચારણો **શીવ ભકત** અને **વૈષ્ણવ ભકત** અનન્ય હતા. પુજ્ય મહાત્મા **ઇસરદાસજી** કે જે "મશરાકાં પરમેશ્વરા" કહેવાયા તેણે વેદ પુરાણ ગીતા આદિ શાસ્ત્રોનું દોહન કરી '**હરિરસ**' નામનો સર્વોત્તમ ગ્રંથ રચેલો છે. સાક્ષાત નારાયણના અવતાર રૂપ સ્વામિશ્રી **સહજાનંદજી** મહારાજે પણ ચારણોને દેવ ગણી તેની યોગ્ય કદર કરી હતી. **કવિવર્ય બ્રહ્માનંદજી** સ્વામિ પુર્વાશ્રમમાં આબુ ડુંગર પાસેના ખાણ ગામના રહીશ **આશીયા** ઓહકના માડ ચારણ શુંભુદાનજીના પુત્ર **લાડુગઢવી** નામે હતા. તેમજ સ્વામિશ્રી **દેવાનંદજી** પણ **બાટી** શાખાના ચારણ હતા અને સ્વામિશ્રી **પુર્ણાનંદજી ટાપરીઆ** શાખાના **ગજાગઢવી** નામે ચારણ હતા. ઉપરોકત ચારણ મહાત્માઓએ નીતિધર્મની પ્રવૃત્તિ અર્થે અને અનેક જીવોને સદાચરણને રસ્તે ચડાવવાને અર્થે અનંત કાવ્યો કિર્તનો, છંદો વિગેરેના ગ્રન્થો રચી, ચારણી સાહિત્યનો **સ્વામિનારાયણ** સંપ્રદાયમાં મોટો ફાળો આપી ગયા છે. જેના ઉપદેશથી આજે લક્ષાવધિ મનુષ્યો ધર્મ પાળી પ્રભુ ભજન કરી રહ્યા છે. તે કાર્ય પણ **ચારણ મહાત્માઓવડેજ** થયું છે.

પૃથુરાજથી છેક **હિન્દુ રાજ્ય** પછી **મુગલ શહેનશાહે** અને હાલની **બ્રિટીશ, સલ્તનતે** અને તેના યોગ્ય અધિકારીઓએ પણ ચારણોની યોગ્ય કદર કરી છે. જેના દાખલાઓ નીચે મુજબ છે:—

"**શહેનશાહ અકબર**ની કચેરીમાં શાહજાદા સીવે સહુને ઉભા રહેવાનો પ્રબંધ હતો માત્ર મહેડુ શાખાના **અહિકરણદાનજી** નામના ચારણ કવિ શરીરે બહુ જાડા હોવાથી બાદશાહ તેઓને **જાડા ચારણ** કહી બોલાવતા. તેનેજ માત્ર કચેરીમાં બેસવાની છુટ હતી. તે વિષે દુહો છે કે:—

પગાં નબળ પતશાહ, જીભાં જશબોલાં ઘણા ॥
અબજશ અકબરશાહ, બૈઠાં બૈઠાં બોલશાં ॥૧॥

જહાંગીર બાદશાહ હંમેશાં પોતાના હાથથી રોજનીશી (ડાયરી) લખતા તે '**તુજક જહાંગીરી**' નામે ઉર્દુમાં છપાએલ છે. તેમાં લખેલ છે કે (તરજુમો):—"તારીખ ૨૫ મોહરમ રોજ **જોધપુરના રાજા સુરસિંહજી** મારી મુલાકાતે આવ્યા તેમની સાથે બે **સરદારો** લાવ્યા હતા. તેમાં એક તેમના કાકાના પુત્ર હતા, અને બીજા તેમના **કવિલાખાજી** નામના **ચારણ સરદાર**ને સાથે લાવ્યા હતા. તે કવિએ મારી એક કવિતા સંભળાવી તે કાવ્ય મને ઘણીજ પસંદ આવી. તે કાવ્યમાં અતિ ચમત્કાર હતો. અને ન્યાય પણ નવિન હતો. તે કવિને મારા તરફથી હાથી તથા બીજો પોષાક દાનમાં આપવામાં આવ્યો હતો."

કેપ્ટન, એ. ડી, **બૅનરમૅન** સાહેબ આઇ. એસ સી. સુપરિન્ટેન્ડેન્ટ હિંદુસ્તાનના ઇ. સં. ૧૯૦૧ના વસ્તિપત્રકના રીપોર્ટમાં પૃષ્ટ ૧૪૭ મેં લખે છે કે "**ચારણ જ્ઞાતિ** ઘણી જુની અને પવિત્ર કોમ છે. એનું વર્ણન **રામાયણ** અને **મહાભારત**માં છે. તેઓ રાજપૂતોના કવિ છે. પોતાની ઉત્પત્તિ દેવતાઓથી છે તેમ સાબિત કરી બતાવે છે. રાજપૂતો તે જ્ઞાતિને ઘણુંજ માન આપે છે. અને તેઓ મોટા **વિશ્વાસપાત્ર** મનાય છે. તેમજ તેનો ઉંચો દરજ્જો ગણે છે, **બારહઠજી** કહીને બોલાવે છે. **રાજા મહારાજાઓના** તરફથી તેમને **તાજીમ** મળે છે (એટલે ઉભા થઇ રાજા માન આપે છે.) દરબાર ભરાય છે ત્યારે તેમને ઇજ્જતવાળી બેઠક મળે છે. અને કસુંબો પીતી વખતે સરદારો પહેલી મનવાર **ચારણ સરદારને** આપે છે. વળી ક્ષત્રિયોની કાવ્ય કરવી તેટલુંજ નહિં પણ વિપત્તીઓના સમયમાં ઘણીજ મદદ તનમન ધનથી કરેલ છે. તે હકિકત **જોધપુર** અને **જેસલમેરના** ઇતિહાસમાં જોવામાં આવે છે. તેમના માટે પ્રશંસનિય વાત છે કે **ચારણો સત્યવાદિ** હોય છે. સરદાર લોકો પણ તેઓના ડરથી એમ માને છે કે અમો ચારણોની કવિતામાં પેઢી દર પેઢી દયા વિનાના ગણાય જઇશું એટલા માટે તેઓ અનીતિ કરતાં અટકે છે. **આ ચારણો** સર્વથી શ્રેષ્ઠ દરજ્જાના છે, તેઓની **સ્ત્રીઓ** પડદામાં રહે છે. તેઓમાં વિધવા વિવાહ થતા નથી. ઘણાક રિવાજો રાજપૂતોના જેવાજ છે. તેઓ કવિ હોવાથી **રાજપૂતોના મોટાં મોટાં કામોની નોંધ** ઇતિહાસ લખી રાખે છે. તેમની ઘણી મોટી **જાગીરો** મારવાડમાં છે. ચારણોના પુત્રોમાં જાગીરના સરખા હિસ્સા વહેંચાય છે.

જીલ્લા સંબંધે ઇ. સં. ૧૮૬૪નો **પીલ સાહેબ**નો રીપોર્ટ છે તેમાં તેઓ લખે છે કે "આ દેશમાં જે વાત કે વષ્ટિમાં ચારણોને રાખીએતોજ તે કરાર પાર ઉતરી શકે છે. વળી તેમનું જમીનગતું તો ઘણુંજ વખાણવા લાયક છે. તે જમીન હોય ને જે આગલો રાજા ન પાળે તો તેનાં પ્રાણ તુરત આપી દે છે. અને તમામ કુટુંબનો સત્યતા માટે અને પોતાના એક વચન માટે ત્યાગ કરી દે છે ને મરવા તૈયાર થાય છે. આવી તે વિશ્વાસ પાત્ર જ્ઞાતિ છે. વળી ક્ષત્રિઓ તો તેમનું ઘણુંજ માન સાચવે છે. અને બીજાઓ પણ એમનાં ત્રાગાં કરવાથી ડરે છે. તેથી તે જ્ઞાતિ વચમાં હોય તો સામો માણસ શરતનો ભંગ કરી શકતો નથી."

વીલ્સન સાહેબની 'ઇન્ડીઅન કાસ્ટસ' નામની કિતાબ પૃષ્ટ ૧૮૧–૮૫ તથા શેરીંગ **સાહેબ** 'હિંદુદ્વાઇજ્ઞર એન્ડ કાસ્ટસ' નામની કિતાબ પૃષ્ટ ૫૩–૫૪ **કર્નલટોડ સાહેબ**ના 'ટોડ રાજસ્થાન' પૃષ્ટ ૧૮૮–૯૯ અને **ફાર્બસ સાહેબ**ની રાસમાળા વગેરે વગેરે ઠેકાણે ચારણ જ્ઞાતિની એ બ્રિટીશ અધિકારીઓએ યોગ્ય પ્રશંસા કરેલ છે. ઇ. સં, ૧૮૩૬માં જ્યારે કાઠીઆવાડ અને ગુજરાતના રાજ્યો સાથેના એગ્રીમેન્ટ થયા ત્યારે વઢવાણના **ગઢવિ પીંગળશી રતનું**ને સાહેબે સાથે રાખ્યા હતા. અને તે સંબંધે તેમને જે સર્ટીફીકેટો મળેલા છે. તે હાલ તેમના પાસે મોજુદ છે. કૈસરે– હિંદ **મહારાણીશ્રી વિક્ટોરીઆએ** ઉદેપુરના કવિરાજજી શામળદાનજીને મહામહોપાધ્યાયનો ખિતાબ એનાયત ફરમાવ્યો હતો, મહીકે મુઆ-

જિમ શહેનશાહ સપ્તમ એડવર્ડ સાહેબે જોધપુરના કવિરાજજી મુરારિદાનજીને મહામહોપાધ્યાયનો ખિતાબ એનાયત ફરમાવ્યો હતો.

બારહઠજી અને ગઢવી શબ્દનો અર્થ:—પોતાના યજમાન ક્ષત્રિઓના દ્વારપર ચારણો હઠ કરીને પોતાનો લાગ લેતા હોવાથી દ્વાર શબ્દનું અપભ્રંસ બાર, એટલે બાર પર હઠ કરી, લાગ લેવા વાળાઓ હોવાથી **બારહઠજી** કહેવાયા. તે ઉપરથી મારવાડમાં **બારહઠ** શબ્દ પ્રચલિત થતાં, તેનો અપભ્રંશ કચ્છ તથા હાલારમાં **બારોટજી** થયો. નહિંતર **બારોટ** એ શબ્દ વહીવંચા ભાટ (ડોંગરાઓ) ને સંબોધવાનો છે. તેમજ **ગઢવીર** એટલે વિરતાનો ગઢ એ ઉપરથી **ગઢવી** શબ્દ પ્રચળિત છે.

—: ચારણોમાં થયેલા. ભાષા કવિ (ગ્રંથકારો)ની નામવલિ :—

અવતાર-ચરિત્ર કર્તા મહાત્મા **નરહરદાસજી**, **વંશભાસ્કર**-કર્તા કવિરાજ **સુર્યમલજી**, **પાંડવ યશેન્દુ ચંદ્રિકા**-કર્તા માહાત્મા **સ્વરૂપદાસજી**, **હરિરસ**-કર્તા મહાત્મા **ઇસરદાસજી**, **ઉંમર કાવ્ય**-કર્તા મહાકવિ **ઉંમરદાનજી**,**ઇતિહાસ મેદપાટ**-કર્તા મહામહોપાધ્યાય કવિરાજ **શામળદાનજી**, **વીરકાવ્ય**-કર્તા કવિરાજ **કૃષ્ણકર્ણજી**; **રાજપુતાના ઇતિહાસ**-કર્તા પંડિત **રામાનાથજી રતનું** બી. એ. એલ. એલ. બી. **શિરોહીનો ઇતિહાસ**-કર્તા કવિરાજ **નવલદાનજી**, **વીરવિનોદ** (કર્ણ-પર્વ) કર્તા-કવિ મહારાજા **ગણેશપુરીજી' પ્રતાપયશ**-કર્તા કવિરાજા **દર્શાજી**, **આઢા, બ્રહ્મવિલાસ, બ્રહ્માનંદ કાવ્ય સુમતિ પ્રકાશ, ધર્મવંશ પ્રકાશ, નીતિપ્રકાશ** આદિ અઢાર ગ્રંથોના કર્તા **સ્વામિશ્રી બ્રહ્માનંદજી**, (લાડુ ગઢવી) **યશવંત-યશોભૂષણ**—કર્તા મહામહોપાધ્યાય કવિરાજજી **મુરારિદાનજી**, જોધપુર **જશુરામ રાજનીતિ**—કર્તા કવિરાજ **જશુરામજી**, **વિભાવિલાસ, વિજય પ્રકાશ**—કર્તા કવિરાજ **વજભાલજી ભદ્રેડ, તખ્તસિંહ ચરિત્ર, ભાવભુષણ, પિંગળ** કાવ્ય વગેરેના-કર્તા રાજકવિ **પીંગળશીભાઇ** ભાવનગર. એ ગ્રંથકારો ઉપરાંત પરચુરણ કાવ્ય છંદો રચનાર ઘણાં ચારણ કવિઓ થાય છે, **પુરૂષોત્તમ ચરિત્ર દ્રોપદી વસ્ત્રાહરણ, રૂક્ષ્મણિ હરણ** આદિ કાવ્યોના કર્તા કવિરાજ **ભીમજીભાઈ રતનું**. તથા વળા રાજકવિ **ઠાકરણભાઇ** પાસે લખીત પ્રાચિન કાવ્યોનો સંગ્રહ છે. આવા અનેક ગ્રંથકારો થયા છે અને છે કેટલાએક ગ્રન્થો અપ્રસિદ્ધ છે. પૂર્વના ચારણો તપ, વિદ્યા, બળ અને ધૈર્યની મુર્તીઓ હતા. જેમાં અનેક સદ્ગુણોનો સમુચ્ચય હોય તે દેવકુળ ચારણ કહેવાય. તે વિષે મારા વિદ્યાગુરૂ પુરોહિત-કવિશ્રી **ગવરીશંકર** ગોવિંદજી **ઝુલા**એ નીચેનો છપય કહેલ છે કે:—

चारण चतुर गणाय, चारण धर्म न चुके ।
चारण सिद्ध सुहाय, मरे पण टेक न मुके ॥
चारण सत्याचरण, शास्त्र श्रेष्ट चारणनी ।
चारण किर्ती शुद्ध, शाम धर्म धारणनी ॥
कारण विलोकी शुभ कार्यनी. धीर तजे नहिं धारणा ॥
प्रजा राज हित प्यार शुभ चुक्या नहिं चारणा ॥१॥

ચારણો—નિઃસ્પૃહી, નિઃસ્વાર્થી. ધર્મપરાયણ અને રાજાપ્રજાનું કલ્યાણ કરવામાં તત્પર રહેતા હતા. રાજા, અને રાજાપ્રજામાં કુસંપ થાય તો ચારણો વચ્ચે પડી તુરત મટાડી દેતા. એટલે સ્વચક્ર પરચક્રની ઉપાધિ થવા ન દેતા.

ધરણું—એજ સત્યાગ્રહ. ચારણો પર અન્યાય, સંકટ, કે ત્રાસ થતો ત્યારે ચારણો ધરણું દેતા એટલે સત્યાગ્રહ કરતા. સાત દિવસ સુધી એક મંડળી આત્મભોગ આપવા એકત્ર મળી ઉપવાસ કરતું. આઠમે દિવસે પારણું કરી, કોઇ પોતાને ગળે છરી કટાર કે તલવાર નાખતા. કોઇ તેલનો ડગલો પહેરી સળગાવી જેણે નુકશાન કરેલ હોય, તેની સામે બળી મરે, સ્ત્રીઓ પણ સ્તનો કાપી લોહી છાંટતી એ રીતે પોતાના ગામ ગિરાસ સાશણો જાળવી રાખતા. જેમણે ગામ ગિરાસ ઉપર જમા સુધારો કે વેઠ, રાજા બાદશાહને પણ આપેલી નથી એવા ધરણાંઓના કિસ્સા (ત્યાગાંઓની વાતો) કાઠીઆવાડમાં ઘણે ઠેકાણે પ્રચળીત છે.

શાસણ—ચારણોના ગ્રાસને શાસણ કહેવામાં આવે છે. એ શબ્દ **શાસન** ઉપરથી થયેલ છે. એટલે ચારણો રાજાઓને શાસન (શિક્ષા) કરતા. ન્યાય આપતા તેથી તેના બદલામાં આપેલ ગ્રાસના લેખમાં (તામ્રપત્રમાં શાસણ શબ્દ લખાવતા. કોઇ લેખોમાં તો એવું લખેલું છે કે "વિધરમી રાજાએ પણ પોતાનું આપેલું જાણી આ શાસણ ગ્રાસને પાળવા" તેથી જુના વખતમાં અપાએલાં ક્ષત્રિઓના શાસણના ગામ ગ્રાસ બાદશાહોએ તથા વર્તમાન બ્રિટીશ શહેનશાહે પણ અદ્યાપિ જાળવ્યા છે, અને ક્ષત્રિય રાજાઓ જાળવે ને પાળે તે તો તેનો સ્વધર્મ છે.

—: ચારણો અને ક્ષત્રિઓનો સંબંધ :—

એ સંબંધ માટે જોધપુર મહારાજા માનસિંહજી સાહેબનો રચેલ એકજ દુહો બસ છે.

चारण क्षत्रि भाइयां, जा घर खाग तियाग ।
खाग तियागा बाहीरां, तासुं लाग न भाग ॥१॥

ક્ષત્રિયોએ ચારણોને પોતાના બંધુ બરોબરજ ગણેલા છે. તેમજ ચારણોએ ક્ષત્રિઓ માટે ઘણી સેવા કરી છે જે દરેક ઇતિહાસોમાં પ્રસિદ્ધ છે. કચ્છ રાજ્યને કરજમાંથી મુકત કરનાર **કાનાજી** પણ ચારણજ હતા. જે વિષે દુહો છે કે :—

काने कोरी क्रोड, रा'ने आपी रोकडी ।
जीण चारणरी जोड, हुवो न दुजो देशमां ॥१॥

આપતકાળમાં ચારણો પોતાના સ્ત્રીપુત્રોને રાજપૂતોને ઘેર સોંપતા અને રાજપૂતોએ તેમને પોતાની માતાઓ બ્હેનો સમાન ગણી, તેમના ધર્મનું રક્ષણ કરેલ છે. તેમજ મોટા આપતકાળમાં આવી ગયેલ, લાચાર થયેલા ક્ષત્રિઓએ પોતાના સ્ત્રી પુત્રોને ચારણોની રક્ષામાં સોંપેલ. જે વખતે ચારણોએ પણ પોતાનો શામધર્મ બરોબર બજાવેલ છે. આવી પવિત્રતા, વિશ્વાસ અને ધર્મ એ બન્ને જાતિમાં પરસ્પર અદ્યાપિ પર્યંત અખંડ જળવાઇ રહેલ છે. પરમાત્મા તેમાં પ્રતિદીન ધર્મવૃદ્ધિ રાખે અને એક બીજાના સહાયક બની પૂર્વની પેઠે ઉન્નતિ

પામે, ચારણો એવા રાજભકત (શામધર્મી) હતા કે તેમણે બળ. સૈન્ય અને સમય હોવ છતાં પણ પોતાનું રાજ્ય સ્થાપ્યું નથી. બીજી બધી જ્ઞાતિમાં જેઓ બળવાન કે બહાદૂર થયા તેમણે પોત પોતાના રાજ્યો સ્થાપ્યાં હતાં. પરંતુ ચારણોએ તેમ કરેલ નથી. એવા તેઓ નિ: સ્પૃહી, ત્યાગી, રાજભકત અને ઇશ્વર શ્રદ્ધાળુ હતા.

ચારણોનાં કર્તવ્ય કર્મ:—ભણવું-ભણાવવું. રાજ્ય પ્રજાના પ્રતિનીધિ તરીકે આગેવાની કરવી. રાજા-રાજા અને રાજા-પ્રજા વચ્ચે તકરારો પતાવવામાં ધર્મવકિલ બહાદૂર પુરુષોના ઇતિહાસો લખવા અન્યોકિતથી ઉપદેશ કરવો. લોક મર્યાદા અને ધર્મ મર્યાદાનું રક્ષણ કરવું. રાજાના વકિલ તરીકે પર રાજ્યમાં કામ પ્રસંગે જવું, ન્યાય આપવો. ધર્મ મંત્રી પણું, કવિ તરીકે રાજાનું આઠમુ અંગ ગણાવું. લોક પ્રિયતા મેળવવી, ધર્મ અને ઇશ્વર ભકિત પરાયણ થવું. અને કેળવણી આપવામાં ક્ષત્રિયોના બાગના સાચા માળી થવું.

એવાં પવિત્ર ચારણ કુળો (*માડ઼ ચારણો) આ જામનગર સ્ટેટમાં નીચેના ગામોએ રહે છે:—સચાણા, રંગપર, હાપા, મકવાણા, રાજવડ, (કાળાવડ), રાજડા, લોંઠીયા, મીઠાવેઢા સુમરા, ખાખરા, આંબલા, મેઠી, શેખપાટ, હડીઆણા, ગલ્લા, ઢંઢા પડાણા, કેયલી, હળમચોરા, ઓટાળા, ખંભાળીઆ (મોરારદાસ) અને જામનગર તળપદમાં વસે છે.

કવિ કુળ—પરિચય


આ ઇતિહાસના દ્વિતિય ખંડમાં, જેસલમેરના ઇતિહાસમાં પૃષ્ટ ૨૨૫મે **રતનું ચારણોની** ઉત્પત્તિ વિષે લખાઇ ગયેલ છે. એ રતનું ચારણ સરદારો **મારવાડમાંથી નગર પારકરમાં ભટ્ટીરાજપૂતોના** આશ્રયે આવી રહેલા. વિ. સં. ૧૨૧૫માં ભંયકર દુષ્કાળ વખતે પારકરના સોઢા (પરમાર) રાજા સાથે ભટ્ટીઓ પણ કાઠીઆવાડમાં આવતાં, તેઓના સાથે

* તેઓએ હાલાર ચોવીસીમાં રહેતા. માડ઼ ચારણોનું એક ચારણ સંમેલન વિ. સં. ૧૯૮૭માં સંસ્થાન ધોળ તાબે **ધુનાનાગામે** ભરી, જામનગરમાં—**માડ઼ ચારણ દેવજ્ઞાતિ કલબ** સ્થાપી, જ્ઞાતિ સુધારાના યોગ્ય ધારા ધોરણો બાંધી, મુક બહાર પાડેલ છે. જે વાંચવાથી ચારણોની ઉત્પત્તિ અને રિવાજો જાણી શકાશે. તે મુકમાં ચારણોના પાંચ જાતિભેદ છે. તેમાં (૧) માડ઼ ચારણોના રીત રિવાજો, જેવા કે;—પુનર્લગ્ન થાય નહિં, યોગ્ય ઓઢલ મર્યાદા પાળવી, પહેરવેશ, ભાષા વગેરેનું મળતા પણું, રાજપૂતો (ક્ષત્રિઓ)ની સાથે છે. (૨) સોરઠીઆચારણોનું કાઠિઓના રિવાજ સાથે, (૩) પરજીઆચારણોનું આયર બોરીચા સાથે, (૪) નેસાઇ. અગરવચ્છા ચારણોનું ભરવાડ રબારી સાથે. (૫) તુંબેલચારણોનું સંધિ સુમરા સાથે મળતાપણું છે.


એ રતનું બારહઠજી પણ આવેલા અને ઝાલાવાડ પ્રાંતમાં આવેલા **મુળી** ગામે ચભાડ રજપૂતો સામેના યુદ્ધમાં સોઢાઓ સાથે રહી બારભટ્ટી સરદારો અને ત્રણ રતનું બારહજી કામ આવ્યા હતા. વગેરે હકિકતનું કાવ્ય આ ઇતિહાસના પ્રથમખંડમાં **જામશ્રી રાવળજી**ની હકિકતમાં પૃષ્ટ ૧૬૪મે આપેલ છે. જેથી તે વિષે ફરી નહિં જણાવતાં માત્ર કવિ (૬૦ કર્તા)ના કુળનો અત્રે ઉલ્લેખ કરૂં છું. **મુળી**માં બારમા સૈકામાં આવેલા રતનુ કુળમાં કવિના પિતામહ **બનાભાઇ**નો જન્મ અઢારના સૈકામાં થયો હતો. તેઓ એક વખત કીશોરવયમાં પોતાનાં માતુશ્રી સાથે કાઠીઆવાડમાં સગા સબંધીઓમાં જતા હતા. રસ્તામાં ગઢડા ગામે સાંભળ્યું કે અત્રે **સ્વામિનારાયણ** નામના ભગવાન છે. તેમનાં માતુશ્રીની દર્શન કરવાની ઇચ્છા થતાં, તેઓ બંન્ને ગઢપુરમાં આવ્યા. તે સંપ્રદાયના રિવાજ મુજબ તેમના માતુશ્રીએ સ્ત્રીઓની સભામાં જઇ, સ્વામિનારાયણના દર્શન છેટેથી કર્યાં. અને **ગઢવી બનાભાઇ**એ મહારાજ સન્મુખ જઇ બે હાથ જોડયા **શ્રીજીમહારાજ** એ વખતે નીમ્બવૃક્ષ નીચે સભા કરી બીરાજ્યા હતા. ત્યાં કોઇએ ઉત્તમ જાતિની કેરીઓ ધરી હતી, તેમાંથી એક કેરી લઇ મહારાજ જમતા હતા. સભામાં આવેલા કિશોર વયના ગઢવી સામું જોઇ મહારાજે પુછ્યું કે "કમાં રહેવું ?" "રહેવું મુળી" "કેવા છો?" "ગઢવી" મહારાજ કહે "**બ્રહ્મમુનિ** આતો તમારા આવ્યા ! છોકરા ! લે કેરી" એમ કહી મહારાજશ્રી જમતા હતા તે પ્રસાદિની કેરી આપી. તે તેણે અંગરખાની ચાળ લાંબી કરી તેમાં લીધી એ મુમુક્ષુ જીવ ઉપર **શ્રીજી**ની પ્રસન્નતા જોઇ, સદ્‌ગુરૂ **બ્રહ્માનંદ સ્વામિ**એ તેજ વખતે તેઓને વર્તમાન (દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર ન કરવાની પ્રતિજ્ઞા લેવરાવી તે) ધરાવ્યાં. અને કંઠી બાંધી, વાંસો થાપણી **સ્વામિનારાયણ**ની માળા ફેરવવાનું નિયમ આપ્યું. પછી તેઓ દર્શન કરી, તે સભામાંથી તુરતજ પોતાના માતુશ્રીને આવી મળ્યા. અને શ્રીજી મહારાજની પ્રસાદિની કેરી તેઓ જમ્યા. તેમજ કંઠી બાંધી, નિયમો આપ્યાની વાત કરી, તેથી તેમનાં માતુશ્રી બહુજ રાજી થયાં, શ્રીજી મહારાજની અલૌકિક મુર્તી, હૃદયમાં સ્વભાવિક જડાઇ જતાં તેઓએ મહારાજને સાક્ષાત્ નારાયણનો અવતાર જાણી તેમનું ભજન સ્મરણ કરવા માંડયું. ત્યારથી એ કુટુંબમાં **સ્વામિનારાયણ સંપ્રદાય** અદ્યાપિ પર્યંત ચાલુ છે. **બનાભાઇ રતનુ**ને શ્રીજી કૃપાથી પાંચ પુત્રો થયા. તેમાં વચેટ પુત્રનું નામ **ભીમજીભાઇ** હતું. તેઓએ મુળીમાંજ બ્રહ્માનંદ સ્વામિના શિષ્ય કે જેઓ તે વખતે મુળી મંદીરમાં મહંત હતા. તેમના પાસે પીંગળ–સાહિત્યનો વિદ્યાભ્યાસ કર્યો. તેમણે લગભગ ૧૦૦ છંદ–દુહાઓ અને ૧૦૦ ગીત જીવ્હાગ્રે હતાં. મુળી, એ–ચારણ કવિઓની 'છોટી કાશી' છે. જેથી તે શુભ સ્થળે **કવિશ્રી ભીમજીભાઇ**એ સાહિત્યનો બહોળો અનુભવ લીધો. વિક્રમ સંવત ૧૯૨૬માં તેઓ હાલાર ભુમિમાં પોતાને મોસાળ શીતળાને **કાલાવડ** [રાજવડ] ગામે આવ્યા. જ્યાં તેઓશ્રીનાં નાની બાશ્રીબાઇબાને પુત્ર નહિં હોવાથી પોતાની દીકરી [અમુબા]નો દિકરો તે મારોજ પુત્ર છે એમ માની પોતા સાથેજ રાખ્યા. કવિ ભીમજીભાઇના નાનાબાપુ ખોડાભાઇ વહેલાજ સ્વર્ગે ગયા હતા. તેથી તેમનાં વિધવા બાઇબાએ એ ભીમજીભાઇને શાસ્ત્ર વિધી પ્રમાણે દત્તક લઇ દત્તવિધાન કરી આપી. પોતાના કબજાનું ખેરાતી ગામ મોજે રાજવડ તથા કાળાવડ તળપદની સ્થાવર જંગમ સર્વ મિલકત સુપ્રત કરી આપી બાશ્રી બાઇબા ૧૯૪૧માં અક્ષર નિવાસ થયાં, દત્તવિધાન

થયું ત્યારથી કવિ ભીમજીભાઇ કાલાવડમાં રહેવા લાગ્યા. મહારાજા **જામશ્રીવિભાજી** સાહેબની તેઓના ઉપર સંપૂર્ણ કૃપા હતી. વગેરે હકિકત તથા કાવ્યો ઇતિહાસના પ્રથમ ખંડના પૃષ્ટ ૩૪૨મે આપેલ છે. એ પ્રમાણે **કવિશ્રીભીમજીભાઈ બનાભાઇ** જામશ્રીની કૃપા તળે **રાજકવિ** પદ મેળવી કાલાવડમાં રહી. ત્યાં **સ્વામિનારાયણનું** મંદીર ×ચણાવી અખંડ નારાયણનું ભજન સ્મરણ કરી વિ. સં. ૧૯૫૭ના આસો વદ–૭ને દિવસે અક્ષર નિવાસી થયા હતા, તેમને સ૦ ગુ૦ **સ્વામિ ગોપાળાનંદજી**ના શિષ્ય **મહાપુરૂષદાસજી** સ્વામિ કે જેઓ જુનાગઢ મંદીરના મહંત હતા તેમના વચનથી **માવદાનજી** અને **ચત્રભુજદાનજી** (ઉર્ફે ચતુરજી) નામના બે પુત્રો થયા.

કવિ (રતનું) કુળ વંશાવળી



× જામશ્રી વિભાજીએ એ મંદિરની જગ્યાનો લેખ કવિ ભીમજીભાઇની માગણી ઉપરથી કાંઇ પણ રકમ લીધા વિના મફત કરી આપ્યો છે.



ઇતિહાસ કર્તા [કવિ માવદાનજી]ની જીવન રેખા,

[લેખક—તેમના મિત્ર પ્રાણશંકર નથુરામ ઉપાધ્યાય રે૰ કાલાવડ [હાલ-મુંબઇ]

"કવિ માવદાનજીની અને મારી જન્મભુમિ એક હોઇ, અમો બન્નેએ કાલાવડમાંજ ગુજરાતી સ્કુલમાં સાત ધોરણ સુધી સાથે અભ્યાસ કર્યો હતો. એ કિશોર વયના સુસ્મરણ લખવા બેસું તો તે અસ્થાને ગણાય. કવિના પિતાશ્રીનું અને મારા પિતાશ્રીનું અમારી નાની વયમાંજ અવશાન થયું હતું. તેથી અમો બન્ને બાળમિત્રો અમારા પિતા તુલ્ય *કાકાશ્રીની અમીછાંયા નીચે ઉછર્યા હતા. ઘણે ભાગે કુટુંબી જીવન અમારા બન્નેનું સરખુંજ હતું. એ બાલ્યાવસ્થાથી બંધાએલી ગાઢમૈત્રી ઇશ્વરકૃપાથી અદ્યાપિ પર્યંત હજુ તેવીજ નભી રહી છે. અને અત્યારે પણ અમો બન્ને જુદા હોવા છતાં "એક પ્રાન તનબીય" એટલે દેહ બે છે પણ પ્રાણતો એકજ છે. મારા કવિ મિત્ર પોતાની યથા મતિ એક ઇતિહાસ લખી બહાર પાડે તેમાં તેના સાથે હું તેનો સહાધ્યાયિ હોવાથી ઇતિહાસમાં પણ અમારા નામો કાયમ સાથે રહે તેમ ધારી, તેઓનું સંક્ષિપ્ત જીવન મેં તેઓને ઇતિહાસમાં બહાર પાડવા વિનંતી સાથે લખી મોકલ્યું.

---

* કવિના કાકાશ્રીનું નામ **દેવીદાસભાઇ** હતું. અને મારા પાલક પિતા કાકા નહિં પણ મોટા બાપુ **પ્રભુજીભાઇ** નામે હતા. તેઓ બંન્ને પણ સહાધ્યાયી હતા. અમારો (વહોરા કુટુંબનો) અને કવિ કુટુંબનો સંબધ પેઢી દર પેઢીથી ચાલ્યો આવે છે.

કવિ માવદાનજી ભીમજીભાઇ રતનું




ઇતિહાસ કર્ત્તા
(જુ. અં. પૃષ્ઠ ૧૪૬)



રાજ્યકવિ ભીમજીભાઈ ખનાભાઇ રતનું
(ઇતિહાસ કર્ત્તાના પીતાશ્રી)




વકીલ ચતુરજી ભીમજીભાઇ રતનું
(ઇતિહાસ કર્ત્તાના લઘુબંધુ)



ઇતિહાસ કર્ત્તા તથા તેમના મિત્ર વોરા પ્રાણશંકર નથુરામ ઉપાધ્યાય

(જુ. ખં. પૃષ્ઠ ૧૪૬)



ઇતિહાસ કર્ત્તા ફોરેસ્ટ સુપરવાઇઝરના લેબાશમાં

કવિનો જન્મ વિ. સં. ૧૯૪૯ના હાલારી ભાદરવા સુદ બીજનો છે. તેમણે ગુજરાતી અભ્યાસ પુરો કરી, પ્રખ્યાત કવિ **ગૌરીશંકર** ગોવિંદજી પાસે **પીંગળ શાસ્ત્ર**નો અભ્યાસ કર્યો, તે પછી અમદાવાદની સ્વામિનારાયણની ગાદિના ધ૦ ધુ૦ આચાર્યશ્રી વાસુદેવ પ્રસાદજી મહારાજના હજુરી પાર્ષદ **કેસરભકત** પાસે રહી, કેટલાક છંદોના રાગો અને ચારણી સાહિત્યનો અભ્યાસ કર્યો હતો. કવિ લાયક ઉંમરના થતાં, તેઓ પોતાના ગામ **મોજે રાજવડ**નો વહિવટ તેમના કાકાશ્રીની દેખરેખ તળે કરતા. જ્યારે હું કોલેજમાંથી વેકેશનમાં આવતો ત્યારે અમો બન્ને મિત્રો ઘોડેસ્વાર થઇ ગામની સીમમાં, ખેતરોમાં અને વાડીઓમાં બહુજ ફરતા. વિ. સં, ૧૯૬૯થી કવિ ઘણો વખત **લોધી**કાના મર્હુમ તાલુકદારશ્રી **દાનસિંહજી** સાહેબ પાસેજ રહેતા. દરબારશ્રી દાનસિંહજી દેવ થયા પછી વિ. સં. ૧૯૭૫માં કવિ નવાનગર સ્ટેટના **ફોરેસ્ટ** ડીપાર્ટમેન્ટમાં **ફોરેસ્ટ સુપરવાઇઝર**ના હોદ્દા ઉપર દાખલ થયા. તેમણે તે સર્વિસ લગભગ ૫૦દર વર્ષ કરી પોતાના ડીવીઝનના વેપારી વર્ગથી લઇ છેક અત્યંજ વર્ગ સુધી તેઓએ ચાહના મેળવી હતી. એક વખત હું મુંબઇથી મારા વતનમાં (કાળાવડ) ગયો, અને કવિની ઑફીસે બેઠો હતો. કવિ પોતે નહોતા (જામનગર ગયા હતા) પણ તેમના નાનાભાઇ **ચતુરજી** કે જેઓ નવાનગર સ્ટેટના **સનંદી વકીલ** છે અને કાલાવડમાં રહી વકીલાતના ધંધામાં ઘણીજ પ્રમાણિકતા મેળવી છે, તેઓની સાથે હું વાર્તાલાપ કરતો હતો. તેવામાં એક **ગામડાનો બેડુત** આવ્યો, તેણે અમો સૌ બેઠેલાને હાથ મીલાવી 'રામ રામ' કરી નીચેના પ્રશ્નોત્તર કર્યા, તે તેનાજ શબ્દોમાં લખું છું. 'ભાઇ **માવદાનભાઇ** નથી. મેં કહ્યું 'ના, જામનગર ગયા છે.' તે કહે, 'હવે અમારે ગામ કે'દી આવશે? હમણા તો ઘણાં દી'થી ભેરા થયા નથી. ગામ આખું ઝંખે છે.' મેં કહ્યું 'પટેલ! અમલદાર ગામમાં મુકામ કરે તે ગામને ગમે ખરૂં?' પટેલ કહે'ભાઇ માવદાન ભાઇમાં અમલદાર પણું નથી. 'મેં કહ્યું' તો તમને ઝાડો કાપવાની છુટ આપતા હશે, વસુલાતની તાકીદ નહિં કરતા હોય. તે કહે 'ભાઇ અમારા ગામમાં ત્રણ ચાર જણાને દંડ કરાવ્યો છે, તે પછી તેની રજા વિના કોઇ ઝાડ કાપતું નથી, અને દરબારી વસુલાત તો ઉભા ઉભા વસુલ કરે છે, ધ, અમને કઠણ ન પડે પણ એની બીજી કનડગત નંઇ, માવદાન ભાઇ ગામમાં આવે એટલે ગામના સંધાય નાના મોટાં માણસો રાજી થાય, દિવસે દરબારી કામ કરી રાતે ઉતારામાં ડાયરો જામે, ભજન ગાવાવારા ભજન ગાય વારતા કરવાવારા વારતા કરે, અને ગામના વેડીઆ [અત્યંજો] સીએ પણ તેદી ઉતારામાં આવે, કોઇ દી પોતે પણ અમને ભારે ભારે ધરમની અને રાજની વાતું સંભરાવે, ને જામસાહેબ બાપુનાં કવત એવાં બોલે કે ગામ આખું છક થઇ જાય, ભાઇ અમે ગામડીયા, રાજ પાસે બોલવાવારા કવિરાજની વાણીં કયાંથી સાંભરી ઇ પણ એને લગરીએ મોટપ નથી. આપડા બાપુનાં કવત સાંભરી અમને બહુ અંગમાં હરખ થાય. હવે આવે તઇ જરૂર કેજો કે અમારે ગામ મોરથી આવે. ને ભાઇ તમેય આવજો. સોમાહું છે તો અમે હમણાં નવરા છઇ, તમે મુંબીવારા ગામડાના રાહડા અને ભજન ડાંડીયારા' કે'દી જુવો? માવદાનભાઇ આવે એટલે ગામમાં ગોકર જેવો આનંદ ઓછવ થાય; ઉતારામાં તે દી હંધાએ સા પીઇ. લીઓ ભાઇ રામ રામ છે. જરૂરાજરૂર આવજો.'

મારા મિત્રની ગામડીઓ પણ આવી પ્રશંસા કરે તે જાણી મને આનંદ થયો. અને તે હકિકત સત્ય છે કે કેમ તે જાણવા હું એક વખત કવિ સાથે બે ચાર ગામો ફર્યો. પણ દરેક ગામે તેવોજ આનંદ મેં અનુભવ્યો. ગામો ગામ ઘોડાઓની વાધો પકડી રોકાવા આગ્રહ થાય દરબારી કામનો ગામમાં દાખલ થયા કે તુરતજ પતાવી લઈ, નાણાંની વસુલાત કરી અવેજ તીજોરીમાં ભરવા મોકલી દઇ રાત્રે આનંદ કરતા અને **જામ-રણજીત**નાં કાવ્યો તેની પ્રજાને સંભળાવતા. આમ કવિએ ગ્રામ્ય જનતામાં પણ પોતાના સાહિત્યની લ્હાણી કરી હતી તેઓ મને કહેતા કે "**પ્રાણુભાઇ** ! સર્વીસમાં દાખલ થયા પછી મેં સ્ટેટનાં ઘણાં ગામો જોયાં, ગીરપ્રદેશ જેવો જામનો **બરડા ડુંગર** જેમાં અનેક વનસ્પતિઓ છે તેનો અનુભવ લીધો. નાઘેર પ્રદેશ જેવો **રાવળ પ્રદેશ** જોયો, જંગલમાં આવેલા ચારણોના નેસડાઓમાં રાત્રીઓ રહી, એ જંગલી પણ પ્રેમાળ અને પરોણાઓની આગતા સ્વાગતા કરનાર મીઠા હૃદયના માનવિઓની પરોણાગત માણી; ગોવાળીઆઓના દુહાઓ, અને ગળામાંથી અવાજ કાઢી વગાડાતી વાંસળીઓ અને પાવાઓ સાંભળ્યા. મેરાણીઓ અને આહેરાણીઓનાં ગીતો સાંભળ્યાં. મેરના ડાંડીઆરાસ અને રબારીઓના છેલણો જોયાં. ભરવાડોના ભુવાઓ, કોળી-ઓની દેવીઓના માંડવાઓ, ખેડુતોની રાંદલમાતાના જાગરણો, અને શેરડીના વાડના ફરતા ચીચોડાઓના અખાડાઓમાં ખુબ રાત્રીઓ ગુજારી, ગ્રામ્ય જનતાના લ્હાવાઓનો અનુભવ મેળવી તેમના હૃદયમાં કાંઇક ધર્મની અને રાજાઓ પ્રત્યે વફાદાર રહેવાનો ભાવનાઓ જાગ્રત કરી રાજ્ય સેવા બજાવી છે."

કવિએ તે પછી **સાહિત્યના ક્ષેત્ર** તરફ દૃષ્ટિ કરી. અન્ય દેશવારોમાં સાહિત્યની રસ લ્હાણ માંડી. જે સ્થળેથી આમંત્રણ આવ્યું, ત્યાં કવિએ જઇ **ચારણી સાહિત્ય** સંભળાવ્યું. તેના દાખલાઓ મને જે મળ્યા છે અને હું જાણું છું તેટલા અત્રે આપુ છું.

[૧]**શ્રી ભાવનગર** સાતમી સાહિત્ય પરિષદનું આમંત્રણ આવતાં ત્યાં જઇ ચારણી સાહિત્યની પ્રથમ પીછાણ પાડી તા. ૨૬-૪-૨૪

[૨] **મુંબઇ** આઠમી સાહિત્ય પરિષદમાં તા. ૩-૪-૨૬

[૩] **વડોદરા** શરદો ત્સવમાં તા. ૧-૧૧-૨૬

[૪] **સુરત** કાળા પ્રદર્શનમાં તા. ૩-૧૧-૨૬

[૫] **મુંબઇમાં** સર કાવસજી જહાંગીર હોલમાં **સર પુરષોત્તમદાસ** ઠાકોરદાસના પ્રમુખ પણાં નીચે લોક સાહિત્યના જલશામાં તા. ૨૯-૬-૨૭

[૬] **જામનગર** સેવક મંડળ તરફથી જૈન પાઠશાળાના હોલમાં તા. ૧૬-૨-૨૮

[૭] **નડીઆદ** નવમી સાહિત્ય પરિષદમાં તા. ૨૭-૧૦-૨૮

[૮] **અમદાવાદ** યુવક મંડળ સપ્તાહમાં તા. ૩૧-૧૦-૨૮

[૯] **અમદાવાદ** સાહિત્ય સભા તરફથી પ્રેમાભાઇ હોલમાં તા. ૩૧-૧૦ ૨૮

[૧૦] **પાલણપુર** યુવક મંડળ વાર્ષિક મહોત્સવમાં તા. ૩-૧૧-૨૮

[૧૧] **મુંબઇ** ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળની સીલ્વર જયુબીલી મહોત્સવમાં તા.૨૭-૧૧-૨૮

[૧૨] કરાંચી ગુર્જર સાહિત્ય કળા મહોત્સવમાં **મહાકવિશ્રી ન્હાનાલાલ દલપતરામના** પ્રમુખ પણાં નીચે તા. ૨૯–૩–૨૯

[૧૩] **અમદાવાદ** જૈન યુથ લીગના તા. ૪–૪–૨૯ના મેળાવડા વખતે કવિ કરાંચીમાં હોવાથી તેઓના આમંત્રણને માન આપી શકાયું ન હતું

[૧૪] **મુંબઇ** કવિ સંમેલનમાં તા. ૬–૬–૨૯

[૧૫] **કચ્છ માંડવી** શિક્ષણ સંમેલનમાં શેઠ માવજી પુરુષોત્તમના પ્રમુખ પણા નીચે તા. ૧-૧૧-૩૦

[૧૬] **ભુજ** સાહિત્ય સભા તરફથી તા, ૧૦–૧૧–૩૦

[૧૭] **ગોંડળ ઉપલેટા** પ્રજા સંઘ તરફથી તા. ૩૦–૧૨–૩૦

તે ઉપરાંત **રાજપૂત પરિષદ વરતેજ** તથા **રાજકોટમાં** મળી હતી તે વખતે ત્યાં હાજરી આપી હતી. તથા **લાઠી** અગીઆરમી સાહિત્ય પરિષદમાં તા. ૨–૧–૩૪ના રોજ હાજરી આપી હતી,

કવિ, **સ્વામિનારાયણ** સંપ્રદાયમાં હોઇ, તેમના **સમૈયા** ઉત્સવોમાં ગઢડા, **મુળી,** વડતાલ, અમદાવાદ, જુનાગઢ, ધોળકા, ધોળેરા, અને કચ્છ–ભુજવગેરેના મંદીરોમાં પણ હાજરી આપી સત્સંગ સાહિત્યનો સ્વાદ સહુને આપ્યો છે.

ઉપર લખેલે સ્થળેથી તે સંસ્થાના પ્રમુખોની સહીઓવાળાં અમંત્રણો આવતાં, ત્યાં જઇ હજારોની માનવ મેદની વચ્ચે તેમણે કચ્છ, **કાઠીયાવાડ, ગુજરાત,** અને **મુંબઇ** ઇલાકામાં **ચારણીસાહિત્યનો** આત્મા સચોટ સમજાવી શ્રોતાઓને મુગ્ધ કર્યા છે. જેની સાક્ષી નીચે લખ્યા **લોકપ્રીય–પેપરો** અને **માસિકો** પુરે છે.

(૧) **સૌરાષ્ટ્ર** તા. ૨૬ એપ્રીલ સને ૧૯૨૪ પૃષ્ટ ૫૦મે લખે છે કે 'ભાવનગર સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં જામનગરના એક જુવાન **રાજકવિ ભાવદાનજી**ભાઇએ ઝવેરચંદનો એક નટવર નૃત્યનો છંદ ઉપાડયો ત્યારે આખું વાતાવરણ ઘણુંઘણી ઉઠયું, એવી બંધી શબ્દ રચના તાલ રચના અને ભાવ ભરપુર અર્થ રચના જોઇને સાક્ષરો ચકિત થયા હશે, ભકતકવિ ઝવેરચંદે પોતાના પદોમાં શબ્દોનું વૃંદાવન ખડું કર્યું છે. અને આવા જુવાન ચારણ બાળના કંઠમાંથી એ છંદ સરે ત્યારે પાણેપાણમાં પડઘા પડે. સાધુ હોય તે પણ થોડીવાર રાસધારી બને એ ભાઇને રાજય તરફથી રૂા. ૫૦) અને બીજા ચારણોને રૂા. ૨૫) બક્ષીસના મળ્યા હતા. (**અ૦ દ૦ શેઠ સૌ૦ તંત્રી**)

(૨) **સાંજ–વર્તમાન** તા. ૩ એપ્રીલ સને ૧૯૨૬ શનીવાર 'કાઠીઆવાડનું કંઠસ્થ સાહિત્ય—જાણીતા કવિઓનો જામેલો ગઇ રાતનો દીલખુશ મેળાવડો.'—

"મહા ગુજરાતના જાણીતા **કવિશ્રી રાયચુરાને** તથા **રાજકવિ ભાવદાનજી**ને આજે કોણ ઓળખતું નથી ? સાહિત્ય પરિષદને અંગે **વનિતાવિશ્રામ** હોલ (મુંબઇ)માં ગઇ કાલે રાત્રે ૯–૩૦ કલાકે એ કવિઓને સાંભળવા જનતાએ સુંદર તક લીધી હતી. કવિઓએ સાહિત્યનો જે રસ લુટાવ્યો હતો તે મુંબઇના રસિક યુવાનો કદાએ વીસરે તેમ નથી. જામ-

નગર રાજ્યના રાજકવિશ્રી **ભાવદાનજીભાઇએ** તો હદજ કરી હતી. **જામસાહેબને** સારાએ જગતમાં ક્રિકેટની રમતમાં કોઇ જીતી શકે તેમ નથી' એ અર્થ વળી કવિતા જ્યારે તેઓશ્રીએ ગાઇ સંભળાવી ત્યારે શ્રોતાઓએ ભારે તાળીઓથી તેમને વધાવ્યા હતા, તે સિવાય સત્યવક્તા ચારણોની વાતો એવી તો રસ પુર્વક કરી હતી કે શ્રોતાઓ તેમને ફરી ફરી સાંભળવાને રાત્રે મોડે સુધી પણ તૈયાર હતા. પૈસા ખર્ચી, ઉજાગરો વેઠી જે નિર્દોષ આનંદ મેળવી શકાતો નથી, તે આ નાનકડા સ્નેહ સંમેલનમાં મેળવવા, મુંબઇગરાઓ ભાગ્યશાળી થયા છે.'

(૩) **સાંજ–વર્તમાન** તા. ૨૯ જુન સને ૧૯૨૭ બુધવાર "વીલેપારલે રાષ્ટ્રિયશાળાના લાભાર્થે ગયા રવિવારે **સર કાવસજી જહાંગીરહોલમાં** આપણા શહેરના જાણીતા શહેરી **સર પરશોતમદાસ ઠાકોરદાસના** પ્રમુખપણા હેઠળ કાઠિઆવાડના લોકસાહિત્યનો એક જંગી જલસો કરવામાં આવ્યો હતો. મુંબઇ શહેરમાં મળેલી સાહિત્ય પરિષદની બેઠક વખતે વનિતા વિશ્રામ હોલમાં **જામનગરના કવિ ભાવદાનજી અને શારદા માસિકના** તંત્રી **રા૦ રાયચુરાને** સાંભળવા જેમ સાહિત્ય રસિકોનો દરોડો પડતો હતો, તેવીજ રીતે સર કાવસજી જહાંગીર હોલમાં શાળાના લાભાર્થે ટીકીટો રાખ્યા છતાં, સ્ત્રી પુરૂષોની એક સારી સંખ્યાએ હાજરી આપી હતી. હોલ તેમજ ગેલેરીઓ ચિકકાર ભરાઇ ગઇ હતી. **કવિશ્રીભાવદાનજીભાઇએ** શ્રોતાજનો સમક્ષ પોતાની અપૂર્વ કવિત્વ શકિત જાહેર કરી હતી, તેમણે જ્યારે જામનગરના **જામશ્રી રણજીતસિંહજીએ** ક્રિકેટની રમતમાં જે ખ્યાતિ મેળવી છે તેનું કવિતામાં સુંદર રીતે વર્ણન કર્યું, ત્યારે શ્રોતાઓ ભારે આનંદ પામ્યા હતા. શ્રીયુત રાયચુરા વગેરેના લોક ગીતો સાંભળ્યા પછી **સર પરશોતમદાસે કવિ ભાવદાનજીને સોનાનો ચાંદ** એનાયત કર્યો હતો. અને અરસપરસ આભાર મનાયા પછી મેળાવડો મોડી રાત્રે વિસર્જન થયો હતો."

(૪) પ્રજાબંધુ તા. ૪ નવેમ્બર સને ૧૯૨૮ (અમદાવાદ)
'સોરઠી સાહિત્યનો પરિચય'

ગયા બુધવારે સાંજે સાડાપાંચે **પ્રેમાભાઇ હોલમાં** સાહિત્ય સભા તરફથી **શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**ના પ્રમુખ પદે **રાજકવિ ભાવદાનજી અને શ્રી રાયચુરાએ** સોરઠી સાહિત્યની વાનગીઓ પ્રજાને પીરસી હતી. શરૂઆતમાં શ્રી આનંદશંકરભુવે શ્રી ઝવેરીને પ્રમુખપદ આપવાની દરખાસ મુકી હતી. અને જેને દિ૦ બા૦ કેશવલાલભુવે ટેકો આપ્યા બાદ શ્રી ઝવેરીએ પ્રમુખ સ્થાન લીધું હતું પ્રથમ શ્રી રાયચુરાએ એક ગીત ગાયા બાદ જામનગરના રાજકવિ **ભાવદાનજીએ** તેમની ચારણી શૈલીમાં જામનગર રાજ્યમાં થઇ ગયેલા, **બાણીદાસ** નામના કવિના કેટલાક જીવન પ્રસંગો બુલંદ અવાજે ગાઇ સંભળાવ્યા હતા. તે પછી **જામશ્રી રણજીતસિંહજીના ક્રિકેટ જંગનાં** ચારણી ભાષામાં સ્વરચિત યશોગાન ગાયાં હતાં, અને બીજો **બ્રહ્માનંદસ્વામિ** રચિત રાસાષ્ટક છંદ બુલંદ અવાજે ગાયો હતો. અને બીજું એક કાવ્ય ગાયું હતું, બાદ **દિવાન બહાદુર કેશવલાલભાઇએ** સાહિત્ય સભા તરફથી

૧૦૧)ની રકમ રાજકવિને ભેટ આપવાનું જાહેર કર્યું હતું, છેવટે પ્રમુખના ઉપસંહાર પછી રાજકવિ માવદાનજીએ વળતો આભાર માન્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

(૫) શારદા—લોક સાહિત્યનો અંક જુલાઇ ૧૯૨૭ પાને ૩૪૩

—: દાયરાના સુસ્મરણો :—

લેખક—રા. મોતીચંદ ગીરધર કાપડીઆ—સોલીસીટર.)

કાઠિઆવાડના લોક ગીત અને લોક સાહિત્યનો જલસો તા. ૨૬ જુનને રોજ સર કાવસજી જહાંગીર હોલમાં થતી વખતે શરૂઆતથી આખર સુધી જે આનંદ ચાલુ રહ્યો તેથી એમ થયું કે લોકોને આવા પ્રકારના સાહિત્યમાં ઘણો રસ આવે છે. રવિવાર રાત્રીના નવ વાગ્યા પછી લોકોને રસ હોય તોજ સમાજ-સંમેલન જામે છે અને રસ પડયો છે કે નહિં તે **અગાસાની** સંખ્યાથી માપી શકાય છે. હું જોઇ શકયો ત્યાં સુધી એક પણ માણસને **બાર વાગ્યા સુધીમાં બગાસું આવ્યું નથી.** મુંબઇના લોકોને રસ ન પડે તો તુરત ઉઠવા લાગે છે, પણ આ પ્રસંગે આખો શ્રોતા વર્ગ બેસી રહ્યો હતો. તે તેમની રસ વૃત્તિ અને તેનું અવિચ્છિન્ન પોષણ બતાવે છે.—ડાયરાની શરૂઆતજ ઘણી સારી રીતે થઇ **રાજકવિ માવદાનજી**નો બુલંદ અવાજ અનેક ભાષાનું જ્ઞાન, પદલાલિત્ય, અને અસ્ખલિત ભાષા પ્રવાહ કોઇ પણ વર્ગના શ્રોતાને રસમાં લદબદ કરીદે તેવો હતો. એમણે ગાયેલા કવનોની ઝડઝમક, ભાષાનુ સૌષ્ટવ, શબ્દાલંકાર, અને અર્થાલંકાર એવા સચોટ હતાં અને સાથે એમનો સ્વર એટલો આકર્ષક હતો કે સાંભળનાર મોહમુગ્ધ થયા વગર રહીજ શકે નહિં. એમને પોણો કલાક આપવામાં આવ્યો હતો. અને તેનો ઉપયોગ તેમણે પુરતો કર્યો હતો, એમણે લોક સાહિત્ય ગાવામાં ભારે ચાતુર્ય બતાવ્યું. અને સાથે પોતાની કૃતિનો એક સુંદર નમુનો પણ બતાવ્યો અને તે ઉપરથી બતાવ્યું કે સૌરાષ્ટ્રમાં હજુ કાવ્ય સરિતા અમર છે. એ કૃતિ તે **જામસાહેબના** ક્રિકેટને લગતી હતી. બેટના ફટકાને લગભગ સોળ કાવ્યમાં એણે ભારે દિપાવ્યા હતા. અને શ્રોતાવર્ગ એ સાંભળીને બહુ રાજી થયો હતો. આવી રીતે પ્રાચિન અને અર્વાચિન યુગોનો સહયોગ બતાવતાં એ રાજકવિને યોગ્ય સત્કાર મળ્યો હતો. એમના બોલવા દરમ્યાન લોકો અનિમેષ નજરે શ્રવણ કરી રહ્યા હતાં શ્રવણ કરવામાં જરા પણ પ્રયત્ન કરવો પડે તેમ ન હોતું. અને બોલતાં બોલતાં એમની છાતી ગજગજ ઉછળતી હતી."

એ સિવાય **ગુજરાતી પેપર** તા. ૩૦ જુન ૧૯૨૯ **કાઠીયાવાડ ટાઇમ્સ** તા. ૨૬ જુન ૧૯૨૯ **શારદામાસિક** દેવ દીવાળીનો અંક સને ૧૯૨૬ પાને ૭૬૭ શારદા દિવાળીનો અંક સને ૧૯૨૮ પાને ૫૩૮ શારદા ડીસેંબર ૧૯૨૮ પાને ૭૭૬ **કરાંચી-પારસીસમાચાર અને લોકસેવક** તથા **હિતેચ્છુ** વગેરે પેપરોએ ઉપરની રીતેજ કવિ સાહિત્યનો પરિચય આપ્યો છે કરાંચિમાં **મહા કવિશ્રી નાનાલાલભાઇ** સાથે **કવિ માવદાનજી**એ તા, ૧ એપ્રીલ ૧૯૨૯ના રોજ એરો ક્લબના મેમ્બર **મી૦ શીવદાસ માણેકના** આગ્રહથી દીગરોડ સ્ટેશને જઇ **એરોપ્લેનમાં ઉડી ગગન વિહાર** કર્યો હતો. તેજ દહાડે સાંજે **ગાંધી બાગમાં કરાંચી**ની જનતા તરફથી કવિઓને **માનપત્રો** રૂપાના કારકેટમાં એનાયત થયાં

હતાં. મહા કવિશ્રી ન્હાનાલાલભાઇને મળેલા માનપત્રના છેલ્લા પારીગ્રાફમાં કવિ માવદાનજીના નામની પણ નોંધ નીચે મુજબ લેવામાં આવી હતી.

"કવિશ્વર અને સૌ૦ માણેકબાઇ આ પ્રસંગે આપની સાથે પધારેલા પ્રભુપ્રિય મધુર લલિતજી વીરરસની બાનીએ સભાજનોને ભિરદાવનાર રાજકવિ માવદાનજી અને રસ વિવેક કુશળ કુશાગ્ર બુદ્ધિ, સમર્થ વિવેચક વિજયરાયજીના એ અમે પરમ ઋણી થયા છીએ. રસિક જનો પધારીને પાવન કરજો મહાગુજરાતના આ પ્રદેશને વારંવાર, અમે હજી ધરાયા નથી, આપ સૌની રસ નિઝરવાણી સાંભળી સાંભળીને."

કવિને મળેલ પ્રમાણ પત્ર અને માનપત્ર

Form c. KING EMPEROR'S CAMP.

dear sir, 26 th december 1911

I am commanded to thank you for the POEM you have been good enough to send for His Imperial Majesty's acceptance.

yours faithfully

sd; illegible

For private secretary

TO M. B. BAROT, ESQ.

श्रीप्रतिष्टापत्रमिदम्

जामनगर समीपवर्ति कालावडग्राम निवासिनः पिंगलाद्यनेकविधग्रंथकुशलान् रसालंकाराद्यनेकगुणसमलंकृत, कवित्व कुशलान् कविवर्यान् मावदान संज्ञकान् जीर्ण दुर्गेंद्रङ्गातेषांकवित्वचातुरीं चावलोक्यं वयं अति संतुष्टाः अतः प्रतिष्टापत्रमिदं दीयते ॥

संवत् १९८० ज्येष्ट वदि सप्तमी तिथि गुरुवासरः

(सही) बदरीनाथ त्र्यंबकनाथ शास्त्री

वडोदरा–तर्कवाचस्पति–महामहोपाध्याय–विद्यासागर.

ગુજરાત કલા પ્રદર્શન સુરત

શ્રીયુત રાજકવિ માવદાનજી ભીમજીભાઇ,

આપે આ પ્રદર્શનના કાવ્ય કળા વિભાગમાં જે કૃતિઓ રજુ કરી છે. તેના માટે સુવર્ણપદક સાથે ઉંચ પંકિતનું આ પ્રશંસાપત્ર આપવામાં આવે છે. તા. ૨૦–૧–૨૮

(સહી) નવાબજાદા હુસૈનુદ્દીનખાન

–: પ્રમુખ :–

ગુજરાત કલા પ્રદર્શન સમિતિ

—: માનપત્ર :—

રાજકવિ માવદાનજી,

કરાંચીની ગુજરાતી પ્રજાને આપે જે રસ લ્હાવા આપ્યા છે તેને માટે અમે ખરે-ખર ઋણી છીએ.

આજે જ્યારે **ચારણી સાહિત્ય**ના પડઘા પડતા પણ બંધ થતા જાય છે. ત્યારે રાજકવિ આપને કોણ ન સત્કારે? આપનો વીરત્વ ભર્યો સ્વર આપની કવિતા બોલવાની શૈલી ફરી ફરીને અમને જુનાં સ્મરણ તાજાં કરે છે.

ચારણ કુળમાં જન્મી વહી જતા વારસાને આપે પુરો સાચવી રાખ્યો છે. ખરેખરી અદ્‌ભુત કવિત્વ શક્તિથી મહારાજા **જામસાહેબ રણજીતસિંહજી**ને આપે મુગ્ધ કર્યા. ક્રિકેટ અને ભેટનું આપનું કવિત આપને ચારણી સાહિત્યના અધિષ્ટાતા બનાવવાને બસ છે.

અને પછી ગુજરાતમાં શ્રીયુત મેઘાણી અને શ્રીયુત રાયચુરાએ કર્યો પડકાર–કાઠી-આવાડી સાહિત્ય ઝીલવાને ધુળધોયા જેમ રત્ન શોધી કાઢે તેમ શ્રી રાયચુરાએ આપ જેવાને શોધ્યા, તે દહાડાથી આજસુધી રાજકવિ આપે કેટલાકને મુગ્ધ કર્યા છે!

સમય એવો આવ્યો હતો કે બે ચાર રડ્યા ખડ્યા લેખકો લોક વાર્તાઓ કે લોક કાવ્યા ભેળવીને લખે તો તેઓ પણ લોક સાહિત્યના ઉદ્ધારક ગણાતા. પણ ચારણી સાહિ-ત્યની અમર ભાવનાને મુહૂર્ત કરતા **રાજકવિ માવદાનજી** આપે તો ગુજરાત અને આજે **બહત ગુજરાત** સમક્ષ પણ કાઠીઆવાડના **ચારણી સાહિત્યની રસ લ્હાણ** માંડી છે. આપના જેવા પાસેથીજ ચારણી સાહિત્યનો આત્મા સમજાય છે.

ને કોણ જાણતું નથી આપની એ અગાધ શક્તિ?

અતિ દુર્ઘટ એવા **ચર્ચરી** અને **રેણુકી** છંદ આપ જ્યારે ગાઓછો ત્યારે વીરરસની રમઝટ ઉડે છે. શ્રોતાના હૈયાં ધનગનાટ કરે છે. અને જાણે કાઠીઆવાડ મુહૂર્તરૂપે ખડું થાય છે.

આટઆટલા દિવસોથી આપે **કરાંચીના ગુજરાતીઓને** ગાંડા કરી મુકયા છે. આપનો અદ્‌ભુત સ્વર જ્યાં હોય ત્યાં બરાબર પ્રસંગસર દુહા કે કવિત ગોતી સાંભળનારના મનમાં રણકાર કરી રહે છે.

ચારણ કુળની આપે પ્રતિષ્ઠા બાળવી છે. આપની કીર્તિથી અમારી બહદ ગુજરાતના રાજપૂતોની છાતી વેંત વેંત ઉછળે છે. હૃદય ઉછળે છે. અને હર્ષથી પોકારી ઉઠે છે કે "**પૂર્વ જના પંથને ઉજાળજે બાપ**"

કરાંચીમાં આવી આપે અમારી લાગણી દર્શાવવાની જે તક આપી છે, તેને માટે ખરેખર આભારી છીએ.

તા. ૧૫–૪–૧૯૨૯

અમે છીએ આપના
કરાંચીના રાજપૂતો

ઉપર પ્રમાણે કવિએ **કરાંચી** (સિંધ)થી આરંભી, કચ્છ, કાઠીઆવાડ ગુજરાત અને ×**મહારાષ્ટ્ર** સુધી **ચારણી સાહિત્ય**ની રસ લ્હાણી માંડતાં, એ પ્રદેશના તમામ સાક્ષરો, કવિઓ અને અન્ય સાહિત્ય રસિકો, તેઓને અચ્છી રીતે પિછાને છે.

જ્યારે કવિ **મુંબઇ** આવે ત્યારે પ્રથમ કોઇ પણ સંસ્થાનું આમંત્રણ હોવા છતાં મારે ત્યાંજ આવી ઉતરે, પછી તો મુંબઇમાં જેમ જેમ જાણ થતી જાય તેમ તેમ કેટલાએક શ્રીમાનો **સોલીસીટરો, બૅરીસ્ટરો** વગેરે તેમને સાથે લઇ જતા. પછી તો મારે પણ મળવું મુશ્કેલ થઇ પડતું. મુંબઇના જાણીતા શહેરી અને **સ્વામિનારાયણ** સંપ્રદાયમાં અગ્રગણ્ય ગણાતા શ્રીમાન શેઠ **કલ્યાણજી કરમશી દામજી જે. પી.** કવિ ઉપર અત્યંત સ્નેહ રાખતા હોવાથી કાયમ તેઓને બંગલે (મુંબઇમાં અથવાતો **અંધેરી**માં આવેલા તેઓને બંગલે)મને કવિનું મળવું થતું,

એ પ્રમાણે કવિના જીવન પ્રસંગો જે કાંઇ મારા જાણવામાં હતા તે મેં રજુ કર્યા છે.

રાધાકાન્ત બીલ્ડિંગ
કાલબાદેવી રોડ મુંબઇ.
વિ. સં. ૧૯૯૨ (હાલારી)
અષાડ સુદ-૨

લી૦ વહોરા પ્રાણશંકર નથુરામ ઉપાધ્યાય,

પ્રિયપાઠકગણ—

ઉપરનું મારા સંબંધનું મારા મિત્ર પ્રાણભાઇએ મોકલેલું લખાણ કોઇને આત્મશ્લાઘા જેવું જણાશે. પરંતુ કોઇ પ્રસંગે કોઇ વ્યકતી કંઇ હઠ પકડે તો તે પછી દુરાગ્રહમાં લેખાય છે. તેથીજ મારે મિત્ર વર્ગો અને આપ્તજનોના દબાણના અંગે દુરાગ્રહ છોડી ઉપરની બીના અત્રે લેવામાં આવી છે. તે કોઇને અસ્થાને જણાય તો ક્ષમા યાચુ છું.

જામનગર વિષે જેટલું લખાય તેટલું થોડું છે. એ **છોટીકાશી**ની હકીકત જેટલી મને મળી તેટલી મેં લખી છે. એ પવિત્ર અને વીરભૂમી પર જે મહાન પુરષો થઇ ગયા. તેનો **ઇતિહાસ** આપ સમક્ષ મેં મારાથી બનતા પ્રયત્ને રજુ કર્યા છે. આ ઇતિહાસમાંથી **યદુવંશી** ક્ષત્રીઓ પોતાના પૂર્વજોએ શું શું પરાક્રમો કર્યાં અને કેવીરીતે ગામ ગીરાશો મેળવ્યા, એનું જ્ઞાન મેળવસે કવિઓને-રસ અલંકાર યુકત કાવ્યોનું જ્ઞાન મળસે, **જામનગર** સ્ટેટના વતનીઓ- પોતાની જન્મભુમીમાં થયેલા વીર પુરુષોનાં પરાક્રમો, તેની ઉદારતા, નીતિ, ધર્મ અને પ્રજા પ્રિયતા તથા જતી સતીઓનાં આખ્યાનો વગેરે શુભ ગાથાઓ વાંચી યોગ્ય જ્ઞાન મેળવસે તો હું મારો પ્રયાસ સફળ માનીશ, એટલું કહી વીરમું છું.

કાલાવડ (સીતળાનું)
વિ. સં. ૧૯૯૧ (હાલારી)

લી૦ કવિ, માવદાનજી ભીમજીભાઇ રતનું;

× **પુના** એતીહાદીના મહાન પ્રદર્શનમાં સ્ટેટ તરફથી તેઓ ત્યાં ગયા હતા. એ વખતે તેઓએ **પંચગીની, મહાબળેશ્વર** અને **પ્રતાપગઢ** (જ્યાં શિવાજી મહારાજે અફઝુલખાનને વાઘનખથી માર્યો છે. અને જ્યાં ભવાનીનું મોટું દેવાલય છે.) વગેરે સ્થળે જઇ સાહિત્યની રસ લ્હાણી કરી હતી.

॥ उपजातिवृत्तम् ॥

निजाश्रितानां सकलातिहन्ता । सद्धर्म भक्तेरवनं विधाता ॥
दाता सुखानां मनसेप्सितानां । तनोतु कृष्णोऽखिलमंगलं नः ॥ १ ॥

"ઇશ્વર જામશ્રીના સમગ્ર મંગળને વિસ્તારો"

શ્રીતૃતીયખંડ અને પાંચમુ પ્રકરણ સમાપ્ત.

ઇતિ શ્રીયદુવંશપ્રકાશ અને જામનગરનો ઇતિહાસ સમાપ્ત.

ૐશાન્તિ ! શાન્તિ !! શાન્તિ ! ! !

સંપૂર્ણ.



અગાઉથી થયેલ ગ્રાહકોનાં મુબારક નામો

નામ	ગામ	પ્રત
નામદાર દરબારશ્રી–	લોધીકા	૨૫
મુળવાજી સાહેબ		
જાડેજાશ્રી અર્જુનસિંહજી જેઠીજી મેંગણી		૧૦
જાડેજાશ્રી સુરસિંહજી શીવસિંહજી શાંગણવા		૫
જાડેજાશ્રી પ્રભાતસિંહજી સાહેબ મોરબી		૫
,, શીવુભા દોલુભા ટોડા		૧
રા. રા. પ્રાગમલ એચ રાઠોડ લાલપર		૧
બી. એ. એલ. એલ બી.		
જાડેજાશ્રી ભુરાબી અભેસિંહજી રવાણી		૨
ખંભાલીડા		
,, નાથુભા મેઘરાજજી રવાણી ,,		૧
દવે, મણીશંકર બાવાભાઇ લાલપર		૧
ઉપાધ્યાય હરીલાલ પ્રાણજીવન ,,		૧
બારોટ કાળીદાસ ગજાભાઇ સચાણા,		૧
ફોજદાર સાહેબ ખુજદામીયાં જામખંભાળીઆ		૧
રા. રા. વહોરા મયાશંકર ભગવાનજી કાલાવડ		૫
જાડેજાશ્રી જુણાજી સવાજી શીશાંગ		૧
જાડેજાશ્રી ગંભીરસિંહજી કાળુભા ધ્રાફા		૧
(એ. ડી. સી. મહારાળ સાહેબ ભાવનગર)		
જાડેજાશ્રી પ્રભાતસિંહજી જસવતસિંહજી		૧
ડાંગરા		
રા. રા, ઠકર હીરજી દયાળ ખીજડીયાજીન		૧
જાડેજાશ્રી વખતસંગ સુરાજી વણપરી		૧
રા. રા. વહોરા મગનલાલ કાળીદાસ		૧
મોટાવડાલા		
જાડેજાશ્રી મેરૂભા નાનજીભી મકાજી મેધપર		૧
વૈદરાજ છબીલશંકર જેશંકર કાલાવડ		૧
જાડેજાશ્રી જીવુભા માનભા માંખાવડ		૧
વિપ્ર શિવશંકર અંબારામ શાણથલી		૧
જાડેજાશ્રી સગરામજી જીવાજી મોટીવાવડી		૧
રાણાશ્રી કરણુભા શીવુભા શાપકડા		૧
રા. રા. રતીલાલ માધવરામ બક્ષી જામનગર		૧
રા. રા. લક્ષ્મીદાસ દામોદરદાસ નાથેારી		૧
જામનગર		
ખાનબહાદુર એન. કે. કલ્યાનવાલા જામનગર		૧
માજી. ચીફ. મે. ઓ. સાહેબ		
જાડેજાશ્રી સજજનસિંહજી ભગવતસિંહજી		૧
મેંગણી		
પટેલ કેશવજી અરજણ જામનગર		૧
રા. રા. દોલતરાય નવલશંકર વકીલ		૧
બી. એ. એલ. એલ. બી. રાજકોટ		
રા. રા. વકીલ ભગવાનજી દેવજી જામનગર		૧
,, હીરજી આણંદજી ,,		૧
દરબારશ્રી દીપસિંહજી સાહેબ ગવરીદડ		૧
જાડેજાશ્રી રામસિંહજી લાખાજી ટોડા		૧
સરવૈયા ભગવતસિંહજી ભોજાભાઇ દાઠા		૧
કુ. શ્રી. દિગ્વિજયસિંહજી ગુભાસાહેબ		૧
રાજકોટ		
બાચરશ્રી નાનભા જીવાભાઇ , આણંદપર		૧
લુવાર જીવરાજ ગલા કાલાવડ		૧
જાડેજાશ્રી રણજીતસિંહજી ભાવસિંહજી		૧
બાબરીયા		
મહેરબાન એમ.એ. રાવળ સાહેબજામનગર		૧
(એ. કે. ઓ. સાહેબ)		
મે. જીવણભાઇ વલભજીભાઇ જામનગર		૧
મે, દ્વારકાદાસ લાલજી સરયા જામનગર		૧
રા. રા. વકીલ જુગતરામ દયાશંકર		૧
જામનગર		
રા. રા સાકળચંદ નારાણજી ન્યાયાધીશ		૧
સાહેબ જામનગર		
રા. રા. ત્રીકમજીભાઇ ઓવરસીયર સાહેબ		૧
જામનગર		
સોની હંશરાજ કાળીદાસ જામનગર		૧

સોની પરસોતમ જાદવજી જામનગર ૧
સોની ડાયાભાઇ જાદવજી ,, ૧
સોની પ્રેમજીભાઇ જાદવજી ,, ૧
જાડેજાશ્રી અનોપસિંહજી જેશંગજી ૧
(ફોજદાર સાહેબ) હડમતીઆ.
જાડેજાશ્રી પથુભા વીરાજી સનાળા ૧
વૈદ્યરાજ કેતેસિંહજી વિભાજી ખારચીયા. ૧
રા. રા. મણીશંકર જદુરામ પંડયા ૧
(રેલ્વે.-ઓ.-સી.-સાહેબ)જામનગર
કુમારશ્રી ભુપતસિંહજી સાહેબ વાંટાંવદર ૨
જાડેજાશ્રીમોબતસિંહજી બાવાજી કાળાંભડી ૧
,, દાનસિંહજી તખતસિંહજી ,, ૧
,, હરીસિંહજી સરદારસિંહજી ,, ૧
,, રાણુભા ખેંગારજી આંબરીઆળા ૧
,, કશળસિંહજીભાઇ વાવડી ૧
,, પથુભા ખેંગારજીભાઇ ટોડા ૧
(આં રે. એ. સાહેબ)
જાડેજાશ્રી વજુભા પથુભા ખાંભા ૧
,, કાળુભા અબેસિંહજી માસ્ત્રીયા ૧
ચંદ્રસિંહજી અનોપસિંહજી ,, ૧
ચંદ્રસિંહજી અમરસિંહજી કુંતાસી ૧
વખતસિંહજી રણમલજી વીરપરડા ૧
રાણાશ્રી જોરાવરસિંહજી સાહેબ દેવળીઆ ૧
(ભાજ. પો સુ. સા. ભાવનગર).
જાડેજાશ્રી વજેસિંહજી અલુભાઇ કેરાળી ૧
રાયજાદા વિરાજી મનુભા બીમોરા ૧
શ્રીમાન દીવાનશ્રી જોશી સાહેબ ગોંડલ ૧
જાડેજાશ્રી ખેચરજી નવલસિંહજી હડમતીયા ૧
(મુળવાણી)
,, જેઠીજી ખેચરજી જોધપુર ૧
,, જોરસંગ મનુભા ખોખરી ૧
નામદાર મહારાણી સાહેબા ઝાલરાપટણ ૧
જાડેજાશ્રી સુરસિંહજી જીતસિંહજી પાંચસરા ૧
,, બળવતસિંહજી જેઠીજી શાંગણવા ૧
જાડેજાશ્રી મોબતસિંહજી રામાભાઇ મેડા ૧
વિપ્ર જમનાદાસ કલ્યાણજી જામનગર ૧
કડીઆ કેશવ ગોકળી જામનગર ૧
પટેલ આણંદજી માધવજી ,, ૧
જાડેજા દેવાજી પુંજાજી ,, ૧
પટેલ મનજી પમાભાઇ ,, ૧
સોની છોટાલાલ જગજીવન વજાણી ,, ૧
ફરામરોઝ ફીરોઝજી મીરઝાં સાહેબ ,, ૧
દલ કાળુભાઇ પ્રાગજીભાઇ પડાણા (વાઢરા) ૧
શાહ જીવરાજ વીઠલજી જામનગર ૧
કડીઆ રણછોડભાઇ રામજીભાઇ ,, ૧
(પ્લાસ્ટરવાળા)
શાહ પાનાચંદ તેજસી ,, ૧
કોહારી વીરસંગ ભકત શાળીંગપુર ૧
ખાચરશ્રી આલાભાઇ ઓઢાભાઇ ,, ૧
રા. રા. પ્રાણશંકર કલ્યાણજી બાવા ૧
કચ્છ-ભુજ
જાડેજાશ્રી વજેસિંહજી ભાણાભાઇ વાગુદડ ૨
સોની વીઠલદાસ હરજીવન કારેલા ૧
મેમણ સલેમાન મામદ મીઠાણી કાલાવડ ૧
શ્રીયુતભાઇ નીલકંઠરાય મોહનલાલ જામનગર૧
(આઇ. સી. એસ.) ભુચ.
પટેલ રામજી વાલજી ભારાસર કચ્છ ૧
,, વસરામ કેસરાજભાઇ ,, ૧
જાડેજાશ્રી નાનભા મુળુભા મુળીલા ૧
,, લાખાજી આશાજીભાઇ રાજપરા ૧
(તાલુકદાર સાહેબ)
,, પ્રભાતસિંહજીસાહેબ મોટાવડા ૧
,, ગમુભા કેશરજી ભારાણી જાંબુડા ૧
,, જીવણજી વિભાજી ખીરી ૧
હજુરપટાવાલા નુરમામદ સામતજામનગર ૧
પટેલ વાલજી અરજણ બળધીયા કચ્છ ૧
જાડેજા અગરસંગ ઓધડજી ભોપલકા ૧
રાણાશ્રી ગોવિંદસિંહજી બાપુભા અડવાળ ૧
(મુ. સાહેબ)
મીસ્ત્રી ગોકળદાસ લાધા કાલાવડ ૧

આ પુસ્તક મળવાના ઠેકાણાં

(૧) કવિરાજ માવદાનજી ભીમજીભાઇ
મુ. કાલાવડ (સીતલાનું)–કાઠીયાવાડ

(૨) જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ
આશાપુરા–રોડ જામનગર.

(૩) સ્વામી નારાયણ ફોટો કું.
ઠે. બેડીનાકા–જામનગર.

(૪) મહાવીર પ્રિન્ટિંગ પ્રેસ
ધનજી સ્ટ્રીટ સીલ્વર મેનસન
મુંબઈ (૩)

(૫) શ્રી સત્સંગ પ્રિન્ટીંગ પ્રેસ
ઠે. સ્વામિનારાયણની વાડીમાં
રાજકોટ.

પુસ્તક-પાર્ક-કર રચનાકુશલાલ મનોરલાલ.
કે. ભુવી કંપોલાલ, ભદ્રપાન કિલ્લો.
રાજકોટ-૩૨૧.